## ॥ અથ દશમો રત્ન પ્રારંભ્યતે ॥

# તરંગ-૧

કવિ કહે છે કે, સર્વના મનને હરનારા મંગલમૂર્તિ કલ્યાણ સ્વરુપ સર્વ ભક્તોનાં દુખો કષ્ટો પીડાઓને હરનારા શરણાગતોનાં દુઃખોને નાશ કરીને સુખ આપનારા એવા મહાપ્રભુના ચરિત્રનું વર્ણન કરૂં છું.

જળમાં ઉત્પન્ન થનારાં કમળ સમાન ચરણ જેનાં છે કમળની પાંખડી સમાન બન્ને જેમનાં નેત્રો છે. ગુલાબના હારો કંઠમાં ધારણ કરેલા છે. સુંદર રત્નો જડેલા હારો ધારેલા છે. એવા મનોહર મૂર્તિ શ્રીહરિનું રાતદિવસ સ્મરણ કર્યા કરું છું.

આનંદસાગરના મૂળ એવા ધર્મનંદન શ્રી હરિનું મુખારવિંદ ચંદ્ર સમાન મનોહર શોભે છે. એવા મહાપ્રભુના ગુણ ચરિત્રને છંદની ગાથાઓથી ગાવા માટે મંદમતિ એવો હું, તેને અમંદમતિ કરવા માટે મારા હૃદયમાં ધ્યાન કરૂ છું એમના પ્રતાપથી નવા નવા છંદ પ્રબંધો નિબંધો સર્વે કહી શકે છે. એવા મહાપ્રભુ મંદ મંદ હાસ્ય કરે છે. તેનાથી જન્મ મરણના ફેરાઓના બંધનો તૂટે છે. એવા જગવંદ્ય પ્રભુને વંદન કરીને તેના ગુણ ચરિત્રોને જન સમૂહો ગાયા કરે છે. એવા સર્વે વિઘ્નોને હરનારા મારા હૃદયમાં નિવાસ કરીને પોતાના દાસના મનના ત્રાસને હરનારા એવા હે પ્રભુ ! મારા હૃદયમાં જ્ઞાન શકિત આપો. ધર્મનંદન ! મહાપ્રભુ મને આનંદ આપો. મારા અંતઃકરણમાં એવું બળ આપો તેથી હું દશમા રત્નનો ઉચ્ચાર કરું ભવસાગરમાં રહેલા ભક્તજનોનાં જીવનમાં સુખ ભરવા માટે તેમના કામ, ક્રોધ, મદ આદિ દોષોને દૂર કરો. શરણે આવેલા જીવ માટે આપનાં ચારિત્રો નૌકારૂપ થાય જેનાથી ભવસાગરને તરીને પરમાનંદને પામે, હે પ્રભુ ! આપના ચરિત્રોના ચિંતવનથી પાપો બળે છે.

હે ધર્મનંદન પ્રભુ ! આપને વારંવાર વંદન કરીને, હે જગવંદ્ય ! જનના હિત માટે, હે સુખકંદ પ્રભુ ! હું દશમું રત્ન રચું એવું બળ આપો એવી મારી વિનંતી છે. સર્વે સંતજનો આપ મારી ઉપર પ્રસન્ન થાઓ અને મારુ ચિત્ત અતિશય બળવાન બને એવી કૃપા કરો. તમારી પ્રસન્નતાથી અજ્ઞાન અંધકાર દૂર થાય અને આપના ચરિત્ર ગુણને ગાતો રહું, એવું બળ આપો. હે અવધપ્રસાદજી ગુરુ ! આપને ધન્ય ધન્ય છે. આપ ધર્મને ધારનારા સુખના ધામી છો. વામમાર્ગીઓનો મત નાશ કરનારા, એ અસુરોનો બુધ્ધિ પૂર્વક સામનો કરનારા નિષ્કામી છો. આપે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની લીલાને અમૃત સમાન મધુરવાણીથી મને પાન કરાવી તેથી અમો કૃતાર્થ થયા છઈએ તેમાં સૌ પ્રથમ પહેલું રત્ન સંભળાવી પછી બીજું રત્ન, ત્રીજું રત્ન, ચોથું રત્ન, પાંચમું રત્ન, છઠ્ઠુ રત્ન, સાતમું રત્ન, આઠમું રત્ન આ બધું જ ક્રમ પ્રમાણે આનંદ પૂર્વક મને કહી સંભળાવ્યું છે. નવમાં રત્ન સુધીની પવિત્ર કથા જુદા જુદા ભુખંડોનું વર્ણન કરીને કરી છે. હે અવધ ગુરુ ! આપ તો મહાન પુણ્યશાળી છો. આપે મને મારી રૂચિ અનુસાર જ કથા સંભળાવી છે. તેને મેં અમૃત સમાન જાણીને ખૂબજ પાન કરેલ છે. મને આપનો આશ્રિત ભકત જાણીને ત્રાસને હરીને સુખ આપેલ છે. હે અવધગુરુ ! આપ અવતારી પ્રભુનાં ચરિત્રો અતિખંતથી મને કહો. આપે નવમાં રત્નમાં **પંચાળા**માં પ્રભુ પધાર્યા અને ત્યાં ભકતોને દર્શનનું સુખ આપ્યું તે કહ્યું તથા સંતોની સાથે જે વાતો કરી તે ચરિત્ર જે સાંભળે છે વાંચે છે. તે પ્રભુના

ધામને પામે છે. આવા પુણ્યદાતા મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન કયા કયા ગામે પધાર્યા તે ગામોનાં નામો તથા તે તે ગામોમાં વિચરીને ત્યાં અલૌકિક લીલાઓ કરી એ બધાંજ લીલા ચરિત્રો વિસ્તાર કરીને મને દશમાં રત્નમાં કહો.

**પંચાળા**માં શ્રી હરિ **હેમતસિંહ** રાજાના મહેલમાં સર્વના નાથ નિવાસ કરીને રહેતા હતા. સર્વે સંતોની સાથે સમરથ પ્રભુ સર્વેને સુખ દેતા હતા. પંચાળા ગામમાં શ્રીહરિ ધર્મની સાથે વૈરાગ્યની વાતો કરીને નિત્ય પ્રત્યે પોતાના આશ્રિતોને સુખ આપતા હતા. **જીણાભાઈ**ના બહેન અને ભાઈ બધાંજ સાથે રહેતાં હતાં. પોતાના ખેતીવાડીના કામોને ભૂલીને શ્રીહરિની સેવા કરવામાં તત્પર રહેતાં હતાં. આવી રીતે બલવીર પ્રભુ ઘણાં દિવસ સુધી પંચાળા રહેતા હતા. ત્યાર પછી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે ત્યાંથી ચાલતા હતા. માર્ગમાં ગામો આવે તેમાં વાસ કરતા હતા. અને લોકોના ભવના ત્રાસને દૂર કરતા હતા. ગામેગામ રાતવાસો કરીને આગળ જતા હતા. ફરતાં ફરતાં પ્રભુજી **કરિયાણાં** ગામે કરુણા કરીને પધાર્યા અને પ્રેમી ભક્તજનોના મનને સારી રીતે ભાવતા હતા. ગામના ભક્તજનો પ્રભુનું સામૈયું કરવા સામાં આવ્યાં અને સૌ કિર્તનો ગાતાં હતાં. નરનારીઓ ભેટ સામગ્રી લઈને ભારે ભારે વસ્તુઓ હાથમાં રાખીને જાત જાતના વાજાં વગાડતાં આવતાં હતાં અને મનમાં આનંદ પામતાં થકાં સુખ પામતાં હતાં. લાવેલ ભેટ સામગ્રી પુરુષોત્તમ નારાયણને અર્પણ કરીને ધર્મપુત્રને પોતાના હ્રદયમાં ધારી ધારીને દર્શન કરીને નરનારી સર્વે રાજી થયાં. મહાપ્રભુને માન તાન કરતાં થકા પુરમાં પ્રેમથી લાવતાં હતાં. સુંદર ઘરમાં મહાપ્રભુને નિવાસ કરાવીને ઉતારો કરાવ્યો આખા પુરમાં શ્રી હરિનો જય જયકારનો નાદ થવા લાગ્યો થાળ તૈયાર થયો એટલે પાક શાકનો મહાથાળ તેને મહાપ્રભુ પ્રેમથી આરોગતા હતા. ભક્તજનોનાં મનને આનંદ આપતા હતા. મહાપ્રભુ થાળ જમીને પછી મુખ ધોઈને આચમન કર્યું. ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી સ્વચ્છ આસન ઉપર બિરાજમાન થયા. મહાપ્રભુના બેઠા પછી સર્વે ભક્તજનો અને તે નગરના ગામધણી આનંદથી બેઠા.

મહાપ્રભુ બિરાજમાન હતા એટલામાં ત્યાં **સંતદાસ** સ્વામીની સાથે બીજા સંત આવ્યા. એમનું બીજું નામ **સ્વરુપાનંદ** સ્વામી હતું સર્વે સંતોએ મહાપ્રભુનાં દર્શન કરીને ચરણ સ્પર્શ કર્યો. અને ખૂબજ ભાગ્યશાળી થયા ત્યારે મહાપ્રભુ સંતોને આવવાનું પ્રયોજન પૂછતા હતા. ત્યારે સંતોએ કહ્યું અમે **ડભાણપુર**થી દર્શન કરવા માટે જ આવ્યા છીએ. ત્યારે કમળનયન મહારાજ સર્વે સંતોની કહેલી વાતો સાંભળીને રાજી થયા. **સંતદાસ સ્વામી** મહાસમર્થ અને નિરાવરણ દષ્ટિવાળા મહાન સંત હતા. એમને જોઈને રાજી થયા હતા. શ્રી હરિએ સંતદાસ સ્વામીને **બદ્રિકાશ્રમ**ની બધી વાત પુછી ત્યારે સંતદાસજી બદ્રિકાશ્રમની બધી જવાતો મહાપ્રભુને કહેતા હતા અને શ્રી હરિ ધ્યાનથી સાંભળતા હતા. નરનારાયણ દેવની નવીન શોભાનું વર્ણન કરીને પછી સર્વે મુનિમંડળને પ્રણામ કર્યા બદ્રિકાશ્રમની સુંદર શોભા અને મનોહરતા રસાળપણાનું સુંદર રીતે વર્ણન કર્યું આ સર્વે વર્ણનને સાંભળીને શ્રીજી મહારાજ રાજી થયા. ગરીબનિવાજ મહાપ્રભુએ ખૂબ સુખ આપ્યું. સંતો પાસે સંતદાસમુનિની સેવા કરાવી અને સંતદાસ સ્વામીના દિલને રાજી કરી દીધું. આવી રીતે સંતદાસ સ્વામી મહારાજ સાથે પાંચ દિવસ રોકાયા અને ફરીથી આનંદ પામતા બદ્રિકાશ્રમમાં ગયા. આવી રીતના વાતાવરણને જોઈને સર્વે સંતો નરનારીજનો આનંદિત મનવાળાં થયાં. આ બધા પરાક્રમો અનંતનાથ મુનિના જ છે એ પ્રમાણ છે.

હે રાજન ! ત્યાર પછી **મુકતાનંદ સ્વામી** આવ્યા એમની સાથે સર્વે સંતોને પણ લાવ્યા હતા. પ્રભુના સમાચાર જાણીને દેશો દેશમાંથી મહારાજનાં દર્શન કરવાના નિમિત્તે પ્રભુનાં ગુણોને ગાતાં થકાં આવતાં હતાં. મહાપ્રભુએ ત્યાં મોટો સમૈયો કર્યો ત્યારે શ્રી હરિના દર્શન કરીને હરિભક્તો રાજી થયા. શ્રી હરિ સર્વે સંતોને સાથે લઈને નદીએ પધાર્યા શ્રી હરિ નદીમાં ઉંચા ખડક (પત્થર) પર બેઠા હતા. ઉંચા બેસીને આનંદી મનવાળા કમળ સમાન સત્સંગના શિરોમણિ સૂર્ય સમાન પ્રકાશને પાથરતા હતા.વૃક્ષની છાયામાં નીચે બેઠા થકા અજ્ઞાન અંધકારનો નાશ કરનારા દર્શન કરનારા ભક્તોને દર્શનનું સુખ આપતા હતા અને જ્ઞાન ઉપદેશ કરતા હતા. મહાપ્રભુ ઘણા દિવસો સુધી રહીને પોતાના આશ્રિત ભક્તોને એકાન્તપણે સુખ આપતા હતા. આવી રીતે શ્રી હરિએ **કરિયાણા** ગામમાં લીલા કરી. અગણિત બ્રહ્માંડોના અધિપતિ પરબ્રહ્મપુરુષોત્તમ નારાયણનાં દર્શન કરવા માટે પ્રાતઃકાળમાં બ્રહ્મા, વિષ્ણુ, વામન, અગ્નિ, વાયુદેવ આદિ આવ્યા અને ચરણ કમળમાં મનને પરોવીને દર્શન કરીને પુણ્યને મેળવતા હતા.

આવી રીતે અનંતકોટિ બ્રહ્મ સ્થિતિવાળા મુકતો દરરોજ મહાપ્રભુનાં દર્શન કરવા માટે આવતા હતા. દર્શન કરીને નમ્રતાથી ચરણ સ્પર્શ કરતા હતાં. અને વિનય પૂર્વક પુરુષોત્તમ મહાપ્રભુની મનોહર મૂર્તિને પોતાના હૃદયમાં ધારણ કરતા હતા. તે બધાજ ભકતો મહાપ્રભુનાં દર્શન કરીને પોત પોતાને પૂર્ણકામ માનતા હતા. આમ દિવ્ય સુખ આપીને મહાપ્રભુ દયાળુ **કરિયાણા** ગામમાં આ રીતે સુખ આપતા હતા. મહારાજ પોતાના આશ્રિત ભક્તોની આશાઓને પુરી કરી ભવપાશમાંથી મુકત કરીને દુઃખો હરિને આનંદમગ્ન કરીને ઘનશ્યામ પ્રભુ ત્યાં **કરિયાણાથી** પ્રયાણ કરીને ચાલતા ચાલતા "**સુખપુર**" નામના ગામે પધાર્યા. સુખપુરમાં પોતાના આશ્રિત ભક્તોના ઘરે નિવાસ કર્યો ત્યાં જમીને રાત રોકાયા. રાત્રે ઉપદેશ કરી ભકત સમુદાયની સાથે શયન કર્યું. સવારમાં વહેલાં ચાલીને ઘનશ્યામપ્રભુ **સારંગપુર** ભકતોના મનને હરવા પધાર્યા. ત્યાંના રાજા જીવા ખાચર પુણ્યશાળી હતા. અને એમની સાથે બીજા હરિભકતો પણ હતા અને તેઓ મહાપ્રભુને સામે તેડવા આવ્યા અને સામૈયું કરીને મહારાજને પોતાના દરબારગઢના મહેલમાં પધરાવ્યા. પ્રભુના રૂપને ચિત્તમાં પરોવી દીધું. **જીવા ખાચર** પોતાના જન્મનું સારું કરવા **ભામાશા**ની સમાન મહારાજની સેવા કરતા હતા. મહારાજને રસોઈ કરીને થાળ જમાડીને સારી રીતે તૃપ્ત કર્યા, જળપાન કરાવ્યું મહાપ્રભુ નિત્ય પ્રત્યે ભકતજનો વચ્ચે જ્ઞાન વાર્તા કરીને ઉપદેશ કરતા હતાં. સર્વે જનો પ્રેમથી સાંભળીને મનમાં આનંદવાળાં થતાં હતાં. કરુણાનિધાન ત્યાં **સાળંગપુર**માં નિવાસ કરીને રહેતા હતા. શ્રી હરિ ત્યાંથી કુંમકુમ પત્રિકાઓ આનંદ પૂર્વક બધાજ દેશોમાં મોકલાવતા હતા બધાને જાણ કરીને સર્વ ભકતજનોના ભવના ફેરા પાર કરતા હતા. પ્રભુએ પત્રિકા લખાવેલી તેમાં કહ્યું હતુ કે મારા આશ્રિત નર નારીજનો કારતક મહિનાની પૂનમ ઉપર વૌઠે પાવન તીર્થમાં તમે બધેજ આનંદભેર આવજો આમ કહીને પત્રો લખાવ્યા. આ સર્વે કાર્યો અવિનાશી અજીત પ્રભુએ પોતે જ કરાવરાવ્યું. સર્વે સંત ભકતજનો પ્રભુનો પત્ર સાંભળીને, પુણ્યશાળી સંતો પહેલાંથી જ હરિભકતોની સાથે પ્રભુના ગુણ ચારિત્રને સંભારતાં સંભારતાં આવ્યા હતા. મહાપ્રભુ પણ **સાળંગપુરથી** ચાલીને બધેજ પધાર્યા હતા.ત્યાંથી બલવીર પ્રભુ વૌઠે મેળામાં ભકતોના ભવ દુઃખને હરવા સુખી કરવા પધાર્યા. આ રીતે શ્રીહરિ ત્યાં સર્વોપરી અતિ સુંદર તીર્થ બનાવવા માટે જ સર્વના સુખદાતા સહજાનંદ સ્વામી પદાતિઓની સાથે ત્યાં પધાર્યા.

મહાપ્રભુ **પંચાળાથી** કૃપા કરીને **કરિયાણા** ગામે પધાર્યા.ભકતજનોએ પ્રભુનાં ગુણોનાં કીર્તનો તથા ચરિત્રો ગાયાં. સંતો ભકતોને ઘનશ્યામ પ્રભુએ બોલાવ્યા હતા. મહાપ્રભુ સુખપુર થઈને **સારંગપુર** પધાર્યા ત્યાંથી મહારાજ તિર્થોના પાપોને દૂર કરવા અને તિર્થોને પવિત્ર કરવા **વૌઠા** ગામે પધાર્યા અને તે તીર્થને પાવન કર્યું આંમ આ દશમાં રત્નનું પ્રથમ પવિત્ર તરંગના રુપે શ્રીહરિલીલાસિંધુની લહેરીના રુપમાં પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ વૌઠા પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું. એ નામે પહેલો તરંગ પૂર્ણ થયો. ॥૧॥**

# તરંગ-૨

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મહારાજે વૌઠા તીર્થમાં જઈને બીજી જે જે લીલા કરી હોય તે કહો. મારે મહારાજની લીલા સાંભળવા માટે ખુબજ ભાવ છે શ્રી હરિ પ્રગટ પ્રભુનાં લીલામૃતનું પાન કરવાથી કયારેય તુપ્તિ થતી નથી. જેવી રીતે કામથી પીડાતો મનુષ્ય જેમ યુવતીને જોયા કરે છે, તેમ મને પણ ચરિત્રથી તુપ્તિ થતી નથી.

અવધપ્રસાદ ગુરુ કહે છે, હે રાજન ! તમારો ભાવ ભગવાનની અતિ મનોહર અલૌકિક લીલાઓની શોભાને સાંભળવા તત્પર છે માટે તે પ્રગટ પ્રભુની લીલા ખૂબજ ઉત્સાહથી હું તમને કહું છું.

શ્રી હરિનાં ચરિત્રને સુંદર રીતે સાંભળે છે. તેનાં મનને તથા પ્રાણને ખૂબજ પવિત્ર કરે છે. જે ચરિત્રને નથી સાંભળતો તેના કાનને કવિજનો કેવળ સાપના દર જેવાં કહે છે. એટલા માટે હવે હું અવતારના અવતારી શ્રી હરિનાં મનોહર દિવ્ય ચરિત્રની કથા સર્વના ચિત્તને ખેંચનારી છે તે કહું છું. તેને તમે આનંદથી સુંદર પવિત્ર બુધ્ધિથી સાંભળો જેનાથી શત્રુગણનો પણ નાશ થાય છે.

શ્રી હરિ વૌઠા પધાર્યા એટલે સર્વેને જાણ થઈ ગઈ સર્વે જનો પ્રભુમાં પ્રીતિ કરવા લાગ્યાં. અનંતના મદને હરનારા મહાપ્રભુનાં અદ્‌ભૂત ચરિત્રો સર્વેને જણાવવા માટે સર્વે હરિભક્તો જાત જાતનાં વાજિંત્રો વગાડતાં હતાં. પ્રભુનો જય જયકાર કરતાં હતાં. ભક્તજનો આગળથી જ આવીને મહાપ્રભુનાં ગુણ ગાતાં આનંદ ઉત્સવ કરતાં હતાં મહારાજ સુંદર નદીના કાંઠા ઉપર પધાર્યા ત્યારે સાબરમતી નદીનું પાણી અતિ સ્વચ્છ હતું. પ્રભુને જોઈને તે નીરની છોળ ઉંચી ઉંચી ઉછળતી હતી. જળમાં ખીલેલા કમળો ખૂબજ પ્રમાણમાં શોભતાં હતાં. વેલીઓ પર ખીલેલાં ફૂલો ઉપર ભ્રમરાઓ ગુંજારવ કરતા હતા. તટ ઉપર વૃક્ષવેલીઓનો સમુદાય મોટો કુંજ સમાન લાગતો હતો. તે વનમાં કુંઝ નામના પક્ષીઓનો સમુદાય તથા ભ્રમરાનો સમુહ ગુંજતો હતો. પક્ષીઓનો સમુદાય કીલોલ કરતો હતો. નદીની જીણી રેતી અતિ સ્વચ્છ હતી વિશાળતામાં શોભતી હતી. તે જોઈને મહાપ્રભુનું મન ખેચાતું હતું. અંધારુ થવાથી મશાલો બળતી હતી. બાજુમાં **વાર્સિંધ** ગાંમ તે અતિશય શોભતું હતું. નામ પણ સારૂં હતું. તે ગાંમની સીમમાં શ્રી ઘનશ્યામપ્રભુ ઉતારો કરીને રહ્યા.શ્રી હરિ સર્વે સંઘની વચમાં ઉતર્યા ત્યાં ગીચતા ન હતી. લોકોનાં મનને ખેંચવા પ્રભુ અમૃત દષ્ટિ હતા. આ રીતે ગરીબોના ઉદ્ધારક રાજાધિરાજ શ્રી હરિ મુનિજનોના સમાજ વચ્ચે શોભતા હતા. કેસર ચંદનની સુવાસ ફેલાતી હતી. સુંદર પુનમનો ચંદ્ર પ્રકાશતો હતો. તે પ્રકાશમાં હરિજનો આનંદથી હારને હાથમાં લઈને ઉભા હતા. ઘનશ્યામ

પ્રભુની સેવા કરતા હતા અને પોતાની મનો કામનાને પૂર્ણ કરતા હતા. આનંદધામ પ્રભુજીનાં ગુણોને ગાતા રાજી કરતા હતા. એવી રીતે નદીના કાંઠા ઉપર ભક્તોની પીડાને હરનારા મહાપ્રભુએ મુકામ કર્યો. પ્રેમી ભકતો પ્રેમથી કેશર ચંદનથી પૂજા કરીને પુષ્પોના હાર પહેરાવતાં હતાં. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ ખૂબજ લીલાઓ કરતા હતા શ્રી હરિ જમતા હતા અને અન્ય લોકોને પણ જમાડતા હતા.પછી મહાપ્રભુ મધુરવાણીથી મધુર વચનો કહેતા હતા. દેશો દેશના મારા આશ્રિત ભકતજનો તથા મારા પ્રિય સંતજનો સવારમાં બ્રાહ્મમૂહુર્તમાં ઉઠીને સર્વેએ પરવારીને તૈયાર થઈને સવારના પહોરમાં મહાદેવજીનાં દર્શન કરવા જવાનું છે આવી રીતે શ્રી મુખથી મહાપ્રભુએ વચનો કહ્યાં તે સાંભળીને બધાનાં મનમાં અતિ આનંદ છવાઈ ગયો. વાત સાંભળીને નર નારીઓ અરસ પરસ વાતો કરવા લાગ્યાં પ્રાતઃકાળ થશે એટલે સર્વના ભયને હરનારા પ્રભુ જશે.

**હિમાચલ પુત્રી પાર્વતીના પતિ સદાશિવ પ્રભુનાં દર્શન કરવા મહારાજ પધાર્યા એટલે બધાજ તૈયારી કરવા લાગ્યાં કહેલી વાતને સાંભળીને વિચાર કરવા જેવી લાગી** જયારે રાત પૂરી થઈ અને સવાર થવા આવ્યું ત્યાં સુધી બધા વાતો કરતાં હતાં. ત્યારે નિષ્કામિ નાચિકેતઋષિ બધાને કહેતાં હતાં કે સંઘનાં બધાં જ જનો સાંભળજો તમે બધાં જ સમજુ છો તેથી કાલે બપોરે મધ્યાંન સમયે જેમને થાળ કરવાની ઈચ્છા હોય તેમણે પોતાની મનોકામના પૂર્ણ કરવા રસોઈ તૈયાર થાળને જમશે.

હે રાજન ! આ રીતના વચનો સાંભળીને બધાજ લોકો મનમાં આનંદ પામવા લાગ્યા. બધાના નેત્રો મળ્યા એટલે બધાનાં પાપો બળી ગયાં. પછી સૌ પોત પોતાના ઉતારે પ્રભુ માટે થાળ બનાવવા ગયાં પ્રભુમાં મન પરોવીને થાળ બનાવતાં હતાં. એટલામાં જ શ્રી હરિ મહાપ્રભુ પાસે એકાંતિક ભકત છડીદાર **કુબેરસિંહ** આવ્યા. પ્રભુ પાસે આવીને નમસ્કાર કરીને હાથ જોડીને પ્રેમથી ભરપુર રસવાળી વાત કહેતા હતા.

હે મહારાજ ! લોકોના કલ્યાણ કરતા એવા, આપ લોકોના ભવના કષ્ટોને હરનારા છો. હે પ્રભુ ! આપની સામે એક ગોસ્વામી અતીશે ઉશ્કેરાયેલો છે તે પોતાના મુખે આમ બોલતો હતો કે આ સ્વામિનારાયણ જે આવેલા છે તે પોતે એમની આગળ અનંત અપાર તેલની મશાલો બળે છે એમનાં દિવા માટેનું તેલ કોણ પુરું પાડતું હશે. આ બધું તો તેમના પ્રતાપે જ થતું હોય છે. એમ વાત થતી હતી તેમાં કોઈક બીજો કહેવા લાગ્યો કે હે ગુંસાઈ ! આતો જગતના કર્તાહર્તા જદુરાય ભગવાન પોતે જ છે. કંસને મારનાર એના વંશનો નાશ કરનારા પોતે જ પોતાના આશ્રિતોનાં દુષ્કૃત્યોને હરીને એમની ઉપર કૃપા કરીને પધાર્યા છે તે પોતે ભગવાન જ છે. આ ધરતી ઉપર અવતાર ધારણ કરીને કળિયુગનાં હજારો દુષ્કૃત્યોને દૂર કરવા પોતે હમણાં જ પ્રગટ થયા છે. એટલે એમને કોઈ કોઈ કરી જ ન શકે. એ વાતો તો જે ભકતોજનો હોય તે જ જાણે પણ અધમ પાપી અસુરો તો કોઈ વાતને જાણે જ નહિ અને એમનાથી તેઓ અજાણ છે તેથી જે ભકત એમને ઓળખે તે તો પરમધામને પ્રાપ્ત કરે અને અસુરજનો કાંઈ ના જાણે એટલે પાછળથી પસ્તાય છે. કુબેરસિંહે આવી રીતની વાત પ્રભુ પાસે કરી એટલે પ્રભુ સાંભળીને હસતા હતા ને પોતાના આશ્રિતોના દુખોનો નાશ કરતા કહેતા હતા કે જેને દિવસ રાતની વાતની ખબર જ નથી તેથી તેનું નામ ગોસ્વામી ખોટી રીતે રાખવામાં આવેલ છે. જેને પ્રભુના પ્રતાપની તો ખબર જ નથી એવો ગોસ્વામી તો રાત દિવસ વિષય વાસનામાં બંધાયેલો રહે છે. અને કુતરાની માફક તે જીવે છે.એવાને શું ખબર હોય આમ કહીને મહાપ્રભુ સુંદર શૈયા તૈયાર કરેલી હતી તેની ઉપર શયન કરીને યોગનિદ્રામાં જગતના પતિ પોઢી ગયા.

જયારે પ્રભાત થયું ત્યારે મહાપ્રભુ જાગ્યા, પછી શૌચક્રિયા કરીને સૌથી પહેલાં તૈયાર થઈને સુંદર વસ્ત્રોને ધારીને શિર ઉપર પાઘને ધારણ કરી કાન ઉપર સુંદર કુંડળ શોભતાં હતાં. મંદ મંદ ચાલથી ચાલતા શોભતા હતા. ચંચળ નેત્રો શોભતાં હતાં. કપોલ સુંદર શોભતું હતું. બંને હાથ શોભતા હતા. છાતીનો ભાગ સુંદર શોભતો હતો. શરદ ઋતુનાં કમળ સમાન મુખકમળ શોભતું હતું. નાસિકા સુખ આપનારી શોભતી હતી દર્શન કરવાથી દુખોનો નાશ થાય છે. અધરોષ્ટની અંદર દાંતની પંકિત પણ કુંદની કળીની માફક શોભે છે. હસ્ત કમળ સુંદર શોભે છે. તથા ઉદર પર ત્રિવળી સુંદર દેખાય છે. પાતળી કટિલંકા જાણે સિંહ સમાન શોભે છે. આવી રીતે મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતોની સાથે ખૂબજ શોભતા ઉંચા સારા (ઘોડા ઉપર) સવારી કરી **શ્રી હરિ મુનિમંડળની સાથે કામદેવને** પણ **મોહ પમાડનારા માર્ગમાં જતા હતા. ત્યારે સંતો કિર્તનો ગાતા હતા. શિવાલયમાં આવતા ઘનશ્યામ પ્રભુએ કામદેવને બાળનારા શિવપ્રભુનાં દર્શન કર્યાં. ત્યાર પછી શ્રી હરિ ખૂબજ ભાવપૂર્વક ત્યાં ઘણીવાર સુધી બિરાજમાન થયા. ત્યાર પછી શિવના સેવક પૂજારીને તે જ સમયે સરપાવ સાથે પ્રભુએ અંગ ઉપર ધરેલાં આભૂષણો આપી દીધાં.** પાઘ, દુશાલો ઉતારીને આપ્યાં. જગતમાં અતિશય જય જયકાર થઈ ગયો હાથના કડાં પહોંચી હેમનાં કડાં નંગ જડેલાં આપ્યાં. આ બધુજ મહાદેવના પુજારીને ભેટ આપ્યું. આવી રીતે બલભ્રાતા શ્રી હરિ શિવનાં દર્શન કરીને મનમાં ખૂબ જ રાજી થયા. કલ્યાણદાયક પ્રભુ શિવજીનાં પાપોને દૂર કરીને મહાપ્રભુએ સર્વોપરી નવીન કાર્ય કર્યું.

આવી રીતે સદા શિવને જોઈને પશુપાલકોએ વંદન કર્યા. દીનોના દયાળુ સુખ આપનારા કરુણામૂર્તિ પોતેજ કૃપાળુએ કૃપા કરી દીધી. ભયનો નાશ કરનારા ભય વ્યાકુળ જનોનું રક્ષણ કરનારા મેઘ સમાન શ્યામ શરીરવાળા મહાપ્રભુ જ્ઞાનના સમુહના ભંડાર એવા સર્વેના અંતરને જાણનારા કામ દોષનો નાશ કરનારા માન મદનો નાશ કરનારા એવા હે પ્રભુ ! આપના ચરણકમળનું ધ્યાન શેષજી, મહેશ, વિષ્ણુ, વિરાટ વગેરે કરે છે એવા પ્રભુ આપનો જય જયકાર થાય છે હે પ્રભુ! જગતના કરનારા દીન જનોનું પાલન તો આપના પ્રતાપથી જ થાય છે. અજન્મા, નાથ, નિર્દોષ એવા, અજીત-કોઈનાથી ન જીતાય એવા આપનો જપ જપ્યા કરે છે એવા મારા નાથ આપનો જય જયકાર થાવ. સર્વના ઉપરી સહજાનંદ સ્વામી પ્રભુ આનંદના મૂળ સ્વરુપ હે પ્રભુ ! હે દેવ ! હું આપની પાસે એક વર માગું છું. હે પ્રભુ ! આપના ચરણની સતત ભકિત કરું એવો વર આપો. મારા ઉરમાં વાસ કરો નિત્ય મને દર્શન આપો. શરણાગતનું પાલન કરનારા અમારી રક્ષા કરો. આવી રીતે શિવના ભકતોની સ્તુતિ સાંભળીને મુનિઓના સ્વામી અવિનાશી મનથી રાજી થયા. ખૂબજ રાજી થઈને પ્રભુ શિવના સ્થાનક પાવન કરી ત્રિનેત્ર પ્રભુને તત્કાળ જ યુવાન વયવાળા કરી દીધા. પછી પ્રભુ પોતાના ઉતારે પધાર્યા ત્યારે અનેક પ્રકારના વાજાં વાગતાં હતાં.

સાથે લઈને આવ્યા મહાપ્રભુને સુંદર આસન બનાવીને તેની ઉપર ઉમંગ પૂર્વક બેસાડયા. ત્યારે બધાજ ભકતજનો પ્રભુને માટે થાળ લઈને આવ્યા. ને અપાર સામર્થ્ય શકિતવાળા પ્રભુના મહિમાને પાર કોઈ પામી શકશે નહી એવા મહાપ્રભુ સર્વે ભકતોના થાળને જમ્યા. ભાવથી જમીને કરુણાનિધીએ સર્વેને સનાથ કર્યા. બધાને દેખતાં નાથ થાળને આરોગતા હતા ત્યારે જાણે અનેક હાથ કરીને પ્રભુ જમતા હોય તેમ લાગતું. હતું આવા દશ્યને ચારેબાજુ ઉભેલાં જનસમુદાયે જોયું. આવી રીતે પ્રભુના જમવાનાં દર્શન થયાં. ભકતજનોના થાળને મહાપ્રભુ જમતા હતા. આવી રીતે અવિનાશીએ ત્રિપુરનો નાશ કરનારા શિવમદના મદને હરનારા

પ્રભુએ ભોજન કર્યું. આવી રીતે જમતા પ્રભુનાં પ્રીતિ પૂર્વક દર્શન થતાં હતાં સર્વેને દર્શન દેતા હતા. મહાપ્રભુ જમીને તૃપ્ત થયાં ત્યારે પ્રભુના હાથ ધોવરાવ્યા મુખવાસ લઈને મહાપ્રભુએ સર્વના મનને રાજી કર્યા. સર્વે સંતોને જમાડયા સંતો ગોળા બનાવીને ગોળા જમતા હતા, તે પોતાને અતિ ભાગ્યશાળી માનતા હતા. સર્વે સંતોને જમાડીને મહાપ્રભુએ સવારી કરીને ભયને ભાંગનારા પ્રભુ ચાલવાની તૈયારી કરવા હતા.

પછી શ્રી હરિ ઘોડા ઉપર અસવાર થઈને **ડભાણપુર** પ્રત્યે સર્વે સંતો ને પદાતિઓ સાથે જ પધાર્યા. પ્રભુ પધાર્યા ત્યારે ડભાણનાં સર્વે ભકતો પ્રેમથી પ્રભુની સામે આવ્યાં. કામને હરનારા લોકોને સુખી કરનારા મહાપ્રભુને પોતાના ગામમાં પધરાવ્યા. ભકતજનોએ વાજાંવગાડીને વાજતે ગાજતે શ્રી હરિને ઉતારે પધરાવ્યા સુંદર રસદાર રસોઈ બનાવીને સંતો સાથે મહાપ્રભુને થાળ જમાડયા શ્રી હરિ મહાપ્રભુએ રાત રોકાઈને ભકતોને સુખ આપ્યું. કમળ નયન કમળની પાંખડી જેવાં નેત્રવાળા મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતજનોને દર્શનનું સુખ આપીને બધાને સનાથ કર્યા. ત્યાર પછી મહાપ્રભુ **ડભાણથી વડતાલપુરે** પોતાના આશ્રિત ભકતજનોની અકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પધાર્યા. પોતાના આશ્રિત ભકતજનોને સુખ આપવા માટે એમના સાંસારિક ત્રાસને દૂર કરવા પધાર્યા હતા.

કમળનયન મહારાજ શ્રી હરિ વૌઠે પધારીને કામને બાળનારા શિવ ભગવાનનાં દર્શન કર્યાં. અને તે તીર્થને પાવન કર્યું. પ્રિતમ પ્યારા પ્રભુએ પ્રેમથી શિવમંદિરના પુજારીને પોતાનો પોશાક સર્વે દાનમાં આપ્યો. આવી રીતે સુખદાયક મહારાજે ચરિત્રો કર્યા. ત્યાર પછી બધા જ સંઘે બનાવેલા થાળોને જમ્યા પછી મહાપ્રભુ **ડભાણપુરે** પધાર્યા. આ સર્વે લીલા કહેલી છે. આવી રીતે આ દશમા રત્નની લીલાના અભિધાન રુપે પૂર્ણ થયો. આમ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપમાં બીજો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુના દશમાં રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિએ વૌઠે લીલાઓ કરી તેનું વર્ણન અને વડતાલ પધાર્યા એ નામે બીજો તરંગ પૂર્ણ થયો. ॥૨॥**

# તરંગ-૩

આનંદ રાજા પૂછે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શોભાના ધામ એવા સર્વના સ્વામી શ્રી હરિ જેમના ભાલ ઉપર ચંદ્રને ધારણ કરેલો છે. તેવા સદા શિવને મંદિરે પધારીને લીલા ચરિત્રો કર્યા એતો સાંભળ્યાં પણ હવે મહારાજ વડતાલ ધામે પધાર્યા ત્યાં જે લીલાઓ કરી હોય તે મારા ગુરુ આપ મને કહો. તે વડતાલ ધામ સુંદર હરિયાળા પ્રદેશમાં ચરોતરના મધ્યમાં બિરાજમાન છે તે મનોહર છે. તળાવોની વચ્ચે વડતાલ ધામ છે. ત્યાં આવીને સુખ કરનારા પ્રભુએ લીલા કરી હોય તે વર્ણન કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજા ! તમે જે ચપળ નેત્રવાળા ઘનશ્યામનાં પુછો નવિન ચરિત્રો છો તે **વડતાલપુરમાં** મહારાજે જે જે ચરિત્રો કર્યા હોય તે સુખધામ પ્રભુનાં ચરિત્ર વર્ણન કરીને કહું છું.

આ મનુષ્યદેહ મળ્યાનો મુખ્ય હેતુ તો પ્રગટ પ્રભુનાં ગુણ ચરિત્રોને કહેવાં સાંભળવાં એ જ છે. અને પોતાના હૃદયમાં નવો નવો પ્રેમ ભાવ લાવી પોતાના સંબધી તથા પરિવારનો ત્યાગ કરીને ભજનકીર્તન કરે એ જ મોટી

વાત છે. હવે હું અવતારી મહાપ્રભુનાં અદ્‌ભુત મનોહર ઉદારતા ભરેલાં ચરિત્રો વડતાલ ધામમાં મહાપ્રભુએ જે કર્યાં છે તે પ્રેમથી તમોને હવે કહું છું તેને સાંભળો. ભૂમિનું શાસન કરતા પ્રજાનું પાલન કરનારા હે રાજન ! સંતો સાથે સુખનાધામ મહારાજ વરતાલ ધામે પધાર્યા ત્યારથી જે જે ચરિત્રો કર્યા તે સર્વે સંભળાવું છું તે તમે ધ્યાનથી સાંભળો.

સર્વ જગતનું પાલન કરનારા મહાપ્રભુ **વરતાલ** ધામે પધાર્યા એમની સાથે સંતો પણ હતા અનાથને સનાથ કરવા પધાર્યા હતા. ગામની નજીકમાં તળાવની પાસે જ વૃક્ષો અતિ ભારથી શોભતા હતાં. છોડવાઓ વેલીઓની ઘટાઓ શોભતી હતી. એનું જળ સ્વચ્છ હતું. તળાવમાં લગારે કાદવ ન હતો એટલે શોભતું હતું. અનેક પ્રકારના જે કમળ તે સૂર્યનારાયણને જોઈને ખીલી ઉઠે છે તે કમળો ચારે બાજુ ખીલેલાં શોભે છે આવી રીતની શોભા જોઈને મનમાં અતિ આનંદ થતો હતો. વૃક્ષોથી શોભતું તળાવની બાજુમાં વચમાં વૃતાલયધામને જોઈને મુરારી પ્રભુનું મન અતિ રાજી થઈ ગયું માર્ગમાં પ્રભુ શોભતા હતા પ્રભુની છબી સુંદર લાગતી હતી ભકતોના વિશાળ ઘરોમાં વિરાજમાન થતા હતા. ત્યારે ગામનાં નરનારીજનો મનને દઢ કરીને સુખધામી પ્રભુનાં દર્શન કરતાં હતાં. બધાજ પ્રેમ ભાવવાળાં થઈને ભજન કરતાં હતાં અને પ્રેમથી સેવા પરિચર્યા કરતાં હતાં. શ્રીજીમહારાજ વરતાલની શોભાને જોઈને રાજી થયા અને પુરના લોકો પ્રેમથી આવતાં હતાં. તેઓ સર્વે પોતપોતાના સમાજના આગેવાનોની સાથે આવ્યાં. મહારાજનાં દર્શન કરીને પ્રભુની પાસે ભેટ ધરતાં હતાં. સાથે પ્રભુને પુરમાં પ્રેમથી લાવતાં હતાં. વાજિંત્રો વગાડીને ઉત્સવ કરીને આનંદ ઉલ્લાસથી લાવ્યાં. **જોબન પગીના ઘરની મેડી** ઉપર મહારાજનો ઉતારો કરાવ્યો સુંદર રસદાર રસોઈ બનાવીને જન સમાજની સાથે પ્રભુ થાળ જમ્યા.ત્યારે દેશો દેશના સંઘો પણ પ્રભુનાં દર્શન કરવા આવતાં હતાં. આવી રીતે પ્રસિધ્ધ વરતાલ ધામમાં પ્રભુ વિરાજતા હતા તેથી શોભા વધતી હતી. પ્રભુએ ભકતજનોનાં મનને આનંદથી ભરી દીધાં ત્યાર પછી સર્વસંતોને વિદાય થવાનું કહ્યું અને દેશો દેશમાં ફરવા જવાનું કહ્યું અને ભણનારા સંતોને રહેવાનું કહ્યું વડતાલમાં નિત્યાનંદ સ્વામી પાસે ભણવા માટે રાખ્યા, પ્રભુ વિરાજતા હતા તેથી શોભા વધતી હતી આશ્રિત જનોને દર્શન દેતા હતા અને ભવસાગરના ત્રાસને હરિને સુખ દેતા હતા. મહાપ્રભુ કેટલાક દિવસ ત્યાં રહેતા હતા કૃપાળુ ભકતજનોના ભવદુઃખને દૂર કરીને સુખ આપ્યાં.

આવી રીતે પ્રભુએ નવિન લીલાઓ કરી પછી વરતાલથી પોતાના ભકતજનોની સાથે **બુધેજ** ગામે પધાર્યા ત્યાંથી મહારાજ **બોચાસણ** ગામે પધાર્યા ભકતરાજ **કાશીદાસના** મનમાં ખૂબજ આનંદ આવ્યો. **કાશીદાસે** મહાપ્રભુને પોતાના ઘેર ઉતારો કરાવીને રાખ્યા થાળ બનાવીને પ્રભુને ખૂબ જે જમાડયા અને મહાપ્રભુએ કાશીદાસને ખૂબ જ સુખ આપ્યું. પછી પ્રભુ ત્યાંથી કમળલોચન પ્રભુ **શેરડીવર** નામના ગામે પધાર્યા ત્યાંથી શ્રી હરિ **એકલબારેથી** ઉતરીને પોતાના ભકતોના ભવનાં સંકટોને ટાળીને સરસવણી ગામે પધાર્યા ત્યારે ત્યાંથી **કાનુજી ગાયકવાડે પ્રભુને તેડાવ્યા.** પ્રભુને તેડાવવા માટે પોતાના દૂતને પ્રભુની પાસે મોકલ્યો અને પ્રભુ પાસે બધા જ સમાચાર કહયા. ત્યારે પ્રભુજી તે સાંભળીને **પાદરા ગામે** પધાર્યા.ત્યાં રાત રોકાઈને ભકતજનોના આનંદનો વધારો કર્યો. પછી પ્રભુ મધ્યરાત્રિએ જાગીને ત્યાંથી **બામણગામે** ભકતજનોનાં કાર્યો કરવા પધાર્યા. ગામની બહાર જ પ્રભુએ મુકામ કર્યો અને પ્રભુએ **ભકતજનોને ગામમાં મોકલ્યા.** મહાપ્રભુએ સેવકોને બધા સમાચાર કહ્યા. પ્રભુ ભુખ્યા જ ગામ બહાર બેઠા રહ્યા. કહેવરાવ્યું કે જે તૈયાર અનાજ રાંધેલું પડયું હોય તે

જલ્દીથી લઈ આવો. આમ તમે જઈને બધા સત્સંગીઓને કહો. એ વાત સાંભળીને સેવકો જલ્દીથી ગામમાં ગયા. બધા સેવકોને વાત સભળાવીને મહાપ્રભુ પોતે ગામની નજીકમાં જાતે જ ગયા. ભકતજનોએ જઈને કહ્યું કે, સર્વના ભયહારક પ્રભુ ભૂખ્યા છે એમનાં માટે જે કાંઈ સારું ભોજન તૈયાર હોય તે પ્રભુને જમવા માટે સાથે લૈને પ્રભુની પાસે લઈને ચાલો. ભકતનાં આવી રીતનાં કહેલાં વચનો સાંભળીને પરમ પુનિત ભકત **ખોડાભાઈ** નામના કહેવાતા હતા તે અતિ પ્રેમથી જમવાનું લઈને પ્રભુ પાસે આવવા તૈયાર થયા. દહીંને રોટલો સુંદર તૈયાર કરીને હાથમાં લઈને ભરપુર ભાવથી શ્રી હરિની પાસે આવ્યા. આવીને મહાપ્રભુને અર્પણ કર્યું અને મહાપ્રભુ જમવા લાગ્યા.

જગતના નાથ લાવેલ અન્નને જમતા હતા ઉપર પાણીપાન કરતા હતા. હરિ તે રોટલો જમીને ભકતોનાં પાપનાં પોટલાંને ખસેડી નાખતા હતા. મહાપ્રભુ જમી રહ્યાં એમ જાણીને પાણીથી પ્રભુના હસ્તકમળને ધોવરાવતા હતા. પછી પ્રભુ ધોયેલો હાથ પેટ સહિત શરીર ઉપર ફેરવતા હતા. આ રીતે પ્રભુ લીલા કરતા હતા તેને ભકત જોતા હતા. ત્યાર પછી પ્રભુ ચિત્તનેં ચોરનારા ચાલતા થયા. સુંદર ગામને જોતા થકા જતા હતા. અતિ સુંદર શેલડી નામનું ગામ હતું. તે ગામની ધન્ય ઘડી હશે તેથી પ્રભુ પધાર્યા. ત્યાં જીવનપ્રાણ રાત રોકાયા ત્યારે ગુણવાન ગુણ ગાઈ શકતા હતા. જયારે પ્રભાતમાં વિહાંન વેળા થઈ ત્યારે પ્રભુ જાગ્યા સર્વે ભકતજનોનાં દુઃખો ભાંગી ગયાં ત્યારે જીવન ભાવથી તૈયાર થયા અને આગળ ચાલવા લાગ્યા. શ્રી હરિ હંસગતિથી ચાલતા હતા અને **વડતાલ ગામ** પ્રત્યે આવતા હતા. જયારે ગામની નજીકમાં આવ્યા ત્યારે સંતોના કાર્યો કરવાનો નિર્ણય કરીને પધારતા હતા.

જયારે મહાપ્રભુ પધારતા હતા ત્યારે સારા શુકન થતા હતા મુનિ ખૂબજ ઉત્સાહની અધિકતાથી અતિભાવથી ભણતા હતા. ત્યારે **મહાનુભાવાનંદ** નામના મુનિ દિવા સામું જોઈને હસતા હતા અને સર્વે સંતોને કહેતા હતા કે જાણે આજે તો ઘનશ્યામ પ્રભુ આવવાના જ છે એમ લાગે છે. આવી રીતે મુનિ શુકનની જાણ કરતા કહેતા હતા કે આમ મારૂં મન જણાવે છે એવું સાંભળીને બધા સંતો કહેતા હતા કે મહાપ્રભુ તો અત્યારે કાનમ દેશમાં વિચરે છે. એટલે અત્યારે તો શ્રી હરિ આવશે તો નહિ એમ કહીને મુનિજનો મંદ મંદ હસતા હસતા આનંદ કરતા હતા. આવી રીતે મુનિઓ અંદર અંદર વાતો કરતા હતા એટલામાં મોટા ભડાકા બીવડાવનારા થયા ભડાકા સાંભળીને મુનિ આશ્ચર્ય ચકીત થયા પુસ્તકો નીચે મુકીને સામા દોડયા બધાજ જોવા માટે બહાર આવ્યા જોયું તો જોબનપગીના ફળિયામાં લોકોના આનંદનો એહસાસ દેખાયો. લોકોની વચમાં મહારાજ શોભતા હતા. સંતો અતિ ગદ્‌ગદિત થઈને હરિના દિદાર કરતા હતા ત્યારે સંતોને જોઈને ઘનશ્યામ પ્રભુ તરતજ સંતોને પૂર્ણ કામ કરવા બધીજ વાતો કરતા હતા નિશ્ચય કરાવીને પ્રભુ કઠલાલ ગામે લોકોના ભવપાસના ભયને ભાંગવા પધાર્યા મહાપ્રભુ જયાં જયાં વિચર્યા ત્યાં ત્યાં જે જે લીલા કરી તે બધીજ વાતો પ્રસિધ્ધ કરીને કહી દીધી. મુનિજનો સાંભળીને ખૂબ જ રાજી થયા. પછી પ્રભુ ત્યાંથી પ્રયાણ કરીને પ્રભાતમાં જ **ઉમરેઠ** ગામે સુખધામ મનોહર મૂર્તિ ભકતજનોના કામ કરવા પધાર્યા. નંદુભાઈ આદિક ભકતોનાં ઘરોમાં ભોજનના થાળ જમીને મહાપ્રભુ ત્યાં રાત્રી રોકાયા.

હે રાજન ! જયારે વહેલી સવારે પ્રભાત થયું ત્યારે પ્રભુએ પ્રયાણ કર્યું. મહાપ્રભુ **ડડુસર** ગામે ગલુજી ભકતના ઘરે પધાર્યા. સુખનાધામ પ્રભુએ ત્યાંજ મુકામ કર્યો. પ્રભુની સાથે પાર્ષદો હતા. તેઓ પ્રભુ પાસે એ

સદાય રહેતા હતા. સુંદરરુપમાં પ્રભુને જોઈને કામદેવ પણ લજ્જા પામતો હતો. આ રીતે શ્રી હરિ મહાપ્રભુ ભકતજનોને ખૂબજ સુખ આપીને ત્યાંથી કઠલાલ ગામે ભકતોને સુખ આપવા પધાર્યા.

ગુણના સાગર સુખદાતા ગામેગામમાં ભકતજનોનાં ઘરે પોતાની ઓળખાણ કરાવી **વડતાલમાં** નિવાસ કરીને મહારાજે સંતોની સાથે લીલા કરી, પ્રભુ બોચાસણ થઈને **ઉમરેઠ** પધાર્યા. આ ત્રીજો તરંગ અભિધાન સાથે શ્રીહરિલીલાસિંધુમાં લહરિના રુપમાં આ ત્રીજો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિ કઠલાલથી ઉમરેઠ પધાર્યા એ નામે ત્રીજો તરંગ પૂર્ણ થયો. ॥ ૩ ॥**

# તરંગ-૪

આનંદ સિહરાજા કહે છે. હે અયોધ્યાપ્રસાસજી મહારાજ ! કષ્ટને હરનારા શ્રી હરિએ જે જે લીલાઓ તેને જાણી હોય તો મને તે લીલાઓ કરી છે. વિસ્તાર કરીને કહો. આપ તો પરમસુજાણ છો તેથી જાણો જ છો. અજિત મહાપ્રભુ અવતારીનાં લીલાચરિત્રનો તો પાર આવે તેમ નથી એમનાં તો અનંતચરિત્રો છે તોય પણ મારી મતિ પ્રમાણેનાં પ્રભુનાં ચરિત્રોને સાંભળવા માટે મારું મન ચાહ્યા કરે છે. તેથી કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુનાં જે ચરિત્રો છે તે બધાંજ હું તમને કહું છું. તેને તમે પ્રેમથી સાવધાન થઈને સાંભળો જે ચરિત્રો સાંભળવાથી સર્વે પાપોનો નાશ થઈ જાય છે ! એવાં પવિત્ર ચરિત્રો છે. કમળનયન મહાપ્રભુ **કઠલાલમાં** પધાર્યા આ સમાચારને ભકતજનોએ સાંભળ્યા એટલે દોડીને સામાં આવ્યાં તેમા પંડયા રાયજીભાઈ, સદારામભાઈ, મહીપાલ, આદિ ભકતો આવ્યા. સાથે અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડતાં આવ્યાં હતાં. આ રીતે આનંદ પૂર્વક પ્રેમથી પ્રભુને પુરમાં લાવ્યા. પરમકૃપાળુ મહારાજે પુરને પાવન કરીને તળાવની પાળ પાસે ઉતારો કર્યો. ત્યાં આગળ હાથી પિંપળાનું વૃક્ષ હતું. તેની અંદર નીચે સુંદર ચોતરો બનાવેલો હતો તેની ઉપર મોટો પલંગ બિછાવીને અનેક મુનિજનોની વચમાં મુનિનાથ મહારાજ ખૂબજ શોભતા હતા. ભકતજનોની સાથે લોકોને સુખ આપનારા મહાપ્રભુ નાના નાના કોળીયા લઈને બલરામના ભાઈ જમતા હતા. જમીને મુખ હાથ ધોઈને જળપાન કર્યું સુખદાતા તૃપ્ત થયાં ભકતજનોના ભવના ત્રાસને હરનારા મધુરવાણીવાળા. નગરનાં લોકો ઉપર મહાપ્રભુ ખૂબજ રાજી થયા. સુખ આપીને પ્રભુ પછી ત્યાંથી ચાલવા માટે અતિ ઉતાવળા થયા ને બહુનામી થોડાક જ ચાલ્યા હતા એટલામાં એક ડોશીમાં આવતાં હતાં. પ્રભુ જતા હતા એમની પાછળ પ્રેમથી પ્રભુને પોકારતી બોલતી તેના માથા ઉપર પાણી ભરેલો ઘડો રાખેલો હતો. કહેતી હતી કે મહારાજ લોકોનાં કલ્યાણ કરવા માટે વિચરતા જગત કર્તા તથા જીવોના ભવના સંકટને હરનારા. હે પ્રભુ ! ઉભા રહો લોકોનાં અંતરમાં રહેનારા જીવોનાં ઈચ્છીત મનોરથનોને પૂર્ણ કરનારા સુખના ધામી આમ બુમો પાડતી બોલતી તે બાઈ પાછળ દોડતી આવતી હતી.

ત્યારે શ્રી હરિ મહાપ્રભુએ સેવક બાઈનો શબ્દ સાંભળીને જોયું ત્યારે તે બાઈ બોલાવતી થકી આવતી હતી અને કહેતી હતી હે દેવના દેવ ! ઉભા રહો આમ બોલતી હતી. ત્યારે પ્રભુએ જાણ્યું કોઈક આવે છે. બાઈની હાક સાંભળીને પ્રભુએ ઘોડાને ઉભું રાખ્યું. એટલામાં ડોસી પાસે આવી ગયાં ત્યારે પ્રભુ પૂછતા હતા.

શા કારણે તું અમને બોલાવતી બહુ દોડતી થકી આવતી હતી. ત્યારે તે બાઈ કહે હે દેવાધિદેવ ! ભવ બ્રહ્મા વિષ્ણુ આપના ગુણોને ગાયા જ કરે છે. રાત્રી-દિવસ સતત આપનું ભજન કર્યા કરે છે. આપ તો અધમોધારક છો અને તેનું કલ્યાણ કરવા ભુમિ વિચરણ કરીને જીવોના ભવના દુઃખોને ટાળો છો. શરણાગત વત્સલ મહાપ્રભુ ઘનશ્યામ કલિકાલીન દોષોને હરવા પ્રગટ થઈને ભકતોનાં કામ કરવા સર્વ આવતારના અવતારી અન્તર્યામી ઘનશ્યામ પોતે પધાર્યા છો એટલે આપની આજ્ઞા હોય તો કામ કહું. હે પ્રભુ ! આપના જમણા પગનો અંગૂઠો આપો આ જળ લાવી છું તેમા બોળો આવી રીતની વાત સાંભળીને ઘનશ્યામ પ્રભુ કહે શા કામે જમણા પગનો અંગૂઠો પાણીમાં બોળાવવો છે. એ બધો જ મર્મ સમજાવીને કહે ત્યાર પછી જ પ્રેમથી સ્પર્શ કરાવું. હે પ્રભુ ! આપતો સર્વેના મનની વાત જાણનારા છો તે છતાં પુછો છો તેથી સાચું જ કહું છું. હે પ્રભુ ! આ જળને ચરણામૃત કરાવીને હું તે જળને પીશ અને ચિત્તે આપના સ્વરુપનું ચિંતવન કરીશ.પછી ગોળામાં પાણી નાખીશ અને મે બધાનું કલ્યાણ કરવાનું ધારેલ છે. તેથી તે પાણી ગામના પાણી ભરવાના કૂવામાં નાંખીશ જ્યાંથી નારીઓ નત્ય પાણી ભરે છે.

જે જન આ કૂવાનું પાણી પીશે તે તરત જ આપના ચરણકમળનો આશ્રય કરીને સર્વે આશ્રિત થાય એના માટે પ્રયત્ન કરુ છું. એટલા માટે આ પાણીને ચરણ સ્પર્શ કરાવું છું.આવી રીતે ડોશીની વાત સાંભળીને મહારાજ રાજી થયા. ડોશીનો જન્મ ધન્ય થઈ ગયો કેમકે બધાના કલ્યાણની ઈચ્છા રાખે છે આમ કહીને પ્રશંસા કરતા હતા. આવા ભકતની વાત સાંભળે તો તેના બધા જ પાપ બળી જાય છે અને તે નિષ્પાપ થઈ જાય છે. પાણીના ઘડામાં પ્રભુએ ચરણને બોળી દીધું તે ઘડાને ગંગા સમાન પવિત્ર કરી દીધું એવું મહાત્મ્ય કર્યું. ડોશીમા એ માથાં ઉપર ધારણ કરી પ્રભુને મનમાં ધારણ કરતી હતી અને માર્ગમાં જતી હતી. વામન ભગવાને ત્રણ પગલાં ભૂમિ માપતાં જયારે અંડકટાહ ફોડયું તે વાત તો પ્રસિધ્ધ છે જ, તે સમયે પાદોદક સમજીને તે ગંગા જળને કમંડળમાં ધારણ કર્યું હતું. તેમજ પુરૂષોત્તમ નારાયણનો ચરણ સ્પર્શ થયો તે ચરણોદકને ડોશીમાએ પોતાના માથાં ઉપર પવિત્રતાથી ધારણ કરી સુખ પામી. ભગીરથ રાજા જયારે ગંગાજીને પૃથ્વી ઉપર લાવ્યા ત્યારે ઉમંગથી ગંગાના પ્રવાહને શંકરે પોતાની જટામાં ઉત્તમ અંગ મસ્તકની ઉપર ધારી લીધું.

તેમ પ્રગટ પ્રભુના ચરણોદકને ગંગા જળથી અધિક માહત્મ્ય સાથે ઘડામાં ભરીને માથા ઉપર તે ડોશીએ ધારણ કરી લીધું. શ્રીહરિ પ્રભુના ગુણ ગાતી ગાતી પોતાને ઘરે આવતી હતી. અને પોતાના ગોળામાં તે પવિત્ર પાદોદકને નાંખ્યું. પછી જે બાકી વધ્યું તે બધુજ ગામના લોકો પીતાં હતાં તે કૂવામાં નાખ્યું.

જેમ આ પૃથ્વી ઉપર ગંગાજી બધાના પાપોને હરે છે તેમ સર્વે નર નારી આ કુવાનું જળ ગંગાજળ સમાન માનીને મહિમાથી પાન કરે છે. તેમના પાપોને હરી લેતું હતું. હે રાજન ! આવી રીતે મહાપ્રભુ પોતાના મહાન પ્રતાપને જણાવતા હતા. શ્રી હરિના ચરણનું જળ બધાજ જળપાન કરીને લોકો સત્સંગી થશે તેમ આ ડોશીમાનું માનવું હતું.

આવી રીતે ડોશીમાએ ચિત્તને ચોરનાર મહાપ્રભુનું પવિત્ર જળ લીધું અને મહારાજ ભકતજનોની સાથે જોર કરીને જતા હતા ત્યાંથી મહાપ્રભુ **તોરણા** ગામે પધાર્યા ત્યાંના નર નારીજનોના મનમાં અતિ આનંદ થતો હતો. તે ગામને મહાપ્રભુએ પોતાના ચરણોથી પવિત્ર બનાવીને મહારાજ **આંતરોલી** ગામે પધાર્યા

ભગવાન આવ્યા છે એમ જાણીને ગામ નિવાસી જનો પ્રેમથી વધાવવા આવતાં હતાં. મહાપ્રભુને આવકારીને બધાજ ભકતજનો અનેક પ્રકારનાં વાજાં વગાડીને ધામધૂમ કરતાં આવ્યાં. મહારાજનાં દર્શન કર્યાં નિરખીને મહાપ્રભુને પ્રેમથી પુરમાં લાવ્યાં. મહારાજે પુરમાં પધારીને ચરણાંકિત કરીને ગામને પાવન કર્યું. લોકોનાં મનને રાજી કરી નર નારીના મનના, તનના તાપને શાંત કર્યા. અને દુઃખોને દૂર કર્યાં. સારા ભકતના ઘેર વાસ કર્યો ઘનશ્યામ પ્રભુએ કરુણા કરીને નિર્ગુણ દિવ્ય શુભગુણોવાળા ગુણના ભંડાર મહાપ્રભુ. ભાવિક ભકત **શંકરભાઈ ભાટ** અટકના કહેવાતા હતા તેમને પ્રભુનું સ્વરૂપ મનમાં ખૂબજ ભાવતું હતું. તે મહારાજ એમના ફળીયામાં ઉતારો કરીને એમનામાં રહેલા બધાજ ફેલ ફંદોને દૂર કરતા હતા. આવી રીતે ઘનશ્યામ પૂર્ણકામ સુખકંદ સુખ આપતા હતા.

મહાપ્રભુએ લોકોને ઘણીવાર દર્શન દીધાં. ત્યાર પછી થાળ તૈયાર થયો એટલે મહારાજ શંકરભાઈના ઘરે થાળ જમવા માટે સુખરુપે પધારતા હતા. મહાપ્રભુને દાળ ને ભાતનું ભોજન મનના આનંદ ને વધારતા જમતા હતા આ રીતે મહારાજ શંકરભાઈ ભકતના ઘેર જ થાળને જમીને બહાર જવાનું કરતા હતા.

પ્રણતપાલ મહાપ્રભુ પ્રણતા પાલ પરમકૃપાળુએ થાળ જમ્યા પછી સેવકોને જમાડતા હતા જમાડીને પછી સર્વ ભકતો જનોની સેવાને સુખધામ પ્રભુ ભાવથી અંગિકાર કરીને રાજી થયા. ત્યાર પછી મહાપ્રભુ સંત સમાજની સાથે ત્યાંથી ચાલતા થયા. ચતુરવીર જગતના સૂર્ય સમાન જ્ઞાનના પ્રકાશને કરનારા **શિંગાલી** ગામે પધાર્યા. ગામથી પશ્ચિમ દિશામાં રાયણ વૃક્ષ અતિ શુભ ગણાતું હતું. તે રાયણના વૃક્ષ નીચે ડાળને પકડીને અતિ સમર્થ મહારાજ ઉભા રહયા હતા ત્યારે તે જ ગામનો કોટવાળ ભકત રૂપોભાઈ શિંગાલીનો જ નિવાસી હતો. વૈરાગ્યવાળો હતો.તે ભકત ફળ ફૂલ મિઠાઈ જે પ્રિય હતી તે બધી લઈને આવ્યો હતો. તેને મનમાં ભાવ પ્રમાણે અંગીકાર કરતા હતા સર્વના નાથ ભકતોની સાથે બધું જમતા હતા. રાત રહીને સવારમાં વહેલા વિહાનવેળા થઈ ત્યારે જાગ્યા. મહારાજ જાગ્યા પછી વહેલા લોક સમૂહની સાથે **ઉંટડીયા મહાદેવ** પધાર્યા. ત્યાં મહાદેવજીનાં દર્શન કર્યા **શ્રીહરિએ પિનાકીન પ્રભુના સ્થાનને પાવન કરીને પ્રભુએ બધાજ વસ્ત્રો અર્પણ કર્યા. દીન દયાળુ પ્રભુએ શિવજીને વસ્ત્રો અર્પણ કરીને રાજી કર્યા. પછી મહાપ્રભુ મુખથી મધુર વચનો બોલતા હતા. કે આ જગ્યા અતિશય સુખદાયક છે. આ જગ્યા તપની ભૂમી છે. તપ કરવાની જગ્યામાં તપ દેખાય છે. એ મોટા લાભની વાત છે.**

આ રીતે મહાપ્રભુ કહીને પછી શિવ ભગવાનની નજીકમાં જ વહેતી વાત્રક ગંગાને જોઈને એમાં સર્વે સંતોની સાથે અતિ પ્રેમથી હૃદયના ઉમંગથી સ્નાન કરતા હતા. આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ અતિ દયા કરીને જગતની તરણી નૌકરુપતીર્થને ચરણસ્થાપીને અતિ પવિત્ર કરી દીધાં. આવી રીતે લીલા કરીને સર્વે ભકતજનોની સાથે ત્યાંથી મહારાજ **લવારપરગામે** પધારતા હતા. ધામના ધામી ઘનશ્યામ પ્રભુ ગામોગામ ફરીને લોકોનાં મનોરથ પૂર્ણ કરવા તથા કલ્યાણ કરવા ફરતા અને લોકોના ને નવા નવા લીલા ચરિત્રો કરતા હતા.

મહારાજ **ઉંટડીયા** ગામે પગલાં સ્થાપન કરીને તીર્થને ઉત્તમ પવિત્ર કરી દીધું. સર્વ જીવોની ઉપર

અતિ ઉપકાર કર્યો. આવી રીતે ભગવાનના અલોકિક ચરિત્રનો ચોથા અભિધાનના રુપે શ્રીલીલાસિંધુની લહરિના રુપમા તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણાવાનંદ** અને **અવિનાશનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ ઉંટડીયા મહાદેવે દર્શન કરવા પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું. એ નામે ચોથો તરંગ પૂર્ણ થયો.**

# તરંગ-૫

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુએ અતિ મનોહર **લવારપુર** ગામમાં જે જે લીલાઓ કરી હોય તે તથા ત્યાંથી પછી કયા ગામે ગયા કેમ ગયા તે બધીજ લીલાઓ આપ મને કહેવા માટે યોગ્ય છો. મહારાજ જે જે સ્થળે ભકતજનોની સાથે વિચરણ કર્યુ તે આપ જાણો છો તે તે સ્થળો તથા બધાં જ ગામમાં ફર્યા અને તે તે ગામના કરેલા ચરિત્રો મને કહો. પ્રભુનાં ચરિત્રો મારા ચિત્તને ખેંચે છે તેથી કહો. મનને આનંદ આપનારાં મહારાજના સુંદર પવિત્ર ચરિત્રોને મારૂ ચિત્ત ચિંતવે છે. આ રીતે રાજા પ્રેમ ભાવથી આનંદયુક્ત મનવાળા થઈને લલિત નેત્ર વાળા કમળ જોઈને સુંદર લવાર પુરગામે પધાર્યા ત્યાંના ગુણીજન ભકત ગહાલજી મહાપ્રભુના દર્શન કરીને મનમાં અતિશય રાજી થઈ ગયા. મહાપ્રભુને પ્રેમ પૂર્વક પલંગ ઉપર પધરાવ્યા. પછી પ્રાણપતિને ભાવથી ભરપુર રીતે ભોજન તૈયાર કરીને ભગવાનને જમાડતા હતા.

મહારાજ જમીને રાત પડી ગયેલ જાણીને કરોડો જીવોનાં સુખકાર્ય કરવા માટે મહાપ્રભુ જગત ઉપર કૃપા કરીને પોઢી ગયા. સવારમાં વહેલા ઉઠીને માર્ગ ઉપર ચાલતા થકા શલકી નામના ગામે આવતા હતા. પ્રભુને લાવવા માટે ભકતો સામા જતા હતા. પ્રભુને આવકારી પોતાના ઘરની પાસેના ઘરમાં રાખતા હતાં. પવિત્ર મનવાળા દયાળજી ભકતના દિલને શુધ્ધ જોઈને મહાપ્રભુએ કોઈ કવિજનો ન જાણી શકે તેવું સુખ આપ્યું. હે રાજન! ભકતજનોએ અનેક પ્રકારે સેવાઓ કરી તેને કમળનય પ્રભુએ પ્રેમથી અંગીકાર કરી ભકતોનાં અજ્ઞાનરૂપી અંધારાને દૂર કર્યું. દયાળજી ભકતને એકાંતિક ભકત જાણીને તેના સર્વે કાર્યો કર્યા. હે રાજન **! દયાળજી** ભકતને સુખ આપીને પછી મહારાજ **સુજાનપુર** થઈને ભકતના પ્રાણ મહાપ્રભુ **પ્રાંતીજપુરે** પધાર્યા. પ્રભુ પધારવાના સમાચાર જાણીને સત્સંગીઓ ભેગા મળીને સામા આવ્યા. હે રાજન ! એમના નામ કહું છું. **ભુદેવ કાશીરામ, મયારામ, ગોવિંદરામ, મનછારામ, તુલજા રામ, પ્રભુદાસ, જીવરામ** ભકત, **ભગવાનભાઈ એ** આદિ ભકતજનો વાજાં વગાડતા સામા આવ્યા. સાથે ભાવ પૂર્વક ભેટો લઈને આવ્યા હતા. તે હે રાજન પ્રભુના ચરણોમાં અર્પણ કરતા હતા. દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિનાં દર્શન કરીને પોતાના જન્મને ધન્ય ધન્ય માનતા હતા. મહાપ્રભુનું સર્વે હરિભકતોએ સ્વાગત કરીને પ્રભુના સ્વરૂપને પોતાના મનમાં ધરી લેતા હતા. બધાનું હિત કરવા પ્રભુ પધાર્યા ત્યારે અસવારી ખૂબજ શોભતી હતી. મૃગનયની સ્ત્રીઓ મુખેથી ગીતો ગાતી હતી. કોયલ જેવો કંઠ સાંભળીને મનમાં લજ્જા પામતી હતી.આગળના ભાગમાં હરિભકતો વાજાં વગાડીને ઉછળીને ઉત્સવ મનાવતા ગાતા આગળ ચાલતા હતા. સંતો મહંતો હાથની તાળી પાડીને પ્રભુના ગુણના કિર્તનો ગાતા હતા. બજારમાં વચ્ચે થઈને જતા હતા ત્યારે નરનારી સર્વે નરનાથ ભગવાનને નીરખીને મનમાં આનંદ પામતી હતી. નરનારીઓ અટારીઓમાં ઉભી રહીને મહાપ્રભુના મુખને નીરખતી હતી. સર્વ

સુંદરીઓની સાથે ઉભી રહીને પ્રભુને સુંદર પુષ્પોથી વધાવતી હતી સુંદર રીતે સ્વાગત કરી દર્શન કરતી હતી ત્યારે શ્રી હરિમંદ હાસ્ય કરતા હતા અને બધાના મનને ખેંચતા હતા પ્રેમી જનોને જોઈને આનંદ પામતા હતા આવી રીતે મહાપ્રભુ આખા નગરમાં વિચરણ કરિને પવિત્ર ચરણ કમળથી અંકિત કરતા હતા મયારામના ઘરમાં ઉતારો તૈયાર કરાવેલો હતો ત્યાં પધાર્યા. ભકતના ઘેર ઉતારો કરીને તેની મનોકામના પુરી કરતા હતા તથા પ્રેમીજનો પ્રભુને પોતાના ઘરોમાં પધરામણી કરવાથી પવિત્ર કરાવતા હતા. મહાપ્રભુ સેવક જનોની સાથે રોકાઈને ભકતોને સનાથ કરતા હતા

ભકતજનો ઉતારે સુંદર શાકો પાકોના પદાર્થો બનાવીને જમતા હતા અને મુનિઓના સ્વામી મયારામ વિપ્રના ઘેર નિવાસ કરીને ભાવપૂર્વક સુંદર રીતે જમતા હતા. હરિભકતો મહાપ્રભુના ગુણને પ્રેમથી ગાન કરતા હતા. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ થાળ જમીને સંતજનોને જમાડીને સર્વેજનોને રાજી કરતા હતા. હરિભકત **નવલબાઈને** જોઈને પ્રિતમ પ્રભુએ બધાજ કામો પૂરા કર્યા. **નવલબાઈનું** ઘર સ્વચ્છ સારુ જોઈને ઘનશ્યામ પ્રભુ **નવલબાઈના** ઘેર પલંગ ઉપર સુખરૂપે શયન કરતા હતા. બધાજ જન સમુહની સાથે સર્વના કરતા પ્રભુની શોભા અતિ અધિક જ રહેતી હતી. મહાપ્રભુની આગળ રતિપતિ (કામદેવ) પણ શર્માતો હતો. અને કામદેવનો મદ ઉતરી જતો હતો. મહારાજની મરજી જોઈને નવલબાઈએ મહારાજ પાસે જઈને હાથ જોડીને મહારાજની પ્રાર્થના સ્તુતિ કરી હતી. મહારાજની પૂજા અર્ચના કરીને સ્તુતિ પ્રાર્થના કરતી હતી. હે પ્રભુ આપ સર્વેની મનોકામના નવખંડોમાં આપનું જ નામ રટાતું રહે છે. એવા હે પ્રભુ ! નારાયણ ! હે ઘનશ્યામ ! આપનો જય જય થાવો.

હે જગના જીવન ! એવા હે પ્રભુ ! મુનિઓના સ્વામી આપના ગુણોને તો બ્રહ્મા, વિષ્ણુ, શીવ, મુનીજનો વિશેષ ગાયા જ કરે છે. પ્રિતમ પ્રાણ પ્રભુ આપનું સ્વરૂપ તો અલૌકિક જ છે. જેને જોઈને કામદેવ પણ હારી જાય છે. એવી અલૌકિક મનોહર રુપ શોભા છે. હે પ્રભુ ! આપતો પ્રત્યેક યુગમાં વારંવાર અવતારને ધારો છો અનંત આસુરી પાપી જીવોનો નાશ કરવા અને સંત પુરૂષોના રક્ષણ કરો છો જગતનું ભલું કરનારા આપનું ભકતજનો ભજન કર્યા કરે છે. એમની સામે આપ અહીં પધાર્યા છો.

અનંત અધમજીવોનો ઉધ્ધાર કરવા માટે શ્રીજીમહારાજ આપ મનુષ્યના સ્વરૂપને ધારણ કરીને પધાર્યા છો. અમે તો અનેક પાપો કરીને પાપની ખાંણમાં બેઠા છીએ. માટે હે શરણાગત પ્રતિપાલ ! અમારી રક્ષા કરો રક્ષા કરો. હે પ્રભુ ! પાપી પતીત અતિ દુઃખો દે છે તેનાથી હે પ્રભુ ! અમારી રક્ષા કરો. તમે તો શરણાગત પ્રતિપાળ કહેવાઓ છો એવા હે પ્રભુ ! આપના સ્વરૂપની શોભા કામદેવને શરમાવે તેવી સુંદર લાગે છે. એવા મહાપ્રભુ અમારા હૃદયકમળમાં નિવાસ કરો. ભકિતનું સુખ અપાવી અમારૂં કલ્યાણ કરો.

હે રાજન ! મહાપ્રભુએ બાઈની વાત સાંભળીને બાઈને ખૂબજ સુખ આપ્યું. આવી જ રીતે મહાપ્રભુ અનંત જીવોને સુખ આપતા હતા.ચારે બાજુથી અનંત ભકતો મહાપ્રભુનાં દર્શન કરવા પ્રભુનાં ચરિત્રનાં કીર્તનો ગાતા થકા આવતા હતા. અને અનેક ભકતોની આગળ મહારાજ વાતો કરતા તેને લોકો સાંભળીને સુખ પામતાં અને ખૂબજ આનંદ લેતા હતા. દરરોજ સવારના પહોરમાં મહારાજ જનસમુદાયની સાથે સ્નાન વિધિ કરવા પધારતા હતા જયારે મહાપ્રભુ બોખ પાસે પધાર્યા ત્યારે પાણી ખૂબજ ભરેલું હતું. ને અતિ સ્છચ્છ હતું. તેને જોઈ સર્વ સંત સમુહની સાથે ત્યાં ઘનશ્યામ પ્રભુ પૂર્ણકામ નિષ્કામવૃત વાળા મહારાજ જયારે તેબોખ

તળાવ પાસે પધાર્યા ત્યારે તેની બાજુમાં તટ ઉપર અનેક વૃક્ષ વેલીઓ ઝુકેલી જોવામાં આવતી હતી. પ્રભુ તે જોઈને રાજી થતાં હતા. અનેક વૃક્ષો જેવાં કે આંબા અશોક આદિનો કોઈ પાર ન હતો. તે વૃક્ષો અઢાર ભાર વનસ્પતિઓના ભારથી નમેલાં હતાં. તે જોવાથી આનંદ થતો હતો તેમાં પીપળા પીપળી પીલુના અનેક વૃક્ષો તથા મહુડા બહુડા બિલાઓ આદિ વૃક્ષો શોભતાં હતાં. કરેણ ધનેર છોડવાઓ સુંદર હતા. તથા રસથી ભરપુર રાયણનું વૃક્ષ શોભતું હતું. જેમ જટાધર જનોમાં શોભે તેમ રાયણના ફૂલો ફળો અતિ શોભતાં હતા. અનેક રીતે સજેલા બાગ બગીચા અતિ મનોહર લાગતા હતા. તેમાં દાડમ અંજીર દ્રાક્ષના વૃક્ષો વેલાઓ અનેક રસથી ભરપુર ફળોથી શોભતાં હતાં. તળાવના તટની શોભા વધારતા હતા.
તે ઝાડો ઉપર પક્ષીઓ બેઠેલાં તે ખૂબજ મધુર સ્વરે બોલતાં હતાં. તે જાણે આપણા મિત્રો ન હોય ? તેમ બોલતાં હતાં. અતિ મિત્ર ભાઈચારાવાળાં ચાતક, મોર અને ચકોર પક્ષીઓ બોલીને શબ્દો પોકારતાં હતા અને અસર પરસ ક્રિડા કરતા હતા અને કબુતરો ઝિગોર ગણગણાટ કરતાં હતાં. પરાવત(બતકો) સારસ પક્ષી આદિના સ્વર શોભાને કોઈ કવિ જનો પણ પાર ન પામી શકે એવી વાત છે. તે આ પણ બોલીને ઝિગોર કરતાં હતાં. ત્યારે મોટો કલોલ જીલોલ થતો હતો. જાણે લોકો સાદ પોકારતા હોય તેમ અમૂલ્ય વાતાવરણ હતું. ત્યાં બાગમાં અતિ મનોહર મધુર સુવાસવાળો માલતિ સેવંતિ જાઈ ઉપર ફૂલોના મધથી ભરપૂર ખૂબજ શોભતાં હતાં. સારું ખીલેલું બકુલનું ફૂલ ખૂબજ શોભતું હતું. સુમાલતિ સેવંતિ જાઈ ખૂબજ શોભતાં હતાં. જુઈ અને વરદાવદિનાં ફૂલ ખૂબજ સારાં થાય છે. કેળના ફૂલો પણ સુંદર વખાણવા લાયક થાય છે. આવાં એ પચરંગી ફૂલો ખીલેલાં શોભતાં હતાં. સુંદર પ્રભાવથી વનની શોભા વધારે માત્રામાં થાય છે. વનમાં ભ્રમરાઓ ગુંજારવ કરતા હતા. તેનાથી ખૂબજ શોભા વધતી હતી. આ સર્વેના પ્રતાપથી બોખની શોભા પણ ખૂબજ વધી છે. સુખ આપનારી થાય છે. આવી રીતે સર્વના નાથ સર્વેજનોની સાથે ભકતોને દર્શન આપતા અનાથના નાથ શોભતા હતા.

આમ મહાપ્રભુએ સર્વે સંતો, પાર્ષદ, ભકતોની સાથે જળમાં પ્રવેશ કર્યો. જળ જોતા થકા વચમાં ઉંડા જળમાં ગયા જગના નાથ મહાપ્રભુ જળમાં જળલીલા કરતા હતા. મહારાજ જળમાં ચારેબાજુ સંતોની સાથે ખેલતા હતા. છેલ છકલતા હતા અને ચારે બાજુ જળમાં ઉડાડતા હતા. બધાને રમાડતા હતા એક બાજુ એકલા મહારાજ અને એક બાજુ સર્વે સંતો ભકતો જળ રમતા હતા. જળના વચમાં માતંગનો ખેલ ડુબકીયો મરાવતા હતા આવી રીતે મહારાજ તળાવની વચમાં અદ્‌ભૂત ખેલ ખેલાવતા હતા.

મહાપ્રભુ જળમાં ડૂબકી મારીને ઉંડા જળમાં જતા ત્યારે બધાજ લોકો શોધતા હતા. અને પાછળ જતા હતા.તોય પાછળ પહોંચી શકતા ન હતા. ત્યારે મહાપ્રભુ મંદ મંદ હાસ્ય કરતા થતા. ચરિત્ર કરતા હતા ત્યારે સર્વેજનો નાથને અનાથ થઈને પોકારતા હતા. ત્યારે પ્રભુ લોકોની નજીકમાં જ ખેલતા હતા. સુખના દાતા મહાપ્રભુ સ્વતંત્ર થકા શોભતા હતા. પોતાના હાથને પકડીને હાથથી સખાઓની પાસે આવતા હતા. દર્શન દઈને દિનાનાથ પ્રભુ સર્વે જનોને સંતો સહિત અનાથ થયેલાને સનાથ કરતા હતા.

પ્રભુ આવી રીતે ઘણીવાર જળની વચમાં રહીને ખેલ કર્યો, પૂર્ણકામ પ્રભુની અલૌકિક લીલાને જોવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક અનંત દેવો આવેલા હતા. એ દેવોનાં વિમાનો આકાશમાં ચારે બાજુ છવાઈ ગયાં હતાં, અનેક દેવો પ્રભુની લીલા જોઈને ખૂબજ મનમાં આનંદને પામતા હતા. આ સર્વે પ્રભુની

જળ લીલાને જોવા આવ્યા હતા. તે દેવ રાજાની સાથે શોભતા હતા. પછી બધા જ દેવો પોતાના બંને હાથ જોડીને નેત્રોથી મહાપ્રભુના દૂર્શન નીરખી નીરખીને દર્શન કરતા હતા અને સ્તુતિ કરતા હતા. હે પ્રભુ આપતો અતિ સમર્થ છો અને સર્વેના ઉપરી ધામના ધામી છો અને અમે તો આપના ચરિત્રોને ગાઈએ એવી કૃપા કરજો. હે પ્રભુ ! આપ સર્વે અવતારના અવતારી છો તે અવતાર ધરીને જગતના જીવોને તારવા માટે પધાર્યા છો, અમે છીએ અને આપ તો અનાથના નાથ છો. હે પ્રભુ ! આપ તો સર્વના પ્રેરક એક જ છો અને અણીમાદિક સિધ્ધીઓ આપની સેવા કરે છે. હે પ્રભુ ! આપતો કળિના પ્રતાપનો નાશ કરીને હે કૃપાળુ ! તળાવમાંથી બહાર આવીને પૃથ્વી ઉપર પધારીને વિશાળ ધર્મનું પોષણ કરો. હે પ્રભુ! આપતો આપના આશ્રિત ભકતોના માટે પૃથ્વી ઉપર અવતાર ધરીને અલૌકિક સ્વરૂપ ધરો છો. હે ઘનશ્યામ પ્રભુ! આપતો સર્વે નર નારીજનોને સુખ આપનાર છો. આવી રીતે સર્વે દેવો સિધ્ધો સ્તુતિ કરીને પોતપોતાના સ્થાને ગયા.

આ બાજુ મહાપ્રભુ સ્નાન કરીને જળમાંથી બહાર પધાર્યા. સુંદર શોભતા થકા સફેદ વસ્ત્રને ધારણ કર્યા. અને શરીર પર આભુષણોને ધારણ કર્યા. અનંતજનો તથા સંતોની સાથે શોભતા મહારાજ ઘોડા ઉપર અસ્વાર થઈને જીવોના ભવના ત્રાસને હરતા **પ્રાંતીજપુર** પ્રત્યે પધારતા હતા. સર્વના પ્રાણ આવતા જોઈને તે સર્વે નરનારીજનો દર્શન કરતાં હતાં શ્રીહરિને જોઈને હજારો લોકો તન મનથી વારંવાર હાથ જોડીને દર્શન કરતા હતાં. પોતાના નેત્રો મળ્યાનું ફળને સફળ કરતાં હતાં આમ દર્શન દઈને પ્રભુ પોતાને ઉતારે પધાર્યા. શ્રીહરિ આખા **પ્રાંતિજપુરને** પાવન કરવા ઘનશ્યામ પ્રભુ ઘરોઘર પધારતા હતા લોકોના ભાવપ્રેમને જોઈને મહાપ્રભુ સંતોની સાથે પ્રેમથી જમતા હતા આવી રીતે મહાપ્રભુએ અનેક જીવોને મુકત રુપ બનાવ્યા ને અનેક સુખો આપતા ને આનંદ કરાવતા હતા. શ્રી હરિએ **પ્રાંતિજપુરમાં** નિવાસ કરીને કૃપાળુ મહારાજે અનેક જનોના મનના ભાવને પૂર્ણ કર્યા. આ રીતે મહારાજ **પ્રાંતિજમાં** નિવાસ કરીને સુખ આપ્યાં. ભકતજનોના નિખાલસ સ્વભાવને જોઈને કામ કર્યા. અને સર્વે સેવકજનોની સેવા અંગિકાર કરીને પછી પ્રભુ તરત જ બીજે જવા તૈયારી કરવા લાગ્યા. આવી રીતે શ્રીહરિ **પ્રાંતિજપુરના** ભકતોને સુખ આપીને પછી સવારમાં વહેલા ઉઠીને પ્રયાણ કરતા હતા. કરોડો જીવોના કામ કરવા મહાપ્રભુ રાજી થઈને ચાલતા થયા ને સર્વે લોકો મહાપ્રભુના ગુણને ગાતાં હતાં.

હે રાજન ! શ્રીહરિ પુરૂષોત્તમ નારાયણ પ્રભુ પ્રાંતિજપુરમાં પોતાની ઈચ્છાથી પધાર્યા. પુરની શોભા જોઈને રાજી થયા. અનેક લીલાઓ કરીને ખૂબ સુખ આપ્યા. સરોવરમાં સ્નાન કર્યા. દેવો દર્શન કરવા આવ્યા. દેવોએ સ્તુતિ કરી અને પોત પોતાના સ્થાને ગયા. પુરૂષોત્તમ નારાયણ પુરમાં પધાર્યા. શ્રીહરિલીલા સિંધુની લહરીના રુપમાં પાંચમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહાજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણાવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં પ્રાંતિજપુરમાં શ્રીહરિએ લીલાઓ કરી તેનું વર્ણન કર્યું. એ નામનો પાંચમો તરંગ પૂર્ણ થયો. ॥ ૫ ॥**

# તરંગ-૬

આનંદરાજા કહે છે, કે હે અયોધ્યાપ્રસાદજી મહારજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ પ્રાંતિજપુરથી સવારમાં વહેલા પ્રણાય કર્યું. ત્યારે કમળનયન મહારાજ કયા ગામે પધાર્યા તે શ્રીહરિની લીલા આપ જાણનારા છો તેથી બધીજ કથા મને કહો. હે અવધપ્રસાદજી મહારાજ ! મારૂં મન ઘનશ્યામ પ્રભુના ચરિત્રો સાંભળવા માટે ચાહના રાખે છે. એટલા માટે ભવ સાગરને તારવા નૌકારુપ તે ચરિત્રો મને સુખ કરવા માટે કહો.

અવધપ્રસાદ કહે છે, હે આનંદ રાજા! તમે શ્રીહરિના નવાં નવાં ચરિત્રોનું વર્ણન પૂછ્યું છે તે હું તમને બધાંજ ચરિત્રો ધ્યાન કરીને સંભળાવું છું તો તમે એને સાવધાન થઈને સાંભળો. હે રાજન ! તમારી માફક જગતના જીવો શ્રધ્ધાપૂર્વક સાવધાન થઈને જો ભગવાનના ચરિત્રો સાંભળે તો તે ભાગ્યશાળી થાય એટલા માટે હું તમને કહું છું તેને શ્રવણ કરો. રામપ્રતાપના ભાઈ ઘનશ્યામ પ્રભુએ પ્રાંતિજપુરમાં બહુજ લીલાઓ કરી છે તે બધીજ લીલાઓ તમને મેં કહી છે. હવે સુખદાયી ભગવાનના ચરિત્રો કહું છું તેને તમે સાંભળો. **પ્રાંતિજથી** મહાપ્રભુ ચાલીને શ્રી હરિ વિજાપુર ગામ પધાર્યા ત્યારે ભાવથી ભરપુર ભકતજનો સામે તેડવા માટે આવતા હતા. વિજાપુરના ભાવિક ભકતો ભાવથી ઘનશ્યામ પ્રભુ આવતાનું સાંભળીને ખુબજ સુખ પામ્યા. ભેટ સોગાદો લઈને ભગવાનની સામે લેવા ગુણ ગાન ને ગાતા થકા આવતા હતાં.

હે રાજન ! તે ભકતજનોના નામ હું કહું છું તેને તમે સાંભળો **પ્રાગજીભાઈ, ગોપાલભાઈ, પિતાંબરભાઈ, સાંકળચંદભાઈ, મહીપાલભાઈ,** બાઈઓમાં **વજીબાઈ, વખતબાઈ, પુનિબાઈ, ચંપાબાઈ,** આ સર્વે ભકતો ભાવપૂર્વક ભગવાનનું ભજન કરતાં હતાં. આ બધા બીજા અનેક ભકતો પ્રભુની સામે આવ્યા હતા. ભાવ સહિત મોહન પ્રભુ મનમાં પ્રિય લાગતા હતા. આવેલ ભેટ સર્વે ભગવાનને અર્પણ કરીને ભાવ પૂર્વક ચરણ સ્પર્શ કરીને મહાસુખને પામતાં હતાં. જાત જાતના વાજાં વગાડતાં હતાં. ઢોલ ગાજતા હતા. આવી રીતે ધામધૂમ કરતાં હતાં. ભગવાનને પૂરમાં પધરાવવા પ્રેમથી લાવતાં હતાં. લોકોના હૃદયમાં ખૂબજ આનંદ થતો હતો. મહાપ્રભુની શોભા જોઈને તેની રમ્યતા ખૂબજ સારી હતી. સાથે સાથે અનેક વાડીઓ પણ સુંદર શોભતી હતી. વિજાપુરનો ભૂમંડળ સારો શોભતો હતો. એની રમણિયતા વર્ણવવામાં આવી શકે તેમ નથી. પ્રભુ પધારવાથી તે પુરનું વાતાવરણ અતિ સુખદાયી થતું હતું. ને આનંદ થતો હતો. અટારિકાઓ વૃક્ષોની શોભાથી પુર અતિ સુંદર લાગતું હતું. સર્વ રીતે છટા પણ સારી રીતે શોભતી હતી. રાજાનો મહેલ (બંગલો) પણ અતિ સારો શોભતો હતો. નગરનો કિલ્લોપણ અતિ મજબૂત શત્રુને માટે અંદર પ્રવેશ કરવો અતિ કઠિન હતો. તળાવમાં કુવાઓ અનેક સાથે શોભતું હતું. પુરના ગુણવાન લોકો ખૂબજ સારી રીતે પ્રેમથી નિવાસ કરતાં હતાં. ને ઉંચા કુળના લોકોપણ નિવાસ કરીને રહેતાં હતાં.

હે રાજન! આ રીતે પુરની છબી જોઈને દિન દયાળ પ્રભુ પોતાના આશ્રિત પ્રાગજી ભકતના ઘરે પ્રેમ પૂર્વક મુકામ કરીને ભકતોની ભીડને હરતા હતા. સુંદર સારી રીતે સજાવેલા પલંગ ઉપર મહાપ્રભુ વિરાજમાન થઈને ખૂબજ શોભતા થકા ગામના લોકોને અને સંતોને સુખ દેતા હતા. મહાપ્રભુ સર્વ લોકોને જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા. લોકો પણ પ્રેમભાવથી શ્રવણ કરીને પાપનો નાશ કરતા હતાં. શ્રીહરિના ઉપદેશથી મુનિઓ સહિત હરિભકતો અતિશય સુખ પામતાં હતાં. એટલામાં રસોઈના પાકો શાકો સર્વે તૈયાર થયાં. ત્યારે

મહાપ્રભુ ઉઠીને ઉમંગથી જમવા માટે પધાર્યા પોતાની રૂચિ અનુસાર જમતા હતા. મહાપ્રભુ જમીને સંતોને જમાડતા હતા. સર્વ જનોના મનને પૂર્ણ કરનારા મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતજનોનાં મનને અતિ રાજી કરતા હતા. પોતાના આશ્રિત ભકતજનોને અજિત એવા મહાપ્રભુએ સર્વને નિર્મળભાવવાળા જાણીને પરમસુખ આપ્યાં. મહાપ્રભુ સર્વ ભકતોનાં ઘરોઘર ફરીને પુર જનોના મનના કોડને પૂરા કરતા હતા. આવી રીતે ભગવાનના અનંત અવતારો થયા પણ પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણ જેવું કોઈ કરવા સમર્થ ન હતું.

પૂર્ણકામ પ્રભુ ભકતજનોનાં મનના ભાવોને પૂર્ણ કરીને **વિજાપુર** સર્વે ભકતોથી આનંદ આપીને અવિનાશી પ્રભુ સર્વેની સાથે પ્રયાણ કરતા હતા. ત્યાંથી મહાપ્રભુ ગેરીતા ગામે ચાલીને પધાર્યા. પુરના ભકતો જતી સતીઓ ગુણને ગાતી હતી. પ્રભુ પધાર્યાના સમાચાર સત્સંગીઓએ જાણ્યા એટલે પ્રભુ પાસે આવ્યા પ્રભુને ગેરીતાપુરમાં પધરાવ્યા. ભાવસાર ભકત ભલા **મોતીભાઈ, હેમચંદભાઈ, જેચંદભાઈ** આદિ સર્વે નારાયણ ભગવાનનું નામ જપતા હતા. **જલાજી, પુંજાજી** બીજા **રઘુનાથભાઈ** આદિકજનો પટેલ જ્ઞાતીના સત્સંગી દૃઢ હતા એ આદિ સર્વે ભકતો બાઈ-ભાઈ પ્રભુ આવ્યાનું સાંભળીને પ્રભુ પાસે આવ્યા. ભાવસાર **મોતીભાઈ** ભકતના ઘરમાં ઉતારો કરાવ્યો શ્રીહરિ પ્રભુએ મુકામ કરીને મકાનના વખાણ કર્યા. ભાવસાર ભકતે રસોઈ કરાવીને મહાપ્રભુને સુંદર પવિત્ર આસન ઉપર બેસાડયા. અતિ ઉત્સાહથી આસપાસ ગુણવાન ભકત ઉભા રહીને દર્શન કરતા હતા. ગુણના ઘરરુપ મહાપ્રભુ જમતા હતા. જીવન પ્રાણ જમીને જળપાન કરતા હતા કમળનયન મહાપ્રભુ જમી રહયા પછી સૌ સંતોને જમાડયા અને સંતોને રાજી કર્યા. શ્રી ઘનશ્યામ પ્રભુએ સર્વે ભકતોની સેવાને અંગિકાર કરીને ભાવિક ભકતજનોના ભયને હરિ ખૂબજ સુખો આપતા હતા. પ્રગટ પ્રભુ પુરને પાવન કરીને **ગેરીતાથી** ચાલીને **વિસનગર** સંતો સાથે પધારતા હતા. પુરના જનોને ખબર મળી એટલે અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડીને મહાપ્રભુની નજીક આવતાં હતાં એમના નામ કહું છું.**નાગર બળદેવ,** વટજીવન તથા **લાલદાસ દેસાઈ, રામેશ્વર,** હાલાભાઈ, **દેવચંદભાઈ** અને **મોતિ** આદિક બાઈ ભકતો આવ્યા હતા તે સર્વે ભકતો શુધ્ધ ભકિતવાળાં શોભતાં હતાં. સર્વે ભકતો હાથમાં ભેટ લઈને ગયા હતા. ભાવથી મહાપ્રભુને અર્પણ કરતા હતા નાથને હેતથી સંભારતા હતા. જગતપતિની અસ્વારીને વાજાં વગડાવીને પુરમાં પધરાવતા હતા. મહાપ્રભુ પુરની શોભાને જોતા પુરમાં પધારતા હતા.

વિસનગર સુંદર સારું રાજય છે પવિત્ર કોટના કાંગરામાં બધુંજ વિચિત્રતાવાળુ છે. ખૂબજ માળીયા જડેલા તથા સારા માળીયા બનાવીને રહેલાં છે. બધાજ લોકો શોક વગર આનંદ વાળા થઈને રહેતાં હતાં. તે શ્રીહરિને જોઈને મોહ પામતાં હતાં. રાજમાર્ગો ખૂબજ મોટા હતા.પાણી છાંટેલું હતું. તે માર્ગ ઉપર બધાજ લોકો આવતાં જતા હતા. તેનાથી ભૂમિ બીન કાંટાવાળી છે એ સ્પષ્ટ જણાતું હતું. અનેક વટવૃક્ષો જોનારને મોહ ઉપજાવતા હતા. પુરૂષો અને નારીઓ સૌ પ્રેપૂર્વક નિરખીને જોતાં હતાં. રાજમાર્ગ ઉપર હજારો ઘોડાઓનાં ટોળાં આવતા જતાં શોભતાં હતાં. બધાંજ ભકતજનો મહાપ્રભુનાં સ્વરૂપને ઉરમાં રાખીને ભજન કરતાં હતાં. વિપ્રો કેટલાક વર્ષ સુધી અભ્યાસ કરતા હતા, પુન્યશાળીને પ્રીત થાય છે. ચતુરજનોમાં જ ચિત્તને સ્થિર કરીને ઘનશ્યામનું નામ સ્મરણ કરતા હતા ચતુરજનોની હજારો દુકાનોમાં અનેક પ્રકારની ચીજો શોભતી હતી. બેઠકમાં બેઠા હતા તે કુબેર (ધનપતિ) સમાન શોભતા હતા.શ્રીહરિની મનોહર શોભાને નેત્રોથી જોઈને પુરના માર્ગ ઉપર ચાલતા ભકતજનો ગુણ અને કિર્તનો ગાતા આવે છે. ભકતજનોના ભાવને જોઈને શ્રીહરિ અસ્વાર

થઈને પૃથ્વી ઉપર વિચરતા હતા. પૂર્ણ રીતે પોતાના ચરણો સ્થાપીને પુણ્યશાળી બનાવ્યા. પ્રભુ માર્ગ ઉપર ખૂબજ શોભતા હતા. લોકો ઘરના ઝરુખામાં બેઠા બેઠા પ્રભુને નિરખતાં હતાં અને ફૂલની પાંખડીઓથી વધાવતા હતા. આ રીતની પ્રીતથી શ્રીહરિ લોકોનાં ચિત્તને ચોરતા હતા. પુનિત પુણ્યવાળા શહેરના પ્રિયજનોને સુખ આપતા હતા.

શ્રીહરિ સંતોની સાથે જગતના જીવોને પરમધામનું સુખ આપીને **લાલદાસ દેસાઈનું** નામ જે પ્રસિદ્ધ કહેવાય છે. તે સવારીની સાથે એમનાં ઘેર ઉતારો કરીને મેડા ઉપર ઉતર્યા. ઉગમણી દિશાના ગોખમાં વિરાજમાન થઈ શોભતા હતા.

સુંદર ગોખ ઉપર બેસીને ભકતજનોને દર્શન દેતા હતા. પુણ્યશાળી લોકો પ્રભુના સ્વરૂપને નિરખીને પાસે આવતાં હતાં. મહાપ્રભુ પ્રસન્ન થઈને ભકતોજનોને પ્રેમથી દર્શનનું સુખ આપતા હતા. આમ વિરાજમાન થઈને વિશ્વમાં વ્યાપેલા પાપના તાપને તે ટાળતા હતા. ચકોર પક્ષી જેમ ચંદ્રને ચિંતવે છે તેમ ગુણવાન ભકતો નાથને જોઈને પોતાના પાપનો નાશ કરતાં હતાં.આવી રીતે પ્રભુ અનંત સુખ દઈને અનેક ભકતોને રાજી કરતા હતા. **ઉદેકુંવરબાઈએ** પવિત્રતાથી પ્રભુમાટે થાળ તૈયાર કર્યો હતો. ને પ્રભુને જમવા બોલાવ્યા. એટલે મહાપ્રભુ સ્નાન કરવા માટે ઉઠયા. અને સ્નાન કરવાની ચોકી ઉપર બેઠા. પ્રભુ માટે ગરમ જળનું પાત્ર ભરી લાવીને પ્રભુપાસે મૂકયું. સુંદર ગરમ કરેલા પાણીને શરીર ઉપર રેડી સુંદર રીતે સ્નાન કરતા હતા. પ્રેમી ભકતજન પ્રભુનું શરીર ચોળતા હતા. તમાલ જેવા સુગંધિત પદાર્થ લગાવી સ્નાન કરાવતા હતા. સ્નાન કરીને મહારાજે પવિત્ર પીળા વસ્ત્રોને શરીર પર ધારણ કર્યા.

શ્રી ઘનશ્યામ પ્રભુ ઉપરણિઓ ઓઢીને બાજોઠ ઉપર સુંદર રીતે વિરાજમાન થયા.પોતાના પ્રિય પ્રેમી ભકતો થાળ ભરીને મહારાજને પીરસતા હતા. લાડુ, જલેબી, ઘેબર, ઘારી પેંડા, તથા બરફી આદિક સુખ આપનારાં પદાર્થો પીરસતા હતા. અનેક પ્રકારના પકવાનો અને શાકોથી ભરેલા થાળ પ્રભુ પાસે મુકતા હતા. મહાપ્રભુ નાના નાના કોળિયા લઈને જમતા જમતા લોકોને આનંદ આપતા હતા. મહાપ્રભુ જમવા બેઠા ત્યારે ડાબો ચરણ આસન ઉપર વાળીને તેના ઉપર ડાબો હાથ મૂકયો અને જમણાં ચરણને ઊભો રાખીને તેના ઉપર જમણા હસ્તકમળને રાખતા હતા. આમ આસન બાંધીને મહાપ્રભુ જમતા હતા. જયારે પ્રભુ ચાવતા હતા ત્યારે શોભા સારી લાગતી હતી. મહારાજ જમતા જમતા વચ્ચે પાણી પીતા હતા. વારંવાર ઉદર ઉપર હાથ ફેરવતા હતા ને જમતા હતા. મહાપ્રભુ જમતા હતા ત્યારે જમતા જાયને વખાણ કરતા જાય પ્રેમી ભક્તોએ અનેક થાળ પ્રભુ પાસે રાખ્યા હતા અને સર્વે કેહેતા કે આને જમો આને જમો એમ જમાડતા હતા. બધાજ પ્રેમી ભકતો ચારેબાજુથી લાવીને આપતા હતા. વિસનગરના સર્વે લોકો પરમ પુણ્યવાળા હતા. તેથી મહાપ્રભુ થાળ જમતા હતા. દેસાઈ સત્સંગીઓ કેશવભાઈ આદિકનાં હિત કરવા જમતા હતા. નાગર ભકતો પણ આ નગરના હતા. તેઓ પણ મહાપ્રભુનાં દર્શન કરીને ખૂબજ રાજી થયા, આશ્રિતોને મહારાજ દર્શન દેતા હતા. તેથી સર્વે જનો અને સંતો પ્રભુનો જય જયકારનો નાદ કરીને આનંદ કરતાં હતાં.

મહારાજ **વીજાપુર** પધારીને **ગેરીતામાં** પધાર્યા. ગેરિતાથી મહાપ્રભુ **વિસનગરપુરે** પધાર્યા. સર્વેને ખબર પડી એટલે ભકતજનોએ પ્રભુને ખૂબજ ભાવપ્રેમ સાથે વાજતે ગાજતે પુરમાં પધરાવીને આનંદ પામતાં

હતાં. શ્રી સહજાનંદ સ્વામી વિસનગરની શોભા જોતા હતા. ભકતના ભુવને નિવાસ કરતા હતા. અને મહાપ્રભુ થાળ જમતા હતા. એમ છઠ્ઠાતરંગના રુપમાં શ્રીહરિલીલાસિંધુની લહેરીના રુપમાં આ છઠ્ઠો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદ રાજાના સંવાદમાં વિસનગરમાં શ્રીહરિએ લીલાઓ કરી તેનું વર્ણન કર્યું એ નામે છઠ્ઠો તરંગ પૂર્ણ થયો. ॥ ૬ ॥**

## તરંગ-૭

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! બધાજ ભકતજનો શ્રીહરિ જમતા હતા તેના દર્શન કરતા હતા. વિસનગરના નાગર ભકતો મહાપ્રભુને અજીત અવિનાશી જાણતા હતા. આવી રીતે મહાપ્રભુને અલૌકિક રીતે જમતા જોઈને સર્વેજનો અતિ આનંદને પામતા હતાં. મૂર્તિમાં મન સ્થિર કરીને એકાગ્ર ચિત્તથી ચિંતવન કરીને બધાજ મનુષ્યો સનાથ થયાં. ઘનશ્યામ પ્રભુ બધાજ ભકતજનોને સુખ આપતા હતા. અને દરેક ભકતજનને ઘેર ઘેર જમીને તૃપ્ત થઈને બધાને રાજી કરીને સુખી કરતાં હતા. આવી રીતે મહાપ્રભુ થાળ જમીને **તૃપ્ત** થયા. જમ્યા પછી મુખવાસ લીધો ત્યાર પછી સર્વે સંતોને પીરસીને જમાડયા. અને પછી સર્વેજનોને જમાડીને તૃપ્ત કર્યા. જગતના નાથ શ્રીહરિ જમીને ભકતજનોની સાથે પોતાને ઉતારે પધાર્યા. ભકત **હરિદાસ દેસાઈએ** પ્રભુને જોયા એટલે પ્રભુને ઘરમાં પધરામણી કરાવી. નાથને પલંગ ઉપર બેસાડયા.

હે રાજન ! જીવોના જન્મ મરણના ભયને ટાળવા માટે ભગવાન સ્વામિનારાયણ ભકતજનોને યોગ્ય સુખ આપતા હતા. હરિભકતોને જ્ઞાન ઉપદેશની વાતો કહેતા હતા. ભકતો એકાગ્રચિત્તથી સાવધાન થઈને સાંભળતા હતા. મહાપ્રભુએ ઘણીવાર સુધી વાતો કરીને સુખ આપ્યું અને ભકતજનો એને ગ્રહણ કરતા હતા. પછી મહાપ્રભુ પુરના પવિત્ર પ્રેમી પટેલ ભકતને બોલાવી લેતા હતા. શ્રીજી મહારાજનો આદેશ સાંભળીને લોકો આવ્યા. અને પ્રભુના ચરણ કમળમાં નમન કર્યા. પ્રભુ રાજી થયા અને બધાજ આવી ગયા છે એમ જાણીને ઘનશ્યામ પ્રભુ કહેતા હતા કે અમારે આખા ગામની ચોર્યાસી કરવાની ઈચ્છા છે. એટલા માટે જ અમે આવ્યા છીએ એમ તમે સર્વે જાણજો તમે બધાં સાથે મળીને બ્રાહ્મણો જમો તો બધાં બ્રાહ્મણોને જમાડવા છે. અમારી આ કહેલી વાત જો તમારા મનમાં ઉતરે તો બંને સમાજના તડાં ભેગા થઈને નક્કી કરીને અમારી પાસે આવીને કહો કે અમો બંને પક્ષ સંપ કરીને જમશું. તો અમો પાંચ પ્રકારના પકવાન બનાવીને જમાડીએ આ રીતની ઘનશ્યામ પ્રભુની વાત સાંભળીને તે દુષ્ટ બુધ્ધિના કહેવાતા હતા કહેવા લાગ્યા કે અમે કોઈ જમવાના નથી. આ તડના (એ પ્રાંતના)વધારે પડતા બ્રાહ્મણો આસુરી પ્રકૃતિવાળા હતા. તેઓ દશમાથાવાળા રાવણ અને કંસ જેવા થયા હતા તેમનામાં પ્રભાશંકર નામનો દુષ્ટ તેના પક્ષનોજ હતો. તે બધાજ ના પાડતા હતા કહેતા હતા કે અમે તમારી ચોર્યાસી નહી જમીએ. ત્યારે એ વાત સાંભળીને મહાપ્રભુ દેવ અંશના વિપ્રોને પ્રહલાદ, પરિક્ષિત, ધ્રુવ જેવા ગણાવીને પ્રશંસા કરતા હતા. દેસાઈ શાખાના બ્રાહ્મણો બધાજ કહેતા હતાં કે અમે બધાજ ભાઈઓ જમવાના છીએ. એમ સાંભળીને મહારાજ રાજી થયા તેજ સમયે **દયારામ દોષી** ત્યાં

આવ્યા. ત્યારે પ્રભુ કહેતા હતા કે અમારે ચોર્યાસી કરાવવાની છે એના માટે ઘી, સાકર આદિક બ્રાહ્મણોને જમવાનું બનાવવા માટે સામાન આપજો ચોપડામાં લખીને ઉધારમાં આપીને ભકત ગોવિંદજી આદિ ત્રણ જણ પાસેથી થયેલ ખર્ચ તમે લઈ લેજો. એમ પ્રાણપતિ પ્રેમથી કહેતા હતા. ત્યારે રાજી થઈને ભગવાનની પાસે આવીને કહે છે હે પ્રભુ! તમો તો દેવના દેવ છો પ્રભુ તમારો તો આખા વિશ્વમાં નિવાસ છે. લોકોના અંતરમાં વસનારા પાપને બાળનારા શરણે આવેલાનું પાલન કરનારા અને તારનારા આપ જ છો. હે પ્રભુ! આપ ધર્મને ધારણ કરીને પધારેલા હે ધર્મનંદન પ્રભુ ! વેદો પણ તમારા ગુણગાતા થાંકે છે. અને નેતિ નેતિ કહે છે. સર્વ જગતના કર્તા સર્વના કારણ કમળ નયન ભવ જન્મ મરણના સંકટને હરનારા સર્વના આધાર છો.

હે પ્રભુ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો તોય અમારી પાસેથી તમે અન્નાદિક લઈને વિપ્રોને જમાડવાના છો તે બહુજ અશ્ચર્યની વાત છે. આમ કહીને બ્રાહ્મણોને સીધુ ઘી, સાકર, ચોખા દાળ વગેરે લાવી આપ્યાં. અતિ સફેદ ઘઉંનો લોટ દળાવીને લાવ્યા. પાંચ પ્રકારના પકવાન્ન સર્વે આનંદથી બનાવીને તૈયાર કર્યાં. મહાપ્રભુ વિપ્રોને જોઈને દર્શન દેતા હતા. ભુદેવો પકવાન્નો બનાવીને જમ્યા. સ્વામિનારાયણ ભગવાન તમારી જય જય હો, આવી રીતે વિપ્રોને કોઈ જમાડતા જ ન હતા. આજ સૌ પ્રથમ તમે જમાડયા. એવા નાગરો વખાણ કરતાં દેવના દેવ નાથનાં દર્શન કરીને બધાજ જમી રહ્યા ત્યારે પ્રભુ દૂધ અને ભાત અને ધોયલી સાકર કરતા વારંવાર આગ્રહ કરીને જમાડયા. આવી રીતે મહાપ્રભુએ ભુદેવોને જમાડવાના કામો કર્યા. બ્રહ્મદેવો જમી રહયા ત્યાર પછી ભકતના પ્રાણ મહાપ્રભુ બ્રહ્મદેવોને મુખવાસમાં સોપારીને પાન આપતા હતા. આમ ચોર્યાસી કરી. જમાડયા પછી મહારાજે વિપ્રોને દક્ષિણા આપી. આ રીતે **બ્રાહ્મણો**ને પ્રસન્ન કરતા હતા. ભાવથી મગ્ન થઈને અતિ લાગણીવાળા ભુદેવો મહારાજનો જય જયકાર કરતા હતા. અજેય પ્રભુનો જય જયકાર થાઓ. આમ કહીને પછી મહાપ્રભુની છબીને પોતાના હૃદયમાં ધરીને ભુદેવો સૌ પોતપોતાના ઘેર ગયા. આવી રીતે ઘનશ્યામ પ્રભુએ **વિસનગરમાં** અદ્‌ભૂત લીલા કરીને તે ગામને પૂર્ણકામ કર્યું. આ રીતે શ્રી હરિએ દૈવી પ્રકૃતિના ભુદેવોને ખુબ સુખ આપ્યું. આનંદ કરાવ્યો અને આસુરી પ્રકૃતિવાળા વિપ્રો સર્વે મહાદુઃખને પામતા હતા. અને પાછળથી પસ્તાતા હતા. આવા સુંદર અલૌકિક ચરિત્ર કર્યા. તેને ભકતજનો સંભારતા જ રહે છે.

હે રાજન! આવી રીતે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુએ અલૌકિક નવિન પ્રકારની લીલા કરીને ભકતોના ભયને હરીને મહાપ્રભુ ભકત જનના ઘેર પધાર્યા. શ્રીજી મહારાજને **જીવનદાસ, મોતીરામ, હરિભાઈ**, હેમદાસ, **પાનાચંદ,** આદિક હરિજનો તથા હરિજનબાઈ સર્વે મહાપ્રભુને પોતપોતાના ઘેર પધરાવતાં હતાં.

પ્રેમી ભક્તો મહાપ્રભુને વસ્તુઓ, આભુષણો ચંદન પુષ્પાદિકે કરીને એકાંતીક ભાવથી પૂજન કરતા હતા. શ્રી હરિ પધરામણી કરીને ખૂબજ મહામોટું સુખ આપ્યું ધામના ધામીએ આવી રીતે લીલા કરીને લોકોના કષ્ટ પીડાને હરતા હતા. આમ મહારાજ **વિસનગરમાં** ઘણાં દિવસ રહ્યા અને ભકતોના ભયને હરતા હતા. એકાંતિકજનો જાણીને પુરૂષોત્તમ **પરબ્રહ્મ પ્રભુએ** અતિ સુખો આપ્યાં પછી ત્યાંથી પ્રયાણ કર્યું. મહારાજ ઘોડા ઉપર અસ્વાર થઈને **ઉંઝાનગરે** પધારતા હતા. જીવન પ્રાણ પ્રભુ પધાર્યા છે એમ જાણીને લોકો વાજા વગાડતા પ્રભુને ભાવથી પુરમાં લાવવા માટે શ્રી હરિની સામે આવ્યા હતા. તે હરિ ભકતોના નામ કહું છું. **મુળજી**

ભકત, **મુરારીજી, બ્રહ્મદેવ નરભૈરામ, ઈચ્છારામ, અમરાભાઈ, વાલજીભાઈ, કામરાજ, નથું** ભકત, **ખુશાલભાઈ** આદિ પુરૂષ અને જે**કુંવરબાઈ માધુબાઈ,** રતનબાઈ, પુનિબાઈ એ આદિક બાઈઓ ઘનશ્યામને પુરમાં લઈ જવા આવ્યા હતા. અગણિત વાજાં વગાડતા થકા. પ્રીતથી પ્રભુને પુરમાં લાવતા હતા. મહાપ્રભુની શોભા જોતા હતા. ત્યારે મનમાં રાજી થતા હતા.

હે રાજન ! સર્વેના પ્રાણ પતિ શ્રી હરિ **ઉંઝાપુરની** છબિ જોતા હતા જેમનું માહાત્મ્યને જોગીજનો જતીઓ ગાયાજ કરે છે એવા મહાપ્રભુને લઈને પુરજનો રાજમાર્ગોપર ખૂબજ ભીડથી ચાલતા હતા. ગાયો, ભેંસો, ઘોડાઓનાં મોટાં ટોળાંઓ આવતાં જતાં હતાં. તે અપાર સંખ્યામાં જતાં હતાં. તથા કણબી લોકોની કુળદેવીનું ઉંઝાપુરમાં મંદિર શોભતું હતું. તે કુળદેવીનું મંદિર જોઈને લોકો નર નારીના બધાના મન અતિ હરખવાયા થતાં હતાં. ગુણગાતા અનાથની ગાથા ગાતાં હતા. આ પુરમાં સારાજનો વસતા હતાં. પુણ્યશાળી લોકોને જોઈને, દર્શન કરનારને સુખ આપતા હતા. ખૂબજ સુખી કરતા હતા. પુરમાં ફરીને પુરને પાવન કરીને કૃપા કરીને ભકતજનનું સ્વચ્છ મન જોઈને તેના ઘેર પ્રભુ મુકામ કરતા હતા. હરિભકતના ભાવને વશ થઈને ભોજનને જમતા હતા. શ્રી હરિ માટે **જયકોરબાઈએ** અતિ મહેનત ને ચોખ્ખાઈથી થાળ કર્યો તેને પ્રેમથી જમ્યા. અને પોતાના આશ્રિત દાસને જોઈને એમને ખૂબજ સુખો આપ્યાં. પરબ્રહ્મ પ્રભુ લોક સમૂહમાં વાસ કરતા હતાં. અમરાભાઈ અને મૂળજી આદિક ભકત અતિ સુખ પામતા હતા. અને અતિ ધીરેથી ગાતા હતા. શ્રીહરિએ કૃપા કરીને પુરમાં વિચરણ કરીને ચરણાંકિત કરીને પ્રભુ મનમાં આનંદ ધરીને જતા હતા. શ્રી હરિ માર્ગ ઉપર જતા હતા ત્યારે સુંદર રીતે ગાતાને લોકોના મનને હરી લેતા હતા. સર્વે સંતોની સાથે તથા સખાઓના સમૂહની સાથે શ્રી હરિ માર્ગમાં હતા.

જયારે નાથ સુંદર રીતે ગાતા હતા ત્યારે દેવોનું મંડળ જય જય નાદ કરતા હતા. આકાશમાંથી હરિ ઉપર દેવો ફુલોનો વરસાદ કરતા હતા. સુખકંદ પ્રભુ તરતજ એમની સામે જોતા હતા. આનંદ ઉત્સવ કરતા માર્ગમાં ભકતવૃંદની સાથે પ્રભુ આવતા હતા. ત્યારે પ્રભુને જોનારા સુખ પામતા હતાં. આવી રીતે પ્રીત સહીત અજીત પ્રભુ આવતા હતા. અને લોકોના સમૂદાયને જોઈને અતિ રાજી થયા. શ્રી હરિ પ્રભુ **મહેસાણા** ગામે અનંત જીવોને મહાસુખ આપવા અને દુઃખોને હરવા તથા શરણે આવેલાને સુખ આપવા ભગવાન પધાર્યા.

ભયને હરનારા શ્રી ઘનશ્યામ પ્રભુ **મહેસાણાની** બજાર વચ્ચેથી જતાં હતાં. ત્યારે લોકો સુખદાયક પ્રભુને જોંતા હતાં. પુણ્યશાળી લોકો દર્શન કરતાં ને મોહન મૂર્તિને મનમાં ધારી લેતાં હતાં. મહારાજ પોતાના આશ્રિત ભક્તના ઘેર પધાર્યા ત્યાં ઉતારો કરીને રહેતા હતા. ભકતોના ત્રાસને હરવા સુખ કરવા પધારતા હતા. છતાં કળી પણ દીન ગરીબ થઈને કરગરતો હતો.

**ઉંઝા** પુરને ફરીને પાવન કરીને મહાપ્રભુ **મહેસાણા** ગામે પધારતા હતા. મનમોહન પ્રભુ પાવન કરવા પધાર્યા આરીતે સાતમું તરંગ પુરૂં થયું. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રુપમાં આ સાતમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મહેસાણા પધાર્યા એ નામે સાતમો તરંગ પૂર્ણ થયો. ॥ ૭ ॥**

# તરંગ-૮

આનંદ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી સહજાનંદ સ્વામીએ એ કેવી રીતે લીલાઓ કરી અને પોતાના આશ્રિત ભકતોને સુખ આપ્યાં. પ્રિતમ પરમ પ્રવીણ મહારાજે મહેસાણામાં મનહર પ્રભુએ કેવી રીતે સુખી કર્યા. તે બધીજ લીલાની વાતો પ્રસિધ્ધ જ છે. તે બધી જ કષ્ટને હરનારી વાર્તા મને કૃપા કરીને કહો. હે અવધગુરુ ! તમે તો સર્વ જાણનારા છો તે સર્વે ચરિત્રો સુખ આપનારાં છે. અને ભ્રાંતીને દૂર કરનારાં છે. સાચું જ્ઞાન આપનારા છે.

અવધપ્રસાદ કહે છે હે આનંદ રાજન! તમે જે મહાપ્રભુની નવીન લીલાઓ સાંભળવાનું કહ્યું તે પ્રભુજીની લીલા તમને પ્રીત કરીને કહી સંભળાવુ છું. શ્રી હરિ સુંદર શ્યામ મનમોહન પ્રભુ મનોહર ભકત જનના ઘરમાં નિવાસ કરીને ભકત જનોને દર્શન આપતા હતા.અનેક નર-નારીજનો દર્શન કરીને પોતાના હૃદયમાં ધારણ કરીને શરદઋતુના મનોહર ચંદ્ર સમાન મુખ કમળના તથા કમળની પાંખડીઓ સમાન કોમળ નયનોના દર્શન કરતાં હતાં. મુખ કમળને જોઈને ભમરાઓ ભરમાતા હતા. નેત્રકમળની શોભા જોઈને શરમ લાગવાથી ખંજન પક્ષીઓ અને મૃગલાંઓએ વનમાં નિવાસ કર્યો. વિશાળ ભાલના વિષે સુંદર ગોળ ચાંદલો તેની શોભા જોઈને ચંદ્ર પણ મનમાં શરમ પામતો હતો. મહાપ્રભુના મુખ કમળમાં દંતાવલીની શોભા જોઈને તથા પ્રભુની સુંદર ચાલવાની રીત જોઈને ગજરાજ અને રાજહંસ પ્રસંશા કરતા હતા. અને મંદ મંદ હાસ્ય કરતા હતા. દૃષ્ટિને ચારે દિશામાં ફેરવતા શોભતા હતા. શ્રી સહજાનંદ સ્વામી ઘોડા ઉપર અસ્વાર થયા ત્યારે શ્રીહરિના સુંદર દેહને પોતાની પીઠ ઉપર ઉપાડીને મંદ મંદ ગતીથી ચાલતો હતો. માર્ગમાં બધા જ સાથે ચાલતા હતા. અતિ સુંદર લગામને ધારણ કરીને મનોહર હાથોથી ઝુલાવીને ચાલતા હતા. બંને બાજુ સુંદર ચામરો ને રાજાઓ હાથમાં પકડીને મહાપ્રભુના માથા ઉપર ઢોળતા હતા. શ્રી હરિ હરખ પામતા લોકોના સમુદાયમાં થઈને લોકોને આનંદ કરાવતા થકા. લોકોને આંજતા થકા. ગર્વગંજન હરિ જતા હતા. સર્વના મદને તોડનારા સર્વના નાથ નિર્વિકારી એવા પ્રભુ સજ્જનોની વચમાં ઉમંગ ભરીને જતા હતા. હાથમાં નંગથી જડેલી પોંચીઓને ધારણ કરીને મનોહર રીતે શોભતા શરીર ઉપર ઉતરીને ધારણ કરેલા ઘનશ્યામ પ્રભુ જન સમુદાય વચ્ચે શોભતા હતા.જાણે મેઘની ઘટા શરીર ધારણ કરીને વિજળી ન આવી હોય ? તેમ લાગતું હતું. આવી મનોહર શોભા હતી.

આવી રીતે પ્રીતી કરીને મહાપ્રભુ મહેસાણા પુરને પાવન કરીને ઉતારામાં આવતા હતા. કુશળબાઈ નામના બ્રાહ્મણ બહેન શ્રી હરિ મહાપ્રભુને પોતાના ઘરમાં પધરાવીને સેવા પૂજાનો અમુલ્ય લાભ લેતાં હતાં. સર્વે સંતો તથા બધાજ લોકોએ પ્રભુની સાથે જ વાસ કર્યો તે સર્વેને ઉત્સાહને વધારવા કરતા હતા. કુશળબાઈ હાથ જોડીને મસ્તક નમાવીને મહાપ્રભુને કહેતાં હતાં કે હે મહકારાજ ! સુખેથી અહીં નિવાસ કરીને રહો.

**કુશળબાઈ** હાથ જોડીને કહે હે પ્રભુ ધર્મકુમાર! કુળના દીવારુપ આપના ગુણને દેવો સર્વે ગાયાજ કરે છે. ભૂમી ઉપર પણ મહા મોટા રાજા ગાય છે એવા આપ સર્વોપરી છો. હે પ્રભુ! મોટું એક પાત્ર ઘી થી ભરેલું છે. તેને આપે વાપરી નાખવાનું છે. હે સુખકંદ પ્રભુ ! આ ખાલી કરીને પછી અહીંથી જવાન છે.

લોકોના મનને આનંદ આપનારા હરિના ગુણોને વેદો વેદાન્ત પણ નિરંતર ગાયા કહે છે એવા. મહાપ્રભુ રાજી થયા. બાઈની કહેલી વાત મનમાં ધારી લીધી અને શ્રીહરિ કહે તમે જેમ કહેશો તેમ અમે કરીશું. રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ધર્મકુમાર પ્રભુ થાળ જમ્યા. હરિજનોના મનને ખેંચતા હતા. હેત કરીને ખૂબજ વધારે આનંદ કરાવતા હતા. ત્યારે ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડવા માટે તૈયાર થયા. કમરને કસીને કૃપા કરીને મધુર વાણીથી કહેવા લાગ્યા. આ ઘીનું ભરેલું કુડલુ છે. આ ઘીનું ભરેલું કુડલ છે. **તેને પંકિતમાં કહેવા પ્રમાણે બધુંજ પીરસવું છે. એમ સંતોને મહાપ્રભુ કહેતા હતા. મહાપ્રભુના મુખના કહેલાં વચનો સાંભળીને એ વચનોની રચના અતિ અદ્‌ભૂત તે બાઈ ઘીનું પાત્ર ભરેલું હતું તેને હેત કરીને હરખાતી હરખાતી પ્રભુ પાસે લાવીને આપ્યું.**

**સુખદાયી મહાપ્રભુ અતિ પ્રસન્ન થઈને ઘીવાળી ખીચડી હતા. સુખ આપતા હતા.વારે વારે પીરસતા હતા. મહાપ્રભુ ભગવાન પંગતમાં પીરસીને અતિ આનંદ પામતા હતા. રાજી થતા હતા. મહાપ્રભુ મુખથી મુસકાતા થકા. વાતો કરતા હતા. બુધ્ધિવાળા મારા સંતો પીરસતા તમે ખૂબજ ઘી ખાજો અને બધુંજ ઘી ખુટવાડી દેવાનું છે. એમાં ખંત કરજો. આમ સર્વના સ્વામી મહાપ્રભુ કહેતા હતા. સર્વેના અંતર્યામી નાથ અંકામી બહુ નામી ખૂબજ આગ્રહ કરીને આપતા હતા. ત્યારે સર્વે સંતોને જોઈને તે બાઈ અતિ આનંદ વિભોર થઈ ગઈ પછી અનાથના નાથ ભગુજી આદિક પાર્ષદોને કહેતા હતા કે તમે બધા ખૂબજ બળવાન અને શૂરવીર છો માટે તમોને ઘી ખૂબજ ભાવતું હશે એમ કહીને શ્રીહરિ હસતા હસતા ખૂબજ ઘી પીરસીને બધાને તૃપ્ત કર્યા અને ખૂબજ આનંદ કરાવ્યો. સુખદાયક મહાપ્રભુએ પંગતમાં લીલા કરી. મહાપ્રભુ પીરસતા ઘી ઢલળતા હતા. એમ છાક છમો કરીને ખવરાવીને બધાને હાર પમાડયા નહી નહી. કરીને ના પાડતા હતા. આમ બધાંને પાસે નાકારૂનો નાદ કરાવ્યો. મુનિજનો અકળાયા તેથી જોરથી મેઘ સમાન અષાઢી ગર્જના કરવા લાગ્યા.**

**શ્રી ઘનશ્યામ પ્રભુએ પંગતમાં વારંવાર ઘણીવાર સુધી પીરસ્યું. અને ખીચડીમાં ઘી નાખીને લચપચતી ખીચડી કરાવીને સુખધામ પ્રભુએ સર્વેના મનને આનંદીત કર્યા. વારંવાર ખીચડીમાં ઘી પીરસીને તથા ઘી ખીચડીમાં નાખીને વાસણ ખાલી કર્યું. આવી અદ્‌ભૂત લીલા જોઈને કુશળબાઈ રાજી થઈને ઘનશ્યામ પ્રભુનો જય જયકાર કર્યો. ઘનશ્યામ પ્રભુએ અમારી પ્રતિજ્ઞાને આજે પૂર્ણ કરી દિધી તે ખુબજ કૃપા કરી છે. આવી રીતે પોતાના ભકતોની આશાને પૂર્ણકરનારા શરણાગત પ્રતિપાળ પોતે જ છે.**

**જેમ કીડીઓને હાથીનો મેળાપ થાય તેમ હે પ્રભુ ! અમારો તમારી સાથે મેળાપ થયો છે. હે કમળ નયન પ્રભુ મારા સર્વે દોષોનો નાશ કરજો મને આપની દાસી જાણીને ધ્યાનમાં રાખજો. આમ કહીને કુશળબાઈ મહાપ્રભુના ચરણમાં ખૂબજ પ્રેમ ભાવથી પડીને વંદન કરતી હતી. હે પ્રભુ! મારી ટેકને અખંડ પાળજો. નિયમ કરીને જે વચન આપશો તે જરૂર પાળીશ. શ્રી હરિ બાઈ પર ખુબજ રાજી થયા.મનનાં ઈચ્છીત વર દઈને ત્યાર પછી મહાપ્રભુ પોતાને ઉતારે પધાર્યા. આ રીતે મહેસાણામાં અતિ ઉત્તમ કામ કર્યું હતું. સવારમાં વહેલા ચાલ્યા ત્યારે બાઈએ જમાડીને પ્રભુને જવા દીધા. બીજા દિવસે પિતાંબર અને કેવળ ભકત જેણે જગતની બધીજ ઉપાધીને તજી દીધેલ છે. એમના ઘેર સુખના સાગર નટનાગર પ્રભુ પ્રીતિ કરીને પધાર્યા ત્યારે તે પ્રેમી ભકતજનોએ વૈદિકમંત્રોથી શ્રુતિ અનુસાર પૂજન કર્યું. અને ધૂપદીપ નૈવેદ્ય અર્પણ કરીને પૂજા કરી તેથી ભયને હરનારા શ્રીહરિ રાજી થઈ ગયા. ભકતજનોની સેવાને અંગિકાર કરીને દેવના દેવ મહાપ્રભુ પોતાના આશ્રિત**

**જનોના દુઃખોને હરતા હતા. આવી રીતે મહાપ્રભુ તે મહેસાણા પુરમાં ચારે દિશાઓમાં વિચરણ કરીને શોભાના ધામ ઘનશ્યામ પ્રભુએ સર્વેજનોના ભવદુઃખના ફંદાઓને દૂર કરી દીધાં.**

મહારાજ જન સમાજની સાથે **મોટપ** ગામે ભકતોના ત્રાસને હરવા પધાર્યા. ગામની ઉત્તર દિશામાં સરોવરમાં સ્વચ્છ સ્વાદિષ્ટ જળ હતું ત્યાં પાળ ઉપર શ્રીહરિએ મુકામ કર્યો. ત્યારે ગામના સર્વે સત્સંગીઓ સામા આવતાં હતાં. **તેમાં તુલસીદાસ, હાથીદાસ, માધુ તથા સુવાસની** આદિક આવ્યાં. મહાપ્રભુએ ચરણકમળને પાળ ઉપર લાંબા કર્યા. ભકતજનોના ભક્તિ ભાવ જોઈને આનંદિત મનવાળા મહાપ્રભુ મધુરવાણી બોલતા હતા. તમે કાંઈ ચિંતા ન કરશો સત્સંગ ખૂબ વધારે થવાનો જ છે. નર-નારીઓ, વૃધ્ધો બાળકો બધાંજ સત્સંગી થશે અને સત્સંગનો મોટો સમુદાય થશે. થોડા જ સમયમાં દેશ પરદેશમાં બધેજ સત્સંગ ફેલાઈ જશે. માટે **મોટપ ગામ તો બધાથી મોટું છે**. ધર્મ નિયમમાં દૃઢ હશે અને વ્યસનમાં ખૂબજ નાના રહેશે.

વારે વારે વખતો વખત પરચા દેશુ અને મોટપ ગામમાં અતિ આનંદ થાય તેમ થશે. સ્વામિનારાયણ નામનો જાપ કર્યા કરવો તેનાથી શરીરના તાપો બધાજ દૂર થશે. અંતઃકાળે અમે તેડવા માટે આવીશું સ્વામિનારાયણ ભગવાનનાં મુખથી અમૃતવાણીના વચનો સાંભળીને **તુલસીદાસ** હાથીભાઈની માધુબાઈ માતા સુવાસની આદિક લોકો સર્વે મનમાં ખુબજ રાજી થયા. મહાપ્રભુને ખાન પાન કરાવ્યું અને મહાપ્રભુની સારી રીતે સુખપૂર્વક સેવા કરી. ત્યાર પછી મહાપ્રભુએ વિદાય માંગી અને પ્રભુ **ધિણોજ** ગામે હરખાતા પધાર્યા. હે રાજન ! જે શ્રીહરિએ **મોટપ ગામમાં** વચનો કહ્યા હતા તે સત્ય જ થાય છે. અત્યારે ગામમાં સત્સંગ સારો છે. હરિજનો સત્સંગમાં પ્રેમભાવનાવાળા છે. જ ન હોય એવો દ્રઢ સત્સંગ છે. જયારે શ્રી હરિ મહાપ્રભુ **મોટપથી ધીણોજમાં પધાર્યા** ત્યારે પુરની શોભા તથા વૃક્ષો ઉપર વેલીઓ છાયેલી શોભા તેને શ્રીહરિ નિરખતા હતા. **કૂવો પાણીથી ભરપુર હતો. તળાવની ચારે બાજુ સીડીઓવાળા** ઘાટો બાંધેલા **હતા. ધીણોજપુરની છબી અતિ પુરાની જોઈને ભગવાન રાજી થઈ ગયા.** તે ધીણોજપુરમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ રીતે ચાર વર્ણના લોકો વસે છે. સર્વે પોત પોતાના ધર્મમાં દ્રઢતાવાળા પ્રભુનું ભજન કરતા રહે છે. બધાજ ફેલનો ત્યાગ કરીને ધર્મમાં વર્તે છે. પુરમાં દરેક લોકો અહિંસા ધર્મ દ્રઢતાથી પાલન કરીને વર્તે છે. નર-નારીના મનમાં લેશ માત્ર પણ અધર્મ, અનિતીનો ભાર રહે નહિ. અને પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ વિશેષ પ્રમાણમાં કરે છે. રાજમાર્ગ સુંદર પહોળો વિશાળ શોભે છે. તે માર્ગ ઉપર લોકો સતત આવતા જતા રહે છે. મકાનો પુરાતન સારા શોભાયમાન લાગે છે. ધોળુ નગર દેખાવમાં આવે છે. તળાવની પાસે મોટું દેવાલય શોભતું હતું તે ઉંચું સુંદર રંગવાળું હતું. તેને જોઈને હરિભકતોની સાથે મહાપ્રભુ ખૂબજ રાજી થયા.

હે રાજન ! **મુગટરામ, બળદેવ, ચનુદેવ માયાશંકર** આદિક બ્રાહ્મણો ઘનશ્યામ પ્રભુની સાથે ખૂબજ શોભતા હતા. ભકતજનના ઘરમાં પ્રભુ વાસ સર્વેજનોને સુખ આપતા હતા. આવી રીતે ધર્મનંદન પ્રભુએ ધીણોજ ગામમાં અલૌકિક લીલાઓ કરી પુરને ચરણાંકિત કરીને પાવન કરી પછી જગતના પ્રાણ મહાપ્રભુ અંબાસણ નામના ગામે પધાર્યા. તે પુરના પટેલ પ્રેમી હરિભકતો દર્શન કરીને મહાપ્રભુ પુરૂષોત્તમ નારાયણનો આશ્રય કરી ધન્યતા અનુભવતા હતાં. મહાપ્રભુને આવેલા જાણીને હરિભકતો વાજાં વગાડીને પુરમાં પધરાવવા ગુણગાતા આવતા હતા. નર-નારીજનો મહાપ્રભુને નેત્રોથી નિહાળીને સર્વે પ્રકારના ભયનો ત્યાગ કરીને મનમાં આનંદ પામતાં હતાં. વારંવાર નમન કરતાં હતાં. શ્રી હરિને વાજતે ગાજતે ગામમાં લાવી સુંદર ઘરમાં

ઉતારો કરાવ્યો અને શ્રી સહજાનંદ સ્વામી માટે થાળ તૈયાર કરાવ્યો. સર્વે ભકતોના વંદનીય કરુણાકંદ જમીને તૃપ્ત થયા. પછી સર્વ સંતો-ભક્તોને ખૂબ ભાવથી જમાડ્યા. શ્રી હરિ મોહન મૂર્તિ **મહેસાણામાંથી મોટપ** ગામે અને ત્યાંથી **ધીણો જ થઈ અંબાસણા પધાર્યા.** આ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રુપમાં આઠમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલા છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ મોટપ ધીણોજ થઈ અંબાસણા ગામે પધાર્યા તે લીલા કહી તે નામનો આઠમો તરંગ પૂર્ણ થયો. ॥૮॥**

## તરંગ-૯

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કષ્ટને હરનારા તથા ભકતોને શાંતિ અને સુખ આપનારા પ્રભુ **અંબાસણ** જે જે લીલાઓ કરી હોય તે લીલાઓનું શ્રવણ કરવાનું મારી રુચિ ચાહે છે તો પ્રભુનાં પરમ ચરિત્ર મને સંભળાવવાની કૃપા કરો. અવધપ્રસાદજી મહારાજ કહે છે. હે ભૂમિથતી આનંદ રાજન ! ભગવાનનાં ચરિત્રો સાંભળવાની તમારી આશા હોય તો તે પ્રભુનાં લીલા ચરિત્રો હું તમને સંભળાવું છું. તો તમે નિસંશય થઈને સાંભળો.

સર્વના પાપોને બાળનારા ગહન ગતિ છે જેમની એવા ગુણવંત શ્રીહરિ અંબાસણ ગામથી જયાં ગયા જયાં રહ્યા તે લીલા ભગવાનની હું કહું છું તેને સાંભળો. જયારે સવારે વિહાંનવેળા થઈ ત્યારે મહાપ્રભુ જાગ્યા અને સંતો ભકતજનોની સાથે પરમ જ્ઞાની મહારાજ **અંબાસણ** ગામેથી **ટુંડાલી** નામના ગામે પધાર્યા.

ચચલ મૂર્તિ ચાલીને આવ્યા. ગામ લોકોને ખબર પડી એટલે પુરનાં પ્રેમીજનો પ્રભુની સનમુખ સામાં આવ્યા ત્યારે ત્રાંસા ભેર ઢોલ શરણાઈ આદિક બહુજ વાજિંત્રો વગાડતા વધાઈ ગાતા હતા. પાસે આવ્યા આવીને પ્રભુને પ્રણામ કર્યા. અને પ્રભુને પુરમાં પધરાવ્યા અને અતિ આનંદનો ઉછાળો થયો તે પુરમાં સમાતો ન હતો. **બાલચંદભાઈ** હતા તેમણે મહાપ્રભુ માટે રસોઈ કરાવીને જમાડયા.

હે રાજન ! શ્રી હરિને ભકતજનોએ મુખવાસ આપ્યો. તેને શ્રી હરિએ લઈને જમ્યા. બીજા ભકતજનો જે પુરમાં રહેતા હતા એ બધાના ભાવોને પુરા કરીને મહાપ્રભુ પોતે ત્યાંથી ચાલતા થયા. ઉત્સાહ પૂર્વક ચાલીને મહારાજ **નંદાસણ** નામના ગામે પધાર્યા. નવરંગી સ્વરુપવાળા ઘનશ્યામ પ્રભુને જોવા માટે લોકો ઉત્સાહથી આવતાં હતાં . સત્સંગીજનો શ્રી હરિ આવવાના સમાચાર જાણીને સામે લેવા માટે આવ્યા. ત્યારે ઉમંગથી ભગવાનના ગુણને ગાતાં ગાતાં આવ્યાં. અનેક પ્રકારના વાજાં વગાડતા મહાપ્રભુને પુરમાં આવ્યા અને પ્રેમથી પધરાવ્યા. ભલા ભકત **ભાવસિંહભાઈ,** પુનિદાસ, ભગવાન વગેરે હતા તે સારા સરળ સ્વભાવના હતા. તે રસોઈ કરાવીને સંત-પાર્ષદો સાથે મહાપ્રભુને થાળ જમાડતા હતા. પછી ભકતજનો પવિત્ર મૂર્તિ પ્રભુની ભાવસહિત ખૂબજ સેવા કરતા હતા. દેવના દેવ ભકતજનોના ઘરોને પાવન કરીને અનંત ઘણું સુખ દેતા હતા. એવા મહારાજ જેમના ગુણને બ્રહ્માજી શેષ શારદા ગાયા કરે છે.

તે મહાપ્રભુ લોકોના કલ્યાણ કરવા ચાલતા થયા. એ સુજાણ પ્રભુ **માથાસુળ** નામના ગામે પધાર્યા.

ભાવિકજનો આગેવાનોની સાથે સમાચાર સાંભળીને આવ્યા. સાથે ભેટ લાવેલા તે અર્પણ કરીને સાચો ભાવ જણાવતાં હતાં. તે સર્વે લોકોને દર્શન આપ્યાં.તે લોકો પ્રભુને નેત્રોથી જોઈને ખૂબજ રાજી થઈને મોહ પામી ગયાં. ઘનશ્યામ પ્રભુ ઘરોઘર પધાર્યા. ભાવિક ભકતજનોના આનંદને વધારતા હતા. શ્રી સહજાનંદ સ્વામી લોકોની સાથે થાળ જમીને રાત રોકાયા ઘરની શોભા જોઈને ઘનશ્યામ પ્રભુએ રાત્રે શયન કર્યું. સુખધામી પ્રભુ સવારમાં વહેલાં જાગીને શૌચવિધિ કરીને મુરાર ભકતના ઘેર સર્વે સંતોની સાથે થાળ જમીને મહાપ્રભુએ પ્રયાણ કર્યું. માર્ગમાં જતાં મહારાજ સર્વે સંતોની સાથે કીર્તન ગાતા હતા. સર્વેના શિરતાજ **કુંડાળ** ગામ આવ્યા.ત્યાં કલા ભકત આદિક હરિભકતો ખૂબજ ભાવિક હતા. તે સર્વે પ્રભુને લેવા સામે જતા હતા. ભેટ સોગાદને લઈને આવ્યા.

હે રાજન ! શ્રી પુરુષોત્તમ મહાપ્રભુનાં દર્શન કરીને સર્વના મનમાં આનંદ થયો. હરિજનોની સાથે સર્વે લોકો પ્રભુને ગામમાં લાવતા હતા. ત્યારે ગાતાં વગાડતા આવતાં હતાં. ધર્મનંદન જગવંદન મહાપ્રભુને ચોખ્ખા ઘરમાં ઉતારો આપ્યો. પૃથ્વી ઉપર ધર્મની સ્થાપના કરવા અને અધર્મને દૂર કરવા પ્રભુ પધાર્યા. ભાવિક ભકતોએ ભાવ ભરીને ભોજનો બનાવીને ભાવપૂર્વક થાળો જમાડતા હતા. ત્યારે કલા ભકત આદિક હજારો પ્રેમી ભકતોના મનને ખેંચતા હતા. શ્રી હરિ સર્વેના નાથ જમીને મુનિજનો અને હરિજનોને જમાડતા હતા. ભક્તો મહાપ્રભુને કેસર ચંદન તથા પુષ્પોથી પૂજન કરતાં હતાં. બધાજ ભકતજનોના ઘરોમાં મહાપ્રભુ સંતો ભકતોની સાથે જમવા જતા હતા. અને **કુંડાળ** ગામના ભકતજનોને પ્રભુએ સુખોનું અમૃત રસ પાયું. અને સવારે પ્રભાત સમયે ભવ ભંજન પ્રભુ જનોને આનંદ આપવા **કડી** ગામ પ્રત્યે પ્રીત કરીને પધારતા હતા.

ઘનશ્યામ પ્રભુ પધાર્યા છે એ સમાચાર સાંભળીને ભકતજનો આગેવાનોની સાથે અનેક પ્રકારનાં વાજાં વગાડતા સામા આવ્યા. આવી રીતે વાજતે ગાજતે પ્રભુને **કડી શહેરમાં** પધરાવીને ખૂબજ સારો પ્રભાવ માણતા હતા. શ્રી હરિ મહાપ્રભુ કડી પુરની શોભા અને બાગ બગીચાઓ તથા કૂવા તળાવ વિગેરે બનાવેલા જોતા હતા. પુરમાં મકાનો સુંદર ધોળેલાં હતાં. દુકાનો, ઘાટો, થાટો વગેરેની શોભા તથા અતિ મોટો ઉંચો દૂર સુધી વિસ્તરેલો કિલ્લો જોઈને જાણે ગીરનાર પર્વતને પણ શર્માવે તેવો લાગતો હતો. એવી શહેરની શોભા હતી. એ પુરમાં વિચરણ કરીને શ્રી હરિ પુરને પાવન કરીને સંતો ભકતજનોની સાથે આશ્રિત ભકતજનનાં ઘરમાં નિવાસ કરીને રહેતા હતા. તે ઘરના માલિક ઉચ્ચ વિપ્ર જ્ઞાતિના **ઉમેદરાંમ, દેવચંદ** નામના ભકતજનોને જોઈને કમળ નયન મહાપ્રભુએ પ્રેમથી એમના ભોજન જમ્યા અને એમની બધીજ આકાંક્ષાઓને પૂર્ણ કરી.

બાઈ ભાઈ સર્વે જગતનાં લોકો જાણે જ છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુ બધાજ ઘરોને ચરણાંકિત કરી પાવન કર્યાં. બધાને પૂર્ણ રીતે સુખ આપીને રાજી કર્યાં. ત્યાર પછી **કડી** મુકામથી પ્રયાણ કરીને મહાપ્રભુ **રાજપુર** ગામે પધાર્યા. ત્યાં જે **કરણદાસ, બેચર** ભગત, વિપ્રવર **નરભેરામ** આદિ સર્વે ભકતો સર્વેના નાથ મહાપ્રભુ પાસે સામા આવ્યાં. આ સર્વે ગામના લોકો દર્શન કરવા આવ્યાં. પ્રભુ રાજપુર પધાર્યા એટલે રાજપુર ગામના લોકો અનેક પ્રકારના વાજાં વગાડતા થકા કીર્તનો ગાતા મહાપ્રભુને પુરમાં લાવતાં હતા. સ્ત્રી પુરૂષોને પ્રભુ મનમાં ખૂબ જ પ્રિય લાગતા હતા.

હે રાજન ! અકામ પ્રભુએ લોકોના ભયને હરનારા ભકતનાં ઘરમાં મુકામ કરીને પ્રેમથી ભોજન તૈયાર કર્યા. તે જમીને સર્વે નર-નારીજનોને ખૂબ રાજી કર્યાં. સર્વે ભકતજનોનાં ઘરોને પાવન કરીને મહાપ્રભુ

ગામની ભાગોળમાં પધાર્યા. ત્યાં સર્વે ભકતો ભેગા થયા ત્યારે સંતો ભકતોની સાથે ધર્મકુમાર ખૂબજ શોભતા હતા. પ્રભુ ભાગોળમાં પધાર્યા એટલે સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે એમ જાણીને ગામના બધા પાટીદારો ત્યાં આવ્યા હતા. એ બધા સત્સંગી હતા પણ બીજા બધાજ કુસંગી આવ્યા હતા. સાથે ક્ષત્રિયો પણ આવ્યા હતા. તેઓ પણ કુસંગી જ હતા. આવીને સ્વામિનારાયણ ભગવાનને પૂછતા હતા કે નારાયણ એકજ જગતમાં સમર્થ છે. એટલા માટે જો તમે સમર્થ હો તો આ વર્ષે દુકાળ પાડો આવી અમારી ઈચ્છા છે. તો અમે તમને ભગવાન જાણીએ આ અમારી ઈચ્છાને ખરી કરો.

ભૂમિમાં આવું ભુંડુ કરોએ આપની પાસે માંગીએ છીએ અમારૂં વરદાન ઉત્સાહથી વચન આપી પૂર્ણ કરો. આ રીતે એમનું કહેવું સાંભળીને સ્વામિનારાયણ ભગવાન પાપીનું વચન પાળવું પડશે એમ માનીને પ્રભુએ કાળને દુકાળ પાડવાની આજ્ઞા કરી. મહાદુકાળ પડશે એટલે માણસ બહુજ દુઃખી થશે ભૂમિમાં ત્રાસ થશે દુષ્ટ અને કુબુદ્ધિવાળા લોકોએ આવું અતિ દુઃખ માગ્યું તે કેવું કહેવાય ? સજ્જનો અંદરો અંદર કહેવા લાગ્યા હવે જગતમાં ભારે દુઃખ થવાનું લોકો પીડાશે એટલે કયારેય સુખી નહી થાય. એમ માનતા હતા દુષ્ટ પાપી એમણે આ વાત માંગી ત્યારે તમારી જીભ કેમ તુટી ન પડી. તુટી પડી હોતતો આવું ન માંગત.

આવી રીતે બધાજ લોકો એમને ફટકાર દેતાં હતાં. આ બધાજ જગતને કષ્ટ કરનારા આવા ઝટકાવાળાં વચનો સાંભળીને લોકો ફટકારના શબ્દો બોલ્યા તે કડવા વેણથી તે દુષ્ટોનાં મુખ કાળામેશ શાહી જેવા થઈ ગયાં. તે સર્વે નરનારી કડવાં વેણ ફટકારતાં હતાં તેનાથી તે દુષ્ટોનાં મનમાં અગ્નિ બળતો હતો.

આવી રીતે બંને પ્રકારનાં લોકોના આવા સંવાદો સાંભળીને મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન રાજી થયા. અને કહે હે દુષ્ટો તમે જે વચનો બોલ્યા તે બધાનું હિત કરનારા છે. આજે એના માટે જ આવ્યા છીએ. તમે કહ્યું કે જો તમે ભગવાન હોવ તો જગતનું ભુંડુ કરો, પ્રભુ કયારેય કોઈનું ભુંડુ ન કરે. ભગવાન તો દયાના સાગર કૃપા સિંધુ કહેવાય છે. પોતાનું બિરૂદ પાળે છે. જયારે લોકો જાણે અજાણે જે કોઈ જેવું કૃત્ય (કામ) કરે ત્યારે તેને તેવું ફળ દેનારા ભગવાન પોતે જ છે. પ્રભુ કયારેય પોતાના માથે રાખતા નથી. પોતાના સર્જેલા જીવની ઉપર કયારેય ખીજાતા નથી. અને પોતાના કૃત્ય પ્રમાણે સુખ દુઃખ ભોગવાવે છે. પ્રભુ પોતાના હાથે કોઈ કામ કરતા જ નથી. પરતંત્ર પણ નથી. પોતે તો અતિ સમર્થ જ છે. આવી રીતે જયાં વાતો કરતા હતા એટલામાં આકાશમાં ચકલાં ઉડતાં હતાં તેને પ્રભુએ સુખેથી જોયાં. નેત્રની દ્રષ્ટિ કરી એટલે નાડી પ્રાણ સંકેલાઈ ગયાં. તરત જ સમાધિસ્થ થઈને ભૂમિ ઉપર પડયાં. મહાપ્રભુ આટલીવાર લાગે એમ કહેતા હતા. આવી રીતે ભુંડુ કરનારની આટલી વાર લાગે છે. અમે કોઈનું ભુંડુ નથી કરતા. કોઈ જનનું અમે કયારેય ખરાબ નથી કરતા. કેમકે પ્રભુ ગરીબનિવાજ છે. (ગરીબના બેલી) પોતે પોતાના કરેલ પાપના પ્રમાણે પોતેજ સુખ દુઃખ ભોગવે છે. જીવ પોતે જ પીડાને પામે છે. અને સુખને પામે છે. તે કર્મ પ્રમાણે થાય છે. પ્રભુને સદાય કલ્પવૃક્ષ સમાન જાણવા જોઈએ. કેમકે જયારે જેવું ઈચ્છો તેવું યોગ્ય ફળ ઘનશ્યામ પ્રભુ જ આપે છે. એમ તમારે મનમાં જાણવું જોઈએ જો દુષ્કાળ પડે તેવું માગ્યું તો તે પ્રમાણે કાળ પડશે તેને તમે નજરોથી જોશો. વગર અનાજથી લોકો કમોતે અસંખ્ય લોકો મરશે. પૃથ્વી ઉપર અનેક રુંડ મુંડ પડયા રહેશે. એનો કોઈ ધડો જ નહી હોય. જગતમાં અતિશય દુઃખ પડવાનું છે. અપાર દુઃખ પડે ત્યારે અન્ન વિના નર-નારી સર્વે પોકાર પાડે આ બધાનું ફળ જે કાંઈ થશે તે બધુજ તમારા માથે જ આવવાનું છે. માટે હવે કરેલાં કર્મ ભોગવજો. આવી રીતે મહાપ્રભુએ વાતો કરી. વાતો સાંભળીને તે દુષ્ટો અતિ ભોંઠા પડી ગયા.પોતાનું અને બીજાનું બગાડનાર

પોતે રાજી થાય એતો મહાપાપી અધમ જ કહેવાય છે કેમકે એણે આખા જગતનું અહિત કર્યું એનું એજ કર્મ ફળ મળે છે.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામીએ વાતો કરીને પોતાના આશ્રિતજનોના કામ કર્યા. ભકતજનોને સુખ આપી મહાપ્રભુ **રાજપુર**થી **ડાંગરવા**પુરે પધાર્યા. ઘનશ્યામ પ્રભુ ભવના ફેરાને ટાળનારા જગતના ઝહાજરુપ સુખ આપવા પધાર્યા. શ્રી સહજાનંદ સ્વામી **અંબાસણ, ટુંડાલી, નંદાસણ,** માંથા **સુળ** ગામે પધાર્યા ત્યાંથી **કડી** પધાર્યા **કડી**થી પ્રભુ **કુંડાળ** ગામે પધાર્યા. તે બધીજ લીલાને મહિમા સહિત ગાઈ તે બધાના મનમાં ખૂબજ ભાવતી હતી. શ્રીજી મહારજ **રાજપુર** ગામે પધાર્યા. લોકોના નહીં કરવાના કામો કરીને લોકોનાં મનના ભાવ પુરા કર્યા. આ સર્વે લીલા કહી તે નવમા તરંગમાં વર્ણવી શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપમાં પૂર્ણ થાય છે.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ રાજપુર ગામે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે નવમો તરંગ પૂર્ણ થયો. ॥ ૯ ॥**

## તરંગ-૧૦

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીજી મહારાજ **રાજપુરથી ડાંગરવા** પુર ગામે પધાર્યા. સાથે સંતો અને સારા સત્સંગીઓ સર્વે સાથે આવેલા. ત્યાં આવીને પ્રભુ શ્રી હરિએ કઈ કઈ લીલાઓ કરી અને આશ્રિત ભકતજનોને સુખ આપ્યું હે અવધગુરુ મહારાજ ! આપ બધું જાણનારા છો તેથી મને તે સર્વે લીલા ચરિત્રો સંભળાવો.

અવધપ્રસાદજી કહે છે હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમે ધીરજ ધરીને વારંવાર પ્રભુનાં ચરિત્રની વાતો પૂછયા કરો છો તે ચરિત્રો સાંભળીને ભવ ભય ભાંગી જાય છે. જે જન મનને પવિત્ર કરીને સાંભળે છે તેના પાપોને દૂર કરી મનને પવિત્ર બનાવે છે. હે રાજન! હવ યોગ્ય રીતે શ્રવણ કરવા ભયને હરનારા મહાપ્રભુની લીલા કહું છું તેને તમે સાવધાન થઈને તે ભયહારી પ્રભુની સુખ કરનારી લીલા સાંભળો. ડાંગરવામાં ઘનશ્યામ પ્રભુ ભકતોના કામ વાસનાઓ બાળીને મંગળ કરવા ધામના ધામી ધર્મપુત્ર જયારે આવ્યા ત્યારે મનોહર મૂર્તિનાં દર્શન કરવા ને સ્વાગત કરવા ભક્તો સામે આવતા હતા. આ ભગવાનનાં ચરિત્રોને ઉમંગવાળા સત્સંગીઓ અનેક પ્રકારનાં વાજિંત્રોને વગાડતાં. શ્રી હરિની સનમુખ આવી ઉત્સાહવાળા સત્સંગીઓ પ્રભુના ગીત ગાતા થકા ગામમાં લાવતાં હતાં. **અમરાજી, અગરાજી, પ્રતાપજી, શાલુજી,** આદિ ભકતો તથા બાઈઓમાં **જતનબાઈ** આદિક બધા સત્સંગીજનો સુખધામ પ્રભુને ઘેર લાવતાં હતાં. ડાંગરવાપુરને ચરણાંકિત કરીને પવિત્ર કરતા હતા. શ્રી હરિ મનમોહન મહેર કરીને દુઃખ દૂર કરીને સુખ આપતા હતા.

હે રાજન! જયારે રાજાધિરાજ શ્રીહરિ ડાંગરવામાં પધાર્યા ત્યારે જેણે પ્રભુનાં નિરખીને દર્શન કર્યા. તેમના મનમાં અતિશય આનંદ થવા લાગ્યો. પ્રભુ પધાર્યા એટલે સુંદર શૈયા તૈયાર કરીને પ્રભુને તેની ઉપર બેસવા લોકોએ વિનંતી કરી એટલે પ્રભુ આસન ઉપર બિરાજમાન થયા. શ્રી હરિ મહાપ્રભુ જયારે આસન ઉપર બેઠા ત્યારે ગુણીજનો પ્રભુના ગુણ ગાવા લાગ્યાં. સર્વે નર-નારીજનો ગુણનો આનંદ અનુભવતા હતાં. ત્યાંતો ભોજનનાં પાકાં પકવાનો તૈયાર થયાં. તેને જોઈને મહારાજ જમવા માટે ત્યાંથી ઉભા થયા. પ્રભુ જમવા

પધાર્યા એટલે બાજોઠ તૈયાર હતો. તેની ઉપર જીવન પ્રતિપાળ મહાપ્રભુ વિરાજમાન થયા. મહાપ્રભુની આગળ થાળ તૈયાર કરીને આપ્યો અને બીજા પાકો લાવીને આપતા હતા. અને પ્રભુ જમતા હતા. પ્રેમથી ભકતો જમાડતા હતા. સુંદર શીરો, લાડુ, મોતીચુર, પેંડા, પતાસા, પુરી, દાળ વગેરે વસ્તુઓ જમતા હતા. જલેબી જોઈને મન મોહ પામતું હતું. બીરંજ, બાટી, બાસુંદી વગેરે સુંદર શોભતા થાળમાં ધરાવ્યાં હતાં. માલપુવા, ઘારીપુરી બનાવ્યાં હતાં તે ઘણા પ્રભુ જમતા હતા. સર્વે ભકતજનો પ્રેમથી જમાડતા હતા. પ્રભુ એમના પાપોને બાળતા હતા. પછી પ્રભુ જળનું પાન કરતા હતા. તેને સર્વેજનો જોતાં હતાં. ચારે બાજુ ઉભેલા લોકો દર્શન કરતા હતા. ત્યાર પછી સારી રીતે સુધારી અને વઘારીને બનાવેલા શાકોને લઈને સહુ જમતા હતા. તેથી સુખ પામતા હતા.

હે રાજન ! સુંદર કઢી ભાત દાળ ભકતના પ્રતિપાલ પ્રભુ જમતા હતા. ભાત અને દાળ તથા દૂધની સાથે ભાત ખૂબજ પ્રેમથી જમતા હતા. ભાત દહીંમાં સાકર નાખીને સર્વના સ્વામી ઘનશ્યામ પ્રભુ જમતા હતા. એમના ગુણને જાણીને જમતા જાણીને એકાંતિક ભકતોને પ્રભુ પ્રસાદી કરીને અન્ન આપતા ને રાજી કરતા હતા. પેટ ઉપર હાથ ફેરવતા અને ઓડકારો ખાતા હતા. આવી રીતે સર્વ જગતના સ્વામી મુનિજનોના પતિ શ્રીજી મહારાજ જયારે જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવીને સંતોને પકવાન, પાકો, શાકો, બધુજ પીરસવા પધાર્યા. બંને બાજુની પંકિતમાં બંને હાથોથી સર્વના ભયને હરનારા હરિ ભાવ ભરીને વારંવાર પીરસતા હતા. જમતા જમતા મુનિવરો ભવભયને હરનારા મહાપ્રભુના ગુણને ગાતા હતા.શ્રી હરિ કૃપા કરીને મુનિજનોનાં મુખમાં પ્રેમથી લાડુ મુકતા હતા. રમુજ કરીને હસતા હતા. એ લીલાને જોવા ચારે બાજુ હરિભકતો ઉભા હતા. દીનદયાળુ પ્રભુ આવી રીતે આશ્રિત સંતજનોને જમાડતા ઘણો બધો સમય થયો ત્યાર પછી દહીં અને દૂધ લઈને મહાપ્રભુ પીરસતા હતા. તેમાંય છોકમ છોળ કરતા. સર્વને ચકિત કરતા હતા. સંતજનો સર્વે ભાતની સાથે દૂધ દહીં જમ્યા આ જોઈને બધાજ મુકતજનો પંકિતની નજીક જ પ્રભુની પ્રસાદી લેવા માટે બેઠા હતા. મહાપ્રભુ પ્રેમથી વારંવાર આગ્રહ કરીને પીરસતા અને મુકતજનોએ લઈને જમાતા હતા. મહારાજ દૂધ દહીં રેડતા તે ધારજ કરતા જાણે મહા મેઘનો વરસાદ ન વરસતો હોય ? તેમ લાગતું હતું.

શ્રી પુરુષોત્તમ ભગવાન પંગત વચ્ચે પીરસતા હતા. દૂધ દહીંને પીરસીને અતિશય કિચડ મચાવી દીધો. જયારે સંતો ઉંચા સ્વરે જયનો પોકાર કરે તે મુનિના માથા ઉપર પ્રભુ દહીં ઢોળી નવરાવતા હતા. આવી રીતે શ્રી હરિ અતિશય સુખો આપતા હતા અને દહીં દુધની છાકમ છોળ કરી દીધી જતનબાઈ જતન કરીને તૈયાર કરેલું તેને પ્રભુ લીલા કરીને ખૂબજ સુખ આપતા હતા.બાઈ ખૂબજ રાજી થતાં હતાં. આવી રીતે લીલા કરીને મહાપ્રભુએ આશ્રિતોને સુખ આપવા દેવના દેવે ગોપમંડળી કરીને ત્યાં નિવાસ કરીને જગતવંદન પ્રભુ **ડાંગરવા** ગામે સુખ દેતા હતા.આનંદ કરાવતા હતા.

**ડાંગરવા** ગામે બધાજ દરબાર ભકતો શૂરવીર પ્રવિણતાવાળા ભલા ભાવવાળા ડાભી જ્ઞાતિથી કહેવાતા હતા. તથા અતિ પ્રેમ ભકિતવાળા પટેલો ઘણા બધા રહેતા હતા. બધાજ એકાંતિક હરિભકતો પ્રસિધ્ધ હતા. આવી રીતેનો પ્રેમભાવ જોઈને લોકોના ત્રાસને હરનારા મહાપ્રભુએ બધા ભકતોને મુકત જાણીને સુખ આપ્યાં. ઘરોઘર ફરીને ઘનશ્યામ પ્રભુએ સર્વેના ફંદને હરીને સુખ આપ્યાં. આમ સર્વ સુખના ધામી એ શ્રી ઘનશ્યામ પ્રભુએ ડાંગરવા ગામમાં લીલા કરીને સંતોની સાથે બીજે જવા પ્રયાણ કર્યું.

મહાપ્રભુ ઘોડા ઉપર અસ્વાર થઈને નિકળવા માટે તૈયારી કરી દીધી. ડાંગરવાથી અવતારના અવતારી પ્રભુ લોકોનાં કષ્ટને દૂર કરવા તથા સુખ આપવા **કરજીસણ** ગામે પધાર્યા.ગામના લોકોને ખબર પડી એટલે બધાં ભકતજનો સાથે મળીને સામા આવ્યાં. ગુણવાન સંતો પ્રગટ પ્રભુના ગુણને ગાતા થકા આવ્યા અનેક **વાજા**ને વગાડતાં હતાં. હાથમાં ભેટ લઈને ગાતાં થકાં સર્વે આવતાં હતાં. ગોવિન્દભાઈ કુશળભાઈ આદિક નર-નારીજનો આવતાં હતાં. પ્રભુ પાસે આવીને ભેટ અર્પણ કરીને દર્શન કર્યાં. પોતાના જન્મને સફળ થયો તેમ માનના હતાં.

આવીને ઘનશ્યામ પ્રભુનાં ચરણમાં પ્રણામ કરીને પોતાની દૃષ્ટિથી દર્શન કરીને સર્વેજનો ઘનશ્યામ પ્રભુની સાથે કરજીસણ ગામમાં આવતાં હતાં. કરુણાના સાગર લોકોનાં સુખને કરનારા પ્રભુ પધાર્યા. શ્રી હરિ પ્રભુને નેત્રથી જોવા માટે સ્ત્રીઓ ઘરના કામ પડતાં મુકીને પ્રભુના દર્શન કરવા માટે આવી, શ્રી હરિ પધારીને ગામને પુણ્યાવાન કરી દીધું. હરિભકતોએ દર્શન કર્યા. તેથી ખૂબજ આનંદ પામ્યા. ભકતજનોના ઘરે થાળ તૈયાર થયો એટલે સંતોની સાથે મહાપ્રભુ જમવા પધાર્યા. પોતાના ભકતજનોને દર્શનનું સુખ આપતા હતા. ને ભક્તજનો પ્રીતથી દર્શન કરતા હતાં. પછી મહારાજ પુરમાંથી બહાર આવ્યા. પાદરમાં આવી પ્રભુ પૂર્વ દિશામાં સ્વચ્છ સ્થાન જોઈને વૃક્ષ નીચે બાંધેલા ઓટલા ઉપર વિરાજમાન થયા. આજુ બાજુ સંતો અને હરિભકતો બેઠા હરિભકતોએ હેતથી હિંડોળો બાંધ્યો અને તેમાં નાથને બેસવાનું કહ્યું. ત્યારે મહાપ્રભુ સાવચેત થઈને હિંડોળામાં બેઠા દેવાધિદેવ મહાપ્રભુને ભકતજનો ઝુલાવતા હતા. અને સંતો હિડોળાનાં પદો ગાતા હતા સાથે હરિભકતો ગાતા હતા. નરનારીજનો ચારે બાજુ હરિનાં દર્શન કરતાં હતાં. આવી રીતે વસંતનાં કીર્તનો ગાઈને ઘણાં દિવસો લીલા કરીને હરિભકત સંતો ગુણગાતાં હતાં. પ્રભુને રાજી કરતાં હતાં. **ગોવિંદ ભકત** ભાવપૂર્વક જગતના સ્વામી શ્રી હરિ અને સંતોને રોજે રોજ નવા નવા ભોજનો જમાડતા હતા. તેના દર્શન કરવા તથા ગુણગાવા શેષ મહેશ રોજ આવતા હતા. ગામથી નજીકમાં કૂવો જોયો ત્યારે ઘનશ્યામ પ્રભુ પોતાની ઈચ્છાથી ત્યાં જતા હતા. વિશેષ તે કૂવાનું મીઠું પાણી પીતા હતા. લોકોના મનની અંદર વસનારા ભૂમિના ભકતોને સુખ આપનારા ભારને તોડનારા શ્રી હરિ પોતેજ છે. પાણીના કૂવાની નજીકમાં વૃક્ષનો મોટો સમૂહ પાણીના યોગથી જામેલો હતો. તે મોટા જંગલ જેવું શોભતું હતું. ત્યાં **ઋષિવર નાચિકેતાનું ઘર નજીકમાં** જ છે. તેની પાસે હરિ હેત કરીને જતા હતા.

ત્યાં જઈ નાચિકેત ઋષિને જ્ઞાનની વાતો કરતા હતા. લોકો મહરાજ દર્શન કરવા જતાં હતાં. જગતમાં વાસ કરનારા મહાપ્રભુ ત્યાં ઘણીવાર સુધી વાસ કરતા હતા. પછી પ્રભુ ભકતો સાથે પાસે ગાતા થકા ગામમાં આવતા હતા.

આવી રીતે શ્રી હરિ મહાપ્રભુએ અનેક લીલાઓ કરીને અનંત જીવોને પુણ્યવાન કર્યાં. પછી પ્રયાણ કરીને સર્વે સંતોની સાથે પ્રભુ **ખોરજ ગામમાં** પાખંડી ખળ લોકોનો વિનાશ કરવા આવ્યા હતા. ત્યાંથી પ્રભુ ભકતજનના નિવાસ સ્થાને આવ્યા. પોતાના આશ્રિત ભકત **બેચરદાસ** પ્રભુની ખૂબજ સેવા કરતા હતા. **ગોદડજી ભકતના** ઘેર ઘનશ્યામ પ્રભુ થાળ જમતા હતા. ત્યાંથી લોકોને સુખી કરવા તૈયાર થઈને જગતના ધામી પ્રભુ જતા હતા. આવી રીતે મહાપ્રભુએ હરિભકતોના ઘેર પધરામણી કરી સુખ આપી ખોરજ ગામમાં

લીલા કરી તેને કવિજનો કયા મુખે કહી શકે ? આવી રીતે શ્રી હરિ સહજાનંદ સ્વામી **ખોરજ ગામમાં** સર્વે સંત ભકત મંડળ સાથે સુખ દઈને **મોખાસણ** ગામે પધાર્યા.

શ્રી હરિ મહાપ્રભુએ **ડાંગરવા** ગામે જે લીલા કરી તે વર્ણન કરીને સંભળાવી દીધી. ત્યાંથી મહારાજ **કરજીસણ** ગામે પધાર્યા. તેની પણ વાત વિસ્તાર કરીને કહી મહાપ્રભુએ **ખોરજ** ગામમાં સુંદર ખેલ જમાવ્યો. સ્વામિનારાયણ પ્રભુ ભાવ પૂર્વક ભોજન જમ્યા. આવી રીતે દશમાં રત્નમાં શ્રી હરિલીલાસિંધુમાં લહરીના રુપે દશમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યા પ્રસાદજી મહારાજ અવધપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં ડાંગરવા ગામે તથા કરજીસણ ગામે લીલા કરી તેનું વર્ણન કર્યું. એ નામે દશમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૦ ॥**

# તરંગ-૧૧

આનંદસિંહ રાજા પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહે છે કે, મને ભગવાનનાં ચરિત્રની બધાજ સુખ આપનારી વાર્તાઓ કહો. મહારાજ **મોખાસણ**માં સર્વે સંતો સાથે આવ્યા. તે ઘનશ્યામ પ્રભુએ જે જે લીલા કરી તે આનંદના ધામી મહાપ્રભુની તે લીલાઓ મને વિસ્તાર પૂર્વક સંભળાવો, આપતો બધુજ જાણનારા છો. તેથી હે અવધપ્રસાદ મહારાજ ! આનંદના ધામ ઘનશ્યામનાં ચરિત્રો મને કહો

અવધપ્રસાદ ગુરુ કહે છે, હે રાજન ! હું તમને પ્રભુની લીલાઓ અતિ ભાવથી કહું છું, તમે એક ચિત્ત થઈ સાંભળો જીવત્માને સુખ કરનારી શ્રી ધર્મકુમાર પ્રભુની જે અદ્‌ભૂત લીલા છે. તેને જે નર-નારીજનો સાંભળે તે સર્વેજનો પરમધામના સુખને પામે છે. તે લીલાઓ મુનિજનોનાં મનને ભાવે છે અને ધ્યાન કરવા યોગ્ય થાય છે. જીવના પાપ તાપને ટાળીને સુખ આપનારી છે. પતીત જનોને પાવન કરનારી છે. શેષ અને મહેશ નિત્ય પોતાના ચિત્તમાં ધ્યાન કરતાં જ રહે છે. એવી મહાપ્રભુની અદ્‌ભૂત લીલાઓ મારા હૃદયમાં સંભારીને કહું છું તેને સાંભળો.

સર્વનાં મનને આનંદ આપનાર પ્રભુ **મોખાસણ** ગામે પધાર્યા ત્યારે ધર્મપ્રમી લોકોનાં મનને આનંદ થયો. સર્વેજનો મહાપ્રભુને લેવા અનેક પ્રકારનાં વાજા વગાડતાં સામા આવ્યાં.ભેરી ઢોલ તથા સુંદર શરણાઈ વગાડીને પ્રભુનાં ગુણને ગાતા હતા. તેમાં **રાયચંદભાઈ, જેઠાભાઈ,** આદિક જનો સર્વે આવ્યાં. મનમોહન પ્રભુને જોઈને બધાજ મનમાં ખુશ થયાં.

પ્રભુને પ્રણામ કરીને ગામમાં પધરાવવા અનેક પ્રકારનાં વાજાં વગડાવીને ભવ્ય સામૈય સાથે પ્રભુને મોખાસણપુરમાં પધરાવ્યા. પુરમાં ચરણાંકિત કરીને પ્રિતમ પ્રાણ પ્રભુએ આશ્રિતજનોને દર્શન દાન આપી સુખી કર્યા. પ્રભુને વધાવવા માટે જળના ઘડા ભરેલા ગામની બહેનો માથે લઈને આવેલાં હતાં. એમ સન્માન કરીને ત્યાર પછી મહાપ્રભુ સ્વચ્છ પવિત્ર જગ્યા જોઈને તપ કરવા યોગ્ય ભૂમિ ઉપર મુકામ કર્યો. ત્યાં લોકો ઉપર કૃપા કરીને રહયા. સર્વનાં પાપ, તાપ, સંતાપ હરિ લીધાં.

શ્રી હરિ બહુનામી પ્રભુ વડના વૃક્ષ નીચે વિરાજમાન થઈને શોભતા હતા ત્યારે પુરના જનો પ્રીતિ

કરીને ભવસાગરને તરવા અને જન્મ-મરણનો ભય તોડવા માટે શ્રી હરિ પાસે આવ્યાં.સર્વે નર-નારી દર્શન કરીને ખૂબજ રાજી થયાં. શ્રી હરિ આશ્રિતજનોની આશાઓ પૂર્ણ કરી સુખ આપતા હતા. એટલામાં થાળ તૈયાર થયો એટલે સમાચાર જાણીને સુખના ધામી મહાપ્રભુ ભોજન કરવા પધાર્યા. મહાપ્રભુ ભાવ ભરીને ભોજન જમવા બેઠા, સહજાનંદ સ્વામી પ્રિત વધારીને પોતે જમ્યા અને સર્વે સંતોને જમાડયા. અકળ અજિત પ્રભુના ગુણને ગાવા કોઈ પાર પામતુજ નથી.

હે રાજન ! સંતોને જમાડીને સુખદાયક ઘનશ્યામ તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. બલભ્રાતાને ભકતો ભાવથી પૂજતા હતા. કેસર ચંદન કંકુ પુષ્પમાળા વગેરેથી પૂજન કરી રાજી થયા.ચંદન ચર્ચીને હારતોરા પહેરાવ્યા. પ્રભુનાં ચરણ કમળને હૃદય ઉપર ધારણ કર્યા. આ રીતે પુરુષોત્તમ પ્રભુએ ત્યાંથી કરીને પ્રયાણ કર્યું. મહાપ્રભુ **મોખાસણથી પલીયડ** ગામમાં ભકતોના સંસારના ત્રાસને હરવા પધાર્યા. ત્યાં **ઝુમખા રામ** તથા **જેઠાભાઈ** આદિક જનો સામા આવ્યાં. દર્શન કરીને આનંદ પામ્યાં.

**મહાપભુને** પ્રેમથી પુરમાં પધરાવતાં હતાં. અને હેત સહિત મોટો ઉત્સવ કરતા હતાં. ત્યાં **ગંગાબાઈ** નામના હરિભકત બાઈ હતાં. એમના ઘેર પ્રભુ પધાર્યા હતા.ભયને ભાંગનારા શ્રી હરિ પોતાના આશ્રિત જાણી એમના ઘેર થાળ જમ્યા, પછી સંતોને જમાડયા અને સર્વેને દર્શનનું સુખ દેતા હતા.શ્રી હરિ ત્યાં રાત રોકાયા અને રાત્રે લોકોને ઉપદેશ કરીને આશ્રિત બનાવ્યાં. જયારે સવારે વહેલા વિહાન વેળા થઈ ત્યારે ત્યાંથી પ્રયાણ કરીને ચાલતા થયા.

મનુષ્ય સ્વરુપ ધારીને મહાપ્રભુ **નારદીપુરમાં** આવ્યા, એટલે લોકોનાં મનમાં અતિ આનંદનો વધારો કર્યો. પ્રભુ આવ્યાના સમાચાર સાંભળીને પ્રેમીજનો મહાપ્રભુ પાસે કીર્તનો ગાતાં ગાતાં આવ્યાં.ભેટ અર્પણ કરીને પ્રભુની છબી જોઈને મનમાં ખૂબજ આનંદ પામ્યા. બહુજ વાજાં વગાડીને પ્રભુને પુરમાં લઈ જઈને સુખ પામતાં હતાં.

**નાનાભાઈ** આદિકજનો હરખ પામીને સારા પવિત્ર મકાનમાં પ્રભુને ઉતારો આપ્યો. ઉતારો કરીને સંતો સહિત પ્રભુ રોકાયા થાળ તૈયાર કરાવ્યા. અતિ ભાવથી જીવના જગતપતિ જાણીને જમાડતાં હતાં. જગનાયક જમીને સંતોને પીરસીને જમાડતા હતા. મુનિના મનને રાજી કરતા હતાં. હસ્ત કમળ તથા પદ કમળને ધોઈને આસન ઉપર વિરાજમાન થયા પછી **નાચીકેતઋષીને** પોતાની પાસે બોલાવ્યા. પ્રભુ કહેતા હતા કે નારદીપુરના બધાજ બ્રાહ્મણોને જમાડવા છે. અહીં મોટી ચોરાસી કરવી છે. ભૂદેવોને જમાડવા છે. ભલે લાખો ભૂદેવો થાય કે હજારો થાય એમના માટે બધોજ સામાન તૈયાર કરાવો. લાડુ બનાવીને સુખ રુપે બ્રહ્મણોને જમાડીને તૃપ્ત કરવા છે. આમ કહીને બધાજ બ્રાહ્મણોને નોતરાં આપ્યાં. પ્રભુના કહેવાથી બધાજ ભૂદેવો આવ્યા. આસપાસના ગામના ભૂદેવો પણ જમવા માટે મનમાં રાજી થઈને આવ્યા. શ્રીહરિ પ્રેમથી જમાડતા હતા. બ્રાહ્મણો જમતા જમતા જય જયનો નાદ કરતા હતા. અને ખૂબજ પ્રેમથી જમતા હતા.

હે રાજન! બ્રાહ્મણો ઘણી બધી વાર સુધી લાડુ જમતા હતા. ત્યાર પછી મહાપ્રભુ એમને દક્ષિણા આપતા હતા, ધર્મકુળ દીપકે આનંદથી જમાડીને રાજી કર્યા. આવી રીતે **નારદીપુરમાં** બહુનામીએ ઘણા દિવસો રોકાઈને અલૌકિક લીલાઓ કરી ભકતજનોને સુખ દીધાં તેથી સર્વત્ર આનંદ છવાઈ ગયો. શ્રી હરિ સર્વના નાથ **નારદીપુરમાં** નિવાસ કરીને આશ્રિતજનોને ઘણાં સુખો આપીને રાજી કર્યા. ત્યાર પછી બીજા

દિવસે સવારમાં વહેલા વિહાંન સમયે પ્રભુએ પ્રયાણ કર્યું. પ્રભુ ચાલીને **સોજા ગામે** પધાર્યા. ગામ પાસે આવ્યા ત્યારે ભાવિક ભકતો ઘનશ્યામ પ્રભુની સામા આવતાં હતાં. **બાળકો, યુવાનો, વૃધ્ધો** વાજાં લઈને વગાડતાં હતાં. ઢોલ નગારૂ  તાલની સાથે ભેરી ભૂંગળાના સુરો વાગતાં હતાં. ધૂન ગાજતી હતી. ગગનમાં ગાજતા શબ્દો સાંભળીને બધાં અબિલ ગુલાલ ઉડાડતાં હતાં. ત્યારે સ્ત્રીઓ પ્રેમથી ભગવાનનાં કીર્તનો ગાતી આવતી હતી. મહાપ્રભુ આખા ગામમાં ફરીને ગામને પાવન કર્યું ત્યાર પછી બહાર આવીને તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા.ગામના મનુષ્યો પ્રભુનાં દર્શન કરીને ખૂબ સુખ પામતાં હતાં.

હે રાજન! **બાલચંદ્ર ભકતે** ખૂબજ ભાવથી પોતાને ઘેર યોગ્ય રીતે થાળ તૈયાર કરાવ્યો સુંદર શાક પાક કરીને તૈયાર કર્યા. મહારાજને જમવા માટે  વિનંતી કરી અવતારી ધર્મકુમાર રસવંતી રસોઈ જમ્યા.

થાળ જમીને તૃપ્ત થઈને લોકોના મનને આનંદ કરનારા હાથ મુખને ધોઈને ભયને તોડનારા મુખવાસ મુખમાં લઈને આનંદથી પોતાના દાસ જાણીને દીનબંધુએ બહુ સુખ આપ્યાં. શ્રી હરિ આગ્રહ કરીને ભાવ પૂર્વક ઘણીવાર પીરસીને સંતોને જમાડી ભકતોનાં મનની આશાઓને પુરી કરતા હતા.

શ્રી હરિ મહાપ્રભુ લોકોની કરેલી સેવાને ગ્રહણ કરીને **નાદરી ગામે** પધાર્યા. પુરની શોભા જોઈને મનમાં ખૂબજ રાજી થયા. ગામના રહેનારા લોકો શ્રી હરિને ભાવ પૂર્વક ગામમાં ફેરવતાં હતા. **રતનબાઈના** ઘેર મહારાજ થાળ જમ્યા આનંદ કર્યો. મહાપ્રભુ જમ્યા અને સૌ સંતોને હરિજનોને સુંદર લાડુ બનાવરાવીને ખૂબજ પીરસીને જમાડીને રાજી કર્યા. ગામના ભકતજનોની સેવાને અંગિકાર કરીને મહાપ્રભુ શ્રી ઘનશ્યામ ગામની ભાગોળે પધાર્યા. ત્યાં પલંગ બિછાવેલો હતો. તેના ઉપર વિરાજમાન થયા. તેમની સામે સંતોનો સમુદાય બેઠો. પ્રભુ આગળ ગવૈયા સંતો ગુણવાન કીર્તન ભકિત કરતા હતા. તે મહાપ્રભુ સાંભળતા હતા, ખરજ, રીષેભ, ગાં**ધાર,** ધૈવત, પંચમ આદિ સ્વરોને જાણનારા સંતો અનેક રાગ રાગીણીમાં કીર્તનો ગાતા હતા.

મુનિજનો સ્વર યુકત ગુણયુકત તાન સંભળાવતા હતા. છ પ્રકારના રાગોને રાગિણીઓને ગાતા હતા. તે ગાનમાં મુનિઓના સ્વામી મહાપ્રભુ ખૂબજ સરસ ભાવ જણાવતા હતા. સાંભળી સાંભળીને પરમસુખ પામતા હતા. આવી પ્રભુની પાસે ગાયેલી ગાયકીને સાંભળવાથી ભવસાગરની પીડા બધીજ ટળી જાય એવી ગાન કળા મુનિજનો મહાપ્રભુ આગળ ગાઈને પ્રભુને રાજ કરતા હતા. આવી રીતે ઘણીવાર સુધી ગાન કરાવ્યું મુનિપતિ શ્રી હરિ સાંભળીને મનમાં હરખાતા હતા. પછી મહારાજે ગાવણું બંધ કરાવીને બલભ્રાતા સુખદાતાએ જ્ઞાનવાર્તા કહેવાની શરુઆત કરી જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ સહિત અનેક સિદ્ધાતોની વાતો કરી. શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્પષ્ટ વાત કરી બધાને સંભળાવી તેને સંતોએ સાંભળી તેથી ખૂબજ રાજી થયા. સાંભળતા મન તુપ્ર જ નહોતું થતું. ભજનમાં રાત ખૂબજ વીતી ગઈ એમ જાણીને સભાનું વિસર્જન કરીને બધાને વિદાય કર્યા શ્રી હરિ મહાપ્રભુ શૈયા ઉપર શયન કરીને પોઢી ગયા અને સર્વે સંતો પણ પોત પોતાના આસન ઉપર જઈને ભજન કરીને પ્રભુના સ્વરૂપમાં લીન થયા.

હે રાજન! જયારે સવાર થયું એટલે વહેલાં ઉઠીને ભયને ટાળનારા મહાપ્રભુએ શૌચ વિધી કરી નિત્ય કર્મ કરી સભા કરીને બેઠા.ત્યારે મહાપ્રભુ સંતો સામે જોઈને સુંદર વચનોથી કહેવા લાગ્યા. **પ્રભુ કહે આજે**

**શંકર પોતાના પરિવાર સમાજ સાથે સ્વપ્નમાં આવ્યા હતા. પાર્વતી પતિ મસ્તક ઉપર ગંગાને ધારનારા, વાઘનાં વસ્ત્રોને ધારનારા, શરીર ઉપર સર્પોને ધારેલા લલાટમાં ચંદ્રને ધારનારા, શરીર ઉપર ભસ્મ લગાવેલા, કંઠમાં મુંડનીમાળાને ધારનારા એવા પોઠિયાનું વાહન લઈને જટા ધારેલી ઉત્તમ અંગોવાળાં. ડમરું વગાડતાં હતાં ત્રિશુળને ધારણ કરેલા ઉંચા શરીરવાળા શંકર એક દાંતવાળા ગણેશ અને અતિરમણીય પાર્વતી આદિક આખા પરિવારે આવીને અમારા ચરણોમાં વંદન કર્યા. ત્રણ નયનવાળા, ત્રિપુરના શત્રુ શંકરે ગદ્‌ગદ વાણીથી પ્રાર્થના સ્તુતિ કરતા હતા.**

શ્રી મહારાજ મોખાસણ પધાર્યા ત્યાંથી પલીયડ પધાર્યા, નારદીપુરમાં પધાર્યા સર્વે સંતો હરિજનોની સાથે વિચરીને સર્વેના આનંદનો વધારો કર્યો. ત્યાં શંકર દર્શન કરવા આવ્યા આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં લહરિના અગિયારમો તરંગ પૂર્ણ થયો. રુપમાં

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મોખાસણ પધાર્યા નારદીપુર લીલા વર્ણન નામનો અગિયારમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૧ ॥**

# તરંગ-૧૨

આનંદરાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શંકર ભગવાન પરિવાર સાથે **નારદીપુર ગામે** પ્રભુનાં દર્શન કરવા આવ્યા ધર્મનંદન પ્રભુની સ્તુતિ કરી ત્યારે શ્રી હરિ નાથે એમને વરદાન આપ્યાં એ સર્વે વાર્તા મને હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને કહો કેમકે શંકરના વચનો મનને હરનારાં છે તેથી સમજાવો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન! તમને ધન્ય છે ધર્મને ધારણ કરનારા તમારો ધર્મ પણ દ્રઢતાથી પાળો છો તમારી બુધ્ધિ પણ ધીરજવાળી છે. તમે જે પવિત્ર પુણ્ય કરનારા પ્રશ્ન પૂછયા છે કે શિવ પાર્વતીએ સ્તુતિ કરી એની પીડા દૂર કરી નાખી તે યોગ્ય જ છે. તે પ્રશ્નનું સમાધાન શ્રી હરિ ઘનશ્યામ પ્રભુએ સંતોની સભામાં વાતને વિસ્તારથી વર્ણન કરીને સમજાવેલ છે તો શ્રી હરિની સુંદર લીલા તે શ્રી હરિની ધારણા કરીને તમને કહું છું તેને તમે ધ્યાનથી સાંભળો.જયારે રાત ત્રણ પહોર વીતી હતી ત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પૂર્ણકામ મહારાજ જાગ્યા ત્યારે ત્યાં પ્રભુ પાસે શિવ પાર્વતી પરિવાર સાથે શ્રી સ્વામિનારાયણને સ્મરણ કરતા જય જયકાર કરતા થકા આવ્યા.

હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુની રુપની છબી જોઈને જાણે જળથી ભરેલા વાદળાં દેખાય તેવા શ્યામ સ્વરૂપવાળા તમાલ પત્રના વૃક્ષ જેવા શ્યામ **વર્ણવાળા, મસ્તક** ઉપર સુંદર કાળા કેશ શોભે છે. તે કેશની ઉપર સુંદર કાળી શીખા શોભે છે એવા મનોહર રુપવાળા.

**હે રાજન ! મહાપ્રભુનું સુંદર વિશાળ લલાટ છે કામદેવને મોહ પમાડે એવા મનોહર સ્વરુપવાળા, કમળની પાંખડીયો જેવા મનોહર નેત્રોવાળા, ગોળ કપોળવાળા, શોભાયમાન સુંદર અણિયાળુ દિવાની જયોત જેવું નાસિકા એવા મનોહર રુપવાળા. ચંદ્રમા સમાન મનોહર મુખ કમળવાળા શુધ્ધ શોભાવાળા, હાથીની સુંઢ જેવી જાનું વાળા લાંબા જાનું પર્યાંત હસ્તકમળવાળા અભયવર આપનારા લોકોનાં કલ્યાણ કરવા ઉત્તમ**

**અંગોને ધારનારા.મંદ હાસ્ય કરનારા આશ્રિતોની આશાઓને પૂર્ણ કરનારા ઉંચી અને ઉપડતી છાતી વાળા સમાન ઉદરવાળા ઉદરમાં ત્રીવળી પડે છે તે જોવામાં સુંદર લાગે છે કેસરી સિંહ સમાન સુંદર કેશવાળા કામને મોહ પમાડે તેવી છબીવાળા, ઉંડી ગંભીર નાભી કમળવાળા, કેળના થંભલા જેવા સાથળવાળા, સુંદર અંગોવાળા, બંને જાનુંઓ જાણે શિલિમૂખનું ધામ ન હોય ? ગોળ ગુલાફનું ગોળ વર્તુળ જાણે ખૂબજ શોભતું હતું. કમળની પાંખડી જેવા કોમળ ચરણ કમળના તળાઓ વાળા લોકો જેમનું ધ્યાન ધરે છે તથા કામદેવના કામને હરનારા એવા સુંદર ચરણવાળા.**

**આવી રીતે નખશીખ પર્યંત સ્વરુપની છબી ત્રણનેત્રવાળા મહાદેવજીએ દર્શન કરી લીધા.** જાણે દીનદાસ હોય તેમ સ્તુતિ કરી હતી. હે નાથ આપનો જય જય થાય લોકોના પાપને બાળનારા પૃથ્વી ઉપર લોકોના કલ્યાણ માટે દેહને ધરનારા. હે ધર્મનંદન ! આપ સર્વનાં પાપના સમુહનો નાશ કરનારા દેવોના સમૂહની સાથે પવિત્ર ચરણકમળ જગતના જીવોને વંદન કરવા માટે છે. વેદો જેના ગુણો ગાય છે તોયે તેને નેતી નેતી પાર નથી પામતા એવા મનોહર મૂર્તિ શોભાવાળા મનોહર મુખચંદ્રવાળા આપ છો. હે પ્રભુ! આપ સર્વના મનનેં આનંદિત કરવા મંદ મંદ હસો છો. મંદ ગતિથી ચાલો છો તેને હંસ જોઈને લજ્જા પામી જાય છે. હે ઘનશ્યામ ! સર્વ સૃષ્ટિના સર્જક આપ એક જ છો. આપનો બ્રહ્માદિ ઈશ્વરો અનેક આવ્યા કરે છે. આપ કલીકાલીન પાપોનો નાશ કરો છો. હે કમળા નિવાસ! આપ ભવસાગરને તારનારા ગરીબ ભકતોનો ઉધ્ધાર કરનારા આપ જ છો. સર્વને પ્રેરણા કરનારા સર્વના આધાર એવા અવતારના અવતારી આપ એક જ છો. અત્યારે અવતાર ધરીને પધાર્યા છો. હે પ્રભુ ! શારદા શેષ આદિક આપની સેવા કરે છે. ન દેખાય તેવા અનાદિ રુપવાળા આપ એકજ છો. સગુણ નિર્ગુણ એવા આપ બધા ગુણોને ધારણ કરનારા છો. ચારે વેદો તમોને સર્વોપરી જાણીને ગુણને ગાયા જ કરે છે. બાવન ઉપનિષદો દિવસ રાત ગાયા જ કરે છે. તોયે પાર નથી પામતાં. **તેજ આપ યોગ્ય રુપ ધરીને ઘનશ્યામ પ્રભુ તમો અત્યારે શોભો છો. તમને છોડીને બીજાનો આશ્રય કરે છે તે કુપાત્ર તણખલા જેવો જીવ છે. તથા જે જીવ તમને છોડીને બીજાની ભકિત કરે છે તે જીવ ગંગાના કાંઠે કૂવો ખોદે તેવો મૂર્ખ છે. મંદમતિ તે જ મુર્ખ મહા અધમ પાપીષ્ટ પૃથ્વી ઉપર અપાર પાપનો ભાર કરે છે. અને અપાર પાપનો જથ્થો ભેગો કરે છે. પ્રત્યક્ષ રુપનો ત્યાગ કરીને પરોક્ષનો આશ્રય કરીને તેનું ભજન કરે તો તેને ભયાનક અસુર જ જાણવો. હે કમળના નિવાસરુપ કરુણાના સાગર એવા હે પ્રભુ ! મારી બાજુ દ્રષ્ટિ કરજો. આપના ચરણ કમળની સેવા માટે મારા મનરૂપી ભમરાને સેવવા દેજો. બીજે બધેથી મારી વૃત્તિ છૂટીને કેવળ આપના સ્વરુપમાં જ મારું ચિત્ત રહે એવી કૃપા કરજો. હે દેવ ! આપનો જય જયકાર સર્વત્ર થાય, હે પ્રભુ ! મને આપનો દાસ જાણીને વરદાન દ્યો. નિષ્પાપ ભકતની પાસે અમને વાસ દેજો. આમ કહીને મહાદેવજી મૌન રહ્યા. ત્યારે સુખ ધામ ઘનશ્યામ પ્રભુ આ પ્રમાણે વચનો કહેતા હતા.**

**શ્રી હરિ શંકરને કહે છે તમે કયા કારણે અહીં આવ્યા છો ? તેમાંય તમારા બધાજ સમાજને લાવ્યા છો. તમે મારા દર્શન કરવા શા માટે આવ્યા છો. ? દર્શન કરીને સ્તુતિ કરી તે કહો. શંકર કહે, હે શ્યામ પ્રભુ ! તમે સાંભળો તમે તો સર્વજ્ઞ છો. તે છતાં પૂછો છો માટે કહું છું. હે પ્રભુ ! આપને હાથ જોડીને કાંઈ પૂછવા માટે આવ્યો છુ. તેથી કહું છું. હે કમળ નયન પ્રભુ ! મારુ કાળચક્ર જગતમાં ખૂબ જ ભારે ફરવાનું છે. પૃથ્વી ઉપર અગણિત માણસો મરવાનાં છે. નર-નારીજનો અપાર મરશે. એમાં જોગણી ખપર ભરીને મનુષ્યોના લોહીનું પાન કરશે. પાન કરીને નાચગાન કરશે અને જગતને ત્રાસ કરશે. આમાં આપની જે મરજી હોય તે**

**આપ મને આજ્ઞા કરો હે દયાળુ ! આપની આજ્ઞા પ્રમાણે જ કરશું. આપને હાથ જોડીને વિનંતી કરૂ છું. આપતો સર્વજનના પ્રાણપ્રતીપાળ છો.**

**ત્યારે ઘનશ્યામ પ્રભુ શંકરને કહેતા હતા કે શંકર અમારાં વચનો સાંભળો તમે કાળ ચક્રમાં અમારા આશ્રિત સત્સંગીની રક્ષા કરજો એવી આજ્ઞા કરું છું. સર્વે સંતો અને હરિભકતો જે હોય તેમનું પાલન કરો કાળચક્રમાં કોઈ સત્સંગીને ન લેશો એજ અમારી આજ્ઞા છે. અને તમને અમે ખાસ કહીએ છીએ અને આજ્ઞા કરીએ છીએ. સત્સંગી ન હોય એમને તમે ખપ્પરમાં પીલશો તો તેમાં કોઈ જ વાંધો નથી. પૃથ્વી ઉપર અતિભાર વધ્યો છે એટલા માટે મહેશ તમે જે પાપના પર્વત જેવા હોય એ બધાજ પાપીઓને નાશ કરો. આવી રીતે શ્રી હરિના મુખની વાતો સાંભળીને ચિત્તમાં ધરી લીધી. સુકા ભેળા લીલા વૃક્ષોને સુકા કરીને દવમાં બાળે તેમ અમારા દાસના દોષોને બાળજો. બધાં જ દુષ્ટોના ભેળાં હરિભકતો હોય તેમને મારશો નહિં. અમારી કહેલી વાતો સત્ય માનજો. કોઈને આંચ ન આવે એ મારી વાણીને સત્ય રાખજો. આવી રીતે શ્રી હરિએ કહેલી વાતને સાંભળી ચિત્તમાં ધારી લીધી. પછી** શંકર કહે **હે પ્રભુ ! મારી ઉપર રાજી થાવ મારી વાતને ઉરમાં ધરો હે કૃપાળુ નાથ ! મારી ગાથા છે તે કહું છું. તે આપ સાંભળવા કૃપા કરો. બધાજ સત્સંગી હરિજનો અને સંતો મારા ચિન્હને (રૂદ્રાક્ષને) ગળામાં ધારણ કરે. નર-નારી પાસે ધારીને એ રુદ્રાક્ષનોપારો ઓળખીને રાખે. મારું ચિન્હ જોઈને અતિશૂળના સમયમાં ઉપકારનું સાધન થશે એ મારા વચન સત્ય જ થશે.**

**આ રીતની વાત સાંભળીને સ્વામિનારાયણ પ્રભુ બધા લોકોને સુખ આપનારી વાત કહેતા હતા. બધાજ મારા ભકતો આનાથી તરવાનું સાધન છે.** સંતોને તથા હરિજનોને રક્ષણ કરનારી આ પ્રમાણે રહેનારની વાત પ્રસિધ્ધ છે. તેને વખાણીને શ્રીહરિએ કહી આ રીતે મહાદેવજી સ્વપનામાં આવ્યા તે સદા શિવે પોતે જ વાત કહીને સમજાવી પ્રતિપાલ દયાળુ પોતેજ સભામાં વાત કહી. એ સત્ય જ કહયું છે. **મહાદેવજીએ કહયું કે મારૂં ચિન્હ રાખો રુદ્રાક્ષનો મણકો બધાને ધારવાનો આમ** કહી **કરી પ્રભુને વિનંતી કરી. શિવજી વચન નક્કી કરીને પછી કાશીમાં પોતાના સ્થાને ગયા. આ રીતે કૈલાસ વાસી પ્રભુ સદા શિવ પ્રભુને મળીને ગયા.**

**પછી પ્રભુ પોતે જાગીને સાચું સ્વપનું જોઈને પ્રભુએ રુદ્રાક્ષ ધારવાની આજ્ઞા કરી સર્વે સંતો હરિજનો આ વાતને સાંભળી પીનાકિન શિવ પ્રભુની વાર્તાને શિર પર ધારીને શિવજીના ચિન્હને ધારણ કરવાનું. નક્કી કર્યું દરેક નર-નારીને એક એક મણકો ધારણ કરવાનો આ વાતને મારા આશ્રિતજનોએ ખાસ ધ્યાનમાં લેવી.** આમ કહીને નાચિકેત ઋષિની રુદ્રાક્ષની માળાને લઈને તેમાંથી એક એક મણકો. સંતોને ધારણ કરાવ્યો. સંતોએ શ્રીહરિની મરજી જોઈને પ્રેમથી ધારણ કર્યો. આવી રીતે અર્ધા વર્ષે અજિત પ્રભુએ પ્રકરણ કરેલું. રુદ્રનું ચિન્હ રુદ્રાક્ષનો પારો પવિત્ર હરિજનો સંતો સહિત સર્વને ધારણ કરાવ્યો.

આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુએ ઘણી બધી લીલાઓ **નાદરીપુર** ગામમાં કરીને સંતોને ખૂબજ મોટું અદ્ભૂત ધામનું સુખ ઘનશ્યામ પ્રભુએ આપ્યું. હે રાજન! તમે પૂછેલી વાર્તા તથા શંકર ભગવાનની સ્તુતિ સાંભળી હતી. તે બધીજ લીલા ખૂજબ વિસ્તાર કરીને કહી દીધી.જેથી સાંભળનારના પાપો બળીને ખાખ થાય છે. ભકતજનોની લાલસાઓ તથા ભયહરવાનું બધું જ કાર્ય પૂર્ણ કરીને પછી શ્રી હરિ મહાપ્રભુએ નાદરી ગામે સવારમાં વહેલાં ઉઠીને પરવારીને પ્રયાણ કર્યું. હે રાજન! મહાપ્રભુ સંતોની સાથે નાદરી ગામેથી માર્ગના ગામોમાં દર્શન આપી વડુ પધાર્યા. પ્રેમથી પુરુષોત્તમ પ્રભુને જોવા માટે (દર્શન કરવા માટે) આવતાં હતા.

તે ભકતજનોના મનોરથ પૂર્ણ કરીને સુખ આપતા હતા.

મહાદેવજીની સ્તુતિ કરી સંવાદ કર્યા તેનું વર્ણન કર્યું તે બધુજ સુખ આપનારું થયું. મોહન પ્રભુએ પરમાનંદ કરવા રુદ્રાક્ષ ધારણ કરવાની આજ્ઞા કરીને બધાને ધારણ કરાવ્યું. આવી રીતે બહુનામી શ્રી હરિએ ખૂબજ લીલાઓ કરીને **વડુ ગામે** પધાર્યા. એ રીતે શ્રીહરિલીલાસિંધુમાં લહેરી રુપે બારમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદ સિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ અને શંકર સંવાદનું વર્ણન કર્યું. એ નામે બારમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૨ ॥**

## તરંગ-૧૩

આનંદ રાજા કહે છે ગુણોના ધામરુપ જેમનું નામ જગતના લોકો અયોધ્યા પ્રસાદજીથી બોલે છે. બધાં જ સ્ત્રી પુરુષો કહે છે અને ભગવાન પુરૂષોત્તમ નારાયણના પુત્ર છે. સુખ શાંતિ કરનારા છે. એવા હે મારા ગુરુ ! **વડુ ગામે** ગુણના સાગર શ્રીહરિ સંતો સાથે પધાર્યા ત્યાં મહાપ્રભુએ કઈ કઈ લીલાઓ કરી કૃપા કરીને મને કહો.

અવધપ્રસાદજી કહે છે. ઘનશ્યામ પ્રભુએ જે જે લીલા કરી તે હું જાણું છું. તે તમને કહું છું તેને હે રાજન ! તમે સાંભળો. સર્વ જગના જીવન જ્યારે વડુગામ આવ્યા ત્યારે તરતજ બધાજ લોકો પ્રભુની સામે દોડતાં દોડતાં આવ્યાં તેમાં **તુલસીદાસ, જેરામભાઈ, માનાભાઈ, ગોયલભાઈ,** આદિકજનો લાવેલ ભેટો શ્રી હરિને અર્પણ કરીને મનમાં રાજી થયાં. ઉંચા કંઠથી પ્રભુના ગુણની સાથે કિર્તન ગાતાં હતાં. મંદ ગતીથી ચાલતાં મનમાં આનંદ પામતાં હતાં. આવીને પ્રભુના ચરણોમાં બધાજ ભાવિક નર-નારીજનો સુંદર રીતે નમન કરતાં હતાં.ભકતજનો આવતાં હતાં ને ગુણ ગાતાં હતાં. આવીને મહાપ્રભુના ચરણમાં ભેટ ધરીને નમન કરતાં હતાં. અનેક પ્રકારના વાંજા વગાડતાં થકાં પુરનાં લોકોની સાથે પ્રભુ પુરમાં આવતા હતા. **માના ભગતના** ફળીયામાં આગળના ભાગમાં પ્રભુ રાજી થઈને મુકામ કરતા હતા. પાકો તૈયાર કરીને ઘી અને પુરી સાથે અનેક પ્રકારના પકવાન્નો સંતોને ભાવ ભરીને પ્રભુ વારંવાર પીરસતા હતા. પ્રેમ વધારીને શીરો સારી રીતે આગ્રહ કરીને પીરસતા હતા. જયારે સંતો જમી રહયા ત્યાર પછી પ્રભુ થાળ જમતા હતા. ને વખાણ કરતા હતા.જન સુખદાયક સુંદર રસોઈ જમીને મુખવાસ લીધો. પાન સોપારી તથા તજ એલાયચી પ્રભુને મનમાં ભાવતી લીધી. શ્રી હરિ મહાપ્રભુએ મુખમાં મુખવાસ લઈને ભકતજનો અને સંતોને સુખ આપ્યું. જીવનપ્રાણ પ્રભુ રાત રોકાયા અને સવારે ત્યાંથી પ્રયાણ કરી ચાલતા હતા.

મહાપ્રભુ **ઝુલાસણ** ગામે પધાર્યા. ત્યારે ખબર પડવાથી ભકતજનો લેવા માટે સામાં આવ્યાં. અનેક પ્રકારનાં વાજાં વગાડતા હતા પ્રભુને પોતાના નિવાસ સ્થાન તરફ ગામમાં લાવતાં હતાં. **સતિબાઈ, રુપા, રતન,કેશર, અવલ,** આદિક બાઈઓ અને ભાઈઓમાં **નરસંગદાસ, ઝવેરભાઈ, રાયસંગભાઈ, દેવકરણ** આદિ તથા **હીરા ભગત** સહિત બધાં આવ્યાં ભકતો મહાપ્રભુને પુરમાં લાવ્યાં. **ઝુલાસણ** ગામના ચોરામાં પલંગ પાથરેલો હતા. તેની ઉપર મહાપ્રભુને બેસાડયા. ને ગુણીજનો પ્રભુના ગુણને પ્રેમથી ગાતા હતા. પ્રભુ પધાર્યાનો આનંદ માતો ન હતો.શ્રી હરિના માટે રામ ભકતના ઘેર રસાળ થાળ તૈયાર કરાવરાવ્યો. શ્રી

ઘનશ્યામ પ્રભુ જમ્યા અને સંતો તથા સર્વેજનોને પીરસીને જમાડતા હતા. થાળ જમીને મહાપ્રભુ રાત રોકાયા પ્રભાતઃકાળ વેળા થઈ એટલે પ્રયાણ કરી પ્રિતમ પ્રાણ **પાનસર** ગામે પધાર્યા. પુરવાસી લોકોનાં મનમાં પ્રેમ ભકિતભાવનો વધારો કર્યો. લાકડાની કળા કામ કરનાર **સુથાર જ્ઞાતિના પિતાંબર ભકત** પ્રેમથી રહેતા હતા. તેઓ ભકતજનોને લઈને પ્રભુની સામે ગયા. પ્રભુ પાસે આવીને પ્રભુને પોતાના ઘરે પધારવા પ્રાર્થના કરી સારા ચોખ્ખા મકાનમાં પ્રભુએ ઉતારો કર્યો. પોતાની રુચિ પ્રમાણે ભોજન કરતા હતા. રાતે સંતોની સાથે પ્રભુ સરોવરની પાળે રહેતા હતા. પછી મહાપ્રભુ ત્યાંથી **ઓળા ગામે પધાર્યા.** ત્યાં ભાવિક ભકતોના મનના ભાવનો વધારો કર્યો. ભગવાનનું આગમન જાણીને ભકતજનો સૌ સામા આવ્યા. પ્રાણનાથ મહાપ્રભુના દર્શન કરીને આનંદ પામ્યા. ઉમંગ વધારીને પ્રભુ આગળ ઉત્સવ કરતા. મહારાજને પુરમાં લાવતા હતા અને અનાદ પામતાં હતાં. સુંદર રસોઈ બનાવીને સખાઓની સાથે ઘનશ્યામ પ્રભુને જમાડતા હતા.પછી મહારાજનું પ્રિતથી પૂજન કરતા હતા. ફૂલના હારો તોરાઓ બાજુબંધોથી શણગારી ચંદનના લેપ કરી સુખ કરતા હતા ને લલાટમાં ચંદનની અર્ચાથી ભારે શોભતા હતા.

હે રાજન! ભયને હરનારા પ્રભુને ભેટીને મનમાં ભાવતા હતા. અનેક જન્મના તાપને સમાવતા હતા. અતિ સુખદાયક દિન દયાળુ વારંવાર દર્શન દઈને પ્રભુ ત્યાંથી જવાનું કરતા હતા.અજિત મહાપ્રભુ ગાંમ **અડાલજમાં** પધાર્યા. ત્યાં અતિ **સુંદર કલાકારીથી બનાવેલ વાવને જોતા આનંદ પામતાં હતા. તે વાવમાં પ્રભુ સંતો સહિત સ્નાન કરતા હતા. પુરુષોત્તમ મહાપ્રભુ પ્રેમથી સર્વના ભાવને પૂર્ણ કરતા હતા.** ભકતજનોના ઘેર રસોઈ તૈયાર થઈ એટલે પ્રભુ ભોજન જમી સંતોને પીરસી જમાડયા. ત્યાંથી પ્રભુ ચાલતા થયા. અને **મોટેરા** ગામે પધાર્યા ત્યાં ભકતજનો જગતજીવન જગવંદન પ્રભુનાં દર્શન કરતા હતા. **મોટેરામાં ભૂધર** અને **પુરુષોત્તમ** ભકતો સમાચાર સાંભળીને અનેક ભકતો વાજાં વગાડતાં થકાં સામા આવી ધર્મકુમારને પુરમાં લાવતા હતા. હે રાજન ! **ત્યાં દલા ભકતની પત્નિ રસોઈ તૈયાર** કરતી હતી. તે રસોઈ તૈયાર થઈ એટલે નાથ રસોઈ જમીને પછી સંતો ભકતોને જમાડતા હતા. ઘનશ્યામ પ્રભુ **મોટેરા** ગામમાં રસદાર રસોઈ ભકતજનોના ઘરમાં જમીને આનંદ આપતા હતા. નાથ જમીને પછી બધાને સાથે જમાડતા હતા. ગુણવાન સંતો ગુણ ગાતા હતા.

હે રાજન ! મનમોહન પ્રભુ મુખમાં મુખવાસ લઈને ભકતોને આનંદ કરાવતા હતા. આમ સુખ આપ્યા પછી પ્રભુ શૈયામાં વિરાજમાન થઈને જગતના કારણ યોગનિદ્રામાં **ગુણનીધાંન** ગયા. ધર્માત્મજ નિજ સ્વરુપનું ધ્યાન ધરતા હતા. ચંદ્ર સમાન મુખકમળવાળા શયન કરીને બંને નેત્રો બંધ કરીને સુતેલા પ્રભુ ખૂબ શોભતા હતા. સવારમાં વહેલા કુકડાના બોલવાનો શબ્દ સાંભળીને ઘનશ્યામ પ્રભુ જાગ્રત થયા. તૈયાર થઈને ત્યાંથી પ્રયાણ કર્યું. મહાપ્રભુ **અમદાવાદ** શહેરમાં પધાર્યા. અનંત જગતના કર્તા પ્રભુની સાથે સંતો આવેલા હતા. **અમદાવાદ**ને પાવન કરી કમળ નયન આશ્રિત ભકતજનોને દર્શનનું સુખ આપીને બજાર વચ્ચે થઈને જગતના ભાન કરાવનારા ચંચળ નયનથી સર્વના ચિત્તને ખેંચતા થકા ગયા. શ્રીહરિ મહાપ્રભુને **જેતલપુર** આવવાના સમાચાર જાણીને ગામનાં જનો સાવધાન થઈને ભેરી ભૂંગળ પડધમ આદિક વગાડતાં થકાં તેડવા માટે આવ્યાં. ત્રંબાળુ, ત્રાસા, પખાજ, ઝકઝુમ કરતા થકાં ઝાઝું વગાડતાં થકાં નવા નવા સાજને સજજ કરીને પાણી ભરેલા ઘડા હાથમાં લઈને કુંકુમના થાળ લઈને અનેક પ્રકારની ભેટ તથા શ્રીફળ અર્પણ કરી પ્રભુનાં સ્વરૂપને ઉરમાં ધારીને પોતાના મનમાં આનંદ પામતા હતા આવેલા ભકતોમાં **આશજી ભકત, જગજીવનદાસ,**

**શંકર, સુદાસભાઈ** ગુણવાળા **ગંગાદાસ મુખી** પણ આવ્યા. પ્રેમી ભકત **કાકુભાઈ પટેલ** આવ્યા હતા. **મનોહરદાસ** ભકત બીજા **ગંગા બા** આદિ ગુણવાન અનેક બાઈ ભાઈ આવેલાં. આવેલા દરેક ભક્તોએ શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવીને નમન કર્યાં. લાવેલ ભેટ અર્પણ કરી ત્યાર પછી પ્રભુ કુશળ સમાચાર પૂછતા હતા. હરિભકતોને મનમાં અતિ આનંદ થતો હતો. બધાં ભકતજનોને પ્રભુ વારાફરતી મળતા હતા. હરિએ બધા જ હાલ હવાલ જાણી લીધા. સમાચાર મેળવ્યા પછી મહાપ્રભુ ભકતોની સાથે **જેતલપુર**ના લોકોના સુખદાતા સુખ આપવા આવતા હતા. મહારાજ **જેતલપુર** ગામ આખામાં ફરીને લોકોના મનના ફંદોને હરિ લેતા હતા. આનંદના સાગર ચંદ્રસમાન મનોહર મુખકમળવાળા મહારાજને મહેલમાં વાસ કરાવી આપ્યો.

હે રાજન ! તે મહેલની છબી અલૌકિક છે તેને મુખેથી વર્ણન કરી જ ન શકાય તેવી છે. જગતના પતિ પ્રભુ જયાં નિવાસ કરે છે. તે બ્રહ્મ મહેલના સ્વામી અનંત કોટિ બ્રહ્માંડના નાથ છે. તળાવની પાળ ઉપર શોભતા અનેક વૃક્ષોની વચમાં આ મહેલ શોભે છે. તે મહેલમાં શોભાવાળાં ગોંખો છે. તે મહેલ અનેક રંગોથી રંગેલો શોભે છે. તે મહેલની ઉપર ઉંચી અગાસી સુંદર છે. તેની ઉપર પક્ષીઓનો સમૂહ કિલ્લોલ કર્યાજ કરે છે. તે વૃક્ષોની છાયાની વચમાં મહેલ ખૂબજ શોભે છે. તળાવનાં પાણીનો તાગ ખૂબ જ ઉંડો હતો. તેનું પાણી ખૂબ જ સ્વચ્છ હતું. પીવા માટે સ્વાદિષ્ટ હતું. ભ્રમરાઓ કમળ ઉપર ભ્રમણ કર્યા જ કરે છે. તે જોઈને મુનિજનો મનમાં આકર્ષાતા હતા. જળમાં રહેનારાં પ્રાણીઓ જળમાં વિહાર કરતા હતા. વૃક્ષ કાંઠા ઉપર જાણે વેલીઓ વૃક્ષને વિંટાઈને શોભતી હતી. મહેલમાં પવન મંદ મંદ રીતે વાતો હતો. તેનાથી મહેલમાં ઠંડો પવન આવતો હતો. આવી રીતની અનંત મૂર્તિની છબીની સાથે તે જમીન તળ ઠંડકથી શોભતી હતી. તે તળાવની પાળ ઉપર મહેલમાં સમાજની સાથે એમનાથી પાર શ્રી હરિ નિવાસ કરતા હતા.

શ્રી હરિનું શરીર ઠરે છે એમ જાણીને સગડી કરીને તપાવતા હતા ત્યારે **વિસનગરથી** સંતો આવ્યા. તે સંત મંડળી તે જ વખતે પ્રભુને દંડવત્ પ્રણામ કરતા હતા. સાંષ્ટાંગ દંડવત્ કરીને પ્રભુની પાસે સામા બેઠા. બધાજ સંતોને મહારાજ સમાચાર પૂછતા હતા ત્યારે સંતો હાથ જોડીને સુખના ધામ મહારાજને ખુશીના સમાચાર કહેતા હતા. શ્રીહરિ સંતોની વાત સાંભળીને સંતોને કહેતા હતા. તમે બધાય અહિ **જેતલપુર** ધામમાં જ નિવાસ કરો આ ધામ બહુજ સારું સમૃધ્ધિવાળું છે.ત્યારે સંતો મહારાજને કહે છે હે મહારાજ ! અહિ પુરી ભિક્ષાજ ન મળે એટલે મુનિ કેવી રીતે પ્રીત કરીને રહે ? ત્યારે તે સાંભળીને કરુણાનિધાન બધાજ સંતો પ્રત્યે કહેતા હતા કે પાશેર અનાજ જમીને બાઈઓ સુખેથી ને આનંદથી રહે છે. આમ સમજીને મુનિરાજ આજથી જ વાત વિચારીને જેટલી ભિક્ષા મળે તે જ ખાઈને રહો. દિવસ રાત ભજન કર્યા કરો. એજ ત્યાગીઓનો ધર્મ છે. એમ મહાપ્રભુ સંતોને આજ્ઞા કરતા હતા. અને સંતો શ્રીહરિના વચનોને હૃદયમાં ધરીને બેઠા હતા. શ્રી હરિભકતો ઉપર કરુણા કરીને રહેતા હતા ને **જેતલપુરમાં** પાપોને બાળતા હતા.

હે રાજન ! શ્રી સહજાનંદ પ્રભુ લોકોના હિત કરવા માટે અડધો માસ નિવાસ કરીને રહેતા હતા. હે રાજન ! રાજાના રાજા લોકોના કામો કરવા સુખ આપતા હતા. નિત્ય પ્રત્યે શ્રીહરિ પુરમાં ભોજન કરવા જતા હતા.લોકોને સાથે લઈને મુનિઓના સ્વામી ધર્મકુમાર લીલા કરતા હતા. જમીને જમાડતા હતા. સંતોને પીરસતા હતા. નિત્ય પ્રત્યે દયાળુ સર્વે નવિન લીલા કરતા હતા. બહુનામી તે **જેતલપુર** ભૂમિના ખૂબજ વખાણ કરતા હતા. છતાં તળાવની પાળ ઉપર રહેલા વેલીઓ અને વૃક્ષોને જોઈને પ્રભુ રાજી રાજી રહેતા હતાં

**બધાજ તિર્થોમાં જેતલપુર તિર્થ શિરોમણી મોટામાં મોટું ધામ છે એમ જાણવું. આ તિર્થ મને અતિ પ્રિય છે. આવી રીતની વાત મારા અંતરમાં મને ખૂબજ પ્રિય લાગે છે. આ જેતલપુરની ભૂમિ ખૂબજ રમ્ય છે. આ રમ્ય ભૂમિનું મૂળ અતિ વૃક્ષવેલીઓ છે. તે યોગ્ય જ છે. માહોલની મનોહરતા મનને ખેચનારી છે. જીવને શાંતિ આપનારી છે.** શ્રી હરિ દરરોજ સરોવરમાં નહાતા હતા. અને ઘનશ્યામ પ્રભુ ગામમાં ઘરો ઘર થાળ જમતા હતા. તે સ્થળ ઉપર પંદર દિવસ રહી અનેક લીલાઓ કરતા હતા. આવી રીતે શ્રી હરિએ **જેતલપુરના** સુખ અર્થે લીલા કરીને મનુષ્યોના પછી પ્રભુ ત્યાંથી સવારમાં વહેલાં પ્રયાણ કરતા હતા. અને મહારાજ **જેતલપુરથી ગામડી ગામે** પધાર્યા. ગામ **વડુ થઈને** વિચરણ કરતા થકા **અડાલજ** પધાર્યા. ત્યાંથી પ્રભુ મનમોહક મોટેરા પધાર્યા. પછી મહારાજ **અમદાવાદ** શહેરની બજારોની વચ્ચે થઈને **જેતલપુર** પધાર્યા.

આવી રીતે પુરની શોભાની ખૂબજ વર્ણન કરીને પછી મહારાજે મહેલમાં વાસ કર્યો. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહેરીના રૂપમાં તેરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ જેતલપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું. એ નામે તેરમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૩ ॥**

# તરંગ-૧૪

આનંદ રાજા પુછે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! શ્રી હરિ **જેતલપુરથી** ગામડી ગામે પધાર્યા ત્યારે પ્રભુએ એક લલિત લીલા કરી તથા પછી ત્યાંથી પ્રભુ કયા ગામમાં પધાર્યા એ પરમ પવિત્ર લીલા મને કહો. અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુની વાતો ભાવનાથી ભરેલી છે. માટે તે તમોને કહું છું. તેને તમે પ્રેમથી સાંભળો. શ્રી હરિ મહાપ્રભુ ગામડી ગામે જઈને મોટો ઉત્સવ કરતા હતા. હે રાજન! તમે ધન્ય છો તમારા જીવનને ધન્ય તમારા માતા પિતાને પણ ધન્ય છે. કેમકે તમે પ્રેમ મગ્ન થઈને શ્રી પુરુષોત્તમ પ્રભુના ચરિત્રોને સાંભળો છો જે નથી સાંભળતા તેને શાંતિ નથી થતી.

ગામડી ગામમાં પૂર્ણકામ નિષ્કામ પ્રભુ સંતોની સાથે આવ્યા તેથી સર્વના મનમાં આનંદ થયો. પ્રભુના આવવાની વાત સાંભળીને નર-નારીજનો સર્વે સાથે મળીને જલ્દીથી સામે આવ્યાં. સાથે વાજિંત્રોને વગાડતાં ગાતાં થકાં પ્રભુને રાજી કરવા આનંદથી આવ્યાં. સર્વેજનો પ્રભુને ગાતાં વગાડતાં થકાં પુરમાં લાવ્યાં રસોઈ તૈયાર કરીને મહાપ્રભુને ભોજન જમાડતા હતા. ભયભંજન પ્રભુ ભાવ ભરીને ભોજન જમ્યા. પછી મુનિજનોને જમાડવા મહાપ્રભુ પ્રીતથી પીરસતા હતા. કેડ બાંધીને પ્રવિણ પ્રભુ સર્વના નાથ પંકિતમાં સર્વે સંત ભકતજનોને ખૂબજ પીરસીને જમાડતા હતા. તેમાં સંતો નવિન વાતો કરીને સર્વેજનોને આનંદ કરાવતા હતા.

સંતોને જમાડીને સદાય સુખના સાગર પ્રભુ અનેક રુપના પ્રકાશક સર્વના સ્વામી **ગામડીથી કુણા નામના** ગામે સર્વે સંતો ભકતજનોની સાથે પધાર્યા. પ્રભુ પધારવાના સમાચાર જાણીને બધાં ગામના લોકો સામે આવતાં હતાં. ગુણનાં કિર્તનો ગાતાં આવ્યાં બધાં પ્રભુને નમ્યાં પછી મહાપ્રભુને પ્રેમી ભકતો પોતાનાં ઘેર પધરાવીને પલંગ તૈયાર કરેલો તેના ઉપર પધરાવતાં હતાં. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુને જાણતાં હતાં. તેથી

પ્રભુની સેવા બધાજ ભકતજનો મળીને સંતોની સાથે ખૂબ સેવા કરતા હતાં. રસદાર રસોઈ તૈયાર કરાવીને સુંદર ભોજન મહારાજને જમાડતાં હતા.સર્વેને જમાડીને પુરુષોત્તમ પ્રભુ ભકતો સંતોની સાથે ડભાણપુરે ખૂબજ ખંતથી પ્રભુ સુખ આપવા પધાર્યા. શ્રી હરિ મહાપ્રભુ **વસ્તાભાઈને** ઘેર ભોજન જમીને પછી **ડભાણને** જોવા માટે પધાર્યા. પ્રાણના આધાર સુખ આપવા પધાર્યા. **ડભાણપુરની** શોભા જોઈને તેમાં સંદર વૃક્ષોની લાઈનોની ગીચતા અને ઘરોની લાઈનોની સજાવટ જોઈને મુનિઓના સ્વામી ખૂબજ રાજી થયા. **રઘુનાથભાઈ** આદિક ભકતજનો ઘનશ્યામ પ્રભુ ગામની નજીક આવ્યા છે એમ જાણીને દર્શને આવ્યા અને અજિત પ્રભુને પોતાને ઘેર પધરાવ્યા.

પાક બનાવીને પરિબ્રહ્મ પ્રભુને પ્રેમ સાથે ખૂબ જમાડયા ત્યારે પ્રભુ જમતાં જમતાં હરખાતા થકાં સર્વનાં પાપોને હરતા અને સુખ દેતા હતા. શ્રી હરિ મહાપ્રભુ જમીને **રઘુનાથદાસ** આદિક ભક્તોને કહેવા લાગ્યા કે મારા આશ્રિતો તમે સૌ સાંભળો આ વરસનો કોઈ ભરોસો નથી. તેથી તમે લોકો પાંચમણ કોદરા લઈ લેજો આ વરસે વર્ષાદનો  કોઈ ધડો નથી તેથી ખૂબજ સાચવવાનું છે. દુકાળ થવાનો છે તેનાથી બેહાલી વધવાની છે. એટલે હું સાચુંજ કહું છું. ધન ધાન ઘર ગરાસને રાખજો એવું આગળ ભાળ્યું છે એવું તમારી આગળ જાહેર કરું છું.

ઘનશ્યામ પ્રભુની વાણી સાંભળીને રઘુનાથ કહે છે હે પ્રભુ ! બાજરી ખુબજ છે ખુટશે નહિ. ખળ કપટી અસુર જીવનો નિકંદન થવાનો છે એતો આપના પ્રતાપથી જ થાય છે એમ જાણીએ છીએ. આવી રીતે વાત જાણીને પછી પોતાના આશ્રિતજનોનાં પાપને બાળવા મહાપ્રભુએ પ્રયાણ કર્યું. સમાજની સાથે પ્રભુ ચાલતા થયા. માર્ગમાં વચ્ચે **નાગડકાધામે** ઘનશ્યામ પ્રભુ રોકાણ કરતા હતાં.ભાવિક ભકતને જોઈને ભયને હરનારા મહાપ્રભુના સ્વરુપને ભેટીને સુખ લેવા સામાં આવતાં હતાં, તે માર્ગમાં કિર્તન ગાતાં થકાં વાજિંત્રોને વગાડતાં થકાં બધા નર-નારી આનંદિત હરિના દર્શનની આશાવાળાં, હૃદયમાં આનંદ પામતાં પ્રભુનાં દર્શન કરીને પ્રેમથી પુરમાં લાવતાં હતાં. પછી પ્રભુનું પૂજન કરતાં હતાં.  મહાપ્રભુ પ્રેમીજનોનાં ઘરે પધાર્યા. સાથે સર્વે સંતો ભકતો આવેલા તે સર્વે લોકોનાં દુઃખોને ટાળવા માટે જ પધારેલા હતા. શ્રી હરિ **નાગડકામાં** નિવાસ કરીને એક માસ રહીને ભકતોને સુખ આપ્યું. ત્યાં આગળ ભકતજનોને ધર્મની દૃઢતા માટે ભાગવત શાસ્ત્રની કથા કરાવરાવી તેને નર-નારી સર્વે ભાવ પ્રેમથી મળીને ધર્મના નિયમોને દ્રઢ કરીને સાંભળતાં હતા. એવામાં ત્યાં મહાપ્રભુનાં દર્શન કરવાના ભાવથી મુકતાનંદ સ્વામી અમોદ ગામથી સર્વે સમાજની સાથે આવ્યા. **મુકતાનંદ** સ્વામી સ્વામિનારાયણ ભગવાન પાસે રહીને શ્રી હરિના મહાત્મ્યના ગ્રંથ ભાગવત આદિક પુરાણોની દશ દિવસ સુધી  એક જ વિષય ઉપર કથા સંભળાવતા હતા. ભકતજનો સાથે શ્રીહરિ પણ સાંભળતાં હતાં. પછી મહારાજ મુનિને કહેતા હતા કે તમે **જેતલપુર** જઈને રહો મહાનુભાવાનંદ આદિક તમારે કોઈએ અમારી પાસે રહેવાનું નથી. એમ નાથ સંતોને વચનો કહીને સંતોને પ્રભુ સુખ આપતા હતા. સેવકો સુખને લેતા હતા. પછી શ્રી હરિ **સારંગપુર** પધાર્યા. અને સારંગપુરમાં આનંદ ઉત્સાહથી ઘણા દિવસ રહેતા હતા. અવિનાશી પ્રભુ ત્યાંથી **કારીયાણી** ભકતોનાં કષ્ટોને હરવા પધાર્યા. વસ્તા **ખાચરના** દરબાર ગઢમાં ધર્મનંદન પ્રભુ રહેતા હતા ને સુખ આપતા હતા. વસ્તાખાતર ચરણાવિંદનું પુજન સેવન કરતા હતા.

વસ્તા ખાચરના ભુવનમાં ભાવ સહિત ભોજન તૈયાર થતાં હતાં. અને ભયહરી ભાવ ભરીને. જમતા હતા. અને પ્રભુ સંતોને એટલા જ ઉત્સાહથી જમાડતા હતા.

મનની ઈચ્છાને પુરી કરીને વસ્તા ખાચર વિશેષ રીતે રોજે રોજ દિન દયાળુ પ્રભુની ઉત્સાહ પૂર્વક પુરા ભાવથી સેવા કરતા હતા. સર્વેજનોની મહાપ્રભુએ મનની અભિલાષાઓ પુરી કરી. પછી પ્રભુ **નસીદપુર** ગામે પધાર્યા. ત્યાંના જનોના ભાવોને પુરા કર્યા પ્રિતથી લોકોના પ્રેમને વશ થઈને મહાપ્રભુએ સેવા અંગિકાર કરીને કમળ નયન સુખકંદ પ્રભુ ફરી પાછા **સારંગપુર** આવીને ધર્મકુળ દિપક વાસ કરીને રહેતા હતા. પ્રભુએ ત્યાં સારંગપુરમાં ફુલદોલ ઉત્સવ કરવાનો ઠરાવ કરેલો એટલે ઉત્સવનો બધોજ સામાન ખૂબજ માત્રામાં ભેગો કરાવ્યો. અબિલ ગુલાલ, ખળ નામની ખળતાને તોડવા માટે અતિ નવિન પ્રકારનો ખેલ કરવાનો નિર્ધાર કર્યો હતો. કેશર, કુમકુમ, કેસુડાં, આદિક ખૂબજ માત્રામાં  સામાન તૈયાર કરાવ્યો બધાજ રંગો તૈયાર થયા ત્યારે હરિએ બધાજ સંતો સત્સંગીઓને તેડાવ્યા.

ત્યારે સર્વે સંતો અને ભક્તો સમાચાર સાંભળીને આવતા હતા. **મહાનુભાવાનંદ** આદિક મુનિરાય, **બ્રહ્માનંદ, નિત્યાનંદ,** આદિક સર્વે સંતો ભેગા થયા. હરિભકતો પણ હરિના સમાચાર જાણીને  કમર કસીને સારંગપુર તરફ ચાલવા લાગ્યા આ જોઈને દેવો આકાશ માર્ગે આવીને છવાઈ ગયા.

મહાપ્રભુએ મસ્તક ઉપર સુરંગની પાઘડી બાંધી હતી શ્રીહરિએ હાથમાં સોનાની પીચકારી લીધી હતી. અને ભકતજનોની મોટી ભીડમાં રંગોની છોળ ઉછાળતા હતા આવા દર્શન કરવા માટે ચારે બાજુ ભકતો ઉભા રહ્યા હતા. મહારાજ મોટો ખેલ મચાવતા હતા. રાજના રાજ રંગ છાંટતા હતા. લાલ લાલ ગુલાલ ઉડાડતા ને અબિલને ઉડાડતા હતા. કેશર, કેસુડા વગેરેના રંગોને જોઈને બધાની પીડાને હરતા હતા. ત્રસાંગવાળા ઢોલ વાગતા હતા. હરિજનોનાં હિત કરવા માટે શ્રીહરિ રમતા હતા અને હેતથી બોલતા હતા. હરિવર મુનિવરોની સાથે રમતા હતા.

રંગની રમત પ્રભુએ ઘણીવાર સુધી કરી રંગ રાજ ઝીલવા (નહાવા) માટે શ્રી હરિ નદીએ પધાર્યા. સર્વે સમાજની સાથે જળક્રિડા કરીને અધિક લીલા કરતા હતા.

શ્રી હરિ સ્નાન કરીને સર્વે સંતોની સાથે આવ્યા. જીવા ખાચરના દરબારમાં રસોઈ બનાવી હતી તેને સર્વે સંતોની સાથે પ્રભુ જમીને સર્વે સમાજને જમાડયો. જમીને નાથને ઢોલીયા ઉપર પધરાવ્યા. પ્રભુ પોઢી ગયા એમ જાણીને મહાનુંભાવાનંદ સ્વામી મિત્ર ભાવથી આવીને પાસે બેઠા. પ્રભુનાં ચરણ ચાંપવાના ભાવથી અધિક ઉલ્લાસથી હૃદયના ભાવ સાથે જયારે ચરણ કમળને હાથથી દબાવવાના ભાવથી હાથ અડાડયો ને તરતજ પ્રભુએ ચરણ ખેંચી લીધા શ્રી હરિ ધર્મકુમાર પ્રભુએ ચરણ કમળને પાછા ખેંચી લીધાં એમ જાણીને મહાનુંભાવાનંદ મુનિ રસાળવાણી બોલીને શ્રી હરિને વિનવતા હતા.હે કરુણાકર! કમળ નયન પ્રભુ આ જ ચરણ કમળને કારણે ગામો ગામ લોકોના તિરસ્કારને સહન કરીએ છીએ. હે મહારાજ ! ગામે ગામમાં લોકો બધાં માથે ધૂળ નાંખે છે એને અમે સહન કરીએ છીએ. એપણ આ ચરણ કમળના કારણે જ કરીએ છીએ.

હે મહારાજ! લોકો અમને પુરમાંથી બહાર કાઢી મૂકે છે. મંદ મતિનાં લોકો માર મારે છે. આ ચરણ કમળના કારણે જ સહીએ છીએ. હે સુખકંદ પ્રભુ! માતા પિતા પુત્ર ભાઈ કુળ પરિવાર નાત જાત  ધામ ધરા ધન  આ સુખ સંસારનો ત્યાગ કર્યો છે તે આ ચરણ કમળને મેળવવા માટેજ કરેલ છે. હે પ્રભુ! અમેતો આપના

વગર પગારના સેવકો છીએ આ ભૂમિમાં સર્વ ત્યાગેલ છે તે આ ચરણ કમળના કારણે જ કરેલ છે. આવું દુઃખ અમે દિવસ રાત સહન કર્યા કરીએ છીએ તોયે આમ કેમ ચરણો ખેંચી લ્યો છો.

**ગામડી** ગામે તથા **કુહા** ગામે થઈને પ્રભુ **ડભાણપુર** પધાર્યા. ભયને હરનારા મહાપ્રભુ લલીત લીલા કરીને સુખી કરી દીધાં.મહારાજ **નાગડકે** પધાર્યા ત્યાંથી **કારિયાણીપુરે** પધાર્યા. ત્યાંથી **સારંગપુર** ઉત્સવ કર્યો એ બધુ કહી દીધું છે. એ રીતે ચૌદમો અભિધાન તે રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રુપમાં ચૌદમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં સારંગપુર ફુલડોઉત્સવ કર્યો તે લીલા કરી તેનું વર્ણન કર્યું. એ નામે ચૌદમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૪ ॥**

# તરંગ-૧૫

આનંદ રાજા કહે છે હે **અયાધ્યા**પ્રસાદજી મહારાજ ! મહાનુભાવાનંદ સ્વામીનાં વચન સાંભળી પછી મુનિઓના પતિ શ્રી હરિ અતિ પ્રિય વચન કહેતા હતા. તે વચનની કથા વિસ્તાર કરીને વિગતવાર સમજાવીને મને કહો. મહાપ્રભુની અતિ પ્રતાપવાળી વાર્તા સાંભળવા માટે મારું ચિત્ત ચાહે છે. તો આપનાં મુખથી સંભળાવવા કૃપા કરો.

**અવધ ગુરુ આનંદ રાજા**ને કહે છે, હે રાજન ! તમે ધરાપતિ ધીર ધરીને હરિ ઉપર પ્રિત કરીને સાંભળો મહાનુભાવાનંદ મુનિને દયાળુ પ્રભુ સમજાવીને કહેતા હતા. યુકત પોતાના મુખે કમલાકાંત પ્રભુએ વાત કરી તે સાંભળીને સંતનું મન અતિશય મોહ હતું. શ્રીહરિ કહે તમોને એક તીર્થવાસીની વાત વિસ્તાર કરીને કહું છું તે ધ્યાનથી સાંભળો.

મુનિ કહે છે હે કમળ નયન પ્રભુ ! તિર્થવાસીએ શું કર્યું મારેએ જાણવાની ઈચ્છા થઈ છે. તો તે કહો. શ્રીહરિ કહે આપને હું ઈતિહાસ કહું છું. તે સાવધાન થઈને સાંભળો.તિર્થવાસી એક સંત કહેવાતા હતા. તે ફરતા ફરતા કાશીમાં આવ્યા હતા. ગંગાનદીમાં સ્નાન કરીને ભિક્ષાવૃત્તિ માંગીને ખાતા હતા. રાત પડી ત્યારે બજારમાં ફરતા ફરતા બજારની વચમાં જઈને વાણિયાની દુકાનમાં પોતાના કપડાથી દુકાનવાળી સાફ કરી પછી પોતે તેમાં સૂઈ ગયા નિદ્રા લીધી. જયારે સવારે વહેલા ઉઠીને વાણિયો દુકાને આવ્યો ત્યારે તિર્થવાસી કહેવા લાગ્યો. વાણિયા હું કહું તે સાંભળ મને તરત જ દશ શેર સોનું લાવીને આપ્યા આવું સાંભળીને વાણિયો ચકિત જ થઈ ગયો. અને કહેવા લાગ્યા કે તમે કયું સારું કામ કરેલ છે તે સોનું માંગો છો. તમે આવ્યા કયાંથી ! શું તમારું અમારે ત્યાં કાંઈ મૂકેલું છે. ત્યારે તે તિર્થવાસી કહેતો હતો કે તમે કયા નામાની વાત કરો છો અમે તમારી દુકાનને ખૂબજ જાપટી જુપટીને અતિ ઝાડુ મારીને ચોખ્ખી કરી દીધી છે. આ કામ કરીને સોનું અમે માંગીએ છીએ. માટે જલ્દીથી કહ્યા પ્રમાણે સોનું તત્કાળ જ આપી દો વાર ન લગાડીશ. આમ સાંભળીને વાણીયો તરતજ કહેતો હતો કે તમેતો બાવા થયા છો ને બહુ વાત મોટી કરી છે. મને બે હાલ કરવો છે. તમને તો ધક્કા મારીને બહાર કાઢી મૂકીશ તમે એવું શું મોટું કામ કરેલ છે. જે માટે અહીંથી જતા રહો નહીતો લોકો આવીને ધૂળ નાખીને પુરમાંથી કાઢી મૂકશે તમને બે હાલ કરશે. આમ તે વાણી કે તીર્થવાસીને કહ્યું એટલા માટે મળવા બહુજ કઠણ છે મહા વનમાં વાસ કરીને તાપ તડકો હિમ વર્ષા બધું સહન કરે હિમાળો ગાળે

પંચપ્રકારે પંચાગ્નિ તાપે તોય આ ચરણોનાં દર્શન નથી થતાં એવાં અમારાં ચરણ અતિ દૂર્લભ છે એમ જાણો.

હે રાજન ! શ્રી હરિ કહેતા હતા કે જે ચરણ પ્રાપ્ત કરવા જોગી જનો વનમાં વિચરણ કરે છે તોય નથી મળતાં. જે ચરણ મેળવવા માટે મસ્તકને કરવતથી કપાવીને ધડથી જુદુ કરે તોય નથી મળતું, જે ચરણને માટે અન્ન જળનો ત્યાગ કરે તો પણ મળતા જ નથી. જે ચરણ કમળ માટે ધ્યાની વનમાં બેસીને ધ્યાન ધર્યા કરે છે તો પણ નથી મળતા, તપ કરતા પોતાના શરીરને તાપમાં બાળે છે મુનિવર મનને વશ કરે છે આવા દુર્ગમ (કઠીન) આચરણ કરીને પ્રભુના ચરણ સેવા મેળવવા ઈચ્છા રાખે તોય નથી મળતાં.જે ચરણ માટે શેષ શંકર ગુણ ગાય છે. જે ચરણો માટે બ્રહ્માજી મહાકષ્ટ પામતા હતા તોય ન મળ્યાં. જે ચરણો માટે યોગી ઉંધે માથે લટકીને તપ કરે તોય ન મળે. જે ચરણ માટે રાજાઓ રાજપાટને, ત્યાગે છે અને અતિ તપ કરે છે તોય નથી મળતાં, જે ચરણ માટે લોકો છ રસનો ત્યાગ કરે છે તોય નથી મળતાં, ચરણો માટે જાપો જપાવે તોય જપથી પ્રાપ્ત નથી થતાં કોઈ રીતે નથી મળતાં.

જે ચરણો માટે અસંખ્ય જાપ જપાવે તોય મળતા નથી, જે ચરણ માટે ધ્યાનિ દ્રઢતાથી ધ્યાન લગાવે તોય ન મળે, જે ચરણો માટે જોગી અષ્ટાંગ યોગ સાધે તોય ન મળે, જે ચરણો માટે અંગોમાં અતિશય દુઃખોને સહન કરે તોય ન મળે, જે ચરણો માટે કુંભક પુરક ચક્રપ્રાણાયામાદિ કરે તોય ન મળે, એવા આ ચરણોને મેળવવાં અતિ દૂર્લભ છે  પૂર્વ જન્મનાં અતિ પુણ્ય ઉદય થાયતો જ પ્રાપ્ત થાય આ પ્રમાણેં જાણો. તમે અતિ પ્રેમ બતાવો છો પણ તમારા જેવા મોટા ત્યાગીઓ ને પણ આ ચરણ મળવા મુશ્કેલ છે. આવાં વચનો સાંભળીને મહાનુભાવાનંદ મુનિ બંને હાથ જોડીને કહેતા હતા  હે પ્રભુ ! ચારે વેદો આપનાં ગુણનેં ગાયા કરે છે તો પણ પા પામતા નથી, શેષજી સહસ્રમુખે વર્ણવીને વિરામ પામે છે અને શારદા, ગણેશ, બ્રહ્મા, વિષ્ણું, શિવાદિક અનંત કરલ્પો સુધી આપના ગુણોને ગાયા કરે તો પણ લેશ માત્ર ગુણનો પાર આવતો નથી એવા તમોને મહા સમર્થ જાથીને દ્રઢ આશરો કર્યો છે. અને અમારા માથે તમારી સીવાય માયાદિકનો રંચમાત્ર ભાર નથી એવી ખૂમારી લોહીના કણ કણમાં માટે હે મહારાજ ! હવે આપને જેમ ગમે તેમ કરો. મુનિનાં બધાંજ વચનો સાંભળીને મહારાજ રાજી થયા. અને ચરણ કમળને લાંબા કર્યા. અને મુનિએ ચરણોને પોતાની છાતીએ મહાનુભાવાનંદ મુનિ પરમ આનંદને પામ્યા અને પ્રભુનાં બંને ચરણ કમળને પ્રેમ ભાવના થી ખૂબજ છાતીમાં ચાંપતા હતા.  મુનિએ પ્રભુનાં બંને ચરણ કમળોને હૃદયમાં લાંબા સમય સુધી દબાવ્યાં પછી મસ્તક ઉપર અને દબાવ્યું પછી બંને નેત્રો ઉપર દાબતા હતા.

બ્રહ્મા શિવ સનકાદિક દેવો જે ચરણ કમળને જોવા ચાહે છે તેજ ચરણ કમળને મહાનુભાવાનંદ મુનિ સતત દાબતા હતા.જે ચરણ રજને મેળવવા માટે જગમાં લોકો ફરતાજ રહે છે તેજ ચરણ કમળને મહાનુભાવાનંદ મુનિ હેત સાથે દાબતા હતા.જે પ્રભુના ચરણનો સ્પર્શ કરવા માટે પૃથ્વી ઉપર ગંગાજી આવ્યા તે જ ચરણને મહાનુભાવાનંદ મુનિ ઉમંગથી ઉરમાં ધારે છે.

હે રાજન! તમેં જે વાતો પુછી તે બધી વાતો સારી રીતે ધારીનેં કહી તે વાતોને જે કોઈ સાંભળે છે કહે છે તે પ્રભુની ચરણ રજથી જગતને પાર કરે છે આમ મહાપ્રભુ સારંગપુરમાં લીલા કરીને તેજ મહાપ્રભુની છબીથી હજારો જીવોનાં કામાદિક દોષો સર્વે ટળ્યા છે. એવી લીલા જીવા ખાચરના દરબારમાં કરી. શ્રી હરિ ફુલડોળનો રંગ ખેલ કરવા રંગને ચારે કોર ઉડાડીને ઝાકમઝોળ કરી ભકતજનોને સુખ આપતા હતા. જેમની

ઉપર રંગનો છાંટો પડે તો તેને ભાગ્યશાળી માનતા હતા. સ્ત્રીઓ પણ શ્રી હરિની સાથે રંગે રમતા હતા. રમ્યા પછી મોજ માગાતાં હતાં. ત્યારે કાઠિયાવાડની નારીઓ સર્વે હરિની સંગે રમીને મનમાં ખૂબજ રાજી થતાં હતાં. અને પ્રભુ પાસે મોઝ માંગતા હતા ત્યારે મોજમાં ફગવા ખજુર તે શ્રી હરિ હસીને આપતા હતા. શ્રી હરિ ભક્તો રાજી કરતા ત્યારે ગુજરાતની બાઈઓ ગુણવંત હતી તેમણે પ્રભુ પાસે મોજમાં મોક્ષની માંગણી કરી.

આવી રીતે બંને પ્રકારનાં બહેનોએ યોગ્ય રીતે માંગણી કરી સમજણ જોઈને પ્રભુ રાજી સુખ આપતા હતા. પ્રભુ કહેતા હતા કે બંનેની સમજણમાં ફેર છે. કાઠિયાવાડ અને ગુજરાતીના સ્વભાવોમાં ફેર છે. ગુજરાતની બહેનો અનેક હતી તેમણે મોજમાં મોક્ષ માંગ્યો અને કાઠિયાવાડની બહેનો ભોળી હતી તેથી એમણે રીવાજ મુજબ ખજુર ને ફગવા માગ્યા અમને એકને જગનો આધાર માનવા આજ સાચી સમજણ છે. આમ કહેતા થકા શ્રી હરિ હસતા હતા. આશ્રિતોજનોને મોક્ષ આપતા હતા. આમ સુખના ધામ ભકતના હૃદયમાં સુખ આપતા હતા. એમ મહાપ્રભુ પોતાના ઉતારે પધારતા હતા. તેજ સમયે નિત્યાનંદ સ્વામી આવ્યા. સર્વે સંતો જેતપુરથી આવ્યા હતા. સાથે અનેક ફુલના હારો લાવ્યા હતા. શ્રી હરિ મહાપ્રભુની પ્રેમથી પૂજા કરતા હતા. હરિને ફુલના હાર પહેરાવતા હતા. પછી પદ કમળમાં ચંદનનો લેપ કર્યો અને નિત્યાનંદ મુનિ મનમાં આનંદ પામ્યા સર્વે સંતો પ્રત્યે ઘનશ્યામ પ્રભુ કહેતા હતા તમે બધાજ અત્યારે જ ઉદાર મનવાળા તવરાના મેળામાં મોટા મુનિ મુકતાનંદ સ્વામી ભેળા જાવ અમે પછીથી આવીશું. અપાર સત્સંગીઓને લઈને તમે બધા જાઓ. શ્રી હરિ ઘનશ્યામ પ્રભુની આજ્ઞા સાંભળીને સુખધામ પ્રભુનું વચન પાળવા મુકતાનંદ સ્વામી આદિ સંતો **તવરાના** મેળામાં **ગયા**. સાથે બાઈ ભાઈ સર્વે સત્સંગીઓ પણ ગયા હતા.

શ્રી સહજાનંદ સ્વામી મેળામાં ન પધાર્યા અને પ્રીતથી મહારાજે વાત કહેરાવી કે હવે બધા મુકતાનંદ સ્વામીને મારી સમાન જ જાણીને ષોડશોપચાર પૂજન એમનુંજ કરજો આ મારી આજ્ઞા છે. આમ કહીને સંતોને પાછળથી સેવા કરવા મોકલ્યા.

આવી રીતે કહીને સર્વના નાથ કરુણાના ભંડાર મહારાજ ગઢપુર પધાર્યા. ગુણના સાગર દાદા ખાચર આદિક જનો ઘનશ્યામ પ્રભુનાં ચરણ કમળને સેવન કરતા ચરણમાં રહેતા હતા. પ્રેમથી પરમેશ્વર પ્રીતમને દરબારગઢમાં પધરાવ્યા જેમના ગુણ ચરિત્રને નારદ સનકાદિક મહેશ સર્વે ગાય છે તેવા પરમકુપાળુ શ્રીહરિ જયા લલિતા આદિક ભક્તોને ખૂબજ સુખ આપતા હતા. આવી રીતે ભકતોની સેવાને અંગિકાર કરી રોજે પ્રભુ ભકતોનાં ઘેર ભોજનો જમતા હતા. બધાના મનની ભાવનાઓ આશાઓ પુરી કરીને પછી પ્રભુ પ્રયાણ કરીને કરુણાના સાગર.

**કરિયાણા** ગામે કામીના કષ્ટને કાપવા ભકતજનોના ઘેર પાપને બાળવા પધાર્યા. મહારાજ નદીમાં નાહવા જતા સંતો ભકતજનો ગુણને ગાતા હતા. અને ભકતજનોના ઘેર થાળ આરોગતા ને સુખ આપતા હતા. પછી મહારાજ ત્યાંથી **રાજકોટ** પધાર્યા. પુરના જનના આનંદનો પાર ન હતો જગતના પતિ મહાપ્રભુને સારાં ભોજનો બનાવરાવીને જમાડતા હતા. બધાજ હરિભકતો મુખેથી કહેતા હતા.

હે કરુણા નિધાન પ્રભુ! અમારા હૃદયના ભાવને જાણીને અમારા ઘરોને આપે પધારીને પાવન કર્યા. હે પ્રભુ! અમે તો કૃત કૃત્ય થઈ ગયા. અમારો જન્મ સફળ થઈ ગયો. આપના દર્શન થયા છે અવતારના અવતારી પ્રભુ આપ અહિં અમને અધિક સુખ આપવા દયા કરીને પધાર્યા છો. આમ ભક્તજનો કહેતા હતા. તેને ઘનશ્યામ પ્રભુ સાંભળતા હતા. એવામા સવાર પડયું. એટલે ઘનશ્યામ પ્રભુ ત્યાંથી ચાલતા થયા.

ભયનાશક ગુણ સાગર પ્રભુ **ગોંડળ** ગામે પધાર્યા. પુરના લોકો સામાં આવ્યાં. વાજતે ગાજતે ઉત્સાહ સહિત શ્રીહરિને ગામમાં લાવ્યા અને પવિત્ર ઘરમાં ભકતજનોની સાથે નિવાસ કરીને રહ્યા. વહેલી સવારે પ્રભુ મેઘ સમાન વર્ણવાળા **જુનાગઢ** પધાર્યા. સુભકિત જેમની છે એવા શુભનેત્ર વાળા જે ગુણ ચરિત્રને ગાય છે તેનાં જીવનમાં શાંતિ થાય છે.

પ્રભુ લોકોનાં સુખના કાર્યો કરીને જગતનું પાલન કરનારા પ્રભુ વંદન કરનારાને સુખ આપતા કાળના કાળ મહારાજ **પંચાળે** પધાર્યા. પોતાના ભકતો જાણીને એમના કલ્યાણના કાર્યો કર્યાં. ત્યાં **પંચાળમાં હેમતસિંહ** હરિભકતને જોઈને ઘનશ્યામ પ્રભુ એમના ઘેર રહેતા હતા. અને નવાં નવાં સુખો ધર્મનંદન પ્રભુ આપતા થકા **જીણાભાઈના** મનોરથો પુરા કરતા હતા. શ્રી હરિ પાંચાળામાં નિવાસ કરીને પોતાના ભકતોના ભવ ત્રાસને હરતા હતાં. બંને દંપતી સાવધાન હતા. એટલે પ્રભુએ વૈરાગ્યની વાતો કરી ઉપદેશ કર્યો. સર્વના જીવનપ્રાણને રોજ નવિન નવિન ભોજનો જમાડતાં હતાં. ખૂબજ પ્રેમથી સેવા કરતાં હતાં. શ્રીહરિ એક દિવસ પોતાના ભકતને દિનબંધુ ભગવાન પ્રેમથી પૂછતા હતા પ્રેમ અને પ્રીતીને જાણતા હતા તોય સાચું જાણવા પૂછતા હતા. તમારા ઘરમાં દાણા કેટલાક છે જેટલા હોય તેટલા જ કહો. આમ પોતાના ભકતને પ્રભુ પુછતા હતા. આવી રીતના વચન સાંભળીને હેમતસિંહ ભકત હરિને હાથ જોડીને કહેતા હતા કે હે નાથ ! ઘરમાં તો અનાજ થોડુંક જ છે. આ રીતના ભકતનાં વચનો સાંભળીને ભય હરનારા પ્રભુ પોતાના આશ્રિતનું કામ કરતા હતા. તમે લોકોના જીવન જીવાડવા માટે જુવાર લઈ લેજો એમ મહારાજે કહ્યું. એકસો કળશી જુવાર વેચાતી લઈ લેજો આમ મહારાજનાં વચન સાંભળ્યાં. શ્રી હરિ ત્યાં નિવાસ કરીને રહેતા હતા. ભકત પતિ ભગવાન કાર્ય કરતા હતા. દઢભકત જીણાભાઈના દરબારમાં મહારાજ આનંદ આપતા હતા. ખુબજ સુખી કરતા હતા. ત્યાં આજુ બાજુ ગામના પવિત્ર નર-નારી મળવા આવતા જતાં હતાં. તે માટે પ્રભુએ ભકતને જાણ કરી ચેતવ્યાં.

ઘનશ્યામ પ્રભુ **સારંગપુરથી ગઢપુર** પધાર્યા. તે બધી વાત કહી દીધી. ઘનશ્યામ પ્રભુ **રાજકોટ** પધાર્યા ત્યાંથી **ગોંડળ** પધારી વાસ કર્યો એનું વર્ણન કર્યું. જગજીવન **જુનાગઢ** ગામે પધાર્યા ત્યાંથી મહાપ્રભુ **પંચાળા** ગામે પધાર્યા તે લીલા કહી સંભળાવી આવી રીતે શ્રીહરિ લીલાસિંધુમાં લહેરીના રુપે પંદરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ પંચાળામાં નિવાસ કરીને રહયા એ નામે પંદરમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૫ ॥**

# તરંગ-૧૬

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુ પંચાળાથી કયા ગામે પધાર્યા ગુણનિધી જે ગામ ગયા હોય તે લીલા કહો શ્રીહરિ ધર્મનંદન મહારાજની નવિન લીલા જે હોય તે સાંભળવાની મારી ઈચ્છા છે તેથી આપ એ પ્રભુની લીલા વારંવાર કહો તોય મારે સાંભળવાની ચાહના થયા કરે છે. અવધપ્રસાદ ગુરુ કહે છે હે રાજન ! તમે ભગવાનનાં સુંદર ચરિત્રની કથાના પ્રશ્ન ભલે પૂછયા તે સારું કર્યું પ્રભુનાં ચરિત્રનાં શ્રવણથી મનને શાંતિ થાય છે. એવી પ્રગટ પ્રભુની પવિત્ર અદ્‌ભૂત લીલા છે. જે જીવ આ શ્રી હરિનાં પ્રગટ લીલા ચરિત્રોને નથી સાંભળતો તે જીવાત્મા ધીક્કાર છે એમ સંસારમાં લોકો કહે છે. શ્રી હરિ પોતાના આશ્રિત ભકતોના ઘેર વાસ કરીને અવિનાશ પ્રભુ ઉત્સાહને વધારતા હતા. તે ભકતનું નામ **હેમતસિંહ** નામથી કહેવાય છે. પોતાની પત્ની, મા, પુત્રી, પુત્ર તેમજ બહેનની સાથે સર્વે સેવા ભકિત કરે છે. રાત દિવસ એમનું સ્મરણ કર્યા કરે છે. દયાળુ પ્રભુ દયા કરીને એમને સુખ આપે છે. જે નિરંતર પોતાના પ્રભુને સંભારે છે તેને પ્રભુ પોતાનો દાસ જાણીને સુખ આપે ને દયા કરે છે. મહાપ્રભુ ત્યાં રોજે રોજ અનેક લીલા ચરિત્રો કરે છે લોકોને આનંદ ઉપજાવે છે પ્રભુ ભકતનાં ઘરને પોતાનું માનીને નિવાસ કરે છે. ભવનાં દુઃખોને તોડે છે. પોતાના રુપમાં આંજી નાંખે છે. ગર્વને તોડે છે. એવા ઘનશ્યામ મૂર્તિ શોભે છે. રાસ મંડળ કરીને રાસ રમાડે છે. ખેલ મચાવીને લોકોને આનંદ આપે છે. કીર્તનો ગાઈને ગવરાવે છે. એવી મનોહર છબી અમારા અંતરમાં આવીને વાસ કરો. હે નાથ! અમારા પાપોનો નાશ કરો.

મહારાજ **પંચાળા** ગામે બહુ દિવસો પોતાના ભકતોના ઘેર રહ્યા. અવિનાશ પ્રભુ સુખ આપતા હતા. પછી મહાપ્રભુ પ્રયાણ કરીને પોતાના ભકતજનોની સાથે **જુનાગઢ** પધાર્યા. ત્યાંથી **ગોંડલ** પ્રત્યે આવ્યા તેને પાવન કર્યું. **ગોંડલથી કરિયાણા આવ્યા.** ત્યાંથી **બાબરે થઈને** ભકતોના ભયને ભાંગનારા મહાપ્રભુ **ગઢપુર ગામમાં** મોહનવર લોકોના મનને આનંદ આપનારા પધાર્યા.

ઉત્તમ રાજાના દરબારમાં છેલછબિલો પ્રભુ છાંના રહેતા હતા. પોતાના આશ્રિતોને દર્શન દઈને સર્વની આશાઓને પૂરનાર અલબેલા રહેતા હતા ને સુખ આપતા હતા. મહાપ્રભુના દર્શન પામીને કેટલાક ગરીબ ભકતોને દર્શન દેવા જતા હતા. બહુનામી પ્રભુ **બોટાદ** ભકતજનોને દર્શન આપવા રાત્રે પધારતા હતા. દિવસે ગુપ્ત રહેતા હતા. આવી રીતે રસીક રંગરેલ પ્રભુ દયાના ઘરરુપ સુખ દેતા હતા. શ્રી હરિ મહાપ્રભુ મકાનની અંદર જ એકાંતમાં જ રહેતા હતા. લોકોને દુઃખી દેખીને અંતરમાં ખૂબજ દુઃખ થતું હતું. લોકોનાં કરેલાં કર્મનુંજ ફળ આ પ્રમાણ કહેવાય છે. સુખ દુખ શરીરમાંતો સર્વે રીતે આવે છે. તે પ્રમાણે સુખદુઃખ કર્મ પ્રમાણે થાય છે. જગતમાં દુકાળનો મહામોટો ફેલાવો થયો. નર-નારી સર્વે અગણિત દુખો પામતાં હતાં. દુષ્ટ લોકોએ માંગ્યા પ્રમાણેજ કાળ થયો છે. એટલા માટેજ મહાપ્રભુ પોતે પણ દુખાય છે. પ્રભુનો અપરાધ કયારેય મટતો નથી. એના મહાપાપનું પરિણામ લોકોને પણ દુખી કરનાર થાય છે. મહાપ્રભુ ભકતજનોને આસ પાસના ગામોમાં પધારીને દર્શન રાતના સમયે આપે છે. **ઝિંઝાવદર** આદિક ગામમાં લોકોનાં હિત કરવા મહાપ્રભુ ત્યાં જતા હતા. પછી પાછા **ગઢપુરમાં** આવીને રહેતા હતા. ભગવાન મહાપ્રભુ ભવિષ્યની વાતો કહેતા હતા. મહાપ્રભુએ શિર ઉપર પંચકેશને વધાર્યા હતા. અનીર દેશમાંજ વધારે પ્રમાણમાં રહેતા હતા.

આમ કરતા દિવાળી નજીકમાં આવી ત્યારે મુકતાનંદ સ્વામી ત્યાં આવ્યા. હે રાજા મહારાજા ! આપના દર્શન કરવા માટે મુનિજનો આવ્યા છે. તો શિરતાજ આપ દર્શન આપો. આમ જાણીને લોકોના મનને રાજી કરવા જગતના સ્વામી મહાપ્રભુ પરબ્રહ્મ પુરુપોત્તમ જગતના સ્વામી રાજી થયા. જીવન પ્રાણ રાત થયેલી જાણીને સુખ પૂર્વક સંતોને દર્શન દેવા માટે સંતોના ઉતારે પધાર્યા આવી રીતે સુખ દેતા જગતના સ્વામી છાના રહેતા હતા. માર્ગમાં દર્શન આપતા ન હતા. ઉત્સાહથી નિત્ય પ્રત્યે પાપને નાશ કરવાની વાતો કરતા હતા. શરણાગત વત્સલ સુખ દાતા સુખ કરતા હતા. ધર્મજ્ઞાન વૈરાગ્યયુક્ત ભક્તિની વાતો નિત્ય પ્રત્યે બધાજ નર-નારી સાંભળતા હતા. આવી રીતે અમાપ પ્રતાપ ભકતજનોને જણાવતા હતા.એટલામાં જ દેવ દિવાળી આવી ગઈ એટલે મનમોહન પ્રભુ જોઈને રાજી થયા પછી મહાપ્રભુ સંતો ઉપર ધીરજ ધરીને પ્રેમથી પત્રો લખાવતા હતા. જે સર્વેને યાદ કરતા હતા. સંતો ગુજરાતમાં રહેતા હતા આમ જાણીને સુંદર સુખદાયી મહાપ્રભુ પત્ર લખાવતા હતા. તે વર્તમાનને દ્રઢતાથી પાળવા માટે પત્રમાં લખાવતા હતા. અને વર્તમાનના પ્રકરણમાં ફેરફાર કરાવવા શ્રી ઘનશ્યાપ્રભુ પ્રકરણ ફેરવતા હતા.

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! મહારાજે સુખના ધામી સંતો ઉપર પત્ર લખ્યો તે કેવી રીતે લખ્યો તથા વર્તમાંનમાં કેમ ફેર પડાવ્યો આ બધું મહાપ્રભુએ કેમ કર્યું. તે બધી વાતો પ્રખ્યાત છે અને શંશયને હરનારી છે તથા શાંતિ કરનારી છે અને બુધ્ધિમાં ધિરજ કરનારી છે તે મને સમજાવો. હે રાજન ! તમે પ્રભુની લીલા પુછી તે પત્ર પ્રભુએ મુનિજનો ઉપર લખ્યા તે કહે છે.

સ્વસ્થાન શ્રી ગુજરાત દેશ મહાશુભ સ્થાન વિરાજમાન મુનિજનો એવા હંમેશા ઉત્તમમાં ઉત્તમ પૂજવા યોગ્ય મુનીજનો પ્રભુનાં ગુણને પ્રેમથી ગાતા એવા મહાન પરમ ઉપકાર કરનારા પરમ પવિત્ર સદાય ચિત્તને પવિત્ર રાખીને હંમેશાં ભગવાનનાં ચરિત્રને ગાનારા, પરમાર્થે કરતા ધર્મનું પોષણ કરનારા, ગુણ ગ્રાહક ભકતજનોને શુભ જાણનારા માર્ગ ઉપર ચલાવનારા, નિજમન ઈંદ્રિયોને વશમાં રાખનારા, પ્રભુમાં ચિત્ત રાખનારા, હંમેશા મારી આજ્ઞાનું પાલન કરનારા, એકાંકિત ધર્મ પાળનારા, પવિત્ર પુણ્યવાળા, દિલમાં દયા ધારનારા, આશ્રિતના દોષ નહીં જોનારા પોતે સદાય નિર્દોષ રહેનારા, ચારવેદને મુખથી સ્પષ્ટ બોલનારા, ભેદ આદિ ત્યાગનારા, વ્યાકરણ છ દર્શન ચારવેદ અઢાર પુરાણ ભણનારા સર્વે કાવ્ય કોશને ઉદારતાથી ભણનારા, દસ ઉપનિષદો આઠ સ્મૃતિઓના વિચારને જાણનારા વેદો ઉપનિષદો નિતી શાસ્ત્ર જાણનારા એવા સંતો સર્વે રાગ વિરાગને જાણનારા છત્રિસ શ્લોની સાથે સર્વે લક્ષણોની સાથે બત્રીસ વિદ્યાને પાર કરનારા દશ ઉપનીષદો ચારવેદોને સિધ્ધ કરેલા અષ્ટાંગયોગને સિધ્ધ કરીને ધારણ કરનારા એવા મુનિ જનો.

લોકોનાં કલ્યાણ કરવાનાં કાર્યો માટે ઉપદેશ દેવા માટે પૃથ્વી ઉપર બધાય મુનિજનો વિચારતા રહે છે. ઉપદેશ કરી પરમાર્થનું કામ કરે છે. એવા ગુણવાળા મુનિજનો ભગવાનનું નામ રટતા રહે છે. એવા ગુણવાળા ગાંમડામાં ફરે છે.

મુનિજનો તમે મનમાં નિરમાન ભાવે રહો છો કાયમ માટે સમજીને રસાસ્વાદનો ત્યાગ કરીને કાયમ માટે ક્રોધનો ત્યાગ કરીને હંમેશા શાંતિ રાખનારા શોભાવાળા.

આવા ગુણનો અંત કયારેય ન આવે, અનંત જીવોને અમારાં ચરણનો આશ્રય કરીને ભજન કરાવો છો, અને પ્રીતિથી ભજન કરો છો, આવી રીતે મુનિનાથે સંતો પ્રત્યે પત્રો તૈયાર કરીને લખાવી મોકલ્યા.

પવિત્ર **અનીરદેશથી** અમે પોતાના નિવાસ સ્થાને રહીને આ પત્ર લખાવેલો છે એમ જાણજો. સદા સુખ આપનારા સ્વામિનારાયણ બધાને આ વરદાન રુપ સહજાનંદસ્વામીનું નામ પણ કહેવાય છે. તેજ લખનાર છે. અમારા સર્વે શુભ આશીર્વાદ છે આ પત્રને સર્વેજનો આળસ પ્રમાદને ત્યાગીને તમે બધા અમારા મુનિઓ સદાય સુખી રહો તમારું સારું કરવા સુખ આપવા આ પત્ર લખાવ્યો છે.

વિશેષ લખવાનું કે જે કારણ છે તે તમે બધાજ મુનીઓ સાથે મળીને વાંચજો. અહિંયા અમે આ રીત જે ચલાવી છે. રસાસ્વાદથી ભરપુર ખોરાકને ખાવોજ નહિં. આ રીતે સંતોએ વર્તમાન પાળવાં. દહીં, દૂધ, સાકર, ઘી એનાથી સ્વાદિષ્ટ તીખી ખારી ખાટી સુસ્વાદવાળી છરસોનો ત્યાગ કરે અને ભ્રમનો ત્યાગ કરીને સત્યતાથી વર્તે તે સાચા સાધુ છે. સાત્વિક આહારના સ્વાદનો ખોરાક લેવો તેજ સાચા સંત બન્યા છે. આ સર્વે તમારા માટે જ છે એમ સર્વે જાણજો. સંતો સ્વાદવાળું છરસોવાળું સ્વાદિષ્ટ બનાવીને ન ખાવું. સ્વાદ વગરના અન્નમાં પાણી મેળવીને રસવાળું કરવું. એમ સર્વે સંતોએ કરવું. આજ અમારો અંતઃકરણનો નિર્ણય છે. એજ સિધ્ધાંત છે. એમ સર્વે એ વર્તવું. સર્વે સંતો અમારી આજ્ઞા પ્રમાણે વર્તવું યોગ્ય છે. અમારા વચનને ત્યાગે તો તે દુષ્ટ કદરુપો થાય એને કોઈ ત્યજશે નહીં એ અમને વિશ્વાસ છે. મારા આશ્રિત સંતોએ સર્વે પંચ વિષયનો ત્યાગ કરવો . એજ સાચા સંતો આશ્રિતો ઉપર હું રાજી થાઉં છું. આ મારી સાચીજ વાતો કહું છું. માટે વડિલોની આજ્ઞાનું પાલન કરવું. મર્યાદા પ્રમાણે રહેવું. તો પરલોકમાં અતિ સુખ પામે છે.

હે રાજન ! આવી રીતે મહારાજે બધા પત્રો લખાવરાવ્યા. જયાં મારા આશ્રિત સંતો લોકોની સાથે રહે છે. ત્યાં શુભ સ્થાને આ પત્ર હાથો હાથ પહોંચી જાય એવી રીતે સરનામાં લખીને કાગળ ભુદેવની સાથે મોકલ્યા. વિપ્ર ચાલતા થયા ધારેલા ઉતારે જલ્દીથી આવ્યા. જયાં ગુજરાતમાં સંતોને જુવે ત્યાં પત્રો આપે પોતે શુભ પત્રને લઈને જોઈને સર્વે મુનિજન પત્ર જોઈને પ્રભુના પત્રને પ્રણામ કર્યાં. સર્વે સંતો મનમાં રાજી થયા. બધા સંતો ભેળા થઈને વાંચતા હતા. સાંભળીને મુનિજનોને આનંદ થયો અતિ ચેતન થઈને વ્રતમાનમાં ખટરસનું પાલન કરતા હતા. હૃદયમાં ધારણ કર્યાં એ ભગવાને દર્શન આપ્યાં. બધા રાજી થયા મનમાં કોઈ શોક ન થયો. સંતોને સદાય લોકો અશોક સ્વરુપમાંજ જોતાં હતાં. એવી રીતે તે લોકો પ્રતિ સ્વાદરુપે વ્રતમાનને પાળતા હતા. ખટ્રસને વિશેષ પ્રમાણમાં મુનિજનો પાલન કરતા હતા.

મુનીજનો સર્વે રસકસનો ત્યાગ કરીને સાદા અન્નને પ્રેમથી મેળવીને ખાતા હતા. ભકતજનોના ભયને હરવા માટે મહાપ્રભુનું મહર્ષિ ભજન કીર્તન કરતા હતા.

સર્વે સંતો મહાપ્રભુની આજ્ઞાને હૃદયમાં ધારીને મન ઈન્દ્રિયને જીતતા હતા. ખાવામાં ષટ્રસનો ત્યાગ કરીને કેવળ લુખુ અન્નનો આહાર લેતા હતા. આવી રીતે મુનિજનો શ્રીહરિ મહાપ્રભુનું ભજન કરીને પ્રાણવાન બનાવતા હતા. સર્વેને સુખ આપનારા મહાપ્રભુ આસપાસના ગામોમાં ભકતજનોનાં દુઃખો હરનારા દર્શનનું સુખ દેવા જતાં હતા. ષટ્રસના પાલન કરાવવા પત્ર લખીને મહાપ્રભુએ સર્વે સંતોને જણાવ્યું એમ સોળમું અભિધાન રુપે તરંગ શ્રીહરિલીલાસિંધુની લહરીના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ નૃપના સંવાદમાં શ્રીહરિ ગઢપુરમાં છાંના રહ્યા અને જે લીલા કરી તેનું વર્ણન કર્યું નામે સોળમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૬ ॥**

# તરંગ-૧૭

આનંદ રાજા કહે છે હે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુ પ્રીત કરીને સુખકંદ મહાપ્રભુએ કેવી રીતે કેવા ચરિત્રો કર્યા તે સર્વે વિસ્તાર કરીને કહો જે ચરિત્રો લોકોનાં મહા પાપોને હરનારા છે એવા પ્રભુનાં ચરિત્રો કહો. ષટ્‌રસના વ્રતનું મુનિજનો કેવી રીતે પાલન કરતા હતા તે મુનિજનો પ્રભુ પાસે આવીને પ્રેમ સહિત પ્રીતથી વાત કહીતે સર્વ વર્ણવીને કહો.

અવધગુરુ કહે છે હે રાજન ! મહાપ્રભુએ નવિન પવિત્ર સુખકારક જે ચરિત્રો કર્યાં તે નવિન ચરિત્રોની કથા કહું છું. તમો સાવધાન થઈને હરિની લીલાને હેત કરીને સાંભળો. શ્રીહરિની આજ્ઞાને શિર પર ધારીને સંતો અંતઃકરણમાં ધારણ કરીને ષટ્‌રસનું વ્રત દ્રઢતાથી કરતા હતા. સંતો રસ વગરનું ખાતા હતા, તે વાત પ્રભુ કરતા હતા એમ આનંદમાં રાત દિવસ વિતાવતા હતા. શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં વિરાજતા હતા ત્યારે સર્વ સંત સમાજને ગઢપુરમાં તેડાવ્યા એમની રીતને મહાપ્રભુ જાણતા હતા. પોતાના સેવક આશ્રિતોને દર્શનદાન આપતા હતા. મહારાજે તેડાવ્યા એટલે સંતોની સાથે સત્સંગીઓ આવ્યા. સંતો આવે છે. તે સાંભળીને મહારાજ **કુંડળ** સુધી સામા આવ્યા.

શ્રીહરિ સંતોને જોઈને સંતોને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ત્યારે સંતો પણ શ્રીહરિ પ્રભુને સામા દંડવત્ પ્રણામ કરતા હતા. આમ પરસ્પર દંડવત્‌માંથી વિરામ પામ્યા. શ્રીહરિએ ફુલડોળાના ઉપર ઉત્સવ બધાજ મુનીજનોને પોતાની પાસે તેડાવ્યા હતા. ત્યારે બાથોમાં લઈને ભેટતા હતાને ભાવથી ભેટીને સુખકારી પ્રભુએ સૌને સુખ આપ્યું. શ્રીહરિ મામૈયા પટગરના ઘરમાં ઉતારો કર્યા ત્યારે સુખદાઈ પ્રભુને માટે ભકતજને પ્રેમથી થાળ તૈયાર કર્યો તેને ભાવ ભરીને મહારાજ હેત સાથે જમતા હતા. શ્રીહરિએ સંતો માટે મોળી થુલી જમવા માટે તૈયાર કરાવેલી હતી. અડધા સંતો તત્કાળ ત્યાંથી ઉભા થઈ ગયા હતા. ઊઠયા તે વાત મહાપ્રભુ સંપૂર્ણ રીતે જાણતા હતા. તેજ વેળાએ કાનમ દેશના હરિભકતો દયાળુ હરિના દર્શન કરવા આવતા હતા. ત્યારે નિશંકતાથી સંતોને જાણતા હતા તેઓએ વિચાર કર્યો સંતો રસકસ વગરનું અન્ન જમે છે તેના લીધે સંતોને અતિ દુબળા થયેલા જોઈને તે ભકતો પોતાના બંને હાથ જોડી શ્રી ભગવાનને વિનંતી પૂર્વક કહેતા હતા. હે પ્રભુ! અમે આપની પાસે વર માંગીએ છીએ તે હે દેવ ! દયા કરીને તે વર અમને આપો. હે મહારાજ! સર્વે મુનિજનો ષટ્‌રસ રસકસ વ્રત નિયમ પાળે છે તેને છોડાવીને તત્કાળ જ રસકસ ખાય એવી આજ્ઞા આપો એ વર માંગીએ છીએ તો આજ્ઞા આપવા કૃપા કરો. હે પ્રભુ! જો મુનીજનો રસકસ નહીં ખાય તો જગતમાંથી સર્વેરસ નાશ થશે, તો રસકસ વિનાતો સર્વે નર-નારીઓ દુખી થઈ જશે એમને કોઈ આધાર જ નહીં રહે માટે કાંઈ કૃપા કરો. આવી રીતે પ્રીતમજન પ્રતિપાળ પ્રભુ લોકોનું સારું કરવા માટે હે મહાપ્રભુ! આપ સંતોને રસકસ જમવાની આજ્ઞા કરો તો સારું. જયારે ભકતજનોએ પોતાની માથાંની પાઘડી બંને હાથમાં ઝાલીને પ્રભુની ખૂબજ વિનંતી કરી ત્યારે તે વિનંતીને સાંભળીને ભગવાન શ્રીહરિ પોતે રાજી થયા અને કહે સંતો ભલે રસકસ જમે અને રાજી થાય આમ પ્રભુએ કહ્યું. સર્વના નાથે સંતોને રસકસ ભલે જમે આમ આજ્ઞા કરી એટલે સર્વે હરિભકતો રાજી થયા સાથે મળીને તરતજ ઘી ગોળ લાવીને પગંતમાં ભકતજનો પીરસતા હતા. મામૈયા પટગર આદિક ભકતને તથા સર્વે સંત સમુદાયને જમાડીને ખૂબજ રાજી કર્યા.

વિશ્વનાથ મહાપ્રભુ રાત ત્યાંજ રોકાયા અને સવારે ત્યાંથી ભકતજનોની સાથે ચાલતા થયા.

જીવોના કષ્ટને હરનારા પ્રભુ **કારિયાણી** ગામે પધાર્યા કરુણનિધાનનું સામૈયું કરવા **વસ્તા** ખાચર તથા ગામના લોકોને ખબર થઈ એટલે સામા આવ્યાં લાવેલ ભેટ સામગ્રી પ્રભુનાં ચરણોમાં ધરી દીધી શ્રી હરિનું સામૈયું કરીને સંતોના મુખે કીર્તનો ગાતા ગામમાં લાવ્યા અને **વસ્તા** ખાચરના દરબાર ગઢમાં શ્રીહરિ ગુણોને ગાતા થકા દરબારમાં પધરાવ્યા.

જયારે થાળ તૈયાર થયો ત્યારે ભયહારી તૈયાર થયા લોકોના પાપોને બાળતા મહારાજ જમવા પધાર્યા. સુંદર રીતે તૈયાર કરેલી ચોકી ઉપર ચંદ્રમુખ પ્રભુ બેઠા. લોકોને આનંદ આપવા મહાપ્રભુ જમતા હતા ત્યારે નાનાં નાનાં કોળીયા લઈને જમતા હતા. ઘણીવાર સુધી જમતા થકા પ્રભુ દર્શન દેતા હતા. પછી પ્રભુ હાથને ધોતા હતા. કરુણાનિકેત તૃપ્ત થયા. પછી મહાપ્રભુ સર્વ સંતોની પંકિત થઈ તેમાં મહાપ્રભુ જાતેજ વારંવાર હાથે પીરસીને ખૂબજ જમાડતા હતા. સંતો આનંદ પામતા થકાં જમતા હતા. મહાપ્રભુ સંતોને પીરસીને ખૂબજ પ્રીતથી જમાડતા હતા. પીરસ્યા પછી પ્રભુ પલંગ ઉપર ચિત્ત ધારીને વિશ્રાંતી લીધા પછી જયારે સાંજનો સમય થયો ત્યારે શ્રી હરિનાથ સભા કરીને સભામાં બેઠા. પ્રભુની સામે સર્વે સંતો બેઠા શ્રીહરિના મુખકમળને નિરખતા થકા સૌ સંતો મનમાં આનંદ પામતા હતા. સર્વ સંત સમુહ પ્રત્યે ઘનશ્યામ પ્રભુ આજ્ઞાનું પ્રતિપાલન કરવાનું કહેતા હતા. શ્રીહરિ કહેતા હતા કે સંતો તમે સાંભળો તમે મારા સંતો સરલ મતિના છો તોય તમે આજ્ઞાનો ભંગ કેમ કર્યો એટલા માટે તમે બધા જ જલ્દીથી અહીંથી ચાલ્યા જાઓ. તમે બધાય મારા વચનનો ભંગ કરીને આવ્યા છો એટલા માટે તમે અત્યારે જ ચાલ્યા જાવો. જયારે શ્રીહરિનાં મુખની વાણી સાંભળી ત્યારે તરત જ બ્રહ્માનંદ સ્વામીએ યુક્તિ કરીને સંતોની સાથે વાતો કરીને શ્રીહરિને કહે પ્રભુ મારી વાત સાંભળો.

હે પ્રભુ ! ચાલો તપાસ કરીને મને મારા દેહને તપાસીને પ્રેમથી નિર્ણય આપો આમ કહ્યું, ત્યારે હરિએ હાથ ફેરવીને હસતાં થકાં સંતોને આનંદ કરાવતા હતા. સંતો મુખથી આવું કેમ કહે છે જેમ આંધળો માણસ ચાલતો હોય તેમ દુઃખથી ચાલતા હતા. એમની બધી વાતને જાહેર કરીને કહું છું. આમ શ્રી હરિનાથ આનંદ પૂર્વક આનંદ કરાવતા હતા ત્યારે તરત જ માહાનુભાવાનંદ નામના મુનિ મુખથી ગુણવાળી વાત કહેતા હતા. હે સુખધામ પ્રભુ ! હું આ સાચી જ વાત કહું છું જુઠું નથી કહેતો, અમારું એક જ મંડળ જોઈ શકે છે બીજા મુનિ રાત અંધા થયેલા છે. શ્રીહરિ કહેતા હતા કે તમારાં એક મંડળ દેખી શકે છે તેમની વિગતી કરીને વિશેષ વાત કરો શ્રીહરિના વચનો સાંભળીને મુનિ મહાનુભાવાનંદ રાજી થતા કહે છે. પ્રભુ સંતોના નેત્રમાં રાત અંધાપણું થયેલું તે ષટ્રસના ખાધા વગર થયું છે તેમ આપ જાણો, તે પોષણ વગર રાતે સંતોને દેખાતું જ નથી આ વાત હે પ્રભુ! આપની આગળ સાચી જ કહી છે. હે પ્રભુ! અમારા મંડળને જોઈને નરનારી જનો સૌ નિરખીને કહેતા હતા કે બડહલાની ભાજી ખંત કરીને ખવરાવતાં હતાં. તેના કારણે સૌ સંતો આંખેથી જોઈ શકે છે. આવી વાત સાંભળીને પ્રભુના હૃદયમાં દયા આવી ત્યારે પ્રભુએ કરુણા કરીને બધાને કહેલ, આપ અહીં જ રહો મારા સર્વે સંતો બુધ્ધિવાળા વચન સાંભળીને રહ્યા. તમે બધા મારી પાસેજ રહો હવે તમને બધાને સાચીજ વાત કહું છું. તેને સાંભળીને આમ સર્વત્ર જય પામનારા મહાપ્રભુ સંતોને કહેતા હતા ને બધાજ મુનિઓ રોજે રોજ પ્રભુ પાસેજ રહ્યા જય જય કર્યા જ કરતા હતા.

પ્રભુએ કેટલાક દિવસ ત્યાંજ મુકામ કર્યો પછી પ્રભુ અને સૌએ ત્યાંથી પ્રયાણ કર્યું. સર્વ સંતોની સાથે શ્રી સહજાનંદ સ્વામી પ્રભુ ચાલીને **ગઢપુર** ધામે પધાર્યા. પુરની શોભા જોઈ શ્રીહરિ રાજી થયા. ચારે બાજુ વૃક્ષોના ઝુંડો નમેલાં શોભતાં હતાં. પુરમાં આવવાના માર્ગ તથા ઘરો દુકાનો સારા શોભતાં હતાં. ચારે બાજુ સારી શોભા ભાવ ધરવા જાતજાતના કળશો સોનાની શોભા જેવા શોભામાં વધારો કરતા હતા. ધ્વજ દંડા ઉપર મોટી મોટી ધજાઓ ફરકતી હતી. જાણે લોકોના મનને પોતાની તરફ ખેંચતી હતી. આવી શોભાવાળા માર્ગો ઉપર ઘોડાઓનાં જૂથો વારંવાર આવતાં જતાં હતાં.

તે પુરમાં ચારવર્ણનાં લોકો વસતા હતાં બધાજ પોતપોતાના ધર્મનિયમમાં વર્તતાં ધીરજ ધરીને રહેતાં હતાં. આવી રીતે નર-નારી સર્વે ઉદારતાથી રહેતાં હતાં. શ્રી હરિ સહજાનંદ સ્વામીના મુખકમળનાં દર્શન કરીને હસતાં હતાં.

ગોળ કિલ્લા ઉપર અમૂલ્ય ગોખો શોભતા હતા. પુણ્યવાન સ્ત્રીઓનાં મુખ ખીલી ઉઠતાં હતાં. ઘનશ્યામ પ્રભુ આવતા હતા. તે જોઈને ગુણને ગાતી હતી અને ઘનશ્યામ પ્રભુ ખૂબજ ધીરજ ધરીને મંદગતિથી આવતા હતા. ગઢપુર ગામના વાણિયાઓ ખૂબજ પુણ્યશાળી હતા. તેઓ અતિ ધનવાન શરાફો જાણે કોષ પતિ ખજાનાંના માલિક હતા. બધાનાં મન શ્રી ઘનશ્યામ પ્રભુને નમન કરતાં હતા. સુખકંદ પ્રભુ ઘોડાનાં સમુહોમાં આ અસ્વારી કરીને માર્ગમાં ચાલતા હતા. ચારે બાજુ સુંદર મૃગચર્મ ઢોળાતું હતું. રાજા **સોમલા** ખાચર અને **દાદા ખાચર** ચમર કરતા હતા. મહાપ્રભુ મંદ મંદ ગતિએ ચાલતા હતા. ઘોડાને મંદ ગતિએ ચલાવતા હતા. ઘોડાને જોઈને જાણે પુરના ભાગ્યનો ઉદય થયો હોય તેમ શોભતું હતું. કેમકે પુરમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ બજારમાં લોકોની વચમાં ચાલતા જતા હતા. મહાપ્રભુએ બધાના નેત્રને પાવન કરી દીધાં પછી રાજદરબારના દ્વારમાં પગલાં પાડતા હતા. મહાપ્રભુનાં દર્શન **લલિતા જયા** તથા સર્વજન સમુદાયે કરીને અતિ સુખ પામતા હતા.

મહાપ્રભુ **ગઢપુરમાં** વાસ કરીને રોજે રોજ ભકતજનોને ખૂબજ સુખ આતા હતા. **ઉન્મતગંગા** નદીમાં સ્નાન કરવા પધારતા હતા સખાઓની સાથે જળક્રિડા કરીને સ્નાન કરતા હતા. શ્રી હરિ સ્નાન કરતા રમતમાં પાણી ઉછાળતા હતા. ભકતજનોની સાથે ખૂબજ ક્રિડા કરતા હતા. ઉમંગભેર સ્નાન કરીને મનમોહન પ્રભુ પોતાના ઉતારે પધાર્યા. આ રીતે ચરિત્રો કરીને મનમોહન પ્રભુ કામદેવના મદને હરતા હતા. અને ભકતજનોને સુખ આપતા હતા. નવી નવી લીલા ઘનશ્યામ પ્રભુએ કરી ગામો નગરોમાં વિચરણ કરિને ચરિત્રો કરીને ભકત જનોનેં સુખ આપતા હતા જન્મ મરણના ત્રાસને હરતા હતા જનોના બીજા ફંદોને દૂર કરતા હતા

હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુ નીત નવી નવી રીતના મોટા ઉત્સવો કરતા હતા. નવા વેશો ધારણ કરીને પ્રભુ ગઢપુરમાં વિચરણ કરતા હતા તે ચરિત્રોનું **શેષજીગાન** કરતા હતા. શ્રી હરિએ સંતોની સાથે ચર્ચા કરીને પરસ્પર નિર્ણય કરીને સંતોને બધા પોતાની સાથે રાખ્યા. પોતાના આશ્રિત ભકતજનોને ઘેર પધારી એમની અર્ચના પુજાને ગ્રહણ કરીનેં પછી પ્રભુ કારિયાણી થઈને **ગઢપુર** પધાર્યા. ગઢપુરની શોભાનું ખૂબજ વર્ણન કરીને પારખીને પ્રભુ પોતાને ઉતારે આવ્યા. ખૂબજ રાજી રાજી થઈ ગયા. આમ શ્રીહરિલીલાસિંધુની લહેરીના રુપે સત્તરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિ કારિયાણીથી ગઢપુર પધાર્યા એ નામે સત્તરમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૭ ॥**

# તરંગ-૧૮

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! ગુણવંત મહાપ્રભુએ ગઢપુરમાં જગતના ઈશે જે જે લીલા કરી હતી તે કમળનયન પ્રભુના ચરિત્રની વાતો મને કહો. શ્રી હરિ ઈન્દ્રિયોને વશમાં કરીને પૃથ્વી ઉપર ચારે દિશામાં વિચરણ કરતા મહાપ્રભુ પૃથ્વી ઉપર વિકાસ પામેલા વૃક્ષોની ઘટામાં પૃથ્વી સંતાઈ જતી હતી. એવું દશ્ય જોઈને કહેતા હતા કે આ જગતમાં જેના કારણે જે પાપ છે તેવી જ લીલા ભગવાનની જ છે. આ જગતમાં જે દરેક પ્રકારે દરેક રીતે કોઈને સુખ દુઃખ થાય છે જન્મ મરણ થાય છે તે બધુજ દયાળુ મહાપ્રભુનું જ કાર્ય છે. આના કર્તા હર્તા મને જાણીને તમે બધાં મારા શિષ્યો છો. તમે કહો છો કે તમે તો અદ્‌ભૂત લીલાના કરનારા છો. તે લીલા મને આપનો શિષ્ય જાણીને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે. હે રાજન ! ચંદ્રને ધારણ કરનારા મહાદેવ તથા ઈન્દ્રાદિ દેવો સર્વે તથા ચારેવેદો જેમના ગુણ ચરિત્રોને ગાયા કરે છે એવા શ્રી હરિ પુરુષોત્તમ પ્રભુની લીલાનું તમે પૂછો છો તે લીલાને તમારા આનંદને વધારવા માટે. હું તે સુખ આપનારની લીલા છે, શાંતિ કરનારી છે, તે પ્રભુની અલૌકિક મનોહર શોભા પુણ્ય ચરિત્રો અનંત અપાર કરેલાં છે તેમાંથી હે રાજન ! તમને કહું છું. કાંઈક થોડી લીલા કહું છું. જે લીલાને મહાદેવજી પોતાની પત્નિ પાર્વતી સાથે મહાપ્રભુ ઘનશ્યામના ગુણો ગાતા જ રહે છે. ખોટા કાર્યો કરનારા રાજ યશનો નાશ કરે છે. એવા ભગવાનનાં ગુણનાં ચરિત્રો તમને કહું છું. તેને તમે મન દ્રઢ કરીને સાંભળો. શ્રી ઘનશ્યામ પ્રભુ ભકતજનોના દુઃખને દૂર કરવા અને સુખો આપવા લોકોના મનનાં મનોરથ પૂર્ણ કરીને લોકોનાં મનને ખૂબજ પ્રિય લાગતા હતા ને ગુણનાસાગર મહાપ્રભુ ગઢપુરમાં પધાર્યા અને સંતોની સાથે નવિન લીલાઓ કરતા હતા.

હે રાજન! તે દિવસથી જીવાખાચર મહારાજની આજ્ઞા અનુસાર પોતાનાં જીવનને ઘડતા હતા. એમના દરબાર ગઢમાં સંતોની સાથે મહારાજ થાળને આરોગતા હતા. સંતોને જમાડતા હતા. આ રીતે એમના ભકિત ભાવને પૂરો કરીને સુખ આપતા હતા. બીજા દિવસે ફૂલડોલ ઉત્સવ આવતો હતો તે દિવસે હરિ ભકતોનાં મનમાં અતિ આનંદનો દિવસ હતો. શ્રી હરિએ એ દિવસે રંગ ઉડાડીને મોટે તાલ ઉપજાવતા હતા. ભકતજનોને ખૂબજ આનંદ કરાવતા હતા. શ્રી હરિએ સંતો ભકતજનોનાં મસ્તક ઉપર રંગ નાખીને રંગની રેલમછેલ કરી દીધી સોનાની પીચકારીને લઈને રંગ રંગ કરી નાખીને ખૂબ જ આનંદ ઉપજાવતા હતા. લાલ ગુલાલ ઉડાડીને બલપ્રભુ મસ્ત મનવાળા થઈને સર્વને મોહ પમાડતા હતા. પુરુષો અને સ્ત્રીજનો સર્વને પ્રભુએ રસબસ કરી દીધાં. અંતરમાં ખૂબ જ પ્રમાણમાં સુખ આપતા હતા. લોકો પોતાની આશાઓને પ્રભુના સમીપમાં રહીને મનના ત્રાસને દૂર કરતા હતા. આ રીતે રંગ રમાડતા સુખ દેતા હતા. મહાપ્રભુ પિચકારી ભરીને રંગની ધાર કરતા હતા. નર નારી સર્વે ભાવથી ભરપૂર થઈને ખુબ જ લાંબા સમય સુધી રંગ રમાડીને પછી પ્રભુ નદીએ સ્નાન કરવા પધાર્યા. મહારાજ ઘેલા નદીમાં સંતો ભકતોને સાથે લઈને જળક્રીડા કરતા હતા.

વિશ્વવિહારી પ્રભુ સર્વની ઉપર પાણી છાંટતા હતા. આ રીતે સુખ આપતા હતા. તે વખતે તાળી દૈને હરિજનો સંતો અને ભગવાન એક તાલ થઈને ગાતા હતા. મનથી એકરસ થઈને જળક્રીડા કરીને ઘનશ્યામ પ્રભુ ભકતજનો સાથે પુરની વચ્ચે થઈને શોભતા થકા પધાર્યા.

હે રાજન ! તમો સાંભળો, શ્રી હરિ મહાપ્રભુ દરબાર ગઢમાં પોતાના ઉતારામાં સર્વે સમાજની સાથે પધાર્યા. તે દિવસે ફુલડોળના ઉત્સવ પછી સર્વને જમાડવા દાદા ખાચરે રસોઈ બનાવરાવી હતી. શ્રીહરિ સર્વે સંત જનોની સાથે પ્રેમથી જમીને જમાડતા હતા. પુરષોત્તમ પ્રભુ પૂર્ણકામ આનંદ આપતા હતા. આવી રીતે શ્રીહરિ ગઢપુર રહેતા ને રોજ રોજે લીલા કરતા હતા. સંતોને મનમાં આનંદ પ્રમોદ કરાવતા સુખ આપતા હતા. આવી રીતે શ્રીહરિએ ગઢપુરમાં નિવાસ કરીને ભકતજનોને સુખો આપ્યા. ત્યાર પછી મહાપ્રભુ ભકતજનો અને, સંતોને સાથે લઈને કારિયાણી પધાર્યા. **શ્રીહરિ વસ્તા ખાચરના** ઘરમાં વાસ કરતા હતા. ને અતિ આનંદ આપતા હતા. અને શ્રીહરિ મહાપ્રભુ ત્યાં કેટલાક દિવસ રહીને **કુંડળ ગામે** પધાર્યા. રસિકવર ભકતના ઘેર ઉતારો કરીને રહેતા હતા. લોકોનાં જન્મ મરણના બંધનો તોડતા હતા. પછી મહાપ્રભુ રામદાસ સ્વામી આદિક સંત સમુદાયને ગુજરાતમાં મોકલતા હતા. મુનિજનો પ્રભુની આજ્ઞાને શિર પર ધરીને સર્વે ગુજરાત દેશમાં ગયા, પ્રગટ પ્રભુનાં ચરિત્રોનું ગાન કરતા થકા મનમાં અતિ આનંદથી રહેતા ને પ્રભુ ભજતા હતા. પછી શ્રી સહજાનંદ સ્વામી નર નારી જનોની સાથે **ગઢપુર** પધાર્યા, સર્વ ભકતજન સમુહને સુખ આપવા અને ઉર્ધ્વગતિ સ્થાપેલા ધર્મ માર્ગને દૃઢતાથી વધારતા ને પળાવતા હતા. તે સમયે ઉનાળામાં ગરમીના દિવસો હતા. બંને ઋતુમાં મહાપ્રભુ ગઢપુરમાં નિવાસ કરતા હતા. ગઢપુરમાં રહીને પ્રભુ નિત્ય પ્રત્યે સર્વ જનોને આનંદ ઉપજાવતા થકા એકાંતિક ભકતજનોના ત્રાસને દૂર કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં ચાર મહિના સુધી રહીને લોકોના પાપોને બાળીને નિષ્પાપ કર્યા તથા નિત્ય પ્રત્યે દેશ પરદેશના લોકો દર્શન કરવા માટે આનંદ પૂર્વક આવતા હતાં. સર્વ નરનારી જનો પ્રેમથી દૃઢ નિયમ ધારીને દર્શન કરીને ખુબ જ રાજી થતાં હતાં. આવી રીતે નિત્ય પ્રત્યે ખૂબ જ અતિ પ્રેમથી વર્તતાં હતાં. પ્રભુ શુભ વાતો કરતા હતા ઉપદેશ દેતા હતા. આમ સુખ આપતા હતા. ધર્મનંદન મહાપ્રભુ રોજ પામર જનોને ધર્મ જ્ઞાન વૈરાગ્ય યુકત દૃઢ ભકિતના અંગો - ઉપાંગોના વખાણ કરીને ઉપદેશ કરતા હતા. તેને મુમુક્ષુ જનો સાંભળતા હતા. આનંદ પૂર્વક મનને જીતીને ગુણવંત પ્રગટ પ્રભુના ગુણોને ગાતા હતા.

હે રાજન ! આવી રીતે ગઢપુરમાં અદભૂત ઉત્સવો નિત્ય પ્રત્યે થતા હતા. એટલામાં મહાન સંત મહાનુભાવાનંદ મુનિ સંતોની સાથે શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કરવા આવ્યા. મહાનુભાવાનંદ સ્વામી ગુણવંત પોતે ગુજરાતમાં હતા તે ગુજરાતમાંથી કેરીનાં સુંદર ફળો પાકેલાં મીઠાં રસદાર લાવ્યા હતા. સ્વામી મહારાજને દંડવત પ્રણામ કરીને શ્રી હરિની સમીપમાં ફળો અર્પણ કર્યાં. શ્રીહરિ ધર્મનંદન પ્રભુ તે ફળોને જોઈને ખૂબ જ રાજી થયા જેમના ગુણને ચારે વેદો ગાયા જ કરે છે. ચારે મુખે ગાય છે તોય પાર પામતા નથી એવા મહાપ્રભુ આવા મીઠાં ફળો આંબાની કેરીઓને જમીને તેને ખૂબ જ વખાણ કર્યાં. તે ફળોને મહારાજ જમીને ભકતોના ભવ ફંદને હરતા હતા. ભકતજનોને મંદ હાસ્ય કરતા થકા દર્શન દેતા હતા મહારાજ આવી રીતની અલૌકિક લીલા કરતા હતા અને ભકતજનોને સર્વના નાથ સુખો આપતા હતા. એટલામાં જ શ્રીહરિ પ્રેમથી અમદાવાદ સંતો ઉપર પત્ર લખાવીને સમાચાર લખાવ્યા સર્વ નરનારી જનો પ્રેમી હરિભકતો તમારે દર્શને

આવવું હોય તો રાજી થઈને અત્રે આવજો. અત્યારે આંબાનાં ફળો કેરીઓ ખુબ જ સારી પાકેલી છે તેથી તમો પ્રેમથી અહીં આવો સાથે પ્રેમનાં ફળો લાવો સંતો કોઈ ફળ ન જમતા હોય તો આ મારી આજ્ઞા છે તેથી જમજો અહીંથી અમે જાતે જ આજ્ઞા પત્ર લખીને જણાવીએ છીએ એમ જાણજો. આ પત્ર લખાવીને પ્રિતથી મોકલીએ છીએ કે આંબાનાં ફળો (કેરીઓ) તમે હવે જમજો આવી અમે આજ્ઞા આપીએ છીએ. આમ કહીને સર્વ સંતોને જણાવ્યું. ઘનશ્યામ પ્રભુ દુર્ગપુર(ગઢપુર)માં આનંદપૂર્વક રહેતા હતા. લોકો પ્રેમીજનો દર્શને આવતા હતા એમને કરુણાનિધાન મહારાજ દર્શનનું સુખ આપતા હતા.

હે રાજન ! **મોટીબાની** સાથે **જીવુબા, રાજબાઈ, પાચું બાઈ** બધા બાઈઓ સાથે મળીને પ્રભુની સેવા ભકિત કરતા હતા. **જીવા ખાચર, ઉત્તમરાજ** (દાદા ખાચર) ઉમંગથી પ્રભુ સ્મરતા હતા. **નાજો જોગીયો, માતરોધાધલ, સોમલો ખાચર, નાગમાલો** વગેરે સૌ દૃઢ આશ્રયના અંગથી સેવા ભક્તિ કરતા હતા. **સુરોખાચર, ઉકો ખાચર, તુંગજી ભકત,ભગુજી** આદિક સૌ બીજા પણ મહાપ્રભુનાં ચરણકમળને સેવે છે. પ્રેમથી ભકિત કરતાં સુખ પામે છે. આવી રીતે ઘનશ્યામપ્રભુની સાથે સખા ભાવની ભકિતથી સેવતા અને હાસ્ય વિનોદ કરતા થકા **ગઢપુર ધામમાં** મહાપ્રભુ સર્વનાથ નિત્ય પ્રત્યે સુખ આપતા હતા. નિત્ય પ્રત્યે આનંદથી ઘેલા નદીમાં નહાતા હતા. સંતોની સાથે જળમાં તાળી દઈને ગાતા હતા. જળમાં વચ્ચે ઉભા સ્નાન કરતા હતા સભાની વચમાં બેસીને ધર્મજ્ઞાન વૈરાગ્યની વાતો કરતા હતા. જેમ ચંદ્રમા વનસ્પતિને અમૃત સિંચન કરે છે તેમ મહાપ્રભુ જ્ઞાન રુપી અમૃત પાય છે.

ચકોર પક્ષીની માફક ભકતજનોને ચારે બાજુથી પ્રભુની મનોહર મૂર્તિ ખેંચતી હતી. સજ્જન સમાજ અને સંતો સર્વેનાં ચિત્ત પ્રફુલ મુખાર્વિંદમાં ચોંટી જતા હતા. એકાગ્રચિત્ત થતાં હતાં. કુમોદની (પોયણી)ની સમાન નારીઓ મહાપ્રભુનાં મુખાર્વિંદનાં દર્શન કરીને પ્રફુલિત થાય છે જેમ ચંદ્રના દર્શન કરીને પોયણી ખીલી ઉઠે છે. તેમ દર્શન કરીને ભકતો ખીલી ઉઠે છે. સર્વના ઈશનાં દર્શન કર્યા વીના વિરહ દુઃખને પામે છે હૃદયમાં અધૂરાપણું જામિજાય છે. વ્યાકુળ રહે છે જેમ સૂર્યના દર્શન વિના કમળ સુકાય છે તેમ સર્વના મન મુંઝાય છે. મનહર પ્રભુના નિવાસથી **ગઢપુર** ધામ માનસરોવર સમાન છે. **અને સંતો માનસરોવરમાં હંસો સમાન શોભે છે. સંતો હરિનાં ચરિત્રની લીલાઓને ગાઈને પોતાનો ચારો કરે છે. તેમ જે મુનિઓ ચારો લે છે તેઓને પ્રભુના ચરિત્રો ગાય છે ને ચારો ચરે છે.** શ્રીહરિ મહાપ્રભુ ઘેલા નદીમાં સ્નાન કરે ત્યારે જીજ્ઞાસુ ભકતજનો દર્શન કરીને મનોવાંછીત ફળને આરોગે છે. દૂર્જનો તથા અસૂરો સર્વે આવીને દૂર દૂર જઈને સ્નાન કરે છે. આમ પ્રભુ પ્રતાપથી દાઝે છે.

શ્રીહરિએ **ગઢપુરમાં** લીલા ચરિત્રનો ખેલ જમાવ્યો ભકતજનોના ભવત્રાસને હરીને સુખો આપતા હતા. **કારિયાણી** ગામે મનમાં આનંદ થયો **કુંડળ** ગામે આવીને પ્રભુએ અદ્‌ભૂત લીલા ચરત્રો કર્યા. પછી પ્રભુ ગઢપુર ગામે પધાર્યા. ગુજરાતમાં સંતો ઉપર પત્ર લખીને કરીને આજ્ઞા કરી આ રીતે અઢારમા અભિધાંનના રુપે શ્રીહરિલીલાસિંધુમાં લહરીના રુપે આ અઢારમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓ એ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રી હરિએ ગઢપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું. એ નામે અઢારમો તરંગ પુર્ણ થયો. ॥ ૧૮ ॥**

# તરંગ-૧૯

આનંદ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! જન્મ કર્મ ફળદાતા ભવ દુઃખને દૂર કરનારા પ્રેમથી જન્મ ભવને ગુણવાળા કરનારા ભકતજનોનાં હિત કરવા માટે અવતાર ધરીને આવનારા, ગઢપુરમાં નિવાસ કરીને રહેનારા એવા મહારાજ ગઢપુરથી કયાં પધાર્યા ત્યાં જઈને લોકોના ભર્મને હરનારા ધર્મ દેવના ઘરે અવતાર ધરીને જયાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રભુ ભવના કર્મોનો નાશ કરનારા પોતાના આશ્રિત ભકતોને સુખ આપનારા મહાપ્રભુનાં બધાજ ચરિત્રો કૃપા કરીને હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! દુઃખ ચરિ હરનારાં પ્રભુકૃપા કરીને ચરિત્રો કહો.

અવધગુરુ કહે છે કે હે રાજન ! પૃથ્વીપાલ આપને ધન્ય છે કેમકે તમે સર્પોના શત્રુ એવા ગરુડના સ્વામી મહારાજનાં ચરિત્રો જે ચરિત્રો ચંદ્રને ધારનારા શિવજી ભાવ પ્રેમથી આનંદ યુકત થઈને ગાય છે, મનુષ્યના જીવનને પવિત્ર કરનારાં પવિત્ર પુણ્યદાયક ચરિત્રો તમે જે પૂછયાં તે બધાં જ અતિ સુંદર ચરિત્રોને હે રાજન ! તમને કહું છું તો તમે અતિ ભાવ પ્રેમથી સાવધાન થઈને સાંભળો.

શ્રીહરિ અજીત પ્રભુ **ગઢપુરમાં** નિવાસ કરીને ખૂબજ સુખ આપતા હતા. ગુણના સાગર સુખ આપીને પછી **ગઢપુરથી** પ્રયાણ કરીને પ્રભુ વચ્ચે વચ્ચે રોકાણ કરીને નવાં નવાં ચરિત્રો કરતા હતા. હે રાજન! મહાપ્રભુ ગઢપુરથી **કરિયાણા** ગામે કમળ નયન નિર્મળ મનવાળા આશ્રિત ભકતજનોને સુખ આપવા માટે ગયા ત્યાર પછી મનહર પ્રભુ **રાજકોટ** પધાર્યા લોકોના મનની ઈચ્છાઓ પૂરી કરીને મહાપ્રભુ **ગોંડળ** થઈને **જુનાગઢે** પધાર્યા. ત્યાં પ્રેમીજનના મન તનનાં તાપોને દૂર કર્યા ત્યાર પછી પ્રભુ ત્યાંથી **પંચાળા** ગામે પધાર્યા.

શ્રી હરિના એકાંતિક ભકત હેંમતસિંહ રાજા શ્રીહરિને સામા લેવા માટે ખૂબજ ભાવ પ્રેમથી આવ્યા પ્રભુને ગામમાં પધરાવીને સેવા પરિચર્યા કરતા હતા. અને હરિભકતના મનના સંકલ્પો પૂર્ણ કરીને એમના કામાદિક દોષો હરતા હતા. કેટલાક દિવસો ત્યાં નિવાસ કરીને અવિનાશી પ્રભુ ભકતજનોને ખૂબજ મોટા સુખો આપતા હતા. ત્યાર પછી મહાપ્રભુએ ત્યાંથી આશ્રિતજનો પાસે બીજે જવા માટે રજા માગીને જગના તારનારા **પ્રભુ માંગરોળ** પધાર્યા.

મહારાજ માંગરોળ પધાર્યા એટલે પુરનો રાજા પ્રભુનાં સામૈયામાં ચતુરંગીણી સેનાને આગળ કરીને વાજતે ગાજતે અજબ સવારી કરીને હાથી ઘોડા રથ પાલખી પગપાળા વગેરે ભેગા થઈને સામા આવતા હતા. તત્કાળ બીજા પણ અનેક પ્રકારના વાજાં વગાડતાં હતા સન્માન સાથે બહુનામી મહાપ્રભુને આનંદ પમાડતા થકાં પુરમાં પધરાવતા હતા. સવારીમાં બજાર વચ્ચે થઈને સર્વેજનોનાં ભયને હરનારા મહાપ્રભુ ભકતજનનાં ઘેર પધાર્યા. મહાપ્રભુ પોતાના ભકતનાં સ્વચ્છ ઘરમાં પોતાનો મુકામ કરીને રહયા. સ્ત્રી પુરુષો ભાવથી દર્શન કરીને સુખ પામતા હતા. અને **મયારામ ભટ્ટ** આદિક અનેક આશ્રિત ભકતજનો મહાપ્રભુની સેવા ભકિત કરતાં હતાં. એકાંતિક ભાવથી ધર્મ કુમાર શ્રી સહજાનંદસ્વામીની ખૂબજ સેવા કરતાં હતાં. શ્રીજી મહારાજને ભાવ પ્રેમથી ભોજન જમાડીને ભકતજનો હરખ પામ્યાં.મહાપ્રભુએ ભકતજનોને સુખ આપીને પૂર્ણકામ સુખનાધામીએ ખૂબજ રાજી કર્યા.

ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી સવારમાં વહેલા વિહાંન સમયે પ્રયાણ કરીને **જાળીયા ગામે** જન પ્રતિપાલ

પધાર્યા. એટલે ગામના ભકતોનાં મનમાં ખૂબ જ સુખ થયું. સર્વેજનો પ્રભુની સામા શણગારો સજીને આવ્યાં. ભેટ લાવેલાં તે ભેટ પ્રભુને અર્પીને પગે લાગીને પ્રભુને સામસામા બાથમાં લઈને ભેટયાં પછી પ્રભુને પોતાના પુરમાં લાવતા હતાં. પ્રભુને નિરખીને દર્શન કરીને સનાથ થતાં હતાં. ઘનશ્યામ પ્રભુ ભકતજનોના ઘરમાં મુકામ કરીને કમળ નયન મહાપ્રભુ શોભતા હતા. ભકતજનોએ થાળ તૈયાર કર્યો તેને પ્રેમથી આરોગતા હતા. જગતના કારણ ધર્મકુંવર પ્રભુ પૃથ્વી ઉપર ધર્મને દ્રઢ કરીને પરમ પાવન કરતા હતા. શ્રી હરિ મહાપ્રભુ **જાળિયા** ગામમાં **નિવાસ કરીને રહેતા હતા ત્યારે પ્રભુ પોતાના શરીરમાં મંદવાડને ગ્રહણ કરતા હતા. જગતના પતિ મહારાજ કાંઈ અનાજ જમતા જ ન હતા. શરીરમાં ખૂબજ કષ્ટ થતું હતું. તેને સહન કરતા હતા. પ્રભુ મનુષ્ય જેવાંજ ચરિત્ર કરીને સામાન્ય જીવની માફક સુંદર આશ્ચર્ય કારક ચરિત્રો કરતા હતા. સર્વના ચિત્ત ખેંચતા હતા. પ્રાકૃત લોકોના જેવું જ વર્તન કરીને બધાનાં મનમાં ખૂબજ ભ્રમ પેદા કરતા હતા.** પ્રગટ પ્રભુનાં આશ્રિત ઉપાસકો પ્રભુના આ ચરિત્રો દિવ્ય સમજતાં હતાં. ચરિત્રને જોઈને મહાપ્રભુનું હૃદયમાં ધ્યાન ધરતા હતા. તેથી પોતાને કૃતાર્થ માનતા હતા.

હે રાજન ! જ્ઞાની મનુષ્યો ભગવાનનાં દિવ્ય અને મનુષ્ય બંને પ્રકારનાં ચરિત્રોનો ભેદ જાણે છે માટે નિસંશય થઈ સુખરુપે મહાપ્રભુને સાંભરે છે. સુખેથી ભકિત કરે છે. પુરુષોત્તમ પ્રભુ મનુષ્ય જેવાં જ ચરિત્રો કરતા હોય તેને જોઈને સારો એકાંતિક ભકત પ્રેમપૂર્વક પોતે નિશ્ચય દ્રઢ કરે છે તેના નિશ્રાયમાં કોઈ ફેર નથી પડતો.

એવા ભકત **પાર્ષદ ભગુજી** એકાંતિક છે. એટલે નિશંક થકા બંને હાથ જોડીને પ્રાણના આધાર મહાપ્રભુને કહેતા હતા હે પ્રાણ આધાર ! સાંભળો. હે પ્રભુ ! આપે ઘણાં દિવસથી કાંઈ ખાધુ નથી હે કમળ નયન! હે બહુનામી! ઘણાં બધા દિવસો વીતી ગયા આપે કાંઈ લીધુજ નથી. તેથી હરિભકતોનાં મનમાં અકળામણ થવા માંડી છે. તો કાંઇક કૃપા કરો. હે મહાપ્રભુ ! આપની ગતિતો અલૌકિક છે એને પારખવી કઠિન છે કોઈ જાતની ગમ જ નથી પડતી. શા કારણે આપે આવા કષ્ટ વેઠવાનું નિર્ધાર કરેલ છે. શા કારણે આપે આ શરીરને કષ્ટ આપેલું છે તે સમજાતું જ નથી. આપ તો આખા જગતને ધારણ કરો છો. હે પ્રભુ! અન્ન જળ લીધા વગર જીવન જીવો છો તે તો લોકોનાં સુખ કરવા અને દુઃખોને હરવા આપે ચરિત્ર કરેલું છે. એતો બધાય જાણે છે. અનાજ જ જીવોનું જીવન આપનારું છે. કળીયુગમાં અન્ન સર્વે જીવોનો પ્રાણ છે. અને સર્વે જીવો જીવે છે. તો હે પ્રભુ ! જીવોનાં સુખ માટે ભોજન જમો. ભકતના મુખેથી વાત સાંભળીને ભકતના ભયને હરનારા મહાપ્રભુ મૂર્તી મનોહર અમૃતવાણીથી વચનો કહેતા હતા. મારા કારણે અત્યારે ભારે દિશાઓ શોભે છે **સરસ્વતી, લક્ષ્મી, બ્રહ્મા, દેવતાઓ સર્વે વિષ્ણુ, મહાદેવ ખૂબજ આનંદ પામે છે.** અને **સુખ ભોગવે છે. તોય એમ લાગે કે સુખ નથી લેતા એજ કારણે મારા આશ્રિતો પણ અમારા આત્મ સુખે સુખી રહે છે. એટલા માટેજ સર્વના ત્રાસને દૂર કરવા માટેજ** આ વેળાએ અમે મનુષ્ય શરીર ધારીને મનુષ્ય જેવાજ ચરિત્રો કરીએ છીએ. ભુખ તરસ સુખ - દુઃખ બધુંજ જાણીને સહન કરીએ છીએ. એ સ્વતંત્રપણે જ કરીએ છીએ. અમને કોઈ પરતંત્ર ન સમજે. આદિ મધ્ય અને અંતના સ્વરુપો બધાજ અમને તો સમાન જ લાગે છે. અમે જે ચરિત્રો કરીએ છીએ તે તો મનુષ્ય સમાન નવિન જ કરીએ છીએ. એમાં જેને સંશય ન થાય હૃદયમાં કાંઈ પરિવર્તન ન આવે તો જ તે મારો એકાંતિક ભકત કહેવાય.

એમ મહાપ્રભુ વાત કરતા હતા તે સાંભળીને ભગુજી અને બીજા સત્સંગી સર્વે મનમાં આનંદ પામ્યાં પ્રભુ કહે મારા વગર બીજું કાંઈ સુખદાયક છે કે નહી એમ જાણીને બીજાં સુખો આપનારા દેવોને છોડીને મારામાં બંધાય છે તે જ મારા ભકતો સારા નિષ્ઠાવાન છે. સર્વની ઉપર સર્વના પ્રેરક એવા અમને જે જાણે છે તેથી મારા ચરિત્રોમાં કયારેય મોહ નથી પામતાં. એવા મારા એકાંતિક ભકતો પોતાના કુંટુંબ સહિત જગતથી તરીને મારા ધામમાં પહોંચે છે. આવી રીતે મહારાજ અલૌકિક પ્રતાપ બતાવીને એક માસ સુધી રોકાયા. રોજે રોજ ભકતજનોને મહાપ્રભુ પ્રતાપ જણાવીને સુખ આપતા હતા.

હે રાજન ! પછી પ્રભુ **જાળિયા**થી પ્રયાણ કરીને માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાતા થકા ભકતોને દર્શન આપતા થકા મહાપ્રભુ **મુળી ધામે સૌભિર** દેશમાં ભકતોને સુખ આપવા પધાર્યા.

સૌભિર દેશની ભૂમિ શોભાવાળી હતી. ત્યાં ચારે વર્ણનાં લોકો વસતા હતાં. ચારે વર્ણની સાથે **પરમાર, વાણિયા, બ્રાહ્મણોના** વિસ્તારો મુખ્ય હતા. તે ધરણી ઉપર સફેદ મકાનો શોભતાં હતાં. શુધ્ધ ગુણવાળાં નર-નારીજનો પ્રભુનાં ગુણને ગાતા હતાં. એવી રીતે **મુળી ગામ** સુંદર કીર્તિ વિસ્તારતું હતું. મુળી પુરની શોભા અતિ મનોહર હતી. જયાં ધનવાન વાણિયાઓ વસતા હતા. જાણે ધનના રાજાઓ રુપ ધરીને ન આવ્યો હોય ? તેમ લાગતું હતું. બધોજ જરૂરીયાતી કિમતી સામાન વેચાતો હતો. ત્યાંના નર નારીઓ નવિન વાતાવરણ જોઈને પ્રભુના ચરણ કમળમાં પ્રીતિથી ખેંચાતાં હતાં. ચારે દિશામાં તે પુર સુંદર શોભતું હતું. સર્વે ધનિકોની દુકાનો શોભતી હતી. એ રીતે લોકોનાં સમુહો માર્ગ ઉપર આવતાં જતાં હતાં. સર્વે હરિજનો શ્રીહરિના ગુણને ગાતા હતા. લોકો ભાવપૂર્વક ભગવાનમાં પ્રીત કરીને ભજતાં હતાં. મુખેથી સ્વામિનારાયણ ભગવાનનો જપ કરતાં હતાં. સર્વે ઘર બારના કામો ભૂલીને નર-નારી પ્રભુનાં ભજનમાં લાગતાં હતાં.

હે રાજન ! ત્યાં જાત જાતના ઘોડાઓની મોટી હાર હતી માર્ગ વચ્ચે તે આવતા જતાં હતા. અનેકની સંખ્યા હતી. કયાંક પીળા, ધોળા, કયાંક ગુલાબી કયાંક નીલા રંગના ઘોડા શોભતા હતા.

હે રાજન ! અનેક સુંદર રુપાળા ઘોડા કયાંક આડી રેખ કલરના કેટલાક લાખીયા ઘોડા જયવર મંગળ નામના સારી જાતના આ રીતે જાત જાતના ઘોડાં શોભતાં હતાં. હે રાજન ! કયાંક સારી જાતની ઘોડી સુંદર માણકી જેવી જાતની સુંદર શોભતી હતી. કયાંક કેસર બેરી બોદલી ઘોડી દેખાતી હતી. રાજન કયાંક કયાંક ફુલમાલ સુંદર ચાલવાળી શોભતી હતી. આવી જાતના ઘોડાં શોભતાં હતાં. એમનાં ગળાં ઉપર કેશવાળી લટકતી શોભતી હતી. જેમ નટ લોકો કળા કરીને ચાલતા હોય તેમ ચાલતી રમતો કરતી હતી કયાંક નાચ કરતી, જેમ હરણાં કોઈ છાયા જોઈને ભડકે તેમ ઘોડાં ભડકતાં હતાં. એનાં અંગોની શોભા દર્પણ જેવી શોભતી સુંદર બરડાવાળી પગ પણ ગોળ સુંદર લાગતા હતા. બધાજ વિકારોને ત્યાગેલ શોભતી હતી. કેટલાકની ડોક ધનુષ્ય જેવી સુંદર રીતે શોભતી હતી. એના કાન ટુંકા સીધા શોભતા હતા. અતિ સુદ્રઢ બેઠેલી પીઠવાળી જોઈને અસ્વારનું મન મોહ પામતું હતું. જાણે મહેલના થાંભલા જેવા પગ સ્થિર સમાન લાગતા હતા. સુંદર પગ જોઈને અચંભો થતો હતો. તે ઘોડાં સદાય શીલ ગુણવાળા શોભતા હતા. આવી રીતે અનેક ઘોડાનાં ટોળાં જોઈને શ્રીહરિ મહાપ્રભુ પુરમાં જતા હતા. શ્રી હરિ બજારમાં થઈને ગામ વચ્ચે ઠાઠ માઠની નિકળતા હતા. તેમને જન સમુદાય જોતો હતો. તેના નેત્રને ખેંચતા હતા. સર્વે પુરવાસી લોકો ઉત્સાહથી જોતા હતા. દર્શન કરીને સુખ પામતા હતા. ગીચતામાંથી પ્રભુ જતાં હતા. દર્શન કરનારા સુંદર ફુલોના હાર પહેરાવતા હતા.

ભગવાનના સ્વરુપને જોઈને લોકો ચકિત થઈ જતા હતા. મકાનોના જરૂખામાં ઉભા રહીને સ્ત્રીઓ પ્રભુને ફુલોથી વધાવતી ને પ્રેમથી જોતી હતી. સર્વેજનોની સેવાને અંગિકાર કરીને મહાપ્રભુ પોતાને ઉતારે પધારતા હતા.

હે રાજન ! જેમનું નામ **માઘજીભાઈ** છે તેમણે મહાપ્રભુ ના દર્શન કરીને અતિ ઉમંગનો વધારો થયો. સુંદર આસન બનાવી તેની ઉપર વિરાજમાન કર્યા,ત્યાર પછી સર્વજન સમુદાયની સાથે પ્રભુની સામે ઉભા રહયા. પછી સુંદર રસાળ રસોઈ બનાવીને થાળ તૈયાર કરીને શ્રી હરિને પ્રેમથી જમાડતા હતા. પછી સર્વે ભકતજનોને જમાડતા હતા. જમીને લોકોને જમાડીને આનંદ કરાવીને ગર્વગંજન ભયને ભાંગનારા ભકતનાં ભવ દુઃખ ટાળતા હતા. હે રાજન! શ્રીહરિ સ્નાન કરવા પ્રાચિન નદીને પવિત્ર કરવા માટે **ભોગાવો** નામની નદીમાં પધાર્યા. તે નદી પાણીથી ભરેલી ખુબજ શોભતી હતી. નદીના કાંઠે વૃક્ષો નમેલાં હતાં. તેની ઉપર વેલીઓથી ઢંકાયેલાં શોભતાં હતાં. તે નદીનું જળ અતિસ્વચ્છ સ્વાદિષ્ટ ઉજળું શોભતું હતું. આવી રીતે ગુપ્તતા વાળી નદીને જોઈને ધર્મનંદન મહારાજ સુંદર રીતે સ્નાન કરતા હતા. જગના સ્વામી ભકત સંતજનોની સાથે સ્નાન કરીને ત્યાંથી જનસમુદાયની સાથે પાછા આવતા હતા. નામ **અલર્ક વાવનાં** નામથી લોકોમાં પ્રસિધ્ધ હતી. તે વાવમાં મહાપ્રભુએ ચરણનો સ્પર્શ કરીને જળમાં ચરણ ધોઈને પછી હાથ મુખને ધોઈને જયાં બીલીનું વૃક્ષ હતું ત્યાં પધાર્યા. સુંદર દેવીનું મંદિર જોઈને ધર્મકુમાર મહાપ્રભુ મધુરવાણીથી કહેતા હતા. આ ભૂમિનો ભાગ સુંદર રીતે શોભે છે. આ ભૂમિ મહાપુણ્યવાળી છે. એના ગુણને કવિજનો ગાયા કરે છે. માટે આ જગ્યાએ ખૂબજ મહા મોટું ધામ થવાનું છે. એમ મહાપ્રભુ સંતોને કહી ભવિષ્યની વાત જણાવતા હતા. આ રીતની મૌલિક અમુલ્યવાણી સાંભળીને ભકતજનો અને સંતોને મનમાં ખૂબજ આનંદ આનંદ થવા લાગ્યો. મહાપ્રભુ આવી રીતે મુળી ધામમાં રહીને રમુજ યુકત વિનોદની વાતો કરીને લોકોના મનને આનંદ કરાવતા હતા. આવી રીતે ચરિત્રો ઉપદેશ કરતા થકા મહારાજ મુળી પુરમાં રહીને સુખ આપતા હતા. ત્યાર પછી ગરીબ નિવાજ પ્રભુ પ્રેમથી ત્યાંથી પધારતા હતા.

શ્રીહરિ **મુળીથી ખોલડીયાદ પધાર્યા.** પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને સ્વાગત કરવા સારા લોકો ત્યાં આવ્યાં. પ્રભુ પાસે આવીને આનંદ ઉલ્લાસને પામ્યાં. ભેટ સામગ્રી ખૂબજ લાવેલા તે અર્પણ કરીને દર્શન કર્યાં. ત્યાં **રુડાભાઈ** આદિક હરિજનો સર્વે અતિ ગુલતાન થઈને મહાપ્રભુનું સન્માન કર્યું. વાજાં વગાડતાં થકા સ્ત્રી પુરુષો ગામમાં લાવતા હતાં. શ્રીહરિએ ગામમાં પધારીને ચરણાંકિત કરીને આખા ગામને પાવન કરી દીધું. દયા કરીને કૃષ્ણ પ્રભુએ આશ્રિત ભકતજનોને દર્શન આપ્યાં તથા **રુડાભાઈ** આદિક જનોએ પ્રભુને ઓળખીને મહાન જાણીને દર્શન કર્યાં. અને ગુલતાન થઈને ખૂબજ સન્માન કર્યું. સર્વને માટે ભોજન કરાવરાવ્યું. મહારાજને ભાવથી જમાડતા હતા. ત્યારે મહાપ્રભુ પ્રેમથી જમતા હતા. સ્નેહથી જમીને પુરુષોત્તમ મહાપ્રભુ પલંગ પર પધારતા હતા. **રુડો ભકત** પ્રેમ કરીને પગ દબાવતા હતા. ત્યારે હરિ બધી વાતો કરીને પુછતા હતા. પ્રિતથી પોતાના ભકતજનના સમાચાર પૂછયા કે ઘરમાં અનાજ કેટલું છે ? ત્યારે શ્રીહરિને ભકત કહેતા હતા કે હે પ્રભુ ! અત્યારે ઘરમાં થોડુંક પણ અનાજ નથી. હે કૃપા સિંધુ ! કૃપા કરો. ત્યારે શ્રી હરિનાથ સાંભળીને ભકતને કહેતા હતાં કે જયારે ભયંકર દુષ્કાળ થશે ત્યારે અન્ન વગર જીવન કેવી રીતે રહેશે. ત્યારે તો દેહનું કોઈ અસ્તિત્વ જ નહી રહે બેહાલ થશે. ત્યારે ભકત ભગવાનને કહેતા હતા કે હે પ્રભુ ! જેમના પતિ (સ્વામી) જગતના

સ્વામી છે, જગતમાં કહેવત છે કે ભગવાન વિશ્વંભર કહેવાય છે. તો પોતાના ભકતનું પોષણ ન કરી શકે ? શું ભગવાન અનિતિમાં તો ન જ હોય તેમ હું જાણું છું. ભકત ભગવાનનો ત્યાગ કરીને પોતાના માટે ચિંતા કરે તો તે જન જગતમાં ભકતજન કહેવાય એટલા માટે જ પ્રભુ મેં વાત સાચી જ કહી છે. એમ જરૂર જાણો. જેમ માતા પિતા બાળકનાં પાલક પોષક કહેવાય છે. એમ પ્રભુ જગતના પ્રતિપાલક છે. એ આદિ અનાદિનીજ રીત છે. માટે હે દીન દયાળુ પ્રભુ ! આપ સાંભળો. ભકતના કર્મના કર્તા હર્તા ભગવાન છે. જગતના કાળ કર્મના નિયતા ભગવાન છે. એટલા માટે ભકતનું અહિત થાય તે કયારેય ન બને. તે ભકતનાં વચન સાંભળીને શ્રીહરિ મનમાં મંદ મંદ હસતા હતા. મુખથી આનંદિત થતા કહે ઘરમાં કાંઈ અનાજ જ નથી. અને અમારો જ એક આધાર રાખીને નિશ્ચિંત રહે છે. એટલા માટે તમને ધન્ય છે. એમ કહીને તે ભક્તને પૂછતા હતા કે તમે ખેતરમાં કાંઈ અનાજ વાવેલ છે કે નથી વાવ્યું ? જે હોય તે સાચીજ વાત અમને કહો. **ત્યારે તે રુડો ભકત કહે એમાં એકમાં બાજરી વાવી છે પણ તે પાણી વગર પાણીના ખેંચથી સુકાય છે.**

**હે પ્રભુ! એમાં એક પણ દાણો થાય તેમજ નથી વરસાદ વર્ષે તો બાજરી ખૂબજ સારી પાકે તેમ છે. આમ વાતો કરતાં કરતાં મોડી રાત થવા આવી ત્યારે મહાપ્રભુ શૈયામાં જઈને પોઢી ગયા. પ્રભાત થયું એટલે કમળનયન જાગ્યા અને પોતાના ભકતની સાથે ભગવાન ચાલતા થયા. ચાલતા ચાલતા માર્ગમાં આગળ ગયા એટલે રુડા ભકતનું ખેતર આવ્યું. અને ભકત હરિને કહે હે પ્રભુ ! આ જુવો મારુ ખેતર છે. હે પ્રભુ ! આમાં જો વરસાદ થાય તો અનાજ પાકે તેમ છે. જો વરસાદ ન થાય તો તે બધુજ બળી જાય, મુળમાંથી નાશ પામે આમ ભકત કહેતા હતા. તેને મહાપ્રભુ સાંભળતા હતા. તે ખેતરને શ્રી હરિ ચારે બાજુ ફરીને જોતા હતા. ચારે બાજુ દ્રષ્ટિ કરતા હતા. અતિ સારી ભૂમિ જોઈને મનમાં આનંદ થયો. અનાજમાં બાજરી પાકેતો સારુ થાય એમ ભકત માને છે. ત્યારે પ્રભુ કહે વરસાદ થશે આમ ભકતને કહીને નાથ ત્યાંથી પાછા વળી ગયા. ઘનશ્યામ પ્રભુએ જોઈને કરુણા કરી પ્રભુએ ખેતરમાં વરસાદ વર્ષાવ્યો. અને ચારે બાજુ બીજાના ખેતરોમાં કાંઈ ન થયું. આવી રીતે પ્રગટ પ્રભુએ પ્રીત કરીને સુંદર પરચો આપ્યો. એકજ ખેતરમાં વરસાદ કરાવ્યો. મહાકાળમાં પ્રભુએ કૃપા કરીને અન્ન પકાવરાવ્યું. મહાપ્રભુએ પોતાના એકાંતિક રુડા ભકતને પરચો આપીને શ્રી હરિ પોતાના ભકતની રક્ષા કરીને જગતમાં નિશાની વરતાવી દીધી.**

**હે રાજન!જયારે સવાર થયું ત્યારે લોકોએ જોયું કે રુડા ભગતના ખેતરમાં ખૂબ જ વરસાદ થયો. એ વાત બધાજ કહેતા હતાં. રુડા ભગત જોઈને ખૂબજ રાજી થયા. ઘનશ્યામ પ્રભુએ વરસાદ વરસાવ્યો એ પ્રભુએ કૃપા કરીને પરચો દીધો પૂર્ણકામ પ્રભુનો પ્રતાપ છે. આજે પણ જગતમાં ચારે કોર આની વાતો થતી રહેશે. રુડા ભગતના ખેતરમાં મધ્યરાત્રે વરસાદ વરસ્યો છે એમ ચારે બાજુ વાતો થવા લાગી. હે રાજન ! અહીંયાં વરસાદ વરસ્યો અને બીજે કયાંય વરસાદ ન થયો તે એકજ ભકતના ખેતરમાં અઢળક બાજરો પાકયો. યોગ્ય થયું. આખા દેશમાં કણ ન પાકયું. એ આખું જગત જાણે છે કે રુડા ભકતના ખેતરમાં બાજરી પાકે ત્યારે તે એક હજાર મણ બાજરી પાકી. ત્યારે ત્યાંના રાજાને પણ રુડા ભકત ભાગ આપવા ગયા તોય ભાગ ન લીધો. હરિના પ્રતાપને જોઈને ભકતના ભાગ્યનો પાક થયો છે. એમ જાણતા હતા. આવી રીતે ભકતની ઉપર કૃપા કરીને પ્રભુએ અનેક પર્ચા આપ્યા છે. પર્ચાથી ભકત મનમાં રાજી થાય છે. અને ફેલ કરતુતવાળા જગતમાં ફજેત થાય છે. અને ખૂબજ દુઃખી થાય છે.**

**મુળીથી** પ્રભુ ખોલડીયાદ માં આવ્યા ત્યાં પુરુષોત્તમ મહાપ્રભુએ પરચો આપ્યો. આવી રીતે શ્રી હરિ

લીલા સિંધુમાં લહરીના રુપે ઓગણીશમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદ રાજાના સંવાદમાં શ્રીહરિના પરચાનું વર્ણન કર્યું. એ નામે ઓગણીસમો તરંગ પૂર્ણ થયો. ॥ ૧૯ ॥**

# તરંગ-૨૦

આનંદ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! લોકોનાં મનને રાજી કરીને નાથ કમળ નયન શ્રીહરિ કઈ જગ્યાએ પધાર્યા તે લીલા વર્ણવીને કહો. ભગવાનનાં ચરિત્રની કથા સાંભળ્યા વગર રાત દિવસમાં કાંઈ સુખ આવતું જ નથી. એટલા માટે હે અવધપ્રસાદજી મહારાજ! તમે મને તમારો શિષ્ય જાણીને બધી વાત કહો.

હે આનંદ રાજા! તમારી સુંદર વાતો હરિના ચરિત્રોની પૂછેલ તે વાતો તમે ધ્યાંનથી સાંભળો હું તમને હરખ પૂર્વક કહું છું. શ્રી હરિ સાક્ષાત પુરૂષોત્તમ નારાયણ **ખોલડીયાદથી ગઢપુર પધાર્યા.** ગઢપુર જઈને શ્રીહરિએ અધમ પાપીના પાખંડ વનને બાળીને ધર્મનંદન પ્રભુ માયામાં બંધાયેલા મોહના અંધકાર રુપ એવા તે ખળોને પરાજિત કરતાં મહાપ્રભુનાં ચરિત્રો કહું છું. તેને તમે ધ્યાનથી સાંભળો. ચપળ મૂર્તિ ચતુર વર મહાપ્રભુ **ખોલડીયાદથી ચાલીને ગઢપુર પધાર્યા.** ત્યારે પુરના પ્રેમી ભકતજનો પ્રભુનાં દર્શન કરીને ખૂબજ સુખ પામ્યાં. ઉત્તમ રાજાની (દાદાખાચરની) સાથે આખો પરિવાર સંસારના સુખનો ત્યાગ કરીને મહાપ્રભુની ભકિત કરતા હતાં. મહાપ્રભુ ખૂબજ ભાવથી ભોજન જમતા હતા. ત્યારે લોકોનાં મનને ખૂબજ ગમતા હતા પ્રભુના મુખેથી વચનો સાંભળીને પ્રેમથી રાત દિવસ જયારે જયારે બહાર જાય ત્યારે કિર્તન ગીતો ગાતાં જતાં હતાં. મહારાજનાં દર્શન કરવા માટે **રામદાસ** મુનિ ઉતાવળા ઉતાવળા આવ્યા. પણ સુખદાતાએ દર્શન આપ્યાં નહિ. અને તરતજ પાછા વળાવ્યા.

ભગવાને નહી આવવાનું કહ્યું છતાં રજા સિવાય આવ્યા. એટલા માટે જ પ્રભુએ દર્શન ન દીધા. અને પાછા જવાનું કહ્યું. ત્યારે **રામદાસ સ્વામી** પીપળાવાળી વાડીમાં જઈને રહ્યા ત્યાંથી મુનિ રાજ પાછા ગયા. પછી પાછા **મુકતાનંદ સ્વામીની સાથે રામદાસ મુનિ આવ્યા.** ત્યારે પ્રાણપતિ મહાપ્રભુએ પોતાની પાસે બોલાવ્યા. અને સેવક જાણીને દર્શન આપ્યાં. આમ અવિનાશી પ્રભુ નિત્ય પ્રત્યે નવા નાવા ચરિત્રો કરીને સુખ આપતા હતા. દાદા ખાચરના દરબારમાં રહીને મહાપ્રભુ જ્ઞાન વૈરાગ્ય સાથે ઉપદેશની વાતો કરીને ઉપદેશ કરતા હતા. ભકિતનાં લક્ષણોની વાતો કરીને ધર્મ નિયમ દ્રઢતાથી પાળવાનો ઉપદેશ સ્પષ્ટ સમજાવતા હતા. આ રીતે મહાપ્રભુ ઉપદેશ કરીને સુખ આપતા હતા.

હે રાજન! આ રીતે ત્યાં ગઢપુરમાં મોટા મહોત્સવ થતા રહેતા હતા. ત્યારે દાદા ખાચરના પિતા એભેલ ખાચરે પોતાના દેહનો ત્યાગ કર્યો અને પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં અક્ષરધામમાં સ્નેહથી ગયા. ત્યારે તે દર્શન કરવા દેવરાજ ઈન્દ્ર આદિક દેવો સર્વ વિમાનો લઈને આવ્યા તેને જગતના બધાજ લોકો જોતાં હતાં, દેવોની દુદુંભિઓ વાગતી હતી ખુબ જ નાદ થતો હતો તેને પુરનાં લોકો સાંભળીને હરખ પામતાં હતા દુઃખ હળવું થતું હતું. આવી રીતની શોભાથી ભરપૂર અભયરાજા મહાપ્રભુનાં ચરણકમળનાં સુખને પામ્યા અને

બ્રહ્મપુરમાં પહોંચ્યાં ત્યારે દેવ લોકમાં જયજયકારનો નાદ થતો હતો. અને પૃથ્વી ઉપર અભયરાજાના અવસાનથી શોક થતો હતો. આ ભુમંડળ ઉપરથી સૂર્ય અસ્ત પામ્યો છે એમ ગઢપુરના લોકો કહેતા હતાં. આમનાં જેવા ધર્મનિષ્ઠાવાળો કોઈ નથી કેમ કે જેના ઘેર પ્રગટ ભગવાન નિવાસ કરીને રહયા છે એ કેવા ધર્મનિષ્ઠા વાળા હોય. પુરમાં બધાં જ માણસો આવી રીતે વાતો કરતાં હતાં અભયરાજાર્ન દેહને સ્મશાનમાં લઈ જઈને અગ્નિ દાહ દીધો, લોકશાસ્ત્ર અને કુળના રિવાજ પ્રમાણે પુત્ર દાદા ખાચરે વિધિ પ્રમાણે બધા જ શુભ સંસ્કારો કર્યા. લોક વ્યવહાર પ્રમાણેની વિધિ પુરી કરીને પરવાર્યા પછી એભલ ખાચરના પત્ની જેમનું નામ સુરબાઈ છે એમણે પોતાના ચિત્તને બધેથી ખેંચીને કેવળ શુદ્ધ ચિત્તવાળાં થઈને શ્રીહરિના સ્વરુપને ધારતાં હતાં. તે જ સુરબાઈ પોતાનાં મનમાં વિચાર કરીને પોતાના પુત્ર સહિત આખો પરિવાર રાજ દરબાર સર્વે નિરધાર કરીને શ્રીહરિને અર્પણ કરી દીધું. શ્રીહરિનાં શ્રદ્ધાવાન બની ગયાં. જમીન, જાગીર, દરબારગઢ, ધાન્ય સરવે પુત્રીઓ, પુત્ર તથા પોતાનો દેહ બહું જ હાથ જોડીને સુરબાઈએ પોતાનું સર્વસ્વ સ્નેહ પૂર્વક સમર્પણ કરી દીધું.

કહેતાં હતાં કે હે પ્રભુ! આ સર્વસ્વ છે તે આપને અર્પણ કરું છું એ સર્વ અમારું છે તેને આપ પોતાનું જ જાણજો, હે જીવન પ્રાણ ! આપ જેમ કહેશો તેમ અમે કરીશું હે પ્રભુ ! અમે સર્વે આપનાં નોકર આજ્ઞાપાલક છીએ. હે રાજન ! આમ કહીને પોતાના પુત્ર દાદાને ઘનશ્યામ પ્રભુના હાથમાં અર્પણ કરી દીધો ત્યારે મહાપ્રભુ મનમાં ખૂબ જ રાજી થયા . મોટો રાજા પોતાનો અનન્ય ભકત થયો એમનાં બધાં જ કામો મહારાજ પોતે જ કરતા હતા સુખકંદ પ્રભુ પોતાના આશ્રિતો ભકતજનોને પરમસુખ આપતા હતા. વિશ્વના ઈશ સ્વામિનારાયણ પ્રભુ પોતાના સર્વે નરનારિજનોને મર્યાદા પ્રમાણે વર્તાવતા હતા ગઢપુરમાં ગઢરપતિ થઈને ભકતોના પતિ સર્વભુવનોના નિયંતા પ્રભુ સુખ આપતા હતા.

કરુણાનિધાન કરુણા કરીને એભલખાચરનું કાર્ય ઉત્તમ રાજા પુત્ર પાસે કરાવ્યું શ્રી હરિની આજ્ઞાને હદયમાં ધારિને બહુ જ મોટું ખરચ કર્યુ તે તો જગતના લોકો સૌ જાણે છે. મનમાં ભાવે એવાં સારાં પકવાનો ખૂબ બનાવરાવ્યા અને સર્વે સંતો ભકતજનોને જમાડયા અને સર્વે પાપોને બાળી નાખ્યાં પછી દાદા ખાચરે પોતાના જ્ઞાતિ જનોને જમાડયા તથા ગામના સમાજનાં લોકોને જમાડયાં ગામનાં ગરીબ લોકોને પણ ખંતથી જમાડયાં નર નારિજનોને ખૂબ પ્રેમથી જમાડયાં. એવો મોટો સમારોહ કર્યો તેની ઉપમા કોઈ કવિ આપી શકે તેમ જ નથી એવો મોટો સમારોહ કર્યો એવી રીતે સર્વોપરી મહાન કાર્ય કરીને ઉત્તમરાજાએ કીર્તિ પર કળશ ચડાવ્યો. જગતના પતિ જગતનાં વંદ્ય એવા સર્વોપરી જે પોતાના સહાયક હોય તે પ્રભુ જેનાં કાર્યો કરે તેનો યશ સર્વત્ર હોય જ એવા રાજ રાજેશ્વર પ્રભુનાં કર્તા જગતમાં બીજી મોટી કોઈ વાતજ ન હોય. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ નિત્ય પ્રત્યે લીલાઓ ગઢપુરમાં રહીને પ્રેમ સહિત કરતા હતા તેમાં કેટલાક દિવસો વિત્યા ત્યારે મહાપ્રભુએ રાજી થઈને મુકનાનંદ સ્વામીને **મછિયાવ** ગામે મોકલ્યા.

સર્વનાં ચિત્તને આનંદ કરનારા મહાપ્રભુ, સુખ આપનારી વાત કરતા હતા. નિત્યાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામીને જેતલપુર મોકલતા હતા. તે બંન્ને મુનિઓ ગયા પછી કેટલાક દિવસ વિત્યા પછી તે બંન્ને મુનિઓની વાતો કરીને ખુબ વખાણ કરતા ગુણ ગાતા હતા. આવી રીતે ધર્મનું અને ભકિતના અંગોના જ્ઞાનની વાતો કરતા થકા સુખ આપતા હતા ભકતજનો સુખ ભોગવતા હતા. હે રાજન ! આ બાજુ ચરોતર દેશમાં સંતો વિચરણ કરતા હતા ત્યારે એક અલૌકીક ઘટના બની એક રાજા ખૂબ જ ભાવનાવાળા એકાંતિક

ભકત હતા પંચ ભૌતિક દેહનું ભાન ભુલેલા હતા તે ભકત દેહનો ત્યાગ કરીને ભગવાનનાં દિવ્ય ધામમાં ગયા હતા એ જોઈને તેની વાત તમને સાંભળાવું છું. હે રાજન ! ધામમાં ગયા તે રાજાનું નામ ભકત **શિરોમણી દાજીભાઈ** કહેવાય છે. તે ભકત દેહ છોડીને તરત જ પરમપદ ધામને પામ્યા ત્યારે એમને તેડવા માટે ઘનશ્યામ મહાપ્રભુ પધાર્યા હતા. સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન પોતાના એકાંતિક ભકત જાણીને અગણિત મુકતો અને વિમાન લઈને તેડવા આવેલા પ્રભુ પુરમાં આવ્યા ત્યારે નરનારી જનો જોતાં હતાં તે પ્રભુએ પોતાની ઈચ્છાથી દર્શન દીધા. તે સમયે અનંત વાજાં વાગતાં હતાં તેના શબ્દને નરનારીજનો સ્પષ્ટ સાંભળતાં હતાં તેથી ખૂબ જ આશ્ચર્ય થતું હતું. સજજનો આકાશમાં દેવોનાં વિમાનો જોતાં હતાં આનાથી આકાશમાં મોટો મહોત્સવ થતો હતો તેને જોઈને નરનારી સર્વે આનંદ પામતા હતાં અને જય જયકારનો ઉંચે સ્વરે નાદ કરતાં હતાં. આવી રીતે રાજા **દાજીભાઈ** પોતાના દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. ભગવાનના મુકત થયા અક્ષરધામમાં ભગવાનનાં સ્વરૂપમાં દ્રઢપ્રેમ કરીને ધામવાસી થયા.

હે રાજન! ત્યાર પછી એમના પુત્ર **બાપુભાઈએ** પ્રેમથી પિતાની પાછળ ખાંતથી જે ખર્ચ કર્યું તેની વાત તમને વિસ્તાર કરીને કહુ છું તે સાંભળો, ભાવ પ્રમાણે ઘી વહેચાતું લીધુ એક રૂપિયે એકશેર ના ભાવે લીધું. તેનાં પકવાનો કરાવ્યાં નાથી અને કાનર નારીજનોને ખૂબ જ જમાડયાં. આવી રીતે બાપુભાઈએ ખૂબ જ સારી રીતે ખર્ચ કર્યુ હે. રાજન! આવી રીતે ખર્ચ કરીને જગતમાં ખૂબ જ યશ પામ્યા રાજા બાપુ ભાઈએ સર્વોપરી સુંદર કાર્ય કર્યુ. કેમકે જેવા પિતા દેવનાં વિમાનમાં બેસીને ભગવાનનાં અક્ષરધામમાં ગયા તેને જગતનાં લોકોએ નજરે જોયું આનંદ પામ્યાં આવો મોટો મહોત્સવ કર્યો બંન્ને મુનિજનોએ નજરે જોયો તેને જોઈને બંન્ને ગઢપુરમાં ગયા મહારાજાને જઈને બધીવાત કહી સંભાળાવી ત્યારે મહાપ્રભુ વાત સાંભળીને મનમાં ખૂબ જ રાજી રાજી થયા.

પૃથ્વી ઉપર દાનવીર રાજાને ધન્યવાદ છે કેમ કે ધર્મનો માર્ગ પકડીને રાજયમાં પ્રજાનું પાલન કર્યું. શત્રૂઓના સમુહમાં સર્વને પરાજિત કર્યા અને પરબ્રહ્મ ધર્મનંદન મહાપ્રભુનો આશ્રય કરીને સત્સંગ દઢ કર્યો. એવા રાજા પણ ભકત શિરોમણિ થયા પંચભૌતિકતાનું ભાન ભુલાવીને પરમ નિર્વાણ પદ બ્રહ્મપુરધામને પામ્યાં આખું જગત જાણે તેમ બધાને જોતાં ધામમાં ગયા. એવા કોઈ રાજા જગતમાં થયા નથી અને થશે પણ નહિ, આવા દાજીભાઈ રાજા પૃથ્વી પર થઈ ગયા અને ભક્તિ કરીને ભગવાનનાં ધામમાં ગયાં તે પણ બધાને જોતાં થકા ગયા .

આવી રીતે બધા જ લોકો વાતો કરતા હતાં એટલામાં મોટો સમૈયો થતો હતો એમાં રોજ રોજ ભકતો સંતો પ્રભુનાં ચરિત્રનાં કીર્તનો ગાતા હતા આમ જીવોના અપયશને દૂર કરતા હતા.

ત્યાર પછી શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સર્વે સંત સમુદાયને આજ્ઞા કરી કે તમે બધા **વડતાલ** જાઓ ત્યાં જઈને વસંતનાં કીર્તનોનાં પદો ગાજો. અમે પછીથી આવીશું. હેતથી ફૂલડોળનો ઉત્સવ કરીશું. આમ કહીને સંતોને **વડતાલ** મોકલ્યા અને પ્રભુ પોતે **ગઢપુરમાં** રહયા. રસિક મહાપ્રભુએ ખૂબ જ પ્રમાણમાં રંગો મંગાવ્યા, અબિર ગુલાલ મંગાવ્યો ને ખૂબ ભેગો કર્યો. **ગઢપુરમાં** અલબેલો ખૂબ રંગે રમ્યા ગુણ ભંડારે અલૌકિક લીલા કરીને સર્વ ભકતજનોને ખૂબજ સુખ આપ્યાં મહાપ્રભુ પોતાની દ્દષ્ટિ નીચે રાખીને ઉત્સવ કર્યો ત્યાર પછી મહાપ્રભુ **વડતાલ** પ્રત્યે પર્ધાર્યા જેમના ગુણયશને શેશજી ગાયા જ કરે છે.

જયારે સર્વના જીવન મહાપ્રભુ **વડતાલ** ધામ પધાર્યા ત્યારે ગામનાં પ્રેમી ભકતજનો સામા તેડવા આવ્યાં સાથે અનેક પ્રકારનાં વાજિંત્રોને વગાડતાં થકાં પ્રભુના આશ્રિત ગામની બહેનો સર્વ કીર્તનો ભકિતપદો ગાતાં થકાં આવતાં હતાં. મહારાજ ભકતજનોને દર્શન આપતા હતા **જોબનપગીના** ઘરે આવ્યા **જોબનપગીનું** ઘર સુંદર હતું તેની સુંદર મેડી ઉપર ઉતર્યા અકામી પ્રભુને રંગ યુકત જોતાં હતાં સુંદર રીતે દર્શન આપતા હતા વડતાલમાં મહાપ્રભુ રંગરસિયાઓએ નવિન પ્રકારે રંગની રેલી ઉડાડી ભકતો પર રંગ ઉડાડતા હતાં. બધાનાં આનંદ ઉમંગને વધારતા હતા ત્યારે પ્રભુએ હાથમાં સોનાની પીચકારી લઈને બધા ઉપર રંગની રેલી કરતા હતાં. આનંદ આપતા હતાં. મુકતાનંદ સ્વામી આદિક સર્વે સંતોની સાથે ખૂબ જ ભારે રંગનો ખેલ કરીને ખૂબ જ ઉમંગથી અતિશય રમાડયા સ્નાન કરવા માટે મહાપ્રભુ જળથી ભરપુર ગોમતી તળાવમાં સંત સાથે જળક્રીડા કરતા હતા. સ્નાન કરીને પુરુષોત્તમ પવિત્ર શુધ્ધ વસ્ત્રો ધારણ કરતા હતા. મનમોહન અદ્‌ભુત મૂર્તિ શોભતા હતા સર્વથી વિંટાતા **જોબનપગીના** ઘેર પધાર્યા. ત્યાં થાળ તૈયાર થયો હતો તેને જમી આશ્રિત ભકતોને દર્શન સુખ આપતા હતા. આવી રીતે સુખકંદ પ્રભુ વડતાલથી દેશ વિદેશમાં ફરવા મુકતાનંદ સ્વામી આદિક સર્વે સંતોને મોકલતા હતા.

સર્વે સંતોને દક્ષિણ દેશમાં **સુરત** અને ધર્મપુર **વાંસદા** આદિક દેશમાં ઉપદેશ કરીને જગતના ભયને હરવા ગામે ગામ ફરવા મોકલ્યા. ત્યાર પછી શ્રીજી મહારાજ પોતે **ગઢપુર** ઘામે પધાર્યા પોતાના શ્રેષ્ઠ એકાંતિક ભકત પ્રભુની પાસે રહીને ખુબજ પ્રેમથી આનંદ પૂર્વક સેવા ભકિત કરતા હતા મહાપ્રભુ બધા દેશોમાં જતા હતા એમના ગુણને લોકો પ્રેમથી ગાતાં હતાં તોય મહાપ્રભુ **ગઢપુર** ઘામમાં સતત દર્શન આપતા હતા. રામ પ્રભુની જન્મ જયંતિ આવતી હોવાથી શ્રીહરિ મહાપ્રભુએ મહામોટો ઉત્સવ કર્યો તેના માટે દેશો દેશના સત્સંગીઓ અગણિત નરનારીજનો આવતા હતાં. ત્યાં શ્રીહરિએ મહામોટો સમૈયો કર્યો. કમલનયન મહાપ્રભુએ દયા કરીને પોતાના આશ્રિત ભકતજનોને પાસે બોલવ્યા તે સર્વે બાળ યુવાન વૃધ્ધો સૌને દર્શન દઈને સુખ આપતા હતા. ભકતજનોની આશાઓને પુરી કરીને પ્રભુ **ગુજરાત** દેશોમાં આંબાની કેરીઓ પાકી તે જમવા પધાર્યા.

શ્રીહરિ સર્વ સંતોને સાથે લઈને **મુનિઓથી વિંટાયા થકા ઉમરેઠ** આદિ ગામોમાં ફરીને શોભાયમાન લીલોત્રીથી ભરપુર ચરોતર દેશમાં લોકોના હિતોને કરવા માટે ભકતજનોના જન્મ મરણના ત્રાસને દુર કરવા મહારાજ **જેતલપુર** પધાર્યા ચપલ નયન પ્રભુ **વડથલ** આદિક ગામોમાં પધારીને ભકતજનોના થાળને જમતા હતા. આવી રીતે ભકતજનોને દર્શનનું સુખ અપાતા થકા ગામો પ્રત્યે ઘનશ્યામ પ્રભુ સર્વના મનોરથને પૂર્ણ કરીને બધાજ દેશોમાં પરમ સુખ આપતા હતા. શ્રીહરિ મહાપ્રભુએ ગઢપુરમાં કરેલી લીલા વર્ણવીને કહી દીધી **અભયરાજા** દેહ ત્યાગીને પ્રભુના પરમ ધામને પામ્યા તેનું વર્ણન કરીને કહ્યુ. પછી શ્રીહરિ વડતાલમાં ફુલડોલનો ઉત્સવ નું વર્ણન કર્યું એવી રીતે આ શ્રીહરિલીલાસિંધુના લહરિના રુપે વીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના દશમાં રત્નમાં શ્રીસહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણાવાનંદ અને અવિનાશાનંદ બંન્ને બ્રહ્મચારિઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા એ નામે વીશમો તરંગ પુર્ણ થયો. ॥ ૨૦ ॥**

# તરંગ-૨૧

આનંદ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ત્રિવિધ તાપને હરનારા કમળ નયન પ્રભુનાં પવિત્ર ચરિત્ર પરમ સુખ આપનારા છે તથા કામાદિક દોષોને દૂર કરનારા છે એવા પરમ ચરિત્રોનું મને વર્ણન કરીને કહો. એવા મહાપ્રભુનાં ચરણમાં મસ્તક નમાવીને આપને પ્રશ્ન પુછું છું ભક્તજનોમાં કામ ક્રોધાદિક કળિનો વાસ છે તે પીડા કરનાર છે તેના દુઃખોથી છોડાવનાર મુક્તિ આપનારા મહાપ્રભુનાં ચરિત્રો છે તો તે ચરિત્રો મને સાંભળાવવાની કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ બોલ્યા હે રાજન ! દ્રવ્ય આદિથી નિર્દોષ રહેનારા જેમ સૂર્ય સર્વેનું પોષણ કરે છે તેમ મનમાં રહેલા ક્રોધ, રોષને નહીં રાખનારા એવા, પરબ્રહ્મ પ્રગટ પ્રભુનાં અદ્‌ભૂત ચરિત્રો સાંભળો. જે જીવ આ પ્રભુનાં ચરિત્રોને મહિમાથી નથી સાંભળતો તેને યમદુતો માર મારીને યમપુરીમાં લઈ જાય છે અને જે પ્રભુનાં ચરિત્રોને પ્રેમથી ગાય છે અને પ્રેમથી સાંભળે છે તે ઈંદ્રનાં (સ્વર્ગ) લોકમાં જાય છે. સર્વ વનસ્પતિના સ્વામી ચંદ્રમા સમાન મનોહર મુખકમળવાળા પોતાના આશ્રિતજનોનાં દુર્ગુણોનો નાશ કરતા એવા મહાપ્રભુ શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા, ગામો ગામ ફરીને **જેતલપુર** ધામે પધાર્યા. જેતલપુરમાં પધાર્યાના સમાચાર જાણીને ગામનાં નર-નારીજનો દોડીને સામા આવ્યા. સાથે પ્રભુને આપવા ભેટ લઈને પ્રભુનાં કિર્તનો ગાતાં વાજિંત્રો વગાડતાં લોકો આવ્યાં. લાવેલ ભેટો પ્રભુને અર્પણ કરીને દર્શન કરીને પુરમાં લાવ્યાં. **આસજીભાઈ** આદિક સર્વે હરિભક્તો અને **ગંગામા** આદિક બાઈ ભક્તો શ્રીહરિ પ્રભુ પાસે આવીને અતિ પ્રેમથી ભોજન તૈયાર કરીને જમાડતા હતા. મહાપ્રભુ થાળ જમીને તૈયાર થયા ત્યારે સર્વે સંત સમુદાયને જમાડવા પધાર્યા. જમાડીને પછી મહાપ્રભુ હસ્તકમળને ધોઈને સુંદર આસન પર બિરાજમાન થયા. સર્વે હરિભક્તો મુખાર્વિંદની સામે બેઠા ત્યારે ધામોનાધામી પ્રભુ અમૃત વચનો કહેતા હતા. ભક્તજનો પ્રશ્ન પૂછતા હતા પૂર્ણ પુરષોત્તમ પ્રભુ કહે હે બાઈ ભાઈ સર્વે મારા આશ્રિતજનો હવે તમને ખૂબ જ પ્રસિદ્ધ વાત વિસ્તારીને કહું છું ને તમે બધાં જ હરિભક્તો છો તે તમે સાંભળો. આમ મહાપ્રભુનાં મધુર વચનો સાંભળી ગંગામાં મનોહર મૂર્તિ મહાપ્રભુને બન્ને હાથ જોડીને સ્ત્રીઓના મહાન ધર્મ વિશે પૂછતાં હતાં. હે મારા નાથ ! સંત સમાન કમળોનું જેમ સૂર્ય પોષણ કરે છે તેમ સર્વનું પોષણ કરનારા તેજોમય, હે મહાપ્રભુ ! પતિવ્રતા સ્ત્રીઓ તથા સર્વે ગૃહસ્થોના ધર્મ કર્મનું સમજાવો, જે ધર્મને સાંભળીને આ જગતના પામર અજ્ઞાની જીવો સમજીને પોતાનો પતિવ્રતાનો ધર્મ સ્ત્રીઓ દૃઢતાથી પાળે એવા દૃઢ ધર્મોનો સાચો માર્ગ સમજાવીને વિસ્તારથી વર્ણન કરીને કહેવા કૃપા કરો.

શ્રીહરિ મહાપ્રભુ કહે છે હે ગંગા આદિબાઈઓ ! તમને સર્વને પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો છે તે કહું છું. તે શાસ્ત્રો અતિ પ્રમાણ છે. તે ધર્મ પાળનાર બધાં જ પાપો તાપોને દૂર કરીને પરમ સુખને પામે છે. નારીના ધર્મને પાળે છે. એનો મહિમા સાંભળે છે. મહિમાથી ગુણ લે છે તે ભવસાગરને તરે છે. મુનિવરે એ મોક્ષ ધર્મને ખૂબ જ વર્ણવ્યો છે. જુદા જુદા વિભાગો કરીને સમજવ્યા છે. તેમાંથી જે સ્ત્રી, ધર્મનું દૃઢ પાલન કરે છે તે સ્ત્રી પતિવ્રતા સ્ત્રી કહેવાય એમ જાણવું. પતિવ્રતા સ્ત્રીનો મુખ્ય શ્રેષ્ઠ ધર્મ તે પોતાના પતિની દૃઢતા પૂર્વક સેવા કરે

અને પ્રભુની દૃઢ ભક્તિ કરે પતિની આજ્ઞા મર્યાદા જાળવે એજ એની મુખ્ય ભક્તિ છે. પુરૂષોત્તમ પ્રભુમાં ખૂબ જ પ્રેમ વધે છે. તેનાથી જગતમાં તે પવિત્ર શ્રેષ્ઠ કહેવાય છે. શ્રીહરિનાં ભજનથી તો સ્ત્રી શુદ્ધ પવિત્ર થાય છે. કરોડો કલ્પો યુગો સુધી ગમે તેટલી બીજી સાધના કરે તોય શ્રીહરિનાં ભજન વિના પતિવ્રતા પણ ભવસાગરમાંથી તરી ન શકે પણ ભગવાનનાં ભજન પ્રતાપથી બધાને તારે છે બીજાનો પણ ઉદ્ધાર કરી શકે છે. શ્રી હરિ મહાપ્રભુના આશ્રય વિનાની વિમુખ નારી સર્વે લખ ચોર્યાસીના ફંદામાંથી ન ઉગારે ભવસાગરમાં ફર્યા કરે છે અનંત નારાયણનાં ભજનનાં બીજ એનાં અંતરમાં ન વવાયાં તે પ્રભુ વિના પતિવ્રતા ન બની શકે. જે પતિવ્રતા ધર્મ પાળે છે તે તેને જાણે છે ભગવાન પતિવ્રતાને કાયમ સંભારે છે અને રક્ષા કરે છે. અમે બધી રીતે પ્રશ્ન તપાસ કરીને વિચારીને નિર્ણય કર્યો છે કે પતિવ્રતા નારી ભગવાનનાં આશ્રયની સાથે પતિવ્રતા ધર્મ પાળે તથા ભક્તિ કરે છે તેને આખું જગત જાણે છે કે આ પવિવ્રતા સાચા ધર્મમાં માને છે. તેને પુરષોત્તમ પ્રભુ ધ્યાનમાં લે છે (સંભાળે છે) પતિવ્રતા સતિઓમાં અનસુયા, સાવીત્રી, સીતાજી, શતરૂપા, લક્ષ્મીજી આદિ પતિવ્રતા દેવીઓ છે તથા સ્વાહા, સ્વધા, અરુંધતિ તથા પાર્વતી, કુંતિ આ સર્વે મહાસતીઓ હાવ્રતવાળાં હતાં. વ્રજની ગોપીઓ સર્વે સતીઓ કહેવાય છે અને ભવસંસારમાં ભટકનારી ન કહેવાય અને એ તો પતિવ્રતા અષ્ટ પટરાણીઓ કહેવાય છે. તથા દ્રુપદની પુત્રી દ્રૌપદી પણ પતિવ્રતા ધર્મને વિસ્તારતી હતી. ભદ્રા, કાલિંદી, મિત્રવિંદા તથા લક્ષ્મણા, પ્રિયા, આનંદા, રૂકમણી, જાંબુવંતી, સત્યભામાં, નાગ્નજતિ આદિક સારા મનવાળાં ભગવાનની પત્નીઓ લોપામુદ્રા, અરુંધતિ, ગાંધારી, વિંધ્યા તથા વૃંદા આદિ પવિત્ર નારીઓ પતિવ્રતાઓ તથા દેવહુતિ શુભમતિવાળા દમયંતિ, તારા, સુલોચની, માલાવંતિ આદિ સર્વે પતિવ્રતા ધર્મવાળાં હતાં.

આવી રીતે અનેક પતિવ્રતા સ્ત્રીઓ ભગવાનની ભક્ત થઈ ગઈ. જેમનો યશ સૂર્યના પ્રકાશ કરતાં પણ વધારે પ્રકાશે છે. એવી સ્ત્રીઓ પતિવ્રતા ધર્મની સાથે પ્રભુના ભજનમાં રત રહે છે. તે ગંગાની સમાન પવિત્ર છે. તે પૂજવા યોગ્ય છે. પતિવ્રતા પોતાના પતિને જમાડીને પછી જ જમે છે. ક્યારેય પણ પોતાના પતિ પાસેથી એ સુખની આશા ન રાખે ક્યારેય ન માંગે તથા પતિ જાગ્યા પહેલાં સ્ત્રી જાગે પતિ સૂવે પછી તે સૂવે વહેલા જાગીને પતિની સેવા ચાકરી કરે તે યોગ્ય કહેવાય. શરીર ઉપર આભુષણ ધાર્યા વગર ન રહેવું, ફરવું નહી તથા પતિ વિદેશ હોય ત્યારે કોઈ આભુષણ ન ધારવાં પોતાના પતિ ક્રોધથી આકુળ-વ્યાકુળ થયો હોય ત્યારે એની સાથે હસીને મધુર વચનોથી કહેવું જોઈએ. પોતાનો પતિ મારજુડ કરે તો તેને સહન કરવું, સામે ક્રોધ ન કરે રાજી રહેવું અને પોતાના દોષને જોવા અને પતિને તે કહેવું જેમ તમે રાજી રહો તેમ કરીશ આમ પતિને કહીને નમ્ર થઈને રહેવું. પતિદેવ જ્યારે નામ કહીને બોલાવે ત્યારે ઘરનાં બધાં જ કામોનો ત્યાગ કરીને જવું. હે નાથ ! આપ મને શા માટે બોલાવો છો ! જે આજ્ઞા હોય તે સુખેથી આજ્ઞા કરો. તે પ્રમાણે હું કરું. આવી રીતે પતિવ્રતા પતિની સેવા કરીને રાજી કરે. પતિની આજ્ઞા વિના પાસે પણ ન જાય અને પ્રયોજન વગર દરવાજા પાસે પણ ઉભી ન રહે. પતિની મરજી વિના કંઈ વધારાનું ન બોલે. પતિનાં વચનનાં બંધનમાં બંધાઈને જ રહે. અને પતિની આજ્ઞાથી કાંઈ લેવા-દેવા જાય. પતિની સેવા કરવા માટે નિયમ બદ્ધ રહે. તેને બધો જ સમાજ મર્યાદાથી જુવે છે માને છે. પતિવ્રતા હમેશાં ખાવા-પીવામાં તથા સૂવા-બેસવાનું સાધન પતિના મનોભાવ પ્રમાણે રાખે, પતિના કામોમાં કાયમ તત્પરતાવાળી રહે, અવસર પ્રમાણે પોતાનાં વ્રતમાં તત્પર

રહે, તેનાથી પતિવ્રતા પતિના મનમાં ખૂબ જ ભાવતી રહે છે. પતિને જમ્યા પછી વધેલું પતિનો પ્રસાદ સમજીને પતિની આજ્ઞા લઈને ખાવું. તથા જ્યાં આગળ નટ લોકો રમતાં હોય ત્યાં ભાંડ ભવાઈ જોવા ન જવું.

પતિવ્રતા પોતાના પતિની આજ્ઞા લીધા વગર કોઈ તીર્થયાત્રા કરવા ન જવું. વ્રતો ન કરવા. પતિના અભાવમાં ક્યારેક પણ મન, વચન અને કર્મ કરીને પણ પોતાના પતિની મરજીનો ત્યાગ ન કરે મન, વચન, કર્મ કરીને માન ત્યાગીને રાજી કરવા. જેનો પતિ પંચ મહાપાપથી ભરાયેલો હોય તે પતિનું પતિવ્રતા સ્ત્રીઓએ ક્યારેક મુખ ન જોવું. પોતાનો પતિ નિષ્પાપ હોય તો તે પતિને ભગવાનની માફક ચિત્ત પરોવી સેવા કરવી. આવી રીતે પતિવ્રતા નારીના ધર્મો કહ્યાં, તે પતિવ્રતા પ્રભુને હૃદયમાં ધારીને પ્રિય પતિની સેવા પરિચર્યા કરવી. પ્રેમથી પોતાના પતિમાં પોતાના પ્રભુનું રૂપ ધારીને પોતાના પતિની પ્રેમ ભાવથી સેવા કરવી. જે વ્યભિચારિણિ નારી હોય તેની સાથે ક્યારેય ન બેસવું, મિત્રતા ન કરવી. પોતાની રીતે એકલાં સ્વચ્છંદતાથી ક્યાંય ન જવું તથા વસ્ત્ર વગર નગ્ન થઈને ક્યારેય સ્નાન ન કરવું. ઘરની બહાર એકલાં કોઈની સાથે બેસવું નહિ, પોતાનું પેટ ખુલ્લું રાખી કોઈને ન બતાવવું અને મર્યાદામાં રહેવું. લોભી માણસ જેમ ધનસંપત્તિને સાચવીને ગુપ્ત રાખે છે. તેમ પતિવ્રતા પોતાના અંગોને ગુપ્ત (ઢાંકેલાં) રાખે અને પરાયા પુરુષોની સાથે સામું જોઈને ક્યારેય વાતો ન કરે. આવી રીતે સર્વે સ્ત્રીવર્ગનો આ મુખ્ય ધર્મ છે. પતિવ્રતાનો ધર્મ દૃઢતાથી પાળતાં થકાં જેઓ શ્રીહરિનું ભજન કરે છે. તે સતીઓ શ્રીકૃષ્ણ પત્નીઓ કાલિંદ્રી અને સીતામાતા સમાન પૂજ્ય બનીને પ્રસિદ્ધ થાય છે.

પતિવ્રતા નારી પોતે વ્રતો, ઉપવાસના નિયમ પોતાના પતિની અનુકૂળતા પ્રમાણે રહે પણ એ મર્યાદાનો લોપ કરીને ક્યારેય ક્રોધાવેશ યુક્ત થઈને જેમ તેમ બોલે તે પાપના પ્રતાપથી કૂતરીનો અવતાર પામે છે અને ઘેર ઘેર ભમ્યા જ કરે છે. પતિવ્રતા નારી સવાર સાંજ પારકા ઘેર ન જાય તથા નિર્લજ્જ થઈને પોતાનું મુખ ન બતાવે તથા પોતાના પતિના અવગુણને ક્યારેય મુખેથી ન બોલે, ન ગાય, થોડું બોલનારી ક્યાંય આડું અવળું ન જાય. બધાં જ અમંગળકારી તત્વોમાં અમંગળ મોટી ઉંમરવાળી વિધવા નારી અમંગળકારી કહી છે તેથી પોતાના અંગત સંબંધ વગરની વિધવા નારીની સાથે બુદ્ધિશાળી જનોએ ત્યાગ કરીને વ્યવહાર કાર્ય કરવાં. તે પતિવ્રતા કહેવાતી વિધવા નારીના મનમાં પરબ્રહ્મ પ્રભુની દૃઢ નિષ્ઠા હોય તે જ નારી પોતાનાં મનને શ્રીહરિની સેવામાં જોડી ભજન કરે તો તેને વિધવાપણાનો દોષ નથી લાગતો એમ દોષ ટળે છે. જેમ અગ્નિ, વજ્ર, શિવનું ત્રિશૂલ મહા ભારી તેજવાળું કહેવાય છે તેમ તેજ પ્રતાપવાળી પતિવ્રતા સતિ નારી કહેવાય છે. સતિ નારીની દૃષ્ટિથી યમદૂતો પણ દૂર ભાગે છે સતીની સામે નથી આવી શકતાં. એટલા માટે બધા ધર્મગ્રંથોમાં પતિવ્રતા નારીના ધર્મો ખૂબ જ વર્ણવેલા છે જે નારી પતિવ્રતા ધર્મનું પાલન કરીને વર્તે છે. તે નારી પોતાના પતિ માતા-પિતા તથા પોતાના કુળ પરિવારનો ઉદ્ધાર કરનારી કહેલી છે.

જે નારી પતિવ્રતા ધર્મનો ત્યાગ કરીને જ્યાં ત્યાં દોડતી ફરે તેના આખા કુળને નરકમાં નાખનારી થાય છે એટલા માટે તે વિધવા નારીના ધર્મો પણ ત્યાગી બ્રહ્મચારીઓની સમાન ધર્મો કહેલા છે. વિધવા નારીને ક્યારેય પિતા, ભાઈ, પોતાના પુત્રો આદીની સાથે એકાંતમાં ન રહે, જો રહે તો અશુભ વાતો કહેલી છે. વિધવા નારીએ નિત્ય એક વખત જમવાનું. હંમેશા શ્રીહરિનાં ધ્યાનમાં રહેવું, પોતાની ઈંદ્રિયોને વશમાં

રાખીને દૃઢ નિયમમાં રહે તે ભવસાગરને તરીને પરમ પદ પામવા ચાહે છે. તે નિત્ય પ્રત્યે વ્રત ઉપવાસો કરવાથી થાંકે જ નહિ પોતાના દેહાદિના બંધનથી સ્વતંત્ર રહીને શ્રી હરિની સાથે દૃઢ સ્નેહ રાખે તે મુક્ત થાય છે. જે નારી પોતાના મનને કામવાસનામાં નહી બંધાઈને કેવળ શ્રીહરિકૃષ્ણ પ્રભુનાં સ્વરૂપમાં મનને જોડે, સારી રીતે દમિને યુવા અવસ્થામાં દૃઢતાથી વર્તીને શરીરને દમે ખૂબ જ વ્રતો કરીને શરીરને ક્ષીણ કરે તે રીતે વર્તે છે તે શ્રી હરિકૃષ્ણ પ્રભુના ચરણ કમળમાં પોતાનાં ચિત્તને જોડી દઈને માયિક જગતનાં સુખની આશા ત્યાગીને દૃઢ મન રાખે છે તે નારી ઉપર શ્રીહરિ દેવ મુરારી ખૂબ જ રાજી થાય છે. યુવતી નારી તો કેવળ અવગુણ દોષોનું ઘર છે. પણ શ્રીહરિનું ભજન કરીને તે શુદ્ધ થાય છે. તેથી સર્વે સ્ત્રીઓએ ભગવાનું ભજન કરીને એમનો દૃઢ આશ્રય કરવાથી સતી કહેવાય છે. જે નારીની પ્રીતિ મહાપ્રભુમાં હોય તે જગતના વાતાવરણથી ઉદાસ હોય તે નારીઓનો મેં મહિમા વર્ણન કરીને કહ્યો તે સર્વે હરિના સ્વરૂપમાં અનન્ય ભાવવાળી છે. હે ગંગા ! તમારા પૂછ્યા પ્રમાણે તે પતિવ્રતા ધર્મનો સાર તે અતિ વિસ્તાર પૂર્વક તમને કહ્યો તે તમે તમારા ઉરમાં ધારજો. ગુરૂ અવધપ્રસાદજી મહારાજ કહે છે કે આનંદ રાજન ! શ્રીહરિએ ઉપદેશનાં વચનો કહ્યાં તે સાંભળી સર્વજનો અને ગંગામા આદિક સર્વે ભક્તજનો તે સાંભળીને રાજી થયાં અને આનંદ પામ્યાં.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી **જેતલપુર** ધામમાં મહાસુખ આપીને દિનદયાળ મહાપ્રભુ શ્રીહરિ જીવની જંજાળને હરવા માટે ત્યાંથી ગજ ગતિએ ચાલતા થયા. શ્રીહરિ મહાપ્રભુ **જેતલપુર** ધામમાં પધારીને આશ્રિત ભક્તજનોને જ્ઞાન ઉપદેશ દર્શન સુખ આપી દુઃખ દર્દને હરી લેતા હતાં કેટલાક સમય સુધી ત્યાં નિવાસ કરીને ભક્તજનોને પતિવ્રતા નારીના ધર્મ કહ્યા અને સુખ આપતા હતા. શ્રી હરિ મહાપ્રભુના મુખેથી ઉપદેશ સાંભળીને ગંગામા આદિક ભક્તજનો મનમાં ખૂબ જ આનંદરૂપ થયાં આવી રીતે ઉપદેશ કરીને એકવીસમો તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરિના રૂપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના દશમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ જેતલપુરમાં નિવાસ કરીને પતિવ્રતા સતીના ધર્મનું વર્ણન કર્યું એ નામે એકવીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૧ ॥**

# તરંગ-૨૨

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વના સ્વામી સર્વનાં ઈન્દ્રિયો અંતઃકરણને ખેંચનારા જેમના ગુણ યશને શારદા દેવી ગાયા જ કરે છે. તથા પોતાના મસ્તક ઉપર ભૂમિને ધારનારા શેષજી ગુણ ગાયા જ કરે છે તથા ત્રિનેત્ર સદાશીવ પ્રભુ જેમનાં ગુણ ચરિત્રોને કાયમ ગાયા જ કરે છે એવા મહાપ્રભુ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની લીલા હે અવધપ્રસાદજી ! પ્રભુ જેતલપુરથી કયા ગામે પધાર્યા ત્યાં જઈને કેવી કેવી લીલાઓ કરીને ભક્તજનોને સુખ આપ્યાં હતાં તે કથાઓ મને વિસ્તાર કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! અદ્‌ભૂત અપાર મહા ચરિત્રો શ્રી હરિ ભગવાનનાં છે તે ચરિત્રો જીવોનાં મહાઘોર પાપોને બાળનારાં છે તેને તમે તમારા ચિત્તને એકાગ્ર કરીને પ્રેમથી

સાંભળો. કળીયુગમાં મહા ભયંકર પાપો તો વૃક્ષોની માફક કાપવામાં કુહાડા સમાન પ્રભુનાં ચરિત્રો છે. તે તેમને રાજન કહું છું તો સાંભળો. સૂર્યનારાયણ ઉદય થયા ત્યારે ભૂમિ ખુબ જ શોભતી હતી ત્યારે પક્ષીરાજ ગરુડ સ્વામી (શ્રીહરિ) અશ્વ ઉપર અશ્વાર થઈને **જેતલપુર**થી ભક્તજનોની સાથે ચાલ્યા. ગુણની ખાણ સમાન મુનિજનો, હરિજનો કિર્તનો ગાતાં જતાં હતાં. અજીત પ્રભુ ચંચળ નયન મનોહર રેખાઓવાળા મહારાજ **અસલાલી** ગામે પધાર્યા. સમાચાર જાણીને સર્વ હરિભક્તો ભેટ સામગ્રી લઈને ઘનશ્યામ પ્રભુની સામે લેવા માટે આવ્યાં, પ્રણામ કરીને ખૂબ જ આનંદ પામતાં હતાં શ્રી હરિએ સર્વ ભક્તજનોને સ્વાગત સમાચાર પૂછી રાજી કર્યા, સર્વે નર-નારી ખુબ જ આનંદ પામ્યાં. સર્વ સુખના ભંડાર મહાપ્રભુ ગામનાં બધાં જ લોકોને દર્શનનું સુખ આપતા હતા ત્યારે એ ભક્તજનોએ સર્વના નાથને **વેણીભાઈ**ના ઘરની મેડી ઉપર પધરાવ્યા.

હે રાજન્ ! ભક્તજનોએ થાળ તૈયાર કરીને મહાપ્રભુને જમાડ્યાં અને સર્વે સંતો ભક્તોને જમાડીને તૃપ્ત કર્યા ત્યાર પછી **વેણીભાઈ** તથા **કાળીદાસભાઈ હરિભાઈ** આદિક હરિભક્તો ખુબ જ ઉત્સાહથી રાજી કરતાં હતાં તથા **કસિયાભાઈ, ઝવેરભાઈ** એ આદિક સર્વે હરિભક્તોને મહાપ્રભુએ મહાસુખ આપ્યાં પછી દુઃખભંજન સર્વના નાથ **અસલાલી**થી પ્રયાણ કરીને ચાલ્યા. **અસલાલી**થી ચાલીને શ્રી સહજાનંદ મહાપ્રભુ **અમદાવાદ** નગરમાં પધાર્યા. ત્યારે બધાને જાણ થઈ એટલે બધાને મનમાં ખુબ જ આનંદ થતો હતો. બધો જ જનસમુદાય પ્રભુ આવ્યાનું જાણીને ખુબ જ આનંદ પામતાં સાથે અનેક પ્રકારનાં વાજીંત્રોને વગાડતાં અને હરખ પામતાં થકાં સામાં આવ્યાં. હે રાજન ! **અમદાવાદ** નગરની બજારો, અવર્ણનીય રીતે ખુબ જ હાટો થડાઓ, બજારોના ઘાટોની સાથે ખુબ ખુબ સુંદર લાગતી હતી. દુકાનો, ઘરના દરવાજાઓ, બજારો, ઉપર હજારો લોકોના ટોળાં ભેગાં થઈને સ્ત્રી પુરુષો સૌ પોતાનાં નેત્રોથી નિરખીને જન્મ મરણનાં ફેરામાંથી મુક્ત થતાં હતાં. શ્રીહરિ સર્વના નાથ તે અમદાવાદ નગરની શોભાને દષ્ટિથી જોઈને સુખ આપતા હતા. ચાલતાં થકાં ઘનશ્યામ પ્રભુ સખાઓની સાથે આશ્રિતોના આધિ-વ્યાધિ-ઉપાધિના દુઃખોને હરતા અને પરમ સુખ આપતાં થકાં ઉતારે પધાર્યા. થાળ તૈયાર થયો એટલે મહાપ્રભુને જમાડીને સર્વ સંત ભક્ત સમુદાયને જમાડતા હતા. હરિભક્તો દર્શન કરીને સુખ પામતા હતા. સુખધામ મહાપ્રભુએ મોટી સભા ભરીને સંત-હરિજનોની સન્મુખ રાજ રાજેશ્વર મહાપ્રભુ ઉંચા આસન ઉપર વિરાજમાન થયા ત્યારે ભક્તજનો નિરખીને સર્વે સુખ પામતાં હતાં. તે જ સમયે મહાસભામાં એકાંતિક ભક્ત શિરોમણિ બન્ને હાથ જોડીને પ્રભુમાં મનને જોડીને મુક્ત મને શ્રીહરિને પ્રશ્ન પૂછતા હતા. એ ભક્ત શિરોમણિનું નામ પવિત્ર મનવાળા **દામોદર ભક્ત** નામે ઓળખાય છે. શ્રીહરિ નવા વાસમાં રોકાયેલા હતા ત્યાં સભામાં પ્રશ્ન પૂછતા હતા, સુખ પામતા હતા. **દામોદર ભક્ત** કહે છે હે ઘનશ્યામ પ્રભુ ! સાંભળો, **મુનિ, ભક્તજનો,** તથા **ગોસ્વામી** સુખ આપનારી ધર્મનીતિ કહે છે તેમાં વિષયના સુખનો ત્યાગ કરવાની વાતો આગ્રહપૂર્વક કરે છે તો આપ હવે જે ગૃહસ્થ નરનારી પુત્ર પરિવાર છે તેઓ કેવી રીતે રહીને વર્તન કરીને ભજન ભક્તિ કરે ? એના પ્રસંગની બધી જ વાતો કૃપા કરીને વિસ્તાર પૂર્વક કહો.

દામોદર ભક્તના જનહિતકારી વચનો સાંભળીને શ્રી હરિનાથને મનમાં ખુબ જ આનંદ થઈ ગયો

ત્યારે મહાપ્રભુએ ભક્તનાં કરેલા પ્રશ્નો સાંભળીને એનાં વખાણ કર્યાં. ત્યાર પછી પ્રભુ કહેવા લાગ્યા કે હે ભક્ત ! તમે એકાગ્ર ચિત્તથી ગૃહસ્થના ધર્મ જગતના લોકોનાં હિતને કરનારાં કહું છું તે તમે સાંભળો. જે ગૃહસ્થાશ્રમમાં બંધાયેલા હોય તે નર-નારીઓએ સુખ આપનારા પંચ વર્તમાનને દૃઢ પણે પામવા તે **પંચ વર્તમાનમાં નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, સ્વાદ વગરનું જમવું અને શ્રીહરિના ગુણવાન ગાવાં. જગતનાં સર્વમાંથી પ્રીતિ તોડીને શ્રીહરિ મહાપ્રભુનાં ચરણ કમળમાં ચિત્ત વૃત્તિને જોડવી, નિર્માની, ભાવ સહિત ભક્તિ કરવી શ્રી નર નારાયણ પ્રભુના ચરણ કમળની રજને મસ્તક ઉપર ધારીને પંચ વ્રતમાંનના નિયમોને દૃઢ પણે પાળવાનાં નિયમો લેવા. તન-મન-ધન આદિને કેવળ સ્વપ્ન સમાન જાણવા, લોભ વિનાના થવું, ભગવાનનાં સ્વરૂપમાં ચિત્ત વૃત્તિને જોડવી અને ઉદ્યમ કાર્ય કરીને યથા શક્તિ મળે તેમાંથી ગુજરાન કરવું, પારકા ધનની ચોર વૃત્તિ ન રાખવી અને પોતાની શક્તિ પ્રમાણે યોગ્ય ધન ખર્ચ કરવું, બીજાના ધનધાન્યાદિ પરાયાં જાણીને ન લેવાં, સામું પણ ન જોવું તે વસ્તુને અણ ખપતી સમજીને વર્તવું. માર્ગમાં ચાલતાં થકાં જો ક્યારેક ધન મળે તો તે ધનને હરામનું જાણીને મનને ક્યાંય ન લલચાવવું, એ ધનને અણખપતું સમજીને કોઈ જોતું ન હોય તોય લેવા મન ન લલચાવવું. તે ચોરી સમાન ગણાય એમ વિચારવું. ધનની લાલચે કોઈને ખોટી સાક્ષી ન પુરવી કોઈ પ્રકારના લોભમાં આવીને ન ડોલવું જોઈએ, એ પ્રકારે નિર્લોભી વ્રત રાખવું અને લોભને લીધે ક્યારેય પરવશ ન થવું. જૂઠું ન બોલવું. ગૃહ સંસારથી નિષ્કામી રહેવાય તેની રીત કહું છું.** તે તમે સાંભળો.

પોતાની પત્ની સિવાયની જગતમાં જેટલી નારીઓ છે તે સર્વેને માતા, પુત્રી, બહેનની સમાન માનીને રહેવું. પરસ્ત્રીની સાથે ક્યારેય હાંસી ઠઠ્ઠા મશ્કરી ન કરવી. તથા પર નારીની સાથે ક્યારેય એકાંતમાં રહેવું નહીં. પરનારીનો જો સ્પર્શ થતો હોય તો તેને કાળી નાગણીની સમાન સમજીને દૂર રહેવું. સ્પર્શ ન કરવો. જેમનાં ઘરે રાતના સમયે બીજાની સ્ત્રી આવેલી હોય તો તે જગ્યાએ અમારા સત્સંગીઓએ રહેવું નહીં. તથા માર્ગમાં નદી, તળાવ, પનઘટ, વાટે, ઘાટે પારકી સ્ત્રીઓને ન જોવી એવી રીતે કામ બુદ્ધિનો ત્યાગ કરીને ગૃહસ્થાશ્રમીએ રહેવું. આવી રીતે સ્ત્રીઓએ પર પુરુષનો પ્રસંગ હોય તો તેવા સ્થાનોનો ત્યાગ કરવો આવી રીતે ગૃહસ્થાશ્રમના લોકોએ વર્તન કરીને પુરુષોત્તમ ભગવાનનાં ચરણકમળમાં અખંડ મનોવૃત્તિને જોડવી. ગૃહસ્થાશ્રમીઓ તરત જ સ્વાદનો ત્યાગ કરે મદ્ય, માંસની સમીપમાં ક્યારેય ન જવું. લસણ, ડુંગળી, હિંગ વગેરે ન ખાવાં તથા ગાળ્યા વગરનું પાણી ક્યારેય ન પીવું, તેમજ ગાંજો, ભાંગ વગેરે કેફ કરનારી ચીજોનો ત્યાગ કરવો, તે ત્યાગ કરવાથી તે જીવાત્મા પ્રભુનાં ચરણકમળની સેવા કરવાનો પ્રેમવાળો થાય છે. પોતાના વર્ણાશ્રમ જ્ઞાતિ અનુસાર યોગ્ય હોય ત્યાં જ જમવું જ્યાં વર્તમાનથી ભ્રષ્ટ થવાય ત્યાં ન જમવું, કેફ કરનારાં અભક્ષ્ય પદાર્થો જે ઔષધિમાં (દવામાં) ભળતા હોય તે દવા પણ ન ખાવી પીવી, એ મારા આશ્રિતોનું વર્તમાન છે. આવી રીતે નિસ્વાદિ વર્તમાનવાળો જ જીવાત્મા તે જ શ્રીહરિનાં ચરણકમળનો અધિકારી થાય છે.

હવે બીજાં લક્ષણ કહું છું તે સાંભળો : કાર્ય કારણ સર્વ પિંડ બ્રહ્માંડ માયાનું કારણ સર્વે બ્રહ્માંડ પણ માયાનું જ કારણ છે, માટે નામ રૂપ આદિથી પ્રેમનો ત્યાગ કરીને કેવળ નટવર મહાપ્રભુને મનમાં ધારવા. વ્રતધારી ભક્ત વ્યવહારને મનમાં ખોટાં જાણીને કરતાં રહે તથા ગૃહસ્થાશ્રમી ઘરમાં સેવક (નોકર)ની માફક વર્તતા રહે અને પોતાનું શરીર મન ધન સર્વસ્વ શ્રી હરિને અર્પવું. જે ગૃહસ્થાશ્રમી નિરાભીમાની થઈને વર્તે

તે ભગવાનને ખુબ જ પ્રિય થાય છે, આવી રીતે હરિનું ભજન સ્મરણ કરે તેથી જગતનાં જીવો એની હાંસી કરે તોય તેને સહન કરે તે જ શ્રીહરિના પ્રિય દાસ થાય છે. જે જન વ્યવહાર કામમાં કોઈક તેને કઈક કહે તોય કાંઈ ન બોલે અને સહન શક્તિ રાખીને સાંભળ્યા કરે લેવડ-દેવડના કામમાં લાગ્યો રહે, તોય મનમાં કાંઈ રાખે જ નહીં, કેવળ હરિનું ધ્યાન કરતો રહે, સ્મરણ કરતો રહે, જગતમાં ઉપરથી પ્રીતિ રાખે અને હૃદયમાં ભગવાનની સાથે તથા ભગવાનનાં ભક્તની સાથે પ્રેમ રાખે અને સાંસારિક જીવોની સાથે માયા ન રાખે અને ભક્તજનોની સાથે ગરીબ થઈને રહે તે જ યોગ્ય છે. આવી રીતે જે ભક્ત નિસ્પૃહી થઈને વર્તે છે તે જ ભક્તજનને હરિભક્તોની સાથે ખુબ જ પ્રીતિ વધે છે. સંતો નિત્ય પ્રત્યે ભગવાનનાં ભજન કિર્તન ગાય છે તે તેને સાંભળીને વિશેષ સાંભળવાનું મન થયા કરે છે. ભગવાન પણ ખુબ પ્રિય થાય છે. આવી રીતે પવિત્ર સંતો પુરુષોત્તમ પ્રભુની સાથે દૃઢ પ્રેમ કરે છે તે સત્સંગીજનો પણ જ્યારે પોતાનું માન તજે છે અંતે પ્રભુ ભજન કરે છે ત્યારે યોગ્ય બને છે એકાંતિક ભક્ત બને છે. એવી રીતે જે માનનો ત્યાગ કર્યા વગર પ્રભુના ચરણકમળમાં પ્રેમ કરે છે તે સામાન્ય થાય છે અને માનનો ત્યાગ કરીને મોહન પ્રભુનું ભજન કરે છે તે સંત કહેવાય છે. ગૃહસ્થ ભક્તે પંચ વર્તમાનમાં દૃઢતાથી રહીને વિવેકપૂર્વક શ્રી હરિકૃષ્ણ પ્રભુમાં પ્રીતિ કરીને મનબુદ્ધિ ચિત્તને પરોવીને પ્રભુનું ભજન કરવું.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! દામોદર ભક્તને શ્રી હરિ મહાપ્રભુ કહે છે મેં તમને ગૃહસ્થ ધર્મની રીતને પ્રેમથી કહી સંભળાવી, ઘનશ્યામ પ્રભુએ તેવાં શાસ્ત્ર સંમત ગૃહસ્થ ધર્મની સમજાવી તેને સર્વે સભાસદોએ પણ સારી રીતે સાંભળી. સર્વના કારણ સર્વોપરી, સર્વના અંતર્યામી મહાપ્રભુ સર્વે સંસારના કર્તા હર્તા, બહુનામી, સર્વના સુખ આપનારા, સર્વ પ્રતાપને જણાવનારા, પ્રકાશિત કરનારા, બહુનામી, સર્વના સ્વામી સુખદાતા, સર્વનાં દુઃખ હરનારા, ભક્તને સુખ આપનારા, સર્વ સંતો ભક્તોનાં પાલન કરનારા, સર્વના પ્રતાપને બતાવનારા, સર્વના નિયામક, એક જ જગતના વંદ્ય સહજાનંદ સ્વામી જ છે. આવી રીતે સર્વે જનો પોત પોતાના મનમાં દૃઢતા પૂર્વક માનતા હતા.

શ્રી સહજાનંદ મહાપ્રભુ **જેતલપુર**થી પ્રયાણ કરી **અસલાલી** ગામે પધાર્યા, પોતાના આશ્રિત ભક્તજનોને સુખ આપ્યાં. ત્યાર પછી ત્યાંથી પ્રભુ લક્ષ્મીના નિવાસે **અમદાવાદ** પુરે પધાર્યા. ત્યાં ભક્તજનોનાં મનમાં ખુબ જ ભાવતા હતા. અમદાવાદમાં દામોદર ભક્તે ગૃહસ્થ લોકોને સુખ આપનારાં ગૃહસ્થનાં પંચ વર્તમાનના ધર્મનો મહિમા પૂછ્યો; એવી શ્રી હરિના ચરિત્રરૂપ આ બાવીસમો તરંગ શ્રી હરિલીલાસિંધુમાં લહરિરૂપે પૂર્ણ થાય છે.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં અમદાવાદ નગરમાં શ્રી હરિની લીલાનું વર્ણન કર્યું એ નામે આ બાવીસમું તરંગ પૂર્ણ થયો ॥ ૨ ૨ ॥**

# તરંગ-૨૩

આનંદસિંહ રાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને સૌમ્ય મૂર્તિ સમાન સર્વનું હિત કરનાર લોકોનાં કલ્યાણ કરનારા મહાપ્રભુ આ જગતમાં પ્રગટ થઈને સર્વને સુખ આપનારા સુંદર ચરિત્રો કરીને પોતાના મહિમાને વિસ્તારનારા એવા, સર્વના સ્વામીના અદ્‌ભૂત ચરિત્રોને મને સંભળાવવા કૃપા કરો. હે મહારાજ ! અમદાવાદથી આશ્રિતોને સુખ આપવા સર્વનાં કષ્ટને હરવા કયાં પધાર્યા, તે વર્ણવીને કહો.

અવધગુરુ મહારાજ કહે છે. હે આનંદસિંહ રાજન ! જેમને વસંત ઋતુ અતિ મનોહર પ્રિય લાગે છે અને જેમનાં મનોહર લીલા ચરિત્રોને ભવબ્રહ્માદિક આનંદથી ગાયા કરે છે. જેમનાં ચરણકમળને અનંત જીવો સેવે છે એવા મહાપ્રભુ પૃથ્વી ઉપર વિચરણ કરીને અનેક જીવોને સુખ આપતા થકા સર્વના કષ્ટોને, હરતાં થકાં સુખ આપનારા પ્રભુના અદ્‌ભુત ચરિત્રોની કથા કહું છું. હે રાજન ! તમે પ્રેમભાવથી એકાગ્ર ચિત્તથી પ્રગટ મહારાજનાં અદ્‌ભૂત ચરિત્રો સાંભળો.

હે રાજન ! મહાપ્રભુ સર્વજનોને સુખ આપતા થકા **અમદાવાદ**માં રહ્યા ત્યાં સુધી અનેક પ્રકારનાં ચરિત્રોને કરતા હતા, મહાપ્રભુ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનાં ઉપદેશો કરતા હતા તે બધાં જ ચરિત્રોની વાતો સારી રીતે સમજાવીને કહું છું તે ખૂબ જ પ્રસિદ્ધ છે. જે જન આ ભગવાનનાં ચરિત્રોને પ્રેમથી સાંભળે છે તે સર્વે નરનારી ખૂબ જ સુખને પામે છે તથા મનને દૃઢતાથી વશમાં કરીને મહાપ્રભુની પાસે સેવામાં રહે છે એવા મહાપ્રભુ **અમદાવાદ**માં પોતાના આશ્રિત ભકતજનોને ઘેર જઈને ભોજન જમતા હતા. ભકતજનના મનોરથોને પૂર્ણ કરીને ભવ બંધનનાં બંધનોથી મુકત કરતા હતા. શ્રી સહજાનંદ સ્વામી અમદાવાદ શહેરમાં પંદર દિવસ રહેતા હતા. પ્રેમથી ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, ભક્તિના ઉપદેશો આપી આશ્રિત ભકતોના ભાવને પૂરા કરવા પ્રેમી ભકતોના ઘેર જમવા પધારતા હતા. સર્વે જનોને રાજી કરીને પછી મહારાજ મંદ ગજ હંસની ગતિથી બીજે **અમદાવાદ**થી પ્રભુ **મોટેરા** ગામે પધાર્યા નિર્મળ મનોહર કમળનયન પોતાના ગામ પધાર્યા છે તેવું જાણીને પ્રેમી ભક્તો સામૈયું લઈને સામાં આવ્યાં.

હે રાજન ! ભકતજનોએ મહાપ્રભુ પાસે આવીને દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યાં સ્વરુપને નિરખીને લાવેલા ભેટ અર્પતા હતા ત્યાર પછી જાત જાતનાં વાજિંત્રો વગાડતાં થકાં મોટો ઉદ્‌ઘોષ કરીને પ્રભુને પુરમાં પધરાવતા હતા. **મોટેરા** ગામના આગેવાન ભકતો **પુરુષોત્તમભાઈ** આદિ સર્વે શ્રીહરિને ગામમાં પધરાવીને સુંદર સારી રીતે સ્વચ્છ કરેલા ઘરમાં ઉતારો કરાવ્યો અને દર્શન કરવા અનેક લોકો આવ્યાં મોટી ભીડ થઈ. આવેલાં સર્વે ભકતજનોને શ્રીહરિ ઉપદેશની વાતો કરીને ભવબંધનના ફેરામાંથી મુકત કરી દૃઢ આશ્રિત કરતા હતા. જે લોકો પ્રભુને ઓળખતા ન હતા તેઓ ભવસાગરના બંધનમાં રહીને મહાન કષ્ટો પામતાં હતાં. ભગવાનને નહીં માનનારા લોકો વારંવાર જન્મ મરણના ફંદમાં પડયા જ કરે છે કેમ કે ભગવાનનું ભજન ભક્તિ ન કરે તેને આ સંકટ આવ્યા જ કરે છે. અતિ પાપી જીવો નરક ચોર્યાસીમાં જાય છે. મહાભયંકર કષ્ટને પામે છે અને જગતમાં પણ હાય હાય કરીને પાપી જીવો પારાવાર કર્મો કરીને ભૂમિ ઉપર ભાર કરનારાં થાય છે. જે લોકો શ્રીહરિ મહાપ્રભુનાં ચરણ કમળનો આશ્રય કરીને ભજન ભક્તિ કરે છે, તેનાં માટે સર્વે જનોનાં

કલ્યાણ માટે પ્રભુ પોતે વિચરણ કરતા થકા પધારતા હતા, અને ઉપદેશ કરતા હતા કે તમે સ્વામિનારાયણનું ભજન કરો, તો તમે જન્મ મરણના સંકટમાંથી ઉગરીને ભગવાનનાં પરમ પાવન ચરણ કમળને પામો. આ જગતના જન્મમરણના ફંદમાંથી મુક્ત થઈ અને ત્રિગુણાતીત થઈ જાઓ. આવી રીતે શ્રી હરિએ લોકોને ઉપદેશ કર્યો તેને સાંભળીને સર્વ નરનારી જનો મનમાં ખૂબ જ રાજી થયાં મહાપ્રભુનો દૃઢ આશ્રય કરીને ધીરજ પૂર્વક જગતનાં બંધનોને તોડીને એકાંતિક સત્સંગી થયાં.

હે રાજન ! સહજાનંદ સ્વામી બધા જ ભકતજનોના ઘરે થાળો જમીને રાજી કરતા હતા. ત્યાં જ રાત્રિના સમયે રોકાઈને શયન કર્યું, જ્યારે સવાર પડયું ત્યારે જાગૃત થઈને નિત્ય કર્મ કરીને મહાપ્રભુ માર્ગમાં સુંદર રીતે ગજ ગતિ ચાલતી ચાલતા થયા. પ્રભુ ચાલીને **અડાલજ** ગામે ત્યાંના ભકતજનો નરનારીના ત્રિવિધ તાપને હરવા માટે પધાર્યા ત્યારે **ગેદાભ પગિ** તથા **મુલુ ગઢવી** આદિક ભકતજનો અનેક આવતા હતા. સર્વે ભકતજનો શ્રીહરિને સામા તેડવા માટે આવ્યાં, તેઓના દુઃખોને હરવા પ્રભુ પધાર્યા ત્યારે તે ભકતો આનંદથી દર્શન કરીને લાવેલ ભેટ અર્પણ કરતાં હતાં અતિ આનંદ પામતાં થકાં દંડવત્ પ્રણામ કરતાં હતાં ત્યાર પછી મહારાજને જાત જાતના વાજિંત્રો વગાડીને આનંદ પૂર્વક પોતાનાં ભાગ્ય જાણીને પોતાનાં પુરમાં પધરાવતાં હતાં. જાત જાતનાં વાજાં વગાડીને ધામધૂમથી પુરમાં પધરાવ્યા, સારા સુંદર ઘરમાં પ્રભુને સંત સમાજની સાથે ઉતારો કરાવ્યો, ઉતારો કરીને સંતો પ્રભુનાં કિર્તનો, પ્રેમથી ગાતા હતા. તે સાંભળીને નરનારી સર્વનાં મન ખૂબ જ આનંદિત થતાં હતાં. જ્યારે રસોઈ તૈયાર થઈ એટલે મહાપ્રભુ થાળ જમ્યા. ત્યાર પછી સર્વે સંત સમુદાયને પિરસીને ખૂબ જમાડયા. ત્યાર પછી સંતો મહાપ્રભુનાં ચરિત્રોના છંદો ગાતા હતા. પ્રભુને રાજી કરતા હતા. મહાપ્રભુ ત્યાં રાતના સમયે આરામ કરતા હતા સવારમાં વહેલાં જાગૃત થઈ ભકતજન સમુદાયની સાથે ચાલતા થયા. શ્રીહરિ અવિનાશી મહારાજ **ઓળા** ગામે પધાર્યા એવા સમાચાર જાણીને સર્વ જન સમુદાય સામૈયું લઈને આવ્યાં **ગિરધરભાઈ**, આગેવાની કરીને સામાં આવ્યાં અને ઘનશ્યામ પ્રભુને લેવા જાત જાતનાં વાજાં લાવ્યાં હતાં. હે રાજન ! વાજાંના તાલની સાથે કિર્તનોનાં પદો તાલથી ગાતાં હતાં. આનંદથી પ્રભુ પુરમાં પધાર્યા. ત્યારે પ્રભુ વિરાજમાન થયા એટલે ચારે બાજુ પ્રભુનાં દર્શન કરવા માટે ગામના અનેક લોકો આવ્યાં એમની પાસે મહાપ્રભુ જ્ઞાનની વાતો કરીને રાજી કરતા હતા.

શ્રી હરિ કહે છે હે જનો ! આ મનુષ્યદેહ અતિ દુર્લભ છે, એને મોટા મોટા દેવો ઈચ્છે છે તોયે નથી મળતો, એવા દેહને પામીને ભગવાનને ઓળખીને એમનું ભજન કરો. પ્રગટનું ભજન કરવાથી કાળ કર્મના બંધન રહેતાં નથી એટલા માટે દુર્લભ દેહને તારવા માટે સંત સમાગમ કરીને શાસ્ત્રના સારને ગ્રહણ કરીને ભગવાનને વિશે દૃઢ પ્રેમ બાંધીને દૃઢતાથી ભજન કિર્તન કરો, તો દુર્લભ મનુષ્ય દેહનો ઉદ્ધાર થાય, નહિ માનો તો જેમ શેષ નારાયણ પોતાના મસ્તક ઉપર પૃથ્વીનો ભાર ફેરવે છે તેમ કેવળ ભારરૂપ થાય છે જે ભજન નથી કરતા તે આવી વાતો સમજીને, સર્વના સુખધામ સુંદર શ્યામ પ્રભુનું ભજન કરો અને આવો અમૂલ્ય અવસર આવેલો છે તે ફરી ફરી આવવાનો નથી એ વાત સત્ય જ માનજો આવી રીતે મહાપ્રભુએ વાતો કરી. તેને સર્વ સમાજ સાંભળીને મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં. અનેક દ્રઢ નિશ્ચિય કરતા થકા એમ માનતાં હતાં કે આ પ્રભુ જ સર્વના નાથ છે. આજ પોતે સર્વના કારણ, કાળના કાળ પોતે એક જ છે. એમનાથી ઉપર

બીજો કોઈ છે જ નહી એટલા માટે આ પોતે જ પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી છે.

હે રાજન ! આવી રીતે સર્વોપરી વાતો સાંભળી નિશ્ચય કરીને લોકો સત્સંગી થયાં સ્વામિનારાયણ પ્રભુને સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વના સ્વામી માનતાં હતાં. આવી રીતે શ્રીહરિ જયારે વાતો કરી રહ્યા ત્યારે થાળ તૈયાર થયો શ્રીહરિ જમવા પધાર્યા. હે રાજન ! ઘનશ્યામ પ્રભુ થાળ જમીને પછી સંતોને પંક્તિમાં જમાડતા હતા ત્યારે જગદીશ પ્રભુ પંક્તિમાં લાડુ ફેરવતા હતા અને પોતાના હાથે આગ્રહથી જમાડતા હતા. જયારે સંતો જમી રહ્યા ત્યાર પછી મહાપ્રભુના હસ્તકમળને ધોવરાવતા હતા. ત્યાર પછી મહાપ્રભુ ઉંચા આસન ઉપર વિરાજમાન થયા ત્યારે ગ્રહમંડળમાં જેમ સૂર્યનારાયણ શોભ તેમ સંતગણની વચમાં મહારાજ શોભતા હતા. સંધ્યા આરતીનો સમય થયો ત્યારે સંધ્યા આરતી કરી નિયમ કરીને સંતોની વચમાં મહારાજ બેઠા અને સંતો પાસે કથા કરાવતા હતા શ્રી હરિ સ્વમુખે અમૃત વાર્તા કરતા હતા, હે રાજન ! મોડી રાત્રે પલંગ ઉપર મહાપ્રભુ શયન કરવા ગયા જયારે પોઢયા ત્યારે ઘણી રાત વીતી ગઈ અને સવારમાં વહેલા પ્રાતઃકાળ વેળા થયેલી જાણીને મહાપ્રભુ શયનમાંથી જાગૃત થયા. શ્રી હરિ સવારમાં જાગૃત થઈને શૌચ વિધિ કરીને પરવારીને ઘનશ્યામ પ્રભુ ચાલતા થયા સાથે સંત સમુદાયની સાથે જગતપતિ માર્ગ ઉપર ચાલતા હતા. ત્યારે જાત જાતનાં કૌતુક કરતા પગલાં ભરતા હતા. સર્વને હસાવતા થકા મહાપ્રભુ હસતા હતા. પ્રભુ ઉપર આકાશમાં મેઘાડંબર છવાયેલો હતો તે પ્રભુ ઉપર છાયાં કરીને તાપની પીડાને દૂર કરતો હતો, આવી રીતે મહાપ્રભુ ભૂમિ ઉપર શોભતા થકાં ચારે બાજુ ભકત સમુદાયથી પધારતા હતા.

હે રાજન ! ધર્મ વિહારી મહાપ્રભુ આવી રીતે લીલા કરતા થકા **વડુ ગામે** સર્વજગતના પાપ તાપને હરનારા પધાર્યા, અવતારના અવતારીને આવતા જ ગામનાં મનુષ્યોએ જોયાં, તેઓ સામાં તેડવા આવ્યાં, તેઓનાં નામ હું કહું છું, તે સાંભળો. **જેરામ, તુલસી** અને **અમીચંદ** તથા **ગોથળદાસ, માનાભાઈ, જગવંદભાઈ, ઉમોજી, રતોજી** તથા **હરીબાઈ, રાજીબાઈ** આદિ ભકતજનો શ્રી હરિના હતા તથા પટેલ પ્રેમીભકતો **હીરદાસભાઈ** આદિક ભકતજનો અતિ આનંદ ઉમંગવાળાં થઈને સામાં તેડવા માટે સાથે ભેટ સામગ્રી લઈને આવ્યાં દર્શન કરીને ભેટ અર્પણ કરીને વાજતે ગાજતે પુરમાં લાવ્યાં સારાં શોભાયમાન પવિત્ર ઘરમાં શ્રી હરિને મુકામ કરાવરાવ્યો, સર્વે મળીને મહાપ્રભુની સેવામાં લાગી ગયાં, પ્રેમથી પ્રભુની સેવા કરતાં હતાં. સારી રસોઈ કરીને મહાપ્રભુને થાળ જમાડતા હતા. આવી રીતે સર્વે ભકતજનો પ્રેમભાવથી સેવા કરતાં હતાં તે સેવાને અંગિકાર કરીને સર્વના મનોવંછિત ભાવને પૂરો કર્યો. સર્વનાં મનનાં ત્રિવિધ તાપને હરતા હતા. કામદેવના ગર્વને હણનારા મહાપ્રભુ મનોહર કમળ નયન શ્રી હરિ ખૂબ જ સુંદર શોભતા હતા. એ નંદનંદન મહાપ્રભુની મનોહર વાંકી ભ્રૂકુટી જોઈને કામ મોહ પામ્યો એવા મહાપ્રભુને સંતો દેવો સર્વે સમુહ સેવ્યા જ કરે છે. એવા મહાપ્રભુ ઘરમાં વિરાજમાન છે ત્યારે ઘરના અંધકારને દીવાનો પ્રકાશ નાશ કરે છે અને રાત્રિના અંધકારને ચંદ્રમાંના કિરણો દ્વારા નાશ કરે છે તેમ આવી રીતે શ્રીહરિ મહાપ્રભુના મુખકમળની શોભાનું કોઈ વર્ણન ન થઈ શકે એવાં મનોહર મુખ ચંદ્ર ઉપર બંને નયન સુંદર મેઘ સમાન શોભતાં હતાં. મંદ હાસ્ય કરીને દંત પંક્તિથી મુખની શોભા વર્ણવી ન જાય તેમ ખીલેલા કમળની માફક દાંતની કળીઓ શોભતી હતી, તથા શત્રુની બંદૂકની નળીઓ સમાન બંને લાબાં બાહુઓ જાનું સુધી લાંબા જાણે હાથીની સૂંઢ ન હોય ? તેમ શોભતા હતા. આવી રીતે શોભાને ધારણ કરતા મનોહર મુર્તિ ગુણના સાગર સંત સમુદાય રૂપી કમળ વનમાં

ભ્રમર શોભે તેમ શોભતા થકા સંતોની સાથે કમલનયન પ્રભુ **કરજીસણ** ગામે પધાર્યા પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને ગામનો જન સમુદાય બધાં જ સામાં લેવા માટે દોડયાં તેમાં **ગોવિન્દભાઈ**, બીજા **બેચરભાઈ, નાગરભાઈ, દાસભાઈ** તથા **પુરષોત્તમ, સતુ, જેમલ** આદિક આગેવાનો આવ્યા ને આનંદ પામતાં હતાં. હે રાજન ! હવે બાઈ ભકતો હતાં તેમનાં નામ કહું છું **જૂમાબાઈ, બજીબાઇ, હરખીબાઈ, જીવીબાઈ, રળિયાતબાઈ,** આ સર્વે સત્સંગી બાઈઓ સતી સીતા સમાન સતિત્વવાળી દૃઢ ધર્મવાળી શ્રી ઘનશ્યામ પ્રભુના નામનું ભજન કરતી હતી સર્વે નરનારી જનો પ્રભુને નીરખીને લાવેલ ભેટ અર્પણ કરતાં હતાં. જાત જાતનાં વાજાં વગાડીને ગુણને ગાતાં થકાં પુરમાં પધરાવતાં હતાં. કામના ગર્વને હરનારા મહાપ્રભુને સુંદર સ્વચ્છ ઘરમાં ઉતારો કરાવતાં હતાં. શ્રીહરિ ઘરમાં રહીને હરિભકતોનાં મનને ખેંચતા હતા અનેક નરનારીજનો પ્રભુના સ્વરુપમાં ખૂબ જ પ્રીત કરીને ખેંચાતાં હતાં. પ્રભુ દર્શન દઈને સુખ આપતા હતા. અને ભવ પાસના બંધનથી મુકત કરતા હતા. બલભ્રાતા જ્ઞાન ઉપદેશની વાતો કરીને સમજાવતા હતા તેને સર્વ જનો સાંભળીને આનંદ પ્રાપ્ત કરતાં હતાં. ત્યાર પછી રસદાર રસોઈ તૈયાર થઈ ત્યારે રસોઈ જમાડવા માટે થાળ તૈયાર કર્યો, તેને મહાપ્રભુ સંતોની સાથે પ્રેમથી આરોગતા હતા અને સંતો હરિભક્તોને જમાડતા હતા તે શોભાનું વર્ણન મુખેથી તો થઈ જ ન શકે એવું અદ્‌ભૂત છે.

હે રાજન ! શ્રીહરિ સંતોની સાથે સુંદર રીતે પ્રેમથી થાળ જમીને પછી મનોહર મૂર્તિ શુદ્ધ જળથી હાથ મુખને ધોઈને જળપાન કરીને, ત્યાર પછી સુંદર સારી રીતે તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. ધર્મતનય મનોહર મૂર્તિ ધર્મ જ્ઞાનની વાતો કરતા હતા, પ્રાણ વગર આ દેહ તથા પાણી વગરની જેમ નદી કહેવાય તેનો કોઈ અર્થ ન હતો તેમ માંગનાર વગરના દાતા પણ કોઈ કામનો નહીં અને ભાઈ વગરનો મધુર પ્રેમ પણ કોઈ અર્થવાળો નથી હોતો, દુધ વગરની ગાય કોઈ કામની નહી, ઋતુ વગરનાં ફળોનો કોઈ સ્વાદ જ ન હોય, રાજા વગરનું રાજય કે શહેર કોઈ અર્થનું નહીં અજવાળા વગરનો દીવો નકામો, ચંદ્રમાં વગરની રાત્રી નકામી, તે જ રીતે જે જીવાત્મા ભરત ખંડમાં જન્મ ધરે છે તેના જીવનમાં ભક્તિ ન હોય તે જીવવું વ્યર્થ જ થાય છે. દુર્લભ એવા મનુષ્ય દેહને ધારીને ભગવાનની ભક્તિ અતિશય દુર્લભ હોય છે તે તમને મોટાં ભાગ્ય થકી મળી છે તે બ્રહ્માદિ દેવોના લોકમાં નથી મળતી એ મારી જોયેલી સત્ય જ વાત છે તે કહું છું એટલા માટે આ વખતે પૃથ્વી ઉપર અમે પ્રગટ થઈને ભક્તિના પ્રકાશને ફેલાવેલ છે તેનો જે જીવ આશ્રય કરીને નિયમસર પાલન કરી ભજન કરે છે તે ભવસાગરને તરીને પાર પામે છે. ભગવાનની ભક્તિ કર્યા સિવાય કરોડો ઉપાય કરે તોય ભવસાગરને પાર કોઈ ન પામે, માટે તમે બધા આ અમારી કહેલી વાત ધ્યાનમાં લઈને ભક્તિ કરો તો ભવને પાર ઉતરશો. સર્વ સંત સમાજ રૂપી સુંદર વનમાં વાસ કરીને તથા પુરા જગતમાં વાસ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિનો ઉપદેશ કરીને સત્ય ધર્મનો દૃઢ પાયો કરનારી વાતો કરીને સર્વે નરનારી જનોને ખૂબ જ સુખશાંતિના પ્રકાશને ફેલાવતા હતા. પછી મોડી રાત્રે મહાપ્રભુ શયન કરતા હતા. સવારે વહેલા ત્યાંથી પ્રયાણ કરતા હતા.

શ્રી હરિ અવિનાશી પ્રભુ **અમદાવાદથી મોટેરા, અડાલજ** પધાર્યા, **અડાલજથી ઓળા** ગામે પધાર્યા, **ઓળા ગામથી વડુગામે પધાર્યા** એ બધી વાતો વર્ણવીને કહી. **વડુથી કર્જિસણ** ગામે **ગોવિંદભાઈ**ના ઘેર વાસ કરીને ઘનશ્યામ પ્રભુએ લીલા કરી તે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપે ત્રેવીશમો તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ કર્જિસણ ગામે લીલા કરી એ નામે આ ત્રેવીસમો તરંગ પૂર્ણ થયો. ॥ ૨૩॥**

# તરંગ-૨૪

આનંદ સિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! અવિનાશી મહાપ્રભુએ કરજીસણ ગામના ગોવિંદ ભકતનાં ઘેર નિવાસ કરીને જે ધર્મ, જ્ઞાન ઉપદેશ આપ્યો તથા આનંદ આપનારી લીલાઓ કરી તે અૃમત સમાન મધુર વચનોથી સમજાવેલ છે તે સર્વ વાર્તાઓ મને ભગવાનનાં મધુર અમૃત જ્ઞાનનો ઉપદેશ કહો તથા આકાશની માફક મનોહર સ્વરુપ સંસારમાં વિચરણ કરે છે તોય પ્રભુને સંસારના સુખો બાધ નથી કરતાં તેનાથી નિર્લેપ રહે છે. જગતના જીવોનાં ભવનાં દુઃખો હરી લે છે. કોઈ જાતના પ્રભુના ભજનના સુખમા વિક્ષેપ કરી શકતાં જ નથી એવા મહાપ્રભુનાં ગુણ ચરિત્રોનું મને વર્ણન કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ સિંહ રાજન ! તમને ધન્યવાદ છે, કેમ કે તમે ભગવાનનાં નાસ્તિકવાદનો નાશ કરનારાં, મધુદૈત્યનો નાશ કરનારાં એવાં પ્રભુના અંગો અંગમાં મનોહર સુવાસ ફેલાય છે એવા મહાપ્રભુનાં મનોહર પવિત્ર ચરિત્રોને પૂછેલાં છે. કોમળ કમળ સમાન મનોહર જેમનાં નેત્ર કમળ બંને નેત્રકમળ અતિ કરુણામય છે એવાં કરુણામૂર્તિ મધુર દૂધ જેવા સુંદર ગુણવાળા મહાપ્રભુના સુખ કરનારા લીલા ચરિત્ર કહું છું તે તમેં સાંભળો. શ્રી હરિ મહાપ્રભુ **કરજીસણ** ગામે પધાર્યા, ત્યારે જે લીલાઓ કરી તે કહું છું, સાંજે મહાપ્રભુ થાળ જમ્યાં સર્વે સંતોને જમાડયા ત્યાર પછી, સર્વ સંતો સત્સંગીઓ સમુદાયની સાથે પ્રભુ પોઢી ગયા. પ્રભાતે બ્રાહ્મ મૂર્હુતમાં મહાપ્રભુ જાગ્રત થયા (જાગ્યાં) જગતના સુખદાતા જાગીને શૌચ વિધિ કરીને પરવારીને સુંદર આસન ઉપર વિરાજમાન થયા. મહાપ્રભુની સમીપે સંતોની સભા બેઠી તે સર્વ સંતો સમીપે જ હરિભકતો પ્રભુને વંદન પ્રણામ કરીને બેઠાં અને ભગવાનનાં ગુણ કિર્તનો ગાતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુની પ્રેમ ભાવનાથી પ્રીતિપૂર્વક પૂજા કરતાં હતાં. તેમાં ષોડશોપચાર પૂજન કરતાં હતાં. કેશર ચંદન પુષ્પ આદિની ઉપચાર સામગ્રીથી પૂજન કરીને પ્રેમી ભકતો રાજી થયાં. ષોડશોપચાર પૂજન કરીને પ્રેમથી દર્શન કરીને ગદ્ ગદ્ વાણીથી સ્તુતિ પ્રાર્થના કરતાં હતાં. આ રીતે વિધિ કરીને ભકતો પોતાને ધન્ય ભાગ્યવાળાં માનતાં હતાં. પુજા અંગીકાર કરીને શ્રીજી મહારાજ પણ ખૂબ જ ભકતો ઉપર રાજી થયા સર્વે ભકતોને ભાવનાવાળા જાણતા હતા તેથી મહાપ્રભુ ભક્તોને અમૃત વચનોથી કહેતા હતા કે મારા ભકતો તમે મારા વચનો સાંભળો. તમો એક પત્ર લાવો, દેશોદેશમાં પત્ર લખીને જાણ કરવાની કે જન્માષ્ટમી ઉપર સર્વે જનો અમે અહીં સમૈયો કરીએ છીએ એટલે અમારી પાસે જરૂર આવજો. જન્માષ્ટમી કૃષ્ણપ્રભુનો જન્મોત્સવનો મોટો સમૈયો કરવાનો છે, એટલે આ **કરજીસણ** ગામે ગામો ગામનાં તમો સૌ જરૂર આવજો. બધાં ગામના ભકતજનો મહારાજનાં વચનો સાંભળીને મનમાં ખૂબ જ આનંદ પામ્યાં. સામેથી પ્રભુને કહે છે -

હે પ્રભુ ! આપે બહુ જ સારી વાત કરી છે હે ભયને હરનારા નાથ ! હવે અમે બધી જ તૈયારીઓ જલદીથી કરીશું. હે પ્રભુ ! અમે બધાં જ આવનારા ભકતજનોની ખૂબ જ સેવા સરભરા કરીશું, માટે હે પ્રભુ!

આપ જેને જેને આજ્ઞા કરશો તે બધા જ કામ કરવા તૈયાર છે. હે જગનાથ ! આપની વાતમાં સૌ સહમત જ છે. આમ જાણીને પછી મહાપ્રભુ દેશોદેશ ગામો ગામ પત્રો લખાવતા હતા. પત્રમાં સૌને બધાં જ જરુરા જરુર આવજો આવી રીતે નરનારી જનોને જણાવતા હતા તે રીતના પત્રો વાંચી વાંચીને સુખ પામતા હતા. **કરજીસણ** ગામમાં જનમાષ્ટમીનો ઉત્સવ કરવાનો છે તેથી ત્યાં જરૂર આવજો.

અહીં અલૌકિક જનમાષ્ટમી સમૈયો કરવાનો છે તેથી તમો સૌ અલૌકિક લહાવો લેવા જરૂર આવજો અને અમે અલૌકિક સુખ ભકતજનોને આપીશું. આમ પ્રભુ સર્વને મનવાંછિત કરવાની વાતો કરતા હતા. આવી રીતના આમંત્રણના અનેક પત્રો લખાવ્યા અને દેશો દેશમાં મોકલાવરાવ્યા તેને વાંચી સાંભળીને નરનારીજનો સૌ હરિભકતો બહુ જ આવ્યાં, શ્રી ઘનશ્યામ પ્રભુને મસ્તક નમાવીને પ્રણામ કરી દર્શન કર્યાં. આવનાર બધાં જ જનસમુદાયને સારી રીતે ઉતારા કરાવરાવ્યા,જે જે હરિભકતો આવ્યા હતા તે બધા જ શ્રાવણ વદ સાતમના દિવસે આવ્યા હતા તેઓ બધાં જ ખૂબ જ ઉંમગ ઉત્સાહથી ભાવ પૂર્વક દર્શને આવ્યાં હતાં. મહાપ્રભુએ ત્યાં ધામધુમથી મહા સામૈયો કર્યો હતો તેમાં સૌ હરિભકતો મહાપ્રભુના ગુણને હરખી હરખીને ગાતાં હતાં. સૌ હરિજનોને મહાપ્રભુ સર્વ દેવના દેવ દર્શન દેતા હતા અને સર્વની સેવાને અંગિકાર કરતા હતા આનંદ આપતા હતા. બીજો દિવસ જન્માષ્ટમીનો દિવસ હતો તે દિવસ સૌના ભયને ભાંગનારા મહાપ્રભુના મનને લોભવતો હતો તે દિવસે ગામની પૂર્વ દિશામાં મોટા વડના વૃક્ષમાં ખુબ જ સુંદર સુખ આપનારો અદ્‌ભૂત જાત જાતના સુશોભન સામગ્રીથી સુંદર હિંડોળો બાંધ્યો, તે ચિત્ર વિચિત્ર સર્વેને સુખ આપનારો શોભાયમાન નવીન ગોખોવાળો ઝુલો બાંધ્યો તેની ઉપર સર્વના નાથ પ્રભુ ઉમંગથી વિરાજમાન થઈને ઝુલતા હતા.

ત્યારે પ્રભુએ પોતાનાં અંગો ઉપર ખૂબ જ શોભાયમાન જરીયાંની વસ્ત્રોને ધારણ કરેલાં હતાં, તેનાથી મહાપ્રભુ કામદેવના મનને પણ અતિ મોહ પમાડે તેવા શોભતા હતા. અંગો અંગની શોભા ખૂબ જ સારી લાગતી હતી કરોડો કામદેવને પણ ઝાંખા પાડે તેવા અલૌકિક શોભતા હતા. એવી રીતે સર્વના નાથ જગદીશ પ્રભુ સુંદર હિંડોળામાં વિરાજમાન થઈને સુખના ઝહાજરૂપ શોભતા હતા તેનાથી ઉત્સવમાં અતિ અજબ મહામોટો ઓપ થતો હતો. એનાથી આ ભયંકર કાળિકાળના કપટ પ્રપંચને તોડીને નાશ કરતા હતા. શ્રી હરિ મહારાજ હિંડોળામાં વિરાજમાન થઈને જાનુ પર્યંત લાંબા હસ્તકમળથી સર્વને અભય વરદાન આપતા હતા. પ્રભુએ અંગો અંગમાં અનેક આભુષણોને ધારેલાં હતાં તેથી શોભાની ખાણરુપ લાગતા હતા તેનાથી જાણે નવિન મેઘ આકાશમાં ન ચઢયો હોય ? તેમ શોભતાં હતાં, વસ્ત્રો પણ વિજળીની શોભા સમાન સુંદર અંગો ઉપર ધારેલા શોભતાં હતાં. કમળ સમાન કોમળ એવા હસ્તકમળને નિર્મળતાથી અભય પદ બતાવતા કોમળ કમળની પાંખડી સમાન મનોહર મુખને જોઈને જાણે રત્નની ખાણમાં ઢાંકણની માફક શોભાવાળા મંદ મંદ હાસ્યવાળા એવા મનોહર મૂર્તિ પોતાનાં અંગો અંગ ઉપર પીળાં ઝરીયાંની વસ્ત્રોને ધારણ કરેલાં હતાં. તેનાથી અંગે અંગની ખૂબ જ શોભામાં વધારો લાગતો હતો

એવા મનોહર પ્રભુ હિંડોળામાં વિરાજમાન થઈને ભકતજનોને સુખી કરવા દુઃખને હરવાના કાર્યરૂપે કરુણાનિધાન ભકતોનાં મનોરથ પૂરતા હતા. પુરુષોત્તમ પ્રભુ પોતાના આશ્રિત ભકતોને મનોહર સ્વરુપે દર્શન દાન કરાવતા હતા ત્યારે પ્રભુ મધુરવાણીથી અમૃત વચનો કહેતા હતા. મારા આશ્રિત ભકતજનો તમે સાંભળો મારી વાતને સમજો. આ **ગોવિંદભાઈ ભકતના ઘરમાં જેવો વિશ્વાસ અને અમારી ઉપર પ્રેમ છે. છે તેવા**

**જે કોઈ ભકતના ઘરમાં હોય તો એવા ભકતનાં વખાણ કરતા અમે પણ થાકતા નથી. આમના ઘરમાં અનાજ કયારે નહી ખુટે, સંપ હોય, સદભાવ હોય તો જેમ કુવામાં પાણી ન ખુટે તેમ તે વાત સાચી જ કહું છું. આવી રીતે મહાપ્રભુએ કહ્યું તેથી સંતો નરનારી જનો સાંભળીને બધાના મન અતિશય આનંદવાળાં થયાં. પછી મહાપ્રભુ પોતાના પ્રતાપથી વાતો કહેતા હતા, હે મારા આશ્રિત ભકતો સંતો ! હું જ બધાને પ્રેરણા કરું છું તે રીતે કાર્ય થાય છે, હુ પોતે જ સર્વના કાળનો કાળ સર્વનો અંતર્યામિ અશરણ પ્રતિપાલન હું જ છું. હે ભકતજનો ! તમે સૌ સાંભળો હું પોતે જ આખા જગતના કર્તા હર્તા ભર્તા, ઉદાર મૂર્તિ હું જ છું એટલા માટે મારા ભયથી જ વાયરો વાય છે સર્વને તારનારો હું જ પોતે છું. દેવરાજ ઈંદ્ર મારા ભયથી જ વરસાદ વરસાવે છે. મારી આજ્ઞા મુજબ જ વરસાદ થાય છે. કાળ જગતના જીવોનો નાશ કાળ કરે છે તે પણ મારી આજ્ઞા પ્રમાણે જ કરે છે. એ પ્રમાણે મારા આશ્રિતો જાણજો. સાગરો મારી આજ્ઞાનું પાલન કરીને મર્યાદામાં રહે છે. શેષ નારાયણ પણ પોતાના મસ્તક ઉપર પૃથ્વીને ધારીને રહેલા છે. તે પણ મારી આજ્ઞામાં રહીને. બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી મારી આજ્ઞાનું પાલન કરીને સર્વે મારી મરજી પ્રમાણે આજ્ઞા પામીને કાર્યમાં જોડાયેલાં રહી સતત કાર્ય કરે છે. સર્વેમુનિઓ પણ મારી આજ્ઞાનું પાલન કરીને રહે છે. કાળ માયા પ્રધાન પુરુષો સર્વે મારી મરજી પ્રમાણે જ વર્તે છે. એમ તમે સૌ જાણજો અને હું આ ભુમિ ઉપર અવતારોને ધારીને વિચરું છું તે પણ જીવોને સુખ આપવા એના જન્મ મરણના ભયને હરવા ભકતજનો તથા સંતોનો આનંદ આપવા વિચરું છું.**

**હું જ પોતે સર્વ ધામનો ધામી, સર્વનો આધાર હું એક જ છું અને મારાં લીલા ચરિત્રો અપાર છે, એટલા માટે મારી મરજી વગર તો લેશ માત્ર કાંઈ થતું જ નથી, વૃક્ષનાં પાંદડાં થાય છે સુકાય છે. પડે છે નવાં આવે તે સર્વે મારી આજ્ઞા પ્રમાણે થયા જ કરે છે તે કોઈ કળિ જ ન શકે તેમ છે. સર્વોપરી એવો હું તે તમારા માટે જ કલ્યાણ કરવા પૃથ્વી ઉપર મનુષ્ય અવતારને ધારણ કરીને આવ્યો છું, એટલા માટે તમો સૌ મારું ભજન કરો. અને મારી આજ્ઞાનું પાલન કરીને મારા બતાવેલા ધર્મ નિયમનું પાલન કરો તેનાથી તમો ભવસાગરને તરીને મુક્તિને પામશો એ નિશ્ચય વાત છે એમ જાણો. મારુ ધામ જેને અક્ષરધામથી ઓળખવાનું છે તે સર્વથી ઉપર મહાન છે. સર્વનો સાર જ છે. તે ધામમાં તમને બધાને હું તેડી જવાનો છું. તે વાતને સાચી માનજો હું કોઈને ખોટી વાતો નથી કહેતો તે સત્ય જાણજો.** આવી રીતે કરુણાના સાગર મહાપ્રભુ સર્વના પાપને બાળનારા કહેતા હતા, મહાપ્રભુની વાતો સાંભળીને સંતોની સાથે સૌ ખૂબ જ સુખ આનંદ પામ્યાં. મહાપ્રભુએ આજ પહેલાં આવી વાતો કયારેય નથી કરી. આવી રીતે શ્રીજી મહારાજે સૌને પ્રેમથી પોતાનો મહાપ્રતાપ બતાવ્યો, એવા મહાપ્રભુ લક્ષ્મીના ધામરુપ શોભાના ધામ મનોહર મૂર્તિ ચંદ્ર સમાન મનોહર તેજ શોભાવાળા શોભતા હતા. શ્રીહરિ લક્ષ્મીના દાસ નથી પણ લક્ષ્મી પ્રભુના રંગેથી રંગાયેલાં છે. એવા મહાપ્રભુની વાંકી ભ્રૂકુટિ જાણે કામદેવે બાણ ન ચડાવ્યું હોય ? તેમ શોભતી હતી શ્રી રુપ તુલસીને પ્રભુ હંમેશાં પોતાના ચરણમાં વાસ આપે છે. એવા મહાપ્રભુ પોતાના ભક્તનાં ઘરમાં જ રહે છે અને તે જગતમાં પ્રતાપ પ્રકાશતા જ રહે છે. આવી રીતે ઉપદેશ વાકયો કહેતા હતા. તે પ્રભુના અમૃત વચનોને સૌ સાંભળતાં હતાં. ત્યારે શ્રીહરિ મહાપ્રભુ હાસ્ય કરતાં થકા સર્વ ભકત સમુદાયના મનને ખેંચતા હતા. સર્વ ઉપર રાજી થતા હતા. આવી રીતે ઘણી વાર સુધી દર્શન દેતા હતા. ભકતોની આશાઓ પૂરતા હતા, મનોરથો પૂર્ણ કરીને પછી પ્રભુ પોતાના

ચરણકમળમાં વાસ આપીને પ્રેમથી પોતાને ઉતારે પધાર્યા, અતિ રસદાર રસોઈનો થાળ જમતા હતા. મહાપ્રભુ જમીને સંતોને જમાડતા હતા, જગતના અંધકારનો નાશ કરનારા અવિનાશી પોતાના ભકતજનોને રાજી કરતા હતા. જમી રહ્યા પછી ભકતજને મુખવાસ આપ્યો તે મહાપ્રભુએ લીધો મુખવાસ જમીને સુંદર ઉંચા આસન ઉપર વિરાજનમાન થયા. **ગોવિંદજીભાઈ** આદિ ગુણી ભકતજનો શ્રી હરિની સામે જ રાજી થઈને બેઠા. શ્રી હરિ કમલનયન મહાપ્રભુ ભકતજનોને વાત કહેતા હતા. હે મારા આશ્રિત ભક્તો ! **તમે બધા જ બાળકો વૃદ્ધો યુવાનો સૌ મારી વાતોને સાંભળો એટલા માટે તમે કોઠીમાં અનાજના દાણા ભરીને તેને ઉપરથી બંધ કરી દેવાનું અને નીચેના મોઢેથી** ઘણા **કાઢીને બધા જ ઘરના મનુષ્યોને માટે વાપરવામાં લેવું અને મોઢું બંધ રાખવું.**

હે રાજન ! **આ કોઠીનું અનાજ અખૂટ ભરેલું જ રહેશે તસુ માત્ર ઓછું થશે જ નહીં આ એક અક્ષય પાત્ર જ છે તે કયારેય અધૂરું થશે જ નહીં એટલા માટે આજથી અમારા વચનને દઢતાથી પાલન કરજો. લગાર પણ વચનનો લોપ ન કરશો. એટલા માટે હું તમારી ઉપર ખૂબ જ રાજી થઈને કહું છું. આમ શ્રી ઘનશ્યામ પ્રભુના વચનો સાંભળીને ગોવિંદજી ભકતે જેમ સાંભળ્યું તેમ બધું જ કરતા હતા તેથી તે કોઠીનું અન્ન અખૂટ રહેતું હતું. એ કોઠીમાં આજદીન સુધી ભરેલું જ રહે છે. હે રાજન ! આવી રીતે અનેક અસંખ્ય** પરચાઓ મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતોને આપતા થકા પૃથ્વી ઉપર વિચરતા થકા લોકોનાં ભવબંધનને તોડતા થકા સુખધામ ઘનશ્યામ પ્રભુ આનંદ ઉત્સાહથી **કરજીસણ** ગામમાં પંદર દિવસ સુધી ગોવિંદ ભકતના ઘેર સંતો હરિભકતોની સાથે જ નિવાસ કરીને રહેતા હતા. શ્રીહરિ સુંદર **કરજીસણ** ગામમાં પ્રેમથી સુખ આપીને ચપલનયન ચતુરવર અનંત જીવોનાં ફેલફતુરને દુર કરવા સંસારના જીવોને સુખી કરવા પધાર્યા હતા. શ્રીહરિ મુનિજનો તથા સત્સંગી ભકતજનોના સમુહની સાથે હજારોની સંખ્યામાં **ડાંગરવા** ગામ પ્રત્યે લોકોનાં કામદિક દોષોને હરવા માટે પધાર્યા.

**ગોવિંદ ભકત**ને ભારે વરદાન દઈને દિનબંધુ દયા સાગર **ડાંગરવા ગામે પધાર્યા**, ઉપકારી મહાપ્રભુ **કરજીસણ**ના ભકતજનો ઉપર કરુણામૂર્તિ કરુણા કરીને જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો એમાં બાળ, યુવાન, વૃદ્ધો સૌને જ્ઞાન ઉપદેશ કરીને તાર્યા ગોવિંદ ભકતને બહુ જ ભારે વરદાન દઈને દીનબંધુ દયાસાગર ડાંગરવા ગામે પધાર્યા આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપમા ચોવીશમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી આંનદસિંહ રાજાના સંવાદમાં કરજીસણ ગામે જનમાષ્ટમીનો ઉત્સવ કર્યો તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે આ ચોવીસમો તરંગ પૂર્ણ થયો. ॥ ૨૪ ॥**

# તરંગ-૨૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વના મનના કલેશ કપટને હરવા કળિ કાળના કલેશ કપટનો નાશ કરનારા કળિના કાળ એવા મહારાજ દોષોનો નાશ કરવા વિચરે છે. હે અવધપ્રસાદજી મહારાજ ! પ્રભુનાં આવાં અદ્‌ભુત ચરિત્રો છે. જે પ્રગટ પ્રભુના યશને વધારે છે એવા મહાપ્રભુ **કરજીસણ**થી **ડાંગરવા** સંતો ભકતોના સમાજ સાથે પધારી જે જે ચરિત્રો કર્યા તે મને વિસ્તારીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય છે. મહાકુડા કપટના સમયમાં શુદ્ધ રહેનારા હે રાજન ! ધરાના સ્વામી, ધર્મને ધારણ કરનારા, કલેશના સમયે ધીરજને ધારનારા, સંગ્રામના સમયે લોકોના કષ્ટ પીડાને હરનારા તમને ધન્ય છે. હે રાજન ! હવે ભગવાનનો યશ કહું છું તેને ધ્યાનથી સાંભળો, જે જગતના જીવોના અજ્ઞાન અંધકારને હરનારા, મહાપ્રભુ અનંત જીવોનાં કામ કરવા માટે **ડાંગરવામાં** પધાર્યા, ત્યાં જે જે લીલા ચરિત્રો કર્યાં તે કહું છું. હે રાજન ! શ્રીહરિ **કરજીસણ**માં ઉત્સવ કરીને પછી આનંદ પામતાં થકા જનસમુદાયની સાથે આનંદ કરાવતા થકા **ડાંગરવા** ગામે પધાર્યા, ત્યારે ડાંગરવાના પ્રેમી ભકતજનો પ્રભુને આવતા જોતાં હતાં. હે રાજન ! ડાંગરવા ગામના ભકતજનો શ્રી હરિને સામાં લેવા આવ્યાં તેમનાં નામો કહું છું. **અગરોજી, અમરોજી,** આ બન્ને અતિ શુરવીર ભકતો દૃઢ નિયમ નિશ્ચયવાળા એકાંતિક ભકત હતા તે આવ્યા. **શાબુજી, થાનાજી** તથા **ઉમેદજી**, ઉત્તમ ભકત **વણીદાસ** તથા **દલુજી** નામના ભકત તથા **વસોજી, જીવણજી, આશારામ ભકત. પીતામ્બર પ્રેમી ભકત પુરુષોત્તમદાસ, મનછારામ ભકત** દૃઢ નિમવાળા તથા **જેરામ, નાગરદાસ, તાપીદાસ** આદિક ગુણ ગાનારાં ભકતજનો પ્રભુની સામે આવ્યાં હતાં. **ખુશાલદાસ** ભકત ભગવાનના સેવક હતા. હવે બાઈઓ ભકત હતા તેમનાં નામ કહું છું. બધી જ બાઈઓમાં સતી શીરોમણી એવા **જતનબાઈ, વખતબાઈ, રતનભાઈ, અંબિકાબાઈ, લખુબાઈ, રામબાઈ, વ્રજબાઈ જ્ઞાનબાઈ** આદિક ઘણાં બાઈઓ મહાપ્રભુને લેવા માટે સામાં વધાઈનાં ગીતો ગાતાં આવ્યાં.

હે રાજન ! તે સર્વ ભકતો પ્રભુને અર્પણ કરવા સાથે અનંત પ્રકારની ભેટો લાવ્યા હતા. ઘનશ્યામ પ્રભુની પાસે આવીને ભેટ અર્પણ કરતા ને સુખ પામતા હતા, ચરણ કમલમાં મસ્તક નમાવીને ખૂબ જ હરખ પામતાં થકાં હજારો ભકતો વંદન કરતા હતા. પરબ્રહ્મ પુરુષોતમ પ્રભુ કૃપા કરીને સર્વેને સ્વાગત સમાચાર પૂછતા હતા, ત્યાર પછી અનેક પ્રકારનાં વાજાં વગાડતાં થકા સંતોની સાથે સર્વે સમાજ પ્રભુનાં ચરિત્રો ગાતાં વગાડતાં ગામમાં પધારતા હતા ત્યારે ધર્મપુત્ર પ્રભુ સૌના મનને હરતા હતા. આમ ગાતાં વગાડતાં ગામમાં **વેણીદાસ** ભકતના ઘેર નિવાસ કરીને સર્વના ત્રાસને હરતા હતા સર્વેને સનાથ કરવા મહાપ્રભુ રાજી થતા હતા. મહાપ્રભુ પોતાના ભકતના ઘેર સભા કરતા હતા તે સભામાં સંતોની સાથે સર્વ હરિભકતો હરખ પામતાં થકાં બેઠાં. મહાપ્રભુના મનોહર ચંદ્ર સમાન મુખકમળને જોઈને જેમ ચકોર ચંદ્રમાને જોઈને રાજી રાજી થાય તેમ રાજી થતા હતા ઘણા લાંબા વિરહના તાપને હરખ પામતાં થકાં ત્યાગતા હતા.

શ્રી સહજાનંદ સ્વામી કહે છે. હે ભકતજનો ! આ મનુષ્યનો દેહ છે તે પામવો બહુ જ દુર્લભ છે તેને પામીને નારાયણ ભગવાનનું ભજન કરો, પ્રભુ કહે જે જન જગદીશ પ્રભુએ આપેલા આ સુંદર મનુષ્ય

દેહથી નારાયણ પ્રભુનું ભજન નથી કરતાં ને પંચવિષયમાં ખૂબ જ ખુંપેલા રહે છે, માતા પુત્ર પરિવારમાં ખુબ જ પ્રેમ રાખે છે તે જીવ મરીને યમપુરીમાં જાય છે, અપાર દુઃખો અને પીડાઓને પામે છે ત્યારે માથું ધુણાવી ધુણાવી પસ્તાય છે, પાપી પુકારો પાડે છે, છ લાખ ચાર હજાર નરકનાં કુંડો છે તેમાં જુદા જુદા પ્રકારનાં પાપો પ્રમાણે કષ્ટને પામે છે તેને ભોગવતા પાર જ નથી આવતો ચૌદ કરોડ સૂર્યના પુત્ર યમરાજના નોકરો છે એમ જાણજો. તે યમદૂતો જીવોને ખૂબ જ માર મારે છે જીવ જન્મ ધારણ કરીને ભગવાનથી નહિ કરીને જેમ ફાવે તેમ કરે છે. તેને યમપુરીમાં રાઈ રાઈ સરખા હિસાબ થાય છે. અને માર મારીને શિક્ષા કરે છે અને પીડા કરે છે. આમ સૌ નરનારી જનોએ જાણીને પ્રગટ ભગવાન નારાયણનું ભજન કરવું જેનાથી ભય મટે છે. પ્રગટ પુરુષોતમ પરબ્રહ્મને અંતર્યામી જાણીને ભજન ભકિત ઉપાસના કરે છે, તે ભગવાનનાં દિવ્ય ધામને પામે છે. તે દિવ્ય ધામમાં કોઈ પ્રકારનો રોગ નથી કોઈ પણ દુઃખ નથી કેવળ દિવ્ય ભોગ અને અતિ સુખો છે. ભગવાનના પ્રતાપથી દિવ્ય તનુને પામે છે. તે સોળ વર્ષના આકારને પામે છે, તે ભકત મનમાં ઈચ્છિત દિવ્ય સુખને પામે છે. દિવ્ય સુખમાં સદાય ભગવાનનાં દર્શનની અભિલાષા થાય છે પ્રભુ વગર કાંઈ પામવાની ઈચ્છા જ થતી નથી. ચાર પ્રકારની મુક્તિ કહી છે. એવું મારું દિવ્ય ધામ છે તે ધામમાં મારી પાસે જ રહે છે. એવી નરનારીની ગતિ કહી છે. શ્રી રસ્વામિનારાયણ મહાપ્રભુએ ત્યાં **ડાંગરવા** ગામમાં ઘણીવાર સુધી ઉપદેશ કરીને સહજાનંદ સ્વામીએ સુખના સાગરે સર્વનામના નામી અકામી પ્રભુએ સર્વજનોતા દુઃખ અને ખોટા ફંદોને હરીને સુખીયા કર્યા. આ વાતો સાંભળનાર ભકતો ખુબજ આનંદમય થયાં અને કૃપા સિંધુ દિનબંધુ પ્રભુએ સ્વમુખેથી અમૃતમય વાતો કરીને ઉપદેશ કર્યો તે અનેક લીલાઓ **ડાંગરવા** ગામમાં કરીને ત્યાંના મુખ્ય ભકતો **અગરાજી, અમરાજી** તથા **જતનબાઈ** આદિક સર્વેનાં મનના તાપને હરતા હતા.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તે જ ડાંગરવામાં અતિશય ધીર શુરવીર એક હરિભકત રહેતા હતા તે ભકત ધરણીની રક્ષા કરવા માટેના ધિંગાણાંમાં (લડાઈમાં) પોતાના શરીરમાં બાણ વાગેલું હતું, એવા તે **બળવંત ભકતના શરીરમાં બાર વર્ષ સુધી ખૂંપેલું રહેલ બારમાં વર્ષે શરીરમાંથી નીકળ્યું** તે ભકતની શ્રી હરિ મહાપ્રભુએ સહાય કરીને રક્ષા કરેલી. આનંદસિંહ રાજન પુછે છે હે અવધપ્રસાદજી મહારાજ ! જે આશ્ચર્ય કરનારી વાત છે તે મને કહો કેમ કે તે દરબાર લડાઈ ધિંગાણામાં કેવી રીતે ઘાયલ થયા તે રાજાધિરાજ આપ કહો. જેમને શરીરમાં મહાન બાણ વાગેલું તે પાછું બાર વર્ષ સુધી શરીરમાં રહ્યું તેથી એમના પ્રાણ શરીરમાં કેવી રીતે રહયાં એ બધી જ વાત આશ્ચર્ય કારક રીતે જણાય છે તે કહો. તે ભકતનું શું નામ હતું તથા લડાઈ ઝગડો કેવી રીતે થઈ તે બધી જ વાતો મારે જાણવી છે. અવધપ્રસાદજી કહે છે હે રાજન! તમોને વાત કહું છું તે સાંભળો આ વાર્તા સુખ કરનારી છે. તે જ ડાંગરવામાં ભગવાનના એક એકાંતિક દઢ ભકત હતા. દઢતાથી ભગવાનની આજ્ઞાઓનું પાલન કરતા હતા દઢ નિયમ ધારતા હતા. તે ભકત મહાન શુરવીર અને અતિ ગંભીર હતા, ધીરજવાળા કોઈનાથી જીતાય નહી એવા અંનત લોકોને પાછા પાડે એવા પરાક્રમી હતાં. તે **અમરોજી** નામથી પ્રસિદ્ધ હતા તે રણ મેદાનમાં શુરવીરતાથી લડે પણ પાછા ન પડે. હે રાજન ! તે ક્ષત્રિયોને અનુરુપ તલવારને પાસે રાખતા હતા, ક્ષણ માત્ર પણ પૃથ્વી ઉપર ખોટું નહીં ધારનારા વીર આદિ રસોને ધારનારા મનને વશ કરનારા એવા વીરને બધાં જ લોકો જાણતાં હતાં. ગૌ-

બ્રાહ્મણનું પ્રતિપાલન કરનારા, દ્રઢતાથી પૃથ્વી ઉપર રક્ષણ કરતાં ફરનારાં, બધી જ ઈંદ્રિયોને જીતનારા દ્રઢ નિયમને ધારનારા સદાય વિષય વિકારને જીતીને વર્તનારા.

હે રાજન ! મુખેથી સતત સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરનારા, સુખપૂર્વક સદાય સુખરુપ વિચરણ કરનારા, શત્રુના મદને તોડનારા, પરાભવ કરનારા એમને જોઈને જાણે જેમ સિંહને જોઈને શિયાળ ભય પામે તેમ લાગતા હતા. (લોકો સિંહ - શિયળા કહેતા હતા) અતિશય શુદ્ધ ક્ષત્રિય ડાભી કડક કોમ કહેવાય, રણમેદાનમાંથી પાછાં પગલાં કયારેય ન કરે એવા શુરવીર **અમરોજી** અને **અગરાજી** બેય ભાઈ તે બંને મહાયોદ્ધા જાણે મુગટ સમાન શોભતા હે રાજન ! જો તેઓ શત્રુને જુએ તો અંત જ લાવનારા થાય જાણે અંગદ અને હનુમાન ન હોય ? તેવા લાગતા હતા. મનમાં કયારેય કોઈ જાતની શંકા-કુશંકા થાય જ નહિ, એવા તે પરાક્રમીના પરાક્રમની વાત તમને કહું છું.

હે રાજન ! એક દિવસ તે અમરાજી ખેતરમાં હળથી ખેડવા માટે ખેતીના કામે ગયા હતા. મુખેથી સ્વામિનારાયણ ભગવાનનું સમરણ કરતા થકા શાંતિથી હળ હાંકતા હતા. હે રાજન ! જીવનું ભાવિ અતિ બળવાન હોય છે. ત્યારે તે વગડામાં યવન સરખા યુવાનો ચાર જણા આવેલા હતા તેઓ પોતાના હાથમાં બંદુક આદિક હથિયારો લઈને આવેલા. તેઓએ હથિયારથી એક હરણને ઘા કરીને ઘાયલ કર્યું હતું. ત્યારે તે હરણ ઘાયલ થયેલું. ખેતરમાં કામ કરતા **અમરાજી** પાસે આવીને જમીન ઉપર પડયું તે ચારે દુશ્મનો ત્યાં આવી ચડ્યા ત્યારે **અમરોજી** તેને કહેવા લાગ્યા. તમે લોકો અમારી પાસે શરણમાં આવેલાની ઉપર ઘા કરો તે યોગ્ય ન કહેવાય અમારે શરણે આવેલાને ત્રાસ ન થવા દઈએ. અમે ક્ષત્રિય કહેવાઈએ છીએ. શરણે આવેલાનું પાલન રક્ષણ કરવાનો અમારો ધર્મ છે. શરણે આવેલાનું શિર સાટે રક્ષણ કરશું. ત્યારે તે ખળને દરબારની વાત ન મનાણી, બળ કરીને હરણ ઉપર ઘા કરીને તેને મારતા હતા, જેમ તેમ બોલતા હતા, તમે તો જમીન ખેડીને ખેતી કરીને ખેતી કરી જાણો, તમને શું ખબર પડે. આમ કહીને ગાળ બોલતા હતા ત્યારે **અમરાજી**ને શત્રુની આવી તુચ્છ વાણી સાંભળી, તરત જ એમને ક્રોધ ઉત્પન્ન થયો, તેના ગાત્રો અતિશય થરથર કાંપવા લાગ્યો જાણે પાતાળમાં શેષ નાગને ખીજવ્યો ન હોય તેમ ખુબજ ખીજાઈ ગયા. અને હળને છોડીને હાથમાં તલવાર લઈને સાબદા થયાં અને એકદમ શત્રુ ઉપર ધસી આવ્યા શત્રુઓએ જાણ્યું કે આ તો મહાન શુરવીર છે. અને હમણા જ આપણા ઝટાઝટ માથા કાપી નાખશે. આવા ભયથી દુષ્ટો ખુબ જ ભયભીત થયા, બધા જ શત્રુઓ ભાગતા થયાં. ત્યારે અમરાજી એ જોયું કે ચારે જણા ખેતરમાંથી ભાગતા દોડતા રણ મેદાનમાંથી વિમુખ થઈને ભાગી ગયા છે. અને પાછા ફરીને ઉપર જોયું તો આકાશે દેવના વિમાનો આવ્યાં, માથા ઉપર ફૂલોનો વરસાદ આકાશેથી થતો હતો. કહેતા હતા **અમરાજી** તમને ધન્ય ધન્ય છે આમ વારંવાર બોલતા હતા તમે તો મહા મોટા પરમાર્થ કર્યા છે આમ વખાણતા હતા, આવી રીતે ખેતરમાં જ રણમેદાનનું કાર્ય કર્યું અને પછી પોતાનો વિજય કરીને અમરાજી પોતાના ઘેર આવ્યા અને માતા પિતા ભાઈ સૌને બનેલી બધી જ વાત કહી દીધી એક જ હરણીના કારણથી પાપીની સાથે વૈર થયું એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. **દાસણ** ગામના યવનો મદથી છકેલા આવ્યા હતા, મારા શરણમાં આવેલા હરણને મારવા માગતા હતા એટલા માટે જ મેં તેને માર્યા એટલે મેદાન મારીને ભાગ્યા. પણ હવે તે બધાં જ મુસલમાનો દેકારો હોબાળો કરીને આવવાના અને આખા ગામને ઘેરી લેશે, આવી રીતના પ્રતાપ આદિની વાત કરીને સારા કામની વાર્તા કરી. આવી રીતની પોતાના પુત્રના

પરાક્રમની વાત સાંભળીને બધા રાજી થયાં કહે પુત્ર તમે બહુ જ ઉત્તમ કામ કર્યું, શરણે આવેલાનું સદાય પાલન રક્ષણ કરવું જોઈએ, એ જ ક્ષત્રિયપણાનું પૂર્ણ નામ છે. તમેં તો ખરેખર ક્ષત્રિયપણું રાખેલ છે. એટલે શ્રીહરિ જરૂર સહાય કરશે જ ભલે દુશ્મન વિશ્વના ચડી આવે તોય આપણી સામે કોઈ ઝપટ ઝાસી કરે તેમ છે જ નહીં. આમ કહીને માતા ભાવથી ઘી, સાકર સાથેના ભોજન તૈયાર કરીને પ્રેમથી પુત્રને વિર જાણીને સારી રીતે ભાવથી જમાડતાં હતાં.

શ્રી ઘનશ્યામ પ્રભુ **કરજીસણ** ગામેથી સુખના દાતા મહાપ્રભુ **ડાંગરવા** ગામે પધાર્યા, ત્યારે ગામના સૌ મનુષ્યોને ખૂબ જ આનંદને પામ્યાં, હરખ પામતા થકા મહાપ્રભુનાં દર્શન કરીને સુખ પામ્યાં. આવી રીતે મહાપ્રભુ નવી નવી અલૌકિક લીલા ભકતજનના ઘરમાં રહીને કરી ભુદરજી સર્વના ભયને હરીને સુખ આપ્યા.આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપે આ પચ્ચીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ ડાંગરવા ગામમાં લીલા કરીને તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે પચીશમો તરંગ પૂર્ણ થયો. ॥ ૨૫ ॥**

# તરંગ-૨૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમનો સ્વભાવ અતિ સરળ સાત્વિક છે બુદ્ધિ બળ જેમનું અતિ બળવાન છે એવા મારા ગુરુ અવધપ્રસાદજી આપ મહાપ્રભુનાં ચરિત્રોને આપના મનમાં નકકી કરીને જેવાં ચરિત્રો મહાપ્રભુએ કર્યા છે તે કહો. શત્રુઓનાં દળો કેવી રીતે આવ્યાં તથા દેવો અને દુશ્મનોનું કેવી રીતે યુદ્ધ થયું એ મહાયુદ્ધની લડાઈની વાતો બધી જ યોગ્ય રીતે વર્ણવીને મને સમજાવો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે મહારાજ ધર્મ સ્થાપવા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. અહંકારથી પર રહીને નિર્ગુણ રુપે ભકતોનાં દુઃખોને હરનારા મહાપ્રભુનાં તમને ચરિત્ર કહું છું તે પ્રગટનાં ચરિત્ર તમે ધ્યાનથી સાંભળો. જેવી રીતે અનેકની સંખ્યામાં યવનો લડાઈ કરવાના ઉદ્દેશથી આવ્યા તેઓ બળપૂર્વક સામાં આવીને ભિડાયા અને **અમરસિંહજી, અગરસિંહજી ડાભી** ભકતોની સાથે સમરાંગણ ચાલતુ હતું. હે રાજન ! તે સમરાંગણની વાતો પ્રસિદ્ધ થયેલી છે તોય તમને બધી વર્ણવીને કહું છું, તે વાતો સાંભળીને બધા જ પાપો બળી જાય છે. પ્રગટ પ્રભુના પ્રેમાશ્રયથી નિષ્પાપ થાય છે. ત્યાર પછી કેટલાક સમય વિત્યા પછી તે અસુર લોકો બધા જ હથિયારો સજીધજીને તૈયાર થઈને રણનો સાજ સજીને હોબાળા કરીને શરીર ઉપર કવચને ધારીને માથાં ઉપર ટોપા ઘાલીને તૈયાર થઈને આવ્યા.

હે રાજન ! હાથમાં ઘસીને ધાર કાઢેલી તલવારોને લઈને ચઢી આવ્યા. તેઓ શરીરેથી ખૂબ જ પુષ્ટ કેડ ઉપર કટાર, બંદુકને બાંધીન, ખંભે ધનુષ બાંણને ધારેલા રુષ્ટ-પુષ્ટ અજીત એવા કહેવાતા ઘસી આવ્યા. તે અસુરો પાંચ હાથ ઉંચા પ્રમાણવાળા હાથમાં શસ્ત્ર-અશસ્ત્રોને ધારેલા વીર રસનો જેવા વેશથી છકી ગયેલા રણમેદાનમાં ખેલ કરવા માટે ભમેલી બુદ્ધિવાળા આવી ચડયાં. હજારોની સંખ્યામાં સ્વારો થઈને તથા પદાતિઓ તો અપાર હતા. તેઓ મુખેથી કહેતા હતા શાલિપુર (ડાંગરવા) ગામને હુમલો કરીને કચડી જ નાખો. પણ

અમરોજી શુરવીર હતો એણે તો એમને જોતાં જ કટકા કરી નાખેલા બતાવ્યા હતા તો પણ બળ કરીને સામો હુમલો કરવા બધા જ ગામના શૂરવીરો સજ્જ થઈને અજાણતા જ ઓચિંતા સામે ચઢી ગયા. જાણે આકાશમાં ગીધ પક્ષીઓ ઉડતા હોય અને ખોરાક ઉપર ત્રાટક્યા હોય તેમ અસુરો અમરોજી મહાન શુરવીર છે એમ જાણવા છતા બધા જ અભિમાનમાં છકેલા મસ્તાન થઈને ભળેલા હતા. હે રાજન ! તે અસુરો અતિશય ઉંચેથી ગર્જતા, પડકારો કરતા થકા જેમ તેમ હકાંબકાં બકવાદ કરતા ડોલતા થકા જ ઘમંડમાં જ આખા ગામને ચારે બાજુથી ઘેરી લેતા હતા. ચાર બાજુ પુર ઉપર હલ્લો દેકારો થયો તે સાંભળીને ગામના શૂરવીરો સૌ સાવધાન થઈને શરીર ઉપર અસ્ત્રો શસ્ત્રોને ધારણ કરીને પુરેપુરા યોધ્ધા લડવૈયા થઈને પુરની બહાર આવીને પડકારવા લાગ્યા.

હે રાજન ! પુરની બહાર આવીને જોયું જેનો પાર જ ન આવે તેવી મોટી સેનાને જોઈને એની સામે પડકાર કરવા માટે અઢાર શૂરવીરો, હથિયાર ધારેલા ઝનુની થઈને સાંમા આવતા હતા. ખુબ જ ઝનુંની થયા હતા. જયારે તે શૂરવીરો સામા ગયા પડકાર કર્યો તેવા જ કડાબંધ **છૂટી** ગયાં. ઘડાકાથી પ્રતાપજી નામનો શૂરવીર ઘાયલ થઈને પડી ગયો તરત જ તે નિષ્પ્રાણ થઈને દેવલોકના નિવાસી થઈ ગયા. સારા શૂરવીર યોધ્ધાઓ રણમેદાનમાં એકદામ ડરી જ પડયા. સાચા ક્ષત્રિય યોદ્ધા થઈને આવેલા તેનાથી અજાણ યવનો સર્વે અમરો અમરો કહીને બોલાવતા હતા. કહેતા હતા કે અમને ખેતરના રણમાં કેમ મારવા હતા તો લો મારો. તે જ સમયે અવસર જોઈને અસુરોઓ અમરસિંહને ઘરમાં જ ઘેરી લીધા ત્યારે જતનબાઈ આદિક સૌ બાઈઓએ પ્રયત્ન કરીને ઘરના કમાડ બંધ કરી દીધાં. રખે (કદાચ) અસુરો આ બેને મારે તો આતો નાની વયના છે તોય બધા અસુરો બેના માથાં માટે જ બધાની સાથે વેર લેવા અનેકની સંખ્યામાં આવ્યા પોતાના શત્રુઓને આવેલા છે એમ જાણીને નિર્ભય થઈને અમરાજી બળપૂર્વક રણમેદાનમાં સિંહ ત્રાડ દે તેમ જોરથી હાંક કરીને કહે હું કમાડ ખોલું છું આમ કહેતા હતા. તમારા હાથથી હું મરવાનો નથી, શત્રૂના બળને જોઈને મારુ મન જાલ્યું નથી રહેતું આમ કહીને મહાબળવાન વીરે પરાક્રમથી કમાડને તોડી નાખ્યું, ઘરની બહાર નીકળ્યા. જયારે વીર અમરાજી ઘરમાંથી બહાર નીકળ્યા, ત્યારે એમના માતા વચનો કહેતાં હતાં, હે ધીર ! તે મારા સ્તનનું દુધ પીધેલ છે એટલા માટે રણમાંથી જીવતા પાછા નથી આવવાનું જીતીને આવવાનું. યુદ્ધ મેદાનમાં અસુરોના સૈન્યને મારીને ખેદાન - મેદાન કરવાનું તેનાથી તારો યશ સ્વર્ગમાં દેવો વખાણશે, પાછો આવીશ તો અપકિર્તી થશે મરી ખપીશ તો તું સાચે જ મારો પુત્ર માનીશ. આમ માતા પુત્રને શીખ આપીને સમજાવતાં હતાં. હે માતા ! તમારી કુખને હું લજાવીશ નહીં હું તો તમારો પુત્ર છું એટલે સાચી જ વાત કહું છું, આમ કહીને અમરાજીએ મહાભયંકર તલવારને હાથમાં લીધી અને ઘેરથી એકલા જ ચાલતા થયા સાથે કોઈ ન હોતું તોયે પરાક્રમથી ચાલ્યા. અમરાજીએ દુષ્ટ યવનોના મોટા સૈન્યને જોઈને અજીત મહા યોદ્ધા તે જ વખતે મહાઘોર સિંહ ગર્જના કરીને વાતાવરણને ગજવી નાંખ્યું તે વખતે મહાભયંકર ઘોર વાજિંત્રો વાગતાં હતાં તે જ વેળાએ મહાયોદ્ધાઓ સામસામા ભયંકર રીતે લડતા હતા. જયારે વીર અમરસિંહને આવતો જોયો ત્યારે અસુરોએ તોપના ગોળા છોડવાના ચાલું કર્યા તાણીને સનનાન કરતી અનેક ગોળીઓ આવતી હતી, તોયે એકે ય ગોળી અમસસિંહને અડતી જ ન હતી, શરીરનો સ્પર્શ ન'હોતો થતો. ભગવાને રક્ષા કરી છે એમ જાણીને અમરાજીને ખૂબજ બળ વધી ગયું, અધિક શૂરાતનમાં આવી ગયા, અને હાથમાં ઘોર ભયંકર

તલવારને લઈને વીર રણમેદાનમાં જોરથી દોડતા થકા સામા આવતા હતા. ત્યારે અસુરોએ અમરાજી વીરના હાથમાં તલવાર લઈને બળપૂર્વક આવતા જોઈને મેદાનમાંથાથી ભાગવા જ માંડ્યા અસુરનાં દળ તે ભયથી કાંપતું હતું. હાથ, પગ, શરીરને માથાં જલદીથી કાપશે, જોરથી ઝટકો મારશે શરીરને ઝપાટામાં કાપશે, એમ માનતા થકા ભાગતા હતા, આમ યવનોના સૈન્યમાં ખળભળાટી મચાવી દીધી આમ મહાપ્રભુ ઘોર તલવારને હાથમાં ફેરવતાં દેખાતા હતા.

હે રાજન ! આવી રીતે તે અસુરો ભય પામતાં થકા ભાગતાં હતાં એમની પાછળ અમરાજી દોડતા જતા હતા, જાણે પાછળ અનેક માવન સમુહ આવે છે. તેમ જાણતા હતા તેથી અસુર રણમાંથી ભાગતા જતા હતા. જાણે સિંહ બકરાના ટોળાને ત્રાડ નાંખીને ભય પમાડી ભગાડે તેમ અમરાજી પાછળ દોડતા થકા મંદ બુદ્ધિવાળા અસુરોને ભગડાતા હતા જયારે અસુરોનું ટોળું ખૂબ જ દૂર સુધી ચાલ્યું ગયું, પછી દૂર જઈને પાછા ફરીને જોતા જતા હતા. ભાગતાં ભાગતાં વીર અમરસિંહને જ જોયા ત્યારે તે અસુરો રણ મેદાનમાં પાછા સામા આવતાં હતા હે રાજન ! અમરજી પણ હાથમાં મહા તલવાર લઈને સાંમા લડવા માટે ધસી ગયા, આવી રીતે આ બાજુ વનનો રાજ અમરસિંહજી બધાની સાથે જીતવા માટે મલકુસ્તીની સાથે યુદ્ધ કરતાં હતા. આમ તેમ ગોળ ફરીને પોતાના દાવ ખેલતા હતા, ખૂબ જ પરાક્રમ કરીને જેમ હાથી મદ ઝરતાં થકાં દાંત ભરાવતા ન હોય તેમ સામનો કરીને ચક્કર ભમાવીને શરમાવતા હતા. આમ અજીત અમરા જીની કાયાને શત્રુ કોઈ રીતે જીતે તેમજ નથી. આમ લડતાં થકા મહાપ્રભુને સંભારતા હતા પ્રભુ યોગ્ય બળ આપતા હતા, આમ અમરાજી અતિ બળ વાળા થયા અને યુદ્ધમાં ખૂબ જ બળ કરીને દબાવતા હતા. અને બધાને પરાસ્ત કરતા હતા.

હે રાજન ! તેજ સમયે હરિ જોરનો ઝટકો દેતા હતા તેનાથી કેટલાકના પગના સાથળો જાટકામાં તૂટતાં હતાં અને ભૂમિ ઉપર પડતાં હતાં, આ દુશ્મન બૂમો પાડતાં થકા ભૂમિ ઉપર પડતા હતા. અને ખૂબજ પીડાતા હતા, પૃથ્વી ઉપર કપાયેલા માથાં લોહીથી નીતરતા ધડો તરફડતા હતા અનેક ધડો કણ કણમાં પડતા હતા. સાથળો ઝાંગો તૂટતાં હતા, કેટલાકના માથાં પડતાં હતાં, કેટલાક તો રણ મેદાનમાં માથા કૂટતા કૂટતા જ પડતા હતા. પકડો મારો મારો આવી રીતે મેદનમાં મહા હાંકો પડકારાઓ થતા હતા, વિરોના બકોરો થતા હતા ત્યારે એકલાજ અમરવિરજી બધા જ શત્રુ સમુદાયને મારતા હતા, એમને શ્રીહરિ હૃદયમાં બળ અને પ્રેરણા આપતા હતા. આ અમરસિંહનું રણમેદાનમાં ઘોર યુદ્ધ જોઈને દેવતાઓનું મંડળ જય જયકારનો નાદ કરતા થકા ફુલોનો વરસાદ કરતા થકા ગુણોનું ગાન કરતાં હતાં, દેવો ગંધર્વો ખૂબ જ વખાણ કરતા હતા. હે ક્ષત્રિય ધીર તમારી પૃથ્વી ઉપરની ધન્યતાને યોગ્ય જ છો, કેમ કે તમે રણ મેદાનમાં હજારો અનેક અસુરોને માર્યા છે એવા વીર છો, પોતાની ઉપર અનેક ઘા પડતા હોવા છતાં બહુનામી મહારાજના પ્રતાપથી તમોને કાંઈ થતું જ નથી આવી રીતે ઘોર અસુરોના મોટા સમુદાયને મારી નાખ્યાં, તે બધા જ અસુરો ભૂમિ ઉપર શોર બકોર કરતા પડતા હતા એમનાં શરીરમાંથી લોહીની નદી વહેતી હતી, આવી રીતના પરાક્રમને જોઈને દેવોને ખૂબ જ આનંદ થતો હતો. ડાકિનીઓ શાકિનીઓ આ બધું જ જોઈને અતિ ઉમંગ વાળી થઈ. આવી રીતે અમરસિંહે રણમેદાનમાં અસુરોનો પરાજય કરીને ભગવાનના ભકતની જીત થઈ તે જોઈને દેવોના વૃંદો આકાશમાં જોવા આવેલાં તે વખાણ કરતાં થકાં પ્રભુ શ્રી હરિના ચરિત્રનું મુખેથી ગાન કરતાં થકાં ગયા અને

મંદમતિવાળાં અસુરો મલીન મનવાળાં રણમેદાનમાંથી વિમુખ થયાં અમરાજીના શરીરનું તેજ રોમે રોમમાં વર્તાતું હતું તેથી જાણે સુર્ય કે ચંદ્ર ન હોય તેવો ભાસ થતો હતો પૃથ્વી ઉપર રણ સંગ્રામમાં વિજય મેળવીને જાણે દેવતાઓ અસુરોની સાથે વિજયથી શોભે તેમ અમ રાજી શોભતા હતા. શરીરના રોમે રોમમાં વીરરસ છવાયેલો જ રહે છે નેત્રો લાલ વર્ણનાં રહે છે શરીર પણ બાંણના લીધે વધારે ધ્રુજતું રહે છે. રણ મેદાન છોડીને દેવતાઓની સાથે આવતા હતા તેથી તેના શરીરનો પ્રકાશ તો તેજ પરાક્રમનો પ્રતાપ શોભતો હતો. અજીત સિંહની સાથે રણ મેદાનમાંથી સનમાન કરીને દેવતાઓની પાસેથી અજીત એકલા જ શૂરવીર આવતા હતા ત્યાં એમની સામે આવતાં બધા જ લોકો જાણે મનથી છકી ગયેલા હોય ને શું એવા લાગતા હતા. તે અજીતસિંહ જયારે રણમેદાનથી ઘર તરફ આવતા હતા ત્યારે સૂર્ય સમાન પ્રકાશવાન દેખાતા હતા તેનાં માતાજી પ્રેમથી નીરખીને જોતાં હતાં કહેતાં હતાં કે તું તો જીવતો રહ્યો તેથી તો તે મારી કૂખને લજાવી છે, મુખ સામું જોઈને કટાક્ષથી બોલતાં હતાં તું તો પરમાત્મા શ્રીહરિના પ્રતાપથી લડ્યો અને રણ છોડીને ભાગતો થકો બીતો બીતો આવ્યો તે નૈતિકતા તો કરી જ નથી માટે મારા પુત્ર તૂં તો અમારું નામ લજાવે તેવું કર્યું છે. ત્યારે માતાનું વચન સાંભળીને પુત્ર અજીતસિંહ માતા પ્રત્યે કહેતાં હતાં કે અમરસિંહના નામ ખૂબ જ બળવાન છે માટે હે મારી માતા ! તમારી કૂખને તો હું ન જ લજાવું. કેમ કે મેં તો, રણમેદાનમાં અનેક શૂરવીરોને માર્યા છે. પિતાના પ્રતાપી પરાજય પામીને અમારી સાથે યવનોએ વેર કરેલ છે તે વેર લેવા આવેલા તેઓ મહા ભયંકર હતાં, એમની સામે તો હું જીવતો ન રહ્યો હોત, પરંતુ હે માતા ! હું આજે જ દેહને ત્યાગી દઉં આમ કહેતા હતા.

હે રાજન ! મારા શરીરમાં એક રુંવાડા જેટલી જગ્યામાં ખાલી ન રહે એટલા ઘા આવેલા હતા, શરીર સેજ પણ સાજુ ન રહે એટલા માટે બધો સાજ તૈયાર કરો, આમ કહીને જયારે ભેટ છોડાવી ત્યારે તરત જ બેભાન થઈને બધાને જોતા જ પૃથ્વી ઉપર પડી ગયો ત્યારે, તરત જ ત્યાં પોતાના ભકતને ઉગારવા ભકતની લાજ વધારવા પરબ્રહ્મ મહાપ્રભુ સ્વયં પધાર્યા. કવિવર કહે છે, શત્રુઓના મહાભયંકર લડાઈમાં શુરવીરતા કરીને અમરસિંહે વિજય મેળવી લીધો તેથી જગતના લોકોએ સમાચાર જાણીને ખૂબ જ આનંદને પામતાં હતાં જયારે મહાભારતનું યુદ્ધ થયું ત્યારે જેમ પાર્થ અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને સારથી થઈને સહાયતા કરીને વિજય કરાવેલ તે જ રીતે અમરસિંહ પણ અજીત વિજયી કહેવાયા, અમરસિંહને જયારે મહાસંગ્રામ થયો ત્યારે શરીરમાં બાણ વાગેલું તેની કોઈ જ ખબર પડી જ ન હતી, એમ શૂરવીરતાથી લડયા. હે રાજન ! મારા શરીરમાં વાગેલું બાણ બાર વરસથી અંદર જ રહેલા ભયંકર બાણ મને લગારે દુઃખ આપતું જ ન હતું મને તો ખૂબ સુખશાંતિ હતી, જેમ શરીરમાં કયાંક કાંટો વાગ્યો હોય તોય લગારે સુખ થતુ જ નથી પીડા થયા કરે છે. રાત દિવસ ખટકયા જ કરે છે. અને જયારે બહાર કાઢે છે ત્યારે દુઃખ જાય છે પણ મારા શરીરમાં લાગેલું બાણ બાર વરસથી રહેલું હતું, તોય લગારે ખબર જ ન રહી. પછી હરિના ઈચ્છાથી જ બહાર નીકળ્યું આ વાત તમને બનેલી સત્ય જ કહેલી છે. તે ભકતે બાણવાળો હાથ બાણ લઈને આખી સભાને પ્રત્યક્ષ બતાવેલા કહેતા હતા કે આ બધું જ હરણી પુણ્ય પ્રતાપે જ છે મારા શરીરમાં બાર વર્ષ સુધી રહયું પણ શરીરમાં લગારે ખટકતું જ ન હતું. તે બધું જ એક હરણની ખાતર લડાઈ યુદ્ધ થયું એ બધામાં સહાય કરનાર પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો પ્રતાપ છે.

હે રાજન ! આવી રીતે અમરસિંહ ડાભીએ આ પૃથ્વી ઉપર મહાઅમર યુદ્ધને કર્યું તે યુદ્ધમાં યવનોની સેનાનો પરાજય કરીને વિજય કર્યો તેની કીર્તિ ખુબ જ વધી હતી. તે અમરસિંહ જગતમાં એક જ હરણીની રક્ષા કરવાના કારણે મહાસંગ્રામ કર્યો અમર થઈ ગયા આ સર્વે દ્વેષી યવનોને તો હરિએ જ હતા, એ વાત નક્કી જ છે. અમરસિંહે પોતાના હાથે જ બધાને માર્યા છે અને અમરસિંહ પોતે તો અમર જ રહ્યા છે. અજીતને જીતવા તે તો અજીત મહાપ્રભુનો જ પ્રતાપ છે તે તો જગતમાં મહાપ્રતાપની જ વાત છે આ પરચો જ છે. હે રાજન ! એ જ અમરસિંહ ડાભી તો આ રચના સમયે પણ જીવતા જ હતા એમની લડાઈની કીર્તિને પંથકનાં બધા જ જાણતા હતા, માટે હે રાજન ! તમે જે વાતો પૂછી હતી તે વાત બધી જ વિસ્તાર કરીને વખાણીને કહી છે. આવી રીતે યુદ્ધમાં શત્રુના સૈન્યને લડીને દમન કર્યું તે તો પોતાના બાહુ બળે જ કર્યું છે તે ભકત અમરસિંહ તે (શાલિપુર) ડાંગરવા ડાભીના નામે થયા છે. તે અમરસિંહ અમર જ થઈને પ્રભુને ભજે છે. હે રાજન ! આવી રીતે અમરસિંહ ડાભીના યુધ્ધ કળાની વાર્તાનો વિસ્તાર કરીને તમને સંભળાવી છે તેને બધાં જ નરનારી જનો સાંભળે છે. પ્રેમથી ભક્તિ કરે છે તે જન પ્રભુના પરમ નિર્વિકારી ધામને પામે છે.

હે આનંદ રાજન ! તમે જે પૂછેલી વાતને અમે વર્ણવીને તમને કહી એવી રીતે આ શ્રીહરિલિલાસિંધુની લહરિના રુપમાં  છવીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ  છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં અમરસિંહ ડાભીની રણયુદ્ધનું વર્ણન કર્યું તેમાં યવનોને પરાજય કર્યો તેનું વર્ણન કર્યું  એ નામનો આ છવીશમો તરંગ પૂર્ણ થયો.  ॥ ૨૬ ॥**

## તરંગ-૨૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! કમળનયન મહાપ્રભુ કયાં કયાં ભકતજનોનાં દુઃખો દુર કરવા, કયાં ગામે પધાર્યા, કમળની પાંખડી જેવાં નેત્રવાળા મહાપ્રભુ ઘોડા ઉપર અસવાર થઈને સર્વના પ્રાણના આધાર કયાંના ભકતજનોને સુખ આપ્યાં તથા ગાડાં ઉપર બેસીને મહાપ્રભુ ચલાવતાં થકા કયાં પધારતા હતા આ બધાં જ પવિત્ર કલ્યાણકારી શ્રીહરિના ચરિત્રો આપ મને સંભળાવવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન !  તમને ધન્ય છે તમે ધીરજ ધારીને ભગવાનનાં સુંદર પવિત્ર ચરિત્રોને પુછો છો તે ભગવાનના ચરિત્રો ભયને ભાંગનારાં ભકતની ભીડને દૂર કરનારાં છે તેથી તે બધાં જ ચરિત્રો તમને સમજાવીને વિસ્તારથી કહું છું. ગરુડ સમાન મહાસેવકો સેવામાં છે એવા પવિત્ર વેગવાળા અશ્વ ઉપર અશ્વાર થઈને જગતમાં વિચરણ કરનારા એવા વિશ્વાધારા મહાપ્રભુનાં સુંદર રમણીય ચરિત્રો કામાદિકનો નાશ કરનારાં, પાપ તાપનો નાશ કરનારાં સુખ કરનારાં કહું છું. તમે સાવધાન થઈને શ્રીહરિ પ્રગટ મહાપ્રભુની સુખ કરનારી લીલા સાંભળો. પ્રભુની લીલા પોતાના આશ્રિત ભકતજનોનાં દુઃખોને હરનારી બધા જ પ્રકારની આશાઓને પૂર્ણ કરનારી છે. સુખદાયક ઘનશ્યામ પ્રભુ ડાંગરવા ગામે ઘણા દિવસ રોકાઈને અનેક ચરિત્રો કર્યા તેમાં **જતનબાઈ** તથા **અમરસિંહ** આદિ પોતાના દ્દઢ આશ્રિતોને ખૂબ જ સુખો

આપીને બધાં જ દુઃખોને હરી લેતા હતા, આનંદ કરાવતા હતા, તે બધા જ ચરિત્રો કહ્યાં. બીજાં જે ચરિત્રો કર્યા તેમાં શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોની પંક્તિમાં દૂધ, દહીં આદિક પદાર્થો પિરસતા હતા, ખુબ જ આનંદ કરાવતા થકા આગ્રહ કરીને જમાડતા હતા. પ્રેમે કરીને વાંરવાર જોરાઈએ આપતા હતા. સંતોને પ્રભુ ખુબ જ પ્રેમભાવથી પીરસતા હતા. આવી રીતે પીરસવાની મહાલીલા કરતા હતા અને લોકોના મનના ભાવો પૂરતા હતા, આનંદ કરાવીને પછી પ્રભુ ત્યાંથી પ્રયાણ કરતા હતાં.

**ડાંગરવાપુરથી કરજિસણ** નામના ગામે પધાર્યા ત્યારે ત્યાંના ભકતજનોનાં મનમાં ખૂબ જ આનંદથી ભાવતા હતા.મહા પ્રભુ ગામથી ઉત્તર દિશામાં સુંદર **નચિકેત** ઋષિના ખેતરમાં કૂવો હતો તે કૂવાના કાંઠે વરખડીનું (પીલુંનું) મોટું ઝાડ શોભતું હતું. તે કુવાની પાસે સુંદર ઓરડી હતી ત્યાં પ્રભુ પધાર્યા. શ્રી મહાપ્રભુ સુખદાતા શ્રી સહજાનંદ સ્વામી પાંચ દિવસ સુધી નિવાસ કરતા હતા. સર્વે ભકતજનો સુખ પૂર્વક સેવા પરિચર્યા પ્રેમથી કરતાં હતાં. મહાપ્રભુ કૂવાના જળમાં સુખપૂર્વક સ્નાન ક્રિયા કરતાં હતા. અનેક વાર સ્નાન કરીને તે કુવાના જળમાં ગંગાના જળ જેટલો મહિમા કરતા હતા કૂવાના જળને મહાપ્રભુએ સ્નાન કરીને મહાન તિર્થ બનાવેલ છે. શ્રી હરિ ભકતજનોનાં પ્રેમને વશ થઈને રાત દિવસ થાળોને આરોગતા હતા જમીને તૃપ્ત થઈ ભકતો ઉપર દયા કરીને ઉપદેશની વાતો કરીને અંતર્યામી પ્રભુ સર્વના મનના ભાવને પૂરા કરતા હતા.

હે રાજન ! શ્રી હરિ ભકતજનોની સેવા અંગિકાર કરીને ત્યાંથી પ્રયાણ કરતા હતા **કરજિસણથી** પ્રભુ **લાંઘણજ** પધારતા હતા. શ્રી હરિ આવેલા જાણીને મહાપ્રભુનાં દર્શન સન્માન કરવા ભકતો સામા દોડીને આવતાં હતાં. આવેલા ભકતોમાં **ગણેશ, ઝુમખરામ, નાગર ભકત નારાયણભાઈ, અભેરામભાઈ, ભુધરભાઈ, હરજીવનભાઈ, નિર્ભય તથા સોનબાઈ, ઝુમાબાઈ** આદિક ભકતો. હે રાજન ! બીજા ભકતો **ગોપાળભાઈ, ભાવસંગભાઈ, કરશનભાઈ, દાનસંગભાઈ** શુદ્ધ દિલવાળા **દયાળભાઈ** આદિક સર્વે ભાવિક બહુજ ભકતજનો ત્યાં સામા આવ્યાં હતાં. ભાવસાર જ્ઞાતિના ભકતોમાં **માયાચંદ**ભાઈ સારાં એકાંતિક ભકત હતા તથા **હેમરાજભાઈ** આદિક કણબી ભકત બધા ત્યાં આવ્યા હતાં. સૌ ભકતો સારો સાજ સજીને સૌ આગેવાનો ગાતા ગાતાં વાજિંત્રોની વગાડતાં સ્વામિનારાયણ ભગવાની સામે આવ્યાં આવીને પ્રભુને પહેલા દંડવત પ્રણામ કર્યા દર્શન કરીને સાથે લાવેલી ભેટ તે હરિની આગળ અર્પણ કરી. બધાં ભકતજનોને જોઈને શ્રીહરિ ખૂબજ રાજી થયા અને ભકતજનો વાજિંત્રોની સાથે સૌ ગાતા વગાડતાં બધાં જનસમાજની સાથે ભકતજનો પ્રભુને **લાંગણજ**માં પધરાવીને પુરને પાવન કરતાં હતાં. પુરમાં પધરાવીને સુંદર આસન સજાવેલા ઘરમાં ઉતારો કરાવ્યો, અને હરિભકતો તે પ્રભુના ચરણની સેવા કરતા હતા પ્રેમભાવથી રસોઈ તૈયાર કરીને સુંદર રસથી ભરપુર થાળ તૈયાર કરીને જમાડતા હતા આવી રીતે સર્વે હરિભકતો ભાવથી ભરપૂર સેવા કરતા હતા. શ્રીહરિ સરોવરમાં સ્નાન કરવા માટે સર્વ સમાજની સાથે જતા અને ભકતોની સાથે ખુબ જ સ્નેહથી સ્નાન કરીને અનેક ચરિત્રો કરતા હતા.

હે રાજન ! પ્રભુ હાથમાં નેતરની સોટી લઈને પટ્ટો ખેલતા થકા ચાલતા હતા, તેને સર્વ સમાજ જોતો હતો ઉત્તર દક્ષિણ તરફ ફરતા દયાળુ પ્રભુ ચારે બાજુ ચક્કર મારતા થકા રમતોને કરતા થકા સર્વના પ્રતિપાલ આનંદ આપતા હતા. મહાપ્રભુ પ્રેમી ભકતોને પ્રેમથી ખૂબ જ સુખ આપતા હતા, આવા પરબ્રહ્મ પુરુષોત્તમ

ભકતોનાં ભાવ પૂર્ણ કરવા સારી રીતે સુખ આપવા સુંદર સારાં નવા મકાનમાં ઉતારા કર્યા. સર્વ સંતો તે સંસારી જનોને પરમસુખ આપતા હતા. લોક સમુદાયમાં પટેલોની સાથે ભાવિક ભકતો ભાવસારમાં ભલા ભાવવાળા જગતનાં બંધનથી વિરકત થઈને શ્રી હરિ ઘનશ્યામ પ્રભુમાં સ્નેહ રાખીને નિસ્પૃહી ભાવથી કાયમ ભજયાં જ કરે છે મહાપ્રભુ સર્વ જનોને પરમસુખ આપીને આનંદ પામે છે. શ્રી સહજાનંદ સ્વામી લાંઘણજ પુરમાં રહયા પછી ત્યાંથી ભકતોને સુખ આપીને ગજની જેમ મંદ મંદ ચાલતા થકા મહારાજ **મેઉ ગામે** પધાર્યા. ગામના લોકોએ ભગવાન પધાર્યા છે એવા સમાચાર જાણ્યા ત્યારે **ભૂષણ ભકતની** સાથે અનેક ભકતો જગતના સર્વ તત્વને જાણનારા જગતના પતિની સામા ગયા. સાથે **મનછારામ**, તથા **તુલસીદાસ** આદિક ભકતો તૈયાર થઈને તથા **નવલબાઈ, અવલબાઈ, ગંગાબાઈ, જ્ઞાનબાઈ** આદિક બહેનો આવ્યાં. પ્રભુનાં દર્શન કરીને સન્માન કરવા આવ્યાં. સૌ જનોએ મહાપ્રભુને સુંદર સવારી કરાવીને ગાંતા વગાડતાં ધામધુમથી ઉત્સવ કરતાં નામ રટન કીર્તન ગાન કરતા થકા સ્ત્રી પુરુષો મહાપ્રભુ શ્રી ઘનશ્યામ હરિને પુરમાં પધરાવ્યા. ત્યાર પછી સુંદર રસોઈ બનાવીને ભાવપૂર્વક પ્રેમથી રસોઈ જમાડતા હતા. જગતના પતિ મહારાજ જમતા થકા અનેક લોકોને દર્શન દેતા હતા. જયારે ઘનશ્યામ હરિ સર્વના સુખધામ થાળ જમીને પૂર્ણ થયા ત્યારે તરત જ મુખવાસ આપ્યો, પ્રભુ મુખવાસ લઈને શાંતિથી આનંદ આપતાં થકા સભા ભરીને બેઠા આવ્યા હતા, પોતાના એકાંતિક ભકતોના સર્વ દોષોનો નાશ કરતા હતા.

હે રાજન ! મહાપ્રભુ જયારે સુંદર આસન ઉપર વિરાજમાન થયા હતા ત્યારે લોકો આનંદ પામતા થકા દર્શન કરતાં હતાં. ત્યારે ભૂખણ ભકત શ્રી હરિ મહાપ્રભુને હાથ જોડીને પ્રભુની પાસે જ ઉભા રહેતા હતા. કહેતા હતા હે વિભુ ! આપ મારી વાતને સાંભળો હે મહાપ્રભુ ! અમારે ત્યાં એક પુત્રીનો જન્મ થયો છે પણ એને કોઈ અવયવોનો આકાર દેખાતો જ નથી એવું આશ્ચર્ય છે. હે પ્રભુ ! તે કેવળ રુંઢ મુંઢના આકારવાળું જ છે કેમ કે એને કોઈ હાથ કે પગનો તો આકાર જ નથી એનો શું ઉપાય કરવો તે સુઝતું જ નથી. તો હે પ્રભુ ! આ બાળક જગતમાં કેવી રીતે જીવી શકશે એની સમજણ જ નથી પડતી. ત્યારે દયાળુ મહાપ્રભુ સેવકની વાણીને સાંભળીને કહેવા લાગ્યા કે એ બાળકને જલ્દીથી અહીં લઈ આવો ત્યારે સુંદર માંચી ઉપર તે બાળકને સુવરાવીને **ભૂખણ** ભકત પ્રભુની પાસે આવતા હતા. શ્રી હરિ મહાપ્રભુ તે બાળકના આકારને નિરખીને જોયું હરખ પામતા થકા કહેવા લાગ્યા, **કરુણાસાગર અનાથના નાથ પ્રભુ પોતાના પ્રતાપને જણાવતા કહેતા હતા, કે આને હાથ પગ તો નવાં થયેલાં જ છે આને તો બધાં જ અંગો છે એની તમે કોઈ ચિંતા કરશો જ નહીં આનાં બધાં જ અંગો વૃદ્ધિ પામશે આમના હાથ પગ નવાં પ્રગટ થયા જ છે. એવું મારું વચન છે તેને સાચું જ માનજો અને આ બાળ તો મોટું થઈને સર્વે મારા ભકત બાઈઓમાં સર્વોપરી શિરોમણિ રહેશે એ નિશ્ચય વાત જાણજો. મે જેમના અંગોને નવીન કર્યા છે તે કેવા થશે તે કહું છું. તે પૃથ્વી ઉપર ભાવસાર જ્ઞાતિમાં તે મોટા ભકત થશે અને એમની કોઈ વાતોની પ્રસિદ્ધિ કર્યા વગર જ બધે જ ખ્યાતિ થઈ જશે. ભૂખણ ભકત કહે છે હે પ્રભુ ! આપે કૃપા કરીને આંના હાથ પગો આદિક અવયવો કર્યા તે જગતનાં લોકો જાણે જ છે કે, આજે જ નવા થયા છે. જે પાપી જીવો છે તે આને પરચો નહી માને તેઓની અતિ આસુરી પ્રકૃતિના દોષ બુદ્ધિવાળા હોય તે ન જાણો. ત્યારે ભુખણ ભકત આદિક બધા જ ભકતજનો આ પ્રભુનો પ્રતાપ જોઈને બધાં જ મનમાં ખુબ જ રાજી થયાં. અને શ્રીહરિ મહાપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.** હે પ્રભુ ! આપતો

સર્વત્ર જય પામનારા છો, સર્વના દોષોનો નાશ કરનારા છો, સર્વને મુકત કરનારા છો. હે નિર્વિકારી પ્રભુ ! આપે પૃથ્વી ઉપર અવતાર ધરીને જીવોનો ઉદ્ધાર કરવા સર્વના દોષોનો નાશ કરવા અનેક પ્રકારનાં ચરિત્રો કરીને અદ્‌ભૂત લીલાઓ કરો છો. તેને જગતનાં દુર્બુદ્ધિ મનુષ્યો નથી જાણતાં એવા આપ મહાન છો. સર્વના અંતરના તત્વોને જાણનારા એવા આપ સર્વોપરી છો. જગતના પ્રેરક આપ એક જ છો અધમનો ઉદ્ધાર કરી તેના સર્વ પાપ કર્મનો નાશ કરનારા એવા હે મહાપ્રભુ ! આપે મારી પુત્રીના હાથ પગ આદિ અવયવોનો આવિર્ભાવ કરીને મહાસુખ કરેલ છે. હે મહાપ્રભુ ! આપ મનુષ્ય સ્વરુપ ધારણ કરીને અનેક અદ્‌ભૂત કાર્યોને કરનારા મનોહર રુપને ધારીને પૃથ્વી ઉપર વિચરણ કરીને સર્વને મહાસુખ આપીને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવા માટે ભવસાગરમાં અટવાયેલા જીવોને તારવા પધાર્યા છો. હે પ્રભુ ! જે જે જીવોના પુણ્યનો ઉદય થયો છે તે જ આપને ઓળખે છે અને જેમના પૂણ્યનો ઉદય નથી થયો તે પાપી જીવો નથી માનતા તે અસુરો જ છે. હે પ્રભુ ! અમે તો આપના સ્વરુપને પૂર્ણ રીતે માનીએ છીએ આપતો અક્ષરાતીત પૂર્ણ પરબ્રહ્મ કામ - ક્રોધાદિક શત્રુઓનો પરાભવ કરનારા સ્વયં જ છો. જગતના દૈવી જીવોનો ઉદ્ધાર કરવા ભવબંધનથી છોડાવનાર સર્વના ભવબંધનને તોડનારા આપ અત્યારે પધારીને અમારા મનને આનંદિત કર્યા એવા આપ મહાન છો, આવી રીતે ભુખણ ભકતે મહાપ્રભુની સ્તુતિ કરી તેનાથી પ્રભુ મનમાં ખૂબ જ રાજી થયા. અતિ રાજી થઈને ભકતનો પ્રેમ જોઈને મહાપ્રભુ કહે તમારે મનમાં જે રુચિ હોય તે ઈચ્છિત વર માંગો તમે જે માગશો તે અમે જરૂર આપીશું માટે જે ચાહો તે માગો. આવી રીતે શ્રી હરિ ઘનશ્યામ પ્રભુના પ્રેમ ભર્યા વચનો સાંભળીને **ભુખણભકત** કહે હે પ્રભુ ! આપના સ્વરુપનું અમારા હૃદયમાં કાયમ સ્મરણ રહયા જ કરે અને આપના ચરણ કમળમાંથી અમારુ મન કયારેય પાછું ન પડે સતત આપના ચરણને સેવીએ એવું આપની પાસે વરદાન માંગીએ છીએ.

શ્રી ઘનશ્યામ પ્રભુ પોતાના આશ્રિત ભકતજનોએ મનોહર મધુર વચનોથી સ્તુતિ કરી તેનાથી રાજી થઈ ભકતનાં માગેલા વચનો કહ્યાં તે પ્રમાણિત કરીને સુખ આપ્યું, અને ભકતના ભયને હરી લીધાં. આવી રીતે મહાપ્રભુ કેટલાક દિવસ **મેઉ ગામે** વાસ કરીને ભકત જનના ઘરમાં ખૂબ જ સુખ આપતા હતા, ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી જવાનું કરતા હતા, ત્યારે મંદ હાથીના જેવી ચાલ ચાલીને વિચરતા થકા અજ્ઞાન અંધકારનો નાશ કરતા હતા પોતાના સ્વરુપનું દર્શન આપતા હતા, પ્રભુનાં વિચરણથી સંતો ભકતોરુપી કમળવન જ્ઞાન પુષ્ટિથી ખીલતાં હતાં અને પાપી પોયણાં જેવાં મૂર્ખ જીવો મુર્જાતાં ને બળતાં હતાં, આવી રીતે મહાભયંકર કઠિન અજ્ઞાન પાપના સમૂહને દૂર કરતા થકા સર્વના ભવ પાશનાં બંધનથી મુકત કરવા ભકતના ઘેર વિચરતા હતા.

શ્રી સહજાનંદ મહાપ્રભુ **ડાંગરવા** ગામેથી **કરજીસણ** ગામે પધાર્યા ત્યાંથી **લાંઘણજ** પધાર્યા તથા લીલા કરીને પછી **મેઉ ગામે** પધાર્યા ખૂબ જ લીલાઓ કરીને જ્ઞાન ઉપદેશ કર્યો તે વાત બધી જ કહી સમજાવી. મેઉમાં ભુખણ ભકતના ઘેર બાળકીને હાથ પગનાં અવયવો નવસર્જીને મોટો ચમત્કાર કર્યો. આવી રીતે મોહન મહાપ્રભુ વનમાળીએ બધાને મોહ પમાડી, સર્વનાં મનને હરી લીધાં આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં લહરિના

રુપમાં આ સત્યવીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં મેઉ ગામમાં શ્રી હરિના પ્રતાપનું વર્ણન કર્યું એ નામે સત્યાવીશમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૭ ॥**

# તરંગ-૨૮

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમનાં નયનો કમળની પાંખડી સમાન મનોહર છે તે જ મારા મનને હરતાં રહે છે. એવા શ્રી સહજાનંદ સ્વામીની લીલાઓ જે હોય તે મને વિસ્તાર કરીને કહો તેનાથી મારા મનને આનંદ થાય છે. વૃક્ષના મૂળનો નાશ થયા પછી તેના ઉપર રહેનારાં પક્ષીઓ પાદડાં અને ફળોનું સુખ ચાહે છે તેમ મારા મનની વૃત્તિના વિકારો નાશ પામેલ છે એવા મને આપનો દાસ જાણીને આપ શુદ્ધ દિલવાળા મને બધી જ ભગવાનની લીલા કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! વૃક્ષ ઉપર જેમનો વાસ હોય છે તેના એમના સ્વામી (રાજા) ગરુડ, એના સ્વામી જેની કમળની નાળમાંથી ઉત્પત્તિ થઈ છે, તેથી કમળના પુત્ર બ્રહ્મા, બ્રહ્માના પુત્ર ધર્મદેવ, એમના પુત્ર પુરુષોત્તમ નારાયણ ભગવાન પોતે જ એમનાં ચરિત્રો તમે મને પૂછયાં છે. તે જ કમળની પાંખડી જેવાં જેમના નેત્રો છે, એને બુદ્ધિ નિર્ણય કરી શકતી જ નથી. રાત દિવસ એના નિર્ણય માટે મથ્યા જ કરે છે એવા સર્વોપરી મહાપ્રભુનાં અપાર ચરિત્રો છે તે બધાં જ ચરિત્રો તમને કહું છું, શ્રી હરિ મેઉ ગામથી જે ગામે ગયા તે ગામનું નામ હવે હું કહું છું.

આનદસિંહ રાજન ! તમે સંભળો શ્રી હરિ પ્રગટ પરબ્રહ્મ મહાપ્રભુનાં સુખ આપનારાં ચરિત્રો કહું છું, હરિએ મેઉ ગામથી પ્રયાણ કરી સવારમાં વહેલાં ગજગતિએ કામદેવના મદને હરવા માટે ચાલ્યા. હે રાજન ! માર્ગમાં આવતાં ગામોમાં ભકતજનોને દર્શનનું સુખ આપતા થકા જતા હતા સાથે સંત સમાજ મધુર સ્વરે કીર્તનો ગાતા થકા જતા હતા. આમ આનંદ કરતા થકા ઘનશ્યામ પ્રભુ સુખદાતા **ખોરજ ગામે** ચાલીને આવતા હતા ગામની ઉત્તર દિશામાં અંબા તળાવ હતું ત્યાં તેની પાસે જ પાળ ઉપર મુકામ કર્યો. તે તળાવનું જળ ખૂબ જ સારું સ્વચ્છ જાત જાતનાં જળ જંતુઓથી ભરેલું શોભતું હતું, કાંઠા ઉપર ઉગેલાં વૃક્ષોની શોભા મનને મોહ પમાડનારી હતી તે વૃક્ષો ઉપર ભ્રમરાઓ જાત જાતના ગુંજારવ કરતા હતા. વૃક્ષોના રસને ચુસતા હતા જાણે મુનિજન પ્રભુના મુખનો રસ પીતા થકા ગુણ ન ગાતા હોય ? તળાવના કાંઠે ઉગેલાં વૃક્ષ ઉપર જાત જાતની વેલીઓ ચડીને ઉપર લય થઈ ગઈ હતી તેનાથી વૃક્ષોની શોભા વધારે શોભતી હતી, વૃક્ષોની ઘાટી ઠંડી છાંયા સર્વને સુખ આપનારી હતી લોકોનાં તાપને હરિને સૌને આનંદ આપતા હતાં તે વૃક્ષો ઉપર પક્ષીઓ મોટા મોટા સમુહો સતત કલરવ કર્યા કરતાં હતાં તે જાણે માર્ગમાં ચાલીને થાકેલા અને એક બીજાના વાદમાં છકેલાં ન હોય ? તેમ વાદ કરતાં હતાં. આવી રીતની શોભા જોઈને કમલનયન મહાપ્રભુ ઉતર્યા હતા.

હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુના આવવાના સમાચાર જાણીને ગામના સર્વે સમાજના આગેવાનો શ્રીહરિને ગામમાં તેડી જવા માટે આવ્યા હતા તે ભાગવતી ભકતોના નામ કહું છું તે સાંભળો. આવેલા

ભકતોમાં **ગોદડજી** તથા **લાલખાંન** કહેવાતા હતા તે **ચેહાજી** સારા ભકત **હનુજી** જેમનું નામ કહેવાય છે, તે તથા બુદ્ધિશાળી **બાલકદાસ** શત્રુઓને જીતનારા **ગોકળદાસ** તથા **મકુજી** ભકત **ચેનજી લોકોના** મનને આનંદ કરનારા તથા **શંભુજી** અને **કનુજી** આદિ ભકતો મહાન શૂરવીર ધીરજવાળા સર્વે જાત જાતના વાજા વગાડતા થકા ભગવાનના ગુણને ગાતા જલ્દીથી પ્રભુ પાસે આવ્યા. પાસે આવીને દંડવત્ પ્રણામ કરતાં હતાં. કમળનયન મહાપ્રભુને નિરખીને દર્શન કરતાં હતાં. ત્યાર પછી લાવેલી ભેટ સામગ્રી પ્રભુને અર્પણ કરતાં હતાં ત્યાર પછી મહાપ્રભુને ગાતાં વાતાં થકા ગામમાં પધરાવવા લાવતાં હતાં. ગામમાં અતિ સ્વચ્છ મકાનમાં મહાપ્રભુ સુખધામને સુંદર રીતે ઉતારો કરાવતા હતા ત્યાર પછી મહાપ્રભુને સુંદર પાટ ઉપર વિરાજમાન કરાવતા હતા. એમની બાજુમાં પાસે જ સંતો સૌ બેઠા ત્યાર પછી મહાપ્રભુ સર્વના મનને અનંદ થાય એવી મનોહર જ્ઞાનની વાતો કરતા હતા.

શ્રી સહજાનંદ પ્રભુ વાતો કરતા હતા તે કમલનયની વાતોને સર્વ નરનારીજનો સ્વતંત્ર રીતે સાંભળીને અતિ દૃઢતાથી સત્સંગને સાંભળતાં હતાં જે મહિમાને વેદો પુરાણો મુનિજનો ગાયા જ કરે છે તે જ પ્રભુ વર્ણવતા હતા. શ્રીહરિ કહે છે કે બધા જ સાધનો કહેલાં છે તેમાં કલ્યાણનું મહાન સાધન સત્સંગ છે તેમ વેદોની શ્રુતિઓ ગાયા જ કરે છે. જપ, તપ, વ્રત, સંયમ આ બધાં જ સત્સંગના સાધનો છે દાન, માન, સનમાન એ બધા તો પ્રમાણો કહેલા છે. પણ સત્પુરુષોનો સમાગમ એના જેવું તો કોઈ સારું સાધન જ નથી એ વાત હું સાચી જ કહું છું એમાં સહેજે અવાસ્તવિક નથી માટે સત્સંગ કથા વાર્તા ઉર્ધ્વ ગતિનું, મુકિતનું તથા સાધન છે. સત્સંગ ને પ્રભુ ભજન જ જન્મ મરણથી છુટવાનું સાધન છે. સત્સંગ ભક્તિ કર્યા વગર આત્યંતિક સુખ ઈચ્છે છે તે તો પાપી અધમ સ્થિતિને પામે છે. મહા દુઃખને જ ભોગવે છે. જેમ કૂતરાના પૂછડાંને પકડીને મૂર્ખ મનુષ્ય સાગરને તરવા ઈચ્છે છે તેવો તે મૂર્ખ અબુદ્ધિવાન થાય છે. તેમ જ સત્સંગ કર્યા વગર જીવાત્મા ભવસાગરને કયારેય પાર પામી શકતો જ નથી, આવી રીતે માયામાં ધૂણતો ધૂણતો ખૂબ જ પસ્તાય છે, વારંવાર જગતમાં જન્મ મરણના ફેરામાં ફર્યા જ કરે છે એનો પાર કયારેય નથી આવતો.

શ્રીહરિ કહે છે કે : સત્સંગ કર્યા વગર આ સંસારમાં સુખશાંતિ લગારેય નથી આવતી પણ જે જીવો પ્રેમથી ભગવાનના ચરિત્રને ગાય છે. તે જીવો સુખ પામે છે. તેને શારદા શેષ અને મહેશ્વર કાયમ ગાયા જ કરે છે એ જ જીવનાં કલ્યાણનાં સાધનો છે. જીવાત્મા જો જગતમાં સુખ પામવા ઈચ્છતો હોય તેણે કેવળ સત્સંગ જ કરવો જોઈએ. તો જન્મ મરણના ફેરામાંથી છુટે છે. એ અમારા વચનને ઉત્સાહ ઉમંગથી જે માને છે તે સુખ પામે છે. સતસંગ કથા વાર્તા સાંભળ્યા વગર કરોડો ઉપાય કરો તોય ઉદ્ધાર ન થાય, જપ, તપ વગેરે કરે છે તે તે વ્યર્થ જ જાય છે. મિથ્યાડંબર કરીને જમપુરીમાં જ જાય છે. માટે જયાં સંતો વસે છે ત્યાં જ બધાં જ તિર્થો વાસ કરે છે. એમ વેદો પુરાણોમાં વર્ણન આવેલ છે જે જન સંત સમાજનું સતત સેવા સમાગમ કરે છે તે જ પરમધામને પામે છે. શ્રીહરિ મહારાજના મુખેથી અમૃતમય વાણી સાંભળીને તે જ્ઞાનની વાતોથી સર્વ નરનારીજનો ખુબ જ રાજી થયાં. પ્રેમથી મહાપ્રભુ પાસે દૃઢ નિયમને ધારણ કરીને આશ્રિત થયાં અને પુરના જનો મહાપ્રભુના સ્વરુપને નિરખીને પોતાના અંતરમાં ઉતારીને ધન્ય ધન્ય બન્યા આ વાત બધે જ જગતમાં જાહેર થઈ ગઈ, પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા છે અહીં આવ્યા છે તે પ્રભુનો જે જન સમાગમ કરે છે અને ભાવથી ભજે છે તે ભવને તરીને પ્રભુપદને પામે છે

શ્રી હરિએ ખોરજ ગામે આવી રીતે વાતો કરી ત્યાં સુધીમાં રસદાર સુંદર રસોઈ તૈયાર થઈ ગઈ જયારે રસોઈ તૈયાર થઈ છે એમ જાણ્યું ત્યારે મુનિજનોની સાથે મુનિપતિ શ્રીહરિ ઉદારતાથી તેને આરોગતા હતા શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ જમી રહ્યા પછી, સંતોને પ્રેમથી જમાડતા હતા સંતોની સાથે જગજીવનપ્રાણ પરવાર્યા ત્યારે સરવે જનો દર્શન કરીને ભવબંધનને તોડતા મુક્તિ પામતાં હતાં. હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ સર્વે જન સમાજની સેવાને અંગિકાર કરીને ત્યાંથી ચતુરતાથી ચાલતા થયા ફરી પાછા આવ્યા સુંદર સોહમણા કરજીસણ ગામે પધાર્યા. સારું શ્રેષ્ઠ **કરજીસણ** ગામ તે શોભાનું ધામ હતું સર્વ પ્રકારની શોભાવાળું તળાવની પાસે મોટાં મોટાં વૃક્ષો વેલીઓથી શોભાયમાન ભુમિ પણ ખુબ જ શોભતી હતી. આંબાનાં વૃક્ષો ખૂબ જ શોભા વધારતાં હતાં. તે વૃક્ષો સમુહની શોભાથી તે તળાવની શોભા પણ ખુબ જ વધારે લાગતી હતી, તળાવ ખુબ જ વિશાળ શોભતું હતું આવા ગામમા શ્રી ઘનશ્યામ પ્રભુ અનેક ભક્તો સંતોની સાથે પધાર્યા. દયાળુને પધારેલા જોઈને ભલા એકાંતિક ભકત એવા **ગોવિંદભકત** પ્રીતમ પ્રાણ હરિને પોતાના સુંદર ઘરમાં પધરાવતા ને સુખ પામતા હતા. પોતે પરમ ભાગ્યવાન સમજતા હતા. શીરો, માલપુવા, પુરીઓ, આદિક પાકો શાકો અને પકવાનો ભકતજનોને સંતોની સાથે જગતના પ્રતિપાલ પ્રભુ સર્વને જમાડતા હતા. મહાપ્રભુ જમી જમાડીને પરવાર્યા મુખ ધોઈને જળપાન કરીને મુખવાસ લીધો ત્યાર પછી સુંદર પલંગ ઉપર પોઢી ગયા. સર્વ ભકતો મનોહર મુર્તીનાં ચરણ કમળનું સેવન કરતાં હતાં. કમળનયનના મુખનાં દર્શન કરતાં હતાં. હે રાજન ! જયારે સવારમાં વિહાંન વેળા થઈ ત્યારે સર્વના ભવસંકટને હરનરા પ્રભુ પરવારીને કરજિસણ ગામેથી પ્રયાણ કરતા હતા, જગતના જીવોને ભવ તારવા આગળ પધારતા હતા. માર્ગમાં ગાતાં થકાં ચાલતા આવતા હતા. અને અનંત જીવોને ખુબ જ સુખ શાંતિ આપતા આવતા હતા. અજીત પ્રભુ સંતભકતોની સાથે ચાલીને **ઓળા** નામના ગામે પધારતા હતા.

શ્રી હરિ મહાપ્રભુએ ઓળા ગામના લોકોનાં મનની રુચિને જાણીને એમની ઉપર કૃપા કરીને ગામમાં પધાર્યા ત્યારે સર્વે નરનારી જનો પ્રભુનાં દર્શન કરવા સામાં આવ્યાં, પરમ પુનિત મૂર્તિ પ્રાણપતિ, શ્રી હરિને પોતાના ગામમાં પધરાવતા હતા. ખુબ જ પ્રેમેથી રસોઈ કરીને ભાવપૂર્વક ખુબ જ જમાડતા હતા મહાપ્રભુ જીવનપ્રાણ જયારે જમી રહ્યાં, ત્યારે ભકતોએ આપેલો સુંદર મુખવાસ લેતા હતા.

મુખવાસ જમીને મહાપ્રભુ લોકોના મનની ભાવના પૂર્ણ કરીને તરત જ ત્યાંથી પ્રયાણ કરતા હતા **ઓળા** ગામેથી ચાલીને સંતોની સાથે મહાપ્રભુ **અડાલજના** લોકોના ભાવને પૂરો કરવા પધાર્યા. મહાપ્રભુ **અડાલજ** ગામના ભકતોનાં મનની આશાઓને પૂરી કરીને સુંદર ભાવનાવાળું **મોટેરા** ગામે પધારતા હતા. ગામના પ્રેમી ભકતજનોની સેવાને અંગિકાર કરીને અલૌકિક મૂર્તિ **મોટેરા**થી ચાલતા થયા. શ્રીહરિ ચાલતા થકા **અમદાવાદ** પધાર્યા, હરિભકતો શ્રીહરિ આવતા હતા તેના સમાચાર જાણીને દોડીને પ્રભુનાં ગુણ ગાતાં થકાં પ્રભુની સામે વધાવવા આવતાં ભકતો પ્રણવ આનક દુદંભી, ભેરી, ઢોલ, બજાવતાં થકા જતાં હતાં. શ્રીહરિના મંદ હાસ્ય મુખ કમળને જોઈને હરિભકતોનાં મન તૃપ્ત થતાં ન હતાં દર્શન કરીને તાદશ્ય થઈને સુખ માણતાં હતાં. મૃગ સમાન ચંચળ નેત્રો વાળી તથા કોયલ જેવા મધુર કંઠવાળી નારીઓ ગાતી થકી પ્રભુને પોતાના મુકામ પાસે આવતાં જોતી હતી સુગંધિત પુષ્પોથી વધાવતી હતી, દર્શન કરી નામ જપ કરતી હતી. શ્રી હરિ પુરમાં પધારીને ચરણોથી પવિત્ર બનાવતા હતા કૃપા દૃષ્ટિ કરીને સર્વને દર્શન સુખ આપતા હતા, સર્વ

જનનો ભાવ પૂર્ણ કરતા હતા, આવી રીતે મહાપ્રભુ **અમદાવાદ**માં એક માસ સુધી રહીને સુખો આપતા હતા. શ્રી હરિ **હીરદાસ ભકતના** ઘરમાં નિવાસ કરીને થાળ જમીને નિત્ય પ્રત્યે સુખે રહેતા હતા તેમજ બીજા બધા જ ભકતજનોના ઘેર પધરામણી કરીને સુખ આપ્યાં, થાળો જમ્યાં આવી રીતે મહાપ્રભુ સર્વ ભકતોનાં મનને રાજી કરીને અભિમાનીના ગર્વનો નાશ કર્યો.

પછી મહાપ્રભુ ત્યાંથી ચાલવા માટે ઉતાવળાં થયા, ગજની ચાલથી ચાલતા થયા સર્વ સંત સમાજની સાથે સાજ સજીને વાજિંત્રોના તાલ સાથે વાતાવરણને ગજવતા થકા જતા હતા. પાપી દુર્જનોનાં મનને અતિ કષ્ટ કરતા થકાં પધારતા હતા. શ્રી હરિ મહાપ્રભુ **અમદાવાદ**મા સર્વ જનોને દર્શન સુખ આપીને પ્રભુ ચાલીને **અસલાલી** ગામે પધાર્યા, ગામના મનુષ્યો પધાર્યાના સમાચાર જાણીને ખુબ જ રાજી થયાં પુરવાસી જનોને દર્શન આપીને સુખના સાગર મહાપ્રભુ સૌને મનોવાંચ્છિત સુખો આપતા હતા અસલાલીનાં સત્સંગી જનોને સુખ આપી પ્રભુ **જેતલપુર** ગામે પધાર્યા, જેતલપુરના જનો પ્રભુનાં દર્શન કરવા દોડીને સામા આવતા શ્રીહરિનો જય જય કારના નાદો કરતા આવતા હતા. જેતલપુરનાં લોકો મહાપ્રભુની સામે તેડવા અને વધાવવા આવ્યાં, પુરનાં પ્રેમી પટેલ ભકતો વાંજિત્રોને વગાડતાં થકાં પ્રભુને ગામમાં પધરાવ્યા. મહાપ્રભુએ ગામને પોતાના ચરણાંકિત કરીને પાવન કરી દીધું, પુરુષોત્તમ નારાયણ મનોહર મૂર્તિ મહોલમાં ઉતારો કરતા હતા.

કમળ નેત્ર પ્રભુ મહોલમાં નિવાસ કરીને પ્રફુલ્લિત મુખ કમળવાળા મહાપ્રભુએ જે સંતો સુરત ગયેલા હતા તેમને પોતાની સમીપે બોલાવ્યા. સુરતમાં રહેલા **મુકતાનંદ** સ્વામી અને **બ્રહ્મામાનંદ** સ્વામી આદિ સૌ સંતોને પોતાની પાસે બોલાવરાવ્યા અને સમાચાર જાણીને જલ્દીથી બધા જ સંતો મહાપ્રભુને નજીકમાં જ છે એમ સમાચાર જાણીને આવ્યા. શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ સર્વ સંતોને સમાચાર કહેવડાવીને પોતાની પાસે તેડાવ્યા તેઓ પણ મહારાજનાં દર્શન કરવા ચાલ્યા આવ્યા. સત્સંગીઓ સર્વે દેશ પરદેશના સૌ **જેતલપુર** ધામે આનંદ ઉલ્લાસથી આવ્યા અને મહાપ્રભુ તે સૌ આશ્રિતોને દર્શનનું દાન દેવા પધાર્યા. સૌને સ્વાગતના ખુશી સમાચાર પૂછતા હતા, સૌને પ્રભુ મળતા હતા. ભકતોને દર્શન આપીને પછી કમલાના સ્વામી મહાપ્રભુ સભા કરીને બેઠા. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ દર્શનનું સુખ આપતા હતા, ને સર્વના જન્મના ભયને તથા આધિ, વ્યાધિ, ઉપાધિનાં દુઃખોને હરતા હતા. ત્યાર પછી મહાપ્રભુ ગાતાં ગાતાં સંતોની સાથે ગામમાં પધાર્યા, લોકોનાં સુખદાતા પ્રભુ આનંદથી પાર્ષદોની સાથે પોતાના આશ્રિત ભકતના ઘેર થાળ જમવા પધારતા હતા.

હે રાજન ! બહુનામી મહાપ્રભુ ખૂબ વાર સુધી જમ્યાં ત્યાર પછી સૌ સંતગણને સુખ પૂર્વક પ્રેમથી જમાડતા હતા. ત્યાર પછી ફરીથી પાછા મહોલમાં પધારતા હતા કમલનયન ઘનશ્યામ પ્રભુ મહેલમાં પધારીને સુખે રહેતા હતા. મહોલમાં મહાપ્રભુ પલંગ ઉપર સુંદર રીતે શયન કરતા હતા, અને ભકતજનો મહાપ્રભુનાં ચરણની ચંપી કરતા હતા અને પછી મહાયોગ નિંદ્રા કરતા હતા. આવી રીતે પોતાના ભકતજનોને મહાસુખ આપતા હતા. શ્રી હરિ જગતના પતિ મહારાજ જેતલપુર ધામમા ભકત સંતજનોની સાથે સર્વના સ્વામી રોજે રોજ અનેક પ્રકારનાં દર્શન દાન તથા અદ્‌ભુત સુખો આપતા હતા. જેમને જેતલુપર ધામ અતિશય વહાલું હતું એવા ધામમાં ખુબ જ નિવાસ કરતા હતા જેતલપુર ધામમાં ઘરોઘર અનેકવાર પધાર્યા છે ગામના

સિમાડાના ઝાડવે ઝાડવે અનેકવાર ફરેલા છે એવું પવિત્ર છે. બધાં જ તીર્થોમાં **જેતલપુર મહાતિર્થ છે સર્વ ગુણથી ઉપર તિર્થ છે. કેમ કે જે સ્થાનમાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ મહાપ્રભુ આનંદ પૂર્વક હર હંમેશ સુખેથી રહેલા છે. બીજા બધા તિર્થોમાં સ્ત્રી-પુરુષો સૌ એક વાર જાય છે પણ જેતલપુર ધામમાં તો ગમે તેટલો સમય રોકાય તોય ખબર જ નથી પડતી કે કેટલો સમય ગયો તે સ્થળ છોડવાનું મન જ ન થાય એવું સુખ છે. જેવું ફળ જગતનાં તિર્થમાં જવાથી મળે છે, કાશી આદિ તિર્થોમાં જાય તેનાથી મોક્ષ નથી થતો અને જેતલપુર તિર્થમાં જે જન મહિમાથી જાય છે તેને ત્યાં મૃત્યુ પછી અક્ષરધામમાં સ્થાન મળે છે, એવું મહાન તિર્થ છે. આ તિર્થમાં તો શ્રીહરિ નિત્ય પ્રત્યે નિવાસ કરીને મહાધામ કરીને સુખ ધામ જેતલપુરને જ બનાવ્યું છે. હે આનંદ રાજન ! આ રીતે સર્વધામમાં મહાધામ જેતલપુરને વર્ણવ્યું છે.**

હે રાજન ! શ્રીહરિ કૃપા કરીને કરજીસણથી અડાલજ પધાર્યા, ત્યાંથી ચાલીને મોટેરા પરોણા (મહેમાન) થઈને અમદાવાદ ધામે પધાર્યા ત્યા રોકાઈ પછી પુરુષોત્તમ પ્રભુએ સુખ આપ્યાં. **અમદાવાદથી અસલાલી** થઈને મહારાજ **જેતલપુર** નિવાસ કરીને રહ્યા આવી રીતે મહાપ્રભુની લીલા ગાઈને વર્ણવી છે. એ રીતે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આ અઠયાવીશમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી સહજાનંદ સ્વામી જેતલપુરમાં પધાર્યા તેની લીલાનું વર્ણન કરીને જણાવ્યું એ નામે આ અઠયાવીશમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૮ ॥**

# તરંગ-૨૯

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કુકડાના બોલવાના સ્વરને સાંભળીને તથા વૃક્ષો ઉપર વિશ્રામ કરીને રહેનારા પક્ષીઓના શોર બકોર કલરવ સાંભળીને જાગેલા શ્રી સહજાનંદ સ્વામી **જેતલપુર** ધામમાં વિરાજમાન થઈને જીવોનાં પાપોને બાળનારા મહાપ્રભુએ જે લીલાઓ કરી હોય તે બધી જ લીલાઓ સર્વ મને કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો હું પ્રભુનાં ચરિત્રો કહું છું શ્રીહરિ સવારમાં વહેલાં કુકડાનો બોલવાનો સ્વર સાંભળીને સવાર થયું એમ જાણીને ભકતજનોના ભયને હરનારા ધર્મકિશોર પ્રભુ જાગૃત થયા. મોરની સમાન મનોહર ડોક જેમની છે એવા શોભાના ધામ પ્રભુ મોરપિંછના સુંદર મુગુટને મસ્તક ઉપર ધારણ કરીને શોભતા એવા મહાપ્રભુ મોર જેનું વાહન છે એવા કાર્તિક સ્વામીના પિતા હમેશાં જેમના નામનો જપ કર્યા કરે છે એવા પ્રભુ લોકોનાં મનના તાપોને હરનારા છે.

હે રાજન ! એવા મનોહર મૂર્તિ સહજાનંદ સ્વામી પોતે જે ચરિત્રો કર્યા તે વિશેષ ચરિત્રની પૂર્તિને કોઈ પાર કરી શકતું જ નથી, એવાં પ્રભુનાં સુંદર ચરિત્રો બાકી રહ્યાં છે તે બાકીનાં ચરિત્રો કહું છું મહાપ્રભુએ પ્રભાત વેળા થઈ છે એમ જાણીને લોકોના ભયદુઃખને ભાંગનારા લોકોનાં હિત કરવા માટે જાગૃત થયા શૌચ વિધિ કરીને ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે ચાલતા થયાં ત્યારે ભકતોની સાથે શોભતા હતા. અતિશય પ્રકાશથી શોભાયમાન ખૂબ જ ઉંચુ મકાન જોઈને મહાપ્રભુ રાજી થઈને ઉમંગવાળા થયા તે પ્રાણદેવ સરોવરની સમપીમાં સર્વના દુઃખોને દૂર કરનારા, પવિત્ર મનને આનંદ કરનારા મહાપ્રભુએ જાણી લીધુ, આ જળ પવિત્ર

સારું છે. ત્યારે સર્વ મુનિજનોની સાથે ઘનશ્યામ પ્રભુ સ્નાન કરવા માટે જળમાં પ્રવેશ કર્યો સરોવરમાં સુખકંદ મહારાજ અનેક ખેલ કરતા હતા. સર્વે મુનિજનોની સાથે સર્વના સુખદાતા સ્નાન કરતા હતા જગતવંદ્ય સુખ આપતા હતા. શ્રહરિ સંતો ઉપર ઉત્સાહ અને ઉમંગમાં આવીને જેમ મદથી મસ્ત થયેલો હાથી જળમાં પ્રવેશીને ખેલ કરે તેમ લીલા કરતા જળ ઉછળતા હતા તથા પાણીમાં ડુબકી દેતા હતા તે બધા શોધતા હતા. પ્રભુ વારંવાર બહાર આવીને પાણી ઉડાડતા હતા. શ્રી હરિ મહાપ્રભુ આવી રીતે જળમાં અનેકવાર નવિન લીલાને કરતા થકા સુખ આપતા હતા. ત્યાર પછી જળમાંથી બહાર નીકળીને શ્વેત વસ્ત્રોને ધારણ કરતા હતા. શરીરને શોભાવતા થકા સુંદર વસ્ત્રોથી પ્રેમનાં સાગર સૌને મહાન સુખ આપતા હતા. આવી રીતે સર્વ સંતો અને જન માત્રના સુખનિધિ દયા કરીને પ્રેમથી  પોતે જ મહોલની નજીકમાં પધાર્યા. આવી રીતે મહાપ્રભુ કોઈને ન વર્તી શકાય તે અલખ નિરંજન સર્વ જનસમુદાયને આનંદ આપતા હતા. મહોલની પાસે જ સુંદર આસોપાલવનું મોટું વૃક્ષ શોભતું હતું, તે વૃક્ષની નીચે ઉંચા મંચ ઉપર વિરાજમાન થઈને મહામોટી સભા થઈ હતી, તેના મધ્યમાં નવિન મેઘ સમાન મનોહર મૂર્તિ મંદહાસ્ય કરતા થકા સુંદર શોભા સાગર દર્શન આપતા હતા. શ્રીહરિ મહાપ્રભુને પ્રેમી ભકતો પ્રેમ મગન થઈને કેસર ચંદન, ચર્ચીને બધા જ અંગોને અર્ચતા હતા ધર્મકુમારની આવી પૂજા અંગિકાર કરતા. ફૂલના તોરા, ગજરા હાર, ફૂલના બાજુબંધ વગેરે ફૂલના તે ધારીને બધાના વેગો દુઃખોને હરતા હતા તેને ભકતજનો પૂજન કરીને હારો પહેરાવતા હતા. સહજાનંદ સ્વામી પહેરતા હતા અને આનંદ આપતા હતા. પછી મહાપ્રભુ પોતાના મુખેથી અમૃતમય વચનોથી ભકતજનોને ખૂબ જ પોષણ કરતા હતા. સર્વ નરનારી જનો સાંભળતાં હતાં ને રાજી થઈને અનેક પ્રકારના વિનોદ કરતા હતા. શ્રીહરિ સંતોની સાથે સરોવરમાં નિત્ય પ્રત્યે સ્નાન કરતા ને શ્રી હરિ જમવા માટે સંતો ભકતોની સાથે હરિભક્તોના ઘેર પધારતા હતા અને સુખ દેતા હતા. શ્રી સહજાનંદ સ્વામી કોઈ દિવસ વડની નીચે સભા કરીને શોભતા હતા, સંતોની સાથે સંતોના સ્વામી ગામની બહાર પ્રેમી ભકતજનના સમુહને મધ્યે ઉંચા આસન ઉપર વિરાજમાન થઈને મધુર વચનોથી ઉપદેશ કરતા હતા. આવી રીતે મનુષ્ય શરીરને ધારણ કરીને ભકતોના સુખ કરવા અતિ મનોહર ખેલોને ખેલતા આ રીતે મહાપ્રભુ **જેતલપુર ધામમાં** નિવાસ કરીને રસીક મનોહર મૂર્તિ રસીકોના મનોરથ પૂરા કરતા હતા. એક દિવસ સંત ભકતોની સાથે ઘનશ્યામ પ્રભુ ગામમાં જમવા માટે માર્ગમાં સંતોની સાથે ગાતા થકા જતા હતા. ત્યારે ભગવાન હરિ ગાતા થકા શરીરનું ભાન ભૂલી ગયા  હે રાજન ! ગાવાથી ખૂબ જ પરિશ્રમવાળા થયા, ઉપરથી તાપ ખૂબ જ તપેલો હતો તેથી ખૂબ જ થાક લાગેલ શ્રમથી પરસેવાનાં બિંદુઓ દેખાતાં હતાં તે જોઈને ભકત ભગુજીએ તે તાપને રોકવા યોગ્ય શિર ઉપર છત્ર ધારણ કરી તાપ રોકતા હતા તેના ચરિત્રને તમે છત્રપતિ સાર રુપ સાંભળો. શ્રી હરિ પોતાના મસ્તક ઉપર છત્ર ધારેલું જોયું એટલે મહારાજ છત્રને દૂર કરાવીને રાજી થયા. ત્યાર પછી મનમાં રાજી થતા થકા ચાલ્યા જતાં હતા સૌ સંતોની સાથે ગાતા થકા આનંદથી જતા હતા ગુણને ગાતા ચાલતા જતા હતા. ત્યારે ઘનશ્યામ પ્રભુના  મુખ કમળ ઉપર પરિશ્રમને લીધે પરસેવાનાં બિંદુ જોઈને ફરી પાછા પ્રભુના શિર ઉપર છત્રને ધારતા વિશેષ રીતે સેવા કરતા હતા. એ સમયે શ્રીહરિએ આ છત્ર તથા સેવક ભક્તિની અંદર વિઘ્ન રુપે દેખતા હરિ ઉંચા હાથ કરીને રોકતા હતા આવી રીતે મહાપ્રભુએ છત્ર ધરવા વારંવાર રોકવા છતાં ભગુજી આગ્રહથી છત્ર ધારી રાખતા હતા ત્યારે

શ્રીજીમહારાજ ના પાડવા છતાં ઉપર છત્ર ધારતા હતા તેથી વચન લોપ થવાથી માથે ધારેલું છત્ર પોતે હાથેથી પકડીને ખસેડતા હતા.

હે રાજન ! પુરુષોત્તમ પૂર્ણકામ પ્રભુએ જીદ કરીને માથાં ઉપર ધારેલું છત્ર માથેથી નીચે પછાડયું ત્યારે હે રાજન ! તે છત્રના તૂટીને ટુકડા થઈ ગયા, અને ધૂળમાં ઢગલો થઈ ગયો તે બધાયે જોયું. આ રીતે મહાપ્રભુ પોતાના ઐશ્વર્ય પ્રતાપને બતાવતા થકા સર્વે નરનારીજનોના ભયને હરનારા મહાપ્રભુનું અનંત જીવો ભજન કરે છે અને જે ગમાર(નાસ્તિક) છે તે તો કેવળ દેહના સુખને જ જોયા કરે છે પણ પ્રભુતો કોઈ જાતના સુખને ચાહતા જ નથી. હે રાજન ! એ બધાને બોધ આપવા માટે જ મહારાજે બધા જ સમાજને દેખતાં થકા છત્રને નીચે પછાડીને તોડી નાંખ્યું, આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ નવિન લીલા સુંદર રીતે કરીને પોતાના આશ્રિત ભકતનાં ઘેર જતા હતા. મહાપ્રભુ ભકતનાં ઘેર પધારીને પાકશાકના થાળને આરોગતા હતા ત્યાર પછી મહાપ્રભુ પુરનાં બધા જ ભકતોને સુખ આપીને નિત્ય પ્રત્યે નવી નવી લીલાઓ કરીને જેતલપુરમાં જીવોને સનાથ કરીને ભવસાગરને તારતા હતા. હે રાજન ! મહાપ્રભુ પ્રેમી ભકતો આવી રીતે ચરિત્રો જોઈને પ્રીતથી મહાપ્રભુને ભજતાં હતાં. હવે તે ભકતોનાં હું નામ કહું છું, તેમાં **આસજી ભકત** મુખ્ય હતા, **વાલોજી** તથા **ગંગાદાસ** તથા બીજા **પ્રભુદાસ** ભકત તો ખૂબ જ પ્રેમી હતા, તથા **જયમલજી, ગંગજી** આદિ ભકતો બહુ જ સારા હતા **વિહોજી, જીવણદાસ** ભક્ત આદિક હતા. હે રાજન ! **બ્રાહ્મણ રળિયાત બાઈ,** ભુદેવમાં ભલા ભકત એવા **દેવરામ ભકત** હતા. **આનંદ રામ, બેચરામ** એ **આદિક** સર્વે ભગવાનના ભકતો હતા. શ્રીહરિ મહાપ્રભુ સર્વના સ્વામી સર્વોપરી હોવા છતાં પામર ભકતનાં ઘેર પ્રેમથી જઈને જમે છે, એવા સર્વ બાઈ ભકતોનાં મૂર્ધન્ય શિરોમણી એવાં એકાંતિક ભકતો **ગંગાબાઈ છે તેજ ગંગામા પ્રેમથી ભગવાન માટે સુંદર સ્વાદિષ્ટ પાક બનાવીને નિત્ય પ્રત્યે તૈયાર કરતા હતા સુખના સાગર ઘનશ્યામ પ્રભુ થાળ જમીને ખુબ જ આનંદ પામતા હતા. ભકતનાં ભવબંધન તોડતા હતા શ્રી સહજાનંદ સ્વામી પોતે જ પોતાના આશ્રિત સંતજનો, અને ભકતજનો સાંભળતા કહેતા હતા કે આ પવિત્ર પુણ્યવાળાં જેતલપુર ધામના પ્રમાણમાં અતિ પવિત્ર છે કેમકે આ ગામમાં અમે ઘરે ઘરે અનેકવાર જમ્યા છીએ. ગામની સીમના પ્રત્યેક વૃક્ષે વૃક્ષે અનેકવાર ફર્યા છીએ એજ કારણે બધાથી શ્રેષ્ઠ આ ધામ છે. એમ જાણજો આ ગોકુળથી તો સો ગણુ મહાન ધામ છે. તથા મથુરાથી તો અતિ અધિક મહાન શ્રેષ્ઠ છે. આના સમાન તો દ્વારકાપુરી પણ ન થાય અને ગંગા યમુનાથી પણ આ અધિક મહાન જાણવું, ઉજજૈન તિર્થ કરતાં પણ આતો અતી અધિક મહાન છે. કેમ કે અમે સૌ તિર્થધામમાં આનંદથી નિવાસ કરીએ છીએ એ આનંદથી દર્શન સુખ આપીએ છીએ. આ અતિ જળથી ભરપૂર દેવ સરોવરમાં અનેકવાર સ્નાન કરીને જળલીલાઓ કરેલ છે. તથા એના તટ ઉપર આ સુંદર મહેલ શોભે છે તેમાં કાયમ નિવાસ કરીએ છીએ વેલીઓના સમુહથી શોભાયમાન વૃક્ષોવાળું તથા સરોવરના ઘાટને સુંદર રીતે પગથિયાઓથી બાંધેલા શોભે છે. એવા આરામદાયક સુંદર સરોવર તટે કોયલ મોર આદિક પક્ષીઓના મનોહર શબ્દો ટહુકાઓનો અવાજ તથા આસોપાલવનું વૃક્ષ પોતાની છાયાંથી શોકને હરીને અશોક નામ સાર્થક કરે છે. વડ, પીંપળ આદિ અનેક વૃક્ષો વિશ્રામનાં ધામ રુપે શોભે છે. એકાંતિક ભકતોનો અને અમારો જયાં નિવાસ થયો છે એટલા માટે જ આ ધામ મને અતિ પ્રિય છે, આની અમારા મુખેથી જ ખૂબ જ શોભાનો વધારો કરેલો**

છે ખૂબ જ પવિત્ર તિર્થ કરેલ.

**હે રાજન ! શ્રી હરિ સર્વના નાથે આવી રીતે સુંદર રીતે વાતાવરણ કરીને પછી મહાપ્રભુ સંત જન સમુદાયની સાથે ચાલતાં થયા માર્ગમાં** સંતોની સાથે કિર્તનો ગાતા ગાતા આનંદ આપતા હતા. પ્રિતમ પ્રાણ પ્રભુ જેતલપુરથી પ્રયાણ કરીને **પાલડી ગામે** પધાર્યા અને ત્યાંના ભકતજનોને દર્શન દીધાં. જનના ઈશ શ્રીહરિ પધારેલા જોઈને સર્વ જન સમુદાય, જનવંદ્યને પ્રભુ જાણીને, આનંદના સાગર કરુણાના ખાંણ દયાનીધિ, શ્રી ઘનશ્યામ મહાપ્રભુ પાલડી નામના ગામમાં પધરામણી કરીને પ્રભુની ખૂબ જ પ્રેમથી સેવા કરતાં હતાં. પોતાના ચિત્તમાં ઉતારતાં હતાં મહાપ્રભુએ ભકતોના ઈચ્છિત કામો પૂર્ણ કર્યાં. ત્યાર પછી મહાપ્રભુ ત્યાંથી આગળ જવા માટે ચાલતા થયા. હે રાજન ! મનમોહન મહાપ્રભુ ભકતજનોના મનને હરી લઈને ગામને પોતાના ચરણોથી પાવન કરીને કાસંદરા ગામે પધાર્યા, ત્યાંના ભકતોનાં ભવ જન્મ મરણના **ફેરાથી** મુકત કરતા હતા. ભકતજનોને પોતાનાં અલૌકિક દર્શનનું દાન દઈને રાત રોકાયા અને જયારે સવારમાં પ્રભાત વેળા થઈ ત્યારે પ્રીતમ જીવન પ્રાણ મહાપ્રભુ ત્યાંથી પ્રયાણ કરીને **મોડાસર** નામના ગામે પધાર્યા ત્યાંના સર્વે ભકતો મહાપ્રભુને સામે તેડવા માટે આવ્યા અને ગાતા વગાડતા ગામમાં પધાર્યા.

હે રાજન ! શેઠના ઘરમાં નિવાસ કરાવીને મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતજનોનાં ભવદુઃખના ત્રાસને દૂર કરતા હતા. તે **કલ્યાણ ભકત** પ્રીતથી ભગવાનની પાસે રહીને સેવા કરતા હતા. શ્રીહરિ સર્વના જીવનપ્રાણ ત્યાં રાત થઈ ગઈ એટલે પોતાના આશ્રિત ભકતને ત્યાં રાતનો વિશ્રામ કર્યો ત્યાર પછી સવારમાં વહેલાં વિહાંન વેળાએ સંતો ભકતોની સાથે પ્રભુ પ્રયાણ કરતા હતા હે રાજન ! શ્રી હરિ **''મછિયાવ''** પુરે પોતાના આશ્રિતજનોનાં કલ્યાણ કરવા પધાર્યા ત્યારે ગામનાં આગેવાનો **રામબાપુભાઈ** આદિકજનો સાજ સજીને મહાપ્રભુનું સન્માન કરવા આવ્યા. શ્રીઘનશ્યામ પ્રભુની મનોહર છબી જોઈને મનમાં ખૂબ જ રાજી રાજી થયા આવીને દંડવત પ્રણામ કર્યા, ખૂબ જ સન્માન કરીને મહારાજનું સારી રીતે સન્માન કરીને મહારાજના ચરણમાં લાવેલ ભેટ ધીરે રહીને અર્પિને સાંરુ સામૈયુ કરીને પ્રભુને ગામમાં પધરાવીને પોતાના મહેલમાં **બાપુભાઈ લાવ્યા**, પ્રભુએ એમની ભીડને હરી અને સુખ આપ્યું. હે રાજન ! શ્રીજી મહારાજ રાજદરબારમાં પોતાનો નિવાસ કરીને સર્વના કામને હરનારા ધર્મનંદન સુખધામ પ્રભુ ઉપદેશ કરતા હતા સુંદર રીતે થાળ તૈયાર થયો એટલે શ્રી હરિને બોલાવીને સંતોની સાથે સારી રીતે પીરસીને જમાડતા હતા શ્રી હરિ મહાપ્રભુ ભાવ ભરીને જમીને પોતાના પ્રિય સખાને ખૂબ જ જમાડીને તૃપ્ત કરતા હતા. આમ શ્રી સહજાનંદ સ્વામી સર્વને સારી રીતે સુખ આપતા હતા પોતાના પ્રિય ભકતજનોને પોતાની મહાન ઓળખાણ કરાવતા હતા. હે રાજન ! ત્યાર પછી સર્વના નાથ મહારાજ પોતાના સુંદર આસન ઉપર વિરાજમાન થયા, એમને **રામબાપુભાઈ** પૂર્ણ રીતે ઓળખતા હતા તેથી પ્રેમથી અગર ચંદન અને કેસરથી (ચર્ચા) અર્ચા કરીને સુંદર સુગંધી પુષ્પોના હારો હેત કરીને પહેરાવતા હતા. ત્યાર પછી હાથ જોડીને પ્રભુની સ્તુતિ કરતા હતા પ્રભુ પાસેથી મનમાં ઈચ્છિત વરદાનને પ્રાપ્ત કરતા હતા. આવી રીતે મહાપ્રભુ **મછિયાવપુરમાં** રાજાના

દરબાર ગઢમાં કામના ગર્વને તથા માનને મારનારા પ્રેમીભકતોના પ્રાણ પ્યારા મહા પ્રભુ પ્રયાણ કરતા બીજે પધારતા હતા.

હે રાજન ! શ્રી સહજાનંદ સ્વામી **જેતલપુર** ધામમાં ભકતજનોનાં ઘરોમાં નિવાસ કરીને ખૂબ જ સુખો આપ્યાં, આવી રીતે જેતલપુરની મહાન શોભાનું વર્ણન કરીને શ્રીહરિએ પોતાના મુખે જ મહિમા વધાર્યો છે. મહાપ્રભુ **જેતલપુરથી** ચાલીને **પાલડી** ગામે પધાર્યા ત્યાંથી કાસંદરા ગામે પધાર્યા ત્યાંથી **મોડાસર** ગામે પધાર્યા, મોડાસરથી મછિયાવ પધાર્યા, આમ શ્રીહરિલીલાસિંધુમાં લહરિના રુપમાં ઓગણત્રીશમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુમાં દશમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મછયાવ પધાર્યા તે લીલાનું વર્ણન કર્યું એ નામે આ ઓગણત્રીશમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૯ ॥**

## તરંગ-૩૦

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ મને ધામના ધામી મહાપ્રભુ તેજોમય ધામ જેમનું છે તેજોમય જેમનું દિવ્ય સ્વરુપ છે, તે તેજની કિરણ રુપ સ્વમુખ કમળવાળા જેમનું અક્ષર ધામ નિવાસ સ્થાન છે એવા જે પ્રભુ તે પોતે જેમનાં નામનો સર્વ સ્ત્રીઓ અને પુરુષો જપ જપ્યા કરે છે. એવા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની જે લીલા હોય તે મારા મનને ખેચનારી મનોહર લીલા તે મને આપ યોગ્ય રીતે કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો જે અનંત ધામના ધામી મહાપ્રભુ પૃથ્વી ઉપર અવતાર ધરીને પધાર્યા છે તે જ પ્રભુનું તેજોમય જે ધામ તેને પોતાના અંતઃકરણમા ધ્યાન કરીને મહાસુખ પામે છે એવા પ્રગટ મૂર્તિ પ્રભુ સર્વના મનોરથો પૂર્ણ કરે છે તેમનું શેષજી ધ્યાન ધરીને ગુણનું ગાન કર્યા જ કરે છે હે રાજન ! એવા શ્રી મહાપ્રભુ સહજાનંદ સ્વામીની મનોહર લીલાઓ તો અનંત છે તે હે રાજન ! આપને કહું છું તેને તમે તમારા અતઃકરણમાં ધારણા કરીને સાંભળો.

શ્રી સહજાનંદ સ્વામી **મછિયાવા** ગામે સર્વના મનને હરીને સર્વને મહાસુખ આપીને ત્યાંથી **દદુકા નામના** ગામે પધાર્યા આનંદ દાતા મહાપ્રભુ સંત સમાજની સાથે પધાર્યા. ત્યારે મહાપ્રભુ દદુકાપુરની શોભા જોઈને તથા ગામની નજીકમાં ચોખ્ખા જળથી પૂરું ભરેલું સરોવર જોઈને મનમાં રાજી થયા ભુમંડળની મનોહરતા અતિ ભારે શોભતી હતી. તે સરોવરની પાળે પક્ષીઓનાં ટોળાંઓ પોતપોતાના શબ્દોથી બોલીને કલરવ કરતાં હતાં આવી રીતની પ્રાકૃતિક શોભાથી પુરની શોભાનો વધારો થતો હતો, તે રમણિયતાની વિશાળતા જોઈને તે **દદુકાપુર**માં સુખના સાગર મહાપ્રભુ પધાર્યા, મહારાજ પોતે ઉદ્ધવ સંપ્રદાયનો મુખ્ય પ્રકાશ પાડનારા હતા. મહારાજ પધાર્યાના સમાચાર જાણીને ગામના સર્વ ભકતજનો ત્યાં પ્રભુ પાસે જાત જાતના વાજિંત્રો તથા ભેટ સામગ્રી લઈને આવ્યાં હતાં તેમા **ગોડજી, કાંધોજી, અલભાઈ** તથા **બેચરભાઈ, કલ્યાણભાઈ** આદિક ભકતો સામૈયામાં આવ્યાં. આવી રીતે સર્વ ભકતજનો પ્રભુનાં સામા આવ્યા અનેક

પ્રકારના વાજાં વગાડતાં થકા ગાતાં વાતાં સૌ પ્રભુને ગામમાં લઈને આવ્યાં હતાં, મહારાજનો મુકામ પ્રેમીભકતના ઘરમાં કરાવ્યો.

હે રાજન ! સ્વામી સહજાનંદ પ્રભુ સુંદર ઉંચા આસન ઉપર વિરાજમાન થયા બહુનામી ધામના ધામી મહાપ્રભુ સર્વ જનના અંતરને જાણનારા મહારાજ લોકોને કૃપા કરીને જ્ઞાનની વાતો કરતા હતા અને સૌ વૃદ્ધો, બાળકો, યુવાનો પ્રેમથી સાંભળતાં હતાં. જયારે રસયુકત રસોઈ તૈયાર થઈ ભોજનનો સમય થયો ત્યારે ભગવાન જમવા પધાર્યા ત્યારે મહારાજ સંતોને જમાડતા હતા અને બધાના મનને રાજી કરતા હતા. મહાપ્રભુ થાળ જમીને તૈયાર થયા. પછી પ્રેમથી સંતોની પંકિતમાં પીરસતા હતા, આગ્રહપૂર્વક લાડુ આપતા હતા, આનંદ કરવા માટે ઉપર દુધ અને દહીં પીરસતા હતા. આગ્રહ કરીને છેલ્લે દુધ અને દહીની છાકમછોળ ઉડાડતા હતા. આવી પીરસવાની લીલા જોઈને બધાને દહીંવાળા જોઈને સર્વના મનના મેલને દૂર કરતા હતા. એમ આનંદ કરાવતા હતા.

ત્યાર પછી પ્રભુનું પ્રેમથી પૂજન કરતા હતા ત્યારે ચરણકમળ પૂજીને લલાટે ચંદન ચર્ચિને પુષ્પના હારો તોરાઓ ધારણ કરાવતા હતા. મધુર સ્વરે કીર્તન કરતા હતા ત્યાર પછી શ્રીહરિની સ્તુતિ કરતા હતા ત્યારે સર્વ સંતોની સાથે ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરતા કહેતા હતાં કે, હે ધામના ધામી પ્રભુ ! સર્વ પુરના જનોને કામાદિકથી મુક્તિ કરાવીને પૂર્ણ કરશો. હે પ્રભુ ! શોભાને ધારણ કરનારા શ્રીહરિ સર્વને સુખ કરીને મનની ભ્રાંતિને દૂર કરજો, આપના ચરિત્રને સર્વે જનો જાણે છે એવા હે પ્રભુ આપ સર્વ જગતની પીડાને હરનારા છો, આપ પાખંડીના મતને તોડનારા એવા પ્રસિદ્ધ છો સજ્જનોને મુક્તિ કરનારા છો, સર્વ દેવતાઓએ આરાધના કરાયેલા આશ્રિતજનના મનના દોષોને તોડનારા છો જીવનું દમન કરનારા છો, સર્વને બુદ્ધિ અને જ્ઞાન આપનારા આપ જ છો. હે સર્વના સ્વામી અમોને આપનાં ચરણકમળમાં અંખડ વાસ કરાવજો. આપ સર્વત્ર પ્રસિદ્ધ જ છો દિન એવો હું તેમને આપના ચરણકમળમાં સ્થાન આપજો. હે દીનાનાથ ! હે કૃપાળુ ! આપ દાસની ઉપર કૃપા કરીને સાચું જ્ઞાન આપીને મનની ભ્રાંતિને દૂર કરજો. અખંડ આપના ચરણકમળને સેવીએ એવી કૃપા કરજો. આ રીતે ભકતજનોની સ્તુતિ સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ રાજી થઈ ગયા સૌને માગેલાં વરદાનો દેતા હતા. આવી રીતે શ્રીહરિ કરુણા નિધિએ સર્વની વિભ્રાંતિને દૂર કરીને મનમાં શાંતિ કરી. **દદુકામાં** ભકતજનોને ઈચ્છિત વર આપીને મહાપ્રભુ ત્યાંથી દયાના સાગર દયાળુ ચંચળતાથી ચાલતા થાય.

શ્રી હરિ પ્રભુ સૌ સંતોની સાથે **'કઠેચી'** ગામે થઈ આગળ ચંચળતાથી ચાલીને સુખનિધાન **'ચલેસણાં'** ગામે પધાર્યા. તે **ચલાસણાં** પુરની શોભા જોઈને કમલનયન મનોહર દૃષ્ટિથી જોતા તા તે ગામના સરોવરની શોભા ખૂબ જ સુંદર કમળના ફૂલો ખિલેલાં શોભતા હતાં, તથા ત્યાંના ઘરો પણ સ્વચ્છ સારાં હતાં. શ્રીહરિ પધાર્યા એ જોઈને નાથનાં દર્શન કરવા ગામનાં આગેવાનો સજ્જનો આવ્યા સાથે ભગવાનના સામૈયા માટે વાજિંત્રો વગાડતાં થકાં પ્રભુની પાસે આવ્યા, સાથે પ્રભુને અર્પણ કરવા માટે ભેટ સામગ્રી લાવ્યા હતા તે પ્રભુના ચરણે અર્પણ કરીને પછી મહાપ્રભુનાં ગુણકીર્તન ગાતાં થકા આવતાં હતાં. પુરુષોત્તમ પ્રભુને ઓળખીને પ્રેમીભકત **પુરુષોત્તમભાઈએ** મહાપ્રભુને પોતાના સ્વચ્છ કરેલા ઘરની અંદર નિવાસ કરાવતા હતા. ત્યાર

પછી રસદાર રસોઈ મહાપ્રભુ પ્રેમથી જમતા હતા, અને ભકતજનોને આનંદ આપતા હતા. શ્રીહરિ બનાવેલા પાકોને પ્રેમથી જમીને પછી મુખ ધોઈને જળપાન કરતા હતા. પછી ઉદર ઉપર હાથ ફેરવતા સર્વને સનાથ કરતા હતા. પછી અનેક ભકતો સંતો સૌ જમતા હતા આનંદકંદ જગતના વંદ્ય મહારાજ સંતોને પ્રેમથી જમાડતા હતા.

દેવના દેવ મહાપ્રભુએ આશ્રિત ભકતોને દર્શનના સુખ આપ્યાં આનંદ કરીને પછી ત્યાંથી પ્રયાણ કર્યું શ્રીહરિ પોતાના આશ્રિત સંતોની સાથે 'તાવી' નામના ગામે પધાર્યા ત્યાં બાઈઓએ પ્રભુના દર્શન કર્યા એમના મનના શોકને હરતા હતા. તે **તાવી ગામમાં** રાજાના ધર્મને ધારણ કરનારા જેષ્ટીજીત નામના રાજા ત્યાં રહેતા હતા તથા એમના ભાઈ **સદાભાઈ** તથા **રાજા અખા ભાઈ** આદિ એકાંતિક ભકતો રહેતા હતા તે આવ્યા તથા ગામના બીજા એકાંતિક આશ્રિત ભકતો ઘણા બધા ભાવથી શ્રી ઘનશ્યામ પ્રભુના સામા સામૈયા માટે જતા હતા, સાથે ભેટ સામગ્રી લઈને આવ્યા. લાવેલ બધી જ ભેટ પ્રભુનાં ચરણ પાસે અર્પણ કરીને પ્રભુના મુખારવિંદના દર્શન કરીને નેત્રમાં ઉતારીને પ્રભુને દંડવત્ પ્રણામ કર્યા, મહાપ્રભુ કુશળ સમાચાર પૂછતા હતા સર્વની સાથે સંતો ભકતોની ભીડમાં મહાપ્રભુને પુરમાં લઈ જતા હતા. હે રાજન ! શ્રી સહજાનંદ સ્વામી તવીપુરમાં પધાર્યા ત્યારે ભકતજનો ખૂબ જ પ્રેમ કરીને પધરાવતા હતા, ઘરમાં પલંગ તૈયાર કરીને તે ઉપર પ્રભુને બેસાર્યા. પવિત્ર પ્રભુના ગુણચરિત્રોને બહેનો પ્રેમથી ગાતાં હતાં. પ્રભુ પધાર્યા એટલે પુરના સૌ જનો દર્શન કરવા પ્રભુ પાસે આવ્યાં પ્રભુના મુખેથી જ્ઞાનની વાતો સાંભળીને બધા જ મનના તથા તનના તાપને ત્યાગ કરી સૌ ભાવ કરીને ભગવાનનું ભજન કરીને જન્મમરણના ફેરાંના દુઃખને ટાળો. ભગવાન જ સર્વના નાથ છે, સુખ આપનારા એ જ છે એમના આશ્રયથી પરમધામ પમાય છે.

કૃપાળુ ભગવાન વારંવાર લોક કલ્યાણ માટે જ અવતાર ધારીને પૃથ્વી ઉપર વિચરણ કરીને પોતાના સ્વરુપનું જ્ઞાન બધાને તરત જ કરે છે. અને મોક્ષનો માર્ગ સમજાવે છે માટે મહાપ્રભુને ઓળખીને એમની પાસેથી દીક્ષા ગ્રહણ કરીને સુખ પામો. આ ઘોર ભવસાગરને તરવા માટે તથા વેદશાસ્ત્રની માન્યતા વાળા અમારા સિદ્ધાંતોનો આશ્રય કરવાથી વગર પ્રયાસે સરળતાથી પ્રભુના ધામની પ્રાપ્તિ થાય છે. આ બધી જ વાતો અમે સાચી જ કહીએ છીએ બધાને માટે અમારી વાતો છે.આ રીતની મહાપ્રભુજીની વાતો સાંભળીને સૌ જનો ખૂબ જ રાજી થયાં હે પ્રભુ ! આપે અમને આજે ખૂબ જ વાતો કરીને ખૂબ જ કૃપા કરેલ છે. આપ પરમારથ માટે જ આ જ્ઞાનની વાત કરેલ છે. આપના મુખની આ અમૃતવાર્તા અદ્‌ભૂત છે. આપ તો ભકતજનોનો ઉદ્ધાર કરવા અહીં પધાર્યા છો, આપ તો અધમોધારક છો બધે જ ઉદ્ધાર કરવા વિચરો છો. આપનો આશ્રય કરીને જે હરિભકત થાય છે તે નિષ્પાપ થઈ જાય છે. આવી રીતે સત્સંગનો મહિમા સમજીને સત્પુરુષની સંગતિ કરવી અને અનાયાસ જ આ સંસાર સાગરને તરીને પાર ઉતારશો, આમ મહાપ્રભુ વાતો કરતા હરખાતા હતા. સજ્જનો સાચા સત્સંગી બનતા હતા. પછી રસદાર રસોઈ, તૈયાર થઈ ત્યારે મહાપ્રભુ પોતે જ થાળ જમવા માટે પધાર્યા મહાપ્રભુ થાળ જમીને પછી સંતોને ખૂબ જ પ્રેમથી જમાડતા હતા ને પંગતમાં વારંવાર ફરતા હતા.

હે રાજન ! જગતના પતિ થાળ જમીને પોતાના આશ્રિત સંતો તથા ભકતજનોને દર્શન દઈને મનના

ત્રાસને મટાડીને રાતનો વિશ્રામ કરીને, સવારમાં વહેલાં પ્રભાત વેળા થઈ ત્યારે તરત જ ચાલતા થયા. સર્વના પાપ-તાપ ત્રાસને મટાડી દીધા માર્ગમાં ચાલતાં આનંદ પ્રમોદ કરાવતા થકા મહારાજ જતા હતા. પ્રભુના ગુણને ગવરાવતા થકા હસ્તા હસાવતા શ્રીહરિ મહાપ્રભુ સુખ આપતા **શિયાણી** ગામે પધાર્યા. ગામના ભકતોને ખૂબ જ આનંદ ઉત્સાહ વધતો હતો સખાઓની સાથે અવિનાશી પ્રભુ પધાર્યા. પ્રભુ પધાર્યાનું સાંભળીને **શિવરામભટ્ટ, પથાજી, હમજીભાઈ** આદિક વિપ્રો તથા બિજા ભકતો **ભીમો** શેઠ વિગેરે ભકતો ચાલીને સામાં આવ્યા. સાથે અનેક પ્રકારનાં વાજા તથા ભાતભાતના સ્વર કરતા થકા દુદુંભી બજાવતા થકા ભેરી, પડઘમ આદિક તથા ભૂંગળો વગાડતાં થકા સામા આવ્યા. સાથે ભારે ભારે ભેટો સામગ્રી લાવ્યા તે ભાવિક ભકતો મહાપ્રભુનાં ચરણ સમીપે અર્પણ કરતા હતા. દર્શન કરીને પ્રભુને દંડવત્ પ્રણામ કરતા હતા. ત્યાર પછી મહાપ્રભુને ધામધુમ કરીને પ્રેમથી પોતાના પુરમાં લાવીને પધરાવતા હતા ને આનંદ પામતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ જયારે **શિયાણી** ગામમાં પધાર્યા ત્યારે ગામના સારી રીતે સ્વચ્છ કરેલા ધોળેલા મકાનો સારી રીતે શોભતાં હતાં તે મકાનોના ગોખો, અટારીઓમાં ઉભેલી નારીઓ જાળીઓ ખોલીને પ્રભુના પ્રેમથી દર્શન કરી પછી પ્રભુને પુષ્પો તથા ચોખાથી વધાવતી હતી, અને પોતાના ચિત્તને પ્રભુના સ્વરુપમાં પરોવીને ગાતી હતી અને મહાપ્રભુ સુખકંદ દયાળુ સૌને મહાસુખ આપતા હતા. જગના વંદ્ય ! પ્રભુ આનંદના કંદ સર્વના પાપોને બાળનારા મહારાજા કૂવાઓથી શોભતું સરોવર તેની ઉપર અનેક વૃક્ષોનાં સમુહથી શોભતું હતું, મુનિજનોના મનને મોહ પમાડતું હતું, પ્રભુના પ્રતાપથી સર્વના ભવદુઃખને મટાડનાર થતું હતું.

શ્રીહરિ **શિવરામ વિપ્રના પ્રસિદ્ધ શિયાણી** ગામે પધારીને પાવન કરીને શિવરામ વિપ્રનાં ઘરને વિશે પાવન કરવા પધારતા ને નિવાસ કરતા હતા ત્યાર પછી મહાપ્રભુને માટે સ્વાદિષ્ટ રસભરપુર સુંદર રસોઈ બનાવીને સુંદર થાળ તૈયાર કરીને પ્રભુની પાસે લાવ્યા મહાપ્રભુ પ્રેમથી થાળ જમતા હતા. નાના ભોજનના કોળીયા લઈને જીવનપ્રાણ શાંતિથી થાળ આરોગતા હતા. ને પ્રેમીભકતોને દર્શન આપતા હતા, થાળ જમીને જળપાન કરીને ઉદર ઉપર હાથ ફેરવતા જીવનપ્રાણ અનેક ફંદનો નાશ કરતા હતા. જયારે થાળ જમી રહયા પછી મહારાજ પ્રેમથી સંતોને સારી રીતે પીરસતા હતા અને હરિજનોને હેતથી જમાડતા હતા. શ્રીહરિ તૃપ્ત થઈને ભકતજનોના અનેકના પાપોને દૂર કરનારા હતા ને અધિકતયા સુખ આપતા હતા, ભકતજનોને મનમાં અતિશય સુખ આપીને મહારાજ ત્યાંથી પ્રયાણ કરતા હતા.

હે રાજન ! જયારે સવારમાં પ્રભાત વેળા થઈ ત્યારે ભયહારી મહાપ્રભુ ચાલીને ભલગામ નામના ગામે પધાર્યા. ઘનશ્યામ પ્રભુને આવેલા જોઈને ગામના ભકતો પ્રભુ પાસે આવ્યા, દર્શન કરીને સૌ સ્ત્રી પુરુષોના મુખ ઉપર આનંદ થયો. મહાપ્રભુ સર્વ પોતાના ભકતજનોને દર્શન દઈને **લીંબડી** નામના શહેર પ્રત્યે પધાર્યા ત્યારે શહેરના રહેનારા ભક્તો સૌ સામા આવ્યા સર્વેને પ્રભુના દર્શન કરીને લીલા લહેર થઈ ગઈ.હે રાજન ! **ગોપાળ** નામના ભકત તથા **નરભેરામ** બ્રાહ્મણ ભકત તથા **બેચરભાઈ, શિવોભકત** સૌ જગતના બંધનથી વિરકત રહેનારા એ સર્વ હરિભકતો શ્રીહરિ મહાપ્રભુને નીરખીને રાજી રાજી થઈ ગયા સાથે લાવેલા ભેટ સામગ્રી પ્રભુને અપર્ણ કરીને સૌએ દંડવત પ્રણામ કર્યા ત્યાર પછી વાજાં વગાડતાં થકા પ્રભુના ગુણ કીર્તન ગાતાં થકા મહાપ્રભુને પોતાના **લીંબડી** ગામમાં લાવ્યાં. શહેરની અદ્‌ભૂત શોભા જોઈને

મહાપ્રભુજી ખૂબ જ રાજી રાજી થઈ ગયા. તે પુરની અટારીઓ ઘૂમટો ઉપર ઉંચા ઉચાં ધ્વજદંડોની શોભા જોઈને સૂર્ય ચંદ્ર પણ શરમાતા હતા. શિખરો ઉપર કળશો વધારે જળકતા લાગતા હતા, તેના દરાવજા તથા તેવા કમાડો સારાં હતાં, નરનારીજનો તે દ્વારોમાંથી આવતા જતાં જોઈને એમની હોશિયારી અને ચતુરતા ગંભીરતા ખૂબ જ શોભા વધારતાં હતાં, તેમ જ કિલ્લાઓના બુરજો ઉપર તોપો શોભતી હતી, આવી રીતે તે લીંબડી પુરની શોભા જોઈને ત્યાં પધારેલા હરિને જોઈને નરનારીજનો મોહ પામતાં હતાં.

હે રાજન ! શહેરની આવી રીતની સુંદરતા જોઈને મહાપ્રભુ તથા સંતો સૌ શહેરને શોભાવતાં થકાં બજારની વચમાં થઈને સર્વના ભયને હરનારા મહારાજ લોકોનાં સુખ કરવા ચાલતા હતા, માર્ગમાં સર્વે સેવકોની સેવાને ગ્રહણ કરતા થકા શ્રી ઘનશ્યામ પ્રભુ ત્યાંથી ચાલીને **'લાલિયાદ'** નામના ગામે પધાર્યા. સર્વના સુખધામ ઘનશ્યામ પ્રભુ સર્વે સંતોની સાથે તળાવની સુંદર પાળ ઉપર મુકામ કરીને રહેતા હતા ત્યારે ગામના આગેવાનો **રતનસિંહ** આદિક ભકતો આનંદ પામતાં થકા સામા આવતા હતા. આવીને ભકતજનો પ્રભુનાં દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યા, મહાપ્રભુ તેઓના સ્વાગત સમાચાર ભાવથી પૂછતા હતાં. મહાપ્રભુની ખુબ જ સમજવા જેવી વાતને સંસારી જીવો પ્રેમથી સાંભળતાં હતાં, પ્રભુની વાતો સાંભળીને નરનારી જનો મનમા ખૂબ જ રાજી રાજી થઈ ગયાં, એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે થાળ જમવા માટે શ્રીહરિ મહારાજ તૈયાર થઈ ગયા, જગતના અજ્ઞાન અંધકારનો નાશ કરનારા મહાપ્રભુ સંતોની સાથે જ સર્વ સમુદાય જમવા પધારતા હતા. થાળ જમી રહ્યા પછી સર્વ સંત સમાજને ઘનશ્યામ પ્રભુએ જમાડયા ને ભકતજનોને ખૂબ જ સુખ આપ્યાં. ત્યાર પછી મહારાજ ત્યાંથી સુખપૂર્વક પ્રયાણ કરતા હતા સંતો અને ભક્તો ભગવાનનાં ચરિત્ર ગુણ કિર્તન ગાતા થકા સર્વ સંત સમુદાયની સાથે મહારાજ **''નાગડકા''** પધાર્યા, સમાચાર જાણીને ગામના હરિજનો સૌ આગેવાનો સામા પ્રભુ પાસે આવતા હતા જાત જાતના વાજાં વગાડતા થકા સાથે પ્રભુને અર્પવા ભેટ સામગ્રી લઈને સામૈયું કરીને ગાતાં વગાડતાં આવતાં હતાં, પછી મહારાજને ગામમાં લાવતાં હતાં. શ્રી સહજાનંદ પ્રભુ નાગડકાપુર પ્રેમથી પાવન કરીને **સુરાભકતના** દરબારગઢમાં ભકતના મનના ત્રાસને દૂર હરતા થકા શ્રીહરિ ધર્મનંદન પ્રભુ ચપલ નયન મૂર્તિ ચાર દિવસ સુધી નિવાસ કરતા હતા, પોતાના આશ્રિતોને સહજાનંદ પ્રભુ આનંદ-વિનોદ કરાવતા હતા, સર્વના ભયને હરનારા ભગવાન ભાવિક ભકતના ઘેર પ્રેમથી બનાવેલ ભોજનના થાળને જમતા હતા, પછી સંતો ભકતજનોને મહારાજ પ્રેમથી પીરસીને જમાડતા હતા.

શ્રીહરિ મનમોહન પ્રભુ **મચ્છિયાવ** થી **દદુકા** પધાર્યા ત્યાંથી **તલસાણા** જઈને વેદવેદાંતના જ્ઞાનની વાર્તાઓ કરીને ઉપદેશ કર્યો ત્યાંથી **તાવિ** પધાર્યા ત્યાંથી શિયાણી પધાર્યા. શિયાણીથી **ભલગામડા લીંબડી, લાલિયાદ** થઈને **નાગડકે પધાર્યા.** આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આ ત્રીશમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં ગુરુ અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ નાગડકા ગામે પધાર્યા એની લીલા કહી એ નામે આ ત્રીશમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૦ ॥**

# તરંગ-૩૧

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કરોડો કામદેવની શોભાને પાછી પાડે એવા મનોહર મૂર્તિ સર્વના મનોરથોને પૂર્ણ કરીને સુખ આપનારા કામદેવને કામ વશ બાળનારા શંકર જેમના નામનું સતત રટણ કરો છે એવા સર્વ મનોરથોને પૂરનારા ઘનશ્યામ પ્રભુ **નાગડકા** પધાર્યા. ત્યાં ભકતોને સુખ કરીને પ્રભુએ કયા ગામ જવા માટે પ્રયાણ કર્યું, જે ગામ ગયા તે ગામમાં દર્શન સુખ આપીને સનાથ કરીને જગતના પતિ મહાપ્રભુ કયાં ગામે પધાર્યા. એ બધી જ લીલા મને કહેવા કૃપા કરો. સર્વના ચિત્તને ચોરનારા પ્રભુનાં ચરિત્રો હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મને કહો, મારી મતિ તો ખૂબ જ નાની છે તે પ્રભુનાં ચરિત્રો તો બહુ જ છે. એટલા માટે પ્રગટ પ્રભુનાં ચરિત્રોને પૂછું  છું તો આપ મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન !  તમે સાંભળો મનોહર મૂર્તિ શ્રી ઘનશ્યામપ્રભુનું શંકર પાર્વતી પોતે જેમનું સતત નામ ભજે છે, એવા પ્રભુ સર્વના દુઃખોને તોડનારા મહાપ્રભુએ સર્વ સ્ત્રી-પુરુષોને મુકત કરવા વિચાર કર્યો છે સર્વના ભવફંદને દૂર કરે છે. હે રાજન ! એવા મહાપ્રભુની અલૌકિક લીલાના સારરૂપે સુખ આપનારા સુંદરવરના ચરિત્રો સંભળાવું છું માટે હે રાજન ! તેને ચિત્ત દઈને તમે સાંભળો.

હે રાજન ! શ્રી હરિ સર્વના નાથ **નાગડકે** થી ચાલતા થયા, મનને મોહ પમાડનારા મોહન મુર્તિ સર્વને ખૂબ જ પ્રિય લાગતા હતા એવા બહુનામી પ્રભુ **બોટાદપુરે** પધાર્યા પ્રભુના આવવાનું જાણીને સર્વે  નરનારીઓ સૌ સામાં દોડીને દર્શને આવ્યા. સૌ જાતજાતના વાજિંત્રો, ત્રાંસા, ભેરી, શરણાઈ વગેરે વગાડતાં જાત જાતનાં ગીતો ગાતા થકા સામા આવ્યાં સાથે ભેટ લાવેલાં હતાં તે મહાપ્રભુની ચરણમાં હરખ પામતાં થકાં અર્પતાં હતાં. મહારાજને દંડવત્ પ્રણામ કરીને દર્શન કરીને સર્વ નરનારીજનો મનમાં શોક વગરના થયા. શ્રીહરિ નાથની છબીને પોતાના નેત્રોમાં  ઉતારીને સુખ પામતા હતા ઘનશ્યામ પ્રભુનું સ્વરુપ મેઘની સમાન શ્યામ શોભતું હતું. મનોહર સ્વરુપે કમલમુખથી સૌને મોહ ઉપજાવતા હતા કમળની પાંખડીની સમાન ચંચળ નેત્રો જન્મમરણથી છોડાવનારાં છે તથા વિશાળ લલાટમાં ગોળ ચાંદલો શોભે છે. અતિ ગોળ કપોળ ખુબ જ શોભે છે, કાન ઉપર સુંદર મકરાકાર કુંડળો શોભે છે ઘનશ્યામપ્રભુની વાંકડી ભ્રૂકુટિ સર્વના સુખનું ધામ છે કામવાસનાદિકને દંડ કરનાર છે એવા મહાન શોભે છે.

હે રાજન ! મુખારવિંદની અંદર પરવાળાં જેવા લાગતા દાંતોની શોભા અતિશય કહી ન શકાય તેવી લાગે છે  કુંદ પુષ્પની કળિ સમાંન દાંતની અવલી શોભે છે. મનોહર મુરતિ શરદ ઋતુના તાપને હરતા હોયને શું ? એવું મનોહર મુખને જોઈને એમને સૌ સુખનું ઘર ન હોય ? તેમ કહે છે. અને વારંવાર જુવે છે. જાનું પર્યંત  લાંબા બંને બાહુઓ જય જયકાર કરાવનારા છે, જે હાથને  મસ્તક ઉપર ધારે છે. તે નિર્ભય થઈ જાય છે. સુખ આપનારું શીતળતાવાળા ઉદર ઉપર ત્રણ વળ પડે છે તે ત્રિવળીયુકત સર્વના તાપને શમાવનાર છે પાપનો નાશ કરનાર એવી ગંભીર ગોળ નાભિ સહિત ઉદરને ઉરમાં ધારીને ભક્તો સુખ પામતાં હતાં. શ્રી હરિ મુખકમળને મંદ હાસ્ય કરતા થકા દર્શન આપતા હતા  ત્યારે ધ્યાન કરનારા જનોના અંતઃકરણમાં શોભતા

હતા બંને જાનું પિંડીઓ ખૂબ જ મનોહર લાગતી હતી. તે સર્વના તાપ સંતાપને હરનારી હતી જે નિરખતા હતા તે સર્વના તાપ સંતાપને હરનારી હતી. પ્રભુના ચરણ કમળની પાની અતિ કોમળ કામની વાસનાના ટાળતી હતી આવા સુંદર ચરણકમળની શોભા ખૂબ જ વર્તાતી હતી તથા ગોળ ઘુંટી તે પણ હાથીના કુંભસ્થળ સમાન શોભતી હતી તે સર્વેને નિરખીને મનમાં ખૂબ જ આશ્ચર્ય થતું હતું. પ્રભુના બંને ચરણ તળ કમળની સમાન શોભે છે તેમાં સાત સમુદ્ર અને નવ ખંડ સમાન ચરણમાં ચિહ્નો શોભે છે તે ૧. અંબુજ ૨.(કમળ)અંકુશ ૩.અષ્ટકોણ ૪. જવ ૫. જાબું ફળ, ૬. ધનુષ ૭. ગોપદ ૮. ધ્વજ ૯. ચંદ્રમા ૧૦. મીન ૧૧. કળશ આદિ તથા ૧૨.ત્રિકોણ ૧૩. વ્યોંમ ૧૪. સ્વસ્તિક ૧૫. ધનુષ્ય ૧૬. ઉર્ધ્વરેખા આદિ સોળ ચિહ્નો શોભે છે. એવા મનોહર ચરણ તળ છે.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામીની અનંત શોભા જોઈને દર્શન કરીને સર્વે નરનારી જનો મનમાં ખુબ જ રાજી થયાં મનોહર મુરતિ નાથને પુરમાં પધરાવવા લાવતાં હતાં સાથે સૌ સંતો ભકતો મહાપ્રભુના ગુણનું ગાન કરતા આવતા હતા. અનેક પ્રકારના વાંજિંત્રો વગાડતાં થકાં ગાતાં થકાં માર્ગમાં આવતાં હતાં. સૌ પ્રેમીજનો ગુણ ગતાં ખુબ જ સુખને પામતાં હતાં. ચાલતા થકા હરિએ પુરમાં પ્રવેશ કર્યો. પરબ્રહ્મ પુરુષના રુપે પૂર્ણ સ્વરુપે સર્વ જગતના પ્રાણ આપ જ છો એમ માનતા હતા. આવી રીતે સર્વના નાથ સર્વને દર્શન દઈને પાવન કરીને મહાપ્રભુ સર્વના સુખના સાગર પુરમા પ્રવેશ કરતા હતા. પુરમાં માતરાધાધલના નિવાસે ઘર સ્વચ્છ હતું ત્યાં કામને હરનારા પ્રભુએ મુકામ ઉતારો કર્યો. સુંદર આસન તૈયાર કરીને શ્રી હરિને બેસાર્યા. પુરના ભાવિક ભકતો સરવે પ્રભુની પાસે બેઠા, ત્યારે ભયને ભાંગનારા મુક્તિના દાતા મોક્ષ કરનારી વાતો કરતા હતા. સર્વ નરનારીજનો પ્રેમથી સાંભળતાં હતાં. મનુષ્ય ભરત ખંડમાં જન્મ લઈને ભકત થઈને ભગવાનનું ભજન ભક્તિ કરે તથા ચરિત્રનું શ્રવણ કરે, સર્વના અંતર્યામી મહાપ્રભુને ઓળખે એમને જ સર્વ પ્રકારના કરેલા કર્મના ફળદાતા સમજે ને માયાના બધા જ બંધનને ત્યાગ કરીને અનંત સ્વરુપ ભગવાનનું સેવન કરવું. જગતમાં સંત ભકતોને જ સાચા સમજે અને સર્વના નાથ પ્રભુ ભરતખંડમાં જ અવતાર ધારે છે તે જ પોતે સર્વના કલ્યાણ કરીને શરણાગત બનાવે છે. મનુષ્ય અવતાર ધરીને આ પૃથ્વી ઉપર વિચરણ કરે છે. તે જ ઘનશ્યામ પ્રભુને ઓળખાય તેવા રુપવાળા આનંદના ધામરુપ એવા જે છે તે જ હું પોતે છું આ પ્રમાણે મારા આશ્રિત જે ભકતો છે તેમણે માનવું હું કોઈ જાુઠાં વચનો કહેતો જ નથી સત્ય જ કહું છું. માટે હું જે કહું છું તે પ્રમાણે તમે બધાં જ મારા આશ્રિતો સૌ પાલન કરશો તો તમને હું મારા અક્ષરધામમાં મારી પાસે મારા ચરણમાં જ નિવાસ કરાવીશ. આ રીતના પ્રભુના વચનો સાંભળીને સૌ નર નારી ખૂબ જ રાજી થયા અને સર્વ જન પભુને પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ જાણતા હતાં.

શ્રીહરિ મહાપ્રભુ જ્ઞાનની સારી વાતો કરતા હતા એટલા સમયમાં રસ ભરપુર રસોઈ થઈ ગઈ ત્યારે પ્રભુ માટે થાળ તૈયાર કરીને લાવ્યા જગતવંદ્ય મહાપ્રભુ **સર્વે** ભકતજનોના પાપોને બાળવા જમતા હતા. થાળ જમતા મહાપ્રભુ કોળિયા ખૂબ જ નાના લેતા હતા તેનાથી જગવંદ્ય પ્રભુ લોકોને આનંદ ઉપજાવતા હતા. પ્રભુ જમતા હતા ત્યારે જનસમુદાય દર્શન કરવા ઝંખના કરતાં હતાં. સજ્જન સ્ત્રી પુરુષોનો સમુદાયય પ્રેમથી દર્શન કરતો હતો. સર્વ મુનિજનોના નાથ થાળ જમીને પછી સર્વ મુનિ સમુદાયને એક સાથે પ્રભુ પ્રેમથી પીરસીને જમાડતા હતા મહારાજ વારંવાર પંગતમાં સંતોને ખૂબ જ આગ્રહથી વારંવાર જમાડીને ચંચળતાથી

લોકોના ચિત્તને ખેંચતા હતા, પછી મહાપ્રભુ ઘનશ્યામ હાથ ચરણ મુખકમળને ધોઈને સ્વચ્છ રુમાલથી મુખ ચરણ લૂછતા હતા. ત્યાર પછી મહારાજ પલંગ ઉપર પોઢતા હતા અને ભકતજન સમુદાય નિરખતા થકા દર્શન કરતાં હતાં. શ્રી સહજાનંદ સ્વામી રાત્રે શયનમાં યોગ નિંદ્રામાં પોઢયા ત્યારે લોકોનો સમુદાય પુરુષોત્તમ નારાયણના ચરણોને ચાંપતા હતા. ખૂબ જ પ્રેમથી પ્રેમી ભકતો પરિચર્યા કરતા હતા ત્યારે પ્રભુની મનોહર છબિને ઉરમાં ધારીને ધ્યાન કરતા હતા. સર્વ નર નારીજનો પ્રભુની નૌતમ છબિના દર્શન કરીને ચિંતવન કરતાં કરતા તેના આનંદનો અનુભવ કરતાં હતાં.

આવી રીતે મહારાજ બોટાદપુરમાં ભકતજનોને દર્શન આપતા હતા. શ્રી પુરુષોત્તમ પ્રભુ રાતના પાછળના ભાગે તૈયાર થઈને સર્વ મુનિજનોની સાથે ગાતાં થકાં ચાલતા હતા. સર્વના સુખધામ મહાપ્રભુ ગઢપુર સંતો હરિભકતોની સાથે પધારતા હતા ત્યારે પુરની શોભા જોઈ પ્રાણપતિ પ્રસન્ન થતા હતા. સ્વચ્છ ઘરોમાં શ્વેત સારા એવા એક થી એક ચડીયાતા જેની ઉપર ધ્વજદંડોમાં સુંદર ધજાઓ ફરકતા હતા તે નગરના મકાનો ઉપર જાણે યમદૂતો જોઈને જ ભય પામતા હતા. તે મકાનોમાં સર્વ નર-નારીજનો બહુ જ ભાવ પ્રેમથી ભગવાનની ભક્તિ કરતા થકા નિવાસ કરતા હતા. ગામમાં બજારોમાં ચોકો, હાટો, મોટાં થડાઓ તથા ઘરના દ્વારો ઉપર સોનાના દરવાજા ઉપર શોભતા હતા, તથા વચ્ચે વચ્ચે નાંનાં બાગ-બગીચાઓ ઘરના આગણાંઓમાં શોભતા હતા એવી શોભામાં પુરના સ્ત્રી-પુરુષો સુંદર રીતે હળી મળીને પ્રેમથી રહેતા હતા અને ભયહારિ શ્રી ઘનશ્યામને ભજતાં હતા મકાનનો થાટો ઉપર અટારીઓ, અગાસીઓ તેની શોભા વધારતાં સ્ત્રી જનો ઉભાં રહીને જોતી હતી તો સૌને દર્શન દેતા થકા શ્રીજી મહારાજ ચાલતા ચાલતા ધીરે ધીરે ડગલાં ભરતાં હતાં.

સર્વ નરનારી જનો નેત્રથી નિરખીને શ્યામ બિહારી પ્રભુનાં દર્શન કરતાં હતાં હાથમાં ફૂલની કળીઓને ધારણ કરીને પ્રભુને વધાવતાં હતાં નારીઓનું મંડળ અગાસીમાં ઉભું રહીને ફૂલની માળાઓ લીધેલા જાણે ફૂલવાડી ન ખીલી હોય ? તેમ હાથમાં ફૂલમાળા રાખીને સુંદર રીતે શોભા વધારતી હતી. સુખકારી મહાપ્રભુના ગુણ કીર્તનને નરનારી સૌ ગાતા થકા માર્ગમાં ચાલતાં હતા. પુરની ભૂમિને પાવન કરીને દૂર્ગપુરને વિષે પધારતા સહજાનંદ સ્વામી શોભતા હતા. મહાપ્રભુ દરબાર ગઢમાં પધારીને ઉત્તમ રાજાના દરબારની અંદર નિવાસ કર્યો સર્વ ભકતજનો દર્શન કરતા હતા. સર્વ નર-નારીજનો પોતાના હૃદયમાં પ્રેમ પ્રગટ કરીને તેના વિરહના સંતાપને મહાપ્રભુ નાશ કરી સૌ ભકતજનોની આશાઓ પૂર્ણ કરતા હતા. અને શોકથી મુકત કરતા હતા અને નરનારી સૌ પ્રભુના સ્વરુપને નખશિખા પર્યંત ઉરમાં ધારીને તે સુખકંદ પ્રભુનું નિરંતર સ્મરણ કરતાં થકા અરસ પરસ વાતો કરતાં હતાં. ધર્મનંદન પ્રભુનું જે દર્શન સુખ પામેલા તેનું વર્ણન કરતા હતા. હે રાજન ! આમ ચર્ચા કરતા જયારે કપિલા છઠ આવી ત્યારે ઉત્સવ કરવાનું નકકી કર્યું, ત્યારે મહાપ્રભુએ સૌ સંતોને પોતાની પાસે બોલાવ્યા ત્યારે સર્વે સંતો ભકતો આનંદ પામતાં થકા પ્રભુ પાસે આવ્યાં. ત્યારે મુકતાનંદ સ્વામી આદિક સંતો તથા ભણનારા સંતો તેઓ પણ મહાપ્રભુની આજ્ઞાને હૃદયમાં ધારણ કરીને સર્વે આવતા હતા. સૌ સંતોને જોઈને ભગવાન સર્વને બાથમાં લઈને ખૂબ જ ભેટતા હતા. સૌને કુશળ સમાચાર પૂછતા હતા આવી રીતે કમળનયન કૃપા કરીને સર્વને અલૌકિક સુખ આપતા હતા. હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોને ખુબજ ભાવ પૂર્વક ભેટીને ઉત્તરાદા બારના ઓરડામાં શોભા વધારતા વિરાજમાન થયા હતા. તે જ વખતે ગામના નિવાસી સૌ જનો સંતોને જમાડવા માટે રોજે રોજ વારંવાર સરસ રસોઈઓ બનાવરાવીને

સંતોને આંમત્રણ આપીને જમાડતા હતા, તે રસોઈમાં જલેબી, મોતિયા આદિક પકવાન્નો બનાવીને જમાડતા હતા શ્રીજીમહારાજ સંતોને આગ્રહથી પીરસતા હતા. જમનારા સંતોને ખૂબ જ આગ્રહ કરીને જમાડતા હતા અને સંતો એજ રીતે જમતા હતા. આવી રીતે મહાપ્રભુ અનેક પ્રકારના પકવાન્નો બનાવરાવીને નિત્ય પ્રત્યે જમાડતા હતા, આમ મહાપ્રભુ એક મહિના સુધી નિત્ય ખૂબ આગ્રહ કરીને જમાડતા હતા અને આનંદ પમાડતા થકા હરિભકતો પાસે ફૂલના હારો બનાવીને સંતોનું પૂજન કરાવતા હતા અને હરિભકતોના ભાવ પૂર્ણ કરાવતા હતા. આવી રીતે આનંદ કરાવતા હતા. આવી રીતે મહાપ્રભુ ગઢપુરમાં અનેક લીલાઓ કરતા હતા. ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ સંબધી વાર્તાઓ કરીને સર્વને દઢ નિષ્ઠા કરાવતા હતા.

હે રાજન ! એક દિવસ શ્રી હરિ થાળ જમીને પલંગ ઉપર વિરાજમાન જ્ઞાનની વાતો કરતા હતા, ત્યારે તે જ સમયે જુનાગઢથી પ્રેમીબાઈ ભકતો ત્યાં આવ્યાં હતાં.ભારે ભાવવાળા તે જેને **મોટબા કહેતાં હતાં** તે આવ્યાં હતાં નાથને જોઈને દર્શન કર્યા બંને હાથ જોડીને પ્રણામ કરીને ચરણકમળમાં મસ્તક નમાવીને હૃદયમાં ધારણ કરતાં હતાં અને કહેતા હતા કે હે પ્રભુ ! સર્વના મનોવાંછિત ફળને દેનારા આનંદના ધામ આપ સર્વના પાપને હરનારા છો. હે પ્રીતમ ! સર્વ સંતોને જમાડવાની ખુબજ ઈચ્છા છે હે પ્રભો! સર્વે મનિઓનું વૃંદ જમે તો મને ખૂબ જ આનંદ થાય. આમારા મનની સર્વે વાત તો આપ જાણનારા જ છો. આ રીતના બાઈના વચનો સાંભળીને સુખધામ પ્રભુ તે બાઈને વચન કહેતા હતા કે અત્યારે તો સંતો ગામમાં જમવા પધારે છે. ગામના ભકતજનો જમાડે છે. ત્યારે બાઈ કહે હે બહુનામી ! મારું વચન આપ સાંભળો.

હે પ્રભુ! મારે અત્યારે જ સંતોને જમાડવાની ઉતાવળ તો નથી પરંતુ મારે તો સંતોને જમાડવા જ છે. ત્યારે તે ભકતની વાણી સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા, અને કહે હવે અત્યારે જ રસોઈનું કામ કરાવીશું, આમ ઉદાર મૂર્તિ મહાપ્રભુ રાજી થઈને મોટીબાએ વાત કરી તે વાત બાઈઓને જઈને કરી પાક બનાવવાની તૈયારી કરીને બિરંજની સાથે પુરી તૈયાર કરાવી, પછી ઘનશ્યામ પ્રભુએ સૌ સંતોને પાસે બોલાવરાવીને જમવા માટેની પંગત કરાવરાવીને પ્રભુ તે પંગતમાં પ્રેમથી પીરસતા હતા અને સંતો પણ પ્રસન્ન મનવાળા થઈને પ્રેમથી જમતા હતા ને પ્રાણપતિ પ્રેમ કરીને ખૂબ જ આગ્રહ કરી કરીને પીરસતા હતા. અને સંતો પ્રેમથી જમાડતા હતા.

આવી રીતે મહાપ્રભુ વારંવાર આગ્રહ કરીને પીરસતા હતા અને સંતો પણ જુદા જુદા પાકોને લેતા હતા, મહાપ્રભુએ બિરંજ અને પુરી રુચિ પ્રમાણે બનાવરાવ્યાં હતાં તે પીરસતા હતા, સંતો આનંદ પામતા ભગવાનના પ્રસાદને લેતા ગુણને ગાતા હતા ને ખૂબ શોભા થતી હતી. મહાપ્રભુ પંગતમાં ફરતા ને જનોના ભવફંદને હરતા હતા. આવા સુખદાઈ પ્રભુ સુખ દેતા હતા, મહાપ્રભુ પોતાની કમરને વસ્ત્રથી કસીને બાંધતા હતા. પ્રભુ પંગતમાં હસતા હસતા પાસે જઈને ખૂબ જ આગ્રહ કરીને પીરસતા હતા. મહાપ્રભુ થોડો થોડો પ્રસાદ કરીને પ્રિત કરીને પીરસતા હતા જગતના નાથ સંતોને અધિક અધિક આગ્રહ કરની જમાડતા હતા. મહાપ્રભુએ જમાડીને સૌ સંતોને તૃપ્ત કરી દીધા ત્યારે મહાપ્રભુ ફરી બોલ્યા કે તમે મુખેથી માંગો તે જ વસ્તુ અમેં આપશું પછી **બ્રહ્માનંદ** સ્વામી પાસે જઈને લાડું આપતા હતા ત્યારે **બ્રહ્માનંદસ્વામી કહે હરિ હવે જયારે ખુટે ત્યારે કહીશું** અને **જરૂર હશે એટલે માંગશું, જયારે માગીઅ ત્યારે આપજો હે હરિ ! આપ અમને આપો છો અને અમે જમીએ છીએ આપને આપવાની ટેવ છે અને અમને જમવાની ટેવ છે. આમ બ્રહ્માનંદ સ્વામી**

**હસતાં થકાં કહેતા હતા કે, આપ આપશો તો અમો બધા જ બિરંજ લેશું, ત્યારે હરિ કહે અમે તો કાંઈ નહી જ દઈએ આમ કહીને ખૂબ જ હસતા હતા અને આનંદ કરતા હતા. આવી રીતે શ્રીહરિ જગદીશ પ્રભુ સૌ સંતસમાજને જમાડતા હતા અને સૌના ભવબંધનના ફંદને હરતા હતા. ત્યારે મહાનુભાવાનંદ** સ્વામીને **બ્રહ્માનંદ સ્વામી જમતા** જમતા **જ કહેતા હતા કે, હું પ્રભુનો મર્મ જાણું છું કે હવે પછીથી પંગતમાં દુધ આવશે જ. આમ વાતો કરતા હતા તે વાતો સાંભળીને મહારાજ કહેતા હતા કે આજે દુધ છે જ નહીં. કેમ કે આજે ગાયોનું ધણ નથી આવ્યું. આ વાતને તમે સાચી જ માનજો. અમે સાચું જ કહીએ છીએ.**

**હે રાજન ! આવી રીતેની મહાપ્રભુની વાતો સાંભળીને ભકતરાજ ભગુજી કહેતા હતા કે ગાયો દોહરાવીને દૂધ તૈયાર કર્યુ છે. હમણાં થોડી વારમાં જ આવશે. ત્યારે તે દુધને લાડુબા સુંદર તૈયાર કરીને સાકર નાખી પાત્રમાં ભરીને ઘનશ્યામ પ્રભુના હાથમાં અર્પણ કરી દીધું. તે દુધને આગ્રહ કરી કરીને સંતોની પંકિતમાં પીરસતા હતા. નાથની નિયમસર સંતોને પીરસવાની નેમને સંતો નિરખતા હતા. આવી રીતે નાથ સૌ સંતોને ખૂબ જ જમાડતા હતા, ત્યાર પછી મહાપ્રભુ હાથ અને ચરણો ધોતા હતા. જમીને સૌ સંતો સાથે મળીને ઉતારે ગયા.** હે ગઢના પતિ આનંદ રાજન ! શ્રી હરિ ગઢપુરમાં નિવાસ કરીને અંનત જીવોના પાપોને ધોવા માટે અનંત લીલાઓને કરતા ને આનંદ કરાવતાં હતા. આવી રીતે મહાપ્રભુનાં ચરિત્રોને કોણ કવિ પાર પામે છે, કોઈ નથી જ પામતા. આવી રીતની હરિલીલાનો તો શેષ, શારદા, નારદ આદિક કોઈ પાર જ ન પામે એવી લીલા છે. આવી રીતે મહાપ્રભુ **ગઢપુરમાં** નિવાસ કરીને લીલા કરતા હતા અને ભકતજનોના ત્રાસને હરતા હતા. તેને સાંભળીને અધિક આનંદ થાય છે.

હે રાજન ! શ્રી હરિ સંતોની સાથે **બોટાદ** પધાર્યા ત્યાં મહારાજે અલૌકિક લીલા કરી તે બધી જ વાત મેં તમને કહી સંભળાવી. મહારાજ પછી ત્યાંથી **ગઢપુર** પધાર્યા, દેશાંતરમાં વિચરતા સંતોને પોતાની પાસે ગઢપુરમાં તેડાવ્યા સંતોને પ્રભુએ ખુબ જ જમાડયાં આમ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપમાં આ એકત્રીસ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આંનદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ ગઢપુરમાં શ્રી હરિલીલાનું વર્ણન કરીને જણાવ્યું એ નામનો આ એકત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૧ ॥**

# તરંગ-૩૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વના જન્મ મરણના દુઃખોથી તારનારા જન્મ મરણના ભયને ટાળનારા ભકતોના સ્વામી જન્મ મરણથી તારનારા ઉદ્ધારનારા ભગવાન પુરુષોત્તમ પ્રભુનાં ગુણચરિત્રોને પાર્વતીની સાથે શંકર નિત્ય પ્રત્યે ગાયા જ કરે છે. એવા શ્રી હરિ મહાપ્રભુ એ શું શું ચરિત્રો કરીને પોતાના આશ્રિત ભકતજનોને ગઢપુર ધામમાં કર્યા હોય તે મને કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કેહે હે રાજન ! તમે ભગવાનના ચરિત્રોની વાતો પૂછી તે તો બહુ જ સારું કર્યું કેમ કે તમો પ્રગટમૂર્તિમાં પ્રીત કરીને જે ચરિત્રો પૂછયાં છે તે સર્વે પવિત્ર ચરિત્રો સુખ આપનારા અને કળિના કષ્ટને હરનારા છે. ગુણના સાગર સહજાનંદ સ્વામી ગઢપુરમાં પોતાનું ઘર માનીને બહુનામી પ્રભુ આનંદથી નિવાસ કરીને રહેતા હતા કમળ સમાન કોમળ અંગોવાળા શ્રીહરિ દયા કરીને કોઈક દિવસ જીવા ખાચરના દરબારમાં જતા હતા અને કૃપા કરીને એના ઓરડાના દ્વારમાં બેસતા હતા. સર્વ સંતભકત સમાજ સેવા ભક્તિ કરતા હતા. હે રાજન ! ભકતનો ભરપૂર ભાવ જોઈને ભોજનનો થાળ જમતા હતા અને જીજ્ઞાસુ ભક્તોને ઘનશ્યામપ્રભુ સુંદર જ્ઞાન વૈરાગ્ય ધર્મ ભક્તિની વાર્તાઓ કરતા હતા મહારાજ ઉન્મત ગંગા (ઘેલાનદી)માં સખાઓ અને સંતોની સાથે કીર્તન ગવરાવતા થકા જતા હતા, ઘેલામાં અનેક ખેલો કરતા કરતા ઘણીવાર સુધી સ્નાન કરતા હતા સંતો અને સખાઓ પર વારંવાર પાણી ઉડાડતા ભક્તો પ્રભુના કોમળ ચરણોમાં સ્પર્શ કરીને કૃતકૃત્ય કરતા હતા. લોકોનાં મનને અશરણના શરણ પ્રભુ આનંદ કરાવતા હતા. મહાપ્રભુ જળમાંથી બહાર નીકળીને વસ્ત્રો ધારણ કરતા હતા મુખેથી મંદ મંદ હાસ્ય કરતા ત્યારે શ્વેત દાંતો ચમકતા હતા. કમલનયન પ્રભુ સ્નાન કરીને આવતાં જતાં ગાતા થકા એકાગ્ર ચિત્ત થઈને માર્ગમાં ચાલતા કોમળ વચનો બોલતા હતા. આમ ચરિત્ર કરતા થકા દાદાના દરબારમાં પધારતા હતા સુંદર શ્યામ પ્રભુ નિવાસ કરીને રહેતા હતા. સર્વ જનોના ઈશ્વર પ્રભુ પોતાનું ઘર માનીને રહેતા હતા. એવા પ્રભુના ગુણને શારદા ગાય છે તથા હજારો ફેણથી શેષજી ગાય છે એવા પ્રભુ નિત્ય પ્રત્યે સૌને અધિક પ્રમાણમાં સુખ આપતા હતા એને કોઈ કવિ ભાગ્યે જ ગાવામાં પારને પામે. એમનાં ચરિત્રો તો અખૂટ છે.

હે રાજન ! પોતાની બુદ્ધિ અને મનને પવિત્ર કરવા માટે જ મુનિજનો ભગવાનનાં ચરિત્રોને ગાય છે અને સદાય આનંદમાં રહે છે. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ ગઢપુરમાં નિવાસ કરી અનેક લીલાઓ કરીને ઘનશ્યામપ્રભુ આનંદ કરાવતા હતા. હે રાજન ! મહાપ્રભુ ગઢપુરથી ચાલતા થયા અને પ્રસિદ્ધ **લક્ષ્મીધામ વડતાલપુરે** પધાર્યા ત્યારે માર્ગમાં વચ્ચે વચ્ચે ગામોમાં નિવાસ કરી ભકતોને સુખ આપતા સર્વ સંતોના મંડળોને સાથે લઈને કારતક માસમાં ઉત્સવના સમય ઉપર આનંદ ઉત્સાહની સાથે વડતાલ પધાર્યા. ત્યારે **જોબનપગી** આદિક ભકતજનો આનંદ પામતાં થકા સામા આવતાં હતાં. મહાપ્રભુને વધાવવા ભેરી, ભુગળો, ત્રાંસા, ઢોલો, પખવાજ આદિના તાલ વગાડતાં તાનપૂર્વક વાતાવરણને ગજાવતાં હતાં. ત્યારે બાઈઓ મહાપ્રભુના કીર્તનોનું ગાન કરતી હતી, એમની છબિ દામીની જેવી લાગતી હતી ઘનશ્યામ પ્રભુના મનોહર સ્વરુપને પોતાના હૃદયમાં ધારતી થકી પ્રેમ ગાતી હતી. બહેનો સાથે લાવેલી ભેટ સામગ્રી પ્રભુને અર્પણ કરીને પોતાને પૂર્ણ કામ પણે માનતી હતી. વિધ વિધ ભેટ અર્પણ કરીને સુખના ધામ પ્રભુને રાજી કરતી હતી. ત્યાર પછી પ્રભુનું સન્માન કરવા શુરવીરો બંદુકોના ભડાકા કરતા હતા. અને હથિયારોને પોતાની કમર ઉપર ધારીને નિશાન ઉપર તાકીને દોટ દેતા હતા આમ મહાપ્રભુને સનમાનતા થકા ચાલ્યા આવતા હતા. નવિન મેઘ સમાન મનોહર મૂર્તિને નરનારીજનો સૌ પોતાના અંતઃકરણમાં ધારીને નેત્રમાં ભરી લઈને ચાલતાં થકા **વડતાલપુરને** પાવન કરવા પુરમાં પ્રભુના ગુણને ગાતાં થકા જતાં હતાં. ભક્તજનો દર્શન કરીને પ્રભુના સ્વરુપમાં પોતાના દેહનું ભાન ભુલી જતાં હતાં. આવા મહાપ્રભુને ઉતારે લાવીને સુંદર આસન ઉપર બેસારીને ખૂબ જ સન્માન કરતાં હતાં. મહાપ્રભુનો ઉતારો જોબન પગીની મેડી ઉપર સુંદર રીતે તૈયાર કરેલો શોભતો

હતો. તે ઉપર વિરાજમાન થઈને પ્રભુ શોભતા હતા. ત્યાર પછી પ્રેમી ભક્તોએ સ્વચ્છ થઈને તૈયાર કરેલા ભોજનોના થાળને શ્રીહરિ ભાવથી જમતા હતા.

હે રાજન ! ઘનશ્યામ પ્રભુ વડતાલમાં નિવાસ કરીને રહેતા હતા. અને દર્શનનું સુખ આપતા હતા એવામાં અન્નકૂટનો ઉત્સવ આવ્યો તે અન્નકૂટમાં મહાપ્રભુએ શાક પાક આદિ પદાર્થો કરીને ભાવથી ભોજન કર્યાં અને કરાવ્યા તે અનેક પ્રકારના પાકોના નામો કહું છું તે તમે સાવધાન થઈને સાંભળો બધા જ પાકોના નામો વિગતવાર કહું છું જે કામ કરવા શ્રીજીમહારાજ આ પૃથ્વી પર અવતાર ધારણ કરીને પધાર્યા છે ભકતજનોના કલ્યાણ કરવા ચરિત્રો કરે છે. તે પાકોમાં મનને આનંદ આપનારા મોતિયા, સેવદળ, સાટાં મગદળ, મગસ, ગાંઠિયા, ગુંદરપાક, સેવૈયા ખુબ જ સારા સુખરુપ બનાવેલા તથા જુદા જુદા લાકડસઈ લાડુ, દલ્લ દહીંથરા, બનાવ્યાં ખુબ જ ખુરમા બનાવ્યા, જલેબી, ઘારી, ઘેબર, રસદાર બનાવેલા જુદા જુદા ચૂરમાઓ બનાવ્યા, મૈસુબ, મરકી બરફી, બિરંજ, આદિક અનેક ચીજો અતિ અમુલ્ય બનાવેલા. પાકો પતાસા, પુરી બીજા પેંડા, પકવાનો સુતરફેણી સરસ બનાવેલાં તથા ગગણ ગાઠીયા બનાવ્યા, ગુણવાળા સુંદર વડા, ગુલાબ પાક શીત ટોપરાપાક બનાવ્યો, ઘી સાકરયુકત સુંદર સેવો બનાવી હરિએ સુંદર મન ભાવતો ધોળો શીરો બનાવેલો, તથા કંસાર, લાપસી, ઘી-સાકર સાથે બનાવ્યાં. આ બધાં જ આકાર યુકત બનાવીને ધરાવ્યાં. સારા સારા પકવાનો ખીર ખાંડ, ઘી નાંખીને તૈયાર કર્યા હતાં, વખાણવા જેવી પુરી બનાવ્યાં તેમા મસાલા નાખીને સુંદર બનાવ્યા, સારી બદામો, તથા ચારોળી, દ્રાક્ષ આદિનાખેલાં તેના સ્વાદ ચાખવા જેવા સારા હોય છે બીજા કચોરી, પુરણ પોળીને બહુ જ ઘીમાં બોળીને તૈયાર કરી મનને આનંદ આપનારા માલપુવા, બીજા પુડલા, પાપડ જાત જાતના કરેલાં હતાં માખણ અને મીસરી (ખાંડ) તથા માવો દહીંને પૌઆ, બાટી બનાવેલ તે સર્વે તૈયાર કર્યા.

હે રાજન! બાજરાની પોળી વડાં, રોટલા ઘઉંની પોળી બનાવેલી તે ઘીમા ઝબકોળીને તૈયાર કરેલી, તલસાંકળી સુંદર રીતે તૈયાર કરેલી તથા ગોળપાપડી આદિ અનેક ચીજો બનાવરાવી. ગાંઠિયાની સુંદર કળિયો તથા ભજિયાં વડા તે પણ મનને આનંદ કરનારાં છે, સારી રીતે મસાલા નાખેલા મીઠું મરચું આદિથી છમકાવેલા ચણા તૈયાર કર્યા. હે રાજન ! ગુંજાં, મઠિયાં, ફાડા, અળવી, આદાનાં ભજિયાં બનાવ્યાં, રાયણાં અને રોટલી ઝીણી બનાવી. ઘી કેળાં સાકરવાળી પોળીઓ બનાવેલી, સુંદર મોરંબો કેરીનો બનાવ્યો. તથા દ્રાક્ષનો મુરબ્બો બનાવ્યો. એ આદિક બધાં જ બનાવ્યાં હવે શાકો બનાવ્યા તેના નામો કહું છું. ખૂબ જ ઘી નાખીને સુરણ વઘાર્યા, તથા અળવી અને રતાળું ખુબ જ વઘારીને બનાવ્યાં હતાં. પરવળ પણ વઘાર્યા હતાં તથા વંતાક અને વાલોળ બનાવ્યાં હતાં. કંકોડા, કોળાં, કારેલાં અને કાજુ બનાવેલાં, ગલકાં, તુરિયા વઘારેલાં હતાં ચોળાફળીનું શાક કર્યું, અને ગવાર અને દુધીનું શાક તથા ડોડા વઘારેલા કર્યા હતા. લીલવા અને વંતાકનું શાક કર્યું હતું, તથા ભીંડા તૂવેર સમારીને બનાવેલાં હતાં.ટાંકો, તાંદળજો, મેથી આદી ભાજી બનાવેલી, સુવાભાજી, મુળાની ભાજી, મોગરી લાવેલાં તે બધાં જ વઘારેલાં હતાં. હે રાજન ! વડીને સુંદર રીતે વઘારેલી તથા રાયતાં સારી રીતે તૈયાર કરેલા, તથા કેળા અને કોળાં સાથે વઘારીને તૈયાર કર્યા, તે બધા જ રસોને સમાન રીતે ભાગ પ્રમાણે નાખેલા, તે બધા તૈયાર કર્યા જેને ગણાવવામાં પાર આવે તેવો નથી. એટલા બધાં છે તેનાથી મોટા મોટા થાળો ભરીને તૈયાર કર્યા અગણિત અથાંણાં, અનેક પ્રકારનાં બનાવેલાં લીંબુ, મરચાં, આદું, આદિ રાયતી, બોળ કેરી, ખારેક

દ્રાક્ષની સાથે લવિંગ રાયતાં તૈયાર કરેલાં. હે રાજન ! કેરાં, કરમદાં, કોઠિંબાંની કાચરી તૈયાર કરેલી બિલાં, સુવા, ગરમર અંદર નાખીને તૈયાર કરેલા તથા પંખાળી ચોખાનો ભાત કરેલો તેતો નવો જ મહાસુંગધવાળો બનાવેલો હતો. સારી જાતની એલચી તથા આબાંના મોરને સારી રીતે લવિંગથી ઘીમાં વઘારેલા હતા અને દરેક પ્રકારના કઠિન કરેલા મહેસુરની પાતળી પતિ કરેલી હતી. મગ અને અડદ, ચોળાની દાળ ઘીનો કરમાઈ દઈને સુંદર રીતે તૈયાર કરેલી હતી. આ રીતે સુંદર પાકો, શાકોને અપાર માત્રામાં હે આનંદ રાજન ! તૈયાર થયેલા જોઈને મહાપ્રભુ ખુબ જ રાજી થતા હતા. મહારાજે પછી ઉતારે પધારીને પહેરેલાં વસ્ત્રોને પોતાના હાથે ઉતારતા હતા અને પલાળવા માટે નવાં વસ્ત્રોને ધારણ કરતા હતા મહારાજ સુર ચોકી ઉપર ચંદ્રવદન આનંદકંદ આનંદ પૂર્વક બેઠા. શ્રીહરિ સ્નાન કરવા માટે ભકતોના દુઃખોને હરવા માટે બેઠા ત્યારે અનેક ભકતજનોએ અનેક પાત્રોમાં જળ તૈયાર કરીને ભર્યાં. મહાપ્રભુને સેવકો સુંગઘ તેલ શરીરે ચોળીને છેલછબિલાને અત્તર ચોળતા હતાં. મહાપ્રભુ પોતાના હાથે જળ લઈને માથાં ઉપર રેડતા હતા અને સેવકજનો સાથે મળીને પ્રભુના દર્શન કરતાં હતાં જાણે ગજ હંસ જળમાં રમતો કરે તેમ લીલા કરતા ઘનશ્યામ પ્રભુ શોભતા હતાં. આવી રીતે શ્રી સહજાનંદ મહાપ્રભુએ ઘણીવાર સુધી સ્નાન કર્યું, ત્યાર પછી ઉભા થયા, પલળેલા કપડાને બંને ચરણની વચમાં લઈને રાખીને ઘનશ્યામ પ્રભુ સારી રીતે નિચોવતા હતાં. પછી કમળ નયન મહારાજ હાથમાં રુમાલ અંગો અંગને સારી રીતે લુછતાં હતાં. ચંચલ નયન મહારાજ પછી પીળાં વસ્ત્રોને પ્રેમથી ધારણ કરતા હતા ત્યારે જાણે મેઘમાંથી વિજળીનો ચમકારો છૂટતો ન હોય ? તેમ શોભા થતી હતી. શ્રી ઘનશ્યામ પ્રભુ પછી પીળી ઉપરણી ઓઢતા હતા અને પછી કરુણાના સાગર ભકતજનોના કલ્યાણ કરવા માટે પ્રભુ ચરણમાં પાદુકાઓને ધારણ કરીને તૈયાર થયા. પછી મહારાજ ચાલતા થયા ત્યારે ચટ્ ચટ્ ચાખડીનો અવાજ કરતા થકા જાણે કે રાજહંસ ચાલતા હોય તેમ સુંદર ગતિએ ચાલતા હતા. ત્યારે સંતો અને હરિજનો મહારાજ ઉપર ચંદનનો છંટકાર કરતા હતા.

હે રાજન ! પુષ્પની કળીઓ માર્ગમાં વરેલી હતી તે મનમાં સુખ આપનાર થતી હતી તેનાથી સુગંધ ચારે બાજુ ફેલાતી હતી બધાને સુખ થતું હતું, મહાપ્રભુ ચોતરા ઉપર આવીને વિરાજમાન થયા ત્યારે અતિશય શોભા વધતી હતી. તે ચોકી ઉપર મખમલનો સુંદર ઉલેચ બાંધેલો હતો, ત્યાં અનેક ઘીના દીવાઓ પ્રગટાવેલા હતાં. તે ખુબ જ શોભતા હતા જાણે સોનાના પાત્રોમાં પાણી ભરેલું ન હોય ? તેમ મહારાજ બેઠા હતા તે સુંદર રીતે શોભતા હતા. હે રાજન ! બલરામના ભાઈ ઘનશ્યામ પ્રભુ આવી રીતની શોભા વધારતા થકાં મકાનમાં થાળ જમવા માટે વિરાજમાન થયા હતા તે ચરિત્રોને ગુણવાળા મુનિજનો તથા કવિ ગણો ચરિત્રોનું સુંદર રીતે ગાન કરે છે વર્ણન કરે છે. મહાપ્રભુ જમવા બેઠા ત્યારે પ્રેમી ભકતજનો અન્નકૂટના પદાર્થોના થાળો ભરી ભરીને મહારાજ પાસે લાવતા હતા. આવી રીતના મહા મોટો ભારે અન્નકૂટ બનાવ્યો હતો. આના પ્રકાશને કોઈ જ કવિજનો ગાઈને વર્ણન કરી ન શકે તેમ નથી એવા મહા અદ્‌ભૂત ઉત્સવને શ્રીજી મહારાજે કર્યો. રુચિ પ્રમાણે ભકતજનોના કલ્યાણ કરવા જગતના આધાર પ્રભુ જમતા હતા. ત્યારે મહાપ્રભુનાં ભકતો દર્શન કરતા હતા.

હે રાજન ! મેં **ગઢપુરધામ**ની બધી જ લીલા તમને વિસ્તારથી વર્ણન કરી ત્યાર પછી મહારાજ સંતો ભકતોની સાથે સર્વના ભયને હરવા માટે **વડતાલ** પધાર્યા તે વર્ણન કર્યું. વડતાલ પધારીને અન્નકુટ કર્યો તે જણાવ્યું અને તેમાં જે વસ્તુઓ પદાર્થો બનાવ્યાં તે બધાના વર્ણન કરીને કહ્યાં, આવી રીતે શ્રીહરિલીલાસિંધુની

લહરિના રુપમાં બત્રીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો એનું વર્ણન કર્યું એ નામે આ બત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૨ ॥**

# તરંગ-33

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આકાશમાં ફરનારા ચંદ્રમાંના જેવા સુંદર મુખવાળા તથા ગરુડ જેમનું વાહન છે, એવા સુખનિધિ સર્વ ઈંદ્રિયોને જીતીને વશમાં રાખનારા ભકતો જેમના છે, એવા જેમનો મહા પ્રતાપ છે તેને હું જાણું છું, એવા સર્વોપરી નારાયણ મહાપ્રભુના ચરિત્રો સુખ આપનારાં છે, સર્વના ત્રિવિધ તાપને હરનારાં સર્વોપરી છે એવા મહાપ્રભુનાં ચરિત્રોને આપ ખૂબ જ જાણો છો, અને મારા ગુરુ છો તો મારા ભાવને પૂરો કરો. શ્રી સહજાનંદ સ્વામીએ **વડતાલ**માં કેવી રીતે અન્નકૂટમાં ભોજન જમ્યા તેની બધી જ વાતો જે હોય તે કહો હું સાભળવાં માગું છું.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! હંસ જેમનું વાહન છે એવા બ્રહ્માજીના માનસ પુત્ર ધર્મદેવ તેમના પુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુનો આશ્રય કરીને ભજન કરનારાનો સમય નકામો નથી જ જતો. તેનો જન્મારો સુધરી જ જાય છે કેમ કે સર્વકાળના કાળ તો સ્વયં ઘનશ્યામ પ્રભુ જ છે. હે રાજન ! તમે તો બધું જ જાણનારા છો, તે છતાં તમે ભલે પૂછયું છે, તે ભગવાનના બધાજ ચરિત્ર તમોને કહું છું. જે મારી બુદ્ધિ શક્તિમાં આવશે, તે બહુ જ વિસ્તાર કરીને કહીશ. તેને તમો ધ્યાનથી સમજો મારી બુદ્ધિથી વર્ણન કરું છું.

હે રાજન ! સર્વ અવતારના અવતારી મહાપ્રભુ સર્વના ભયને હરનારા, સર્વના મનને આનંદ કરનારા આસન ઉપર આવીને બેઠા હતા તે કેવી રીતે બેઠા તે કહું છું. મહાપ્રભુ ડાબા પગને આસન ઉપર વાળીને બેઠા અને તેના ઉપર ડાબા હાથને ભયહારિ પ્રભુ રાખતા હતા. ધર્મનંદન મહાપ્રભુ ધીરજ ધારીને સર્વના ભવના ભયને હરનારા ભકતજનની ભીડને હરતા હતા. જમણા પગને ઉભો રાખીને સર્વના સ્વામી તેના ઉપર જમણો હાથ રાખીને બેઠા હતા. આવી રીતે મહાપ્રભુ જગતના વંદ્ય થાળ જમતા હતા ત્યારે ચારે બાજુએ ભકતજનો દર્શન કરવા આનંદથી ઉભા હતા. સર્વ દેવના દેવ મહાપ્રભુ દયાળુ જમતા હતા. જમતાં પ્રભુ નાના નાના કોળિયા લઈને મુખમાં મૂકી ધીરે ધીરે ચાવતાં થકા કામના ગર્વને હરતા હતા. હે રાજન ! મહાપ્રભુને જે ચીજ અતિશય સ્વાદિષ્ટ જણાય તે વસ્તુ સહજાનંદ સ્વામી પ્રેમી ભકતને આપતા હતા. અને મહારાજ જમતાં જમતાં વચ્ચે જળ પાન કરતા હતા. મહાપ્રભુ જમતાં જમતાં પોતાના પેટ ઉપર હાથ ફેરવતા હતા. ભાત ને દાળ અંતમાં જમતા હતા. ભક્ત જેમાં અધિક રુચિ હોય તે અંતરમાંથી જાણતા હતા અને દર્શન સુખ દેતા હતા.

હે રાજન ! દિનદયાળ પ્રભુ અનેક પાકોની સાથે અનેક શાકોને જોઈને અનેક હાથોએ કરીને બલભ્રાતા પ્રભુ જમતા હતા. જાણે મહાપ્રભુ અનેક રુપને ધારીને બહુ પ્રકારના પાકોને શાકો જમવા માટે તેટલા રુપે જમતા હોયને શું આ જોઈને સર્વ નરનારી જનોના મનમાં ખૂબ જ આશ્ચર્ય થઈ જતું હતું. તેઓના

મનમાં આનંદનો પાર જ નહોતો રહેતો. આવી રીતે ઘનશ્યામ પ્રભુ ઘણીવાર સધી જમતા હતા અને જમીને તૃપ્ત થઈને ઓડકાર ખાતા હતા, ધર્મકુમાર સર્વના મનને હરિ લેતા હતા. શ્રી હરિ સર્વના નાથ જયારે જમીને ખૂબ જ તૃપ્ત થયા ત્યારે લોકોના મનને આનંદ કરનારા પ્રભુ મુખવાસ લેતાં હતાં. પછી હરિ સંતોની પંગતિ જમવા માટે કરતાં હતા અને હાસ્ય કરીને સૌને માર્ગદર્શન કરતા સમજાવતા હતા.

શ્રી હરિ સંતોને કહે તમે બધા જ સંતોની પંક્તિ કરો ત્યારે અમે પીરસવા માટે જરુર આવીશું, ત્યારે મુનિજનો ઘનશ્યામ પ્રભુની વાત સાંભળીને તરત જ સર્વે બેસીને પંગતિ કરી લીધી. જયારે સર્વમુનિ મંડળને તૈયાર થઈને બેઠેલા જોયા ત્યારે સુખનંદન પોતાના અંગો ઉપર વસ્ત્રોને કસીને સજ્જ થતા હતા અને હસતા હતા ત્યારે દંતપંક્તિ ખુબ જ શોભતી હતી આનંદ દાયક થતી હતી. ડાબા ખભા ઉપરથી ખેસને જમણી બાજુ લાવીને ખેંચીને કેડને બાંધીને તૈયાર થયા ઉદર ઉપર ત્રિવળી સુંદર જાણે ગંગા પણ લાજ ન પામતી ન હોય ? તેમ શોભતી હતી. મહાપ્રભુ પ્રેમથી સંતોની પંગતિમાં સંતોને પીરસતા હતા. રસિક પ્રિયા રસની રીતથી વારા ફરતી પકવાનોને સુંદર રીતે પોતાના સંતોને નિરખી નિરખીને પ્રભુ ફરતાં થકા પીરસતા હતા. સંતોને ખૂબ જ જમ્યા જાણીને લોકોના મનને આનંદ કરવા જોર જોર કરીને પ્રભુ પીરસતા હતા. ઘનશ્યામ પ્રભુ પગતમાં ફરીને એટલી ઝડપથી પિરસતા હતા કે મારુતને પણ પાછા પાડે ઘનશ્યામ પ્રભુ પંગતમાં બહુ વાર સુધી સંતોને જમાડતા હતા, અનંત જીવોને મહાસુખ આપતા હતા જયારે સંતો જમીને તૃપ્ત થયા ત્યારે શ્રી હરિ સર્વને ઉપર દયા કરીને હાથ પગને ધોતાં હતા. પ્રાણ પિયા પ્રભુ મુખને સારી રીતે પખાળી (ધોઈ)ને ચરણને પખાળીને સર્વના નિધિ સર્વના નાથ પાપનો નાશ કરનારા મહારાજ સુંદર આસન બનાવેલ તેના ઉપર વિરાજમાન થયા કરુણાનિધિ સૌને સનાથ કરતા હતા.

હે રાજન ! શ્રીહરિ આવતા વેંત જ **વડતાલ** ઉત્સવ કરતા હતા. મહારાજ અન્નકૂટનો ઉત્સવ કર્યો પછી પ્રબોધિની એકાદશી તેનો પણ ઉત્સવ કરતા હતા. પ્રબોધિનીના ઉત્સવ ઉપર દેશ વિદેશના ભકતજનો સૌ અનેક આવ્યા હતા તેનો પાર જ નહોતો રહેતો, સર્વે નર-નારીજનો મુખેથી શ્રીહરિના નામનો ઉચ્ચારણ કરતા હતા. મૂર્તિને ધારીને ધિરજથી દર્શન કરતા હતા. હે રાજન ! શ્રીહરિ સૌ ભકતજનોને દર્શન દઈને અપરંપાર સુખ આપતા હતા. આવી રીતે મહાપ્રભુ દેવ-દિવાળીના ઉત્સવ કરીને સર્વ ભકતજનોને અતિ આનંદ આપતા ને સુખ કરતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ ઉત્સવ પછી આવેલા સંઘોને વિદાય કરીને આનંદિત મનવાળા થઈને **ગઢપુર** ધામે પધાર્યા, ત્યારે માર્ગમાં આવતા ગામોમાં વિશ્રામ કરતા થકા ભકતજનોને આનંદ કરાવતા થકા પ્રેમથી દુર્ગપુરે પધારતા હતા. ગઢપુરે આવીને મહાપ્રભુ બધા જ સંતોને સુખ આપવા માટે જ બોલાવતા હતા. સંતો આવ્યા એટલે શ્રીજી મહારાજનાં દર્શન કર્યા. શ્રીહરિ સર્વ સંતોની સારી રીતે સંભાવના કરાવતા હતા. ત્યારે શ્રી સહજાનંદ સ્વામીએ દાદા ખાચરના વિવાહ કરાવરાવ્યા તે સમયે પોતાના એકાંતિક આશ્રિત સંતોને પાંચ પકવાનો બનાવીને હરખીને ખૂબ જ જમાડતા હતા. ત્યારે મહારાજ પંગતમાં દુધને સાકર ફેરવતા હતા તેનાથી સૌ તૃપ્ત થયા સંતોને મહારાજે સુખ આપ્યું તેનું શું વર્ણન કરવું એનો પાર તો કયારેય ન જ આવે. શ્રીહરિ મહાપ્રભુ પ્રીત કરીને પંગતમાં દહીં સાકરને ફેરવતા હતા, ખૂબ દહીં જોઈને શ્રીહરિ સ્નેહ સાથે જ આપતા હતા. અને **સુખદાયી મહાપ્રભુ મુખેથી કહેતા હતા કે આજે અહીંના રાજા દાદા ખાચરના વિવાહ છે એટલા માટે આ આનંદ ઉત્સવ છે એમ જાણજો આમ મહાપ્રભુ સૌને કહેતા હતા. બહું**

**શ્રીહરિ કહે મહાનુભાવાનંદ મુનિના માત્રા ધાધલ મિત્ર છે, એટલા માટે સામે નજર રાખીને જોયા જ કરે છે. ત્રાંસી નજરે જુવે છે. દાદા ખાચરના વેવાઈના તે મિત્ર છે. એટલે વેવાઈને જોતા જ રહે છે પાછળ નજર રાખે છે, એટલા માટે બહુ જ દહીં ભેગું કરીને લાવો તેનાથી માંગલિક કાર્ય થાય છે. મહાપ્રભુએ દહીં સાકર મહાભાવાનંદ મુનિના માથા ઉપર નાંખીને ચોળતા હતા અને મુનીઓના નાથ ખૂબ જ રાજી થતા હતા. આ લીલાને સૌ બાઈ ભાઈ જોઈને રાજી થયાં. આવી રીતેની આ નવી જ લીલા જોઈને પોતાના ચિત્તમાં ચિંતવન કરતા હૃદયમાં ખૂબ જ આનંદ આનંદ થતો હતો.**

**આ સમયે ચેલાખાચરને સમજાવવા માટે ગયેલા તેથી રી મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી હાજર ન હતા. બન્ને સંતોએ આવીને આ અલૌકિક લીલા બીજા સંતો પાસેથી સાંભળી ત્યારે મહારાજે બન્ને સંતો કહીને કહેવા લાગ્યા કે, હે મારા નાથ ! હે પ્રભુ ! આપે અત્યારે જે લીલા કરી તે લીલા પવિત્ર સુખકારી અમને ફરીને બતાવો** ત્યારે સંતોના વચન સાંભળીને ઘનશ્યામ પ્રભુ કહે તમે કહો છો તો એ વચન પ્રમાણે તમને બતાવું, આ પ્રભુ વાતો કરતા હતા બીજા દિવસે મુનિઓના સ્વામી મહાપ્રભુ સૌ સંતોનું પૂજન કરી સર્વ સંતોની મહામોટી પંગત કરતા હતા. પ્રીતમ અતિ પ્રીત કરીને પ્રેમથી પીરસતા હતા ખૂબ જ ભાવથી પાંચ પકવાનો સંતોને હેતેથી પીરસતા હતા અને જમાડતા હતા. દાસ ભકતોના ભવફંદને તોડતા હતા સંતોને વચનો કહેતા હતા. ઉંચે સ્વરે સંભળાવતા હતા કે તમે બધા જે જેટલી જલેબી જમો તેટલી જ જલેબી અમો પણ જમીશું. અનેક મુનિજનો મહારાજના વચનો સાંભળતા મનમાં રાજી થયા. મહાપ્રભુ જમતા હતા અને સંતોની સાથે જ જમાડીને જમતા હતા.

હે રાજન ! મહારાજ પોતે ખૂબ જ સંતોને જમાડતા હતા તે દૃશ્ય નેત્રથી જેમણે નિહાળ્યાં તેતો મહાન ભાગ્યવાળા થયા જયારે સંતો જમીને ખૂબ જ તૃપ્ત થયા ત્યારે અનંત મુર્તિ મહાપ્રભુ દૂધ દહીંને મહાનુભાવાનંદ મુનિના માથાં ઉપર દહીંનું વાસણ ઠલવતા હતા અને હરખાતા હતા. મહાપ્રભુ આખા શરીર ઉપર દહીંથી રસબસ કરી દઈને દહીંથી રંગી દીધા તે જોઈને **બ્રહ્માનંદ સ્વામી** આદિક મુનિજનો હાસ્ય કરતા થકા સજ્જન સંતો આ પ્રભુની લીલા આનંદથી વિસ્તારતા હતા. શ્રીહરિ પોતના આશ્રિતોનો ભવફંદને દૂર કરવા આવી રીતે લીલાઓને કરીને સુખી કરતા હતા ત્યારે પંગતમાં પાંચ પાંચ વાર ફરીને સર્વના પાપનો નાશ કરતા હતા. દુધ, દહીં ફેરવતા ફેરવતા પીરસતા હતા, પછી બ્રહ્માનંદસ્વામીના માથા ઉપર રેડતા હતા. દહીંનો ઘડો માથાં ઉપર રેડીને લોકોના પાપોને ધોતા હતા. આમ સમરથ પ્રભુનાં ચરિત્રનું જ્ઞાંન અગમ જ છે તે પામવું કઠીન છે. અલબેલા શ્રી મહાપ્રભુની અલૌકિક લીલા જોઈને મુનિ વૃંદમાં બધા હસતા હતા. આમ કમળનયન મનોહર મૂર્તિ શ્રીસહજાનંદ સ્વામી સુખકંદ રોજે રોજ સંતોને જમાડતા હતા. **શ્રી ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં રહીને દાદા ખાચરના દરબાર ગઢમાં અલૌકિક આનંદ કરતા હતા. આવી રીતે ઉત્તમ રાજા (દાદા ખાચર) ના શ્રીજી મહારાજે સગપણ કરીને એમનાં ઘરમાં લગ્ન સંબંધી બધો જ વ્યવહારને શ્રીહરિ પોતાના હાથમાં રાખતા હતા. શ્રીહરિ ભગવાન દરબાર ગઢમા નિસંશય થઈને રહેતા હતા તેને પરમ એકાંતિક પ્રેમીજનો સૌ પોતાના જીવન પ્રાણનો ખૂબ જ મહિમા સમજતાં હતાં** અને ઉત્સાહથી **ભજન કરતાં હતાં.**

હે રાજન ! આવી રીતે ઉત્તમરાજાના ઘરમા નિત્ય પ્રત્યે નવો નવો ઉત્સવ થતો હતો તેમાં બ્રહ્મા, શિવ અને વિષ્ણુ તથા ઈન્દ્રાદિક બધા જ દેવતાઓ સૌ નિત્ય આવતા હતા. આવી રીતે દુર્ગપુરનો મહિમા તો ખૂબ

જ છે પણ તેને મંદબુદ્ધિના જીવો છે તે નહીં જાણે કેમ કે એના મહિમાને તો વેદો ઉપનિષદો નથી ગાઈ શકતાં તો સામાન્ય કવિજનો તો કેમ પામે.

હે રાજન ! શ્રીહરિ પ્રીતમપ્રભુ **વડતાલ**માં નિવાસ કરીને વાલમ અન્નકૂટ ઉત્સવ કરતા હતા ત્યાં અજીત પ્રભુ સુંદર સમૈયો કરીને પછી પ્રભુ રાજી થઈને **ગઢપુરમાં પધાર્યા**. **ગઢપુર**માં દાદા ખાચરના વિવાહમાં સંતજનોને ખૂબ પ્રેમથી જમાડતાં હતાં આનંદ ઉત્સવ કરતા હતાં. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપમાં આ તેત્રીસમું તરંગ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આંનદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ ગઢપુરમાં લીલા કરી તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે આ તેત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥૩૩॥**

# તરંગ-૩૪

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કલ્પ પર્યંત રહેનારા જે કલ્પના આદિ સમયે પ્રગટ થયા છે એવા કલ્પરુપ બ્રહ્માદિ દેવો કલ્પ પર્યંત શ્રીહરિના ગુણને ગાય છે પણ દર્શન નથી પામતા એવા મહાપ્રભુ.**ગઢપુર**માં રહીને કેવી કેવી લીલાઓ કરી એ સુંદર લીલાઓ હે અવધપ્રસાદજી ! મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! હાથીની સુંઢ જેવા જેના સુંદર હાથ શોભે છે તે હાથેથી જેને અભય વરદાંન આપે છે તે વિષય વાસનાથી મુકત થાય છે કળીકાળમાં ભયંકર વિષયો જગતના લોકોને અતિશય પણ બળી જાય છે જે વિષયો પિડા કરે છે તેને બાળે છે. હે રાજન ! તે સુખના ધામ સર્વનું જાણનારા સહજાનંદ સ્વામીના નામ જેમનું છે એવા મહાપ્રભુનાં સુંદર મોક્ષ કરનારાં ચરિત્રો તે તમે પૂછયાં છે તે સારું કર્યું છે. જેમના હસ્તકમળમાંથી અભય કિરણો છૂટે છે તે ભકતોને સુખ કરનારી છે અને નાસ્તિકના પાખંડને બાળનારાં છે એવા પવિત્ર સુખદાયક ચરિત્રો તમને કહું છું. હે આનંદ રાજન ! અજીત નિષ્કામી મહાપ્રભુ જયારે ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા ત્યારે ભકતજનોના ત્રાસને હરવા માટે રોજ રોજ નવી-નવી જ્ઞાનવાર્તાઓ કરતા બહુનામી પ્રભુ સુખ આપતા હતા.

ભકતજનોનાં નાડી પ્રાણને ખેંચીને સમાધિમાં પોતાના સ્વરુપમાં જોડતા હતા, ખળ પાંખડી લોકોનાં ખંડન કરવા જાત જાતનાં ચરિત્રો કરતા હતા. અને પૃથ્વી ઉપર રહીને કામદેવના મદને હરતા ને ધર્મને દ્દઢ કરતા હતા અને આનંદ આપતા હતા. સર્વે નર-નારીજનો પ્રગટ પ્રભુના ગુણ ચરિત્રનું ગાન કર્યા કરતાં હતાં અને એ ચરિત્રો સાંભળીને સત્પુરુષો હાસ્ય કરતા હતા અને હસાવતા હતા. આમ મહાપ્રભુ લીલા કરતા હતા. એવામાં ફુલદોલ ઉત્સવનો દિવસ નજીક આવ્યો. લોકોનાં મનનાં ફંદોને દુર કરનારો ફુલદોલ ઉત્સવ આવતો જાણીને જગવંદ્ય પ્રભુને રાજી કરવા સંતો સૌ વસંતના પદો ગાતા હતા. તેને સાંભળીને અનંત અજીત પ્રભુ હસતા ને પ્રમોદ કરતા હતા. કેસર, કેશુડાના ફૂલો મંગાવ્યાં તેમાંથી નવ પ્રકારના રંગો બનાવ્યા તથા અબિલ, ગુલાલ ખુબ જ માત્રમાં મંગાવ્યાં.

હે રાજન ! રંગો તૈયાર કરાવીને મહાપ્રભુએ હાથમાં સોનાની પીચકારી લઈને લીબતરુની નીચે

તૈયાર કરેલી વેદી (ઓટલા) ઉપર ઉભા રહયા, ત્યાં લોકોના મનને આનંદ કરનારો મહાખેલ કરતા હતા. શ્રી ઘનશ્યામ મહાપ્રભુ વસંતના વસ્ત્રોને ધારણ કરતા હતા અને પૂર્ણકામ પ્રભુ કમર ઉપર વસ્ત્રથી ભેટ બાંધતા હતા. આ રીતે તૈયાર થઈને એક બાજુ મહાપ્રભુની સાથે બધા જ પાર્ષદો અને એક બાજુમાં સૌ સંતોનો સમાજ શોભા વધારતો હતો. ઉપર રંગ ઉડાડતા શ્રી ઘનશ્યામ પ્રભુ અતિશય શોભતા હતા, જાણે આકાશમાં મેઘ છાઈને વર્ષતો ન હોય ? તેમ શોભતા હતા અને સર્વના મનને મોહ પમાડતા હતા. હે રાજન ! સર્વે સંત સમાજને રંગથી રસબસ કરીને જાણે મહાપ્રભુ અનેક સંતો હતા એટલાં રુપને ધારીને હોળીનો રંગો રમતા અને રમાડતાં આનંદ કરતા હતા. આકાશમાં જેમ ઈન્દ્રની સાથે ઉપઈન્દ્ર સૌ દેવોની સાથે ઈન્દ્ર આવ્યા હતા અને દેવો પ્રભુ ઉપર વારંવાર પુષ્પનો વર્ષાદ કરતા હતા. મુખેથી જય જયનો ઉંચે સ્વરે ઉચ્ચારણ કરતા હતા. હે રાજન ! મહાપ્રભુ સર્વ પ્રકારના સુખોને આપતા હતા. મહારાજ સંત સમાજની સાથે ખૂબ જ ખેલતા હતા. સૌને રંગમાં ખુબ જ રસબસ કર્યા હતા. ખુબ જ અબિર, ગુલાલની જોળીઓ ભરી ભરીને સંતો ઉપર હરિ નાંખતા હતા અને સંતો હરિ ઉપર નાંખતા હતા. ત્યારે સંતોના સ્વામી ખુબ જ અકળાવા લાગ્યા પછી એની સામે બચવાનો ઉપાય કરતા હતા, બધા સંતો સહમતિ કરીને સૌ હાથમાં રંગ લઈને તૈયાર થઈને ઉભા રહ્યા સંતો હોળી બહુ જ મોટી થઈ છે એમ કહીને દોડીને શ્રી ઘનશ્યામ પ્રભુ ઉપર રંગ એક સાથે જ નાખતા હતા, કબુતરની રીત કરીને એક જ જુથમાં રંગ નાખ્યો, ઉતાવળે પ્રભુ ઉપર રંગ વર્ષાવ્યો. ત્યારે શ્રીહરિ પ્રભુ ખુબ જ મુંઝાવા લાગ્યા અને અકળાઈને લિંબતરુને જોઈને તેની ઉપર ચઢી ગયા ને જોવા લાગ્યા ત્યારે જેમ વર્ષા ઋતુ પૂર્ણ થાય ત્યારે ભાદરવા માસમાં ઝાપટાં પડે તેમ સંતો રંગ બનાવીને રંગ નાખવા તૈયાર થતા હતા. ત્યારે સર્વ સેવકો પ્રભુ આગળ ગોળ ઉભા રહીને ઢાલ રૂપે તૈયાર થયા, મહા મહાપ્રભુ ઉપર રંગનો અખાડો મચાવતા હતા ને કહેતા હતા કે હરિ હાર્યા અને સૌ સંતો જીતી ગયા આવી રીતે મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાને ઉત્સવ કર્યો. ત્યારે જેમ મહાભારતના યુદ્ધ સમયે ભિષ્મ પિતાની પાસે મહાપ્રતિજ્ઞામાં અર્જુનની રક્ષા માટે પુરુષોત્તમ શ્રી કૃષ્ણે હથિયાર નહિ ગ્રહણ કરવાનું પણ (પ્રતિજ્ઞા) ત્યાગીને સુદર્શન ચક્ર ગ્રહણ કરીને પણ તોડ્યું. અને ભકતનું પણ દઢ રાખ્યું. તેમ મહાપ્રભુએ આદિ અનાદિની પક્ષ દઢ કર્યો. ભકતપતિ શ્રીહરિ એજ રીતે સંતોની આગળ રંગ રમવામાં હાર્યા, સૌ સંતજયકારી મહાપ્રભુનો જય જયકાર કરતા હતા આ બધી જ લીલા હે આનંદ રાજન ! તમને કહી સંભળાવી તે ખેલને જગતના તારનાર મહારાજે નવીન રીતનો કર્યો હતો.

હે રાજન ! શ્રી સહજાનંદ સ્વામી પાપી અધર્મી પાખંડીના મતને તોડવા માટે ખેલ કરતા હતા તે ખેલ કરીને ઘેલા નદીમાં ઉમંગથી સ્નાન કરવા સર્વ સંતગણની સાથે લઈને ગયા. મહાપ્રભુ પોતાના સેવક સંતોની સાથે ઘેલા નદીમાં સ્નાન કરીને વસ્ત્રો ધારણ કરીને સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ દરબાર ગઢમાં આવ્યા. શોભા તથા દયાના સાગર સુખ લીલા કરતા હતા. રસોઈઓ તૈયાર થઈ એટલે મહાપ્રભુ ભાવપૂર્વક ભોજન કરતા હતા. થાળ જમીને મહાપ્રભુ સંતોની પંગત કરીને જમાડતા હતા. આવી રીતે નિત્ય પ્રત્યે મહારાજ **ગઢપુરમાં** રહેતા થકા અનેક ચરિત્રોને કરતા હતા. હે આનંદ સિંહ રાજન ! કેટલાક દિવસના ચરિત્રો લખી રાખ્યા હતા,

કેટલાક અમે જોઈને નોંધેલા તે બધાં જ ચરિત્રો અમે તમને આનંદ પૂર્વક સારી રીતે સમજાવીને કહ્યાં છે.

શ્રી સહજાનંદ સ્વામી ફૂલદોળનો મોટો ઉત્સવ સારી રીતે કરીને ત્યાર પછી સંતોને દેશોમાં સત્સંગ કરવા મોકલ્યા તેમાં **મુકતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને સંતોના મંડળને પ્રભુએ વાળાક દેશમાં ફરવા મોકલ્યા. નિત્યાનંદ મુનિ અને ચૈતન્યાનંદ મુનિ બંને મંડળોને ગોપનાથ અને તળાજા ગામની પાસે આજુ બાજુ ભકતજનોને ઉપદેશ જ્ઞાન કરવા મોકલ્યા. આવી રીતે બધા જ મુનિજનો ભેગા ઘનશ્યામ મહાપ્રભુ પોતે ગઢપુરમાં નિવાસ કરીને ભકતજનોને મહાસુખ આપતા હતા.** હે રાજન ! એટલા સમયમાં જ રામનવમીનો પવિત્ર દિવસ નજીકમાં આવ્યો, ત્યારે મહારાજે સૌ સંતોને **ગઢપુર બોલાવ્યા** દેશના અને પરદેશનાં સૌ જનો પણ આવ્યા. દેશ પરદેશના ભકતોમાં વૃદ્ધો, બાળકો, તરુણો સર્વે ભકતજનો મહા આનંદ દાતા પ્રભુના દર્શન કરવા આવતા હતા. તેઓ ભગવાનને અર્પણ કરવા સાથે ભેટ સામગ્રી લાવ્યા હતાં તે ભગવાનને ધન, વસ્ત્ર, આભુષણો પ્રેમથી આપતા હતાં. મહાપ્રભુ ભકતજનોને દર્શનનું સુખ આપતા હતા. ભક્તો શ્રીહરિના દર્શન ચરણ સ્પર્શ કરીને સુખ પામ્યાં મહારાજે મોટો સમૈયો કર્યો, ધર્મનંદન આનંદકંદ શોભાના ધામ અલૌકિક સુખ આપતા હતા. આવી રીતે સમૈયામાં આવેલા ભકતજનો દશ પંદર દિવસ રોકાઈને ધર્મનંદન મહાપ્રભુને અંતઃકરણમાં ધારીને સૌ ભકતો આનંદ ઉત્સાહથી પોત પોતાના સ્થાને ગયા અને મહાપ્રભુ **ગઢપુર ધામમાં રહેતા હતા.**

શ્રી હરિ ગઢપુરમા રહેતા હતા ત્યારે એક વખત બ્રહ્માનંદ સ્વામીને અતિશય મંદવાડ આવેલો તે **બ્રહ્માનંદ સ્વામીનો દેહ છૂટી જાય એવો મહામંદવાડ થયેલો, ત્યારે શ્રીજીમહારાજ એમને દર્શન દેવા આવ્યા. મહારાજે સ્વામીનું શરીર મંદવાડમય જોઈને કહેતા હતા કે સ્વામીનું શરીર હવે રહે તેમ નથી આયુષ્ય પુરું થઈ ગયું છે માટે દેહ છૂટે તેમ છે. દેહમાં કાંઈ રહ્યું જ નથી. આમ મહારાજના વચનો સાંભળીને સંતો અને સૌ બાઈ ભાઈ કહેતા હતા હે પ્રભુ ! આપે અમને જે વાત સંભાળવી તે સત્સંગીઓને બહુ જ સંતાપ કારી છે. હે મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી દેહ ત્યાગી દે તો અનેક ભકતજનોનો આનંદ બધો જ જતો રહે બહુ જ દુઃખ થાય તેમ છે. બધી જ સભા સાંભળીને ખુબ જ વિચારવા લાગ્યા અને કહેવા લાગ્યા કે હે ભયભંજન પ્રભુ હે ભગવાન ગમે તે થાય પણ સ્વામીને કાંઈ થવા ન દેશો ભકતોનું કહેવું સાભળીને ઘનશ્યામપ્રભુ કહે હે મારા ભકતો ! તમે સાંભળો સ્વામીનું આયુષ્ય લગારે રહ્યું જ નથી, તમે બધા જ તમારું થોડું થોડું આયુષ્ય આપો તો આ બ્રહ્માનંદ મુનિને આ વખતે જરૂર જિવાડીશું. મહાપ્રભુનાં વચનો સાંભળીને સર્વ હરિભકત પોતાના આયુષ્યમાંથી સ્વામીને આયુષ આપતા હતા. અને મહારાજ બધાના આયુષ્યમાંથી થોડું થોડું આયુષ સ્વામીને સ્વામીને જીવત દાન કરતા. હતા. આવી રીતે મહારાજ પોતાનો મહાપ્રતાપ જણાવતા હતા. સ્વામીના શરીરમાં લગારે આયુષ રહયું ન હતું. તોયે મહારાજે જીવનદોરી વધારીને જીવાડયા. આ ચરિત્રના પ્રતાપને લોકો ગાયા જ કરશે આમ મહારાજે પોતાનું અમાપ પરાક્રમ બતાવેલું એનો કોઈ પાર જ ન આવે.**

હે રાજન ! મહાપ્રભુનું આ કોઈ મોટું પરાક્રમ ન કહેવાય, કેમ કે મહારાજ તો સર્વ જગતના કર્તા-હર્તા પોતે જ છે. પ્રભુ જે કરે તે થાય જ તેમાં કોઈ મિથ્યા ન જ કરી શકે. આ વાતને કયારેય ખોટી ન જ

માનવી. જેમની ભ્રુકૂટિના ઈશારા માત્રમાં માયા કાળદિક કંપતા રહે છે. એવા અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ અને ઈંદ્રાદિક દેવોના સુખદાતા પ્રભુ પોતે જ છે એ જ પોતે અત્યારે કળિયુગમાં પ્રગટ થઈને લોકોનાં કલ્યાણ કરવાં પધાર્યા છે. એ પ્રભુનો જે જીવ થોડોક આશ્રય કરીને ભજશે તે જીવાત્મા ભવસાગરને પાર જલ્દીથી તરી જાય છે એમાં કોઈ આશ્ચર્ય જ નથી. આમ બ્રહ્માનંદ સ્વામીને ભકતજનોએ જીવાડયા ને બધા જ મનમાં ખૂબ જ રાજી થયા. હે આનંદ રાજન ! આવી રીતે મહાપ્રભુએ પોતાનું પરાક્રમ બતાવ્યું તે અમે તમારી આગળ કહી સંભળાવ્યું, હવે ભગવાનની બીજી સુંદર લીલાઓ ગઢપુરમાં રહીને કરતા હતા તે સારી લીલાઓ તમને કહીશ. શ્રી સહજાનંદ સ્વામી જયારે બ્રહ્માનંદ સ્વામીને મળીને ઢોલિયા ઉપરથી નીચે ઉતર્યા ત્યારે બધા જ સંતોને મહારાજ ભેટીને મળ્યા સૌ સંતો પોતાના હૃદયમાં ઉમંગની સાથે ભેટીને મળતા હતા. તેમાં કેટલાક એકવાર મળ્યા કેટલાક બે વાર ભેટયા, કોઈક ત્રણવાર ભેટયા, કોઈક ચાર વાર ભેટયા, કોઈક પાંચવાર, કોઈક છ વાર, સાતવાર શ્રી હરિને સંતો ભેટીને બાથમાં મળતા હતા. કોઈ તો મનમાં ઉમંગ ભરીને દસવાર બારવાર મળ્યા એમ હૃદયમાં અધિક અધિક પ્રેમ લાવીને મળતા હતા, તે પ્રેમ મા'તોજ ન હતો. આવી રીતે મહાપ્રભુ ભકતજનો અને સંતોને સુખ આપતા હતા.

હે રાજન ! શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને જે લીલા કરતા હતા તે ચરિત્રો ભકતજનોના પાપોને બાળતા હતા ને નિષ્પાપ થઈને મહા અલૌકિક સુખને પ્રાપ્ત કરતા હતા. આમ મહાપ્રભુની પાસે ભકતજનો ગઢપુરમાં જ નિવાસ કરીને રહેતા હતા. આવી રીતે અવતારના અવતારીની અગણિત લીલાઓ છે.તેને ગણતાં અને ગાતાં લગારે પાર આવતો જ નથી. અનંત કવિઓ સો મુખ ગાય છે, શારદા ગાયા જ કરે છે. શેષજી હજાર મુખે ગાય તો પણ પાર નથી પામતા. હે રાજન ! વેદો પણ પારને પામતા નથી. એટલા માટે તે નેતિ નેતિ કહીને વિરમી જાય છે. કરોડો, સેંકડો વર્ષો સુધી ગાય તોય કોઈ પ્રભુના ચરિત્રને પાર ન પામે હે રાજન! પછી મહારાજ સર્વે પરમહંસોને આજ્ઞા કરી કે તમે સૌ ગુજરાતમાં ફરવા જાઓ,અને અમારા સ્વરૂપનો ઉપદેશ કરો આજ્ઞા સૌ સંતોએ પોતાના હૃદયમાં ધારીને પ્રભુના ચરણમાં વંદન કરીને પ્રયાણ કર્યું. પ્રભાતમાં ચાલતા થયા અને મહાપ્રભુ પોતે **ગઢપુર** નિવાસ કરીને રહેતા હતા. **બ્રહ્માનંદ સ્વામી** આદિક સંતો **દાદા ખાચર**ના દરબારગઢમાં મહારાજની આજ્ઞાથી લીલા ગાતા હતા, મહારાજ મુનિજનોને જ્ઞાન આપવા નિત્ય પ્રત્યે નવી નવી લીલા કરતા હતા. એવી પ્રગટ પ્રભુની લીલાને સર્પરાજ શેષજી પણ પાર નથી પામતા, પણ પ્રગટ પ્રભુના પ્રતાપને જાણીને પ્રગટ પ્રભુની ઉપાસના ભક્તિ કરનારા પાર પામે છે. અને દેહાભિમાની સ્વછંદી જીવો પ્રભુના ચરિત્રોથી વિમુખ થાય છે અને તે અધોગતિને પામે છે.

હે રાજન ! મહાપ્રભુની મહાસુખકારી લીલા આ સર્વ મેં તમને દશમાં રત્નમાં ખૂબ જ ખંત પ્રેમથી વર્ણવીને સંભળાવી છે. તેને જે જે જીવ ગાશે, સાંભળશે તે ભવસાગર તરીને પ્રભુના ધામમાં જાશે, અને મનમોજી થઈને આનો અનાદર કરશે તે પાપને ભોગવતો થકો પાપને ભોગવશે. પ્રેમથી સાંભળશે તે અધિક આનંદને પામશે. હે આનંદ રાજન ! આ પ્રભુના ચરિત્રો પ્રેમથી ગાય છે સાંભળે છે તેનાં કુટુંબ સહિત ભવસાગરને તરી જાય છે.આ ચરિત્રો સાંભળીને જે ભકત બ્રાહ્મણોને ધન આપે છે મનમાં દયા ભાવ રાખે

છે તેના બધાં જ પાપો તાપો બળી જાય છે અને પરમ પવિત્ર પ્રભુના ચરણને પામે છે. હે રાજન ! જેવી રીતે આ દશમાં રત્નમા કાળને જાણનારા સદ્.શ્રી **ગોપાળાનંદ** સ્વામીએ **ગુણાતિતાનંદ** સ્વામીને કથા વર્ણન કહી તે જ મેં તમને લીલાસિંધુ ગ્રંથમાં વિશાળતાથી વર્ણન કરીને સંભળાવેલ છે એવું પવિત્ર આ દશમું રત્ન હે રાજન ! સર્વના ભયને તોડનારું છે. આનું શ્રવણ કરવાથી હૃદયમાં પ્રગટ સ્વરુપની સ્મૃતિ થઈ આવે છે. આવી આ કથાને કહેનારા કે સાંભળનારાનાં સર્વ કૃત્રિમ દુઃખો નાશ પામે છે. આવી રીતે આનંદ સિંહ રાજા થયો અને મહાસુખ પામ્યા. અવધગુરુના મુખ થકી કથા સાંભળીને તેના હૃદયમાં અધિક આનંદ ઉત્પન્ન થયો અને મહાસુખ પામ્યા. એવા આ કથાના કહેનારા અયોધ્યાપ્રસાદજી મહારાજે આ પ્રગટ પ્રભુની વિશેષ લીલા ચરિત્રો વર્ણવ્યા તે એમણે પરમાર્થનું મહાન પવિત્ર કાર્ય કરેલ છે મને પોતાનો સેવક જાણીને સર્વે લીલાઓ કહી તે મારા સર્વે કલેશો, ઉપાધિઓને દૂર કરીને કૃતાર્થ કર્યો જેવી રીતે અત્યાર સુધી સુંદર લીલાઓ કહી તેવીજ રીતે બાકીની સર્વે લીલાઓ કહીને પૂર્ણ કરો એવી મારી ઉપર કૃપા કરીને કહો.

હે આનંદસિંહ રાજાને ધન્ય ધન્ય છે, કેમ કે તમણે ભાવ ભરીને કથાની સરણી બહુ સારી પૂછી છે તે કહું છું. પ્રથમ અને બીજા તરંગમાં મહારાજ **વઉઠે મેળામાં** પધાર્યા તે ચરિત્રો ખૂબ જ વિસ્તારથી કહેલાં છે. ત્રીજા તરંગમાં પ્રભુ **વરતાલ** પધારી મહારાજે સુખ કરનારી લીલા ખુબ જ કરી છે. ત્યાંથી પ્રભુ **કઠલાલ** ગામે પધાર્યા, **ઉટડીયા મહાદેવ** ગામે પધાર્યા તે ચોથા તરંગમાં આનંદ કરનારી લીલા કહી છે. પાંચમાં તરંગમાં મહારાજે **પ્રાંતિજ**માં લીલા કરી ત્યાથી **વિજાપર, વિસનગરમાં લીલા કરી** તે છઠ્ઠા તરંગમાં કહેલ છે. સાતમાં તરંગમાં **ઉંઝા** અને **મહેસાણા** ગામે પધાર્યા **ધિણોજ, મોટપ** આદિક ગામે પધાર્યા તે લીલાને આઠમાં તરંગમાં ગાયેલી છે. **નંદાસણ, માથાશુલ** થઈને મહારાજ **કડી, કુડાળ** થઈને **રાજપુરે** પધાર્યા તે બધી જ વાતો નવમા તરંગમાં કહી છે. ફંદને તોડનારા પ્રગટ પ્રભુનું સ્મરણ થઈ દર્શન થાય છે. દશમા ઉર્મિમાં મહારાજ **કરજીસણ તથા ડાંગરવા** ગામે પધાર્યા ત્યાંથી **પલિયડમાં હરિએ લીલા કરી**. તેનાથી અગિયારમાં તરંગમાં વર્ણન કરેલ છે. શંકરની સ્તુતિ કરી પછી **પ્રભુ વડુ ગામે પધાર્યા** તે લીલા બારમી લહરિમાં વર્ણન કરેલ છે. મહારાજ **અમદાવાદ** થઈને **જેતલપુર** પધાર્યા તે તેરમાં તરંગમાં વાત કરેલ છે. પછી **ગામડી** થઈને **કણભે** થઈને **ડભાણ** પધાર્યા ત્યાંથી મહારાજ **સારંગપુર** પધાર્યા ત્યાં શ્રીહરિએ ફૂલડોળનો ઉત્સવ કર્યો, લોકોના ભવ ફંદને દૂર કર્યા તે બધુ જ ચૌદમાં તરંગમાં કહેલ છે. પંદરમાં તરંગમાં **પંચાળા**માં મહારાજે જે લીલા કરી તે વર્ણવી છે. તથા ત્રણ ઉર્મિથી **ગઢપુરની અલૌકિક લીલા વર્ણવી** છે. તથા ઓગણીશમાં તરંગમાં **મુળી**ની અલૌકિક લીલા કહી છે. **ગઢપુર**માં આવી લીલા કરી તે વીશમાં તરંગમાં વર્ણન કરેલ છે. એકવીશમા તરંગમાં **જેતલપુર**માં લીલા કરી તે વર્ણન કરેલ છે. બાવીશમાં તરંગમાં **અમદાવાદ**ની લીલાના ખુબ જ વખાણ કર્યા છે. ચોવીશમાં તરંગમાં મેઉ તથા **કરજિસણ** ગામમાં લીલા કરી તે કહી છે. બે ઉર્મિથી મહારાજે **ડાંગરવા**માં લીલા કરી તે કહી છે. સત્યાવીશમાં તરંગમાં **મેઉ**ની લીલા ગાયેલી છે. પછી પ્રભુ **જેતલપુર** પધાર્યા તે અઠયાવીશમાં તરંગમાં ગાયેલી છે. ઓગણત્રીમાં તરંગમાં **મછિયાવ**ની લીલા કહી છે. ત્રીશમાં તરંગમાં નાગડકાની વાર્તા વર્ણન કરી છે. મહારાજે ગઢપુરમાં લીલા કરી તે એકત્રીશમાં તરંગમાં વર્ણન કરેલ છે. બત્રીશમાં તરંગમાં

વડતાલમા મહારાજે લીલા કરી તે વર્ણન કરેલ છે. અંતના ચોત્રીશમાં તરંગ સુધીમાં **ગઢપુર**માં અલૌકિક ચરિત્રો કર્યા તેની શોભાનું વર્ણન કરેલ છે. આવી રીતે **ગઢપુર**ના અદ્‌ભૂત ચરિત્રોનું વર્ણન કરીને હે આનંદ રાજન ! મે તમને એ રીતે બધાં જ પુછેલા ચરિત્ર વર્ણન કરીને સંભળાવ્યાં આમાં એકથી એક ચઢિયાતાં જ વર્ણન થયાં છે. આમ આ રત્નની જેમ દશમો રત્ન પૂર્ણ કર્યો જે જન પોતાના મનને પ્રભુમાં દઢ પ્રીતિવાળું કરીને ભગવાનના આ ચરિત્ર રત્નને સંભળાવે છે તે પ્રગટ પ્રભુના ધામને પામે છે. દઢ આશ્રિત ભકતને કાળ ભક્ષ નથી કરતો ભાગ્ય રેખાને પણ મટાડી દે છે. યક્ષ, રાક્ષસ કે વૈતાલ આદિ આસુરી તત્વ સામે પણ જોઈ શકતા જ નથી આ ગ્રંથને સાંભળનાર તથા વાંચનાર જનો પ્રભુના દિવ્ય જ્ઞાનને પામે છે ને અતિ પવિત્ર થઈ જાય છે. એ આત્માના અંતઃકરણમાં મહાપ્રભુ નારાયણ પ્રત્યક્ષ વિરાજે છે તે જ ચતુર્ધા મુક્તિને પામે છે. આવી રીતે આનંદ રાજા ચરિત્રો સાંભળીને ખૂબ સુખને પામ્યા. અને ભગવાનનો મહિમા પણ ખૂબ જ પ્રાપ્ત કર્યો એવો પ્રગટ પ્રભુનો મહા પ્રતાપ છે. આ પુરુષોત્તમ પ્રભુ જ સર્વના ઉપર સર્વાધાર છે. એ સહજાનંદ સ્વામી સર્વોપરી છે. ભક્તને કામી વામી તથા કાળચક્રથી પર કરનારા છે એવા પ્રભુના દશમાં રત્નમાં મહાન ચરિત્રોને સાંભળીને રાજનું મન અતિ પ્રફૂલ્લિત થયું

આ દશમાં રત્નને સંપૂર્ણ કરવા માટે ખૂબ જ પ્રયત્ન કરીને પિંગલ સાહિત્યના મત પ્રમાણે અવિનાશાનંદ કવિ કેશવપ્રસાદજી મહારાજ અને વર્ણિવર ગોપાળાનંદ સ્વામી આ બંન્ને ગુરુઓની મરજીને હૃદયમાં ધારીને આ રત્નને સારું શોભાવાળું પૂર્ણ કર્યું તેને જે કોઈ પ્રેમભાવથી સંભળાવશે, તેની ઉપર શ્રી સહજાનંદ મહાપ્રભુ પ્રસન્ન થશે. અને જીવના જન્મ મરણના ફેરા દૂર જીવાત્મા પ્રભુના ધામને પામે છે. આવી રીતે પરમાર્થના તેજરુપ પવિત્ર પ્રકાશને પૃથ્વી ઉપર ફેલાવીને બન્ને ગુરુઓની મરજીને ઉરમાં ધારિને કવિ અવિનાશાનંદ જગતના જીવોની મુક્તિ કરવા આ દશમું રત્ન પૂર્ણ કર્યું. તેમાં જો કોઈ ભૂલચુક જણાય તો તેને સજ્જન પુરુષોએ સુધારી લેવી. જેમ માતા પિતા પોતાના બાળકના વચનને ગળી જાય છે તેમ આમાં યોગ્ય-અયોગ્યને જાણીને, અંતરમાં અતિ પવિત્ર ભાવ રાખીને કોઈ પણ જાતના દોષને દ્રષ્ટિમાં ન રાખવો. કેવળ ચંદ્ર સમાન મનોહર મૂર્તિ હરિ અમારી ઉપર પ્રસન્ન થઈને હેત કરીને કૃપા દૃષ્ટિ રાખજો એવી રીતે કૃપાળુ હરિને અવિનાશાનંદ કવિ કહે છે. ધર્મના સ્થાપન કરનારા અધર્મનો નાશ કરનારા, જેમ કંસ અને શિશુપાળનો નાશ થયો તેમ આવા કળિકાળના દોષોનો નાશ કરનારા એવા મહાપ્રભુ મનોહર શ્વેત મુખકમળવાળા કામદેવને લજાવનારા મનોહર મૂર્તિ અમારા હૃદયમાં નિવાસ કરીને અખંડ આપના દર્શનનું સુખ આપજો. આવા ભયંકર કળિ કાળમા અધમ જીવોના ઉદ્ધાર કરવા, કરુણા કરીને કાઠી, કોળી, કણબી આદિ કરડી પ્રકૃતિવાળાને તત્કાળ ઉદ્ધાર કરનારા એવા મહાપ્રભુ અવિનાશાનંદના અંતરમાં આવીને નિવાસ કરો. હરિજનોના મનને આનંદ આપનારા એવા શ્રીહરિ સર્વ જગત જંજાળથી મને મુકત કરો.

હે ધર્મનંદન મહારાજ ! પૃથ્વી ઉપર અવતાર ધારીને સધર્મ સ્થાપન કરીને અધર્મનો નાશ કરનાર, આપ પૃથ્વી ઉપર વિચરો છો, તેજ સ્વરુપે મારા ઉરમા નિવાસ કરો, અખંડ આપના સ્વરુપનું સ્મરણ આપો. આવી રીતે લોકોનાં સુખ માટે આ દશમું રત્ન પ્રયત્ન કરીને લોક ભોગ્ય ચરિત્રો વર્ણવ્યાં એવા પૃથ્વી ઉપર

વસતો હું અવિનાશ કવિની ઉપર હે મહારાજ ! આપ રાજી રહેજો, અખંડ સુખ સ્મરણ આપજો. પ્રભુએ બ્રહ્માનંદ સ્વામીને જીવનદાન આપીને જીવાડ્યા અને ફુલદોલનો અદ્ભૂત ઉત્સવ કર્યો તેનું વર્ણન કર્યું એવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં લહેરીના રૂપના ચોત્રીશમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં દશમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આંનદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ ગઢપુરમાં લીલા કરી તથા રત્નનું સારણ વર્ણવ્યું અને એનો મહિમા કહ્યો, એ નામે આ ચોત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૪ ॥**



## ॥ અથ એકાદશ રત્ન પ્રારંભ્યતે ॥

# તરંગ-૧

સમુદ્રના પુત્ર છિપ તેનો પુત્ર માછલું તેનો પુત્ર મોતી તે જેનું ભક્ષ્ય છે તે હંસ પક્ષી તેના પિતા બ્રહ્માજી તેના પુત્ર ધર્મદેવ તે ધર્મદેવના પુત્ર શ્રી હરિ સુખના દાતાએ મહા પ્રભુના ચરણ કમળમાં વારંવાર વંદન કરું છું હે પ્રભુ ! મંદ મતિ એવો હું તેનું આપ મંગળ કરો. જેમના પ્રતાપથી જગતમાં બધે જ સુખ શાંતિ થયા કરે છે સારો સંસાર જેમને ભજે છે એવા તે પ્રભુનું મંગલાચરણ કરીને સુંદર અગિયારમાં રચના કરવાનો પ્રારંભ કરું છું તેનું હું સારી રીતે વર્ણન કરું તેમાં મને બધું જ સ્મરણ થતું રહે, એના માટે સર્વે સંતગણ પણ મને સહાય કરો. પોતાના દેહથી પર પદાર્થમાંથી વૃત્તિ ત્યાગીને દ્દઢ સ્નેહથી મહાપ્રભુના ચરણ કમળમાં વંદન કરીને અબળાના સંગનો આઠે પ્રકારે ત્યાગ કરીને અંગો અંગમાંથી કામવાસનાનો ત્યાગ કરી નિષ્કામ થઈને સ્વછંદતા, સ્વાર્થતા, અભિમાન આદિના સંગનો ત્યાગ કરીને કેવળ એકાત્મ ભાવથી સુખકંદ મહાપ્રભુનું ભજન કરવું, ભજન કરાવવું, આ સ્થિતિમાં રહેનારા સંતો જે કહેવાય છે તે આ અગિયારમું રત્ન પ્રારંભ કરું છું તેમા સહાય કરો. આ શ્રીહરીલીલાસિંધુના અગિયારમાં રત્નનો પ્રારંભ કરવાનો પ્રયત્ન કરું છું ત્યારે પુરુષોત્તમ પરબ્રહ્મ પ્રભુને મારા ઉરમાં ઉતારીને ધર્મનંદન મહાપ્રભુને વારંવાર વંદન કરું છું

હાથીનું જેમનું મુખ છે એવા ગણપતિ, એમના પિતા મહાદેજી જેમનું સતત ભજન કરે છે, જેમના નામનું રટણ કર્યા કરે છે એવા જગતના સ્વામી, શારદા, નારદ, શેષજી હંમેશા ઉપાસના કરે છે એવા તે જ મહા પ્રભુ ચરાચર જગતમાં વ્યાપક છે. તે જ આદિ અને અંત કહેવાય છે. એવા મહાપ્રભુનું મારા ચિત્તમાં ધ્યાન કરું છું . ધ્યાન કરીને આ અગિયારમાં રત્નની રચના કરવાનો પ્રયત્ન કરીને સુંદર પ્રારંભ કરું છું તેમાં ભવભયહારી મહારાજના લીલા ચરિત્રોનું જુદા જુદા પ્રકારથી વર્ણન કરીને સુંદર મૂર્તિ મહાપ્રભુની લીલાથી જીવોના પાપોનો નાશ થાય છે. તનના તાપો શાંત થાય છે, એવા ભગવાનના ચરિત્રો ગવવા માટેના પદો બનાવીને તે ચરિત્રનો સંપુટ સુખદાયક પ્રભુના પદો કરવામાં મને હે મારા સુખનિધાન ! સહાય કરો. જેમનો પ્રતાપ તથા સ્વરુપનું તેજ અલૌકિક છે. જેમના દર્શનથી જીવોના તાપ સંતાપને અનહદ શાંતિ કરે છે એવા મહાપ્રભુના મંત્રનો જે જાપ જપે છે. તેના બધાં જ જન્મ જન્માંતરના પાપો બળી જાય છે તથા જન્મમરણની પીડા ટળી જાય છે. સુખસાગર અભેદમૂર્તિના કરેલા ચરિત્રોનું જે ગાન કરે છે તેના બધાંજ દુઃખો દૂર થાય છે એવા મંગળમૂર્તિ મહાપ્રભુ મારા અંતરમાં નિવાસ કરો,

આ એકાદશ રત્ન મનોહર છે તેમાં ઘનશ્યામ પ્રભુની અખૂટ લીલાઓ બહુ જ ભરેલી છે તે લીલાઓને સૌને જણાવવા માટે, ત્રિવિધ તાપથી દુઃખી જીવોના ત્રાસને નસાવવા માટે નાથે જે લીલાઓ કરી છે તે લીલાઓનું જીવો શ્રવણ કરીને ભવસાગર તરી જાય તેના માટે આ સંપૂટરુપે તૈયાર કરીને હું અવિનાશાનંદ કવિ રચના કરું છું.

ખીલેલા કમળની સમાન કોમળ જેમના ચરણ છે તેવા તે ચરણનું મારો મનરૂપી ભમરો તેનું સતત

સ્મરણ કર્યા કરે છે, જેમ ભમરો કમળમાં ગૂંજન કરે છે તેમ મારું મન ગુંજારવ કરે છે એવા મહાપ્રભુના ચરિત્રોનું રત્ન રચું છું. એના માટે મારા ઉરમાં રહીને આપના ગુણનું ગાન કરું. આ રત્નને સારી રીતે પૂર્ણ કરી શકું એવી મારી ઉપર કૃપા કરીને સહાય કરો. આનંદસિંહ રાજા કહે છે કે, હે ! અવધપ્રસાદજી ગુરુ ! આપે પૃથ્વી ઉપર અવતાર ધરીને ભકતજનોને આનંદ આપી ભવબંધનમાંથી મુકત કરનારા, અભિમાનીના માન મદને હરનારા, સર્વને આનંદ આપનારા, એવા જીવોના કર્મ પ્રમાણે થયેલા પાપો-તાપોનો નાશ કરીને ભક્તજનોની આગળ પ્રત્યક્ષ દર્શન આપતા એવા વર્ણિઓમાં અગ્રેસર અનંત સંતો જ્ઞાનીઓ સતત સેવન કર્યા કરે છે એવા સર્વના સ્વામી મહાભયંકર પાપોનો નાશ કરનારા અનંત જીવોને અમૂલ્યપરૂપી દિવ્ય ધામમાં પ્રેમપૂર્વક લઈ જઈને અભયસુખ આપો છો એવા મુનિઓના સ્વામી આપ છો તે મારી ઉપર કૃપા કરો.

હે ગુરુ ! આપનું અવધપ્રસાદ એવું નામ યોગ્ય છે આપને તો રાજા મહારાજાઓ નિત્ય આપના ચરણોમાં પડીને વંદન કરે છે એવા સર્વના સુખદાતા તમે યોગ્ય જ છો, હમણાં જ આપે દશમો રત્ન સંભળાવીને મને ખૂબ જ આનંદ કરાવેલો, તે મારી ઉપર દયા કરીને મારા મહાપાપોના સમુહને બાળ્યા છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ તો અનંત સંતોના સહાયક છો એમના આપ તારક છો, એમનાં કેટલાંક ચરિત્રો સંભળાવીને મારા મનના ઉત્સાહનો વધારો કરો, આપ તો મુનિઓના નાયક ગુરુ છો સુખ આપનારા છો, સૌને સારી સુખકારક મુક્તિ આપનારા છો, આપ ભકતજનોના મનને ખૂબ જ ભાવનારા છો, જીવમાં વાસ કરીને રહેલી વાસનાઓને મારનારા છો, ભકતજનોને અભય દાન આપીને પરમસુખ કરનારા છો, પ્રગટ પ્રભુનો મહિમા સમજાવીને અભયદાન દેનારા, ભકતજનોના ત્રાસનો નાશ કરાવનારા આપ છો. ચંદ્ર કરતાં પણ અતિ પ્રકાશવાન જાણે બીજો સૂર્ય ન હોય ? તેમ સુંદર ચાતૂરતાથી રત્નો કર્યા તે ચોથું પાચમું પ્રેમથી કર્યું તથા છઠ્ઠું સાતમું, આઠમું, નવમું અને દશમું પણ સુંદર વર્ણન કરીને કહ્યું હે મહારાજ ! હવે આપ અજિત મહાપ્રભુની બધી જ લીલા અગિયારમાં રત્નમાં મન હરનારા પુરુષોત્તમ પ્રભુના શરણમાં આવનારને સુખ આપવાની ટેકવાળા પ્રભુના લીલાઓ જે બાકી રહેલી હોય તે નવિન લીલા મંદમતિ એવો જે હું તે મારા દિલમાં પાપો અને માયાનો ફંદો છૂટે. એટલા માટે જ ડૂબતાને તારનાર તરણી રુપે (નૌકા) પ્રભુના ચરિત્રો છે તે પાપ સંતાપને હરનારા છે તે ચરિત્રો લીલાઓ હવે મને આ અગિયારમાં રત્નમાં વર્ણવીને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારું રાજાઓમાં નામ ખુબ જ યોગ્ય જ છે, તમારું નામ મનોહર આનંદસિંહ તે ધન્યતાવાળું છે તેમો આ ધરા ઉપર દ્રઢતાથી ધર્મને ધારીને રહેલા છો કેમ કે તમે પ્રેમથી ભગવાન શ્રી હરિના મહાન પવિત્ર મનોહર ચરિત્રોનું પૂછો છો તે પણ અનેક જીવોના જ્ઞાન લાભ માટે પૂછો છો, અત્યારે તમે ભગવાનના ચરિત્રોની જે કથા મને પૂછો છો તે જ અપાર લીલા ચરિત્રોને જેમનું નામ ગુણાતીતાનંદ સ્વામી છે તે જ પોતે પ્રીત કરીને અનેક જીવોને ઉદ્ધાર કરવા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીને પૂછતા હતા તે કહું છું, ગુણાતીતાનંદ સ્વામી કહે છે હે ગોપાળાનંદ ગુરુ હે સ્વામી ! આપતો ધન્ય છો કેમ કે આપ પુરષોત્તમ લાલની લીલાનું વર્ણન કરીને કહેનારા છો, પ્રભુના મહાજ્ઞાનનો ભંડાર છો, એવા આપ ગોપાળાનંદજી મારી ઉપર કૃપા કરીને સર્વોપરિ ભગવાનની બધી જ લીલા ભકિતભાવને ઉરમાં ધારણ કરીને, જેને સાંભળવાથી જગની ઝંજાળ છૂટે છે એવાં ભગવાનના ચરિત્રોનું પ્રથમ, બીજું, ત્રીજું

એવા પવિત્ર રત્નો ચોથું, પાંચમું છઠ્ઠું, સાતમું તેની સાથે આઠમું, નવમું કહીને પછી દશમું આવી રીતે બધાં જ રત્નો ખૂબ જ પ્રયત્નો કરીને મને સંભળાવ્યા. તે એકાગ્ર ચિત્તથી મે સાંભળ્યા તેના થકી શરીરનું ભાન પણ ભૂલાઈ ગયું અને ખાવા પીવાનું બધું જ ભૂલાઈ ગયું.

હવે ભગવાનની અગિયારમાં રત્નની લીલાની બધી જ વાતો મને કહો, તે વાર્તાઓ સાંભવાથી બધા જ પ્રકારના સંતાપ નાશ પામે માટે હે ગોપાળાનંદ સ્વામી ! શ્રીહરિના ચરિત્રો નવિન છંદના રૂપે આપ સંભળાવવા કૃપા કરો, જે સાંભળવાથી અંતકરણમાં આનંદ થાય છે.

હે વર્ણી ગોપાળાનંદજી ! આપ તો સર્વનું મંગળ કરનારાનું મંગળ જ્ઞાન આપીને સુખ કરનારા છો, જીવોના દુઃખોનો નાશ કરવા માર્ગ બતાવનારા છો આપ તો સર્વ પ્રકારના વિશિષ્ટ જ્ઞાનવાન છો, સારું સમજનારા છો, સુખની ખાણરુપ છો, સુંદર ચારિત્ર ગુણવાળા ઉદાર મૂર્તિ નિષ્કામી વૃત્તિવાળા, વાયક પીયુષની જાણે કહેવત હોય તેમ આપનું નામ પ્રમાણેના ગુણોવાળા મનની વાતોને જાણનારા યોગને સિદ્ધ કરીને સર્વ પ્રકારના રોગનો નાશ કરનારા, હે સ્વામી ! આપ તો આવા પવિત્ર અગણિત ગુણોના ભંડાર છો, આપનો સ્વભાવ સાગર જેવો છે. એકદમ સરલ સ્વભાવવાળા ભકિત કરવાના ભાવમાં અતિ ઉમળકા વાળા છો. ભકતજનોને ભવજળના બંધનથી તારનારા, એવા મહાન મૂર્તિ ગોપાળાનંદ મુનિ આપ તો કોઈનાથી કળિ શકાય તેવા કળાવાન છો, માટે હે સ્વામી ! હવે આપ અકળ મૂર્તિ સહજાનંદ સ્વામીના ચરિત્રો સંભળાવો, ચરિત્રરુપી નૌકાથી સંસારથી મુકત કરનારા છો.ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદજીને કહે છે : હે મુનિ ! તમે પરમ પવિત્ર ભગવાનના ચરિત્રનો પ્રશ્ન બહુ સારો પૂછયો છે તે માટે હે ગુણાતીતાનંદ ! તે પ્રશ્નથી તો બધા પ્રકારના પ્રપંચો ટળી જાય તેવી પ્રગટ પ્રભુની લીલાની મનોહર વાર્તા છે, અને તે પ્રસિદ્ધ જ છે તે સુખકારી પ્રભુની વાતો તમને કહું છું તેનાથી સર્વ સંતાપ ટળે છે, બધા જ પાપો બળી જાય છે. એ લીલાની વાતો હવે કહું છું તે રત્નના રુપમાં પ્રયત્ન કરીને અગિયારમાં રત્નમાં અનેક પ્રકારની જુદી જુદી અલૌકિક લીલા ઘણા પ્રકારના જ્ઞાનથી ભરપુર વખાણવા લાયક કહું છું. તે ભગવાનના ચરિત્રો સાંભળવાથી જીવનમાં શાંતિ થઈ જાય છે તેના પ્રતાપથી સર્વ પાપો અને દોષો દૂર કરી નાંખે છે. જીવ અતિશય આનંદ પામે છે તથા જન્મ મરણના બંધનો તુટી જાય છે, એ રીતે ભકતજનોના મનને આનંદ કરીને ત્રાસને મટાડનાર પ્રગટ પ્રભુ પ્રત્યક્ષ જણાય છે. અંતમાં પ્રભુના ચરણમાં વાસ થાય છે એવાં આ પવિત્ર સુંદર રત્ન સંભળાવું છું, તેને તમે સાંભળીને તમારા મનના સંશયો તથા મનની બધી જ ભ્રમણાઓ ટળી જાય એના માટે હવે તે સુખદાયક લીલા સાંભળો . અવધ ગુરુ કહે છે હે આનંદ રાજન ! ગોપાળાનંદ સ્વામી આવી રીતે કહીને પછી સ્વામીએ પોતાના અંતઃકરણમાં સુખના સ્થાન ઘનશ્યામ પ્રભુનું ધ્યાન કર્યું. જેનાથી પ્રભુના અપાર ચરિત્રોનું સ્મરણ થઈ ગયું. સર્વના ફંદોને દૂર કરવા માટે પૂર્ણ વિચાર કર્યો, ત્યારે પોતાના મનમાં રાજી થઈને જોયું તો ઘનશ્યામ પ્રભુની મૂર્તિનું દર્શન થયું. ત્યારે તરત જ અવતારી મહાપ્રભુની સર્વ લીલા કહેવા લાગ્યા અને પરમ સ્વતંત્ર મુનિવર પ્રભુના ચરિત્રોમાં ઉંડા ઉતરી નિમગ્ન થઈ ગયા. થોડીવારમાં પરિભ્રમણ કરીને તરત જ બહાર આવ્યા પછી મહાપ્રભુની અલૌકીક લીલા કહેવા લાગ્યા. હે રાજન ! તે બધી જ લીલાઓની વાતોને વખાણીને હું તમારી આગળ કહું છું. મહારાજ જયાં જયાં ફર્યા તથા જગવંદ્ય સંતગણને સાથે લઈને ભકતજનોને સુખો આપ્યાં

અને મહાપ્રભુ જગતપતિ ભકતજનોને ત્યાં જઈને લીલાઓ કરી તે તે ગામો, પુરો, નગરો તેનું વર્ણન કરીને ત્યાંના ભકતજનોના નામો વર્ણન કરીને કહું છું તે તમે હે રાજન ! સાવધાન થઈને એકાગ્રતાથી પ્રભુના બધા જ લીલા ચરિત્રોને સાંભળો. શંખ સમાન મનોહર કંઠવાળા મંગળ મૂર્તિના દર્શન કરીને સંતો કુંદની કળીરુપ દંતાવળીને જોઈને તેનું ગાન કરતા આવતા જતા હતા. તે ધર્મનંદન ઘનશ્યામ પ્રભુ મારા અંતરણમાં કાયમ નિવાસ કરીને રહો અને મારી મનોકામના પૂર્ણ કરો. પૂર્ણકામ પ્રભુના નામનું દેવો, મુનિજનો સદાય ગાન કર્યા કરે છે, તે મહાપ્રભુ સહજાનંદ સ્વામી **ગઢપુર** ધામમાં નિવાસ કરીને રહેતાં હતા અને સંતો પણ ત્યાં જ રહેતા હતા. મુનિજનો મહાપ્રભુના ચરિત્રોના ગુણને ગાતા હતા ત્યારે મહારાજ સંતોને બાથમાં લઈને ભેટીને મળતા હતા .

શ્રી હરિ ગઢપુરમાં વિરાજમાન રહીને આનંદ કરતા ને સુખ આપતા હતા. ભકતજનોને જ્ઞાન ઉપદેશની વાતો કરીને આનંદ કરાવતા હતા જે સાંભળે તેના પાપો બળીને ભસ્મ થતા હતા નિષ્પાપ થતા હતાં. સવારમાં વહેલાં ઘેલા નદીમાં સ્નાન કરવા જતા આવતા ધૂન કીર્તન ગાતાં ગવરાવતા જતા હતા ચપળ નયન મહાપ્રભુ જનસમુદાય જોઈને જળમાં પ્રવેશ કરીને સ્નાન કરવા જતાં હતાં. સંતોની વચમાં જઈને પ્રભુ સંતો ઉપર પાણી ઉડાડતા હતા એક બીજા ઉપર ખેંચતાણ કરતા હતા નીચે પાણીમાં પાડતા હતા. આવી રીતે શ્રી હરિ સર્વના નાથ સંતોની સાથે કીર્તનો ગાતા ગવરાવતા થકા સર્વને સુખનું પાન કરાવતા સુખ આપતા હતા. મહારાજ નદીના જળમાં ઘણીવાર સુધી સ્નાન કરતાં તાળીયો પાડીને ગવરાવતા હતા અને અનેક લીલાઓ કરતા હતા. સંતસમુદાય સ્વઈચ્છાએ જગત વંદ્ય પ્રભુના છંદોને બનાવીને ગાતા અને આનંદ કરતા હતા. પ્રભુ સંતોની સાથે ગાતા ત્યારે સાંભળનારના પાપને હરતા હતા, પ્રભુની કિર્તિના શબ્દો જગતમાં વ્યાપક થઈને સર્વના તાપને ટાળી છતાં શીતળતા આપતા હતાં. આવી રીતે ગઢપુરમાં નિવાસ કરતા પૂર્ણકામ મહાપ્રભુનું સ્ત્રી-પુરુષો સૌ પ્રેમથી નામ રટણ ભજન ભક્તિ કરતા હતા. મહાપ્રભુ રસોઈ તૈયાર થઈ એટલે પાકોની સાથે શાકો જમતા હતાં અને પછી સંતોને જમાડતા હતા ભક્તજનો દર્શન કરી સુખ પામતા હતાં. શ્રીહરિ ભકતજનોને રાત-દિવસ જયારે સમય મળે ત્યારે જ્ઞાનની વાર્તા કરીને ઉપદેશ કરતાં હતાં. જે ભકતો ભગવાનના મુખની વાર્તાઓ સાંભળીને આશ્રય કરતા તેના બધાં જ પાપો બળી જન્મ મરણના તાપમાંથી ઉગરતાં હતાં. આ રીતે આનંદને પામતાં હતાં, મહાપ્રભુ સર્વના કષ્ટને હરતા હતા. દયાળુ મહાપ્રભુ આવી રીતે રોજે રોજ નવી નવી લીલાઓ કરતા હતા અને ભકતજનોના મનને ખેંચતા હતાં, સર્વના દુઃખોને હરીને સુખ કરતા હતાં. પછી **ગઢપુર**થી ગુણવંત ગિરધારી મહાપ્રભુ પ્રયાણ કરીને **વડતાલ** ધામે પધાર્યા ત્યારે **વડતાલ** આવતા વચમાં ગામોમાં રોકાતા કરતા ભક્તોને આનંદ આપતા થકા આવતા હતાં.

હે રાજન ! મહારાજ ભકતજનોના કાર્યો કરવા ગરીબોના નાથ, જીવોના જન્મ મરણના ફેરાઓ ટાળવાના જહાજરુપે વડતાલ પધારતા હતા. ભકતજનોને ખબર પડી એટલે તે ગામના લોકો ગુણ ગાતા અને વાજીંત્રોને તાનપૂર્વક વગાડતા મહાપ્રભુજીને સામા તેડવા આવ્યા. જેમ રાત જાય ને સવાર પડે તેમ મહાપ્રભુજીને જોઈને દર્શન કરતાં હતાં. શ્રીહરિ પાસે આવીને લાવેલ ભેટ ચરણમાં અર્પણ કરતાં હતાં. ઘનશ્યામ પ્રભુ તૈયારી કરીને સર્વના કલ્યાણ કરવા સૌ ભકતોની સાથે ઘોડેસ્વાર થઈને વડતાલપુરમાં પધારતા હતાં. ત્યારે

ભકતજનો વાજાં વગાડતા હતા અને મુનિજનો કીર્તનો ગાતા હતા શ્રીહરિ પુરની શોભાને જોતા અને નરનારી જનોને દર્શન આપતા થકા પધારતા હતા. મહારાજને નેત્રોથી જોઈને હૃદયમાં મૂર્તિને ઉતારી વારંવાર દર્શન કરીને ગુણને ગાતાં હતાં, આ રીતે પ્રભુ પધારતા હતા.

અગિયારમું રત્ન લખવાનો પ્રારંભ કર્યો તેમાં કવિએ પ્રથમ મંગલાચરણ કર્યું તેમાં એક બીજાઓનો સંવાદ થયો તે વર્ણન કર્યું. ગુણવંત મહાપ્રભુ ગઢપુરથી ચાલીને ધર્મનંદન મહાપ્રભુ વડતાલ પધાર્યા, એવી રીતે આ પહેલું પવિત્ર અભિધાનરુપે શ્રી હરિલીલાસિંધુમાં લહરીના રુપમાં પ્રથમ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ વડતાલ પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામે પ્રથમ તરંગ. ।૧।।**

# તરંગ-૨

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સુંદર મુખકમળવાળા સર્વશ્રેષ્ઠ ગુણચરિત્રો જેમનાં છે એવા, ઈશ્વરોના ઈશ્વર સનકાદિકો જેમને અતિ પ્રિય છે સર્વ વિશ્વના સ્વામી મહાસુખ આપનારા એવા શ્રીહરિ મહાપ્રભુની લીલાઓ તો અલૌકિક છે તે મન હરનારા મહાપ્રભુની વડતાલ પુરીમાં કરેલી લીલાઓ મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ સિંહ રાજન ! તમારી બુદ્ધિને ધન્ય છે પૃથ્વી પતિ પ્રજાપાલક આપને ધન્ય છે કેમ કે તમે ધન્ય એવા પવિત્ર મહાપ્રભુના ચરિત્રો સાંભળવા માટે પ્રેમથી પૂછયું છે તેથી તમને ધન્ય ધન્ય છે. ઈંદ્ર આદિક સર્વે દેવગણો અતિ પ્રેમથી ધર્મનંદન પ્રભુના ચરિત્રોને સ્વેચ્છાએ ગાયા જ કરે છે સર્વના કામ ક્રોધાદિક વિકારોનો નાશ કરે છે એવા સર્વના તારનારા પ્રભુના ચરિત્રોનું પૂછો ફરતા છો તે કહું છું, શ્રીહરિ મહાપ્રભુ ફરતા લોકોના ફંદોને દૂર કરતા નગરની શોભાને પ્રેમથી જોતા થકા મનોહર મૂર્તિ નરનારીજનોને દર્શનનું દાન દેતા થકા સુખ દેતા હતા. માર્ગમાં ચાલતા ગાતાં અને ગવરાવતા આવતા હતા. જનોના પાપોને નષ્ટ કરતા પ્રીતમ પ્રાણ પુણ્ય**દાતા મહારાજ જનમાષ્ટમીના ઉત્સવ ઉપર** વડતાલ આવતા. હતાં. દેશ પ્રદેશના અનેક ભકતજનો આનંદ પામતા થકા શ્રી હરિ દર્શન કરવા માટે પ્રભુના ગુણને ગાતાં આવતાં હતાં. ઉત્સવ પર ઉમંગ સાથે વૃદ્ધો, બાળકો સૌને લઈને મોટા સમાજ સાથે નરનારીજનો સર્વોપરિ નાથના દર્શન કરીને મનોહર છબી ઉરમાં ધારીને હૃદયમાં ઉતારીને લાવેલ ભેટ ધરાવતા હતા અને પ્રભુના ગુણને ગાતા હતા. એવા શિરતાજ - પ્રભુના ચરિત્ર કહું છું.

મહા પ્રભુ **વડતાલ** પધારી આંબલીના વૃક્ષ નીચે ઓટલા ઉપર વિરાજમાન થયા. પ્રભુની સન્મુખ સંતો હરિભક્તો સૌ બેઠા અને સૌને પ્રભુ દર્શન દેતાં હતા. ભકતજનોના દુઃખો દૂર કરીને સુખશાંતિ આપતા હતા, અનંત ભકતોને અમાપ સુખ આપવા મહા પ્રભુ સર્વના સ્વામી મહાજ્ઞાનીજનો આગળ વેદવેદાંત જ્ઞાનની વાતો કરતા હતા, પોતાના સંતોને બહુનામી જ્ઞાન વાર્તાનું સુખ આપતા હતા. આનંદ કંદ જેવા જીવો તેવા યોગ્ય જ્ઞાન ઉપદેશ કરીને પોતાના આશ્રિત જનોને મહાસુખ આપતા હતા. જગવંદ્ય મહારાજ સંતોને જાત જાતના

પકવાનો લાડું, જલેબી, મોતિયા, ચૂરમાના લાડું, બિરંજ આદિ બનાવરાવીને પંગતમાં પ્રેમથી સારી રીતે વાનગીઓના નામ દઈ દઈને આગ્રહ કરી કરીને પીરસતા હતા. હે રાજન ! આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ સંતોને જમાડતા ને સંતો જમતા હતા ત્યારે ગામના પટેલ ભકતો **મનહરભાઈ, બાપુભાઈ, જોબન પગી** આદિ સૌ સંતો તથા મહાપ્રભુજીની સેવા પરિચર્યા કરતા હતા તેને મહાપ્રભુ અંગિકાર કરતા હતાં, તેના ચરિત્રોને હંમેશા ગાતા હતા, આવી રીતે મહારાજ જન્માષ્ટમી ઉત્સવ કરીને ગઢપુર પધારતા હતા.

હે રાજન ! શ્રી હરિ ભગવાન **વરતાલ**થી પ્રયાણ કરીને **ગઢપુર**માં પધાર્યા ત્યારે દરબારગઢમાં ઉત્તમ રાજાની અક્ષર ઓરડીએ ઉતારો કર્યો. **દાદા ખાચર** આદિક સૌ ભકતજનો ઉમંગ ભેર મહાપ્રભુની સેવા પરિચર્યા ભકિત કરતાં હતાં. શ્રીહરિએ **ગઢપુર**માં સૌ સંતોને પોતાની પાસે બોલાવ્યા સંતો જલદીથી આવ્યા. દિવાળીના સમયે અન્નકૂટ ઉત્સવમાં સૌ સેવક ભકતોને તેડાવ્યા. અવિનાશી પ્રભુ સર્વને ખૂબ જ સુખ આપતા હતાં. અન્નકૂટ ઉત્સવમાં સૌ દેશ વિદેશના ભકતજનો દર્શન કરવા માટે આવ્યા હતા. સૌ સંતો કમલનયન પ્રભુનું સેવન કરતા હતા. પ્રભુ જ્ઞાન ઉપદેશ કરીને અજ્ઞાન અંધકારનો નાશ કરતા હતા, આનંદ આપતા હતા. હે રાજન ! શ્રી ઘનશ્યામ મહારાજ ગઢપુરમાં દિવાળીનો અન્નકૂટ ઉત્સવ કરીને સર્વ મુનિજનોના મનને રાજી કરીને સંતો નરનારી, બાળકો, હરિજનો, યુવાનો, વૃદ્ધો સર્વને તૈયાર કરતાં હતા.

હે આનંદ સિંહ રાજન ! આનંદના સાગર મહાપ્રભુ સૌને સુખાનંદ આપીને ચાલ્યા એ ચરિત્રને સાંભળો. સુખ સાગર ઘનશ્યામ સૌને સુખ આપીને પછી **જેતલપુર** ધામે પધાર્યા. હે રાજન ! સર્વ લોકોના સ્વામી મહાપ્રભુ ભકતજનોની સાથે કરુણાનિધાન અનેકના કલ્યાણ કરવા પધાર્યા ત્યારે **જેતલપુર**ના પ્રેમી ભકતો પ્રેમ સહિત પ્રભુ પાસે અનેક પ્રકારના વાજિંત્રોને વગાડતા થકા આવ્યા. સાથે પ્રભુને અર્પણ કરવા ભેટ સામગ્રી લાવ્યા હતા. તે ભેટ કરી સર્વના પાપને હરનારા શ્રી હરિના ચરણકમળમાં અર્પણ કરી ને દર્શન કરતા હતા. શ્રીહરિ પુરમાં પધારી પાવન કરીને ભક્તજનોને દર્શન આપીને ભકતોના દીલને સુખ આપતા હતા. સર્વના મનને આનંદ આપનારા સર્વ સંતોની સાથે સુખપૂર્વક મહોલમાં નિવાસ કરતા હતા, લોકોનો સમુદાય ભગવાનની સામે બેઠો ત્યારે મહાપ્રભુ આગળ સૌ સંતો મહિમાના પદો ગાતા હતા. તે જ સમયે ઘનશ્યામ પ્રભુ ચંચળ લોચન કમળ નયન મધુર-વાણીથી કહેતા હતા કે મારા સંતો અને ભકતો તમે સાંભળો હું તમને સુખકારક વાતો કહું છું. તમે બધાં જ મારા સ્વરુપનું ભજન કરો, મનના બધા જ વિકારોનો ત્યાગ કરો, જગતના માયિક સુખો બધા જ સાર વગરનાં છે એમ માનીને મારી મૂર્તીનું ધ્યાન કરો, તેનાથી મનના બધા જ વિકારો (શત્રુઓ) દૂર થઈ જાય છે. આ મનુષ્ય શરીર છે તે મહાદુર્લભ છે એમ જાણવું આ પ્રમાણે પ્રભુએ બધાને બોધ આપ્યો પોતાના કલ્યાણ માટેનો ઉપાય તો એ જ છે જે, જગતની જેમને મોટાઈ છે તેનો જલદીથી ત્યાગ કરવો. બધાં જ શાસ્ત્રમાં સારમાં સાર આજ વસ્તુ મુખ્ય કહે છે તે જ મેં તમને રાજી થઈને કહેલ છે. તે રીતે વાતો સાંભળીને સૌ નર-નારીજનો સંતો રાજી થયા પ્રભુનો જયજયકાર કર્યો હે રાજન ! લોકો કહે હે પ્રભુ આપે આ વાતો બહુ જ સારી કરી કરુણાના સાગર આપે તો કળિયુગનું મૂળ જ કાઢી નાખ્યું, આમ વાત કરતા હતાં એટલામાં અનેક પદાર્થોનો થાળ તૈયાર થયો રુચિ પ્રમાણે તૈયાર કરેલો થાળ જમવા માટે **ગંગાબાઈ**ના ઘેર પધાર્યા ગંગામાના ઘેર બધા પાકો, શાકો તૈયાર કરેલા હતા તે પ્રભુ જમવા બેઠા. ને મહાપ્રભુ સંતો મુકતોને જમાડતા હતા. મહારાજ જન સમુદાયને જમાડીને સર્વે સંતો વર્ણિઓને ભકતોને સૌની સાથે

જમાડયા. પછી પ્રગટ પ્રભુની વડ નીચે સર્વના પાપનો નાશ કરનારા સર્વ ભકતોની સાથે સુંદર આસન ઉપર બીરાજમાન થઈને શોભતા હતા સાથે પ્રીત કરીને મુનિજનો કીર્તનો ગાતા હતા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન કીર્તનોના તાલ અને ભાવ સાથે એક લય થતાં હતાં. આવી રીતે મહાપ્રભુ **જેતલપુર**ના ભકતજનોની સેવાને સ્વીકારીને કૃપા કરીને ભકતોના ઇચ્છિત મનોરથો પૂર્ણ કરીને મોટા જન-સમુદાયને રાજી કરીને મહાપ્રભુ વિદાય લઈને **ગઢપુર**ધામે પધાર્યા. કમળનયન મહારાજ કેટલાક દિવસ નિવાસ કરીને સર્વના નાયક સુખદાયક સર્વેને સુખ ચેનવાળા કરીને લોકોના મનોભાવને પૂર્ણ કરીને જગતના નિવાસ પ્રભુ કોઈનાથી ન પરખાય એવા આદિ અનાદિ સુખદાતા **ગઢપુર**થી ચાલીને પરમ દિવ્ય ધામ **વડતાલ** પુર પ્રત્યે આવ્યા ત્યારે માર્ગમાં વચ્ચે વચ્ચે નિવાસ કરતા હતા. જગતપતિ મહારાજ વડતાલ ભકત બાપુજી જોબન પગી આદિ જનોએ જેમને જીતેલા છે એમને ત્યાં પધાર્યા. હે રાજન ! મહાપ્રભુને પોતાના ઘેર પધરાવીને પ્રભુના ગુણ ચરિત્રોને ગાતા હતા, ઘનશ્યામ પ્રભુને થાળ તૈયાર કરીને જમાડતા હતા શ્રીહરિ જમીને સંતોને જમાડવા માટે પધાર્યા, ત્યારે સુંદર કમળવદન શરદ ઋતુના મનોહર ચંદ્ર સમાન મુખથી શોભતા હતા. શ્રી સહજાનંદ સ્વામીએ જમીને જન સમુદાયની સાથે મુખવાસ લીધો ત્યાર પછી ભકતજનના ઘરને વિષે નિવાસ કરીને ભકત જનોના મનના ત્રાસને હરતા હતા.

શ્રીજી મહારાજ સંતમંડળની સાથે **બામણ** ગામે પધાર્યા ત્યાં રાતવાસો કરીને સુખદાયક મહાપ્રભુ સર્વ લોકોના મનને આનંદ દાતા ભકતોનું પણ (ટેક)નું પાલન કરનારા સુખ આપતા હતા. ત્યાર પછી મહાપ્રભુ **મહીસાગર** નદીને ઉતરીને **ઉધના** ગામે પધાર્યા ત્યાં **સુરત**ના ભકતો શ્રીહરિની સન્મુખ દોડીને આવ્યા. ઘનશ્યામ પ્રભુનાં તે સૌ સુરતવાસી ભકતો દર્શન કરવા આવ્યાં, સાથે ભેટ લાવ્યાં હતાં તે મહાપ્રભુના ચરણકમળમાં ધરી. બરફી, પેડાંની માટલી ભરી ભરીને લાવેલા, તે પ્રભુની આગળ અર્પણ કરીને આનંદ પામતાં હતાં. શ્રી ઘનશ્યામ પ્રભુને ભકતજનો દંડવત્ પ્રણામ કરીને સર્વે નર-નારીજનો પ્રેમથી પૂજન કરીને પછી પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પાસે અતિ આનંદ ઉત્સાહવાળા થઈને બેઠા. બલ ભ્રાતા પ્રભુ જ્ઞાન ઉપદેશ કરીને કહેતા હતા અને લોકો પ્રેમથી સાંભળીને પાપને બાળતાં હતાં. પ્રભુ કહે મનુષ્ય દેહ મળ્યો છે તે અમુલ્ય છે એનું મુલ્ય ન થાય તેવો છે તેનાથી ભગવાન સુખદાતા ભયને હરનારા છે એમનું ભજન કરો તો પરમ સુખને પામો, એ પ્રભુ સર્વના ફંદન તોડનારા વિચરે છે, એમની આજ્ઞાથી હજાર ફેણોવાળા શેષ નારાયણ પોતાના મસ્તક ઉપર પૃથ્વીને ધારે છે એવા સમર્થ સર્વના ભયને હરનારા મહારાજ તમોને અનાયાસે આજે મળ્યા અને સંતો મળ્યા છે. આ ભગવાન અને સંતોને જેમણે ઓળખ્યા છે તેના બધાં જ પાપો બળી જાય છે, તેઓ નિષ્કામી થઈ ભગવાનની ભક્તિ કરીને ભગવાનના ધામમાં જાય છે. ભકત એવા સર્વે નરનારીઓ પરમ સુખને પામે અને અંતે પરમધામને પામે છે. જે લોકો મંદ મતિવાળા છે તેઓ ભગવાનને નથી જાણતા તેઓ અતિ પાપી છે. અસુરો દારુ માંસ આદિ પાપના સમુહના દાસ છે પંચ વિષયનું સેવન કરતા થકા ઘનશ્યામ પ્રભુનો આશ્રય નહી કરીને કેવળ પંચવિષયમાં આસકત થઈને ગુણના સમુહરુપ અમૃતને બાળી નાખે છે પોતાના પુણ્યનો નાશ કરી નરકને પામે છે. હે રાજન ! આમ ગુણના સાગર પવિત્ર મૂર્તી એવા શ્રીહરિ ઉપદેશ કરીને સર્વને જાગૃત કરીને ઘનશ્યામ મહાપ્રભુ **'ધર્મપુર'** પ્રત્યે સર્વે સંતો તથ ભક્તોનો સંઘ લઈને દેશના અને પરદેશના સત્સંગી ભકતજનોને તેડાવેલા

હતા તે સર્વે ભક્તોનો સંઘ લઈને આનંદ ઉત્સાહથી ગાતા, વગાડતાં, સુખ આપતા લોકોનાં મોટાં મોટાં જુથોથી ધર્મનંદન મહાપ્રભુ વિટાયા થકા જેમ આકાશમાં તારાઓ મધ્યે ચંદ્ર શોભે તેમ શોભતા ને સુખ આપતા હતા.સહજાનંદ સ્વામી પધારે છે એમ સમાચાર જાણીને **ધરમપુર**ના રાજા ઘનશ્યામ પ્રભુના સામા સાજ સજીને સનમાન સાથે લેવા માટે આવતા હતા, **પાલખીઓ, રથો, પેદળો, અશ્વ દળો, હાથિના દળો, અંબાડીઓ** સાથે સારી રીતે સાજ સજીને મોટા સમાજની સાથે રાજ ઘરાનાના વાજાંઓને વગડાવતા થકા તે વાજામાં **દુંદુભી ભેરીઓ, ભુંગળો આદિ વાજાંઓ** સૈનિકોની સાથે શોભતા થકા સૌ જનો **ઝાંઝ મૃદંગ સરોદા**ના અવાજો **પખવાજ** આદિનો અવાજ કરતા હતા. તાલ નાદની સાથે વાજિંત્રો વગાડતા થકા તાલ સાથે ગાતા સર્વ સાજને સજીને આવતા હતા, જેમ હરણાં નાચે કૂદે તેમ ઘોડાઓના સમુહને નચાવતા હતા તે જાણે ભૂમિનો માર્ગ તજી દઈને અધર ઉછળતા હતા. વાજાંના વાગવાનો મહાઘોર અવાજ જાણે મેઘના જેવો નાદ થતો હતો, તે મેઘને લાજ થતી હતી. સાંભળીને સૌને મનમાં આનંદ થતો હતો તેથી હરિભક્ત કે અભક્ત સૌ પ્રભુના ભજનમાં જોડાતા હતા. ધર્મપુરના રાજા ખુબ જ ભાવિક હતા તે અતિ આનંદમાં આવીને મહારાજને સામા લેવા આવતા હતા, ત્યારે ચતુરંગી સેનાના વાહનોના સાજ**હાથી, ઘોડા, પાલખી, રથો,** તૈયાર કરીને સામા આવતા હતા. તે ચતુરંગીની શોભાનું મનોહરતાનું જુદું જુદું વર્ણન કરું છું તે **હાથી, ઘોડા, પાલખી, રથો,** એ બધાંય હજારો લોકોને આશ્ચર્ય જણાવતા હતા આનંદ કરાવતા હતા. હાથીના અંગો પર્વત સમાન ઉંચા હૃષ્ટ પુષ્ટ શરીર શોભતું હતું શોભામાં સાજ સજીને જરીયાની જુલાથી ઢાંકેલ શરીર શોભતું હતું મદથી મસ્તાની ચાલ ચાલતો હતો, ગંડ સ્થળમાંથી મદ ઝરતું હતું, ચાલે ત્યારે પગને પછાડતો હતો, ચાલે ત્યારે જાણે મોટો પહાડ ન ચાલતો હોય ? તેમ ભાસતું હતું, પીઠ ઉપર પીળી જરીયાન રંગની જુલ ઓઢાડેલ તે પીળી ઝુલ ખૂબ જ શોભતી હતી સાજ બહુ જ શોભતો હતો. પીઠ ઉપર અબાંડી શોભતી હતી, સોનું મઢેલ જરીયાન સાજ અંબાડીની ઘંટારવ થાય છે. ઘનન ઘનન ઘંટ વાગે ત્યારે મહાઘોર અવાજ થાય છે. માથા ઉપર શિર બંધન બાંધેલા તે સુંદર શોભે છે પગમાં ઘુઘરીઓ બાંધેલ છે, તે વાગે છે સુંઢ છે તે મોટા સર્પ જેવી લાગે છે ચાલે છે ત્યારે માર્ગમાં મહા થડકા થાય છે અને જમીન થથરે છે. મનમા મદમસ્ત થઈને ચાલે છે ત્યારે માર્ગમાં મદ ઝરે છે તેનાથી માર્ગમાં છંટકાર થાય છે તેના ગંડસ્થળ ઉપર ભમરા ગુંજારવ કરે છે મદાંધ થયેલા શોભે છે તેના ઉપર વૃંદ છાયેલું તાપને રોકે છે સુંદર અંબાડી શોભતી હતી. જરીયાની શિર પેચ શોભતું હતું પગમાં ઘુઘર માળ શોભે છે પોતાની સૂંઢ ડંડની બંન્ને બાજુના દંત સૂળથી મુખ શોભતું હતું અંકુશ ભાલા, આકારનું શોભતું હતું જાણે વિજળી ચાલતી હોય ને શું ? ચમકતી હતી જાણે મેઘમંડળ ન ચાલતું હોય તેમ શોભતો હતો, માર્ગમાં ચાલતા પગમાં રાજઘરાનાના ઠાઠમાઠથી ચાલતા હતા. આવા લાખો હજારો મુખની મનોહરતાથી શોભતા હતા. તે હાથીઓના મધ્યમાં મોટો સારો ગજરાજ હતો, તેના ઉર રાજભાવનાથી ભરપુર આનંદિત મનવાળો સાંમત આવતો હતો, હે રાજન ! બધા જ બંદીજનો મુખેથી વારંવાર બંદી પોકારતા હતા તેઓ બધા જ સૈનિકો રુપે શોભતા હતા. જેમ દેવો, ઈંદ્રોની સાથે શોભે તેમ શોભતા હતા. હે આનંદ રાજન ! રાજયના હાથીઓનું વર્ણન કર્યું હવે ઘોડાઓના સમુહનું વર્ણન કરું છું. તે સર્વે ઘોડાઓ સારા જાતવાન સારા લક્ષણવાળાં બહુ જ સારાં શોભતા હતા તે સૈન્યમાં ઘોડાઓ માર્ગમાં તરીને હરણની માફક સાવચેતથી

ચાલતા હતા, એમની ઉપર સાજ જળકતા હતા જાણે હાથિ જેવું લાગતું હતું એની મનોહરતા આપોઆપ જ છલકાતી હતી જાણે છાયાં લાગતી હતી. સૈનિકના હાથમાં લટકતી લગામ શોભતી હતી, ઘોડાના અંગો ચમકતાં હતા. રંગનો ચમકારો ચળકતો હતો. એવાં સુંદર અંગોવાળા તે ઘોડા શોભતા હતા. જાણે સાગરમાં નાવ કે વહાણ ચાલતું હોય ને શું ? એવા સુંદર નાના રસાલા જેવા જ લાગતા હતા, કેમ કે તે ચાલતા નીચે ઢળતા હતા. શરીર ઉંચું કરીને આગળ નમતા હતા પીઠ ઉંચી રહેતી હતી, જાણે કુમારીઓની કાંધની નકલ કરતા હોય ને શું ? તેમ શોભતા હતા. ઉપર જયારે જાય છે ત્યારે જેમ હાથીની માફક ચાલે છે, દરપણમાં પોતાના પ્રતિબિંબને જુવે છે, ત્યારે ડરતા રહે છે ચારે બાજુ ચક્કર ચક્કર ફર્યા કરે છે, ત્યારે સોનાના ઘુંઘરાની માફક ઘમકયા કરે છે. મહેલના થાભલાં જેવું સુંદર દૃશ્ય લાગે છે અને મુખને આકાશ સામું તાકીને રહે છે. આવી રીતે અંગોની સ્થિતિ નવરંગવાન બને છે પીઠ પણ જાણે લાકડાનાં પલાંણ જડેલો શોભે છે એની ઉપર એ પલાણ જેવા મખમલના આસનો શોભે છે, એ રીતે સૈન્ય શોભતું હતું, તેજાનો ઘોડો શ્રી ઘનશ્યામ પ્રભુના ઘોડા પાસે લાવીને ઉભો રાખ્યો ત્યારે તે સમયની શોભાને કવિજનો સુંદર રીતે વર્ણવીને ગાય છે આવી રીતે રાજ રાજેશ્વર મહાપ્રભુ વિરાજમાન હતા ત્યારે દેવના દેવરાજ જેમ દેવોના મંડળ સાથે શોભે તેમ, જાણે સાક્ષાત દેવલોક ન આવ્યું હોય તેમ શોભા થતી હતી. હે રાજન ! હવે શોભા સહિત સવારીની છબીનું વર્ણન કરીને કહુ છું. હે રાજન ! અનેક રચનાઓની શોભા સારી રીતે થયેલી તે તો સંતોના નિવાસથી જ હતું રથના માફાના પડદાઓ રેશમના શોભતા હતા તેમાં સુંદર સોનાના દંડો મણીની માફક શોભતો હતો. જડેલો દંડ હતો તેની ઉપર સોનાનું ઈંડુ લગાડેલું તે જાણે ચંદ્ર કે સૂર્યની જેમ શોભતું હતું. તેની ચારે બાજુ સુંદર સોનાના તારથી જડેલી ઝાલર શોભતી હતી એવી જરીયાંની છતરીયો અનેક ઝીણાં મણીએ જડેલા શોભતાં હતાં. સુંદર વળાંકમાં સુંદર રીતે સજજ કરેલા ઉપવિહોળ તેમાં બાજનના કવિરાજો શોભતા તેમ સમાજમાં ધર્મનંદન મહાપ્રભુ સર્વમાં મહાન શોભતા હતા. મખમલના અમૂલ્ય ઝુલણીયાં તે અતિ પ્રમાણમાં ઝુલતાં હતાં તેથી ખૂબ જ ફરતા હતા તેથી જાણે દેવનું ચકડોળ ન ફરતું હોય તેમ શોભતું હતું તેની અંદર ઘણી બધી ઘુઘરીઓ વાગતી તેનો ખુબ જ રણકાર થતો હતો. નૃત્ય કરનારના જુથો જાણે અક્ષરધામનો સાજ ન આવ્યો હોય ? તેમ શોભતા હતા. સુંદર રંગ પતાકાઓ વાતાવરણ સુંદર થતું હતું. આવી રીતના શોભાવાળા રથોમાં મોટા ઉમરાવો વિરાજમાન થયા હતા, તેઓ હજારો હજારના જુથોમાં પોતપોતાના સમાજની સાથે રાજા મહારાજાઓના રુપમાં આગેવાનો થઈને સામૈયામા આવ્યા હતા, જાણે દેવમંડળની સાથે દેવરાજ ઈંદ્ર આવ્યા હોય તેમ શોભા થતી હતી. હે રાજન ! બધા જ રથો પુરા સાજથી સજજ કરેલા મોટા મોટા ઉંચા બળદો જોડેલા તે સર્વેને આભુષણોથી સજજ કરેલા શોભતા હતા, એવા અનેક રથો શોભતા હતા. આવી રીતે પૃથ્વીપાલ રાજાઓ ઉમરાવો, સર્વે ઘનશ્યામ પ્રભુ સામૈયું કરવા પેદલ, આવ્યા હતાં તેનું હવે વર્ણન કરવામાં આવશે તો આનંદરાજન તમે સાંભળો.

પેદલ વર્ણન : જેમના જુથો હતાં તે જેમાં ચાલ્યા તે રાજાના આગેવાન થઈને ચાલતા હતા આગળના ભાગમાં અનેક પ્રકારની ઘજા, પતાકાઓ શોભતી હતી, તૂરકો નાટક કરતા, વાજિંત્રો વાગતાં હતા ત્યારે મેઘગર્જના થાય તેવું ગાજતું, કવિઓ નવા નવા ગાયનો ગવતાં હતા બંદીઓ સોહામણા કાવ્યો,

બોદીઓ ગવાતી હતી આદીવાસીઓ પરગણાના લોકો આ રીતે વસતાં સારી શોભાથી શોભતાં હતાં, શરણાઈના સૂરો વાગતા હતા, ક્રના, અંબરનિ, આકાશી, વાદળી, પીળો, લાલ આદિ ઘણા છતાં પૂરવીયા, ફિરંગીઓ, રુમાનીઓ ક્રર્નાટકી આદિ અનેક વિભાગના સૈનિક સવારીઓ હતા. હિંદુ, મકરાણી જવાનો પણ સૈન્યમાં હતા આરબી, બેગીસુરવાળા કમાનો કસીને બાણના ભાથાવાળા ધારણ કરેલા જોવામાં આવતા હતા તેઓ શત્રુના સૈન્યને મારવામાં પાવરધા હતાં તે સર્વે ઘનશ્યામ પ્રભુના આગળ અગ્રેસરી કરતા હતા, જાણે નવરંગી પ્રભાતની કાંતિ નવલી હોય, જેમ મેઘાડંબર શોભે તેમ ઘનઘોર ઘટા શોભતી હતી, તેઓ ખૂબ જ મહા શોરબકોર કરતા હતા, સાગરમાં મોજાં ઉછળે તેમ સૈન્યના એકબીજા જુથો સૌ સાથે મળીને ચાલતા હતાં રાજયના માર્ગો ઉપર પૈદલ માણસ સમુદાય પસાર થતો શોભતો હતો. રાજા રઘુનંદનના સેવકો સમુહનો કિંધૌ પર્વતીય સેનાના સેવકો કહેવાતા હતાં તેઓ કિધોલના ભાથામાં સૈનિક શોભે તેમ શોભા વધારતા હતા, જેમ દેવરાજ ઈંદ્ર ચઢીને આવ્યા હોય તેમ આવતા શોભતા હતા, જેમ ભૂમિને બોળવા માટે સાગર ઉછળીને ચાલતો હોય, જેમ ઘનઘોર ઘટાઓ ચઢી આવે ગાજે કડાકા-ભડાકા થાય ધરતી ધમકેં તે રાજાના ઉમરાવો પુરવાસી જનોને આકાશે ચઢાવ્યા હોય તેમ શોભતા હતા. સારી રીતે સજ ધજ થઈને રાજાની ચતુરંગી સેના આગળ થઈને ચાલી, હવે છત્રીસ પ્રકારના વાજાંઓ વાગતા હતા તેના નામો બતાવીને વર્ણન કરું છું.

આવી રીતે **વડતાલ**ની લીલા વર્ણવીને આઠમનો ઉત્સવ કરીને પ્રભુ ગઢડે પધાર્યા દિવાળીનો ઉત્સવ કરીને પાપનો નાશ કરનારા પ્રભુ **જેતલપુર** પધાર્યા, ફરી **ગઢપુર** પધાર્યા ભકતોને આનંદ આપી પ્રભુ **વડતાલ** પધાર્યા ત્યાંથી **ધર્મપુર** પધાર્યા રાજાના આગેવાની સવારીમાં ચતુરંગી સેનાનું વર્ણન કર્યું કહ્યું તેમ તેમાં હાથી, ઘોડા, રથ, પેદલ આદિનું જુદુ જુદુ વર્ણન કર્યું એવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં લહરીના રુપમાં આ બીજું તરંગપૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિધર્મપુર પધાર્યા તેમાં અસવારી કરી તેની શોભાનું વર્ણન કર્યું એ નામનું આ બીજું તરંગ પૂર્ણ થયું ॥ ૨ ॥**

# તરંગ-૩

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પંચ વિષયના સુખો છે તે કેવળ કાગળના પતંગ જેવાં છે તે પંચ વિષયીજીવને સંસારમાં બહુ સારા લાગે છે તે રાગરંગને ખોટો કરવા માટેનું સરળ સાધન સૂર્ય સમાન પ્રગટ પ્રભુના મહાપ્રતાપી ચરિત્રો છે, તેનાથી સુખપ્રાપ્ત થાય છે જેમ પતંગ ઉડાડનારો વશ રાખે છે, તેમ મન રૂપી પતંગને વશ કરીને પ્રભુમાં જોડે છે જેમ પતંગિયું દિવાના રુપમાં અંજાઈને બળી જાય છે, તેમ મહાપભુ પોતાના આશ્રિત ભકતોનું પ્રેમથી રક્ષણ કરે છે. હે મહારાજ ! એવા શ્રી હરિ મહાપ્રભુનાં પવિત્ર દિવ્ય અલૌકિક ચરિત્રો તે આપ મને કહેવા કૃપા કરો. તે સવારીમાં વાજાં વગાડતા હતા તેનાં નામો તો વિચિત્ર છે તે બધા જ છત્રીસ પ્રકારના વાજિંત્રોનાં નામો હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ વર્ણવીને કહો.

અવધ ગુરુ કહે છે હે આનંદ રાજન ! તમને ધન્યવાદ છે કેમ કે અર્જુન પોતાના શત્રુના સૈન્ય ઉપર શસ્ત્રોનો પ્રહાર કરીને બાળતો હતો, એવા મહાપરાક્રમી અર્જુન વીર મનુષ્ય દેહને ધરીને ધનુષ્યને ધરતા હતા તે જેમની ધજા ઉપર પવનપુત્ર વિરાજે છે એવા અર્જુનના મિત્ર પરમ પ્રિય સખા શ્રી હરિ કૃષ્ણ પ્રભુની લીલા ચરિત્રોનું પુછો છો તે પ્રભુના સામૈયામાં છત્રીસ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં તેના નામ કહું છું તે સાંભળો. હવે છત્રીસ પ્રકારનાં વાજિત્રોનું વર્ણન કરે છે : કયાંક બિન મંડન રબાબના નામના તથા અનુપમ તંબુરાનો સુંદર સૂર થતો હતો તેના ઉપઅંગમાં બંસરિ પિનાકનો સુર થતો હતો સુંદર બસુપુંગ, સુરંગ, પુરંદ, આદીક વાદ્યો પરંગ, હવાસન, કાનુ પવીત તથા કયાંક કડતાલ (ખડતાલ) પુંગી કહેવાતી તે વાગતી, તૂરી ભેરિ સહિત શરણાઈ શોભતી હતી કયાંક રણસિંગા નિસા સિંગ શોભતાં હતાં. કયાંક કરનાટન કતાલનો ઉંચો અવાજ થતો હતો. સુંદર સાનક ગુરજ આદિક હતાં સુડાલ વાગતું હતું, ડમરૂ, ડફસાર, જલતરંગ, વાગતું હતું ઝાંજ, સતાર આદિક વાગતાં હતાં.

હે રાજન ! મનને હરનાર મંજીરાનો શબ્દ થતો હતો આવી રીતે છત્રીસ પ્રકારનાં વાજિંત્રો વગાડતા થકા પ્રભુ સનમુખ આવ્યા આ રીતે શોભા થઈ. આનંદ રાજાને મનમાં વાજિંત્રોના નામો સાંભળીને આનંદ મા'તો ન હતો, અને ફરીથી ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજને કહેતા હતા કે હે અવધપ્રસાદજી મહારાજ ! આપે છત્રીસ પ્રકારના વાજિંત્રોના નામો તો કહ્યા પણ હવે આપ આયુધોના નામો કહો. અયોધ્યાપ્રસાદોજી કહે છે હે રાજન ! તમને તે બધા આયુધો જુદા જુદા વર્ણન કરીને કહું છું. હવે ત્રીસ પ્રકારના હથિયારોનું વર્ણન કરે છે : **સુળ, બાણ, ધનુષ, વજ, ચક્ર, કૈબાન, ફરસિ, કટાર, છરી, શેલ 'તુફંગ'**, શોભનારાં આયુધો **ખેટક -'ગદા' સોગહા પાસ 'વરતોમર' ખંજર યંત્ર, અંકુશ, ભાલુ, ભુંસંડ (બંદૂક) સુબાક કયાક જશ્હા, જાંબુ, લઠ, જલરવર, જંજાર, ગુપ્તી, જમૈયો, ખગબરઠ, મુસળ, હળ, અહિત દાવાપયા, પિસ્તોલ** વિગેરે હથિયારો જુદા જુદા કહેલાં છે. હે રાજન ! આ રીતે છત્રીસ પ્રકારનાં અસ્ત્ર - શસ્ત્રો સૈનિકોએ સારી રીતે ધારણ કરીને સુંદર રીતે ચાલતા ગંભીરતાવાળા સારા બની ઠનીને છેલ જેવા થઈને રાજાની સાથે અનેક ઉમરાવો, ચતુરંગીની સેનાની સેના નીચું મુખ રાખીને ચાલતી શોભતી હતી તે સવારીમાં દેવોનો રાજા આગેવાની કરીને આવતા હોય ને શું ? તેમ શોભતું હતું, આ સામૈયામાં અનેક પ્રકારના વાજાં વાગતાં હતાં, અનેક ઉમરાવોની સાથે તે રાજા મહાપ્રભુની ભકિત ભાવથી ભરપુર થઈને ખૂબ જ શોભતો હતો. ગુણીજનો પ્રભુના ગુણગાનને કરતા થકા આવતા હતા. આવી મનોહર રાજ-સવારીની શોભા ખૂબ જ વધારે થતી હતી. હે રાજન ! મોટા મોટા ઉમરાવો, અમલદારોની સાથે શ્રીહરિ મહાપ્રભુજીની પાસે સામે આવીને સહજાનંદ સ્વામી પ્રભુને મસ્તક નમાવતા હતા અને બે હાથ જોડીને વંદન કરતા હતા. દંડવત્ પ્રણામ કરતા હતાં મહાપ્રભુને બાથમાં ભરીને ખૂબ જ ભેટીને મળતા હતા. મહારાજા શ્રીહરિને સ્વાગત સમાચાર પૂછતા હતા. પ્રભુના દર્શન કરીને રાજા તો અતિ ન્યાલ જ થઈ જતા હતા. શ્રી મહાપ્રભુને નખથી શિખા પર્યંત નિરખીને દર્શન કર્યા તે જોઈને રાજાના મનમાં મોહનો પાર જ ન રહ્યો, ખુબ જ આનંદને પામતો હતો ધર્મનંદન મહાપ્રભુની મનોહર મૂર્તિ અણિયાળા કમળલોચનની મનોહર આયુકત સુંદર વિશાળ ભાલ જેમનું છે, મુખકમળમાંથી બહુ જ મધુર વાણિયુકત અમૂલ્ય બોલ નીકળે છે, સુંદર વિશાળ ભાલમાં સુંદર તિલકની શોભા અદ્ભૂત શોભે છે, સુંદર ગોળ કપોળ શોભે છે, કાન ઉપર સુંદર કુંડળો લળકે છે, મનોહર મુખકમળમાં પરવાળાના અધર ઓષ્ઠ બિંબ શોભે છે

મુખમા સુંદર દંતાવળી જાણે કુંદ કુસુમની કોમળ કળીની માફક શોભે છે, એવા મનોહર મૂર્તિ મહાપ્રભુ શોભે છે. ભકતજનોને અભય વરદાન આપતા બંને ભુજાઓ શોભતા હતા, નાસિકાથી લોકોના દુઃખોને હરનારા એવા મનોહર મુખ કમળથી સર્વને શાંતિ કરનાર, ગજ અને હંસની ગતિ કરીને ચાલનારા ધર્મ માર્ગનું પોષણ કરવાનો નિર્ણય કરીને વિચરનારા, લક્ષ્મીના ચિન્હરુપ ઉચાં વક્ષ સ્થલવાળા ઉંદર ઉપર ત્રણ વળીઓ પડે છે સુંદર ઉદરવાળા કેળ સ્થંભ જેવા, બન્ને સાથળો વાળા, કોમળ સમાન બન્ને ચરણ કમળ જેમના છે એવા બંને ચરણોમાં સોળ ચિન્હો શોભે છે, બન્ને ચરણ લોકોના ચિત્તને ખેંચનારાં છે, **જવ અને જાંબુ**ના ચિન્હ પવિત્ર છે તથા **સ્વસ્તિક, અર્ધચંદ્રકળશ**ને જોઈને તથા **ધનુષ્ય, અંકુશ,** તેને ધ્યાનીજનો ધ્યાનમાં ધારે છે, અષ્ટકોણ **ગોપદ, વ્યોમ, વજ, ત્રિકોણ, મત્સ્ય, ધ્વજ, કમળ** તથા બંને ચરણ કમળમાં ઉર્ધ્વ રેખાના ચિન્હો છે તે આનંદ કરનારાં છે, મહાપ્રભુના અંગો ઉપર વસ્ત્રો આભુષણો ખૂબ જ શોભી રહ્યા છે, આવી રીતે પુરુષોત્તમ પ્રભુના અંગો બહુ જ શોભા વધારનારાં છે. હે રાજન ! શ્રી હરિનાથને નિરખીને તે ધર્મપુરના રાજાએ જેવી સામુદ્રીક શાસ્ત્રમાં વર્ણન કરેલ છે તેવું જ અદ્‌ભૂત સ્વરુપ નિરખ્યું, **તેમાં સુંદર ચંચળ કમળ નયનોને જોઈને નમન કર્યા, મનોહર મૂર્તિ નવિન મેઘ સમાન મનોહર વાનને જોઈને તેની ઉપર શ્વેત વસ્ત્રોને ધારણ કરેલા, સ્પંચયુકત મસ્તક ઉપર સુંદર પાઘ વામ ભાગે થોડીક નમતી ધારણ કરેલી, તેની ઉપરનું છોગલું ધારણ કરેલું તેની સાથે ફૂલના તોરાઓની શોભા તે શું કહેવી જાણે મુગટ ધારણ ન કર્યો હોય ? આવી રીતે પ્રગટ સ્વરુપનાં દર્શન કરીને રાજાના મનમાં ખૂબજ આનંદ આનંદ થઈ ગયો.**

હે આનંદ રાજન ! તે **ધરમપુર**ના રાજાએ મહાપ્રભુના નખશીખા પર્યંત પૂર્ણ સ્વરુપનાં દર્શન કર્યા અને ખૂબ જ સુખ પામ્યા તે લીલાનું વર્ણન કરું છું તો તેને તમે સાંભળો. સર્વે સંતોને પગે ચરણ સ્પર્શ કરી વંદન કર્યા પછી શ્રી ઘનશ્યામ પ્રભુને હાથીની અંબાડી ઉપર બેસાડયા. પછી સંતો સખાઓની સાથે હાલવાનો આદેશ કર્યો એટલે સર્વ સવારી ચાલતી થઈ. શ્રીહરિ સોનાની અંબાડી ઉપર વિરાજમાન થયા હતા. હરિને આરુઢ થયા પછી રાજા પ્રભુની પાછળ બેસીને હાથમાં ચમ્મર લઈને સુંદર રીતે ચમ્મર ઢોળતાં હતા. સર્વે સંતોને સુંદર પાલખી મેના ઉપર બેસાર્યા, ઘનશ્યામ પ્રભુની સાથે જ હાથી, ધોડા, રથ વગેરે ચાલતા હતા. સવારીમાં અનેક વાજાં વાગતાં હતાં ખૂબ જ તાલ થતો હતો તેની સાથે પ્રેમી ગુણવાન જનો પ્રભુના ચરિત્રના પદો ગાતાં હતાં, સૌ પેદલ ચાલતા, પ્રેમથી પ્રભુના સ્વરુપના દર્શન કરતા અને મનોહર છબીનું વર્ણન કરતા કરતા સૌ પેદલ ચાલતા હતા. વીર સૈનિકો પોતાના હાથોમાં ભરી બંદૂક સાથે ચાલતા હતા તેના ભડાકા કરીને મોટા અવાજો કરતા હતા ખૂબ જ ધમાકા થતા હતા પૃથ્વી ધમ ધમ ધમકતી હતી આ રીતે ભગવાનની સવારી ચાલતી થઈ. બહેનો સૌ મહાપ્રભુના ગુણ કીર્તનને મધુર તીખા રાગે ગાતી હતી વાજિંત્રો ઉચાં તાને વગાડતા હતા પ્રેમીજનો ઉંચા સ્વરે ગાતા હતા તાન તોડતા હતા. હે રાજન ! આવી મનોહર છબીથી શોભતા શ્રીહરિને રાજા પોતાના પુર (રાજય)માં ગાતા વગાડતા ધામધુમ કરતા થકા લાવતા હતા, ત્યારે પુરવાસી જનો પ્રેમથી દર્શન કરીને ખૂબ જ નિહાલ થઈ સુખ પામતા હતા. ઘનશ્યામ સુખધામ પ્રભુએ સવારીમાં નીકળીને પ્રેમથી પુરમાં પ્રવેશ કરતા હતા ત્યારે તે નગરમાં મનોહર મકાનોની હારો જોઈને રાજી થયા. નગરનો કિલ્લો તેની ગોળાઈ, પાર ન કરી શકાય તેવી ઉંચાઈ જેને વૈરી જનો જુવે તોય ઠરી જાય તે કિલ્લા ઉપર બુરજમાં તોપો શોભતી હતી કાંગરા ઉપર જાત જાતના સુંદર ચિત્રો દોરેલાં હતાં. રાજયનો દરવાજો વિશાળતા વાળો શિલ્પકળા

મુજબ બનાવેલો કોતરણી વાળો સુંદર કળાવાળો હતો. ચતુર કલા કારીગરોએ તૈયાર કરેલા કિલ્લાને ફરતી ખાઈ ખૂબ જ ઉંડી પહોળી કરેલી કરેલી હતી તેના કાંઠા ઉપર વૃક્ષોની ઘેરી ઘટા છાયેલી રહેતી હતી. તે દરવાજામાં લોખંડના મોટા અણીદાર ખીલા જડેલા હતા. અને મોટી સાંકળો હતી, જોઈને કંપારી આવી જાય તેવા ભયંકર તે દ્વારની અંદર બંને બાજુ બેઠકો કરેલી હતી, તે દ્વાર ઉપર દ્વારપાળો શસ્ત્ર સજેલા તૈયાર થઈને ઉભેલા શોભતા હતા. દરવાજા ઉપર આકાશે અટારિયું અડતી હતી જાણે કે પાણી ભરેલી વાદળીમાં અડેલીહોયને શું ? આવવા જવા સુંદર રસ્તા બનાવેલા શોભતા હતા, જાણે શરાફ બજાર શોભતી હોય તેવા લાગતા હતા. હાથીઓના માર્ગ ઉપર મદ ઝરતા હાથીઓ આવતા જતાં એટલે તે માર્ગ ઉપર છંટાયેલું સારું શોભતું હતું. માર્ગ ઉપર આવતા મહારાજને નીરખવા ઝરુખામાં અને ગોખોમાં નારીઓનો સમુદાય રાહ જોતો હતો તે મહાપ્રભુ પધાર્યા એટલે સર્વે નારીઓ ત્યાં ઉભા ઉભા જ નાથના દર્શન કરીને નિરખતી હતી પ્રભુને વધાવતી થકી ગીતોને ગાતી હતી. અનંત પ્રકારના વાંજાઓ વાગતાં હતાં એવા રસાલા સાથે ધર્મનંદન મહાપ્રભુ પધારતા હતા ત્યારે કંઠમાં ફૂલની માળાઓ ધારેલા પ્રભુ સર્વના ભવફંદને ટાળતા હતા. સવારીમાં સૌ જનો જુથ જુથમાં જતા હતા, પ્રેમથી નિયમ ધારીને ગાતા થકા જતા હત, પુરના લોકો દર્શન કરીને રાજી થતા હતા. આ રીતે મહાપ્રભુ નગરની શોભાને જોતા થકા પ્રેમથી સારી રીતે રાજદરબાર સુધી પહોંચી ગયા.

મહારાજ પવિત્ર ચરણો સ્થાપીને પાવન કરતા હતા ઉરથી ઉમંગને વધારતા હતા, ઘનશ્યામ પ્રભુ કાળના કાળ છે અને સર્વ ધામોના ધામી સર્વના સ્વામી પોષણ કરનારા, પાળનારા પોતે જ છે. ઉદાર મૂર્તિ મહારાજ સર્વના નાથ સવારીથી મહેલના દરવાજે રાજમાતા કુશળ કુંવરબાઈના હજુરમાં ઉતર્યા, કુશળ કુંવર બાઈ નામનાં રાજરાણી તે ભગવાનનાં પરમ એકાંતિક ભકત હતાં. એમના કાળ કર્મના મહાભયને કાપીને સુખ આપતા હતા, ઘનશ્યામ પ્રભુ બાઈને સુખ દુ:ખના કુશળ સમાચાર પુછતા હતા, આ રીતે સમાચાર પૂછીને પોતાના સ્વરુપનું મહાસુખ આપતા હતા. કુશળ કુંવર બાઈએ મોટા રાજમહેલમાં નિવાસ કરાવીને આ પવિત્ર સેવકો સેવા કરવા માટે શ્રીહરિ પાસે રાખતા હતા. સર્વે સંતગણને, સેવક ગણને નજીકમાં જ વાસ કરાવતા હતા, આવી રીતે તે બુદ્ધિમાન કુશળ બાઈએ વ્યવસ્થા કરાવીને ચાતુરી બતાવી. ભાવપૂર્વક રસોઈ કરાવીને ભોજન જમાડતા હતા, મુખેથી મહાપ્રભુના ગુણને ગાતા હતા તેથી પ્રભુની સેવાનું મહાસુખ પામતા મહારાણી ભાવનાથી સેવા કરતા હતા. બાઈએ પોતાના હાથે રસોઈ બનાવીને સુંદર થાળ તૈયાર કરીને પ્રાણનાથ મહાપ્રભુને જમાડતા હતા તે પ્રભુની મૂર્તિને નિરખીને ઉરમાં ઉતારી પ્રાણપ્રિયને ચિત્તમાં સ્થિર કર્યા. મહાપ્રભુ થાળ જમીને પછી સંતોને ખૂબ જ પીરસીને આગ્રહ કરીને જમાડતા હતા. ત્યાર પછી મહારાજ પરવારિને હાથ પગને ધોઈને રસિક શ્યામ પ્રભુ તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. પછી કુશળ બાઈ મહારાજ પાસે ધીર ધારીને બેઠાં. મહારાજ તે બાઈની આગળ પોતાના સર્વોપરી સ્વરુપની માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશની વાતો સંભળાવતા હતા. વૈરાગ્યની વાતો કરીને જગતના વાતાવરણથી વાસના તોડાવી નાંખી, ત્યારે સાક્ષાત મહાપ્રભુના સ્વરુપને શુદ્ધ સ્વરુપને સર્વોપરિ સર્વકારણના કારણ માનતાં હતાં. મહાપ્રભુએ બાઈની આગળ અમૃત વાણી કહી, તેને બાઈ પોતાના નેત્રો ને પલકયા વિના મહાપ્રભુની અલૌકિક છબીને સ્થિર કરીને દ્રઢ કરી લીધી. જગતમાં જેમ ધનસંપત્તિને ભેગી કરે છે સાચવે છે, તેને બંધન કરતા રહે છે, તેનો

વિપરીત કઠોર કાળ બંધનકારક છે, એમ માનીને તે બાઈ એ શ્રીહરિ મહાપ્રભુના સ્વરુપને ઉરમાં ધારીને સ્થિર કર્યા. એ કાળના સમયે બંધન તોડવા માટે આ બધી જ વિષમતા ઉગારવામાં સર્વ પ્રકારના ત્રાસને તોડવા માટે અવિનાશી મહાનિધિ ઘનશ્યામ પ્રભુને પોતાના ઉરમાં ઉતારીને સ્થિર કરી. આવી રીતે પોતાના સર્વોપરી જ્ઞાનની વાતો કરીને બાઈના નિશ્ચયને દ્રઢ કરાવીને આખા જગતના સુખદાતાએ પરમસુખ આપ્યું.

હે રાજન ! શ્રીહરિના સ્વાગતમાં આવેલા વાજિંત્રોના નામ લઈને વર્ણન કર્યું તથા રાજાના સૈન્ય વિશેના અસ્ત્રો-શસ્ત્રો વર્ણન કર્યા, રાજાનું લશ્કર તથા સંતોની સાથે પુરમાં પધાર્યા એ જાણ્યું. પુરમાં પધાર્યા ત્યારે પુરની શોભાનું વર્ણન, કુશળ કુંવરબાઈ રાણી પ્રભુના દર્શન કરવા પાસે આવી દર્શન કરીને મહાસુખને પામી તથા ઘનશ્યામ પ્રભુ જમ્યા અને સંતોને જમાડયા તે કહ્યું બાઈને ધર્મ જ્ઞાનોપદેશ મહારાજે કર્યો આ રીતે ત્રીજા શુદ્ધ અભિધાન રુપમાં શ્રી હરિલીલાસિંધુનિ લહરિ રુપે ત્રીજો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદસિંહરાજાના સંવાદમાં ધર્મપુરમાં શ્રી હરિ પધાર્યા ત્યારે પુરની છબી વર્ણવી કુશળબાઈને પ્રભુનો મેળાપ થયો એનું વર્ણન કર્યું એ નામે આ ત્રીજો તરંગ પૂર્ણ થયો ॥ ૩ ॥**

# તરંગ-૪

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સેનાના હાથીઓ પોતાનું ઉદર પોષણ વૃક્ષના પાંદડા ખાઈને કરે છે તેમજ જગત પ્રતિપાળ મહાપ્રભુ લાડુંના જમણ આરોગે છે તે જ પ્રભુ મોરના પિંછાની કલગી કરીને મુગટમાં ધારણ કરે છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે સહજાનંદ સ્વામી ધર્મપુરમાં પધાર્યા એ સમયે જે જે લીલા કરી હોય તે બધી જ મારી ઉપર કૃપા કરીને કહો.

અવધ ગુરુ કહે છે કે હે આનંદ સિંહ રાજન ! બળવાન રાજાધિરાજ પ્રભુ અતિ દયા, ધીરજવાન સૈન્યબળને ધારણ કરીને બાહુબળવાળા ધરણી ઉપર ધર્મ દ્રઢ કરવા પધાર્યા, ત્યારે ધર્મ સંબંધી કાર્યો તતકાળ જ કરવાવાળા મહાપ્રભુ બળિરાજાના બંધનમાં બંધાયા એવા બળદેવના ભાઈ શ્રીહરિ, એમની જુદી જુદી સુંદર અલૌકિક લીલાઓ તમે પુછી તે તો બધી જ દુઃખો હરનાર છે, તે ધર્મપુરની પ્રભુની બધી જ લીલાઓ વર્ણન કરીને કહું છું તમે સાંભળો કમળ સમાન કોમળ અંગોવાળા મહાપ્રભુ કુશળ કુંવર બાઈને ઉપદેશની વાતો કરતા હતા તે સાંભળીને બાઈ એકાંતિક સર્વોપરિ નિશ્ચયવાળી થઈ ગઈ, સંસારથી વિરક્ત થઈ ત્યારે તે જગત બધું જ દુખદાયક છે એમ માનવા લાગી આવી રીતે મહાપ્રભુ મંદહાસમુખેથી જ્ઞાન ઉપદેશની બાઈને વાતો કરતા હતા તેને સાંભળીને પ્રેમ ભક્તિવાળા થઈને નિયમને ધારતા હતા, પ્રભુના સ્વરુપની છબીને ઉરમાં ઉતારીને ધ્યાન કરતાં હતાં. એટલામાં વંસતપંચમી આવી એટલે અતિ આનંદ ઉત્સવ કરવાનું ધાર્યું અબીલ, ગુલાલ ખૂબ જ મંગાવ્યા લાલ લાલ ગુલાલને જોઈને સૌના મન લલચાણાં ચુવા ચુવા ચંદનના સારા રંગો તૈયાર કરાવરાવ્યા જયારે ખુબ માત્રામાં રંગો તૈયાર થયા ત્યારે સુખકારી પ્રભુએ રંગ રમવા માટે સફેદ વસ્ત્રોને ધારણ કર્યા, પછી મંદ મંદ મુખથી હસતા સર્વને સુખી કરવા સોનાની પિચકારીને હાથમાં ધારણ કરી સોનાની અતિ રમણીય પીચકારી શ્રીહરિના હાથમાં શોભતી હતી, મુની જનોના મન લોભાવતી હતી અને નરનારીજનોના

આ ચરિત્રો પાપને હરતાં હતાં. પાઘના પેચને ડાબે પડખે નમતું રાખીને શિર પર ધારતા હતા. ત્યાર પછી મહાપ્રભુ જનસમુદાય ઉપર રંગ ઢોળતા હતા, રંગની છાકમછોળ ઉડાડતા હતા, અતિશય રંગનો ધોધ કરતા હતા, મુખેથી હોરી હોરી કા રંગોની ઝોળી ભરીને ચારે બાજુ દૃષ્ટિ ફેરવીને રંગ ઉડાડતા હતા. સર્વે મુનિ ઉપર ખૂબ જ રંગ ગુલાલ શ્રીહરિ પોતાના હાથે નાંખતા હતા, આ રીતે પ્રીતમ પ્રાણ પ્રભુ રંગથી પ્રેમ કરીને ઘણા સમય સુધી રમાડયા અને બધાને હાર પમાડીને શ્રીહરિ સુખદાઈ પ્રભુ ન હાર્યા, આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ સંતો અને જનસમાજ ઉપર ઘણી વાર સુધી રંગ નાંખ્યો તે જાણે જેમ મસ્ત થયેલો હાથી સરોવારમાં પાણી ઉડાડે તેમ મહારાજ સર્વની ઉપર રંગ ઉડાડતા હતા. શ્રીહરિ સર્વને એક સાથે જ રસબસ કરી દેતા હતા. આવી રીતે ભકતજનોને ખુબ જ સુખ આપતા હતા, આ ઉત્સવથી બાઈના મનમાં ખૂબ જ આનંદ થતો હતો, મહારાજ આનંદથી ખૂબ જ રમાડતા હતા. આ મહાપ્રભુના ઉત્સવના દર્શન કરવા માટે સુરતથી સંતો અને ભકતો આવ્યા હતા, આવીને શ્રીહરિને શ્રદ્ધાથી પૂજા કરતા હતા ભાવનાથી ભરપુર અતિ ઉમંગથી પૂજતા હતા. ત્યાર પછી મહાપ્રભુ સર્વસંતોની સાથે શ્રી સહજાનંદ સ્વામીએ સ્નાન કર્યું. ત્યાર પછી જાત જાતના નવાં વસ્ત્રો અને આભુષણોને આનંદથી ભકતજનો પહેરાવતા હતા. **સુરત**ના સંઘના જનો લાવેલા વસ્ત્રો આભુષણોને ધારણ કરતા હતા, વસ્ત્રો ધાર્યા, આભૂષણોય ધારણ કર્યા, હાથમાં કડાં ધારણ કર્યા. શિર ઉપર નંગથી જડેલો મુગટ ધારણ કર્યો બંને બાજુ તોરા લટકતા હતા મહારાજ મંદ મંદ હાસ્ય કરતા હતા. દર્શન કરીને લોકોના પાપો બળી ભસ્મ થાય છે, મૂર્તિ દીલમાં સ્થિર થાય તો તેના અજ્ઞાન અંધારું દૂર થઈ જાય છે. એને કવિજનો કોઈ વર્ણવી જ શકતા નથી. વિશાળ ભાલના મધ્યમાં સુંદર તિલક કરતા હતા તે તિલક ચાંદલાથી ચંદ્રના બિંબ જેવું શોભતું મનોહર લાગતું હતું. પ્રભુની ભ્રૂકૃટિ વાંકી વળેલી જાણે કમાન કસી હોય ને શું ? નાસિકા દીવાની જયોતની માફક સ્થિર સુંગધને લેતી હતી. મુખમાં કુંદની કળિ જેવા ચમકતા દાંતની પંકિત શોભતી હતી, અધરોષ્ઠ જાણે લાલ દબાયેલ શોભતા હતા સુંદર ચિબુક અરુણ વર્ણનો શોભતો હતો. પ્રભુનો કંઠ સુંદર સિંધુ પુત્ર શંખ જેવો શોભતો હતો તે હૃદયમાં ઉતરી જાય તેના મનને ખૂબ જ આનંદ આપતો હતો.મહાપ્રભુના હસ્તકમળ જાણે હાથીની સૂંઢ જેવા જાંનુ સુધી લાબાં જેને દર્શન થાય તેના જન્મ મરણના ફેરા ટળી જાય છે. પ્રભુના બંને જાંનુ જોઈને જાણે ઉરમાં ઉતરે એવા છે તથા ગોળ ગુલફની છબી પણ ખૂબ જ અલૌકિક છે. ચરણમાં સોળ ચિહ્નો તથા નખશીખા પર્યંતની છબી એ ત્રણે લોકમાં કયાંય ન મળે તેવી મનોહર છે.

આવા સ્વરુપના દર્શન કરીને તે નગરના રાજા ઉત્સુક મનવાળા થઈને હાથ જોડીને શ્રીહરિને વિનંતી કરતા હતા. હે અવતારી ! આપ કૃપા કરીને હે જગતના સ્વામી ! પુરમાં લોકોને દર્શન દેવા માટે આપના ચરણના ચિન્હોથી ચિન્હિત કરી પુરમાં વિચરો એવી બધાની વિનંતી છે ત્યારે હરિ મંદ મંદ હાસ્ય કરતા થકા કમર કસીને તૈયાર થયા. તૈયાર થઈને હાથીની સોનાની અંબાડી ઉપર વિરાજમાન થયા. રાજા હાથમાં ચમ્મર લઈ ચમ્મરને ઢોળતા હતા ત્યારે આકાશમાં દેવો આવ્યા તેને સૌ જોતાં હતાં, પુષ્પ વર્ષાવતા હતાં. રાજાને ખૂબ જ આનંદ થતો હતો પુષ્પો હરિની ઉપર પડયાં. મહાપ્રભુનો જયજયકાર બોલતા હતા. ગજરાજ મંદગતીથી ચાલતો તેનાથી આકાશમાં તેજ સર્વના મૂળ મહારાજ ફેલાઈ ગયું કારણ કે અસવારી કરીને વિચરતા હતાં, ત્યારે શ્રીહરિના દર્શન કરીને સર્વે નર-નારીજનો ઉંચે સ્વરે પ્રભુના જય જયકારનો શબ્દ કરતા હતા. પુરમાં દર્શન દઈને મહાપ્રભુ અસવારી સાથે પુરની બહાર ગયા બધાને મનમાં નવો આનંદ કરાવતા હતા. પુર બહાર

જઈને શિવના મંદિરે જઈને શિવને દર્શન આપ્યા. આને કોણ કવિ નિર્ણય કરી કહી શકે. આ રીતે એક ઘડી પર્યંત મહાપ્રભુ ત્યાં દયા કરીને સુખ શાંતિ આપવા મુખેથી અમૃતમય વાતો કરી, સંતો સુખ પામતા હતાં ને આનંદ કરાવતા હતા. પછી મહાપ્રભુ પુરમાં આવતા હતા, ભકતો ગુણને ગાતા હતા. પ્રફુલ્લીત મનવાળા મહાપ્રભુ આ રીતે અસવારી લઈને પ્રેમ કરીને નર-નારીજનોને દર્શન દઈને પુરમાં પધાર્યા. મહાપ્રભુ રાજ દરબારમાં આવતા હતા ત્યારે લોકો લાઈનમાં ઉભાં દર્શન કરતાં પ્રભુના યશને ગાતાં હતાં. મહાપ્રભુ દરબારમાં આવીને અંબાડીમાંથી નીચે ઉતર્યા ત્યારે ખૂબ જ શોભતા હતા અને સર્વેને આનંદ આપતા હતા.

હે રાજન ! શ્રી હરિ સૌ સંતોની સાથે રાજદરબારમાં પધાર્યા તે સમયે મહાપ્રભુની શોભા અદ્‌ભૂત લાગતી હતી, દિવાઓ બહુ જ પ્રકાશ કરતા હતા. તેનાથી દિવાલો ઉપર ચિત્રો દોરેલાં શોભતાં હતાં. રંગ-નવરંગના પુરેલા બહુ જ અગણિત પ્રભાવવાળા લાગતા હતા, મખમલના બિછાના લોકોના મનને હરનારાં હતાં. તેની ઉપર જાત જાતની ગાદીઓ ગોઠવેલી હતી, તેની ઉપર રસિકવર મહાપ્રભુ વિરાજમાન થયા. સંતોની મધ્યમાં વિરાજયા એટલે અતિ અધિક શોભતા હતા. સુંદર સારા ઉચા આસન ઉપર ઘનશ્યામ પ્રભુ વિરાજમાન થયા ત્યાર પછી રાજાના ઉમરાવો સૌ ભાવ ભરીને પ્રેમથી બેઠા, ભકત રાજ રાજાના પત્નીનું નામ **કુશલ કુંવરબાઈ** મહાપ્રભુની પુજા કરવા માટે ખૂબ જ ભાવથી મનમાં આનંદ પામતાં આવ્યાં હતાં. પ્રભુને વસ્ત્ર, આભૂષણો મણીઓથી જડેલા પહેરાવીને દર્શન કર્યા, અક્ષરથી પર પરાત્પર પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરી પોતાને ધન્ય ભાગ્યવાન પોતાને માનતાં થકાં સુખ પામતાં હતાં. હે રાજન! સર્વ જન્મ મરણના બંધનો તોડનારા ઘનશ્યામ પ્રભુના કંઠમાં ફુલની માળાઓ ધારણ કરાવતાં હતાં. ઉમંગથી ચંદન ચર્ચીને અતિશય ઉત્સાહવાળાં થતાં હતાં. સર્વ સંતોને ભાવ ભરીને સરપાવ આપવા માટે સુંદર વસ્ત્રો તૈયાર કરીને સંતોને શોભે તેવા અર્પણ કર્યાં તથા પ્રભુની સાથે પદાતિઓ આવેલ તેમને તથા ઘોડેસવારોને રાજ્યને યોગ્ય શરપાવ અતિ પ્રેમથી રાજ નવાજયા. હે રાજન ! ભણનારા સૌ સંતોને તથા સર્વ શાસ્ત્રીયોને શોભે તેમ ભાગવત શાસ્ત્ર ભાવપૂર્વક અર્પણ કરીને પ્રેમથી પુજા કરી દઢ ધર્મ નિયમ ધારીને કુશળ કુંવરબાઈએ નાથને નિરખીને ભકત શિરોમણી મહાન થયાં, અવતારના અવતારી મહાપ્રભુની પૂજા કરીને પછી હાથ જોડીને મોર મુકુટને શિર ઉપર ધારણ કરનાર શ્રીહરિની સ્તુતિ કરતાં હતાં. હે મહાપ્રભુ ! હે જગદીશ પ્રભુ ! આપનો જય થાવ હે ઈશ ! તમારા ગુણને મુખેથી ગાવામાં કયારેય પાર નથી પામતાં એવા હે ભગવાન ! હે પ્રભુ ! આપ અમાપ જ છો. હે ઘનશ્યામ ! આપ તો નારાયણ નામથી સર્વોપરી છો. અકામ નિષ્કામ મૂર્તિ આપ જ છો. હે પ્રભુ ! આપને જે જીવ ભાવપૂર્વક ભજે છે તે જો અનાથ હોય તો તે સનાથ થાય છે, એવા આપ દયાળું છો, સર્વના નાથ છો. હે પ્રભુ ! આપ તો પતિત જીવોના ઉદ્ધાર કરનારા છો, હે સદાય સુખવાસ કરનારા મહારાજ ! આપ આજે અમારી પાસે પધાર્યા છો. વન પર્વતોમાં વસનારા, અનાદિના ઋષિઓ હે ઘનશ્યામ પ્રભુ ! આપનાં દુર્લભ ચરણકમળનું સદાય ધ્યાન કરે છે. હે પ્રભુ ! આપનાં ચરણ કમળની સેવાના ચરિત્રોની લીલાઓ તો અગણિત, અનંત છે, ષટદર્શન શાસ્ત્રો તથા અઢાર પુરાણો આપના ચરિત્રોને મુખેથી વર્ણન કર્યા જ કરે છે તોય પાર નથી પામતા હે ઈશના ઈશ ! મહા પ્રભુજી આપનાં ચરિત્રોનો તો પાર ન જ પમાય એવાં છે, હે પ્રભુ ! કામાદિકનો નાશ કરનારા સદાય મારા ઉરમાં વાસ કરો. હે પ્રભુ ! મુનિજનો વનમાં એકાંતમાં જઈને સર્વ ભોગોનો ત્યાગ કરીને આપના સ્વરુપમાં ગુલતાન થઈને ધ્યાન કર્યા જ કરે છે. હે મહારાજ ! ઉંધા મસ્તકે થઈને તપ કર્યા

કરે છે તોય એમને દર્શન નથી થતાં એવા હે પ્રભુ ! આપ પ્રસન્ન થઈને અમને દર્શન દ્યો છો. હે પ્રભુ ! હે ઈશ ! આપતો અનંત રુપે છો, આપનો કોઈ માપ ન કરી શકે એવા અમાપ આપ અમારા ઉપર કૃપા કરીનેઅમારું કલ્યાણ કરવા અમારા ઘેર પધાર્યા તે અમારા ધન્ય ભાગ્ય છે, રાધા, લક્ષ્મી, આદિક શક્તિઓ જેમનું ધ્યાન ભજન કર્યા કરે છે તોય એમના ધ્યાનમાં નથી આવતા એવા આપ અહિયાં પધાર્યા છો. હે ગરીબોના નાથ ! આજે આપ અમને મળ્યા તે તો અમને આપના દાસના દાસ ગણીને મળ્યા એવા હે અવિનાશી પ્રભુ ! આપના ગુણ તો અનંત અપાર છે, કવિજનો મુખે ગાય છે તોય પાર નથી પામતા એટલા અપાર છે. તેથી હે પ્રભુ ! અમારી મતિ તો થોડી જ છે, તેથી હું શું કહું હે પ્રભુ ! આપ મારા અંતરમાં નિવાસ કરીને રહો એવું જ હું માગું છું. હે પ્રભુ ! આપનું આ સ્વરુપ સતત મારા ઉરમાં રહો આમ મધુરા વેણ કહીને નેત્રમાં આંસુ આવી ગયાં ગદ ગદ કંઠ થઈ ગયાં. મહાપ્રભુના ચરણમાં નમન કર્યા, ઉરમાં ધારી લીધાં એવા સમરથ પ્રભુએ મસ્તક ઉપર હાથ સ્થાપ્યા. શ્રીહરિ કહે હે કુશળ કુંવરબાઈ ! તમે પ્રેમથી માંગો, જે માંગો તે બધુ જ હું આપીશ ત્યારે બાઈ હાથ જોડીને ગદગદ કંઠે કહે છે હે બલ ભ્રાતા ! હે પ્રભુ ! આપની દુર્લભ એવી ભક્તિ છે તે મને સાક્ષાત સ્વરુપે ભક્તિ આપો. અત્યારે જે આ શોભા છે તે જ રીતે આ સર્વે સંતોની સાથે જ મારા અંતઃકરણમાં વાસ કરો એ જ માગું છું. શ્રીહરિ મહાપ્રભુએ માહાત્મ્ય જ્ઞાન ભક્તિ ધર્મના ઉપદેશની વાતો કરીને નિશ્ચય દૃઢ કરાવ્યો ત્યાં તો વસંત પંચમીનો ઉત્સવ આવ્યો ત્યારે રંગ ઉત્સવ કરીને રંગ ઉડાડયો બધાને ધર્મ મહિમા સમજાવ્યો.

**સુરત**ના સત્સંગી હરિભકતો આવ્યા ભગવાનને વસ્ત્ર, આભૂષણો, મુગટ વિગેરે ધારણ કરાવ્યા, હાથીની અંબાડી ઉપર બેસી સંતોની સાથે પુરમાં દર્શન કરાવ્યા. કુશળ કુંવરબાઈએ સર્વને સારો સરપાવ આપી રાજ સનમાન કર્યું. કુશળબાઈએ ઘનશ્યામ પ્રભુની સ્તુતી કરી આશીર્વાદ મેળવ્યા, આ રીતે ચોથો તરંગ તે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપમાં આ ચોથો તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામનો આ ચોથો તરંગ પૂર્ણ થયો ॥ ૪ ॥**

# તરંગ-૫

આનંદસિંહ રાજા કહે છે : હે અયોધ્યપ્રસાદજી ! માંસ, મદિરા આદિ દુષ્કર્મોનો નાશ કરીને ક્ષણે ક્ષણમાં ધર્મનંદન મહાપ્રભુ આશ્રિતોનું પાલન કરે છે રાત દિવસ પ્રત્યેક પળમાં સ્મરણ કરીને મુનીજનો ધ્યાન કર્યા કરે છે. તે શ્રી સહજાનંદ સ્વામીનાં ચરિત્રો સર્વના જન્મમરણના બંધન તોડનારાં છે તે સદાય સુખ આપનારાં છે, એવા મહાપ્રભુજીના લીલા ચરિત્રો મને કહો. સાચા માર્ગદર્શન આપનારા અવધપ્રસાદ મહારાજ આ મિથ્યા જગતના પાપરુપ અંધકાર અજ્ઞાનને નાશ કરવા કયારેય મુખેથી ખોટું બોલતા જનથી અને મોક્ષ માર્ગથી પાડનાર આળસનો ત્યાગ કરીને હંમેશાં પ્રગટ પ્રભુના ગુણ ગાયા જ કરો છો.

હે અવધપ્રસાદ મહારાજ ! પ્રગટ પ્રભુનાં ચરિત્રો પુણ્ય આપનારાં છે તે મારે સાંભળવાની ખૂબ જ ઉત્કંઠા થાય છે. અને સાંભળીને આનંદ થાય છે એટલા માટે આપ મને આપના ચરણનો દાસ જાણી કહેવા

કૃપા કરો. અયોધ્યાપ્રસાદ કહે છે હે આનંદ રાજન ! તમે ધન્ય ભાગ્ય વાળા છો. તમારી બુદ્ધિ વિશાળ અને ધર્મમય છે માટે ધન્ય છો કેમ કે પરમ પવિત્ર ખૂબ જ રસભરપૂર પુરુષોત્તમ પ્રભુના લીલા ચરિત્રોનું પૂછો છો તે યોગ્ય જ છે. તમારી બુદ્ધિ બ્રહસ્પતિ જેવી વિશાળ છે. ચંદ્રમાની માફક આ જગતમાં વ્યાપક અનંત જીવો રહેલા છે તેઓ પ્રભુના લીલા ચરિત્રો ગાયા કરે છે તેનો કોઈ પાર પામતા નથી એવા પુરષોત્તમ મહાપ્રભુના લીલા ચરિત્રો તમને કહું છું તેથી હે આનંદરાજન ! તમે ઉદાર મનવાળા થઈને ચિત્તને પરોવીને પ્રેમથી સાંભળતા રહો.

હે રાજન ! શ્રી હરિ ધર્મનંદન મહાપ્રભુ ધર્મપુરમાં ધર્મ ઉપદેશ આપીને ધર્મ દઢ કર્યો, અને કળિના દૂષ્કૃત દોષોનો પરાભવ કર્યો મહારાજ રાજદરબારમાં નિવાસ કરતા હતા સર્વ સંત સમાજ મહાપ્રભુની સેવા ભક્તિ કરતા હતા. હે આનંદ રાજન ! શ્રીહરિ અવનિ પ્રતિપાલક મહારાજા પૃથ્વીના અનિતી, અધર્મને દૂર કરતા હતા પંદર દિવસ સુધી ધર્મપુરમાં રહીને પછી પ્રભુ રાજાના આનંદ ઉત્સાહનો વધારો કરવા **વાંસદા** પધાર્યા. હે રાજન ! મહાપ્રભુ પધાર્યા એટલે રાજા રાજઠાઠથી મહારાજનું સામૈયું કરીને પોતાના મહેલે લાવ્યા રાજાએ પ્રાણપતિ જાણીને પોતાના મહેલમાં ઉતારો કરાવ્યો. રાજા ભાવ ભરીને મહાપ્રભુનું પુજન કરતા હતા, તે અતિ સુંગધિત ચંદન, કેસર, અત્તર અગર આદિક દ્રવ્યોથી પૂજન અર્ચન કર્યું. કેસર ચંદનથી પૂજન કરીને પ્રાણનાથને પુષ્પના હારો પહરાવ્યા, બાજુબંધો બાંધ્યા, મસ્તક ઉપર તોરાઓ બનાવીને પ્રીતમ પ્રાણ પ્રભુને પહેરાવતા હતા. સુંદર વસ્ત્રો ધારણ કરાવ્યાં, મણિમય આભૂષણો સમાજમાં શોભે તેવા રાજ સાજથી પહેરાવ્યાં, રાજાએ સનમાન્યા પછી ભાવ સમેત ભોજનના થાળો તૈયાર કરાવ્યા, થાળ તૈયાર કરીને ખૂબ જ ભાવ પ્રેમથી નાથને જમાડીને ખૂબ જ નિહાલ થયા. પોતાનો અનન્ય ભકત જાણીને ભયહારી પ્રભુએ સર્વ સંત ભકતજનોને પ્રેમથી જમાડીને તૃપ્ત કર્યા પછી શોભાનીધાન જગતના સ્વામી બહુનામી પ્રભુ સુંદર આસન ઉપર બિરાજમાન થયા. હે રાજન ! ત્યાર પછી તે રાજા શુદ્ધ ભાવથી સ્તુતિ કરવા લાગ્યા હે પ્રભુ ! આપ ક્ષર અક્ષરથી પર પરાત્પર કહેવાઓ છો મને આપ આપનો દાસ જાણીને અત્યારે દર્શન આપ્યા. હે મહાપ્રભુ ! આપ તો મારી ઉપર ખૂબ જ કરુણા કરીને પધાર્યા. હે પ્રભુ ! હું તો મહા પતિત છું. આપ તો પતિત પાવન છો, અને સર્વ કારણના કારણ છો માટે અમારા સુખ કરવા માટે જ અહીં કૃપા કરીને પધાર્યા છો, હે મહારાજ ! આપ અમારા ત્રિવિધ તાપ તે શરીરના દોષો છે તેને દૂર કરી આપનું સુખ આપો એવા હે પ્રભુ ! આપના સદ્ગુણો છે તેતો અમાપ અને અનંત છે એમ કહેવાય છે તે આજે અમને દર્શન આપીને સત્ય કરો. હે પ્રભુ ! મને આપનો દાસનો દાસ જાણીને આપના ચરણ કમળનો આશ્રય આપીને મારાં બધાં જ સંકટોને તોડીને આપનું ગુણસાગર ગરીબ નવાજનું બિરુદ પૂર્ણ કરીને મને આપના સ્વરુપનું સુખ આપો. તે રાજાનું પ્રાર્થના વચન સાંભળીને ભયને હરનારા ભકતને આધિન મહાપ્રભુએ રાજાને ચરણ કમળની જોડી આપી દર્શન પૂજનનું સુખ કરી દીધું.

હે રાજન ! શ્રીહરિ મહા પ્રભુએ રાજાને આવી રીતનું સુખ આપીને ધર્મને ધારનારા ફરી દરબાર ગઢમાં પધાર્યા મહેલમાં મહારાજ પોતાના આસન ઉપર વિરાજમાન થયા ત્યારે તરત જ સર્વ સંતો ભકતજનો પ્રભુની સન્મુખ આવીને બેઠા. ત્યારે તે સભામાં બધા બેઠા હતા તેમાં મુકત મુની જેમનું નામ છે તે સ્વામી મહાપ્રભુની પાસે આવીને દંડવત્ પ્રણામ કરીને બેઠા. ત્યારે ઘનશ્યામ પ્રભુ સ્વામીને સ્વાગત સમાચાર

પૂછતા હતા. પછી જે સંતો દેશોમાં ફરતા હતા તેના વૃત્તાંતના સમાચાર પ્રેમથી પૂછતા હતા આ રીતે પ્રતિપાળ કમળનયન સર્વ વૃત્તાંત જાણતા હતા. પછી મુકતાનંદ સ્વામીએ કહ્યું મહાનુભાવાનંદમુનિ આવ્યા છે, તે એમને બધાના નામો આદિથી અંત સુધીનાં ખ્યાલ છે. આ રીતે મુકતાનંદ સ્વામીનું કહેલું સાભળીને મહારાજ મહાનુભાવાનંદને કહે પ્રેમીભકતોને ઓળખીને એ ભકતોના નામો તમે ગણીને કહો કોણ કોણ ભકતો છે. **લોજ, માંગરોલ**નાં, ભકતજનોના નામો ગણીને કહો તથા **સોરઠદેશ**ના તથા આખા સત્સંગના ભકતજનોમાં શ્રેષ્ઠ નામો તમે મહાનુભાવાનંદમુનિ વિગતવાર વર્ણવીને કહો. ત્યારે મહાનુભાવાનંદમુનિ પ્રભુની આજ્ઞાને શિર પર ધારીને તરત જ આતુરતાથી નામ લેવા માંડયા ત્યારે હરિ તેઓનાં નામો સાંભળીને બધામાં જે મોટેરા ભકતો હોય તે કહો. ત્યારે તે પ્રભુની વાત સાંભળીને તે બધા જનો ગણીને કહેતા હતા. ક્ષત્રિજ્ઞાતિના જાદવજી ભકત ભકતોજનોમાં ખળતાને તોડનારા હતા, ભગવાનના નિષ્ઠાવાન ભકત મયારામ ભકત નાગર જ્ઞાતિના હતા, **નાચીકેત** તથા **હિમંત સિંહ** રાજા શ્રેષ્ઠ છે, એ આદિક મોટા એકાંતિક ભકતો જોઈને સંતસંગમાં પ્રમાણ માનું છું. આ રીતે મહાનુભાવનંદમુનિના મુખે નામો સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા. આમાં ઉંડી નજર પહોંચાડીને કહો આ ચાર ભકતો જેમાં અતિશય શ્રેષ્ઠતાવાળા કોણ છે તે મહાભાવનંદમુનિ તમારા મુખેથી મને કહો. ત્યારે મહાભાવનંદમુનિ કહે હે મહારાજ ! એ વાત તો આપ જ જાણો છો. હે નાથ ! હું તો એ નથી જાણતો, એ રીતે હાથ જોડીને પ્રભુને મહાનુભાવાનંદ મુનિ કહેતા હતા, મહારાજ મંદ મંદ હસતા હતા, કહેતા હતા મુનિવર તમે સાંભળો, રાજા હિમંતસિંહ છે તે બધાયમાં એકાંતિક ભક્ત અમારી ઈચ્છાથી જ થયા છે, આમ, શ્રીહરિ મહાપ્રભુ પોતાના આશ્રિત સંતોની સાથે લીલા કરતા હતા.

હે આનંદરાજન ! પુરુષોત્તમ મહાપ્રભુ સર્વોપરી છે, સર્વના નિયંતા સુખદાતા એવા તે જ છે. જે કોઈ આ ભગવાનના મનોહર ચરિત્રોને સાંભળે છે તેના કાનને ખૂબ જ પવિત્ર કરે છે, મહારાજે નવા પ્રકારના નેત્રો અંતર્ચક્ષુઆપ્યા એમાં ભાવ આપ્યો તેનાથી બાઈ પ્રેમાશ્રુ ભરી ભરીને વારંવાર નિરખતાં હતાં એ જ છબી અંતરમાં સ્થિર કરતાં હતા, નેત્રોને પલટાવીને પ્રેમ ભાવથી અંતરમાં ઉતારી પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરવાનું ફળ આજે મળ્યું એમ માનવા લાગ્યા. કર્મ તો આગળ સારું કરેલ તેનાં ફળના પ્રતાપે પ્રગટ ભાગવાનનો યોગ થયો, તે પોતાના જન્મને સફળ કરી લીધો. **અડાલજ ગામમાં જે વાવ કરાવેલ છે તેમાં ખૂબ જ કળા કારીગરી કરેલ છે ખુબ જ સારું સુવ્યવસ્થિત રચનાવાળું કામ કરાવેલ છે, આવી કારીગરી વાળું બીજે કયાંય સ્થાન નથી, આવી વાવ જેમણે કરાવેલ છે તે વાવ તો કલ્યાણ મેળવવા માટે જ છે, તે રાણીનું નામ રુડબાઈ છે, તે જ બાઈ અત્યારે જન્મ લઈ કુશળ કુંવરબાઈ** નામથી ખ્યાતી પામ્યા **છે તેને આજે પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ મળ્યા છે તે વાવની સેવાનું જ ફળ મળેલ છે,** શ્રી હરિ મહાપ્રભુએ કુશળ કુંવરબાઈને પોતાના મુખે ઉપદેશ કરીને ખૂબ જ સુખ આપ્યું તેનું મુખેથી વર્ણન ન જ થઈ શકે મહાપ્રભુ સુખદાતા ત્યાંથી વિદાય થવા તૈયાર થવા લાગ્યા મહાપ્રતાપી પ્રભુ ચાલતા થયાં. પહેલા જેવી રીતે આવેલા તે જ રીતે પાછા વળતા થયા પૂર્વનો જેવો પ્રેમ હતો તેમ જ ચાલીને જતા હતા, મહાપ્રભુએ દર્શન દીધાં પ્રેમભાવને વશ થઈને સુખ આપ્યાં. બાઈને ભગવાનમાં ખૂબ જ પ્રેમભાવ હતો તેથી મહારાજના વિયોગમાં દેહનો ત્યાગ કરીને મહાઅલૌકિક પ્રભુના ધામને પામ્યાં ત્યાં સહેજ પણ દુઃખનું નામ જ નથી હોતું તેમ મુનિમુકતો મુખેથી કહે છે. અવિનાશી

મહાપ્રભુએ પોતાના ધામમાં વાસ કરાવ્યો ત્યાંથી મહાપ્રભુએ પ્રયાણ કર્યું તે છબી ખૂબ જ શોભતી હતી.

મહારાજ ચાલતા થયા માર્ગમાં રોકાતા થકા **ઝાડેશ્વર** પધાર્યા ત્યાં મુકામ કર્યો, રાતનું રોકાણ કરીને વિશ્રામ કરીને સવારમાં વહેલા સુખધામ પ્રભુ જાગ્યા. ચાલતા થયા અને મહારાજ **બામણ** ગામે પધાર્યા ત્યારે ગામના આગેવાન ભકતજનો પ્રભુને લેવા વાજિંત્રો વગાડતા ગુણને ગાતાં ત્યાં આવ્યા. સૌના મનના ભાવને પૂર્ણ કરનારા સ્વામિનારાયણ ભગવાન લોકોએ સેવા કરી પ્રભુને પૂર્ણ રીતે ઓળખ્યા પોતાના ઈષ્ટદેવ ગણ્યા. તે બામણ ગામમાં ભગવાનના વૈરાગ્યવાન ભકત રહેતા હતા. હે રાજન ! તે ગામમાં ભગવાનના ભલા પ્રેમી ભકતો **રણછોડભાઈ**, આદિ હતા તેઓએ ભાવથી ભોજન તૈયાર કરાવીને મહારાજને જમાડતા હતા, મહાપ્રભુ જમીને રાજી થયા પછી મુખવાસ લઈને સંતોની પંગત જમવા બેસી એટલે પીરસતા હતા. સૌ સંતોને જમાડીને પછી ત્યાંથી પ્રયાણ કરીને **વડતાલ** પ્રત્યે કમળનયન પ્રભુ આનંદ કરતા તે સવારમાં વહેલા પધાર્યા. હે રાજન ! વડતાલમાં નિવાસ કરીને પ્રભુ પાંચ દિવસ સુધી ભકતજનના ઘેર રહેતા હતાં અને ભકતોના દોષોને હરતા હતા. હે રાજન ! શ્રીહરિઘનશ્યામ પ્રભુએ મુકતાનંદસ્વામી આદિક સંતોને વડતાલ ગામે મોકલ્યા ત્યાં લોકોના પાપોનો નાશ કરી ભગવાનના આશ્રિત કરવા વડતાલમાં રોક્યા અજીત મહારાજ પોતે સર્વગુણના નિધિ **ગઢપુર** પધારતા હતા ઘોડા ઉપર અસ્વાર થઈને શ્રીહરિ હેતેથી સાથે જતા હતા સાથે પદાતિઓને પણ લઈને જતાં હતા. રાજાધિરાજ મહાપ્રભુ દાદા ખાચરના દરબારગઢમાં ઉમંગથી નિવાસ કરતા હતા અને **જયા, લલિતા, રમા** આદિક ભકતજનો સર્વ સમાજ પ્રેમથી સેવાભકિત કરતાં હતાં. હે આનંદરાજન ! સ્વામિનારાયણ પ્રભુ રોજે રોજ આનંદ આપતા હતા. સ્નાન કરવા માટે ભકતજનોની સાથે ભગવાન ઘેલા નદીએ પધારતા હતા. દાદા ખાચરના દરબારગઢમાં જ થાળ આરોગતા હતા સર્વના ભાવો ને પૂર્ણ કરીને સૌને જગતના બંધનથી છોડાવતા હતા. આ રીતે મહારાજ પૃથ્વી ઉપરના પાપ ભારને દૂર કરવા માટે નિત્ય દર્શનનું સુખ આપતા હતા, અને ધર્મ જ્ઞાન દૃઢ કરતા હતા.

હે રાજન ! સર્વ ધામનાધામી ધર્મપુરથી સ્વામિનારાયણ પ્રભુ વાંસદા પધાર્યા પછી પ્રભુ કુશળ કુંવરબાઈને માયિક બંધનથી છોડાવીને અક્ષરધામમાં વાસ કરાવતા હતા. મહાપ્રભુ **વાસંદા**થી પ્રયાણ કરીને ચાલતા થયા ઝાડેશ્વર આવ્યા ત્યાંથી બામણ ગામ પધાર્યા, બામણ ગામથી મહાપ્રભુ વડતાલ પધાર્યા વડતાલમાં પાંચ દિવસ રોકાયા તે ચરિત્ર ગાયા છે. મહારાજે સંતોને દેશમાં ફરવા મોકલ્યા. મહારાજ **ગઢપુર** પધારી નિવાસ કર્યો એ સર્વ લીલા કહી એવી રીતે શ્રી હરિલિલાસિંધુની લહરિના રુપે પાંચમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં ધર્મપુરમાં સુખ કરી શ્રીહરિ વડતાલથી ગઢપુર પ્રત્યે પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ પાંચમો તરંગ પૂર્ણ થયો. ॥૫॥**

# તરંગ-૬

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કાળ સૌને ગ્રહણ કરે છે ત્યારે મૃત્યુ પામે છે પણ અમૃત સમાન ભગવાનના લીલાચરિત્રો જેના મુખમાં હોય તે ઉગરે છે, કામને વશ કરીને મહાપ્રભુના સ્વરુપને ઉરમાં ધારીને સ્મરણ કરે છે તે શ્રેષ્ઠ છે. એવા ભગવાનના ચરિત્રો હોય તે મને હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ અમૃતના સરોવર સમાન છો માટે તે ભગવાનના ચરિત્રો સાંભળવા મને ઉત્કંઠા થાય છે માટે કહો. ગુણના સાગર મહાપ્રભુ **ગઢપુર**થી સંતોની સાથે કયાં સ્થળે પધાર્યા તે બધાં જ ચરિત્રો મને કહો જેમ ઘેર પુત્રનો જન્મ થાય અને આનંદ થાય તેમ પ્રગટ પ્રભુના ચરિત્રો સાંભળવાથી સુખ થાય છે.

અવધપ્રસાદજી કહે છે હે આનંદ રાજન ! તમને ધન્ય છે તમે ખૂબ જ મનમાં વિરકત (વૈરાગ્ય) થઈને ધીરજ ધારણ કરીને વજ્ર સમાન પ્રભુનાં દઢ ચરિત્રોને ગ્રહણ કરીને અનેક સુખો આપનાર ધર્મનું પાલન કરવામાં વિરતાવાળા છો તેથી તમે સુંદર ચરિત્રો સાંભળવા માટે યશવાળા થયા છો. આ પૃથ્વી ઉપર સર્વથી શ્રેષ્ઠ સારરૂપ એક ધર્મ છે, તે ધર્મને ધારણ કરીને વર્તે છે તેનું રક્ષણ કરે છે. સ્ત્રી પુરુષ સૌને સુખ આપનાર જે પ્રભુના ચરિત્રો છે, તે પ્રગટ પ્રભુના યશને હું તમને કહું છું તે સાંભળો. હે રાજન ! રાજાધિરાજ ગઢપુર ધામમાં વિરાજમાન થઈને શોભા વધારતા હતા, દાદા ખાચરના દરબારમાં પ્રેમી ભકતોને સુખ આપતા હતા. ભકતજનો નિર્માની ભાવથી પ્રભુની ભકિત કરતા હતા. એમના કામક્રોધાદિક દોષોને દૂર કરીને શ્રીહરિ મહાસુખ આપતા હતા. દોષોનો નાશ કરવા મહારાજ નિત્ય પ્રત્યે જ્ઞાનની વાતો કરતા હતા, નિત્ય પ્રત્યે નવા નવા ભોજનોની રસોઈઓ ભાવથી કરાવીને જમાડતા હતા.

એક દિવસ શ્રીહરિ સર્વ સંત સમુહ સાથે પત્રો લખાવતા હતા, તે પત્રો દેશોદેશ ભકતજનો ઉપર લખાવીને મોકલાવતા હતા. પત્રમાં લખેલ કે આ પત્ર સાંભળીને તરત જ ગામો ગામથી સૌ **વડતાલ** આવજો એમ સૌને કહેજો ત્યાં રંગનો ઉત્સવ કરવાનો છે એટલે તમે સૌ ત્યાં જરૂર આવજો. તમે બધા નરનારીજનો ફૂલદોલનો ઉત્સવ કરવાનો છે તેથી જલદીથી આવશો એ સાચું જ કહેવરાવેલું છે. આવી રીતે દેશોદેશમાં પત્રો લખાવરાવીને તે પત્રો જલદીથી પહોચાડવાના કહ્યા એટલે સેવકો પગવાળા જલદીથી ચાલીને પહોંચાડતા હતા, પત્ર વાંચીને દેશોદેશથી બધા સંતસંગીઓ આનંદ ઉત્સાહથી વડતાલ આવતા હતા અને શ્રી હરિ રીત પ્રમાણે રંગો તૈયાર કરાવતા હતા, પ્રાણનાથ પ્રેમથી રંગ સૌની ઉપર નાખતા હતા. રંગો ના હોજો, હેત પ્રેમથી તૈયાર કરાવ્યા સંતોએ ખૂબ જ રંગો તૈયાર કર્યા મહારાજ ગુલાલ નાખતા હતા ખૂબ જ મોટો રંગનો જથ્થો કરતા હતા. સંતો ઉપર મહારાજ ખૂબ જ રંગો નાખતા હતા ખૂબ જ રમાડતાં હતાં, ખૂબ જ ખંતથી સૌ સંતો હરિભક્તોને રમાડીને રાજી કરતા હતા. રંગ રમવાથી ચારે બાજુ લાલ લાલ રંગમય ભકતજનો સંતોના અંગો કરી નાખ્યાં હતાં, આ રીતે ઘનશ્યામ પ્રભુ ખેલ કરતા હતા ત્યારે આકાશમાં દેવો આવીને દર્શન કરતા સુખ પામતા હતા. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુએ સંતોની સાથે રંગ રમીને જે ખેલ કર્યો તે તો પાપી પાખંડી ખળ લોકોના અધર્મના જે વન તેને બાળવા કર્યો જેમ અર્જુને ખાંડવ વન બાળ્યું તેમ પ્રભુએ આ લીલા કરીને સર્વનો પરાભવ કર્યો. દિન દયાળ પ્રભુએ પોતાના આશ્રિત ભકતજનોને આવી રીતે ઉત્સવો કરીને ખૂબ જ સુખ આપ્યાં પછી ઉદ્ધવ મતપાલક-પોષક મહાપ્રભુ મુકતાનંદ સ્વામીની સાથે **ગઢપુર** પધાર્યા.

હે આનંદસિંહ રાજન ! મહાપ્રભુ સહજાનંદ સ્વામી નિત્ય આ રીતની લીલા કરીને પોતાના આશ્રિત ભકતજનોને અનેક સુખો આપતા હતા, અનંત જીવોના જન્મ મરણના ભયને ટાળવા ભગવાન ચરિત્રો કરતા હતા. પછી મહાપ્રભુએ સૌ સંતોને દેશોદેશમાં ફરવા ઉપદેશ કરવા જવાની આજ્ઞા આપી ત્યારે સંતો ફરીને લોકોના જન્મબંધનને દૂર કરવા વિચરણ કરતા હતા. હે રાજન ! શ્રી હરિ સંતોને મોકલવાનું કરતા હતા એટલામાં **કારિયાણી** ગામેથી મહા ભકતરાજ **વસ્તાખાચર** આવ્યા તે પણ શ્રી હરિનાથને તથા સંત સમુદાયને તેડવા માટે જ આવ્યા હતા. હે મનોહર નાથ ! આપ સંતોની સાથે ચાલો. હું આપને મારા અંતરમાં ધારતો થકો આવ્યો છું અને આપનો આશ્રિત ભકત જાણીને હે સુખકારી ભગવાન ! સુખકારી પ્રભુ મારે ઘેર **કારિયાણી**માં ખટવાંગ રાજાના કારજના સમય ઉપર ! સંતોની સાથે પધારો. હે નાથ ! મને આપનો દાસ જાણીને હે નરનાથ ! પ્રભુ આપ સૌ સંતોની સાથે અમારા કારજને સાર્થક કરવા પધારો. આવી રીતે **વસ્તા** ભકતના પ્રેમ વચનો સાંભળીને ભગવાન સૌ સંતોની સાથે **કારિયાણી** પધાર્યા, ભકતના માન, મદને તોડવા માટે સુંદર રસથી ભરપુર અનેક પકવાનો બનારાવ્યાં, તે સર્વ પદાર્થો સંતોને તથા ભકતજનોને ખૂબ જ જમાડયાં. જયારે બધા લોકો જમી રહ્યા, તોય સાટાં તો બહુ જ વધ્યા તે સાટાં બધા સંતોને પ્રવિણમૂર્તિએ આપ્યા ત્યારે તે સૌ સંતો લઈને ગુજરાતમાં ગયા ત્યાં ગામોમાં ફરીને મુમુક્ષુ ઓને પ્રસાદી આપી અને ઉપદેશ કરી ભકતોના જગતના દોષોને દૂર કરતા હતા.

મહાપ્રભુ સહજાનંદ સ્વામી પછી ગઢપુર પધાર્યા શ્રી સહજાનંદ મહાપ્રભુ આ રીતે લીલા કરતા ભકતોને સુખ આપતા હતા. દુર્ગપુર ધામમાં ધામના ધામી પ્રભુ શોભતા હતા અને પુરમાં નાસ્તિકો વામમાર્ગીની પીડાને દૂર કરતા હતા શ્રીહરિ કર્મી અને વામી નાસ્તિક મતના કાળરુપ હતા તેથી ભકતજનોને સાચું જ્ઞાન બતાવીને તારી લીધા હે રાજન! શ્રી હરિ મહાપ્રભુએ આશ્રિતોના બધા જ દોષોનો ઉપદેશ કરીને દૂર કર્યા આવી રીતે પ્રાણનાથ મહારાજે ભકતોને ખુબ સુખ દીધાં. પછી ગુજરાતમાં આબાંની કેરીઓ પાકી ત્યારે મહારાજ ત્યાં પધાર્યા ત્યાં મહારાજે જે લીલાઓ કરી તે તમે હે રાજન ! સાંભળો. મહાપ્રભુએ **વડતાલ**માં આવીને પ્રીત કરીને સંતોને સાચા સેવક જાણીને ખૂબ જ કેરીઓ જમાડી આનંદ કરાવ્યો આવી રીતે મહારાજ વડતાલમાં લીલા કરીને ફરી પાછા **ગઢપુર** પ્રત્યે પધારતા હતા. **ગઢપુર** પધારીને મહારાજ **ઘેલા નદી**માં સ્નાન કરવા પધારતા હતા પ્રભુ સંતોની સાથે તાળી પાડી, તાનથી કીર્તનો ગાતા હતા, તાનથી મોહનની મૂર્તિને મનમાં ધારતા હતા, આવી રીતે ધ્યાનિજનો ધ્યાનમાં નાથને ધારતા હતા. જ્ઞાનવાળા લોકો જ્ઞાનથી પ્રભુના ચરિત્રોને પોકારી પોકારીને ગાતા હતા. દુષ્ટોના શત્રુ મહાપ્રભુ જાત જાતના લીલા ચરિત્રો કરીને અનેક ખેલો કરતા થકા ગંગામાં ગોપોની સાથે જાણે મુરારી મહાપ્રભુ વિચરતા હતા. આવી રીતે મહારાજ ઘેલા નદીમાં પદાતિઓ અને સંતો તથા ભકતજનોની સાથે અતિ આનંદ કરાવતા મનોહર લીલાઓને કરતા થકા સુખ આપતા હતા. ભકતજનો આગળ મહાપ્રભુ નિત્ય પ્રત્યે ધર્મ જ્ઞાન વૈરાગ્ય યુકત ઉપદેશની વાતો કરતા હતા સંતો અને હરિભકતો સૌ પ્રેમથી સાંભળતા હતા જન્મ મરણના ભવ બંધનને તોડાવતા હતા. મહાપ્રભુ પાકો બનાવરાવીને થાળ જમતા હતા અને સંતોને હરિભકતોને જીવન પ્રાણ જમાડતા હતા આવી રીતે ગઢપુરમાં નિવાસ કરીને પુરુષોત્તમ ભગવાન સુખ આપતા હતા.

જયારે જન્માષ્ટમી તિથી નજીક આવી ત્યારે જન્માષ્ટમીનો ઉત્સવ આનંદ ઉમંગથી કરતા હતા, મહારાજ ભકતજનોને સંતોની સાથે ખુબ જ સુખ આપતા હતા સત્સંગનો રંગ વધારતા હતા. ઉમંગથી ભરપૂર

ઉત્સવ કરીને સંતો ભકતો ઘોડેશ્વારોની સાથે સહજાનંદ સ્વામી **વડતાલ** ધામે પધાર્યા. **વડતાલ** ધામમાં મહારાજની આગળ ભક્તો સુંદર દીપમાળા પુરી હતી. તે દિપમાળા મધ્યે કમલ નયન સર્વના મનોરથો પૂર્ણ કરનારા પુરુષોત્તમ ભગવાન દર્શન દેતા હતા. ભકતજનોના દુઃખોને દૂર કરતા હતા દેવના દેવ રાજાધિરાજ રાજિવ લોચન જેમનું નામ કહેવાય છે તે પ્રભુ દિપમાળા પાસે જ બેઠા હતા ત્યારે દિપમાળાનો મહા પ્રકાશ થતો હતો તેનાથી ભકતજનોનો ઉત્સાહ વધતો હતો, અજ્ઞાનરૂપી, ત્રાસને મટાડતા હતા, જાણે સફેદ દિવો શોભતો હતો, ત્યાં પ્રભુની સંતો સતત સેવા કરતા હતા, મુકતો અને મુનિજનો પ્રેમથી દર્શન કરતા હતા. ભકતજનોના જન્મ મરણના ભયત્રાસને હરનારા મહાપ્રભુ ભાવપૂર્વક ભોજન જમતા હતા, મહારાજ જીવન પ્રાણ ભકતજનોના મનના પ્રેમને જોઈને એમના પ્રેમ વશ થઈને થાળ જમતા હતા થાળ જમીને ભકતોને મહાસુખ આપતા હતા. આ રીતે વડતાલમાં લીલા કરીને પછી પ્રભુ સવારમાં વહેલા ભકતજનોના પાપ પુંજનો નાશ કરીને પોતાના આશ્રિતોને દર્શન દઈને પ્રયાણ કરતા હતા.

પુર્ણ પુરષોત્તમ પરબ્રહ્મ **જેતલપુર** ધામે ભકતજનોની ભાવના કરવા માટે પોતે પધાર્યા **જેતલપુર**માં **આસજીભાઈ** આદિક ભકતજનો પ્રભુ પધાર્યાનું જાણી સામા લેવા માટે આવ્યા સારા પ્રતિષ્ઠાવાન બુદ્ધિમાન ભકતજનો જાતજાતના વાજિંત્રોને વગાડતા થકા ધામધુમથી પ્રભુને પુરમાં પધરાવતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ પુરની શોભાને જોતા થકા પ્રિતમ પ્રાણ પ્રભુ ભકતોના ઘેર પધારતા હતા. ત્યારે ભયહારિપ્રભુને ભકતજનો નીરખીને દર્શન કરતાં હતાં, દર્શન કરીને નર-નારીજનો મુખેથી વાતો કરતાં હતાં, હે સખી ! આજે આપણો જન્મ ધન્ય ભાગ્યવાળો થયો કેમ કે આપણે આજે ધર્મનંદન મહાપ્રભુનાં દર્શન થયાં છે. એ સુખ નિધાન સુખદાતા છે. આમ કહીને ગામની બાઈઓ ગુણને ગાતી હતી, ત્યારે એમના દેહની શોભા છટા જુદા જ પ્રકારની લાગતી હતી. હે રાજન ! શ્રીહરિ **જેતલપુર ધામ**માં ભકતજનોના ઘરોમાં મેઘ સમાન મનોહર છબી વિરાજમાન થઈ બેઠા હતા. ભકતજનો પ્રેમથી નિરખી નિરખીને સાચું જ્ઞાન ધર્મ નિયમ સમજતા હતા સૌ પ્રેમથી ગુણગાન ગાતાં હતાં, તે જ પ્રભુના નામનો જપ મુનીજનો કરતા હતા પ્રભુને પારખીને મૂર્તિને ઉરમાં ઉતારી લે તેની બધી જ પીડા નાશ પામે એજ છબી **જેતલપુર** ધામમાં શોભતી હતી. તે જ મહાપ્રભુ ભકતજનોના નાચ ગાનમાં આનંદ આપતા થકા આશ્રિતોના ઉરમાં વાસ કરતા હતા, લોકોના હૃદયમાં વિરાજમાન થઈને એમના દુઃખો તોડતા હતા, પ્રભુ ઉપવનમાં વાસ કરતા હતા ત્યાં પ્રભુ નિત્ય પત્યે શોભતા હતા. જેતલપુરમાં નિવાસ કરીને લીલા કરતા હતા તે લીલાને જે મુનિ આલેખન કરીને ગાઈ, બીજાને સંભળાવે તે સાંભળીને ભકતજનોના દુઃખો હરતા હતા તેજ મહાપ્રભુના નામનો પ્રેમથી ભકતજનો જપ સ્મરણ કરતા હતા એજ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ જેતલપુર ધામમાં વિરાજતા હતા, સંતોની સાથે નિવાસ કરીને સર્વના ઉરમાં આનંદ કરતાં હતા. ઉરમાં વાસ કરીને રહેનારા પ્રભુના ગુણને નરનારીજનો સતત ગાતાં થકાં એકાગ્ર ચિત્તે જપતાં હતાં. તે જ પ્રભુએ પુરમાં આવેલ દુષ્ટોનો નાશ કરી નાખ્યો એ જ પ્રભુ સર્વજન સમાજમાં હાજરા હજુર વિચરતા હતા. ભકતજનોની સાથે રાસ રમીને આનંદ ઉમંગ વધારતા હતા તે જ પ્રભુ સંતોની સાથે **જેતલપુર** ધામમાં વિરાજી કામદેવના ગર્વને હરનારા એવા ઘનશ્યામ પ્રભુ જેતલપુરમાં ખેલ ખેલતા હતા, ભકતોના ઘરોમાં વાસ કરીને ઘનશ્યામ પ્રભુ સુખ દેતા હતા. એ શ્યામપ્રભુનું ચંદ્ર સમાન સ્વેત મનોહર અમૃતમય વચનોથી ઉપદેશ ગ્રહણ કરીને ધ્યાન ધરતા હતા તેના

કામાદિક દોષો નાશ થતા હતાં એવા તે મહાપ્રભુના સ્વરુપને જે જન આશ્રય કરીને ભજન કરે છે તેને તે પ્રભુના પ્રતાપથી કોઈ જાતના અંતઃશત્રુઓ પીડા નથી કરતા. શ્રી ઘનશ્યામ પ્રભુ **જેતલપુર** ધામમાં દેવ સરોવરમાં નિત્ય પ્રત્યે ભકતોના ભાવને વશ થઈને પ્રેમપૂર્વક ખેલ ખેલતા હતા, ખૂબ જ પ્રેમભાવ વધારતા હતાં પ્રભુ જે કોઈ ક્રિયા કરે તે ક્રિયામાં મતી સતત જોડાયેલી જ રહે તે ચરિત્રને ઉરમાં ધરીને ધર્મને દઢતાથી ધારણ કરીને વર્તે છે તેના બધા જ પાપો દુષ્કર્મનો નાશ પામે છે, તેવો ભક્ત અવનિમાં ફરીને ભૂમિને પવિત્ર કરે છે પ્રભુનું નામ પ્રેમથી જપતા રહે છે અને આજ્ઞા પ્રમાણે વર્તે તે સુખ પામે.

શ્રી ઘનશ્યામ પ્રભુ મુનિઓના સમુદાયને પોતાની પાસે બોલાવતા હતા. પ્રભુના આદેશને સાંભળીને મુનિજનો તરત જ આવતા હતા. તે સંતો સર્વ સૃષ્ટિના સર્જનહાર ઘનશ્યામના સ્વરુપના જ્ઞાનનો ઉપદેશ આપી સૃષ્ટિમાં કેવળ ઘનશ્યામના સ્વરૂપનો જ મહિમા જ્ઞાન સમજાવે છે ગુણને ગાય છે, ગુણીજનો એમનું તારણ કરેલ છે, તે જ સર્વે સંતો પ્રભુ પાસે ગુણનું ગીત કરતા પ્રભુના સ્વરૂપને ઉરમાં સામાન્ય જીવ પ્રભુની ગતિને જાણી નથી શકતો પરંતુ ધારીને વિચરતા પ્રભુ પાસે આવ્યા. હરિના ચરિત્રનો આશ્રય કરીને જાણે છે શંકર પ્રભુના ચરિત્રને જાણે છે, જપે છે, તે જ હરની જટામાં જેમણે વાસ કર્યો છે તે જ પાવન કરનારી ગંગા જેમના ચરણમાંથી પ્રગટેલ છે તે બધાનો ઉદ્ધાર કરનાર છે, તે જ પુરષોત્તમ પ્રભુ જન્મ-મરણની પીડાને હરનારા છે, તે મૂર્તિમાન **જેતલપુર**ની ભૂમિ ઉપર વિચરે છે, દેવ સરોવરની પાળે વિચરે છે તે સરોવરની મનોહરતા જોઈને મહાપ્રભુ મંદ મંદ હાસ્ય કરતા હતા. હે રાજન ! સર્વ જગતના પતિ શ્રી હરિ **જેતલપુર** ધામમાં જનસમુદાયની સાથે નિવાસ કરતા હતા, કરુણા કરીને મહાપ્રભુ સર્વના શિરતાજ મહારાજે મુકતાનંદ સ્વામી આદિક સૌ મુનિજનોને પોતાની પાસે બોલાવ્યા ત્યારે સર્વ સંતો તરત જ આવ્યા આવીને દંડવત્ પ્રણામ કરતા હતા. હે રાજન ! મુનિજનો ડંડવત પ્રણામ કરીને પ્રભુના ચરણ કમળમાં નમન કરીને ચરણ કમળને ઉરમાં ધર્યા પ્રભુના ચરિત્ર યશને ગાતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ જેતલપુર ધામમાં સંતોની સાથે વિરાજમાન હતા નિવાસ કરતા હતા, ત્યારે કરોડો સૂર્યના તેજથી અધિક તેજાયમાન અક્ષર ધામાધિપતિ ભકતજનોને ધર્મજ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ કરીને અજ્ઞાનનો નાશ કરતા હતા. આ રીતે શ્રીહરિને સૌ ભકતજનો પ્રેમથી અનેક પદાર્થોના ભોજનો જમાડી રાત દિવસ સેવતા હતા. રાત વિત્યા પછી મહાપ્રભુ પ્રેમ કરીને સંતોને ગામોમાં ફરવા માટે મોકલવાની આજ્ઞા કરતા હતા. આનંદાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી મહાનુભાવાનંદ સ્વામી નિષ્કામાનંદ આદિક ભણનારા સંતોને પુરુષોત્તમ શાસ્ત્રી નામના પંડિતની પાસે ભણવા માટે મોકલતા હતા તથા સંતોને **બામણ** ગામ આદિક ગામોમાં સત્સંગ કરવા માટે આજ્ઞા કરીને મોકલતા હતા. હે રાજન! શ્રી સહજાનંદ સ્વામી પોતે નિત્યાનંદ મુનિ મુકતાનંદ સ્વામી આદિક પાંચ મુનિઓને સાથે લઈને **ગઢપુર** ગામ પ્રત્યે પધાર્યા માર્ગમાં વચ્ચે વચ્ચે ભકતોના ગામોમાં રોકાણ કરતા થકા ભકતજનોને જ્ઞાન ઉપદેશ કરીને શ્રી પુરુષોત્તમ પ્રભુ ઉત્તમ રાજાના દરબારમાં પોતાના ઉતારામાં પધાર્યા ત્યાં નિવાસ કરીને રહેતા હતા, મહારાજને સારી રીતે સન્માન કરીને સુંદર ભોજનો બનાવીને જમાડીને પૂજન અર્ચન કરતા હતા.

આવી રીતે મહારાજ સંતોની સાથે **ગઢપુર**માં ભકતજનોના ભયને હરતા થકા રહેતા હતા શ્રી હરિ **ગઢપુરથી કારિયાણી** ગયા **માંચાખાચર**ના કારજ ઉપર **હરિકૃષ્ણ** પ્રભુ પધાર્યા હતા લોકોના કષ્ટને હરનારા ભયહારી મહાપ્રભુ જનમાષ્ટમીનો ઉત્સવ **ગઢપુર**માં કરતા હતા. મહારાજ **વરતાલ** પધારીને ફૂલડોળનો ઉત્સવ

કરીને આશ્રિતજનોને ખુબ જ સુખો આપ્યા પછી મહારાજ ત્યાંથી **જેતલપુરે** પધાર્યા **જેતલપુરમાં** મહારાજે ખુબ જ ભકત જનોને મહાસુખો આપ્યાં એનું મુખેથી વર્ણન તો થાય જ નહીં. મહારાજે સંતોને પાછા ગામડામાં ફરવા મોકલ્યા અને **ગઢપુર** પધારતા હતા. આ રીતે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે છઠ્ઠો તરંગ પૂરો થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ જેતલપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ છઠ્ઠો તરંગ પૂર્ણ થયો ॥ ૬ ॥**

## તરંગ-૭

આનંદરાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! શરદઋતુના ચંદ્ર સમાન મનોહર મુખકમળ જેમનું છે એવા મહાપ્રભુના બ્રહસ્પતિ આદિક દેવો જેમના ગુણને ગાયા કરે છે એવા સર્વ જીવના જીવન પ્રાણ પ્રભુ સર્વને દર્શન આપે છે. એવા મનોહર મૂર્તિ મહાપ્રભુના લીલા ચરિત્રો મને સંભળાવો જેના ગુણને શેષજી હજારો મુખે ગાય છે તોય કયારેય પૂરાં તો થતાં જ નથી વધતાં રહે છે તે મને કહો. એ ઘનશ્યામ મહાપભુ ગઢપુર ધામમાં ગુણના સાગર સંતો ભકતજનોની સાથે નિવાસ કરીને જે જે લીલા ચરિત્રો કર્યા તેને મુનિજનો જપે છે એવી મહાપ્રભુની લીલા મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ સિંહરાજન ! તમે કહો છો તે પ્રભુ અનંત કોટિ જીવોને જીવાડનારા છે, અંત શત્રુને મારનારા છે, માનિના અભિમાનને તોડનારા છે, માન, અભિમાન આદિના જે શત્રુ છે એ મહાપ્રભુને અંતઃકરણમાં ધારણ કરીને મુનિજનો પ્રભુના ગુણ ચરિત્રને ગાયા કરે છે મુનિજનો. એવા મહાપ્રભુની અલૌકિક મનોહર લીલા ચરિત્રો હે આનંદરાજન ! તમને કહું છું તે પરમ પવિત્ર પુણ્યદાયક ચરિત્રો સાંભળો હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુ મનોહર પવિત્ર ગઢપુરમાં નિવાસ કરીને રહેલા છે એમ જાણો, ત્યાં મહાપ્રભુ અનેક ચરિત્રોને કરે છે, સ્નાન કરતા, ઉન્મત ગંગા નામના તિર્થમાં ભકત જનોની સાથે શોભતા થકા લીલા કરે છે. હે રાજન ! સર્વ જન સમુદાયની સાથે મળીને છેલછબીલા સુંદર જળ ક્રીડા કરે છે ત્યારે ઘણીવાર પાણી ઉડાડીને બધાની ઉપર છાંટે છે ચારે બાજુ ફરતાં રહે છે આવી રીતના ચરિત્રો કરીને અનેકના ભવબંધનને તોડતા હતા, આવી રીતે ઘણા સમય સુધી જળમાં લીલા કરીને પછી મહાપ્રભુ અનેક નર-નારીજનોના પાપોને બાળતા હતા જળમાંથી બહાર આવીને શરીર કોરું કરીને શ્વેત વસ્ત્રો ધારતા હતા. ઉદાર મૂર્તિ સફેદ ધોતીને ધારણ કરી સફેદ મસ્તક ઉપર પાઘને ધારણ કરીને ધીરે ધીરે પુરમાં પધારતા સફેદ અંગરખુ ધારીને અંગોને ઢાંકીને અને અંગોને મરોડતા થકા હાવભાવ કરતા હતા. સફેદ પુષ્પોના હારોને ધારણ કરતા હતા કંઠમાં હાર ધારીને પછી સફેદ ખભા ઉપર ખેસને ધારતા હતા, તેની શોભા વધારતા હતા તે શોભાને જોઈને મનોહર મૂર્તિના ગુણને ગાતા થકા નવલ મુરતિ બહુનામીના દર્શન કરતા હતા.

હે રાજન ! મહારાજ સર્વ જનસમુદાયની સાથે શોભતા થકા ઉત્તમ રાજાના દરબારગઢ તરફ પધારતા હતા. ગુણવાનજનો પ્રભુના ગુણનું ગાન કરતા હતા, દરબારમાં પધારીને મહાપ્રભુ પછી શયન કરતા હતા. પછી મહાપ્રભુ સુંદર પલંગ પાથરેલો હતો તેની ઉપર પોઢતા હતા. આ રીતે શ્રીહરિ સમાજની સાથે ખૂબ જ શોભતા થકા વિચરતા હતા. નિત્ય પ્રત્યે નવી-નવી લીલાઓ કરીને જ્ઞાનની વાતો કરતા હતા તે અમૃત

વાર્તાને સંતોની સાથે સર્વ ભકતગણ સાંભળીને સુખ પામતા હતા. પછી મહારાજ સંતોની ઉપર પત્ર લખાવતા હતા જે, તમે બધા મળીને સમાચાર જાણીને પવિત્ર ધામ સુંદર વરતાલપુરમાં આવજો ત્યાંના સર્વ ભકતજનો સાથે લઈને આવજો. ત્યાં **વડતાલ**માં ફૂલદોલનો ઉત્સવ કરવો છે તેથી સર્વ જન-સમાજ અને સંતો સૌ સાથે મળીને ઉત્સવ કરવાનો છે આવો પત્ર લખીને સૌની ઉપર મોકલાવતા હતા મહારાજ ખુબ કૃપા કરીને સંતોની સાથે ભકતજનોથી સેવા કરાતા થકા સર્વ સંતોની સાથે મહાપ્રભુ પ્રયાણ કરીને સવારમાં વહેલા ચાલતા હતા. સંતો પણ પ્રભુના સંદેશાને સાંભળીને આવતા હતા ગુણીજનો સૌ મહાપ્રભુના ગુણનું ગાન કરતા થકા આવતા હતા. ત્યારે મહારાજ સૌને બાથમાં ઘાલીને ભેટતા હતા. આ રીતે જગતના પ્રતિપાળ ભકતજનોને સુખ આપતા હતા. કામદેવના ગર્વને હરનારા માનને તોડનારા શ્રી હરિ **ગઢપુર**થી ભકત સમુદાયની સાથે ગુણને ગાતા ગવરાવતા થકા ચાલીને સર્વના મનને આનંદ કરનારા **વડતાલ** પધારતા હતા.આ બાજુ દેશો દેશના ભકતજનો સૌ સંત ગણની સાથે પ્રભુના ગુણને ગાતા થકા ઘનશ્યામ પ્રભુ પાસે દર્શન કરવા આવતા હતા.

હે રાજન ! ઘનશ્યામ પ્રભુ સૌ સંત સમહુને બાથમાં ઘાલીને ભેટીને ખૂબ જ મળતા હતા અને સૌ હરિભકતોને મહારાજ હેતથી ચરણ કમળનું સુખ આપતા હતા અને સૌને સુખ કરતા હતા. શ્રીહરિ સર્વે સંતોની સાથે હરિભકતોને જોઈને મનમાં ખૂબ જ ઉમંગ થઈ ગયો. મહાપ્રભુ પૂર્વદિશમાં સરોવારની પાસે ખૂબ જ મોટા સુંદર હોજો કરાવતા હતા. ભકતપતિ મહારાજ રંગ ગુલાલના રંગોનો હોજ ખુબ જ ભરાવતા હતા સુંદર કેસુડાના ફૂલો મંગાવતા હતા તેને રંગમાં ઉકાળીને તૈયાર કરાવી સારો રંગ કરાવતા હતા. જયારે બધા જ રંગો તૈયાર થઈ ગયા ત્યારે શ્રીહરિ રંગ રમવા માટે તૈયારી કરતા હતા, કટી ઉપર વસ્ત્રોને કસીને બાંધતા હતા, તૈયાર થઈને મુખેથી મંદ મંદ હાસ્ય કરતા દર્શન દેતા હતા. હરિએ સફેદ નવી જ પાઘને મસ્તક ઉપર ધારણ કરી હતી તથા હાથમાં નંગો જડેલા બંને કડાઓ જળહળતા હતા, પ્યારા પ્રભુએ હાથમાં સુંદર સોનાની પિચકારી ધારણ કરી હતી આવા સ્વરુપે મહારાજ લોકોના મનને ખેંચતા હતા. મહાપ્રભુજીની છાતી ખુબજ ઉપડતી સિંહની માફક શોભતી હતી. વક્ષ:સ્થળમાં લક્ષ્મી નિવાસ કરીને રહેતા હતા. એવા સુંદરતમ કમળની પાંખડી જેવા મનોહર નયનોવાળો અરુણોદય સમાન લાલ શીતળ તેજાયમાન શોભાવાળા, શ્રીહરિ ઉર ઉપર સુંદર પુષ્પની માળાઓને ધારણ કરેલા મહાપ્રભુ કામદેવના મદને હરે એવા શોભતા હતા. મહારાજ ચંચળ નયનોથી દૃષ્ટિને ચારે બાજુ ફેરવતા જોતા હતા. તેથી જાણે દૃઢતાથી ધર્મ મર્યાદાને પૃથવી ઉપર સ્થાપતા હતા. આવી રીતે મહાપ્રભુ અંગો ઉપર બધા જ વસ્ત્રોને સારી રીતે ધારણ કરીને સાથે રંગ ભરેલા સાધન લઈને આવતા હતા. મહાપ્રભુ લોકો ઉપર રંગ મૂઠ્ઠીમાં લઈને નાંખતા હતા આ લીલાના દર્શન કરવા દેવોનો સમુદાય આવીને જોતો હતો. દેવો આવતા હતા ત્યારે મહારાજ રંગ ઉડાડતા હતા. તે દર્શન કરીને ગુણને ગાતા હતા ત્યારે જાણે મેઘ ચઢીને આવે ત્યારે જેમ ગાજે તેમ પડઘો પડતો હતો નીચે રંગ રમવાથી પૃથ્વી ઉપર કીચડ થઈ ગયો હતો મહારાજ ભક્તો ઉપર એક ખૂબ જ રંગ ભકતો ઉપર જુદા જુદા રંગોનો નાંખતા હતા, ઉમંગથી રમતા હતા. મુનીજનોનો આખો સમુદાય શ્રી હરિ ઉપર એક સાથે જ રંગ નાખી પ્રભુના માથા ઉપર વરસાદ વરસાવતા હતા આવી રીતે સૌ અરસ પરસ હરિ ઉપર અને હરિજન સમુદાય ઉપર રંગની રેલ કરતાં હતા જાણે રંગનો મોટો વરસાદ ન થતો હોય ? તેમ વાતાવરણ થતું હતું .

આવી રીતે રંગની લીલાને જોઈને દેવો પ્રભુના માથે પુષ્પોનો વરસાદ કરતા હતા સાથે કેશર

ચંદનનો પણ વરસાદ કરતા હતા, આવી રીતેની શોભાને સૌ પોતાના ઉરમાં ધારતા હતા. દેવો મહારાજ ઉપર પુષ્પનો વરસાદ કરીને પછી સ્તુતિ કરતા હતા પાપના સમુદાયને બાળનારા હે શ્રીહરી ! જનોને સુખી કરનારા આપનો જયજયકાર હો, સર્વ જનસમુદાયને ચરિત્રથી આંજનારા આપનો જય જયકાર થાય, હે પ્રભુ ! આપ સૌના ભવના બંધનો તોડીને સુખ કરનારા આપનો જય જયકાર થાય, જય જયકાર થાય . સર્વ જગતના ધારનારા સર્વના ભવને વહન કરનારા ભવને પાર ઉતારનારા સર્વ જગતના કરતા હરતા છે, હે પ્રભુ ! આપનો જય જયકાર થાય, આમ સૌ મહાપ્રભુના ગુણને મનમાં ગાતા હતા ત્યારે દેવસમુદાયો મહાપ્રભુના જય જયકારનો નાદ કર્યો. આવી રીતે સૌ દેવોએ મહાપ્રભુનું સ્તવન કરીને પોતાની ભવની ભીડને હરીને સૌ પોતાના સ્થાનો પ્રત્યે જવા લાગ્યા. સૌ સંતોની સાથે જગતપતિ મહારાજ પણ સુંદર પગીના કૂવા ઉપર સ્નાન કરવા પધાર્યા ત્યારે સુંદર આસન બેસવા માટે તૈયાર કરીને કૂવાના થાળામાં કૂવાની પાસે જ બેઠા. શ્રીહરિ પુરુષોત્તમ સ્નાન કરતા હતા, તે લીલાનાં સૌ જનો દર્શન કરતાં હતાં પુરષોત્તમ પ્રભુમાં સૌના ચિત્ત પરોવાઈ ગયાં હતાં આવી રીતે સૌ નરનારીજનો દર્શન કરીને મનમાં ખુબ જ હરખ પામતાં હતાં, પ્રભુ જયારે સ્નાન કરતાં હતાં ત્યારે બધા જનસમુહ પ્રભુ ઉપર કૂવાનું જળ નાંખતા હતા. મહાપ્રભુ બધું જળ કુવામાં નાંખતા હતા તેથી તે કૂવાનું બધું જ જળ પ્રભુના ચરણ સ્પર્શથી ચરણોદક થયું. આવી રીતે શ્રીહરિ જનસમાજની સાથે સ્નાન કરી રહ્યા પછી તરત જ મંદિરમાં ઉતારે આવતા હતા, ઉતારે આવીને ભોજનના થાળ જમતા હતા, પછી સૌ સંતોને પીરસીને જમાડતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડીને પછી શૈયા ઉપર જઈને શયન કરતા હતા નેત્રકમળને બંધ કરીને પ્રભુ યોગ નિંદ્રામાં વિરાજતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ એક ઘડી સુધી યોગનિંદ્રામાં રહ્યા પછી જાગૃત થઈને મુખકમળને પાણીથી સુંદર રીતે ધોઈને સુંદર વસ્ત્રથી લૂછતા હતા.

મહાપ્રભુ સ્વચ્છ જળનું પાન કરીને શ્વેત વસ્ત્રો શરીર ઉપર ધારણ કરતા હતા. ડાબા હાથમાં છડીને ધારણ કરીને જમણા હાથમાં સુંદર રુમાલને ધારણ કરતા હતા. પછી સૌ સંતગણ, પાર્ષદ તથા અપાર પ્રેમી ભકતોની સાથે ઘનશ્યામ પ્રભુ સભા સ્થાનમાં પધારતા હતા શ્રીહરિ ઘોડા ઉપર અસ્વાર થઈને સરોવરના વચમાં અતિ ઘટાદાર વૃક્ષોની જાડીમાં જઈને મહાપ્રભુ ખુબ જ શોભતા હતા. ત્યાં બે આબાંઓની વચમાં ખૂબ જ ઉમંગથી શ્રીહરિને ઝુલાવવા નિષ્કુળાનંદ સ્વામી આદિક સંતોએ મળીને હિંડોળાની સુંદર રચના કરતા હતા. તે જોઈને તે હિંડોળા ઉપર સૌના મનને હરનારા લોકોના હિતને કરનારા ધર્મનંદન મહાપ્રભુ ભકતજનોને દર્શન દેવા માટે વિરાજમાન થતા હતા. હે રાજન! સુખના ધામ શોભાના સાગર અતિશય ચિત્ર વિચિત્ર અપાર રંગોથી બનાવેલા ચારે બાજુ ગોખો અને દરવાજાવાળો સુંદર હિંડોળો તેના ઉપર પ્રભુ શોભતા હતા સૌ જનો ખૂબ જ હેતથી ઝુલતા હતા. ચારે બાજુ સુંદર ફુલના ગુચ્છા સુંદર લટકતા હતા પુષ્પકળીઓથી બનાવેલા અનેક કળાકારીગરી વાળું મખમલના ગાદી તકિયા ઓછાડોના સુશોભનથી શોભતું, રેશમી દોરીથી અતિશય સુંદર શોભતો. અતિ ચાતુર્યથી અનેક ચિત્રોથી ચિતરેલા તે જોવાથી મનના બધા જ દોષો નાશ પામે છે, આવી શોભાથી સુંદર કળાવાળો હિંડોળો તેની ઉપર મહાપ્રભુ અતિ મનોહર વચનો બોલતા હતા. હે રાજન ! તે જ સમયે સુરતના સંત્સંગીઓનો સંઘ આવ્યો તે સૌ પ્રભુને માટે પોષાકો બનાવીને સુંદર કળાવાળા લાવ્યા હતા તે મણીથી જડેલ મુગટને મસ્તક ઉપર ધરાવતા હતા તેનાથી અગણિત સૂર્ય ચંદ્રને શરમાવે તેવા શ્રીહરિ શોભતા હતા. શ્રીહરિએ જરિયાન વસ્ત્રોને ધારણ કર્યા તેનાથી શરીરના

બધા જ વસ્ત્રો અને આભુષણો ધારણ કરવાથી શોભતા હતા દિવાની જયોતિ ઝળહળ- ઝળહળ ચળકતી હતી તેથી નીરખીને જોનાર સ્ત્રી પુરુષો આનંદમય થતાં હતાં. શિર ઉપર સુંદર પેચવાળી પાઘ ઉપર સુંદર રંગવાળું શેખર શિરપેચ ઉપર પંચરંગી નંગો જડેલા શોભતા હતા, બાજુબંધ જડેલા નંગવાળા બંને ભુજા ઉપર શોભતા હતાં, તથા સુગંધિત ફુલોના હારો શોભતા હતા. હે રાજન ! કાન ઉપર જાત જાતના મણીઓના જડેલા કુંડળો ધારણ કરેલા, તે બહું જ શોભતા હતા તેનાથી સૌંદર્યરુપ પ્રભુ શોભાના સાગરના ગળા ઉપર હારની સુંગધ લેવા ભમરાઓનું ટોળું ફરતું હતું એવા સુંદર ફૂલોની માળાઓ અતિ શોભા વધારતી હતી.

આવી રીતે શ્રી હરિ મહાપ્રભુને પોષાકો ધરાવ્યા તે શોભાને નીરખીને, દર્શન કરનારના જન્મ મરણના ભવ રોગો મટી જાય એવા પુરુષોત્તમ પ્રભુની આરતી ઉતારતા હતા, તે દર્શન કરીને નર નારીજનો મનમાં ખૂબ જ આનંદને પામતાં હતાં. અનંત કોટિ બ્રહ્માંડાધિશ પ્રભુ અતિશય ભાવવાળા થઈને દેવોના બધા જ સમૂહો હરિના દર્શન કરવા માટે વિમાનો લઈને આવ્યા આકાશમાં ચારે બાજુ છાઈ ગયા, મુખેથી મહાપ્રભુના ગુણનું ગાન કરતા હતાં દેવ રાજા ઈન્દ્ર દેવોની સાથે પ્રભુના દર્શન કરીને સુખ પામતા હતા. આવી રીતે મહારાજે ઘણીવાર સુધી મુગટ ધારણ કરીને દર્શન દીધા, દર્શન કરીને નર-નારીજનોએ દ્રષ્ટિની સફળતા પ્રાપ્ત કરી લીધી ત્યારે દેવોએ પુષ્પની કળીઓની સાથે પુષ્પ ચંદનનો ખૂબ જ વરસાદ કરીને પ્રભુને વધાવીને સર્વે દેવો પોત-પોતાના નિવાસે ગયા. આવી રીતે મહાપ્રભુએ પ્રેમથી દર્શન દઈને અગણિત સૂર્ય, ચંદ્રની શોભાને શરમાવે તેવા શોભાવાળા મહાપ્રભુએ અનેક નર-નારીના સુખ માટે કમળનયન મહારાજે આ ફુલદોળનો ઉત્સવ વડતાલમાં આવીને કર્યો અને મહાસુખ આપ્યું. ત્યાર પછી મહારાજે સમજણ પૂર્વક બધા દેશોમાં ઉપદેશ કરવા માટે સંતોને મોકલ્યા.

મહાપ્રભુ પોતે ભકતજનોને સુખ આપી **ગઢપુર** જવા નીકળ્યા ત્યારે પ્રીતિવાળા ભકતોને ત્યાં વચ્ચે વચ્ચે રોકાણ કરતા થકા જ્ઞાન-સુખ આપતા થકા ગરીબ નિવાજ **ગઢપુર**માં પધાર્યા ધર્મના મુગટ મણી શિરતાજ એવા ધર્મનંદન મહાપ્રભુ **વડતાલ**માં નિવાસ કરીને હરિભકતોના કલ્યાણ કરવા માટે આવી રીતે સુખી કર્યા. સૌ નર-નારીજનોને દયાળુ નાથે સુખ આપ્યા અને પછી મહાપ્રભુ **ગઢપુર**માં પધાર્યા ધર્મને દ્રઢતાથી પાલન કરાવતા હતા સુંદર રીતે વર્તાવતા હતા

ધર્મનંદન મહારાજે **વડતાલ** ધામે ફૂલોદોળનો ઉત્સવ કરી લોકોના ભયને દૂર કર્યા ખૂબ જ સુખો આપ્યાં તેને લોકોનો સમુદાય નિત્ય પ્રત્યે ગાયા જ કરે છે. મહારાજે મસ્તક ઉપર મુગટને ધારણ કર્યો ને સૌના મનને હરિ લીધાં, પછી સૌ સંતોને ગામોમાં ફરવા મોકલ્યા અને પોતે મહારાજ સંતો ભકતોની સાથે **ગઢપુર** પધાર્યા. સર્વ સુજાણ મહાપ્રભુ અદ્‌ભૂત ચરિત્ર કરીને રોજે રોજ દર્શન દઈ લોકોના ભયને ત્રાસને હરતા હતા અવી રીતે શ્રીહરિલિલાસિંધુની લહરીના રુપે સાતમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ ગઢપુર પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામનો આ સાતમો તરંગ પૂર્ણ થયો ।।૭।।**

# તરંગ-૮

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આ સંસારમાં કેવળ સારરુપે જે કાંઈ છે તે એક ધર્મ તત્વ જ છે તે નિર્ધાર કરીને ધર્મને દ્રઢતાથી પાલન કરે છે તે જ કેવળ સંસારમાં એક જ સાર સાધન છે. સારરુપ વજ્રને ધારણ કરનારો ઈંદ્ર તેનો પિતા બ્રહ્મા તેના પિતા મહાપુરુષ આદિ પુરુષ તે કરોડો પ્રકારે જેમના ગુણને ગાય છે ગવરાવે છે તે જ સારરુપ પરબ્રહ્મની લીલા જ સર્વ શ્રેષ્ઠ છે તે લીલા તમે મારી ઉપર કૃપા કરીને કહો કેમ કે તમે તો સર્વ ગુણોના ભંડાર રુપ છો માટે મને આપના ચરણનો દાસ (સેવક) જાણીને કહેવા કૃપા કરો. ગુરુના ગુણો તો અનંત અપાર જ છે તેનો પાર તો બ્રહ્મા શિવ આદિક જાણે છે તે પ્રભુના ગુણો જે છે તે જગતના નરનારીજનોને તારનાર છે. એવા તમે મહાન ગુરુ રાજ મહારાજ છો. હે અવધપ્રસાદજી ! જગતમાં અજીત છો માટે સર્વના શિરતાજ મહારાજના બધા જ લીલા ચરિત્રો કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે હે આનંદ રાજન ! કળિકાળના પાપનો નાશ કરનારા હાથીના બચ્ચાના જેવી ઉતાવળી ચાલે માર્ગ ઉપર ચાલનારા એવા શ્રી ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો તમને કહું છું, તેને તમે ધ્યાનથી સાંભળો. હે રાજન ! જયારે લોકો પ્રભુને પૂરેપુરા ઓળખે ત્યારે અભિમાનનો ત્યાગ કરીને નિર્માની થઈને ભજન કરે છે, એ જ ઘનશ્યામ હરિ કાયમ માટે ગઢપુરમાં જ રહેતા હતા અને કરોડો જીવોના કલ્યાણનાં કાર્ય કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ નિત્ય પ્રત્યે પોતાના આશ્રિતોના ભાવપ્રેમને જોઈને થાળ આરોગતા, થાળ જમીને પછી ઘનશ્યામ પ્રભુ સંતોને નિત્ય પ્રત્યે જમાડતા હતા. મહાપ્રભુ નિત્ય બહુ જ ખેલો કરીને આનંદ કરાવતા તેને ગુણીજનો મુનિજનો મહંતો ગાતા હતા રોજે રોજ પ્રીતમ પ્રાણ પ્રભુ ઘેલા નદીમાં ગુલતાન થઈને સ્નાન કરવા જતા હતા. ઘેલા નદીમાં મહારાજ મનોહર રીતે ખેલો ક્રીડાઓ કરતાં અને રમણીય રીતે રસ રુપથી રમતા હતા, જળમાં સખાઓની સાથે મહાપ્રભુ રમતો કરતા હતા તેના ચરિત્રની શોભાને ઉન્માત અંગો વાળા સૌ ઉરમાં ધારતા હતા. જળમાં શ્રીહરિ ખેલ કરીને પછી બહાર નીકળીને પુરુષોત્તમ પ્રભુ સફેદ વસ્ત્રો શરીર ઉપર ધારીને મનોહર મૂર્તિ અવિનાશી પ્રભુ દરબાર ગઢમાં આવતા હતા.

દરબારમાં મોટી સભા કરીને મહારાજ મધ્યમાં સુખ નિવાસ બેસતા હતા. સભા ભરાઈને બેઠી તેમાં સૌ સંતો સત્સંગી સમાજ ભેગા થઈને યોગ્ય રીતે બેઠા હતા, તેમાં શોભાયમાન મૂર્તિના લોકો દર્શન કરતાં હતાં. મનમાં અતિશય આનંદને પામતાં હતાં. હે રાજન ! જયારે સભા બધી જ સ્થિર થઈ ગઈ ત્યારે સુખરુપ મહાપ્રભુ મધુર વાણીથી કહેવા લાગ્યા તમે મને પ્રશ્નો પૂછો, તેનો હું શાસ્ત્રની રીતે ઉત્તરો કરું. ત્યારે પ્રભુની અમૃત સમાન વાણી સાંભળીને બ્રહ્મમૂર્તિ મહાનુભાવાનંદ મુનિ હાથ જોડીને બોલ્યા હે પ્રભુ ! સર્વના મનોકામના પુરનારા. તમે સાંભળો આ સત્સંગમાં ગૃહસ્થો અને ત્યાગીઓ એમ બે પ્રકારના ભક્તો છે. તેમાં કોણ સદ્‌ગતિને પામે છે, મોક્ષ પામે છે, કોણ સૌભાગ્યવાળો છે તથા પ્રભુથી જે લોકો વિમુખ રહે છે તે કેવી ગતિને પ્રાપ્ત કરે છે તે કહો ? મહાપ્રભુમુનિનો પ્રશ્ન સાંભળીને રાજી થયા, અને તેનો ઉત્તર કરવા લાવ્યા જે ત્યાગી છે તે જગતના બધા જ સુખોનો ત્યાગ કરીને સતત ભગવાનને ભજે ત્યારે એકાંતિક ભકત કહેવાય છે. તે જીવાત્મા દેહના ભૌતિક સુખોનો ત્યાગ કરીને સ્વચ્છ થઈને અષ્ટ આવરણોને ભેદીને શ્રીહરિના ધામમાં જાય છે. હે રાજન ! સાકાર બહ્મ પ્રગટ મૂર્તિની ઉપાસના કરે તે ઉપાસ્ય ઉપાસક ભાવવાળો સતત પુરુષોત્તમ પ્રભુની

સમીપમાં નિવાસ કરીને હરખતા થકા રહે છે તે મહા સુખ પામે છે . નિષ્કામ ભાવથી ભરપુર ભકિત કરનાર ભક્ત પુરુષોત્તમ પ્રભુના ચરણને પામે છે, મહા મુકતના સારામાં સારા મહાભોગ સુખને પામે છે, તેજોમય દિવ્ય દેહને પામે છે. અનંત કોટિ ઈંડ બ્રહમાંડોની ઉત્પત્તિ, સ્થિતી, લય કરનારા પુરુષોત્તમ પ્રભુની ઈચ્છાથી થયા જ કરે છે એમ સમજી પુરુષોત્તમ પ્રભુનો મહિમા સમજી ને ભજન કરે છે, તે પ્રભુ પ્રતાપે મનવાંછિત ભોગો, (સુખો) ને પામે છે કાલાદિકના બંધનથી છુટીને તેને શિક્ષા કરનારા થાય છે. તે મુકતાત્માઓ પોતાની ઈચ્છા મુજબ સ્વર્ગોદિક લોકોમાં ગતિવાળા થાય છે, કાયમ કિશોર અવસ્થાવાળા અપાર શોભાવાળા એવા મહાપ્રભુની ચરણની સેવાને બ્રહ્માદિક દેવો ચાહે છે તોય મળતી નથી એને મહામુકત શિરોમણિ તરત પ્રાપ્ત કરે છે. તે પ્રાપ્તિ તો પ્રગટ પ્રભુશ્રી હરિની સેવા ભકિતનો પ્રતાપ છે, પણ પરોક્ષ દેવોની ભકિત સેવાથી આ ગતિ નથી મળતી એ નિશ્ચિત વાત છે. આવી રીતે એકાંતિક ભકતની ગતિ કહી. હે રાજન ! આ તમને સારી રીતે કહી દીધી. અવિરતની દૃઢ સ્થિતિવાળા અમારા ઉત્તમ ભકત જાણવા એ વાત મેં તમોને સાચી જ કહી છે એ નક્કી જાણજો. હવે મધ્યમ ભકિતની વાત છે તે તમને કહું છું રાજી થઈને કહું છું. જે ભકતને થોડી ઘણી ધનમાં, સ્ત્રી આદિકમાં મનનો રાગ હોય તો તે **શ્વેતદ્વીપ**માં વાસ કરે છે ત્યાં ઉગ્ર તપ કરીને શુદ્ધ થાય છે. ત્યાર પછી જ બ્રહ્મામહોલમાં ગતિ થઈ શકે છે તે મારો મધ્યમ પ્રકારનો ભક્ત જાણવાનો છે હવે કનિષ્ટ ભક્તની વાત કહું છું તે તમે સાંભળો જે ભક્તને પોતાના જીવમાં વાસના વધારે પડતી હોય તે ભકત કનિષ્ટ છે. તેને જવા માટેનું સારુ સ્થાન વિશાલા **બદ્રિકાશ્રમ**ના નામથી કહેવાય છે ત્યાં મરિચ્યાદિક ઋષિઓનું મંડળ પ્રેમથી રહે છે તપ કરે છે શરીરને વધારે પડતું કસે છે નરનારાયણદેવના સાનિધ્યમાં રહેવાનું થાય છે. જયારે તેની બધી જ વાસના તુટી જાય છે ત્યાર પછી અક્ષરધામ માટે માર્ગ ખુલ્લો થાય છે અને તે ભકત મારી પાસે વાસ કરીને રહે છે અને તેની સ્થિતિ દૃઢ થાય છે એમ દૃઢ થઈને મને પ્રાપ્ત કરે છે.

હે મુનિ ! તમને આ બધી જ વાતો મેં સમજાવીને સારરુપે કહી દીધી. તે બધા જ પ્રગટ પ્રભુના સ્વરુપનું ભજન કરીને અપાર ભકતો પ્રભુના પરમ ધામને પામે છે પ્રભુના ચરણમાં નિવાસ સ્થાન થાય છે. આવી રીતે ભકતજનો સુખરુપ ગતિને પામે છે હે મુનિ ! જે હરિભક્ત હેતથી પ્રગટ ભગવાનના સ્વરુપની ઉપાસના ભકિત કરે છે તે ભકતની ગતિ સચેતન ગતિ, દિવ્ય ગતિ, કહી દીધી છે, હવે હે મુનિ ! પરોક્ષ દેવોને ભજનારા જે ભક્તો છે તેઓની વાત કહું છું તો તમે એ વાતને ધ્યાન દઈને સાભળો ભકત નિર્મળ મનવાળો થઈને પરોક્ષ રીતે ભગવાનનું ભજન કરે ઉરમાં પ્રભુના સ્વરુપનું ધ્યાન કરે તથા જે જે સ્વરુપમાં પોતાનું ચિત્ત બંધાય તે તે સ્વરુપ તેના હૃદયમાં આવીને બોલે છે. ત્યારે તે ભક્ત સાર રુપ ભગવાનના ધામને પ્રાપ્ત કરે છે તે ભકતને જગતની આશાઓ વિઘ્ન કરનારી થાય છે. જે ભક્ત ધર્મપાલનમાં વિઘ્ન આવે તેને પ્રતિકાર નથી કરતો અને જેમ તેમ વર્ત છે તે ધામને નથી પ્રાપ્ત કરતો. પોતાનો વર્ણાશ્રમધર્મ સનાતન ધર્મલોપીને જેમ તેમ વર્તે છે. તે તો યમદૂતોનો ખૂબ જ માર ખાય છે કર્મ પ્રમાણે તે પુરુષ અને નારિને યમપુરીમાં લઈ જાય છે પછી ખૂબ જ ધુણી ધુણીને ખૂબ જ પસ્તાવો કરે છે તેને તો યમદૂતો મહાઘોર દંડ દે છે ને પીડે છે. જે જન પ્રગટ પ્રભુએ કરેલી આજ્ઞા તથા ધર્મનિયમને પ્રેમથી દૃઢપણે પાળતો હોય તે જ સાચો છે તે હરિભક્તના યોગમાં, (સંગમાં) જે જીવ આવે તે અભયપદને પામે છે એ રીતે ચારે વેદો અને વ્યાસમુનિ આદિક મુનિજનો ગાયા કરે છે. પ્રગટ ભગવાનની ઉપાસના કરનાર જીવોની ગતિ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે થાય છે જે જીવાત્મા

પ્રગટ પ્રભુમાં પ્રીત કરીને પરોક્ષ રીતે ભજન કરે છે તેઓની ગતિ તો મુનિજનોએ સાચી જ કહી છે. હવે હરિથી જે જીવો વિમુખ થઈને વર્તે છે. તેની સ્થિતિ કહે છે તેને મુનિવર તમે તમારા હૃદયને એકાગ્ર કરીને સાંભળો, વિમુખ જીવાત્મા પંચવ્રત માનનો ત્યાગ કરીને, સ્વછંદ પ્રમાણે વર્તનારો પારકી સ્ત્રીઓની સાથે સંગ કરે એવા અભાગી લંપટ જીવો પાપી છે. અતિશય લોભ પ્રકૃતિવાળા મોહભાવવાળા ભ્રમ વહેમ આદિ વિચારોવાળો, સંતોનો ઉપદેશ તથા સત્યમાર્ગનો ખૂબ જ વિરોધ કરનારા, વેદો પુરાણો ઉપર વિશ્વાસ નહી કરીને પોતાના વિચારો પ્રમાણે વર્તનારા, દ્રવ્યનો લોભ, વ્યભિચાર લંપટતાને જ ચાહનારા, નિત્ય એમાં જ રમનાર દેહ મનમાં કાયમ ક્રોધવાળો કોઈ પ્રકારના ઉપદેશને તો માને જ નહિ, અતિશય ખળતાવાળો મોંઢેથી મિથ્યાજ્ઞાનનો આડંબર કરીને, પોતાના હૃદયમાં કુટીલતા (કપટતા) રાખીને, પારકાંના ધનને ધૂતિને લૂંટી લેનારા, પરનારીને ભરમાવીને પોતાના બંધનમાં રાખનારા, એ ખળ કપટીને ઉરમાં લગારે કાળના ત્રાસનો ભય રહતો જ નથી તેથી અંતરમાં વિષયોની ખૂબ જ આસકિત રાખે છે જો કોઈ એને કહે જે પ્રગટ ભગવાન અત્યારે પૃથ્વી ઉપર વિચરે છે ત્યારે તે મૂર્ખ તો કહેનારની સાથે ય વૈર છે. રાખે આવા દૂષ્ટ લક્ષણવાળા જે જીવો જગતમાં રહેલા છે તેઓને મુનિજનો તરત જ મહા વિમુખ કરીને કહે છે અને આવા અસંત ગુરુઓ થઈને જગતમાં રહેલા છે તેતો યમપુરીના દૂતો જેવા જ જગના ઘાતકો છે એમ કહેતા રહે છે.તે તો લંપટ પરસ્ત્રીની સાથે કામ લીલા કરનારા બીજાના ધનને લૂંટનારા ધૂતારા એવા અસાધુને જમના દૂત જેવા જ જાણવા જોઈએ. કેમ કે તે લોકોના પ્રાણને હરી લે છે મુખેથી ખુબ જ મધુર કોમળ વચનો સાચા સંતોની માફક બોલે છે. જેમ મોર મુખેથી ઉંચે સ્વરે ટહુકા કરે છે તથા મહાભયંકર હળાહળ કાળો નાગ આર્તા કરે છે, એમ જ બગલો એક પગે ઉભો રહીને સ્થિર દૃષ્ટિથી ધ્યાન ધરે છે તે કેવળ શિકાર પકડવા કરે છે તેમ તે જ રીતે આ સાધુને પણ બગલા જેવા ખળ જ જાણવો. એવા પાપી કપટી લંપટના જે વચનોને પોતાના ઉરમાં ઉતારે છે, તેના આશ્રય કરનારનું આખું કુળ જ નરકમાં પડે છે માટે આવા ગુરુ જેમની માથે છત્રરુપે હોય તેના જેવા હાનિવાળા જગતમાં બીજા કોઈ જ નથી. ભકિત ભજનના આંડબરવાળા લોકો પોતાના જન્મારાનો નાશ કરનાર છે, કામકાદિક શત્રુ ભકતનો નાશ નથી કરતા પણ તે લંપટ ગુરુ શિષ્ય બંને મરીને જમપુરીમાં જાય છે અને જમદૂતોના હાથનો ખૂબ જ માર ખાય છે. આવી રીતના બધા જ ગુરુ અને શિષ્યો સૌ લખ ચોર્યાશીના ફેરા ફર્યા કરે છે ગુરુ શિષ્ય બંને સાથે જ ભવમાં જાય છે ત્યારે ગુરુ વૃક્ષ થાય છે અને શિષ્ય વાગોળ થાય છે તે વૃક્ષરુપ ગુરુમાં ઉંધા માથે લટકે છે રાત દિવસ આમ વિતાવે છે. અને જયારે ગુરુ કુતરાના રુપે જન્મે છે ત્યારે શિષ્ય ગિગોરો થઈને કુતરારુપ ગુરુને કાને વળગે છે ગુરુ જેમનું ધન એની પાસે જઈને લૂંટેલ હોય છે તેના ગળામાં તથા કાનમાં જઈને લપટાય છે ગિગોરા થઈને ચૂસે છે. આગળ ગુરુએ જેમને ઠગીને ધન લઈને ખાધું છે તે ગુરુના રુધિરને રોશ કરીને ચૂસે છે. ગુરુ બળદ થાય છે અને શિષ્ય બગાઈ થાય છે તે બગાઈ થઈને ગુરુરુપ બળદનું લોહી ખૂબ જ રીંસ કરીને ચુંસે છે. આવી રીતે તે પાપી કપટી અનંત ભવમાં વારંવાર જન્મના ફેરા ફર્યા કરે છે એટલા માટે સંતોના મુખ થકી જ્ઞાનની વાતો ધ્યાનથી સાંભળીને જીવનમાં ઉતારીને વર્તવું જોઈએ. જ્ઞાન મેળવ્યા સિવાય પ્રગટની ઓળખાણ ન થાય, એ વિના કર્મનો નાશ નથી થતો એના વિના ભવના ફેરાનોય અંત નથી આવતો એ જાણવું. હે મુનિ ! મેં તમને સંત અને અસંતની વાતો કહી સંભળાવી તેને જે સમજીને વર્તે તો તેનાં ભવદુઃખ મટી જાય અને એનો પ્રગટ પ્રભુના ચરણમાં વાસ થાય

છે. સંત અસંતને સમજીને તેમાંથી અસંતના સંગનો ત્યાગ કરીને જે સંતનો સમાગમ કરે છે અને પ્રગટ ભગવાનનું ભજન કરે છે તે જ સાચું છે. એવા સમાગમ કરનારાને સાચા સત્સંગી જાણવા તે સંસારના સુખોનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે છે અંતે અક્ષરધામમાં જાય છે એમ વેદ પુરાણમાં કહેલું છે.

સાચા સંત અને અસંત બંનેની પ્રાપ્તિની રીતને ખૂબ જ પ્રીત કરીને ઉરમાં ઉતરી જાય તેવી વાત શ્રી હરિએ પોતાના મુખેથી કહી સંભળાવી તેને સૌ સંતોએ પ્રભુની સુખદાયક વાતો સાંભળી. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપમાં આઠમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ ભકત અભકતની પ્રાપ્તિનું વર્ણન કર્યું એ નામે આ આઠમો તરંગ પૂર્ણ થયો.**

## તરંગ-૯

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમનું શરીર આકાશની માફક નિર્લેપ છે તેથી જગતનું કોઈ કાર્ય કે પદાર્થ બંધન કરનાર નથી થતું. આકાશના ભુમંડળના બધા જ વિક્ષેપોને દૂર કરવા માટે પોતે જ નંદજીના ઘેર જેમણે દેહ ધાર્યો હતો ને ચરિત્રો કર્યા હતા. તે જ પૂભુ આજે પણ પ્રગટ થયેલા છે તે જગતના જીવોનો ઉદ્ધાર કરવા માટે જ થયો છે. નરનારી જનોને ઉદ્ધારવા પધાર્યા તે જે જીવો પ્રભુનો આશ્રય કરીને ભજે છે તેના બધા જ કાર્યો થાય છે પોતાના એકાંતિક આશ્રિત જાણીને સમીપમાં જ રહે છે. હે અવધપ્રસાદજી મહારાજ ! એ ભગવાનની બધી જ લીલા મને કહો, જેમ આકાશમાં મેઘ ગર્જના થાય અને શોભે છે, ભાદરવા માસમાં ગાઢ વાદળા છાપ ત્યારે લોકોને આનંદ આપે છે, તેમ ઘનશ્યામ પ્રભુ **ગઢપુર**માં રહીને લીલા કરે છે, નદીએ સ્નાન કરવા પધારે છે, ત્યાં પણ સુખના ધામી સહજાનંદ પ્રભુ લીલા ચરિત્રો કરીને સર્વના ભવફંદને હરતા હતા તે બધી લીલા મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! તમને ધન્ય છે, કેમ કે તમે બહુ જ સારા પ્રશ્નો પૂછયા છે, તે પણ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે જ પૂછેલ છે તેને હું તમને બધી જ રીતે સુંદર સમજાવીને કહું છું. તે સાંભળવાથી જીવાત્મા ભવ પાર પામે છે તે તમે સાંભળો. શ્રી સહજાનંદ સ્વામીના મુખેથી વાત સાંભળીને મહાનુભાવાનંદ મુનિ રાજી થયા ને મનમાં આનંદ પામતા થકા ઘનશ્યામ પ્રભુ જય જયકાર કરતા હતા. હે પ્રભુ ! પ્રગટ અને પરોક્ષ ભકતને જે પ્રાપ્તિ થાય છે તે ખૂબ જ પ્રીતેથી કહી દીધી હવે વિમુખ નર-નારીજનોની કેવી ગતિ થાય છે તે બધુ મને કહો. હે પ્રભુ ! આપના વગર આવી વાત વિસ્તારથી વર્ણવીને જગતમાં કોઈ કહેવા સમર્થ નથી માટે હે પ્રભુ! મને આપનો સેવક જાણીને કહેવા કૃપા કરો. શ્રીહરિ ભગવાન કહે છે હે મહાનુભાવાનંદ મુનિ! તમે બહુ સારું પૂછયું છે તે બધું જ હું અતિ ઉત્સાહથી તમને કહું છું. જે વિમુખો ભગવાનથી વિમુખ રહે છે વ્યાસ આદિક મુનિજનો થઈ ગયા તે વરિષ્ટ મહાસમર્થ મુનિઓ વિમુખ જીવોની જે ગતિ વર્ણવીને કહી છે. તે જ વિસ્તાર કરીને મહા પુરાણોમાં કહી છે. તે બધી જ વાતો તમને કહું છું તે સાવધાન થઈને મહાનુભાવાનંદમુનિ તમે વિગતવાર સાંભળો. છ લાખ ચોયાર્સી હજાર નરકના કુંડો કહ્યા છે

તે બધાં જ જમપુરીમાં ભયંકર આવેલાં છે તે કુંડોના **નામ** જુદા જુદા કહું છું તે કાન દઈને સાંભળજો. તે ભયંકરમાં અતિ ભયંકર છે. તેમાં એક **તામિસ્ત્ર** નામનું છે, બીજુ **અંધ તામિસ્ત્ર** છે તે મહાઘોર છે એમ જાણો, પછી **રૌરવ** નામનું છે **રૌરવ નરક** તો અતિશય કઠોર છે, પછી **કુંભી પાક** નામનું, બીજુ **કાલસુત્ર** નામનું તથા **શુકર મુખ** નામનું બીજુ **કૃમિ ભોજન** નામનું **વિચિત્ર નરક છે.** તથા બીજું **વજ્ર કંટક** (કાંટાવાળું) કહેવાય છે તથા **શલમલી** નામની **વૈતરણી** નદી છે. બીજું પ્રાણ **રોધક પુયોદ** નામનું નર્ક આવેલુ છે. **વિશાસન** અને **લાલાભક્ષ** કહેવાય છે તથા **સારમેયાદન અવિચિય** આ બધા નરકની ખાણો કહેલી છે. **શુલ પોત** નરકનું દુખ તો અતિશય છે **પર્યાવર્તન અને સુચીમુખ** મહાઘોર નરકો છે. **દંદશુક, અવટરોધન** કઠોર નરક છે. આવી રીતે **અઠ્યાવીસ** નરકના મુખ્ય નામ છે તેમાં ભગવાનથી વિમુખ જીવો સ્ત્રીઓ અને પુરુષો મહા દુઃખ પામે છે આ બધાના નામો સંક્ષેપમાં સંભળાવ્યા તે બધાંય અતિ કઠોર છે અને એનો પાર તો આવતો જ નથી. આ રીતે અનુક્રમ પ્રમાણે બધા નરકને ભોગવતાં પાર આવતો જ નથી, જે નર-નારી વધારે પડતું પાપ કર્મ કરે છે તથા પ્રભુના કહેલા પંચવર્તમાનને દઢતાથી પાલન નથી કરતા અને એનો લોપ કરીને જે વર્તે છે, તે નર-નારી જયારે મૃત્યુ પામે છે, ત્યારે તે મહાઘોર જમપુરીમાં જાય છે ત્યારે ત્યાં જતાં જતાં જમ દેવતા બહુ પ્રકારના મારો મારે છે ત્યારે મુખે હાય હાય કરીને બહુ જ પસ્તાવો કરે છે, દુઃખ પામે છે. હવે તે બધાંની વિગત કરીને જુદા જુદા કહું છું. તેમાં જે રીતે નરકમાં જઈને પડે છે તે જે જેવું પાપ કરેલું છે તે તેવા નરકમાં જઈને પડે છે. જે કોઈ પુરુષ પારકી સ્ત્રીને હરી લે, બીજાનું ધન લઈ લે, બાળકને લઈ લે તથા ભગવાનના ભકતની સાથે દ્વેષ કરીને અતિ બેહાલ કરે છે તેઓને લેવા માટે જમદુતો મહાભયંકર રુપવાળા આવે છે. તે બહુ જ બીક બતાવતા થકા કઠોર પીડા કરતા જાય છે. તે યમદૂતોના શરીરો કાજળ જેવા કાળાં અતિ ક્રુર વિકરાળ લાગે. એમના રુંવાડા બાણ જેવા અણિયાળા હોય છે.તે દુષ્ટ જીવોને ત્રાસ પોકરાવે છે. તેઓ પર્વત જેવા ઉંચા પડછંદ અને મેઘની સમાન ઘોર ગર્જના કરનારા લાલ ભયંકર નેત્રોવાળા, મુખ અતિ વિકરાળ કઠોરતાવાળા, હાથમાં કાળ પાશને ધારનારા, તથા અસ્ત્રો શસ્ત્રો ને ધારણ કરનારા, દુઃખ કરનારા પાપીને હણનારા, એવા મહા ભયકંર યમદૂતોને જોઈને પાપીને દેહના બંધનો છુટી જાય છે અને જમદૂતો આવીને પાપી પ્રાણીને પ્રીત કરીને પકડે છે જોર કરીને બળ કરીને ચોટ ચડીને દોડતા થકા દુઃખો આપતા થકા લઈ જાય છે. તેને **તામિસ્ત્ર** નામના નરકમાં યમદૂતો લઈને નાખે છે. યમદૂતો પાપીને જયારે માર મારે છે ત્યારે તે ખૂબ જ પોકારો કરે છે. અદભૂત મુદગરોનો માથાં ઉપર માર મારે છે ત્યારે તે પાપી પ્રાણી મહા પોકારો પાડે છે અને અન્નજળ કાંઈ જ મળતું નથી. આમ દિવસો વિતાવે છે પંડમાં અતિ કષ્ટ થાય છે. તે પાપીનું શરીર કઠોર કષ્ટને સહન કરે છે પણ પાપીના પ્રાણ જતાં જ નથી, યમદૂતો પ્રેતના દેહમાં રહેલા જીવને માર મારતા જ રહે છે તેના શરીરને કાપી કાપીને ખાય છે આ રીતે જમના દૂતો પાપી ઉપર રીસ કરીને પીડે છે ત્યારે તે જીવો પોતાના કામઆદિક જે દુષ્કૃત્યો કરેલાં હોય તે ભોગવે છે ત્યારે હાય હાય મુખથી કર્યા કરે છે, હવે આનો કયારે પાર આવશે આમ કરીને મુર્છા પામી જાય છે. પાપી વિમુખ વારે વારે પોકારો કર્યા કરે છે અને જે પુરુષ પરનારીને ઠગે છે તે બંને અંધતામિ દુઃખકારી નરકમાં પડે છે, ત્યારે જમના દૂતો તેની ઉપર રીસ કરીને તેના શરીરમાં ખૂબ જ પીડા કરે ત્યારે પોતાના મુખે પાપી ત્રાહિ ત્રાહિ બોલતો રહે છે આ રીતે તે પાપી ઉંચો શબ્દ કરતો થકો પોકાર પાડે છે અને જેમ મુળ વગરનું વૃક્ષ પૃથ્વી ઉપર પડે તેમ તે પાપી નર પડે છે, આમ બહુ જ કાળ સુધી પાપી કષ્ટને

સહન કરે છે. મુખેથી હાય હાય પોકાર કર્યા કરે છે. જે જીવાત્મા અભિમાની થઈને લોકોને પરિતાપ કરે તથા પોતાના કુટુંબનું અનિતીથી પોષણ કરતો હોય તે પોતાનું કુટુંબ તો અહીં જ છોડીને અભાગીયો જમપુરીમાં જાય છે. કરેલા બધાં જ પાપો પોતાની સાથે જ જાય છે. દુષ્ટ કર્મ કરેલા હોય તે કયારેય છાનાં નથી રહેતાં તે અભિમાની **રૌરવ** નામના નરકમાં પડી આ લોકમાં જે જે જીવોને પીડયા હોય, માર્યા હોય, તે પાપી રૈરવ નામના નરકમાં જાય છે, તેના શરીરને સર્પ, સુવર, સિંહ આદિક ખાઈને ધરાય છે, તેના શરીરને તોડી તોડી માર્ગમાં ખાતાં જાય છે તે પાપી અત્યંત શરીરમાં પીડાને ભોગવે છે અને મહા કષ્ટને પામે છે. અન્યાય કરીને પોતે વધારે લાભ ભોગવે, પાપી પોષણ કરે, પોતાનું પાપ વધારે, તે મરીને **મહા રૌરવ** નરકમાં જાય છે. તે પાપીને યમદૂતો તેના શરીરને ખૂબ ભયંકર દંડ દે છે ત્યારે પાપી મુખથી મહા ભયંકર રીતે ચીસો પાડે છે અને એ પાપી શરીરને લગારે સુખ તો થતું જ નથી કેવળ દુઃખ દુઃખ જ થયા કરે છે આવી રીતે તે પાપી ખૂબ જ ભયંકર માર ખાય છે. જે પાપી જન લોકોને મારીને પોતે સારી રીતે જીવે છે તે પાપી ત્રણે લોકના પ્રાણને અવરોધતો હતો તે જ પાપી મરીને મહા કઠીન દુઃખને પીડાને પામે છે, અતિઘોર એવું **કુંભીપાક** નરકમાં નાંખે છે તે ખૂબ જ પીડાકારક છે. જીવોના શરીરને ઉકળતા તેલમાં નાખે છે, તળે છે પછી તેના ઉપર મીઠું ભભરાવે છે. યમદૂતો કાપીને ખાય છે. અને જમદૂતો ખૂબ જ જોર કરીને ખૂબ પીડા આપે છે. સ્વાદિષ્ટ જાણીને ખૂબ જ પ્રમાણમાં ખાય છે, તે પાપીને મહા ભયંકર યમદૂતો મારી નાખતા નથી જીવાડે છે, અને અતિ પીડે છે, ત્યારે પાપી, મુખેથી બુમ બરાડા પાડતો જ રહે છે એના શરીરને વીંછી અને સર્પ બહુ જ વળગે છે, ગીધો અને કાગડાઓ આંખોને ખોતરીને ખાધા કરે છે. આવી રીતે તે પાપી અગણિત કષ્ટને પામે તોય અંત તો આવે જ નહિ, જમના દૂતો એને બીજા અંધારા કૂવામાં નાખે એ નરકની વિકિત મુનિવર તમને સારી રીતે કહું છું. જે વ્યકિત માતા પિતા-ગુરુ-દેવનો દ્રોહ કરે વેદો પુરાણો શાસ્ત્રોની નિંદા કરે પશુઓને મારે, હિંસા કરે તે સમાજમાં મોટો કહેવાતો હોય તોય તેને દશ હજાર વર્ષથી પણ વધારે સમય સુધી નરકમાં રાખ છે. એમ મુનિવરો કહ્યા કરે છે. લોઢાના ખીલાઓ ખૂબ જ તપાવી લાલ કરીને એને ભરાવે છે સૂર્યનારાયણ આવીને અતિશય તાપ કરીને જમીનને છે તપાવીને લાલ ત્રાંબા જેવી બહુ જ કઠોર કરે છે, પછી જમદૂતો તે પાપીને જોર કરીને એમા નાખે છે,અને અત્યંત પીડા આપે છે. તે નરક કુંડને **કાલસૂત્ર**ના નામથી મહા કઠોર કહેલું છે. ભ્રષ્ટ થયેલા નર-નારીજનોને તેમાં નાખે છે. અતિશય શરીરને બાળે છે અંદર જઠરમાં મહાભારી દુઃખ દે છે. જેણે પશુઓને માર્યા હોય તે પશુના શરીરમાં જેટલાં રુંવાડાં છે તેટલા હજાર વર્ષ સુધી તે પાપી દુઃખ પામ્યા કરે છે તે પાપીને મહા ભયંકર **કાલસૂત્ર** નરકમાં નાંખે છે તે મળને ખાય છે અને મૂત્રને પીવે છે આમ પીડાય છે. માંસ વેચનારા, ખાનારાની આવી ગતિ થાય છે તે પાપી પૃથ્વી ઉપર સુવે છે આળોટે પછી ઉભા થઈને આમ તેમ ભાગ ભાગ કરે છે પણ કોઈ પ્રકારે દુઃખનો તો અંત આવતો જ નથી કોઈ રીતે છુટાતું જ નથી. બહુ કાળે દુઃખનો થોડો અંત આવે તો પાછા બીજા નરકમાં નાખે છે જે જન આપત્કાળ આવ્યા વગર પોતાના ધર્મનો ત્યાગ કરે છે અને પાપી પાખંડી થઈ લોકોને છેતરે છે. ચારે વર્ણના નર-નારીજનોની સાથે બેસીને ખાય છે, કપટી કુટીલતાવાળો કુસંગ કર્મવાળો, લોભ કરીને તે પાપી પોતાનો ધર્મ ત્યાગ કરીને ખોટું આડંબર કરીને છેતરે છે તેને જમદૂતો લઈ જાય છે મહા કોપ કરી પીડે છે. તેને અતિ કઠોર **અસીપત્ર વન** નામનું નરક છે તેમાં તે પાપીને લાવીને તે વનમાં નાંખે છે, ત્યારે તે ખૂબ જ બૂમો પાડે છે યમદુતો તેને ફટકા

મારીને ફટકારે છે યમદૂતો જેરના બંધનો ખૂબ જ નાંખે છે. પાપીના શરીર ઉપર માર પડે ત્યારે તે આમ તેમ ડોલ્યા કરે છે મુખેથી હાય માતા હાય પિતા પોકારો પાડયા કરે છે જાણે તરુ (વૃક્ષ) પાડતા હોય તેમ ખડગ લઈને તેના શરીરને છિન્ન ભિન્ન કરી અનેક પ્રકારે પીડે છે. માર ખાઈને પછાડીને પાપી મુર્છા પામીને પડે છે, આવી રીતે પોતાનો ધર્મ ત્યાગ કરીને રહે છે, તેને ગાફલ કહેવાય છે, તેવા પામીને તો આજ રીતે **અસીપત્ર વન**માં પાડે છે, અને તે પાપી અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે અને દુઃખો ભોગવે છે.

કોઈ જાતનો જેણે અપરાધ જ ન કર્યો હોય તેને રાજા અને રાજાના નોકરો દંડ કરે, તે ખોટી રીતે દંડ કરનાર પાપી બહુ દુઃખ પામે છે. પોતાના સંબંધોવાળાને દંડ ન આપે અને બ્રાહ્મણને દંડ દે છે તે **શુકર મુખ** નામના નરકમાં મરીને પડે છે તેને યમદુતો ખૂબ જ જોર કરી કરીને એક એક અંગને મરડીને જેમ શેરડીને કોલમાં પીલે છે તેમ તે પાપીને યમદૂતો પીડાઓ આપે છે. માંકડ, મચ્છર, માખી તથા જુદા જુદા જંતુઓને જાણે અજાણે પણ કયારેય ન મારવાં તેવા શાસ્ત્રનો વિધિ છે. તોય જે મારે છે તે મરીને **જમ પુરી**માં અંધકૂપ નામના **નરક કુંડ**માં પડે છે જે જીવોને માર્યા હોય તે જીવો આવીને તેને મારે છે ખાય છે, ગળે છે આમ પીડા આપે છે. તે જીવને જમપુરીમાં કાપી કાપીને શરીરના ટુકડા કરી નાખે છે, તેને સર્પ, વીંછી, કરડાવીને ખૂબ જ પીડા આપે છે તે પાપી કોઈ જગ્યાએ સ્થિર રહી શકતો જ નથી કોઈ પ્રકારે નિદ્રા પણ લઈ શકે નહી પૃથ્વી ઉપર જેમ જીણા જીવોને મારે છે, તેમ તે જ જીવો જમપુરીમાં તેના શરીરના રુંવાડે રુંવાડે વળગી પડે છે છૂંટા પડતા જ નથી. ત્યારે પાપી મુખેથી રાડો પાડે છે તેમ તેને યમદુતો ખૂબ જ માર મારતાં જ રહે છે.

મહાનુભાવાનંદજીએ મહાપ્રભુને મનમાં શંકાઓ હતી તે પૂછી ત્યારે ઘનશ્યામ પ્રભુએ તે નરકના કુંડોમાં થતાં દુઃખોનું ખૂબ જ વિગતવાર વર્ણન કરીને કહ્યા એ રીતે આ અગિયારમાં રત્નનું નવમું તરંગ શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિએ નર્ક કુંડના દુઃખોનું વર્ણન કર્યું એ નામે આ નવમો તરંગ પૂર્ણ થયો.**

# તરંગ-૧૦

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! શ્રીહરિએ સ્વમુખે સંતોને નરકની પીડાનું વર્ણન કરીને સમજાવતા હતા તે પીડાને ભગવાનથી વિમુખ પામી જીવો અંનત મહાકષ્ટવાળા નરકના કુડોમાં પડે છે

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ગુણના ભંડાર શ્રીહરિએ સ્વમુખે નરકવાસની જીવના કર્મફળની કથા મહાનુભાવાનંદ મુનિને વર્ણવીને જે કહી છે. તે કથાને જે જીવ સાંભળે છે તે જગતના જીવો પાપ કર્મને કરતા ડરે છે. એવા ભગવાનના બધાં જ ચરિત્રો શ્રીહરિની નિર્ગુણ કથાને મુને વિસ્તારથી કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન ! ઘનશ્યામ પ્રભુના ચરિત્રની કથા સંતોને જે સંભળાવી તે જ કહું છું. તે કથા પાપીને કષ્ટ આપનારી તે બધી જ કથા કહું છું તે ધ્યાનથી સાંભળો. આગળ

ઉપર **તામિસ્ત્ર** અને **અંધતામિસ્ત્ર** નર્કનું વર્ણન કરીને કહ્યું છે અને રૌરવ નર્કનું દુઃખ અપાર છે તે તથા મહા રૌરવનું વર્ણન મુનિવરે ગાયાં તથા **કુંભીપાક**નું મહાઘોર દુઃખ તે પણ કહ્યું **કાલસુત્ર**નું વર્ણન કરીને **અસિપત્ર વન**નું દુઃખ વર્ણન કર્યું તથા **શુકર મુખ** નર્કનું દુઃખ તથા **અંધકૂપ**ના દુઃખનું વર્ણન કરવા માટે ઉરમાં ધારીને કહું છું. હે મુનિવર તમે સાંભળો. આ લોકમાં જે નર-નારી ભાગમાં આવેલું અને બીજાને આપ્યા વગરનું બધાના ભાગનું પોતે જ ખાય છે તે કાગડા જેવું વર્તન કહેવાય બીજાના ભાગનું બીજાને આપ્યા વગર જ લુચ્ચાઈ કરીને છેતરીને પોતાના માટે સારું સ્વાદિષ્ટ સુખે ખાય છે તે કૃમિ ભોજન કહેવાય, જે શાસ્ત્રની મર્યાદાનો ત્યાગ કરીને વૈદિક મર્યાદા લોપીને ખાય છે તે મર્યા પછી યમપુરીમાં જાય છે, અને તેના શરીરને કૃમિ કીડા બધા જ કાપીને ખાય છે પાપી જીવ હાય હાય મુખથી બુમો પાડયા જ કરે છે. કૃમી ભોજન નરકનું દુઃખ ખૂટતું જ નથી કૃમી ભોજન એક સો હજાર માઈલ વિસ્તારનો કુંડ આવેલો છે. તેમાં પાપ કર્મ કરનાર પાપી એકસો હજાર વર્ષો સુધી નરક કુંડમાં રહે છે. તેના શરીરનું ભોજન કૃમી (કીડાઓ) કરે છે તેના ત્રાસથી અકળાઈ જાય છે અને મહાકષ્ટને પામે છે તેને સહન કરતો થકો વિમુખને રુવાડે રુવાડે હજારો કૃમિ લાગેલા જ રહે છે અતિષય કૃમીઓ દુઃખ દે છે. અંગો અંગમાં ચોંટેલા જ રહે છે. વિમુખ જીવો ઘણા સમય સુધી કેવળ વિષય ભોગોને ભોગવીને દુઃખ શરીરનો જ્યારે અંત સમય આવે ત્યારે જીવાત્માને મહાઘોર નર્કમાં નાખે છે. તે **સંદશ** નામના નર્કમાં નાખે છે. **સંદશ** નામના નર્કમાં તે પાપી જીવને નાંખે છે જે ચોરી આદિક કુકર્મો કરે છે, તેને તપાવેલા લોઢા ઉપર તેના શરીરને ઘસેડે છે અને તે પાપી ખૂબ જ બૂમો પાડે છે. અગ્નિમાં બાળે છે તપાવે છે ખૂબ જ બળપૂર્વક તે પાપીને મારીને મહાકષ્ટ પમાડે છે પગે સાપોને દંશાવે છે તે પાપ કરનારની આંખ્યોને કાગડાઓ ફાડી નાંખે છે, આવી રીતે દંડ દે છે. પારકે ઘેર જઈને બળજબરી કરીને બોલીને બખેડા કરીને બીજાને પીડા કરે છે અને બીજાના ધનને લૂંટી લે છે, બ્રાહ્મણના ધન લેનારને યમના દૂતો ખિજાઈને તેને મારે છે એવી રીતે દુઃખ પમાડતા થકા જ્યારે પાર આવે છે. ત્યારે જમદૂતો તેને બીજા નરકમાં નાખે છે. જગતમાં લોકો બીજાની સ્ત્રીની સાથે જાર કર્મ (વ્યભિચાર)કરે છે તેના દેહને યમદૂતો લઈ જઈને યમપુરીમાં દેહને દમ્યા કરે છે જે અવળા કોઈ પુરુષને જબરદસ્તીથી વ્યભિચારમાં પ્રેરે છે. તે જીવને લઈ જઈને દંડ દે છે. તેને ખૂબ જ દુઃખો દે છે એનો પાર આવતો જ નથી તે પાપી મુખેથી હાય હાય કેતો થકો પીડાતો થકો પીડાય છે. તે પાપીને લોઢાની નાર તપાવીને અતિશય ગરમ કરે અને તેની સાથે તે જાર પુરુષને બાથ ભરાવરાવે છે અને અત્યંત પીડા આપે. યમના દૂતો તે જારકર્મ કરનારના શરીરને તાન દઈને ખૂબ જ પીડા આપતા હતા. છતાં તોય તેને કોઈ કાંઈ કહેતું જ ન હતું પુરુષના શરીરને ખૂબ જ તપાવીને લાલ કરીને, વ્યાભિચારી સ્ત્રીના દેહોને બળજબરીથી બાથમાં ઘાલીને મિલાવે જારી જાતનું શરીર બળી જતું હતું ત્યારે કરેલા કર્મનું વિચારમાં બધુ જ યાદ આવતું હતું. પસ્તાવો થતો હતો પણ વ્યાભિચારી જનના શરીરને આ રીતે જમના દુતો દુઃખ દે છે આવી રીતે તેની ગતિ થાય છે. જે જને એક જ વારવ્યાભિચાર કર્યો હોય તોય તેને હજાર વાર બાથ ભરાવરાવે છે આમ કવિજનો નરનારીના વ્યાભિચાર કર્મની ગતિ કહે છે.

યમપુરીમાં જીવને એક જ પળ માત્ર એક યુગ જેટલી લાંબી થઈ જાય છે એટલું દુઃખ થાય છે. લગારેય સુખનો અનુભવ થતો જ નથી, આવી રીતે તે પાપીના દુઃખનો પાર આવતો જ નથી કેમ કે જમદૂતોને જોઈને તે વિમુખને પીડા થયા જ કરે છે. હે રાજન ! પછી તે પાપીને વૈતરણી નદીમાં નાંખે છે મૂઢ મંદમતિને જોઈને

યમદૂતો તેને મારે છે જે જન પોતાના ધર્મનો ત્યાગ કરીને દુષ્ટ કર્મો તેનું ફળ જરુર ભોગવવું જ પડે છે. અને અસહ્ય પીડા સહેવી જ પડે છે. હે રાજન ! રાજા અને તેના સેવકો સૌ પરમ સત્યધર્મનો ત્યાગ કરીને અસત્યનું આચરણ કરે તો તે મહાપાપનો મોટો જથ્થો ભેગો કરે છે. જ સેવકોની સાથે પાપીએ કહેલી **વૈતરણી**માં જઈને પડે છે તે **વૈતરણીને નરકની ખાઈ કહેવાય છે,** તે વૈતરણીમાં **પરુ-પાચ રુધિર અને માંસ વહે છે નખ, મેંદ તથા મજ્જા, હાડકાં બધુ જ વૈતરણીમાં વહે છે તે ભરપૂર વેગથી ભયંકર રીતે વહે છે.** તે નદી ચાર સો ગાઉના પહોળા વિશાળતા વાળી છે. **કરમીયાંની સાથે ગીધ તથા સર્પ અનેક વિંછીઓ કાગડાઓ આદિક જંતુઓથી ભરપુર વૈતરણી વહેતી જ રહે છે.** તે વૈતરણીમાં કોઈના કર્મના દુઃખનો તો પાર જ આવતો જ નથી, તે પાપીના શરીરને સર્પદંશ દે છે તેમાથી રુધિર વહે છે શરીર ઉપર પક્ષીઓ ખોતરે છે ચાંચ ભરે છે જીવના પાપના કારણે રીસ ભરીને બહુ જ બચકાં ભરે છે. તેથી તે મૂઢમતિ પીડાથી મૂર્ચ્છા વાળો થઈ જાય છે. પરવશ થઈને જીવ મહાદુઃખને ભોગવતો રહે છે બહુ જ કાળ સુધી જીવ દુઃખો ભોગવે છે, તોય પાર જ નથી આવતો, યમદૂતો માર મારીને નવા ઉપાય કરતા રહે છે દંડ કરે છે. પાપી જન જે જગ્યાએ ધર્મના આડબર કરનારની સાથે ઉમંગ કરીને રહે છે, આચાર વિચાર પવિત્રતા સત્યમાર્ગનો ત્યાગ કરીને જગતમાં લાજ શરમને મુકી દઈને પશુની માફક વર્તતા રહે છે તે પાપીના શરીરને **પુયોદ** નામનો નરકમાં નાખે છે, તેમાં જીવ મળમુત્ર, રુધિર પરું આવુ બધું ખાય છે તથા પાપી દેહને ખુબ જ પીડા આપે છે. તે પાપી નર-નારીને યમદુતો આનંદ પામતા બહુવાર જોર કરીને મારે છે. તેમ વ્યાસ ભગવાન પુરાણોમાં આનું વર્ણન કરીને સમજાવે છે. તે પાપીના શરીરને કીડાઓ કરમીયા ડરાવે છે, ઘણા લાંબા કાળ સુધી એના કર્મનો પાર આવતો જ નથી તોય તેને બીજા નરક કુડમાં નાખે છે.બ્રાહ્મણો જગતમાં દંભમય યજ્ઞ કરીને ધનને ધુતે છે. તે વિપ્ર મરીને યમપુરીમાં જાયે નરક કુંડમાં જાય છે. તે પાપીના શરીરને યમદુતો કાપી કાપીને ખાય છે આમ તેના દુષ્કૃત કર્મનો દંડ કરે છે. એવા પાપી જીવને અતિ કષ્ટ આપનારો દંડ તે પાપીના શરીરમાં મસાલા ભરીને પછી તેના શરીરને કાપી કાપીને યમદુતો ખાય છે તેમ કર્મ પ્રમાણે ફળ મળે છે. જયારે તે પાપીના દુઃખોનો પાર આવવાનો સમય થયેલો જાણે ત્યારે જમદુતો તેના શરીરમાથી પ્રાણને ખેંચીને ફરી પાછા તેના શરીરમાં પ્રાણ નાંખે છે.

જગતમાં ભૂદેવો (બ્રાહ્મણો) આદિક ચારે વર્ણ બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર આ ચારે વર્ણ ગમાર ગોત્રની નારીઓમાં વ્યર્થ ગમન કરનારા તેઓ ધર્મ વિરુદ્ધ કુલ નારી (રજસ્વલા) માં અધીરા થઈને વિર્યદાન કરે તે અતિ દુષ્ટ કર્મ કરવાથી ઘોરતમ નરકમાં યમદુતો તેને બળપૂર્વક નાંખે છે અને જોરથી મારે છે. એ કુંડનું નામ **લાલાભક્ષ** કહેવાય છે અને નર્કમાં કાંઈ જ સુખનું સ્થાન તો છે જ નહિ કેવળ દુઃખનું જ ધામ છે. તે પાપીને યમદૂતો વિર્ય પિવડાવે છે પછી ઉંધુ માથું કરીને ઉંધા લટકાવીને ઉપરથી માર મારે છે. જોરે ભરેલા યમદુતો તે પાપીની છાતીને ચિરે છે ત્યારે તે પાપી મુખેથી હાય હાય જોરથી બોલે છે બકે છે આમ જમદૂતો બહુ જ બળપૂર્વક માર મારે છે શરીરને ખૂબ જ દમે છે જયારે તે પાપીના નરકવાસનો અંત આવે છે. ત્યારે તેને મસ્તાના યમદૂતો બહાર કાઢે છે પછી પાછા બીજા કુંડમાં નાખે તેની વિગતી કરીને કહું છું, આ લોકમાં લોકો જુઠું બોલે છે, ચોરી કરી, લૂંટફાટ કરે, અનેક ગામોને બાળી ગામને, લુંટી લે પાછું ગામમાં લોકોને ઝેર આપે, આમ કસાઈના જેવાં ક્રુર કૃત્ય કરે મનમાં લગારે મેર ન હોય (દયા હોય) જ નહીં. આવા પાપીને કર્મ પ્રમાણે સારમેયાદ નામના નરકકુંડમાં પડે અને તેને યમદૂતો ખૂબ જ માર મારે છે. ખૂબ જ કૃત્ય પ્રમાણે અતિ

કઠોર પીડા કરે છે માટે હે રાજન ! તે દૂતો પાપીને અણિયાળી ભયંકર દાઢોવાળા ઉંદર અને હજારો ક્રુર કૂતરાઓ એને દંડ દે છે. અને અપાર દુઃખોને પામતાં જ રહે, કૂતરાંઓ એની સામે દોડીને શરીરને તોડી કાપી ખાય છે. અને ચૂંથીને બધું જ શરીરનું માંસ ખાઈ જાય છે. પાપી અખંડ અતિશય દુઃખને પામે યમદૂતો એને મહાભયંકર ઘોર દંડ દે છે તોયે મરે નહિ અને અપાર કષ્ટને પામતાં જ રહે છે. એક જ ધારો રોયા કરે પોતાના કરેલા પાપોનો વિચાર કરે કે મેં કેવા પાપ કર્યા. અરે ! આવા તો મેં અગણિત કુકર્મો કર્યા છે, તેના દુઃખનો કયાંય પાર આવે તેમ નથી લાગતો, મેં કયારેય જમપુરી તો જોઈ જ ન હતી,બધાયે મુખેથી કહે છે તે તો જુઠું જ કહે છે મિથ્યા બ્રહ્મ થઈને ફર્યો જગતમાં લોકોને છેતર્યા હવે બ્રહ્મને અપાર દુઃખ થઈ પડેલ છે અત્યારે કોઈ સહાય કરનાર થાય તેમ જ નથી.

આવી રીતે પાપી પોતાના મનમાં પોતાના કર્મનું વિચારતો હતો હવે આ દુઃખોનો કયારે અંત આવશે ? આમ મંદ બુદ્ધિ માળાએ કયારેય વિચારીને ભગવાનને ન ભજયાં. પરોક્ષ દેવને ભજે તેનાથી કયારેય મનનો ભ્રમ ન જાય, અને નરનારી કયારેય સ્થિરતાને ન જ પામે. કાયમ માટે ભવમાં ભટકયાં જ કરે, જન્મ મરણમાં ગોથાં ખાધા જ કરે છે. આમ શરીરમાં અતિ કષ્ટ પામે છે. જયારે પસ્તાવો કરે રહે ત્યારે પ્રત્યક્ષ ભગવાન મળે ત્યારે જ નર્ક વાસનાં દુઃખો મટે અને મહાસુખને પામે. એમના આશ્રયથી ભવમાં ભટકવાનું પૂર્ણ થઈ જાય. હે મુનિરાય ! આ બધી જ મે વાત કહી તે સિદ્ધાંતની છે તે તમને કહી છે. જે જીવ અમારા નામ મંત્રનો જપ કરે છે તેનાં ઘોર નર્કવાસના દુઃખો કપાઈ જાય છે ભકિતના ફળરુપે સદાય મારા શરણમાં વાસ થાય છે, સુખ પામે છે. હે મુનિરાય ! આ રીતે મહાસુખને ભોગવે છે. હવે નરકના બીજા અનંત દુઃખો છે તે બધાંને વિસ્તાર કરીને કહું છું. તેને હે સંતો ! સાંભળો જે કરેલા કર્મને પાપી કઠોર દુઃખને ભોગવતા હતા પાપી નરનારી પોતાના અપાર કર્મના અપાર દુઃખોને ભોગવતો હતો તે વર્ણન કરીને કહું છું.

મહાનુભાવનંદમુનિ શ્રી હરિના મુખેથી વાતો સાંભળીને પોતાના મનમાં ખૂબ જ રાજી થયા તે શ્રી હરિ ઉત્સાહથી નર્કના કુંડોની કથા કહી તે ખુબ જ દુઃખદાયક વર્ણવી તે સાંભળી. તે વાર્તાને ખૂબ જ વિસ્તારથી વર્ણવીને સંભળાવી તે **અસિપત્રવન**ની મહાકઠોર વાર્તા સુંદર રીતે કહી સંભાળવી આ રીતે દશમું રત્ન શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપમાં પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં નર્કવાસ દુઃખ વર્ણન કર્યું એ નામે આ દશમો તરંગ પૂર્ણ થયો.**

## તરંગ-૧૧

આનંદરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જ્ઞાનિ જન પ્રભુના ગુણોને સતત ગાય છે તે જ શ્રી સહજાનંદ સ્વામીએ અનેક કષ્ટોનું વર્ણન કરીને મુનિજનનો સ્વેચ્છાએ સમજાવ્યા તે જ પ્રભુના ગુણને ગાઈને જન્મ મરણના બંધનો તોડે છે. એવા શ્રી સહજાનંદસ્વામીના બધાં જ ચરિત્રો મને કહો આપ તો સર્વ જાણનારા છો, હે અવધપ્રસાદજી મહારાજ ! તે નર્ક વાસના દુઃખો સાંભળીને મનમાં અતિશય ડર લાગે છે તેનાથી પાપનો માર્ગ છોડીને શ્રી હરિનું ભજન કરવાથી સુખ થાય છે. એમનાં ચરિત્રો કહો.

અવધપ્રસાદ કહે છે હે આનંદરાજન ! તમે પ્રશ્નો પૂછ્યા જે નર્કના કુંડોના દુઃખોનું કેવું રુપ હોય તે બહુ સારું પૂછયું છે તે બધુ જ વર્ણન કરીને તમને કહું છું. તે સાંભળો. મહાનુભાવાનંદ મુનિ શ્રીહરિને કહેતા હતા. હે મહાપ્રભુ ! જે નિર્ધાર કરેલાં દુઃખો છે તે આપે અમને કહ્યા હવે જે બાકી રહ્યાં હોય અને કહેવાના હોય તે મને કહેવા કૃપા કરો. આમ મહાનુભવાનંદ મુનિ કહેતા હતા. **સારમેય** નામના નર્કકુંડમાં પાપી મહાદુઃખ પામતા હતા, તેથી હાથ પગને ઘસતા થકા મુખેથી હાય હાય બોલે આમને આમ જયારે ઘણો સમય વીતી જાય ત્યારે તે પાપી પતિતને યમદૂતો બહાર કાઢતા હતા. યમદૂતો વધારે વિચાર કરીને તે પાપીના પાપ કર્મનું તપાસ પૂરેપૂરી કરતા હતા. આ માણસ સાક્ષી પૂરતો હતો ત્યારે જુઠી સાખ પૂરતો હતો, તેવા પાપે તેને આવિચિયા નામના નર્કમાં નાંખતા હતા. જયારે પાપી જીવ મોઢેથી યમની આગળ જુઠું બોલે,ત્યારે યમ તપાસ કરીને તે પાપીને ઉંધા મુખે દાબીને શાયોજન ચારસો ગાઉ ઉંચેથી **અવિચિય** નર્કનો મહા મોટા વિસ્તારમાં નાંખતા હતા. જયારે લગારે સુખનો લવલેશ, ન મળે ત્યારે યમદૂતો ત્યાં માર મારતાં જ રહે ત્યારે પાપીના શરીરમાં ભૂખ અને તરસની ખુબજ પીડા થયા તેને ન સહેવાય તોય સહે, આમ દુઃખને સહન કરવું પડે છે. ત્યારે તેને કોઈ મદદ નથી કરતું યમદૂતો પાપીને માર માર્યા જ કરે છે. આમ પાપી પ્રાણીને **અવિચિ નરક**માં દુઃખ પામે ત્યારે તે મુખેથી બહુ જ આર્તતાવાળી વાણી બોલતો રહે છે, કગરે છે કાલાવાલા કરે છે. અમારો કોઈ જાતનો દોષ જ નથી લગારેય અમે કાંઈ કર્યું જ નથી, અમારા ગુરુ જ મહાપાપી હતા, દારુ આદિ દુષ્કર્મો કરનારા હતા, તેમાં અમે ભરમાયા હતા, તેઓ બ્રહ્મજ્ઞાનવાળા હતાં, અહં બ્રહ્માસ્મિ થઈને ગુલતાન થઈને રહેતા હતા. જપ તપ આદિ લગારે કર્યું ન હતું તથા દાન પુણ્ય કરવાનોય વિચાર જ નથી કર્યો, બધાં જ ધર્મ કર્મનો ત્યાગ કરીને ભગવાન થઈને પૂજાણાં, તે બધું જ કર્મનું ફળ આજે આગળ થઈને આવ્યું. પુરાણ પુરાતન ઘનશ્યામ મૂર્તિને તે મૂઢ ઈષ્ટદેવ નથી જાણતો તે પાપનો જ પ્રતાપ છે. તે જ અજ્ઞાનના ફળનો આજે સૌ અમે ભોગ પામીએ છીએ, આમ કહીને તે વ્યર્થ રીતે રોવા લાગ્યો અને આવી રીતે યમને જ્ઞાનની વાતો કરીને સમજાવ્યું આવી વાતો સંભળીને યમદુતો તે પાપીને કહે તમે બધું જ સત્ય અને અસત્યના કાર્યને જાણો જ છો તે છતાં જયારે માથાં ઉપર આપત્તિ આવી ત્યારે એ વાત કરી તેનાથી પ્રભુ તે વાત કોઈ સાંભળતા જ નથી હવે આ ખળ મને પોતાના મુખે જ્ઞાનની વાતો કરે છે.

આમ કહીને યમના દૂતો તે પાપીને ઘોર માર મારતા હતા, ત્યારે તે પાપી મુખેથી ખૂબ જ શોર બકોર કરતો હતો મંદમતિ રોતો હતો અને ચારેબાજુ જોતો હતો મને સહાય કરનાર તો કોઈ છે જ નહિ એમ જોતો હતો. ત્યારે પાપી નર મનમાં નિરાશ થઈ ગયો **અવિચિ** નામના નર્કનુ મહા ઘોર દુઃખ ઉદાસ થઈને સહેતો હતો, ત્યારે કેટલાક સમય વિત્યાં પછી તે પાપી જનને તે દુઃખમાંથી બહાર કાઢતા હતા. આ જગતમાં નર નારી જનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય પુણ્યવાળા કહેવાય છે. તથા બ્રહ્મચારી વૈશ્ય, આદિક મદ્યનું પાન કરનારા ભ્રષ્ટ મતિવાળા થઈને વૈદિક ધર્મ મર્યાદા તોડીને ભગવાનના દુશ્મન થૈ ને બીજાને દુઃખ કરનારા છે, તેમને પકડીને જમદુતો જકડીને ખુબ જ બળપૂર્વક માર મારે છે. મોં ફાડીને લોઢાનો ગરમ રસ પાય છે, વર્ણ આશ્રમના ધર્મો જાણવા છતાં મસ્ત થઈને મદ્યનું પાન તથા મદમસ્ત થઈને વર્તનારાં ખૂબ જ દુઃખો પામે છે તેના મુખ ઉપર લોહરસ રેડીને તેઓને પાય છે, તત્કાળ કઠોર પીડા કરે છે, તે વેદની મર્યાદા તોડનારા જાણીને મહાભયંકર યમનાદૂતો વારંવાર ઉપરા ઉપરી જીભ અને મુખને બાળતા હતા ત્યારે તે પાપી જોર જોરથી પોકારો

કરે, આવી રીતે મદ્યપાન કરનારને નર્કમાં ખૂબ જ દુઃખ પડે છે તે પાપીને ખૂબ જ લોહરસ પાય છે વિમુખ જીવોને આવી રીતે ઘણાં લાંબા સમય સુધી મહાદુઃખ આપ્યા કરે છે, અપાર પીડા કરે છે. મદીરાનું પાન કરનાર દુષ્ટ નરનારી પાપીને જયારે દુઃખ આવે છે, ત્યારે અંત આવવાના સમયે યમરાજાના નોકરો જોરાઈએ **ક્ષારમેય** નામના નર્કમાં બળ કરીને નાખે છે, ઘોર દુઃખ આપે છે. જે આ જગતમાં પોતાના બળ ધર્મની મર્યાદા જે સદ્‌વિદ્યા તપ આદિ કર્મથી વિમુખ નરનારી અતિ વિમુખ થાય છે. ત્યારે પોતાની મર્યાદાનો ત્યાગ કરીને અતિશય ઘમંડ, અભિમાન વાળા થાય છે. અભિમાનથી વશ થઈને પોતાનાથી શ્રેષ્ઠને ગણતા જ નથી એમનો અનાદર કરી સ્વછંદી રીતે વર્તે છે તેને ક્ષાર નામક **કીચડ**ના નર્કમાં એના મસ્તકને બુડાડે છે આવી રીતે સ્વછંદીને દૂતો પીડે છે ઉપરથી ગીધ અને કાગડાઓ ઉપરના શરીરને કાપે છે ત્યારે તે હાય હાય કરીને મરે છે, મહાભયંકર પીડાને પામે છે. આ રીતે તેને દૂતો દંડ દે છે. તેમ મંદ પાપી તો મરતો જ નથી. તેને મહાભયંકર જમના દૂતો જીવાડતા હતા, તે પ્રેત દેહ સમાન પ્રમાણવાળો તે પ્રેત શરીરથી પીડાને સહન કરે છે. કઠોર દૂતો તેને કાપી કાપીને ખાય છે. તે સ્વાદ સહિત જાણીને તેને ખાઈને પાપી ઉપર અતિ પીડા કરે છે આમ તે પાપીને મહા કઠીનમાં કઠીન દંડ દે છે. તે સૂર્યના પુત્ર યમના દૂતો સર્વેને પગ ઉપર પછાડીને પાડે છે ત્યારે તે જાણે છે કે મને કેવું દુઃખ પડે છે આ સર્વેમારા કર્મનુ પરિણામ છે તેમ જાણે છે, અને ખુબ જ પીડા પામે છે.

આ જગતમાં **નરમેધ** યજ્ઞો કહેવાય છે તેમાં પશુને મારીને તેનું માંસ ખાય છે, અને ખવરાવે છે. જયારે જીવ મરીને જમપુરીમાં જાય ત્યારે તે જ પશુઓ પાપીને સામે દોડીને ખાય છે. મહાઘોર કસાઈ જેવા દૂતો જમના હાથમાં કરલતા, તાલ કરતા થકા તેના કાનમાં તાલ દઈને તે પાપીના શરીરને કાપી કાપીને ખાતાં જાય ને તેના કર્મ ગુણ ગાતા જાય, આ રીતે ખળ નિશાચર રાક્ષસ જેવાં આનંદ કરતા જાય, ખાય, દંડ દે. આ જગતમાં જે ગૃહસ્થ લોકો છે તે કડવાં વેણ કહીને અભ્યાગતનું અંતર બાળે તેને જમદૂત તરત જ નરકમાં લઈને નાંખે છે પ્રેતના દેહને દમે છે, ત્યારે અતિકઠોર લોઢાંની ચાંચોવાળા ગીધો અને કાગડાઓ તે પાપીની આંખો અને માંથાને ફોડી નાખે છે અને તે નર નારીના પ્રેત, દેહને ખૂબ જ દુખ આપે છે આવી રીતે **યમપુરી**માં નર્કવાસનું અપાર દુઃખ છે તે જે જીવ પ્રભુ ચરણકમળનો આશ્રય કરીને તેની ભક્તિ કરે છે અને નરનારાયણ ભગવાનના પ્રગટ ચરણકમળની સેવા ભક્તિ કરે છે તે પ્રભુપદને જ પામે છે. તેઓનો આ જમપુરીમાં પ્રવેશ થતો જ નથી તે વાત હું તમને સાચી જ કહું છું તે તમે પ્રેમથી જાણજો. અને જે જન પ્રગટ પ્રભુનો આશ્રય ત્યાગીને કેવળ પંચ વિષયમાં આસક્ત થઈને સતત નર નારીનું ચિતવન કરે છે. અને કેવળ વિષય ભોગમાં પડયો રહે છે. તે મરીને જમપુરીમાં જાય છે. તે મતિમંદ વાસનાથી ખૂબ જ યમનો માર ખાય છે. છ લાખ ચોર્યાશી હજાર યમપુરીમાં નરકનાં કુંડો છે તેમાં જ તેને જવાનું થાય છે, અતિ દુઃખની પીડાને સહે છે, મહા કષ્ટને પામે છે. અનુક્રમ સહિત જ તે જીવ અનંત સમય સુધી કરેલા કર્મ પ્રમાણે દુઃખોને ભોગવે છે તે દુષ્ટને જમલોકો મારે છે ત્યારે તે મુખેથી હાય હાય પોકારો કરે છે. જયારે નર્ક સમાન દુઃખોના પાર આવે છે. ત્યારે તે પાપી મતિ મંદ લખ ચોર્યાશીના ફેરામાં પડે છે તે જયાં જયાં જાય છે ત્યાં તેને દુઃખ જ પડે છે. દુઃખની ખાણમાંજ વારંવાર જન્મ પામે છે. મરે છે. જન્મ મરણના અનેક ચકાવમાં ફરે છે. બહુ કાળે પણ દુઃખનો પાર નથી આવતો ભગવાનની ભકિત કર્યા વગર તો ભવસાગરને તરી શકાતું નથી. જન્મ ધરી ધરીને

ભવમાં ફરવાનું જ રહે છે. ત્યારે જન્મ લેવામાં કુતરાંનો, ભુંડનો, ગધેડાનો અવતાર લઈને ખાવાનું તો ન મળે પણ તડકો, માર તથા દુઃખ અપમાન સહન કરવું પડે, દિવસ રાત દોડા દોડ પરિશ્રમ, ભૂખ - તરસ પીડા સહન કરીને છાતી બળતી રહે છે.

જયાં જાય છે ત્યાં તો દુઃખ અને ત્રાસ તો થાય જ તે જણાય તોય વિષય સુખની આસકિત તો મટતી જ નથી તેના માટે અનેક યોનિઓમાં ભટકતો જ રહે છે અધિક અધિક પીડા સહન કરવી પડે પણ જયારે સ્વામિનારાયણ પ્રભુ કૃપા કરે ત્યારે જ સુખ થાય. નરનારાયણ ભગવાન તપ કરે છે તે ભરતખંડની પ્રજા માટે તપ કરે છે બીજા રુપે પ્રગટ થઈને આજે ધર્મ મર્યાદાને ધરતી પર સ્થાપવા વિચરે છે લોકોના પાપોને હરીને સુખ કરે છે. તે પ્રભુ પ્રગટ મળે અથવા એમના સંતો મળે તો મોક્ષ થાય છે સત્સંગ વગર મોક્ષ નથી થતો જેમને સત્સંગનો યોગ થાય તેના મોટાં ભાગ્ય છે. પ્રગટ પ્રભુ કે એમના સંતો મળે તો તેના અનંત જન્મના પાપો બળી જાય છે, જે નર-નારી પ્રભુનો આશ્રય કરે તે તરત જ મુકિત પામે છે. એવા મારા આશ્રિત સંતોનો સ્વભાવ છે, તેમના સારા લક્ષણો હું કહું છું. તે મુનિવર સાંભળો.

મહાનુભાવમુનિ કહે છે, હે મહારાજ ! નરકવાસની પીડાની વાતનું વર્ણન કરીને મને કહ્યું તેમાં જે ભગવાનના ચરણકમળથી વિમુખ થઈને વર્તે તે આજ સ્થિતિ પામે છે તે વિસ્તાર કરીને લોકોના જ્ઞાન માટે કહ્યું. નરકવાસ પુરો થયા પછી ચોર્યાશીમાં જન્મ ધારણ કરે છે. ત્યારેય કષ્ટ પામતો જ જન્મે છે, પીડા પામે છે, પ્રભુના ચરણના આશ્રયથી વિમુખ જીવો કર્મ પ્રમાણે જ કષ્ટને, પામે છે. હે મહાપ્રભુ ! હે અજીત ! જગતનો સત્સંગ અને કુસંગ એમ બે પ્રકારનો ભેદ છે તે હે મહાપ્રભુ ! આપના શ્રી મુખે જ કહેવા કૃપા કરો. તેમાં સંત પુરુષોના સુંદર લક્ષણો સહિત તે સત્સંગનો મહિમા તથા તેના જુદાં જુદાં વિભાગોનું વર્ણન કરીને મને આપનો દાસનો દાસ જાણીને કહો. પ્રભુ આપ વિશ્વના જીવોનો ઉદ્ધાર કરવા પધાર્યા છો, તે આપને જે ઓળખે તે આપનો આશ્રય કરે છે તેમના અંતઃકરણમાં વાસ કરીને સુખ આપો છો એવા આપના અનન્ય એકાંતિક ભકતો તેમના લક્ષણ કહો એ મારી વિનંતી છે.

નરક વાસના નર્ક કુંડોના દુઃખનું વર્ણન કરી શ્રી હરિએ સંત સમુદાયને સંભળાવ્યા તથા શાસ્ત્રની મર્યાદામાં રહીને વર્તનારનો ઉદ્ધાર થાય છે આ વાર્તા સાભળીને સંતો મહાનુભાવાનંદ આદિક સંતો મનમાં રાજી થયા. પછી સંતના લક્ષણો પૂછ્યાં તે પણ શ્રીહરિ સ્વમુખે સંતોને કહેતા હતા સર્વે સતો-ભકતો તે સાંભળતા હતા. હે રાજન ! હવે તે ચરિત્રની વાતને સાંભળો તે વિસ્તાર કરીને ગહન વાત કહું છું. આવી રીતે આ અગિયારમું તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિએ યમપુરીની પીડાનું વર્ણન કર્યું એ નામે આ અગિયારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

આનંદસિહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ઘોડા ઉપર અસ્વાર થઈને ઘોડા ખેલવવાની રમત કરીને લીલા કરી સૌના મનને હરતા હતા મુનિજનોનો મહિમા ખુબ જ ગંભીરતાવાળો છે તે જગતના જીવોને જણાવવા માટે આપ મારા ગુરુ અવધપ્રસાદજી મને શ્રી હરિના અમૃત વચનોની વાર્તા કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી કહે છે : હે આનંદરાજન ! તમે એ વાત ભલે પૂછી જે શ્રીહરિ અશ્વ ઉપર સ્વાર થઈને પૃથ્વી ઉપર વિચરતા હતા કમલ નયન મહા પ્રભુની લીલા હવે તમને કહું છું તે સાંભળો. એવા મહા પ્રભુના મુખ કમળમાથી વચનામૃતનો મુનીજનો ઉપર વર્ષાવતાં જીવોના કલ્યાણ માટે કહેતા હતા તે જ પ્રભુના ચરિત્રો તમને કહું છું તેને તમે સાંભળો. મહાનુભાવનંદ સ્વામી કહે છે હે પ્રભુ ! સત્સંગના બે પ્રકારના ભેદ જે આપે કહ્યા છે તેમાં એક તો હે પ્રભુ ! આપના સ્વરૂપની ઓળખાણ અને બીજો તો સંતોનો જે સમાગમ તે બે ભેદ છે. એવા મહાન સમર્થ સંતોના લક્ષણોની વાર્તા તે વર્ણન કરીને કહો અવધપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન ! મહાનુભાવાનંદ મુનિની વાત સાંભળીને મહાપ્રભુ ખૂબ જ રાજી રાજી થઈ ગયા. શ્રી ઘનશ્યામ પ્રભુ અનંત ધામના અધિપતિ સર્વ જનની મનોકામના પૂર્ણ કરનારા, મનોહર અમૃતમય વાણીથી કહેવા લાગ્યા. તે સંત કેવા હોય તો પંચવ્રતમાનને દઢ પાળે નિષ્કામ ભાવે નિયમમાં વર્તે, આ અમારા એકાંતિક સંત છે. ધન દ્રવ્યથી નિસ્પ્રેહ, નિષ્કામ વૃત્તિવાળા એવા તે સંત મને ખૂબ જ પ્રિય છે. તેજ એકાંતિક સાધુ છે.પોતાની ઈન્દ્રિયોને જીતીને નિઃસ્વાદી આદિક ગુણોથી યુક્ત અને માયાના ગુણથી પર રહેનારા, પ્રભુના ચરણમાં મન જોડી રાખનારા અંખડ ધ્યાનસ્થ રિદ્ધી સિદ્ધિ સર્વને જે તણખલા સમાન માને, પ્રભુના ચરિત્ર અખંડ સભાર્યા કરે તે જ અમારા સાચા સંત છે. નિર્માની નિઃસ્વાદિ નિસ્પૃહી આદિક સુંદર લક્ષણોવાળા અને સાત્વિક ચરિત્રો વાળા મને પ્રિય સંત છે. આવા જ્ઞાની નિર્માની સંતો જયારે જેને મળે તેના ભવને પાર કરીને જગથી તારીને પરમ ધામને પમાડે છે. એવા સંત તે મોહાદિક વિકારોથી પર થઈને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યને પાલતા થકા, સ્ત્રી દ્રવ્યથી પર થઈને નિસ્પૃહી વર્તનારા. ગ્રામ્ય વાર્તા તો કયારેય ન કરે રાત દિવસ પ્રભુ ભજન જ કર્યા કરે. એક ક્ષણ પણ વ્યર્થ ન કાઢે, સતત સાવધાન વર્તે તે સાચા સંત છે. એવા સાચા સંતને જ હું સંત માનું છું એમના સહવાસમાં જે આવે તે જન સંતના સંગથી મહાસુખને પામે. એવા એકાંતિક સંતને પ્રભુની સમાન જ જાણવા જેમના દર્શનથી જીવાત્માનો ઉદ્ધાર થાય છે. તેવા સંતને મહાપ્રભુ દયા કરીને સાર્મથ્ય આપે છે. પ્રભુના માર્ગમાં તે સંત જ મહાન છે પ્રભુને પાણી સમાન માનો અને સંતને મેઘ સમાન માનો એમ બંનેને સાથે જ જાણો જળ અને જ્ઞાન એક જ સમાન છે. મુનિઓના સ્વામી દયા કરીને વિશાળ સુખને આપે છે જગતના દુઃખો નાશ પમાડીને સુખ આપે છે. મહાપ્રભુ ચંદન સમાન સુખરુપ છે. સંત તે સુવાસિત પવન જેવા છે, તેથી તે પરની પીડા જે ત્રિવિધ તાપને હરે છે. એટલા માટે સંત જનનો પ્રતાપ તો જગતના કલ્યાણના સાધનરુપ કહેલો છે, એમ કવિજનો વર્ણન કરે છે તૃષાવાળાને જેમ જળ મળે ને શાંતિ થાય તેમ મહામુનિવરના આશ્રયથી ભવના બંધનો તૂટી જાય છે.

હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુએ આવા સુંદર મુનિજનોનું વર્ણન કર્યું એમના લક્ષણ કહીને સમજાવ્યા આવી રીતના વચનોને જયારે સાંભળે છે ત્યારે સંતનો મહિમા સમજાય છે. ત્યારે જ જીવાત્મા સુખને પામે

છે ત્યાર પછી એમનો ઉદ્ધાર થાય. સંતના દર્શન કરીને નેત્રનું સુખ પામે છે. આવી રીતે સંતના લક્ષણ કહીને સંતનો પ્રતાપ વર્ણન કર્યો એવા સંતોનો જીવને મેળાપ થાય. ત્યારે તેના બધા જ પાપોનો પહાડ તૂટી પડે છે, તે નિષ્પાપ થાય છે. તે જીવાત્મા જન્મમરણના બંધનથી મુકત થાય છે. સંતનો સમાગમ કરીને ધર્મ નિયમ નિતિ મર્યાદાનું પાલન કરીને અધર્મ અનિતિનો ત્યાગ કરે છે. આવા મહાન સંતો વર્તે છે. જયારે જગતના લોકોને સંત પુરુષોની પ્રાપ્તિ થાય છે ત્યારે તે સંતો જ્ઞાન ઉપદેશ કરીને તેનો અધર્મથી ઉધ્ધાર કરે છે. જ્યારે જીવ અસત્ય અને સત્યના ભેદને જાણે છે ત્યારે જ સાચા ગુરુને પામે છે જડ અને ચૈતન્યની રીતને જોડે, ત્યારે જ તે પ્રભુના ચરણના દઢ આશ્રયને પામે અને દઢ શ્રદ્ધા થાય છે. રોજેરોજ પ્રભુનો રંગ વધારે વધારે લાગતો જાય છે જયારે ધર્મનો લોપ થાય ત્યારે મનમાં તરત જ પ્રકાશ થાય છે સર્વ સત્શાસ્ત્રનો આજ સાચો મત છે સંતો બ્રહ્મરુપ થઈને પોતાના આશ્રિતને પણ પોતાપણાની સ્થિતિને દઢ બનાવે છે. આવી રીતે નિત્ય પ્રત્યે સંત સમાગમ કરતા રહેવું. બ્રહ્મરુપ થઈને મહાપ્રભુનું ભજન કરે કામક્રોધાદિક શત્રુને જાણીને તેનો ત્યાગ કરે તેજ અમારા ઉત્તમ પ્રકારના એકાંતિક ભકત કહેલા છે. પ્રાણના આધારના ચરણમાં પ્રીત કરીને પુજા ભકિત કર્યા કરે મારા સ્વરુપને સાચું જાણી નિશ્ચય કરીને, મારા સ્વરુપને ઓળખી મારા સંતને બીજા કોઈની પ્રતિતિ જ ન આવે તે જ મારા સાચા શ્રેષ્ઠ સંત છે એને પ્રમાણ કરુ છું. શુદ્ધ અંગવાળા થઈને સંતનો નિત્ય પ્રત્યે સમાગમ કરવો, જેમ જગતમાં અનાયાસ ગંગાજી મળી જાય તેના સ્પર્શથી પવિત્ર થઈ જાય તેમ ગંગા સમાન સંતના સમાગમથી અતિ પવિત્ર બની જાય છે. માટે હે મુનિવર ! આ અમારી કહેલી વાત મહા અમુલ્ય છે એમ માનો, ભમરી ઈયળને ચટકા ભરી ભરીને પોતાના જ જેવી બનાવે છે એ રીતે સંતોની વાતો પુરાણો શાસ્ત્રોમાં ખૂબ જ વર્ણન કરેલ છે તે પ્રસિદ્ધ જ છે. પારસમણિના સહવાસ(સ્પર્શ)થી લોઢું પણ સોનું બની જાય છે અને શોભા આપે છે, પત્થરને ઘડીને સુંદર મૂર્તિ બનાવી દે છે તથા લુહાર લોઢાને ઘડીને સુંદર સાધન બનાવે છે, અને કુંભાર માટીના કાદવમાંથી સુંદર પાત્ર બનાવે છે.

એવી રીતે જે મારા આશ્રિત સંતો મહાન જ છે તેમના ગુણોને તો વેદ વેદાંત પુરાણો ઈતિહાસો સૌ ગાયા જ કરે છે પતિત જીવનો ઉદ્ધાર કરીને મહાન સમર્થ દિવ્યાત્મા બનાવે છે, એવા મારા સંતો મહાન સમર્થ છે. વૃક્ષોનું મહાન ઘાટું વન હોય તેના જેવા જ ઉદાર મૂર્તિ પર ઉપકારી એવા મારા સંતોના અપરંપાર ગુણ છે. પામર જીવોમાંથી સંસ્કાર કરીને મહાન વીર ભગવદ્ ભકત બનાવીને મહાન સંત બનાવે છે, આવા ગુણોવાળા સંતોને ઓળખીને આશ્રય કરવો એમના આશ્રયથી જીવાત્માને ભવબંધનના ફેરા છુટે છે અને જે સંતપુરુષને ઓળખ્યા વગર જ અસંતનો આશ્રય કરે છે તેને ભવમાં ભટકવાનું છૂટતું જ નથી જન્મ મરણના ગોથાં ખાય છે. સુખદાઈ મહાપ્રભુએ આ યુગલ ભેદ ઉકેલ કરીને સુખરુપ કરી દીધું. બંનેના ભેદને સમજયા વગર તો ખૂબ જ મોટું નુકશાન થાય છે. તે જે હેતુ માટે એને પૂરેપુરી ઓળખી વિચારવાથી ભેદ સમજાય છે, જે નથી જાણતા ભવસાગરમાં ડુબાડે જ છે, જીવોને અભય વરદાન આપીને સુખ આપે છે એમને સંતો મહંતો કહેવાય છે. તેવા સંતો સૌને જીવન આપીને સુખ આપે છે. જીવોને અભય વરદાન આપનારા નિર્ભય પદ બનાવનારા જે છે તે જ સંતો કહેવાય છે. સાર અસારના ભેદને સમજાવનારા જગતમાં સારા સમર્થ જ્ઞાનવાન સાચા સંત કહેવાય છે.

તે મહાસમર્થ તપસ્વી સંતની મંદમતિ પાપીજીવો નિંદા કરે, તોય સંતો સહન કરે. પણ પાપી નિંદક તો મહાભયંકર નર્કવાસના દુઃખને એકસો કરોડ કલ્પ સુધી આ વાત તો સિદ્ધાંતની જ છે, કરોડ

વાતની એક જ વાત છે, માટે સતસંગ કર્યા વગર  તથા ભક્તિ કર્યા વગર કોઈ જીવ તરી શકતો જ નથી. વિવેક કરીને જે જન આ સંતના ઉપદેશને  સાંભળે અને સત્સંગનો મહિમા સમજે તે જન ભવજળને પાર ઉતરી જાય છે. આ કહી તે કરોડો વાતોની એક જ સિદ્ધાંત વાર્તા છે સત્સંગ કર્યા વગર કોઈ જ જીવ નથી તરી શકતો. આ રીતે જે સત્સંગની વાતો કહી તે બે પ્રકારની સિદ્ધાંત વાતો કહી છે, પ્રગટ પરબ્રહ્મ પ્રભુનો આશ્રય અને સંત-સમાગમથી પ્રભુનું જ્ઞાન જાણે તે જ હરિભકત છે. હરિનો મેળાપ કરાવે તે જ સાચા હરિના આશ્રિત સંતો ભકતો છે. એવા જીવને કોઈ પ્રકારનો ત્રાસ રહેતો જ નથી. હરિની ભકિતનો વિસ્તાર કરવાનું મુળ કારણ સંતો છે આ રીતે મહાજ્ઞાની કવિજનો વિદ્વાનો કહે છે તે માટે જ તેનું કારણ તો હે પ્રભુ ! આપ પોતે જ છો, મોક્ષમાર્ગ પ્રવર્તાવવા માટે જ અવતાર ધારિને પધાર્યા છો, લોકોના પાપોને બાળીને મોક્ષ કરો છો. ભગવાનના અવતારને મંદ મતિવાળા માનતા જ નથી એટલા માટે તો તેઓ અનેક જન્મમાં મોક્ષના માર્ગથી વિપરિત જ રહે છે. એમના શિર ઉપર તો અનેક દોષ રહે છે એમ જ્ઞાનિ કવિજનો અને સંતો ગાય છે. ભગવાનના અવતારોની નિંદા કરતા એવા પાપી તેઓ તો પૂંછડા વગરના પશુ સમાન જ માને છે. આકાશે સૂર્ય ઉદય થાય ત્યારે જ રાતનું અંધારુ જાય છે તેમ પ્રભુના આશ્રય અને નિશ્ચયથી જ જીવ-ભવને તરી શકે છે. સસલાંના માથા ઉપર કોઈ દિવસ શિંગડું ન હોય તથા પાણી વલોવવાથી કોઈ દિવસ માખણ કે ઘી ન મળે, આકાશમાં કયાંય ફૂલના બગીચા હોય નહીં તો ફૂલ કયાંથી હોય તો પ્રભુના આવિર્ભાવ વગર ઓળખાણ ન થાય તો મોક્ષનો માર્ગ જ કયાંથી મળે. ખાલી સિંગ જ પીલે તેનાથી તેલ ન મળે તેમ પ્રભુનો આશ્રય કર્યા વગર મોક્ષ નથી જ મળતો ચંદ્રમાંથી કયારેય અગ્નિની ગરમી આવતી જ નથી, તેમ ભગવાનના આશ્રય, ઓળખાણ તથા ભકિત કર્યા વગર મોક્ષ માંગે તે તો બુદ્ધિ વગરના મુર્ખ જ છે. નારી નપુસકં પુરુષને સેવે તો તેનાથી પુત્ર ન થાય જમીન ખેડયા વગર અનાજ ન પાકે ખેડીને વાવે તો સારું પાકે તેમ જળપાન કર્યા વગર તરસ ન છિપાય, શેકીને ધાન વાવે તો ઉગે જ નહીં, તેમ પ્રભુના આશ્રય વગર અને સત્સંગ કર્યા વગર ભગવાન ઓળખાય નહિ, ભગવાનના ભજન વગર મોક્ષનું સ્થાન ન જ મળે.

આજ વાતને અમે સિદ્ધાંત કરીને સમજાવેલી છે તે વાતને મહાનુભાવાનંદ મુનિરાયે સાંભળી છે. પ્રત્યક્ષ પ્રભુશ્રી હરિ કે એમના એકાંતિક સંત એમના આશ્રય વગર મોક્ષ મેળવવાની વાત વ્યર્થ છે. ભગવાનનો આશ્રય કર્યા વગર પાર ન પમાય, હરિના આશ્રય વગર ભવસાગર તરવા ઈચ્છે તે  ગમાર જ છે. શ્રીહરિ અને શ્રીહરિના આશ્રિત સંતો હરિભકતોના આશ્રય વગર નરનારી કોઈ કયારેય ભવને પાર નથી જ પામતાં જે જન ભગવાનના અવતારને જીવ જેવા માયિક સમજે તો તે નર નારીને અસુર જ જાણવા અને તે પાપી છે. આવા વાસ્તવિક અસુરાંશો તો ભવમાં ભટકયા જ કરે છે, તે પાપીઓ બહુ જ પ્રમાણમાં દુઃખો પામે છે, તેના માટે તો નરકના ઘોર દુઃખોનું વર્ણન કરીને કહ્યું. છે તે અસુરાંશો મહા જોર કરીને તે દુઃખને સહેતા રહે છે. પ્રકૃતિથી પર પરાત્પર પુરુષ જે છે તે જ પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ મુનિજનો સર્વોપરી કહે છે. જે અક્ષરધામ છે તે જ અલૌકિક ધામમાં ચિદાનંદના નામથી કહેવાય છે, એ જ સચ્ચિદાનંદ ચિદ્‌ઘન તેજ ભગવાનનું ધામ છે. બ્રહ્મની ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમ નાથ વિરાજમાન છે. તે પ્રભુને મુકતમુનિવરો પૂજે છે, તે જ સમર્થ પ્રભુ પોતે આ પૃથ્વી ઉપર અવતાર ધારીને લોકોના કલ્યાણ કરવા એમના પાપ કર્મને બાળવા અવતારી પોતે વિચરે છે. જે નર નારી ભગવાનને પોતાના જેવા જ સમાન્ય સમજે તો તેને પાપી જાણવો

અધર્મી સમજવો જે જન પ્રભુને પોતાના જેવા જ સામાન્ય શરીરવાળા સમજે તેને મુનિજનો અજ્ઞાની મંદ બુદ્ધિવાળો નાસ્તિક કહે છે. ભગવાનની ભક્તિ કર્યા વગર ભવને ન તરી શકે, માટે તે વારંવાર જન્મ મરણના ગોથા માર્યા જ કરે છે. જેને પ્રભુના ચરણ કમળમાં ખૂબ જ પ્રેમ છે, તેને શ્રી હરિના સ્વરુપમાં લગારે દોષ દેખાય જ નહિ અને પ્રભુને સ્પષ્ટ સમજે છે.

હે મુનિ ! તે જ પ્રભુ શ્રી હરિ સૌનું કલ્યાણ કરે છે આ સત્ય વાત મેં તમને કહી દીધી. પ્રભુના મહિમાને બ્રહ્મા શેષ શારદા મુનિજનો ખૂબ જ ગાયા કરે છે એવો મહિમા છે. આવી મોક્ષદાયી વાતો સાંભળીને જે ભક્તિ કરે છે. તેના બધાં જ દુઃખો તત્કાળ નાશ પામે છે. તે પ્રેમી ભકત વિશાળ પ્રભુના ધામને પામે છે. અમારાથી ઉપર કોઈ જ નથી માટે હે મુનિ! શારદા શેષ બહ્માદિક સૌ  મારા ચરણને સેવે છે. હે મુનિ ! તમે અમને ઓળખીને જાણ્યા છે તેથી અમને સદાય સર્વના અંતર્યામી જાણો છો, હે મુનિ! બધી જ વિધિના જ્ઞાનની વાત તમને કહી દીધી. આ સિવાય બીજી કોઈ વાત વિશેષ જાણવાની નથી રહી, આજે કહ્યું છે તે બધા જ સદ્‌ગ્રંથોનો સાર કહ્યો છે, સૌ સંતો એ શ્રીહરિ મહાપ્રભુના મહિમાની વાતો સાંભળીને મનમાં ખૂબ જ  રાજી થયા. હે સર્વોપરિ મહાપ્રભુ ! આપને ધન્ય ધન્ય છે સર્વ સંત સમાજને પણ ધન્ય ધન્ય છે સર્વ જનના સુખ માટે શ્રી હરિએ સ્વમુખ શ્રીહરિએ ચરિત્ર વાતો કરીને રાજી કર્યા. અલ્પમતિવાળા અમે અમારા માટે હે અજિત પ્રભુ ! અનેક પ્રકારની જ્ઞાન ઉપદેશની તથા મહિમાની વાતો કહી છે તે અમારી ઉપર કૃપા કરી. હે પ્રભુ ! આપની ગતિ તો અતિ અગમ જ છે તેથી જે ગમાર જીવ છે તેને  કોઈ ખ્યાલ નથી આવતો જગતના નરનારી જનો જે છે તેમાં જે સદ્‌બુદ્ધીવાળા છે તે સર્વ રીતે જાણે છે.

અવધગુરુ કહે છે હે રાજન ! આવી રીતે શ્રીજી મહારાજ **ગઢપુર**માં રહીને નિત્યે પ્રત્યે અલૌકિક વાતો કરતા હતા  તેને સર્વ સંત ધ્યાન દઈને સાંભળતા હતા. ઘનશ્યામ પ્રભુ સ્નાન કરવા માટે નિત્ય ઘેલા નદીએ ઉન્મત ગંગામાં જતા હતા. ત્યાં જળમાં શ્રીહરિ સુંદર મનોહર ખેલ કરતાં હતા, મુનિજનોના મનને હરતા હતા, શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **ગઢપુર**માં દાદા ખાચરના દરબારગઢમાં નિત્ય પ્રત્યે નવાં નવાં ચરિત્રો કરીને આનંદ આપતા હતા. પ્રેમથી ભોજનોના થાળો જમતા હતા દર્શન આપીને ભકતજનોના અશુભ કમોને બાળતા હતા. મહારાજ **ગઢપુર**માં ભકતજનોને ખૂબ જ સુખો આપતા હતા, દર્શન સુખ આપી મહાપ્રભુ દિન દયાળ ત્યાંથી પ્રયાણ કરીને **જેતલપુર** ધામ પ્રત્યે પધારતા હતા. તે ચરિત્રને જેમના લલાટ ઉપર ચંદ્રમાં વિરાજે છે એવા ભવ બ્રહ્માદિક ગાવતા હતા.

શ્રી હરિએ સ્વમુખે મહાનુભાવાનંદમુનિને સંતનો મહિમા કહ્યો આશ્રિત જાણીને કૃપા કરીને સુખ આપ્યું પ્રગટ પ્રભુનો મહિમા મુનિઓએ શ્રવણ કરીને અંતરમાં ઉતાર્યો પ્રભુએ કહેલા બધા જ ભેદો મનમાં ભાવી ગયા મહાપ્રભુના ગુણને ગાતા થકા ગહન વાતો સુંદર રીતે સમજાવી આવી રીતે બારમું  તરંગ તે શ્રી હરિલીલાસિધુમાં ની લહરિના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ અને રાજાના સંવાદમાં ગઢપુરની લીલા જે સંતોનો મહિમા શ્રી હરિના મુખે વર્ણન કર્યો એ નામે આ બારમો  તરંગ પૂર્ણ થયો ॥૧૨॥**

# તરંગ-૧૩

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ગુણવંત મહારાજ **ગઢપુર**થી સંતોની સાથે નિકળ્યા તે કેવી રીતે મહાપ્રભુ ભગવાન **જેતલપુર** પધાર્યા તે બધી જ લીલા મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદ રાજન ! તમે ધરાના સ્વામી છો. ધર્મ પરાયણ છો તેથી પૂછો છો કે આ પૃથવી ઉપર ધર્મને વધારવા ધર્મદેવના પુત્રરુપે પ્રગટ થઈને વિચરતા એવા પવિત્ર ચરિત્રનું પૂછો છો તે ખૂબ જ પવિત્ર ચરિત્રો છે. તે તમે પૂછેલી બધી વાતો સાંભળો તે અતિ પવિત્ર છે શ્રી હરિના મહાપ્રભુ **ગઢપુર**થી ચાલીને સુખપૂર્વક **જેતલપુર** પધાર્યા શ્રી હરિ ભકતજનોને દર્શન સુખ આપવા પધાર્યા. સકળ જગતના નાયક સર્વનું સારું કરનારા સંતોના સહાયક શ્રી હરિ ભગવાન અનેક ચરિત્રો કરીને લોકોના મનને આનંદ આપનારા ભુમિના ભારને હળવો કરવા લોકોના કષ્ટને હરતા થકા અનેક જીવોના દોષો તોડીને સુખદાતા મહાપ્રભ **ગઢપુર**થી સવારમાં વહેલા વિહાન વેળાએ પ્રયાણ કરીને સર્વ સંતો ભકતોની સાથે માર્ગમાં ચાલતા થયા. હે રાજન ! માર્ગમાં ચાલ્યા આવતા હતા ત્યારે મનમાં આનંદ કરતા થકા ગાતા, ગવરાવતા ભકતજનોને સુખ આપતા હતા, કમળની પાંખડી સમાન નેત્રની સુંદરતા દેખાતી હતી, મુખથી સુંદર મધુર વેણ બોલતા હતા. ખેલ કરાવતા થકા આવતા હતા. ત્યારે મહારાજની મૂર્તિ ખુબજ શોભતી હતી, સર્વના પાપને બાળતી હતી, **ગોળ કપોળ** ખૂબજ શોભતું હતું ભકતોના મનને આનંદ કરાવતું મુખકમળ શોભતું હતું. પ્રભુની ડાઢી (ચિબુક) સુંદર મનોહર અતિ શોભતી હતી. મુખમાં દંતાવલી જાણે દાડમના દાણા ન હોય ? તેમ શોભતા હતા, મુખની આકૃતિનો રંગ ખૂબ સુંદર હતો, જાણે ખીલેલું કમળ ન હોય ? તેમ લાગતું હતું જાણે બંને ભુજ દંડો લાબાં મજબૂત પુષ્ટ હાથીના બચ્ચાંની સૂંઢ જેવા અતિ બળવાળા લાગતા હતા, છાતી અને હૃદયનો ભાગ ઉપડતો હતો. જાણે લક્ષ્મીનું સ્થાન શોભે તેમ મોહન મુકુંદ પ્રભુની મૂર્તિ શોભતી હતી. વિશાળ ઉદર તેની ઉપર મહા ઉદાર ત્રિવળી શોભતી હતી તે જાણે ગંગા નદીમાં ત્રિવેણી ન વહેતી હોય ? તેમ લાગતું, ઉંડી નાભિ પણ સુંદર ગોળ કુવા જેવી લાગતી હતી, દર્શન કરનારના મનને સુખ આપનારી થાય છે, ઘનશ્યામની કટિલંક ખૂબ જ સુંદર મનોહર છે સાથળ અને પિંડી ધ્યાન કરનારને ખૂબ જ પ્રિય લાગે ચરણ તળમાં સુંદર ચરણોચિત્તને ખેંચનારાં તેમાં ચિન્હો સહિત છબિ જોનારને ચિત્ત પરોવાઈ જતું હતું. તે ધર્મનંદન શ્રીહરિ પ્રભુની સુંદર મૂર્તિ સૌ જનના મનને ભાવતી હતી. તેના ગુણને નિત્ય પ્રત્યે ગાતા થકાં સર્વ સંતો મહંતો સહિત ભકતજનોથી શોભતા માર્ગમાં ભકતજનોના ગામોમાં રોકાણ કરતા વચ્ચે વચ્ચે વિશ્રામ કરીને સુંદરવર હરિ પુનિત પ્રભુ જેતલપુરધામ પ્રત્યે પધાર્યા.

ત્યારે ગામના ભાવિક ભકતો સૌ પ્રભુ પધારવાના સમાચાર જાણીને આનંદ પામતા થકાં સામા આવતાં હતાં. પ્રભુને ભેટ કરવા માટે હાથમાં ભેટ સામગ્રી લઈને પ્રભુ સન્મુખ આવીને દર્શન કરીને ભેટ અર્પણ કરી. તેમાં **આસજીભાઈ, જીવણભાઈ, કાકુદાસભાઈ, ગોપાલભાઈ, બાપુભાઈ** આદિ હરિભકતો જાણીને સુખ પામ્યા **ગંગાબા** આદિક બાઈ ભકત પણ ઉમંગથી પ્રભુના ગુણનાં કીર્તનોને ગાતાં હતાં. અનેક પ્રકારના વાજિંત્રો વગાડતાં સૌ આવતાં પુરષોત્તમ પ્રભુની મનોહર મૂતિના દર્શન કરતાં તે પુરની શોભા તો શું કહેવી ? એટલી બધી અદ્‌ભૂત હતી તરુ વેલી અરસપરસ સુંદર રીતે છવાયલાં શોભતાં હતાં. વિશાળ

પ્રમાણમાં સ્વચ્છ પાણીથી ભરપુર તળાવ જેમા સુંદર કમળો જેમાં ખિલેલાં શોભે છે એવું મનોહર સરોવરમાં જળ ભરેલું શોભે છે. દેવ સરોવરની પાળ ઉપર વિશાળતાથી સુંદર મહોલ શોભતો હતો. તે મનોહર રંગોથી રંગેલો તથા તેના સુંદર ગોખો સુંદર રીતે રચના કરીને બનાવેલા છે તેની રચનાના કારણે મનોહર શોભાથી ઓપી રહ્યો છે, તેનાથી સરોવર ખૂબ જ ઓપે છે, તે સ્વતઃ શોભાવાળો જાણે અક્ષરધામનો અક્ષર મહોલ જ ન હોય ? તેમ શોભે છે. શ્રી સ્વામિનારાયણ પ્રભુના યોગથી અતિ ઉત્તમ રીતે ઓપે છે. તે દેવ સરોવરના કાંઠે મહોલ રહેલો છે તેના લીધે જેતલપુર ગામની પણ શોભા વધે છે. દુકાનો અને સુંદર બજારોમાંથી ગામની શોભા વધારે થાય છે. ઘાટની શોભા ય સારી છે. **જેતલપુર**માં સૌ ભગવાનના ભકતો વ્યવસાયકો સારા પવિત્ર દેવ જેવા રહે છે, તે સૌ સ્વામિનારાયણ ભગવાનના નામનું ભજન કરે છે, અંતઃકરણમાં ધારણા કરીને ધ્યાન કર્યા કરે છે એવા સ્થિતિવાળા છે. સર્વ જગને વંદ્ય શ્રીજીમહારાજ તે મહેલમાં વિરાજતા હતા તેથી દેવો હંમેશા પ્રભુ ઉપર ચંદન અને પુષ્પની વર્ષા કરતા હતા, પ્રભુ પધારતા હતા ત્યારે રસ્તા ઉપર ઉભા રહીને ઘનશ્યામ પ્રભુની મનોહર મૂર્તિનાં દર્શન કરીને સ્ત્રીઓ પુર્ણકામ થતી હતી. શ્રીહરિ સર્વના નાથ સ્ત્રી પુરુષોના મનને ખેંચતા થકા સૌને સુખ આપવા માટે જ સુખકંદ પ્રભુ જેમના પ્રતાપનું કોઈ માપ જ નથી એવા, મહાપ્રભુ **જેતલપુર** ધામમાં ફરે છે. પુરુષોત્તમ પ્રભુ જેતલપુર ગામમાં પધારી પાવન કરીને મહાપ્રભુ સરોવર પાળે મહોલમાં પધાર્યા ત્યાં સુંદર પલંગ બિછાવી તૈયાર કરેલો હતો તેના ઉપર પ્રીતથી પધારીને વિરાજમાન થયા, લોકોના મનને આનંદ આપવા ઉમંગ વધારતા હતા.

મહાપ્રભુ ભીમ એકાદશી ઉપર પોતાની ઈચ્છાથી જ સ્વયં પધાર્યા સૌ જનો મહાપ્રભુની પ્રેમથી સેવા કરતા હતાં. સારાં ભોજનો ભાવથી બનાવીને જમાડતાં હતાં. જેતલપુરમાં જગતના પતિ લોકોના હિત માટે પોતાની ઈચ્છાથી જ જનોના ભવબંધન તોડવા તથા અનેક જન્મના પાપોને બાળવા. પ્રેમથી પુરને પવિત્ર કરવા બધા ભકતોના ઘેર ઘેર પ્રત્યે ઘનશ્યામ પ્રભુ થાળ જમવા પધાર્યા. લોકોને સુખી કરવા ભકતના ભાવ જોઈને સર્વેના મનોરથ પૂર્ણ કરવા જમતા હતા. શ્રી હરિ મહાપ્રભુ અક્ષર મહોલને પોતાનું નિવાસ સ્થાન માનીને નિત્ય પ્રત્યે રહેતા હતા અને પોતાના ભકતજનોની આશાઓને પૂર્ણ કરી સંસારના ત્રાસને અવિનાશી પ્રભુ હરતા હતા. પ્રીતમપ્રાણ પ્રભુ નિત્ય પ્રત્યે સરોવરનું સ્વચ્છ સુંદર જળ જોઈને તેમાં સ્નાન કરતા હતા. સર્વ સંત ભકતોની સાથે જળક્રીડા કરતા અને સૌ ભકતજનો દર્શન કરતાં હતાં. મહારાજ જેતલપુર ધામમાં રહેતા હતા ત્યારે સર્વે દેવો દર્શન કરવા માટે આવતા હતા, પ્રેમથી પ્રભુના ચરણકમળનું પૂજન કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સંતો અને ભકતોની મોટી સભા કરતા હતા, તે સભામાં જ્ઞાનની વાતો કરતા હતા, તે વાતોને સંતો અને હરિભકતો પ્રેમથી સાંભળતા હતા, તેનાથી સૌ નિભ્રાંતિવાળા થતા હતા આશંકાઓથી મુકત થતા હતા. મહોલની બાજુમાં મોટું આસોપાલવનું વૃક્ષ ઘાટી છાંયાવાળું શોભતું હતું તે અશોક નામના વૃક્ષની નીચે શુદ્ધ ગાદી તકીયા ઉપર મહારાજ વિરાજમાન થઈને સર્વના મનની આશાઓને પુરી કરતા હતા. પડખે સૌ સત્સંગીઓ બેસતા હતા, સૌ નર-નારી હરિભકતો પણ જગની રીતથી વિરકત થઈને બેઠા હતા તે સમયે એક સંત મહાપ્રભુની પાસે પ્રભુની પુજા કરવાના હેતુથી મોતીનો સુંદર ગુંથેલો હાર લાવીને શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો. તે હાર બનાવીને લાવનાર અદ્વૈતાનંદ મુનિ હતા.

તેમણે શ્રીહરિને પહેરાવ્યો ત્યારે જગવંદ્ય મહારાજ શ્રીમુખે મધુર વચનો કહેવા લાગ્યા, અમે એનાથી રાજી નથી થતા કેમ કે, આવો હાર ધરાવો ત્યારે કોઈ ચોર પાપી ચંડાલ હાર જોઈને અમારો પ્રાણ લેવાનો પ્રયત્ન કરે કેમ કે નકલી હારને સાચો જાણીને બધાજ વસ્ત્રો અને આભુષણો લૂંટીલે એવા વિચારથી અમે આને પાસે નથી રાખતા, એમ હરિ ધીરે રહીને કહેતા હતા. ચોર લોકો આ હારને સાચા માની મારા મારી કરીને લૂંટી જાય એકારણથી હે મુનિરાજ ! આ વિચાર કરીને પ્રથમથી જ ત્યાગ કરી દઈએ છીએ. આ હારનો અમે આ અમારા વચનને સાચું માનીને જેમની પાસે હારો હોય તે તમે સૌ સમજીને અમારી પાસે લાવો, આવી રીતે મહારાજનાં વચનો સાંભળીને જે સુંદર હારો બનાવેલા, તે સૌ સંતો બધાજ હારો મહાપ્રભુ પાસે લાવીને આપ્યા. ઘનશ્યામ પ્રભુએ સૌ સત્સંગીઓ આ બધાય હારને આપ્યા અને કહ્યું કે આ તો ગૃહસ્થની રીતના હારો છે તો આ રીતે મુનિજનો એ કયારે પૂજા કરવાનો વિચાર ન કરવો, આ રીતે શ્રીહરિએ પૂજાની રીત બંધ કરાવી સંતોને આવા જોખમવાળા હાર ન રાખવા આવી રીતે મહારાજ અલૌકીક લીલાઓ કરતા હતા એવામાં ભીમોત્સવ પૂરો થવા આવ્યો.

તે જ દિવસે **જેતલપુર**થી ઉત્તર દિશામાં તળાવની પાળ ઉપર વડના વૃક્ષો ઘટાદાર મોટા વૃક્ષો હતાં તે વૃક્ષની પૂર્વ દિશા તરફની મોટી ડાળમાં હરિભકતોએ મળીને મોટો હિંડોળો બાંધ્યા હતો તે હિંડોળામાં સુંદર શોભા કરતા હતા. હિડોળામાં ગોખો બનાવીને શુદ્ધ સોનાની જાળીઓ બનાવીને જડતારની શોભા કરી હતી તે ભકતજનોનો ભાવ જોઈને ભયહરન પ્રભુ હિંડોળામાં વિરાજમાન થઈને શોભતા હતા.

જયારે શ્રી ઘનશ્યામ પ્રભુ હિંડોળામાં ઝુલતા હતા ત્યારે તરત જ મુનિજનો ત્યાં આવ્યા અને સુંદર કેશર ચંદન તૈયાર કરીને લાવ્યા તે સારી રીતે અર્ચા કરીને પુરુષોત્તમ પ્રભુને આનંદ ભર્યા મનથી પૂજતા હતા. સુંદર પુષ્પનો હાર બનાવીને લાવ્યા હતા તે પ્રભુના કંઠમાં પહેરાવીને રાજી થયા, પછી પ્રભુની આરતી કરતા હતા આ જોઈને મુનિનાથ સર્વના મનને આનંદ કરાવતા હતા. પછી સૌ હરિભકતોએ પ્રભુ પાસે આવીને પૂજન કરવાની પ્રાર્થના કરી પૂજનની આજ્ઞા થઈ ત્યારે વસ્ત્રો ધારણ કરાવ્યા હાથમાં સોનાના કડાં ધરાવ્યાં, શ્રીહરિ મંદમંદ હાસ્ય કરીને સર્વને સુખ આપતા હતા. તે સમયે હરિના મુખમાં દાંત દાડમની કળી સમાન દાંત ચમકતા હતા. આકાશમાં જેમ વીજળી ઝબુકે તેમ ચપળ નયન ચમકતા હતા. સર્વ અંગો ઉપર વસ્ત્રો આભૂષણોને ધારણ કરીને દર્શન આપતા હતા મહાપ્રભુ હિંડોળામાં ઝુલતાં હતા ત્યારે, રેશમની દોરી ઝાલીને સંતો ઉમંગથી ઝુલાવતા હતા,આવી શોભાના અનેક નરનારીજનો દર્શન કરતાં હતાં હરિની છબીને સૌ ઉરમાં ધારણ કરતાં હતાં. શ્રીહરિના દર્શન કરવા માટે બ્રહ્મા, શંકર આદિક સૌ દેવો આવતા હતા, મહાપ્રભુને સર્વોપરી માનીને બ્રહ્માદિક સૌ નિર્દોષ અને નિર્ગુણ માનતા હતા. શ્રી હરિને દંડવત્ પ્રણામ કરીને પ્રભુના નામ જપતા હતા સૌના પાપને પ્રભુ હરી લેતા હતા બ્રહ્માજી મહાપ્રભુને વિનંતી કરીને સ્તુતિ કરતા હતા હે સર્વોપરી ! સર્વના મનને આનંદ આપનારા આપનો જય જય થાઓ. નિરંજન એવા આપ કોઈને ન ઓળખાતા સર્વેને આંજનારા સર્વની ઉપર બ્રહ્મપુર ધામમાં આપ વસો છો, એવા હરિ મંદ હાસ્ય કરીને સૌના મનને ખેંચો છો. હે પ્રભુ ! આપ કરુણા કરીને અમારી ઉપર કૃપા કરો અમારા સર્વે પ્રકારના તાપને હરો આપનો જશ સાચો જ છે આપના ચરણરજને અમે અમારા ઉરમાં ધારણ કરીએ છીએ. હે પ્રભુ ! આપ સર્વ અવતારના ધરનાર અવતારી છો, દયા કરીને લોકોનાં કલ્યાણ કરવા તથા ભકતજનોનાં સર્વ પાપોને હરનારા ધરા ઉપર

દઢ ધર્મ મર્યાદા સ્થાપો છો. હે પ્રભુ ! આપનો આ ભરત ખંડમાં જન્મ થયો ત્યારે બધે જ મંગલમય આનંદ થયો અને અસુરજનોના મનમાં ખૂબ જ ત્રાસ થવા લાગ્યો હતો અને ભુમંડળમાં ભકિત લગારે રહી જ ન હતી. પ્રાગટય સમયે દેવો, સંતો, ભકતોના મનમાં ખૂબ આનંદ આનંદ થતો હતો સૌ ગુણનું ગાન કરતા હતા કોટરા આદિક બાલગ્રહો આવીને નાના બાળ પ્રભુને ઉપાડી ગઈ ત્યારે તેનો આપે દષ્ટિથી જ નાશ કર્યો. કેટલાક સમયે કાલિદત્ત આપને મારવા આવ્યો તો તેનો પણ આપે કાળરુપ થઈને પ્રાણ હરી લીધો ત્યાર પછી પિતા પાસેથી ઉપવિતને ધારણ કરીને વેદ આદિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને મહાજ્ઞાતા થયા.

હે મહાપ્રભુ ! આપ વનમાં વિચરણ કરીને જગતનાં બધાં જ તિર્થોને પાવન કર્યાં, આવી રીતે આપની ગતિને જોગીઓ કે આગમો  નથી જ જાણતા એવાં અલૌકિક ચરિત્રો કર્યા **લોજપુર**માં પધાર્યા પછી **રામાનંદ સ્વામીના** ગુણ જાણીને ગુરુ કર્યા, ઉદ્ધવ સંપ્રદાયના મતના ધર્મોપદેશક થયા. લોકોને ધ્યાન ધરાવીને સમાધિ કરાવી તે સમાધિમાં સૌ નર-નારીજનોએ આપને સર્વોપરીપણે ઓળખ્યા. જગતમાં જપયજ્ઞોમાં વિષ્ણુયાગો કરી જયજયકાર કરાવ્યો દેવોના દિલમાં આનંદ વધાર્યા. હે પ્રભુ ! આપ નિત્ય નવાં નવાં ગામોમાં વિચરણ કરીને લોકોના મનમાં આનંદ અપવા એમના ઘરોમાં પધારીને સુખ આપો છો, આવી રીતે આપે અપાર નર-નારીનો ઉદ્ધાર કર્યો એવા સર્વોપરી અને સર્વાંતર્યામી સર્વના કારણ ઘનશ્યામ પ્રભુ આપ જ છો. આપ ધામોમાં મોટા ઉત્સવ કરીને નિત્ય પ્રત્યે લોકોના કલ્યાણ પધાર્યા છો, અનંતનો ઉદ્ધાર કરનારા છો, મોટા મોટા ઉત્સવો કરીને લોકોનાં હિત કરવા જ કરો છો, આપ અગણિત લીલા કરીને સૌને ખૂબ જ સુખ આપો છો. હે મહાપ્રભુ ! જયારે આપના ધામમાં પધારો ત્યારે અમારા બધા જ લોકમાં પગલાં કરવા પધારજો અમારી આટલી વિનંતીને ધ્યામાં લેજયો. હે કરુણાનિધી ! એટલી કૃપા અમારી ઉપર જરુર કરજો.

હે મહાપ્રભુ! અમારા ઉરમાં સદાય નિવાસ સદાય કરીને રહો, હે પ્રભુ ! અમે બધા જ આપના દાસ છીએ શ્રી હરિ સર્વ દેવોની અરજને સાંભળી સર્વના પાપનો નાશ કરનાર એવા બ્રહ્માને નિયમન કરનારની યોગ્ય સંમતિ આપી. દેવોની અરજ સાંભળીને વરદાન આપતા હતા, દેવો આનંદ પામતા હતા, પછી તે સર્વે મહારાજને દંડવત્ પ્રણામ કરીને સર્વ દેવો ઈશ્વરો પોત-પોતાના સ્થાન પ્રત્યે ગયા. આ બાજુ સર્વે નરનારીઓ શ્રીહરિને નીરખીને દર્શન કરતા હતા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુને સર્વોપરીરુપે ઓળખતા હતા. પ્રભુને પુરમાં પધરાવીને પૂજન કરતા હતા સૌ નર-નારી આતુરતાથી દર્શન કરતાં હતાં. આવી રીતે અવતારના અવતારી પ્રભુએ સૌને સુખ આપ્યાં. કરુણામૂર્તિએ કરુણાલયમાં કરુણા કરી સર્વ ભકતજનોની સેવાને અંગિકાર કરીને અજ્ઞાનનો નાશ કરીને તરત જ સૌને પરમ સુખ આપ્યું. આવી રીતે જગદીશ મહાપ્રભુ **જેતલપુર**માં મહા મોટો ઉત્સવ કર્યો અને જનતારણ પ્રભુએ જેતલપુરના લોકોને સુખ આપીને કલિ કાળના ત્રાસને દૂર કરતા હતા. ભકતજનોના ઘેર જનસમુદાયની સાથે શ્રીહરિ રહેતા હતા થાળ તૈયાર કર્યો ત્યારે મહાપ્રભુ હેતથી લોકોના મનને આનંદ કરવા જમતા હતા, મહારાજ **જેતલપુર**થી નીકળીને **ડભાણ** પ્રત્યે પધાર્યા ત્યારે ડભાણના સર્વે નરનારીજનો સામા વધાવવા આવ્યાં, મહાપ્રભુનું સ્વાગત ધામધૂમથી કરીને પુરમાં પધરાવતાં હતાં. ભકતજનોને ઘેર શ્રીહરિ **ડભાણ**માં રહેતા હતા. થાળ તૈયાર કર્યો ત્યારે મહાપ્રભુ હેતથી લોકોના મનને આનંદ આપવા થાળ જમતા હતા, એક દિવસ રોકાઈને પછી **વડતાલ** ધામે પધાર્યા, ભગવાનને આવેલા જોઈને ગામના લોકોના

મનમાં ખૂબ જ આનંદ થતો હતો. **વડતાલ** ધામમાં **જોબન પગી**ના ઘેર પ્રેમ કરીને પધરાવતા હતા. પ્રાણ પતિને પધરાવીને ખૂબ જ આંનદ પામતા હતા, સુંદર રસદાર રસોઈ બનાવીને શ્રી હરિને જમાડતા હતા, ત્યારે ગુણીજનો સૌ શ્રી હરિના ગુણચરિત્રોને ગાતાં હતાં. મહારાજ **વડતાલપુર**માં કેટલાક દિવસ નિવાસ કરતા હતા, પોતાના આશ્રિત ભકતજનોને બહુ જ સુખ આપીને પછી મહારાજ ત્યાંથી પ્રયાણ કરીને માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાઈને ગઢપુર ધામે પધારતા હતા. શ્રી હરિ **વડતાલ**થી નીકળીને માર્ગમાં આવતા ગામોમાં પધરામણી કરીને ભકતજનોની આશાઓ પૂરી કરીને **ગઢપુર** ધામે પોતાના નિવાસે અક્ષર ઓરડીયે પધાર્યા. **ગઢપુર**માં રોકાઈને શ્રી હરિ **પ્રાગજી દવે** પાસે કથા વંચાવતા હતા **ગઢપુર** ધામમાં મહાપ્રભુ અવિનાશી આશ્રિતજનોને આનંદ આપતા હતા.

ગુણવંત મહારાજ ગઢપુરથી સંતો ભકતોની સાથે જેતલપુર ધામે પધાર્યા જેતલપુરની શોભા જોઈને ભગવાન પ્રીતમ પ્રાણ પ્રભુ બહુ જ સુખ પામ્યા. જેતલપુરમાં રહીને ભીમ એકાદશીનો મહામોટો હિંડોળો બનાવીને તેમાં મહાપ્રભુને ઝુલાવ્યા મોટો ઉત્સવ કર્યો તેમાં જગતના નર-નારીજનોનો ઉદ્ધાર કર્યો મહાપ્રભુએ સુખકારક દર્શન આપ્યા. મહારાજ ગઢપુરથી જેતલપુર પધાર્યા આમ લીલા કરીને તેનું ગાન કરતાં તેરમો તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ જેતલપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો એનું વર્ણન કર્યું એ નામે આ તેરમો તરંગ પૂર્ણ થયો ॥ ૧૩ ॥**

# તરંગ-૧૪

આનંદ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે પોતાના સંતાનમાં (સરસ્વતીમાં)કામ વાસનાથી લોભાયેલા એવા બ્રહ્માજી એમના પુત્ર ધર્મદેવ તે ધર્મદેવના પુત્ર શ્રી હરિ તે ભૂમંડળ ઉપર વિચરણ કરે છે. એ મહા પ્રભુની મનોહર લીલા મને કહો હે અવધપ્રસાદજી મહારાજ ! આપ તો મહાપ્રભુના પુત્ર જ છો તેથી આપ વિગતથી મને કહો.

ગુરુ અયોધ્યાપ્રસાદજી કહે છે કે હે આનંદસિંહ રાજન ! સૂર્યવંશના તમે રાજા છો તેથી તમે હેતથી ભગવાનના ચરિત્ર સાંભળવા માટે પ્રશ્ન પૂછયા છે, તે પ્રભુના સેવક સૂર્યનારાયણ અવનિમાં ફરીને લોકોને સુખ આપે છે. એ સુર્યનારાયણ મહાપ્રભુના લીલા ચરિત્રો ગાય છે ચરણનું સેવન કરે છે. તે સુર્યનારાયણ ભગવાનના અંશભુત છે અને હંસની માફક જગતમાં સાર - અસારનો વિભાગ કરે છે એ હંસપતિ શ્રી ઘનશ્યામ પ્રભુના ચરિત્રો સંભળાવું છું તે સાંભળો. ગુણના સાગર મહાપ્રભુ સહજાનંદ સ્વામી **ગઢપુર**માં નિવાસ કરીને નિત્ય પ્રત્યે જ્ઞાનની વાતો કરતા હતા, તે ધર્મ જ્ઞાન વૈરાગ્ય સાથેના ઉપદેશને સંતો હરિભકતો સૌ સાંભળતા હતા. કમલનયન મહાપ્રભુ **પ્રાગજી દવે** પાસે કથા વંચાવતા હતા. આવી રીતે ચાતુર્માસમાં **ગઢપુર** ધામે નિવાસ કરીને પ્રગટ પ્રભુ સુખ આપતા હતા. પછી શ્રીહરિ સર્વના નાથ દૃઢ નિર્ણય કરીને પ્રીતથી ગઢપુરથી **વડતાલ** પધાર્યા તે સૌને જાણ થઈ ગઈ ત્યાર પછી ત્યાં સર્વ સંતસંગીઓને તેડાવ્યા તે સૌ દેશો દેશથી અનેકોની

સંખ્યામાં હરિભક્તો આવ્યા. પછી સર્વ સંત સમુદાયને મહારાજે પોતાની પાસે બોલાવ્યા તે સંતો પણ આનંદ પૂર્વક **વડતાલ** ધામે આવ્યા જયારે સંતો અને હરિભક્તો આવી ગયા ત્યારે સભા કરીને શ્રી હરિ સ્વમુખે જ્ઞાન, વૈરાગ્ય યુકત ભક્તિનો તેને સૌ સંતો ભકતજનો સાંભળતા હતા. સૌ પુરુષોત્તમ પ્રભુમાં ચિત્તને પરોવીને અધર્મ સર્ગ એવા કામક્રોધ આદિક અંતઃશત્રુઓનો ત્યાગ કરીને મુકત કરવા માટેની વાતો કરતા હતા એમ કરતા કેટલાક દિવસો ગયા ત્યાં દિવાળીના દિવસોમાં અન્નકૂટનો સમય નજીક આવ્યો તેથી અન્નકૂટ ઉત્સવ કરવાનો નિરધાર કર્યો.

હે રાજન ! તે ઉત્સવમાં સંતો, હરિભક્તો સૌ આવી ગયા એ જોઈને મહાપ્રભુએ હરખાતા થકા અનેક પ્રકારના પાકો અને શાકો બનાવ્યાં, તે બધાનાં નામ કહું છું, હે રાજન ! તમે સાંભળો. સુંદર પાક શાળા તૈયાર કરાવરાવીને હે રાજન ! અનેક ભકતજનોએ ભેગા થઈને **પેંડા, પતાસા, ભજીયાં, પુરી, શીરો, લાપસી** આદિ અનેક પ્રકારનાં પકવાનો બનાવ્યાં. શ્રી હરિએ અન્નકૂટમાં પકવાનો બનાવ્યાં તેમાં **પુવા, માલપુવા,સાકર ઘીમાં બોળેલી પુરણ પોળી મગસ, મેશુબ, માવાની મીઠાઈઓ, મોતીચુરના લાડુ મગદળ** આદિક બનાવ્યાં. મનને આનંદ આપે એવા **મોહનથાળ દલ** સહિત **દહીં થરિયાં** બનાવ્યાં **બદામ, ચારોળી** વિગેરે નાખી **ધૃતપાક** કર્યો, **હલવો** સુંદર બનાવ્યો આ રીતે પકવાનો બનાવ્યાં. **સાટા, સેવો, સેવદાળ** સારી રીતે બનાવ્યાં, **પુરી** બનાવી, રસથી ભરપૂર બનાવ્યાં **બિરંજ, સુંદર બાસુંદી, દૂધપાક,** સારી રીતે ખાંડ નાખીને શિખંડ બનાવ્યા. **જલેબી શક્કરપારા** ઘી થી **ભરપુર ઘેબર** તથા **લાડું** બનાવ્યા, **કંસાર** સારી સાકર નાખેલા બનાવ્યા. **પાપડ, પુડલા, સુંદર પોળી** બનાવી. હે રાજન ! **કેળા** અને **પાળી સાકરવાળા** બનાવ્યાં તે બધાં જ ઘીથી ભરપૂર મનને આનંદ કરનાર પ્રભુ જમ્યા, વ્યંજનોમાં **વંતાક, વાલ,પરવર, પાપડી, વાલોર, રતાળા તૂરિયા, ગલકાં** વિગેરે કર્યા **ભજીયાં** ખૂબ જ મન ભાવતાં બનાવ્યાં **રાયતા,** રાય તેલથી છમકાવેલાં વઘારેલાં તૈયાર કરાવરાવ્યાં. **સાકરયુકત દુધને ભાત** તથા **છમકારેલી અડદદાળ** દહીં ને સાકર વાળા ભાત જગતના નાથ પ્રભુને જમવા પાસે ધરાવ્યા. આવી રીતે અનેક પકવાનો તૈયાર કરાવરાવ્યા, **અથાણાં**થી ભરેલાં પાત્રો આગળ મૂકયાં બધાં પદાર્થોના થાળો ભરી ભરીને કટોરા વગેરે તૈયાર કરીને જગદીશ પ્રભુની ચારે બાજુ મૂકયા. હે રાજન ! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પાકો અને શાકા સર્વ જન સમુદાયની વૃત્તિને હરતા થકા જમતા હતા, તેથી સૌ જન સર્વોપરી ભગવાન માનતા હતા, આવી રીતે મહારાજ ભકતજનોને દર્શન દેતા. લોકોના કલ્યાણ કરવાના માટે મહાપ્રભુ જમતાં જમતાં સ્વાદુ વસ્તુ બીજાને જમાડતા હતા, મહારાજ બહુવાર સુધી જમ્યા શ્રી હરિ અન્નકૂટને જમવા અગણિત હાથો વડે જમતા હોય તેમ લોકોને દર્શન થયાં. પ્રભુઆવી રીતે જમતા દર્શન દેતા હતા જમતા થકા જાણે જગત જાળ હરતા હોય ને શું ? શ્રીહરિ જમીને સૌ સંતજનોને પંકિત કરીને જમાડતા હતા. પુરુષોત્તમ નાથ પીરસતા હતા તે જોઈને મુનિજનો ધન્ય ભાગ્ય માનીને દર્શન કરીને જમતા હતા, આવી રીતની લીલાની વાતને જો કોઈ જન જાણે, સાંભળે, ગુણને ગાય તે જ સાચો જ્ઞાની છે.

આવા પ્રભુના ચરિત્ર સિવાય જગતમાં કોઈ સાર છે જ નહિ તમે સૌ જનો જાણતા હતા, આ ચરિત્રોને ગુણવાન સંતો ગાતા હતા જે શ્રદ્ધા સહિત સાંભળે તેને પણ આનું ખૂબ જ ફળ થાય છે આમ સંતોને ચાર વાર ફરીને જમાડીને ખૂબ જ રાજી કર્યા અને પ્રભુ પોતાના મનમાં રાજી થયા. જયારે સંતો જમી રહ્યા આમ જાણતા હતા ત્યારે અતિ મોજ કરાવીને મહા દર્શન સુખ અપતા હતા. આવી રીતે **વડતાલ**માં મહારાજ સુખ આપતા

હતા. લોકોના અને સંતોના સુખની ખાતર સુખદાઈ દર્શન સુખ આપીને આનંદ કરાવતા હતા. પછી શ્રીહરિ સૌ સંતોને કહેતા હતા કે તમારે અમારા દર્શન કરવાની જયારે મનમાં રુચિ થાય ત્યારે તરત જ દર્શન કરવા આવજો, અમે તમને દિવસ નક્કી કરીને કહેવરાવીશું ત્યારે આવવું. આવી રીતે કહીને સુખ આપતા હતા, ગુણવાન સંતો જેમના ગુણના કીર્તનો તથા ગાથાઓ ગાયા જ કરે છે એવા પ્રગટ પ્રભુ ચાલવા માટે ઉતાવળા થવા લાગ્યા આવી રીતે જગવંદ્ય પ્રભુ **વડતાલ**માં પોતાના એકાંતિક સંતોને મહા સુખ આપીને પછી **ગઢપુર** ધામમાં શ્રી સહજાનંદ સ્વામી દર્શન આપવા પધાર્યા હતા. પોતાના ભકતજનોને સાચા મનવાળા પ્રેમી જાણીને પોતાનો નિવાસ સ્થાન અક્ષર ઓરડીમાં રહેતા હતા, આવી રીતે કરોડો કામદેવને મોહ પમાડે એવા મનોહર મૂર્તિના બ્રહ્મા, શિવ, શારદા ગુણ ગાયા જ કરે છે, આવી રીતે ગઢપુરમાં મહાપ્રભુ એક માસ રહીને ચપલ મનવાળા લોકોના ચિત્તને આનંદ કરનારા **પિપળીયા** પધાર્યા, ત્યાંની ભૂમિના પાપના ઓઘને શાંત કરવા તે ભકતના પુરને પાવન કરવા પધાર્યા. તે પુરના પવિત્ર ભકતજનો મહાપ્રભુને સામે તેડવા માટે ગયા ઘનશ્યામ પ્રભુને ગામમાં લાવીને સ્વચ્છ મકાનમાં ઉતારો કરાવતા હતા. ભાવિક ભક્તોએ ભોજન તૈયાર કર્યાં, ત્યારે તે ભકતજનના ભુવનમાં મહાપ્રભુ ભગવાન ભયને હરનારા મહારાજ થાળ જમતા હતા, આ રીતે ભકતજનોની ભાવનાને પૂર્ણ કરતા હતા, શ્રી હરિ મહાસુખ આપતા હતા. સર્વ જન સમુદાયને જોતાં થકાં જ જગતના નાથ મહારાજ થાળ જમતા હતા પછી પ્રાણનાથ પ્રભુ પ્રેમીજનના ચિત્તને ખેંચતા થકા મુનિજનોને જમાડતા હતા અને સંતજનો પ્રભુના ગુણને ગાતાં થકાં જમતા હતા પછી ગુણવાન મુનિજનો ગુણસાગર પ્રભુના ગુણને ગાતાં થકા ગાન કરતા હતા. પ્રભુ સંતોને જમાડીને પછી તૈયાર કરેલા પલંગ ઉપર વરાજમાન થયા ત્યાર પછી રાત્રે શયન કરીને નિદ્રાધીન થયા. રાત વિતી પ્રભાત વેળા થઈ એટલે જાગૃત થયા તૈયાર થઈને ગાતા વાતા મહાપ્રભુ મુનિજનોની સાથે **ગુડેલગામે** પધાર્યા.

પ્રભુ પધાર્યા આ વાત પુરના લોકોએ સાંભળી એટલે બધા જ ભકતજનો સાથે મળીને ઘર-બારની આશા છોડીને પ્રભુના સ્વાગત માટે સામા ગયા, નેત્રોથી પ્રભુને નીરખીને મનમાં ખૂબ જ આનંદિત થઈ ગામમાં પધરાવ્યા, સારો ઉતારો કરાવીને મહાપ્રભુને સંતો ભકતોની સાથે જમાડતા હતા પૂજા કરીને ધન અર્પણ કરીને સુખ પામતાં હતાં. મુકતાનંદ મુનિએ ત્યાં આવ્યા મહારાજને દંડવત્ પ્રણામ કર્યા ત્યાર પછી મહાપ્રભુ સંતોને ભેટીને મળતા હતા, લાંબા સમયના વિયોગના તાપને શાંત કરતા પ્રભુને ભેટીને અતિશય દુઃખને ભૂલતા હતા. પછી મહારાજ સર્વ મુનિજનોને સાથે લઈને **વડતાલપુરમાં** પધાર્યા ગામના લોકોને ખબર મળ્યા કે વિશ્વાધાર પ્રભુ મોટા સંત મંડળ સાથે પધાર્યા છે ત્યારે તે પુરના ભકતજનો પ્રેમભાવ વાળા **પટેલ ભકતો** તથા **પગી સમાજ**મા સારા સમજુ એકાંતિક ભકત બુદ્ધિવાન **જોબનપગી** આદિક સૌ સામા આવ્યા અને અનેક સંતો ભકતોની સાથે મહારાજને **વડતાલ** પુરમાં લાવ્યા પ્રેમી ભકત મહા પ્રભુને પોતાના ઘેર લઈ ગયા સર્વના નાથને નીરખીને દર્શન કર્યા પૂજા કરીને પછી રસોઈ કરીને જમાડયા. સારા ગુણવાળા સંતો ભકતો હરિના ગુણોને ગાતા હતા. જમીને પછી જગતના ત્રાતા સૌ સંતો ભકતોને પંક્તિમાં બેસારીને જમાડતા હતા, સારી રીતે જમાડીને પછી મહારાજ વીરાસને વિરાજમાન થયા કમલનયન પ્રભુ દર્શન આપીને કામક્રોધ મદ-મત્સર માન આદિ સર્વ દોષોને મારતા હતા. વેદ શાસ્ત્રના પ્રખર વિદ્વાન એવા મુકતાનંદ સ્વામીને શ્રી હરિએ અનેક સંતોની સાથે **અમદાવાદ** પુરમાં મોકલ્યા. ભકતજનો સમાચાર જાણીને પાસે

આવતા હતા. સર્વ સંત જનોની સાથે અનાથના નાથ મહારાજ સહજાનંદ સ્વામી વાજતે ગાજતે ઘોડાઓની સવારીની ધુમરીમાં પુરમાંથી ગુણ ગાતા થકાં છંદો ઉચ્ચારતા થકાં ખૂબ જ સન્માનની સાથે **નારાયણગર નામના સાધુની** જગ્યામાં પધાર્યા એમની સેવામાં ખાસ સેવકોને હાજર રખાવ્યા તથા સાકરના પાકાં સીધા આપ્યાં સારી રસોઈ કરાવીને જમાડયા પછી પલંગ તૈયાર કરાવીને પલંગ ઉપર પધરાવીને પ્રીતથી શુભ સમાચાર પૂછતા હતા.

આનંદ રાજન પૂછે છે હે અવધપ્રસાદજી મહારાજ ! તે વેદાંતી આચાર્યએ કેટલા પ્રશ્નો પૂછયા તે પ્રશ્નો મને કહી સંભળાવવા કૃપા કરો તો મને જ્ઞાન થાય.અવધ ગુરુ કહે છે : હે આનંદ રાજન ! તે વેદાંતી પંડિતને મહાપ્રભુ પ્રથમ પ્રશ્ન પૂછતા હતા કે સુષુમ્ણા નાડી છે તે દેહમા કેવી રીતે રહેલી છે અને દેહની બહાર કેવી રીતે રહી છે. તે બધી જ વાત સુંદર રીતે વર્ણન કરીને વિધી પ્રમાણે સમજાવો અને આ દેહની જાગૃત આદિક ચાર અવસ્થાઓ કહેવાય છે તે એક એકમાં બીજી ચાર ચાર અવસ્થાઓ રહેલી છે તે તમો વિગતવાર સમજાવીને કહો. પ્રણવનું સ્વરુપ કહો જે સ્વરુપને વેદ પુરાણોમાં ખૂબ જ વખાણીને કહેલું છે તે તમે મહાજ્ઞાતા વિદ્વાન છો તો વિસ્તાર કરીને અમને સમજાવો, દષ્ય અને દષ્ટાનું સ્વરુપ કેવું છે તથા વેદની ઉત્પત્તિ કોનાથી થઈ શું વિરાટથી વેદની ઉત્પત્તિ થઈ કે શું મહાવિષ્ણુથી ઉત્પત્તિ થઈ ? તે વિગતવાર કહો. શું વૈકુંઠ નાથ થકી વેદ ઉત્પન્ન થયા શ્વેતદ્વીપ વાસી વાસુદેવથી થયા કે શું ? અક્ષર થકી વેદની ઉત્પતિ થઈ તે કહો, કે શું પરબ્રહ્મ પુરુષોત્તમથી પ્રસિદ્ધ વેદો થયા કોના થકી વેદ પ્રગટ થયા તે બધુ જ વર્ણન કરીને વિગતવાર કહો કેમ કે તમે તો વેદાંતી ગુરુ કહેવાઓ છો માટે વેદો નિગમોની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે બધું અમને કહી સંભળાવો. શ્રી હરિએ જીણા તત્વજ્ઞાનવાળા ખૂબ જ ગહન પ્રશ્ન પુછેલા હતાં તે વેદને પ્રમાણે પ્રશ્ન સાંભળીને મહારાજના રહસ્યને નહી જાણનારો અભિમાની વિદ્વાન લાજ જતી રહી એમ જાણીને. શ્રીહરિ પાસે ખૂબ જ જાતજાતના દાવા કરીને બહાના કરીને વિદાય લઈને ચાલતો થયો ત્યારે મહાપ્રભુએ તે વેદાંતિને એકસો મહોરો આપી પોતાનું દયાળું બિરુદ બતાવ્યું. તેમ છતાય દુષ્ટ બુદ્ધિવાળો વેદાંતિ દૂર જઈને શ્રીહરિ મહાપ્રભુની નિંદા કરવા લાગ્યો. શ્રી સહજાનંદ મહાપ્રભુ **ગઢપુર**થી નીકળીને **વરતાલ** અને અન્નકૂટનો મોટો ઉત્સવ કર્યો અને શ્રીહરિએ સંતો ભકતોને ખૂબ જ જમાડીને રાજી કર્યા.

પછી વેદાંતિનો આચાર્ય આવ્યો તેની સાથે વાદ વિવાદ કર્યો ત્યારે પ્રભુએ એણે લાજ વગરનો કર્યો, હરાવ્યો રજા લઈને દૂર જતો રહયો, ઘમંડીનું પરાક્રમ ઉઘાડું કરી નાખ્યું. આવી રીતે ઘમંડી ખળની ભ્રષ્ટ મતિ હતી તે ઉઘાડી થઈ ગઈ તેથી મનમાં પીડાતો થકો વિદાય લઈને ગયો અને પ્રભુની નિંદા કરી આ રીતે આ ચૌદમું તરંગ શ્રીહરિલીલાસિંધુની લહરીના રુપે પૂર્ણ થયું

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ વેદાંતાચાર્યની સાથે ચર્ચા કરી એનું વર્ણન કર્યું એ નામે આ ચૌદમો તરંગ પૂર્ણ થયો ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મેઘ સમાન મુખકમળવાળા પાપના મહા ઓઘનો નાશ કરીને અજ્ઞાનના અંધકારને હરનારા, સૂર્ય સમાન લક્ષ્મીજીને હાથમાં રાખનારા, એવા મહાપ્રભુનું જે ધ્યાન કરે છે તે જ પ્રભુ સૌને ધારણ કરે છે પર્વત થકી જેમની ઉત્પત્તિ થઈ છે એવા પાર્વતીજીના પતિ મહાદેવજી તે હંમેશા પ્રભુના ગુણને ગાયા જ કરે છે એવા તે મહાપ્રભુ, પક્ષીઓ જેના આશ્રયે રહે છે એવા વૃક્ષની નીચે સંતગણની સાથે બેઠેલાં તે શ્રી સહજાનંદ સ્વામીએ વડતાલમાં રહીને જે પવિત્ર ચરિત્રો કર્યા તે બધાં જ મને વિસ્તાર કરીને પ્રેમપૂર્વક કૃપા કરીને કહો.

અવધપ્રસાદગુરુ કહે છે હે આનંદસિંહ રાજન ! પર્વત સમાન ગંભીરતાવાળા પ્રભુ રાક્ષસની સાથે યુદ્ધ કરીને પૃથ્વીને મુકત કરનાર વરાહ પ્રભુ પૃથ્વીને બહાર લાવ્યા એવા પ્રભુ ભૂમિના ભારને હરવા અવતારો ધરે છે. અને અનેક ગામોમાં વિચારે છે તે મહાપ્રભુની લીલા તે તમને કહું છું આ પ્રભુની લીલાને તો કોઈક જ લખી શકે તે મહાપ્રભુના કલ્યાણકારી ચરિત્રો કહું છું. શ્રી હરિ તે વેદાંતીને વેદના સાર ભૂત પ્રશ્નો પૂછયા પણ તેના ઉત્તરો ન કરી શકયો એવો મંદ મતિવાળો ઘમંડી ત્યાંથી કાળું મુખ કરીને ચાલતો થયો દૂર જઈને ઘનશ્યામ પ્રભુની નિંદા કરીને નીચતા બતાવી પછી પત્ર લખીને પ્રગટ પ્રભુની ઉપર મોકલાવ્યો તે પત્ર વાંચીને કમલનય શ્રીહરિએ મુકતાનંદમુનિને તથા નિત્યાનંદ મુનિને પોતાની પાસે બોલાવ્યા હતા.

પછી શ્રીહરિએ ભણેલા વિદ્વાન સંતોને તે અશુભ પત્ર બતાવ્યો, સંભળાવ્યો અને તે સાંભળીને સૌ સંતો શ્રી હરિને કહે અમે ત્યાં જઈને આની ઉપર રોક લગાવીએ **નડિયાદ** ગામ તો નજીકમાં છે ત્યાં જઈને અમે રોક કરીએ એને અમે રોકાવીશું. ત્યાં જઈને તે વેદાંતીનું વધારે પડતું અપમાન કરાવીશું, અમે શાસ્ત્રાર્થ કરીને પાપીના દિલમાં ડરાવીશું તો જરુર શાંત થશે આવી રીતે સંતોએ વાત કરી. મુનિઓએ જઈને તેની ઉપર વધારે કડક થઈને આકરા કઠીન શબ્દો બોલ્યા એટલે એનું માન તૂટયું ત્યારે પસ્તાવા લાગ્યો અને સહજાનંદ સ્વામીના તે સાચા સંતો જાણીને નમ્ર વાણીથી વિનંતી કરતો હતો હે સંતો ! હું તો લુણ હરામી થયો પ્રભુની સમાન કોઈ ન થઈ શકે, કેમ કે મારાથી ભૂલથી મુખેથી નિંદા થઈ ગઈ છે, તેને આપ મનમાં કાંઈ ન રાખશો. હે મુનિ ! મારાથી જે કાંઈ પ્રભુનુ જખમ થયું છે તેતે આપ જરૂર સુધારી લેજો એ અમારી વિનંતી છે. હે સંતો ! હવે કયારેય મારા મનથી આવું પાપ ન થાય તે નિશ્ચય છે, શ્રી હરિને સર્વોપરી ભગવાન જાણીને એમના ચરણકમળની સેવા ભક્તિ કરીશ. હું તો તમારા સેવકનો સેવક છું તમે તો સર્વની ઉપર સ્વામી છો આ હું મુખેથી ભાવપૂર્વક કહું છું હે મુનિઓના સ્વામી ! આપને મસ્તક નમાવીને નમન કરું છું. હે પ્રભુ ! અમારા અપરંપાર દોષો છે તેને આપ મનમાં ન લાવશો મુખેથી કાંઈ વધારે કહેવાયું હોય તો ગુણનિધિ કાંઈ દુઃખ ન લગાડશો, ક્ષમા કરજો. ગઈ ગુજરીને ભુલી જજો આપ અજીત જ છો અને આપની સર્વત્ર જીત થઈ છે એમ જ માનું છું માટે હે પ્રભુ ! સૌ સંતો અહીંયા આવે ભગવાનના ચરિત્રો લીલાનું ગાન કરે ઉપદેશ કરે એવું સુખ આપજો. પછી સંતો મહાપ્રભુની પાસે આવ્યા બનેલું બધું જ વૃત્તાંત કહીને સંભળાવ્યું. સંતો કહે અમે દિન ભાવથી ઠપકો આપીને અમારા મનમાં તમારા આશ્રયનો ઉત્સાહ હતો તેનાથી મનનું પાપ બધુ જ ભગાડી દીધું. ગામના બધા જ મનુષ્યો આપના ગુણને ગાય છે આપના નામનું રટણ કર્યા કરે છે, આપના

ગુણચરિત્રનું ગાન કર્યા કર છે. આવી રીતે આપના સિદ્ધાંતનો આશ્રય કરીને હે પ્રભુ ! આપની બધે જ પ્રસિદ્ધિ થઈ ગઈ સૌને આપનું જ્ઞાન થયું છે. સૌ નરનારી જનો પ્રેમ ભાવથી મનો મન જાણે તપ કર્યા કરે છે, આવી રીતે સંતો મહારાજની વાતો કહે છે અને કમલ નયન મહાપ્રભુ ધ્યાનથી શ્રવણ કરતા હતા. ત્યારે ઘનશ્યામ પ્રભુ બધું સંતનું કહેવું સાંભળીને કહેતા હતા કે નિષ્કામી મુનિજનો તમે સાંભળો, જગત ગુરુ કાંઈ કામકાજ ન કરે એમણે પોતે આપને બોલાવ્યા અને વખાણ કર્યા.

આપને અમારા આશ્રિત જાણીને ખૂબ જ સન્માન કર્યાં એ તો બરોબર છે પાછળથી આજ દુષ્ટ પોતાના આનંદથી ખૂબ જ જૂઠો પ્રચાર કરશે ખૂબ જ નિંદાની વાતો કરશે. કોઈ માણસ પુંઠને ખાલી ખાલી ધોવાથી કાઈ અંદરની ગંધ દુર્ગંધ ન જાય આમ કરવાથી કોઈ પવિત્ર ન જ થાય જો તે સમ ખાઈને કહે કે હું પવિત્ર થઈ ગયો છું તોય તે ખોટું જ છે, તે કોઈ દીવસ સાચો પવિત્ર ન જ થાય. એનાં જેવો જ આને જાણજો એ **ગોસાઈ** કયારેય સાચો ન જ થાય અમારી વાણીને સાચી માનો કેમ કે આસુરી જીવ હોય તે કયારેય દોષનો ત્યાગ ન કરે, એના અંતરમાં નિરંતર રહેતા જ હોય છે તે તો ખરેખરો લુણ હરામી જ છે લેશમાત્ર કોઈનો સારી રીતે ગુણ ન જ લે, ગુણવાન જે ન હોય તે ગુણને ન જ લે એ વાત સત્ય જ છે. સાચા ભગવાનના ભકતો છે કે સાચા સંતો છે તે પ્રગટના આશ્રિત છે તે રાત દિવસ પ્રભુના નામનું રટણ કર્યા જ કરે, રાત દિવસ ભજન કર્યા કરે, તે સંતો જ સાચા કહેવાય, એ સિદ્ધાંતની વાત છે. હે રાજન ! આવી રીતે મહાપ્રભુ સારાં મધુર વચનો કહીને સમજ આપી તેથી મુનિજનો રાજી થયા ત્યાર પછી મનોહર કમળ મુખ પોતાના આશ્રિત સંતોની સાથે ભોજન થાળ જમ્યા. ત્યાર પછી સર્વ સંતોને શ્રી સહજાનંદ પ્રભુએ ગામડાઓમાં ફરવા જવા સૌ ભકતજનોના ભવના બંધનોથી મુકત કરવા માટે ઉપદેશ કરવા આજ્ઞા કરી. મોટા મોટા બધાય સંતોની સાથે લઈને શ્રી હરિ બહુનામી પ્રભુ **ગઢપુર** જવા નીકળ્યા માર્ગમાં વચ્ચે વચ્ચે ગામોમાં રોકાઈને **ગઢપુર** પધાર્યા ત્યારે પુરનાજનો પ્રેમથી પલંગ બિછાવીને તૈયાર કરીને પલંગ ઉપર પધરાવતા હતા. પ્રાણનાથને નીરખીને દર્શન કરીને પગે લાગ્યા અને પ્રગટ પ્રભુને જગતના ઈશ પુરુષોત્તમ જાણીને જનસમુહ જીવમાં ધારતા હતા, જાત જાતના પાક શાક બનાવીને મહારાજને જમાડતા હતા, કરુણાનાથ જમીને પછી કૃપાળુ કમળ લોચન કૃપા કરીને સંતોને જમાડીને તૃપ્ત કર્યા પછી મહારાજ આ રીતે વાત સમજાવતા હતા.

મુકતાનંદ સ્વામી તથા નિષ્કામી બ્રહ્માનંદ સ્વામી તમે સાંભળો નિત્યાનંદ સ્વામી આનંદાનંદ સ્વામી તમોને વચન કહું છું જે તમને અમે અહીં લાવ્યા છીએ તે તમને પાકા કરવા માટે છે. એમ તમે જાણજો તમોને એકવાર જ ભોજન કરાવીશું કેમ કે દેહની દશ ઇંદ્રિયો ને મન પ્રાણ આદિકને વશમાં કરીને મારી ભજન ભક્તિ કરવી એ જ સંતોનો ધર્મ છે તે બધા જ ધર્મ ગ્રંથોમાં વ્યાસ આદિ આચાર્યો આ વાતો કહી ગયા છે. આવી રીતે મહાપ્રભુ પ્રીત કરીને નિત્ય પ્રત્યે વાતો કરતા હતા, **ગઢપુર**માં રહીને ધામને શોભાવતા હતા. ભાવિક ભકતજનોને બહુ જ ભારે સુખ આપતા હતા અને ભકતજનો પ્રેમથી સેવા ભક્તિ કરતા હતા. મહારાજ બહુ દિવસો રહીને અનેક લીલાઓ કરતા હતા, અનેક જનોના પાપોને બાળીને ચોખ્ખા કરીને ઉદ્ધાર કરતા હતા.

શ્રી ઘનશ્યામ પ્રભુ લાલન પાલન કરવાના ખ્યાલ સાથે આવી રીતે બહુ જ અલૌકીક લીલા કર્યા કરે છે, ત્યાં બે ભકતજનો પ્રેમથી આવ્યા હતા. **નથુ ભટ્ટ** અને **કુબેરસિંહ** આ બંને ભકતો જગતની રીતે જાુગલ

જોડી કહેવાય તે આવીને પ્રેમી ભકતો મહાપ્રભુના ચરણ કમળમાં પ્રેમથી વંદન કર્યાં અને પછી પ્રભુને અતિ નિર્મળ મનથી મળતા હતા. તે બંને ભકતોએ **અમદાવાદ શહેરથી ગઢપુરમાં મહારાજના દર્શન કરવા આવ્યા હતા,** તેઓ દંડવત્ પ્રણામ કરીને હાથ જોડીને મહારાજની પાસે જઈ નમ્રતાથી બેઠા. પછી મહારાજ પ્રેમથી વારંવાર પુછતા હતા અને ખુશી સમાચાર જાણતા હતા ત્યારે બંને ભકતો **અમદાવાદના વાતાવરણની વાતો વર્ણન કરીને કહેતા હતા.** ભકતો કહે છે હે અકામી સ્વામિ! સર્વજ્ઞ આપતો જાણનારા છો તોય બધી જ વાતો કહું છું તે તેને સાંભળો, **હે પ્રભુ ! પેશવાનું રાજય તો જતું જ રહ્યું હવે તો બધુ જ રાજય અંગ્રેજનું જ થઈ ગયું છે એમ જાણો. અત્યારે બધા જ દેશ કાળ વધુ સારાં થયાં છે બધુ અનુકુળ છે માટે હે નાથ ! આપ શ્રીપુરમાં (અમદાવાદ) સુખેથી પધારો આપના દર્શનની તો સૌને ખૂબ જ આશાઓ રહેલી જ છે** માટે દર્શન દેવા માટે પધારો હે મહારાજ ! આપ તો ગરીબોના ઉદ્ધારક કૃપાળુ છો. સૌ નરનારી જનો પ્રેમથી આપના ધર્મ નિયમને ધારીને રહેલા જ છે નાથના દર્શન કરવા માટે સતત ઝંખ્યા જ કરે છે માટે હે નાથ ! આપ અમારી ઉપર દયા કરીને દર્શન આપો, હે કૃપાના સાગર ! અકામી કૃપા કરો. બધાંજ પુરનાજનો ઘણા દિવસોથી અતિશય ઉદાસીન થઈ ગયા છે. માટે દર્શન દેવા પધારો. આમ ભકત જનોની પ્રેમ ભરી મધુર વાણી સાંભળીને શ્યામ મહારાજ **મુકતાનંદ સ્વામી**ને પ્રેમથી પ્રસિદ્ધ કરેલી વાતનું પ્રોત્સાહન કરીને કહેતા હતા. **પ્રભુ મુકતાનંદસ્વામીને કહે છે હે સ્વામી ! તમે સર્વ સંત મંડળની સાથે મહામોટુ ધામ શ્રીપુર (અમદાવાદ) નામના ધામે ઉત્સાહથી જાઓ. ત્યાં જઈને બધી જ વાતની માહિતી મેળવીને ત્યાંની પરિસ્થિતિના ખરાં ખોટા વાતાવરણ જાણીને પત્ર લખીને અમારી ઉપર મોકલજો તમારો પત્ર આવે પછી અમે આવશું માટે અત્યારે તમે અમદાવાદ જાઓ.** મુકતાનંદ સ્વામી શ્રી સહજાનંદ સ્વામીના મુખેથી કહેલા બધાં જ વચનો સાંભળીને અંગ્રેજ રાજાને મળવા માટે અમદાવાદ શહેરમાં ભકતજનોની સાથે ગયા. ત્યાર પછી અમદાવાદ જઈને મુકતાનંદ સ્વામીએ અંગ્રેજ રાજાને મળવા માટેના સમાચાર કહેવા **કુબેરદાસ છડીદાર**ને મોકલ્યા હતા. મળવા માટે કહેલા સમય પ્રમાણે **મુકતાનંદસ્વામી કુબેરદાસ છડીદાર તથા ભકતોની સાથે સરકાર પાસે ગયા ઓળખાણ આપી કે આજે આ જગતમાં સ્વામિનારાયણ નામથી ભગવાન છે તે પ્રગટ થયા છે. જેને આપ લોકો ખુદા કહો છો તે પોતે સાક્ષાત છે એમના અમે શિષ્યો છીએ એમ જાણજો એ તો બધાયના શિરતાજ છે ત્યારે રાજા કહે કે તમારા ગુરુ કઈ જગ્યાએ નિવાસ કરીને રહે છે અને આ પુર અમદાવાદમાં કેમ નથી આવતા તે વાત અમને જણાવો.**

**ભકતજન કહે છે - રાજન અમારા ગુરુ અવનીના નાથ સ્વામિનારાયણ પ્રભુ આ પુરમાં આવેલ હતા આખા શહેરમાં બધે જ ફરતા હતા એમના મુનિજનો મહાપ્રભુના ગુણ ગાતાં હતા. ત્યારે આ પ્રભુના ઐશ્વર્ય પ્રતાપ જોઈને અસુરનો અંશ એવો અહીંનો રાજા ભાઉ સાહેબ નામનો દુર્ભાગ્ય વાળો જાણે મૂર્તિમાન કંસ જેવો જ હતો. તે કહેતો હતો કે સ્વામિનારાયણ તમારે અહિ આવવાનું જ નહીં, કેમ કે તમે પૃથવી ઉપર ખોટા ઢોંગ ચલાવો છો તેથી અત્યારે અહીંથી ચાલ્યા જાઓ. આમ કહ્યું ત્યારે સ્વામિનારાયણ પ્રભુ કહે કે તમારા નગરમાં પાપી ચોર લોકો રહે છે એને તમે લોકો ના નથી કહી શકતા અને તેને રોકતા નથી અને અમને મનાઈ શા માટે કરો છો. અમે તો ભગવાનનું ભજન કરીએ છીએ અને લોકોને ભગવાનનું ભજન કરાવીએ છીએ, લોકોના દુષણો કુલક્ષણો વ્યસનો છોડાવીએ છીએ, અમે કોઈ પ્રકારનો અપરાધ તો કરતા નથી, તોય અમને શા માટે ના પાડવામા આવે છે. ભાઉ સાહેબ કહે છે હે સ્વામિનારાયણ ! અમારા રાજયમાં પાપી ચોર ચંડાલ**

**બધાં ભલે રહે પણ તમારે તો અમારા રાજ્યમાં નહીં જ રહેવાનું. આ પૃથ્વી ઉપર જેટલી અમારા રાજ્યની હકુમત છે અને જ્યાં સુધી આ શહેરમાં અમારી સત્તા હોય સુધી તમારે નહી જ આવવાનું. શ્રીહરિ કહેતા હતા કે તમારું રાજ્ય જ્યારે નહી હોય ત્યારે ફરીથી અમે આ શહેરમાં આવીશું આમ કહીને સ્વામિનારાયણ અહીંથી નીકળીને કાઠીયાવાડમાં પધાર્યા.** આમ કહીને નારાયણ પ્રભુ જયારથી ગયા છે ત્યારથી આ શહેરમાં નથી આવ્યા. આવી રીતે અમે બધી જ વાત સંક્ષેપમાં તમોને કહી સંભળાવી **અંગ્રેજ સાહેબ કહે છે : હવે આ શહેર ઉપર પેશવાનું રાજ્ય નથી રહ્યું હવે તો અંગ્રેજ સરકાર રાજ્ય કરે છે માટે હે ભકત ! શ્રી હરિની ઈચ્છા હોય ત્યારે જરુર આવી શકે છે. એટલા માટે અમે કહીએ છીએ કે સ્વામિનારાયણ ભગવાન અહીં આવતા હોય તો અમે એમને ખૂબ મદદ કરીશું માટે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદ પુરમાં તેડી લાવવા તૈયારી કરો. સ્વામિનારાયણ ભગવાન જેમ કહેશે તેમ જ અમે બધી જ વ્યવસ્થા કરી આપીશું. હવે તો નારાયણ સ્વામીને જરુર જ આ પુરમાં લાવો. અનેક પ્રકારની જાત જાતની શોભા તથા ખુબ જ ધામધુમ કરીને સુખધામી પ્રભુને લાવો જ.**

પછી મહાપ્રભુ ગુણના સાગર નટવરનાગર નવરંગી મહાપ્રભુ **વરતાલથી ગઢપુર પધાર્યા** ત્યારે **અમદાવાદ નગર (શ્રીપુરથી )કુબેરસિંહ** અને **નથુ ભટ્ટ** બંને ભકતો આવ્યા. તે ભકતો દ્વારા પુરના પતિ અંગ્રેજ રાજાએ પ્રભુને તેડાવરાવ્યા તથા મહારાજને નહીં આવવાનું કારણ પુછીને બધી જ વાતો વિસ્તારીને સરકારને કહી સંભળાવી આવી રીતે આ પંદરમું તરંગ તે શ્રીહરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં અંગ્રેજ રાજા અને કુબેર સિંહ ભકતના પરસ્પર સંવાદમાં ચર્ચા કરી તે ચરિત્રનું વર્ણન કર્યું એ નામે આ પંદરમો તરંગ પૂર્ણ થયો ॥ ૧૫ ॥**

## તરંગ-૧૬

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! બાણાસૂરનો શત્રુ અનિરુદ્ધ તેના પિતા પ્રદ્યુમ્ન જેનું નામ છે. તે તેના બાણોથી મોટા રાજા મહારાજના મનને ભેદનાર કામદેવના જેવી વાંકી ભ્રકુટી વાળા, ભકતજનોના મનને ખેંચનારા. તે બાણાસુરના સ્વામી મહાદેવ ઈંદ્રાદિક જેમના ગુણ ચરિત્રનું હંમેશા ગાન કર્યા જ કરે છે, એવા સહજાનંદ સ્વામી ભગવાનનાં જે ચરિત્રો હોય તે જણાવો. **શ્રી સ્વામિનારાયણ** ભગવાન **અમદાવાદ**માં પધાર્યા ત્યારે કેવી રીતેની શોભા સાથે પધાર્યા તે બધી વાતો સુંદર રીતે વર્ણન કરીને મને કહો.

અવધ ગુરુ કહે છે હે આનંદ રાજન ! શાસ્ત્ર કોઈ દિવસ કોઈ ચર્ચા કરતું નથી પણ એના ગુણનું વર્ણન આવે છે. તર્કનો કયારેય અંત આવતો જ નથી જે ભગવાન લોકોને અભયદાન આપે છે તે જ ભગવાન સૌને મળે છે. તે સર્જનહારની લીલા બધી જ વર્ણન કરીને કહું તેને તમે ધ્યાન દઈને સાંભળો જગતના પતિ શ્રી હરિ **અમદાવાદમાં** જેવી રીતે આવ્યા, તે વર્ણન કરીને કહું છું. હે રાજન ! મુકતાનંદસ્વામીને **અમદાવાદ** મોકલેલા તે સરકારના અભિપ્રાયને સાંભળીને મુકતાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાન ઉપર સુંદર પત્ર લખીને મોકલ્યો તેને કહું છું તે સાંભળો. સર્વ જગતના સુખદાતા સર્વના નાયક દેવના દેવ સર્વાંતર્યામી જેમની

સર્વ મુકતો સેવા કરે છે એવા. ન પામી શકાય ન ઓળખી શકાય ન ઉપનામ આપી શકાય એવા, વેદો જેમના ગુણને ગાયા જ કરે છે. અઢાર પુરાણો ષટશાસ્ત્રો જેમના ગુણને નિત્ય પ્રત્યે ગાયા જ કરે છે અણિમાદિક અષ્ટસિદ્ધિઓ અનેક રુપે સેવ્યા કરે છે બ્રહ્મા, શિવ, શારદા આદિક હરિના ગુણને વિવેક પૂર્વક ગાયા જ કરે છે. અઢારે શાસ્ત્રો, પુરાણો, શુદ્ધ રીતે ગુણને ગાય છે, જતન કરીને જાબાંલિક મુનિ જાપ જપે છે, એમના પાપના સમુહને નાશ કરનારા દાસને સુખ કરનારા આપ પૃથ્વી ઉપર અવતાર ધારીને આજે ભૂમિના ભારને તોડનારા અજ્ઞાનના અંધકારને જ્ઞાનના તેજથી તોડનારા અગણિત મહિમાથી મુનિજનોના મનને હરનારા, એવા આપ અવતારના અવતારી સર્વના સ્વામી વામ મતનો નાશ કરીને નિષ્કામી વૃતવાળા આપ છો. મદ્ય,માંસ આદિ ખાય પીવે તેવા મહા ભયંકર મતને તોડનારા, બધાના મદને ભાંગનાર, આ પૃથ્વી ઉપર વિચરણ કરીને કળિયુગના પાપાદિકનો નાશ કરીને સાચો ધર્મ સમજાવનારા આપ છો. એહ આદિક અનેક ઐશ્વર્ય પ્રતાપ વાળા અનંત મહાદુષ્ટને દાબનારા, આપ નિલકંઠ બટુકના નામેથી ઓળખાયા છો. એવા અનંત નામો છે, એવા આપને લખનાર **શ્રી પુરથી (અમદાવાદ) આપના ચરણનો દાસ મુકતમુનિને માનજો. હે પ્રભુ ! આપની કૃપાથી સૌ સંતો સુખી છે. આપનો ખુશી પત્ર લખાવવા કૃપા કરજો આ પત્ર લખવાનું ખાસ કારણ એ છે કે અત્રે અમદાવાદ નગરનો રાજા અંગ્રેજ સરકાર થયા છે, હે મહારાજ ! તે પ્રજાનું પાલન ખૂબ જ ન્યાયની રીતે કરે છે તેથી લોકોના મનમાં લગારેય દુઃખ કે ઉપાધિ નથી સર્વ રીતે શાંતિ છે. રાજા અને રાંક બંનેને એક જ રીતે સરખી લાઈનમાં રાખે છે. પુરના વાતાવરણને સારી રીતે અદબથી ચલાવે છે. સિંહ અને બકરીને બંને એક જ લાઈનમાં અવાડે પાય છે. આવી રીતે કોઈ જાતનો તેજો દ્વેષ વગર સૌ શાંતિથી રહે છે. હે પ્રભુ ! આપના પ્રતાપે આવું સુંદર રાજય થયું છે. અત્યારે કોઈ વાતે કોઈના મુખે ભયનો કોઈ ઓથાર જણાતો જ નથી, ખુબ જ સારું છે. હે પ્રભુ ! અહીંના રાજા આપને તેડાવવા માગે છે. તો આપ બધો જ સાજ સજાવીને પધારવા કૃપા કરો. હે પ્રભુ ! આપના ઉત્તરની ખાસ ચાહના રાખીએ છીએ તે કારણે આ પત્ર લખ્યો છે તે સારી રીતે સંમતિ કરીને લખેલ છે. સમાચાર સાંભળીને હે પ્રભુ ! અહીં શ્રીપુર ધામે સારી રીતે વહેલા પધારજો. આ રીતે પત્ર લખીને મુકતમુનિએ તૈયાર કર્યો તેની ઉપર શ્રી હરિ નાથનું સરનામું કરીને બિડીને તૈયાર કરીને માણસની સાથે ગઢપુર રવાના કર્યા. જ્યાં શ્રીહરિ સુંદર રીતે વિરાજમાન હતા ત્યાં પહોંચાડયો.** હે રાજન ! આ પત્ર **ગઢપુર**માં શ્રી હરિના હાથમાં આપ્યો તે લઈને મહાપ્રભુ તરત જ વાંચતા હતા વાંચીને ખૂબ જ રાજી થયા અને સૌ જનોને સંભળાવતા હતા ભાઉ સાહેબ પેશવા રાજાએ આપણો ભારે દ્રોહ કર્યો હતો તેનું તો રાજય ચાલ્યું ગયું. હવે તો અંગ્રેજ સરકારનું રાજય આવેલ છે તે રાજા બહુ જ નિતીવાળો છે એમ જાણજો. આવી રીતે અનિતિનું કામ બધુ દૂર જતું રહ્યું છે બહું જ સારું પ્રમાણ થયું છે. અમને તેડાવવા માટે રાજાએ કહેવડાવેલ છે તેના માટે આ સુંદર પત્ર લખાવીને મોકલેલ છે માટે હવે બધા જ પ્રકારના સાજ સજીને તૈયાર કરશો કેમકે હવે જવા માટે સુખેથી તૈયારી કરજો.

હે રાજન ! સૌ મુનિજનો શ્રી ઘનશ્યામની મધુરવાણી સાંભળી **અમદાવાદ** જવાનું જાણીને રાજી થયા, હરિભકતો પણ બહુ જ રાજી રાજી થઈ ગયા. પૃથ્વી ઉપર હવે અંગ્રેજોનું રાજય થયું છે, અસુરો દુષ્ટોનું રાજય હવે જતું રહ્યું છે. સંસારના લોકો હવે સુખ પામશે હવે ચોરી, ખરાબ કાર્યો બહુ પ્રમાણમાં થશે નહીં. આમ કહીને શ્રી હરિ મહાપ્રભુ જવા માટે તૈયારી કરતા હતા. જીવોના ઉદ્ધાર કાર્ય કરવાનો જાણીને જતાં હતા,

**રાજનગર**માં ઘોડા, હાથી, સર્વે સજાવીને તૈયાર કરેલા શોભતાં હતાં. અનેક રથો તૈયાર કર્યા તથા પાલખી તૈયાર કર્યા તથા પેદલ જનારાં સૌ સજી ધજીને તૈયાર થયાં, સર્વ સાજ ધાજ તૈયાર કર્યા હતા. ધર્મ વંશના શિરોમણી શ્રીહરિ હજારોની સંખ્યામાં હરિભક્તોની સાથે સારું શુકન જોઈને મહારાજ સવારમાં વહેલા **ગઢપુર**થી પ્રયાણ કરતા હતા. સર્વ જગતના ઈશ્વર સહજાનંદ સ્વામી અશ્વ ઉપર અસ્વાર જોઈને ભકતજનોના ભયને ભાંગનારા ભકતજનોના મનને આનંદ આપનારા જગદીશ પ્રભુ ઈશના ઈશ નિષ્કામી મહાપ્રભુ અનેક અશ્વોની વચ્ચે ખેલતા થકા ચંચળ મૂર્તિ **ગઢપુર**થી ચાલતા થયા માર્ગમાં વિશ્રામ કરતા થકા માર્ગના લોકોને દર્શન આપતા થકા ભકતજનોની આશાઓને પૂરતા જયારે **અમદાવાદ** નગરની નજીકમાં પધાર્યા ત્યારે પ્રેમભાવથી આગેવાનોને આગળ સમાચાર માટે મોકલ્યા. હે રાજન ! ખબર દેનારે આવીને સમાચાર આપ્યા એટલે સર્વ રાજનો સાજ સમાજ લઈ સામેનાથ સુંદર પુષ્પોના હારો, ત્રુઈ, ત્રાસાં ડમ, વાજાં ઘોડા ઉપર નવિન પ્રકારના વાજિંત્રોની સુંદર ધૂન વાગતી જાય તેના તાલે-ઢોલ ત્રંબાળુ ગાજે ઉંટો ઉપર નોબતો વાગે, આવી રીતે છત્રીસ પ્રકારના વાજિંત્રો વગાડતા થકા સામા આવતા હતા. ત્યારે પુરના રહેનારા સૌ નર-નારી પ્રેમથી આનંદ ઉત્સાહમાં અંગ ઉપર સોળે શણગારને સજીને શ્રીહરિ મહાપ્રભુનું સ્વાગત સામૈયું કરવા વધાવવા આવેલા હતા. હાથી ઘોડાની જણજણાટી બહુ જ હતી. પ્રેમી પદાતીઓ પણ બહુ જ હતા. હાથીની અંબાડી ઉપર ગુણવાન પ્રભુ વિરાજમાન થયા હતા અને અનેક અસ્વારોએ સવારી કરી કેટલાક વૃદ્ધો રથમાં બેઠા અનંત લોકો પોતાના શરીર ઉપર અનેક સાજ સજીને આવેલા હતા. આમ ધમકારા કરતાં સૌ ચાલતા થકા ભગવાનની સામાં આવતા હતા. ત્યારે ઝાંજ બહુ જ વાગતાં હતાં, પખવાજના તાલ ગાજતા હતા તેની સાથે બહેનો મનોહર કિર્તનો ગાતાં હતાં, એમના કંઠ કોયલ જેવા મનોહર હતા. હે રાજન ! સુંદર સ્વરથી સુવર્ણ જેવી ક્રાંતિથી પ્રિય ગાતી હતી. જાણે લોકોના ફંદને હરતા હોય તેમ જરીના નિશાનો જળકતા હતા, તે પચરંગી રંગના પ્રમાણમાં હતાં. તે જોઈને દુશ્મનના મનમાં ભય પેસી જાય તેવું હતું આવી રીતેની અગણિત તલવારોને ધારેલા સૈનિકો શ્રી હરિની સામા આવતા હતા.

તેમાં હે આનંદ રાજન ! જે ભકતજનો આવ્યા હતા તેમના નામ કહું છું તે સાંભળો **દામોદર, હીરદાસ, બેચરદાસ, ગોવિંદરામ ચોકસી, ગોકળદાસ અને દોલારામ, મદનદાસ, લાલદાસ** સૌ ધીરજ ધરીને સામા ધસીને આવતા હતા. પ્રેમીભકત **પ્રભુદાસ** તથા **હરજીવનદાસ, લાલદાસ, જુગલદાસ, શ્યામદાસ, નથુભટ્ટ, કુબેરસિંહ, વૃજલાલ, હિમતરામ નાગર** સૌ પોતાના કામકાજને ત્યાગી ને તરત જ આવ્યા, **રઘનાથ ભકત, હીરાલાલ, શેઠ બેચરદાસ**એ આદિક બધા ભક્તજનો ઉત્સાહથી ઘનશ્યામ પ્રભુની સામે સન્માનવા આવ્યા દર્શન કરી ત્રીવિધિ તાપ-સંતાપનો ત્યાગ કર્યો શ્રીહરિએ સર્વને સુખી કર્યા લાવેલા ભેટ મહાપ્રભુની પાસે લાવીને અર્પણ કર્યું સૌ નરનારીજનોએ ધીરે રહીને મહારાજને સુંદર પુષ્પના હારો પહેરાવ્યા વિયોગના દુ:ખને ટાળતાં હતાં. સર્વ જનોએ મહાપ્રભુને પ્રણામ કર્યા, અને ઘનશ્યામ પ્રભુના સ્વરુપને પોતાના હૃદય કમળમાં ધાર્યા. ત્યાર પછી શ્રીહરિ સર્વને ખુશી સમાચાર પુછતા હતા અને સર્વને નીરખીને જોતા હતા. ત્યાર પછી મહાપ્રભએ અસ્વારી કરવાની તૈયારી કરી ત્યારે નગારાં જોરથી ધાબડયા અને અનેક બંદૂકોના ભડાકા થવા લાગ્યા. સૌ નરનારીજનો પોત પોતાના વાહનોમાં ભાવથી બેસતા હતા અને સૌ સંતો મોટા વાહનમાં બેસતા હતા ત્યારે હે રાજન ! શ્રી ઘનશ્યામ મહારાજ માણકી ઘોડી ઉપર અસ્વાર થયા એવા શ્રી ધર્મનંદન

જગત વંદ્ય મહારાજના યોગ્ય રીતના છંદમાં ગુણને ગાતાં હતાં ત્યારે પ્રભુએ શિર ઉપર શ્વેત પાઘને ધારતા હતા કટિ ઉપર સફેદ ધોતીને ધારેલું હતું સફેદ શાલ દુશાલા ધાર્યા હતા, કંઠમાં સફેદ પુષ્પોના સુંદર હારોને ધારણ કર્યા હતા. કરકમળમાં સફેદ રુમાલને ધારણ કરેલા, સર્વને સુખ કરનારા પ્રભુએ સર્વ શ્વેત વસ્ત્ર ધાર્યાં હતા. શ્વેત અંગરખીને ધારણ કરીને સફેદ શિરપેચને ધારીને સફેદ ગુલદાવાદીના સુંદર હારને ધાર્યા સફેદ ચમર શિર ઉપર ફરતું હતું, મુખમાં શ્વેત દાંતોથી મંદ હાસ્ય કરતા હતા તે જાણે ચંદ્રમાના બિંબની માફક મુખકમળ શોભતું હતું સફેદ છત્ર શિર ઉપર ધરેલું શોભતું હતું. આવી રીતે સફેદ મનોહર શોભાથી શોભાયમાન જેમના પ્રગટ યશ છે તેને સાંભળીને દેવો, મુનિજનો સૌ સુખને પામતા હતા. લાલ કુમકુમના ચાંદલાની શોભા ભાલમાં શોભતી હતી, પરવાળા જેવા લાલ ઓષ્ટથી જાણે લાલ બિબનું ફળ ન હોય ? તેવું લાગતું હતું. નેત્રની અંદર લાલ રેખાઓ શોભતી હતી, લાલ રસથી યુકત લાલ મુખ, હાથની તળનો ભાગ લાલ સર્પફેણ જેવા શોભતાં હતા. કાંઈક લાલ ચરણકમળના તળિયા લાલ કમળ જેવાં જાણે, લાલ લાલ છબિલા લાલ જ ભાસતી હતી. પીળી વિજળીના જેવા પીળાં વસ્ત્રો ધારે ત્યારે શિર પર પીળી પાઘને ધરતાં પીળા રંગના સુરવાળને ધારતા હતા, પીળી શાલને ધારણ કરતા હતા. ઠંડીને રોકવા પીળા વસ્ત્રોને શરીર ઉપર ધારણ કરતા હતા, પીળા પનાવાળા કાપની છત્રીને શિર ઉપર ધારણ કરતા હતા, હસ્તકમળમાં પીળા રુમાલને ધારતા હતા, આ રીતે શ્રી હરિ મહારાજ પીળા વસ્ત્રોને ધારણ કરતા હતા, કયારેક પીળા પિતાંબરને ધારતા હતા, આવી રીતે શ્રી હરિ પીળા વસ્ત્રો ધારીને પીળી શોભા વધારતા હતા.

શ્રી હરિનું શરીર સુંદર ઉચું શોભાવાળું ગંગાનો ત્રિવેણી સંગમ ન હોય ? તેવું લાગતું હતું બ્રહ્માકુમારી, સરસ્વતી જાણે ગુપ્ત રીતે છુપાઈને હારની અંદર શોભતી હતી, જાણે બાહુ સુધી લાંબા તેને સંતો ધ્યાનમાં ધારતા હતા, અને બાહુને કવિજનો હાથીની શૂંઢ જેવા કહે છે, દર્શન કરનારને તેનાથી અભય વરદાન દે છે. બંને ઉરુ સાથળની છબી કેળના થાંભલા હોય તેમ શોભે છે. ઘનશ્યામ પ્રભુની ઘુંટી, પિંડી બહુ જ સુંદર શોભતી હતી. સોળ ચિન્હો ચરણ તળમાં ખૂબ જ શોભતાં હતાં. તેનું ધ્યાનીજનો સુખેથી ધ્યાન ધરીને સુખ પામતાં હતાં. **તરુણ વયવાળા અરુણની સમાન લાલ કમળની પાખડી જેવા અણિયાળા નેત્રકમળ વાળા મનોહર મુખકમળ જાણે કામદેવના ગર્વને હરતા હોય ને શું ? બંને શ્રવણ ઉપર મણી જડેલા મત્સ્યાકાર કુંડળને ધારનાર એવા પ્રભુનું સ્વરુપ તેજતેજના અંબાર જેવા જાણે કે ચંદ્ર મંડળની જેમ શોભતું હતું, નાસિકા જાણે દીવાની જયોતની રેખાઓ હોય તેવી શોભતી હતી. બધી જ શોભાને વધારનાર આંબાના ફળની સમાન દાઢીની અણિની ઉપમા કવિજનો વર્ણન કરીને કહે છે. આવી રીતની શોભાવાળા શ્રી ઘનશ્યામ પ્રભુ માણકી ઘોડી ઉપર સુંદર રીતે શોભતા હતા સુંદર આકૃતિવાળી વળેલી ડોક અને સુંદરતા વધારનાર પીઠ ખૂબ જ મોટી શોભાવાળી જાણે સુખપાલની છબિ ન હોય ? તેમ લાગે, ગતિ કરતી હોય ત્યારે સંતો ધ્યાનમાં ધારણ કરે એવી મનોહર મૂર્તિમાં પૃથ્વીપાળની મનવૃત્તિ જોડાઈ ગઈ. મુકટની કલગી આનંદ અંગો, અંગની શોભા મનને ખૂબ જ વધારતી હતી. તેની ગતિને જોઈને ગરુડ પણ શરમાય છે. હંસ અને નંદીના મનને મોહ પમાડનાર અંગો ઉપર બધા જ સાજને સજેલ જરીયાન સાજ શોભતો હતો. અંગો ઉપર આભૂષણો ખૂબ ઓપતાં હતાં, ડમરી, ઝાંઝરનો ઝમકાર થતા ઠમક ઠમક ચાલ મનને ગમતી હતી. તે માણકી ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા. ચારે બાજુ મુનિજનો વિટાંયા હતા, ને હાથમાં લગામ રાખેલી શોભતી હતી, ત્યારે મહાપ્રભુ સર્વ અસવારોની**

**સાથે સાથે ચાલતા હતા ત્યારે તે સમયની છબિ તો અતિ અદ્‌ભૂત જ લાગતી હતી.**

હે રાજન ! મહાપ્રભુની સ્વારીની શોભા તો ભૂમિ ઉપર બહુ જ હતી, વનો ઉપવનો, બાગો ખૂબ જ શોભતા હતા,નદી, તથા તળાવો જળ ભરેલાં બહુ જ શોભતાં હતાં, કૂવા, વાવોની શોભા બહુ જ હતી બહુ જ મોટા જામેલાં વૃક્ષોથી મોટા મોટા આંબાના વૃક્ષો, અશોક વૃક્ષો, પિપર, પીપળાના પવિત્ર વૃક્ષો, પુનાંગ પીલુહા શોકને હરનારા વડના વૃક્ષો, લીમડાના વૃક્ષોથી ભરપૂર બાગો શોભતા હતા. તે પુરની શોભાને વધારતાં હતાં. તે વૃક્ષો ઉપર કબુતરો, કોયલો, પોપટો આદિકથી બાગોની શોભા મનને મોહ પમાડતી હતી. તે બાગોમાં પુષ્પોની સુંદર સુંગધ આવતી હતી, તેમાં કેતકી, કરેણ, કેળ, જાઈ-જુઈના ફુલો શોભાવાળાં હતાં. આવી રીતે બાગોથી ચારે બાજુ ઘેરાયેલું તેના વચ્ચે સુંદર નગરની શોભા બહુ જ સારી હતી. સુંદર શીતળ મનોહર મંદ મંદ પવન વાતો હતો તેને કોઈ કવિ વર્ણન કરવા સમર્થન થાય. તે જ શહેરની પાસે સુંદર આરામ કરનારા માટે સુંદર બેઠકો બનાવેલી હતી, તેની ઉપર નજીકમાં જ લોકો બેઠા હતા. તે હરિભકતો, સજ્જનો, ભગવાનના કિર્તનો ગાતા હતા. હરિભક્તો ભગવાનની સવારી લઈને આવતા હતા પૂર્ણકામ સ્વરુપના દર્શન કરીને સુખ પામતાં હતાં. તે નગરના સૌ નરનારીજનો વેપારીઓ સૌ નગરના પાદરમાં પ્રભુને જોવા માટે ઉભાં હતાં તેને શ્રી મહાપ્રભુ સુખ આપતા હતા. પ્રભુ સૌને વિલાસ કરાવતા આવતા હતા. તે **અમદાવાદ ધામ** વન ઉપવનો તથા બાગ-બગીચાઓથી ઘેરાયેલું હતું તે અલૌકિક શોભા મનોહરતાથી એની છબી બહું જ સુંદર લાગતી હતી. બાગોમાં પક્ષી સમુહ મધુર મીઠા બોલ બોલતા હતા ચારે બાજુથી શહેર શોભતું હતું. તેમાં મહાપ્રભુ પધારતા હતા તેથી સૌને બહુ જ ખેંચતા હતા. સંતોની સાથે સર્વ ભકતજનોને આકર્ષણ કરતા હતા. દર્શનનું સુખ આપતા હતા. ચંચળ નયન મહાપ્રભુ મંદ મંદ ગતિએ ચાલતા હતા અસવારીની વચ્ચે મહારાજ પુરની સમપીમાં જ આવી ગયા ત્યારે તે શહેરની પ્રતિભા બહુ જ અમાપ હતી.મુકતાનંદ સ્વામીએ અમદાવાદ આવીને શ્રીહરિ ઉપર પ્રીતે પત્ર લખીને મોકલ્યો તે પત્ર વાંચીને મહારાજ રાજી થયા અને સંતો ભકતોની સાથે સૌ ચાલતા થયા.

શ્રીહરિ મહાપ્રભુએ મહા અસવારી કરીને માર્ગમાં આવતા ગામોમાં રોકાઈને અવતારના અવતારી પ્રભુ અસવારી લઈને અવમદાવાદ આવ્યા. સામે રાજનની અસવારી લેવા માટે આવી. અસવારીની બધી જ શોભા વર્ણન કરીને સંભળાવી તથા શ્રીહરિના અંગો અંગનું બહુ જ વિસ્તાર કરીને વર્ણન કર્યું, આવી રીતે આ સોળમું અભિધાન તરંગ તે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયું

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં અમદાવાદ નગરની છબીનું તથા શ્રી હરિ પધાર્યા તે લીલા અસવારીનું વર્ણન કરીને કહ્યું એ નામે આ સોળમો તરંગ પૂર્ણ થયો ॥ ૧૬ ॥**

# તરંગ-૧૭

આનંદસિંહ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કમલ નયન મહાપ્રભુ જળતત્વશાસ્ત્ર સમજાવનારા એવા વરુણનો ભાઈ રાવણ અધર્મી અને અત્યાચારી હતો, તેને ભગવાને લડાઈમાં માર્યો હતો. એવા મહાપ્રભુ સહજાનંદસ્વામી **અમદાવાદ** પુરમાં કેવી રીતે પધાર્યા તે શોભા સહિત ચરિત્રની કથા જે હોય તે મને કહેવા કૃપા કરો. શ્રીહરિ ભગવાને **અમદાવાદ**માં જે પવિત્ર ચરિત્રો કર્યા હોય તે ગુરુ મહારાજ મને કહી સંભળાવો કેમ કે તે ચરિત્રો સાંભળવા માટે મારુ મન ખૂબ જ આતુર છે. તેથી મને વિસ્તાર કરીને કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદ રાજન ! તમારું ગોત્ર (નામ) બહુ સારું છે કેમ કે પ્રગટ ભગવાનનો દ્રઢ નિશ્ચય થયો છે અને તમે પણ પુરાં કુળનો ઉદ્ધાર કરનારા બહું જ સુંદર પ્રશ્નો પૂછયાં છે. **અમદાવાદ**ની શોભા બધી જ સારી રીતે કહું છું તે સાંભળવાથી મનના બધા જ પાપો બળી જાય છે. પછી પ્રભુના પરમપાવન ચરણ કમળના આશ્રયમાં જાય છે અને ધામને પામે છે. માર્ગમાં ચાલતાં ચાલતાં નરનારીજનો લાઈનમાં ઉભાં રહીને જોતાં હતાં. ચિત્તને ચોરનારા પ્રભુ વન ઉપવનની શોભા જોતાં થકાં નગરની પાસે જયારે મહારાજ પધાર્યા ત્યારે નગર તથા દ્વારની શોભા જોઈને તે કિલ્લો વાંકો પ્રવેશવામાં કઠિન દુર્ગમ અજાણ્યાને કાંઈ જ ગમ ન પડે તેવો ઉંચો. ઉચા બુર્ઝો મજબૂત કરેલા તેની ઉપર મોટી તોપો ગોઠવેલી કિલ્લા ઉપર જાત જાતના ચિત્રો કરેલાં હતાં તથા સુંદર કાંગરાં બનાવેલાં શોભતાં હતાં જગતમાં વિસ્તારવાળો મોટો પ્રસિદ્ધતાવાળો ગઢ જાણે ગઢપતિ ન શોભતો હોય ? તેમ ભાસતો હતો. તે ગઢમાં પ્રવેશવાના દરવાજાઓ મોટા મોટા સુંદર હતા ચારે બાજુ આઠ દરવાજાઓ બનાવેલા હતા. ચાર નાના આમ બાર દરવાજા કહેવાતા હતા તેના બારણાં જાણે વજ્રથી ન બનાવ્યાં હોય ? તેવાં મજબુત ઘાટવાળાં શોભતાં હતાં જાણે શત્રુનું દળ બળ કરવામાં અચકાય તેવું મજબુત હતું, તેની રચના પણ કઠીન કરેલી હતી, એમને એમ કોઈ લગારે પ્રવેશ ન કરી શકે એવા મજબૂત દરવાજેથી પુરમાં પ્રવેશ કરતા હતા. તે પુર દ્વાર ખુબ જ વિસ્તાર વાળું મોટું હતું પડખામાં બારી બનાવેલી દેખાતી હતી એની ઉપર સુંદર ચિત્રો ચિતરેલા શોભતા હતા. આ રીતે બધી જ સુંદરતા જોઈને બહુ શોભતું હતું. તે કિલ્લાની બાજુમાં ખૂબ મોટી ખાઈ બનાવેલી હતી તે પાણીથી ભરેલી હતી તેના કાંઠા ઉપર મોટા વૃક્ષો ઉગેલાં શોભતાં હતાં તે ધીરજવાળાની ધીરજ નહોતી રહેતી તે જોઈને ભલભલાને ભ્રાંતિ થઈ જતી હતી તેને કોઈ કવિ પાર પામી ન શકે. કોઈ પાર ન પામે એવા અગમ જેનો લેશ પણ ગમ જ ન પડે તેવો હતો. જયારે અંદર પ્રવેશ કરાવે તો ખબર ન પડે આવી રીતે ખાઈની સાથે શહેરનો કિલ્લો દૂરથી જોઈને તેના અંતરને પામી શકતા જ નથી એવો ઘનશ્યામ પ્રભુ અસ્વારીની સાથે બધું જોયું તેનું વર્ણન કરવા કોઈ કવિ મુખેથી વર્ણન ન કરી શકે તેવું અગમ્ય વર્ણન છે.

હે રાજન્ ! તે દ્વારની અંદર નગરના માર્ગો ઉપર વડના વૃક્ષોની બંને બાજુએ હારો શોભતી હતી તથા તે દ્વારો ઉપર મણીમય અનેક કળશો શોભતા હતા. તે જોઈને દેવો મુનિજનો ચંદ્રમા વગેરે ભ્રાંતિમાં પડી જતાં હતા. આવા દ્વારો અને નાના દ્વારો નાના બગીચાઓ તેમજ માર્ગ ઉપર નગરનાં તે માર્ગ ઉપર બંને બાજુએ જળનો છંટકાવ કરેલો હતો તેનાથી ધૂળ ન ઉડે તે રીતે કરેલું હતું ત્યારે હાથી ઘોડા રથો વસ્તિથી ભરપુર

અગણિત નરનારીજનો આવતા જતા હતા શ્રી હરિ પ્રવેશતા હતા તે જોવા માટે દ્વારના ગોખમાં બેઠા હતા તે પ્રભુની મનોહર મૂર્તિનાં દર્શન કરતા હતા. લલાટ ઉપર ભાગ્યનો ચાંદલો શોભે છે એવી યુવતીઓ પ્રીત કરીને પ્રભુના મુખકમળમાં ખેંચાતી હતી એવી મૃગનયની કોયલ જેવા મધુર કંઠેથી ગુણ ગાતી થકી પુષ્પની કળીઓને પ્રભુની ઉપર વેરતી હતી, હાવ ભાવ કરીને સૌ મુનિજનોના મનને ખેચતી હતી, ગજ ગતિ ચાલતા ચાલથી પ્રગટ પ્રભુના કીર્તનોને ગાતી હતી મુખ ઉપર વસ્ત્રઢાંકીને માર્ગની બંને બાજુએ ઉભી રહીને શ્રીહરિના મનોહર સ્વરુપના દર્શન કરતી હતી પોતાના કુચમાં કુંમ કુંમ ધારતી હતી આકર્ષતી હતી. આવી રીતે માર્ગની બંને બાજુ સ્ત્રીઓનું જુથ ઉભુર રહીને હાથમાં પુષ્પો લઈને વર્ષા કરતી હતી. આવી રીતે વારંવાર પ્રીત કરીને વધાવતી હતી અને ગીતોને ગાતી હતી. શ્રીહરિ અસવારીની મધ્યમાં વિરાજયા થકા મંદ મંદ ગતિથી ચાલતા મનને હરતાં રુમાલને ધારણ કરેલા કમળ મુખ શ્રી હરિ આગળ ચાલતા લોકોને સુખી કરતા હતા.

સર્વેના નાથ શ્રીહરીને આવેલા જાણીને સૌ નગરના નરનારી દોડી દોડીને આવતાં હતાં ત્યારે ઉતાવળમાં વસ્ત્ર આભૂષણો પહેરવાનું ભાન ભૂલીને ઉતાવળને લીધે ઉંધાં ચિત્તાં પહેર્યાં હતાં. પ્રેમવશ થઈને ભાન ભૂલી ગયાં, તેથી ઘરનું કામકાજ છોડીને બહેનો ઘનશ્યાભ પ્રભુની શોભા નીરખવા માટે નખથી શિખા સુધી નવો જ વેશ પહેરીને સૌ નરનારીજનો મનમાં ખૂબ જ હરખાતાં હતાં. કેડે પહેરવાનું આભુષણ કોટમાં (ડોકમાં) પહેર્યું અને કોટમાં પહેરવાનું કાન ઉપર પહેર્યું આમ ઉલટ સુલટ ધારણ કરીને ઉમંગથી મંગળ મૂર્તિ ઘનશ્યામ પ્રભુને નેત્રમાં સજલ થઈને જોતાં હતા. અવતારી ઘનશ્યામની છબીને ઉરમાં ઉતારતા હતા. દર્શન કરીને સૌ નરનારી પ્રભુને પરમ પુરુષ પરબ્રહ્મ પરમાત્મા સમજતા હતા. પરબ્રહ્મ પરમેશ્વર પ્રગટ થઈને આ ભૂમી પર અત્યારે વિચરણ કરે છે. જગતના પાલન કરનાર જગદીશ પ્રભુ જગતના જીવોના ભવના ફેરાને ટાળનારા છે, જગતના બીજ રુપ જગવંદ્ય મહારાજના ગુણને વેદો, પુરાણો ગાયા જ કરે છે. જોગી ભોગી જગતના જીવો પણ ગાયા જ કરે છે, ભકતજનો ભવને જોઈને ભજન કરે છે. તેજ પ્રભુ પ્રગટ થઈને સર્વના પાપનો નાશ કરીને સુખ આપનારા આ સહજાનંદ સ્વામી સ્વયં બિરાજે છે. જેમની ઉપર બીજું કોઈ જ નથી એવા સર્વોપરી છે એમના જેવો બીજો કોઈ છે જ નહીં એમ જાણો, એજ પોતે આદિ અનાદિ અવતારના અવતારી છે તે જ પોતે પ્રગટ પ્રમાણ અત્યારે અહીં ફરે છે. આમ લોકો અરસ પરસ કહેતાં હતાં આવી રીતે શોકને હરનારી સુંદર વાતો કરતા હતાં તે નિર્મળ મતિવાળા નરનારીનો સમુહ પ્રભુને નિરખીને મનમાં ખૂબ જ આનંદ પામતાં હતાં, શ્રીહરિ તે સુંદરીઓના વચન સાંભળીને મંદ મંદ હસતા ને ભકતજનોને સુખ આપતા હતા. શ્રીહરિ મહાપ્રભુ વિચરણ કરીને લોકોના ફંદને હરતા થકા **શ્રી અમદાવાદ**માં જનના ત્રાસને હરતા હતા.

હે રાજન્ ! સવારીમાં અનેક પ્રકારના વાજાંઓ વાગતાં હતાં તેના પડઘાથી જાણે આકાશમાં મેઘ ન ગાજતો હોય ? તેમ ઘેરો સ્વર થતો હતો, ઢોલ ત્રંબાળું વગેરે ખૂબજ ગાજતાં હતાં, હાથી, ઘોડા આદિ શોભતાં હતાં. આગળના ભાગમાં પચરંગી જરીના નિશાન શોભતાં હતાં, તે ડંકો તથા નિશાનને ઘોડા ઉપર રાખીને આગળ ચાલતાં હતાં. જાણે હરિને નજીકમાં ન ખેંચતાં હોય ! તેમ સૌને ખેચતાં હતાં ત્યારે સંતો બળપૂર્વક તાળી વગાડતા હતા સાથે સાથે ગુણકીર્તન ગાતા જતા હતા, ઉત્સવીયા ઉત્સવ કરતા થકા પ્રભુની મૂર્તિને ઉરમાં ધારતા હતા. સહજાનંદ સ્વામી ઘોડી ઉપર અસ્વાર થઈને ખૂબ જ શોભતા હતા, અસ્વારી સારી લાગતી હતી,

પ્રભુને ચારે બાજુ અસવારો રહેલા હતા. ત્યાર પછી પદાતીઓ પણ અપાર આવતા હતા તેઓ બંદૂકોના ખૂબ જ મોટા ભડાકા કરતાં હતા. તેનાથી ધરણી ખૂબ જ ધમકતી હતી. ગયંદ મરાલી ગીત ગાતા હતા, માર્ગમાં ચારે કોર પુરના નર-નારીજનો ઉભા હતા એમના મનને હરિ હેતને કારણે ખેંચતા હતા, સર્વે લોકો પ્રભુને ફૂલથી વધાવતા હતી પ્રભુના ગુણને મુખેથી ગાતાં હતાં. આવી રીતે પ્રભુને વારણે આનંદ કરતા થકા જતાં હતાં. શ્રી સહજાનંદ સ્વામી લોકોના ભવ ફંદને હરવા માટે આવી રીતની શોભા સાથે લોકોથી વિંટાયા થકા નગરમાં વિચરણ કરતા હતા. હે રાજન ! હવે અમદાવાદ પુરની શોભાનું વર્ણન કરીને કહું છું.

વિવિધતાથી નગર શોભતું હતું, અટારી, મહોલોની ઘટા વિરાજતી હોવાથી મોટા માર્ગો શોભતા હતા જોનારને મનમાં આનંદ થાય છે. બજારમાં હજારો હાટડીયો શોભતી હતી અનેક ઘાટોથી શોભતા હતા તેમાં શરાફની પેઢી તો જાણે કુબેર ભંડારીનું કે ઈંદ્રનું મંદિર ન હોય ? એવા વાતવરણમાં પ્રગટ પ્રભુને જોઈને સૌ પોતાને ધન્ય ભાગ્ય માનતાં હતાં. માર્ગ ઉપર વધારે પ્રમાણમાં વડના વૃક્ષો શોભતાં હતાં મકાનો રંગબેરંગી ઉંચા ચતુરના ચિત્તને ખેચનારું થતું હતું આવું સુંદર વાતાવરણ હતું. મકાનોના મેડી-ઝરુખા, માળિયા, ગોખો મનોહર હતાં તેની ઉપર લોકો બેસીને ઝાંખીને જોતાં હતાં. આવી રીતે અજીતનાથ પધાર્યા તે નેત્રથી જોતા હતા. બધા જ મનુષ્યોના હાથમાં પુષ્પના હારો હતા તેને પ્રેમથી પ્રભુને ધારણ કરાવતા હતા. સૌ લોકો પ્રભુના દર્શન પહેલા શોકમાં હતા દર્શન કરીને અશોક થયા અને પુષ્પોથી પ્રભુને વધાવતા હતા.

મહાપ્રભુ મંદ ગતિથી ચાલતા હતા તે ખુબ જ ખ્યાલ કરીને ચાલતા હતા કેમ કે પાસે જ લોકોના મોટા મોટા ટોળાંઓ ઉભેલા હતા તે બધાં જ આનંદ ઉલ્લાસ વાળા હતા. અનેક દેવો આવીને મહાપ્રભુને ચમ્મર ઢોળતા હતા, તેઓ મનોહર મુર્તિ નાથના દર્શન કરવા આવ્યા હતા, પોતાના ભાગ્યને મહાન લેખતા હતા. રસિકવર પ્રભુ ઉપર સુંદર છત્ર ધારેલું શોભતું હતું, તે જાણે માથે મેઘાડંબર ન થયું હોય ? તેમ માથે આકાશ શોભતું હતું. આ રીતે રાજઠાઠથી પ્રભુ માર્ગ ઉપર શોભા વધારતા ચાલતા હતા, અને નગરની શોભાને જોતા હતા. મુનિ જનોના મનને લોભાવતા હતા. નજીકમાં વિશાળ મલ્લનો ખેલ થાતો હતો એના અસ્વારમાં બેલ વાગતો હતો. બટુકો પ્રેમથી પાઠ ભણતાં હતા, નિયમ ધારીને રહેતા હતા કેટલાક સવારી સજીને નગરમાં ફરતા હતા. આ રીતે નગરમાં ચારે વર્ણ રહેતા હતા સૌ પોત-પોતાના ધર્મને ધારીને વર્તતા હતા. આ રીતે સૌ દ્વારમાં ઉભા રહીને જોતા હતા. રસિક ભાવવાળા ભકતજનો પ્રેમથી ગાતા હતા, તે રાગને સાંભળીને નાગો ડોલતા હતા એવું સુંદર ગાતા હતા, લોકો શ્રીહરિને પોતાના નેત્રથી નિરખીને દર્શન કરતાં. નિર્મળ મન થતાં હતાં. મહાપ્રભુ મંદ મંદ ચાલથી ચાલીને કામદેવના મદને તોડતા હતા આવી રીતે ઘનશ્યામ પ્રભુ આખા શહેરમાં દૃષ્ટિથી નિરખીને પવિત્ર કર્યું.

મહારાજ પુરને પાવન કરીને લોકોના ભવના બંધન તોડતા હતા આમ બજારો બજારમાં મહાપ્રભુને સૌ નિરખતા હતા દર્શન કરતા હતા. **અમદાવાદ** પુર ઉપર સુંદર મૂર્તિએ સુંદર કૃપા દૃષ્ટી કરીને તે પુરને અહીં પોતાનું નિવાસ ધામ કરતા હતા. આવી રીતે પ્રભુનો પુનિત પ્રેમ પ્રગટ થતો હતો શ્રી સહજાનંદ મહાપ્રભુ શહેરમાં ફરીને નવા વાસમાં પધાર્યા ત્યાં **પદમા પટેલ**ના નિવાસ પાસે સારું મકાન જોઈને ઉતારો કર્યો. હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુ **અમદાવાદ**ના વિસ્તારોમાં ફરવા પધાર્યા ત્યારે માર્ગ ઉપર ચોકમાં, લોકોના મનની ભીતીને હરતા થકા સૌ નર-નારીજનને રાજી કરીને ચોતરાઓમાં સૌ જનના ચિત્તને ચોરતાં થકા રાજ મારગ

ઉપર ફરીને મહારાજ ખૂબ જ રાજી થયા અને સૌ નર-નારીજનોને પોતાના ઉરમાં શાંતિ થતી હતી. એવું સુખ આપનારા અખિલ જગતના સ્વામી અવતારના અવતારી પ્રભુને બ્રહ્મા, ભવ, વિષ્ણુ સૌ દેવો પોતાના ઉરમાં ધ્યાન ધર્યા કરે છે, એવા સહજાનદ સ્વામી અમદાવાદ નગરમાં પધાર્યા. તે આ પાવન ભૂમિના ધન્ય ભાગ્ય છે તથા આ નગરના નરનારી તથા ભકતજનોના ધન્ય ભાગ્ય છે, ભવ ભય હરનારા નાથનાં પોતાના પામર નેત્રોથી દર્શન કરે છે. તે પ્રભુ તો સર્વોપરિ સર્વ કારણના કારણ જ છે તેથી દર્શન કરીને ઉરમાં ધારીને અતિ શાંતિ કરે છે. એવા ઘનશ્યામ પ્રભુ શોભાના સાગરના દર્શન કરીને સર્વ ભકતજનોના મનનાં ત્રાસને હરનારા પૂર્ણકામ પ્રભુ પશુ, પક્ષી, વૃક્ષ, વેલી, નદી, વાવ, કૂવા બધુ જ પ્રભુના ચરણના પ્રતાપથી સર્વને પાવન કરીને તિર્થ કરતા હતા તે અક્ષરાતિત અવતારી મહાપ્રભુ સૌના મનને ખૂબ જ ભાવતા હતા. સૌ ભકતજનો શ્રીહરિના ચરણકમળનો સ્પર્શ કરીને પાવન થયા અને પ્રીતથી પરબ્રહ્મ પુરુષોત્તમ પરમેશ્વર સર્વ ઈશ્વરના ઈશ્વર મહાપ્રભુએ સુંદર રીતે કૃપા કરીને અજ્ઞાનથી મુકત કર્યા તે બધાના મહાભાગ્ય છે મહારાજ આખા શહેરમાં ફરી નવા વાસમાં આવીને ઉમંગથી ઉતર્યા પ્રેમી ભલા ભકતના ઘરમાં સર્વના ભયને હરનારા જેમના ગુણની ગાથાઓ ગવાય છે એવા મહારાજ ઉતર્યા.

નવા વાસમાં પ્રભુ સુંદર આસન બનાવેલ તેના ઉપર વિરાજમાન થયા કામદેવના ગર્વને તોડનારા લક્ષ્મી સમાન બાઈના ઘરમાં શોભતા હતા. મંદ હાસ્ય મુખવાળા ભકતજનોને આનંદ આપનારા મહાપ્રભુની સન્મુખ સંતો બેઠા તથા ભકતજનો ભાવ ભરીને બેઠા તથા બાઈ ભકતજનો મહાપ્રભુના ગુણને ગાતાં થકાં, પરમ પવિત્ર ભાગ્યવાળા સૌ સભામાં બેઠા તથા નગરના સૌ નરનારી શ્રી હરિને જોવા માટે આવતાં હતાં, તે ગુણવંત પ્રભુને ગુલાબના હારો લાવીને પહેરાવતાં હતાં. સુંદર ચંપાના ચમેલીના હારો, કેતકી, કરેણના, જાઈ, જુઈ, સેવંતીના હારો, મોગરા, માલતીની માળાઓ પ્રભુના કંઠમાં પહેરાવતા હતા. ગુલદાવદિ, સેવંતી, આદિના હારો ભકતજનો ધરાવતા હતા અને પ્રભુના કીર્તનો ગાતા હતા, હારો - ગુચ્છો, બાજુ બંધો, ગજરાઓ બનાવીને પહેરાવતા મસ્તક ઉપર તોરાઓ ધરાવતાં હરિના શરીર ઉપર શોભા કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સભાસદોના વચમાં બેસીને જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા અને સૌ નરનારીજનો સાંભળતા હતા. પુરના લોકો દર્શન કરવા આવતા હતા અને જતા હતાં શ્રી હરિના દર્શન કરીને શ્રીહરિને જોઈને ખૂબ જ આનંદ આનંદમય થતા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રો સહિત સર્વે નરનારીજનો તથા પિર-ફકીર, અને સેવડા આદિક અનેક અપાર લોકો આવતા દર્શન કરીને જતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુને પવિત્ર સાત્વિક વિચારવાળા જોઈને તેઓ પ્રભુને જગવંદ્ય પરબ્રહ્મ માનતા હતા અને જે દુર્મતિવાળા કુસંગીઓ, કપટીઓ, સૌને ખોટા આડંબરવાળા જાણતા હતા. શ્રીહરિ સૌના મનને પોતામાં ખેચતા હતા, જયારે એ સૌના હારને ધારણ કરતા હતા ત્યારે તેઓ સૌને સમાધિ થઈ જતી હતી. તે તરત જ સભામાં જ પડી જતા હતા. આવી રીતે મહારાજ **અમદાવાદ**માં ભકતજનોને સુખ આપતા હતા, આમ ઘનશ્યામ પ્રભુની કોટી કામદેવને શરમાવે એવી મનોહર મૂર્તિ શ્રી ઘનશ્યામ નામ ખૂબ જ મનોહર છે.

શ્રી હરિ મહાપ્રભુ પુરની શોભા જોવા માટે આખા શહેરમાં ફરીને આવ્યા તે શોભા જોઈને નવા વાસમાં આવીને ભકતજનનું મકાન જોઈને તેમાં મનભાવતો ઉતારો કરતા હતા. ત્યારે લોકો શહેરમાંથી દર્શન કરવા માટે આવતાં જતાં હતા. અને નિત્ય પ્રત્યે મહાપ્રભુના ગુણને ગાતાં હતાં પ્રભુના મહિમાને નિરખતાં

હતાં, આવી રીતે આ સત્તરમું અભિધાનરુપ તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ અમદાવાદ પુરમાં પધાર્યા** તે **શોભાનું વર્ણન કર્યું એ નામે આ સત્તરમું તરંગ પૂર્ણ થયું. ॥ ૧૭ ॥**

# તરંગ-૧૮

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! નંદજીના પુત્ર બાલકૃષ્ણ પ્રભુએ કંસના વાળ પકડીને નીચે પાડીને માર્યો હતો એવા બાળ પ્રભુ પોતે જ સર્વનો ખ્યાલ કરે છે. તે જ પોતે પુષ્પની માળાને કંઠમાં ધારે છે. એવા તે સહજાનંદ સ્વામી પ્રગટ થઈને મનુષ્ય સ્વરુપે પૃથવી ઉપર વિચરણ કરતા હતા. **અમદાવાદ** પુરમાં પધારીને આનંદ કંદ કેવી કેવી લીલા કરી તે મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીરને ધારીને મહાપ્રભુ ધરા ઉપર ધર્મ સ્થાપવા માટે મનુષ્ય દેહને ધારીને મનુષ્યોને ધર્મ સંબંધી જ્ઞાનનો ઉપદેશ કરતા હતા સમજુ જિજ્ઞાસુ મનુષ્યો તે વાતને પૂર્ણ રીતે જાણતા હતા અને પ્રગટ પ્રભુમાં પ્રીત કરીને આશ્રય કરતા હતા તેજ સહજાનંદ સ્વામી અમદાવાદ પુરમાં પધાર્યા ત્યારે અનેક લીલા ચરિત્રો કર્યા તે લીલા કહું છું તેને તમે સાંભળો. હે રાજન્ ! તમારું ભાગ્ય બહુ જ સારું છે કેમ કે તમે સતત ભગવાનના ચરિત્રની પ્રિતથી કથા વાર્તાને પૂછો છો, તે કથાને હે આનંદ રાજન્ ! તમે એકાગ્ર ચિત્ત થઈને ભાવ પૂર્વક હરિના યશને સાંભળો. જયારે શ્રી ઘનશ્યામ પ્રભુ પ્રભુ સભામાં વિરાજમાન હતા ત્યારે તેના દર્શન કરવા માટે અનેક લોકો આવતાં હતાં. શ્રી હરિ મુખેથી વાતો કરતા હતા. તે ગુણવાળા સંતો હરિજનોની સાથે જ સાંભળતા હતા. લોકો જયારે મહાપ્રભુના દર્શન કરવા પાસે આવતાં હતાં, ત્યારે તેમના નાડી પ્રાણને ખેંચતા સમાધિ થતી હતી. તેઓ સભામાં જ ઘનશ્યામ પ્રભુ પાસે જ પડી જતા હતા, ત્યારે તેઓને પડતાં જોઈને સદ્‌મતિવાળા સમજુ લોકો આશ્ચર્ય પામતાં હતાં. આવી રીતે સમાધિના ઐશ્વર્યના અનેક પરચાઓ લોકોને જણાવતા હતા. ગુણવંત સંતો મહાપ્રભુના નિર્મળ યશને ગાતા હતા.

એવામાં રસદાર રસોઈ તૈયાર થઈ થાળ તૈયાર થયો ત્યારે મહારાજ જમવા માટે પધારતા હતા. મહારાજ **ભલાભકત, લાલદાસ ભકત** તથા **ભુખનનાથ** ભકત પ્રભુના બધા જ પદાતિઓ, સંતોને સાથે જમાડતા હતા. શુદ્ધ પાકો શાકોની સાથે સરસ બનાવ્યા હતા તેના થાળ ભરીને તૈયાર કરીને પ્રભુની આગળ થાળ મૂકયો ત્યારે પ્રાણનાથ સ્નાન કરીને જગતના જીવોના ભયને હરતા હતા. મહાપ્રભુ સ્નાન કરીને પીળા વસ્ત્રોને ધારણ કરીને અંગ ઉપર ઉપરણી ઓઢીને સુંદર પાથરેલા બાજોઠ ઉપર આવીને બેઠા ત્યારે સુંદર રીતે કરેલો પાકનો થાળ લાવ્યા. તે થાળમાંથી મહાપ્રભુ યુકિતપૂર્વક નાના નાના કોળિયા લઈને બહુ લાબાં સમય સુધી જમતા હતા. મુખેથી ભોજનના સ્વાદની રમુજ વાતો કરતા હતા. પ્રભુની વાતો સાંભળીને સૌ જન વૃંદ ખૂબ જ રાજી થયાં જગદીશ પ્રભુની વાણી સાંભળીને પ્રભુનો નિશ્ચય થતો હતો જમીને પછી મુખવાસ લીધો પછી મહારાજ સંતોને જમાડતા હતા અને સુખ દેતા હતા. પ્રાણપતિ સંતોને પ્રીતથી પાકો પિરસતા હતા,

મનને આનંદ આપે એવા લાડુ જગતપતિ વારા ફરતી જમાડતા હતા. ઘનશ્યામ પ્રભુએ સૌ સંતોને આ રીતે જમાડીને હરિભક્તના મનને આનંદ કરાવતા હતા, પ્રભુ મગન મન થઈને સુંદર તે જ ઘરમાં મોટી સભા કરીને પૂર્ણકામ ઘનશ્યામ જ્ઞાનની વાતો કરતા હતા. ધર્મ જ્ઞાન ભકિત વૈરાગ્યની વાતો કરતા હતા. તે જ સમયે **લાલદાસ** ષોડશોપચારથી પૂજન કરવા માટે પોષાક શાલ દુશાલા આદિક સાજ લાવ્યા. તેનાથી પુરુષોત્તમ મહારાજના ચરણ કમળનું પૂજન કર્યું ચંદન અર્ચ્યું કંઠમાં હારો પહેરાવ્યા બાજુ બંધ બાંધ્યા, ગજરા તોરા વગેરે વિધી પ્રમાણે પૂજન વિધી કરીને પછી ગદ ગદ કંઠથી મહાપ્રભુની સ્તુતિ કરતા હતા.

**લાલદાસ ગોરા ભકત** સ્તુતિ કરે છે : હે પ્રભુ ! આપ તો અધમાદ્ધારક જગતના પાલન કરનારા જય જય કરનારા કાલવ્યાળથી તારનારા છો સંતોના સમુદાયનું પાલન કરનારા અતિશય સુજાણ આપનો જય જય કાર થાય. આશ્રિત જનોના અજ્ઞાન- અંધકારનો નાશ કરનાર દુઃખો હરનારા આપનો જયજયકાર થાઓ. પાપોનો નાશ કરીને હે દિનેશ પ્રભુ ! સર્વનું પોષણ કરનારા આપનો જય થાવ કામદેવના ગર્વનો નાશ કરનારા જેમના ગુણને શેષ, શારદા ગાય છે એવા આપનો જય જય થાવો. હે કરુણામૂર્તિ ! હે કમલ નયન ! જય જય હોય, હે અશરણને શરણ આપનારા ! આપનો જય જય થાય. ભવ બ્રહ્મા વિષ્ણુ શારદા આદિ આપનું જ અખંડ ભજન કર્યા કરે છે. એવા આપનો જય જય કાર થાઓ જેમના ગુણને મુનીજનો, દેવો સૌ આનંદ ઉત્સાહથી ગાયા કરે છે એવા પ્રભુ આપનો જય જય થાઓ. જેમના ચરણકમળને સિદ્ધો, સંતો સેવે છે એવા પ્રભુ આપનો જય જય થાઓ, જેમના મહિમાને મુનિઓ મહંતો ગાય છે એવા મહા પ્રભુ આપનો જય જય થાઓ,જગતના લોકોના સમહુને સહાય કરનાર જગતવંદ્ય પ્રભુ આપનો જય જય થાઓ, હે પ્રભુ ! આપ પૃથ્વી ઉપર પ્રગટ થઈને અનંત મહિમાને વધારનારા આપનો જય જય થાઓ. હે પ્રભુ ! આપ અમારા મહા ભાગ્ય દાતા છો અમે આપના દરશન કરી શક્યા તેથી અમારો જન્મ સફળ કરનારા આપે અહીં આવીને અમારી ઉપર મહાન કૃપા કરી એવા આપનો જય જય થાઓ, આશ્રિત જનોની આશાઓને પૂર્ણ કરનારા આપનો જય જય થાઓ, હે સર્વના અંતર્યામી ! સર્વના સ્વામી સર્વના હિત કરનારા આ ધરા ઉપર ધર્મને સ્થાપવા દેહને ધારીને નર-નારીનો ઉદ્ધાર કરવા પ્રેમથી પધારનારા આપનો જય જય થાઓ. આવી રીતે નમ્રતાથી **લાલદાસ** ભકતે સ્તુતિ કરીને પ્રભુની પાસે જઈને નમ્રતાથી ચરણમાં વંદન કર્યા, હાથ જોડીને પ્રભુની પાસે માંગતા હતા કે આ આપની દુલર્ભ ભકિત કાયમ આપજો, આવી રીતે લાલદાસ ભકતે મહાપ્રભુને વારંવાર વિનંતી ત્યારે **લાલદાસ** ભકતે જે વર માગ્યાં તે સુખદેણ પ્રભુએ પ્રેમથી આપ્યા. તે કહે છે કે હે પ્રભુ! આપ સાંભળો અમારા કુળમાં સદાય માટે પરંપરામાં બધા જ હરિ ભકતો થાય કાયમ માટે સૌ સંત સમાગમ કરતા રહે એ જ વર અમને આપજો. હે પ્રભુ! અમારા કુળમાં સત્સંગ સિવાય બીજે કયાંય આસ્થા ન થાય એ જ વરદાન અમને આપજો. હે પુરુષોત્તમ ભગવાન! આપની પાસે આટલું જ માગવું છે. આ રીતે લાલદાસ ભકતનું સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા એ વરદાન ભકતને આપ્યો અને પોતાના આશ્રિત ભકતને અભય વર આપીને પ્રભુ રાજી થયા.

આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ ભકતજનોને સુખ આપતા થકા ભકતજનના ઘરમાં જ રાતના સમયે રહેતા હતા. અને જયારે સવારમાં પ્રભાત સમય થયો ત્યારે પ્રભુ પરવારીને નવા વાસમાં પધાર્યા. શરદ ઋતુમાં નિર્મળ જળમાં ખિલેલાં કમળની પાંખડી સમાન બંને નયનોથી હેતથી પોતાના આશ્રિત ભકતને દર્શનનું સુખ આપતા હતા. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી શહેરમાં રહીને ભકતજનોને સુખ આપતા થકા ભકતજનોના

ઘરમાં રહીને ફંદને હરતા હતા. જગવંદ્ય પ્રભુ જે જે ભકતજનના ઘેર ગયા તે તે ભકતજનના નામ કહુ છું. તે સુખકંદ પ્રભુની લીલાની વાતોને તમે સાંભળો. **ભકત નથુભાઈ, કુબેરભાઈ, હિમતરામ** તથા **નાગર લક્ષ્મણરાય, લાલદાસ, ગિરધરભાઈ, ઉમિયાશંકર, હરિશંકર, સોમનાથ, કુબેરભાઈ, મહાદેવભાઈ, પુરષોત્તમભાઈ, રાયજીભાઈ** તથા **ભવાનિ શંકર નરભેરામ** આદીકના ઘરોમાં મહાપ્રભુ થાળ આરોગતા હતા. હે રાજન ! **ગોવિંદરામ ગોકળભાઈ** નામના **ત્રિકમરામ** આદિ હરિભકતો **બેચર ભકત, રણછોડ, ભકત દોલારામ, હરિરામ,** ભગવાનના ભકતો **મોહનલાલ વ્રજલાલ** ભકત તથા **દામોદર** દિલના શુદ્ધ જ્ઞાની **બેચર ભકત, પુરુષોત્તમ,** પ્રેમી ભકતમાં પટેલ જ્ઞાતિના **રઘુનાથ ભકત, હિરા બેચર, મુળજીત** તથા **રાયજી, હીરાચંદ પ્રભુદાસ**, પ્રેમીભકત **માણેકશા**, બીજા **વજેરામ** ભકત, **ગંગારામ** ભકત, **લક્ષ્મી ચંદ આત્મારામ હરજીવન** તથા **ભગવાન દાસ** બીજા **ગગલદાસ** તથા **ઈચ્છારામ** ભકત તથા **જગજીવન, રામભકત** જાણજો. **હરગોવન, તરભોવન** આ બધા જ પરમ ભાગ્યવાળા ભગવાનના ભકતો છે એમ જાણજો. બાઈ **રેવા, હરિબાઈ, વજીબાઈ, દીવાળી બાઈ** આદિક તથા બાઈ **આધાર** નામના સુંદર સ્વભાવથી શોભતાં **અભેકુંવરભાઈ** તથા **બાઈ શિવકોર**, **ઉમિયા બાઈ, રંગાબાઈ,** આદિક સતીઓમાં જે શ્રેષ્ઠ કહેવાય છે.

એમના ઘેર ઘનશ્યામ પ્રભુ ભાવ સહિત વારે વારે જમવા પધારતા હતા. શ્રીહરિ ભકતજનના ઘેર જયારે જયારે જમવા પધારતા ત્યારે ત્યાં તરત જ સ્નાન કરીને પીળા વસ્ત્રોને ધારણ કરતા હતા. ઘનશ્યામ પ્રભુ ઉપરણી ઓઢતા હતા અને અંગોને ઢાંકતા હતા ત્યાર પછી બાજોઠ ઉપર જમવાને માટે બેસતા હતા ત્યારે ભકતજનો થાળ રસથી ભરપુર થાળ પાક-શાક ભરીને લાવતા હતા, શ્રીહરિ મહાપ્રભુ સ્વાદુ ભોજન જમતા હતા લોકોના મનને ખેંચતા હતા. આમ ભાવયુકત ભગવાન ભોજન કરતા હતા. મહારાજ જમીને પછી સંતોને જમાડતા હતા, મહારાજ પોતાના હાથેજ સંતોને જમાડતા હતા સારા પાકો વારંવાર પીરસતા હતા અને પોતાના હાથે બહુનામી બહુ આગ્રહ કરીને જમાડતા હતા, પછી મહાપ્રભુ હાથ ધોઈને મુખકમળને ધોતા હતા, પછી પોતાના તૈયાર કરેલા આસન પર બેસતા હતા, મહારાજ મુખવાસ મુખમાં લઈને શય્યામાં પોઢતા હતા આવી રીતે **અમદાવાદ** ધામમાં મહારાજ ભકતજનોને બહુ જ સુખ આપતા હતા.

એક દિવસ શ્રી ધર્મકુમાર સુખધામના ધામી પ્રભુ ચોકસી જ્ઞાતિના એકાંતિક ભકત **હીરાચંદ ચોકસીના ઘેર જમવા પધાર્યા હતા** ત્યારે મહાપ્રભુની આગળ રસોઈના થાળ ભરીને પાકની સાથે શાકોના ધર્યા ત્યારે મહાપ્રભુએ તે થાળોને લોકોના મનને આનંદ કરવા જમતા હતા. તેની યથા યોગ્ય છબી વર્ણવું છું. પ્રભુ ડાબા પગની પલાંઠી વાળીને તેની ઉપર ડાબો હાથ રાખતા હતા તથા જમણા ચરણને ઉભો રાખીને તેની ઉપર જમણો હાથ રાખીને સૌના મનને આનંદ કરવા પ્રભુ ભોજન જમતા હતા. આવી રીતે શ્રીહરિ **અમદાવાદ** ધામમાં સર્વોપરી સુખ આપતા હતા. મહારાજ થાળ જમીને પછી સંતોને જમાડતા હતા પોતાના ભકતજનના ઘરમાં નિવાસ કરીને રહેતા હતા ત્યારે પ્રભુના શરીરમાંથી અપાર તેજ નીકળતું જે જનો ધ્યાન ધરતા તેમને સુખ આપતા હતા કામના અભિમાનને હરતા હતા. ભકતજનોની સેવાને અંગિકાર કરતા હતા આમ મહાપ્રભુ શ્રી પુર નગરમાં રહીને ધર્મજ્ઞાન સહિત વાતો ભકિતની વાતો કરીને સૌને ભકિત સિદ્ધ કરાવતા હતા અને ધર્મ દૃઢ કરાવતા હતા. ભકતજનો પ્રેમ કરીને પ્રભુને પુજતા હતા પ્રભુના અંગે અંગમાં સુંદર સુગંધ યુકત ચંદન અર્ચતા હતા, કંઠમાં હારો પહેરાવતા હતા બાજુ બંધ બંધાવતા હતા પચરંગી પુષ્પોથી સજતા હતા મસ્તક ઉપર પાઘ ધરાવતા હતા. શાલ દુશાલા ધરાવીને દર્શન કરીને મૂર્તિને ઉરમાં ધારીને સુખ પૂર્વક સ્તુતિ કરતા હતા.

આવી રીતે સૌ નર-નારીજનો **અમદાવાદ** નગરમાં સર્વના નાથ મહાપ્રભુ નિવાસ કરતા ભકતના ત્રાસને હરતા હતા ને ભકતજનોની આશાઓ પૂરતા હતા. સર્વના જીવન પ્રાણ પ્રભુ પોતાના ભકતજનોના ઘેર જતા હતા, મહાપ્રભુ ભકતના ભાવને વશ થઈને ભોજનને નિત્ય પ્રત્યે જમતા હતા અને સુખ આપતા હતા.

શ્રી હરિને જે ભકત આમંત્રણ આપીને બોલાવે તેમના ઘેર જમવા પધારતા હતા આમ સૌને મહાપ્રભુ સુખ આપતા હતા. તે **અમદાવાદપુરના એક મોટા શેઠ સારા પ્રતિષ્ઠિત દાતા તે મોહનલાલના નામથી કહેવાતા** ધનવાનોમાં નામનાવાળા સારા હતા. તે મોહનલાલ શેઠે શ્રી હરિને પોતાના બંગલે મોટો મંડપ બાંધેલો તેમાં આંમત્રણ આપીને બોલાવ્યા તે મંડપ ખૂબ જ સજીને શોભાવાળો કરેલો હતો તેનું વર્ણન મુખેથી કર્યું ન થાય તેવું હતું.

રોજે રોજ શ્રી સ્વામીના દર્શન કરીને ભકતજનો મહારાજને આમંત્રણ આપે તેમના ઘેર જમવા માટે સર્વની સાથે પધારતા હતા. ભયહારી મહાપ્રભુ ભાવના ભરેલા ભકતજનોના મનને આનંદ કરાવવા માટે જગતના સ્વામી જમતા હતા અને બહુ જ સુખ આપતા હતા. લાલદાસ ભકતે મહાપ્રભુની સ્તુતિ કરી શ્રીહરિને દૃઢ પ્રેમ કરીને પૂરે પુરા ઓળખ્યા આશ્રય કર્યો એ નામે આ અઢારમો તરંગ શ્રી હરિલીલાસિંધુ લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ અમદાવાદમાં વિચરણ કરી લીલા કરી એ નામે આ અઢારમો તરંગ પૂર્ણ થયો ॥ ૧૮ ॥**

# તરંગ-૧૯

આનંદ સિંહ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ જગવંદ્ય મહાપ્રભુ ઝરુખામાં વિરાજમાન હતા તેને સૌ નિત્ય દૃષ્ટિથી જોતા હતા મુનિમંડળની વચ્ચે બેઠેલા પ્રભુ સંતોની સાથે ખૂબ જ શોભતા હતા. અને દર્શન થતાં હતાં. તે પ્રભુના દર્શનથી માન દંભ અભિમાન બધુ જ નાશ થઈને ભવના બંધનથી છૂટે છે. પ્રભુના આશ્રયથી જગત આખું જંઝાળ જેવું લાગે છે. એવા સર્વોપરિ મહાપ્રભુના ચરિત્રો યશ મને કહો, હે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ ! તે **મોહનલાલ શેઠ**ના ઘેર પધાર્યા ને કેવી રીતે સુખ શાંતિ કરી તે વર્ણવીને મને કહો. તે કમલ નયન મહાપ્રભુના શોભા ભરેલા ચરિત્રોને આપ જાણો છો માટે હે અવધગુરુ! તે પ્રભુના ચરિત્રો આપ ઉરમાં લાવીને મને કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે હે આનંદ રાજન ! શ્રી સહજાનંદ સ્વામીનું જે જન નામ રટે છે દર્શન કરે છે, તેના કાળપાશના બંધન યમના દૂતના બંધ છૂટી જાય છે તે પ્રભુ કાળ ઉપર વક્ર દૃષ્ટિ કરીને તેના બધા જ કર્મબંધનો બાળી દે છે. કાળ કર્મના બંધનરુપ જગતના જન્મ મરણનો ત્રાસભય નાશ પામે છે. એવા તેજ સહજાનંદ સ્વામી ધર્મના વંશનું પોષણ કરવા માટે જે જે લીલીઓ કરી છે તે બધી જ કથા તમને સુંદર રીતે વર્ણવીને કહું છું તે સાંભળો. એક દિવસ નગરના મોટા શેઠ મોહનલાલ હતા તેમના ઘેર મહામોટો લગ્ન ઉત્સવ હતો તે લગ્નના ઉત્સવમાં મહારાજને પધરાવવા માટે મહારાજની પાસે મહારાજને તેડવા માટે **મોહનલાલના સેવકોને** મોકલ્યા. દૂત મહારાજને કહે છે : હે ચંચલ નેત્ર પ્રભુ ! સંતો ભકતોની સાથે સર્વની દૃષ્ટિને ચોરનારા

હે પ્રભુ ! આપને અમારા શેઠ તેડાવે છે તે મોહનલાલ શેઠ બહુ જ સારા આપના ભકત છે એમ જાણીને આપ એમને ત્યાં પધારો. હે પ્રભુ ! **મોહનલાલ શેઠના પુત્રના લગ્ન છે** આપ તો સુજાણ છો તેથી આપને એ કાર્ય માટે શોભા વધારવા એમના આમંત્રણને માન આપીને પધારો, હે સુખના નિધાન ! સુખકંદ પ્રભુ ! સર્વ જાણનારા મેઘગંભીર દૃષ્ટિવાળા સર્વને સાજે તેવી વાણીવાળા આપને તેડાવે છે તો પધારો. હે દયાળુ! પ્રભુ દિલમાં દયા લાવીને હે દેવના દેવ સર્વના સ્વામી ! દયા કરીને ભકતજનની આશા પુરી કરો એ વિનંતી છે આવી રીતે તે સેવકની વાણી સાંભળીને ઘનશ્યામ પ્રભુ સર્વના નાથ મનમાં રાજી થઈને તૈયાર થઈ ગયા. અનેક પ્રકારના વાંજિત્રા સજ્જ કરવી સૌ સંતમંડળની સાથે તૈયાર થઈને ધોડેસ્વાર થઈને ભકતના ભવબંધન તોડવા લોકોના મનને રાજી કરતા થકા જતા હતા. મહાપ્રભુ માર્ગમાં મંદ મંદ ગતિથી ચાલતા હતા, સંતજનો મધુર રસ ભરપૂર કિર્તનો ગાતા હતા અનેક પ્રકારના વાજાં વાગતાં હતા. ચારે બાજુથી લોકો શ્રી હરિના દર્શન કરવા જોવા માટે બહુ જ આવતાં હતાં. શ્રી હરિ દયાળુ માર્ગમાં સૌને દર્શન દેતાં હતા કૃપાળુ સૌને સુખી કરીને **શેઠ મોહનલાલના ઘેર ગયા કૃપાળુ પધાર્યા એટલે પ્રગટ પ્રભુ પધાર્યા એમ જાણીને સૌ જનો શેઠની સાથે મહારાજની સામે આવ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કર્યા પછી મનહર મૂર્તિને મંડપમાં પધરાવતા હતા તે મંડપ ખૂબ જ ચતુરાઈથી રચના કરીને ચિત્તને ખૂબ જ અચંબામાં નાંખે તેવો બનાવેલો હતો. મંડપમાં થાંભલા જાડા મોટા હતા, સારા લાગતા હતા, ચારેબાજુ લાગટ તોરણો લટકતાં હતાં જાત જાતના ભાત ભાતના ખાનાઓ બનાવેલાં હતાં, અતિ શોભાવાળા ઘાટો બહુ જ બનાવેલા શોભતા હતા. પચરંગી નંગોના પરવાળાનાં તથા સોનાનાં શોભતાં ખૂબ જ મોટાં તોરણો શોભતાં હતાં તેને જોઈને જોનાર તરત ભાન ભુલી જાય તેવું સુંદર દૃશ્ય હતું, જોઈને જાણનાર ચકિત થઈ જાય તેવી શોભા હતી. આવા સુંદર મંડપની વચમાં મંચ બનાવેલો હતો. તેની ઉપર મહાપ્રભુ બેઠા એમની સામે સૌ સંતો બેઠા હતા .**

**ત્યારે મહાપ્રભુની સનમુખ મોટી સભા ભરાઈને બેઠી હતી તેમાં મહાપ્રભુની મૂર્તિ બહુ જ ઓપતી હતી. તે સભામાં મહાપ્રભુ જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા સૌ સાંભળતા હતા, પુરના નરનારીજનો પ્રભુને નિરખવા જતા હતા, શ્રી હરિ કહે :- સૌ શાહુકારો તમે સૌ સાંભળો સુંદર વાતો કરીએ છીએ,** અત્યારે આ સમયે પૃથવી ઉપર ભગવાન પ્રગટ થયેલા છે તે પ્રગટ ભગવાન મળે તો તે પ્રભુના આશ્રયથી જીવનું કલ્યાણ થાય છે. અથવા એમના આશ્રિત સંતોના સેવન તથા જ્ઞાન ઉપદેશથી પ્રભુના આશ્રયથી જગતમાં જીવનો મોક્ષ થાય છે આ વાત જે મર્મની કહી છે તે લોકોના સુખ માટે જ કહેલી છે તે ખાસ ધ્યાનમાં લેવી જયાં પ્રભુ પ્રગટ થાય છે ત્યાં ધર્મ દૃઢ રહે છે ત્યાં અજ્ઞાન નથી રહેતું જેમ જગતમાં સૂર્ય ઉદય થાય છે ત્યારે અંધારું નથી રહેતું, ખૂબ જ ગાઢ અંધકાર હોય તો સૂર્યના પ્રકાશથી નાશ પામે છે તેમ પ્રભુના પ્રતાપથી જ્ઞાન થાય છે. આ રીતે વાતનો સાર સૌ જાણજો પ્રગટ પ્રભુ પૃથવી ઉપર વિચરણ કરે છે પાપને બાળે છે પ્રભુની ઓળખાણ કરીને એમને નિરખીને આશ્રય કરીને પોતાના જન્મને ધન્ય માની સુખ પામવું. ભકતના ભવબંધનો તૂટી જાય છે વિષય સુખની આસક્તિ ઓછી થઈ જાય છે ભગવાના આશ્રયથી ભવ સંસારને તરીને પ્રભુ પ્રગટની પાસે જાય છે તે અતિ આનંદ પામે છે. આશ્રય નથી કરતા તેમના ભવબંધનનો પાર કયારેય નથી આવતો. તેતો ચોર્યાસી લાખ ને સાંઈઠ હજાર નરકના કુંડો છે તેની પીડાને ભોગવે છે સુખ પામતા જ નથી. આવી રીતે ભગવાનને ઓળખીને આશ્રય કરે છે સારી રીતે સત્સંગ કરીને દૃઢ થાય છે તે તો તત્કારળ જ ભવસાગરને

તરીને પરમધામ પામે છે આવી રીતે શ્રીહરિએ શ્રીમુખે જ વાત કરી તેને સર્વ પુરુષો અને બહેનો સાંભળીને બહુ જ રાજી થયાં. આ રીતે પ્રગટ પ્રભુએ પ્રગટ સ્વરુપનું પ્રગટપણે જ્ઞાન આપ્યું. ધરા ઉપર પ્રગટ થયા તે ધર્મ ભક્તિના પુત્રરુપે વિચરે છે, તે તો આપોઆપ અમારી ઉપર કૃપા કરી છે, અમારાં ધન્યભાગ્ય છે, આપે અમને પ્રગટ પ્રભુના દર્શનરુપ ઓળખાણ કરાવી. અમે દર્શન કર્યાં એનાથી અમારાં અનેક જન્મના પાપોનો સમુહ નાશ થઈ ગયો અમે સુખીયા થયા એ જ ભાગ્યની મહાનતા છે. આવી રીતે લોકો વાતો કરતાં હતા તે જાણીને પ્રગટ પ્રમાણ તો આ સ્વામિનારાયણ સાક્ષાત પોતે જ છે એમ કહીને પછી પ્રભુના ચરણકમળની પૂજા કરતા હતા પ્રેમથી ચંદન અર્ચન કરીને ખૂબ જ પૂજન કર્યું.

હે રાજન્ ! સુંદર પુષ્પોના હારો બાજુ બંધો બનાવીને પહેરાવ્યા બાજુબંધ બાંધ્યા મસ્તક ઉપર શિરપેચ બાંધ્યો, તોરા લટકાવ્યા, ગજરા પહેરાવ્યા પ્રીત કરીને શ્રી હરિનાથને ઓળખ્યા તે જ મોહન લાલ શેઠ પોતાના મહાન ભાગ્ય માનતા હતા. હે રાજન્ ! આ રીતે વિધિ સાથે શ્રીહરિનું ષોડશોપચાર પૂજન કરીને પછી પ્રેમ ધારીને સ્તુતિ કરતા હતા, સર્વાન્તર્યામી ઘનશ્યામ પ્રભુને જાણીને ગદ્‌ગદ્ કંઠ થઈને મધુર કંઠથી નાથને ઉરમાં ધારીને બંને હાથ જોડીને સ્તુતિ કરતા હતા. મોહનલાલ શેઠ સ્તુતિ કરે છે : હે મહાપ્રભુ ! જગતમાં આપ જય જય પામો આપ જગતને તારવા માટે ને અધમ જીવોનો ઉદ્ધાર કરવા હે નાથ ! આ પૃથ્વી ઉપર વિચરણ કરો છો પ્રેમભાવથી જીવોને સમજાવો છો આપ તો સર્વોપરી છો હે ઘનશ્યામ પ્રભુ ! આપના સમાન કોઈ જ નથી આપ તો મહાન છો આપ તો જગતમાં સર્વત્ર વ્યાપક છો આપના ચરણકમળને જોગી જતિઓ, સિદ્ધો, સનકાદિકો સૌ સેવતા જ રહે છે. સતીઓ, મુની, નારદ, શારદા તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સૌ દેવો આપના ચરણની સેવા જંખે છે આપના ગુણને ગાયા જ કરે છે એવા આપ મહાન છો. ષટશાસ્ત્રો, ચાર વેદ, અઢાર પુરાણ, તથા બાવન ઉપનિષદો આપના ચરિત્રોને ગાતા થકા શોભે છે અને સુખ આપે છે મુનિજનો મુકતાત્માઓ સૌ અનંત ઉપાસના ભકિત કરે છે સૂર્ય ચંદ્રના પ્રકાશથી હજાર ગણા તેજથી વ્યાપક ને તેજાયમાન રહો છો. હે પ્રભુ ! લોકોના કલ્યાણ કરવા યુગો યુગ (વારંવાર) અવાર નવાર અવતારોને ધારણ કરીને, હે કરુણાનિધિ ! અનંતના કાર્યોને કર્યા છે. આપ તો કોઈનાથી જિતાવ તેવા નથી, સદાય અદોષ વાળા છો, અજિત સર્વોપરી છો આપના સાચા સ્વરુપનો કોઈક જ જ્ઞાની કવિજન હોય તે જ આપને પૂર્ણ રીતે ઓળખે અને સમજાવે. હે પ્રભુ ! આપ તો દશ અવતારો તથા ચોવીશ સ્વરુપો ધરીને ધરણી ઉપરના જીવોને ઉદ્ધારવા તેવા દેહને ધારો છો હે પ્રભુ ! આપ આ વેળા પોતે જ સામેથી પધાર્યા છો તેને તો અમો સર્વોપરી સર્વના સ્વામી સર્વનાકારણ જ જાણીએ છીએ. જે જીવ મુખેથી સ્વામિનારાયણનું નામ જપે છે. તેના બધાં જ પાપો દુષ્કર્મો તત્કાળ જ બળી જાય છે. એવા પવિત્ર આત્માઓમાં આપ વાસ કરીને રહો છો એવા આપ સ્વયં અક્ષરધામના અધિપતિ છો તે છતાં આ સૌની સાથે જ રહો છો.

હે અજિત પ્રભુ ! આપ જગતમાં ભકતજનોના મનને જીતીને જીતેલા જ રહો છો કામદેવ પણ આપનાથી પરાજિત થઈને આપના ચરણમાં રહે છે હે પ્રભુ ! આપના પ્રતાપથી ત્રિવિધ તાપ નાશ પામે છે, મહાભયંકર કામ ક્રોધ, લોભાદિક સૌ આપના પ્રતાપથી વશ થાય છે હે પ્રભુ ! મારી ઉપર કૃપા કરીને આપનો આશ્રય આપો. હે પ્રભુ ! આપ આવા અંતઃશત્રુનો નાશ કરવા ભકતોને સુખ કરવા આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીરને ધારણ કરીને આપના પ્રતાપને અતિશય વિસ્તારતા થકા સુખ આપો છો. તેને અમારા જેવા મંદ મતિ

કેવી રીતે સમજી શકે કે વર્ણન કરી શકે. હે મહાપ્રભુ ! અમારા મહા મોટાં ભાગ્ય છે જેથી આપ અમને આજે મળ્યા છો, કેમ કે અમે કોઈ પ્રકારના ધર્મ કર્મના કાર્યો તો કર્યા જ નથી, તોય આપની અમને પ્રાપ્તિ થઈ. આપે તો અમારી ઉપર કૃપા કરીને પગલાં પાડયા ને અમારા બધાં જ પાપો તાપોને દૂર કરવા જ પધાર્યા છો. હે મહાપ્રભુ ! મને આપનો દાસ જાણજો આપનો મહિમા તો અમાપ છે તેને હું બહુ નથી સમજી શકતો પણ આપ અમારી ઉપર કૃપા કરીને અમારા ઉરમાં નિવાસ કરીને રહો, એવું વરદાન દઈને અમને આપનું અખંડ સુખ આપો એ વિનંતી છે. હે રાજન્ ! આવી રીતે તે શેઠે મહાપ્રભુની સ્તુતિ કરીને જયારે સાવ મૌન થયા ત્યારે તે સમયે શેઠના વચનો સાંભળીને સુખ સાગર શ્રી હરિ શેઠને કહેતા હતા. શેઠ મોહનલાલની ગદ્ ગદ્ કંઠની સ્તુતિ સાંભળીને મહાપ્રભુ ખૂબ જ રાજી થયા અને પ્રેમથી એમની સામે જોઈને વરદાન આપી કૃપા દૃષ્ટિ કરી.

એટલામાં જ આરતીનો સમય સંધ્યા કાળ થયો એટલે તરત જ આરતી કરી પછી શ્રીહરિ મહાપ્રભુ મંચ ઉપર ઉભા થઈને સુંદર રીતે જન સમુદયાને મધુર મુખેથી ઉંચે સ્વરે નારાયણ ધૂન કરાવતા હતા, બહુ લાંબા સમય સુધી ધૂન કરાવીને પછી મહાપ્રભુ સ્વચ્છ આસન ઉપર બેસતા હતા. સંતો અને હરિભકતો પ્રીત કરીને મહાપ્રભુના ચરણકમળને શિશ નમાવીને વંદન કરતા હતા, આવી રીતે અવતારી હરિ સૌને સુખ દઈને થાળ જમ્યા પછી સૌને મોદ ભરીને જમાડતા હતા, અમૃતમય કમલનયનથી અમૃત દૃષ્ટિ કરતા હતા. અમૃત દૃષ્ટિથી સૌને સમજાવી દીધા. મહારાજ સૌ સંતજનોની સાથે જેવી રીતે આવ્યા હતા તેવી જ રીતે મહારાજ મંડળની સાથે પાછા ગયા ત્યારે તે જગ્યાએ મોટો જય જયનો નાદ થયો હતો જય જય હો, મહાપ્રભુ પોતાના ઉતારે પધારી નિવાસ કર્યો. મહારાજે ભકતજનોને મહાસુખો આપ્યાં. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ **અમદાવાદ** પુરમાં નિત્ય પ્રત્યે પોતાના આશ્રિત ભકતોને સુખ આપીને ભવના ત્રાસને હરતા હતા.

હે રાજન્ ! ઘનશ્યામ પ્રભુ મોહનલાલ શેઠના ઘેર સંતોની સાથે પધાર્યા હતા ત્યારે ત્યાં બનાવેલા મંડપની શોભા કળાનું સુંદર રીતે વર્ણન કરીને સુખદાયક પ્રભુએ વખાણ્યું. તે મંડપમાં મંચ ઉપર દેવના દેવ બહુનામી વિરાજમાન થયા જ્ઞાનની બળ કરનારી વાતો કરીને શેઠ આદિક સૌ જનોએ પ્રેમથી સાંભળીને સુખ પામ્યા. શેઠે મહાપ્રભુની પ્રેમથી પૂજા કરી ને પછી શેઠે હાથ જોડીને મહારાજની સ્તુતિ કરી હતી, આમ લીલા વર્ણવતા ઓગણીસમો તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ અમદાવાદ નગરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ ઓગણીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૧૯ ॥**

# તરંગ-૨૦

આનંદ રાજા કહે છે ! હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમના ગુણ ચરિત્રને ગુણીજનો હાથની તાળી વગાડીને મસ્તીમાં ગાયા જ કરે છે તે તાલની સાથે હાથની તાળી વગાડીને તાલ દેનારા મહાપ્રભુના ચરિત્રોનું ગાન થાય તે માટે તેમની યશ લીલા કહો. તે સહજાનંદ સ્વામી લોકોની પીડાને હરવા માટે અમદાવાદથી કયાં ગયા તે મને વિસ્તારથી કહો.

અવધગુરુ કહે છે હે આનંદ સિંહ રાજન ! હાથીની સૂંઢ પકડીને હાથીની સાથે યુદ્ધ કર્યું અને તેને માર્યો તથા સર્પનો રાજા કાલીય નાગને યમુનાના ધરામાં નાગદમન કરીને ગર્વહિન કર્યો એવા તે પ્રભુના ચરિત્રોને વિસ્તાર પૂર્વક તમને કહું છું તે ચરિત્રોને મહિમાથી સાંભળવાથી જગતના જન્મ મરણના બંધનોથી મુકત થઈને પરમપદને પામે છે. ધર્મપુત્ર કમલ નયન પ્રભુના ગુણ ચરિત્રને પરમહંસો ગાન કર્યા કરે છે એવા મહાપ્રભુ, મોહન લાલ શેઠનું કાર્ય કરીને રાજા મહારાજા સૌ સાજ - સમાજની સાથે પોતાના ઉતારે પધાર્યા. હે રાજન્ ! ત્યારે સુંદર રુચિ પ્રમાણે થાળ આરોગતા હતા, બહુનામી બહુવાર સુધી થાળ જમીને પછી મુખ ધોઈને જળનું આચમન કર્યું ત્યાર પછી હાથ ધોયા. પછી મુખવાસ લઈને મહારાજ તૈયાર થયા ત્યારે દર્શન કરીને હરિભકતો પોતાને ધન્ય ભાગ્ય માનતા હતા. પછી ઘનશ્યામ પ્રભુ સૌ સંતોને જમાડતા હતા તે કંસારમાં ઘી ને સાકર નાંખીને ખૂબ જ જમાડતા હતા. તે પરબ્રહ્મ પુરુષોત્તમ જગતના પ્રાણ પ્રભુ જમાડે છે તે જોઈને આકાશેથી દેવો મહાપ્રભુના હાથનો મહામુલો પ્રસાદ લેવા આવતા હતા દેવોના મોટા સમૂહને જોઈને દેવોના શત્રુનો નાશ કરવા માટે શ્રી હરિ ખૂબ જ આનંદ ઉત્સાહથી પ્રસાદી આપતા હતા તે પ્રસાદી જમીને દેવો ખૂબ જ રાજી થઈને આકાશ માર્ગે જય જયનો નાદ કરતા થકા ગયા.

હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડીને પોતાના ભકતજનોના મોક્ષ કરવા બહુ દિવસ સુધી સંતોની સાથે **અમદાવાદ પુરમાં** રહેતા હતા. પછી મહારાજ પ્રીતિપૂર્વક નિકળવા માટે તૈયાર થવા લાગ્યા બધા જ સંતો હરિભક્તો સહિત અવિનાશી મહાપ્રભુ ઘોડા ઉપર અસવાર થયા અમદાવાદ શહેરમાં રહેનારા આનંદ ઉત્સાહથી અનેક વાજિંત્રોને લાવ્યા હતા તે દેખતા હતા. મહાપ્રભુ જેવીરીતે શહેરમાં આવ્યા હતા તે જ રીતે પાછા જતા હતા ત્યારે પુરમાં રહેનારા નગરજનો સૌ શોક વાળા થવા લાગ્યાં હે દયાળુ ! આપ હવે અમને કયારે દર્શન આપશો હે પ્રભુ ! પતિતજનને પાવન કરવા કયારે પધારશો. હે પ્રણતપાલ પ્રભુ ! હે કરુણા નિધાન હે કૃપાળુ ! આપ કયારે પધારશો હે પ્રભુ ! ફરી જલદીથી દર્શન આપીને અમારા નેત્ર મળ્યાનું સુખ આપવા પધારજો. પુરના ભકતોના કહેલા વચનો સાંભળીને શ્રીહરિ કહે અમે ફરીથી આવીશું પછી મહારાજ આખા શહેરની વચ્ચે થઈને શહેરની બહાર પધાર્યા.

મહારાજ **કાલુપુર** નામના દરવાજે થઈને તે જ દરવાજેથી શહેરની બહાર ગયા વચ્ચે ગામમાં થઈને **સરસપુર** પોતાના ભકતોના પાપોને બાળવા પધાર્યા.**સરસપુરની** પૂર્વ દિશાની ભાગોળે જઈને મહારાજ ત્યાં ઉભા રહ્યા કમલનયન પ્રભુ ભકતજનોને કહે તમે બધા અહી ઉભા રહો અમે ફરીથી અહીં આવીશું આમ હરિ કહેતા હતા મહારાજનું કહેવું સાંભળીને સૌ ભકતજનો મહાપ્રભુને દંડવત્ પ્રણામ કરતા હતા અને મહાપ્રભુને

નેત્રોની અંદર ધારણ કરતા હતા સૌના નેત્રોમાંથી આસું વહેતાં હતાં પછી સૌ ભકતજનો પાછા ફરતા હતાં. સૌ નરનારીજના મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને મહારાજની લીલાને વારંવાર ગાતા હતા. શ્રીહરિના હાસ્યયુકત મુખકમળની મનોહર મુર્તિને સુંદર રીતે અંતરમાં સંભારતાં થકાં મૂર્તિમાં મગ્ન જ રહેતાં હતાં. શ્રીહરિના કહેલા વચનોની અવધીના આધારની રીતે પ્રાણને ધારી રાખતા હતાં આમ નરનારીજનો વિચારતાં થકાં સમયને પ્રસાર કરતાં હતાં અને શ્રીહરિ ચાલતા થઈને સૌ જનસમુહની સાથે **નીકોલ ગામ** પાસે પધાર્યા. મહારાજ પધાર્યાના સમાચાર જાણીને પુરના ભક્તજનો વાજિંત્રોનો સાજ લઈને આવતા હતા. તે ભકતોના નામ કહું છું તે **હરજી પટેલ** તથા **મુલજી પટેલ** ઉદાર મનના આવ્યા હતા. **કલ્યાણભાઈ** નામના ભકતજન જગતનું સુખ ત્યાગીને ભગવાનનું ભજન કરતાં હતાં. તે મહારાજને સામા આવીને બંને હાથ જોડીને કહે છે હે પુરુષોત્તમ પ્રભુ ! સાંભળો હે ધર્મકિશોર પ્રભુ ! આપ કરુણાના સાગર સર્વના આધાર અહી નિવાસ કરો અમને આપના દાસ જાણીને અહીં રહો,આમ સ્તુતિ કરતાં હતા શ્રી હરિને રાખવા માટે ખૂબ કહ્યું પણ મહારાજ તો ન રહ્યા.

પછી સન્માન કરીને સુખના ધામ ઘનશ્યામ પ્રભુએ પુરને પાવન કરીને પાણીથી સારી રીતે ભરપુર સુંદર તળાવ હતું તેના કાંઠે વૃક્ષોની ગિચતા બહુ સારી શોભતી હતી તે તળાવમાં કાદવ તો લગારેય ન હતો અતિશય સ્વચ્છ જળ ભરેલું હતું તે જોઈને મહારાજ રાજી થયા ધર્મનંદન પ્રભુ કળિના કર્મને હરનારા, લોકોના કાળકર્મનો નાશ કરનારા પ્રભુએ તે સરોવરમાં ઘોડાંઓને પાણી પાયુ સર્વના મનને આનંદ કરનાર મહારાજ ખૂબ જ રાજી થયા પછી ત્યાંથી પ્રયાણ કરીને પ્રેમથી **વહેલાલપુર** પ્રત્યે પધાર્યા. **વહેલાલ**ના ભકતોએ જાણ્યું કે મહારાજ પધાર્યા છે, એટલે મનમાં રાજી થઈને મહાપ્રભુની સામે તેડવા આવ્યા બહેનો તથા ભાઈઓએ સારી રીતે સજ્જ થઈને પ્રભુને વધાવ્યા, વાજીંત્રોના નાદ સાથે પ્રભુના ગુણને ગાતાં ગાતાં આવ્યાં. હે રાજન્ ! જે ભકતો સામા આવ્યા હતા એમના નામ કહું છું તેને કાન દઈને સાંભળો. **જેસંગભાઈ** ભકત તેમના નાના ભાઈ **જીજીભાઈ** તથા **નથુભાઈ, શામળભાઈ, મનોહરભાઈ** એ બધાય સારા સત્સંગી હતા. **વસ્તાભાઈ, ગોકળભાઈ, ડાહયાભાઈ** હરિભાઈ આદિ સારા નિષ્કામી ભકતભાઈઓ હતા. બાઈઓમાં **વખત બાઈ** આદિક સૌ ભકતો પ્રભુ પાસે વાજાં વગાડતાં આગળ આવ્યાં હતાં તે ગુણવંત ભકતો મહાપ્રભુના ગુણોને ગાતાં વગાડતાં આવ્યાં પ્રભુને પગે લાગીને ધર્મનંદન પ્રભુને ભેટ અર્પણ કરી દંડવત્ પ્રણામ કરીને પછી પગે લાગીને પછી મહાપ્રભુને ખૂબ જ પ્રેમભાવથી પુરમાં લાવતાં હતાં. સંતો સાથે પ્રભુ પુરને પાવન કરીને પરબ્રહ્મ મહાપ્રભુ ભકતજનોને જોઈને એમના સર્વ પાપોને હરીને નિષ્પાપ કરતા હતા. સર્વ નરનારીજનોને દૃષ્ટિથી સુખ આપીને દર્શન દઈને પુરની પૂર્વ દિશા તરફ સૌની સાથે આવ્યા. તે પુરની પાસે જ નજીકમાં મોટું તળાવ હતું તે તળાવની પાળે સુખધામ મહાપ્રભુએ મુકામ કર્યો. ત્યાર પછી મહાપ્રભુએ ત્યાં જ સાંજના સમયે સભા કરી ત્યાં મુનિજનો સંગીત સાથે ગાન તાનથી ગાઈને ઉપદેશ કરીને લોકોના મનના દુઃખોને હરતા હતા.

હે રાજન્ ! જેસંગભાઈએ રસાળ રસોઈ કરીને સુંદર થાળ તૈયાર કર્યો તે થાળને મહાપ્રભુ સર્વના સ્વામી જમ્યાં તેના ગુણોને મુનિજનો તથા મહેશ આદિક સૌ ગાય છે. પછી પ્રેમી ભકતો પદાતિ પાર્ષદો સૌને જમાડવા માટે ભોજનમાં ખીચડી તૈયાર કરાવેલી હતી, તે ખીચડીને સૌ સંતોનો સમાજ જમતા હતા. સૌ સંતો પંગતમાં બેસીને ખીચડીને જમ્યા ત્યારે બધાને ખીચડી પુરી પહોંચી નહીં ઓછી પડી તે વાતની શ્રી હરિને ખબર

થઈ ગઈ ત્યારે મહાપ્રભુ મુખેથી મંદ મંદ હસતા હતા. ત્યાર પછી તે વાતને મહાપ્રભુએ મનમાં જ રાખીને સંતોને કોઈને ન કહી તે સમયે રાત ઘણી વીતી ગઈ છે તેમ જાણીને મહારાજ શયન કરવા પધારતા હતા, ધર્મના ધરતા સુખના ધામી પ્રભુ સુઈ ગયા. જયારે સવારમાં વહેલા પ્રાતઃકાળે ભયને ભાંગનારા લોકોના મનને આનંદ કરનારા જગતપતિ ઉઠીને શૌચવિધિ કરતા હતા. સૌ જનો ગુણ ગાતા હતા, ત્યારે સૌ સંતોની સાથે સંતોના સ્વામી સરોવરથી પૂર્વ દિશામાં સુંદર સ્વચ્છ સારી જગ્યા હતી ત્યાં મોટું રાયણનું વૃક્ષ હતું તે જોઈને તેની છાયા બહુ ઘાટી ફેલાયેલી શિતળતા થતી હતી તેથી ત્યાં પધાર્યા. તે સારી ફેલાયેલી હતી તેનાથી લગારે તાપ ઉતાપ લાગે તેમ ન હતું એવું મોટું ઝાડ હતું તેની નીચેની ભૂમિ પણ ખૂબ જ સ્વચ્છ સારી હતી તેની કોમળતા જોઈને તેની નીચે ગાદી બિછાવી હતી તેની ઉપર બિરાજીને શ્રી હરિ મહાપ્રભુ સૌ સંતોને વાતો કરતા હતાં.

હે સંતો ! તમે મારી વાત સાંભળો હું તમને તમારી વર્તવાની રીત કહુ છું. તેને તમે ધ્યાનમાં લ્યો, અમે તમને કોઈવાર આનંદ ઉલ્લાસમાં કહીએ કે હે સંતો ! તમે જમવા પધારો ત્યારે તમારે વિચાર્યા વગર જમવા બેસી જવાનું યોગ્ય છે ? મહારાજ સંતોને કહે છે કે તમે બીજીવાર કેમ જમ્યા અમે તમને પીરસવા માટે નહોતા આવ્યા તમને કહેલું પણ ન હતું, બીજી વાર તો બાળકો અને વૃધ્ધો જ જમે, તે બાળક આઠ વર્ષ સુધી અને ૮૦ એંસી વર્ષના વૃદ્ધ ગણાય તેઓ જમે, અમારા મુખે પણ એજ વાતો કરી છે બાળક વૃદ્ધ હોય તો તે બે વાર જમે જગતમાં આ જ વાતો યોગ્ય ગણાય. જુવાન જમે તે યોગ્ય ન કહેવાય જુવાનને જુવાનની રીતે રહેવું જોઈએ. અમે કહીએ કે જે બાળક કે વૃદ્ધ હોય તે ઉભા થઈ જાઓ અહીં આવો ત્યારે જુવાન ઉભા થાય તો લાજવા જેવું થાય લાજ છોડીને ઉભો થાય તો મૂર્ખ ગણાય આ રીતની વાત સાંભળીને બધા જ સંતો ઉભા થયા અને શ્રીહરિની પાસે ગયા ભુલ કબુલ કરી દીધી આ રીતે મહારાજે માર્મિક વાત મધુર બોલ બોલીને કરી વાત જાણીને સમજુ લાજી ગયા. હે પ્રભુ ! આપે તો જે બાળકો કે વૃદ્ધ હોય તે જ જમે એમને બે વખત જમવાની વાત કરેલી છે. એમાં બાળક, વૃદ્ધ સિવાય જુવાન જમે જ નહી, આવી રીતેની વાત આપે આ નવિન કરી છે આમાં જે જમે તે તો ગુરુનો દ્રોહ કરનારો થાય છે એમ કહેવાય આવી રીતે સમજ પૂર્વકની વાત કરીને સમજાવી તેને સાંભળીને સૌ સંતો રાજી થયા પોતાને સમજવાની જ આ રીત કહી છે એમ શોધી લીધું. આવી રીતે બલભ્રાતા મહાપ્રભુએ ઘણીવાર સુધી વાતો કરી તે સાંભળીને મુનિજનો સૌ મનમાં રાજી થયા બધી જ પ્રસિદ્ધ વાતો આનંદ આપનારી થઈ.

પછી મહાપ્રભુ પાછા **વહેલાલ** ગામમાં પધાર્યા સુંદર ઘરમાં સુખ આપતા શોભતા હતા, થાળ જમવા માટે ભકતજનના ઘેર સુંદર રીતે પધાર્યા **મહારાજ પહેલા ઘેર પ્રેમથી જમ્યા તે વાત કહુ છું. જેશંગભાઈને પોતાના આશ્રિત ભકત જાણીને જમતા હતા પછી મહાપ્રભુ બધા જ ભકતજનોના ઘેર પ્રેમથી થાળ જમવા પધારતા હતા સૌ ભકતજનોના ઘરે મહાપ્રભુ થાળો જમતા હતા. બધાને ઘેર મહાપ્રભુ એક એક લાડું જમતા હતા એ વાત તો પહેલાથી જ જાણવા મળી એટલે મોટા મોટા લાડું તૈયાર થયા તે મહારાજ પ્રેમથી જમતા હતા. તે મહારાજ અઢાર અઢાર ઘેર એક જ દિવસે જમ્યા છે. સર્વના ભયને હરનારા મહાપ્રભુ સર્વજનોની સાથે થાળો જમ્યા. સૌ લોકોના મનમાં આનંદ વધારતા હતા. આવી રીતે મહારાજ અલૌકિક લીલાઓ કરતા હતા. એમ મહારાજ વહેલાલ પુરમાં પ્રેમથી કરતા હતા તે જોઈને હરિભકતના મનમાં આનંદ થતો હતો. આ ચરિત્ર ગીતની**

**રીતે ગાતાં હતાં. શ્રી હરિ પોતે અઢાર ઘેર થાળ જમ્યા લોકોના પાપો - સંતાપોને હરતા હતા. ભકતજનોને માટે મહાપ્રભુ જમતા હતા. અજિત પ્રભુ અવતારના અવતારી પ્રભુ અમાપ થાળ જમ્યા તોય પાછા કહેવા લાગ્યા કે ભૂખ લાગી છે તે કેમ માન્યમાં આવે એ તો મહાપ્રભુનો પરચો જ બતાવવાની રીત સમજાવેલ છે મહારાજ તો ધામના ધામી અકામી ચાહે તે કરવા સમર્થ છે તે તો કેવળ જીવોનો ઉદ્ધાર કરવાનો ઉપાય બતાવે છે. આ રીતના પુરુષોત્તમ પ્રભુના ચરિત્રની વાતો દેવલોકમાં થઈને તેનાથી દેવોના મનનો શોક નાશ થઈ ગયો એવા સર્વના સ્વામી પ્રભુ જેસંગભાઈ ભકતના ઘેર જમીને અઢાર ઘેર થાળ જમ્યા ને તૃપ્ત ન થયા અને પછી વખતબા પાસે રોટલો અને ભાજી જમીને તૃપ્ત થયા અને પછી ભયહારી ભકત પતિ દયા કરીને શયન કરતા હતા.** સર્વજનનોના ભયને ભાંગનારા મહાપ્રભુ તે ભકતના ફળિમાં સંતોને સુંદર લાડું તૈયાર કરાવીને પ્રેમથી જમાડયા, પછી ભકતજનોના મનોરથ પૂર્ણ કરીને આપતા હતા સંતોને જમાડીને અકામ પ્રભુ સુખના ધામ બધાને જોઈને સભા ભરી તે સભાની વચ્ચે ઘનશ્યામ પ્રભુ વિરાજીને શોભતા હતા, એવા અજીત અવતારના અવતારી મહાપ્રભુ સંતોની સાથે ખૂબ જ શોભતા હતા. મહાસુખ આપતા સર્વના મનના કામો પૂર્ણ કરનારા પ્રસન્ન મુખવાળા શ્રીહરિનું જેસંગભાઈએ ચંદન પુષ્પ આદિ સુંદર પદાર્થોથી પૂજન કર્યું ઈચ્છિત મનોરથ પુરો કર્યો. મહાપ્રભુના બંને ચરણોને ચંદન ચર્ચીને પછી છાતીમાં ઉમંગથી લેપ કરાવતા હતા પછી હાર તોરા પહેરાવીને દેવના દેવ કમલનયન પ્રભુ સંત ભકતના સ્વામી સર્વના સુખદાતાના અંગે અંગમાં ચંદનનો શુદ્ધ લેપ કરાવ્યો, આવી રીતની શોભાની ઉપમા કરોડોનો લાભ જેસંગભાઈના ભાગ્યમાં પ્રાપ્ત થયો. પૂજન કરીને પછી બંને હાથ જોડીને ધર્મનંદન મહાપ્રભુની સ્તુતિ કરતા હતા. હે પુરુષોત્તમ જગતના પતિ ! આપનો જય જયકાર થાઓ. હે મહાપ્રભુ ! ભકતજનોની ભયભીડને હરનારા પ્રભુ. હે મુનિઓના સ્વામી ! સર્વના કલેશ દુઃખને હરનારા, મનુષ્ય શરીરને ધારનાર એવા આપના ગુણ ચરિત્રોને શેષ, શારદા આદિક ગાયા જ કરે છે. અનંત રુપો વાળા કોઈને ન દેખાવા વાળા એવા આપને સંત ભકતો દેખે છે. પવિત્ર મતિવાળા સર્વના મહાપાપોને હરનારા આપનો જય જય થાય. પાપને હરનાર સર્વત્ર જય જય થાઓ. આપની મૂર્તિ સૌ નરનારીજનો ઉરમાં ધારીને સુખ પામે છે. એવા પ્રભુ આપનો જય જયકાર પામો. આપના ચરણની સેવા કરીને દેવો મુનિજનો સૌ અખંડ ધ્યાન કર્યા છે, ભજન કર્યા છે એવા આપ છો, વેદો આપના ચરિત્રોનું અખંડ ગાન કર્યા કરે છે. એવા આપ નિષ્કામી પ્રભુ પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મને ધારણ કરીને અધર્મનો રમત માત્રમાં નાશ કરો છો એવા મહા સમર્થ. હે મારા નાથ ! અમને સનાથ કરવા પધાર્યા છો. શરણે આવેલાને સનાથ કરનારા સાથે રહીને અખંડ સુખ આપનારા આપનો જયજય થાઓ. હે પરાત્પર પરમેશ્વર ! આપના શરીર ઉપર નાના કેશ છે એવા મહાપ્રભુનો મુનિજનો હંમેશા જપ કર્યા કરે છે શરણે આવેલાને દેવનાથી વિશેષ સુખ આપનારા છતા અમોને મહાપ્રભુ આપ છો. તે મારી ઉપર કૃપા કરીને રાજી રહેજો. હે પ્રભુ ! આપ કોઈનાથી બંધાતા જ નથી એવા સરળતાથી મળો છો એવા આપ દયાળુ છો હે પ્રભુ ! મારા ઉરમાં વાસ કરો હે રાજન્ ! **જેસંગભાઈએ** મહાપ્રભુ ઘનશ્યામની આમ સ્તુતિ કરી તે સાંભળીને ભગવાન સ્વામિનારાયણ પ્રભુએ રાજી થઈને અભય વરદાન આપ્યું પ્રભુ કહે છે હે ભકત ! તમારો અમારી પાસે જ નિવાસ થશે એ વાત સત્ય જ થશે એમ જાણજો તમે કોઈ શંકા રાખશો જ નહી. આવી રીતે શ્રી હરિ ધર્મનંદન મહાપ્રભુ **વહેલાલ** ગામમાં અદભૂત લીલા કરતા હતા. સૌ નરનારી જનો બહુ જ સુખ પામતાં હતાં, દર્શન કરીને સૌ મહાસુખ પામીને ન્યાલ થઈ ગયાં.

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ પછી સંતો ભકતોની સાથે પ્રયાણ કરવા માટે નિર્ણય કરતા હતા,

એટલામાં જ એક હરિભક્ત કેરીનું ગાડું ભરીને લાવ્યા હતા. ભકતજને આવીને મહાપ્રભુ સહજાનંદ સ્વામીને હાથ જોડીને વિનંતી કરી હે પ્રભુ ! આ પાકેલાં આબાંના ફળો આપ અમારી પર રાજી થઈને સૌ સંતોને આપના કરકમળથી આપો. આ રીતે ભકતજનની વિનંતી સાંભળીને સુખકંદ શ્રીહરિ સંતોને પોતાના હાથે એક એક ફળ આપતા હતા, પોતાના આશ્રિત ભકતજનના ભવફંદને હરી લેતા હતા. ફંદને હરનારા મહાપ્રભુ સંતોને ફળ આપતાં જોઈને આકાશ ઉપરથી સૌ દેવોનું મોટું જુથ આવ્યું ત્યારે એમને પણ પ્રભુએ ફળો આપ્યાં મંદ આમ સુખ આપતા હતા. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ સંતોની સાથે દેવોને પ્રેમથી ફળ આપતા હતા તેતો ભાગ્યવાળા દેવો હતા તે લેતા હતા અને જે મંદ ભાગ્યવાળા હોય તેઓને તો લીલાના દર્શન ન થાય તો મળે કયાંથી ?

**જેસંગભાઈના** ઘેર પધારીને મહાસુખ આપ્યાં.આવી રીતે સુખના સ્વામી ધામના ધામી મહાપ્રભુ સુખના સાગર ચરિત્રો કરીને મહાસુખી કર્યા એવી રીતે આ વીસમું અભિધાન રુપે શ્રી હરિલિલાસિંધુની લહરીના રુપમાં તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ વહેલાલ ગામમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ વીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૦ ॥**

# તરંગ-૨૧

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ચંદ્રની સમાન શ્વેત ને દૈદીપ્યમાન મુખકમળવાળા જગવંદ્ય મહારાજ મત્સ્ય સમાન ચંચળ નયન કમળ છે જેમના એવા, સાચા મોતીના હારને ધારનારા સુખકંદ મહાપ્રભુ શંખની સમાન જેમના કંઠનો ભાગ છે એવા જગતના પતિ તે શ્રી સહજાનંદ સ્વામી ભકતજનો અને સંતોની સાથે વિરાજયા થકા જે ચરિત્રો કર્યા હોય તે બધાં ચરિત્રો પરમ પવિત્ર છે તે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ વિસ્તારીને મને કહેવા કૃપા કરો.

અવધ પ્રસાદજી કહે છે હે આનંદ રાજન ! સાચા ધર્મનો માર્ગ પ્રાપ્ત કર્યા સિવાય અજ્ઞાનરુપી અંધકારનો નાશ નથી થતો તે અંધકાર ભકતજનોના મનમાંથી કાઢનારા શ્રી સહજાનંદ સ્વામી છે એમના લીલા ચરિત્રોને કહું છું તે તમે એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. પરબ્રહ્મ પરમાત્મા પ્રગટ પ્રભુ સ્વયં પરમ પુરુષ પમેશ્વર ફરતા થકા વહેલાલમાં ચરિત્રો કરીને સુખ આપીને પછી સંતોની સાથે ચાલતા થયા. ભયને હરનારા પ્રભુ **ભુવાલડી** ગામે થઈને **કણભા** ગામમાં પધાર્યા કરુણાનિધાન કોઈને આંજયા વગર જ સર્વના મનને રાજી કરતા હતા. તે **કણભા** ગામમાં જાત જાતના વૃક્ષોની ઘાટી ઘટાઓ જોઈને તથા તેના ઉપર અનેક પક્ષીઓ કલરવ કરતા હતા એવા અનેક વૃક્ષો સરોવરના કાંઠા ઉપર ઉભેલાં હતાં. તે વૃક્ષો ઉપર મોટી મોટી ડાળીઓ હતી તેની ઉપર ઉભેલા વાંદરાઓનું ટોળું ફાળો ભરીને કુદા કુદ કરતું હતું. પક્ષીઓના મોટા સમૂહ અવાજ કરતાં હતાં પાણીથી ભરેલું સરોવર સુખકંદ પ્રભુએ જોયું. હે રાજન ! તે **કણભાપુર**ની શોભા જોઈને ઘનશ્યામ પ્રભુ ખૂબ જ રાજી થયા એટલા જ સમયમાં ગામના માણસો વૃદ્ધો, જુવાનો, ભાઈઓ, બાળકો તથા સૌ આગેવાન ભકતજનો સૌ ઢાલ - નગારાં વગાડતાં ભૈરી ભુંગળોના સાજ સાથે જગતપતિ પ્રભુને લેવા માટે

સામા આવ્યા. જગદીશ પ્રભુની સન્મુખ જે ભકતો આવ્યા હતા તેમના નામ કહું તે હે આનંદ રાજન્ ! તમે એકાગ્રચિત્ત થઈને સાંભળો. હે રાજન્ ! **નાથજીભાઈ, વસ્તાભાઈ, રાયજીભાઈ, જીજીભાઈ, નથુભાઈ** તે પોતાના પુત્રને સાથે લાવ્યા હતા **વિઠ્ઠલભાઈ** સહિત બધો જ સમાજ આવ્યો હતો. **પાનાચંદ** ભકત પ્રીતિથી આવ્યા હતા **બેચરભાઈ, તુલસીદાસભાઈ** આદિક સૌ પુરુષો સ્ત્રીઓની સાથે મહાપ્રભુની સામા - આવ્યા હતા. સૌ જનો હાથમાં પ્રેમથી ભેટ લઈને ખૂબ જ આનંદ પામતા થકા શ્રી હરિની પાસે આવીને દર્શન કરીને ભેટ ધરતા હતા. તે સૌ જન સમુદાયની સાથે જીવન પ્રાણ પ્રભુ ચાલતા હતા **કણભા** ગામને પવિત્ર કરવા પ્રભુ ચરણ અંકિત કરતા સૌ સંત મંડળની સાથે ગામમાં ફરતા હતા. મહારાજના દરશન કરીને સૌ નરનારી જનોએ પોતાના નેત્રકમળનું ફળ સફળ કરી લીધું. મહારાજ પુરી અસવારીની સાથે ગામની ઉત્તર બાજુ સુંદર સરોવર હતું તે સરોવરે ઘનશ્યામ પ્રભુ સર્વ સમાજની સાથે ઉતર્યા.

સુંદર પલંગ પાથર્યો હતો તેના ઉપર સુંદર રીતે મહાપ્રભુ વિરાજમાન થઈ પ્રસન્ન થયા. ત્યાર પછી સંતો ભકતજનો સૌ પ્રભુની સામે મસ્તક નમાવીને વંદન કરીને નીચે બેઠા. તે સભાની મધ્યમાં શરદ ઋતુના ચંદ્રમાની માફક જાણે નક્ષત્ર મંડળના વચમાં ચંદ્ર શોભે છે તેમ મહારાજ શોભતા હતા. ચકોર પક્ષી જેમ ચંદ્રને ચિંતવે તેમ ભકતજનો મહારાજનું ચિંતવન કરતા હતા. મહાપ્રભુ એમના મનના બધા જ ફતુરોને હરતા હતા અને મહાસુખ આપતા હતા. સૌ નરનારીજનો શ્રીજી મહારાજને નીરખીને દર્શન કરતા હતા એમના વિરહને હરી લેતા હતા, ત્યાર પછી મહારાજ શ્રી મુખે અમૃત વચનોથી ઉપદેશ કરતા હતા કે તમે મારા સ્વરુપનું ભજન કરજો અને મનના બધા જ વિકારોને દૂર કરજો. મારાં કહેલાં પંચ વર્તમાનને દૃઢતાથી પાલન કરજો ભજન ભક્તિના નિયમ ધારજો મારા ચરણકમળની અતિ પ્રેમ ભાવથી ભકિત કરજો. તો તમારા ત્યાગી શકાય નહી તે બધા જ કઠીન દોષો કામ,ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, અસૂયા આદિક અંતઃશત્રુઓ કળિના ભયંકર દોષો છે તે ટળી જશે મનની ભ્રમણા છે તે જગતમાં અતિશય ભયાનક છે તે બધું જ નાશ કરનારી છે એટલા માટે સાવધાન રહીને ભકિત કરો, ફરી આવો બીજો અવસર મળવો દુર્લભ છે. અંતશત્રુઓને જેર જેવા માનીને મારા સ્વરુપની અખંડ ભકિત કર્યા કરો. આવી રીતે મહાપ્રભુ વાતો કરતા હતા તે સૌ સંતો તથા ભકતજનો સાંભળતાં હતાં અને મનમાં બહુ જ આનંદ પામતાં હતાં એટલામાં જ રસદાર રસોઈ તૈયાર થઈ થાળ તૈયાર થયો એટલે મહાપ્રભુને તેડવા માટે ભકતજનો આવ્યા.

શ્રીહરિને જમવા માટે **નાથજીભાઈ** ભકત હેતપૂર્વક આગ્રહ કરતા હતા લોકોના કલ્યાણ કરવા જમવા પધારો આમ ભકતજનના આગ્રહના વચનો સાંભળીને ઘનશ્યામપ્રભુ પુરમાં તે ભકતના ઘેર પધારતા હતા. નાથ ભકતના ઘેર જઈને મહાપ્રભુ શુદ્ધ જળથી સ્નાન કરીને પીળા વસ્ત્રો ધારણ કર્યા ત્યાર પછી જગતના નાથ ચોકી ઉપર યુકિત પૂર્વક બેઠા સુંદર સ્વાદુ રસોઈનો થાળ પીરસાયો મહારાજ શાંતિથી જમતા હતા ઘણીવાર સુધી જમીને પછી આચમન કરી હાથ ધોઈને મુખવાસ લીધો સૌ સંતોને ઘનશ્યામ પ્રભુ જમાડતા હતા મહારાજ પંગતમાં વારંવાર પીરસતા હતા. સુખના નિકેત મહારાજ બહુ જ આગ્રહ કરીને જમાડતા હતા ભકતજનોના મનને રાજી કરવા પાક આપતા હતા જગતવંદ્ય મહાપ્રભુ સૌ સંતોને સારી રીતે જમાડીને પછી આનંદ પૂર્વક આસન ઉપર બેઠા. ઘનશ્યામ પ્રભુની સામે સૌ સંતો આવીને બેઠા ત્યારે પૂજા કરવા માટે સાચા નિષ્ઠાવાળા નાથજી ભકત હતા તે આવ્યા. બહુ જ ભાવથી ચરણ કમળને સુંદર ચંદન અરચીને મનમાં મૂર્તિને ધારીને ખૂબ

જ આનંદને પામતાહતા. પછી સર્વે સંતોને યોગ્ય રીતે સારી રીતથી પૂજતા હતા, સર્વેની પૂજા થઈ ગઈ પછી મહાપ્રભુને સ્તુતિ કરતા હતા

નાથ ભકત સ્તુતિ કરે છે : હે મારા નાથ ! આપનો જગતમાં જય જય કાર થાઓ. હે અનાથના નાથ ! આપે ભવમાં ભટકતા જીવોને ભવ પાર કરાવ્યો છે. સર્વના અંતરમાં વસતા સર્વોપરી સર્વની ઉપર કરુણા કરીને ખૂબ શાંતિ કરનારા આપનો જય જય થાય. ખળ જનોના કર્મ પ્રમાણે એમના ખીલા રુપ થઈને નાશ કરનારા સર્વના આત્મા સર્વના પ્રાણના પતિ અહીં પધારીને પુરને પાવન કરનારા હે કરુણાના કરનારા ! અહીં પધારીને ખૂબ જ શાંતિ કરી છે. વામ માર્ગી મતવાદીઓના મતનો નાશ કરનારા છો હે હરિ ! અમારી ઉપર કૃપા કરીને દોષોને દૂર કર્યા, ધર્મના આત્મા એવા આપ અતિ ખ્યાતિને પામ્યા છો એવા કરુણાના કરનારા હે નાથ આપ શાંતિના કરનારા આપ જ છો. હે પ્રભુ ! આપ ઉદ્ધવ મતરુપી કમળ વનને ધર્મવંશના સૂર્યરુપ આપના પ્રભાવથી પ્રફૂલ્લિત કરીને હે ઘનશ્યામ પ્રભુ ! કમળની પાંખડી જેવા કોમળ કરુણા નેત્રથી અમારી ઉપર કૃપા કરીને અહીં પધારીને બહુ શાંતિ કરી છે. એવા આપનો જય જય થાઓ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નમ્ર ભાવથી હંમેશા આપનું સ્મરણ કરી આપના ગુણને ગાય છે. આપના મહિમાને જાણે છે ભજે છે એવા સર્વના પ્રાણપતિ આપ અહીં આવીને બળ કરીને પાલન પોષણ કરો છો હે મહાપ્રભુ ! આપ **છપૈયાપુર**માં અવતાર ધારીને પૃથ્વી ઉપર અધર્મ વ્યાપી ગયો હતો, અસુરો ભકતજનોને પીડતા હતા તેઓનો નાશ કરનારા હે નાથ ! આપે અમારી ઉપર કરુણા કરીને ખૂબ જ શાંતિ કરી છે એવા આપનો જય જય કાર થાઓ. હે પ્રભુ ! આ પૃથવી વહેમ, વટાળ વૃત્તિના ધર્મમાં વ્યાપેલી હતી તેવા અધર્મ સર્ગનો નાશ કરીને તથા અમારા સર્વ પાપોનો નાશ કરીને હે કરુણાના કરનારા ! મહાપ્રભુ આપે અહીં પધારી અમારી ઉપર બહુ જ શાંતા કરી છે. એવા આપનો જય જય થાઓ. હે પ્રભુ ! આપ બદ્રીવનમાં નિવાસ કરીને ચંચલ નેત્ર કમળવાળા અતિ મનોહર મુર્તિ મહાસુખદાયક પ્રભુ આપે અમારી ઉપર બહુ જ કરુણાકરીને પધારીને શાંતિ કરી એવા આપનો સર્વત્ર જય જય થાઓ. આવી રીતે નાથ ભકતે હાથ જોડીને ગદ્ ગદ્ કંઠથી મહાપ્રભુની સ્તુતિ કરી તે સાંભળીને મહાપ્રભુ મનમાં ખૂબ જ રાજી થયા. સર્વના મદને તોડનારા શ્રીહરિ ભકતને કહે માંગો માંગો મારી પાસે જે માંગવુ હોય તે માંગો તમે મારા આશ્રિત ભકત છો તો જે માંગો તે આપું આ રીતે પ્રભુના વચનો સાંભળીને પ્રસન્ન મન વાળા થઈને નિર્માની ભાવથી કહેતા હતા હે પ્રભુ ! મને આપનો દાસ જાણીને મને આપની અનન્ય ભક્તિ આપો એ જ માંગુ છું એટલી કૃપા કરો.

શ્રી ઘનશ્યામ પ્રભુ સાચા પ્રેમથી દર્શન આપીને ભકતજનોની મનની કામનાઓ પૂર્ણ કરીને **કણભાથી** પ્રયાણ કરતા હતા સવારમાં વહેલા વિહાન વેળાએ ગામના સ્ત્રી પુરુષોના મન વ્યાકુળ કરીને મહારાજ ચાલતા થાય. ભકતજનોના ભવના દુઃખને તોડીને સંતો, પાર્ષદોની સાથે લોકોના મનને આનંદ કરાવતા મહાપ્રભુ ગામ વચ્ચેથી જતા હતા. હે રાજન્ ! મહાપ્રભુ કણભાથી નિકળી **હિરાપુરા** નામના ગામે થઈને **મહેમદાવાદ પુર** પ્રત્યે પધાર્યા ત્યારે બેચરદાસ દુર્લભરામ આદિક પ્રેમી ભક્તો મહારાજની પાસે આવ્યા. અનેક પ્રકારના વાંજા વગાડતા થકા મહારાજને પુરમાં લાવતા હતા પુરવાસી પુરુષો અને સ્ત્રીઓ દર્શન કરીને પોતાના જન્મને ધન્ય ધન્ય માનતા હતા.

હે રાજન્ ! તે પુરની શોભા બહુ જ સારી હતી તથા માર્ગ બહુ પહોળા હતા મહારાજ ઘોડા ઉપર

બેસીને આવતાં હતાં. હે રાજન ! **મહેમદપુર**ના મોટા વિશાળ માર્ગ ઉપર મુનિજનોની સાથે મુનિઓના સ્વામીને જોઈને નગરના સૌ નરનારી પોતાના જીવનને ધન્ય માનતા હતા. તે માર્ગ ઉપર પાણીનો છંટકાવ કરેલો હતો તેનાથી ઠંડો પવન વાતો હતો તો ધુડ તો ઉડતી ન હતી. પૃથવી બહુ જ સારી શોભતી હતી ગામની બજારના માર્ગ ઉપર દુકાનો થડાઓ ઘણાબધા હતા તેથી સારી રીતે ઘાટ લાગતો હતો તેમાં શરાફની દુકાનો જાણે કુબેર ભંડારીની માફક શોભતા હતા તેઓ કયારેય કોપાયમાન તો થતા જ ન હતા, હે રાજન્ ! તે બજારની દુકાનોમાં અનેક પ્રકારની ચીજોથી ભરપુર બજાર ખુબ જ શોભતી હતી, ત્યાંના વેપારીઓ થોડા પૈસામાં વધારે ચીજો દેતા હતા, એમ શરાફી રીતે ચાલતું હતું તે પુરમાં ચારે વર્ણના લોકો સારી રીતે સંપીને રહેતા હતા ભગવાનની ભક્તિ ભાવમાં રાચતા હતા. નાથનું સ્મરણ કરતાં હતાં. તે પુરના મનુષ્યો સૌ પુણ્યવાળાં હતાં, સંતપુરુષોની સેવાની ભાવનાવાળાં હતાં. પાપરુપ કાદવને દુરથી જ નાશ કરતા હતા એવા સંતો **મહેમદાવાદ** પુરમાં મહાપ્રભુની સાથે પુરની બહાર ઉતરતા હતાં.

કમલ નયન મહાપ્રભુ સુંદર પલંગ ઉપર વિરાજમાન થયા અને એમના દર્શન કરીને અનેક જીવોના મદને મુકાવતા હતા અને હજારો લોકો શ્રી હરિને પ્રેમથી નિરખીને દર્શન કરતા હતાં અને શ્રી હરિના સ્વરુપને ઉરમાં ઉતારતા હતા કોમલ અંગોવાળા શ્રીહરિ એકાગ્ર ચિત્તથી વાતો કરતાં હતા. ઉપદેશ કરતા હતા. તમે લોકો ભાવના યુકત થઈને પ્રગટ પ્રભુનું ભજન કરો. ધનમાલ સગા સંબંધી વર્ણ અને આશ્રમના આદિકના માનને ટાળીને પાપના મૂળનો ત્યાગ કરીને ભજન કરો તો પ્રગટ પ્રભુ તે બધા દોષો બાળી દે છે. મહાસુખોને આપે છે. દોષોની સામે જોતા જ નથી તેને તો કાપી જ નાખે છે એવા પ્રભુ આજે ધર્મના ઘેર અવતાર ધરીને પોતાના પ્રતાપને વિસ્તારતા થકાં વિચરણ કરે છે. તમે બધાંય અમને જુવો છો દર્શન કરો છો પણ તમે અજાણ છો તેથી પુરા જાણી શકતા નથી પણ તમે લોકો સારા સત્યનિષ્ઠ સદ્‌ગુણી સંતોનું સેવન સમાગમ કરો તો તે તમને ભગવાનની ઓળખાણ કરાવશે તે સંતો આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરીને નિર્માની થઈને ભગવાનનું સતત ભજન કર્યા કરે છે. આવી રીતે શ્રીજી મહારાજે બહુ જ મહાન વાતો કરીને સમજાવ્યા મહારાજના દર્શન કરીને અનેક લોકોએ નિયમ ધારણ કર્યા વ્રતમાન ધાર્યા પોતાને ભાગ્યમાન જાણીને આશ્રયબળ વાળા થયા આવી રીતે મહારાજ અનંત ચરિત્રો કરીને ભકતજનોના ચિત્તને ચોરતા હતા અને દૃઢ ભકિતવાળા કરતા હતા.

એટલામાં ગામમાં થાળ તૈયાર થયો એટલે ભકતજનો દોડીને બોલાવવા આવ્યા. હે ચંચલ કમલ નયન મહાપ્રભુ ! ચાલો આપના માટે થાળ તૈયાર થઈ ગયો છે. હે સહજાનંદ પ્રભુ ! આપ જમવા પધારો. આવી રીતે પોતાના આશ્રિતના મુખેથી વાત સાંભળીને સંતોની સાથે ધર્મનંદન મહારાજ પ્રીતિપૂર્વક ભકતજનના ચટકતી ચાલે ચાલતા થકા ઘેર પધાર્યા. શ્રી ઘનશ્યામ પ્રભુએ જળથી સ્નાન કરીને પછી પીળાં વસ્ત્રોને ધારણ કર્યા ચિત્તને ચોરનારા મહાપ્રભુ સુંદર આસન ઉપર બેઠા ત્યારે ચારેબાજુ ભકતજનો ઉભા રહીને મહાપ્રભુના મનોહર સ્વરુપના દર્શન કરતાં હતાં. ત્યારે જેમનો મહાન પ્રતાપ છે અને કાળ માયા હંમેશા જેનાથી કંપતા રહે છે. એવા મહાપ્રભુને ભકતજનો પીરસીને જમાડતા હતા. પાક શાક મહારાજ અજીત પ્રભુ સ્વાદિષ્ટ પાક અને શાક જમતા હતા. સૌના મનને જીતતા હતા જીવન પ્રાણ મહાપ્રભુ જમતા જમતાં વચ્ચે વારે વારે જળપાન કરતા હતા અને સુંદર ઉદર ઉપર હાથ ફેરવતા જાય આવા મહાપ્રભુના ગુણને સંતો અને હરિભકતો ગાતા હતા શ્રીહરિ જમવામાં બહુ જ સારી ચીજ હોય તે ભકતજનને આગ્રહથી આપીને રાજી થતા હતા. આવી

રીતની મહાપ્રભુની છબિને ઉરમાં ધારીને ધ્યાન ભજન કરે તેને ફરિ ભવના ફેરામાં નથી આવવું પડતું, મુકિત પામે છે. એવી અલૌકિક શ્રી હરિની લીલા છે. શ્રી હરિ સર્વના નાથ થાળ જમીને પછી સૌ સંતોને પોતે જ આગ્રહથી પીરસીને જમાડતા હતા, મહારાજ પંગતમાં ફરી ફરીને પીરસતા હતા સર્વના સ્વામી આનંદ કરીને મનોરંજન કરાવતા હતા. મહારાજ સારી રીતે સંતોને જમાડીને પછી શાંતિથી શયન કરતા હતાં અને સાંજના સમયે ચાલતા થયા.

શ્રી હરિ **વહેલાલ** ગામે પધારીને **જેસંગભાઈ**ના ઘેર નિવાસ કર્યો અને અનેક લીલા કરી પૂજા કરીને સ્તુતિ કરી આરતી કરી મનોરથ પૂર્ણ કર્યા.પછી પ્રભુ **કણભા** થઈ **મહેમદાવાદ** પધાર્યા ઉપદેશ આપ્યો આમ એક વીસમાં અભિધાનમાં શ્રી હરિલિલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં આ એકવીસમો તરંગ પૂર્ણ ॥ ૨૧ ॥**

# તરંગ-૨૨

આનંદ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી હરિ ભગવાને પવિત્ર વડતાલ ગામમાં જઈને જે જે લીલા કરી તે મને કહો.

અવધગુરુ કહે છે હે આનંદ રાજન્ ! જેમના શરીરની શોભા મેઘ સમાન શોભે છે એવા અજિત પ્રભુ આ પૃથવી ઉપર વિચરે છે. પાપ અને અધમતાને દૂર કરનારા હરનારા એવા મહાપ્રભુનું નામ આ જગતમાં વિખ્યાત છે જગતના સર્જનારા છે એવા સર્વોપરી મહાપ્રભુ એમની અનેક લીલાઓ છે તે તમને કહું છું તો તમે ધ્યાન દઈને સાંભળો હે રાજન્ ! મનોહર પ્રભુ **મેમદાવાદ**થી સર્વના ચિત્તને ચોરનારા ચપળમૂર્તિ સંતો, વર્ણિઓ, પાર્ષદોના જુથથી વિટાયા થકા ચાલતા હતા ચારે બાજુથી ઘેરાયેલા મહારાજ માર્ગમાં યોગ્ય રીતે સર્વનો ખ્યાલ રાખતા થકા સૌની સાથે ગાતા વાતા ધર્મનંદન મહાપ્રભુ સર્વ લોકોના ભવ ફંદને હરતા થકા **વડતાલપુર** પ્રત્યે **મેમદાવાદ**થી પધાર્યા.

હે રાજન્ ! શ્રી હરિ મહારાજ પધાર્યા એમ જાણીને પુરના નર-નારી હરિજનો સૌ ભગવાનને અર્પણ કરવા પોતાની સાથે ભેટ લઈને મહાપ્રભુની સન્મુખ ઉતાવળા ઉતાવળા જતા હતા. હે રાજન્ તે ભાવિક ભકતોના નામ કહું છું **ભાણાભાઈ, ગિરધરભાઈ, બાજીભાઈ, પિતાંબર** ધીરજવાળા **ધરમદાસ ભકત, અજુભાઈ** આદિક અનેક જનો આવતા હતા. હે રાજન ! **રાયજી, કાળીદાસ, વેલજીભાઈ વ્યાસ** તથા **મુળજી**, સુંદર નામવાળા_**ઘેલાભાઈ, ગોવિંદભાઈ, ઓભાવાળા, અંબાલાલ** નામના ભકત **શિવરામ** આદિક પુરુષ ભક્તો અને **સખબા, ગલાલબા, અંબાબા, અવલબા** તે શુરવીર ભગવાનના પરમ ભકત હતા, **ખુશાલબાઈ મોટા રતનબાઈ** એ આદિક બાઈ ભકતો સૌ પતિવ્રતા ધર્મને પ્રેમથી પાળનારાઓ પવિત્ર હતાં. તે સર્વે ભકતો જાત જાતના વાજાંઓ લઈને શ્રી હરિની સન્મુખ દોડીને આવતાં હતાં પ્રભુ પાસે આવીને દંડવત પ્રણામ કર્યા, શ્રી હરિનાથને નેણાં ભરીને નિરખી લીધા પછી બધાની સાથે મહારાજને ગામમાં પધારતા હતા. ત્યારે ગામની નજીકમાં બહુ જ મોટા વૃક્ષની નીચે પલંગ પાથર્યો હતો. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા પછી સૌ સંતો

સનમુખમાં બેઠા સુખદાઈ પ્રભુની આગળ સભા ભરાઈને બેઠી અને તે સભામાં મુકતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આદિ સંતોએ મહારાજની સન્મુખ સંગીતનું ગાવણું. કરતા હતા. આ સમયે ગામમાંથી લોકો દર્શન કરવા આવતાં હતાં તેઓ શુદ્ધ આબાંની કેરીઓ લાવતાં હતાં. તે લાવેલ કેરીઓ શ્રી હરિની આગળ આપતાં હતાં તે સ્વાદિષ્ટ ફળો જગવંદ્ય પ્રભુ જમતા હતા અને ખૂબ રાજી થતા હતા.

આવી રીતે મહારાજ મોટા વડના વૃક્ષ નીચે બેસીને સંતો ભકતજનોના કલ્યાણ માટે હતા. અનેક લીલઓ કરતા હતા. પછી શ્રીજી મહારાજ ગામમાં જઈને થાળ જમતા હતા અને સૌ સંતોને પ્રેમથી જમાડતા હતા.સહજાનંદ સ્વામી હરિભકત **રઘુનાથ** તથા **કાળીદાસ** ભકત તથા **મંછારામ** આદિક ભકતજનોના ઘેર એમના મનના ત્રાસને હરવાના હેતુથી મહાપ્રભુ મોટાં પ્રમાણમાં રસાળ થાળ બનાવતા હતા. અને લોકોના હિત કરવા જમતા હતા. મહારાજ જમતા હતાં ત્યારે આજુબાજુમાં પોતાના ભકતજનો ઉભા હતા બધાના મનમાં ગમતું હતું મહારાજ જમીને તૃપ્ર થયા ચંદન કુંમકુંમ પુષ્પના હાર લઈને હરિભકતો શ્રીહરિ મહાપ્રભુના ચરણકમળની પૂજા કરતાં હતાં. હે રાજન્ ! પછી યજ્ઞશાળામાં પધાર્યા જયાં સંતોની પંગત થઈ હતી એ સંતોને ઘનશ્યામ પ્રભુ પીરસતા હતા ત્યારે સારા સ્વાદિષ્ટ લાડું લઈને મહારાજ રાજી થતા થકા જમાડતા હતા સંતો પ્રેમથી જમતા હતા. મહારાજ વારે વારે આગ્રહ કરીને પીરસતા હતા ખૂબ જ જમાડતા હતા. આમ સુખધામે સંતોને પીરસીને તૃપ્ત કર્યા પછી મહારાજ પાછા વડ તળે જઈને પાટ ઉપર વિરાજમાન થયા ઘનશ્યામ પ્રભુની મનોહર છબી જોઈને કરોડો કામદેવ લજ્જા પામે એવી શોભતી હતી. હે રાજન ! મહાપ્રભુ ખૂબ જ ભાવ કરીને ત્યાં **વડતાલ ગામમાં પાંચ - છ દિવસ રોકાયા ત્યારે રાયજી, કાળીદાસ** આદિ હરિભકતોના ઘેર તથા **હરિબા**ના ઘેર જમ્યા, આવી રીતે **વડતાલ**માં જગપ્રસિદ્ધ વંદ્ય મહારાજ ત્યાં નવી-નવી લીલાઓ કરતાં હતા ત્યારે ત્યાં પાંચ છ દિવસ ખળ દળને મહારાજ દમતા હતા શ્રી હરિ મહાપ્રભુ હરખાતા થકા ત્યાં નિવાસ કરીને રહેતાં હતા ભકતજનોને આનંદ સુખ આપીને રાજી કરતા હતા.

હે રાજન્ ! શ્રી હરિએ સૌ નર-નારીજનોને દર્શન આપીને બહુ જ યોગ્ય રીતે સુખો આપ્યા પછી મહાપ્રભુએ ભકતજનોના ભવ ભયને હરીને ત્યાંથી પ્રયાણ કર્યુ. મહારાજ **વડતાલથી ડડુસર ગામે પધાર્યા** ગુણસાગર ગંભીર મૂર્તિ પધાર્યાના સમાચાર જાણીને ભકતજનો હરખ પામતાં થકાં સાંમા આવતાં હતાં. તે ગામના ભકતોના નામ કહું છું, **ગલુજી, નરભેરામ, આબો, આણંદરામ તથા અંબાબાઈ** નિષ્કામ ભાવવાળા સર્વ ભકતો પ્રેમી હતા. **લકુમ** અને **ગેલો ભકત** અને **સખબાઈ** આદિ સૌ ભકતજનો અનેક પ્રકારના વાજાં વગાડતાં થકાં સાંમા આવતાં હતાં. પ્રાણનાથ મહાપ્રભુ **ડડુસર**ની શોભા જોતા થકા સૌ સંતો હરિભકતોની સાથે પુરમાં ચરણો અંકિત કરીને પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ જગતના જાપવા યોગ્ય પ્રભુ ગુણવાન ભક્ત **ગલુજી**ના ફળિયામાં મદને મારનારા શ્રીહરિ એ મુકામ કર્યો ત્યાં સુંદર પાટ ઉપર આસન બનાવીને અજિત પ્રભુ વિરાજમાન થયા. એમની આગળ સંત સમુદાય બેઠા. શ્રી હરિ પ્રાણનાથના દર્શન કરીને પ્રીતિથી ચંદન પુષ્પાદિક વડે સુંદર રીતે પૂજતાં હતા પછી **ગલુજી** ભકતે બહુ જ આગ્રહથી શ્રી હરિની માટે થાળ બનાવરાવ્યો અને સુખનિકેતન પ્રભુને પ્રિતી પૂર્વક થાળ જમાડતા હતા. શ્રી હરિ થાળ જમીને પછી સંતોને જમાડતા હતા. સારી રીતે જમાડીને પછી મહારાજ સુંદર બનાવેલ આસન ઉપર સારી રીતે વિરાજમાન થયા પ્રાણનાથ બેઠા એટલે હરિભકતો જગતપતિને હાથ જોડીને દર્શન કરતા હતા. ત્યારે મહારાજ વાતો કરતા હતા. લોકોના

સમુહ તે વાતો સાંભળીને મનમા આનંદ સુખ પામતાં હતાં શ્રી હરિ લોકોને સુખરુપ ઉપદેશ કરીને ગુણવંત મહાપ્રભુ **ડડુસર** ગામને પાવન કરી દેતા હતા.

સાંજના સમયે પ્રભુ પ્રયાણ કરતા હતા સર્વ સંતોની સાથે મહારાજ વધારે શોભા કરતા થકા માર્ગમાં વચ્ચે વિશ્રામ કરીને વાસ કરતા થકા ધર્મનંદન મહાપ્રભુ **ઉમેરઠ પધાર્યા**. હે રાજન્! મહારાજ આવ્યા જાણીને ગામના આગેવાનો આવ્યા તેમના નામ કહું છું **રૂપરામ** તથા **નંદુભાઈ, ગંગાદત્ત, નરભેરામ, રાયજીભાઈ**_આદિક, **નરોત્તમ, મલકારચંદ, વિષ્ણુદત્ત** ની સાથે **લાલચંદ, કૃપાશંકર, મયારામ, લીલાધર, ઈશ્વર, કાશીરામ** ભકતજનો. **શ્રીરામ, દયારામ, ગોવિંદરામ,** નિષ્કામ **ઈશ્વરભાઈ વિષ્ણુરામ** આદિક નિર્મલ મનવાળા ભકતો હતા. હવે પવિત્ર શરીરવાળા બાઈ ભકતોઓના નામ કહું છું. **દિલશુદ્ધ બાઈ, વરદાન બાઈ** ભકિત પરાયણ પતિવ્રતા સતિઓમાં શિરોમણિ **ગંગાબાઈ** આદિક ગુણવાન પ્રગટ પ્રભુના ગુણ ગાવામાં તત્પર રહેનારાં હતાં. ઈત્યાદિક ભાઈઓ અને બાઈઓ પ્રભુના ગુણને ગાતાં ગાતાં શ્રીહરિની સન્નમુખ આવ્યાં હતાં. સાથે લાવેલ ભેટ મહાપ્રભુને અપર્ણ કરીને પોતાને ધન્ય ભાગ્ય માનીને અતિ પ્રસન્ન થતા હતાં. મહારાજના દર્શન કરી ચરણ સ્પર્શ કરીને ભેટ કરીને ધન્યભાગ્ય માનતા હતા પછી પ્રગટ પ્રભુને પ્રીતથી પુરમાં લાવ્યા માર્ગમાં ગુણવાન સંતો પ્રભુના કીર્તનો ગાતા હતા, મહાપ્રભુને સ્વચ્છ રાખેલા ઘરમાં ઉતારો કરાવ્યો. દયા સિંધુએ દિલમાં દયા લાવીને અતિ સુખ દીધું. લોકોનો સમુદાય મહાપ્રભુનો મહિમા ઉચ્ચાં સ્વરે ગાતાં હતાં. કમલનયન પ્રભુને થાળ કરીને જમાડયા. સારી રીતે રસદાર થાળ જમ્યા પછી પરમહંસોની પંગત કરીને મહારાજ સંતોને રસ ને રોટી ઘણીવાર સુધી વારંવાર પીરસતાં રહ્યા પુરુષોત્તમ પ્રભુ બહુ જ પ્રીત કરીને સંતોને જમાડે આમ જમાડીને બહુ જ તૃપ્ત કરી દીધા. આવી રીતે મહારાજ પ્રેમથી જમાડીને **નંદુભાઈ**ને સુખ આપ્યું.

જમીને પરવાર્યા પછી કમલનયન મહારાજ અને સૌ સંતોને હરિ ભકતોની પૂજા કરવા માટે પૂજાનો બધો જ સાજ (સામગ્રી) લઈને નંદુભાઈ આવ્યા. બંને ચરણ કમળનું પૂજન કર્યું ચંદન અર્ચ્યુ પુરુષોત્તમ પ્રભુનું પ્રેમથી સુંદર રીતે પૂજન કરીને પછી હાથ જોડીને સ્તુતિ કરતા હતા. હે મહાપ્રભુ ! આપનો જગતમાં બહુ જ મહિમા વ્યાપેલો છે આપનો જય જય કાર થાવ. હે મહારાજ ! આપ પૃથ્વી ઉપર ધર્મને દઢ કરવા સત્યજ્ઞાન આપવા માટે પધાર્યા છો. અનેક અવતારો થયા છે તે બધા આપના જ અવતારો થયેલા છે. જગતના જીવોને ઉદ્ધાર કરવા તેના બધા જ પાપોને બાળીને મુકત કરવા હે પ્રભુ ! ધર્મ દેવના ઘેર અવતાર લઈને પૃથવી ઉપર વિચરણ કરીને સૌને સુખ આપો છો. એવા આપનો જય જય કાર થાવ. હે પ્રભુ ! આપે **મત્સ્ય, કચ્છ, વરાહ, નરસિંહરુપ, વામન** શોભામુર્તિ ધરીને જયકારને કરનારા થયા.ફરસી ધરીને **પરશુરામ** રુપે થયા અને લોકોના કામ કર્યા. **રામ કૃષ્ણ** આદિક અવતારો ધરીને જીવોના જહાજ રુપે થઈને તાર્યા એવા આપનો જય જયકાર થાઓ. હે પ્રભુ ! આપે **બુદ્ધ અવતાર** ધાર્યો અને હવે **કલકિ અવતાર** રુપે થઈને અનેક અસુરોનો નાશ કરશો એમ જ અંશ રુપે **હયગ્રીવ સનકાદિક** શરીરોને ધારીને આપે દેવઋષિ સર્વે લોકોને ઉધાર્યા. **કપીલ દેવ, દત્તાત્રેય, ધનવંતરી** તથા **વ્યાસમુનિ, હંસ** આદિક અવતારો ધરીને ભકતજનો ઉપર પ્રેમ કરીને એમનો ઉદ્ધાર કર્યો. એવા હે મહાપ્રભુ ! આપ અજિત છો, અમારી મનની આશાઓને પૂર્ણ કરો એવા આપ જગમાં જય જય પામો. હે મહાપ્રભુ ! આપ આ વેળાએ

સર્વના અધિપતિ અવતારી પોતે જ પધાર્યા છો આપના ગુણને બ્રહ્મા ભવ આદિક દેવો ગાયા કરે છે. હે અવતારના અવતારી પ્રભુ આપ અત્યારે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને સૌ નરનારી અનેકનો ઉદ્ધાર કરવા પધાર્યા છો એવા આપનો જય જય કાર થાવો. હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જય જય કાર થાઓ. હે પ્રભુ ! અમારા મોટા ભાગ્ય છે. જેથી આપ અમને મળ્યા અમારા બધા જ પાપોને બાળ્યા, બધા તાપ શાંત કર્યા, આપ મળ્યા ન હોત તો અમે ભવમાં ભટકતા ભમતા જ ચોર્યાશી લાખ યોનિમાં ગોથાં ખાતા જ રહેતા. હે પ્રભુ ! હવે અમારી ઉપર કૃપા કરો મને આપનો દાસ જાણીને અપ્રાપ્ય એવી આપની અનન્ય ભકિત આપો, મને આપને વિશે અખંડ પ્રીતિ રહે તથા હે પ્રભુ ! અમારા આખા કુટુંબ પરિવારને આપની દઢ ભક્તિ રહે એવી અમારી ઉપર કૃપા કરજો.

હે રાજન્ ! આવી રીતે **નંદુભક્ત**ની સ્તુતિ સાંભળીને ઘનશ્યામ પ્રભુ મનમાં રાજી થઈને એમની માગણીને અનુમોદન આપીને સફળ થશે એમ વરદાન દીધુ કમળનયન પ્રભુ આમ ભક્તજનોને સુખ આપતા હતા, લોકોને આનંદ આપી ભક્તોને દઢ સ્થિતિવાળા કરતા હતા. શ્રી હરિ સર્વના નાથ **નંદુભાઈ**ના ઘેર નિત્ય થાળ જમતા હતા તે જગતવંદ્ય પ્રભુ સૌ ભકતજનોને સુખ આપતા હતા. સહજાનંદ સ્વામી સુખ દાતા લીલા કરતા હતા. **નરભેરામ** આદિક ભકતોના ઘેર રસભરેલા થાળોને જમતા હતા. અને સૌને જમાડતા હતા, ભકતજનો આ લીલાના દર્શન કરતા હતા. મહારાજ ભકતજનોને પોતાનો અતિ પ્રતાપ જણાવતા હતા એમના જીવને ઉમળતા હતા ધ્યાન ધારણાની રીતની વાતો કરીને એના ખૂબ વખાણ કરીને સમજાવતા હતા. આવી રીતે મહાપ્રભુ ભકતજનોને મહાસુખ આપીને સવારમાં વહેલા પ્રાતઃકાળે ચાલતા થયા.

**ઉમરેઠ**થી ચાલીને મહાપ્રભુ **સામરખા** ગામે પધાર્યા ત્યાં રાત્રી રોકાણ **વકતાપગી**ના ઘેર નિવાસ કરીને રહેતા હતા. **સામરખામાં વકતા પગીને સુખ આપી મહાપ્રભુ આણંદ પધાર્યા** આણંદમાં અનંત આસુરીજનો ભેગા થઈને બહુ જ ઉપદ્રવ હેરાનગતિ કરતા હતા.

શ્રીહરિએ **વડતાલ** ગામમાં અને **ડડુસર** ગામમાં લાલ પ્રભુએ અલૌકિક નવિન લીલાઓ કરી પછી ઉમરેઠમાં સુખધામ પ્રભુ ઘનશ્યામે સત્સંગીઓને સુખ આપવા લીલાઓ કરી. ત્યાં **નંદુભાઈ**એ સ્તુતિ કરીને મહાપ્રભુને સર્વ કારણના કારણ પુરુષોત્તમને જાણતા હતા. આવી રીતે બાવીસમો તરંગ શ્રી હરિલીલાસિંધુમાં લહરીના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં ઉમરેઠ ગામમાં શ્રી હરિએ લીલા કરી એનું વર્ણન કર્યું એ નામે બાવીસમો તરંગ પૂર્ણ થયો ॥૨૨॥**

# તરંગ-૨૩

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મેઘસમાન શ્યામ સ્વરુપ ઘનશ્યામ પ્રભુનું સર્વે મુનિગણો સ્મરણ કર્યા જ કરે છે જેમના સ્વરૂપની દઢતાથી નિશ્ચય કરીને જેમના નામને સ્વરૂપની ચોવીસ કલાક અંતર અહોનિશ જપતા રહે છે. એવા મહાપ્રભુના યશના પાવન ગુણો કલ્યાણ કરનારાં છે. તે તે બધા જ ચરિત્રો આપ ગુરુ મહારાજ મને વિચારીને કહો. સહજાનંદ સ્વામી આણંદપુરમાં કેવી રીતે આવ્યા અને ત્યાં અસુરોએ કેવી રીતે ઉપદ્રવ કર્યો શા કારણે ઉપદ્રવ કર્યો તે બધી લીલા અયોધ્યાપ્રસાદજી મહારાજ આપ કૃપા કરીને મને કહો.

અવધપ્રસાદજી કહે છે હે આનંદસિંહ રાજન ! જેમના ચરિત્ર યશને સૌ દેવો તથા આખા વિશ્વમાં જીવો દરેક જીવો પોતપોતાના વર્ણાશ્રમમાં રહીને ગાયા કરે છે. તે મહાપ્રભુના યશગુણનું વર્ણન કરીને કહું છું. હે રાજન ! તમે ધ્યાન દઈ બધી જ લીલાને સાંભળો અજીત પ્રભુ **આણંદપુર**માં પધાર્યા. તે સમાચાર આસુરી જનોએ સાંભળ્યા ત્યારે બધા જ પોતાના સંબંધવાળા ગામોમાં એક બીજાનો મેળ કરાવ્યો નકકી કર્યું. બધાં જ ભયાનક અસુરો ભેળા થઈને બધો જ સાજ સજીને લડાઈ કરવા આવ્યા હોય તેમ આવ્યા હતા. હાથમાં ભયાનક તલવારો લઈને સારી રીતે ઘસી તૈયાર કરીને લાવ્યા કોઈના હાથમાં કૃપાણ લઈને આવ્યા હતા. બધાને કાંઈ આસુરી સંઘનો પ્રસંગ ન હોતો પણ બધાય ભેળા થયા. તે જોઈને ભય લાગવાથી દુકાનોમાં લોકો ઉભાં થઈ ગયા મલીન મનવાળા જે લોકો હતા તે મનમાં જ નિર્ણય કરીને આવેલા હતા. પણ મહારાજે હરિભકતોને આ બાબતની કોઈ વાત જણાવી જ ન હતી પણ હે રાજન્ દુષ્ટ જનોએ જે નિર્ણય કરેલો તે તો વાત કહી પણ **આણંદ**ના હરિભકતો જે મહારાજની પાસે આવેલા હેતથી સાથે હતા તે કહે, હે મહારાજ ! ગામમાં ચાલો મારે ઘેર પધારો આમ નિર્દોષ ભાવે કહ્યું. હે મહારાજ ! ગામમાં જઈને રસોઈ કરીશું સૌ સંતો સારી રીતે જમે માટે પ્રભુ મને આપ અનુમતિ આપો તો બધા જ સાજ તૈયાર કરવા જઈએ. હે મહારાજ ! આપ આજ્ઞા આપીને અનાથને સનાથ કરાવો. આપના આશ્રિત નરનાર સુખી થાય. ભક્તોની આવી વાણી સાંભળીને પ્રભુ મધુર વચનો કહેતા હતા. તમે લોકો પહેલાં જઈને રસોઈ ન કરશો અમે જયારે આવીશું ત્યારે તરત જ રસોઈ થઈ જવાની વાર નહી લાગે માટે તમે જઈને બધા સામાન તૈયાર કરો, શાંતિથી આવીએ છીએ.

હે રાજન ! પછી મહાપ્રભુ પ્રેમથી આણંદપુરમાં પધારતા હતા ત્યારે મહારાજે જે રીત કરી તે કહું છું મહારાજની સાથે જે વીર લડવૈયા હતા તેઓ તો બહુ જ પરાક્રમવાળા ઝઝુમવાવાળા હતા. લડવા માંડે તો અડગ થઈને લડતા જ રહે લેશ માત્ર ડરે જ નહી ભૂમિ અને રણમેદાન વચ્ચે સાચા યોદ્ધાઓ કોપ કરીને વિનાશ કરી જ નાંખે. આવી રીતે મહાવીર યોદ્ધાઓ ઝુઝવાવાળા અનેક હતા સારા યોદ્ધા વીરભાવવાળા આજ્ઞા પાલનારા હતા, તેમાં અતિબળવાળા તો ભીમની સમાન ભગુજી એકલા જ હતા. જેમ બળવાનોમાં ભીમ વખણાય તેવા ભગુજી છે. જે સામે લડવા આવે તેનો નાશ કરી નાખે. હાથમાં સતત તલવાર ધરે ત્યારે હાથ શોભતો જ રહે છે. સૌ હરિની સાથે પુરમાં જવા ચાલ્યા હવે ખરી ઓળખાણ થશે અનંત અપાર વાજાં વાગતા હતા. મહારાજ ઘોડા ઉપર વિરાજમાન હતા. હે રાજન્ ! અસવારીમાં સંતો સૌની આગળ

ચાલતા હતા, સંતો ગાતા વગાડતા ચાલતા જતા હતા એમની **પાછળ મારવાડના મહા શૂરવીરો** હાથમાં હથિયાર ધારીને ગંભીરતાથી ચાલતા હતા. હે રાજન્ ! એમની પાછળ પ્રેમી ભકત પદાતિઓ ચાલતા હતા. જેમાં ભગુજી આદિક મહા યોદ્ધાઓ હતા એમની પાછળ કરડા કઠોર કાઠી અસવારો હરિને ચારે કોર વિંટાઈને ચાલતા હતા. આવી રીતનું જોઈને દુઃશ્મનોની છાતી ફાટી જાય એવી રીતે મહારાજની અસ્વારી ચાલતી હતી ચાલતા ચાલતા જયારે પુરની વચમા આવ્યા જે અતિશય વિમુઢ જીવો હતા તે તો કાંઈ જાણતા જ ન હતા. કબુતરની માફક મોટો હાહાકાર કરતા હતા બુમ બરાડા કરતા હતા બધાં લોકો હાથમાં ધૂળ લઈને દોડતા હતા અને હરિને જોઈને એમની ઉપર નાખતા હતા. કોઈ જગ્યાએ કૃપણ કઠોર રીતે મારતા હતા, કોઈ જગ્યાએ લાકડીઓ મારતા હતા, આવી રીતે ભયાનક હુમલો થયો તેનાથી રંગમાં ભંગ પડયો ત્યારે લડાઈનું કામ જાણતા હતા હાથમાં લડવાની ખણખણટી હતી તોય આજ્ઞા વગર હાથ ઘસતા રહેતા હતા. બધા જ સેવકો શૂરવીરો ઉતાવળા થવા લાગ્યા હે પ્રભુ ! અમને આજ્ઞા આપો, પ્રીતિપૂર્વક લડાઈ કરીને આ બધા જ શત્રુઓને હરાવીને વિજય કરી લઈએ તલવારની મુંઠ હાથમાં જાલીને ખેંચવાનું કરી ભગવાનની મરજી ન દેખે એટલે પાછી દબાવી દે, આવી રીતે રીસ કરીને મનને દબાવે. બધા જ ઉતાવળા થયેલા શૂરવીરો ચકિત થઈ ગયા જાણે હમણાં જ શત્રૂને મારી જ નાખું, પરંતુ પ્રભુના મુખથી વાણી ઉચ્ચારાતી હતી આ તો બધા જ મરેલા જ છે તેને શું મારવા.

આ રીતે પુરના ભકતો જોઈને મનમાં મુંજાતા હતા આ બધું થયું તેથી પ્રભુને કહે હે પ્રભુ ! તમને પુરમાં આવી રીતે મારા મારી કરવાનું અમે જાણતા ન હતા, આપને બોલાવ્યા અને આ થયું એમાં અમારો કોઈ દોષ નથી હે પ્રભુ ! અમારી ઉપર ક્ષમા કરજો. આપ તો દયાળુ છો અસુરોએ આવું બધું કર્યું તોય આપ શાંત રહ્યા. મોટા માણસો એના ઉરમાં ક્ષમા રાખે એ જ એજ નિતી શાસ્ત્રોમાં કહેલ છે. તે રીતે જ આપ રાખો છો, આપ તો મહાન છો, પ્રભુ કહે મારા વિરો તો તમો છો તમારે બધાને હવે અહીંથી પાછું જ વળવાનું છે એજ નિતીની વાત છે. મહારાજ લોકોને કહે આ લોકોની માટે અમે અવતાર નથી ધર્યો, શત્રુના દળનો નાશ કરવાનો મનમાં વિચાર કાઢી નાખીને લોકોને ઉપદેશ કરીને શાંત કરીને દરેક મનમાં શત્રુને મારવાના ભાવને શાંત કર્યો અમે કલ્યાણના ઉપદેશ દેવા અવતાર ધરેલ છે. આવી રીતે મહાપ્રભુની વાત સાંભળીને સૌ વિરજનો સંકુચિત મનવાળા થયા, બધા જ શૂરવીરો શાંત થયા, પણ બધાય હાથના બાવડાં બતાવતા હતા કે અમને આજ્ઞા કરો કાંટા કાઢી નાખીએ અહીં આવ્યા તો કાંઈ કરીએ કાંઈ ન કરે તો આવવાનું શો અર્થ. આમ કહીને વિર અધીર થઈને દબાઈને રહેતા હતા અને ગરીબ થઈને કાંઈ ખાવાજ નહતા આવ્યા અમને કોઈ નમાલા કહેશે પણ હે પ્રભુ ! આપ તો નિરમાની વર્તનને દૃઢ રાખેલ છે. બધાયની માટે આજ નિયમ જ સમાજને સુધારનાર થાય છે.

પછી જનોના ભવફંદને હરતા એવા ધર્મકુળના સૂર્ય ચંદ્ર સમાન પ્રકાશ કરનારા મહારાજ પોતે પછી **વડતાલ** પુરમાં પધાર્યા જેમનો પ્રતાપ ખૂબ જ પ્રસિદ્ધ થયેલો છે એવા પ્રભુ પાવન કરવા પધાર્યા. **વડતાલ** આવીને મહાપ્રભુએ સંતોને સુખ આપવા માટે સભા કરીને મુખેથી અમૃત સમાન વાણીથી કહેતા હતા કે સંતો સાંભળો હવે કોઈ પકારનો ઉપદ્રવ નથી થવાનો, માટે કોઈ ચિંતા ન કરતા. આજે જો કાંઈ કર્યું હોત તો કાંઈક ખરાબ થાત. પ્રભુ કહે અમને બહુ જ દુઃખ થતું હતું. કેમ કે સદાય નિર્માનિપણે રહેવામાં જ

મહાસુખ છે. અને અહંપણુ રાખીને વર્ત્યા હોત તો મહા મોટું દુઃખ થયું હોત. આવી રીતે કરુણાના સાગરે ભકતજનોના મનના દોષોને બાળવા માટે વાત કરી મારા આશ્રિત સૌ સંતોને કયારેય ક્રોધ કરવો જ નહી સદા શાંત મૂર્તિ રહેવું. જયાં સાચું જ્ઞાન છે ત્યા ક્રોધ નથી આવતો એ વચન, સદ્‌ગ્રંથમાંથી શોધીને કરેલ છે મારા આશ્રિતજનોને સદાય નિર્માની જ રાખું છું આપણા સંપ્રદાયમાં આ રીત ખાસ પ્રસિદ્ધ છે. જપ તપ વ્રત દાન એ બધાય સાધન સારાં છે સુખ કરનારાં છે મારા આશ્રિત જનોના મનમાં જો ક્રોધ થઈ જાય તોય ખાસ ધ્યાનમાં રાખવાનું. ગીતામાં ક્રોધને નરકનું દ્વાર કહેલ છે માટે ક્રોધ અને બીજો લોભ તેને મારા આશ્રિત જનોએ કયારેય મનમાં આવવા દેવોજ નહીં. શ્રી હરિના મુખની વાતો સાંભળીને મુનિજનોના મન ખુબ જ રાજી થયાં હે પ્રભુ ! આપે જે નિર્માની ગુણ કહ્યો તે તો ધન્ય ધન્ય કરનારો છે તે ખૂબ જ સુખકારક છે. હે રાજન ! કોઈક અધિક અપરાધ કરે બહુ અપમાન જનક કરે તોય નાથ તો કાયમ નિર્માની જ રહે છે. આ બધી જ વાતો ભવિષ્યને માટે ઉપયોગ કારક વાત કહી છે. તે તમે ખાસ ધ્યાન દઈને સાંભળજો.

તે **આણંદપુર**માં મહારાજ નિર્માનિભાવે પાછા આવ્યા તો બહુ જ સત્સંગ વધી જ ગયો, આ બધુ જ પ્રભુના પ્રતાપથી જ થયું છે. પ્રગટનો મહિમા છે તે જગતના લોકોને પ્રભુએ જણાવ્યો છે. જેવી રીતે લોકોને સારું થાય તે જ રીતે ઘનશ્યામ પ્રભુ વર્તતા હોય છે. એમાં બીજાને કોઈ ગમ ન જ પડે, આ રીતે સુખધામ પ્રભુ અનેકને સુખ આનારા થાય છે. આવી રીતે મહાપ્રભુ વડતાલમાં ભકતના ઘેર વાત કરીને પછી સર્વજનના થાળ જમતા હતા. પછી સૌ સંતોને પીરસીને જમાડયા આ રીતે લીલા કરીને વાસણ ભકતના ઘરમાં નિવાસ કરતા હતા. પછી મહાપ્રભુ ગુણના સાગર ગાના ગામમાં ભકતજનોનો ભાવ જોઈને ગયા.

સૌ ભકતજનોની સાથે મહાપ્રભુ રાત ત્યાં રોકાયા પછી **બોચાસણ** ગામમાં સંતોની સાથે મહારાજ લીલા કરવા માટે પધાર્યા હતા. બોચાસણમાં ભકત શિરોમણી **કાશીદાસ** ભકત મુખ્ય કહેવાય છે તે ભકતના ઘેર સંતોની સાથે સૌને જમાડતા હતા પછી મહાપ્રભુના ચરણ કમળનું પૂજન કરતા હતા. અંગોમાં ચર્ચીને પુષ્પના હારો પહેરાવીને શિર ઉપર તોરા ધારણ કરાવીને નિરખીને આરતી કરતા હતા. ભેટ ધરાવીને હરિની સનમુખ ભાવ ભરીને બેઠા પછી સંતો સુંદર કિર્તનો ગાતા હતા, બીજા પાસે ગવરાવતા હતા પછી બંને હાથ જોડી સુંદર ભાવનાથી સ્તુતિ કરતા હતા. સર્વ અવતારોના અવતારી મહાપ્રભુ બહુ જ સુખ આપતા હતા, આવી રીતે મહાપ્રભુ સંતોની સાથે લીલા કરીને ભકતજનના ઘરને પવિત્ર કરતા હતા સુખ આપીને પછી મહારાજ ત્યાંથી ચાલવાની તૈયારી કરતા હતા તેમ જાણીને ભગવાન પાસે સુંદર વરદાન માગતા હતા, અમારી મનની વૃત્તિઓ આપના અને સંતોના ચરણમાં પ્રીત રહે તથા આપના ચરણકમળમાં અખંડ વૃત્તિ જોડાયેલી રહે અખંડ આપનું સ્મરણ રહે એવી કૃપા કરજો.

આ રીતે માગણી કરેલા પ્રસિદ્ધ વરદાનો દઈને પ્રગટ પ્રમાણ મહાપ્રભુ સવારમાં વહેલા **બોચાસણ**થી પ્રયાણ કરતા હતા માર્ગમાં જતાં વચ્ચે વચ્ચે રોકાણ કરીને બહુનામી **ગઢપુર**માં પહોંચ્યા, ત્યારે **જયા, લલિતા, રમા** આદિ નારી ભક્તો ખૂબ જ રાજી થયાં, ભગવાનના દર્શન કરીને ઉરમાં ઉતારી લેતાં હતાં. પ્રાણપતિને પ્રીતિ સહિત પધરાવતા હતા અને પ્રેમથી પ્રાણપતિનું પૂજન કરતાં હતાં, ગુણનિધિ ઘનશ્યામ પ્રભુ સુખધામ સુખ આપતા હતા. શ્રી હરિ મહારાજ પોતાનું નિવાસ સ્થાન હતું એટલે શાંતિથી રહેતા હતા ધર્મનંદન મહાપ્રભુ

ધીર ધરતાં હતા. ગુણનિધિ, સુખના ધામ, **ગઢપુર**માં હતા ત્યારે **નાગમાલ, જીવાખાચર, ઉત્તમરાજા** આદિ ભકતજનો શ્રીહરિના ચરણ કમળનું ભજન કર્યા કરતા અને હાજરમાં સેવામાં રહેતાં હતા, પાક શાક તૈયાર કરીને પ્રીતથી જમાડતા હતા. ત્યારે મહારાજ હેતથી જમતા હતા. મહાપ્રભુ રોજ નવી નવી લીલાઓ કરીને અનેકના પાપોને બાળતા હતા. મહારાજ રંગક્રિડા કરીને મંડળને સાથે લઈને ઉમંગ સાથે ઘેલા નદીમાં સુંદર નીરમાં નહાવા પધારતા હતા ત્યારે જળના પ્રવાહમાં ગાન તાનની લીલા કરતા હતા.સંત હરિભકતોની સાથે બધા જ સંતો ભક્તો સાથે ખેલ ખેલીને પ્રભુ જળમાં નવીન નવીન લીલા કરતા હતા જેના ગુણને અનંત શિવ બ્રહ્મા, આદિ ગાતા હતા. આવી રીતે પ્રીતમ પ્રાણ પ્રભુ રોજ રોજ **ગઢપુર**માં જ અનેક લીલાઓ કરતા હતા, તેના ગુણને અનંત શેષ ગાયા જ કરે છે પાર નથી પામતા. શ્રી સહજાનંદ સ્વામી કોઈક દિવસ લક્ષ્મીવાડીએ પધારતા ત્યાં ફળફૂલને આરોગતા હતા, ત્યાં મહાપ્રભુ જનસમુદાયની સાથે લીલા કરતા હતા.

શ્રી હરિ અવતારી પ્રભુ **આણંદથી ચાલીને સર્વના સ્વામી વરતાલપુરે પધાર્યા** લોકોને આનંદ આપતા થકા **બોચાસણ** ગામે ભકતને સુખ આપવા પધાર્યા.શ્રી હરિ મહાપ્રભુ **ગઢપુર**માં રહીને નવી નવી લીલાઓને કરતા હતા, એવી રીતે આ ત્રેવીસમો તરંગ આમ શ્રી હરિલીલાસિંધુમાં લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ આણંદ, વૃત્તાલય તથા ગઢપુર પધાર્યા એ આદિક ગામોમાં લીલા કરી એનું વર્ણન કર્યું એ નામે આ ત્રેવીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૩ ॥**

# તરંગ-૨૪

આનંદ સિંહરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ભવસાગરને પાર કરવા માટે નૌકારુપ મહાપ્રભુ અવતાર ધરીને જગતમાં જુવાન વૃદ્ધ બધાને તારીને ધામમાં લઈ જનારા છે. એ મહાપ્રભુના વિચરણ કરેલા લીલા ચરિત્રો જે હોય તે મને કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે હે આનંદ રાજન ! વ્યાસ આદિકને બુદ્ધિવાળા જ્ઞાનિ લોકો છે તે શુદ્ધ સ્વરુપ પ્રગટના જ ગુણને ગાય છે મોટાભાઈ જેમના રામપ્રતાપ બલરામ છે તે મહાપ્રભુ શ્રી હરિના લીલાચરિત્રો તમને કહું છું તો તમે ધ્યાન દઈને સાંભળો. શ્રી રસિકરાજ મહારાજ **ગઢપુર**માં રહેતા થકા લોકોના કલ્યાણ કરવા તથા સુખ આપવા માટે રોજ રોજ થાળ કરીને પ્રીતિથી જમતા હતા. કરુણા નિધાન મહારાજ આવી રીતે **ગઢપુર**માં નિવાસ કરીને ભકતજનોને સુખ આપતા હતા. હે રાજન ! શ્રીહરિ ગઢપુરમાં રહેતા હતા એટલામાં **અષાઢ સુદ એકાદશી આવી ત્યારે ચાતુર્માસનો પ્રારંભ થયો** એમ જાણીને મહાપ્રભુ **મુકતમુનિ અને બ્રહ્માનંદસ્વામી આદિક ભણાનારા સંતો ભકતોને મહારાજ કહેતા કે તમે બધાય મારી પાસે નિવાસ કરીને રહો અને આપણે સૌ સત્સંગ કરવવા માટે ગામોમાં જવાનું છે તો ચાલો. મહાપ્રભુ સૌને સાથે લઈને ગામો દેશોમાં ફરવા ગયાં.** મહાપ્રભુ નિત્ય નવી નવી લીલાઓને કરતા સૌ સંતમંડળ શ્રીહરિની સાથે જ રહેતા હતા. આમ કરતાં જયારે શ્રાવણ માસ આવ્યો ત્યારે મુનિજનો આનંદ પૂર્ણ ધારણાં પારણાંના વ્રતો કરતા હતા. તે કામાદી દોષનો નાશ કરનાર હતાં ધારણા એટલે ઉપવાસ અને પારણાંના દિવસે એક ટાઈમ જમવું પારણાંના

દિવસે મહારાજ પોતે જ સૌને સારી રસદાર રસોઈ બનાવરાવીને મુનીમંડળને હાથે પીરસીને જમાડતા હતા. અને મુનીજનો જમતાં થકાં મહાપ્રભુના ગુણોને ગાતાં હતા.

હે રાજન્ ! અખિલેશ્વર મહાપ્રભુ આવી રીતે લીલા કરતા સંતોને સુખ આપતા હતા. ત્યારે **વદ પક્ષમાં** જયારે **શ્રી કૃષ્ણપ્રભુનો જન્મોત્સવ** નજીક આવ્યો એમ જાણીને મુનિજનોના મનમાં આનંદ થવા લાગ્યો. હે રાજન ! ઉરમાં અતિ ઉમંગ લાવીને મહામોટો ઉત્સવ કરવાનો ધારીને મુકતાનંદ સ્વામીને વડોદરામાં શાસ્ત્રાર્થમાં વિજય મેળવવા માટે મોકોલ્યા. એટલા માટે **મુકતાનંદ સ્વામી** પ્રભુની આજ્ઞાને શિર ઉપર ધારીને તથા અંતરમાં મૂર્તિને ઉરમાં ધારીને **મુકતાનંદ સ્વામી** વેગથી ચાલતા થયા. હે રાજન્ તેના મહિમાનું પ્રમાણ હું તમને કહીશ. આવી રીતે લોકોના ભયને તોડનારા મહાપ્રભુએ રક્ષણ કરવા સંતોને મોકલ્યા અને શ્રી હરિ કરુણાનિધાન ગઢપુરમાં નિવાસ કરતા હતા.

કમલનયન મહાપ્રભુ કેટલાક દિવસ રહીને લોકોના મનને આનંદ આપવા, ઈશ્વરોના સ્વામી સંતો, પરમહંસો સાથે ચાલતા **બોટાદપુરે** પધાર્યા પ્રસંશ અજિત પ્રભુ સંતના મંડળથી વિટાયા થકા શોભતા હતા. **બોટાદ**ના ભકતો સામા આવ્યા. હે રાજન! ભકતજનો આવ્યા ત્યારે અનેક પ્રકારનાં વાર્જિંત્રો વગાડતા થકા કીર્તન ગાતા આવતા હતા, ભેટ સાથે લાવતા હતા, પ્રભુ પાસે આવીને દંડવત પ્રણામ કરીને નિરખીને દર્શન કર્યા. લાવેલ ભેટ પ્રભુની આગળ ધરતાં હતાં. ભકતજનો ઘનશ્યામ પ્રભુને સંતો સાથે **ભગા શેઠ**ના મકાનમાં ઉતારો કરાવતા હતા સુંદર આસન તૈયાર કરીને તેની ઉપર બેસાડતા હતા, સૌ ભકતો શ્યામસુંદર મહાપ્રભુની સુંદર રીતે સેવા ભક્તિ કરતા હતા. પ્રભુને જમાડવા માટે સુંદર રસદાર રસોઈ બનાવીને શ્રીહરિની સાથે સંતોને જમાડતા હતા. શ્રીહરિ જમીને તૃપ્ત થયા. મહાપ્રભુ પ્રીતથી ભકતોના મનોરથ પૂર્ણ કરીને સવારમાં વહેલા પ્રભાત કાળે ચાલતા થયા માર્ગમાં રહેતાં જનોને રાજી કરતા પ્રભુ સુખ દેતા થકા જતા હતા અને ભકતજનો પ્રભુના ગુણ ગાન ગાતાં હતાં. દર્શન કરનાર નરનારી જનોના મન શ્રી ઘનશ્યામની મનોહરતા જોઈને સ્થિર થઈ જતાં હતા.

**મેઘની સમાન શ્યામવરણ જેવું વાન કમળની પાંખડી સમાન મનોહર નયન શોભા. નેણાંની ચંચલતા તો કામદેવના મદને હરતી હતી, દેવોના આહાર જે અમૃત સમાન જેમના વેણ છે ખેંચેલા ધનુષ સમાન ભૃકૂટી શોભે છે. નાસિકા જાણે દિવાની જયોંત (સેડ) સમાન શોભે છે. મુખમાં દંતાવલિ જાણે કે કુંદની કલી ન હોય ? તેમ શોભે છે જીહ્વા છે તે સતત અમૃત વર્ષાવે છે બન્ને શ્રોત્ર તથા સુંદર ચિબુક દાઢી તે સુંદર શોભે છે શંખ સમાન કંઠ શોભતો હતો. ઉપડતી છાતી અદભૂત શોભતી હતી જાણે કળિના કામનો વિનાશ કરવા કોપાયમાન હોય તેમ શોભતા હતા બંને સ્તનો તે જાણે શ્યામ મણિ ન હોય તેમ શોભતા હતા, બંને ભુજદંડ અભય કરનારાં સુંદર ઢાળવાળા હતા. પ્રભુનું ઉર્ધ્વ ઉપડતું ઉંદર ત્રિવળી સહિત શોભતું હતું જાણે ગંગામાં ત્રિવેણી સંગમ તિર્થ શોભતું હોય તેમ શોભે ઉંડી ગંભીર નાભિ જાણે કે ઉંડો કૂવો હોય તેમ શોભતું, સિંહની સમાન શ્યામ પ્રભુનો કટિ ભાગ શોભતો હતો. સાથળ તે જાણે કેળના થાંભલા ન હોય તેવા શોભતા હતા જાણે બંને જાનુઓ લોકોના મનને આનંદ કરાવનાર હતા. પગની પાની તે ભકતજનોના જન્મ મરણના ભયને તોડનારી છે આવી રીતે નૂતન છબિ ધર્મનંદન મહાપ્રભુની મૂર્તિ આભૂષણોને ધારણ કરીને સુખ આપતા હતા.** આવા સ્વરુપ લોકો દર્શન કરીને ચિત્રમાં દોરેલાં જેવાં સ્થિર મનવાળા થઈ જાય તેમ સ્થિર દૃષ્ટિ કરીને

મહાપ્રભુના દર્શન કરતાં હતાં.

હે રાજન્ ! શ્રી હરિ આવી રીતે માર્ગમાં ચાલતા થકા લોકોને દર્શન આપીને એમના મનને જીતતા હતા ચાલતા સુંદર મોટું **કંથારિયા** નામનું ગામ આવ્યું તે ચરિત્ર કહું તે સાંભળો. કમળનયન પ્રભુ સંતો ભકતોની સાથે કંથારીયા ગામે પધાર્યા. ત્યારે પુરના જનોને ખબર પડી એટલે પ્રેમથી બધો સાજ સજીને સમાજ સામો આવ્યો. હે રાજન્ ! વાજાં વગાડતાં અને કીર્તન ગાતાં નર-નારીજનો સામાં આવ્યાં તેઓના કાંઈક નામો કહું છું **કાનજી, મેઘોભાઈ, હરિભાઈ, મુળુભાઈ, વરકરણભાઈ, મંછારામએ**, આદિક ભકતજનો મન દઈને આવ્યા. હે રાજન્ ! આ સૌ ભકતો સાથે ભેટ લાવ્યા હતા તે ભગવાનની આગળ ધરીને પોતાના કલ્યાણના સાધન કરતા હતા. મહારાજને ગાજતે વાજતે પુરમાં લાવ્યા પ્રેમી ભક્તોએ મહારાજને **દરબારગઢમાં પધરાવ્યા, હરિભાઈએ મહાપ્રભુને પ્રેમથી** જમાડવા માટે સુંદર રસદાર રસોઈ તૈયાર કરાવીને પ્રભુને જમાડતા હતા, જગત પતિને જમાડીને પ્રેમીજનો પ્રભુનાં દર્શન કરતા હતા. જગતના નાથ મહારાજ જમીને હાથ ધોઈને પછી મુખવાસ લીધો અને સંતોની સાથે જ બેસારીને પીરસીને જમાડયાં. પછી મહાપ્રભુએ હાથ ધોયા ત્યાં **હરિભાઈ** આદિક ભકતો તે બધા જ મહારાજની સેવા કરવામાં તત્પર રહેતા હતા. મહારાજે ત્યાં બહુ જ સુખ આપ્યું એવા સુખકારી પ્રભુ **કંથારીયા** ગામમાં ભકતજનોના ઘેર પધાર્યા હતા.

ત્યાંથી વિદાઈ લઈને સર્વકામના પૂરનારા પ્રભુ ચાલતા થયા દેવોના અધિરાજા મહારાજા ભકતજનોના મનોકામો પૂર્ણ કરતા હતા. મહારાજ **કંથારીયાથી લીંમડી ગામે પધાર્યા**. તે મોટું શહેર હતું તેની શોભા તે મનને લોભાવનારી હતી. તે શહેરના ફરતો મોટો કિલ્લો શોભતો હતો ચારે બાજુ વૃક્ષો શોભતાં હતાં તેનાથી બહુ જ સુખ થતું હતું. અટારીઓ વૃક્ષોની ઘટાઓની શોભા બહુ જ છે. સુંદર મોટું પટ (મેદાન) છે ત્યાં નર લોકો નાચતા હોય છે એવું શોભાવાળું છે. રાજ મારગો શોભતા હતા બહુ જ પહોળા લાંબા બધા જ શહેરના રસ્તાઓ મોટા સારા હતા. અને તે શહેરમાં પુરુષો અને નારીજનો સૌની રુચિ પ્રમાણે રહેતાં હતાં. જયારે શ્રીહરિ પધાર્યા એ સમાચાર સાંભળીને લોકો દોડીને આવ્યાં સાથે પ્રભુને અર્પવા ભેટ લાવ્યાં હતાં. જે લોકો આવ્યાં એમનાં નામ કહું છું તે બધા નિષ્કામી ભાવવાળા હતા પુરુષો બહેનો બધાંય સારી રીતે શોભાવાળાં સજજ થઈને આવ્યાં હતાં. **નરભેરામ** તથા **દલાભાઈ, ગોપાળજીભાઈ, નંદીરામભાઈ, મૂળજીભાઈ ઉત્તમરામ,** ઉદાર મનવાળા **માધવરાજા, પરસોત્તમ, શિવો, મેઘજી, મહાદેવ** ભકત **કાનજી, ઈશ્વર, જીવો** બીજા **રામ ભકત, કૃષ્ણવિજી** બીજો **જીવો, શિવો, સુખકરણએ** આદિ ભગવાનના ભકતો આવ્યા હતા તે ભકતો ભગવાનને ભજનારા છે. હે રાજન્ ! સર્વે વાજાં વગાડતા થકા મહાપ્રભુને પુરમાં લાવ્યાં **ઝીણાભાઈ, મૂળજીભાઈ, રણછોડ ભકત** તથા **કરશન, માવજી મેઘો, ભગો, બેચર** તથા **સુંદરજી મૂળજી, શૂરવીર, મેઘજી, ઝવેર, મનોહર** આદિ મહારાજને જોઈને તે નગરના લોકો પુરુષો યુવતીઓ પ્રભુના દર્શન કરીને જેવા નિરખ્યા તેવા જ એમના મનમાં અતિશય આનંદ થયો નરવીર પ્રભુની છબીને ઉરમાં ધારી લેતાં હતાં. સૌ પ્રભુને દંડવત પ્રણામ કરીને પ્રીતિપુર્વક પ્રભુને ઘેર પધારવતાં હતાં. બુહ જ ભાવથી પૂજન કરતાં હતાં. ચંદન ચર્ચીને સુંદર રીતે પૂજીને પછી સુંદર રસોઈ બનાવીને થાળ ધરાવતાં હતાં. જગદીશ પ્રભુને જમતાં થકાં જોતાં હતાં દર્શન કરતાં હતાં. સંત ભકતજનોને જમાડતા હતા.

આમ સંતભકતોની સાથે ઘનશ્યામ પ્રભુ સર્વની મનોકામના પૂર્ણ કરીને મહાસુખ દઈને બહુનામી ભકતજનોના ભવદુઃખની પીડા મટાડીને પછી ભકતપતિ મહારાજ **ભલગામમાં પધારતાં હતા** ભલગામડાના પુરુપતિ **રામ બાપુભાઈ** તે પોતે મહાપ્રભુ પાસે અનેક પ્રકારના વાજાં વગાડતા મહારાજને પુરમાં પધરાવતા હતા.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ ગઢપુર, બોટાદ, કંથારીયા, લીંબડી આદિકમાં વિચરણ કર્યું એ નામે આ ચોવીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૪ ॥**

# તરંગ-૨૫

આનંદ સિહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આકાશની સમાન જે નિર્લેપ છે અને મહાપ્રભુના ગુણગાનને શેષ નારાયણ સદાય ગાયા કરે છે એવા મહારાજના ચરિત્રો તે અનંત જીવોના પાપો તાપોને હરીલે છે સંતોની સાથે મહાપ્રભુ કયા કયા ગામે પધાર્યા તે બધીય લીલા મને કહેવા હે અવધપ્રસાદજી મહારાજ કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! શ્રી હરિ તો લોકોના પાપનો નાશ કરનારા છે જગતનો લય (પ્રલય) થાય ત્યારે મહાપ્રભુ પોતાના **દિવ્ય બ્રહ્મપુર** ધામમાં રહે છે. તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુના અલૌકિક કલ્યાણકારી ચરિત્રો જીવના ભવફંદને મટાડનારાં છે. હે રાજન ! તે **ભલગામ**માં ભકિતમાં બળવાળા મહારાજને દંડવત્ પ્રણામ કરીને મહાપ્રભુને પુરમાં લાવ્યા. ધર્મનંદન પ્રભુ સંતોની સાથે પધાર્યા. પછી મહારાજને માટે પ્રીતિ સહિત તૈયાર કરેલો પવિત્ર રસદાર થાળ તૈયાર કરીને જમાડયો અને મહારાજ સ્નેહથી જમ્યા. પ્રાણપતિને પુરના લોકો જોતાં હતાં. મહારાજને જગતના જીવન પ્રભુ સમજતા હતાં દર્શન કરી મૂર્તિને ઉરમાં ઉતારતાં હતાં સૌ નિર્માની થઈને દર્શન કરીને સુખ પામ્યા.

આવી રીતે મહાપ્રભુ ભલગામમાં સુખ દઈને સંતોની સાથે સ્નેહપૂર્વક ચાલીને શિયાણી ગામમાં કમલનયન મહાપ્રભુ પધાર્યા. તે **શિયાણી** ગામના પ્રેમી ભકતો પ્રભુ પધારવાનું જાણીને સામાં આવતાં હતાં તે ભકતજનો અનેક પ્રકારના જાત જાતના વાજિંત્રોને વગાડતા થકા **ઉપંગ, ચંગ, મૃદંગ** આદિના તાલની સાથે **ઝાંઝ**ને જોર જોરથી વગાડતા તાનપૂર્વક કીર્તનો ગાતાં આવતાં હતાં. શ્રી હરિ સર્વના નાથને નયનોથી નિરખીને લાવેલ પુષ્પોના હારો પહેરાવતા હતા, ધર્મનંદન મહાપ્રભુને ઉરમાં ધારીને સંતોની સાથે મહારાજને નયનોથી નિરખતાં હતાં. હે રાજન ! સામા આવેલા તે ભકતોના નામ કહું છું તે નવીન નામને તમે ધ્યાનથી સાંભળો તે પ્રેમી જ્ઞાની ભકતોમાં મહાન વિદ્વાન વકતા એવા **શિવરામ ભટ્ટ** તથા **દામજી, મુરારજી, ગણેશ, રામચંદ્ર** તથા **ગમજી ભકત** આવ્યા હતા. **કલ્યાણજીભાઈ, હરિભાઈ,** ગગોદવે, **પથોજી, મેઘજી ભીમો, મુળજી, કશલ્લ ભકત, દેહલ, આણંદજી, હંસરાજ ભકત લાલજી પરભુદાસ** નિર્મલ ભકતો આવ્યા હતા. **મેઘજી પટેલ** નામના **મુલજી, મનોહર, વેલો, હીરો ભકત,** ત્રીકમ, **ધીરોભાઈ, હંસજી ભક્ત,** રુડો ભકત આવેલા હતા. **જીવો, મીઠો, માલજી ભકત, ખીમોજી, આમજી ભક્ત, ગોપીજન** આદિક સૌ બાઈ ભાઈ કંઈક

આવતાં હતાં, બધા જ ભકતજનો સવારીની સાથે ઘનશ્યામ પ્રભુને ગામમાં પધરાવતાં હતાં. અને નયનોથી નિરખીને પોતાના અંતરમાં ઉતારતાં હતાં. શ્રીહરીને નિરખી પુરવાસી જનોને મનમાં બહુ જ આનંદ થયો, ગુણવાન જનો પ્રભુ **શિવરામ ભકત**ના ઘેર પાટ ઉપર વિરાજમાન થયા.

પ્રભુને પલંગ પાથરી તેના ઉપર પધરાવ્યા બેસારીને પ્રેમથી પૂજન કરતા હતા પ્રભુને ભાવથી ઉરમાં ધારતા હતા. મહાપ્રભુ મુખેથી ઘણીવાર સુધી જ્ઞાનની વાતો કરતા હતા જુદા જુદા પુરવાસી જનો આશ્રય કરીને નિયમધારીને પ્રભુના શરણમાં આવતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુ દેહ અને આત્માના સ્વરુપને જુદા જુદા સમજાવતા હતા અને શ્રીહરિ સુંદર જળથી સ્નાન કરીને પછી પીળા પિતાંબર આદિ વસ્ત્રોને ધારણ કરીને ચુતરમૂર્તિ સારી ચોકી જોઈને તેની ઉપર બેઠા તે જોઈને રસોઈ કરનારે પ્રેમથી થાળ લાવીને પિરસ્યો અને ધર્મનંદન મહાપ્રભુ શાંતિથી ધીરે ધીરે જમતા હતા. જીવન પ્રાણ પ્રભુ જમતાં જમતાં પ્રિતથી જળપાન કરતા હતા પ્રિતીથી પ્રિતમ પ્રાણ જમીને પછી સંતોને જુદા જુદાં આસનો ઉપર બેસારીને જમાડતા હતા પછી મહા પ્રભુ સુંદર આસન તૈયાર કરેલું તેના ઉપર વિરાજમાન થયા હરિને હેતથી ભકતો પૂજતા હતા, આનંદથી જુદા જુદા ચંદન ચર્ચીને પુષ્પના હારો પહેરાવીને બાજુ બંધ બાંધતા હતા, મસ્તક ઉપર તોરા ધરાવતા હતા પછી અનંત મૂર્તિને ઉરમાં ધારીને અમુલ્ય સુખ પામતા હતા. આવી રીતે શ્રીહરિ પ્રિતથી ભકતજનોના જીવન પ્રાણ જગતના નાથ મંદ મંદ હાસ્ય કરતા હતા આવી રીતે મહાપ્રભુએ ઘણા દિવસો સુધી નિવાસ કરીને બહુ જ સુખ આપ્યાં અને ભકતજનોના ભવ ત્રાસને હરતા હતા.

શ્રી ઘનશ્યામ મહાપ્રભુ **શિયાણિ** ગામમાં ભકતજનોની મનોકામના પૂર્ણ કરીને સુખ આપીને ચિત્તને ચોરનારા અજ્ઞાનનો નાશ કરીને મહારાજ તાવીગામના ભકતજનોનો પ્રેમ ભાવ જાણીને **તાવીગામે** પધાર્યા. ભકતજનો જાત જાતની ભેટો લઈને મહારાજની સામે આવતા હતા. હે રાજન ! તેઓના નામ કહું છું તેને પ્રિતથી તમે સાંભળો **અદોભાઈ, અખોભાઈ** તથા **જેઠીભાઈ રઘોભાઈ, નાગજીભાઈ અજુભાઈ, કદોજી ભાઈ, હમોભાઈ, શેઠ બોધાભાઈ હુંથીજી, પાતલભાઈ, પુણ્યવાળા ભારાભાઈ** આદિ ભાઈઓ સૌ બધા જ મળીને પુરમાં લઈ માટે જવા જાત જાતના વાજાં વગાડતા થકા ગાતા થકા પુરમાં લાવ્યા. મહારાજ પધારીને પુરને પાવન કરતા હતા. ભકતજનના ઘેર આવીને મુકામ કર્યો. **જયેષ્ઠજીત** રાજાના દરબાર ગઢમાં સર્વના જીવનપ્રાણ પ્રભુ સર્વના મનને આનંદ આપવા સંતો-ભકતોની સાથે થાળ જમતા હતા, અને સર્વના ભયને હરનારા, દુઃખોને તોડીને સુખ આપતા મહાપ્રભુ થાળ જમ્યા પછી શ્રીહરિ સરલ સ્વભાવથી પલંગ પર બેઠા ભકતજનો ઉત્સાહથી તથા પ્રેમથી પૂજન કરતા હતાં આનંદ મેળવતા હતા. બહુનામી તે ભકતજનોને બહુ જ સુખ આપીને ત્યાંથી સર્વજનના સ્વામી સર્વ જન સમાજની સાથે ચાલતા થયા તાવીગામથી વિશ્વના નાથ ચાલ્યા જેમના ગુણને શેષજી દેવો, મુનિજનો ગાયા કરે છે.

સવારમાં વહેલા વિહાંન વેળાએ પ્રયાણ કર્યું સંતોની સાથે ચાલતા ચાલતા દદુકા અનંતના નાથ પધાર્યા. શુદ્ધ દિલવાળા મહારાજ જયારે **દુદુકા** ગામે પધાર્યા એ સમાચાર સાંભળીને બધાં જ લોકો ઘનશ્યામ પ્રભુ પાસે સામા દોડતા હતા, ભેટ શ્રી હરિના ચરણકમળમાં ભેટ અર્પણ કરીને પ્રણામ કર્યા. જાત જાતના વાંજિંત્રો વગાડીને શ્રી હરિ મહાપ્રભુને ગામમાં લાવતા હતા. પ્રભુને લાવવા માટે હરિભકતો આવ્યા હતા તે **કાંધોજી, ધનોભાઈ, કાનુજી, હઠીભાઈ, જેમલભાઈ, અલુભાઈ, હામાભાઈ** આદિક ભકતો બહુ જ પ્રીતિ

કરીને કરુણાનિધાનને ગામમાં લાવ્યા યોગ્ય રીતનું અનુકૂળ મકાન જોઈને મહાપ્રભુ લોકોના પાપોને દૂર કરવા નિવાસ કરતા હતા. હે રાજન ! રસિક ભકતોએ રસવંતી રસોઈ બનાવીને મહારાજને થાળ જમાડીને સંતોની સાથે બધા જ સમુદાયને જમાડતા હતા, અહીં પધારીને અવતારના અવતારી મહાપ્રભુએ બહુ જ સુખો આપ્યા મહારાજ લોકોના મનને આનંદ કરાવવા મધુર વચનો કહેતા હતા.

પછી મહારાજ લોકોના ચિત્તને ચોરતા થકા ભકતજનોની આશાઓને પૂરી કરવા **ચિખલે** ગામ પધાર્યા, પોતાના આશ્રિત ભકતજનોના ફતુરને હરિને મહાસુખ આપીને થાળ જમીને સુખ આપવા માટે રાત્રી ત્યાં નિવાસ કરતા હતા પછી ભકતજનોને સનાથ કરવા કલોલ ગામ પધાર્યા. ત્યાં નિવાસ કરીને ભકતજનોના અજ્ઞાન અંધકારને હરીને સાચું જ્ઞાન આપીને પછી તેજોમય પ્રતાપવાન મૂર્તિ **ઓળા ગામે** પધાર્યા. ઓળા ગામના ભકતજનો પ્રભુના દર્શન કરવા સામાં આવ્યાં મહાપ્રભુનાં દર્શન કરીને પોતાને ભાગ્યવાળા માનતાં હતાં. શ્રી હરિએ સંતો અને ભકતજનોને દેખતામાંજ તળાવમાં પાણી તળાવમાં **સાજ સજેલા ઘોડાને પાણીમાં નાંખ્યો તે જોઈને સંતો હરિભકતોને મનમાં બહુ જ આનંદ થયો. આવી રીતે મહારાજે ચરિત્ર કર્યું તે તો ધ્યાન ધારવા માટે જ કર્યું** તેનાથી મુનિજનોના મનમાં આનંદ થતો હતો.

હે રાજન ! કરુણાનિધાન મહારાજ નવીન પ્રકારનો ખેલ કરીને ઓળા ગામમાં નિવાસ કરતા હતા. પછી મહાપ્રભુ અવિનાશી ત્યાંથી ચાલતા થયા અને **ડાંગરવા** ગામે તથા **કરજીસણ** ગામે પધારતા હતા ત્યારે બંને ગામના સિમાડા વચ્ચે બહુ જ મોટું વિશાળ મહુડાનું ઝાડ હતું તેની નીચે પ્રભુએ ઉતારો કર્યો સૌ સંતો અને ભકતો બધાય ત્યાં રોકાયા. હે રાજન ! મહાપ્રભુ ગામની બહાર વગડામાં ઉતારો કરીને રહેલા છે એમ જાણીને **જતનબાઈ**એ અતિ પ્રેમ કરીને સુંદર પાક તૈયાર કરીને થાળ ભરીને ત્યાં વગડામાં પ્રભુ પાસે લાવ્યાં. મહાપ્રભુ અતિ રાજી થઈને ત્યાં જ થાળને જમતા હતા. તેને જોઈને **જતનબાઈ** મનમાં ખૂબ જ આનંદ પામ્યા મહારાજ નાના નાના કોળિયા લઈને જમતા હતા.

હે રાજન્ ! મહારાજ આવી રીતેની લીલા કરતા હતા. એટલામાં જ **ડાંગરવા** ગામના **અમરો, અગરો, શાલુજી, લાલજી, કાનજી** આદિ ભકતજનો આવ્યા. **ડાંગરવાના** પટેલોમાં પ્રેમીભકતો **નૌતમ, નરોત્તમ,** ધર્મમાં દઢતા વાળા હતા, **ધર્મદાસ, પિત્તાબર દાસ** પ્રેમી ભકતો હતા. રૂપજી નામના બે ભક્તોએ આદિ અપાર આવ્યા હતા, તેઓ વાજાં વગાડતાં થકા પ્રભુના કીર્તન ગાતાં મહારાજને પોતાના ઘેર પધરાવતા હતા સર્વાંતર્યામી પ્રભુને પ્રીતથી રાખતા હતા. શ્રી સહજાનંદ સ્વામી જતનબાઈના ફળિયામાં સંતોની સાથે ઉતારો કર્યો, પલંગ પાથરીને તૈયાર કર્યો તેના ઉપર બેઠા. પછી સુંદર રસોઈ તૈયાર કરીને સંતો અને ઘનશ્યામ પ્રભુને સૌને હેતથી જમાડતાં હતાં, જમીને તૃપ્ત થઈને પ્રભુ પલંગ ઉપર પોઢી ગયા મુનિજનો મહારાજના ચરિત્રોનાં કીર્તનો ગાતાં હતા. પછી રાત્રે સૌ સંતજનો શયન કરતા હતા. પછી જયારે પ્રભાત થયું ત્યારે શ્રીહરિ મહાપ્રભુ જાગૃત થયા મહારાજ બહીર ભૂમિ ઉદર શુદ્ધિનું નિમિત્ત લઈને એકલાં જ ચાલ્યા. શ્રીહરિ એકદમ ઓંચિતા જ **કરજીસણ** ગામમાં આવી ગયા અને **મેઘ સમાન સ્વરુપવાળા મહાપ્રભુ** ચોરામાં દર્શન આપવા માટે પધાર્યા. **કરજીસણ**ના **ગોવિંદજીભાઈ** આદિક નરનારીજનો પોતાના મનમાં બહુ જ રાજી થયાં સહજાનંદ સ્વામી મહાપ્રભુનાં દર્શન કર્યાં. હે રાજન ! પછી ઘનશ્યામ મહાપ્રભુને પોતાના ઘેર લઈ જઈને પલંગ પાથરીને તેના

ઉપર પધરાવ્યા. ભાવનાપૂર્વક સુંદર રસોઈ તૈયાર થઈને મહારાજ જમતાં હતાં. હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુએ તે **કરજીસણ** ગામને તીર્થ સમાન બનાવ્યું જેમના શિર ઉપર ચંદ્ર વિરાજે છે તે સદાશિવ શ્રીહરિના ગુણને ગાયા જ કરે છે.

શ્રી સહજાનંદ પ્રભુ **શિયાણી** ગામ થઈને **તાવી** ગામે પધાર્યા, ત્યાંથી **ડાંગરવા** તથા **કરજીસણ** ગામોને તિર્થરુપ પવિત્ર કરીને મહાપ્રભુ રહેતા હતા. મહાપ્રભુ રોજે રોજ નવી નવી લીલાઓ કરતા થકાં નવાં નવાં ગામે જઈને રહેતા હતા અને દર્શન દેતા હતા, આમ લીલા ચરિત્રનો પચીસમો અભિધાનના રુપે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યા પ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ સૌભીર દંઢાવ્ય દેશોમાં વિચરણ કર્યું તેની લીલાનું વર્ણન કર્યું એ નામે આ પચીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૫ ॥**

# તરંગ-૨૬

આનંદ સિંહજી રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમનું મુખકમળ ચંદ્રમા સમાન શ્વેત મનોહર છે, સદાય માટે જળની માફક એકદમ નિર્મળતાવાળા તથા જળમાંથી ઉત્પન્ન થયેલ મોતીની કે કમળની માળાને ઉરમાં ધારનારા, મીનની જેમ ચંચળતાવાળા નેત્ર કમળ જેમનાં છે કમળ સમાન કોમળ હસ્તકમળ અને ચરણકમળ જેમનાં છે એવા, કમળમાંથી જેમની ઉત્પત્તિ થઈ છે એવા બ્રહ્મા નિત્ય જેમના ગુણને ગાયા કરે છે તેજ શ્રી હરિના ચરિત્રો જે હોય તે મારા ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ સિંહ રાજન ! આ પૃથ્વી ઉપર મનુષ્ય દેહને ધારણ કરીને જગતના જીવોને ભવસાગરના જળને તરવા માટ નૌકારુપ તારનારા એવા જેમના ચરિત્રોને મનુષ્યો પ્રેમથી વાંચન કરે તેના માટે જેમના ચરિત્રોના મોટા ગ્રંથો લખીને તૈયાર કરે એવા મોટા મુનીજનો નિત્ય જેમનું ભજન કરે છે. તે સંતો બધા જ જલકમલ સમાન નિર્લેપ થઈને ભજન કરે છે એવા મહાપ્રભુના યશને ત્રણેય લોકોના સ્વામી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર ગાયા જ કરે છે એવા લોકના નાથ શ્રી ઘનશ્યામ એમની લીલા બધી જ કહું છું તો તમે ધ્યાનથી સાંભળો. કરુણાનિધાન મહારાજ **કરજીસણ** ગામમાં પોતાના આશ્રિત ભકતના ઘેર એમના મદ,ગર્વ, માનને હરવા માટે થાળ જમતા હતા પછી જગતના નાથ મહાપ્રભુ બધાની સાથે મુખવાસ લેતા હતા. પછી પ્રેમી ભકતજનો ચંદન, પુષ્પોના હારોની સાથે પ્રેમથી મહા પ્રભુનું પુજન કરતા હતા પછી કમળ નયન મહારાજ ભકતજનોના મનોરથ પૂરા કરતા હતા. પુર્ણ પુરુષોત્તમ પ્રભુ શાંતિ આપતા હતા.

સુખના સાગર પ્રભુ ત્યાંથી પ્રયાણ કરીને ચાલતા સુખના સાગર પ્રભુ **વડુગામના** મારગે જતા હતાં ત્યારે માર્ગમાં **બ્રહમાનંદમુનિ મહાનુભાવાનંદ મુનિ, નિત્યાનંદમુનિ, પરમાનંદમુનિ, સ્વયં પ્રકાશાનંદમુનિ સંત ચૈતન્યાનંદ** એ આદિ સર્વે મહારાજને મળ્યા અને બહુ જ આનંદ પામ્યા પોતાના ઈષ્ટદેવને જોઈને સર્વે સંતો હરખ પામતા થકા દંડવત્ પ્રણામ કરતા હતા હરિ એમને જોઈને ના પાડતા હતા તો ય કર્યા. પછી મુનિજનોને હાથ પકડીને ભેટીને મળ્યા, શરણગત વત્સલ સર્વ સંતોના માથા ઉપર હાથ મુકતા હતા, આ રીતે એમના

દુઃખને તોડતા હતા. એવા પ્રણતપાલ પ્રભુ રાજી થયા. મહાપ્રભુ પરમ પ્રિતથી સૌના સ્વાગત સમાચાર પૂછતા હતા, પછી મુનિજનો મુનિપતિ શ્રીહરિ ભગવાનને સમાચાર પૂછતા હતા, આવી રીતે મુનિજનો અને મહાપ્રભુ **વડુ** ગામની નજીકમાં આવ્યા. તે **વડુ** ગામના ભકતો પોતાના સ્વામી ઈષ્ટદેવ પધાર્યા છે એમ જાણી સામા આવતા હતા તેમાં ચોપડા **રામધનભાઈ, ધનાભાઈ, કનુજી** નામના બીજા **ચેનજીત, ગોદડજી, શંભુદાસ,** આદિક શ્રી હરિની પાસે આવ્યા સાથે ભેટ લાવ્યા હતા તે અર્પણ કરી મહારાજ જાત જાતના વાજાં વગાડતા થકા આવેલ હતા. તે જ રીતે મહાપ્રભુને મુનિજનોની સાથે પુરમાં પધરાવતા હતા.

ગામની પૂર્વ દિશામાં વૃક્ષોની મહામોટી ઝાડી હતી તેની છાયા બહુ જ હતી, તેની નીચે પલંગ પાથર્યો તેની ઉપર મહારાજને બેસાર્યા, મહારાજની સામે સંતોનું મંડળ બેઠું. તે સભામાં ઘનશ્યામ પ્રભુ સુખદાતા પ્રીતથી વાર્તા કરતા હતા. જયારે રસદાર રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે પ્રથમ પ્રભુ થાળ જમ્યા પછી સંત સમાજને જમાડવા માટે મહાપ્રભુ પંગતમાં વારંવાર ફરતા હતા અને ભાવથી પીરસતા હતા, પછી કરુણાનિધાને હાથ સોપારી અને પાનનો મુખવાસ ખાધો. શ્રીહરિ સંતોને જમાડીને ચાલતા થયા.

આ રીતે લોકોના મનને આનંદ કરાવીને જગતના પ્રાણ **ઝુલાસણ ગામે** પધાર્યા. **ઝુલાસણ**ના ભકતજનો પરિબ્રહ્મપુરષોત્તમ પ્રભુ પધાર્યા એ જાણીને પ્રીત પૂર્વક જન સમુદાય પ્રભુની આગળ આવ્યો, આગેવાનો આવ્યા તેઓ બહુ જ ભાવ પૂર્વક વાંજાં વગાડતાં થકાં આવ્યાં હે રાજન્ ! તે ભકતોમાં **નરસંગદાસ, હીરાદાસ** તથા **રુપાં, રતન કેશર,** આદિબાઈ **પુનિબાઈ, ઝવેરબાઈ, અવલબાઈ** મહારાજની પાસે આવ્યા. મહાપ્રભુને પોતાના ઘરની પાસે ચોરા ઉપર સુંદર મુકામ કરાવ્યો, રસોઈ તૈયાર કરીને થાળ જમાડયો મહાપ્રભુએ થાળ જમીને સૌ સંત જનોને જમાડયા. સર્વ જનના સ્વામીએ ઘોડાઓને જોગાણ ખવરાવીને ચાલતા **ઓળાગામે** પધાર્યા.

સર્વના અવગુણોનો નાશ કરવાવાળા મહારાજે ઘોડાની સાથે પાણી ભરેલા જળવાળા તળાવમાં સોસરો નાંખ્યો, **જીવણદાસ** તથા **બીજા વેણીદાસ સિદ્ધરસદાસ, રસુદાસ** તથા **નારાયણદાસ** આદિક હરિભકતોએ લોકો સમા આવ્યાં. મહારાજ ગામમાં ફરીને આખા ગામને પાવન કરતા હતા દિલમાં દયા લાવીને દર્શન દઈને સુખ આપતા હતા. પછી ગામની પૂર્વ બાજુની ભાગોળે અતિશય સારી શોભાવાળી પવિત્ર ભૂમી સારી લાગતી હતી. તે વૃક્ષની નીચે પ્રભુ પધાર્યા. ત્યાં સુંદર રીતે હિંડોળો તૈયાર કરીને તે હિંડોળામાં શ્રી સુખનિધિને પધરાવતા હતા અને ઝુલાવતા હતા તેનું સુખ ભકત સમુદાય લેતો હતો. સર્વે સંતો સામે બેસીને ઘનશ્યામપ્રભુના ગુણને તાન તોડીને ગાતા હતા. **બ્રહ્માનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી** સૌ પ્રેમ રસમાં ઓત પ્રોત થઈને **સારંગી, સરોદો, દુકડ** વગેરે વાજિંત્રો વગાડીને એક તાનથી શ્રીહરિના યશ ગુણને ગાતા થકાં આનંદ મગ્ન થતા હતા. ત્યારે આકાશમાં દેવોનું સમુહ મેઘની સમાન છાયેલું હતું ઘનશ્યામ પ્રુભુની મનોહર શોભાયુકત છબીને જોવા આવેલા હતા. મહાપ્રભુના દર્શન કરીને સૌ સાથે મળીને આનંદમય થયાં હતાં.

તે જ સમયે નાસ્તિક મતવાદી જગતના બ્રહ્મવાદી લોકો **સ્ત્રી-પુરુષો સાથે મળીને માથા ઉપર ઘાસનો કાપકુપ કરવા દાતરડાં બંધિયા લઈને જતા હતા તેઓ સભા ભરાયેલી બેઠેલી જોઈને મુખથી હાંસી કરતા પોતાને ધન્યતાની તાળી દઈને જોતાં થકાં કહેતાં હતાં. આ લોકો બધાં બેઠા છે તે બધાને ગાંડા કરી નાખ્યાં છે સ્વામિનારાયણ જેમ કહે તેમ કરે છે બિચારાં દુઃખીયારાં છે. આમ વાતો કરતાં હતાં. ભગવાન સામે જોતાં હતાં અને મુખે કહેતાં હતાં મુખેથી જે કહે તેમ જ આ કરનારાં છે આમ લોકો વાતો કરતાં હતાં ત્યારે** ભગવાન

**હસતાં થકા ભકતજનાને સુખ આપનારી મધુર વાણીથી કહેતા હતા. કે હે બ્રહ્માનંદ સ્વામી ! આદિક મારા વચનો સાંભળો હું તમોને જ્ઞાનની વાતો કહું છું તે તમે સાંભળો. આ મજુર વર્ગ પોતાના કામમાંજ મહાસુખ માનનારાં મિથ્યા જ્ઞાની આખો દાડો મજુરી વૈતરું કરનારાં છે તોય તે પોતાના મનને સર્વ શ્રેષ્ઠ માને છે. આમને સુખે કાંઈ લુંગડા કે ખાવા પીવાનું મળવાનું છે ? મહેનત કરે તો જ કાંઈક મળે. આમ દુઃખમાં જ વારંવાર દિવસો વિતાવે છે. તોય એ લોકો આપણને દુઃખીયા સમજે છે આ વાતમાં કોઈ શંકા જેવું જ નથી, આ લોકો પોતાને મહા મોટા બુદ્ધિશાળી સમજે છે અને આપણને મુરખ સમજે છે.** આવી રીતના મિથ્યા જ્ઞાનવાળા જગતના જીવો છે તે પોતાની અંદર કાંઈ જ ગુણ ન હોય તોય મહાન સમજે છે બીજાના જ દોષ જોયા કરે છે આમ મહારાજે ઘણીવાર સુધી વાતો કરી તે વાતો સાંભળીને સંતોની સાથે ભકતજનો બહુ જ રાજી થયા.

આવી રીતે મહારાજ જ્ઞાનની વાતો કરતા હતા ત્યારે રસદાર રસોઈ તેયાર થઈ ગઈ હતી. પ્રભુ માટે થાળ તૈયાર થયો તે મહાપ્રભુ થાળ જમ્યા. તેને નરનારીજનોએ નિરખીને દર્શન કર્યા. મહારાજ નાના કોળિયાં લઈને જમતા હતાં. મહારાજ જમીને તૃપ્ત થઈને જગતના પતિએ સર્વ સંતજનોને જમાડયા. આવી રીતે અવતારના અવતારી મહાપ્રભુએ સુખ આપ્યા પછી ચાલવા માટે ઉતાવળાં થવા લાગ્યા ત્યારે ધર્મતનય મહાપ્રભુ પુરમાં પધાર્યા, ત્યારે ગામના વાસી નરનારિજનો સૌ આવ્યાં અને **જીવરામભાઈ** આદિક સન્મુખ આવીને અનાદીના પ્રેમી ભકતો દર્શન કરતા હતા. સુંદર રળિયામણા પુરમાં ભકતજનો પ્રભુની હજુરમાં જ હાસ્ય કરતા હતા એવા પવિત્ર પુણ્યવાળા પુરમાં પધાર્યા, ત્યારે ગુણવાળા પ્રેમી જ્ઞાનીજનો ગુણનું ગાન કરતા હતા. તે સમયે સંતો મહંતો મુકતો સૌ સાથે બેસીને રસિક પ્રભુના ભજનકિર્તનના આનંદમાં મહારાજે ત્યાં જ મુકામ કર્યા હતો. ભકતજને તૈયાર કરાવેલ થાળ ધીરે રહીને અર્પણ કર્યા તે તે ભકતજન દ્વારા અર્પણ કરેલા થાળ જોઈને મહારાજ જમતા હતા. તેને ભકતજનો દર્શન કરીને પ્રાણવારી જતા રાજી થતા હતા. જમીને તૃપ્ત થઈને જળપાન કર્યું. પછી મુખવાસમાં પાનનું બીડું જમતા હતા. પછી પ્રીતમ પ્રાણ સંતોને પીરસતા હતા. જમાડયા પછી પ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન થયા. શ્રીહરિની સાથે સૌ હાસ્ય કરવા લાગ્યા પછી શ્રીહરિને સૌ હરિભકતો પ્રીતથી ચંદન ચર્ચીને સુંદર રીતે પૂજન કરીને વંદન કરતા હતા. પુષ્પના હારો કંઠમાં પહેરાવતા હતા, પુષ્પના તોરા મસ્તક ઉપર ધારણ કરાવતા હતા, ભકતજનો સુંદર રીતે હતા મહારાજની આરતી કરતાં હતાં. તે દર્શન કરીને બહુ જ આનંદ પામતાં હતાં. આવી રીતે મહાપ્રભુ ભકતજનોને અનંત સુખો આપીને એમના કઠીન દુષ્કર્મોને કાપતાં હતાં પછી પ્રભુ મંદ ચાલથી ચાલતા હતા.

મહારાજ ભકતજનોનાં કલ્યાણ કરવા ભકતોનો ભય ભાંગવા ભકતજનના ઘરમાં વાસ કરીને ભકતજનોની આશાઓ પૂર્ણ કરીને નિર્વિકારી પ્રભુ સારા ગુણવાળું પવિત્ર **આદર્શ ગામ આદરજ** કહેવાય છે ત્યાં પધાર્યા શ્રીહરિ મહાપ્રભુ સંતમંડળની સાથે આવ્યા હતા. તે ગામે સારો વર્ષાદ વર્ષવાથી બહુ જ સારી ખીલેલા વૃક્ષ વેલીઓથી ઘેરાયેલુ સરોવર બહુ જ સારું શોભતું હતું તે ગામના નરનારી ભકતજનોને મનને અતિ નિર્મળ પવિત્ર જોઈને મુનિઓના સ્વામી શ્રીજી મહારાજ મનમાં ભકતજનો ખેંચતાં હતા. હે રાજન ! ગામના ભકતજનોએ જાણ્યું કે શ્રીહરિ જગદીશ મહાપ્રભુ પધાર્યા છે આવું જાણીને સૌ જનો સાજ સજીને મહારાજની સામે આવતા હતા, તેમાં અનેક પ્રકારના વાજિંત્રોનો નાદ કરતા થકા સુંદર પ્રભુના ગુણ કીર્તનનું ગાન કરતાં થકા સુંદર રીતે આવતા હતા, તેમના નામ કહું છું આસુરી ખળના દળને તોડનારા **રતુજી** તથા

**બાદર ખાંટ** જ્ઞાતિના કહેવાતા હતા તે હે મહિપતિ પૃથ્વી તળ ઉપર રહેનારાં તે જ્ઞાતિના **હવનભાઈ** આદિક પ્રભુનાં દર્શન કરવા પ્રભુના દર્શન કરવા આવ્યાં. દર્શન કર્યા પ્રણામ કરીને મહાપ્રભુને ગામમાં લાવ્યા દયાળુ પ્રભુ દર્શન દઈને ભકતજનના ભયની ભાવનાને તોડીને ગામની ઉત્તર દિશામાં આંબલીઓની મોટી ઝાડી હતી તેની છાયાં ઘાટી હતી ત્યાં જઈને મહારાજે મુકામ કર્યો મનોહર મૂર્તિ ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે સભા ભરીને તે સભા મધ્યમાં રાજાધિરાજ મહારાજ શોભતા હતા લોકો દર્શન કરીને પોતાના પાપોને બાળતા હતા, આવી મનોહર છબી મહારાજની શોભતી હતી. આવી રીતના ઘનશ્યામ પ્રભુના અલૌકિક દર્શન કરીને ગામવાસી સૌ નરનારીજનોના મન અતિ આનંદિત થયાં તે મુદિત મનવાળા ભકતજનોને જ્ઞાનની વાર્તા કરતા હતા તે સૌ સાંભળતા હતા બધા જ લોકો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુના શરણમાં આવતાં હતાં. પાપ-તાપ-સંતાપનો ત્યાગ કરીને મનમાં શાંતિવાળા થતાં હતાં.

આવી રીતે મહાપ્રભુ પૃથ્વી ઉપર લીલા કરીને સુખ આપતા હતા જે સાંભળે તેના મનમાં આનંદ અને સુખ પામે છે ત્યાં તો રસોઈ તૈયાર થઈ એટલે ઘનશ્યામ પ્રભુ થાળ જમીને સંતોને જમાડતા હતા. શ્રીહરિ કરુણામુર્તિ આવી રીતે સંતો ભકતોની સાથે અલૌકિક લીલા કરતા હતા. અજીત પ્રભુ આદરજ ગામમાં પામર જનોનાં ઉદ્ધાર કરવા કલ્યાણના કાર્યો કરવા પધાર્યા. આમ, મહારાજ **આદરજ ગામે હતા ત્યારે મહાનિર્માની મુકતાનંદ સ્વામી જગતવંદ્ય મહાપ્રભુના નામની વડોદરા નગરે જઈને વિદ્વાને પંડિતોની સાથે શાસ્ત્રાર્થ કરીને જીત કરીને આવ્યા આનંદ રાજન તે સાંભળો.**

શ્રી હરિ અવતારના અવતારી પ્રભુ **ઓળાગામમાં** લલિત લીલા કરીને નવરંગ જમાવ્યો સંતોના સુખ કરનારા મહાપ્રભુ ભકતજનોને સુખ આપીને ઉમંગપૂર્વક આદરજ ગામે પધાર્યા.આ આદરજમાં તળાવની પાળે મોટા આંબલીના વૃક્ષો હતા, તેની નીચે બહુનામી પ્રભુએ ઉતારો કરીને મોટી સભા કરી સુખકારી મહાપ્રભુએ સુખ આપ્યાં. આ રીતે આ છવીસમું અભિધાન રૂપે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમા અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યા પ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ વડુગામેથી ઓળા આદરજ ગામે પધારીને લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ છવીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૬ ॥**

# તરંગ-૨૭

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પ્રથમ જગતની સૃષ્ટિ કરવાની ઈચ્છાથી માયાના ઉદરમાં વિર્યને સ્થાપન કર્યું તેનાથી જગતની ઉત્પત્તિનો વિકાસ થયો એવા મહાપ્રભુના ચરિત્ર જે ગાયાં છે તેમાં કોઈ જાતનો જેને સંશય નથી થતો તે મુકિત પામે છે. તે પરબ્રહ્મના ચરિત્રના પ્રતાપથી ભવસાગર તરે છે તે જ ચરિત્રોને શુકદેવ આદિ કવિઓ ગાયા જ કરે છે ચંદ્ર સમાન મનોહર મુખકમળવાળા મહાપ્રભુના ચરિત્રના પ્રતાપથી ત્રિવિધ તાપ નાશ પામે છે. છે અને મહાસુખ આપનારાં થાય છે.એવા પરબ્રહ્મ મહાપ્રભુના લીલા ચરિત્રો હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મને કહો, આદરજ ગામમાં ધર્મનંદન મહાપ્રભુએ જે લીલાઓ કરી હોય તે કહો. **મુકતાનંદ સ્વામી વડોદરા**માં વિદ્વાનોની સભામાં વિજય

કરીને આવ્યા તે વડોદરામાં કેવી રીતે ગયા, કેમ ગયા, તે બધી વાર્તા વિસ્તારીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદરાજન ! સાંભળો જેમનું સ્વરુપ કરોડો સૂર્ય સમાન પ્રકાશવાન છે જેમના ગુણને બ્રહ્મા આદિક દેવો ગાયા જ કરે છે સૂર્ય સમાન ઉજળો વર્ણ છે વાયુ દેવના પુત્ર **ભીમ, હનુમાન** જેમના ચરણકમળની સેવા કરે છે. સૂર્યનારાયણ મુખેથી જેમના ગુણને ગાય છે. જેમને આખું જગત જાણે છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની લીલા ચરિત્રનો સાર તે તમને પ્રમાણપૂર્વક કહું છું તે તમે સાંભળો. મુનિવર **મુકતાનંદસ્વામી વડોદરામાં** સભાને જીતીને આવ્યા અને મહાપ્રભુ પાસે આવીને જે વાર્તા કરી તે હવે હું તમને કહું તે સાંભળો. હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ **આદરજ ગામે પધાર્યા** ત્યારે જ મુકતાનંદ સ્વામી પણ વડોદરાથી ત્યાં જીત કરીને સુખરુપ આવ્યા હતા. હે રાજન ! સંતોમહંતો મુકતજનોને લઈને મહારાજ દિવાળીના ઉત્સવ ઉપર જ **આદરજ** ગામે આવ્યા હતા ત્યારે દેશોદેશથી સૌ ભકતજનો અનેકની સંખ્યામાં દર્શન કરવા આવ્યા હતાં.

હે રાજન ! તે દિવસે આંબલીના ઝાડ ઉપર હિંડોળો બાંધ્યો હતો. તેની ઉપર મહાપ્રભુ ઝુલતા હતા. સંતો મુનિજનો પ્રેમથી ઝુલાવતા હતા તે લીલાને દેવો મુનિજનો રાજા સૌ દર્શન કરતા હતા. તે સમયે બધી સભાના મધ્યમાં આનંદકંદ મહાપ્રભુ બહુ જ સુંદર રીતે શોભતા હતા. જેમ આકાશમાં ગ્રહનક્ષત્ર મંડળમાં સૂર્યચંદ્ર શોભે છે તેમ મહારાજ શોભતા હતા. આવાં ચરિત્રોને ગુણવાન મુનિજનો સુંદર રીતે ગાતા હતા અને અનંતમૂર્તિ મહાપ્રભુ પોતે હિંડોળામાં ઝૂલતા હતા અને ભકતજનો ઝુલાવતા હતા. એવા ષડ ઐશ્વર્યમૂર્તિને જ્ઞાનીજનો નિત્ય ગાયા જ કરે છે. શ્રીહરિ હિંડોળોમાં ઝુલતા હતા તેને હજારો હજાર લોકો જોતા હતા. એમની ઉપર કૃપા દષ્ટિ કરીને દુઃખોને હરતા હતા ત્યારે સર્વના સ્વામી શ્રીહરિ સંતોને પ્રિતિથી મધુર વાણીથી પૂછતા હતા અને ઉરમાં આનંદ પામતા હતા.

**મુકતાનંદ સ્વામી**ને કહેતા હતા, હે સ્વામી ! તમે મહાબુદ્ધિવાળા જ્ઞાની છો તેથી વિજય કરીને આવ્યા છો તો તમને તે સભામાં કેવી રીતની શોભા લાગતી હતી ? તથા તમને કયા કયા પ્રશ્નો પૂછયાં ? ચિત્તમાં શું ક્ષોભ થતો હતો ? આ બધી વાતો સુંદર રીતે વિસ્તાર પૂર્વક વર્ણન કરીને અમને તમારા જ મુખે કહો મનમાં કાંઈ ક્ષોભ ના રાખશો આનંદથી કહો. આ રીતની શ્રી હરિની વાણી સાંભળીને મુકત મુનિ હાથ જોડીને કહે છે હે નાથ ! આપને મારે શું કહેવાનું હોય આપતો બધું જ રજે રજ જાણો છો. હે પ્રભુ ! અમારું તો આમાં લગારે પરાક્રમ છે જ નહીં આપના પ્રતાપે આપની જ કૃપાથી જીત કરીને આવ્યો છું, હે મહારાજ ! આપે મને **વડોદરા** મોકલ્યો હું ગયો, એ બધું જ આપના પ્રતાપથી જ થયું છે. હું **વડોદરા** ગયો ત્યારે ત્યાંના હરિભકતોએ આવીને હેત લાવીને અમને સુંદર સારા મકાનમાં સુંદર રીતે ઉતારો કરાવ્યો, ત્યાં હરિભકતો અમારી પાસે આવી વાતો સાંભળે આપના આશ્રયથી ભવસાગરને તરીને કૂળ સહિત પાર પામ્યા **વડોદરા**માં આપના પ્રતાપથી બહુ જ મોટો જય જય કાર થયો, બધા જ મુખે સ્વામિનારાયણ સુખકારી પ્રભુનું નામ જપ્યા જ કરે તેને સાંભળીને આસુરી અંશવાળા જે લોકો હતા તે બળતા હતા તેઓ તો **કાળનેમી, શિશુપાળ, કંસ** જેવા જ કહેવાય. દુષ્ટજનો જે હતા તે જોઈને જ ક્રોધ કરતા હતા, કળિકાળના મુખરુપ કામી લોકો જોઈને કષ્ટ કરતા હતા, વામવર્ણી તથા મતવાદી લોકો મદમત્ત થઈને મુખેથી જેમ તેમ બોલતા.

અહીં આવીને મહાસભા કરે તે સભામાં પોતાનો વિજય કરે તો જાણીયે કે સ્વામિનારાયણ સંપ્રદાય

સાચો છે એવી રીતે ગામોગામ વાતો ચાલુ કરાવેલી. જો સભા કરે તો મતવાદનો અમારી સાથે શાસ્રાર્થ કરે એવો વિવાદ કરવાનો. અત્યારે મોટા મહંત **મુકતાનંદ મુનિ** આવ્યા છે માટે જો મોટી સભા કરે વિચાર કરીને **મુકતાનંદ સ્વામીને** કહેવા માટે દૂતને મોકલ્યો, તે દૂત **મુકતમુનિ** પાસે આવીને કહેતો હતો. અમે એવો વિચાર કર્યો છે કે મોટી સભા કરીએ, આમ કહીને તેઓએ મહામોટી સભા તૈયાર કરી ને તેમાં મોટા મોટા પુરાણીઓ, પંડિતોને ભેગા કર્યા. આ સભામાં હજારો ગાદી બિછાવેલી હતી તેની ઉપર તકિયા નાખેલાં હતા. તેની પાસે નાની ગાદી બહુ જ પાથરેલી હતી તેની ઉપર ચાર વેદને જાણનારા પંડિતો બેઠા હતા તેને હજારોની સંખ્યામાં લોકો જોતાં હતાં. ત્યારે ભુદેવોની વાણી ત્યાં ચારે બાજુ અપાર છવાએલી હતી. હજારોની સંખ્યામાં પંડિતો અંદરો અંદર પ્રચાર કરતા હતા, તે જાણે સાગર આવીને ગાજતો ન હોય ? તેમ તે વાણી સાંભળીને અસાધારણપણે શોક વિશોક થતો હતો. સભા થયા પહેલાંથી આવીને બેઠેલાં બણગા મારતા હતા, મહાનતા બતાવવામાં મુનજિનોને પ્રભાવ પાડવા બધા જ કડાકા ભડાકાઓ મોટા પડઘા પાડતા હતા. મનની મહાનતા જણાવવા છટા છોપથી શોભા જણાવતા હતા, મનમાં માન જણાવતા હતા.

જયારે સભા બધી જ પુરેપુરી ભરાઈ ગઈ, બધી જ તૈયારી થઈ ગઈ ત્યારે ઉદાર મનવાળા સંતોને બોલાવરાવ્યા. ત્યારે બધા જ સંતમંડળીની સાથે **મુકતાનંદ સ્વામી** પધારતા હતા સ્વામી પધાર્યા ત્યારે એમની પવિત્રતા, સાધુતા, સુંદરતા, વ્યવહાર કુશળતા જોઈને બધી જ સભાના સભાસદો રાજાની સાથે ઉભા થયા પછી રાજા શુદ્ધ સારાં આસન આપતા હતા. સૌ સંતોને તે સભાની વચમાં બેસાડયા.અને પ્રણામ કર્યા. આ સભાને જીતી શકાય તેવી નથી એમ જાણીને **મુકતાનંદ મુનિ** ઘનશ્યામ પ્રભુને સાંભારવા લાગ્યા. ત્યારે ઘનશ્યામ પ્રભુએ દિવ્ય રીતે આવીને દર્શન આપી બળ આપ્યું. મહાપર્વત જેવા રાજા સભામાં બહુ જ સારી રીતે શોભતા હતા. તેને જોઈને **મુકતમુનિ** મનમાં બહુ જ ધીરજ ધારીને વર્ત્યા તેથી મનમાં લગારેય મોહ ન સેવ્યો. મારી પાસે તો મને જીતાડનારા મારા પ્રભુ સહજાનંદ સ્વામી જ છે તેથી સ્વામીને મનમાં આનંદ થયો. મનમાં ઉપદ્રવ થતો હતો તે બધોય શાંત થઈ ગયો.

હે રાજન ! **મુકતાનંદ સ્વામી**ના ઉરમાં પ્રભુના પ્રતાપથી દઢતા થઈ ગઈ પછી ચર્ચા ચાલું કરવા અનુમતી આપી દીધી એટલે અસુર પક્ષના સભ્યો પ્રશ્નો પૂછવા લાગ્યા તેને **ગાયકવાડ સરકાર** અને એમના **ઉમરાવો** સૌ સાંભળતા હતા. જે સ્વામિનારાયણ નામના છે તે પોતે પોતાના ચરણો ઉપર તુલસીપત્ર ચઢાવે છે તે યોગ્ય છે ? બીજુ શિર ઉપર મુગટને ધારણ કરે છે ? તથા પુરુષો સાથેથી સ્ત્રીઓનો ત્યાગ કરાવે છે, સંસાર તોડાવે છે. વિષ્ણુ ભગવાનની સેવા તોડાવીને ત્યાગ કરાવે છે. આવી રીતે તે અભાગીયાઓએ અનેક પ્રશ્નો પૂછયાં ત્યારે તે સાંભળીને **મુકતમુનિ** તેના યોગ્ય રીતેના ઉત્તર કરતા હતા, તમે બધાય સાવધાન થઈને સાંભળો સત્શાસ્ત્રોમાં પુરાણોમાં વિષ્ણુ ભગવાન, બ્રહ્માજી, શિવપાર્વતી આદિકના મહિમા ચરિત્રો અને પૂજન કહેલાં છે પ્રેમી ભકતજનો પ્રેમ ભાવથી પૂજા નિમિત્તે ભગવાનને માટે તુલસી પત્ર લાવે છે તુલસીદલ સ્વચ્છ કરીને પ્રભુને ધરાવે છે તે પત્રો પ્રેમથી ચરણમાં છે, ભકતજન પૂજા કરે છે તેના મનના ભાવથી કરે છે બળથી નથી કરતા તે સત્ય વાત છે. હે રાજન ! આ રીતે વાત પ્રમાણ સહ સાંભળી ત્યારે કહે છે કે ઉત્તર પૂરો થઈ ગયો માટે હવે બીજો ઉત્તર મુનિ મહારાજ કહો, ત્યારે કહે કોઈ પ્રેમી જન પ્રેમથી સુંદર મુગટ તૈયાર કરીને લાવે જેમ કે **સુરતના ભકતો મણિ જડેલો લાવ્યા**. અને મહારાજના મસ્તક ઉપર ધારણ કરાવ્યો તેને મસ્તક

ઉપર ધાર્યો તે તો બરોબર છે પરંતુ કેટલાક લોકો વેશ ભજવનારા માથાં ઉપર મુગટ ધારણ કરે છે તે તો લોકોના મનને રાજી કરવા કરે છે એ લોકોને જઈને કોઈ કહેતા જ નથી કેવળ સ્વામિનારાયણ ભગવાન ઉપર આવીને ઈર્ષ્યા કરો છો કેમકે ગુરુરૂપ હરિને જ લોકો ભગવાન માને છે. ભગવાન શિર ઉપર મુગુટ ધરાવીને ભક્તો ધ્યાન ભજન કરે છે તેમાં શો દોષો છે તે કહો. ત્યારે તે વાત સાંભળીને સૌ સભાસદ કહે વાત સાચી જ છે માટે શાસ્ત્રની અનુસાર ઉત્તર થઈ ગયો.

હવે ત્રીજા પ્રશ્નનો ઉત્તર કહો, હે ઉદાર મુનિ આપ સૌના સંશયનું છેદન કરીને શાંત કરવા પધાર્યા છો. તો યોગ્ય કરો. હે સભાસદો ! સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હરિભકતો લાખોની સંખ્યામાં છે. તે બધાં જ પરણેલાં જગતના વ્યવહાર બંધનમાં રહેતાં છે તેમાં કેટલાકને એક પત્ની છે કેટલાકને બે છે કેટલાકને ત્રણ, ચાર પાંચ, આ રીતે સૌને અનુરુપ રહીને વર્તે છે. આવી રીતે સૌ હરિભકતો રહે છે એમને અમે નથી ત્યાગ કરાવતા એ વાત તમારી અમે ન માનીએ અમે નથી છોડાવતા એ વાતને તમે માનો, પરંતુ પુરુષ-નારીનો કોઈ જાતના વાદ વિવાદ વગર જ ત્યાગ કરે છે. એ વાતો તો પુરાણ ઈતિહાસ વેદના ગ્રંથોમાં વર્ણવેલી છે તે તો સૌ જાણે જ છે. કહેવાય છે કે ચિત્રકેતુ રાજાએ કરોડો નારીનો ત્યાગ કર્યો તથા **બાદશાહ, રાજા ભર્થરિ** તથા **ગોપીચંદ રાજાએ** નારીની સાથે રાજયનોય સ્વછંદતાથી ત્યાગ કર્યો. તે તો આદિ અનાદિની વાતો તથા રીતો ચાલી જ આવે છે પરંતુ આ વાત કાંઈ કલ્પેલી તો નથી જ એમ માનજો, આ રીતે સાંભળીને કહે કે ઉત્તર થઈ ગયો સાચો જ થયો છે, સભાસદોએ કહ્યું તે વાત પ્રમાણિત થઈ ગઈ. હવે ચોથો પ્રશ્ન છે તેનો ઉત્તર સુંદર રીતે ધારી વિચારીને કહો. ત્યારે **મુનિમુકતાનંદ સ્વામી** કહે છે કુસંગી લોકો એવી વાતો કરે છે કે સત્સંગીઓ બધાય વિષ્ણુનારાયણની સેવાનો ત્યાગ કરે છે. આ વાતની ખાતરી કરવી હોય તો કરો, બધાય હરિભકતોના ઘેર જઈને જુવો તપાસ કરો ઘરમાં પુજામાં ભગવાન વિષ્ણુની મૂર્તિ છે કે નહી તે વાત નકકી કરીને તમારું બોલેલું ખ્યાલમાં આવે.

પછી સ્વામી સ્વામિનારાયણ ભગવાનના કીર્તનોનું પદ બનાવીને ગાતા હતા તે સુંદર શ્રી કૃષ્ણાષ્ટક લીલામૃત કષ્ટહરાષ્ટક સાંભળીને તેનાથી પ્રત્યક્ષ પ્રમાણ કરાવ્યું, અષ્ટકપદ સાંભળીને બધા જ સભાસદો પોતાના મનમા બહુ જ રાજી થયા. ત્યારે અસુરોનું માન ભંગ થયું અને મુકતમુનિનો આનંદ ચારે બાજુ છવાઈ ગયો ત્યારે સૌ આગેવાન પંડિતો કહે છે આ સંત બહુ જ જ્ઞાની વિદ્વાન છે.બહુ મોટા છે આમના કરેલા ઉત્તરો બધા જ સાચા થયા છે બધા જ પ્રશ્નોનું નિવારણ થયું, આવી રીતે મહારાજા સરકાર એમના વિદ્વાનોની સાથે ઉમરાવો પાસે પણ વખાણ કરાવતા હતા, અભિવાદન કરાવતા હતા. બધા જ સભાસદો સહિત મુકતાનંદ સ્વામીને બોલાવીને પછી ચંદન પુષ્પથી પૂજન કરતા હતા, સારાં વસ્ત્રો ઓઢાડતા હતા. પછી તે રાજા વાત કરતા હતા કે તમે જ બધાય સાચા સંત છો અને બીજા બધાય ખોટા સાધુ છે, સ્વામિનારાયણ સાચા ભગવાન છે. તમારો જે સંગ કરે છે તે ભવસાગરને પાર ઉતરે છે જેમ ગાયના પગલાંને પવિત્ર ગણે છે તેમ ભગવાનના આશ્રિત સારી જ વાતો કહે છે સમજાવે છે સાચી જ વાતો કહી તેથી મનમાં બહુ જ આનંદ થયો બધા જ સભાસદો રાજી થયા છે.

આમ કહીને પ્રણામ કરીને પ્રેમથી મુનિપતિને વિદાય કર્યા. જાત-જાતના વાજાં વગડાવીને પ્રગટ

ભગવાનના સંતોને ગાતા વગાડતા ઉતારે લાવ્યા. તે વડોદરા પુરમાં સૌ નર-નારી સ્વામિનારાયણ ભગવાનની જ વાતો કરતા હતા જે કોઈ સત્સંગી થઈને એમનો સંગ કરે તો તે ભવજળને પાર પામે છે પછી પ્રગટ પ્રભુના પરમ પદ ચરણકમળમાં વાસ કરે છે. આવી રીતે નિર્મળ મનના લોકો કહેતા હતા.

ચાર સંતોને સદ્‌ગુરૂના નામે જાહેર કરતા હતા તેમના નામો આ પ્રમાણે છે **મુકતાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, અને ચૈતન્યાનંદ સ્વામી** તેમા પણ સરલ ચીત્ત સ્વભાવના ચૈતન્યાનંદ મુનિને ચારેય સંતોમાં સૌથી મોટા બનાવ્યા પૂજા કરી સનમાન્યા. આવી રીતે નિત્ય પ્રત્યે નવિન લીલાને કમલની પાંખડી જેવા નયનવાળા મહાપ્રભુ સંતજનોને સુખ કરવા દયાના ભાવથી સુખ આપતા હતા.

શ્રી હરિ ઘનશ્યામ મહાપ્રભુએ **આદરજ** ગામમાં પધારીને ત્યાં અલૌકિક મનોહર લીલા ચરિત્રો કરીને ભકતજનોને ખૂબ જ રસ લાગે તેવા ચરિત્રો **વડોદરાથી મુકતાનંદસ્વામી** પધાર્યા તે સમયે કર્યા. મુકતાનંદ સ્વામી **વડોદરામાં પંડિતોની સભા કરી અતિ કઠીન સભાને જીતીને આવ્યા તેને મહારાજે વખાણી સનમાન કર્યા.** એ રીતે શ્રી હરિલિલાસિંધુની લહરિના રુપે આ સત્યાવીસમું તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિએ આદરજ ગામમાં જે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ સત્યાવીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૨૭ ॥**

## તરંગ-૨૮

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ શ્રીહરિ તો આકાશની માફક વ્યાપક છો છતાય જળની માફક નિર્લેપ પણ રહો છો. સર્વ જગતના જીવન પ્રાણરુપ છો. મસ્તક ઉપર મયુરપિંછનો સુંદર મુગટ ધારેલો છે, નરનારી સર્વે જીવોના કલ્યાણ કરવા અવતારને ધારો છો. અહર્નીશ જેમનું નામ ચરિત્ર જપ્યા કરે છે જેમના ચરિત્રોને લીલાઓને ભક્તો ગાયા કરે છે. તેજ શ્રી હરિના બધાં જ લીલા ચરિત્રો ભાવયુકત થઈને હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વના ભયને હરનારાં સુંદર ચરિત્રોને મનમાં ઉત્સાહ લાવીને તે મહાપ્રભુના મનોહર ચરિત્રો કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન ! બ્રહ્માજી જેમના નામનો મુખેથી જપ કર્યા કરે છે બ્રાહ્મણ કુળનું પોષણ કરે છે બ્રહ્મપદ પામવા માટે નરનારી બ્રહ્મરુપ થઈને ભજન કરે છે તે પ્રભુ પૃથવી ઉપર પ્રગટ થયા છે. હે રાજન ! તે મહાપ્રભુના લીલા ચરિત્રોને વિસ્તારપૂર્વક તમને કહું છું. તે ચરિત્રો જીવાત્માને ભવસાગરને તરવા માટે જહાજરૂપ છે. તે પ્રભુ ભકતજનોનાં કલ્યાણ કરવા અને ભવસાગરની પીડાને હરવા માટે વિચરે છે. હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુએ **આદરજ** ગામમાં દિવાળીનો ઉત્સવ કર્યો ત્યાં સંતોને સાથે રાખ્યા, ભકતજનોનાં ઉદ્ધારનાં કામો કર્યાં. સંતો સૌ રાસ રમ્યા, તેનાથી લોકોનાં ભવબંધનોને હરતા હતા, ભકતજનો રાસ લીલાને જોવા આવ્યા તેના ત્રાસને જગવંદ્ય પ્રભુ હરતા હતા. હરિ ભકતો રાસમાં આનંદ પામતાં થકાં રમતાં હતાં. હરિને રાજી કરતા હતા તેથી મહારાજ રીઝતા હતા, હરિભકતને જોઈને બહુ જ રાજી

થઈ હસતા થકા મળીને સુખ આપતા હતા. હે રાજન ! ત્યાર પછી મહારાજ સંતોની સાથે તૈયાર થઈને અવિનાશી પ્રભુ **આદરજ**થી ભકતજનોને દર્શન દઈને ચાલતા થયા, સાથે સંતો કિર્તન ગાતા થકા જતા હતા.

સારું પવિત્ર ગામ **કોલવડા** આવ્યું તે રમણીય ગામને જોઈને પધાર્યા ત્યારે ગામથી દક્ષિણ દિશામાં સુંદર જગ્યામાં બહુ જ મોટું વિશાળ વડનું વૃક્ષ હતું. ત્યાં સર્વના કામ તથા મદને હરનારા ઘનશ્યામ પ્રભુ એ નિવાસ કર્યો તે ગામની ભકતબાઈ સ્વામિનારાયણ ભગવાનની સામે ચાલીને આવ્યા તે **જીવીબાઈ,** ભગવાનને માટે લાડું કરીને લાવ્યાં હતા, અને સુંદર સુખડી બનાવીને લાવ્યા હતા તે સુખકી સૌ સંતોને શ્રી હરિએ પોતાના હાથે દયા કરીને આપી પછી ચપલ મૂર્તિ ચાલતા થયા રાજી થઈને મહારાજ દયા કરીને ચાલીને **ઉનાવા** ગામે પધાર્યા.

ઘાટી વૃક્ષોની ઝાડીની વચમાં સરસ સુંદર સરોવર કૂવાઓથી શોભતું હતું. સુંદર વૃક્ષો વેલીઓની વચમાં સુંદર કમળનો સમુદાય શોભતો હતો તેના અંદર પરાગ રજમાં પાંખડીઓ ઉપર ભમરાંઓ ગુંજારવ કરતા હતા, જાણે ગુણિજનો પ્રભુના ગુણને ગાતા હોય તેમ મનોહર રીતે શોભતું હતું. એવા પવિત્ર **ઉનાવા** ગામમાં પ્રભુના ભાવિક ભકતો પ્રભુના રહેતા હતા. તે પ્રેમી જન નરનારી સૌ પ્રભુની આજ્ઞા મુજબ દ્રઢતાથી ધર્મ મર્યાદાનું પાલન કરતાં થકાં ખૂબ જ ભકિતભાવવાળાં હતાં. હે રાજન્ ! શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને હરિભકતો સામા આવતાં હતાં, સાથે જાત જાતના વાજાં વગાડતા થકા ભગવાનના ગુણને ગાતા આવ્યા, ભેટ લાવ્યા હતા તે હરિની પાસે આવીને સૌ મહાપ્રભુની આગળ ભકિતભાવથી અર્પણ કરતાં હતાં તે ભકતજનોના નામ કહું છું તે ભકતોમાં **રામદાસ વાલાભાઈ પટેલ, કુબેરદાસ, વસનદાસ બીજા બાજીદાસ વણારસી દાસ** તથા **બારોટ રઘાજી, બાજીજી, સુથાર ભકતમાં જેઠાભાઈ, ચિનોભાઈ** આદિક ભકતજનો આવ્યાં મહાપ્રભુના ચરણમાં વંદન કર્યા, દર્શન કર્યા ચરણ સ્પર્શ કરીને મહાપ્રભુનું મહાસુખ લીધું. મહારાજ ગામમાં સારા પવિત્ર મકાનમાં **રામદાસ** ભકતના ઘરમાં નિવાસ કરીને શોભતા હતા. શ્રી હરિ વિશાળ કાયાવાળા સુંદર શોભાવાળા ઘરમાં થાળ જમવા માટે વિરાજમાન થયા. પ્રેમી ભકતજનોએ સુંદર પ્રેમથી પાકો-શાકો બનાવીને તૈયાર કર્યા તેમાંથી થાળ તૈયાર કરીને હરિને જમવા માટે થાળ અર્પણ કરતા હતા હરિભકતોના જીવનપ્રાણ મહાપ્રભુ હરે હરે કહીને જમતા હતા ખાસ કરીને રમત કરતા થકા જમતા હતા. પોતાના આશ્રિત જનોને દયાળુ પ્રભુ સુખ આપતા હતા. જગત ગુરુ શ્રીહરિ જમીને પછી સંતોને જમાડતા હતા, તે ભકતજન **રામદાસ**ના ઘરમાં ફળિયામાં ચરિત્ર કરીને ફંદોને હરતા હતા કમરને કસીને પંગતમાં ફરી ફરીને સંતોને લાડુ પીરસીને બહુ જમાડતા હતા. જગતપતિ સંત પાર્ષદો સૌને જમાડીને જય જયકાર કરતા હતા. આનંદ પામતા હતા.

કમલનયન નિર્મલ મુખ મહાપ્રભુ હાથ પગ ધોઈને પછી શ્વેત વસ્ત્રોને ધારણ કર્યા સુંદર આસન ઉપર વિરાજમાન થયા પછી રામદાસ ભકતે ઓંસરીમાં પાટ તૈયાર કરી તેના ઉપર વિરાજમાન થયા સંતો, પાર્ષદો, ભકતો સૌ સુખધામ પ્રભુ સનમુખ બેઠાં પ્રેમી ભકત શ્રી હરિની ષોડશોપચારથી પૂજા કરી ચંદન પુષ્પ તોરાઓ ગજરાઓ સહિત ધરાવતા હતા. ગદ્ ગદ્ કંઠથી ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરી હે પ્રભુ ! આપ જગના સર્જન કરનારા છો તેથી જય જયકારને પામો, અધમ ઉદ્ધારનારા જગતમાં આપને કોઈ જ જીતી ન શકે કોઈનાથી કળાઓ તેવા નથી. અનેક સંત ભકતજનોનો ઉદ્ધાર કર્યો પરમધામમાં લઈ ગયા, પૃથ્વી ઉપર ધર્મને દ્રઢ સ્થાપવા ધર્મ દેવના ઘેર પ્રગટ થયા, ચારે બાજુ વિચરણ કરીને અર્ધમને ઉખાડીને ધર્મ સ્થાપન કર્યા પતિત

જીવોનો ઉદ્ધાર કર્યો (પાવન કર્યા) બીજાનો ઉપકાર કર્યો. મિથ્યા અપવાદને નિરાકરણ કરનારા આપનો જય જયકાર થાય. હે પ્રભુ ! આપ જગતના સર્જન કરનારા જગતના ગુરુ જોગીઓ જતિઓ સતિઓ આપને ઓળખીને નિશ્ચય કરીને દાન કરે છે સર્વના કારણ એવા કમળ નયનવાળા હે પ્રભુ ! આપ ભકતજનોના જન્મ મરણના બંધનથી છોડાવનારા સરસ્વતી સદાશિવ શેષ, નારદ, સનકાદિક મુનિજનો રાત દિવસ આપનું સ્મરણ કર્યા કરે છે **નિગમો, વેદો, પુરાણો** આપના ગુણને ગાયા જ કરે છે. આપના ગુણ યશ તો અનંત અપાર છે તે બધાય આપના જ કહેવાય છે એને પાર નથી પામી શકતા એવા પ્રગટ સ્વરુપ આપના ગુણો છે. હે રાજન ! તે સદ્‌મતિ **ભકતરાજ રામદાસભાઈ**, અતિ રોમાંચિત અંગવાળા થઈને બંને હાથ જોડીને આ રીતે માંગણી કરતા હતા હે મહારાજ ! આપ મારા ઉરમાં નિત્ય વાસ કરીને રહેજો સર્વ સંત સમાજની સાથે સુખ આપજો. હે પ્રભુ ! મારા કુળ પરંપરામાં આપનો સત્સંગ દિન પ્રતિદિન વધતો જ રહે, એવું વરદાન દો કષ્ટને હરનારા શ્રી હરિ સાથે સૌ ઉમંગથી અખંડ સુખ આપજો. આવી રીતે વરદાન દઈને ગુણવંત પ્રભુ ગામની બહાર વડના વૃક્ષ નીચે સૌ સંતોની સાથે અનંત મૂર્તિ રાજાધિરાજ શોભતા હતા.

તે સભામાં બહુનામી મહાપ્રભુ બળદેવના ભાઈ શ્રી હરિએ ઘણીવાર સુધી ઉપદેશ કર્યો તેને સભામાં બેઠેલા સૌ મળીને ઉરમાં આનંદ પામ્યા તેનાથી સૌ નર નારીજનો નિયમ ધારણ કરીને કેટલાંક જનો સત્સંગી થયા જગવંદ પ્રભુને સર્વોપરી જાણીને ઉમંગથી ગુણ ચરિત્રોનું ગાન શ્રવણ કર્યા કરતા હતા. ક્ષરઅક્ષરના જ્ઞાન બતાવનાર અકળ મૂર્તિ સર્વોપરિ પ્રગટ થઈને વિચરણ કરે છે એમ જાણિને સૌ જનો નામ મંત્ર જપતા હતા, ભજન કિર્તન કરતા હતા. ધર્મનંદન મહાપ્રભુનો દૃઢ આશ્રય કરતાં હતા. આવી રીતે સાંજ પડી સૂર્યાસ્ત થયો ત્યારે અતિ આનંદવાળા થઈને વડથી ઉત્તર દિશામાં સુંદર તળાવની પાળ ઉપર સર્વનાથ શ્રીહરિએ સંતોની સાથે રાતના સમયે શયન કરતા હતા, પછી જયારે સવારમાં વહેલા ચાર વાગે કુકડાં બોલ્યા ત્યારે મુનિઓના સ્વામી પ્રીતીપૂર્વક ચાલતા થયા.

બહુનામી મહાપ્રભુ **બાલવા ગામ** થઈને સૌ સંતોની સાથે ચાલતા હતા. બાલવાના ભકતજનને દર્શનનું સુખ દઈને શોભાના સાગર ચાલતા થકા **બાલવા થઈને માણસા** ગામ પ્રત્યે પધાર્યા ત્યારે **માણસાના** ભકતજનો પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને અતિશય આનંદ પામ્યાં, પુરની શોભા જોઈને મહાપ્રભુ મનમાં આનંદ પામ્યાં ગામના તળાવની પાળ ઉપર આંબા વડ આદિના બહુ જ મોટા વૃક્ષો શોભતાં હતાં તે મોટાં વૃક્ષ ખૂબ જ ફેલાયેલાં હતાં તેની ઉપર કબુતર, પોપટ, મેના, કાબરો વિગેરે પક્ષીઓ કલરવ કરતાં હતાં હે રાજન ! તે પુરની ચારે બાજુ ઉપવન બાગો મનોહરતા યુકત શોભતાં હતા, તે બાગોમાં ફળ ફૂલો સારી રીતે ખિલેલાં બહુ જ શોભતાં હતાં તેને બધો જ જનસમાજ ખૂબ જ પ્રેમથી ચાહતો હતો તે સરોવરના કાંઠે કૂવો પણ શોભતો હતો તે નગરના નરનારી હાવભાવથી હાસ્ય કરતાં હતાં. સર્વે હરિભકતો સાથે પુરની શોભા જોઈને મહાપ્રભુ રાજી થયા, જગદીશ પ્રભુના સનમુખમાં ભકતજનનો સમુદાય આવતો હતો, તેઓ શ્રી હરિના દર્શન કરીને રાજી થયા.

હે રાજન્ ! આવેલા ભકતજનો નામ કહું છું **બ્રહ્મદેવ અંબારામ, વજેરામભાઈ, રસિકભકત, રાજારામભાઈ, ભાવસાર** ભકતમાં **પિતાંબરદાસ, સાંકળચંદ, દલપતરામ, આદિત રામ, રગનાથ ભકત, નરસિંહ ભકત, અબલસિંઘ નામના ભકત** હે રાજન્ ! **માણસાના રાજા પૃથ્વીસિંહ અસવારી** કરીને અનેક

વાજિંત્રો વગાડતા થકા સવારી લઈને સામા આવતા હતા અનેક રથો, ઘોડાઓ વગેરે સોળે શણગાર સજીને લાવ્યા હતા, બાઈઓ ભકતજનો ઉરમાં પ્રેમભાવથી કિર્તનો ગાતાં ગાતાં આવતાં હતાં. સૌ ભકતો પ્રભુને દંડવત્ પ્રણામ કરીને ભેટ અર્પણ કરતા હતા, શ્રી હરિ અરસપરસ સ્વાગત સમાચાર પૂછતા હતા, ભયને ભાંગનારા પ્રભુ ભાવથી રાજી કરતા હતા. સૌ જનો **માણસા** ગામથી ચાર ગાઉ સામાં સવારી કરીને લેવા ગયા હતા, અને ઉત્સાહથી ગાતા વગાડતા પુરમાં લાવ્યા,પુરની શોભા જોઈને આનંદ થયો, માર્ગ ઉપર ઉભેલા નર-નારીજનો નાથની નવલી છબી નિરખીને હાથમાં હારો લઈને ઉભાં હતાં તે હાર પહેરાવીને ધર્મનંદનની છબીને ઉરમાં ઉતારીને ધારણ કરતાં હતાં. મહાપ્રભુ પુરમાં પધારી પુરને પાવન કરીને સૌનો ભય ભાંગતા હતા ગામને જોઈને પ્રભુ પુરની બહાર તળાવની પાળ ઉપર પધાર્યા. શોભાના સુખધામ પ્રભુ તળાવની પાળ ઉપર મુકામ કરીને ત્યાં પાથરેલા પલંગ ઉપર પ્રિત કરીને વિરાજમાન થઈને શોભતા હતા, નિષ્કામ પ્રભુ લોકોના ભય ભ્રાંતિને હરતા હતા, ભકતજનોને સુખ કરવા દુઃખોને દૂર કરવા મનોહર મૂર્તિ ઘનશ્યામ પ્રભુનું વર્ણન કરું છું.

સૌ સંતોની સાથે કમળનયન પ્રભુ દુઃખિત ભકતજનોના સુખધામ રાજાધિરાજ મહારાજ કરોડો જનોના કલ્યાણ કરવા વિરાજતા હતા. **પ્રભુ હસ્તકમળને ઉંચા કરીને અભયદાન કરતા શોભતા હતા. નાસિકા દિવાની જયોંત સમાન શોભતી હતી. મુખમાં દાંત કુંદની કળી સમાન શોભતા હતા, લાલ અધરોષ્ટ પરવાળાંની માફક શોભતા હતાં ચંદ્રના બિંબ સમાન શોભા લાગતી હતી સુંદર ચિબુક (દાઢી) ભકતોના ચિત્તને ચોરતી હતી. તે છબીને રાત દિવસ ભકતજનો ઉરમાં ધારે છે. ઉપડતું ઉદર શિતળ સુખ આપનારું તથા ત્રિવળી તે સર્વના ત્રાસને હરનારી છે. આવા શ્રીહરિના અલૌકિક સ્વરુપના દર્શન કરીને લોકોના ચિત્તને ભ્રમિત કરે છે. સૌના પાપ અને સંતાપને હરીને પરમ પદ આપે છે. ધર્મનંદન શ્રી હરિ મહાપ્રભુ સર્વેને આનંદ આપતા થકા નંદ સંતોની વચમાં વિરાજમાન થઈ શોભતા હતા. ઉપદેશની વાતો કરીને મનને હરતા હતા આશ્રિત જનો ઉપર હાથ રાખતા હતા. ચકોર પક્ષી ચંદ્રને જુવે તેમ મહાપ્રભુના મુખ સામે જુવે છે. સર્વના સ્વામીનું અહર્નિશ ચિંતવન કર્યા કરે છે. પ્રભુના મુખના અધરામૃત નું પાન કર્યા કરે છે.** એવામાં રસદાર રસોઈ તૈયાર થઈ તેનો થાળ તૈયાર કરીને શ્રી હરિને જમાડતા હતા સંતોને જમાડતા હતા. આવી રીતે અવતારી પ્રભુ **માણસા પુરમાં** રહીને ચરિત્રો કરીને સૌની વૃત્તિને ખેંચતા હતા. **ખુબ મીઠા જળનો કૂવો દુધિયા કૂવાના નામથી પ્રસિદ્ધ હતો તે પાણી લોકોના મનને ખેંચતું હતું તે કૂવો ખૂબ જ ઘાટી ઝાડીની વચમાં આબાં, વડ, બીલાં આદિ મોટા મોટા ઝાડો ઉપર પક્ષીઓ કિલ્લોલ કરતાં હતાં અને ઉંચેથી શુદ્ધ રીતે રાગપૂર્વક બોલતાં હતાં તે સાંભળીને સાંભળનારના શરીરના તાપ શાંત થતા હતા.** અંગમાં શાંતિ વળતી હતી આવી રીતના વાતાવરણમાં મહાપ્રભુ કૂવાના થાળાં પર બેસીને થાળ જમતા હતાં સંતો ભગવાનના દર્શન કરતાં હતાં ભકતજનોના ચિત્તને પરોવીને મહાપ્રભુ સૌને પ્રસાદ આપતા હતા. પ્રભુમાં ચિત્ત પરોવાઈ જતું હતું.

હે આનંદ રાજન ! ભયને હરનારા શ્રી હરિ મહેલમાંથી જયારે આવ્યા ત્યારે ભયને તોડનારા ભગવાન સૌ ભકતજનોને આનંદ આપવા માટે ભકતજનના ઘરો-ઘરમાં પધાર્યા થાળ જમ્યા અને સર્વેને રાજી કર્યા, જન્મ મરણના ભવના દોષને તોડયો, હે આનંદરાજન ! **તમારા બહેન ફુલબા ભાવનાવાળાં તે દર્શન કરવા આવ્યાં** તે વાત કહું છું આ પૃથવી ઉપર તે બાઈ મહાન ભકત થયાં તેની વાત હવે કહું છું. તે

બાઈ જયારે **ઈડરગઢ** ગયાં ત્યારે એમને બહુ જ દઢ સત્સંગ થયો ત્યાં ભગવાનને તેડાવ્યા. ખૂબ જ શોભા કરીને પ્રસિદ્ધ પટરાણીએ રાજાને સત્સંગનો રંગ ચડાવ્યો તે રાજાની મહાપટરાણીએ પોતાના પતિ **ગંભીરસિંહ રાજના માન મરતબાની રીતે સર્વ નરનારી જનોને દર્શન માટે મોટું ભગવાનનું ધામ કરાવ્યું.** હે રાજન્ ! તમારા ઘરમાં અતિશય આનંદ થતો હતો આશ્રિતોના દુષ્કૃત્યોને બાળીને સહજાનંદ સ્વામી બહુ જ સુખ આપતા હતા. ભુદેવોમા શ્રેષ્ઠ **અંબારામના** ઘેર થાળ તૈયાર થયો ત્યારે જગવંદ્ય મહાપ્રભુ સંતોની સાથે સૌને સુખ આપતા હતા તે સહજાનંદ સ્વામી પોતે જ **નાગર બ્રાહ્મણ દલપતરામ**ના ઘરને પ્રેમથી પાવન કરવા માટે અવતારના અવતારી પોતે થાળ જમવા પધાર્યા. જગજીત પ્રભુએ થાળ જમીને મહાસુખ આપ્યું. **પિતાનું નામ કલ્યાણજી અને માતાનું નામ સુંદર બાઈ** તે બંનેને બે પુત્ર થયા, તે નિષ્કામ એકાંતિક ભકત થયા. અવતારના અવતારી મહાપ્રભુના અનન્ય ભકત થયા. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈની ઉપાસના જ ન હતી, એવા દઢ એકાંતિક ભકતની વાત વર્ણન કરીને કરી છું.

શ્રીહરિ **ઉનાવાથી માણસા** પુરે પધાર્યા, ત્યારે **માણસા** પુરના રાજા સામા આવ્યા દર્શન કરીને મહાસુખને પામ્યાં. માણસા પુરમાં ભકત જનોના ઘેર થાળ જમીને ભકતજનોને અતિશય સુખો આપ્યા, આવી રીતે આ અઠયાવીસમો તરંગ તે શ્રી હરિલિલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિ માણસા પુરમાં પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામનો આ અઠ્યાવીસમો તરંગ પૂર્ણ થયો ॥૨૮॥**

## તરંગ-૨૯

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ભતજનોનો ઉદ્ધાર કરવા માટે પધારેલા મહાપ્રભુના બધા જ ચરિત્રો મને કહો. શ્રીહરિ ઘનશ્યામ-પ્રભુએ પોતાના ભકતજનોના કાર્યો કરીને કેવી રીતે પરચાઓ આપ્યા તે બધી વાર્તાઓ આપ જાણનારા છો તે વાતો વિસ્તારીને મને કહો. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **માણસા**માં નિવાસ કરીને પોતાના આશ્રિત **ભકત દલપતરામભાઈ**ને પરચાઓ પૂર્યા તે વાત વિસ્તાર કરીને મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ સિંહ રાજન્ ! યુગોયુગમાં વારે વારે મનુષ્ય અવતારો ધારીને જીવોનો ઉદ્ધાર કરવા માટે વિઘ્ન કરનાર પાપી પાંખડી ખળોને નાશ કરીને દઢ ધર્મની સ્થાપન કરે છે. સર્વ જગતના સ્વામી લોકોને આનંદ કરાવતા થકા સુખ કરે છે એવા મહાપ્રભુના ભવ બ્રહ્માદિ ઈશ્વરો ધ્યાન કર્યા કરે છે. એમના ગુણ ચરિત્રોને ગાયા જ કરે છે. શેષ, શારદાદિક કયારેય પારને નથી પામતાં એવા પ્રભુના ચરિત્રો વિશાળ છે. એવા સહજાનંદ સ્વામી મહાપ્રભુના મર્મને મંદ મતિના અજ્ઞાની જીવો જાણી શકતા નથી. માણસા પુરમાં રહેનારા **નાગર બ્રાહ્મણ દલપતરામ**, જગતથી ઉદાસી રહેનારા ભગવાનના એકાંતિક ભકત તે પોતે મોહ મદ મત્સર આદિનો ત્યાગ કરીને ભગવાનના એકાંતિક સંતોની સેવા ચાકરી જ્ઞાનઉપદેશ ગ્રહણ કરતા હતા ભયને હરાનારા પ્રગટ પુરુષોત્તમ ભગવાનનું ભજન કરતા હતા. સુખ સાગર પ્રભુ ભકતોને સુખ આપતા હતા, તે ભકત પ્રભુની નવધા ભકિત નિત્ય પ્રત્યે નવી નવી કરતા હતા કળિયુગના દોષ, કામ,

ક્રોધાદિની ઉપર રોષ કરીને એનો નાશ કરી નાંખતા હતા, ક્ષમા, દયા, સંતોષ આદિક શુભ ગુણો કહેવાય છે. તે ગ્રહણ કરીને મહાપ્રભુના ચરિત્રોનું ગાન કરીને જન્મમરણના ફેરાનો ત્યાગ કરતા હતા, ત્યારે સર્વના સુખરુપ મહારાજ લોકોને સુખ કરવા પધારેલા, સુખનાધામ અશરણ શરણ એવા શ્રી સહજાનંદ સ્વામીનું સેવન ભકિત કર્યા કરતા હતા. તે ભકત શ્રીઘનશ્યામ પ્રભુના ચરણકમળની સેવા પરિચર્યા ભકિત બહુ જ કરી ત્યારે સર્વના નાથ બાથમાં લઈને પ્રેમથી ભેટયાં બલભ્રાતાને પામવા માટે ભવ, બ્રહ્માદિ ભવબંધનથી છુટવામાં જેમના ચરણકમળની નિત્ય ઉપાસના કર્યા કરે છે એવા પ્રભુના ચરણકમળમાં ગંગા નિવાસ કરે છે કામના મદને હરે છે, એ પ્રભુના મુખકમળની શોભા શીતળ અને શાંત છે એવા હરિનું સેવન **દલપતરામ** ભકત કરતા હતા તે **દલપતરામના પિતા કલ્યાણજી** નામના તે સુખધામના વાસી ધન્ય ભાગ્યવાળા તથા એમના માતાજી પ્રસિદ્ધતાવાળા તે પણ મહાપ્રભુનો આશ્રય કરીને સદાય ગુણ ગાનારાં એમના **ભાઈ સુખદાત**, પરલોકમાં ગયેલા તે પિતૃપણ ધન્ય ભાગ્યવાળા કહેવાય કેમ કે પૃથ્વીવાસી સંબંધીઓ પ્રભુના ચરણના આશ્રિત કહેવાય છે. ધરણી ઉપર ઘરવાળી પણ ધન્ય છે કેમ કે જેણે **દલપતરામનું** પાણીગ્રહણ કરેલ છે એવા પૃથ્વી ઉપર ભકત શિરોમણી ભકતરાજ વસે છે.

સારી રીતે રળિયામણા **દંઢાવ્ય દેશમાં માણસા** નામનું સુંદર પુર આવેલું છે. તે પુરમાં અનેક ભુદેવો અનેક ગોત્રોના વાસ કરીને રહે છે તે જગતમાં નવિન નાગરી (નાગર) નાત કહેવાય છે એમ જાણો તે **રાવલની અટકમા કલ્યાણજી** નામથી કહેવાય છે તેમના માતાજીનું નામ તે સુંદર **ઝમકું** નામથી જગમાં કહેવાય છે તેમને બે પુત્રો થયા છે તે સારા ગુણવાળા થયા તેમાં નાના પુત્ર **આદિત્યરામ** થયા એમણે બધા જ છળ કપટ ત્યાગી દીધાં તથા ગુણવાળા **દલપતરામ** પ્રભુના ગુણને ગાતા રહેતા હતા. તે **દલપતરામ ભકત સંવત અઢારસો અડસઠની સાલમા સતસંગી થયા** તેઓ તન-મન-ધન પુણ્ય પાપ બધું જ શ્રી હરિ પદમાં ધરી દેતા હતા. દુષણરૂપ દારુ, માટી, ચોરી, અવેરી, વટાળનો સર્વ વિકારનો ત્યાગ કરીને ધર્મકુમાર મહાપ્રભુનું ભજન કરતા હતા, અને મુખેથી સ્વામિનારાયણ મંત્રનો જાપ કરતા હતા. તેનાથી સુખનિધી સહજાનંદ પ્રભુ બહુ જ રાજી થયા, શ્રીહરિના સ્વરુપનું રાતદિવસ સેવા ભક્તિ દર્શન, પુજન, સ્પર્શ કર્યા જ કરે તેઓ વારંવાર વર્ષમાં ઉત્સવ સમૈયામાં જતા હતા હર્ષ પામતા થકા ઉત્સાહથી દર્શન સેવાનો લાભ લેતા હતા. જનમાષ્ટમી, રામનવમી, પ્રબોધની એકાદશી આદિ સમૈયાઓમાં ભેટ લઈને જતા અને શ્રીહરિને તે અર્પણ કરતા હતા તથા થાળ કરીને શ્રીહરિને જમાડતા આવી રીતે દલપતરામ વિપ્ર કરતા હતા.

તે દલપતરામ ભકત એક વખત સુખધામાધિપતિની સેવા કરતા હતા તે જ સમયે અનંત સંતો ત્યાં આવતા હતા તે સંતો પાતળાં વસ્ત્રોને ખેંચી બાંધેલા શરીરને કસી દીધેલું મંદ મંદ હાસ્યવાળું મુખ કરેલું આવી રીતેના અનંત સંતો આવ્યા તેઓ નખશીખ પર્યંત શોભતા હતા શરીરે ચંદન ચર્ચેલું હતું મેઘની વિજળી જેવું શોભતું હતું. એવા સંતો શોભતા હતા આવી રીતની શોભા જોઈને દલપત વિપ્ર વિચાર કરતા હતા, શ્રીહરિની નાભિકમળ જોઈને **દલપતરામ ભકત** હાથમાં સુંદર સુંગધિત ફૂલો લઈને અવકાશ જોઈને તે ફૂલો પ્રભુની નાભિકમળ ઉપર નાખ્યાં ત્યારે પ્રભુના અંગો ઉપર ચંદન ચર્ચેલું હતું. ફૂલો નાંખ્યા એટલે ચંદન ફુલ સહિત નાભિ શોભતી હતી ત્યારે શ્રીહરિ છેલછબિલો છડીને હાથમાં ધારીને મુખથી હાસ્ય કરતા થકા દલપતરામ ભકતને મારતા હતા. કવિરાજ કહે છે દલપતરામના ભાગ્યની તો વાત જ ન થાય, બધી જ નાગરોની નાત

તે તો બધાની ઉપર મુગુટ મણિ જેવી નાત પવિત્ર કહેવાય છે

હે રાજન ! પવિત્ર દિલના દલપતરામ ભકતને પરચા દીધા છે તે કહું છું. પરમ ભાગવત ભકત પૃથ્વી ઉપર દલપતરામ નાગર શ્રીહરિનું નામ જપતા થકા રાત દિવસ જપતા હતા. એકવાર શ્રીહરિ **ગઢપુર**માં વિરાજતા હતા ત્યારે દલપતરામ ભકત દર્શન કરવા માટે જનમાષ્ટમીના સમૈયા ઉપર પ્રગટ પ્રભુની પાસે જતા હતા.

તે ભકત એકલાં જ એક વખત જતા હતા સાથે કોઈ હતું જ નહીં પોતે એકલા જ માર્ગ ઉપર મુખેથી પ્રભુનું નામ જપતા થકા જતાં હતા ચાલતાં ચાલતાં રાત થઈ ગઈ. હે રાજન ! માર્ગમાં ચાલતાં બહુ જ વરસાદ થયો ચારે બાજુ જળ બંબાકાર વાતાવરણ થઈ ગયું પાણી - પાણી જ હતું, કયાંય ઠરવાની સારી જગ્યા ન હતી આવું વિપરીત વાતાવરણ હતું. હે રાજન ! તે દલપતરામ ભકત સમજી જળમાં જ ચાલ્યા જતા હતા, ચાલતા હતા ત્યારે વચ્ચે કીચડ આવે તેનો ખ્યાલ ન આવે ચાલવાનું કાંઈ ઠેકાણું ન મળે ચાલતા સ્વામિનારાયણ પ્રભુનું નામ જપતા હતા, ચાલતાં ઉચાં નીચાં ટેકરા ખાડામાં પગ પડે, પીડા થતી રહે ચારેકોર જમીનમાં બધેય પાણી જ ભરેલું હતું બીજું કાંઈ દેખાતું જ ન હતું. અતિશય જળબંબાકારમાં કયાંય ચાલવાની જગ્યા જ ન દેખાય એવામાં ધીરજ ધારીને મન દઢ કરીને પૃથ્વી ઉપર ચાલ્યા જ જતા હતા  જળના વહેવાના વેગથી જમીન ધોવાણ થવાથી મોટાં મોટાં ભુવાં ખાડા વેણ થઈ ગયા હતા. આખા ભાલમાં પાણીથી જળ બંબાકારનું જ વાતાવરણ થયું હતું. કયાંક  સાથળ સુધી પાણી ભરાયેલું, તો કયાંક કાન સુધી પાણી ભરાયેલું વહેતું હતું ત્યારે હરિભકત ભગવાનમાં દઢ પ્રીતિ કરીને શ્રીહરિના સ્વરુપમાં હેત કરીને મૂર્તિનું સ્મરણ કરતાં કરતાં ચંચલ ચાલથી જળવાળા મારગમાં ચાલ્યા જતા હતા. પાણીના પ્રવાહમાં કયાંય રસ્તો દેખાતો જ ન હતો, જળના વાતાવરણમાં ઉત્તર - દક્ષિણ દિશાનું કોઈ ભાન થતું ન હતું. આ રીતે અજાણ્યા માર્ગમાં જ ચાલ્યા જતા હતા. હે રાજન્ ! પાણીમાં આવી રીતે લોકો જતાં હતાં ત્યારે લોકોને જાણ થઈ કે ભાદર નદીમાં ભયાનક પુર આવેલું છે. અતિ વેગમાં પ્રવાહ વહેતો રહે છ તેમાં કાંઈ કાંઠો જણાતો ન હતો, એવા મહાવેગ વહેતો હતો પુરનું પાણી વેગથી વહેતું આવતું હતું. જળની ઉપર સપાટ લેવલ જણાતું હતું. નદીઓ, ઝરણાના પ્રવાહો સડસડાટ વહેતા હતા પાણીના ઓઘા અતિ ઉછળતા હતા, ઉચા તરંગોથી જળનો પ્રવાહ વહેતો હતો. હે રાજન્ ! પાણી વેગને લીધે અતિ મોટો અવાજ થતો હતો ચારે બાજુ જળનો વેગ પૂર્વક પ્રવાહ વહેતો હતો, ત્યારે ભયંકર જળ પ્રવાહમા કોઈ હાથી સમાન બળવાન પુરુષ પણ તરી ન શકે એવું ભયંકર વાતાવરણ હતું. આવી રીતે ચાલીને આવતા હતા, ત્યારે નદી આવી તોય જાણતા ન હતાં તેથી જન જાણે ડુબીને મરી જવાશે એમ સમજતા હતા. ત્યારે મહાપ્રભુ  ભકતને તારવા પોતે જ પધાર્યા તે પ્રભુના પ્રગટ પ્રમાણ પ્રતાપ ગાઈને તમને કહું છું. જેમ ભકત પ્રહલાદને તારવા માટે પધાર્યા ત્યારે પૃથવી ઉપર અવતાર લઈને નૃસિંહરૂપે પ્રગટ થયા. માતા બાળકનું રક્ષણ કરવા જેમ કોઈ જાતની જાણ ન હોય તોય કર્યા કરે છે તેમ પ્રભુ પ્રગટ થાય છે

જો અત્યારે તમે ન મળ્યા હોત તો હું જરુર મરી જાત એ વાત નક્કી જ છે. કોઈ શંકા જ નથી. આ રીતની પોતાના આશ્રિત ભકતની વાત સાંભળીને મહાપ્રભુ પોતે જ પોતાના ભકતનો હાથ પકડીને નદીમાંથી પોતાના આશ્રિત ભકતને પાર ઉતારતા હતા. મહાનદી રુપી નદીને પાર ઉતારી ત્યારે વસ્ત્ર પણ પલળ્યા નહીં તારીને બહાર ઉતારી દીધા. નદીનું પાણી પોતાને સાથળ સુધી જ થયું આવી રીતે મહાપ્રભુ પોતાનો અમાપ

પ્રતાપ જણાવતા હતા. મહાપ્રભુએ તેને એકાંતિક ભકત જાણીને પરચો દીધો. પુરના જળમાંથી સુંદર રીતે પાર ઉતારી દીધો. પછી કહે તમે આગળ ચાલતા થાવ હું પાછળથી આવું આમ કહ્યું અને નાથ પાછળ રહ્યા ભકત આગળ ચાલતા થયાં અને પાછળ જોયું ત્યારે મહાપ્રભુ અંતર્ધ્યાન થયા હતા. એટલે કયાંય દેખાતા ન હતા. આવું જોઈને લોકોના મનમાં આશ્ચર્ય થયું પ્રભુને ઓળખે તેને તો પ્રગટ પ્રભુમાં પ્રેમ વિશેષ થાય એટલે ભકતે મનમાં જાણયું કે પ્રભુ મને તારવા માટે જ આવ્યા હતા. આ રીતે પરબ્રહ્મ પુરષોત્તમ પ્રભુએ પ્રતાપ બનાવીને ચકિત કર્યા. હે રાજન ! હું પણ પ્રભુને ઓળખી ન શકયો નકકી ન કરી શકયો કે **ભરવાડ રુપે થઈને ભગવાન પોતે જ અહીં પધાર્યા. આમ કહીને તે ભકત આગળ ચાલીને જતા હતા** પરબ્રહ્મ પુરષોત્તમ પ્રભુની પાસે ચાલીને જતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ **ગઢપુરમાં** વિરાજતા હતા તે ત્યાં જઈને પુરા મનોભાવથી દર્શન કર્યાં મનમાં આનંદ થયો. આવી રીતે મહાપ્રભુ પોતાના ભકતજનની રક્ષા કરે છે. બહુ જ સુખ કરે છે. મહારાજે મહાજળમાં રખવાળી કરી ભકતને ઉગારી પાર ઉતાર્યા.

આવી રીતે જે જન ભગવાનનો ત્યાગ કરીને બીજાનું ભજન કરે તે તો કેવળ પૂછડાં વગરનો પશુ સમાન મનુષ્યરૂપે છે. કેમકે આવા ભગવાનના ચરિત્રોને ન માને અને પોતાના પ્રતાપને જ વખાણે છે. એવી રીતે અસુરજન આવી વાતોને ન માને અને અને જુઠી બનાવટી વાતો જ સમજે. હે રાજન્ ! મહાપ્રભુએ સર્વના નાથે દલપતરામને પ્રીતિથી પરચો દીધો હે રાજન્ ! તે ભગવાનની બધી જ લીલાઓની વાર્તાઓ છે તે પ્રભુને ઓળખે તેને ન જ સમજાય તે પરચાને જે જાણે તે પાપમાંથી છૂટીને પ્રભુના પરમ ધામને પામી મુકત થાય છે.

તે દલપતરામ ભકતે **ગઢપુર ધામમાં મહાપ્રભુના દરશન કર્યા.** પછી **ધોળકાપુરમાં** જવાનું કહેતા હતા ત્યારે તે દલપતરામદાસ એકલાં જ ચાલ્યા પાસે કોઈ સાથમાં ન લીધા ચાલતાં ચાલતાં માર્ગમાં બહુ જ તાપ થયો રસ્તો ભુલી ગયા. મારગમાં કોઈ ગામ ઠામ ન આવ્યું. અતિશય ઉજ્જડ પ્રદેશ ખારો પાટ વેરાન ભાગ આવ્યો. પાણીનું કે ઝાડ ઝાંખર કાઈ ન આવ્યું તથા માર્ગમાં કોઈ જગ્યાએ નરનારી કોઈ આવ્યું જ નહીં. તરસ બહુ જ લાગી ત્યારે ખુબ જ પીડા થવા લાગી તરસથી જાણે પ્રાણ જતા રહેશે અતિ ઘોર વિડ આવ્યું તે માથાં ભરચક બીજું કાંઈ દેખાય જ નહી, ઘોર ભયંકર વાતાવરણ લાગે મધ્યાહ્ન કાળ થયો ત્યારે ભુખને તરસ બેય બહુ જ લાગ્યા શરીર તૂટવા લાગ્યું, જીવ અકળાયો પણ તે જગ્યાએ કાંઈ જ ન આવ્યું ત્યારે મનમાં વિચાર આવ્યો કે ગામ ઠામ કાંઈ મારગમાં આવ્યું જ નહી હવે હું કયો ઉપાય કરું, હું કયા કામે આવ્યો છું, હવે તો મારો જીવ જાય છે એમ અનુતાપ કરતો હતો મનમાં ધરમ કિશોરનો નિશ્ચય કરીને મન એમાં જોડતા હતા. હે મારા નાથ જગજીવન પ્રભુ ! મારે આજે મરી જવાનું થયું છે માટે કૃપા કરો ત્યારે ઉદ્ધાર કરવા માટે દિલના દયાળું પ્રભુ પધાર્યા. વેશ બદલીને ઘોડા ઉપર બેસીને **પઠાણના વેશે શ્રીહરિ પધાર્યા.** હાથમાં તલવાર ધારણ કરીને ધસીને અચાનક જ ઘોડાને એકદમ દોડાવતા આવ્યા, તે જોઈને દલપતરામને ભય લાગ્યો કે અસવારમાં કોઈક માણસ આવેલ છે તે મને મારી નાખશે મારા બધાં જ લૂગડાં લૂટીને લઈ જશે હવે તો મારે પ્રભુ સિવાય ઉદ્ધારનાર કોઈ જ નથી એમ કહીને પ્રભુનું મનમાં સ્મરણ કરતા જ હતા. તે આવનાર શરીરે ભારે હતા નેત્રથી બધાં વસ્ત્રો નિરખીને જોયાં ત્યારે નક્કી થયું કે આ ચોર તો નથી એવું લાગે છે, જોવાથી તે સારો માણસ લાગે છે, યુવાન અવસ્થા લાગે છે, તે જુવાન છે તે જોઈને સારો લાગે છે, તેથી તે ચકિત થઈ ગયા, પાસે આવીને

ઉભા રહ્યાં અને પૂછવા લાગ્યા તમે કયાંથી આવ્યા છો અને કયાં જવાના છો. આ તો મહાઘોર વન છે. તેમાં મરવા માટે જાઓ છો કે શું ? આ મારગ ઉપર તો કોઈ ગામ ઠામ તો છે જ નહી, પાણી વગરતો માણસ જરૂર મરી જ જાય છે એતો નક્કી જ વાત છે. ત્યારે દલપતરામ મનમાં ધીરજ ધારીને કહેતા હતા કે મારે તો **ધોળકાપુરે** જવું છે પણ અમે તો રસ્તો ભૂલી ગયા છીએ અત્યાર સુધીમાં કોઈ ગામ ન આવ્યું અને પાણી વગર પ્રાણ જવાની અણી ઉપર જ હતો, મરી જ જાત પણ તમે દયા કરીને અહીં આવ્યા તેથી હવે અમને આપ રસ્તો બતાવો, આપ તો સુખ આપનારા સુખના નિધાન છો, આપ કોણ છો ? હે કરુણાના ભંડાર ! મને કહો આપ કયાં જવાના છો, તમે તો પરમ સુજાણ છો.

આવી રીતે ભકતજનની વાત સાંભળીને દુઃખ ભાંગનારા **મહાપ્રભુ કહે અમે તો પઠાણ જાતના છીએ** વનમાં ખબર લેવા નિકળ્યા હતા, તમને સાચા મારગે ચડાવીને જઈશું. તો તમે દક્ષિણ દિશામાં ચાલો ચાલતા ચાલતા ગામ આવશે તે ગામમાં જજો તે ગામમાં એકાદ બાઈ મળશે તે બાઈ તમને જોઈને બોલાવશે, ખુબ જ આદર ભાવ કરી તમારો સત્કાર કરશે, તમે તે બાઈને સત્સંગી જાણીને ત્યાં મુકામ કરીને ખૂબ જ સુખશાંતિને પામશો. આવી રીતે કહીને સાચો મારગ બતાવીને તે અસવાર પોતે અંતર્ધ્યાન થઈ ગયા. એ તો મહાપ્રભુ સ્વયં હતા. પછી દલપતરામને રસ્તો મળી ગયો એટલે ચાલતા ગામે આવ્યા ત્યારે બાઈએ એમને બોલાવ્યા જોઈને સારી જગ્યાએ મુકામ કરાવ્યો, સત્સંગીનું મકાન સમજીને રહ્યા, સત્સંગી બાઈએ જમાડયા, સારી પથારી કરીને સુવાની વ્યવસ્થા કરી આપી પછી **દલપતરામ ધોળકા નગર**માં પ્રેમ કરીને ગયા. ત્યાં જઈને દર્શન કર્યા મનમાં બહુ જ રાજી થયા ને સુખ પામ્યા.

આવી રીતે મહારાજે પોતાના આશ્રિતજનની પીડો હરીને સહાય કરી, કમળનયન પ્રભુએ કઠિનાઈમાં પધારીને મહાવનમાં પોતાના ભકતને ઉદ્ધાર્યા એવા કાંમના મદને હરનારા પ્રભુ ઘોડા ઉપર ચઢીને જોવા માટે આવ્યા, પ્રગટ થઈને પોતાના ભકતજનને ઓળખ કરાવીને સાચા માર્ગે ચઢાવ્યા પોતે ચિત્તને ચોરીને ચાલતા થઈ ગયા. આવી રીતે પ્રભુને નિરખીને દલપતરામ રાજી થયા. દયાસિંધુ પ્રભુએ ભકતને સહાય કરીને મહાવનમાંથી ઉદ્ધારીને સાચા સ્થાને પહોંચાડયા. મહાપ્રભુ પ્રેમી ભકતજનને ઓળખીને બહુ જ પરચા દીધા આવી રીતે તે દલપતરામના સહાયના કામ કર્યા. આ રીતે જયારે જયારે ભકતજન સંકટમાં આવે ત્યારે ત્યારે મહાપ્રભુ પરચા દઈને ભકતજનને સહાય કરે છે માટે હે રાજન ! તમે જે પૂછેલું તે બધી વાતો ભાવ ભરીને અમે તમને સંભળાવી તેથી અકાંમ પ્રભુની હવે કંઈ લીલા સાંભળવા માગો છો તે પ્રીત કરીને પૂછો તો સુંદર ચરિત્રની વાર્તા તમને કહી સંભળાવું.

આનંદસિંહ રાજાએ પ્રિતી કરીને પ્રગટ પ્રભુના પ્રમાણ પરચાઓ પૂછયા તે પરચા ઘનશ્યામ પ્રભુએ દલપતરામ ભકતને પરચા પૂર્યા અને પોતાના ભકતને સહાય કરી. મહારાજે પુરમાં બહુ જ ફસાયેલા પોતાના ભકતને પોતાના ઓળખીને ઉદ્ધાર્યા તથા સુખ આપ્યા. આવી રીતે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં દલપતરામ ભકતને પરચા પૂર્યા તેનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો ।।૨૯।।**

# તરંગ-૩૦

આનંદસિંહ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સૂર્ય આદિ ગ્રહો જેમના નામ મંત્રનો જાપ કરે છે તે જપ કરનારને કોઈ પીડા ન આપી શકે, ઘનશ્યામ પ્રભુના મંદ હાસ્ય યુકત અધરોષ્ટ મનુષ્યના મનને ખેંચનારો છે. મહાપ્રભુ મંદ હાસ્ય કરીને મનોહર મુખથી શ્રી હરિ કામદેવના મદને હરે છે. ભકતના કાંમને મારે છે એ પ્રભુના ચરિત્રો આપ અયોધ્યાપ્રસાદજી મહારાજ કહો. શ્રીહરિ **માણસા** પુરથી કયા ગામે પધાર્યા, મહારાજ સર્વ સંતોને સાથે લઈને ભકતજનોની જન્મ મરણની ભ્રાંતિને તોડવા કયાં ગયા છે. તે અવધપ્રસાદજી આપ કહો.

અનંતના પાપને બાળનારા એવા અધર્મને દૂર કરીને ધર્મની સ્થાપના કરનારા એવા શ્રી હરિના મુખ કમળની મનોહરતાને જાણનારા એમના ગુણ ચરિત્રનો જપ કરે છે મદઝર હાથીની માફક મંદ ગતિથી ચાલતા એવા ધર્મનંદન મહાપ્રભુ એમના પવિત્ર અલૌકિક ચારિત્રો પૂછયા છે તે હે આનંદરાજન ! તમને કહું છું તો તેને તમારા કાન વડે સતત સાંભળતા રહો તે ચરિત્રો મહાસુખ આપનારાં થાય છે. હે રાજન ! તમે ભવદુ:ખને હરનારા મહાપ્રભુના ચરિત્ર પૂછ્યા તે સારું કર્યું. આનંદ રાજન તમારું નામ અતિ ઉત્તમ છે. તેથી તમને કહુ છું કે મહારાજ દુધિયા કૂવા પાસે થાળ જમીને પછી સર્વાંતર્યામી સુખના નિવાસરુપ સુખસાગર દયાળુ મહાપ્રભુ ભકતજનોને સુખ આપીને ચપળ મૂર્તિ ચાલવા માટે તૈયાર થયા ત્યારે ગામના ભકતજનો લાડું તૈયાર કરીને લાવ્યા તે સુખડીના લાડું લાવેલા બહુ જ સારા હતા. તે લાડવા મહારાજે સૌ સંતોને, પાર્ષદોને, અસવારોને એક એક લાડું પોતાના હાથે જ આપ્યા અસવારીની સાથે પ્રભુ પુરમાં પધાર્યા. આનંદરાજન તમારા નિવાસ સ્થાનમાં મહાપ્રભુ પોતાના દર્શન દઈને સુખ આપ્યું અને સૌનું સમાન રીતે સન્માન કર્યું. શ્રીહરિ મહાપ્રભુએ સૌ ભકતજનોની પૂજાને અંગિકાર કરીને સૌને ભવસાગરથી પાર કર્યા. પછી ત્યાંથી સુખના ધામ પ્રેમથી રાજાને આનંદ આપીને ચાલ્યા.

હે રાજન્ ! પ્રભુ પવિત્ર ચપળતાવાળી ચાલે ચાલતા થયા ત્યારે મહારાજની ચાલથી ગજરાજ પણ શરમાય તેવી ચાલે ચાલતા મહારાજ **ચરાણ** ગામે થઈને **બિલોદરા** ગામે પધાર્યા. મહાપ્રભુ ભકતજનને દર્શન દઈને **વિહાર નામના ગામે પધાર્યા**. ગામના ભકતોને ખબર પડી એટલે જગતવંદ્ય પ્રભુની પાસે આવ્યા આનંદ કંદ પ્રભુનું સન્માન કરતા હતા. હે રાજન ! જે ભકતજનો સામા આવ્યા તેમના નામ કહું છું. **ખુશાલદાસ** તે બહુ જ ખુશ થયા હતા, બીજા **કલ્યાણદાસ, કુબેરદાસ, પિતાંબરદાસ, જેઠાભાઈ** આદિ ભકતજનો પ્રભુ પાસે આવ્યા હતા. **વણિક ભકત તુલસીદાસભાઈ, વેણીદાસ, ત્રિકમદાસ, ઉજનદાસ, ઝવેરદાસ** આદિક વાણિયા તથા **હેમચંદ** નામના હરિભકત આવ્યા હતા. હે રાજન ! ભકત **ભુલદાસ** નામના **ભુખણ ભકત, સેવકરામ, મનોર ભકત, જીવણદાસ, ભલાભકત** આવ્યા હતા. **જગનાથ** તથા **મુળજી** આદિ. **રળિયાત ભકત, જીવીભાઈ, ઝમકુ** સહિત **દેવબાઈ, માંનબાઈ, માનકોર બાઈ, બેનકોર** આ બધી હરિભકતોમાં મુખ્ય દૃઢ ભક્તિવાળા બાઈઓ હતા. સુતારમાં ભકતજન **જગાભાઈ** વાળંદ **આશારામ જેઠીદાસ** તે બધા હરિભકતો ભગવાનની ભકિતમાં મગ્ન હતા. **અમુલખ, રાજબાઈ, માનબાઈ,** આદિક નારી ભકતજનો પ્રભુ પાસે દોડીને આવ્યા. દૃઢ ભકિત ભાવથી મનમાં બહુ જ ભાવતા હતા, પ્રગટ પ્રભુના ગુણ ગાતા સામાં આવ્યા કોયલ જેવાં મધુર કંઠથી ગાન કરતી પ્રગટ પ્રભુમાં પ્રગટ પ્રીતવાળાં આવ્યાં. ભેટ લાવ્યાં હતાં તે ધર્મનંદન પ્રભુને અર્પણ

કરીને જાત જાતના વાજાં વગાડતાં થકાં આવ્યાં હતાં. પ્રભુને નિરખીને ધર્મકુળ ચંદાને નિરખીને દંડવત્ પ્રણામ કર્યાં સૌએ દર્શન કર્યાં ભેટ લાવેલાં, તે પ્રભુ પાસે ધરીને નાથને ઉરમાં ધારીને મોદ-પ્રમોદ પામતાં થકાં પુરમાં લાવ્યાં. મહાપ્રભુ આખા ગામમાં ફરીને પૃથ્વી પાવન કરીને ભવને પાર કરનારા મહાપ્રભુએ ભકતોને સુખ આપ્યાં.

પછી ગામથી પૂર્વ દિશામાં સરોવરની પાળ પાસે લીમડાના વૃક્ષ નીચે લોકોના ભયને તોડનારા મહાપ્રભુએ સૌના મનને હરિન ભકતોના કલ્યાણ કરવા સર્વ સંતોની સાથે મુકામ કર્યા. સૌ સંતો ભકતો સાથે વિરાજમાન થયા ત્યારે સર્વજન સમુદાય દર્શન કરવા આવતા હતા. લોકોને ભવપાર કરાવવા જહાજ રૂપે મહાપ્રભુ વિરાજમાન થયા હતા. મહાપ્રભુ ત્યારે જ્ઞાનની વાતો કરતા હતા. પંચવ્રતમાનનું પાલન કરવું, ત્યાગ, વૈરાગ્યયુકત થઈને મારા સ્વરુપનું વિશેષ રીતે ભજન કરવું, આના માટે આવો બીજો સારો અવસર આવવાનો નથી. એટલા માટે જ રાજાધિરાજ ગરીબ નવાજ મહાપ્રભુ લોકોના કાર્ય કરવા માટે પધાર્યા છે માટે ભજન કરીને જગતનાં બંધનો તોડીને ભોગોનો ત્યાગ કરીને વિષયોને ઝેર જેવાં સમજીને રોગ સમાન માનીને પ્રભુનું ભજન કરી લેવું. મહારાજ આવી રીતે જ્ઞાનની વાતો કરતા હતા. ભકતજનો ઉરમાં ધારણ કરતા હતા. બધા જ લોકોના સંશયોનો નાશ કરતા હતા. સર્વના શોક અને દુઃખનો નાશ કરતા હતા. એટલામાં બપોર થયા રસદાર રસોઈ થઈ એટલે જમવા તૈયાર થયા. પિતાંબર ભક્તનું પવિત્ર ઘર જોઈને મહાપ્રભુ જમવા માટે પધારતા હતા, જનસમુદાય દર્શન કરતાં હતાં. શ્રીહરિએ સ્નાન કરીને પીળાં સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હતા. પછી મહાપ્રભુ ચોકી ઉપર વિરાજમાન થયા અને જનસમુદાય ચારે બાજુ આવીને જોવા લાગ્યા લોકોના મનને આનંદ આપનારા જગતના નાથ જમતા હતા, જમતા વારંવાર જળપાન કરતા હતા. મહાપ્રભુ જમી રહ્યાં જળપાન કરીને મુખવાસ મુખમાં લીધો પછી પંચોતેર સંતો તથા બીજા સેવકો હરિભકતોની સાથે પાર્ષદો શોભતા હતા. મનોહર પ્રભુ સંતોની પંકિત જોઈને પછી રસોડામાં જોવા પધાર્યા ત્યારે જમનારા વધારે હતા, પકાવેલ રસોઈ ઓછી હતી. તેથી નરવીર મહાપ્રભુએ બધાય પાક નીરખીને જોયા.

પછી કરુણાસાગર મહાપ્રભુ સૌને કહેતા હતા કે લાડું મને આપો મારે લાડું જમવા છે, પ્રેમથી જમશું, આમ કહીને મહારાજે લાડું હાથે લીધો સૌના મનને આનંદ આપવા તરત જ લાડું જમ્યા. હે રાજન ! મહારાજે પ્રસાદી કરી દીધી. પ્રભુએ પ્રસાદી બધામાં મેળાવીને કપડું ઢાંકતા હતા અને કહેતા હતા કે વાસણો ભરી ભરીને કાઢીને લઈ જાઓ. ઢાંકેલું વસ્ત્ર દુર નહીં કરવાનું લગારે ઉઘાડવાનું નહીં, આવી રીતે અજીત મહાપ્રભુએ આજ્ઞા કરી દીધી જેવી રીતે જગતના નાથે વ્યવસ્થા કરી તે મહારાજ લગારે આંચ આવવા નહોતા દેતા, બહુ જ પીરસતા હતા, પાક તૈયાર હતો તેમાંથી સૌ પુરુષો અને નારીઓ જમ્યાં સૌ સંતો હરિભકતો સહિત અસવારોને સર્વને મહાપ્રભુએ વારંવાર જમાડીને અદ્ભૂત કામ કરી દીધું. હે રાજન્ ! આ પરચાની વાત આખા ગામમાં જણાણી તેથી લાડું અખૂટ રહ્યા તે જાણીને આશ્ચર્ય થયું સૌને વિશ્વાસ થયો લાડું ન ખૂટયાં મહાપ્રભુએ પરચો દીધો એ પ્રમાણે કહેતા હતા. હે રાજન્ ! સૌ નરનારીજનો વાતને જાણતા હતા, આ વાતને કોઈ જુઠી ન જ કહી શકે કેમ કે પંગતમાં એક વખત પહોંચે તેટલીય રસોઈ પુરી હતી જ નહીં તોય બધી પંગતમાં પીરસાઈ ગયું જમી રહ્યા તો પણ લાડું વધ્યાં એ જ વાત છે. તે બધાય અસ્વારો, સંતો, પાર્ષદોએ ગામમાં લાડું આપ્યા તોય વધ્યા જ મહામોટો પરચો થયો એ પ્રભુનો પ્રતાપ છે.

હે રાજન્ ! આવી રીતે મહાપ્રભુ પોતાના ભકતજનને આનંદ આપવા વારંવાર અનેક પરચા આપતા હતા, ચિત્તને આનંદ આપનારા મહાપ્રભુ આ રીતે ચમત્કાર કરીને પરચા આપતા હતા તે અનેક પરચા પ્રસિદ્ધ જ છે. હે રાજન ! બીજી પણ વાત પરચાની તમને કહુ છું. એજ ગામમાં એકાંતિક હરિભકત બ્રાહ્મણ જ્ઞાતિના હતા તે વિપ્ર દઢ સત્સંગને ધારણ કરીને દઢતાથી ભકિત કરતા થકા ધર્મનુ પાલન કરતા હતા. હરિભકતો હરિમાં સતત મન પરોવીને હરિની સેવામાં સતત રહેતા હતા, તેથી હરિ કયાંય સુખ દેવા દૂર નહોતા જતા. હે રાજન ! તે બાઈ હરિભકતો, શ્રી હરિ અને સંતોની સતત સેવા પરિચર્યામાં રેહતી હતી અતિ અપાર શ્રદ્ધાથી સેવા કરતી હતી તેના ઘરમાં એક સારી ભેંસ હતી, સુખરુપ દુધ, ઘી આપતી હતી સૌને સુખ થતું આ રીતે રહેતા હતા. તે ભેંસનું સંતોને માટે દુધ અને છાશ આપતાં હતાં. આવી રીતે દુધ લાવીને મોટી સેવા કરતા હતા. ઘરમાં પોતાના બાળકોને તો કેવળ છાસ જ ખાવા આપતાં હતાં. આવી રીતે હરિભકત આનંદથી પ્રભુ ભજતા હતા.

હે રાજન્ ! આમ કેટલોક સમય વિત્યા પછી તે ભેંસ બાખડી થઈને દુધ આપવાનું બંધ થયું ત્યારે સંત કે બાળકો કોઈને દુધ કે છાસ કાંઈ મળતું જ ન હતું, હે રાજન્ ! એક બે વર્ષની પાડી (નાની ભેંસ) તે ફળેલતો ન હતી, તોય તે ભેંસને સારી રીતે ખાણ - દાણ ખવરાવતા હતાં બાઈ પ્રભુ સ્મરણ કરીને નાની ભેંસને દોહતાં હતા, પહેલાં જ દોહયું ત્યારે પાણી જેવું દુધ આવ્યું તેને બધાય નિષ્ણાતોએ જોયું, પછી પ્રગટ પ્રભુના સ્વરુપમાં પ્રેમથી ધ્યાન કરીને દોહયું ત્યારે બહું જ સારું વધારે દુધ નિકળ્યું. તે દુધમાંથી સારા પ્રમાણમાં ઘી પણ નીકળતું હતું તે જગતના જ્ઞાની-અજ્ઞાની સૌએ જોયું તથા તે દુધ ધીને સૌ સંતો અને બાળકો જમતા હતા તથા બનાવેલી છાસ પણ સારા પ્રમાણમાં વાપરતાં હતાં. આ વાત આખા ગામમાં જાહેર થઈ ત્યારે સૌ આશ્ચર્યચક્તિ થઈ ગયા કે વગર વિહાયેલી ભેંસ દુધ દોહવા દે છે તે જાણીને વિચાર કરતાં હતાં. આ રીતની વાત જાણીને સૌને બહુ જ પ્રમાણમાં આશ્ચર્ય થતું હતું જયાં સુધી મોટી ભેંસ ફરી વાર વિહાણી ત્યાં સુધી સતત નાની ભેંસે લગભગ આઠ મહિના સુધી સતત દુધ આપ્યા કર્યું પછી દુધ આવતું બંધ થયું તે વાત સૌ જાણતાં હતાં, આવી રીતે શ્રી હરિ અનેક પરચા આપતા હતા મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતજનોને સુખી કરતા હતા. આવા પરચાઓ કહેતાં તો પાર આવે જ નહિ તે અપાર છે.

પછી મહાપ્રભુ સંતો ભકતજનોની સાથે જવા માટે તૈયાર થતાં હતા જેમના મહિમાને અનંત મુકતો ગાયા જ કરે છે એવા મહાપ્રભુ પોતે ઘોડા ઉપર બેસીને અસ્વાર થઈને ઘોડે સ્વારોની સાથે સાબદા થઈને ચાલતા હતા. હે રાજન ! શ્રી ઘનશ્યામ પ્રભુ ગામો ગામ વિચરણ કરતા થકાં પોતાના આશ્રિત જનોને જાણ કરાવતા થકા ભકતજનોને સુખ દેતા હતા, એવા મુક્તિ દેનારા પ્રભુ સુખ દેતા હતા. ધર્મનંદન આમ વિહાર ગામમાં પોતાના આશ્રિત ભકતોને સુખ આપીને પ્રેમથી પરચા આપીને અવિનાશી પ્રભુ પોતાનો મહિમા સમજાવતા હતા.

શ્રી સહજાનંદ સ્વામી **માણસા** પુરથી આવીને વિહાર ગામમાં ધર્મનંદન મહાપ્રભુએ સંતોને હરિભકતોને જમાડીને સુખદાયક પરચો આપીને પોતાનું પૂર્ણ સ્વરુપ સમજાવ્યું, બે વરસની ભેંસે વિહાયા વગર પુરુષોત્તમ પ્રભુએ કૃપા કરીને દુધ અપાવરાવ્યું, આમ મહાપ્રભુના ચરિત્રના સંગ્રહરૂપ ત્રીસમો તરંગને શ્રી હરિલિલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં વિહાર ગામે શ્રીહરિના ચરિત્રનું વર્ણન કર્યું, એ નામે આ ત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૦ ॥**

# તરંગ-૩૧

આનંદસિંહરાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પૃથ્વી ઉપર મેઘ સમાન શ્યામ સ્વરુપે અવતાર ધરીને મેઘ સમાન રાહ જોતા થકાં સતત ચિંતવન કર્યા કરે છે એવા મહાપ્રભુ ઘોડા ઉપર અસવાર થઈને વિચરણ કરે છે. એવા પૂર્ણ પુરુષોત્તમ પ્રભુના ચરિત્રો લોકોના જન્મ જન્માન્તરના દુઃખોને ટાળવા માટે વિચરણ કરનારા મહારાજ **વિહાર**થી કયા ગામ પધાર્યા તે લીલા મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! માર્ગમાં ચાલતા તેજાયમાન મૂર્તિવાળા મહાપ્રભુ કામદેવને બાળનારા જેમનું બ્રહ્માદિ દેવો ધ્યાન ધર્યા કરે છે એજ મહાપ્રભુ ગજને છોડાવવા ગ્રાહરુપ તથા રાહુ ગ્રહનું મસ્તક કપાવી નાખનારાં એવા તે સહજાનંદ સ્વામી આનંદના સાગર મુકુંદ મહાપ્રભુ **વિહાર**થી પોતાની ઈચ્છા મુજબ ચાલીને **ગેરીતા** ગામે પધાર્યા, હે રાજન્ ! શ્રીહરિ વિહાર ગામમાં આશ્રિત જનોના કામો કરીને રાજી થઈને સંતો ભકતજનોને પંગતમાં વારંવાર ફરીને દુધ, દહીંની રેલમછેલ કરીને બધાંને સારી રીતે જમાડયા સંતોને જમાડયા પછી મહાપ્રભુ જગતના સ્વામી ભકતજનોને અનંત સુખો આપીને ચાલવા માટે તૈયાર થયા.

હે રાજન્ ! મહારાજ **વિહારથી ગેરિતા નામના ગામે પધાર્યા** અતિ શોભાના ધામ મહાપ્રભુ સંતોની સાથે ઘોડા ઉપર અસ્વાર થઈને અવિનાશી પ્રભુ ગેરીતા પધાર્યા ત્યારે ગામના મનુષ્યોને ખબર પડી એટલે ગામના આગેવાન જનો પ્રભુ પાસે આવતાં હતાં તેઓના નામ કહું છું તે સાંભળો તે સાંભળવાથી પાપો નાશ પામે છે. **હરિસિંહ, આશારામ, શેઠ અંબારામ નંદરામ, રામચંદ્ર, જેચંદ, રામચંદ, રુપો, જેઠીજી** બાઈ **માનકોર, ઉગરી, કમલા વખત, રાજબાઈ, જમના, હુલાસ પુજોજી, જલોજી** ક્ષત્રિયમાં **રઘનાથ** આદિક સૌ જનો મળીને સહજાનંદ સ્વામીની સામે અનેક પ્રકારના વાજાં વગાડતાં આવ્યાં. દર્શન કર્યા દંડવત્ પ્રણામ કર્યા. લાવેલ ભેટ અર્પણ કરી હે રાજન્ ! શ્રી હરિ ગામમાં પધારી પાવન કરીને નરનારીજનોને દર્શન દઈને ભકતજનના ઘેર પધાર્યા. દયા કરીને દર્શન દઈને દુઃખો દૂર કરીને પરમ સુખ આપ્યા. ભકતજનના ઘેર મહાપ્રભુ થાળ જમ્યા સંતોને જમાડવા માટે લાડું દઈને ખૂબ જમાડ્યા પછી પૂજા ગ્રહણ કરીને પુરુષોત્તમ પ્રભુ ભકતજનોને સુખ કરવા સર્વે સંતોની સાથે **પામોલ ગામે પધાર્યા**. ત્યાં **પામોલમાં ઘનેશ્વર, હરદેવ** આદિ ભકતોના ઉરમાં આંનદ વધાર્યો તથા **ખુશાલ ભકત** તથા **ગવરી શંકર** નામના સારા **વિપ્ર** તથા **રામબાઈ** તથા **સાંકળેશ્વર, મનોહર** આદિ હરિભકતો શ્રી હરિ પધાર્યા જાણીને ગાતા વગાડતા સૌ હરિની સામે લેવા આવ્યાં મનમાં ભાવતાં થકાં મહાપ્રભુ પુરમાં લાવતાં હતાં. પ્રાણપતિ પુરમાં પધરાવતા હતા. જગતના પતિ મહારાજ સર્વભકતજનોના ઘેર બધે થાળો જમીને પુરને પાવન કરીને ભકતજનોના ઉરમાં અતિ આનંદ કરીને ભક્તિ વધારીને મહારાજ પોતે અનંત મૂર્તિ સંતોની સાથે **બામણવા** ગામે પધાર્યા. પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને ભકતજનો સામાં આવ્યાં પ્રભુજીના ગુણને ગાતા આનંદ પામતાં આવ્યા તેમના નામ **નારુજી, ગાંગજી, ભકત**

**રવોજી** આદિ સૌ વાજાં વગાડતા થકા ગુણ કીર્તનો ગાતા થકાં આવ્યા ને શુદ્ધ દિલના ભકતો ભાવથી તેડવા આવ્યા હતા. મહાપ્રભુ શ્રીહરિને પુરમાં લાવ્યાં શ્રી સ્વામી સહજાનંદ પ્રભુએ ગામવાસીઓને પાવન કરીને તથા ગામમાં પધારીને ગામને પાવન કરીને ગામની દક્ષિણ દિશામાં ઉતારો કર્યો. ત્યાં મહાપ્રભુએ પોતાના હાથે જ રસોઈ બનાવી તે સરસ રસોઈમાં શીરો અને બાટી બનાવ્યાં, અને મહાપ્રભુ થાળ જમ્યાં અને પોતાના ભકતજનોને સુખ આપ્યું જગવંદ્ય પ્રભુએ સૌ જનોને આનંદ કરાવ્યો. મહાપ્રભુએ ભકતજનોના ભવદુઃખના સંકટ ખાળીને ભકતજનોના પાપના સમુહને બાળીને શરણે આવેલાને સુખ આપીને ઘનશ્યામ પ્રભુ ચાલતા થયા.

સર્વત્ર વ્યાપક મહાપ્રભુ સંતોની સાથે વડનગરે પધાર્યા ત્યારે નગર વાસીઓ સૌ સમાચાર જાણીને સામાં આવ્યાં. મહારાજ પધાર્યાનું જાણીને સ્ત્રીજનો સોળે શણગાર સજીને કોયલ જેવા મધુર સ્વરે કીર્તનો ગાતી અકામ પ્રભુની સાથે વિજળી જેવા તેજથી શોભાયમાન થઈ પુરુષો પણ ખૂબ જ નવાં નવાં રુપવાળા હાથમાં શ્રીફળ લઈને આવતાં હતાં. કેટલાક ભકતજનો હાથમા ફૂલના હારો લઈને તથા અનેક પ્રકારની ભેટને અનેક લઈને તથા પુરનો અધિપતિ પવિત્ર મનવાળો તે સરકારનો વફાદાર હતો તે સરદાર. એ આદિક સૌ અસ્વારી સજ્જ કરીને સામાં આવીને શ્રી હરિનું સ્મરણ કરતા થકા શ્રી હરિના સામાં આવતાં હતાં ઘોડા ઉર ડંકો નિશાન આદિનો મહા શબ્દ કરતા થકા ગામથી ચાર ગાઉ સુધી અસવારી લઈને સામા આવ્યા, નોબતને વગાડતા થકા મોટો ઘોર શબ્દો કરતા હતા તે સાંભળીને મેઘને શરમ આવે તેમ ગાજતાં હતાં. પ્રભુ પાસે આવીને દંડવત્ પ્રણામ કરીને પ્રભુને નિરખીને બધી જ અસવારી બહુ જ હર્ષને પામતી હતી. પછી મહાપ્રભુ જનસમુદાયથી ઘેરાયા થકા જીવન પ્રાણ આવતા હતા દિલમાં દયા લાવીને સુખ આપતા હતા. હે રાજન ! તે અસવારી કરીને આવેલા જનના નામ કહું છું તેને તમે સાંભળો. તેનાથી સાંભળનારાના બધાંજ પાપો બળી જાય છે, અતિશય સુખ થાય છે. તે **વનમાળી સુરજરામ** તથા **આદિત્યરામ** નિષ્કામ મનવાળા તે આવ્યા હતા. ભકતજન **ઉજમરામ** તથા **સદાશિવ** તથા **શામળદાસ, ભીખાભાઈ**એ આદિક બ્રાહ્મણ વર્ગના ભકતો અનેક આવ્યા હતા અને હાથમાં કિંમતી ભેટ બહુ જ લાવ્યા હતા. ભકતજન **જુમખરામ**, તથા શુદ્ધ મનના **માનચંદ** મનથી જપ જાપતા આવ્યા. **નરસિંહ, બળદેવ** તથા **પુજાબાઈ** આદિ ભાવ ભરીને અનેક ભકતજનો સામાં આવ્યા હતા.

તે બધા જ શુદ્ધ મતિના હતા. સૌ ભકતજનોએ દંડવત્ પ્રણામ કરીને લાવેલ ભેટ અર્પણ કરીને ધીરજ ધરીને મૂર્તિને ધ્યાનમાં ઉતારી ને પછી અસવારી ચાલીને આવતી હતી ત્યારે ભયભંજન છબી બહુ જ શોભતી હતી. હે રાજન્ ! શ્રીહરિ **માણકી ઘોડી** ઉપર વિરાજમાન થઈને લોકોથી વિટાયા થકા શોભતા હતા.શ્રી હરિ પુરમાં પગલાં પાડી શોભા વધારતા હતા. જયારે લોકો **વડનગર**ની પાસે આવ્યા ત્યારે મહાપ્રભુની મુરતિની મનોહરતા જોઈને મનમાં બહુ જ આનંદ પામ્યાં પુરની ચારેકોર બાગબગીચાઓ બહુ જ બનેલા હતા તેમાં જાત જાતના ફૂલો, ફળો શોભતાં હતાં તે વૃક્ષો ઉપર પક્ષીઓ કલરવ કરતાં હતાં. ભમરાઓ કમળના ફુલો ઉપર ગુંજારવ કરતાં હતાં. બધાં જ પક્ષીઓ ઉંચો નાદ કરતાં હતાં એવું મોટું સરોવર પાણી ભરેલું સાગર જેમ શોભતું હતું. શ્રીહરિ મહાપ્રભુ પુરની મનોહરતા જોઈને સુંદર દરવાજાઓ ગોળાઈવાળા તથા તેના કમાડો લોઢાંથી જડેલા બનાવેલાં હતાં. સારી ઘાટ ડીઝાઈનવાળા શોભતાં હતાં. એને ફરતો કિલ્લો તે અતિશય ઉંચો ઉમંગ કરનારો એનું વર્ણન કરતાં શરમાવે તેવી શોભા તેને જોઈને મહાપ્રભુ પ્રવેશ કરતા હતા ગણનાયક ગુણવાન

પ્રભુના ગીત કીર્તનો ગાતા હતા. શ્રી હરિ મહાપ્રભુએ જે દરવાજેથી પ્રવેશ કર્યો તે દરવાજાને **પિઠોરી દરવાજો** કહેવાય છે. તેને પવિત્ર કરીને નિષ્પાપ કર્યો. શ્રી હરિ રાજ માર્ગ ઉપર ચાલીને સૌ સંતોની સાથે શોભા વધારતા થકા અવનિ પતિ શોભતા હતા. તે માર્ગ ઉપર ચારે બાજુ લોકો દર્શન કરવા ઉભાં રહયાં હતા. શ્રી હરિ જતા હતા તેને નિરખતાં હતાં ધામના ધામીને જોઈને મનથી વારિ જતા હતા. રાજી થતા અને સુખ પામતાં હતાં. આવી રીતે તે દર્શન દઈને સૌના મનને ખેંચતા થકાં ચાલ્યા જતા હતા. રાજાની અસવારી આગળ જતી હતી. તેની મર્યાદાનું પાલન કરનારા પાછા પગે ચાલતા હતા. એમની પાછળ સંતો મહંતો ચાલતા હતા. તેનાથી જાણે મેઘાડંબર આવતું હોય અને જેમ આકાશે મેઘગાજે તેમ ઉત્સવ થતો હતો. અને પ્રભુની છબી શોભતી હતી. આવી રીતે પ્રેમપૂર્વક શ્રી હરિએ કૃપા કરીને નગરમાં ફરીને પાવન કરીને દયા કરીને સૌને દર્શન દઈને જનોને હર્ષ પમાડીને સુખ આપ્યા.

પુરુષોત્તમ પ્રભુ પુરમાંથી બહાર પધાર્યા સાથે સંતો ભકતો અસ્વારો સૌ ઉત્તમ શોભા કરીને મહારાજ નાગધરા નામના સ્થળે પધાર્યા. તે વિશાળ સરોવરની શોભા બહુ જ હતી. મહારાજ પધારવાથી અતિ શોભા થઈ ગઈ, તે નાગધરા તળાવના કાઠાં ઉપર આબાંના વૃક્ષો ઝૂકેલા તેનાથી ચિત્તમાં શાંતિ થતી હતી. તેની છાંયા બહુ જ ઘાટી જોઈને શ્રીહરિ સુખ રુપ ત્યાં આવતા હતા. ત્યાં ગાડી ઉપર આસન કરીને શ્રીહરિ બેઠા સૌ સંતો પણ ત્યાં જ મુકામ કરતા હતા. સૌ ઘનશ્યામ પ્રભુ સામે બેસતા હતા તે સભા અલૌકિક રીતે મહારાજની સાથે શોભતી હતી. હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ તે સુંદર ખૂબ જ વિશાળતાવાળું તળાવ જોઈને અવિનાશી પ્રભુ મનમાં બહુ જ રાજી થયા. તરત જ શ્રી હરિનાથ બધા જ વસ્ત્રોને બદલીને નહાવા માટેના વસ્ત્રોને ધારણ કર્યાં હતા. વસ્ત્રોને ધારણ કરીને સર્વ સંત સમુહની સાથે મહારાજે જળમાં પ્રવેશ કર્યો. સર્વજન સમુદાયથી વિટાયા થકા જળમાં બહુ જ જળની રમતો કરીને સૌને બહુ જ આનંદ કરાવ્યો, પછી જળમાંથી બહાર આવીને શરીરને કોરાં વસ્ત્રથી કોરું કરીને નવાં વસ્ત્રો ધારણ કર્યાં. ધર્મસુત ધરા ઉપર ધર્મને દૃઢ ધારણ કરાવતા હતા.

ત્યાર પછી મહારાજ પોતે નગરના નાળાં ઉપર બેઠક કરીને વિરાજમાન થયા. તે પ્રભુના સ્વરુપને જોઈને કામદેવ પણ શરમાય તેવા મનોહર લાગતા હતા. ત્યારે બધી બાઈઓ **જેઠીબાઈ અને દોલીબાઈએ** થાળ બનાવીને તૈયાર કરીને મોટા પાત્રોમાં મહાપ્રભુની પાસે પ્રીત કરીને લાવી તેને સુંદર રીતે જમતા હતા. જમીને પછી પ્રાણપતિ અખિલેશ મનમાં બહુ જ હેત લાવીને સંતોને પીરસીને જમાડયાં ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડે છે એ જોઈને સર્વ દેવો દોડતા થકા મહાપ્રભુના હાથની પ્રસાદી લેવા માટે આવતા હતા. મહાપ્રભુના ગુણો ગાતા થકા બહુ જ મોહ પામતા થકા આવતા હતા. સુખકંદ મહાપ્રભુ સૌ દેવ સમુદાયને પ્રસાદી આપતા હતા. આવી રીતે અવિનાશી મહાપ્રભુ સુખ આપીને પછી સુંદર ગાડી ઉપર નવા વસ્ત્રો ધારણ કરીને સુંદર રીતે વિરાજમાન થયા ત્યારે પરમાત્મા સર્વોપરી સુંદર રીતે શોભતા હતા.

સૌ સંતો પણ શ્રી હરિની પાસે આવીને બેઠાં હતાં મહામોટી સભા થઈ ત્યારે તે **વડનગર** પુરના પુણ્યશાળી શાહુકારો બધા જ શ્રી હરિ મહાપ્રભુના દર્શન કરવા માટે ત્યાં આવ્યા હતા દર્શન કર્યા અને શ્રી હરિના ચરણકમળમાં ચિત્ત પરોવીને ચિંતવન કરી સોળ ચિન્હોને જોતાં હતાં આમ શ્રી હરિને મહામોટા પુરુષોત્તમ પરબ્રહ્મ જાણીને મનના પાપોને બાળતા હતા સુખ તે સર્વે ભગવાનના ભકતો પૃથ્વી ઉપર સતસંગી થયા ત્યારે બધા જ શેઠીયાઓ ઉમંગથી સુખ પામ્યા આવી રીતે મહાપ્રભુ પોતાના આશ્રિતજનોને સુખ આપતા

હતા. પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન થયા હતા. તે સભામાં મહાપ્રભુ સ્વમુખે અમૃતમય વાણીથી રાજી થઈને બહુ જ વાતો કરી જ્ઞાન આપ્યું ત્યારે શઠ લોકો મનમાં રાજી થઈ ગયા પછી અજીત પ્રભુનો પરમ આશ્રય કરીને આશ્રિત થયા.

શ્રી ગુણવંત પ્રભુ **ગેરીતા** ગામે આશ્રિત ભકતોના ત્રાસને હરીને સુખ આપીને **વડનગર** ગામે પધાર્યા નગરના સૌ નરનારીને દર્શન દઈને નાગધરે પધારીને ત્યાં પાવન કરવા મુકામ કર્યો. અકામ પ્રભુ શોભાના ધામી પ્રભુ થાળ જમ્યા. સરોવરમાં સ્નાન કર્યું. ત્યાર પછી મોટી સભા કરીને વિરાજમાન થયા આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે એકત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિ વડનગરમાં લીલા કરતા હતા તેનું વર્ણન કર્યું એ નામે એકત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥૩૧॥**

# તરંગ-૩૨

આનંદ સિંહ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ગુગળનો ધુપ જેમને પ્રિય છે એવા ઈંદ્રાદિક દેવોનો સમુહ તથા વિશ્વામિત્ર આદિક ઋષિ સમુદાય આદિક સૌ સતત જેમના ચરિત્રોને ગાયા કરે છે. એવા પ્રગટ પ્રભુ સર્વોપરી મારા અંતઃકરણમાં આવીને નિવાસ કરે છે એવા મહાપ્રભુના સુંદર ચરિત્રો આપ મને સંભળાવવા કૃપા કરો જેનાથી મારા સર્વ પાપો બળી જાય, **વડનગરમાં** નિવાસ કરીને શ્રી હરિએ જે જે લીલાઓ કરી હોય તે બધી જ લીલાઓ હે અવધપ્રસાદજી મહારાજ મને કહો.

અવધપ્રસાદજી કહે છે હે આનંદ સિંહ રાજન ! કમલપુષ્પ સમાન જેમના હસ્તકમળ છે, તેમજ કમળ સમાન જેમના મનોહર નયનો છે જેનો સ્પર્શ કરવાથી પુષ્કર તિર્થ સમાન પાવન કરે છે એવા. આકાશની માફક વ્યાપક સર્વના પ્રપંચને તોડી નાંખે છે એવા ઘનશ્યામ પ્રભુના ચરિત્રો હે રાજન ! તમને કહું છું તે તમો સાંભળો. **વડનગરમાં** નિવાસ કરીને પ્રભુએ જે જે લીલા કરી તે કહું છું, ભકતજીનોના મનને જીતનારા એવા મહાપ્રભુ સૌના પાપના ઓઘોના સમુહને દુર કરનારા સર્વ શાસ્ત્રના સારને જાણનાર તેના ચરિત્રો કહું છું. નટનાગર પ્રભુ સુખના સાગર સર્વના નાથ **વડનગર**ના બધા જ શેઠીયાને પાવન કરવા સુંદર જ્ઞાનની વાતો કરીને જગતાતે પાવન કર્યા, પછી કોમળ અંગોવાળા મહાપ્રભુ સરોવરના કાંઠે સારા મકાન તરફ જતા હતા. હે રાજન ! તે મકાનનું નામ ધર્મશાળા તરીકે કહેવાય છે, બધાં સંતોના મંડળની સાથે ઘનશ્યામ પ્રભુએ પંગત કરીને વારંવાર પંગતમાં ફરીને જમાડયા તેના મુનિજનો ગુણને ગાતા જ રહે છે. શેષ, શારદા ગાયા કરે છે. યુકિત કરીને મહાપ્રભુ સંતોને જમાડતા હતા ત્યારે મહાપ્રભુ લાડું સારા પ્રમાણમાં પીરસતા હતા, આવી રીતે જમાડીને મહાપ્રભુ સંત સમુદાયને અપાર સુખ દઈને આનંદ કરાવતા હતા. હે રાજન ! પછી શ્રીમુખે ઘનશ્યામ પ્રભુ વાત કરતા હતા, હે મારા આશ્રિત જનો તથા બધા જ મુનિજનો સાંભળો આ ધર્મશાળા કહેવાય છે કરાવનારનું તરત જ કલ્યાણ થઈ જાય છે. કેમ કે એ પરમારથનું કામ છે. આવા કામ કરનારને ભવસાગરમાં આવવું જવું ન પડે, આવી રીતેની શ્રીહરિના મુખની વાત સાંભળીને સંતો ખૂબ જ રાજી થાય પછી મહાપ્રભુ પ્રીતિથી નાગધરે સંતોની સાથે જઈને સંતોને સુખ આપતા હતા, દિવસની એક ઘડી રોકાઈને ઘનશ્યામ પ્રભુ

ફરી પાછા પુરની સમીપમાં પધાર્યા.

પુરની પાસે પુરથી ઈશાન કોણમાં સુંદર વેદી ઉપર વિરાજમાન થઈને શોભતા હતા એમની સામે સૌ સંતો હરિભકતો સારી રીતે બેઠા પછી મહાપ્રભુ મુખેથી મધુરવાણીથી સુંદર રીતે કહેતા હતા. મુનિમંડળ મધુર કીર્તનો ગાતા હતા, પુરુષોત્તમ પ્રભુ સુંદર રીતે પ્રેમથી સાંભળતા હતા. અને સૌ ભકતજનો એકાગ્ર મન થઈને સાંભળતા હતા. એટલામાં **કુમારની પત્ની** બંને હાથ જોડીને નમન કરતી પ્રણામ કરીને પ્રભુ સનમુખ બેઠી ધર્મનંદન મહાપ્રભુને કરગરીને કહે હે પ્રભુ ! સાંભળો, હે હરિ ! અમારી સ્વતંત્ર રસોઈ લ્યો જમો. હે પ્રભો ! લાંબા સમયે નહી પણ આવતી કાલે જ લ્યો અને કૃપા કરો અમને આપના દીન સેવક જાણીને લ્યો ત્યારે મહાપ્રભુ કહે અમારે રહેવાનું તો નથી ચાલવાનું જ છે. અમારે જલદીથી જવાનું થયું છે આમ કહેતા હતા. તમારો અમારી ઉપર આવો ભાવ છે એટલે અમે તો સૌની સાથે રસોઈ બનાવરાવીને જમ્યા છીએ આમ કરુણાસાગર પ્રભુએ વાત કરી ત્યારે સભામાં સભાસદોના મનમાં આનંદનો પ્રવાહ વહેતો હતો. લોકો સેવા કરવા તત્પર થઈને જગતના ઈશની સેવા માટે ફૂલના હારો, ચંદન લઈને મહાપ્રભુની નખશીખ પુજા કરીને મહાપ્રભુની આરતી કરતા હતા પછી બંન્ને હાથ જોડીને સ્તુતિ કરતા હતા.

ભકતજનો સ્તુતિ કરે છે - હે અવતારના અવતારી અજીત પ્રભુ આપનો જય જયકાર થાય આપનાથી કાળમાયા આદિક થર થર કંપતા રહે છે. ઈશ્વરો દિગપાલો ગભરાતા રહે છે એવા આપ પામર જનોને તારવા માટેએ એમના પાપોને બાળવા હે ધર્મનંદન મહાપ્રભુ ! સર્વના ફંદને હરવા પધાર્યા છો. આપે પૃથ્વી ઉપર **મત્સ્ય અવતારને** ધારીને શંખાસુરને મારીને તેની પાસેથી આગમો નિગમ વેદોને લાવ્યા એવા કરુણાના સાગર આપ અવતારી પ્રભુ અજીત આપ જય જયકારને પામો. હે કમલનયન પ્રભુ ! આપ **કચ્છપ અવતારને** ધારણ કરીને સમુદ્ર મંથન સમયે મંદરાચલગિરીને ઉપર ધારીને લક્ષ્મીને લાવીને દેવો અસુરોના કાર્યો કરતા હતા, અમાપ કામ કરીને સુખ કરનારા અજીત પ્રભુ આપનો સર્વત્ર જય જયકાર થાય. પૃથ્વી ઉપર **વરાહ રૂપ**ને ધારીને યજ્ઞમુરતી પૃથ્વી ઉપર ધરીને અશેષ એવા આપ દાઢોની વચ્ચે શત્રુને ઘાલીને બળથી મારીને ભૂમિ મુકત કરી એવા અવતારના અવતારિ અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. આપ નવિન રાશિ **નૃસિંહરુપ** ધારીને દૃઢ ભકત પ્રહલાદને ઉગાર્યો અસુરોના રાજા **હિરણ્યકશિપુને** આપના હાથેથી માર્યો એવા અવતારોના અવતારી આપનો જય જય કાર થાવો. વામન રુપે અવતાર ધરીને ખૂબ જ પ્રતાપ જણાવતા **બલી** પાસે જઈ ત્રણ ડગલાં જમીન લીધી તેને વચનમાં બાંધીને ત્રિલોકી લીધી **બલીને** પાતાળમાં સ્થાપ્યો એવા અવતારોના અવતારિ અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. હાથમાં ફરસીને ધારીને મલીન મનવાળા રાજાઆને માર્યા એકવીસ વાર ક્ષત્રિયોને જગતમાંથી ઓછા કર્યા, એવા અવતારોના અવતારી પ્રભુ આપનો જય જયકાર થાય. પૃથ્વી ઉપર **રામ અવતાર** ધારીને દશ મસ્તકવાળા **રાવણ**ને યુદ્ધમાં મારી નાખવા સમુદ્રમાં પુલ બાંધીને પ્રતાપ જણાવ્યો એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપનો જયજયકાર થાય. હે કરુણાનિધાન ! આપ **કૃષ્ણ અવતાર** ધારીને કળિના દોષરુપે **કંસ**, આદિક અસુરોને માર્યા રાજાઓને સંહાર્યા લોકોને ભવમાં તારવા માટે જપને જપતા ભકતોને ઉદ્ધારનાર એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. આપે **બુદ્ધ અવતાર**ને ધારીને શુદ્ધ કાર્ય ધરીને વેદમાર્ગમાં રહેલા નાસ્તિક, નિરાકારવાળા અસુરોને વેદ માર્ગમાંથી પાડીને અસુરોના માર્ગમાં અટવાયેલા જનોને છોડાવ્યાં નવો ધર્મ બતાવ્યો, એવા અવતારોના અવતારી

અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. આપ **કલકી અવતાર**ને ધારણ કરીને, **કલીયુગ**ના વાતાવરણને ફેરવીને **સતયુગનું** સ્થાપન કરશો. એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. આપના આવા તો અપાર અવતારો થયા છે એ અવતારો વડે લોકોના પાપોનો નાશ કરીને ધર્મ સ્થાપન કરીને કરોડો લોકોના કર્મને કાપનારા એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. હે મહાપ્રભુ ! આપ સર્વના કારણ પધાર્યા છો આશ્રિત જનોના દુઃખોને હરીને એમના દુઃખોને આપના પ્રતાપથી ભાંગો છો, મહાપાપોને હરો છો. એવા હે ધર્મનંદન ! આપની કીર્તિ બહુ જ વ્યાપેલી છે, એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપ જય જયકાર પામો. હે પ્રભુ ! આપે મનને મંથન કરીને તત્વના સારને જાણો છો તે રીતે આપ સૌ નરનારી જનોને તારવાના નિમિત્તથી આપ નિષ્કામ ધર્મવાળા સંતોનો મોટો સમાજ કરીને વિચરો છો. એવા અવતારોના અવતારી અજિતપ્રભુ આપનો જય જયકાર થાય. આવી રીતે ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરી શાંત રહ્યા. તે સાંભળીને મહાપ્રભુ રાજી થઈને મુખેથી મનોહર વચનો કહેતા હતા.

હે મારા ભકતજનો ! તમારે જે માગવું હોય તે માંગો તમને ન દેવાય તેવું આ જગતમાં કાઈ જ નથી જે માંગો તે તરત જ દઈશું. જગવંદ્ય પ્રભુના વચનો સાંભળીને હેત પૂર્વક હરિજનો મહારાજ પાસે વર માગતા હતા હે પ્રભુ ! કળિકાલના કામાદિક અંતશત્રુઓથી તથા અધર્મ સર્ગથી અમારી રક્ષા કરજો અમને આપના દાસ જાણજો. હે પ્રભુ ! અમારી મનોવૃત્તિ સતત સત્સંસંગમાં જોડાયેલી રહે એવી અમારી ઉપર નજર રાખજો. એવા વરદાન હે ધર્મનંદન ! પ્રભુ જરુર અમને આપજો. ત્યારે **વનમાળી** આદિક ભકતજનોને મહાપ્રભુએ તથાસ્તુ કહીને પોતાના આશ્રિત જાણીને વરદાન દઈને રાજી કર્યા. શ્રી હરિ મહાપ્રભુ **વડનગર**મા સુખો આપતા હતા ભક્તજનો પ્રાણપતિ પરબ્રહ્મ પ્રભુને સર્વોપરી જાણતાં હતાં. **શોભારામ** આદિક લોકો **કિશોર, કુબેર** નામના ભકતો પ્રાણનાથ પ્રભુને પોતાના ઘેર પધરામણી કરાવતા હતા અને **સુંદર શ્યામ** પ્રભુની સેવા કરતા હતા. ત્યાં **ઈડર નગરથી ગંભિરસિંહ** રાજાનો સુંદર પત્ર આવ્યો હતો. પ્રભુ આપ અહીં મને આપનો દાસ જાણીને પધારો એવા પત્ર લખીને મોકલ્યો.

સંતોની સાથે જગતના સુખ કરનારા મહાપ્રભુ લટકાળા લીલા કરતા હતા તેમાં સંતોને મર્માળા ઘનશ્યામ પ્રભુએ પ્રેમથી જમાડયા. ભકતજનોએ મહાપ્રભુની પૂજા કરીને સ્તુતિ કરી હરિભકતોએ નિરખીને આશ્રય કર્યો આ નામે બત્રીસમો અભિધાનના તરંગ રુપે શ્રી હરિલીલાસિંધુ લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિએ વડનગરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ બત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥૩૨॥**

# તરંગ-33

આનંદ સિંહ રાજન કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! બધા અંગો ઉપર અત્તર લગાવેલ છે. તથા પીળા વસ્ત્રોને ધારણ કરનારા આકાશની સમાન નિર્મળ મનવાળા શ્રીહરિ કર્તા હોવા છતાં અકર્તા એમ કવિ વર્ણન કરે છે. એવા મહાપ્રભુના કરેલા ચરિત્રો બધા જ પાપ તાપનો નાશ કરે છે એવા ચરિત્રો હે અયોધ્યાપ્રસાદજી મહારાજ મને કહો જે ઈડરથી પત્ર લખીને મોકલ્યો તે મહારાજની પાસે કેવી રીતે આવ્યો ? મહારાજ ઉપર ભાવ ભરીને જે પત્ર મોકલ્યો તે કેવા ભાવથી મોકલ્યો એ બધું જ મને હે શિરતાજ અવધપ્રસાદજી ! ઉદાર મનવાળા કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! તમને ધન્ય છે કેમ કે તમે પ્રશ્ન પૂછયા છે તે પ્રીતથી સુખ કરનારા છે તમારું નામ આનંદ રાજ યોગ્ય જ છે માટે તમોએ પૂછેલી તે બધી પ્રભુના ચરિત્રની બધીજ વાત કહું છું. તે **ગંભીરસિંહ રાજાએ** ભગવાનને જેવા જાણ્યા તેવી જ રીતે ભગવાન ઉપર પત્ર લખીને પોતાના કલ્યાણ કરવા માટે જ મોકલ્યો હતો. સંબરાસુરનો શત્રુ પ્રદ્યુમ્ન એના પિતાશ્રી કૃષ્ણ પ્રભુ તે જળનો પુત્ર કમળ તે પુષ્પની સમાન સુંદર નેત્ર કમળવાળા ગોકુળવાસીઓની રક્ષા કરવા ગોવર્ધન પર્વત ધારણ કર્યો. એવા મહાપ્રભુની લીલાનો સાર તમને કહું છું તો હે આનંદરાજન! તમે સાંભળો તે ચરિત્રો જે સાંભળે છે તે સંસાર સાગરને કોઈ જાતનો પરિશ્રમ કર્યા વગર જ તરી જાય છે અને પરમ પદ પામે છે. સંસારમાં જે સારો દેશ છે તે ધન ધાન્યથી ભરપુર છે, ત્યાંના નર નારીજનો દેવના જેવા સારા છે. તે નગર કિલ્લાવાળું છે સુંદર છે. ત્યાંના લોકો મનોહર મીઠી ભાષા બોલે છે સૌ નર-નારી બહુ જ નિર્મળ ઉદાર મનવાળાં છે ત્યાં વાવો, કૂવાઓ, સરોવરો બહું જ પ્રમાણમાં છે. ત્યાંની જમીન સરસ ફળદ્રુપ છે. તે બધો જ દેશ બહુ શોભાવાળો રળિયામણો છે **ઈડરનો ગઢ** સુંદર શોભાયમાન છે.તે ગઢ બહુ જ ઉંચો લાંબો વળાંકવાળો નિચિંતતાવાળો સારો છે. ઈડરગઢમાં તેના રાજા તે **ગંભીરસિંહ** નામના બહુ જ સારા ભકત છે તેઓ ધર્મ - કર્મમાં દઢતાવાળા છે એમના ગુણોને બધું જ સંસાર જાણે છે. ભગવાન પ્રગટ થયા છે આવી રીતની વાતો સાંભળીને મનમાં સુખ થયું અને સ્વામિનારાયણ નામના જાપ જપનારા જીવનાં કલ્યાણ થાય છે. એવા મહાન પ્રભુ પધાર્યા છે. મનથી પ્રભુને સર્વોપરી સત્ય માનતા હતા અને જગતને જુઠું સમજતા હતા. ભગવાન વગર બીજા કોઈ પદાર્થમાં પ્રીત ન હતી. મનમાં જગતને અનિત્ય માનતા હતા આ રીતે નિષ્ઠાવાળા હતા. રાજાએ પોતાની પ્રીયા રાણી પાસે બધી કહાની કહી દીધી કે હે મારી પ્રિયા પ્રાણ પ્યારી સુખદાની ! તમે કહેતા હતા સ્વામિનારાયણ ભગવાનને તેડાવીએ તો જરૂર આવશે જ.

હે મહારાજ ! શ્રી હરિને અહીંયા તેડાવો અહીયાં ભલે સ્વામિનારાયણ ભગવાનના મતની સ્થાપના થાય, ઉપદેશ કરે તો વધારો થાય પ્રભુ અહીં આવે તો બધાની આંખો ઠરે ભગવાન જલદી અહીં આવે તે માટે સુંદર પત્ર લખો સમાચાર જણાવો સુંદર ભાવ જણ રહેલા છે મહાપ્રભુ બહુ દુર નથી નજીક જણાવ્યા પછી રાજાએ પત્ર લખીને સમાચાર જણાવ્યા આવી રીતે પત્નીનો અભિપ્રાય લઈને તે રાજાએ પત્ર લખીને મોકલ્યો તેને લઈને દૂત જલદીથી ચાલીને **વડનગરે** આવ્યો હે રાજન્ ! **વડનગર**માં મહાપ્રભુ પાસે આવીને પ્રભુના હાથમાં તે પત્ર આપ્યો બહુ જ ઉપમાઓ લખેલી હતી તેને તમે કાન દઈને સાંભળો મહારાજ તે પત્ર સાંભળીને

ગુલતાન થઈ ગયા. મહારાજને રાજા લખે છે કે સ્વસ્થાનશ્રી શ્રેષ્ઠ સ્થાને વસતા હે પ્રભુ ! પરમારથનું પોષણ કરનારા પ્રેમ ભાવવાળા. પરમ ઉચ્ચ સ્થાને વિરાજમાન મહાપુણ્યવાળા અવનિ ઉપર રહેલા અનિતી અર્ધમને તોડનારા આપ પૃથ્વી ઉપર મનુષ્ય શરીરે પ્રગટ થયા છો, તે ધર્મને સ્થાપન કરવા અધર્મને દૂર કરીને અવનિનો ઉદ્ધાર કરો છો. આપના ગુણને તો અઢાર પુરાણ આઠ શાસ્ત્રો ગાયા કરે છે, ષડ ઐશ્વર્યના ગુણને વેદો ગાયા જ કરે છે પૃથ્વી ઉપર દુષ્ટના મતનું છેદન કરીને સાચા ધર્મનું સ્થાપન કરો છો. સર્વ અવતારના અવતારી આપ આ પૃથવી ઉપર મનુષ્ય દેહને ધારીને વિચરો છો તે પોતાના શ્રેષ્ઠ ભકતજનોના રક્ષણ માટે અને પાપી અધર્મી અસુરોનો નાશ કરો છો.

હે પ્રભુ ! આપ ભકતજનોનાં કલ્યાણ કરવા વિચરો છો, અનંત જીવોને ભવજળ તારવા પધાર્યા છો. એટલે અમને દર્શન દઈને દયા કરીને હે પ્રભુ કૃપા ! કરીને અમારો ભવ પાર કરાવો. હે જગજીવન પ્રભુ ! પ્રાણ આધાર હે સુખ સાગર ! સદાય સુખ દેજો. હે મુરારી ! મુનિજનો ધ્યાનમાં ધાર્યા કરે છે નિત્ય જોગ સાધીને ભજન કરે છે તે સુખને પામ્યા કરે છે. મનુષ્ય દેહને ધારીને સનકાદિકો આપનું ભજન કરે છે નિત્ય પ્રત્યે આપના દર્શન કરીને સેવા પરિચર્યા કરે છે તથા ત્રિપુરારિ મહાદેવજી તથા ઉમા ભવાની આપનું ભજન કરે છે અને અનેક ઋષિઓ પણ અખંડ આપને ભજે છે. અપાર વૃજની નારી આપનું સ્નેહથી ભજન કરે છે, ચાર વેદો આપનું ભેદ સહિત ભજન કરે છે ગાન કર્યા કરે છે અનંત મુકત પુરુષો ધ્યાન ધર્યા કરે છે સદાય સુખના સાગર ઘનશ્યામ સુજાણ પ્રભુનું ધ્યાનિજનો ધ્યાન ધરે છે જ્ઞાની પણ આપનું જ ધ્યાન ધર્યા કરે છે. એવા અનાદિ અખંડ અદ્‌ભુત મહાશુભ મૂર્તિવાળા આપ અતિ પ્રચંડ રુપવાળા છો, મહા જ્ઞાનવાળા છે. મહા રસરંગવાળો સુંદર શણગારોને સજનારા, નિત્ય પ્રત્યે ભકતજનોના કામો કરો છો આપના મનોહર રુપને જોઈને કામદેવ પણ મોહ પામે છે મહા કરુણા કરનારા સુંદર શ્યામ સદાય ભકતજનોના મનની કામનાઓને પૂર્ણ કરનારા મહા બલવીર પ્રભુ ધીરજવાળા સુખદાતા ભકતજનોના ભયને તત્કાળ દૂર કરવા એવા આપ છો. દુષ્ટ ખળના દોષોને બાળીને સત્પુરુષો સંતોના અવગુણોને દૂર કરનારા, આ માટે આપે મનુષ્ય શરીરને ધારણ કર્યું છે આપ સમર્થ છો આપને ઓળખ્યા સિવાયના બધા લોકો ભૂલાં પડે છે તેને તારનારા, માર્ગમાં ભૂલાં પડેલા લોકોના ખરાબ ચરિત્રોનો ત્યાગ કરાવીને સાચા માર્ગે લાવીને અદ્‌ભૂત રીતે ઉગારો છો. આમ સર્વનું શુભ કરનારા, ભકતના કામ કરનારા, કલ્યાણ કરનારા, સદાય શાંત રસવાળા સુખના સાજ સદાય ભકતજનોના કાર્ય કરવામાં, ભાનવાળા, સૌ જનોને નિર્મલ કરીને શાંત મેઘ સમાન કર્યા, સંસાર સાગરમાં જીવો માછલાં જેવા કર્યાં. એવા મહાપ્રભુ આપ ગરીબ દુઃખીયાના પ્રતિપાલન કરનારા છો. સંતરૂપી ચકોરને ચંદ્ર સમાન સુખ કરનારા છો જ્ઞાનથી તૃષાતુર જીવોના તાપને બુઝાવીને શાંત કરનારા આપ છો.

હે પ્રભુ ! આપ જ આધાર વગરનાના આધાર કહેવાઓ છો. હે મારા પ્રાણના પ્યારા પ્રભુ સુખના સાગરરુપ ! આપ ડુબનારા માટે નૌકારુપ છો, મહારાજ સૌના મન ભાવનારા છો, સૌના દુઃખોને દૂર કરીને સતત સુખ કરનારા છો, અધર્મનો ઉદ્ધાર કરનારાને સર્વ સેવક ગણનું પાલન પોષણ કરનારા છો હે પ્રભુ ! આપ સુજાણ છો સત્સંગને વધારનારા છો, રાજાઓના રાજા મહારાજાધિરાજ આજ ગંભિરસિંહના શરણાગત પ્રતિપાલ છો એમના માટે મનુષ્ય સ્વરુપ ધારેલુ છે તો ઉદ્ધાર કરો. આદિ અનાદિ નિરંજન નિર્વિકાર માનીને સતાવાળા થાય છે એવા નાસ્તિકોને આપે તરત જ સાચો માર્ગ જણાવીને નિયંત્રણ કરેલ છે આપે અનેક અવતારો લીધા છે. સૌ સંતોના કાર્યો કર્યા છે જેમ દ્રૌપદીની ચિર પૂરીને લાજ રાખી અભય વરદાન દીધું, એવી

રીતે અનેક પ્રકારના અદ્‌ભૂત ચરિત્રો કરીને અનેક અવતારો ધરીને સંતો ભકતજનોના કાર્યો કર્યા છે. એવા રાજાના રાજા અધિરાજ મહારાજ આજ ગંભિરસિંહ આપના શરણમાં આવ્યો છે તો એનું સતત ધ્યાનમાં લેજો. હે મહાપ્રભુ ! આપના તો આવા અનેક અનંત ચરિત્ર છે તે મુખેથી કહેવાય જ નહી, હે પ્રભુ ! આપનું મન સદાય આનંદ આપનારું છે. આપનું નામ પણ સૌથી શ્રેષ્ઠ છે. **સહજાનંદ ઉદાર મુનિશ્રેષ્ઠ** કહેવાયા. હે પ્રભુ ! આપની પ્રત્યે બહુ જ પ્રીતથી પત્ર લખ્યો છે. તે પણ **ઈડર ગઢ**ના સ્થાનેથી લખ્યો છે, હું તો સદાય આપના દાસનો દાસ જ છું. આપ અમારા ગામમાં વાસ કરો તો સારું. પ્રભું મારું નામ તો ગંભિર કહેવાય છે પણ બહુ જ કઠોર છે મને આપને માર્ગમાં અર્પવા જેવું કાંઈ છે જ નહીં મેં કાંઈ નથી અર્પ્યુ. તોય આપની કૃપાથી આપના પ્રતાપે સદાયે કુશળતાવાળું રહે છે.

હે હરિ ! હંમેશા આપનો સુખદાયક પત્રની ચાહનાર રહે છે તો કૃપા કરશો. હે પ્રભુ ! વિશેષ લખવાનું તો કારણ એ છે કે હે પ્રભુ ! આપનો સ્નેહ ભાવની ચાહના રાખું છું, હે પ્રભુ ! કૃપા કરીને આપ અહી પધારો. તો બહુ જ સારું થાય આપ ઈડર પ્રત્યે આવવાની કૃપા કરો. સદાય આપના દર્શનની અભિલાષા રાખું છું. શું કહું કાંઈ વધારે લખાઈ જાય તો આપનો સામાન્ય સેવક જાણીને દયા કરીને આપના દર્શન દેવા પધારો. હે પ્રભુ ! સદાય આપના સત્સંગની ચાહના રહે છે હે પ્રભુ ! આપના સંતો ય કયારેય અહીં પધારતા નથી તો જો પધારો તો સારુ હે પ્રભુ ! હવે કરુણા કરીને જરૂર પધારો આપના પગલાં કરીને અમારા મહાપરિતાપને સમાવો. હે પ્રભુ ! આપતો અત્યારે નજીકમાં પધાર્યા છો અનંત હોવા છતાં આપ દશ ને પાંચ પંદર કોશ અર્થાત સાઈઠ ગાઉ ઉપર વિરાજો છો તો હે પ્રભુ ! જન્મારો તો વહ્યો જ જાય છે પણ આપ પધારીને અમારો હાથ ઝાલો તો મહા કૃપા કહેવાય. સિંધુમાંથી ઉદ્ધારવા સહાય કરજો. હે પ્રભુ આવો પાપી જાણીને નાથ ન આવવાનું ન રાખશો કેમ કે મારા જેવા આ જગમાં કોઈ પાપી જ નહી હોય આપની કૃપા સિવાય અમારો મોક્ષ કયારેય આવા વિષમ કળી કાળમાં તો ન જ થાય તો હે નાથ ! કૃપા કરીને અમારી વિનંતી સાંભળીને ગરીબ નવાજ હે પ્રભુ ! અમારા હાથ ઝાલીને કળીથી ઉગારો.

આવી રીતેની વિનંતી સાંભળીને મહાપ્રભુએ સ્વમુખે તે ભકતની પ્રશંસા બહુ જ કરી આવી રીતે મહાપ્રભુ સૌને કહીને **પોતે ઈડર ગઢ પ્રત્યે જવા પ્રયાણ કરતા હતા** રાત્રે શયન કરીને વહેલા સવારે અસવારોની સાથે મહાપ્રભુ ઘનશ્યામ **વડનગર**થી સીધાવ્યા **ઈડર** પધાર્યા ત્યારે સમાચાર સાંભળીને રાજા **ગંભીરસિંહ** સામાં આવતા હતા. હે આનંદ રાજન ! તમે સાંભળો **મહારાજ પધાર્યા છે એમ જાણીને ઈડરના રાજા ગંભીરસિંહ ચતુરંગિણી સેનાની સાથે બધા જ સાજ સજીને મહારાજની સામાં** જાત જાતના વાજાં વગાડતા આવ્યા. પૂરથી બહુ દૂર સામાં આવ્યા ત્યારે પ્રભુ ઘોડા ઉપર વિરાજમાન થઈને સંતોની સાથે પધાર્યા, રાજાની ટેકને વશ થઈને કૃપા કરીને મહારાજ વિનંતીને સત્ય કરતા હતા.

**ઈડરના રાજા ગંભીરસિંહે** ઘનશ્યામ પ્રભુને તેડાવવા માટે સુંદર વિનંતી પત્ર લખેલો તે ભકતના ભવ સંકટના કામ કરવા પ્રભુ **ઈડર ગઢ**માં પધાર્યા. મહારાજ પત્રના સમાચાર સાંભળીને પ્રયાણ કરીને પધાર્યા ત્યારે રાજા અસવારી લઈને સામા આવ્યા એવી રીતે આ શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે તેત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિ ઈડરગઢ પ્રતિ પધાર્યા તે લીલા વર્ણનના નામે આ તેત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૩॥**

# તરંગ-૩૪

આનંદસિંહ રાજન્ કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ જીવોના ભવદ્ઃખના ફંદોને તથા કષ્ટને હરે છે. આવી શ્રી હરિની મનોહર અલૌકિક લીલા તે બધી જ મને કહેવા કૃપા કરો. શ્રી હરિ ઈડર પધાર્યા ત્યારે તે રાજા કેવી રીતે સહજાનંદ સ્વામીને લેવા સામા ગયા તે શોભા સહિત બધી વાતો વર્ણન કરીને સ્વારીની લીલા કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન્ ! આપની બુદ્ધિ તો બહુ જ નિર્મળ છે કેમ કે તમે ભાવ પૂર્વક લીલા ચરિત્રો પૂછયાં તે બધાં જ ચરિત્રો પ્રીત કરીને તમને બધી જ શોભા સહિત જ વર્ણન કરીને હું કહું છું શ્રી ઘનશ્યામ પ્રભુ પધાર્યાના સમાચાર જાણ્યા ત્યારે ગંભીરસિંહ રાજા ચતુરંગિણી સેનાને સારી રીતે સજાવીને શ્રી હરિની સનમુખ દોડીને આવ્યા. તે સેના જુદી જુદી શ્રી હરિની પાસે આવી. ત્યારે મેઘ સમાન શ્યામ વાતાવરણ જણાતું હતું, કેમ કે તે જગ્યાએ ઉંચો પર્વત તેના જેવું જ આગવું વાતાવરણ સેનાનું હતું તેમની સાથે રાજાના ઉમરાવો આવેલા તે સેનાની સાથે અતિ શોભા વધારતા હતા. મેઘસમાન શ્યામ પથરાના ડુંગરોની સાથે હાથીઓ પણ મોટા ઘાટ જેવા શોભતા હતા તે મદમસ્ત લાંબા દાંતવાળા મસ્ત ચાલવાળા મસ્તક ઉપર જરીના તોરાઓ શોભતા હતા. શરીર ઉપર ઝુલો શોભતી હતી. સુંદર દાંત શૂળો ઉપર કલર કરીને શોભાવાળા કર્યા હતા તેનાથી અંગોઅંગની શોભા વધતી હતી. પેદલ ધસતા આવતા હતા ઉંચા પર્વતોને ઠોકરો લગાવતા હોય તેમ બહુ જ બળ વાળા હતા એમના શરીરો શ્યામ વર્ણવાળા હતા. ભાલમાં લાલ બિંદીને કરેલા શોભતા હતા. મુખની ઉપર સૂંઢનો ડંડ લાંબો શોભતો હતો તે જાણે પૃથવી ઉપર જાણે પ્રચંડ લાગતી હતી બાંધેલા ઘંટોનો ઘોર અવાજ થતો હતો તે જાણે બ્રહ્માંડમાં ભડાકા થતા હોય તેમ શોર થતો હતો. પગના ઝાંઝરોનો ઝમકાર થતો હતો. ગંડ સ્થળમાંથી મદરસ ઝરતું હતું તેનો પ્રવાહ વહેતો હતો તે મધ જોઈને તેની ઉપર ભમરાઓ ગુજારવ કરતા હતા. લાંબા દાંતો બતાવતા થકા શોભતા હતા તે જાણે સફેદ બગલાની પંક્તિ બેઠી ન હોય ? તેમ શોભતા હતા. તે હાથીના મસ્તક ઉપર અંકુશ લઈને જાણે આકાશમાં દામન (વિઝળી) શોભે તેમ શોભતા હતા. બે ભાલાંને ધારેલા હોયને તેના વખાણ કરે તેમ મધુરતાને પગમાં ધારીને અપાર શોભાવાળા સુંદર હતું શુળવાળ ! હાથીની વિશાળતા શોભતી હતી.

હે રાજન્ ! આવી રીતે હાથીની શોભા બહુ જ વિસ્તારથી વર્ણન કર્યું શાંત પ્રકૃતિના હાથીઓનું વર્ણન કર્યું. હવે ઘોડાઓની શોભાનું વર્ણન કરે છે. જે કંક દેશના ટુંકા કાનવાળા ઉંચા ઘોડાઓ પાણીની તરંગની માફક ચાલનારા ખૂબ જ શોભતા એવા ઘોડાનું વર્ણન કરું છું. તુર્કી જાતના ઘોડાઓ ખૂબ જ સારા ચાલનારા ફરતા થકા તે ઘોડાઓને સાજથી સજીને તૈયાર કરેલા, ગજરાજ જેવા લાગે તે શોભાવાળા આપણી જ છબી જેવા લાગે પોતાની છાયા લાગે. તેના શરીર ઉપર લગામ લટકતી હોય તેમ અંગો અંગ ખૂબ જ ચમકતા હતા. ચાલતે પેટ જમીનને અડતા અંગોઅંગને તોડે એવા ચાલે છે. એમની ગતિ એવી છે જાણે બાણ ન છૂટતું હોય તેમ એના કાંનો હરણના જેવા શોભે છે ચાલે ત્યારે અંગે ઢળે છે. ખૂબ જ છટાથી ચાલે છે નાતના નાજુક મુખ પણ નાજુક નવલ્લ જેવું શોભે છે. ચાલતા ધકકો લાગે ત્યારે જાણે ગજરાજ ઉપર ધસે છે અને દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોઈને ભય પામે છે. ચારે દિશામાં વિજળીની માફક ચમકે

છે. સોનાની ઘુઘરિયો ઘમકે છે. તેના અંગો અંગ સારી રીતે સજેલા હતા પીઠ ઉપર પલાંણને બાંધેલું હતું તે શોભતું હતું પગ તે થાંભલા જેવા શોભે છે વાંકડી સુંદર લાગે છે, સારી રીતે શોભે છે. મલના યુદ્ધની માફક સુખ પાલ શોભે છે તેમજ જરી તારથી સાજ સજીને સુંદર તૈયાર કરેલા શોભતા તે કૌતુકથી કેટલાક ચાલતા હતા તો કેટલાક વીર લડવૈયા સેનામાં ચાલતા હતા ચડાઈ કરતા હતા. પગમાં ઝાંઝર બાંધેલા તે ઝમકતાં હતાં. અને ઘોડાઓની નાળો ચાલવાથી ઘમકતી હતી. આવી રીતે રાજા ગંભીરસિંહની સેના શોભતી હતી. જાણે દેવોના દેવ અધિરાજ દેવાધિદેવ આવ્યા.

હે રાજન્ ! આવી રીતે ઘોડાની અસવારીની શોભા વર્ણન કરી તેની સાથે સર્વ સમાજનું વર્ણન કર્યું હરિના સ્વાગત માટે તે ઘોડા હણહણાટ કરતા આવતા હતા. શ્રી હરિ સામો સમાજ સર્વે આવતો હતો તે શોભતો હતો. હવે, રથની શોભાનું વર્ણન કરું છું સારી રીતે શોભતા એવા અનેક રથો તે ચિત્તને ખેંચનારા સજાવટ રેશમી દોરાથી કરેલી શોભે છે. સુંદર રૂપાના રથના ડંડ બનાવેલા છે. સોનાથી મઢેલાં કળશો શોભે છે. રથની ઝાલર તથા છત્રી તે નરી તારના છે તેમાં જડેલો ઝીણો ઝડેલો માણેક શોભે છે મીનાકામના કંકુમથી સુંદર પોવાળવાજા જોરે જોરે વાજતા હતા તે બળદોને અનુરુપ વાગતા હતા. રથ ઉપર ઝુલો યજ્ઞ સમાન ઝુલતી હતી વિમાન જાણે ભુમિ લોક ઉપર ભૂલું ન પડયું હોય ? તેમ ઘુઘરિયો વાગતી હતી તેનો ઘોષ હતો તેથી તેની શોભા થતી હતી તે સુખ કરનારી થતી હતી. હે રાજન્ ! આવી રીતની શોભાથી સજજ કરેલા અનેક રથો યોગ્ય રીતે તૈયાર કરીને રાજા ગંભીરસિંહ શ્રીહરિની સનમુખ સવારી સજીને ગુણવંત પ્રભુની સામાં આવ્યા હતા. જાણે દેવરાજ ઈંદ્ર ન આવ્યા હોય તેમ શોભતા હતા. આવી રીતે અપાર રથોને શોભાયમાન કરીને સર્વ સમાજ શોભતો હતો. રથો પણ શોભતા હતા. આ બધુંય સારી રીતે શોભતું સંગની સાથે બધો સાજ સુંદર રીતે હાથી પાસે સાથે જળકતું હતું.

હવે હું આવેલ પેદલનું વર્ણન કરું છું તે પ્રભુની સન્મુખ લઈને આવ્યા ત્યારે પ્રભુના ગુણને ગાતા વગાડતા થકા હાથમાં શસ્ત્રો ધારણ કરીને આવતા હતા. તે અગ્રણી કલાકારો હતા તે બણીઠણીને સજ્જ થઈને આગળની હરોળમાં આવતા હતા તેઓ જાત જાતના પંચરંગી ધજા પતાકા નિશાન ડંડ લઈને વાજિંત્રો વાગે કરનાટકી તૂરીના સૂરના આધારે સૌ ચાલતા આવતા હતા. વીર રસ છવાયેલો હતો તે રીતે બોલતા હતા. હાંકો કરતા હતા કેસરીના જાલને ફેરવીને નક્નાલ વાગે ગાજે બધાની આગળ સફેદ, પીળી, લાલ, લીલી, આસમાની સુર ગજાવતા હતા પૂર્વ દેશના વીરો કર્નાટકના, ફિરંગી, હિંદના, સિંધના, અરબીના, બંગાળના આદિક સૈનિકો પેદલ હતા. કેટલાક બાણ કમાનને ધારેલા, કેટલાક બંદુકોને ધારેલા, કેટલાક તુંફાને ધારણ કરેલા દેખાઈ પડે તેમ રણના તાલ પ્રસારણ કરતા પ્રચંડ કરતા શ્રી ઘનશ્યામ પ્રભુની આગળ આવ્યા. ત્યારે જાણે ઘોર મેઘની ઘટા ન આવી હોય તેમ શોભતા પ્રત્યેક જુથો જુથ ચાલ્યા આવતા હતા, આયુધોને ધારણ કરીને વિભાગવાર પેદલ ચાલતા થકા પ્રસિદ્ધ કરતા હતા તેઓ રઘુવીર ધીર દૂતો અપાર આવતા હતા. હિંદુ પર્વત વાસીઓ, ગિરીકંદરાઓની કળા કરીને કહેવતોને કરતા થકા પૃથ્વી ઉપર પાર કરી ઉંચે સ્વરે પુકાર કરતા હતા જય જય કરતા હતા, આમ શોભા કરતા હતા. ચતુર સૈનિકોની સાથે ચતુરંગિણી સેના સજ્જ થઈને ગંભીરસિંહ રાજાની શોભા વધારતા થકાં વાજાંને વગાડતાં થકાં તેવા વાજાં છત્રીસ પ્રકારના વગાડીને આવતા હતા.

હે રાજન ! તે વાજિંત્રોના જુદા જુદા ભેદો છે તે પ્રમાણે એના નામો કહું છું તે સાંભળવાથી શાંતિ

થાય છે મનમાં અતિ આનંદનો અનુભવ થાય છે. સુંદર બિન તે સુંદર બાવસારવાળી તે મંડળી સુંદર તંબુવાળી, તંબુર તારવાળી, તેના ઉપંગ ચંગતે મુખ્ય ચંગ મુખ કહેવાય છે. સુંદર પિળાક સુંરગ બાવરાના વાજિંત્રો. કુમાડ, ચંપુગ સુંદર નામોવાળા, સુંદર વાંસળીનો નાદ સુખધામ જેવા સુખ આપે છે. જુદા-જુદાં કાનૂ કરતાલો, સુંદર તુરી, ભેરી રંનસિંગી આદિ વાજિંત્રો. કર્ણાટક કનાઆનક, સુડફ વાગે પ્રણવ ત્રાંસા ત્રુઈ વિગેરેનો નોબતો ડાકલી, ડમરું આદિ રમુજના નાદો તરંગને પાડનાર ઝાંજના પડઘા થતા હતા. ઈત્યાદિક વાજિંત્રો છત્રીસ પ્રકારના નામો કહ્યા છે સાજ સજીને સાથે ભૂમિના પાલક રાજા સાથે લઈને બધાના આનંદને વધારવા મોહ કરાવવા ખુબ જ શોભાવાળી સવારી બહુ જ શોભતી હતી. હજારો ઘોડાઓ હણહણાટી કરતા ચાલતા હતા, એમની સાથે રાજાના સેવકો સમુદાય ઘેરીને લાવતા હતા. ત્યારે ધર્મનંદન મહાપ્રભુને નિરખીને દર્શન કર્યા રાજાનું પાલન કરનારા બધા જનો ચાલતા ચાલતા પ્રભુને વંદન કરતા હતા મસ્તક નમાવીને ચાલતા હતા. રાજાએ પણ હરિના દર્શન કર્યા, નિરખીને નમીને શ્રી હરિની પાસે જ ઉભા રહયા બન્ને હાથ જોડીને પ્રણામ કર્યા દંડવત કર્યા સર્વ સવારીએ પ્રભુને વંદન કરીને આગળ વધતા હતા.

રાજા ગંભીરસિંહ ભલા ભકત હતા. તે મનમોહન પ્રભુની પ્રગટમૂર્તિને મળ્યા ત્યારે મહાપ્રભ રાજાને સ્વાગત સમાચાર ખૂબ જ ભાવથી પૂછતા હતા. તે રાજા મહાપ્રભુને વિશેષ પ્રકારે નિરખીને જોતા હતા. ત્યારે મહાપ્રભુની અલૌકિક તેજના પ્રભાવવાળી મૂર્તિના દર્શન થયાં. પ્રભુનું મુખારવિંદની મંદ હાસ્ય યુકત શોભા જોતા હતા ત્યારે તે મૂર્તિ રાજાના હૃદયમાં સુખપૂર્વક શોભતી હતી. કામદેવના બળનો નાશ કરનારા પ્રભુના સ્વરુપનું ધ્યાન ધરે છે ત્યારે હાસ્યયુકત પ્રસન્ન મનથી ભકતજનોના મનને ચોરી લે છે, ત્યારે વાંકી કટિભાગમાં કમર કસીને સામે ઉભા રહીને દર્શન આપતા હતા. ત્યારે પ્રભુનું ગોર ગંભીર મુખકમળના કપોલભાગ સુંદર આકર્ષક હતો. કર્ણ ઉપર સુંદર નંગ જડેલા કુંડળને ધારેલા હતા શિર પર સુંદર પાઘ ડાબા ભાગમાં નમતિ ધારણ કરેલી શોભતી હતી. તે મનને ખેંચતી હતી. હૃદય ઉપર હજારીના હાર ધારેલા હતા તે ચિત્તને ખેંચતા હતા. સુંદર કંઠ સુંદર પ્રકાશ કરતો હતો ઉરમાં શ્રી વત્સનું સુંદર દર્શન થતું હતું પ્રભુની બંન્ને ભુજાઓ ડંડરુપે કામદેવના ગર્વને હરતા હતા. અધરોષ્ટમાં રહેલા દંત પંકિતઓ શોભતી હતી, નાભિ બહુ જ ઉંડી ગંભીર ગોળ વર્તુળ કહેલ છે, જાણે ઉંડો કૂવો ન હોય તેવું વર્ણન કરે છે. બંને સાથળો તે કેળના થાંભલા જેવી શોભે છે જે જન આવા પ્રભુના સ્વરુપના દર્શન કરે તેના બધા જ પાપો બળી જાય છે. આવી મહાપ્રભુની છબિના **ગંભીરસિંહ રાજાએ** દર્શન કર્યા અને પોતાના મનમાં ઉતારીને ધારણ કરી લીધી.

પછી તે રાજાએ મહાપ્રભુને લઈ જવા માટે સર્વ સવારીને ચાલવાની આજ્ઞા કરી મહારાજને હાથીની અંબાડી ઉપર બેસાર્યા અને ગંભીરસિંહ રાજા ચમ્મર લઈને ચમર ઢોળતા હતા. આવી અલૌકિક પ્રભુની છબીને પ્રેમીજનો હરખીને પ્રેમથી દર્શન કરતાં ને ઉરમાં ધારતાં હતાં. હજારો ઘોડાઓની લાઈનો સાથે ચાલતા રથો પાલખીઓ, પેદલો બધાંય પાછળ પાછળ ચાલતાં હતાં આગળ છડીદાર છડીયો પોકારે છે મહારાજાધિરાજાને ઘણી ખમ્માં, ઘણી ખમ્માં ઉમંગથી બોલતો હતો. વાજાંઓ બહુ જ પ્રકારનાં વાગતાં હતાં, પડઘા પડતા હતા તેની ઉપમા આપી શકાય તેમ જ નથી. મુખેથી વર્ણન ન થઈ શકે હાથીઓની ઉપર અંબાડીઓ બનાવીને મુકેલ છે એમાં સુંદર જડતરનું કામ કરીને શોભાયમાન કરેલ. હાથીઓના મોટા ઘંટો વાગતા હતા તે આકાશમાં ગાજતા હતા, બધા જ પ્રકારના સાજ સજેલા હતા, ગળામાં ઘુઘરમાળ ગાજતી હતી, ઘેરો નાદ

થતો હતો, મદમસ્ત હાથી મદ ઝરાવતા થકા ચાલતા હતા. તે અંબાડી ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વિરાજમાન હતા તે પ્રભુ પૃથવી ઉપરના જીવોને તારવા પધાર્યા હતા. સૌ સંતો સુંદર સુખ આસન ઉપર બેઠા હતા. આવી રીતે અલૌકિક ધુમ મચી હોય બધા જ મોજમા છકીને ચાલે છે. હે રાજન્ ! ત્યાંના રાજા સમાજની સાથે જ ચાલતા હતા, રથ, પાલખી, પૈદળ સૌ શ્રીહરિના દર્શન કરવા માટે હલકીને આવ્યા હતા. માર્ગમાં બંદી જનો ઉંમગ ભેર થઈને શ્રીહરિ મહારાજની કિર્તી ગુણને ગાતા માર્ગમાં ચાલતા થકા બંદગી કરતા હતા. તેમાં હાથીઓ માર્ગમા મંદ મદ ગતિએ ચાલતા હતા તેની ઉપમા કવિ જનો કેવી રીતે કરે. આકાશ માર્ગે દેવતાઓના વિમાનો છવાયેલા હતા. શ્રીહરિનાથને નિરખીને દર્શન કરીને દૂર ઉભા હતા. મારગમા મહાપ્રભુને ચંદન, પુષ્પ વરસાદ કરીને પૂજતા હતા પુરુષોત્તમ પ્રભુને જોતા હતા. આવી રીતે અસવારી સહિત માર્ગમાં મહાપ્રભુ ચાલતા થકા શોભતા હતા. પુરની શોભા જોઈને પ્રીતથી નિરખતા હતા ભવભંજન મહાપ્રભુ ભાવસહિત પધારતા હતા.

ઈડરનો ડુંગર ચારે બાજુથી ઉંચો હતો તે ગઢની માફક બહુ જ શોભતો હતો તે પર્વતમાં ગૈરિક આદિક ખનિજની ખાણો છે તેનાથી બધો જ સમાજ શોભતો હતો. વૃક્ષો અને વેલીઓ અને છોડવાઓ શોભે છે તેમાં ફળો, ફુલોથી ફળેલા છે તેમાં આબાં, દાડમ, આદિના વૃક્ષો શોભતાં હતાં તેના ફળો જુદા જુદા પ્રકારે પાકતાં હતાં. રાજાની અસવારી આવી તે ચતુરંગિણીનું બધુ જ વર્ણન કરીને કહ્યું ઘનશ્યામ પ્રભુને રાજા સુખપૂર્વક અરસ-પરસ મળ્યાં પ્રિતી પૂર્વક ભેટયા. શ્રીહરિની સવારીમાં પ્રભુને પુરમાં લાવતા હતા, બધી જ શોભા જોઈને નિરખી લીધી એવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રુપે આ ચોત્રીસમુ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં ઈડર રાજાની સવારીની શોભા તથા શ્રી હરિના મેળાપનું વર્ણન કર્યું એ નામે ચોંત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥૩૪॥**

# તરંગ-૩૫

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! **ઈડરીયા ગઢ**ની બધી જ શોભાનું વર્ણન કરી ને કહો હે અવધપ્રસાદજી મહારાજ ! તે પુરની શોભા તથા ત્યાંના સ્ત્રી પુરુષોએ પોતાના હૈયામાં અતિશય આનંદ પામીને જે ઉત્સવ કર્યો તે વર્ણન કરીને કહો.

અવધપ્રસાદજી કહે છે, હે આનંદ રાજન ! તમને ઈડરની શોભાની બધી જ રીતે વર્ણન કરીને કહું છું કે તે પુરમાં બહુ જ બાગો આવેલા છે મોટાં મોટાં વૃક્ષોથી ઘાટા બાગો તથા આજુ બાજુમાં ઘણાં જંગલો છે તે અનેક પ્રકારે વિકસેલાં શોભે છે. તે નગરની પાસે સારી રીતે શોભતો પ્રકાશ કરતો એવો પૃથ્વી ઉપર પર્વત શોભતો હતો જોનારના પાપને હરતો હતો, મનમાં આનંદ દેતો હતો. તે પર્વતની ઉપરથી પાણીના ઝરણાં વહેતાં હતાં તથા અનેક પ્રકારની ધાતુઓની ખાણો અંદર આવેલી હતી, તે પર્વતમાં વનરાજી અઢાર ભાર ખીલેલી શોભતી હતી. તેમાં તળાવોના તટ ઉપર વૃક્ષોમાંથી ફળફૂલ પડેલાં હતાં. તે પર્વતમાં અરણી, કરેણ, કેળો, સીતાફળી, નીર્મલી, રાયણના વૃક્ષો, પુનાંગ વિગેરે લોકોના મનને ખેંચતાં હતાં. ચંપાના વૃક્ષો, ચંદનના

વૃક્ષો શોભતાં હતાં. માલતી, મોગરામાં ફૂલો ખીલેલાં છે. તો તેનાથી સૌના મને હરતાં હતાં. ગુંદીના વૃક્ષો તથા ગુલાબમાં ફૂલના ગુચ્છો શોભતાં હતાં, ગુગળના ગુલબાસના ફૂલો સુવાસતા હતા. તેને હરિ લેતાં હતાં તે પર્વતના શિખરો ઉંચા સુંદર રંગબેરંગી બનતાં હતાં. તેના ઉપર પચરંગી પ્રતિબિંબો બનતાં ફેલાતાં હતા. તે પર્વતમાં સિદ્ધો તથા મુનિજનોની ગુફાઓ ઉંડી ઉંડી રહેલી હતી. તેમાં મુનિજનો દઢતાથી ધ્યાન ધરતા હતા. તે ઈડરના પર્વતની શોભા તો જાણે આકાશને ન અડતી હોય ? તેવો દેખાતો હતો તેથી સૌના મનને મોહ થતો હતો તેની ઉપર અપાર વૃક્ષો ખીલેલા શોભતા હતાં સુંદર વાવો, તળાવો, ત્યાં શોભતાં હતાં. તે વાવો, કૂવાઓ તળાવો બધુય ભરપૂર પાણીથી ભરેલાં આનંદ વધારતાં હતાં. તેમાં દેવોના સમુહો સ્વછંદ રીતે સ્નાન કરતા હતા દેવોની સ્ત્રીઓ સુંદરતાથી ખેચાતાં હતાં. સરોવરમાં સ્નાન કરતાં હાસ્ય વિનોદ કરતાં હતાં. મૌન કરતા હતાં. તળાવોમાં પાણી સ્વચ્છ કાદવ વગરનું ભરપુર તેમાં ઉગેલા કમળ, વેલમાં કમળો સુંદર રીતે ખીલેલાં શોભતાં હતાં, જળકુકડાં બહુ જ શોરબકોર કરતાં હતાં. સરોવરના કાંઠા ઉપર દેવની સતી ન હોય.

તે પર્વતમાં મુનિઓ સિદ્ધો સૌ જુદા જુદા રહેતા હતા યોગ સમાધિ કરીને દેહને કૃશ કરતાં હતાં. ચારે બાજુ વૃક્ષોને લીધે પર્વત ઉપર છાંયો રહેતો હતો તેનાથી સહસ્રફણિ શેષજીની શોભા કહી ન જાય તેવી અદ્‌ભૂત હતી. બહુ જ સારસો, હંસો, ચકોર પક્ષીઓના ટોળાં મધુર શબ્દો બોલતાં હતાં, ઘણાં બધાં મોર બોલતાં હતાં તે ટહુકારને સાંભળીને બધા જ મુનિજનોના ટોળાંઓ તે ગિરીરાજ પર્વતની શોભાને જોતાં હતાં. તે પર્વત ઉપર વૃક્ષોની શોભાથી અઢાર ભાર શોભા થતી હતી ફળફુલ ફળીઓની લીધે વધતાં હતાં. શ્રી હરિ જોતાં હતાં ત્યારે વસંત ઋતુ ખીલેલી હતી તેથી જાણે વસંત ઋતુ અહીં જ આવીને ન વસતી હોય ? તેમ લાગતું હતું. તે પર્વતમાં ત્રણે પ્રકારનો પવન વાતો હતો તે શાંતિ કરનારો થતો હતો. લોકોની ભ્રાંતિથી જોનારાને શાંતિ થતી હતી. તે પર્વત ઉપર દેવોના મંદિરો હતાં તેને જોઈને સૌના ચિત્ત ચકિત થતાં હતાં એવી મનોહરતા હતી. આવી રીતે તે પર્વતની શોભા જોઈને કવિજનો શરમાઈ જાય છે તેની ઉપમા તો સમાનતા વાળી જ રહે છે ત્યાં મહાભંયકારક વાતાવરણમાં ભવ ભવનાં વાહનો પ્રતિદિન મોટાં અવાજો કરતાં રહેતાં હતાં. **ઈડર**ના પર્વતમાં રીછોં, ભીછો બહુ જ જંગલી પ્રાણીઓ રહેતાં હતાં તથા સસલાં મૃગલાં આદિક અનેક રહેતા હતાં. અનેક પ્રકારના પશુઓ - પ્રાણીઓ રહેતાં હતાં તેનાથી પર્વતનો વિસ્તાર બહુ જ વિશાળતાવાળો ફેલાયેલો હતો. કયાંક કાબરો, કબુતરો, હોલાંઓ, કલ્લોલ કરતા કોયલ, પોપટ આદિક પક્ષીઓ ફરતાં તેથી ઘોર-કઠોર વાતાવરણને પણ શાંત કરતા હતા.

હે રાજન ! આવી રીતે આ પર્વતની શોભા સમૃદ્ધિ બહુ જ હતી તે ગિરીરાજ ગઢની માફક ખૂબ જ વિશાળતામાં ઉભો રહેલો છે તેના વડે જ ઈડર પુરની શોભા બહુ જ સારી લાગે છે આના લીધે જ સામાન્ય જનો શોભતાં રહે છે. તે **ઈડર** પુરના પ્રવેશ દ્વારની શોભા તો અતિશય છવાયેલી રહેલી તેમાં શિલ્પીઓએ કરેલી પોતાની ચતુરાઈની કળા અતિશય છે તથા કમાડોમાં પણ સુંદર ઘાટો કરેલા શોભે છે તથા તે ગઢમાં મહા કઠિન ઉંડી ભયંકર ખાઈઓ કરેલી છે તે પણ સારી છે. એના ગોળ ઘાટો સુંદર કરેલા છે પર્વત જેવી જ એની શોભા લાગે છે, માર્ગમાં આવતા તે મનોહર માર્ગ ઉપર મદોન્મત્ત હાથીઓ મદ ઝરાવતા છંટકાર કરતા હતા. માર્ગની બંને કોરે રાજાની શોભા દેખાય છે અતિ ઉંચી અટારીઓની ઘટા બહુ જ સારી થતી હતી તેને મૃગ સમાન ચંચળ લોચનવાળી સ્ત્રીઓ જોતી હતી. શોભા જોઈને વિશેષ રીતે વિચાર કરતી હતી. **અલિ**

**બહેન** ! પરબ્રહ્મ પુરુષોત્તમ ઘનશ્યામ પ્રભુ આપણા ગામમાં આવ્યા છે. જેમના ગુણને વેદો ગાયા કરે છે એમના મહિમાને જાણો છો આતો અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી નિયંતા છે. આમના ચરિત્રને તો શેષ, મહેશ, ગણેશ ગાયા જ કરે છે એવા અખિલજગતના ઈશ્વર તે જ પ્રભુ આપણા ગામ ઈડરમાં ફરશે અને તે આપણા ઉપર કૃપા કરીને પધાર્યા છે.

સ્ત્રીઓએ મહાપ્રભુની અલૌકિક છબીને નેત્રો ભરી ભરીને જોઈ લીધી જાણે ઉમાની જ છબી ઉપમાના રૂપે ન થઈ હોય ? તેમ અરસ-પરસ ઉચ્ચારણો કરીને ચર્ચા કરે તેને ઘનશ્યામ પ્રભુ સાંભળીને રાજી થાય છે. બહેનો, શ્રીહરિને ફૂલોના હારો અર્પણ કરતી હતી મુખેથી સ્ત્રીજનો મહારાજના ગુણને ગાતી હતી આવી રીતે મહાપ્રભુ પુરની મનોહર શોભા જોઈને લોકોના પવિત્ર શુદ્ધ મનને જોતા હતા. કયાંક હાથીઓની હાર રાખેલી હતી, કયાંક ઘોડાઓની હારો રાખેલ હતી, તો કયાંક બાળકોને ભણવાની મોટી શાળાઓ બનેલી હતી. તો કયાંક શેઠીયા, ધનપતિઓ, શરાફીઓ, દાનદાતાઓની દુકાનો હતી. કયાંક અખાડામાં મલ્લો વિશાળ મેદાનમાં કુસ્તી કરતા હતા કયાંક નાટક નૃત્ય વગેરે યોગ્ય થતાં હતાં, કયાંક બ્રાહ્મણો વેદના પાઠ કરતા હતા કયાંક નાયક ગણો નૃત્ય કરતા હતા, નાચતા હતા, આ રીતે શોભતી હતી. કયાંક આગળ ગુણીજનો ગાન-તાન કરીને ગાતા હતા, કયાંક આગળ નર સ્ત્રીઓ સૌ હાસ્ય વિનોદનો કાર્યક્રમ થતો હતો, કયાંક કીર દરવાજા ઉપર ભણાવે છે સ્ત્રીઓ અને પુરષો સ્વામિનારાયણના નામનો ઉંચેથી ઉચ્ચારણ કરતા હતા. હે રાજન્ ! કયાંક મંદિરમાં મહોત્સવો થતા હોય છે, કોઈક હાટોના સુંદર ઘાટો મોટા પ્રમાણમાં બને છે, થોડા જ પૈસામાં ખુબ જ વસ્તુઓ માંગે છે. આવી રીતની સગવડતા વાળું ઈડરપુર શોભે છે. શ્રી હરિ પ્રભુ મંદ મંદ ચાલતા થકા જોતા હતા અને હસતા હતા મહારાજ સૌને સુખ આપીને સુખપૂર્વક વાસ કરવા રાજાના દ્વારમાં અસવારી આવી ગઈ.

શ્રીહરિ દરબારમાં પધાર્યા હરખતા થકાં નિવાસ કર્યો, રાણીવાસ જોઈને રાજી થયા મહાપ્રભુએ સુંદર રીતે મુકામ કર્યો, રાજાએ અપાર ચીજો શુદ્ધ કરી કરીને તૈયાર કરેલી હતી ત્યાં ગોઠવી દીધેલી હતી. કપડાંના ઉતારાઓ તૈયાર કરાવેલા હતા સાથે મોટી ચંદણીઓ બંધાવેલી હતી. ઉંચા આકાશ અંબાવે તેવી હતી. રાજાએ ભરપુર રીતે રસોઈ આપેલી હતી. મહાપ્રભુ રસદાર રસોઈ પોતાના મુખારવિંદને ધોઈને જમવા પધાર્યા જગના નાથ મહાપ્રભુ થાળ જમતા હતા. સારી રીતે જમીને તૃપ્ત થયા. મહાપ્રભુ થાળ જમીને પછી સંતોને જમાડતા હતાં. પંગતમાં ફરીને પ્રભુ મુનિજનોને સારી રીતે જમાડીને ભકતજનોના દિલમાં બહુ જ સુખ આપતા હતા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ સભાની રચના કરી તેમાં સંતો, હરિભકતોની સભામાં શ્રી હરિ શોભતા હતા ત્યારે તે સભામાં રાજા અને એમના ઉમરાવો સૌ આવ્યા સભામાં બેસીને શીશ નમાવીને વંદન કર્યા. મહાપ્રભુ સભામાં સુંદર સુખ કરનારી જ્ઞાનની વાર્તા કરી, તેને સૌ નર નારી જનોએ ઉરમાં ધારી લીધી. આખા ભરતખંડમાં મહાપ્રભુ અખંડ અવતારો ધારે છે. લોકોના કલ્યાણ કરવા પૃથવી ઉપર વિચરે છે. એમને ઓળખવા જોઈએ એમના સાધુઓ મળે તો ઓળખાણ કરાવે તે જેમના મહાન ભાગ્ય હોય એમને જ મળે છે. તેમના ભવનો પાર આવી જાય છે તે જીવાત્મા અપ્રમાણ (અમાપ)સુખ પામે છે. હે રાજન્ ! આવી રીતની મહાપ્રભુના મુખની વાતો સાંભળીને સૌ જનો પુરુષોત્તમ મહાપ્રભુને પૂર્ણ રીતે માનતાં હતાં. તે બધા ધરતી ઉપર સત્સંગી થયાં ભુમિ ઉપર એકાંતિક ભકત થયાં. પછી તે રાજા અવતારોના અવતારી હરિને પોતાના

મહેલમાં પ્રેમ કરીને ભાવથી પધરાવતા હતા. સર્વ સંતોની સાથે મહારાજને નિરખીને તે પૃથ્વીપાલ મહાપ્રભુને ઉરમાં ધારણ કરતા હતા. સુંદર આસન તૈયાર કરેલ તેની ઉપર બેસારતા હતા. ગુણસાગર પ્રભુના ગુણને ગાતા હતા.

ચંદન આદિથી પૂજા કરીને હાર પહેરાવીને ધન, તથા સુંદર ભેટ અર્પણ કરીને સુખ પામતાં હતાં. શ્રી હરિની પછી આરતી કરતા હતા. સર્વ સંતોની સાથે પ્રભુને નિરખીને ચરણકમળમાં મસ્તકને નમાવતા હતા સર્વના ઉપરી પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ જાણતાં હતાં. હે રાજન ! પછી તે શ્રી હરિની સ્તુતિ કરતા હતા તે કહું છું તેને સૌ સતસંગીઓ સંતો સૌ સાંભળતા હતા શ્રીહરિને નિરખીને બન્ને હાથ જોડીને હરિને ગદ્‌ગદ્ વાણીથી હરખ પામતા થકી સ્તુતિ કરતા હતા.

હે પ્રભુ જગતપતિ ! આપનો જય જયકાર થાય હે જગદીશ પ્રભુ ! આપનો જય જયકાર થાય. આપનો મહિમા જગતમાં છે તેથી જય જયકાર થાય, આપના યશગુણને શેષજી, હજાર ફેણથી ગાય છે તોય પાર નથી પામતા એવા અરશણના શરણ દાતા આપનો જય જયકાર થાય. આપ કરોડો જનના કલ્યાણ કામ કરવા પધાર્યા છો એવા જીવનપ્રાણ આપનો જય જયકાર થાય ગરીબોના નવાજ આપનો જય જયકાર થાય. હે પુરુષોત્તમ પ્રભુ ! પ્રાણ પતિ આપનો જય જય થાય, પવિત્ર બુદ્ધિવાળા આપના મહિમાને મુખે ગાય છે સર્વ લોકોને રંજન કરનારા આપનો જય જયકાર થાવ. હે અવતારી પ્રભુ ! આપના તો અનેક અવતારો થાય છે આપનો જય જયકાર થાવ. હે ઘનશ્યામ પ્રભુ ! જ્ઞાનના ભંડાર જગતના વંદન કરાયેલા, યોગિજનો સદાય આપના ચરણનું સેવન કર્યા કરે છે હે પુરુષોત્તમ ! પ્રાણપતિ આપનો જય જય થાઓ. આપે જગતમાં અવતાર લીધો છે એવા આપનો જય જયકાર થાઓ. પૃથ્વી વાસી આપને મૂર્તિમાન હૃદય કમળમાં દેખે છે. આપના દર્શન કરે તેના બધાં જ પાપો બળી જાય છે. એવા હે પુરુષોત્તમ પ્રભુ આપનો જય જયકાર થાઓ.જગતના સર્જન અને લય કરનારા આપનો જય જયકાર થાઓ. હે પુરુષોત્તમ પ્રભુ આપ પાપનો નાશ કરનારા જગતમાં કોઈનાથી ન જીતાનાર, હે પુરુષોત્તમ પ્રાણપતિ આપનો જય જયકાર થાઓ. જીવોને તારનારા દીન જીવો ઉપર દયા કરનારા મનુષ્ય શરીર ધારીને મનુષ્ય જેવા કર્મ ચરિત્રો કરનારા સુખના ધામી હે પ્રભુ આપના ગુણને સતી પાર્વતી સરસ્વતિ ગાયા જ કરે છે એવા હે પુરુષોત્તમ ! પ્રાણના સ્વામી આપનો જય જયકાર થાઓ.હે પ્રભુ ! અમાપ મહિમાવાળા આપે મારો હાથ ઝાલેલો છે તેથી આ જગતના માર્ગમાંથી મને તારજો અહીં આવીને હે અજીતનાથ ! મંદમતિ એવા અમને આપે ઉગાર્યા મહાપાપી અમને તાર્યા એવા હે પુરુષોત્તમ પ્રભુ ! પ્રાણના પતિ આપનો જય જયકાર થાઓ. હે મહાપ્રભુ ! આપ જગતમાં કલ્યાણ કરવા પ્રત્યેક યુગમાં (વારંવાર)અવતાર ધારીને કઠિનમાં કઠિન માર્ગમાં નિવાસ કરીને રમત માત્રના જીવાત્માની વિપત્તિ પીડાને હરનારા અને આનંદ કરનાર આપનો જય જયકાર થાઓ. હે પ્રભુ ! આપ પોતાના આશ્રિત જનોના માટે આ ભૂમિમાં પધારિને સુખ કરો છો જેમનું મન માયાના વમળમાં બંધાયેલ છે જગતમાં લપેટાવેલો હોય તો તેના ભવને પાર પામવા માટે આપની ભક્તિ કરે તો જ થાય, એવા હે પુરુષોત્તમ પરબ્રહ્મ પ્રાણપતિ આપનો જય જયકાર થાઓ.

હે રાજન્ ! તે ગંભીરસિંહ રાજાએ ભાવનાથી હાથ જોડીને શ્રી હરિની સ્તુતિ કરી અને પ્રગટ પ્રભુને પૂરે પુરા ઓળખ્યા, અને મનમાં ભગવાન સિવાય બીજો કોઈ ભાવ ન હતો એટલે પ્રભુ રાજી થયા અને કહે

હે રાજન ! તમે મારી પાસે માંગો આવી રીતે શ્રી મુખે પ્રભુએ કહ્યું તમારે જો કોઈ ચીજની મનમાં રુચિ હોય તો હે રાજન સ્વેચ્છાએ માંગો તે હું તરત જ આપીશ ત્યારે તે રાજા રાણીવાસમાં જઈને રાણીને પૂછતો હતો કે સુખકંદ મહાપ્રભુ વર આપે છે તો સુખકંદ પ્રભુ પાસેથી શું માંગવું એમ પૂછયું. શ્રી સ્વામિનારાયણ ભગવાન આજે મારી ઉપર પ્રસન્ન થયા છે ત્યારે રાણી કહે છે હે રાજન - સાંભળો, વચન વિચારીને માંગજો મહારાજ અહિયા પોતાનું કરીને રહે, ઈડર ગઢમાં નિવાસ કરે એવી રીતે મહારાજ પાસે માંગવાનું. હે પ્રભુ અહીં નિવાસ કરીને સદાય માટે રહો, એવી અમારી આશા છે. આમ માંગવાનું પછી પરબ્રહ્મ પ્રભુ પુત્ર પરિવારની આશાઓ પુરશે જ. કૃપા કરે ત્યારે બધુ જ મળે છે. હે ભયને હરનારા ! મહાપ્રભુ ભૂમિ ઉપર આપનો ભકત આશ્રિત છે તો અમારા ભયને હરીને કલ્યાણના કરજો. હે રાજન ! તે રાણીના સુખ કરનારા વચનો સાંભળીને મનમાં અનુમાન કરેલા તે જ રીતેના હાથ જોડીને ઘનશ્યામ પ્રભુ પાસે કહેતા હતા હે પ્રભુ ! આપ સાંભળો. હે ધર્મનંદન પ્રભુ ! આપ અહી ધામ કરીને સદાને માટે નિવાસ કરીને રહો, હે જગવંદ પ્રભુ ! અહીં નિવાસ કરો તો સૌ જનો આપને ઓળખે અને **ઈડરગઢ**માં જનોના પાપો. નાશ પામે અને આપનો પ્રસિદ્ધ એકાંતિક ભકત થાય તેવો પુત્ર આપજો. આપનો એકાંતિક ભકત થઈને અમારા વંશને તારનારા થાય. હે રાજન ! આવી રીતે રાજાના કહેલા વચનો સાંભળીને મુનિ પતિ સુખકંદ પ્રભુ મહારાજ મનમાં રાજી થઈને કમલ નયન પ્રભુએ તથાસ્તુ કહ્યું. અને બંને વરદાનો આપ્યાં.

આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ સુખ દઈને ઈડરગઢમાં રાજાના કામ કરીને બહુ જ કરુણા કરતા હતા. ગરીબ નવાજ પ્રભુ સુખના સાગર ગરીબોના બેલી આનંદ કરાવતા હતા. હે રાજન ! **માણસા** પુરમાં **ફુલબાઈ**, નામના દીકરી તેમણે સત્સંગનું બીજ ઈડરમાં રોપ્યું હતું તેનું ફળ રૂપે શ્રી ઘનશ્યામ પ્રભુ પધાર્યા અને વરદાન પ્રાપ્ત કર્યા એ ફળ મળ્યું છે. શ્રી હરિ મહાપ્રભુ સંતોની સાથે સત્તર દિવસ રહીને સુખધામ પ્રભુ ધામ કરીને મહામંદિરમાં મૂર્તિરૂપે મહાપ્રભુ ઈડર ગઢમાં રહીશું એવા મહારાજે વચન આપ્યા. અહીંયાં મનોહર સુંદર મંદિર બહું જ ઉંચું વિશાળતાવાળું થશે તેની વાર્તા આપને ઉમંગથી આગળ કહીંશું. સુખધામ પ્રભુની શોભા સુંદરતા બધુ જ વર્ણન કર્યું. ત્યાંના સ્ત્રીપુરુષો ભકિતભાવ વાળાં હતાં તેમનું વર્ણન કર્યું એમના મહિમાયુકત મધુર વાણીથી વર્ણન કર્યું.

શ્રી હરિ મહાપ્રભુ સંતોની સાથે રહીને સુંદર રસોઈ તૈયાર કરાવીને સારી રીતે જમાડયા તથા રાજાએ પુજા કરી અને સ્તુતિ કરી મહારાજનો મહિમા વર્ણન કર્યો ધર્મનંદન પ્રભુએ ગંભીરસિંહરાજાને વરદાન દીધું તથા રાજાએ રાણીને મળીને માગ્યું તે આપ્યું આમ, પાંત્રીસમો તરંગ શ્રી હરિલિલાસિંધુની લહરી રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આંનદસિંહરાજાના સંવાદમાં ગંભીરસિંહે શ્રીહરિની સ્તુતિ કરી તેનું વર્ણન કર્યું એ નામે આ પાંત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૩૫॥**

# તરંગ-૩૬

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મનુષ્ય દેહધારીને ગોવર્ધન પર્વતને ધારણ કરીને રાખે છે. એવા પ્રભુ નગરોમાં ફરીને લોકોના કર્મ ફંદને હરતા રહે છે. વૃક્ષના ફળને હાથેથી ખાય છે. એવા તે મહાપ્રભુના પરમ બ્રહ્મપુર ધામને પ્રેમથી લઈ જાય છે. એવા પુરુષોત્તમ પ્રભુ મહારાજનાં સુંદર લીલા ચરિત્રોનો સાર કહીને ! મારા કષ્ટોને હરો. શ્રી ઘનશ્યામ મહારાજે ઈડર ગઢમાં આવીને ચરિત્રો કર્યા હોય તે કહો. હે અવધપ્રસાદજી મહારાજ ! હવે હું પૂછું છું કે ગંભીરસિંહ રાજાને બીજ બળ કયાંથી દૃઢ થયું જેના બળે કરીને મહારાજ સંતો મુકતોની સાથે સંતાપને હરિને સુખ આપતા હતા. તે ભગવાનના ચરિત્રોની વાતનો વિસ્તાર કરીને કહો તથા ગંભીરસિંહ કેવી રીતે ભગવાનના ભકત થયા દૃઢતાથી ભક્તિ કરતા હતા. એ કથા મને કહો. અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદ રાજન ! તમે અતિશય બુદ્ધિવાળા સમજણવાળા જ્ઞાની છો. આ ભગવાનની કથા સાંભળવાથી બધા જ પાપો બળી જાય છે. અને મનના સંતાપોને દૂર કરે છે. એવા પ્રગટ પ્રભુનો પ્રતાપ તો અમાપ જ છે તેને જગતના નર નારીજનો સૌ જાણે જ છે. જયારે પ્રભુએ કૃષ્ણ અવતારમાં શિશુપાળને માર્યો તે અસુર હતો તેથી માર્યો એમ જાણીને તેના મિત્રો પૌડ્રક અને શાલ્વ બધા વેર લેવા માટે તૈયાર થઈને દંતવક્ર અને વિદુરથ પણ આવ્યા. આસુરી પ્રકૃતિના બે જ સારા યોદ્ધાઓ બહુ મરણિયા થાય એટલે તેઓ શિશુપાળનું વેર લેવા આવ્યા હતા. તે દેવતાઓના દ્વેષી હોવાથી સેવા તો ન જ કરે દેવો અને દાનવો જગતમાં લડતા જ રહેલા છે. સામા આવીને લડે ત્યારે જ પાકો નિર્ણય થાય. ત્યારે તે બંને પોતાના સૈન્યોને સજ્જ કરીને દ્વારકામાં જ બધા પાપીઓ રહો છો એટલે તે બન્ને દ્વારિકા આવ્યા ઝગડો કરીને વેર લેવા હુમલો કરીને આવ્યા સનમુખ વેર લેવા આવ્યા દ્વારિકામાં પાપિષ્ટના ઘેર આવ્યા હતા. કહેતા હતા કે ક્યાં ગયો પાપી કૃષ્ણ કપટી, કયાં ગયો કઠોર, કયાં ગયો આમ બોલીને જયાં ત્યાં રખડતા કહેતા હતા બહુ જ જોર બતાવતા હતા લોકોને બહુ જ કષ્ટ કરતા હતા ક્રુર અસુર બળવાળા જોઈને લોકો ભયભિત થયાં બેહાલ થઈ ગયાં. કહેવા લાગ્યાં હે કૃષ્ણ, હે કમળનયનવાળા આ દુષ્ટો પાપીઓ આવીને અમને બહુ જ દે દુઃખ છે. માટે એમને મારીને અમારું રક્ષણ કરો .... રક્ષણ કરો... આમ દ્વારકાના નર-નારી જનો પોકારતાં હતાં. લોકોના આર્તનાદ સાંભળીને પ્રભુ દયા કરીને પીડા પામતાના દુઃખને દૂર કરનારા પૂર્ણકામ શ્રી કૃષ્ણ પ્રભુ સૈન્ય સજ્જ કરીને યુદ્ધ કરવા સામા આવ્યા ત્યાંના નર-નારી જનો સૌ નવિન નામનું રટણ કરવા લાગ્યા ગાવા લાગ્યા.

પુરુષોત્તમ પ્રભુ સમરાંગણમાં આવ્યા ત્યારે સામા દળમાં કઠોર અસુરો આવેલા દેખાયા ત્યારે પ્રભુએ રથ ઉભો રાખી સામું જોયું નિરખ્યા, ત્યારે તેઓ મુખેથી બહુ જ ખરાબ વાણી બોલતા હતા સામા જોરથી દોડતા આવતા હતા. તું સામો ઉભો રહીને જાણે ભાગી જવાનું ધારતો હોય તો ભુલજે આજે તો તારી છાતી ઉપર આવીને તને મારીને જવાના છીએ કેમ કે તે મારા મિત્ર **શિશુપાળ**ને માર્યો માટે મંદમતિ ત્યાર પછી આજે તારું મોં જોવા મળ્યું છે એટલે આનંદ થયો છે. ત્યારે પ્રભુ કહેતા હતા તું દુષ્ટ છે, એટલે ગાળો બોલે છે અને તારા જેવા જ અસુરોને મારવાની મારે ઉતાવાળ છે. એટલામાં તે અસુર તૈયાર થઈને નજીકમાં આવ્યો ત્યારે જ આજ આવી રીતે ગમાર તુ બકવાસ કરે છે કડવાં વચનો બોલે છે. આવી રીતે પરસપર બોલાચાલી થતી હતી. ત્યારે

હરિએ દંતવક્ર શત્રુ સામે જોયું અને શ્રી કૃષ્ણપ્રભુના ઝેર જેવા કઠણ વચનો સાંભળીને તે અસુર પોતાના મનમાં બળતો હતો હૃદયમાં દાજતો હતો. વાંકી નજર કરીને તથા મહાક્રોધ કરીને મહાસંગ્રામ કરવા માટે તૈયાર થઈને પોતાની વજ્ર જેવી કઠોર ગદાને લઈને પ્રભુની છાતીમાં પ્રહાર કર્યો તેનાથી પ્રભુ મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડતા દેખાયા ત્યારે દેવો બધા હાહાકારની વાણી બોલતા હતા પ્રભુ એ વખતે મનુષ્ય ચરિત્ર કરતા હતા. પ્રભુ તો અજય જ છે. એમ જાણીને ધીર ધરીને પોતાના હાથમાં મહાગદાને લેતા હતા સુખનિધાન ગદાને ઉંચી ઉપાડીને હરિએ શત્રુ ઉપર જોરથી પ્રહાર કર્યો, તેવો જ અસુર પૃથવી ઉપર પડયો અને બધાં જ આનંદને પામતા હતા. ત્યારે એનું મન ભ્રમણા પામતું હતું, મુખેથી રુધિરની ઉલટી કરતો હતો જાણે વજ્રનો કઠોર પહાડમાં પ્રહાર ન કર્યો હોય તેમ કઠોર પ્રહારથી તે તત્કાળ પ્રાણનો ત્યાગ કરીને ગયો ત્યારે દેવોના સ્વામી પ્રભુ નવીન જ ચરિત્ર કરતા હતા. તે અસુરના દેહમાંથી જયોતિ પ્રગટ થઈને પ્રભુના સ્વરુપમાં લીન થઈ ગયો એ સૌએ જોયો ત્યારે સૌ દેવો અને મનુષ્યો જય જયકારનો નાદ કરતા હતા.

ત્યારે પોતાના ભાઈનો નાશ થયો છે એમ જાણીને દંતવક્ર નામનો અસુર યુદ્ધ કરવા સામો આવ્યો તે નાશ પામ્યો. ત્યારે વિદુરથ પોતાના ભાઈનું વેર લેવા આવ્યો જગતમાં એને દંતવક્રની જોડ કહેતા હતાં ત્યારે તે ખૂબ જ ભારથી લડાઈ કરવા ભયાનકતાથી ભીડાતો હતો. તે હાથમાં તલવારને ઘસીને બહુ જ તીખી ધાર કરીને લાવેલો દોડતો આવતો હતો હૃદયમાં ક્રોધ કરીને મુખેથી પાપીષ્ટ ગાળો બોલતો થકો આવતો હતો. તે કપટી, કઠોર અસુર શ્રી કૃષ્ણ પાસે અજીતને જીતવાની આશા કરીને આવ્યો ત્યારે રણ સમરાંગણમાં ઉતાવળા ઉતાવળો આવતો હતો. ત્યારે કરુણાનિધાન કૃપા કરીને સામું જોતા હતા. ત્યારે બલભ્રાતા બળવીરે વગર પ્રયાસે તેને માર્યો પ્રભુએ પોતાનું સુદર્શન ચક્રથી ધીર પ્રભુએ એનું શિર કાપીને જુદું કર્યું સમર્થે સંગ્રામની વચ્ચે વિદુરથને માર્યો. કૃપાળુ દેવોનું કાર્ય કૃપા કરીને કરતા હતા તે પૃથ્વી ઉપર સૌ જનને પ્રસિદ્ધ જ હતું સૌ આ જોયું હતું તેથી પ્રભુના પરાક્રમની મહાનતા જોઈને મહાન દેવોનું વૃંદ આનંદ પામતા થકા દુદુંભિ વગાડીને આનંદ કંદ પ્રભુને નવાજતાં હતાં.

પ્રભુના ગુણોને સિદ્ધો, ચારણો, સજજનો ગાતા હતા. આકાશમાં અપ્સરાઓ નૃત્ય કરતી હતી માન સનમાન કરતી હતી આવી રીતનું પરાક્રમ જાણીને લોકોનાં ટોળાં પ્રભુના લક્ષ્મી  નિવાસ તરફ આવ્યાં અને દ્વારિકા પુરિમાં આનંદનો ઉલ્લાસ છાયો. સૌ નર-નારી કહે બહુ જ સારું કાર્ય કર્યું, દૈત્યોને મારીને બહુ જ સુખનું કામ કરી દીધું. રાજાધિરાજ પુરુષોત્તમ આવી રીતે કાર્યો કરતા હતા. યદુવંશના હંસે સર્વ ગરીબોના રક્ષક શ્રી કૃષ્ણ હતા. એટલામાં આવી વાત જાણીને પાર્થ અર્જુન અને કૌરવ - પાંડવો બંને આવ્યા હતા. આવી રીતે પૃથ્વી ઉપર બહુ જ ભીડ થઈ છે.

સભ્રંમ સાંભળીને સૌ મનમાં ભ્રમવાળા થયા અને શંકર્ષણ પ્રભુએ મનમાં અનુમાન કર્યું કે આપણે બંને બાજુથી દેવે મને જ દુઃખ  દેવાનું ધાર્યું  છે આ બાજુ શ્રી કૃષ્ણ પાંડવોની  તરફ છે બીજી બાજુ મારા મિત્ર દુર્યોધનનું જોર છે એમાંથી કોના બાજુ રહેવું, હું કઈ બાજુ જાઉં ત્યારે ધીરજ ધરીને મનમાં નકકી કરતા હતા કે તિર્થો અપાર છે તો તિર્થ યાત્રા કરવા જાઉં તો ઠીક થાય, આમ ધારીને શેષજીએ ઠરાવ નકકી કર્યો તિર્થ યાત્રા કરવાનું નિમિત્ત કરીને સુખકંદ સંકર્ષણ દ્વારિકાનો ત્યાગ કરીને તિર્થમાં ફરવા નિકળ્યા. પહેલા તિર્થમાં પ્રભાસ પાટણ ત્યાં સમુદ્રમાં વિધિ પ્રમાણે સ્નાન કર્યું તિર્થમાં પાપ કાઢીને પાવન કર્યું બ્રાહ્મણને દાન દીધાં.

સરસ્વતી નદીમાં સ્નાન કર્યું, બિંદુ સરોવરે વિધિ પ્રમાણે સ્નાન કર્યું ત્રિતકૂપ કર તિર્થ વરદ પવિત્ર સ્નાન કરીને સુખ પૂર્વક ત્યાં દર્શન કર્યા તીર્થની વિધી કરીને સ્નાન કર્યા, બલરામ પ્રભુ મનમા રાજી થતા હતા. દેવનદી ગંગામાં દેવના પુત્ર સ્નાન દાન કરીને બલરામજી શાસ્ત્રની વિધિ પ્રમાણે તિર્થ યાત્રા કરતા હતા.

આવી રીતે બલરામ ભાઈ ખૂબ જ પ્રતાપ જણાવતા હતા. શુદ્ધ દિલના મુનિએ આદર કર્યો સારું સનમાન કર્યું સારું આસન તૈયાર કરીને બેસાર્યા, બલરામ વિનય કરીને શાંતિથી બેઠા. વ્યાસના શિષ્ય સુતને વંદન કર્યા તેનું મુનિએ જણાવ્યું પુરાણ શાસ્ત્રની કથા કરનાર વકતા પવિત્ર આત્મા છે. દેવવત સ્થાન કહેવાય તે સ્થાન ઉપર વ્યાસ રુપે આસન વિરાજમાન થાય છે. એટલે વકતાનું બહુ જ સનમાન કરવું જોઈએ. હે રાજન્ ! તે જ કારણે તે ઉઠયા જ નહી તેથી બલરામના મનમાં રીસ થઈ ગઈ તેને જોઈને રામ એકદમ સ્તબ્ધ થઈ ગયા કહેતા હતા કે આતો લવારો જ કરે છે અરે અધમ બ્રાહ્મણ અભિમાન કરીને રહે છે. અહંમતાને લીધે પોતાના મનમાં મોટાઈ માને છે ગમાર બીજા મોટાની માન મર્યાદા નથી રાખતો સહેજ પણ આદર કરીને વંદન પણ ન કર્યા. તું શું પદવી લઈને બહુ મોટો થઈ ગયો છે. વ્યાસના શિષ્ટ વિદ્યાર્થી અશેરા થઈ ગયા અને તમે ભણ્યા તેનું અભિમાન બહુ જ વધારે છે. ગર્વ જ થયો છે એ વિપ્રવર્યને યોગ્ય જ નથી. હું એને જોઈ શકતો જ નથી આને શિક્ષા કર્યા સિવાય મને શાન્તિ થશે જ નહી. પૃથ્વી ઉપર ધર્મને દૃઢ કરવા અમે અવતાર ધર્યો છે, પાખંડના આડંબર નીચે એના પ્રચાર અભિમાનને તોડનારા છીએ આમ કહીને અનંતના અવતાર બલરામ હાથમાં દર્ભ લઈને સામા આવતા હતા. હૃદયમાં જાણે વજ્ર સમાન બાણ ન લાગ્યું હોય તેમ મુનિગણ જોઈને પ્રાણ વગરના થયા હોય તેમ હાય હાય મુખેથી વાણી મુનિજનો બોલતા હતા.

હે રામ ! તમે આ કામ સારું નથી કર્યું અમે એમને વ્યાસના આસન નકકી કરીને બેસાડયા હતા પુરાણશાસ્ત્રની કથા કરાવતા હતા અને તમે આ ઉચિત નથી કર્યું આવી વાતો રામને કહેતા હતા, તમે ઉતાવળ કરીને દુષ્ટ કામ કર્યું છે. હે અનંત ! તમે બહુ જ અનર્થ કરેલ છે ખોટું કામ કરેલ છે તમને શું ભ્રામ-મતિ આવી તમે બ્રહ્મ હત્યા વિચાર્યા વગર જ કરી છે માટે હવે તો આનું પ્રાયશ્ચિત તમારે કરવું જ પડશે તમે આનું પ્રાયશ્ચિત કરો. બ્રહમ રુપ હોય તો તોય પણ પાપનું પ્રાયશ્ચિત વગર નિવારણ થતું જ નથી અગ્નિ સમાન તમારું તેજ બળવાન ! તમને પાપ લગારે સ્પર્શ નહી કરે પણ લોક વ્યવહારની રીતે ન્યાયની રીતે વ્યવહાર કરવો જ પડે. મોટા માણસો જે કોઈ ક્રિયા કરે તેને જગતના જીવો જુવે છે તેનું સંસારના જીવો તરત જ અનુકરણ કરે છે માટે તમારે આનાં પ્રાયશ્ચિત રુપે બધાં તીર્થોમાં જઈને તીર્થયાત્રા કરો આ વાતને ધ્યાનમાં લીધી અને પ્રાયશ્ચિતનો વિચાર કર્યો.

હે રાજન ! બલરામજી ઋષિગણોનું કહેલું વચન સાંભળીને રામ કહેતા હતા અમે જગતમાં બ્રાહ્મણોને જીવાડીએ તે તમે જાણી લેજો. ત્યારે મુનિજનો હાથ જોડીને રામને ઉરમાં ધારણ કરીને કહે છે, તમારા હાથમાં આવેલ કુશનું તંતુ અસ્ત્ર જેવું જ થાય હે પ્રભુ ! પૃથવી ઉપર તમારું પણ (પ્રતિષ્ઠા) તો સાચું જ છે પણ અમારું કામ પણ જોઈને નિર્ણય કરવાનું છે એટલા માટે અમે અમારો શાસ્ત્ર રીતનો મત તમને જણાવ્યો તો તમે તમારી દૃષ્ટિએ વિચારીને કરજો. ત્યારે રામ પ્રભુ તિર્થમાં પ્રયાણ કરવાના મૂહુર્તમાં દુઃખ ભાંગવા નિમિત્તે દાન દેતા હતા હવે આવું અનુચીત કાર્ય ન થાય તે માટે ધ્યાનમાં લેવું, તે જ સજ્જન લોકોનાં મનની શાંતિનું સાધન છે. વેદમાં આવી રીતેના વચનો કહેલા છે તે તમને કહીએ છીએ હે રામ તમે તેને સાંભળો બહુ જ વિગતવાર

કહું છું. જયારે પુત્ર થાય છે ત્યારે પિતાનું પદ મળે છે આ વાત અગમ નિગમમાં કહેલી છે એમ જાણજો. આ ઉગ્રશ્રવા છે તે સુતના પુત્ર છે સારા બુદ્ધિવાળા છે આમને વ્યાસ મુનિએ ગાદી આપેલી છે આ સાંભળીને અનંત બલરામ મનમાં રાજી થયા તરત જ મુનિના કહેવાથી સારું કામ કરી દીધું. રોમહર્ષના પુત્ર ઉગ્રશ્રવાને પદવી આપી દીધી ત્યારે મુનિજનો મનમાં બહુ જ રાજી થયા પછી મુનિજનો હાથ જોડીને બલરામને કહે હવે તમે વચન સાંભળો અમે કહીએ છીએ.

મહાન મંદ મતિવાળો મલિન કુળમાં જનમેલો પ્રભુ જનોનો વૈરી જગતમાં વધારે પ્રસિદ્ધ થયેલો દુષ્ટ બુદ્ધિવાળો ખરાબ માર્ગે ચાલનારો એવો દુષ્ટ હરિભકતનો દ્વેષી અબુદ્ધિવાળો રહેલો. તે સંતો ભકતજનોના સુખ ચેનને હરનારો પીડનારો મહાન પાપી સુરાનું પાન કરનારો, બહુ જ બળવાળો, અતિ તીવ્ર બુદ્ધિવાળો એવો જેને **બિલ્વલના** નામથી કહેતા હતા. એના બાપનું નામ **ઈલ્વલ હતું** પછી તે પૃથ્વી તળ ઉપર બહુ જ પ્રખ્યાત થયેલો તે મુનિઓના યજ્ઞોને વધારે પ્રમાણમાં બગાડતો હતો. તે પાપી મળમુત્ર હાડકાં વગેરે યજ્ઞમાં નાખતો હતો. તે યજ્ઞમાં માંસની સાથે દારુ વિગેરે નાંખતો હતો તેનાથી યજ્ઞ કાર્યનો ભંગ થતો હતો તોય એને કોઈ કાંઈ કહી શકતું જ ન હતું. એ એવો અજીત હતો કે દેવો દાનવોમાં કોઈ એને જીતી જ ન શકે એવી રીતે અતિ પિડા કરે છે. હે કૃપાળુ બલરામપ્રભુ ! તે પાપીનો નાશ કરો દયા કરીને દયાળુ મુનિજનો ઉપર કૃપા કરો તમારા વિના બિલ્વલને કોઈ મારી શકે તેમ જ નથી. બલરામની સામે જોઈને મુનિજનોએ સાચી જ વાત કહી દીધી. તમે તો સૌ મુનિજનોના સેવક કહેવાઓ એમની સેવા કરો હે રામ ! પ્રસાદરુપે અમને શુભ આશીષ દેજો જેથી મુનિજનો સદાય શાંતિથી યજ્ઞ કાર્ય કર્યા કરે મુનિજનોએ હાથ જોડીને વિનંતી કરીને રામપ્રતાપને બધી વાત કરી દીધી કે તમે તે અસુરનો વધ કરીને શાંતિ કરી દેશો, તો તમે સર્વ મુનિજનોની મહામોટી સેવા કરી અને રાજીપો થઈ જશે, આમ સૌ મુનિગણ કહે છે. **દંતવક્ર**નો વધ કરી નાખ્યો, દ્વારિકામાં શ્રી કૃષ્ણ આવ્યા. ત્યાર પછી મહાભારતનું મહાઘોર યુદ્ધ થવાનું છે એમ ધારીને યાત્રા કરવા માટે **બલરામજી**એ પ્રયાણ કર્યું.

કથા કરતા રોમહર્ષને મારી નાંખ્યા તથા એમના પુત્ર ઉગ્રશ્રવાને રામ પ્રતાપે વ્યાસજીની ગાદી નાશ કર્યો આપી દીધી ત્યાર પછી મુનિજનોના બહુ જ ભયંકર દુઃખો સાંભળીને અસુરોનો નાશ કરવાનો મનમાં નિર્ણય કર્યો, હે રાજન ! આવી રીતે રામ, અને કૃષ્ણના ચરિત્રો વિસ્તારથી વર્ણન કર્યા, તથા બલરામના કઠીન પરાક્રમનું વર્ણન કર્યું આવી રીતે છત્રીસમો તરંગ તે શ્રી હરિલિલાસિંધુના લહરિના રુપમાં પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં બળદેવજીએ રોમહર્ષનું નિધન કર્યું તેનું વર્ણન કર્યું એ નામનો આ છત્રીસમો તરંગ પૂર્ણ થયો ।।૩૬।।**

# તરંગ-૩૭

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ભગવાને નાગના ગર્વને હણ્યો તે નંદજીના પુત્ર શ્રીકૃષ્ણ તે જ પોતે જયારે હાથીને મારવા તૈયાર થયેલ દુષ્ટ જુઠને મારવા માટે તે હાથીને તારવા એની સ્તુતિ સાંભળીને આવ્યા. હાથીની પ્રાર્થના સાંભળીને નાગના શત્રુ ગરુડ ઉપર બેસીને દોડીને આવ્યા અને જુડને સુદર્શન ચક્રથી વધ કર્યો અને ગજેન્દ્રને ઉગાર્યો એવા શ્રી હરિના ભાઈ તમે મને બધી જ ચરિત્રની વાર્તા કૃપા કરીને કહો કેવી રીતે યુદ્ધ કર્યું તથા લડાઈ કરીને **બિલ્વલ**ની સાથે મલ્લ કુસ્તી કરીને એને માર્યો. તે વાર્તા વિસ્તાર કરીને હે ગુરુ મહારાજ મારી ઉપર કૃપા કરીને આપનો દાસ જાણીને કહો.

અવધપ્રસાદ ગુરુ મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! તમે સુંદર વાત પૂછી છે જે સાંભળીને બધાં જ સંતાપો નાશ પામે છે એવું **બળવાન બિલ્વલ અને બલરામનું મહાસંગ્રામ થયું તેની વાર્તા કહું છું. તે શત્રુરૂપે અસુરના બળ પરાક્રમનું વર્ણન કરું છું તેને હે રાજન તમે ભાવથી સાંભળો** શ્રી કૃષ્ણના ભાઈ બલરામ સુંદર યુદ્ધ કરીને તે દુષ્ટને રમત માત્રમાં મારી નાંખ્યો. ઋષિઓના વચન સાંભળીને બલરામ પ્રભુ વિસ્મય પામી ગયા, બંને હાથો ભયાનક લાંબા કર્યા અંતરમાં વીર રસ છાયેલો હતો ભ્રુકુટિ વાંકી કરીને હૃદય ડંસનારા કૃષ્ણના ભાઈ બલરામ મુખેથી કહેતા હતા હે ઋષિવર્યો ! આપ હવે યજ્ઞના કાર્યનો પ્રારંભ કરો, અમે રક્ષણ કરતા રહીશું ધ્યાન રાખીશું. આવી રીતના બલરામ પ્રભુના વચનોને ઉરમાં ગ્રહણ કરીને ઋષિજનોએ યજ્ઞનો આરંભ કર્યો, ત્યારે ધામ-ધૂમથી તૈયારી થઈ ભુદેવાના મુખેથી ઉંચે સ્વરે વેદ ધ્વનિ ધરણીને ધન્ય કરતો હતો અનેક ઋષિઓએ સારી રીતે સાજ સજીને યજ્ઞ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે યજ્ઞ ધૂમાડો ઉપર આકાશના માર્ગે જતો હતો તેને જોઈને તથા મંત્રનો ઉદ્‌ઘોષ શબ્દ સાંભળીને મહાભયંકર દુશ્મનો બાણમાંથી તીર છૂટે તેની માફક દોડતા આવતા હતા યજ્ઞ મંડપોને નષ્ટ કરતા હતા મોટા ભાગે દ્વિજો જોઈને નજર ભરીને જોતા હતા.

હે રાજન્ ! તે દૈત્ય અસુર પર્વત જેવા વિકરાળ પંડને  પ્રસિદ્ધ પમાડવા મલીન કાર્યથી બીજાને પીડા કરવા દુઃખ દેવામાં પ્રવિણ એવો પાપમય પુણ્યને નસાવનારો રુધિરનું પાન કરીને પીનારો વિકૃત અતિશય વિકૃત શરીરવાળો પૃથ્વી ઉપર ભારરુપ ભય કરનારા, મસ્તકના વિકૃત કેશોવાળો મલીન, કુરુપ, અસુરોનો રાજા એવો ભૂમીને ભાર કરનારો **ઈલ્વલ**નો પુત્ર ઈશ્વરથી વિમુખ થયેલો **બિલ્વલ**ને જાણવો એવા નામથી બોલાવતા હતા. તેનું શરીર કાજળ જેવું કાળું અને નેત્રો લાલ કરીને મદમાતો થઈને કપટી મહાઘોર ક્રુર સ્વભાવનો કુટિલ, કાળા કેશને છૂટા કરેલો, દાંતથી હોઠોને કરડતો વક્રયદષ્ટિ કરીને લોકોને ડરાવતો, ટહેલ કરતો, આકાશમાં પગને ઠોકતો, શરીરના રુવાડાં ઉપર બાણ રાખતો, કયારેક દાંત લાબાં કરીને દર્શાવતો અજીત એવા નિડર હોય તેને પણ દેખીને ડર લગાડતો હતો.

હે રાજન્ ! તે મુખેથી ચિત્કારો કરતો એવો ખળ દોડતો આવતો હતો તે યજ્ઞનો ભંગ કરતો હતો ભયંકર અસુરને જોઈને ઋષિજનો ભાગતા હતા. કોલાહલ બહુ જ થયો. અપાર ધમાલ થઈ તેને સાંભળીને સંકર્ષણ પ્રભુ આવતા હતા કમર કસીને કછોટો વાળીને કચ્છ બાંધીને હાથને પકડીને બન્ને સામસામા સંગ્રામ કરતા હતા. અજીત હોવા છતા જીતવાનો પ્રયત્ન કરતો હતો જીતવાનું ઈચ્છતો હતો  તે દુષ્ટ અતિશય અરસ પરસ મહા બલીના પ્રહાર કરતા હતા. તેને આકાશમાં દેવગણો દેવની સતીઓની સાથે જોતા હતા. જયારે

રામને મારવાનું મનમાં જાણ્યું ત્યારે રામના શત્રુએ હલ્લા(હુમલા) કરવાનું નક્કી કર્યું તે અસુર શત્રુ ઉંચે આસમાને ગયો ઉપરથી મલિન અશુદ્ધ વસ્તુનો વર્ષાદ વર્ષાવતો હતો પીડા કરતો હતો. વર્ષાદમાં પાચ, પરું, માંસ, હાડકા વિગેરે મળમૂત્ર યુકત અપાર મલીન પદાર્થો વર્ષાવતો હતો. તે માયાવી બિલ્વલનું વિકરાળ રુપ જોઈને ઋષિમુનિઓ ભય પામે ત્યારે તે અસુર રાજી થતો હતો ઉંચે સ્વરે હોહા-હોહો બોલતો બહુ દૂર ભાગે. આનાથી ઋષિમુનિઓના સમુહો દુઃખ પામતા હતાં. આ બધાં રામના શત્રુ અસુરથી ત્રાસ પામતા હતા ત્યારે તે શત્રુ દૂરથી રામને પોકારતો હતો પાસે નહોતો આવતો રામ તો આમ ઉભા હોય પણ રણ મૂકીને શૂરવીર કયારેય બહાર ન જાય. રામ કહે અરે મતિમંદ ! અસુર ક્રુર સ્વભાવવાળા તું જાણે છે કે હું દૂર જાઉ છું પણ તું તો પાસે આવતો જ નથી તું દૂર જાય તો પણ આવીશ આમ શત્રુના મર્મને જાણનારા રામ પાસે અસુરો આવતા જ ન હતા દૂર રહીને ત્રાસ પામતાં તે કામી અધિક પ્રમાણમાં ઉપદ્રવ કરતાં હતાં. હરિજનોના દ્વેષી બહુ જ હરામી, અતિ ખળ વિપરિત પરાક્રમવાળા તેને જોઈને અનંત પ્રભુ રામને અસુર ઉપર અતિશય ક્રોધ થયો બહુ જ અકળાયા. ત્યારે રામ પ્રભુએ પોતાનાં આયુધો હળ, મુશળ, આદિને સંભાર્યાં ત્યારે તે તો તરત જ આવી ગયાં. લગારે વાર ન લાગી મહાઘોર સુંદર આયુધો આવ્યાં તેમાં મુશળ નામ હળનું નામ શોભતું હતું ઉગ્ર લાગતાં હતાં. તે આયુધો તે રામે હાથમાં ધારણ કર્યા રણ મેદાનમાં ખેતર સમાન સહાસુર વિર હળયુદ્ધથી જયારે રામ શત્રુને પરેશાન કરે, તેમ આવેલા એ પણ અતિ દારુણ યુદ્ધનો પ્રારંભ કરીને શત્રુને પોતાનો પરચો બતાવતા હતા. હે રાજન્ ! ત્યારે બલરામે બિલ્વલ શત્રુને સન્મુખ સારી રીતે ભીડાવ્યો કઠીન માયા બળ કરીને રામને પકડમાં લીધા ત્યારે તે છળના બંધનમાંથી છુટવા નહોતો દેતો ત્યારે બલરામે તે અસુરને હળનું દબાણ કર્યું એટલે બંધન છોડવું પડયું, રામને મુકત કર્યા. આવી રીતે તે દુષ્ટ રામને ઘણીવાર સુધી રમાડયા, **બિલ્વલ** સામો આવીને બલરામની સાથે લડાઈ કરતો હતો ત્યારે કયારેક સામો આવે અને કયારેક અદ્રશ્ય થઈને દૂર દેખાય, જુદા જુદા શરીર ધારીને દેખાવ દે. આવી રીતે પોતાનું માયાવી પરાક્રમ બતાવતો બહુ જ શોર-બકોર બખાળા કરતો હતો મનુષ્ય શરીર ધારીને છળ બતાવતો હતો. ત્યારે બળ કરીને તે દુષ્ટ શત્રુએ બલરામ પ્રભુ ઉપર છેતરીને જોરથી પ્રહાર કર્યો. મનુષ્ય આકૃતિ ધારીને રામ ઉપર પડયો. ત્યારે સહેજ મુર્છાવશ જેવું શરીર શિથિલ થયું મુખેથી સહેજ આર્તનાદ બોલ્યા, ત્યારે દેવો બલરામ પ્રભુને જોઈને બહુ જ ભયને પામ્યા.

ત્યારે રામે પોતાના ભ્રુકુટિને વાંકી કરીને ક્રોધ કર્યો, હળ યુદ્ધથી મુશળનો પ્રહાર કરીને **બિલ્વલ**ને મારીને ઓચિંતો પૃથ્વી ઉપર પાડયો આવી રીતે અનંત પ્રભુએ મુશળથી માર્યો. જાણે વ્રજના પ્રહારથી મોટો પહાડ ન તૂટયો હોય તેમજ આ **બિલ્વલ** શત્રુ પહાડ જેવો પડયો બિલ્વલને મારીને પૃથ્વીને નિ-સંકટ કરતા હતા. આવી રીતે બલરામ પ્રભુએ અતિશય મહા પરાક્રમ કરીને કાર્ય કર્યું. બિલ્વલને માર્યા પછી સર્વે દેવ ગણો રાજા પ્રભુ ઋષિ જય જયના નાદથી વધાવતા હતા. હે પ્રભુ ! ત્રાસ પામતાં જનોનું બહુ જ સારી રીતે રક્ષણ કરીને આપનું પ્રતિપાલ બિરુદ રાખ્યું. મહાદૈત્ય ક્રુરને રણયુદ્ધમાં આપે પરાક્રમ કરીને માર્યો તે બહુ જ કૃપા કરી છે. હે અનંત પ્રભુ ! આપે આ બહુ જ સારું કામ કરેલ છે મુનિ સમુદાયને સદાય માટે સંતોને સુખ કરી આપ્યું, દેવો કહે છે હે અનંત ! તમારો રોષ હવે પાછો વાળો. આપ તો સદાયને માટે વિશેષ રીતે મહાન

છો પછી, રામપ્રભુ ભરત ખંડના તિર્થ ધામમાં ફરીને અપાર તિર્થો કરીને દ્વારિકા પુરી પધારતા હતા. શ્રી બલરામ પ્રભુએ અસુરોની સાથે લડાઈ કરીને યુદ્ધમા **બિલ્વલ** દૈત્યને માર્યો. આવી રીતે ઋષિગણનું મહાન કામ કર્યું સર્વના મનને આનંદ આપ્યો. જયારે શત્રુ પૃથ્વી ઉપર પડયો જાણ્યું ત્યારે એના કંઠમાં પ્રાણ હતા ત્યારે રામ અનંત દયા ધારિને પડેલા અસુર પાસે આવ્યા. અંત સમયમાં પણ રામપ્રભુના **બિલ્વલ** દાનવે દર્શન કર્યા હતા. ત્યારે રામ પ્રભુએ એને પ્રાણ તિર્થ સમાન આપ્યાં ત્યારે તે પાપના પહાડ જેવા અસુરના બધા જ પાપો ગયાં અને તે અસુર નિષ્પાપી થયો પ્રભુનો મહાપ્રતાપ જોઈને મુકિત પામવા માટે ચિત્તમાં વિચાર કરતો હતો. ત્યાર પછી એના પિંડમા પ્રાણ આવ્યાં અને રામપ્રભુ પાસે કહેતો હતો હે પ્રભુ ! મહાદુઃખ પામું છું તો દુઃખી એવો હું મારી રક્ષા કરો હે શંકર્ષણ પ્રભુ ! સુખદાતા રક્ષા કરો. હે પ્રભુ ! આપના હાથથી મારું મૃત્યુ થયું છે તે હે શેષ પ્રભુ ! આપના શરણે આવ્યો છું માટે મારા બધાં જ પાપો બળી જશે તેથી મારી મુક્તિ થાય તેવું વરદાન આપો. આવી રીતે દીન થઈને પ્રાર્થના કરતો હતો તે દીન વચન સાંભળીને રામ પ્રભુ વરદાન દેતા હતા, દીન થયેલા દાસના ત્રાસને સંકર્ષણ ભગવાન હરતા હતા અને સુખ આપતા હતા. **હે બિલ્વલ** ! મારા બળવાળા વચનને તું સાંભળ, હું તને નિર્ભય કરું છું, અભય વર આપું છું, તેથી તારા શરીરને ધારી રહે, આ હું કહું છું તે અસલ વચન છે તેને માન આવી રીતે કમલનયન પ્રભુના મુખના અમૃત વચનો સાંભળીને કહે હવે મારે જીવવાની ઈચ્છા જ નથી હે અનંત પ્રભુ ! મારા અંતરમાં તો જન્મ - મરણના ફેરા તોડનારી તમારી ભક્તિ કરવી છે માટે એ ભક્તિનું સુખ આપો, સંતોનો સમાગમ આપો. એના જીવને આ દેહમાં રહેવાની આશા જ ન હતી એમ જાણીને રામપ્રભુએ એને વચનો કહેવા માડયાં કરુણા કરીને ભવદુઃખને ભાંગતા ને સમજાવતા હતા. તમે સૂર્ય વંશમાં સૂર્ય સમાન તેજસ્વી શુરવીર રાજા થાશો, તમારુ નામ ગંભીરસિંહ રાજા થશો, સિંહ નામ છે. તે જગતમાં મહાયોદ્ધા શુરવીરના હોય છે અને તમે ધર્મની રાજ્ય ધુરાને ધારીને રહેશો. તમે ભગવાનના ભકત થઈને સંતોનો સમાગમ કરીને ભગવાનની દ્રઢ ભક્તિ કરીને ભગવાનના સંતોના યોગમાં રહીને ભવસાગરને તરીને પાર ઉતરશો અને ભગવાનના પરમ ધામને પામશો. રામપ્રભુએ કહ્યું કે ધર્મ સ્થાન કરવા, પૃથ્વી ઉપર ધર્મદેવના કુળમાં અવતાર ધારીને ભયને ભાંગનારા, મારા ભાઈ શ્રી કૃષ્ણ જ કરુણા કરીને કળિયુગમાં જીવોના કલ્યાણ કરવા શેષજીની સાથે, અવતાર ધરીને પૃથ્વી ઉપર વિચરણ કરશે, હું પણ નર નારીના સંકટોનો દૂર કરવા વિચરીશ, ત્યારે તે પ્રગટ થયેલા સ્વામિનારાયણ ભગવાન એમના સંતો સાથે તમારા પુરમાં પધારશે ઉપદેશ કરશે ત્યારે તમારો મોક્ષ થશે, એ વાત હું તમને સાચી જ કહું છું માટે હે **બિલ્વલ** તું મારું વચન સાચું જ માન આ પ્રમાણે કર તો સુખ થાય. આવી રીતે તે **બિલ્વલ** રામનાં વચન સાંભળીને મનમાં બહુ જ રાજી થયો, ત્યારે ભૌતિક દેહ ત્યાગીને તેમાંથી દિવ્ય તેજોમય પ્રકાશ નિકળ્યો આકાશમાં વિચરતા દેવગણો અને ભૂમંડળમા ઋષિગણો બધાય કહેતા હતા કે હે બલરામ ! આપનો જય જયકાર થાઓ કેમ કે આપે બહુ જ ભારે કામ કરેલ છે. તે અમે નજરે જોયું છે કેમ કે અતિ અધમ મહાપાપી ક્રુર માંસ ભક્ષણ કરનારો, દેવોનો શત્રુ એવો જગમાં સૌ જોતાં હતા તેને આપે ભગવાનના ભકત થવાનું વરદાન આપ્યું અને પ્રગટ ભગવાનનો યોગ થશે એમની પૂજા કરશે એ મોટી વાત છે. તેથી આપનો જય જયકાર થાય.

હે રાજન્ ! આવી રીતે તે ગંભીરસિંહ ઈડર ગઢના રાજા જેમની પત્ની સતિ સુહાસની નારી થાય તેતો સંકર્ષણ બલરામજીના પ્રતાપથી એમને સત્સંગ થયો છે તે મારા (રામપ્રતાપજી મહારાજ) યોગથી મોટા ભગવાનના ભકત થયા છે પ્રગટ ભગવાનનો યોગ થયો છે પ્રગટ ભગવાનનું ભજન કરીને ભગવાનને પોતાના મહેલમાં પધરાવીને મોટું ધામ બનાવી દીધું છે પોતાના દરબાર ગઢની પાસે જ મંદિર બનાવીને ભગવાનને પધરાવીને સતત ભગવાનને મંદિરમાં રાખ્યા. તે જ પૂર્વના અસુર તે પોતે જ જગતમાં પ્રસિદ્ધ સુંદર સારા સાત્વિક ભકત રાજા ગંભીરસિંહ થયા છે. હે આનંદ રાજન્ ! આ કથાનો બધો જ વિસ્તાર કરીને ઈતિહાસ કહ્યો તે કથા જે કોઈ સાંભળશે બીજાને સંભળાવે તથા નરનારી જે કોઈ ભણે ભણાવે તે પરલોકમાં મહાસુખને પામે. એમના બધા જ દુખો શોકો નાશ પામે. એ ઈડરના રાજા ગંભીરસિંહ તે તમારી બહેનના પતિ છે તેથી તે તો તમારા જ ખાસ સગા છે ઋષિઓના સમુહને ભયથી મુકત કર્યા તે શંકર્ષણ ભગવાને બિલ્વલને મારીને પછી મહા વરદાન દીધું.

ત્યાર પછી ભયને હરનારા બલરામ ભરત ખંડના તીર્થમાં ફરીને લોકોના દુઃખ ફંદને હરીને પછી દ્વારિકાપુરીમાં પાછા આવ્યા આ રીતે સંકર્ષણ પ્રભુ વિચરણ કરીને આવ્યા. આવીને શ્રી કૃષ્ણ ભગવાનને બધી જ વાતો કરી તે બિલ્વલનો મોક્ષ થશે મહામુકિત મળશે પૃથ્વી ઉપર સારો પ્રતિષ્ઠિત રાજા થશે કૃપા કરીને શ્રી કૃષ્ણ ભગવાનનો યોગ થશે સહજાનંદ સ્વામી પોતે એમને દર્શન દેશે. આવી વાર્તાને સાંભળીને રાજી થયા પછી પ્રભુએ વારંવાર પ્રીત કરીને પોતાના મુખે વધારે પ્રશંસા કરતા હતા આવી રીતે પોતાના મોટાભાઈના ચરિત્રને સુંદર સમજતા હતા. હે બલરામ ! તમારાં કહેલા વચનોને સંસારમાં સત્ય કરીશું કેટલોક સમય વ્યતિત થશે ત્યાર પછી પૃથ્વી ઉપર અવતારને ધારણ કરીને જીવોને સુખધામમાં મોકલવા છે. કળિયુગમાં સત્યયુગના ધર્મ દઢ કરવા છે તેના માટે પૃથ્વી ઉપર ધર્મના ઘેર અવતાર ધરીને સંતો, મહંતોને સાથે લઈને તે ગંભીરસિંહ રાજાને તારીશું એનો ઉદ્ધાર કરીશું. તે બલરામને કહેલા વચન સ્વામિનારાયણ ભગવાને સત્ય કર્યા.

હળ મુશળને ધારણ કરનારા બલરામે (સંકર્ષણ પ્રભુ) લડાઈ કરીને બિલ્વલ અસુરને માર્યો સર્વે ઋષિગણોને સુખી કર્યા બહુ જ ભારી વરદાન દીધું. તે બિલ્વલમાંથી બલરામની કૃપાથી ગુણના સાગર એવા ગંભીરસિંહ નામના રાજા થઈ ગયા. અવતારના અવતારી પ્રભુ ભુમિનો ઉદ્ધાર કરવા પધાર્યા ત્યારે પ્રભુ ગંભીરસિંહને ત્યાં પધારીને ઉદ્ધાર કર્યો. હે રાજન ! આવી રીતે સુંદર રસયુકત ઈતિહાસની રચના કરીને હે રાજન ! મેં તમને સારી રીતે સમજાવીને વર્ણન કર્યું આવી રીતે આ સાડત્રીસમો તરંગ તે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં બિલ્વલનાં મોક્ષ કર્યો તે યુદ્ધનું વર્ણન કર્યું એ નામે આ સાડત્રીસમો તરંગ પૂર્ણ થયો ॥૩૭॥**

# તરંગ-૩૮

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે અસુર બિલ્વલની સાથે રામે મહાસંગ્રામ કર્યું તેમાં ઘનશ્યામ પ્રભુએ સંમતિ પણ આપી એવા ભગવાનના લીલા ચરિત્રોને સાંભળી કાન પવિત્ર થાય છે એવા શ્રીહરિ મહાપ્રભુ સંસારને તારવા માટે અવતાર ધરીને લોકોના કલ્યાણ કરવાનું ધારીને નર નારીજનોનો ઉદ્ધાર કરવા મહાપ્રભુ સર્વના ભયને હરવા પ્રગટ થયા. એવા શ્રી સહજાનંદ સ્વામી સર્વનું શ્રેય કરવાં વિચરણ કરતા જીવોના ભવદુઃખોને હરતા થકા આનંદકંદ મુકુંદ પ્રભુ સર્વના કલ્યાણ કરતા હતા, સુખ કરતાં એ ચરિત્રો મને કહો. મહાસમર્થ મારા ગુરુ અવધપ્રસાદજી તે સહજાનંદ સ્વામી ઈડરગઢમાં ગયા ત્યાં સુંદર જુદી જુદી લીલાઓ કરી તે બધી વાતો તમે કહીને મને શુદ્ધ રીતે સમજાવો. પછી રાજા ગંભીરસિંહના પ્રાદુર્ભાવની કથા તે કરુણા કરીને કીધી જન્મ મરણના ફેરાનું દુઃખ ટાળનારા એમણે પૂર્વ જન્મનો ઈતિહાસ તે વર્ણન કરીને અવધપ્રસાદજી મહારાજ તમે મને સમજાવ્યું. પૂર્વ જન્મમાં બિલ્વલ બળરામ સાથે સંગ્રામ કરીને ગંભીરસિંહ રાજા થયા તેના માટે શંકર્ષણે વરદાન દીધું, તે બધી જ વાતો વિસ્તાર કરીને ગુરુ તમે કીધી. હે ગુરુ મહારાજ ! હવે મને આપ પ્રગટ પ્રભુ શ્રી સહજાનંદ સ્વામીના વિચરણના બધાં જ ચરિત્રો જે હોય તે કહો મહાપ્રભુ ઈડર ગઢમાં સુખ કરીને પછી મહારાજ વિચરણ કરતા થકા કયા દેશમાં કયા ગામમાં પધાર્યા તે કહો.

અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! મહારાજ **ઈડરગઢ**થી જયાં ગયા તેની કથા કહું છું, તે ધ્યાનથી સાંભળો. ગંભીરસિંહે સારા ભાવથી શ્રી હરિ ઘનશ્યામ પ્રભુને દરબારમાં પધરાવીને મોટું સુખ પ્રાપ્ત કર્યું જગમાં પ્રસિદ્ધ એવા વર પામ્યા તથા તરત જ મહા મુકત થઈ ગયા. એ રાજા ગંભીરસિંહના પુત્ર થયા તેનું નામ **જુવાનસિંહ** ગુણરુપથી બહુ જ સારા થયા જગમાં પ્રસિદ્ધ થયા જગમાં બહુ જ ભારે ભકિતવાળા થયા મોટા ભકત થઈને ભૂમી ઉપર દઢ પણે ધર્મ પાળતાં હતા.

આવી રીતે તે રાજાને સુખ દઈને અનંત સુખધામ પ્રભુ સંતોની સાથે ચાલતા થયા **ઈડરથી મહાપ્રભુ વડનગરે પધાર્યા**, જગવંદ્ય ચંદ્રવદનના ગુણને શેષ આદિક ગાયા જ કરે છે. શારદા સ્વતંત્ર રીતે ગાય છે. **વડનગર**ના લોકો પ્રભુ પધાર્યાનું જાણીને ભયને હરનાર ભગવાનના દર્શન કરવા સૌ આવ્યાં ઘનશ્યામ પ્રભુનાં દર્શન કર્યા મનમાં બહુ જ આનંદ પામીને ગુણ ગાતાં ગુલતાન થઈ ગયાં. સુખના ભુવન પ્રભુ ઘનશ્યામ સૌ ભકતજનોને સુખ દઈને મહાપવિત્ર નામ આનંદકંદ પ્રભુ આનંદ કરાવીને ઘોડે સ્વારોની સાથે અસવારી કરીને શુદ્ધ દિલના ભકતજનોને જોઈને એમને દર્શન દીધાં.આખા શહેરમાં મહાપ્રભુ ફરીને અસવારીની સાથે આનંદકંદ પ્રભુ ગામ વચ્ચે થઈને ગામ સોંસરા થઈને પશ્ચિમ દિશાના દરવાજેથી ગામ બહાર નીકળતા હતા. માર્ગમાં ચાલતા લોકોના મનોભાવને હરતા થકા ગર્વને હરતા પવિત્ર મતિવાળાં નરનારીજનોની સાથે **સાંકલસર** નામનું સરોવર આવ્યું તેમાં શ્રીહરિ ઘોડાઓને તળાવની પાળેથી પાણી પાતા હતા ઘોડાઓને પાણી પાઈને બધા સ્વારો ઘોડે ચડયા પછી મહાપ્રભુ અતિ ઉતાવળી ગતિ કરીને ચાલ્યા પાછી નજર કરીને સર્વેજનોને જોયા પ્રભુના દર્શન કર્યા ચરણ સ્પર્શ કરીને બંને હાથ જોડીને ગદ્ ગદ્ વાણીથી વિનંતી કરતા હતા હે નાથ ! સર્વના હૃદયકમળમાં વિરાજમાન થઈને અખંડ સુખ આપો, અમારાથી લગારે દૂર ન રહો. આવી રીતે નર-નારીજનોએ

પ્રભુની સામે જોઈને મુર્તિને ઉરમાં ઉતારી લેતાં હતાં. મનમાં રાજી થતાં હતાં. પછી સ્મરણ કરતાં થકાં પોત-પોતાના ઘેર ગયાં, પુરુષોત્તમ પ્રભુની પંચવ્રતમાનની આજ્ઞા પાળતા હતા.

પછી શ્રીહરિ મહારાજ સૌ અસવારોની સાથે ઘોડા ઉપર ચઢીને ગુણસાગર લોકોના કલ્યાણ કરવા **ગુંજા** ગામે પધાર્યા, મહાપ્રભુ પુરની શોભા જોતા હતા પ્રેમથી વૃક્ષને જોઈને તેની શોભાને નિહાળીને કૂવા યુકત સરોવરને જોયું તેની શોભા બહુજ હતી, હરિભકતો નિર્મળ મૂર્તિને જોતા જ રહ્યા શ્રી હરિની સમીપમાં ઉતાવળા આવ્યા સૌ ભકતજનો સામા આવ્યા ત્યારે કિર્તન ગાતાં ગાતાં આવતાં હતાં,ભેટ લાવેલા તે પ્રભુની આગળ અર્પણ કરતાં હતાં. ચંદન, પુષ્પથી મહાપ્રભુના ચરણ પૂજતાં હતાં. શુદ્ધ મનવાળા પ્રભુને ઉરમાં ધારતાં હતાં. પૂજાને કૃપાથી અંગિકાર કરીને સર્વના તાપને હરતા થકા તરત જ માર્ગ ઉપર ચાલતા થયા પિડાંરક નામનું સરોવર સામે દેખાયું ત્યારે ત્યાં જ મુકામ કર્યો શોભા વધારી.

તે સરોવર પાણીથી ભરપુર હતું તે પાણી ખૂબ જ ભરેલું વિશાળતાવાળું હતુ બહુ જ પાણી જોઈને તે સરોવરની પાળ ઉપર મોટાં મોટાં અનેક વૃક્ષો શોભતાં હતાં, વડ, આંબો, લીમડો આદિક અનેક હતાં. તે વૃક્ષો ઉપર પક્ષીઓના ટોળાં મધુર શબ્દો કરતાં હતાં જાણે પ્રભુને બોલતાં હતાં. તે વૃક્ષો ફળ ફૂલથી ભરપુર હતા શાખાઓમાં ફળ આવેલાં તેની શોભા જોઈને મનમોહન પ્રભુ મોહ પામ્યા. મહારાજ સંતોની સાથે સ્નાન કરતા હતા તેના મહિમાને અંનત મુકતો ગાતા હતા, પ્રભુએ સ્નાન કરીને સફેદ વસ્ત્રો ધારણ કર્યાં ત્યાર પછી મહાપ્રભુ અસવારોની સાથે તૈયાર થયા. ત્યારે શહેરમાં ઘનશ્યામ પ્રભુ કરુણાનિધાન લોકોના કલ્યાણન કરનારા પધાર્યા છે એવી ખબર પડી એટલે અનેક લોકો અસવારી લઈને ભેટ લઈને આવતા હતા. અનેક વાજિંત્રોને વગાડતાં થકાં નર-નારીજનો સાથે આવતાં હતાં ત્યારે પોતાના શરીર ઉપર સોળે શણગાર ધારણ કરીને યુવતિઓ નર-નારી સુંદર શોભતાં આવતાં હતાં ગુણ ગાતાં હતાં. સૌ ધર્મને દૃઢપણે ધારનારાં ચતુરજનો શ્રી હરિ સામે ગુણ ગાતાં ગાન કરતાં આવ્યાં તેમના નામ હે રાજન ! કહું છું તે તમે સાવધાન થઈને એક ધ્યાન થઈને સાંભળો. **દલુજી, વલભ, બળદેવ, મોતીરામ, વસંતરામ, કાશિરામ, પ્રભુરામ,** પવિત્ર **પુજાભાઈ, ઘેલાભાઈ** પ્રભુમાં બહુ જ પ્રીતવાળા હતા. **દયારામ, જેચંદ, કુબેર હરિરામ** નામના **શંકભાઈ, વનમાળીભાઈ, અંબારામભાઈ, પાનાચંદ, પ્રેમી હેમચંદ, હીરાચંદ, જનહરિ મુલચંદ, પાનાચંદ, પ્રેમી ભુષણભકત,** બહુ સારા ભકત શુદ્ધ દિલના **દેવચંદ મોતારામ બેચરભાઈ, વૈકુંઠ, પ્રેમચંદ હેમચંદ ભકત** અને **દેવચંદ ભકત. રામેશ્વર ભકત, મુલચંદ, ધનો ભકત** હરખાતા મનવાળા શુદ્ધ મનવાળા **મુળચંદ ભક્ત, વખતરામ, ધર્મનંદન** ભગવાનના નામનું રટણ કરતા હતા. એ આદિક બધા ભાઈઓ આવેલા હવે બાઈઓના નામ કહું છું **ઉજળી, જેઠી, અંબા, નિષ્કામ મનવાળા રામકોર અને સુરજબાઈ, ગલાબબાઈ અને અવલ** આદિક બાઈઓ આવેલાં તેઓ આનંદ ધામ મહાપ્રભુની સનમુખ આવ્યાં ગુણસાગર પ્રભુના ગુણને ગાતાં આવેલાં હતાં. માર્ગમાં રાજાની સવારીનો મેળ થઈ ગયો સૌ મનુષ્ય વૃંદ થઈને સામા આવતા હતા આવીને સૌ દંડવત્ પ્રણામ કરતાં હતાં. નર વીર મહાપ્રભુની મૂર્તિ નિહાળીને દર્શન કર્યા સાથે લાવેલ ભેટોને પ્રભુને અર્પિત કરીને પ્રેમથી સૌ સાથે મળીને પૂજા કરતાં હતાં. સુંદર ચંદનને સારી રીતે ચઢાવીને હરિભકતો હાર પહેરાવતા હતાં. હેતથી પછી બધાય અસવારો તૈયાર થયા અને ઘોડાઓ ઉપર બેસી ગયા અને ચાલવાની તૈયારી કરી. ઘનશ્યામ પ્રભુ સૌ સંતો હરિભકતોની સાથે પૂર્ણકામ પ્રભુ પધારતા હતા. ત્યારે પુરની નજીકમાં પ્રીતમ પ્રાણ પ્રભુ પધાર્યા ત્યારે

પુરની શોભા જોઈને સુખધામ પ્રભુની અદ્દ્ભુત શોભા લાગતી હતી. ચારે બાજુનો વિશાળ ઉંચો કિલ્લો જોઈને વિશાળ જોઈને ફરતી ખાઈઓમાં પાણી ખળ ખળ ખળ કરતું હતું, દરવાજો વિચિત્ર રીતે ચિતરેલો હતો. કમાડો સુંદર મજબૂત હતાં. આવી રીતે કિલ્લાની ખાઈ તે બહુ જ કઠીન બનાવેલ તેને ઉલ્લંઘીને કોઈ આવી ન જાય તેવી કઠીન સુંદર ગુણવાળાં સારાં ગોપુરો (દ્વારો) ને જોઈને લાલપ્રભુ રાજી થઈ ગયા અને તેમાં પ્રવેશ કર્યો ત્યારે તે દ્વાર ઉપર પડઘંમ ઝાંજ આદિક વાઝાં વાગતાં હતાં. તાલથી સ્વાગત થતું હતું. મહાપ્રભુએ કટક નામના પ્રવેશદ્ધારમાં પ્રવેશ કર્યો. અસવારી સાથે ગાતાં વગાડતાં ગુણ વિસ્તારતાં રાજમાર્ગ ઉપર ચાલતા કમલ નયન ઘોડેસવારોની સાથે જતા હતા.

ત્યારે લોકોને સુખી કરતા હતા. બળવંત પ્રભુ પધારતા હતા ત્યારે પ્રણવનો નાદ થતો હતો ચારે બાજુ જય જયના મધુર સ્વરથી બોલતા હતા. ઉદ્દ્ઘોષના શબ્દો સાંભળીને નર-નારીજનો ઉમંગ ઉત્સાહથી દોડીને આવતાં હતાં. પુરણ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરીને સ્ત્રીઓ સૌ પોતાના જન્મને ધન્ય માનતાં હતાં. અહો ! આપણા તો બહુ જ મહાધન્ય ભાગ્ય છે કેમ કે સર્વના નાથ સ્વામિનારાયણ ભગવાનને આજે નીરખીને દર્શન કર્યાં છે. આમ કહેતાં થકાં દોડતાં પુષ્પનો વરસાદ કરતાં હતાં. કેટલાક રુપ જાતિ ગુણ અનુસાર અમુલ્ય પદાર્થો ચોખા આદિથી બહુ જ રીતે બહેનો વધાવતાં હતાં પ્રભુના ગુણ કીર્તન ગાતાં હતાં. શ્રીહરિ હેતથી ઘોડાઓની સાથે સાથે ચાલતા હતા, કાંઈક કમળનયન સુખ દાતા સુખના સાગર ઘનશ્યામ પ્રભુ શોભા સહિત માર્ગ ઉપર ચાલતા હતા, આવી રીતે મહાપ્રભુ ઘનશ્યામ શ્રીહરિ **વિસનગર**માં પધારતા હતા. રાજાની અસવારી બહુ જ શોભાથી ચાલતી હતી સાથે બહુ જ અવાજોને કરતી હતી જેમ તોપો વાગતી હોય તેમ વાગતી હતી, તેની સાથે નગારાં દુદુંભિઓ આદિક બહુ જ વાગતાં હતાં, નાદ થતો હતો, પુરના મનુષ્યો સાંભળીને મનમાં આનંદ મેળવતાં હતાં. સૌ સંતજનો હરિભકતોની સાથે તાળી વગાડીને કીર્તન ગાતાં થકાં સુંદર રીતે ચાલતા હતા. બાઈઓ મધુર કંઠેથી પ્રભુના સુંદર ગુણના કિર્તનો ગાતી હતી, ખળ પાખંડીના દંભનું ખંડન કરતા હતા. માર્ગમાં પ્રભુ ચાલતા હતા અને સર્વેને સુખ આપતા હતા. આવી રીતે અવતારના અવતારી પ્રભુ પોતે પોતાનો મહિમા જણાવતા થકાં દુર્લભ મહિમા જણાવીને મહાપ્રભુ પુરમાં પાવન કરીને પુનિત પુરુષોત્તમ પ્રભુ સૌ જનોને સુખ શાંતિ કરતા હતા. મહાપ્રભુ પુરને પાવન કરીને પુરને જોઈને પ્રીતમ જીવન પ્રાણ પ્રભુ વિસનગર પુરથી સોંસરા થઈને પછી ભીમનાથ મહાદેવના મંદિરમાં ભવભય હરનારા મહાદેવને દેખીને દીન દયાળ પ્રભુ મુકામ કરતા હતા ધર્મ માર્ગનું પ્રતિપાદન કરતા હતા. અને લોકો પાસે પાલન કરાવતાં હતા. મહાપ્રભુ પલંગ પાથરેલો હતો તેની ઉપર પ્રેમી જનના પ્રાણ મહારાજને પધરાવતાં હતાં અને ભકતજનો દર્શન કરતાં હતાં, ભગવાન સૌના ભવદ્દુઃખને હરતાં હતાં.

શ્રી સહજાનંદ સ્વામી **ઈડર**થી ચાલીને **વડનગર**માં રોકાણ કરીને ચાલ્યા મારગમાં **ગુંજા** ગામે લોકોના મનને રાજી કરવા દર્શન દઈને **વિસનગર** પુરમાં પધાર્યા. વિસનગર શહેરની વચ્ચે થઈને ઘનશ્યામ પ્રભુ સર્વના સ્વામીએ **ભીમનાથ મહાદેવ**માં નિવાસ કર્યો. આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આડત્રીસમું તરંગ પૂરું થયું.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ**

**અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદ સિંહરાજાના સંવાદમાં શ્રી હરિ વિસનગરમાં પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે આ આડત્રીમો તરંગ પૂર્ણ થયો ॥૩૮॥**

# તરંગ-૩૯

આનંદ સિંહરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ત્રણે વર્ણના લોકો જેમના ગુણને ગાયા કરે છે પ્રભુના ગુણને શેષ, શારદા ભવ બ્રહ્માદીક દેવો ગાયા જ કરે છે, ગુણ અવગુણને ત્યાગ કરીને સંસારમાં કેવળ સારરુપ સદ્‌ગુણને જ ગ્રહણ કરનારા એવા સહજાનંદ સ્વામી ધામના ધામી ધર્મદેવના પુત્ર શ્રીહરિએ ભકતજનોની મુક્તિનાં કાર્યો કરતા હતા તે એમના ચરિત્રોને અયોધ્યાપ્રસાદજી મહારાજ આપ કહો. શ્રી હરિ વિસનગરમાં નિવાસ કરીને રહેતા હતા પછી ત્યાંથી કયાં પધાર્યા, ભકતજનોને સુખ દઈને ત્રિવિધ ત્રાપ હરીને ચાલવા માટે ઉતાવળા થયા એ ચરિત્રને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! બકરાનું જેનું મુખ થયું હતું તેની પુત્રિ જેમના ગુણને ગાય છે તથા બ્રહ્માજી પણ ગાય છે તે જ બહ્માજીના પુત્ર ધર્મદેવ એમના પુત્ર શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ ભકતજનોને સુખ આપે છે. એવા પ્રભુના સ્વરુપનું નિત્ય ધ્યાન ધરે છે. એજ મહાપ્રભુ સહજાનંદસ્વામીના ચરિત્રો કાનને પવિત્ર કરનારાં છે. એ બધા જ ચરિત્રો હે રાજન તમને કહું છું, તે તમે સાંભળવાની ઈચ્છા કરો છો તેથી સાંભળો. શ્રી હરિ ભીમનાથ મહાદેવના મંદિરમાં આવીને ઉતર્યા કૃપા કરીને વાતો કરતા હતા તે સત્સંગની વાતો સંતો ભકતો સાંભળતા હતા.

હે રાજન્ ! એટલામાં રસદાર રસોઈનો થાળ તૈયાર થયો ત્યારે હરિભકતના ઘેર મહારાજ અને ભકતજનો તથા સંતો જતા હતા જગતના જીવો દર્શન કરતાં હતાં. પહેરેલા વસ્ત્રોને પાટ ઉપર ઉતારીને પલાળવા માટે વસ્ત્રોને પ્રભુ ધારણ કરતા હતા, પછી સ્નાન કરવા ધર્મને ધારનારા પ્રભુ લોકોના પાપોનો નાશ કરવા સુખ આપતા હતા. વિધિ પ્રમાણે મહારાજે સ્નાન કર્યું, પછી સારાં વસ્ત્રોને ધારણ કરીને બાજોઠ ઉપર બલદેવના ભાઈ મહારાજ બેઠા, સૌ નર-નારીજનો નિરખીને દર્શન કરતાં હતાં. સુંદરવર સુખકારી પ્રભુ પાક શાકનો ભરેલો થાળ જમતા હતા **ત્યારે ઉદેકુંવર બાઈ મહાપ્રભુ પાસે બેસીને ઉરમાં મહાપ્રભુની મૂર્તિને ધારતા હતા**, જગતના પતિ સ્વાદુ જમીને મનમાં આનંદ કરતા હતા, વામ માર્ગિના મનના અંધારાને તોડવા, મહાપ્રભુ સુર્ય રૂપે છે તથા કામીજનો પણ મહાઘોર દુઃખ પામતાં હતાં. થાળ જમીને લોકોની સાથે મહાપ્રભુ ભીમનાથમાં પધાર્યા, સાથે આવતા જનો પ્રભુના ગુણને ગાતાં હતાં, પ્રભુ સજ્જન ભકતજનોને શાંતિ કરતા હતા. જયારે બધાના માટે રસદાર રસોઈ તૈયાર થઈ એટલે સ્વાદુ રસોઈ જમવા અપાર સંતો આવતા હતા જયારે સુંદર સારી પંગત બેસી ગઈ ત્યારે મહાપ્રભુ પીરસવા માટે પધાર્યા, પંગતમાં પ્રીતથી પીરસીને મહાપ્રભુએ પોતાના આશ્રિત સંતોને જમાડયા, સર્વ જનોને જમાડીને તૃપ્ત થયા જાણીને પ્રીતિથી પીરસીને પછી પ્રભુ વિસનગર શહેરના ભક્તોને વરદાન દેતા હતા આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ શોભતા હતા. મનોહર મૂર્તિ સુદરવર ઘનશ્યામ પ્રભુએ બધા જ સંતોને જમાડયા સર્વના કામને હરનારા સુખના ધામી જેમનું **નરનારાયણ** નામ છે એવા સર્વના સુખ ધામી, ભીમનાથમાં રહેતા હતા ત્યાંજ ભીમનાથ મંદિરની નજીકમાં મકાન હતું તે બહુ અનુકુળ હતું તે મકાનની દક્ષિણ દિશામાં સુંદર સુખરુપ ચોકી હતી.

તે રુપ ચોકી ઉપર ગાદી તકિયા ઉપર રાજાધિરાજ મહાપ્રભુ વિરાજમાન થયા ત્યાં આગળ ગવૈયા સંતો ગાન કરતાં હતાં, તબલાં સારંગી આદિકના તાલ સાથે ગાતા હતા. તેમાં **મુકતાનંદ મુનિ, બ્રહ્માનંદમુનિ, દેવાનંદમુનિ, અને ધ્યાનાનંદમુનિ** તથા **પ્રેમ સખી આદિક** સૌ તાલ દઈને તાન તોડતા ગાતા હતા. સપ્તસુર તેના ત્રણ ગ્રામ મુનિગણ ગાતા હતા તેની મુર્છના એકવીસ માત્રા કહેવાતી હતી તે બધી જ મુનીજનો સાથે જુથમાં ગાતા હતા, તેને બુદ્ધિવાન જનો પ્રેમથી સાંભળતાં હતાં. ઘનશ્યામ પ્રભુ તો સદાય સુખહાસ્ય કરતા થકા સ્વતંત્ર રીતે સાંભળતા હતા. મનમાં રાજી થતાં હતા, મોજ લેતા હતા. આ રીતે સૌ આનંદ પામતાં હતાં. બહુ વાર સુધી ગાન-તાન થતું રહ્યું ત્યારે સાંજના સમયે આરતીનો સમય થયો ત્યારે ભયહારી પ્રભુ સૌ સંતો ભકતજનોને સાથે લઈને આરતી કરીને ધૂન કરતા હતા. સર્વના કારણ અવતારના અવતારી પ્રભુ આરતી ધુન કરીને સર્વના આરત ભંજન, મનરંજન, સૌના પહેલા બેઠા. ત્યારે સૌ સંતો મહાપ્રભુને શિશ નમાવી પ્રણામ કરીને મહારાજની સમીપે બેઠા ત્યારે પ્રેમીભકતજનો પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરતાં હતાં. મહાપ્રભુ સુંદર સુખની વાતો કરતા હતા.

હે રાજન્ ! તે જ સમયે **બ્રહ્માનંદમુનિ** અને **મહાનુભાવાનંદમુનિ** ચંદન અને અત્તર લઈને બંને મુનિ ઉભાં હતા, પ્રાણપતિ મહારાજનું પૂજન કરતા હતા સંતની સેવા કરેલી શ્રીહરિ અંગો અંગમાં અંગિકાર કરીને બહુ જ શોભતા હતા, ત્યારે **લાલદાસ** આદિક સૌ જનો શ્રીહરિના દર્શને આવ્યા. મહારાજે આદર સતકાર કરાવ્યો. દયા કરીને આસન તૈયાર કરાવીનેએ શ્રીહરિ કૃપા કરીને આસન ઉપર બેઠા, ત્યારે બળવંત અનંતમૂર્તિ સર્વના ધર્મના બળની મહિમા યુકત ઉપદેશની વાતો કરતા હતા. આ ભુમંડળમાં ભરત ખંડમાં ઘનશ્યામ પ્રભુ સદાય વિચરણ કરતા જ રહે છે. સૌને શાંતિ અને સુખ દે છે. તે ભગવાનનો આશ્રય કરીને બધાય મનુષ્યોએ આશ્રિત થઈને સત્સંગી થવું. જે લોકો જગદીશ પ્રભુનો આશ્રય કરીને એમની આજ્ઞાને માની ઉપાસના કરે, ભક્તિ કરે તેમના પ્રતાપથી જગતને જીતે છે તે માનવ મુક્તિ પામે છે. એ વાતને સાંભળી જે ધનવાન હોય તેમણે સત્સંગના કામમાં ધન વાપરવું, સત્કર્મમાં વાપરવાથી તે ધનનો કોઈ વ્યર્થ વ્યય નથી થતો સદ્વ્યય થાય છે માટે સત્સંગમાં જ ધન વાપરવું એવો સુયોગ બનાવવો. આવી રીતે બલભ્રાતા શ્રી હરિએ સભાની અંદર સારરુપે ઘણી વાર્તાઓ કરી તેને જે જીવાત્મા સાંભળે તે સુખ શાંતિ પામે, આવી રીતે અનેક નરનારીજનો શ્રી હરિના આશ્રિત થઈને નિયમને ધારણ કર્યા.

પછી મહાપ્રભુ સુંદર પલંગ ઉપર પોઢી ગયા અને પ્રેમી ભકતો પગ ચંપી કરતા હતા, મનમાં આનંદ પ્રાપ્ત કરતા હતા. રાજી થતાં હતાં. પછી સૌ સંતો શયન કરવા માટે પોતાના ઉતારે (આસને) ગયા આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી **વિસનગર**માં રાજાધિરાજ લીલા કરતા હતા. સવારમાં વહેલાં જયારે ભુખનઅરિ (કુકડાની) ધુન સાંભળીને ધર્મનંદન પ્રભુ જનોને આનંદ કરવા જાગૃત થયા શાંતિ આપનારા મહાપ્રભુ શૌચક્રિયા કરીને સૌની ભ્રાંતિને ભગવાન હરતા હતા. મનોહર કમલ નયન મહારાજ ક્રાંતિ કરીને ક્ષમા શાંતિ આદિ ધર્મના ધરનારા સર્વના સુખનિધિ દર્શન દેતા હતા. પછી ઘનશ્યામ પ્રભુ ઘોડા ઉપર અસવારી કરીને સૌ સંતોની સાથે મહારાજ નગરની સોંસરા થઈને ચપલ નયન ઉતાવળા થઈને ચાલ્યા. મહારાજ **વિસનગર**થી ચાલ્યા ત્યારે નર નાથ પ્રભુના નરનારીજનો દર્શન કરીને મુર્તિને ઉરમાં ઉતારી લીધી પછી ઘર જમીન ધન-સંપત્તિ તે સુંદર વરને

હેત સહિત શક્તિ અનુસાર અર્પણ કરતાં હતાં. પરમેશ્વરને નિર્ખીને પૂજીને હાર પહેરાવીને મહાપ્રભુ સૌના પાપ તાપને હરતા હતા મહાપ્રભુ જતા હતા તેને જોઈને સૌના મનને હરતા થકા પ્રીતમ પ્રાણ પુરની બહાર પધાર્યા. સર્વના જીવન જગતના જીવન પ્રાણ સૌ જનોના મનને આનંદ કરીને પાપોને બાળી મહાપ્રભુ સૌ જન સમુદાયની સાથે એક કોષ સુધી (ચાર ગાઉ) માર્ગમાં લોકોના સમુહ દર્શન કરતા હતા.પછી પ્રભુ એમને પાછાં વાળતા હતા સૌના ફંદને તોડીને ભકતજનોના ઉત્સાહને વધારતા થકા જતા હતા, તે છબીને ઉરમાં ધારીને સૌ નર-નારી પોતાના ઘર તરફ જતાં હતાં. ઘનશ્યામ પ્રભુ સંતોજનોની સાથે ઘોડા ઉપર સવાર થઈને હેત સહિત શોભતા થકા ધીરે ધીરે ચાલતા **કડા** નામના ગામે પધાર્યા ત્યાંના ભકતજનો પ્રભુ પધાર્યાનું સાંભળીને સામાં આવતા હતાં પોતાના પાપતાપને નસાવતાં હતાં. તે હરિભકતોના નામો કહુ છું, હે રાજન્ તેને તમે ભાવથી સાંભળો. **કડા** ગામના ભકતો **અમુલખભાઈ વિપ્ર** આવ્યા, **મંછારામ, મહીપતરામ, ધીરજરામભાઈ** તથા **મોતીરામ** આદિક ભકતજનો પ્રભુ પાસે અનેક પ્રકારના વાજાં વગાડતા આવતા હતા. ભાવ પ્રેમથી ભેટ ધરતા હતા બધો જ સમાજ સારી રીતે સાજ સાજીને આવ્યા હતા. દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યા પ્રભુ પાસે ભાવપૂર્વક ભેટ અર્પણ કરીને મહાપ્રભુને ગાતા વગાડતા પ્રભુને આનંદ ઉલ્લાસથી પુરમાં લાવ્યા. સુંદર સ્વચ્છ ધોળેલા ઘરમાં મહાપ્રભુને ઉતારો કરાવ્યો પછી મહાપ્રભુની પાસે સૌ બેઠા શ્રી હરિને નિરખતા થકા પ્રભુ મનના ત્રાસને હરતા હતા. ભક્તજનો ભાવથી રસોઈ કરીને મહાપ્રભુને ભોજન કરાવતા હતા. મહારાજ જમતાં જમતાં ભકતજનોને મનને આનંદ કરાવતા હતા આ રીતે કમળનયન ઘનશ્યામ પ્રભુ સુખ દેતા હતા. પ્રેમીભકતો મહાપ્રભુને વસ્ત્રો અલંકારોએ કરીને ભક્તિ ભાવથી પૂજન કરીને અર્પતા હતા મહારાજ અંગિકાર કરીને સેવા ગ્રહણ કરીને પછી સૌ સંતોને જમાડતા હતા.

હે રાજન ! શ્રી હરિ મહાપ્રભુ જીવન પ્રાણ સૌને જમાડીને જનસમુદાયની સાથે માર્ગમાં ચાલ્યા જતા હતા, મહારાજ અસવારો તથા સંતોની સાથે **લાછડી** ગામે પધાર્યા ત્યારે પુરમાં પ્રેમીજનો આનંદ પામ્યાં પ્રીતમ પ્રાણ પધાર્યાનું જાણીને પ્રેમથી સામાં આવતા હતા. **ભલા ભકત ભાવિક બેન**ની સાથે **સુંદર પટેલ, તુલસીદાસ પટેલ** થાળ ભરીને મનમાં દૃઢ ભાવ કરીને પ્રેમથી સામાં આવતા હતાં, પૂર્વ દિશામાં ગામથી નજીક માર્ગ ઉપર દીન દયાળુ પ્રભુ બેઠા હતા, ત્યારે ભકતજનો જગતપતિને જમાડતા હતા, ત્યારે જગપતિ લોકોના હિત કરવા લોકોની જગઝંઝાળને હરતા હતા. ભાવિક ભકતના ભાવ પ્રેમને જોઈને ભગવાન ભોજન જમતા હતા. રુચિ પ્રમાણે જીવનપ્રાણ અધિક ઉત્સાહથી જમતા હતા જમીને પછી સૌ સંતોને તથા સમુદાયને જમાડયા, પ્રીતમ પ્રાણ પ્રભુ જમીને જમાડીને પછી સર્વ સંતો-મહંતોની સાથે પ્રયાણ કરતા હતા. માર્ગમાં સુંદર **ડાભલા** ગામ આવ્યું ત્યાં ભકતજનોને દર્શન દઈને ઉતાવળા માર્ગમાં ચાલતા હતા. માર્ગમાં ચાલતા મોટું જળથી સભર ભરેલું વિશાળ તળાવ સરસ આવ્યું તે સરોવરમાં પચરંગી શોભા હતી તેને ચારે બાજુ ભમરાઓ અને પક્ષી સમુદાય સુંદર રીતે બોલતાં હતા

તે તળાવની ઉપર વૃક્ષોની અનેક વેલીઓ સયુંકત બહુ જ શોભા વધારતાં શોભતાં હતાં પાણી સ્વચ્છ હતું અહીં કાંપ પણ બહુ જ ઓછો હતો, તેથી મનહરતું હતું, તે જોઈને મહારાજ ઘોડાના સાજ સાથે બધા જ સમાજની સાથે શ્રી હરિ હરખાતા થકા પ્રવેશ કર્યો ત્યારે બ્રહ્માદિક દેવો વેદની શ્રુતિઓથી હરિજનો નિર્વિકાર પ્રભુની લીલા ગાતા હતા, જેમના ચરણોનો પાણીને સ્પર્શ થાય એટલે તે પ્રગટના ચરણ સ્પર્શથી ગંગા જળ

કહેવાય છે. તો વિશ્વના નિયંતા પ્રભુએ તો આ જળને સર્વે જન્મના પાપ તાપ નાશ કરનાર કર્યું તેમાં આ પોતે અસવારોની સાથે સરોવરમાં સ્નાન કર્યું, આ સરોવરના મહિમાને શેષ આદિક **શારદા, નારદ, શુક અને સનાકાદિક મુનિગણો** ગાયા જ કરે છે તોય પાર નથી પામતા. આ જળ તો ગંગાથી સો ગણું સરસ રહેશે વનનો મહિમા વેદ વર્ણન કરીને કહે છે. બધા જ સાજની સાથે બધો જ સમાજ સરોવરના કાંઠે આવ્યો. બહાર આવીને શરીર પર સફેદ વસ્ત્રોને ધારણ કર્યા.

હાસ્ય રસને ઉપજાવતા હતા આનંદ કરીને પછી ચંચળ મૂર્તિ જલદીથી ચાલીને **વસઈ** ગામે પ્રભુ મુખથી હાસ્યયુકત કરીને આવ્યા ત્યારે ગામના લોકોએ સમાચાર જાણ્યા એટલે ગાતાં વગાડતાં ભેટ લઈને મનમાં ભાવનાવાળા થઈને આવતા હતા. **પૂજાભાઈ, સાંકળચંદભાઈ** બીજા **રાયચંદભાઈ, જેચંદભાઈ** આદિક તથા **દેવ બાઈ** અને **સાંકળીબાઈ** બધા જ શ્રી હરિને સામાં લેવા આવ્યાં. સુંદર રીતે, ભાવ પ્રેમથી ભેટ લઈને ભાવસાર હરિભકત ગાતા થકા પ્રેમભાવથી બાઈની સાથે ભગવાનને દર્શનને આવ્યા. ભેટ લાવેલા તે ભેટ મુકીને પ્રભુના ચરણમાં પછી દંડવત્ પ્રણામ કર્યા શ્રી હરિને પોતાના ગામમાં લાવ્યા, સ્ત્રી-પુરુષો પ્રેમથી લાવ્યા પોતાના પ્રેમથી પ્રભુ પધાર્યા. પ્રભુને લાવતા હતા. ત્યારે જાત જાતના વાજાં વગાડીને ધામધૂમથી લાવતાં હતાં મહારાજ બહુ જ શોભતા હતા લોકો શરીરમાં સાવ સાદાં લગતાં હતાં વસ્ત્ર અને જન સમાજ ગામનાં પ્રેમભાવવાળાં હતા. હે રાજન ! મહારાજ માટે ચોરામાં બેઠક ગોઠવીને ઉતારો કરાવ્યો. ધર્મ કિશોર પ્રભુ દર્શનનું સુખ દેતા હતા. ગામના રહેનારા ગુણવાળા નર-નારીજનો ઉદાર મનવાળાં દર્શન કરવા આવ્યાં, મહાપ્રભુ ત્યારે લોકોના પાપ તાપને હરવા પ્રાણ પતિ પ્યાર કરીને ઉપદેશ વાતો કરતા હતા. **સોનારા જ્ઞાતિના સારા એકાંતિક ભકતે મહાપ્રભુ માટે ઘેર થાળ** બનાવ્યો રસદાર રસોઈ કરીને પૂર્ણકામ પ્રભુને પોતાના ઘેર લાવ્યા. મહાપ્રભુ પોતાની રુચિ પ્રમાણે જમતાં હતા પ્રભુ પાકની સાથે શાકને જમતા હતા. જમતાં જમતાં વારે વારે જળ પિતા હતા.

મહારાજ જમીને તૃપ્ત થયા, ત્યારે મુખકમળને ધોઈને સાફ કર્યું. અને જળપાન કર્યું પછી પ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન થયા તે દર્શન કરીને જનનોસુખ પામતાં હતાં. ત્યારે પ્રેમી ભકત **પૂંજાભાઈ** સુખડીના સુંદર બનાવીને તેના લાડુ કરીને લાવ્યા, પ્રીતમ પ્રભુ પાસે આગળ ધર્યા તે જોઈને મહારાજ રાજી થયા મહારાજ **મહાનુભાવાનંદ સ્વામીને** કહે, આ લાડું સૌને ગણીને આપો ત્યારે આજ્ઞાને શિર પર ધારીને મહાનુભાવાનંદ સ્વામી સૌને સુખડીના લાડું દેતા હતા. સૌ લાડુ હાથો હાથ લેતા હતા. આવી રીતે તે મહારાજે ત્યાં લીલા કરી. સ્વામિનારાયણ ભગવાને સૌ હરિભકતની સેવાનો અંગિકાર કરીને પછી મહાપ્રભુ નરનારીજનોનું મંગળ કલ્યાણ કરવા સૌના ચિત્તને ચોરીને ચાલતા હતા.

શ્રી હરિ મહારાજ **વિસનગરથી કડા** ગામે પધાર્યા કમલનયન મહાપ્રભુ બધાં જ સુખ દઈને નરનાટક કરીને મહાપ્રભુ ચાલતા થયા. બહુનામી સુખનાધામી મહાપ્રભુ **વસાઈ** ગામે પધાર્યા અને ત્યાં વાસ કર્યો, સર્વ ભકતજનોને બહુ સુંદર રીતે સુખ દીધું, આવી રીતે ઓગણચાલીસમો અભિધાન તે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપમાં આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી હરિએ વસાઈ ગામમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ ઓગણચાલીસમો તરંગ પૂર્ણ થયો ।।૩૯।।**

# તરંગ-૪૦

આનંદસિંહરાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જગતનું કલ્યાણ કરવા માટે પ્રગટ થયેલાને મહાપ્રભુ કલ્યાણમય મૂર્તિ જેમની છે એવા મહારાજને મહાદેવજી સદાય ઉરમાં ધારીને સ્મરણ કર્યા કરે છે. જેમના નામની ઉપાસના સદાય શિવજી કર્યા કરે છે. જેમનું સ્વરુપ સદાય શિતળ શાંત છે શિવના પુત્ર ગણેશ હંમેશા ગુણને ગાયા જ કરે છે એવા મહાપ્રભુની લીલા મને કહો મહારાજ **વસાઈ** ગામેથી કયા પધાર્યા તે વાર્તા કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! સહજાનંદ સ્વામી સુખ ધામી કલ્યાણના દાતા છે એજ રીતે શિવ, સનાકાદિકો યશને ગાયા કરે છે એ મહાપ્રભુનો યશ તો અલૌકિક છે વસાઈમાં મહારાજે બધાયને લાડુ અપાવીને પછી મહાપ્રભુ ઉતાવળે ગામ સોંસરા ચાલ્યા, ચાલતાં **ધેધુસણ** સારું શોભાવાળું ગામ આવ્યું, ત્યારે તે જોઈને તે બહુ રાજી થયા. તે ગામની ઉત્તર દિશામાં વડનું મોટું વૃક્ષ હતું, તેની છાયાં ખૂબ જ ઘાટી હતી તેથી શિતળતાથી સુખ દેતું હતું, ત્યાં એક ઘડી સુધી સુખપૂર્વક બેઠા સુખના નિવાસ પ્રભુ સૌને સુખ દઈને રહેતા હતા. પછી મહાપ્રભુ ચપલનયન માર્ગમાં ઉતાવળી ચાલે ચાલતા થયા, વર્ણિ પાળા સાધુની વિશાળ મંડળી સાથે ચાલતા થયા આમના સંઘમાં આવી રીતે શોભતા હતા પ્રભુની શોભા અપાર હતી એમની કોઈ ઉપમા ન દઈ શકાય.

મહારાજ મનને આનંદ આપતા થકા મંદ મંદ ચાલીને **મેઉ** ગામે પધાર્યા ત્યારે મુખ ઉપર મંદહાસ્ય કરતા થકા ભકતજનો આનંદ આપનારા પ્રભુને સન્માનવા ઘનશ્યામ પ્રભુને હરખથી હરિભકતો સામા આવતા હતા. સાથે ભેટ લઈને આવતા હતા ધીર ધરીને ધર્મપાલ પ્રભુના ગુણને સુંદર વાણીથી ગાતા થકા અનેક વાજાંને વગાડતા થકા હરખ પામતા આવતા હતા. એકાંતિક ભકતજનો પ્રેમથી આવતા હતા. હે રાજન્ ! આવેલા જનોનાં નામ કહું છું ભગવાનના પરમ **ભકત ભુખણ ભગત તે ભાવસાર** બહુ જ ભાવિક હતા **મંછારામ** આદિ નિર્માની ભકત, **તુલસીદાસ,** આદિક ભકતો આવ્યા હતા તથા બાઈઓમાં **ગંગા, ઝુમા** મહાપ્રભુના નવા નવા ચરિત્રોને ગાતાં હતાં તથા **જ્ઞાન બાઈ** આદીક બાઈઓ આનંદ પામતી પ્રભુની વધાઈના કીર્તનો ગાતી હતી. તે બધાંય ભકતજનો ગાતાં વગાડતાં પ્રભુની સામાં જતાં હતાં. ભેટ લઈને જતાં હતાં પ્રભુ પાસે જઈને કલ્યાણ મૂર્તિને પ્રણામ કર્યા ભેટ અર્પણ કરીને ધીરે રહીને એકાગ્રતાથી પ્રણામ કર્યા, હર્ષ પામ્યા મનની પીડા નાશ પામી. વાજાં વગાડતાં, ગાતાં ઉત્સવ કરતાં મહાપ્રભુનાં ગુણનાં કિર્તન ગાતાં થકાં પુરમાં લાવતાં હતાં ગામની વચ્ચે થઈને દર્શન કરનાર ભકતોના ભયને તોડતા હતા અને ચરણ રજને પ્રસરાવીને બધાના પાપોને બાળીને પાવન કર્યું.

ગામથી પશ્ચિમ દિશામાં ઘાટી છાયાંવાળો મોટો વડ હતો તેની નીચે મુકામ કરીને સુખદાયક પ્રભુએ ભકતજનોને સુખ દીધાં. ત્યાં આગળ વાળંદને બોલાવી મહારાજે હજામત કરાવી સુંદર ચરિત્ર કર્યું. શરીરને શુદ્ધ કરવા જળથી સ્નાન કર્યુ, પછી મહાપ્રભુએ સુદંર સફેદ વસ્ત્રોને ધારણ કર્યા, થાળ તૈયાર થયો છે એમ જાણીને ભકતજનોના દોષોને ભાંગવા ભકતજનોને રાજી કરવા લોકોના ગર્વને ગાળનારા મહારાજ તૈયાર થયા. મહારાજ સંતજન સમુદાયની સાથે જમવા પધાર્યા, ત્યારે આકાશ ઉપર દેવોનું વૃંદ તથા મુકતજનો ઉભા

રહીને દર્શન કરતા હતા. મહારાજાધિરાજ આસન બનાવેલું હતું. તેની ઉપર વિરાજમાન થયા પાક શાક તૈયાર કરેલા તેનો થાળ તૈયાર કરીને લાવ્યા. મહારાજ જમતાં જમતાં પોતાના આશ્રિત જનોને સારું સ્વાદિષ્ટ જે પદાર્થ લાગે તે દેતા હતા, અને વખાણતા હતા. આવી રીતે સર્વના નાથ પોતાના હાથને ઉદર ઉપર જમતાં જમતાં ફેરવતાં હતા સચેત કરતા હતા. હે રાજન્ ! પછી મુખ ધોઈને જળપાન કરીને મહારાજ મુખમાં મુખવાસ લેતા હતા આમ ભકતજનોના મનને સુખ કરતા હતા એવામાં બધાની રસોઈ તૈયાર થઈ એટલે સંતોને મહારાજ સુખપૂર્વક પીરસવા પધારતા હતા. હે રાજન્ ! મનોહર માલપુવા લઈને સંતોને પંગતમાં હેતથી પીરસતા હતા અને સૌ સંતો જમતા હતા અને ઘનશ્યામ પ્રભુ જમાડતા હતા આવી રીતે લોકોનાં કલ્યાણ કરવા મહારાજ લીલા કરતા હતા. સંતો પાળા સહિત સૌને જમાડીને પછી પ્રભુ હાથ પગ ધોતા હતા પછી મહારાજ સુંદર આસન ઉપર વિરાજમાન થયા ત્યારે સૌ પ્રેમી જનો પ્રીતથી પૂજન કરતા હતા. ચંદન પુષ્પ આદિક વડે સુંદર રીતે પૂજન કરીને પ્રેમીજન અધિક હેત કરીને ભાવથી બહુ જ પૂજતા હતા. પછી મહારાજે હેતથી પૂજનને અંગિકાર કરીને પછી મહારાજ સૌની સાથે ઉતારે આવ્યા પછી મહારાજ ઘોડી ઉપર અસવારી કરીને સચેત થઈને સૌ જનો ચાલતાં હતાં.

ત્યારે ચાલીને ગામની દક્ષિણ દિશાની ભાગોળે ચંચળ જનોની સાથે ચાલીને સ્વચ્છ ભુમિ દેખાણી ત્યાં સુંદર પલંગની ઉપર મહારાજ બેસીને શોભતા હતા હરિભકતો સૌ આવીને બેઠા, અને સૌ સંતો વાજાં વગાડીને ગાતા હતા, મહારાજ મોદ સહિત સાંભળતા હતા ને રાજી થતા હતા. હે રાજન ! મહારાજ ઘણીવાર સુધી સભામાં બેઠા સૌને દર્શનનું સુખ આપ્યું પછી મહારાજ પલંગ ઉપર પોઢી જતા હતા હરિભકતો પ્રેમથી ચરણ અને હાથને ચંપી કરતા હતા. આવી રીતે અજીત પ્રભુ પોતે **મેઉ ગામ**માં અલૌકિક લીલાઓ કરી જયારે સવારમાં વિહાંન વેળ થઈ ત્યારે શયનમાંથી જાગીને નર નાટક કરીને લોકોના મનને બહુ જ રાજી કરતા હતા. પછી પ્રીતમ પ્રાણ પ્રભુ સૌ સંતો વર્ણિઓ પાર્ષદો સાથે ત્યાંથી પ્રયાણ કરતા હતા.

સર્વથી વિંટાયા થકા અપાર ભકતોના પાપને હરતા થકા અસવારી કરીને અસવારોની સાથે ચાલતા હતા. મહારાજ **મેઉથી** ચાલીને **લાંઘણજ** નામના ગામે પધાર્યા. તે ગામે આવીને જોયું ત્યારે સુંદર સરોવરની સાથે સુંદર કૂવો પણ જોયો સુંદર સીડીના પગથિયા બાંધેલા સુંદર શોભાવાળી વાવને જોઈ. પાણીથી ભરેલું તળાવ સરસ શોભે છે તેની પાળ ઉપર વૃક્ષો, વેલીઓ શોભા વધારે છે એ અતિ કુમળી માટી વાળી જમીન મુનિજનોના મનને ખેંચે છે. ત્યાં વસનાર નર-નારીજનોના મન અતિ નિર્મળ હોય છે. **લાંઘણજ**ના ભાવિક ભકતોએ ભયને હરનાર ભગવાન શ્રીહરિને જોયાં એટલે સૌ ભકત જનો શ્રી હરિની સામે જતા હતા ભગવાનના ગુણનું ગાન કરતા. ગુલતાન થઈને આવતા હતા. હે રાજન્ ! તે આવેલ ભકતોના નામ કહું છું જે પ્રગટ પ્રભુની ઉપાસના કરનારા છે એમણે દર્શન કર્યા લઈને સામા વધારે સંખ્યામાં આવ્યા હતા.આવીને દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યા પછી બંને હાથ જોડીને પ્રગટ પુરુષોત્તમ પ્રભુને જોઈને નેત્રમાંથી પ્રેમાશ્રુ આવતાં હતાં. તે ભકતજનો વાંજા વગાડીને ગાતા થકા આખા જગતના આધાર એવા મહાપ્રભુને ઓળખી દર્શન કરવા માટે ગલીએ ગલીએ મનુષ્યોના જુથો શ્રી હરિને જોવા માટે ઉભેલાં હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ સૌ જનોને દર્શન દઈને દયાના ધામ જેમનું નામ છે તેના ગુણને બ્રહ્મા, શિવ-પાર્વતી આદિ ગાયા જ કરે છે એવા મહાપ્રભુ પુરને પાવન કરીને પુરના ભકતજનોને સુખ દઈને મહાપ્રભુને નિરખીને જોતાં હતાં અને પોતાનાં પાપ કર્મને બાળતાં હતાં.

પછી મહાપ્રભુ ગામથી ઉત્તર દિશાની ભાગોળ કહેવાય છે તેની પાસે જ સુંદર મકાન આવેલું. હતું તેમા બધાય સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ માટે ઉતારો નકકી કરેલો હતો. અને બાજુમાં જ હનુમાનજીના મંદિરની જગ્યા છે તેમાં શ્રીહરિ થોડી વાર પધારીને આમ કહીને મહાપ્રભુ ઘોડા ઉપર ચઢીને સર્વ સંતો અને ભકતજનોની સાથે ચાલતા થયા એટલામાં જ કેટલાક ગામમાંથી પટેલિયાઓ આવ્યા આવીને શ્રીહરિને કહેતા થકા ઠઠ્ઠા મશ્કરી કરતા હતા કે હે પ્રભુ તમે ભગવાન કહેવાઓ છો, સર્વ નામના નામી કહેવાઓ છો, તો કાંઈક અમને પરચા બતાવો તો તમને અમે સાચા પ્રભુ માનીએ. આવી રીતના તે પટેલિયાના વચનો સંભળીને મંદ હાસ્ય યુકત તે પુરના લોકોને પ્રભુ વચન કહેતા હતા, મહારાજ કહે છે કે અમે તો પ્રસિદ્ધ નથી એટલે પ્રીત કરીને પરચો ન આપીએ પણ પરચો તો તમારા ગામનો બાવો દેશે એ વાત અમે સાચી જ કહીએ છીએ. એ થોડાક જ સમયમાં જાણવા મળશે આ અમારું માર્મિક વચન છે તેને મુઢ તમે સાચું માનજો, આમ કહીને મહારાજે હરખાવી દીધા. ફરી મહારાજ કહે, તમારો ઉતારો છે ત્યાંથી જ મળશે પરચો.

આમ કહીને મહારાજ ઘોડા ઉપર ચઢીને સૌ સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ ગામ **સોંસરા** જ થઈને ભયને હરનારા ભકતજનોના કામ કરતા હતા. પછી દક્ષિણ દિશાની ભાગોળને જોઈને મહાપ્રભુએ ત્યાં મુકામ કર્યો પ્રેમથી પલંગ ઉપર રસિકરાજ વિરાજ્યાં. સંતો મહારાજની સામે બેઠા ભકતજનો ભાવ કરીને બેઠા ત્યારે બળવંત પ્રભુ વાતો કરતા હતા. ધર્મતનય ધર્મને ધારણ કરીને ભરતખંડમાં જન્મને સફળ કરી લે છે મુક્તિ પામે છે. આ રીતે વાતો કરતા હતા. એટલામાં થાળ તૈયાર થયો એટલે સુંદરવર સુખકારી મહારાજ જન સમુદાયની સાથે જમવા માટે પધાર્યા ભકતપતિ ભગવાન પોતાના ભકત આશ્રિત જાણીને એમના ઘેર પાકની સાથે શાક વગેરે જમતા હતા તેને સ્વર્ગના દેવો ઈંદ્રાદિક દેવો જોતા હતા, તે **ભાવસાર ભકત** બહુ જ ભાવિક ભલા ભાવવાળા **રામાભાઈ**ના નામથી પ્રસિદ્ધ તેમણે થાળ કરાવરાવ્યો રસદાર રસોઈ કરાવરાવી જેમ દેવ નદી ગંગા શોભે તેમ શોભતું હતું.

મહારાજ થાળ જમીને પછી સંત મંડળને પોતાના હાથે આનંદ પૂર્વક જમાડયા પછી પ્રભુ હાથ પગ ધોઈને ભક્તોએ સેવા કરી તેને અંગિકાર કરી ભકતજનોને અભય પદવી આપતાં હતા. તે ભકતજનોમાં **માનસિંઘભાઈ,** આદિક ભકતજનોને શ્રી હરિએ રાજી કર્યા. નરનાથ મહાપ્રભુ તે પોતાના આશ્રિત ભકતજનોને અદ્‌ભૂત સુખો આપ્યાં. બીજા બહુ જ ભાવિક ભકત ભાવના ભરેલાં **ભકત રામાભાઈ, જુમખરામ,** ગુણવાળા **ગણેશભાઈ** નિશ્ચળ ભાવવાળા **નાગર નારાયણદાસ** ભકત, **ભુધરભાઈ, હરિજીવનભાઈ, મયાચંદ, ગોપાળભાઈ, સોનબા, ઝુમો તથા કરશન, માનસિંહ,** આદિક ભકતો તથા **હેમચંદ** તે સૌ ભકતોએ મહાપ્રભુને ઘેર પધરામણી કરીને પૂજા કરીને મનમાં રાજી થયા. મહારાજે સૌની સેવાને અંગિકાર કરીને સૌને સુખી કર્યા પછી પ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન થયા. સભાની વચમાં સુખદાયક પ્રભુ પ્રાણનાથ પરબ્રહ્મ પુરુષોત્તમે આશ્રિત જનોને દર્શન દીધાં પછી રાત વધારે થઈ ગઈ છે એમ જાણીને શય્યા ઉપર શયન કર્યું. પછી જયારે સવારમાં વહેલો વીહાનવેળાએ શયનમાંથી જાગૃત થયા. આવી રીતે **લાંઘણજ** પુરમાં અલૌકિક નિત્ય નવિન લીલા કરતા હતા.

મહારાજે અનંત લીલાઓ કરીને સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ સુખ આપનારા ચપલ નયન ચિત્તને

ચોરનારા, ચાલવા ઉતાવળાં થયા ભકતજનોના ભવબંધનો તોડીને ઘોડા ઉપર અશ્વાર થઈને માર્ગ ઉપર મંદ મંદ ગતિથી ચાલીને ખૂબ જ આનંદ વિનોદ કરતા હતા ત્યારે પ્રભુની શોભા યુકત છબીને ઉરમાં ધારીને આકાશ મંડળમાં રહેલા દેવોના મન રાજી થઈને મેઘાડંબરનું પ્રભુ ઉપર છત્ર ધરતા હતા, પ્રભુનો જય જય જય થાઓ, આમ કહીને જગતના પતિ સુંદર વચનો કહેતા હતા મુખેથી જય જય કરતા હતા. શ્રીહરિ મહારાજે કૃપા કરીને કાળિકાળના કઠીન મૂળને કાઢનારા મહારાજ **લાંઘણજ** ગામના પટેલ દુષ્ટ બુદ્ધિનો હતો તેને શ્રીહરિ સહજાનંદ મહારાજે પરચાના વચનો કહ્યાં હતાં. પરચો તો તમને જે વેશ ધારી બાવો છે તે આપવાનો છે એમ કહેલું તે વાત સાચી જ થઈ ગઈ. તે વાર્તા આજે પણ લોકો જાણે છે તે તો ઈતિહાસ થયો છે. તે દુષ્ટની તો જોયા જેવી તાલવાળી થઈ ગઈ. પટેલની દીકરીને લઈને બાવો રાતમાં ભૂતની માફક ભાગી ગયો તેથી પટેલને તો સરસ પરચો મળી થયો. તે ભગવાનના વચનથી થયો હતો. તે ખળનું બધું જ ટોળું હવે ક્ષોભીલું થઈ ગયું ભગવાનની હાંસી કરવાથી મલીન બુદ્ધિનો પટેલને જગના પતિ મહાપ્રભુને જાણી જ ન શકયો  હે રાજન ! મહાપ્રભુ પ્રીતિથી ઉદ્ધાર કરવા ચાલીને સામેથી સમાજની વચ્ચે સમાજનો ઉદ્ધાર કરીને મુક્તિ કરવા પધાર્યા, સમાજ ઉદ્ધારવા **વડસ્મા** ગામે  પોતાના ભકતજનોના કલ્યાણ કરવા પધાર્યા. શ્રી ઘનશ્યામ પ્રભુ તે ધામમાં એકાદ ઘડી રોકાઈને મુકામ કર્યો ત્યાંના નર નારીજનોને દર્શન સુખ આપીને સૌને મનમાં બહુ રાજી કરી દીધા. પછી મહાપ્રભુ ત્યાંથી ચાલતા થયા. સાત્વિક જનના પાપોને હરતા થકા સદાય શાંતિ કરવા વિચરતા થકા **ડાંગરવા** ગામે પધાર્યા.

હે રાજન ! શ્રી હરિ ધર્મનંદન મહાપ્રભુ **વસાઈથી મેઉ** ગામે પધાર્યા મનમોહન,મર્માળો સુખકંદ મહાપ્રભુએ સુખ આપ્યાં પછી લટકાળો **લાંઘણજ** ગામે પધાર્યા. લાંઘણજ ગામના ભકતચજનોના મનની આશાઓ પૂરી કરી પછી **વડસમા** ગામે થઈને **ડાંગરવા** ગામે પધાર્યા. આમ ચાલીસમો અભિધાન રુપે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મેઉ, લાંઘણજ ગામે લીલા કરી તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે આ ચાલીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૪૦ ॥**

# તરંગ-૪૧

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સૂર્યથી પણ અધિક તેજોમય મૂર્તિ શ્રી હરિ પોતે વિરોચન  દૈત્યના પુત્ર બળિરાજાને જેમણે વામન રુપ લઈને ઉદ્ધાર કર્યો એવા મહાપ્રભુ શ્રી હરિ તે જ મહાપ્રભુના લીલા ચરિત્રોનો સાર હે ગુરુ મહારાજ મને કહો શ્રી હરિ ઘનશ્યામ પ્રભુ ડાંગરવા પુરે પધાર્યા ત્યારે પુરના જનોએ જોયાં તે ચરિત્ર મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! તમારા જન્મને ધન્ય છે તથા તમે જે પૃથવી ઉપર દેહ ધારણ કર્યો તે ધરા પણ ધન્ય છે, તમે કલ્યાણ મેળવવાનું જે કામ કરો છો તે પણ ધન્ય છે તે કાર્યના

બળ માટે તમે પ્રેમથી પ્રશ્ન પૂછો છો તેથી ધન્ય ભાગ્યવાળા છો. શ્રી ઘનશ્યામ પ્રભુ ધામના ધામી લોકોના સુખ શાંતિ કરવા નરનારી જનોનાં ભવસાગરનાં દુઃખોથી તારવા તથા અજ્ઞાન દૂર કરવા મહાપ્રભુ **ડાંગરવા** પુર પધાર્યા તે લીલા કહું છું. તે ડાંગરવા પુરની સુંદર શોભા જોઈને દિન દયાળ મહાપ્રભુ મુનિજનોના સ્વામી બહુ જ રાજી થયા મુનિજનો જેમનો જય જયકાર બોલે છે એવા મહાપ્રભુ ભકતજનોના ઝંઝાળને હરવા પધાર્યા. સુંદર ડાંગરવા ગામ શોભે છે. તે ગામની ચારે બાજુ અનેક ઝાડના સમુહો શોભે છે અનેક પ્રકારની પ્રકૃતિના ભકતો શોભે છે. સુંદર છંદ, કીર્તન ગાય છે સુંદર ખેતર છોડની શોભા સજાવટ મનોહરતા સુંદર રીતે સ્થિર રહેલી છે. વૃક્ષોમાં કદંબ, આંબાની રચના સારી રીતે કરીને ઝાડવાની બહુ ગીચતા શોભે છે. હે રાજન્ ! સુંદર રાયણના વૃક્ષો, રખેવાળો તાલથી રાખે છે, સુંદર સુખ કરનારા મોટા વિશાળતાવાળા ઉંડા કૂવાઓનું સમુહ રચનાઓ તથા ત્યાં મોટાં વૃક્ષોની સુંદર છાયાંવાળાં શોભતાં હતાં. હરિયાળી ભુમિ મુનિજનોના મનને ખેંચતી મોહ પમાડતી હતી. રસદાર જુદી જુદી જાતના અનેક પ્રકારના પાકો તથા અનેક વેલીઓના જુથો શોભતાં હતાં. તેમાં પક્ષીઓના ટોળાઓ જાત જાતની મધુર વાણી બોલતાં હતાં તે સાંભળીને સુખ પામતાં હતાં. સુંદર રોઝ, ભુંડો, હરણો સૌ શાંતિથી વિચરતાં હતાં. સુંદર મૃગોની અનેક પ્રકારની જાતો રહેતી હતી તે શોભતી હતી કોઈ પ્રકારના વેર વગર વિચરતી ગીચતામાં, રહેતી સૌને મોહ પમાડતી, કોઈ તેને મારતાં ન હતાં. ભીલના સમુહો કોઈ ન હતા, કોઈ બીક કે રંજાડ વગર સૌની પાસે જ સ્વચ્છંદતાથી વિચરનાર છે. તે **ડાંગરવા** પુરમાં રહેનારાં લોકો પશુઓનું પાલન કરતાં હતાં તેમાં **પટેલો, ક્ષત્રિયો, આદિક બ્રાહ્મણો** વિગેરે પ્રેમી ભકતો તે બધાં ઓળખતાં હતાં. તેઓ ગામમાં ઘણા લોકો ભેંસોનું પાલન પોષણ કરતાં હતાં. તેથી ત્યાં દૂધ, દહીંની ખૂબ જ રેલમ છેલ ઉછળતી હતી. તે ગામમાં કયારેય દૂધ, દહીંની કમી પડતી જ ન હતી એ વિશાળતા હતી, ગામના સૌ લોકો ભગવાનના ભકતો હતા તેઓનું જગતના સુખની આશા રાખતા ન હોતા સ્વામિનારાયણ ભગવાનના અનન્ય એકાંકિત ભકત હતા તેથી અન્ય કોઈ દેવની ઉપાસના નહોતા ચાહતા.

હે રાજન્ ! મહાપ્રભુ પુરુષોત્તમનાથ પુરની શોભા જોઈને પુણ્યવાન તે ગામમાં સંતોની સાથે ભકતજનો વધારે સુખ પામતાં હતાં. જયારે નાથ પધારે ત્યારે પ્રેમી ભકતો દર્શન કરવા માટે અનેક પ્રકારના વાજાંને વગાડતાં કિર્તનો ગાતાં પ્રભુને દર્શને આવતાં હતાં. ત્યારે સાથે ભેટ લઈને સૌ ભાવથી આવતાં હતાં. પટેલોની સાથે ક્ષત્રિયો, પ્રેમી ભકતો પ્રેમથી કીર્તનો તાનથી વગાડતાં થકાં ગાતાં હતાં વાજાં, ઝાંઝ, ઢોલ, ડફ, ભેરી, ભૂંગળોની સાથે આવતા હતા. લાલ ચોળ ગુલાલને ઉડાડતા, ઉમંગ ઉત્સાહથી આવતાં હતાં. **ડાંગરવા**ના પ્રસિદ્ધ ભકત **વેણીદાસ** તથા **અગરોજી** અને **અમરોજી** ભકત તેઓ સંસારમાં રહેલા છતાં ભકિતમાં દઢ હતા તેને જગતમાં સૌ જનો જાણતા હતા. **શલ્લુજી** અને **રુપજી, લાલજી** અને **કાનજી** બંને ભાઈઓ હતા તથા **મોતીજી** અને **માલજી, મેરજી** આદિક નામના ભકતો હતા. **ધરમદાસ** બીજા **બેચરદાસ,** પુણ્યશાળી **પિતામ્બરદાસ, જતનબાઈ** આદિક ભકતજનો મહારાજની સામાં આવ્યાં હતાં. શ્રીહરિ ભગવાનને લાવેલી ભેટ અર્પણ કરીને બધાં ભકતજનો હાથ જોડીને વંદન કરીને દંડવત્ પ્રણામ કરતા હતા. મહારાજની મૂર્તિને હૃદયમાં ઉતારી લીધી. પછી પ્રભુને ભકતજનો સૌ ગાતાં, વગાડતાં ગામમાં લાવ્યાં પુરના જનો પ્રેમથી દર્શન કરતાં હતાં. સૌ પોતાની પળેપળનો ઉપયોગ પ્રભુ ભક્તિમાં કરીને વિતાવે છે.

પછી મહારાજને સુંદર સારાં સ્વચ્છ મકાનમાં ઉતારો આપ્યો, ત્યારે ગુણીજનો પ્રભુ આગળ ગાંન

તાંન કરતાં હતાં પોતાના શરીરનું ભાન છોડીને કેવળ પ્રભુના ગુણ ગાવામાં તલ્લીન થઈ ગયા હતા. મહારાજના દર્શન કરવા માટે નર-નારીજનો સૌ આવતાં હતાં નયનથી નિરખીને દર્શન કરતાં હતાં સુખકંદ મહાપ્રભુ સભામાં વિરાજમાન થઈને નવલ વિહારી દર્શનનું સુખ દેતા હતા. આવી રીતે **વેણીદાસ** ભકતના ફળિયામાં જ ઘનશ્યામ પ્રભુ અને સંતો ભેગા શોભતા હતા. બલભ્રાતા મહાપ્રભુ જ્ઞાનની વાતો કરતા હતા ત્યારે મુનિજનો સાંભળીને આનંદ પામતા હતા એટલામાં રસદાર રસોઈ તૈયાર કરીને થાળ તૈયાર થયો ત્યારે **જતનબાઈ**ના ઘેર જ મહાપ્રભુ પોતાના ભકતજનોની સાથે જમવા પધાર્યા પાક, શાક, પુરી, શીરો, પકવાનો સુંદર બનાવ્યાં હતાં. મહારાજ લોકોને રાજી કરીને આનંદ આપવા જમતા હતા જમતાં વારે વારે જળ પાન કરતા જાય દહીં ભાતની સાથે દૂધ જમતા હતા મહાપ્રભુ જમીને તૃપ્ત થઈને પછી પોતાના સેવક સંતજનોને મહારાજ પોતે ત્યાં પધારીને પંગતમાં લાડું આદિ બહુ વાર સુધી પીરસીને દુધ દહીંની રેલમ છેલમ કરી દીધી. આવી રીતે શ્રી ઘનશ્યામપ્રભુ બહુવાર સુધી સંતોને પોતે પીરસીને જમાડીને તૃપ્ત કર્યા પછી નાથ હાથ પગને મુખ ધોઈને સુંદર તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા મુખમાં મુખવાસ લીધો ત્યાર પછી ભકતજનોએ મહાપ્રભુના ચરણકમળનું પ્રેમથી પૂજન કર્યું પ્રભુએ પોતાના એકાંતિક દાસ જાણીને બહુ જ પ્રેમથી બહુ જ સુખ દઈને ચંચળ મૂર્તિ શ્રીહરિ ચાલવા માટે તૈયારી કરી.

ઘોડેસ્વારોની સાથે ઘોડે ચડીને **વડુગામે** પધારીને ત્યાં રાતવાસો કર્યો. શ્રી હરિ ગામની શોભા જોઈને ઘનશ્યામ પ્રભુ સુખધામ કામના ગર્વને હરનારા ભકતજનોના કામ કરવા પધાર્યા, ત્યારે આસપાસમાં આબાં, આંબલી શોભતાં હતાં કેળાની શોભા, ખેરની છટા, કરેણની શોભા જોતાં હતાં. પાકરી, પુનાક, પીલુંના ફૂલોની પ્રસન્નતાને જોઈને શ્રીહરિ હૈયામાં બહુ જ રાજી થયા. હૈયામાં ધીરજ રાખીને જોતા હતા. ચકોર પક્ષી ચકવા ચકવી સુંદર શોભતાં, મોર બોલીને બહુ જ શોર કરતાં હતાં, તળાવ પણ પાણીથી ભરેલું શોભતું હતું. આ રીતે ગામની શોભા હતી. આવી રીતે મુનિજનોની સાથે નવિન શોભા જોઈને નાથ રાજાધિરાજ બહુ જ રાજી થયા ગામના પાદરમાં જ નકકી કરીને ઉભાં રહ્યા એક જગ્યાએ ઉભાં હતાં ગામના સૌ માણસો સામૈયાનો સાજ સજીને સામા આવ્યા બહુ જ પ્રકારના વાજીંત્રો વાગતાં હતાં. જાણે મેઘની ઘટા ન શોભતી હોય ? તેમ શોભતું હતું. ભકતજનો પોતાની ભકિતમાં ભેટ લઈને લોક લાજનો ત્યાગ કરીને આવતા હતા હરિભકતોએ તે ભેટ શ્રીહરિ પાસે અર્પિત કરી દીધી. **જેરામ ભકત, હીરા ભકત** આદિક પોતાનુ કાર્ય કરતા હતા. મહારાજને હરિભકતોએ મહારાજને લઈ જઈને પુરમાં પધરાવ્યા. સંતોની સાથે સૌને જમાડીને બહુ જ સુખ લીધું ભકતજનો સંતો જગજીવન પ્રભુ ઉદારતાથી જમીને ભકતજનના ઘરમાં ઉતારો કરીને મોટું કાર્ય કર્યું. ભકતજનોની મોટી સેવાને અંગિકાર કરીને ભકતજનોના સુખ કરનારા હરિભકતોને બહુ જ મોજ આપી તે પછી પ્રભુ પ્રીત કરીને સંતોની સાથે પ્રયાણ કરતા હતા ત્યારે સાથે પદાતિ પ્રેમી ભકતો ચાલતા હતા.

ચાલીને શ્રીહરિ સંતો ભકતજનોની સાથે **ઝુલાસણ** ગામે પધાર્યા. જગદીશ મહાપ્રભુ પધાર્યાનું જાણીને ગામના ભકતજનો આવ્યા **હીરાભાઈ, હરિભાઈ પટેલ, ઝવેર** આદિક પુરુષો તથા **રુપાબાઈ, કેશર, રતન, ભૂમિ, ઈશબાઈ** આદિક પ્રેમી **નરસંગદાસ ભકત** તથા **અવલ આદિક બાઈ** હરિભકતો શ્રીહરિની સામાં હરખીને બહુ ભાવ પ્રેમથી વિશેષ આવ્યાં પ્રેમથી નામ દઈને પ્રભુ આગળ ભેટ અર્પણ કરીને મહાપ્રભુને પુરમાં વાજાં વગાડતાં ગાતાં થકાં લાવતાં હતાં.મહારાજે ચોરામાં લોકોના કલ્યાણ કરવા લોકોના ચિત્તને ખેંચવા માટે

ઉતારો કર્યો. ત્યારે ગામવાસી નરનારીજનો ખૂબ જ ભાવથી પાસે આવતાં હતાં. દર્શન કરીને બેસતાં હતાં. **હીરાભાઈ ચૌધરી**એ મહાપ્રભુને થાળ કરીને જમાડયા પછી પ્રભુએ સંતોને શ્રદ્ધાથી જમાડયા પછી ધર્મના ધારક પ્રભુએ બહુ દર્શનનું સુખ પાપ્યું. મહાપ્રભુ પોતાના આશ્રિત ભકતજનોને દર્શન દઈને જગવંદ્ય પ્રભુ જનોના ત્રાસને હરીને ત્યાંથી પ્રયાણ કરતા હતા.

સહજાનંદ સ્વામી સુખ આપીને **પાનસર** ગામે પધાર્યા. ત્યારે પ્રેમી ભકતજનોએ ઓળખ્યા. મહારાજે ભકતજનોને સુખ દીધા. પ્રીતમ પરમેશ્વરપ્રભુએ સંતો ભકતજનોની સાથે પ્રયાણ કરીને જનના ઈશ મહાપ્રભુ જતાં હતાં. માર્ગમાં જતાં સંતો ગાતાં હતાં પ્રભુ મંદ મંદ હાસ્ય કરતા હતા અને પાખંડી, પાપી જનોના દંભ ફંદને હરતા હતા. માર્ગમાં આવતા ગામોના જનોને દર્શન દાન દઈને માન આપીને સેવકજનો બહુ જ બળ આપતા હતા. માર્ગમાં ભક્તોના મનને ખેંચતા જતા હતા. પુરુષોત્તમ મહાપ્રભુ પોતાનો મહાપ્રતાપ જણાવતા હતા.

ચાલીને મહારાજ **ઓળા** ગામે પધાર્યા પ્રેમી પટેલ ભકત **સિદ્ધાર્થભાઈ** પ્રસિદ્ધિને પામેલા પ્રભુની સામાં આવ્યા, મહારાજને ગામમાં ઘેર લાવ્યા. હે રાજન! પૂર્વબાજુની ભાગોળે ગામથી પૂર્વમાં દયાળુ પ્રભુએ મોટા વડની નીચે ઉતારો કર્યો. પ્રેમી સિદ્ધાર્થ પટેલ સુંદર પલંગ લાવ્યા સરસ રીતે બિછાવી દીધો, મહારાજ તે પલંગ ઉપર વિરાજમાન થયા. જગતવંદ્ય પ્રભુને જોઈને ગામના લોકો દર્શન કરવા માટે આવતાં હતાં. શરદના ચંદ્ર સમાન મહારાજ સભાની વચમાં વિરાજમાન હતા મનોહર મુખકમળથી મહારાજ કામના ગર્વને હરતા હતા. કળિકાળના કલેશને હરનારી ઉપદેશની વાતો મહારાજ કરતા હતા. હે રાજન ! ત્યારે સુંદર રસદાર રસોઈ તૈયાર થઈ એમ જાણીને ભગવાન જમવા પધારતા હતા મહાપ્રભુ પોતાની રીતે પ્રીતિ પૂર્વક જમતા હતા થાળ જમીને પછી સંતોને સુંદર રસદાર રસોઈ જમાડતા હતા. ભકતજનો મહાપ્રભુની વિશેષ પ્રમાણે સેવા કરતા હતા. મહાપ્રભુ ભકતજનોની સેવાને અંગિકાર કરીને પછી ચાલવા માટે અતિ ઉતાવળા થવા લાગ્યા.

મહારાજ **ઓળા** ગામેથી **અડાલજ** ગામે ભકતજનોને સુખ દેવા પધાર્યા અને પાપીજનો હતા તે મહારાજના મહિમાને ન જાણી શકે તેઓ દુષ્ટભાવ વાળા સત્સંગથી વિમુખ હતા ત્યારે **ગઢવી** જાતિના મુળ **ગેંદાલજી** મહારાજ પાસે સામાં આવ્યા. મહારાજને ભાવ પૂર્વક પ્રેમથી ગામમાં લાવવા જાત-જાતના વાજાં વગાડીને ગાતા થકા તાળીઓના તાલ સાથે લાવ્યા. મહાપ્રભુએ દાસને દર્શન દઈને પછી ગામની ભાગોળે મુકામ કરતા હતા. સુંદર વાવની પાસે સુંદરવર નાથ શોભા વધારતા હતા. સૌ સંતો પદાતિઓની સાથે મહારાજ રહેતા હતા. ઢોલિયો લાવીને પાથર્યો હતો તેની ઉપર વિરાજમાન થયા અને મહારાજની સામે ભકતજનો અને સંતો સુંદર રીતે બેઠા. જાત જાતના વાજાં વગડાવીને સંતો મુખેથી ગાવણું કરતા હતા. સારંગી, સરોદાની સાથે તાલ મેળવીને ગાતા હતા તેને સાંભળીને લોકોના ભવબંધનની પીડા ટળતી હતી. મહારાજ ગાવણું સાંભળીને બહુ જ રાજી થયા. રસયુકત રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ થાળ જમવા ભકતજનના ઘેર જતા હતા મહારાજ જમીને તૃપ્ત થયા પછી પ્રાણનાથ પ્રભુ સંતોને પ્રેમથી જમાડતા હતા ગઢવી **મલુજી**ના ફળિયામાં મહારાજ હાથે જ પીરસતા હતા. રસભરપુર રસોઈમાં ઘી થી ભરપૂર સુંદર લાડુને પુરુષોત્તમ પ્રાણ પ્રભુ પીરસતા હતા. અને સંતોને પ્રીતથી જમાડતા હતા.

પછી જગતના પ્રાણ પતિ ઉતારે પધારીને લોકોના મનને આનંદ આપનારા પાપોને બાળનારા મહાપ્રભુએ ઘણીવાર સુધી સભામાં ઉપદેશની વાતો કરીને લોકોના દીલના દોષોને બાળી દઈને ભકતજનોને સુખ આપ્યા. પછી પલંગ પર શય્યામાં મહારાજ પોઢી ગયા, ઘનશ્યામ પ્રભુના ચરણ કમળને પ્રેમી ભકતજનો ચાંપતા હતા અને નામનું રટણ કરતા હતા. આમ રાત પુરી થવા આવી પ્રાતઃકાળ થયો ત્યારે અંધકારનો નાશ કરનારા પ્રભુ જાગ્રત થયા. સૌ સંતો, ભકતોની સાથે મહારાજ ચાલીને **મોટેરા** ગામે પધાર્યા જેમનું ધ્યાન સિદ્ધો ધરીને દર્શન કરતા હતા. પ્રભુ પધાર્યા એટલે **પુરુષોત્તમભાઈ** આદિક ભકતજનો શોભા સહિત સામાં આવતા હતા. છત્રીસ પ્રકારના વાજાં વગાડતા થકા સાથે ભેટ આપવા માટે લઈને મહાપ્રભુ નાથની પાસે આવ્યા દર્શન કરીને ભેટ કરીને પ્રભુને ઉંમગથી ગામમાં લાવ્યા પુરુષોત્તમ પ્રભુની સાથે સંતો સહિત દર્શન દેતા હતા. સર્વના નાથને પોતાના ફળિયામાં સુંદર પલંગ પાથરીને તેના ઉપર પધરાવ્યા. સંતો સામે બેઠા. આ રીતે નાથ સંતો સાથે બહુવાર સુધી દર્શન દઈને સુખ દેતા હતા. લોકોને ભવસાગરમાંથી ઉદ્ધારતા હતા. થાળ તૈયાર થયો એમ જાણ્યું એટલે મહાપ્રભુ **પુરુષોત્તમ** ભકતના ઘેર જમવા માટે પધાર્યા ને થાળ જમ્યાં પછી સૌ સંતોને પંગતમાં ફરીને આનંદ પમાડતા થકાં જમાડતાં હતા ને આનંદ સુખ દેતા હતા. ઘનશ્યામ પ્રભુ સંતોને બહુવાર સુધી હાથથી પીરસીને જમાડયા આવી રીતે સૌ ભકતજનો દર્શન કરીને રાજી થયા, પછી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે પ્રીતથી ચાલ્યા અનેક ભકતજનોને આપીને સુખ આપ્યા.

ચપલ મૂર્તિ મહાપ્રભુ માર્ગ ઉપર જુદી જુદી ચાલે ચાલે છે, ઘોડાઓના સમુહમાં ચાલીને લોકોના મનને ખેંચતા હતા. નદીના તટ ઉપર પધાર્યા ત્યારે પુરાતની તટ વિસ્તાર તેને મહારાજ અને સંતો જોતા હતા. નદીના પાણીના પ્રવાહમાં જળ એકદમ સ્વચ્છ વહેતુ હતું. તટ ઉપર પક્ષીઓ કલરવ કરતા હતાં. નદી તટ ઉપર વનરાઈઓથી નદીની શોભા વધતી હતી. તટ ઉપર મુનિજનોના આશ્રમો સુંદર શોભતાં હતાં. નદીના તટ ઉપર વૃક્ષોની લાઈન તેના ઘાટ થાટની શોભા સુંદર લાગતિ હતી તે ઘાટ ઉપર નર-નારીજનો નહાતાં ને પ્રભુના ગુણને ગાતાં હતાં. અસંખ્ય લોકો નદીમાં સ્નાન કરવા આવતાં હતાં. પાણીનો વેગ હતો તે બહુ જ ઉછળતો હતો એમ જાણીને ઉંડી લહરો ધારોએ પડેલા માનતા હતા, જળ ભરેલું રહેતુ હતું. આ નદીના ચારે યુગમાં જુદા જુદા નામો ધારણ કરેલા હતા. એની શોભા તો અપાર જ છે. જેને ગણતાં તો પાર જ ન આવે. **સત્યુગમાં કૃતવતિ નામ હતું, મણિકર્ણિક નામ ત્રેતા યુગમાં કહેવાય છે દ્વાપર યુગમાં આનું નામ ચંદ્રભાગા હતું, કળિયુગમાં આને સાબરમતીના નામોથી કહેવાય છે. આવી રીતે ચારે નામો છે. ચારે યુગમાં વહેતી સાબરમતિને જોઈને ઘનશ્યામપ્રભુનું મન રાજી થઈ ગયું. પછી પ્રભુ સ્નાન કરવા નદીમાં ઉતર્યા, સૌ સંતજનોની સાથે સ્નાન કરતા હતા. મહારાજ પાણી ઉછાળીને નાંખતા હતા. તેને સ્થિર નજરેથી નિરખતા હતા. આવી રીતે મહારાજ ઘણીવાર સુધી સ્નાન કરીને બહાર નીકળ્યા. પછી મહારાજ સફેદ વસ્ત્રો ધારણ કરતા હતા. આવી રીતે સૌની સાથે પ્રભુ તૈયાર થઈ ગયા.**

મહારાજ **ડાંગરવા** પુરથી **વડું** ગામે થઈને મહાપ્રભુ **ઓળા** ગામે પધાર્યા. ત્યાંથી **અડાલજ** ગામે પધાર્યા, ભકતજનોના પ્રભુકામ કરીને **મોટેરા** પુર પધાર્યા. પછી મહારાજ **સાબરમતી** નદીમાં સ્નાન વિધિ કરીને સંતોની સાથે જળક્રીડા કરીને સુંદર સ્નાન કર્યું. એવી રીતે એકતાલીસમા અભિધાન રુપે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલિલાસિંધુના અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિ અમદાવાદ પુરે પધાર્યા તેની લીલાનું વર્ણન કરીને જણાવ્યું એ નામે આ એકતાલીસમો તરંગ પૂર્ણ થયો ॥૪૧॥**

# તરંગ-૪૨

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પ્રભુ સુખધામ **અમદાવાદ**માં કેવી રીતે પધાર્યા અને અમદાવાદમાં પધારીને કઈ કઈ લીલાઓ કરી તે બધી જ લીલા વિસ્તાર કરીને કહો.

અવધપ્રસાદજી કહે છે હે આનંદસિંહ રાજન ! પ્રકટમૂર્તિ શ્રી હરિના નામ પાપને બાળી દે છે. થોડોક જ દારુ છે તે આખા મહાવનને બાળી દે છે. તેમ મહા લડાઈમાં અસુરને જેમણે માર્યા છે એમના ભાઈની લીલા તમને કહું છું તે પ્રેમથી સાંભળો. હે આનંદ સિંહ રાજન ! એ સહજાનંદ સ્વામી મહાપ્રભુ **અમદાવાદ** ધામમાં પધાર્યા, તે પૂર્ણકામ શ્રીહરિ સહજાનંદ મહાપ્રભુના ચરિત્રો છે. તે સર્વની કામ વાસનાને બાળે છે. એવા સુખધામ પ્રભુની તમને લીલા કહું છું. જયારે પ્રભુ સાબરમતી નદીમાં સ્નાન કરતાં હતા. ત્યાર પછી અજ્ઞાન અંધકારને તોડનારા તૈયાર થયા ત્યારે **અમદાવાદ** પુરના સૌ હરિભકતો બધાય પોતાના પ્રિય પ્રભુના દર્શન કરવા આવ્યા. હે રાજન્ ! ત્યારે બધા જ સુંદર સાજ સજીને સુંદર રીતે આવતા હતા. શ્રીહરિની પાસે અપાર ભકતો આવતા હતા. તે હરિભકતોના નામો કહું છું. **દામોદર, નથુભટ્ટ, જુગલદાસ લાલદાસ હેમંતરામ**, પ્રકટ પ્રભુના ગુણને ગાતા હતા. ભવાની શંકર ભકત જેમના પુત્ર નૈષ્ઠિક બ્રહ્મચારી થયા હતા. તે હરિ ભકતો માટે હરિના ભજનો અયોધ્યાપ્રસાદજી આચાર્ય મહારાજ પાસે સતત રહીને કાવ્યનું પ્રકાશન હરિલીલા સિંધુનું જેમણે પૂર્ણ કામ કર્યું. લોકોના ભવબંધન તોડનારા જુદા જુદા ચરિત્રો લખ્યાં તે.

હે રાજન્ ! કવિ અવિનાશાનંદ કહે છે કે હું સર્વે સંતોના ચરણની રજને ચિત્તમાં ચાહ્યા કરું છું. હવે બાકીના હરિભકતોના નામો **ગિરધરલાલ** નામના ભકત, **પુરુષોત્તમ, લક્ષ્મણરાય, પાલ, રેવા, જમુના, ગંગા, અનુપમા** આદિક સૌ બાઈ હરિભકતો તથા **હીરાભાઈ ચોકસી** તથા **વ્રજલાલ** જગતમાં ચોકસીથી પ્રસિદ્ધ **લક્ષ્મીચંદભાઈ** કહેવાય છે. તથા **બેચરભાઈ** તથા **હરગોવન, ત્રિકમભાઈ, રણછોડભાઈ, ગોપાળભાઈ કેશવલાલ, મોહનલાલ** નામના પ્રભુના ચરણમાં મનવાળા બીજા હરિભકતમાં **શામળભાઈ, કુબેરભાઈ, દોલાભાઈ, ગોવિન્દભાઈ,** આદિક ભાવવાળા. તથા **ગોપાળભાઈ ચોકસી, આશારામ** આદિક અપાર હરિભકતો છે. તેમાં **હિરાચંદભાઈ** હરિભકત સારાં હતા. બીજા **ઈચ્છારામ** હરિભકત ઉદાર મનવાળા હતા. બીજી બાઈઓના નામો કહું છું તેમા **અંબાબાઈ, લક્ષ્મીબાઈ, રતનબાઈ, રળિયાત બાઈ, તે ઠકરાણી** બાઈઓમાં **હરકોર, ઉમેદ બાઈ** આદિક બાઈઓ. **ગલાલ બાઈ, ખુશાલ બાઈ, સામકોરબાઈ, સુરજબાઈ** તથા **વજકોર બાઈ, ફુલકોરબાઈ, જમુના, જતનબાઈ** આદિક બાઈ આવ્યાં હતા સાથે વાજિંત્રો અચરજ કરનારા વાગતાં હતાં. સૌ સાજને સજ્જ કરીને સૌ સામાં આવ્યા. સૌ બાઈ ભાઈ હરિભકતો ભગવાનના વધાઈના કીર્તનો ગાતાં વગાડતાં આવ્યાં. અનેક પ્રકારનાં વાજીંત્રને વગાડતા હતા. શ્રીહરિ મહાપ્રભુની સામે, સન્માનવા, સાજ સજીને આવ્યાં. નર નારીજનો નવો સાજ સજીને પ્રભુ પાસે આવતાં હતાં. શરીર

ઉપર બહુ જ શણગારને સજેલા હતા. ભેટે (કેડે)બાંધીને લાવેલ ભેટ પ્રભુને અર્પતાં હતાં. શ્રીફળની હારો અર્પણ કરતાં હતાં. ભકતજનો પ્રભુ પાસે આવતાં હતાં ત્યારે ગુણને ગાતાં થકાં આવ્યાં હતાં. જાત જાતના વાજિંત્રોને વગાડતાં હતાં. ઉત્સવની રીતે ગાતાં વગાડતાં આવ્યાં. પ્રભુના દર્શન કરીને દંડવત પ્રણામ કર્યા. ભેટ લાવેલા તે અર્પણ કરી તેને પ્રેમથી પ્રભુએ પ્રેમથી લીધી. સૌ ભકતોને મહાપ્રભુ આનંદ સુખ આપીને મુખેથી મધુર વચનો બોલતા હતા.

સૌને જુદા જુદા અનેક દેહો ધારીને સ્વાગત સમાચાર પૂછતા હતા. જેટલા ભકતજનો હતા તેટલા રૂપો લઈને મહાપ્રભુ પ્રેમથી સમાચાર પૂછતા હતા. પછી મહારાજ માણકી ઉપર અસ્વાર થઈને સૌના મનને આનંદ કરતા હતા. હરિ જુદા જુદા દાવ કરીને લગામને હાથમાં લઈને જુદી જુદી ચાલથી ચલાવીને આવતા હતા. મનોહર મુખ કમળનયન અને શંખ સમાન ગ્રીવાવાળા મહેલના થાંભલા જેવા જાડાં પગ જેમના છે એવા નરની માફક નાચ નચાવતા નવિન ખેલ કરતા બળવંત પ્રભુ શરીરને વાળવા ચલાવવામાં ચુતરતા વાળા, મહારાજની ચાલ તે હંસને શરમાવે તેવી ગતિથી ચાલે છે. જગતપતિનો વેગ ગરૂડ જેવો મનોહર હતું. મનોહર કાન ખરગોશ જેવા લાગતા હતા. આવી રીતે માણકી ઘોડી ઉપર અવતારના અવતારી પ્રભુ પોતે સ્વારી કરી તેથી તેની શોભા તો અપાર થતી હતી ચારે બાજુ ઘોડાઓના ટોળાં હતાં. બાજુમાં પેદલ ચાલતા હતા. મુનિજનોના સમુહમાં સ્વતંત્ર રીતે છંદો ગાતા હતા. આનંદ કંદ મહાપ્રભુ બહુજ સૌના મનને ખેંચતા હતા. ઉત્સવિયા ઉત્સવ કરતા જતા હતા. યુવતિબાઈઓ મધુ ગ્રીવા કંઠે સુંદર ગુણ કીર્તનો, ગાતાં હતાં. રાજ મારગ ઉપર મહારાજ મંદ મંદ મુખેથી હાસ્ય કરતા જતા હતા. લોકોના દિલના દોષોને હરતાં જતા હતા. ચારે બાજુ નર-નારી ચંચળ ચિત્તવાળાંના ચિત્તને હરિ બહુ જ રીતે ખેંચતા હતા. સોનાના પુષ્પોની કળીઓથી નરનારીઓ હરિને જોઈને વધાવતાં હતાં. અનંત વાજાં વાગતા હતા તે વાજાની ધુન સાંભળીને લોકો મહારાજની શોભા જોવા માટે દોડીને આવતાં હતાં. આવી રીતે પ્રાણનાથ પ્રિત કરીને સૌ સંતો હરીજનો સર્વની સાથે પુરની શોભા જોઈને તેને પાવન કરીને પ્રસિદ્ધ પુર જોતા હતા. જેમના મહાન મોટાં ભાગ્ય હોય તે જ બલભ્રાતા શ્રીઘનશ્યામ પ્રભુને દેખી શકે

હે રાજન્ ! આનંદના ધામ એવા શ્રી ઘનશ્યામ મહાપ્રભુ **અમદાવાદ** ધામને પાવન કરીને પછી પૂર્ણ કામ પ્રભુ નવિન **નવાવાસમાં** પધાર્યા. શ્રી સહજાનંદ સ્વામીએ **દરિયાપુર**માંથી શહેરમાં પ્રવેશ કર્યો, પ્રભુએ નવા વાસમાં નિરખીને સુંદર મકાનમાં ઉતારો કર્યો. શ્રીહરિ સુંદર પલંગ બિછાવીને તૈયાર કર્યો તેની ઉપર સુંદર મુખકમળ મહાપ્રભુ સભાની વચમાં વિરાજમાન થયા, સુંદર મનોહર મુર્તિ વાતો કરતા હતા. નરનારીજનો સુખેથી સાંભળતાં હતાં, નિર્ભય થતાં હતાં. મહારાજે ભકતજનોને બહુ વાર સુધી વાતો કરી, પછી જયારે સુંદર થાળની રસોઈ તૈયાર થઈ ત્યારે પ્રભુ થાળ જમીને સંતોની પંગત કરીને આનંદ કરતા પિરસતા હતા. સુખના ધામ ઘનશ્યામ પ્રભુને સર્વ ભકતજનો પોતાના ઘેર જમવા આમંત્રણ આપતા હતા. ત્યારે પ્રભુ જમવા પધારતા હતા. પૂર્ણકામ પ્રભુ આવી રીતે ભકતજનોને સુખ આપતા હતા. અમદાવાદમાં મહાપ્રભુ ખુબ જ આનંદમાં વિચરતા હતા.

એક દિવસ ઘનશ્યામ પ્રભુએ સુંદર સભાની રચના કરી તેની મધ્યમાં વિરાજમાન થઈને શોભતા હતા. સર્વ સંતગણો હરિના કીર્તનો ગાતા હતાં, ભકતજનો સુંદર રીતે પ્રેમથી સાંભળતા હતા. તેથી મહાપાપ

દોષો નાશ પામતા હતા. તે સભાની વચમાં ઘનશ્યામ મહાપ્રભુ સર્વપરી સ્વતંત્ર દેખાતા હતા જેવી રીતે આકાશમાં સર્વ તારા, ગ્રહ, નક્ષત્રોની વચમાં ચંદ્રમાં શોભે છે તેમ મહાપ્રભુ સભામાં શોભતા હતા. મુખેથી મધુર અમૃત રસ વહેવડાવતા હતા. સરોવરમાં પોયણા શોભે તેમ સર્વ નારીઓ શોભતી હતી. સૌ સંતો કમળના વનની માફક શોભતા હતા. તે જ રીતે ચંદ્ર સમાન સુંદર મુખકમળ ધર્મનંદન ખુબજ પ્રફૂલિત મનવાળા શોભતા હતા. ચંદ્રમાંની જેમ તાપને દુર કરે તેમ મહાપ્રભુ વિરહ તાપને હરીને નરનારીજનોને શાંતિ કરતા હતા. સંતજનોને શિતળતા આપતા હતા. એવા મધુર અમૃત વચનો વર્ષાવતા હતા. તે જ સમયે સભામાંથી ચાર વિદ્વાન શાસ્ત્રીઓ શોભતા થકા ઘનશ્યામ પ્રભુની સમીપમાં આવ્યા. તે **નરભેરામ** નામના પરમ વિદ્વાન શાસ્ત્રી આવ્યા હતા. તે શાસ્ત્રી શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુને ચરણમાં વંદન કરીને બંને હાથ જોડી હેત કરી બીજા બ્રાહ્મણો પણ સાથે આવેલા હતા તે શોભતા હતા. અને સાવધાન થઈને પ્રભુની સામે જ બેઠા. તે બ્રાહ્મણો પ્રશ્ન પૂછતા હતા પ્રભુ ઉંમગથી તે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો કરતા હતા. વિશ્વના જગતપતિ સુખ દેતા હતા. બુહનામી મહાપ્રભુએ તેઓની સાથે બહુ વાર સુધી જાત જાતની શાસ્ત્ર ચર્ચા કરતા રહ્યા તે સાંભળીને તે પંડિત પરમ પવિત્ર પંડિત ને બધા સંશય ટળી ગયા શ્રી ઘનશ્યામ મહાપ્રભુના મુખેથી સમાધાનીક ઉત્તરો સાંભળીને તે પંડિતો મૌન થયા. પ્રભુના વચન રચનાની રીતથી સર્વે શાસ્ત્રોના સાર મય વચનોથી તેઓના બધા જ પાપો નાશ થઈ ગયા - નિષ્પાપ થયા.

પરબ્રહ્મપુરુષોત્તમ નારાયણ મહાપ્રભુ ભૂમિ ઉપર પ્રગટ થઈને અવતાર લીધો છે, એમ જાણીને પોતાના જીવમાં નિશ્ચય થયો, દઢ નિયમ ધારીને આશ્રિત થયા. તે **નરભેરામ વિપ્ર** સારા શ્રેષ્ઠ સત્સંગી થયા અને શ્રી હરિ ઘનશ્યામ મહાપ્રભુને સર્વજગતના સ્વામી સર્વોપરી જાણતા હતા. સ્ત્રીના બંધનમાંથી મુકત થઈને નિષ્કામ ભકત થઈને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ ભજન સ્મરણ કર્યા કરતાં હતાં. ભગવાનનો ભકત થયો ભગવાનને સર્વના કારણ સુખ આપનારા જાણીને વાત કરતા હતા.

શ્રીહરિ કહે છે ભવ જંજાળની ભ્રાંતીને તોડનારા, આ જગતને સર્જન કરવાની પ્રેરણા કરનારો છું. એ મારા ભકતો જાણે છે. કાળકર્મોના ગુણ બ્રહ્માજી યોગ શક્તિથી અમારી મરજી પ્રમાણે જ કાર્ય કર્યા કરે છે. અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ તે મારા વડે જ થાય છે તે કાળ કાર્ય કરે છે. તે બધાયનો કરનારો હું પોતે એક જ છું. સર્વ જે કાંઈ થાય છે તે બધું મારાથી જ થાય છે. જયારે જીવાત્માને મારા સ્વરુપનો પૂરે પુરો મહિમા સહીત જ્ઞાન થાય છે ત્યારે તે ભવસાગરને પાર પામે છે. તે સિવાયના તો ભવસાગરમાં ભટકયાં જ કરે છે. આ બધાં નર-નારીજનો તો મરનારાને જન્મનારા થયા કરે છે. આ સાવ સાચી જ છે તે કહી છે. આમા લેશ માત્ર જુઠું ન માનશો, બધુ જ સત્ય છે માટે તમે સૌ ભગવાનનું ભજન કરો. જગતના ભોગ વૈભવોનો ત્યાગ કરીને સર્વે ભોગોને રોગના જેવા જાણી વિશેષ ધ્યાન રાખવું મારા સ્વરુપનું ધ્યાન ધરવું. બધી માથાકૂટોનો ત્યાગ કરવો, મારું ભજન કરવું તે જનોનું જ હું કલ્યાણ કરું છું એ જ મારું સર્વોપરી કામ છે માટે શ્યામ એવો હું તે મને સર્વોપરી જાણીને મને જ આજ અધમ ઉદ્ધારક પતિતપાવન જાણો. આવી પ્રભુની પ્રત્યક્ષ વાતો સાંભળીને મનમાં બહુ જ રાજી થયા.

ઘનશ્યામ પ્રભુની વાતો સાંભળીને પ્રગટ રુપ પુરષોત્તમને ઓળખ્યા. આજ ઘનશ્યામ સર્વના સુખદાતા છે. સુખધામના રહેનારાં છે. પરાપર બ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ સર્વના સ્વામી અકળ સ્વરુપ અવતારોના અવતારી

બધા જ ગુણો યુકત સુખધામના ધામી પોતે જ છે એમ જાણીને સારા જિજ્ઞાસુ બુદ્ધિવાળા સભાસદો સૌ મહાપ્રભુનો અતિશય મહાપ્રતાપનો અનુભવ થયો. પ્રત્યક્ષ અનુભવોથી તેઓ ભાવ પ્રેમથી ભયને હરનારા, ભજન કરતા હતા. સુખ આપનારા પ્રભુના ચરણોમાં રહીને સુખને ભોગવતા હતા. ભકતજનો બહુ જ ભાવનાથી ભયને હરનાર શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુની સામે આવ્યા.

અલૌકિક મહા અસવારી કરીને ધામધુમથી પ્રભુને પુરમાં લાવ્યા. પ્રભુ શહેરની શોભા જોઈને આકર્ષાણા લલચાયાં. મહાપ્રભુએ નવાવાસમાં નિવાસ કર્યો, મહાપ્રભુ થાળ જમ્યા, સુખ આપ્યાં આવી રીતે આ બેતાલિસમો અભિધાન રુપે શ્રી હરીલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદ નગરમાં પધાર્યા અને સરસ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ બેતાલીસમો તરંગ પૂર્ણ થયો.**

# તરંગ-૪૩

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કામાદિક રજોગુણ આદિકમાં રહેનારાઓની વાસનાનો નાશ કરનારા એવા શ્રી હરિ જેમના ચરણ રજના પ્રતાપથી સર્વ પ્રકારનાં પાપો નાશ પામે છે તે જ પ્રભુની ચરણ રજના પ્રતાપે રસિક ભકતો પ્રભુના ગુણને ગાય છે. જે ચરણરજના પ્રતાપથી પાપનો નાશ કરનારા મહાપ્રભુની જે પત્ની થઈ છે તે લક્ષ્મીજીના પતિ મહાપ્રભુ શ્રી હરિનાં લીલા ચરિત્રોને આપ મને કહેવા કૃપા કરો.

આનંદ સિંહ રાજનને અવધગુરુ કહે છે હે રાજન ! કુશની માતા સીતાજીનું જેને હરણ કર્યું હતું તેને મહાપ્રભુ રામે રાવણ રાક્ષસને માર્યો એવા શ્રી હરિ તે તો અશરણના શરણ જ છે દર્ભના આસન ઉપર બેસનારા ઋષિગણો જેમના ગુણોને ગાયા જ કરે છે. જળનો સ્વામી સુંદર સાગર તેની ઉપર વાનર સેનાના બળે પાળ બાંધીને લંકામાં જઈને રાવણનો વધ કર્યો એવા ભગવાન પુરુષોત્તમ નારાયણના ચરિત્રો હું તમને કહું છું. હે રાજન ! તે સહજાનંદ સ્વામી અત્યારે ભકતજનોના કલ્યાણ કરવાના હેતુ માટે જ પ્રગટ થયા છે **અમદાવાદ** નગરમાં વિરાજમાન રહીને મોટી સભા ભરાણી છે ને તે સભાની મધ્યમાં મહારાજ શોભે છે. ભકતજનો પ્રશ્નો પૂછતા હતા. અને સહજાનંદ સ્વામી ઉત્તરો દેતા હતા. સૌ સભામાં બેઠેલા ભકતજનો સાંભળતા હતા. આવી રીતે આનંદ મનવાળા ભકતજનો આનંદ પૂર્વક નિર્દોષભાવે ગુણચરિત્રોને પ્રેમથી ગાયા કરતા હતા તે શ્રી સહજાનંદ સ્વામીને સૌ સંત ગણ પ્રીત સહિત પ્રશ્નો પૂછતા હતા. એકાદશીનો મહિમા બહુ જ કહેવાય છે. તે જગતમાં ઘણા બધા ભકતો કરે છે. વ્રતો કર્યા કરે છે. એકાદશી કેવી રીતે ઉદ્‌ભવ પામેલ છે. તે એકાદશી કરવાથી કેવું, અને કેટલું ફળ થાય તે બધી જ વાતો વિસ્તાર કરીને રાજી થઈને અમને કહો. હે પ્રભુ ! જે લોકો જાણવા છતાં એકાદશીનું વ્રત નથી કરતાં તે પ્રાણીઓને વ્રત નહીં કરવાનું પાપ થાય તે કેવા પ્રકારનું પાપ થાય તે બધું જ વિસ્તાર કરીને કહેવા કૃપા કરો. શ્રી સહજાનંદ સ્વામી કહે છે : હે મુનિ જનો એકવાર સર્વના સ્વામી સુખધામ પરબ્રહ્મ પુરષોત્તમ પૂર્ણ પરબ્રહ્મ પ્રભુ પોતાના નિવાસમાં શુદ્ધ શૈયા ઉપર શાંતિથી ભરનિદ્રામાં પોઢેલા હતા. ત્યારે વાસના મય દેહવાળો ઉદ્ધત યુદ્ધ કરવાનું બહાનું કરીને આવ્યો હતો. તે નાડી

જંગનો દીકરો થાય તે મુર દાનવ પોતાના હાથમાં ભયંકર શસ્ત્રોને ધારણ કરીને આવ્યો તે કપટી મલીન વૃત્તિવાળો કુટીલ નીતિ કરનારો મહાભયંકર ઉદ્ધત દાનવ કઠોર મનવાળો આવ્યો હતો. તે દૈત્યનું શરીર પર્વતની સમાન બળવાળું ઉંચું કાજળ જેવું કાળું ક્રુર કઠોર સ્વભાવ વાળો, વિકરાળ ભયંકર મુખવાળો, મસ્તક ઉપર શિંગડા તે જાણે પર્વતના શિખર જેવા અણિવાળાં પાતળી ધાર વાળાં હતાં. બંને ભુજાઓ તે મહાન ભયંકર હતી, જે જીવ તેની સામે આવે તેના પ્રાણને હરી લે તેવા શરીર ઉપરના રુવાડાં તે જાણે તીખાં બાણ જેવા લાગે કઠોર લાગે પૃથ્વી ઉપર ભમતો દેવરાજની માફક સ્વચ્છંદ કરનારો ભ્રાંતિવાળો એની નાસિકા તે પર્વતની ગુફાની સમાન હતી એના નેત્રો તે જોવામાં અટપટાવાળો જગતમાં એને કોઈ પહોંચી શકતું જ ન હતું એવો બળવાળો અજીત, ચાલે ત્યારે કડડાટના શબ્દો થાય જાણે તોડતો હોય તેમ લાગતું. એની જીભ પણ અતિ કરડી કઠોર હતી, દાંતથી હોઠને કરડતો હતો. અત્યંત બળથી સામો દોડતો જયારે તે હરિની પાસે આવ્યો ત્યારે પોતે જાણે અતુલ મહાબલવાન હોય તેમ પોતાના બળને બતાવતો વખાણ કરતો હતો.

ત્યારે શ્રીહરિ મહાપ્રભુના એકાદશ ઈંદ્રિયોનાં તેજમાંથી કન્યા પ્રગટ થઈ હતી. તે બહુ જ તેજના અંબાર જેવી રુપાળી હતી. તેની રુપ લાવણ્યતા બહુ જ આકર્ષક હતી. મુખની ક્રાંતિ મહા તેજસ્વી હતી. બહુ જ તિણા સ્વરવાળી મૃગના બચ્ચાના જેવી જીણી તીવ્ર ગ્રીવાવાળી, મનોહર મુખ વાળી, વિશાળ ભાલવાળી, સુંદર બુદ્ધિવાળી, સુંદર રુપવાળી, એની ભ્રૂકુટિ ગોળાઈવાળી, શોભાથી ભ્રમણા ઉપજાવનારી, ચંપળ નેત્રવાળી નેત્રથી સર્વને આકર્ષનારી, એની નાસિકા દિવાની જયોત સમાન સિદ્ધી, મુખથી મંદ મંદ હાસ્ય કરતી મનને હરતી હતી. મુખની અંદર દંતાવલી જે દાડમની કળી જેવી સફેદ દેખાતી હતી.ત્રાંસી નજર કરીને જોતી એની જીભ તે રસદાર સ્વરથી કોયલની માફક મધુર બોલતી મસ્તક ઉપર ફૂલની વેણીને ગૂંથીને ધારેલી ફૂલના હાર ધારણ કરેલી. અરુણ સમાન લાલ ફની માફક અધર ઓષ્ટવાળી શોભાયુકત પરવાળાંના જેવા શુદ્ધ નેત્રમણી અતિશય અનુપમ શોભતાં હતાં. ડાઢી તે કેરીના અડધાં ફળ જેવી શોભતી, અનેક આભુષણોને ધારણ કરેલી, સુંદર શોભાવાળી, નારંગી સમાન સુંદર શોભાવાળી મણિઓ જડેલા સોનાના સુંદર હારો ધારણ કરેલી, કુંમકુંમનિ શોભા જેવાં ચક્રવાક પક્ષી જેવાં કામદેવના ધામરુપ સુંદરી તે શોભાવાળી, ચપળ વર્પ વાળી એવી ચિત્તને ચોરનારી સુંદર કિશોર વયવાળી, શોભાવાળી સોનાની વેલી જેવા હાથો, કોમળ કિસલયના પુષ્પ સમાન શોભતી, હાથની આંગળિયો લાલ કમળ સમાન કોમળ દળવાળું અપ્સરાના જેવી રુપવાળી,બંને હાથો ઉપર આભુષણો ધારીને શોભાવાળા હાથોથી દડાને ઉછાળીને જુદી જુદી રમતો કરતી, હાથિની સૂંઢની સમાન ઉદરની શોભાવાળી સુંદરતા યુકત અતિ કોમળ નયનોથી ચપળતાવાળા આસન વાળી, ગોળ ગંભીર નાભિ તે જાણે દેવના પાણીનો ઉંડો કૂવો ન હોય ? તેમ ગોળ આકારની શોભાથી સુંદર લાગતી હતી. અંગો ઉપર સુક્ષ્મ રોમાવળી સુંદર શોભતી હતી, તેના સાંથળ તે કેળના થાંભલા જેવાં શોભતા હતા, કામદેવને તેના રુપ લાવણ્ય મોહ પમાડતાં હતાં તેવા સુંદર હતા, બંને જાનુઓ જાણે યુવતીની શોભા વધારતાં હતાં. જાણે ત્રિલોકીને મોહ પમાડવા રુપ જ હતાં. તેની પિંડીઓ સુંદર ગોળ શોભતી હતી, અતિશય કોમળ લાલ બંને ચરણો શોભતાં હતાં, મણીની માફક પગની શોભા અતિશય હતી નક્ષત્ર મંડળની માફક જાણે હારો ઝુલતા હતા. આવી રીતેની ચરણોની શોભા અપાર થતી હતી. આવી રીતે તે કન્યાને નખથી શિખા સુધી સુખમય રુપ જોઈને ચંદ્રમા બ્રહ્માજી અને કામદેવને પણ શરમાવે તેવું સુંદર રુપવાળી બધા જ અંગો અંગરુપ આભુષણોને

ધારણ કરેલી, તથા અતિશય ઝીણાં વસ્ત્રોને ધારણ કરીને રહેલી હતી. શ્રીહરી પ્રભુ પોઢેલા હતા. તેમની પાસે આજુ-બાજુમાં હરતી-ફરતી હતી, ત્યારે તેનાં જે પગલાં પડતાં તેને જોઈને હરણ અને હંસને પણ શરમાવે એવી એની ચાલ હતી. ચાલે ત્યારે ઝાંઝરના ઝમકારાં થતા હતા તેની ચાલથી ધરણી ધમકતી હતી, મન ન્યાલ થતું હતું જયારે તેણીની ચાલતી હતી ત્યારે શરીરની કંચુકી આદિક સર્વ અંગો હલતાં હતાં. ચપળાની કાંતિ અતિ ચમકતી હતી, કામદેવને પ્રેરણા કરતી હતી, આવી રીતે તે નારી શોભાથી મનોહર લાગતી હતી, કિશોરીના અંગોની શોભા જોઈને ચકિત થયા. તે સુકન્યા હસીને હાવભાવ સ્વાભાવિક રીતે જ કરતી હતી, આના જેવું રુપ કોઈ જ સ્ત્રીમાં જોવા જ ન મળે તેવું આનું રુપ છે. આ તો હરિની ઈચ્છાથી જ પ્રગટ થઈ છે જગતના હિત કરવા પ્રગટી છે. સુષ્મા સ્વભાવ,શીલ, ગુણ વગેરેથી સુખની ખાણ રુપ થઈ છે.

તે કન્યાને મુર દાનવ નિરખીને મોહ પામ્યો. વિભ્રાંત (ભ્રમિત) મનવાળો થઈને મનનાં બીજા બધાય વિચારો બંધ થઈ ગયા, કામદેવના બાણ ઉરમાં લાગ્યા, તેથી રુપમાં વશીકરણ થઈ ગયો. કામવાસનાથી પિડાવા લાગ્યો, તે મુર દાનવ અસુર મંદમતિ મનમાં બહુ જ મોહ પામ્યો, તે સ્ત્રીને વરવા માટે ઈચ્છતો થયો, સ્ત્રીના ચંદ્ર સમાન તેજસ્વી મુખ જોઈને અંધ થઈને બધી જ લાજોનો ત્યાગ કરીને કહે કે તુ મને વર ! તારાં બધાં જ કાર્યો ત્યાગીને કેવળ મને વર. આમ કહેતો હતો. હું તને બધાંથી અધિકમાં અધિક પ્રેમથી રાખું, માટે તમારા સરખી મને કોઈ નથી લાગતી, માટે કરુણા કરીને વર, આવું મારું દૃઢ વચન છે તેને સત્ય માન, કાંઈ હું મશ્કરીમાં જુઠું નથી કહેતો, સાચું જ કહું છું તેમ માન તારા રુપને જોઈને મારું મન અતિ મોહ પાશમાં બંધાણું છે. તમારા જેવી ત્રિલોકીમાં કોઈ કન્યા છે જ નહી. કેમ કે મારી ત્રિલોકીમાં ગતિ છે મેં જોયું છે તેથી તમારા જેવી બીજી કોઈ કન્યા જ નથી. તમે આજ સુધી કોઈને પરણ્યા છો ? કે કુંવારા છો તે કહો ? તમે મને જોઈને મને પરણો જગતમાં મારાં જેવો બીજો કોઈ બળિયો નથી માટે મને પરણો, આમ દૈત્ય વારંવાર વચનો કહેતો હતો, માગણી કરી ત્યારે તે ચતુર નારી મુખેથી તે દૈત્યને કહેતી હતી.

મારી સાથે યુદ્ધ કરે અને તે યુદ્ધમાં જે મને જીતે તેની સાથે જ હું વરું. (તરત જ પરણું,) આવી રીતનો મેં મારા મનમાં નિર્ણય કરેલો છે. આવી રીતના પણને (પ્રતિજ્ઞા) લઈને ફરું છું જો તમે મારી સાથે યુદ્ધ કરો અને યુદ્ધમાં મને જીતો. તો હે અસુરેશ ! તમને જ વરું તે નિશ્ચય જ છે. ત્યારે તે દૈત્ય સાંભળીને બહુ જ રાજી થયો મનમાં નકકી કર્યું, મુર દાનવ મંદમતિ તરત જ કન્યા સાથે યુદ્ધ કરવા માટે સામો આવ્યો, તે મૂર્ખ જાણતો ન હતો કે જીવમાં વિચારતો ન હતો. આ અબળા છે પણ એનું બળ તો બહુ જ હોય છે. અબળાએ તો મોટા મોટા મહાસેનાપતિઓ, મહાસમર્થોને પણ એક પળમાં પાડ્યા છે તે મંદમતિ મોહ પામીને સામો આવીને ભૂમિના ભારરુપે તે ભૂમિ ઉપર લડાઈ કરવા રણભૂમિમાં જાય તેમ ગયો, લડાઈમાં મુર દાનવ અસુર મંદમતિ બહુ જ છળ કપટ કરીને કન્યાને હરાવવા માટેનો બહુ જ પ્રયત્ન કરતો હતો પરંતુ, લોકમાં, શાસ્ત્રોમાં, સ્ત્રીઓના બળનું બહું જ કહેલું છે, પણ આ મૂર્ખ તો તે સ્ત્રી સંગે બહુ જ વાર સુધી કન્યાએ અસુરને બહુ જ રમાડ્યો, પછી કઠોર ખડગ લઈને મુર દાનવના મસ્તકને કાપીને દૂર કરી દીધું ત્યારે આકાશમાં દેવો જય જયનો મહાઘોષ કરતા હતા. પુષ્પની વૃષ્ટિ કરતાં હતા. દેવી તમે અસુરનો વધ કરીને શાંતિ કરી તે બહુ જ સારું કર્યું. આવી રીતે મહા સમય જોઈને ખળદળનું ખરાખરીનું કામ કરી ખંડન કર્યું.

આ જોઈને પ્રભુ યોગનિંદ્રામાંથી જાગૃત થયા જગતના જીવન ભયહારી પ્રભુ જીવોને જ્ઞાન કરાવવા

માટે મહા પ્રભુ કન્યાને વાત કહેતા હતા. તમે બહુ જ મોટું સારું કાર્ય કરેલ છે. તો તમારી ઉપર પ્રસન્ન થયો છું, વર માગો અતિ ઉત્સાહથી તમને વરદાન દઈશ. ત્યારે તે સુંદરી પ્રભુનું વચન સાંભળીને કહે, હે પ્રણતપાલ પ્રભુ ! સાંભળો આપની અગીયાર ઈંદ્રીયોમાંથી ઉત્પન્ન થઈ છું આપના સ્વરુપમાંથી મારો પ્રાદુર્ભાવ થયો છે. માટે મારું નામ એકાદશી છે. પ્રભુ મને તપ બહુ જ પ્રિય છે માટે મારા દિવસે કોઈ અન્નનો આહાર ન કરે, જગતમાં જે કોઈ નર નારી કહેવાય છે તે સર્વે મન ઈંદ્રિયને જીતીને કોઈ ઈન્દ્રીયને આહાર ન આપે ઉપવાસ કરે, હે મહારાજ ! મારા વ્રતના દિવસે સૌ દઢતાથી વ્રત કરે, તે વચન મને આપો, પ્રભુ વચન સાંભળીને રાજી થયા, શ્રી હરિએ તેને એ પ્રમાણે વરદાન આપ્યું, એકાદશીને સૌથી શ્રેષ્ઠ દિવસ કહ્યો. તેનું જે વ્રત કરે તે તરત જ સંસારને તરી જાય મુક્તિ પામે. હે રાજન ! તમે જે એકાદશિની વાતો પૂછી તે મેં એકાદશીની બધી જ કથા વિસ્તાર કરીને કહી દીધી. આ કથાને જે પ્રેમથી સાંભળે તેનું આચરણ કરે વ્રત કરે તે સંસારને તરી જાય અને મુક્તિ પામે.

**અમદાવાદ**માં સભાની મધ્યમાં સુખકારી સુખધામ મહારાજને સંતોએ એકાદશીના વ્રતનો મહિમા પૂછયો તે સર્વે જાણ્યો. એકાદશીની ઉત્પત્તિની વાર્તા ઘનશ્યામ પ્રભુએ સંતોને વિસ્તારથી સમજાવી, આવી રીતે આ તેતાલીસમો અભિધાન રુપે શ્રી હરીલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીનગર અમદાવાદમાં એકાદશીની ઉત્પત્તિની કથા કહી એ નામે તેતાલીસમો તરંગ પૂર્ણ થયો.**

## તરંગ-૪૪

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શંખ સમાન જેમનો કંઠ છે જળમાં ઉત્પન્ન થનાર કમળ પત્ર જેવા જેમના નેત્રો છે એવા મનોહર મૂર્તિ ધર્મનંદન મહાપ્રભુએ એકાદાશી ઉત્પત્તિની વાર્તા કહી તે વાર્તાને મેં સાંભળી તેનાથી સુખ થયું તે જ રીતે શ્રવણ કરનાર સૌ જનોને સુખ આપનાર છે. હવે મહિમા સહિત એકાદશીનું વ્રત કેવી રીતે કરવું તેનો મહિમા હવે મને સમજાવીને કહો.

અવધપ્રસાદજી કહે છે : હે આનંદસિંહ રાજન ! આકાશમાં વિચરીને ફરનારા પક્ષીઓના રાજ ગરુડ પક્ષી તેના પિતા કશ્યપ પ્રજાપતિ તેના પિતા મરીચિ તેના પિતા બ્રહ્મા તે જેમના ગુણ ચરિત્રો ગાય છે પ્રભુ સમુદ્ર ઉપર પાળ બાંધીને સેતુ બંધ કરીને લંકામાં ગયા ત્યાં લડાઈ કરીને યુદ્ધમાં રાવણ અસુરને માર્યો એવા સર્વ બ્રહ્માંડોના સ્વામી શ્રીહરિ નારાયણ પ્રભુએ એકાદશીની ઉત્પત્તિ કરી તેની વાતો કહી તે સર્વ સંતજનો સાથે સાંભળતા હતા તે સૌ સાંભળીને મનમાં બહુ જ રાજી થયા. ત્યારે સર્વે સંતો હાથ જોડીને કહેતા હતા હે ધર્મ કુળ પ્રકાશક મહારાજ સાંભળો ! આપે એકાદશીની ઉત્પત્તિની વાતો કહી તે સાંભળીને અમારા ઉરમાં બહુ જ આનંદ થયો છે. હે પ્રભુ ! હવે એકાદશી વ્રતનો મહિમા કહો, તે એકાદશીનું ફળ કેટલું ફળ છે. ! તે કેવી રીતે નિયમ લેવો તેના માટે અમો આપને પૂછીએ છીએ તો ખુશ થઈને કહો. જે કોઈ જન આ એકાદશીનું વ્રત નથી કરતા તે કેવી રીતના કષ્ટને પામે છે તથા તે વ્રત નહી કરવાના બધાય દોષો જે હોય તે અમને જીવાના હિત ખાતર કહો. જે મહિમાને સાંભળીને યુવાન વૃદ્ધ સ્ત્રી પુરુષને એકાદશીનું વ્રત કરે,

ત્રણે લોકના સ્વામીઓ પણ આ વ્રતને કરવા તત્પર થાય માટે આ વાતને વિસ્તારથી કહો.

આવી રીતે સંતોનું કહેવું સાંભળીને શ્રીહરિ રાજી થયા સુંદર ઉંચા આસન ઉપર બેઠેલાં ઘનશ્યામ પ્રભુ બધી જ વાતો કરતા હતા અને સંતો સાંભળતા હતા. શ્રી સહજાનંદ સ્વામી કહે છે : હે સંતો ! મારા આશ્રિતો તમે સૌ સાંભળો સર્વે ત્યાગી અને ગૃહસ્થ નરનારી તમે એકાદશીના વ્રતના મહિમાને જાણવા માટે પૂછયું તે બધું જ તમને વિસ્તાર પૂર્વક કહું છું. તમે બધા જ મને ગુરુ કરીને માનો છો તો મારે તમારું હિત કરવા માટે યોગ્ય ઉપદેશ કરવો જોઈએ એટલે કહું છું. એકાદશીનો મહિમા સદાશિવ કહેતા હતા. થોડો દિવસ પછી આવનારી એકાદશી તે પ્રબોધિની નામથી કહેવાય છે. તે એકાદશી અમને બહુ જ પ્રિય છે. માટે તમારે બધા ખાસ મહિમાથી કરવી જ જોઈએ. હે રાજન ! એકાદશીનું વ્રત કાયમ માટે રાજી થઈને કરવું અને જે ન કરે તે મૂર્ખ કહેવાય, અને તે મંદમતિ જયારે મરે ત્યારે એકાદશીનું વ્રત નહી કરનાર રૌરવ નરકમાં પડે છે. અને મહા અંધારના નરકમાં પડવું પડે છે. અનેક બ્રહ્મહત્યાઓ કરી હોય એના જેટલું પાપ એકાદશીનું વ્રત નહી કરનારને થાય છે. એકાદશી વ્રતના મહિમા નહિ સમજીને એકાદશીના દિવસે જે અનાજ ખાય તેને બધા જ પાપોના ઓઘો (સમુહો) વળગે છે. એકાદશીના દિવસે અનાજ ખાય છે તેને પાપના બધા જ દોષો તેના શિરે લાગે છે. આવી રીતે મહિનામાં બે વાર એકાદશી આવે છે તેને સવેળાએ જાણી લેવું. જે કોઈ એકાદશીના દીવસે અનાજ જમે તો તેને પાપોનો સમુહ લાગે છે.

એકાદશી વ્રતના દિવસે અન્નના કોળીયે કોળીયે પૃથ્વીના જુદા જુદા પાપોના દોષો તેને લાગે છે. બ્રહ્મહત્યાના પાપોના નિવારણનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો છે. જે જન એકાદશીના દિવસે જાણીને અનાજ ખાય તેના પાપનું નિવારણ નથી બતાવેલ. આ લોકમાં જે કોઈ માણસ દારુનું પાન કરે તથા એકાદશી વ્રતના ભંગ કરનાર બંને નરકમાં પડે છે. તેના જીવને અનંત પ્રકારના મહાદુઃખો પામે છે. તે પાપી મુખેથી પોકાર પાડીને બચવાનું કહે છે. તોય નથી બચતો એવું મહાકષ્ટ એકાદશીના દિવસે અનાજ જમનારાને થાય છે. તે જન પોતાના પિત્રીઓની સાથે રૌરવ નામના નરકમાં પડે છે. જે વ્રતને નથી કરતો અને બીજાને નથી કરાવતો કે કહેતો નથી તે વ્રતના દોષના પાપે મહા દુઃખને પામે છે. એટલા માટે તમે મારા આશ્રિત હરિભકતો છો, એમ જાણીને મારા આશ્રિત ભકતો તમારે સૌને માસના બંને પક્ષની બંને એકાદશીનું વિધી પ્રમાણે વ્રત જરૂર હૃદયના પ્રેમથી દૃઢતાથી કરવું, બંને પક્ષની એકાદશીઓમાં કોઈ પ્રકારનો ભેદ નહીં સમજવાનો તે બંને એકાદશીઓ મને બહુ જ પ્રિય છે. મેં જ એને ઉત્પન્ન કરી છે જેવી સુદ પક્ષની એકાદશી છે તેવી જ વદ પક્ષની એકાદશી છે તેથી મારા આશ્રિત ભક્તો તમે અતિ પ્રસન્નતાથી વ્રત કરવું, ઉંમર ત્યાશી વર્ષ થાય ત્યાં સુધી તો મારા આશ્રિત સંતો ભક્તોએ હરખ પ્રેમથી વ્રત કરવું, ત્યાર પછીના સમય માટે કઈ વધારે પ્રમાણે આગ્રહ નથી થતો આવી રીતે વ્રત કરવું, તેને સંતો મહંતો જ્ઞાતિજનો સૌ સાંભળો વ્રત કરો. બ્રહ્મચારીઓએ પણ તે જ રીતે વ્રત કરવું તથા ગૃહસ્થ કહેવાતા હોય તેમણે કહ્યા પ્રમાણે વ્રત કરવું, વનમાં વાસ કરવો, સંન્યાસી સહિતને વ્રત કરવાનું કહેલું છે. સ્ત્રીઓ, પુરુષો હરિભકતો સુખ પૂર્વક ઉપવાસના વ્રત કરીને શરીરને કસીને હળવું કરવું. વિધવા સ્ત્રીઓ હોય તેમને વિધી પ્રમાણે વ્રત કરવા. જે વ્રતો નથી કરતા તેઓના દેહોને દુઃખો સહેવા પડે છે. આવી રીતે બ્રહ્મહત્યાના દોષો નિત્ય લાગ્યા જ કરે છે એમ જાણવું. આમ જાણીને વિધવા યુવાન બાઈઓ વ્રત ન કરવાના દોષને જાણીને કાયમ માટે એકાદશીનું નિર્દોષભાવે વ્રત કર્યા કરવું અને સર્વ લોકોએ

પણ આવી જ રીતે એકાદશીનું વ્રત કરવું, તે પોતાની અગિયારે ઈંદ્રિયોને જીતીને વશમાં કરીને વ્રત કરવું, ઉપવાસ કરે તોય મારી સેવા કર્યા કરવાની અને મારા ચરિત્ર કીર્તનને ગાયા જ કર્યા કરવાનાં, મારા જ ભજન કિર્તનો કરવાં, સર્વ વિષયોનો વિશેષ ત્યાગ કરીને મનને જીતવું, મુખેથી ચરિત્રો ગાવાં, અને કાનથી સાંભળવાં આવી રીતે એકાદશીનું વ્રત કરીને રાત્રે જાગરણ કરવું. આ રીતે મારા એકાંતિક હરિભકતો કરતા રહે અને બીજા દિવસે સ્નાન વિધિ કરીને મારી સેવા પૂજા કરવી, ત્યાર પછી મારા ભકતો પારણાં કરે, આવી રીતે દરેક એકાદશીએ આવી રીતે વ્રતો કરે છે તેના બધા જ પાપો બળી જાય છે. પવિત્ર કરે છે જેમ શરદ ઋતુમાં વરસાદથી બધું જ જળ નિર્મળ થઈ જાય છે તેમ એકાદશી પાપોનો નાશ કરે છે.

હે રાજન્ ! એકાદશીના વ્રતને બહુ જ મહાન સમજવું, સો ઘણા પાપનો ઢગલો છે તોય તે તરજ વ્રતના પ્રતાપે બળીને ખાખ થઈ જાય છે. માટે હે સંતો મહંતો, બુદ્ધિવાનો સૌ સાંભળી નિયમિત એકાદશીનું વ્રત કર્યા કરવું. એકાદશીનું વ્રત કરવાથી જગતના જીવોના પાપોનો નાશ કરે છે. તેમ સંસારમાં બીજા કોઈ સાધન નાશ નથી કરતા અને એકાદશીથી થાય છે. આવી રીતે એકાદશીનું વ્રત તે બહુ જ સારું વ્રત છે, તેને સમજીને દઢતાથી જયાં સુધી કર્યા કરે છે ત્યાં સુધી તેના દેહમાં કોઈ પ્રકારના પાપો રહેતા જ નથી તે દઢ પ્રમાણમાં વાત કરેલ છે. આવી રીતે પવિત્ર એકાદશી વ્રતનું સમજણ પૂર્વક વ્રત કર્યા કરે છે, ધર્મ નિયમ પાળે છે, તેના જીવને કોઈ પ્રકારના પાપો સ્પર્શતા જ નથી એ પ્રમાણ વાત થઈ છે. હે સંતો ભકતજનો ! સાંભળો કુરુક્ષેત્રમાં જયારે ચંદ્ર અને સૂર્ય હોય છે ત્યારે (ગ્રહણ સમયે) તેના રાગો ઉપરાગોને સૌ કોઈને જણાય છે ખબર પડે છે તે સમયે જે ગૌદાન કરે છે તેને જે ફળ થાય છે તે જ ફળ એકાદશીનો ઉપવાસ વિધી પ્રમાણે જે નરનારી કરે છે જે ફળ ગ્રહણના પર્વમાં મળે છે. તેનાથી એકાદશી વ્રતનું વધારે ફળ મળે છે. ધનસ્ત્રીના ત્યાગિ તપસ્વીઓ એક લાખ સંતોને બહુ જ જમાડે જમાડે છે તે પાછા સાઈઠ હજાર વર્ષો સુધી સતત જમાડીને તેને અપાર પૂણ્ય પ્રાપ્ત થાય છે તેટલું જ ફળ જે એકાદશીનું વ્રત કરે છે તેને મળે છે. એટલા માટે એકાદશીનું નામ અને માન જાણવું માટે મારા આશ્રિતોએ પોતપોતાના ધર્મમાં રહીને કરે છે તે જ રીતે આશ્રિતો ન હોય તે વ્રત જાણીને એકાદશીનું વ્રત કરે, તે પણ એટલું જ ફળ પ્રાપ્ત કરે છે. એકાદશીનું વ્રતના ફળના મહિમાને તો શેષ આદિક સો કરોડ વખત ગાય તોય પાર તો પામે જ નહી એવું મોટું છે. હરખ પામીને હજારો અશ્વમેઘ યજ્ઞ કરે તથા સો રાજસૂય યજ્ઞો કરે તોય એકાદશી વ્રતના મહિમાથી તો આગળ ન જ જાય. એકાદશીનું વ્રત કરે તેને એટલું ફળ મળે છે. મુનિજનો એક એકાદશીનું વ્રત કરે તો એટલું જ ફળ મળે. પવિત્ર એકાદશીનું વ્રત કરવાનું જે ફળ થાય છે. તેની આગળ બીજા પૂણ્ય તો સોળમા ભાગના અંશમાં પણ ન આવે તેવું એકાદશી વ્રતનું ફળ છે. પૂર્વના સમયમાં બહુ જ પાપો કરેલા હોય, દશે ઈંદ્રિયો પાપમાં પરોવાયેલી હોય અને તે જ દશે ઈંદ્રિયોથી પાપો કરીને પાપનો મોટો પહાડ થયો હોય, તે જો એ એકાદશીનું વ્રત કરે તો તે બધાય પાપોનો નાશ થઈ જાય છે. એકાદશી વ્રતના જેવું બીજું કોઈ સાધન પાપનો નાશ કરનાર છે જ નહી એમ સૌ જનો જાણજો. લોકોના પાપોને બાળનાર અને ભવસાગરમાં તરવા માટેનું આ સાધન છે. તે બધાનું કારણ આ એકાદશીનું મહાત્મય સહિત વ્રત કરવું તે જ છે. જો કોઈ રીસ કરીને ઉપવાસ કરે તોય શુભ જેનું નામ છે તે એકાદશીનું વ્રતનું જ છે તેમ સહુ સંતો જાણજો. એકાદશીનું વ્રત કરનાર જીવાત્મા, કોઈ જમપુરીમાં ન જાય, એકાદ એકાદશીના વ્રતના પુણ્ય પ્રતાપે શ્રી હરિના ધામમાં પહોંચે છે જે જન દઢતાથી નિયમ લઈને વ્રત કરે

છે. તેના પાપોના સમુહને બાળે છે. નિષ્પાપ કરે છે. એકાદશીના મહિમા આગળ તો કયાં ગંગા કયા ગયાજી તથા તિર્થ, મહાકાશીને કહેવાય છે, પુષ્કર તિર્થ કહેવાય છે કયાં કુરુક્ષેત્ર ગણતરીમાં લેવાય, નર્મદા નદી, પ્રયાગ તિર્થ કયાં કાલિંદ્રી તિર્થ એકાદશીની તો વાત જ ન થાય. ચંદ્રભાગા નહી, કયાં કયાં સુખ રુપ સરયુ કયાં તે બધાય તિર્થો એકાદશીના વ્રતના મહિમાને તો ન જ પહોંચે. એકાદશીનું વ્રત કરનાર પરિશ્રમ વગર સંસાર સાગરને તરે છે. વ્રતના પ્રતાપે પ્રમાણપૂર્વક મોક્ષ પામે છે. બધાંય માણસો તિર્થ યાત્રા કરે છે, વિધીપૂર્વક તીર્થ કરે તો યે તે તિર્થ તો પાપોને હરી લે છે. કઠોર કષ્ટ પીડા થાય તોય શરીરમાં સહન કરે છે પ્રાણની પીડા સારી રીતે પિડે તે જન વ્રત કરે, તે જન પરલોકના સુખને પામે, જે જન જાણે - અજાણે એકાદશીનું વ્રત કરે તે વ્રત ઘરમાં જ રહીને કરે તે વ્રતના પ્રતાપે જન મારી પાસે વસે છે, મનથી એકાદશીનું વ્રત કરીને દેહનો ત્યાગ કરે તે કામદેવને જીતે તેવું સુખ પામે છે. હે મુનિજનો ! તમે સાંભળો એકાદશી કેવી છે ? તેની તમને વાત કરું છું. સ્વર્ગની સાથે અપવર્ગ સહિત (આલોક અને પરલોક) તરત જ મહાસુખને આપે છે પ્રત્યક્ષ ફળ મળે છે. દેહના અનેક રોગોનો નાશ કરે છે, તથા પુત્ર-ધન-સંપત્તિ - સાંસારિક સુખને તથા રાજપદવીને આપે છે. અભિલાષાઓ પૂર્ણ કરે છે. આ બધુ એકાદશીના વ્રતના પ્રતાપે થાય છે. જે જનો એકાદશીનું વ્રત કરે છે. તેમના બધા જ મેલો નાશ પામે છે, મન અતિ શુદ્ધ થઈ જાય છે. અને માતા પિતાની દસ દસ પેઢીઓ તરી જાય છે પત્નીના પિયરના કૂળો દશનો ઉદ્ધાર કરે છે. પોતાની દશ પેઢીનો ઉદ્ધાર કરે છે આમ કુલ ચાલીસ પેઢીના જીવોનો ઉદ્ધાર થાય છે. તેઓ બધાંય મારા ગુણને ગાતાં ગાતાં ધામમાં આવે છે. આ બધોય મહિમા એકાદશીના વ્રત કરવાનો પ્રતાપ છે. દેવ વૃક્ષ, કલ્પવૃક્ષ, કામધેનું ગાયના સમાન આ વ્રત કામ કરે છે. કાંતો ચિંતામણી પાસે રોજ જઈને ચિતવન કરે કે તરત જ કાર્ય થઈજ જાય તે જ રીતે જગતમાં કામના પૂર્ણ થાય છે. લોકો પરિવારો ના સુખ પામીને કૃત કૃત્ય થઈ જાય છે. એવી રીતે મનની કામનાઓ પૂરી થાય છે. તો તે એકાદશીનું વ્રત કરવાથી સુખ રૂપ કાર્ય થાય છે. વ્રતથી તન અને મન શુધ્ધ થઈ જાય છે. લગારે મેલ રહેતો નથી પરમ સિધ્ધ પદને પામે છે.

જે નર-નારી જન ઉત્તમ રીતે શુદ્ધ મનથી અમારા આશ્રિતો એકાદશીના વ્રતને દ્રઢતાથી મારા સ્વરુપમાં વૃત્તિ જોડીને ઉપવાસ વ્રત કરે છે તેને પૂર્ણ વ્રત થવાથી તે પૂર્ણ કામ મનોરથવાળો થાય છે. તે ભકતજનો અંત સમયે દિવ્યગતીને પામે છે. ત્યારે ભવની ભય ભ્રાંતીને તોડીને મુકત બને છે. ત્યારે ચતુર્ભુજા વાળો પિતાંબર વસ્ત્રો ધારીને કંઠમાં હારો ધારીને મસ્તક ઉપર મુગટ ધારીને દિવ્યરુપે થાય છે. સુંદર આકર્ષ્ક આભુષણો ધારીને દિવ્ય શોભાવાળો માયિક વિકારોને ત્યાગી કામક્રોધાદિક વિકારોથી વિરકત થઈને મારા ધામ ને પામે છે. આવી રીતે તે એકાદશીના વ્રતનો મહાન પ્રતાપ છે જે લોકો મર્યાદામાં નથી વર્તતા તેઓ વારંવાર જન્મ મરણના ફેરામાં પડે છે. ભવ બંધનમાં ભમે છે. કામાદિક શસ્ત્રુઓથી જીતાયેલો, પૃથ્વી ઉપર પાપતો અમાપ થયા જ કરે છે. તેમાં ભમે છે, દારૂ સમાન વ્યસનમાં બંધાયેલો તે ભમે છે. તે કુકર્મો તેને અગ્નિ સમાન ઉરમાં બાળ્યા કરે છે. આવી રીતે અમે તમારી આગળ તમારી ઉપર વધારે હિત કરી એકાદશી વ્રતના મહિમાના વખાણ કરીને જીવોને ભવ સાગર તરવાનો સરળ નિર્દોષ સાધન પુરા પાડેલ છે. તો કુટુંબ સાથે વ્રત કરો અને ભવ સાગરમાં તરો. માટે હે મારા આશ્રિત ભકતજનો ! મારી વાત સાંભળો નાના મોટા પાપોના બંધનવાળાં અનેક છે. તેઓ આવી રીતે એકદશીના મહાત્મ્ય સાથે દ્રઢતાથી વ્રત કરે તે વાર્તાને વિસ્તારીને અમે બધીજ

વિચાર કરી સમજાવીને કહી છે. તો તે પ્રમાણે કરો. આવી રીતે સાંભળીને જીવનમાં ધારીને આ એકાદશીનું સુંદર વ્રત છે. તેને પોતાના પરિવાના સુખ કરવા માટે બધાજ આશ્રિતજનોએ બધાજ બંધનો તોડીને નથી રહેતા તેથી મારી સૌ તમને આજ્ઞા છે તે નિરઅભિમાની થઈને સતત આ એકાદશીનું વ્રત કરવું. ભગવાનનું ભજન કરવું. એકાદશીના મહિમાને સાંભળીને સંતો અને હરિભકતો સૌ પોતાના મનમાં બહુ જ રાજી થયા. નિયમ ધારીને બહુ જ સુખને પામ્યા આ એકાદશીનું વ્રત સૌએ સતત કર્યા જ કરવા સૌ નર-નારીજનોએ નિયમ લઈ લેવાનું, તેનો કયારેય ભંગ ન થાય. આવી રીતે શ્રી હરિ મહાપ્રભુએ એકાદશીનો બહુજ મોટો મહિમા કહ્યો.

શ્રહરિ સર્વના સુખકારી પ્રભુએ એકાદશીના વ્રતનો મહિમા બહુ જ કિધો. તે વ્રત કરવાથી જીવને પરમધામની પ્રપ્તિ થાય.એ વાત સાંભળી મુનિજનો બહુજ રાજી થયા. આવી રીતે ચુંવાલીસમો અભિધાન રુપે શ્રી હરીલીલાસિંધુની લહરિના રુપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ એકાદશીનું સુંદર વ્રતનું મહિમા કહીને સમજાવ્યું. એ નામે આ ચુંવાલીસમો તરંગ પૂર્ણ થયો.**

## તરંગ-૪૫

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમના અનંત ચરિત્રો કહેલાં છે. તેમા ગોવર્ધન પર્વતને હસ્તકમળની ટચલી આંગળી ઉપર ગૂઢ રહસ્ય રીતે ધરી રાખે તો તે ચરિત્ર કરીને અભિમાની ઈંદ્રના ઘમંડને તોડયો તે જ મહાપ્રભુએ સર્વના પાપ અજ્ઞાન અંધકારનો નાશ કરવા, તેજરુપ એકાદશી વ્રતનું મહાત્મ્ય કહ્યું. તે ચરિત્રને સાંભળીને સંત હરિજનોના પ્રફુલ્લીત થયા. શ્રીહરિ મહાપ્રભુએ પરમાર્થના માર્ગ ઉપર ચલાવવા માટે સાચું જ્ઞાન આપવા સભાની મધ્યમાં શ્રીહરિ એકાદશી ઉત્પત્તિ વ્રતનો મહિમા કહીને સમજાવ્યું. તેનાથી સૌ લોકોએ એકાદશીને સમજતા થયા. હે અવધપ્રસાદજી મહારાજ ! હવે મને આપ મહારાજના બીજા જે સારા યોગ્ય ચરિત્રો હોય તે સાંભળીને મારા મનને સુખ કરનારા છે તે પ્રગટ પ્રભુની લીલા ચરિત્રની કથા તો સર્વ તાપ-સંતાપને હરનારી છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **અમદાવાદ** પુરથી કષ્ટ હરવા કયા ગામે પધાર્યા એ બધી લીલા હે મારા ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મને કહો.

અવધપ્રસાદજી કહે છે : હે આનંદસિંહ રાજન ! તમે બહુ જ સુંદર પૂછયું છે જે ભાવના પૂર્વક જન્મ - મરણની પીડાને હરનારી ભ્રાંતિને તોડનારી શ્રી હરિના ચરિત્રની કથા આનંદ પૂર્વક હવે કહું છું તેને તમે સાંભળો. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામીના મુખેથી એકાદશીના વ્રતનો મહિમા સાંભળીને તે પ્રમાણે જે વ્રત કરે છે તે ભકતજન સંસારને તરીને પરમ ધામને પામે છે. એકાદશી વ્રત કરવાથી મન અતિ નિર્મળ, પવિત્ર અને નિષ્પાપ બને છે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ શ્રી મુખે જ વ્રતનો અપરમપાર મહિમા કહ્યો તેને સાંભળીને સંતો, હરિભકતોએ તે એકાદશીનું મહા સુંદર વ્રતને કરવા માટે શ્રી હરિની સાનિધ્યમાં જ સુંદર રીતે નિયમ ગ્રહણ કરતા હતા. આવી રીતે શ્રી હરિ બલભ્રાતા પ્રભુ ઉપદેશની વાતો કરી રહ્યા હતા. ત્યાં તો થાળ તૈયાર હતો.

એટલે મહાપ્રભુ સમાચાર જાણીને જમવા માટે સંતોની સાથે પધાર્યા. શ્રીજી મહારાજ જમવા માટેના

કાર્ય માટે ભકતજનના ઘેર પધાર્યા પોતાના આશ્રિત **દામોદર** ભકત પોતાના જાણીને બહુ જ રાજી થયા. જીવન પ્રાણ મહાપ્રભુ ચિત્તને ચોરનારા ચોકી ઉપર બેઠા, ભકતજનોના મનને આનંદ આપતા હતા. પછી ભાવિક ભકતજનોના ભવભયને તોડનારા પ્રભુને ભકતજનોએ થાળ આપ્યો. તેને મહાપ્રભુ જમતા હતા. સુખ કરનારા મહાપ્રભુ સ્વાદુ સ્વાદુ જે પાક - શાક હતાં તે જમતા હતા, પકવાનો જમતા હતા. શ્રીહરિ થાળ જમીને પછી સૌ સંતોને પોતાના હાથે સુંદર રીતે સુખ કરવા વારંવાર પંકિતમાં ફરી ફરીને પીરસીને જમાડતા હતા. જયારે મુનિ જનો જમી રહ્યાં એમ જાણીને પછી મહાપ્રભુ ઉતારે પધાર્યા. સુખના ધામએ પ્રભુએ સુંદર શૈયા ઉપર શયન કર્યું.

આવી રીતે પ્રીત કરીને પ્રભુ પ્રતિ દિન **અમદાવાદ**માં નિવાસ કરતા હતા. અને ભકતજનોને બહુ જ આનંદ આપતા હતા. પછી એક દિવસ મહાપ્રભુશ્રી ઘનશ્યામ પ્રિત કરીને અમદાવાદથી પ્રયાણ કરવા માટે સર્વ સંતો, ભકતો, સવારો, મુકતજનોની સાથે શહેરની વચ્ચે થઈને લોકોના ચિત્તને ચોરનારા ચાલતા હતા. મનના ઉત્સાહની સાથે ઉંમગથી જીવનવર જોર પૂર્વક જતાં હતા, ત્યારે નર-નારીજનો પ્રેમથી વશ થઈને એમના નયનોમાંથી વિરહ વારિ આસુંનો પ્રવાહ વહેતો હતો. આવી રીતે શ્રી હરિ શ્રી પુર નગરેથી પધારતા હતા. તે શ્રીહરિ **અમદાવાદથી** જવા લાગ્યા ત્યારે સૌ નર-નારીજનોએ નાથની મૂર્તિને નેત્રોમાં ભરીને ઉરમાં ઉતારી લીધી, ધીરે રહીને ઉરમાં ધારણ કરવા નેત્રને મટકાં બંધ કરીને સ્થિર દૃષ્ટિથી ઉભાં રહ્યા. બધીબાઈઓ હાથ જોડીને વિનંતીથી ઘનશ્યામ પ્રભુની પાસે જઈને કહે છે હે પ્રભુ આપ સદાય અહિં નિવાસ કરીને રહો અમારા ઉરમાં અખંડ ઘર કરીને રહો. અમારા ઉરમાં દર્શન આપતા રહો. આવી રીતે મહાપ્રભુને ભકતજના પ્રાર્થના કરતા હતા.

રાજમાર્ગ ઉપર સવારીની સાથે શ્રીહરિ મહાપ્રભુ કરોડો જીવોના કલ્યાણ કરવા પધારતા હતા. **મહાપ્રભુ સહજાનંદ સ્વામી આસ્ટોડીયા દરવાજાથી નીકળીને ચંડોળા સરોવરે પધાર્યા તે ચંડોળા સરોવર સુંદર રીતે શોભતું હતું. મનને મોહ પમાડતું હતું. દેવતાઓ સમૂહમાં નહાતા હતા. દેવો પોતાની પત્નિઓ સાથે લઈને ઉમંગથી નિત્ય પ્રત્યે સ્નાન કરવા આવતાં હતા.** તે સરોવરનું પાણી એકદમ સ્વચ્છ હતું અંદર જળચરો રહેતાં હતાં. વનકમળો ખિલેલાં હતાં, તે શોભતાં હતાં,તે ખિલેલાં કમળોમાં ભમરા મદમસ્ત થઈને સતત ગુંજારવ કરતાં હતાં. હંસો, બતકો, જળકૂકડા શોભતાં હતાં, ચક્રવાક્ ચકોર પક્ષીઓ તથા મનને આનંદ આપનારા મોર પક્ષીઓ રહેતાં હતાં. પક્ષીઓ સતત કલરવ કરતાં હતાં. વૃક્ષો ઉપર રહીને પક્ષીઓ તાંન તોડતાં હતાં એમ જણાતું હતું. તળાવ તટે જાત જાતના વૃક્ષો વેલીઓ શોભતાં હતાં. તેમાં રસદાર રાયણ, આંબા, જાબુડા આદિક હતાં પાકટના સુંદર ખાખરાંના ખડિરના વૃક્ષો બહુ જ શોભતાં હતાં, લીમડાના વૃક્ષો કાંઠા ઉપર શોભતાં હતાં. વડ, પિપળો, આદિક શોભતાં હતાં. અશોક વૃક્ષ વધારે પડતું ફુલેલું શોભતું હતું.

હે રાજન્ ! આવી રીતેનું તે મહા તળાવની વિશેષતા જોઈને મહાદયાળુ પ્રભુ મુનિ સમુદાયને સાથે લઈને ઉમંગથી તટે પધાર્યા. તળાવમાં સ્વચ્છ જળ જોઈને મહાપ્રભુ સ્નાન કરતા હતા ત્યારે દેવો આકાશમાં ઉભા રહીને સ્નાન કરતા, પ્રભુના દર્શન કરતા હતા. મહારાજે તળાવમાં બહુવાર સુધી રમત કરીને આનંદ કરાવ્યો, સૌ સંતોની સાથે સૌને સુખ આપ્યું પછી સરોવરમાંથી બહાર આવ્યા, સફેદ વસ્ત્રોને ધારીને ઘોડી ઉપર અસવારી કરીને તે અસલાલી પુરે પધાર્યા.

મહારાજ જન કલ્યાણ કરવા **જેતલપુરે** પધારતા હતા. મહારાજ પધાર્યાનું લોકોએ જાણ્યું ત્યારે

ભકતજનો સમુદાયમાં સામાં આવ્યા. અનેક પ્રકારના વાજાં વગાડતા વગાડતા ભકતજનો આવતાં હતાં. પ્રભુને અર્પવા અનેક પ્રકારની ભેટ લઈને પ્રભુની પાસે આવતાં હતાં. આવીને દંડવત્ પ્રણામ કરીને દર્શન કરતાં હતાં, સાથે લાવેલા ભેટ પ્રભુને અર્પણ કરીને બધાં જ આધિ વ્યાધિના દુઃખો મટી ગયાં, **ભક્ત આશજીભાઈ** તથા **કાકુભાઈ ભગવાનદાસ, બાપુદાસ, ભકત વિપ્રવર્ય આશારામભાઈ** આનંદકંદ પ્રભુ, ધર્મનંદન, તેજોમૂર્તિને ગાજતે વાજતે **જેતલપુર** નગરીમાં લાવ્યા, સૌ નરનારીજનો નેત્રોથી દર્શન કરીને દૃષ્ટિને સાર્થક કરતાં હતાં. પ્રભુ પુર વચ્ચે થઈને ગીચતામાંથી બહાર ખુલ્લાંમાં આવ્યા, પુરની બહારની વિશેષ શોભા જોઈને તળાવ ઉપર મનોહર માહોલને જાતજાતના ચિત્રોથી સુશોભિત કર્યો હતો તે જોયો, હે રાજન ! મહોલે પધાર્યા ત્યારે ત્યાં પ્રભુને સુંદર આસન તૈયાર કરીને તેની ઉપર પ્રેમથી બેસાડયા, પૂર્ણકામ પ્રભુ દર્શનનું સુખ દેતા હતા. નર-નારીજનો આવ્યાં તેમને શ્રીહરિ ઉપદેશ વાર્તા કરતા હતા. હરિજનો સાંભળીને બધાં જ અગાધ દુઃખો ત્યાગીને સુખને પામ્યાં. પ્રભુનું ભજન કરીને જન્મ મરણના ફેરા પુરા કરો આ સ્વરુપ મળવું દુર્લભ છે. આખા ભરતખંડમાં કયાંય આ સ્વરુપ મળે, તે વાત હું સત્ય જ કહું છું. માટે પ્રકટ પ્રભુના સ્વરુપમાં પ્રીત કરીને ભજન કરો. નિષ્કામ થઈને પરમ પદને પામીને શ્રીહરિના ચરણ કમળમાં નિવાસ કરો. પ્રગટ પ્રભુના આશ્રિત સંતો, ભકતોની સાથે હેત કરીને ભવસાગર તરીને પાર કરીને વિષય વિકારનો ત્યાગ કરીને તેને નિરર્થક સાર વગરના જાણવા. બધાં જ વિચારો તોડીને નિષ્કામ થઈને અનેક નરનારી જનો પાર પામ્યાં છે. અને દેહ ત્યાગીને મારા દિવ્ય ધામને પામે છે, આ વાત સાચી જ કહું છું. મારી વાતને કોઈ જુઠી ના માનશો. પોતાના ઈષ્ટ દેવના દર્શન ભક્તિ કરીને, ભવ-સાગર તરીને સુખ પામશો.

આવી રીતે મહારાજે જ્ઞાનની બત્તીઓ બતાવીને સાચું સુખ આપ્યું, બધા જ દુઃખોને ત્યજાવી દીધા. કેવળ ભગવાનનું સ્વરુપ જ ઓળખાવીને ધ્યાનમાં ધારણ કરાવ્યું. સ્વામિનારાયણ મહાપ્રભુ સભાની વચમાં બિરાજમાન થઈને ભકતોને સુખી કરવા માટે વાતો કરતાં હતા. પ્રગટ પ્રમાણ મહાપ્રભુ પ્રમાણ રુપે ભકતજનોના ભવ-સાગર તારવા માટે વાતો કરી દઢ ઉપદેશ કરતાં હતા. પછી પ્રભુ ભકતજનના ઘેર પધારીને, શરદઋતુના ચંદ્રમાં સમાન સુંદર મુખવાળા પ્રભુ થાળ જમીને પછી સંતો ભકતોને જમાડતાં હતા. ભકત જનોના ભવ ત્રાસ નસાવતા હતા. પછી મહાપ્રભુ મારગમાં વચ્ચે આંબલીનું મોટું ઝાડ હતું તેની નીચે આવીને બેઠા. સુંદર મોટો મંચ બનાવેલો તેની ઉપર ગાદી તકીયા બિછાવીને ભકતજનોના ભયને હરનારા પ્રભુ બેઠા. સુખના સદન પ્રભુ સભાની મધ્યમાં કામદેવના ગર્વને તોડનારા મહાપ્રભુ પ્રીત કરીને કીર્તનો ગવરાવતા હતા.ભક્તજનો સુંદર રીતે સાંભળાતા હતાં. બધાને આનંદ કરાવવા વિષ્ણુ પદ સુખકારી ઘણીવાર સુધી ગવરાવીને પછી ભણનારા સંતોની પાસે પ્રશ્ન ઉત્તર કરાવતા હતા. આવી રીતે અવતારના અવતારી મહાપ્રભુ નિત્ય પ્રત્યે અનેક વિધ ચરિત્ર કરતા હતા. તેને નિગમો ગાયા જ કરે છે. એ જ દિવસે મહારાજ સભામાં સભાસદોની વચ્ચમાં વિરાજમાન થયેલા શોભતા હતા. ત્યારે **આનંદાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ તથા મહાનુભાવાનંદ મુનિ તથા ભગવદાનંદ સ્વામી** આદિકને સદ્ગુરુ પદવી દીધી, સર્વ સંતોને આજ્ઞા કરી કે આમનું માન સન્માન કરવું. આમનું વચન કોઈએ લોપવું નહિ. અમારી જેવું જ એમનું સન્માન કરવું. સહેજ પણ ભેદ નરાખશો. તમે લોકો જેવી રીતે અમારી પૂજા કરો છો તે જ રીતે આપણા સંતપુરુષોની સેવા પૂજા કરજો. હરિભકતો સૌએ અમારા કહેલા વચનોને પ્રમાણિકપણે માનવું. તમે સૌ જનોને અમારી ખાસ આજ્ઞા છે, તેને ખાસ ધ્યાનમાં

લેવી. આવી રીતે વચનો કહ્યા. સૌ સંતોએ પણ અમારી આજ્ઞાનું પાલન કરવું. આ મુનિઓને આપ સૌના કરતા મોટા કરીને સદ્‌ગુરુ કર્યા છે. આવી રીતે પ્રકટ પ્રતાપ પ્રભુ બતાવતા હતા. મહારાજની આજ્ઞાને સાંભળીને સૌ સંતો તથા ભક્ત રાજી થયા. જેવી રીતે જગદીશ પ્રભુએ વર્તવાનું કહ્યું તે જ રીતે સૌ મળીને મહારાજની આજ્ઞા મર્યાદાનું પાલન કરતાં હતા.

શ્રી સહજાનંદ સ્વામી **અમદવાદ**માં સૌ સંતોની સાથે અનેક લીલાઓ કરી પછી પ્રભુ ત્યાંથી પ્રયાણ કરીને ઉત્સાહથી ચાલતા હતા, બહાર માર્ગમાં ચંડોળા સરોવરે ઘનશ્યામ પ્રભુએ પ્રીતિથી સ્નાન કર્યું પછી પ્રભુ **અસલાલી** પુરે થઈને **જેતલપુર** ધામે પધાર્યા. શ્રીહરિ મહાપ્રભુ **જેતલપુર**માં મહેલમાં નિવાસ કરતા હતા. અને સભામાં બાર સંતોને સદ્‌ગુરુની પદવી આપી આવી રીતે આ પિસ્તાલીસમો અભિધાન રુપે શ્રી હરીલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુના અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિએ જેતલપુરમાં લીલા કરી તેનું વર્ણન કરીને સમજાવ્યું એ નામે આ પિસ્તાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૫॥**

# તરંગ-૪૬

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તિક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રથી ખળ રાક્ષસનો વધ કર્યો અને પ્રગટ મહાપ્રભુએ ગધેડા જેવા મુર્ખાને પણ પ્રભુના કિર્તનો ગાતાં કર્યા. અને દ્દઢ ભક્તિવાળા કર્યા. આવા મહાપ્રભુ શ્રીજીમહારાજ લોકોના કલ્યાણ કરવા માટે કઈ કઈ લીલાઓ કરતા હતા. તે બધી જ લીલાઓ મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ મને કહો. **જેતલપુર**માં રહીને ઘનશ્યામ પ્રભુ લીલા કરીને પ્રભુ કયાં પધાર્યા, મનના ત્રાસને હરનારીએ બધીજ લીલાઓ વિસ્તાર કરીને મને કહેવા કૃપા કરીને સમજાવો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે : હે આનંદસિંહ રાજન ! પૃથ્વીના ભારને દૂર કરવા માટે પૃથ્વી ઉપર ધર્મદેવના ઘેર અવતાર ધરીને, વનમાં વિચરણ કરીને, તિર્થોના ભારરુપ પાપ અધર્મ અને પાખંડનો નાશ કરીને, લોકોનાં પાપો ને અજ્ઞાનને હરીને, ભવ ફંદને દૂર કરતાં હતા. એવા શ્રીહરિ લડાઈમાં **ભૌમાસુર**ને મારીને તેને ત્યાં કેદમાં પૂરીને સોળ હજાર એકસો યુવતિઓને લાવીને એમની સાથે વિવાહ કર્યા. એવા પુરુષોત્તમ પ્રભુશ્રી કૃષ્ણ લીલા મૂર્તિ થયા તે જ મહાપ્રભુ સહજાનંદ સ્વામી મહારાજ લોકોના દોષોને હરનારાના લીલા ચરિત્રો સંતો ગાતા હતા. એ પ્રભુ **જેતલપુર**માં રહીને અલૌકિક લીલાઓ કરતા હતા. ભયને હરનારા ભગવાન સંત સમૂહની સાથે મહારાજ ભક્તોને સુખદ ઉપદેશ આપીને અજ્ઞાનને હરતાં હતા. સભામાં ઘનશ્યામ સુખનાધામ ઘનશ્યામ સર્વના સાર રુપ અનેક પ્રકારનાં ચરિત્રોને કરતા હતા. બાર સંતોને સદ્‌ગુરુ કરી. સર્વ સંતગણના પ્રમાણરુપ નિયંતા કર્યા. આવી રીતે મહારાજ અનેક અદ્‌ભૂત ચરિત્રોને કરતા હતા. એવામાં રસદાર રસોઈનો થાળ તૈયાર થયો, તે થાળ **ગંગાબા**એ તૈયાર કર્યો હતો. તે બાઈ પરમ ભકત

હતા. પોતાના હાથે જ પ્રેમથી થાળ તૈયાર કર્યો પછી **મુકુંદાનંદ** વરણીની સાથે કહેતા હતા.

શ્રી હરિને જલદીથી બોલાવીને લાવો, ગંગાબાની આવી વાણી સાંભળીને **બટુક બ્રહ્મચારી** હરિ પાસે આવીને બે હાથ જોડીને ઉદાર મૂર્તિને કહેતા હતા, હે કૃપાનાથ ! થાળ તૈયાર થઈ ગયો છે, તો જમવા પધારો વિલંબ ન કરશો. આમ વાત સાંભળીને ઘનશ્યામ પ્રભુ તરત જ ભગુજી આદિક રક્ષકોથી વિંટાયા થકા ચાલતા હતા. સુખના ઘર મહાપ્રભુ સર્વ સંતો, પાર્ષદોની સાથે લઈને જમવા પધારતા હતા. મહારાજ ઉમંગથી ગંગામાના ઘર તરફ સંતો સાથે જમવા પધારતા હતા. ઘેર જઈને વસ્ત્રો ઉતારીને પલાળવાના વસ્ત્રો ધારણ કરીને સ્નાન કરવા ચોકી ઉપર સ્નાન કરતા હતા. સ્નાન કર્યા પછી કરુણાનિવાસ, શરીરના અંગોને લૂછીને પીળા વસ્ત્રોને પ્રેમથી ધારણ કર્યા. ઉપરણી ઓઢી તેને થોડું મુખ ઉઘાડું રાખીને ઓઢી. આ રીતે મહાપ્રભુ ભકતોના પાપોને હરતા હતા. મહાપ્રભુ પાકવાળા ઘરમાં આવીને જોયું અને પછી સુંદર બાજોઠ ઉપર વિરાજમાન થયા, તે જોઈને થાળ તૈયાર કરેલો **ગંગામા**એ પ્રભુ પાસે અર્પણ કર્યો. ઉમંગથી મહાપ્રભુને પિરસતાં હતા. **મહાપ્રભુ લોકોના મનને આનંદ આપવા માટે પ્રેમથી જમતા હતા. પકવાન - શીરોપુરી સુંદર રીતે જમતા હતા. તુવરની દાળને સુંદર રીતે વઘારીને સુંદર સ્વાદિષ્ટ બનાવેલી હતી. રસદાર દાળ ભાતને સારી રીતે જમતા હતા. અતિ સારા શાક અને ભાત યોગ્ય રીતના પંખાળિના ચોખાનો ભાત મહા પ્રભુ જમતાં જમતાં બહુ જ વખાણ કરતા હતા. લોકોના મનને આનંદ કરવા માટે કલ્યાણનું કાર્ય કરતા હતા. મહારાજ જમતી વખતે ઓડકાર ખાતા હતા. દૂધ-ભાત-સાકરની સાથે જમતા હતા. પેટ ઉપર હાથ ફેરવતા હતા. વારંવાર પાણી પીતા હતા.** જયારે મહારાજ જમી રહ્યા ત્યારે મુખવાસ લીધો. પાન સોપારી સુંદર રીતે પવિત્રતાથી લીધાં પછી પ્રભુ સૌ સંતોને પીરસીને સારી રીતે વારંવાર ફરીને જમાડતા હતા. જગતના પ્રાણ પ્રભુ આનંદ હતા. કરાવતા ભકતજનો પ્રભુને રાજી કરીને પોતાના જગતના દુઃખોનો ત્યાગ કરાતા, તત્કાળ જ ભગવાન મંદિરમાં (મહોલમાં) પધારતા હતા. મહારાજ સર્વ સંતોની સાથે શોભતા હતા. પ્રભુની શોભા મનોહરતાનું વર્ણન જ ન થઈ શકે.

આવા અદ્‌ભુત મૂર્તિ સભાની મધ્યમાં સુંદર રીતે શોભતા હતા. પ્રેમી ભકતો પ્રેમથી પ્રભુની પૂજા કરતા હતા. પ્રભુની પૂજા કરવા માટે અતિ ઉત્તમ પ્રકારનાં પદાર્થો લાવ્યા કેસર, ચંદન સહિત ફૂલના હારો ગજરા, શેખર બાજુબંધ બનાવીને લાવેલાં તેનાથી શણગારીને ફૂલ કેસર યુકત શોભાવતા હતા. સુંદર રીતે ચંદન ચર્ચીને નિરખતાં હતાં. હરખ પામીને ફૂલના હારો ધરાવતાં હતાં. નવીન ચંદનથી નખશિખ પર્યંત ચર્ચીને સુંદર શોભા કરતાં હતાં. મહારાજ જનોને સુખ દઈને એમના મનમાં વસીને પ્રભુ પોતાના નિવાસ મહેલમાં પધારતા હતા. સૌ સંતોની સાથે શોભાના સાગર હરખાતાં હતાં. હરિ હરિજનોની સાથે હેત કરતા હતા. આનંદ આપતા હતા. શ્રીહરિ દક્ષિણ દિશાના ગોખમાં વિરાજમાન થયા. સૌ સંતો તથા જન સમુદાય પ્રભુની સાથે જ બેઠા ત્યારે શુદ્ધ મતિથી મોટી સભા ભરાણી. હે રાજન ! હરિ ભકતો શ્રી હરિના દર્શન કરવા આવ્યા હતા. સાથે હાથમાં અનેક હારને લઈને મહારાજને આપવા લાવ્યા. ત્યારે હરિ ગોખમાં બેઠા બેઠા સૌના હાર લેતા હતા, જાણે અનંત રૂપો ધરીને અનંત હાથો વડે તે હારોને એક સાથે જ લેતાં હતા. આ ચરિત્ર

જોઈને લોકો મનમાં આનંદ પામતા હતાં. આ આશ્ચર્ય વાત તે તર્ક કરીને ન સમજાય. અનંત બ્રહ્માંડ વાસી અનંત જડ ચેતન બધા જ તત્ત્વો સૌના ફળદાતા આ ઘનશ્યામ પોતે જ છે એટલે અનંત હારો એક જ સાથે લે, તેમાં સશંય ન જ થાય. પ્રભુના માટે તે સામાન્ય જ વાત છે. આવી રીતે શ્રીહરિ અનેક પ્રકારનાં અદ્‌ભૂત ચરિત્રો કરતા હતા. તેનાથી પ્રભુ પોતાનો દિવ્ય પ્રતાપ જણાવતા હતા.આવી રીતે મહારાજ પોતાના આશ્રિત ભકતજનોને **જેતલપુર** ધામમાં નિવાસ કરીને જગતના પ્રાણ મહાસુખ આપતા હતા.

પછી મહાપ્રભુ ચાલતા થયા. માર્ગમાં વસતા લોકોને દર્શનનું સુખ આપવા માટે **વસાઈ ગામે પધાર્યા**. શ્રી સહજાનંદ સ્વામી ભકતજનોને સુખ દઈને વસાઈથી પ્રયાણ કર્યું ચાલીને **વિરાટપુર ધોળકાનગરે પ્રીતમપ્રાણ પ્રભુ પધાર્યા.** ધોળકાપુરે પધારીને તળાવની પાળ ઉપર વૃક્ષોની લાઈનો શોભાની વિલાસીતા જાણે કે દેવની સ્ત્રીઓ વિરહ વેદના યુકત અનેક કામદેવના દર્શનાતુર હતી એમ લાગે.

હે રાજન્ ! પુરના માર્ગની શોભા સુંદર હતી પાણીનો છંટકાવ કરેલો હોય તેમ લાગે ઘોડેશ્વારો અને પેદલ ચાલનારા સુખેથી જતાં આવતાં હતાં. તેમ નિર્મળ મનવાળા નરનારીજનો હાવભાવ હેતથી ભરપુર પ્રેમથી રહેતાં હતાં. તેઓ અંગો ઉપર સુંદર આભુષણોને ધારણ કરીને સુખના સાગર મહાપ્રભુ સામે આવતાં હતાં. તે ભકતજનો સાથે ભેટ - સામગ્રી લઈને જતાં હતાં. પ્રભુ પાસે જઈને પ્રેમથી અર્પણ કરતાં હતાં. સુંદર સવારી સજીને મહાપ્રભુને વાજતે ગાજતે **ધોળકા**ના ભકતો ગાતાં વગાડતાં પુરમાં લાવતાં હતાં. ધોળકાના ભકતો રસિક ભકત **રેવાશંકર** તથા **નારાયણજી, સેવકરામ, મહાશંકર, મુળજી, નરભેરામ** તથા બાઈઓ **અવલબાઈ, પુતળીબાઈ** આદિક નરનારી સૌ જાત-જાતના વાજાને વગાડતાં ગુણોને ગાતાં પ્રભુને હરિભકતો હેતથી ધોળકાપુરમાં લાવતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ આનંદના ધામી એકાગ્રતાથી જોઈને તે પુરને પરમ પવિત્ર કરીને વિચરતા પ્રભુની શુદ્ધ શોભાયુકત મુર્તિને જોઈને શ્રી હરિપૂરને પાવન કરીને ભક્તોને સુખ દઈને સર્વોપરી મહાપ્રભુ દર્શન દેતા હતા. નર નારીજનો અનહદ પ્રેમથી નાથને નિરખીને દરશન કરીને ઉરમાં ધરી લીધાં, ચંદ્ર સમાન મનોહર મુખવાળા સુખના સાગર મનોહર મૂર્તિના નેત્રોથી દર્શન કરીને પાપને તોડનારા પ્રભુના અંગોઅંગની મનોહરતાને ઉરમાં ધારતાં હતાં. સુંદર કાન ઉપર કુંડળ ધારેલા, ચંદ્રમાંના મંડળ સમાન મનોહર મૂર્તિ, ચંચળ લોચનો નિરખતાં હતાં. નાશિકા જાણે દિવાની જયોત જેવી, મુખ મંદ હાસ્યયુકત દેખીને, અધર ઓષ્ટ લાલ પરવાળા જેવા શોભાતા હતા. મુછની ઝીણી રેખાને જોઈને ભકતોએ દર્શન કર્યા મહાલાભ લીધો. જાણે કે કાન ઉપર કુંડળને ધારેલા. શરદઋતુના ચંદ્રમાં સમાન મનોહર મુખમંડળને જોતાં હતાં. મુખમાં શુદ્ધ જીભ તથા દંતપંકિત મુકતામણિની પંકિત જેવા શોભતાં જોયા. વિશાળ છાતીનો વિસ્તાર, કંઠમાં હારને ધારેલા, ધર્મના લાલ પ્રભુ શુદ્ધ રુપવાળા સુખ કરનારા, પ્રભુને નગરના જનોએ દર્શન કર્યા. સુખની ખાણ મહાપ્રભુના મંદ હાસ્ય મુખના દર્શન કર્યા તેથી ઘન ધામવાળા લોકોએ મહાપ્રભુને ઉરમાં ધારીને નેત્રથી દ્રઢતાથી નિરખીને ઉરમાં ધારી લીધા. આનંદના ધામ મહાપ્રભુ આવી રીતે સુખ આપી કરુણાના કલાપ લોકોના કલ્યાણ કરીને ગામને પાવન કરીને સુખરાશી પ્રભુને જોઈને લોકોના દિલોમાં આનંદ થયો.

હે રાજન્ ! પ્રીતમ પરમ ઈશ પ્રભુ પુરની બહાર બધી જ સવારીની સાથે ગાતા થકા પધાર્યા. જેના

ગુણને શેષ ગાયા જ કરે છે એવા પ્રભુ પશ્ચિમ દિશામાં સુંદર સરોવર શોભતું હતું. જેને સૌ ચકલી તળાવથી કહેતા હતા ત્યા પધાર્યા તળાવના કાંઠે વૃક્ષ, વેલીઓ શોભતી હતી. જળ પણ સ્વાદિષ્ટ હતું. કાંઠા ઉપર પક્ષીઓનું જુથ કલરવ કરીને ગજાવતું હતું. જળમાં કમળો ખીલેલાં શોભતાં હતાં. હે રાજન ! સરોવરની પૂર્વ દિશાની પાળની સમીપમાં મોટા ચોક જેવું મેદાન હતું. સ્વચ્છતાવાળા મેદાનને જોઈને સૌ સંતોની સાથે મહાપ્રભુએ ઉતારો કર્યો.

ત્યાં સુંદર આસન બનાવ્યું. તેની ઉપર બહુનામી મહાપ્રભુ બહુજ સુંદર રીતે વિરાજયા હતા. ત્યારે ઘનશ્યામ પ્રભુની સામે સંતો બેઠા, કરુણાનિધાન પૂર્ણકામ પ્રભુ દર્શનનું સુખ આપતા હતા.પછી પ્રભુ ધર્મજ્ઞાનની વાર્તાઓ કહેતા હતા. હરિના મુખથી અમૃત પાન હરિભકતો કરતા હતા. હે રાજન ! એટલા સમયમાં જ **જુગબાઈ** આવ્યા. તેઓ રસદાર થાળ તૈયાર કરીને લાવ્યાં હતાં. બીજા **અવલબાઈ પુતળીબાઈ** આ બંને બહેનો બહુજ ભકતિભાવ વાળા હતા. **સિતાજી** અને **કુંતાજી** જેવા નિષ્ઠાવાળાં હતાં. શ્રી હરિ સર્વના નાથ થાળ જમ્યા પછી સૌ સંતોને પીરસીને આનંદ ધામ મહારાજે અનેકવાર પીરસીને જમાડયા પછી મહાપ્રભુ સભાની વચમાં ઉંચા આસન ઉપર વિરાજમાન થયા. મોડી રાત્રે મહાપ્રભુ સુંદર તૈયાર કરેલ શૈયા ઉપર શયન કરતા હતા. સર્વે સંતો પણ સુખધામને શયન કર્યા પછી શયન કરતા હતા. પ્રભુનું ધ્યાન કરીને શયન કર્યું. સવારમાં જાગીને મહારાજ ચાલીને **જવારજ** ગામે પાપને હરવા પધાર્યા. ત્યાંના આધાર ભકત **ચંદાજી** આવ્યા ખોડોજી ખળનું ખંડન કરનારા આવ્યા **ખોડોજી** કડવા વેણ બોલનારા. ભકતજનો વાજાં વગાડતા ગાતાં થકાં સામાં આવ્યાં પ્રભુને લઈને પોતાના ઘરમાં જ વાસ કરાવ્યો આખા ગામના વાસીઓને સુખ દેવા સર્વના આધાર પ્રભુને ઘેર લાવ્યા.રસોઈ બનાવીને થાળ તૈયાર કરીને કમળ નયન મહાપ્રભુને ધર્મનંદન પ્રભુને જમાડયા ચપળ નયન થાળ જમીને સૌ સંતો ભકતજનોને જમાડતા હતા. સવારે વહેલા જાગ્યા નિત્ય નિયમ સ્નાનાદિક કરીને કમલ નયન મહારાજ પ્રયાણ કરતા હતા. ચપળ નયન મહાપ્રભુ સર્વે સંતોની સાથે અકળ મૂર્તિ મહાપ્રભુ **અડવાળ** ગામે પધાર્યા. મહાપ્રભુને જોઈને ભકતજનો બહુજ રાજી થયા આનંદ પામ્યા. **ત્રિકમજી દ્વિજના** ઘરમાં રોકાઈને થાળ જમ્યા. રાતવાસો ત્યાં કરીને મહારાજ પોતાના ભકતજનોને દર્શનનું સુખ આપ્યું. રાત્રે શયન કરીને સવારે વહેલા જાગીને ત્યાંથી પ્રયાણ કર્યું. મહારાજ શ્રી હરિ **સુંદરીયાણા વનાશા શેઠના ઘેર પધાર્યા**. ચંચળમૂર્તિ અજીત પ્રભુ **પૂજાશેઠ**ના ઘેર પધાર્યા. **સુંદરજી ભકતને** સુખ દઈને દિનદયાળ મહાપ્રભુ કામ મદને મારનારા **સારંગપુર**માં પધાર્યા. ઘનશ્યામપ્રભુ સુખ દેતા હતા. મહારાજ જગતના જીવન પ્રાણ પ્રભુ સારંગપુરમાં રાત રોકાયા લોકોનો ઉપદેશ કરીને રાજી કર્યા. પછી ગુણનિધી જગત ત્રાતા **ગઢપુર** ગામે પધાર્યા.

શ્રી સહજાનંદ પ્રભુ **જેતલપુર**થી જગતના સ્વામી **વસાઈ** ગામે પધાર્યા. પ્રિય ભકતજનોને દર્શન સેવાનું સુખ આપીને **ધોળકાપુર** પધાર્યા. ભકતજનોને અનંદ થયો સુખ આપ્યાં.પછી પ્રભુ **જવારજ** ગામે પધાર્યા ત્યાંથી **અડવાળે** અવતારી મહાપ્રભુ પધાર્યા. સુંદર જગને સુખ આપનારા મહારાજ **સુંદરિયાણા**માં ખૂબજ આનંદ કરતા પધાર્યા. સુંદરિયાણાથી ઘનશ્યામપ્રભુ **ગઢપુર** ધામે પધાર્યા. ગુણવંત મહાપ્રભુ મહાસુખ આપતા હતા. આવી રીતે છેંતાલીસમો અભિધાન રુપે શ્રી હરિલીલાસિંધુની લહેરીના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુના અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મહારાજ જેતલપુર ધામથી પ્રયાણ કરી ધોળકા પુરે લીલા કરીને ગઢપુર આગમન થયું. એ કથન કર્યું એ નામે આ છેંતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥ ૪૬ ॥**

# તરંગ-૪૭

આનંદ સિંહ રાજન કહે છે કે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિના સ્વરુપના હેતથી દર્શન કરીને પૂજન પ્રેમથી કરતાં હતાં. તેજ પોતે જગતના સુખ દાતા સુખના ખાણ  જગતના લોકોના પાપોને બાળીને નિષ્પાપ કરે છે.મૃગની માફક દૃષ્ટિને ચારેબાજુ ફેરવતા ચંચળ દૃષ્ટિથી ચિત્તને ચોરનારા જેવી રીતે જૂઈનું ફૂલ સુંઘનારને સુખ આપે છે તે મહારાજ હરિભક્તોને સુખ શાંતિ દેતા હતા.તે મહાપ્રભુ સહજાનંદ સ્વામી આનંદ ઘન સુખ કરનારા અનેક ચરિત્રો કરે છે. તે સુખકંદ પ્રભુનાં **ગઢપુર**માં રહીને ચરિત્રો કર્યા તે હે ગુરુ મહારાજ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે : હે આનંદસિંહ રાજન્ ! લોકોના સમુહને મનના દુઃખથી તારનારા જગતની જંજાળમાંથી મુકત કરીને જેમના દુઃખ દૂર કરવા માટે સહજાનંદ સ્વામી પ્રગટ પ્રમાણમાં પોતે **ગઢપુર**માં નિવાસ કરતા હતા. હે રાજન્ ! તે ભયહારી  મહાપ્રભુના પ્રગટ પ્રમાણ લીલા ચરિત્રોને કહું છું. જે સાંભળવાથી બધાજ પાપો બળીને નાશ પામે છે. **ગઢપુર**માં રહેલા ભકતજનો **જયા લલીતા** આદી બાઈઓ હરિના દર્શનના વિરહમાં સૌ વિચાર કરતાં હતાં, કે જે ધન વિનાનો જન નિર્ધન કહેવાય તેવી આપણી સ્થિતિ છે. શ્રી હરિ નાથજી હજી આવ્યા નથી. તેને ઘણો સમય થયો તેથી વિરહનો તાપ સંતાપ શરીરમાં વ્યાપે છે. આપના વિના હે વિભો ! અમારા પ્રાણ મુંઝાય છે માટે હે અજિત પ્રભુ !અમારા દુઃખોને હરીલો. હે નાથ ! અમારે આપનો જ આશરો છે. આપના સિવાય આ જગતમાં કોઈનો આશરો નથી. આપના દર્શન વિના દિલમાં મહાદુઃખ થાય છે આપ અહિંયાથી બહાર ગયા તેને ત્રણ ચાર માસ થઈ ગયા તોય ન પધાર્યા તો દર્શન આપો પ્રભુ.

હે મહારાજ ! આપે જે મર્યાદા કહેલી હતી તે અવધિ તો વિતી ગઈ આપના સુખનો સંદેશો નથી આવ્યો તો હવે આવવાનું કાંઈ કરો તો સારું કહેવાય હે દયાળુ ! આપ પ્રથમ બહુ જ પ્રીત બતાવી પણ તમે તો પ્રભુ નવી જ રીત કરી છે વચન કહીને ગયા તો હજી ન આવ્યા, હે પ્રભુ હવે તો અંતકાળ થવા આવ્યો છે.  હે નાથ ! આપે આ સ્વરુપે ચરિત્રો કરેલાં છે તે બધાંય ચરિત્રો હૃદયમાં ઉદય થાય છે અને અમે વિરહના સાગરમાં ડુબતાં અમને આપ નૌકા સમાન થાવ છો તેથી દર્શન દેવા પધારો. જેમ હાંસી કરતાં ફાંસી થાય  તેમ નેત્રની અણિથી મનને હરી લીધાં છે. વચનના દોરાથી અમને બાંધ્યાં છે. તેનાથી અમે વચનને આધિન થઈને વિરહ થયા કરે છે. હે પ્રભુ ! આપના સુંદર સ્વરુપને નિરખી નિરખીને દર્શન કરતા હતા ને મહાસુખ લેતાં હતાં. મહાસાગરમાં વચનના આધારે રહ્યાં પણ હવે ડૂબકા ખાઈએ છીએ. હે નાથ ! આપને નિરખીને આશ્રય કર્યો હે પ્રભુ ! હવે તો આપ ઉલટું વિરહના દુઃખમાં ડુબાડતા રહો છો, તો હે મહારાજ ! અમે શું કરીએ તે

સમજાવો. જયારે ચંદ્ર ઉદય થાય છે ત્યારે કમળ મુરઝાઈ જાય છે બિડાઈ જાય છે, માનવ કેમ અમૃતનું પાન કરીને મરી જાય છે અતિશય વર્ષા થવાથી અનાજનો મોલ સુકાઈ જાય અને રાજા પ્રજા પાસેથી કેમ ધન ઝવેરાત લૂંટે છે. જો આગ લાગે તો પાણીથી બુઝી જાય, પણ પાણીમાં જ આગ લાગી હોય તો તે આગ શેનાથી ઓલવાય તે કહો, હે પ્રભુ ! બીજાએ દુઃખો આપ્યા હોય તે તો આપના ભજનથી મટાડીએ પણ આપના દર્શન વિરહનું દુઃખ એને કેવી રીતે મટાડીએ તે હે પ્રભુ ! કહો. પતંગિયાંને દિવા ઉપર બહુ જ પ્રેમ હોય છે તે દિવા ઉપર આવે છે બળે છે, પડે છે, અકળાય છે ને મરે છે. તેમ દિવાના મનમાં તો કાંઈ જ નથી હોતું કે તમે બળો કે દુઃખ પામો એને કાંઈ લેવા-દેવા જ ન હોય. ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્ર ઉપર બહુ જ પ્રેમ હોય તેથી સતત પિયુ... પિયુ.... રટતું જ રહે છે કદાચ સ્વાતિ તો મોઢું જ ન બતાવે તોય ચાતક સદાય પોકાર જ કર્યા કરે છે. ચક્રવાક પક્ષી સૂર્યના તેજને ચાહે છે. જયારે સૂર્ય ઉદય થાય ત્યારે તેને સુખ થાય છે સૂર્યનારાયણ તો દિલમાં કાંઈ જાણતાં જ નથી કેમ કે કોઈ હસે કે મરે કે રુએ તેનાથી કાંઈ સંબંધ જ નથી. મોર મેઘને જોઈને બહુ જ કળા કરે છે. મેઘની ઘનઘોર ઘટાને ચાહે છે. પણ મેઘના આગમનને તો કાંઈ ગમ પડતી જ નથી. બહુ જ શોર કરો કે ન કરો કે રીઝાવો તેનાથી કાંઈ સંબંધ જ નથી. કમળ ફૂલ છે તે બધાં જ ગુણથી ભરેલ છે. એ કમળ કયારેય રાતને નથી ચાહતું. પણ જયારે સાંજ પડે છે ને તે તરત જ પાછું બિડાઈ જાય છે. હે પ્રભુ ! અમારા મનમાં આપ વાસ કરો. જેવી રીતે ચંદ્ર ઉપર ચકોરને હેત છે તેવી રીતે અમારે પણ છે. ચંદ્રને તો કાંઈ ગણતરી નથી તોય ચકોર સતત બોલ્યા જ કરે છે. સોનાને સૌ ચીત્તમાં ચાહ્યાં જ કરે છે શરીર ઉપર બહુ શોભે છે કહો કે સોના ઉપર કેટલા સંસ્કાર થાય છે ઉલટું કરીને બાળે છે પછી તૈયાર થાય છે. એનાથી સોનાને શું લાભ ? હે પ્રભુ ! તમે ચાહો તેવું કરો, મારો કે જીવાડો, હે નાથ ! અમારા દિલમાંથી તો કયારેય ન હટશો કેમ કે જળથી જેમ માછલું સુખ પામે છે તેમ આપના સ્વરૂપના સુખથી અમને સુખ થાય છે. માછલી સમુદ્રના પાણીમાં જ રહે છે. અને ચાતક પક્ષીને સ્વાતિના જળની સાથે પ્રેમ (સ્નેહ) અતિશય છે. મોર મેઘ ગાજે અને વાદળ ચડે એટલે આનંદમાં નાચવા લાગે છે. નવો પ્રાણ આવે છે કમળના પરાગ રજમાં મસ્ત ભ્રમર કમળમાં બિડાય છે, જગતથી ન્યારો થાય છે ચકોર પક્ષી ચંદ્રને જ બહુ ચાહે છે આખી રાત ચંદ્રને ચિતવે છે. અને સવાર પડે એટલે ચકોર દુઃખી થાય અને ચકવો બહુ જ સુખી થાય છે. હે પ્રભુ ! આપ એક જ સૌના ઈષ્ટ દેવ છો તેથી સદાય અમારી સાથે રહો દર્શન આપો. હે મહારાજ ! આપ તો આખાં જગતના ચંદ્ર રુપ છો, મોર ચકોરના નેત્ર રૂપ છો. રાત દિવસ તમારા વિષે તન જોડે છે. પણ નિશ્ચય રુપ દોરનો કોઈ નિર્ધાર નથી રહેતો. હે પ્રભુ ! તમે તો સાગર રુપે અખૂટ જળ છો, અમારું મન માછલા જેવું છે અધિર થઈ જાય છે. હે પરમ સુધીર ! આપના દર્શન વગર એક ક્ષણ પણ બહુ દોહ્યલી થઈ જાય છે. અતિ કઠણ લાગે છે.

હે પ્રભુ ! આપ તો માનસરોવર છો અને મારું મન છે તે હંસ જેવું જાણો. આપના વચનો છે તે અમૂલ્ય મોતી છે તેને જ હંસ ગળે છે. તે મહાસુખને પામતા રહે છે હે ઘનશ્યામ પ્રભુ ! આપ તો મેઘના મહાદષ્ટા રૂપ છો, મારું મન મોર સમાન છે તે વરસાદના વચન રુપી બુંદને પાણીમાં ડૂબતા જ ગળી જાય છે. તેને બહુ જ વધારે આનંદ આવે છે. વિશેષ સુખ પામે છે. સર્વ ગુણના જાણકાર સર્વજ્ઞ આપ જ મારા પ્રીતમ પ્રાણ છો. મારી આંખોની આપ પૂતળી છો, ડોળા રુપ છો, દેહના પ્રાણરુપ થયા છો, હે મારા પ્રીય ! પ્રભુ આપ જ મારા કલ્પ વૃક્ષ જેવા છો, અનેક પ્રકારના રંગોમાં ફુલો છો, ખીલો છો વિરહ તાપથી સરી ન પડે

પણ કલ્પવૃક્ષની છાયાં શિતળ શાંત થાય છે અંગોમાં શિતળતા મળે છે.હે પ્રીતમ તમારા મુખેથી નિકળેલા વચનો તેને સાંભળીને સતત જપ જપ્યાં કરીએ છીએ. તેનાથી મન મૃગને જોરથી બાંધ્યા છે. એવા જ રંગ આલાપને ગાઈને સમય વિતે છે. પિયા આપ તો મારા પ્રાણના આધાર છો માટે હે પ્રભુ ! મને આપનાથી દૂર ન મુકશો, મારે ને તમારે અરસપરસ એકતા થઈ છે. જેમ વેલને અને મોટાં તરુઓને એકતા છે તેવી આપને માટે છે. હે પ્રીતમ પ્યારા ! તમારા વગર મારું તન હંમેશા સુકાતું જ રહે છે જેમ ચંદ્ર વગર કુમુદની (પોયણી) સંકુચિત થઈ જાય છે તેમ વિરહમાં તમારી તરસ છે હે પ્રભુ તમે જ મારા પ્રાણ છો, મારા જીવન રુપ તમે જ છો, હે પ્રભુ તમે જ મારા નયન છો, તમે જ મારા પિયા છો, મારા પતિ તમે જ છો. હે પ્રભુ ! તમે મારી તરસ છો, મારી તૃપ્તિ તમે જ છો તેથી મને તમારી જ તરસ રહે છે તેથી તેને સમાવો. હે પ્રભુ ! અમારા જેવી વાતો તમને ઘણા કહે છે અમારે તમે તો એક જ છો એટલા માટે નકકી વિચારીને આપ આપની ટેકને કયારેય ન છોડશો. માટે એ ટેક પ્રમાણે હવે અહીં આવવાનું કાંઈક કરશો. હવે કયારેય દુર ન રહેશો. આપના વિરહથી નયનોમાં હે ઘનશ્યામ પ્રભુ ! આસુંનું પૂર આવે છે તેને હવે પ્રભુ સુકાવવા પધારો.

આવી રીતે વિરહાતુર જનો શ્રી હરિના વિરહથી અતિ વ્યાકુળ થયેલા લોકો મહારાજને અતિશય રાત્રિ દિવસ સંભારતા હતા.ત્યાં તો તરત જ શ્રી ઘનશ્યામપ્રભુ પધાર્યા આ રીતે શ્રી હરિ ભકતજનોની વિનંતીને પ્રેમથી સાંભળતા હતા. અંતર્યામિ પોતે જ ભકતજનોના મનની વાતને જાણતા હતા કે ભકતજનો મારા વિરહથી બળતાં રહે છે દુઃખ પામે છે, પણ ભકતજનો તો મને બહુ જ પ્રિય છે જેવા **રમા(લક્ષ્મી) રાધિકા**ની માફક પ્રેમભાવવાળા ભક્તોને તો ઓળખું જ છું આવી રીતે સવારીની સાથે જ સુખદાયક મહાપ્રભુ સુખ આપવા પધાર્યા. સર્વ મનુષ્યોના નાથ મહાપ્રભુ નગરની પાસે પધાર્યા ત્યારે નગરના જનોએ પ્રભુ આવ્યા એવા સમાચાર જાણ્યા. ત્યારે **જયા લલિતા** અદિક નરનારી અંતરમાં અતિ સુખી થયાં ત્યારે સૌ જનોએ પોતાના ઘરોના દરવાજા ઉપર તોરણો બાંધીને ચંદન છાંટીને ઘરો શણગાર્યા મંગળમય પાણી કળશો શોભા માટે ભરાવ્યા બધા ઘરોના દ્વાર સારી રીતે સજાવ્યા. અંતર આનંદ ભાવની સાથે સામા તેડવા ગયા. લાલ પ્રભુની અસવારી સાથે પુરમાં લાવતાં હતાં. અનેક પ્રકારના વાજા વગાડતાં ગાતાં, બંદૂકોના ભડાકા કરતાં સન્માન પામતાં પ્રભુ પૂરમાં પધારતા હતા. લલના સ્ત્રીઓ લાલપ્રભુની છબીને નિરખીને જોતા હતા. ઠેકાણે ઠેકાણે લોકોના મોટાં ટોળાં ભેગાં થયેલા હતા. નાથના દર્શન કરવા પોતાના તન-ધન બધું જ અર્પણ કરીને ધર્મના પુત્રને અંતરમાં ધરતા હતા. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ સુખ દેતા થકા **ગઢપુર દાદા ખાચર**ના દરબારમાં આવ્યાં. બધી જ સુંદરીઓ પ્રભુની પાસે આવીને અતિ ભાવ ભરીને દર્શન કરતાં હતા. પછી મહારાજના ચરણ કમળને પ્રેમથી ધોઈને સુંદર પલંગ ઉપર પધરાવ્યા ને શરદઋતુના નિર્મળ ચંદ્ર સમાન મુખ કમળવાળા ધર્મનંદન મહાપ્રભુનું મુખ કમળના દર્શન કરીને વિરહ સંતાપને ત્યાગતા હતા. વિરહનો નાશ કરીને શોક વિનાના થયા.

જગતના સ્વામી મહાપ્રભુ જયાં જયાં ફર્યા ત્યાં પ્રભુને ઓળખ્યાં ત્યાં લોકોના જન્મ મરણના ફંદને હરતા હતા. નિર્મલ પવિત્ર મનના સર્વોપરી જ્ઞાનવાળા બીજા કોઈની ઉપાસના નહીં કરનારા, મારા ચરણ કમળનો દૃઢ આશ્રય કરનારા, મારા સ્વરુપને પોતાના હૃદયમાં ધારીને દરેક ઘર કામમાં મને સંભારતા થકા જ કરતા હતા મારા નામનો સતત જાપ કર્યા કરતા હતા. સૌ કોઈ કામ કાજ કરતા હતા. ત્યારે તે નરનારી

જનો અંતરના દૃષ્ટાથી ધીરજ રાખીને આજ્ઞા મળતાં થકા કયારેય લોપ નહોતા કરતા તેઓ શૂરવીરતાથી ભજન કરતાં હતા. તેઓ સૌ અમને શાસ્ત્રની મર્યાદા પ્રમાણે સમદર્શિક કહેતા હતા. એ પ્રમાણે નિષ્કામ મનવાળા નર-નારી અતિશય ભક્તિમાં પ્રેમવાળા હતા. જેમ પુત્રની પાછળ માતા ફર્યા કરે તેમ અમે તે ભકતજનોની પાછળ તેમના ભવ બંધનોને તોડતા થકાં અતિશય સુખ આપતા હતા. જો કોઈ ભકત અમને દઢતાથી ભજે દૈહિક સુખનો ત્યાગ જ કરે એવી રીતે વર્તે એ અમને અતિપ્રિય ભકત થાય છે. એવા મારા પ્રિય ભકત લલિતા તમે સુંદર લલિત વાત સાંભળો. વિલાસ ત્યાં સુધી જ સારા રહે છે જયાં અમારા સ્વરુપનું સાચું જ્ઞાન નથી થયું જયારે અમારૂ સ્વરૂપ ઓળખાય છે. ત્યારે તેનો સાવ અભાવ થઈ જાય છે તેથી જ્ઞાન વગર વૈરાગ્ય ન થાય, ત્યાં સુધી જીવો સુખને નથી ત્યાગતાં,ત્યાગ કરે છે તોય મનમાં ઘાટ રહયા કરે છે મન સુખ માટેના ઘાટ કરે છે ત્યાં સુધી એને સાચો ત્યાગનો યોગ નથી થયો, જયારે નરને યુવતિનો યોગ થાય છે. ત્યારે તે ખુવાર થઈ જાય છે, દુઃખ પામે છે. જગત પ્રસિદ્ધ જે પંચ વિષય છે તે સંસારીના શત્રુ છે. એ વિષયો સંસારીને લોટ પોટ કરી દે છે, જયારે વૈરાગ્યનું બળ વધે છે, ત્યારે તે સુખોનો ત્યાગ કરીને મારું ભજન કરે છે. એકાંતિક ભક્તિ કરીને દઢ થાય છે તે જગતમાં કયારેય પાછો નથી ફરતો. સત્સંગ વગર સંસારમાં બધેથી પોતાના દુશ્મનો સમાન માને છે મનમાંથી માનને મારીને નિર્માની થઈ જાય છે.

આવી રીતે ઘનશ્યામ પ્રભુ સ્વમુખે મનોહર વાર્તા કરતા હતા. તે સાંભળીને સૌના મન રાજી થયાં. ભક્તિ ભાવવાળાં સૌ નરનારી જનોએ વિષય રાગનો ત્યાગ કરીને શ્રી હરિ શ્યામ પ્રભુની ભક્તિનું બળ ઉરમાં ધારીને ભય હરનારા પ્રભુનું જપ ભજન કરતા હતા. તેઓને સુખકારી મહાપ્રભુ સુખ કરતા હતા. પૃથ્વી ઉપર જે જે અવતારો થયા. તે સર્વના અવતારી આ શ્રીહરિ પોતે જ છે. એમના આશ્રયથી કળિકાળમાં પંચ વિષયનો ત્યાગ કરીને દેહને ત્યાગે છે, મહાપ્રભુ ભકતજનોના હિત કરવા પ્રગટ થયા છે. એમણે ધર્મ દ્વેષી અસુરોના વિષય વિચારોને મારી નાખ્યાં સાચા વિચાર વાળા કર્યા, જયારે પોતાની અહંતાનો ત્યાગ કરે ત્યારે જ તેને સાચું સમજે ત્યારે પોતે જ ત્યાગ કરીને પ્રભુનો દઢ આશ્રય કરે છે. ભકત ભોગ ત્યાગે તો તે ભકતે જગતમાં બહુ મોટું કામ કર્યું તેમ બધાં જ કહે છે, એમ જાણીને ભકત વિષયસુખનો ત્યાગ કરીને ત્યાગીની રીતને અનુસરીને વર્તે છે. ગમે તેટલા મહા મોટાં સારાં કામ દેખાય અનંત એને વખોડે તોય મનમાં સહાનુમાન આવે એવું આ કળિકાળમાં કઠિન કામ છે એમાં જે દઢ રહે તે ભકતને ભગવાન તારે છે મોહના સમુહને મારે છે જ્ઞાન વૈરાગ્યની ખડગ લઈને રક્ષા કરે છે. ધીરજથી ધર્મ ધારીને ઢાલનું કામ કરે છે ફરસી રુપે થઈને ભક્તિનું પ્રતિક છે. આવી રીતે દિવ્ય શસ્ત્ર ધારણ કરીને દિવ્ય સ્વરુપવાળા શ્રી હરિએ સર્વના મોહને કાઢી નાંખ્યો આવી રીતે શ્રી હરિ મહાપ્રભુ ઘોર કળિકાળમાં સુખ આપનારા સર્વોપરી સહજાનંદ સ્વામી પોતે એક જ સર્વના સ્વામી છે. **ગઢપુર**માં આવીને ગુણવંત મહાપ્રભુ આવી રીતે અનેક લીલાઓ કરતા હતા. ભગવાન શ્રીહરિ પોતે જમતાં હતા. અને સંતોને પ્રેમથી જમાડતા હતા.આમ ચરિત્રો કરતાં હતા. ભકત જનોમાં એકાંતિક એવા રાધા રમા જેવા જ **જયા, લલિતા** દઢ હતા. એટલે વસંત પંચમીના વસંતોત્સવમાં સૌ સંતોને આગ્રહ કરીને તેડાવ્યા હતા. ફૂલડોળના ઉત્સવ સુધી સર્વ સંત સમાજને **ગઢપુર**માં જ રાખ્યા હતા. ત્યારે રોજ રોજ રસદાર રસોઈ ભકતજનો પોતાના આત્મસુખ માટે નિત્ય આપતા હતા. પ્રીતમ પ્રાણ પ્રભુ પ્રેમ કરીને અનેક પ્રકારના પકવાનો લઈને વારંવાર પીરસતા હતા. જલેબી, મોતીયા, લાડું સરસ મજાના તેમને જમાડતા હતા. આવી

રીતે શ્રીહરિ નિત્ય નિત્ય નવિન લીલાઓ કરતા હતા. અને ભકતજનોને બહુ જ સુખ દેતા હતા. સૌના ઉરમાં આનંદ ઉપજાવતા હતા. હરિભકતો દર્શન કરીને બહુ જ આનંદ પામતા હતા.

ઘનશ્યામ પ્રભુ પોતાના એકાંતિક ભકતોના દુઃખોને દૂર કરી સુખ આપવા ગઢપુર પધાર્યા, ત્યારે જયા લલિતા આદિ ભકતજનો દર્શન કરીને બહુ જ સુખ પામ્યા, મહારાજે પોતાના સર્વોપરી સ્વરુપનો મહિમા વધારે સમજાવી ભકતજનોને તે બહું જ સુંદર વર્ણન કરીને ભયને હરી લીધો  આવી રીતે આ સુડતાલિસમો અભિધાન રુપે શ્રી હરીલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુના અગીયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુરમાં સરસ લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ સુડતાલિસમો તરંગ પૂર્ણ થયો.**

## તરંગ-૪૮

આનંદસિંહ રાજા કહે છે હે અવધપ્રસાદજી મહારાજ ! પ્રભુ પોતે ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા લીલા ચરિત્રો કરતા હતા તે કેવી રીતના ચરિત્રો કર્યા તે બધા જ કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે રાજન !  સિંહની કેડ શોભા કરનાર છે, તેમ ભગવાનના ભકતો સિંહ સમાન શૂરવીર થઈને ભજન કરે છે સિંહનું શરીર જગતને વંદ્ય હોય છે તે ધારે તેવા મહા બળવાન હોય તોય મારે છે, તેમ શ્રીહરિ મહાપ્રભુ ખળો પાખંડીઓનો નાશ કરે છે. એવા તે ધર્મનંદન મહાપ્રભુ સુખ કરનારા ગઢપુરમાં પોતે સુંદર રીતે વાસ કરીને રહે છે. ભકતજનોના કામાદિક શત્રુઓને બાળીને સુખી કરે છે. તે શ્રીહરિ મહાપ્રભુના લીલા ચરિત્રો હે આનંદસિંહ રાજન્ ! તમને કહું છું, તે પરમ પવિત્ર પ્રભુના ચરિત્રોને સાંભળવાથી સુખ થાય છે પરમ કલ્યાણ થાય છે. હે રાજન્ ! શ્રી હરિ નવા નવા અનેક લીલા ચરિત્રોને કરતા હતા. ગુણ સાગર મહારાજ ગઢપુરમાં સંત સમુહોની સાથે રહેતા હતા. જગદીશ પ્રભુ ભકતજનોના મનને આનંદ આપવા થાળ જમતા હતા, સંતોને જમાડતા હતા પ્રીતથી પંકિતમાં ફરતા હતા પીરસતા હતા તે તો પોતે પરબ્રહ્મ પુરુષોત્તમ સાક્ષાત છે.

શ્રીહરિ મહાપ્રભુ સંતો ભકતજનોની સાથે નિત્ય ઘેલા નદીમાં સ્નાન કરવા જતા હતા. સહસ્રધરામા બહુ જ જળ લીલા કરતા હતા. મહારાજની સાથે સંતો રમતા હતા. સૌને આનંદ આપતા હતા. પછી ઘનશ્યામ પ્રભુ પાછા દરબાર ગઢમાં આવતા હતા સભા કરીને સુંદર તૈયાર કરેલા આસન ઉપર  વિરાજમાન થતા હતા, પ્રભુ ઉપદેશ કરતા હતા. નર-નારીજનો પ્રભુનું નામ જપતા હતા. કરુણાનિધી કૃપા કરીને ધર્મ જ્ઞાન, વૈરાગ્યની વાર્તાઓ કરીને ભક્તિના ભેદો સમજાવતા હતા. ભાગ્યવાન ભકતજનો તે પ્રેમથી સાંભળીને પોતાના જીવનને સફળ કરતા હતા.

જે જીવ ભયને તોડનારા નિરંજન, નિર્વિકારી નાથનું ભજન કરીને નિષ્કામ  થઈને તન મનના બધા જ તાપો તથા દુઃખોનો ત્યાગ કરી બધી આશાઓનો ત્યાગ કરીને શ્રી હરિ ઉપર વિશ્વાસ કરીને જન્મ મરણના ત્રાસનો ત્યાગ કરી, ભજન કરે છે બ્રહ્મા,વિષ્ણુ, મહેશ સૌ દેવોના રાજા અહીં સો દેવો અખંડ ધ્યાન કરે છે. સર્વ દોષોનો ત્યાગ કરે છે, કોઈ દોષ નથી રાખતા પ્રભુનું ભજન કરે તો તારું કલ્યાણ થાય. મહાપ્રભુનો આવો

પ્રતાપ જોઈને મુખથી ભજન કરે તેના વિના તન તાપથી મરે છે કેવળ તપ કરવાથી કાંઈ કામ નથી આવતું. મનને સ્થિર કરીને પ્રભુ ભજન તો સુખ મળે ભજન વિનાનાને તો જમદુતો માર્ગમાં મારતાં લઈ જાય છે. બલભ્રાતા પ્રભુ વાતો કરીને સૌ નર-નારીના પાપના સમુહને હરી લે છે. ભરતખંડમાં પામર જીવોનો ઉદ્ધાર કરવા પાખંડનો નાશ કરવા પાપનું છેદન મહારાજ અખંડ **ગઢપુર**માં **દરબાર ગઢ**માં વાસ કરે છે. સર્વના દુ:ખોને હરે છે.

ફૂલડોળનો ઉત્સવ જાણીને સૌ દેશ પરદેશના ભકતજનો આવતા હતા તેમા બાળકો, યુવાનો, વૃદ્ધો યુવતીઓ નરનારી સૌ હાથે ભેટ લઈને આવતા હતા.સૌ વાહનો લઈને ભગવાનના ગુણને ગાતા આનંદ ઉત્સાહથી આવતા હતા. આવીને પ્રભુના દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યા, સાથે લાવેલ ભેટ તે શ્રી હરિને અર્પણ કરતા હતા. પવિત્ર મનવાળા ભકતજનો પ્રેમથી પ્રભને નિરખીને દર્શન કરે પ્રભુ તેઓને સ્વાગત સમાચાર પૂછતા હતા. મહાપ્રભુ સૌ જનોને સાથે લઈને ઉમંગથી **ગઢપુરથી જતાં હતા**. સૌ સંતોને સાથે લઈને ભકતજનોને ફૂલડોળનો ઉત્સવ કરવા **બોટાદ** ગામે સંઘ સાથે તેરસના દિવસે પધાર્યા ત્યારે ગામના સર્વે સત્સંગીઓ સામા આવ્યા **ભગા શેઠ, અદાભાઈ તથા હમીર ખાચર** સર્વે વાજિંત્રોની સાથે પ્રભુની સામે ગયા, મહાપ્રભુને સાથે લઈને આવ્યાં તે જોઈને દુષ્ટજનો દબાઈ જ ગયા ભકતજનો સૌ રાજી થયા મહારાજ શ્રીહરિએ દરબાર ગઢમાં આવીને ત્યાં મુકામ કર્યો. ત્યાર પછી મહાપ્રભુએ સુંદર જ્ઞાનની વાર્તાઓ કરી તેને સાંભળીને લોકોના મન જગતથી પાછા ફરતા હતા. લાલપ્રભુના નિવાસથી ખળલોકોનું ખંડન કર્યું પછી ત્યાંથી મુકામ ફેરવતા હતા. પુરની બહાર નૈઋત્ય ખૂણામાં સરોવરની પાળ પાસે મુકામ કરતા હતા હે રાજન ! શ્રી હરિ રાજાધિરાજ ત્રિભુવનપતિ, તળાવની પાળ ઉપર શોભતાં હતાં. જેમ દેવની સભામાં દેવરાજ શોભે તેમ પ્રભુ સંતોની વચમાં શોભતા હતા. સભામાં સંતજનો **મુકતાનંદ સ્વામી બ્રહ્માનંદમુનિ, પ્રેમાનંદ મુનિ** પ્રેમ સખી દેવાનંદ આદિક સૌ સંત કવિજનો ગુણના કીર્તન ગાતાં હતા. સુંદર સારંગી સતાર લઈને વગાડતા હતા અને દુકડનો નાદ મેઘગર્જના જેવો થતો ગાજતો હતો. આવી સુંદર ગાન કળાને જોઈને ગાંધર્વ લાજતા હતા. આવી રીતે ઘણીવાર સુધી સંતોએ કરેલા ગાવણાંને સાંભળીને સર્વ ભકતોના પ્રાણ મહાપ્રભુ બહુ જ રાજી થયા. પછી રસોઈ તૈયાર થઈ એટલે મહાપ્રભુ ભોજન કરીને જ્ઞાની સંતોને સુંદર રીતે જમાડયા પછી પ્રભુ પ્રીતમ પ્રાણ પોઢી ગયા.

બીજા દિવસે તે તળાવની પાળ ઉપર સુંદર રંગ તૈયાર કરાવરાવ્યો પછી મહાપ્રભુ સખાઓને સાથે લઈને સંતોની સાથે રંગનો મહાખેલ ખેલવતા હતા. મહારાજ ખોબા ભરી ભરીને સંતોની ઉપર રંગ ગુલાલ નાંખતા હતા. ભકતો ભગવાન ઉપર નાંખતા હતા. આ અદ્‌ભૂત ખેલને જોવા બધાં જ લોકમી પ્રભુનો જય જયકાર થયો દેવો નિરખતા હતા અને જય જય કાર કરતા હતા. શ્રી હરિ મુખેથી હોરી હોરી બોલતા જાય ને રંગ ઉડાડતા જાય પ્રભુ મસ્ત થઈને માટલાં ભરી ભરીને સૌ ભકતો ઉપર રંગ નાંખતા હતા. જેમ મઘાનો મેઘ ગાજે ને મોટી ઝડી થાય તેમ શ્રી હરિ રંગ નાખતા હતા તે પ્રભુ લાલ ગુલાલને ઉડાડતા હતા ભકતજનો ગાતા, વાતા આનંદ કરતા હતા. શ્યામ સુજાણ મહાપ્રભુ હમીર ભકતના દરબારમાં પધાર્યા. આવી રીતે ઘણીવાર સુધી ખેલ બલભ્રાતા પ્રભુએ કરીને રાજાના દરબારમાં રાણીવાસમાં રંગલીલાના દર્શન દઈને સુખી કર્યા. શ્રી હરિ રંગની રેલમછેલ કરીને સુંદર ખેલ કર્યા પછી વિરામ કરીને સુખના ધામ પ્રભુ સ્નાન કરતા હતા.

પછી નવાં સુંદર જાત જાતના વસ્ત્રો ધારણ કર્યા બળવંત પ્રભુ સુંદર ચોકી ઉપર બેઠા લોકોના મનને રાજી કરવા સુંદર થાળને પ્રેમથી જમતા હતા. લોકોના ભવને ભાંગનારા અંતર્યામી પ્રભુ સૌ સંતો ભકતોને પીરસીને જમાડતા હતા ત્યારે મોતિયા લાડુ બહુ જ પીરસીને સૌ સંતોને આગ્રહ કરીને જમાડતા હતા મહાપ્રભુનું ચંદ્ર સમાન મનોહર મુખ બહુ જ સુંદર શોભતું હતું. જગવંદ્ય મહારાજે સર્વ સંત મંડળને પ્રેમથી પીરસીને જમડાયા પછી મહાપ્રભુ સુંદર આસન ઉપર બેઠા ને સુખ દેતા હતા.

ઘનશ્યામ પ્રભુની સન્મુખ સભા ભરાણી ત્યારે પ્રભુના એકાંતિક ભકત જનો આવ્યા ગંગારામ મલ્લ તથા વાલેજી આદિક મહાબળવાળા આવ્યા હતા. તેઓ પરબ્રહ્મ પુરુષોત્તમપ્રભુનો પૂર્ણ પ્રતાપને જાણતા હતા પ્રભુને ડંડવત પ્રણામ કરીને પાસે આવીને ખેલ કરવા માટે આજ્ઞા માંગી શ્રીહરિએ હેત કરીને આજ્ઞા કરી. ત્યારે તે મલ્લના ચિત્તમાં ચેતના જાગૃત થઈ ગઈ. તરત જ કચ્છ બાંધીને રમવા માટે આવ્યા. સભામાં બહુ જ મહાજોર બતાવતા હતા પ્રભુ પાસે જઈને પ્રણામ કર્યા. પછી બન્ને જોદ્ધાઓ કુસ્તી કરવા લાગ્યા જોદ્ધાઓ દ્વન્દ યુદ્ધ કરતાં હતા આમ તેમ બધી બાજુ પોતાને જીતવા ભમતા હતા, લડતાં લડતાં જમીન ઉપર પડે ઉભા થાય, હાથો હાથ બાંધીને બાથમ બાથ લડતા હતા. અતિ બળ કરતા હતા. બન્ને જણાં એક બીજાને હાથ પકડીને કલકલાટ કરતા હતા. ગર્વિષ્ટ થઈને ગાજતા હતા, બળ કરીને જમીન ઉપર પાડતાં હતા. હાથ પકડીને કેડ ઉપર પગ દબાવીને કેડને દબાવતા તેનાથી કડકડાટી બોલતી મોટા શબ્દ કરીને લડતા માથે પડતા હતા. મદોન્મત્ત હાથીની સમાન બન્નેમાં સામસામે ભિડાય તેમ બન્ને મલ્લો ભિડાતા હતા એકબીજા પોતાને મહાન માનતા. આ રીતે ઘણીવાર સુધી મલ્લ-યુદ્ધ કુસ્તી કરતા હતા જાણે મહાયોદ્ધા શોભે તેમ તે બન્ને અતિ ક્રોધાયમાન થઈને લડતાં હતા. ત્યારે શ્રી હરિ હસતા થકા કહેતા હતા હવે લડવાનું બંધ કરો તમે અમારા મનને આનંદ આપેલો છે. તેથી જે માગ્યું હોય તે તમો માંગો, તમારા મનમાં જે કંઈ રુચિ હોય તે માંગો, તેમ અમો વખાણ કરીને તરત જ દેશું. ત્યારે તે મલ્લો ઘનશ્યામ પ્રભુના કૃપાના રસભર્યા વચનો સાંભળીને હસીને રાજી થઈને પછી કહેતા હતા. હે પ્રભુ અમને તમારા સ્વરુપની દૃઢ ભક્તિ દો, શુક સશનકાદિક, શેષ આદિક સૌ ઈચ્છે છે તેને પણ ન પ્રાપ્ત થાય તેવી મોક્ષ આપનાર ભક્તિ અને આપનું પરમધામ તે અમને આપના દાસ જાણીને દેવા કૃપા કરો. આવી રીતે ભકતની વાત સાંભળીને ઘનશ્યામ પ્રભુ કહે હે સુજાન ! તમને લગારે માયાનું લેશમાત્ર બંધન નથી માટે તમને અતિ દુર્લભ તે વરદાન આપીએ છીએ આમ દેવના ઈશ ઘનશ્યામ પ્રભુએ ભકતને વરદાન દીધાં. શ્રી ઘનશ્યામ પ્રભુએ ગંગારામ મલ્લને ભાવ પ્રેમથી સરપાવ આપ્યો. આવી રીતે કરુણાના સાગરે ભકતજનનું કામ કર્યું. આવી રીતે મહારાજે દરબારમાં ખેલ કરીને **બોટાદ** ગામને બહુ જ આનંદ કરાવ્યો. હે રાજન ! પછી પ્રભુએ સંતોને જમણ માટે મોતિયા લાડું રાજી થઈને આપ્યા.

પછી મહારાજ સંતોની સાથે **બોટાદથી** ચાલ્યા અને **ગઢપુર** ધામે આનંદ મૂર્તિ પધાર્યા. સર્વ દેવના દેવ **ગઢપુર** ધામમાં **દરબાર ગઢ**માં પોતાના ભકતજનોને મહાસુખ આપતા હતા. નરનાથ મહાપ્રભુ પોતાના ઉંચા આસન પર વિરાજમાન થઈને દર્શન દેતા હતા પછી સંતો ભકતજનો સૌ બેઠા. શ્રી હરિ જ્ઞાનની વાર્તા કરતા હતા. સૌ ભકતજનો પોતાના મનમાં જગતને સાવ જુઠું જ જાણતા હતા. આવી રીતે પ્રભુ કળિના કામને નિર્મૂળ કરી સત્યયુગનું વાતાવરણ કરતાં હતા. હવે પોતે જ મહાપ્રભુ પોતાના ભકતજનોના કલ્યાણ કામ

કરવા પધાર્યા છે એ જ ભગવાનનો અતિ દુર્લભ અમાપ પ્રતાપ છે. એમ જાણો આ પ્રભુ પોતે સર્વ દેવના દેવ, સર્વ કારણના કારણ, આ ઘનશ્યામ પ્રભુ જ છે. એજ પોતે બહુ જ રાજી થઈને ગઢપુર ધામમાં વિરાજમાન છે. આવી રીતે મહારાજ જુદી જુદી વાતો કરતા હતા. ત્યારે રસદાર રસોઈનો થાળ તૈયાર થયો તેને શ્રી હરિ જમવા પધાર્યા અને હરિભક્તો જોતા જ રહયા. આમ મહાપ્રભુ પોતાનો મહાપ્રતાપ બતાવીને પ્રેમીભકતોને રાજી કરતા હતા. જગતના લોકના ત્રાસને હરતા મહાપ્રભુ જમીને તૃપ્ત થયા. સહુ જગતના પ્રભુ જનોને આનંદ કરતાં હતા. કરુણાનિધાને પંક્તિ કરીને સંતોને પીરસીને જગતના પ્રાણ બહુ જ જમાડતા રાજી કરતાં હતા. મહાપ્રભુ રુમાલથી કેડને કસીને બાંધી કમલનયન પ્રભુ પ્રણત પાલ સંતોને પંકિતમાં પિરસતા હતા. બહુ વાર સુધી ખૂબ જ જમાડયા પછી મહાપ્રભુએ હસ્તકમળને ધોઈને પછી પોતાના પલંગ ઉપર આવીને બેઠા. પછી પ્રિતમ પ્રાણ પ્રભુ પોતાના આસન ઉપર નાથ પોઢી ગયા પ્રેમી ભકતજનો પ્રભુના ચરણ ચંપી કરતા હતા પછી મહાપ્રભુ શયન કરતાં હતા. જગતના જીવોને મહાસુખ કરતા હતા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ સુંદર ગામ **બોટાદ**માં સંતોની સાથે ફુલડોલનો ઉત્સવ બહુ જ ધામધુમથી કર્યો. પછી મહાપ્રભુ શ્રી ઘનશ્યામ પ્રભુ **ગઢપુર** ધામે પધાર્યા, સર્વના સ્વામીએ સૌ સંતોને ખૂબ જ પીરસીને જમાડયા. આમ અડતાલીસમો અભિધાન રુપે શ્રી હરિલીલાસિંધુની લહરિના રુપે આ તરંગ પૂર્ણ થયા.

**આવી રીતે શ્રી હરિલીલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં બોટાદમાં ફૂલડોળનો ઉત્સવ કર્યો અને બોટાદથી ગઢપુર પધાર્યા તે લીલાનું વર્ણન કર્યું એ નામનો આ અડતાલીસમો તરંગ પૂર્ણ થયો ॥ ૪૮ ॥**

# તરંગ-૪૯

આનંદસિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પાર્વતીજી શિવજીની સાથે કાયાનું કલ્યાણ કરનારા મહાપ્રભુના ગુણને ગાયા જ કરે છે. પરંતુ સંસારમાં શિયાળ જેવા લોકો કલ્યાણ કરનારા ઘનશ્યામ પ્રભુનાં ગુણને નથી ગાતાં તે દુઃખ ભોગવે છે. હરડે જેવા જેમના ગુણ છે જે ભવ રોગને જન્મ મરણના રોગોને ટાળનારા પ્રભુના ગુણ ચરિત્રને વિસ્તારીને હે અવધપ્રસાદજી મહારાજ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે હે આનંદસિંહ રાજન ! તમે બહુ સુંદર પૂછ્યું છે તે બધુંય કહું છું તો તમે ધ્યાન દઈને ગઢપુરની લીલાને સાંભળો. મહારાજ સાંજે પોઢી ગયા પછી સવારમાં વહેલા જાગૃત થયા સુંદર રીતે શૌચાદિક ક્રીયાઓ કરીને સ્નાનવિધિ કરતા હતા ત્યારે પ્રભુ સુંદર ચોકી ઉપર બેસીને તૈયાર થયા. સાધારણ ગરમ થયેલા જળને લઈને સુંદર ત્રાબાંના પાત્રમાં જળ ભરીને હસ્તકમળથી પકડીને ધર્મને ધારનારા પ્રભુ ધીરે રહીને સ્નાન કરતા હતા. તેને સંતો દર્શન કરતા હતા. મુકુંદ વર્ણિ જાણકાર સેવક શ્રીહરિ નાથના શરીરે ચોળીને નવરાવતા હતા. અત્તર તેલને ચોળીને શરીરે મર્દન કરીને ગરમ જળથી ઘનશ્યામપ્રભુને સ્નાન કરાવતા હતા. હે રાજન્ ! હાથમાં કળશ લઈને તે પાણીનો ભરી ભરીને નાથના મસ્તક ઉપર રેડતા હતા.

જેવી રીતે મદોન્મત હાથી સૂંઢથી પાણી શરીર ઉપર નાખે તેમ પ્રભુ કળશ ભરીને જળ નાખતા હતા સ્નાન કરતા હતા. આવી રીતે સુજાણ શ્રી ઘનશ્યામ પ્રભુ ઉભા થઈને પોતાના બંને સાંથળો પર જળ નાંખતા હતા, વચમાં સાંથળોની વચમાં દબાવીને શ્રીહરિ વસ્ત્ર નીચોવતા હતા. મહાપ્રભુ સફેદ વસ્ત્રોને ધારણ કરીને મસ્તક ઉપર પાઘને જમણી બાજુ ઝુકેલી રાખીને ધારણ કરતા હતા. પાઘ ઉપર શેખર તોરા સુંદર પ્રકારના ફૂલના ગઝરાઓ બાજુબંધો ફૂલના હારો કંઠમાં ધારીને ધર્મનંદન મહાપ્રભુ દર્શન આપીને ભકતજનોને ભવપાર કરતા હતા. આવી રીતે સુંદર શોભાને ધારણ કરીને ઘનશ્યામ પ્રભુ સભાની વચમાં સુખકંદ મહાપ્રભુ સંતોની વચમાં સુંદર રીતે શોભતા હતા તેને ચકોર પક્ષીની માફક મુખચંદ્રને જોતા હતા. સૌ સંતો મહારાજની સન્મુખ બેઠા ધામના ધામી શ્રી ઘનશ્યામ પ્રભુની છબી ઉરમાં ધારીને બેઠા હતા. પ્રભુ હેત સહિત સૌના ચિત્તને ખેંચતા હતા. અતિશય પ્રેમથી સૌને દર્શન સુખ આપતા હતા.

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુને સંતગણ ! પાસેથી જ અતિ હેતથી નિરખીને જોતા હતા. ત્યારે પ્રભુ મુખેથી મધુર વચનો કહેતા હતા હે સંતગણ તમે મારી કહેલી વાતને સાંભળીને ચિત્તમાં ધારી લો વિચાર કરીને **(ટિલગાંઉ) વડથલ** ગામે તમે જાવ અમારી આજ્ઞા છે. અમે પછીથી અનુકૂળતા એ જરૂર આવીશું, આમ વચનો કહીને ઘનશ્યામ પ્રભુ સમર્થ સંતોને મોકલતા હતા. પછી ઘણા દિવસો થયા પછી શ્રી ઘનશ્યામ પ્રભુ પોતે તૈયાર થઈને સુંદર રથમાં બેસીને પ્રીતથી પુરની બહાર આવ્યા. સૌ જનોની સાથે મહાપ્રભુ ચિત્તને ચોરતા થકા ચાલતા થયા પ્રભુ ચાલતા થકા સુંદર વાડી જોઈને તે વાડીની સમીપમાં પધાર્યા. ત્યા રથની નીચે પૃથ્વી ઉપર ધર્મનંદન મહાપ્રભુ ધીરે રહીને પગલાં પાડતાં હતા. પછી મહાપ્રભુ સેવક પાસે ભકતજનો ઉપર પત્ર લખાવતા હતા અમારા સર્વ હરિજનોને જણાવવાનું કે અમારા સંતને અમારી જેમ જ ભાવ પ્રેમથી સુંદર રીતે પુજજો અતિ આનંદ ઉલ્લાસથી પૂજા કરજો, મુકતાનંદજી નામના શુદ્ધ મનવાળા પવિત્ર મૂર્તિને અમારું જ રુપ જાણીને એ સ્વામીનું પૂજન કરજો ભેટ ધરજો. અમારા સંતોની સેવા કરશો, તેની સાથે અમારી સેવા થઈ જશે એ જ રીતે શાસ્ત્ર પુરાણોના ગ્રંથોમાં વાતો વર્ણવેલી છે જે ગ્રંથોમાં સંતો મહંતોના મહિમાને ગાયેલા છે. એવા જ સુશીલ સંતનું પૂજન કરવાથી તેમની સાથે ઘનશ્યામ પ્રભુનું પૂજન થઈ જાય છે. સંતને દુઃખાવવાથી મહારાજને મહાદુઃખ થાય છે. આમ એકતા છે. આવી રીતે પ્રસિદ્ધ વાતને જાણીને તેમાં કહ્યા મુજબ સંતને પૂજવા સેવા કરવી પ્રેમથી ભાવથી જુદી જુદી રીતે અનેક રીતે પૂજીને અનેક પ્રકારે લાભો લેવા. આવી રીતે સુંદર આજ્ઞા પત્ર લખાવરાવીને વર્ણિરાજને આપ્યો તે જેરામ બ્રહ્મચારી જાણે ગરુડનો અંશ જ હોય તેવા સમર્થ હતા. એ ભકતજનો પાસે જઈને આપ્યો વાંચીને વિચાર કરીને આજ્ઞા મુજબ મુકતાનંદ મુનિનું પૂજન કરતા હતા. શ્રી હરિનું જ રુપ સમજીને બહુ જ પ્રેમથી પૂજન કરતા હતા થાળ બનાવીને જમાડતા હતા. તથા ચંદન ચર્ચીને પૂજન કરતા હતા. હિંડોળો બાંધીને પ્રેમથી ઝુલાવતા હતા ભક્તિભાવથી વંદન દર્શન કરતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુએ પત્ર લખાવીને સેવા ભાવના માટે મોકલાવ્યો પછી મહારાજ **ગઢપુર** પાછા પધાર્યા ધર્મને ધારનારા ધર્મ ધુરંધર પ્રભુ પોતાના આશ્રિત ભકતોને મહાસુખ દેતા હતા. હે રાજન ! **દુર્ગપુર**માં જ પ્રભુનું અતિ

પ્રિય નિવાસ સ્થાન હતું, તેથી મહારાજ અનેક નવાં નવાં ચરિત્રો રાજી થતા થકા ભકતજનોને આનંદ આપવા કરતા હતા. શ્રી હરિ નિત્ય સ્નાન કરવા માટે આનંદ ઉમંગથી ઘેલાનદીમાં સંતો અને સત્સંગીઓ સાથે જતા હતા. દેશો દેશના સત્સંગીઓ મહારાજના દર્શન કરવા આવતા હતા. એમને મહારાજ સુખ આપતા હતા. અંતમાં પરમ દિવ્ય બ્રહ્મમહોલ અક્ષરધામમાં વાસ કરાવતા હતા.

હે રાજન ! આ અગિયારમું રત્ન પ્રમાણસર પૂરું થયું મહાપ્રભુની મનોહર છબી વખાણવા જેવી વર્ણન કરીને કહી તે બધી જ લીલા શ્રી હરિ મહાપ્રભુ જયાં જયાં ગયા તથા રહ્યા, ત્યાંનું જુદુ જુદુ વર્ણન કરીને કહ્યું સર્વના ભયને હરનારા ભગવાન સ્વામિનારાયણના પ્રગટ લીલા ચરિત્રો કહેલાં છે, તેને જે જીવ પ્રેમથી સાંભળે છે તેના બધા જ સંતાપોનો નાશ પામે છે. મહાપાપને હરી લે છે. પવિત્ર કરે છે. જે જન આ ચરિત્રને સાંભળે તથા બીજા બધાને પ્રેમથી સંભળાવે છે તે અકળ સુખને પામે છે તેનું મન અતિ પવિત્ર થઈ જાય છે બધા જ મનના મેલ ધોવાય છે અક્ષર ધામાધિપતિ પ્રસન્ન થાય છે. આ રત્નને સાંભળીને બ્રાહ્મણોને દાન આપે તેના બધા જ મનોરથો પૂર્ણ થાય, સિદ્ધતા પ્રાપ્ત થાય તે વાત સાચી જ કહું છું. પ્રગટ પ્રભુના પ્રતાપની વાતો આ રત્નમાં ઘણા પ્રકારની કહી છે. તેથી મોટો વિસ્તાર થયો છે, હે રાજન ! હવે વધારે સાંભળવાની ઈચ્છા હોય તો પ્રેમથી પૂછજો ઘનશ્યામ પ્રભુના બધા જ ચરિત્રો કહીશ આવી રીતે આનંદસિંહ રાજન અગિયારમાં રત્નની કથા સાંભળીને બહુ જ રાજી થયા ત્યારે ગુરુ અવધપ્રભુજીની બુહજ પ્રશંસા કરતા હતા. હવે આ અગિયારમાં રત્નની સંકલના કરીને કહો. હે ગુરુ આપ આ રત્નનો સાર મને સમજાવીને કહો

હે રાજન્ ! પ્રથમ રત્નમાં અરસપરસ સંવાદ કરીને પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજ **ગઢપુરથી વડતાલ** પુરે પધાર્યા, તે ત્રણ તરંગોમાં વાતો વર્ણન કરેલી છે. **ધર્મપુર**ની વાત કરીછે તે તમને સંભળાવી છે પછી **વડતાલ** પધાર્યા **ગઢપુરે** પધાર્યા તેનું વર્ણન કર્યું, પાચંમાં તરંગમાં પ્રમાણ રુપે **કારિયાણી** પછી **વડતાલ**ની લીલા કરી છે, છઠ્ઠા તરંગમાં વર્ણન કરેલી છે. મહારાજે **વડતાલ** પુરીમાં મુકુટ ધારણ કર્યો તે ધર્મનંદનની વાતો સાતમાં તરંગમાં વાત કહેલી છે, જે સુખકંદ મહાપ્રભુએ સૌ ભકત અભકતની રીતનું વર્ણન કરીને ત્રણ તરંગોમાં વર્ણન કરેલ છે, જે નરકવાસના મહાઘોર દુઃખોનું વર્ણન કરેલ છે બારમાં તરંગમાં સંતના લક્ષણ અલક્ષણ વર્ણવેલ છે. તેરમાં તરંગમાં **જેતલપુર**ની લીલા કહી તે મનોહર લીલા લખીને વર્ણવેલી છે. ચૌદમાં તરંગમાં મહારાજ **ગઢપુરથી વડતાલપુરે** પધાર્યા ત્યાં વેદાંતાચાર્યનું માનભંગ કર્યું તે પંદરમા તરંગમાં કહેલ છે. પચીસથી ત્રીસ તરંગમાં **અમદાવાદ**ની જુદી જુદી સુંદર લીલા શોભા યુકત વર્ણન કરેલ છે. હે રાજન્ ! એકવીસમાં તરંગમાં વહેલાલની વાર્તા કહી સાથે કણભાની પણ કહી છે. બાવીસમાં તરંગમાં વડતાલની સુંદર બધી જ લીલા સાથે કહી છે. ત્રેવીસમાં તરંગમાં **બોચાસણ આણંદ**ની વાતો લખાણી છે. ચોવીસમા તરંગમાં **સૌભીર** દેશની લીલા વર્ણન કરી છે. **દહુકાપુર શિયાણી**ની વિશેષ વાતો લખાણી છે. **ઓળા, આદરજ**ના ચરિત્રની વાતો છવ્વીસમા તરંગમાં કહી છે. સત્યાવીસ અને અઠયાવીસમાં તરંગમાં મુકતાનંદ સ્વામી **વડોદરાથી સભા જીતીને આવ્યા** તેની બધી જ વાતો વર્ણન કરીને કહી છે.

**માણસાપુર**, **ઉનાવા**ના ચરિત્રો ઓગણત્રીસમાં તરંગમાં લખાયેલા છે અને ત્રીસમા તરંગમાં **વિહાર**ની વાર્તા પ્રસિદ્ધ છે. એકત્રીસમાં તરંગમાં **ગેરીતા** ગામના ચરિત્રો વર્ણવેલાં છે. હે રાજન ! બત્રીસમાં તરંગમાં **વડનગર**ની વાર્તા પ્રખ્યાત લખેલ છે પાંચ તરંગમાં **ઈડર**ના રાજા ગંભિરસિંહની વર્ણન કરીને કહેલી છે. આડત્રીસમાં તરંગમાં **વિસનગર**ની વાતો ચરિત્રો કહેલાં છે. ઓગણચાલીસમાં તરંગમાં **કડા** ગામની વાર્તા ગાયેલી છે. ચાલીમાં તરંગમાં **વસાઈ** ગામની. હે આનંદ રાજન ! તમે સુંદર જુદી જુદી લીલાઓ કહ્યું છે તેને તમે સાંભળી છે. **ડાંગરવા, વડુ, ઓળા** આદિના ચરિત્રોનું વર્ણન એકતાલીસમા તરંગમાં કહી છે અને **એકાદશીના મહિમા**ની વાતો બેતાલીસથી ચુમાલીસમાં તરંગ સુધી વર્ણવેલ છે. પિસ્તાલીસમાં તરંગમાં **જેતલપુર**ની સુંદર શોભાનું વર્ણન કરેલ છે. છેતાલીસમાં તરંગમાં **ધોળકાપુર**ની તથા **જવારજ** આદિ ગામોની લીલા અમે કહેલી છે એમ જાણો. સુડતાલીસમાં તરંગમાં **ગઢપુર**ની લીલા બધી જ કહી છે. તથા અડતાલીસમાં તરંગમાં **બોટાદ**ના ફુલડોળ ઉત્સવની કથા વર્ણવેલ છે. અંતનો એક તરંગ ઘનશ્યામ પ્રભુ નવિન રીતે રહેતા હતા તે **ઓગણપચાસમા તરંગમાં આ બધા રત્નનું તરંગનું વર્ણન કરીને કહેલા છે જે સાંભળે કે કોઈને સંભાળવે તો તે ભકત પ્રભુના ધામમાં વાસ થાય છે** હેતપૂર્વક કથા કહે તેને કાળ કર્મ કોઈ પીડા ન કરે ભજન કરનાર જન હેતથી ભવસાગરને તરે છે. હે રાજન ! અમે અગિયારમાં રત્નની વાર્તા બધી જ વર્ણન કરીને કહી દીધી. આ બધી જ ભગવાનની લીલા ચરિત્રોની વાર્તા **ગોપાળાનંદ સ્વામીએ ગુણાતિતાનંદ સ્વામીને** સુંદર રીતે સંભળાવેલ હતી તે જ તમને તે રીતે વિગત પ્રમાણે મેં વર્ણન કરીને વિસ્તાર કરીને પ્રભુના ગુણને હેત સહિત મેં તમને કહ્યા છે તે ચરિત્રોને ગાતા વર્ણન કરતાં શેષ અને શારદા પણ થાકે છે.

માતા-પિતા પુત્ર ભાઈ તે તો જગતમાં હિતકારી કહેવાય છે પણ પરમાર્થના માર્ગમાં યોગ્ય નથી થતાં બધા જ સંસારમાં સ્વાર્થી છે અને આપ તો અભય વરદાન દેનારા છો. આનંદ દેનારા ધ્યાતા દાતા છો કળિકાળમાં લોકોના કલ્યાણ કરવા પૃથ્વી ઉપર પ્રગટ થઈને પરમ કૃપા કરી છે હવે કૃપા કરીને સુંદર બારમું રત્ન પ્રયત્ન કરીને કહો. અવધપ્રસાદજીને ઈશ્વર રુપ જોઈને મસ્તક નમાવી વંદન કરીને આપનો ભકત જાણીને આનંદ આપો છો. અખિલ ઈશ્વરોના ઈશ્વર આદિ પુરુષ આપ જ છો, આપના ગુણોને શેષજી સતત ગાયા જ કરે છે. કોઈ પારને પામતા જ નથી, ધ્યાનિ જનો આપના સ્વરુપને ઉરમાં ધારે છે, **શંકર, શારદા, જનક, સનક સનકાદિક, સનાતન, સનત કુમારો, સજ્જનો** આપને મહાન જાણીને જોગી જતિ જનો કહેવાય છે તેઓ રાત દિવસ નાથના ગુણને ગાયા જ કરે છે. હજારો વર્ષ સુધી ગાયા જ કરે તોય કોઈ રીતે પાર તો ન જ પામે. પ્રગટ પ્રભુના પ્રતાપથી કોઈક લીલા કહેવાય તેને જે જન જાણે કે અજાણે સાંભળે ભણે કે કોઈને ભણાવે પ્રેમથી સમજાવે આ અગિયારમું રત્ન તે બહુ જ સારું છે. તેને પ્રેમથી સાંભળનાર પરમપદ મોક્ષને પામે છે અક્ષરધામમાં જાય છે.

અવધપ્રસાદજી મહારાજના પુત્ર કેશવપ્રસાદજી પિતાની આજ્ઞા અનુશાસનને શિશ ઉપર ધરીને આ

રત્નનો સંવાદ લખવા મને આજ્ઞા કરી અને **ગોપાળાનંદ** વર્ણિએ પણ વિશેષ રીતે રમણીય રત્નને પૂર્ણ કરવા આજ્ઞા કરી બંને વચનોને શિર ઉપર ધારીને અગિયારમું રત્ન પૂર્ણ કરવા કવિ (મને) **અવિનાશાનંદ**ને આજ્ઞા કહેલ અમૃતમય બોધપાથ આનારાના ચરિત્રનો પાર તો ન જ આવે એવા પ્રભુની ઉરમાં ધારણા કરીને ધ્યાની જનો ધ્યાન ધરીને સુખ પામે છે એવા સુખનિધી સહજાનંદ સ્વામી સુખકંદ સર્વના જન્મ મરણના ફંદને હરીને પાપના સમુહને બાળનારા મારા અંતઃકરણમાં વાસ કરીને ભવ ત્રાસને હરો મને આપનો દાસ જાણીને મારી ઉપર કૃપા કરો. આમ કવિ અવિનાશાનંદ કહે છે હે હરિ ! અધિક ઉલ્લાસ અને આનંદદાયી સુખી કરો. ઘનશ્યામ પ્રભુ અમૃત રસયુકત કરોડો કામદેવને મોહ પમાડે એવી મહા અદ્‌ભૂત કાંતિવાળા જેમના નામનો જપ કરવાથી બ્રહ્મા, વિષ્ણુ, શિવ પાર્વતી જપ કર્યા કરે છે. એવા પ્રભુ કામને ધરીને ભકતજનોના કામ કરનારા સમર્થ પ્રભુ છે. કવિના ગર્વને તોડીને ભકતજન સંતોને સદાય આનંદ અપનારા મનોહર સુંદર નેત્ર કમળથી દુઃખોને હરીને કૃપા દૃષ્ટિ કરીને મુનિના મનને અતિ આનંદ આપનારા ભકતજનોને સુખ કરનારા પોતે જ છે. હે પ્રભુ ! અવિનાશના ત્રાસને હરી દાસને જોઈને ઉરમાં વાસ કરીને વનકમલની સમાન મહા વાસ કરનારા ભમરા જેવા ભકતના મનને વશ કરનારા ભકતના ભવદુઃખને હરનારા પ્રભુ આપ સમર્થ મુનિ છો

શ્રી હરિ લોકોની ભ્રાંતિને હરીને સુખ કરીને મોક્ષ કરનારા ધર્મનંદન પ્રભુ ધર્મદેવના ઘેર જન્મ લઈને લોકોને ભવસાગર તારતા હતા. અશરણને શરણે લઈને મહાસુખ કરતા હતાં. ભકત જનોને સુખ આપવા એમના જગતની જંજાળનો નાશ કરતા હતા. કવિના ઉરમાં આનંદ કરતા હતા. અવતારના અવતારી શ્રી મહારાજ પૃથ્વી ઉપર અવતાર ધરીને સુંદર નામ વાળા સહજાનંદ સ્વામી અમારા મનના મેલને હરિ લેજો. આ અગિયારમું સુંદર રત્ન આપની કૃપાથી અવિનાશાનંદ કવિ કહે છે. હે પ્રભુ આપ અમને સદાય સહાય કરજો. ક્ષીર સાગરમાં શેષ શૈયામાં શયન કરતા પ્રભુ ઘનશ્યામ તે મારા (અવિનાશાનંદના) ઉરમાં વાસ કરીને પરમધામ કરો, સુખના ધામી પ્રભુ. દિવો છે તે ઘરમાં બળે છે તે અંધકારને હરે છે તેમ મારા ઉરમાં જ્ઞાન ભરીને અજ્ઞાનને હરી લો, જેમ આપના ગુણ ચરિત્રને લખીને તૈયાર કરું. હે પ્રભુ ! હું આપના ચરણ કમળમાં વારંવાર વંદન કરું. હે ધર્મનંદન જગતવંદ્ય પ્રભુ ! આપના પ્રતાપથી અવિનાશાનંદ કવિએ **સંવત ઓગણીસમો બત્રીસની સાલના વર્ષમાં જેઠ માસની વદ એકાદશીએ આ ગ્રંથ પૂરો કર્યો.** અવધપુરને દેવ ગ્રહે આરત પૂર્ણ થયું છે. **અવિનાશાનંદ કવિએ ભગવાનની કૃપાથી પૂર્ણ કર્યો છે.** દેવના જેવા ઉદાર દિલના ભગવાનના ભકતો એમના ઘેર એક માસ સુધી રહીને અવિનાશાનંદ કવિ કાવ્ય કરતા હતા. જેમનું **શિવરામ** એવું નામ હરિભકત **હરિબાઈ** આ બંને ભગવાનના ભકત હતા. આખું જગત જાણે છે. કવિ માધવાનંદની સાથે હેત કરીને રાખતા હતા. ઈચ્છિત ભોજનો જમાડતા હતા ભાવપૂર્વક જમાડતા હતા. વર્ણિ માધવાનંદ એ જ અવિનાશાનંદ કવિ **દસેલા** ગામમાં રહીને રત્ન પ્રકાશનને પૂરું કર્યું. ભુદેવના બે પુત્રો છે, એમ જાણશો **જગજીવન** અને **નારાયણ** ભાવ સહિત સેવતા હતા પ્રાણ સમાન માનતા હતા. મંદિરને મેડી છે તે મનને હરે છે. પણ પ્રભુની છબી વર્ણન કરી ન શકાય. શિતલ શાંત સુંગધ વાળું વાયુ સાથે શોભતું હતું. સુખમય મંદીરની શોભા તે મુખથી કહી ન શકાય તેમાં નિવાસ કરીને કવિ વર્ગમાં પ્રસિદ્ધ અગિયારમું રત્ન પૂર્ણ કર્યું.

આવી રીતે શ્રી હરિલિલાસિંધુમાં અગિયારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં શ્રી હરિ ગઢપુરમાં નિવાસ કરીને રહયા, તથા રત્ન સંકલન વર્ણન કર્યું ફલશ્રુતિ નિરુપણ કર્યું એ નામે આ ઓગણપચાસમો તરંગ પૂર્ણ થયો ॥૪૯॥

## ॥ ઈતિ અગિયારમો રત્ન સમાપ્ત ॥



## ॥ અથ બારમો રત્ન પ્રારભ્યતે ॥

# તરંગ-૧

કવિવર કહે છે – યુવાન અરુણસમાન મનોહર સ્વરૂપવાળા લાલકમળની પાંખડી જેવાં સુંદર નયનોયુક્ત વદનકમળ સુખનું ઘર એવા પ્રભુ કામદેવના મદને હરનારા હસ્તકમળમાં કમળપુષ્પને ધારણ કરેલું, મંદ હાસ્યથી કમળવિકળને ખુલ્લો રાખેલા. મહાપ્રભુ, મંદહંસ ગજગતિએ ચાલતા ધર્મના વંશને સુંદર રીતે પોષણ કરનારા ભક્તસમુદાયને આનંદમાં રાખનારા ભક્તજનોના જન્મમરણના ભયને હરનારા કવિવર અવિનાશાનંદના સ્વામી સહજાનંદજી અશરણના શરણ હે ઘનશ્યામ પ્રભુ ! મારા ઉરમાં વાસ કરીને ભક્તજનોની કામનાઓને પુરી કરનારા સુખકારી પ્રભુ અમારાં વિઘ્નોને હરીને પાપોનો નાશ કરીને અશરણવાળાને શરણે રાખનારા દુઃખને હરનારા મને હે પ્રભુ ! નિર્મલ મતિ આપો. મારા મનના ગર્વને તોડીને ગ્રંથનો સુંદરતાથી પ્રારંભ કરીને સંતો હરિભક્તોના મનને આનંદ આપવા હરિલીલાસિંધુ ગ્રંથની ગહનતાથી બારમા રત્નની સામે આપ નજર કરજો. એના માટે આપ મારા ઉરમાં નિવાસ કરીને હૃદયકમળને ખીલાવીને બુદ્ધિ બળ વધારો.

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની જે કોઈ બાકી રહેલી બધી જ લીલા કહો. તે ભગવાનની લીલા સાંભળવાની બહુ જ તરસ લાગેલી છે. તેથી હે અયોધ્યાપ્રસાદજી મહારાજ આપ જ્ઞાનના તો ભંડાર જ છો. તેથી આપ મને આપનો સેવક જાણીને બહુ જ પ્રેમપૂર્વક કહેવા કૃપા કરો. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન ! તમે મારી ઉપર વધારે પ્રેમભાવ કરીને ભગવાનનાં ચરિત્રની વાર્તા પૂછી તે જ વાર્તા શ્રીહરિના ચરિત્રની બધી જ વાર્તા ગિરનારની તળેટીમાં જુનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલ હતી. સર્વગુણવાળા તત્ત્વના જાણનારા યોગમૂર્તિ ગોપાળાનંદ મુનિએ તે મુનિ ગુણાતીત પ્રત્યે જુનાગઢમાં વિસ્તાર કરીને ઉત્તરો કહેલા. તે બધા જ ચરિત્રો તમને બારમા રત્નમાં સુંદર રીતે વર્ણવીને પ્રેમથી તમારી રૂચિ અનુસાર વિસ્તાર કરીને રસ પાન કરાવીશ. એક દિવસ મહારાજ ગઢપુરમાં લક્ષ્મીજીના નિવાસે બિરાજમાન હતા. ભક્તજનોની આશાઓ પુરી કરનારા અવિનાશી પ્રભુ કરુણા કરીને, સંતજનોની મોટી સભાના મધ્યમાં સુંદર મંચ ઉપર મનોહર મુખચંદ્રવાળા શોભતા હતા, ત્યારે સંતોભક્તો હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે પ્રશ્ન પૂછતા હતા.

હે મહાપ્રભુ ! આપ તો અક્ષરધામના પતિ પોતે જ છો. અનંત કળાઓથી ભરપુર અનેક ચરિત્રોને કરનારા છો અમે આપની પાસેથી આપના મહાપ્રતાપને વિશેષ પ્રકારે જોવાની ઈચ્છા રાખીએ છીએ તો બતાવવા કૃપા કરો. ભક્તજનોની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા હતા ત્યારે તરત જ આશ્રિતોને પોતાનો પ્રતાપ બતાવવા મનમાં ઈચ્છા કરતા હતા. મહાપ્રભુએ પોતાના પગના અંગુઠાની અણીને સુંદર રીતે ચતુરતાથી ધરતી ઉપર દબાવી. તેનાથી સહસ્ર ફેણિત શેષજી અકળાયા. ચલાયમાન થયા. પૃથ્વીમાં ચારેબાજુ ખડકો ખળકવા લાગી. બધા ખંડો ડોલવા લાગ્યા. મહાપાટો ભયંકર રીતે હાલકડોલક થયાં. નદીઓ સરોવરો સાગરો દિગ્ગજો બધાં ડોલવા લાગ્યાં. ધરા ઉપરના ગઢો કિલ્લાઓ તથા મોટી મોટી દીવાલો પડી ગઈ. વૃક્ષો

મૂળમાંથી ઉખડી ગયાં. મનુષ્યોનાં કેકનાં કપાળો શિરો ટૂટી ગયાં. ગોળ ભુગોળ બધાં ખળભળી ગયાં ત્યારે મનુષ્યો મુખેથી દિન આર્તવચનો બોલતાં હતાં ત્યારે દેવો અસુરો મુનિજનો મનુષ્યો નાગો ભવ ભવાની આદિક સૌ શ્રીહરિનું ભજન કરતાં હતાં. આખા જગતમાં બધેય હાહાકારનો આર્તનાદ સૌ નરનારીજનો સાથે કરતાં હતાં. જાણે જગતનો પ્રલય થવાનો હોય ને શું ? આમ બધાંય મનુષ્યો મનમાં આ રીતે ધારતાં હતાં. ત્યારે શ્રીહરિ આ બધું દૃશ્ય જોઈને હસતા હતા. પોતાનો મહાપ્રતાપ સારરૂપે બતાવતા હતા. ત્યારે લોકો શોરબકોર કરતાં હતાં. ચારેબાજુ જ્યાં ત્યાં ભાગતાં હતાં.

હે રાજન્ ! આવી રીતે મહાભયંકર વિકૃત ભયંકર વાતાવરણ જોઈને મનુષ્યો પ્રભુની સ્તુતિ કરતાં હતાં. હે પ્રણતપાલ પ્રભુ ! આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! આપ તો કાળના કાળ છો. સર્વના પ્રતિપાળ છો. ભવબ્રહ્માદિક દેવો ભાવપૂર્વક આપનાં ગુણચરિત્રને ગાયા જ કરે છે. આપના નામને સતત મુખે જપ્યા જ કરે છે. આપના એક એક રોમ ઉપર અનંત કોટી બ્રહ્માંડો ઉડે છે. આપ તો ઉત્પત્તિ લયને જગના પ્રતિપાળ છો. આપની કૃપાથી સર્વ કાર્ય કરનારા છો ને થાય છે. આવી રીતે અનંત સામર્થ્યવાળા છો. તોય તેનાથી આપ તો પર જ રહો છો. હે પ્રભુ ! અમે મંદબુદ્ધિ તમારા પ્રતાપને જરાય જાણતાં જ નથી. જોવા ધારીએ છીએ, તોય જોઈ શકાતું જ નથી. તમો અનેક કલ્યાણકારી ગુણોથી યુક્ત છો. આખા જગતમાં જગતના સ્વરૂપે જ દેખાવ છો. હવે બધા જ સામર્થ્યને ગુપ્ત કરીને આપ આપના મૂળ સૌમ્ય રૂપે રહો એ જ ઈચ્છીએ છીએ. આવી રીતે ભક્તજનોના ત્રાસનાં વચનો સાંભળીને શ્રીહરિ ભક્તોને કૃપા વાક્યોથી કહેતા હતા. તમે લોકો સ્વામિનારાયણ ભગવાનનું નામ જપો અને શ્રીહરિનું ભજન કરો. તમે સૌ નરનારીજનો ધુન્ય કરો. આ રીતે વચન સાંભળીને સુજાણ લોકો ધુન્ય કરતાં હતાં. નરનારી નિર્ભય થઈને ભજન કરતાં હતાં. ત્યારે શ્રીહરિની મરજી જાણીને ફણિપતિ શેષજી અસ્થિર હતા તે સ્થિર થયાં. પોતાના સ્થાન ઉપર દૃઢ રહ્યા. વાતાવરણ શાંત થયું. આવી રીતે અમાપ પ્રતાપ બતાવ્યો. તેનાથી નાથે અતિ દુર્લભ વસ્તુ બતાવી. શ્રીહરિ પ્રાણપતિએ પોતાના આશ્રિત ભક્તજનોને પોતાનો સપ્રૌઢ પ્રતાપ સામર્થ્ય પરાક્રમ બતાવ્યું અને હૈયાનો ઉત્સાહ વધાર્યો. આવી રીતે વાસુદેવ ભગવાન સર્વના દિલમાં વાસ કરે છે. આમ કરતાં કરતાં દીવાળી નજીક આવી ગઈ ત્યારે સૌ ભક્તજનોએ દીપમાળા કરી બહુ જ પ્રકાશ ઝળકતો હતો.

હે રાજન્ ! તે પ્રકાશથી જાણે શ્વેતદ્વીપની છબી ન આવી હોય ? તેમ અહીંની શોભા સુંદર લાગતી હતી. તે જ દિવસે આનંદસ્વામીએ મહારાજને પોશાક લાવીને પહેરાવ્યો. કીનખાબનો સુંદર તૈયાર કરેલો અતિ સુંદર પોશાક લોકોના કલ્યાણ કરવા લોકોના ભયને હરનારા ધારતા હતા. વસ્ત્ર આભુષણો સુંદર શોભાવાળાં મહારાજે શરીર ઉપર ધારણ કર્યાં. કાને કુંડળ બાહોમાં બાજુબંધ બહુ જ શોભાવાળાં ધાર્યાં. અત્તર ચંદનને અંગોઅંગમાં ચર્ચિત કર્યાં અને પુષ્પના ગુચ્છો શિર ઉપર ધારણ કર્યા. ફૂલોનાં બાજુબંધ સુંદર રીતે બાંધ્યાં. તેની ઉપર ભમરાઓ નજર બાંધીને ગુંજારવ કરતા હતા. પછી સુંદર આરતી તૈયાર કરીને સુંદર રીતે શ્રીહરિ મહાપ્રભુની આરતી કરીને મુનિના મન બહુ જ રાજી થયાં. આનંદસ્વામીએ મહાપ્રભુને વારંવાર વિનંતી કરી ત્યારે પ્રભુ સુખપૂર્વક પોતાના આસન ઉપર વિરાજમાન થયા. આશ્રિત ભક્તજનોના ભવદુઃખફંદને હરતા હતા. જાણે શરદ પૂનમનો ચંદ્ર ન હોય ? તેમાં દર્શનનું સુખ દેતા હતા. સુખદાતા મહાપ્રભુ પોતાના ભક્તજનોને બહુ જ પ્રકારનાં પ્રશ્નોત્તર કરીને વાતો કરીને સુખ દેતા હતા. આવી રીતે અવતારના અવતારી મહાપ્રભુ સભામાં વિરાજમાન થઈને ભક્તજનોને આનંદ આપી રાજી કરતા હતા. આવી રીતે ઘણા સમય

સુધી વાતો કરી એમાં રાત બહુ જ વીતી ગઈ. એમ જાણીને સૌ ભક્તજનોના દુઃખ હરનારા પ્રભુએ વિદાય આપી. સુંદર નયનવાળા પ્રભુએ પોતાના નિવાસે પધારીને કોમળ શય્યા ઉપર શયન કર્યું. સવારે ભોરવેળાએ મહાપ્રભુ જાગ્રત થયા. ભક્તજનોના સુખ કરનારા શ્રીહરિ શૌચવિધિ કરતા હતા. પછી સ્નાનવિધિ કરીને શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને પ્યારા પ્રભુ સુંદર સિંહાસન ઉપર વિરાજમાન થયા. તે જ દિવસે સૌને સુખ કરનારા પ્રભુએ બહુ જ મોટો સુંદર અન્નકૂટ ઉત્સવ કર્યો. તેમાં જાતજાતનાં ભોજનો બનાવરાવ્યાં અને અનેક જુદાજુદા ભક્તો થાળ ભરી લાવ્યા તે બધા અન્નકૂટમાં ધર્યા.

અન્નકૂટ તૈયાર કરીને અવિનાશી પ્રભુ તેની વચમાં બેઠા અને ભક્તજનોનાં હિત કરવા જીવન સુખકારી મહાપ્રભુ જમતા હતા. બધાય પાકોમાંથી પ્રભુએ પ્રીત કરીને જમતા હતા અને વચ્ચે વચ્ચે જળપાન કરી ફરી પાછા ભક્તના ભાવને જોઈને જમતા હતા. જમીને પછી સૌ સંતોને ઘનશ્યામ પ્રભુએ વારંવાર પંગતમાં ફરીને આગ્રહ કરીને બહુ જ જમાડીને મુનિજનોને રાજી કર્યા. આવી રીતે કમલનયન પ્રભુ મતભેદને તોડનારા સુખ કરતા હતા. આવી રીતે મહાપ્રભુએ સૌ સંતોને અન્નકૂટનો ઉત્સવ કરીને મહાસુખ આપ્યું. પછી શ્રીહરિએ સૌ સંતોને આજ્ઞા કરી કહ્યું. તમે બધાય ગુજરાતમાં ફરવા જાઓ. અમે પછી આવીશું. પછી પ્રભુ હરિભક્તોને ઉપદેશની વાર્તાઓ કરતા હતા. અતિ હેતસહિત સમજણ પાડતા હતા. સંતો સૌ મહાપ્રભુનાં ચરણકમળને મસ્તક નમાવી સ્પર્શ કરીને ગુજરાતમાં ગયા પછી પાછળથી કોઈક ગેબી અસુર કપટી આવ્યો. હે રાજન ! તે કપટી અસુરના રૂપ લક્ષણ બધું કહું છું તેને ધ્યાનથી સાંભળો. તે કપટનાં લક્ષણને 'મધુ મંગલ નામનો' છેદ કરીને કહું છું.

પ્રારંભના પવિત્ર રત્નમાં પરંપરામાં સંવાદ કરીને બહુ જ મંગળમય મોદ કરનારા સર્વોપરી ઘનશ્યામ પ્રભુનો જ સંવાદ કરેલો છે. ગઢપુર શહેરમાં અન્નકૂટનો મહાઉત્સવ કર્યો. બહુ જ પ્રગટ પ્રતાપ બતાવીને મહાનતા બતાવી આવી રીતે આ પહેલું પવિત્ર અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે પ્રથમ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં અન્નકૂટ ઉત્સવ કર્યો તેનું અને ગેબી અસુર આવ્યો તેનું વર્ણન કર્યું એ નામે આ પ્રથમ તરંગ થયો. ॥૧॥**

# તરંગ-૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કરુણાનાં કંદ શ્રીહરિ એ તે ગેબી અસુરના મદને કેવી રીતે તોડ્યો તે બધી જ ધર્મનંદન મહાપ્રભુની ભવબંધનને તોડનારી લીલા મને કહો.

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારા ચિત્તને ચોરનારાં ચરિત્રો કહું છું. તેને તમે ચિત્ત દઈને સાંભળો. જ્યારે તે ગેબી અસુર ગઢપુર પાસે આવ્યો ત્યારે કૌભાંડીઓ કુસંગીઓ સૌ સત્સંગના દ્વેષીઓ હતા તે હરખ પામીને તે ગેબીના પડખે જઈને સામે મળ્યા. પ્રગટ પ્રભુના પૂર્વના દ્વેષીઓ અસુરોના નેતા અવિનાશી પ્રભુનો દ્વેષી ગઢપુરધામમાં જ્યાં જગતના સ્વામી મહાપ્રભુ વિરાજતા હતા ત્યાં આવ્યો. કળિયુગ સમાન કાળા વાળવાળો, વિખરાયેલા વેશવાળો, મહાકપટવાળો, મંદમતિવાળો, ઓછી

બુદ્ધિવાળો. કોઈ વાતને ન સમજનારો ઉપરથી સારો દેખાવ કરતો, અતિપાપી મદિરાપાન કરનારો, પશુનાં માંસને ખાનારો દુષ્ટ. બહુ જ ફેલફતુર કરનારો ધર્મનું ખંડન કરનારો ખળ લાલચોળ નેત્રોવાળો બાળક જેમ કડવું કઠોર વચનો બોલનારો એવો. તે સાથે નકટી નફટનારને લાવેલો પોતાના જેવાં જ બીજા જનોને જાણનારો, બહુને જોનારો, તંજંગ કરનારો નિર્ભય થઈને ઉમંગથી આવ્યો હતો. મુખેથી જુઠું બોલનારો ખરાબ વાણી બકતો કજાત એવો, તે પોતાને સાચો માનનારો જાણ્યા જોયા વગર જ આવેલો, તે બહુ જ જાતના ફેલને કરનારો તે અતિશય છકેલો હતો. મુખેથી ખોટી લવરી કર્યા કરતો હતો. પાર વગરનું બકતો હતો કે જ્યાં આગળ સ્વામિનારાયણ જાય ત્યાં તેની સાથે જ જરૂર જઈશ. સ્વામી પાતાળમાં જશે તો હું પણ ઉતાવળો ત્યાં જ જાઈશ. જો જળમાં જશે તો જળમાં જઈશ અથવા આકાશમાં જશે તો આકાશમાં જઈશ. એની સાથેને સાથે ઉમંગથી જઈશ જ. એ સ્વામિનારાયણને આજે તો કોઈ કામકાજ ન કરે તેવા જ કરું. એમની સિદ્ધાઈ બધી છીનવીને લઈ જઈશ. આજ એમને કોઈ રીતે ન ઉગરવા દઉં. સ્વામી મહારાજ ગમે તેમ કરે તોય ચિત્તમાં ચિતવિને પરચો દેવો છે. જોઉં કેવા પ્રવિણા છે તેની ખબર લઉં. જો મને પરચો દે તે જોઈને તેની વધારે ખબર લઈ લઉં. પોતે તો ઘેલાના સાંમા કાંઠે મભાર બતાવ્યા કરે છે. જો સ્વામિનારાયણ આ કાંઠે આવે તો જીવતા ન જવા દઉં. એનો સંગ જ ન છોડું. સાથે સાથે જ જાઉં. એનું માન ભંગ જ કરું. અપમાન તો કરું જ. આમ તે ગમાર અને લબાડ મુખથી અપાર બકવાદ કરતો હતો. સહસ્રધારે સૌ પુરુષ નરનારી હજારોની સંખ્યામાં જતાં આવતાં હતાં. તેઓની આગળ પોકાર કરીને તે અસુર કહેતા હતો. મહાભયને પામતો ગભરાતો હતો.

આવી રીતે અતિશય હોકારા કરતાં ગેબીની સાથે નરનારીજનો ખાલી બળખા કરતાં લવારા કરતાં કરતાં બધાં જ મોટા પાયે ખૂબ બકવાદ કરતાં જ્યાં ત્યાંનું વાતાવરણ લઈને બકવાદ કરી વિકરાળ વાતાવરણ કરતાં હતાં. સૌ નરનારી કહે સવારમાં ચાલીને રણસંગ્રામ કરીને લડાઈ કરીશું. બધાં તલવાર કૃપાણ ઢાલ બાંધીને સૌ જઈશું અને લડાઈ કરીશું. પાછાં પગલાં નહિ ભરીએ. સ્વામિનારાયણને પકડીને નજીક લાવીશું. એમની વાતોને જોઈશું. તેમની પાસે આવી રીતે વાતો કરતાં હતાં અને તે ગેબી અસુર આવી રીતે ફંદ કરતો હતો. ક્યાં કલ્પાંતરુનું વૃક્ષ અને કમળ અને ક્યાં વૃક્ષમાં આકડો અને ધતુરો ક્યાં. પક્ષીઓનો રાજા ગરુડ ક્યાં અને પક્ષીમાં કાગડો કેવો કહેવાય. ક્યાં જળનો ખજાનો સાગર અને ક્યાં ખાબોચિયું કેવું કહેવાય. આવી જ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની પાસે ક્યાં અસુર ગેબી ક્યાં પ્રભુનો પ્રતાપ ઈશના ઈશ અનંતમૂર્તિ ઘનશ્યામ પ્રભુએ પોતાનું સામર્થ્ય જણાવીને ભક્તના ભયને હરનારા ભગવાન મહાપ્રભુ જ્યારે રાતની એક ઘડી વીતી ત્યારે સુખદાયક મહાપ્રભુએ મોટું લશ્કરનું દશ્ય જણાવ્યું અને મારો મારો ધરો ઘરો આવી રીતનાં શબ્દો સંભળાવ્યાં. પૃથ્વી અને આકાશમાં તેના પડઘા પડતા હતા. ત્યારે જાણે બધાંયનો કાળ આવ્યો છે એમ ભયભીત થતા થકાં સૌ ભાગવા લાગ્યાં. ફજેત થઈને બેહાલ થઈ ગયો. આ રીતે ગેબી અસુર ભાગી ગયો. એને સાંભળીને સજ્જન લોકો કહેતાં હતાં કે સૂર્યની આગળ અંધારું કેટલો સમય ટકે. આ પરબ્રહ્મ પુરુષોત્તમ નાથ પોતે તો અતિશય સમર્થ કહેવાય. એમની આગળ તો કોઈ ટકી જ ન શકે. તે તો જ્યારે નજરે જુવે ત્યારે જ સાચી ખબર પડે. તે કૌભાંડી કળિરૂપ મહાકુટિલ એવા તે અસુરો તો અનેક આવતા જતા હતા. તે તો પોતાના જ પાપના લીધે બધા જ આસુરી વૃત્તિવાળા લોકો જરૂર નાશ પામે છે. શ્રી સહજાનંદ પ્રભુએ મનોહરમૂર્તિએ તે મૂર્ખ મંદમતિ અસુરના ગર્વને તોડી નાંખી પરાસ્ત કરીને સંતો ભક્તજનોની સાથે પોતાના આશ્રિતજનોનાં કલ્યાણ કરવા માટે જવા તૈયાર થયા.

શ્રીહરિ ગઢપુરથી ચાલીને **સુંદરિયાણા** ગામે પધાર્યા ત્યારે ગામવાસીજનો પ્રભુજી સામે લેવા આવ્યા. સૌ સ્ત્રીપુરુષો મહાપ્રભુને ભાવસહિત ગામમાં લાવતાં હતાં. ભક્તજનોએ ઘનશ્યામ પ્રભુનાં દર્શન કર્યાં. પોતાના જન્મને ધન્ય માનતાં હતાં. પ્રભુનું ધ્યાન ધરતાં હતાં. ભક્તજનોએ પ્રીતિ કરીને પ્રભુના ગુણને ગાતાં થકાં ગામ તરફ લાવતાં હતાં. ઉરમાં આનંદ પામતાં થકાં પ્રભુને પુરમાં લાવ્યાં. તે સૌ પુણ્યશાળીજનો અતિ રાજી થઈને જુદીજુદી રીતે પૂજન કરતાં હતાં. સૌ ભક્તજનો ખૂબ જ પ્રીત કરીને મહાપ્રભુની સાથે સૌ સંતોને તથા ભક્તોને પ્રેમથી જમાડતાં હતાં. આવી રીતે ભક્તોને સુખ દઈને ભક્તજનોને રાજી કરીને સુખના ધામી પ્રભુ **કૌકે ગામે** પધાર્યા. પ્રભુ પધાર્યા જાણીને સૌ ભક્તજનો સાજ સજીને પ્રભુ સન્મુખ આવતાં હતાં. પ્રભુને દંડવત્ પ્રણામ કરીને પવિત્ર ભક્તો પ્રભુને પોતાના ગામમાં સ્નેહ સાથે લાવ્યાં. સ્વચ્છ મકાનમાં સુંદર રીતે ઉતારા કરાવ્યા. ભોજન તૈયાર કરીને ભાવસહિત જમાડ્યા. સંતપાર્ષદોની સાથે મહારાજ જમીને પછી ચતુરવર ત્યાંથી પ્રયાણ કરીને ચપલનયન મહારાજ **ચિત્રાસર** ગામે પધાર્યા. ગામના ભક્તજનો પ્રભુને જોઈને સામે આવતાં હતાં. દર્શન કરી ચરણ સ્પર્શ કરીને પ્રેમભક્તિથી પ્રેમીભક્તોને દર્શન દઈને કમલનયન પ્રભુએ સાબરમતી નદીમાં મનોહર સ્નાન કર્યું. મનોહરમૂર્તિ ત્યાં આગળ તટ ઉપર વિરાજમાન થયા. તે જળમાં સુંદર ભમરીઓ આવતી હતી. તેમાં જળચરો જળની સાથે સુખે રહેતાં હતાં. સુખકારીને જોતાં હતાં. તે બધાંનાં તાપ પાપનું અને સંતાપનું નિવારણ કર્યું. સાબરમતી નદીના કાંઠા ઉપર મોટાં વૃક્ષો શોભે છે. જુદાંજુદાં નદીના તટે તે સર્વે વૃક્ષની પ્રભુ તેની ભવપીડાને હરતા હતા મુક્તિનું સાધન કરતા હતા. કરકટ પક્ષીઓ ચરકલા જળકુકડાં સૌ કલરવ કરતાં હતાં. ભમરાઓ ગુંજારવ કરતા હતાં. તે જાણે ગુણિજનોના ગુણને ગાય છે. તેમ બહુ આનંદમોહ કરે છે. નવીન મેઘસમાન મનોહરમૂર્તિ સાબરમતીની શોભા જોઈને સંતોની સાથે સ્નાન કરતા હતા. સકલ જનોની સાથે સમર્થ પ્રભુ સ્નાન કરી સુખ કરતા હતા. પ્રભુ જળમાં બહુ જ ખેલ કરીને શ્વેત વસ્ત્રો ધારણ કરીને ચપળમૂર્તિ ચિત્તને ચોરનારા પ્રભુ મુનિઓ અને ભક્તજનોની સાથે ચાલતા થયા.

મહાદુષ્ટ ગેબી અસુર જ્યારે આવ્યો ત્યારે ચારેબાજુ હાહાકારનો બખાળો બહુ જ થયો. અસુર દુશ્મનની સાથે વૈર કરાવીને પ્રભુએ પોતાનો મહાપ્રતાપ ઐશ્વર્ય બતાવ્યું. મદને તોડનારા મદમસ્ત મૂર્તિ ઘનશ્યામ પ્રભુ ચાલીને ચિત્રાસર ગામે પધાર્યા. આવી રીતે સુંદર આ બીજું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં ગેબી અસુરનો મદ તોડ્યો. એનું વર્ણન કર્યું એ નામે બીજું તરંગ થયું. ॥૨॥**

## તરંગ-૩

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! શ્રીહરિ મહાપ્રભુ ચળપ નયન **ચિત્રાસરથી** સૌના ચિત્તને ચોરતા થકા ચાલ્યા ગયા. તે લીલા ધર્મનંદન મહાપ્રભુની કહું છું તેને તમે સાંભળો. ભક્તજનોને આનંદ આપતા થકા પ્રભુ **જેતલપુર** ધામે પધાર્યા. પ્રભુના સમાચાર સાંભળીને સૌ નરનારીજનો રાજી થયાં. અનેક વાજાં તથા શરણાઈના નાદને કરતાં થકાં જનસમુદાય જોરપૂર્વક સામા આવતાં પ્રભુના ગુણકીર્તન ગાતાં જતાં

હતાં એમના મનમાં આનંદની ઊર્મિઓ નહોતી માતી. સાથે હાથમાં જાતજાતની ભેટોને અને પુષ્પના હારો લઈને શ્રી ઘનશ્યામ પ્રભુની સામા જતાં હતાં. મનમાં પૂર્ણ કામવાળા થઈને આવ્યાં. પ્રભુના ચરણકમળનો સ્પર્શ કરીને બંને હાથ જોડીને લોકો પ્રભુનો જયજયકાર બોલતાં હતાં. કહેતાં હતાં કે હે કરુણાનિધાન ! આપ ભલે પધાર્યા. આપ અહીં આવીને અમને દર્શનનું દાન આપવા પધાર્યા છો. આવી રીતે સ્તુતિ કરીને પ્રભુના ચરણમાં મસ્તક ધરતાં હતાં. પ્રભુને પુરુષોત્તમ લલિતનાથને પુરમાં લાવતાં હતાં. રાજાધિરાજ મહારાજા માર્ગમાં આવતા હતા. એમની સાથે સૌ સંતો પાર્ષદો સાજ સાથે આવતા હતા. પુરમાં ફરીને પુરને પાવન કરી ભક્તજનોના દિલના ત્રાસ ભયને હરીને દર્શન દઈને સર્વનાં કાર્ય કરી બાથમાં લઈને ભેટીને ભક્તના જહાજરૂપ પ્રભુને મંદિરમાં મુકામ દીધો. ધર્મને ધારનાર સર્વ લોકના સુખધામ હરિ ઉતારે પધાર્યા. ત્યાં તો બે મુનિજનો પ્રભુનાં દર્શન કરવા આવ્યા. ભક્તના જહાજરૂપ હરિ બાથમાં લઈને ભેટ્યા. તે ભક્તજનોના ભેદ હરાવનારા ભૂમાનંદ મુનિ અને બીજા સ્વયંપ્રકાશાનંદ મુનિ બન્ને મુનિઓ આવ્યા. તેઓને ઘનશ્યામ પ્રભુ સત્સંગના સુખદુઃખના બધા જ સમાચાર પૂછતા હતા. પ્રભુ પોતાના આશ્રિત જાણીને પૂર્ણકામ પ્રભુ આવી રીતે સૌને સુખ દેતા હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રને જુવે તેમ જનસમુદાય પ્રભુને નિરખતાં થકાં જોતાં હતાં. મહાપ્રભુ ઘનશ્યામ હરિ સભા કરીને વિરાજમાન હતા. સૌ ભક્તજનો દર્શન કરતાં હતાં. ઘણા દિવસોની વિરહવેદનાને સૌ દર્શન કરીને ટાળતાં હતાં.

એટલામાં રસોઈ તૈયાર થઈ. થાળ તૈયાર કર્યો ત્યારે મહારાજ ઉતાવળે જમવા માટે પધારતા હતા. સર્વ જંજાળને હરતા હતા. **ગંગામાને** ઘેર પધારી સ્નાન કરીને પીળાં વસ્ત્રને ધારણ કરીને સુંદર આસન ઉપર બિરાજ્ય ગંગામાંએ થાળ લાવીને આપ્યો. તેમાં સુંદર રસાળ પાકો અર્પણ કર્યા. તેમાંથી લોકોને સુખ કરવા માટે સ્વાદુ સ્વાદુ પદાર્થ જગતના પતિ પ્રભુ જમતા હતા. શિરોપુરી પકોડી માલપુવા ભાતદાળ વિગેરે ભગવાન જમતા હતા. મહાપ્રભુ થાળ જમીને તૃપ્ત થયેલા જાણીને પ્રભુને મુખવાસ આપતા હતા અને મહારાજ મુખવાસ લેતા હતા. પછી મહારાજ બધા જ સંતોને સુખસાગર અવિનાશી જમાડતા હતા. પીરસીને તૃપ્ત કરતા હતા. કામદેવના મદને હરનારા મહાપ્રભુ ગંગાબાના ઘેર થાળ જમીને સંતોને જમાડીને શ્રીહરિ મહાપ્રભુ જનને યમના દુઃખથી છોડાવનારા તારનહાર મહારાજ. તૈયાર થઈને ત્યાંથી ચાલતા થયા. ઉરમાં અતિ આનંદ લાવીને પ્રભુ તળાવની પાળ ઉપર અક્ષરમહેલમાં જગતના સૂર્ય એવા મહારાજ જગતના અજ્ઞાન અંધકારને હરતા હતા.

હે રાજન્ ! પછી બધા જ સંતો મહાપ્રભુની સામે સભા બનાવીને બેઠા. મહાપ્રભુ પોતે પોતાની સુંદર ગાદી ઉપર વિરાજમાન થયા. દેવપુષ્પોથી શોભતા હતા. શ્રીહરિ મહાપ્રભુ મહેલમાં આસોપાલના વૃક્ષ નીચે પોતાની ઉંચી ગાદી ઉપર શ્રીહરિનાથ તકિયાનું ઓઠિંગણ કરીને સંતોની સામે જ બેઠા. સંતો ઘનશ્યામ પ્રભુ પાસે કીર્તનો ગાતા હતા. તેને સર્વજનો સારરૂપે સાંભળતાં હતાં. હરિભક્તો હારો લાવતા હતા. તે હારો મોગરા ચંપા માલતીના સુંદર લાવતા હતા. તે હારો પ્રાણપતિ પ્રીતમ જાણીને પ્રેમથી ભક્તજનો સૌ પહેરાવતા હતા અને સૌ ભક્તજનો દર્શન ચરણ સ્પર્શ કરીને બેઠા. સંતો ગાવણાંમાં તાન કરીને તાન તોડતા ગાતા હતા. મહારાજ સભામાં સુંદર રીતે શોભતા હતા. ભક્તજનોના મનને લોભતા હતા. મોહ પમાડતા હતા. પાપનો નાશ કરનારા પ્રાણપતિ મહારાજ બહુ જ વાતો કરીને ભક્તજનોના પાપને બાળતા હતા. પ્રભુની અતિ તેજામયાન કાંતિ જોઈને જનોની દૃષ્ટિ બળતી હતી. આવી રીતે રાત બે ઘડી વીતી ગઈ ત્યારે પ્રભુ સકામ

વિરામ કરતા હતા. શાંતિ પ્રકૃતિના પ્રભુ સર્વજનોને અંતર્યામી પ્રભુ સેવાનું સુખ આપતા હતા. આકાશમાં દેવો દેવાંગનાઓની સાથે દર્શન કરતાં હતાં.

હે રાજન્ ! શ્રીહરિ પ્રીત કરીને પોઢી ગયા. પરમ પુણ્યદાતા સ્નેહ સહિત સર્વના સુખદાતા શયનમાં ચાર ઘડી પૂર્ણ થઈ ત્યારે પ્રભાતવેળાએ વિહારી પ્રભુ શયનમાંથી જાગ્રત થઈને બધા જ પ્રકારે સુખરૂપ એવું શૌચવિધિનું કાર્ય કરતા હતા. ભયહારી પ્રભુ શૌચવિધિ કરીને પછી સ્નાનવિધિ કરતા હતા. પછી ભાવ ભરીને વસ્ત્રને ધારણ કરીને ખૂબ જ રાજી થયા. મહાપ્રભુ તૈયાર થઈને ભયહરન પ્રભુ સંતોના શરણદાતા સુખસાગર ખેલ કરવા માટે ચાલતા હતા ત્યારે નટનાગરનાથે બાગને જોયો ત્યારે ત્યાં પોતે પધાર્યા. અવિનાશી પ્રભુની સાથે ભક્તજનો સંતો ભેગા જઈને બાગમાં જોયું તો સુંદર વૃક્ષોની શોભા જોઈ તેને રીત પ્રમાણે જોઈને વધારે પ્રીત થઈ. તેમાં અનેક જાતજાતના વૃક્ષોની શોભા જોઈ. તત્પર શ્રીહરિ જોઈને રાજી થયા. સુંદર વટવૃક્ષની ઘાટી છાંયામાં વિરાજમાન થયા. નાથ કરુણા કરીને દર્શન દેતા હતા. જુદાંજુદાં ફૂલોનાં હારો બનાવીને હરિભક્તો સૌ લાવ્યા. ભરપૂર ભાવવાળા થઈને શ્રીહરિનાં ઉરમાં કંઠમાં પહેરાવતા હતા. ચંદન ચર્ચીને પૂજા કરતા હતા. પ્રભુ સૌના ભવફંદને હરિ લેતા હતા. તેના મર્મને મંદમતિ જાણે જ નહી. વેદો છંદો હંમેશાં પ્રભુનાં ગુણને ગાયા જ કરે છે.

આવી રીતે શ્રીહરિ મહારાજ **જેતલપુરમાં** ત્રણ દિવસ રહીને ભક્તજનો ઉપર મહેર કરીને મહારાજ ચાલીને **અસલાલી** ગામે પધાર્યા. ત્યાંથી **શ્રીહરિ શ્રીપુર** અમદાવાદ શહેરમાં પધાર્યા. સૌ સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ કંઠમાં ફૂલોની માળાઓ ધારણ કરીને વચમાં શોભતા થકા ચાલતા જતા હતા ત્યારે જ્યારે અમદાવાદપુરની નજીકમાં આવ્યા ત્યારે શહેરમાં પ્રભુ પધાર્યાની વાતો જણાવતા હતા. ત્યારે પુરનાં જનો વાજિંત્રો વગાડતાં ગાતાં થકાં સામાં આવતાં હતાં. પોતાના મનનાં દુઃખોને નસાવતાં આવતાં હતાં. વાજાં વગાડતાં ગાતાં થકાં પ્રભુને પુરમાં લઈ જતાં હતાં અને મનમાં સુખ પામતાં હતાં. નગરની નારી નર સૌ સુંદર રીતે પ્રભુને નિરખીને સારી રીતે નેત્રમાં ઉતારીને ભાવ ભરીને દર્શન કરતાં હતાં. તે નરનારીજનો પોતાના પ્રાણ જોડી દેતાં હતાં. પ્રભુની મૂર્તિને ઉરમાં ઉતારીને બહુ જ આનંદ પામતાં હતાં. જેમ વીજળી ચમકે તેમ દાગીનાઓ ચમકતા હતા. હાથનાં કંકણોમાં નંગ જડેલાં તે ચમકતાં હતાં. નંગો ઝગમગતાં હતાં. તે સ્ત્રીઓ પ્રભુને જોઈને પ્રાણપ્રિય પ્રભુને ઉરની વચમાં ધરી લેતી હતી. ઘનશ્યામ પ્રભુની મનોહર શોભા જોઈને કોયલકંઠી બાઈઓ કીર્તનો ગાતી હતી. અગણિત વાજાં વગાડતાં થકાં ધર્મકુમાર પ્રભુને પુરમાં લાવ્યા. શ્રીહરિનાથ નવા વાસમાં સુંદર લીંબડાના વૃક્ષ નીચે છાંયામાં ગાડું મંગાવીને તે ગાડા ઉપર ગાદલાં બિછાવીને ઓછાડ પથરાવ્યા. સફેદ ગાદીતકિયા સહિત સુંદર બેઠક તૈયાર કરાવી. તેની ઉપર રાજાધીરાજ પ્રભુ શોભતા હતા. તેની ઉપર બેસીને મહાપ્રભુ સુંદર ધર્મજ્ઞાનની વાર્તાઓ કરીને બહુ જ ઉપદેશ કરતા હતા. તે સરલ મતીવાળાં પ્રેમીજનો સાંભળતાં હતાં. તે સાંભળીને વારેવારે રાજી થતાં હતાં. ભક્તજનો મહાપ્રભુને પ્રેમથી સુંદર રીતે હૃદયપૂર્વક ચંદન આદિ દ્રવ્યથી વિધિપૂર્વક પૂજન કરતાં હતાં. અને વંદન કરતાં હતાં. સુંદર સુગંધયુક્ત પુષ્પોના હારો બહુ જ ભાવથી પહેરાવતાં હતાં. સુગંધિત હારોથી શ્રીહરિ રસિકવર બહુ જ શોભતા હતા. સર્વ સંતમંડળની વચમાં મહારાજ અદ્‌ભુત ખેલ કરતા હતા. કમલનયન વિશાળ દૃષ્ટિથી કામદેવના માનને હરતા હતા. ત્રિવિધ તાપથી બળતા ભક્તોને પોતાની સમીપમાં વાસ કરાવતા હતા. મધુર વચનોથી સુખ આપીને ત્રિવિધ ભયને ટાળતા હતા. સુંદર સાત્ત્વિક જ્ઞાની સંતો દ્વારા સુંદર ઉપદેશ કરાવીને માયિક ભક્તોના

મનને જીતતા હતા. ગુણવાન જનો પ્રભુના ગુણને ગાતાં હતાં. જોગીજનો જાપ કરતા હતા. તેઓ ધર્મનો ઉદ્ધાર કરીને સધર્મથી અનેક જનોને મહાસુખ આપતા હતા.

જનનાં જુથો ચકોર પક્ષી ચંદ્રને ચિંતવે તેમ પ્રભુને નિખરતાં હતાં. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ અધિક આનંદ આપતા હતા. બાઈઓ અધિક પ્રભુની અદ્‌ભુત શોભા જોઈને તેની વાતો કરતી હતી. મહારાજ સર્વ ઈશ્વરોના સ્વામી છે. દુષ્ટ જનોને પ્રભુ ઉપર ઈર્ષા છે. એવા કુપંથી કાંમીજનોને પોતાના પ્રતાપથી પરાભવ કરે છે. અનંત લોકના અધિપતિ પોતે છે. આ પ્રભુ પોતે જ શ્રીકૃષ્ણ આદિક રૂપને ધારનારા છે. એમણે અનેક અસુર રાજાઓને માર્યા એવા આ મહાપ્રભુ રસિક સુખ આપનારા સદ્યસુખના સાગર શ્રીહરિ પોતે જ છે. સાત્ત્વિક જનોનો ઉદ્ધાર કરવા ત્રણે લોકના શોકને ટાળવા જીવોના ભવસાગરનાં દુઃખો ટાળવા માટે મહાપ્રભુ પૃથ્વી ઉપર પોતાના એકાંતિક ભક્તોના કારણે જ અવતાર ધરે છે. સર્વના શિરતાજ મહાપ્રભુ સર્વ સમુદાયની સાથે ગરીબોનો ઉદ્ધાર કરવા મહાસુખદાયક છે. ગરીબોના નાથ છે.

હે રાજન્ ! આવી રીતે તે પુરની યુવતીઓ કહેતી હતી અને યુવતીઓ સર્વના જીવન રૂપ શ્રીહરિને ભાવ પ્રેમથી સુંદર રીતે દર્શન કરતી હતી. મહાપ્રભુ ભાવિક ભક્તજનના ભુવનમાં પધારીને ભક્તજનના સાંસારિક દાહને તથા ભવસાગરને પાર કરાવવા ગહન એવા ચરિત્રો કરીને મહાગુણને ગવરાવતા હતા. ત્યાર પછી સુંદર રસયુક્ત રસોઈનો થાળ તૈયાર થયો. મહાપ્રભુ મંદહાસ્ય કરતા થકા થાળ જમતા હતા. હે રાજન ! શ્રીહરિ જગના પતિ ઘનશ્યામ પ્રભુ શહેરમાં ભક્તજનોના ઘેર ઘેર પધાર્યા. **નથુભક્ત, કુબેરસિંહ ભક્ત** આદિક ભક્તોનાં ઘેર અવિનાશી પ્રભુ પધાર્યા. **બેચર ભક્ત** તથા **પ્રભુદાસ ભક્ત, ગોવિંદ ભક્ત, ગોકળદાસ ચોકસી, હિરાભક્ત, હરિજીતદાસ ભક્ત** આદિક ભક્તજનોના ઘેર સુખદાતા મહાપ્રભુ સુખ કરવા પધાર્યા હતા. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી ભક્તજનોનાં ઘેર ઘેર પધારીને પુરના ભક્તજનોના ભાવને પૂર્ણ કરીને ઘેર ઘેર ફરીને ફંદને હરનારા સુખધામ પ્રભુએ મહાસુખ આપ્યાં.

શ્રી જગદીશ મહાપ્રભુ જેતલપુર ધામે પધાર્યા. ગામમાં થઈને મોલમાં પધારીને નિવાસ કર્યો. દેવસરોવરમાં સ્નાન કરીને પરમેશ્વર પ્રભુએ લાગતી વાડી જોઈને સૌને આનંદ આપ્યો. મહાપ્રભુએ અમદાવાદપુરમાં સૌ ભક્તજનોને સુખ દેવા પધાર્યા. ઘનશ્યામ પભુએ આખા શહેરને જોયું. ભક્તોને સુખ દીધું. આવી રીતે આ ત્રીજું સુંદર અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે આ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં અમદાવાદ નગરમાં શ્રીહરિએ કરેલ લીલાના વર્ણન નામે આ ત્રીજો તરંગ થયો. ॥૩॥**

## તરંગ-૪

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદરાજન ! સુખકંદ શ્રીહરિ **અમદાવાદ** નગરમાં દરરોજ ભક્તજનોને નવો નવો આનંદ દેતા હતા. મંદજનો આ પ્રભુના મર્મને કોઈ ન જાણે એવાં મહાપ્રભુનાં ચરિત્રોને તમે ધ્યાનથી સાંભળો. અવિનાશી પુરુષોત્તમ પ્રભુએ અમદાવાદમાં ભક્તજનોને બહુ જ સુખો આપ્યાં. બધા ભક્તજનોના ઘરોમાં ઉતારા કર્યા. પધરામણી કરીને થાળો જમ્યા. ભક્તજનોના મનના ત્રાસનો નાશ કર્યો.

અમદાવાદનાં નરનારીજનોની વિપત્તિઓને હરીને એમની અપેક્ષાઓ પૂર્ણ કરીને પૂર્ણ રીતે પ્રેમ કરીને મહાપ્રભુનું પૂજન કરતાં હતાં. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની પાસે જ રહેતાં હતાં. પ્રભુ ચંચળ નયનોને ચપળ નેત્રથી જેમ ચકોર પક્ષી ચંદ્રને જોયા જ કરે છે તેમ ભક્તજનો શ્રીહરિને જોયા કરતાં હતાં. આમ પ્રભુ શોભતા હતા. દર્શન કરીને મનમાં આનંદ પામતાં હતાં. પ્રભુ સૌના મનના ભ્રમને તોડતા હતા. મહાપ્રભુના મુખકમળની શોભા અદ્‌ભુત જ હતી તે જોઈને જાણે કામદેવના મદને તોડતા હતા. એવી રીતે શોભતા હતા. કામના મદને તોડનાર પ્રભુનું ઉરમાં ધ્યાન ધરનારનાં હૃદયમાં કમલનયન પ્રભુનાં દર્શન થતાં હતાં. આવી રીતે મહાપ્રભુ (કમલાપુર) અમદાવાદપુરમાં રહેલા સુખ આપતા હતા ત્યારે મૂર્તિને ઉરમાં ધારણ કરીને દર્શન કરનારને બહુ જ સુખ આપતા હતા. પ્રેમથી ભક્તજનોના ઘેર જતા હતા. થાળ કરતા હતા. તેને જમતા હતા. સારી રીતે જમાડીને પછી અગર ચંદન ચર્ચીને પૂજા કરતાં હતાં. આ રીતે સૌ જનસમુદાય પ્રેમથી સેવા કરતાં હતાં. આવી ભગવાનની લીલાને મંદમતિના જનો માનતા ન હતાં. તો જમના ફંદમાં જમપુરીના ત્રાસનાં અનુભવ કરાવતા હતા.

આવી રીતે મહારાજ **અમદાવાદપુરમાં** લીલા કરીને જવા માટે તૈયારી કરી જનસમુદાયની સાથે ચાલ્યા. માર્ગમાં ભક્તજનોને સુખ દેતા થકા ચાલીને અવિનાશી મહાપ્રભુ **અસલાલી** ગામે પધાર્યા. પ્રભુના આવવાના સમાચાર જાણીને જનસમુદાય દોડીને સામા આવ્યા. **વેણીદાસ** તથા **કાળીદાસ** આદિક ભક્તો મહારાજને પુરમાં લાવ્યા ત્યારે પુરનાં સૌ જનો જેમ ચંદ્રને ચકોર પક્ષી જુવે છે તેમ પ્રભુને જોતાં હતાં. દર્શન કરતાં હતાં. અજિત મહાપ્રભુ આનંદપૂર્વક સુંદર **અસલાલી** ગામે પધાર્યા. સુંદર તૈયાર કરેલા આસન ઉપર શ્રીહરિ આસન વાળીને બેઠા. પછી બહુનામી બલભ્રાતા પ્રભુ જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા. સંતો ભક્તજનો પ્રેમથી સાંભળતાં હતાં. મનમાં શાંતિ પામતાં હતાં. હૃદયમાં પ્રેમ તો માતો જ ન હતો. એવો આનંદ થતો હતો. પછી ભક્તજનના ઘેર રસોઈ તૈયાર થઈ. ત્યારે સર્વના ઈશ મહાપ્રભુ પાકશાકને પ્રેમથી જમતા હતા. ભુવનેશ પ્રભુ ભક્તોના ભયને તોડતા હતા. મહારાજ ત્યાં રાત રોકાયા. શયન કરીને સુંદર રીતે નિંદ્રા લીધી. સવારમાં નિત્ય મુજબ ભગવાન જાગ્રત થયા. વહેલા જાગીને પ્રભુ સંતોની સાથે તરત જ ત્યાંથી ચાલતા થયા. ભક્તજનોનાં ભવબંધનનાં દુઃખો તોડીને સુખ રીતે પ્રયાણ કર્યું.

મહારાજ સુંદરતાથી માણકી ઘોડી ઉપર અશ્વાર થઈને માણકીને જેમ ગરૂડ પક્ષી ઉડે તેમ ઉડાડીને તથા જેમ નટલોકો નાચ નચાવે ખેલ કરે તેમ ઘોડીને નચાવતા ખેલાવતા હતા ત્યારે દેવો આ પ્રભુની લીલા જોઈને રાજી થયા. બહુ જ પુષ્પની વર્ષા કરીને હરિ તેને સુંદર રીતે જોતા હતા. હરિ ઉપર દેવોએ મેઘનું છત્ર ધરેલું હતું. તેનાથી પ્રભુનાં શરીર ઉપર સહેજ પણ તડકો પડવા નહોતા દેતા. આવી મનોહર કોમળ મૂર્તિને નિરખીને માર્ગનાં મનુષ્યો બહુ જ સુખ પામતાં હતાં. આવી રીતે અદ્‌ભુત શોભાયુક્ત સુખના ખાંણરૂપ સર્વના મોક્ષના દર્પણરૂપ પ્રભુ માર્ગ ઉપર વચમાં હરિ ચાલતા હતા. સુખ આપતા થકા ભક્તજનોને આનંદ કરવા સુખ દેવા પ્રભુ જેતલપુરધામે પધાર્યા. તે **જેતલપુરની** શોભા અતિશય સુંદર લાગતી હતી. તેનું વર્ણન કરવામાં કવિજનો પાર નહોતા પામતા. વેલીઓ લતાઓથી વિંટાયેલા બાગોની સાથે પાણીથી ભરપૂર સુંદર સ્વચ્છ તળાવ જળથી શોભતું હતું. સુંદર સ્વચ્છ જળમાં કમળોના વન હરિના મુખસમાન શોભાથી ખીલેલાં હતાં. તેની ઉપર ભમરા ઉમંગ વધારીને ગુંજારવ કરતા હતા. જાણે જનસમુદાયને બોલાવતા ન હોય તેમ ગુંજતા હતા. તે તળાવને

ચારેબાજુના ઘાટો અને પાટોની શોભાયમાન છબી સુંદર તળાવની પાળ ઉપર ભૂમિમાં ઉગેલાં બહુ મોટાં ભારી વૃક્ષો વેલીઓ સુંદર તરુણતાથી તળાવના કાંઠા ઉપર શોભતાં હતાં. તેના ઉપર કુંજ પક્ષીઓનું ટોળું ગુંજારવ કરતું હતું. ભીડમય રહેલાં હતાં. તે તળાવની પાળ ઉપર સુંદર મનોહર ઘાટવાળો મહેલ શોભતો હતો. તે મહેલને ચારેબાજુ સુંદર રીતે રંગચિત્રિત કરેલો હતો. તે દેવોના મનને મોહ પમાડતો હતો. તે મહેલમાં સુંદર ગોખો શોભે જાળી જરૂખાઓ તથા ચિત્ર કરેલાં પક્ષીઓ સુંદર કળાવાળાં બનાવેલાં શોભતાં હતાં. મહેલની સમીપમાં આસોપાલવનું વૃક્ષ શોભતું હતું. તે વૃક્ષની નીચે શ્રીહરિ મહાપ્રભુ સભા કરીને વિરાજમાન થઈને શોભતા હતા. માર્ગ ઉપર પખાલથી પાણી છાંટેલું હતું. તેનાથી કોમળ ભૂમિ સુંદર કાંટા વગરની સુંદર હતી. ગામના માર્ગ ઉપર ઘાટ બનાવેલા હતા. સુંદરે મેઘઘટાઓ શોભતી હતી. આવી રીતની **જેતલપુર** ગામની શોભા જોઈને તે દેવની જેમ પુરનાં નરનારીજનો શોભતાં હતાં.

હે રાજન ! મહાપ્રભુનાં ચરણકમળને પ્રેમથી ભરપૂર ભાવથી પવિત્ર સંતો સમુદાય દેવની માફક સેવતા હતા. એવા પ્રભુ સૌ ભક્તજનોને સુંદર રીતે દર્શન દેતા હતા. મહારાજ ગંગામાંના ઘેર પધાર્યા. જગદીશ મહાપ્રભુ ગંગામાના ઘેર આનંદ ઉમંગ સાથે રસોઈનો થાળ જમ્યા. પછી મહારાજે સૌ પદાતિ અને સંતોને સર્વને સુંદર રીતે જમાડ્યા. પછી ઘનશ્યામ પ્રભુ સુંદર સ્વચ્છ આસન કરેલું હતું તેની ઉપર વિરાજમાન થયા. સુખકંદ મહાપ્રભુએ તે સપ્યા ઉપર શયન કર્યું. પ્રેમી ભક્તજનો પ્રેમથી ચરણચંપી કરતાં હતાં. જ્યારે સૂર્યનારાયણ મધ્યથી પાછા નમ્યા ત્યારે સંતોની સાથે સત્સંગીઓને સાથે લઈને ગરીબ નિવાજ પ્રભુ બગીચામાં પધાર્યા. વડના વૃક્ષ નીચે વેદી બનાવેલી. તેના ઉપર આસન તૈયાર કરેલું. તેના ઉપર મહારાજ સુંદર રીતે વિરાજમાન થયા. મનોહરમૂર્તિ મહાપ્રભુને સંતો પ્રેમથી પ્રશ્નો પૂછતા હતા. તે પ્રશ્નમાં જીવ ઈશ્વરનાં રૂપો કેવાં છે એ પૂછતા હતા.

પછી મહારાજ મુખથી મંદ મંદ હસતા થકા મુનિના સ્વામી મહાપ્રભુ શાસ્ત્રની રીત પ્રમાણે સુંદર રીતે જીવ ઈશ્વરનાં રૂપો કહેતા હતા. હાથનાં તળમાં જેવાં પાણીનાં બિંદુઓ દેખાય તેવા જ અતિ સૂક્ષ્મરૂપ અણુ જેવા ચેતનરૂપ સ્થિતિવાળાં, બળે નહીં, મરે નહીં, ક્યાંય ચલાયમાન ન થાય. ક્ષરણ ન પામે. હૃદયકમળમાં રહે છે અને આખા શરીરનાં નખ શિખાપર્યંત બધાં શરીરમાં વ્યાપે છે. બધી ઇંદ્રિયોના પ્રેરણા કરનારો જાણનારો સુખ ભોગવનારો એવો છે. તે જીવ કર્મ કરીને જગતનાં સુખો અને દુઃખોને પામે છે. હે સંતો આવી રીતનાં ગુણ લક્ષણવાળો જીવ છે. માયાના આવરણમાં બંધાઈ રહેલો છે. તેથી તેને સૌ મુનિજનો બધ્ધરૂપ કહે છે. હથિયાર કોઈ એને કાપી નથી શકતું. અગ્નિ બાળી નથી શકતો. પવન ખેંચી નથી શકતો. પાણી સડાવી નથી શકતું. વાયુ તેને ક્યારેય સુકવી નથી શકતો. એવો જીવરૂપે હૃદયમાં નિવાસ કરે છે. જેવી રીતે વસ્ત્ર હોય તે જુનું થાય એટલે એનો ત્યાગ કરે છે અને નવું વસ્ત્ર ધારે છે. તેમ જીવ શરીરનો ત્યાગ કરીને નવાં શરીરને વિશે વાસ કરે છે બહારનાં રજકણના એકસો ભાગ કરે અને તેનો એક ભાગનો પાછો ભાગ કરે ત્યારે તે જીવરૂપે કલ્પના કરી શકાય છે. એવી રીતે અનંત સુક્ષ્મ ભાગો જેવો ગણાય એમ જાણવું જોઈએ. જેવી રીતે આ જીવ હૃદયમાં નિવાસ કરે છે તેમ જીવમાં સુખરૂપે અંતર્યામી પ્રભુ રહે છે અને અંતર્યામી શક્તિએ કરીને જીવાત્માને બધાં જ કર્મનાં ફળને ફરીને પાછાં આપે છે. જીવનાં બધાં જ કૃતકર્મના જાણનારા હરિ પોતે જ છે. ઈશ્વર સદાય સ્વતંત્ર રીતે રહે છે અને બધાયના એ પોતે જ પ્રેરક છે. બધાંયના નિયામક પણ પોતે જ છે. તે બધુંય હું હે સંતો ! નિશ્ચય કરીને જાણું છું. અનંત કોટિ

બ્રહ્માંડોમાં સર્જનકર્તા મારા સિવાય બીજો કોઈ જ નથી. હું જેમ કરું તેમ જ થાય છે. બધું જ મારું કરેલું થાય છે. મારા સિવાય બીજું કોઈ કરનાર જ નથી એમ જાણજો.

હવે માયાનું રૂપ કહું છું. તમે બધાય સાવધાન થઈને સાંભળો. માયા ત્રણ ગુણવાળી છે. અંધકાર રૂપ છે. તે મારી જ શક્તિ છે. અંધારા કૂવા જેવી ભારે છે. દુઃખ રૂપ છે. અહંમમત્વ મારું તારું કરનારી નારી રૂપે કહેવાય છે. તે જ જન્મ મૃત્યુની સંસ્કૃતિ જાળરૂપે કારણરૂપ ગવાય છે. જેનાથી જોગી જતી મુનિજનો બધાય લુંટાયા છે. તે જ માયાનું રૂપ કહેવાય છે. આ દૈવી જે ગુણવાળી છે તે મારી માયા છે. તે તારી શકાતી જ નથી. જે નરનારી મારા આશ્રયમાં રહે છે. મારી આજ્ઞા પ્રમાણે રહેનાર માયા તરી જાય છે. મારી આજ્ઞા, ઉપાસના અને નિયમના બંધન સિવાયના બીજા કોઈ ઉપાયથી માયાને તરી શકાતી જ નથી. વેદની શ્રુતિઓ સંતો સત્શાસ્ત્રો બધાં જ મળીને અમારી વાર્તાને નિત્ય પ્રત્યે ગાતા રહે છે.

આવી રીતે અનંતમૂર્તિ મહાપ્રભુએ બહુ જ વાર્તાઓ કરીને સંતોની સભાની વચમાં વિરાજમાન થઈને અતિ આનંદ કરાવતા હતા. ભક્તજનોને રાજી કરીને પ્રભુ પછી મંદિરમાં પધાર્યા. રાત ઘણી થઈ છે. તેમ જાણીને શયન કરતા હતા. પ્રાતઃકાળે કુકડાઓની બોલવાની વાણી સાંભળીને મુનિઓના નાથ મહાપ્રભુ સંતોના સુખદાતા પ્રભુ જાગ્રત થયા. સુખકંદ હરિએ શૌચવિધિ કરીને ભયભંજન જનના સમુદાયને સુખ કરવા સ્નાન કરતા હતા. પછી શ્રીહરિએ શરીર ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. જગને ઉજવળ કરનારા પ્રભુએ શ્વેત યશને પ્રકાશિત કર્યો. મહારાજે સફેદ નવીન સુંદર પુષ્પોના શોભાયમાન શ્વેત હારોને ઉરમાં ધારણ કરીને શોભતા હતા. પછી ધર્મપુત્રે સફેદ રૂમાલને ધારણ કર્યો. સફેદ મુખમાં હાસ્ય કરવાથી દંતાવલી શોભતી હતી. તે જ રીતે શ્વેત સિંહાસન શોભતું હતું. તેની ઉપર વિરાજમાન થયા. શ્વેતધામ અક્ષરધામના વાસી અવિનાશી મહાપ્રભુ સર્વજન સમુદાયના હૃદયકમળમાં નિવાસ કરીને રહેતા. પૃથ્વી ઉપર ઉજવેલ શ્વેત શુદ્ધ ધર્મને સ્થાપતા હતા અને ભુલોકના અસુરોનાં મૂળને ઉખાડીને પરાસ્ત કરતા હતા. શ્રીહરિ ગંગામાના ઘેર પધારીને સ્નેહ સહિત થાળ જમતા હતા. ત્યારે પ્રેમથી વારંવાર પ્રેમીભક્તો પીરસતા હતા. અવતારના અવતારી શ્રીહરિ સર્વજનના સુખાકારી સુખ કરવા સર્વ સંતોભક્તોને જમાડીને સભા ભરી તે સભામાં નવીન મેઘસમાન મહારાજ શોભતા હતા. સર્વે સંતો સભામાં બેઠા અને અનેક હરિભક્તો સભામાં બેઠા. સાંખ્યયોગી નારીઓ સૌ બેઠાં ને હરિને નેત્રોથી નિરખીને દર્શન કરતાં હતાં. સભામાં સંતોના સમુદાયની વચમાં રાજાધિરાજ મહારાજ શોભતા હતા. મહાપ્રભુ ભક્તજનોનાં કલ્યાણ કરવા પાપોનો નાશ કરવા સુખ કરવા ભવસાગર તારવા જહાજરૂપ શોભતા હતા. સૌ ગુણીજનો તાંનથી ગાતાં હતાં. તે સભા બહુ જ શોભાવાળી થઈ. ચકોરની માફક નેત્રથી દર્શન કરીને ચિત્તથી ચિંતવન કરતાં હતાં. જાણે ચંદ્રસમાન પ્રભુની છબીને ઉરમાં ધારતાં હતાં. મહારાજ મોટા વડની નીચે જનસમુદાયની સાથે શોભતા હતા. જાણે સ્વર્ગપુરીમાં દેવની સભામાં દેવરાજ ઈંદ્રની માફક શોભતા હતા. મુનિજનો મન ચિત્તને સ્થિર કરીને શ્રીહરિની મનોહરમૂર્તિને ખેંચતા હતા. તે જ સમયે મહા આશ્ચર્યકારક કૌતુક થયું. તેને સૌ જનો નિરખીને જોતાં હતાં.

અવિનાશી પ્રભુ અમદાવાદપુરથી ચાલીને અસલાલી પધાર્યા. ભક્તજનોને સુખરાશીએ સુખ દીધાં. ભયહારીએ ભક્તજનોના ભયને કાપ્યા. સુખ કર્યાં. સારાં અભિજગના પ્રાણપ્રભુ જેતલપુર પધારીને નિત્ય નવીન નવીન લીલા કરતા હતા. આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે તો ચોથું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને**

**અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં જેતલપુરની શોભા તથા શ્રીહરિલીલાનું વર્ણન કર્યું એ નામે ચોથું તરંગ પૂર્ણ થયું. ॥૪॥**

# તરંગ-૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેતલપુરમાં કેવી રીતનું કૌતુક થયું તે મને કહેવા કૃપા કરો. શુદ્ધમતી અને સુખ કરવા માટે મારા ચિત્તમાં તે વાર્તા સાંભળવાની ચાહના અતિશય છે તો કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો. બધી જ વાર્તા વિસ્તાર કરીને કહું છું તે વાત તો આશ્ચર્ય કરનારી છે. તે વાતને સાંભળીને હૃદયમાં ધારણ કરી લો. **મહુધા** નામનું એક ગામ આવેલું છે. તે ગામનો એક બ્રાહ્મણ આવ્યો હતા. તેનું નામ દુબે ઈશ્વરભાઈ કહેવાતું હતું. તેને મહાદુઃખ દેનારો **બ્રહ્મરાક્ષસ** વળગ્યો હતો. તે બ્રહ્મરાક્ષસને કાઢવા માટે બહુ જ ઉપાયો કર્યા. તો પણ તે બ્રહ્મરાક્ષસ બ્રાહ્મણના શરીરમાંથી બહાર જ ન નીકળ્યો. તેથી તે અતિશય નબળો થઈ ગયો. જંત્ર મંત્રને તો ગણકારતો જ નહતો અને ઘરમા બહુ જ રંજાડ કરતો હતો. કોઈનાથી પ્રયત્ન કરવા છતાં સહેજ પણ ખસતો જ ન હતો અને તે ઈશ્વર વિપ્રને બહુ જ પીડા કરતો હતો. પળ કે ક્ષણ માત્ર શાંતિ લેવા દેતો જ ન હતો. તે બ્રહ્મરાક્ષસ બધાં જ શાસ્ત્રો બધા જ વેદો પુરાણોને ભણેલો બળવાન જ્ઞાની હતો. જે કોઈ ગમે તે પાઠ જાપ કરે તો તે બ્રહ્મરાક્ષસ તેની સામે પાઠ કરતો હતો. તે વિધિ કરનારની સામે દશ ગણો વધારે બોલતો હતો. તે બ્રાહ્મણ પોતાના દુઃખને કાઢવા માટે સુખકારી મહાપ્રભુ પાસે આવ્યો. જ્યારે પ્રભુ પાસે આવ્યો ને પ્રભુએ જોયો. દૃષ્ટિ પડી કે રાક્ષસ બળતો હતો. તે બહુ જ જોરથી ચીસો પાડતો હતો. તે બ્રહ્મરાક્ષસ ભૂત સૌ જનોને ભય પમાડતો હતો. ભૂમિ ઉપર પડતો હતો. બેઠો થતો હતો. પાછો પડતો હતો. આમ તોફાન કરીને ધૂતકારતો હતો. મસ્તકને વારંવાર ધુણાવતો હતો. બહુ જ જોરથી ભયંકર બરાડા કરતો હતો. તે સાંભળનારા થરથર ધ્રૂજતાં હતાં. તે અસુરના અતિશય ઉત્પાતને જોઈને તે અસુર પ્રત્યે ધર્મનંદન મહાપ્રભુ પૂછતા હતા.

શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન કહે છે – તું કોણ છે ને શા કારણે આના શરીરમાં આવ્યો છે. તે બધું તું સાચું જ કહે. જેમ હોય તેમ કહો નહિ તો તને અમે બાળી જ દઈશું. ત્યારે તે બ્રહ્મરાક્ષસ થરથર કંપતો થકો કહેતો હતો. ઘનશ્યામ પ્રભુનાં મુખની વાણી સાંભળીને ભય પામ્યો. તેથી કહેતો હતો કે બ્રહ્મભૂત (રાક્ષસ) મારું નામ છે. જગતમાં દુઃખ દેવામાં પ્રસિદ્ધ હું સૌને દુઃખ દઉં છું. આના દેહમાં આવ્યો છું. તે એનો જીવ લઈને જઈશ. એટલા માટે જ હું આનામાં આવ્યો છું. કરોડો જીવોને મારીને પચવી નાખ્યા છે. આના શરીરને છોડીને આનાથી બહાર હું તો નહીં જ જાઉં. આવી રીતનાં તે ભૂત બ્રહ્મરાક્ષસનાં વચનો સાંભળીને તેને શિક્ષા કરવા સુખસાગર મહારાજ કોપાયમાન થઈને કડક વચનો કહેતા હતા. અરે વિકરાળ ભૂતપ્રેત બ્રહ્મરાક્ષસ હું બધાનો સ્વામી છું. હવે તારે તરત જ જવું પડશે. આ બ્રાહ્મણને છોડીને તારા પોતાના નિવાસસ્થાને જતો રહે. જો તું નહીં જાય તો તને બાળીને ભસ્મ કરી નાંખીશ. એમાં લગારે વાર જ નહિ લાગે. તું તો આ બ્રાહ્મણને બહુ જ દિવસોથી બહુ જ પિડા આપ્યા કરે છે. ત્યારે તે બ્રહ્મરાક્ષસ મહાબળવાન હોવા છતાં ભય પામીને થર થર કંપતો થકો કહેતો હતો. હે હરિ પ્રભુ ! મારી અરજને સાંભળો. પ્રભુ મને કહો, હું કયાં સ્થાને જાઉં. આ મારી સાચી વાત છે. તે આપને કહું છું. આ બ્રાહ્મણની

પાસે એની અંદર હવે હું નહિ રહું. કેમકે અમે તો મલિન દૃષ્ટિ જાતિવાળા નિશાચરો કહેવાઈએ. પણ પ્રભુ આપનાં દર્શન થયાં તે તો મેં મોટું ફળ પ્રાપ્ત કર્યું. હે પ્રભુ આપ કૃપા કરીને મને વાસ કરાવો લોકોના ભયને તોડનારા આપના મનમાં જ્યાં ભાવે ત્યાં હું જાઉં.

શ્રી ઘનશ્યામ પ્રભુ કહે છે હે બ્રહ્મરાક્ષસ ! તું આવીને મારા શરીરમાં કાયમ માટે નિવસ કરીને રહે. તારા બધા જ સામર્થયનો બને એટલો ઉપયોગ કર. આવી રીતે અવિનાશી મહાપ્રભુ કહેતા હતા. બ્રહ્મરાક્ષસ કહે છે, હે પ્રભુ ! આપ તો અવતારના અવતારી છો. સર્વે ઈશ્વરોના ઈશ્વર ઘનશ્યામ આપ જ છો. એટલો આપનામાં તો ક્યાંય વાસ નહિ કરી શકું પણ જ્યાં તમારું નામ જપાતું હોય ત્યાં પણ ન રહી શકાય. હે પ્રભુ ! તમે તો સર્વનામના નામી છો. પ્રગટ પ્રતાપરૂપ બીજાના તાપને હરનારા છો. તમને નિરખીને દર્શન કરે છે. તેનાં બધાં પાપો બળી જાય છે એવા આપ છો તો તમારી પાસે તો ન જ રહેવાય. આપ તો સર્વત્ર વ્યાપક છો. શ્રીહરિ કહે છે, તું કહે છે કે અમારામાં ન આવું. આવું તો બળી જાઉં. તો અમારા બધાય સંતો છે તેમાં આવીને રહે. અથવા અમારા હરિભક્તો છે એમાં વાસ કર તારી મેંતે જ રહે. આમ કહ્યું ત્યારે તે ભુતમુખેથી કહેતું હતું. હે નાથ ! તમારા બધા જ ભક્તજનો તે તો બ્રહ્મરૂપ છે. તમારી મૂર્તિ એમના ઉરમાં સદાય વાસ કરે છે. તેથી ત્યાં જાઉં તો બળી જાઉં. તમારી પાસે કે તમારા સંતોની પાસે કે તમારા એકાંતિક સત્સંગીજનોની પાસે તો હે હરિ ! હું ક્યારેય નહિ જ જાઉં. જો જાઉં તો તરત જ મારો નાશ થઈ જાય.

અવધપ્રસાદજી મહારાજ કહે છે — ત્યારે મહાપ્રભુ હાસ્યમુખ કરીને જગતને તારનારા કરુણાનિધાંન બલભ્રાતા દુઃખહરતા થકા બ્રહ્મરાક્ષસને કહેતા હતા. તું અમારી વાતને સાંભળ. હવે તું આ સ્ત્રીઓનો વિભાગ છે. તેમાં જે શિથિલ વર્તમાનવાળી સ્ત્રી હોય તેમાં જઈને રહે એવી દૃઢ ધર્મવાળી ન હોય એવી નારીમાં તું વાસ કરીને રહે. આ રીતની ધર્મનંદન મહાપ્રભુની આજ્ઞાને દિલમાં ધારીને વરત. ત્યારે શ્રીહરિ મહાપ્રભુ હાથની તાળી વગાડીને કહે, મારાં આશ્રિત બધાં જ હરિભક્ત બાઈઓ તમે સાંભળો. અમે ભૂત ને જે વાતો કહી છે તે વાતો સાંભળો. જે બાઈઓ વ્રતમાંન પાળવામાં મોળાં હોય. બરોબર ન પાળતાં હોય એના. એવી બાઈઓમાં જઈને તું રહે, આવું વચન સાંભળીને જે બધી બાઈઓ અડગ વ્યાકુળ થઈ ગઈ અને બોલી કે હે ભગવાન ! હવેથી અમે સાવધાન થઈને દૃઢતાથી પંચ વર્તમાનને પાળીશું. હે ભગવાન ! દૃઢતાથી રહીશું. હવેથી ક્યારેય શિથિલતા નહિ રાખીએ. હે સ્વામિનારાયણ પ્રભુ ! હે શરણાગત પાલક સુખધામી, હે દયાળુ ! અમારામાં ભયંકર રાક્ષસને ન મોકલશો. આ રીતે આર્તતા સાથે બધી જ બાઈઓ સૌ પ્રભુને કહેતી હતી. ત્યારે મહાપ્રભુ બાઈઓની વિનંતી ભરી વાતો સાંભળીને હાસ્ય કરતા થકા પ્રભુ ભૂતને વાત કહેતા હતા. વાત સમજાવતા હતા કે તમે હવે અત્યારે બદ્રિકાશ્રમમાં જઈને બધાં જ પાપોને બાળવા માટે તપ કરો પાપરૂપ શરીર ત્યાગીને શુદ્ધ થા. તપ કરીને તરત જ શુદ્ધ થઈને પરમપદ ભગવાનના ધામને પ્રાપ્ત કરી લેજે. રાતદિવસ મારા ચરિત્રો મહિમાનું ગાન જપ કર્યા કર. હવે પછી આવું ખોટું દેહકાર્ય તારાથી નહિ થાય. આ વાત કહી છે તે તમારે સત્ય માનવી અને એ પ્રમાણે કરવું.

આવી રીતે ઘનશ્યામ મહાપ્રભુની સુંદર વાણી સાંભળીને તે વિકરાળ બ્રહ્મરાક્ષસ વિકરાળ નેત્રમાં આંસુ વહેવડાવતો પ્રેમભવવાળો થઈને વિશાલ મનથી સ્તુતિ કરતો હતો. હે હરિ ! આપ સર્વલોકના શોકને હરનારા સર્વકારણના કારણ સર્વોપરી આનંદદાતા સંતોના સહાય કરનારા, મુક્તિ કરનારા, સર્વના નાયક મનુષ્ય શરીર ધારીને મહાખળ ભયંકર સમુહોને ખંડન કરતા એવા સર્વોપરી પદના દાતા આપ સર્વના કર્તા સુખસાગર

છો. જયકાર કરનારા સંતોનાં સમુહની વચમાં વિરાજમાન થઈ શોભતા જગતનાં વંદ્ય આપનો જયજયકાર થાય છે. કમલનયન વિશાળ નયનવાળા મધુર અમૃતવાણીને કહેનારા સુંદર ગજહંસની ચાલને ચાલનારા બદ્રિનાથ અનાથના નાથ ભવને તારનારા સર્વના ઉપરી સર્વથી સુંદર મૂર્તિ આપે સત્ય જ કાર્યો કર્યાં છે. શ્યાંમ સુજાંણ મહાપ્રભુ આપે અમને તારીને આપે મહા કરુણા કરી છે. મહાકૃપા કરી છે. આમ મહાપ્રભુની સ્તુતિ કરીને વિનંતી કરીને તે ભુત બ્રહ્મરાક્ષસ નેત્રમાં આંસુ વહેવડાવતો પ્રેમાશ્રુથી ધર્મકુમાર પ્રભુને પોતાના અંતરમાં ધારીને બદ્રિકાશ્રમ ધામમાં ગયો. આવો દયાળુ કૃપાવાન કોણ બીજો ભગવાન હોય જે નીચ જાતિ નિશાચર પ્રેતરાક્ષસ જેવી અધમ જાતિને ધર્મવાન ભક્તોના સાથે ધામમાં ગતિ આપી આવા પ્રગટ પ્રમાણ મહાપ્રભુનો આશ્રય ત્યાગીને જે અન્ય પામર દેવનો આશ્રય કરીને ભજે તેને મહા અધમ જાણવો. પ્રગટ પ્રભુનો પ્રતાપ જોઈને નરનારી મુનિજનો સૌ અંતર માનસથી આનંદ પામીને સૌ મુખેથી પ્રભુના જયજયકારનો નાદ કરતાં હતાં.

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુએ અતિઘોર બ્રહ્મરાક્ષસ જેવા અધમ જીવને કયા પુન્યના પ્રતાપે પ્રગટ પ્રભુનો મેળાપ થયો. તે ભૂત મહાવિકરાળ થયો તે કયા કારણે આ અધમ દેહને પામ્યો. તે બધી જ કથા મને નામ જાતિ સાથે વર્ણન કરીને કહો.

શ્રી સહજાનંદ સ્વામી જેતલપુરમાં સભા કરીને તે સભામાં શોભતા હતા ત્યારે બ્રાહ્મણ ભુતના દુઃખથી બહુ જ પીડાતો. અંતર્યામી ભગવાન પાસે ભૂતને ભગાવવા માટે આવ્યો. તે બ્રહ્મરાક્ષસને પ્રાણપતિએ બદ્રિકાશ્રમમાં વનમાં એને જવાની આજ્ઞા કરીને મોકલ્યો. એવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે આ પાંચમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યાં એ નામે આ પાંચમો તરંગ થયો. ॥૫॥**

## તરંગ-૬

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમારી બુદ્ધિ ખૂબ જ પવિત્ર નિર્મળ છે. કેમકે ભગવાનનાં ચરિત્રની કથા ઈતિહાસો બધાં મનને આનંદ આપનારાં છે. તે તમને કહું છું.

હે રાજન્ ! પ્રાચીન સમયમાં એક મહાનઋષિ થઈ ગયા. તેમના પવિત્ર નામ **દેવલ ઋષિ** હતું. તે ઋષિ તત્ત્વ જ્ઞાનના મહાન જ્ઞાતા હતા. મૂર્તિમાન વેદ શ્રુતિશાસ્ત્ર આદિ બધાં શાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન સારા હતા. ત્રણ કાળના તત્ત્વજ્ઞાનના શોધ કરનારા હતા. કળિકાળના કામક્રોધાદિકથી રહિત હતા. તેઓ દિલના બહુ જ શાંત હતા. દયાવાળા હતા. તેઓ જગતની બધી જ જાળજંજાળને જાણનારા હતા. તેઓ સાકાર ભગવાનના સ્વરૂપનું ભજન ઉપાસના કરતા હતા. પરિબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા ઉપર વધારે ભક્તિભાવ હતો. આવા અનંત સદ્‌ગુણોના ખાણરૂપ એવા શુદ્ધ દિલના ઋષિવર **દેવળ** ઉદાર દિલના હતા. તે દેવળ ઋષિનો **દેવદત્ત નામનો** શિષ્ય કહેવાતો હતો. તે ગુરુ પાસે આવીને વિદ્યાનો અભ્યાસ કરતો હતો. તે બ્રાહ્મણ વર્ણનો મનમાં બહુ જ

કપટી સ્વભાવનો હતો. છળવાળો હતો. બહુ જ નમન કરનારો કમનથી જ કોઈને જોતો હતો. આમ કપટ કરતો હતો. સારા માણસોમાં જે ધૂતારાજનો હોય છે તે એવા દૂર્જનો વધારે હોય છે તે જ્યારે કાંઈ લાગ આવે ત્યારે બીજાના છિદ્રો (દોષો)ને જોયા જ કરે તે દેવદત્તે ગુરુ પાસે બધાંય શાસ્ત્રવેદ ઇતિહાસના સાર આદિ બધાં શાસ્ત્રો ભણી લીધાં. ગુરુએ એને પ્રેમથી ભણાવ્યાં. તૈયાર કરી દીધો. તે પાત્ર ન હતો તોય વિદ્યા વધારે પ્રમાણમાં ભણ્યો. તે ગુરુની મર્યાદા લગારે નહતો રાખતો. જેમ મદોન્મત્ત સાંઢ હોય તે ઊભું ચોમાસું સારી રીતે ચર્યો હોય. અને વકર્યાં હોય જેમ વઢકણિ યુવતીને સુંદર પુત્ર થયો હોય તેવો તે ધૂર્ત હતો. જેમ તોફાની માંકડું હોય તેને વીંછીએ ડંસ માર્યો હોય. પછી તેને દારૂપાન કરાવ્યું હોય ત્યારે તેને કાંઈ મર્યાદા હે જ નહિ ઉદ્ધતાઈ કરે. તેમ **દેવલઋષિનો શિષ્ય દેવદત્ત** પણ એવો જ ઉદ્ધત થયો હતો. તે મહામોટો બ્રહ્મજ્ઞાની થઈને સાકાર પરબ્રહ્મનો દ્વેષી થઈને તે મતિમંદ નિરાકારનું જ પ્રધાનપણું કહેતો ગાતો હતો. ગુરુ કહે, પ્રભુ સાકાર છે. એમ જાણ. તે પ્રભુ પુરુષોત્તમ પરબ્રહ્મ એક જ છે. એનાથી ઉપર કોઈ જ નથી. એમ માનજે. બધાં જ વેદો ઇતિહાસો પુરાણો આદિનો સાર તો એક જ છે સાકાર મૂર્તિ શ્રીકૃષ્ણ પ્રભુની સાથે દૃઢભક્તિ થઈ જાય તો ઉમંગથી તેનું ભજન કરવું એ જ સર્વજ્ઞાનનો સાર છે. સાકાર ભગવાનથી જ બધી સૃષ્ટિ થાય છે. જીવ ઈશ્વરે કરેલાં કર્મનાં ફળને દેનારા પોતે જ છે. જે બ્રહ્મ કહેવાય છે તે ઉપર બ્રહ્મપુરધામ છે તે અવિચળ છે. અખંડ છે. વ્યાપક છે. અકામ છે. કોઈ એમાં ભાગત્યાગ નથી એવાં ધામ છે.

એ પરબ્રહ્મનાં બે સ્વરૂપો છે એમ વેદો ગાય છે. સાકાર રૂપે સતત શોભતા દેખાય છે. પોતે પુરુષોત્તમ રૂપે સ્વરૂપ ધરીને રહે છે. તેની પ્રેમથી ભક્તસંતો સેવા કરે છે. ભક્તિ કરે છે. જે પોતે સર્વમાં વ્યાપીને રહે છે તે જ પુરુષોત્તમ પ્રભુનું દિવ્યતેજ પ્રતાપ પ્રસિદ્ધ જણાય છે. તે આકાર વગરનું કેવળ નામ જ છે. તેનાથી ક્યારેય સ્વતંત્ર કાંઈ કામ થતું જ નથી. આમ સમજી જાણીને પ્રગટરૂપ પ્રભુને ભજ. તે જ સાકારરૂપે સતત રહેલા છે. જગતનું ઉત્પન્ન પાલન અને જગતનો પ્રલય જે કરે છે એ બધી જ ક્રિયા ચેષ્ટા શ્રીહરિની જ કહેવાય છે એ જ પોતે કરાવે છે. એ ભગવાનના સ્વરૂપનું જ્યારે જીવને જ્ઞાન દૃઢ થાય છે ત્યારે જ એ જીવની મુક્તિ થાય છે. એ જ સાકાર પ્રભુની ઉપાસના સુગમ સરલ કહેલી છે. ભગવાનની મૂર્તિ તે નિશાનની જગ્યાએ ઉપસ્થિત થાય છે. દૃષ્ટિમાં દેખાય છે. આધાર વગર કોઈ આધેય નથી થઈ શકતું. કોણ નારીનર પોતાની રીતે આકાશમાં આધાર વગર અડી શકે છે. કોઈ સાધન વગર ઉપાસના વગર ન ચડી શકે. આમ જાણીને મારું વચન સાચું માનીને હવેથી તારું મિથ્યા બ્રહ્મજ્ઞાનનો ત્યાગ કરી દે. અને ભગવાનનું ભજન કર.

આ રીતે ગુરુની વાત સાંભળીને તે કહેતો હતો. જ્યારે ઘસાઈને ફાટેલા વસ્ત્રને ફેંકી દઈએ છીએ તે વાતને તમે ગુરુજી નથી સમજતા. કેમકે બ્રહ્મ એ જ જગતમાં ચારેબાજુ સભર ભર્યો છે. તે બધે વ્યાપીને રહે છે. જ્યાં સુધી બધા મનોમનનો ભાવ જણાય છે ત્યાં સુધી તો તમારો કહેલો ભાવ સત્ય થાય છે પણ જ્યારે તમારી ભ્રાંતિ જ્ઞાનની વાત ભૂલાય છે ત્યારે જ જગમાં બ્રહ્મજ્ઞાનનો બધે ભ્રમ થયા કરે છે એમ જાણો. આ જગતની બધી જ સૃષ્ટિ તે બ્રહ્મમય જ છે. આવી રીતની વેદની શ્રુતિઓ કહેતી જોવાય છે. આમ જાણીને તમે સાકારનું જ્ઞાન ત્યાગીને એક જ બ્રહ્મ છે તે બધામાં સાથે ભળીને રહે છે એમ સમજાય ત્યારે કોઈ કર્મ જ નથી રહેતું અને પાપ પણ લાગતું જ નથી. જીવ અને બ્રહ્મ પોતાનું ક્રિયમાણ કર્મ સમજીને કર્યા કરે તેમ જ કર્યું. અને કેવું વ્રતદાન કેવું સાધન એક જ બ્રહ્મ જ સર્વત્ર ચરાચરમાં વ્યાપક છે એમ જાણો. આ બધો જ બ્રહ્મનો જ વિલાસ છે પણ જીવ ઈશ્વર માયા આદિ કોઈનો કોઈ પ્રકાશ છે જ નહિ. તે અહં ત્વમનો કાંઈ ભેદ રહેતો જ નથી.

જેમ પાણી પાણીમાં કોઈ ભેદ નથી એમ વેદો ગાય છે. આમ તે શિષ્ય ગુરુ આગળ અહંબ્રહ્મનું જ્ઞાન ગાતો હતો. ઉત્તર પ્રતિ ઉત્તર કર્યા કરતો હતો. ગુરુનો ઉપદેશ લગારે લેતો જ ન હતો. વિદ્યાના જ્ઞાનમાં મદમત્ત થઈને અભિમાનમય હતો.

ગુરૂ પરબ્રહ્મનાં વારંવાર વખાણ કરીને સમજાવતા હતા કે હે શિષ્ય ! સાકાર ભગવાનને જાણ. જેને બ્રહ્મ કહે છે તે બધાયનો નાશ થાય છે તથા ક્ષયવૃદ્ધિ થાય છે તથા હર્ષશોક પામે છે. બધું જ જો એક હોય તો બધાંનું જુદું જ્ઞાન કેમ સમજવું જોઈએ. બ્રહ્મને દુઃખ સહન કરવું કેમ પડે ? જીવ તો અજ્ઞાની છે. પશુની સમાન પરવશ રહેલો છે. તે દુઃખ પામવા માટે નથી ઈચ્છતો તોય દુઃખ ભોગવે છે. તું સચ્ચિદાનંદ બ્રહ્મના નામને જપે છે. તો પણ તે જન્મમરણને કેમ પામ્યા કરે છે. તેથી તારા મનથી તારો મત જુઠ્ઠો જ થઈ જાય છે. તો આવી રીતે વાદવિવાદ કરવામાં તારે આ મારી સાથે યોગ્ય લાગે છે ? તું શું કહે છે. શિષ્ય કહે છે, હે ગુરુદેવ ! તમે તમારા ખળશિષ્યને કહો છો. તો ખરા પણ તમે પણ વાતને શું જાણો છો ? બ્રહ્મના જ્ઞાનને જુઠો કહો છો અને પોતાના જ મતને સાચો કહો છો. એ યોગ્ય નથી. તમે ઘરડા થયા છો એટલે તમારી અક્કલ પણ જતી જ રહી છે. તમોને હવે જ્ઞાન લેશમાત્ર પર રહ્યું નથી. અત્યાર સુધી તમારી પાસેથી હેતથી જ્ઞાનની વાતો લીધી પણ એ તો નિરર્થક જ છે. નેત્રોએ નથી અને ચરણ પણ નથી તો કાર્ય કરનાર કેવી રીતે કહેવાય. નિરાકાર નિગમ કહેવાય છે. તે તો તમે જ મને ભણાવેલ છે. તેજોમય ભગવાનને જણાવેલ છે. જેવી રીતે સાગરમાં ક્યાંય અગ્નિ નથી હોતો તેમ તે અગણિત અભંગ અનુપ અખંડ છે તે જ રીતે બધું એક જ બ્રહ્મથી થયું છે. બહુ જ ચર અચર બધુંય એક જ બ્રહ્મનું કાર્ય છે. માયા નથી અને જીવ નથી. કર્મ પણ નથી અને કાળ પણ નથી. બધું જ ચરાચરમાં જળ સભર ભરેલ છે. બધે જ એક જ બ્રહ્મ વિશાળ ચારેકોર વ્યાપક છે. હે મુનિ ! તમે જે ભગવાનને સાકાર કહો છો તથા માયા ઈશ્વર જીવ એ બધાં તો કેવળ નામ રૂપ જ છે એનો તો નાશ થઈ જાય છે. એમાં તમારું કહેવું સત્ય માનું છું. જે નિરાકાર નિર્દોષ કહેવાય છે એમનું કોઈ નામ જ નથી અને કોઈ રૂપ પણ નથી. સ્વયં સત્ય તેજ જ છે. તે બધેય વસે છે. તેને કોઈ જોઈ શકતું નથી એનો કોઈ આકાર જ નથી. એવું સુંદર બ્રહ્મરૂપ છે. ચિદ્‌ઘન તેજની એક જ રાશિ છે. એક જ રૂપ છે. તેને તમે સાકાર કહો છો એ જ મોટું અજ્ઞાન છે.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! જ્યારે તે શિષ્યે પુરુષોત્તમ પ્રભુનો વારંવાર નિંદા કરીને દ્રોહ કર્યો ત્યારે તે ઋષિ સહન ન કરી શક્યા ત્યારે દેવલ મુનિવર કહેતા હતા. જગના કારણ સર્જનારા ગરીબ ભક્તજનોને તારનારા પરબ્રહ્મ પુરુષોત્તમ પૂર્ણ પરબ્રહ્મ પ્રભુ સર્વના અંતરમાં વાસ કરનારા એવા મહાપ્રભુના મહિમાનો વર્ણન કર્યો થાય નહીં. પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મનું સ્થાપન કરે છે એવા મહાપ્રભુનું તું ખંડન કરે છે. અપરાધ કરે છે. માટે હવે તું મહાભયંકર અસુર નિશાચર બ્રહ્મરાક્ષસના દેહમાં મંદમતિવાળો થઈને પીડા પામ્ય રાક્ષસના દેહમાં શોક દુઃખને બહુ જ પામ્ય અને તને તારા મનમાં જ્ઞાનનો મહા ગર્વ હતો. ઘમંડથી જેમ તેમ બોલતો હતો. એટલે ગુરુએ શ્રાપ દીધો ત્યારે તે અતિશય આકુળવ્યાકુળ થઈ ગયો. દુઃખી થયો. ત્યારે ગુરુને દંડવત્ પ્રણામ કરીને પગમાં પડીને હાથ જોડીને સ્તુતિ પ્રાર્થના કરતો હતો. કહેતો હતો. જેમને મનમાં લગારે રાગદ્વેષ નથી માન અભિમાન નથી. સર્વનું હિત કરનારા ગુરુ આપ મારી વિપદાને દૂર કરો. હું મંદમતિનો છું. આપે મને જ્ઞાનની વાત કહી. તે મને નાનું બાળક જાણીને આપના શ્રાપને પાછો વાળીને મને સુખી કરો એવી કૃપા કરો. હે ગુરુવર ! જાણે અજાણે આપનો અપરાધ થયો તે મોટો દોષ ન કહેવાય એમ

આપના હૃદયમાં ધારણા કરો. આપની પાસે બધા વેદ ઇતિહાસને ભણ્યો. એમાં આપે બ્રહ્મની વાતો કહી હતી ખરી. તે વાતોને સાચી જાણીને મેં આપની સાથે વાદવિવાદ કર્યો. તેનાથી મારાથી કાંઈ મોટો અપરાધ નથી થયો. એમ ગણીને મારી ઉપર દીધેલો શ્રાપ હળવો થાય એવી કૃપા કરી વરદાન રૂપે કરો.

હે ગુરુ ! આપ મારી ઉપર દયા કરીને શરણાગત વત્સલ જાણીને મારી આર્ત પ્રાર્થના સાંભળીને દયા કરો. ત્યારે ગુરુવરે વરદાન દીધું જે. મારો કહેલો શ્રાપ તો પાછો ન જ વળે પણ શિષ્ય મારી વાત સાંભળ. તે શ્રીહરિના સ્વરૂપનો જ્યારે બહુ જ દ્રોહ કર્યો ત્યારે અમે ક્રોધ કરીને શ્રાપ મીથ્યા નહી થાય દીધો છે તે તો પણ તમારા સુખ માટે કહું છું. મારો કોઈ દોષ ન લઈશ. કેમકે જ્યારે નાનું બાળક બગાડ કરે છે ત્યારે તેની માતા ધુવે છે. માતા રાજી થઈને સાફ કરે છે. જેમ બાળકના બધાં જ કારણને જાણે છે માટે અમારો શ્રાપ તારી શિક્ષા માટે સાચો જ રહેવાનો. તારે બ્રહ્મરાક્ષસ તો થવું જ પડશે. તે પણ મહાઘોર કઠોર ભૂમિમાં થવું પડશે. દુ:ખ ભોગવવું જ પડશે. પરંતુ મારા અનુગ્રહથી તને શ્રી ઘનશ્યામ મળશે તે પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુ સર્વોપરિ છે. એમનાં દર્શન થશે ત્યારે એ ઉદ્ધાર કરશે. આવી રીતે મેં તારી ઉપર અનુગ્રહ કરેલો છે. એમ માનજો. ત્યાર પછી તું મારા શ્રાપથી મુક્ત થઈશ. માટે મારી ઉપર કોઈ દોષ ન રાખતો. ત્યાર પછી તારે ભવના ફેરામાં ભટકવાનું નહિ રહે. માટે હવેથી તું શ્રીહરિને સર્વોપરી સમજીને દ્રોહ ન કરતો. નિત્ય સાકાર મૂર્તિ શ્રીહરિને ઉરમાં ધારીને સ્મરણ કર્યા કરજે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! ઉદાર મનના દેવળમુનિએ પોતાના શિષ્ય દેવદત્તને શ્રાપ દીધો અને પછી એની ઉપર ઉદારતાથી દયા કરીને શ્રીહરિની મૂર્તિને ઉરમાં ધારીને મહામુનિ મૌન રહ્યા. ત્યાર પછી શિષ્ય દેવદત્ત શ્રાપને અનુગ્રહ રૂપ જાણીને તે રાજી થયો. મનમાં આનંદ પામતો ગુરુના ચરણમાં પ્રણામ કરતો હતો. પોતાના ઘેર ગયા પછી કેટલોક સમય વીત્યા પછી તે દેવદત્ત વિપ્રનો દેહ છૂટી ગયો અને શ્રાપના પ્રતાપે બ્રહ્મરાક્ષસના મહાભયંકર દેહને પામ્યો. તેનાથી ત્રણે લોકમાં બહુ જ ઉધમાત રંજાડ કરતો હતો. અતિ જોરથી પોતાનો પ્રતાપ જણાવતો હતો. હે રાજન ! મારું તારું હું તું કરીને ગુરુની સાથે શિષ્ય થઈને જગતમાં વિગ્રહ કર્યો તો બ્રહ્મરાક્ષસના દેહને પામ્યો એ સાંભળીને તમારા સંશય ટાળ્યા. તે બ્રહ્મરાક્ષસ પૃથ્વી ઉપર ફરતો ફરતો ચારેબાજુ ભ્રમણ કરતો તે વિકરાળ ભૂત બ્રાહ્મણ શ્રીહરિની પાસે જેતલપુરમાં પ્રગટ પ્રભુની સાનિધ્યમાં આવ્યો. મહાસુખને પામ્યો. તે બ્રાહ્મણમાં રહીને શ્રીહરિને નેત્રથી નિરખીને દર્શન કર્યા. એટલે તેનાં બધાં જ પાપો દુષ્કર્મ બળીને ભસ્મ થઈ ગયાં અને ગુરુના અનુગ્રહના પ્રતાપથી ઘોર રાક્ષસને શ્રીહરિનો મેળાપ થયો. કષ્ટમાંથી મુકાયો.

હે રાજન્ ! તમે જે પ્રશ્ન પૂછ્યા હતા તેના ઉત્તરના સારરૂપે કરી દીધો. જે ભૂતની ગતિ થઈ. મુક્તિ મળી તે બધી વાત વિસ્તાર કરીને તમને સંભળાવીને જણાવી દીધી. હે રાજન ! પૂર્વનો ઇતિહાસ કરીને વર્ણન કરીને કથા વિસ્તારીને કહી સંભળાવી. તે કથામાં ગુરુશિષ્યનો વાદવિવાદ ઉત્સાહથી કર્યો. પછી અંતે પરસ્પર ક્રોધ થયો તે ભારે હાનિ કરનાર થયા. દેવળમુનિ સુજાણે શિષ્યના દોષને લીધે શ્રાપ દીધો. પછી વરદાન દીધું. આ રીતે દંડ કર્યો. આમ છઠ્ઠું સુંદર અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલા છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં આ છઠ્ઠો તરંગ પૂર્ણ થયો. ॥૬॥**

# તરંગ-૭

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપને બહુ જ ધન્યવાદ છે. કેમકે આપે મને સુંદર ઈતિહાસ સંભળાવ્યો. તે બધોય ઈતિહાસ મેં મારા કાનેથી સુંદર રીતે સાંભળીને ગુરુના અપમાનનો પ્રકાશ જાણ્યો. ગુરુના અપમાનના પાપથી મહાભયાનક ભૂત થઈને ભૂમિ ઉપર ભમતો રહ્યો. પછી ગુરુની પ્રસન્નતાથી પ્રગટ ભગવાન મળ્યા. મુક્તિ થઈ ગઈ. હવે મને શ્રીહરિ પ્રગટ ભગવાનનાં સુંદર સુખ દેનારાં ચરિત્રો જે બાકી છે તે કહેવા કૃપા કરો. તે ચરિત્રો સાંભળવાથી મનમાં શાંતિ થાય છે. બધાં જ દોષો વિગ્રહો દ્વંદ્વો શાંત થઈ જાય છે.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તે બ્રાહ્મણ પોતાના શરીરમાંથી બ્રહ્મરાક્ષસ નીકળી ગયો છે. એમ જાણીને તે મનમાં બહુ જ આનંદમગ્ન થઈ ગયો. પછી શ્રીહરિનો અતિશય દઢ શરણાગત થયો. પ્રેમથી પંચ વર્તમાનનાં નિયમને ધારણ કર્યાં. આવી રીતે સુખકંદ મહાપ્રભુ **જેતલપુર ધામમાં** ત્રણ દિવસ સ્વતંત્રતાથી રહ્યા પછી ચંચલનયન ભક્તજનોનાં ચિત્તને ચોરતા થકા સાંજના સમયે **મહેમદાવાદ પુરમાં** પધાર્યાં. દર્શન દીધાં. ગામના માણસો પ્રભુ પધારવાના સમાચાર જાણીને સામાં આવતાં હતાં. ધર્મકુળ આભુષણ શ્રીહરિને આવતા જોઈને શ્રીહરિનાં ચરણમાં વંદન કરતાં હતાં. દર્શન કરીને ગદ્‌ગદ્‌ કંઠવાળા આનંદિત થયાં. વારંવાર હાથ જોડીને વિનંતી કરતાં હતાં. પ્રાણપતિને દર્શન કરીને અંતરમાં ઉતારીને ધન્ય થયા. કરીને જાતજાતનાં વાજાં વગાડતાં થકાં મહાપ્રભુને ગામમાં લાવ્યાં. બહુ જ શોભા વધારતાં હતાં. ગામથી પૂર્વ દિશામાં વડનું વૃક્ષ હતું. તેની નીચે મોટી વેદી કરેલી હતી. તે સુંદર વેદીને મુનિવરે જોઈ. તેની ઉપર પલંગ પાથરીને તૈયાર કર્યું. તેની ઉપર મહાપ્રભુ સુખદાયક શયન કરતા હતા. રાત્રે રોકાતા હતા. સવારમાં વહેલા પ્રભાતે મહારાજ જાગ્રત થયા. લોકોના મનને રાજી કરનારા ઘનશ્યામ પ્રભુ સુખપૂર્વક શૌચવિધિ કરીને સ્નાનવિધિ કરતા હતા. સંતોની સાથે સ્નાનવિધિ કરીને પુરુષોત્તમ પૂર્ણકામ પ્રભુ પ્રીત કરીને તૈયાર થયા. ત્યાં તો રસોઈનો પાક તૈયાર થયો. સુંદર રીતે તૈયાર કરેલો થાળ શ્રીહરિ સંતોની સાથે જમ્યા. પછી મહાપ્રભુ સભામાં ભક્તજનોને સંપ સ્વધર્મની વાત કરતા હતા. સંપ વધારવાની વાત ઉપર ભાર દઈને સમજાવતા. તેનાથી ભયહારી મહાપ્રભુ પોતાના ભક્તજનોના મનમાં બહુ જ ભાવતા હતા.

શ્રીહરિ કહેતા હતા – જે હરિભક્તની સાથે હેત રાખીને ભક્તિ કરે છે તેના માટે અક્ષરધામનું દ્વાર અતિ સારું જ છે જે ભગવાનના ભક્તનો વિરોધ કરે છે. તેના માટે તો યમપુરીમાં જવાનું નક્કી જ છે એમ જાણજો. એટલા માટે અમારા આશ્રિત ભક્તજનો સૌ તથા મુનિજનો સૌએ અરસપરસ એકબીજાને સર્વ રીતે સમજીને હેત રાખવું. એક બીજાનો વિશ્વાસ રાખવો. સુખકંદ મહાપ્રભુનું બધું કહેવું માનવું. પાકા દઢસ્થિતિના એકાંતિક હરિભક્તોની રીત કહું છું તે જુદાંજુદાં લક્ષણ સાંભળો તે ભક્તો નિયમ, નિશ્ચય અને પક્ષને જ પરમપુણ્ય આપનાર છે. ભક્તનો પક્ષ જ શ્રેષ્ઠ કહ્યો છે. જે કોઈ જન અમારો જો દ્રોહ કરે તો એને અમે જરૂર સહન કરીશું પણ જો અમારા ભક્તજનનો કોઈ દ્રોહ કરે છે એ દ્રોહ કરનારનું કુળ સહિત સર્વનો નાશ થઈ જાય છે. એટલા માટે હરિભક્તનો ક્યારેય કોઈએ દ્રોહ કરવો નહિ. જો કરે તો મોટું પાપ થાય છે. એમ જાણીને મારા આશ્રિત બધા જ ભક્તજનોએ બધી જ રીતે દ્રોહ સંતાપનો સર્વ રીતે ત્યાગ જ કરવો. સૌએ પરસ્પર હેત રાખવું. સર્વ પ્રકારના ભયનો ત્યાગ કરીને નિત્ય પ્રત્યે મારું ભજન સ્મરણ કર્યા કરવું. તેનાથી તેઓને સર્વોપરી મારો

દિવ્યધામમાં જવાનું મહામોટું ભાગ્ય ઉદય થાય છે.

હે રાજન ! આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ બધા જ હરિભક્તોને સારનો સાર સંપની વાત કરીને પછી **મહેમાવાદથી** ચાલીને **દર્ભાવતી (ડભાણ)** પુરી પ્રેમ કરીને પધારતા હતા. સુંદર મનોહર શોભાવાળાં મોટાં વૃક્ષો શોભતાં હતાં. તેની ઉપર વેલીઓ ચડેલાં લાઈન બંધ શોભતી હતી. તળાવમાં સુંદર જળ શોભતું હતું. તે તળાવનાં જળમાં કમળો પણ બહુ જ સુંદર ખીલેલાં શોભતાં હતાં. સુંદર કુંજની શોભામાં મોટો સમૂહ હતો. કમળોમાં અનેક જાતનાં ભ્રમરો ગુંજારવ કરતાં હતાં. અનેક રીતે ગુણીજનો ગુણ ગાતાં હતાં. તેનાથી મનમાં આનંદ થતો હતો. તે ગામમાં અનેક પ્રકારનાં નરનારીજનો રહેતાં હતાં. તેઓ અનેક પ્રકારના ભાવોથી ભરેલાં શોભતાં હતાં. આવી રીતે તે ડભાણપુરની સુંદર શોભાને જોઈને દેવો મનુષ્યો મુનિજનોનાં મનને મોહ પમાડતું હતું.

હે રાજન ! તે ડભાણપુરની ભૂમિની મનોહરતા અને પવિત્રતા જોઈને પ્રભુએ ત્યાં યજ્ઞ પ્રારંભ કરવાનો વિચાર કર્યો. તે યજ્ઞની પ્રસિદ્ધ વાતની મનોહરતા તે તમને કહેલી હતી. તે વાતને અત્યારે વિસ્તાર કરીને હે રાજન ! કહીએ છીએ. એથી તમે સાવધાન થઈને બધી જ વાર્તાને સાંભળો. જે સાંભળવાથી મનમાં શાંતિ થાય અને અતિ સુખ થાય છે. મહારાજે જ્યારે યજ્ઞ કરવાનો પ્રારંભ કરવાનું પોતાના મનમાં નક્કી કર્યું ત્યારે શ્યામ સુંદર ઘનશ્યામ સુખકંદ પ્રભુ સુંદર મનોહર અમૃતવચનો કહેતા હતા કે મારા આશ્રિત ભક્તજનો તમો સૌ નરનારીજનો તમને એક બહુ જ સુંદર વાત કહું છું તે સાંભળો. અમારે અહિંયા સર્વને સુખ કરનારો સુંદર યજ્ઞ કરવો છે. તે યજ્ઞકાર્યમાં તમારે સૌને જે કામ કરવાનું છે તે મન કર્મ વચનને મનમાં નક્કી કરીને પોતાનાથી થઈ શકે તેવું કરવાનું છે. આ રીતે કાર્ય કરવા તૈયાર હોય તો યજ્ઞસત્રનો પ્રારંભ કરવાનો મોટો પ્રયત્ન કરવો છે તમે ચિત્ત પરોવીને તૈયારી કરો તો કાર્ય સારું થાય. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુના મુખેથી વાત સાંભળીને મનમાં આનંદ પામતાં સૌ નરનારીજનો વિચારવા લાગ્યા કે મહારાજ આમ કેમ કહેતા હશે. એમ વિચારીને કહે, હે પ્રભુ ! આ ધન શરીર ઘરો વિગેરે તમારું જ છે. આપ જેમ કહેશો તેમ જ બધું થવાનું જ છે. અમે આપની આજ્ઞા પ્રમાણે હે સુખકારી ! મન કર્મ વચન પ્રમાણે જે કરવાનું હોય તે બધું જ આપ કહો. તેમ કરવા અમો તૈયાર જ છીએ. આવી રીતનાં એકાંતિક ભક્તજનોનાં વચનો સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ મનમાં બહુ જ રાજી થયા. જેવી રીતે યજ્ઞ કરવો હતો તે પ્રારંભ કર્યો. આવી રીતે મહાપ્રભુ ડભાણપુરમાં મહાયજ્ઞ કરતા હતા. જ્યારે શ્રીહરિ મહાપ્રભુએ યજ્ઞ કરવાનું પવિત્ર કાર્ય કરીને લોકોનાં પાપોને બાળવાનું કામના પવિત્ર પ્રારંભ કર્યો ત્યારે શ્રીહરિ ગંગાદાસ ભક્તને વાત કહેતા હતા. પ્રીતથી સમજાવતા હતા. તમે લોકો સૌ ધોલેરાપુર બંદરે જાઓ. ત્યાં જઈને માલ ભરીને લાવો ત્યારે જ યજ્ઞનો પ્રારંભ થશે કે જ્યારે વસ્તુ બધી આવશે. ચોખા, દાળ, ગોળ, ઘી આ બધું જ ધોલેરા જઈને સારું સારું અગણિત મણ લાવવાનું છે. તેની કોઈ ગણતરી જ ન થઈ શકે. માર્ગમાં ક્યાંય અટકાય નહિ તે ખાસ ધ્યાન કરીને લાવવાનું છે. સાવધાનીથી ગાડાં ભરી ભરીને માલ અહીં લાવો. તમે બધા જલદીથી મારા આશ્રિતો બધાય ઘડીઘડીનું ધ્યાન રાખીને જાઓ. આવી રીતે શ્રીહરિની હેતપૂર્વક વાણી સાંભળીને ગંગાદાસ ગુણિજન પોતાના બંને હાથ જોડીને સકલમૂર્તિ અવિનાશી પ્રભુને કહેતા હતા.

હે મહાપ્રભુ ! આપ તો જાવ જાવ એમ કહો છો પણ કોઈ પૈસા ટકાનું તો નામ લેતું જ નથી. માટે હરિજનોના સુખધામ પ્રભુ પૈસા વગર તો આપનું આ કામ કોણ કરી આપશે. પૈસા આપ્યા વગર કોઈ કામ

થવાનું નથી માટે હે પ્રભુ ! આ તો લોકોને હાંસી કરવા જેવા મનોરંજનનું કામ થશે. માટે હે કામના ગર્વને હરનારા મહાપ્રભુ ! કામ કર્યા વગર પાછા ફરીને આવવાનું થાય તેમ લાગે છે. બે મણ ત્રણ મણ કે એકસો મણ સુધી તો હે પ્રભુ ! ઉધાર મળે છે પણ આ તો અસંખ્ય મણ વસ્તુ લાવવાની છે. તે તે વગર પૈસે કોઈ ઉધારમાં તો ન જ આપે. હે પ્રભુ ! આવી રીતે કોની પાસે જઈએ. કેવી રીતે માલ ઉધાર લાવવો તે કહો. ભક્તજનના મુખેથી વાત સાંભળીને શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા હતા. કમલનયન મહાપ્રભુ યુક્તિ કરીને કહેતા હતા. હે મારા આશ્રિત ભક્તજનો ! સાંભળો તમને હું કહું છું. તમે લોકો નાણાં માટેની કોઈ જાતની ચિંતા ન કરશો. મારા પર પવિત્ર પ્રેમી ભક્તજનો તમે બધા સાથે મળીને ધોલેરા જાઓ. માલ લેવા ત્યાં મારા આશ્રિત શાહુકાર રહે છે. તે બહુ જ વિશાળ બુદ્ધિના છે. તે શેઠ બહુ જ ધનવાળા છે. જાણે પ્રત્યક્ષ ધનના રાજાકુબેર ભંડારીને જ જાણો. તેઓ ત્યાં આડતનો ધંધો કરે છે. એમની પાસે જજો. એમને મળજો. તમે જશો એટલે તમને બધો જ માલ ભરાવી દેશે. તે શેઠ તમને પુરની ભાગોળે જ મળશે. એટલે ત્યાં જ મળશે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુના મુખેથી સુખદાયક વાતો સાંભળીને સૌની વાત માનીને બહુ જ સુખપૂર્વક રાજી રાજી થઈ ગયા. પછી મહાપ્રભુના ચરણકમળનાં સુંદર રીતે સ્પર્શ કરીને ચપલનયન મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ધરીને સ્મરણ કરતા થકા જતા હતા.

હે રાજન ! સૌ ભક્તજનો સમુહમાં બધાં જ ગાડાં સુંદર રીતે લઈને સાથે જ માર્ગમાં ઉમંગ સાથે ચાલ્યાં જતાં હતાં. ચાલીને ગાડાં ધોલેરાપુરે જ્યારે પુરની સમીપમાં આવ્યાં ત્યારે શેઠના રૂપમાં શ્રીહરિ મળ્યા. તે શેઠ તેજસ્વિતાવાળા શરીરે પુષ્ટ વિશાળ ભાલવાળા તે ભાલ જળકતું હતું. તે શ્રેષ્ઠજનને જોઈને દુષ્ટ મનવાળાં જનો દબાતાં હતાં. એવા શરીર ઉપર સફેદ ધોતીને ધારણ કરી હતી. મધઝર ગજની જેવી અતિ હળવી ચાલથી ચાલતા મુખેથી મંદમંદ હસતા છાતી અતિ ઉપડતી વિશાળતાવાળી પુષ્પની માળાને ધારેલા શોભતા હતા. અંગો ઉપર આભુષણોને ધારણ કરેલાં હતાં. લાલ જરીની શિર ઉપર પાઘ ધારણ કરેલી હતી. કેડે સોનાનો કંદોરો ધારણ કરેલ હતો. તે નંગ જડેલો હતો. સાથે અંગરક્ષકને રાખેલો હતો. ધનમાં ધનવાન ધનરાજના જેવા સુંદર વેશને ધારણ કરેલા શોભતા હતા. જેમ અંધકારને સૂર્યનારાયણ હરે છે તેમ શેઠની કાંતિ પણ બહુ જ શોભતી હતી. તે પોતે જ ભક્તજનોની સામા આવતા હતા. સૌના તાપ પાપ સંતાપને હરતા હતા. જાણે દરિદ્રતાને કાપતા હતા એવા મહાન પ્રતાપને વિસ્તારતા વિચરતા હતા. પાસે આવીને પ્રીતથી પૂછતા હતા કે તમે બધાય કયા ગામેથી આવો છો. તે બધી જ રીત આવવાની મને સંભળાવો. જેથી વ્યવસ્થા કરી શકાય. કોને તમને મોકલ્યા છે. કયા કામે મોકલ્યા છે તે કહો.

સર્વના જીવનપ્રાણ પ્રભુ જેતલપુરથી ચાલીને **મહેમદાવાદપુરે** પધાર્યા. ભક્તજનોના મનના ત્રાસને હરીને સુખ કરનારા સૌના મનને સુખ આપતા હતા. પછી પ્રભુ **ડભાણપુરે** પધાર્યા. સૌના મનમાં ભાવતા હતા. આ રીતે સાતમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદરાજાના સંવાદમાં શ્રીહરિએ ડભાણપુરમાં લીલા આશ્ચર્યકારી લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે સાતમો તરંગ થયો. ॥૭॥**

# તરંગ-૮

અવધપ્રસાદજી કહે છે હે આનંદસિંહ રાજન ! તે શેઠનાં કહેલાં વચનો સાંભળીને ડભાણના ભક્તજનોનાં મન રાજી થયાં ત્યારે ભક્તજનો પોતાનાં વૃત્તાંત કહેતા હતા. તે હે રાજન ! તમને કહું છું. અમે બધાય ડભાણપુરમાં રહેનારા છીએ. શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ પુરુષોત્તમ પ્રભુ તે પોતે જગતના નાથ છે. તે લોકોનાં કલ્યાણ કરવા અને પાપને હરવા માટે મહા મોટો યજ્ઞ કરે છે. તે પ્રભુની આજ્ઞાને અમે લોકો શિર ઉપર ધારીને **ધોલેરાપુરે** ગાડા લઈને આવ્યા છીએ. અહીંથી યજ્ઞના કાર્ય માટે કહેલો બધોય સામાન લઈ જવાનો છે.

ત્યારે તે હરિભક્તોનું કહેવું સાંભળીને તે શેઠ મનમાં બહુ જ રાજી થયા અને પછી બહુ જ પ્રેમભરપુર મધુરવાણી કહેતા હતા. તમે બધાય હરિભક્તો સૌ સાંભળો. બધોય માલ અમારી વખાર છે તેમાં ભરેલો છે. માટે તમે બધા ચંચળ મનવાળા હોંશિયાર જલદી સમજનારા સજ્જનો તમારાં બધાં ગાડાં અમારી દુકાન તરફ હાંકી લ્યો. ત્યાં દુકાનમાંથી બધોય માલ તમારે જે જોઈતો હોય તે બધો જ ગાડાંમાં તરત ભરાવી દઈશું. લગારે વાર નહીં જ લાગે. જલદી ચાલો. હરિભક્તોને તે શેઠનાં કહેલાં વચનો શાંતિ અને સુખકારક લાગ્યાં ત્યારે ગંગાદાસ ભક્ત મુખેથી સુખમય વાણી કહેતા હતા. શેઠ અમે યજ્ઞનો બધો માલ ભરવા માટે આવ્યા છીએ. માટે હે શેઠ ! તમે તો સુખના ખાંણરૂપ છો. અમારી પાસે માલના ખર્ચનાં કાંઈ દાન ભરવાનાં નાણાં નથી લાવ્યા. એ તમે જાણી લેજો. અમે ઉધ્ધાર માલ લેવા માટે આવ્યા છીએ. માટે શેઠ તમારે વગર પૈસે માલ ભરી આપવાનો છે. માટે વિશ્રામના ધામ આપ યોગ્ય રીતે વિચારીને કહો. શ્રીહરિ આવીને પૈસા આપશે. અમે આમાં લગારે જુઠ્ઠું બોલતાં જ નથી. બધું જ સાચું કહીએ છીએ. આતો ધર્મનું કામ છે. એ પ્રમાણે મનમાં વિચાર કરીને અમે પણ ધરમનું કામ કરવા માટે આવ્યા છીએ. એ જોઈને યોગ્ય કરી આપવાનું કરો.

શેઠ કહે છે, ભક્તજનો તમે લોકો દામ દામની શું વાતો કરો છો. બધું દામ તો અમારી પાસે જ છે. આ બધુંય સ્વામિનારાયણ ભગવાનનું જ છે. આમાં મારું કાંઈ છે જ નહીં. આ હું જે કહું છું તે બધું જ સાચું કહું છું. યજ્ઞના કામમાં જે જે કાંઈ સામગ્રી જોઈતી હોય તે તે સંભારીને બધી જ સામગ્રી તમે તમો જેટલી જોઈએ તેટલી બધી જ સામગ્રી લઈ જ જાવ. તમારે કોઈ જાતનો મનમાં સંકોચ ન રાખશો. તમારે કોઈ ચિંતા નહિ કરવાની. જ્યારે તે શેઠની સુખદાયક વાત સાંભળી ત્યારે સૌ હરિભક્તજનો મનમાં બહુ જ રાજી રાજી થઈ ગયા. પછી બધો જ માલ બહુ જ પ્રમાણમાં ગાડાંઓમાં ઠાંસી ઠાંસીને ભર્યો. ગાડાંઓમાં ચોખા દાળ ખૂબ લીધાં. ગાડાં ભરી બંધ બાંધી બધાં જ ખૂબ જ સારી રીતે તૈયાર કર્યાં. ખૂબ જ ભાર ભર્યો. પછી ગોળ ખાંડ અને ઘી સહિત બધો જ માલ સારી રીતે પ્રેમથી ઉદારતાથી ઘણા માત્રામાં ભરીને લઈ લીધાં. હે રાજન ! શેઠ પાસે રહીને જ બધોય માલ ભરાવરાવ્યો તથા બધા જ રૂપિયા તે માલના અબજોની સંખ્યામાં ભરી જ દીધા. ચોખાના પૈસા વચમાં ભરાવીને દઈને શેઠે બહુ જ અલૌકિક કામ કર્યું. આ વાતને કોઈ જાણતું જ ન હતું. પણ બધી જ વાત સાચી જ છે. હે રાજન ! આ વાત તો અતિ ઝીણી તીવ્ર બુદ્ધિ હોય તે જ જાણીને સમજી શકે એવી છે. ગાડાં ભરાવ્યાં પછી શેઠે રસોઈ બનાવરાવીને સૌને બહુ જ સારી રીતે જમાડીને બહુ જ રાજી કર્યાં. ભક્તોને બહુ જ આનંદ કરાવ્યો.

સૌ જમી રહ્યા ત્યારે જવા માટેની તૈયારી કરી. બધાં ગાડાં સારી રીતે ભરીને જોડ્યાં. ત્યાર પછી સૌ જનો પરસ્પર એકબીજાને મળીને આનંદિત મનવાળા થઈને સુંદર ઉદાર દિલ શેઠ કહેતા હતા. સ્વામિનારાયણ ભગવાનને મારાં દંડવત્ પ્રણામ મારા વતી કહેજો. આમ સૌ હરિભક્તો આવેલા લોકો ચાલતી વખતે એકબીજાને અરસપરસ મળીને ચાલતાં થયાં. સૌ ભક્તો ચાલીને **ધોલેરાપુરના** પાદરે આવ્યા. બધો જ માલ ભરીને મનમાં આનંદ પામતાં થકાં એકબીજાને વાતો કરતાં થકાં કહેતાં હતાં કે માલ આપનારનું નામ શું છે. તેનું પૂછવાનું રહી જ ગયું. આપણે જ્યારે **ડભાણ** જઈશું ત્યારે મહારાજ પૂછશે તો શું નામ કહીશું. આમ કહીને બધાં જ શંકાવાળાં થયાં. પછી કહે, બે જણાં જઈને નામ પૂછી આવો અમે અહીંયાં ઊભાં રહીશું. તમો આવો પછી જઈશું. જ્યાં સુધી તમો નહીં આવો ત્યાં સુધી અમે રાહ જોઈશું. આમ વાત સાંભળીને બધાં ભક્તો કહે બરોબર સાચીવાત છે. તમે બે જણા જાઓ. નામ પૂછો. **ગંગાદાસ** આદિક જે ભક્તજનો ગયા હતા તે બધી વાતો સાંભળીને બધાનું કહેવું જાણીને રાજી થઈને ગામમાં શેઠનું નામ વિગેરે માહિતી લેવા ગયા. શેઠની પાસે ગયા પણ પોતે જે જગ્યાએથી માલ લીધો તે જગ્યાએ કાંઈ ન દેખાયું. નજર કરીને જોયું તો શેઠ કે તેના જેવું કાંઈ દેખાયું જ નહીં. ક્યાંય વખારેય ન દેખાણી. અને શેઠ પણ ન દેખાય. કાંઈ હાટ કે ડાટ કાંઈ હતું જ નહીં. કાંઈ ન જોયું ત્યારે પોતાના મનમાં ભ્રમ ઊભો થયો અને ઉચાટ કરવા લાગ્યા. પછી પુરનાં મનુષ્યોને જઈને પૂછતા હતા. કે હમણાં જ અહીંથી અમોએ માલ લીધો છે. અને તેમણે ગાડાં ભરીને માલ ભરાવી દીધો છે તે શેઠનું નામ અમારે જાણવું છે તો આપ બતાવો. આ વાત સાંભળીને તે ગામનાં મનુષ્યો હસતાં હતાં. શું તમે લોકો અતિ મુરખ તો નથી થયાને જે શેઠ પાસેથી માલ ભર્યો તે શેઠનું નામ ન જાણે તે કેવું કહેવાય. ત્યારે તે ભક્તજનો કહે, અમે ગામમા બધેય જોયું. તપાસ કરી પણ અમને ક્યાંય તે શેઠ જોવામાં ન આવ્યા. તે શેઠની અદ્‌ભુત આકૃતિ હતી. અંગો બહુ જ સારાં પુષ્ટ હતાં. ભાલ મોટું વિશાળ ઉદાર દિલના શરીરે તાજા માજા તેજસ્વિતાવાળા ધનઅધિપતિ ભંડારી ને ઉદાર એવા. આવી વાત સાંભળીને પુરનાં લોકો સૌ મુખેથી હસતાં થકાં કહેતાં હતાં. આવા પુરુષ તો આ પુરમાં કોઈ છે જ નહીં. અમે બધાં વેપારીઓને જાણીએ છીએ.

આવી રીતે તે રસવાળી તે વાત આશ્ચર્યકારક જોઈને ઉદાર ભક્તજનો ફરીને પાછા સૌ ભક્તો ગાંડા ભરીને આગળ ઉભા હતા તેની પાસે આવ્યા. શહેરમાં શેઠની તપાસ કરવા ગયેલા ભક્તજનો આવીને કહેતા હતા કે અમે શેઠનું નામ પૂછવા ગયા હતા. સુખ કરનારા શેઠની વખાર જોઈ પણ ક્યાંય ન દેખાણી અને શેઠ પણ ક્યાંય ન દેખાયા પછી આખા શહેરમાં ફરીને જોયા પણ ક્યાંય નજરે ન દેખાયા. તેજ શેઠરૂપ અતિ અદ્‌ભુત રૂપને નેત્રો દ્વારા ક્યાંય જોવામાં ન આવ્યા અને આને કોઈ જુઠ્ઠું છે એમ ન માનશો. આવી રીતની વાતને બધા ભક્તોએ સાંભળી તેથી બધાંનાં મન બહુ જ હરખ પામતાં હતાં. આ તો મહાઆશ્ચર્યની જ વાત કહેવાય. આવી વાત તો ક્યારેય સાંભળી નથી અને જોઈ પણ નથી. બધો જ માલસામાન ભરી લાવ્યા. એમાં લગારે વાર તો લાગી જ નહિ. જડપમાં ભરાઈ ગયો. આ તો કોઈક ઘનશ્યામ પ્રભુ જેવા કોઈક મહાસમર્થ જ હશે. આપણને યતકિંચિત બધું જોવા મળ્યું. આવી રીતે બધા જ ભક્તજનો વાતાવરણ પ્રમાણે રાજી થઈને ધર્મનંદન મહાપ્રભુને ઉરમાં ધારીને સ્મરણ કરતા પોતપોતાનાં ગાડાંઓને હાંકતા હતા. પોતાનાં કુટુંબીના ભાન ભુલીને પ્રભુમાં જોડીને જતાં હતાં. ચાલીને પોતાનું ગાડું **ડભાણપુરે** નવીન રીતે પહોંચી ગયા. બધાં જ ગાડાંઓ સાથે લઈને બધાં જ હરિભક્તો પ્રેમથી આવી ગયા ત્યારે શ્રીહરિનાથ મહાપ્રભુ બધાને પ્રેમથી ભેટ્યા. બધાના માથા ઉપર હાથ મુક્યા ને સૌને કુશળ સમાચાર પૂછતા હતા. સૌ સુખી પ્રવિણ છે એમ કહેતા હતા. તમે બધા

કેવી રીતે માલ ભરીને આવ્યા. ભક્તો વગર પૈસે માલ લઈને આવ્યા તે બધી યથાર્થ રીતે વાત થઈ હોય તે પ્રેમથી મારી પાસે કહી સંભળાવો. પ્રભુ પાસે આવીને ભક્તજનો નિખાલસતાથી વચનો કહેતા હતા. કરુણાસાગર ભક્તજનોના સુખના સાગર આપ સાંભળો. આપના અનંત મહિમાને કોઈ જાણી શકતું જ નથી.

હે પ્રભુ ! પહેલાં તો અમે આપના મહિમાને નહોતા જાણતા. હવે તો બધાય આપનાં મનુષ્યચરિત્રને જાણી લીધું છે. આપનો પ્રતાપ જોયો. કેમકે અમે જ્યારે પહેલાં **ધોલેરાપુર** પાસે પહોંચ્યા ત્યારે તરત જ અદ્‌ભુત શોભાવાળા શેઠ મળ્યા. એમનું ભાલ વિશાળ અદ્‌ભુત રીતે શોભતું હતું. બધાં જ વસ્ત્રો જરીયાની લાલ રંગનાં ધારણ કર્યાં હતાં. શરીર પુષ્ટ તેજસ્વી અતિશય દયાવાળા તેમની પાસે પાંચ સેવકો હાજર હતા. અમારા મનમાં તો એમ કે ધનપતિ કુબેર ભંડારી ન આવ્યા હોય તેવું શેઠનું રૂપ લાગતું હતું. શોભતું હતું. અમારી પાસે આવીને બધી જ વાત એમણે પૂછી લીધી. અમે શેઠને યજ્ઞની હકીકત બધી જ જણાવી દીધી. વાત સાંભળીને શેઠ બહુ જ રાજી થયા. અમને પોતાના મકાને લઈ ગયા. ગોડાઉનમાં જઈને બધા માલનાં ગાડાંઓ ભરાવરાવ્યાં. માલનાં નાણાં ભરી દીધાં. અમને બધાંને રસોઈ કરાવરાવીને સારી રીતે ખૂબ જ ભાવ કરી જમાડ્યા. હે પ્રભુ ! અમે ધાર્યું હતું કે આ શેઠ આપના સેવક છે અને એમણે અમારી બહુ જ સેવા કરી હે આનંદના ધામ પ્રભુ ! આવી રીતે બધા જ માલ ભરીને પછી ચાલવા તૈયાર થઈને ગાડાંઓ લઈને પુરની બહાર આવ્યા ત્યારે. અમે બધાય સાથે મળીને અરસપરસ વાતો કરીને વિચાર કર્યા કે શેઠનું શું નામ છે તે તો આપણે પૂછવાનું તો રહી જ ગયું. ત્યારે બધાં કહે પાછા જઈને પૂછી આવીએ ત્યારે તરત જ પાછા શેઠને શોધવા માટે ગયા. અમે બે જણા પુરમાં ગયા. આમ ગંગાદાસ ભક્ત કહેતા હતા. જ્યારે અમે ધોલેપરાપુરમાં દોડીને ગયા ત્યારે ત્યાં શેઠ ન હતા અને એમની વખારોય ન હતી. પછી અમે પાછા આવ્યા. આવીને બધી જ વાત ઉત્સાહપૂર્વક બધાને કરી ત્યારે તે વાત સાંભળીને અતિ આનંદ થઈ ગયો. અમે તત્કાળ કાંઈ જ ન તર્કી શક્યા. કોઈ જાતનું નક્કી ન કરી શક્યા. પછી અમે શંકાયુક્ત મનવાળા એમને એમ આપના સ્વરૂપમાં પ્રેમ ધારીને ચાલતાં થયાં. મારગમાં વચ્ચે વચ્ચે રોકાણ કરતા થકાં અહીંયાં આપની પાસે આવ્યા છીએ. માટે હે પ્રભુ ! આપ જ કહો કે કોણ શેઠ માલ ભરાવવા આવ્યા હતા. જે શેઠે વગર નાણાંએ અઢળક માલ ભરાવી દીધો. હે પ્રભુ ! અમને આપના ભક્તદાસ જાણીને હે ધર્મનંદન પ્રભુ ! બહુ જ આદર કરનાર કોઈ જાતનો વિભાગ નહિ કરનાર સુંદર રીતે સત્કારનાર તથા કપટને હરનાર આ રીતનાં કાર્યો કરનાર કોણ કહેવાય.

ભક્તજનોનાં મુખે કહેલાં વચનો સાંભળીને કમળનયન મનોહરમૂર્તિ મહાપ્રભુ કહે, હે ભક્તો ! તમે સાંભળો. તે શેઠ કોઈ વાણિયો ન હતો કે કોઈ ધનપતિ પણ ન હતો કે કોઈ દેવમુનિ કે શિવ ન હતા કે કોઈ જગતનો જીવ પણ ન હતો પણ તે જ પ્રકારના રૂપને ધારીને અમે પોતે જ આવ્યા હતા. આ યજ્ઞનું સુંદર કાર્ય કરવા માટે દયા કરીને બધો જ માલ ભરાવરાવી દીધો. ઉરમાં દૃઢભક્તિ ભાવ ભરીને તમારા દ્વારા અહીં પહોંચાડાવી દીધો. આ બધું ભક્તિનું કાર્ય કરેલ છે. જે તમે સંશય કરો છો તો તમે બધા માલ લાવ્યા છો તે હજાર અબ જનો (અયુત)નો માલ છે તેથી અમે જ ભરાવરાવ્યો છે. આવી રીતની મહાપ્રભુની અદ્‌ભૂત વાત સાંભળીને તરત જ ગાડાં સંભળ્યાં ત્યારે તેમાંથી (અયુત) અબજોની થેલી ગાડાંમાંથી નીકળી તે બધાંએ નજરે જોઈ લીધી. ત્યારે સૌ જોઈને આશ્ચર્ય પામ્યાં. અંતરમાં વિચારતાં થયાં. સૌ નરનારીજનોએ જોયું ને જાણી લીધું કે આ લીલા તો આખા જગતના આધાર જગતપતિ શ્રીહરિ મહાપ્રભુની જ છે. તે માલ અગણિત પ્રમાણમાં લાવેલા. તેનાથી જગતના ઈશ મહારાજે મોટો યજ્ઞ કરાવ્યો. અજિતપ્રભુ ન કળાય એવા અખિલ જગતના

ઈશ ભક્તપતિએ અંતમાં બ્રહ્મભોજન કરાવરાવ્યું. ત્યારે જગતમાં મહાપ્રભુનો જપ જયકારનો શબ્દ બહુ જ મોટા પ્રમાણમાં થયો. આવી રીતે અવતારના અવતારી આ પૃથ્વી ઉપર સહજાનંદ સ્વામી મહાસુખ કરતા હતા. આવી રીતે ભયને ભાંગનારા મહાપ્રભુ સહજાનંદ ભગવાન પોતાના આશ્રિત ભક્તજનોને સુખ દઈને સૌ નરનારીજનોને મનમાં આનંદ કરીને મહારાજ **ડભાણપુરથી** ચાલતા થયા.

મહારાજ પોતાના આશ્રિત સંતોની સાથે **વરતાલ** ધામે પધાર્યા ત્યારે પુરુષોત્તમ મહાપ્રભુને આવતા જોઈને પ્રેમથી વરતાલપુરનાં જનો સૌ સામાં આવતાં હતાં. હે રાજન ! મુનિજનોની સાથે શ્રી સ્વામિનારાયણ પ્રભુને આખા ગામનાં મનુષ્યો પુરમાં પ્રેમથી લાવતાં હતાં. પછી સૌ હરિભક્તો સાથે મળીને જનના જીવનનિધિને જોઈને સુંદર રીતે ભોજન બનાવરાવીને અનેક પ્રકારનાં ભોજનો પ્રેમથી જમાડીને બહુ જ રાજી થતાં હતાં. મહાપ્રભુ દયાના સાગર શુદ્ધ દિલવાળા ભક્તજનોને આવી રીતે સુખ દેતા વરતાલપુરમાં નિવાસ કરતા હતા. તેના ગુણને વિધિ - દેવો સુંદર રીતે જાણીને ગાતાં હતાં. **વરતાલધામમાં** પુરુષોત્તમ મહાપ્રભુ પાંચ દિવસ લોકોના પ્રાણપતિ રહીને પ્રેમથી દર્શન દાન દેતા હતા. પછી ચંચલમૂર્તિ મહાપ્રભુ ત્યાંથી ચાલતા હતા. માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાણ કરતા વાસ કરીને ભક્તજનોના ત્રાસને અવિનાશી પ્રભુ હરીને અતિશય પ્રેમથી સંતોની સાથે મહાપ્રભુ **ગઢપુરધામે** પધાર્યા. ગઢપુરમાં ઉદાર દિલ ઉત્તમ રાજા તથા જયા લલિતા આદિકજનો પ્રભુને બહુ જ ભાવપ્રેમથી સંતોની સાથે સુખના ધામી પ્રભુ શ્રીહરિને દરબારગઢમાં પધરાવતાં હતાં. મહાપ્રભુ જેમ જેમ મુખેથી કહે તેમ તેમ વધારે પ્રીત કરીને અજિતપ્રભુ ભક્તજનોના પ્રેમભાવને ભક્તિભાવને જોઈને નિવાસ કરીને રહેતા હતા. ક્યારેક ક્યારેક મહાપ્રભુ સંતોની સાથે બીજા ગામોના ભક્તજનોને સુખ આપવા કમળસમાન કોમળ અંગોવાળા પોતાના આશ્રિત ભક્તજનોને દર્શનનું સુખ આપવા તથા જ્ઞાન, ઉપદેશ કરવા ઉત્સવો કરવા માટે પધારતા હતા. સુખકંદ મહાપ્રભુ રોજ સવારમાં ઉન્મત્ત ગંગામાં (ઘેલા) સ્નાન કરવા માટે જાય ત્યારે નિત્ય પ્રત્યે નવી નવી લીલા ચરિત્રોને સ્વતંત્ર રીતે કરતા હતા.

હે રાજન ! આવી રીતે ગઢપુરમાં ગુણભંડાર સુખ આપતા થકા રહેતા હતા. **એવામાં અમદાવાદથી સુંદર લખાયેલો ભાવના ભરેલો વિનંતિ પત્ર આવ્યો મંદિર બનાવવા માટે શ્રીહરિ મહાપ્રભુને ભૂમિસંપાદન કરવા માટે પ્રાણ આધાર અમદાવાદમાં કોઈક સારા પવિત્ર સંતને હે ભયહરન પ્રભુ ! મોકલવા કૃપા કરજો. આ રીતે પત્રને સાંભળીને મનોરંજન કરનારા મહારાજ શુભ રીતે કાર્ય કરવાનું જાણીને રાજી થયા અને મુક્તાનંદ સ્વામીને મંદિરના કાર્યના આયોજન માટે** મોકલ્યા **શ્રીહરિની આજ્ઞા લઈને મુક્તાનંદ સ્વામી અમદાવાદ મંદિર** તથા **જમીન મેળવવા તથા મંદિરનું કાર્ય કરવા આનંદથી આવ્યા.** આવી રીતે મહાપ્રભુ નિત્ય પ્રત્યે નવીન લીલા કરતા હતા. **ગઢપુરમાં** ભક્તજનોને સુખ દેતા હતા. સૌ નરનારીજનો આનંદ કરી હતાં. મહારાજ ફૂલડોળનો ઉત્સવ કરતા. સર્વના ફંદને હરનારા મહાપ્રભુ સર્વજન સમુદાયને આનંદ કરાવવા માટે પ્રાણપતિ **મછિયાવ** જવા ચાલતા હતા.

**ડભાણપુરથી** ગાડાં લઈને માલ ભરવા ગયા. **ધોલેરાથી** દિનબંધુએ ગાડાંઓને બધા માલથી ખૂબ જ ભરપૂર કરીને તોલ્યા વગર બહુ જ માલ ભરીને આપી દીધો. માલ આપનારા સજ્જનરૂપે મહારાજે બધો માલ ભરાવી દીધો. મુનિપતિ પાસે પાછા આવ્યા. આવી રીતે આ આઠમું અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે આઠમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા એ નામે આ આઠમું તરંગ થયુ. ॥૮॥**

# તરંગ-૯

આનંદરાજા પ્રેમથી પ્રશ્ન પૂછે છે, હે ગરૂવર્ય ગુણના ભંડાર ગંભીરમૂર્તિ શ્રીહરિ મહાપ્રભુએ મછિયાવપુરમાં જે જે ચરિત્રો સુંદર રીતે કર્યાં હોય તે ચરિત્રો મને કહો. ભક્તજનોની ભીડને હરનારાં ચરિત્રો સાંભળવા માટે મારા ચિત્તમાં બહુ જ ભાવ જાગે છે. જ્ઞાનની ખાણરૂપ સર્વના પાપોનો નાશ કરનારા હે અવધપ્રસાદજી મહારાજ ! આપ સુખને આપનારાં પ્રગટ ભગવાનનાં ચરિત્રો સંભળાવો. તમારૂ જ્ઞાન તો ત્રણે કાળમાં સાંભરતું જ રહે છે. આનંદસિંહ રાજાનાં પુણ્યવાળા પ્રશ્નો સાંભળીને અયોધ્યાપ્રસાદજી મહારાજ યોગ્ય રીતે જ્ઞાનચરિત્રોની વાતો પિતા રામપ્રતાપજીના મુખેથી સાંભળેલા સુખરૂપ ચરિત્રો કહેતા હતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે જે પ્રશ્નો પૂછ્યા છે તે જ પ્રશ્નો પ્રેમ કરીને ગુણાતીતાનંદ સ્વામીએ જુનાગઢમાં લોકોના પાપોને બાળનારા પ્રશ્નો ગોપાળાનંદ સ્વામીને પૂછ્યા હતા. તે જ પ્રશ્નોનો પ્રસંગ તમને સંભળાવું છું. હે રાજન્ ! એક દિવસ **મછિયાવપુરના રાજા બાપુભાઈ** મનમાં આનંદ વધારવા માટે શ્રી ઘનશ્યામ પ્રભુને **મછિયાવમાં** તેડાવવા માટે પોતાની માતા **ફઈબાને જઈને** પૂછતા હતા. માતા અને પુત્ર બંને નક્કી કરીને મનમાં અતિ આનંદ વિભોર થઈને પ્રભુને તેડાવવા માટે આમંત્રણપત્ર લખાવતાં હતાં. શ્રીશુભ **દુર્ગપુરમાં** વિરાજમાન સુખરાશી કરોડો મુક્તો જેમની ઉપાસના કરે છે એવા રાજાધિરાજ શ્રીહરિ કરુણા સાગર શેષશારદા શિવ સનકાદિક નારદ આદિ જેમના ગુણને ગાય છે. વ્યાસ આદિક દાસ ભાવે ભજે છે. પ્રભુના બધાય ગુણને જાણીને વેદો કાયમ માટે ગુણ ગાયા જ કરે છે. જપયોગ કરીને વનમાં રહેનારા યોગીઓ જેમનું ધ્યાન કરે છે. ગંગા જેમના ચરણથી પાવન થઈ તે પ્રભુના ચરણ પોતાની મનોવૃત્તિને જોડી રાખેલ છે એ સુખ આપનારાં છે. મુનિજનો અષ્ટાંગ યોગને સાધીને રોગનો ત્યાગ કરે છે. ભોગનો ત્યાગ કરીને વનમાં વાસ કરે છે. યોગને સાધે છે. સર્વના કારણરૂપ એવા સુખદાતા સ્વતંત્ર સર્વના અંતરમાં વાસ કરનારા ધ્યાની જેમનું ધ્યાન કરે છે. ઉરમાં ધારી રાખે છે. સ્વસ્વરૂપે સુંદર દેખનારા સદા ઉપાસ્ય શ્રી સહજાનંદ સ્વામી મનોહર સદા શ્યામ સુખધામ શોભતા સુખદાતા આપને **મછિયાવપુરમાં** રહેનારા આપના દઢ આશ્રિત આપના સેવક બાપુભાઈનાં કરોડ કરોડ દંડવત્ પ્રણામ અંગિકાર કરજો હે સુખદાઈ પ્રભુ ! આપના પ્રતાપથી અમે સદાય માટે સુખી રહ્યા છીએ. આ પત્ર લખ્યો છે તે આપના સુખાનંદ પત્ર આપની ઉપર મોકલાવું છું તે આપ મનમાં સારી રીતે ધરજો. હે સુખધામ પ્રભુ આ પત્ર લખવાનું એ કારણ છે કે હવે નજીકમાં જ ફૂલડોળ ઉત્સવનો સમય આવે છે. એટલે હે પ્રભુ ! આપ અમારે ગામે ઉત્સવ કરવા પધારજો. આવી અભિલાશા લોકોના મનમાં વરતે છે તો આપ ઉત્સવ કરો તો હજારો લોકોને દર્શન થાય તો કાયમ સુખ રહે. જેમ મેઘાડંબરથી મોરના મનમાં આનંદ થાય છે તથા ચંદ્રને જોઈને ચકોર પક્ષીને આનંદ થાય છે તેમ આપના દર્શનથી સૌ લોક સમુદાયને આનંદ થાય છે. આપના દર્શનની બહુ જ તૃષા લાગેલી છે. માટે હે પ્રભુ ! આપના ભક્તના દિલના ત્રાસને દૂર કરો. હે દીનદયાળ હરિ ! આપનાં દર્શન કરીને આપની સેવા

કરવાનો અમને સૌને લહાવો આપો. એવો મછિયાવના સૌ જનોનો બહુ જ ભાવ છે. અહીંયાં ઉત્સવ માટેનાં રંગો પતંગો આદિક સાધન તૈયાર કરેલ છે. માટે હે પ્રભુ ! આપ અમારી ઉપર કરુણા કરીને આવજો. આપની સાથે અમે સૌ રંગ ખેલ ખેલીશું. હે મહાપ્રભુ ! આપના વગર બીજા કોઈને અમારે આશ્રય જ નથી. આપ જ અમારા અનન્ય આધાર છો. પતિવ્રતાને પોતાના પતિ સિવાયના કોઈ પુરુષમાં પ્રીત ન હોય તેમજ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રના જળને ગ્રહણ કરે છે. એ જ રીતે હે પ્રભુ ! આપ અમારા અંતર્યામી નાથ છો. આપ તો સર્વે સૌના મનની વાતોને જાણનારા જ છો. માટે હે બહુનામી પ્રભુ ! આપને બહુ કહેવાથી શું અર્થ છે. આપ જાણો જ છો. એટલા માટે આ પત્ર સૌ નરનારીજનો મળીને લખાવે છે. વારંવાર આગ્રહ કરીને વિનંતી કરે છે. માટે આપ પધારશો તો સૌ જનનાં મહાદુઃખ નાશ પામશે. આ સાથે અનેક સંતો ભક્તોને પ્રેમથી લાવશો. આવી રીતે વિવિધતા ભરપુર વિનંતિ પત્ર લખી દીધો. પછી એની ઉપર સરનામું લખીને તૈયાર કર્યું. પછી પત્ર લઈ જનારને બોલાવીને પત્ર આપીને ગઢપુરધામે જઈને આ પત્ર જલદીથી પહોંચાડવા માટે મછિયાવથી રવાના કર્યા.

તેમાં લખ્યું કે પત્ર વાંચીને જલદીથી મછિયાવ સુખ દેવા પધારજો. પત્ર લઈ જનાર ઉતાવળો ઉતાવળો પવિત્ર પત્ર લઈને થોડાક જ દિવસમાં ગઢપુર જઈ પહોંચ્યો ને સહિત ગયો. શ્રીહરિ મહાપ્રભુને જોઈ ઓળખીને પત્ર આપ્યો. કમલનયન પ્રભુએ પત્ર લીધો. પછી સુખકંદ મહાપ્રભુએ તે પત્ર સભા વચ્ચે પ્રેમથી વાંચ્યો અને સૌને જણાવતા હતા ત્યારે સૌ જનો નેત્રની દૃષ્ટિને પ્રભુમાં જોડીને જેમ ચકોર ચંદ્રને જુવે તેમ જોતાં હતાં. સ્વસ્તિ શ્રી પોતાના નિવાસસ્થાન ગઢપુરધામે વિરાજમાન રાજાધિરાજ અક્ષરધામાધિપતિ ઘનશ્યામ મહારાજ સર્વોપરી સર્વકારણના કારણ સર્વના સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ પૂર્ણ પ્રતાપ વિસ્તારનારા. જગતના કર્તા તારનારા સર્વના જાણનારા પૃથ્વી ઉપર ધર્મને ધારણ કરનાર સુખના સાગર સર્વને આનંદ આપનારા અસુરોનાં બળને તોડનારા ખળના બળનું ખંડન કરનારા કાંમના મદને હરનારા. ન વર્ણવિ શકાય એવાં અલૌકિક ગુણવાળા ગુણના સાગર સર્વ અવતારના અવતારી સર્વની ઉપર રહેનારા કર્તા હોવા છતાં અકર્તા કહ્યા કરે છે. ભવ બ્રહ્માદિક ભક્તો વિરંચિ આદિ ભેદને નથી સમજતા. હે રાજન ! આવી અનેક ઉપમાઓને યોગ્ય ગુણોવાળા આપ ભક્તજનોનાં સુખ કરવા સર્વ અવતારના અવતારી અવતાર ધરીને અત્યારે પધાર્યા છો. પૃથ્વી ઉપર વિચરો છો. એટલા માટે આપની પ્રત્યે આ પત્ર લખ્યો છે. મછિયાવપુરમાં રહેનારા આપના દાસના દાસ આપની આજ્ઞા પ્રમાણે રહેનાર ફઈબા તથા પુત્ર બાપુભાઈ આમંત્રણ પાઠવે છે.

હે પ્રભુ ! આપ અમારાં કરોડો દંડવત્ પ્રણામ વાંચશો. આ પત્ર કોઈ મતની છળકપટ વગર પ્રેમભાવથી લખ્યો છે. આપનો નાનો સેવક આપની કૃપાથી સૌ કુશળ છે. અમે આપની કુશળતા ચાહરાના છીએ. આ પત્ર કુશળ માટે જ લખ્યો છે. બીજું લખવાનું કારણ એ છે કે, હે દયાળુ ! દયા કરીને અહીંયાં મુનિજનો પરમહંસોની સાથે આપના આશ્રિત સત્સંગીઓને લઈને પધારશો તો અધિક આનંદ ઉત્સાહની સાથે પધારો. આપનાં દર્શન કરીને આનંદ થાય. હે કરુણાનિવાસ પ્રભુ ! અવતારના અવતારી પધારીને લોકોના મનની ભાવના પૂર્ણ કરો. હે કૃપાળુ ! અમે આપની સાથે ફૂલડોળનો ખેલ ખેલીશું. માટે હે પ્રભુ જન સમુદાયની સાથે પધારીને અમને ન્યાલ કરો. હે પ્રભુ ! અહીંયાં રંગનો તથા રસોઈનો બધો જ સામાન તૈયાર કર્યો છે. અહીંનાં પુરુષ અને નારીજનો બહુ જ ચિંતવન કર્યા કરે છે. જેમ પપીહા સ્વાતિના બુંદને ચાહ્યા જ કરે છે અને મનરૂપી મોર મેઘનાં જ ગુણને ગાય છે. શુરવીર ધીર સંગ્રામને ચાહે છે તેમ પુરુષ અને સ્ત્રીજનોનાં મનમાં આપનાં

વિના કોઈ ભાવતું જ નથી. જેમ ચકોર ચિત્તમાં ચંદ્રમાને ચાહે છે. ગુણવાન સંતજનો સતત ભગવાનનાં ગુણને ગાય છે. તેમ અમે બધાંય આપનાં દર્શનને ચાહીએ છીએ. માટે હે પ્રભુ ! આપ જલદીથી પધારજો. વિલંબ ન કરશો. હે હરિ ! આપ દાસના મનોરથને પૂર્ણ કરનારા છો એમ નિગમો આગામો ગાયા જ કરે છે. સંતો ગુણના સારને ગાય છે. હે ગરીબ નિવાજ ! તમારાં દર્શન માટે આ પત્ર આપને જાણ સારું મોકલ્યો છે. ધરા ઉપર ધર્મને ધારણ કરનારા ભક્તજનોના ભ્રમનો નાશ કરનારા હે હરિ ! આ અરજીને કાન વડે સાંભળજો અને દયા લાવીને જરૂર અહીંયાં પધારવા કૃપા કરો. પ્રીતમ પ્રાણ આધાર પ્રેમથી પત્ર વંચાવીને સભાસહિત રાજી થયા. પછી મહારાજ બહુનામી બલભ્રાતા મોટા મોટા સંતોને પત્ર વિશે પૂછતા હતા કે તમો કહો હવે આપણે કેમ કરવું જોઈએ.

શ્રીહરિનાં કહેલાં વચનો સાંભળીને સંતો સૌ બહુ જ રાજી રાજી થયા. નિર્ધાર કરીને ગદગદ કંઠે શ્રીહરિને કહેતા હતા. હે અનંત પ્રભુ ! આપની જેવી મરજી હોય તે રીતે કરો. હે ભગવાન ! આપ તો ભક્તજનોના ભવજન્મના ભવને હરનારા છો તે સત્ય જ છે. આપ તો કર્તુ અકર્તુ સમર્થ છો. જેમ કહો તેમ કરીશું. સંતોની આવી વિનમ્ર વાણી સાંભળીને પછી મહાપ્રભુ કહેતા હતા. કે આપણે ત્યાં જઈને બહુ જ મોટો અદ્‌ભુત ઉત્સવ કરીને મનોહર ખેલ કરીશું ત્યાં ફૂલડોળનો સુખ કરનારો મહોત્સવ કરીશું. આમ કહીને તરત જ મહાપ્રભુએ આમંત્રણના પત્રો લખાવ્યા તેની ઉપર કુંકુમનાં છાંટા કરીને પછી પત્રો લઈ પહોંચાડનારા બ્રાહ્મણોને બોલાવ્યા. પત્રમાં લખ્યું કે સર્વ દેશોદેશના વસનારા ભક્તજનો આનંદ ઉલ્લાસથી બાળકો વૃદ્ધો યુવાનો સુખીજનૌ સૌ મારી આજ્ઞાને પાળનારા સર્વે હરિભક્તજનો હરખ પામતાં આ પત્ર વાંચી અઢારસો છોંતેરની સાલના ફાગણ માસના ફૂલડોળ ઉપર મારા આશ્રિત મછિયાવ આવજો. ત્યાં બહુ જ મોટો સામૈયો કરવાનો છે ત્યાં રંગલીલાનો મહામોટો ખેલ કરીશું. દેશોદેશનાં ભક્તજનો ત્યાં આવશે. ત્યાંના **રાજાબાપુભાઈ** બહુ જ મોટો ઉત્સવ કરીને મહાલાવો લેવાના છે. એટલા માટે આ પત્ર લખેલો. પત્રના સમાચાર સાંભળીને સૌ ત્યાં જરૂર આવજો. આવી રીતના અનેક પત્રો લખાવરાવ્યા. બ્રાહ્મણો દ્વારા દેશોપ્રદેશોમાં મોકલાવરાવ્યા.

આવી રીતે **મછિયાવ** ગામથી **બાપુભાઈ** રાજાએ પ્રેમથી ભરેલો વિનંતી પત્ર શ્રીજી મહારાજ ઉપર પ્રીતિ કરીને ગઢપુરધામે મોકલાવ્યો. તે પત્રમાં મહાપ્રભુને સુંદર રીતે તેડાવવા માટે અનેક ઉપમાઓ લખીને ભાવ ભરેલો પત્ર મોકલાવ્યો. તે પત્ર સાંભળીને ભગવાને દેશોદેશ અને ગામોગામ તથા શહેરોમાં કુમકુમ પત્રિકાઓ લખીને મોકલાવરાવી. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે નવમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ગુરુવર અવધપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં દેશોદેશાંતરમાં પત્રો લખાવ્યા તેનું વર્ણન કર્યું એ નામે નવમું તરંગ પૂર્ણ થયું. ॥૯॥**

# તરંગ-૧૦

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદ રાજન ! શ્રીજી મહારાજે લખાવેલા આમંત્રણ પત્રો જલદીથી બ્રાહ્મણો દ્વારા બધા જ દેશોમાં ગામ ઠામ વાંચી વાંચીને સરનામાં પ્રમાણે શુભ પત્રો પહોંચાડ્યા. વાંચીને સૌ નારીનરજનો બહુ જ રાજી થયાં. ત્યાર પછી સૌ બાળકો વૃદ્ધો યુવાનો પ્રભુનો પવિત્ર પુણ્યવાળો પત્ર વાંચીને સૌ જનો તૈયાર થઈને અનંતની સંખ્યામાં તૈયાર થયાં. પત્ર વાંચીને હરિભક્તો જલદીથી ચાલીને આવતા હતા. તે તે દેશોના નામ કહું છું. તેને સાંભળો. તે બધાય હરિભક્તો સોરઠ દેશમાં રહેનારા ઉલ્લાસથી પ્રભુના દર્શન અભિલાષી આવ્યા. કચ્છ દેશના વાસી સત્સંગી સૌ મહારાજનાં દર્શન કરવા માટે ઉમંગથી આવ્યાં. સુંદર વાળાક દેશનાં બધાં જ હરિભક્તો દર્શન કરવા આવ્યાં. કંક દેશના વાસી હરિભક્તો આનંદિત મનવાળા થઈને આવ્યા હતા તથા ચારુતર, (ચરોતર) સુરત વડોદરા આદિક બહુ જ દેશોના બધાં જ ભક્તજનો મનમાં આનંદ પામતાં ગુણસાગર શ્રીહરિનાં ગુણચરિત્રનું ગાન કરતાં થકાં આવ્યા. દક્ષિણ માળવા મારવાડા આદિક દેશોનાં પૂર્વ ગુર્જર દેશ એ આદિક દેશોનાં હરિભક્તો આનંદ પામતાં હરિભક્તો આવ્યાં. આવીને સૌએ શ્રીહરિનાં ચરણોમાં પોતાનાં શિરને નમાવી વંદન કરી. પ્રેમાનંદનો વધારો કરતાં હતાં. સૌ હરિભક્તોને મહાપ્રભુ બોલાવીને કુશળ સમાચાર પૂછતા હતા. કમળ મુખવાળા શ્રીહરિ મુખથી મંદમંદ હાસ્ય કરતા તમે ભલે આવ્યાં.અમે કહી મનમાં ભાવપૂર્વક સુખ પામતાં હતાં અને હવે ચાલવાનું છે માટે તૈયારી કરો.

મહારાજ સૌ સંતોને તથા સાંખ્યયોગી હરિજન બાઈ ભાઈ આદિકને સાથે લઈને સાથે ગઢપુરથી ચાલતા હતા. મહાપ્રભુ ઘોડા ઉપર અશ્વાર થયા. અવતારી પ્રભુની સાથે કાઠી સવારો શોભતા હતા. વાજાં વાગતાં હતાં. ડંકા નિશાન ફરકતાં હતાં. ગુણીજન સંતો પ્રભુનાં ચરિત્રોનાં કીર્તનો ગાતાં હતાં. ઘોડાં કૂદતાં હતાં. તે જાણે મસ્ત થયેલાં હરણાં કુદતાં હોય તેમ કુદતાં હતાં. માર્ગે ચાલતાં ચાલતાં શ્રીહરિ ભક્તજનોનાં ગામોમાં મુકામ કરીને જતા હતા. ત્યારે પ્રથમ **ઝિંઝાવદર** ગામ આવ્યું ત્યારે તે ગામના મનુષ્યો અને ગામનાં રાજા જાતજાતનાં વાજાં વગાડતાં થકાં સામાં આવ્યાં હતાં. શ્રીહરિના ચરણમાં શીશ નમાવીને ભેટ અર્પણ કરી દીધી. હરિભક્તો હરિની સાથે સૌને ગામમાં લાવ્યાં. રાજદરબારમાં ઉતાર્યા. ભાવસહિત રસોઈ કરીને ભોજન તૈયાર કર્યાં. સૌને ભાવસહિત જમાડ્યાં. મહાપ્રભુને પોતાના મહેલમાં પધરાવ્યા. આવી રીતે સર્વજનના સ્વામી ભક્તજનોને સુખ દઈને લીલા કરીને ચપળ ચિત્ત ભગવાન ભક્તોના ચિત્તને ખેંચતા થકા અકામી કમલનયન મહારાજ ચાલીને **કારીયાણી** ગામે પધાર્યા ત્યારે ત્યાંનાં ભક્તજનો સૌ સમાચાર જાણીને તરત જ દોડીને મહાપ્રભુની સામે આવ્યાં. **કારિયાણીમાંથી વસ્તાખાચર, વિરજી, રાઘવ, બોઘાદાસ, જિયાભાઈ** આદિક સૌ ભક્તજનો શ્રીહરિની સામા આવ્યા હતા. અનેક જાતનાં વાજાં વગડાવીને ધર્મલાલ પ્રભુને **કારિયાણિપુરમાં** લાવ્યાં. ભાવસહિત ભોજન તૈયાર કરાવીને સૌને કૃપાળુ મહારાજે જમાડીને તૃપ્ત કર્યા.

આવી રીતે ભક્તજનો સંતોને સુખ દઈને મહારાજ લોકોનાં ચિત્તને ચોરીને ચાલતા થયા. સુંદરવર ધર્મકિશોર પ્રભુ **ઝિંઝરપુર** બાજુ આવ્યા. રસોઈ કરીને જમાડ્યા પછી રાત રોકાઈને સુખદાયક હરિ ભક્તજનોના ભાવપ્રેમને વધારવા પ્રેમીભક્તોને ઉપદેશ કરતા હતા. ને સમજાવીને ભાવ વધારતા હતા. સવારમાં વહેલા પ્રેમીભક્તોને જગાડી **ઝિંઝરપુરથી** ઘનશ્યામ સુખધામ શોભતા થકા ચાલતા થયા. સંતોની સાથે સાક્ષાત હરિ

**પચ્છમ ગામે** પધાર્યા. ભક્તજનો સમાચાર જાણીને સામાં આવ્યાં. અંતરમાં હરિની આશાને ધારીને દર્શન કરીને પ્રીત કરીને પુરમાં પધરાવવા બહુ જ ભાવ કરીને ચંચળ ચિત્ત સુખકારી મહાપ્રભુને સામા આવ્યા પુરમાં લાવવા માટે વાજિંત્રોને વગાડતાં થકાં મનભાવતા પ્રભુ સંતોના સમુહની વચમાં પધારતા હતા. ગુણીજનો પ્રભુનાં કીર્તનો ગાતાં થકાં આવતાં હતાં. નવ્ય ભવ્ય મૂર્તિ ઘનશ્યામ પ્રભુએ મુકામ કર્યો. અકામ પ્રભુએ ભક્તજનોને બહુ સુખ આપ્યું. મનની આશાઓ પુરી કરીને ભેટો અર્પણ કરી ધ્યાનપૂર્વક બહુ જ માનસન્માન કર્યા. ભાવપૂર્વક ભોજનો તૈયાર કરીને સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ થાળ જમ્યા. તૃપ્ત થઈને ભક્તજનો ઉપદેશ કરી રાત્રે સુખપૂર્વક શયન કરતા હતા. રાત વીતી ગઈ. સવારના સમયે કરુણાનયન ચાલવા માટે તૈયારી કરી. સર્વના ચિત્તને આનંદ કરનારા ભૂમિના ભારને તોડનારા મહાપ્રભુ **શિયાળ ગામે** પધાર્યા. ત્યાં સુખકંદ મહાપ્રભુ ભક્તજનોનાં ભવફંદ હરવા પધાર્યા ત્યારે ગામના શેઠ ભક્તજનોની સાથે સામા ભેટ લઈને આવ્યા. અનંત પ્રભુને ભેટ અર્પણ કરી **માધુભાઈ શેઠ** ભગવાનનાં દર્શન કરીને બહુ જ રાજી થયા. અનેક પ્રકારનાં વાજાં વગાડીને સામા આવેલા ભક્તોએ પ્રીત કરીને મહાપ્રભુને પુરમાં પધરાવ્યા. સૌ ભક્તજનોના મનમાં બહુ જ આનંદ વધારતાં હતાં. વિનયપૂર્વક બંને હાથ જોડીને **માધુભાઈ શેઠ** શ્રીહરિને કહે આપને સુંદર રસદાર રસોઈ કરીને જમાડવાનો મને ભાવ થયો છે આપ આજ્ઞા આપો તો રસોઈ કરીએ. આવાં શેઠનાં વચનો સાંભળીને મહાપ્રભુ મંદમંદ મુખે હાસ્ય કરીને તમે સૌ સંતોને જમાડવાનું કહો છો તથા ભક્તજનોને જમાડવાનું કહો છો. તે તો બહુ જ ખર્ચ થાય તેવું છે. સંતો તો થોડાંક ખર્ચમાં જમે તેમ કરવું. કેમકે આમાં કાયમ માટે શ્રદ્ધા રહે. અમે સાચી જ વાત કહીએ છીએ. આમ શ્રીહરિની હેતપૂર્વકની વાણી સાંભળીને સુજાંણ શેઠ કહેતા હતા કે હું તો શ્રદ્ધાસહિત જ વાત કરું છું. હે ભયહર ભગવાન તમે સાંભળો. મહાપ્રભુ આવો અવસર સરલતાથી ફરી મળવો દુર્લભ છે. માટે હે કૃપાનિધાન ! ભક્તજનો રસોઈ કરવા માટે આજ્ઞા કરો.

હે રાજન્ ! આવાં વચન સાંભળીને સહજાનંદ સ્વામી ભક્તજનોના અંતરની ભાવના જાણીને બોલ્યા. બધાને સુંદર રસોઈ બનાવીને જમાડો છે. મહાપ્રભુની આજ્ઞા લઈને ધીરજ ધરીને સુંદર રીતે પાક બનાવ્યો અને પાકને મહાપ્રભુ પહેલાં થાળ જમ્યા. પછી સૌ સંતોને જમાડ્યા. તેમાં ઘડો ભરીને હાથેથી સૌને ઘી પીરસતા હતા. સૌ જનોને સુખ આપતા હતા. આવી રીતે મહારાજ પંગતમાં પીરસતા હતા. કમળનયન સુખદાયક મહાપ્રભુ સંતોને ખૂબ જ છાકમછોલ પીરસતા હતા. આવી રીતે સૌ સંતોને જમાડવામાં બહુ જ સનાથ કરી દીધા. પ્રભુની જમાડવાની લીલાને જોઈ દેવો આનંદ પામતા હતા. શ્રીહરિ મહાપ્રભુ અનેકવાર પંક્તિમાં પીરસતા હતા. પછી બહુનામી પ્રભુ જગતના સ્વામી હસ્તકમળ અને મુખકમળને ધોતા હતા. શ્રીમહારાજ સંતોને જમાડીને ભવસાગરમાંથી જીવોને તારનારા મહારાજ કૃપા કરીને સુખ કરનારા **માધુભાઈ શેઠને** આવી રીતે અલૌકિક સુખ દઈને સુખકંદ સૌ જનો પ્રત્યે કહેતા હતા. **આ માધુભાઈ શેઠ બહુ જ સારા મોટા હરિભક્ત છે. તેઓ પૂર્વ જે તુલાધાર શેઠ થઈ ગયા. તેમનો જ અવતાર છે. ઉદાર મનના છે. આવું પ્રભુનું કહેવું સાંભળીને સંતગણ તથા હરિભક્તો સર્વે મહાપ્રભુનાં વચનો સાંભળીને બહુ જ રાજી થયાં.**

મહારાજ આવી રીતે શિયાળમાં આનંદ ઉત્સવ કરીને ભક્તજનોને ભારી સુખ દેતા હતા. પછી મહાપ્રભુ રાત્રે શયન કરતા હતા અને પ્રેમીભક્તો મહાપ્રભુના પવિત્ર ચરણની ચંપી કરતા હતા. જ્યારે સવારે વહેલા ભયહરતા મહાપ્રભુ જાગ્યા પછી શૌચવિધિ કરતા હતા. સર્વને જાણનારા પ્રભુ મોટું વિશાળ તળાવ જોઈને તેમાં સંતો ભક્તજનોની સાથે સ્નાન કરતા હતા. તે જળમાં ઘણી વાર સુધી બહુ જ લીલા કરીને લોકોના પાપને

હરી લઈને અગણિત લીલા કરતા હતા. મહાપ્રભુ સ્નાન કરીને બહાર આવ્યા. સુંદર સુરવાળને ધારણ કરાવ્યો અને શિર ઉપર મોટી વિશાળ પાઘ બાંધી અને શરીર ઉપર જરકસી જામો પહેરાવ્યો. પુનિત મહારાજ ધારણ કરતા હતા. કેડ ઉપર નવીન વસ્ત્રને બહુ જ કસીને બાંધતા હતા. વિશાળ ભાલમાં સુંદર તિલક કરતા હતા. આવી રીતની શોભાને સુખના દર્પણ પ્રભુ ધારતા હતા. પછી ચંચલલોચન મહાપ્રભુ ચાલતા હતા. સુખના સાગર મહાપ્રભુ **શિયાળ ગામમાં** કામદેવના મદને તોડનારા ચંદ્રસમાન મનોહર મૂર્તિ લોકોને સુખ દઈને ચપલનયન પ્રભુ ચાલતા થયા. મહારાજ **ધોલેરાપુરને** જોઈને શેઠ વનાશાને ઘેર પધાર્યા ત્યારે ગામનાં સૌ મહાપ્રભુ માટે સવારી લઈને આવ્યાં સાથે અનેક હરિભક્તો આવ્યાં હતા. વનાશા શેઠ પ્રભુને જોઈને રાજી થયા. પોતાનો જન્મ સફળ થયો. એમ માનતા હતા તેઓ ઘનશ્યામ પ્રભુની સામા પોતાના પુર પરિવાર સાથે આવ્યા હતા. ઉરમાં હર્ષ પામતાં થકાં દર્શન કરીને અપરંપાર આનંદને પામતાં હતાં. શ્રીહરિને સૌ સંતોની સાથે જમાડતા હતા. જગદાધાર મહાપ્રભુને સર્વોપરી જાણતા હતા. શ્રી ઘનશ્યામ મહાપ્રભુ વનાશા શઠને સુંદર સુખ દઈને સંતોની સાથે ચાલતા થયા અને શ્રીહરિ મહાપ્રભુ **દદુકા ગામે** પધારતા હતા. સૌ જનો સત્કારનો સામાન લઈને સામાં આવતાં હતાં. આવીને પ્રભુને દંડવત્ પ્રણામ કરતાં હતાં. બહુ જ પ્રેમ કરીને પ્રભુનાં ચરણમાં વંદન કરતાં હતાં. અનેક પ્રકારનાં વાજાં વગાડીને સૌ ગુણીજનો સાથે મળીને પ્રગટ મહાપ્રભુનાં ગુણને ગાતાં હતાં.

હે રાજન ! મહાપ્રભુ બપોરે મધ્યાહ્ન સમયે ગામમાં પધાર્યા. કળિનાં પાપતાપને હરવાને સુખ કરવા પધાર્યા. મહારાજ સંતોની સાથે જ થાળ જમીને જગવંદ્ય પ્રભુ ભલા ભક્તોને ભવપાર કરવા તારતા હતા. બપોર પછીના સમયે મહારાજ સર્વ સમાજની સાથે માર્ગ ઉપર મંદમંદ ગતિથી આનંદકંદ મહાપ્રભુ શરદઋતુના ચંદ્રસમાન મનોહર મુખવાળા ચાલતા થકા **મછિયાવપુરે** પધાર્યા. અતિશય મનમાં આનંદ કરતા થકા ધર્મનંદન પ્રભુ પધાર્યા. પ્રભુ પધાર્યાનું સાંભળીને રાજા સમાજની સાથે સામા આવ્યા. અનેક વાજાં અને ડંકા નિશાન ત્રાંસાં અપાર વાગતાં હતાં. શરણાઈ વાગતી હતી. ત્રંબાળું ગાજતું હતું. લોકો ઝાંઝર મરદંગની સાથે ગુલાલને ખૂબ જ ઉડાડતાં હતાં. હણહણાટી કરીને ઘોડાંનો સમુહ ચાલતો હતો. આકાશે મેઘગર્જના થતી હતી. ચંચળનયનવાળી યુવતીઓ સુંદર કીર્તનો ગાતી હતી. હાથમાં સોનાના મોતી ભરેલા થાળ લીધા હતા. આવી મનોહર શોભાયુક્ત થઈને સામાં આવતાં હતાં. ત્યાંના રાજ કુળના **બાપુભાઈ** પ્રેમથી આવ્યા હતા. તે નરવીર રાજા પોતાના ઈષ્ટદેવને જોઈને શુદ્ધ મનના રાજાએ મહાપ્રભુના ચરણમાં વંદન કર્યાં. પુનિત મહાપ્રભુને પ્રેમથી પ્રણામ કર્યાં.

આવી રીતની અસવારીની શોભા સાથે ઘનશ્યામ પ્રભુ પુરમાં પધારતા હતા. ધર્મનંદન ગુણરૂપનાં ધામને પુરનાં નરનારી દર્શન કરીને પોતાના જન્મને સફળ માનતાં હતાં. ભાવથી દર્શન કરતાં હતાં. રાજમાર્ગ ઉપર ઊભાં રહેલાં લોકોનાં સમુદાય સમુહની સાથે પધારતા ચિત્તને ચોરનારી ચાલે ચંચળમૂર્તિ ઘોડાને ચલાવતા થકા ભક્તજનોને દર્શન દેતા પોતાના પરબ્રહ્મ પુરુષોત્તમ પૂર્ણ પ્રતાપયુક્ત સુખ દેતા હતા. મહાપ્રભુ દેવાધિદેવ દરબારમાં પધાર્યા. સુખધામ પ્રભુએ ત્યાં મુકામ કર્યો. પૂર્વ બાજુના દરવાજા પાસે મકાન જોયું. તેની ઓસરી સુંદર શોભતી હતી. તે જગ્યાએ મહાપ્રભુએ ઢોલિયો ઢળાવ્યો અને કરુણાનિધાન આનંદના ધામ સર્વ સંતગણની વચમાં શોભતા હતા. તેને પ્રેમીભક્તજનો બહુ જ પ્રેમભાવથી નિરખીને દર્શન કરતાં હતાં. કમલ નેત્રવાળા શ્રીહરિ દયાના સાગર ભક્તજનોના જન્મમરણના ત્રાસને હરતા થકા ભક્તજનોની મનની આશાઓને પુરતા

થકા શ્રીહરિ રાજદરબારની અંદર નિવાસ કરીને શોભતા હતા. ત્યારે ભક્તોના સુખ કરનારા મહાપ્રભુ જ્ઞાન ઉપદેશની વાતો કરીને મનના સંશયોને હરીને દૃઢ કરતા હતા. જે જનો ભગવાનના મુખ કમળથી જે વાતો સાંભળતાં હતાં તે સર્વે નર નારીજનો પરમઆનંદને પામતાં હતાં.

શ્રીહરિના પત્રથી દેશોદેશના સત્સંગીઓના મોટા સંઘો આવ્યાં. તેને જોઈને મહાપ્રભુ મનમાં બહુ જ રાજી થયા. ત્યાર પછી મહાપ્રભુ ગઢપુરથી ચાલીને કારિયાણી ગામે પધાર્યા. કારિયાણીથી શિયાળ ગામે પધાર્યા. શિયાળથી મહાપ્રભુ દદુકા ગામે પધાર્યા. પછી મહારાજ મછિયાવપુરે આવ્યા. આવી રીતે આ દશમું સુંદર ચરિત્રોનું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મછિયાવપુર પધાર્યા. એનું વર્ણન કર્યું તે નામે દશમો તરંગ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

અવધપ્રસાદજી કહે છે, હે રાજન્ ! શ્રી સહજાનંદ સ્વામી ભક્તજનોને જ્ઞાન ઉપદેશની વાતો કરતા હતા. સર્વજીવ પ્રાણીમાત્રનાં જગતવંદ્ય સૌને આનંદ દેતા હતા. પોતાના આશ્રિત ભક્તજનોનાં ભવના ફેરાના ફંદને હરતા હતા. મહાપ્રભુની મુખમાં દંતાવલિ તો કુંદનની કળી જેવી શોભતી હતી. જ્યારે હાસ્ય કરતા હતા ત્યારે ચંદ્રમાની કળા જેવા લાગતા હતા. સફેદ વસ્ત્રોને ધારણ કરેલા શ્વેત વસ્ત્રથી શરીર સુંદર શોભતું હતું. ભક્તજનોના પાપના સમુહનો નાશ કરતા હતા. સભાની વચમાં શ્રી ઘનશ્યામ મહાપ્રભુ વિરાજમાન હતા. પોતે મહારાજ સર્વ અવતારના અવતારી સર્વજન સમાજની વચમાં સુંદર રીતે શોભતા હતા. સર્વજન સમુદાય તથા સંતો પ્રભુનો જયજયકાર કરતાં હતાં. એટલા સમયમાં જ રસદાર રસોઈ થઈ ગઈ ત્યારે એનો થાળ તૈયાર થયો. મહારાજને જમવા માટે ભક્તજન મધુર વાણીથી કહેતા હતા. હે સ્વતંત્ર સુખના વાસ પ્રભુ આદિપુરુષ અવિનાશી પ્રભુ જમવા માટે પધારો. ભક્તજનોને સુખી કરો. આવી રીતની ભક્તજનની વાણી સાંભળીને સુખસાગર હરિ કામના મદને હરાવનારા ભક્તજનોને સુખ કરનારા રાજાના દરબારમાં અશરણ શરણ સુખ કરવા પધાર્યા. મહારાજે પોતાના ભક્તજનોનાં દુઃખ દૂર કરવા સ્નાન કરીને વીજળી જેવાં ચમકદાર પીળા વસ્ત્રો ધારીને કેડ ઉપર સારી રીતે કસીને બાંધી ઘનશ્યામ પ્રભુએ ઉપરણી ધારણ કરી કામના મદને તોડનારા કમલનયન ભવદુઃખ હરનારા સોનાની ચોકી ઉપર બેઠા ત્યારે સોનાનો થાળ ભરીને લાવીને ધર્મનંદન મહાપ્રભુ આગળ ધર્યો. પછી પાસે ઉભા રહીને સ્તુતિ કરતા હતા. હે પ્રભુ ! દુઃખોને બાળનારા થાળ જમો. ભક્તવત્સલ ભયને હરનારા અશરણ શરણ જમો. સર્વના ઉરમાં વાસ કરનારા સુખકારી જમો. આમ ફઈબાની સાથે બાપુભાઈ કહેતા હતા. સુખના ભવન હરિ પાપને બાળનારા આપની રૂચિ પ્રમાણે જમો. હે જગપતિ ! આપ જમો. આ રીતે ભક્તોની અરજીને પોતાના ઉરમાં ધારીને ભક્તજનોને રાજી કરવા માટે હાથેથી કોળિયો લઈને નાના નાના કોળિયા સુંદર રીતે જમતા હતા. પરમ પવિત્ર મૂર્તિ પ્રીત કરીને જમતાં વચ્ચે વચ્ચે જળપાન કરતા હતા. અક્ષરપતિ શ્રીહરિનાં દર્શન કરવા આકાશમાં દેવોનું જુથ આવ્યું. તે નમન કરીને આકાશમાં ઉભું રહ્યું. સુંદર રીતે ઉંચે સ્વરે જયજયકારનો નાદ કરતાં હતાં.

આવી રીતે જગતના પતિ શ્રીહરિ કામદેવના ગર્વને હરીને ભક્તજનોના દુઃખ દર્દને હરતા હતા. દયાળુ

સુખના નિવાસ મહાન મૂર્તિની પાસે આજુબાજુ ભક્તજનો ઉભા હતા. દયાનિધિ દયાળુ તે ભક્તજનોને સ્વાદિષ્ટ રસોઈમાંથી પ્રસાદી આપીને પછી મહારાજ સર્વને જણાવીને જમતા હતા. જે પદાર્થ સ્વાદિષ્ટ લાગે તેનાં બહુ વખાણ કરતા હતા. કૃપાળુ સર્વના મનને હરતા હતા. પૃથ્વી ઉપર જે સ્વરૂપ વિચરે છે તેનું મુનિજનો ધ્યાન ધરે છે. પછી મહાપ્રભુના મુખકમળને ધોવરાવતાં હતાં. ભક્તજનો મહાપ્રભુને મુખવાસ દેતા હતા. જ્યારે જગતના જીવન પ્રાણ જમીને તૃપ્ત થયા ત્યારે પ્રભુની શોભા તે સૂર્યસમાન મહાપ્રકાશવાન લાગતી હતી. ચંદ્રસમાન પ્રભાવાળા હરિ જમી રહ્યા ત્યારે લોકોનાં સુખના ધામ સર્વના મનને આનંદ આપનારી અમૃત વાણીથી કહેતા હતા.

હે સંતજનો ! તમો સાંભળો. જેમને વધારે જમવાની તૈયારી હોય તે બુદ્ધિમાં વિચારીને જમવા બેસજ્યો આવી રીતે શ્રીહરિની વાણી સાંભળીને સંતજનો પોતે જાણી લેતા હતા. બહુ જ સુખ પામતા હતા. સૌ સંતો સુંદર રીતે શોભા કરતા થકાં પંગતમાં પ્રેમ કરીને બેઠા. તેમાં મુક્તાનંદ મુનિ, બ્રહ્માનંદ મુનિ, ગોપાલાનંદ મુનિ, નિત્યાનંદ મુનિ, આનંદાનંદ મુનિ મહાનુભાવાનંદ મુનિ, મન હરનારા શુકાનંદ સ્વયં પ્રકાશાનંદ મુનિ પુરાણાનંદ મુનિ, શાંત રહેનારા હતા. સચ્ચિદાનંદ મુનિ, દેવદેવાનંદ મુનિ જ્ઞાનના દાતા હતા. ભગવદાનંદ, સૂર્ય સમાન ભયને હરનારા ભાસ્કરાનંદ આત્માનંદ સ્વામી શિવાનંદ સ્વામીએ આદિક અનંત સંતો નિર્માન ભાવવાળા જમવા માટે બેઠા. શ્રીહરિએ સૌને પંગતિમાં બેઠેલા જોયા ત્યારે દિનદયાળુ મહાપ્રભુ પીરસવા તૈયાર થયા કેડ ઉપર વસ્ત્રને કસીને બાંધી મુખેથી મંદ મંદ હરતા થકા હાથમાં પાક ભરેલાં પાત્ર લઈને પ્રભુ પીરસતા હતા. એને ભક્તજનો દર્શન કરવા પાછળ પાછળ પ્રભુ પીરસતા હતા તે જોતાં દર્શન કરતાં હતાં. ચપલનયન આનંદ દેતા હતા. આવી રીતે મહાપ્રભુ પંક્તિમાં પીરસતાં ફરતાં હતાં તે ચપલમૂર્તિ ચતુરાઈથી અતિ ચાલતા હતા. મહાપ્રભુ પ્રેમથી વારંવાર પીરસતા હતા. પ્રેમીજનોના પ્રાણ મહાપ્રભુ પંક્તિમાં ફરતા થકા સંતોને મુખમાં લાડુ આપતા હતા. આનંદ કરાવતા હતા. આવી રીતની નવીન લીલાને જોઈને ભક્તજનો બહુ જ હસતા હતા. સુખના સાગર સંતોને જમાડીને કામદેવના મદને તોડનારા મહાપ્રભુના હાથ ને મુખકમળ ધોવરાવરાવ્યાં. ભયહારી ભગવાન તૈયાર થયા. ભક્તજનોના ભવબંધનના પાસ હરાવીને અનંત સુખો આપીને મહારાજ સંતોની સાથે રાજાના મહેલમાં ઉતારે જઈને શયન કરતા હતા.

હરિભક્તો મહાપ્રભુનાં ચરણો દબાવતાં હતાં. પ્રેમથી પરિચર્યા કરતા હતા. પછી મહાપ્રભુ જોગીયોના પતિ જોગ નિંદ્રામાં પોઢી ગયા. સવારમાં વહેલા કુકડા બોલવાનો શબ્દ સાંભળીને પ્રભુ તથા સંતો જાગ્રત થયા. ગુણીજનો પ્રભુનાં ગુણનાં ગાન કરતાં હતાં. ધામના ધામી સર્વના સુખધામ મહાપ્રભુ ઘનશ્યામ શૌચવિધિ કરીને સ્નાન કરીને શરીર ઉપર સફેદ નવાં વસ્ત્રોને સુંદર રીતે ધારણ કર્યાં. સુખના દાતા મહાપ્રભુ પોતાના આશ્રિત સંતજનોની સાથે સુખ દેવા માટે ચાલતા થયા. સર્વનાં નેત્રોને હરનારા મહારાજ હરિજનોનાં કલ્યાણનાં કામો કરવા માટે પધારતા હતા. ગામથી ઉત્તર દિશામાં ખૂબ જ ઘાટી છાંયાથી ઘેરાયેલું મોટું વડનું વૃક્ષ હતું. તેની નીચે પાટ પાથરી તેની ઉપર દિનદયાળુ પ્રભુ વિરાજમાન થયા. પ્રભુની સામે સૌ સંતોની સભા બેઠી પછી સૌ હરિભક્તો નરનારીજનો યથા યોગ્ય રીતે બેઠાં. ધર્મનંદન મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ધારતાં હતાં. મુનિજનો સુંદર રીતે મહાપ્રભુનાં ગુણનાં કીર્તનો આનંદપૂર્વક મધુર કંઠથી ગાતાં હતાં.

આવી રીતે શોભાયુક્ત થઈને લોકોના સુખદાતા મહાપ્રભુ મુનિજનોની સાથે ભક્તજનોના ભવ ભયને હરતા થકા શોભતા હતા ત્યારે અતિશય આનંદ ઉત્સવ જામેલો રહેતો હતો. સૌ ભક્તજનોના મનમાં અતિ

આનંદનો ઉચ્છવ છવાઈ રહ્યો હતો. તેનાથી ભક્તજનોનાં મનમાં અતિશય આનંદ રહેતો હતો. ત્યારે ત્યાં એક નાથજી નામના ભક્ત આવ્યા. તે તો ઠીકરનાથનો વેશ કરીને સભાની વચમાં નાટક કરતાં આવ્યાં. ઘણો જ ઠીકરનાથનો ખેલ બતાવ્યો. તેનાથી ભયને તોડનારા મહાપ્રભુ બહુ જ રાજી થયા. કાળો ને પીળો વેશ કરેલો તેને જોઈને ઘણીવાર સુધી હાસ્યવિનોદ થતો રહ્યો. પછી મહાપ્રભુ રાજાના ઘરમાં પધાર્યા હતા. ત્યાં જઈને મહાપ્રભુ થાળ જમ્યા. લોકોના મનને આનંદ આપનારા મહારાજને જમતાં સૌ નરનારી પ્રેમીજનો દર્શન કરતાં હતાં. લોકોનાં મનને આનંદ આપનારા પ્રભુ જમીને તૃપ્ત થયા. તે નવીન મેઘસમાન શરીરવાળા નિરંજન મૂર્તિ સુખ આપતા હતા.

પછી મહાપ્રભુએ સર્વ સંતજનોને જમવા માટે પંક્તિ કરવાની આજ્ઞા કરી. પ્રભુની વાણી સાંભળીને સૌ સંતો જમવા માટે તૈયાર થતા હતા. સૌ સંતો પંગતમાં બેઠા અને બહુ જ સુંદર પંગત તૈયાર થઈ ગઈ. સંતોની પંક્તિ જોઈને મહાપ્રભુ સંતોને પીરસવા માટે અકામી અતિત મહાપ્રભુ પધાર્યા. મહાપ્રભુ કમરે વસ્ત્રથી કસીને બાંધી તૈયાર થઈને ભક્તજનોના મનને હરીને શ્રીહરિ મંદહાસ્ય કરતા થકા સંતો સુંદર ભોજનનાં પાત્રે લઈને આગળ ચાલતા અને પ્રભુ પાછળ પીરસતા જતા હતા. આ રીતે કમળનયન પ્રભુ શોભતા હતા. આવી રીતે મહાપ્રભુ સંતોની પંક્તિમાં પીરસતા હતા. કમલનયન મહાપ્રભુ શ્રીહરિ શોભતા થકા જમી રહેલા સંતોને જીવનપ્રાણ પ્રભુને પોતાની દૃષ્ટિથી જોઈને જ મનોહર સુખને અતિ સુખ પામતાં હતાં. સર્વ જગતનાં પ્રાણપ્રભુ સંતોની પંક્તિમાં આવી રીતે પ્રેમથી પીરસતા હતા. તેને જે જીવાત્મા પળમાત્રનો વિલંબ ત્યાગીને એનું ચિંતવન કરે છે તેના ભવબંધનના ફેરા પ્રભુ ટાળી દે છે. મેઘસમાન મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ સૌ સંતોને જમાડીને શ્રી ઘનશ્યામ હરિ સર્વના સુખદાતા હરિકૃષ્ણ પ્રભુ સુખના ધામ દયાળુ શયન કરતા હતા. પલંગ ઉપર રાત્રે શયન સમયે જ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પ્રભુ પોઢી ગયા. ત્યારે પ્રેમીજનો પ્રભુની ચરણચંપી કરતા હતા. પરિબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ બે ઘડી શયન કરતા હતા. તે તો ભક્તજનોના સુખ માટે કરતા હતા.

મછિયાવપુરના રાજા પ્રભુની સામે જઈને પુરુષોત્તમ પ્રભુને પુરમાં લાવ્યા. પ્રભુના દર્શન કરીને નગરની નારીઓ અને પુરુષો સૌ હૃદયમાં બહુ જ આનંદ પામ્યાં. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ જમ્યા. સભા કરીને ભક્તજનોને બહુ સુખ દીધાં. શહેરને રાજી કર્યું. આમ અગિયારમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપીઆ અગિયારમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદસ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં મછિયાવપુરે શ્રીહરિએ ચરિત્રો કર્યા તેનું વર્ણન કર્યું એ નામે અગિયારમો તરંગ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ભક્તજનોના મનને આનંદ આપનારા જાગીને પછી કયાં કયાં ચરિત્રો કર્યાં તે મને કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે પૂછ્યું તે બહુ જ સારું કર્યું. સર્વના ભયને હરનારા મહારાજનાં ચરિત્રોનું પૂછ્યું છે. તે ચરિત્રો મારી બુદ્ધિમાં જેમ ખ્યાલ આવશે તે પ્રમાણે વિસ્તાર કરીને કહું છું તે તમે ધ્યાન દઈને સાંભળો. સૂર્યનારાયણ જ્યારે બપોર પછી નમતા થયા ત્યારે વાતાવરણ શીતળતાવાળું સર્વજગતને સુખ કરતું હતું, ત્યારે મોટી સભા થઈ તે સભાના વચમાં જ ભયહારી મહારાજ ભક્તજનોને સુખ આપતા થકા શોભતા હતા. મહારાજનું મુખકમળ ચંદ્રસમાન શોભતું હતું નાસિકા દિવાની પ્રગતિ જેવું શોભતું હતું. અધર ઓષ્ટ તે પરવાળાં જેવા શોભતા હતા. મુખમાં દાંત છે તે કુંદકળિનાં જેવાં શોભતાં હતાં. મુખ ઉપર શ્યામ તિલનાં બિંદુ બહુ જ શોભતાં હતાં. વામકરણમાં તિલનાં બિંદુ શોભતાં હતાં. તે ભક્તજનોના ભયને હરતાં હતાં. દાઢી સુંદર આમ્રફળના અરધા ફાડયા જેવું શોભતું હતું. ભયહારી મહાપ્રભુનું વિશાળ ભાલ સુંદર લાગતું હતું. બંને હસ્તકમળ જાંનુ સુધી લાંબા શોભતા હતા. તે ભક્તજનોના ભયને હરતા હતા. વક્ષસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન શોભતું હતું. નેત્રો નવીન કમળની પાંખડી સમાન શોભતી હતી. ઉદર ઉપર વિશાળ ઉપડતી ત્રિવળી સુંદર સુખ આપનારી શોભતી હતી. રસિક ભક્તોને સુખ દેતું હતું. ઘનશ્યામ પ્રભુની કેડની શોભા વધતી હતી. સાથળો ને કેળના થાંભલા જેવા શોભતા હતા. બંને જાંઘુઓ જાણે હાથીની સૂંઢ ન હોય ? તેમ શોભતી હતી. ચરણની પેની લાલ અરુણની જેમ શોભતી હતી. હરિએ અંગોઅંગ ઉપર સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને સૌ ભક્તજનોના દુઃખોને તથા ભવ ત્રાસને હરતા હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુનાં અંગોઅંગની શોભા બહુ જ હતી. તેનાથી કરોડો કામદેવના ગર્વને હરતા હતા. જેમના ગુણને શેષજી ગાયા જ કરે છે તોય ખુટતા જ નથી. સુંદર લાલાશ યુક્ત બંને ચરણકમળમાં સોળ ચિહ્નો સહિત બહુ જ શોભતાં હતાં. કમળસમાન કોમળ અંગવાળા પ્રભુ અંગોઅંગની શોભાવાળા મહારાજ ચારેબાજુ નજર ફેરવીને જોતા હતા. લક્ષ્મીના નિવાસ રૂપ તથા શોભાયુક્ત ઘનશ્યામ હરિ ઉંચા આસન ઉપર વિરાજમાન થયા હતા. તે જાણીને સર્વ સંતજનો અતિશય આનંદ ઉલ્લાસથી આવ્યા.

સૌ ભક્તજનો પોતાના આસન ઉપર જઈને બેઠાં. સંતો વસંતનાં કીર્તનનાં પદો ગાતા હતા. મનોહર કીર્તનો સાંભળીને અજિત પ્રભુ મનમાં બહુ જ રાજી રાજી થઈ ગયા. સપ્ત સ્વરો સહિત સુંદર પરમપવિત્ર ગાવણું થતું હતું. ખરજ, રિમ, ગંધાર એષ આદિક બધા ભેદોને જાણતા હતા. તે બધા રાગભેદને સંતો ગાતા હતા. સંતંનાં ગાન તાનને સાંભળીને ગંધર્વો મોહ પામતા હતા. આવું ગાવણું ઘનશ્યામ પ્રભુ પાસે સંતો કરતા હતા. પછી મહાપ્રભુ પાસે અનકે પ્રશ્ન ઉત્તરો થતા હતા. તેને જનસમુદાય મળીને શ્રીહરિ સામું જોતાં હતાં. ત્યારે દેવગણો આવીને પુષ્પનો વર્ષાદ કરતાં હતાં. આકાશમા અતિશય એકાગ્ર થઈને જોતા અને લોભાતા હતા. આવી રીતે મહાપ્રભુ સંતોની સાથે સુખ દેતા ને ભક્તજનોના ભયને તોડીને આનંદ કરાવતા હતા.

એટલામાં જ ફૂલદોલના ઉત્સવનો દિવસ આવી ગયો ત્યારે જાતજાતના રંગો બનાવરાવ્યા. સુંદર કુંકુમ કેશરનાં રંગો બનાવ્યા. અબિર ગુલાલ વિગેરે તૈયાર કર્યા. લાલ ગુલાલ અને અરગ લાવ્યા. તેનાં મોટાં મોટાં રંગાડાઓ તૈયાર કરાવ્યાં. જ્યારે બધો જ રંગ તૈયાર થયો. અને સૌ સમાજ તૈયાર થયો. ત્યારે મહારાજ

મનોહર મુખેથી વચનો કહેતા હતા. સૌ સંતો હરિભક્તો તૈયાર થઈ જાઓ. બહુ જ પ્રકારે તૈયારી કરીને રમવા માટે ભેગું કરો. હિંડોળો કરો. ઘનશ્યામ પ્રભુનું વચન સાંભળીને સૌ જનો હિંડોળો બાંધતાં હતાં. તે હિંડોળો સુંદર રીતે રચના કરીને જુદીજુદી કળાવાળો શોભાયમાન વિલંબ કર્યા વગર જલદીથી તૈયાર કરી દીધો. તેમાં પુષ્પો વેલીઓ બહુ જ શોભતાં હતાં. જાતજાતનાં મોર આદિક પક્ષીઓનાં પ્રતિ કલવર કરતાં હતાં. તેમાં ચારેબાજુ ગુચ્છ લગાડેલાં હતાં. શરદ આભુષણ લાજ પામે તેવા અદ્‌ભુત વાતાવરણવાળો હિંડોળો બનાવ્યો. તેનાથી શ્રીહરિની દૃષ્ટિને ખેંચતાં હતાં. પોતાના મનને એની ઉપર વધારે પ્રેમ જાગ્રત થતો હતો. તે હિંડોળા ઉપર બહુનામી મહાપ્રભુ વિરાજમાન થયા. સર્વે જીવ ઈશ્વરોના સ્વામી સર્વના અંતર્યામી પ્રભુ વસંતી વસ્ત્રોને ધારણ કર્યાં. સુખકારી મહાપ્રભુ હાથમાં સોનાની પિચકારી લઈને કમર ઉપર સફેદ ધોતીને સારી રીતે કસીને બાંધી હતી. શિર ઉપર સુંદર નવીન શિરપેચથી પાઘ બાંધી હતી. ઉત્તરીય વસ્ત્ર વસંતી રંગનું ધારેલું હતું. સુંદર શોભાયમાન અંગરખું ધારણ કર્યું હતું આવી શોભાયુક્ત મહાપ્રભુ હિંડોળામાં ઝુલતા હતા અને પ્રેમીભક્તજનો પ્રેમથી ઝુલાવતા હતા. અને સંતજનો સમૂહમાં સુંદર હોરિહોરિ નામના મધુર રીતે ઘનશ્યામની છબીને નિરખીને આનંદથી ગાતા હતા. ભક્તજનોને આનંદથી ગવરાવતા હતા.

હે રાજન્ ! ભક્તજનોનાં દુઃખોને દૂર કરવા મહાપ્રભુએ રંગનો ખેલ કરવા તૈયારી કરી તેમાં બંને પક્ષ આશ્રિતોએ હિંડોળો બાંધીને તૈયાર કર્યો. તે બધી લીલા તમને કહું છું તે સાંભળો. સોમલા ખાચર, દાદા ખાચર, સુરા ખાચર, આદિ બધા પાર્ષદો શ્રીહરિ મહાપ્રભુની પાસે રહેતા હતા. એમણે જે રંગ રમવા માટેના રંગો હતા તે બધા તૈયાર કરી દીધા. સંતો વર્ણિઓ સંન્યાસીઓ તથા હરિભક્તો સહિત બધા હેતથી રમવા માટે પિચકારીઓ લઈને શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુની સામે તૈયાર થયાં. શ્રીહરિની બધી બાજુ સંતો અને હરિ ભક્તો અરસપરસ પ્રેમથી રમતા હતા અને અદ્‌ભુત ખેલ કરતા હતા. આ ખેલ અવતારી મહાપ્રભુ સવારે રમતા હતા. હે રાજન ! જેમની કળા તો કળી શકાય તેવી જ નથી એવા અકળમૂર્તિ અજબ રીતે સુંદર રંગની પિચકારી ચલાવતા હતા. અજિતની રીત તો અલૌકિક હતી. જે પ્રીત કરીને સર્વના મનને રાજી કરતા હતા. જેટલા સંતો હરિભક્તો હતા એટલાં બધાં રૂપ લઈને એટલાં બધાં રૂપે હોરિ હોરિ રમતા હતા. સર્વ જગતના આધાર મહાપ્રભુ સૌને આનંદ કરાવતા હતા. હે રાજન ! જગતના સ્વામી અજિત પ્રભુના મર્મને કોઈ જાણી જ નથી શકતાં એવો દિવ્યભાવ બતાવીને સંતોની સમીપમાં રમત રમીને સુંદર કળા કરતા હતા. શ્રીહરિએ પિચકારીનો મારો ચલાવીને સૌ ભક્તજનોને અને સંતોને રંગથી રસબસ કરી દીધા. રમતાં રમતાં ચારેબાજુ ફરતા હતા. લાલ ગુલાલને બહુ જ ઉડાડતાં હતાં. ઘનશ્યામ પ્રભુને જોઈને સૌ સંતો સાથે મળીને એક જ સાથે રમાડવા લાગ્યા ત્યારે જાણે અષાઢ મહિનામાં મેઘ વર્ષે તેમ રંગરેલ પ્રભુ ઉપર બહુ જ રંગ ઉડાડતા હતા. ત્યારે ભક્તજનોની બહુ જ મોટી ભીડ થઈ ગઈ શ્રીહરિ હરિભક્તોને કહે હવે સૌ તળાવના કાંઠે ચાલો. ત્યાં આગળ રંગનો ઉત્સવ કરવો છે. ત્યાં બહુ જ આનંદ થશે. પછી લાલપ્રભુ સૌ ભક્તજનોને સાથે લઈને સંતો તથા બધાય સત્સંગીને સાથે લઈને તળાવની પાળે ઉતર્યા. તળાવની પશ્ચિમ દિશાની પાળે મહાઉત્સવ કરતા હતા.

શ્રીહરિ તળાવની સુંદર પાળ જોઈને ત્યાં બહુ જ ભારે ખેલ કરવાનું કરતા હતા. કામના મદને તોડનારા મહાપ્રભુ સંતોની સાથે સોનાની પિચકારી લઈને રંગથી સૌને રસબસ કરી દીધા. તેનાથી અંગોઅંગમાં અતિશય આનંદ આનંદ થઈ ગયો. શ્રીહરિ હોરિહોરિ કહીને સંતો અને ભક્તો ઉપર ઝોળી ભરીને ઉડાડતા હતા ત્યારે

ગુલાલની બહુ જ રજ ઉડીને આકાશમાં અપાર ઊંચી ઉડતી હતી ત્યારે વાતાવરણ લાલ લાલ થતું હતું. આ પ્રભુની રંગલીલાનાં દર્શન કરવા માટે દેવોનાં મોટાં સમુહો આવીને આકાશમાં છવાઈ જતાં હતાં.અને મનોહર ઘનશ્યામ પ્રભુનું રૂપ જોઈને બહુ જ રાજી થયા. પ્રભુ દેવનાં વૃંદ ઉપર વારેવારે રંગ નાંખતા હતા. ત્યારે દેવો વિમાન અને મનનું માન ત્યાગીને મનુષ્ય શરીર ધરીને ઘનશ્યામ પ્રભુની સાથે અતિ ઉત્સાહથી રંગખેલ રમવા માટે આવ્યા હતા. શ્રીહરિ દેવોની સાથે હાથોહાથ રંગ લેતા દેતા હતા. દેવો શ્રીહરિની ઉપર રંગ નાંખતા હતા ને શ્રીહરિ દેવો ઉપર રંગ નાંખતા હતા. આવી રીતે અતિશય અમૂલ્ય રંગ નાંખીને અમાપ સુખ આપતા હતા. આમ કળિયુગના ક્લેશને ટાળતા હતા. સર્પસમાન કામક્રોધાદિ દોષોને કાપતા હતા. મહાપ્રભુએ દેવ સમુહને રંગથી સુંદર રીતે રંગી નાંખ્યા. આવી રીતે સુખધામ પ્રભુ સુંદર ખેલ કરતા હતા. નવીનનાથને નિરખીને નવાં નવાં ગુણને ગાતાં હતાં. પુરુષોત્તમ પ્રભુને નિરખીને બહુ જ આનંદ પામતાં હતાં. ભૂમિના ભારને ઉતારવા જ્ઞાનિ ભક્તોને ઉદ્ધારવા અને ભક્તજનોને ગાવા માટેનાં ચરિત્રો કરતા હતા. તેને ગાતાં હતાં. મુનિજનોનું સમુહ નિત્ય પ્રત્યે આનંદપ્રેમથી દાસભાવે સેવાભક્તિ કરે જ છે. અજિતપ્રભુ કામક્રોધાદિકને જીતીને બધાના દોષોને ટાળે છે. બહુ જ સુખ કરતા હતા. આમ પોતાના આશ્રિત સંતો ઉપર રાજી થઈને રંગરાજ કરી દીધું. આમ રસિક પ્રભુએ રંગમાં રમાડીને ભક્તજનોનાં કાર્યો કર્યાં.

આવી રીતે મહારાજ અમાપ જ્ઞાનનો ઉપદેશ કરીને રોજેરોજ સુખ કરતા હતા. અધર્મના મૂળને ઉખાડીને દૃઢ ધર્મને સ્થાપતા હતા. અમાપ ગુણ આપીને સુખ કરતા હતા. તેને શેષજી પણ પાર નહોતા પામતા. આ ગુણને વેદવ્યાસ નિત્ય પ્રત્યે કહે છે. શારદા મહેશજી ગાયા જ કરે છે. દેવો શ્રીધર્મનંદન મહાપ્રભુને સ્તુતિ કરતા હતા. શ્રીહરિ અબિલ ગુલાલ અને રંગોથી ઉમંગભેર વારંવાર રમતા હતા. ઉડાડતા હતા. ત્યારે બહુ જ પ્રકારનાં વાજાં વાગતાં હતાં. ઢોલ નગારાં ભેરિ ત્રાંસાં મૃદંગ મુર ચંગ બાજ વાગતાં હતાં તથા કાંસિ જોડાં વાગતાં હતાં. આનંદ ઉત્સવ થતો હતો. ચારેબાજુ બધી દિશાઓમાં સુંદર હોરિ હોરિ જ થઈ રહ્યું હતું. બધી દિશાઓમાં રંગો ઝરતા હતા. જોરથી ગુલાલના ગોટા ઝોળીઓમાંથી ઉડતા હતા. સોનાની પિચકારી શ્રી ઘનશ્યામના હાથમાં શોભતી હતી. જાણે મેઘ રાજાના હાથની વચમાં વિજળીની શોભા થતી હોય તેમ શોભતું હતું. રંગ રમાવની રીતને જાણનારા સંતો ને ઘનશયામ પ્રભુ સુંદર રીતે ખેલ ખેલતા હતા.આમ બહુ જ વાર સુધી રંગખેલ કરી પોતાના આશ્રિત ભક્તજનોને સુખ આપતા હતા. તેને દેવો ચરણકમળમાં મનને જોડીને પ્રેમથી દર્શન કરતાં સુખ પામતા હતા. સર્વ સંતગણની સાથે સર્વની વચમાં શોભતા થકા શ્રી હરિ તળાવમાં જઈને તેમાં વિશાલ ખેલની લીલા કરીને સૌના મનને મોહ પમાડતા હતા.

હે રાજન્ ! પછી રમવાનું બંધ કરી તરત જ બહાર આવીને સ્વચ્છ થઈને સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. જમણી બાજુ નમતી પાઘ ધારણ કરી તથા ભાલમાં તિલક શોભતું હતું. સુંદર મુખકમળમાં કુંદની કળિ જેવી સુંદર દંતાવલી શોભતી હતી. ચાલતા હતા ત્યારે સર્વના ચિત્તને ખેંચતા ઉતાવળા ચાલતા હતા. સુંદર વસ્ત્રો ધારણ કરીને ધર્મનંદન મહાપ્રભુ વિરાજમાન હતા. ભવબંધનના ભયાનક ઘોર દુઃખોમાં ભટકતા જીવોને આજ ન બાહુવાળા મહારાજ ભક્તજનોના ત્રાસને હારતા થકા દર્શન આપતા હતા. શ્રીહરિ ભક્તજનો અને સંતોના સમુહ જૂથોમાં અનેક ખેલો કરીને સર્વના પાપતાપને હરવા માટે શ્રીહરિ પ્રતાપ બતાવતા લીલા કરતા હતા.

ઉમંગ ઉત્સાહથી રંગ બનાવ્યા. તેમાં કેસુંડાં લાલ ગુલાલ વિગેરે લાવીને ભેગાં કર્યાં તથા અબીલ પણ બહુ જ મંગાવ્યો. તેનાથી ઘનશ્યામ પ્રભુએ હરખાઈને બહુ જ સુંદર રંગનો ખેલ કર્યો. સૌને સુખ કર્યું. એ

રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે બારમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં ફૂલદોળ ઉત્સવની લીલાનું વર્ણન કર્યું એ નામે આ બારમો તરંગ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! શ્રી સહજાનંદ મહાપ્રભુએ રંગનો મહાખેલ કરીને મહામોટો આનંદ ઓઘ આપ્યો. દયાનિધિએ ભક્તજનોને સુખ આપીને પછી અલબેલ પ્રભુ ચાલવા માટે તૈયાર થયા. હજારો હરિભક્તોની સાથે મહારાજ ઘોડા ઉપર અશ્વાર થઈને હેતથી ચાલ્યા ત્યારે મહાદેવ, ઇંદ્ર, વિષ્ણુ તથા બધા દેવો હરખ પામતા દર્શન કરતા હતા. પ્રેમથી ગુણને ગાતા હતા. હરિની સાથે આવતા હતા. પ્રભુ પધારતા હતા ત્યારે પુરનાં નરનારીજનો સૌ દર્શન કરતાં હતાં. આવી રીતે સૌને સુખ આપી રાજાધીરાજ શ્રીહરિ રાજાના મહેલે પધાર્યા. ત્યારે પ્રેમીજનોએ તરત જ સુંદર રીતે પાક તૈયાર કર્યો. ભક્તજનોને સુખ કરવા પ્રભુએ પીળાં પિતાંબર ધારણ કર્યાં. પછી પ્રભુ રત્નજડેલી સુંદર ચોકી ઉપર વિરાજમાન થયા. ભક્તજનોએ સોનાના થાળો ભરીને મહાપ્રભુની આગળ મુક્યા. શીરો, પુરી, પુડલા, માલપુવા, પરવર, પાપડી આદિ વસ્તુઓ પ્રેમથી પ્રેમીભક્તો આનંદભાવથી પીરસી. જમાડતાં હતા. મહાપ્રભુ આનંદ કરીને પાક જમતા હતા. ભક્તજનોના ઈષ્ટદેવ જગતના વંદ્ય મહાપ્રભુ ભક્તજનોના ભવફંદને હરતા હતા. આનંદકંદ આનંદ આપતા હતા. ધર્મવંશનો પ્રકાશ કરનારા દઢધર્મ સ્થાપનારા સર્વ ભક્તજનોનાં જન્મમરણના ભવફંદનો ભય તથા પાપનો સમુહ નાશ કરતા હતા. શ્રીહરિ મનમાં અતિ આનંદ ભરપુર જમીને પછી મુખધોયું અને જલપાન કર્યું. પછી મહારાજ સંતોને પીરસવા માટે તૈયાર થયા તેને હરિભક્તો દર્શન કરતા હતા. આવી રીતે બહુવાર સુધી જમાડીને પછી જળથી ચરણકમળ હસ્તકમળને ધોઈને વસ્ત્રથી લુછીને તૈયાર થયા પછી રાજપરિવાર સૌ પ્રસાદી જમતાં હતાં. ત્યાર પછી પ્રાણપતિ મહારાજ શયન કરતા હતા.

હે રાજન્ ! ભક્તજનોને રાજી કરવા જગતમાં જયજયકાર કરવા પોતાના ભક્તજનોનાં દુઃખોને હરનાર ધર્મવિહારી મહાપ્રભુ શયનમાંથી જાગ્રત થઈને મુખકમળને ધોઈ જળપાન કરીને પ્રવિણ મહારાજ શ્વેત વસ્ત્રોને ધારણ કરીને તૈયાર કરેલા આસન ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી હરિની સન્મુખ મોટી સભા થઈ. સૌ યોગ્ય રીતે બેઠાં તે સભાની વચમાં રસિકપ્રભુ  જાણે રાજાના રાજા ન બેઠા હોય ? તેમ શોભતા હતા. સૌ ભક્તજનો સુખદાયક પ્રભુની સામે પોતાની દૃષ્ટિ જોડીને, સર્વના કારણ પ્રભુને ચકોર પક્ષીની માફક ચિંતવન કરતા હતા અને મહાપ્રભુ જ્ઞાનની વાતો કરતા હતા. તેને સૌ સંતો અને ભક્તજનો એકચિત્તે સાંભળતા હતા. આમ મહારાજ સભા વચ્ચે સુખ દેતા હતા. સર્વના સુખસાગર હરિ વાતો કરતા હતા ત્યાં જગતમાં પ્રસિદ્ધ બે ભાઈઓ મલ્લો લડવાની તૈયારી કરીને આવ્યા. સુંદર શારીરિક ખેલ કરીને દેહનું દમન કરીને સૌને બતાવવા માટે રમતો કરવા સુંદર ખેલ કરીને પોતાની યુક્તિઓ બતાવતા હતા. તેને જોઈને લાલપ્રભુ લલચાયા. બહુ જ ભારે ખેલ કરવા માટે સુખકંદ મહાપ્રભુ પોતાના વેશને સારી રીતે સરખો કરીને  કમરને વસ્ત્રથી કસીને બાંધી દીધી ને પછી મુખથી મંદમંદ હસતા થકા  સર્વજનના સુખકારી મહાપ્રભુ મલ્લવિદ્યાના દાવપેચ કરીને સૌને બતાવતા હતા ત્યારે સભામાંથી ભક્તજનો ઉભાં થઈ થઈને જોતાં હતાં. ઉલટ પુલટ પેચ

કરી કરીને શ્રી હરિ વારેવારે આસન કરીને સૌ સંતજનોને તે સુંદર રીતે નેત્રો ભરીને જોતા હતા. ગંગારામ મલ્લે કહ્યું તે પ્રમાણે ઘનશ્યામ પ્રભુ દાવપેચ નિયુક્તિ પ્રયુક્તિ શીખતા હતા. શ્રીહરિએ હાથથી હાથ પકડીને અને પગથી પગની આંટી પાડીને પછી માથાંથી માથું આવી રીતે સભાની વચમાં જ સુખધામ મહારાજ ખેલ કરાવતા હતા. પોતાના ભક્તજનો પ્રભુને ઓળખીને પ્રેમથી ખેલના દાવપેચ શીખવતા હતા. ચંચળતાથી ચતુરવર શરીરને કુશળતાથી ફેરવતા હતા.અને સરતાથી શીખતા હતા. તેને ખળોના દળને હરાવનારા મહારાજ ખેલને પૂર્ણ કરીને પોતાના આસન ઉપર બેસી ગયા. પછી સુખદાતા મહાપ્રભુએ સભાની વચમાં ગંગારામ મલ્લને બોલાવ્યા. ગંગારામ મલ્લને શિરપાવમાં જરિયાંની પોષાક પ્રીતથી આપ્યો.

આવી રીતે મહારાજ ઘણીવાર સુધી સભા વચ્ચે વિરાજમાન રહ્યા. ત્યારે સારંગી સરોદા વગાડીને સૌ સંતો હોળીનાં પદો પ્રભુને રાજી કરવા ગાતા હતા. શ્રીહરિ ના તથા ઉત્સવનાં દર્શન કરવા આકાશમાં દેવો આવીને દેવાધિદેવ ઉપર પુષ્પનો વર્ષાદ કરીને પ્રભુની સેવા કરતા હતા. દેવો દુંદુભિ બજાવતા હતા. પ્રગટ પ્રભુના ગુણને ગાતા હતા. ચંદનપુષ્પનો વર્ષાદ કરતા હતા. એટલામાં જ સભાની વચમાં એક આશ્ચર્ય થયું. કોઈ અસંતનો વેશ ધારણ કરીને આવ્યું. તેને જોઈને ધર્મલાલ મહાપ્રભુ બહુ જ રાજી થયા. તેનાં વચનોની રચનાઓ સાંભળીને તરત જ શ્રીહરિ કહેતા હતા કે સંતો તમે સાંભળજો. ધ્યાન દઈને જોઈ લેજો કે વામમાર્ગી સંતો અને આ ચરિત્રમાં લગારે ફેર નથી આવાં લક્ષણ જેમનામાં રહે છે તેમને ચારે વેદો અસંત કહેતા હોય છે. જે ધનસ્ત્રીમાં આસક્ત મનવાળો વિષયમાં લોલુપતાવાળો અતિક્રોધવાળો લગારે જ્ઞાન ન જ હોય એવા અસાધુ કહ્યા છે. અસંતજનો જે છે તે પોતાના સ્વાર્થ માટે બીજાના શરીર અને મનને પીડા કરે છે. ખરાબ કર્મો કરે છે. લાજ વગરના થઈને લોલુપતાવાળા થઈને જગતનાં સુખો સમાજ પાસેથી માગે છે. બીજાંની નિંદા કુથલિ કરતા રહે છે. પરપુરુષની પત્ની ઉપર કુદૃષ્ટિ કરે છે. પારકા ધનની ચાહના રાખે છે. લોભ ખૂટતો જ નથી. સાચો ધર્મ તો જાણતા કે સમજતા જ નથી. પારકાંને દુઃખ કરે એ જ એમનો મોટો ઉપકાર કહેવાય છે. એવા દુષ્ટ હોય છે. પ્રગટ પ્રમાણ ભગવાનને ઓળખતા જ નથી. પરોક્ષ માયિક દેવને અતિશય પ્રેમથી ભજન કરે કોઈ પ્રકારના ધર્મનિયમને તો જાણે જ નહિ એવા અસંત આ જગમાં અપાર ફરે છે. અસંત વિષયના બંધનમાં પરવશ થઈ જાય છે. તેનું મન વિષયમાં જોડાયેલું જ રહે છે. તેઓ મનને જ વશ રહે છે. એવા મંદમતિ અસાધુઓ સાચા ધર્મનિષ્ઠ સંતોનો દ્વેષ કરીને વિરોધ કરતા થકા પાપના ફંદમાં ફસાયેલા જ રહે છે. આવા અસંતનો જે સંગ કરે છે તે મતિમંદજનો દુઃખિ થાય છે. મહાદુઃખના દ્વંદ્વને સહે છે અને આ જગતમાં બહુ જ અપયશને પામે છે. અને તેઓ ક્યારેય મુક્તિને પામતા જ નથી. જગતના સંસર્ગવાળા જન્મમરણની પીડાવાળાના વાતાવરણમાં વર્તનારાનો સંગ તરત જ છોડી દેવો તેને કુસંગી જાણીને સંગનો ત્યાગ કરવો. આમ કહ્યા વગર કોઈને ખબર કે જાણ થતી જ નથી એ કારણે જ અમારે બધી રીતે વગોવીને કહેવું પડે છે.

જેનો જેવો ગુણ ભાવ હોય તેવો સ્વાદ લે છે. ઇતેડી છે તે ગાયના અડાંણમાં (આચળમાં)રહે છે. તે દૂધને તજીને લોહી પીવે છે. રાજહંસો જે છે તે માનસરોવરમાં મોતીનો ચારો કરે છે. બગલાં છે તે માંછલાંને ખાઈને ખળની માફક પ્રશંસાપાત્ર થાય છે. એટલા માટે એવા દુર્ગુણી અસુરોના સંગને દૂરથી ત્યાગવો જોઈએ. જેમ મણિધરનાગ પોતાના મસ્તક ઉપર મણિને ધારે છે. તોપણ સૌ નરનારી ડરે છે અને કોઈ એનો સંગ નથી કરતાં. એટલા માટે અસંતનો સંગ અતિદુઃખનું ઘર જ છે. તેથી મારાં કહેલાં વચનો માનીને ક્યારેય તેનો સંગ ન કરવો. હવે સાચા સંતોનાં શુભ લક્ષણો છે તે હું તેમને કહી સંભળાવું છું. વિષય વિકારોનો તથા સર્વ

પ્રકારનાં વ્યસનનો અને વિકાર વાસનાનો ત્યાગ કરીને સ્ત્રી પ્રસંગ તજીને પ્રગટ ભગવાનનું ભજન ભક્તિ કરતા. ભક્તોના મનમાં માન કે મોહ ન રહે તે માટે તેને જીતવાં હમેશા સાધવધાન રહે. સુખદુઃખ તથા વિવાદ અને કુંસનો ત્યાગ કરે. ઇંદ્રિયોને વશમાં કરવી જીતવી, ક્રોધ જીતવો, ક્ષમા, દયા, વૈરાગ્ય તથા સર્વજનને પ્રિય એવા લોભનો ત્યાગ કરવો મનને દઢ કરીને બ્રહ્મરૂપ થઈને ભગવાન ભજે ભગવત સ્મરણ વગરનો વ્યર્થ સમય ન બગાડવો. અધર્મ સર્ગને દિલમાં ક્યારેય પેસવા ન દેવો. સદાય શાંત રાખવું.

આવાં શુભ લક્ષણવાળાં સંતો કહેવાય છે. તેના લક્ષણો વેદોમાં તથા સત્‌શાસ્ત્રોમાં વર્ણવેલ છે તેમનો સંગ કરવાથી સર્વ પ્રકારનાં સુખનો હેતુ પ્રાપ્ત થાય છે. જનને ભવસાગરમાંથી તારનારો છે. પૃથ્વી ઉપર વિચરણ કરીને પરનો ઉપકાર કરવો. નારીના રૂપને નેત્રથી નિરખીને ન જોવા તેમનો ભૂલમાં પણ સ્પર્શ ન કરવો. ભયંકર ક્રોધ રૂપ ઘોર અંધકારથી સદા જાગ્રત રહેવું. તેને જ શ્રીહરિના સ્વરૂપમાં સુખ આવે છે. તે જ લક્ષોથી યુક્ત તમે સંતો જગતમાં વિચરણ કરો. તેનાથી પામર જીવો તરી જાય છે. તમારા વગરના બધા જ અસંત કહેવાય. ધન અને સ્ત્રીથી પોતાના ચિત્તને લોભાવે છે. તે દુનિયાનાં ભયંકર દુઃખો ભોગવે છે. જેમ રાહુ કેતુના ગ્રહો પીડા કરે છે તેમ પીડાય છે. આવી રીતે સભામાં સંત અસંતની વિક્તિ કરીને ઘનશ્યામ પ્રભુએ વાત કરી તેને સાંભળીને સૌ ભક્તજનો બહુ રાજી થયા. અને મહાપ્રભુનો જયજયકાર બોલતા હતા. આવી રીતે કમલનયન પ્રભુએ બહુ જ વાતો કરી. સાચા ભક્તજનોને સુખ આપ્યાં.

મહાપ્રભુએ સંતો અને ભક્તોની સાથે રંગખેલ કરીને પછી તળાવમાં સ્નાન કર્યું. સંતોસહિત ઉમંગથી થાળ જમીને અંતર્યામી સભામાં બેઠા. પછી સંત અસંતનાં લક્ષણો વર્ણન કરીને કહ્યાં. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તેરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં સંત અસંતના લક્ષણોનું વર્ણન કરી સમજાવ્યા એ નામે આ તેરમો તરંગ થયો. ॥૧૩॥**

## તરંગ-૧૪

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! આવી રીતે શ્રીહરિ મછિયાવપુરમાં રહીને રોજેરોજ ત્યાંના મુખ્ય ભક્ત **બાપુભાઈ** રાજા તથા બીજા સૌ ભક્તજનોને આદિપુરુષ અવિનાશી સુખ દેતા હતા. શ્રીહરિ મહાપ્રભુ આવેલા સૌ ભક્તજનોને વિદાય કરીને પછી ઉતારે પધાર્યા. રાજાના મહેલમાં મહાપ્રભુ પ્રીતસહિત ભોજન જમતા હતા. શ્રીહરિ સંતોની સાથે જમીને તરત જ જવા માટે તૈયારી કરી. અશ્વ ઉપર અસવાર થઈને ભક્તજનોને આનંદ કરીને તરત જ ચાલવાની તૈયારી કરી. અંગોઅંગમાં અતિ ઉમંગ સહિત ગરીબ નિવાજ મહાપ્રભુ સહજાનંદ સ્વામી સંતોની સાથે સર્વસમાજ દદુકા ગામે પધાર્યા. સૌ ગામનાં લોકો મોહ પામ્યા. એકાંતિક ભક્ત **અલુભાઈ** આદિક અતિઆનંદ પામતા થકા સામા આવતા હતા. મહાપ્રભુનાં ચરણકમળનો સ્પર્શ કરીને પોતાને ધન્યભાગ્ય માનતા હતા. વિશેષ રીતે દર્શન કરી લાવેલ ભેટો અર્પણ કરતા હતા. સામા આવ્યા ત્યારે બહુ જ વાજાં વગાડતા આવેલા. તેને સાંભળીને મેઘ શરમાતો હતો. એવા વાતાવરણમાં વાજાં વાગતાંની સાથે ચાલતા નટવરનાથ શોભતા હતા. આવી રીતે ગાતાવાતા પ્રીતથી પ્રભુને પુરમાં લાવ્યા.

ચારેબાજુથી ઘેરીને લોકોનાં જુથો દર્શન કરતાં હતાં. શ્રીહરિ ચારે બાજુ નજરને ફેરવતા હતા. એવી રીતે શ્રીહરિને સૌ જનો સંતોની સાથે પુરમાં લાવીને તળાવની પાળ ઉપર જઈને પાળ ઉપર સભા કરીને તે સભાની વચમાં સર્વના સ્વામી બેઠા શોભતા હતા. મહાપ્રભુની આગળ સૌ ગવૈયા પોતાની ભાવનાથી ગાવણું કરીને ગાતા હતા. તેને સાંભળીને સુખ પામતાં લોકોનાં ટોળાં આવતાં હતાં.

મુનિજનો તળાવની પાળ ઉપર બેસીને સંગીતના તાલથી રસાલ-ખ્યાલ રાગ ગાતા હતા થાળ તૈયાર થયો ત્યારે સુખના દાતા, અશ્વારી કરી તળાવેથી **અલુભાઈના** ઘરે ભક્તના ત્રિવિધ તાપને સમાવવા અમીમય દૃષ્ટિથી જોતા થકા પધાર્યા. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ પુરણકામ સુંદર મોટાં મકાનમાં **અલુભાઈ** નામના ભક્તને ત્યાં પધારી મહારાજે સફેદ વસ્ત્રો ઉતારીને પીળાં વસ્ત્રો ધારણ કર્યાં. કેડને કસીને બાંધી હસતા થકા દાડમના દાણા જેવા સુંદર દાંતવાળા જનનાં વ્યસન વિકારને ટાળીને ફેશનમાં ફસાયેલાને મુક્ત કરીને હરિ ભોજન કરવા માટે સુંદર આસન ઉપર બેઠા. આજુબાજુમાં ભક્તજનો દર્શન કરવા સ્થિર થઈને ઉભા હતા. મોટા થાળ ભરીને મહાપ્રભુ માટે રસાળ પાક, દાળ, ભાત સાથે જાતજાતનાં શાકો સાથે જાતજાતનાં પદાર્થો જમતા હતા અને આનંદ આપનારા લોકોના જીવન પ્રાણ પ્રભુ સારાં પદાર્થનાં બહુ જ વખાણ કરતા હતા. નાના નાના કોળિયાં લઈને મુખમાં જમતા પ્રગટ પુરુષોત્તમ હરિભક્તોના પાપનો નાશ કરીને સર્વના મનને ભાવતા હતા. સૌ સંતો મહાપ્રભુને મસ્તક નમાવીને વંદન કરીને સૌ ગુણિરાજ ગુણને ગાતાં હતાં. જગતના સ્વામી શ્રીહરિ જમી રહ્યા ત્યારે સૌને આજ્ઞા કરતા હતા. સૌ સંતો તૈયારી કરીને પંક્તિમાં બેઠા. શ્રીહરિ પોતે હાથે પીરસતા હતા. ત્યારે સૌ મુનિવર માથાં ઉપર પત્તર ધરીને સમરથ પ્રભુ પાસેથી લેતા હતા. મહારાજ સંતોની પંક્તિમાં વારેવારે પીરસતા હતા. તે યુક્તિને સૌ જનો જોતા હતા. સર્વ જગતના નાયક પ્રભુનાં ગુણને ગણપતિ આદિક સૌ દેવો ગાયા જ કરે છે. શ્રીહરિ પીરસીને પોતાના હાથ ધોતા હતા.

પછી મહાપ્રભુ સૌ સંતોને જમાડીને અનંતજનોને સુખ આપતા હતા. અનંત પ્રેમીભક્તો સેવાભક્તિ કરતા હતા. શ્રીહરિ સફેદ વસ્ત્રોને શરીર ઉપર ધારતા હતાં. હરિભક્તો સૌ સુગંધિત ચંદન પુષ્પ વડે પૂજન કરતાં હતાં. આવી રીતે સૌ સંતોને તથા ભક્તજનોને સુખ દેતા હતા. આમ લોકોના ભયને હરનારા બહુનામી મહાપ્રભુ બહુવાર સુધી રહીને પછી પ્રભુ ચાલવા માટે અતિ ઉતાવળા થયા. શ્રીહરિ સર્વજન સમુહની સાથે જય જય કરતા ભક્તજનોના ભયને હરતા ભવપાસને તોડતા થકા પાછા **મછિયાવપુરે** પધાર્યાં. શ્રીહરિ સર્વના નાથને જોઈને ભક્તજનો સામાં આવ્યાં. ભયભંજન પ્રભુનાં દર્શન કર્યાં. પછી મહાપ્રભુ **બાપુભાઈના** દરબારમાં વિરાજમાન થયા ત્યારે જેમ સૂર્યનારાયણ શોભે તેમ શોભતા હતા. ત્યાં બહુ જ મોટી સભા થઈ. તે સભામાં ભક્તોના સર્વ પ્રકારનાં ઘાટને જાણનારા બહુ જ જ્ઞાનની વાતો કરતા હતા. વામિ નાસ્તિકના મતના અજ્ઞાનને હરનાર, સૂર્યસમાન પ્રકાશ વિસ્તારનારા, કામનો નાશ કરનારા ગજગતિવાળા એવા સ્વામિનારાયણ પ્રભુ સૌથી સમર્થપણે તે જ રહેલા છે. જેમના ગુણને ભવ, બ્રહ્મા, વિષ્ણુ આદિ ગાયા જ કરે છે. સર્વના મનને ભાવનારા સર્વના નાયક પ્રભુ સર્વજનને આનંદ થાય તેવાં મધુર વચનો કહેતા હતા.

હે મારા શુભમતીના સૌ સંતો ! તમે સાંભળો. વર્ણિઓ પદાતિઓ ગૃહસ્થો તમને સૌને આ મનુષ્યનો દેહ મળ્યો છે. તે મહા દુર્લભ છે. તેનાથી શ્રીહરિમાં મન પરોવીને દૃઢતાથી પ્રગટ હરિનું ભજન કરવું. જે પ્રગટ પ્રભુ છે તેના તમારી સૌની નજર આગળ દર્શન થાય છે જેમનાં દર્શન માટે યોગીઓ વનમાં જઈને જાગ્રત રહીને સર્વ સુખનો ત્યાગ કરીને શરીરને તાપથી તપાવે છે. રાત દિવસ મન લગાવીને જેમનું રટણ કર્યા કરે

છે તોય દર્શન નથી થતું. સૌ શુદ્ધ અંગવાળા થઈને યોગને સાધે છે. કુટિલતા ક્રોધ કામ સર્વનો ત્યાગ કરીને સાધના કર્યા કરે છે. તોય લગારે દર્શન પામી શકતા જ નથી. શરીરને બહુ જ કષ્ટ આપે છે. તાપ વર્ષા ને ક્લેશને સહે છે તોય આ દર્શન નથી થતાં. તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ સુખદાતા ચિત્તમાં ચેતનતા વધારતા રાતદિવસ તમારી પાસે જ રહે છે. તે મિત્રની માફક જ રહેતા હતા. એમની આજ્ઞા પાળીને બધા જ વિકારોનો ત્યાગ કરી દેવો ભય હરનારા શ્રી પ્રભુનું ભજન કરવું. બધા જ વિષયોને તથા વિકારોને ઝેર જેવા જાણવા નારીને કાળીનાગણ જેમ સમજીને માલ મિલ્કત મકાન આદિક બધાં જ સુખનો ત્યાગ કરીને સમજી વિચારીને ત્યાગ કરવો સંતોએ આઠ પ્રકારે નારીનો પ્રસંગ ત્યાગ કરવો અને ગૃહસ્થોએ પારકી સ્ત્રીનો ત્યાગ કરીને બ્રહ્મચર્ય વ્રતનું પાલન ઉમંગથી કરવું. નારીનાં ક્રીડા કીર્તન વાર્તાઓનો ત્યાગ કરીને તે ત્યારગીએ સર્વે સ્ત્રીમાત્રનો આઠ પ્રકારે ત્યાગ કરીને રહેવું. ગૃહસ્થોએ બીજાની સાથેના વિષયોનો ત્યાગ કરીને અષ્ટ પ્રકારે દૃઢતાથી રહેવું. આ મારાં વચનોને દૃઢ પ્રમાણ માનીને સૌ સંતો તથા નરનારીજનોએ પીડા હરનાર પ્રગટ મહાપ્રભુનું ભજનકીર્તન કરવું. પ્રગટ મહાપ્રભુમાં પ્રીત કરીને પ્રેમથી સૌ સંતો વર્ણિઓ અને ભકતોએ મને પુરેપુરો ઓળખી દ્રઢ નિશ્ચય સૌ સભાસદો સારરૂપ પ્રગટ પ્રભુની અમૃતસમાન વાણી સાંભળીને પરબ્રહ્મ પુરુષોત્તમનો નિશ્ચય કરીને પોતાના જીવનમાં હરિને દૃઢ માનવા લાગ્યા.

ઘનશ્યામ પ્રભુ **મછીઆવથી દદુકા** સંતોની સાથે પધાર્યા. લોકોનાં મનનાં કામો પુરાં કરીને પોતે જમીને પછી સંતોને જમાડ્યા. પાપોને બાળી શુદ્ધ કર્યા. પછી મહાપ્રભુ **મછીયાવ** પોતાનાં સ્થાને રાતદિવસ રોકાણ કરીને મોહન પાછા પધાર્યા. તેનાં વખાણ કરીને વાતો કરતા હતા. આમ શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે ચૌદમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારી વિરચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ મછિયાવપુરમાં લોકોનાં હિતની વાર્તા કરીને ઉપદેશ કર્યો. તેનું વર્ણન કર્યું એ નામે ચૌદમો તરંગે પૂર્ણ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! શ્રીહરિએ આપેલો અમૃતસમાન ઉપદેશ સાંભળીને જીવમાં ઉતારી લીધો. તે ઉપદેશ સર્વ ભક્તજનોના જન્મમરણનાં દુઃખો દૂર કરવા દયાનિધિ મહારાજે કર્યો. એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને બધો જ જનસમુદાય જાણે જ છે કે આજે પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા પોતે સહજાનંદ સ્વામી રૂપે વિચરે છે. ધર્મવિહારી મહાપ્રભુએ ઘણીવાર સુધી વાતો કરી એવામાં જ રસથી ભરપુર રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે ભવભયને હરનારા ભગવાન શ્રીહરિ જમવા ગયા. મહાપ્રભુએ સ્નાન કરીને પવિત્ર પીળાં વસ્ત્રો ધારણ કર્યાં. મસ્તક ઉપર ઉપરણી ઓઢીને કાન ઉઘાડા રાખ્યાં. પછી મહાપ્રભુ આસન ઉપર વિરાજમાન થયા. આસન વાળીને બેઠા. ડાબા ચરણને શ્રીહરિએ આસન ઉપર વાળ્યો. તેની ઉપર ડાબો હાથ રાખ્યો. જમણાં ચરણને ઊભો રાખીને પ્રભુએ તેના ઉપર જમણો હાથ રાખ્યો. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ આસન વાળીને જમતા હતા. ગુણના સાગર મહાપ્રભુ ભક્તોને બહુ જ ગમતા હતા.

મહારાજને જમતાં જે વસ્તુ સારી લાગે તે પોતાના ભક્તજનોને આપતા હતા. નવીન શરદ ઋતુના કમળસમાન કોમળ નેત્ર કમળવાળા મહાપ્રભુ જગપતિ જમતા હતા. સુખસાગર પ્રભુ જમતાં જમતાં ઉદર ઉપર હાથ ફેરવતા હતા. મહારાજ જમીને તૃપ્ત થયા ત્યારે ઓડકાર ખાતા હતા. પછી ગર્વને હરનારા મુખકમળ હસ્તકમળને ધોતા હતા. સફેદ રૂમાલથી હાથ મુખ અને હસ્તકમળને લુછતા હતા. ધર્મલાલ મહાપ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન દર્શન દેતા હતા. મહાપ્રભુ પાન સોપારી એલાયચી તજ લવિંગની સાથે પાનનું બીડું બનાવીને મુખમાં લઈને આવતા હતા. પછી મહાપ્રભુએ બધા જ સંતોને આજ્ઞા કરી કે તમે થઈને સુંદર પંક્તિ તૈયાર કરી બેસો ત્યારે સંતો પંક્તિમાં તૈયાર થઈને બેઠા. મહાપ્રભુ પંક્તિમાં વારંવાર ફરીને સંતોને બહુ જ વારેવારે આગ્રહ કરીને જમાડ્યા. પંક્તિમાં પાંચવાર ફરીને પીરસતા ને પ્રેમથી જમાડતા હતા. સંતો રૂચિ પ્રમાણે પ્રેમથી જમતા હતા. સંતો જમીને જ્યારે તૃપ્ત થયા એમ જાણીને સુખદાયક પ્રભુ રાજી થયા. પછી બંને હસ્તકમળને ધોયા. કમલનયન પ્રભુ મંદ મંદ મુખથી હાસ્ય કરતા હતા. મહાપ્રભુ સુંદર શોભતા આસન ઉપર ભક્તજનોના દુઃખોને તોડતા થકા બેઠા ત્યારે પ્રેમીભક્તો મહાપ્રભુ પાસે રાજસમાજની સાથે સૌ આનંદ ઉલ્લાસથી આવ્યા.

હે રાજન્ ! સુખસાગર મહાપ્રભુની સેવા કરવા માટે બાપુભાઈ રાજાએ આવીને દર્શન કર્યાં. પોતાની માતાજી તથા બહેનની સાથે આવ્યા હતા. તેઓનાં નામ શોભતાં કહું છું તે સાંભળો. માતૃશ્રી ફઈબા નામનાં તેઓ બધાં જ ગુણોરૂપ શોભાથી ભરપૂર સારા ગુણવાળાં હતા. બાઈસાહેબ રાજાની બહેન કહેવાય તે પણ સુંદર રૂપ સ્વભાવથી વધારે સારાં હતાં. સુંદર હાવભાવ કરીને હસતાં હતાં. ઉરમાં પુરુષોત્તમ પ્રભુને દૃઢ કરીને રાખેલા હતા. બહેન અને માતાજીની સાથે બાપુભાઈ રાજાએ ભાવથી ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. પછી મહાપ્રભુનાં ચરણકમળને વારંવાર ઉરમાં લેતાં હતાં. કામના ભાવને હરાવતાં હતાં. મહાપ્રભુને અંગો અંગમાં વસ્ત્ર આભૂષણો ધારણ કરાવ્યાં. મહાપ્રભુની મૂર્તિને વારંવાર નિરખીને ઉરમાં ઉતારી પ્રભુનાં ચરણકમળને પ્રીતથી બહુ જ ધારી લીધાં. પછી વારંવાર હાથ જોડીને સ્તુતિ કરતાં થકાં મધુર વાણીથી સ્તુતિ કરતાં હતાં.

બાપુભાઈ રાજા સ્તુતિ કરે છે – હે પ્રભુ ! આપ પરાત્પર પરિબ્રહ્મ પુરુષોત્તમ છો. સુખધામના અધિપતિ છો. આપ છપૈયાપુરમાં પ્રગટ થયા એવા આપનો જયજયકાર થાય. પૃથ્વી ઉપર એકાંતિક ધર્મની સ્થાપના કરીને ભક્તજનોને નિષ્કામ ધર્મવાળા કર્યા અને અધર્મ ઉત્થાપન કરીને સધર્મની સ્થાપના કરી એવા હે ઘનશ્યામ પ્રભુ આપનો જયજયજય થયો. હે જગતના સ્વામી ! આપના જન્મ સમયે આપે સુંદર આશ્ચર્ય બતાવ્યું. પોતાનાં માતાને દિવ્ય સ્વરૂપ બતાવ્યું એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાય. કપટી કાળી ક્રૂર નીતિવાળી કોટરા રાક્ષસી મારવા આવી હતી તેને પણ સદગતિ આપી એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો સર્વત્ર જયજયકાર થાય. હે મહાપ્રભુ ! આપે બાળલીલાઓ કરીને સૌને અહર્નિષ આનંદ આપીને દિવ્યધામનું સુખ આપ્યું એવા હે ઘનશ્યામ ! આપનો જયજયકાર થાય. અસુરોના નાયક કાલિદત્ત નામનો કામી અસુર જ્યારે મારવા આવ્યો હતો ત્યારે આપે વક્રદૃષ્ટિ કરીને તેનો નાશ કર્યો. એવા આપનો જયજયકાર થાય. દેવો અને દેવોના રાજા ઇંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, પાર્વતી વગેરે જ્યારે આવીને આપની સ્તુતિ કરી એવા હે પ્રભુ ! આપનો જયજયકાર થાઓ. આપને ક્યાંય ન જોઈને સૌ વિલાપ કરતાં હતાં. આકુળ વ્યાકુળ થયા. માતાપિતા ભાઈ તથા પુરનાં સૌ જનો દુઃખ પામ્યાં ત્યારે સેવક જાણીને એમને આપે દર્શન દીધાં. એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો સર્વત્ર જયજયકાર થાઓ. હે પ્રીતમ પૂર્ણકામ પ્રભુ ! આપે પોતાના ભક્તિમાતાને

મુખમાં અનંત કોટિ બ્રહ્માંડો બતાવ્યાં એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાઓ.

અયોધ્યામાં મહાબળવાન ભીમ જેવા મલ્લો આવ્યા હતા તેને જોતાં સૌ સૈનિકો રાજા નગરજનો સૌના કહેવાથી મલ્લોનો ગર્વ તોડ્યો એવા હે ઘનશ્યામ ! આપનો સર્વત્ર જયજયકાર થાઓ. ગામ પાસે ભુતિયા કૂવામાં અનંત ભૂતો રહેતાં હતાં તેનો આપે ઉદ્ધાર કર્યો. એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો સર્વત્ર જયજયકાર થાઓ. આપે પિતાજી દ્વારા ઉપવિત સંસ્કાર થયા પછી સર્વ કાર્યમાંથી નિવૃત્તિ લીધી. બધી જ બાલક્રીડાઓ ત્યાગી દીધા એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાય. આપે આપનાં માતાપિતાને સ્વરૂપ જ્ઞાન કરાવીને મુક્તિ આપી અક્ષરધામ આપ્યું એવા ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાઓ. આપે મનમાં દૃઢ નિર્ધાર કરીને વૈરાગ્ય ધરીને જગતનાં બધાં સુખો અને સંપત્તિઓનો ત્યાગ કરીને વનમાં વિચરણ કરવા પધાર્યા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાઓ. હિમાલય ઉપર પુલહાશ્રમમાં જઈને શરીરને કસીને ઉગ્ર તપસ્યા કરી તેથી સૂર્યનારાયણે આવીને સ્તુતિ કરી એવા હે ઘનશ્યામ પ્રભુ આપનો જયજયકાર થાઓ. આપ મહાઘોર વનમાં ફરીને હે કમલનયન પ્રભુ ! કામદેવને હરાવીને અષ્ટાંગયોગને સિદ્ધ કર્યો એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાય. હે શ્રીહરિ ! શિરપુર શહેરમાં સિધ્ધ વલ્લભ રાજા હતો તેને વામમાર્ગીઓએ શિષ્ય કર્યો હતો. તે સિધ્ધોને જીતીને રાજાને પોતાનો આશ્રિત કર્યા. એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાય. શક્તિપંથી પિબેકનું મહાઅભિમાન તોડીને તેને જીતીને પોતાનો આશ્રિત કર્યો એવા હે ઘનશ્યામ ! આપનો જયજયકાર થાય.

હે સકલમૂર્તિ ! સર્વ તીર્થમાં વિચરણ કરીને લોજપુર ગામે પધાર્યા. રામાનંદ સ્વામીને મળ્યા એવા ઘનશ્યામ આપનો જયજયકાર થાય. રામાનંદ સ્વામીએ આપને ગાદી આપી. આપને સર્વોપરી જાણીને જવાબદારી આપીને રામાનંદ સ્વામી બદ્રિકાશ્રમધામમાં પધાર્યા એવા ઘનશ્યામ પ્રભુ આપનો જયજયકાર થાય. ત્યાર પછી સમર્થ પ્રભુ આપે અનેક સુંદર લીલાઓ કરીને મતપંથીઓને જીતીને વશમાં કર્યા એવા ઘનશ્યામ આપનો જયજયકાર થાય. જેમની જેવી ભાવના તેઓને તેવી રીતે દર્શન દઈને પોતાના સ્વરૂપને આપે ઓળખાવ્યું એવા ઘનશ્યામ આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! દેશોદેશમાં વિચરણ કરીને અનેક ભક્તજનોને નિષ્કામ બનાવીને આશ્રિત કર્યા અને તેઓને તેવી રીતે દર્શન દઈને પોતાના રૂપને ઓળખાવ્યું એવા ઘનશ્યામ આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! પૃથ્વી ઉપર આપના સૌ આશ્રિતોને ધ્યાન ધારણા આપે કૃપા કરીને કરાવ્યાં એવા હે પ્રભુ ! આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! આપે અતિ દયા કરીને અનેક મહારુદ્ર યાગો કરીને તેમાં અગણિત બ્રાહ્મણોને જમાડ્યાં. એવા હે પ્રભુ ! આપનો જયજયકાર થાય. આ પૃથ્વી ઉપર અનેક ઉત્સવ લીલા ચરિત્રો કરીને રોજેરોજ કરીને સંતજનોને આનંદ દેનારા હે પ્રભુ આપનો જયજયકાર થાય.

હે શ્રીહરિ ! આ રીતે મારી સ્તુતિને સાંભળીને મારા ઉરમાં વાસ કરો. નિવાસ કરીને અવતારી પ્રભુ અખંડ દર્શનનું સુખ આપો આવી રીતે તે રાજાની સ્તુતિ સાંભળીને સુખકંદ મહાપ્રભુ મુખેથી મંદ મંદ હાસ્ય કરતા રાજાને કહે હે ભુપતિ રાજન ! તમે માંગો. આજ જે માંગશો તે વરદાન હું તમને આપીશ. હે રાજન ! અમો તમારી ઉપર રાજી થયા છીએ. તો તમારાં અનેક કામો કરી દઈશું. માંગો.

શ્રી ભયહારી મહાપ્રભુની રાજા બાપુભાઈ પ્રેમથી પૂજા કરી મહાપ્રભુ તે બાપુભાઈ ઉપર રાજી થયા અને વર માગવાનું કહ્યું આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પંદરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને**

**અવિનાશાનંદ અને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં રાજાએ સ્તુતિ કરી તેનું વર્ણન કર્યું એ નામે પંદરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૫॥**

# તરંગ-૧૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મછિયાવના રાજાએ કેવો વર માંગ્યો. તે વરનું મહાપ્રભુએ કેવું વચન આપ્યું. તે વિસ્તાર કરીને કહો. હે અવધપ્રસાદજી મહારાજ પ્રગટ પુરુષોત્તમ પ્રભુનાં લીલા ચરિત્રો પ્રીતસહિત મને પીવડાવો. સાંભળવાથી મને તૃપ્તિ તો થતી જ નથી. ફરી ફરી સાંભળવાની ઈચ્છા થયા જ કરે છે જે મનુષ્ય ભગવાનનાં ચરિત્રો સાંભળવામાં તૃપ્ત થઈ જાય છે તે મનુષ્ય પશુ જેવો ગણાય. આ પ્રમાણે ભાગવત પુરાણમાં કહેલું છે તે પરિક્ષીત રાજા જાણતા હતા. તે કારણે કરુણાના ખાણરૂપ એવા આપ મારા ગુરુ અયોધ્યાપ્રસાદજી મહારાજ મને પ્રેમથી ભગવાનનાં ચરિત્રોનું પ્રગટ પ્રમાણ પ્રસાદ જમાડો.

અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! ભયને હરનારા શ્રીહરિ ભૂમિનું પાલન કરનારા રાજા **બાપુભાઈ** ઉપર રાજી થયા તે જાણીને **બાપુભાઈ** પોતાની માતાને કહે મહારાજ રાજી થઈને મને વર માગો એમ કહેતા હતા ત્યારે પુત્રનું વચન સાંભળીને માતા કહેતાં હતાં કે હું વર તો નહિ માંગી શકું. વરદાન માંગવામાં હોંશિયાર તો તારી બહેન છે તેથી એમને બધી વાત વિસ્તાર કરીને કહો. તે જ જગના સુખદાયક પ્રભુ પાસે વર માંગશે. મારી વાત સુખ દેનારી છે તે સાંભળીને બાપુભાઈની બહેનનાં વખાણ કર્યાં તે બાઈની ભક્તિ દૃઢ હતી. જ્ઞાનવાન હતાં. તેથી તે વધારે પ્રમાણમાં ચતુરતાવાળાં હતાં, તેથી બાપુભાઈ પોતાની બહેનને જઈને વાત કહેતા હતા તમો ભગવાન પાસે વર માંગો તો મહારાજ જરૂર વરદાન દેશે. એમાં સંશય નથી. તમે તો બહુ જ ચતુર હોંશિયાર છો તેથી બધું જ જાણો છો. એટલે જગતના સુખદાતા પાસે જઈને સુખકારક વર માંગો. આવી રીતે ભાઈ પાસેથી સુખદાયક વાત સાંભળીને બહેન સાહેબા રાજી થઈને હસતી થકી નેત્રમાં જળ લાવીને બંને હાથ જોડીને પ્રભુ પાસે મધુર વચનોથી કહેતી હતી.

બાઈ સાહેબ કહે છે — હે ! સર્વ અવતારના અવતારી અંતર્યામી સુખદાતા ભક્તજનોનાં દુઃખોને હરનારા હે હરિ સર્વની આશાઓને પૂર્ણ કરનારા અવિનાશી મહાપ્રભુ ભક્તજનોના ભવ ત્રાસને હરીને આનંદ કરનારા. ભક્તજનોનાં કલ્પવૃક્ષ સમાન જન્મમરણના ભવફેરાને હરનારા, ભક્તજનોનાં કલ્યાણ કરનારા, આપ આ ભૂમિમાં પધારીને ગરીબોનો ઉદ્ધાર કરનારા મહારાજ ! મનના ભાવોને પૂરનારા હે હરિ ! ભક્તોનાં મનોકામો પૂરાં કરનારાનાં, નટવર મૂર્તિ અશરણના શરણદાતા સુખદાતા. આપની પાસે વરદાન માંગું છું. હે મહાપ્રભુ ! આપ શિયાળાની ઠંડીમાં ઠંડા જળથી સ્નાન કરો છો તે હવેથી ક્યારેય ઠંડા પાણીથી ન ન્હાવું એવું વરદાન સુખેથી આપો. હે સુખદાયક મહાપ્રભુ ! આપ દિવસમાં એક જ વાર જમો છો તે હવેથી બે વાર જમો એવી વિનંતી કરું છું. હે અવિનાશી ! આપની દાસી જાણીને ત્રીજો વર એ આપો જે આપની અગિયાર ઇંદ્રિયોમાંથી ઉત્પન્ન થયેલ સુખ દેનારી એકાદશી છે એ એકાદશીનું વ્રત નિર્જળા અથવા ન કોરડી કરો છો તે હવેથી તમો એ ફલાહાર કરવું હે અજિત પ્રભુ ! એ વરદાન આપ મને આપો હે મહાપ્રભુ ! મને આપની દાસી જાણીને આ મૂળ વરો માંગ્યાં. તે આપવા કૃપા કરો. આવી રીતે તે બાઈનાં વચનોની રચના સાંભળીને

બલવીર પ્રભુ રાજી થયા. હસીને પછી તથાસ્તુ કહ્યું. આ રીતે શ્રીહરિ સર્વના પાપ તાપને હરતા હતા.

આવી રીતે લીલા કરીને મછિયાવપુરમાં શ્રીહરિ એક માસ સુધી રહેતા હતા. બાપુભાઈ પોતાના કુટુંબની સાથે મહાપ્રભુની બહુ જ પ્રેમથી સેવા કરતા હતા. શ્રીહરિ પોતાના આશ્રિતજનોને રાજી કરતા હતા. પછી હરિજનોના સુખદાતા મહાપ્રભુ ચાલવા માટે ઉતાવળા થવા લાગ્યા. ભક્તજનોના ભયત્રાસને તથા મનના ભ્રમને હરતા હતા. શ્રીહરિ સૌ સંતો અને ભક્તજનો સાથે ચાલતા થયા. **બાપુભાઈ** આદિક પ્રેમીજનો મહાપ્રભુને વળાવવા માટે ગામનાં સીમાડા સુધી આવ્યાં. મહારાજનાં ચરણકમળનો સ્પર્શ કરીને સુખ પામ્યાં. રાજાએ મહારાજને વારંવાર વિનંતી કરી મહાપ્રભુનાં દર્શન કરીને નેત્રોને પાવન કરી દીધાં. ભવને પાર કરાવવાવાળા મહાપ્રભુનાં સ્વરૂપને હૃદયમાં ઉતારીને ધારણ કરી લીધું. પછી પોતાના ઘેર પાછા ગયા. ત્યાંથી ધર્મકૂલ દિપક પ્રભુ **મેલાસણ** ગામે પધાર્યા. પ્રભુ આવ્યાના સમાચાર જાણીને સૌ જનો પ્રભુને લેવા સામાં આવ્યાં. શ્રીહરિ મહાપ્રભુનાં દર્શન કર્યાં. ચરણકમળનો સ્પર્શ કરીને પુરમાં પધરાવ્યા. સુંદર રસોઈ બનાવરાવીને જમાડ્યા. જગના તારનારા મહાપ્રભુ જમીને સૌને જમાડીને પુરનાં જનોને દર્શનનું સુખ આપીને ઉપદેશ દઈને પુણ્યવાન બનાવ્યાં ને સુખ આપ્યાં.

પછી કમલનયન ચપલમૂર્તિ સર્વનાં ચિત્તને ચોરીને ચાલતા થયા અને મહાપ્રભુ **કુંડળપુરે** પધાર્યા. થાળ જમીને મહાપ્રભુ રાત રહ્યા. સવારે હરિ ત્યાંથી ચાલતા થયા. કમલનયન **અણિયાળાં નેત્રકમળવાળા કોમલ લાલ ચરણવાળા** મહાપ્રભુ કુંડળપુરથી ચાલીને **શિયાળ** ગામે પધાર્યા. પછી શિયાળમાં મહાપ્રભુ પ્રેમી શેઠ ભક્તના ઘેર રોકાણ કરીને રહેતા હતા. સુખના સદન મહારાજ ભક્તને સુખ દઈને પછી ત્યાંથી ચપલમૂર્તિ કમલનયન ચાલ્યા. સુખના સાગર મહાપ્રભુ **બળોલ ગામે** પધાર્યા. તે જાણીને ભક્તજનો સૌ સામા આવ્યાં. નાથનાં દર્શન કરીને લાવેલાં શ્રીફળ અર્પણ કર્યાં. હે રાજન ! હજારી ફૂલના હારો તોરાઓ ગુચ્છો ગજરા પહેરાવતા હતા. તે જોઈને મહાપ્રભુ પુરનાં જનો ઉપર રાજી થયા. ભક્તજનોએ જુદાજુદા પ્રકારની ભેટો અર્પણ કરી સૌ નરનારીજનો પ્રભુનાં ચરણમાં નમતાં હતાં. સૌ ભક્તજનોએ મહપ્રભુનાં દર્શન ચરણ સ્પર્શ કરીને પછી અવિનાશીને સુંદર ઘરમાં ઉતારો કરાવ્યો. સુંદર રસદાર રસોઈ બનાવીને જીવનપ્રાણ પ્રભુની સાથે સૌ સંતો ભક્તોને જમાડ્યા. પછી સભા કરીને બલવીર મહાપ્રભુએ ઉપદેશની વાતો કરીને પ્રેમીભક્તોની પીડાઓ દૂર કરી બહુ જ સુખશાંતિ કરીને અનંતમૂર્તિ મહારાજ ત્યાંથી જલદીથી ચાલતા થયા.

માર્ગમાં આવતાં ભક્તજનોને શિરતાજ મહારાજ દર્શનનું સુખ આપતા જતા હતા. માર્ગમાં બહુ જ મોજ આનંદ કરાવતા હતા. આમ રસિક મહાપ્રભુ રોજકા ગામે પધાર્યા. રોજકાના ભક્તજનોએ પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને સામા દોડ્યા સૌના નેત્રોમાં આનંદનાં આંસુ ભરાઈ ગયાં. ત્યાંથી ચતુર ચાલાક સારી ચારણ જ્ઞાતિના ભક્તોમાં ગજા ગઢવીના નામથી સિદ્ધ હતા. તેઓ જાતજાતનાં અનેક વાજાં વગાડીને બહુ જ ઉદ્‌ઘોષ કરીને સામાં આવ્યાં. પુરનાં જનો સૌ આવ્યાં. મહાપ્રભુને પુરમાં ફેરવીને પવિત્ર કરીને પોતાના ઘરમાં પધરાવ્યા. અનેક પ્રકારની રસદાર રસોઈ બનાવરાવી. અતિ પ્રેમથી પ્રગટ મહાપ્રભુને જમાડ્યા. સૌ સંતો ભક્તોને જમાડીને હરિભક્તો બહુ સુખ પામ્યા. પછી સુંદર પલંગ ઉપર પધરાવીને જીવનપ્રાણની આગળ મોટી સભા ભરાઈને બેઠી. તે સભામાં પુરનાં મનુષ્યો આવીને બેઠાં. તેનાથી તાપસંતાપ પાપનું નિવારણ થઈ ગયું. મુમુક્ષુ જીવો જાણીને જગતત્રાતાએ ઉપદેશની વાતો કરતા હતા.

આ મનુષ્યદેહ મળ્યો છે તે દેવોને પણ દુર્લભ છે તેનાથી પ્રગટ ભગવાનનું બધાં જ કામોને પડતાં મેલીને ભજન કરવું. આવા સુંદર મનુષ્યના દેહને વિષયવાસનામાં ન પરોવવું અને સુખદાઈ મહારાજનું ભજન કરીને ભગવાનના ધામને પ્રાપ્ત કરવું. પરબ્રહ્મ નરનાથ મહાપ્રભુ વારંવાર મનુષ્ય સ્વરૂપે પ્રગટ થઈને પૃથ્વી ઉપર વિચરણ કરે છે તે સમર્થ મહાપ્રભુનો આશ્રય કરીને મહાભારી ભવસાગરને તરી જવું. ફરીથી આ ભવસાગરમાં ભમવું ન પડે એના માટે પ્રભુનું ધામ અવિચલ પદ છે તેનાથી તે અતિશય સુખને પામે છે. ભગવાનના આશ્રયથી ક્યારેય દેહમાં કે મનમાં દુઃખતો ન જ થાય. મહાપ્રભુની વાતો સાંભળીને **કાકાભાઈ** આદિક ભક્તજનોએ પ્રીતથી નિયમ વ્રતમાન ધારી આશ્રિત થયા. આ રીતે નરનારીજનો સત્સંગી થયાં. સ્વામિનારાયણ ભગવાનની જ્ઞાનવાર્તા સાંભળી પૃથ્વી ઉપર વિચરતા પ્રગટ પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુનો દૃઢ આશ્રય કરતાં હતાં.

બાપુભક્ત રાજાની બહેને વર માગ્યો. તેને દુઃખને ભાંગનારા મહારાજે વર દીધો. તેને રાજાએ પ્રેમથી સ્વીકાર્યો. પછી બહુનામી પ્રભુ મછિયાવથી વિદાય લઈને ચાલતા થયા. મહાપ્રભુ કુંડળ ગામે પધાર્યા. ત્યાંથી કરુણા કરીને દયા કરીને રોજકા ગામે પધાર્યા. રોજકામાં મહાપ્રભુ રહ્યા. આ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે આ સોળમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં રોજકાપુરમાં શ્રીહરિ પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામે સોળમો તરંગ પૂર્ણ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

અવધપ્રસાદ મહારાજ કહે છે — શ્રીજી મહારાજે પોતાના આશ્રિત સત્સંગીજનોને સરલ સ્વભાવના અતિશય શ્રદ્ધાવાળા જોઈને સુંદર ઉપદેશની વાતો કરી. હંમેશાં સ્ત્રીધનનો ત્યાગ કરીને, દૃઢ ધર્મ પાળતા થકા વિષયોનો ત્યાગ કરીને, વ્યસનો ત્યાગીને સદાય ભજનભક્તિમાં તથા ભગવાનનાં સ્વરૂપમાં દૃઢ ધ્યાનવાળાને જ સાચા સંત કહેવાય. એવા સંતજનોનો જ્યારે જીવ સમાગમ કરે ત્યારે તે કલ્યાણને પ્રાપ્ત કરે છે. ભયને હરનારા ભગવાન એવા સંતો ભક્તોના સંગમાં સદાય રહે છે. જે જનો ધર્મના દ્વેષવાળા છે તે તો સદાય ધન મેળવવાના ધ્યાનમાં જ રહે છે. સ્ત્રીલંપટ મનવાળા, કામવાસનાવાળા, વ્યસનનના બંધનવાળા, મનને વિષયાસક્ત રાખનારા, એવા બધાને અસંત જાણવા. એવા અસંત વિમુખનો ક્યારેય સમાગમ ન જ કરવો. સૌ નરનારીજનો સત્સંગ પરાયણ રહીને વર્તે તેના પ્રતાપથી જીવાત્મા પરમપદ શ્રીહરિના ધામમાં જાય એવી રીતે શ્રીહરિએ સંતો અસંતની વિક્તિ કરીને વાતો સમજાવી. જ્ઞાન વગર જીવની મુક્તિ નથી જ થતી. પ્રગટ ભગવાનની જ્યારે ઓળખાણ થાય ત્યારે એમના ભજનથી જ જીવની મુક્તિ થાય છે. અનંત જીવોનો ઉદ્ધાર થાય છે. જ્યાં આગળ સાચા સંતો રહે છે. હે ભાઈ ત્યાં જ પ્રગટ ભગવાન કાયમ રહે છે. એમ જાણીને સંતોનો સમાગમ કરવો. કામ કુસંગ કળિ કપટનો ત્યાગ કરવો. અને દૃઢભક્ત થવું. બલભ્રાતા મહાપ્રભુએ આવી રીતે ઉપદેશની બહુ જ વાતો કરીને મંગલ કરનારા મહાપ્રભુએ ભક્તજનોના મનના ત્રાસને હરી લીધો. પછી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે શાંતિથી જમીને પોતાના આશ્રિતજનોની સાથે બહુ સુખ આપીને રાજી કર્યા.

આવી રીતે ગુણસાગર મહારાજ સહજાનંદ સ્વામી ગઢપુરધામે દાદાખાચરના દરબારગઢમાં આનંદપૂર્વક પધાર્યા. ઉત્તરાદાબાર ઓરડાની ઓસરીમાં જઈને સંતોની સાથે આનંદ પામતા થકા સામે બેઠા. પ્રાણપતિ મહાપ્રભુનાં દર્શન કરીને સૌ જનોને સુખ થયું. જેમ મરેલાના પ્રાણ પાછા આવે ને આનંદ થાય તેવો આનંદ થયો. પછી મછિયાવના રાજાનો પ્રેમભાવ તથા ઉત્સવની બધી વાતો કરી બધાંને રાજી કરી દીધાં. રાજાની બહેન અને એમની માતાનાં પ્રેમભાવ તથા એમણે જે વરદાનો માંગ્યાં તે બધી વાતો સુંદર રીતે વર્ણન કરીને કહી. પછી રાજસમાજની બધી વાતો કરતા હતા. તે શ્રીહરિના મુખની અમૃતવાણી સાંભળીને આખી સભા આદરપૂર્વક હરખ પામતાં હતાં. પછી ભક્તજનો જેમણે વાર્તા સાંભળી તે ધન્યભાગ્યવાળા છે એમ સૌ વારંવાર આનંદપ્રેમથી કહેતાં હતાં. જેમના પ્રેમની વાત સુંદર રીતે શ્રીહરિ મહાપ્રભુ પોતાના મુખે કહેલી વાત વારેવારે સંભારતાં હતાં ને રાજી થતાં હતાં.

આવી રીતે ઘણીવાર સુધી સૌ અરસપરસ વર્ણન કરીને વાતો કહેતાં હતાં. રાજી થઈને સર્વ જીવના અંતરનું જાણનારા બહુનામી મહાપ્રભુએ સુખ દીધું. જ્યારે જયસચ્ચિદાનંદ સાદ સાંભળ્યો ત્યારે મહારાજ ઘરની અંદર પધાર્યા (ઓરડામાં). સુખના ધામ અકામ પ્રભુએ સ્નાન કર્યું. સુંદર પીળાં વસ્ત્રોને ધારણ કર્યાં. પછી ચંચળનયન મહાપ્રભુ સુંદર ચોકી ઉપર વિરાજમાન થયા. પ્રભુ માટે ભાવપૂર્વક ભારે ભોજન વ્યંજનો અનેક પ્રકારનાં પદાર્થો તૈયાર કરેલાં. લલિતા જયા અને રાધિકાએ પ્રેમથી પકવાનો તૈયાર કર્યાં હતાં. તેને પીરસતાં હતાં અને પ્રીતમ પ્રાણ મહાપ્રભુ જમતા હતા. જ્યારે જગનાપતિ શ્રીહરિ જમીને તૃપ્ત થયા ત્યારે કામદેવના મનને હરાવનારા, સર્વના મનને હરનારા, મહાપ્રભુની ગતિને જોગી જતી જાણતા ન હતા, એવા મહાપ્રભુ ગઢપુરમાં વિચરતા હતા. ઘનશ્યામ પ્રભુ ગઢપુરધામમાં સતત નિવાસ કરીને ગુણના ભંડાર મહારાજ પ્રેમીભક્તોના પ્રેમમાં વશ થઈને પ્રીતમ પ્રાણ પ્રેમ કરીને સુખ દેતા હતા. બલભ્રાતા મહાપ્રભુ નિત્ય ઘેલા નદીમાં સ્નાન કરવા માટે સંતોની વચ્ચે વિંટાયલ પ્રગટ પ્રભુનાં કીર્તનો ગાતા ગાતા જતા આવતા. બંને હાથેથી તાળી પાડીને ભક્તજનો મહાપ્રભુના ગુણને ગાતાં હતાં ત્યારે શ્રીહરિ મુખેથી મંદમંદ હાસ્ય કરતા થકા જતા હતા. તેને જોવા માટે નરનારીજનો દોડીને આવતાં અને ભાવથી દર્શન કરતાં હતાં. સર્વની ઉપર પરમપુરુષોત્તમ ધર્મના પુત્ર સુંદર કાર્યોને કરનારા સર્વના ભ્રમને તોડનારા ભયને હરી લેનારા મહારાજને સૌ નરનારીજનો મર્મભરપૂર દર્શન કરતાં હતાં.

શ્રીહરિ હેતપૂર્વક ગઢપુરમાં રહેતા હતા. કરુણાના નિધાન સુખના સાગર મહાપ્રભુ કમલનયન કમલમુખ નજીકનાં ગામે દર્શન દેવા ભક્તજનોને ઘેર જતા હતા. આવી રીતે કમલનયન મહાપ્રભુ દેવાધિદેવ ભક્તજનોને સુખ દેવા માટે કેટલાક દિવસ માટે **કારિયાણીપુરે** પધાર્યા. ભક્તજનોને રાજી કરવા ભક્તજનોનો પ્રેમ જાણીને જતા હતા. પ્રેમીભક્તોએ પ્રભુ પધાર્યાનું જાણ્યું એટલે ભક્તજનો સામા દોડીને આવતાં હતાં. અનેક વાજાં વગાડતાં હતાં અને મહાપ્રભુના ગુણવંત ગુણને ગાતાં આવતાં હતાં. મહાપ્રભુના ચરણકમળનાં દર્શન કરીને ધન્યભાગ્ય માનતાં હતાં. ધન્યભાગ્ય ધર્મનંદન મહાપ્રભુ દરબારગઢમાં પધાર્યા ત્યારે ઉરમાં આનંદનો ઓધ તો માતો જ ન હતો એવો આનંદ હતો. ત્યાંની સ્ત્રીઓ સ્વભાવવાળી અનેક સારા શણગાર સજીને વારે ઘડીએ ઉછળતી નિર્મળ મનથી વજળીના વેગે ગાતી હતી. પ્રભુના ચરણકમળના પ્રેમથી ધન્યભાગ્ય થઈ હતી.

આવી રીતે પુરુષોત્તમ મહાપ્રભુ મહાપ્રતાપથી ભક્તોને બહુ જ આનંદ આપતા હતા. એટલામાં રસોઈ થઈ એટલે થાળ જમીને રોજેરોજ હરિ બહુ જ મહાપ્રતાપ બતાવતા હતા. એટલામાં જ **ગઢપુર** ધામેથી દૂત આવ્યો. આવીને સમાચાર કહ્યા કે, રામદાસ સ્વામી માંદા છે. પ્રભુ સાંભળીને તરત જ ત્યાંથી રવાના થયા.

સુંદર મૂર્તિ મહાપ્રભુ દયા કરીને ગઢપુરમાં રામદાસજીને દર્શનનું દાન દેતા હતા. રામદાસભાઈ સ્વામી પાસે મહાપ્રભુ ઉદાસ થયા. અનંત સુંદર ગુણોનું સુખ આપ્યું. પ્રભુ પોતાનાં ચરણકમળ છાતીમાં આપ્યાં. કરુણા કરીને બધું દુઃખ દૂર કરી દીધું. શાંતિ કરી દીધી. પછી પુનિત મહાપ્રભુ રામદાસભાઈને હાર આપતા હતા. ભક્તિબળ આપતા હતા. તમે અહીંથી બ્રહ્મપુરધામમાં ચાલ્યા જાઓ. તમારું પોતાનું આત્મશ્રેય કરી લ્યો. સુખી થાઓ. આવી રીતે પ્રભુના મુખની અમૃતવાણી સાંભળીને મહાપ્રભુને પોતાની દૃષ્ટિ આગળ ધારણ કરીને તન્મય થઈને બ્રહ્મરૂપધામમાં ગયા. પોતાનું બધું જ શ્રેયકામ કરીને ગયા. આવી રીતે પ્રભુએ બધી વાતો વર્ણવીને સમજાવી. સુજાણ સમજીને રામદાસભાઈએ ભૌતિક દેહને ત્યાગી દીધું. ત્યારપછી ભયહારી મહાપ્રભુ મોટી સંખ્યામાં સંતોની સાથે અગ્નિસંસકાર કરવા પધાર્યા. પછી સંતોની સાથે પ્રભુ ચાલતા થયા.

સર્વના ભવસાગરના ભયને તોડનારા કમલનયન મહાપ્રભુ કારિયાણી ગામે પધાર્યા ત્યારે ભક્તજનો સામા આવ્યા. મહાપ્રભુને વસ્તાખાચરના દરબારમાં ઉતારો કરાવ્યો. ત્યારપછી ભક્તજનોએ તરત જ રસોઈ તૈયાર કરીને ભોજનના થાળ તૈયાર કર્યા. તેને જગતના ગુરુ જયજયકાર કરવા જમ્યા. કરુણાનિધાન મહાપ્રભુ કેટલાક દિવસ રહીને સૌ જનોને સુંદર રીતે સુખ દઈને પછી ત્યાંથી **ઝમરાળા** પધાર્યા. **ઝમરાળામાં જગપતિ જીવા દવેના** ઘેર રહીને પછી ત્યાં થાળ જમ્યા. ત્યાં રોકાઈને સૌના દુઃખો કાપીને મહાસુખ આપી ભવસાગરની ભીતિથી ઉગાર્યા. પછી પ્રગટ શ્રીહરિએ પુરનાં ભક્તજનો ઉપર પ્રેમ કરીને વાતો કરી કે નૌતમ માનવશરીરને પ્રાપ્ત કરીને ભયને હરનારા મહાપ્રભુનું ભજન કરો. દારુ, માંસ, ચોરી, વ્યાજ, વટાળ પરસ્ત્રીસંગ આદિ દોષો વિકારોનો ત્યાગ કરીને પ્રગટ શ્રીહરિનું ભજન કરો. તેમાં લગારે શરમ ન જ રાખવી. પ્રગટ પ્રભુના ચરણ આશ્રયમાં જે જનો જાય છે. તથા જે લોકો પૃથ્વી ઉપર શાસ્ત્ર પ્રમાણે ધર્મપાલન કરે છે તેની આસુરીજનો નિંદા કરે છે. આસુરીજનો પોતે ધર્મનિયમને ન પાળે અને જે નિયમધર્મ પાળતા હોય એમને જોઈને દાઝી બળે. પ્રગટ શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમ ન રાખે. પરોક્ષના માયિક વચનોનો વિશ્વાસ કરે. તેની મુક્તિ થતી નથી આવી રીતનો કડક ઉપદેશ કર્યો.

આવી રીતે શ્રીહરિ મહરાજે બહુ જ વાર્તાઓ કરીને સમજાવ્યા. તે સાંભળીને શ્રીહરિનો આશ્રય કરીને વર્તમાન ધારણ કર્યાં. ભયહારી પ્રભુ જનોને રાજી કરીને ચિત્તને ચોરનારા પ્રભુ ત્યાંથી ચાલતા થયા. ગુણના ભંડાર મહાપ્રભુ ગઢપુરધામે પધાર્યા ત્યારે પ્રેમીભક્તો બહુ જ અદ્ભુત સવારી કરીને જ્યાં ધર્મનંદન મહાપ્રભુ નિત્ય નિવાસ કરે છે ત્યાં લાવ્યા. ગઢપુરની નજીકમાં ચારેબાજુનાં ગામડામાં મહાપ્રભુ શ્રીહરિ જતા આવતા હતા. ભક્તજનો પ્રભુના ગુણકીર્તનને ગાતાં હતાં. ઘનશ્યામ મહારાજ ચોમાસાની વર્ષાઋતુમાં ચાતુર્માસ ગઢપુરમાં કૃપા કરીને નિષ્કામ ભક્તજનોનો પ્રેમ જોઈને રોકાતા હતા. ઘનશ્યામ મહાપ્રભુ જનસમાજનાં કલ્યાણ કરવા બધા જ દેશોમાં વિચરણ કરતા હતા. બધા લોકોનાં હિતનાં કાર્યો (મોક્ષનાં કામો) કરીને ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા.

શ્રી ઘનશ્યામ પ્રભુએ વિસ્તાર કરીને સંત અને અસંતની વિગતવાર વાતો ચોખ્ખી કરીને સમજાવી. જે અશરણના શરણ મહાપ્રભુ ચાલીને ગઢપુર આવ્યા ત્યાં બહુ મોટી વાત કરી. કારિયાણી પધાર્યા. ત્યાંથી ગઢપુર આવ્યા. ગઢપુરમાં રામદાસભાઈએ દેહત્યાગ કર્યો. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે આ સત્તરમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને**

**અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુર આવ્યા તેનું વર્ણન કર્યું એ નામે સત્તરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! તમે તો ગુણના ભંડાર છો. ગુણાતિત સ્વરૂપ છો. સર્વગુણોને જાણનારા છો. સર્વોપરિ મહાપ્રભુના અદ્‌ભૂત મહાગુણોનું વર્ણન કરીને વિસ્તારીને ગુણવાન મુનિજનોનાં માનને હરનારા છો, માન તોડનારા છો. માટે ગુણના સાગર મહારાજ ગઢપુરમાં રહીને જે જે ચરિત્રો કર્યાં હોય તે બધાં જ ચરિત્રો વિસ્તાર કરીને હે મારા પ્રિય ગુરુ! મને તે ચરિત્રો સમજાવવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમે જે પ્રશ્નો પૂછ્યા છે તે મહારાજનાં ચરિત્રો બહુ જ સુંદર છે તે બધાં વર્ણન કરીને કહું છું. તેને આનંદથી સાંભળો. હે રાજન ! એ પ્રગટ પરિબ્રહ્મ પ્રભુનાં ચરિત્રોને વેદો નિત્ય પ્રત્યે ખૂબ જ ગાયા કરે છે. એવાં મહારાજ ગઢપુરમાં રહીને નવાં નવાં અનેક ચરિત્રોને કરતા હતા. સૌ સંતોની સાથે નિવાસ કરીને નિત્ય ભક્તજનોના ભયત્રાસને હરતા થકા આનંદ આપતા રહેતા હતા. પ્રેમીભક્તોને પક્ષે આવેલા જોઈને રાજી થતા થકા બહુ જ શોભતા હતા. શ્રીહરિ સર્વના પ્રાણપતિ પાસે રહીને ભક્તજનોને મહાસુખ આપતા હતા અને આનંદકંદ મહાપ્રભુ અધિક આનંદસુખ કરનારી વાતો કરતા હતા. નિયમ સાથે પ્રેમલક્ષણા ભક્તિ કરવાની રીતની વાતો કરી તેને ભક્તજનો સાંભળીને આનંદ પામ્યા. આવી રીતની શ્રીહરિ જ્યારે વાતો કરતા હતા તેવામાં તરત જ સમાચાર આવ્યા કે સુરત શહેરથી સદ્‌ગુરુ સંતો આવે છે.

એવા સમાચાર સાંભળીને શ્રીહરિ હેતથી હર્ષને પામ્યા. તે સંતોનાં નામ કહું છું તેને રાજન તમે સાંભળો. બ્રહ્માનંદ મુનિ તથા નિત્યાનંદ મુનિ ગુણવાળા મહાનુભાવાનંદ મુનિ, સ્વયંપ્રકાશાનંદએ આદિ સૌ સંતો સુરત શહેરથી આવ્યા હતા. તે સંતો નરનારાયણ નામથી છાપ કરેલ સુંદર વસ્ત્રને લાવ્યા હતા. તે વસ્ત્ર હરિની પાસે ભેટમાં આપ્યું. પ્રેમનાં આંસુ નેત્રમાં આવી ગયાં એવા ગદ્‌ગદ્ ભાવવાળા થઈ ગયા. દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યાં. જેમ મધ જોઈને માંખ રાજી થઈને ઉપર પડે તેમ શ્રીહરિને ભેટવા માટે અતિ આતુર થતા હતા ને ભેટતા હતા. શ્રીહરિ સંતોનાં દુઃખને મટાડતા હતા. પછી શ્રીહરિ સંતોને કુશળ સમાચાર પૂછતા હતા અને પ્રીત કરીને સાંભળતા હતા. સૌ સંતો સુખસાગર મહાપ્રભુને નયનો ભરીભરીને દર્શન કરતા હતા. ધર્મનંદન મહાપ્રભુને ઉરમાં ધારણ કરીને દર્શન કરીને સર્વ પ્રકારના ત્રાસ દૂર કર્યાં. સંતો પ્રભુ માટે સુંદર વસ્ત્ર લાવ્યા હતા. મસ્તક ઉપર સોનેરી પાઘ ધારણ કરાવતા હતા. શ્રીહરિએ તે લાવેલ વસ્ત્રોમાં સુંદર સુરવાળને ધારણ કર્યો તથા બહુ જ સુંદર લાલ વાઘા ધારણ કર્યા. તે બધાય નરનારાયણ નામ લખેલા ધારણ કર્યાં તે શોભતાં હતાં. મહાપ્રભુ મંદમંદ હાસ્ય કરીને સૌનાં મનને હરતા હતા. શરણાગત સંતોને બહુ સુખ દેતા હતા. અંગોઅંગ ઉપર આભુષણોને ધારણ કરીને કમળસમાન કોમળ અંગોવાળા મહારાજે ચંદન ચર્ચીને અનેક હારો ધારણ કર્યા હતા. તેમણે પ્રેમીભક્તોએ પૂજા કરી હતી. ત્યાર પછી સુંદર મૂર્તિનાં દેવોએ દર્શન કર્યા અને સૌ મુખેથી જયજયકારનો ઉદ્‌ઘોષ કરતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સભાની મધ્યમાં નવીન નામો જગસ્વામી નરનારાયણ નામનાં વસ્ત્રો ધારીને જયા લલિતાના નિવાસે વિરાજમાન થયા હતા. જેમ તારા

મંડળની વચમાં ચંદ્ર શોભે તેમ શોભતા હતા. પૃથ્વી ઉપર પરમ એકાંતિક ધર્મને સ્થાપન કરીને અનેક પાંખડીઓના અભિમાનને તોડતા હતા. આમ સૌ ભક્તજનોને સુખ દેતા હતા. એવા મહાપ્રભુ સર્વજનના અંતરમાં રહેનારા સંતજનોના અશરણ શરણ આનંદ આપતા હતા. એવામાં દીવાળી આવી. સૌ જનો બહુ જ રાજી થયાં.

સર્વના સુખધામ શ્રી ધર્મનંદન મહાપ્રભુ સભાની વચમાં બેઠા હતા. નરનારીજનો સૌ નિરખીને દર્શન કરતાં હતાં. નિરખીને બધા જ ભયભ્રાંતિનો નાશ કરતાં હતાં. દેવોનો સમુદાય મહાપ્રભુને વંદન કરતાં હતાં અને મહાપ્રભુ ગુણને ગાવામાં ક્યારેય પાર જ નથી પામતા તથા મંદમતિજનો મર્મને નથી સમજી શકતા એવા ધર્મનંદન મહાપ્રભુ કર્મબંધનનો નાશ કરતા હતા એવામાં જ સુંદર દીપમાળ પ્રગટાવવામાં આવી. તે જાણે સૂર્યનારાયણના પ્રકાશ જેવો જ પ્રકાશ શોભતો હતો. તેને જોઈને મહાપ્રભુ રાજી થયા. આવી રીતે લીલા કરીને પૃથ્વી ઉપર વિરાજતા હતા. ત્યારે મુનિજનો ત્યાં તાનપૂર્વક ગાવણું કરતા હતા. મુનિજનોમાં પરમમુનિઓના સ્વામી તે ગાવણું સાંભળીને અતિ આનંદ પામતા હતા. મુનિઓના સ્વામી રમુજ કરતા હતા ને સ્વરભેદની સાથે જ ગાતા હતા. સૌને અતિ આનંદ મોજ આપતા હતા. તેનો ધ્વનિ નવખંડ ધરતીમાં ફેલાતો હતો. આવી રીતે શ્રીહરિ પ્રીત કરીને સભાની વચમાં વિરાજમાન થઈને અક્ષરધામના અધિપતિ શ્રી સહજાનંદ સ્વામી બહુ જ શોભતા હતા. તે જ સમયે શ્રીહરિના એકાંતિક ભક્તો આઠ મુનિઓ પ્રશ્ન પૂછતા હતા. બંને હાથ જોડીને વિનયપૂર્વક વાણીથી મસ્તક નમાવીને નેત્રમાં પ્રેમભાવ ભરીને પ્રફુલ્લિત શરીરવાળા અંતરમાં ધીર ધરીને, આનંદપૂર્વક કૃપા અમૃતપાતા, એવા દિનાનાથ શ્રીહરિ હરિભક્તોનાં પાપદોષને હરનારા પ્રેમથી ભરપૂર થઈને પ્રશ્ન પૂછતા હતા. હે પ્રભુ ! અશરણના શરણ આપ સાંભળો. કમલાંગોવાળા, નવીન અંગોવાળા, સંતજનોને સુખ દેનારા, કામના મદને હરે એવાં મધુર વચનો બોલતા શ્રીહરિ કહેતા હતા. સંતો મારી વાતને સાંભળો. તમારા હિતની વાત છે. તેને હું પ્રેમસહિત જ કહું છું. માટે તમે સૌ સાથે મળીને પછી મને પૂછો, તેને હું અલગ અલગ કરીને વિગત પ્રમાણે તમારી રૂચિ અનુસારે તમારા પૂછેલા પ્રશ્નના ઉત્તરો કહી દઈશું.

આવી રીતે શ્રીહરિનાં અમૃત વચનો સાંભળીને પાંચ હોંશિયાર મુનિજનો અને પાંચ સદગૃહસ્થો ભેળા થઈને સુંદર રીતે સારા પ્રશ્નો પૂછતા હતા. **મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી** આ પાંચ સંતો મળીને બહુનામી મહાપ્રભુને પ્રશ્ન પૂછતા હતા અને **પ્રાગજી, દિનસુખ નાંનશા, સુંદરજીત, મુળદાસ** આ પાંચ સત્સંગી મળીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત થઈને પ્રીતપૂર્વક પ્રભુની ભક્તિના પ્રકાર તથા મદ (અભિમાન), મોહ, માન, મત્સર, મમત્વતયા આઠ પ્રકારના દોષો યમનિયમ આદિકને પૂછ્યું ત્યારે શ્રીજી મહારાજે તે બધા જ પ્રશ્નોનો એક જ વાક્યમાં એનો ઉત્તર સમજાવી દીધો. તે સાંભળીને સૌ મુનિજનો ભક્તજનો સૌ રાજી થઈ ગયા. રાજા કહે છે, હે મહારાજ ! ગુણના સાગર આપ સાંભળો. આપ તો તત્ત્વના બહુ જ જાણનારા છો. એટલા માટે હું મહારાજ પ્રશ્ન પૂછું છું તો સાંભળો. મારા અંતરમાં બહુ જ સંશય થાય છે તે દૂર કરવા કૃપા કરો. સંતો હરિભક્તોએ બંને મળીને જે પ્રશ્નો પૂછ્યા છે તે તો આપ જાણો છો. તે દશે પ્રશ્નો એક જ સાથે જ પૂછેલા છે એ બધાય પ્રશ્નના ઉત્તર તે કમલનયન ઘનશ્યામ પ્રભુએ તો એક જ વાક્યમાં આપી દીધા પણ એ પ્રશ્નોના ઉત્તરો અલગ અલગ કરીને સમજાવો. હરિએ જે ઉત્તર કર્યો તે પણ સંભળાવો. જેનાથી મારા ઉરમાં સંશય છે તે દૂર થઈ જાય એવી કૃપા કરો.

હે રાજન્ ! મુનિજનોએ જે પ્રશ્ન પૂછ્યા છે તે બધા પ્રશ્નો જુદા જુદા કરીને એના જુદાજુદા ઉત્તરો કરીને

સંભળાવું છું જે સાંભળવાથી સંશય છે તે મટી જાય. પહેલો પ્રશ્ન મુક્તાનંદ મુનિવર્યે હાથ જોડીને પૂછ્યો હે મદ હરનારા શ્રીહરિ ! મારો પ્રશ્ન સાંભળો. જે અચળ દઢધર્મ ઉરમાં રહે તેનો ઉપાય મને કહો. ત્યારે શ્રીહરિ મનમાં રાજી થતા થકા પ્રેમથી કહેતા હતા. જે જન મારા સ્વરૂપના મહાત્મ્યને બહુ જ જાણતો હોય તેના જીવનમાં ધર્મ આનંદપૂર્વક દઢ થઈને રહે છે. જેમ જેમ મારા સ્વરૂપના મહાત્મ્યની જીવમાં કચાશ હોય તેના ઉરમાં મંદ મહાત્મ્યને લીધે ધર્મમંદ સ્થિતિમાં રહે છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે હે પ્રભુ ! નિત્ય પ્રત્યે યથાર્થ જ્ઞાન નથી રહેતું તેનું શું. સર્વગુણનું વેદો ગાન કરે છે એવા હે મહારાજ ! પૂછેલા પ્રશ્નનો ઉત્તર તમે આપો ત્યારે પ્રશ્ન સાંભળીને મુનિઓના પતિ ઘનશ્યામ હરિ કહે તે તો સ્વરૂપના મહાત્મ્યને જાણ્યા વગર જ નામ જપતો રહે છે એ જ કારણ છે. જે જીવાત્મા મારા સ્વરૂપનું યથાયોગ્ય રીતે પૂરું મહાત્મ્ય જાણતો હોય તો તેનામાં મારા સ્વરૂપનું જ્ઞાન દઢ એનામાં રહે છે. ત્યારે આનંદાનંદમુનિ કહેતા હતા કે, હે સુખસાગર મહાપ્રભુ ! સુખરૂપ આપ સાંભળો. કોઈક કહે કે સંસારત્યાગ કેમ કર્યો છે ત્યારે જેને અથાગ દઢવૈરાગ્ય થયો છે ત્યારે ત્યાગ કરે છે તે સાંભળીને દેવાધિદેવ હરિ કહેતા હતા કે તમે મુનિ ભલે પૂછ્યું તેનો જવાબ કહું છું. લગારે મહાત્મ્ય સમજતો નથી એના મનમાં જગત સંબંધી રાગ વધારે રહે છે. જે પોતાના જીવમાં ભગવાનનું મહાત્મ્ય વધારે સમજે છે. તેને ભગવાન સિવાય બીજે ક્યાંય સારું નથી લાગતું. પછી મહાનુભાવાનંદ મુનિ પૂછતા હતા હે જગતવંદ્ય મહાપ્રભુ ! ભક્તિમાં ભાવ દઢ નથી રહેતો તેનો ઉત્તર દયા કરીને સમજાવો.

ત્યારે નામના નામી સુખધામ ઘનશ્યામ હરિ સર્વ ઈશ્વરોના ઈશ્વર પૂર્ણકામ મહાપ્રભુ કહેતા હતા કે જે જનને મારા સ્વરૂપનું મહાત્મ્ય નથી જાણતો તેને ભક્તિમાં દઢભાવ સ્થિર નથી રહેતો એમ જાણજો. જે જન મારું યથાર્થ મહાત્મ્ય જાણે છે તેને મારી ભક્તિમાં બહુ જ પ્રેમથી ભાવના દઢ રહે છે. જેવી રીતે દીવામાં દીવેલ ખૂટે છે ત્યારે ઓલવાઈ જાય છે. તે જ રીતે મહાત્મ્ય વગરની ભક્તિ નથી રહેતી. દીવો પૂરેપૂરો તેલથી ભરેલો હોય તે પુરો દીવો કહેવાય તેમ મહાત્મ્યથી ભરપુર દઢભક્તિ હોય તે ભરેલ કહેવાય ત્યારે નિત્યાનંદ મુનિ વિનયપૂર્વક કહેતા હતા કે, પ્રભુના ચરણકમળમાં પ્રેમ કેમ નથી થતો ? આ પ્રશ્ન સાંભળીને સર્વના સ્વામી સુખનાદાતા કહેતા હતા. હે મુનિવર્ય ! સાભળો. જેમનું મન ઘમંડવાળું હોય તે ભક્ત ભગવાનનું મહાત્મ્ય જાણતો જ નથી તે માટે મારા ચરણકમળમાં પ્રેમભક્તિ નથી થતી. જે જીવાત્મા મારા મહાત્મ્યને યથાર્થ રીતે બરોબર જાણે છે તેને મારા સિવાય બીજે ક્યાંય દઢ પ્રીતિ નથી થતી. આવી રીતે મહાપ્રભુની સાથે પ્રશ્નોત્તર સાંભળીને મુક્તાનંદ સ્વામી આદિક સૌ સંતો રાજી થયા.

પછી પ્રાગજી પુરાણી શ્રીહરિને કહેતા હતા, હે સુખસાગર ! સર્વના મનને જીતનારા પ્રભુ સત્સંગમાં સારી રીતે પ્રેમ કેમ નથી રહેતો ? અભિમાન રહ્યા કરે છે તે સમજાવો. પ્રશ્ન સાંભળીને દેવાધિદેવ કહેતા હતા. હે પ્રાગજી પુરાણી ! અમારું વચન તમે સાંભળો. સંપૂર્ણ રીતે અમારું મહાત્મ્ય નથી જાણતા તેને ત્યાં સુધી મનમાં મદ મત્સર રહ્યા કરે છે એટલે સત્સંગમાં પ્રેમ નથી રહેતો. જ્યારે યથાર્થ રીતે મહાત્મ્ય જાણે છે તેનું બધું જ મદ અભિમાન ટળી જાય છે એમ જાણજો. ત્યારે દિનાનાથ ભક્ત શ્રીહરિ જગદીશને કહેતા હતા. હે મુનિઓના સ્વામી ! આપને પૂછું છું તે સાંભળો. હે મહારાજ ! મનમાંથી મોહ નથી ટળતો તેનું શું કારણ છે ? તે ત્યારે તે ભક્તની વાત સાંભળીને સુજાણ મહાપ્રભુ કહેતા હતા કે, જે ભક્ત અમારું પૂરેપૂરું મહાત્મ્ય નથી સમજતા તેને જ મોહ નથી મટતો. જ્યારે જીવાત્મા કમલમૂર્તિ મહારાજનો અતિશય મહાત્મ્ય જાણતો હોય તો બધી જ વિષયવાસનાનાં મૂળ ઉખડી જાય છે. ભટ્ટજી જવાબ સાંભળીને રાજી થયા ત્યારે નાચિકેત ઋષિ

હાથ જોડીને શ્રીહરિ મહાપ્રભુને પુછતા હતા. હે પ્રભુ પરમપ્રિય મારા નાથ જીવના અંગમાંથી માન નથી જતું તેનું શું કારણ છે ? તે કહો.

હે મુનિરાજ ! તેનો ઉત્તર મને કહો. આપ આજે આ પૃથ્વી ઉપર ધર્મને ધારણ કરવા પધાર્યા છો. ત્યારે મહારાજ મંદમંદ હાસ્ય કરતા સર્વનાં દુઃખ દ્વંદ્વને તોડનારા જગતનાં વંદ્ય પ્રભુ કહેતા હતા. જે ભક્તો મારા સ્વરૂપનું મહાત્મ્ય નથી જાણતા ત્યાં સુધી તેના અંતરમાંથી મહાઘોર માન નથી જતું પણ જ્યારે તે ભક્ત મારો બરોબર પૂરો મહિમા સમજે તેના ઉરમાં લેશમાત્ર માન ન જ રહે. ત્યારે સુંદરજીત ભક્ત સમય પારખીને પ્રશ્ન પૂછતા હતા. હે અવતારના અવતારી ! આપ અલૌકિક ગુણના સાગર છો મારા ઉરમાં મત્સર અપાર રહે છે. તેનું કારણ હે ધર્મનંદન મહાપ્રભુ ! આપ મને કહો. ત્યારે પ્રભુ પ્રશ્ન સાંભળીને મનમાં બહુ જ રાજી થયા. જે જીવને સંતનો લગારે મહિમા નથી રહેતો તેના દિલમાંથી નથી જતો એ પ્રશ્નનો ઉત્તર સાંભળીને મુળજી ભક્ત કહે, હે પ્રભુ ! મારા પ્રશ્નને સાંભળો. જે ભક્તના મનમાં અહંમતત્ત્વ રહે છે તેને શું કારણ છે ? તે કેવી રીતે જાય ? એ પ્રશ્ન છે.

ભક્તજનના પ્રશ્નને સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થઈને મધુર વાણિથી કહેતા હતા. જે જીવ મારા સ્વરૂપનું મહાત્મ્ય નથી જાણતો તે ભક્તના ઉરમાંથી અહંમમત્વનું જોર ક્યારેય નથી જતું. જે ભક્ત મારા સ્વરૂપનું અતિશય મહાત્મ્ય જાણે તેના ઉરમાં લગારે અહંમમતા રહેતું જ નથી. આ રીતે મુનિજનોના અપાર પ્રશ્નનોના મહાપ્રભુએ એક જ વાક્યમાં ઉત્તર સુંદર રીતે સમજાવ્યો. આવી રીતે મહાસભામાં પ્રશ્ન ઉત્તરને સાંભળીને મુનિજનો સૌ બહુ જ રાજી થઈ ગયા. સૌ જનો મહાપ્રભુના જયજયકારના ઉદ્‌ઘોષ કરતા હતા. પ્રભુ સર્વનાં વિઘ્નને તોડતા હતા. આવી રીતે સુંદર શ્યામ મહાપ્રભુએ સભામાં ઘણીવાર સુધી સુખ દઈને વિદાય કર્યા. આવી રીતે આનંદ કરાવતા હતા ત્યાં તો બીજા દિવસે જ અન્નકુટ ઉત્સવનો દિવસ આવ્યો. મહાપ્રભુએ ભાતભાતનાં અને જાતજાતનાં પકવાનો તથા વ્યંજનોનાં ભોજનો તૈયાર કરાવરાવ્યાં. તે શ્રીહરિ ભગવાન ભાવસહિત જમતા હતા.

સુખના સાગર સુખદાતા સભાની વચમાં જ સંતોની સાથે બાર પ્રશ્નોના પોતાની સ્વેચ્છાએ જ બધા જ પ્રશ્નોના જવાબ એક જ ઉત્તર દઈને નિરાકરણ કરી દીધું. પ્રશ્નનું સાચું સમાધાન કર્યું. આ પ્રશ્નોના ઉત્તરથી સભામાં સૌ સંતો રાજી થઈ ગયા. આમ અઢારમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગઢપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ અઢારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સુખ આપનારા પ્રશ્નોના ઉત્તરો સાંભળીને ભક્તજનોના બધાં જ મનનાં દુઃખો નાશ પામી ગયાં ત્યારે રાજા અનંદસિંહ મનમાં આનંદ પામતાં થકા હેતથી અવધપ્રાસદજી મહારાજ આગળ કહેતા હતા. હે મહારાજ ! ગુણના સાગર એવા આપે ભાવપૂર્વક બધા ઉત્તરો કર્યા તેનાથી બધી જ વાતો બહુ જ સ્પષ્ટ જાણવા મળી તે તો આપની કૃપાથી જ જાણવા મળી. હે અવધપ્રસાદજી મહારાજ ! હવે હું આપને પૂછું છું કે મહારાજે ઉત્સવ કેવી રીતે કર્યો. અન્નકૂટમાં મુનિજનોની સાથે મહારાજે ભક્તોને કેવું સુખ આપ્યું. સુંદર ભાતભાતનાં ભોજનો સુંદર રીતે બનાવ્યાં અને પછી અરસપરસ સૌને જમાડ્યાં. પ્રભુને સૌ ભક્તજનો નિરખીને દર્શન કરતાં હતાં. બધાંનાં કષ્ટ પીડાને હરી લેતા હતા. તે બધાય પાકોનાં નામો તથા શાકો તેના નામો તે વિસ્તાર કરીને કહો. જેનાથી બધો જ થાક ઉતરી જાય અને બહુ જ સુખ આનંદ થાય છે.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. કેમકે તમે બહુ જ પવિત્ર વાત પૂછી છે. શ્રીહરિની લીલાનો સાગર તમારી સામે સુંદર રીતે વર્ણન કરીને કહું છું. જ્યારે અન્નકૂટના ઉત્સવનો સમય નજીકમાં આવ્યો ત્યારે સૌ હરિભક્તોએ તૈયાર થઈને અનેક પ્રકારનાં ભોજનો અને વ્યંજનો ભાવપ્રેમથી અનેક પ્રકારનાં તૈયાર કર્યાં. હે રાજન ! તે બધાં પ્રકારનાં પકવાનો અને વ્યંજનોનાં નામ કહું છું. હે રાજન ! તેમાં ઘેબર, જલેબી, મોતીયા, ચુરમાના લાડુ, શિરો, પુરી, પકોડી વગેરે અનેક પકવાનો બનાવ્યાં. ઘીથી તરબોળ વડા કર્યાં. સુંદર દાળવાડાં મગદળ વધારે પ્રમાણમાં કર્યાં. તેના અનેક થાળો ભરીને સારી રીતે મૂક્યા. કળિના લાડુ, લાપસી લાડુ, વિગેરે બનાવ્યા. સેવો સેવૈયાં અનેક રીતની કરી દળના લાડુ ખુરમા ખાજાં બહુ જ બનાવ્યાં. ગોળનાં ચુરમાં સુખ કરવા કર્યાં. અનેક પ્રકારની બરફી સુંદર રીતે બનાવી. પુરી કરી તથા મથુરાંનાં પેંડા બનાવ્યા. સુંદર પ્રકારે સાટાંની રસોઈ બનાવી. અતિ મનોહર મેસુબ બનાવ્યો. ગગન, મગજ, ગાંઠિયા અપાર બનાવ્યા. સુંદર સુતરફેણી તૈયાર કરી. ગુંદવડાં થાળ ભરીને આગળ ધરી દીધાં. ગુલાબનો પાક તથા કેસરયુક્ત સુંદર બિરંજ બનાવ્યો તે શોભતો હતો. સુંદર શીરો સાકર નાંખીને બનાવ્યો. સુખકંદ હરિસો જાતજાતની સુંદર લાપસીઓ, કંસારો, ખીરની સાથે ખાંડની પોળી બનાવી. પુરણપુરી બનાવી અનેક પ્રકારનાં પુડલા બિરંજ મનભાવતાં બનાવ્યાં હતાં. સુંદર ઘીથી ભરપૂર માલપુવા બનાવ્યા. માંખણ ખાંડની સાથે પુરણ પાપડ કર્યાં. હે રાજન્ ! દહીંચુર સુંદર દળવાળી બાટી કરી હતી. ખૂબ જ ઘીમાં બોળેલી પુરણપોળી બનાવી. બાજરાના રોટલા, સુંદર તલસાંકરી તૈયાર કરી તથા ગુડપાપડી ગાંઠિયા પ્રેમથી કર્યા. સુંદર કળિ ખારી તથા ગળી કરી. ફૂલવડી કરી. કઢી છમકારીને તૈયાર કરી સુંદર ભજિયાં ભાવથી કર્યાં. ચણા સુંદર ઉત્સાહથી વઘારીને કર્યાં.

હે રાજન્ ! ગુંજાં મઠિયાં ફાફડા ફરસાણો દહીંથરાં રોટલી સુંદર રીતે તૈયાર કર્યાં. બિરંજ બહુ જ બનાવ્યો. રસની સાથે રોટલી સુંદર શોભતી હતી. બહુ જ પ્રકારના કેરીના મુરબ્બા કર્યા હતા. દ્રાક્ષનાં કેળાંની સાથે રોટલી તથા જાતજાતનાં ભજિયાં અળવી આદુનાં અથાણાં સુંદર માર્વા મનમાન્યો કર્યો. અનેક પ્રકારનાં શાકોનો

અપાર થોક કર્યા. પરવર પાપડી વિગેરે સુંદર રીતે છમકારીને કર્યા હવે જે શાકો તરકારી બનાવી તે કહું છું. કંકોડાં કેળાંના શાક કોળાંનું શાક ઘીથી વઘારી ગોળ મેળવીને સુંદર રીતે બનાવ્યું તથા કારેલાંનું શાક તળીને તૈયાર કર્યું. વાલોર વંતાકનું શાક ભેગું કર્યું. ગલકાં અને તુરિયાંનાં સુંદર શાક બનાવ્યાં. રીંગણને સુંદર ઘીમાં વઘારીને તૈયાર કર્યાં. ચોળાની ફળીને દુધીનું શાક ડોડીનું શાક ગુવાર ફળીનાં શાકો કોડે કોડે કર્યાં. તુરિયાંનાં બહુ જ સુંદર શાક કર્યાં. વંતાકનાં શાક તળીને સુંદર વઘાર કરીને કર્યાં. બીજી સુંદર ભાજીયો તાજી જ લાવીને બનાવી તાંદાળજો મુળા મોગરી મેથી સુવાની ભાજી ચણચેની ડોડીની સુંદર વઘારીને તૈયાર કરી વઘારીને સુંદર રીતે સાંગરીની કઢી કરી. આવી રીતે અનંત નામનાં શાકો કર્યાં. જેને કહેતાં કહેતાં થાક લાગી જાય. હવે અથાંણાંનાં નામ કહું છું તેને તમો હે રાજન ! સાંભળો. બહુ પ્રકારનાં મરચા, લીંબુ, આદુ, વિગેરે વખાણવાં જેવાં અથાણાં ધર્યા હતા. ગોળચા રાયતું કેરી અથાણાં બીજાં આંબળાંના કેરીનું બોળ બનાવેલ દ્રાક્ષનાં અને ખારેકનાં લવિંગ મરી નાંખીને સુંદર બનાવ્યાં. મેથી કેરીનો ગોળ અથાણાં કર્યાં. કરમદાં કેરાં કાચરી લીલાં કોઠંબાની કઢી સુંદર વાંસ ગરમર લાવીને સુંદર અથાણા કર્યાં. આવી રીતે અપાર આચારો બનાવ્યાં તે કહ્યાં તે કહેતાં તો ક્યારેય પાર પમાય જ નહીં અનેક પ્રકારના ભાતો બનાવ્યા હતા. એલાયચીનો પંખાળીનાં તેનાં નામો સાંભળો. હે રાજન ! તમને કહું છું. રસદાર સુંદર ચોખા બનાવ્યા. તેને સુંદર રીતે વઘારીને તૈયાર કર્યાં. મસુના ચોખા સુંદર સુખરૂપે તૈયાર કર્યાં. મગની અને અડદની દાળ કરી ચણાની તથા ચોળાની દાળ કરીને તેને વઘારીને તૈયાર કરી તથા રાયતાં બહુ જ બનાવ્યાં. રાઈથી સારી રીતે છમકારીને ફેણીને તૈયાર કર્યાં. કેળાં અને દૂધીને સુધારીને સુંદર શાક કર્યાં. બીજું દહીં દૂધ સાકર વિગેરે ઘનશ્યામ પ્રભુ માટે પાત્રમાં ભરીને ભક્તજનોએ તૈયાર કર્યાં.

આ બધું યથા યોગ્ય કહેવામાં પાર આવે જ નહિ કેમકે દેવો, શારદા, શેષજી ગાયા કરે તોય પાર ન પામે એવો સુંદર અન્નકૂટ તૈયાર થયેલો મહાપ્રભુ શ્રીહરિએ જોયો ત્યારે સર્વજનને જાણનારા પ્રભુએ જમવાની તૈયારી કરી. સુંદર વસ્ત્રો તથા આભુષણોને ધારણ કરીને વિરાજમાન થયા. એટલે ભક્તજનો થાળ લઈને મહાપ્રભુ પાસે આવ્યા ને થાળ અર્પણ કર્યા. જગજીવન ભક્તોની આશા પૂરવા બધી વસ્તુમાંથી જમતા હતા. બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિ સૌ દેવો સેવા કરતા હતા. જનનો સમુદાય જીવનપ્રાણના દર્શન કરતાં હતાં. મહાપ્રભુ જાણે અનેક રૂપો ધરીને બધી જ ચીજોમાંથી એક એકવાર લઈને સુંદર રીતે સુખપૂર્વક જનને રાજી કરવા પ્રેમ જણાવતા થકા જમતા હતા. જમતી વખતે વારેવારે જળ પીતા હતા. સૌ જનો દર્શન કરીને બહુ જ આનંદ પામતાં સનાથ થતાં શ્રીહરિ જમતાં જમતાં ઉદર ઉપર હાથ ફેરવતા હતા ત્યારે સૌ સખાજનો જોતા હતા. ભયને હરનારા મહારાજ શ્રીહરિ રૂચિ અનુસાર થાળને આરોગતા હતા. તેને નરનારીજનો નેત્રોથી ભરપુર રીતે દર્શન કરતાં હતાં. જગવંદ્ય મહાપ્રભુ જમીને તૃપ્ત થયા. મનોહરમૂર્તિ સહજાનંદ સ્વામી દર્શન દેતા હતા. પ્રભુ જમી રહ્યા ત્યારે તરત જ મુખ શુદ્ધ કરીને જળપાન કર્યું. જમીને તરત જ હરિએ હસીને મુખવાસ લીધો. તેમાં તજ એલચી પાન સોપારી લવિંગની સાથે પાનની બીડી વાળીને લીધું.

જમીને જીવનપ્રાણ તૃપ્ત થયા ત્યારે જનના ઈશ મધુરવાણી બોલતા હતા. સંતો તમે જમવા માટે પંગત કરો હું પીરસવા આવું છું આવી રીતે સુખદાયક મહાપ્રભુની વાણી સાંભળીને બધાય સંતો તૈયાર થયા ત્યારે

પ્રભુ મુખથી મંદ હસતા થકા કેડને કસીને બાંધીને પકવાનનાં પાત્રો ભરીને પાછા પગે ચાલીને પીરસતા હતા. પંક્તિમાં સંતોને પ્રીતથી જમાડતા હતા. પ્રભુ ફરીફરીને વારંવાર પીરસતા હતા. પંક્તિમાં પીરસતાં પીરસતાં શ્રીહરિ હેતસહિત સંતોને મુખમાં લાડુ આપતા હતા. આવી રીતે પ્રભુ સંતોને સુખપૂર્વક જમાડતા હતા. શ્રીહરિ હાસ્ય કરીને હસાવતા હતા. તેનાથી લોકોનાં દુઃખો નાસતાં હતાં. આવી રીતે મહાપ્રભુ પંક્તિમાં પીરસતા હતા અને મુનિજનોનાં મધ્યમાં આનંદ કરાવતા હતા. કમલમુખ મહાપ્રભુ પીરસી રહ્યા પછી હસ્તકમળ ચરણકમળને ધોતા હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રને જોવે તેમ ભક્તજનો શ્રીહરિના મુખને નીરખી સુખ પામતાં હતાં.

પછી મહાપ્રભુ પોતાના ઉંચા આસન ઉપર વિરાજમાન થઈ શયન કરતા હતા. એ જાણીને સૌ સંતજનો અલગ અલગ આસને જઈને પોતાના ઉરમાં પ્રભુનું ધ્યાન ધરતાં હતાં. હે રાજન ! તમે જે જે પ્રશ્ન પૂછ્યા તે બધા જ પ્રશ્નોના ઉત્તરો મેં વિસ્તાર કરીને મહિમા સહિત વર્ણન કરીને કહ્યું. અક્ષરના આધાર એવા અક્ષરધામાધિપતિ અવતારના અવતારી મહાપ્રભુ ભૂમિના નિયંતા એમનાં જે ચરિત્રો તે બધાં તમને કહ્યાં છે.

શ્રીહરિએ ગઢપુરમાં સુંદર રીતે અન્નકૂટનો ઉત્સવ કર્યો. આનંદસિંહ રાજાએ અન્નકૂટની વસ્તુના નામો પૂછ્યાં તે કહ્યાં તથા ઘનશ્યામ પ્રભુ સારી રીતે પાકો જમ્યા. સુખરૂપ અનેક રૂપોને ધરીને દેવોને દર્શન આપ્યાં. આવી રીતે ગુણવાન મહાપ્રભુ ગઢપુરમાં લીલા કરતા હતા. પ્રતિદિન દર્શનનું સુખ દેતા હતા. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં અન્નકુટ ઉત્સવનું વર્ણન કર્યું. એ નામે આ ઓગણીસમો તરંગ પૂર્ણ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આગમ નિગમ જેમના ગુણને ગાય છે એવા સુખ આપનારા સમર્થ મહાપ્રભુના સેવક આપ એક જ આ પૃથ્વીમાં સમર્થ છો. બીજા બધાં જ અસમર્થ છે. હે અવધપ્રાસદજી મહારાજ આપ શ્રીહરિની લીલા અમૃતને હેતથી મને પાન કરાવો. મહાપ્રભુ પ્રીતથી અન્નકૂટ ઉત્સવ કર્યા પછી બીજાં કયાં ચરિત્રો કર્યાં ? તે જે ચરિત્રો કર્યા હોય તે કહો. તે સુખકંદ પ્રભુની લીલાઓ સર્વપ્રકારનાં દુઃખો બંધનો તોડનારી છે તે લીલાઓ આપ મને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! તમને ધન્ય ધન્ય છે કેમકે તમે તમારા ચિત્તમાં મહાપ્રભુને ધારીને ભગવાનનાં દિવ્ય અલૌકિક ચરિત્રો પૂછ્યાં તે બહુ યોગ્ય કર્યું. તે હવે હું તમને તે કૃપાળુ મહાપ્રભુના દિવ્યચરિત્રોની કથા કહું છું, તેને હે રાજન્ ! તમે મનના માન મદને મારીને એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. મહારાજે અન્નકૂટનો ઉત્સવ કર્યો પછી સંતજનોને આજ્ઞા કરી કે પરમ પવિત્ર જ્ઞાની સંતો તમે સૌ દેશવિદેશમાં ફરવા માટે જાઓ. પરમ એકાંતિક પ્રેમીભક્ત એવા દાદાખાચર ભક્તજનને પ્રીતમ પ્રાણપ્રભુ પોતાની પાસે રહેવાની આજ્ઞા કરી અને પોતાની પાસે રાખ્યા. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમે સંતોની સાથે જાઓ. મહારાજની આજ્ઞાને ધારણ કરીને ધીરજ ધરીને ભક્તોની ભીડને હરણ કરવા ભક્તજનોને સુખનો ઉપદેશ કરવા સર્વે સંતો શ્રીહરિને ઉરમાં ધારણ કરીને સ્મરણ કરતા થકા ગયા.

શ્રીહરિ મહાપ્રભુએ સૌ સંતોને આજ્ઞા કરીને કહ્યું કે સૌ અમારી વાતને સ્નેહપૂર્વક સાંભળો. જ્યારે અમે આજ્ઞા કરીએ ત્યારે જ અમારી પાસે આવવાનું, આજ્ઞા સિવાય નહિ આવવાનું, આજ્ઞા મળ્યા સિવાય અમારી પાસે જો કોઈ સંત પરમહંસ આવશે તો તે બહુ જ દુઃખ પામશે એ ધ્યાનમાં રાખજો. આ રીતે ફંદને હરનારા ઘનશ્યામ પ્રભુએ કહ્યું. ભગવાનની સાથે બહુ હેતવાળા જનોની આ રીતિ છે. તે ભક્તો પ્રભુના ચરણકમળમાં બહુ જ પ્રીતિ રાખે છે તેઓ ક્યારેય આજ્ઞાનો લોપ નથી કરતા પણ આજ્ઞાનો ભંગ કુસંગી હોય તે જ કરે છે. શ્રીહરિના કહેલા વચનો પ્રમાણે જે સંતો રહે છે તેઓની ઉપર હરિ બહુ જ રાજી થાય છે. જે પ્રભુનાં વચન લોપે છે તેને તો લબાડ જ જાણવો એ ભૂમિનો ભાર કરનારો થાય છે. ચંદ્રમાં, સૂર્યનારાયણ, દેવસમુહ, શેષજી, વરુણદેવ, (જળ) પૃથ્વી, અગ્નિ, વાયુ, તેજ, આકાશ બધાં જુદાંજુદાં છે. ગતિ ગહન છે તોય બ્રહ્માજી, શંકર, ઇંદ્રદેવ બીજા દિગ્પાળો કોઈ આડાઅવળા આજ્ઞા લોપતા નથી અને પ્રકૃતિના સ્વામી પ્રધાન પુરુષ પ્રભુનો મહિમા ગાયા કરે છે. મહાકાળ પુરુષ પણ મહાપ્રભુના ભયથી કંપે છે. ક્યારેય વચન લોપતા જ નથી. બધાય પ્રગટ પ્રભુના સ્વરૂપના મહિમાનાં વચનો કહે છે.

જે અમારી આજ્ઞા કે વચનને લોપે છે. એ જનને અમારો લગારે મહિમા ન હોય તો જ લોપે તે બહુ જ મહાપીડા દુઃખને પામે છે અને મૂઢમતિ બહુ જ હેરાન થાય છે. જે ભક્તજન અમારી આજ્ઞાનું પાલન કરે છે. વચન પ્રમાણે વર્તે છે તે જગતમાં મોટપને પામે છે. તેને સંસારમાં સૌ નજરે જુએ છે જાણે છે જેમ શેષજી ચંદ્રમા અને દેવતાઓ શોભે છે. સુખ ભોગવે છે તેમ જાણીને સૌએ વચનનું પાલન કરવું જે સંતો આજ્ઞા અનુસાર રહે છે. તે સંતો મારા ધામમાં જઈને મહાસુખને પામે છે. એ હું સાવ સાચી જ વાત કહું છું. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુએ વચનપાલન વિષે બહુ વાર સુધી વાતો કરી તેને સાંભળીને સૌ સંતો શ્રીહરિને મળીને ચરણકમળનો સ્પર્શ કરીને દર્શન કરીને પ્રભુની મૂર્તિને ઉરમાં ધારણ કરીને ધ્યાન કરતા થકા ઉરમાં હર્ષ પામતા થકા શ્રીહરિને સંભારતા સંભારતા દેશ - વિદેશમાં ગયા. જેમને જેવી આજ્ઞા કરી તેઓ તેવી રીતે પોતાના મસ્તક ઉપર ધારીને તે તે ગામો શહેરોમાં સૌ મુનિજનો ભગવાનનું સ્મરણ કરતા થકા ગયા. સંતો સત્સંગ માટે દેશાંતરમાં ગયા પછી ઘનશ્યામ સુખદાયક મહાપ્રભુએ સંતોની બહુ જ મોટાઈ મહાનતાની વાતો કરી. સૌ જનો સંતોની રીતને સાંભળો, જે સંતો છે એમને અમારા ચરણકમળ સિવાય બીજે ક્યાંય પ્રીતિ ન થાય. બંધન ન થાય એવા મહાન છે. અમે સૌ સંતોનાં બધાં જ અંગો શોધીને શુદ્ધ કરેલાં છે તેથી એમના ચિત્તમાં માયિક ગુણનું કોઈ ચિહ્ન આવે જ નહિ, કેમકે તેઓ સૌ જ્ઞાનભક્તિ વિવાદ રહિત સત્યમૂર્તિ શમદમ આદિક બધી સાત્ત્વિક સાધનસંપત્તિવાળા હોય છે. આવા ગુણોયુક્ત સંતો આજે મારા આશ્રિત જગતમાં વિચરે છે. પૃથ્વી ઉપરના જીવોને ભવના ફેરામાંથી તારવા માટે મુક્તિમાર્ગ બતાવે છે. આમ મહાપ્રભુ વારંવાર સંતોની પ્રશંસા પોતાના મુખે કરીને મહિમા વધારતા હતા. મહાપ્રભુના મુખથી સંતના મહિમાની વાતો તથા જ્ઞાન ઉપદેશની વાતો સાંભળીને ભક્તો બહુ જ આનંદિત મનવાળા થયા. નરનારીજનો કહેતાં હતાં કે મંગલ કરનારા મહાન સંતોને ધન્ય ધન્ય છે. જેના મહિમાને પવિત્ર મૂર્તિ મહાપ્રભુ આપ જ પોતાના મુખે જ સૌને કહીને સમજાવો છો. તે બહુ જ મહાન કહેવાય. આવી રીતે ઉપદેશ કરતા થકા ગઢપુરમાં દાદાખાચર દરબારમાં વિરાજતા થકા ઉરમાં આનંદ કરતા હતા.

આવી રીતે અનંતમૂર્તિ મહાપ્રભુ અતિશય સુખ શાંતિ દેતા હતા. એવામાં વસંતના ઉત્સવનો દિવસ નજીકમાં આવ્યો ત્યારે હરિવરે હેતથી મોટામોટા જ્ઞાની સંતોને વસંતના ઉત્સવ ઉપર તેડાવ્યા શ્રીહરિએ સાજને

હાથમાં લઈને ઘડામાં આંબાનો મોર ભરીને ઘનશ્યામ પ્રભુ શહેરમાં રમતા ઝુમતા લીલા કરીને વસંતને વધાવ્યા. સૌ સંતોની સાથે હરિવર નિત્ય પ્રત્યે આવી રીતે બહુ જ લીલાઓ કરતા હતા. આકાશમાં દેવો આવીને દર્શન કરતા હતા. દર્શન કરીને મહાપ્રભુને સર્વોપરી જાણીને જયજયકાર બોલતા હતા. હે રાજન્ ! આવી રીતે લીલા કરતાં વિરામ પામ્યાં પછી રંગછેલા મહાપ્રભુ સંતોની સાથે થાળ જમ્યા. મરમાળી મહાપ્રભુની મનોહર મૂર્તિના દર્શન કરીને નેત્રોમાં સુંદર રીતે ઉતારી, તે મૂર્તિ શરદપૂનમના ચંદ્રસમાન તેજાયમાન મનોહર કમલમુખવાળા હંસની ગતિથી મંદ મંદ ચાલ ચાલનારા. દીવાની જ્યોતની અણિ જેવી નાસિકા મુખેથી મંદમંદ હાસ્ય કરતા દંતાવલિ જાણે કુંદપુષ્પની કળી ન હોય ? તેવા શ્વેત સફેદ રેખા જેવા દાંત શોભતા હતા. સુંદર ઉડપતી છાતી વક્ષસ્થળવાળા મનોહર બંને હસ્તકમળ મનને મોહ પમાડતા હતા. ઉદર ઉપર ત્રિવળી જાણે સુંદર રીતે શોભતી હતી. (ત્રિવેણી જેવી નાની નદીઓ લાગતી હતી) બંને સાથળો જાણે કેળના થાંભલા ન હોય તેવા લાગતા હતાં. બંને જંઘાને જોઈને સર્વ દુઃખો તુટતાં હતાં. ચરણમાં સોળ ચિહ્નો સુંદર શોભતાં હતાં. મનોહર મૂર્તિની શોભા આગળ કરોડો કામદેવને હરાવતા હતા. આવી રીતે શ્રીહરિ હરિભક્તોને બહુ જ ભારે સુખો આપતા હતા. સુખકારી પ્રભુના સર્વે સ્ત્રીઓ તથા પુરુષો દર્શન કરીને તૃપ્ત થયાં. દર્શન કરીને મૂર્તિને દિલમાં ધારી લીધી. જેમના મહિમાને નિગમો આગમો ગાયા જ કરે છે. એવા પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુ ગઢપુરધામમાં ખેલ ખેલે છે મહાપ્રભુએ અદ્ભૂત ખેલ કરીને પાખંડી ખળના સમુહને દમન કરીને દાબ્યા. આમ કમલનયન મહાપ્રભુ આશ્રિત ભક્તોને સુખ દેતા હતા ને ભયને હરનારા સૌના મનને પ્રિય લાગતા હતા. આવી રીતે ગઢપુરમાં વિરાજમાન ગુણના સાગર નિત્ય નિત્ય ઉત્સવો કરીને લોકોનાં દુઃખોને હરતા હતા. દર્શન કરવા માટે દેવો આકાશમાં આવીને મહાપ્રભુના ગુણને ગાતા હતા. પ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને તે રાજી થતા હતા.

શ્રીહરિએ સૌ સંતોને દેશાંતરમાં ફરવા મોકલ્યા એ સંતોના પતિ શ્રીહરિએ સંતોનાં સ્વચ્છતાનાં લક્ષણો વર્ણન કરીને કહી સમજાવ્યાં. આ રીતે પોતે મહારાજ ગઢપુરમાં વિરાજમાન રહીને આનંદ દીધો. એવામાં વસંતપંચમી સુંદર પર્વ આવી ગયો. ત્યારે મહારાજે સંતોને બોલાવીને સંતોની સાથે રહીને વસંતોત્સવનો સુંદર ઉત્સવ ખેલ કર્યો. સુંદર રીતે આનંદ કરાવ્યો. આમ આ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે વીસમો તરંગ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગઢપુરમાં વસંતલીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન ! જ્યારે ફૂલડોળનો ઉત્સવ આવ્યો એવું જાણીને ફૂલડોલ ઉત્સવ કરવા ભક્તજનોની સાથે સહજાનંદ સ્વામી મહાપ્રભુ તૈયાર થયા. ચરણમાં ચિહ્નો શોભતાં એવા મહાપ્રભુના વિશાળ ભાલમાં ત્રણ રેખાઓ તથા વાંકી ભ્રકુટિ બહુ જ શોભતી હતી મુખમાં દાંતો તે જાણે કુંદપુષ્પની કોમળ કળી જેવા હારમાં શોભતા હતા. તે જ્યારે પ્રભુ હાસ્ય કરતા હતા ત્યારે મુખની કાંતિ જાણે ચંદ્રની શોભાસમાન મુખકમળ મનોહર શોભતું હતું. કેસરી રંગનાં વસ્ત્રો શરીર ઉપર ધારણ કરેલાં શોભતાં

હતાં. જાણે વીજળી ચમકતી ન હોય ? તેમ શોભતાં હતાં અને સોનાની પિચકારીને હાથમાં ધારણ કરીને જનસમુદાયને આનંદ આપતા હતા. લાલ ગુલાલને હાથમાં લઈને ચારેબાજુ ઉડાડતા હતા. તાલમૃદંગની સાથે સુંદર કીર્તનોને ગાતા થકાં જતાં હતાં ત્યારે સૌ નરનારીજનો નેત્રોથી દર્શન કરતાં થકાં હોરિ હોરિ બોલીને તેની ધુનને ગાતાં હતાં. ઉંચે ઉંચેથી બોલતાં હતાં. આનંદવિહારી શ્રીહરિએ ઉમંગથી કેસરનો રંગ તૈયાર કરાવ્યો તથા બીજો રંગ ગુલાલ અબીલ બહુ જ મંગાવ્યાં ને મોટો ઢગલો કરાવ્યો. મહાપ્રભુ સોનાની પિચકારી લઈને ધીરજ ધરીને સુંદર રીતે ખેલો ખેલતા હતા. આકાશમાં વિમાનો છવાઈ ગયા હતા અને દેવો મહાપ્રભુના રંગલીલાનાં દર્શન કરીને જયજયકારનો નાદ કરતા હતા. નેત્રના ઝરુખાં કરીને જોતા હતા. આવી રીતે મહાપ્રભુ ભક્તજનોની સાથે ભક્તોની આશાઓ પુરી કરવા ખેલ કરતા હતા. હાથમાં રંગનું માંટલું લઈને ભરીને લાગ જોઈને હરિની માથે ઢોળતા હતા. પછી ઘનશ્યામ પ્રભુની મનોહર શોભાયમાન સ્વરૂપને નેત્રોથી નિરખીને દર્શન કરીને હરિના ગુણચરિત્રનું ગાન કરતા હતા. હરિ ખેલતા થકા પ્રેમીભક્તોને રંગ નાંખીને રમાડીને આનંદ આપતા હતા. મહારાજ રંગ રમાડીને બહુ જ રાજી થયા. આનંદ કરતા થકા નદીના કાંઠે ગયા. ઘેલા નદીમાં નટનાગર મહાપ્રભુ સંતોના ભિડામાં નદીમાં સુંદર રીતે ખેલ કરતા. સંતોની સાથે નાહતા હતા. તાળીઓ વગાડીને ગાતા હતા. ઘનશ્યામ પ્રભુ નદીમાં લીલા કરતા હતા. અપાર નરનારીજનો નેત્રોથી નિરખીને નયનો ભરીને બહુ જ વાર સુધી જોતાં હતાં. રંગ રમીને નદીમાં સ્નાન કરીને શ્રીહરિ અતિશય આનંદ કરાવતા થકા સૌ સંતોની સાથે રસિકવર દરબારગઢમાં પધાર્યા. મહારાજ ભાવથી ભોજનો તૈયાર થયાં તેના થાળ જમ્યા. પછી સૌ સંતોને પ્રીતથી પીરસતા હતા.

હે રાજન્ ! એક ઉત્સવની લીલાને ભાવથી મેં તમને કહી દીધી. તે આવા ઉત્સવો તો રોજેરોજ થતા જ રહેતા હતા. તેનો તો ક્યારેય પાર ન જ આવે એવી પ્રભુની લીલા છે. પ્રેમીભક્તો પ્રેમથી નિત્ય પ્રત્યે રસદાર રસોઈઓ કરાવતા હતા. પ્રાણના આધાર મહાપ્રભુ પીરસતા હતા. દેવોને દર્શન દેતા હતા. પછી મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી તથા દાદાખાચર મહાપ્રભુની પાસે આવ્યા. મહારાજ બાથ ભરીને ભેટ્યા. માથાં ઉપર હાથ મૂકીને આશીર્વાદ દીધા. સૌને કુશળ સમાચાર પૂછ્યા. શ્રીહરિનાથે સર્વ પ્રકારનું કાર્ય કરી દીધું. મહાપ્રભુ સર્વ પ્રકારના મનોરથ પૂરનારા છે. જે કાંઈ આ જગતમાં સિદ્ધિ છે. તે આપના પ્રતાપથી જ થાય છે. આપના પ્રતાપ વગર કાંઈ થતું જ નથી. આ રીતે ઉત્તમ રાજા (દાદા ખાચર)એ વાર્તા વિસ્તાર કરીને કહી સંભળાવી. તે રીતે માસ આખો દિવસની જેમ જતો હતો તો વર્ષ કેમ જાય તે કોઈ જાણતું જ ન હતું. સુખના સમુદ્રમાં ઘનશ્યામ પ્રભુ રાજી થઈને મહાસુખ દેતા હતા.

આવી રીતે મહારાજ ગઢપુર ધામમાં જ વિરાજતા હતા. ઋષિઓના રાજા પરમેશ્વર પ્રભુ પોતાના આશ્રિતજનોને મંદવાડની પરિસ્થિતિની જાણ કરતા હતા.પછી બધા સંતોને પોતાની પાસે તેડાવ્યા. દર્શનદાન દઈને લોકોનાં મનનાં કામો પૂરાં કરતા હતા. પછી સૌ સંતોમાં સારા પવિત્ર સંત મહાનુભાવાનંદજી સ્વામીને બોલાવ્યા ને કહેવા લાગ્યા. સુંદર વાત કહું છું તે સાંભળો. મરી અને વરિયાળીને વાટીને પરમહંસને પાણી પીવરાવો. પગમાં પહેરવા માટે પ્રેમથી પગરખાં કરાવીને તમને બધાંને આપવાનાં છે એમ મારી આજ્ઞાને ઉરમાં ધારીને રહો. મહાનુભાવાનંદ મુનિએ મહારાજની આજ્ઞાને શીશ ઉપર ચડાવીને વરિયાળી અને મરીને વાટી ઘૂંટીને સંતોને પાતા હતા. જણશાળી ભક્તને બોલાવીને પગનાં માપ કરાવીને પ્રેમથી પગરખાં શિવડાવીને

સૌ સંતોને નિયમ ધરાવીને પહેરવાની આજ્ઞા કરી. જન્માષ્ટમીનો ઉત્સવ નજીકમાં આવ્યો ત્યારે મહાપ્રભુ જીવનપ્રાણે લોકોનાં સુખ કરવા મોટો ઉત્સવ કર્યો. તેમાં દેશોદેશના સત્સંગીઓને તેડાવ્યા.

પછી મહારાજે આનંદાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવીને કહ્યું કે તમે અમદાવાદ જાવ. આમ આજ્ઞા કરી દીધી. અમદાવાદમાં મહામોટું મંદિર કરાવવાનું છે તે સર્વથી શ્રેષ્ઠ પ્રકારનું ધારણા કરીને કરાવવાનું છે. તેમાં નરનારાયણ દેવ પધરાવવાના છે. તેને સંસારનાં સૌ જનો જાણે તેવું કરવાનું છે. જ્યારે મંદિર તૈયાર થઈ જશે ત્યારે સૌ સંતોની સાથે અમે મૂર્તિ સ્થાપન કરવા માટે જરૂર આવીશું. ત્યારે મુનિ આનંદસ્વામી પ્રભુની આજ્ઞાને અંતરમાં ધારીને હરિની મૂર્તિને ઉરમાં ધારણ કરીને મંદિરનું કામ કરાવવા માટે અમદાવાદ શહેરમાં ગયા. નિત્યાનંદ સ્વામીને શ્રીહરિ કહેતા હતા કે તમે વડોદરા શહેરમાં જાઓ. નિત્યાનંદ મુનિ શ્રીહરિની આજ્ઞાને સાંભળીને વડોદરા શહેરમાં ગયા. ત્યાં જઈને પ્રીતથી પ્રગટ પ્રભુની લીલાની વાતો હેતે કરીને કરતા હતા. શ્રીહરિએ બંને સંતોને આદેશ કરીને મોકલ્યા. રાજાધિરાજ મહાપ્રભુ ગઢપુરમાં વિરાજતા હતા ત્યારે સર્વ અસુર સમાજ સાથે મળીને ઉપદ્રવ કરવા ગઢપુર પાસે આવ્યા.

ત્યારે શ્રીહરિએ મહાપ્રતાપ જણાવ્યો. તેનાથી અસુર લોકો મનમાં દાજવા લાગ્યા. હરિના પ્રતાપને જોઈને તથા મહામોટું બળ જોઈને ભય પામતા થકા ભાગવા લાગ્યા. શ્રીહરિનો પ્રતાપ બહુ જ બળવાળો છે. તેથી અસુરોનાં દળો ભાગ્યાં. સિંહની ગર્જના સાંભળીને જેમ મૃગનું ટોળું ઘાસ ખાવાનું છોડીને ચારેબાજુ ત્રાસ પામીને ભાગે છે. સેનિકો લડાઈ કરવા લશ્કર જાય ત્યારે સામાં દળને પરાસ્ત કરવા અગ્નિનું ઉબાડીયું લગાડી તે મોટી તોપ ફોડે છે. તેનાથી આખું લશ્કર વેરવિખેર થઈને ભાગે તેમ અસુરનું દળ પ્રભુના મહાપ્રતાપથી ભાગ્યા અષ્ટમીનો ઉત્સવ નજીક આવ્યો ત્યારે સુખના ધામ સ્વતંત્ર મહાપ્રભુ ભક્તજનોને બહુ જ સુખ દેતા હતા. આવી રીતે મહાપ્રભુ પ્રીતથી ગઢપુરમાં નિવાસ કરીને સુખ આપતા હતા. તેને હજાર મુખે શેષજી વેદશ્રુતિ ગાયા જ કરે છે. શારદા ગાય છે તોય પાર નથી પામતાં. પછી **બોટાદથી** ભાવપૂર્વક **ભગાશેઠ** અતિ ઉત્સાહથી રસભરપૂર રસોઈ આપવા આવ્યા હતા. શ્રીહરિએ તેમને એકાંતિક ભક્ત જાણીને એમની આશાઓની પૂર્તિ કરતા હતા. ઘનશ્યામ પ્રભુ સમીપમાં જ વિરાજતા હતા અને સંતો હરિભક્તોના સારરૂપ હતા. સભાની વચમાં જ આવી રીતે પ્રાણાધાર સુખ આપતા હતા. સુખના સાગર રાજાધિરાજ પરબ્રહ્મ પુરુષોત્તમ અક્ષરધામવાસી મહાપ્રભુ સર્વ સભાની મધ્યમાં બહુ જ શોભતા હતા ને સંતો મહારાજનાં સુંદર મનોહર ચરિત્રનાં કીર્તનો મધુર રાગે ગાતા હતા. સર્વ બહેનો ભક્તો પોતાનાં નેત્રોથી સુખધામી પ્રભુને નિરખીને દર્શન કરતી હતી.

મહાપ્રભુમાં અતિપ્રેમ વાળા સ્ત્રી ભક્તો પ્રેમથી પૂછતાં હતાં. હે મહાપ્રભુ ! પ્રીતિપૂર્વક સર્વ મનુષ્યના ધર્મ અમને કહો. તે ભક્તબાઈઓની પૂછેલ વાત સાંભળીને મનના ફંદનો નાશ કરનારા સુખકંદ પ્રભુ નેત્રોથી જોઈને ધર્મનંદન મહાપ્રભુ મુખેથી કહેતા હતા. કોઈ પ્રકારે જીવ પ્રાણીમાત્રની હિંસા મન કર્મ વચને ન કરવી. મુખેથી કાયમ સત્ય જ બોલવું. ચોરી ચકારી ન કરવી. જનને સુખદ રીતે રહેવું. ક્રોધ તો ક્યારેય ન કરવો. વિકૃત રૂપવાળા ન થવું. લોભ અને તૃષ્ણાનો ત્યાગ કરવો. શાંતિપૂર્વક નિત્ય પ્રત્યે અમારા ચરણનો આશ્રય કરીને પ્રસન્ન થઈ ભજનભક્તિ કર્યા કરવાં. સર્વધર્મની સ્ત્રીઓનો સમાન ધર્મ વર્ણન કરીને કહ્યા તે જે તમે પૂછતાં હતાં તે તમને વર્ણન કરીને કહ્યાં છે. તે સર્વ સ્ત્રીઓએ પાળવાનાં છે. વિશેષ

ધર્મો તો મેં પહેલા કહી જ દીધાં છે તે પણ કહું છું. તે સૌ બહેનો ધ્યાનથી સાભળો. બ્રહ્માના મુખેથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે. હાથમાંથી ક્ષત્રીઓ ઉત્પન થયા છે છાતીમાંથી વૈશ્યો ઉત્પન્ન થયા અને શૂદ્રો તે પગમાંથી ઉત્પન્ન થયા છે એમ વેદની શ્રુતિઓ ગાય છે. જુદીજુદી જાતિના તેમના ધર્મ જે થયા તે બધાય કહીને સંભળાવું છું. શમ, દમ, તપ, બે પ્રકારની પવિત્રતા, સત્યતા, શાંતિ, દયા, સંતોષ, કોમળતા, સાત્ત્વિકતા, શ્રદ્ધાની સાથે મારી ભક્તિ કરતો હોય તેને જ બ્રાહ્મણના ધર્મ કહેલા છે. હે રાજન્ ! શૂરવીરતા તત્પરતા ધિરજતા તેજ બળ પરિશ્રમ ઉદારતા ધૈર્ય સ્થિરતા બ્રાહ્મણની જેવી શુદ્ધતા પોતાના પ્રતાપથી કરેલાં કાર્યો એ આદિ ક્ષત્રિયના ધર્મ છે. આસ્તિકતા, કાર્યનિષ્ઠા, દાનવૃત્તિ, બ્રાહ્મણો ઉપર પ્રેમભાવ નિરદંભતા સંપત્તિ વધારવી. વિકાસ કરવો. આ વૈષ્યની પ્રકૃતિ કહેલી છે. ત્રણે વર્ણની સેવા સુશ્રુષા કરીને તેનાથી જે ધનવૃત્તિ મેળવીને ગુજરાન કરે તેનાથી શૂદ્રવર્ગ નિર્વાહ કરે તે નિગમમાં શુદ્રનો ધર્મ કહેલા છે. આ રીતે સૌ પોતપોતાના વર્ણના ધર્મ કહ્યા છે. તે પ્રમાણે ચારે વર્ણના લોકોએ વર્તન કરીને મારી ભક્તિ કરે તો ભવતરીને પરમપદ પામે. મારા ચરણના આશ્રય વગરના જનો ભવસાગરને તરી શકતા જ નથી. તે ભાગ્યા જ કરે છે.

શ્રીહરિ સુખકંદ મહાપ્રભુના મુખની વાતો સાંભળીને સર્વે બાઈઓ અતિ આનંદને પામી ગઈ. ઉમંગપૂર્વક ચારે વર્ણના ધર્મને જાણીને ભગવાન સ્વરૂપના મહિમા સમજનારી તે માનની (બાઈઓ) ચકિત થઈ ગઈ. મહારાજે ફૂલડોળનો ઉત્સવ કરીને બધાંનાં ફંદને તોડ્યાં. પછી જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. આનંદ કરાવ્યો. સુખ આપ્યાં. આમ આ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે એકવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં જન્માષ્ટમી ઉત્સવ કર્યો તેનું વર્ણન કર્યું એ નામે એકવીસમો તરંગ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી ! પુરુષોત્તમ મહાપ્રભુની લીલા તે અમૃત સમાન છે. તેની તૃપ્તિ તો થતી જ નથી. તેથી મને તે લીલા ફરીથી કહેવા કૃપા કરો. ગુણગ્રાહક મહાપ્રભુએ ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો તેની વાર્તા તો આપના મુખેથી સાંભળીને સુખ મળ્યું છે. હવે આનંદમુનિએ અમદાવાદમાં જઈને મંદિરનું કામ કેવી રીતે કર્યું તે વાર્તા વિસ્તાર કરીને આપ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! તમે પ્રશ્ન પૂછ્યો તે જીવોના બધા જ કષ્ટને તોડનારો છે. તે તે તમારા પ્રશ્નનો ઉત્તર વિસ્તાર કરીને હવે આનંદયુક્ત મનથી સંભળાવું છું. પહેલાં જે પ્રભુએ જમીન લીધેલી હતી તે દિવસે અંગરેજ રાજા પાસે મુક્તાનંદ મુનિવર્યે સુંદર કાગળ ઉપર લેખ કરાવેલા હતા. તે ત્રાંબાના પતરાં ઉપર યુક્તિપૂર્વક તે પૃથ્વીનો લેખ કરીને પછી આનંદાનંદ સ્વામીએ જમીનના ગણકને બોલાવીને ગણદોષનો નિકાલ કરાવ્યો. દોષ તજાવીને મંદિરનું કામ ચાલુ કરતા હતા. સારા હોંશિયાર કારીગરોને તેડાવ્યા. તે કારીગરો મંદિર કરવા માટે આવી ગયા. સારું મુહૂર્ત જોઈને તે મુહૂર્તમાં જમીન ખનનવિધિ માટેનિ ખિંટીઓ ચોટાડી દીધી. મુહૂર્ત જોઈને તરત જ ખોદકામ કર્યું. લગારે વિલંબ ન કર્યો. કામ ચાલુ કરી દીધું. ઉતાવળે

બધું કાર્ય કરાવતા હતા. શ્રીહરિની આજ્ઞાની હિંમત કરીને સૌને બળ દેતા હતા. સૌ જનો હિંમતથી કામ કરતાં હતાં. મંદિરના નિર્માણ કામની અતિ સુંદર શરૂઆત કરી ઉમંગથી આનંદ સ્વામીએ સુંદર રીતે ઉંચા આસન જેવી ઉંચી શિખરોની શિલ્પ તૈયાર કરાવી તે બધું જ કામ પારસમણિ જેવી અદ્‌ભૂત શોભાવાળું પ્રીતથી સર્વોપરી સુંદર ધામ તૈયાર કરાવરાવ્યું તે પણ શિલ્પ શાસ્ત્રની મર્યાદામાં રહીને કરાવરાવ્યું. મંદિરનું કામ જ્યારે પૂર્ણ થઈ ગયું ત્યારે તે કમળ આકારનું સુંદર લાગવા માંડ્યું. તેને જોઈને જનસમુદાય બહુ જ રાજી થતાં હતાં. મંદિરકામ થતું હતું ત્યારે જાણે કે ચંદ્રમાની સમાન શ્વેત શોભાવાળું થતું હતું. જાણે સોનાનો પર્વત ન શોભતો હોય ? તેમ શોભતું હતું. તેને જોઈને સૌ નરનારીજનો ચકિત થઈ જાય છે એવું અલખધામ કોઈ જાતના ક્લેશ પીડા વગરનું સુંદર રીતે પૂર્ણ થયું ત્યારે તે જોઈને બહુ જ આનંદ થયો. આનંદમુનિ એવા કુશળ કળાજ્ઞાનવાળા હતા. મંદિરની શોભા તો બહુ જ યોગ્ય છે. એની શોભા આકરનું તો વર્ણન ન થઈ શકે તેવું સુંદર છે. એની ઘટઘટા રૂપની છબી અપાર જ છે. એના ઘાટ તો શલાટ જ બનાવે છે. પંચરંગના ચપટા કરેલા છે. નરના રૂપો બનાવ્યાં છે. તે જાણે સાચા જ લાગે છે. સારા નટ જેવા લાગે છે. સુંદર રૂપના કાંગરાં બનાવેલાં જાતજાતનાં રંગનાં પ્રસિદ્ધ સિધ્ધો વિરાજમાન કરેલા છે. જાતક રૂપકની કોઈ જાત જ નથી હોતી. છટા શોભા તો એવી કરેલી છે એની કોઈ ઉપમા જ નથી.

આ અમદાવાદધામનું તો વાતાવરણ અદ્‌ભૂત છે. કેમકે જોનાર જનના ઉરમાં આનંદ કરનારું છે. મહામોટું ધામ જીવોના ભવને દૂર કરનાર મુક્તિ આપનારું છે. કર્મમાંથી મુક્તિ કરાવનારું સુખ કરનારું છે. સુંદર ગોળાઈ અને વળાંકવાળો બહુ જ વિશાળતાવાળો ઘુમ્મટ પણ બહુ જ સારો કરેલ છે તેની કારીગરી જગમાં વખાણવા લાયક છે. શિલ્પીઓ કેવા હોંશિયાર હશે ત્યારે આવી સુંદર શોભા કરેલ છે એવા જાણકાર મહેનતુ હશે ત્યારે જ આવી અવધી લઈને આવું સુંદર કર્યું હશે. જગતમાં બધાં સાચા સાધુ તો ન જ મળે. બધેય ચંદનનાં વનો નથી મળતાં. તેમ આવાં સુંદર પવિત્રધામો જગતમાં નથી તેજધામ અમદાવાદમાં શોભે છે. બધાય સર્પો શેષજી છે. એમ ન જાણવું જોઈએ. બધાંય મોટાં પક્ષીઓને ગરુડ પક્ષી ન કહેવાય. પક્ષીના રાજા ન કહેવાય. વાંદરાંઓ બધાંય હનુમાન નથી થતાં. બધાં બગલાં કાંઈ હંસ તો ન જ કહેવાય. પૃથ્વી ઉપર બધાં ધનવાન કે ધન વગરનાં સમાન જ છે એમ ન કહેવાય. એમ અમદાવાદમાં જેવું સુંદર શોભાયમાન મંદિર થયું છે. તેવું સુંદર પવિત્રધામ પૃથ્વી ઉપર સારું ન જ હોય. તેથી તે સર્વથી શ્રેષ્ઠ થયું છે. પૃથ્વી ઉપર જેમ ક્ષીરસાગર એક જ શોભે છે. દેવોની વચમાં જેમ કાંતિમાન દેવોના સ્વામી શોભે તથા કમળના મહાવનમાં જાણે કે કલદંશ શોભે તેમ અમદાવાદમાં મહાપ્રભુ અક્ષર આનંદ પામતું ધામાધિપતિનું મંદિર શોભતું હતું. અદ્‌ભૂત લાગતું હતું. જેમ બધાં જ પુરુષોમાં બુદ્ધિશાળી પ્રભાવશાળી રાજા શોભે છે. શ્રેષ્ઠ કહેવાય છે. તેમ જ નંગો રત્નોમાં મહાનંગ કહેવાય છે. જેમ મણિઓની વચમાં ચિંતામણી શ્રેષ્ઠ કહેવાય. જેમ બધાં જ વનનાં વૃક્ષોમાં સુખ કરનાર તો દેવવૃક્ષ છે તેમ અમદાવાદમાં થયેલું મંદિર બધાં ધામોમાં શિરોમણિ શોભા વધારનારું ધામ છે.

મંદિર જોઈને બહુ જ આનંદ થયો. મનમાં સંતોષ થયો. આનંદમુનિ અનંતમાં એક જ એવા શ્રેષ્ઠ કાર્ય કરનારા છે. મંદિર તૈયાર થયું ત્યારે ભયને હરનારા મહાપ્રભુ ગઢપુરમાં વિરાજતા હતા એટલે એમના ઉપર ભાવ ભરીને શુભપત્ર લખતા હતા. કે, હે પ્રભુ ! મંદિરનું કામ સુંદર રીતે પૂર્ણ થયું છે. તો આપ સર્વ સંત સમુદાયને લઈને આ મંદિરમાં દેવની મૂર્તિઓ સ્થાપન કરવા માટે મૂહુર્ત કરાવીને પધારો. આનંદાનંદ મુનિએ પ્રેમથી પત્ર લખીને પછી વારંવાર પ્રણામ કરીને પત્ર લઈ જનારને દઈને રવાના કર્યા. તે પત્ર લાવનાર

ગઢપુરધામે આવ્યો. શ્રીહરિ સભા ભરીને તે સભા વચ્ચે બેઠા હતા. ત્યારે પ્રણામ કરીને દૂતે પત્ર મહારાજને આપ્યો. શ્રીહરિએ તે પત્ર સેવક પાસે વંચાવ્યો. પ્રગટ પ્રભુ ભક્તજનોની પીડાને હરતા થકા સભાની વચમાં ધીર મનથી સાંભળતા હતા.

સ્વસ્તિ શ્રી ગામ ગઢપુરધામમાં નિવાસ કરનારા, પરમ પૂજ્ય પરમસુખના સાગર, સેવકગણના સુખ કરનારા, દુઃખ દર્દનો નાશ કરનારા, કોઈનાથી ન જિતાનારા, દોષથી રહિત સ્થિર વૃત્તિ અવિનાશી મહાપ્રભુ. અજન્મા અગણિત અવગુણોની સામે અગણિત ગુણમંદિર એવા જગતનું સર્જન કરનારા, પાલન કરનારા, જગતનો લય કરનારા, સુંદર મૂર્તિ શરણાગતનું પાલનપોષણ કરનારા, સુખની ખાણવાળા ભક્તજનોના દોષોનો દુષ્કૃતોનો બાળી દેનારા, એવા હે પ્રભુ દયાસિંધુ દેવના દેવ સુખદાતા ભક્તજનોના ભયને હરનારા બલરામના ભાઈ બ્રહ્મા વિષ્ણુ, શિવ ત્રણે ભવના કર્તા ભર્તા હર્તા, એવા અગણિત ભક્તજનો આપના ચરણકમળની સેવાભક્તિ કરે છે. એવા ભવના દુઃખ અંધકારને પ્રકાશ કરનારા, સૂર્યસમાન ભગવાન શ્રીહરિ ભવસાગરને તારનારા, લોકોનું ભલુ કરનારા, બ્રહ્માંડોનો વિકાસ કરનારા, સર્જનારા દેવો આપના ચરણ સેવે છે. તેજ ભવરૂપી સર્પના ઝેરને હરીને સુખ દેનારા. ભવસાગરના ભેખ એવા ભવજલના નાવરૂપ આપના નામનું જાપ જપનારાને અને ભજન કરનારાને યમરાજાના દૂતો (યમદૂતો) કાંઈ કરી શકતા જ નથી તેનાથી દૂર રહે છે. એવા અનંત ભુવનોના સ્વામી આપના ચરણકમળને વંદન કરે છે. શીશ નમાવી ભજન કરે છે. સર્વ કળાઓને જાણનારા, કળાનિધિ સત્ય બોલનારા, સત્‌શાસ્ત્ર તથા વેદાદિ જેમના ગુણને ગાયા કરે છે. એવા સંતરૂપી કમળવનમાં સૂર્ય શોભે તેમ શોભતા આપના મુખને જોઈને કામદેવના મનમાં મોહ થાય છે એવા મનોહર મૂર્તિ. એ આદિક અનેક શોભા અને ગુણના સાગર ભક્તજનોના ત્રાસ હરનારાના, એવા દિનબંધુ અનેક ઉપમા આદિથી શોભતા તેજાયમાન રાજમાન રાજશ્રી સંતોની વચમાં વિરાજતા એવા મહાપ્રભુ શ્રીહરિ. જેમનું નામ સહજાનંદજી છે એવા શુભનામથી હેત કરીને કષ્ટફંદ હરે છે. મહાપ્રભુ ઉપર અમદાવાદથી શુભપત્રને લખનાર આપના ઉપર પ્રેમથી રવાના કરેલ છે. પત્ર લખનાર આપના દાસનો દાસ આનંદાનંદ નામના સેવકનાં મારાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ વાંચશો એવી વિનંતી. અહીંયાં અમદાવાદમાં આપની કૃપાથી અમે સૌ સુખપૂર્વક રહીએ છીએ. આપની ઉપર આ સુખાકર પત્ર સુંદર રીતે હે કમલનયન પ્રભુ ! લખીને મોકલેલ છે તે વાંચીને સેવા સ્વીકારશો.

હે પ્રભુ પત્ર લખવાનું કારણ એ છે જે આપની પાસેથી આજ્ઞાને શિર પર ધારીને ગયા પછી **અમદાવાદમાં** નિવાસ કરીને રહેતા હતા. આપની આજ્ઞા પ્રમાણે પ્રમાણ કરીને મોટાભાગનું મંદિરનું કાર્ય પૂર્ણ થયેલ છે. તેથી સંતોને લઈને જલદીથી અહીં પધારવા કૃપા કરો. **નરનારાયણ** દેવને સ્થાપન કરવાના હેતુ માટે સૌ સંત સમાજને લઈને અમદાવાદ પધારો. દેશોદેશના બધાંય નરનારીજનોને સાથે લઈને ભક્તજનોનાં સુખ કરવા માટે પધારવા વિનંતી છે. હે સુખદાયક ! આટલી અરજને સાંભળીને ધ્યાનમાં લેજો અને મને આપનો દાસ જાણીને અહીંના જનોને નિર્ભય કરવા પધારજો. પત્રની વિગત સાંભળીને પરમ કૃપાળુ સર્વ સંત સમાજની સાથે બહુ જ રાજી થયા. પછી મહાપ્રભુ તાળી બજાવીને બધાં જનસમુદાયને કહેતા હતા કે હવે સૌ અમદાવાદપુરે ચાલો. આમ કહીને મહારાજે કુંમકુંમ પત્રિકા લખાવીને દેશપરદેશમાં ગામોગામ મોકલાવરાવી. આ પત્રિકા સાંભળીને સૌ નરનારીજનો અમદાવાદ યોગ્ય રીતની ભેટ સામગ્રી લઈને આવજો. સંવત સાલ અઢારસો શુભવર્ષ અઠ્યોત્તેરના વર્ષે ફાગણ સુદ ત્રીજના દિવસે અમદાવાદ શહેર મધ્યે બહુ જ મોટો મહામહોત્સવ

થવાનો છે તે મહોત્સવમાં બાળકો વૃદ્ધો તરુણો સૌ નરનારીજનો સાથે મળીને હરિભક્તો પધારજો. આવી રીતના આમંત્રણના કાગળો લખીને બ્રાહ્મણોને દિનદયાળુ મહારાજે આપ્યા. પછી મહારાજ પોતે પણ ચાલવા માટે ઉતાવળા થયા. કાળના શત્રુ શ્રીહરિ ઉતાવળે ચાલ્યા. શ્રીહરિ મહાપ્રભુ અમદાવાદમાં પધારીને વૈદિક વિધિ પ્રમાણે નરનારાયણદેવની સ્થાપના શ્રીહરિએ સ્વહસ્તે કરી.

આનંદાનંદ સ્વામનો યોગ્યપત્ર મોકલેલો તે સાંભળીને ભયને હરનારા મહારાજ તૈયાર થઈને અમદાવાદ પધાર્યા. આ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે બાવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદ નૃપસંવાદે આનંદાનંદ મુનિનો પત્ર આવ્યો તેનું વાંચન કરીને વર્ણન કર્યું એ નામે બાવીસમો તરંગ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વનાં ચિત્તને ચોરનારા શ્રીહરિએ દુષ્ટદળો જ્યાં રહેતાં હતાં. તેજ દરવાજાથી કેવી રીતે અમદાવાદ શહેરમાં પ્રવેશ કર્યો તે વાત મને સમજાવીને કહેવા કૃપા કરો. અમદાવાદ આવતાં માર્ગમાં કયા કયા સ્થળે વિશ્રામ કર્યો તથા નિવાસ કરીને ભક્તજનોના મનના ત્રાસ દૂર કર્યા તે તે ગામનાં નામ બધાં જ મને આપ રાજી થઈને વિસ્તારથી કહો.

અયોધ્યાપ્રસાદજી મહકારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે ચિત્ત દઈને ચતુરતાથી સાંભળો. જગતના જીવોના જગતફંદને હરનારા જગતપતિ પ્રભુ અમદાવાદમાં પધાર્યા તે જગવંદ્ય મહાપ્રભુની વાત કહું છું. તે સાંભળો. શ્રીહરિ મહારાજ અન્નકુટનો ઉત્સવ કરીને પછી સર્વે સંતોને પાસે બોલાવ્યા અને મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંનેને અનંતમૂર્તિ મહારાજે આજ્ઞા કરી કે. તમે બંને મુનિઓ અમદાવાદપુરે જાઓ. ત્યાં જઈને ચિત્તમાં ધારણા કરીને શાસ્ત્રની રીતે પ્રતિષ્ઠા કાર્યના યજ્ઞમાં જરૂરી બધી સામગ્રી ભેગી કરીને તૈયારી કરો. હે રાજન્ ! ઘનશ્યામ મહાપ્રભુની આજ્ઞા સાંભળીને મુક્તાનંદ મુનિ અને બ્રહ્માનંદમુનિ બંને યજ્ઞનો સામાન સીધાં વિગેરે તૈયાર કરાવવા માટે અમદાવાદ ગયા. સંતોએ અનેક વસ્તુઓ ખૂબ પ્રમાણમાં ભેગી કરી. વેદશાસ્ત્રમાં સ્થાપનવિધિ પ્રમાણે જે જે સામગ્રીઓ વસ્તુઓ જોઈએ તે બધી જ બંને મુનિજનોએ મળી તૈયાર કર્યા હે રાજન્ ! બધો જ સામાન ભેગો થઈ ગયો છે એમ જાણીને હરિભક્તોના સુખદાતા શ્રી હરિએ ચાલવા માટે તૈયારી કરાવરાવી તે કહું છું તેને તમે સાંભળો. હે રાજન્ ! પૈદલ ચાલનારાને પૈદલ લીધા. હજારો લોકો રજવાડી ઘોડાં ઉપર બેસીને ચાલતા હતા. સૌ સંતો તથા પુરુષો અને સ્ત્રીજનો અગણિતની સંખ્યામાં ચાલ્યાં. સોમલા ખાચર, સૂરા ખાચર તથા દાદા ખાચર તથા જયા લલિતા આદિકજનો જુવતીઓનાં અપાર જુથો આવતાં હતાં. અગણિત પુરુષોની સાથે રાજાઓ જતીઓ સતીઓ અને અનેક નારીઓ તથા સર્વ ભુવનોના પતિ ભક્તોના ભયને હરવા માટે જવા માટે ચાલવાની તૈયારી કરી. ઘોડાં ઉપર બેસનારા જનો ઘોડાં ઉપર ચડ્યા. પગે ચાલનારા પગેથી ચાલતા હતા. હાથીઓ ઉપર વિચરનારા રાજાઓ હાથી ઉપર ચડ્યા અને રથ ઉપર ચડીને તો અગણિત ચાલતાં હતાં. સર્વના મનને આનંદ આપનારા શ્રીજી મહારાજે માણકી ઘોડી મંગાવી તેને બધા જ સાજથી સજ્જ કરીને સુખદાઈ પ્રભુએ તૈયાર કરી તે ચાલવામાં બહુ જ ચપળ ચતુરતાવાળી

બધાંનાં ચિત્તને આનંદ કરનારી મહેલના થાંભલા જેવા પગવાળી પ્રમાણસર લંબાઈવાળા પગવાળી નાના કાન સુંદરતાની જુલવાળી મજબૂત કંધવાળી સુંદર શોભાવાળી કેશવાળી શોભતી સુંદર દેખાવડાં અંગોવાળી શોભાવાળી ધરણી ઉપર પગ ચલાવે ત્યારે પૃથ્વી ગાજતી જ રહે એવી ચાલવાળી. જાણે ગરુડના વેગ કરતા વધારે વેગવાળી એની વેગચાલ જોઈને પવન દેવ પણ શરમાઈ જાય જાણે વેગવાળા હનુમાન ન હોય એમ બુદ્ધિવાન સંતો કહે છે. જાણે વનના હરણ જેવી સુંદર ચાલ વાળી આવી સુંદર માણકીને જોઈને અકળ મૂર્તિ મહારાજે અશ્વારી કરીને ભક્તજનોના ભયને હરનારા જગતના જીવન સુખ કરનારા ચાલવા માટે કિરતાર મહારાજે ચાલવાની તૈયારી કરી.

જ્યારે મહાપ્રભુએ પ્રયાણ કર્યું ત્યારે સૂર્યનારાયણ આકાશમાં સ્થિર થઈ ગયા. ખળના ભેદને ખુલ્લો પાડતા જગતની હલક હાલવા લાગી. ભાલાંઓ હાથમાં ઝળકતાં હતાં. પીઠ ઉપર ઢાલ ઢબકતી હતી. જાણે ખડગને ધારણ કરીને ચળકતી હતી. માથે છત્રી ધારેલી હતી. આવી રીતે વિરધિર ચારેબાજુ ફરતા હતા. ચાલતાં બહુ જ ભારે ભીડ થઈ હતી, ત્યારે વચમાં ચંચળમૂર્તિ શ્રીહરિ સુંદર રીતે ચાલતા હતા. જોગી જતી જેને નથી ઓળખી શકતા તે પ્રત્યક્ષ ચાલે છે. મહાપ્રભુના હાથમાં સુંદર લગામ ધારેલી છે. શ્રીહરિનાથ માણકી ઘોડી ઉપર શોભતા હતા. પ્રભુએ સફેદ વસ્ત્રો ધારેલાં હતાં. મસ્તક ઉપર છોગલાં વાળી પાઘ શોભતી હતી. પ્રભુ ચાલતા હતા ત્યારે સંતો કીર્તનો ગાતા હતા. ઢોલ ત્રાંસાં આદિ વાદ્યોની ધૂન ગાજતી હતી. તે ધૂન સાંભળીને શત્રુનું જુથ ભાગી જાય છે. ઉંટ ઉપર નોબતો વાગે છે. આવી રીતે બધી જ સાજ સામગ્રીથી સજ્જ થઈને ચાલતા હતા, ત્યારે મોટા રાજા મહારાજાઓ તથા દેવના રાજા ઈંદ્ર પણ લાજ પામતાં હતાં. મહાપ્રભુ લોકોના મનના ત્રાસને હરતા થકા સૌનું મંગલ કરતા થકા જતા હતા. જેમની ગતિ તો અકળ જ છે. એવા શ્રી ઘનશ્યામ પ્રભુ આવી રીતે ચાલતાં શોભતા હતા. નરનાથની નવીન છબી શોભતી હતી. રસ્તામાં ચાલતા હતા. ત્યારે બહુ જ ધૂળ રજ ઉડતી હતી. આકાશના ભાગમાં દેવતાના લોકોને સનાથ કરતી હતી. જાણે આકાશે મેઘ છાઈને રજનાં બિંદુ વર્ષાવતો હતો. ભાલાંઓ વીજળી જેવા ચમકતાં હતાં. ઘોડાંઓ ચાલતાં હતાં ત્યારે જાણે મેઘ ગાજતો હોય તેવો અતિ મોટો અવાજ થતો હતો. વિષ્ણુનું ધનુષ્ય જે આકાશમાં દેખાય છે તેમ પચરંગી ધજાઓ ફરકે છે. આવી રીતનું વાતાવરણ જોઈને મોર આનંદ પામતો થકો પ્રભુના ગુણને ગાતો હતો. સજ્જનો શોભતા હતા ત્યારે દુરિજન જાણે દાઝતાં હતાં જેમ વર્ષાદ થવાથી જ્વાસીઓ બળી જાય તેમ દૂર્જનો બળતાં હતાં. મેઘના વર્ષાદના આવાગમન જોઈને વર્ષાદ આવશે એવા ભાવથી જેમ ખેડૂતો રાજી થાય છે તેમ શ્રીહરિના આવવાનું સાંભળીને પ્રેમીભક્તજનો આનંદ પામતાં હતાં. પૃથ્વી ઉપર જ્યારે મેઘવર્ષા થાય છે તે વર્ષાદથી અનાજ સારું પાકે છે તેમ શ્રીહરિના મુખેથી અમૃત વાતો સાંભળીને ભક્તોના મન દૃઢ ભક્તિવાળા થાય છે. વર્ષાદના વાતાવરણની ગતિ જોઈને નદી તળાવના ઘાટનું વાતાવરણ સારું થાય છે અને શોભાથી લોકોનાં મન સ્થિર થાય છે તેમ હરિના આગમનને સાંભળીને હરખ પામીને શૂરવીર ભક્તજનો દર્શન માટે દોડે છે. પૃથ્વી ઉપર બહુ જ વર્ષાદ થાય છે ત્યારે ભૂમિનું વાતાવરણ બહુ જ સુંદર હરિયાળું બને છે. તે જ રીતે પ્રભુના પ્રતાપને જોઈને પ્રેમીભક્તો બાઈઓ ભાઈઓનાં મન અને મુખ ખીલે છે ને આનંદ પામે છે.

આવી રીતે પ્રીતમપ્રાણ પ્રભુ માર્ગ ઉપર ચંચળ ચિત્તથી અતિશોભા સાથે અનેક જન સમાજની સાથે ચાલતા હતા ત્યારે નટની રીતે સર્વની વચ્ચે માણકી ઘોડીને અદ્‌ભૂત રીતે નાચ નચાવતા થકા સર્વનાં મનને હરતા થકા જતા હતા. ઘોડી ખૂબ જ ચંચળતાથી ચતુરતાપૂર્વક લગામ ચાવતી હતી સુંદર ગોળાકાર પુષ્ટ

શરીરવાળી લાલ શરીર સુંદર શોભાવાળું કોઈ પ્રકારના વિકાર વગરનું મોટા પહોળા નાળવાળી તે માણકી ઘોડી ચાલતી હતી ત્યારે પગને જાણે પૃથ્વીને અડવા જ નહોતી દેતી. એવી રીતે ચાલીને રાજામહારાજાના પોતાના ગુણસ્વભાવથી મનને ખેંચતી હતી. તેની ઉપર રાજા ન હોતા બેસતા પણ સાક્ષાત્ મહારાજાધિરાજ પ્રભુ બેઠા હતા. આકાશમાં દેવોનાં દુંદુભી વાગતાં હતાં. સાથે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વના નાથનાં દર્શન કરતાં હતાં. મહારાજ સર્વ સંતસમાજની સાથે જગતને સનાથ કરતા થકા માર્ગ ઉપર મહાપ્રભુ ચાલ્યા જતા હતા. મહાપ્રભુ **સારંગપુરથી** ચાલીને જવારજ પુરે સર્વજન સમાજની સાથે પધાર્યા તે ગામના તળાવની પાળ મોટી વિશાળતાવાળી જોઈને દયાળુએ ત્યાં મુકામ કરીને ભક્તજન સમાજનાં કલ્યાણ કર્યાં. ભક્તજનોએ રસદાર રસોઈ બનાવી. તેના થાળને મહાપ્રભુ જમ્યા પછી સંતો ભક્તો સૌને જમાડ્યા પછી પ્રભુ સંતોની વચમાં વિરાજમાન થઈને સભા કરી ત્યારે મહારાજને જોઈને વિપ્રવર્યો પાસે આવ્યા. તેઓએ અનેક શાસ્ત્રોના આધારે પ્રશ્નો પૂછ્યા ત્યારે મહાપ્રભુએ તે પ્રશ્નોના સુંદર રીતે ચોખ્ખા ઉત્તરો આપ્યા. તે ઉત્તરો સાંભળીને તેઓને આશ્ચર્ય થયું. દુર્લભ મૂર્તિ મહાપ્રભુને જોઈ ત્યારે એમની સેવામાં બ્રહ્મા, વિષ્ણુ, શિવજીનાં દર્શન થયાં. આવી રીતે જોઈને માનનો ત્યાગ કરીને પ્રભુને મસ્તક નમાવીને વંદન કર્યાં. પ્રગટ પ્રભુને પ્રણામ કર્યાં. તેથી એમનાં બધાં જ પાપો નાશ પામ્યાં. સૌ વિપ્રો પોતપોતાના સ્થાને ગયા. મહાપ્રભુએ મુકામની અનુકૂળતા તપાસી જોઈ અનુકૂળતા ન લાગી.

શ્રીહરિ ભક્તોના ઉચાટને મટાડીને ચાલતા થયા. મહારાજ પ્રસિદ્ધપુર **ધોળકાપુરે** પધાર્યા ત્યારે સમાચાર મળવાથી હરિભક્તો ભેગા થઈને સામા આવ્યા. હે રાજન ! આવેલા ભક્તોનાં હવે નામ કહું છું તેને ધ્યાન દઈને સાંભળો. **રેવાશંકર, નર્મદાશંકર, સેવકરામ, મુળજી રામ, લલિતરામ, લક્ષ્મીરામ, ઘનશ્યામ, દલપતરામ, વેણીરામ,** પ્રભુમાં પ્રીતવાળા **નંદરામ** આદિ સૌ ભક્તો પ્રભુ આવવાના સમાચાર જાણીને દર્શનની આશાથી સામા આવ્યા. **મહાશંકર, મનહર, જેઠારામ** વગેરે પ્રેમીભક્ત તથા **પુતળીબાઈ, જેકોરબાઈ, ગંગાબાઈ** આદિક અનેક ભક્તજનો સુંદર રીતે સામા આવ્યા. પ્રભુને દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને ભેટ ધરી દીધી. ભાવથી દર્શન કર્યા અનેક પ્રકારનાં વાજાં વગાડતા થકાં ઉત્સાહથી મહાપ્રભુને પુરમાં લાવ્યા. **ધોળકાપુરની** શોભા તો અદ્‌ભુત જ હતી. તેની અટાઘટા તો આકાશની વચમાં જ ઝુકેલી શોભતી હતી. આશ્ચર્ય કરે તેવા કેળના બગીચા બહુ જ શોભતા હતા. જાણે દેવપુરી સ્વર્ગનું વાતાવરણ ન હોય ? સૌ સંતો કીર્તનો ગાતા હતા તેની મનોહરતા વર્ણન કરીને કહી જ ન શકાય તેવું શોભતું હતું. શ્રીહરિનાં ચરણકમળનાં પ્રેમથી દર્શન કરવા બાઈ ભક્તો હૈયાંના ઉત્સાહથી ઝંખતી હતી. તેઓ લાજનો ત્યાગ કરીને જીવમાં લાલચ રાખતી હતી. તેથી પ્રભુને માટે ખીલેલાં ફૂલોને અમૂલ્ય રીતે અધિક પ્રમાણમાં લઈને હાથમાં અને શિર ઉપર નાંખતી હતી. ભક્તોના ભાવ જોઈને મહાપ્રભુ સર્વ ભક્તજનોને સ્વમુખે ઉપદેશ દેતા ને સમજાવતા હતા.

આવી રીતે દેવના દેવ મહારાજનાં દર્શન કરીને વધારે આનંદ થયો. યોગ્ય રીતનો અનુકૂળ લાગ જોઈને સુંદર જગ્યાએ જીવનપ્રાણ પ્રભુએ પધારીને મુકામ કર્યો. યોગ્ય રીતે રસોઈ કરીને ભાવ ભરીને ભયહારી મહાપ્રભુ જમ્યા પછી મહારાજે સંતોને કહ્યું કે તમે જમો. ત્યાર પછી મહારાજે સુંદર રીતે ઉપદેશની વાતો કરીને રાજી કર્યા. પછી ત્યાં રાત રોકાઈને જ્યારે સવારમાં વહેલાં પ્રભાતે જાગ્યા ત્યારે સાવ શાંત વાતાવરણમાં પ્રયાણ કર્યું. ત્યારે ગુણીજનો પ્રેમથી ગાન કરતાં તાનમય બનીને એકાગ્ર થઈને ગાતાં હતાં. ધ્યાનીજનો ધ્યાન ધરતાં હતાં જીવનપ્રાણ કૃપાથી જગતને સુખ આપતા હતા ત્યારે ઘોડાં હણહણાટી કરીને જાણે ગંધર્વ પ્રભુના

ગુણ ન ગાતા હોય તેમ આકાશની અંદર દર્શન કરતા દેવો પ્રભુનાં ગુણ ગાતાં થકાં આકાશમાં છવાઈ ગયા હતા. એવામાં જ સમીપમાં ચિત્તને ચોરે એવું સુંદર ચિત્રાસર નામનું ગામ આવ્યું હતું. ભક્તજનોને દિનબંધુ મહાપ્રભુ દર્શન દઈને સુખી કર્યા. પછી મહાપ્રભુ સંતોની સાથે ઘનશ્યામ હરિ કામના મદને હરતા થકા **જેતલપુરધામ** ત્યારે તે ગામનાં ભક્તજનો પ્રભુ આવ્યાનું જાણીને આનંદ ઉત્સાહથી સામે આવ્યા.

હે રાજન્ ! શ્રીહરિ જેતલપુર આવ્યા ત્યારે જે હરિભક્તો જીવનપ્રાણ પાસે સામા આવ્યા હતા. એમના નામો વિસ્તાર કરીને કહું છું. **આસજીભાઈ, આશારામભાઈ, જીવણભાઈ, કાકુભાઈ, મૂળદાસભાઈ, ગોપાળદાસભાઈ, ભક્તદાસ, ભગવાનભાઈ, ભીખારીદાસભાઈ, બાપુદાસભાઈ, ગંગાબા, હરિભાઈ** આદિક સૌ હરિભક્તો શ્રીહરિની સામાં દોડીને આવ્યાં. મહાપ્રભુના ચરણમાં ચિત્ત જોડીને ભક્તજનો પ્રિત કરીને ચરણમાં પડ્યાં. વંદન કરીને ઉરમાં આનંદ પામતાં થકાં પ્રભુને પુરમાં લાવ્યાં બહુ જ આનંદ પામતા હતા. સુંદર રસોઈ કરીને મહાપ્રભુને સુંદર રીતે થાળ જમાડ્યા. પછી સંતો ભક્તજનોને જમાડ્યા. મહારાજ રાત રોકાયા. શયન કરીને સુખ દીધું. સવારમાં વહેલા પ્રયાણ કર્યું.

શ્રીહરિ જેતલપુરથી પ્રયાણ કરીને ચાલ્યા. સંત ભક્તજનોની શોભા સાથે સૌની સાથે વચમાં ચાલતા ગામોમાં ઉતારો કરતાં ભક્તોને સુખ દેતા મુખેથી ઉપદેશ કરતા પધારતા હતા. આવી રીતે અદ્‌ભુત અતિ શોભાની સાથે પ્રફુલ્લ મુખથી આનંદસુખ કરતા પ્રતાપને વિસ્તારતા હતા. આમ શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે ત્રેવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ વર્ણન કરેલા છંદભાષામાં અવધપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ જેતલપુર પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન ! ચંચલમૂર્તિ શ્રીહરિ માર્ગ ઉપર સર્વેને સાથે લઈને ચાલતા હતા. સર્વની સાથે પ્રેમથી પ્રીતિપુર્વક હજારો પેદલ ભક્તોની સાથે પધારતા હતા. હે રાજન્ ! મુનિઓના પતિ શ્રીહરિ માર્ગવાસીજનોને બહુ જ સુખ દેતા થકા સંતો વર્ણિઓ સન્યાસીઓ સૌ નરનારી હરિભક્તોની સાથે જગતના પતિ મહાપ્રભુ **અમદાવાદપુરમાં** પધાર્યા. જેમનું જતીઓ સતીઓ હંમેશાં જતન પૂજન કર્યા કરે છે તે પ્રભુ પધાર્યા. ત્યારે શહેરનાં જનોને ખબર પડી એટલે સૌ દોડીને સામાં આવ્યાં સાથે અનેક પ્રકારની ભેટો લાવ્યાં. જાતજાતનાં વાજિંત્રો વગાડતાં થકાં આવતાં આનંદ પામતાં હતાં. શ્રીહરિનું આવવાનું જાણીને સામાં દોડતાં હતાં. ભગવાનનાં કીર્તનો ગાતાં થકાં હાથમાં શ્રીફળ લઈને આવતાં હતાં. કેટલાક ફૂલના હારો હાથમાં લઈને આવતાં હતાં. અને આનંદ પામતાં થકા કંઠમાં પહેરાવતાં હતાં. મહાપ્રભુને સૌ નરનારીજનો નિરખીને દર્શન કરતાં હતાં. મહાપ્રભુ બળપૂર્વક બાથમાં લઈને ભેટતા હતા. પ્રભુ સૌને કુશળ સમાચાર પૂછતા હતા. આવી રીતે સર્વોપરી પ્રભુ ભક્તજનોને વિશેષ રીતે સુખ દેતા હતા. પછી પ્રભુએ પ્રેમીભક્તોની વચમાં રહીને ચાલવા માટે તૈયારી કરી.

મહારાજે પોતાની માણકી ઘોડી ઉપર અશ્વારી કરી. ત્યાર પછી ચારેબાજુ સૌ અશ્વારો ચાલતા થયા. સોનાના કડાં હાથના આગળના ભાગે જબકતાં હતાં. સવારોની પાછળ ઢાલ ઢળકતી બાંધેલી હતી. હાથમાં

તલવાર ધારી હતી. બંદુકોના ભડાકા થતા હતા. ઉંચે ભડાકા કરતા હતા ત્યારે ખળ લોકો ખ્યાલ કરીને બાજુમાં ખસી જતા હતાં. ઉપરા ઉપર ધડાકા થતા હતા તેથી ધરતી ધમકતી હતી. અશ્વારોનાં ઘોડાંઓ હમ હમ રીતે હણકતાં જતાં હતાં. ઝાંઝર ઠમઠમ કરીને ઠમકતાં હતાં. ઢોલો ઢમઢમ ઢમકતા ગાજતા હતા. માણકી હતી. ઘોડી ઉપર મહાપ્રભુ વિરાજ્યા હતા. પ્રભુની શોભાયમાન છબી છવાઈ રહી હતી તે શિર ઉપર છોગલાંની શોભા જામી હતી. પાઘનો પેચ આંખની ભ્રૂકુટિ ઉપર આવેલો હતો. વિશાળ ભાલ શોભતું હતું. નાથની મૂર્તિની શોભા જોઈને કામની પત્ની રતિ પણ લાજ પામતી હતી. સુંદર સોનાનાં કડાંઓ હસ્તકમળમાં શોભતાં હતાં. મંદમંદ હાસ્ય કરીને હરિભક્તોનાં મનને હરી લેતા હતા. પ્રભુએ અંગો ઉપર શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કેડ ઉપર સુંદર શ્વેત કટિબંધ બાંધેલું હતું. લાલકમળની પાંખડી જેવાં નેત્રકમળ શોભતાં હતાં. સૌના ચિત્તને આનંદ આપનારા મહાપ્રભુને ચારેબાજુથી હરિભક્તો નિરખીને દર્શન કરતા હતા. હસ્તકમળમાં સફેદ રૂમાલને ધારણ કરેલે તે રૂમાલ ધર્મનંદન મહાપ્રભુએ મુખારવિંદની પાસે રાખેલ હતો. હાથમાં માણકીની સુંદર લગામ ધારણ કરેલી શોભતી હતી. શિર ઉપર વિશાળ સુંદર છત્ર ધારણ કરેલું શોભતું હતું. ચંચળ નેત્રકમળથી ભક્તજનોનાં ચિત્તને ખેંચતા હતા. કરુણાના સાગર મહારાજ કરુણા કરતા હતા. બંને બાજુએ ચમ્મર ઢોળતા હતા. આવી રીતે મહારાજ સૌને આનંદસુખ આપતા હતા.

માણકી ઘોડી ચંચળતાથી પૃથ્વી ઉપર પગ મુકતી હતી. જાણે કળાપૂર્વક નૃત્ય ન કરતી હોય તેમ ચાલતી હતી. જાણે પગ જ પૃથ્વી ઉપર ન પાડતી હોય ? તેમ કરતી હતી. માણકીના અંગો ઉપર જરિયાંન સાજ સજેલો હતો. કેશવાળી સુંદર રીતે લળકતી હતી. તેનાથી એનાં અંગોની શોભા બહુ જ વધતી હતી. તેની ઉપર મહાપ્રભુ વિરાજીને શોભતા હતા. સૌ સંતોનાં જુથ ઘનશ્યામ પ્રભુની આગળ ચાલતાં હતાં. મુખેથી મનોહર રીતે પ્રભુનાં કીર્તનો ગાતા હતા. તેની ધુની આખા જગમાં વ્યાપી રહી હતી. ક્યાંક પાર્ષદો બંદૂકના અવાજો કરતા હતા. તેનાથી ધરા ધ્રુજતી હતી. ક્યારેક પુરનાં ભક્તજનો પ્રેમથી ઝાંઝને બળપૂર્વક બજાવતાં હતાં. પખવાજના અવાજનો ધમકાર વધારે ધમકતો હતો. આ ધમકાર ગુણસાગર મહાપ્રભુને બહુ જ ગમતો હતો. પુરવાસીજનો હરિનાં ગુણને ગાતાં આવતાં હતાં. સૌ ગુણ ગાતાં થકાં બહુ જ સુખને પામતાં હતાં. બાઈઓ શ્રીહરિલાલ પ્રભુનાં સુંદર ચરિત્રનાં કીર્તનો ગાતી થકી પાળાઓની પાછળ આવતી હતી. શરીર ઉપર સર્વ આભૂષણને તથા નવા વસ્ત્રો સજીને સુંદર કોયલ જેવા કંઠે ગીતોને ગાતી હતી. આવી રીતે પ્રીતસહિત શ્રીહરિ આવતા હતા. ત્યારે સૌ નરનારીજનો માર્ગમાં ઉભાં હતાં. તે નમન કરીને દર્શન કરતાં હતાં અને બહુ પ્રકારનાં ફૂલોના હારો પહેરાવીને વધાવવા અનેક બાઈઓ અને પુરુષો દોડીને આવતા હતા. આમ મહાપ્રભુ પુરની વચમાં સર્વના ભયને ભાંગનારા મનને આનંદ દેનારા ભાવ ભરીને પધારતા હતા.

શ્રીહરિ હરખ પામીને અમદાવાદમાં મુનિજનોની સાથે અક્ષરધામના ધામી મહાપ્રભુ પધારતા હતા. તેનાં દર્શન કરવા મારગમાં લોકોનાં ટોળાંઓ બંને બાજુ ઉભાં હતાં. તે સૌ શુદ્ધ દિલથી શ્રીહરિને નિરખીને જોતાં હતાં. ગજગામિની બાઈઓ મકાનના ઝરૂખાંમાંથી ઉભી રહીને જગજીવન મહાપ્રભુનાં દર્શન કરતી હતી. સૌ અવતારના અવતારી પોતે જ આ પુરમાં પધારે છે. તેથી હે સખિ આપણે ધન્યભાગ્યવાળાં છીએ. આ અવતાર ધરીને સ્વયં ભગવાન પધારે છે તેને જોઈને મનમાં અતિ આનંદ થાય છે. આ પ્રભુ જ સર્વ જગતના ઉત્પત્તિ સ્થિતિના કારણ પોતે જ છે. અઢાર પૂરાણો વેદો સૌ આમના જ ગુણ ગાય છે. તે ત્રણ ગુણ સત્ત્વ રજ, તમથી પર છે. ષડ ઐશ્વર્ય મૂર્તિ સર્વોપરી સર્વાત્મા એક જ છે. જ્યારે આ જગતનો નાશ થાય છે ત્યારે આ મહાપ્રભુ

પોતાના અક્ષરધામમાં મૂર્તિમાન વિરાજે છે. પોતે જ પોતાની દૃષ્ટિથી જગતનું સર્જન કરે છે. તે જ પોતે પરાત્પર મહાપ્રભુ આપણાં પુરમાં વિચરણ કરે છે. જગતના તારણહાર પ્રભુ દીનનો ઉદ્ધાર કરવા કળિકાળનાં અસુરો અને પાપીજનોનો નાશ કરીને પ્રભુએ પોતાનો પ્રતાપ જણાવેલો છે. બાલ્યકાળમાં કોટરા આદિક બાલગ્રહોનો નાશ કર્યો એવા સુખકંદ પ્રભુ નાની વયમાં જ પોતાનાં માતાપિતાને મોક્ષપદ આપીને ભરતખંડનાં તીર્થસ્થળોમાં વિચરણ કરીને તેને પાવન કર્યાં. તેજ ભગવાન આપણાં સુખ કરવા માટે અહીં પધાર્યા છે. એમને નેત્રે ઉઘાડીને નિરખીને દર્શન કરી લઈએ એવા ભયહારી ભવના બંધનથી મુકાવનારા પ્રભુને નિરખો. આવી રીતે લોકો ઓળખીને વાતો કરતાં હતાં તેને હરિ જાણતા હતા. તેથી મુખ મુસ્કાવીને હર્ષ પામતા સુખ આપતા હતા. પુરમાં વિચરી ચરણ અંકિત કરીને પ્રભુ પ્રિતથી ચંચળ નેત્રોને ફેરવીને સૌનાં ચિત્તને હરતા હતા.

મુનિઓના નાથ મહાપ્રભુ મંદિરમાં પધાર્યા. પાખંડી ખળ લોકોને મુળમાંથી દબાવીને બાંધી દીધા. આમ બહુનામી પ્રભુનો પ્રતાપ ફેલાઈ ગયો. શ્રીહરિ મનમાં આનંદ કરતા થકા ઘોડી ઉપરથી નીચે ઉતર્યા. સખાઓ સંતો ચારે દિશામાંથી દેવોની મૂર્તિઓ જોવા પાસે ગયા. પ્રભુએ મૂર્તિનાં બધાં જ અંગો ઉપર હાથ ફેરવ્યા. બળભ્રાતા પ્રભુ મૂર્તિને બાથમાં લઈને ભેટ્યા. હરખ પામીને પછી ત્યાં જ ઘોડાનું દાન દીધું બધાએ મહાપ્રભુ જયજયકારનો ઉંચેથી ઉચ્ચાર કર્યો.

હે રાજન્ ! સર્વથી સમર્થ મહાપ્રભુને નિરખીને સૌ લોકો રાજી થઈ ગયાં. બહુ જ મુખથી વખાણ કરતાં હતાં. સર્વ લોકોને આનંદ અને સુખદાતા છે એમ સમજતાં હતાં. એમના સ્વરૂપનાં દર્શન કરેલ ચરણનો સ્પર્શ કરે એટલે એના બધા જ ભવ ત્રાસ નાશ પામે છે. એવા મહાપ્રભુ પૃથ્વી ઉપર ભરતખંડમાં જ ભક્તજનોને માટે સર્વને પ્રીય અવતારના અવતારી પધાર્યા છે. આવી રીતે મુખેથી પ્રભુનો મહિમા કહીને સર્વ ભક્તનોએ બહુ જ ભારે સુખ લીધું પછી ઘનશ્યામ પ્રભુએ સારું સ્થળ જોઈને મુકામ બનાવ્યું. સારા મકાનમાં સુંદર આસન બેઠક તૈયાર કરીને તેના ઉપર વિરાજમાન થયા. થોડી વાર પછી સુંદર રસદાર રસોઈ થઈ તેને ભક્તજનોને રાજી કરવા પ્રભુ જમ્યા. જળપાન કરીને પછી સૌ સંતોને જમાડતા હતા. સૌને રાજી કરવા મહાપ્રભુ પંક્તિમાં વારંવાર પીરસીને ભક્તજનોના પાપોને હરતા હતા. નિષ્પાપ કરતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ થાળ જમીને સંતોને જમાડીને પછી મહાપ્રભુએ તૈયારી કરીને સર્વ પદાતિ ભક્તજનોની સાથે અંગોઅંગમાં ઉમંગ સાથે ઉત્સાહથી દયાળુ પ્રભુ સંઘના ઉતારા કરાવવા માટે જગ્યા જોવા બધા જ અસવારોની સાથે ગયા. પતસાહની વાડીમાં પવિત્ર જગ્યામાં સુંદર મહેલ તથા સુંદર ઘાટની રચના જોઈને મહારાજ બહુ જ રાજી રાજી થઈ ગયા. ત્યાં સુંદર વ્યવસ્થા થાય તેમ હતું. ફંદને હરનારા મહાપ્રભુ આખા બાગમાં ફર્યાં. ધર્મકુમાર પ્રભુ ધીરજ ધરીને બધું જોઈને અનંત જીવોના પાપોને બાળનારા મહારાજ આનંદ પામ્યા. ત્યાં મહાપ્રભુ જોવા માટે જતા હતા. સર્વને જાણનારા શામળિયા પ્રભુ સંતોની સાથે ભક્તજનોની વચમાં પ્રીતિપૂર્વક ઉતાવળા ચાલતા હતા. પછી વાટિકા ઘાટિકા થાટિકા જમીનની સ્થિતિ બધું જોવા માટે પધાર્યા ત્યારે દધિચીનો આરો જોયો. અને ત્યાંની જગ્યા વધારે પ્રમાણમાં જોઈ તો પણ સારી ન લાગી.

બધા જ અશ્વારો સાથે જ હતા. મહાપ્રભુના હાથમાં સુંદર લગામ શોભતી હતી. જુદી જુદી લગામોથી ઘોડાંઓને નચાવતા થકા ચલાવતા જતા હતા. સંતો ગાતા ગાતા જતા હતા આમ પ્રસિદ્ધ એવો જુનો દરિયાવખાનનો ઘુમ્મટ નજીકમાં હતો તે જોવા ગયા. શ્રીહરિનાથ પોતે નજીકમાં જ આવ્યા છે. એમ જાણીને

તે દરિયાખાન પ્રભુના પગમાં દોડીને પડ્યો. નેત્રમાંથી આંસુનો પ્રવાહ વહેતો હતો. પ્રભુને નેત્રમાં ધારીને દિનતાથી વિનવતો હતો. નાથને નિરખીને હાથ જોડીને ભૂતગણની સાથે પ્રભુને વારંવાર નમતાં હતાં. અંગોઅંગમાં આનંદ ધારતાં હતાં. હે કૃપાનાથ ! હે શ્રીહરિ મહાપ્રભુ ! આપ સંતોના સંગમાં મળ્યા તેથી કઠિન વિકરાળ ત્રાસદાયક પીડાને ટાળવા કૃપા કરો. આપ તો અનાથના નાથ છો. આપના આશ્રયમાં આવે તે અનાથ થાય જ નહીં. કેમકે આપ તો સર્વની ઉપર રહેનારા છો તેથી હે પ્રભુ ! અમને સનાથ કરવા કૃપા કરો. હે પ્રભુ ! આપ સમીપમાં પધાર્યા છો તેથી આપ અમારાં પાપોને નહિ ટાળો તો અમારાં દુઃખોનો તો ક્યારેય અંત જ નહીં આવે. હે વિભો ! તરસવાળો માણસ ગંગાજીના કાંઠે જાય તેના ત્રાસ અને તાપ બંને જાય છે. તે તૃષાતુરને તો બહુ જ શીતળતા મળે છે. તન નો અને મનનો તાપ નાશ પામે છે. કોઈ જીવ ઝાડની જાતને ન જાણતો હોય તોય તે ઝાડ તેને છાંયો કરે છે માટે વિચાર કરીને જ આપની પાસે શરણમાં આવ્યો છું. માટે હે પ્રભુ ! લોકમાં રહેલા શોકને હરો છો અને આપ તો દિવ્યધામમાં વિરાજો છો. આપના સ્વરૂપનું ધ્યાન મુનિજનો કરે છે. આપ એમના ધ્યાનમાં આવો છો. ગુણને ગાનારા ગણેશ, શેષ, મહેશ (શિવજી) શારદા આ બધાંય સતત ગુણને ગાયા જ કરે છે.

હે પ્રભુ ! આપ તો ગરીબોનાં નિવાજ મહારાજા રાજના રાજ અધિરાજ છો. જગમાં બળતા જીવોને તારનારા જહાજરૂપ આપ છો. અમે મલિન દેવો અમારા પાપના ભારવાળાં છીએ તેનો નાશ કરીને કળિયુગના ક્લેશ એવાં પાપોનો નાશ કરીને અમારાં દુષ્કર્મોને સુધારીને મોક્ષ કરો. હે ધર્મનંદન ! આપને અનન્ય આધારવાળા સમજું છું એટલે આપનો આધાર રાખું છું. તો આપના દાસના ત્રાસને તરત જ નાશ કરો. જેમ ભક્તજનને ઉદ્ધારો છો તેમ અમારા અધર્મનો ઉદ્ધાર કરો. આપનું નામ અધમોધારક છે તે સાર્થક કરો. એ બિરૂદને સત્ય કરવા ઉદ્ધાર કરીને સર્વત્ર શોભાને પામો. એ સાંભળીને દયા કરવાનો જેમનો ધર્મ છે. કામના મદને હરનાર શ્રીજી મહારાજે કૃપા કરીને સધર્મનાં કાર્ય કરીને ભૂતના સમાજનો ઉદ્ધાર કર્યો. ભયાનક ભૂતગણને વિશાળ બદ્રિકાશ્રમમાં મોકલ્યાં. જગતપતિએ તે દરિયાવખાનને ગણ સાથે બદ્રિવનમાં પહોંચાડી દીધો. આવી રીતે અધમ ઉદ્ધારણ જે નામ તેને સુખકંદ મહાપ્રભુએ સત્ય કર્યું. આવી રીતે જગતમાં વિચરતા થકા સર્વનાં પાપોને હરે છે. એવા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પોતે જ છે. અધમમાં અધમ નિશાચર પ્રેતજાતિની અધમમાં અધમ જાતિ ભૂતપ્રેત એમાંય (મ્લેચ્છ) મુસલમાંન જાતિનાં મંદબુદ્ધિવાળાં મળ, માંસ, મૂત્રનું ભક્ષણ કરનારી મલિન કર્મવાળાં ભૂતોનો ઉદ્ધાર કર્યો એવા પ્રભુ શ્રીહરિ અધમના ઉદ્ધારનારા છે.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ અમદાવાદપુરમાં પધાર્યા. સમાચાર સાંભળીને ભક્તજનો દોડીને સામા પ્રભુના ગુણને ગાતા થકા ગયા. ભક્તજનોના મનમાં આનંદ થયો. મહાપ્રભુને ભક્તજનોપુરમાં લાવ્યા. એ લીલા કહી દીધી. શ્રીહરિ મહાપ્રભુ ભગવાને ભોજન જમીને ત્યાર પછી પ્રેમથી શહેરમાં મુકામ કરવાની જગ્યા જોવા વિચરણ કર્યું મુકામો જોયાં. આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપમાં આ ચોવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં શ્રી અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિનો દરિયાવખાનની સાથે મેળાપ થયો અને એનો ઉદ્ધાર કર્યો એ નામે ચોવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૪॥**

# તરંગ-૨૫

કવિવર કહે છે – આગળના તરંગમાં બહુ જ પ્રસિદ્ધ વાત સાંભળીને રાજા આનંદસિંહ અવધપ્રસાદજી મહારાજને બંને હાથ જોડીને વિનંતિથી કહેતા હતા. હે જગવંદન ! આપ સાંભળો.

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ તો પરમકૃપાળુ પ્રગટ પ્રભુના પુત્ર છો અને તમે તો ગુણના ભંડાર રૂપ છો. એટલા માટે મને પ્રગટ પ્રભુના ચરિત્રની વાતો વિસ્તાર કરીને કહેવા કૃપા કરો. આપે પહેલાં જે મલેચ્છ જાતિનો મંદમતિ એવો દરિયાવખાન નામના પ્રેતનો મહાપ્રભુએ ઉધ્ધાર કર્યોએ વાર્તા પહેલાં કરીને સમજાવી છે. પણ હવે તે મલેચ્છને બીજબળ કેવી રીતે બંધાણું ને પ્રભુના યોગમાં આવ્યો તે બધી વાર્તા વિસ્તાર કરીને મને કહેવા કૃપા કરો. મારા મનમાં એ વાત સાંભળવા મારું મન ચાહે છે.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે પ્રશ્ન તો બહુ જ સારો પૂછ્યો છે. તેના ઉત્તર વિસ્તાર કરીને કહું છું. જે નરનારીજન શ્રીહરિ કે હરિના ભક્તનો પક્ષ રાખે છે તેનાં કદાચ બ્રહ્મહત્યા જેવાં મહાપાપ થયેલાં હોય તોય ભગવદ્ પક્ષના પ્રતાપથી એક જ ક્ષણવારમાં બળીને ભસ્મ થઈ જાય છે એવો પ્રતાપ છે. આ ઈતિહાસના પ્રસંગમાં જે વાત છે તે તમને કહું છું તે સાંભળો. વર્ષો પૂર્વે કૌરવ કુળમાં ભક્તો થઈ ગયા. તેને તે પાંચ પાંડવો થયા હતા. તેમનાં નામો સુંદર છે તે સાંભળો. **યુધિષ્ઠિર, ભીમ, અર્જુન નકુલ તથા સહદેવ** જાણો. તેઓ પૃથ્વીપાલોના અંશભુત દેવાંશ થયા હતા. મહાપરાક્રમી પ્રૌઢ પ્રતાપી બહુ જ હોંશિયાર સામર્થ્યવાળા હતા. એમના પિતાનું નામ પવિત્ર પુણ્યવાળા **પાંડુરાજા** હતા. એમને મૃગીનો શાપ થયો હતો. તેનાથી નાશ થયો હતો. તેઓ તો નિર્ભય હતા. પાંડવોની માતા પૃથા (કુંતાજી) નામથી પ્રસિદ્ધ પૃથ્વીમાં ખ્યાત હતાં. એ પ્રભુના સ્વરૂપમાં દૃઢ પ્રીતિવાળાં હતાં. પાંડુરાજા જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે પોતાના મોટા ભાઈ આંધળા મહાભયંકર બુદ્ધિવાળા પૃથ્વી ઉપર **ધૃતરાષ્ટ્રના** નામથી પ્રસિદ્ધ હતા. એમનો પુત્ર કળિયુગના અંશવાળો કહેવાતો હતો એવો દુષ્ટ હતો. ધૃતરાષ્ટ્રને એકસો પુત્રો હતા તે દુષ્ટ હતા તે સર્વે દુઃખ દેનારા જ હતા. એ સૌમાં **દુર્યોધન** સૌથી મોટો પુત્ર કહેવાતો હતો. તે પાંડુપુત્રો ઉપર બહુ જ દ્વેષ કરતો હતો પણ તેઓ નાના હતા. તોય ગુણવાન હતા તે દુર્યોધનના દ્વેષને ગણકારતા જ ન હતા. પોતાની રીતે રહેતા હતા. તેઓ નાના હતા છતાં પણ પરાક્રમી તેજસ્વી હતા. મોટાં મોટાં હાથીઓ જેવા દિગ્ગજોને માર્યા હતા. જેમ નાનું સિંહનું બચ્ચું મોટા મોટા હાથીને મારે તેમ માર્યા હતા. દુર્યોધને પાંડવોને લાક્ષાગ્રહમાં બાળવાનું કર્યું. ઝેર ખવરાવ્યું. તેમાંય હરિએ આવીને એમની રક્ષા કરી ઉદ્ધાર્યા.

હરિના આશ્રિત જાણીને એમના ત્રાસને હરિએ મટાડ્યો. કૃષ્ણપ્રભુએ એમની કષ્ટ થકી રક્ષા કરી. તેઓ મહાયોદ્ધા બંકા નીશંકા કહેવાયા. ધનુષ્યને ધારનારા હોવાથી ખળ લોકો સંકોચને પામતાં હતાં. મત્સ્યવેધમાં નિશાનવિંધિને **પાંચાલી (દ્રૌપદી)ને** પ્રાપ્ત કરી લીધી તે બહુ જ રૂપવાળી પતિવ્રતા ધર્મવાળી હતી. તેને જોઈ પરાક્રમી અનંત મહાયોદ્ધાઓ આવ્યા તોય ન ફાવ્યા અને અંતે ધનંજય અર્જુને કાર્ય સિદ્ધ કર્યું. મહાયોદ્ધા જોઈને બધા ભોઠાં પડ્યા. પાંચ જ યોદ્ધાની સામે અનંત રાજાઓ પાછા પડી ગયા. બધા ભાઈઓ વિવાહ કરીને

મસ્તક ઉપર મુગુટ ધારનારા દિવ્ય શસ્ત્ર અસ્ત્રને બહુ જ ધારણ કરીને શોભાવાળા હતા. તે લબાડ દુર્યોધન પાંડવોની શોભા જોઈને મનમાં બહુ જ બળતો હતો. અર્જુન ઉપર બહુ જ દ્વેષ રાખતો હતો. પાંડવોએ એક દિવસ બહુ જ મોટો ભારે મહાયજ્ઞ કર્યો હતો. અગણ્ય સંખ્યામાં રાજાઓ આવ્યા હતા. તેથી પાંડુપુત્રોની બહુ જ ભારે થઈ તેથી દુષ્ટ દિલવાળો દુર્યોધન દાઝતો હતો. જ્યાં ધર્મનું વાતારવણ હોય ત્યાં વિજય જ થાય છે એ પ્રમાણે બધાં જ વેદોશાસ્ત્રો કહ્યા કરે છે. અધર્મી લોકો જે યશ કીર્તિ લે છે તે તો તેને ચારે વેદના ભેદને દંભથી પ્રચાર કરીને ખોટા રૂપો ઘટાડીને લે છે. ધર્મીજનો દિલમાં સદાય દયાને ધારીને સદાય સત્યનું આચરણ કરે. ક્યારેય મુખેથી જુઠ્ઠું તો કરે નહિ, ને કરાવે પણ નહીં.

ભૂમિ ઉપર ધર્મરાજા કહે છે. સૌ સ્ત્રીપુરુષ કાયમ માટે શ્રીકૃષ્ણનો તથા રામના મંત્રના જાપ કરો. ભજન કરો ત્યારે બધાં જ લોકમાં પાંચ ભાઈ પાંડવોની કીર્તિ ગવાય છે. વખાણ થાય છે. તેનાથી પાપી હરામી જોઈ સાંભળીને મનમાં બળતા દાઝ્યા કરે છે. આ રીતે પાંડવોની કીર્તિ સાંભળીને દેવોના શત્રુ દુર્યોધન એક દિવસ પાંડવોની સભામાં આવ્યો તે સભામંડપ મયદાનવ દૈત્યે માયાવી રીતે બનાવેલો તેથી તે ભ્રાંતિમાં પડી ગયો. ભોંઠો પડ્યો તે બધા વાતને જાણતા હતા. સભામંડપની વાત પ્રસિદ્ધ જ હતી. તે મંડપ જ્યાં છે તે ઇંદ્રપ્રસ્થ પાંડવોની રાજધાની છે તે નગરી પાંડવોએ જ બનાવેલી છે. એમની જ કહેવાય છે. આવી રચના કોઈનાથી ન જ બને. કળાકારીગીરીથી ખંડોમાં સુંદર નંગો જડેલાં છે. તેથી સુંદર ભૂમિ લાગે. રંગબેરંગી બનાવેલી હતી. તેથી હે રાજન ! તે જોઈને ભ્રમ થઈ જતો હતો. તેથી બહુ જ સુંદર અલૌકિક સભામંડપ કર્યો હતો. તેનાથી પૃથ્વી ઉપર બહુ જ પ્રસિદ્ધિ થઈ તે જ જગ્યાએ પાંડવે સુંદર સભાની રચના કરી હતી. નર અને નારીજનો અનંત આ સભામંડળને જોવા માટે આવતાં હતાં. જોઈને બુદ્ધિવાળાં મનુષ્યો વખાણ કરતાં હતાં. આવી કીર્તિની વાત સાંભળીને દુષ્ટમતિ અસુર દુર્યોધન જ્યાં ધર્મરાજ ધર્મસભા કરતા હતા. ધર્મ પ્રમાણે વર્તતા હતા ત્યાં આવ્યા ત્યારે તે શોભાના ઘટાટોપને જોઈને જોનારનાં ચિત્તને ખેંચતી હતી.

તે મંડળની રચનાની શોભા સજાવટ બધી પંચરંગી ભાતની કરેલ. તેથી રંગો ચળકતા હતા. તેજ ઝળ કમળક ઝબકતું હતું. જાણે સૂર્યને ન ગમતું હોય તેમ ચમકતા જોઈને બધા જ ખલકી જાય તેવું વાતાવરણ એવું ચળકેલું કે જાણે વિજળી ચમકતી હોય. જાણે ચંદ્રમાનો આકાર ગોઠવેલો હોય જાણે કસુંબલ વસ્ત્ર ચળકતું હોય. જાળીઓ જડેલી તે જાણે જરિયાંન જડેલી ન હોય. ઉલેચો ઝળકતા હતા. બિલારી કાચ બહુ જ સંખ્યામાં લગાડેલા હતા. તેનાથી લોકોનાં પ્રતિબિંબને ખેંચતાં હતાં. મિનાકારી કામ કરેલું હતું. ચોંટાડેલાં પચરંગી નંગો શોભતાં હતાં. તે જોઈને કામદેવ પણ મોહ પામી જાય તેવું હતું. સ્ફટિકના હારો શોભતાં હતાં. સ્થિર થાંભલાઓ ઝળકતા હતા. નાટક નાચ વગર જ પ્રકાશમય ચળકતું ને સુખમય વાતાવરણ અતિ સુંદર લાગતું હતું.પક્ષીઓનાં પચરંગી ચિત્રો ચિત્રિત કરેલાં હતાં. પ્રતિબિંબ સાચો ઝળકાટ કરતાં હતાં. તેથી નજરને ખેંચતાં હતાં. મોટા મહારાજાઓનાં ભાન ભૂલાતાં હતાં. તેનાથી દુર્યોધનને બહુ જ ભારે ભ્રમ થયો. દુર્યોધન દ્વિધામાં પડ્યો ત્યારે ચિત્તમાં વિચાર કર્યો તોય જળમાં સ્થળનો ભ્રમ, સ્થળમાં જળનો ભ્રમ થતો હતો. પગરખાં ઉતારીને ચાલતો હતો અને વસ્ત્રને અધ્ધર કરેલાં હતાં. તેનાથી પરિશ્રમ બહુ જ થયો તે જોઈને પછી પગરખાં પહેરી લીધાં અને વસ્ત્રોને નીચે ઉતારી ચાલતા હતા. લીલા કાચના જેવું જ પાણી લાગતું હતું. તે ધીરે રહીને જુવે

તો જ જણાય. જમીન જેવું જ લાગતું હતું. જળમાં સ્થળનો ભ્રમ થતો હતો. તેથી જળમાં પડ્યો તેઓની કરણીને સૌ જોતાં હતાં અને જરિયાંન વસ્ત્રો અને કાનનાં કુંડળ ખસી ગયાં. માથે મુગટ પહેરેલો તે ખસી ગયો. આવું દૃશ્ય જોઈને રાણીવાસનાં સૌ હસ્યાં. જ્યારે દુર્યોધન જળમાં પડ્યો ત્યારે એના વાળ વિખરાઈ ગયા હતા. વસ્ત્રો વિખરાઈ ગયા અને પલળી ગયા હતાં. ત્યારે દ્રૌપદી, ભીમ આદિક સૌ એની હાંસી મશ્કરી કરતાં હતાં. તે એને સાંભળ્યું ભોંઠો પડ્યો સર્વના ભયને હરનારા ભગવાન શ્રીકૃષ્ણે સૌને સાન કરીને હસાવ્યા. આંધળાના પુત્ર પણ આંધળા જ હોય છે. કેમકે આંખેથી પાણીયે ન જોયું. આ રીતે દ્રૌપદીએ કહ્યું તે સાંભળીને દુર્યોધને વિચાર કર્યો હવે ધર્મરાજને ધરાશાયી કરવો છે. આ રીતે વિક્ષેપનાં બીજ વાવીને જોયું ત્યારે તે મનમાં બહુ જ ક્ષોભ પામ્યો હતો.

તે ભ્રષ્ટમતિ દુર્યોધન ભ્રમમાં પડ્યો. પાણીમાં પડ્યો એટલે એની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ માનભંગ થયો. દુ:ખનું મૂળ કળિરૂપ દુર્યોધન ક્લેશનો સર્જક, નાશ કરવાનો વિચાર કરીને કપટનું ફંદ કરીને પાછો વળી ગયો. તે મંદમતિ તે શ્યામળુ મુખ કરીને સભામાંથી રાજા પોતાના મગજમાં પાપના ભારથી વેરઝેરથી બળતો પોતાના પિતાની પાસે જઈને બધી વાત કરી એના સો ભાઈઓએ વાત સાંભળીને બહુ જ ક્લેશ પામ્યા. પાસાં રમવાની રમતમાં હોંશિયારી કરીને કપટ કરીને જીતી લઈશું અને એમનો બધા જ ભોગો સુખો સંપત્તિને કપટથી મેળવી લઈશું. પાસામાં છેતરીને શુન્ય કરી દઈશું. એમનું રક્ષણ કરનાર કોઈ નહિ રહે આપણે પાસાં રમવામાં બહુ જ હોંશિયાર છીએ. લાખો કરોડોના પાસાં નાંખવામાં પાવરધા છીએ. સાજસહિત સ્ત્રીનું કાર્ય કરવા હોંશિયાર છીએ. એમની સાથે દાવ કરીને હારજીત કરીને એક તરફી કરીને ધર્મરાજા પાસેથી બધું જ પડાવી લઈશું. આમ નક્કી કરીને પિતાને કહે તે પાંડવો ભાઈઓને તેડાવો. આમ વાત કરીને દુ:શાસન હસીને બોલાવવાનું કહેતો હતો. તે ધર્મરાજા સત્યવાદી છે. ધર્મને આધારે રહેલા છે. ધર્મ કહેવાય છે. માટે પિતાજીના નામે પત્ર લખીને મોકલ્યો. આ પત્ર સાંભળીને નાના ભાઈઓ આવે ત્યારે એમની સાથે જેમતેમ કરીને પાસામાં જીતી લઈશું. આ બધી કાયાકપટ અમે જાણીએ છીએ. તેથી એમને જીતીને બધી સંપત્તિ સમૃદ્ધિ પડાવી લઈશું. અને નિષ્કંટક અખંડ રાજ્ય કરી દઈશું અને પાંડવ ભૈયોને વનમાં વાસ કરાવી દઈશું. આમ પોતાના પુત્રોનો એક મત સાંભળીને દુષ્ટ સત્યમતથી પાંડુપુત્રોને પ્રીતપૂર્વક કપટથી તેડાવ્યા. તે પત્ર રાજાએ લખાવ્યો. રાજાના નામે. છળ કરીને અતિ દુષ્ટતા કરીને બોલાવ્યા. પૃથ્વી ઉપર ધર્મને દઢતાથી ધારનાર ધર્મરાજા અર્જુન મહાકાય ભીમ નકુલ અને સહદેવ તે બધાય આવીને અંધરાજા ધૃતરાષ્ટ્રને શીશ નમાવીને પગે લાગ્યા. આ સાચો ધર્મ કહેવાય છે. કહે, પિતાજી શા કારણે અમને બોલાવ્યા છે. આપની પાસે આવ્યા છીએ. આપ જે કહેશો તે અમે કરીશું તે વાત સત્ય જ છે. આ રીતે ધર્મરાજનું વચન સાંભળીને અંધ ધૃતરાષ્ટ્ર છળકપટથી કહેતા હતા. ધૃતરાષ્ટ્ર કહે છે, હે પુત્ર ધર્મરાજા ! મારા મનની વાત જે છે તે કહું છું. તમે તો આ પૃથ્વી ઉપર ધર્મને ધારીને રહેનારા દઢધર્મવાન કહેવાઓ છો અને પાસાં રમવાની ચોપાટ રમતમાં તમે બહુ જ હોંશિયાર કહેવાઓ છો મારે તો આંખો નથી તેથી જોઈ શકતો નથી. તોય જોવાનું મન તો થાય છે પણ પરાધીન છું. મારામાં કોઈ જાતનો પક્ષપાત તો છે જ નહિ તે વાત સાચી જ કહું છું. હારજીતની નવી રીતથી રમત રમાવાની છે. તેમાં દુર્યોધન, શકુનિ દુ:શાસન કર્ણ સાથે રમશે માટે આપ મારી વાતને સાંભળીને ખેલ તૈયાર કરેલો છે તે રમાવાનું કરો.

આવી રીતે પીતાની આજ્ઞાત્મક વાત સાંભળીને અજાત શત્રુ ધર્મરાજા યુધિષ્ઠિર મહારાજને પાસાંની રમતનું વ્યસન હતું. તેથી સાજ સજીને તૈયાર કરીને બાજી કરવામાં બહુ જ રાજી થઈને રમવા લાગ્યા. પાજીની સાથે ઝાઝી પ્રીત કરીને જીતવાનું ચાહે છે તેથી હરખ પામતાં હજાર કે લાખ કે કરોડો પણ નાંખવાની તાન લાગી ત્યારે દુષ્ટોએ અનીતિની રીત કરીને જીત કરવાનું મનમાં નક્કી કરેલ તેથી ધર્મરાજા જીતે તોય બધા જ હાર્યાનું જ બોલતા હતા. બધાય જ મંત્રીઓ ચંડાળ ચોકડી હતી. એનામાં વિશ્વાસ લાવેલા હતા ને રમતા હતા. ધર્મરાજ યુધિષ્ઠિર પાસાંના દાવમાં લાખ કરોડ ખર્વની સંખ્યા હાર્યા. આટલું ધન ખોયું. જગતનાં પાપી લોકો કહેતાં હતાં કે દુર્યોધન જીતી ગયો. એમ દુષ્ય સમાભાઈઓ કહેતાં હતાં. રમતમાં ચિત્ત ચકચૂર થઈ ગયું હતું. ત્યારે પોતાનું શરીર વગેરે પત્ની દાવમાં મુકીને તથા તેની ફરી ખેલવા લાગ્યા. એમાં પણ ધર્મરાજા હરી ગયા. ત્યાર પછી ચૌદ વર્ષ મહાવનમાં ભટકવાનું પોતાનાં રાજપાટ તજીને વનમાં જવાનું આવું પણ નક્કી કરીને દાવમાં રમ્યા અને તે પણ ધર્મરાજા હારી ગયા. તેથી એમની લાજ જતી જ રહી. આ રીતે ધર્મરાજા ધન શરીર પત્ની સહિત ઘરબાર બધું જ હારી ગયા અને શત્રુઓ આઝાદ થઈ ગયા ત્યારે બધા જ ભાઈઓ અરસપરસ પરવશ થઈને જોતા હતા. જેમ ગાય કસાઈને ઘેર જઈને પરવશ થઈ જાય તેમ પાંડવો પરવશ થઈ ગયા.

આનંદસિંહ રાજાએ પ્રવિણતાથી દરિયાવખાનની ઉત્પત્તિ માટેના પ્રશ્ન પૂછ્યા હતા. તેનો ઉત્તર અયોધ્યાપ્રસાદજી મહારાજે નવો જ ઈતિહાસ કહ્યો તેને સાંભળીને રાજા બહુ જ રાજી રાજી થયા. આવી રીતે પાંડવોની લક્ષ્મી સમૃદ્ધિને તથા કીર્તિને જોઈને ભ્રષ્ટમતિવાળા દુષ્ટ તે રાજા બહુ જ લોભાયો હતો તે છેતરીને જીતીને રાજી થયા. ધર્મરાજા બધું હારી ગયા એ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે આ ચરમીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં ગુરુવર્ય અવધપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં દુર્યોધનનો માનભંગ કર્યો. તેમાં દ્યુત રમત રમ્યા તેનું વર્ણન કર્યું તે પચીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૫॥**

## તરંગ-૨૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! પાંડવો પોતાની બધી જ સંપત્તિ હારી ગયા. ત્યાર પછી કેવો સમય પ્રસાર થયો. કેવું વાતાવરણ થયું. તે નવીન સારો ઈતિહાસ જે બન્યો હોય તે સાંભળવાની મારા મનમાં ભાવ થાય છે તો કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! પવિત્ર બુદ્ધિવાળા તમે સાંભળો. જ્યારે ધર્મરાજ મહારાજ જુગટુમાં હારી ગયા ત્યારે પૃથ્વી ઉપર ધર્મરાજનું નામ હતું પણ હર્યા પછી બધાં જ હથિયારો પડાવી લીધાં. અને પૃથ્વીના પતિ એવા પાંચે પાંડવ ભાઈઓ દુર્યોધનને આધિન થઈ પરાધિન બન્યા. દુર્યોધને દુતને બોલાવ્યો કહ્યું કે રાણીવાસમાંથી દ્રૌપદીને બોલાવીને લઈ આવ, દૂતપાંડવ પત્નીની પાસે ગયો કહે ચાલો તમને સભામાં બોલાવે છે તેથી જલદી વેગથી સભામાં ચાલો. દુર્યોધન તમને તેડાવે છે. કેમકે પાંડવો પોતાનું રાજ્ય ધનસંપત્તિ બધું જ હારી ગયા છે. પછી પત્ની સાથે દાવ કર્યો તે પણ ધર્મરાજા રમ્યા તે પણ હારી જ ગયા છે. ત્યારે આ રીતે સાંભળીને દ્રૌપદી સુંદર રીતે કહે. સભામાં અબળા સ્ત્રી રાંક હોવાથી નથી આવતી.

હું અત્યારે નારી ધર્મમાં છું એટલે ન આવી શકું. ત્યારે દૂત પાછો આવ્યો તેણે જે જોયું, સાંભળેલું તે આવીને બધી વાત જણાવી દીધી. વિસ્તારથી વાત કરીને કહ્યું કે તે નારી રજોધર્મમાં છે તેથી ન આવી. આવી રીતે દૂતે વાત કરી ત્યારે લગારે વિચાર કર્યા વગર ક્રોધ કરીને દુશાસન દોડતો થકો ગાળો બોલતો દ્રૌપદી રજોધર્મમાં હતી ત્યાં ગયો. જોરથી લાત મારી ડારો કરીને ગાળો દીધી. ત્યારે તે નારી પૃથ્વી ઉપર પડી ગઈ બહુ જ કાલાવાલાં વિલાપ કરીને વિનવણી કરતી હતી. એક જ વસ્ત્રને ધારેલી હતી તે પૃથ્વી ઉપર પડી હતી ત્યારે દુઃશાસને માથાંના વાળ પકડીને ઠસડીને લઈ ગયો. રજસધર્મમાં હતી તોય ખેંચીને સભાની વચમાં લઈને આવ્યો. નીચ કર્મ કર્યું ત્યારે નારી પોકાર કરી કરીને રોતી હતી. બહુ જ વિલાપ કરીને ચોધાર આંસુથી રોતી હતી. પાંચે પતિઓ પોતાની આંખે જોતા હતા. દ્રૌપદી બહુ જ વિલાપ કરે તોય નીચું મુખ કરીને સત્યને વશ થઈને શૂરવીર બેઠા રહ્યા હતા.

પછી ભીષ્મપિતાને જોઈને તથા દ્રૌણગુરુને જોઈને સપ્રમાણ વચનો કહીને પાંડવની પત્ની દ્રૌપદી બહુ જ વિનયથી રૂદન કરીને કહેતી હતી. તમે બધાંય ધર્મનું ઓથું ધારીને સભા વચ્ચે બેઠા છો તોય અનીતિ કરીને અબળા સ્ત્રીને સભાની વચ્ચે લાવ્યા છો આ વાત ઉચિત નથી. સભામાં યોગ્ય ન કહેવાય. શોભા ન કહેવાય. તમે તો મોટા ગુરુ છો તે જોઈને કાંઈ ખ્યાલ જ નથી થતો. મને સભા વચ્ચે તેડાવીને દુષ્કૃત્ય કર્યું છે. તમને ધિક્કાર છે. બધાય સભાસદો દુર્યોધનની ઈચ્છા પ્રમાણે જ વર્તનારા હતા અને સર્વે દબાયેલા હતા. એટલે કાંઈ બોલતા કે ડોલતા જ ન હતા. નીચું મુખ કરીને જોતા જ હતા. જેમ સિંહના ટોળાં વચ્ચે ગાય અકળાય તેમ સભામાં દ્રૌપદી બહુ જ અકળાતી હતી. દ્રૌપદીની રાય કોઈ સાંભળો, વિચારો આમ કહેતી હતી. દ્રૌપદી જ્યારે અતિશય રૂદન કરતી હતી ત્યારે એ જાણીને દુર્યોધન તાન કરીને બોલતો હતો કે પ્યારી દ્રૌપદી તારા બધાય પતિ હારી ગયા છે. તેથી કોઈ બોલે તેમ નથી. માટે હવે તો તું આવીને મારી જાંઘ ઉપર બેસ તો તારું બહુ જ રૂડું થાય તેમ છે. આ કહ્યા પ્રમાણે કરે તો તને બધી જ સ્ત્રીઓ કરતાં વધારે સુખ મળશે. તને બધાં કરતાં વધારે સુખ આપીશું. તું મારું કહ્યું માન. ત્યારે તે દુર્યોધનનાં વચનો સાંભળીને નારી દ્રૌપદી મુખેથી વાણી કહેતી હતી. મુરખ દુર્યોધન અજ્ઞાની સાંભળ હું તો તારી જાંઘ ઉપર નહીં જ બેસું પણ તારી જંગા ઉપર તો ભીમની ઘોર ગદા બેસશે ત્યારે ખ્યાલ થશે.

હે પ્રપંચી ! સ્ત્રી ઉપર લંપટ થયો છે. અનેક ફેલકતુર કરે છે ધર્મનો ભંગ કરીને અધર્મ કરે છે એ બરોબર નથી. આમ મહા કટુવાણી સાંભળીને તે મંદમતિ દુર્યોધન મુખેથી ઘોર વાણીથી બોલતો આનંદ કરતો હતો. ભાઈ દુઃશાસન આનાં વસ્ત્ર તે તું ખેંચવા માંડ. આને લાજ વગરની કરીને સ્ત્રીને દુઃખ દેવાનું કર. પાંચ પાંડવ આપણું કાંઈ કરી શકે તેમ જ નથી. તે તો અત્યારે બધાય આપણને અધિન થયા છે. રંચ માત્ર ન બોલે. આ રીતે દુર્યધોનનાં વચન સાંભળીને દુઃશાસન દોડીને આવ્યો તેને જોઈને દ્રૌપદી બહુ જ બૂમો પાડીને બોલતી હતી. ઉંચે સ્વરે રૂદન કરતી હતી. કહેતી હતી કે ક્યાં મારા પતિ ભીમ ક્યાં અર્જુન ગયા. ક્યાં ગયા ધર્મરાજ કૌરવ કુળના નાથ ક્યાં ગયા નકુલ અને સહદેવ ક્યાં ગયા. કોઈ સાથ આપતા જ નથી. આ રીતે સ્ત્રી દ્રૌપદીની અતિ આર્તવાણી સાંભળીને સારી રીતે જાણનારો ભીમ બહુ જ અતિ આકરો તો થયો. બહુ જ અકળાયો પણ કરે શું. બંને હાથની હથેળીને બહુ જ ઘસે. પોતાના હોઠને દાંતથી દબાવે. અતિ આકળો થાય. જાણે વિકરાળ કરવા આવ્યો હોય ને શું તેમ ઉંચા ઉંચા નિઃસાસા નાંખતો હતો. ક્રોધમાં આખું શરીર ધ્રૂજતું હતું. અંગો બધા થરથર ધ્રૂજતાં હતાં. આવી રીતે ભીમે કઠોર ક્રોધ કર્યો જેમ શેષજી થર્કત કરે ને આખી પૃથ્વી

ધણધણી જાય તેમ લાગતું હતું. જ્યારે ભીમે કોપકર્યો ત્યારે શૂરવીરની ભ્રૂકુટિ પણ ભ્રમમાં પડી જાય. જેમ સિંહનાં જુથો તાકાત કરતાં હોય તેમ જણાતું હતું. એક જ ક્ષણમાં આખી પૃથ્વી જાણે સાર જેવી થઈ જાય, ભીમે ગદાને હાથમાં ધારણ કરી. જાણે આખા કુરુરાજાનો નાશ ન કરવાનો હોય તેમ તૈયાર થયો. આપણી પ્રતિજ્ઞા ગઈ એમ વિચાર્યા વગર કામ કરવા તૈયાર થવા લાગ્યો. ત્યારે ધર્મરાજ મુખેથી મધુરવાણી કહેતા હતા. સાંભળો. હે ભાઈ ! અત્યારે વધારે પડતા અધીરા નથી થવાનું. મહા શૂરવીર પૃથ્વી ઉપર ધર્મમર્યાદા ધારવાની છે તે પ્રમાણે રહેવાનું છે. તમે કોપ કરીને ધર્મનો લોપ કરો છો. તેથી પૃથ્વી ઉપર અધર્મનો અતિ વધારો થાય. માટે અત્યારે આપણે કાંઈ કરવાનો લાગ જ નથી. માટે ભીમ વિચાર કરીને પગલાં ભરવાનો વિચાર કરો. ઉતાવળા ન થાઓ. જ્યારે ભગવાન આપણી સદાય સાથે હોય ત્યારે આપણાથી સુખેથી બધાં જ કાર્યો સરલતાથી થાય. અત્યારે જુગટુ ચોપાટ રમ્યા તે સમાજમાં લાજ શરમની વાત થઈ છે. આવી રીતે વાત સાંભળીને જે કોઈ પાસાંની રમત રમશે તેનું બધું જ ધનનો નાશ થઈ જાય છે. તે જ તેને દુઃખ દેનાર થાય છે. બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. આ રમતો તો મલિન જ છે. કુડ કપટની જ વાત છે.

આ રીતે મોટાભાઈ યુધિષ્ઠિરની વાત સાંભળીને ભીમને કાંઈક શાંતિ થઈ. ભીમના બળની કાંઈ સીમા જ ન કહેવાય પણ ધર્મને આધિન થઈને કાંઈ કરી ન શક્યા. આ રીતે ભીમની વાત કહી દીધી. હવે દુર્યોધનની વાત કહું છું. જ્યારે પારકી નારીની છેડતી કરે છે ત્યારે તેનાં આયુષ્ય કીર્તિ લક્ષ્મી સર્વનો નાશ થઈ જાય છે. બુદ્ધિનાશ પામે છે. બધાં શુભ કાર્યો નાશ પામે છે. ધર્મનો દ્વેષ કરીને દુઃશાસનને કહેતો હતો. વધારે વિલંબ ન કરીશ. આનાં કપડાં ખેંચવા માંડ. હે વીર ! આનાં કપડાં કાઢી લે ત્યારે દુઃશાસન ધીરજ ધરીને દ્રૌપદી પાસે ગયો. દુઃશાસન પાસે આવ્યો ત્યારે તે દુષ્ટ કર્મ કરનારો કહેવાયો. બધાં જ મનુષ્યો ઉભા રહીને જોતાં જ હતાં પણ સભાસદો કોઈ કાંઈ બોલતું જ ન હતું. ત્યારે વિકર્ણ અતિક્રોધ કરીને સામે કહેતો હતો. આ રીતે નીચ કાર્ય કરવું તે તે યોગ્ય ન કહેવાય. આ તો રાજ્ય કહેવાય. તોય તમે આ સ્ત્રીની લાજ લો છો તે યોગ્ય નથી જ થતું. તે તો કુળનો નાશ કરનાર અને નિંદિત કર્મ કહેવાશે. માટે આવી દુષ્ટ કર્મની આજ્ઞા શા માટે કરો છો તે વિચારો. રાંક નિરાધાર સ્ત્રીની આજે કોઈ લાજ નથી લેતું તો આના શિર ઉપર સમર્થ પાંચ પાંડવપતિઓ છે. તેથી તેઓ તો બધાનો સમુળો નાશ કરશે. આ બિચારી તો દાસની માફક રહેલી છે. બિચારીને સત્યધર્મપરાયણ વિરો ધીર ધારીને બેઠા છે. મણિધર હોય તે ફુફાડા કરે અને ભય પમાડે તેમ ભીમસેન ભયાનક વાતાવરણ કરતો હતો. તે જ્યારે લાગ આવશે ત્યારે બધાંનાં પ્રાણની ખબર લઈ લેશે.

હે કુલનું પાલન કરનારા દુર્યોધન મહારાજ ! આપ વિચાર કરીને પાંડુ કુમારોની પત્નીની લાજ લેવાનું કરો છો તે યોગ્ય નથી કરતાં. માટે તેનાથી રોકાઓ તો સારું. ભાઈની પત્ની છે. તો બહેન સમાન છે. તે જગતમાં નિંદા પાત્ર બનશે. માટે લાજ લેવરાવવામાં લોભ રાખશો તો અંતે તો આપના માટે નર્કવાસ તો રહેવાનો જ છે. માટે વિચારો. કોઈની કહેલી વાતને કાનેથી સાંભળીને દુર્યોધન એ વાતને માનવા તૈયાર ન જ થયો અને કહે તું નાના મોંઢે ઉપદેશની વાતો કરવા આવ્યો છે. મૂઢ આમ હવે તું જ જોઈને દુર જતો રહે અથવા તો તને જ મારવો પડશે તું તો કુળમાં કલંકરૂપ થયો છે. કેમ કે હવે તો મને તારા ઉપર શંકા થવા માંડી છે. ખળતા કરીને મારી સાથે રોજ ખેલ કરીને મારી સાથે રાજકારણ કરીને મંદબુદ્ધિવાળો થઈને હારેલાને ઉત્કર્ષ કરીને મોટા કહે છે. તો તું કુળનું નિકંદન કરનારો થયો છે. વિકર્ણઅ કર કહ્યુ જ્યાં હરિ અને હરિજનની નિંદા થતી હોય તે સાંભળે તો તેના શિર ઉપર પાપનો દોષ લાગે છે. પોતે બળવાન હોય તો શિક્ષા કરે. રોકે

અથવા તો ત્યાંથી દૂર ખસી જવું એ જ શાસ્ત્રનો મત છે. ત્યારે વિકર્ણને તે દુર્યોધને બહુ જ ગાળો દીધી તેથી તે વિચાર કરે કે મેં શિખામણ આપી પણ કાંઈ અસર ન થઈ અત્યારે સમય જ વિકૃત છે એમ જાણતો હતો.

જ્યારે તે દુષ્ટ દ્રૌપદી પાસે આવ્યો ત્યારે દ્રૌપદીએ પાસે આવેલો જોયો. પોતે મનમાં વિચાર કર્યા કે શ્રીહરિ વિના મારું હવે કોઈ છે જ નહીં. મારી મદદ કરવા અત્યારે કોઈ આવે તેમ નથી. એ રીતે બીજાની કોઈની આશા નહિ રાખીને, કોઈનો વિશ્વાસ નહિ રાખીને, મનમાં કેવળ ભયને હરનારા શ્રીકૃષ્ણને સ્મરતી હતી. હે પ્રભુ ! હું આપની અનન્ય દાસી છું. માટે હે પ્રભુ ! મારો આપત્તિનો સમય વિચારીને મદદ કરવા પધારો. હે પ્રાણાધાર ! અત્યારે બધા દુષ્ટો મળીને મારી લાજ લૂંટવા માટે તૈયાર થયા છે. માટે હે પ્રાણાધાર ! મારે તો કાંઈ છે જ નહીં પણ મારી જગ્યાએ તમારી જ લાજ જશે. માટે જરૂર મદદે પધારો. મારા પાંચે પતિઓ અત્યારે પરવશ છે. કેમકે તેઓ સત્યવાદી છે. માટે હે પ્રભુ ! આપ મારી પાસે નહિ આવો તો તમારી જ લાજ જવાની છે. હે દિનાનાથ ! હું આપની દાસી છું. આપના ચરણનો આશ્રય રાખેલો છે. તેથી જ્યારે મારી જગતમાં લાજ જશે ત્યારે તમારી જ મર્યાદાની ઉપહાંસિ થશે. માટે પ્રભુ લાજ રાખવા પધારો હે મહાપ્રભુ ! આપ મારા શિર ઉપર છત્રરૂપે વિરાજો છો, એવા સર્વના સાહેબ ધણિ શિરતાજ છો. એમના ભક્તનાં કોઈ દુષ્ટ નામ પણ કેવી રીતે લઈ શકે. આમ કહીને તે દ્રૌપદી રૂદન કરીને પછી પ્રભુમાં પંચાળી પ્રીત કરીને ધીરજ ધારીને પ્રેમદા હરિનાં ચરિત્રનું ચિંતવન કરતી હતી અને પ્રભુનું સ્મરણ કરતી હતી.

હે પ્રભુ ! આપના ભક્તજનને જ્યાં જ્યાં ભીડ પડી ત્યારે ત્યારે ભયહારિ આપ ત્યાં ત્યાં તરત જ આવીને ભક્તજનોને સહાય કરી છે તો મારી સહાય કરો. હે પ્રભુ ! આપે જ્યારે હિરણ્યકશિપુને માર્યો ત્યારે વિલંબ નહોતો કર્યો. જ્યારે કંસને તેના વાળ પકડીને નીચે પાડ્યો અને માર્યો ત્યારે વિલંબ નહોતો કર્યો. જ્યારે રોમાસુર (ભસ્માસુર)ને ભમાવ્યો ત્યારે પણ વિલંબ નહોતો કર્યો. જ્યારે ભૌમાસુરને મારીને રાજાઓને છોડાવ્યા ત્યારે વિલંબ નહોતો કર્યો. તત્કાળ જઈને માર્યો હતો. જ્યારે કાળીય નાગને નાથ્યો ત્યારે વિલંબ નહોતો કર્યો, તો હે પ્રભુ !મારી સહાય કરવા કૃષ્ણ કરુણાનિધાન વિલંબ કરવાનું શું કારણ છે. જરૂર પધારો. જ્યારે ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો ત્યારે પણ વાર નહોતી કરી. જ્યારે દસ મસ્તક રાવણને માર્યો ત્યારે મહામોટી ધાંધલ મચાવી હતી તથા જ્યારે ધનુષને ભાંગ્યું તથા પીળાં વસ્ત્ર કેડે બાંધીને દોડ્યા હતા ત્યારે વિલંબ નહોતો કર્યો. જાનકીની જીવનરક્ષા કરી હતી તથા પ્રહ્લાદની રક્ષા કરવા પ્રગટ થયા. થાંભલો ફાડીને પ્રગટ થયા એવી રીતે હે પ્રભુ ! આ વખતે મારી સહાયે કેમ નથી આવતા. આજે મારી લાજ લેવાય છે તો વહેલા પધારી લાજ રાખો. હે પ્રભુ ! આપ ખૂબ જ ભોજનપાણી કરીને પલંગ ઉપર પોઢ્યા હશો. લક્ષ્મીજી આપના ચરણચંપી કરતાં હશે. તેથી પોતાના ભક્તદાસના ત્રાસની વાત ક્યાંથી સંભળાય. આસપાસ લીલામાં લીન થયા હશો, તેથી હે ગરીબનિવાજ પ્રભુ ! શું આપના ભક્તને ભુલી ગયા છો. મારી અરજને કાનથી સાંભળજો. સેવકની રક્ષા કરવા વાર ન કરતા. હે કૃપાનાથ સુખ સય્યાનો ત્યાગ કરીને દાસની રક્ષા કરવા માટે જલદી પધારી કૃપા કરજો. આવી રીતે પ્રાર્થના કરીને દ્રૌપદીની આર્ત પ્રાર્થના સાંભળી તરત જ ઝબકીને ભગવાન સફાળા જાગ્રત થયા. ગરૂડ ગરૂડ ક્યાં ગયો. મારોગરૂડ આમ જાણે ભગવાન અતિ ઉતાવળા થયા હતા.

પાંડુપુત્રો યુધિષ્ઠિર આદિ પાસાંની રમત રમ્યા તેમાં ધન શરીર રાજ મકાન મિલકત સ્ત્રી સહિત બધું જ

હાર્યા તેથી દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચવા માટે સભામાં દુઃશાસન બળજબરીથી લાવ્યો. પીડા આપી. દ્રૌપદીએ બહુ જ વિલાપ કર્યો તથા ભીમે ભયાનક બહુ જ ક્રોધ કર્યો. બહુ જ અકળાયો. આવી રીતે આ શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે છવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહરાજાના સંવાદમાં દ્રૌપદીએ વિલાપ કર્યો તેનું વર્ણન કર્યું એ નામે આ છવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૬॥**

# તરંગ-૨૭

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ગુણના સાગર પ્રભુ કામદેવના મદને હરનારા ગરુડગરુડ કહીને મુખકમળને શોભાવતા થકા પ્રફુલ્લિત હૃદયવાળા કામદેવને દમવા ધ્યાન કરતા હતા. એવા શ્રીકૃષ્ણ પ્રભુએ દ્રૌપદીની સહાય કેવી રીતે કરી તે તથા દુષ્ટ સભાની વચ્ચે બધાંને જોતાં પ્રભુએ દ્રૌપદીને વસ્ત્ર પૂરાં કર્યાં એ બધી વાર્તા વિસ્તારીને કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદસિંહ રાજન ! ધરાનું શાસન કરનારા ધર્મનું પાલન કરનારા તમને ધન્ય છે. પ્રભુનાં ચરિત્રોમાં પ્રીત કરીને પૂછો છો તે બધી જ વાર્તા વિસ્તાર કરીને તમને સુંદર રીતે કહું છું. કમલનયન મૂર્તિ પ્રભુ એકદમ ઝબકીને જાગી ગયા. ઘનશ્યામ પ્રભુ હૃદયમાં એકદમ ઘા થયો કે ભક્તની પીડાને લીધે મસ્તક ઉપર મુગટે ભુલી ગયા. શરીરનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત ધારણ કરી મનમાં બહુ જ અકળાયા. મારા ભક્તને બહુ ભીડ પડી છે. દ્રૌપદી મને બહુ જ સંભારે છે. આમ કહીને પ્રભુજી પોતાના નિવાસથી અતિ ઉતાવળા દોડતા થકા આવતા હતા. શયનમાંથી જાગ્યા. તેથી મુખ ધોયા વગર કે જળપાન કર્યા વગર જ આકુળવ્યાકુળ થઈને પોતાના અનન્ય દાસની આર્તનાદને સાંભળીને દોડતા આવ્યા. જ્યારે ગરૂડને આવવામાં વાર લાગી ત્યારે પ્રભુ પૈદલ જ પૃથ્વી ઉપર દોડવા લાગ્યા ત્યારે શ્વાસમાં ગરમ શ્વાસ આવવા લાગ્યો જાણે કે ખળ અને દુષ્ટના યુદ્ધનો નાશ કરવા જ પધારતા હતા. પ્રભુ પક્ષીરાજ ગરૂડની પીઠ ઉપર બેસીને આવે છે એમ દુષ્ટજનોને વક્રમૂર્તિ રૂપે દેખાતા હતા. મારા ભક્તજનોને દુષ્ટો તમે દુઃખ દો છો. તેથી તમે પૃથ્વી ઉપર ભાર કરનારા છો. મહા ખળ ધૂતારા છો એટલે જ આવું છું. જ્યારે હરિ ક્રોધ કરીને વાંકું વાંકું બોલતા હતા ત્યારે સાગરો અને બ્રહ્માંડ ખળભળવા લાગ્યાં. મોટા મોટા પહાડો હાલક ડોલક થવા લાગ્યા. શેષ પણ હલચલ કરતા હતા. મોટા મોટા દિગ્ગજો ગડગડી ગયા તથા દિગપાલોની દિશાઓ હલબલી ગયાં. લોકો ભાગાભાગ કરવા લાગ્યાં. આવી રીતે મુનિના સ્વામી પ્રભુ અકળાયા. મહા કઠોર કડડાટના શબ્દો થતા હતા. મહાયોગી સદાશિવ પ્રભુ પણ ધ્યાનમાંથી જાગી ગયા. દેવોનું રાજ સ્વર્ગ પણ ફરફરવા લાગ્યું. જેમ સાગરની વચમાં ઝાઝ ડોલે તેમ ડોલતાં હતાં. આવી રીતે બધાં જ બ્રહ્માંડમાં ગોળાર્ધમાં બધું જ ડોલતું હતું. હલબલતું હતું.

જ્યારે નાથ આવતા હતા ત્યારે વાતાવરણમાં આવું થતું હતું. પોતાનું વિમાન જલદીથી ઉડાવીને ભગવાનને આવતા જોઈને તે દુષ્ટોને ભયાનક જ લાગતું હતું. ગરૂડ પક્ષી મનના વેગથી ચાલતું હતું એમ નાથ આકાશના માર્ગ ઉપર ચાલતા હતા તેથી મનને પ્રસન્ન થયેલું જાણતાં હતાં. પ્રભુ આવ્યા. તેને દુષ્ટો અને ભીડ પામેલાં જોતાં હતાં. તે જ સમયે દુશાસન દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચતો હતો. ત્યારે દ્રૌપદીની ધીરજ જતી રહી ને નેત્રોમાંથી

આંસુ વહેવા લાગ્યાં. તે સમયે મહાદુઃખનું બહુ જ રૂદન કરતી હતી અને પ્રભુ અનંત વસ્ત્રો લાવ્યા એવી રીતના પ્રભુએ દર્શન દીધાં. મલિન મનવાળા તે દુષ્ટો પાપીઓ દેખતાં જ ન હતાં. પ્રણતપાલ પ્રભુ તો આકાશમા જ સ્થિર થયા હતા. તેને પાંચાલી દ્રૌપદી દેખતી હતી. દુઃશાસન દુષ્ટ દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચતો હતો. પ્રભુ દ્રૌપદીનાં વસ્ત્રો પુરતાં હતાં. દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર જેમ જેમ ખેંચ્યાં તેમ તેમ પ્રભુ પુરતી કરતા જ રહ્યા. અપાર વસ્ત્રો પૂર્યાં. જાણે લોભીના લોભનો થોભ જ ન હોય. હનુમાનનું પૂંછ જેમ જરૂર પડે તેમ તેમ વધતુંજ જાય તેમ પ્રભુએ વસ્ત્રોની પૂર્તિ કરી. જેમ કલ્પવૃક્ષનું કોઈ પદાર્થ ખૂટતું જ નથી. વધતું જ રહે છે તેમ દ્રૌપદીનાં વસ્ત્રો પણ વધતાં જ ગયાં. દુષ્ટ વસ્ત્ર ખેંચી ખેંચીને થાકી જ ગયો. સભાની વચમાં કપડાંનો મોટો ઢગલો થયો. બધાં કપડાં નવી નવી ભાતનાં અસખ્ય સુંદર હતાં. તે જોઈને સભાસદનાં જાણવામાં આવ્યું કે કોઈક વસ્ત્રોની પૂર્તિ કરી છે. કોને પૂર્યાં આ આશ્ચર્યમાં બહુ જ ચકિત થયાં. બધાં અદ્‌ભૂતતા જાણીને ખૂબ જ રસવાળું જાણતાં હતાં. આવી રીતે પ્રભુનો અપાર પ્રતાપ જોઈને બધાં જ અસુરો તો સાવ મનમાં ભોઠાં પડી ગયાં. ભીષ્મ આદિ તથા દ્રૌણાચાર્ય બધાય મોટા હોવા છતાં પુત્રપ્રેમનાં બંધનમાં આંધળાં થયાં લગારે કાંઈ જોઈ જ ન શક્યા. ઘણા લાંબા સમય સુધી વસ્ત્ર ખેંચ્યા જ કર્યાં. બહુ જ તોડ્યાં તોય ન ખૂટ્યાં. લગારે ઓછાં તો થયાં જ નહિ. લગારે શરીર ઉઘાડું તો ન જ થયું તોય અકલમંદને કાંઈ જ્ઞાન તો થયું જ નહિ કે જેની વહારે સાક્ષાત્ પ્રભુ જ આવ્યા છે એને કોણ પહોંચે. અનેક વસ્ત્ર તો ધારેલાં ન હતાં. તે નિરખીને જોવું જોઈએ. વધારે તો નથી ધારેલો ને ? આવી રીતનાં ભીષ્મનાં વચનો સાંભળીને બધાં વિચારમાં પડી ગયાં. બધાની મતિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. તેથી બધાની લાજ તો જતી જ રહી. બુદ્ધિ નાશ પામી.

શ્રીપ્રભુએ જ આ બધું કામ કર્યું છે એમ જોઈને ભક્તના શરણાગત વત્સલ સર્વના સુખસાગર પોતાનું બિરૂદ ગરીબો નિવાજ, ગરીબના બેલી પ્રભુએ, વસ્ત્ર પુરીને સભામાં સર્વની વચમાં પોતાના ભક્તની લાજ સાચવીને રક્ષા કરી. પૃથ્વી ઉપર ભક્તજનોની ભીડ ભાંગનારા ભગવાન હરિ પોતાના ભક્તનાં વચનોને સત્ય કરવા પોતે પ્રભુ પણ ભક્તની ભાવનાને પૂર્ણ કરનાર છે. ભક્તનાં કાર્યો કરીને રાજાધિરાજ પ્રણત પ્રતિપાળ પાછા ફરીને ભક્તનાં સુખ જહાજ થઈને સુખ કર્યાં. ત્યારે તે અંધ ધૃતરાષ્ટ્રથી દ્રૌપદી નગ્ન ન થઈ શકી. આવી વાત જાણી ત્યારે એને થયું કે મને કદાચ દ્રૌપદી શ્રાપ દેશે તો બધું જ જીવન રાખમય થઈ જશે. ભષ્મ કરી નાંખશે. આવો ભય થયો. ત્યારે તરત જ ભય સાથે દ્રૌપદીને પોતાની પાસે અંધે બોલાવી. તેડાવીને કહે હે પુત્રી મારા પ્રિયપાણ પ્યારી તમે હવે રાજી થઈ જાવ. મનમાં કાંઈ રોષ ન રાખશો. અમે તમારી ઉપર રાજી થયા છીએ. તો તમારે જે માંગવા હોય તે પ્રિય વરદાન માંગો. અમે તમને વર જરૂર દઈશું. મારા પુત્રો વાળા છે. એટલે યુવાની અવસ્થા મદથી મારું માંન્યું જ નહિ. મેં ઘણો બોધ કર્યો પણ ન જ માન્યો. માટે હવે મારાં વચનને ઉરમાં ધારીને તમે ક્રોધ ન રાખશો. શાંત થઈને રહો. હું તમને કહું છું કે તમે તમારે જો કાંઈ માંગવું હોય તે માંગો. તમને પ્રિય જાણતું હોય તે માંગો. તમે તો મારાં દુહિત્રિ છો. તેથી જરૂર દઈશું જ. આ અમારી વાત સાવ સાચી જ છે. દ્રૌપદી કહે છે, હે તાત ! તમારી પાસે માંગું ખરી પણ જો તમે સાચા દિલથી બોલ્યા હોય અને સાચું કહેતા હો તો મારા પતિઓ અસ્ત્રશસ્ત્રની સાથે તમારા બંધનમાં ન રહે એને મુક્ત કરો.

આમ કીધું તે જાણીને વર આપ્યો. એમ જાણીને દ્રૌપદી પોતાના પાંચે પતિઓની સાથે ત્યાંથી ચાલતી થઈને પ્રભુના ચરણકમળનું સ્મરણ કરી ગયાં. પછી પાંચે પાંડવ મહાઘોર વનમાં ગયા. ત્યાં બહુ જ કષ્ટો પીડાઓને એને સહન કર્યાં. દ્રૌપદીની સાથે નિર્ધાર કરીને ભારે વિચરણ કરતા હતા. વનમાં બહુ જ કષ્ટ

જણાતું હતું ત્યારે શ્રીહરિ કૃષ્ણપ્રભુ રક્ષણ કરતા હતા. ત્યાર પછી એક વર્ષ પરાધીનતામાં વનવાસના ત્રાસને સહન કરીને વિતાવ્યાં. વચન પ્રમાણે પૂર્ણ કર્યા. વનવાસ પુરો કરીને પાછા આવીને પાંચે ભાઈઓનો ભાગ બલવીર પ્રભુ બહુ જ આગ્રહ પૂર્વક માંગતા હતા તોય દુષ્ટ દુર્યોધન પોતાના ભાઈની સાથે દુષ્ટ રીતે માનતો જ ન હતો. કહેતો હતો કે યુદ્ધ કર્યા વગર તો સોયની અણી જેટલી પણ જગ્યા નહીં મળે. તમે ધારો તોય હું નહીં જ આપું. માટે અમને મારીને પછી તમે તમારી ઇચ્છા પ્રમાણે લઈ લેજો. યુદ્ધ કર્યા વગર તમને લગારે પૃથ્વી મળશે જ નહિ. અમે આપીશું જ નહિ માટે આ વાત શિરની સાથે જ જંગ કરીને લ્યો પાંડવો તમે જીતો તો જ તમને મળે તેમ છે. ત્યારે પાંડવો શ્રીકૃષ્ણ પ્રભુ પાસે જઈને પ્રીતથી બધી જ વાત કહી દીધી કે યુદ્ધ કર્યા વગર તે દુષ્ટો કોઈ રીતે માનવા તૈયાર જ નથી તો આપ કહો તેમ કરીએ. કૃષ્ણ પ્રભુએ યુદ્ધની વાત નક્કી કરીને ભૂમિનો ભાર ઉતારવાનો નિર્ધાર કર્યો પછી બંને દળો તૈયાર થયાં. લડાઈ માટે કુરુક્ષેત્ર નક્કી કર્યું. જેટલાં લોકો યુદ્ધમાં મૃત્યુ પામે તે સ્વર્ગમાં મુક્તિ પામે એવું આ સ્થળ જોઈને તે બંને દળો પ્રેમથી ત્યાં ગયાં. હે રાજન ! દુર્યોધનની કૌરવ પક્ષીની અગિયાર અક્ષોહિણિ હતી અને પાંડુ પક્ષની સેના સાત અક્ષૌહિણિ સેના હતી તે બંને લડતાં હતાં. હે રાજન ! અઢાર દિવસ સુધી મહાદારૂણ ભીષણ યુદ્ધ થયું. તેનો વિસ્તાર તમને જાણવા માટે વિસ્તારીને કહું છું.

પ્રભુએ દ્રૌપદીનાં ચિર પૂર્યા એ સભામાં આવીને પ્રભુએ પૂર્ણ કર્યું એ પ્રસિદ્ધ છે. ભક્તજનના ત્રાસને હરનારા પ્રભુએ પોતાનું નામ સત્ય કર્યું. દુષ્ટના અભિમાનને તોડી નાંખ્યું. મહાભારતનું યુદ્ધ પ્રારંભ કરીને કુરુક્ષેત્રમાં યુદ્ધ કર્યું. આ રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે સત્યાવીશમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં દ્રૌપદીનાં વસ્ત્રોની પૂર્તિ કરી અને કુરુક્ષેત્રમાં મહાભારત યુદ્ધ પ્રારંભનું વર્ણન કર્યું એ નામે સત્યાવીશમો તરંગ થયો. ॥૨૭॥**

# તરંગ-૨૮

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! બધી જ સેનાઓ શૂરવીર હતી અને યુદ્ધ કરવામાં ક્યારેય અધિરાઈ કરતા ન હતા. બધાય દઢતાથી લડતા હતા. એવા બહાદુર યોદ્ધાઓ લડવૈયાનાં નામ કહું છું. આ બાજું દુર્યોધનના સૈનિકો અને સામે પક્ષે પાંડવોના પ્રસિદ્ધ લડવૈયા બલવીર સૈનિકો ક્રોધ કરીને લડાઈ કરી બંને પક્ષમાં લડવૈયા ઝઝુમતા હતા. ભીષ્મપિતા અને દ્રૌણાચાર્ય બે મહાસેનાધિશો તથા કર્ણ અને વિકર્ણ બંને બલવીરો દ્રોણાચાર્યનો પુત્ર મહાભયંકર યોદ્ધો હતો. જયદ્રથ પણ મહાભયંકર વીર હતો તથા શૈલી યોદ્ધાઓ મહાન હતા તથા ધૃતરાષ્ટ્ર અંધના પુત્ર એકસો લડવૈયા હતા. કર્ણ આદિક મહા રણસંગ્રામમાં લડવામાં ઉભા રહે તેવા હતા. હાથમાં અસ્ત્રશસ્ત્રને ધારણ કરીને સામાં દોડે તેવા હતા. રથીઓમાં અતિરથી મહારથી આદિક હતા. બધાં સૈન્યો થઈને કૌરવમા અગિયાર અક્ષૌહિણિ સેના હતી તે બધી દુર્યોધનના પક્ષની અધર્મ પક્ષની સેના હતી. પાંડવ પુત્રોનાં સૈન્ય દળો તો પ્રસિદ્ધ હતાં. તેમનાં નામ કહું છું એક તો યોદ્ધાઓમાં કમલનયન શ્રીકૃષ્ણ મહાસમર્થ બીજા ગાંડીવધારી મહાન ધનુધારી અર્જુન, મહા ભયંકર શુરવીર ભીમ હતો. જેના બળનો કોઈ અંત જ ન આવે તેવો મહાન હતો. નકુલ અને સહદેવ મહાસૈનિકો તથા વીર અભિમન્યુ

મહામદ યોદ્ધો કહેવાય. બીજો હિડંબા પુત્ર ઘટોત્કચ મહાન યોદ્ધો વીરવર સાત્યકી મહાન યોદ્ધો દુષ્ટદ્યુમ્ન મહાનધીર છે. એ આદિક સાત અક્ષૌહિણિ એ ધર્મરાજના દળના વીરો છે. હે આનંદરાજા ! અંકની સંખ્યાનો વિવેકપૂર્વક વિચાર કરીને જોઈએ તો સમજણ પડે તેથી પ્રીત કરીને વાત સમજાવું છું. એકવીસ હજાર આઠસો એંસી હાથી ઉપર, એકવીસ હજાર આઠસો રથીઓ પાંસઠ હજાર છસો ચાલીસ ઘોડેસવારો, ત્રણ લાખ અઠ્યાવીસ હજાર બસો પાયદલ સૈનિકોના પ્રમાણનું કવિજનો વર્ણન કરે છે. બધી જ સંખ્યા સુંદર રીતે ગણતરી કરવાથી અઠ્યોતેર લાખ છોંતેર હજાર આઠસોની સંખ્યા થાય છે.

આવી રીતે એક અક્ષૌહિણિના પ્રમાણે અઢાર અક્ષૌહિણિની સંખ્યા કહી તે સેના રણસંગ્રામ (યુદ્ધ)કરવા સૈનિકો તૈયાર થયા. કવચોને ધારણ કરીને અસ્ત્રશસ્ત્રને ધારણ કરીને વીરરસનાં ગીતો ગાતા થકા ગર્જનાઓ કરતા ભયંકર શોરબકોર કરતા અતિ ભયંકર નાશ નિશાન ફરકતું હતું. આવી રીતે કોઈ ડરતાં જ ન હતાં. શૂરવીર દળો બંને પક્ષનાં શૂરાતન કરતાં હતાં. પાંડવ અને કૌરવ પક્ષનાં અઢાર અક્ષૌહિણિ વિરની સેના તૈયાર થઈને ઉભી હતી. અઢાર દિવસ સુધી મહાભયંકર ઘોર યુદ્ધ થયું. અતિભયંકર સંગ્રામ થયું હતું. લડવામાં જે જે સૈનિકો સામસામા લડતા હતા તેના નામ કહું છું. મહાભયંકર યોદ્ધા એવા ભીષ્મ પિતામહ દશ દિવસ સુધી યુદ્ધ કરતા જ રહ્યા. અનેક મહાયોદ્ધાઓનો નાશ કરી દીધો. ભીષ્મ પિતા ઘાયલ થયા. ત્યાર પછી દ્રોણાચાર્યે પાંચ દિવસ સુધી પ્રચંડ યુદ્ધ કર્યું. પાંડુના સૈન્યનો મહાવિનાશ કર્યો. હે રાજન ! જ્યારે દ્રોણાચાર્ય નાશ પામ્યા ત્યારે સેનાપતિ કર્ણ થયો એણે મહાકઠોર બે દિવસ સુધી યુદ્ધ કર્યું. મહાયોદ્ધાઓ અનેક કપારત ત્યારે તે સંગ્રામમાં લોહીની નદી વહેતી હતી એવું ભયાનક યુદ્ધ થયું. આ સમયે યુદ્ધ થતું હતું ત્યારે દેવતાઓ જોતા હતા ત્યારે શુરવીરોના પુત્રો શુરવીરોની સ્વર્ગમાં ગતિ થતી. જ્યારે કર્ણનો નાશ થયો ત્યારે શલ્ય સેનાપતિ થયો તે અર્ધો દિવસ સુધી યુદ્ધ કરીને પોતાના પ્રાણ છોડી દીધા ત્યાર પછી દુર્યોધન જ પોતે સુકાન સંભાળીને દ્વંદ્વ યુદ્ધ કર્યું. અડધો દિવસ મહાઘોર યુદ્ધ કર્યું. ભીમની સાથે લડવાનું મન ભાવ્યું. અતિક્રોધ કરીને ગદાયુદ્ધ કર્યું. તેમાં ભીમથી ભીડાયો હે રાજન ! ત્યાર પછી મહાયુદ્ધમાં પ્રાણ તજીને ગયો. ભીમની ગદા જાંઘ ઉપર વાગી પ્રાણ ત્યાગી દીધાં. અતિ ધમાલ યુદ્ધ કરીને અંધનાં પુત્રોને ભીમે દુર્યોધનના સોએ સો ભાઈઓને માર્યા. એક પણ ભાઈ ન રહી શક્યો. બધા નાશ પામ્યાં. ભીમે પોતાની ટેકને સાચી રીતે પૂર્ણ કરી. દુઃશાસનને જ્યારે જોયો ત્યારે યુદ્ધમાં લાગ જોઈને ગર્દન ઉપર ગદા મારી ગર્દન ઉરથી ભુજાઓને ઉંચી ઉપાડીને પછી દુઃશાસનની જંઘા ઉપર ગદા મારીને ફાડી નાંખીને તેના લોહીને પીધું. દેવોએ આકાશમાર્ગ ઉપરથી યુદ્ધના વાતાવરણને જોઈને હાહાકાર કરતા હતા. આવી રીતે પાંડવ કૌરવનું અતિ ભારી મહાભારતનું યુદ્ધ થયું.તેમાં પાંચ પરમસિદ્ધો પાંડવો જીત્યા. તેની શ્રીકૃષ્ણ પ્રભુએ સહાય કરીને બહુ જ મદદ કરીને અંધનાં એકસો પુત્રનો નાશ કર્યો અને પાંચ પાંડવોને પ્રભુએ જીવતા રાખ્યા. ધર્મરાજાને શિર ઉપર છત્ર સ્થાપન કર્યું. રાજ્યની અભિલાષા પૂર્ણ કરી. રાજ્યને નિષ્કંટક કરી નાંખ્યું. શાંતિનું સ્વતંત્ર રાજ્ય કરી દીધું. ધર્મને ધારણ કરીને ધર્મરાજા રાજ્યની ગાદી ઉપર વિરાજ્યા. ધર્મરાજા ધર્મને ધારીને લોકોની સેવાનાં અને રક્ષાનાં કાર્ય કરે છે.

જ્યારે દ્રૌપદીજીના વસ્ત્રો દુષ્ટ દુશાસન ખેંચતા હતો ત્યારે વિકર્ણે જે વાત કરી તેના પ્રતિકારમાં વિકર્ણને મહાભ્રષ્ટ દુષ્ટ દુર્યોધને ગાળો દીધી ત્યારે તે વિકરણ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ત્યારે કાનમાં શબ્દો ગયા તે કલ્પાવનારા હતા. જાણે હવે બધાનો અંતકાળ આવ્યો છે. મંદબુદ્ધિના દુષ્ટો તો ન જ સુધર્યા અને પોતાના પક્ષને પ્રમાણિત કરીને પાપકાર્ય કર્યું. કોઈ પ્રકારના હેતુ પ્રયોજન વગર હેતની વાત કોણ કહી શકે દુષ્ટોની

સભાની બીચમાં બધાનાં વિરોધમાં વિકર્ણ પક્ષ રાખીને બોલ્યો. ભીષ્મ પિતા, દ્રોણાચાર્ય મૌન બેઠા રહ્યા. કેમકે દુર્યોધનના ભયને લીધે કાંઈ બોલ્યા જ નહિ. પણ વિકર્ણ તેનો ભાઈ હતો તો પણ સત્ય બોલ્યા તેને શું ફળ થશે આમ ધર્મરાજાએ પ્રભુ કૃષ્ણને પૂછ્યું. ત્યારે તે પ્રશ્ન સાંભળીને પ્રભુના મનમાં આનંદ થયો શ્રીકૃષ્ણ કહે હે રાજન્ ! એને જે ફળ થવાનું છે તે સાંભળો. જે જન હરિના ભક્ત જાણીને પક્ષ રાખે છે તેને કાળકર્મ બંધન કર્તા નથી. બ્રહ્મહત્યા આદિક અપાર પાપો કર્યા હોય તોય ભગવાનના ભક્તનો પક્ષ રાખવાથી બધાં નાશ પામે છે. નિષ્પાપ થઈને મારાં ધામને પામે છે. આમ સર્વ શાસ્ત્રો વેદો પુરાણોના આધારે સંતો મુનિઓ ગાયા જ કરે છે. હવે એના મનમાં રાજકાજની કોઈ આશાઓ રહી હોય તે કહું છું. હે રાજન ! હવે તે મોટો પૃથ્વીનો માલિક રાજા થવાનો છે. વિકર્ણ રાજા થઈને મોટા ભોગવિલાસને ભોગવશે. પછી દિવ્ય શરીર ધારીને મારા દિવ્યધામમાં આવશે. આ રીતે શ્રીકૃષ્ણ પ્રભુએ ભવિષ્યકાળની વાત કહી દીધી. જ્યારે હું ફરીથી રાજી થઈને અવતાર ધરીને આવીશ.ત્યારે સર્વ કળાઓથી પૂર્ણ પુરુષોત્તમ સંતસમાજની સાથે મારાં દર્શન કરીને તરત જ પરિવાર સહિત મુક્તોની સાથે ભળી જશે. આવી રીતે શ્રીકૃષ્ણ પ્રભુના મુખે વાત સાંભળીને પાંડવ સૈનિકો નિસંશય થયા. પ્રભુએ બધું જ સાચું કહીને સમજાવ્યું. આવી રીતે વિકરણના મોક્ષની વાત સાંભળીને પ્રભુને વારંવાર ચરણકમળમાં વંદન કરતાં હતાં. આટલું કહીને શ્રીકૃષ્ણ પ્રભુ ત્યાંથી પોતાના સ્થાને પધાર્યા. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના રાજકાર્યમાં જોડાયા. આવી રીતે પાંડવોની યશકીર્તિ આખા જગતમાં ફેલાઈ ગઈ. કાયમ માટે જગતમાં એના ગુણને લોકો ગાય જ કરશે.

હે આનંદ રાજન્ ! હવે વિકર્ણના જીવનના ઈતિહાસની વાત કહું છું. તેને તમે આનંદ ઉત્સાહથી સાંભળો. તે બીજા જન્મે પૃથ્વી ઉપર મોટો રાજા થયો. સુખપૂર્વક રાજકાર્ય કરતો હતો. તેનું પુણ્યવાળું નામ (પાત સાહ) બાદશાહના નામથી કહેવાતો હતો. એની ઉપર છત્ર ચમરને ધારણ કરતો હતો. અનેક પ્રકારના મહાભોગોને ભોગવતો હતો. એ સમયે એને કોઈ સંત ભક્તનો યોગ ન હતો. તેથી તે અતિ ઉન્મત્ત થયો. રાજાની સત્તા પ્રાપ્ત થવાથી રાજાનું મદ આવ્યું. બધાં શાસ્ત્રો અને મુનિજનો કહે છે કે યુવા અવસ્થામાં તરુણિ સંગ થાય. અને પોતાનાં પ્રિયજનો સતત વખાણતાં હોય. તેનાથી તેની ચિત્તવૃત્તિ સ્થિર નથી રહેતી. આખો દિવસ દુરજનોની સાથે વ્યવહાર રહે. તેનાથી મદ્યપાન આદિક બહુ જ વ્યસનો દૂષણો જીવનમાં આવે. પોતાના જીવન ભવિષ્યનું કશું જ સુજે નહીં. એક દિવસ તે બાદશાહ પોતાના અમાત્યો, પરિવારજનો, સેના, પેદળ, હાથીદળના રસાલા સાથે ફરવા નીકળ્યા. અતિ ઉમંગ ઉત્સાહથી ફરતા હતા. રાજાએ પોતાના વિજય માટે જાતજાતના દાવ ખેલે છે. લડાઈઓ કરે છે. આવા ભૂમિપતિ રાજાને અનેક લોકો વખાણ કરીને પાણી ચડાવતા હોય છે. તે બાદશાહ શિકાર કરવા વિચરવા નીકળ્યો ત્યારે તોપો ફુટતી હતી. તેનાથી ધરણિ ધમકતી હતી. શૂરવીરના ફોડેલા ગોળા ધમકતા હતા. તે ગોળ ફરતા ફરતા જતા હતા. અનેક લોકોના મોત કરતા હતા. રાજાના કિલ્લે જઈને તે ભટકાતા હતા. તે ગોળા છૂટીને સહાય કરતા ફરતા હતા. પ્રચાર કરતા હતા. તેના અવાજો સિંહને કંપાવતા હતા. તે ગોળા ઉંડે સુધી પહોંચતા હતા. જાણે વિપત્તિ કરતાં જતાં હતાં. જેની ઉપર ઘા કરવામાં આવે તેનો ઘાત કરે છે. જે ગોળાને સામે આવે તેને ચીરી નાંખે છે. રાતદિવસ જીવજંતુઓને મારતો જ રહે છે. અનંતને મારે. આ રીતે તે વીર શિકાર કરવા સિંહની શોધ કરતા જતા હતા ત્યારે નજરમાં હરણાં આવ્યાં. આમ રમતાં રમતાં મૃગયા કરવા માટે અમદાવાદ શહેરની નજીકમાં મોટું જંગલ આવેલું હતું. તેમાં નદીના કાંઠા ઉપર જંગલમાં દધિચી ઋષિનો

આશ્રમ આવ્યો તથા વૃક્ષોનું ઝુંડ હતું. બેલીઓનો મોટું કુંજ બનેલું હતું.

તે વનમાં વૃક્ષો વેલીઓ ઉપર ભમરાઓ ગુંજારવ કરતા હતા. નજીકમાં જ સુંદર સાબરમતી નદી શોભતી હતી. ચારો ચરાવનારાં પશુપાલક લોકો નદીની નજીકમાં રહેતાં હતાં. નદીમાં પાણી બહુ જ વહેતું હતું. તેના કાંઠા ઉપર વનમાં આશ્રમની નજીકમાં મૃગનાં મોટાં ટોળાંઓ રહેતાં હતાં. તે આશ્રમમાં ઋષિ રહેતા હતા. તે દિવ્ય દેહવાળા નજરે જોઈ શકાતા ન હતા. એવા સમર્થ હતા. ત્યાં આવીને અહમદ બાદશાહે શિકાર કર્યો. માછલાંઓને મોટી ઝાળ નાંખીને પકડાવ્યાં. અનેક મૃગોનો પણ વધ કર્યો. પક્ષીઓ માર્યાં અને આશ્રમની નજીકમાં જ મદિરાપાન કરીને કેફ કર્યો. બહુ જ બખાળ કર્યા. ઘોર અવાજ સાંભળીને મુનિ જાગી ગયા. ધ્યાનભંગ થયા અનેક જીવોને મારેલાં જોયાં. આ બધું જોઈને ઋષિને ક્રોધ આવી ગયો. નેત્રો લાલ થઈ ગયાં. હાથ કંપવા લાગ્યા. હોઠોને દાંતમાં દબાવતા હતાં. જાણે વિકટ કાળ ન આવ્યો હોય. શરીર કાંપતું હતું. થરથર થતું હતું. પરજીવોને પીડેલાં જોઈને મુનિવર અધિરા થઈ ગયા. મારા આશ્રમના આશ્રયે રહેનારાં પ્રાણીઓ અને પક્ષીઓને આ અસુરોએ આવીને મારીને પ્રાણ લીધાં છે. મારી લગારે મર્યાદા ન રાખી. પાપ કર્યું. આમ જાણીને બહુ જ ક્રોધ કર્યો. દુષ્ટને શ્રાપ આપતા હતા. દુષ્ટે મહાઘોર પાપ કર્મ કરેલ છે. બરોબર નથી. આ બધાં અમારો આશ્રય કરીને રહેલાં હતાં. તેનો તમે નાશ કર્યા છે. માટે સહાય કરનારા સેવકો સૌને કુળપરિવાર સાથે બધાં જ પૃથ્વી ઉપર ભયાનક ભૂતયોનિને પામો. આ તમારા માટે યોગ્ય શિક્ષા કરું છું. તમારું નામ જગતમાં પ્રસિદ્ધિને પામેલું હોય તે જાણું છું. ફેલ કરનારા બહુ ભારે તોફાન કરનારા પ્રેત થઈને બહુ લાંબા સમય સુધી બહુ જ કષ્ટ પીડાને પામો. અપાર દુઃખ પામો. અસુરોએ ઋષિનો શ્રાપ સાંભળીને જાણી લીધું.

તે બાદશાહ ઋષિના ભયંકર શ્રાપને સાંભળીને ગભરાઈને બહુ જ અકળાતો હતો. કેમકે જગતમાં સૌ કોઈ દધિચિ ઋષિને સારી રીતે જાણતાં હતાં. તેથી તે બાદશાહ શાંત મનવાળો થઈને નેત્રમાં આંસુ લાવીને ગદ્‌ગદ્‌ કંઠથી પ્રાર્થના કરતો હતો. દંડવત્‌ કરતો હતો. દિલગીર થઈને વિનંતી કરતો હતો. હે તપસ્વી મહારાજ ! હું આપની કૃપાથી બાદશાહની પદવીને પામ્યો છું. તોય રીતભાતનો ત્યાગ કરીને વિચાર્યા વગર જ અતિ ખરાબ કૃત્ય મારાથી થયું છે. કેમકે યુવાનીનું મદ બીજું રાજસત્તાનું મદ તેનું અભિમાન બહુ જ આવી ગયેલ. તેના કારણે જ હે મુનિવર ! આવું કૃત્ય કરીને હું આપનો મહાન અપરાધી થયો છું. એ જ કારણે મારી ઉપર કૃપા કરીને મને આપે બહુ જ સુંદર શિક્ષા કરેલ છે. કેમકે શિક્ષા કર્યા વગર જગતમાં સ્ત્રી, પશુ અને ગમાર શિક્ષાને પાત્ર છે. માટે હે મુનિવર ! આપ મને આપનો દિન સેવક સમજીને કાંઈક સુખ થાય એવો ઉપાય કરો તો સારું કેમ કે મેં આપને ઓળખ્યા જાણ્યા વગર અપરાધ કર્યો છે. જાણીને કાંઈ આપને પરેશાન કરવા નથી કરેલ. હે મુનિવર ! વિપ્રવર તો સદાય દિલના દયાળુ હોય છે પણ મારો ક્ષણિક જેટલો ક્રોધ તે મોટો બોધજ્ઞાન આપવા માટે જ છે. ઋષિરાજ આપ તો જ્ઞાનના દાતા છો તો હવે કાંઈ મારા માટે સુખનો ઉપાય સમજાવો. તે પાતશાહની વાતને મુનિવર્ય સાંભળતા હતા અને તેને ગરીબ મનવાળો અતિ દુઃખ પામેલો જાણીને પોતે મુનિ દયાળુ હૃદયવાળા થઈને તે ગુમાનીનાં પાપને દૂર કરવા શ્રાપ દીધો. તે બાબતે કહેતા હતા કે બાદશાહ સાંભળ. મારો શ્રાપ તો ક્યારેય ખોટો નહિ જ થાય પણ તારા માટે તે આ શ્રાપ સુખ આપનારો જ છે. એટલા માટે તારી ઉપર દયા કરીને કહું છું. તારે નિશાચરતો થવાનું છે. ભૂત થઈને રાજકાજના સાજની સાથે રહેવાનું છે. જગતમાં જાણ થશે ત્યારે આની અવળી અસર થશે. તે બધું જ ઘોર ભયંકર રાજનું વાતાવરણ

થઈ જશે.

તારું નામ દરિયાવખાનના નામથી જગનાં લોકો કહેશે. અંધકારમય તે ઘુમ્મટનું નામ છે તેમાં જઈને રહો ને ત્યાં તમારું સ્થાન કરજો. તમારી પાસે જાણીને કોઈ આવશે જ નહીં. અને કોઈ જોર કરીને આવશે તો ત્યાંથી કોઈ જીવતો પાછો નહિ આવે. બધું જ રાજકાજ રીત તો ભૂત સાથે રહીને જ કરવાની બધે ફરવાનું જગતમાં બધાં ફંદો કરવાનાં એવામાં તમારાં બધાના કલ્યાણ થાય તે માટે મારો તમારી ઉપર અનુગ્રહ કૃપા છે. અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર ધર્મસ્થાપન કરવા જીવોનો ઉદ્ધાર કરવા જીવોના નરનારીજનોનાં ભવદુઃખને હરવા કલ્યાણ કરવા પધારશે. સહજાનંદ સ્વામી પ્રગટ થઈને અધર્મનો ઉદ્ધાર કરવા માટે પધારશે ત્યારે તે સહજાનંદ સ્વામી મહાપ્રભુ સંતોની સાથે તમને મળશે ત્યારે મારા શ્રાપ થકી મુક્તિ મળશે. ધ્યાન કરનાર ધ્યાનીજનોનાં ધ્યાનમાં ન આવનારા એવા મહાપ્રભુ ગુણાતીત સર્વગુણોથી પર ગુણના સાગર પ્રભુ તમોને મળશે. એ મારું વચન સત્ય જ છે એમ જાણજો. આવી રીતે પૂર્વજન્મમાં વિકર્ણ હતો કે પાંડવોનો પક્ષ લીધો તે પુણ્યના પ્રતાપે પૂર્વનું બીજબળ પ્રગટ થયું છે. તેથી પૃથ્વી ઉપર હવે ભગવાન પ્રગટ થશે. તે પ્રભુના ચરણમાં વંદન કરજે. પુણ્ય ઉદય થશે. મારા શિષ્યો આ મારા શ્રાપને નહિ જાણે. એવો તારી ઉપર અનુગ્રહ કરીને કહું છું. ભયને હરનારા પ્રભુ ભૂતયોનિમાં પ્રગટ રૂપે મળશે અને એમના પ્રતાપથી તારો ઉદ્ધાર કરશે.

હે રાજન્ ! આટલું કહીને તે દધિચિ ઋષિ હરિની પ્રેરણાથી પાપને હરી લેવાનું વચન કહીને અતિશય મોટાં વરદાન દઈને મૌન રહ્યા. આ રીતે વાર્તા કરીને સમજાવ્યું. હે રાજન્ ! તે બાદશાહ મુનિનો સુંદર કૃપા વાક્યરૂપ અનુગ્રહ સાંભળીને બહુ જ રાજી થઈ ગયા. કારણ કે સંતોની સાથે પ્રભુ અધમ જીવોનો ઉદ્ધાર કરવા પધારશે તે મને મળશે. આમ આનંદ થયો. પછી કેટલોક સમય ગયો. ત્યાર પછી બધાંય ભયાનક ભૂત થયાં તેને જગતનાં મનુષ્યો સૌ જાણતાં હતાં. બધાં બહુ જ વખાણ કરીને વાતો કરતાં હતાં કે અનંત ભુતો સાથે બાદશાહ રાજકાજ કર્યા કરે છે. તે બાદશાહ પોતાનું સ્થાન ભયાનક અંધારા ગુમઝમાં રહે છે. ફોજ કરીને ચારેબાજુ ફર્યા કરે છે ને રાજ્યનું કાર્ય કરે છે. આ રીતે વતો થતી હતી તેને કેટલોક સમય વીતી ગયો. ઘણા સમય પછી અક્ષરધામાધિપતિ સહજાનંદ સ્વામી સંતગણની સાથે પધાર્યા. તે જોઈને દરિયાવખાન પ્રભુ પાસે આવીને પ્રભુના ચરણકમળમાં વંદન કર્યા અને જે દધીચીઋષિએ વચન કહ્યાં હતાં. તેના આધારે પ્રભુ મળ્યા અને પૂર્વજન્મનું બીજબળ જોઈને દયાળુ મહાપ્રભુએ તે પ્રેતોની શુભગતિ કરી દીધી અને ભૂતયોનિના બંધનથી મુક્ત થઈને બદ્રિધામમાં ગયાં. વાતને જગતનાં લોકો બધી જ પ્રસિદ્ધ થયેલી છે તે જાણે છે. સૌ નરનારીજનો પરંપરામાં જાણે છે જે, શ્રી સહજાનંદ સ્વામીએ દરિયાવખાનનો આ વારે સારી રીતે ઉદ્ધાર કરીને તારી દીધો. દ્રૌપદીને ભગવાનનાં ભક્ત જાણીને એમનો કૌરવસભામાં પક્ષ લઈને વિરોધ કર્યો હતો તે વિકર્ણ પોતે જ દરિયાખાન શાપથી થયો હતો. તે વાત સૌને જાણવા યોગ્ય છે. આવી રીતે અધમ ઉદ્ધારણ જેમનું નામ છે. જેમને વેદો પુરાણો કાયમ ગાયા જ કરે છે. તેને શ્રી સહજાનંદ સ્વામીએ સાચી કરી દીધી. આ વખતે પૃથ્વી ઉપર પ્રગટ થઈને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો. અધમ એવા જે ભૂતગણ પૃથ્વી ઉપર નિંદિત થતાં હતાં તોય પ્રભુએ કૃપાદૃષ્ટિ કરીને ઉદ્ધાર કર્યો એવા શ્રી

સહજાનંદ સ્વામી મહાપ્રભુના નામની વારંવાર બલિહારી છે. હે રાજન્ ! તમે જે દરિયાવખાનની વાર્તા પૂછી હતી તેની પૂર્વકથાની સાથે ઇતિહાસનું વર્ણન કરીને તમને કહી દીધી. આ રીતે આ વાર્તા પુરાણોમાં પ્રસિદ્ધ જ છે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુના અમાપ પ્રતાપની વાર્તા સાંભળીને આનંદસિંહ રાજા મનમાં બહુ જ રાજી થયા. અધમમાં અતિ અધમ જીવને નીચયોનિમાંથી ઉદ્ધારીને ભગવાને જન્મમરણનાં બંધનમાંથી મુક્ત કરી દીધાં. આનંદરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! હવે આપ ચિતડાંને ચોરનારા ધર્મનંદન મહાપ્રભુ પૃથ્વી ઉપર અવતાર ધરીને કયાં કયાં સ્થળે વિચરણ કર્યું તે બધાંય ચરિત્રો કહેવા કૃપા કરો.

કૌરવસભામાં વિકર્ણ શુરાતાન કરીને પરાક્રમ કર્યા તેનું વર્ણન કર્યું. પ્રીતપૂર્વક વરદાન પ્રાપ્ત કર્યું. પૃથ્વી ઉપર રાજા થયો. શિકાર કરવા ગયો ત્યાં બહુ પાપો કર્યા તે વાત બધી કરી. દધિચી મુનિનો શ્રાપ થયો વિકર્ણ રાજાએ ઋષિને આજીજી કરી. તેથી વરદાન દીધું તે વાત વર્ણન કરી એ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે અઠ્યાવીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં દરિયાવખાનની ઉત્પત્તિ તથા ઋષિનો શ્રાપ થયો અને એમનો અનુગ્રહ થયો તેનું વર્ણન કર્યું એ નામે આ અઠ્યાવીસમો તરંગ થયો. ॥૨૮॥**

# તરંગ-૨૯

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! ભૂમિના પાલન પોષણ કરનારા તમને શ્રીહરિનાં સુંદર ચરિત્રો કહું છું તે સાંભળો. દરિયાવખાનને બધાં જ ભૂતગણની સાથે તારી દીધાં. પરમધામનું સુખ દીધું. પછી મહાપ્રભુ ત્યાંથી મનોહરમૂર્તિ પ્રયાંણ કરીને સંતોપાર્ષદોની સાથે અમદાવાદપુરમાં ફરીને સારી સારી જગ્યાઓ જોતા હતા. શ્રીહરિ મહાપ્રભુ પ્રીતપૂર્વક પેદલ ચાલતા હતા. સાથે સંતો ગુણકીર્તન ગાતા ગાતા જતા હતા. પ્રભુ ઈડરિયાગઢથી પ્રસિદ્ધ દરવાજેથી જવા ચાલ્યા ત્યારે ત્યાંથી શહેરની વચમાં અનેક સંતોની સાથે પધારતા હતા. સંતો ભક્તોના મોટા સમુહમાં જતા હતા. તેને સર્વેજનો જાણતાં હતાં કે પ્રભુના ભાલમાં જાણે આકાશમાં જેમ સૂર્ય, ચંદ્ર ખીલે છે તેમ પ્રભુનું ભાલ શોભતું હતું. તેને પુરવાસીજનો સુખના રાશી મહાપ્રભુને નિરખીને જોતાં હતાં ત્યારે પ્રભુનું મુખકમળ બહુ શોભતું હતું તે જોતાં હતાં. પ્રભુના મુખારવિંદ અને પુરા સ્વરૂપનાં દર્શન કરી કરીને પોતાનો નેત્રના ફળને પ્રાપ્ત કરતાં હતાં. પ્રભુને સુગંધિત પુષ્પોના હારો પહેરાવતા હતાં. કેટલીક સ્ત્રીઓ ફૂલના હારોને ધારણ કરેલા મનોહરમૂર્તિ મહાપ્રભુને નિરખીને નજીકથી દર્શન કરતી હતી. હારો પહેરાવતી હતી. ક્યાંક ક્યાંક શ્રીહરિ ફૂલનો દડો બનાવતા હતા. તે હરિના હાથમાં ફૂલના દડાને જોવા જતાં હતાં. ક્યાંક ક્યાંક ગોખોમાં જાળીયાંમાંથી ઉભી રહીને નારીઓ દર્શન કરતી હતી. દુઃખભંજન મહાપ્રભુને ભક્તજનો દૂરથી દર્શન કરીને સંતોષ માનતાં હતાં. સુગંધથી ભરપૂર પુષ્પોથી રાજમાર્ગ ઉપરથી પ્રભુને વધાવતાં હતાં. આવી રીતે કમલનયન મહાપ્રભુ ચાલતા જતા ચારે દિશામાં નજરને ફેરવતા

થકા જતા હતા. પ્રભુ પોતાના નયનોથી લોકોના નયન દ્વારા ચિત્તને ચોરતા હતા. તે જાણે મોહિની મંત્રથી એમની સામે ન જોતા હોય ? એમ મહાપ્રભુ રાજમાર્ગ ઉપર શોભતા થકા અમદાવાદ નગરમાં સંતગણની સાથે પધારતા હતા. ત્યારે જાતજાતનાં અનેક પ્રકારનાં વાજાં વાગતાં હતાં. ગુણિજનો તાનથી ગાન કરીને ગાતાં જતાં હતાં. આવી રીતે સુખદાઈ મહાપ્રભુ આખા શહેરમાં વિચરણ કરી ચરણાંકિત કરી ઉત્તરદિશાથી દક્ષિણ તરફ ફરીને ચાલતા થકા આવ્યા.

મહાપ્રભુને મંદિરમાં પધારેલા જાણીને પ્રભુના ગુણચરિત્રને ગાતાં થકાં પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરવા આવતા હતાં. વેદવેદાંત શાસ્ત્રો પ્રભુના ગુણનું પૂર્ણ રીતે જ્ઞાન રાખે છે. તે સુંદર રીતે ગુણને નિગમો કહ્યા કરે છે. દયાળુ કમળમુખ પ્રભુ ભક્તજનોને દર્શન દઈને નરનારીજનોને રાજી કરીને પછી ત્યાંથી ચાલતા હતા. શ્રીહરિ મહાપ્રભુ શહેરની વચમાં થઈને દક્ષિણ બાજુનો દરવાજો જોઈને ત્યાંથી બહાર નીકળ્યા. દૂર પધાર્યા ત્યારે મનોહર સોહામણું સરોવર જોયું. સુંદર નિર્મળ સ્વચ્છ જળ તેમાં કમળો ખીલેલાં શોભતાં હતા. અતિ સ્વચ્છ નિર્મળ સુંદર જળ તથા કાંઠા ઉપર લતાઓ વેલીઓની ઘટાથી ઘેરાયેલું શોભતું હતું. તે વૃક્ષો અને વેલીઓ ઉપર બહુ જ પક્ષીઓ શોભતાં હતાં. તળાવની વિશાળ પાળ ઉપર મનને હરનારા કમલનયન મહાપ્રભુ સુંદર ઘાટની સીડીઓને જોતા હતા. તળાવમાં કોઈ જાતના કાદવ વગરનું સ્વચ્છ પાણી શોભતું હતું. અતિશય ગંભીરતાવાળું જળ હતું. તે જળનું પાન કરનારનાં પાપો બળી જાય તેવું પવિત્ર હતું. તેમાં પચરંગી પોંયણાં શોભતાં હતાં. સુંદર હંસો તટ ઉપર કુંજારવ કરતાં હતાં. મદમસ્ત થયેલા ભમરાઓ બહુ જ ગાંનતાંન કરતા હતા. જાણે ગુણીજનો સજ્જન ગાતાં હોય તેમ ઉપમા કરીને વખાંણ કરતાં હતાં. ફળફૂલથી યુક્ત વૃક્ષો વેલીઓ છોડો શોભતાં હતાં. તેની ડાળીઓ ફળફૂલના ભારથી બહુ જ નમેલી શોભતી હતી. તે જાણે જીવન પ્રાણપ્રભુને જોતી હોય અને પ્રણામ કરતી હોય તેમ નમેલી હતી. વૃક્ષો ઉપર પક્ષીઓનાં ટોળાં બોલતાં હતાં અને વિવિધ ખેલ કરતાં હતાં સુંદર તળાવની પાળ ઉપર વિશાળતામાં રસદાર રસાળ ફળોનાં વૃક્ષો ઝુકેલાં હતાં તથા સાગનાં શિષમનાં વૃક્ષો પાળ ઉપર હતાં. બીજા વડ, પીપળ, ગરમાળાનાં વૃક્ષો શોભતાં હતાં. ક્યાંક આંબા જાંબુડાના કરણનાં મહુડાનાં રાયણ ગુંદાનાં સુંદર વૃક્ષો હતાં  સરગવો શાળનાં સુંદર વૃક્ષો પીપરીનાં પીપળનાં ખજુરીનાં આમળી આંબલી આમચૂરનાં તથા બીજોરાંનાં બીલીનાં બહુ જ વૃક્ષો હતાં. જાતજાતનાં ભાતભાતનાં વૃક્ષો તથા લીંબડાના વૃક્ષો પાળ ઉપર બહુ જ થયાં હતાં. ફૂલવાડી સુંદર રીતે ફળેલાં શોભતાં હતાં. ફૂલનાં જાતજાતનાં જુમળાંઓ શોભતાં હતાં. સરોવરની વચમાં પ્રકાશ દેખાતો હતો. તે જોતાં જ અતિ આનંદ ઉત્સાહ થતો હતો. સુંદર કાંઠા શોભતા હતા. તેને નરનાથ મહાપ્રભુ નયનોથી જોતા હતાં. તે બગીચાનાં ગુલાબોની સુંદર વાસ આવતી હતી. ગુલદાવદીના ગુણને ગુણીજનો ગાતાં હતાં. સુંદર હજારી પુષ્પો ખીલેલાં. તેના હાર બનાવીને શણગારમાં શોભે તેવા સુંદર ગુચ્છોની શોભાથી જાણે ઋતુરાજ વસંતઋતુની માફક શોભાયમાન લાગતું હતું. કેળના થાંભલાઓ ફળોથી ઝુકેલા હતા. ક્યાંક કેતકી કર્ણિકાનાં છોડો શોભતા હતાં. ચિત્તને આનંદ કરનારી ચંપકવેલ શોભતી હતી. નાગરવેલ પણ સુંદર રીતે શોભતી હતી. સેવંતીનાં ફૂલછોડો સારા વિકસેલા હતા. માલતિનાં છોડમાં પણ બહુ ફૂલ હતાં. સુંદર ગુલદાવદીને જોવાથી સારી લાગતી હતી. સરોવરની વચ્ચે સુંદર નગીનાવાડીના મથી પ્રસિદ્ધ છે. તેમાં અનેક રાજાનાં સ્થળો હતાં. તેમાં ફળફૂલોની અનેક જાતો શોભતી હતી. દેવોનો રાજા તથા દેવસમાજના ચિત્તમાં તે શોભા ચાહતાં હતાં. સવારના સમયે ત્યાં ચાતક પક્ષી કોયલ વિરહાતુર થઈને વિરહ બોલતાં હતાં. ચકલા, ચકોર, મોર નૃત્ય કરીને તાંન તોડતાં

હતાં. તે બહુ જ પ્રવીણતાવાળાં પક્ષીઓ હતાં. તે બહુ જ ઉંડેથી ઉચ્ચાર કરતાં હતાં. એ આદિક અનેક જાતનાં રૂચિવાળાં જાતજાતનાં ફૂલો ખીલેલાં હતાં. આવી રીતના બાગોથી શોભતું સરોવર હતું. એનો વિસ્તાર પણ બહુ જ હતો. સરોવરના ઘાટો બાંધેલા હતા.

દેવનાં જુથો સરોવરમાં નાહતાં હતાં. મનના તનના તાપને મટાડતાં હતાં. ત્યાં ગરનારાં શોભાના ચિત્ર બહુ જ સારાં હતાં. હોંશિયારીથી પથ્થર ગોઠવીને સુંદર બનાવ્યાં હતાં. આ નાળાંનાં સુંદર કામો કરેલાં હતાં. આવું શોભાવાળું બીજુ સ્થાન ભરતખંડમાં ન હોય આના જેવું તો પુષ્કર તીર્થ પણ ન હોય. તળાવના તીર ઉપર વૃક્ષોની વેલીઓની બહુ જ શોભા હતી. તે લોકોનાં મનને આનંદ આપનારી જગ્યા છે. તેને હરિ ચંચળતાથી જોઈને ચારેબાજુ ઘોડીને ફેરવતા હતા. પ્રભુના મનમાં આ જગ્યા બહુ જ ગમી તેથી જાહેરમાં બહુ જ પ્રશંસા કરી. આ ભૂમિ રહેવા માટે યોગ્ય જ છે. આ ભૂમિનો વિસ્તાર પણ બહુ જ છે. સંતો તથા જનસમુદાયની સાથે રહેવા માટે અનુકૂળ થશે. આવી રીતે બહુ જ વાતો કરીને સમજાવતા હતા. કાંકરિયા સરોવરના કાંઠા ઉપર બાજુની ભૂમિને સુંદર સ્વચ્છ જોઈને મહારાજ બહુ જ રાજી થયા. સુંદર સ્વચ્છ કમળોથી શોભતું સુંદર સરોવર તેમાં કમળો ખીલેલાં શોભતાં હતાં. સુંદર ઘાટની તથા થાટની શોભા જોઈને પ્રભુ બહુ જ સુખ પામ્યાં. બધું જોઈને નક્કી કરીને મુકામના સ્થળો નક્કી કરીને જનોની સાથે ઘોડાંને વતા પ્રભુ **જેતલપુર** ગામે પધાર્યા.

**જેતલપુર** ગામની શોભા જોઈને પ્રભુ બહુ જ રાજી થયા. સરોવરના કાંઠા ઉપર સુંદર મહેલમાં સુંદર રીતે મુકામ કરતા હતા. સુંદર મહેલ શોભતો હતો. તેની અંદર ગોખો જોઈને તે ગોખ ઉપર મહારાજ વિરાજમાન થઈ. ભયને હરનારા ભગવાન દર્શન દેતા હતા. પ્રેમી હરિભક્તો પ્રેમથી સર્વ દેવના સ્વામી શ્રીહરિનાં દર્શન કરીને આનંદ પામતાં હતાં. જેમ ચકોર પક્ષી ચંદ્ર જોયા કરે છે તેમ પ્રભુના મુખનાં દર્શન કરીને સુખ પામતાં હતાં. એટલામાં દેશોદેશના હરિભક્તોના સંઘો આવતા હતા. પ્રભુએ લખેલી **અમદાવાદની** પત્રિકા વાંચીને હરિની આજ્ઞાને ઉરમાં ધારીને આવતાં હતાં.

હે રાજન ! **અમદાવાદ** પુરની શોભાનું વર્ણન કર્યું. ધર્મનંદન મહાપ્રભુ અમદાવાદ શહેરની બધી ભૂમિ ઉપર વિચરીને સારાં એવા કાંકરિયાની પાળ ઉપર તેનું વર્ણન કરીને કહ્યું. ત્યાં કાંકરિયા પાળે મુકામ નક્કી કરીને નિર્ણય કરીને જેતલપુર પધાર્યા. એ રીતે શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશનંદ બંને વર્ણિએ રચેલ છંદભાષામાં શ્રી અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં કાંકરિયા સરોવરની શોભાનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૯॥**

# તરંગ-૩૦

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યપ્રસાદજી મહારાજ ! અપાર ભક્તજનો આવ્યાં તે કયા કયા દેશનાં ગામોનાં આવ્યાં હતાં તે તથા ક્યા ક્યા વિસ્તાર કરીને કહો. શ્રીહરિ અને હરિભક્તોના ચરિત્ર વાર્તાઓ સાંભળવામાં મને બહુ જ લાગણી થાય છે તે અવધપ્રસાદજી મહારાજ તમે બધું જાણો છો તો મને આપનો શિષ્ય સમજીને હેતથી કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાને કહે છે, હે રાજન્ ! તમે સાંભળો ભક્તજનોના સમાજો આવેલા હતા તે સાજ સજ્જ કરીને વાજાં વગાડીને પ્રભુનાં ગુણ કીર્તન ગાતા થકાં આવતાં હતાં. આવીને શ્રીહરિનાં ચરણનો સ્પર્શ કરી દર્શન કરતાં હતાં. તે બધા દેશો અને ગામોનાં નામો કહું છું તે સાંભળવાથી મનમાં શાંતિ થાય છે. તે બધાં સંક્ષેપથી કહું છું જેને શેષનારાયણ ગાયા કરે છે તોય પૂરાં નથી કરી શકતા તે તમને કહું છું. સૌભિર દેશનાં, સોરઠ દેશનાં, કચ્છદેશ કાઠિયાવાડ દેશનો સમાજ સારો દેશ નળકંઠો કહેવાય છે તે દેશનાં વ્રજભૂમિનાં દક્ષિણ દેશનાં મારવાડ તથા માલવા પૂર્વપ્રાંતનાં રીતભાતથી શોભતું લોકસમાજ જતવાડ જાણે દંઢાવ્યદેશનાં લોકો ગુજ્જર પ્રાંતનાં લોકો સૌ પ્રભુની લખી મોકલેલ પત્રિકા વાંચીને યુવાનો વૃદ્ધો બાળકો સૌ નરનારીજનો આવ્યાં હતાં. ભરૂચ શહેર વડોદરા શહેર સુરત શહેર મુંબઈ શહેર તથા પુના ભુજનાં, વઢવાણ નગરનાં વડનગરનાં વીસનગરનાં, રતલામ નગરનાં, ઉજ્જૈન ગોવલગઢનાં કલકત્તા નગરનાં દેશનાં લખનૌ કાશીપુરી, અવધપુરી દિલ્લી આગરા જોઈને આવ્યાં. ઉદેપુરનાં કાંઈક જોધપુરનાં કાંઈક મથુરાનાં સૌ લોકો આવ્યાં. પુરુષોત્તમપુરી વિસ્તારનાં બદ્રીકેદાર વિસ્તારનાં દ્વારામતિ દ્વારિકા પુરીધામનાં ચારેધામનાં શિવકાંચિ, બીજું વિષ્ણુ કાંચિપુર, સેતુબંધ રામેશ્વર પ્રાંતનાં પ્રસિદ્ધ સિધ્ધપુરનાં જે સિધ્ધના છલને જાણતાં હતાં તે આવ્યાં. એ આદિકપુરા દેશનાં પુરનાં શહેરનાં મોટાં ગામોનાં બધાં ગામોથી યુવાનો વૃદ્ધો બાળકોની સાથે સૌ સમાજ આવ્યા અને પુરોજન પદો (જીલાઓ)ના વસનારાં લોકો આનંદિત મુખકમળવાળા પ્રભુનાં દર્શન માટે ભેટ સાથે લઈને સૌ નરનારીજનો અનેક પ્રકારનાં વાહનો લઈને જુદી જુદી પ્રકારમાં લાવ્યાં હતાં. સાજ સજીને રાજી થતાં થકાં સૌ જનો આવ્યાં. નાથને નિરખીને મસ્તક ચરણકમળમાં નમાવીને વંદન કરીને હાથ જોડીને વિનંતી કરીને પ્રાર્થના કરી. હે પ્રભુ ! આપ સર્વોપરી છો તો આપ અમારું રક્ષણ કરો. આમ કહીને ભક્તજનો નમન કરતાં હતાં. પ્રભુને સૌ જન ગમતાં હતાં. સ્વામિનારાયણ પ્રભુ સૌ જનોને ખબર અંતર પૂછતા હતા. અંતર્યામી કહે, તમે સૌ ભક્તજનો સુખી તો છો ને ત્યારે ભક્તજનો કહે, હે પ્રભુ ! આપનાં ચરણકમળનાં દર્શન કરીને સુખી છીએ.

હે રાજન્ ! સર્વના કુશળ સમાચાર મહારાજ પૂછતા હતા. અનંતરૂપને ધારનારા અનંત રૂપ ધારીને સૌ સૌના મનને સુખ કરતા હતા. પછી સુખરાશી પ્રભુએ અમને બોલાવ્યા. આવી રીતે સૌને કુતૂહલ કરાવીને આનંદકારી પ્રભુ ભક્તજનોના દુઃખને હરનારા મહાપ્રભુ સુખ દેતા હતા. ત્યાંથી સુખકંદ મહારાજ સર્વેજનોને સાથે લઈને **જેતલપુરથી** જગવંદ્ય પધારતા હતા. **જેતલપુરથી** ચાલીને પ્રભુ **અસલાલી** ગામે પધાર્યા તે ચતુરવર ચતુર મૂર્તિ ચંચળ (ઉતાવળી) ગતિથી ચાલીને સુંદર પુરની નજીક સુંદર તરુઓ વેલીઓ રહેલી હતી. તે

સરોવરની નજીકમાં બહુ જ શોભતાં હતાં. હે રાજન ! મહાપ્રભુ પધાર્યા છે એવું જાણીને તરત જ ભક્તસમુદાય હાથમાં ભેટની સામગ્રી લઈને મહારાજ પાસે આવ્યાં. **કાલિદાસ, ગોપાળજી, વેણીભા કાનદાસ, ઝવેરભાઈ, કસિયાભાઈ, હરિભાઈ** આદિક હરિભક્તો સામા આવ્યા. અનેક યુવતીઓ પ્રભુના કીર્તન ગાતી આવતી હતી.

હે રાજન્ ! ચોખા અને ફૂલહાર આદિથી પૂજન કરીને વધાવતાં હતાં. ગીતો ગાતાં આવતાં હતાં. મનભાવતા મહાપ્રભુને સુંદર પલંગ તૈયાર કરેલ તેની ઉપર પ્રેમથી બેસાડ્યા. પ્રેમદાઓ પ્રેમ ભરેલ ભાવથી મૂર્તિનું ચિંતવન કરતાં હતાં. દર્શન કરીને દિલમાં ઉતાર્યા. શ્રીહરિને વંદન કરીને સામાં ઉભાં રહીને દર્શન કર્યાં. કરુણાનિધાન સુખકંદ મહાપ્રભુનાં દર્શન કર્યો. કમલનયન ભક્તોના મદને હરનારા પરમમૂર્તિ રસથી ભરપૂર પ્રભુની મૂર્તિનાં દર્શન કરીને રાજી થતાં હતાં. ભવનાં બંધન તોડાવવા માટે ભગવાનના મહિમાને તથા ભેદને વેદપુરાણો કહે છે તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર પ્રભુના ગુણને ગાયા જ કરે છે. એવા પ્રભુને બહેનો દર્શન કરીને રહે છે. તેના શોકને લાલપ્રભુ હરે છે. સર્વના ચિત્તને મહાપ્રભુ સુંદર ગજહંસની ચાલ ચાલીને ચોરતા રહે છે. ભક્તજનના ઘેર વાસ કરીને મહાપ્રભુ ઉપદેશની વાતો કરતા હતા. આવી રીતે **અસલાલી** ગામમાં નિવાસ કરીને દર્શન અને જ્ઞાનનું સુખ દેતા હતા એવા સમયમાં સુંદર રસવાળી રસોઈ તૈયાર થઈ એમ જાણીને ભક્ત **વેણીભાઈના** ઘેર સંતોની સાથે હાથ પકડીને મહાપ્રભુ જમવા માટે પધાર્યા. સર્વના પાપને હરતા હતા. શ્રીહરિનાથે સ્નાન કર્યું. પીળાં વસ્ત્રો ધારણ કર્યાં. તે વસ્ત્રો સંતોને રૂચિ કરનારાં ગુણવંત પ્રભુએ ધારણ કર્યાં હતાં. પછી પરમેશ્વર પ્રભુ સુંદર ચૌકી ઉપર બેઠા પછી ભક્તો પાકશાક વગેરે પ્રેમથી પીરસતા હતા. તેને જમીને પછી મહાપ્રભુ સંતોને બહુ જ પ્રેમભાવથી પીરસતા હતા. મહારાજ પંક્તિમાં અનંતપ્રભુ પાંચવાર ફરીને બહુ જ જમાડ્યા. તેજ સ્વરૂપે સર્વના પરમગુરુ પરમાત્મા તે જ સર્વોપરી છે એમ મુનિજનો કહેતા રહે છે.

હે રાજન્ ! તે પ્રભુ સર્વ સંતજનોની સાથે તળાવની પાળે વૃક્ષોની ભીડમાં આંબલીના વૃક્ષ નીચે પાટ ઉપર આસન તૈયાર કરેલ તેના ઉપર વિરાજમાન થાય. સૌ સંતો પ્રભુની સન્મુખ બેઠા. હરિના ગુણને હેતથી ગાતા હતા. ત્યારે **વેણીભાઈ** ત્યાં આવ્યા. પ્રેમથી શ્રીહરિનું પૂજન કરતા હતા. મહાપ્રભુના ચરણમાં ચંદન ચર્ચીને તે ચરણો છાતી ઉપર લીધાં. આ રીતે ભક્ત મનનાં કામો પૂર્ણ કર્યાં. પ્રભુ ભક્તની ભાવનાપૂર્ણ કરતા હતા. સફેદ વસ્ત્રો ધારણ કરાવીને પછી સુંદર પુષ્પના હાર ગુચ્છો તોરાઓને ધારણ કરાવીને સંતો પ્રભુના ગુણોને ગાતા હતા. ત્યારે **વેણીભાઈ** બંને હાથ જોડીને ગદ્‌ગદ્ વાણીથી વેદની શ્રુતિ પ્રમાણે સ્તુતિ કરતા હતા. સર્વને આનંદ કરનારા ભક્તજનોનાં વિઘ્નોને તોડનારા આદિ પુરુષ અવતારના અવતારી આપ છો. હે મહાપ્રભુ ! આપનો જયજયકાર થાઓ. આપ સ્વયં આ પૃથ્વી ઉપર અવતાર ધારીને પધાર્યા છો એવા હે સહજાનંદ સ્વામી એ આપનું નામ યોગ્ય જ છે. કેમકે સર્વ અવતારો આપના થકી જ થયા છે. આપની જ કળા છે. હે હરિ ! આપ અવતાર ધરીને પૃથ્વી ઉપર પધાર્યા તેનો મહિમા તો અતિ અદ્‌ભુત જ છે. આપ જ સર્વે અવતારોનું કારણ છો. હે પ્રભુ ! જગતનો ઉદ્ધાર કરનારા આપનો જયજયકાર થાઓ. હે પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર વિચરણ કરીને સર્વે જગ્યાને અતિ પાવન કરી છે. આપના મંત્રનો આખું જગત જપ કર્યા જ કરે છે. આપના નામ જપથી બધા જ માયિક દોષો નાશ પામે છે ત્યારે ત્રિવિધ તાપ અને પાપ તે બધા જ ટળી જાય છે. મ્લેચ્છ જાતિના

જેવા અનેક જીવોનો ઉદ્ધાર કરો એવા દરિયાવખાનનો ઉદ્ધાર આપે જ કર્યો. પામર જીવો ઉપર દયા કરીને મનુષ્યદેહ ધારણ કરીને વિચરણ કરીને દુઃખીજનોનાં પાપોને હરીને સુખ કરનારા આપ અમને દિન જાણીને કૃપા કરીને અહીં પધાર્યા છો. મારી દૃષ્ટિ આગળ છો. આવી રીતે ભક્તજને સ્તુતિ કરી તે જાણીને **વેણીદાસ** ભક્તને પોતાની પાસે બોલાવીને કહે તમે માંગો તમારે જે વર માંગવો હોય તે તમને દેવો છે. ત્યારે **વેણીદાસ** ભક્ત વિચાર કરતા હતા. પ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને વારંવાર વિનંતી કરીને **વેણીભાઈ** માંગતા હતા કે ભયને હરનારા પ્રભુ આપ તો બધું જ જાણો છો તો મારે શું કહેવું. જે અનાયાસ રીતે ન મળે એવી મનને સુખ કરનારી આપની ભક્તિ તે હે ભગવાન ! મને આપનો દાસ જાણીને આપો, અને મનમાં કોઈ પ્રકારનું માન અભિમાન ન આવે. એવી મારી ઉપર કૃપા કરો. ત્યારે કમલનયન મહાપ્રભુ કહે તથાસ્તુ તમને તે થશે. આમ કહીને સુંદર વર આપી ત્યાંથી સૌ સંતો પાર્ષદો સખાઓની સાથે મહાપ્રભુ પ્રયાણ કરતા હતા.

સૌના ચિત્તને ચોરનારા મહાપ્રભુ ચાલ્યા જતા હતા. બાજુમાં ઉભેલાં જનના અંતરને ખેંચતા જતા હતા. સર્વ સંઘની સાથે સંતો વાજાં વગાડતાં ને આકાશમાં ભેરી વાગતી હતી. પૃથ્વીવાસીઓના સુખના સાગર મહારાજને ઉભાં રહીને દર્શન કરતાં હતાં. પોતાના જન્મને સુફળ કરી લેતાં હતાં. સૂર્યનારાયણ સમાન તેજ પ્રકાશને જોઈને અનેક લોકના નાયકો સૌ સર્વના સ્વામીનાં દર્શન કરીને પુષ્પકલી તથા ચંદનકળીની સાથે વર્ષા કરતાં હતાં. આનંદ પામતાં થકાં પ્રભુની સેવા કરતાં હતાં. સર્વના પાપ સંતાપનો નાશ કરનારા મહારાજ અગણિત ભક્તજનોની સાથે પોતે મહાપ્રભુ કાંકરિયા સરોવરના કાંઠે પધાર્યા ત્યારે ત્યાં આગળ બહુ જ મોટી ભીડ થઈ હતી. બહુ જ સુંદર વાતાવરણ લાગતું હતું. સરોવરની દક્ષિણ દિશામાં જોયું તો વૃક્ષોની બહુ જ મોટી ઘટા છાંયેલી હતી. ત્યાં આંબલીયોનાં વૃક્ષો બહુ જ હતાં. તેની છાંયા અતિ ઘાટી હતી. તેને સંતોની સાથે પ્રભુ નજરે ખાસ ઝીણવટથી જોતા હતા. ત્યાં આગળ કપડાંનાં મોટા તંબુઓ તણાવ્યા હતા. તે ચિત્ર વિચિત્રતાથી શોભતા હતા. ત્યાં આગળ મહાપ્રભુએ મુકામ કર્યો. સૌ સંતોને પણ સાથે જ મુકાંમ કરાવરાવ્યો. કપડાંના તંબુની ઓરડીઓ બનાવી હતી. કરુણાનિધિ સ્વામિનારાયણ મહાપ્રભુ સુંદર શૈય્યા તૈયાર કરી તેના ઉપર વિરાજ્યા. એવા મહારાજનું ભજન નવખંડમાં સૌ જપે છે. તે પ્રભુના નિવાસ સ્થાનથી પૂર્વમાં સૌ સંતજનોનો નિવાસ કરીને પ્રેમયુક્ત મનવાળા થઈને ખડે પગે સેવા કરતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુએ ઘેરી વાણીથી સુખધામ સંતોને બોલાવીને **મહાનુભાવાનંદ સ્વામીને નામ** દઈને કહે મારી કહેલી વાતને ધ્યાનથી સાંભળો. બધાય શાહુકાર લોકોને બધાની વચમાં ઉતારા છે ત્યાં ઉતારા દેજો. ત્યાં આગળ હથીયાર ધારી ક્ષત્રિયો અનેકને રક્ષામાં રાખજો અને બધા સંઘો ઉતર્યા છે. એમની પાછળ ચારેબાજુએ ઉતારાને ફરતા તે રક્ષણ કરનારા ક્ષત્રિયોને ઉતારા દેજો. આ રીતે મારી કહેલી વાતને પ્રમાણ માનીને ઉરમાં આજ્ઞાને ધારીને આ પ્રમાણે કાર્ય કરો. મુનિવર **મહાનુભાવાનંદ સ્વામીએ** સર્વના સ્વામી મહાપ્રભુની આજ્ઞાને ધ્યાનમાં લઈને તેજ રીતે ઉતારાઓ દીધા. પોતે જ મહારાજની રચના પ્રમાણે વ્યવસ્થા કરી દીધી. એમની વ્યુહ રચનાને જોઈને મહારાજ બહુ જ રાજી થયા. કાંકરિયા સરોવરના કાંઠા ઉપર જાણે માનવ મહેરામણનો દરિયો ઉમટ્યો હોય તેવું શોભતું હતું ને વાતાવરણ ગાજતું હતું. સૌ જનો કાંકરિયા સરોવરમાં નાહતાં ને પ્રભુના ગુણને ગાતાં હતાં. પકવાનોના પાકોને બનાવતાં હતાં ને સૌ ખાતાં હતાં. એમ દિવસ આખો જતો હતો તે કોઈને ખબર જ નહોતી પડતી. આવી મનોહર વાતો કરતાં હતાં. તેને સૌ જનો સાંભળતાં હતાં.

દેશોદેશના ગામોગામના ભક્તજનોના સંઘો આવ્યા. તે બધું કહી દીધું. તેઓનો શ્રીહરિ પાસે નિવાસ

કર્યો. તે જેતલપુરની વાતોને તમો રાજન્ જાણી લીધી છે. વેણીભાઈએ અસલાલીમાં પ્રભુની સ્તુતિ કરી તથા કાંકરિયા સરોવર ઉપર પ્રભુએ તંબુ કરાવ્યા. આ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે ત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારી સ્વામીએ રચેલા છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં કાંકરિયા મુકામે ઉતારા કરવા તંબુ કર્યા તે શ્રીહરિનાં ચરિત્રોનું વર્ણન કર્યું એ નામે આ ત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૦॥**

# તરંગ-૩૧

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન્ ! દેશોદેશમાંથી સત્સંગીઓના સંઘો અસંખ્ય આવ્યા હતા. તે બધાયને સુંદર કાંકરિયા સરોવરના કાંઠા ઉપર ખુલ્લી જગ્યામાં ચારેબાજુમાં મોટાં મોટાં તંબુઓના ઉતારા તૈયાર કરેલા હતા. તેમાં ઉતારા આપ્યા. તેમાં રહીને ધર્મકુમાર મહાપ્રભુનું ધ્યાન ધરતા હતા. નરનારીજનો સૌ ભગવાનનાં સ્વરૂપનાં ગાંન તાંન કરીને હરિભક્તો ભજન કરતાં હતાં. બીજા દિવસે જ્યારે સવાર થયું ત્યારે દેવોના પ્રતિપાળ મહારાજે શૌચવિધિ કરીને સ્નાનવિધિ કરીને ધર્મકુમાર મહાપ્રભુએ સફેદ વસ્ત્રો શરીર ઉપર સુંદર રીતે ધારણ કર્યાં. પછી ઉંચા મંચ ઉપર મહારાજ વિરાજમાન થયા. જાણે ઉદયાચલય પર્વત ઉપર સૂર્ય ઉદય થાય ને અંધકાર નાશ પામે પ્રકાશ થાય તેમ અજ્ઞાન અંધકારનો પ્રભુ નાશ કરતા થકા સત્સંગ કરતા હતા. સૌને સુખી કરતા હતા. સંતોરૂપી સંતરાનાં વૃક્ષોનું વન ખીલ્યું હતું. પ્રફુલ્લિત રહેતા હતા અને કુસંગરૂપી પોંયણાં બધાં મુરજાઈ જતાં હતાં. તેમાં કામ ક્રોધ કળીના ઘુવડ જેવાં નાશ પામતાં સુકાતાં હતાં સજ્જન દંપતિ સત્સંગી કોઈક સુખને પામતાં હતાં. સંતનો આશ્રય કરવાથી સૌ ભક્તજનો સુખી થયા. પાપી દુરાચારી લંપટ સૌ અધર્મી સત્સંગથી દૂર ભાગી ગયાં. તે વૃક્ષો ઉપર સરોવરના પક્ષીઓનાં ટોળાં અરસપરસ બહુ જ બોલતાં હતાં. તે જાણે હરિજનો શ્રીહરિના ગુણ ગાતાં હોય તેમ લાગતું હતું. હરિભક્તો પ્રભુના ગુણને પ્રેમથી ગાતાં હતાં. જેમ આંધળો હોય તે દેખતો થાય ને જેમ સુખ પામે તેમ ભગવાનને મેળવીને સુખ પામતાં હતાં. તેના માટે મહાપ્રભુ મધુરવાણીથી ઉપદેશ અમૃત વર્ષાદ વરસાવીને પોષણ કરતા હતા. પ્રભુની આગળ દેશોદેશના હરિભક્તો તથા સંતોની સભા થઈને સૌ પ્રેમથી બેઠાં હતાં. સૌ નરનારી બેઠાં થકાં હરિને નિર્ખીને દર્શન કરતાં હતાં. જેમ ચંદ્રને ચકોર ચિતવે તેમ પ્રભુના સ્વરૂપને ચિત્તમાં ધારતાં હતાં. એવી રીતે એકાગ્ર ચિત્તવાળાં થયાં હતાં. સભા સ્થિર થઈ હતી. તેવામાં અમદાવાદપુરના ગવર્નર રાજા બંને ત્યાં સભામાં આવ્યા.

હે રાજન્ ! તે બંને રાજાનાં નામો કહું છું. તેમાં એકનું નામ એરણસાહેબ અને બીજા દુર્લભસાહેબ કહેવાય છે. તેઓ હોંશિયાર વ્યવહાર કુશળતાવાળા હતા. તે બંને રાજાઓને મનમાં બહુ જ આનંદ હતો. શ્રીહરિનાં દર્શન કર્યાં ને ટોપીને હાથમાં રાખીને નમન કર્યાં. નમ્ર વાણીથી કહેતા હતા. હે સ્વામિનારાયણ પ્રભુ ! તમે શહેરમાં કેમ ન ઉતર્યા. બાદશાહવાડી તો જાહેર જ છે. તે જગ્યા પણ બહુ સારી મોટી છે. અનુકૂળતાવાળી પણ છે. તેની નજીકમાં જ સાબરમતી નદી વહે છે. તે જગ્યા પણ બાંધી દીધેલ છે. કબજાવાળી છે. સુંદર મહેલ બનાવેલો છે તે પણ સુખ સાધનોવાળો ઉપયોગી છે. આવી સુંદર જગ્યા છોડીને આવી ખુલ્લી જગ્યામાં નિવાસ કરો છો. તેનું શું કારણ છે તે રીતની વાતને વિસ્તારથી કહો. રાજી થઈને અમને જણાવો

તો અમારો થયેલો સંશય બધો મટી જાય. સારી વાત જાણવા મળે.

શ્રીહરિ નારાયણમુનિ ભગવાન કહે છે, હે અંગ્રેજ રાજન ! તમે સાંભળો. અમે ઉતારા નથી રાખ્યા તે કહીએ છીએ અને અહીં મુકામ તૈયાર થઈ ગયો. જગ્યા મોકળી છે. એટલા માટે અને સરકારી બાગ તો સારો સુંદર છે અને તેમાં ફળફૂલનાં બહુ જ વૃક્ષો છે. તેને લીધે નથી કર્યું. આ રીતે પ્રભુનું કહેવું સાંભળીને તે રાજા હસવા લાગ્યા. નીતિની વાત સરસ કહી દીધી છે. બીજું કાંઈ કહેવાનું રહ્યું જ નથી. આમ કહીને મસ્તકને વારંવાર નમાવીને તે અંગ્રેજરાજા સિધાવી ગયા. માર્ગમાં જતાં વાતો કરતા હતા કે અવતારી પુરુષોત્તમ પ્રભુ બહુ સારા શોભાવાળાં છે. એમની આગળ તો અગણિત આશ્રિતો આવનારા છે. હરિભક્તો તો બહુ જ આવેલા દેખાય છે. તે એકાગ્ર થઈને સામે બેઠા છે તે જાણે ચિત્ર દોરેલું ન હોય ? તેમ સ્થિર થઈને બેઠા છે. ચિત્ર જેવાં નરનારી લાગે છે. આ કાંઈ સામાન્ય પુરુષના પરાક્રમ ન હોય. આ તો સાક્ષાત્ જગદીશ દિવ્યમૂર્તિ જ છે. આવી રીતે વાતો કરતા કરતા પોતાના નિવાસે જતા હતા. પ્રભુને પાપનો નાશ કરનાર પરબ્રહ્મ માનતા હતા. આવી રીતે પ્રભુ રાજસમાજની સાથે બહુ જ વાર સુધી અરસપરસ બહુ જ વાતો કરી પછી કમલનયન મહાપ્રભુએ તે રાજાને વિદાય કર્યા. ભક્તજનોને આનંદ કરનારા ભવબંધનથી મુકાવનારા આનંદના સાગર મુકુંદપ્રભુ આનંદની શોભાવાળા કમળવદન પ્રભુ સર્વેને સુખ દેતા હતા.

એટલામાં રસથી ભરપૂર રસોઈ તૈયાર થઈ ત્યારે મહાપ્રભુ પોતે જમવા માટે પધાર્યા. સર્વજન સમુદાય પોતાના સ્થાને ગયા. પછી રૂચિ પ્રમાણે રસોમાંથી પ્રભુ ભોજનથાળ જમ્યા. જીવન મહાપ્રભુ જમીને પછી સંતોને જમાડ્યા. તે વાર્તા વર્ણન ન કરી શકાય તેવી અદ્ભૂત છે. જમીને મહારાજે મુખવાસ લીધો. પૃથ્વીના ભક્તજનોના જહાજ મુખવાસ જમ્યા. પછી પ્રભુ શયન કરવા પલંગ બિછાવેલો હતો. તેની ઉપર પોઢ્યા. ભક્તજનો ચરણચંપી પ્રેમથી કરતા હતા. બીજા ભક્તો દર્શન કરતા હતા. હે રાજન્ ! ચાર ઘડી સુધી નિદ્રા કરીને મહાપ્રભુ જાગ્રત થયા તે વાત કહું છું તે સાંભળો. ભક્તજન તરત જ જળનું પાત્ર લાવ્યા. તેનાથી મહાપ્રભુએ મુખને ધોઈને શુદ્ધ કર્યું. જળનાં કોગળાં કર્યાં. ત્યાર પછી જળપાન કર્યું. આ રીતે કમળનયન ભગવાને કામ કર્યું. ત્યાર પછી અંગો ઉપર શ્વેત વસ્ત્રોને ધારણ કર્યાં. ભાલમાં સુંદર ચંદનનો ચાંદલો કયો. કંઠમાં હજારીના હાર ધારણ કર્યાં. મસ્તક ઉપર પાઘમાં તોરા ધારણ કર્યા. હસ્તકમળમાં સોટિ ધારણ કરીને શ્વેત રૂમાલને ધારણ કર્યો. ત્યાર પછી ચપળ નયનોને ચારેબાજુ ફેરવતા થકા ચાલતા હતા. સુંદર ઉંચો મંચ બનાવ્યો હતો તેની ઉપર પ્રકાશમૂર્તિ બિરાજમાન થયા ત્યારે જાણે ઉદયાચલ ઉપર સૂર્યનારાયણ શોભે તેમ પ્રભુ તેજોમૂર્તિ શોભતા હતા. એમના ભાલમાં ચંદલો શોભતો હતો. સૌ સંતો શ્રી હરિની સન્મુખ હરિનાં નયનોને નિરખતાં સામા બેઠા. જેમ ખીલેલાં કમળને સૂર્ય દેખે છે ને ખીલે છે તેમ સંત પ્રભુના દર્શન કરીને રાજી થકા બેઠા હતા.

હે રાજન્ ! અનંત નરનારી દોડીને આવ્યાં. સૌ ભગવાનનાં દર્શન કરીને જ્યાં પ્રભુ બેઠા હતા. તેની નજીક પુરુષો બેઠા અને બાઈઓ સૌ બાઈની સભાના સંઘમાં બેઠાં. આવી રીતે તે બંને સભાઓ શોભતી હતી. તે બંને સભાઓના મધ્યમાં સુખદાયક વિરાજમાન હતા. ત્યારે સભામાં ગુણવાન સંતો સંગીતનું ગાન કરતા હતા. સૌ સભાજનો સાંભળીને ગુલતાન થઈ જતાં હતાં. મુનિજનો ગાતા હતા એમની ભેળા હરિ ગાતા હતા

ને શોભતા હતા. ચતુરવર ચપટી વગાડીને વચમાં તાન તોડતા હતા. આનંદ કરાવતા હતા. તે જ સમયે પુરના રાજા અંગ્રેજ આવ્યા. જેમનાં નામો આગળ તમને કહ્યાં છે તે જ આવ્યાં. આવીને હેતથી હરિનાં દર્શન કર્યાં. હે રાજન્ ! ચિત્તને ચેતન વાંન કરતા હતા. હરિનાં દર્શન કરીને પછી હાથ જોડીને સ્તુતિ કરીને સંભળાવતા હતા. શિરને નમાવીને બંને હાથ જોડીને જાણે પ્રેમરસમાં ડુબેલા બોલતા હતા. હે સ્વામિનારાયણ પ્રભુ ! અમે આપના દાસ છીએ એમ જાણીને હે પ્રભુ ! સૌ સંતોને સાથે લઈને અમારા નિવાસસ્થાને પધારો. અમારે ઘેર પધારીને ઘરને પાવન કરો. સુખધામ પ્રભુ એવું સુખ અમને આપો. અનેક પ્રકારનાં વાજાં વગડાવીને વાજતે ગાજતે શહેરની વચમાં બજારમાંથી પધારો તો શહેરનાં સૌ જનો આપનાં દર્શન કરે તો અગમ ભવજળને તરી જાય કેમકે હે હરિ ! આપ તો ભવફંદને તોડનારા છો તો કૃપા કરો. આવી રીતે રાજાની વિનંતી પૂર્વકની વાણી સાંભળીને સર્વજ્ઞ મુનિઓના સ્વામી રાજી થયા. જેમ પૃથ્વી ઉપર સૂર્ય ઉદય થાય. પ્રકાશ ફેલાય તેમ પ્રભુનો બહુ જ પ્રભાવ ચોતરફ ફેલાતો હતો શ્રીહરિ સૌ સંતોની સાથે ઉદારમૂર્તિ સ્વારોની સાથે સુંદર રીતે ચાલતા હતા. ચપલમૂર્તિ ઘોડાંને સુંદર ચાલે ચલાવતા હતા. ગુણીજનો સુંદર રીતે ગુણ ગાતાં જતાં હતાં. જાતજાતનાં સુંદર વાજાં વાગતાં હતાં. રસિકવર રાજાઓની સાથે શોભતા થકા જતા હતા. શહેરની વચમાં વચ્ચોવચ ચાલતા હતા. લોકોના નિવાસોની શોભા જોઈને પ્રસન્ન થતા હતા. સુંદર અગાસીઓ ગોખો અટારીઓ શોભતી હતી. તેની સુંદરતા મનોહરતા જોતા જતા હતા. માર્ગના ચોકો સુંદર ચોતરાઓ સારા લાગતા હતા. અનેક નારીઓ શ્રીહરિની મનોહર શોભાને સુંદર રીતે નિરખીને જન્મમરણનાં બંધનને દર્શન કરીને તોડતી હતી. સુંદર કમળસમાન નેત્રોને સુંદર રીતે જોઈને બાળકની માફક ચતુરવર શોભતા થકા સુંદર ચાલે ચાલતા જતા હતા. ત્યારે નગરવાસી નારી આનંદ ઉલ્લાસથી બહુ જ રીતે હરિને નિરખીને ધારતી હતી ને હાર ધારણ કરાવતી હતી.

ઉદારમૂર્તિ ભક્તજનોને ઉદારતાથી રાજી કરતા હતા. પૂરવાસી સુંદર અંગોવાળા પ્રભુનાં સુંદર અંગને ધારીને જોતાં હતાં. આવી રીતે ભક્તજનોને દર્શન દઈને લોકોના જન્મમરણના ભયને દૂર કરીને સુંદર રીતે શોભતા થકા રાજની સુરાજતા જોઈને રાજી થયા. હે રાજન્ ! બહુનામી મહાપ્રભુ સંતોની સાથે રાજાના બંગલે પધાર્યા ત્યારે સાહેબ ઘનશ્યામ પ્રભુની સામે આવ્યા. પ્રભુને જોઈને પગમાં વંદન કરતા હતા. હે રાજન ! મસ્તક ઉપર ટોપો હતો તે હાથમાં લઈને શ્રીહરિને તે રાજા નિવાસ સ્થાને લઈ જતા હતા. પ્રેમથી પ્રભુને મહેલમાં પધરાવતા હતા. રાજી થઈને ખુરશી નાંખીને મહાપ્રભુને સુંદર રીતે પ્રીતથી બેસાડતા હતા. રાજા પ્રેમથી ભગવાનને પૂજવા માટે હાથ જોડીને વિનયથી વિનંતી કરી રજા માંગતા હતા. કોમળ કમળસમાન નાથનાં ચરણકમળમાં સુંદર સુગંધિત ચંદન અરચતા હતા. ત્યાર પછી ગુલાબ ગુલદાવદી, હજારીના હારો પ્રેમથી પહેરાવતા હતા. અનેક પ્રકારની ભેટ સામગ્રીઓ અર્પણ કરીને અંગો અંગમાં અત્તર છાંટતા હતા અને મનમાં અતિ ઉમંગ સાથે મહાપ્રભુના ચરણકમળમાં વારંવાર વંદન કરતા હતા. પછી પ્રેમથી સ્તુતિ કરતા હતા. હે નારાયણ મુનિ નામવાળા મહાપ્રભુ ! આપ તો સર્વ જગના ઉત્પત્તિ, સ્થિતિ, લયના કારણ છો. સર્વના સ્વામી છો.

કાંકરિયા સરોવરના કાંઠે મોટી સભાની રચના કરી તે બધી વાતો વર્ણન કરીને કહી દીધી. તે સભામાં ગાંનતાંન કરીને બહુ રાજી કર્યા. તે સભામાં પુરના રાજા જોવા માટે આવ્યા. તે વાત બધી વર્ણવી દીધી. પુરનાં **વચમાં વિચરણ કરીને રાજાના મહેલે સર્વ ભુવનના નાથ પધાર્યા. આવી રીતે** શ્રીહરિલીલાસિંધુની લહરીના

રૂપે એકત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ આગમન લીલા વર્ણનમાં રાજાના મહેલે પધાર્યા એ લીલાનું વર્ણન કર્યું એ નામે એકત્રીસમો તરંગ પૂર્ણ થયો. ။૩૧။**

# તરંગ-૩૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! અંગ્રેજ રાજાએ મહારાજની વેદની શ્રુતિ અનુસાર સ્તુતિ કરી તે વાર્તા મને પ્રેમથી કહેવા કૃપા કરો. મારે તે સાંભળવાની બહુ જ ચાહના છે. પછી બીજાં કયાં કયાં ચરિત્રો કર્યાં તે બધાં યોગ્ય રીતે વિસ્તાર કરીને મને સમજાવવા કૃપા કરો. અલખ અવતારી મહાપ્રભુએ આ અમદાવાદપુરમાં પધારીને આ વખતે નરનારાયણદેવની મૂર્તિ શ્રીહરિ પધરાવવાના છે. તેમાં જે ચરિત્રો કર્યાં તે મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! સર્વ જગતના સ્વામી ધર્મદેવના ઘેર અવતર ધરીને પૃથ્વી ઉપર ધર્મ સ્થાપન કરવા પધાર્યા છે તે ધર્મપુત્ર શ્રીહરિ સિવાય બીજા કોઈમાં તમારું ચિત્ત લાગતું જ નથી. એમનાં સિવાય કોઈની ચાહના જ નથી થતી એવા પૃથ્વીના પાલન કરનારા રાજન તમને ધન્ય ધન્ય છે. હે રાજન ! હવે તમે સાંભળો. તે અંગ્રેજ રાજાએ જે સ્તુતિ કરી તેનો સાર બધો જ તમને કહું છું તે રાજ વિનયપૂર્વક બંને હાથ જોડીને કાંઈક વિનય સાથે કાંઈક નિર્ધાર કરીને કહેતા હતા. મહાપ્રભુનું પૂજન કરીને પ્રીતથી ઉરમાં ઉત્સાહથી બહુ જ ભાવથી મહાપ્રભુનું સ્તવન સ્તુતિ કરતા હતા. જગતનો ઉદ્ધાર કરનારા, કળિના દોષનો નાશ કરનારા, પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મસ્થાન કરનારા, આપનો જયજયકાર થાય. સુંદર નયનોવાળા, ગોળ કપોળવાળા, પૃથ્વીને પવિત્ર કરનારા, શ્વેત વસ્ત્રવાળા, લોકોને સુખ કરનારા, આપનો જયજયકાર થાઓ. જ્ઞાનનો વિસ્તાર કરનારા, કમળસમાન કોમળ અંગોવાળા, કોમળ હસ્તકમળવાળા સુખકંદ આપનો જયજય થાઓ. અજ્ઞાનીને જ્ઞાન કરનારા એવા સહજાનંદ પ્રભુ આપ સૌને શાંતિ કરનારા છો. આપનો જયજયકાર થાય. લોકોના શરણદાતા ભવદુઃખને હરનારા, સર્વના ભયને હરનારા આપનો જયજયકાર થાય. નેત્રોથી દર્શન કરીને આશ્રય કરનારને ભવપાર કરો છો માયા સાથે વિજય કરાવનારા, આપનાં ચરણકમળનું સર્વે દેવો અને મુક્તો ધ્યાન કરે છે, ગુણને સૌ ગાય છે. એવા આપ સર્વોપરી છો. સર્વના સ્વામી છો. સર્વને સુખ કરનારા, મંદજ્ઞાનવાળાને જ્ઞાન આપનારા, શાંતિ કરનારા આપનો જય જય થાઓ. હાસ્ય મુખકમળવાળા, સુંદર કટિવાળા કસીને બાંધનારા આપનો જયજય થાઓ. કાલિદત્તને વક્રદૃષ્ટિ કરીને મારી નાંખી કચરી નાંખ્યો. આંબા નીચે પછાડ્યો એવા પ્રભુ આપનો જયજય થાઓ. કોટરા આદિક બાલઘાતિણીનો નાશ કરનાર આપનો જયજય થાઓ. આપે ધર્મદેવ પિતા પાસે વૈદિક વિધિ પ્રમાણે ઉપવિત ધારણ કર્યા એવા આપનો જયજયકાર થાય. માતાપિતાને આપના સ્વરૂપનું દિવ્યજ્ઞાન આપીને અક્ષરધામમાં મોકલ્યા. ભૌતિક સુખમાંથી છોડાવ્યા એવા આપનો જયજયકાર થાય. વનમાં વિચરણ કરવા પધાર્યા. જગતના અમંગળનો નાશ કર્યો. જગતમાં મંગલમય વાતાવરણ કર્યું. વામમતનો નાશ કર્યો એવા આપનો સર્વત્ર જયજયકાર થાય. સુખ

કરનારા આપનો જયજયકાર થાય.

હે પ્રભુ ! આપે હિમાલયમાં પવિત્ર સ્થળ પુલહાશ્રમમાં જઈને ઉગ્ર તપ કરીને બધાંના તેજદાતા સૂર્યને રાજી કર્યા એવા ઉપકારી આપનો જયજયકાર થાઓ. આપના તપને જોઈને પરમહંસોએ આપની પ્રશંસા કરી અને સર્વે અંશોએ આપની સ્તુતિ કરી એવા અવતારના અવતારી પ્રભુ આપનો જયજયકાર થાઓ. નવલખા પર્વત ઉપર નવ લાખ યોગીઓને મળીને દર્શન દઈને ઉગ્ર તપસ્યા કરતા હતા, તે નવ લાખને એક સાથે ભેટીને મુક્તિ આપી એવા સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાઓ. હે પ્રભુ ! આપ ગોપાળયોગીને મળ્યા. એમની પાસેથી અષ્ટાંગયોગ ઉમંગથી શીખ્યા. સ્વરૂપનું જ્ઞાન કરીને મુક્તિ આપી સુખ કર્યું. એવા આપનો જય થાય. પોતાનો ભક્ત જાણીને બધાં બંધનક્રમને તોડીને અધર્મનો નાશ કરીને પાખંડીઓનો પરાજય કર્યો. સિધ્ધવલ્લભ રાજાને સાચા સ્વરૂપનું જ્ઞાન આપ્યું. રાજાએ નિલકંઠ પ્રભુની બહુ જ સેવા કરી. એવા સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાઓ. શક્તિનો ઉપાસક નામથી હરામી એવો વામ મતનો પ્રચારક પીબેકને પોતાનો પ્રતાપ બતાવીને એનો પરાજય કર્યો અને તેને ધર્મના માર્ગે ચડાવ્યો. બધા આશ્રિત સિદ્ધોને રાજી કર્યા. સાચો ધર્મ બતાવી પાપને હરીને જગકરણીઓમાં જયજયકાર કર્યો. અશરણના શરણદાતા નિલકંઠવર્ણીએ સર્વના ગર્વને હરીને સુખ આપ્યાં એવા આપનો જયજયકાર થાય. નટનાગર રૂપને પ્રગટ કરનારા મહાપ્રભુ આપે ગંગાસાગર સંગમમાં સ્નાન કરીને તીર્થને પાવન કરીને નાથના નાથ એવા જગન્નાથપુરીમાં રહીને બધું જોયું. પુજારીઓનાં છળકપટ જોયાં તથા ત્યાં રહેલા અપાર અસુરો થકી ભૂમિનો ભાર હળવો કરવા પ્રભુએ દૃષ્ટિ કરીને અંદરોઅંદર લડાવીને નાશ કર્યો. આવી રીતે સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાય. સૌ અસુરોનો નાશ કર્યા. બધાની સાથે પ્રેમથી રહીને સુખપૂર્વક રહેતા હતા. કોઈ જાતના પ્રયાસ વગર જ સારા ભાવવાળા ભક્તોને જોઈને સાચું ભગવાનના સ્વરૂપનો જ્ઞાનઉપદેશ કર્યો. તેનાથી અંતઃકરણ શુદ્ધ કરીને જયજયકાર કરતા હતા. આ રીતે જગન્નાથપુરીમાં દશ માસ નિવાસ કર્યો. હજારો અસુરોનો નાશ કરાવ્યો. આવાં આપનાં ચરિત્રને સંતો ભક્તો ગાયા કરે છે. એવા સુખકંદ પ્રભુ જયજયકાર પામો. હે સમર્થ પ્રભુ ! આપે આવી રીતે સર્વ તીર્થોમાં ફરીને પાવન કર્યાં. અનર્થ અધર્મને દૂર કર્યાં. એવા અવિનાશી પ્રભુ ધર્મકુળ છત્ર આપ સાત વર્ષ એકમાસ સુધી વનમાં ફરતા રહ્યા એવા આપની કિર્તિ તો જગતમાં વ્યાપીને જયજયકાર થશે. હે પ્રભુ ! આપ ધર્મકુળમાં પ્રગટ થઈને ધર્મને સ્થાપન કરીને સર્વ પાપનો નાશ કરો છો એવા સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાય.

હે પ્રભુ જગતના જીવોનાં જન્મમરણનાં ભવફંદોને હરતા થકા કરુણા કરનારા આપ સ્વતંત્ર રીતે અવતારના અવતારી જગવંદ પ્રભુ જયજયકાર કરતા થકા રામાનંદ સ્વામીને મળ્યા. એમનો મેળાપ થયો એવો તે ઉદ્ધવનો અવતાર હતા. એમના શિષ્ય થઈને રહ્યા સેવા કરી એવા આપનો જયજયકાર થાય. રામાનંદ સ્વામીએ પોતાની ગાદી આપને આદિ અનાદિનાં સાચા સમર્થ મહાજ્ઞાન જાણી આપી જયજયકાર કર્યો. રામાનંદ સ્વામી પંચભૌતિક દેહ ત્યાગીને બદ્રિકાશ્રમધામમાં પધાર્યા એવા આપનો જયજયકાર થાઓ. ધામના ધામી નામના નામી સર્વના નાથ આપનો જયજયકાર થાઓ. હે પ્રભુ ! અપરંપાર અધમ જીવોનો નરનારીઓનો ઉદ્ધાર કર્યો એવા હરિ નિલકંઠ પ્રભુ આપનો જયજયકાર થાય. પાખંડનું ખંડન કરીને અધર્મને ઉથાપીને સધર્મ સ્થાપીને જગતનો ઉદ્ધાર કર્યો એવા આપનો જયજયકાર થાય એવા હે જગતના ઈશ પરમેશ્વર, આપના ચરણકમળમાં શીશ નમાવીને વંદન કરીને અમારો દોષ નાશ કરો, એવા સર્વોપરી સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાય.

પૃથ્વી ઉપર વિચરણ કરતા જગતના જીવોનાં સુખ કરનારા, મહારાજાધિરાજ આપનો જયજયકાર થાય. આપના નામ મંત્રનો સમાજ જાપ જપે તે જીવાત્માને, ભવસુખ આપનારા સર્વનું મંગળ કરનારા મહારાજા આપનો જય જય થાઓ. આપના ગુણને શેષ શારદા ગાય છે. એવા સૌના સુખ કરનારા, આપના ગુણને અનેક કવિઓ ગાય છે તો પણ પાર તો કોઈ પામતો જ નથી એ વાત સાચી જ છે. એને કોઈ કહી શકે તેમ નથી એવા સુખકંદ પ્રભુ આપનો જયજયકાર થાય. હે અવિનાશી મહાપ્રભુ ! આપ પ્રગટ પ્રમાણમાં જ દર્શન આપો છો. મુનિજનો સૌ આપનાં ગુણચરિત્રોને ગાયા કરે છે. એવા સુખરાશી પ્રભુ આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! આપ મારા ઉરમાં નિવાસ કરો. અઠ્યાસી હજાર મુનિજનો સતત આપના સ્વરૂપને સંભારે છે. ધ્યાન કર્યા કરે છે તોય ધ્યાનમાં નથી આવતા એવા મહાન આપના ચરણમાં રિદ્ધિસિદ્ધિ દાસી થઈને રહે છે એવા અન્યથી પર એવા સુખકંદ પ્રભુ જયજયકારને પામો. અજ્ઞાની જનને જ્ઞાનસુખ આપનારા હે સહજાનંદ મહાપ્રભુ સર્વને શાંતિ કરનારા આપનો સર્વત્ર જયજયકાર થાઓ.

આવી રીતે તે રાજાએ કાળના કાળ મહાપ્રભુની સ્તુતિ કરી તેને સાંભળીને મહાપ્રભુ રાજી થઈને સુખકંદ પ્રભુ સુખદાતા મુખકમળને ફેરવીને નયનોને ફેરવીને તે રાજાને જોતા હતા. પછી પ્રેમથી મધુર વચનો કહેતા હતા. હે રાજા ! તમે માંગો. અમો તમને પવિત્ર વરદાન આપીશું. આમ કહીને સુખધામ મહાપ્રભુએ રાજાના પોતાનો હાથ આશિષ દેવા રાજાના મસ્તક ઉપર મૂક્યો અને કહ્યું તું ભવસિંધુમાં તણાતો હતો તેથી બાંય પકડીને બહાર કાઢી લીધો. ત્યારે તે રાજાઓ નાથને રાજી થઈને અનુકૂળ થયા છે એમ જાણીને બંને હાથ જોડીને તે રાજા કહેતા હતા. હે પ્રભુ ! સાંભળો હરિભક્તજનના દુઃખોને હરનારા દયાળુ આપની પાસે માંગું છું. સુખોને આપનારા હે સ્વામિનારાયણ પ્રભુ ! મને આપનો ગરીબદાસ સમજીને મનના ત્રાસ ત્રિવિધને હરી લેજો. હે અંતર્યામી પ્રભુ ! આપના ચરણકમળની અખંડ સ્મૃતિરૂપ ભક્તિ દેજો. જેનાથી મારા ભવફંદનું દુઃખ મટી જાય. હે અશરણ શરણાગત પ્રતિપાળ ! મને આપની ભક્તિ આપો. હે સહજાનંદ સ્વામી ! આટલું જ મને આપજો. હે રાજન્ ! આવી રીતે તે રાજાનો પ્રેમભાવ જોઈને પ્રાર્થના કરી તેને તથાસ્તુ કહીને કમલનયન પ્રભુ ત્યાંથી ચાલતા થયા. ભવને ભાંગનારા સુખ કરનારા પ્રભુ. સંતોની સાથે કાંકરિયા પોતાના ઉતારા ઉપર પધાર્યા. પછી ઉતારે આવીને તે રાજાની મહાપ્રભુ સંતોની સાથે બહુ જ પ્રશંસા કરતા હતા. હે રાજન ! પછી બીજા દિવસે શિવરાત્રી આવી ગઈ તે દિવસે પ્રેમીહરિભક્તો બહુ જ આવ્યા તેઓ સંતોને સુંદર ફલાહાર આપતા હતા. તેમાં પાકા કેળા અને તાજા સારા પેંડા લાવ્યા તે બધું સંતોને જમવા માટે આપ્યાં. તે શિવરાત્રીના દિવસે સ્વામિનારાયણ પ્રભુ મંદિરમાં ગયા એવા સર્વને આંજનારા ગર્વને તોડનારા બહુનામી પ્રભુએ ભૂદેવોને સારી રીતે વેદશાસ્ત્રનો અભ્યાસ કરેલા ચારે વેદના જાંણનારા ભૂદેવોને બોલાવ્યા.

બધા જ બ્રાહ્મણોને મહાપ્રભુએ જલદીથી બોલાવ્યા ત્યારે તે વિપ્રો પણ મનમાં આનંદ પાંમતા થકા તરત જ આવ્યા તે ભૂદેવોનું પૂજન કરીને વરુણમાં નક્કી કર્યા. પ્રભુએ એમને કડાં અને કુંડળ આદિક આભુષણો દીધાં. આ રીતે પૃથ્વી ઉપર મોટી ધામધૂમથી ચારે વેદના પાઠ કરનારા બ્રાહ્મણો પાસે વેદનો પાઠ કરાવ્યો. તથા ડાંગર, જવ, તલ, સરસવ આદિક હવિશ્યાન્ન હરખાતા થકાં અગ્નિમાં હોમતા હતા. મંડપમાં સારરૂપ વિજયસ્થંભ સ્થાપન કર્યો. બીજો મંડપ તૈયાર કરાવ્યો તેમાં દેશદેશના રાજાઓ અને ભક્તજનોને બેસવા કર્યો. તે જ સમયે અનેક પ્રકારના મણિ માણેક જડેલ જાતજાતના સાજ સજીને સુખદાયી પ્રભુ તૈયાર થયા.

શ્રીહરિ મહાપ્રભુની ઇચ્છા જોઈને વિશેષ સુખ જાણીને બધી જ સિદ્ધિઓ શોભા વધારવા શોભતી થકી અનેક દોડીને હાજર થઈ. આવીને મહાપ્રભુના ચરણકમળમાં નમન કરીને વેદની શ્રુતિ પ્રમાણે પ્રભુને વિનંતી સ્તુતિ કરતી હતી. નવા નામોનો ઉચ્ચાર કરીને સ્તુતિ કરતી હતી. હે શ્રીહરિ મહાપ્રભુ ! અમારે શું કામ કરવાનું છે. હે કૃપાનિધિ ! કૃપા કરીને અમને આપની દાસીને બોલાવી છે માટે હરિ આપ ઉલ્લાસથી અમને કહો. હે પ્રભુ ! અમે તો આપની દાસીઓ છીએ તો જે કામ કરવાનું હોય બધું જ કામ કરીએ. બધું જ જલદી કરી દઈશું. માટે હે દયાળુ અમને કામ આપો. સિદ્ધિઓની વાતો સાંભળીને શ્રીહરિ રાજી થઈ ગયા અને સિદ્ધિઓને કહેતા હતા કે તમે બેસવા માટે મોટો સુંદર મંડપાગારની રચના કરો. તે પણ અતિશય ચિત્રવિચિત્ર જ કરો. જેને જોઈને સૌ લોકો ચકિત થઈ જાય અને બહુ જ રાજી રાજી થઈ જાય.

બધાને સુખ થાય એવા સુંદર મંડપની રચના કરવાની બધા જ સભાસદોને બેસવા માટે સુંદર રાજ ઠાઠવાળું સુંદર સુવિધાવાળું ચિત્રવિચિત્ર પ્રકારની રચનાવાળું સુંદર ચતુરતાવાળું એવું સુંદર સારા જાડા રૂપાળા થાંભલા બહુ જ ઉંચાઈવાળા તથા સુંદર રમણીયમય રચનાઓથી શોભતાં ઉપરનાં છતનાં કાપડ જરિયાનીના બાંધવાનાં તે જોવાથી જાણે એની ઉપમા જ ન કહી શકાય તેવો મંડપ બનાવવાનો.

પ્રવેશદ્વાર સુંદર રીતે લીલા રંગનો બનાવ્યો. દીવાલ ઉપર સુંદર ચિત્રો બનાવ્યાં હતાં. તેમાં જુદાંજુદાં લાલ પરવાળાં લગાવેલાં નાનામોટા થંભો હજારો તૈયાર કરેલા હતા તે તેજાયમાન હતા તથા ખાનપાન માટે ખૂબ જ સગવડ કરી હતી. બધું જ સુંદર રીતે પ્રેમથી તૈયાર કરતાં હતાં. પ્રકાશમાન દેખાતું હતું. તે મંડપ સિદ્ધિઓએ તૈયાર કર્યો તે મિનાકારી કારીગરીનો તૈયાર કર્યો. તેમાં પક્ષીઓનાં આકારો જાતજાતનાં ચારેબાજુ દોરેલાં હતાં. તેની શોભાતો અપરંપાર જ થતી હતી. ભૂમિ ઉપર જાતજાતનાં પંચરંગી નંગો જડેલાં હતાં. તેનાથી શોભા બહુ જ સારી લાગતી હતી. આ શોભા જોઈને ઠાઠ બધો જ ચકિત કરતો હતો. જાણે સમાન ચિત્રોને દોર્યાં હોય તેમ સરખું જ લાગતું હતું. એમાં ગોખો સુંદર કરેલા હતા. તેના હાર તો મોતી છીપના કરેલા હતા તે લળકતા હતા. તેને જોઈને નરનારીજન હરખ પામતાં હતાં. મનોહર સ્તંભો જોઈને આશ્ચર્ય પામતાં હતાં. આંબાનાં તથા આસોપાલવનાં તોરણો અણિમાઆદિક સિદ્ધિઓએ રચના કરીને અદ્‌ભુત શોભા કરેલી હતી. તેની આટાટોપ શોભાને આકાશમાર્ગમાં ઉભેલા દેવો જોઈને ચકિત થઈ જતા હતા. બેસવા માટેની બેઠકો જુદીજુદી મણિઓની સુંદર બનાવી હતી તેની શોભાથી ઈંદ્રદેવ પણ જોઈને શરમાતો હતો. પુરુષોત્તમ પ્રભુનું પોતાનું જ કામ છે, એમ જાણીને ચતુર એવી સિદ્ધિઓ પોતાની ચાતુરી વાપરીને અનેકે આવીને કામ કરી દીધું. પુરુષોત્તમ પ્રભુ આવી શોભા જોઈને સર્વ ભુવનોના પતિ આનંદ પામ્યા. બધાં મંડપની સુંદરતા જોઈને મહારાજ મનમાં રાજી થયા. કમળનયન મહાપ્રભુ પ્રશંસા કરતા હતા. વારેવારે વખાણ કરતા હતા. અનેક ભુવનોના જુદાજુદા દેવો આવીને શોભા જોતા હતા. ઉભા રહીને પ્રસિદ્ધદેવ શ્રી નરનારાયણદેવને નિરખીને જોતા હતા. પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુ અક્ષરપતિ પ્રતિષ્ઠાવિધિ કરે છે એમ જાણીને આનંદથી જોવા માટે દેવોનો સમુદાય આવ્યો હે રાજન્ ! તેઓનાં નામ કહું છું. તે દેવોની પત્નીઓ ઉત્સવ ઉપર આવ્યાં છે, તે ઉત્સાહથી અનેક દેવો આવ્યા છે એમ જાણજો.

હે રાજન્ ! રાજાએ શ્રીહરિની સ્તુતિ કરીને વરદાન દીધું તથા શ્રીહરિ બધા જ સ્થળો જોઈ આવ્યા તથા બ્રાહ્મણોને વસ્તુઓ આપી વેદ ભણેલા જ્ઞાતા બ્રાહ્મણોનું વ્રુણમાં નિયુક્તિ કર્યાં તે વર્ણન કરીને કહી દીધું સિદ્ધિઓને તરત જ તેડાવીને મંડપ કરવાની આજ્ઞા કરી ચતુરાઈથી મંડપ કર્યો. એવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે બત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં મંડપની શોભાનું વર્ણન કર્યું એ નામે બત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૨॥**

# તરંગ-૩૩

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ હેતપૂર્વક જે દેવો આવ્યા છે તેમનાં નામો સાથે બધું સંભળાવવાનું કહેલું તે સંભળાવો. કોણ કોણ દેવ આવ્યા હતા તેના નામ કહો. વિધિપૂર્વક સ્થાપના કરી તે બધું જ વિસ્તાર કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન ! પવિત્ર બુદ્ધિવાળા તમે સાંભળો. જે પ્રશ્ન તમે પૂછ્યા છે તેના ઉત્તરો પ્રેમથી કહું છું તે સાંભળો. દેવની સ્થાપનાવિધિ સુખ આપનારી છે તે વિસ્તાર કરીને કહું છું તે સાંભળો. જે સાંભળવાથી સુખ થાય છે અને પાપ તાપ સંતાપ બધાં જ દુઃખો આવા સુંદર પવિત્ર કાર્ય જોઈને દૂર જતાં રહે છે તે જ ચરિત્ર લીલાની વાત કહું છું તે બધીય વાતને સાંભળો. પહેલાં જે દેવો પ્રગટ પ્રભુનાં દર્શન કરવા આવ્યા તેઓનાં નામ સાંભળવાથી અંતઃકરણમાં આરામ થાય છે એવાં દેવો ઈશ્વરોનાં નામ કહું છું તે તમે સાંભળો. હે રાજન ! તે ઉત્સવ કરવાનો ચાલું થયો ત્યારે અનેક દેવોનાં જુથો બહુ જ આવ્યાં. અક્ષરધામના અધિપતિ ઉત્સવ કરે છે. એમનો જ ઉત્સવ છે. એમ જાણીને દેવો સૌ બ્રહ્મા, વિષ્ણુ, શંકર તથા અષ્ટવસુઓ આદિક સૂર્યે ચંદ્ર આદિક, અગ્નિ વાયુ બધા સાથે મળીને આવ્યા તે દેવરાજ ઇંદ્રાણિ સહિત ઉત્સવ જોવાના મોહથી આવ્યાં. શોભા જોઈને મોહ પામ્યાં. દેવોના ગુરુ બૃહસ્પતિની સાથે સ્ત્રીઓ પણ આવ્યાં હતાં. ગ્રહો પણ ઉમંગથી જ આવ્યા હતા. ધરણિને ધારનારા શેષજી દોડીને આવ્યા હતા. કાશ્યપઋષિની સાથે એમના પુત્રો આત્રેય દત્તાત્રેય દેવ તે સૌ મૂર્તિમાન થઈને આવ્યા વાયુદેવ વ્રુણદેવ સાત સાગરો એમની પત્નીઓ નવસો નવાંણુ નદીઓને સાથે લઈને આવ્યા હતા. ધાત્રીદેવી પોતાનું નવીન સુંદર વેશ ધરીને પ્રભુના ગુણને આનંદથી ગાતાં ગાતાં આવ્યાં હતાં. નવ શ્રૃંગારોને સજીને દેવાંગનાઓ રૂપ સરાઓ ગાતી થકી આવી હતી. વાણીવર શારદા વાદળ બનીને વીણાને હાથમાં લઈને વગાડતાં થકાં આવ્યાં. નારદમુનિ તથા ગણપતિજી મોટા પેટવાળા ગણપતિજી આવ્યા તથા સિદ્ધિ બુદ્ધિ સહિત અનેક નરનારીઓ આવ્યાં. કાર્તિક સ્વામી જે કહેવાય છે તેઓ તથા અલકાપુરીના પાલન કરનારા તેઓ આવ્યા. તેઓ કોટિ ભુવન (બ્રહ્માંડ)ના સ્વામી તે દેવો યજ્ઞની શોભા જોવા દર્શન કરવા આતુરતાથી આવ્યા હતા. કિન્નરો અને કામદેવની પત્નીસહિત ફૂલોવાળા નવ નાગ આવ્યાં હતાં તથા દિશાઓ પવન વ્રુણ પ્રચેતાઓ આવી રીતે અગણિત આવ્યાં હતાં. જેની ગણતરી કહેતાં પાર જ ન આવે એવું હતું.

હે રાજન્ ! ધાત્રીના પતિ તે દોડીને આવ્યા. શ્રીહરિનાં મુખકમળનાં દર્શન કરવા તથા હરિને ભેટ અર્પવા

પ્રભુના ગુણને ગાતાં થકાં આવ્યાં હતાં તેનું વર્ણન કરીને વર્ણી કહેતા હતા. બધાં જ વાહનો સાથે લઈને આવ્યાં હતાં. શ્રીહરિનાથને નિરખીને ચરણકમળમાં નમન કર્યાં. આ મહોત્સવમાં તેત્રીસ કરોડ દેવતા સર્વે **નરનારાયણદેવના** પ્રતિષ્ઠા ઉત્સવનાં દર્શન કરવા આવ્યા હતા. સચિ દેવી સાવિત્રી લક્ષ્મીદેવી સરસ્વતી દ્રૌપદી અનસુયા આદિ રોહિણી ચંદ્રની પત્નીઓ સર્વે આવી હતી. સીતાજી અહલ્યા આદિક સુંદરીઓ કપટી નારીનરના ભેખના વેશ ધરીને પૃથ્વી ઉપર પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યાં હતાં. બધા જ દેવોની ઈશ્વરોની સુંદરીઓ કપટ રૂપ નારીનરનાં જુદાંજુદાં રૂપો ધરીને પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરવા આવી હતી. હે રાજન્ ! સર્વે દેવો અને દેવની સ્ત્રીઓ શ્રીહરીના ચરણકમળમાં શીશ નમાવતાં હતાં. શ્રીહરિની પ્રેરણાથી બધી સિદ્ધિઓ આવેલી હતી. એમણે ખૂબ જ રાજી થઈને સુંદર રીતે સેવાકાંમ કર્યું હતું. સુંદર રીતે મંડળની રચના કરી હતી. મંડપમાં બધા રાજા મહારાજા આનંદ કરતા હતા. સર્વદેવના દેવ શિરતાજ મહાપ્રભુ શ્રીહરિ જ છે એમની ઈચ્છા પ્રમાણે થયું છે. સંતનો બધો સમાજ તથા સર્વે સત્સંગીઓ સભામાં બેઠા થકા બહુરંગી પ્રભુને જોતા હતા. દેવના દેવની વચમાં ઈશ્વરોના ઈશ્વર અક્ષરધામના અધિપતિ શોભતા હતા. બધા જ દેવો મુનિજનો બ્રહ્માંડના રહેવાવાળા તે બધાય બહુ જ રાજી થઈને આનંદથી આવ્યા હતા. હવે હું ભગવાનની સ્થાપના વિધિની કાંઈક વાતો કહું છું તેને તમે આનંદસિંહ રાજન સાંભળીને સુખ લેજો.

યજ્ઞમાં બ્રહ્મદેવો વેદના મંત્રો સારી રીતે શુદ્ધ ઉચ્ચારથી બોલે છે. યજ્ઞકાર્ય વેદની વિધિ પ્રમાણે સુંદર રીતે કરે છે. ચારે વેદો શરીર ધારણ કરીને હોતા થઈને હવનનું કાર્ય કરાવે છે. પાપને હરનારા બ્રાહ્મણો વિધિ કરાવરાવે છે. હિંમત નામના ઋષિ મનુષ્યશરીર ધરીને સ્થાપના વિધિને વિસ્તાર કરીને કરાવે છે. ઇંદ્રિયોને જીતીને પવિત્રતાથી સરલ સ્વભાવવાળા દેવના સમાન સ્વભાવવાળા ઉદાર દિલવાળા હતા. તેઓ મૂર્તિની સ્થાપનાવીધિને જાણનારા હતા. બધા આર્યના ઉપરી ઘનશ્યામ પ્રભુએ કર્યા હતા. તેઓ શાસ્ત્રની વિધિ પ્રમાણે હોમ કરાવતા હતા. મંત્રનો ઉચ્ચાર પણ શુદ્ધરૂપે સ્પષ્ટ બોલતા હતા. તે ઋષિ આવીને અગ્નિમાં આહુતિ આપે તેને પ્રત્યક્ષ આવીને દેવો લેતા હતા. પ્રત્યક્ષ શરીર ધારીને કુડંમાં આવીને બધાય દેવો પોતપોતાનો ભાગ દેવો લેતા હતા. આવી રીતે પ્રગટ સ્વરૂપો જોઈને પ્રગટ પ્રભુ શ્રીહરિનાં ગુણને ગાતાં હતાં. પ્રતિષ્ઠા મંડપમાં નીમ દઈને સર્વ દેવોની પ્રતિષ્ઠાવિધિ થતો હતો. આનંદપૂર્વક મોટો ધામધુમ સારી રીતે થતો હતો ત્યારે **નરનારાયણ** ભગવાનની મૂર્તિ ત્યાં લાવ્યા એમને ધનધાન્યાદિક વાસ કરાવ્યો. ટાંકણ કામમાં થયેલા બધા દોષોનું નિવારણ કરાવરાવ્યું, મૂર્તિમાન વેદો નીગમોએ મંત્રનો ઉચ્ચાર કરાવ્યો. આવી રીતે સુંદર રીતે બધો જ વિધિ પૂરો થઈ ગયો જ્યારે પ્રતિષ્ઠામૂર્તિ સ્થાપન કરવાનો પૂર્ણ સમય થયો ત્યારે મહારાજ પોતે જ મૂર્તિસ્થાપન કરવા માટે યજ્ઞના સમાજની સાથે વિધિસહિત મૂર્તિઓને મહાપ્રભુ મંદિરમાં લાવ્યા. સિંહાસન ઉપર રાખીને પધરાવ્યા. ભયહારી મહાપ્રભુએ બાથમાં મળીને **નરનારાયણદેવને** વ્યવસ્થિત રીતે જોઈને પ્રીત કરીને પુણ્યદાયક મૂર્તિ પધરાવી દીધી. પછી મહાપ્રભુએ લોકોનાં દુઃખોને દૂર કરવા **નરનારાયણ આદિક દેવોની આરતી કરી.** ત્યારે આખા બ્રહ્માંડમાં જયજયકારનો સ્વર છવાઈ ગયો. પુષ્પનો વર્ષાદ થયો. ચારેબાજુ આકાશમાં દુંદુભિનો શબ્દ થતો હતો તે સંભળાતો હતો.પુષ્પનો અને ચંદનનો વર્ષાદ દેવો વર્ષાવતા હતા તેને નરનારીજનો સૌ જોઈને બહુ જ આનંદ પામતાં હતાં.

હે રાજન્ ! ત્યારે પૃથ્વી ઉપર અનેક પ્રકારનાં વાજાં વાગતાં હતાં. તેથી જાણે મેઘનો ઘમંડ આકાશમાં ગાજતો હોય તેમ લાગતું હતું નરનારીજનો દર્શન કરવા માટે દોડીને આવતાં હતાં ત્યારે પૃથ્વી ઉપર મંદિરમાં

બહુ જ ભીડ થતી હતી. સંવત અઢારસો અઠ્યોતેરની સાલમાં ફાગણ સુદ ત્રીજના રોજ રવિવારના દિવસે સુંદર સમયે પ્રતિષ્ઠા થઈ. દિવસ ઉગ્યા પછી અડધા પ્રહરે સુંદર દિવસના પ્રમાણરૂપે, સર્વજગતના સ્વામી રાજાધિરાજ ભરત ખંડના રાજા શ્રી **નરનારાયણદેવની** પ્રતિષ્ઠાવિધિ થઈ મહાપ્રભુ સહજાનંદ **સ્વામી નરનારાયણદેવની મૂર્તિ સામે જોઈ રહ્યા. નયનો સામે નયન નક્કી કરીને પ્રભુ પ્રેમથી મગ્ન થઈને સુંદર રીતે મધુર વચનો બોલતા હતા. હે મારા આશ્રિત ભક્તજનો તથા સંતોસહિત તમે બધાય સાંભળો. હું સુંદર વાત કહું છું. હું આ મૂર્તિમાં સતત રહીને મારો પ્રતાપ વિસ્તારીશ. સત્સંગનું બળ બહુ જ થશે. આ નરનારાયણદેવના સ્વરૂપમાં રહીને લોકોના મનોરથો પૂરા કરી એની ઈચ્છાઓ પુરી કરીશ. હું આ ભૂમિમાં બહુ જ સત્યતા બતાવીશ. આ વચન વેદની શ્રુતિના સારરૂપે છે એ પ્રમાણે માનજો. આ નરનારાયણદેવનો પ્રતાપ દિવસે દિવસે બહુ જ વધતો જવાનો આ પ્રગટ પ્રમાણ નરનારાયણદેવ પોતે પહેલા જ સત્યુગમાં ધર્મદેવ એને મૂર્તિદેવી થકી અવતાર ધર્યો હતો. સર્વના સ્વામી દેવો અને મનુષ્યોનાં સુખ કરવા માટે પ્રગટ થઈને બદ્રિકાશ્રમધામમાં લોકોનાં કામ આદિક દુઃખોને દૂર કરવા સતત નિવાસ કરે છે. કોઈ જાતની કામના વગર જ રહે છે. આ પ્રભુ આ પૃથ્વી ઉપર અતિ ચમત્કારો બતાવશે. ભક્તજનોના સ્વામી રાજાધિરાજ કહેવાય છે. ભૂમિ ઉપરના ભક્તજનોના ભયને હરવા માટે આ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમરૂપે રહેલા છે. જે જનો આ સ્વરૂપનાં દર્શન કરશે. એમના ભયત્રાસને હરિ લેશો. મહાપ્રભુના ચરણકમળમાં શીશ નમાવીને એમના ચરણમાં જે આવે તેને ઈશ્વરના સ્થાનનો અધિકારી થાય છે તેના બધાં જ પાપો સંતાપ નાશ પામે છે. પ્રભુના નામનો જે જન જપ કરશે. રટણ કરશે તે જન ભવને તરીને પાર પામે છે. જે જન સન્મુખ જઈને મૂર્તિનું એકાગ્ર ચિત્તથી ધ્યાન ધરે એમને ભેટ ધરે થાળ ધરે તેને પ્રભુસુખ કરે એના જન્મમરણનાં દુઃખો બધાં ટળી જાય છે.** આવી રીતે આ ભરતખંડના ભક્તજનોને આ નરવીર પ્રભુ **નરનારાયણદેવ** પોતે આશ્રિતજનોના અશરણના શરણદાતા છે. આ નરનારાયણ ભગવાન સર્વ કળાઓના ધારનારા છે. આ અવતારી પોતે બહુ જ અકળ કહેવાય છે. જે કોઈ જન આમની નકલ કરશે તે દુષ્ટ મરીને મહાકઠોર યમપુરીમાં જાય છે. બ્રહ્માદિ સર્વદેવો જેમનાં ચરણની ઉપાસના કરે છે. પોતાના ઉરમાં અખંડ સ્મરણ કરે છે. એવા સમર્થ છે. જ્યારે પૃથ્વી ઉપર અવતાર ધરે છે ત્યારે તે ધર્મના પુત્ર કહેવાય છે એમ જાણીને આ જગતમાં પ્રભુની ઉપાસના કરે છે તે ભક્તના ભવદુઃખના ભયને હરી લે છે. અને સુખને કરે છે. એટલા માટે જ આ રાજનગરમાં આ નરનારાયણદેવ અહીં વિરાજમાન રહીને દર્શન દઈને સુખ કરનારા થયા છે.

આવી રીતે શ્રીહરિએ પોતાના શ્રીમુખે **નરનારાયણદેવનું** મહાત્મ્ય બહુ જ કહ્યું. તેથી સૌ સંતો હરિભક્તો મનમાં બહુ જ રાજી થયાં. પછી મહાપ્રભુ સંતો પરમહંસોને પ્રેમથી કહેતા હતા. નરનારાયણ બંને ભાઈઓને સૌ પગે લાગીને ચરણસ્પર્શ કરો. આવી રીતે ઘનશ્યામ પ્રભુની સુખની વાત સાંભળીને સૌ સંતો સાંભળીને આવી નરનારાયણદેવનાં બધા જ સંતો જઈને સ્પર્શ કરતા હતા. દર્શન કરતા હતા. હે રાજન ! સંતોનાં નામ કહું છું. તેને તમે સાંભળો. મોટા મોટા સંતો બહુનામીની મૂર્તિને તથા ચરણકમળનો સ્પર્શ કરતા હતા. મહાન મોટા મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી મનને હરનારા ચિત્તને અને ચૈતન્યાનંદમુનિ ધર્મદેવના ઘેર અવતાર ધરીને ધર્મ સ્થાપનાર ગુણના સાગર ગોપાલપ્રભુ મુનિજનોનાં મનને નિરંજન મુક્ત કરતા હતા તથા મહાનુભાવાનંદમુનિ આદિક મોટા મોટા પાંચસો પરમહંસો સૌ શ્રીહરિની આજ્ઞાને શિર ઉપર ધારીને હરખ પામતાં થકાં નરનારાયણદેવની મૂર્તિનાં ચરણનો સ્પર્શ કર્યો. પરમહંસ સંતોએ **નરનારાયણદેવનાં**

ચરણનો સ્પર્શ કર્યો એટલે શ્રીહરિ હરખીત મનવાળા થયા. લોકોને રાજી કરવા નરનારાયણદેવનો વધારે મહિમા જણાવ્યો. નરનારાયણદેવની પાસે પ્રીતમ પ્રાણપ્રભુ સુંદર રસદાર થાળ તૈયાર કરીને અર્પણ કર્યા તે નરનારાયણદેવની મૂર્તિઓ સ્થાપન કરીને તે જોવા માટે દેવોના ઝુંડો આવ્યાં હતાં. તે દેવોના રાજા તથા દેવો સૌ કામો કરતા હતા. આવી રીતે અનંત લોકોના અધિપતિઓ નરનારાયણદેવની મૂર્તિનાં દર્શન કરવા આવ્યા હતા. આનંદમય અંગવાળા થઈને બંને હાથ જોડીને નમન કરતા હતા. પછી તેઓ પવિત્ર મૂર્તિની ષોડશોપચાર દ્રવ્યોથી પૂજા કરતા હતા. ધુપદીપ નૈવેદ્ય ધરાવતા હતા અને આરતી ઉતારતા હતા. તે આરતીના સમયે પૃથ્વી ઉપર મંદિરમાં બહુ જ ભીડ થઈ હતી. શ્રી નરનારાણદેવનાં દર્શન કરવા માટે લોકો બહુ જ આવ્યાં હતાં. આકાશમાર્ગમાં ઉભા રહીને આનંદ મનવાળા થઈને ગદ્‌ગદ્ કંઠથી સ્તુતિ પ્રાર્થના કરતા હતા. આવી રીતે દેવોના કુતૂહલતાને જોઈને મહારાજ પણ બહુ જ રાજી રાજી થઈ ગયા. આ બાજુ માનવમેદની બહુ જ આવી. તેથી ઉપરા ઉપર પડતાં હતાં. બધા ઈશ્વર અને દેવના સમાજ પણ આમ જ કરતાં હતાં.

નરનારાયણદેવની સ્થાપનાનો વિધિ સુંદર શોભાવાળો હતો. તેને સૌએ ગાયો. હે રાજન ! તે બધું મને બહુ જ ભાવતો હતો. અતિશય આનંદ સુખ પ્રાપ્ત થયું. અદ્‌ભુત જયજય શબ્દ થયો તે જ ઉત્સવનું મોટું આનંદનું સુખ છે. શ્રી નરનારાયણદેવનો મહિમા શ્રીહરિએ પોતાના મુખે બહુ જ અદ્‌ભુત રીતે ગાયો. એવી રીતે આ તેત્રીસમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય અવિનાશાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં નરનારાયણદેવ સ્થાપના મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ લીલાનું વર્ણન કર્યું એ નામે તેત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૩॥**

# તરંગ-૩૪

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! અમદાવાદ નરનારાયણદેવની પ્રતિષ્ઠામાં કયા કયા દેવો આવ્યા હતા. એમણે સ્તુતિ કેવી રીતે કરી. હે મહાપ્રભુના પુત્ર અવધપ્રસાદજી મહારાજ ! મારું મન બધી વાત સાંભળવા ઈચ્છે છે આવી રીતે તે આનંદરાજાનો પ્રશ્ન સાંભળીને પવિત્ર પ્રસન્ન થયા. કહેતા હતા અવધપ્રસાદજી મહારાજ ધરાના રાજા છત્રને ધારણ કરનારા તમે બહુ જ મનોહર પ્રશ્ન પૂછ્યો છે. દેવોએ સ્તુતિ પ્રાર્થના કરી તથા પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુનાં દર્શન કર્યાં. **નરનારાયણદેવની** સેવા કરીને બધા દેવો સુખ પામીને નરનારાયણદેવને મસ્તક નમાવીને હાથ જોડીને દેવનાં સમુહોએ સ્તુતિ કરી તે વાર્તા કહું છું તેને હે રાજન્ ! તમે સાંભળો. તેનાથી જગતના પતિ શ્રીહરિ બહુ જ રાજી થઈ જાય છે. ચારે વેદોને ચાર મુખોએ ધારણ કરેલા એવા બ્રહ્માજી, સમુદ્રમાં મોતી ઉત્પન્ન થાય છે તેનો ચારો કરનારાં હંસો તેના ઉપર અસવાર થઈને જગતનો મોહ વધારતા થકા જગતનું સર્જન કરનાર બ્રહ્માજી દંડકમંડળને હાથમાં લઈને સાથે પ્રજાપતિ મુનિઓની સાથે **નરનારાયણદેવની** પાસે આવ્યા. માથું નમાવીને રાજી થતાં થકા દર્શન કર્યાં. વેદની શ્રુતિ અનુસાર સ્તવન કરીને ઘનશ્યામપ્રભુને જોઈને સ્તુતિ કરતા હતા. હે પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર મનુષ્યસ્વરૂપ ધારીને પ્રથમવાર પધાર્યા છો એવા સુખદાતા આપ તો જીવોનાં પાપોને બાળનારા છો એવા આપનો જયજયકાર થાય. આદિ પુરુષ આપ અવતારના અવતારી છો. જીવો ઉપર દયા કરીને મનુષ્યદેહને ધારણ કર્યો છે. તેનાથી

નર નારીજનોનો ઉદ્ધાર કરીને સુંદર રીતને સ્થાપન કરી છે. એવા હે નાથ આપને વારંવાર નમન કરું છું. મનોહર મૂર્તિ કામના મદને હરનારા સર્વ કળાઓના કરનારા સુખના ધામી મહાપ્રભુ આપ તો સર્વના નાથ આપને નમન કરું છું. હે સર્વના સ્વામ ! નાયક નિયંતા સ્વરૂપના સુખને આપનારા જેમના ગુણને ગણેશજી ગાયા જ કરે છે એવા અનાથના નાથ સર્વના નાયક આપને નમન કરું છું. પવિત્ર ભક્તોના મનને ભાવનારા અસુરોના સમુહનો નાશ કરનારા સમજુને બુદ્ધિવાનનો સાચું વેદજ્ઞાન કરનારા ભક્તને સદાય સહાય કરનારા છો. આપ તો અમાપના માપક છો. પૃથ્વી ઉપર ધર્મને વિસ્તારનારા સ્થાપનારા છો મનોહર વાણીથી સમજાવનારા. મુનિઓ જપીઓ જાપને જપ્યા કરે છે. આપનાં ચરણકમળમાં વંદન કરે છે. આપનાં સુંદર ચરિત્રને સંભળાવે છે એવા આપ સર્વના નાયક નેતા છો. લક્ષ્મીના પતિ મહાપ્રભુ આપને નમન કરું છું. સંતપુરુષોને સુખ કરનારા આપના જપને જોગી જતીઓ કર્યા કરે છે. સતી સદાય આપની સેવાભક્તિ કર્યા કરે છે. આદિ ઈશ્વર વિષ્ણુ સર્વદેવથી મુખ્ય છો. સતી સતત આપનું નામ રટ્યા જ કરે છે. સરસ્વતી આપનું સતત સ્મરણ કરે છે. આપના સ્વરૂપને જોઈ તરત લાજને પામે છે. આશ્રિત ભક્તજનોને આનંદ આપો છો. એમનાં કર્મબંધનને તોડો છો. મુક્ત કરો છો. વેદવ્યાસ આપનાં દર્શન કરે છે. આપના નામનો જાપ કર્યા જ કરે છે. આપ મુખેથી મંદહાસ્ય કરો છો. અનંતજીવોને સુખ આપો છો. ઉરમાં વાસ કરો છો. ત્રાસિત ભક્તોના ત્રાસને આપ સમિપમાં વાસ આપીને ત્રાસ હરો છો. ખીલેલાં કમળની પાંખડી સમાન સુંદર નયનોવાળા કામદેવના માનને તોડનારા ભક્તજનોના શોકને તથા દુઃખને હરનાર ચંદ્રસમાન મનોહર તેજવાળા. હે કૃપાળુ ! મારું કાર્ય કૃપા કરીને કરો. આપના સ્વરૂપનું દર્શન સતત દેતા રહો.

આવી રીતે સ્તુતિ કરીને પિતામહ બ્રહ્માજી અહીંથી મેરુપર્વતમાં સત્યલોકમાં પધાર્યા અને સનક સનંદન આદિ સનકાદિકો નરનારાયણદેવની મૂર્તિને ઉરમાં ધારીને પધાર્યા. પાર્વતી પતિ મહાદેવજી પુત્ર ગણપતિની સાથે સૌ પરિવાર સદા શિવ આવ્યા. નરનારાયણદેવની પ્રાર્થના પ્રેમથી કરતા હતા. હે આદિ અનાદિ પરાપર આદિરૂપ આપને નમન છે. આપના ગુણને ષડઅંગ વેદો ગાય છે. એવા આપને નમન છે. હે પ્રભુ ! મહાકાળના આપ કાળ છો. હે નાથ ! અનાથ એવા કોટિ મુક્તોને આપે સનાથ કર્યા એવા આપને નમન છે. સુખના સાગર દયાના સાગર આપનાં દર્શન કરીને અસંખ્ય ભવપાર કર્યા એવા આવા મહાપ્રભુ આપને નમન છે. આપે દૃષ્ટિ કરીને કઠોર કાળરૂપી સર્પને દબાવીને પોતાના પ્રતાપે કળિયુગમાં સત્યયુગનો ધર્મ સ્થાપ્યો એવા આપને નમન છે. દિવ્ય ઘન તેજરૂપ દિવ્ય અક્ષરધામમાં વિહાર કરનારા આપનું અનંતશક્તિઓ સતિઓ ભજન કરે છે એવા આપને નમન કરું છું. હે પ્રભુ ! અનંત કોટિ જીવભૂતોને આપના પ્રતાપથી દેવો દાનવો સૌ વંદે છે. એવા આનંદમૂર્તિ અનેક સ્વરૂપા આપને નમન કરીએ છીએ. હે પ્રભુ ! આપને અણિમા આદિક અષ્ટસિદ્ધિઓ અગમ્ય એવા આપનું સેવન કરે છે. હે ભયના શત્રુ હે પ્રભુ ! ભાવથી વશ થનારા આપના કાનો ઉપર સુંદર કુંડળ શોભે છે. એ શોભા જોઈને કરોડો સૂર્ય ચંદ્રો પણ લાજ પામે છે એવા આપને ભજીએ છીએ. હે વિભુ ! આપ તો સર્વત્ર વ્યાપક છો. વેદરૂપે નિવાસ કરો છો. ક્યારેય જન્મ લેતા જ નથી. અદ્વિતીય ક્યારેય ખેંચાતા નથી એવા મનોહરમૂર્તિ આપને નમન કરીએ છીએ. અદોષ એવા અશેષ અનંતમૂર્તિ એવા આપનાં ચરણકમળનું સંતો ધ્યાન કરીને ધૂન્ય ભજન કરે છે અને આપને નમન કરીએ છીએ. હે ગુણાતીત ઘનશ્યામમૂર્તિ મહાપ્રભુ સુખપૂર્વક આપે આવીને શ્રીપુર અમદાવાદમાં નિવાસ કરીને રહ્યા એવા આપને નમન કરીએ છીએ. અનંત પતિતોને પાવન કરો

છો એવા હે પ્રભુ ! આપ અમારી સ્તુતિને સાંભળીને આપના સ્વરૂપનું સુખ આપજ્યો અવતારના અવતારી જાણીને નરનારાયણ પ્રભુની ત્રણ નયનોવાળા ત્રિપુરનો નાશ કરનારા સદાશિવે અતિપ્રેમથી પ્રાર્થના કરી. નંદી, પાર્વતી, ગણપતિ, સહિત સૌએ નરનારાયણ ભગવાનની મૂર્તિને ઉરમાં ધારીને બધાં ત્યાંથી ગયાં ત્યારે સર્વનું પાલન કરનારા વિષ્ણુ ભગવાન આવ્યા. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં દર્શન કરીને **નરનારાયણદેવના** પતિ વિનય સાથે બંને હાથ જોડીને નમ્રતાથી સ્તુતિ કરતા હતા.

હે મદને હરનારા ગર્વગંજન સર્વને આંજનારા ભીડને તોડનારા અવતારના અવતારી **નરનારાયણ** પ્રભુ નરવીર આપનો જયજયકાર સદાય થાય એ જ પ્રાર્થના છે. જયનારાયણ જયનારાયણ જય શ્રીહરિ આપનો જય. હે પ્રભુ ! આપના ચરણમાં શિશ નમાવીને આદિયુગમાં આપે અનંત રૂપોને ધારણ કરીને પ્રગટ્યા તે અવતારના અવતારી **નરનારાયણ નરવીર** દેવ સાક્ષાત અમદાવાદપુરમાં નિવાસ કરીને અત્યારે રહ્યા છે. પોતાના આશ્રિત ભક્તોની પીડા જોઈને તથા તેના પ્રેમને વશ થઈને એમના પ્રેમથી અજિતપ્રભુ કામને જીતી ગયા પણ ભક્ત પ્રેમને ન જીતી શક્યા. એમ જાણીને જીવનપ્રાણને જોગીજનો મહિમાથી આપનું ભજન કરે છે. પ્રભુ ધામમાંથી પૃથ્વી ઉપર ધર્મને ઘેર પ્રગટ થયા. સાથે નારાયણ પોતે ભક્તજનોના ભયને હરવા એમના જન્મનું કારણ, ભક્તજનોના સુખ માટે જ બનાવ્યું ભક્તજનોના ભયને હરીને પોતે દુઃખને સહે છે. આપનાં મહાન આજાનું બાહુવાળા મહાપરાક્રમ કરનારા ઉપડતી છાતીવાળાં ઉત્તમ કુળમાં પ્રગટ થઈને પ્રાચીન પવિત્ર તીર્થને પાવન કરીને લોકોના શોકને હરતા થકા વનમાં વિચરીને મહાકપટ સહીને જગતનાં પાપોને બળાવ્યા તથા ઝેરનો નાશ કરનારા કરુણામય કોમળનયનોવાળા મનોહરના અભય આપીને મોક્ષ કરનારા મનોહર મૂર્તિ આપ પોતે જ વારંવાર પ્રત્યેક યુગમાં અવતાર ધરતા રહ્યા છો તે આપ પોતે જ છો. આપે પ્રથમ મત્સ્ય અવતાર ધાર્યો તે મત્સ્ય અવતારથી સત્ય વ્રત રાજાનો ઉદ્ધાર કર્યો. ભક્તજનોને તારવા માટે તથા ભૂમિના ભારને હરીને પોતાના પ્રતાપને વધારતા હતા. કચ્છ અવતારને ધારણ કર્યો તે દેવરાજનાં કાર્ય કરવા સમુદ્રમંથન સમયે પર્વતને ધારણ કર્યો. દેવોના સુખ માટે દેવો અને દાનવોને આનંદ આપ્યો. ધરણીનો ઉદ્ધાર કરવા અસુરથી મુક્ત કરવા વરાહનો અવતાર સુખ કરવા ધારણ કર્યો. હિરણ્યાક્ષ દૈત્યને મારી નાંખીને પૃથ્વીને છોડાવીને દેવોનાં સુખ કાર્ય કર્યાં. નૃસિંહ રૂપ ધારણ કરીને પોતાના ભક્તોના કારણે પ્રગટ થઈને હિરણ્યકશિપુને માર્યો અને પ્રહલાદનો ઉદ્ધાર કર્યો. તેના ચરિત્રને શેષજી તથા મહેશજી ગાય છે. પરશુરામ અવતાર ધરીને ફરસી ધારીને ક્ષત્રિયોને મારીને પાપાચારનો નાશ કર્યો. જ્ઞાની મનુષ્યો તેના ગુણને ગાયા જ કરે છે. ભક્તજનોના ત્રાસને હરો છો. રામરૂપને ધરીને ધામનાં સુખને આપનારા આપ પ્રગટ થયા. સાગરમાં પુલ બાંધીને લંકામાં જઈને રાવણની સાથે યુદ્ધ કરીને રાવણને મારીને ભૂમિભાર દૂર કર્યો તથા કૃષ્ણરૂપને ધારીને પૃથ્વીના કષ્ટને દૂર કર્યું. અસુરોનો સંહાર કર્યો. વ્રજમાં વાસ કર્યો. ગોપીઓની સાથે રાસ રમ્યા. દૈત્ય અંશના કંસ આદિનો વધ કર્યો. ભૂમિના બહુ જ ભારને હળવો કર્યો. શુધબુધના રૂપને ધારીને લોકોને બોધ કર્યો તથા વૈદિક ધર્મોનો સ્વીકાર કરીને દેવોએ સહાયતા કરી. પૃથ્વી ઉપર એક જ વર્ણ થઈ જશે ત્યારે અતિશય પાપ થશે ત્યારે કલ્કિ અવતાર ધરીને દૈત્યવંશનો નાશ કરીને ધર્મને ધારણ કરીને રહેશો ત્યારે આપના ચરિત્ર પ્રતાપના ગુણને ગાઈને આપનો પ્રચાર પ્રતાપને વધારશે.

આવી રીતે આપ અનેક અવતારો ધરીને અનેક રૂપે થઈને અનંત સંતજનોનો ઉદ્ધાર કર્યો એવા હે પ્રાણનાથ ! આપ બદ્રિકાધામથી આવીને અમદાવાદપુરમાં નિવાસ કરીને રહ્યા છો. હે પુરુષોત્તમ પ્રભુ !

આપના ગુણને આગમ નિગમ વેદો ગાયા જ કરે છે. એવા આપ જયને પામો. હે પ્રભુ ! જગતના પાપોને બાળો છો. છતાં આપ તો સર્વથી ઉપર જ રહો છો. એવા હે પરબ્રહ્મ ! આપનો જયજય થાય. જગતના સર્વ ભક્તજનોના સુખ કરવાવાળા આપને બધી જ ઉપમાઓ યોગ્ય લાગે છે એવા આપનો જયજયકાર થાય. હે પરબ્રહ્મ ! પુરુષોત્તમ પ્રભુ આપ આ પૃથ્વી ઉપર તો હમણાં જ પધાર્યા છો. આપ તો ત્રણ ગુણથી પર જ છો એવા હે કૃપાળુ ! કળાઅવતાર કહેવાય એવા આપનો જયજયકાર થાય. આપ પૃથ્વી ઉપર પધારીને અત્યારે આ અમદાવાદપુરમાં પધાર્યા. વિસ્તારપૂર્વક નિવાસ કરો છો. ભક્તોને સુખી કરો છો એવા આપનો જયજયકાર થાય. આવી રીતે વૈકુંઠધામના અધિપતિ વિષ્ણુભગવાને આવી રીતે સ્તુતિ કરી તે શ્રીહરિ સહજાનંદ સ્વામીની પ્રેરણાથી થયું. પછી દેવોના રાજાની સાથે બધા જ દેવો ભયહારી મહાપ્રભુને સર્વોપરી જાણીને **નરનારાયણદેવની** સર્વ અવતારના અવતારી જાણીને સકળ સ્વરૂપની સ્તુતિ કરતા હતા. જયતિ જયતિ એમ કહીને વેદો જેમના ગુણને ગાય છે હે અજિતપ્રભુ ! આપના વિજયથી કામ પરાભવથી રતિ કોપાયમાન થાય છે આપની ક્રિયા અનેકનો ઉદ્ધાર કરે છે. આપની ક્રિયાથી અનીતિ હારી જ જાય છે. આવા આપ સુખ દેનારા નરનારીજનનાં મનમાં બહુ જ વહાલા છો. બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક બધા અનાદિના વાદ કહે છે એવા ગુણના ગંભીર દેવો **નરનારાયણદેવનાં** ગુણને ગાય છે. શિર ઉપર જટા રાખેલા ભક્તિભાવવાળા અધમ જીવોનો ઉદ્ધાર કર્યો એમ જાણીને આપે નયનોથી નિરખીને અનેક અધમ જીવોનો ઉદ્ધાર કર્યો એવા આપના મનોહર સ્વરૂપને જોઈને કામદેવ શરમાય છે એવા આપના કંઠમાં સુંદર જયમાલા શોભે છે એવા પ્રાણથી પ્યારા આપ છો. આપે હાથમાં ગદા અને પદ્મને ધારણ કર્યાં છે. તેથી આપની શોભા બહુ જ સુંદર પ્રિય છે તથા શંખ અને ચક્રને ધારણ કરેલા છે તેના દર્શન કરવાથી બહુ જ આનંદ થાય છે એવા હે જીવનપ્રાણ પ્રભુ ! આપનો જય જય થાય એવા જીવનપ્રાણ પ્રભુ આપે ભક્તજનોના સુખ માટે પાપોનો નાશ કરવા સુખ દેવા અમદાવાદપુરમાં પધાર્યા છો. હે નાથ ! આપ અનંતના નાથ છો. સાથે સંતોનાં મંડળોને લાવ્યા છો તેથી આપને નમન કરીએ છીએ. આપ અનાથના નાથ છો. માટે આપના ગુણને ગાય છે. એ ભારત આદિ પુરાણોમાં ભેદ સમજાવેલ છે તથા વેદાંત આદિ ગ્રંથોમાં કહેલાં છે. દેવો આપના ગુણને ગાય છે. શેષ શારદા કોઈ પાર તો પામતાં જ નથી. અનંત ધ્યાનીઓ ધ્યાન કરે છે. આપની ધારણા કરે છે. આપ તો સુખના કરનારા છો. દુઃખને તો મૂળમાંથી નાશ કરો છો. અનંતના મનને અતિ પ્રિય લાગો છો. અનંત ઈશો આપને નમે છે. આવી રીતે **નરનારાયણદેવનાં** દર્શન કરીને દેવરાજ ઈન્દ્ર દેવોની સાથે સૌ અમરાવતીપુરી (સ્વર્ગમાં) આનંદ કરતા થકા પોતાના મનના તનના બધા જ તાપસંતાપનો ત્યાગ કરીને ગયા.

નરનારાયણદેવનાં દર્શન કરીને બધી જ કળાયુકત સુખકારક મૂર્તિનાં દર્શન કરીને બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ગદ્‌ગદ્‌ કંઠ થઈને વિનય પૂર્વક સ્તુતિ કરીને ગયા. દર્શન સ્પર્શ કરીને પછી નરનારાયણદેવની મૂર્તિને નિરખીને ઉરમાં ધારીને વિદાય થયા. આવી રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે ચોત્રીસમો તરગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિશાનંદ બંને બ્રહ્મચારીરચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં દેવોએ સ્તુતિ કરી એનું વર્ણન કર્યું એ નામે ચોત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૪॥**

# તરંગ-૩૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! તે અનેક લોકભુવનના દેવો અધિપતિઓએ નમ્રતા પૂર્વક નરનારાયણદેવને દર્શન સ્તુતિ કરી તે બધી જ વાતો મેં આપના મુખથી સુંદર રીતે સાંભળી છે. હવે શ્રી સહજાનંદ સ્વામી પ્રભુનાં સુંદર પવિત્ર ચરિત્રો હોય તે ઉદારતાથી પ્રેમપૂર્વક આપ મને સંભળાવો તે ચરિત્રો સાંભળવાથી શાંતિ થાય છે.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારે પૂર્વજન્મના પુણ્ય પ્રતાપે ભગવાનનાં ચરિત્રમાં વધારે રૂચિ થાય છે. શ્રીહરિના ચરિત્રામૃતમાં હેત થવાથી એનું પાન કરવાની બહુ રૂચિ થયા કરે છે. અને તમે વારંવાર પ્રગટ પ્રભુનાં ચરિત્રોનું ચિત્તમાં ચિંતવન કરીને પૂછો છો તો હું તે ચરિત્રો સ્નેહથી કહું છું તેને તમે પ્રીત કરીને એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. શ્રી સહજાનંદ સ્વામીની દેવોએ સ્તુતિ કરી તે જોઈને પ્રભુ મનમાં બહુ જ રાજી થઈને અતિશય સ્વતંત્ર રીતે મધુરવાણીથી કહેતા હતા.

હે કજગતના સર્જન કરનારા જગતનું પાલન કરનારા તથા જગતનો સંહાર કરનારા હાથમાં સર્પોને તથા વજ્ર ધારીને તથા વાયુદેવ આદિકને બધા જ દેવોનો સમુહ નિર્મળતાથી શાંતિથી અમદાવાદપુરમાં સુંદર રીતે વસતા હતા તે કેમ રહેતા હતા તો પ્રગટ પ્રભુ અહીંયા નિવાસ કરીને વિરાજમાન થયા છે. આ મૂર્તિમાં સદાય માટે રહીશું. સતત તમારી સાથે લોકોના સૌ દેવોનાં સુખ કરવા માટે સર્વનાં પાપો મહાપાપોનો નાશ કરવા દિવ્યરૂપે નિવાસ કરીને સર્વનાં ભયને દૂર કરતાં રહીશું. આવી રીતે પ્રભુના મુખની વાણી સાંભળીને તરત જ જોઈને રહેતા હતા. અમદાવાદપુરમાં અકળમૂર્તિ દિવ્યસ્વરૂપે સર્વને બહુ જ સુખ આપતા હતા. જે જન દર્શન કરવા આવે દર્શન કરે તેના કરોડો જન્મનાં ભેગાં થયેલાં પાપો બધાં જ બળી જાય છે. બધાં જ તીર્થો કરે તેનું જે ફળ થાય તે એક જ જગ્યાએ દર્શન કરવાથી મળે છે. આવી શાસ્ત્રોની વાત હજાર મુખે શેષજી ગાય છે ચારે ધામ અને સાતપુરીઓ બધાં જ આજ સ્થળે આ રીતે કાયમ માટે આવે છે તથા બ્રહ્માદિ ઈશ્વરો સૌ નિત્ય અહીં પ્રગટ રહે છે એમ જાણજો.

આટલું કહીને મહાપ્રભુ પોતાના સ્થાને પધાર્યા. દેવોના મંદિરમાં દેવોને નિવાસ કરાવ્યો પછી પ્રભુજીએ પોતાના આશ્રિત ભક્તોને દર્શનનું સુખ દેતા હતા. માનવમેદની એકદમ ધકા ધુકિ ઉપરા ઉપરી પડતાં હતાં. સૌ જનો મુખેથી જયજય બોલતાં હતાં ને **નરનારાયણદેવોનાં** દર્શન કરતાં હતાં ને આનંદ પામતાં હતાં. સાથે સાથે અનેક પ્રકારનાં આભુષણો વાઘા વસ્ત્ર ભેટમાં લાવતાં હતાં. તે નરનારાયણ આદિક દેવોને અર્પણ કરતાં હતાં. **નરનારાયણદેવની** જય બોલતાં હતાં. હે રાજન ! અનેક રાજાઓ આવીને મસ્તક નમાવતા હતા. અગણિત જતિઓ સતિઓ મુખેથી પ્રભુના ગુણને ગાતાં હતાં. આવી રીતે અમદાવાદમાં બહુ જ ભારે ધામધૂમ થતી હતી. તેને કહેતાં મહાદેવજી પણ પાર પામતા ન હતા. આવી રીતે શોભા તો બહુ જ હતી અને મારી મતિ તો બહુજ નાની છે. એટલે બહુ વાતને કેવી રીતે વર્ણન કરવા સમર્થ થાઉં. જેમ જેમ નરનારાયણ ભગવાનના ગુણ ગવાતા હતા, તેમ સાંભળી સાંભળીને ઘનશ્યામ પ્રભુ બહુ જ સુખ પામતા હતા. ભયહારિ પ્રભુ અતિ ભીડ થયેલી જોઈને ચારેબાજુ નજરને ફેરવતા હતા. ચપળતાથી ચિંતવન કરતા. વિચારતા હતા પ્રભુ પછી પ્રભુ સુખ દેનારી મધુર વાણીથી કહેતા હતા. આવી શોભા તો ત્રણે લોકમાં ક્યાંય નથી તેવી શોભા (દેવની સ્થાપનાવિધિ) તો બહુ જ શોભતી હતી. આવી રીતે **નરનારાયણદેવને** શ્રીહરિએ પોતાના હાથે બાથમાં

લઈને પધરાવ્યા.

આવી રીતે આ ઉત્સવ અપૂર્વ અદ્‌ભૂત થયો. આમ કહીને મુનિરાજ મહારાજ રાજી થયા. માટે હે આનંદરાજન ! બધું કહેવામાં મારાથી પાર તો ન પમાય. કેમકે શેષજી હજાર મુખેથી ગાય છે. વેદશ્રુતિ ગાય છે. શારદાદેવી ગાય છે તે પણ પાર ન પામે તો મારાથી તો કેમ પમાય. મહારાજે તો અનંત લીલાઓ કરી છે. પછી મહાપ્રભુ મુનિજનોની સાથે સૌ રસોઈ તૈયાર થઈ એટલે જમવા **બેચરભાઈ મણકીવાળાને** ઘેર પધાર્યા. મહાપ્રભુ થાળ જમીને પછી સૌ સંતો પાર્ષદોને જમાડતા હતા. પ્રભુ પ્રેમથી પીરસીને પ્રીતમપ્રાણ પ્રભુ આસન ઉપર બેઠા. ભક્તોએ ભાવપ્રેમથી ભગવાનની પૂજા કરી કેશરચંદન હારતોરા પહેરાવીને સુંદર વસંતી કેસરી વસ્ત્રો અર્પણ કર્યાં. આવી રીતે તે ધનિક વણિકે મહાપ્રભુનું પૂજન કર્યું. પછી મહાપ્રભુના ચરણકમળમાં મસ્તક નમાવીને નમન કરીને ગદ્‌ગદ્ વાણીથી પ્રાણપતિની પ્રેમથી સ્તુતિ કરતા હતા. વણિક કહે છે, હે પ્રભુ ! હે મહારાજ ધામોના ધામી સુખ દેનારા ધ્યાન કરનારા મહાયોગી સતત આપતું મહાધ્યાન કરે છે. કામી એવા વામમાર્ગીનો કળામાત્રમાં નાશ કર્યો. એવા ધામના ધામી મહાપ્રભુ આપ તો ધર્મની ધુરાને ધારણ કરીને પૃથ્વી ઉપર વિસ્તારો છો. જેમના રૂપને વેદો બધો ભેદ જાણે છે. તોય નેતિ નેતિ કહે છે. પાર નથી પામતાં ગાયા જ કરે છે એવા પ્રભુ અત્યારે ભૂમિ ઉપરનાં લોકોનાં પાપોનો તથા તાપનો નાશ કરીને ભક્તજનોના દુઃખ ત્રાસને દૂર કરવા પધાર્યા છે. તે શોભતા થકા જાણે સૂર્યની સમાન તેજને વિસ્તારીને દેવોની સેવાભક્તિ કરીને દાનવોના દુઃખથી વધારનારા મંત્રતંત્રની મેલી વિદ્યાનો નાશ કરીને સત્યધર્મની સ્થાપના કરીને મોક્ષનો માર્ગ શુદ્ધ કરી દીધો છે. જેમના ચરણકમળની સેવા મુક્તો સાથે મળીને કરતા જ રહે છે. એવા પુણ્યવાળા પ્રભુનું બ્રહ્માદિ ઈશ્વરો અનેક ધ્યાન કર્યા કરે છે. એવા મહાપ્રભુનાં કરોડો કામને શરમાવે એવા મનોહરમૂર્તિ શોભતા વિચરે છે. એ પ્રભુનાં ગુણચરિત્રને ગાય છે તેનાં બધાં જ પાપો નાશ પામે છે. આવી રીતે તે શેઠે સ્તુતિ કરી ભક્તનો આવો પ્રેમ જોઈને ભયને હરનારા મહાપ્રભુ **બેચરભાઈ મનકી શેઠ** ઉપર ચંચળ નેત્રોથી જોઈને શ્રીહરિ બહુ જ રાજી થયા. આવી રીતે મહારાજ ત્યાંથી પોતાને ઉતારે આવ્યા ત્યારે અનેક લોકો શ્રીહરિના નામનો જાપ જપતા હતા. નામરટણ કરતા હતાં એમને જોઈને મહાપ્રભુ તે જનો પાસે પધાર્યા. જેમનું સ્વરૂપ આખા વિશ્વમાં ફેલાયેલું છે તે જ પ્રભુ ત્યાં પધાર્યા છે.

પછી શ્રીજીમહારાજ સંતોની સાથે મંદિરમાં પધાર્યા. દરવાજા ઉપર પોતાના ઉતારે પલંગ ઉપર પ્રભુ શયન કરીને પોઢતા હતા. પછી પ્રેમી ભક્તજનો પ્રભુનાં ચરણકમળને દબાવતા હતા. મહારાજ યોગનિદ્રામાં પધાર્યા. આવી રીતે પ્રભુ કલિયુગમાં લોકોનાં કરોડોનાં પાપોને હરી લેતા હતા. જ્યારે બપોર પછીનો સમય થયો ત્યારે પ્રભુએ જાણ્યું એટલે જાગ્રત થયા. મહાપ્રભુ ભક્તજનો ઉપર પ્રેમવશ થઈને જાગ્રત થયા. એમ ભક્તજનોએ જોયું ત્યારે જળનું પાત્ર ભરીને લાવ્યા. તેનાથી પ્રભુ કોગળા કરીને મુખ શુદ્ધ કરતા હતા. ચપલનયન મહાપ્રભુ મુખકમળને શુદ્ધ કરી લૂછીને પછી પવિત્ર જળ પાન કર્યું જગતવંદ્ય મહારાજ બહુનામી વસંતિ કેસરી વસ્ત્રોને ધારણ કર્યાં. ભૂમિના ભક્તજનોના મનને રાજી કરતા હતા. ભવના ભારને તોડતા હતા. પછી મહાપ્રભુ આવીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા ત્યારે છડીદારે ઉંચે સ્વરે છડી પોકારી તેની સાથેજ બધાં જ જનસમુહે જય થાઓ જય થાઓ એ રીતે ઉંચેથી બોલ્યાં. ચારેબાજુ ઉભાં હતાં તે બધાં બોલતાં હતાં. મોટો નાદ

ગજાવ્યો. બાજુમાં લીંબતરુ નીચે વેદિ તૈયાર કરેલી હતી. તેની ઉપર પાટ ઢાળીને તેની ઉપર પ્રભુ બેઠા. પછી સૌ સંતો સામા આવીને બેઠા. સંતો વસંતનાં પદો બનાવીને ગાતા હતા. બાઈઓ આવીને મહાપ્રભુનાં સુંદર મુખકમળનાં દર્શન પ્રેમથી કરતાં હતાં. પછી બાળકોની સાથે દૂર જઈને સભામાં બેઠાં. હરિભક્તો હરીને હેતથી જોતા હતા અને દિલના દુઃખને કાપનારા સુખનિધિનાં દર્શન કરતા હતા. લોકો જીભથી મહારાજના નામનો બહુ જ જપ કરતાં હતાં અને તનના તાપને મટાડતાં હતાં. ત્રિવિધ તાપને ટાળતાં હતાં. બીજા પોતાના ભાનને ભૂલીને હોંશિયાર લોકો જગતને આધિન થઈને સુખને સ્વપ્ના જેવું જ જાણતાં હતાં. કાયમી સુખ તો ભક્તજનો બીજે તો નથી જ એમ જાણે છે. સુખની આશા લાવીને પ્રભુ પાસે બેસતાં હતાં. ગુણિજનો ગુમાનનો ત્યાગ કરીને પ્રભુના ગુણનું ગાંન કરતાં હતાં. ભગવાનને સુખની ખાણ જાણીને ભગવાનને ભજતાં હતાં. બલભ્રાતા મહાપ્રભુ સુંદર વાતો કરતા હતા. ભક્તોના આનંદનો સાગર ઉમટતો હતો. નેત્રની ચંચળતા મટકાંનો ત્યાગ કરીને એકાગ્ર ચિત્તથી જોઈને વારંવાર નેત્રને બંધ કરીને ઉઘાડે એમ વિશેષતાથી કરતા હતા.

તે જ સમયે ત્યાં બ્રહ્મદેવોને બોલાવ્યા. જેઓ વરુણિમાં વરેલા હતા. તેઓને હરિએ સભામાં બોલાવ્યા. તેઓને જેવા બ્રાહ્મણો હતા તે રીતે ધન, વસ્ત્રો અને આભુષણો આપ્યાં. શ્રીહરિએ તે બ્રાહ્મણોની ગરીબાઈ તોડવા માટે ધનભંડારમાંથી બહુ જ ધન આપ્યાં. તેમાં પ્રભુએ પોતાની પાસે બોલાવી નજરે નિરખીને આપતા હતા ત્યારે બ્રાહ્મણો પોતાને ઘેર જતાં હતાં. ત્યારે માર્ગમાં પ્રભુના ગુણ ગાતાં જતા હતા. અરુણ સમાન લાલ નયનોવાળા, કામના મદને તોડનારા ભક્તજનને સંસારનાં બંધનમાંથી મુક્ત કરનારા, પૃથ્વી ઉપર દ્રઢધર્મને સ્થાપનારા, ભૂમિ ઉપર ભક્તજનોના સુખને કરનારા, ભક્તજનોના ઉરમાં વાસ કરનારા આવા મહાપ્રભુને માર્ગમાં જતા બ્રાહ્મણોનાં ટોળાં વાતો કરતાં જતાં હતાં. વિશ્વવ્યાપક પ્રભુના ગુણ ગાતાં જતાં હતાં ત્યારે ધર્મનંદન પ્રભુ સંતોને કહેતા હતા. મુક્તાનંદજી તથા બ્રહ્માનંદ તથા આનંદાનંદમુનિ તથા નિત્યાનંદ સ્વામી આદિક મુનિજનો તમે સાંભળો. આ ભૂમિ ઉપર આખા ભરતખંડના રાજાધિરાજ **નરનારાયણદેવ** છે. તે સુખ અને આપનારા મુક્તિ કરનારા છે. એમને આજે અમદાવાદપુરમાં સ્થાપન કર્યા છે. તે બધી પ્રકારની વેદોક્તવિધિથી બ્રાહ્મણો દ્વારા વેદમંત્રનાં ઉચ્ચાર સાથે સ્થાપન કર્યા છે. એટલા માટે બધા જ વિપ્રોને જમાડવા માટે ચોરાસી કરવાની મારા મનમાં ઈચ્છા થઈ છે.

આવી રીતે મારા મનમાં દ્રઢભાવના થઈ છે. બહુ જ ઈચ્છા છે. આજે જ નિર્ણય કરવાનો છે તો તમે સંતસમાજ આ કાર્યમાં સહમત છો ? એમ મહારાજે જણાવ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક સૌ સંતો કહેતા હતા. હે પ્રભુ ! ભક્તોના ભયને તોડનારા ભક્તોના ભાનરૂપ સુખદાતા સર્વના સુખનિધાંન સૌ સંમત તો છે. પણ હે નાથ ચોરાશી તત્કાળ તો ન થાય. કેમકે અત્યારે લગારે સામાન તૈયાર તો છે નહિ તો ચોરાસી કેવી રીતે કરી શકશો એ કામ તો બહુ જ ભારે છે. છ માસ સુધી સામાન ભોળો કરે ત્યારે અહીંની ચોરાસી કરી શકાય. આ રીતે ચોરાસી કરનારા વાતો કરતા હતા. થોડો સમય પછી જરૂર ચોરાસી કરવાનું કરજો. એ જ સારો માર્ગ છે. આ રીતનાં સંતોનાં વચન સાંભળીને શ્રીહરિ મુખેથી મંદમંદ હાસ્ય કરતા મધુરવાણી કહેતા હતા. હે સંતો ! તમે બધાય અમારા સિદ્ધાંતને સાંભળો. અમારે તો એક જ દિવસમાં જ ચોરાસી કરવી છે. જો બધા જ બ્રાહ્મણો જમવા તૈયાર થયા તો બધું બને. આખા જગતમાં દેવનો જયજયકાર થઈ જાય. ડંકો વાગી જાય. પહેલાં ઘઉંને પીસાવવા જોઈએ અને ત્યારપછી આખી ચોરાસી આવી રીતે કરવાની અમારી તૈયારી જ છે. તમને તો અમે એક દિવસની વાત કરી પણ અમે તો એક જ પળમાં અગણિત બ્રંહ્માડોને જમાડી શકીએ

છીએ. મારું નામ તો સત્ય સંકલ્પ છે એ તો સિદ્ધ જ છે. ભક્ત કોઈ મારી વાતને ખોટી માનશો જ નહીં. બધી જ રિદ્ધિ સિદ્ધિ મારા હાથમાં જ રહેલી છે. કેવળ બ્રાહ્મણોએ તો ચોરાસી જમવાની તૈયારી જ બતાવવાની છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનો પ્રતાપ સાંભળીને બહુ જ દિવ્ય ઐશ્વર્ય જાણીને સંતોષ હતો. સજ્જનો સૌ મનમાં બહુ જ રાજી થયા. ભયને હરનારા ભગવાન તો સમર્થ જ છે.

હે મહારાજ ! આપના દિવ્યભાવને ન જાણનારા આપના પામર સેવકો છીએ. હે જગદીશ ! આપના સામર્થ્યને અમે ન જાણી શક્યા પણ મનુષ્યભાવથી અમે આપને કહ્યું છે. તેથી અમારા ગુના માફ કરજો. અમને અમારી ભૂલ બક્ષિસ કરજો. સર્વના કર્તા હર્તા સર્વોપરી આપ જ છો અકર્તા આપ જ છો. આપનું નામ જ સર્વનાં કર્મને મિથ્યા કરી નાંખે છે. એવા પ્રગટ સ્વરૂપ આપનો પ્રતાપ તોઅમાપ છે. એને કોઈ પામી ન શકે. હે કમલનયન મહાપ્રભુ ! આપ ચોરાસી કરો. આપ તો સર્વધામનાં ધામી છો ને ધર્મની ધુર ધારણ કરીને પૃથ્વી ઉપર વિચરણ કરો છો. આપનું નામ નારાયણમુનિ પણ કહે છે. પછી મહારાજ રાજી થઈને સુંદર રીતે ચોરાસી કરતા હતા. જગતના પતિ મહારાજે એક જ દિવસમાં અનેક વિપ્રોને જમાડ્યા.

બધા દેવો દિગ્પાળો ભુવનાધિપતિઓને આજ્ઞા કરી એટલે દર્શન કરીને પગે લાગીને પોતપોતાના નિવાસસ્થાને ગયા. સુખદાતા મહાપ્રભુ પોતાના નિવાસે પધાર્યા. પછી સુંદર રીતે સભાની રચના કરતા હતા. તેમાં ઘનશ્યામ પ્રભુ બહુ જ શોભતા હતા. ત્યારે વરુણિમાં બેસાડેલા બ્રાહ્મણોને બોલાવ્યા. શ્રી હરિ તેઓને અતિશય દાનો દેતા હતા. મોટો આનંદ કરાવ્યો. એ નામે પાંત્રીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બન્ને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં ચોરાસી કરવાનો નિર્ણય નક્કી કર્યો એનું વર્ણન કર્યું એ નામે આ પાંત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૫॥**

## તરંગ-૩૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમનાં ગુણ ચરિત્રને વેદો ગાયા જ કરે છે. એવા આનંદકંદ મુકુંદ પ્રભુએ ચોરાસી કેવી રીતે કરી તે બધું વર્ણન કરીને તે બધું કહો. હે ગુરુમહારાજ તે બધી વાતો વિસ્તાર કરીને કહો. પ્રગટ પ્રભુનો પ્રતાપ તો અમર્યાદિત જ હોય છે. અને બહુ જ સુંદર હોય છે માટે મારું ચિત્ત તે સુંદર ચરિત્રને સાંભળવા ચાહે છે.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમારી બુદ્ધિ બહુ જ ધીરજવાળી ધર્મને દૃઢતાથી ધારી રહેલ છે. તેથી તમે નરનારાયણ ભગવાનનાં નવાં ચરિત્રો સાંભળવા માટે ચાહના રાખો છો તો તે ચતુરવરનાં ચરિત્રો તમને કહું છું. સર્વના ચિત્તને ચોરનારા મહારાજ ચોરાસી કરવાનું નક્કી કરીને પછી સંતોને સાથે લઈને ધર્મકિશોર મહાપ્રભુ બજારમાં થઈને હાટો આગળથી જતા હતા. એટલે શહેરમાં રહેનારાં બધાં જ લોકોને દર્શન દેતા થકા મહાપ્રભુ કાંકરિયા સરોવરે કરુણા કરીને પધાર્યા. મહારાજ આવીને મંચ ઉપર વિરાજમાન થયા. તેથી પૃથ્વી ઉપર બહુ જ શોભા થઈ પ્રભુની શોભાથી સભા બધી વધારે શોભતી હતી. પ્રભુ જાનુ પર્યંત લાંબા હાથથી શોભતા હતા. કોપ કરીને કળિનાં દોષોનું નિકંદન કરતા હતા એવા મહાપ્રભુ સુંદર કમળની પાંખડી સમાન મનોહર નયનોવાળા કામના મદ આદિક દોષોનો નાશ કરતા

હતા. તર્ક વિતર્કની વચમાં પ્રભુ પોતાના પ્રતાપને વિસ્તારીને સંસારનાં દુઃખ સાગરમાં ડૂબતાં લોકોને ભક્તિમાર્ગમાં જોડીને પાર ઉતારતા હતા. તેને નરનારીજનો જોતાં હતાં. પ્રભુએ મસ્તક ઉપર પાઘ બાંધી હતી તે ભ્રૂકુટિ ઉપર આવેલી હતી. તેથી બહુ જ શોભા થતી હતી. પાઘ ઉપર પુષ્પના તોરા બહુ જ શોભા વધારતા હતા. તેનાથી મુનિજનોના મનમાં આનંદ વધતો હતો. પ્રેમ વધતો હતો. ત્યારે મુનિજનો તાનથી ગાન કરતા હતા. તેને સુજાણ મહાપ્રભુ સાંભળતા હતા. અને મુખથી મંદહાસ્ય કરતા હતા. ત્યારે મહાપ્રભુ લાલ રૂમાલને હાથમાં લઈને સંતોની સાથે બેઠા હતા. બધી જ સંતની સભા ઘનશ્યામ પ્રભુના મુખકમળની શોભાને જોઈને બહુ જ રાજી થતા હતા. એવામાં પરદેશના ભક્તો પ્રભુનું પૂજન કરવા આવ્યા. ઉરમાં અતિ આનંદ પામતા થકા નમ્રતાથી પ્રભુને હાથ જોડીને નમન કરીને વસ્ત્ર આભુષણો ભેટ કરતા હતા. દ્રવ્ય પણ અર્પણ કરીને હાથ જોડીને વંદન કરતા હતા. ચરણકમળનો સુંદર રીતે સ્પર્શ કરીને ફૂલના હારો ગુચ્છો ધારણ કરાવતા હતા. આવી રીતે અનેક જનો આવતાં હતાં ને પૂજા કરીને જતાં હતાં. શ્રીહરિનાં ચરણકમળનો પ્રેમી જનો સ્પર્શ કરીને લાવેલા ભેટ અર્પણ કરતાં હતાં. નરનારીજનો રાજી થતાં હતાં. જુદાજુદા દેશોથી આવેલાં લોકો ઘનશ્યામ પ્રભુને જોઈને પાસે જઈને દિનતાથી વંદન કરતાં હતાં.

ત્યારે સર્વના સ્વામી મહાપ્રભુ રાજી થયા. ભક્તજનોના મનને હરતા હતા. અંતર્યામી પ્રભુ સભાની વચમાં બહુવાર સુધી બેસીને સ્વામિનારાયણ પ્રભુ ભક્તજનોને દર્શનનું સુખ દેતા હતા. સુખદાઈ પ્રભુ આનંદ દેતા હતા. પછી મહાપ્રભુ બધાને વિદાય કરીને પછી શયન કરવા. પલંગ ઉપર આવીને પોઢ્યા. ભક્તજનો પ્રભુના ચરણની ચંપી કરતા હતા. જેમની આગળ ભવબ્રહ્માદિક સૌ નાના જ રહે છે એવો આ પુરુષોત્તમ પ્રભુ પોઢ્યા. રાત વીતી ત્યારે જગત્રાતા જાગ્રત થયા સ્નાનાદિક કરી સવારમાં વહેલા મહાપ્રભુ સંતોની સાથે મંદિરમાં પધાર્યા. આવીને મહારાજ પોતાના ઉંચા આસન ઉપર વિરાજમાન થયા. જેમના ગુણને જગતના સર્જન કરનારાં બ્રહ્મા શિવ આદિક દેવો ગાયા જ કરે છે એવા પરબ્રહ્મ શ્રીહરિ વિરાજમાન થયા હતા. ત્યારે જગતમાં મૂર્ધન્ય ચતુર ચોરાસી જ્ઞાતિના શેઠને તેડાવ્યા. તે શેઠ આવ્યા ત્યારે બહુ જ આવ્યા. આનંદિત મુખવાળા થઈને બધા જ વિપ્રો આવ્યા. મહાપ્રભુનાથને નિરખીને પ્રભુનાં ચરણકમળમાં મસ્તક નમાવીને વંદન કર્યાં. ભુદેવોના સંચાલકો નાયકો અધિકારીઓ મહાપ્રભુને દેખીને બહુજ પ્રસન્ન થયા. અસુરવંશના સંબંધવાળાને બાંધનારા ઘનશ્યામ પ્રભુ મધુર વાણી બોલતા હતા. સુખશાંતિ વધારવા માટે કહેતા હતા.

શ્રીહરિ નારાયણમુનિ ભગવાન કહે છે – હે બ્રહ્મદેવો ! તમે બધા તમારા કાનને સાબદા કરીને સાંભળો. તમને બધાંને તેડાવવાનું કારણ કહું છું તે સાંભળો. આ (પદ્માપુર) **અમદાવાદપુરમાં** બહુ જ પ્રેમ કરીને પ્રીતથી દેવોની વેદોક્તવિધિથી સ્થાપના કરી છે. તે દેવ આ ભરતખંડના અધિષ્ઠાતા ઈષ્ટદેવ છે. તે **નરનારાયણદેવનાં** બેય સ્વરૂપો છે તેને જગતનાં જ્ઞાની અજ્ઞાની લોકો સૌ જાણે જ છે. એ દેવને અમે સુંદર રીતે સ્થાપન કર્યાં છે. એ જ અત્યારે બ્રહ્મભોજન કરાવવાનું કારણ છે. જો તમે બધા જ અમારી આજ્ઞાને તમારા મનમાં ધારણ કરીને બધાય સારી રીતે સંપ કરીને બધા જ ભૂદેવો જમશો તો અમે ચોરાસીને જલદીથી કરી દઈએ. કોઈ જાતની વાર છે જ નહિ. આવતી કાલે જ બધાયને જમાડવા છે. તે બધી વાત તમે અમને સાચી જ કહો છો. આવી વાણી સાંભળીને બધા જ વિપ્રો બહુ જ સુખ પામ્યા. આવી રીતે ભયભંજન મહાપ્રભુએ સુંદર રીતે સમજાવ્યા. હે વિશ્વવિહારી પ્રભુ ! આપના મુખની વાત સાચી કહો છો કે અમારી હાંસી કરો છો. કેમકે એક જ દિવસમાં ચોરાસી કેવી રીતે કરશો તે અમને કહો. હે નાથના નાથ ! જો સુંદર રીતે ચોરાસી કરવી હોય

તો કેટલો બધો સામાન ભેગો કરવો જોઈએ તે તો કાંઈ છે જ નહીં. તે શું તમારે બાળકોની માફક હાંસી તો નથી કરવીને ? કેમકે છ માસ સુધી સતત સામાન ભેગો કરે ત્યારે વિપ્રવર્યો સમુદાય ચોરાસી સારી રીતે જમે છે. આપે તો સામાન તો લગારે ભેગો કર્યો જ નથી તો બ્રાહ્મણ સમુદાયમાંથી થોડોક ભાગય ક્યાંથી જમે. આ રીતની બ્રાહ્મણોની બોલી સાંભળીને ચર્ચા કરતા હતા ત્યારે શ્રીહરિ નેત્રો ફેરવીને મુખેથી મંદહાસ્ય કરતા હતા. **શ્રીહરિએ પોતાનો પ્રતાપ બતાવ્યો. સામાન માટે સૌને માર્ગદર્શન આપ્યું. કહ્યું કે રિદ્ધિ સિદ્ધિ બધું જ મારા હાથમાં છે. માટે કોઈ જાતનું કામ બાકી નહિ જ રહે. કાલ સવારે તમે બધો જ સામાન લઈ જજો. ચોરાસી કરીને બધાય જમજો. સરોવરની પાળે બનાવીને જમવાનું છે. આવી રીતની મધુર વાણી સાંભળીને વિપ્રવર્યે ! હૃદયમાં બહુ જ આનંદ પામતા હતા.**

હે નાથ ! સુખના સાગર મહાપ્રભુ લોકોનાં કામો મનોરથોને પૂર્ણ કરનારા આપના પ્રતાપનો તો કોઈ માપ હોતો જ નથી. એવા આપને અત્યારે અમે બધી જ રીતે જાણ્યા છે એવા આપ સર્વના સુખદાતા છો. હે નાથ ! આપ અમારી ઉપર કરુણા કરીને ચિત્તને આનંદ આપે તેવી ચોરાસી કરો અને અમે બધાય પ્રેમથી જમીશું. આપતો આદિ અનાદિના અવિનાશી પ્રભુ છે. આપનું વચન પાળીશું. સર્વના કર્તાહર્તા આપ ઘનશ્યામ પ્રભુ જ છો. ધર્મદેવના પુત્ર ને ધામોના ધામી છો. કળિના કાર્યને કાપનારા આપ ભક્તજનોને પરમસુખ કરવા પધાર્યા છો. ધર્મનિ ધુરાને ધારણ કરીને અનંતના અધર્મનો નાશ કરવા માટે જ પ્રગટ થયા છો. પૃથ્વી ઉપર સર્વકળાઓની સાથે વિચરણ કરીને સર્વ સંતોની સાથે સુખ કરો છો. હે પ્રભુ ! આપ જે કરવાનું ધારો છો તે બધું જ કરો છો. સંસારમાં આપ સત્યવચન પાળનારા છો. એ પાલન કરવામાં આપને લગાર તકલીફ નથી. જે જીવો મૂઢ છે તથા સાવ ગમાર છે તે કાંઈ સમજતા જ નથી. આમ કહીને બધા જ બ્રાહ્મણો ઘનશ્યામ પ્રભુને પ્રેમથી ચરણમાં વંદન કરીને પોતપોતાના ઘેર પ્રભુના ગુણને ગાતા થકા જતા હતા. આવો પ્રગટ પ્રભુનો પવિત્ર પ્રતાપ છે. પછી મહાપ્રભુ પોતાના સેવકોને પોતાની પાસે જલદીથી બધાના ત્રાસને દૂર કરવા બોલાવ્યા. મહારાજ કહેતા હતા. મારા ભક્તજનો સેવકો મારી વાતને સારી રીતે ધ્યાનથી સાંભળો.

તમે જલદીથી જાઓ. અને સામાન લઈને આવો. કેમકે કાલે બ્રાહ્મણોને જમાડવાના છે. તે સજ્જનોને જમાડવા માટે સીધું લાવવાનું છે. તેમાંથી ઘી, સાકર, ગોળ વિગેરે બહુ જ લાવવાનું છે. માટે તમે બધો સામાન જલદી લાવીને તૈયાર કરો. બ્રાહ્મણો સવારમાં આવીને વહેલા માંગશે માટે દાળ ચોખા લોટ બધું સીધું તૈયાર સારી રીતે કરો. આ રીતે મારી વાતને હૃદયમાં ધારણ કરીને જલદી જાઓ. પછી મહારાજનાં વચનોને ઉરમાં ધારીને બજારમાંથી બધો જ સામાન એક સાથે જ લઈ લીધો. અને બધો જ સામાન માલગાડાં ભરીભરીને અપાર માલ લાવ્યા. તે જોઈને મહાપ્રભુ બહુ જ રાજી થયા. પછી ઘઉંનું ભરેલું ગાડું જોઈને ઘનશ્યામ પ્રભુ નજીકમાં બાઈઓનો સમુદાય ઊભો હતો તેને પ્રભુએ સાન કરી. ત્યારે બાઈઓ પ્રભુની મરજી સમજીને હરખ પામી પ્રભુ પાસે દોડીને ગઈ અને શ્રીહરિની મરજી પ્રમાણે બધા જ ઘઉં પીસીને લોટ કરીને લાવી દીધો. ગાડાંઓ ભરીભરીને ભયને હરનારા મહાપ્રભુએ બધો જ સામાન કાંકરિયા તળાવે પહોંચાડ્યો

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ઘોડેસ્વાર થઈને અસવારોની સાથે કાંકરિયા સરોવરે પધારતા હતા. ભક્તજનોએ લોટનો તથા દાળ ચોખા વિગેરે સિધા સામાનનો મોટો જથ્થો ભેગો કરીને ઢગલા સરોવરના તટ ઉપર જ કર્યા હતા. આ બધુંય હરિભક્તોને કહેલું તે ભેગું કર્યું. લોટ દાળ ચોખા વગેરેનો મોટો પહાડ જેવડો ઢગ થયો હતો. આ ચોરાસીમાં દશકોશી સુધીના બધા જ બ્રાહ્મણો અપાર સંખ્યામાં આવ્યા હતા. તે જાણે મોટાં ટિડડાંઓનાં

ટોળાં ન આવ્યાં હોય ? તેમ જમવા માટે ચોરાસીમાં આવ્યાં હતાં. દેશોદેશના હરિભક્ત આવ્યા હતા. તેમણે શ્રીહરિ મહાપ્રભુની ચરણની પૂજા કરીને પ્રેમથી ભેટ ધરી હતી. ભૂદેવો ને તેડાવીને ચોરાસી કરવાનો ચોક્કસ ઠરાવ કરીને પ્રભુએ પોતાનો પ્રતાપ બતાવીને કર્યું. તથા બધુજ સિધું સામાન એક જ દિવસમાં ભેગું કર્યું. એવી રીતે આ છત્રીસમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં અમદાવાદ નગરમાં ચોરાશિ કાંકરીયે ચોરાશી કરી તેનો સામાન ભેગો કર્યો તેનું વર્ણન કર્યું એ નામે આ છત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૬॥**

# તરંગ-૩૭

અવધપ્રસાદજી કહે છે, હે આનંદસિંહ રાજન ! શુભમતિ તમે સાંભળો. ચોરાસીનો ઉત્સવ કરવામાં ચપળનયન મહારાજે જે ચરિત્રો કર્યા તે કહું છું. તેને તમે સાંભળો. હે રાજન ! શ્રી મહાપ્રભુ ઉંચા મંચ ઉપર બેઠા હતા. ત્યારે જાણે ભૂમિ ઉપર પ્રત્યક્ષ સૂર્યનારાયણ વિરાજમાન હોય તેમ શોભતા હતા. અજ્ઞાનના અંધકારને દૂર કરીને સાચું જ્ઞાન સમજાવતા હતા. જમવાનો સમય થયો છે એમ જાણીને પૃથ્વીલોકના ભુદેવો બધા સારી રીતે સજીધજીને તૈયાર થઈને જમવા માટે નરનારીજનો નિરધાર કરીને આવ્યાં હતાં. તે રીતને હે ધરાના પતિ રાજન ! તમે ધ્યાન દઈને સાંભળો. તે ચોરાસીમાં અનંત ભુદેવો સ્ત્રીપુરુષો ગાતાં થકાં આવતાં હતાં. આવીને ઘનશ્યામ પ્રભુનાં ચરણકમળનાં દર્શન કરતાં હતાં. સાથે પવિત્ર પાણીનાં પાત્રો લઈને આવતાં હતાં. રૂમઝુમ રૂમઝુમ કરતાં ગાતાં વાતાં નરનારીજનો આવતાં હતાં. બધાંયે લીલા કે પીળાં પીતાંબર વસ્ત્રોને સુંદર ધારણ કરીને આભુષણોને ધારણ કરીને શરીરનાં ઉત્તમ અંગોને શણગાર્યાં હતાં. આવીને બહુ જ સિધુ કોઠારમાંથી લેતાં હતા. કોઠારી આપતા હતા. નેત્રોથી નવીન નાથને તથા સંતોને સાથે બેઠેલા નિરખતા હતા. અપરંપાર અપાર ઘી સાકર લોટ વિગેરે લેતા તથા ગોળ દાળ ચોખા બહુ જ લેતા હતા. તેઓ લેવામાં હાર પામે પણ આપનારા તો બહુ જ આપતા હતા. કોઠારમાંથી કોઠારી તો ના કહેતા જ ન હતા. પણ લેનારા ના કહેતા હતા. બ્રાહ્મણો પત્નીઓની સાથે સિધુ લેવા લલચાતા રહેતા હતા. આઠ વિપ્ર એશીનું સિધું લે તો પાંચવાળા પચાસનું લેતા હતા. એક હજારવાળા દશ હજારનું સિધું લેતા હતા. આવી રીતે લાલચી બ્રાહ્મણો લેતા હતા અને દિનદયાળુ મહાપ્રભુ દેતા હતા. સરોવરના કાંઠા ઉપર વૃક્ષની નીચે જઈને બ્રાહ્મણો રસોઈ કરતા હતા. રસોઈ બનાવનારા પહેલાં પાક બનાવતા હતા. તે પાકને જગતના પતિ શ્રીહરિ દેખતાં જમતા હતા. **નરનારાયણ** ભગવાનના ગુણને ગાતા હતા. પહેલાં સુંદર પાક કરીને પવિત્ર કરીને પછી બ્રાહ્મણોનાં જુથો મુખથી આનદ કરતા થકા સૌ રસોઈઓ કરવા લાગી ગયા. ફરીથી નાહીને પછી સુંદર રીતે પાક બનાવ્યો. શાક બનાવ્યાં. સુંદર ચોકો કરીને શોભાયમાન કર્યો. બહુ જ પ્રમાણમાં સિધુસામાન લીધું ત્યારે પ્રત્યેક ચોકા ઉપર સંતોને નજર રાખવા માટે શ્રીહરિએ આજ્ઞા કરી અનેકને ધ્યાન રાખવા મોકલ્યા. સરોવરની વિશાળ પાળ ઉપર વૃક્ષો હતાં. તેની નીચે બેસીને પાક બનાવતા હતાં. ખૂબ જ આતુરતાથી કરતાં હતાં. પ્રત્યેક ચોકે ચોકે

મહારાજે સંતોને ધ્યાન રાખવા જવાબદારી રાખવાનું કર્યું હતું. કોઈ વસ્તુનો બગાડ ન કરે તેના માટે ડરામણી કરીને ધમકાવતા હતા. ચતુરાઈથી તથા હોશિયારીથી અનેક જાતિના બ્રાહ્મણો પોતાનું જુથ બનાવીને પાક કરતા હતો.

ત્યારે તે જુથમાં એક આસુરી પ્રકૃતિનો મંદબુદ્ધિનો બ્રાહ્મણ હતો તેની વાત કહું છું. તેને તમે સાંભળો. બધાય ભૂદેવો કાંકરિયા સરોવરના કાંઠા પાસે જ રસોઈ બનાવીને જમ્યા. તે પણ ભયનાં ભાંગનારા ભગવાનને સંતોની ભીડમાં રહીને જમતા હતા. પણ પહેલો અસુર બધુંય ભેગું કરીને ગાડાંમાં ભરીને પોતાના ઘર તરફ લઈને જતાં હતાં. તે કુજાત ચાલ્યો જતો હતો ત્યારે નિઃશંક થઈને ઘી સાકર લોટ વિગેરે સામાન બહુ જ ભરીને લઈ જતો હતો. તે મલિન મનવાળો છેતરીને જતો હતો ત્યારે તેને રોકતા હતા ને ગુણીજનો નિષ્કુળાનંદ સ્વામીના ઉદાર દિલના મુનિ કહેતા હતા કે તમે ગાડું શહેર તરફ શા માટે લઈ જાવ છો. બધા બ્રાહ્મણવર્ગમાં તું જઈને ખા. કોઈ જાણતા ન હોય તેમ સમજીને જાય છે પણ હવે તને નહિ જવા દઉં. બધાંને છેતરીને તું જાય છે તે ખબર પડી. આવી રીતે સ્વામીના શબ્દો સાંભળીને તે દુષ્ટ મનવાળો માથું ધુણાવીને બહુ જ ક્રોધ કરીને હોઠ ફફડાવતો બબડતો કહેતો હતો કે દૂર જઈને રસોઈ કરવાની છે. અમે બધા જાતિમાં ઘણી જાતિના બ્રાહ્મણો છીએ એટલે શોખીન રીતે દુર જઈને જમીશું ત્યારે સંત કહેતા હતા કે દૂર તો જવા ન દઈએ. બધા બ્રાહ્મણોની સાથે જઈને સાથે જ જમવાનું સમુહમાં જ રહેવાનું. આમ કહીને મુનિવર્ય રોકતા હતા. ત્યારે તે બહુ જ ક્રોધ કરતો હતો. જાણે હાથમાંથી શિકાર છૂટી ગયો હોય તેમ ઘુરકિયાં કરી કરીને ઘરાકી કરીને જમીન ઉપર ચક્કર કરતો ધરા ધ્રુજાવતો રીસ ભરેલો આવતો હતો. ભ્રૂકુટિ વાંકી થયેલી લાલ ક્રોધવાળ નેત્રોવાળો થયેલો. ઘસીને જાણે રાહુ ચંદ્ર ઉપર ઘસે તેમ ઘસતો હતો. જોર કરીને સંતને સામે જોઈને તરત જ સંતને પકડીને બધાંને જોતજોતામાં હાથમાં બચકું ભરીને ચાંમડી કાપી નાંખી. બહુ જ હાહાકાર પોકાર કરતા હતા. તેનાથી દેવોનું જુથ તથા જનસમુદાય ડરતાં હતાં. આવા ખળનાં પરાક્રમ જોઈને પૃથ્વી ડગવા લાગી. લોકો ભાગવા લાગ્યાં. હાથ કાપેલો ત્યાંથી લોહીની ધારા વહેતી હતી આવી રીતનાં પાપ જોઈને ધરાને ધારનારા શેષજી ધ્રૂજતા હતા. કોઈ જાતના વૈર વગર જ સંતને મહાદુઃખી કર્યાં. એટલામાં જ પુરુષોત્તમ નારાયણ પ્રભુ સવારોની સાથે પધાર્યા. શ્રી સહજાનંદ આનંદકંદ મહાપ્રભુ શ્રીહરિ સંતની ઉપર વહાલ કરીને ઉમંગપૂર્વક છલકી હાક મારીને બોલ્યા ત્યારે તે અસુર પ્રભુને જોઈને ડર પામતો હતો. ગભરાતો હતો તે ખળ બ્રાહ્મણ બહુ જ શરમાવા લાગ્યો. ક્ષોભવાળો થયો. તે મંદમતિ શ્રી ઘનશ્યામ પ્રભુ સામું જોતો હતો. પગના નખથી જમીનને ખોતરતો હતો. તે ખળ અઘોર મૂઢ ઉધું મોઢું કરીને ઉભો હતો. તે મહાપ્રભુનો અમાપ પ્રતાપ જોઈને ભયને પામતો હતો. દિલમાં ડરતો હતો. મૃગરાજ સિંહને જોઈને હરણ જેમ ગભરાય તથા પક્ષીરાજ ગરુડને જોઈને માંખી ભય પામે તેમ ભય પામતો હતો.

જેમના ગુણને વેદો હંમેશાં ગાયા જ કરે છે તે પ્રભુ કહે હે મંદબુદ્ધિના મૂઢવિપ્ર સાંભળ તે અધર્મનું કર્મ કરેલ છે. ઘી સાકર ખાવાની ક્યાં કમી છે. કોઈ જાતની કમી નથી તોય બુદ્ધિ વગરના પૃથ્વી ઉપર માંસ કાપીને ખાય છે. મારા સંતને બચકાં ભરીને ખાય છે તે બ્રાહ્મણ રૂપે રાક્ષસ પૃથ્વી ઉપર જન્મ્યો છે કે શું ? અરે સુંદર

બ્રાહ્મણ કુળમાં જન્મ લઈને તને ધિક્કાર છે. પૃથ્વી ઉપર આવાં દુષ્ટ કર્મ કરે છે. તેથી તું તો દશ માથાંવાળા રાવણના કુળનો જ થયો. તેથી મહાદુઃખને દેનારો મારનારો થયો છે. હું અત્યારે જ મારી નાંખું તેમ છું પણ અમારી રીત રાજાની નથી. અમે તો સાધુ જીવનવાળા છીએ. એટલે દિલમાં દયા ધરનારા છીએ અને સંતનું કાર્ય તો વૈરી હોય તેનેય માફ કરે છે. અમે અંતરમાં ક્યારેય રીસ નથી કરતા. બધા જ વિપ્રોની સાથે ભેગા જ ચાલીએ છીએ. માટે તમે બધાય સુંદર પાક કરીને પ્રેમથી જમો. હવે આવી રીતે કાંઈ કાર્ય ન કરતા મારા સંતોની સાથે જો કોઈ દ્વેષ કરશે તો તેને કરોડો જન્મ સુધી ભવાટવિમાં ભટકવું પડશે. મહાકઠીન પીડા દુઃખોને ભોગવવાં પડશે. શરીરમાં મહાદુઃખ થશે. આવું શુદ્ધ મનુષ્ય શરીર મેળવવું દુર્લભ છે. તેને પામીને ષડ્વેદને ગાવા જોઈએ. નિરંતર વેદનું ગાન કરવું જોઈએ. અંતરમાં ખૂબ જ ધીરજ રખાવી જોઈએ. જીવનમાં દઢ ધર્મને ધારણ કરવો જોઈએ. સંતસમાગમ કરવો જોઈએ. સંતનાં ચરણના દર્શન દરરોજ સવારમાં કરવાં જોઈએ તો તેનાથી જન્મમરણનાં દુઃખ નાશ થાય. આવા સંતના ગુણને તો હજાર મુખવાળા શેષજી ગાય છે. આવું સુંદર મનુષ્ય દેહ પામીને આવા નિંદિત કર્મ કરે છે તેને યમપુરીમાં યમદુતો મહાભયંકર દુઃખો આપે છે. ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકવું પડે છે. મહાદુઃખોને પામે છે. પીડા ભોગવે છે.

હે રાજન્ ! આવી રીતે ઘનશ્યામ પ્રભુનાં મધુર વચનોની રચના સાંભળીને તે વિપ્ર મનમાં ભય પાંમવા લાગ્યો. કાંઈ કહી ન શક્યો અને કોઈ રીતે રહી પણ નહોતો શકતો. તેથી થરથર કંપતો હતો. પછી ઘનશ્યામને નમન કરવા પ્રભુ પાસે આવ્યો. વંદન કરીને તે બ્રાહ્મણ શ્રીહરિને વાત કહેતો હતો. હે પ્રભુ ! મેં કરોડો અપરાધો કર્યા છે. તે હે જગતના તાત આપ ક્ષમા કરજો. હે પ્રભુ ! આપ તો અધમ ઉદ્ધારણ છો. એટલા માટે પાપના તાપ ને દૂર કરનારા છો. પ્રેમથી મને આપનો આશ્રિત જાણીને આપનો હરિભક્ત જાણીને સમજણ આપો. હે હરિ ! કુસંગના યોગથી મારી આવી સ્થિતિ થઈ છે. હે કમલનયન પ્રભુ ! મારી બુદ્ધિ અતિશય મંદ છે. થઈ ગઈ છે. હે લોકોના ભયને હરિ ! શાંતિ કરનારા છો. કિરતાર સુખદાતા છો. લોભનો કોઈ થોભ નથી હોતો એટલે લાલચુ થઈને ઘેર લઈ જતો હતો. ત્યારે વચમાં મુનિ આવીને રોકતા હતા. મને બહુ જ વિષયની આસક્તિ થઈ હતી માટે વચમાં જ્યારે ભંગ પાડ્યો ત્યારે બહુ જ ક્રોધ થયો. જ્ઞાન વગર જ બચકું ભર્યું. લોકોના મનગમતા વિષયમાંથી જ્યારે ભગવાન એનો ભંગ કરે છે. વિરોધ કરે છે ત્યારે તે ભગવાનનો અપરાધ (દ્રોહ) કરે છે. અક્રૂરે પણ શ્રીકૃષ્ણ પ્રભુનો દ્રોહ કર્યો હતો તે વાત પુરાણોમાં કહેલી છે. તે રીતે આ થયું. પૃથ્વી ઉપર ભગવાનના ભક્તને જાણતાં અજાણતાં થાય છે તે જ રીતે મારે પણ કોઈ જ્ઞાન ન હતું. સમજણ વગર મહાપાપ થઈ ગયું એ પ્રમાણરૂપ જ છે. તે વિપ્ર શ્રીહરિ પાસે નેત્રમાંથી અશ્રુને વહેવડાવતો વાત કરતો હતો. તેને નાની વાત સાંભળીને પ્રભુ મનમાં રાજી થયા. તે વિપ્રને બહુ જ ભારે સુખ દીધું. પ્રભુએ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. ભયહારી પ્રભુએ એને જગતનું ભાન કરાવ્યું. પછી બધા જ બ્રાહ્મણો ભોળા તેને લાવીને વ્યવસ્થિત પાક તૈયાર કરાવ્યા. આવી રીતે **અમદાવાદમાં** સુખકંદ મહારાજ સુખ કરતા હતા. બ્રાહ્મણો પાક કરીને જમતા હતા. તેને આનંદસિંહ રાજન તમે સાંભળો.

બધોય પાક તૈયાર થયો ત્યારે પુણ્યવાળા વિપ્રોની પંગત ચાર ગાઉ જેટલી લાંબી થઈ હતી એવું જણાતું હતું. તે વિપ્રોની પંગતમાં પ્રેમથી પાક અને શાક સૌ યુવાન બ્રાહ્મણો પીરસતા હતા. બધા વિપ્રો **નરનારાયણદેવની**

**જયજયનો** નાદ કરીને જમતા હતા. તે વિપ્રોને જોવા મહારાજ ઘોડા ઉપર શ્વાર થઈને પાર્ષદોની સાથે પધાર્યા અને હરે સચ્ચિદાનંદનો ઉચ્ચાર કર્યો. આવી રીતે પ્રભુએ આજ્ઞા કરી દીધી. પછી મહાપ્રભુ મંચ ઉપર આવીને બેઠા. લોકોની ભીડ થઈ હતી. તેને જોતા હતા. તેમાં જમીન કે રસ્તો કાંઈ જગ્યા. લાગતી જ ન હતી એવી ભીડ થઈ બલવીર મહાપ્રભુ કહે હે મારા સંતો ! તમે સૌ સાંભળો. અહીં બહુ જ ભીડ થઈ છે. એને પાર પામી જ ન શકાય એવી છે અને શેષજી હજાર મુખે બોલે છે તોય પાર નથી પામતા. અમે બહુ જ મોટા સમૈયા કર્યા છે. આવો માનવસમુહને અમે કયારેય નથી દેખ્યો. એટલાં નરનારીજનો ભેગાં થયાં છે. બીજા સામૈયાની આના જેવી ઉપમા ન થાય. આ અમદાવાદ પુરમાં જે સામૈયો થયો એના જેવો બીજો કોઈ શોભા સાથે ન આવે એમ સૌ કવિકુળના કવિઓ કહે છે. પછી મહાપ્રભુ પ્રીત કરીને પરમપવિત્ર મુખેથી કહેતા હતા. મુક્તાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી આનંદાનંદ સ્વામી આદિ સંતો સાંભળો. સંઘની સાથે આવવાનું છે. કોઈને રહેવાનું નથી. અમે તો અત્યારે જ ચાલતા થઈશું. તમારે ચોરાસીમાં વાપરતાં વધેલો સામાન સુંદર રીતે બધો જ શહેરમાં પહોંચાડી દેવાનો. પછી તમારે બધાંને ચાલતા થઈને આવતું રહેવાનું. કોઈ જાતનો વિલંબ કરવાનો નથી. સવારમાં જ ચાલતા થઈ જવાનું. આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સંતોને કહીને પૂર્ણકામ પ્રભુ સૌને હિંમત આપીને ઘોડાં ઉપર અશ્વારી કરીને બધા જ શ્વારોની સાથે જય સચ્ચિદાનંદનો ઉંચે સ્વરે નાદ કરીને જતા હતા. માર્ગમાં નરનારીજનો પ્રેમથી દર્શન કરતાં હતાં. મહાપ્રભુની જય જય થાઓ. જય જય થાઓ. આવી રીતે બધા લોકો બોલતાં હતાં. સુખકંદ મહાપ્રભુનાં દર્શન કરતાં હતાં. આવી રીતે અમદાવાદમાં શ્રી સહજાનંદ સ્વામીએ મોટો ઉત્સવ કર્યો. પછી ત્યાંથી જગવંદ્ય મહાપ્રભુ જેતલપુરધામે પધાર્યા.

હે રાજન્ ! બ્રાહ્મણોને ચોરાસીમાં ઘી, સાકર, ચોખા, લોટ વિગેરે પદાર્થો બહુ જ પ્રમાણમાં સારાં આપ્યાં. તે પદાર્થોમાંથી વિપ્રો પાકો કરતા હતા. તૈયાર કરીને મોટી પંગત કરીને સૌ જમતા હતા ત્યારે બધા જ ઉંચે સ્વરે જયજયનો નારો કરતા હતા. શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પોતાના ભક્તજનોને દર્શન ચરણસ્પર્શનું સુખ દઈને પછી પ્રભુ જેતલપુર ધામે પધાર્યા. ત્યાં પોતે પ્રભુ રહેતા હતા. આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે આડત્રીસમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં બ્રાહ્મણોની ચોરાસી કરીને વિપ્રોને જમાડ્યા પોતાનો પ્રતાપ બતાવ્યો એનું વર્ણન કર્યું એ નામે આ સાડત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૭॥**

# તરંગ-૩૮

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુ લોકોની પીડાને હરતા થકા ધીરજ ધરી મનને દૃઢ કરીને આ પૃથ્વી ઉપર ભક્તજનોના ભવદુઃખની પીડાને હરતા ને સુખ આપતા હતા. તે ચરિત્ર મને કહો. બ્રાહ્મણનું એક ટોળું અલગ જઈને જમવા જતું હતું. એ બધા જનનાં અંતરની વાતને જાણનારા અવતારના અવતારી પ્રભુ ઘોડાં ઉપર સવાર થઈને પ્રભુ આકળા થઈને ચપળતાથી ચાલ્યા. એ બ્રાહ્મણે પ્રાણપતિ પ્રભુની પાસે કેવી સ્થિતિ પ્રાપ્ત કરી. ત્યારપછી પ્રભુ જગતના સ્વામી જેતલપુર પધાર્યા. પછી પ્રભુ કયા કયા ગામે પધાર્યા. એ મહારાજનાં ચરિત્રો પાપને હરનારાં છે તે બધાં જ ચરિત્રો મને કહેવા કૃપા કરો. જળ પીવાથી તૃપ્તિ થતી જ નથી તેમ મહાપ્રભુનાં ચરિત્રોને સાંભળવાથી મારા ચિત્તને તૃપ્તિ તો થતી જ નથી તો એ પ્રભુનાં ચરિત્રોને સંભળાવીને મારા મનને શાંત કરો. જે ચરિત્રો પાપી પતિતનો ઉદ્ધાર કરે છે જીવના તારનારા નૌકારૂપ મહાપ્રભુ જનોના પાપોને તથા ત્રિવિધ તાપોને હરનારા પ્રભુનાં ચરિત્રો તે આપ મને કહો તે ચરિત્રો બધા જ પ્રકારના તાપને શાંત કરનારાં મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી આનંદસિંહ રાજાને કહે છે, હે રાજન ! તમે સાંભળો. પૂછ્યો છે તેમને બહુ જ સારો લાગ્યો છે તે જગતના પતિ મહાપ્રભુ તે બ્રાહ્મણો જમતા હતા. તેને છોડીને જતા હતા. ત્યારે તે વિપ્રો પ્રભુને ઉદ્દેશીને જય જયંતી જય જયંતી આ પ્રમાણે ઉંચે સ્વરે ગુલતાંન થઈને બોલતા હતા. જ્યારે સૌ દ્વિજ સમુદાય જમી રહ્યો. ત્યારે આશિષ દેતા કહેતા હતા. હે સહજાનંદ પ્રભુ સર્વના સુખ કરનારા છો. જગતના જીવો તો મહાપાપોના ભરેલા છે તેને નિષ્પાપ કરવા માટે અવનિ ઉપર અવતાર ધરીને પધાર્યા છો તેને મંદબુદ્ધિના જીવો ન જાણી શકે એવો આપનો મર્મ છે. હે પ્રભુ ! આપે અતિશય સુંદર ઉત્સવ કર્યો. રાજાઓ મનુષ્યો દેવો સૌને અધિક આનંદ કર્યો. આપે અગણિત બ્રાહ્મણોને જમાડીને બહુ જ સુખ દીધાં છે. તેમાં જે આપે ચોરાસી કરી તેમાં જે નરનારીજનો સેવામાં આવ્યાં તેઓ સૌ પ્રભુના ધામને પામ્યાં. ભવના જીવોની મનોકામનાઓ પૂરી કરી દીધી. ચતુરવર આપે બહુ જ સુંદર રીતે બ્રહ્મચોરાસી કરી તે જીવોની લખચોરાસીથી મુક્ત કરવા માટે જ કરી છે. હે હરિ ! તેની ઉપમા આપના સિવાય કોઈ ન જ કરી શકે એવા આપ સર્વોપરી અદ્‌ભુત લીલા કરી છે એવા આપ મહાન છો. જમીને વિપ્રોએ પ્રીતથી બહુ જ પ્રશંસા કરીને પછી અતિ વૃદ્ધ એવા મહા વિપ્રો હતા. એમણે આશિષ દીધા. તેને સાંભળીને મુનિજનોનાં મન રાજી થયાં અને હરિભક્તોનાં મન હરખ પામતાં હતાં. જમાડ્યા પછી વિપ્રોને દક્ષિણા આપતા હતા. ત્યાર પછી વિપ્રો સૌ શ્રીહરિના પ્રતાપને ઉરમાં ધારીને ગાતાં ગાતાં જતાં હતાં. બધા બ્રાહ્મણો જમીને ગયા પછી સંતો બધોય સામાન મંદિરમાં લાવ્યા. ઘી, ગોળ આદિક જે સામાન આવ્યો તે કોઠારીએ કોઠારમાં મૂકાવ્યો. આ ઉત્સવનો પૃથ્વી ઉપર મહામોટો ઉદ્‌ઘોષ થયો હતો. ચોરાસી તો બહુ જ સુંદર રીતે થઈ. આવી ચોરાસી ક્યારેય ન થાય એવી થઈ રાત દિવસમાં વિચાર કર્યો ને થોડા જ સમયમાં આનંદ ઉલ્લાસમાં ચોરાસીનું કાર્ય બધુંય પૂર્ણ થઈ ગયું. બધી જ જગ્યાએ કામી જ્ઞાની લોકો સ્ત્રીપુરુષો આ જ વાતો કરતાં રહે છે. આ કામ તો અતિ અલૌકિક અને અદ્‌ભૂત થઈ ગયું એવું સુંદર કામ થયું.

હે રાજન્ ! નગરના બધાં જ માણસો આ ઉત્સવનાં બહુ જ વખાણ કરીને વાતો કરતાં હતાં. સુખનું વર્ણન કરતાં હતાં. પ્રભુતાઈની વારંવાર વાતો કર્યા જ કરતા હતા. જ્યાં જ્યાં નરનારી વાતો કરે છે ત્યાં ત્યાં આ પૃથ્વી ઉપર આ નરનારાયણદેવનો સ્થાપના વિધિ બહુ અદ્‌ભૂત થયો છે. સુંદર ચોરાસી થઈ તેની વાતો ચોકોમાં

નગરના માર્ગો ઉપર બહુ જ વખાણે છે. પ્રભુના પ્રતાપની બહુ જ પ્રશંસા કર્યા કરે છે. આ વાતોને સંતો માર્ગમાં જતાં આવતાં સુંદર રીતે સાંભળતા હતા. વાતો સાંભળીને નિર્મળ બુદ્ધિવાળા સુખ પાંમતા હતા. દુષ્ટમતિવાળા કુસંગીઓ હતા તે બળતાં હતાં. ત્યાર પછી સૌ સંતો મહાપ્રભુ પાસે પ્રભુનાં જુદાંજુદાં ચરિત્રો કીર્તનોને ગાતા ગાતા જતા હતા. હે રાજન્ ! જગતના સ્વામી જેતલપુરધામમાં વિરાજતા હતા. ત્યાં જઈને મહારાજને દંડવત્ પ્રણામ કર્યાં. મહારાજ સંતોને બાથમાં લઈને ભેટ્યા ત્યારે મુનિજનો ગદ્ગદ્ કંઠે થઈને બધી વાતો કરતા હતા. મહાપ્રભુ સર્વના સ્વામી સંતોના મુખે વાતો સાંભળીને બહુ રાજી થયા. જગતના પતિ સર્વના અંતર્યામી મહાપ્રભુ સંતોને સાથે લઈને લોકોનાં ચિત્તને ચોરતા થકા પ્રભુ માણકી ઘોડી ઉપર ચડીને ધર્મકિશોર પ્રભુ જતા હતા. માર્ગમાં જતાં દેવો મુનિજનો મનુષ્યોને જોતાં થકાં મહારાજે અનેક ચરિત્રો કરવાનો મનમાં વિચાર કર્યો તે ચરિત્રોનાં ગુણને સંતો ગાતા થકા જતા હતા. મહારાજ સુંદર શોભાયમાન **ધોળકા** ગામે પધાર્યા. પોતાના ભક્તજનોના મનના અને તનના તાપોને શાંત કર્યા.

મહાપ્રભુ ધોળકાથી **ગણેશ ધોળકા** નામના સ્થાને પધાર્યા. ત્યાં પવિત્ર પુરાતનની પવિત્ર ભૂમિ રહેલી છે. તે ગામની રાયણુંમાં પ્રભુ રાત રહેતા હતા. ત્યારે પોતાના આશ્રિત ભક્તજનોને મનમાં બહુ જ આનંદ થઈ ગયો. શ્રીહરિ ત્યાં ગણેશ ધોળકાની રાયણુંમાં ગણપતિના મદિરમાં સુંદર રીતે ત્રણ દિવસ રાત રહ્યા. પરમ પ્રવિણ મહાપ્રભુએ કરુણા કરીને ભક્તોના સુંદર કામ કર્યાં. પછી ત્યાંથી પ્રભુ બધાં જ જનોની સાથે પ્રયાણ કર્યું વચ્ચે વચ્ચે રાત રોકાતા થકા મુકામ કરીને પોતાના આશ્રિતજનોને આનંદ આપતા થકા ઘનશ્યામ પ્રભુ **ગઢપુરધામે** પધાર્યા. ગઢપુરમાં રાજપરિવાર બધો બહુ જ આનંદિત થયો. કેમકે સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ પધાર્યા. તેનો આનંદ હતો. નરનારીજનો પ્રેમથી નિત્ય ભક્તિ કરતાં સુખ પામતાં હતાં. હે રાજન્ ! સુખકંદ મહાપ્રભુ સંતોની સાથે ઉમંગથી ઉન્મત્ત ગંગામાં નહાવા પધારતા હતા. ત્યારે ગાતા ગાતા જતા હતા. સુખદાતા અને આનંદદાતા મહાપ્રભુ સુખ દેતા હતા. મહાપ્રભુ ગઢપુરમાં નિત્ય પ્રત્યે પ્રીતથી મોટા મોટા બહુ જ ઉત્સવો કરતા હતા. ભયને ભાંગનારા મહાપ્રભુ ભગવાન પોતાના ભક્તજનોને બહુ જ આનંદ આપતા હતા.

કવિવર કહે છે — આ બારમા રત્નમાં લીલાચરિત્રોને સાંભળીને આનંદસિંહ રાજા રાજી રાજી થયા. પછી અવધપ્રસાદજી મહારાજને હાથ જોડીને કહેતા હતા. હે જનનું પાલનપોષણ કરનારા સાંભળો. આપે અલૌકિક મુનિ અવતારના અવતારી પ્રભુની લીલાઓ બહુ રસભાવથી ભરપુર મને સુંદર રીતે સંભળાવી હવે બારમા રત્નની બધી જ લીલાઓ જે કહી છે તેને સંક્ષેપ કરીને સંભળાવવા કૃપા કરો. મારું મન સાંભળવાની ચાહના રાખે છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમે સાંભળો — શ્રીહરિ સુખદાતાનાં ચરિત્રરત્નની સારણિ (હુડા)ની બધી જ વાતો સંક્ષેપ કરીને કહું છું. સાંભળીને વધારે આનંદ થશે. તેમાં પહેલા તરંગમાં મહાપ્રભુનો પ્રતાપ દયા કરીને બતાવ્યો છે. તે ગઢપુરમાં રહીને ઘનશ્યામ પ્રભુ સુખના ધામ સ્વતંત્ર રીતે રહેતા હતા ત્યાર ત્યા ગર્વિષ્ટ ગેબી આવ્યો તેના ગર્વને તોડીને ભગાડ્યો. તે ચરિત્ર બીજા તરંગમાં કહ્યાં છે. પછી **જેતલપુર** અને અમદાવાદની બે તરંગમાં બ્રહ્મરાક્ષસની ભયંકર ગતિનું વર્ણન કર્યું. બે તરંગથી ડભાણપુરમાં ધર્મકિશોર પ્રભુએ ચરિત્રો કર્યા તે વર્ણન કર્યું છે. આઠ તરંગમાં મછિયાવપુરમાં લીલા કરી તે વર્ણવેલ છે. સાત તરંગમાં ગઢપુરની લીલા વર્ણન કરેલ છે. ચૌદ તરંગમાં સુંદર અમદાવાદમાં **નરનારાયણદેવની** પ્રતિષ્ઠાવિધિનું વર્ણન કરેલ છે. આવી રીતે હે રાજન્ ! જુદી જુદી વાતોને અમે તમને કહી દીધી છે છેલ્લા એક તરંગમાં સૌ

સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ ગઢપુરધામે પધાર્યા. ગઢપુરમાં રહીને ઘનશ્યામ હરિ સૌની આશાઓને પૂરી કરતા હતા. અને પ્રેમીભક્તોને પાસે રાખીને અવિનાશી પ્રભુ સુખ આનંદ આપતા હતા

બારમા રત્નનો બધો વિસ્તાર પ્રમાણસર પૂરો થયો. આ આડત્રીસમા અભિધાનરૂપે તરંગો ગહન તો બહુ જ હતાં. બુદ્ધિને બળ આપનારા પ્રભુનું સ્મરણ તે સુખરૂપ કરનારા છે. પ્રભુનાં અનેક પ્રકારનાં ચરિત્રો મુક્તિ કરનારાં છે. પ્રગટ પ્રભુના પ્રતાપનાં અનેક પ્રકારના ચરિત્રોનો વિસ્તાર કરીને છંદભેદના આભુષણરૂપે કવિએ પ્રયત્ન કરીને આ રત્ન મહાન રીતે કર્યો. હરિલીલાસિંધુ બહુ જ પવિત્ર કરેલ છે. જે જન આ ગ્રંથને સાંભળે અથવા સંભળાવે તેના મનની શાંતિ થાય છે. પ્રેમથી કોઈ ભણે કે ભણાવે તો તે ભવસાગરને પાર પામે છે. તેના મનમાંથી કળિકાળના દોષો બધા નાશ પામે છે. તે સંસારમાં બધાં દુઃખોથી પર થાય છે. સંસારના બધા જ તાપો ટળે છે. આ શાસ્ત્રના મહિમાને વિશાળતાથી જાણીને ફરી પૂર્વોપર પ્રીત કરીને એકાગ્ર ચિત્ત થઈને ગુલતાંન થઈને સાંભળે છે તો તે સુખ પામે છે. મહાપ્રભુના પ્રતાપને ઉરમાં ધારીને આ રત્નને પૂર્ણ કરેલ છે. અવિનાશાનંદ કવિએ સાવ નવિન જ છંદ કરેલા છે તે ગુરુ કેશવપ્રસાદ આચાર્ય અને વર્ણિવર ગોપાળાનંદજી આ બંનેની મરજી પ્રમાણે આ રત્નને સુંદર રીતે છંદના ભેદરૂપી આભુષણોથી સજ્જ નવ રસોથી ભરપૂર બહુ જ સુંદર રત્ન કર્યો છે તે બારમો રત્ન વિસ્તારથી કરેલો છે તે કળિયુગનાં ભયંકર પાપોનો નાશ કરે છે. ધર્મનંદન મહાપ્રભુની મંદહાસ્ય યુક્ત મનોહરમૂર્તિ સુંદર રીતે શોભતી વિરાજમાન રહે છે. પ્રભુના બંને હસ્તકમળ બળ દેનારાં છે. ભક્તને સુખ શાંતિ કરનારાં છે. કરુણાદૃષ્ટિ સુખ કરનારી છે. શિર પર નાના કેશ શોભે છે. એવા મનોહરમૂર્તિ સુંદર રીતે વિરાજમાન છે. એવા પ્રભુનું ભાલ સુંદર તેજાયમાન શોભે છે. વિશાળ ભાલમાં લાલ ચાંદલો તિલક કેશરનું શોભે છે. પીળાં વસ્ત્રો ધારેલાં છે તે વીજળી સમાન ચમકે છે. હસ્તકમળમાં બાજુબંધ કડાં હાથમાં સુંદર રૂમાલ ધારેલો છે. એ પ્રભુ અવિનાશાનદ કવિના ઉરમાં વાસ કરો એવા પરમપુરુષ પુરુષોત્તમ બ્રહ્મ સર્વોપરી સુખ આપો.

કમળવન સમાન સંતગણ તેનો વિકાસ કરનારા ભૂમિના અજ્ઞાન અંધકારને હરનારા સૂર્યસમાન આપ પરમહંસના હૃદયમાં નિવાસ કરીને અમારું કલ્યાણ કરો. મનોહર મંગળમય મૂર્તિ એવા હે ધર્મકુમાર ! આપનાં મંગળ કરનારા પવિત્ર ગુણને ગાયા જ કરું છું. મારી ઉપર કૃપા કરો. જે જન પોતાના મુખે આપના સ્વરૂપના જાપ જપે છે તેના તાપસંતાપને હરી લે છે. આપ તો સર્વ ઈશ્વરોના ઈશ્વર સર્વેશ્વર જ છો. તેથી સ્વતંત્ર રીતે સતત મારા ઉરમાં વાસ કરો. સુખ આપો. હે પ્રભુ ! સહજાનંદ સ્વામી મારા ઈષ્ટદેવ આપે કળિયુગમાં પ્રગટ થઈને બહુ જ દયા કરી છે. ભક્તજનોના અનિષ્ટો અને અને પાપોને હરવા હે ધર્મનંદન મહાપ્રભુ આપે મનુષ્ય દેહ ધરીને બહુ જ કૃપા કરી.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના બારમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુરધામ પ્રત્યે પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે આ આડત્રીસમો તરંગ થયો ॥૩૮॥**

## ॥ ઈતિ દ્વાદશરત્ન સંપૂર્ણમ્ ॥

### ॥ અથ તેરમો રત્ન પ્રારભ્યતે ॥

# તરંગ-૧

સર્વનું કલ્યાણ કરવા તથા ભક્તોને સુખી કરવાના હેતુથી સર્વના અમંગળ દુઃખોને હરવા માટે તથા જેમનો કોઈ આશ્રય ન હોય તેને આશ્રય દેનારા કરુણાના કરનારા સુખના સાગર શ્રીહરિ કામદેવના મદને હરનારા સર્વનાં મનને હરનારા સર્વને પાર કરનારા પરમેશ્વર મહાપ્રભુ અનંત ઈશ્વરો આપનું અખંડ ધ્યાન કર્યા કરે છે. મુનિજનોના સ્વામી સર્વનું કલ્યાણ કરનારા. હે પ્રભુ ! આ પૃથ્વી ઉપર પરમ દૃઢ ધર્મની સ્થાપના કરીને જીવનાં કર્મ અજ્ઞાન ભ્રમ પાપો કાલકર્મના દુઃખો જગની જંજાળમાં જકડાયેલા જીવોને સાચું ધર્મ સ્વરૂપનું જ્ઞાન કરવા પધાર્યા છો એવા ભક્તજનોનું પાલન કરનારા આપને પ્રણામ કરું છું. મારું મન છે તે માનસરોવર જેવું છે તે મનને આનંદ દેનાર હંસને પ્રશંસા કરવા જેવું નિરંજનનાથની પ્રશંસા કરનારું છે. તેથી પ્રભુજી મનમાં વાસ કરો. આપના મંદહાસ્યયુક્ત મુખને ભક્તજનો જોઈને આનંદ પામે છે. પ્રભુ ! મારા અંતઃકરણને શુદ્ધ કરો. જેથી શુદ્ધ મતિથી આ તેરમા રત્નને પૂરો પ્રયત્ન કરીને વર્ણન કરવા ભક્તપતિ ભગવાન મારી ઉપર કૃપા કરો. જ્ઞાનના પ્રકાશથી બધે પ્રકાશ કરીને અજ્ઞાન અંધકારનો નાશ કરો. સંશયના મૂળને જ્ઞાનરૂપી કુહાડાથી કાપી નાખો. જે પ્રચંડ પાપનો મોટો પહાડ છે તે અખંડ પહાડને તોડવા માટે જ્ઞાનના ઉપદેશ પ્રચારથી તોડી નાખો. કળિયુગનો નાશ કરવા માટે જ જગતના કારણ એવા મહાપ્રભુ આપ મારા ઉરમાં વાસ કરો. જેમને જોગીઓ નિરંતર જપ્યા કરે છે. સમગ્ર જગત જેનું ભજન કરે છે. શેષ મહેશ, આદિક જેમનું નિરંતર ભજન કરે છે એવા શારદા, નારદ જેમનું નામ જપ્યા જ કરે છે એવા સર્વ જગતના કારણરૂપ, જગતના નાશ કરનારા, ધારણ કરનારા, પોષણ કરનારા, ભક્તજનોના સુખ માટે અવતાર ધરીને આવેલા અનેકનાં ઉરમાં રહેલા પરાત્પર પ્રભુ મારા અંતરમાં આવીને વાસ કરો. હે પ્રભુ ! આ તેરમા રત્નનો ઉચ્ચારણ કરવાના કારણરૂપ આપ છો તે મને સહાય કરો. પ્રભુ યુગોયુગમાં પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપ અવતારને ધારણ કરો છો તે જગતના જીવોના સુખ કરવા ધારો છો એવા આપ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ અમારા દોષોને હરીને જ્ઞાન આપો.

હવે પુરુષોત્તમ પ્રભુનાં ચરિત્રોનું વર્ણન કરવા તેરમા રત્નના સારનું વર્ણન કરું છું. મારા ઉરમાં ધર્મકુમાર પ્રભુનું ધ્યાન કરીને શારદાદેવીને પ્રેરણા કરવા વિનંતી કરું છું. મને પ્રેરણા આપો. હું મારી બુદ્ધિનું બળ લગારે નથી માનતો પણ પ્રભુ આપના પ્રતાપનું જ બળ માનું છું. નાનું બાળક ભણતું હોય તેમ કવિ ભણે છે એવા કવિ અવિનાશાનંદ પોતે જ છે. બાળના વચનને સાંભળીને બુદ્ધિમાન જનો જેમને બાળક ઉપર લગારે ક્રોધ કે દબાણ નથી કરતા પણ બાળકના વાક્યોને જેમ જેમ વધારે સાંભળે છે તેમ તેમ તે વડીલોને વધારે આનંદ થાય છે. વીરપુરુષનું જેવું સન્માન જળવાય છે તેમ કવિનું પણ માનવું જોઈએ. બધાનાં કથન કવિઓ સાંભળે છે. તેમાંથી કાવ્ય બનાવે છે. તેમાં દોષ દેખાવો ન જોઈએ. જેમ બાળકમાં દોષ નથી દેખાતો તે જ રીતે પ્રગટ પ્રભુનાં ચરિત્રોને નિર્દોષ જાણવાં. ભગવાનના વારસપુત્ર આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ લોકોનાં પાપો દોષોને હરી લે છે દૂર કરે છે એવા દયાળુ મારી ઉપર કૃપા કરીને કષ્ટોને દૂર કરો. જેથી હું મહારાજનાં ચરિત્રોનું રત્ન રચું. સૂખપૂર્વક કર્યા કરું. સર્વ સંતગણ બહુ જ સરલ મનના સ્વભાવવાળા એમનામાં સંતના

બત્રીસે લક્ષણ રહે છે. એવા સંતો મને પોતાનો સેવક સમજીને અનુગ્રહ કરો. જેનાથી પ્રભુનાં ચરિત્ર રત્નને લખી શકું. મહાન દઢવ્રતને ધારી રહેલા સર્વ બ્રહ્મ બટુસમુદાય મારી ઉપર દયાભાવ રાખો. હંમેશાં અમૃત નજર રાખો. જેનાથી આવનારાં વિઘ્નો ચાલ્યાં જાય. કાર્યમાં બાધા ના કરે. પરબ્રહ્મ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિનાં ઉપાસક પુરુષો અને નારીઓ મારી ઉપર હંમેશાં રાજી રહેજો. જેથી હું તેરમા રત્નના સારની સરલતાથી રચના કરી શકું. મારા ગુરુવર્ય આચાર્ય શ્રી કેશવપ્રસાદજી તથા વર્ણિવર સ્વામી શ્રી ગોપાલાનંદજી બંને ગુરુવરોએ આજ્ઞાંકિત સેવક જાણીને કૃપા કરીને અતિ બુદ્ધિવાન ગુરુઓ બળ આપીને આ ગ્રંથને પૂરો કરીને પ્રસિદ્ધ કરવા માટે અનેક કવિવરો પ્રમાણિત કરે તોય કોઈ ખામી ન આવે એવી કૃપા કરી છે અને આ તેરમા રત્નની રચના કરવાનો આરંભ કરું છું. તો હે પ્રભુ ! તેમાં મારી સહાય કરે એવી વિનંતી છે. સર્વનું મંગળ કરનારા, પાપોનો નાશ કરનારા, એવા ઘનશ્યામ પ્રભુ અમૃત વાણી ઉચ્ચરનારા, કામક્રોધાદિ અંતશત્રુઓનો નાશ કરનારા હે પ્રભુ આ રત્નની રચના કરવામાં કોઈ આડ ન કરે એના માટે સર્વને પ્રેરણા કરજો. આપ પૂર્ણ પુરુષોત્તમ સર્વાત્મા છો, તો આપ મારા અંતઃકર્ણમાં નિવાસ કરીને આ રત્નની રચના સરલતાથી કરી શકું એવી કૃપા કરો. મારા ઉરમાં સદા વસો. હે પ્રભુ ! જે જીવાત્મા પ્રેમથી આપના સ્વરૂપનું ભજન કરે છે, કિર્તન ચરિત્રનું ગાન કરે છે તેના બધાં પાપો નાશ પામે છે. દોષો કલંકો બધાં જ દૂર કરી નાંખે છે. મનમાં આપનું સ્મરણ કરે છે તેના બધા દોષ બળી જાય છે. આવા આપ સર્વોપરી સર્વકારણના કરણ સર્વાત્મા છો તોય આપ સર્વ નરનારી ભક્તજનોની પાર જીવોની વાતોને સાંભળો છો, એની ઉપર પ્રસન્ન થઈને સુખ કરો છો એવી રીતે આ કવિ અવિનાશાનંદ ઉપર કૃપા કરો તો આ રત્નની રચના કરી શકું.

આનંદ સિંહ રાજા કહે છે હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ સર્વના નેતા છો. સંતોના સહાય કરનારા છો. શુભ સ્થાનને યોગ્ય છો. અતિ મધુર રસદાર વાણી બોલનારા, આપે હમણાં જ બધાં જ રત્નો આપના મુખે જ સંભળાવ્યાં છે. બારમું રત્ન પણ સુંદર રીતે વર્ણન કરીને કહેલું છે. તેમાં જુદાંજુદાં ભગવાનનાં ચરિત્રો બહુ જ પવિત્ર સંભળાવ્યાં છે. જે સાંભળવાથી તરત જ પાપોને દૂર કરે છે. માટે હવે પ્રસન્ન થઈને મને તેરમું રત્ન સુંદર રીતે વર્ણન કરીને કહો. આપ આવાં મનોહર દિવ્યચરિત્રને કહો છો. તે વાતને કોઈ જાણતું જ નથી. આપ તો શ્રી સહજાનંદ સ્વામીના પરમ પ્રિય પુત્ર છો. આપ જ સુંદર શોભા કરનાર, સુખ આપનારા તમે બધી જ વામતોને જાણનારા સર્વના સુખ કરનારા છો. મારા મનને આનંદ દેનાર તેરમું રત્ન હવે બાકી રહેલા તે ભક્તજનોના મનને આંજનારું ગર્વને તોડનારું એવું છે. ભક્તજનોના મનના રાજા આપે જે ચરિ વર્ણન કર્યાં છે તે ભગવાનનાં નવાં ચરિત્રો જે હોય તે મને કહો. તમે મને તેરમું રત્ન વર્ણન કરીને કહો ભક્તજનોનાં દુઃખને તોડનારા હરિ ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા. ભક્તજનોના મનને આનંદ આપનારી લીલાઓ કરતા હતા ત્યારે મહાપ્રભુ કયા પવિત્ર ગામે પધાર્યા. ત્યાં જઈને ભક્તજનોને ભવતારવા માટે અજ્ઞાનને હરીને જ્ઞાનરૂપી નૌકારૂપે સૌને તારતા હતા. જગતના કારણ હરિ જ્યાં જ્યાં ગયા ત્યાં જઈને અદ્‌ભૂત દિવ્યચરિત્રો કર્યાં તે બધાં પ્રસિદ્ધ ચરિત્રો સાંભળવાની ચાહના રાખું છું. હે સાગર સમાન વિશાળ બુદ્ધિવાળા મહારાજ ! મને તે ચરિત્રો સંભળાવો. ભગવાનનાં ચરિત્રો સિવાય જગતની બીજી વાત મને ઝેર જેવી લાગે છે તેથી તે વાતોમાં મને રુચિ છે જ નહીં. હે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ ! આપને હું વારંવાર વિનંતી કરું છું. હવે આપ મને ભગવાનનાં ચરિત્રનું તેરમુ રત્ન સંભળાવવા માટે કૃપા કરો.

આવી રીતે આનંદરાજાએ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેની પ્રશંસા કરીને અવધપ્રસાદજી બહુ જ પ્રતાપ બતાવતા

હતા. અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન્ ! પૃથ્વીના અધિપતિ ધીરજવાળા તમને ધન્ય ધન્ય છે. કેમકે તમે તમારા મનને વશ કરીને અતિશય શૂરવીરતાથી ધર્મને ધારણ કરનારા ધર્મના પ્રમાણભૂત ધીરજવાળાં ગુણયુક્ત વચનો મુખેથી બોલો છો આ તમારા પૂર્વ જન્મનું પુણ્ય બહુ જ છે. એના પ્રતાપથી પ્રગટ ભગવાનની લીલા ચરિત્રની વાતોને પૂછો છો હે પૃથ્વીપતિ ! તે બધી વાતો બધા પ્રકારના ભ્રમનો નાશ કરે છે. જન્મમરણના બંધન તોડે છે. આ ચરિત્રોને જે સાંભળે છે તેનાં બધાં જ પાપો નાશ પામે છે. એવાં પ્રગટ પ્રભુનાં ચરિત્રનો પ્રતાપ અપાર જ છે તે તમારા પ્રત્યે હવે કહીએ છીએ તેને તમે જુઓ. ભગવાનના પવિત્ર ચરિત્રોને જુદાંજુદાં તમને સંભળાવું છું. તે શ્રી હરિલીલાસિંધુનું મંથન કરીને વર્ણન કરેલ છે તેથી હે રાજન્ ! તેરમું રત્ન સુંદર રીતે વર્ણન કરીને કહું છું. તે ચરિત્રથી કળી કાળનાં બધાં જ કષ્ટોનો નાશ કરે છે એવાં પવિત્ર ચરિત્રો સાંભળવા આનંદથી સાવધાન થઈને સાંભળો. તમે જેમ અમને પ્રશ્નો પ્રીતિપૂર્વક પૂછ્યા છે, મનમાં અતિ આનંદ પામતા થકા મનમાં બહુ રાજી થઈને પૂછેલા તે કહીએ છીએ.

તમે જે પ્રશ્નો પૂછ્યા તે જ પ્રશ્નો ગિરનાર પર્વતની તળેટીમાં જુનાગઢમાં મુનિવર ગુણાતીતાનંદ સ્વામીએ ગોપાળાનંદ મુનિ પ્રત્યે પૂછ્યા હતા. તે ગુણાતીત સ્વામી ગદ્ગદ્ વાણીથી નેત્રમાં જળ લાવીને બારમું રત્ન સાંભળીને ધીર બુદ્ધિવાળા ફરી પૂછતાં હતાં. ગુણાતીતાનંદ સ્વામી કહે છે એ ગોપાળાનંદ સ્વામી ! આ પ્રગટ પ્રભુનો પ્રતાપ આપના મુખેથી સાંભળ્યો છે. અનંતમૂર્તિ અક્ષરધામના અધિરાજ પોતે જ સ્વામિનારાયણ ભગવાન જ છે. ક્ષર અક્ષરના પ્રેરક એક જ પોતે છે તે જ સહજાનંદ સ્વામી શોભા મનોહર ભગવાન મૂર્તિ છે તે જ સર્વના કર્તા સર્વોપરી છે. એ આપે આપના મુખે કહેલું જ છે. હે મુનિરાજ ! આ બધી વારેવારે પ્રત્યેક રત્નમાં કહી છે તે સ્નેહથી સાંભળી છે. મને સર્વોપરી પુરુષોત્તમ સમજાવ્યા. અમાપ પ્રગટ પ્રતાપ સમજાવ્યો છે. બધી કહાની આપના મુખે જ કહી છે. હવે તેરમા રત્નની લીલાઓ. મારી ઉપર હેત કરીને કહો. આપ તો મારા જીવનની વાત બધી જાણો જ છો. ગોપાળાનંદ મુનિએ ગુણાતીતાનંદ સ્વામીના પ્રશ્નો સાંભળીને હરિલીલાના સાગરમાં ઉંડા ઉતરીને વિચારીને આનંદિત થયા. સુખદાયક તેરમા રત્નની વાતમાં શ્રીહરિની લીલા બધી વાતો સરસ રીતે સમજાવીને કહી તે બધી વાતો હે આનંદરાજ ! હવે તેરમા રત્નની લીલાઓ રહીને અંતરમાં વિચાર કરીને કહું છું તેને ધ્યાન દઈને સાંભળજો. પ્રભુનાં સોળે ચિહ્નોયુક્ત બંને ચરણોનું ચિંતવન કરીને પ્રભુનાં ચરણને ઉરમાં ધારીને તેરમા રત્નની રચના સાથે વર્ણન કરીને કહું છું. પ્રભુના ચરણકમળમાં વારંવાર નમન કરીને હવે રત્નનો પ્રારંભ કરું છું તેથી હે રાજન ! શ્રી હરિનાથનાં ચરિત્રોને અતિ આનંદ સાથે હૃદયમાં ધારણ કરો.

અવિનાશાનંદ કવિએ સુખકારી મહાપ્રભુનાં મંગળરૂપ ચરણકમળને ઉરમાં ધારણ કરીને સ્મરણ કરીને મૂર્તિને અંતરમાં ધારીને તેરમા રત્નનો પ્રારંભ કર્યો.

પ્રારંભમાં પૂર્વાપરનો સંવાદ કરીને વર્ણન કરીને ઉંડા ગંભીર પ્રશ્નો પૂછ્યા, આમ પહેલું અભિધાન રૂપે શ્રીહરિલીલાસિંધુની લહરિના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં રત્નનો પ્રારંભ કર્યો. તેમાં મંગળાચરણ કર્યું તે તથા પૂર્વાપરના સંવાદની ચર્ચા કરી તેનું વર્ણન કર્યું એ નામે પ્રથમ તરંગ પૂર્ણ થયો. ॥૧॥**

# તરંગ-૨

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે દોરીને કેડ ઉપર ધારણ કરાય છે. દોરી દોરા બધાં શરીર ઉપર શોભનારાં છે. સમાજ બધા રસના (જીભથી) નિર્મળ મૂર્તિ મહાપ્રભુના નામનું અખંડ જપ કર્યા કરે રટતાં રહે છે. તે જ અમારા પિતા સુખદાતાના ગુણને છંદ વેદ વેદાંત સદાય ગાયા જ કરે છે. એવા સુખદાતા પ્રભુ સ્વતંત્રતાથી ભક્તજન સમુદાયની સાથે સર્વના ભયને હરનારા **હરિ ગઢપુરમાં** વિરાજમાન રહે છે. ઘનશ્યામ પ્રભુ સતત ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા અને ભક્તજનો કાયમ ગુણ ગાતા હતા. સર્વદેવ ગુણના સ્વામી મહાપ્રભુ સભામાં સુંદર રીતે શોભતા હતા. ઉપદેશની સુંદર રીતે વાત કહેતા હતા. સૌને ધીરજ દેનારા પ્રભુ **ધર્મજ્ઞાન વૈરાગ્યની** વાતો કરતા હતા. તેને સૌ સંત શૂરવીરતાથી સાંભળતાં હતાં. મહારાજ રોજરોજ ભક્તોને આનંદ આપતા હતા. દયાળુ કૃપા કરીને પરની પીડાને હરતા હતા. ત્યારે થાળ તૈયાર થયો એટલે શ્રીહરિ જમવા માટે પધારતા હતા. પોતાના આશ્રિત ભક્તો જયા લલિતાના ઓરડે સુંદર રીતે સુખદાતા જતા હતા. ભવના ભયને હરનારા પ્રભુ રસદાર રસોઈને ભાવથી જમતા હતા. પછી સંતોની પંક્તિમાં આવીને પ્રેમથી પીરસતા હતા. સંતોને જમાડતા હતા. સંતો પ્રભુની મૂર્તિને સંભારીને જમતા હતા. આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોને સુખ દેતા હતા. **ગઢપુરધામમાં** વધારે પ્રમાણમાં રહીને અકામ મૂર્તિ આનંદ કરાવતા હતા.

પછી મહાપ્રભુ ગુણવંત હરિ ગઢપુરથી પ્રયાણ કરીને કારીયાણી ગામે પધાર્યા ત્યારે પ્રભુને જોઈને સંતરૂપી કમળ ખીલી ઉઠ્યાં. કામદેવના મદનો નાશ કરનારા માનને હરનારા મહાપ્રભુ વસ્તાખાચરના દરબારમાં ઉતારો કરતા હતા. સંતોની સાથે મહારાજે ભક્તનો પ્રેમ જોઈને ત્યાં વાસ કર્યો. પરમ પવિત્ર કલ્યાણ મૂર્તિને પ્રસન્નરૂપે જોઈને ભક્તજનો કહેતાં હતાં કે હે ભયને હરનારા! તમે સાંભળો આપ મારા ઘેર નિવાસ કરીને રહો. તે હે દુઃખને હરનારા પ્રભુ ! આપ સૌ સંતોને અને ભક્તોને સાથે લઈને પધાર્યા છો. ભક્તસમાજ છે. તેથી માસીઓ કરીને બધાંનાં મનને રાજી કરવા હે નીરંજન મૂર્તિ ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડીએ. વસતાખાચરની આવી પ્રાર્થના સાંભળીને નાથ કહેતા હતા કે ભાવપ્રેમથી પાકો તૈયાર કરાવો. હે રાજા ! તમે સુંદર રસદાર રસોઈ કરાવો તમે બધો જ સમાજ તેડાવ્યો છે તેના માટે મોતૈયા લાડુનો પાક સુંદર રીતે બનાવરાવ્યો. રસોઈમાં શાક બનાવ્યાં તે સુંદર રીતે વઘાર છમકાવીને તૈયાર કર્યાં હતાં. દાળ પણ સુંદર વઘાર છમકાવીને તૈયાર કરી હતી. ભાત પણ બહુ જ સારી રીતે બનાવ્યા હતા. આ રીતે તૈયાર થયેલું જાણીને અજ્ઞાન અંધકારનો નાશ કરનારા હરિએ પ્રેમથી બધું જોયું. બધી જ રસદાર રસોઈ તૈયાર થઈ ત્યારે મહાપ્રભુ જ્ઞાનદાતા થાળ જમવા પધાર્યા ત્યારે નરનારીજનો સૌ પાસે બેસીને દર્શન કરતાં હતાં. શ્રીહરિ નાના નાના કોળિયા હાથમાં લઈને સુંદર રીતે ઘરમાં વિરાજીને જમતા હતા. મહારાજ જમતા હતા ને વચ્ચે પાણી પીતા હતા. આમ જાણીને સહજ સ્વભાવ પ્રમાણે જમતા જાય ને જળપાન કરતા જાય. મહારાજ જમતા જાય ને મુખેથી વખાણ કરતા જાય કે પાક બહુ જ સારો કર્યો છે. જે જે સ્વાદિષ્ટ વસ્તુ લાગે તે વસ્તુ પ્રભુ પાસે બેઠેલા ભક્તજનને પ્રેમથી આપતા હતા ને જમતા હતા. પછી મહાપ્રભુ ખૂબ જ સ્નેહથી જમતા હતા. જમતાં જમતાં પેટ ઉપર હાથ ફેરવતાં જાય. અને વારંવાર ઓડકાર ખાતા જાય. સંતો પ્રભુનાં બધાંય ચરિત્રોનાં પ્રસંગને પ્રેમથી લખતા જાય. આવી છબીને ધ્યાનીજનો પોતાના ઉરમાં ધ્યાન કરીને ધારે, ધ્યાન વગરનાં જનો બહારથી નિરખીને

દર્શન કરતાં હતાં. બંને પ્રકારની ધ્યાનની રીતને જે અંતર દૃષ્ટિવાળા એકાંતિક જ્ઞાનીઓ કહેતા હતા. જમીને તૃપ્ત થઈને સુખદાતા મહાપ્રભુ જમીને પછી મુખ ધોઈને પવિત્ર જળપાન કર્યું પછી સૌ સંતોને જમાડતા મહારાજ તૈયાર થતા હતા ત્યારે જગતના સર્જનહારનું ભવતરવા માટે ભજન કરતાં હતાં.

મહાપ્રભુ સંતોને પીરસવા ડાબા ખભા ઉપરથી વસ્ત્રને લાવીને બધાને હાસ્ય ઉપજાવતા થકા કેડ સાથે કસીને (તાણીને) બાંધતા હતા. તેને દેવ સમુદાય અને શેષ આદિક સૌ દર્શન કરતાં હતાં. સંતોની પંક્તિ બધી બેસી ગઈ છે એમ જાણીને ભગવાન શ્રીહરિ તરત જ ત્યાં પીરસવા માટે પ્રીતથી પધાર્યા. પાકનાં પાત્રો લઈને પ્રેમીજન પ્રભુની સામા આવીને ઊભા રહ્યા ત્યારે ભક્તજનો પાછા પગે ચાલતા હતા અને પૂર્ણકામ પ્રભુ સુંદર રીતે પીરસતા હતા. ચતુરવર પ્રભુ સૌને ચાર ચાર લાડુ આપતા હતા. આખી પંક્તિમાં ઘનશ્યામ પ્રભુ સંતોની આનંદ પામતા થકા પ્રેમથી પીરસતા હતા. જગતના જીવોના નાવરૂપ હરિ થોડી જ વારમાં સંતોને પંક્તિમાં પીરસી દીધુ. પાકો શાકો બધું જ્યારે પીરસાઈ ગયું ત્યારે ઘનશ્યામ પ્રભુ આવીને જય બોલાવીને પછી સંતવૃંદ સુંદર શાક પાકને સારી રીતે જમવા લાગ્યા. પછી પ્રીતમ પ્યારા મહાપ્રભુ ફરીફરીને મુનિજનોને બહુ જ પ્રેમથી પીરસીને આગ્રહથી જમાડ્યા. જ્યારે સંતો સૌની સાથે જમીને તૃપ્ત થયા ત્યારે મહાપ્રભુ રાજી થયા.

પછી મહાપ્રભુએ સર્વ સંતોની સાથે સભાની રચના કરી મહાપ્રભુ પોતે પોતાના ઊંચા આસન ઉપર વિરાજમાન થયા. બહુનામીનાં દર્શન કરીને જેમ દેવોની વચમાં દેવરાજ ઇંદ્ર શોભે તેમ સભામાં શોભતા હતા. તે શોભાને જોઈને પ્રભુની મનોહરતા જોઈને કરોડોના મનને મોહાવતા હતા. ત્યારે ભક્તજનો વાસણોમાં પૂજાનો સામાન ભરીને આવ્યાં. પૂજાપો સુંદર લાવ્યા. ચંદન, પુષ્પના હારો, પંચરંગી ફૂલના હારો, સોનાનાં કડાં, કંદોરો, સુંદર પોંચી, શીરની કલગી વગેરે લાવ્યાં હતાં. રોકડમુદ્રાઓ મનમાંની લાવ્યા હતા. તથા બીજા પણ મણિઓથી સજ્જ કરેલાં શોભતાં હતાં. ભક્તજનો ચોખ્ખું જળ લઈને શ્રીહરિનાં ચરણકમળને ધોતા હતા. પછી સુંદર કોરા રૂમાલથી ચરણને લૂછીને સુંદર સુગંધ યુક્ત ચંદનને ચર્ચતા હતા. ચરણ સારી રીતે અર્ચીને પછી ચરણકમળને શીર ઉપર ધારણ કરતાં હતાં. ઉમંગથી બધાં અંગો ઉપર ચરણ ધારતાં હતાં. હે રાજન ! પ્રત્યેક અંગમાં વસ્ત્ર આભૂષણોને સુંદર રીતે ધરાવતાં હતાં. આવી રીતે હરિભક્તો હેત કરીને બધા વસ્ત્ર આભૂષણ ધરાવીને પછી અગરબત્તીનો ધૂપ કર્યો. હે રાજન ! હરિભક્તો શ્રીહરિની આરતી કરતા હતા તેની શોભાતો અપાર જ હતી. ફૂલના હારો શરીર ઉપર બહુ જ ધરાવેલા હતા. બાંયોમાં બાજુબંધ ભક્તજનોએ બાંધ્યાં હતાં. મસ્તક ઉપર નવરંગી કલગી ધરાવી હતી ત્યારે ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે શોભતા હતા. સૌ નરનારીજનો નાથની મૂર્તિને નીરખતાં હતાં ને સુખકારી મહાપ્રભુની આરતી કરતાં હતાં. ઘડિયાળો ને ઘંટાઓનો રવ થતો હતો, બહુ પ્રકારની વાગતી હતી. શંખનો નાદ થતો હતો. શહનાઈનું વાદન થતું હતું. સૌ જનો બહુ જ ધામધૂમ કરતાં હતાં. ભક્તજનો વારંવાર જયજયનો શબ્દ કરતાં હતાં ત્યારે દેવોનાં વિમાનો આકાશમાં છવાઈ ગયાં. બધાય પુષ્પની વૃષ્ટિ કરતાં હતાં. આવી મહાપ્રભુની શોભા જોઈને ભક્તો સુખ પામતાં હતાં. આવી રીતે પીડાને હરનારની આરતી કરતાં હતાં તે ધર્મકુળના કમળવનના વિકાસ દાતા. સૂર્યસમાન પ્રભુની આરતી કરતાં હતાં. મુખેથી પ્રગટ પ્રભુના ગુણનો બહુ જ ઊંચે સ્વરે ઉચ્ચાર કરીને જય જયકાર કરતા હતા. આનંદ સુખ પામતાં હતાં. સ્તુતિ કરતાં હતાં.

સંતોરૂપી કમળવનના આપ શરદઋતુના ચંદ્રસમાન છો. ભક્તજનોના ભગવાન આપ સૂર્ય સમાન છો. એવા હે પ્રભુ ! પાપરૂપી કામદેવ તેને શોષનારા છો. હે પ્રભુ ! આપ ભક્તજનોને વરદાન દો. હે પ્રભુ ! સર્વનું

મંગળ કરનારા આપનો જયજય થાય. સંતરૂપી કમળવનના પ્રકાશ કરતા સૂર્યરૂપ સર્વના ભયને હરનારા જયદેવ જયદેવ જય જય. નવીન મેઘ સમાન સુંદર શોભાવાળા, શરદપૂનમના ચંદ્રસમાન સુંદર મુખવાળા, આ સુંદર કમળસમાન નેત્રોવાળા, કામદેવના ગર્વને તોડનારા, તમારો જય જય થાવ. યુગોયુગોમાં લોકોનાં કલ્યાણ કરનારા એવા આપ પોતે જ પૃથ્વી ઉપર અવતાર ધાર્યો છે. પૃથ્વી ઉપર ધર્મ સ્થાપનારા, અધર્મનાં પાપોનો નાશ કરનારા, આપનો જય જય થાય. આદિ અનાદિ અવતારી પુરુષોત્તમ પ્રભુ પરાત્પર પુરુષોત્તમ સર્વના સ્વામી સહજાનંદ સ્વામી દયાળુ, સર્વના અંતર્યામી આપનો જય જય થાય કરોડો કામના તેજને દબાવનારા, સુખના સાગર આપના ગુણચરિત્રને કાયમ ગાનારા, અવિનાશાનંદ કવિ કહે છે. આપનોજય જય થાઓ. હે મંગલ કરનારા આપનો જય જય થાય. સંતો સુંદર કમળ જેવા છે. એવા હે પ્રભુ સૂર્ય સમાન ભયને હરનારા આપનો જયજયકાર થાય. કષ્ટને હરનારા મહારાજની આરતી કરીને ભક્તજન ભાવ ભરીને પ્રગટ પુરુષોત્તમ પ્રભુના ચરણકમળને ઉરમાં ઉત્સાહથી ધારણ કરતા હતા.

ત્યારે રાજી થઈને મહાપ્રભુ કહે, હે ભક્ત ! તમે મારી પાસે કાંઈક માંગો. તમને જગતનું સુખ તો દેશું જ. ઘનશ્યામ પ્રભુનાં વચન સાંભળીને પ્રભુ પાસે જઈને હાથ જોડીને **વસ્તાખાચર** શ્રીહરિની છબીને નયનોમાં ઉતારતા હતા. હે મહારાજ ! હું સંસારનું સુખ તો કોઈ માગતો જ નથી. જે તે મુનિજનો નાશવંત કહે છે પણ હે પ્રભુ હવે મને અવિચળ જે સુખ હોય તે જ આપો. જે ક્યારેય નાશ ન થાય. હે પ્રભુ ! જ્યાં સંતોની સાથે આપ પોતે અવિનાશી વસતા હો ત્યાં આપની પાસે જ વાસ આપજો. આપનું અખંડ સ્મરણ આપનો દાસ જાણીને આપજો. હે પ્રભુ ! મારે સંતસમાગમથી ક્યારેય અરૂચિ ન થાય. મનમાં ક્યારેય અભાવ ન આવે. સતત પ્રેમ રહે એવું વરદાન માગું છું. તો તે મને આપનો દાસનો દાસ જાણીને મારા દિલમાં સુખ આપો. આવી રીતે માગ્યું ત્યારે પ્રભુ પ્રસન્ન થઈને તથાસ્ત એમ વચન કહ્યું આમ દેવોને દુર્લભ એવું સુખ મહારાજ વસ્તાખાચરને પ્રભુએ આપ્યું.

શ્રીહરિની ગઢપુરમાં કરેલી લીલાનું વર્ણન કર્યું. તે લીલા સર્વના દુઃખને હરીને સુખ કરનારી થાય છે. પછી મહાપ્રભુ સુખ કરનારા સર્વના નાથ સંતોની સાથે સૌ કારીયાણીપુરે પધાર્યા. વસ્તાખાચરના દરબારગઢમાં ઉતારો કરીને સૌ સંતોને સારી રીતે જમાડ્યા. એ રીતે આ બીજું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરિના રૂપે આ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિએ કારીયાણીમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે બીજો તરંગ પૂર્ણ થયો. ॥૨॥**

# તરંગ-૩

આનંદસિંહ રાજા કહે છે – હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમના સાથળો કેળના સ્થંભ જેવાં શોભે છે. એમનાં ચરિત્રને સુંદર મુખવાળી લક્ષ્મી જેવી બાઈઓ ગાયા કરે છે તથા સુંદર પવિત્ર સંતોનો સમાજ કળિયુગમાં જગતનું કલ્યાણ કરવા પ્રગટ થયા છે. એવા પ્રભુ પ્રગટ પરબ્રહ્મનાં બધાં જ ચરિત્રો મને પૂર્વના પુણ્યના પ્રતાપથી સાંભળવાનું સુખ મળે છે એવા મહારાજ કારીયાણીથી કયા ગામે પધાર્યા તે કહો. અવધપ્રસાદજી મહારાજ કહે છે –

હે પૃથ્વીપતિ તમારી બુદ્ધિને ધન્ય છે. તમે પ્રગટ પ્રભુના ચરિત્રોને પ્રીતિથી પૂછ્યાં છે તે પૂર્વભવના પુન્યના પ્રતાપે જ શ્રીહરિના ચરિત્રો યશને સાંભળવામાં રૂચિ થાય છે હવે હું યથાયોગ્ય વાત કહું છું. કરુણા અને દયાના સાગર નિર્વિકારી મૂર્તિ નટવર નાગર મહારાજ **કારીયાણીથી સારંગપુર** આવ્યા. જગતના સ્વામી ધર્મનંદન મહાપુરણ સુખના ધામી **સાળંગપુર** પધર્યા તે જાણીને ત્યાનાં ભક્તો સામા આવ્યા ભક્તજન પોતાના ઘેર મહારાજને લાવીને સુંદર પલંગ તૈયાર કરીને બિછાવ્યો તેની ઉપર બેસાડ્યા સામે સૌ સંતો બેઠા. ત્યારે દશેરાનો દિવસ આવેલો જાણીને ઘોડાનું દળ તૈયાર કર્યું. તે ઘોડાંને નયનોથી નીરખ્યાં. પછી બધો સાજ સજીને શમીપૂજન કરવા માટે સર્વના સ્વામી જનસમૂહની સાથે અંતર્યામી પ્રભુ ગયા. રીતરિવાજ પ્રમાણે પ્રીતસહિત પૂજનવિધિ કરીને બીજા હરિભક્તો જોઈને હરિજનોએ દાનો આપ્યાં. જ્યારે પૂજનવિધિ પૂરો થયો. કમળનયન પ્રભુ બધાંની સાથે આવી રીતે કહેતા હતા.

દશેરાના દિવસે ઘોડા દોડાવવાં જોઈએ તો સારું લાગે. આવાં ઘનશ્યામ પ્રભુનાં વચનો સાંભળીને વિશેષ રીતે બધાએ એ રીતે નક્કી કર્યું ત્યારે તે બધાએ સજજ થઈ ઘોડાનાં તંગ તાણી લીધાં. સુંદર લગામો હાથમાં લઈને તૈયાર થયા. બધા અસવારો ભેગા થઈને બધાં ઘોડાની એકપાટી કરાવી તેમાં ઘોડા ઉપાડ્યાં. તે જાણે કમાનમાંથી બાણ છૂટે તેમ ઘોડું હરણની પેઠે છલાંગ લગાવીને દોડવા જ માંડે. મહારાજે માણકી ઘોડીને બધા જ સવારોથી આગળ જ ચલાવી તે જાણે આકાશમાં ગરૂડ ઊડે તેમ પવનવેગે દોડે. જેમ વાદળમાં વીજળી ચમકે અને અલોપ થાય તેમ માણકિ દોડતી હતી. માણકીનો વેગ તો જાણે મનનો જ વેગ ન હોય તેમ માનતા હતા. અતિ વેગથી ચાલતી હોય ત્યારે જમીનનો સ્પર્શ ત્યાગીને જાણે આકાશમાં ન ઉડતી હોય ? તેમ દોડતી હતી. બધા જ અસવારો પાછળ રહ્યા હતા. માણકી સૌથી આગળ જ જતી હતી. માણકી ઘોડી પોતાની ચપળતાથી ચાલતી હતી તે જાણે પવનનો વેગ ન હોય તેમ ચાલતી હતી. જોનારા પણ સરખી રીતે જોઈ ન શક્યા, ત્યારે ચકિત થઈ વિચારવા લાગ્યા. સ્વારોનાં જુથ મહાપ્રભુજીની બહુ જ પ્રશંસા કરતાં હતાં. હે પ્રભુ ! તમે તો અનંત સામર્થ્યવાળા છો. સર્વને આનંદના દાતા જગતને વંદન કરાવનારા છો. હે પ્રભુ ! આપ તો મહાન ગજરાજ સમાન કહેવાઓ અને અમે તો મોટી ભેંશ જેવા કહેવાઈએ. ગરુડની પાસે બીજાં પક્ષીઓ કાંઈ ન ગણાય તેમ તમારે ને અમારે કોઈ સરખો હિસાબ ન થાય. આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ છો. હે પ્રભુ ! આપ તો સર્વના અંતર્યામી સાક્ષાત્ છો. આપનું નામ પણ નિરંજન નિર્વિકારવાળું છે. હે પ્રભુ ! આપ તો પોતાના આશ્રિતજનોનાં કલ્યાણ કરવા માટે પધાર્યા છો. આપ તો નિષ્કામ મૂર્તિ જ છો. હે ઘનશ્યામ ! પ્રભુ આપની બરોબર તો અનંત ઈશ્વરો કે દેવતા કોઈને સરખાવાય જ નહીં હે પ્રભુ ! કરોડો બ્રહ્માંડોમાં આપની સમાન કોઈ છે જ નહીં. સત્ય ગુણવાળા અને સત્ય સ્વરૂપવાળા તો આપ જ છો. સર્વના આધાર સર્વના સુખરૂપ

સર્વના કારણ એવા આપ પોતે માણકી ઘોડી ઉપર અસ્વાર થયા હોય ત્યારે કહેવાનું જ શું હોય. આમ કહીને ભક્તજનોથી ભય હારી રાજી થઈ ગયા ત્યારે ભક્તજનો કહે. હે પ્રભુ ! આપની સાથે અમારી અસવારી ક્યાંથી આવી જ શકો.

આમ કહીને ભક્તજનો ઉરમાં આનંદ પાંમ્યા, અને ઘનશ્યામ પ્રભુ તેઓની સાથે પુરમાં આવતા હતા, જીવાખાચરના દરબારગઢમાં સંતોની સાથે પ્રીતમ પ્રાણ પ્રભુ પધાર્યા. ત્યાં રસદાર રસોઈ થઈ હતી. તેના થાળને જગતના સુખદાતા સર્વજનના ઈશ મહાપ્રભુ જમ્યા તે જોઈને સંતરૂપી કમળવન દિનેશનાં (સૂર્યના)દર્શન કરી પ્રફુલ્લિત થયાં. ઘનશ્યામ પ્રભુ સંતોને જમાડીને શોભતા હતા. જેમ વર્ષા વરસી જાય ને આકાશ શોભે તેમ શોભતા હતા. આમ કરતાં દિવાળી આવી ગઈ તે ભક્તપતિ ભગવાનને બહુ જ ભાવતી હતી ત્યારે દિવાળીની દીપમાળા પુરાણી ત્યારે મહાપ્રભુએ મોટી બળવાળી રાજસભાની રચના કરાવી. ત્યારે તે સભામાં સંતો શ્યામપ્રભુની સન્મુખ બેસીને પ્રભુમાં ગુલતાન થઈને સુંદર સંગીતના ગાનમાં ગાતા હતા. તેને સાંભળતા મહાપ્રભુ સંતોની સાથે શોભતા હતા. ભમરા જેમ કમળવન જોઈને મોહ પામે અને ગુલતાન થાય તેમ સંતો પ્રભુને જોઈને ગુલતાન થયા હતા. જેમ કમળના વનમાં રાજહંસ શોભે તેમ મુનિજનોના સમુહમાં મનનો આનંદ દેનારા મહારાજ શોભતા હતા. હે રાજન ! જેવી રીતે દીપમાળા પ્રકાશવાન લાગે છે ને અંધકારનો નાશ કરે છે. તમે સૂર્યના જેવાં જ તેજાયમાન શ્રીહરિ અજ્ઞાનરૂપી અંધકારનો નાશકરી બહુ જ શોભે છે.

આવી રીતે દિપોત્સવીના દિવસે મહાપ્રભુ ભક્તજનોને દર્શન દેતા હતા. ભક્તજનો ભગવાનનાં દર્શન કરીને અતિશય રાજી રાજી થઈ ગયાં. દિવાળીના બીજા દિવસે અન્નકૂટ આવ્યો ત્યારે પ્રેમથી બહુ જ સુંદર રસદાર શાકો પાકો તૈયાર કરાવ્યા. તેનાં પાત્રો ભરીને અનેક પ્રકારનાં મૂક્યાં. સેવ સેવૈયાં મોતીયા લાડુ સુંદર બનાવ્યાં. ઘેબર ઘારી સુંદર બનાવી. ગુંદર પાક બનાવ્યો. જલેબી ખાજાં આદિ પકવાનો અનેક બનાવ્યાં હતાં. આ રીતે મનમાન્યાં પદાર્થો ભર્યા હતાં. ભાતદાળ ભજિયા સુંદર રીતે કર્યા હતાં. બધામાં સુંદર હવેજના વઘારો કરીને એમાં નાંખ્યાં હતાં. રાયતાં કરીને બહુ જ ફેણીને ધમાકાદાર બનાવ્યાં. આમ અનેક પ્રકારનાં પદાર્થો બનાવ્યાં હતાં. મેવાઓથી ભરપૂર મીઠાઈઓ મંગાવી હતી તથા સુંદર ફળો ફૂલો લાવીને બહુ જ રસોઈઓ બનાવેલી હતી. જે જગ્યાએ જેટલાં લોકો જમવાનાં હતાં તે જગ્યાએ તેટલા પદાર્થો લાવીને તૈયાર કરાવ્યાં હતાં. બધાં જ પાત્રોમાં પદાર્થો ભરીને તૈયાર કર્યાં હતાં. પ્રીતમ જીવન પ્રાણને માટે બધા લાવીને ગોઠવ્યાં હતાં. ચારેબાજુએ પાકો શાકો પકવાનો ગોઠવેલાં હતાં. તેની વચમાં ભગવાન મહાપ્રભુ વિરાજમાન થયા. હે રાજન ! મહાપ્રભુ સોનાના બાજોઠ ઉપર વિરાજમાન થયા. બધાં પદાર્થોને જોઈને પછી પ્રાણપતિ સુંદર રીતે ભોજન કરતા હતા. મન કરીને અપાર વસ્તુઓ લઈને જીવનનાથ મહારાજ એકબાજુથી જમતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બધાંય પાત્રોમાંથી સુંદર રીતે કોળિયાઓ લેતા હતા ને જમતા હતા. આવી રીતે જમતાંધ જમતા ભક્તજનોને દર્શન દેતા હતા. શ્રીહરિ અનેક રૂપે થાળ જમતાં દર્શન થતાં હતાં.

આવી રીતે જગતના સ્વામી શ્રીહરિ લોકોનાં હિત કરવા અનેક પરાક્રમો જણાવતા હતા. પ્રભુ જમતા હતા. તેને ભક્તજનો યુક્તિ કરીને જોતાં હતાં. ધ્યાનીજનો ધ્યાન કરીને ધ્યાનમાં દર્શન કરતાં હતાં. આવી રીતે બલભ્રાતા ધર્મવિહારી પ્રભુ બહુ વાર સુધિ પાકોત્સવને કરતા હતા. તેને સૌ નિરખતાં હતાં. પ્રભુએ જમીને પછી સૌ સંતોને પંગતમાં પીરસતાં બહુ જ પ્રીત કરીને જમાડતા હતા. આનંદ ઉપજાવતા હતા. લોકોનાં ભવફંદને હરવા પ્રભુ આનંદ કરાવતા થકા પંગતમાં ફરતા હતા. તેને ચકોર પક્ષી જેમ ચંદ્રને જોયા કરે છે તેમ

પ્રભુને લોકો નિરખે છે. પ્રભુ પીરસીને સંતોને પ્રીતમ પ્રાણ પ્રભુ બહુ જ જમાડતા હતા. બહુ જ વખાણ કરતા હતા. આવી રીતે સારંગપુરમાં સુખના રાશી મહાપ્રભુ ભક્તજનોને બહુ જ આનંદ આપતા હતા. અવતારી પ્રભુ લોકોનાં કલ્યાણ કરવા અવતાર ધરીને લીલા કરવા પધાર્યા હતા. મહારાજ એકાંતિક ભક્તને સુખ દેતા હતા. તેને જોઈને પાપી વિમુખ જીવો મહા દુઃખ પામતાં હતાં. જેમ મેઘવર્ષા પૃથ્વી ઉપર થાય છે ત્યારે વનવેલીઓ બધાં લીલાં થઈને લહેરાતાં હોય છે. પણ તેજ વરસાદના પાણીથી જવાસાના છોડ સુકાઈ જાય છે. તેમજ સૌ લંપટજીવો વામીઓ દિલમાં બહુ જ દુઃખ પામે છે. આવી રીતે મહારાજ સારંગપુરમાં જીવા ખાચર ભક્તના દરબારમાં સુખ આપે છે. ઘનશ્યામ પ્રભુ સુંદર ઉંચા આસન ઉપર વિરાજ્યા હતા ત્યારે જનસમુદાય પૂજન કરવા માટે આવતાં હતાં. જીવા ખાચર હાથમાં થાળ લઈને પૂજા કરવા આવ્યા. કૃપાળુને નીરખીને પૂજા કરતા હતા. ચંદન અર્ચિને સુંદર હાર ધારણ કરાવ્યા. વસ્ત્ર આભુષણોને અંગોઅંગમાં ધારણ કરાવ્યાં. પછી જીવા ખાચર વારંવાર સ્તુતિ કરતા હતા. ધર્મનંદન પ્રભુની મૂર્તિને ઉરમાં ઉતારતા હતા.

હે જગતના સર્જનહાર જગતનું પાલન કરનારા જગતના સ્વામી નાથ આપ જયજયકારને પામો. આપ લોકોના મનને આનંદ કરવા પૃથ્વી ઉપર જન્મ ધારણ કરીને વિચરો છો. એવા પરમ પુરુષ પરમેશ્વર આપ જ મહાન છો. હે કલ્યાણ કરનારા હે નાથ ! કળિયુગમાં કૃપા કરીને પૃથ્વી ઉપર અવતાર ધારીને સદાચાર ધર્મનો વિસ્તાર કર્યો તથા અધર્મ પાપોનો નાશ કર્યો અને સાચા ધર્મ સ્થાપનારા, ધર્મનંદન પ્રભુનું સદાય ધ્યાનમાં ધારણ કરું. મહાન બળવાળા શૂરવીરો પરાક્રમીઓને નિષ્કામ વ્રતવાળા કરીને બધાને શિષ્ય કર્યા. એવા શ્રીહરિએ બાળપણમાં વક્ર દૃષ્ટિ માત્રમાં જ મહાખળ પરાક્રમી કાલિદૈત્ય હરામીનો નાશ કર્યો, એવા મહાપ્રભુ ધર્મનંદન પ્રભુને ધ્યાનમાં કાયમ ધારતો રહું. હે અજિત પ્રભુ ! આપે દેવતા શત્રુ અસરોને જીતી લીધા અને બધાય શત્રુઓનો બધાયનો નાશ કરી નાંખ્યો તથા કામ ક્રોધ લોભ આદિક અંતશત્રુઓને વશમા કરનારા હે ધર્મનંદન પ્રભુ આપનું ધ્યાન ધારીને ચિંતવન કરું. મતવાદીઓ એવા વામમાર્ગી તે કામવાસનાથી ભરપૂર એવા હરામી કામિઓનો નાશ કર્યો તથા પૃથ્વી ઉપર નજર કરીને ભક્તિજ્ઞાન ધર્મનો વધારો કરીને સુખી કર્યા એવા હે ધર્મનંદન પ્રભુ ! આપની મૂર્તિનું અખંડ ધ્યાન ધર્યા કરું. આપે કળિયુગનું મૂળ કાઢીને સતયુગના ધર્મનિયમ સ્થાપન કર્યાં. ભૂમિને પ્રતાપી કરવા નરનારીને દર્શન દઈને ઉધાર્યાં, એવા પરમ પ્રતાપી પ્રગટ પ્રભુ ધર્મદેવના પુત્ર આપના સ્વરૂપને અખંડ ધ્યાનમાં ધારતો રહું. આપનું કઈક ધ્યાનીઓએ ધ્યાન કર્યું. બ્રહ્મા શિવ શેષનારાયણ આદિ આપના ચરિત્રોને ગાય છે એવા આપ યુગોયુગમાં જીવોનાં પાપોને બાળીને મુક્તિ કરો છો, એવા ધર્મનંદન મહાપ્રભુ આપનું સદાય ધ્યાનમાં ધારું. દયાળુ આપે અવતાર ધરીને કરોડો જીવોનાં ઉદ્ધારનાં કાર્યો કર્યાં. ઉપદેશ કરીને શિષ્યો કર્યા. સત્ય રીતને ચલાવી સદાચાર પ્રમાણે વર્તાવીને સત્સંગ કર્યો. એવા ધર્મનંદન પ્રભુ આપનું સદાય સ્મરણ કરું.

આવી રીતે તે જીવા ખાચર ભક્તે પ્રભુની સ્તુતિ કરી હે ઈશના ઈશ મહાપ્રભુ ! આપને નમન કરું છું. હે નવિનનાથ ! મારી રક્ષા કરો. રક્ષા કરો અને મને આપના ચરણની ભક્તિ કરું એવી મને નિર્મળ બુદ્ધિ આપો. હે પ્રભુ ! આપને ધારીને ધ્યાન કરું એવી દયા કરો. આવી રીતે જીવા ખાચરે ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરીને બંધ થયા ત્યારે તે સાંભળીને મહાપ્રભુ બહુ જ રાજી થયા. પ્રભુએ એમને વરદાન દીધું. આવી રીતે દીનદયાળુ પ્રભુ ભક્તજનને અતિ આનંદ કરાવીને મહારાજ સર્વ સંતસમુદાયની સાથે **સારંગપુરથી** પ્રયાણ કરીને નીકળ્યા. **સારંગપુરથી** બહુનામી મહારાજ **બોટાદ** સંતોની સાથે પધાર્યા ત્યારે ગામના સૌ ભક્તજનો સામા લેવા માટે આવ્યા. પ્રભુને લાવીને પોતાના ઘરે ઉતારો કરાવ્યો.

સારંગપુરમાં ઘનશ્યામ પ્રભુએ સુંદર લીલા કરી અને અન્નકૂટનો ઉત્સવ બહુ જ સુંદર રીતે કર્યો. સંતોની સાથે આનંદ કરતા કરાવતા થકા મહાપ્રભુ ભક્તજનોને બહુ જ આનંદ કરાવવા અન્નકૂટનો થાળ સુંદર રીતે જમ્યા. જયજયકાર કર્યો. જીવા ખાચરે સ્તુતિ કરી ને મહારાજે વરદાન દીધું. ત્યાર પછી ત્યાંથી ચાલીને મહારાજ બોટાદ પધાર્યા. આવી રીતે ત્રીજું અભિધાનસ્થ શ્રી હરિલીલાસિંધુની લહરિના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ સારંગપુરમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો તેનું વર્ણન કર્યું એ નામે આ ત્રીજું તરંગ પૂર્ણ થયું. ॥૩॥**

# તરંગ-૪

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિએ મનુષ્ય સ્વરૂપ ધરીને માયાના આશ્રયવાળા મંદમતિના આસુરી જીવોનો નાશ કર્યો એવા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સારંગપુરથી બોટાદ ગામે પધાર્યા. ત્યાર પછી પ્રભુ કયા ગામે પધાર્યા તે લીલા મને કહો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે મનને હરનારા પ્રભુનાં મનોહારી ચરિત્રોને પૂછો છો તે. ચિત્તમાં ધારીને વિસ્તાર કરીને ધર્મનંદન પ્રભુનાં બધાંય ચરિત્રો સુંદર રીતે તમને કહું છું. જ્યારે મહારાજ **બોટાદમાં** પધાર્યા ત્યારે સૌ જનોએ સમાચાર જાણ્યા અને પ્રભુની સામે હતા પછી પ્રભુનાં ગુણનું ગાન કરતા થકા જતાં હતાં. લાલકમળની પાંખડી સમાન સુંદર નયનોવાળા પ્રભુને પુરમાં લાવ્યા ત્યારે પુરને ચરણથી પાવન કરવા પધાર્યા ત્યારે પુરનાં જનો પ્રેમથી દર્શન કરતાં હતાં. ઉમંગથી મસ્તક નમાવીને વંદન કરતાં હતાં. મહાપ્રભુ **ગગાશેઠના** ઘેર ઉતારો કરીને જગના નાથ થાળ જમ્યા. ત્યાર પછી સૌ સંતોને પ્રેમથી પીરસીને બહુ જ આગ્રહ કરીને જમાડીને તૃપ્ત કર્યા. સુખદાયક શ્રીહરિએ ભક્તજનોને સુખ આપ્યાં અને દર્શન આપીને પછી મહારાજ બોટાદથી પ્રયાણ કરતા હતા. પ્રભુ મુનિજનો અને ગુણિજનોની સાથે સર્વના અભિમાનને હરતા જતા હતા.

મનોહર મૂર્તિ લાલ દયાળુ **લોયાપુરે પધાર્યા. લોયાના રાજા સુરા ખાચર** ભક્તને બહુ જ આનંદ થયો. સંતોની સાથે જગતના સર્જનહાર પુરુષોત્તમ પ્રભુ પ્રાણના આધાર પધાર્યા. તેથી બહુ જ સુખાનંદ થયો. મહાપ્રભુ પધાર્યા ત્યારે તે સમયમાં પુરની શોભાની છબી વર્ણન કરી જ ન શકાય તેવી મનોહર હતી. વેલીઓથી વિંટાયેલાં મોટાં વૃક્ષો બહુ જ શોભતાં હતાં. તેનાથી પુરની છબી બહુ જ રમણીય લાગતી હતી. ત્યાંનાં નારી નર સૌ દેવનાં જેવાં શોભતાં હતાં. સર્વે સત્સંગીઓ સર્વે પ્રકારના વિકારથી રહિત હતા. તે ભક્તજનો ગાતા વગાડતા પ્રભુ સામા આવતા હતા. મહાપ્રભુ ઘનશ્યામ પધાર્યા એટલે ભક્તજનો ભેટસામગ્રી લઈને નિર્મળ શાંત મનથી સૌ નરનારી આવ્યાં. આવીને દર્શન કરીને પુરુષોત્તમ પ્રભુને ભક્તજનો પોતાના ઘરે લાવ્યા. મહાપ્રભુ **સુરાભક્તના** નિવાસે દરબારગઢમાં પધાર્યા. ઘનશ્યામ પ્રભુ સુંદર મોટા ઊંચા આસન ઉપર વિરાજમાન થયા. પ્રભુની સન્મુખ સૌ સંતો સભા કરીને બેઠા. ત્યારે દેવના દેવ કરુણા કરીને વાતો કરતા હતા. સૌ સંતો વાતો સાંભળતા હતા ને પ્રેમથી સેવા કરતા હતા. દેશોદેશના સત્સંગીઓ મહાપ્રભુનાં દર્શન કરવા **લોયાપુરમાં** આવ્યાં. પ્રેમી ભક્તજનો સૌ પ્રભુની પાસે દર્શને **સુરાભક્તના** દરબારમાં મહારાજ વિરાજમાન

હતા ત્યાં આવ્યાં. જુવાન વૃદ્ધો યુવતીઓ બાળકીઓ સૌ દર્શન કરતાં હતાં. દંડવત્ પ્રણામ કરતા હતા. પ્રભુ પ્રેમીભક્તોને સ્વાગત સમાચાર વિશેષ પૂછતા હતા. હરિભક્તોને આવેલા જોઈને શ્રીહરિનાથ અનંત મુનિ મહાનુભાવાનંદ મુનિને કહે, સંત તમે મારા સમજુ સંત છો. તેથી આ સૌને સુંદર ઉતારા કરાવો. જેથી સૌ બાઈ ભાઈ મહાસુખને પામે. કોઈ દિલમાં ન દુખાય. મહાનુભાવાનંદ સ્વામીને પ્રભુ કહે, તમે બધા જ હરિભક્તોની ખબર રાખજો એવી તમને વચનથી આજ્ઞા કરીએ છીએ. ત્યારે પ્રભુનું વચન સાંભળીને બહુ જ સુખ પામતા થકા સ્વામી સૌ હરિભક્તોને ઉતારા દેવરાવતા હતા. થાળ તૈયાર થયા ભગવાન માટે થાળ તૈયાર થયા ત્યારે સમાચાર જાણીને જીવન પ્રાણ પ્રભુ તરત જ જતા હતા. પ્રભુ થાળ જમતા હતા ત્યારે હાસ્ય ઉપજાવતા થકા થાળ જમતા હતા. થાળ જમીને પછી અકળમૂર્તિ સંતોને જમાડતા હતા. હે રાજન્ ! બનાવેલી રસદાર સૌ સંતોને માટે સુરા ખાચરે રસોઈ બનાવડાવી હતી. તેનાથી પોતાના પ્રિય સંતોને જમાડતા હતા. તે સુખને મુખેથી વર્ણન કરીજ ન શકાય એવું અદ્‌ભુત સુખ હતું.

ધર્મનંદન મહાપ્રભુ લોયા ગામમાં મનોહર લીલા કરતા હતા. તે જાણીને ભક્તજનો દર્શન કરવા માટે લોયા આવ્યા. **સૌભિર દેશનાં ખોલડીયાદ ગામના સિંધવ સાખના ખેંગાર ભક્ત** તે પ્રભુનાં દર્શન કરવા આવ્યા હતા. બીજા **રામાસિંઘવ, નારાયણ સિંઘવ,** મૂલો **અડાલજો,** તથા ઉદાભક્ત આદિક આવ્યા હતા. ચતુર બુદ્ધિના ચાર હરિભક્તો કહેવાતા હતા તે ભક્તો **લોયાપુરમાં** મહાપ્રભુનાં દર્શન કરવા આવ્યા. તેઓ સૌ પરિવારને ગાડાં ભરીને લાવ્યા હતા. હે રાજન ! તે ભક્તજનો સૌને માટે રસોઈ રસદાર આપતા હતા. તે ભક્તોનો ભાવ જોઈને ભગવાન એમને કહેતા હતા. અમે પાકી રસોઈ વધારે પ્રમાણમાં નથી લેતા. ત્યારે તેઓ વાતો કહેતા હતા કે કાચી રસોઈ દઈશું ત્યારે ઘનશ્યામ મનોહર મૂર્તિ મંદહાસ્ય કરતા કહેતા હતા કે વંતાકનાં શાકો લાવીશું ને રસોઈ કરીશું. પ્રભુ કહે, અમે અમારા હાથે જ રસોઈ કરીશું. સુંદર રીતે રસદાર શાક સુંદર બનાવીશું. બહેનો જાતજાતનાં જે હવેજ જેટલાં લાવે તેટલાં નાંખીશું. શ્રદ્ધા પ્રમાણે લાવે તે નાંખવાનાં. રોટલાની સાથે રસદાર શાક બનાવીશું. સંતોની પંક્તિ કરીને સુંદર રીતે જમાડીશું. આ રીતે ઘનશ્યામ પ્રભુને પ્રસન્ન મનવાળા જાણીને તરત જ સારાં સારાં વંતાકને ગાડાં ભરીને તરત જ લાવ્યા. મહાપ્રભુ તેની ચાર ચાર ચીરી કરાવીને તેમાં હવેજ ભરીને મસાલા ભરીને પ્રભુએ અનુપમ રીતે મોટાં પાત્રમાં વઘાર મૂકીને સુંદર રીતે વઘારનો છમકાર કર્યો. વંતાકનું શાક સાઈઠ મણ તૈયાર કર્યું હતું. તેમાં પંદર સત્તર મણ ઘી લાવ્યા હતા. તે રીંગણમાં હવેજ મસાલા ભરીને, ભયને હરનારા ભગવાન શ્રીહરિ સુંદર રીતે વઘાર કરતા હતા. તે વઘાર કર્યો તેનો છમકારનો એવો શબ્દ થયો કે તે છેક આકાશમાં સર્વત્ર ફેલાઈ ગયો. બ્રહ્મકટાહમાં બધે જ ફેલાઈ ગયો એવો પૂર્ણબ્રહ્મ પ્રભુનો પ્રતાપ છે. આ શબ્દના પ્રતાપથી શિવપ્રભુ ધ્યાનમાંથી જાગ્રત થઈ ગયા. બ્રહ્માજી પણ પોતાનું ભાન ભુલી ગયા ત્યારે બધા દેવે દેવગણ સમુહની સાથે આકાશના વાતાવરણમાં ફેલાઈ ગયાં. આવો છમકાર કોને કર્યો જેની સુગંધ પણ બહુ જ અતિશય છે. આવું જાણીને બધાય આકાશમાર્ગે પ્રસાદ જમવાની આશાવાળા બધા આવ્યા. આવી રીતના શાકના વઘારના છમકારાને સાંભળીને પૃથ્વી ઉપરનાં નરનારીજનો જલદીથી નજીકમાં આવ્યાં. ઘનશ્યામ પ્રભુનું શરીર જોયું તો ચકિત જ થઈ ગયાં. શાકનો વઘાર કર્યો તે વઘાર તો ન ભૂતો ન ભવિષ્યતિ થઈ ગયો. તેને સાંભળીને બધા જ દેવોના સમાજ આકાશમાર્ગે ઉભા રહીને પ્રાણ આધાર મહાપ્રભુના દર્શન કરતા હતા.

સુખના ધામ ઘનશ્યામ પ્રભુને દેવો આવીને જોતા હતા. તે પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પૂર્ણકામ પ્રભુ તે

નવીન મેઘસમાન શ્યામવર્ણ કમળની પાંખડી જેવાં નેત્રો, આવી રીતના પ્રભુના સ્વરૂપનાં દર્શન કરીને જોયા, ત્યારે સુમુખથી વચન કહેતા હતા. શ્રીહરિએ સફેદ ધોતી ધારી હતી. કેડે કછ કરીને બાંધ્યો હતો. ઉપર સુંદર સફેદ ખેસને શરીરના ખભા ઉપર ધારેલો હતો. બધાં વસ્ત્ર પીળાં થયાં હતાં. હળદર હાથમાં લઈને નાંખવાથી તે શરીરમાં લાગી હતી. મુખચંદ્ર સહિત આખું શરીર પીળું થયેલું હતું. આવા ભક્તના સુખ કરનારા ભક્તોની ભીડને હરનારા મહાપ્રભુનું મુખકમળ પ્રસન્ન થયેલું હતું. અનંત શોભાવાળા પ્રભુના પીળા હાથથી શોભતા હતા. મહાપ્રભુ શાકને સુંદર રીતે હલાવીને ભેળવતા હતા. પરિબ્રહ્મ સુંદર વેશ ધરીને પવિત્ર મૂર્તિ આવી રીતથી જોઈને બધા દેવો બહુ મનોહરતાથી મનમાં બહુ જ આનંદ પામતા હતા. જેમને બધા જ વેદો ન ઈતિ ન ઈતિ કહે છે તથા બ્રહ્માજી સદાશિવ મહિમાને ગાતાં પારજ નથી પામતા તથા શેષ સનકાદિક સૌ ગુણને ગાય છે તો પાર નથી થતા. ધ્યાનીઓ આ છબીને પોતાના હૃદયમાં કરોડો વર્ષો સુધી ઉરમાં ધારણ કરીને ધ્યાન કર્યા કરે છે તોય દર્શન તો થતાં જ નથી. એવા અજિત મહાપ્રભુ અજ બ્રહ્માદિના સ્વામી સર્વના ઈશ ક્ષર અક્ષરને પ્રેરણા કરનારા, તે જ પોતે પાપનો નાશ કરનારા છે. ધર્મનંદન મહાપ્રભુએ સ્વતંર રીતે પોતાની ઈચ્છાથી મનુષ્ય શરીર ધારીને પ્રગટ થઈને લીલાઓને કરે છે. એવા મહાપ્રભુને ઉરમાં ધારણા કરીને પોતાના હૃદયમાં ધારણ કરીને સુખ લીધું. એવા પ્રભુને આકાશમાર્ગમાં ઉભા દેવોએ નેત્રોથી નિરખીને જોયા. પ્રભુ પંગત કરીને સૌને પ્રીતથી પીરસતા હતા તે પવિત્ર પ્રસાદ જો મળે તો લઈશું. આમ સૌ દેવો અને સર્વ ઈશ્વરો આકાશમાં ઊભા જ્યારે શાક અને રોટલા તૈયાર થઈ ગયાં. બાજરાના રોટલા મોટા મોટા સારા તૈયાર કરેલા હતા. આ બધું પ્રભુના પ્રતાપથી થયું હતું. પછી પ્રભુ પોતે સુંદર શાક સાથે રોટલો પ્રીતથી સુંદર રીતે જમતા હતા. પછી મહારાજ સૌ સંતોને જમાડતા હતા. શાક ને રોટલા પ્રભુ પીરસતા હતા. મહાપ્રભુ સંતોના પાત્રમાં બહુ જ શાક ભરી દેતા હતા. સંતો બહુ જ રોટલા ને શાક જમતા હતા. સંતો થોડોક જ રોટલો લેતા હતા. સૌ સંતો શાકનો સ્વાદ જાણીને બહુ જ શાક જમતા હતા. ખાધા સિવાય સ્વાદની વાત કહી જ ન શકાય તેવું શાક હતું. આના મહિમાને જે ગાય છે તે જ તેના સ્વાદને પામે છે. તેનાં બધાં પાપો બળી જાય છે. જે પ્રભુનો મહિમા જાણે છે તે જ આવા પરમ સુખને પામે છે.

શ્રીહરિ પ્રીતમ પ્રાણ પ્રગટ ભગવાન સૌ સંતોને સુંદર રીતે પીરસતા હતા. ત્યારે સૌ દેવો પ્રસાદ લેવા માટે આવ્યા. પુષ્પની સુવાસથી સુવાસ ફેલાવતા દેવો આવીને પ્રભુ પાસે પ્રસાદ માગતા હતા. ગરીબ થઈને આવેલા દાસને દયા કરીને શ્રીહરિ શાકની પ્રસાદી આપતા હતા. દેવો લેતા હતા. પ્રભુના હાથે થયેલો પ્રસાદ સંતો-ભકતો જમતા હતા. આ શાકનો પ્રસાદ તો અતિશય દુર્લભ જ છે તે દેવોને તો તરત જ પ્રાપ્ત થઈ ગયો તેના સ્વાદની વાત દેવો બહુ જ કહેતા હતા. વખાણતા હતા અને સહજાનંદ સ્વામીનો જયજયકાર કરતા હતા. આવી રીતે શ્રીહરિ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધરીને સુખ કરનારી લીલા કરતા હતા. આ લીલાના પ્રતાપથી જડ ચૈતન જીવો તરત જ ભવસાગરને પાર કરી લે છે એવા અનંતકોટિ બ્રહ્માંડોના આપ સ્વામી છો. લક્ષ્મી તથા રાધા હાથ જોડીને બંને હાથમાં ષડરસથી ભરપૂર થાળો લઈને સામી થઈ ઊભી રહે છે એવા સર્વ ઈશ્વરોના સુખદાતા મહાપ્રભુએ શાક પોતાના હાથે જ બનાવ્યું છે ને પોતાના જ હાથે બનાવેલ શાક જમીને સૌ સંતોને જમાડતા હતા. આવા મહાપ્રભુનો મહિમા તો અપાર છે એવા આપ જયજયકારને જ પામો. આવી રીતે દેવોએ પ્રભુની સ્તુતિ કરીને પ્રસાદની યાચના કરી એટલે પ્રભુએ પ્રેમથી પ્રસાદ આપ્યો. ત્યાર પછી દેવો સૌ ભાવપૂર્વક પ્રભુના ગુણને ગાતાં થકાં પોતાના સ્થાને પ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને ગયાં. શ્રીહરિનું શરીર

હળદરવાળા હાથના સ્પર્શથી પીળું થયેલું હતું. અંગો ઉપરનાં બધાય વસ્ત્રો પણ પીળા જ થયા હતાં. તે દિવ્ય છબીને ધારણ કરીને દેવગણો સૌ આ ચરિત્રને ગાતાં થકાં જતાં હતાં. આ ભૂમિનાં ભાગ્યની તો કાંઈ વાત જ ન થાય. અહોભાગ્ય જ છે. અહિનાં મનુષ્યો સ્ત્રીપુરુષ પશુપક્ષી આદિક સતત શ્રી ઘનશ્યામ પ્રભુનો સંબંધ રહ્યા જ કરે છે. તેનાથી તે પરમ આનંદને પામ્યા છે. પ્રકૃતિ પતિ સ્વામી ભવ બ્રહ્માદિ પરબ્રહ્મ પુરુષોતમનું સતત ધ્યાન જ કર્યા કરે છે એવા પરબ્રહ્મ પ્રભુએ જે શાક બનાવ્યું એ બધું લોકોનાં કલ્યાણ કરવા જ કર્યું હતું. આ ધરાને ધન્ય છે અને આ ધરા ઉપર રહેનારા ભક્તોને ધન્ય છે. સંત વ્રતને ધારનારા સંતોને ધન્ય છે. ધીરજ ધારીને પ્રભુનું સેવા કરે છે. ધન્ય છે. બધા જ દેવોના સમુદાયના ધન્યભાગ્ય છે. જે જેમણે નરવીર ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં.

આવી રીતે કહેતા ગાતા થકા દેવો સૌ સ્વર્ગપુરી ગયા તથા પૃથ્વી ઉપર વિચરનારા સૌ સંતગણ ઘનશ્યામ પ્રભુના સાનિધ્યમાં દર્શન-પ્રસાદ લઈને જતા રહ્યા. ધર્મનંદન પ્રભુએ લોયામાં સુખદાય શાકોત્સવ કર્યો ત્યારે રસાવાળું સુંદર શાક જમાડ્યું. સૌ સંતોને અને દેવગણને જમાડીને રાજી કર્યા. હે રાજન્ ! તેઓ મહાપ્રભુનો મહિમા ગાતા થકા પોતાના નિવાસ સ્થાને ગયા. આવી રીતે આ ચોથા અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરિના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદ નૃપ સંવાદમાં શ્રીહરિએ લોયાગામમાં શાકોત્સવ કરીને લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે ચોથો તરંગ પૂર્ણ થયો. ॥૪॥**

# તરંગ-૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ઈલાના પતિ બુધ એમના પિતાનું નામ ચંદ્રમા તેના જેવું જેમનું મુખકમળ છે એવા એ ભગવાનના ગુણને લક્ષ્મીજી સતત ગાયા જ કરે છે. આવા મહાપ્રભુના ગુણ ચરિત્રો કહો. આ પૃથ્વી ઉપર અવતાર ધરીને વિચરે છે. એ પ્રભુના ગુણને સર્વ શક્તિ શારદા સરસ્વતી ભવાની બધાં જ ગાય છે તોય ગુણના પારને નથી જ પામતાં આવા મહાન પ્રભુનો જેમનો એવો મોટો મહિમા છે એમનાં ચરિત્રો કહો. તે જ પોતે મહાપ્રભુ શ્રી ઘનશ્યામે જે કાંઈ લીલા લોયામાં કરી તે બધી સુંદર મહિમા પૂર્વક અનંતધામોના સ્વામી સુખદાયક ધર્મનંદન મહાપ્રભુનાં ચરિત્રો કહેવા માટે કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન્ ! મુગટ સમાન રાજા તમને ધન્ય છે. કે તમે ધર્મદેવના પુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુના ગુણને પૂછ્યાં છે. તે ગુણ તો બહુ જ વિશાળ છે. બહુ જ શોભાવાળાં છે તે તમને સંભળાવું છું તો સરસ ગુણ તમે સાંભળો. હે રાજન ! ધર્મનંદન મહાપ્રભુ નિતનિત નવીન ચરિત્રોને કરતાં હતાં આમ સુખકંદ મહારાજની અનંત લીલાઓ છે તેમ પ્રભુ શાકોત્સવ રસદાર કર્યો તે પ્રસાદ જ પ્રભુ જમીને મુનિજનો અને સૌ ભક્તોને જમાડતા હતા. જમાડ્યા પછી બહુનામી પ્રભુ સભામાં વિરાજમાન થયા. સર્વના અંતર્યામી પ્રભુ સૌ જનોને સુખ કરતા હતા. પ્રભુએ ઉપદેશની વાતો કરતા હતા. એટલામાં જ **ઈચ્છારામભાઈ** ત્યાં આવતા હતા. શ્રીહરિના નાનાભાઈ હરખ પામતાં થકા ચાલ્યા આવતા હતા. તે **ઈચ્છારામજી પ્રદ્યુમનનો અવતાર કહેવાતા હતા.** એમની શોભા ઘનશ્યામ પ્રભુ જેવી જ સુંદર હતી. કરોડો ઈંડ બ્રહ્માંડના પાલકના જેવી

જ શોભા હતી. પ્રભુને સર્વેજનો પરમ સુખપૂર્વક સતત સેવતાં હતાં. તે કારણે આપને પણ ઉપમા કહેવાય છે. દેવો ગાંધર્વો ઈશ્વરો સૌ સમુદાય પૂજે છે. તેમના ચરણકમળ સમીપ ચિત્તને જોડીને પૂછતા હતા. પ્રભુના મહિમાને મંદમતિના જીવો પાર જ નથી પામતાં. પ્રભુના ગુણને શારદા, વેદો, નિગમો, ગાયા જ કરે છે એવા અક્ષર બ્રહ્મપુરધામના નિવાસી પુરુષોત્તમ પ્રભુ તે સચ્ચિદાનંદ તેજાયમાન મહાસુખના સાગર પોતે જ છે.

હે રાજન્ ! એ પ્રભુના નાના ભાઈ સુંદર રૂપવાળા ઓચિંતા જ સુખપૂર્વક આવ્યા. એમના હાથો છાતી નેત્રો ભાલ બધાં અંગો વિશાળ હતાં. શરદઋતુના ચંદ્રસમાન સુંદર મુખવાળા આકર્ષક મૂર્તિ આવ્યા. દીવાની જ્યોતની સમાન અણિયાળી નાશિકાવાળા ગોળ કપોળવાળા મનોહર મુખહાસવાળા અધરોષ્ટનાં બિંબ પરવાળા જેવાં લાગતાં હતાં. જીહ્વા રસનામાંથી મધુર રસથી અમી પણ લાજતી હતી. ઓછું બોલનારા સુંદર મુખવાળા શાંત સ્વભાવના શીતળતાવાળા તે જાણે શ્રીહરિ જન આવતા હોય ? તેવો ભ્રમ થતો હતો. હરિ સમાન જ લાગતા હતા. એમને જોઈને મનમાં બહુ જ આનંદ થતો હતો. મનમાં શાંતિ થતી હતી. **ઈચ્છારામ આવવાના સમાચાર આવ્યા એટલે ઘનશ્યામ પ્રભુએ સંતોને સામા મોકલ્યા. તે માયા મુનિ નાના ભાઈને લઈને આવ્યા. ઈચ્છારામજી સભામાં આવીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરતા હતા. મહારાજના નાના ભાઈને સુંદર રીતે બાથમાં ભરીને પ્રભુ ભેટતા હતા. ત્યારે બંને નેત્રો પ્રેમાશ્રુવાળાં સજળ થયાં. શરીરોમાં અજવાળું થઈ ગયું. જાણે પૃથ્વી ઉપર મૂર્તિમાંના સ્વરૂપ ધરીને શાંત અને કરૂણ રસો સામસામા મળતા ન હોય ? તેમ બંને શોભતા હતા. મહાપ્રભુ જાણે કાંઈ ન જાણતા હોય તેમ અજાણ્યા થઈને ભાઈને કુશળ સમાચાર પૂછતા હતા. પ્રીતથી કહેતા હતા કે તમે ક્યાંથી ચાલીને આવ્યા છો. આ બધી વાત અમારી આગળ કહો. આવી રીતે મનુષ્ય ચરિત્રરૂપ હરિના મુખની વાત સાંભળીને ઈચ્છારામભાઈને મનમાં બહુ જ ભય થયો. જાણી કરીને શ્રીહરિ દયાળુ ત્યાગ કરવા માંગે છે. કેમકે મને તમારી ઓળખાણ જ નથી. આમ પરિચય માગે છે. પછી નાનાભાઈ ધીરજ રાખીને હળવી વાણીથી સમય પ્રમાણે સુંદર રીતે બોલતા હતા. હે કૃપાળુ ! હું તમારો નાનોભાઈ છું. હું બધું જ સંબંધનું વાતાવરણ છોડીને અહીં તમારે શરણે આવ્યો છું ત્યારે શ્રીહરિ કહે, અમારે તો કોઈ નાનાભાઈ જ નથી. અમારે એક જ રામપ્રતાપજી મોટાભાઈ છે. આના સિવાય અમારા બીજાભાઈ જગમાં નથી તો તમે કેમ કહો છો કે અમે તમારા ભાઈ છીએ. ત્યારે ઈચ્છારામ હાથ જોડીને કહે હે કૃપાળુ ! હું પણ તમારો જ ભાઈ છું. હે દયાળુ ! તમે મને મૂકીને મારા નાથ જતા રહ્યા હતા. ઘણા દિવસો પછી આજે આપનો ભેટો થયો છે. માટે કૃપા કરો. ઘણો જ સમય વીતી ગયો એટલે ભૂલી ગયા છો પણ હું તો નથી ભૂલ્યોને. હું વાત સાચી જ કહું છું પણ આપ તો સામાન્ય જીવ કહો તેમ ચરિત્ર કરીને વાત ફેરવો છો. હે પુરુષોત્તમ પ્રભુ ! આપ તો બહુ જ પવિત્ર મૂર્તિ છો. હે ભગવાન ! આપનો મહિમા તો અતિશય છે. હે ચતુરવર ! હું બધુ જ જાણું છું. આપની વાત કાંને સાંભળવા મળી કે તરત જ અહીં ચાલ્યા આવ્યા છીએ. કેમકે ભાઈ વિના બીજું કાંઈ મનમાં સુખદાયક લાગતું જ નથી. હે હરિ ! તમે અમારા લોકોની પરીક્ષા કરવા માટે આમ બોલો છો. મનુષ્ય જેવા સામાન્ય ચરિત્રોને કરો છો. હે મહારાજ ! હવે આવાં વચનો અનંત કહો તોય અમારામાં કાંઈ ફેર ન જ પડે. આપનું નામ ગરીબ નવાજ કહેવાય છે. તે કાંઈ ખોટું તો ન જ હોય. હે પ્રભુ ! હું આપને શરણે આવ્યો છું. બહુ જ પીડા દુઃખને પામેલો છું. તો પ્રભુ મારું રક્ષણ પાલન કરો. હવે મને આપના શરણે રાખીને ત્યાગ ન કરશો. આ સમયે શરણે લઈને શરણનું સુખ આપો. હે જીવન પ્રાણ પ્રભુ ! આપના આશ્રયથી જીવોનો ઉદ્ધાર થાય છે. તેને હું જાણું છું. માટે શરણમાં રાખો. આમ કહીને તે ઈચ્છારામ નાનાભાઈ બહુ**

જ દુ:ખથી રૂદન કરતા થકા પ્રભુચરણમાં દંડવત્ પડ્યા. ત્યારે ભક્તવત્સલ મહાપ્રભુ ભક્તોના ભયને હરનારા ભાઈને દુ:ખી દેખીને આકુળવ્યાકુળ થયા. પછી મહાપ્રભુ નાનાભાઈને ભેટતા હતા. ભાઈ જાણીને અવનિપતિ મહારાજે હાથ પકડીને પ્રભુએ પોતાની સમીપમાં આસન ઉપર જ બેસાર્યા. પછી પ્રભુ કહેતા હતા કે હે ભાઈ ! તમે સાચી જ વાત કરી હતી. શાંત મૂર્તિ તમે મારા નાનાભાઈ ઈચ્છારામ છો. તે જાણતો હતો પણ તમારી થોડીક પરીક્ષા કરવા માટે જ મેં આવી રીતનાં વચનો કહીને કસોટી કરી છે. ત્યારે નાનાભાઈ મનમાં બહુ જ આનંદ પામ્યા. જેમ આંધળાને નેત્રો ફરીવાર પ્રાપ્ત થાયને જેવો આનંદ થાય, તેવો આનંદ થયો અને જેમ મણિધાર નાગનો મણિ જતો રહ્યો હોય તે પાછો મળેને જેવો આનંદ થાય ઘરમાં મંગળમય વાતાવરણ છવાઈ ગયું હોય, તથા જેમ નિર્ધન હોય તેને ધન મળે તથા વાંઝણી સ્ત્રીને પુત્રનો જન્મ થાય, અને જેમ એકનો એક દિકરો મરી જાય ને પાછો જીવતો થાય, તેમ તથા સ્ત્રીને પુરુષનો ને પુરુષને સ્ત્રીનો બહુ જ વિયોગ થયો હોયને ફરી મેળાપ થાય, ને જેવો આનંદ થાય તેમ થયો. આવી રીતે રાજી થઈ ગયા. નાનાભાઈ ભય હરનારા મહાપ્રભુને ભેટી પડ્યા. બાથોબાથ ભેટીને ઘણા સમયનો વિયોગરૂપી રોગના દુ:ખનો નાશ થયો. સુખદાતા ઘનશ્યામ પ્રભુનો સુખદાયક સંયોગ થયો. નાનાભાઈ જ્યારે પ્રભુને ભેટ્યા ત્યારે બહુ જ આનંદ થયો. ત્યારે સૌ સંતો - ભક્તો તરત જ જોરજોરથી જયજયકારનો નાદ કરવા લાગ્યાં ત્યારે દેવો પણ આકાશમાર્ગે આવીને દેવપ્રભુને પુષ્પનો વરસાદ વર્ષાવતા હરખ પામતા હતાં. ભાઈની સાથે ભગવાનને જોઈને નેત્ર પામ્યાના ફળને પામતાં હતાં. આવા મનોહર શબ્દને સાંભળીને આસુરીજનો અપશબ્દો બોતલાં હતાં. ખળનાં જુથો બધાં બહુ જ ભરમાયાં અને ક્ષોભ પામ્યાં અને ભગવાનના ભક્તો જયજયનો નાદ કરીને પરમ આનંદને પામતાં હતાં. બંને ભાઈઓના મેળાપથી આનંદ ઉત્સવ છવાઈ ગયો. ઈચ્છારામનો વિહરતાપ શાંત થયો. ઈચ્છારામની બધી જ ઈચ્છા પુરી થઈ ગઈ. પછી સારા મકાનમાં ઈચ્છારામને ઉતારો કરાવડાવ્યો. એમની સેવામાં સારા સેવકને હાજર રખાવ્યા. ખાવાપીવાના સાધન સામગ્રીની બધી જ વ્યવસ્થા કરાવડાવી. મન ભાવતા બધાં જ પદાર્થો આપ્યાં. સુખપૂર્વક બધે પરમાનંદ છવાઈ ગયો. મનમાં બહુ જ રાજી થયા.

હે રાજન ! આવી રીતે નાનાભાઈ ઈચ્છારામ ભાઈ આવ્યા તેની બધી જ વાતો વિસ્તાર કરીને કહી. હવે મારા પિતા સમાન મોટાભાઈ બલરામ રામપ્રતાપ આવે છે. એમની વાતનો વિસ્તાર કરીને વાત કહું છું. નાનાભાઈને આવ્યા ને જ્યારે ચાર દિવસ થયા ત્યારે કોઈક મનુષ્ય દોડી આવીને જ્યારે વાત કહી કે હે બહુનામી પ્રભુ મોટાભાઈ રામપ્રતાપભાઈ આવે છે. આ વાતને સાંભળીને ભગવાન મનમાં બહુ રાજી થયા. પ્રભુ પોતે જ મુખેથી વખાણ કરતા હતા કે મોટાભાઈ તો બહુ જ બળવાળા પરાક્રમી છે ને તેઓ પોતે સંકર્ષણ છે એવી રીતનું નામ કહેતા હતા. તે અનંત તો પોતે અનંતકોટિ બ્રહ્માંડોનો નાશ કરવા સમર્થ છે. એમ કહેતા હતા. એમનાં મહિમાથી તો અનંત જીવો પાર પામે એવા પોતે સંકર્ષણ ભગવાન જેવા જ મહાસમર્થ છે. સહસ્ર ફેણવાળા તથા દિશાઓના દેવો આમના પરાક્રમને જોઈને એમનાં ચરણકમળની સેવા કરે છે અને તે હજાર મુખે અમારાં ચરિત્રોને સંભળાવે છે. આમ સંકર્ષણનું કહેવું બધુંય દેવો અને મુનિજનો વખાણ કરીને કહેતા હતા. શેષજીના ચરણને અનંત દેવો સેવ્યા કરે છે. મહેશ આદિક અનંત દેવો શેષનારાયણનો મહિમા ગાય છે અને અનંત બ્રહ્માંડોના અધિષ્ઠાતા શાંત રહેલા છે તે નિયમ અનુસાર ચરણકમળની સેવા કરે છે. દેવોના રાજા ઈંદ્ર તથા દેવો ગાંધર્વોના સમૂહ જેમના મહિમાને હરખ પામતા થકા ગાય છે એવા સમર્થ તેજ મારા

મોટાભાઈ અત્યારે અનંત બળથી યુક્ત રામપ્રતાપ આવે છે. સૌ સંતો તમે સામા જાઓ તથા બ્રહ્મચારીઓ પાર્ષદો બુદ્ધિવાળા નરનારીજનો સૌ સામા લેવા માટે જાઓ. વાજીંત્રો વગાડીને સામૈયું કરીને ગામમાં લાવો. વિર રસની છટાથી બલવીર રામપ્રતાપ બલવીરે મારા માટે જ દેહ ધર્યો છે એવા બળવાળા એક જ ક્ષણમાં આખી પૃથ્વીનો નાશ કરી નાખે તેવા અને કપટ ક્લેશ કરનારાનાં મનને પલવારમાં વશ કરનારા છે. જેમના મસ્તક ઉપર સરસિયાના દાણાની માફક આખું બ્રહ્માંડ રહેલ છે. એવા મહા પરાક્રમવાળા બહુ જ બળવાળા સૌના ભવબંધનને તોડનારા છે. મુક્તિનો માર્ગ બતાવનારા છે. તેઓ અમારો બધો જ મહિમા જાણે છે તે સંકર્ષણ ભગવાન પોતે અત્યારે જ અમારી પાસે આવે છે. તો સૌ તમે સાથે મળીને સામા જાઓ. આવી રીતે મહારાજની આજ્ઞાને શિરપર ધારીને સંતમંડળ તથા હરિભક્તો બાઈ ભાઈ હરખ પામતાં પગે ચાલીને પોતાના હાથમાં ભેટ લઈને સૌ જનો ચાર ગાઉ સુધી સામા ગયાં. સામા આવતાં રામપ્રતાપજીને જોયા કે તરત જ જાણે સિંહ ન આવતો હોય ? તેમ આવતા હતા.

નાનાભાઈને બાહુમાં (બાથમાં) લઈને મહાપ્રભુ ભેટ્યા. બહુ જ આનંદ થઈ ગયો. પછી સુખકારી મહાપ્રભુ સુંદર રીતે સ્વાગત કરી સમાચાર પૂછ્યા. પછી મોટાભાઈ શેષઅવતાર પોતે ચાલીને આવતા હતા. તેમની સામે લાવવા સૌ સંતો હરિભક્તો બાઈભાઈને મોકલતાં આમ પાંચમો સુંદર અભિધાન રીતે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ **થયો.**

આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના **શિષ્યો** વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અને ઈચ્છારામભાઈનું **મિલન થયું.** તેનું વર્ણન કર્યું એ નામે આ પાંચમો તરંગ **પૂર્ણ** થયો. ॥૫॥

# તરંગ-૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુ લોયા રહેતા હતા ત્યારે રામપ્રતાપજી ભાઈ આવ્યા ને ભેટ્યા. પ્રભુ એમને ભેટ્યા તે બધા ચરિત્રો કહો. આ બધી વાતો બહુ જ પ્રતાપ યુક્ત છે તે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ મને સંભળાવો. જે સાંભળવાથી બધાં પાપો બળી જાય છે. એવાં પવિત્ર ચરિત્રો વિસ્તાર કરીને મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! તમે ભગવાનના સુંદર પવિત્ર ચરિત્રો પૂછ્યાં છે તે બધાં હવે કહું છું. પ્રગટ પ્રભુના ભાઈ રામપ્રતાપજી આવ્યા એમની સાથે મિલાપ થયો તે કહું છું. **સૌ સંતો રામપ્રતાપની સામા જતા હતા ત્યારે સામેથી રામપ્રતાપ અનંત મૂર્તિ આવતા દેખાતા હતા. પાસે આવ્યા એટલે સૌ ભક્તોએ દંડવત્ પ્રણામ કર્યાં. રામપ્રતાપજી કમળસમાન નેત્રોવાળા, દયાના સાગર, લાંબા હાથોવાળા, પાપના ઢગનો નાશ કરનારા, સુંદર નેત્રોવાળા વાંકી ભ્રુકુટિવાળા, સરલ સ્વભાવવાળા, પ્રતાપવાળા, નિશંક રહેનારા, વિશાળ છાતીવાળા, ચંદ્રસમાન મુખકમળવાળા, ઉદાર દીલવાળા, કેળના થાંભલા જેવા સાથળવાળા, આવાં અંગો જોઈને રંભા મોહને પામે છે એવા. ગોરા વાનવાળાં, ગૌરીના પતિ શંકર ભગવાન સદાય સેવે છે. સુંદર આકર્ષક કાંતિવાળા સારી બુદ્ધિવાળા, પવિત્ર યોગી જેવા ગુણવાળા, ગુણનીધી ગુણવાન શોભાવાળા, સારા ગૌરવવાળા, કરોડો કામને મોહ પમાડે તેવા શોભાવાળા, મનોહર છબીવાળા, અંધકારના અધિષ્ઠાતા સંકર્ષણ**

નામના ધર્મના પુત્ર આનંદના કરનારા સુખના ધામ સફેદ વસ્ત્રોને ધારણ કરીને શરીરને શોભાડનારા, મંદ ગજની ગતિએ ચાલનારા, ગુણની ગંભીરતાથી શોભતા. રામના નાનાભાઈ અને શ્રીકૃષ્ણના મોટાભાઈ તથા રામાનુજ સંપ્રદાયના સ્થાપક આચાર્ય જે થયા તે જ અત્યારે રામપ્રતાપના નામથી કહેવાય છે. તેજ પુરુષોત્તમ પ્રભુના મોટાભાઈ થયા છે. રામપ્રતાપજીને જોઈને દંડવત્ પ્રણામ કર્યાં. સંતોને બલરામજી ભેટ્યા. અરસપરસ સ્વાગત સમાચાર પૂછ્યા. સંતો બહુ જ આનંદ પામ્યા રામપ્રતાપજી પણ રાજી થયા. રામપ્રતાપજી સૌને ભાવથી ભેટ્યા અને બહેનો દૂરથી દર્શન કરતી હતી. નીચે બેસીને પ્રણામ કર્યા ત્યારે રામપ્રતાપજી આશિષ દેતા હતા. સંતોના બધાં જુથોથી વિંટાયા તથા હરિભક્તોના સમુહથી ઘેરાયેલા સૌ વાજાં વગાડતાં વગાડતાં ગામમાં રામપ્રતાપજીને સુરતાથી લાવ્યાં.

ઘનશ્યામ પ્રભુ મોટાભાઈને જોઈને દોડીને સામા આવતા હતા. ભાઈને બાથમાં ઘાલીને ભેટતા હતા ભાઈની સાથે ભગવાન રોમાંચિત અંગોવાળા થઈને ગદ્‌ગદ્ કંઠવાળા થઈ ગયા હતા. જાણે પ્રેમના સાગર ઉમટ્યો હોય તેમ સંતોના આરામ મૂર્તિ પ્રભુ બહુ જ ભેટ્યા. આવી રીતે યોગીજનો બ્રહ્મના સુખને પામે છે. દેવો અમૃત પ્રાપ્ત કરે છે તેમ સૌના મનમાં બહુ જ આનંદ થયો. જ્યારે મોટાભાઈને ઘનશ્યામ પ્રભુ મળ્યા ત્યારે સુખ પામ્યા. મહાપ્રભુએ સુંદર ઊંચું આસન બિછાવી દીધું. તેની ઉપર મોટાભાઈને બેસાડ્યા. ઘનશ્યામ પ્રભુ પોતાના આસન ઉપર બેઠા. સુંદર પલંગ સુખ દેનારો હતો તેની ઉપર બેઠા. મહારાજ પોતે નીચા આસન ઉપર બેઠા અને મોટાભાઈ ઊંચા આસન ઉપર બેઠા હતા આમ અંતર જોઈને મોટાભાઈને બહુ જ ક્રોધ થયો. જાણે મહાપ્રભુ મનુષ્યાકૃતિ થયા છે એમ જોયું ત્યારે પ્રભુએ પોતાનું મૂળ સ્વરૂપનું સ્મરણ કર્યું ત્યારે પ્રભુના અપાર મહિમાને જાણતા હતા ત્યારે મોટાભાઈ પોતાના મનમાં બહુ ભોંઠપને પામતા હતા. જ્યારે મહાપ્રભુને સર્જનહારરૂપે દેખાતા હતા ત્યારે ભોઠપને પામ્યા. હે અખિલ બ્રહ્માંડના સ્વામી ! પરાત્પર સર્વના અંતર્યામિ આપનો જયજયકાર થાઓ. ભાઈએ કાંઈક મુખેથી કઠોર શબ્દો કહ્યા છે તેથી નાથના મહિમાને પોતે જ પ્રભુ પ્રતાપથી જોતા જાણતા હતા. હવે હે પ્રભુ ! તમારા મહિમાને અનંત જાણે છે. સર્વનાં ઉદ્ધાર કરનારા હે પ્રભુ ! હું હવે આપના શરણમાં આવ્યો છું. આપના આશ્રય સિવાય બીજે ક્યાંય સારી ગતિ છે જ નહિ. એટલે આપને શરણે છું. આપની જેવી મરજી હશે તે જ રીતે જ રહીશ. હે કૃપાળુ ! પ્રણતપાલ પ્રભુ આપ તો સર્વકાળના કાળ જ છો. આમ કહીને ચરણકમળમાં પડ્યા ત્યારે પ્રભુએ મનુષ્યભાવનો ત્યાગ કરી દીધો. ત્યારે પ્રભુને શુદ્ધ સ્વરૂપ સચ્ચિદાનંદ અનાદિ આનંદકંદ માયાના નિયંતા સ્વામી ગુણને ગ્રહણ કરનારા પાપના ભક્ષક આવી રીતે પ્રભુનુ રામપ્રતાપ ભાઈ સાક્ષાત્ સ્વરૂપે જોતા હતા.

મોટાભાઈના મુખની વાણી સાંભળીને સુખના ધામ સુખદાયક કૃપા કરીને શાંતિકારક કહેતા હતા. હે બલરામભાઈ ! તમે સાંભળો. હે ભાઈ ! તમે અમારા મોટાભાઈ છો. તેથી તમારે મનમાં કાંઈ પણ ઓછું વધુ લગાડવાનું નહીં. કોઈ દુઃખ નહીં લેવાનું પોતાના દેશની રીતને જોઈને અહીંના રિવાજ પ્રમાણે કડક વચનો બોલ્યા તેનું અમારા મનમાં લગારે દુઃખ જ નથી. કેમકે તમે મારા પિતા સમાન મોટાભાઈ છો. આમ કહીને મોટાભાઈ રામપ્રતાપને સુંદર મુકામ આપ્યું અને સેવા કરવા સેવક સાથે રાખ્યા. સારી રીતે સેવા કરે એ માટે મહાપ્રભુએ સરભરા કરાવી દીધી.

મહાપ્રભુનો જગતમાં જયજયકાર થયો. તેનો જનસમુદાય જુથમાં મળીને ગુણનું ગાન કરતાં હતાં. પ્રગટ પ્રભુ પૂર્ણકામના બંને ભાઈઓ આવતા હતા ત્યારે શોભતા હતા. એ શોભા જોઈને મંદબુદ્ધિના અજ્ઞાની જીવો

મનુષ્યો બોલતાં હતાં. બધી જ વાતો જૂઠી જ હતી એમ જ કહેવાય તેની સામે અપશબ્દ બોલવો તે ભૂલ કહેવાય તે વિનાશ કરનાર થાય અને ભજન ભક્તિમાં વિઘ્ન કરનારું થાય. ભાઈઓ આવ્યા તે જોઈને દેવગણો આકાશમાર્ગે અતિશય આનંદિત થઈને ગુણનું ગાન કરતા હતા ને જયજયકારનો નાદ ઉચ્ચારતા હતા. મોટાભાઈ રામપ્રતાપે અને ઈચ્છારામ બંનેને જોઈને દુષ્ટો દાઝી બળતાં હતાં અને દેવો હરખ પામીને પુષ્પચંદનનો વરસાદ કરીને નેત્રો પામ્યાનું ફળ પામતા હતા. ઉરમાં અતશિય આનંદ થતો હતો મહાપ્રભુના ભાઈનાં મન દુઃખનો નાશ કર્યો. પરમસુખ પમાવીને અતિ લાંબા કાળના બહુ દુઃખને શીતળ ચંદ્રસમાન મનોહર મુખ બતાવીને શાંતિ કરી પછી સુંદર સ્વચ્છ મકાનમાં ભાઈને મુકામ કરાવીને મનમાં ઠંડક કરાવી, જીવન પ્રાણપ્રભુ પોતાના ભાઈઓને સુખ ઉપજાવીને પ્રેમથી જમાડતા હતા. મહાપ્રભુ પોતાના ભાઈઓની સાથે જમીને પછી સૌ સંતોને જમાડીને પછી સભા કરીને બેઠા હતા. મોટાભાઈ મનમાં રાજી થઈને વાતો કરતા હતા. ઘનશ્યામ પ્રભુ પ્રેમથી પોતાના ઉત્તર કોશલ દેશની વાતો પૂછતા હતા. તેની મોટાભાઈ રામપ્રતાપજી ઘણાબધા દિવસોની વાતોને વિસ્તારથી કહેતા હતા.

અઢારસો ઓગરણએશીના વરસમા ત્રણે ભાઈઓ ભેગા થયા. ઈચ્છારામની સાથે રામપ્રતાપ અને મનોહર મૂર્તિ ઘનશ્યામ શોભતા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ જેમ જેમ પૂછતા હતા તેમ તેમ બલરામ ભૈયા કહેતા જતા હતા. જન્મચરિત્ર સુંદર રીતે જાણતા હતા. તે કહેતા હતા. સર્વોપરી પૂર્ણકામ પ્રભુના બધાં જ જન્મ પછીનાં બાલચરિત્રો કહેતા હતા તે કોટરા અને કાલિદત્તનો નાશ કર્યો. મલ્લનો હાથ તોડ્યો. ચર્તુસ્વરૂપે દર્શન દીધાં. એવા આ ચપળમૂર્તિ છે. આ બધી વાતો રામપ્રતાપે કીધી. ભૂતિયા કૂવાનાં ભૂતોનો ઉદ્ધાર કર્યો તે વાત કહી દીધી તથા શંકરનાં દર્શન કરવા જતા તથા નારદ આવ્યા તે દર્શન કરીને ગયા એ બધુંય વર્ણન રામપ્રતાપે મુખેથી કહ્યું તથા ચીભડાંવાળા ખેતરની લીલા કહી દીધી. બાળલીલા બધી વર્ણન કરીને કહી દીધી. આ બધી લીલા રામપ્રતાપે પોતાના મુખેથી વર્ણન કરીને કીધી. સૌ સભાસદોએ સાંભળી રામપ્રતાપે વર્ણન કરીને સુંદર સમજાવી. બધી જ લીલા તરગામની કહી દીધી. પછી બીજી લીલા **ગૌ**ઘાટની વર્ણન કરીને કહી, છપૈયા ગામની લીલા બધી વર્ણન કરીને કહી. ઘનશ્યામ બાળપ્રભુએ અનેક લીલાઓ કરી છે તે બધી મુખ્ય રામપ્રતાપે અનુક્રમ પ્રમાણે કહી દીધી. ભૈરવ અને ભૂતને ભગાડ્યાં તે તો શંકર ભગવાનના ભયંકર સેવકો હતા તેને કુટુંબસહિત ભગાડી દીધાં. ત્યાર પછી રામની રાજધાની તે સમયની અવધપુરમાં જે લીલા કરીને લીલાને વર્ણવીને વખાણ કરીને કહ્યાં તેમાં ચાર મલ્લોના ગર્વને હરી લીધાં તે બધી વાતો સુંદર રીતે વર્ણન કરીને કહી. યજ્ઞોપવિત કર્યા તે વાત વિસ્તાર કરીને બધી સભાની વચમાં મોટાભાઈએ પોતાના ઉરમાં સ્મરણ કરીને કહી તથા માતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને માયિક બંધનથી મુક્ત કરીને ભૌતિક ભાન ભૂલાવીને મુક્તિ આપી તે વાત બધી વિસ્તારથી કરી તથા પછી પિતાને પણ પ્રાણ સ્વરૂપનું સુખ આપ્યું શરીરનો ત્યાગ કરીને ધામમાં ગયા તે બધી વાતો વિસ્તાર કરીને બલરામે બધી યાદ કરીને કહી. પછી બાલપ્રભુ દિલમાં ઉદાસ થયા. ભક્તોના મનને આનંદ દેનારા, ભયને હરનારા સૌનાથી નિસ્નેહવાળા થયા તે વાતનો વિસ્તાર કરીને કહી દીધી. પ્રભુ નાહવાનું બહાનું કરીને ઘરનો ત્યાગ કર્યો. ઉમંગ ઉત્સાહથી ઉત્તર તરફ ચાલતા થયા. આ બાજુ સ્વજનો સૌ બહુ જ વિલાપ કરતાં હતાં. ઉદાસીનતાવાળાં થયાં. નેત્રોમાંથી આંસુ વહેતાં હતાં. સૌ મનથી દેહનો ત્યાગ કરવા ચાહતાં હતાં ત્યારે આકાશવાણી થઈ તેના આશ્વાસન મળતાં હતાં. આકાશવાણી કહે કે સાંભળો સુવાસની સહિત તમારે શરીરનો ત્યાગ નહીં કરવાનો સુખદાયી મહાપ્રભુ તમને જરૂર મળશે.

**એ સત્ય જ માનજો. ભૂમિના ભારને ઉતારવા માટે પાપાચારના બળનો (અધર્મનો) નાશ કરવા અનેકનાં કલ્યાણ કરવા ઘનશ્યામ પ્રભુ ગયા છે. ભક્તજનોના ઉદ્ધાર કરવા ભયને હરવા ભક્તને જ્ઞાન આપવા ગયા છે એમનો હવે વિયોગ રહેશે. ને ને અંતરમાં સહન કરવાનું, આવી રીતે અઠ્યાવીસ વરસ સુધી વિયોગ રહ્યો. અને હવે ફરીથી અમોને પરિબ્રહ્મનો મેળાપ થયો, તે વાત આકાશવાણીએ કહેલી સત્ય જ થઈ. આવી રીતે આકાશવાણીની વાત સાંભળીને બધાં રાજી થયાં. અંતરમાં ફરી ધીર ધરીને હે ઘનશ્યામ ! અમે ઘેર પાછા ગયા. પંડમાં પ્રાણને રાખીને અમે બધાંય આકાશવાણીએ કહેલી અવધિ ઉપર આધાર રાખીને ઘરનાં કામો કરતાં હતાં. પ્રભુની છબીને અંતરમાં ધારીને રહેતાં હતાં. નિત્ય પ્રત્યે તમને સંભારતાં હતાં. જ્યારે સમયનો અવધિ પૂરો થવા આવ્યો ત્યારે ભયહારી પ્રભુએ સંતોને મોકલ્યા. એ સંતોની સાથે હે હરિ ! તમારી સમીપમાં આવ્યાં તે બધી વાતનો વિસ્તાર કરીને કહ્યો.**

હે પ્રભુ ! આપ તો બધી વાતોને જાણો જ છો પણ સંતોને જણાવવા માટે અમારા દ્વારા હેતથી સંભળાવવા અમારા દ્વારા કહેવડાવ્યું તે બધું હે મહારાજ મેં સંભળાવી દીધું. આપના ભાઈ જાણીને હે નાથ ! આપે આપની પાસે તેડાવ્યા. પોતાપણાનું હેત બતાવ્યું. અમારી વિરહ વ્યથાને ટાળી દીધી. બધાં વિવેક કરીને કહેતાં હતાં કે સુવાસિની બહુ જ શોક કરે છે. તમારા વગર શરીર સાવ સુકાય ગયું છે. બહુ જ યાદ કરે છે. આ રીતે રામપ્રતાપજીએ બધી વાતો કરી તે બધી જ સભાએ ધીરજથી સાંભળી લીધી. આટલી વાત સુખપૂર્વક અમે પ્રભુને સંભળાવી દીધી. હવે આગળની વાત આપ કહો. આપ જ્યાં ગયા છો ફર્યા હો. વાસ કર્યો હોય. કયા કયા સ્થળોએ ગયા તે બધું કમળનયન અમારી ઉપર કૃપા કરીને તમે કેવાં ચરિત્રો કર્યાં તે બધી વનવિચરણની વાતો વિસ્તાર કરીને કહો. આવી રીતની વાતો ભાઈની સાંભળીને સુખદાતા મહાપ્રભુ કૃપા કરીને કહેતા હતા, હે મારા ભાઈ ! અમારાં વનવિચરણની વાત છે તે લીલાને વર્ણન કરીને કહું છું.

**જ્યારે અમે ઘરનો ત્યાગ કર્યો ત્યાર પછી સરજુ નદીના પાણીને તરીને પાર ઉતર્યા. ત્યાર પછી ઉત્તર વરદાન માગ્યું પછી દિશા તરફના માર્ગ ઉપર ઉમંગથી ચાલતા થયા. ધીરજતાથી ચાલીને ઘનઘોર ગહન વિકટ વનમાં ફરતા ફરતા લોકોનાં ભવફંદોને હરતા વિચરતા હતા. હિમાલય ઉપર પુલહાશ્રમમાં પહોંચ્યાં ત્યાં રહીને ઉગ્ર તપસ્યા કરતા હતા આ કાર્ય જગતના જીવોને સમજાવવા માટે જ કરતા હતા. તે એક જ પગ ઉપર ઊભા રહીને મહાઘોર તપને અમે કર્યું તેને તમે ભાઈ ધ્યાનથી સાંભળો. ચાર એક માસ ઉગ્ર તપસ્યા કરી એટલે સૂર્યનારાયણ પ્રત્યક્ષ આવ્યા. અમારી સ્તુતિ કરી અમને દર્શનનું દાન દીધું. અમે એને દર્શન દીધાં. કહે હે મહારાજ ! આવાં કઠણ ઉગ્ર તપ કરવાનું આપને શું પ્રયોજન છે. ત્યારે અમે કહ્યું કે આ તપ તો અમારી ઈચ્છાથી જ અનંગના પરિવાર સાથે બાળવા માટે જ કરીએ છીએ. આમ કહીને પછી અમે હિમાલયની પાસે વરદાન માગ્યું પછી ભૂમિને પાવન કરવા જડ ચેતન જીવોનો ઉદ્ધાર કરવા પૃથ્વી ઉપરના ભક્તો આશ્રિતોના ભવદુઃખને દૂર કરતા હતા. વનમાં ફરતા ફરતા આગળ ગયા ત્યારે ગહન વનમાં ગોપાળ યોગી મળ્યા. તે યોગીવર પાસેથી અષ્ટાંગયોગની સિદ્ધિ મેળવીને હે ભાઈ ! ત્યાંથી એમને મુક્તિ આપીને ત્યાંથી આગળ સિદ્ધવલ્લભરાજાને સિદ્ધિ આપવા ત્યાં ચાર માસ નિવાસ કર્યો. સિદ્ધોનો માનભંગ કર્યો. રાજાને અમારો શિષ્ય કર્યો. પછી ત્યાંથી આગળ પિબેક બ્રાહ્મણના મદને દૂર કરીને આશ્રિત કર્યો ને ત્યાંથી હે ભાઈ ! નવલખા પર્વત ઉપર ગયા નવ લાખ સિદ્ધોને એક સાથે મળીને મુક્તિ આપી. બાલવા કુંડ નામના તીર્થમાં ગયા. ત્યાંથી તપ કરવા ગંગાસાગર સંગમ તીર્થમાં ગયા. સ્નાન કરીને ત્યાર પછી ત્યાંથી મહાસિદ્ધ ઉદારમૂર્તિ કપિલ મુનિ**

ભગવાનનાં દર્શન કરીને ત્યાંથી ચાલીને બળવંત ભગવાન જગન્નાથ પુરુષોત્તમપુરીમાં આવીને ધીરેથી અનંત અસુરો રહેતા હતા તેથી હે કમલનયન ! અમે દશ માસ સુધી ત્યાં નિવાસ કર્યો ને ભૂમિનો બધો જ ભાર હરી લીધો. ત્યાર પછી ત્યાંથી માનરૂપ નામના તીર્થમાં ગયા. ત્યાં પણ રાજા પાસે અસુરોનો નાશ કર્યો. અને આ ભૂમિનો ભાર ઉતાર્યો. મલયાચલ પર્વત કુલગિરિ પર્વત વેંકટગિરિ કહેવાય છે. ત્યાં બાલાજી ભગવાનનાં દર્શન કરીને પંચવટી આદિક પ્રસિદ્ધ તીર્થો બધાં તીર્થો કરીને પછી રામેશ્વર મહાદેવનાં દર્શન કરી વિષ્ણુકાંચિ શિવકાંચિ આવ્યા અને ત્યાંથી ફરતા ફરતા પંઢરપુર વિઠ્ઠલનાથજી ના પ્રસિદ્ધ દેવતા પ્રસિદ્ધ દેવનાં દર્શન કરીને ભેટી પાવન કરીને પછી તાપી નદીને તરીને નર્મદાને તરી સાબરમતી સુખ રીતે ઉતરીને ભીમનાથમાં આવ્યા. ને પછી ત્યાંથી ગોપનાથ તીર્થમાં આવ્યા. પંચતીર્થ પૂર્ણ કરીને લોજપુરમાં આવ્યા. રામાનંદ સ્વામીને મળ્યા. મુનિની સાથે મન મળી ગયું. પ્રયાગતીર્થમાં તમારે ભેટો થયો હતો. માતાપિતાને ઉપદેશ આપી શિષ્ય કર્યા હતા તે રામાનંદ સ્વામી પોતે જ અમને ઉત્સાહથી મળ્યા અને પોતાની ગાદી આપીને આશ્રિત કરીને મુનિવર પોતે સ્વધામ પધાર્યા. અમારા પ્રતાપને પ્રગટ કરીને પૃથ્વી ઉપર આશ્રિતોને સુખી કર્યા. હે ભાઈ ! તમે સાંભળો. અમે શું શું કામો કર્યા તે કહીશું. ધ્યાન ધારણાની રીત પૃથ્વી ઉપર ચાલુ કરીને તે ચમત્કારથી અમારી સામે જુવે ને સમાધિ થાય. ધામમાં દોડીને જાય. દર્શન કરીને પાછા આવે. હે ભાઈ ! અમે પૃથ્વી ઉપર મનુષ્યરૂપ ધરીને એમને દર્શન દીધાં. સુખ થયું તે જોઈને આશ્રિતો થયા. મોટા ભક્તો થયા. નરનારીને સત્સંગી કરીને આશ્રિતો કર્યા. અમે ધામોમાં પુરોમાં વિચરણ કરીને વારંવાર દર્શન ઉપદેશ કરીએ છીએ. બલરામભાઈ આ અમારી વાત કરી. અમે અનેક યજ્ઞો કર્યા. બ્રાહ્મણો દેવોને તૃપ્ત કર્યા. મોટાં ધામો કરીને દેવો પધરાવ્યા અનેક ઉત્સવો કર્યા. ઉમંગથી જગતમાં બહુ જ મોટા સમૈયા ઉત્સવો કરીએ છીએ. લોકો દર્શન કરવા અને સુખ લેવા આવે છે. અમને અનંત નરનારીજનો જાણે છે. અમે રામનવમી, એકાદશી, જન્માષ્ટમી, વસંતપંચમી, ફુલડોલ આદિક અનેક ઉત્સવો કરીએ છીએ. તેને હે ભાઈ ! તમે જોજો. હે મારા ભાઈઓ ! અત્યારે પૃથ્વી ઉપર બહુ જ સત્સંગનું વાતાવરણ જામેલું છે. એટલે આસુરીજનો પૃથ્વી ઉપર બહુ જ કડવી વાતોનું ઝેર ફેલાવે છે. એ લોકોનાં કોઈ ગામ કે ઠામ હોતાં જ નથી. એમનો કોઈમાં કલાપ પણ નથી હોતાં. ભાઈ બહેન પણ નથી થતાં એવા બ્રાહ્મણો આવી બનાવટી વાતો ચલાવતા હોય છે. સત્સંગીઓ આવી વાતો સાંભળીને પ્રીતથી પ્રાર્થના કરે છે. હે ભક્ત વત્સલ ભગવાન ભયને હરનારા શરણમાં રાખનારા દુષ્ટ લોકો વાતને સાંભળો. કેવી વાતો કરે છે તે સાંભળો. તમારા ભગવાન કયા કુળમાં પ્રગટ થયા છે, કયા ગામમાં કયા સ્થળે રહ્યા છે તે બધું જ જે સાચું હોય તે કહો. દુષ્ટ લોકો બધા આવી રીતની વાર્તા કરનાર છે તે વામમાર્ગીઓ જ કહે છે. માટે હે પ્રભુ ! આપના કુળમાં જો કોઈ મનુષ્યો હોય તો તેને જલદીથી તેડાવો અને આ દુષ્ટો જ દુષ્ટ વચનો બોલે છે તેને બોલતા બંધ કરો. માટે હે પ્રભુ ! હવે કોઈ વિલંબ ન કરશો. જલદી બોલાવો. સર્વ ભક્તજનોની પ્રાર્થના સાંભળીને માયાને જીતનારા સંતોને મોકલ્યા અને તમને બંને ભાઈઓને લઈને આવ્યા છે. આ બધી વાત અમે બધાને કહી તે આજ છે. જે પ્રથમ આકાશવાણી થઈ હતી તે બધી વાતો સાચી કરી દીધી છે અને અમે પણ સુવાસિનીને આકાશવાણીની વાત કરેલી તેના આધારે તમારા સ્વરૂપનો આશ્રય રાખીને મળવાની આજ્ઞાથી જીવન ટકાવી રાખેલ છે. અમે કહેલું કે ભાભી અમે જ્યાં જઈશું ત્યાંથી તમારી પાસે અમારા ભક્તજનને મોકલીશ. તમને અમે તેડાવીશું. અમારી સાથે જ રાખીશું. એ વાત આજે સાચી કરી દીધી છે. સંસારને પણ સાચી જ વાત માનવી પડશે એ જ સત્ય કહેલું છે. એ જ કારણે હે મારા ભાઈ

**! મોટાભાઈ રામપ્રતાપજી કહેલાં વચન સત્ય કર્યાં છે. તેના માટે તમને હેતથી તેડાવ્યા છે. મારો પ્રવિણ બાંધવ હવે પૂરો વિશ્વાસ કરીને વાતને સત્ય માનશે જ.**

આવી રીતે મોટાભાઈ રામપ્રતાપ આવ્યા. નાથ પ્રેમથી ભેટ્યા. બધી વાતો અરસપરસ કરીને સુંદર કહ્યું. આવી રીતે બહુ જ અદ્‌ભુત લીલા કરી તેનો ભક્તોએ બહુ જ અલૌકિક લાભ લીધો. ભાઈઓને પોતાની પાસે બોલાવવાનું કારણ કમલનયન મહાપ્રભુએ બધું જ કહી દીધું. એવી રીતે છઠ્ઠુ સુંદર અભિધાન રૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના તરંગ રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલા છંદભાષામાં અયોધ્યા પ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિનો રામપ્રતાપજીની સાથે મેળાપ થયો અને પરસ્પર ચર્ચા કરી તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે છઠ્ઠો તરંગ પૂર્ણ થયો. ॥૬॥**

# તરંગ-૭

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! માલતી ચમેલી મોગરાનાં પુષ્પોના હારને ઉરમાં ધારેલા એવા શ્રી ઘનશ્યામ પ્રભુના ગુણચરિત્રને ભક્તો શુદ્ધ ગાય છે. શુદ્ધ મનવાળા ભક્તો કોઈ સ્વાર્થ જ નથી રાખતા. તે તો કેવળ શુદ્ધ મનથી હરિના સ્વરૂપનું ચિંતવન જ ચાહે છે. આવા ભાવવાળા અનેક ભક્તો છે. તેઓ મહાપ્રભુના સ્વરૂપને ઉરમાં ધારીને ધ્યાન ધરે છે. એવા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં લીલા ચરિત્રોનો વિસ્તાર કરીને હે અવધપ્રસાદજી મહારાજ મને કહેવા કૃપા કરો. લોયાપુરમાં પોતાના બંને ભાઈઓની સાથે રહીને મહાપ્રભુએ કેવી લીલાઓ કરી તે મને કહો.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! તમને ધન્યવાદ છે. તમે પ્રગટ ભગવાનનાં ચરિત્ર ગુણને પૂછો છો. તેનાથી પરમ આનંદને પ્રાપ્ત કરો છો. જે જન કહે છે કે સાંભળે છે તેના કષ્ટને દૂર કરે છેને સુખ કરે છે. **રામપ્રતાપભાઈની સાથે શ્રી સ્વામિનારાયણ ભગવાને, બહુ જ ચર્ચાઓ કરી તેમાં ઘરેથી વનમાં ફરીને બધેય વનમાં વિચરીને આવ્યા તે બધી જ વાતો વિસ્તાર કરીને કહી. બધી વાતો મુનિજનોની સાથે રામપ્રતાપ** તથા **ઈચ્છારામે સાંભળી મનમાં બહુ જ આનંદ થયો.**

**પછી પ્રભુ હરિને મોટાભાઈ કહેતા હતા, હે ભાઈ ! મારું સુંદર વચન છે તેને તમે ધ્યાનમાં લ્યો રામનો અવતાર થયો તે ભયને હરનારો થયો. એમણે સારા ગુણવાળી નવીન સુકન્યાને પરણ્યા હતા. એમની દ્રઢભક્તિનો પ્રચાર થયો અને એમણે અનેક નરનારીનો ઉદ્ધાર કર્યો હતો. ત્યાર પછી હમણાં થોડાક જ સમયમાં દ્વાપર અને કળિયુગની સંધિમાં કૃષ્ણનો અવતાર થયો તે ભૂમિ ઉપરથી પાપના ભારને ઉતારવા માટે અમારી સાથે જ ગરીબ નવાજ પ્રગટ થયા હતા. એ અવતારે સોળ હજાર એકસો આઠ નારીઓને પોતે પરણ્યા હતા. પ્રતાપથી પાછા બધાનાં દુઃખને હરતા હતા. ગૃહસ્થ થઈને ભૂમિનો બધો જ ભાર ઉતાર્યો હતો. ગાયો ગોપીયો પાંડવનાં કુળોનો ઉદ્ધાર કર્યો. ઋષભદેવ ભગવાન આદિક અનેક અવતારો થયા તે આ ભૂમિ ઉપર જ થયાં હતાં જે તમારા જ અવતારો હતા. તે અવતારોથી પત્નીઓની સાથે સંતજનોને બહુ જ સુખ કર્યાં હતાં. હે સુખકારી પ્રભુ ! મેં તમને જે વાતો કહી તે વાત સાચી જ છે. માટે જો આપ ગૃહસ્થ થાવ તો સત્સંગનો**

**વ્યાપ બહુ જ વધારે પ્રમાણમાં થઈ જાય. તમારા માટે યોગ્ય કન્યાઓ સુંદર રૂપવાળી અત્યારે જ લાવી આપું. આપ જો આજ્ઞા કરો તો ઘડીના વિલંબ વગર તત્કાળ લાવી દઉં. હા કહેવામાં સંકોચ ન રાખશો. આવી રીતનું ભાઈ કહેતા હતા. તે સાંભળીને ઘનશ્યામ પ્રભુ કહે, હે મારા મોટાભાઈ ! તમે વાત કરો છો. તે તો બરોબર પણ અમારે તો અહીં ફરવાનું હોય. જ્યાં ત્યાં જેને તેને ત્યાં જમવાનું હોય તો વિવાહની વાત કેવી રીતે બને. અમને તે વાત યોગ્ય મન ન પાડે છે. આવી રીતની વાતો સાંભળીને દેવાનંદ દંડી સંન્યાસી સ્વામી વિનય સાથે મુખેથી મધુર રમુજ વેણો કહેતા હતા કે શાસ્ત્રમાં આવી રીતની વાત કહેલી છે કે જો કોઈ વિપ્રકર્મથી ભ્રષ્ટ થયો હોય અને તે પ્રાયશ્ચિત કરે તો તે શુદ્ધ બ્રાહ્મણ થાય છે. એમ કહેલું છે. હે પ્રભુ ! આપ તો સરવરિયા બ્રાહ્મણ જ છો. તેથી પ્રાયશ્ચિત્ત કરીને અત્યારે જ શુદ્ધ થઈ જાઓ છો. તેથી બ્રાહ્મણની કન્યાને સુખેથી પરણી શકો છો. મોટાભાઈ રામપ્રતાપજી તો સાચી જ વાત કહે છે. વાતો સાંભળીને બ્રહ્માનંદ સ્વામી કહે, હે પ્રભુ ! આ બધો મત લગ્ન માટેનો ભલે કીધો છે પણ પ્રભુ જ્યારે તત્કાળ જ વિવાહ કરશે ત્યારે સુંદર રૂપવાળી મનોહર પત્ની આવશે. તો તેને બાળકો થશે તે સુંદર પવિત્ર બાળકોને અમે સુંદર રીતે લાડ કરીને રમાડીશું. બોલાવીશું. પારણીયાંમાં પોઢાડીને ઝુલાવીને દોરી લઈને ઝુલાવીશું. તે બાળક તાત કહીને બહુ જ રાડો પાડશે. સભાની વચમાં સુંદર સુખદાઈ પ્રભુની પાસે આવીને કહેશે કે પિતાજી ચાલો મારી માતા બોલાવે છે. આમ કહીને આવીને પાલવ પકડીને ખેંચશે. આવી રીતે બ્રહ્માનંદ સ્વામીનાં વચનો સાંભળીને આખી સભા હસવા લાગી. સંકર્ષણ રામસહિત સૌ બહુ જ સુખ પામ્યાં. ત્યારે વાતને સાચી રીતે સમજીને સુખદાયક કમલનયન મહાપ્રભુ ફરી વચનો કહેતા હતા. મોટાભાઈ તો તમે આવી વાત હવે ક્યારેય ન કરતા. અમારે ક્યારેય ગૃહસ્થાશ્રમ કરવો જ નથી. અમે તો નૈષ્ઠિક વ્રતનું નિયમ દૃઢ કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છીએ અને અમે અમારા બધાય સંતને પણ નૈષ્ઠિક વ્રતવાળા જ કર્યા છે. અમારા જીવનમાં જો ક્યારેય સ્ત્રીની ગંધ આવે તો પેટમાં અનાજ જ ન ટકે ઉલટી જ થઈ જાય એવો મારા અંતરમાં વૈરાગ્ય છે. એટલા માટે વૈરાગ્યવાળાને વિવાહ કરવો યોગ્ય નથી જ લાગતો. વ્યર્થ જ થાય છે. અમે જેટલી વખત અવતારો ધર્યા છે. કામદેવે ત્યારે ભંગ કર્યો છે પણ આ વખતે તો હે મારા મોટાભાઈ ! તમે સાંભળો. અક્ષરધામની રીત પ્રમાણે અમારા પગલાંથી ભૂમિ ઉપર બધું જ સુખરૂપ જ થાય છે એવી અક્ષરધામની રીત છે.**

પૃથ્વી ઉપર બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, શ્રૃંગી ઋષિ પારાશરરૂપી પર્વત મુનિ બીજા બધા કામદેવના પ્રભાવથી વ્રતભંગ થયા. પોતાના ધર્મના માર્ગથી પડ્યા હતા. સૌભરી ઋષિ નારદ બ્રહસ્પતિ તથા બીજા અસંખ્ય રાજા મહારાજાઓ સૌ કામના બંધનથી ધુડધાણી થઈ ગયા. દૃઢ મનવાળા પરાક્રમીઓને પણ વ્રતભંગ કર્યા છે. દેવો દાનવો બીજા મનુષ્યો મુનિજનો સૌને કામવાસનાએ સાવ નમાલા દાસ ગુલામ બનાવી દીધા હતા ત્યારે અમે પૃથ્વી ઉપર પ્રગટ થયા અને કળિના અભિમાનને તોડવાનો નિર્ણય કરીને કામીઓને નિષ્કામ કરીને બધુંય વાતાવરણ બદલી નાંખ્યું છે. ભર યુવાનીમાં આવેલી યુવતી પણ કળિયુગના સમયમાં મારી આશ્રિત થઈ જાય છે તે મારી ભક્તિના બળથી કામશત્રુને સરળતાથી જીતીને પાર પામે છે. મહાસુખને પામે છે. એ કારણે જ અમે પૃથ્વી ઉપર અવતાર ધર્યો છે. તેનાથી બધા જ અંતઃશત્રુઓનો પરાભવ કરવાનો છે. નિર્ગુણ કરવા બધાને મારા ધામમાંથી આવ્યો છું. આ ચરિત્રને અક્ષરાત્માઓ બ્રહ્મા વેદો નિગમો સૌ ગાયા કરે છે. હે ભાઈ ! આગળ ઉપર જે મારા અવતારો થયા છે તે તો કેવળ પૃથ્વીનો ભાર હળવો કરવા જ આવ્યા હતા. દશ મસ્તકવાળા જેવા અસુરોને માર્યા પણ અંતરના શત્રુ કામાદિકને ન માર્યા તે અનાદિના રહેલા જ

હતા. અત્યારે અંતઃકરણના કામ લોભાદિક શત્રુઓને મારવા માટે જ હું પૃથ્વી ઉપર મારા મુક્ત સમુદાયની સાથે જ પ્રગટ થયો છું. અત્યારે નૈષ્ઠિક વ્રતને ધારણ કરેલું છે. તેથી મારા આશ્રિત ભક્તો સૌ નૈષ્ઠિક વ્રતવાળા જ થયા છે. બધા મારી ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે જ વર્તે છે. તેઓ કળિયુગમાં દુર્ગતિ કરનાર એવાં કામને જીતીને બળપૂર્વક સૌ બાઈ ભાઈ દૃઢ ભક્તિભાવવાળાં બધાં જ મારાં નૈષ્ઠિક વ્રત સાથે એકાંતિકી ભક્તિ કરે છે. કામ સંબંધી કોઈ ઘાટો કરતા જ નથી. સ્થિર મનવાળા થઈને દૃઢ નિષ્ઠાવાળા થઈને અડગ જ રહે છે. હે ભાઈ ! હું જો અત્યારે ગૃહસ્થ થઈ જાઉં તો સત્સંગમાં આવી રીતની નૈષ્ઠિક વ્રતવાળી દૃઢ રીત તો નજ રહે છે. હું જેમ કરું તેમ જ બધા સત્સંગીઓ એ જ રીતે કરે. હે મારા નિષ્કામ મોટાભાઈ ! આમ વિચાર કરીને હે સંકર્ષણ બલરામભાઈ ! તમે આવી વાત ફરી ક્યારેય નહી. હવેથી તમારે મારી મરજી પ્રમાણે જ રહેવાનું અને તેમ જ વર્તવાનું. આમ કહીને બ્રહ્મચારી વાર્ણીઓમાં પ્રસિદ્ધ વાસુદેવાનંદ નામના જે કહેવાય છે તે દૃઢ નૈષ્ઠિક વ્રતવાળા બ્રહ્મચારી યોગ્ય રૂપવાળા સંતના ગુણરૂપ આભુષણ રૂપે બ્રહ્મતેજથી ભરપૂર અંગોવાળા શોભતા, કામાર્દિથી રહિત એવા તે વાસુદેવાનંદજી છે. પરમદયાળુ પરમ શાંત તીવ્ર મતિવાળા નિર્માની નિસ્વાદી જેમનાં અંતકરણમાં ક્યારેય પક્ષપાતનો અંતરાય ન આવે. માયાએ કરેલા કાર્યોમાં ક્યારેય મોહ ન પામે. બધાય ગુણનો ત્યાગ કરીને પ્રભુના ગુણને ગાનારા આત્મદર્શી સદાય સ્વતંત્ર રીતે વર્તનારા મનમાં ક્યારેય કોઈ પ્રકારનો અશુદ્ધ ઘાટ થતો જ નથી. જો નારીમાત્રનાં વસ્ત્રને નેત્રોથી જોવાઈ જાય તોય દૃઢતાથી એક ઉપવાસ કરી નાંખે છે. જો વસ્ત્રને જોઈને ઉપવાસ કરે તો પછી એમના મનમાં કેવી રીતે ફરી એવા ઘાટ થાય જ નહીં. અમારા જેવા અનંત પ્રકારના ગુણો છે. શીલ સ્વભાવ (બ્રહ્મચર્ય વ્રત) તે બધાય ગુણોનું બધાનું ઘર છે. તે એક જ ગુણ હોય તો બધા જ ગુણ તેમાં આવે અને તે જ બુદ્ધિવાન છે.

આમના જેવા નૈષ્ઠિક વ્રતવાળા જગતમાં કોઈ થયા જ નથી, અને થવાનાય નથી એવા મહાન છે. અમે નજરે જોઈ તપાસીને જ કહીએ છીએ. આમ કહીને હરિએ વર્ણિ વાસુદેવાનંદને પોતાની પાસે બોલાવ્યા. શ્રી સહજાનંદ પ્રભુએ વર્ણિનો હાથ પકડીને હેતથી પોતાની ગાદી ઉપર બેસાડ્યા. આગ્રહ બ્રહ્મચારી વર્ણિજી ના ના કરતા જ હતા. કહે મારે મોટપની ઇચ્છા નથી તોય મહાપ્રભુએ અતિ કરીને બળ કરીને બેસાડ્યા તે વાસુદેવાનંદ વર્ણિનાં પગ ધોઈને તે પાદોદક (ચરણામૃત)ને મહાપ્રભુએ પાન કર્યું. પછી સર્વ સંતસમુદાયને પાદોદક પાન કરાવરાવ્યું. આવું બધી સભાની વચમાં ચરિત્ર કર્યું.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ કહે છે — સર્વે વર્ણિઓ સંતો તથા સર્વે ગૃહસ્થ નરનારીજનો બધાંય મારાં કહેલાં વચનોને પ્રમાણરૂપ માનજો. આ વાસુદેવાનંદવર્ણિને મારી જગ્યાએ માનજો. એમની આજ્ઞાને દૃઢતાથી માનજો. વર્ણિને મારી સમાન જ જાણજો. આમ કહીને બધી સભાના સદસ્યોને શ્રીહરિ વર્ણિને પગે લગાડતા હતા. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ લોયાધામમાં લોકોના મનને ભાવતી લીલા કરતા હતા. પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ જેમના દિલમાં કાયમ નિવાસ કરે છે એવા પુરુષોત્તમ પ્રભુ રાજી થઈને વર્ણિને પોતાની ગાદી ઉપર બેસાડી ગાદીપતિ બનાવ્યા તેને આખી સભાજનોએ જોયું તથા પ્રભુએ પોતાના હાથે આરતી કરીને પોતાના અંશરૂપે ગાદી ઉપર બેસાડીને કહે, આમને મારી માયા અડતી નથી. એવા નિર્લેપ છે. કવિ અવિનાશાનંદ તે જ મારા ગુરુ મારા બધાં પાપોને બાળનારા છે. વાસુદેવ જેમનું નામ છે એવા બ્રહ્મચારીએ ઘનશ્યામ સુખના ધામને રાજી કર્યા. બ્રહ્માએ રચેલ બધા જગતની અંદર રહેવા છતાં માયા નથી લાગતી. બાંધતી નથી એવા પરમકૃપાળુ ચંચળમૂર્તિ ગરીબ ઉપર નિત્ય પ્રત્યે દયા કરનારા, જે માન અભિમાનથી રહિત જેમને શરીરમાં ક્યારેય

કામવૃત્તિ આવતી જ નથી તથા ક્રોધાદિક અધર્મ સર્ગ ક્યારેય સ્પર્શ જ નથી કરતો જેમ સૂર્યનારાયણની પાસે અંધારું નથી આવતું તેમ તે વાસુદવાનંદ મુનિ પાસે અધર્મસર્ગના દોષો નથી આવતા. એવા મહાન વર્ણિરાજ તેજ પોતે વાસુદેવાનંદમુનિ નામના જેમને ધર્મનંદન મહાપ્રભુ સુખધામે પોતાની ધર્મની ગાદી ઉપર પધરાવીને લીલા કરી. ત્યારે આકાશમાં બહુ જ મોટો જયજય નાદ થયો અને સર્વ દેવમંડળ બહુ જ સુખ પામ્યું. આનંદમાં દુંદુભિ વગાડતા હતા. ચંદનપુષ્પનો બહુ જ વરસાદ કરતા હતા. પ્રભુના ગુણને ગાતા હતા એવા અવિનાશી અનવાદ્ય જગતના નાથ અક્ષરાતીત અનંતમૂર્તિ મહારાજે પોતાની ગાદી ઉપર વાસુદેવને બ્રહ્મચારીને બેસાડ્યા. એના મહિમાનું વર્ણન કરતાં કરતાં શારદા શેષ ક્યારેય પાર નથી પામતા. તો પછી મતિમંદની બુદ્ધિમાં તો આવે જ ક્યાંથી ? એનું શું કહેવું જ તે અવિનાશાનંદ પણ અપૂર્ણ જ રહે છે. હે રાજન્ ! બધી જ વાતો બુદ્ધિ અનુસાર પ્રગટ પ્રભુની લીલા ભાવથી ગાઈ છે તેને જે કોઈ પ્રેમથી ગાશે સાંભળશે તે નરનારી પ્રભુના પરમધામને પામશે જ. આવી રીતે ચપલ નયન મનોહર ચંદ્રસમાન મુખકમળવાળા લોકોનાં ચિત્તને ચોરનારા હરિએ ચરિત્રો કરીને ભયહરન મહારાજ મોટાભાઈની વાતોને દૂર કરતા હતા.

હે રાજન્ ! મોટાભાઈ રામપ્રતાપ અને ઘનશ્યામ પ્રભુના સંવાદનું વર્ણન કર્યું તથા વાસુદેવ વર્ણિનું પોતાની ગાદી ઉપર બળથી બેસાડ્યા. તે મહાચરિત્રનું વર્ણન કર્યું. આખા જગતમાં પ્રભુનો જયજયકારનો નાદ થયો. ભયહારી પ્રભુને જોઈને દેવો બહુ જ આનંદ પામ્યા. આવી રીતે આ સાતમા અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી વાસુદેવાનંદ વર્ણિને પોતાની ગાદી ઉપર શ્રીહરિએ બેસાર્યા એનું વર્ણન કર્યું એ નામે સાતમો તરંગ પૂર્ણ થયો. ॥૭॥**

# તરંગ-૮

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! બ્રહ્માંડાધિપતિ બ્રહ્માદિ દેવો પ્રભુના ગુણને ગાયા કરે છે. તે જ મહારાજ બ્રહ્માંડમાં વિચરીને ભૂમંડળના દુષ્ટ અસુરોનો નાશ કરે છે. એવા મહાપ્રભુનાં લીલાચરિત્રો મને કહેવા કૃપા કરો. પ્રગટ પ્રભુના મનોહર સુખદાયક ચરિત્રો સાંભળવામાં મારા મનમાં બહુ જ રૂચિ થાય છે તેથી હે ગુરુમહારાજ ! લોયાગામેથી મહારાજ શ્રીહરિ કયા ગામે પધાર્યા તે બધી લીલા વિસ્તારથી મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન ! ભૂમિનું સંચાલન કરનારા તમે છો ભગવાન ધર્મનંદનના તમો ચરિત્રો અને ગુણને પૂછો છો તેથી ધન્ય છો. પ્રગટ પ્રભુના ચરિત્રો સાંભળવા માટે તમારા મનમાં લાલસા રહે છે. હવે હું ભગવાનનાં બધાં જ ચરિત્રો કહું છું. તમે તેને ધ્યાનથી સાંભળો. લોયાપુરમાં ભક્તોને આનંદ કરીને પરમ પવિત્ર પ્રભુ લોયાથી બીજે ગામે ગયા તે કહું છું. શ્રીહરિએ વાસુદેવાનંદ વર્ણિરાજને ભક્તજનોનાં કલ્યાણ કરવા માટે ગાદીપતિ બનાવીને ઘનશ્યામનાથે પોતાના જેવા જ નિર્ધાર કર્યા. સૌ સંતોની સાથે સંતોને શિક્ષાકારક કર્યા. સૌ સંતો વર્ણિઓએ વર્ણિ આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. ગુરુમંત્રની દિક્ષા ધારણ કર્યા. મહાપ્રભુ કમળનયને આવી રીતે સુંદર ચરિત્ર કર્યા. ભક્તને સર્વાંતર્યામિપ્રભુ સુખરૂપ થતા હતા. પ્રભુએ કરેલો સંકલ્પ મોટાભાઈના ઉરમાં સમાઈ ગયો. પ્રભુએ પોતાનો અદ્‌ભૂત પ્રતાપ પોતે જ

જણાવ્યો. પછી મહાપ્રભુ ચાલવા માટે ઉતાવળા થવા લાગ્યા. ત્યારે **મહાનુભાવાનંદ** મુનિ હરિને કહેતા હતા. હે સંતોના સ્વામી મહાપ્રભુ આપ સાંભળો હજી ચારથી પાંચ રસોઈ કરવાની રહે છે તેથી અત્યારે તો ચલાશે નહીં. એ વાતનો સાર આપને કહું છું. માટે હે મહાપ્રભુ ! આપ વિચારો. મહારાજ વાત સાંભળીને **મહાનુભાવાનંદમુનિ** કહે તમે સાંભળો. મારાં વચનોને ઉત્સાહ કરીને પ્રેમથી સાંભળો. જે હરિભક્તો નવા હોય અને તેઓને ભાવ હોય તેમની રસોઈ સવારમાં લઈ લઈશું. અને લીંબડીના હરિભક્ત **નરભેરામ** ભક્ત છે તે બધા નવા છે એમ માનજો. એમની જો રસોઈ કરવાની હોય તરત જ લઈ લેજો. આવી રીતે મનમાં બહુ જ ધીરજ રાખીને મારાં વચનો ધારણ કરજો. અને બીજા જે હરિભક્તો છે. પ્રેમીભક્તો દેખાય છે તે જો નિર્માનિ હોય અવગુણ ન લે એવા હોય તેમની રસોઈનું ભાતું કરી લેવાનું આ વાત હું તમને સાચી જ કહું છું. તમારે તે રીતે કરવાનું કહું છું. ઘનશ્યામ પ્રભુએ જેવી રીતે કહ્યું તે જ રીતે મહાનુભાવાનંદમુનિ કરતા હતા. **અંકેવાળિયા** ગામના રહેવાવાળા **ખેમા પટેલ** બહુ જ સારા પ્રેમાળ હરિભક્ત છે. બહુ જ ઠરેલા મનવાળા તથા બીજા ભક્ત **જીવા મકવાણા** કહેવાય છે તેઓના તરફથી રસોઈ કરીને તેનું ભાતું તૈયાર કર્યું હતું તેનાથી પ્રભુ મનમાં બહુ જ રાજી થયા. પોતાના ભક્તજનને સુંદર મધુર પ્રેમવચનો કહેતા હતા. તમે બધાય સાંભળો. અમારી મનોહર મધુર વાર્તા સુંદર કહું છું. માર્ગ માટેનું ભાતું તૈયાર કર્યું. તેને બધા ભક્તસમાજ જાણતા હતા તે બનાવેલાં ભાથાંને સર્વના પાપને બાળવાના હેતુથી સૌ સંતો જમતા હતા. સુખ કરતા હતા.

આવી રીતની પ્રભુની લીલાની વાત સાંભળીને ભક્તો સૌ રાજી થયા. બહુ જ સારી ભાવનાથી સેવા કરી. તેનાથી ભવબંધનના ભાવને તોડનારા ભયહારી મહાપ્રભુના ચરણકમળને સૌ દેવો સેવા કરવા તત્પર જ રહે છે. સર્વના અંતર્યામી મહાપ્રભુ **લોયાપુરમાં** આવી રીતે અદ્‌ભૂત લીલા કરીને ધર્મનંદન અકામી પ્રભુ સુખના ધામે **સુરા ખાચર** ભક્તને બહુ જ સુખ આપ્યાં. નવીનનાથના નેત્રથી દર્શન કરીને પ્રેમીજનો મનથી પૂર્ણ કામ થયાં. દઢતાથી નમન કરીને પ્રભુની સ્તુતિ કરી પૂજા કરતાં હતાં. ભવબંધનનાં સંકટથી મુક્ત થતાં હતાં. ચંદન ચર્ચીને સુંદર પુષ્પના હારો પહેરાવ્યા. અંગોઅંગ ઉપર ચંદન અર્ચીને સુખદાઈ પ્રભુને રાજી કર્યા. પુષ્પના બાજુબંધ તોરા બહુ જ બનાવીને ધરાવ્યા. અંગોઅંગ ઉપર ફુલના આભરણ પહેરાવ્યાં. આવી રીતે નખથી શિખાપર્યંત સુંદર શોભા કરીને નવીન બનાવ્યા. જેમના ગુણને ગાતાં શારદા શેષ પણ પાર નથી પામતાં. જેમના પ્રભુની ભ્રૂકુટિ કામદેવના ધનુષ્ય સમાન વાંકી હતી. સુંદર છૂટા કેશ શોભતા હતા. મુખકમળ શરદપૂનમના ચંદ્રમાની સમાન શોભતું હતું. મુખ ઉપરના લાલ અધર ઓષ્ટ શોભતા હતા. આવી મનોહર છબી હૃદયમાં ઉતારતા હતા.

આવી રીતની મહાપ્રભુની મનોહર છબી નિરખીને **સુરાભક્ત** પોતાની મતિ પ્રમાણે સ્તુતિ કરતા હતા. હે કૃપાળુ ! આશ્રિતજનોના ભયને મુકાવનારા મનોહર કમળના પત્ર સમાન નેત્રકમળવાળા પ્રભુ આપનો જયજયકાર થાય. સૌ જનો ચંદ્રસમાન તેજાયમાન મુખકમળમાં તે સૂર્યસમ તેજથી કર્મને હરનારા સર્વના પાપના સમુહને બાળતા થકા સર્વ સંતજન શોભતા હતા. સંતોને સુખ દેતા હતા. હે પ્રભુ ! આર્ષ ભક્તજનોના ભયને હરનારા શરણે આવેલા ભક્તને સુખ દેનારા ઘનશ્યામ પ્રભુ સંતરૂપી કમળવનને સૂર્યનારાયણની સમાન પોષણ કરનારા છો. આપ જયજયને પામો. માયાના સ્વામી નિયંતા સર્વજનના મનને હરનારા, ભક્તજનોનાં કલ્યાણનાં કામ કરનારા, મોક્ષ દેનારા જીવોનાં કલ્યાણ કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. એવા હે ઘનશ્યામ પ્રભુ ! આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! હું પ્રેમથી આપની પાસે માંગું છું તો આપ મને

આપનો દાસનો દાસ જાણીને મને વરદાન દેજો. કમળનના ફૂલનાં જેવાં કોમળ આપનાં ચરણકમળની સતત સેવા કરતો રહું એવી કૃપા કરજો. આવી રીતે પોતાના એકાંતિક ભક્તની સ્તુતિ સાંભળીને દેવના દેવ મહાપ્રભુએ ચરણકમળની દઢભક્તિ આપી ભક્તને મનવાંછિત મનોરથ પૂર્ણ કરીને મનમાં આનંદ પામતા થકા પ્રયાણ કરતા હતા.

હે રાજન્ ! મહાપ્રભુ રાજકોટ શહેરમાં પધાર્યા ત્યારે ભક્તસમાજ સૌ રાજા સાથે ભેટસામગ્રી લઈને આવ્યાં હતાં. નરનારીજનો યોગ્ય રીતે ગાતાં વગાડતાં આવ્યાં. જાતજાતનાં વાજિંત્રોમાં ઝાંઝ પખવાજ વગાડતાં થકાં સુંદર શોભા કરતાં થકાં ઘનશ્યામ પ્રભુની પાસે આવ્યાં. આવીને પ્રભુને દંડવત્ પ્રણામ કરીને નિરખીને દર્શન કર્યાં. નિર્મળ મનનાં નરનારીજનો આનંદ પામ્યાં. હે રાજન ! તે આવેલ જનોનાં મુખ્ય નામ કહું છું તેને તમે સાંભળો. મંગળ કરનારા ભવદુઃખને દૂર કરે એવા વિપ્ર વર્ગો ગોવિંદરામ પ્રસિદ્ધ, મહાદેવ ભક્ત એમણે ભક્તિથી જગતને વશ કરી દીધું છે એવા મહાન આવ્યા. બીજાવાલા **કડિયા** નામના ભક્ત કહેવાય છે તે પરમભક્ત ભક્તિથી જોતા હતા. **માંડણભક્ત, રણછોડભક્ત, કરશનભાઈ, કરસનજી, પાંચાભાઈ, પ્રેમી જેરામભાઈ, દેવરાજભાઈ, દેવકરણભાઈ, મંગળજી, જેરામભાઈ** તથા **માનબાઈ, કેસરબાઈ** આદિ બાઈઓ ગાતાં થકાં આવ્યાં. એ આદિક હરિજનો સૌ આવ્યાં હતાં. પ્રભુનો સુંદર રીતે સત્કાર કરીને પુરમાં લાવ્યાં. પ્રભુને રસોઈ કરીને થાળ જમાડ્યા. સંતોને જમાડ્યા. તેથી પુનિતજનો પરમસુખને પામતાં હતાં. શ્રીહરિ મહારાજ **રાજકોટમાં** એક દિવસ રોકાઈને પછી ત્યાંથી પ્રયાણ કરતા હતા. ચાલીને **ગોંડલ ગામે** ત્યાંના ભક્તોના ભયને તોડવા પધાર્યા. હે રાજન ! પ્રેમીભક્તો શ્રીહરિ આવ્યા છે. તેવું **જાણીને સામા ગયા.** સન્માન કરીને પુરમાં પ્રેમથી લાવ્યા. કમલનયન પ્રભુનું સુંદર રીતે ભાવથી સન્માન કરતા હતા. ભક્તજનોએ સુંદર રીતે રસદાર રસોઈ બનાવીને સૌ સંતોની સાથે જ શ્રી ઘનશ્યામ પ્રભુને સારી રીતે જમાડ્યા. જમીને પૂર્ણકામ અકામ પ્રભુ ત્યાંથી ચાલવા માટે તૈયાર થયા.

સવારમાં વહેલા પ્રભાતમાં ભગવાન સંતોની સાથે ચતુરવર ચાલતા થયા. **મહારાજ** માણકી ઘોડી ઉપર બેઠા. સંતો સમાજ સાથે પ્રયાણ કરીને ચાલ્યા. ચાલતાં ચાલતાં મનમોહન પ્રભુ સુંદર રીતે ખેલ કરીને બહુ જ સુખ દેતા હતા. હરિના શિર ઉપર મેઘાડંબર છવાયેલો હતો ત્યારે પ્રભુ માર્ગમાં બહુ જ કૌતુક આશ્ચર્ય કરતા હતા. માર્ગમાં ચાલતાં દૂરથી (ગિરનાર) રેવતગિરીની ઝાડી તળેટીમાં જોતા હતા. તથા ગિરિકંદરા કોતરોમાં સુંદર ઝડી બહુ જ ઘાટી જોતા હતા. તથા પર્વતનાં શિખરો બહુ જ સુંદર રીતે શોભતાં હતાં. તે સુંદર શિખરો આકાશને અડતાં હતાં. પર્વતમાંથી પાણીનાં ઝરણાં ઝરતાં હતાં. તેનાથી શ્યામ સફેદ આકારો શોભતા હતા. તે પર્વત ઉપર દેવોનાં મંદિરો સુંદર રીતે શોભતાં હતાં તેવી પર્વતની શોભાનો પાર આવે તેમ નથી. તે પર્વતમાં સિદ્ધોનાં સ્થાનો શોભતાં હતાં. વાવો, કૂવાઓ, તળાવો, તલાવડીઓ શોભતાં હતાં. ફૂલની સુગંધવાળો પવન વાતો હતો. ઋષિજનોનાં આશ્રમો સુંદર રીતે શોભતાં હતાં. મોર, પક્ષીઓ, ચકોર, કોયલ, ચકલીઓ, રાજહંસો, બતકો વિગેરે સુંદર રીતે ધીરેથી જુદાજુદા શબ્દો કરતાં હતાં. તે જાણે સંબંધીજનને બોલાવતા ન હોય ? કલરવ કરતાં હતાં. દેવસ્ત્રીઓની સાથે તે પર્વતની શોભા વધતી હતી. પર્વતની શોભા પુરા કાળથી પૃથ્વીએ ધારણ કરેલ છે. તેથી શોભા બહુ જ થતી હતી. પર્વતરાજની શોભા જોઈને સંતોની સાથે **જુનાગઢમાં** મહાપ્રભુ પધારતા હતા. સંતોથી શોભા બહુ જ વધતી હતી. ભક્તજનના ઘરમાં મહાપ્રભુ ભયને હરનારા સુંદર રીતે ભોજન જમતા હતા. પછી સંતોને જમાડતા હતા. બહુ જ પ્રેમથી આગ્રહ કરીને ખૂબ જમાડતા હતા. આનંદ

દેતા હતા. પ્રીતમ પ્રાણ પ્રભુએ જુનાગઢમાં સૌ સંતોને જમાડીને પોતાના આશ્રિત ભક્તજનોના મનના ભાવને પૂરા કરીને પ્રાણપતિ પ્રાતઃકાળમાં પ્રયાણ કરતા હતા. માર્ગમાં જનસમુદાયની સાથે જતા હતા. જાતજાતના ખેલને કરતા થકા જતા હતા. ખેલ કરીને ભક્તજનોને હસાવતા હતા. શ્યામ સુજાણ લોકોને રાજી કરતા હતા. આવી રીતે ઉમંગથી ખેલ કરતા થકા અવિનાશી પ્રભુ હાસ્યની સાથે ચાલતા આવ્યા ને દૂરથી **પંચાળાપુરને** જોતા હતા. હરિને આવતા જોઈને હરિભક્તો સામા આવ્યા. **ઝીણાભાઈ** હેતથી હરિને જોતા હતા. હરિની સામે હરિભક્તો આવ્યા અચળમૂર્તિ ચિત્તને ચોરતા હતા. **હેમંતસિંહરાજા** સમાજની સાથે બહુ જ વાજાં વગાડીને પ્રભુને પુરમાં પધરાવ્યા. ભક્તોના અંગમાં ઉમંગ માતો જ ન હતો એવા આનંદમાં રાચતા હતા. સુંદર બુદ્ધિવાળા તે કુટુંબસહિત હેમંતસિહ હેતસહિત મહારાજની સેવામાં હાજર રહેતા હતા. શ્રદ્ધા પ્રેમ સાથે સેવા કરતા હતા.

શ્રી ધર્મનંદન મહાપ્રભુએ **લોયાથી** પ્રયાણ કરી **રાજકોટ** નગરે પધાર્યા. પ્રેમીભક્તોએ સુંદર સામૈયું કરીને સુંદર સરભરા કરી સર્વેને જમાડ્યા. **રાજકોટથી ગોંડલ** પધાર્યાં. ત્યાંથી **જુનાગઢ** થઈને મહારાજ **પંચાળા** પધાર્યા. આવી રીતે આ આઠમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુના લહરી રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ લોયામાં લીલા કરીને પછી પંચાળે જવા પ્રયાણ કર્યું. એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ આઠમો તરંગ પૂર્ણ થયો. ॥૮॥**

## તરંગ-૯

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમ પ્રકાશ થાય છે તેનાથી અંધકાર નાશ પામે છે. ચંદ્રસમાન મનોહર મુખકમળથી અજ્ઞાન અંધકારનો નાશ થાય જેમ પ્રકાશ પાસે રાત્રિ નથી જતી તેમ અજ્ઞાન અને દોષો પ્રભુ પાસે નથી જતાં. શ્રીહરિ મહાપ્રભુએ પંચાળામાં કેવી કેવી મનોહારી લીલા કરી છે તે મને કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે સુંદર પવિત્ર બુદ્ધિવાળા આનંદરાજા ! તમે પ્રગટ પ્રભુના અલૌકિક ચરિત્રો પૂછો છો. જે ચરિત્રો જગતની બધી જ જંજાળ તોડીને મુક્તિ કરનારા છે તે ચરિત્રોને સાંભળવા માટે પૂછો છો તે કહું છું. જ્યારે મહાપ્રભુ જગતવંદ્ય સર્વે સંતો ભક્તોની સાથે પ્રભુ પધાર્યા ત્યારે તે રાજા શરીરનું ભાન ભૂલીને પ્રભુમય થઈ ગયા. તે પંચાળાના રાજાનું હિમતસિંહ સુંદર નામ હતું. પ્રભુના પરમ એકાંતિક પ્રેમીભક્ત હતા. પ્રભુના સ્મરણ વગર એક પળ પણ વ્યર્થ નથી છોડતા એવા પરબ્રહ્મ પ્રગટ પ્રભુને ઓળખ્યા. એમના દૃઢ આશ્રયવાળા છે. હે રાજન્ ! શ્રીહરિ પ્રેમથી પંચળાના રાજા એકાંતિક ભક્ત હતા. તેથી ભાવને વશ થઈને પ્રભુ પોતે જ ભક્તજનો, સંતોનાં સમાજની સાથે પંચાળા પધાર્યા. મહાપ્રભુએ રાજદરબારમાં મુકામ કર્યો. પ્રેમીભક્તના ભાવને જાણીને થાળ જમ્યા. સંતોને જમાડ્યા. જેમના નામને અગણિત મુક્તો ગાયા જ કરે છે. જપ્યા જ કરે છે. મહારાજે દેશોદેશના સત્સંગીઓને તેડાવ્યા. તે હરિભક્તો ફૂલડોળના ઉત્સવ ઉપર આવ્યા. તેમાં સંતો વર્ણિઓ પાર્ષદો હરિભક્તો સૌ બાઈ ભાઈ આવ્યાં હતાં ઉમંગથી લાલ, ગુલાલ, કેસરી, પચરંગી રંગો તૈયાર કર્યા તેનાં અનેક પાત્રો ભર્યાં. લાલ ગુલાલ મંગાવ્યો. બધો સામાન બહુ જ તૈયાર કરાવ્યો.

એક દિશામાં મુનિઓ બ્રહ્મચારીઓ ઊભા રહ્યા. એક બાજુ હરિભક્તો નરનારીજનો અલગ ઊભાં રહ્યાં. એકબાજુ મહારાજ શ્રી ઘનશ્યામ અને પાર્ષદો ઊભા રહ્યા હતા. મહારાજ સેવકોની સાથે ઉમંગથી ઉભા હતા. સુંદર વસંતી કેસરી રંગનાં વસ્ત્રો ધારણ કરીને પ્રભુની છબી અદ્‌ભૂત રીતે શોભતી હતી. કરોડો કામદેવની શોભાને ઝાંખી કરે તેવા શોભતા હતા. ભયહારી પ્રભુની વાંકી ભ્રૂકુટિ બહુ જ શોભતી હતી એવા મનોહર ભાવથી પ્રભુ શોભતા હતા. પ્રભુનું મુખકમળ ઔષધિ પોષક ચંદ્રમાં જેવું શોભતું હતું. લલાટ પ્રદેશની શોભા બહુ જ હતી. નાશિકા દીવાની જ્યોતની માફક શોભતી હતી. હે રાજન ! પ્રભુના અધર ઓષ્ટો અરુણની સમાન લાલ જોઈને લાજતાં હતાં એવા સુંદર બીંબથી જાણે પરવાળાનાં જેવું શોભતું હતું. બંને ભુજાઓ ભક્તજનોના ભવ ભયને હરતાં હતાં એવા કરુણા કરીને હાથમાં પ્રભુએ પિચકારી ધારણ કરી હતી. મસ્તક ઉપર મહાપ્રભુએ સફેદ પાઘને ધારી હતી તે પાઘ ડાબે પડખે ઝુકેલી શોભતી હતી. સુંદર પાઘ ઉપર પેંચ શિર ઉપર શોભતાં હતાં. પ્રભુએ કટિ ઉપર સ્વચ્છ મનોહર કચ્છને બાંધ્યું હતું. મનને મોહ પમાડતું હતું.

આવી રીતની અદ્‌ભૂત શોભાને ધારીને અજીત મહાપ્રભુ રંગ છાંટતા હતા. મદોન્મત્ત હાથી સૂંઢમાં ભરીને જેમ પાણી છાંટે તેમ એકલા મહાપ્રભુ રંગ ઉડાડતા હતા. શ્રીહરિ પિચકારીઓ ભરીભરીને બહુ જ વેગથી સંતોને રંગ નાંખીને ભીંજવતા હતા. સંતોની ઉપર રંગ નાંખતા જોઈને સૌ નરનારીજનો દર્શન કરતાં હતાં. હે રાજન્ ! આવી રીતે સર્વના ભયને હરનારા ઘનશ્યામ પ્રભુ સર્વ મુનિજનોની સાથે પિચકારીઓ ભરીભરીને રંગ નાંખીને ઉમંગ વધારતા હતા. રસથી ભરપૂર રસબસ કરીને સૌ મુનિજનો સહિત સર્વ સમાજને રમાડતા હતા. તેનું કેવી રીતે વર્ણન કરું તેની ઉપમા દેવા માટે કોઈ મારી પાસે કોઈ શબ્દ જ નથી એવી અદ્‌ભુત લીલા કરી. તેનાથી બંને પક્ષમાં ચપલ નયન પ્રભુ એવો અદ્‌ભૂત ખેલ કરતા હતા. તે જાણે અખાડામાં ખેલ ન રમતા હોય ? તેમ ઘડા ભરીભરીને ભક્તો ઉપર અને સંતો ઉપર સુખકારી પ્રભુ રંગ નાંખતા હતા. સૌ સંતો હરિની સામે હાર પામીને હરિના મનને હરખાવીને કબુતરની ઉડવાની રીતે કરીને સૌ સંતોએ એક જ સાથે ચડાઈ કરીને એક જ સાથે ઓચિંતા રંગનાં માટલાં ભરીને પ્રભુ ઉપર એક જ સાથે ઢોળતાં હતાં. મંચ ઉપરથી હાથ પકડીને શ્રીહરિને નીચે ઉતાર્યાં. હરિના પક્ષનાં બધાં હારી ગયાં. આવી રીતે પ્રભુ આનંદદાયક ખેલ કરીને ગામ પંચાળામાં આનંદ કર્યો. પછી પ્રભુ નદીમાં સ્નાન કરી સંતોની સાથે જળલીલા કરીને નવાં વસ્ત્ર ધારણ કરીને દરબારગઢમાં પધાર્યા. થાળ તૈયાર છે એ પ્રમાણે જાણીને ભક્તજન સમાજને રાજી કરવા જીવનપ્રાણ થાળ જમ્યા. ભક્તના ભયને ભાંગનારા ભગવાને સૌ સંતોને પંગત કરવાની આજ્ઞા કરીને ઘનશ્યામ પ્રભુ પ્રીતથી સંતોને જમાડતા હતા. આવી રીતે શ્રીહરિ કરુણા કરીને સુંદર રીતે જમાડીને આનંદ આપતા હતા. ત્યારપછી સુખકંદ મહારાજે સુંદર સભા કરી પ્રભુ પોતાના ઊંચા આસન ઉપર વિરાજમાન થયા. સર્વ ઈશ્વરોના ઈશ્વર સર્વ ધામના ધામી મહાપ્રભુ સર્વે ભણનારા સંતોને કહે હવે અમારી પાસે તમે સૌ એક એક આવીને કથા કરો. આમ સભાની વચમાં સર્વ સંતોની પરીક્ષા કરતા હતા. પ્રભુનાં વચન સાંભળીને એકએક ભણનાર સંત આવીને પ્રભુ પાસે કથા વાંચતા હતા. આવી રીતે મહાપ્રભુ લીલા કરતા હતા. આનંદ દેતા હતા.

મહારાજે વાસુદેવાનંદ બ્રહ્મચારીની પ્રીતથી પૂજા કરી. શ્રીહરિએ પંચાળામાં ફરીથી સ્નેહથી ચરિત્ર કરીને. બ્રહ્મચારીને પોતાની ગાદી ઉપર બેસાડ્યા. ચરણ ધોઈને ચરણોદક મહાપ્રભુએ પોતે લીધા. આરતી ઉતારી. વાસુદેવાનંદ બ્રહ્મચારીનું બીજું નામ ફરીથી સુખધામ પ્રભુએ કહ્યું કે આ વાસુદેવના આવિર્ભાવ છે એ પ્રમાણે તમે સમજશો. આ મૂર્તિમાન વાસુદેવ છે એમનું નામ અમે વાસુદેવાનંદ પાડેલ છે. તેથી સૌ સંતો એમને

વાસુદેવાનંદના નામથી જ બોલાવે છે તે એમના ગુણ તેવા વાસુદેવ નારાયણ જેવા જ છે. સમાન જ છે એમ જાણજો. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ કહેતા હતા. તેને બધા જ સભાજનો સાંભળતાં હતાં. તે જાણતાં હતાં કે જગદીશ મહાપ્રભુનાં વચનો જે છે, તે પ્રભુનાં ચરિત્રોને શારદા તથા શેષજી હજાર મુખે ગાયા કરે છે તોય પાર નથી પામતા. એવા માયાના સ્વામી બ્રહ્માંડોના કરનારા મહાપ્રભુના રોમેરોમમાં અનંત બ્રહ્માંડો ઉડે છે એવા અક્ષરધામાધિપતિ ઘનશ્યામ પ્રભુ સદાય સ્વતંત્ર પૂર્ણ કામ સુખધામ પોતે જ છે. જેમની વાંકી ભ્રૂકુટિથી કાળ ભય પામે છે એવા આખા જગતના કર્તા સર્જતા પાલન કરતા નાશ કરતા પોતે જ છે. એ પ્રભુને અનંત મુક્તો અનાદિ કાળથી ચરણકમળની સેવાભક્તિ કર્યા જ કરે છે. વેદો ઉપનિષદો પુરાણો કરોડો વર્ષથી ગાયા જ કરે છે. જડ ચૈતન્ય એવાં જગતનાં જીવો તત્ત્વોનો ઉદ્ધાર કરવા માટે ધર્મદેવના ઘેર પ્રભુ પ્રગટ થયા. તેજ પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુ લોકોનાં સુખ કરવા માટે બહુ જ સારાં કાર્યો કર્યાં છે તે વર્ણિ તમે સાંભળો. આપને જગવિહારી પ્રભુએ બહુ જ મોટું સ્થાન આપ્યું છે અને આપને સત્સંગના મહા મોટા અધિકારી કર્યા છે. આવી રીતની ઊંચી પદવી અનંત પ્રભુએ આપને દીધી છે તોય બટુકવર્ણિ હાથ જોડીને વચનો કહેતા હતા. હે પ્રભુ ! શરણે આવેલાના ભયને હરનારા હે નાથ ! આપ મારી વિનંતીને સાંભળો. હે પ્રભુ ! આપની માયા તો આખા જગતમાં ચારેબાજુ વ્યાપેલી જ છે. તેથી મોટા બ્રહ્મા જેવા સૌને ખાઈ ગઈ છે. હે પ્રભુ ! તમારી માયા છે તે સૌ દેવો મનુષ્યો મુનિજનો સામાન્ય માનવી જડ ચૈતન્ય આદિ જગતમાં રહેલાં જીવતત્ત્વ તે બધું માયાના ભ્રમમાં ભમ્યા કરે છે. અનેક પ્રકારની પીડાને પામે છે. એવી આપની માયાથી હે પ્રભુ ! અમારી રક્ષા કરજો. એ આપની પાસે જાહેર વરદાન માંગું છું. તેથી મને આપનો દાસ જાણીને આપના દાસને વરદાન આપો. આવી રીતે વાસુદેવાનંદ મુનિનાં વચનને સાંભળીને મહાપ્રભુ બહુ જ રાજી થયા. વરદાતા પ્રભુએ વરદાન દીધું. બ્રહ્મા શંકર દેવરાજ ઇંદ્ર દેવતાઓ સૌ મારી માયાથી મોહ પામે છે. એવી મારી માયા તે હે બટુક ! તમને નહિ પીડે. તમારામાં આ માયા બંધન નહીં થાય. જે મારી માયા જગતમાં વ્યાપેલી છે તે બધાને પોતાના બળથી નચાવે છે. તે માયા વાસુદેવાનંદ તમારામાં બંધનકારી નહીં થાય. તમારામાં ક્યારેય વ્યાપશે નહીં. જે મારી માયાએ મોહ પમાડીને માર્કંડ મુનિને બંધનમાં નાંખ્યા એ મારી માયા તમારા અંગોમાં ક્યારેય નહીં વ્યાપે માટે નિશ્ચિત રહો. તમને કોઈ જાતનું બંધન નહીં કરે.

આવી રીતે માયાના સ્વામી સ્વામિનારાયણ ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળીને વર્ણિ વાસુદેવાનંદ રાજી થઈ ગયા. પ્રભુના વખાણ કરીને સ્તુતિ કરતા હતા. હે પૂર્ણકામ પ્રભુ સુંદર શ્યામ હરિ આપનો જયજયકાર થાય. ભક્તજનોના ભવબંધનનાં ફેરાનાં બંધન હરનારા પરમસુખ દેનારા નિષ્કામ ભાવથી સેવાતા ભક્તિ ગ્રહણ કરતા એવા હે પ્રભુ સહજાનંદ હરિ જય જય પામો. શરણે આવેલા જીવને તારનારા સર્વ જગતના કારણ એવા કામના મૂળનું નિકંદન કરનારા, કામના બંધનને તોડીને ભૂમિના ભારને હરનારા એવા સહજાનંદ પ્રભુ આપ જયજયકારને પામો. પૃથ્વી ઉપર વિચરણ કરીને પાપના બંધનને તોડનારા, જ્ઞાની બુદ્ધિવાનજનોથી વંદન કરાયેલા, જેમના ગુણને બ્રહ્માદિ દેવો શંકર સતત ગાયા જ કરે છે, એવા સહજાનંદ પ્રભુ આપનો જય જય થાઓ. અવતારોના અવતારી અતિશય સુખ કરનારા, પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારીને સ્વતંત્ર રીતે વિચરનારા, એવા પ્રભુ આપના ગુણને વ્યાસ આદિક કવિજનો જે ગાય છે ને આનંદ પામે છે એવા સહજાનંદ સ્વામી આપનો જયજયકાર થાઓ. જગતમાં રહેલા કામી હરામી દુષ્ટ જેવાને વશમાં કરનારા સુખકંદ મહાપ્રભુ જયકારને પામો. પૃથ્વી ઉપરથી અધર્મને ઉથાપીને એકાંતિક ધર્મને સ્થાપન કરનારા એવા

સહજાનંદ સ્વામી જયજયકારને પામો. હે પ્રભુ ! આપના અદ્‌ભૂત મહાપ્રતાપ રૂપ મહિમા અને આપનાં ગુણ ચરિત્રને સતત શારદા, વેદ, છંદો ગાય છે એવા જય પામો. હે પ્રભુ ! આપે પોતાના હાથેથી પકડીને પોતાના હાથે પોતાના સ્થાને મને સ્થાપના કરી, એવા સહજાનંદ સ્વામી આપનો જય જય થાઓ. હે મદમસ્ત રૂપ મદને ઝરતા એવા મહાન મૂર્તિ આપ ક્યાં, અને હું તો એક નાની કીડી જેવો સૂક્ષ્મ જીવ પામર ક્યાં, તોય આપે આ જગતમાં મને આપના સમાન કર્યો છે. એવા ઉદાર મૂર્તિ સહજાનંદ સ્વામી જયજયકાર પામો. હે પ્રભુ ! શ્રીહરિ આપ અવિનાશ કવિના ઉરમાં વાસ કરો. નિવાસ કરીને દિલનાં દુઃખદર્દનો નાશ કરો. પોતાનો દાસ જાણીને આપની સમીપમાં વાસ આપો એવા સહજાનંદ સ્વામી જયજયકારને પામો. આવી રીતે વર્ણિ વાસુદેવાનંદજીએ સ્તુતિ કરીને રાજી કરી દીધા. તેથી ભગવાન રાજી થઈને કોમળ કમળનયન ભગવાને વાસુદેવનંદ મુનિને ભેટ્યા.

શ્રીહરિ પંચાળામાં નિવાસ કરીને નિત્ય પ્રત્યે મનોહર અદ્‌ભુત લીલાઓ કરતા હતા. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ સર્વના મનને બહુ જ આનંદ આપતા હતા. ધર્મનંદન મહાપ્રભુ પંચાળામાં પધારીને ત્યાં નિવાસ કરીને સુંદર રીતે ફૂલડોલનો ઉત્સવ કર્યો. સંતો ભક્તોની સાથે રંગલીલા કરીને બહુ જ સુખ આપ્યાં. ખેલ કરીને બહુ સુખ દીધાં. વાસુદેવાનંદ વર્ણિનું પૂજન કર્યું ત્યારે મુનિએ મહાપ્રભુની સુંદર રીતે સ્તુતિ કરી. આવી રીતે નવીન લીલાનું સુંદર અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે નવમો તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાનાં સંવાદમાં શ્રીહરિએ પંચાળામાં ફૂલડોળનો ઉત્સવ કર્યો. વાસુદેવાનંદવર્ણિનું પૂજન કર્યું. એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ નવમો તરંગ પૂર્ણ થયો. ।।૯।।**

# તરંગ-૧૦

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જગતસ્રષ્ટા બ્રહ્માજીના પુત્ર ધર્મદેવ, ધર્મદેવના પુત્ર શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની દેવોનાં બધાં જ જુથો સતત પ્રભુની સ્તુતિ બંદગી કર્યા જ કરે છે વિધાતા જગતાધિશની વંદના કરે છે. એ મહાપ્રભુ શ્રીહરિની લીલા છે. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ આપ તેજ સર્વોપરી મહાપ્રભુનાં બધાં જ લીલા ચરિત્રો મને કહેવા કૃપા કરો. તે ચરિત્રો સાંભળવાથી અતિ પ્રેમ પ્રગટ થાય છે. તે લીલાને યાદ કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદરાજન ! ભગવાનનાં નવાં નવાં ચરિત્રોને પૂછો છો તે પ્રીતમ પ્રાણ પ્રભુનાં ચરિત્રો તમને કહું છું. તમારી બુદ્ધિ જીણી છે. તેથી ઘનશ્યામ પ્રભુના બધાં જ ચરિત્રો ઘનશ્યામ પ્રભુનાં કહું છું તે સાંભળો. શ્રીજી મહારાજે **પંચાળામાં** રહીને જે લીલા કરી. અને પ્રીતથી ભક્તોને સુખ આપ્યાં તે બધાં જ ચરિત્રો કહું છું તે સાંભળો. પંચાળામાં દેશોદેશથી નરનારીજનો આવતાં હતાં અને મહાપ્રભુના ગુણચરિત્રોનું ગાન કરતાં હતાં. ભગવાનના ભક્તો આવીને પ્રભુનાં દર્શન કરીને રસોઈઓ આપતા હતા. સંતોને જમાડીને હરિ રાજી થતા હતા. ભક્તો આનંદ પામતા હતા. હે રાજન ! સંતની પંગતમાં ફરીને સૌના ફંદને હરનારા ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. આવી રીતે રોજેરોજ પ્રભુ લીલા કરતા હતા. પ્રભુ લીલા કરીને

સૌના ઉમંગને વધારતા હતા. દીનદયાળુ પ્રભુ એક દિવસ સભા કરીને સંતો પ્રત્યે કહેતા હતા કે સભામાંથી એક સંત ઊભા થાઓ. સંત સુંદર રીતે વાતો કરો. વિવેકથી સમજાવો. ત્યારે પ્રભુની આજ્ઞા લઈને સભાની વચમાં સુંદર રીતે ધીરજથી વાતો કરતા હતા. મહિમા યુક્ત ધર્મનંદન મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ઉતારીને સમજાવતા હતા. કે જગતમાં જે જે કામ કરવું હોય તે બધું શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરીને મૂર્તિ સંભાળતાં થકાં જે કરે છે તે કાર્યસુખ કરનારું થાય છે. સારી રીતે પૂર્ણ થાય છે. આવી રીતે સભામાં બહુ જ વાર સુધી વાતો કરતા હતા. તે પુરુષોત્તમ પ્રભુનાં સાંનિધ્યમાં પ્રેમભાવથી વાતો કરી. એટલામાં સાંજ પડી ગઈ. રાત પડી ત્યારે મહાપ્રભુ મુનિજનોની સાથે લઈને સુંદર રીતે રાસ રમતા હતા. સુખકંદ મહાપ્રભુ સંતોના વચમાં રાસમાં ફરતા હતા. જેમ આકાશમાં ચંદ્ર નક્ષત્રમંડળનાં વચમાં શોભે તેમ પ્રભુ અત્રિના પુત્ર ચંદ્રમાની માફક શોભતા હતા. ઘનશ્યામ હરિ સુખ દેતા હતા. જગવંદન પ્રભુ રાસમાં ફરતા હતા. ફંદને હરતા હતા. આનંદ કંદ સુખના સાગર સ્વતંત્ર મુકુંદ હરિ અનેક પ્રકારની લીલા હતા કરતા સખાઓ તાળી દઈને સુંદર રીતે તાન તોડીને બળપૂર્વક ગાતા હતા.

હે રાજન્ ! સકળ સંતો ભક્તજન સમાજ રાસમાં ફરતાં હતાં. રાસનો શબ્દ બધો ત્રણે લોકમાં ફેલાઈ ગયો. તે શબ્દ સાંભળીને બ્રહ્મા વિષ્ણુ આદિ દેવો લીલા જોઈને મનમાં બહુ જ આનંદિત થઈ ગયા. પરબ્રહ્મ પુરુષોત્તમ મહાપ્રભુની રાસલીલા જોવા આવેલા દેવો આકાશમાં ઉભા રહીને મુનિઓની સાથે મહાપ્રભુનાં દર્શન કરતા હતા. હે રાજન ! રાસનાં દર્શન કરીને સ્થિરતાવાળાં અસ્થિર થયાં. અસ્થિરતાવાળાં સ્થિર થઈ ગયાં. આવી રીતે રાતના સમયે રાસ રમતા હતા. તેના મહિમાને ગાવા માટે કોણ કવિ સમર્થ થાય. દેવો દર્શન કરીને આનંદ પામ્યા ત્યારે પુષ્પનો વરસાદ કરતા હતા. દુંદુભિનો નાદ આકાશમાર્ગે રહીને કરતા હતા. આવી રીતે અક્ષરધામાધિપતિનાં દર્શન કરતા હતા. તેનાથી મનમાં આનંદનો પાર ન હતો. ઘનશ્યામ પ્રભુની સાથે સૌ સંતો ગરબી રાગનાં કીર્તનો ગાતા હતા. તે નાથની છબીને નરનારીજનો નિરખીને દર્શન કરતાં હતાં તે વાત તો મુખેથી વર્ણન ન કરી શકાય તેવી અદ્ભૂત છે.

આવી રીતે રાસમાં રાત બહુ જ વીતી ગઈ છે તેમ જાણીને રાસ રમતા પાર નહિ આવે એમ જાણીને કોઈનું મન પાછું વળે તેમ નથી લાગતું તેમ જાણીને કોઈકે દૂરથી ખોટી બૂમો પાડી. ચોર ચોર આવ્યા કહ્યું. ઊંચેથી પોકાર કર્યો એટલે તે સાંભળીને બહુ જ આશ્ચર્ય થયું. સૌ ચકિત જ થઈ ગયાં અને રાસ રમવામાં ભંગાણ પડી ગયો. બધા માણસો જ્યાં ત્યાં ચારેબાજુ દોડવા લાગ્યાં. ચોરની પાછળ જોવા ગયાં. કોઈએ નજરે ચોર ન જોયો. ક્યાંય દેખાયો નહિ ત્યારે જાણ્યું કે આ કોઈએ તુક્કો કર્યો છે. જીવન પ્રાણ મહાપ્રભુએ જાણ્યું કે રંગમાં ભંગ પડાવવા માટે આ ખોટા અવાજ કરીને બધાને ભરમાવ્યા છે. આમ નક્કી કરીને પ્રભુ રાત્રે શયન કરીને પોઢી ગયા. હે રાજન ! રાત બહુ જ વીતેલી છે એમ જાણીને સંતસમાજની સાથે મહાપ્રભુએ શયન કર્યું. પ્રભુ રાજાના મહેલમાં પલંગ ઉપર સુંદર રીતે જઈને પોઢતા હતા. પ્રેમીભક્તો પ્રભુના ચરણકમળની ચંપી કરતાં હતાં, ત્યારે ઘનશ્યામ પ્રભુ નયનો બંધ કરીને નિંદ્રાધીન થયા. ભક્તજનોને સુખ દેવા માટે પ્રભુ પોઢ્યા હતા ત્યારે ભક્તજનો પણ સુખપૂર્વક શયન કરતાં હતા. સવારમાં વહેલાં મહાપ્રભુ જાગૃત થયા. શૌચવિધિ કરીને તૈયાર થયા. સૌ સંતો પણ નાહીને તૈયાર થઈને આવ્યા. આવીને ઘનશ્યામ પ્રભુના ચરણકમળને શિર નમાવી વંદન કરતા હતા. પછી સુંદર મોટી સભા ભરણી તે સભામાં મોટાભાઈ રામપ્રતાપજી તે જ સમયે આવ્યા. ઘનશ્યામ પ્રભુના ચરણકમળમાં મસ્તક નમાવીને પરમ આનંદ મહાસુખને પામતા હતા. પછી

મોટાભાઈ ઘનશ્યામ પ્રભુને કહેતા હતા. હે મહારાજ ! લોકોનાં સુખનાં કાર્ય કરનારા શરણાગત વત્સલ સર્વનાં દુઃખોને હરનારા પ્રભુ. મારે મનમાં દ્વારિકાપુરીનાં તીર્થ કરવા માટે જવું છે એવી મારા મનની ચાહના થાય છે. હે મારાભાઈ તમારે આવવાની અનુકૂળતા હોય તો ભલે નહીં તો હું દ્વારિકાપુરીની યાત્રા કરવા જાઉં છું તો અનુમતિ આપો. આપ બધું જાણો છો. આ ધામને પુરાતન જાણીને પવિત્ર તીર્થ કરવા અમે હવે જવા માટે તૈયારી કરી છે આવી રીતે ભાઈની વાણી સાંભળીને ભયહારી મહારાજ સુંદર રીતે મધુર વચન કહેતા હતા. હે ભાઈ ! તમારી રીતે સુખેથી જાઓ. અમારે વિશે કોઈ જાતનું અલગપણું ન જાણશો. અમે તમારી સાથે જ છીએ. આવી રીતે કહીને પછી મહાપ્રભુએ સાથે સંતને મોકલ્યા. મોટાભાઈની સાથે ભયને હરનારા શ્રીહરિએ નિરાવરણ વૃત્તિવાળા નિર્વિકારવાળા **સચ્ચિદાનંદ** સ્વામીને મોકલ્યા. તે સ્વામી દઢ સમાધિવાળા હતા એટલે કાયમ માટે અખંડ ધ્યાનમાં જ રહેતા હતા. જાણે સતત બેચેન અવસ્થા શયન સ્થિતિમાં જ રહેતા હતા. ગુણલક્ષણ સ્થિતિવાળા હોવા છતાં ગુણ વગરના નિષ્કામ મનવાળા નિર્માન ભાવના હતા. સ્વામીને જ્યારે ભગવાનની મૂર્તિ નજરમાં ન દેખાય ત્યારે બધાં જ અંગે અંગમાંથી લોહી વહે. રોમના છિદ્રોમાંથી લોહી વહેવા માંડે. આવા પરમ સુધીર સંત હતા. પરમ પ્રેમભાવવાળા સંતને જોઈને મહાપ્રભુએ મોટાભાઈની સાથે મોકલ્યા હતા. આમના જેવા પૃથ્વી ઉપર બીજા સંત ન હતા. તે સંત ભગવાનનું ભજન ધ્યાન કરતા રહેતા હતા.

મહારાજે રણછોડ ત્રિકમ ભગવાનને લેવા માટે નક્કી કરીને મોકલ્યા હતા. આવી રીતે મહાપ્રભુએ નિર્ણય કરીને સાથે મોકલ્યા તે લોકોના મનના કોડ પૂરા કરવા મોકલ્યા હતા. જ્યારે દ્વારિકાધામ આવી ગયું છે એમ જાણ્યું ત્યારે ધામનો મહિમા જાણીને મુનિ મોટા મનથી પ્રેમથી બલરામ, રણછોડ ત્રિકમ પ્રભુના દર્શન કરવા ગયા ત્યારે બધાં જ લોકો પૈસા દઈને દર્શનનું નામ લેતા હતાં. ગોમતીમાં સ્નાન કર્યું તો પૈસા દઈને કર્યું. આવી રીતે સુખથી કામ કર્યાં. છાપો લીધી તે પણ વધારે પૈસા દઈને લીધી. રણછોડ ત્રિકમ પ્રભુનાં દર્શન કર્યાં તે બધું પૈસા દઈને કર્યું. ત્યારે આ બાજુ મુનિને સમાધિ થઈ ગઈ. તેથી અંગોઅંગનું કાંઈ ભાન ન હતું. ઉમંગથી બોલાવ્યા તોય ન બોલ્યા. જાગ્યા જ નહીં. ઘણી વેળા થઈ તોય મુનિ ન જાગ્યા ત્યારે બધા આવેલા સંઘવાળા મુનિને મૂકીને ગયા. તીરથ સારી રીતે કર્યું. પૈસા દઈને બધું કામ કર્યું. પછી મુનિ જાગ્યા ભગવાનનું નામ જપતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુનું સ્મરણ કરીને ભજન કરતા હતા. સચ્ચિદાનંદ મુનિ જ્યારે દર્શન કરવા ગયા ત્યારે દામ માંગ્યા. વગર પૈસે દર્શન ભજનનું કામ નથી થતું ત્યારે મુનિ મંદિરના દ્વારની બહાર બધાંને જોતાં ઉભા રહ્યા. ત્યારે મુનિએ પાંચ દિવસના ઉપવાસ કર્યા. પ્રીતથી કહ્યું તોય પાપી દુષ્ટજનોએ ધ્યાન ન આપ્યું અને મુનિ કહે, દર્શન કર્યા વગર જવું જ નથી. અમે તો ત્યાગી છીએ. અમે કોઈ ધનપદાર્થોને અડતા નથી ત્યારે સંતની વાત સાંભળીને તે ગુગળી દુષ્ટો કહે, સ્વામિનારાયણની પાસે તો ધન છે અને પોતે તો પ્રગટ પ્રભુ છે એમ કહે છે. તો તમે મુનિ અહીં શું કરવા માટે આવ્યા છો. અહીં તો વગર પૈસે દર્શન નથી થતાં કોઈ વાત પૈસા વગર નથી થતી માટે મુનિ અમે સાચી જ વાત કહીએ છીએ. અમારા મનમાં લગારેય દયા આવે તેમ છે જ નહીં. અહીં તો બધા જ પૈસા અને વનિતાના યારિ (પ્રેમી)જ રહે છે.

આવી રીતનાં દુષ્ટજનોનાં વચન સાંભળીને મુનિના મનમાં બહુ જ દુઃખ થયું. હવે દર્શન માટે શું ઉપાય કરવો. કેમકે વગર પૈસે દર્શનનું કામ થાય તેમ નથી. અમે તો મહામોટું ધામ જાણીને દર્શન કરવા આવ્યા હતા. અમે દર્શન કર્યા વગર તો પાછા નહીં જ જઈએ. જરૂર દર્શન કરવા જ છે. આમ મનમાં મુનિઓ દઢ ગાંઠ વાળી લીધી. દર્શન કર્યા વગર ભલે દેહ પડી જાય પણ દર્શન કર્યા વગર પાછા નથી

જવું. પછી મુનિવર અન્નજળનો ત્યાગ કરીને મુખેથી પ્રભુના નામની ધૂન કરતા હતા. હે પ્રભુ ! આપ ભક્તવત્સલ ભગવાન છો તોય આપના ભક્તોને આ લોકો આવાં કષ્ટો પીડાઓ આપે છે તોય લગારે ધ્યાન નથી  લાવતા. હે ગરીબ નિવાજ પ્રભુ ! આપ આટલું બધું કેમ કષ્ટ સહન કરો છો. આવા સમાજો ભલે રહેતા હોય તેઓ તો નારીના દાસ થઈને સજ્જનોને મહાપીડા કરે છે. પાપી સુરા મદીરાનું પાન કરે છે. હે ઘનશ્યામ ! આવા લોકો તો બહુ જ રહે છે. તોય તમારા ભક્તોને માટે આપ આવા દુઃખ શા માટે અપાવો છો. મને દર્શન કરવા નથી દેતા. આ લોકો કળિના રૂપવાળા વૈભવ સુખ મેળવે છે. માટે હે પ્રભુ ! આપ મને દર્શન આપો. મને આપનો દાસ જાણીને દર્શન દો. નહિ તો આપની પાસે જ તીર્થમાં મારાં પ્રાણને ત્યાગી દઈશ. આવી રીતે પોતાના દાસની વાણી સાંભળીને ઘનશ્યામ પ્રભુ પ્રગટ થયા. ને ભક્તજનના મન પૂર્ણ કામ કર્યા. નવીન મેઘસમાન શ્યામ સ્વરૂપવાળા કમળ સમાન નયનોવાળા મસ્તક ઉપર મુગટને ધારેલા કાન ઉપર કુંડળ ધારનારા મુખ ઉપર અધરોષ્ટ ઉપર હાથમાં પકડીને મોરલી બજાવતાં એવા સુંદર શ્યામ પ્રભુ શોભતા હતા. મનોહર વક્રદષ્ટિથી શોભતા, મસ્તક ઉપર સુંદર કેશ કોપળ ઉપર લપેટાયેલા છે તેનાથી જાણે અમૃતનું પાન કરવા ચંદ્રમા ન આવ્યા હોય ? તેમ શોભતા હતા. તે અનેક દર્શન જાણે બાલસ્વરૂપે શેષજી ન આવ્યા હોય તેમ શોભાવાળા હતા.

સ્વામિનારાયણ ભગવાન પંચાળાપુરમાં રાસ રમવાની સુંદર લીલા કરીને પૂર્ણકામ સર્વના સ્વામી સર્વ વામમાર્ગીને પીડા કરનારા શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજીને યાત્રા કરવા દ્વારિકાપુરીમાં મોકલ્યા. ભયને હરનારા મહારાજ લીલા કરી અવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે દશમો તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ પંચાળા ગામમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે દશમો તરંગ પૂર્ણ થયો. ॥૧૦॥**

# તરંગ-૧૧

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી અમહારાજ ! જેમના સર્વથી સુંદર હસ્તકમળ છે.  જેમનું સુંદર મુખકમળ છે. જેમના નામમંત્રને દેવો મુનિજનો કાયમ રટતા જ રહે છે એવા પરબ્રહ્મ મહારાજે કેવી રીતે દર્શન દીધાં તથા કોની કોની ઉપર કૃપા કરીને શું કહ્યું તે બધી જ પ્રસિદ્ધ સચ્ચિદાનંદ પ્રભુનના લીલા ચરિત્રો કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારાં મહાન ભાગ્ય છે. કેમકે તમે ભગવાનનાં લીલા ચરિત્રોનું પૂછો છો તે બધી લીલાની વાતો વિસ્તાર કરીને કહું છું. દ્વારિકા ગયેલા સચ્ચિદાનંદ સ્વામી પાસે દ્વારિકાધીશ પ્રભુએ પ્રગટ થઈને દર્શન દીધાં. હે રાજન ! રમા લક્ષ્મીની સાથે મનોહરમૂર્તિ દ્વારિકાધીશ પ્રભુ જેમનું દેવો ભજન કર્યા કરે છે તે પ્રભુ શોભાનું ધામ રસરૂપ મૂર્તિ મહાપ્રભુજીના રૂપનું વર્ણન કરીને કહું છું તે સાંભળો. દઢ નિયમવાળા અત્યંત સુશીલ સ્વભાવના શુભ ગુણવાળાસચ્ચિદાનંદ સ્વામીને તેને જોઈને પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પ્રભુ ત્યાં પ્રગટ થઈ. રાત્રિના સમયે મહાપ્રભુએ દર્શન દીધાં. ઘનશ્યામ પ્રભુએ બધાની ઉપર કૃપા કરીને દર્શન દીધાં. શ્યામ શરીર ઉપર તમાલપત્રની જેમ શ્યામ સ્વરૂપે શોભતા મનોહર છબી દિલમાં

સ્થિર થાય તેવી શોભતી હતી. શરદઋતુના તેજાયમાન ચંદ્રસમાન મનોહર મુખવાળા કુંદનિકળિ સમાન દાડમના બીજ જેવા દાંતો શોભતા હતા. નાસિકાની શોભા દીવાની જ્યોત જેવી હતી. તલના ફૂલસમાન અંશુકની શોભા હતી. અધરઓષ્ટ પરવાલાં જેવા શોભતા હતા. મનોહર મુખકમળ જાણે દાડમના ફૂલની જેમ શોભતું હતું. વિશાળ ભાલમાં સુંદર તિલક શોભતું હતું. ચિબુકની શોભા તો ચિત્તને ચોરતી હતી એવી સુંદર શોભાવાળા મસ્તક ઉપર મોર મુકુટને ધારેલા અધર ઉપર મુરલીને ધારણ કરીને શોભતા હતા. તે ગામના ભક્તો તાન કરીને આલાપ કરતા હતા. ઉમંગ સાથે સપ્તકના સુરમાં ગાતા હતા. નાદ છેડતા હતા. કૌસ્તુભ મણિની માળાઓ ધારણ કરેલી સુંદર શોભતી હતી. તેની સાથે કંઠમાં હારને ધારણ કરેલા હતા. વક્ષસ્થળમાં શ્રીવત્સલનું ચિહ્ન શોભતું હતું. જાણે સોનાની ગુંથેલી સાંકળ શોભતી હતી. હૃદય ઉપર ધારેલી હતી. ઉદર વળાંકવાળું હોવાથી સુંદર લાગતું હતું. કટિભાગ વાંકો વળેલો હતો. અને વસ્ત્રથી કસીને બાંધેલો હતો. બને ભુજાઓ જાણે દંડ ન હોય તેમ શોભતા હતા. જાણે હાથીની સૂંઢની માફક શોભતાં હતાં. મુખથી મંદમંદ હાસ્ય કરીને જીવોનાં ભવફંદને હરતા હતા. કરુણાનિધિ સંતજનોનાં કાર્યો કરતા હતા. પીળાં વસ્ત્રોને ધારણ કરેલાં સુંદર રીતે શોભતાં હતાં. ચરણમાં સુંદર ઝાંઝર પહેરેલાં શોભતાં હતાં. જાણે આકાશમાં મેઘમાં વીજળી શોભે તેમ વસ્ત્રો શોભતાં હતાં. મનમોહન મહારાજની આ છબી મનોહરનાં દર્શન કરીને સચ્ચિદાનંદ સ્વામી રાજી થયા. પ્રભુની નખશિખા પર્યંત પુરી છબીનાં અંગેઅંગનાં દર્શન કરીને અતિશય ઉમંગમાં આવી ગયા.

દર્શન કરીને મુનિ ગદ્‌ગદ્ કંઠેથી સ્તુતિ કરતા હતા. પ્રણામ કરનારનાં શત્રુ સંકટનો નાશ કરનારા પાપને બાળનારા આપના ગુણને શારદાદિ દેવ સદાય ગાયા જ કરે છે. એવા આપનો જયજય થાય. સદાય ભક્તજનોનાં પાલન કરનારા આપનો જયજયકાર થાય. પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મને સ્થાપન કરનારા આપનો જયજયકાર થાય. જગતમાં સંતજનોનાં કાર્યો કરનારા આપનો જયજયકાર થાય. બાળકોનું પાલન કરનારા કાળને હરનારા કંસના કુળનો નાશ કરનારા, આપનો જયજયકાર થાય. અવતાર ધરીને પૃથ્વી ઉપર ઇંદ્રનો ગર્વ હર્યો. ગિરિરાજ પર્વતને ધારણ કરનારા, આપનો જયજયકાર થાય વ્રજની ગોપીઓની સાથે રાસરમણ કરીને કામદેવના ગર્વને હરીને વશમાં કર્યો. પુતના બકાસુર આદિનો અંત લેનારા, આપનો જયજયકાર થાય. યમુનાના ધરામાંથી કાલિય નાગનો દમન કરીને ધરો સ્વચ્છ કર્યો તથા વત્સાસુર વ્યોમાસુર આદિ દુષ્ટોનો નાશ કરનારા, તૃણાવ્રતનો નાશ કરનારા આપનો જયજયકાર થાય. મધુવનમાં મધુ નામના દૈત્યનો નાશ કર્યો. તથા અસુરોનાં સમુહનો નાશ કરનારા, આપનો જય જય થાઓ. પાંડવના પુત્રોનો પક્ષ લઈને રક્ષા કરી, એવા આપનો જયજયકાર થાઓ. કૌરવના કુળનો નાશ કરી ભૂમિનો ભાર ઉતાર્યો એવા આપનો જય જય થયો. સોળ હજાર એકસો આઠ નારીઓ પરણ્યા. જગતમાં કીર્તિ વિસ્તારી, એવા આપનો જય જય થયો. જગતના બધા જ દુષ્ટોનો નાશ કરનારા આપનો જય થયો. સૌ ભક્તના પતિ આપનો જયકાર થાય. પોતાના વંશનો નાશ કરનારા પ્રભુ આપનો જયજયકાર થયો. સ્વજનો ઉન્મત્ત થયેલાં જાણીને દંડી દીધા. યોગ્ય ને અયોગ્ય ચરિત્રો કર્યાં તેને જે સાંભળશે ગાશે તે જન ભવસાગરને તરે ને જયજયકાર પામે, એવા સર્વના નાથ અનાથ કરનારાં ભક્તજનોનાં દુઃખો પાપોનો નાશ કરનારા, આપનો જય જય થાઓ.

હવે અત્યારે લોકો તીર્થમાં અતિશય પાપી થયાં છે. મદિરાપાન કરનારા થયાં. સૌ જનો તમારી પાસે આવે તેને બહુ દુઃખો દે છે. બહુ મોટું ધામ જાણીને દર્શને આવે છે તે ભક્તજનો બહુ જ દુઃખને પામે છે. લોકો સ્ત્રીલંપટ કામવાસનાવાળા ચોરવૃત્તિવાળાં થયાં છે તેથી દામને વામા મય જ થયા છે તેઓનો હવે આપ નાશ

કરો. હે પ્રભુ ! આપ તો પ્રાણજનના દુઃખોને હરનારા છો. જનો ઉપર કૃપા કરો. સૂર્યની પાસે ક્યારેય અંધકાર પ્રવેશ ન કરે પક્ષીઓના સ્વામી પાસે તો સર્પો રહી ન શકે તેમજ અગ્નિ બળે તેની પાસે ઠંડી ન આવે. અંગને ઠંડી ન અડે તેમ મનુષ્યરૂપે દેવની પાસે ક્યારેય દારિદ્ર નથી આવતું. આવી રીતે સંતની કરેલી સ્તુતિ સાંભળીને ભગવાન રાજી થયા ને કહે હવે અમે અહીં નથી રહેવાના આ વાત તમને સાચી જ કહું છું. બધાંય મનુષ્યો ધન અને નારીના યારી થયા છે. બધીય ધર્મમર્યાદા જતી રહી છે. તમારી સાથે હું આવવાનો છું. સાચો સત્સંગ છે ત્યાં જ રહેવાનો છું.

વૃત્તાલયમાં નિવાસ કરીને ત્યાં જ કાયમ માટે નિવાસ કરીશું. ગોમતી તથા બીજા બધાં તીર્થોની સાથે વાસ કરીને ભક્તજનો સ્ત્રીપુરુષોને તારીશું. આ જગતમાં જ્યાં સુધી સાચો ધર્મ રહેશે ત્યાં સુધી અમે આ પૃથ્વી ઉપર રહીશું. જ્યારે પૃથ્વી ઉપર નરનારી ધર્મ ભ્રષ્ટ થાય ત્યારે પૃથ્વી ઉદાસ થાય છે ત્યારે અમે પણ ઉદાસ થઈએ છીએ. હવે તમે અહીંથી ચાલતા થાઓ ત્યારે તમારા ભેળા જ તમારી સાથે જ આવીશું. પાપી દુષ્ટોની સાથે અમારે એક પળ પણ રહેવું નથી. માટે ચાલવાનું જ છે. તમારાં જેવા સંતોને દર્શન કરવા ન દે ત્યાં ન રહેવું ગમે. આમ કહીને ભગવાન અદશ્ય થયા. કમળનયન શ્રીકૃષ્ણ પ્રભુએ સંતને પોતાના આશ્રિત જાણીને પ્રભુએ દયા કરીને પોતાનાં દર્શન આપ્યાં.

આવી રીતે શ્રીકૃષ્ણની વાણી સાંભળીને સચ્ચિદાનંદ સ્વામી રાજી થયા. મારી ભેળા સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રભુએ આવવાના છે એમ જાણીને મુનિએ ત્યાંથી પ્રયાણ કર્યું. ચાલીને આગળ ગયા ત્યારે ભગવાન શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપનો ભેટો થયો. ત્યારે સૌ ભેગા મળીને ચાલીને જ્યાં વૃષકુળના ભૂષણ મહાપ્રભુ જ્યાં રહેતા હતા ત્યાં ગઢપુર આવ્યા. ત્યાં ભયહારી પ્રભુ મોટાભાઈને ભેટ્યા. મોહના અંધકારને હરનારા પ્રગટ પ્રભુ ભેટીને મળ્યા. સુખ દીધાં. હે રાજન ! પછી ભાઈને સ્વામિનારાયણ પ્રભુ પોતાના આસન ઉપર બેસાડ્યા. સચ્ચિદાનંદ સ્વામીને વિહારી પ્રભુએ પોતાની પાસે બેસાર્યા, પછી આનંદપૂર્વક રમુજથી બધી વાત પૂછતા હતા. હે મુનિ ! તમે કહો કેવો હાલ થયો તે બધું કહો. અથથી ઈતિ સુધીની બધી વાત મુનિ કહેતા હતા. પૈસા આપ્યા શીવાય દર્શન કરવા નથી દેતા. વાત સાંભળવા પણ તૈયાર નથી થતા. જવાબ જ નથી આપતા. અમારી પાસે પ્રભુ પૈસા ન હતા એટલે દર્શન કર્યા વગર જ માર્ગમાં જ બેસી ગયા. બેઠા બેઠા પાંચ ઉપવાસો થયા. તે કર્યા ત્યારે દયાનિધિ મહારાજે દર્શન દીધાં. દર્શન કરીને પ્રભુની સ્તુતિ કરી એટલે ભક્તોના આધાર પ્રભુ જગતના સ્વામી બોલ્યા. હે મુનિ ! હવે હું તમારી સાથે જ આવવાનો છું. હવે બધા અસુરો કસાઈ થઈ ગયા છે. અતિ પાપી થઈ ગયા છે એટલે અહિયા રહેવું યોગ્ય નથી લાગતું. મારા આશ્રિતો સંતો બહુ જ પીડા પામે છે. દર્શન નથી થતા એટલા માટે અમારે અહીં વાસ નથી રાખવો. ધનનારીનો અહીં અધિક ભય મુનિજનોને રહે છે. અહીં ધર્મજ્ઞાનનો યોગ નથી રહેતો એટલા માટે ત્યાગ કરવું છે.

જપ તપ સંયમના નિયમો પૃથ્વી ઉપરથી નાશ પામે તેનાથી બધો જ ધર્મસર્ગ નાશ પામે છે. અધર્મ સર્ગ જ નિવાસ કરીને રહે છે. બધાય સેવકોમાં પૈસા અને નારીનું જ બળ રહે છે. બધાય દાસ થઈને રહે છે. આવા સ્થાનમાં અમારે ક્યારેય રહેવું જ નથી. માટે મુનિ મારી વાતને અંતરમાં ધરજો. જ્યાં નરનારીજનો ધર્મભાવવાળાં હોય. નિર્મળતાવાળા મનવાળાં હોય. નિર્વિકાર મનવાળા હોય. ત્યાં જ અમારે રહેવાનું ગમે છે. બધાંય મનુષ્યો સદાય સરલ હૃદયનાં હોય. મનમાં કોઈને કામનો વિકાર ન હોય. એવા મનવાળાં હોય તેવા સ્થાનમાં જ મારા સંતો સુખેથી રહે છે. તે જ સત્સંગનું મહત્ત્વ મુનિજનના સજ્જનો કહેતા રહે છે. જ્યાં કોઈ પ્રકારનો

ત્રાસ કે પીડા જેવું કાંઈ ન હોય, ત્યાં હું સતત વાસ કરીને રહું છું. એમ મુનિ તમે જાણજો. જેમ લોભીજનના મનમાં ધન જેમ ચોંટેલું હોય તેમ કામીના મનમાં સ્ત્રીની વાસના દૃઢ થયેલી હોય છે. ગંધ છે તે પૃથ્વીમાં રહે છે અને જળમાં રસમાત્રમાં રહે છે. તેજ રૂપમાં રહે છે તથા પવનમાં સ્પર્શનો ગુણ રહેલો છે તે બધાં સુખરૂપ થાય છે તે જ તેના ગુણ છે. શબ્દો બધાંય આકાશમાં રહે છે તેમ અમે કાયમ સંતજનોમાં વાસ કરીને રહીએ છીએ. સત્સંગમાં પણ સતત રહીએ છીએ એ વાત મુનિવર તમે આનંદથી ધ્યાનમાં લેજો. પહેલાં જે ગુણ કહ્યા તે પ્રીતથી કલિકાળના ગુણ છે તે કુસંગના ગુણ કહ્યા તેમાં અમે ક્યારેય રહેતા જ નથી એ વાત મારી સાચી જ છે મુનિજનોની સાથે જ અમે રહીએ છીએ. જેવી રીતે પૃથ્વીમાંથી ઉખાડેલું ઘાસ ફરી નથી જામતું જેમ શીતળતાને જોઈને અગ્નિ દુઃખ પામે છે. જેમ મચ્છરની ફૂંકથી મોટો મેરુપર્વત ઉડાડે છે તથા ડાંગરનાં ફોતરાં ખાંડવાથી કાંઈ ન મળે તેમ વ્યર્થ થાય છે. રેતીને પીલવાથી તેમાંથી કાંઈ તેલ ન નીકળે તેમ પતિવ્રતા સ્ત્રી બીજા પતિને ન માને તથા સસલાંને માથાં ઉપર ક્યારેય શિંગડા ન હોય તેમ હે સંતો ગાયના પગલાંમાં ક્યારેય હનુમાન ડૂબે ન જ ડૂબે.

આવી રીતે સુખપર્વક દૃષ્ટાંતો આપ્યા તે બધી વાતો અઘટિત જ હતી. મુનિ એમ જાણજો તે વાતો જો બને તો સંતો અમારો વાસ કુસંગમાં થાય આમ કહીને પ્રભુ અંતર્ધ્યાન થયા. પછી અમે બધું સાંભળીને ત્યાંથી પ્રયાણ કર્યું. હવે અમે આપની પાસે આવ્યા છીએ. એવા વિશ્વવ્યાપક અવિનાશી પ્રભુ આપને શરણે છીએ. આમ સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા. મુનિ તમે જઈને બહુ જ સુંદર કામ કર્યું. આટલું કામ કરવા માટે જ તમને મહાન જાણીને મોકલ્યા હતા. આટલું કહીને મહાપ્રભુ મૌન રહ્યા. ભક્ત જનસમુદાય બધો જયજયનો નાદ કરતાં હતાં. દ્વારકાના અધિપતિ શ્રીકૃષ્ણ પધાર્યા છે તેથી બધાના આનંદનો મહા ઉચ્છવ વધ્યો છે. દ્વારકાના નિવાસી પ્રભુ શ્રીકૃષ્ણ પ્રભુ વરતાલપુરમાં વાસ કરવા આવ્યા તેની બધી જ વાતો કહી કથા સમજાવી તેનાથી આનંદસિંહ રાજા રાજી થઈ ગયા.

મુનિ સચ્ચિદાનંદજીએ ઉપવાસ કર્યો તે જોઈને પ્રભુએ દર્શન દીધાં. મુનિએ પ્રભુની સ્તુતિ કરી ત્યારે સેવક ઉપર પ્રભુ પ્રસન્ન થયા. ભયને હરનારા વચન કહીને મુનિને રાજી કર્યા.

પ્રભુ દ્વારિકાથી વૃત્તાલયમાં પધાર્યા ત્યાં ભક્તોને દર્શન આપીને કલ્યાણના કામ કરવા પધાર્યા. ભક્તોના ત્રાસને હરવા પધાર્યા. એ રીતે અગિયારમો અભિધાન રૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રામના સંવાદમાં દ્વારિકાના પ્રભુ વૃત્તાલયમાં પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે આ અગિયારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૧॥**

# તરંગ-૧૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સચ્ચિદાનંદ મુનિના મુખે કહેલી વાત મહારાજે સાંભળી પ્રભુ શાંત થયા. ત્યાર પછી શું થયું તે વૃત્તાંત કહો. જે સાંભળવાથી બધી જ ભ્રાંતિ નાશ પામે છે. મુનિના મુખેથી વાત સાંભળીને મહારાજે કેવી લીલા કરી તે કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન્ ! શેષનારાયણ પોતાના મસ્તક ઉપર પૃથ્વીને ધારીને રહ્યા છે તે પ્રભુના ચરિત્રો ગાય છે. તે શ્રીહરિના વચનનું પાલન કરીને ચરિત્રની કથા સાંભળીને શ્રદ્ધાપૂર્વક પોતાના જીવનમાં ઉતારે છે. મુક્તિને પામે છે. હે રાજન ! જે જન સંતનો સમાગમ કરીને પ્રગટ પ્રભુનાં લીલા ચરિત્રનું પૂછે છે તે ચરિત્રો જીવનો શ્રેય કરનારાં છે. તેને પ્રીતથી વારેવારે પૂછીને શ્રવણ કરે તે મુક્તિ પામે છે. ભગવાનનાં ચરિત્રો તે મોહરૂપી અંધકારનો નાશ કરે છે. ભક્તજનોને તારવાનું મહારાજકામ કરે છે એવા મહાપ્રભુ ગઢપુરમાં વિરાજમાન રહે છે. પ્રભુ સતત પંચાલ નામના પ્રસિદ્ધ દેશમાં બહુ જ નિવાસ કરીને રહેલા છે ત્યારે મોટાભાઈ રામપ્રતાપ દ્વારિકા જઈને આવ્યા તેની સુંદર વાતોને પૂછતા હતા તે ભાઈ સુંદર રીતે ગાતા હતા પ્રચાર કરતા હતા. પછી પ્રભુ કહે તમારે જવાની મરજી દેશમાં જવાની હોય તો હે ભાઈ ! તમે મને ઉદારતાથી કહો. ત્યારે મોટાભાઈ વાત સાંભળીને પ્રભુને કહે હવે અમારે દેશમાં જવાની ઇચ્છા થઈ છે. અમે દેશમાં જઈએ ત્યાં સુવાસની નામનાં નારી તે પતિવ્રતા ધર્મ ધારીને તમારું સ્મરણ કરીને અધીર થઈને રહેલાં છે. જ્યારે આપના સમાચાર જઈને કહીશું ત્યારે સાંભળીને પોતાના પ્રાણને શરીરમાં સ્થિર કરીને રાખશે. તમારા ચરણકમળમાં બહુ જ રેમ છે તેથી મુખેથી અખંડ તમારું નામ જપ્યા જ કરે છે. આંખોમાં પ્રેમ આંસુ વહે છે.

તે સુવાસિનીને અમે જઈને બધી વાતો કહીશું અને વિરહના તાપને શાંત કરીને સુખી કરીશું. આવી રીતે ભાઈનું કહેવું સાંભળીને ઘનશ્યામ પ્રભુ તરત જ બલરામભાઈને કહે ભાઈ તમે જવાની તૈયારી કરો. જઈને બધાં જ કુળનાં જનોને અમારી બધી જ વાતો જણાવીને કહેજો. પછી બધાંને મળવા માટે અમને ભેટવા માટે લાવજો, અને બધાં અમને મળીને ઘણા લાંબા સમયના વિરહતાપની પીડાને શાંત કરજો. આમ કહીને દિનદયાળુ દયા કરીને ભાઈને વસ્ત્ર આભુષણો તથા બીજી વસ્તુઓ ભેટમાં અપાવતા હતા. સુંદર વસ્ત્રો દીધાં તથા મણિ માણેક આપ્યાં અનેક પ્રકારનાં મોતીઓ આપ્યાં. આ બધું સુવાસિનીને જઈને આપજો અને બીજા કુટુંબીજનોને પ્રેમ કરીને આપજો. અમારા સુખના સમાચાર તમે દેશમાં જઈને કહો. અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ મોટાભાઈને આ રીતે કહીને બંને ભાઈઓને ભેટીને પછી વળાવવા માટે ભાગોળે ગયા.

હે રાજન્ ! શ્રીહરિ પોતાના ભાઈને ઘોડા ઉપર બેસાડીને ભયભંજન પ્રભુએ રામપ્રતાપ ઇચ્છારામને મોકલ્યા. ભાઈ જ્યારે પોતાના દેશમાં પહોંચ્યા ત્યારે એમને લેવા માટે ગામનો બધો જ સમાજ આવ્યો. મોટાભાઈ સૌ જનોને ભેટીને મળ્યા. રામપ્રતાપ પોતે સુખપૂર્વક બેસીને સુંદર ઊંચા આસન ઉપરથી વાતો કહેતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુની સુખની બધી વાતો કરતા હતા. મારા ભાઈ ઘનશ્યામ પ્રભુ તો બહુ જ સુખી છે તે તો પૂર્ણકામ સ્વરૂપે સત્યકામ છે. અગણિત ભક્તજનો ચરણની સેવાભક્તિ કરે છે તે તો પૂર્ણ બ્રહ્મના સુંદર નામથી પ્રસિદ્ધ છે. એ ઘનશ્યામનો પ્રતાપ તો બહુ જ છે. અનંત જીવો એમને ભગવાન જાણીને ભજન

કરે છે. ભવબ્રહ્માદિક દેવો જેમનાં ચરણકમળની સેવા ઉપાસના કરે છે. કાળ માયા તો એમના ભયથી કંપ્યા કરે છે. જગતના સર્જન કરનાર જગતનો નાશ કરનારા જગતનું પાલન કરનારા લોકોના મનના ભાવને ભરનારા પોતે જ છે. મુક્ત પુરુષકોટિના મહાપુરુષ આદિ અનંત સતત સેવ્યા કરે છે એમને ઉપમા બધી જ નાની પડે છે. એવા મોટા સાક્ષાત્ નારાયણ છે. એમના આગળ ઉપર અનેક અવતારો થયા છે. તે પૃથ્વી ઉપર અધમ જીવોનો ઉદ્ધાર કરવા તથા પૃથ્વી ઉપર ધર્મની સ્થાપના કરવા અને અધર્મનાં મૂળને ઉખેડવા માટે ધારણ કરેલા હતા. અવતારના અવતારી તે જ મારા ભાઈ છે. તે સર્વના પ્રેરક સર્વના સુખદાતા છે. તે પ્રભુ પોતે આ વેળા આપણા છપૈયા ગામમાં પ્રગટ થયા છે. અને અગિયાર વર્ષ સુધી આ ગામમાં રહ્યા હતા.

પ્રભુ ગુપ્ત રહેલા અગ્નિની માફક પૃથ્વી ઉપર પોતાના ઐશ્વર્ય પ્રતાપને ફેલાવ્યો. બાળલીલાઓ કરીને ખાધું પીધું ચરિત્રો કર્યાં તે બધું જ છપૈયાપુરમાં પ્રેમથી કર્યું. એ વખતે પ્રભુની માયાના પ્રતાપથી બધું ભૂલાઈ ગયું હતું. તેથી અંતરમાં સ્વરૂપનું જ્ઞાન ન રહ્યું પણ અત્યારે ભેગા મળ્યા ત્યારે મહિમા સમજાણો મારા ભાઈ ભૂમિના જીવોના ભયને હરવા અને કરોડો જીવોના કલ્યાણ કરવા પ્રગટ્યા છે. દેશોદેશના ભક્તજનો નામનું ઘનશ્યામનું પ્રેમથી ભજન કરતાં હતાં. છથી આઠ વર્ષ સુધી બાળલીલા ખેલો કર્યા તે લીલાને જોઈને કોઈ પાર નથી પામતા. પછી આઠમે વર્ષે ઉપવિત સંસ્કાર પામ્યા. પછી માતાપિતાને સ્વધામ મોકલીને એમની ઉત્તરક્રિયા કરીને ત્યાર પછી ઘરનો ત્યાગ કરીને વનમાં વિચરણ કરીને તીર્થોમાં ફરીને પાવન કર્યા. ફરીને લોજપુરધામે પધાર્યા. રામાનંદ સ્વામીનો મેળાપ થયો તે રામાનંદ સ્વામી ઉદ્ધવનો અવતાર હતા. એમણે પોતાની ગાદી ઉપર ઘનશ્યામ પ્રભુને પ્રેમ કરીને બેસાડ્યા. ગુરુએ એમનું નવું નામ જાહેર કર્યું તે સહજાનંદ સ્વામી નામ આપ્યું. પછી રામાનંદ સ્વામી બદ્રિકાશ્રમમાં ગયા. દુર્વાસાના શ્રાપમાંથી મુક્ત થયા. તે ઘનશ્યામ પ્રભુ પોતે તો કાયમ ગઢપુરમાં રહે છે. અમદાવાદ આદિકમાં વધારે જ્યાં થયાં દુષ્ટજનો હોય તેને દંડ કરે છે. આશ્રિતજનોની પીડાને હરી લે છે. શ્રી ઘનશ્યામ પ્રભુ તો અનંત ભક્તોના સમુદાયની વચ્ચે રહે છે. સૌને સુખ આપે છે. માર્કંડ મુનિએ કહેલાં વચનો હતાં તે બધાંય સત્ય જ થયા છે. અમે ત્યાં જઈને આવ્યાં ત્યાંથી બહુ જ ભેટો મળી છે તે લાવ્યા છીએ અને અત્યારે જ પ્રત્યક્ષ જોઈને જ આવ્યા છીએ. આમ કહીને પછી રામપ્રતાપજી બધાને યોગ્ય રીતે પ્રેમસ્નેહથી વસ્તુઓ આપતા હતા.

આ વડે જે શ્રીકૃષ્ણને ભજીએ છઈએ તે જ શ્રી ઘનશ્યામ પોતે જ સ્વયં છે. સર્વના ભયને હરનારા ભગવાને તમને બધાંને ત્યાં ગુજરાત તેડાવ્યાં છે. બધા જ કુટુંબીજનોએ રામપ્રતાપની વાત સાંભળીને બહુ જ રાજી થયાં. જેમ કોઈ બહુ જ નિર્ધન હોય તેને ધન મળે તે રાજી થાય તથા આંધળા મનુષ્યને ફરી આંખોથી દેખાય તેમ સૌ રાજી થયાં. કોઈ ખોવાઈ ગયું હોય ને પાછું મળે ને સુખ થાય તથા મૃત્યુ પામેલાંને જેમ પિંડમાં પ્રાણ પાછાં આવે તેમ સૌ હરખાવા લાગ્યાં. જેમ દેવો અમૃતપાન કરીને રાજી થાય તેમ વાતો સાંભળીને આનંદિત થયાં. ઘોર વનમાં જતો હોય ને બહુ જ તરસ લાગે ત્યારે જેમ પાણી મળે ને સુખ થાય તેમ શ્રીહરિ સમાચાર સાંભળીને રાજી થયા જેમ ખેતી પાણી વગર સુકાતી હોય ને વરસાદનું પાણી મળે તથા કામાતુર પુરુષને નારી મળે તથા નારીને નર મળે તેમ. ધ્યાનીજનો પ્રભુનું ધ્યાન કરીને દર્શન કરે છે અને કામી વાસનાવાળો કમળમુખ નારીને જોઈને ભ્રમ પામે. ભવસાગરમાં દુઃખ પામે છે ત્યારે જો તેને પ્રગટ ભગવાન મળે તે મહાસુખ પામે. કેમકે ધર્મકુલ મણિ મળવાથી સુખ પ્રાપ્ત થયું છે. ઘણાં વરસ સુધી તો બહુ જ દુઃખ ભોગવ્યું ને હવે બધાનાં દેહમાં પ્રાણ સ્થિર થઈને રહેશે. આવી રીતે રામપ્રતાપજીના મુખેથી ભગવાનની વાતો

સાંભળીને મનમાં વિરહની જે પીડામાં બધાંય ડુબેલાં હતાં તે તરીને બહાર નીકળ્યાં. હવે ભાઈ તમે અમને રામનો મેળાપ કરાવો. કમલનયન શ્રી ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરાવો.

ઘનશ્યામ શરણાગતના સંતાપને નસાવે છે. ભક્તજનના અજ્ઞાનરૂપ અંધકારને સૂર્યની સમાન પ્રભુ દૂર ખસેડે છે. પોતાના આશ્રિત ભક્તોના કામધેનુ સમાન મનોરથ પૂર્ણ કરે છે. કલ્પવૃક્ષની સમાન સંતજનો સુખ આપે છે. ચિંતામણિની માફક સર્વ દુઃખોનો નાશ કરે છે એવા પ્રભુને બ્રહ્મા, શિવ, વિષ્ણુ સૌ પ્રભુની ચરણરજ શિર પર ધારે છે. ગણપતિ, શેષશારદા બધાય ગુણનું ગાન કરે છે તોય મહિમાને પાર નથી પામતાં. મુનિજનોય પાર નથી કરી શકતા એવા પ્રભુ છે. પ્રભુનું શરીર શીતળ શાંત કોમળ મનોહર મૂર્તિના આશ્રયથી માન મત્સર મોહ વિગેરે નાશ પામે છે. નાથની છબીને અંતરમાં ઉતારીને બંને હાથો મિલાવીને બાથ ભરીને મળે તેના સર્વ જન્મમરણનાં બંધનો મટે છે. એવા જગના પાલનહાર પરમકૃપાળુ સર્વના પ્રેમી પ્રભુ નિરંજનનાથ દૃઢવર્તમાન ધારનારા એવા સર્વના પ્રાણ સ્નેહી મહાપ્રભુનાં અમને બલરામભાઈ દર્શન કરાવો. શ્રીહરિ ભગવાનનાં દર્શન કરવા માટે અતિશય ઉતાવળાં આકળા થયેલાં જનોને જોઈને રામપ્રતાપજી કહેતા હતા કે ઘનશ્યામ માટેનાં વચનો તમે સાંભળો. હું કહું છું. તમે બધાં મનમાં અતિ ઉતાવળાં ન થાઓ. હવે ઘનશ્યામ પ્રભુ બીજે ક્યાંય જતા નથી રહેવાના. કેમકે અમે હમણાં જ ત્યાંથી ચાલીને આવીએ છીએ. તેથી થોડાક દિવસ પછી બધાય સંબંધીઓ લઈને શ્રી ઘનશ્યામની પાસે જઈશું. ઘનશ્યામ તો સૌને પોતાની પાસે જ રાખશે.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! અમારા પિતાજી રામપ્રતાપજી છપૈયા ધામે ગયા. ત્યાં જઈને બધી જ વાતો સૌને કહી સંભળાવી. ઉપદેશ મહિમા સમજાવીને બધાનાં પાપોનો નાશ કર્યો અને સુખી કર્યાં. પંચાળાના રાજા જીણાભાઈ તે ભગવાનના ભક્ત હતા. તે મહાન ભાગ્યવાળા હતા. તે પ્રભુના બહુ જ પ્રેમભાવવાળા હતા. એમનાં બહેન પણ બહુ જ સારા ભક્ત હતાં. એમણે ભગવાન અને સંતોને પોતાને ગામે દરબારગઢમાં પ્રેમથી રાખ્યા હતા. પ્રભુને ઉરમાં ઉતારીને સેવાભક્તિ કરતા હતા. બધાં જ ભવનાં બંધનોને તોડી નાંખ્યાં હતાં. મોહ આદિક દોષોને મારી નાખ્યા હતા. દૃઢ ભાવથી પ્રભુની સેવાભક્તિ કરતા હતા. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુએ એમની બધી જ મનોકામના પૂર્ણ કરી દીધી એવા શ્રીહરિ આનંદકંદ પ્રભુ સુખ દેતા હતા. હવેથી શ્રીહરિની વાર્તા કહું છું. શ્રીહરિ મહારાજ પંચાળામાં નિવાસ કરીને દોઢ માસ રહ્યા. ત્યાં સુધી દરરોજ નવી નવી લીલા કરીને પંચાળાના ભક્તોને બહુ જ આનંદ આપ્યો. ઝીણાભાઈ ભક્ત પ્રીત કરીને શ્રીહરિનું પૂજન કરતા હતા. સુખધામ પ્રભુનું સ્નેહથી સુગંધિત પુષ્પો અને ચંદન વિગેરેથી પૂજન કર્યું. ચંદનને બધાં અંગોમાં ચર્ચીને હારતોરા ગુચ્છો ધારણ કરાવ્યા. બાજુબંધ ધરાવ્યા. કડાં કંકણ કેડે કંદોરો ધરાવીને સ્તુતિ કરતા હતા. જય જય જગતને તારનારા ભક્તને સંસારમાંથી ઉદ્ધારનારા શ્રી સહજાનંદ સ્વામી આપનો જય જય થાય.

હે જગતપતિ ! હે નાથ ! આપનો જય જય થાય. ગુણના પાર કરનાર જગતના ગુરુ આપનો જયજયકાર થાય. હે જગતના પ્રતિપાલક આપનો જય થાય. યોગીઓ આપનું નિરંતર ધ્યાન ધરે છે એવા આપનો જય થાય. જગતના તારનારા સર્વોપરી આપ અહીં સર્વનું કલ્યાણ કરવા પધાર્યા એવા આપનું જય થાય. મહાદેવજી પોતાના ઉરમાં આપનું ધ્યાન ધરે છે. જોગીઓ ધ્યાન ધરે છે એવા આપનો જય જય થાય. આપ યુગોયુગમાં અવતારને ધારનારા આપનો જય જય થાય. સંતો ભક્તજનોના પાપોને બાળનારા આપનો જય જય થાય.

બ્રહ્માદિક દેવોના સ્વામી અજિત પ્રભુ આપ ભૂમિનો ભાર ઉતારવા પધાર્યા છો એવા આપનો જયજયકાર થાઓ. હે પરમપુરુષ પરમેશ્વર પ્રભુ આપનો જય જય થાય. લોકોના પાપોને બાળનારા આપનો જય જય થાય. માયાના પતિ સર્વને આનંદ આપનારા બહુ જ પરાક્રમો કરનારા પૃથ્વી પરનાં પાપોનો નાશ કરનારા આપનો જય જય થાય. ધર્મનું પાલન કરનારા કમલનયન પ્રભુ આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! પરના પર એવા પરમપદ પ્રભુ આપના ચરણકમળનો આશ્રય કરીને સુખ પામે છે એ પ્રભુ જય જય પામો. હે પ્રભુ ! ભક્તો પ્રીત કરીને આપનું ભજન કરે છે તે આપના આગમ નિગમ આપને ગાયા જ કરે છે અને સુખને પામે છે. આવી રીતે ઝીણાભાઈ રાજાએ શ્રીહરિની સ્તુતિ કરીને નવીન વરો માંગવાનું કહ્યું ત્યારે નીતિધર્મમાં હોંશિયાર હેમંત સિંહ કહેતા હતા કે હે પ્રભુ ! હે મહારાજ ! તમારી પાસે એ વરદાન માંગું છું કે જે આપ પ્રીત કરીને આપવા કૃપા કરો. તેમાં આપના ચરણકમળમાં અખંડ વૃતિ જોડાયેલી રહે. એ વરદાન આપો. હે અજિત પ્રભુ કોઈ જાતનાં અંજનમાં ન અંજાઉ એ વરદાન આપો. તથા સ્તુતિ કહીને શ્રીહરિને મહારાજ કમલ મનોહર નયનમૂર્તિ મારા મનનો ગર્વને હરી લો. અખંડ મનમાં શાંતિ સુખ આપો તથા મને આપનો દાસ જાણીને સુખ આપો. આવી રીતે તે મહારાજ બહુ જ સુખ આપીને ભક્તજનો સંતોની સાથે પંચાળપુરથી સવારમાં વહેલાં પ્રયાણ કરીને મહારાજ અનંતમૂર્તિ ગઢપુર ધામે પધાર્યા. ભક્તોને સુખ દીધાં.

રામપ્રતાપજી સ્વદેશમાં છપૈયાપુરમાં જ્યારે પહોંચ્યા ત્યારે સૌ કુટુંબીજનોને ઘનશ્યામના સમાચાર સંભળાવીને બહુ જ સુખી કર્યાં. દુઃખો બધાંય મટી ગયા. બધા જ તાપ સંતાપ મટી ગયા. પ્રભુનો મહિમા સુંદર રીતે સમજાવ્યો. મનના દુઃખો તોડ્યાં.

આ બાજુ પંચાળામાં ઝીણાભાઈએ પ્રેમથી શ્રીહરિ મહાપ્રભુની પૂજા કરીને સ્તુતિ પ્રાર્થના કરી. આ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે આ બારમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદરાજાના સંવાદમાં શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી પોતાના દેશ છપૈયા પ્રત્યે ગયા. હરિનો મહિમા સૌને સમજાવ્યો તથા પંચાળામાં રાજાએ પ્રભુની સ્તુતિ કરી પ્રભુ ગઢપુર પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે બારમો તરંગ પૂર્ણ થયો. ॥૧૨॥**

# તરંગ-૧૩

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જે નિષ્કપટ મનવાળા થઈને ભગવાનના નામનું રટણ કરે છે તેના બધા જ કામાદિ દોષો નાશ પામે છે. જે મંદ મતિવાળા જીવો ઘનશ્યામ પ્રભુને નથી માનતા તે પાપીના બધાં જ દોષો દુઃખ કર્યા કરે છે. આવા સર્વ સમર્થ ધર્મનંદન મહાપ્રભુ આનંદકંદ પ્રગટ પ્રમાણે સુખ આપતા થકા ગઢપુરમાં પધાર્યા એ તો જાણ્યું. પણ ગઢપુરમાં આવીને કયા કયા ચરિત્રો કર્યાં તે કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારી બુદ્ધિ બહુ જ ભાવનાવાળી છે કેમકે તમે મહારાજ ગઢપુરમાં આવીને જે જે લીલાઓ કરી હોય તે પૂછો છો તે હું તમને સુખદાયક ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો ઉત્સાહથી કહું છું તે સાંભળો. પંચાળાથી પ્રીતમ પ્રાણપ્રભુ આવતા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ લોકોના મનને

આનંદ આપતા થકા વચ્ચે વચ્ચે ગામોમાં નિવાસ કરીને આવતા હતા. શ્રીહરિ જ્યારે ગઢપુરની નજીકમાં આવ્યા ત્યારે ગઢપુરની શોભા જોઈને બહુ જ હરખ પામતા હતા. ભક્તજનોને કૃપાળુ કહેતા હતા કે ગઢપુરધામની શોભા તો જુવો કેટલી સુંદર છે. ગામની દક્ષિણ દિશામાં ઘેલા નદી તોફાન કરતી વહે છે. અતિ ઘેરાયેલી અને અતિ ઉન્મત્ત થઈને વહે છે. તેમાં જીવજંતુઓ અને કમળો શોભે છે. જળ પણ સ્વચ્છ વહે છે. તેના તટ ઉપર ઋષિજનોના આશ્રમો શોભે છે. નદીના કાંઠા ઉપર મોટાં વૃક્ષો ઝુકી રહેલાં શોભે છે. ઘટાઓ કુંજો શોભે છે તેની ઉપર ભમરાઓ મધુર રીતે ગુંજારવ કરે છે. બાજુમાં સુંદર જુદીજુદી વાડીઓ શોભે છે. પુષ્પો ખીલેલા અનેક જાતનાં રસવાળાં વૃક્ષો શોભે છે. તેની ઉપર પક્ષીઓનાં સમુહો સુંદર રીતે બોલે છે. તેને સાંભળીને મુનિજનોના મનને આનંદ પમાડતાં હતાં એવી આ ધરણી પરમ પાવન પવિત્ર થયેલી શોભે છે. એને અનેક ઉપમાઓ આપવાથી વર્ણવી જ ન શકાય તેવું છે. જ્યાં અમે સંતભક્ત સમાજની સાથે નિરંતર નિવાસ કરીને લોકોનાં સુખ કરવા માટે રહીએ છીએ ત્યાં પુરના રાજા ઉત્તમ નામના પાલન કરનારા છે. એમની સેના ચાર પ્રકારની બહુ જ વિશાળતાથી શોભે છે. ઉત્તમ રાજાની ઘોડાશાળાનું વર્ણન તો થાય તેવું જ નથી. એવું સુંદર છે. તેને જોઈને તો મોટા રાજામહારાજાય હરખ પામે તેવી સુંદર વ્યવસ્થાવાળી છે. તે રાજાના દ્વારોની શોભા અતિ અધિકતાવાળી છે. અમે નિવાસ કરીને રહ્યા છીએ. તેનાથી અધિક પ્રીતિ વધે છે. વર્ણિકો અને ધનિકો વસે છે. એ ધનભંડારી જેવા છે. તે પુરમાં પુણ્યવાનના દાખલારૂપ રહે છે. પુરમાં ચારે વર્ણના લોકો સૌ ચતુરતાથી સાવધાની રૂપે રહે છે. એમનામાં કોઈ ફેલફતુર કાવાદાવા નથી. તેઓ મારી મૂર્તિના ધ્યાનમાં રત રહે છે. પુરવાસીજનોના ઉરમાં સદાય સ્ફૂર્તિ રહે છે. મને દુર્ગપુરનાં જનો બહુ જ પ્રિય છે. પ્રેમીજનો મારા ચરણની ઉપાસના કર્યા કરે છે.અયોધ્યાપુરી કાશીપુરી ઉજ્જૈન દ્વારિકાપુરી  પુરુષોત્તમપુરી સેતુબંધ રામેશ્વર મથુરા, માયાપુરી, શિવકાંચિ, મનોહરપુર ધામો પૃથ્વી ઉપર છે. પણ ગઢપુર ઘેલા નદી જેવું સુંદર પ્રિય તો તે નથી જ. એમના પ્રસંગને સૌ કોઈ જાણે જ છે આવી રીતે શ્રીહરિના મુખેથી મધુર વચનો સાંભળીને સૌ હરિભક્તો બહુ જ રાજી થયા. દુર્ગપુર (ગઢપુર)ની પૃથ્વી ઉપર નિવાસ કરીને પ્રભુએ મહાન કરી દીધા. સુખધામ મહાપ્રભુ ગઢપુરની શોભાનું વર્ણન કરીને કહેતા કહેતા પુરમાં પધાર્યા. તેમને જોઈને પ્રેમથી નરનારીજનો મોહ પામતાં હતાં. મહાપ્રભુ પુરની સુંદરતાને જોતા હતા એટલે ઘોડાની ગતિને મંદમંદ ચલાવતા હતા. તેનાથી હરિજનોનાં મન હરખ પામતાં હતાં. તેની શોભાનું વર્ણન કરી જ ન શકાય તેવું સુંદર હતું.

હે રાજન્ ! આવી રીતે મહાપ્રભુ સૌ પુરનાં જનોનાં નયનોને સુખ આપતા થકા પુરને પાવન કરતા થકા ચાલ્યા આવતા હતા ત્યારે ઉત્તમરાજાના દરબારનો દરવાજો આવ્યો. તે દરવાજો સુખરૂપ શોભતો હતો. સુંદર રીતે શણગારીને શોભાયુક્ત સારી રીતે તૈયાર કર્યો હતો. દેવરાજ ઇન્દ્રના રાજદરબારના દરવાજા કરતાં સારાં લાગતાં હતાં. તેને બીજી ઉપમા ન દેવાય તેવાં સુંદર હતાં. પ્રભુ પધાર્યા. તે જોઈને જયા લલિતા આદિક સૌ જનો દોડીને આવ્યાં. પ્રાણનાથ મહાપ્રભુને જાણીને દરબારગઢમાં પધરાવ્યા. પછી બહુ જ સુંદર તૈયાર કરેલી શૈયા ઉપર પધરાવીને જેમ રમા રાધિકા સેવે છે તેમની જેમ જ સેવા કરતાં હતાં. મહાપ્રભુના ચરણકમળની રજને શિર ઉપર લઈને ધારતાં હતાં. મહાપ્રભુના અંગોનું સ્પર્શ આલિંગન કરીને, કમળનયનનાં દર્શન કરીને સર્વ દોષોથી મુક્ત થઈને, પુરુષોત્તમ પ્રભુમાં પતિ ભાવ કરીને સર્વોપરિ સ્વામી જાણીને સુખદાયી પ્રભુની સેવા કરતાં હતાં. હે રાજન્ ! નિત્ય પ્રત્યે સુંદર ભાવ ભરેલાં ભોજનો સુંદર રીતે તૈયાર કરેલાં થાળને જમાડવા માટે ધરતાં હતાં. જનનાં મનને રાજી કરવા તથા ભક્તને સુખ દેવા ગરીબ નવાજ જમતા હતા. સૌને સુંદર રીતે

જમાડતા હતા. આનંદ કરાવતા હતા. ત્યાં ગઢપુરમાં નિર્વિકારી નારીઓ વિશેષ સાંખ્યયોગીઓ હતાં તેઓ ધર્મનંદન પ્રભુ ધર્મકુળના દીપક સમાન પ્રભુનાં ચરણકમળની સેવાભક્તિ કરતાં હતાં. તેઓ ચરણનાં દર્શન તથા સ્પર્શ પ્રભુનાં જ કરતાં હતાં. બીજા પુરુષને સર્પ સમા સમજતાં હતાં. તેથી સર્વ સ્ત્રીજનો સ્પર્શ કરતાં જ ન હતાં એવા પરમભક્ત પવિત્ર રહેતાં હતાં. તે સર્વનારીઓ રાધા લક્ષ્મી જેમ પ્રભુને સેવાભક્તિ કરે છે. તેમજ પતિવ્રતાની રીતે સાવચેત થઈને પુરુષોત્તમ પ્રભુને પોતાના પતિ સમજીને દઢભાવથી સેવાભક્તિ કર્યા કરે છે.

નરવીર પ્રભુ ગઢપુરમાં નિત્ય પ્રત્યે સંતોની સાથે નિવાસ કરી રહેતા હતા ત્યારે દેશોદેશના અનંત ભક્તજનો ઉત્સવ કરવાના સમયે આવતા હતા. ત્યારે ગઢપુરમાં નિત્ય નિત્ય ઉત્સવો થતા હતા. તે ગઢપુર ધામમાં જ થતા હતા. સૌ જનો પોતાના અંતરમાં આનંદમગ્ન રહેતાં હતાં અને નરવીર મહાપ્રભુને નિત્ય પ્રત્યે સેવ્યા કરતાં હતાં. આમ કરતાં કરતાં બહુ જ પ્રસિદ્ધ એવી જેઠ માસમાં સૌ જનોના મનને આનંદ આપનારી, પાપનો નાશ કરનારી, લોકોના ભવદ્દુઃખને મટાડનારી, સુંદર ભીમ એકાદશી આવી. તેનો ઉત્સવ કરવા દેશદેશના હરિભક્તોને તેડાવરાવ્યા. સમાચાર સાંભળીને સૌ ભક્તજનો તરત જ આવ્યા. ઘનશ્યામપ્રભુએ સૌ સંતોને તેડાવ્યા અને બહુ જ મોટો સુખ દેનારો ઉત્સવ કર્યો. ત્યારપછી કેટલાક દિવસ ગઢપુરમાં નિવાસ કરીને **ભુજનગરમાં** નરનારાયણ ભગવાનની સ્થાપના કરવાના કામે સર્વ સાજ સજીને સર્વે સંગ સમાજની સાથે જતા હતા.

હે અયોધ્યાપ્રસાદજી ગુરુમહારાજ મનોહરમૂર્તિ અવતારના અવતારી પ્રભુની પરમસુખરૂપ પરમકૃપાળની ભુજનગરમાં લીલા કરી તેની વાતો અમને કહેવા કૃપા કરો. શ્રી સહજાનંદ સ્વામી કચ્છમાં પધાર્યા તે કેવી રીતે પધાર્યા. સુખમૂર્તિ નરનારાયણદેવને પધરાવવાની બધી જ લીલા વિસ્તાર કરીને કહો. આનંદરાજાની રૂચિ જોઈને ગુરુમહારાજ અવધપ્રસાદજી મહારાજ તે ચરિત્રને અથથી ઇતિ સુધી વિસ્તાર કરીને કહેતા હતા. હે રાજન્ ! એક દિવસ મહારાજ બધો સાજ સાજીને સમાજની સાથે તૈયાર થયા ત્યારે ઉત્તમ રાજા મહારાજને હાથ જોડીને કહે હે અનંતમૂર્તિ મહારાજ  કયાં ગામ જવાની ઇચ્છા રાખો છો. ત્યારે ઘનશ્યામપ્રભુ કહે, કચ્છદેશમાં જવાનું કરું છું. ત્યાં સાક્ષાત્ નરનારાયણ દેવની વેદવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરવા સર્વસમાજનો સાજ સજીને જવાનું છે. તે કચ્છ દેશ બહુ સારો સ્વચ્છ છે. ત્યાં કોઈ જાતની ચોરી લુંટનો ભય જ નથી. રાત્રે રાજા નગરપરિચર્યા કરે પણ કાંઈ હાથ ન લાગે. ક્યાંય ક્લેશ ઝઘડો જોવા ન મળે. રાજા સારો ધાર્મિક મનવાળો છે. ભગવાનમાં બહુ જ ભાવનાવાળા છે. તે કચ્છદેશનો પ્રજાપાલક રાજા ધાર્મિક છે. અને ત્યાંના લોકો ધર્મપરાયણ છે. ભયને ભાંગનારા હરિ ઉપર બહુ જ ભાવ છે. તેથી છળકપટનાં કઠોર કામો ન કરે તેથી નરનારીજનો ભક્તિભાવવાળા છે. તે ભક્તજનો વારેવારે પત્ર લખીને મોકલે છે. હે પ્રાણ આધાર પ્રભુ ! મંદિરમાં દેવની સ્થાપના કરવા પધારો. દેવના પ્રતાપે નરનારીજનોના મનમાં ભક્તિ તથા સત્સંગ દઢ રહેશ.

હે મહારાજ ! અમારો દેશ બહુ દૂર છે ને વચમાં રણપ્રદેશ આવે છે. તેથી ઉત્સવોમાં અમો સમયસર ન આવી શકીએ વૃદ્ધ અવસ્થાવાળાં નરનારીજનો પણ ન આવી શકે. બાળકો ન આવી શકે. આમ જાણીને આશ્રિતજનોનાં સેવાભક્તિનાં કાર્યો કરવા દયા કરીને દયાના સાગર હે દેવાધિદેવ ! અહીં આવીને દેવોની સ્થાપના કરી દેશો ને વધારે પડતો સત્સંગ રહેશે માટે પધારો. હે રાજન ! તમે સાંભળો. કચ્છદેશ દૂર હોવાને કારણે માર્ગ કઠીન હોવાને લીધે એ બધું જાણીને અત્યારે પ્રયાણ કરીએ છીએ તો સૌ સમાજ તૈયાર થાય તથા તમે (ઉત્તમરાય) પણ ચાલો નવીન દેશને તમે જુઓ તથા ત્યાંના ભક્તજનોના ભાવપ્રેમને જુઓ. આમ કહીને

પ્રભુએ પ્રયાણ કર્યું. ઘનશ્યામ પ્રભુની સાથે ઉત્તમરાજા તથા સંતો, પાર્ષદો અને ભક્તજનો ચાલતા થયા. માર્ગમાં વચ્ચે વચ્ચે મુકામ કરતા હતા. આગળ આવતા રણ આવ્યું. ચાલીને જ્યારે રણને ઓળંગીને પાર ઉતર્યા ત્યારે લોકો સૌ મનના દોષોથી મુક્ત થયા. પરમ આનંદને પામ્યા. કેમકે કચ્છની નિર્મળ શોભા જોઈને ચાલ્યા ત્યારે **ભચાઉ** નામનું ગામ આવ્યું. ભગવાન આવ્યા જાણીને ભક્તો સામા આવ્યા. પ્રભુને ઘેર લઈ જઈને મુકામ કરાવ્યો. ભક્તજનોએ રસોઈ કરાવી તેના થાળને પ્રભુ જમીને સંતવૃદ તથા ભક્તવૃંદ સૌને જમાડ્યા. અજિતપ્રભુ શત્રુઓને જીતીને ભક્તજનોની ભવપીડાને હરતા હતા. મહારાજ રાત રોકાયા. ભક્તોને સુખ આપ્યાં. કામના મદને તોડનારા મહાપ્રભુ ભગવાન ભુજનગરે પધાર્યા છે. એમ જાણીને ભક્તજનો સામા આવતા હતા ત્યારે સુંદર સારો સાજ સજીને બધા સાજની સાથે ચાર ગાઉ સુધી સામા ચાલીને આવ્યા. લાવેલ ભેટ પ્રભુ આગળ ધરીને ધ્યાન ધરીને દંડવત્ પ્રણામ કર્યાં. ઘનશ્યામ પ્રભુની મનોહર છબી દર્શન કરીને અંતઃકરણમાં ઉતારી લીધી. ભક્તજનો અનેક પ્રકારનાં વાજાંઓ વગાડતા વગાડતાં ગવૈયાઓ બળવંત પ્રભુને ગામમાં લઈ જતા હતા ત્યારે ઉત્સવીયાઓ ઉત્સવ કરતા હતા. સંતો સૌ ગરબીનાં કીર્તનો ગાતા હતા. પ્રગટ પ્રભુને મૂર્તિમાં નિરખીને દર્શન કરીને ભાગ્યશાળી થયા અને બહેનો સૌ પુષ્પોથી વધાવતી હતી. દર્શન કરી ધન્ય ભાગ્ય વાળી થઈ.

જેઠ મહિનામાં ભીમએકાદશીનું બહુ જ મોટા વ્રતની એકાદશી છે. તે એકાદશીનો ઘનશ્યામ પ્રભુ સુખકારીએ મોટો ઉત્સવ કર્યો તે ઉત્સવમાં નરનારીજનોને દેશોદેશથી તેડાવ્યા હતા. તેઓ આવીને દર્શન કરીને મનમાં બહુ જ આનંદને પામ્યા. શ્રીહરિપ્રભુએ સૌનાં મનને હરી લીધાં. શ્રીહરિ ભગવાન ગઢપુરથી ભુજનગરે નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવવા પધાર્યા ત્યારે શહેરને જોતા હતા. ભક્તોને આનંદ દેતા હતા એમ તેરમા અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીનારૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ વર્ણવેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ભુજનગરમાં નરનારાયણદેવની સ્થાપના કરવા માટે પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે તેરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૩॥**

# તરંગ-૧૪

મઅયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! શ્રી ઘનશ્યામ મહારાજ મિત્રસમુદાયની સાથે જગતના જીવોને મિત્રની સમાન જ સુખ કરનારા દેહના મિત્ર થઈને મહાપાપોના સમુહનો નાશ કરે છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુની લીલા બધી જ કહું છું. ભક્તજનોના જન્મમરણના ભયને તોડનારા સર્વને આનંદ કરનારા શ્રી ઘનશ્યામ પ્રભુ ભુજનગરે પુરના કિલ્લા પાસે પધાર્યા. પ્રીતમ પ્રાણ પ્રભુ આવ્યાના સમાચાર સાંભળીને ભક્તજના હરિના દર્શન કરવા દોડીને આવતા હતાં. દર્શન કરીને રાજી થતાં હતાં. મહારાજ પધારતા હતા એટલે પુરમાં વધારે પ્રમાણમાં વાજિંત્રોને વગાડીને પધારતા હતા તેની શોભા બહુ જ વધારે થતી હતી. પ્રભુ ચાલતા હતા ત્યારે પુરની મનોહરતાને જોતા જતા હતા. મેઘસમાન ઘટાઓની છટા અદ્ભૂતતા જોતા હતા. આરામનાં રમ્યસ્થાનો ઉપર મોર પોપટ આદિ પક્ષીઓનો સમુદાય પુરમાં વધારે પ્રમાણમાં મધુર શબ્દો બોલીને શોભા વધારતાં હતાં. પ્રત્યેક દ્વારો ઉપર ઘડાઓ મૂકેલા હતા. તેનાથી ઘાટ શોભતો હતો. સૌ જનના ઉરના

ઉચાટને પ્રભુ હરતા હતા. નરનારીજનો ચારેબાજુથી નેત્રો દ્વારા દર્શન કરતાં હતાં. સૌ જનોની વચમાંથી પ્રભુ જતા હતા ને નયનોની શોભા વધારતા જતા હતા. લોકો જાણે નેત્રો દ્વારા સ્વયં હરિના રૂપનું પાન કરતાં હતાં. જાણે હાથથી આલિંગન કરતાં હતાં. જાણે જીભથી સંતો પ્રભુના ગુણને ગાતા હતા ચાહતા હતા. આવી રીતે સુંદર શોભાને જોઈને લોકો ચકિત જ થઈ ગયાં. જાણે ચિત્રમાં બાવલુ ન દોરેલું હોય ? તેમ સ્થિર થઈ ગયાં.

આવી રીતે સુખ દેતા થકા દયાળુ કરુણાનાં અંજનથી આંજીને કૃપાળુ શોભતા હતા. તેનાથી રાજમાર્ગ ઉપર લોકોની બહુ જ ભીડ થઈ હતી. પુરુષો બાળકો વૃદ્ધો યુવાનોનો મોટો સમાજ આવેલો હતો અને દર્શન કરતો હતો. સુંદર રીતે લીલા કરતા થકા બાલપ્રભુ મંદ ગજગતિ ચાલે ચાલતા થકા ખ્યાલ કરીને ખળ જીવોના કામનું ખંડન નાશ કરીને ચાલ્યા જતા હતા આનંદધામ પ્રભુ ભક્તજનના મકાને ઉતારા માટે આવતા હતા સુંદરજી ભક્તના મકાનમાં નિવાસ કર્યો. સર્વ સંતોની સાથે ભગવાન સુંદર બનાવેલા આસન ઉપર વિરાજમાન થયા. સૌ જનોની વચમાં જાણે ચંદ્રમા નક્ષત્ર મંડળની વચમાં શોભતા હતા. પુરનાં લોકો ચકોર નજરે શ્રીહરિનાં મુખકમળને નિરખતાં હતાં. પળમાત્ર પણ જોવામાં વિલંબ નહોતાં કરતાં. એક જ નજરે જોતાં હતાં. આવી રીતે પ્રભુ સુખ દેતા હતા. એટલામાં થાળ તૈયાર થયો. ત્યાં પાપને બાળનાર મહાપ્રભુ જમવા માટે પધારતા હતા. મહારાજ થાળ જમીને સંતોને પંગતમાં સારી રીતે ફરીને આગ્રહથી જમાડતા હતા, જમીને સંતો તૃપ્ત થયા, ત્યારે હરિ મહાપ્રભુ પોતાના ઉંચા આસન ઉપર વિરાજ્યા. ત્યારે સૌ કચ્છદેશના રહેનારા હરિભક્તો શ્રીહરિના આશ્રિત કહેવાતા હતા તે શ્રીહરિ પાસે આવ્યા મનમાં બહુ જ આનંદ પામ્યા ત્યારે શ્રી હરિ જ્ઞાનઉપદેશની વાતો કરતા હતા, તેને સંતો ને હરિભક્તો પ્રેમથી સાંભળતા હતા. તે હરિભક્તો નામ નિર્મળતાથી જોઈને કહું છું. જેમને મહાપ્રભુનાં ચરણકમળમાં બહુ જ પ્રેમભાવ છે. એવા ભક્તોમાં **હીરજી, સુંદરજી** હરિભક્તો તે કોઈ જાતનો આનંદસુખ ચાહતા જ નથી એવા એકાંતિક. **ગંગારામ મલ્લ, વાલજી મલ્લનાં** તથા **શિવરામભક્ત,** બહુ જ સારા હોંશિયાર **ગણપતરામનું** બીજા **ઉકરડાભાઈ** પણ એક હરિભક્ત હતા તે ઉદાર મનવાળા હતા. **ભક્ત વલ્લભભાઈ અને ભગવાનજી દાસભાઈ અલૈયા** પ્રભુની આશાવાળા **રાઘવ** અને **રણછોડ** ભક્ત તે પ્રભુના ચરણકમળમાં નિત્ય રહેનારા ભજનપરાયણ. રહેનારા સૌ બાળકો વૃદ્ધો બધાંય પ્રભુના ચરણકમળમાં ચિત્તને જોડનારાં ભક્તો હતાં તથા બાઈઓમાં **મીઠી, પાના, નાનીબાઈ લાધીબાઈ, કસ્તુરીબાઈ, મુળુબાઈ, કેસરબાઈ, લેરખી, જેઠી, અમરબાઈ, ગોમતીબાઈ, સુરજબાઈ, જમુનાબાઈ, જાનબાઈ, હરબાઈ, કુંવરબાઈ, લક્ષ્મીબાઈ, મેઘબાઈ** આદિક પ્રભુપ્રીત રાખનારી સૌ બાઈ-ભક્તો પ્રભુનું ભજન કરીને તનના મનના તાપને નિવારતાં હતાં. બીજા અનેક સત્સંગીઓ શ્રી મહાપ્રભુની પાસે આવ્યા અને પ્રેમથી દર્શન કરતાં હતાં.

આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી સૌ ભક્તજનોને બહુ જ સુખ આપતા હતા. જગવંદ્ય મહાપ્રભુ સર્વભક્તજનોને પ્રેમથી પાસે બેસાડતા હતા. શાંતિ આપતા હતા. પછી બહુનામી મહાપ્રભુ ધર્મજ્ઞાનની ઉપદેશની વાર્તા કરીને નાસ્તિકમળનો ત્યાગ કરાવીને સાચા આશ્રિત કરતા હતા. આવી રીતે લીલા ઉપદેશ કરતાં કરતાં પ્રતિષ્ઠાના મુહૂર્તનો સમય નજીક આવ્યો છે એમ જાણીને અનંત મૂર્તિ મહાપ્રભુએ વરુણમાં સારા વિદ્વાન વિપ્રોને નિયુક્ત કરીને શોભાધામ સ્વતંત્ર રીતે કાર્યને આગળ વધારતા હતા. સુંદર મોટો મંડપ બંધાવડાવ્યો. યજ્ઞ કરવા માટે સુંદર શોભાવાળા કુંડો તૈયાર કરાવરાવ્યા. તે કુન્ડો ઉપર વરણ કરેલા વિપ્રે વરુણિમાં બેઠા તે વિપ્રોને સુંદર રીતે દીક્ષા દીધી. પછી વરુણી વિપ્રોને દિનદયાળ પ્રભુએ સુંદર કંકણ, કડાં,

કુંડળ આપ્યાં. સુંદર પવિત્ર આસનો આપ્યાં. ગૌમુખીઓ આપી. ત્યાર પછી બ્રાહ્મણો તરત જ હોમ કરતા હતા. બ્રહ્મદેવો યજ્ઞમાં વેદના મંત્રોને સુંદર રીતે બોલતા હતા. તેમનાંથી સુંદર રીતે હોમ હવન કરતા હતા. તે યજ્ઞના વરુણમાં સો બ્રાહ્મણોને વરેલા હતા. આખો મંડપ ભરેલો હતો ને બહુ જ ધામધૂમ થતી હતી. દેવોનો મોટો સમુદાય આકાશમાર્ગમાં આવીને ઉભા રહ્યા હતા. અનંત આહુતિઓને સુંદર રીતે લેતા હતા. દેવો પોતપોતાનો ભાગ હરખ પામીને લેતા હતા. પુષ્પની સુવાસ સર્વદેવોની પાસે રહેલી જ હતી. દેવો ભાગ લેતા હતા ત્યારે ભગવાનના દર્શન કરતા હતા. આવી રીતે અનંત દેવોના આગેવાનો આવતા હતા. તે બધા જ દેવોને બધો જ સમાજ જાણતા હતા. આવી રીતે દેવોને એકપંથ ને દોયકાજ જેવું કામ થતું હતું. ભાગ લેવાના ને ભગવાનનાં દર્શન કરવાનાં.

આવી રીતે વિપ્રોએ બધી મંત્રવિધિ પૂર્ણ કરી દીધી ત્યારે વિપ્રવરોએ મનમાં વિચાર કર્યો કે સમય થઈ ગયો છે એટલે મૂર્તિઓને મંડપમાં પધરાવીને ટંકણ આદિક બધા જ દોષો ધોઈ નાંખ્યા. પછી પ્રભુની પ્રતિમાઓને ધાન્યાદિકમાં વાસ કરાવ્યો. મનભાવતી દિક્ષાવિધિ સુંદર રીતે કરી સમય થયો જાણીને સહજાનંદ સ્વામીએ દેવોને પૂર્ણ રીતે સુખ પામીને પધરાવ્યા. **ભુજનગરનું ધામ સુંદર રીતે નરનારાયણદેવનું શિખરયુક્ત શોભતું હતું તે અતિ ચિત્રવિચિત્ર રીતે શિલ્પીઓએ ઘડીને તૈયાર કર્યું હતું તેના મધ્યમાં સિંહાસન જાણે નાવ તરતું ન હોય તેવું શોભતું હતું. આવી રીતે બહુ જ શોભા જોઈને મહાપ્રભુ પોતે બધા જ જનસમુદાયને ચકિત નજરે જોતા હતા ત્યારે ભયહારી મહારાજે બાથમાં લઈને સુખકારી મૂર્તિઓને પધરાવી દીધી. ત્યારપછી મહાપ્રભુએ પોતે જ આરતી કરી. ભયને ભાંગનારા સર્વજનના મનને આનંદ દેનારા પ્રભુએ મૂર્તિને પ્રીત કરીને નિરખીને કહેતા હતા કે આના સમાન જગતમાં બીજી મૂર્તિ નથી. ત્યારે દેવો અને સંતો ઉંચેથી જયજયકારનો ઘોષ કરતા હતા ત્યારે બહુ જ મોટો આનંદ ઉત્સવ થતો હતો. અનેક દુંદુભીઓ આકાશ માર્ગે દેવો અને દેવ વનિતાઓ વગાડતાં હતાં. સ્ત્રીઓ થૈ થૈ કાર કરીને નાચતી હતી. દેવો પુષ્પનો તથા ચંદનનો મોટો વરસાદ કરતા હતા. આ રીતે મહા ઉત્સવ થયો. તે વર્ણન કરી જ ન શકાય તેવો થયો.** પૃથ્વી ઉપર મોટો પરમાનંદ થયો. તેને નિરખીને સૌ નરનારી મનમાં બહુ હરખ પામતા હતા. પછી પ્રભુએ વિપ્રવર્યોને જાતજાતનાં પાકો શાકો સારી રીતે જમાડ્યાં. પછી વિપ્રોને ઘનશ્યામપ્રભુએ દાનદક્ષિણાઓ આપીને પુરણકામ પ્રભુએ ઉત્સવ પૂર્ણ કર્યો. સર્વે સંતોને જમાડ્યા પછી સર્વે હરિભક્તોને ખૂબ જમાડ્યા ત્યારે ઉમંગથી સૌના મનમાં આનંદના સમુદ્ર ઉછળતાં હતાં તે સમયની શોભાની છબી વર્ણન કરી જ ન શકાય તેવી હતી.

આવી રીતે તે જ ભૂજનગરમાં માનવસાગર ઉમટ્યો હતો. તે જાણે સુખચંદ ઘનશ્યામ પ્રભુના પ્રતાપે એમની લીલા બાલપ્રભુની જોઈને પુરનાં જનોનો મહા આનંદ આવ્યો. આ આનંદનો શબ્દ તો ચારેબાજુ આકાશમાં છવાઈ ગયો. તેની શોભાને કહેતાં કહેતાં પાર તો પામેજ નહીં આવી રીતે અવનિપતિએ મહાઉત્સવ કર્યો. પૃથ્વી ઉપરનું અજ્ઞાન અંધકારને ધર્મકુળ દીપકે ટાળ્યું. અજ્ઞાનના મહાઅંધકારને સૂર્યસમાન પ્રભુએ ટાળ્યું. સંતરૂપી કમળોએ સુખરૂપ અપાર જીવોને તાર્યા. ઘુવડ જેવા પાપી જીવોના ઉરમાં બહુ જ દુઃખ થયું. કળીના મૂળરૂપે પોયણાઓ (પાપીઓ) બધાં થઈ ગયા ને જોયા એવા પાપીરૂપ કાદવથી સૂર્યને કોઈ દુઃખ નથી થતું. કેમકે તે પોતાના તાપથી અનંત કાદવને બળીને નાશ કરે છે. આવા કમળમૂર્તિ ઘનશ્યામ પ્રભુ ભુજનગરમાં વિરાજમાન રહીને બહુ જ શોભતા હતા. પ્રભુ પોતાના ઉંચા આસન ઉપર બહુનામી આદિ પુરુષ અંતર્યામી વિરાજમાન થયા. પ્રભુની સામે સૌ હરિભક્તો આવીને પ્રભુને માટે ભેટ લાવ્યા હતા. તે પૂજા કરીને ભેટ સુંદર

રીતે ધીરે રહીને અર્પણ કર્યા. ભક્તજનો પૂજા કરતા હતા. તેની ભવ પીડાને પ્રભુ હરતા હતા. હે રાજન્ ! ભક્તજનોએ ચંદન ચર્ચીને સુંદર ચરણો શોભાવ્યાં. આભુષણોમાં કાને કુંડળ ધરાવ્યાં. તે સોનાનાં શોભતાં હતાં. લલાટમાં કેશરની આડ કરેલી બહુ જ શોભતી હતી. આવી રીતે ભક્તજનોએ પૂજા કરી. ફૂલનાં બાજુબંધ બાંધ્યાં. ત્યારપછી અતિ સુંદર શાલ તે પ્રભુના ખભા ઉપર ધારણ કરાવી. આવી રીતે વસ્ત્રો આભૂષણો ધર્મનંદન મહાપ્રભુને ધારણ કરાવરાવ્યાં.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની સામે હાથ જોડીને સર્વ ભક્તજનો સ્તુતિ કરતા હતા. સુખના ધામ મહાપ્રભુના શરણમાં જઈને કામને હરાવીને સૌનું મંગલ કરતા હતા. વિષ્ણુ, બ્રહ્મા, શિવ આદિક દેવો અનંત જેમના ચરણકમળની સેવા કરે છે એવા હે પ્રભુ ! આપને અમે વંદન કરીએ છીએ. હે પ્રભુ ! તમે જગતના બીજરૂપે તો એક જ છો. સર્વથી પર શ્યામ આપ એક જ છો એવા આપને નમન કરીએ છીએ. યોગીઓ વનમાં જઈને યોગને સાધે છે. ઇંદ્રિયો જીતીને કામને કેદમાં કરે છે. આપના સ્વરૂપનું ધ્યાન ધરીને અતિ સુખને પામે છે. કલ્પને કરનારા કરુણા નિધાન આપને નમન કરીએ છીએ. આપ પૃથ્વી ઉપર મનુષ્યદેહને ધારીને કળિયુગના રૂપવાળા કાલિદત્તને આપે કેવળ વક્ર નજર કરીને માર્યો એવા હે સમર્થ પ્રભુ ! આપને વંદન કરીએ છીએ. હે પ્રભુ ! મહામલ્લો આવ્યા હતા. તેમની સામે જોઈને જ નીચે પછાડ્યા અને તેઓ મહા ત્રાસ પામ્યા તથા અપાર દુઃખ પામ્યા. એમને જીતીને પોતાનો જયજયકાર કર્યો એવા સર્વના નાથ, આપે અનેકનો ઉદ્ધાર કરીને સનાથ કર્યા એવા હે પ્રભુ ! આપને નમન કરીએ છીએ. પુરાણો જેમના ગુણને ગાય છે એવા પ્રભુ આપને નમન કરીએ છીએ. ષડવેદવેદાંત જેના ભેદને પાર નથી પામ્યા એવા પ્રભુ આપના ગુણવાદને પાર પામી શકતાં જ નથી એવા આપને નમન કરીએ છીએ. હે પ્રભુ ! તમે સર્વના સ્વામી સર્વધામોના ધામી છો, તમે સર્વના નાથના નાથ છો તમે તો આદિ અનાદિના કરનારા હોવા છતાં અકામી જ રહો છો એવા પ્રભુ આપને નમન કરીએ છીએ. હે મહાસમર્થ પ્રભુ ! આપ ભુજનગરમાં પધારીને **નરનારાયણદેવની** પોતાના હાથે જ સ્થાપના કરીને અહીં અમને સુખી કર્યા એવા પ્રભુ આપને વંદન કરીએ છીએ અને સર્વ સંતોને તથા પોતાના ભક્તજનોને સાથે લાવીને સુંદર રીતે દેવની સ્થાપનાવિધિ કરીને મોટો અદ્‌ભૂત ઉત્સવ કર્યો એવા હે પ્રભુ ! આપને વંદન કરીએ છીએ. હે પ્રભુ ! કરુણ નેત્રથી આંજનારા વિશાળ કમળ નેત્રોવાળા મહાકાળના કાળ સર્વના નાથ આપને નમન કરીએ છીએ. હે નાથ ! અણિમા આદિક અનંત શક્તિઓ આપની સ્તુતિ પ્રાર્થના કરે છે. એવા હે નાથ આપને નમન કરીએ છીએ અને વંદીએ છીએ.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ ભુજનગરમાં નરનારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા કરી એવા પૂર્ણકામ અકામ મૂર્તિનું નામ સર્વ જગતના જીવો જપ્યા જ કરે છે એવા સર્વોપરી. મહાપ્રભુનું સર્વભક્તજનોએ સવારમાં પૂજન કર્યું અને સ્તુતિ કરી સર્વભક્ત સમુદાયે સ્તુતિ કરી. એવી રીતે આ ચૌદમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ભુજનગરમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા વિધિ કરી તેનું વર્ણન કર્યું એ નામે આ ચૌદમો તરંગ પૂર્ણ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સુંદર શ્યામ શરીરવાળા શ્રી ઘનશ્યામ મહારાજે ભુજમાં જે જે ચરિત્રો કર્યાં તે તો કહ્યાં પણ પછી સુંદર શ્યામ મનોહરમૂર્તિ કયા ગામે પધાર્યા તે ચરિત્રો મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન્ ! પૃથ્વીનું પાલન કરનારા પ્રજાના પાલક રાજન તમે બહુ જ સુંદર પ્રશ્ન પૂછ્યો. તેને હે આનંદસિંહ રાજન ! તમે ઉમંગથી પ્રેમવશ થઈને સાંભળો. શ્રીહરિ ભુજનગરમાં ભવદુઃખોને નસાવવા માટે પાપોનો મહામોટો સમુદાય હતો. તેને નાશ કરવા ભક્તજનો સ્તુતિ કરતા હતા તે સાંભળીને અકામ મનોહરમૂર્તિ શોભતા થકા મનમાં રાજી થયા અને ભક્તજનોના અંતરના તાપને નસાવવા માટે જે માંગવું હોય તે માંગો. આવી રીતે મહાપ્રભુની અમૃતવાણી સાંભળીને ભક્તજનો કહે હે, સુખદાતા પ્રભુ ! તમે સાંભળો. અમારા ઉરમાં આવીને વાસ કરો. અમારા ઉત્સાહને વધારવા આપની ભક્તિ વધારવા માટે મોહરૂપી અંધારું દૂર કરો. અમારા પાપના સમુહને દૂર કરો. અજ્ઞાન અંધકારને હરો. જેમ સૂર્યનારાયણ અંધકાર હરે છે તેમ દોષોને હરો અને આપની પાસે બીજું કાંઈ માયિક સુખ માંગતા જ નથી એને તો અમે નાશવંત સમજીએ છીએ. ભક્તજનોને વરદાન દીધાં એટલે આદિ પુરુષ જગતના માલિક શ્રીહરિ કહે, હું તમારા અંતરમાં સતત નિવાસ કરીને રહીશ. તમને સુખ આપીશ. તમને વિષયવાસનાનો વાયુ નહિ લાગે. એના માટે સતત તમારી સંભાળ રાખીશું. ઉપદેશનો માર્ગ બતાવીને તમારામાં સાચો સ્નેહ પ્રેમ સમજાવીશું. નિયમ પ્રમાણે રાખીશું. તમે વર્તશો તો. તો તમારા હૃદયમાં નિવાસ કરીને હંમેશા રહેશું હે ભક્તજનો ! તમે મારી આજ્ઞામર્યાદા પ્રમાણે રહેશો તો તમારા ભાવને વશ થઈને તમારી ઉપર સદાય પ્રસન્ન રહેશું તમે લોકો નિયમોને સરસ રીતે પાળશો ને જગતના સુખોનો ત્યાગ કરીને અમારું ભજન કરશો તો સુખ પામશો.

ભક્તજનોને આવી રીતે કહીને વરદાન દઈને પછી અવનિપતિ ચાલવા માટે તૈયાર થયા. સૌ સંતોને સાથે લઈને ભક્તજનો પાસે વિદાય માંગી. મહાપ્રભુએ પ્રયાણ કર્યું ત્યારે બધાય ભક્તો બહુ જ આકુળ વ્યાકુળ થયા વિયોગનું દુઃખ પામ્યા. જેમ દિવસ ઉગવાનો નજીક આવે ને ચંદ્ર અસ્ત પામે ત્યારે ચકોર પક્ષી બહુ જ દુઃખ પામે છે. તેમ જ હિતેચ્છુ પ્રિયજન પરદેશ જાય છે ત્યારે મિત્રને અતિશય દુઃખ થાય તેમ ભક્તો દુઃખી થતા હતા. જ્યારે સ્વામિનારાયણ ભગવાન ભુજનગરથી ગયા ત્યારે સૌ ભક્તજનો બહુ જ દુઃખી થયા. સર્વના આત્મા સર્વના અંતર્યામી પ્રભુ ગયા ત્યારે દુઃખી થઈને સૌ નરનારીજનો પાછા વળ્યા. અને તેઓ શ્રીહરિના વિરહથી બહુ જ આકુળવ્યાકુળ થયા હતા. પ્રભુને સંભારતાં સંભારતાં નેત્રોમાં પાણી આવી ગયાં. શ્યામ વિનાના દિલમાં અતિ દુખિયારાં થયાં. આવી રીતે વિરહમાં વિચારતાં સૌ પોતપોતાના ઘેર આવ્યાં. સૌ બાળવૃદ્ધો યુવાનો નરનારીજનો પોતાના ઘરે ગયાં. પછી મનમાં ધીરજ ધારીને પ્રભુની મૂર્તિને સંભારીને, ઉરમાં નીરખીને નિરંતર પ્રેમમય ખુમારીથી મૂર્તિમાં મગ્ન રહેતા હતા. લલિત લાલ મૂર્તિની લીલાને સંભારતા હતા. પોતાના વિરહના તાપને દૂર કરતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ સંતોની સાથે શયન કર્યા પછી સવારમાં વહેલા પ્રાતઃકાળે પ્રયાણ કરીને **અંજારપુરે** પધાર્યા. અજિતપ્રભુને પ્રેમીભક્તો સારી રીતે ઓળખતા હતા. ત્યાં અંજારમાં એકાંતિક ભક્ત **ચાગબાઈ** આદિ ભક્તજનો સામા આવ્યા. ઘનશ્યામ પ્રભુને પ્રીત કરીને પુરમાં પધરાવ્યા. સુંદર સ્વચ્છ પવિત્ર મકાનમાં ઉતારો

કરાવ્યો. બાઈ ભક્તે થાળ બનાવીને સુખકંદ મહારાજને સંતજનોની સાથે સુંદર રીતે પ્રેમથી જમાડ્યા. થાળ જમીને જીવનપ્રાણ પ્રભુએ સંતોને બહુજ તાંણ કરીને ધર્મનંદન મહાપ્રભુ ભક્તજનોને બહુ જ સુખ દઈને આનંદના ધામ પ્રભુ પોતાનો પ્રતાપ બતાવીને પાપને કાપીને ચપળ મૂર્તિ ઉતાવળી ગતિએ ચાલતા થયા. મારગમાં જતા ગાતા હતા ને ભક્તોના મનમાં આનંદ ઉપજાવતા હતા. આ પ્રભુના ગુણને જતિ, સતી બહુ જ ગાતા હતા. આમ લીલા કરતા પ્રભુ **ભચાઉ** થઈને **વાંઢીયાગામે** સર્વના નાથ મુનિઓની સાથે સૌને સુખ આપતા થકા આવ્યા તેને આનંદરાજન તમે સાંભળો. મનને સુખ દેનારા માનને હરનારા સંતોની સાથે સુખકારી મહાપ્રભુ પૃથ્વીનું પાલન કરનારા સર્વત્ર જય કરનારા પ્રભુની છબી જોઈને દર્શન કર્યાં. ધર્મલાલ નવીન પ્રકારની મનોહર લીલા કરતા કીર્તિ ફેલાવનાર હંસોની માફક નિરખતા ભક્તો મારગમાં જ મળ્યા તે જનોને મનમાં રાજી કરતા થકા પ્રભુ **માળિયાપુરે** પધાર્યા. માળિયાનો કિલ્લો વિકટ કઠીન વળાંકવાળો હતો. ખાઈ બનાવેલી હતી. તેનાથી કિલ્લામાં રહેનાર અધિર નહોતા થતાં. ધીરજ કરીને રહેતાં હતા. યુદ્ધમાં શાંતી થતી. નિશંક થઈ તે લડતા હતા. કઠીન ન જીતાય તે વાતે પણ જીતી જાય તેવા રાજનાં કાર્યને કરતા હતા. હાથમાં કૃપાણને ધારેલા કમરમાં કટારને ધારેલા જેમ સાગર ઘુઘવાટા કરે તેમ જાણે ધમસાણ કરતા હોય ને શું ચારેબાજુથી ઘેરીઘેરીને ઘોડાની ઘુમ્મર કરીને ફેરવતા હતા.

આવી રીતના વિરોની સાથે માળિયાનો વાંકો કઠોર કિલ્લોમા વીર લોકો નિશંક રહેતા હતા. તે રાજમાં રાજા **સતમાલજીરાવ** પોતે ધર્મને ધારીને સત્યવાદને ધારનારા ધીરજતાવાળા જાણે જન્મ ધરીને ધર્મરાજા ફરીને ન આવ્યા હોય ? તેમ ધર્મને રાખતા હતા. તે રાજાએ જાણ્યું કે પ્રભુ પધાર્યા છે, તેથી સામા દોડીને ગયા. રાજા પોતે જ પ્રભુ પાસે જઈને પ્રભુને પુરમાં પધરાવ્યા. મનમાં બહુ જ ભાવ્યા. રાજદરબારમાં પધરાવીને રાજનીતિ કરીને રાજાના રાજાધિરાજ મહાપ્રભુને રાજા કરી દીધા. રાજાએ સુખ લીધું. સતમાલરાજા પ્રભુ આશ્રિત થયા. સત્સંગી થયા. પાકા નિયમધારી થયા. શ્રીહરિ ભક્તોના સંતાપને હરતા હતા. પંચવ્રતમાનને દૃઢતાથી પાળે પ્રગટ પ્રભુને પીછાંનીને પ્રભુના મહાપ્રતાપને જોઈને પાંડવોમાં જેમ સત્યવાદિ મહારાજા યુધિષ્ઠિર થયા એમના જેવી કિર્તી કલાપ હતાં. તેવાં જ પરિપક્વ રાજકાજને કરનારા રાજા પૃથ્વી ઉપર ફરીથી આવ્યા હોય તેમ આ રાજા સતપાલે અવતારી પ્રભુનો આશ્રય કરીને ભજતા હતા. બહુ જ ભક્તિ કરતા હતા. તે સતમાલરાજા માળિયાના પવિત્ર બુદ્ધિના સત્યવાદી જગતમાં ધર્મમય વૃત્તિવાળા ધીરજતાવાળા કોઈનાથી ન જીતાય તેવા પરાક્રમ કરનારા શુરવીર હતા. તે રાજાએ શ્રીહરિ મહાપ્રભુની સાથે સંતોને પોતાના દરબારમાં રાખીને પ્રગટ પ્રભુને સેવતા હતા. સતત સરલ ચિત્તથી કોઈ જાતનો વિચાર કર્યા વગર જ સેવામાં તત્પર રહેતા હતા. મહાપ્રભુ તે માળિયાના રાજાને બહુ જ સુખ આપીને પછી વહેલા સવારમાં ત્યાંથી પ્રયાંણ કરતા હતા. મહાપ્રભુ **હળવદપુરે** પધાર્યા. ભગવાન આવ્યા છે એમ જાણીને. તે ભાવિક ભુદેવ ભક્તો સાવધાન થઈને બહુ જ ભાવથી ભરપુર થઈને ભેટસામગ્રી લઈને મહાપ્રભુ પાસે સામા આવ્યા. ભયહારી પ્રભુનાં દર્શન કરતા હતા. તેઓ શુદ્ધ દિલના એકાંતિક ભક્તો હતા. મહાપ્રભુ પાસે બહુ જ ભેટ અર્પણ કરીને બહુ જ સુખ પામ્યા પ્રભુને દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીહરિના દર્શન કરીને સંતોનાં દર્શન કર્યાં. ભયને હરનારા પ્રભુ ભક્તજનોને ભાવથી ભેટ્યા. બધાના વિરહના તાપને મટાડી દીધા. ભક્તજનો મહારાજને સંતોની સાથે જાતજાતનાં વાજાં વગાડીને ગાતાં થકા નરનારીજનો સુંદર મધુરાં ગીતો ગાતી હતી તે સાંભળીને કમલનયન મહાપ્રભુ બહુ જ રાજી થતા હતા. તે હળવદપુર કિલ્લાથી સહજ સુંદર રીતે દૂરથી જ શોભતું હતું. શિલ્પી કારીગરોએ સુંદર

કારીગરી કરીને સુંદર દરવાજાઓ બનાવ્યા હતા. તે મનને મોહાવતા હતા. સુંદર રીતે બાંધેલા રાજમાર્ગો ઉપર બળવાનો જતા આવતાં હતાં. તેની મહા ભીડ થતી હતી. તે પુરનાં નારીનર તથા સેવકો સૌ દેવ જેવાં શોભતાં હતાં. તેઓ અધિક રીતે શ્રીહરિનું ભજન કરતાં હતાં. ઉત્સાહ સાથે વિષયવાસનાનો ત્યાગ કરીને નરનારીજનો પરમ એકાંતિક અને ભાવથી અતિશય દિનભાવથી રહે અત્યંત ભક્તિભાવવાળા નરનારીજનો નગરમાં રહેતાં હતાં. એ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતાં હતાં. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ દેવની ઉપાસના નહોતા કરતા. પ્રગટ ભગવાનને સમજીને ભજનભક્તિ કરતાં હતાં.

પુરની શોભા જોઈને પરમકૃપાળુ મહાપ્રભુ પ્રસન્ન થયા નગરની હાટ, વાટ ચોતરાઓ મોટા વિશાળ હતાં. ચોતરાઓ સુંદર શોભતા હતા તે ચિત્તને ચોરતા હતા. ભુદેવોની સ્ત્રીઓનો બહુ જ મહાન ભાવ હતો. તેઓ માર્ગની બાજુમાં ઉભી રહીને નાથની છબીને જોઈને મનમાં બહુ જ રાજી થઈ સનાથ થઈ ગઈ. શ્રીહરિની મૂર્તિ જોઈને એમનું મન મૂતિમાં ખેંચાતું હતું. તેનાથી જાણે ચિત્રમાં ચિતરેલી ન હોય ? તેવી લાગતી હતી. પ્રાણનાથને વારેવારે નિરખતી હતી. કહેતી હતી કે હે ધર્મદુલારા ! આપ આ ભૂમિ ઉપર ઘણું જીવો. ઘણું જીવો. આવી રીતે બાઈઓ આશિષ જોઈને દેતી હતી. પ્રાણનાથને જોઈને ખુશ થતી હતી. દયાળુ મહાપ્રભુ સૌને સુખ આનંદ દેતા હતા. હે રાજન્ ! ત્યાં સુંદર સ્વચ્છ ભૂમિ જોઈને સંતોની સાથે પ્રીતમ પ્રાણ પ્રભુએ મુકામ કર્યો. હે રાજા ! પ્રીતમ પ્રાણ મહારાજ પલંગ ઉપર વિરાજમાન થયા અને સંતો સૌ મહારાજની સન્મુખ બેઠા. પ્રગટ પ્રભુના ગુણને તાનથી ગાતા હતા. તેને જોઈને સર્વનાં દિલમાંથી દુઃખ નાશ પામતાં હતાં. ભગવાનનાં કીર્તનો સાંભળીને જગતની સંસ્કૃતિ (જન્મમરણનાં દુઃખો) અવિનાશી પ્રભુનાં સાંભળીને હૃદયમાં આનંદને પામતાં હતાં. તેનાથી સૌના ભવનાં બંધનો તૂટતાં હતાં. આવી રીતે સભા થઈ તેમાં ઘણા સમય સુધી કીર્તન ભજન થયું. તે સાંભળીને નગરવાસી નરનારી સૌ બહુ જ આનંદ ઉલ્લાસને પામતાં હતાં. આવી રીતે સૌ સંતો સંગતી સાથે ગાવણું કરતા હતા. એટલામાં થાળ તૈયાર થયો. એટલે ભક્તજનો પ્રભુને તેડવા માટે આવ્યા ને કહે, હે પ્રભુ ! જમવા પધારો. પ્રભુ સંતોની સાથે ભક્તજનના ઘેર જમવા માટે જતા હતા. ભક્તના ઘેર જઈને મહાપ્રભુએ શુદ્ધ જળથી સ્નાન કર્યું. પછી પીળાં વસ્ત્રો ધારણ કર્યાં. પ્રાણનાથ તૈયાર થયા. હે રાજન્ ! પછી પ્રભુ સુંદર આસન ઉપર વિરાજમાન થયા. બહુનામી તૈયાર થઈને બેઠા એટલે ભક્તો સુંદર થાળ તૈયાર કરી રસદાર પદાર્થો બધાં ભરીને, હરિની પાસે લાવીને અર્પણ કર્યા. મહાપ્રભુ જમતા હતા. ત્યારે નાનાં નાનાં કોળિયા લઈને જમતા હતા ને વારેવારે જળપાન કરતા હતા. આવી રીતે પ્રભુ અતિશય હેત કરીને જમતા હતા. પ્રભુ જમીને તૃપ્ત થયા ત્યારે ઓડકાર ખાતા હતા. સુંદર ઉદર ઉપર હાથ ફેરવતા હતા. જમીને પ્રભુ તૃપ્ત થયા ત્યારે તે જનો પ્રભુને નિરખીને દર્શન કરતા હતા. લોકોએ જાણ્યું કે પ્રભુ તૃપ્ત થયા ત્યારે ભક્તજન મુખવાસનાં પાન બિડા બનાવીને આપ્યાં. શ્રીહરિ સંતજનોને પીરસીને પંગતમાં વારેવારે ફરીને જમાડતા હતા. જમાડીને પછી પ્રભુ હાથ ધોઈને ચરણકમળને ધોયાં પછી સ્વચ્છ આસન ઉપર ઉતાવળા વિરાજમાન થયા. મહાપ્રભુએ સુંદર જુદાંજુદાં શોભાવાળાં વસ્ત્રો શરીર ઉપર ધર્યાં. પછી પ્રભુ મુખેથી મંદમંદ હસતા હતા. ભક્તજનો ચંદન ચર્ચીને ભાલમાં ચર્ચા કરીને પૂજા કરી જગવંદને ઓળખીને સુખ પામ્યા. કંઠમાં પુષ્પના હારો પહેરાવતા હતા. પ્રેમથી પૂજા કરીને પછી ગદ્ગદ્ વાણીથી ધર્મકુમાર પ્રભુને નિરખીને સ્તુતિ કરતા હતા. સુખ પામતા હતા.

હે પ્રણતપાલ પ્રભુ પાપને હરનારા જય પામો. હે ભક્તજનોના ભવબંધનને તોડનારા જય પામો. હે પ્રભુ

! આશ્રિતભક્તોના મનમાં શાંતિ કરનારા આપ જય જયપામો. ભક્તજનોના મનને આનંદ કરનારા હે પ્રભુ આપનો જયજયકાર થાય. હે જગતના નાથ પ્રભુ ! આપના ગુણને મુનિજનો ગાય છે. નારદ શારદા શુકકાદિક ગાય છે તો પણ નથી પામતા. એવા મહાન છો જોગીઓ, ભોગીઓ, ભક્તજનો જગતથી ઉદાસ થઈને જગતને અખંડ ભયવાળું સમજીને ભયને હરનારા આપને ભજે છે. એવા આપનો જય જય થાય. જગતનું પાલન કરનારા તથા ભક્તનું પાલન કરનારા, દિલના દયાવાળા નરનારીનું પાલન કરનારા, માયાના સ્વામી ભક્તના મનને આનંદ આપનારા સર્વને આંજનારા, ગર્વને તોડનારા, લોકના કલ્યાણ માટે પૃથ્વી ઉપર અવતાર ધારીને, અતિ સત્ય ધર્મને ધારણા કરીને રહેનારા, આપનો જય જય થાય. હે કમલનયન ! ભક્તોને સુખ દેનારા, ગર્વને હરનારા, અજિત પ્રભુ આપ જય જય પામો. આપના અનંતગુણને વેદો ગાયા જ કરે છે. તેના ભેદને કોઈ પાર નથી પામતું. નેતિ નેતિ કહ્યા કરે છે. એવા આપનો જય જય થાય. હે આનંદનાં ધામ પ્રભુ ! કામના મદને હરનારા હે હરિ ! અમારા ઉરમાં નિવાસ કરીને નિત્ય પ્રત્યે વસો છો એવા મહાપ્રભુ આપનો જયજયકાર થાય. આખા જગતનાં લોકને સુખભોગ દેનારા અધમને ઉદ્ધારનારા એવા આપના મનોહર ગુણને હું નિત્ય ગાઉં એવી કૃપા કરો. સૌ ભક્તજનોએ સ્તુતિ કરી તેને સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા. ને કહે તમે માંગો જે માંગવું હોય તે અમે વરદાન દઈશું. આવી રીતે દેવને દુર્લભ સુખનાં ધામ પ્રભુ કહેતા હતા. ત્યારે ભક્તજનો હાથ જોડીને વિનય નમ્રતાથી કહે, હે પ્રભુ ! અપના ચરણકમળમાં અખંડ પ્રીતિ રહે. અખંડ સ્મરણ રહે એ આપો. આ સંસારમાં અખંડ સત્સંગ સુખ રહે. જે દેવોને દુર્લભ છે તે સત્સંગ આપો તે સુખ અમને આપજો. ખળનું ખંડન કરીને અમને મુક્ત કરજો આવી રીતે વિનયથી માગતા ભક્તોને સર્વજ્ઞ પ્રભુ વરદાન દેતા હતા. પછી ત્યાંથી સવારમાં વહેલા પ્રયાણ કરતા હતા. ધર્મકુળના સૂર્યચંદ્ર સમાન મહારાજ શોભતા હતા. શ્રીહરિ મહાપ્રભુ મુળીધામમાં મૂર્તિ સ્થાપન કરવા માટે સૌ સંતોને સાથે લઈને પધાર્યા ત્યારે ભક્તજનોને બહુ જ મનમાં આનંદ થવા લાગ્યો.

કચ્છદેશથી રાજી થઈને પ્રભુ માળિયા ગામે પધાર્યા. ત્યાંથી મહારાજ હળવદમાં રાજી થઈને પધાર્યા. હળવદપુરમાં પુરુષોત્તમ પ્રભુએ પ્રીતથી અલૌકિક લીલા કરી સુખ આપ્યા એવી રીતે પંદરમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીનાં રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ માળિયા હળવદ ગામમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ પંદરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૫॥**

## તરંગ-૧૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મનોહર કળલ મુખ હરિનાં ચરિત્રોને સુંદર મુખે ગાતાં હતાં તે શોભતાં હતાં. ઘનશ્યામ પ્રભુના મુખકમળનાં દર્શન કરનારના મનમાં કામાદિક વાસના નાશ પામે છે. સંતજનોના મુખેથી પ્રભુના ગુણ તેને ગાતાં સાંભળતાં તથા પ્રભુના મનોહર મુખનાં દર્શન કરવાં કમલલોચન સુંદર છે એવા મહાપ્રભુ સુંદર અશ્વ ઉપર અશ્વાર થઈને વિચરતા ચરિત્ર કરેલા તે પ્રભુના પવિત્ર ચરિત્રો તે મદમોહને હરે છે. એવા મારા પ્રભુ શ્રીહરિ મહાપ્રભુ સુખસાગર સહજાનંદ સ્વામીનાં ચરિત્રો હે

અવધપ્રસાદ મારા ગુરુ મને કહેવા કૃપા કરો. કમલવદન કમળમૂર્તિએ મુળીપુરમાં સૌ સંતજનોની સાથે પધારીને મૂર્તિ પધરાવી તે બધી લીલા મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો. એક દૃષ્ટિમાત્રમાં સંસારનો નાશ કરે છે એવા મહાપ્રભુનાં ચરિત્રો તો અપાર છે તે બધાં તમને બહુ જ ઉત્સાહથી સમજાવું છું તે ધ્યાનથી સાંભળો. મુળિપુરમાં શ્રીજી મહારાજ કષ્ટને હરનારાં સ્વરૂપની સ્થાપના કરી તે સંતોની સાથે સર્વસમાજ અહીં આવીને અવતારના અવતારી મહારાજ પોતે જ સ્વહસ્તે સ્થાપના કરી. હે આનંદરાજન ! અમૃતસમાન તે પ્રભુની લીલા મારી જીભેથી તમને કહું છું. પવિત્રમૂર્તિ એવા સૌ સંતજનોની સાથે સુખમૂર્તિ મહારાજ ચાલતા હતા એવા ઘનશ્યામ પ્રભુ સંસારનાજનોને સુખ આપે છે એવા મહાપ્રભુનું ધ્યાન મુનિજનો ધર્યા કરે છે. હે રાજન્ ! એવા સુખદાતાએ દૃષ્ટિમાત્રમાં નિર્ણય કરીને નાશ કર્યા છે.કામાદિ દોષો જેમણે એવા, પ્રભુનાં ચરિત્ર કિર્તનોને સારંગમુનિ એવા સંતો સુંદર મધુર કઠે ગાય છે તે સાંભળીને નરનારી સારંગરૂપ સુખને પામે છે. તે સુખધામ પ્રભુ શ્રી ઘનશ્યામ હળવદપુરમાં મનોહર લીલાઓ કરીને પાપો અને તાપોને હરીને પવિત્ર કરી સુખ આપ્યાં. આવી રીતે સુખ આપીને ભક્તજનોનાં મનના ત્રાસને હરીને પછી મહાપ્રભુ ચાલવા માટે જાહેર કર્યું પ્રયાણ કરીને સૌભીરદેશમાં મોટો તખત જે કહેવાય તે તખતનું નામ મુળીપુર મનને હરનાર નામથી કહેવાય છે. તે મુળીપુર ભોગાવા નામની નદીના કાંઠે આવેલું છે. એની શોભા મનોહરતા બહુ જ અદ્ભૂત છે. તે પુરમાં ચારે વર્ણનાં લોકો રહે છે.

સૌ નરનારી પોતપોતાના ધર્મનો આશ્રય કરીને કામક્રોધાદિકથી રહિત થઈને રહે છે. મનને નિર્લેપ રાખે છે. એવા પુણ્યવાળાં મનુષ્યોની મનોવૃત્તિ પ્રભુનાં ચરણકમળમાં દૃઢ હતી. તે મુળીપુરના રાજા પવિત્ર પરમાર જ્ઞાતિના હતા. ક્ષત્રિય ધર્મનું પાલન કરનારા કોઈનાથી ન જીતાનારા, ગાયો બ્રાહ્મણનું પાલન કરવામાં જે મનિવૃત્તિ જોડાયલી છે એવા તે રાજા પ્રજાનું પુત્રની માફક પાલન કરતા હતા. નિર્મળ મનવાળા મનથી પ્રભુનાં ચરિત્રનું મનન કરતા હતા. પ્રગટ પ્રભુનાં લીલા ચરિત્રોને વિષે વૃત્તિવાળા ભક્તિ પરાયણ આવી બધી પ્રજા મુળીપુરમાં રહેતી હતી. સૌના ઉરમાં સતત દયાધર્મનું ધારણ કરીને રહેતા હતા. ભક્તિ કરતા હતા. તે સુરવીરો લડાઈમાં યોદ્ધાઓ શરીર ઉપર કવચ પહેરીને મસ્તકે ટોપો પહેરીને અજીત થઈ ધર્મને દૃઢ કરીને પાળે છે. શ્રદ્ધાથી વર્તે છે. તેઓ લડાઈમાં દેવોની સમાન શૂરવીર થઈને લડતા હતા. તેઓ કોઈ કાયર ન હતા. એમના પરાક્રમથી શત્રુઓ ડરતા હતા ને પાછા પડતા હતા. તે શૂરવીરો શસ્ત્રો ધારીને પૃથ્વી ઉપર ફરતા હતા. મનમાં લગારે શંકા નહોતા રાખતા. તે શૂરવીરોનાં પાંચસો ઘરોમાં પ્રભુનો પ્રતાપ નિશ્ચિત રહેલો હતો. તે યોદ્ધાના હાથમાં ભાલાંઓ વીજળીની જેમ ચમકતાં હતાં. હાલતા હતા ત્યારે ખડકોને ડગાવતા હતા તેમ ચાલતા હતા. જાણે કે સાગર છલકાતો ન હોય ? તેમ ઓળખાતા હતા. આવી રીતે મહારાજ સતત આવા શૂરવીરોની સાથે વિચરણ કરતા હતા. **રામસિંહ, નરસિંહભાઈ રઘાભાઈ હતા તે પણ** વિકાર વગરના નિતિયુક્ત રહીને કોઈ પ્રકારની અનીતિ કરતાં જ ન હોતા. સદાય માટે સત્સંગ કરીને સંતોનો સમાગમ કરતા. **રામાભાઈને રઘાભાઈ** બંને ભાઈઓ સગા જ હતા. તેઓ સારા ભક્તો હતા. રાજા બહુ જ પ્રસિદ્ધ હતા. શૂરવીરતાવાળા ધીરજવાળા શોભતા હતા. ઘણા બધા રાજાઓ જોઈને એમની ઉપર મોહ પામતા હતા. આવા અનંત અપાર ગુણો એમનામાં હતાં. તે પ્રજા પણ એમના જેવા જ ગુણ સંસ્કારવાળી જ હતી. આવા

મોટા મહાન ગુણયુક્ત અંગોવાળાની સૌ જનો પ્રશંસા કરતાં હોય છે. તેઓ પોતાના મનમાં મોટો ધર્મ રાખીને દૃઢ ધર્મ ધારણ કરીને આવાં વર્તન જોઈને સૌ નરનારી ધર્મમર્યાદા પ્રમાણે વ્રતો કરતી હતી. મહામોટો ધર્મ પોતાના જીવનમાં રાખતાં હતાં. જે અધર્મ રાખતાં હતાં તે જગતમાં બહુ જ મોટાં કુસંગી થતાં હતાં. અને હેરાન થતાં હતાં.

આવી રીતે સૌ જનો સ્વાભાવિક રીતે જ કહેતાં હતાં કે જેવા રાજા હોય તેવી જ પ્રજા પાકે છે. જે રાજા સુંદર સદાચારી આચરણ કરે છે તેને નરનારીજનો સારાં વર્તન કરતાં હોય છે. આવી રીતનાં સૌ જનો કહે છે તેને આખું જગત જાણે છે. કહે છે કે જેના ગુરુ પાપી હોય તેના શિષ્ય પણ પાપી જ હોય. ધર્મી હોય તેના શિષ્ય ધર્મી જ હોય. આવી રીતે જાણીને રાજા ધર્મપરાયણ સદા માટે રહેતા હતા. સુંદર રીતે આશ્રય કરતા હતા તેની પ્રજા પણ ધર્મ પરાયણ હતી. પ્રેમથી વર્તનાર સત્યનિષ્ઠ તેઓ શ્રીહરિ મહારાજની સેવાભક્તિ કર્યા કરતાં હતાં. આવી રીતની સુંદર પવિત્રતા ને શોભા જોઈને **મુળીપુરમાં** સંતોની સાથે મહાપ્રભુ પધાર્યા. ત્યારે પુરનો રાજા સાજ સજીને સામા આવ્યા. સાથે બધા જ સહાયકો ભક્તો આવ્યા. ત્યાંના ક્ષત્રીઓ છત્રીસ પ્રકારના તે છત્રીસે આયુધો ધારીને સાજ સજીને મહાપ્રભુની સામા આવ્યા. **રામાજી** રાજા પણ સામે આવ્યા હતા. શોભા કરતા હતા. શ્રીહરિની સામે જ્યારે લોકો આવતાં હતાં ત્યારે **રામસિંહ** રાજા સાજ સજેલા ઘોડા ઉપર આવતા હતા ત્યારે પૃથ્વી હાલક ડોલક થઈ બધાંનાં ભાલો ભલકતાં શોભતાં હતાં. ઘોડાઓ હણહણાટી કરતા હતા. પૃથ્વી ઉપર પગ સ્થિર નહોતા રાખતાં. જાણે કે પાંખોવાળો પક્ષીરાજ ન હોય ? તેમ આસમાને ઉડવાનું કરતાં હતાં. ક્યાંક સફેદ પીળા લાલ લીલા રંગો ઘોડાનાં વાનને, કાન ખરગોરા જેવા શરીરથી ડોકનો ડાંડો લાંબો મુખ નાનું. હે રાજન્ ! લાંબા પગથી લાંબી ગતિ કરનાર લાગે. સવારીમાં અનેક રથો સુંદર સજેલા બહુ જ મોટું પેદલ સૈન્ય શોભતું હતું. આ રીતે ઘનશ્યામ પ્રભુ સામા આવતા હતા. હાથમાં ભેટને ધારેલા હતા. શ્યામ સુખધામને નિરખીને તે રામ અશ્વ ઉપરથી નીચે ઉતરીને પેદલ થયા. પ્રભુને દંડવત પ્રણામ કરતા હતા. હે પ્રભુ ! રક્ષા કરો. રક્ષા કરો કહેતા હતા ત્યારે પ્રભુ પોતાના ભક્ત જાણીને કૃપા કરતા હતા. ભગવાન દયા કરીને ધર્મને ધારનારા ધર્મતનય અવતાર ધરીને આ રીતે જીવોનાં દુઃખોને હરતા હતા. કોઈને જણાવતા ન હતા.

આવી રીતે મુખેથી કહેતા હતા ને રાજા દંડવત્ પ્રણામ કરતા હતા. હાથ પકડીને રાજા ભેટતા હતા. ત્યાર પછી ઘનશ્યામ સુખધામ પ્રભુ સ્વાગત સમાચાર પૂછતા હતા. સર્વકામનો કામના પૂર્ણ કરનારા મહકારાજે પોતાનો અભય રાજાના શિર પર મૂક્યો. પછી સૌ જનો બહુ જ વાજાં વગાડતાં હતાં. તે છત્રીસ જાતનાં વાજાં વાગતાં હતાં. પ્રભુની સાથે રાજા પુરમાં જતાં હતાં. ત્યારે પ્રભુના ગુણને તાલ સાથે ગાતા આવતા હતા. માર્ગમાં **અલર્કવાવ** આવી. તે સુંદર વાવની પાસે સારાં ઘાટાં વૃક્ષો ચારે બાજુ વિંટાયેલાં હતાં. તેની ઉપર વેલીઓ જાતજાતનાં ફૂલોવાળી શોભતી હતી. તે ફૂલયુક્ત વૃક્ષો જોઈને મોહ થતો હતો. તેની ઉપર પક્ષીઓ ભમરાઓ ગુંજન કરતાં હતાં. તેનો આનંદ અંતરમાં વધતો હતો. ગુણીજનો મુનિજનો ગાન કરતા હતા. તે છબી જોઈને ભાન ભૂલતાં હતાં. આવી રીતે તે જગ્યાએ બહુ જ સુંદર છાયા થતી હતી તે જોઈને શ્રીહરિએ મુકામ કર્યો. રાજા રામાભાઈ પોતે દરબારમાં શુભ કામ કરવા માટે ગયા. ત્યારે પ્રભુના દર્શન કરવા પુરનાં નરનારીજનો બહુ જ આવતાં હતાં. પ્રગટ પરિબ્રહ્મ પ્રભુને જોઈને મનમાં શાંતિ પામ્યાં. દુઃખો દૂર થયાં. ઘનશ્યામ પ્રભુનું કમળમુખ કરોડો કામદેવને મોહ પમાડતું હતું. આવું અમૃત સમાન સુખ જોઈને અમૃતના

કુંભસમાન મુખબિંબ શોભતું હતું. શિર ઉપર સફેદ પાઘ શોભતી હતી. સુંદર પાઘ જમણી બાજુ નમેલી શોભતી હતી. શિર ઉપર તોરાઓ ફૂલના લટકતા શોભતા હતા. આવી મનોહર છબીને કોણ કવિ વર્ણવી શકે. અરુણના બિંબ જેવા અધરઓષ્ટ શોભતા હતા. કરુણામય નયનો શોભતાં હતાં. લાલ રેખાઓ યુક્ત ચપલ નયનો પણ માત્ર સ્થિર નથી જ રહેતાં. સુખના ધામ ધર્મનંદન બંને હસ્તકમળને સુંદર રીતે ઉભા કરીને પુરનાં જનોને અભય કરતા શોભતા હતા. લાંબા ઉંચા કંઠવાળા સુંદર મુખકમળવાળા પ્રભુનાં અચળ નયનો સૌના ચિત્તને હરતાં હતાં. ઉંચું વક્ષસ્થળવાળા સુંદર ઉદર વાળ જાણે સાગર ન હોય તેમ શોભતું. તેની ઉપર વળી રેખા શોભતી હતી. તે બહુ જ સુખ કરનારી હતી. સોનાનાં કડાં પોંચીઓ તથા વેઢા વીંટી મુદ્રિઓ બાજુ બાંધ જડાવનાં શોભતાં હતાં. સુંદર પુષ્પના હારો ઉરમાં ધારણ કરેલા અંગોઅંગની છબી આકર્ષનારી હતી ચંચળ નયનો શોભતાં હતાં. વિશાળ ભાલ સુંદર શોભતું હતું. તેમાં તિલકની શોભા અદ્‌ભૂત હતી. પ્રભુના સર્વ અંગો અંગની શોભાને જોઈને અને તે જનો જોઈને સૌની ઉપર દયાળુ પ્રભુના સ્વરૂપનાં દર્શન કરીને સૌ જનો નિરખીને રાજી થયાં. કૃપાળુ પ્રભુ સર્વના દુઃખને હરતાં હતાં. ઘનશ્યામ પ્રભુની મનોહર છબી જોઈને સૌ જનો મનમાં રાજી થયાં. જનના મનને રાજી કરનારા જગતના સ્વામીનો મહિમા મુખેથી વર્ણવી જ ન શકાય તેવો મહાન છે. સૌ જનો ઘનશ્યામ પ્રભુની અંગેઅંગની મનોહરતા જોઈને મનમાં અતિ શાંતિને પામતાં હતાં. બહુ જ સુખ પામતાં હતાં.

શ્રીહરિ સૌ જનોને જોઈને સુંદર સુખની વાતો કરતા હતા. દુર્લભ મનુષ્ય દેહને પામીને પ્રભુનાં રસિક લીલા ચરિત્ર ગુણને ગાવાં જોઈએ. શ્રીહરિ કહે છે, જે જન (મનુષ્ય) પ્રગટ પ્રભુના પ્રગટના નામના જપને જપે છે તે બધા જ ભવબંધનના તાપોને તરી જાય છે. વિષય વિકારથી ક્યારેય પરવશ નથી થતો તે જ ભક્ત સાચો છે. તેજ મને બહુ પ્રિય છે. વિષયવાસનાનો ત્યાગ કરીને કેવળ મારાં જ ગુણચરિત્રને ગાય છે. તથા સાંભળે છે. તે ભવમાં ભટકતા નથી તે તો તરી જાય છે. સુખને પામે છે. પ્રત્યક્ષ મારી પાસે જ રહે છે. તે જીવાત્મા પરમસુખને પામે છે. આવી રીતે ઉપદેશ કરતા હતા એટલામાં રસાળ રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે પ્રભુ દાજીભાઈના ઘેર જમવા માટે પધાર્યા. મહારાજે સ્નાન કરીને સુંદર શોભાયમાન કપડાં પહેર્યાં. સુંદર આસન ઉપર બેઠાં. ભક્તજનોએ સરસ રસદાર થાળ લાવીને અર્પણ કર્યો. ભકતોના મનને રાજી કરવા પ્રભુ જમવા લાગ્યા. મહાપ્રભુ જમીને તૃપ્ત થયા. મુનિઓના મનને રાજી કરનારા મહારાજ મુખકમળ હસ્તકમળ ધોઈને સર્વ સંતજનોને તથા પાળાઓને સાથે જ જમાડતા હતા. મહારાજ જમીને જમાડીને પોતાના ઉંચા આસન ઉપર વિરાજમાન થયા. પ્રતિષ્ઠાનો દિવસ, મુહૂર્ત જોઈને પ્રભુ રાજી થયા. હે રાજન્ ! લોકોના અંતરના વાતાવરણને જાણીને જગદીશ મહાપ્રભુએ મોટા મંડપો બનાવ્યા તે અણિમાદિક અષ્ટસિદ્ધિઓ તરત જ ચાલી આવી એમને મનોહર કમળયુક્ત મંડપ બનાવ્યા. મનને અતિ આનંદ થાય તેવા સુંદર મંડપ બન્યા હતા. તે સિદ્ધિઓએ તત્કાળ જ તૈયાર કર્યા. દેવોની પ્રતિષ્ઠા વિધિ કરવા માટે સુંદર રીતે શોભાયમાન બહુ જ વિશાળતાવાળા કર્યા હતા. શ્રીહરિ મહાપ્રભુ હોમ કરવાના કાર્ય માટે વરુણિમાં બ્રાહ્મણોના વૃંદને વરુણ કરી લીધું. પચાસ વિપ્રોને વિધિ પ્રમાણે જગવંદ્ય પ્રભુએ નક્કી કર્યા. તે વિપ્રોને પ્રભુએ કંકણ, કુંડળ, ગૌમુખી વગેરે બહુ જ આપ્યાં. પછી વિપ્રો હવન હોમ કરતા હતા ત્યારે તે વેદવિધિનો શબ્દ આખા જગતમાં ફેલાઈ ગયો. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ દેવાલયમાં દેવોને સ્થાપન કર્યાં ત્યારે સૌ નરનારી બહુ જ રાજી થયાં અને સૌ સતત ભગવાનની સેવા કરતાં હતાં.

શ્રી મહારાજાધિરાજ મુળીપુરમાં પધાર્યા. આવીને બધી જ શોભા સગવડને નિરખ્યાં. મહારાજ આવ્યા ત્યારે રાજાની સાથે બધો જ સમાજ સામે ગયો હતો. હરખ પામીને ઘનશ્યામ પ્રભુને લાવ્યા. પુરમાં પધરાવ્યા. મહારાજ આવીને અલર્કવાવની શોભા સુવિધા જોઈને મુકામ કર્યો. આવી રીતે પંદરમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તંરગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિનું મુળીપુરમાં આગમન અને દેવોનું સ્થાપનવિધિ વર્ણન કર્યું એ નામે સોળમું તરંગ થયું. ॥૧૬॥**

# તરંગ-૧૭

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો ભગવાન જ્યારે સુંદર મનુષ્ય શરીર ધારીને પધાર્યા ત્યારે નેત્રકમળની શોભા બતાવી તેથી દેવોના પુત્રની સહાય કરવા રામસ્વરૂપને ધરીને પધાર્યા. વનમાં ઋષિગણને સહાય કરવા ગયા ત્યારે સંતજને રામને સારંગ નામનું ધનુષ્ય શરીર ઉપર ધારણ કરાવ્યું. ત્યારે ધનુષ્યનો પ્રભાવ પૃથ્વી ઉપર જણાવ્યો. ધર્મયુક્ત ધનુષ્યબાણ ધારીને ક્ષત્રિયધર્મ બતાવ્યો. સારા પવિત્ર મુનિજનો જેમ સારંગબાણ સાવધાન રહે તેમ સંતગણ સાવધાન રહીને પવિત્ર ભગવાનનાં ચરિત્રો ગાતા હતા. તે જ સંત શિરોમણિનો મહિમા છે. પાપના ઓઘસમાન ઘુવડનું ટોળું તેનો નાશ કરવા પવિત્ર મૂર્તિ તે ઘનશ્યામ પ્રભુ સૂર્યસમાન પ્રકાશતાવાં હતા. મનોહર મૂર્તિ પ્રભુ સર્વ જગતમાં વ્યાપીને પ્રત્યેક જનના ઉરમાં વાસ કરે છે. જેમની આજ્ઞા ગ્રહણ કરીને અગ્નિરૂપે થઈને અન્નજળ વિગેરેને બાળે છે. પ્રભુ પુરુષોત્તમ પોતે જ સર્વકારણના કારણ કારણરૂપે છે. તે પ્રભુના ચરિત્રોને મુનિજનો ગાય છે. એવા આદિ પુરુષ અવિનાશી પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થઈને વિચરે છે.

હે રાજન્ ! તે પ્રગટ પ્રભુની લીલા તમને કહું છું. જે મહાપ્રભુ મુળીપુરમાં પધારીને લીલા કરી તે લીલા સાંભળીને આનંદ આવે તે સ્થાપન વિધિની લીલા છે. તે બધીય તમને કહું છું. તે સાંભળો. બધી સિદ્ધિઓ મળીને મંદિરની શોભા સુંદર રીતે મનને હરી લે તેવી બનાવી છે. મંદિર બહુ જ ઉંચું પહોળું વિસ્તારવાળું બનાવ્યું છે. જાણે કે આકાશને અડતું હોય ને શું ? તેમ નરનારીજનો જોતાં હતાં. મંદિર જોઈને લોકોનાં મન લોભાઈ જતાં હતાં. રચના સુંદર ચતુરાઈથી કરેલી ચારેબાજુની શોભાયમાન આકર્ષણવાળી મોટી ધર્મની શાળા ન હોય ? તેમ શોભતું હતું. ચારેબાજુનો વિસ્તાર શોભતો હતો. બધાં મંડપોની વચમાં મંદિર જાણે કૈલાસપર્વત ન હોય ? તેવું અતિ સુંદર ચિત્રોથી ચિત્રેલું ન હોય ? તેમ ચિત્તને આનંદ આપનારું શોભા મુખના આનંદભાવને બતાવતી હતી. તૈયાર થયેલો ગોળ ઘુમ્મટની શોભા સારી સુખ આપનારી હતી. ત્રણે શિખરો આકાશમાં ઉંચા શોભતાં હતાં. તે જાણે દેવનાં વિમાનો ન હોય ? તેમ લાગતાં હતાં. તે શિખરોને જોઈને યમદૂતો દૂર જ રહે તથા ભૈરવ આદિકને ભય ભય કરનારાં છે. મહિમાથી દર્શન કરનારનાં પાપોને બાળી દે છે. આ રીતે ભાવથી મંદિર તૈયાર થઈ ગયું. તે મનને ભાવતું હતું.

હે રાજન્ ! આ રીતે મંદિરની છબીનું વર્ણન કર્યું. તેની શોભા તો અતિશય અપાર છે પણ આ તો કેવળ

દિશ માત્ર જ વર્ણવ્યું છે. હવે હું પ્રતિષ્ઠાની સ્થાપના વિધિની વાતો વર્ણન કરીને કહું છું. તેને સાંભળીને ઉરમાં શાંતિ થાય અને આનંદ આવે તેવી વાર્તા છે. સુંદર મોટા મંડપો બનાવીને તે મંડપની મધ્યમાં કુંડ બનાવ્યો. તે કુંડમાં ઘી જવ તલ વિગેરે હોમતા હતા. વિપ્રદેવો મંત્રોચ્ચાર કરીને વિધિપૂર્વક હવન કરતા હતા. અલંકારો આભૂષણો ધરીને બેઠા હતા. તે વખતે યજ્ઞનાં દર્શન કરવા આહુતિઓ સ્વીકારવા બધા જ દેવો આકાશમાં ઉભા હતા. મહારાજનાં દર્શન કરીને રાજી થઈ ગયા હતા. એ પોતે પોતાનો યજ્ઞનો ભાગ લેતા હતા. શ્રીહરિને નિરખીને વિપ્રો હોમ કરતા હતા. તેમાં **શિવજાનીને** વિપ્રોમાં મુખ્ય નાયક બનાવ્યા હતા. તે જાની બધા જ વેદના છંદો કંઠસ્થ જ બોલતા હતા. વિપ્ર વર્યોએ બધો જ હોમહવનનો વિધિ પૂર્ણ કર્યો. વિધીનો દોષ નિવારણ કર્યું. ત્યાર પછી ધાન્યાદિ વાસ કરાવ્યો. તે બધોય વિધિ વિપ્રવર્યોએ સુંદરતાથી સારી રીતે કર્યો. તીર્થનાં જળથી સ્નાન કરાવીને શુદ્ધ જળથી દ્વિજરાજાએ વિધિ કરીને મંત્રોચ્ચાર સાથે વેદની રૂચાઓ મંત્રોની સાથે વિધિ કરીને બધાં જ શુભ કાર્યો કરી દીધાં. તે સમયે અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને હોમ હવન વિધિ પણ થતો હતો. તે જ સમયે મહાપ્રભુએ પ્રીતથી સૌ જગતના જીવો અને ભક્તજનોને દર્શન દેતા થકા બધા જ દેવો સ્થાપન કર્યા. સુંદર મંદિરની અંદર મધ્યનાં સિંહાસનમાં મનોહર સૂર્ય ચંદ્ર અગ્નિ વીજળી જોઈને શરમાય એવી સુંદર શોભામૂર્તિ ઝાકમઝોળ ચમકતી હતી આવાં દિવ્યસિંહાસન ઉપર અજિતમૂર્તિ શ્રી સહજાનંદ સ્વામીએ પોતાની મૂર્તિ હરિકૃષ્ણ ને રાધા કૃષ્ણ પધરાવ્યાં તથા માતાપિતાની સાથે ત્રિકમ રણછોડને પધરાવ્યા. તે સુંદર પ્રૌઢ છબી શોભતી હતી. તેના બાહુથી બાથ ભરીને મળીને સુંદર રીતે પધરાવીને ઘનશ્યામ પ્રભુએ આરતી કરીને કાર્ય પૂર્ણ કરી બતાવ્યું ત્યારે દેવતાઓનો સમુદાય જયજયનો નાદ કરતા હતા. આકાશમાં જ ગાંધર્વો કિન્નરો ગાતા હતા. અપ્સરાઓ આલાપ કરીને નૃત્ય કરતી હતી. આવી રીતે આનંદનો ઓઘ વધારતાં હતાં.

પૃથ્વી ઉપર ભક્તજનો બહુ જ રાજી થયા. ભક્તજનોને આનંદ આનંદ થયો. અનેક પ્રકારનાં વાજાંઓ વગાડતાં હતાં. ગુણીજનો સુંદર રીતે ગાતાં હતાં. આશ્રિતજનો દર્શન કરતાં હતાં. અસંખ્યજનો દર્શન કરીને પ્રભુને ભેટ અર્પણ કરતાં હતાં. જગત વ્યાપક પ્રભુ સૌની આશાઓ પૂરતા હતા. આવી રીતે પૃથ્વી ઉપર અતિશય મનોહર મહોત્સવ થયો તે જ્યારે મહારાજે **મુળીપુરમાં** પરબ્રહ્મ દેવોને પધરાવ્યા તેને શેષ શંભુ, શારદા ગાવા કહેવામાં સંકોચ પામતાં હતાં. પ્રભુએ ભૂદેવોના સમુહને જમાડીને ભક્તજનોના ભયને ભગવાન શ્રીહરિ હરતા હતા. સૌ હરિભક્તો આનંદ પામ્યા. ઘનશ્યામ હરિ પોતાના સંતોને જમીને જમાડતા હતા. જગતનાં કાર્યોને કરનાર કારણરૂપ પ્રભુ બહુ જ રાજી થયા. મુનિજનો રાજી થયા. વિપ્રો સહિત આકાશમાં રહેલા દેવો તથા જનોને આનંદ કરાવનારા સર્વને આંજનારા ગર્વ ગંજન શ્રીહરિ મનને સાફ કરનારા સજ્જન વિપ્ર વર્યોને દાનદક્ષિણાઓ બહુ જ આપ્યાં. શ્રીહરિએ આવી રીતે મંદિરમાં દેવોની સુદર રીતે પ્રતિષ્ઠા કરીને તે મંદિરનાં દેવની પૂજા કરવા માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખનારા બ્રહ્મચારી વિપ્રોને કાયમ સેવા કરવા રાખ્યા. ઘનશ્યામ પ્રભુએ બધાંય મંદિરમાં આવી રીતે ધામધૂમથી દેવોને પધરાવ્યા. આવી રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ અક્ષરધામાધિપતિએ ઉત્સવ કર્યો. અનંતના નાથ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ આવો સુંદર મહાઉત્સવ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા ત્યારે શ્રીહરિની સેવા બધા ભક્તજનો કરતા હતા. ઉરમાં બહુ જ ભાવ

ભરીને સેવા પ્રભુને અર્પવા માટે અનેક પ્રકારનાં વસ્ત્રો આભુષણો તૈયાર કર્યાં હતાં, તે બધાં પ્રાણપતિ મહારાજના અંગોઅંગમાં ધારણ કરાવ્યાં પછી અંગેઅંગમાં ચંદન ચર્ચીને પુષ્પના હારો પહેરાવ્યા ને મહાપ્રભુનો સુંદર વેષ બનાવ્યો. મુકુંદ પ્રભુને સુખરૂપ શણગારીને સુંદર મૂર્તિનું ચિંતવન કરતાં હતાં. ચિત્તમાં ધારતાં હતાં. યુવતી પોતાના પ્રિય પુરુષને શોભાવે તેમ શોભાવ્યા.

હે રાજન ! પૂજા કરીને આરતી કરતા હતા. પૂર્ણ પુરુષોત્તમ પ્રભુમાં ચિત્ત પરોવીને પછી **રામાભાઈ** રાજાની સાથે સૌ ભક્તજનો મહારાજની સ્તુતિ કરતાં હતાં. હે પ્રભુ ! આપ અવતાર ધરીને વિચરણ કરીને ઉગ્ર તપ કરીને શરીરને સુકવી નાંખ્યું એવા પ્રભુ આપ ભક્તજનોના ભવબંધનનાં અંધકારને તોડનાર સૂર્યના સ્વરૂપ પ્રકાશમાન આપ જયજયકાર પામો. કઠીન કુહાડા રૂપ થઈને ભયંકર વિષય વાસનાઓને કાપી નાંખી તથા મહાપાપના ઓઘનો પર્વતોને બાળીને પવિત્ર કરનારા આપ જયજયકાર પામો. મોહરૂપી માતંગને મારનારા વરાહ અને સિંહરૂપ થઈને સર્વના સુખ કરનારા આપ જયજયકારને પામો. હે પ્રભુ કામવાસનારૂપી દુષ્ટ પક્ષીનો નાશ કરનારા કિરાત રૂપવાળા જય જય પામો. ક્રોધરૂપી દશ મસ્તકવાળો રાવણ માર્યો એવ ા ભક્ત પ્રતિપાળ આપનો જયજયકાર થાય. વાસનારૂપી વનમાં રહેનારા અસુરોનો વિનાશ કરનારા વનમાં વિચરનારા ધર્મનંદન પ્રભુ આપનો જય જય થાય. કમળવનરૂપી સંતોના દિવસ રૂપ તેજદાતા સત્પુરુષોના સમુહના મેઘસમાન પોષણ કરનારા આપનો જયજયકાર થાય. ભક્તજનોના જન્મોજન્મનાં પાપોના સમુહને બાળનારા આપનો જયજયકાર થાય. સંતઋષિ પુષ્પને પીડનારા નિઃષ્ઠુર અસુરોને મારનારા આપનો જયજય થાય. લોભ આદિના પાસને તોડનારા આપનો જયજય થાય. પોતાના આશ્રિતજનોને અતિ સુખ કરનારા પ્રભુ આનો જય જય થાય. ચકોર સમાન ભક્તજનોના મનના ચંદ્રસમાન આપનો જય જય થાય. આપ સર્વના પ્રાણપતિ છો. એવા ધર્મનંદન આપનો જય જય થાય. કાલિદત્તના કાળ એવા આપનો જય જય થાય. ભક્તજનોનાં પાલનપોષણ કરનારા પ્રભુ આપનો જયજયકાર થાય. સર્વના કરનારા સર્વના આધાર પ્રભુ આપનો જયજયકાર થાય. સર્વના અંતરનું ભક્તોને જાણનારા સર્વાન્તર્યામી આપનો જયજય થાય. હે નિરંજન પ્રભુ ! આપનો જય જય થાય. સર્વના પર સ્વતંત્ર પ્રભુ આપનો જયજયકાર થાય.

હે કૃપાળુ ! આપે બહુ જ મહાન કાર્ય કર્યા એવા કૃપાળા, મૂર્તિઓમાં વાસ કરનારા, પ્રગટ રૂપવાળા, ભક્તજનોને દિન જાણીને બળ દેનારા આપનો જય જય થાય. આપ નવીન ઉત્સવ કરીને, પ્રતિષ્ઠાની અદ્‌ભૂત લીલા કરનારા, પુરુષોત્તમ પ્રભુ આપનો જયજયકાર થાય. આવી રીતે સ્તુતિ કરીને રામસિંહ રાજાએ શ્રીહરિને રાજી કરી દીધા ત્યારે હે રાજન ! મહારાજ કહે, તમે બધાય જે માંગવું હોય તે માંગો. તમારા મનમાં માંગવાની જે રૂચિ હોય તે માંગો. દુર્લભ વર માંગશો તોય તમને આપીશ ત્યારે રામસિંહ રાજા કહે અવતારી પ્રભુને પ્રાપ્ત કરનારી અને મનને બહુ જ ભાવનારી આપની ભક્તિ આપો. ભક્તજનોનાં વચન સાંભળીને ભક્તપતિ ભગવાન વરદાન આપ્યું. આવી રીતે કમળનયન મહાપ્રભુએ કૃપા કરીને બહુ જ ઉત્તમ કાર્ય કરી દીધું. આનંદના સાગર મહારાજે આવી રીતે ઉત્સવ કરીને મુળીધામમાં સૌના મદને હરી લીધો ત્યારે ચપલનયન મનોહરમૂર્તિ ચાલવા માટે ઉતાવળા થયા.

હજારો સંતો હરિભક્તો મૂર્તિ સ્થાપનની વિધિને બહુ જ સુંદર રીતે વખાણતાં હતાં. પોતાના સ્વમુખે

મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ સંતોને વાર્તારૂપે મુળીનો મહિમા હરખાતા મને કહેતા હતા. મારા આશ્રિત સંતો અને હરિભક્તો હું તમને રહસ્યની વાત કહું છું તે સાંભળો. મુળીધામને અમે મોટું ધામ કર્યું છે. તે મને બહુ જ પ્રિય છે. પાપને હરનારું છું. આ ધામનાં દર્શનમાત્રથી જ દિલના બધા દોષોને નસાડે છે. સ્પર્શ કરનાર જન તે મારા ચરણને પામે. જગતમાં બધાંય તીર્થો કહેવાય છે તેમાં મુળીતીર્થ જેવું કોઈ બીજું તીર્થ મારા મનને સારું નથી લાગતું. મારા ચરણનો સ્પર્શ થયો છે તેથી બધાં પાપોનો નાશ કરશે. ભલે તે પાપો કદાચ કરોડો જન્મનાં હોય તો પણ નાશ થશે. કેમકે અહીં જે દેવને મેં સ્થાપન કર્યાં છે તે બહુ જ ચમત્કારી છે. પ્રગટ પ્રમાણે વેદવિધિ કરીને પ્રમાણિત કર્યા છે. જાણે અજાણે જે કોઈ જન મુળીપુરધામમાં કરશે તે જન તત્કાળ જ મનોવાંછિત ફળને પામશે, તથા જે જન દેવોને ભેટ કરશે તથા થાળ કરશે તેમને કાળચક્રનાં ક્લેશો કે પીડાઓ હેરાન નહીં કરે. ભોગાવા નદીમાં સ્નાન કરીને, ભાવ ભરીને દેવનાં દર્શન કરશે, ભેટ કરશે, તેનાં સો કરોડો જન્મનાં પાપો બળી જશે. પછી તે મારા પરમધામને પ્રાપ્ત કરીને સુખ પામશે. મારી કહેલી આજ્ઞાનું પાલન કરીને તે પ્રમાણે રહેશે તે સૌ નરનારીજનો તેના ફળને પામશે જ તથા દઢ વ્રત ધારીને મૂર્તિનું ધ્યાન ધરશે. તે જીવાત્મા મુક્તિને પામશે. આ તીર્થ છે, તે બધાંય તીર્થ કરતાં અધિક સુખ આપનારું છે. મુળીધામને જ યોગ્ય રીતે મહાન કહ્યું છે. આ ધામના બે સમૈયા નક્કી કર્યા છે એક તો ગોકુલ અષ્ટમી જેનું નામ કહેવાય છે તે અને બીજું વસંતપંચમી નામ કહેલું છે તે સમૈયો જાણીને જે જનો સમૈયામાં આવશે તે જ હરિભક્ત કહેવાશે અને મારા સારા આશ્રિત થશે. તે સત્સંગીજનો મારા પરમપદ ધામને પાંમશે એમાં કોઈ સંદેહ જ નથી. જે જન અમારા મહિમાને નહિ જાણે તે મૂઢ યમદૂતોના ફંદમાં જમપુરીમાં જાય છે. મારાં કરેલાં ચરિત્રનો મહિમા જે જન સમજે છે તે હરખથી ગાય છે. તે જન સૂર્ય ચંદ્ર જેવા તેજ પ્રકાશને પામે છે. એના સરખો તેજાયમાન થાય છે. અક્ષરધામના માર્ગે પહોંચે છે. અવિનાશી ધામને પામે છે. તે ભક્ત મહાસુખની રાશીને પ્રાપ્ત કરે છે. તે મારો એકાંતિક હરિભક્ત કાળકર્મને વશમાં ક્યારેય નહિ થાય તે તો નિર્ભય થઈને મારા ધામમાં રહે છે. આવી રીતે બહુ જ મહિમા શ્રીહરિએ પોતાના મુખેથી સૌ સંતો હરિભક્તોની આગળ કહ્યો.

શ્રીહરિ ઘનશ્યામ સુખદાતાએ પોતાના મુખેથી મુળીનો મહિમા બહુ જ ગાયો. તેને જે જન જુઠ્ઠો સમજશે તે જન જમપુરીમાં જશે શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ મુળીપુરમાં દેવની મૂર્તિ સ્થાપન કરીને ભક્તજનોને સુખ આપ્યાં એવાં સર્વ ધામના ધામી મહાપ્રભુએ સુખ કર્યાં. મુળીધામનો મહિમા વખાણ્યો મન મોહન મૂર્તિ મહાપ્રભુએ મહાન ધામ કર્યું. આવી રીતે સત્તરમા અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ મુળીપુરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી તેનો મહિમા કહ્યો એ નામે સત્તરમો તરંગ પૂર્ણ થયો. ॥૧૭॥**

# તરંગ-૧૮

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ !મુળીથી મહાપ્રભુ વિચરણ કરતા કયા ગામે પધાર્યા એ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી ગુરુમહારાજ કહે છે, હે આનંદરાજન ! તમને ધન્ય છે. તમે મહાપ્રભુના પ્રગટના ચરિત્રોનું પૂછો છો તે તમને કહું છું તો તમે શ્રદ્ધા પૂર્વક સાંભળો. કરોડો જન્મ સુધી જે પાપી જીવાત્મા છે તે મુક્તિ નથી પામતા પણ શ્રદ્ધાથી જે પ્રભુના લીલા ચરિત્રોની કથાને સાંભળે છે તે તરત જ ભવસાગરને તરીને પરમસુખને પામે છે. શ્રીહરિ મહાપ્રભુ મુળીપુરમાં મૂર્તિ સ્થાપનનું સુંદર કામ કરીને ખૂબ જ જયજયકાર કરીને, મહાપ્રભુએ પ્રયાણ કર્યું. શ્રીહરિ મહારાજ માર્ગમાં પધારતા હતા. ત્યારે ચરિત્ર કરીને મહિમાને વધારતા હતા. સમાજને તથા સકળ મુનિજનોને મુળીપુરનો મહિમા જાણતા હતા. આવી રીતે મહાપ્રભુ લીલા કરતા થકા ગઢપુર રાજદરબારમાં નિવાસ કરવા પધાર્યા ત્યારે જયજયકાર થયો. ગઢપુરમાં શ્રીહરિએ સ્વમુખે જ કચ્છની વાત કરી ને ત્યાંના જનોના ભાવિકપણાંની વાત કરી. શોભા વર્ણવી દેવપ્રતિષ્ઠાવિધિ બધી સંભળાવી. તે સાંભળીને સૌના અંતરમાં બહુ જ ટાઢક ને સુખશાંતિ થઈ. પછી મુળીપુરની વાત ઘનશ્યામ પ્રભુએ શોભા સાથે સુંદર રીતે સમજાવી. સુખદાતાએ દેવની સ્થાપનાવિધિ બધી જ પુરી સમજાવી દીધી. શ્રીહરિએ સ્વમુખે મહિમાની બધી વાત કહી. સત્સંગીઓએ વાતો સાંભળીને પોતાના ઉરમાં બહુ જ ઉમંગ જાગ્રત થયો. મહાપ્રભુનાં ચરણકમળને સેવતા હતા. શ્રીહરિ સર્વના શિતારજ ગઢપુરમાં નિવાસ કરતા હતા.

ગઢપુરમાં જયા લલિતા આદિકજનો પ્રભુના મુખે કહેલી લીલા સાંભળીને રાજી થયાં ત્યારે હાથ જોડીને શ્રીહરિની પ્રેમથી ગદ્‌ગદ્ કંઠવાળાં થઈને બહુ જ સ્તુતિ કરતાં હતાં. હે મૂળ જગતના સર્જન કરનારા આપનો જય જય થાય આદિ નારાયણ પ્રભુ આપનો જય જય થાય. આપ જગતમાં ભક્તજનોને આનંદ દેનારા છો. આપ પ્રગટ થયા તે પૂર્ણ પ્રતાપથી પ્રગટ્યા છો. એવા આપનો જય જય થાય. અનાદિના આપ શાશ્વત છો. આ જન્મા છો. બ્રહ્મજ્યોતિ સ્વરૂપ આપ જ છો. અદ્વૈત આપ છો. હે હરિ નકલંક આપ સર્વત્ર જયજયકાર પામો. જેને દ્વૈત સૌ નમે છે એવા સર્વોપરી આપનો જયજયકાર થાય. હે પ્રભુ ! આપ પોતાની ઈચ્છાથી જ મનુષ્ય સ્વરૂપ ધરીને પધાર્યા છો તે તો કેવળ પામર જીવોના કલ્યાણ કરવા માટે જ પધાર્યા છો. એવા હે સહજાનંદ સર્વોપરી હે ઘનશ્યામ પ્રભુ આપનો સર્વત્ર જયજયકાર થાય. જયાલલિતા કહે છે, હે પ્રભુ ! સૌનાં કષ્ટોને તોડનારા સૌને સુખ દેનારા, અક્ષરધામના અધિપતિ અનંતને જય કરનારા હરિકૃષ્ણ પ્રભુ આપ પોતે તો ગઢપુરમાં જ વિરાજો છો. આશ્રયમાં આવેલાને પાળનારા કાળના કાળ ધર્મના પુત્ર પ્રભુ સર્વના સુખ કરનારા, આપ **છપૈયાપુરમાં** પ્રગટ થયા છો એવા હરિકૃષ્ણ પ્રભુ આપતો ગઢપુરમાં વિરાજો છો. હે જીવનપ્રાણ ! આપ પ્રગટ થયા છો, તે જગતના અજ્ઞાનના અંધકારનો નાશ કરનારા, સૂર્યસમાન દિવ્ય સ્વરૂપને ધરીને પોતાનાં માતાને દિવ્ય દર્શન દીધાં, એવા હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. કોટરા કાલિદત્ત આદિક કાળનો નાશ કરવાના કારણરૂપ, ભક્તજનોને ભય થકી ઉદ્ધારનારા, બ્રહ્માદિક દેવો મુનિજનો આપની સેવાભક્તિ કરે છે, એવા હરિકૃષ્ણ પ્રભુ આપ તો ગઢપુરમાં વિરાજો છો. જન્મ ધરીને લીલા કરતા થકા આઠ વર્ષના થયા ત્યારે પિતા થકી ઉપવિતને ધારણ કરીને, માતાપિતાને દિવ્યગતિ આપી મુક્ત કર્યા, એવા

હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. હે પ્રભુ ! જગતના તારનારા તીર્થ કરવાના બહાને, અસુરોનો નાશ કરવા પૃથ્વી ઉપર વિચરણ કર્યું. ભૂમિનો બધો ભાર ઉતાર્યો એવા હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. ભૂમિનાં બધાં તીર્થો ફરીને હરિ આપ લોજપુર નરનારીજનોને ઉદ્ધાર કરવા પધાર્યા. રામાનંદ સ્વામીને મળ્યા. એવા હરિકૃષ્ણ પ્રભુ આપ તો ગઢપુરમાં વિરાજો છો.

રામાનંદગુરુએ પોતાના શિષ્ય બનાવ્યા. પોતાની ગાદીના ઉત્તરાધી બનાવ્યાં. સર્વનાં કષ્ટો કાપીને રામાનંદ સ્વામી ઉર્ધ્વગતિ પામ્યા. આપે આપનો પ્રતાપ જણાવ્યો એવા હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. અનંત જીવોને તાર તારનાર, ધ્યાન ધારવાની રીત બતાવનારા, સર્વજનોને પોતાનું કલ્યાણનું જ્ઞાન આપ્યું. એવા હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. પાખંડ માર્ગના પંથના ઝુંડને તોડીને ભક્તજનોનો ઉદ્ધાર કરતા પૃથ્વી ઉપર વિચરનારા, પરિબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રભુ તમે હરિકૃષ્ણ પોતે ગઢપુરમાં વિરાજો છો. કળિકાળના કામના ગર્વનો નાશ કર્યો. જીવોને અભયપદ એવું અક્ષરધામનું સુખ આપ્યું. તથા અભયવર આપ્યાં. યજ્ઞયાગાદિ કરીને દેવો મુનિજનો સૌને તૃપ્ત કર્યા, એવા શ્રીહરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. અવતારના અવતારી પ્રભુ આપ સુખ આપનાર, આશ્રયે આવેલા ભક્તના ત્રાસનો નાશ કરનારા હરિકૃષ્ણ પ્રભુ આપ ગઢપુરમાં વિરાજો છો. આ હરિકૃષ્ણ અષ્ટકનો જે પાઠ કરશે અથવા શ્રદ્ધાથી સાંભળશે તે જન પ્રભુની પરમ શ્રેય પદવીને પામશે એમ અવિનાશાનંદ કવિ પ્રભુના ગુણને કહે છે એવા હરિકૃષ્ણ પ્રભુ ગઢપુરમાં શોભે છે. આવી રીતે જયાલલિતાએ હાથ જોડીને પ્રભુની પ્રાર્થના સ્તુતિ કરી એટલે મુનિઓના પતિ શ્રીહરિ રાજી થયા. પ્રભુ કહે તમે મારી પાસે કોઈ જાતનો ભય નહિ રાખીને પ્રેમથી માંગો. દુર્લભમાં દુર્લભ વરદાનો દઈશું.

જીવુબા તથા લાડુબા કહે હે મહાપ્રભુ ! આદિપુરુષ અજિત, અજન્મા, અદ્વૈત આપ એક જ અનંતરૂપ છો. માટે હે પ્રભુ ! આપના સ્વરૂપની દ્રઢ ઉપાસના તથા સંતપુરુષોના સદાય સમાગમ મળે એવું વરદાન આપો. હે પ્રભુ ! આપના વિના બીજા કોઈની અમારા અંતરમાં ભાવ ન આવે. અખંડ આપની ભક્તિ થાય એવું વરદાન અમને આપના દાસ જાણીને હે ધર્મ કિશોર પ્રભુ આપજો. નાશવંત સુખો કરનારા તો બ્રહ્માદિ દેવો છે, પણ તેવા તુચ્છ પદાર્થમાં મનમાં ક્યારેય મોહ ન થાય એવું આપના સ્વરૂપનું અખંડ સુખ મળે. આપનું જ અખંડ સ્મરણ રહે એવું વરદાન દેવા કૃપા કરો. આવી રીતે તે બાઈઓની દૃઢમતિ ભાવના યુક્ત જોઈને તે ચતુર ભક્તોને મુનિજનોના મનને ન ઓળખાતા મહાપ્રભુએ મહત્ત્વનો વર પોતાના એકાંતિક ભક્તોને આપ્યો.

આવી રીતે ભક્તજનને ઉત્તમ પ્રકારનું શુદ્ધ સુખ દેતા હતા. દેવોને દુર્લભ દર્શનનું સુખ દયાળુ પ્રભુએ આપ્યું. એટલામાં થાળ તૈયાર થયો તે ભયભંજન ભગવાન મુનિજનોની સાથે થાળ જમતા હતા. રાત્રિ થઈ એટલે કૃપાળુ મહાપ્રભુએ સુખશય્યામાં શયન કર્યું. જ્યારે સવારે વહેલા વિહાન વેળા થઈ ત્યારે ભયભંજન મહાપ્રભુ જાગ્રત થયા ને શૌચાદિક ક્રિયા કરવા લાગ્યા. સ્નાનાદિક કરીને સુંદર સફેદ વસ્ત્રોને ધારણ કર્યાં. પ્રભુ સંતો સ્વારોની સાથે તૈયાર થયા. મહારાજ ઘોડા ઉપર અશ્વાર થયા અને બધાય સંતો પેદલ ચાલતા હતા. સંતગણ કિર્તનો ગાતા હતા. આ રીતે જનસમુદાયની સાથે સર્વના મનરંજન પ્રભુ આગળ ચાલતા હતા. હે રાજન્ ! બહુનામી મહાપ્રભુ સહજાનંદ સ્વામી **બોટાદમાં** પધાર્યા. **ભગાશેઠના** મનમાં આનંદ બહુ જ વધાર્યો. દયાળુ મહાપ્રભુ ભક્તજનને દર્શન આપીને પ્રભુ **અણિયાળી** પધાર્યા. ભક્તજનોને સમાચાર મળ્યા એટલે સૌ

સામાં આવ્યા. પુરુષોત્તમ પ્રભુને પુરમાં પધરાવ્યા. અનેક પ્રકારનાં વાજાં વગાડીને પ્રભુને ગામમાં લાવ્યા. અનેક પ્રકારનાં વાજાં વગાડાવીને મહા મોટો આનંદ ઉત્સવ કર્યો. કમલનયન પ્રભુ **અણિયાળી** ગામમાં રાત રોકાયા. ભક્તજનોને ભક્તિની ઘણી બધી વાતો કરીને ઉપદેશ કર્યો. જ્યારે રાત બહુ જ વીતી ગઈ ને પ્રભાત વેળા થઈ ત્યારે સર્વસમાજની સાથે અસવારી કરીને પ્રયાણ કર્યું. ધર્મપુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુ **ધંધુકામાં** પધાર્યા. કળિકાળના કુકર્મનાં દુષણોથી જનોને ઉગાર્યાં ત્યારે શ્રીહરિ સંતોને મુનિજનોને કહેતા હતા. આપણે બધાંને અહીંથી ઉતાવળા જવું પડશે. **ધંધુકાનાં** સૌ સત્સંગીઓ ઘનશ્યામ પ્રભુ આવેલા જાણીને પ્રભુને અર્પણ કરવા ભેટ લઈને દર્શન કરવા ગયાં. દર્શન કરીને મહા આનંદ પામ્યાં. ભયહારી ભગવાને સુખ આપીને પછી મહાપ્રભુ **કમિયાળા** ગામે જન સમુદાયની સાથે પધારતા હતા. ભક્તો જયકાર કરતા હતા. ત્યારે માર્ગમાં મહાન મુક્તરાજ **મુક્તાનંદ** સ્વામી ઘોડા ઉપરથી નીચે પડી ગયા. હાથ ભાંગી ગયો ત્યારે મહાપ્રભુએ કાળ ઉપર બહુ જ રીસ કરી અકળાયા.

શ્રી સહજાનંદ સ્વામી ગઢપુર આવ્યા અને જયાલલિતાએ હાથ જોડીને મહાપ્રભુની પ્રાર્થના સ્તુતિ કરી બહુનામી નાથને નિરખીને મહાપ્રભુ પાસે સુંદર વરદાન પામ્યાં. મહાપ્રભુનાથે ગઢપુરથી પ્રયાણ કર્યું. ને બોટાદ પધાર્યા. એ રીતે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે અઢારમો તરંગ પૂર્ણ થયા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વામી મુક્તાનંદજીનો હાથ કેવી રીતે ભાગ્યો અને શા માટે મહારાજ કેવી રીતે ક્રોધ કર્યો. કોપાયમાન થયા સારવારનું કામ કેવી રીતે કર્યું તે બધું જ ચરિત્ર મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ કહે છે, હે આનંદસિંહ રાજન ! શ્રીહરિ મહાપ્રભુ **કમિયાળા** ગામેથી ચાલ્યા ત્યારે પ્રભુની સાથે સંતોરૂપી રસાલો બધોય હતો માર્ગમાં જતા હતા ત્યારે લોકોને આનંદ કરાવતા જતા હતા. પૃથ્વી ઉપર ભક્તજનોના ભવબંધનને તોડતા જતા હતા. શ્રીહરિ હરિભક્તોની સાથે હાસ્યવિનોદ કરતા થકા ખેલ કરતા કરતા જતા હતા. ત્યારે આકાશે દેવો વાદળાનો ગભારો કરીને પ્રભુના શિર ઉપર તાપ જોઈને તાપને રોકતા હતા. મારગમાં જતા હતા ત્યારે મુનિ ઘોડાં ઉપર બેસીને શ્રીહરિની સાથે પ્રભુના સ્વરૂપમાં ગુરુભાવ રાખીને જતા હતા. ચાલતાં ચાલતાં હરણી જેવી ઘોડી ચમકી એટલે મુક્તાનંદ સ્વામી ઘોડી ઉપરથી જમીન ઉપર એકદમ પડી ગયા. કોઈ જાતનું સાનભાન ન હતું. કોઈ ખ્યાલ જ નહતો તેમ પડ્યા. ત્યારે ત્યાં બહુ જ મોટો હાહાકાર થઈ ગયો. સુખકારી પ્રભુને કહે સ્વામી પૃથ્વી ઉપર પડી ગયા. સુખકારી સાંભળીને તરત જ જલદીથી ત્યાં આવ્યા. જોયું એટલે પ્રભુના શરીરમાં ક્રોધનો અગ્નિ છવાઈ ગયો. જેમનું નામ સાંભળીને ક્રોધનાશ પામે છે. એમને પોતાને જ જ્યારે ક્રોધ આવે ત્યારે તો બહુ જ હાસ્ય થાય તેથી મહાપ્રભુ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધરીને પ્રભુ પોતાના ભક્તજનોની માટે જ પધાર્યા છે. એટલે પોતે મનુષ્ય જેવાં ચરિત્ર કરીને મહારાજ દર્શન આપે છે. મહારાજ મુક્તાનંદ સ્વામીનો હાથ જોતા હતા. બ્રહ્મ તેજોમય સ્વરૂપવાળા શ્રી ઘનશ્યામ સ્વછંદી કહે.

અરે કપરા તે આવું કામ શા માટે કર્યું કાળ ઉપર મરાળ પ્રભુ બહુ જમ ક્રોધીત થયા. કાળ ઉપર અકળાયા. સરળ ચિત્તવાળા સારા શીલ સ્વભાવવાળા તત્કાળ કામવાસનાનો ત્યાગ કરીને મન કર્મ વચનથી કૃપા કરનારા દ્રોહથી રહિત દયાવાળા નિસ્પ્રેહવાળા નિરમાની અંતરમાં કોઈ જાતના રાગદ્વેશ વગરના મારાં નવાં નવાં ચરિત્રોને સતત ગાનારા અને કહેનારા સંતના સર્વ ત્રીસ લક્ષણો સાથે ભયના અંધકારનો નાશ કરનારા એવા સંતને અત્યારે તે દુઃખ દીધું એ દુષ્ટને શું કહેવું. સમયની કઠીનતા (કાળની) જાણીને ભયહારી પ્રભુએ કરડી દૃષ્ટિ કરી, એટલે કાળ પોતે ભય પામીને કંપતો હતો. કેમકે જાણે અનંત બ્રહ્માંડોનો લય થઈ જશે. એક જ ઘડીના ભાગમાં કેર વર્તશે. ભવ બ્રહ્મા દેવોના રાજા વિગેરે આવી રીતના કઠીન કાળની કરડતા જોઈને મહાપ્રભુની ભ્રૂકુટિ વિલાસને જોઈને થર થર કંપતા ડરતા થકા મનમાં બહુ જ ત્રાસ પામતા થકા આવ્યા.

ભગવાને ક્રોધ કર્યો તેથી દેહની ગતિનું ભાન ભૂલીને આકાશ માર્ગે બધાં ખગોળ ભુગોળ ખળભળી ગયાં. **સુરેશ, શંકર,** શેષ બધા કંપવા લાગ્યા. અગ્નિઓ તેજ થયા. સાગરો ઉછાળવા લાગ્યા. હૃદય ધબકારા છોડવા તૈયાર થયા. મેરુ આદિની પૃથ્વી ડગમગવા લાગી. દિગ્ગજો ડોલ્યાને ચીસોપાડવા લાગ્યા. મનથી ભગવાનના શરણમાં આવ્યા. ધડકતા ધીરજ ધરીને દેવો, હાથ જોડીને ભય પામીને મનમાં વિચારવા લાગ્યા કે બ્રહ્માંડનો નાશ થશે કે શું ! એમ મનમાં સંશય પામતા હતા. બધાય ભય પામતા ભેગા થયા. દેવો મુનિજનો બ્રહ્માજી શંકર સંતો વિષ્ણુ લોકમાં બહુ જ ડરતા થકા ત્યાં ગયા. ભય પામતા પૂછતા હતા. હાથ જોડીને કહે, હે કૃપાળુનાથ આ શું થઈ રહ્યું છે. શું કોઈ બ્રહ્માંડોનો નાશ થવાનો છે કે શું ભય પામતા અનેક ઉત્પાત થાય છે. આમ દેવોએ કહ્યું ત્યારે વિષ્ણુ ભગવાન ધ્યાન ધરીને પ્રગટ ભગવાન પાસે પ્રીત કરીને બધું જ કરુણામૂર્તિ શ્રીહરિને પૂછતા હતા. ત્યારે પ્રભુ કહે તમે મનમાં નિશ્ચિંત જ રહો. કોઈ બ્રહ્માંડનો નાશ નથી થવાનો આ તો અમારું એક ચરિત્ર જ છે. પુરુષોત્તમ પ્રગટ પ્રભુ પૃથ્વી ઉપર વિચરે છે. પવિત્ર મૂર્તિની કાળે મર્યાદા લોપી તેને સમર્થ જગદીશ મહાપ્રભુએ જાણ્યું. પ્રગટ પ્રભુને પ્રિય એવા એકાંતિક સંતને કાળે દુઃખ દીધું એના કારણે જ આ ચરિત્ર કરેલ છે. પુરુષોત્તમ પ્રભુએ મનમાં રીસ કરીને કાળને ભય ઉપજાવવા માટે મોટો ઉત્પાત કર્યો છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં વચનો સાંભળીને પ્રભુને શિશ નમાવી વંદન કરીને સૌ દેવો પોતપોતાના સ્થાને ગયા. ભય બતાવનારા ભગવાનની રીસ જાણીને તરત જ કાળ કરાળ ત્યાં આવ્યો. ઘનશ્યામ પ્રભુની પાસે જઈને કહે, પ્રભુ રક્ષા કરો રક્ષા કરો એમ કહેતો હતો. હે આર્ત હરનાર હે પ્રભુ ! આપના ભક્તનાં કામ કરવા માટે જ જાણ્યા વગર જ બળ થઈ ગયું છે. હે પ્રભુ હવે ક્ષમા કરો. હે પ્રભુ ! આપની મરજીનું પાલન કરીને જ બધું જ કાર્ય કરીએ છીએ. આખા બ્રહ્માંડોનો નાશ કરનારા આપની આજ્ઞાનો લોપ ન કરી શકીએ. માટે હે પ્રભુ ! આપની મરજીને અમે નજ લોપીએ પણ હે કૃપાલા ! વગર જાણે આ વાત થઈ ગઈ છે. હે બલભ્રાતા ! કાંઈક ક્ષમા કરો. હે મહારાજ કાંઈક કૃપા કરો. હે દયાળુ અપરાધ માફ કરો. હે કમળનયન પ્રભુ ! તત્કાળ જ થઈ ગયું છે. હે માત તાત ! બાળક અવગુણ કરે તો ક્ષમા કરે છે. પુત્ર કાંઈક અપરાધ કરતો હું આપનો નોકર છું. ચરણનો દાસ છું. તો કૃપા કરો. હે પ્રભુ ! જે અપરાધ થયો છે તેને ક્ષમા કરો. હે અંતર્યામી પ્રભુ હે આદિઅનાદિના પુરુષોત્તમ પ્રભુ આપનો દાસ જાણીને સુખધામી પ્રભુ કોમળ હૃદયવાળા હે કૃપાળુ દિલમાંથી દયા ધારીને દયાળુ પ્રસન્ન થાઓ. પ્રભુ મને આપનો નોકર જાણીને કાળરૂપ મને આપની ભૂલ કરીને અતિરેક કર્યો છે. અનીતિ કરી છે. કૃપા કરીને અમારી ઉપર રાજી થાઓ. આવી રીતે તે કાળે આવીને નેત્રમાં આંસુ વહેવડાવતાં થકાં પ્રભુના ચરણમાં પડતાં થકાં વિનંતી કરતો હતો. હે સુખદાયક

મહાપ્રભુ સાંભળો. હે નાથ ! કાળના કાળ મહાકાળ હે કૃપાળુ આપને નમન કરું છું. દિલમાં દયાને ધારનારા આપને નમન કરું છું. હે દયાળુ હે સર્વના ઈશ સર્વ અનાથના નાથ આપ સર્વને સનાથ કરનારા કરોડો કરોડ મુનિજનોએ ચરિત્રની ગાથા ગાયા જ કરે છે. એવા આપને વારંવાર નમન કરું છું. હે ભયનો નાશ કરનાર ભક્તિમાતાના પુત્ર ઘનશ્યામ પ્રભુ આપનું ભજન સદાય કર્યા કરુ છું. હે કૃપાના સાગર સંસારને તારનારા કૃપાળુ હે હરિ આપનું ભજન કરું. બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર સર્વે આપનાં દર્શન કરીને આપના ગુણચરિત્રને ગાય છે. આપની પ્રશંસા કર્યા કરે છે. એવા આપને વંદન કરીએ. અકામી પ્રભુ આપના ચરણકમળની સેવા કરીએ આપને વંદન કરીએ. સદાય આપના ચરણની રજને મસ્તક ઉપર ધારણ કરે છે એવા છ અંગો સાથે વેદો સદાય આપના ગુણોનું ગાન કર્યા કરે છે હે પ્રભુ ત્રાસ પામતો હું તે મારું રક્ષણ કરો. રક્ષણ કરો મહાન મદોન્મત્ત એવા અસુરોના શત્રુ એવા આપે કૃષ્ણનું રૂપ ધારણ કરીને અસુરોને માર્યા એવા આપને નમન કરીએ છીએ. દશ મસ્તકવાળા રાવણના અધર્મપાપોને જોઈને તેને આપે રામરૂપે પ્રગટ થઈને માર્યો એવા આપને વંદન કરીએ છીએ. ભ્રુગુકલમાં જમદગ્નિ મુનિના પુત્રરૂપે પ્રગટ થયેલા આપ ઉદય પામેલ સૂર્યસમાન વનમાં વાસ કરીને મહાઘોર ક્ષત્રિઓનો નાશ કરનારા પરશુરામ રૂપે આપને નમન કરીએ છીએ. મચ્છરૂપ ધારીને મુરારી પ્રભુ આપે અસુરનો વધ કર્યો. એવા આપને વંદન કરું છું. હે પ્રભુ ! આપે કચ્છરૂપ અવતાર ધરીને પીઠ ઉપર વિશાળ મનોહર ગિરીને ધારણ કર્યો. દેવો દૈત્યોએ મળીને સમુદ્રનું મંથન કર્યું. તેમાંથી ચૌદ રત્નો લીધાં એવા હે પ્રભુ આપને નમન કરીએ છીએ. વરાહરૂપે થઈને પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે હિરણ્યાક્ષ રાક્ષસની સાથે યુદ્ધ કરીને દુષ્ટને માર્યો. એવા યજ્ઞમૂર્તિ આપને નમન કરીએ છીએ. હે નાથ આપ નૃસિંહ રૂપને ધારણ કરીને અતિ વિકરાળ મુખવાળા તીખા હતા. પ્રહલાદની રક્ષા કરવા, ભક્તના માટે દિતિનો પુત્ર હિરણ્યકશિપુ અસુર મહાદુષ્ટને માર્યો, એવા આપને નમન કરું છું. હે પ્રભુ ! આપે વામન રૂપ ધારણ કરીને રાજા બલીને કળા કરીને, બાંધીને દેવોનું કાર્ય કર્યું એવા મહાપ્રભુ આપ મારું રક્ષણકરો. આપને શરણે આવ્યો છું.

હે પ્રભુ ! આપે બુધ અવતાર ધરીને હોંશીયારીથી વૈદિક ધર્મનો વિરુદ્ધ કરનારા અસુરનો નાશ કર્યો અને શુભ કાર્યો એવા આપને હે પ્રભુ નમન કરું છું અને આપ મારું રક્ષણ કરો. ભક્તના જહાજ પ્રભુ આપને નમન કરું છું. હે પ્રભુ જ્યારે વર્ણો અનેક જાત નાંશ થશે અને બધાં જ ભ્રષ્ટ થઈને બધા જ જ્યારે વર્ણભેદ વગરનાં સ્વચ્છંદી થશે, ત્યારે આપ કલ્કિ રૂપ ધરીને સર્વનાં કષ્ટને હરશો. સૌ દુષ્ટ પાપીઓને અનેકને મારીને. ફરી પાછો સદાચાર ધર્મને ધારણ કરાવશો. અવો આપને નમન કરું છું. હે પ્રભુ ! નર નારીજનોના ઉદ્ધાર કરવા અમીરોને ઉદ્ધારવા અવતારના અવતારી આપે કળિકાળમાં અપાર જીવોને ભવબંધનથી પાર કરાવ્યા એવા આપને વારંવાર નમન કરું છું. હે નાથ ! આપે અનંત રૂપોને ધારણ કર્યાં છે એ એ સ્વરૂપથી અનેક અસુરોને ઉધાર્યા છે. હે પ્રભુ હું પણ પાહિ પાહિ થયો છું તો અનાથના નાથ હે પ્રભુ મને ભક્ત કરો. આપ તો મહારાજ વિશ્વાત્મા છો. હે નાથ ! આપને નમન કરું છું. આપ મારા દોષોને ક્ષમા કરજો. મારાથી અજાણતાં જ દોષ થયો છે એ સાચું જ કહું છું. હે પ્રભુ ! જ્યારે નાશ કરશો ત્યારે જ નાશ થાય છે. માટે હે પ્રભુ આપના બિરુદને પાળીને નમન કરું છું.

આવી રીતે શ્રીહરિ મહાપ્રભુએ કાળની વિનંતી સુંદર રીતે સાંભળી. તેથી પ્રભુનો મનમાં કાળ પ્રત્યેનો મત્સર શાંત થયો. ભયને હરનારા પ્રભુ પ્રસન્ન થયા ત્યારે તે કાળને પ્રભુ કહેતા હતા કે મુનિના હાથને ઠીક

કરી દે, ત્યારે તે અવિનાશ પ્રભુનાં વચન સાંભળીને કહેલાં વચનોને શિર ઉપર ધારીને આજ્ઞા લઈને, ધનવંતરી વૈદ્ય પાસે ગયો. ત્યાં જઈને બંને હાથ જોડીને વિનંતી કરતો હતો કે તમે મારું કામ કરી આવો ને મારું કષ્ટ દૂર કરો. કેમકે સર્વના નાથ શ્રીહરિએ મારી ઉપર રીસ કરી છે મુક્તાનંદ મુનિનો હાથ ભાંગી ગયો છે. તેઓ ઘોડી ઉપરથી પડી ગયા. હાથ ટુટ્યો તે કારણે બધાં જ લોકનો નાશ કરવા મહારાજ તૈયાર થયા. બહુ અકળાયા હતા. મેં મહારાજની પ્રાર્થના કરી આજીજી કરી ત્યારે રાજી થયા. ભગવાને મને કહ્યું કે આમના હાથને ઠીક કરી દે ત્યારે હું આપને વિનંતી કરવા આવ્યો છું. આ કામ કરી આપો. ત્યારે ધનવંતરી ભગવાને બ્રહ્મના રૂપને ધરીને કાળના વચન પ્રમાણે સુંદર રીતે પૃથ્વી ઉપર દવા કરવા ને પ્રભુનાં દર્શન આમ બંને કામ કરવા પ્રેમપૂર્વક આવ્યા. દયાળુ મહાપ્રભુનાં દર્શન કર્યાં. પછી મુનિવર મુક્તાનંદ સ્વામીનો હાથ પકડીને સુંદર રીતે સરખો કરીને સારો કર્યો. શ્રીહરિ દયાળુ મહાપ્રભુનાં દર્શન ચરણસ્પર્શ કરીને ધનવંતરી દેવો પોતાના ધામમાં ગયા અને કાળપણ પોતાના લોકમાં શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરતો ગયો. આવી રીતે પરાક્રમ કરીને અજિત પ્રભુએ કાળને બહુ જ કંપાવ્યો. બ્રહ્માંડ પૃથ્વી બધાં જ ડગમગાવ્યાં. આવી રીતે દયાળુ હરિએ ચરિત્રો કરી જગતના જીવોને પોથાનું સામર્થ્ય સમજાવ્યું.

આવી રીતે ભગવાનની લીલાથી સ્વામીનો હાથ ભાંગી ગયો ને તે સરખો થયો. આકાશમાં દેવસમુદાયે દર્શન કરીને જયજયકાર કર્યો. પ્રભુના બંને ચરણકમળને ચંદનપુષ્પથી પૂજન કર્યું. કહે, હે દયાળુ ! આપનો જયજય થાય. આપે દયાળુ કૃપા કરીને લોકોનાં હિત કરવા માટે કાળના મનને કંપાવવા ચરિત્ર કર્યું. એવા પ્રણતપાલન મહાપ્રભુ આપને પ્રણામ કરીએ છીએ. સૌ દેવો સુખદાતા આપને વંદન કરીએ છીએ. આવી રીતે સુખના ધામ પૂર્ણકામ મહાપ્રભુ પોતાના એકાંતિક સંતની રક્ષા કરીને ત્યાં બે દિવસ રોકાઈને ભક્તજનોને બહુ જ સુખદાઈ ને સુખધામ મહાપ્રભુ ત્યાંથી ચાલવા માટે ઉતાવળા થયા. શ્રીહરિ કરુણા કરીને **નાની બોરુ** નામના ગામે પધારીને ત્યાંના ભક્તજનોના પાપો પીડાઓને હરતા હતા.**બોરુનાં** પુરવાસી પ્રેમી બહુજ હતાં તે ભક્તો પ્રભુની સામા જઈને પોતાના ઘેર પધરાવ્યા. સુંદર રસદાર રસોઈ કરીને જગના પતિને સુંદર રીતે જમાડવા તૈયારી કરી. ત્યારે મહાપ્રભુ સંતોને બેસાડીને જમાડતા હતા ને પ્રભુ પોતે પણ થાળ જમતા હતા. મહારાજ પોતાના ભક્તજનોને સુંદર ભોજન જમાડતા હતા. પછી મહારાજ હાથ, ચરણને ધોઈને પલંગ ઉપર શયન કરતા હતા.

મુક્તાનંદ મુનિનો હાથ ભાંગેલો જાણીને પુરુષોત્તમ પ્રભુએ ખૂબ જ ક્રોધ કર્યો. મનમાં બહુ જ ત્રાસ થયો. તેથી બ્રહ્માંડોમાં મહા ખળભળાટી મચી ગઈ સૌ દેવતાઓ કાળ પોતે મૂર્તિમાન થર થર કંપતો આવ્યો. મહાકઠીન કાળ પ્રભુને નમન કરીને મુનિનો હાથ સરખો કરાવ્યો. એ પ્રમાણે અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે ઓગણીશમો તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ કાળને ત્રાસ આવી રીતે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ ઓગણીસમો તરંગ પૂર્ણ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! જેમના અંગો ઉપર પુષ્પના હારો શોભે છે. પુષ્પોથી સતત સેવા કરાતા પુષ્પના હારો ધરીને સુખ આપતા એવા તથા પુષ્પો સાથે સદાય લીલા ચરિત્રો કરતા એવા મહાપ્રભુ. શ્રી સહજાનંદ સ્વામી કામની વાસનાનો નાશ કરે છે. પ્રભુનાં નામનું સતત સેવન જે નરનારીજનો કરે છે. તેના ભવબંધન તોડી મુક્તિ કરે છે. એવા સહજાનંદ સ્વામીનાં પાવન કરનારાં પવિત્ર લીલા ચરિત્રો મને કહો.

અયોધ્યાપ્રસાદ કહે છે, હે આનંદસિહ રાજન ! લક્ષ્મીજી સતત જેમની સેવા કરે છે, ભક્તિ કરે છે એવાં સર્વનું પાલન કરનારા પ્રગટ પ્રભુના ચરિત્ર યશને તમો સાંભળો. કાળના ગર્વને હરીને મહાપ્રભુ **બોરુ ગામે** પધાર્યા તે ચરિત્રો સાંભળો. **બોરુ ગામમાં** સોની હરિભક્ત **હીરાલાલભાઈ** ભક્તના ઘેર રસોઈ થઈ, તેનો થાળ જમીને એના ભવત્રાસને હરી લીધાં. બહુ જ સુખ આપ્યું. ભક્તજનને દર્શન દીધાં. મહારાજ થાળ જમીને પછી સૌ સંતોને જમાડ્યા. એટલામાં એક હરિભક્ત ત્યાં આવ્યા. તે ભક્ત જાખડા ગામના રહેવાવાળા **કાશીદાસ** પ્રભુ પાસે આવ્યા. શ્રીહરિને સુંદર રીતે વચન કહેતા હતા. હે પ્રભુ ! આપ સુખદાયક મારા ઘેર પધારવા કૃપા કરો. મારી આવી ઇચ્છા છે. તેને આપ પૂરી કરો. દાસનાં વચનને આપનાં દિલમાં ધારો. ત્યારે મહાપ્રભુ પોતાના મુખેથી સમજાવતા હતા કે મહાનુભાવાનંદ મુનિ નામના સંત છે તે જેમ વાત કહેશે તેમ અમે તરત જ કરીશું. આવી રીતે મહાપ્રભુનું વચન સાંભળીને ભક્ત મુનિ પાસે તરત જ ગયા ને પ્રભુ આગળ જે વાત થઈ તે વાત બધી કહી સંભળાવી ને કહે મારી ઉપર આટલી દયા કરો. સ્વામી તમે જેમ કહેશો તેમ જ હું કરીશ. આપનાં વચનને અંતરમાં ધારણ કરી લઈશ. મહારાજ અત્યારે મારે ઘેર પધારે એવી અનુમતિની વાત તમે કરો તો મારા મનમાં સારું ભાવશે. તે ભક્તનું કહેલું સાંભળીને મહાનુભાવાનંદ સ્વામી કહે, ભક્ત સાંભળો. તમારે ઘેર શ્રીહરિ મહાપ્રભુ આવશે પણ વધારે રોકાશે નહિ. એ વાત સારી જાણજો. આમ નક્કી હોય તો પ્રભુ માનશે ને આવશે.

ત્યારે ભક્ત સ્વામીનું વચન સાંભળીને કહે, મહારાજની જેવી મરજી છે તેમ જ કરીશ. આમ કહીને મહાપ્રભુને પોતાના ગામે સવારના સમયે તેડી ગયા. અનેક પ્રકારનાં વાજાંઓ વગાડતાં થકાં મહારાજને જાખડા ગામમાં પધરાવયા. ગામની ભાગોળમાં જ બહુ જ મોટો મંડપ બાંધેલો હતો. મંડપમાં જ સંતોની સાથે સુખદાયી પ્રભુએ ઉતારો કર્યો. પછી નાથ સૌ સભામાં બેઠેલાં ભક્તો પ્રત્યે વાતો કરતાં હતાં. તેમાં જગતના જીવને જન્મરણના દુઃખની વાતો કરીને સમજણ પાડી. પ્રભુની વાતો સાંભળીને તેમાંથી કેટલાક જન સત્સંગી થયાં ત્યારે પાપી કુસંગીજનો મનમાં બળી મરતાં હતાં. શ્રીહરિ કરુણા કરીને ઉપદેશની વાતો કરતા હતા. સૌ જન સાંભળીને રાજી થતાં હતાં. મનથી સુખ પામતાં હતાં. પછી મહાપ્રભુ ભક્તજનના ઘેર પગલાં કરવા પધાર્યા. ત્યારે **કાશીદાસ** ભક્તના મનમાં બહુ જ આનંદ થતો હતો. ભક્તજનોએ બહુ જ થાળ તૈયાર કર્યો. ત્યારે મહાપ્રભુ જમીને પછી સૌ સંતો અને ભક્તોને જમાડ્યા. પછી મહારાજ સ્વચ્છ આસન ઉપર વિરાજમાન થયા. ત્યારે ભક્તજનો પ્રેમથી પૂજા કરતા હતા. જગતના જીવો જગતનાં સુખની આસક્તિવાળાં ચંદનપુષ્પના હારો પહેરાવ્યા. ચંદનપુષ્પથી પૂજા કરીને દર્શન કરતાં હતાં. આનંદ પામતાં હતા. ફૂલોના બાજુબંધ ગજરા

પહેરાવ્યા. ફૂલોની મસ્તક ઉપર કલંગી ધારણ કરાવી. પ્રેમીભક્તોએ હારો પહેરાવ્યા. પછી અમૂલ્ય વસ્ત્રો ધારણ કરાવ્યાં. સુંદર જાતજાતના શાલો દુશાળા ધારણ કરાવ્યા. સુંદર પેચાળી પાઘ ધારણ કરાવી. તેની ઉપર પુષ્પના શેખરો ધારણ કરાવ્યા. શ્રીહરિ આગળ ભાવ ભરીને ભેટ અર્પણ કરતા હતા. પ્રેમથી રૂપિયા પાંચસોની રકમ મનના આનંદ ઉત્સાહથી અર્પણ કરતાં હતાં.

હે રાજન ! આવી રીતે ભક્તોનો અપાર ભાવ જોઈને ધર્મકુમાર પ્રભુ મનમાં બહુ જ રાજી થયા. ઘનશ્યામ પ્રભુની સ્નેહથી સેવા કરતા હતા. તોય મહાપ્રભુ તો અતિશય નિસ્પૃહી જ રહે છે. સુખધામી મહાપ્રભુ ભક્તજનોને સુખ દઈને મનની ભાવનાને પૂર્ણ કરીને ગુણસાગર મહાપ્રભુ **ગલિયાણા** ગામે પધાર્યા. ભક્તજનો પ્રીતમ પ્રાણ પ્રભુને આવેલા જાણીને પુરમાં પધરાવ્યા. પછી પ્રભુ રાત્રે શયન કરતા હતા. જ્યારે સવારે ભોર સમાય પ્રભાતકાળ થયો ત્યારે જાગ્યા. ભયહારી ત્યાંથી ચાલીને **સિંજીવાડે** પધાર્યા. સૌ જનો સામાં આવ્યાં. **બાપુભાઈ** હરિભક્ત તથા **પ્રભુદાસભાઈ** શ્રીહરિના દર્શન કરીને નેત્રોમાં આનંદનાં આંસુ આવી ગયાં. મન પ્રફુલ્લિત થયું. અનેક પ્રકારનાં વાજાં વગાડીને ભજન કીર્તનો કરતા પુરુષોત્તમ પ્રભુને પુરમાં લાવતા હતા. પુરમાં લાવીને સ્વચ્છ સારાં ઘરમાં ઘનશ્યામ પ્રભુને ઉતારો કરાવ્યો. મહાપ્રભુને સુંદર થાળ જમાડ્યો. સુંદર રસદાર રસોઈ કરીને સૌ પહેલાં પ્રાણનાથ શ્રીહરિને જમાડીને પછી સૌ સંતોને જમાડતા હતા, ત્યારે દેવો મુનિજનો સુંદર રીતે કીર્તનો ગાતા હતા.

મહાપ્રભુ થાળ જમીને પછી સંતોની સાથે **સિંજીવાડેથી** ચાલતા થયા **વડતાલ પધાર્યા.** તે **વડતાલધામની** શોભા બહુ જ સુંદર રીતે શોભતી હતી. ગામના તળાવની પાળ ઉપર બહુ જ સુંદર જાતજાતનાં વૃક્ષો વેલીઓ ફૂલોથી ભરેલાં શોભતાં હતાં. વડતાલમાં બારેમાસ વસંતઋતુઓ શોભતી જ રહે છે. વડતાલની ચારેબાજુ ચારે દિશામાં ખૂબ જ ઘાટાં વૃક્ષો સારી રીતે શોભતાં રહેલાં છે. તે વૃક્ષો ઉપર પક્ષીગણ કલરવ કરતાં કીકીયારી કરે છે. ત્યાં શીતળ શાંત પવન વાતો હતો. પક્ષી સમુદાય કોલાહલ કરતાં હતાં. આંબા, કદમ, દાડમ, આસોપાલવ, અરણી, અશોકવૃક્ષ, રાયણ આદિક વૃક્ષો જોઈને. તે વૃક્ષો ઉપર વેલવેલી વીશાળ શોભતી હતી. જાણે કે જીવ માયાની સાથે લેપ થયો ન હોય ? મોહમાં ન બંધાયાં હોય ? તેમ લાગતાં હતાં. તે વૃક્ષો ઉપર નવાં પાંદડાં આવેલાં હતાં. જાણે કે નવું જ્ઞાન સાંભળીને આનંદમાં આવેલાં ન હોય ? તેમ. હે રાજન ! તળાવની પાળ બહુ મોટી હતી. તેની ઉપર મોટાં વૃક્ષો સુંદર રીતે મનને હરતાં હતાં. તેની ઉપર પોપટ મેના, મોર, કોયલ, ચકોર પક્ષીઓ બહુ જ કિલ્લોલ કરતાં શોભતાં હતાં. તે તળાવમાં આજુબાજુ અનેક કૂવાઓ હતા. પાણીથી ભરેલા સારા ઘાટથી સુંદર રીતે શોભતાં હતાં. જળકુકર આદિક જલચરો રહેતાં હતાં. તળાવમાં કાદવ લગારે ન હતો. આવી રીતની મનોહર શોભાથી શોભતું **વડતાલપુર** રહેલું છે. જાણે કે દેવનીપુરી અમરાવતી ન હોય ? તેમ શોભતી હતી. દેવસમાન સૌ નરનારીજનો તથા ઘરો પણ સુંદર રીતે શોભતાં હતાં.

અમૃતસમાન શ્રીહરિના ગુણો સ્વર્ગના અમૃતરૂપ છે. કાનરૂપી પડીયા વડે તેનું પાન થાય છે. ત્યાં અપ્સરાઓ દિનરાત નૃત્ય કર્યા જ કરે છે. તેમ નારીઓ સૌ શ્રીહરિના ગુણને ગાયા જ કરે છે. જેમ વામન ભગવાન દેવપુરી સ્વર્ગમાં દેવસભામાં શોભતા વિરાજે છે તેમ સંતસભામાં ભક્તસમાજમાં શ્રીજી મહારાજ સતત વિરાજમાન રહે છે. અમરાવતી પુરી નિવાસીની માફક વામન પ્રભુ સુખ આપે છે. તેમજ અધર્મ સર્ગ એવા અસુરો અનંતથી વામન ભગવાન સદાય રક્ષા કરે છે. અમરાવતી પુરીના સ્વામી આમ રોજ રહે છે. તેમ

જોબન પગી ભક્ત સદાય વરતાલપુરમાં રહે છે. એમનું સદાય શ્રીહરિ હિત કરે છે. દેવોના રાજાની સમાન શિરતાજ મહાપ્રભુ રક્ષા કરે છે. બૃહસ્પતિ છે તે દેવોના ગુરુ તરીકે વિરાજે છે. તે દેવોના કારણ કર્તા છે. તેમ વરતાલપુરના ગુરુ નારાયણગરમુનિ રહે છે. બીજા ઋષિગણો દેવોની સાથે સ્વર્ગમાં રહે છે તેમ ભુદેવો વરતાલમાં સદાય આનંદથી રહે છે. દેવગણોની સાથે દેવરાજ ઇંદ્ર સદાય રહે છે તેમ સુખદાયી પ્રભુ વરતાલમાં રહીને સુંદર લીલા કરે છે. તેમ બધા હરિભક્તોની સાથે આનંદથી જોબનપગી પ્રભુના ગુણ ગાતા થકા વરતાલમાં નિવાસ કરીને રહે છે. પ્રભુનાં ગુણ ગાય છે. પ્રસિદ્ધ વડતાલપુરીને સૌ જાણે છે. તે દેવની પુરી અમરાપુરી કરતાય વિશેષ જ છે. દેવોનું જ્યારે પુણ્ય પૂરું થાય ત્યારે પતન થાય છે ને તે ચોર્યાશીમાં ભટકે છે. ત્યારે વડતાલપુરના વસનારા ભક્તજનો પડે છે ત્યારે શ્રીહરિના બ્રહ્મપુરધામમાં જ જાય છે. એટલા માટે વડતાલધામ વિશેષતાવાળું છે.

આવી રીતને વડતાલની શોભાને જોઈને પ્રભુ પુરની સમીપમાં આવ્યા ત્યારે પ્રેમીભક્તો હરિની સામા આવ્યા. ધર્મકુમાર ધર્મકુળના દીપકને જોયા. દર્શન કરીને અનેક પ્રકારનાં વાજાં વગાડીને સુંદર રીતે પ્રભુને પુરમાં લાવ્યા ત્યારે નરનારીજનો પ્રભુનાં દર્શન કરતાં હતાં. સુંદર રૂપમય મહાપ્રભુનાં રસરૂપ મૂર્તિ જોતાં હતાં. સુખકંદ મહાપ્રભુ ઘનશ્યામને નિરખીને ઘણા લાંબા કાળના વિરહ તાપને શાંત કરતા હતા. તે રીતે મનમાં શાંતિ પામીને આનંદ મગ્ન થતા હતા. જેમ ચંદ્રને નિરખીને નિર્બલ થયેલો ચકોર પક્ષી બળવાળો થાય છે તેમ ભક્તો બળવાળા થયા. ત્યાં **વડતાલમાં** પ્રસિદ્ધ **ભક્ત વાસણ** તે વિશ્વકર્માની જાતના સુથાર વર્ણના હતા. એમના ઘેર ધર્મનંદન મહાપ્રભુ નિવાસ કરતા રહેતા હતા. ત્યારે સર્વ સંતસમુદાય ઘાટી વૃક્ષોની છાંયામાં સુંદર આંબાના વૃક્ષ નીચે મુકામ કરીને રહેતા હતા. નિષ્કામ મુનિઓ સુખે હરિનું ધ્યાન ભજન કરતા હતા. ગુણને ગાતા હતા. તે વરતાલધામમાં ઘનશ્યામપ્રભુએ લક્ષ્મીનારાયણદેવને સુંદર રીતે વેદોક્તવિધિ કરીને સ્થાપના કરી છે. આ રીતે મહાપ્રભુ વરતાલપુરમાં સુંદર સુખ આપે છે.

શ્રીહરિ સહજાનંદ સ્વામી ગલિયાણેથી **સિંજીવાડે** પધાર્યા. સુખકારી પ્રભુ ભક્તજનોના ત્રાસને હરનાર ભયહારી પ્રભુએ વરતાલપુરની શોભાનો વધારો કર્યો. સંતોની સાથે સુંદરવર હરિ વરતાલપુરમાં નિવાસ કરીને પુરની બહાર રહેતા હતા. આવી રીતે આ વીસમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વરતાલધામે પધાર્યા તે આગમન લીલા તથા વરતાલધામ શોભા વર્ણન નામે આ વીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! ખેતીવાડીના વિસ્તારવાળો પ્રદેશ તેમાં રહેનારા સૌ ખેતીનો ધંધો કરે છે એ જ એનું જીવન છે. પાકેલાં ધાન્યનો આહાર કરે છે. એવા ચરોત્તર દેશમાં શ્રી સહજાનંદ મહાપ્રભુ વડતાલપુરમાં નિવાસ કરીને લક્ષ્મીની સાથે શ્યામસ્વરૂપ નારાયણની મનોહરમૂર્તિ કેવી રીતે સ્થાપન કરી તે પ્રતિષ્ઠાની લીલાની બધી વાત વિસ્તારથી કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય ધન્ય છે કેમકે તમે પરબ્રહ્મ પુરુષોત્તમ

પ્રભુના લીલાચરિત્રોનું પૂછો છો તે વિસ્તારપૂર્વક સુંદર રીતે ચરિત્રોની કથા આનંદપૂર્વક કહું છું તે સાંભળો. શ્રીહરિ સર્વના નાથ મુનિજનોની સાથે આવ્યા છે એમ જાણીને સુંદર શોભા સાથે ઘનશ્યામ સ્વરૂપ પ્રભુ વરતાલપુરમાં પધાર્યા ત્યારે વાસણ સુથારના ઘેર સુંદર રીતે ઉતારો કરીને તેના ભવ ભયને મટાડતા હતા. પ્રભુનાં દર્શન કરીને ભક્તજનો મનમાં બહુ જ રાજી થયાં. પુરુષોત્તમ પ્રભુના સ્વરૂપમાં ચિત્તને પરોવી દઈને સર્વ મુનિજનોએ સુંદર ઘાટા આંબાના વૃક્ષોના સુંદર છાંયામાં આંબાવાડિયામાં ઉતારો કર્યો. જેમની પાસે પુરુષોત્તમ પ્રભુ સતત રહે છે એવા મહાન સંતો ના છે. પુરવાસીજનો દર્શન કરીને રાજી થયાં. પૃથ્વી ઉપર પોતાના ભાગ્યને ધન્યરૂપ માનતાં હતાં. મહારાજ નિત્ય પ્રત્યે સુંદર જ્ઞાનની વાતો કરતા હતા. ગુણવંત પ્રભુ ધર્મયુક્ત વૈરાગ્ય જ્ઞાનની વાત કરતા હતા. તે વાતોને હરિભક્તોની સાથે સંતો સૌ સુખેથી સાંભળતાં હતાં. આવી રીતે સુખના નિકેતન પ્રભુ સુખ દેતા હતા. થાળ તૈયાર થયો ત્યારે ભક્તના ભય હરનારા મહાપ્રભુ સૌ જનસમુદાયની સાથે જમવા માટે પધારતા હતા. ભક્તજનના ઘેર જગતના નાથ થાળ જમ્યા. સુખના ધામ મહાપ્રભુ સંતોને સાથે જમાડતા હતા ને સુખ દેતા હતા. આવી રીતે ઘનશ્યામ મહાપ્રભુએ સંતોને જમાડી દીધા.તેને હરિભક્તોએ દર્શન કર્યાં. તેથી મનમાં આનંદ થયો. પછી મહાપ્રભુ પોતાના સુંદર આસન ઉપર પ્રેમથી પદાતિઓ સાથે ચાલિને પધાર્યા.

આવી રીતે મહારાજ અનેક ચરિત્રો કરતા હતા. સુખના સાગર મહારાજ સૌ સંતોની સાથે વરતાલ આવ્યા છે એવી વાત સાંભળીને અનંત સંખ્યામાં સત્સંગીઓ સૌ દેશોદેશમાંથી દર્શન કરવા આવ્યાં હતાં. નરનારીજનોનાં ઘણાં બધાં જુથો વૃદ્ધો યુવાનો બાળકોની સાથે સમૈયો કરવા સૌ આવ્યા હતા. આવેલા બધાય દેશોદેશોના સંઘો શ્રી ઘનશ્યામ પ્રભુની પાસે આવ્યા ને દયાળુ મહાપ્રભુનાં દર્શન કરીને મનમાં બહુ જ આનંદ પામ્યાં. શ્રી ઘનશ્યામ પ્રભુનાં ગુણને ગુણીજનો ગાતાં હતાં ત્યારે એમના મનમાં અતિ આનંદ થતો હતો. શ્રીહરિ તળાવની પાળ ઉપર આંબાના વૃક્ષ નીચે આવીને પોતે સંતોની વચમાં વિરાજીને પાપને કાપીને શાંતિ કરતા હતા. હે રાજન્ ! સર્વના સ્વામી ધામના ધામી અકળ નિર્મળ રૂપ અવિનાશી પ્રભુની આગળ ગુણીજનો સુંદર રીતે ગાનતાન કરતા હતા. ઘનશ્યામ પ્રભુને પાસે જઈને સંભળાવતા હતા. તેજ સમયમાં ત્યાં આગળ મંદબુદ્ધિનો બ્રહ્મજ્ઞાની આવ્યો શ્રીહરિ સભા વચ્ચે બેઠા હતા ત્યારે તે પૂછતો હતો. બ્રહ્મજ્ઞાની કહે છે — હે હરિ ! આપ કહો કે જીવને ઈશ્વરમાં શું ભેદ છે. આત્મા તે એક જ છે ને તે બધે વ્યાપેલ છે અને અભેદ છે. બધાયમાં હરિનું રૂપ તો સરખું જ છે. તે જોઈ શકાતું નથી. ઓળખાતું નથી. અનાદિ નિત્ય છે. અનંતને જાણનારું છે. પાણીમાં અનેક તરંગો ઉત્પન્ન થાય છે. આકાશ એક જ છે તોય તે અનેક કુંભમાં જુદો જુદો રહેલો છે. જેમ વાશત્રનું આવરણ અપાર છે. સોનું એક જ છે અને તેના દાગીના (અલંકારો) અનેક પ્રકારના છે. ઓમકારનો એક જ માત્ર અનેક થાય છે. દિવસનાં કર્ણો ભાગ અનેક છે. દિનમણિ એક જ છે. માટીમાંથી ઘડા અનેક પ્રકારના થાય છે. વૃક્ષ એક જ હોય છે. તેનાં ફળો અનેક થાય છે. ચરાચર જગતમાં સર્વભૂતમાં આવી રીતે થાય છે. તે બધુંય હરિમય જ અભૂત છે. બધે જ હરિનું સમાન રૂપ છે. તે છતાં તે વિપરીતતા કેમ જણાય છે. બધેય હરિનું જ રૂપ ભગવાન શ્યામનું જ છે તે જીવ અલગ કેમ રહે છે તે કહો. એનું કયું સ્થાન છે. જપ તપ વ્રત તથા નિયમ શા કારણે બધું કરવું પડે તે કહો. અહં બ્રહ્માસ્મી સંતો પોતાના જ રૂપનું વખાણ કરે છે. આવી રીતના તે બ્રહ્માવાદીના પ્રશ્ન સાંભળીને સુખધામ ઘનશ્યામ પ્રભુ તેને ખરી રીતના ઉત્તર કરતા હતા.

હે વિપ્ર ! તમે સાંભળો. યથાર્થ રીતે જીવ ઈશ્વરના જુદાજુદા અનેક ભેદો તમને હું બધાંય સમજાવું છું. તેના જુદાજુદા ભેદ જે છ અંગો સાથે આગમો ગાયા કરે છે. તે કહીએ છીએ. જગતની અંદર સર્વત્ર વ્યાપક અને કોઈ પ્રકારના ભેદભાવ વગરના પ્રભુ એક જ નામ માત્ર છે. એમના વિના કોઈ અણુમાત્ર સ્વતંત્ર જ નથી. સર્વમાં વ્યાપક છે. તેની બધી જ રીત હું તમને સંભળાવું છું. જેમ આકાશ છે તે બધે ઘટ પટમાં વ્યાપેલો છે તેમ પ્રભુ છે. માટીનો ઘડો ભાંગે તોય આકાશનો નાશ નથી થતો. જીવ મરે છે પણ પ્રભુ તો ક્યારેય મરતા જ નથી. આ આખું જગત તે માયાના આવરણમાં ગુંચાયેલું છે. તે અસત્ય છે. નાશવંત છે. અનિત્ય છે. સાચું કાંઈ જ નથી. જેમ વનમાં મૃગજળનું  પુર લાગે છે તેમ વાંજણીવેલીમાં ફૂલનાં અંકુર ન જ હોય. જાણે કે સ્વપ્નમા સંપત્તિમાંથી પડી જાય ને રાંક થઈ જાય તેમ દરિદ્ર ખોટી રીતે મનોરથમાં છે તે તે બધું મિથ્યા છે. કાંઈ સસલાને શિંગડાં હોય તે સાવ ખોટું જ છે. આ તો ખાલી વાણીનો બકવાદ જ હોય છે. આનો આદિ કે અંત કાંઈ સત્ય જ નથી હોતો. આ રીતે સ્મરણ થાય છે. તે મધ્યમાં જ અસત્ય હોય છે. આ બધુંય માયાનું કરેલું મિથ્યા (ખોટું) જ હોય છે. ત્રણે કાળમાં ક્રિયમાણ હોય છે. તે નાશ પામે છે. આત્મા એક જ સત્ય છે. અનાદિનો છે. સારું રૂપ છે. તે જીવને જન્મમરણ જે જણાય છે તે વિકાર જણાય છે. આ બધાંય વિકારો જણાય છે તે ખોટાં જ છે ને માયાથી કરેલાં છે. માયાના કૃત્ય છે. ત્રણે કાળમાં વિશ્વનું સર્જન સત્ય છે જ નહીં. સત્ય જણાય છે તે ખોટું છે. જેમ સોનું તે સાચું જ છે. અને દાગીનાના આકાર તે ખોટા છે. જેમ ખોટાં જળનાં તરંગો જુઠાં છે તેને સાચાં ધારે છે તે ખોટું જ છે. જેમ ઘડા બધાય ખોટા છે અને માટી તે સાચી જ છે. આમ બધી જ વસ્તુને ખોટી જાણો અને અભેદ પ્રભુને જ એક સત્ય જાણો એ કોઈ રીતનો ખોટો આરોપ નથી. પરમાત્મા સત્ય છે. જગત મિથ્યા છે. પરબ્રહ્મની મૂર્તિને નેત્રથી નથી જોઈ શકાતી અંતઃકરણમાં તેનો ભાસ થાય છે. બધુંય જગત અસત્ય છે. નાશવંત છે અને પ્રભુ એક જ સત્ય છે. જીવ અને ઈશ્વર તો સામાન્ય છે. જળ, અગ્નિ, વાયુ, પૃથ્વી, તેજ તે તો મિથ્યાભાસ છે. પાછાં વિચિત્ર જણાય છે. જડ જીવ છે તે જગતમાં કોણ માત્ર છે. બ્રહ્માંડોના આકારોની તો અનેક રચનાઓ છે. તેમાં આકાશ છે તે વ્યાપક એક જ બધામાં છે. તેમાં ઘટની અંદર આકાશ લેશમાત્ર છે. જ્યાં મહામોટું આકાશ છે તે તો અખંડ છે. આવી રીતે નિર્વિકાર મહાપ્રભુ જ એક છે. સ્વયં પરબ્રહ્મ છે. એમની પાસે ભેદ બુદ્ધિ કામ ન આવે. જગત જીવ ઈશ્વર માયા તે જાણી શકતાં જ નથી. પરબ્રહ્મની મોટાઈ ઓળખી જ ન શકો એવા મહાન છે. સર્વ જગતોમાં સર્વત્ર એક જ અવિકારી કરુણાનિધાન પ્રભુ પૂર્ણકામ પોતે જ છે. જ્યારે જગતનો લય થાય છે ત્યારે તે પરબ્રહ્મ પોતે એક જ રહે છે. પરબ્રહ્મ પાસે વેદની વાણી પણ વિરામ પામે છે. તે ન ઈતિ ન ઈતિ કેહિને વિરામ પામે છે. જો ભગવાનના સાચા જ્ઞાનવાળા સંતો મળે તો એમના દ્વારા ભગવાનના સાચા સ્વરૂપનું સાચું જ્ઞાન થાય છે. પ્રભુમય થયેલા આત્મા તદાત્મક આત્માને જોઈને આવા તે સંતજનો પ્રભુના સ્વરૂપ જ્ઞાનની વાતો કરીને નિર્લેપ બનાવે છે. કોઈ ધ્યાન ધારણા સિવાય ધ્યાન કરે છે. ત્યાં જ્ઞાતાજ્ઞેયનો (જણાવનાર અને જાણનારનો) ભેદ જાણવાનો નથી રહેતો. જ્યારે તેના મનમાં પ્રભુનો અદ્વૈત ભાવ નક્કી જણાય છે ત્યારે તે જીવાત્માને કોઈ કર્મ કરવાં નથી પડતાં. આપોઆપ થયા કરે છે. તેને તો એક જ પ્રભુનું સુખધામ જ દેખાય છે. તેમાં ભગવાનને જુવે છે. એવી રીતે પૂર્ણકામ પ્રભુ સર્વત્ર વ્યાપક રહેલા છે. જ્યારે એવી સ્થિતિ દઢ થાય છે એને કોઈ શુભ અશુભ કર્મ કાંઈ રહેતું જ નથી. કોઈ બંધન નથી રહેતું પણ જો એવી દઢ સ્થિતિ જ્યાં સુધી નથી થઈ ત્યાં સુધી ત્યાં સુધી તેને શુભઅશુભ કર્મ કરવાનાં થાય છે. કેવળ એક

જ મહાપ્રભુને સર્વ ભેદના કરતા જાણે તેને વેદો અજ્ઞાન કહે છે. જેમ દોરડામાં સર્પની ભ્રાંતિ થાય છે છીપમાં ચાંદિનો ભાસ થાય છે. તેથી ચાંદની ભ્રાંતિ જણાય છે. વેપારીને દુકાન હોય તેના જો દરવાજા ને બારણાં ખુલ્લાં હોય તો તે રાતના સમયે ચોરને માટે સુખસાધન કહેવાય. આમ આ જગત મિથ્યા છે. તોય તેનો સાચો ભાવ જણાય છે તે આત્મામાં કર્તાર્નો અને કારણનો આરોપ કરવો તે ભ્રાંતિ છે. આવી રીતે જીવમાં અધ્યારોપ કર્યો તે ખોટો છે. કેમકે તે ત્રણે કાળમાં સાચો નથી જ રહેતો. આમ જાણીને જો મિથ્યા આભાસ થાય તેથી પ્રભુ એક જ સત્ય છે. એ પોતે જ આત્માના પ્રકાશક છે. તે જીવ માયાના આવરણથી વિંટાયા થકાં આદિ અનાદિનો છે. જ્યારે પ્રભુનો મેળાપ થાય અને એની ઓળખાણ થાય ત્યારે ઉપાધિ નાશ પામે છે. જેમ ડાંગરનાં ફોતરાં એનાં આવરણ સહાયક છે તેમ જીવ છે. તેમાં આવરણ વિંટાયેલાં છે એમ કહેવાય છે. જેમ સાંબેલાંથી ખાંડીને ડાંગરનાં ફોતરાં ઉતારે છે. તેમ ગુરુ સાંબેલાં રૂપી પ્રભુનો ઉપદેશ કરીને શુદ્ધ કરીને નિર્ગુણ કરે છે. તેથી જન્મમરણના દુઃખમાંથી મુક્ત કરે છે એવા શુદ્ધ આત્મામાં પ્રભુ સ્વયં નિવાસ કરે છે. અંતર્યામીરૂપે પોતે આત્માને પ્રકાશિત કરે છે. જેમ જીવ અનેક પ્રકારના જુદાંજુદાં કર્મો કરે છે. શુભ કર્મથી માયાના સંબંધથી આત્મા પાર થઈ જાય છે, તેને ઘનશ્યામ પ્રભુ યોગ્ય રીતે ફળ આપે છે. તે સુખદુઃખને સાચી રીતે જાણે છે. તે જીવની પાસે પ્રભુ નથી એમ જુવે છે અને અજાણરો થઈને વિષય વાસનાના મોહમાં ઉંડા કૂવામાં પડે છે. જેમ કસ્તુરી મૃગો પોતાનાં ડુંટામાં જ રહે છે પણ મદને લીધે તે જાણતા જ નથી. સુવાસને શોધતું જ થકુ વન વનમાં ભટકે છે.

તે જ રીતે જીવ જાણતો જ નથી ને જડની માફક જીવ હિત કરનારા હરિ મારી પાસે જ રહેલા છે એમ નથી જાણતો પણ જો સત્ય જ્ઞાનવાળા સાચા સંત મળે તો તેને પ્રમાણરૂપે પ્રભુની ઓળખાણ કરાવે છે ને સમજણ આપે છે. પ્રભુના અંશ હંસરૂપે સંતો પ્રભુને પોતાની પાસે જ જુવે છે. પ્રભુ સાક્ષાત્ અંતર્યામી પ્રત્યક્ષ જ જણાય છે. જે સદાય વિષયને વિવશ નથી થતા તે જ પ્રભુના અંશ એવા હંસરૂપે કહેવાય છે. એ સંતોને પ્રભુ નથી કહેતા. પરંતુ તે તો મુક્ત જીવો પ્રભુના ભક્તો જ હોય છે. પ્રભુ તો એક જ હોય છે. અનેક નથી હોતા. એવી રીતે સમજીને મનમાં વિવેક કરીને જાણી લેવું. જે જીવ વિષય વાસનામાં પરવશ થયેલો હોય. અજ્ઞાનમય જીવને હરિનો અંશ ક્યારેય ન કહેવાય. કર્મ કરીને સદાય કર્મમાં બંધાયેલો રહે છે. પોતાના રૂપનો ધર્મ શું છે. તે નથી જાણતો ને બંધાયેલો જ રહે છે. તે જીવ વારંવાર અનેક જન્મમરણના ફેરામાં પડે છે. બહુ દુઃખ પામે છે. પાપી બહુ જ પીડાને પામે છે પણ જો પૂર્વ જન્મોનાં સંચિત પુણ્ય હોય તો સત્સંગમાં મનુષ્ય શરીર મળે છે. સંતનો સમાગમ કરીને વિષયવાસનાનો ત્યાગ કરે છે. કથાકીર્તન સમાગમ કરીને હરિકીર્તન સમાગમ કરીને સંતો તેને પ્રગટ પ્રભુની ભક્તિ કરાવે છે. જેવી રીતે તારા ગણ છે તે બધાય ચંદ્ર ન કહેવાય. તેમ મુક્તો તો કરોડો હોય પણ પ્રભુ તો એક જ છે. મુક્ત કોટિ ભગવાન ન હોય. કેમકે સ્વામી સેવકભાવે કરીને તે મુક્તો પુરુષોત્તમ પ્રભુ રાજી થઈને પ્રેમથી સેવાભક્તિ કરે છે.

ભક્તિ કર્યા વગર ભગવાનના પ્રગટ સ્વરૂપને ન જાણે. અને પ્રભુને ન ઓળખે ત્યાં સુધી મોક્ષ નથી થતો તે સાચું જ કહું છું. તે જીવ પરતંત્ર થઈને ભવસાગરમાં ફર્યા કરે છે. જ્યારે પ્રગટ પ્રભુનો મેળાપ થાય છે ત્યારે એમની ભક્તિથી અને કૃપાથી મોક્ષ પામે છે. દિવ્ય થાય છે. જીવના અને ઈશ્વરના ભેદો અનેક છે. એમ જાણો. આ વાતને બધાં જ સત્શાસ્ત્ર છે તે બધાં જ એક જ નિર્ણય કહે છે. જીવ અજ્ઞાની છે. તેથી માયા પ્રવેશ કરે છે. જ્યારે તેને પ્રભુનું જ્ઞાન થાય છે ત્યારે અજ્ઞાનરૂપ માયાનું અંધકાર નાશ પામે છે. માયાનો લેશ

જ નથી રહેતો. જીવ જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી એ કામવાસનાવાળો રહે છે. જ્યારે પૂર્ણ જ્ઞાનવાળો થાય છે ત્યારે તેનામાં નિષ્કામતા આવે છે. કેમકે જીવ અપ્રમાણ પરાધીન પરતંત્ર છે અને ઈશ્વર છે તે સ્વતંત્ર છે. એકને જ ગાયા કરે છે. કર્તા અને કર્મરૂપ વિકારી જીવ છે. તેને પ્રભુ છે તે ફળ દેનારા છે. તે નિર્વિકારી છે. દિવ્ય છે. જીવનો દેહ મહાપંચભૂતનો છે એમ જાણો. સત્‌ચિત્ત આનંદરૂપ પ્રભુનું સ્વરૂપ છે એમ જાણવું. જીવ છે તે દુઃખ અને બહુ જ ક્લેશને પામે છે. પ્રભુ સુખના સિંધુ છે. એમનામાં વિકાર નથી હોતો. જીવની ઉપર જન્મમરણ છે. શિર ઉપર યમનો દંડ છે અને કાળના કાળ પરમેશ્વર અખંડ છે. નિત્ય છે. જીવથી સ્વતંત્ર રીતે કોઈ અર્થ સરતો જ નથી અને ઈશ્વર છે તે પોતે કર્તા અકર્તા જ છે. સર્વથી સમર્થ છે. આમ વાતનો વિચાર કરીને જ્ઞાનીઓના જ્ઞાનમાં જીવ ઈશ્વરમાં સમાનતા ન જ આવે. ભેદ નિત્ય રહે છે.

આ રીતે બંને પક્ષની વાર્તા કહી દીધી. પ્રભુ તો એક જ બ્રહ્મ છે અને અવિકારી છે. તે નિત્ય નિયામક છે. સ્વતંત્ર છે. અજન્મા છે. નિત્ય છે. એકલા જ છે. તે પ્રભુ યુગયુગમાં સ્વતંત્ર રીતે અવતારો ધરે છે સ્વતંત્ર રીતે. તે પરબ્રહ્મ પ્રભુ મળે છે ત્યારે માયાના ક્લેશો મટે છે અથવા તે પ્રભુના સંતો મળે છે ત્યારે જીવને વિષય રહિત જ્ઞાન મળે છે. આ રીતે બંને વાતો છે તે તેના વિના બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી તે વાત સાચી જ છે એમ કહું છું. તેને સુખપૂર્વક સાંભળો તે જ સાચું છે. કથિર સમાન સોનાને ન કહેવાય તથા ગંગાજળના જેવું બીજું કોઈ જળ ન જ કહેવાય. ગરુડ પક્ષી જેવાં બધાં પક્ષીઓ ન કહેવાય. બધાંય વાંદરાં કાંઈ હનુમાનજી તો ન જ કહેવાય. એ તો વાંદરા સમાન જ છે. ક્યારેય સરોવરને સમુદ્રને એકસરખાં ન જ કહેવાય. ચિંતામણિના જેવા કાચ હોય તેને કાંઈ ચિંતામણિ ન જ કહેવા. કાચ જ કહેવાય અદ્યોત કાંઈ સૂર્યની સમાન ન જ ગણાય. રાંકા હોય તેને ક્યારેય રાજા તો ન જ કહેવાય. જે છે તેવો જ રહે છે. તારાઓ તો બધાય ચમકે છે પણ તેને સૂર્ય તો ન જ કહેવાય. વિદ્વાન જ્ઞાનીને વધારે શું કહેવું. એ તો થોડામાં જ બધું સમજે. આવી રીતે જીવ ઈશ્વરમાં બહુ જ ભેદ રહેલો છે. તેને સતશાસ્ત્રો અને સંતો સૌ કહેતા જ રહે છે.

આ શુદ્ધ જ્ઞાનનો ઉપદેશ કરીને કહ્યો તેને સારી રીતે જાણનારા જ્ઞાની મનુષ્યો હોંશિયારીથી જાણી જ લે છે પણ મૂર્ખ મનુષ્યને આ વાત કષ્ટ કરનારી જ લાગે. બધીય રીતે સમજવામાં પોતાના મનને દઢ કરીને સમજવાનું જ છે. તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ પોતે જ શ્રીહરિ સર્વના ઈશ્વર પુરુષોત્તમ ભગવાન છે. સર્વત્ર વ્યાપક છે. અજન્મા છે. અનાદિના છે. પ્રત્યક્ષ નથી દેખાતા. સત્યસ્વરૂપ સર્વજ્ઞ સમજવા. અન્યથા ધારણ કરનારા. સર્જન કરનારા સુખ કરનારા પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તે જ પોતે સ્વામી સહજાનંદ જ છે. સૌ નરનારીજનો મારો આશ્રય કરીને કઠીન માયાના ભેદને ભેદીને બંધન તોડીને સંસારને તરીને પ્રભુ પોતાના જેવા જ કરે છે. તે ભક્ત બીજા નરનારીજનોને પણ તારે છે. આવી રીતે સુખકંદ મહાપ્રભુના કહેલા પ્રશ્ન ઉત્તરને સાંભળીને તે બ્રાહ્મણ મનમાં બહુ જ રાજી થયો. મહારાજને સર્વના સ્વામી અલૌકિક મૂર્તિ કોઈનાથી ન જીતાય તેવા અજન્મા સ્વયંભુ શ્રી સહજાનંદ સ્વામીને જ ભગવાન માનતો હતો. અધર્મનો ઉદ્ધાર કરનારા કળીમાં લોકોનો ઉદ્ધાર કાર્ય કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. પુરણ બ્રહ્મ પોતે જ છે એમ જાણીને તે વિપ્ર સત્સંગી થયો. પ્રભુનો પૂર્ણ મર્મ સમજતો હતો. આવી રીતે બધી જ સભા વિશિષ્ટ અદ્વૈત જ્ઞાનની વાતોને સાંભળીને અજ્ઞાનનો નાશ કરીને સૌ નરનારીજનો પ્રગટ રૂપ મહાપ્રભુને ઓળખતા હતા.

વડતાલમાં બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ આવ્યો હતો. તેને સભામાં શ્રીહરિને પ્રશ્ન પૂછ્યા હતા. મહારાજે તેના ઉત્તર તે શાસ્ત્રની રીતે સ્પષ્ટ રીતે સમજાવ્યા. જીવ અને ઈશ્વરને અલગ અલગ ભેદ કરીને પ્રભુએ બહુ જ સુંદર રીતે સમજાવીને ગહર પૂર્ણ કર્યું. આવી રીતે આ એકવીસમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વરતાલપુરમાં જીવ ઈશ્વરના ભેદનું નિરૂપણ એ નામે એકવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૧॥**

# તરંગ-૨૨

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સર્વાવતારી શ્રીહરિએ વડતાલધામમાં રહીને જે લીલા કરી તે લીલાઓ હવે મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમે સાંભળો. આનંદ ઉત્સાહથી ઘનશ્યામ પ્રભુના ચરિત્રજ્ઞાનની વાર્તા વિસ્તાર કરીને કહું છું. તે ચરિત્રો ભક્તજનોને આનંદ કરનાર છે ને ભયને હરનાર છે તે સાંભળો. તે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ મહાપ્રભુની જ્ઞાન વાતો સાંભળીને પોતાના મિથ્યા જ્ઞાનનો ત્યાગ કરતો હતો. ત્યાર પછી તે સાચો સત્સંગી થયો. પ્રગટ ભગવાનનું ભજન કરતો હતો. તે જોઈને સભામાં બેઠેલાં ભક્તજનો સુખ પામ્યા. પછી શ્રીહરિ મહાપ્રભુ સૌ હરિભક્તોને સુંદર જ્ઞાનની શુભ વાતો કરતા હતા. તેને સર્વજનો સાંભળતાં હતા. હરખાતાં હતાં.

શ્રીહરિ કહે, હે ભક્તો ! આ મનુષ્યનો દેહ છે તે દેવોને પણ દુર્લભ છે. તેથી તેનાં બંધનને તોડવા માટે નિત્ય પ્રત્યે સંત સમાગમ કરવો. સંતોની સાથે બહુ જ પ્રેમ ઉરમાં સાચા ભાવે રાખવો. મનને શુદ્ધ નિર્મળ કરીને નિર્માની થઈને ભયહારી પ્રભુનું સતત પ્રેમથી ભજન કરવું. જેના મનમાં જેવો ભાવ હોય તેની જગમાં કીર્તિ સારી થાય છે. આ સુખદાઈ વાત સાચી જ કહું છું તે માનો. સાત્ત્વિક બુદ્ધિ રાખીને સત્સંગ કરવો. બધા જ કામ પ્રસંગો છોડીને સત્સંગ કરવો. વિવેકપૂર્વક ઉરમાં દૃઢ જ્ઞાન રાખવું. સર્વોપરી જ્ઞાન સાંભળવું. સત્સંગ કરીને અભિમાનનો ત્યાગ કરવો. નિરભિમાની થવું. કોઈપણ જનને ક્યારેય કડવું વચન કહેવું જ નહીં તથા કોઈને હેરાન ન કરવાં. આવી રીતના વિવેકનાં અમારાં વચનને સત્ય માનજો. સૌ જીવનું શ્રેય થાય એવી રીતે સતત ચિત્તમાં ચિંતવન કર્યા કરવું. આખા જગતનું સુખ થાય એવાં મધુર પ્રિય વચનો કહેવાં. બીજાનાં સારા ગુણ જોઈને તેને વંદન કરવું. પરનો ઉપકાર થાય તેમ જ કરવું. બધાના આત્મા સરખા જ છે પણ તેના પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખનાં સંસારમાં બંધનો થાય છે. એટલા માટે સારનો ને અસારનો પોતાના મનમાં બહુ જ પ્રેમથી વિચાર કરવો જોઈએ અને માન મોહ મત્સર મદ્ય માંસ કપટ ક્લેશ કુટિલતા આદિ વિકારોને ત્યાગવા. આ સર્વને શત્રુ જાણીને ત્યાગ કરવો. ધર્મમય જીવન રાખીને વિશાળ દિલવાળા થવું અને દયાનો ક્યારેય ત્યાગ ન કરવો. જ્યાં સુધી શરીરમાં પ્રાણ હોય. ત્યાં સુધી દયા ધર્મમય વર્તવું. પોતાના દેહને નાશવંત જાણીને તેનાથી ક્યારેય અશુભ આચરણ ન કરવું અને તેની સામે જોવું પણ નહીં. તેનાથી અહંકાર અભિમાન આદિનો ત્યાગ કરીને સાવધાન થઈને હરિના શરણમાં સતત રહેવું. સૌ નરનારીજનોએ નિરાલંબન (નિર્લેપ)

રહીને જગતના ગુણ ને દોષનો વિચાર કરવો. જેમ કમળ છે તે જળમાં ઉગે છે ને જળમાં જ સતત નિવાસ કરે છે. છતાં એને જળનો સહેજે સંબંધ રહેતો નથી. સૌ નરનારીજનોએ કમળની માફક નિર્લેપ રહીને પ્રભુની નવધા ભક્તિ કરવી. જેમ કમળ સદાય જળમાં રહે છે તોય એનો સ્પર્શ નથી થતો તેમ આ સંસારમાં રહીને તેનાથી નિર્લેપ રહેવું. ભજન કરવું. સદાય સુખદાયક શુભ કર્મ કરીને, પોતાની ઇંદ્રિયોને નિયમમાં રાખીને, સદાય સુખભાવથી પ્રભુના ભજનભક્તિમાં જોડી રાખવાં. એવી રીતે સૌ અમારા ભક્તોએ મનને કહ્યા એ રીતના નિયમમાં રાખવાથી સુખ થશે.

આત્માના સુખે સદાય સુખી રહેવું. સર્વ વિષયવાસનાનો ત્યાગ કરીને દુઃખદાયક વિષ વાસના સમજીને ત્યજી દેવી અને આ લોકના બધા પ્રપંચ તે ખોટા જ છે. સત્સંગના પ્રતાપે તે બધાય ખોટા જ સમજાય છે. આ જગત બધું જ ખોટું છે અને પરમાત્મા જ સત્ય સુખરૂપ છે. બીજાની નિંદા ન કરવી કોઈની હિંસા ન કરવી. બીજાનું ધન ન લઈ લેવું તથા પરનારીનો ક્યારેય ચિત્તમાં વિચાર ન કરવો. આ રીતે સંસારને સ્વપ્ના જેવું સમજીને સાવધાન રહીને ભક્તિ કરવી. સતત પ્રભુમાં વિશ્વાસ રાખીને ભગવાનના ભક્તો સદ્‌ગુરુ સંતોમાં બહુ જ હેત રાખવું. સંતોનો કાયમ સમાગમ કરવો તે સંતો ભવસાગરને તારનારા છે. ક્યારેક આપત્કાળ આવી પડે ત્યારેય પોતાના મનમાં ધીરજ રાખીને ધર્મમાં દઢ રહેવું પણ ત્યાગ ન કરવો. સંસારમાં કાયમ અનાસક્ત રહેવું શુરવીર થઈને જગતમાં સાવધાન રહેવું. હે રાજન્ ! યૌવન વિદ્યા ધન તન સ્વરૂપ અભિમાન ન કરવું. ભક્તનાં આ બધાંય સુખનાં સાધનો છે કોઈક વાર જો અતિશય સુખસંપત્તિ આવી જાય તોય, તેના વેગથી મનમાં ક્યારેય ગર્વ કે અભિમાન ન કરવું તથા કોઈક દિવસ અતિશય ઉપાધિ આવી પડે તોય, દઢતાથી ધીરજ રાખીને રહેવું. તે માટે જ હરિભક્તો તમે વાતને સાંભળીને મારાં વચનને દઢતાથી જરૂર માનજો. મેં જે વચનો કહ્યાં તેને તમારા ઉરમાં ધારી રાખજો. મનને દઢ કરીને મારા મહિમાને સારી રીતે સમજજો.

અમારો સ્વભાવ હંમેશાં દિનવત્સલ છે અને મુનિવરો મને કરુણાના તથા સદ્‌ગુણના સાગર કહે છે. અવગુણ વગરના કહે છે. આ વાત કાંઈ જૂઠી નથી. આ બધી સિદ્ધાંત વર્તા જ છે. પ્રમાણ રૂપ છે. કરોડો જન્મનાં બ્રહ્મહત્યા આદિમાં દોષ હોય તે મારા શરણમાં આવે છે તો તે પાપોથી ઉદ્ધાર થાય છે. એટલા માટે સતત મારો આશ્રય કરીને મારી આજ્ઞા પ્રમાણે સતત સંત સમાગમ કરવો. તેનાથી પાપમાંથી મુક્ત થાય છે. ગણિકા અજામેલ, ગીધ, યક્ષ આ બધાંને પૂર્વે તાર્યા છે. તે પ્રત્યક્ષ જાણજો. પક્ષી, મૃગ, મહાભયંકર રાક્ષસો ગંધર્વો, નાગો, કિન્નરો આદિ અનેકોનો ઉદ્ધાર કર્યો છે એમ જાણો. કરોડો જન્મોને બ્રહ્મહત્યાનો દોષ લાગ્યો હોય તો તે મારા શરણમાં આવે તો તેને પણ બ્રહ્મત્યાથી ઉદ્ધારું. મારા સંતના સમાગમ કરવો તે પણ પાપ થકી મુક્ત થાય. આ સિદ્ધાંત વાર્તા છે. આને જુઠી વાત ન માનવી. આવી રીતે અનંત જનો પાપથી પીડાતાં હોય તેને તાર્યાં છે તેને સાત્ત્વિક ભક્ત કર્યા છે. એમનો ઉદ્ધાર કર્યો છે. જે મારા સંબંધમાં રહીને નિયમને પાળે છે. નિશ્ચય રાખે છે અને પ્રત્યક્ષ સ્વરૂપે મને ધારે છે તે. તથા મારી આજ્ઞાનું પાલન કરે છે તે મારી પાસે જ રહે છે. તેનાં બધા જ પાપોને બાળીને તેનાં જન્મમરણનાં બંધનો તોડીને મારા ધામ અક્ષરધામમાં નિષ્કામરૂપે આવે છે તે પુરુષ સ્ત્રી મારાં ભક્ત સુખ પામે છે. નિર્મળ મારા ચરણકમળની પવિત્ર રજને જે બ્રહ્માદિ દેવો ઈચ્છે છે એવા સર્વ કાર્યકારણના દેવોનો હું આધાર છું. એવા સર્વાન્તર્યામી સર્વ જગતના સારરૂપ હું જ છું. સર્વના કર્તા સકર્તા સર્વસ્વ વેદો મને કહે છે. ષડશાસ્ત્ર અઢારપુરાણો ઉપનિષદો બધાં જ મારા ભેદને ગાય છે. વર્ણવે છે. દષ્ટ અદષ્ટ બધું જ હું છું. સર્વમાં હું જ રહ્યો છું. ભવસાગરમાં ભક્તનાં કલ્યાણ કરવા માટે જ હું

આવ્યો છું.

મારાં કરેલાં કાર્યોમાં ક્યાંય કર્મનો લેપ નથી લાગતો. કેમકે હું તો નિષ્કામના ફળદાતા છું. સર્વ સૃષ્ટિ વ્યષ્ટિ સમષ્ટિ સર્વમાં સર્વનો કરનારો હું જ છું. મારી ઈચ્છાથી જ સર્વ થાય છે એમ વેદો ગાય છે. અદૃશ્યરૂપે સર્વત્ર વ્યાપીને રહ્યો છું અને દિવ્યધામમાં સદાય કિશોર સ્વરૂપે અતિ તેજોમય સ્વરૂપે અતિ તેજતેજના સમુહમાં અંગો અંગમાંથી તેજના ફુવારા ઉછળે છે એવા સ્વરૂપે રહું છું. કરોડો સૂર્યચંદ્રના તેજ જેની સામે જાંખા થાય છે એવું મહાતેજ તેની આગળ સૂર્યચંદ્રનાં તેજ અંગારિયાં જેવાં લાગે. અગણિત મુક્તો અનંત પ્રકારના ભાવથી મારા ચરણકમળની સેવા કર્યા કરે છે. અણિમા આદિક સિદ્ધિઓ અગણિત રીતે મારું સ્વરૂપ આગળ નોકરની માફક ફરે છે. આ સ્વરૂપનું ધ્યાન ધાર્યા કરે છે એવો હું દશ સ્વરૂપે અને ચોવીસ સ્વરૂપે રહું છું. અનંત કોટિ બ્રહ્માંડોનો સ્વામી એવો હું મારા ચરણકમળ ઉપર પોતાના મસ્તકને નમાવીને જડ ચૈતન્ય અનંત કોટિ ઈશ્વરો મારી આજ્ઞાથી કરેલાં કર્મનાં ફળને આપે છે. મારા ભયથી વાયુ વાય છે. સૂર્ય ચંદ્ર અગ્નિ સદાય પ્રકાશે છે. તપે છે. ઇંદ્ર રાજા વરસાદ વર્ષાવે છે. પૃથ્વીને ધારણ કરનાર બધાં જ લોકને ધારે છે. સાગરો મર્યાદામાં રહેલા છે. શેષજી પૃથ્વીને શિર ઉપર ધારી શેષજી હજાર મુખે મારા ગુણ ચરિત્રોને ગાય છે. તે ભક્તિના બળથી લગારે ભાર નથી લાગતો એ પ્રતાપ છે. આ વાત સાચી છે એનું પ્રમાણ છે. આવી રીતે હું પોતે જ સર્વોપરી છું. સર્વનો પ્રેરક સર્વની ઉપર રહેલો છું. મારી ઈચ્છાથી જ આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે પ્રગટ થયા છીએ તે ભક્તજનોને ભવપાર કરવા માટે આવ્યા છીએ. આવું જાણીને સૌ ભજન કરો. મને ભજો તો વિષય વિકારને છોડાવી દઈશું. નિર્ગુણ કરીને અક્ષરધામમાં પહોંચાડીશું. સૌ નરનારીને નિશ્ચય જાણવાનું છે. કોઈનો અવગુણ અંતઃકરણમાં ન ઘાલવો એવા નિર્માની ભક્તની વાતોને હું સાંભળું છું અને એવા એકાંતિક ભક્તની હું ભક્તિ કરું છું. રાતદિવસ એની રક્ષા કરું છું એને આખું જગત જાણે જ છે. અન્ય કોઈના આશ્રય અને વિશ્વાસ નહિ રાખીને ત્યાગ કરીને અનન્ય ભાવથી મારો આશ્રય રાખે છે. ભક્તની પાછળ તેવા ફરતો રહું છું. જેવી રીતે માતા બાળકની સતત સંભાળ રાખે છે. તે રીતે હું પણ ભક્તને જોયા કરું છું. હું શ્રીહરિની વાતોને હરિભક્તોએ સાંભળીને સૌના મનમાં આનંદ થયો. કહે હે મહારાજ આપ ધન્ય ધન્ય છો. કેમકે આપે કૃપા કરીને આપના મહિમાની વાતો સમજાવી તે સર્વોપરી છે ને સુખ કરનારી છે. આ વાત મહારાજે પોતે જ કહેલી. તેનાથી આ વાતને સાંભળીને સૌનો સંશય ચાલ્યો ગયો. ઉરમાં ખૂબ જ આનંદ આનંદ થઈ ગયો. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ વરતાલમાં નિવાસ કરીને શ્રીહરિ સૌને આનંદ વિનોદ કરતા હતા.

ઘનશ્યામ મહાપ્રભુએ સત્સંગીઓની સભા વચ્ચે ઉપદેશ કરીને સુખધામ પ્રભુએ મહિમા સુંદર રીતે વર્ણન કરીને સમજાવ્યો. તેને સાંભળીને ભક્તજનોએ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનો મહિમા સુંદર રીતે જાણ્યો. આવી રીતે બાવીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ સભામાં ઉપદેશ કર્યો એનું નિરૂપણ વર્ણન કર્યું એ નામે આ બાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

અવધપ્રસાદજી કહે છે — સૌ જનોને શિક્ષાનાં વચનો જગત્રાતા કહેતા હતા તેને મહિમા સાથે ભક્તો સંતો સૌ સાંભળતા હતા તે વાતો સાંભળીને મુનિજનો બહુ જ રાજી થયા. પછી શ્રીહરિ પ્રત્યે વિચારીને વચનો કહેતા હતા. હે પ્રભુ આપના મહિમાને તો બહુ જ જનો જાણે છે. કેમકે આપ તો સર્વોપરી અતિ સુખશાંતિને આપનારા છો. પુણ્યદાતા છો પણ હવે તો સંત અને અસંતનાં લક્ષણો છે તે કહો. જેને પૂજવાથી આપ સ્વયં પુજાઈ જાવ છો. જેમને દુઃખવવાથી આપ દુઃખીયા થાવ છો. એવા પવિત્ર સંતનાં લક્ષણ કહો. જે સંત ભવસાગરમાં જનને તરવામાં નાવરૂપ હોય તેમનાં લક્ષણ કહો. સંતોનાં ભાવપૂર્વકનાં વચનો સાંભળીને પછી શ્રીહરિ સંતનાં લક્ષણ સુંદર રીતે કહેતા હતા. મારા સુજાણ સમજુ સંતો તમને સંતનાં લક્ષણ કહું છું તે સાંભળો. જેનાથી સર્વજીવો કલ્યાણને ઇચ્છે છે. એનાં લક્ષ કહું છું. સૌને સુખ કરનારા સર્વની સાથે સ્નેહ રાખનારા એવા દેહીનાં દેહને ધારનારાં ચરાચરનાં સૌ દેહીઓ જાણે જ છે તે સંતો પરોપકાર કરનારા પરમ દયાળુ છે. બીજાના ગુણને ગ્રહણ કરનારા પરમકૃપા કરનારા છે. સંતો સતત પ્રભુમાં એકરસ રહે છે. તે ઉદાર મનવાળા જ્ઞાન ઉપદેશ કરીને જીવોનાં પાપોને બાળે છે. બીજાંને દુઃખી જોઈને પોતે દુઃખી થનારા બીજાંને સુખી જોઈને સુખી થનારા તથા મન કર્મ વચનથી ક્યારેય વિમુખનો સંગ નહિ કરનારા સતત ઉદાર દિલના, સંતોષ મનવાળા મન કર્મથી જનો ઉપર રોષ નથી કરતા. સદાય આત્મવિચારને કરનારા મનથી સદાય નવધા ભક્તિ કરનારા એવા પવિત્ર મારા સંતો છે તેમાં માન અભિમાન લોભ આદિ વિષયો ઉરમાં નથી રહેતા. વિષય વ્યવહારથી પર રહે છે. સૌની સાથે ગર્વ વગરના જ રહે છે. જગતને સંત સમાન જ કરે છે. સાત્ત્વિક મન યુક્ત કરે છે. સંતને શત્રુ કે મિત્ર બંને સરખા જ હોય છે. હરખ શોક કે હાની બધું જ સરખું જ રહે છે. કોઈ ભેદ અંતર ન હોય તે મારા સાચા સંત કહેવાય છે. મારા સંતો મારા વગર ત્રણે લોકનાં સુખોને નરક કુંડ જેવાં સમજે છે. તન ધન બધું જ ત્રણખલાં જેવું જ જાણે છે. એવા મારા સંતો તે પરમહંસ પ્રમાણ જ છે. મારા સંતોનાં મન જેમનાં મારા રંગે રંગાય છે. તેમને કોઈ જાતના સંકલ્પ વિકલ્પ વગર ભક્તિમય સદાય રહે છે. સ્થૂળતામાં કે સૂક્ષ્મતામાં સદાય પવિત્ર રહે છે. શુદ્ધ રહે છે. નિષ્કામ મનવાળા થઈને મારાં ગુણને ગાયા કરે છે. એવા મારા સંતો છે. દેહ સંબંધી દુઃખ આવે તો એ દુઃખને કાંઈ ગણે જ નહિ. દેહનાં સુખને ક્યારેય સુખજ ન માને તથા આઠ પ્રકારે સ્ત્રીના સંગનો ત્યાગ રાખે તે જ સાચા મારા સંતો છે મારાં કીર્તનભક્તિ સિવાય બીજી કોઈ રાસક્રીડામાં ન જ જાય. સ્ત્રીના રાગ રંગને ન જુવે. કળાનાટકને ન જુવે તથા ગુપ્ત રીતે કોઈની સાથે વાતચીત ન કરે. સ્ત્રીસંબંધી મનમાં કોઈ સંકલ્પ જ ન કરે. વ્યાવહારિક ક્રિયાનાં સ્થળનો ત્યાગ કરીને સાત્ત્વિક સ્થળે રહે. આઠ પ્રકારનાં મૈથુન કહેવાય છે તેને સંતો સદાય ત્યાગીને શુદ્ધ મનથી રહે છે. ક્ષમતા દમનના વિચાર વિવેકથી વર્તનારા ભક્તિજ્ઞાન અને ધર્મનો ટેકો રાખીને રહેનારા. સદાય મારા ચરણમાં મનને જોડી રાખે છે. મારા ચરિત્રની વાતો કર્યા સિવાય બીજું કાંઈ પ્રિય રહેતું જ નથી. સદાય મારા સ્વરૂપનાં જ કથા કીર્તન કરતા રહે. સાંજે સવારે નિત્ય મારા લીલા ચરિત્રોને ચિંતવ્યા કરે. કામીમાણસનું મન જેમ કામમાં જોડાયેલું રહે છે. લોભીનું મન જેમ ધનદોલતમાં ચોંટેલું રહે છે. મણિધર નાગનું મન મણિમાં જ રહે છે. ચકોર પક્ષીનું મન ચંદ્રની સામે જોડાયેલું જ રહે છે. સતિ પતિવ્રતાનું મન નિષ્કામ રહે છે તેમ મારા સંતો નિષ્કામ રહે છે.

આવી રીતે મારા સંતો મહંતો મારા ચરણકમળમાં શુદ્ધ મનને જોડી રાખે છે. સંસારનાં સુખોમાં ઉદાસ

રહે છે. આવી રીતે મનબુદ્ધિથી મહિમાને જાણતા રહે છે. મારી બ્રહ્માંડોની રચનાઓ અનેક છે. અગણિત બ્રહ્માંડો છે તેને મારા સાચા સંતો છે તે જ જાણે છે. તે સંતો સર્વ પ્રકારે મારા ચરણકમળનું ભજન ભક્તિ કર્યા કરે છે. વિષય વિકાર પ્રપંચ કપટનો ત્યાગ કરીને મારા વિષે જ પ્રીતિ રાખે છે. આવા નિષ્ઠાવાળા અનેક સંતો રહેલ છે. વિરલા થઈને શાસ્ત્રોને ગાયા જ કરે છે. હંસો માનસરોવરમાં જ નિવાસ કરે છે ને તે પરમહંસો હરિના ગુણગાનરૂપી હરિગુણને ગાય છે. પ્રશંસા કરીને આનંદ કરે છે. આખા જગતનો ઉદ્ધાર કરવાનો સતત ખ્યાલ કર્યા કરે છે. એવા સાચા સંતો મારા ઉદાર ભાવવાળા છે. એવા પવિત્ર સંતોનો દ્વેશ કરે અને પછી મારા શરણમાં નિષ્કામ થઈને આવે તો હું તેની રક્ષા નથી કરતો.પરંતુ તે ભક્ત સંત પાસે જાય છે તો તેને સુખ થઈ જાય છે. કદાચ કોઈ જન મારી સાથે દ્વેષ કરીને રહે છે ને કદાચ સંત પાસે સંતના શરણમાં જાય છે તે સંત તે પાપીને નિષ્પાપ કરે છે. તે સંત તે જનને પાપથી મુક્ત કરીને નિર્ભય કરી દે છે. કેવળ નજર કરીને જ નિર્ભય કરે છે. આવા સંતો અપાર છે. તેથી જે જન આ સંતોના શરણમાં આવે છે તે જન સુખશાંતિને પ્રાપ્ત કરે છે. બહુ જ સુખી થાય છે. આ જગતમાં હું જળસમાન છું અને મારા સંતો છે તે તો મેઘસમાન મહાન છે તે સંતો પૃથ્વી ઉપર વિચરણ કરીને જ્ઞાનનો વર્ષાદ કરે છે. તેમના પ્રતાપથી જગતમાં સૌ જનના મનમાં સુખશાંતિ રહે છે. આવી રીતે સંતો મારાં ગુણચરિત્રો સમજાવીને જ્ઞાન આપે છે. સાચો ધર્મ સમજાવે છે. ચંદનના વૃક્ષની માફક હું સૌના ચિત્તને ચોરું છું. મારા સંતો છે તે વાયુ પવન જેવા છે. તે ચંદનની સુવાસને ફેલાવે છે. દિલમાં જીવો ઉપર દયા લાવીને મારાં ચરિત્રની સુગંધને ફેલાવીને સંતો મુનિજનો નર નારીજનોને ભવસાગરમાંથી ઉદ્ધારે છે. સંતમહાજનનો મહિમા તો બહુ જ કહ્યો છે. અમારા સંતો એવા મહાન છે તેમને જોયા. મેં તપાસ્યા. આવા સાચા ગુણ જેનામાં હોય તે સંતને સાચા સંત કહેવાય છે એમ જાણવું.

આવા સંતો વિષયવાસના કે કોઈ વ્યસનને નથી જ રાખતા. એવા સંતને શ્રુતિ વેદની તથા એની શાખાશાસ્ત્રો આમને જ સંત કહે છે. આવા સંતોનો જે પ્રસંગ (સમાગમ) કરે છે. તેનું નામ જ સત્સંગના કહેવામાં આવે છે. આવા સંતની સાથે જીવાત્મા એક લવમાત્ર જ જો સત્સંગ કરે તો તે નર તરત જ મુક્ત થઈ જાય છે તથા નારીઓ આવા સંતનાં દૂરથી જ દર્શન કરે તથા મારી કહેલી આજ્ઞાનું મનથી પાલન કરે તો જ મુક્ત થાય છે. આવા સાચા સંતો સંસારમાં છે. તે તમે જ પ્રમાણિત સમજણવાળાં સમજુ હોંશિયાર છો. આ સાધુના ગુણરૂપ આભુષણ સુંદર રીતે તમારાં મુખ ઉપર શોભે છે.

તમે બધાય પરમ ભાગવત સંત છો. તે બધાંય સંતનાં લક્ષણ સુંદર રીતે કહ્યાં. હવે અસંતનાં લક્ષણ કહું છું. જેનું મન પોતાને વશમાં ન હોય વિપરીત રીતે વર્તતા હોય. સ્વતંત્ર રીતે રહેતું હોય તે અસંતનું લક્ષણ છે. સંતનાં અને અસંતનાં લક્ષણ કહ્યા વગર ભગવાનના ભક્ત ભેદ ન જાણે, એટલા માટે સારઅસાર ઓળખાય નહિ એ વાતને જગતમાં સૌ જાણે જ છે. હવે અસાધુનાં અપાર લક્ષણ છે તે સંભળાવું છું. તે સાંભળો. તે ખળ લોકો સત્સંગીનો અનેક રીતે દ્વેષ કરે છે. જેમનો સંગ કરીને રહે છે તેનું શરીર જમના હાથમાં જાય છે. મહાદુઃખ પામે છે એમ મુનિવર ગાય છે. રાજી થાય છે. લોલુપતાવાળા લંપટને, કામી, દુર્ભાગ્યવાળા ગણે છે. વિષયવાસનાવાળા સ્ત્રીઓને જુવે છે. બીજાની નિંદા કરવી. પારકી સ્ત્રીમાં પ્રીતિ કરવી. ચતુરાઈ કરીને પારકાં ધનપદાર્થ ઉપર મન પરોવી રાખે. ઉપરથી તો બહુ જ સારા લાગે પણ મનમાં બહુ જ કુટિલતા ભરેલી હોય. મન સાવ મલિન હોય. ચેનચાળા ફેલ કરવામાં મશગુલ હોય. બીજાની સંપત્તિ જોઈને જીવ

બળતો રહે. સત્સંગ કરવામાં અજાણ થઈને શરમાવા માંડે. બીજાની પીડા જોઈને તેની ઉપર રાજી થતો રહે. સારા ગુણ જોઈને દિલથી દ્વેષ કરતો રહે. વેદ નિગમાગમ પુરાણોની નિંદા કરતો રહે. અભિમાનવાળો થઈને મલિન મદ્યમાંસ ખાતો રહે. સાચા માર્ગે જો કોઈને જોઈ જાય તો ખળ હળવેથી હાંસીથી વખાણ કરે. મુખેથી બ્રહ્મજ્ઞાનનો વાદવિવાદ કરે લગારે પ્રમાદને તો છોડે જ નહીં.

તે મુર્ખાઓ મારા જન્મ અને કર્મને ખોટાં જ કહે છે એવી નાસ્તિક બુદ્ધિ તો એમના ઉરમાં રહેલી જ હોય છે. સારા પવિત્ર સંતોના જેવો સુંદર વેશ ધારીને રહે છે. દંભ કરીને મહાપ્રમેશરૂપે બતાવે છે. તે ખળ સાચા ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલો, ગૂઢતાથી વર્તે છે. તે પ્રીતપંથને મૂઢતાથી ચલાવે ને ગુરુ થઈને લોકોનાં ધનને ને નારીને હરતો રહે. હરિભક્તોની સાથે દ્વેષ કરીને હરામ કરતો રહે. તે પાપી કપટ કરીને કુપંથ ચલાવે. છળકપટ કરીને પરની નારીને ભરમાવે અને એના પતિની સાથે વૈર કરાવે. પછી પોતે તે બાઈને ભોગવતો સુખ કર્યા કરે. આવાં કર્મ કરે છે. ખોટાં ખોટાં ઉપદેશો કરીને મનને ભરમાવી નાંખે. લોકોને જમપુરીમાં લઈ જાય. લોકોનો કોઈ શોક ન કરે ને એનાં ધનને લઈ લે એવા ગુરુશિષ્ય બંને મહાભયંકર ઘોર નરકમાં જઈને પડે છે. તે બહારથી તો અતિશય ત્યાગ બતાવે. સારો દેખાવ કરે પણ મનમાં તો બહુ જ ભોગનો અનુરાગ રહે. તેથી તે વજસમાન સુંદર મુખથી મધુર વાણી બોલે. અંતરમાં તો અતિશય અભિમાન ભરેલું હોય. તેનાથી કુતર્કની રચના કરતો જ રહે.

આવા ખળજનનો જે સંગ તે જો એક જ ક્ષણમાત્ર કરે તોય જન મરીને પછી જમપુરીમાં જાય છે ને પછી હાય હાય કરીને મનમાં પસ્તાતો રહે. સાચા ભગવાનના સંતોમાં અપાર ગુણો સંતોના રહેલા હોય છે તોય તે મૂઢમતિ મહાખળ તે સંતોમાં અવગુણને જ જોયા કરે છે. તે ખળ અવગુણથી પોતાની પોતે દોષ બતાવે છે. તે જ સમજનારને સંતના આવાં સરખા ગુણો બહુ જ જણાવે છે. તે દુષ્ટ લંપટ કામી મનવાળો લોલુપતાવાળો થઈને તે ખળ સજ્જનની સાથે સંગ કરે છે. તેના જ્યાં સંતના સાચા વિચારો રહેલા હોય તે પણ સંતો રહેલા હોય. ત્યાંથી તે ખળ ઉઠીને સંતથી દુઃખાતો થકો ત્યાંથી ભાગે છે. તે ખળને સંતનો સમાગમ નથી ગમતો. હંમેશાં કુસંગનો જ સંગ કર્યા કરે છે. પાપના મારગમાં વધારે પ્રમાણમાં અનુસરતો રહે છે. તે ખળ ધર્મમર્યાદાનું ઉરમાં ધારણ કરતો જ નથી. જ્યાં જાય ત્યાં તે બળ ક્લેશ કરાવતો જ રહે છે. તે ખળ સતત વિષયવાસનાની કલ્પના કરતો જ રહે. પાપના માર્ગનું જ અનુસરણ કરતો રહે. હે સંતો ! આવી રીતે મેં અસંતો કહ્યાં. અમે તેનાં લક્ષણ સહિત અસંતોની ઓળખાણ આપીને જણાવ્યા. આવા ખળનો ભુલેચુકે પણ સંગ ન કરવો. અમારાં વચનને સદાય તમારા ઉરમાં ધારી રાખજો. અસંતનો સંગ કરવો તે જગતમાં જન્મમરણમાં ખેંચનારો છે. જેમ જગતમાં રાહુ ને કેતુ છે એમ જાણવું. આવા મતિ મંદ દંભી કેટકેટલા રહેલા જ છે. તેઓ વિષયવાસનામાં વિવશ થઈને રહે છે. તે જેમ જળચર પ્રાણીઓ ખાય પીએ છે તેમ જ ખળ જનો પણ સંતના વસ્ત્ર ધારીને બગલાંની માફક વર્તે છે અને લોકોને છેતરે છે. આવી રીતે તે બધા જ સંતો ઘનશ્યામ પ્રભુના મુખની વાતો સાંભળીને સંત અસંતનાં લક્ષણ જાણ્યાં. તે સાંભળીને રાજી થયા. મનમાં બધી જ ઓળખાણ સ્પષ્ટ થઈ ગઈ. હે ધર્મને ધારનારા ધર્મનંદન પ્રભુ આપને ધન્ય ધન્ય છે. પૃથ્વી ઉપરથી પાપને દૂર કરવા માટે સંત અસંતનાં બંને ભેદ કહ્યા તે બંનેની કરણી પણ કહી સમજાવી દીધી. આવી રીતે મહાપ્રભુ વડતાલમાં સરોવરની પાળ ઉપર સંતોની સભાની વચમાં બેસીને સંતોને પરમકૃપાળુ જ્ઞાનવાતો કરીને સમજાવતા હતા.

શ્રીહરિ મહાપ્રભુએ સંતોને સ્વમુખે સંતનાં ને અસંતનાં લક્ષણ તેના ભેદ કહ્યા. હે આનંદસિંહ રાજન ! મેં બધું જ તમને કહી દીધું. તેથી તમારા અંતરમાં સુખ થયું હશે. આવી રીતે સંત સુજાણે બધી વાતસાંભળીને સૌ હરખ પામ્યાં. આવી રીતે ગંભીર વાત થઈ. આમ ત્રેવીસમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુમાં તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ સંતઅસંતનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે ત્રેવીસમો તરંગ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સુખધામ શ્રીહરિ મહારાજની રસમય છબીનાં દર્શન કરીને અતિપ્રિય સંતો ગુણને ગાયા જ કરે છે. રસમય ભોજનો જમીને ભક્તોનાં કલ્યાણ કામ કરનારા શ્રીહરિ મહાપ્રભુના નામનું ભજન રટન બ્રહ્મા શિવ આદિ દેવો કાયમ કર્યા કરે છે. પ્રભુના ચરિત્ર રસનું પાન ઉદારતાથી કરે છે એવા રસ ભરપુર સિંધુનું મંથન (વલોવણું) કરીને તથા શ્રવણ કરીને તે મહિમાને શિર ઉપર ધારીને મહાદેવજી ગાયા જ કરે છે. તે જ આનંદકંદ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીએ અસંતનાં લક્ષણોનું વર્ણન કર્યું તે સાંભળ્યું. હવે મહાપ્રભુએ પછી જે ચરિત્રો કર્યાં હોય તે કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન્ ! તમે સાંભળો. ઘનશ્યામ પ્રભુ સુખ કરનારા વરતાલધામમાં રહેતા હતા. અતિ મનમાં આનંદ ભરપૂર થઈને વિનોદથી કહેતા હતા. શ્રીહરિ મહાપ્રભુએ સભામાં સંતનાં અને અસંતનાં લક્ષણ સુંદર રીતે વર્ણવ્યાં તે સંતોએ સાંભળીને સર્વ મુનિવરો હરખાયા. પરમ આનંદ સુખને પામ્યા. પછી સૌ મુનિજનો મહાપ્રભુને હાથ જોડીને કહે, હે નાથ ! અમારી વિનંતીને આપ સાંભળો. નરનારીને જે દેહિક દુઃખ થાય છે તે તે દુઃખો જુદીજુદી જાતનાં અનેક પ્રકારનાં થાય છે. તે શા કારણે થાય છે આપના અમે દાસ છીએ તો આપ અમારી ઉપર રાજી થઈને તેના ભેદસહિત અમને સમજાવો. આવી રીતે સંતના મુખેથી પૂછેલ પ્રશ્ન સાંભળીને મુનિઓના સ્વામી બહુ જ રાજી થઈને મુખથી મુસ્કાઈને પ્રભુ કહેતા હતા.

કમલનયન મહાપ્રભુ ભક્તના મનને આનંદ કરનારા ભવસાગરના ભયને તોડનારા સંતોને કહે, તમે સંતો સાંભળો. તમને વાત સમજાવું છું. જે તમે કર્મના ભેદની વાત પૂછી તે કહું છું. જે જન દક્ષિણ દિશા તરફ મુખ રાખીને અન્ન જમે છે. પાણી પીએ છે. તેને પેટમાં કરમિયા આદિ જીવાત થાય છે. અનાજ કે પાણી ખાતાં પીતાં જે જન બિલાડાં આદિ પ્રાણીનો સ્પર્શ ન કરવો જોઈએ. જે સ્પર્શ કરે છે. તેના મુખમાંથી દુર્ગંધ આવ્યા કરે છે. તેની પાસે કોઈ બેસી નથી શકતું. જે જન પંક્તિ ભેદ કરીને એકલો જ જઈને ભોજન કરે છે તેના પેટમાં વાયુ વધારે થાય ને પીડા કરે છે. જે જન ખાવાના સમયમાં જમવામાં વિઘ્ન કરે છે, વિરોધ કરે છે તેને અજિરણનો રોગ થાય છે. જે જન સારી રીતે ધનવાન હોય ને તે દાનપુણ્ય ન કરે તો તેને મંદાગ્નિનું દરદ થાય છે. જે જન કોઈને ઝેર ખવરાવે છે તે જન છાહા રોગનો દરદવાળો પીડાય છે. મારગમાં રોગી પીડાતો હોય તેની પરિચર્યા ન કરે તે જન શૂળના મહાદર્દને પામે છે. જે જન શરીરે વિષયી થઈ ગયો હોય તે શરીરથી નિર્બળ થાય તેને શાસ્ત્રમાં કર્મવિપાક રોગ કહે છે. બીજાં અનેક લોકોને પીડા શોક હેરાન કરે તેને

તપાવે તેને શરીરે શૂળનું બહુ જ દર્દ થાય છે. વનમાં જઈને જે વનને બાળે છે. મહા આગ લગાડે તેને અતિસારનો રોગ થાય છે. દેવના સ્થાનમાં જળાશયમાં જે મળત્યાગ કરે છે તેને ઉદરમાં સતત બંધકોષથાય છે. જે જન કોઈના ગર્ભનો પાત કરે છે, તથા કરાવે છે તે વાંઝિયાપણાના દોષને ભોગવે છે. સંતપુરુષને છેતરી ચોરી કરીને જે ખાય છે તે જનના ઉદરમાં બહુ જ ચૂકનું દરદ થાય છે. જે જન ભગવાનની પ્રતિમાનો ભંગ કરે છે, તે જન પ્રતિષ્ઠા વગરનો નિંદાપાત્ર બને છે. સાચા પ્રમાણિત વચનને તોડીને પાતાળની ખોટી વાતને પ્રમાણ કરે છે, તે તે પક્ષનો ત્યાગ કરીને મર્યાદા વગરનું મર્યાદા ત્યાગીને બોલનારો થાય છે. ત્યાગી વૈરાગી થઈને ભોગને ભોગવે છે તેને પક્ષઘાતનો મહારોગ થાય છે. સ્વાર્થ રાખીને એક જ ત્રાંસી દૃષ્ટિથી જુવે છે. તેને એક જ નેત્ર મળે છે. કોડો થાય છે. જેના નેત્રમાં બહુ જ દ્વેષથી જોતો હોય દ્વેષ કરતો હોય તે સદ્‌ગુણાસહિત પરલેષમાં પડે છે. ચોરીછુપીથી વ્યભિચાર દૃષ્ટિથી જુવે છે તેનાં બંને નેત્રોનાં તેજ નાશ પામે છે. આંધળો થાય છે.

દેવનું કે બ્રાહ્મણનું જોઈને એમનું ધન ચોરી લે છે તે જનના શરીરને હાથી ગળી જાય છે. તે જન મહાભયંકર કષ્ટ પીડાને પામે છે. જે જન ત્રાંબુ ચોરે તો તેને લોહી વિકારનો રોગ થાય. જીવન પર્યંત રોગમાં પીડાયા કરે. કાંસું ચોરે તો તેને પાંડુ રોગ થાય. એમ સૌ જનો તમે જાણજો. પિત્તળને જો ચોરે તો તેના માથે પીળીયો રોગ થાય. જો સ્ત્રી તલની ચોરી કરે તો જોવારનો રોગ થાય. સોનું ચોરે તો કુબડા શરીરનો રોગ થાય. ચાંદી કે સફેદ વસ્તુ ચોરે તો શ્વેતકનો રોગ થાય છે. તેલની ચોરી કરે તો શરીરમાં વાનો રોગ થાય છે. અનાજની ચોરી કરે તો ચોરના લોકો ભુખે મરે છે. કપડાંની ચોરી કરે છે તેને નાગા ફરવું પડે છે. શસ્ત્ર(હથિયાર) ચોરે છે તેના શરીરમાં છિદ્રો પડે છે. ચીરા પડે છે. ખોટાં ખોટાં ભાષણો કરીને જુઠું બોલે છે તે મુંગો થાય છે. આવી રીતે પૂર્વજન્મની વાતો કહી સંભળાવી તે કર્મની વાત બધી જ સાચી જ માનજો તો જ સુખકારક થશે.

જે જન માતાની સાથે સંગ કરે છે તે મૂઢમતિ લિંગ વિનાના શરીરવાળો ગૂઢ શરીરવાળો થાય છે. ગુરુની પત્નીની સાથે જે સંગ કરે છે તેને મૂત્ર કછતાનો રોગ શરીરમાં ફેલાય છે. પોતાની કન્યાની સાથે ગમન કરે છે તે રક્ત કોઢવાળો થાય છે. બહેનની સાથે જે સંગ કરે છે તે જનને ગજ્જકરણનાં દુઃખો શરીરમાં થાય છે. ભાઈની પત્નીની સાથે વ્યભિચાર ભોગવે છે તે તેના શરીરમાં ગુલ્મ (ચાંદાં) કોઢનો રોગ થાય છે. મિત્રની નારીની સાથે સંગ કરે છે તેની પત્ની વારંવાર મરી જાય છે. જે જન દુષ્ટ બુદ્ધિથી ગોત્રની સાથે ગમન કરે છે તેને શરીરમાં મસાનો રોગ થાય છે. પુશ્ચલિ (રખડનારી વ્યભિચારિણી)ની સાથે સંગ કરે તો તેના વ્યભિચાર કરનારાના શરીરમાં વિષ્ફોટકોનો રોગ થાય છે. પુત્રની પત્નીની સાથે સંગ કરે તો તેના શરીરમાં મંદ કામવેગવાળું નકામું શરીર થાય છે. તપસ્વીની સ્ત્રીની સાથે સ્નેહ કરીને સંગ કરે તો તેના શરીરમાં પ્રમેદનો રોગ થાય છે તથા પશુની સાથે જે સંગમ કરે છે તે જનના શરીરમાં ભોગ ભોગવી ભોગવીને શરીર ઠરી જાય છે એવા શિથિલ રોગ થાય છે. બનાવટી વેશભુષા કરીને લોકોને ઠગીને ધુતીને જે ખાય તે જનના શરીરમાં જલંધરનો રોગ થાય છે. જે જન જીવની હિંસા કરે છે, તે મનુષ્ય મહાઘોર નરકમાં પડે છે. આવી રીતે કહ્યા તે બધાય દોષો તે અમે અનુક્રમથી કહ્યાં છે. મુનિવર તમે તો પરમ પ્રવિણ છો. તેથી વિસ્તાર પૂર્વક જાણજો.

અમે જે તમને કાંઈ કહ્યાં છે તે તમે કર્મની વાત પૂછેલી તે જાણીને કહ્યાં. માણસના શરીરમાં રોગો તો અનેક પ્રકારના થાય છે. તે તો બધુંય કર્મનું જ ફળ છે તેમ જાણવું. જે કોઈ દેહની આકૃતિ થાય છે તો બધી આકૃતિ વધારે ભોગના પ્રમાણે જ આકૃતિઓ થાય છે. પૂર્વભવમાં કરેલાં કર્મ પ્રમાણે જ ભોગો પ્રાપ્ત થાય

છે. શુભ આચરણનું સુખ મળે છે. બધું જ સુખ છે તે પૂર્વ જન્મના કર્મનું જ છે એમ જાણવું. પુણ્યવાળાં છે તે પુણ્યનું ફળ ભોગવે છે. તે શાસ્ત્રમાં વર્ણન કરેલું જ છે. જે લોકો શરીરથી રૂપ ગુણથી રોગવાળાં દુઃખદારી દઢવાળાં કુમતી સદાને માટે એ પૂર્વના બધાં જ કર્મનું પાપ ભોગવે છે. આ બધું જ મુનિવર ધર્મના પ્રમાણે જ જાણજો. બધાં જ પાપનું એક જ પ્રાયશ્ચિત્ત છે તે મુનિવર તમે જાણો. જે અમારું નામ છે તેનું પ્રેમથી સુંદર રીતે બધાં જ કામકાજ વ્યવહાર છોડીને નિરંતર જપ કર્યા કરે છે. તેનાં કરોડો જન્મનાં કરેલાં કર્મનાં બંધન તથા ભવનાં બંધન બધું જ નાશ થાય છે. હે સંતો ! મારા નામનો જે જપ કરે છે તેનાં બધાં જ પાપ નાશ પામે છે. સંતાપો નાશ પામે છે. તે જન જગતનાં બધાં જ માયિક સુખદુઃખનો ત્યાગ કરીને મારી ભક્તિ કરીને એકાંતિક ભક્ત થઈને ભવને તરી જાય છે. આ જે મેં કહ્યું તે બધું જ સિદ્ધાંતની વાતો છે એમ જાણજો. સૌ મારા પ્રતાપે મારા પરમ દિવ્યધામને પામે છે.

પ્રગટ પુરુષોત્તમને ઓળખ્યા વગર જે જન કરોડો વખત તીર્થ યાત્રા કરે પણ મહિમા વગર કાંઈ ફળ ન થાય. મારા આશ્રિત ભક્તજનો દેહસંબંધી સુખદુઃખને પોતાના દેહમાં જ ભોગવે છે. એવા નિષ્ઠાવાળા મારા ભક્તો મારા ધામને પ્રાપ્ત કરે છે. આ વાતને જગતનાં બધાં લોકો જાણે છે. પદ્મપુરાણ નામના પુરાણના પાતાળખંડમાં ચાર અધ્યાયમાં આ મેં કહી તે કથા વિસ્તારપૂર્વક કહેલી છે. વાત્સ્યાયન ઋષિને હજાર ફણાવાળા શેષજીએ સુખદાયક પ્રભુની આજ્ઞાથી કર્મના વિપાકની કથા (કર્મનાં ફળની) કહી છે. તે કથા મેં મુનિજનો તમારી આગળ સંક્ષેપ કરીને કહી છે. સારરૂપે કહી છે. તેને જે જન મનથી સાંભળે છે કે ગાયા કરે છે તે સંસારસાગરને તરે છે. મહાસુખને બહુ જ પ્રાપ્ત કરે છે. આનંદ ભોગવે છે. આવી રીતે શ્રીહરિના મુખકમળની અમૃત વાર્તાને સાંભળીને મુનિજનોના સમુદાય રાજી થયા. આવા ધર્મને ધારનારા મહાપ્રભુને ધન્યધન્ય છે. પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મસ્થાપન કરે છે. ધર્મ દઢ કરવા પદ્મપુરાણની કથા પ્રેમ કરીને કમલનયન મહારાજે સંભળાવીને સુખ કર્યું. પછી મહાપ્રભુ પોતાના ઉતારે પધારીને શાકની સાથે પાકને આરોગતા હતા. જમીને પછી મહાપ્રભુ સુખધામ શયન કરતા હતા. પ્રેમીભક્તજનો પ્રભુનાં ચરણકમળની ચંપી કરીને પોતાના મનોરથને પૂર્ણ કરીને પોતાના કામને પૂર્ણ કરી લીધું.

શ્રીહરિ સુખકંદ મહાપ્રભુએ સંતોને કર્મનાં ફળની કથા સંભળાવી. તેને સર્વ સંતજનો જાણીને મોહન મહાપ્રભુની મૂર્તિને નિરખી દર્શન કરીને, શીશ નમાવીને નમન કરતા હતા. આવી રીતે ઘનશ્યામ સુજાંણ પ્રભુ નિત નિત વરતાલમાં રહીને લીલાઓ કરી. આ રીતે ચોવીશમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વર્ણન કરેલ કર્મને તેનાં ફળની ગુંથેલી વાર્તાનું વર્ણન કરીને નિરૂપણ કર્યું એ નામે આ ચોવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૪॥**

# તરંગ-૨૫

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! સ્નેહસ્વરૂપ ધર્મનંદન સુખદાતા મહાપ્રભુ સ્નેહસહિત ભોજન કરનારા મનોહર મૂર્તિની નાસિકાની શોભા ભક્તોનાં ફંદને હરે છે તે જ સ્વરૂપનું મુનિજનો સ્નેહ કરીને નામજપ કરે છે. તે જ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ મારા ઇષ્ટદેવ વરતાલધામમાં વાસ કરીને અદ્ભૂત લીલા ચરિત્રોને કરે છે એ ધામના ધામી સુખસાગર પ્રભુ ધર્મનંદન શ્રીહરિએ. કર્મનાં બંધન અને તેનાં ફળની વિભાગવાર વાર્તા કરીને શ્રીહરિએ સૌને સંભળાવી. તેને સંતોએ સાંભળીને તેનાથી મનમાં બહુ જ રાજી થયા. તે જ વાતને સુખપૂર્વક સુંદર રીતે ગુરુમહારાજ આપે કષ્ટને હરનારી કથા મને કહી. તેનો પૂર્વાપર સંબંધનો અભિપ્રાય કહીને જણાવ્યો તે બધોય આનંદ આપનારો થયો. હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! આપ હવે મને ઘનશ્યામ પ્રભુએ વૈદિક વિધિ કરીને પ્રતિષ્ઠાવિધિ કરી તે કથા સંભળાવો. તો મારા મનનો બધોય આળસ પ્રમાદ જતો રહે. એવી પ્રગટ પરબ્રહ્મની પ્રગટ વાતો કહીને સંભળાવવા કૃપા કરો.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! જ્યારે સવારમાં પ્રભાત સમયે ભયહારી પ્રભુ જાગ્રત થયા, ને ભક્તાધિન દિનજન સુખકારી સુખદાતા મહાપ્રભુએ શૌચવિધિ કરી. તે સમયે કમલનયન પ્રભુના અગો સુંદર રીતે શોભતાં હતાં. સ્નાન કરીને મહાપ્રભુ શરીર ઉપર સફેદ વસ્ત્રોને ધારણ કરતા હતા. શરીર ઉપર સુંદર પેચવાળી પાઘડી ધારી, સફેદ પગરખાંને ધારણ કર્યું. ઘનશ્યામ પ્રભુ સુખનિકેતા બહુ જ શોભતા હતા. પછી મહાપ્રભુ પોતાના આસન ઉપર આવીને વિરાજમાન થયા. મૂહુર્તનાં દિવસો નજીક આવ્યા. એમ જાણીને સુંદર શ્યામ પ્રભુ મધુર વાણીથી સંતો - ભક્તોને સુંદર રીતે સમજાવતા હતા. બધાં જ સ્થાપન માટેનાં સાજ સજવાના છે. સ્થાપન તૈયાર કરવાનાં છે. આવી રીતે મન હરનારા મહારાજ કહેતા હતા. ત્યારે મહારાજની વાણી સાંભળીને મુનિજનો સૌ અવનીપતિ પ્રભુ પાસે આવ્યા. સમીપમાં આવીને સૌ સુંદર રીતે કામ કરતા હતા. પછી મહાપ્રભુએ બધી જ સિદ્ધિઓને પોતાની પાસે તેડાવી ત્યારે બધી જ સિદ્ધિઓ તરત જ પ્રભુ પાસે આવી અને કહેવા લાગી હે પ્રભુ ! કયા કામ માટે અમને તેડાવી છે. ત્યારે ઘનશ્યામ પ્રભુ સર્વ સિદ્ધિઓને કહેતા હતા. શ્રીહરિની સ્થાપના કરવા માટેના મંડપો વિગેરે વિશ્વમાં પ્રસિદ્ધિ થાય તેવું કાર્ય અદ્ભૂત કરો.

મહારાજની આજ્ઞાને શિર ઉપર ધારીને અંતરમાં ઉતારીને સુંદર રીતે કાર્યરચના કરતાં હતાં. મોટો મંડપ બનાવ્યો તે બહુ જ સુંદર આકર્ષણવાળો અદ્ભૂત લાગતો હતો. બધો જ સાજ સુંદર રીતે તૈયાર થયો ત્યારે ઘનશ્યામ સુખધામ પ્રભુ ભુદેવોનું યજ્ઞ માટે વરુણિમાં વર્ણિ કરતા હતા. વિપ્રો સુંદર વૈદિક ક્રિયાકાંડને વૈદિક શાસ્ત્ર રીતે પ્રતિષ્ઠા કાર્ય કરે તે રીતે નિષ્કામ પ્રભુએ તૈયાર કર્યા. શ્રીહરિ મહાપ્રભુએ ભુદેવાને વરુણમાં નક્કી કર્યા એ વાતે ખુલેલા કંઠવાળા લાલ કમળસમાન રેખાઓવાળાં નેત્રકમળ જેમનાં છે એ શ્રીહરિ કરુણામૂર્તિએ તે વિપ્રોને વરુણમાં નક્કી કર્યાં. તેમને કંકણ કુંડળ સુંદર સોનાનાં આપ્યાં. આસનો ગૌમુખીઓ નવાં જ આપ્યાં. સો વિપ્રોને વિધિ પ્રમાણે વરુણીમાં નક્કી કર્યા તે ભુદેવો ભગવાનના ભક્તો હતા. ભવને હરનારા મહાપ્રભુને ભજનારા ભવ તારનારા હતા. બહુ જ મોટા મહોત્સવમાં હોમહવનનો ઉદ્‌ઘોષ થતો હતો. ત્યારે ત્યાં દર્શન કરવા માટે આકાશમાર્ગેથી નિર્દોષ દેવો આવ્યા હતા. તેઓ ઉંચેથી જયજય થાય. આ રીતે દેવો મહા જયઘોષ કરતા હતા. આવીને પરબ્રહ્મ પરમેશ્વર મહાપ્રભુને નિરખીને યજ્ઞમાં પોતાના ભાગને પ્રાપ્ત કરતા હતા. મૂર્તિઓનો ટાંકણા આદિક ક્રિયાદોષ નિવારણ કર્યો. ત્યારપછી મૂર્તિઓને મંડપમાં લાવીને તૈયાર

કરી. ત્યારપછી શાસ્ત્રની વિધિ પ્રમાણે વિધિ કર્યો. ત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુને કેટલાક વિપ્રો નિરખીને દર્શન કરતા હતા. વિધિ કરીને મૂર્તિઓને શુદ્ધ જળથી સ્નાન કરાવ્યાં. ત્યાર પછી શ્રી ઘનશ્યામ પ્રભુએ બહુ જ પ્રેમભાવથી પોતાના જ હાથે મૂર્તિઓને પધરાવીને સ્થાનમાં સ્થાપન કરી દીધી. તેને સૌ દેવોનો મોટો સમુદાય દર્શન કરતા હતા. પછી શ્રીહરિ દેવોની પ્રતિષ્ઠા વિધિની આરતી પોતાને હાથે કરતા હતા. ત્યારે વિપ્રો અને સર્વ દેવગણ સાથે મળીને જયજયનો ઘોષ કરતા હતા. ભેદ પ્રમાણે જાતજાતનાં વાજાંઓ બહુ જ વગાડતાં હતાં. આ દર્શન કરીને અગણિત મુક્તજનોનાં મન આનંદિત થતાં હતાં. મહાપ્રભુએ દેવોને દંડવત્ પ્રણામ કર્યાં. સૌ ભક્તજનોએ પણ સાથે જ દંડવત્ પ્રણામ કર્યાં. પછી સર્વદેવને નિરખીને પ્રણામ કર્યાં. પછી મહાપ્રભુએ સર્વભક્ત સમુદાયને દર્શન કરવાની આજ્ઞા કરી.

ત્યારે નરનારીજનો નિરખીને દેવોનાં દર્શન કરતાં હતાં. ઉરમાં બહુ જ સુખને પામતાં હતાં. ધન આદિક ભેટ સામગ્રી અર્પણ કરતાં હતાં. નિમધારીને દર્શન કરતાં હતાં. અનેક પ્રકારનાં વસ્ત્રો આભુષણોનાં દાંન કરતાં હતાં. હે રાજન ! ત્યારે જનમેદનીની બહુ જ મોટી ભીડ થઈ હતી. તેને કહેવામાં શેષજી પણ પાર પામે તેમ ન હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુએ મૂર્તિઓની સ્થાપના કરી આનંદકંદ ઘનશ્યામ પ્રભુએ આનંદ કરાવ્યો. પ્રભુએ વરતાલપુરીમાં પ્રેમ ધારીને લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા ત્યારે અતિ મોટો મહોત્સવ થયો. તે દેવા તથા સૌ નરનારીજન જયતી જયતી એમ કહેતાં હતાં. પછી મહાપ્રભુ પ્રીતથી સૌ વિપ્રોને બ્રહ્મભોજન કરાવતા હતા. અગણિત વિપ્રો અજિત મહાપ્રભુને નિરખીને દર્શન કરતાં હતાં. મુનિવૃંદ તથા હરિભક્તોના સમુદાયને જગતના પ્રાણ મહાપ્રભુ ઘનશ્યામ લહરી પ્રેમથી જમાડતા હતા. દેવોનું બધું જ વૃંદ મહાપ્રભુનાં દર્શન કરીને સુખ પામતાં થકાં પ્રગટ પ્રભુનાં ગુણને ગાતાં થકાં જતાં હતાં. દુંદુભિ વગાડતાં થકાં પુષ્પનો આકાશેથી વરસાદ વારંવાર વર્ષાવતાં હતાં.

પછી સર્વ દેશોદેશથી આવેલા અસંખ્ય ભક્તજનો શ્રીહરિની મૂર્તિને ઉરમાં ધારીને આનંદ પામતાં થકાં સૌ જનો પોતપોતાના દેશમાં અને ગામોમાં સ્વામિનારાયણ પ્રભુના ચરિત્રોને ગાતાં પ્રભુના નામ જપતાં ભજન કરતાં જતાં હતાં. આવી રીતે આનંદધામ મહાપ્રભુએ સુખ આપ્યાં. ગુણના સાગર મહાપ્રભુએ વડતાલધામમાં ભક્તજનોના મનની આશાઓને પૂર્ણ કરી દીધી. ઘનશ્યામ મહાપ્રભુ સહજાનંદ સુખધામ આનંદ કરાવતા હતા. સનકાદિકો ગાય છે. મુનિજનો ગાય છે. શારદા ગાય છે. જેમના પ્રતાપને ગંગા ધારે છે. નારદ સતત જેના ગુણને ગાય છે. જેના પ્રતાપને નવ યોગોશ્વરો ગાય છે. જેના પ્રતાપને અઠ્યાસી હજાર ઋષિઓ ગાય છે. જેના પ્રતાપને જનકરાજા જાણે છે. તેનાથી જગતથી ઉદાસ થઈને ભજે છે. જેમના પ્રતાપને હજાર મુખેથી શેષ ગાય છે. જેમના પ્રતાપથી ધરણીને પોતાના મસ્તક ઉપર ધારે છે. તે મહાપ્રભુ વરતાલ ધામે વસે છે. જેમના પ્રતાપને મુનિ વ્યાસજી ગાય છે. વાલ્મીકિ જેમના પ્રતાપને ગાય છે. જેમના પ્રતાપને ઉરમાં ધારીને દેવો આકાશમાં વિચરતા રહે છે. અને નમન કરે છે. જેમના પ્રતાપથી સો જોજનના વિસ્તારમાં વરસાદ વર્ષે છે. જેમના પ્રતાપને ઉરમાં ધારીને સિદ્ધિઓ અને નવનિધિઓ સતત ઉભી રહીને પ્રાર્થના કર્યા કરે છે. જેમના પ્રતાપને હૃદયમાં ધારીને ઈંડ બ્રહ્માંડના કોશો અતિશય ઉડતાં જ રહે છે. એવા તે પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ પ્રભુએ મહામોટો મહોત્સવ કર્યો. મુનિઓના સ્વામીએ મહાસુખ કર્યું.

હે રાજન્ ! આ રીતે બધી વાર્તાને સંક્ષેપમાં કરી હવે ઘનશ્યામ પ્રભુની બીજી લીલા કહું છું તે સાંભળવાથી નરનારીજનો સંસારને પાર ઉતરે છે. જે આ કથાને એકાગ્ર ચિત્ત થઈને અંતરમાં ઉતારે છે તે મારા ધામને પામે

છે. સંવત્ ૧૮૮૦ ની સાલમાં સુંદર વર્ષોમાં કાર્તિક સુદ સુંદર તિથી પ્રબોધિની એકાદશી સુંદર તહેવાર કહેવાય છે. તેજ એકાદશીના દિવસે મહાપ્રભુએ લક્ષ્મીનારાયણની સ્થાપના કરી તથા બીજાં બધાંય દેવોની જગવંદ્ય શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્થાપના કરી. શ્રી ઘનશ્યામ પ્રભુએ સુંદર રીતે બ્રહ્મદેવોને ભોજન કરાવરાવ્યું. જમાડીને દાન દક્ષિણાઓ આપીને બ્રહ્મદેવોને બહુ જ ભાવ ભરીને રાજી કર્યા. પછી મહાપ્રભુ પોતાના ઉતારે પધાર્યા. ભક્તજનોના મનને બહુ જ આનંદિત કર્યા ને મનના તાપ શાંત કર્યા. સૌ સંતો પણ પોતાને ઉતારે ગયા. શ્રીહરિ મહાપ્રભુને ઉરમાં ધારીને મૂર્તિનું સ્મરણ કરતા ગયા. પછી બીજા દિવસે સર્વ જગના કરનારા શ્રીહરિ કમલાપતિ લક્ષ્મીનારાયણનાં દર્શન કરીને બહુ જ આનંદનો વધારો કરતા હતા. જગતના સ્વામી શ્રીહરિ સભાની મધ્યમાં વિરાજમાન થયા. સુંદર લીલા અલૌકિક કરતા કરતા. સુખ દેતા હતા. એવી લીલા કરતાં કરતાં દેવદીવાળી ઉત્સવ મૂર્તિમાન આવી ગયો.

હે રાજન્ ! મનોહર મુખકમળ મહાપ્રભુ જ્ઞાન પ્રકાશનારા સંતસમાજને બહુ જ રાજી કરનારા સુખના ખાંણ ઘણા દિવસો સુધી ભક્તજનોને સુખ આપીને, શ્યામસ્વરૂપ મનોહરમૂર્તિ શ્રી પુરુષોત્તમ પ્રભુ સુખ કરતા હતા. પછી મહાપ્રભુએ બધા જ સંઘોને વિદાય કર્યા. સૌ જનો પ્રભુને સંભારતા થકાં પોતપોતાના દેશમાં સ્થાને ગયા. પછી ઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સાથે **વરતાલથી ગઢપુર** પધારીને ભક્તજનોના મનના તાપ નિવારણ કર્યા. મહારાજનાં દર્શન કરીને જયા લલિતા આદિ ભક્તજનોનાં મન બહુ જ આનંદિત થયાં. દર્શન કરીને પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માની સેવા પરિચર્યા કરતાં હતાં. ગઢપુરમાં આનંદપૂર્વક રહીને સુખ આપતા હતા ત્યારે ભક્તજનો નિત નિત પ્રત્યે સેવાભક્તિ કરતાં હતાં. એ ચરિત્રની વાતનું વર્ણન શેષનારાયણ હજાર મુખે પણ પૂર્ણ રીતે વર્ણન કરી શકતા નથી. અપૂર્ણ જ રહે એવો મહાપ્રભુ આનંદ આપતા હતા. એવામાં વસંતનો દિવસ નજીકમાં જ આવ્યો ત્યારે મહાપ્રભુ બહુ જ ઉમંગ ઉત્સાહની સાથે મોટો ઉત્સવ કરતા હતા.

ઉત્સવ કરવા માટે દેશોદેશના ભક્તજનો સત્સંગીઓ આવ્યા કુમકુમ કેસર ને કેસુડો આ બધાંનો સુંદર રંગ તૈયાર કર્યો. અબીલ ગુલાલ તે બહુ જ લાવ્યા હતા. આ રીતે રંગ નવરંગ તૈયાર કર્યા. તેને પાત્રોમાં ભરીભરીને બહુ જ તૈયાર કર્યાં. બધું ભરીને તૈયાર કર્યું. ત્યારે હરિ સુંદર રીતે કમર કસીને મસ્તક ઉપર શિર પેચની પાઘ ધારીને હાથમાં સોનાની પિચકારી ભરીને ભક્તજનો ઉપર ભગવાન રંગ ઉડાડતા હતા. સુંદર રીતે રંગ રમતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સંતો અને હરિભક્તો ઉપર રંગની છોળો ઉડાડતા હતા ત્યારે અંગો અંગ સુંદર શોભતાં હતાં. ભક્તજનોને રસબસ કરી દીધા. ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે બહુ જ શોભતા હતા. જેમ આકાશમાં વરસાદ મોટી ઝડીથી વર્ષે તેમ પ્રભુ સંતો ભક્તો ઉપર વર્ષતા હતા. આવી રીતે ખેલવામાં અનુરાગ કરીને ખેલતા હતા. રસિકવરના બધાં જ અંગો રસબસ થઈ ગયાં. ગુલાલ ઉડાડ્યો. તેની ગુચ્છધુમલા આકાશે છાયું. આવી રીતે મહાપ્રભુ ઉમંગથી રંગ રમતા હતા. તેને ભક્તજનો નિરખીને મનમાં બહુ જ આનંદ પામતાં હતાં. આવી રીતે બલભ્રાતા શ્રીહરિએ બહુવાર સુધી બહુ જ રંગનો ખેલ કર્યો, ધૂમ મચાવી ત્યારે ઢોલ દદામ બહુ જ વાગતાં હતાં. દેવો આકાશેથી પુષ્પનો વર્ષાદ કરતા શોભતા હતા. પછી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે રંગ ભરેલા નદીમાં સ્નાન કરવા પધાર્યા. ઉન્મત્ત ગંગામાં ઉમંગથી જગતના નાથ સુખપૂર્વક જળલીલા કરતા હતા. પછી સ્નાન કરીને જગતના પતિ જનસમુદાયની સાથે મહાપ્રભુ રાજદરબારમાં પધારતા હતા ત્યારે ચારેબાજુ પ્રભુને ઘેરીને મુક્તો આવતા હતા.

દરબારમાં પધારીને જગદીશ પ્રભુ થાળ જમતા હતા. જમીને પછી સંતોને જમાડતા હતા. ભક્તોને પંગતમાં ફરીને પીરસતા હતા. વેદો પ્રભુના મહિમાને ગાતા હતા. આવી રીતે શ્રીહરિનાથ ભક્તજનોને સુખ દેતા હતા. મનોહર મૂર્તિ શ્રી હરિના ગુણને સંતો નિત્ય પ્રત્યે ગાતા હતા. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ વસંતપંચમીનો પ્રસિદ્ધ ઉત્સવનો મોટો સમૈયો કરીને ભક્તજનોને બહુ જ આનંદસુખ આપતા હતા. ગઢપુરધામમાં રહીને મહારાજ લીલા કરતા હતા. પછી શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ પ્રસિદ્ધ ધામ વરતાલમાં રામનવમીનો મોટો ઉચ્સવ કરવાનો નિર્ધાર કરીને પધાર્યા.

ઘનશ્યામ પ્રભુ વરતાલધામમાં લક્ષ્મીનારાયણ દેવનું ધામ કરી દીધું. ભક્તજનોના મનની આશાઓને પૂર્ણ કરી દીધી. ઘનશ્યામ પ્રભુએ બહુ જ કૃપા કરીને સુંદર કામ કરી દીધાં. શ્યામ સુજાણ ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં પધાર્યા. ત્યાં વસંતપંચમીનો મોટો સામૈયો કર્યો. શહેરમાં ધામધૂમ કરી દીધી. આવી રીતે પચીસમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વરતાલમાં લક્ષ્મીનારાયણદેવની સ્થાપના કરીને ગઢપુર પધારીને વસંતપંચમીનો ઉત્સવ કર્યો તેનું વર્ણન કર્યું એ નામે આ પચીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૫॥**

# તરંગ-૨૬

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! નિલકમલ સમાન સુંદર શરીરવાળા શ્રીહરિનું નામ મહાદેવજી પોતાના અર્ધાંગિની સાથે સતત જપ્યા જ કરે છે. એવા મહાપ્રભુ શ્રી ઘનશ્યામ ગઢપુરમાં મનમાં આનંદપૂર્વક ભક્તજનોને આનંદ કરવા વસંતપંચમીનો મોટો ઉત્સવ કરીને નગરજનોનાં પાપોને બાળી નાખતા હતા. એવા સુખદાતા મહાપ્રભુ વરતાલધામમાં સંતોની સાથે સર્વના સ્વામી જગતના નાથે સુંદર જાતજાતની લીલાઓ તે તમે મને સમજાવો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદરાજન ! ધર્મને ધારણ કરીને દૃઢ રહેનારા એવા તમને ધન્ય છે. કેમકે મર્મથી ભરપૂર પાપીને ભ્રમ કરનારાં ભગવાનનાં ચરિત્રો પૂછો છો તે ચરિત્રો કળિકાળનાં દુષ્ટકર્મને નાશ કરનાર છે  શ્રી સર્વોપરી ધર્મ સ્થાપનાર શ્રીહરિ ચરિત્રો કરે છે તે તમને કહું છું. તે સાંભળો. મહારાજ ગઢપુરમાં વસંતપંચમીનો રંગખેલ કરીને સંતોની સાથે ગઢપુરથી વરતાલધામે જતા હતા. સુંદર શ્યામ પ્રભુએ ઘોડા ઉપર અશ્વારી કરીને સુખને કરનારા તૈયારી કરતા હતા. સંતોની સાથે ભક્તજનોના પાપના સમુહને બાળનારા જ્ઞાન ઉપદેશ કરીને અજ્ઞાનનો નાશ કરનારા ચાલતા થયા. મહાપ્રભુ માર્ગમાં ગામોમાં રોકાણ કરતા થકા જતા હતા ને માર્ગમાં સંતો ભક્તો કીર્તનો ગાતા હતા. મુનિજનો નિર્ખીને દર્શન કરતા હતા. માર્ગમાં ભક્તજનોને દર્શન સુખ દેતા મનોહર પ્રભુ ચાલતા થકા આનંદ કરાવતા જતા હતા. આકાશમાર્ગે દેવો પુષ્પ વર્ષાવતા હતા. સર્વના સ્વામીને જોઈને એમની ઉપર મેઘ આડંબર સુંદર રીતે ધરતા હતા. સંતોની સાથે માર્ગમાં સૌને આનંદકુતૂહલ કરાવતા થકા જતા હતા. જતાં જતાં કમલદલનયન પ્રભુ દર્શન દેતા હતા.

સુખધામી મહાપ્રભુ વરતાલપુરમાં પધાર્યા. પ્રભુનાં દર્શન કરીને સુખ ભક્તો પામ્યા. પ્રભુને સન્માનવા માટે સામાં સૌ બાઈ ભાઈ દોડીને આવ્યાં. હાથોમાં ભેટસામગ્રી સાથે લાવ્યાં હતાં. તે પ્રભુને અર્પણ કરી દીધી.

સંતોની સાથે પૂર્ણકામ પ્રભુને પધરાવ્યા. ભક્તજનોના ભાવને જોઈને મહાપ્રભુએ ભક્તજનોને દર્શન આપતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ભક્તજનના ઘેર સંતોના નાથ જમતા હતા. આ રીતે પ્રેમીભક્તોને જોઈને મહાપ્રભુનું મન બહુ જ રાજી થાય છે. મહાપ્રભુ ધર્મનંદન શ્રીહરિ ગોમતીના કાંઠે વેદી ઉપર વિરાજમાન થયા ત્યારે સૌ સંતો પ્રભુની સામે આવીને બેઠા. પ્રભુનાં મુખાર્વિંદનાં દર્શન કરતા હતા. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ વરતાલમાં નિત્ય પ્રત્યે નવા નવા લીલા ચરિત્રોને આનંદથી કરતા હતા. એવા સમયમાં મહામહોત્સવનો સમય નજીકમાં આવ્યો. ઉત્સવ કરવા રંગો તૈયાર કરાવ્યા. કેસરી ગુલાલ આદિ રંગોના ઢગ કરાવ્યા. અબીલ રંગ કેસુડો લાવીને મોટા રંગનો જથ્થો કરાવ્યો. સુંદર સારું ચંદન તથા ચુવા ચુવા આદિ જોરજોરથી બોલતા હતા. સૌ ભક્તોને મુક્તો સજ્જ થઈ ગયા. ઘનશ્યામ પ્રભુની સાથે સંતો કેડ કસીને શ્રીહરિએ કટી ઉપર વસ્ત્ર બાંધી દીધું. એક બાજુ બુદ્ધિ દાતા અજિતપ્રભુ ને એક બાજુ. સૌ સંતો સજ્જ થઈને તૈયાર થયા આવી રીતે થઈને રંગનો ઘનશ્યામ પ્રભુ ચારેબાજુ રંગ ઉડાડીને સુંદર રીતે રંગ રમતા હતા. રમાડતા હતા. શામળો સંતો ઉપર માથાં ઉપર રંગનાં પાત્રો નાંખતા હતા. જાણે અષાઢ માસમાં પ્રથમ મેઘ ગાજતો હોય. ઉતાવળે આવતો હોય તેમ રસિક પ્રભુ રંગની રેલમછેલ કરીને રંગનો કીચડ થયો હતો. તે રંગલીલાને જોવા વિમાનોમાં બેસીને પત્નીઓની સાથે દેવો અને દેવરાજ ઇંદ્ર આવ્યા હતા. ત્યારે જ ઘનશ્યામ પ્રભુ સંતોની માથે રંગનાં માટલાં ભરી ભરીને રેડતા હતા. વારંવાર લઈને મુક્તોની સાથે ઉભા રહીને સંતો ઉપર નાંખતા હતા. ત્યારે હોરી હોરી બોલીને ગુલાલની ઝોળી સંતો ઉપર ઉડાડતા હતા. ત્યારે આકાશમાં ગુલાલની રજથી આકાશ લાલ થયો હતો. તે અલૌકિક રીતનો ખેલ થતો હતો.

રસિક ઘનશ્યામ શ્રીહરિએ સંતોને રંગ રમાડીને કૃપા કરીને સૌને અનંત ઘણું સુખ દીધું. ત્યારપછી શામળિયો ઉતાવળે સરોવરમાં સ્નાન કરીને ઉમંગથી ઉતારે આવ્યા. પછી ભક્તજનોને સંતોની સાથે મહાપ્રભુ થાળ જમ્યા. મહારાજ જમીને પછી સંતોની પંક્તિમાં જમાડતા હતા ત્યારે ભક્તજનોના હિત કરવા બુદ્ધિવાન સંતોને વંદન કરતા હતા. આવી રીતે બહુ જ સુખ આપીને ભક્તજનના ઘેર ઉતારે પધાર્યા. આ ચરિત્રને ગુણવાનો, ઈશ્વરો અને શેષજી મુખેથી સૌ ગુણને ગાતા હતા. આનંદ કરતા હતા. મુનિઓના સ્વામી મહાપ્રભુને મનને પારખીને મુખકમળનાં દર્શન કરીને શેષજી બહુ જ આનંદ પામતા હતા. આવી રીતે અલભ્ય લાભ આપીને બહુ જ સુખ કરતા હતા. મહામોટું ધામ વડતાલમાં મહાપ્રભુએ આવી રીતે ખંતથી ખેલ કર્યો. શ્રીહરિ મહાપ્રભુએ વડતાલધામમાં નિવાસ કરીને ફૂલડોલનો મોટો ઉત્સવ કર્યો. ભક્તજનોનાં પવિત્ર સાત્ત્વિક દિલ જોઈને સૌને રંગ રમાડીને બહુ જ રંગમાં રસબસ કરી દીધા. આવી રીતે રાજઋષિ શ્રી ઘનશ્યામ પ્રભુ નિત્ય નિત્ય વડતાલધામમાં વિરાજીને સુખકંદ લીલા કરતા હતા. આવી રીતે આનંદને આપનારા મુકુંદ પ્રભુ વડતાલ ધામમાં સુખ દેતા હતા.

આમ લીલા કરતાં કરતાં રામનવમી ઉત્સવ તિથી આવી મોટો મહોત્સવ જાણીને દેશોદેશથી સૌ ભક્તજનો દર્શન કરવા સુખપૂર્વક આવ્યાં. તે દિવસે તળાવના કાંઠે પ્રભુ વિરાજતા હતા. જેનું નામ ગોમતીધામ આપેલું છે. ધર્મનંદન મહાપ્રભુ વેદિકા ઉપર વિરાજતા હતા ત્યારે જનસમુહનો મોટો શબ્દ થવા માંડ્યો ત્યારે સૌ નરનારીજનો દર્શન કરતાં હતાં. લાંબા સમયના વિરહતાપને દૂર કરતાં હતાં. પછી મહાપ્રભુ સર્વને ધર્મજ્ઞાનની વાત કરતા હતા. પ્રીતમપ્રાણ પ્રભુ ઉપદેશ કરીને જન્મમરણના ફેરાની પીડા હરતા હતા ત્યારે સંતો ભગવાનનાં કીર્તનો ગાતાં હતાં. પ્રીતથી સુખધામ સૌની સાથે પ્રીતથી સાંભળતા હતા. પછી જીવનપ્રાણ પ્રભુ રસોઈનો

થાળ જમતા હતા. પછી સંતોને પંક્તિમાં પીરસીને જમાડતા હતા. આવી રીતે દિનદયાળુ સુખ દેતા હતા. તે જ દિવસે ગોમતી સરોવરના કાંઠે જગદીશ મહાપ્રભુ સંતોને દર્શનનું સુખ દેતા હતા. પરમેશ્વર મહાપ્રભુએ આ રીતે ચરિત્ર કરીને ભક્તજનોના પાપનો નાશ કરવા માટે શ્રીકૃષ્ણ નામના મંત્રચિત્રથી સૌના ત્રાસને હરતા હતા. હરિકૃષ્ણના નામે પોતાની આયુદ્ધની છાપો તૈયાર કરાવી. આવી રીતે હરિએ બંને ચિત્રો છાપ્યા. ચંદન ચર્ચીને પ્રભુને પોતાના અંગો ઉપર ધારણ કરી ત્યારે સંતો ભક્તજનો જયજયકારના ઉંચેથી શબ્દો ઉચ્ચારતા હતા. પછી શ્રીહરિ પોતે સૌ સંતોને છાપો આપતા હતા ને સંતો શ્રીહરિની છાપોને લેતા હતા. પછી મહાપ્રભુ સૌ હરિભક્તોને છાપો લેવાની આજ્ઞા કરી આવી રીતે ઘનશ્યામ પ્રભુએ ધામની શોભાને અનુસાર વધારો કર્યો. મારા આશ્રિત સૌ સંતજનો વર્ણિઓ હરિભક્ત સૌ સત્સંગી બાઈ ભાઈઓએ તથા બધાં જ પદાતિઓએ અમારી કહેલી છાપો રાજી થઈને લેવી. તપાવેલી મુદ્રાઓ અમારા કરેલા નિયમ મુજબ જ લેવાની. જેમના હાથ ઉપર છાપ લાગે તે જ સર્વપાપથી અને સંતાપથી મુક્ત થાય છે. તે ભક્ત મહાભાગ્યવાન બને છે. આવી રીતે અજિત મહાપ્રભુની આજ્ઞા સાંભળીને સૌ ભક્તજનો સંતોની સાથે છાપો લઈને છાપોવાળા થયા. બધાએ તપાવેલી આયુધ છાપની મુદ્રાઓ હાથ ઉપર લઈ લીધી. જેમના હાથના બાવડાં ઉપર શંખ ચક્રગદા પદ્મની હરિના નામની છાપો ન હોય તેનો જન્મારો વ્યર્થ થાય છે. તે નરનારી પશુ જેવાં ભાગ્યહીન જ કહેવાય.

શ્રીહરિ કહે છે – ગોમતી સરોવરમાં સંતો હરિજનો અને નરનારીઓને સ્નાન કરીને પછી વિધિ પ્રમાણે પોતાના હાથો ઉપર છાપો લેવી તેનાં મારા આશ્રિત ભક્તો દર્શન કરે તો તેના ભવના ફેરાના મટી જાય તે ભક્ત મારા ધામને પ્રાપ્ત કરે છે. કળિયુગનાં કર્મબંધનથી અને મહાદુઃખના ત્રાસથી ઉગરે છે તે નરનારીને ભવસાગરમાં ભમવું નથી પડતું. ભાવથી છાપ લઈને મારું ભજન કરનાર ભવસુખને પામે છે. અંતે મારા ધામને પામે છે ને મારી પાસે મુક્ત થઈને અખંડ સેવા સુખને પામે છે. આવી રીતે શ્રીહરિના મુખથી પવિત્ર વચનો સાંભળીને સૌ નરનારી મનમાં બહુ જ રાજી થયાં. અને ધન્યભાગ્ય થયાં. છાપોનો બહુ જ મહિમા કહ્યો. આવી રીતે વડતાલપુરમાં નિવાસ કરીને સુખકંદ મહાપ્રભુએ રામનવમીનો મોટો સામૈયો કરીને પછી **ગઢપુર** પધાર્યા. મહારાજ પધાર્યા છે એમ જાણીને નરનારીજનો બહુ જ રાજી થયાં. જયાલલિતા જગદીશ ભગવાન આવ્યા જાણીને બહુ જ ભાવથી સેવાભક્તિ કરતી હતી. પ્રતિદિન પ્રેમસહિત પુણ્યશાળી તે બાળાઓ સુંદર રસદાર થાળ કરીને પ્રીતથી જમાડતી હતી. આમ કેટલાક દિવસો ગયા પછી મહાપ્રભુ સુંદર વાવ (કૂવો) ગળાવતા હતા. અંતર્યામી પ્રભુ પોતે ઉપર બેસતા ને હરિભક્તો સૌ કામ કરતા હતા. વાવ ગાળવાનું કામ પૂરું થયું. પાણી આવી ગયું. તે પાણી વાવમાં અમૃતસમાન બહુ જ સારું ખૂબ જ આવ્યું. તે જળનું મહાપ્રભુએ પ્રીતથી પાન કર્યું અને સુખકારી પ્રભુએ અંદર ચરણોદક કરીને પ્રસાદી કરી દીધું. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ પોતાના હાથે જ આ વાવ કરાવી તે મનોહર અતિ સુખ આપનારી થઈ. તે જળમાં સ્નાન કરતા તેનું જળપાન જે કોઈ કરશે તે જન ભવને પાર ઉતરશે.

આવી રીતે ધર્મનંદન પ્રભુ સુંદર લીલા કરતા હતા. નિત્ય પ્રત્યે ભક્તજનોના ભવફંદને હરતા હતા. પછી સૌ સંતોને મીઠું નહીં ખાવાનું વ્રત કરાવતા હતા. અને ધારણાં પારણાં કરવાં આજ્ઞા કરતા હતા. મહાપ્રભુ પ્રેમથી પ્રકરણને ફેરવતા હતા. પ્રીતમપ્રાણ આધાર સંતોને કહે હવેથી સૌએ અલુણા (મીઠું ન ખાવું)નું વ્રત કરવાનું મોળો આહાર લેવાનો. આ રીતે કેટલાક દિવસ વ્રત રાખીને કમલનયન ઘનશ્યામ પ્રભુ સંતોને સ્નેહસહિત આજ્ઞા કરતા હતા કે. કોઈના ખાવામાં કાંઈ શેષ ન રાખવું. બધું જ ખાઈ જવું. આવી લીલાને

લાલપ્રભુ લલિતતાથી કરતા હતા. શ્રીહરિ આવી રીતે સતત ગઢપુરધામમાં રહીને નિવાસ કરીને રહેતા હતા. આવી રીતે કમલનયન મહાપ્રભુ રોજેરોજ નવીન વાતો કરતા હતા. તેને સંતો ને હરિભક્તો સૌ પ્રેમથી સાંભળતા હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુના મુખનાં અમૃત વેણનું પાન કરતાં હતાં.

શ્રીહરિ મહારાજે રામનવમી વડતાલધામમાં જઈને કરી ને ત્યાં ભક્તજનો સંતો સૌ સમાજને સુખદાયી મહાપ્રભુએ બહુ જ સુખ દીધાં. સુંદર આયુધોની છાપો સૌએ લીધી. છાપો લેવાનો મહિમા શ્રીહરિએ કહ્યો. પછી ગઢપુર જેવો જ મહિમા ગોમતીનો જણાવ્યો. આવી રીતે આ છવીસમો તરંગ હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલિલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદરાજાના સંવાદમાં શ્રીહરિએ વડતાલધામમાં રામનવમીનો ઉત્સવ કર્યો. સૌને છાપો આપીને તેનો મહિમા કહ્યો એનું વર્ણન કર્યું એ નામે છવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૬॥**

# તરંગ-૨૭

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મનોહરમૂર્તિ કમલમુખ શ્રીહરિ ગઢપુરધામમાં વિરાજતા હતા. કમલનયન મહાપ્રભુ ગઢપુરમાં રહીને જે જે ચરિત્રો કર્યા હોય તે મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન્ ! હે ધરાનું પાલન કરનારા તમને ધન્ય છે. કેમકે તમે તો ભવને તારનારાં ભગવાનનાં પવિત્ર ચરિત્રોનું પૂછ્યું છે. જે ચરિત્રોને સાંભળે છે તેનાં બધાં જ જગતનાં જંજાળો બળી જાય છે. પ્રગટ પ્રભુનાં ચરિત્રોના પ્રતાપે સુખને પામે છે. એવાં ચરિત્રો તમે પૂછેલાં છે. શ્રીહરિ મહાપ્રભુ અક્ષરધામના વાસી પોતે ગઢપુરધામમાં વિરાજતા હતા. સુંદરવર સુખ કરી મહાપ્રભુ ઘનશ્યામ હરિભક્તજનોને બહુ જ સુખ શાંતિ આપતા હતા. એવામાં એક દિવસ એવો કઠીન દેશકાળ આવ્યો. તે વિપરીત એકાશીયો કાળ હતો. ત્યારે ઉત્તમ રાજા (દાદા ખાચર) શ્રીહરિ પાસે આવીને કહેતા હતા, હે મહાપ્રભુ ! સંતોના સ્વામી સુંદર સુખની વાત આપ સાંભળો. હું આપને હાથ જોડીને વિનંતી કરું છું તે સાંભળો. હે મહાપ્રભુ ! અહીં આપણા કોઠારમાં બહુ જ અનાજ ભરેલું છે. એટલા માટે હે ઉદાર મૂર્તિ મહાપ્રભુ સંતોને ચાતુર્માસ ગઢપુરમાં જ રાખો. હે ઘનશ્યામ પ્રભુ ! સૌ સંતોને આપની હાજરીમાં રાખો તો સારું. સર્વના દુઃખને ભાંગનારા ભક્તજનની વાત સાંભળીને રસિકવર ઘનશ્યામ પ્રભુ મનમાં રાજી થયા અને બધા જ સંતોને ગઢપુરમાં પોતાની પાસે જ રાખતા હતા. અજિતપ્રભુ સૌને પૂરી રીતે સુખ આપતા હતા. કરુણા કરીને મહાપ્રભુ રોજેરોજ જ્ઞાનઉપદેશની વાતો કરતા હતા. શ્રીમદ્ ભાગવત મહાપુરાણની કથા વિપ્ર પાસે સુંદર રીતે વંચાવતા હતા. આ રીતે હરિ સુખ દેતા હતા.

એટલામાં જન્માષ્ટમીનો દિવસ નજીકમાં જ આવી ગયો. તે શ્રીકૃષ્ણ મહોત્સવના નામથી કહેવાયો. જનમાષ્ટમીનો મોટો મહોત્સવ જાણીને સૌ ભક્તજનો ગઢપુરમાં આવ્યા. દેશદેશનાં ગામોનાં ભક્તજનો ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરવા ને સમૈયો કરવા આવ્યા. તે દર્શન કરીને મનમાં બહુ જ આનંદ પામતાં હતાં. સૌ ભક્તજનો બંને હાથ જોડીને શ્રી ઘનશ્યામ પ્રભુની પાસે આવીને કહેતા હતા. હે કરુણા દૃષ્ટિવાળા ! સર્વની

પીડાને હરનારા અશરણના શરણદાતા છો. હે પ્રભુ ! અત્યારના સમયે દુઃષ્કાળ જેવું વાતાવરણ લાગે છે. તેથી અનાવૃષ્ટિ થશે તો લોકોને બહુ જ પીડા થશે. બીજું દુઃષ્કાળ એ છે. જે હે ઘનશ્યામ પ્રભુ ! અમારે ત્યાં સંતો નથી આવતા તે મોટો દુઃષ્કાળ છે. હે ઘનશ્યામ પ્રભુ ! સંતોના સમાગમ વગર મનમાં શાંતિ થતી નથી. એ મોટો દુઃષ્કાળ લાગે છે. ભક્તવત્સલ ભયને હરનારા પ્રભુ ભક્તજનોના મુખની વાણી સાંભળીને મહાપ્રભુ સૌ ભક્તજનોને વાત કહેતા હતા કે ભક્તજનો મારાં સુખ કરનારાં વચનો સાંભળો. તમારે બધાંને જેમને જેટલી સંતને રાખવાની રૂચિ હોય. તેટલા સંતને મોકલું.તમારે દશ, પાંચ કે બાર, વીસ, ત્રીસ પાંત્રીસ, ચાલીસ, પચાસ કે સો કહો તો સો સંતોને મોકલીશું. જેમને જેટલી જેટલી શ્રદ્ધા હોય. જીવમાં બળ ભાવ હોય તે સૌ તેટલા સંતોને તમારી સાથે લઈ જાઓ. સૌ હરિભક્તો શ્રી ઘનશ્યામ પ્રભુનાં કહેલાં વચનો સાંભળીને બહુ જ રાજી થયા. જેમને જેમને જેટલી શ્રદ્ધા હતી, તેટલા રાજી થઈને સંતોને લઈ જતા હતા. સંતોની સાથે હરિભક્તો સૌ પોતપોતાના ગામે જતા હતા. સૌ હરિભક્તો પોતાનાં ઘરે સંતોની ભાવથી સેવા કરતા હતા.

કેટલાક ભક્તો પાંચ સંતને લઈ જતા હતા તો કેટલાક બાર સંતોને લઈને જતા હતા તો કેટલાક વીશપચીસ કે પચાસને હરખાતા થકા જતા હતા. જેમ જેમ જીવમાં શ્રદ્ધા હતી તેમ તેમ સંતોમહંતોને પોતાના ઘરમાં રાખીને સેવા કરતાં હતાં. હતો. આવી રીતે બાર મહિના સુધી આનંદ ઉલ્લાસથી સંતોને અન્નવસ્ત્રો આપીને ખૂબ જ પ્રીતથી પૂરું કરતાં સૌને પોતાના ઘરમાં ઉતારો કરીને રાખતાં હતાં. સુખરૂપ યોગ્ય લીલા કરીને ભક્તજનોને મહાપ્રભુએ બહુ જ સુખ દીધાં. સૌ ભક્તજનો સંતજનોનાં સંઘ લઈને પોતપોતાના ગામે પોતાના ઘરોમાં રાખતા હતા. કૃપાવાન સંતોની નિત્ય પ્રત્યે સુંદર રીતે સેવા કરતા હતા. સારા સમજુ જનો અનાજ પાણીવસ્ત્રોથી જાતજાતના રસોથી સેવા કરતા હતા. મુનિજનો ઉપદેશની કથાવાર્તા કરીને રાતદિવસ જ્ઞાનસુખ આપતા હતા. હરિભક્તો સંસારની જંજાળને ત્યાગીને વાર્તા સાંભળતા હતા. આ બાજુ સ્વામિનારાયણ ભગવાને જન્માષ્ટમીનો સમૈયો બહુ જ મોટો કર્યો. પછી પ્રાણપતિ ગઢપુરથી વડતાલધામે પધાર્યા. ત્યાં કારતક સુદ એકાદશી પ્રબોધની એકાદશીનો ઉત્સવ કરતા હતા. તે સમૈયામાં સંતોના મંડળો આવ્યાં. દેશોદેશના સૌ હરિભક્તો સમૈયા સમાચાર જાણીને દર્શન કરવા આવ્યા. મનોરથે આવ્યા ત્યારે સભામાં પ્રશ્ન ઉત્તરો બહુ જ થતા હતા. તેને સૌ જન સમુદાય સર્વે જોતો હતો. સૌ જનોનો જયજયનો ઉદ્‌ઘોષ ગોમતી તળાવની પાળે થતો હતો. ભક્તજનો રસદાર રસોઈઓ દેતા હતા ને સંતો સહિત ઘનશ્યામ પ્રભુ જમીને સંતોને જમાડતા હતા. પછી ભક્તજનો પ્રભુને ભેટ ધરતા હતા. ધન આપતા હતા. સફેદ વસ્ત્રો ધારણ કરાવ્યાં. આસને વિરાજ્યા ત્યારે સંતો સામે બેસીને ગાતા હતા ને મુનિનાથ રાજી થતા હતા. પછી કમળનયન વાતો કરતા હતા. મુનિજનો સાંભળીને મનમાં રાજી થયાં. ભગવાનના સ્વરૂપમાં એકલય થયા. દર્શન કરીને સુખ પામ્યા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ દેવદેવાળીનો સામૈયો કરીને સર્વ સમુદાયની સાથે ઘોડા ઉપર અશ્વાર થઈ કહેતા હતા. હવે સુરત શહેરે ત્યાં જવા તૈયારી કરી છે. એવા સુખના ધામ સ્વામી સહજાનંદ ચાલ્યા ને **બોચાસણ** નામના ગામે જઈને **કાશિદાસ** હરિભક્તના ઘેર સુંદર સ્વચ્છ મકાનમાં રાત રોકાયા. પ્રભુ મુખેથી મધુર અમૃતમય વાણી કહેતા હતા. શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનોના ત્રાસને હરીને કમલમુખ સુખદાતા સવારમાં વહેલા વિહાન સમયે ત્યાંથી પ્રયાણ કરીને ચાલતા થયા. ચાલીને **દેવાંણ** ગામે પધાર્યા. ગામના ભક્તજનો સામા આવ્યા. પ્રભુને ગામમાં લાવીને દરબારમાં પધરાવ્યા. પ્રેમીભક્તો પ્રીતમપ્રાણ પ્રભુની પાસે રહ્યા. ભક્તોએ રસદાર રસોઈ કરીને સુંદર થાળ લાવ્યા. તે થાળને પ્રભુ સ્થિર મન કરીને સુંદર રીતે જમ્યા.

હરિજનોના પાપતાપને હરી સૌને બહુ જ સુખ આનંદ દેતા હતા. પછી પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ સર્વના સ્વામી જનના ભયને ભાંગનારા મહાપ્રભુ લોકોના પાપને નાશ કરનારા જલદીથી ચાલીને **કારેલી** નામના ગામે પધાર્યા. ગામના લોકો ઉપર કરુણા દૃષ્ટિ રાખીને મંગલ કરનારા મહારાજ રાત રોકાયા. સવારમાં વહેલા ચાલતા ચખલોલ ગયા. ત્યાંથી મહારાજ ચાલતા થકા **આમોદ** શહેરે પધાર્યા. ત્યારે વિહારિ મહાપ્રભુ સંતોને કહેતા હતા કે સુરત શહેરનાં લોકો અમારી આવવાની વાત સાંભળીને બહુ જ રાજી રાજી થઈ જશે.

ઘનશ્યામ પ્રભુનાં કહેલાં વચન સાંભળીને મહામુનિ મહાનુભાવાનંદ કહેતા હતા કે હે પ્રભુ ! સુરતનાં નરનારી રાજી નહિ થાય ત્યારે સુખકારી પ્રભુ કહે શા માટે રાજી નહિ થાય. ત્યારે મહાનુભાવાનંદ સ્વામી કહે હે મહારાજ સાંભળો. સુરતના સમાજે ઘણી રસોઈ તૈયારી કરેલી છે. તેથી જો આપની સાથે સંતો ન જુવે તો ઉદાસ થઈ જાય. આવી રીતનાં મહાનુભાવ મુનિનાં વચન સાંભળીને મહારાજ રાજી થયા ત્યારે માધવાદાસ કરીને એક સંત હતા તે સારા ગુણવાળા ને બુદ્ધિશાળી હતા તેને સંતોને તેડવા માટે મોકલ્યા. એમને પ્રભુએ ચરણની છાપો પાડીને મસ્તક ઉપર આપી તે શિર ધરીને ગયા. સંતને ચરણની જોડ મળી એટલે જલદીથી તે સંતોને કહેવા ગયા. એટલામાં તો સંતો પાછળ જ આવતા હતા. મહાપ્રભુ ગુણસાગરના ગુણને ગાતા ગાતા આવતા હતા. સંતે સામા આવીને તરત જ મહારાજની ખબર કહી દીધી. તમને બધાંને મહારાજ તેડાવે છે તો ચાલો, સમાચાર કીધા એટલે જેમ ઉપવાસી હોયને પછી જ્યારે ખાવાનું મળે ત્યારે સુખી થાય. તેમ સંતો સૌ જાણીને રાજી થયા. જેમ ખેતીમાં વરસાદ ખેંચાય ને મોલ સુકાવા માંડે ને જેમ પાણી મળે ને ખીલે તેમ સંતો રાજી થઈ ગયા. ચાતક પક્ષી મેઘને બોલાવે. જ્યારે સ્વાતિનું પાણી મળે ને આનંદમાં આવે ને પાન કરીને તૃપ્ત થાય તેમ મુનિના મન થયા.

હે રાજન્ ! આવી રીતે સૌ મુનિજનો મનમાં બહુ જ રાજી થયાં. ભયહારી મહાપ્રભુ પાસે ભજન કરતા થકા આવ્યા. શ્રીહરિ મહારાજ સંતોને મળ્યા. સંતોએ દંડવત્ પ્રણામ કર્યા. સંતોને જોઈને મહારાજ બહુ જ રાજી થયા. પછી મુનિજનોની સાથે મુનિનાથ ભગવાન ચાલતા થયા. ચાલીને **આમોદ** ગામે સંતોની સાથે સુંદરવર ભગવાન પધાર્યા. જ્યાં સારી સંખ્યામાં હરિભક્તો વસે છે. શાસ્ત્રના જ્ઞાનને જાણનાર વિદ્વાનો રહે છે એવા **આમોદ** ગામે અનંતમૂર્તિ મહારાજ પધાર્યા. પવિત્ર **દીનાનાથ ભટ્ટ** વસે છે. બહુ જ મહાન બુદ્ધિવાળા મહા વિદ્વાન હતા. તે ભક્તવિપ્રને દિનદયાળુ પ્રભુએ દર્શન દીધાં. પછી **બુવાગામે** બલભ્રાતા કલિકાળના પાપને હરવા પધાર્યા. મહાપ્રભુ ભક્તજનના ઘેર થાળ થયો તે રસદાર થાળ જમ્યા. પછી સૌ સંતોને જમાડ્યા ને પછી મહાપ્રભુ ભક્તજનોના પાપોને બાળતા હતા. મનોહર મુખ સુખદાતા રાત રોકાયા. મનમોહન પ્રભુ કામના મદને હરનારા મનને ભાવનારા સવારમાં વહેલાં પ્રયાણ કર્યું. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ શોભતા થકા ચાલ્યા. હરિભક્તોની સાથે ભયહારી ભગવાન **ભરૂચપુરમાં** પધાર્યા. નર્મદા નદીમાં સ્નાન કર્યું. નદીના તટ ઉપર સુંદર વૃક્ષો શોભતાં હતાં. સુંદર ઘાટાં પીપળાના વૃક્ષો સુંદર રીતે શોભતાં હતાં. તેની નીચે બેઠક સુંદર હતી. તેની ઉપર બલવીર મહાપ્રભુ બેઠા સંતો સૌ વેદી ઉપર બેઠેલા પ્રભુને દેખતા હતા. શ્રીહરિએ નર્મદા નદીનો મહિમા કહ્યો અને પછી સૌ સંતોને હરિભક્તોની સાથે પછી મહાપ્રભુ ચાલ્યા ને સર્વ સંતજનોને સાથે લઈને ચાલ્યા. સુખના સાગર મહાપ્રભુ **અંકલેશ્વર** આવ્યા. મનોહર કમલનયન પ્રભુ સૌને રાજી કરનારા આનંદમૂર્તિ વાવ ઉપર રાત રોકાયા. સવારમાં વહેલા વિહાન સમયે ચિત્તને ચોરનારા પ્રભુ ત્યાંથી ચાલતા થયા. સંતોની સાથે ઘનશ્યામ મહાપ્રભુ સર્વના ચિત્તને રાજી કરનાર **ચોકી** ગામે ભક્તજનોની સાથે સર્વના

ભવબંધનને તોડનારા પધાર્યા. ત્યાંથી મહાપ્રભુ **કોહાર** પાસે પધાર્યા. કૂવાની નજીકમાં સુખરૂપ ઉતારો કર્યો. જનોના જીવનપ્રાણ પ્રભુ રાતનો સમય ત્યાં જ રહ્યા અને સવારમાં વિહાન થયું એટલે ઘનશ્યામ પ્રભુ ચાલ્યા. શ્રીહરિ મહાપ્રભુ **તાપી** નદીને કાંઠે આવ્યા ને ઉંચા સારા સ્થાને ઉતર્યા. મહારાજ તાપી નદીના **ગડિયા** નામના આરેથી ગુણના સાગર પ્રભુ સંતો તથા સત્સંગીઓની સાથે નદી ઉતર્યા. સામે કાંઠે નદીની પાસે જ **રૂસ્તમ બાગ** સુંદર હતો. તે જોઈને મહાપ્રભુએ એમાં મુકામ કર્યો હતો ત્યારે શેઠ **ભિખારીદાસની દોહિત્રી હતી** તે ભગવાનની નિષ્કામ ભક્ત હતી. તે બાઈએ રસથી ભરપૂર સુંદર થાળ તૈયાર કર્યો. તેને મહારાજ જમતા હતા. પછી સૌ સંતોભક્તોને મનહર શ્રીહરિ સુંદર રીતે જમાડતા હતા. પછી મહારાજ પોઢી ગયા ને સવારમાં વહેલા ભોર સમયે લોકોના ભયને હરનારા જીવન પ્રાણ પ્રભુ જાગ્યા. તૈયાર થઈને ચપલમૂર્તિ ચિત્તને ચોરનારા લોકોને સુખ કરનાર મહાપ્રભુ **સુરત શહેરમાં** પધાર્યા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગઢપુરથી વડતાલધામ પધાર્યા. સર્વ જગતના સ્વામી શ્રીહરિએ **વડતાલમાં** મોટો સમૈયો કર્યો. સુખધામ સમૈયો કરીને ત્યાંથી સુરત શહેરે ભક્તોને સુખ દેવા બહુનામી પ્રભુ પધાર્યા. સુરત પધાર્યા ત્યારે પ્રથમ રૂસ્તમ બાગમાં ઉતારો કર્યો. ત્યાં મહારાજ ભક્તને સુખ કરવા પ્રેમથી થાળ જમ્યા. એવા મહિમાવાળા મહાપ્રભુ પધાર્યા. આવી રીતે સત્યાવીશમો અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદજી અને આનંદસિંહ રાજાના સંવાદમાં વડતાલધામમાં પ્રબોધિનીનો સામૈયો કર્યો ને પછી મહારાજ સુરત શહેર પધાર્યા તે આગમન લીલાવર્ણન કરી એ નામે સત્યાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૭॥**

# તરંગ-૨૮

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કષ્ટને હરનારાં, બધા જ પ્રકારના પ્રમાદને દૂર કરનારાં પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં ચરિત્રો મને કહેવા કૃપા કરો. મનોહરમૂર્તિ શ્રીજી મહારાજ સુરતમાં પધાર્યા તેનું વર્ણન કરીને કહો.

અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન્ ! તમે સાવધાન થઈને સાંભળો. તે સુરત શહેરનાં સ્ત્રીજનો અને પુરુષો રાતદિવસ મહાપ્રભુનું ચિત્તમાં ચિંતવન કર્યા જ કરે છે. એવી સુંદર શોભાવાળું સુખમય વાતાવરણવાળું **સુરત** શહેર છે. હે રાજન ! તે સુરતમાં સહજાનંદ સ્વામી મહાપ્રભુ પધાર્યા. ત્યારે તે સૌ ભક્તો શ્રીહરિની સામે સન્માનવા આવ્યા. હે રાજન ! તે સુરતના ભક્તજનોમાં **અરદેશર કોટવાળ** હરિભક્ત આવ્યા હતા. તે ભક્ત પવિત્ર બુદ્ધિના પ્રભુનાં દર્શન કરીને સુખ પામ્યા તેઓ મહાપ્રભુની સામે રાજની અસવારી લઈને હરિભક્તોની સાથે આવ્યા હતા. બીજા **ગિરધર, હિરાલાલ, દયારામ, દયાલજીભાઈ, પુરુષોત્તમભાઈ, અંબારામ** ભક્ત એ આદિક અનેક હરિભક્તો નિષ્કામ મનવાળા આવ્યા. તે ભક્તો અનંત પ્રકારનાં વાજાંઓ વગાડતા થકા સાથે ભેટ લઈને આવ્યા હતા. પ્રેમીભક્તો પ્રભુનાં ચરણકમળમાં વંદન કરીને પ્રેમથી આવ્યા. સુનારીજનો યુવતીઓ સુંદર સાજ શણગારો સજીને સોળ વર્ષની સુંદરી જેવું સુંદર નવીન રૂપવાળી થઈને

આવતી હતી. તે નારીઓ મુખેથી નવીન ગીતોને ગાતી થકી પ્રેમદાઓ પ્રેમથી પ્રભુના ચરણકમળમાં ચિત્ત પરોવીને વાજાં વગાડીને ધામધૂમ કરતાં થકાં આનંદ કંદ મહારાજના અલૌકિક ગુણને ગાતી થકી આવી હતી.

શ્રીહરિનાથની મનોહર મૂર્તિને નયનોથી નિરખીને દર્શન કરતી હતી અને ભક્તજનો દંડવત્ પ્રણામ કરતા હતા. ભયભંજન ભગવાન લોકોના ભાવને જોઈને ભેટતા હતા. ભયભંજન પ્રભુનાં દર્શન કરીને અંતરમાં અતિશય આનંદને પામતા હતા. લાવેલ ભેટ પ્રભુને પાસે અર્પણ કરીને મૂર્તિનું ધ્યાન ધરતાં હતાં. ભક્તનો ભાવ જોઈને ગુલતાંન થયાં હતાં. પછી ચંદ્ર સમાન મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ તૈયાર થઈને અશ્વારીની સાથે આનંદકંદ પ્રભુ ચાલવા તૈયાર થયા. તેમાં સંતો હરિભક્તો અપાર હતા. પ્રેમ ધારીને પદાતિઓ સાથે આવતા હતા. સુરતપુર બહુ જ સુંદર લાગતું હતું. ચારેબાજુ સુંદર શોભા હતી મોટાં વૃક્ષો વેલીઓ બહુ જ સુંદર રીતે શોભતાં હતાં. તેનો સુંદરતાલ લાગતો હતો. હે રાજન ! વૃક્ષો ઉપર વેલીઓ સુંદર રીતે ગુંથાયેલી લટકતી હતી. વૃક્ષોના સમુહ ઝુકેલાં અનેક પ્રકારે શોભતાં હતાં. તેના ઉપર ચાતક, ચક્રવા, ચકલાં, ચકલીઓ, ચકોરો સૌ ટહુકા કરતાં હતાં. સુંદર રૂચિકર શબ્દ થતો હતો. ક્યાંક ક્યાંક કંઝમાં સુંદર રીતે તે કબુતરો તથા મદમત્ત થયેલાં ભમરાઓ ભ્રમણ કરતા હતા. સરસ રીતે શોભા લાગતી હતી. તેને જોતા થકા ઘનશ્યામ પ્રભુ પોતે પધારતા હતા. આ રીતે અનંત પ્રકારની પુરની શોભા હતી. નવીન મેઘસમાન મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ શોભાને નિરખતા થકા સંતોની સાથે પુરની સમીપમાં પધાર્યા ત્યારે નગરનો સુંદર ગઢ ગોળાકારના વળાંકવાળો જોયો. સુંદર કળાવાળો હતો. તે ગઢનાં કાંગરાંની શોભા તો સુંદર હતી. તેમાં શિલ્પીએ પોતાની કળા કરેલી શોભતી હતી. બાજુમાં ગઢ પડખે મોટી ઉંડી પાણીથી ભરેલી ખાઈ શોભે છે. તેનાં કાંઠા ઉપર મોટાં મોટાં વૃક્ષો શોભે છે. ગઢની અંદર બ્રહ્મદેવો વેદના મંત્રોનો આલાપ કરતા હતા. તેઓ શબ્દોનો રવ ખેંચતા હતા. તેનાથી જાણે શ્રી હરિને બોલાવતા હોય ને શું ? તેમ લાગે આવી રીતની શોભા ચાલવાથી જોતા થકા પ્રભુ ચાલતા હતા ને મુખેથી કહેતા જતા હતા.

નગરના પ્રવેશ દરવાજા વચ્ચે સવારી આવી ત્યારે જોવામાં આવ્યું કે દરવાજા ઉપર અંદરના ભાગે બહુ જ જાતજાતનાં ચિત્રો દોરેલાં હતાં. જાણે બાવલાં મૂર્તિમાન ન હોય ? તેવું લાગતું હતું. દરવાજો બહુ જ ઉંચો ને મોટો બનાવેલો હતો. બંને બાજુ સુંદર બેસવા માટે રૂપ ચોકીઓ બેઠકો કરેલી હતી. માર્ગ ઉપર રાજાધિરાજ પ્રભુ અશેષ સર્વોપરી પધારતા હતા. માર્ગ ઉપર સુંદર રીતે જળનો છંટકાવ કરેલો હતો. હે રાજન ! નગરના માર્ગો ઉપર બંને બાજુએ સુંદર અટારીઓ બનાવેલ હતી તે સુંદર રીતે શોભતી હતી. ઝરુખાંઓ ઝુકેલાં હતાં. સુંદર ઝાળીઓ બનાવેલી હતી. ગોખો બનાવેલાં હતાં. તેની ઉપર નરનારીજનો આનંદ કરતાં હતાં. તે નરનારીજનોએ હાથમાં પુષ્પના હારો લીધેલા હતા. પ્રેમીજનો પ્રેમસહિત માર્ગ ઉપર ઉભાં હતાં. ઘરોના થાંભલાઓ મોટા ઉંચા શોભતા હતા. વલ્લભી જાણે આકાશ ઉપરથી ઝુક્યાં ન હોય તેમ લાગતું હતું. માર્ગ ઉપર ઉભેલા નરનારીજનો પ્રભુને નિરખીને જોતાં હતાં. નયનોથી પ્રભુની છબીને સુખરૂપ રીતે દર્શન કરીને સુખ લેતાં હતાં. રાજાધિરાજ મહાપ્રભુ ઘોડાં ઉપર વિરાજેલા શોભતા હતા. ચારેબાજુ સંતો ને ભક્તજનોનો સમાજ ચાલતો હતો. અનેક પ્રકારનાં વાજાંઓ વાગતાં હતાં. બહેનોને સાજ સજીને સુંદર ગાતાં હતાં. પડઘમ ઢોલ ત્રાંસાં પખાજ ને ઝાંઝર સુંદર રીતે વાગતાં હતાં. ઉત્સવિયઓ ઉમંગથી ઉત્સવ કરતા હતા. સૌ સત્સંગીઓ સંતોની સાથે ગુણકીર્તનો ગાતા હતા. આવી રીતની અનંત શોભા સાથે માર્ગમાં ગાતાં ચાલતાં હતા એની શોભા બહુ જ સારી થતી હતી. ઉંચે આકાશમાં દેવો ઉભા

રહીને શોભા જોતા હતા. ફૂલોનો વર્ષાદ કરતા હતા. સાથે ચંદન વર્ષાવતા હતા. દેવવૃંદ પ્રભુનો જયજય થાય. એમ ઉંચે સ્વરે બોલતા હતા. તે જોઈને આકાશમાં વિચરતા સૂર્યચંદ્ર બંને ચકિત થઈ ગયા.

હે રાજન્ ! શ્રીહરિ મહાપ્રભુ ઘોડાંને નચાવતાં હતાં. ને મુખેથી હસતા હતા. આવી રીતે ભક્તજનોને બહુ જ સુખ દેતા હતા. એવા પ્રભુનાં ઝાંનું પર્યંત લાંબા હાથ શોભતા હતા. હાથમાં સોનાનાં કડાં ને કંકણ પણ બહુ જ સુંદર રીતે શોભતાં હતાં. પ્રભુને કંઠમાં બહુ જ હારો શોભતા હતા. કામદેવના મોહ અને મદનો નાશ કરતા હતા. શરદઋતુના ચંદ્રમાની સમાન મુખકમળ શોભતું હતું. સુંદર કમળની પાંખડી સમાન સુંદર નયનો શોભતાં હતાં. પ્રભુની મુખની શોભામાં નાસિકા છે તે જાણે દિવાની જ્યોતની અણિ જેવી શોભતી. મુખકમળમાં દાડમની કળી સમાન દાંતો સુંદર શોભતા હતા. મુખમાંથી જીહ્વા અમૃત વરસાવતી હતી. ભ્રૂકુટિની વક્રતા તો જાણે કામને મારવા બાણ ન હોય ? તેવી વાંકી શોભતી હતી. મસ્તક ઉપર સુંદર પેચદાર પાઘ ધરી હતી. જમણી બાજુ નમેલી હતી. તે ઉપર ગુચ્છા ને તોરા શોભતા હતા. હસ્તકમળમાં સુંદર લાલ લગામ શોભતી હતી. નટની માફક નટવર પ્રભુ ઘોડાંને સુંદર રીતે નચાવતા હતા. લોકનો સમુદાય નિરખીને હેતથી રાજી થયો. સુખધામ મહાપ્રભુની લોકો પરસ્પર મધુરતાથી વાતો કરતાં હતાં કે સાહેલી મારી વાત તો સાંભળ. બહુ પ્રસિદ્ધ સાંભળવા જેવી આ વાત. આ પૂર્ણ પુરુષોત્તમ છે. તે પોતે સુખ કરવા પ્રગટ થયા છે. એમના ગુણને તો ચારે વેદો ગાયા જ કરે છે. ષટશાસ્ત્રો પ્રીતિથી ગાય છે. એમના જેવું જગમાં બીજું કોઈ છે જ નહીં એવા મોટા છે.

આગળ ઉપર જે અવતારો થયા છે તે તો અવતાર જ છે ને આ તો પોતે અવતારના અવતારી સાક્ષાત્ આવ્યા છે. આમણે તો બહુ જ મોટાં મોટાં કામો કર્યાં છે. પૃથ્વી ઉપર પ્રગટ થયા તે સમયે મહાભયંકર એવો કાલિદત્ત અસુર શત્રુને આ સમયમાં જ માર્યો છે. આમણે જ કોટરા આદિક બાળઘાતીની ગ્રહોનો નાશ કર્યો. નાની ઉંમરમાં જ કેવળ નજર કરીને જ બધું જોઈને જ કાર્યો કર્યાં છે અને બાળલીલાઓ કરી છે. માતાને પોતાના મુખમાં આખું બ્રહ્માંડ બતાવ્યું હતું. માતાપિતા આ જોઈને આશ્ચર્ય પામ્યાં હતાં. પોતાના જન્મને સફળ માનતાં હતાં. બ્રહ્માદિ દેવો સૌ હંમેશાં દર્શન કરવા આવ્યા કરતા હતા. જ્યારે આ પોતે આઠ વર્ષના થયા ત્યારે ઉપવિત સંસ્કાર પામ્યા ત્યારે દેવોનાં મંડળ આવીને જયજયકારનો નાદ કરતાં હતાં. આવી રીતે આમણે નાની ઉંમરમાં જ ચાર મોટા મલ્લોના અંગો ભાંગી નાંખ્યાં હતાં. ચંદ્રમુખ શ્રી ઘનશ્યામે ભક્તજનોનાં મનને રાજી કર્યાં હતાં ને પોતાનાં માતાપિતાને મુક્તિ પમાડી દીધાં ને પછી વનમાં વર્ણિરૂપે થઈ ગહન વનમાં વિચરતા રહ્યા. બધાં જ તીર્થોને પાવન કર્યાં. દર્શન દઈને અનેક મુમુક્ષુઓનો ઉદ્ધાર કર્યો. આવી રીતે વિચરીને અનેક જીવજંતુઓનો ઉદ્ધાર કર્યો. એવા ભવસુખદાતા ભૂમિ ઉપર ફરીફરીને સુખી કર્યા. અનેક પ્રકારનાં પરાક્રમ કરીને અનેક જીવોને ભવબંધનથી મુક્ત કર્યાં છે. નરનારીજનોને મોક્ષના માર્ગે વાળ્યાં ને વિચરણ કરીને રામાનંદ સ્વામીને મોટા મુનિ જાણીને મળ્યા. રામાનંદ સ્વામીએ પોતાની ગાદી સોંપીને સર્વોપરી સ્થાને સ્થાપ્યા. આમણે પોતાના ઐશ્વર્ય પ્રતાપ બતાવીને મહિમા બતાવ્યો. જગતના કારણ એવા જગતના જીવોને તારવા વિચર્યા. અનેકનો ઉદ્ધાર કર્યો. ઘણા બધાય યજ્ઞો કર્યા. આનંદના ધામ પ્રભુએ અનેક બ્રાહ્મણ દેવોને બહુ જ જમાડ્યા. આમના આશ્રિતો બહુ જ દેશવિદેશોમાં ફર્યા. આશ્રિત જાણીને અનેક ભક્તોના અનેકના ત્રાસને હરી લીધાં. આ પ્રભુએ બહુ જ મોટાં મોટાં મંદિરો કર્યાં છે. તે મંદિરોમાં દેવોને પધરાવ્યા. જીવોને ઉદ્ધાર કરવાના હેતુથી મુનિજનો આમના મહિમા ગાય છે. લોકોને ઉપદેશ કરે છે. સર્વના કારણ સુંદર શ્યામ પોતે

જ અહીં આપણાં કલ્યાણ કરવા રાજી થઈને આવ્યા છે.

આ સુરત શહેરમાં આજે આવ્યા છે એમને માણો. એવા ભયહારી પ્રભુને નેત્રોથી નિરખીને એમની મૂર્તિને અંતરમાં ઉતારી લ્યો. સંભારો. આ આવી રીતે ફરી મોકો નહિ આવે આ સમય યોગ્ય જ છે તો ઓળખી લ્યો. આમ બહેનો વાતો કરતાં હતાં. વાતો સાંભળીને સૌ બહેનો રાજી થયાં. મનમાં સુખ પામ્યાં કહે, બાઈ તમારો જન્મ સફળ થયો તે તમે ધન્ય ધન્ય છો. આમ કહેતાં હતાં. મહાપ્રભુની પ્રગટપણાંની વાત પ્રસિદ્ધ કરીને કરી દીધા ને તમારું જીવન દાનમાં દીધું. આવી રીતે લોકો સૌ પરસ્પર વાતો કરતાં હતાં ને મહાપ્રભુ મંદમંદ ગતિથી ચાલતાં હતાં. પ્રસન્ન મનથી સૌને મહાપ્રભુ દર્શન દેતા હતા. આવી રીતે તત્કાળ પુરમાં ફરીને ચરણાંકિત કરી પવિત્ર કર્યું.

પછી શ્રીહરિ સર્વના નાથ પોતાનો ઉતારો કર્યો હતો તે જ સ્થાને પાછા આવ્યા. **કૃષ્ણલાલના** તે બાગમાં સુંદર મોટો વિશાળતાવાળો મહોલ હતો. તેમાં કમલનયન પ્રભુએ સંતોની સાથે ઉતારો કરીને રહ્યા. સૌ સતસંગીજનો ભાવ ભરીને સુંદર રસોઈ દેતા હતા ને સૌને જમાડતા હતા. આવી રીતે પ્રગટ પ્રમાણ મહાપ્રભુને ઓળખતા હતા. મહારાજ થાળ જમતા હતા ને સંતોને પંગત કરીને પ્રેમથી જમાડતા હતા. પરબ્રહ્મ પુરુષોત્તમ પરમાત્માનો અલૌકિક મહિમા બહુ જ ફેલાયો છે. આવી રીતે રૂચિ પ્રમાણેના પાકો કરીને રસદાર રસોઈઓ ભક્તજનો નિત નિત જમાડતા હતા. જગતના આધાર મહારાજ જમતા હતા.

ઘનશ્યામ પ્રભુ આવ્યા જાણીને પુરનાં હરિભક્તો હરખ પામીને સામાં આવ્યાં. સ્ત્રીઓ અને પુરુષોએ રાજી થઈને નરવીરનાથ નારાયણને દર્શન કરીને ઉરમાં ધારી લીધાં. પુરની મનોહરતા નિરખીને આખા શહેરને પવિત્ર કરીને પાવન કર્યું. આવી રીતે અઠ્યાવીસમો અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયો.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદ ભાષામાં અયોધ્યાપ્રસાદ અને આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ સુરત શહેરમાં પધાર્યા તેની શોભાનું વર્ણન કર્યું એ નામે આ અઠ્યાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૮॥**

# તરંગ-૨૯

આનંદસિંહ રાજા કહે છે, હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! કમળની પાંખડી જેવાં જેમનાં નયનો છે. ખીલેલાં કમળની સમાન મુખકમળવાળા કોમળ હસ્ત કમળથી અભય પ્રદાન દેતા. કમળના દળ જેવા કોમળ ચરણકમળ શોભે છે. જેમનાં શોભે છે. એવા મહારાજ શ્રી સહજાનંદ સ્વામી સુરત પધાર્યા. ત્યાં કેવી કેવી લીલા કરી તે કહો. મારા મનમાં તે ચરિત્રો સાંભળવાની બહુ જ રૂચિ છે.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમે પ્રભુના ચરિત્રોનું પૂછ્યું તે બહુ સારું કર્યું. કેમકે તે ભગવાનનાં ચરિત્રો સાંભળવાથી ભવનો ભય ટળે છે. અનેક પ્રકારની પીડા પણ નાશ થાય છે. એવા પ્રભુનાં ચરિત્રો બધાં જ કહું છું. તે તમે સાંભળો. સુખકારી મહાપ્રભુ સુરત શહેરમાં પધાર્યા ત્યારે ભક્તોના સ્વામી ભક્તજનોનો પ્રેમભાવ જોઈને એમના બંગલામાં મહાપ્રભુ વિરાજતા હતા. ભક્તજનોના અજ્ઞાન અંધકારનો નાશ કરતા હતા. પોતાના સ્વરૂપનું જ્ઞાન દેતા હતા. મહારાજ નિત્ય સંતોભક્તોની સાથે રસોઈ

જમતા હતા. ભક્તજનો પ્રેમથી પૂજા કરતા હતા. ચંદનપુષ્પના હારો પહેરાવતા હતા. ચંદન અર્ચતા હતા. સુંદર વસ્ત્રો આભુષણો સારી રીતે ધરાવતા હતા. પ્રેમી ભક્તજનો મનમાં બહુ જ આનંદને પામતા હતા. સૌ ભક્તજનોના ઘેર સુખપૂર્વક પધારતા થાળ-રસદાર બનાવે તે પ્રભુ જમતાં હતાં. ઘનશ્યામ પ્રભુ થાળ જમીને પછી સંતોને જમાડતા હતા. ભક્તોને પરમ આનંદ આપતા હતા. સુરતનાં સૌ નરનારીજનો પ્રેમથી પ્રભુને નિરખીને સેવા પરિચર્યા ભક્તિભાવથી કરતાં હતાં. જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સભા કરીને પલંગ ઉપર વિરાજમાન થયા. શ્રીહરિની સામે સભામાં સંતો બેઠા પછી સત્સંગીઓ બેઠા. ત્યારે ગુણવાન મુનિજનો તાનપૂર્વક ગાંન કરતા હતા. સંગીતના ગાંનને સાંભળીને ગાંધર્વ પણ શરમાઈ જતા હતા. ગાનારામાં પ્રેમસખી **પ્રેમાનંદ સ્વામી. દેવાનંદ સ્વામી. બ્રહ્માનંદ સ્વામી** નિષ્કામી મનવાળા. **મુક્તાનંદ સ્વામી યોગાનંદ સ્વામી** આ સૌ સંતો તાલ ભેદ સહિત સંગીતનાં બધાં જ પ્રમાણો સાથે ગાવણું કરતા હતા. લોકોના ભવસાગરની પીડાને ભાંગતા હતા. આ સંગીતને સાંભળીને તો **શેષજી ને** શંભુનાથ પણ ખેંચાયા અને સાંભળવા આવ્યા.

આખા શહેરનાં નરનારીજનો આવીને ગાન સાંભળીને દેહનું ભાન ભુલી ગયાં. બહુવાર સુધી આ રીતે ગાવણું થયું. સંગીતપૂર્ણ થયા પછી શ્રીહરિ ઉપદેશની વાતો કરતા હતા. ભગવાનની વાતોને શુભમતિનાં સૌ જનો પ્રેમથી સાંભળતાં હતાં. ભરતખંડમાં જન્મ પામ્યા. તેથી સુખ પામ્યા. પ્રગટ ભગવાનને ભજીને જન્મોનાં કરેલાં કૃત્યોને બાળતા હતા. જન્મમરણના ભયને ભૂલી ગયા બધો જ ભ્રમ જતો રહ્યો ને પ્રગટ પ્રભુના ચરણકમળને પ્રાપ્ત કર્યાં. આનંદથી ભજતાં હતાં. અનેક જન્મનાં કરેલાં અનંત પાપોનો નાશ થઈ ગયો ને નિષ્પાપ થયા એ સંસારની વાત સાંભળો. ભગવાનનો આશ્રય કરનારને જન્મમરણનાં દુઃખો મટી જાય છે. પ્રભુના આશ્રિતજન મોક્ષપદને પામે છે. તેનું શરીર આત્મા અજર અમર થાય છે. તે વાતને સુંદર રીતે જાણનારા સાંભળો. કામ ક્રોધ ત્રીજો લોભ આ ત્રણે નરકના માર્ગે લઈ જનારા છે. આ ત્રણ જ જગતમાં જન્મમરણનાં બંધનમાં નાંખનારા શાસ્ત્રોમાં વર્ણન કરીને કહેલા છે. કામ ક્રોધ લોભને લીધે જ બધું થાય છે. તે ત્રણે અધર્મની સેનાના માટે અધિપતિઓ છે. તે ત્રણે સંસારચક્રના મહાસૈનિકો કહેલા છે. તેઓ મોક્ષના માર્ગમાં બહુ જ મોટાં વિઘ્નો કરનારા કહ્યા છે. પણ પ્રગટ પ્રભુનો આશ્રય કરીને જ્ઞાનની સાથે વૈરાગ્ય રૂપ શસ્ત્રને ધારણ કરીને તે ત્રણે અધર્મના સૈનિકોને ધર્મજ્ઞાતા ભક્તોએ ભગવાનના સામર્થ્યથી નાશ કરવો. હે ભક્તજનો ! તમે સાંભળો. પ્રગટ પ્રભુનો આશ્રય કરનારો ભક્ત જયને પામે છે. સુખપૂર્વક પરમ મોક્ષપદને પામે છે. અધર્મ માર્ગના અસંતનો આશ્રય નહિ કરવાનો ને મારી આજ્ઞાને અંતરમાં ધારીને વર્તવાનું. આવી રીતે મહાપ્રભુએ વિસ્તાર પૂર્વક વાતો કરી તેને સુજ્ઞજનોએ સાંભળીને મનમાં હરખ પામ્યાં. સહજાનંદ સ્વામીને પ્રગટ ભગવાન જાણીને નિષ્કામ ભક્ત થઈને ભજન કરતાં હતાં.

હે રાજન્ ! આવી રીતે આનંદના સાગર મહારાજ સુખ દેતા હતા નવીન ખીલેલાં કમળની પાંખડી જેવાં નયનોવાળા પ્રભુ ભક્તજનોને પોતાનું સામર્થ્ય બતાવતા હતા. ઘનશ્યામ પ્રમુ કામના મદને તોડે એવા રૂપવાળા સુખ દેતા હતા. મહાપ્રભુ નિત્ય પ્રત્યે પ્રશ્નોત્તરો કરતા હતા. તેને નરનારીજનો સાંભળતાં હતાં તેમના સંશયનો નાશ કરતા હતા. સ્થૂલ સુક્ષ્માદિક ત્રણેથી પર એવા આત્માના રૂપને પ્રગટ કરીને કહેતા હતા. તે આત્મા નખથી શિખા પર્યંત સર્વનો જાણનારો અનંત રૂપે રહેલો અણુ સખો સૂક્ષ્મ સત્યાદિક રૂપવાળો ચલાયમાન નહિ થનારો અજર નાશ નહિ પામનારો અનાદિ કોઈનાંથી ન ખેંચાય તેવો જીવાત્માને શસ્ત્ર કાપતું તથા વીંધતું જ નથી. પાણીથી ક્યારેય સડતો નથી. વાયુથી ક્યારેય શોષાતો નથી. અગ્નિથી બળતો

નથી. તે સનાતન છે. કોઈ પ્રકારના વિકાર વગરનો છે. જ્યારે પ્રગટ ભગવાનનો આશ્રય મળે છે ત્યારે ભજન કરીને નિર્ગુણ પરમપદને પામે છે. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ વાતો કરતા હતા ને નરનારીજનો એકાગ્ર ચિત્ત થઈને સાંભળતાં હતાં. મહાપ્રભુ ભક્તજનોના મનોરથોને પૂરા કરતા હતા. સર્વના ભયને હરતા હતા. આમ સુખ દેતા હતા એમ કરતાં પ્રભાતનો સમય થયો.

કૃપાનાથ ઘનશ્યામ પ્રભુને પૃથ્વી પાલક રાજાએ પોતાના મહેલે પધરાવવા વિચાર કર્યો. નીતિને જાણનાર હોંશિયાર રાજાએ પ્રભુને ઓળખી લીધા. પ્રભુમાં ગુલતાંન થઈ ગયા. મહિમા યુક્ત થયા. તેમાં એક **એરન** સાહેબનું નામ હતું. બીજાનું નામ **જવનલલાપ**સાહેબ. તે બંને રાજાઓ દૈવી બુદ્ધિના ઉત્સાહવાળા હતા. એક દિવસ રાજાનો જાસુસ (નોકર) પ્રભુને લેવા માટે બોલાવવા આવ્યો. અકામ પ્રભુને કહે, ચાલો આપને પુરના રાજા બાદશાહ ગવર્નરસાહેબ પ્રીતિથી તેડાવે છે. તો હે નાથ ! આપ કૃપા કરીને રાજાને ઘેર પધારો. એમ તે રાજા વતી વિનંતી કરી તેનો પ્રભુએ વિચાર કરીને ઘોડા ઉપર અસવાર થઈને ઘનશ્યામપ્રભુને લઈ જવા ઢોલ તૂરિ ભેરિ વગાડતા થકા હરિને લઈને ચાલ્યા. સર્વેજનો સંતજનોની સાથે લઈને પુરની વચમાં બજારમાં થઈને રાજના બંગલે ઉતાવળે પધાર્યા. ત્યારે બંને રાજાઓ દોડીને સામા આવ્યા શ્રીહરિને નિરખીને જોયા. તે રાજાએ શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યાં. પછી મહાપ્રભુ તે રાજાને મળ્યા. ભવનોના ઈશ પ્રભુનો હાથ પકડીને મહાપ્રભુને મહેલમાં લઈ જતા હતા, ત્યારે તે મહેલની મનોહરતા બહુ જ દેખાતી હતી. તે મહેલમાં સુંદર રંગ કરેલો હતો. અનેક પ્રકારનાં નંગો રંગબેરંગીનંગો લગાવેલાં હતાં. એવો સુંદર રંગ હતો. તેમાં અનેક સુંદર ચિત્રો ચિત્રેલાં હતાં. સુંદર ઉંચી જાતના ગાલીચાઓ બિછાવેલા હતા. એમાં સુંદર સુખનું આસન હતું.એમાં બિલોરી કાચની હજારો દાંડીયો શોભતી હતી. જડેલા તકતાનાં ચિત્રો કરેલાં બહુ જ હતાં. તેથી તે સ્થાન જાણે સ્વર્ગપુરીનું ઇંદ્રને રહેવાનું પુરંદર નગર ન હોય ? એમ એની ઉપમાને કવિજનો સુંદર રીતે વર્ણન કરીને ગાય છે. પછી રાજાએ વિનંતી કરી તેથી મહારાજ સખાઓ સંતોની સાથે ઉપર મહેલમાં પધાર્યા. ત્યારે રાજા બંને હાથ જોડીને સામે ઉભા રહ્યા. સૌ સંતો પણ મહારાજની સામે જ ઉભા હતા. મહારાજ આસન ઉપર વિરાજમાન થયા. તે તો બહુ જ શોભાયમાન મનોહર છબી લાગતી હતી. આની કોઈને ઉપમા કહેવામાંય કવિ શરમાતા હતા. રાજાએ પૂજાનાં દ્રવ્યોથી ષોડશોપચાર વિધિથી ચરણકમળની પ્રેમભક્તિભાવથી પૂજા કરી. ઉત્સાહની સાથે પ્રભુનો શરપાવ સુંદર કર્યો. ત્યારે તે રાજા મનમાં હેતપૂર્વક બહુ જ રાજી રાજી થયા. સુગંધી સુંદર અત્તર ભરીને લાવ્યા. ગુલાબજળની સાથે તે સુંદર રીતે છાંટતા હતા. સુંદર ખીલેલાં ફૂલોનાં હારોને શ્રીહરિને ધારણ કરાવ્યા. પ્રેમથી ઘણીવાર સુધી પ્રભુએ તે રાજાના મહેલમાં સભા કરી જગતમાં તે અંગ્રેજ રાજાના કલ્યાણનું પ્રભુએ કાર્ય કર્યું. આવી રીતે તે બંને રાજાઓએ નવીન ભાવથી પૂજા કરીને મહાપ્રભુનો પ્રતાપ જોઈને હાથ જોડીને સ્તુતિ કરતા હતા.

હે પરબ્રહ્મ ! હે અજન્મા ! અદ્વૈત નિર્ગુણ સગુણ રૂપે દેખાતા. અમાયિક રૂપ આપનો જયજય થાય. જગતમાં જે જડ ચિદ્ રૂપશક્તિ છે તે બધાંની પ્રેરણા કરનારી છે. સૌને સુખ દેનારી છે. પ્રત્યેકવાર વારંવાર લોકોના હિતનાં કાર્યો કરવા નવાં નવાં સ્વરૂપ ધારણ કરો છો. એવા સર્વના નાયક છો. આપના ગુણને બધાં બાવન શાસ્ત્રો, ચાર વેદો, ષટદર્શનો, અઢાર પુરાણો બધાં સુંદર રીતે વર્ણન કરે છે. એવા આપનો જયજયકાર જ થાય. હે નાથ ! સૌ જનોની સાથે જ જોડીને આપે અમને સનાથ કર્યા છે એવા આપનો જયજયકાર થાય. વ્યાસ આદિક મુનિઓ શારદા, શેષ, મુનિવર, મહેશજી આપના ગુણને ગાયા જ કરે છે. અનંત કોટિ

બ્રહ્માંડોના પ્રેરક અને પાલક આપ જ છો. સર્વની ઉપર આપ એક જ છો. હે પ્રભુ તમે ભરતખંડમાં મનુષ્યદેહને ધરીને વિચરણ કરીને નાથ પોતે તારો છો. હે શરણાગત વત્સલ ! ઘનશ્યામ પૂર્ણકામ પ્રભુ આપ સર્વને નિષ્કામ કરનારા છો એવા આપનો જયજયકાર થાય. નામના નામી અકામી એવા આપનું નામ રાતદિવસ મહાદેવજી પાર્વતીની સાથે જપ કર્યા કરે છે એવા આપનો જયજય થાય. બ્રહ્મા આદિ દેવો, મુનિજનો, શેષજી, શારદા આદિક ઘનશ્યામનું નામ જપ્યા જ કરે છે. એવા આપનો જયજય થાય. હે મહાપ્રભુ ! આપ સ્વયં અમારી ઉપર કૃપા કરીને, અધમ એવા અમે તે અમારો ઉદ્ધાર કરવા અમારે ઘેર આપ પધાર્યા છો. માંસ મદ્યના પાન કરનારના અમે અધમ છીએ. હે પ્રભુ ! શ્રીહરિ અમારો ઉદ્ધાર કરજો. કામાદિ દોષનો નાશ કરીને કમળનયન હે પ્રભુ અમારી ઉપર બહુ જ કૃપા કરીને હે હરિ અધમ એવા અમને તારવા માટે અવતાર ધરીને, આપ આનંદકંદ તમે પ્રભુ આજે અમને તારવા પધાર્યા છો. એવા તે આપના નામને બિરુદને અધમોધારક છે નામના બિરૂદને સત્ય કરવા સહજાનંદ સ્વામી આપ પોતે જ પધાર્યા છો. એવા આપનો જયજય થાય. આવી રીતે તે રાજાએ સ્તુતિ કરીને નિર્ભય થયા ને બંને હાથ જોડીને કહેતા હતા. હે પ્રભુ ! આશ્રિતજનોનું પાલન કરનારા સહજાનંદ ભગવાન આપ અમારું રક્ષણ કરજો. હે હરિ ! હે મુકુંદ ! હે આનંદકંદન મહાપ્રભુ ભયને ભાંગનારા ભક્તજનોની સાથે હે વર્ણિવર ! હંમેશાં આપની સમીપમાં અમને વાસ દેજો. સૌને મુક્તિ આપજો. હે મહાપ્રભુ ! અંતકાળે આપ અમને તેડવા માટે આપના દાસના દાસને લેવા આવજો અને હે અજિતપ્રભુ ! અમને આપ આપના ચરણકમળમાં નિવાસ કરાવજો. ચરણકમળનું સુખ આપજો.

હે રાજન્ ! આવી રીતે તે બંને રાજાએ શ્રીહરિની સ્તુતિ કરી તેને સાંભળીને સુખધામ પ્રભુ સુખ આપતા થકા તે ભક્તોનાં કાર્ય કર્યાં તે કહું છું. ધર્મનંદન ભગવાને વરદાન દીધું. આનંદદાતાએ ભવનાં ફંદને હરી લીધાં. આનંદદાતા પ્રભુ પછી ત્યાંથી પ્રયાણ કરીને સુખપૂર્વક ઉતારે પધાર્યા. આવી રીત **સુરતમાં** અવતારના અવતારી પ્રભુએ પંદર દિવસ નિવાસ કરીને સુખ આપ્યાં. ખળના દળને હરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ ભક્તજનના ઘેર પધારતા હતા. પ્રીત કરીને પગલાં પાડતા હતા ને ભક્તજનો પ્રેમથી પ્રભુનું પૂજન કરતાં હતાં. આનંદપૂર્વક વર્તમાન ધારણ કરતાં અને હતાં. આશ્રિત થતાં હતાં. પ્રભુની પૂજા કરીને વસ્ત્ર આભુષણો અર્પણ કરતાં હતા. પ્રભુ પ્રીત કરીને તે પહેરતા હતા. પ્રાણપતિ ઉમંગથી પહેરીને સુખ કરતા હતા. આવી રીતે મહાપ્રભુએ સંતોની સાથે સુંદરવર હરિ ભક્તજનોના ઉરમાં સુખ આપતા ને રાજી કરતા હતા. પછી સુરત શહેરથી કરુણા કરીને ચપલમૂર્તિ ચાલવા માટે ઉતાવળા થતા હતા. શ્રીહરિ ઘનશ્યામનાથ અનેક પ્રકારનાં વાજિંત્રોને વગાડતા થકા ગાતા વાતા સુરત શહેરને પાવન કરીને સંતોની સાથે ચાલતા થયા. પછી મહાપ્રભુ રૂસ્તમ બાગમાં પધાર્યા ત્યારે પ્રેમી ભક્તજન પારસી જ્ઞાતિના **અરદેશ સુરતના શિરતાજ** પ્રભુ પાસે આવ્યા. **તેને જોઈને ભક્તો રાજી થયા. શ્રીહરિ ભયભંજક પ્રભુ એમની ઉપર પ્રેમ કરીને સૌ હરિ ભક્તજનોને જોતાં થકાં જ પ્રિતમપ્રાણે પોતાના મસ્તકે પહેરેલી પાઘ તે ભક્તને આપી.** ત્યારે સૌ જનો ધન્ય ધન્યનો મોટો શબ્દ કરતાં હતાં ને પારસી ભક્ત બહુ જ મહાભાગ્યવાળા થયા. રામપ્રભુ સુખધામ જેમનું નામ છે એવા પુરણકામ પ્રભુએ પવનસુત હનુમાનને પ્રભુએ એમની નિષ્કામ સેવા જોઈને ઇચ્છા મુજબ સિંદુર ને તેલ આપ્યું. આ પૃથ્વી ઉપર અખંડ વિચરનારા નિર્ભય કરી દીધા. ચિરંજીવી કર્યા. ધ્રુવ ઉપર રાજી થયા તો પ્રભુએ એમને ધ્રુવપદ આપ્યું. બલિરાજા ઉપર રાજી થયા તો એના ઘેર જ નજર સામે જ રહે છે. અર્જુન ઉપર રાજી થયા તો

અર્જુનને વિજયી કર્યો. ચારેબાજુ ચક્રવતી કરીને નવખંડમાં રાખ્યો. વિભીષણ ઉપર રાજી થયા તો એને લંકાપુરીનું રાજ્ય આપ્યું. સ્થિર કરીને અખંડ કરીને ચિરંજીવી કર્યો. પ્રભુ પ્રહ્લાદ ઉપર રાજી થયા તો કૃપા કરીને દ્રઢ ભાગવતી ભક્તિમય કર્યો. મહાન ભક્ત થયો. આવી રીતે પ્રભુ જેની જેની ઉપર રાજી થયા તેને જગપતિએ અતિશય આનંદ આપ્યા. એવી રીતે અરદેસર ઉપર રાજી થયા ને અવતારી પ્રભુએ પ્રીત કરીને પોતાની પાઘ દીધી. આનાથી જગમાં જયજયકાર થઈ ગયો. સૌ જયજય કહેતાં હતાં. હવે તે પાઘને ખૂબ જ પ્રયત્ન કરીને સાચવવાની પોતાના જીવમાં એનું દ્રઢ ધ્યાન રાખવું. જેમ કંજુસ છે ને તેને જો ધનના કોઠાર ઉપર રાખ્યો હોય તો ખુટવા જ ન દે. તથા સતીનારી પોતાનાં અંગોને ગુપ્ત રીતે રાખે. તેમ અરદેશર પાઘને સાચવતા હતા. આવી રીતે શ્રીહરિ મહારાજ ભક્તોને આનંદ આપીને સૌને દર્શન દઈને ચપલનયન પ્રભુ ચિત્તને તાણીને આવ્યા. કમળનયન પ્રભુ **કોદારે** ગામે થઈને **અંકલેશ્વર** ગામે પધાર્યા. મહારાજ વચ્ચે વચ્ચે રાત રોકાઈને **ગઢપુરધામે** પધારતા હતા.

આવી રીતે સુરતમાં ભયહારી મહાપ્રભુએ ભક્તજનોને સુખ દીધાં. મનમોહન મનહારી પ્રભુ સુરતમાં અડધો માસ રહ્યા. ઉપદેશ કર્યો. પુરના રાજા સુંદર સમજણવાળાને મુકામે પધાર્યા. ઘનશ્યામ પ્રભુએ સુખ આપ્યાં. આવી રીતે ઓગણત્રીસમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીમાં તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ સુરત શહેરમાં પધાર્યા. ત્યાં લીલા કરીને પછી ગઢપુર પધાર્યા. લીલાનું વર્ણન કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૯॥**

# તરંગ-૩૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! સુંદર સ્વરૂપવાળા ઘનશ્યામ પ્રભુ સુરત શહેરમાં પધારીને સુરત શહેરને પાવન કરીને પછી મહારાજ ઘનશ્યામ પ્રભુ મનમાં ધીરજ ધરીને ગઢપુરધામે પાછા પધાર્યા. ગઢપુરમાં પરમ પવિત્ર મૂર્તિએ જે જે લીલા કરી હોય તે આપ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન ! સર્વના સુખરાશિ મહાપ્રભુ સુરતથી ગઢપુરમાં પધારી ભક્તજનોનાં મનને વશ કરી લીધા. ધામના ધામી પ્રભુ સુખધામ રાજાના દરબારમાં રહે છે ને ઉત્તમરાજા પ્રભુના ચરણકમળની સેવાભક્તિ કરતા હતા. તે ભક્ત ભગવાનના નોકરની માફક સેવામાં રહેતા હતા. ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે સ્નેહસહિત નિત્ય નવી લીલાઓ કરતા હતા. એટલામાં ઋતુરાજની મહાઋતુ વસંતપંચમી તિથી આવી ગઈ. મહાપ્રભુ સૌ સંતોની સાથે રંગનો બહુ જ સુંદર ખેલ કરતા હતા. તેનું વર્ણનજ ન કરી શકાય તેમ કરતા હતા. નરનારી સૌને પ્રભુ રંગમાં રોળીને રંગમય કરતા હતા. જાણે ચારેકોર વરસાદ ન વર્ષતો હોય ? તેમ રમતા હતા. હે રાજન ! મહારાજ સૌ સંતોની સાથે લાલ ગુલાલ અબિર આદિને યોગ્ય રીતે ઉડાડતા હતા. ઉત્તમરાજા (દાદા ખાચર)ના દરબારગઢમાં રહીને બહુવાર સુગંધી રંગનો ખેલ કરીને મહાપ્રભુ સ્નાન કરવા પધાર્યા. મહાપ્રભુ ઘેલા નદીમાં જઈને જળલીલા કરતા હતા. ભક્તજનોના ભવસંકટને હરતા હતા. જળમાંથી બહાર નીકળીને વસંતી કેસરી વસ્ત્રો ધારણ કર્યાં. સુંદર

રીતે ગજગતિથી મહારાજ ચાલતા જતા હતા. પરમપવિત્ર મહાપ્રભુ પુરમાં પધાર્યા. આવી રીતે મહાપ્રભુ અદ્ભૂત ચરિત્રોને કરતા હતા. વિચિત્ર રીતે કરતા હતા. પાક તૈયાર થયો. એટલે શાકની સાથે પાકને પ્રભુ આરોગતા હતા. ભયહારી મહાપ્રભુ ભક્તજનોના ક્લેશને હરતા હતા. મહાપ્રભુ થાળ જમીને પછી અનંત સંતોને જમાડતા હતા. આદિ પુરુષ પ્રભુ માયાના મુળને કાપતા હતા. આવી રીતે પ્રભુ ખેલ કરીને પોતાના આશ્રિત ભક્તોના દોષો તોડતા હતા.

પછી મહાપ્રભુ તરત જ ગઢપુરથી ચાલતા હતા. સાથે અનંત સંતો ને પદાતિઓ ચાલતા હતા. મહારાજ **વાગડ ગામે** પધાર્યા ને ત્યાંથી **કંથારિયે** પધાર્યા. **કંથારિયાના** ભક્તોને ખબર પડી કે પ્રભુ પધાર્યા છે. એટલે સૌ ભક્તજનો પ્રભુને સામે લેવા દોડતા હતા. ભક્તજનોએ આવીને દર્શન કરીને લાવેલ ભેટ અર્પણ કરી દીધી. ભગવાનને ભક્તજનો સુંદર ઘરમાં લાવીને ઉતાર્યા. થાળ તૈયાર કર્યા તે પ્રભુ જમ્યા. રાતનું રોકાણ કરીને રહ્યા. સવારમાં વહેલા પ્રભાતકાળે જાગ્રત થયા. પ્રભુ પછી ત્યાંથી પ્રયાણ કરતા હતા. કંથારિયાથી મહારાજ **લીંબડી** થઈને **સિયાંણિ** પધાર્યા. હરિ પધાર્યા ત્યારે ભક્તજનો સૌ બહુ જ હરખ પામ્યા. સૌ ભક્તજનો પ્રભુની સામા ગયા ઘનશ્યામ લાલપ્રભુને ગામમાં લાવ્યાં. સુંદર સ્વચ્છ મકાનમાં આસન કરીને થાળ તૈયાર કરીને જમાડ્યા. મહાપ્રભુ **શિયાંણિગામે શિવરામ વિપ્ર ભટ્ટના ઘેર** ઉતારો કરીને એમની સાથે બે દિવસ રહ્યા. પ્રભુને ઘરમાં રાખ્યા. ચંચળનયન મહાપ્રભુ અતિશય ઉમંગથી ઘનશ્યામ પ્રભુ સખાઓની સાથે ઉત્સાહથી ખેલ કરતા થકા **તાવિપુર** નામના ગામે પધાર્યા. અકામ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ જગતા તારનાર જેમનો કોઈ માપ મર્યાદા જ નથી એવા આવ્યા. તે **તાવિ ગામના** રાજા **જેઠીભાઈ** પ્રભુના દઢભક્ત એમણે મહાપ્રભુને પોતાના દરબાર ગઢમાં જ ઉતારો કરીને રાખ્યા. દયાળુ મહારાજ ત્યાં બેથી ત્રણ દિવસ રહ્યા. **અખાભાઈ જેઠી અદાભાઈ** નામના ભક્તોએ શ્રીહરિને પોતાના દરબારમાં રાખ્યા. પરિચર્યા કરી. પછી મહાપ્રભુ **દેવાળિયા** પધાર્યા. ત્યાંના રાજા **જાલમસિંહ** નામના સારા ભક્ત હતા. તે રાજાના અધિકારી અમલદાર ઉદાર દિલના હતા. અપાર પ્રેમભાવથી વિરાજતા હતા. રાજાએ પ્રેમભાવથી રસોઈ કરાવરાવી મહારાજ જમતા હતા. સૌ સંતોને પુરા ઉત્સાહથી જમાડતા હતા. ત્યાં રાત રોકાયા ને જ્યારે સવારમાં વહેલા વિહાંનવેળા થઈ ત્યારે ભાગવાન તાવીથી **સાપર** નામના ગામે પધાર્યા. ત્યારે તે ગામના તળાવની શોભા વધારે સારી જોવામાં આવી. તે તળાવ પાણીથી છલોછલ ભરેલું સ્વચ્છ હતું. તેથી મહાપ્રભુએ તે તળાવની પાળે જ મુકામ કર્યો. ત્યાં મહારાજ સૌ સંતો સખાઓ સૌ ભક્તજનો સાથે તે તળાવમાં સ્નાન કરતાં હતાં. ને પ્રભુ સુંદર રીતે જળક્રીડા કરતા હતા. સૌ જનોની સાથે જગતના તાત મહાપ્રભુએ સ્નાન કર્યાં ત્યારે અલૌકિક ખેલ સુંદર રીતે કરતા હતા. તે જળમાં કમળનાં ફૂલો જોઈને તેના માટે મનોહર કમળમુખ પ્રભુ કહેતા હતા.

મહાપ્રભુ અનંત પ્રકારે ખેલ કરતા હતા ત્યારે આકાશમાં દેવોની હાર જામેલી હતી તેઓ નીચું જોઈને પ્રભુની જળલીલાના હતા. દર્શન કરીને તેઓ મનમાં બહુ જ રાજી થયા. જળમાં ખેલ કરીને મહાપ્રભુ જળમાંથી બહાર આવ્યા એવા મહાપ્રભુને અનેક જોગીભોગી ભજે છે. એવા મહાપ્રભુ સરોવરની પાળે સુંદર સ્થળ જોઈને આસન વાળીને માનસી પૂજન પ્રીતથી કરતા હતા. તે સરોવરની દક્ષિણ દિશાની બહુ જ મોટી વિશાળ પાળ હતી. ત્યાં આગળ મહારાજે સુંદર રીતે માનસીપૂજા કરી સંતોસહિત ભક્તજનોએ મહાપ્રભુનું પૂજન કર્યું. ફળ અર્પણ કર્યાં ફૂલના હાર અર્પણ કર્યાં. એ દિવસે એકાદશી હતી. તેથી હરિભક્તે બહુ જ પ્રીત કરીને બહુ જ ભાવથી ફલાહાર આપ્યું. તે **ભીભાઈ વોરા** નામના સારા હરિભક્ત હતા. એમણે ભાવપ્રેમથી

ફલાહાર લાવીને આપ્યું. હરિભક્તનો ભાવ જોઈને શ્રીહરિ બહુ જ રાજી થયા. પછી ભક્તજનને શ્યામ સુજાણ પ્રભુ પાછા વાળતા હતા. **ભીમાભાઈ**ને **સારા શેઠ** જાણીને દશન દેતાં હતાં. પછી મહારાજ સર્વના ચિત્તને ચોરનારા ચાલવા તૈયાર થયા. ચાલીને **દદુકાપુર** નામના ગામે ધર્મકિશોર પ્રભુ પધાર્યા. પુરની છબી જોઈને તેની શોભા બહુ જ સારી હતી. તે તળાવની પાળે સુંદર વૃક્ષોની વિશાળતા જોતા હતા. તે પુરને બહુ જ પુરાતની જોઈને મહાપ્રભુ મનમાં બહુ જ રાજી થયા તે દદુકા ગામના દરબાર રાજા **અલુભાઈ** નામના હતા. તે સારા ભક્ત હતા. તે પ્રેમી હરિભક્તે અતિ સુખરૂપે મહાપ્રભુને પોતાના દરબારમાં પધરાવ્યા. મસ્તક નમાવીને પગે લાગ્યા. મહારાજનાં દર્શન કરીને તે દિવસે બારશની તિથી થઈ છે એમ જાણીને તે દરબાર ભક્ત સંતો સહિત મહાપ્રભુને પ્રેમથી જમાડતા હતા. પ્રભુએ ત્યાં દૂધને દહીંની રેલમછેલ બોલાવી હતી. મહાપ્રભુ પંગતમાં સુખેથી પીરસતા હતા ને સંતો જમતા હતા. આવી રીતે અજિત અનંત પ્રભુએ બહુ જ સુખ દીધાં. પછી મહારાજ સૌ જનોની સાથે **દદુકેથી** પ્રયાણ કરીને ચાલ્યા. સર્વના બુદ્ધિદાતા મહારાજ **મછીયાવપુરે** ભક્તોના ઉત્સાહને વધારવા પધાર્યા. ત્યાંના રાજા **બાપુભાઈનો** બહુ જ પ્રેમભાવ જોઈને સુખ દેવા પધાર્યા.

હે રાજન ! જગતના ઈશ મહાપ્રભુ પધારે છે એમ જાણીને સર્વ સાજ લઈને મહાપ્રભુની સામા જાતજાતનાં વાજા વગડાવતા રાજા આવતા હતા. આવીને પ્રભુને પ્રણામ કર્યા. તે રાજા પ્રભુનાં ચરણમાં નમ્યા. પછી દરબાર પ્રભુને પોતાના રાજદ્વારે લાવ્યા. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રાણ આધાર પ્રભુને સુંદર પલંગ પાથરીને પધરાવ્યા. સૌ મુનિજનો પ્રભુની પાસે જ સુખરૂપ શોભતા હતા. મહાપ્રભુ લોકોને પોતાના એકાંતિક ભક્તજન જાણીને તેમાં કાંઈક **બાપુભાઈ** સારા બુદ્ધિવાળા જ્ઞાની હતા તથા એમના બહેન બાઈસાહેબ નામનાં તે પણ બહુ જ એકાંતિક ભક્ત હતાં. અને અતિશય નિષ્કામી હતાં. એમણે મહાપ્રભુને જમવા માટે થાળ બનાવ્યો. રસાળ થાળને પ્રભુ ભક્તજનોની સાથે જમવા પધારતા હતા. રસયુક્ત થાળને જમીને પછી ભક્તજનોને જમાડતા હતા. પછી ચંચળમૂર્તિ કમલનયન મહાપ્રભુ ચાલતા થયા ને **કુંવાર** નામના ગામે પધાર્યા. ત્યાંથી મહાપ્રભુ **સાણંદ** થઈને **અમદાવાદ** પાસે આવ્યા ત્યારે ત્યાંની શોભા તો બહુ જ સારી લાગતી હતી. ચારેબાજુ વનનું જ વાતાવરણ હતું. ઉપવન દેખાતું હતું. તેમાં અનેક પ્રકારનાં પશુઓ વિચરણ કરતાં હતાં. તે મોટો મધુર શબ્દોનો ઉચ્ચાર કરતા હતા. ક્યાંક પોપટ કાબરો કિકરાટી કરતાં હતાં. કબુતરો ચકોર પક્ષીઓ બધાં બોલતાં હતાં તથા ચકલા ચકલી સુંદર બોલતાં હતાં અને ચિત્તને ચોરતાં હતાં. ચારેબાજુ મધુર શબ્દોના અવાજો આવતા હતા. તે પક્ષીઓ વૃક્ષો ઉપર રહેતાં હતાં ને શોભતાં હતાં. બહુ ઉંચેથી શબ્દો બોલતાં નહતાં. સંત અવાજ કરતાં હતાં તે સાંભળીને મહાપ્રભુ મનમાં રાજી થતા હતા. આવી રીતે જનોની સાથે પ્રાણનાથ સર્વના જીવન ચાલતા જતા હતા. મહાપ્રભુ જ્યારે ચાલ્યા આવતા હતા ત્યારે સુખ દેનારી મોટી સાબરમતી કલોલ વિલોલથી અતિશય રમણીય લાગતી હતી. તેની અંદર અનેક જળજીવો તથા કમળોની શોભા સારી લાગતી હતી. નદીના બંને કાંઠે બહુ જ ઉંચાં ઉંચાં વૃક્ષો બહુ જ સુંદર રીતે શોભતાં હતાં. તે વૃક્ષોમાં ફળો ફૂલો બહુ જ આવેલાં શોભતાં હતાં. તે કાંઠા ઉપર વેલીઓ શોભતી હતી. મોટાં પીપળાઓનાં ઝાડો શોભતાં હતાં અને બાગો વનના રાગો સુંદર રીતે શોભતાં ગુણીજનો બગીચામાં બેસીને શાંતિથી હરિના ગુણનું ગાન કરતાં હતાં તે રીતે શોભતાં હતાં. આવી રીતની શોભાયુક્ત સાબરમતી નદીને જોઈને સહજાનંદ સ્વામીએ રાજી થઈને મુકામ કર્યો. અને નદીના જળમાં સર્વજનોના સ્વામી સ્નાન કરતા હતા. જળમાં પ્રભુ સંતોની સાથે બહુ જ લીલા કરી. પોતાના સખાઓની સાથે આનંદ કરતા હતા. સુંદરવર શ્રી ઘનશ્યામ પ્રભુ જળમાંથી બહાર નીકળીને શરીર ઉપર

સુંદર વસ્ત્રોને ધારણ કર્યાં. એટલામાં જ અમદાવાદના સૌ પ્રેમીજનો સાજ સજીને સુંદર શણગાર ધારીને હરિને લેવા, માટે આવતાં હતાં. છત્રીસ પ્રકારનાં શોભાયુક્ત સાજથી સમજુ થઈ વાદ્યા વગાડતા થકા જનસમુદાય ગાતાં થકાં મહાપ્રભુની સામે આવતાં હતાં. શ્રી ઘનશ્યામ પ્રભુને જોઈને ભક્તજનોના મન ખેંચાતાં હતાં. માર્ગમાં જ દર્શન કરીને પ્રણામ કરતાં હતાં. જેમ લાકડી જમીન ઉપર પડે તેમ દંડવત્ પડતાં હતાં. પ્રેમીભક્તોના પ્રેમને જોઈને શ્રીહરિ પ્રભુ નિર્મળ મનનાં સૌ નરનારીને મળ્યા. પછી મહાપ્રભુ બધી સવારીની સાથે શોભા વધારતા પુરમાં પધારતા હતાં. શ્રીહરિ ઘોડા ઉપર બેસીને સૌ સંતોની સાથે સૌની ચારેબાજુથી ઘેરાયેલા વસંત ઋતુરાજની માફક શોભતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરથી કંથારિયે ને વાગડ થઈને સિયાણિપુરે આવ્યા ને સુખકારી પ્રભુ તાવિ દદુકા થઈને દેવલપુરમાં પધાર્યા. પછી શ્યામ સુજાણ પ્રભુ મછિયાવપુરે થઈને અમદાવાદ શહેરમાં પધાર્યા.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ શિયાંણિ તાવિ દદુકા મછિયાવ ગામમાં કરેલી લીલાનું વર્ણન કર્યું એ નામે આ ત્રીશમું અભિધાન રૂપે તરંગ પૂર્ણ થયું. ॥૩૦॥**

# તરંગ-૩૧

આનંદસિંહ રાજા કહે છે, હે મહારાજ ! અવધપ્રસાદજી નિલકમળસમાન સ્વરૂપવાળા જેમના ગુણને મસ્તક ઉપર ભૂમિને ધારીને શેષજી હજારો મુખે ગાયા જ કરે છે એવા સુખદાયક સમર્થ પ્રભુની સાથે સંતો ચાલતા અમદાવાદ પધાર્યા. પ્રભુની અતિ શોભાયુક્ત મહાસવારી કાઢી શહેરમાં પધરાવ્યા તે કમલનયન મહાપ્રભુએ ક્યાં ક્યાં કેવાં ચરિત્રો અમદાવાદપુરમાં કર્યાં તે કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે આનંદસિંહ રાજન ! રાજરાજેશ્વર મહારાજાધિરાજ મહાપ્રભુ અમદાવાદપુરમાં પધાર્યા. પોતાના આશ્રિત ભક્તજનોને મુક્તિના મહાસુખ કરવા નગરમાં વિચરણ કરતા દર્શન દેતા મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે ઉમંગથી આવતા હતા. ભક્તોના ઉમંગને વધારતા હતા. જાતજાતનાં બહુ જ વાજાં વાગતાં હતાં. આવી રીતે સુંદર સવારી શોભતી હતી. તેમાં ઉત્સવિયા ઉમંગ ઉત્સવ કરતા ઉત્સાહ વધારતા હતા. મનોહરમૂર્તિના માણેક ચોકમાં મધ્યમાં પધાર્યા ત્યારે મનોહરમૂર્તિ માંણકિને સુંદર ચાલ ચલાવતા હતા. જેમ નરનારી નાચે તેમ માંણકિને નચાવતા હતા ઘોડીના અપાર નાચને જોઈને સૌ નરનારી કહેતી હતી અને સૌ જનો જૂથજૂથમાં થઈને લોકો જગદીશપ્રભુને નિરખીને નજરમાં સહેજ જ ઝાંખી આવે તેમની રાખતાં હતાં. પ્રેમ સાથે પુરણ પુરુષોત્તમ પ્રાણપતિને નિરખીને સુખ પામતા હતાં. દર્શનસુખનો પાર જ નહોતો આવતો. સવારીમાં બંદુકના બહુ જ ભડાકા થતા હતા. જેમ આકાશમાં મેઘના કડાકા થાય તેમ ભડાકા થતા હતા. ધુળ ઉડતી હતી. તેની ડમરી આકાશે ચડેલી. તેથી જાણે કે મેઘની ઘોર ઘટા ન ચડી હોય ? તેમ ભારે વાતાવરણ થયું હતું. જેમ વીજળી ચમકે તેમ તલવારો ચળકતી હતી. જાણે જળનાં ટીપાં ઉંચા ઉછળતાં ન હોય તેમ ચળકતી હતી આમ જોઈને જાણે મેઘ ચડીને આકાશેથી આવતો હોય તેમ ઘનશ્યામ પ્રભુની સવારી આવતી શોભતી હતી. ઇંદ્રધનુષની માફક ધજા પતાકાં રંગબેરંગી બહુ જ ઉડતાં હતાં. જેમ દેડકાં ને મોર વર્ષાદમાં બોલે તેમ વૈરાગ્યવાળા ભક્તો પ્રભુનું ઉંચે સ્વરે ભજન કરતાં હતાં. આવી રીતે જગમાં બધે જ શાંતી

થતી હતી. સૌનો વિરહનો તાપ શાંત થતો હતો. પ્રભુનાં દર્શન કરીને સુખ પામતાં હતાં. જાણે કે આકાશમાં મેઘ ચઢીને આવેને અતિ આનંદ થાય તેમ ઘનશ્યામ પ્રભુની સવારીથી આનંદ થતો હતો. જેમ મેઘવર્ષા જોઈને ખેડૂતો જગતમાં સુંદર રીતે વિચારીને વાતાવરણ પ્રમાણે બીજને વાવે તેમ જીજ્ઞાસુ જીવો પાસે મુનિજનો જ્ઞાનની વાતો કરીને નિયમ દેતા હતા જેમ ખેડુ ખેતી કરીને વર્ષા ઋતુ સુધારી લે છે તેમ મુનિજનો ઉપદેશ કરીને સત્સંગની પુષ્ટિ કરે છે તે જાણે મેઘ ચડીને આકાશમાં આવે તેમ ઘનશ્યામ પ્રભુની સુંદર સવારી આવી. આવી રીતે ઘનશ્યામ પ્રભુ અમદાવાદપુરમાં વિચરણ કરીને મંદિરમાં પધારીને વિરાજમાન થયા. પછી સૌ સંતો સભા કરીને બેઠા પછી સુખકારી મહાપ્રભુ સૌને સુખદાયક વાતો કરતા હતા. લોકો નિયમ ધરીને મનમાં આનંદ પામતાં હતાં. બહુ જ રાજી થતાં હતાં. પછી સૌ ભક્તજનો સુંદર પાક બનાવીને જમાડતા હતા. શ્રીહરિ અમદાવાદપુરમાં પધાર્યા છે એમ જાણીને દેશોદેશથી પ્રેમીભક્તજનો મહાપ્રભુની પાસે દર્શન કરવા આવ્યા.

આવેલાં સૌ નરનારીજનો નિર્મળ મનનાં ધર્મનંદન મહાપ્રભુને નિરખીને દર્શન કરીને વૃદ્ધો બાળકોની સાથે સૌ આવ્યાં હતાં. તે સ્વતંત્ર રીતે ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યાં. તે શુદ્ધ દિલના ભક્તજનો દયાળુ મહાપ્રભુનાં દર્શન કરીને સૌ ભક્તજનો ભગવાનની આગળ ભેટ ધરતાં હતાં. ભક્તજનોના અંતરની આશાઓને મહાપ્રભુ પુરી કરતા હતા. હે રાજન ! ફૂલદોળને નિરખીને ભક્તજનોની પાસે દયાળુ મહાપ્રભુએ રંગ તૈયાર કરાવરાવ્યો. મહાપ્રભુ શુભકાર્ય કરવા માટે કેસર કેસુડો આદિના રંગ બહુ જ ઉકાળીને તૈયાર કરાવ્યા. તે રંગોનાં પાત્રો ભરીને બહુ જ તૈયાર કરાવ્યાં. બીજા અબીલ ગુલાલના રંગોના ઢગલા કરાવ્યા. તે શ્રીહરિએ જોયા ત્યારે હરિ રંગે રમવા તૈયાર થયા. પ્રભુએ વસંતી વસ્ત્રોને ધારણ કર્યાં. કમલનયન પ્રભુએ કમરને કસીને બાંધી દીધી. મંદમંદ હાસ્ય કરતા થકા ભક્તજનોના ભવફંદને તોડતા થકા નજર કરતા હતા. દાંતો કુંદકળીની માફક શોભતા હતા. રસના જીભથી અમૃત વરસાવતા હતા. જેમ ધર્મવંશમાં સૂર્ય ઉદય થયો હોય તેમ હસતા થકા સર્વજન સમુદાયને હસાવતા હતા. પ્રભુએ શરીર ઉપર બધાં જ વસંતી વસ્ત્રો ધારેલાં હતાં. તેનાથી શરીર બહુ જ શોભતું હતું. ધર્મપુત્ર ધીરજ ધરીને હાથમાં સોનાની પિચકારી લઈને મહાપ્રભુ વેદિ ઉપર ઉભા રહ્યા. વીરની માફક શોભતા હતા. લોકો દોડીદોડીને રંગની ધૂમ મચાવતાં હતાં. ભક્તજનો વસંતનાં પદો ગાતા હતા. બહુ જ વાજાં વગાડતાં હતાં. આકાશમાં ગુલાલની લાલ ડમરી જામી હતી. આવી રીતે રંગની અતિ ધામધૂમ થતી હતી. છેલછબીલો પ્રભુ રંગ છાંટતા હતા. પિચકારીઓ ભરીભરી તેઓને પલાળતા હતા. છબીલો ઘનશ્યામ બહુ જ રંગની પિચકારી છાંટતા હતા. લાલ ગુલાલની ઝોળી ભરીભરીને ઉડાડતા હતા. સૌ નરનારીજનોને રંગથી રસબસ કરીને મંદિરના ચોકમાં કીચડ થઈ ગયો. મહારાજ રંગ છાંટીને રંગની છાકમછોળ ઉડાડીને બહુ જ મસ્ત થયા હતા. જેમ મઘાનો મેઘ આવીને વર્ષે તેમ મહારાજે રંગ વર્ષાવ્યો. દેવો આકાશમાં ઉભા રહીને દર્શન કરતા હતા. પ્રભુની શોભા આકાશેથી બહુ જ સુંદર લાગતી હતી. સંતો હોળીના કીર્તન ગાતા હતા. સુખકંદ પ્રભુ ખેલ કરતા હતા. સૌ જનસમુદાય દર્શન કરીને બહુ જ રાજી થયાં. મહારાજનો જયજયકાર કરીને નાદ કરતાં હતાં. એકવાર શ્રીહરિ અમદાવાદપુરમાં રંગના અખાડાનો ખેલ કરવા માટે સંતો ને સખાઓ સૌ હરિની સાથે રંગ રમતા હતા. પ્રભુની ઉપર સૌ બહુ જ રંગ નાંખીને રંગથી તરબોળ કરવા તૈયાર થયા. કુમકુમ જેવો જ કેસરી કલર લઈને તથા બીજા પંચરંગી કલર તૈયાર કર્યા હતા. અબીલ ને ગુલાલ બહુ જ તૈયાર રાખેલા હતા.

શ્રીહરિ સોનાની પિચકારીને હાથમાં લઈને જનસમુદાયની મધ્યમાં ઉભા રહીને ખેલ કરતા હતા ત્યારે રંગ કરી કરીને અનેક પ્રકારના રંગો કર્યા. પછી જુદાંજુદાં પાત્રો કરી કરીને રંગનાં ભર્યાં. તેમાંથી ઘડા ભરીભરીને રેડતા ને પછી ખાલી થાય કે ભરીભરીને નાંખતા હતા. ધરણિને ધારણ કરનારા પ્રભુ પૃથ્વી ઉપર અવતાર ધરીને ભક્તજનોના ઘેર ઘેર ફરતા હતા. તે જનોને અમર કરતા હતા. અમરસુખ તજીને ઘર ઘર ખેલ કરીને હરિ દરેક જનની વચમાં હાથમાં સોનાની પિચકારી લઈને રંગખેલ કરવા સર્વજનસમુહની વચમાં ઉભા છે. રંગ નાંખે ઉડાડે ત્યારે ખલખલખલ અવાજ થાય. ખલખલ કરતો રંગ ઉડે ને પડે. લોકો ઉપર રંગ ઢોળાતો હતો. જનોને પલાળતો હતો. ઝલઝલ કરીને ચારેબાજુ રંગની ઝકઝોળ ઉડાડતા હતા. સૌની ઉપર છલછલરંગ છાંટતા હતા. ચલચલ કરીને રંગ સ્થિર સ્થાળો ઉપર પડતો હતો ને ચાલતો હતો. પ્રભુ હાથમાં સોનાની પિચકારી લઈને ખેલ કરવા જનસમુહની વચમાં ઉભા હતા. પ્રભુ રંગ છાંટતા હતા માટલાં ભરીને છાંટતા હતા. માટલું ઝટઝટ છાંટે કે કટકટ કરીને ચટ લઈને સૌની પાસે પાસે જઈને ઉભા રહે ને પકડતા હતા. પટપટ કરીને ઘટઘટ દપટતા હતા. ઝટઝટ પાત્ર ભરીભરીને રંગ નાંખતા હતા. રંગથી વસ્ત્રો બધાંય લાલ રંગવાળાં થયાં હતાં એવા પ્રભુ હાથમાં સોનાની પિચકારી લઈને ખેલ કરવા જનસમુદાયની મધ્યમાં ઉભા હતા. આકાશમાં ભણણણ ભણણણ ભણણણ ભરી વાગતી હતી. કણણણણણ કરીને દુકડો વાગતાં હતાં. ઝણણણ ઝણણણ ઝુણણણ ઝાંઝર વાગતાં હતાં. ઝાલર વાગતી હતી. તણણણણણા ત્રાંસાં વાગે. ધણણણણ ધણણણ ધણણણણ મોટો ઉદ્‌ઘોષ થતો હતો. શણણણશણણણ શરણાઈ વાગતી હતી. આ રીતે પ્રભુ હાથમાં સોનાની પિચકારી લઈને ખેલ કરવા માટે જનસમુહની વચમાં ઉભા હતા. આજે સજસાજ થઈને કોઈ જનની લાજ નહિ રાખીને રંગના કામ કરવા સજ્જ થઈને રમતા પ્રભુનાં દર્શન કરતાં જોયા. અજ બ્રહ્માદિ દેવો પ્રભુના ચરણની રજને પોતાના શરીર ઉપર ધારે છે તે પ્રભુના ચરણની રજને હરિજનો શિરપર ધારતાં હતાં. એવા પ્રભુના રંગરસને લોકો લુટતા હતા. એવા પ્રભુ હાથમાં સોનાની પિચકારી લઈને જનસમુહની વચમાં ખેલ કરવા ઉભા છે. ધમધમ ક્રમ પરમાણે જ ધમધમકતું હતું. ક્રમ પ્રમાણે ધમધમ થતાં હતાં. રંગ રમવાથી શ્રમ બહુ થયો તેથી મુખ ઉપર પરસેવાના બિંદુ બહુ શોભે છે. રમતાં રમતાં રમુજ કરતા થકા રંગ ભરીને સંતો ઉપર ઉડાડતા હતા. તેનાથી અજ્ઞાનના અંધકારનો નાશ કરતા હતા. સૌ દેવો સજ્જ થઈને રંગ ભરીને લોકો ધણાધણ ભાગો માગતા હતા પણ બ્રહ્માભવ ભન મનન કરીને ઉંચેથી બોલતા હતા તથા તન તન તાંડવનૃત્ય શદાશિવ પ્રભુ પાર્વતીની સાથે નૃત્ય કરતા હતા. સનન વરને વચનો આકાશમાં રહીને દેવો સમુહ બોલતો હતો. ભક્તજનોના મેઘસમાન સહજાનંદ પ્રભુ મળ્યા ત્યારે હાથમાં સોનાની પિચકારી લઈને ખેલ કરવાજન સમુદાયની વચે ઉભા હતા. રંગ રમીને સૌનાં વસ્ત્રો બધાંય રસબસ થઈને લસબસ લસતા થતાં હતાં. તે જોઈને સૌ હસતાં હતાં. હરિ હસીને સૌની નજરને ખેંચતા હતા. વસ્ત્રો કસી કસીને કેડ ઉપર કેડને કસીને બાંધતા હતા. પછી જનો ઉપર રંગ ભરીને ધસી ધસીને નાંખતા હતા. જનસમુહ આમ અરસપરસ એકબીજા ઉપર રંગ નાંખતાં હતાં. રંગ રસજસ કરતા હતા. ચકસ ચસક કરીને વિષ્ણુ નજરે ચડે. આમ હારી હાથમાં રંગ ભરેલી સોનાની પિચકારી લઈને ખેલ કરવા જનસમુહની મધ્યમાં ઉભા હતા.

શ્રીહરિની સાથે રંગમાં રસબસ થઈને સૌ સખાઓ દેવો સંતગણ સમાજ સૌ હરિની સાથે બહુ જ ખેલ્યા. પછી સુંદર વાજાં જાતજાતનાં વગડાવીને સંતો સખાઓ સાથે મળીને સાબરમતીએ સ્નાન કરવા માટે સૌ સમાજ

સાથે પ્રભુ ઘોડા ઉપર અસવાર થઈને નારાયણ ઘાટના આરે નવીન રીતે જઈને જળમાં પ્રવેશ કર્યો. જળ બધું રંગ રંગ થયું ગુણસાગર પ્રભુના પ્રતાપે તે ગંગા નદી થઈ ગઈ ને મહાતિર્થરાજ થયું. ધર્મનંદન મહાપ્રભુ સંતના સમુહની વચમાં બહુવાર સુધી જળની અંદર જળલીલા કરતા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુ જળ ઉડાડતા હતા. સુખદાતા ઉમંગથી સૌની ઉપર જળ છાંટતા હતા ત્યારે તે જળ રંગવાળું થઈને વહેતું હતું. તેમાં ભક્તોની બહુ મોટી ભીડ થઈ હતી તેમાં ધીર કરીને પ્રભુ ખેલ કરતા હતા. તે ધારીને જોયું. તેથી સૌ દેવગણ જોઈને જ ચકિત જ થઈ ગયો. આકાશમાર્ગમાં જોરજોરથી મહાપ્રભુનો જયજયકાર બોલાવતા હતા. પુષ્પની વૃષ્ટિ કરતાં હતાં. દેવો પોતાની નારીઓની સાથે દર્શન કરતા હતા. ઘનશ્યામ પ્રભુ જળસ્નાન કરીને પછી સફેદ વસ્ત્રો ધારણ કરતા હતા અને તૈયાર થઈને સંતોની સાથે સવારી કરીને મહાપ્રભુ **અમદાવાદને** પાવન કરતા હતા. નરનારીજનો પોતાની દષ્ટિથી નિરખતાં હતાં ત્યારે ઘનશ્યામ સુખધામ મહાપ્રભુ બહુ જ શોભતા હતા ને સુખ કરતા હતા. મહાપ્રભુ જીવોને બહુ જ દર્શનસુખ દઈને તેઓના પાપના તાપને શાંત કરતા હતા. પછી મહારાજ ફરીથી મંદિરમાં પધાર્યા. સવારીની સાથે શ્રીહરિ મંદિરમાં આવીને તૈયાર થયેલા પાકના થાળને જમતા હતા. પ્રભુ પોતે સંતોને પીરસીને જમાડતા હતા.

પછી સુંદર વેદી ઉપર ભક્તજનોનું મંગળ કરવા માટે પ્રભુ વિરાજ્યા. ભાવના વાળા ભક્તો ભાવથી ભરપૂર પ્રેમથી પૂજા કરવા માટે પ્રભુ પાસે આવતા હતા. અનંદકંદ મહાપ્રભુ પાસે આવીને વિનયપૂર્વક જયજયકાર કરતા હતા. જાતજાતનાં વસ્ત્રો આભુષણો જુદાંજુદાં અનેક પ્રકારનાં પ્રેમભાવથી પહેરાવતાં હતાં. ચરણકમળમાં ચંદન ચરચતા હતા. ભાલમાં સુંદર ચંદન ચર્ચીને સુંદર રીતે પૂજા કરી. ફૂલના બાજુ બંધો બનાવીને બાંધ્યા. ફૂલોના ગજરા પહેરાવ્યા. પછી ગદ્‌ગદ્‌ કંઠે ગુણવંત મહાપ્રભુની સુંદર રીતે સ્તુતિ કરતા હતા. હાથ જોડીને નમ્રભાવે કહે, હે શ્રીહરિ ! આપનો જયજયકાર થાય. હે નાથના નાથ પ્રભુ આપના ગુણોને મુનિજનો ગાય છે. આવા હે પ્રભુ આપ સુખ આપનાર આપને અમે નમન કરીએ છીએ. સર્વ જગતના નાથ સ્વામી સર્વ જગતના સુખ કરનારા આપના ગુણને વેદો ગાયા કરે છે. વેદના મંત્રને ગાય છે તેને આપ સદાય સહાય કરો છો. હે કૃપાળુ સાથે રંગખેલ કર્યો. સૌને દયા કરીને આનંદ કર્યો. રંગ રમવામાં અનેક સંતોને સાથે રમવામાં લીધા. જુદાજુદા રંગદાવ કર્યા. રંગની રેલ ઉડાવ્યા. શોભા સાથે છેલછોગાળા સામે બહુ જ રંગરેલમાં પ્રતાપ જણાવ્યો. રંગમાં રમતા નાથ આપ તથા સંતો રમતા હતા. સંતોસહિત રમીને બહુ જ આનંદસુખ આપતા. ચિત્તમાં આનંદ દેતા પ્રભુ આપને નમન કરીએ છીએ. સુંદર મનોહર રવાણિ બોલનારા આપના ગુણને મુનિ ગાય છે. સારા ભક્તજનોના મનને ભાવતા અલૌકિક ખેલોને કરતા ચાહતા પૂરી કરતા. એવા અજિત અલબેલ મહાપ્રભુ સંઘ સાથે નદીએ સ્નાન કરવા સંતો સાથે ગયા હતા. નદીના બહુ જળના સમુહમાં આપ પ્રવેશીને સુંદર રીતે સ્નાન કરતા હતા. પવિત્ર કરીને અનેકના પાપ કાપતા હતા. અનંતને સુખ આપતા હતા એવા આપ સંતોની સાથે મુકામે પધારી નિશ્ચિંત થયા. દર્શન કરવા માટે અનંતજનો આવ્યાં. આપ મંદહાસ્ય કરતા હતા. રસોઈ તૈયાર થઈ એટલે થાળ જમીને સૌ સંતોને જમાડ્યા. બહુ જ બોધઉપદેશ કર્યા. અનંતનો ઉદ્ધાર કર્યો એવા આપ વારંવાર આ પૃથ્વી ઉપર અવતાર ધારો છો. એવા હે પ્રભુ ! આપને અમે વંદન કરીએ છીએ.

આવી રીતે સૌ હરિભક્તોએ સ્તુતિ કરી તેને સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા. તે ભક્તજનોને અભય વરદાન દીધાં. અજિતપ્રભુએ તે સૌ નરનારીજનોને શુદ્ધ મનવાળા જાણીને સુખ દીધાં. આવી રીતે શ્રીહરિએ

અમદાવાદમાં સુખકંદ પ્રભુએ સુંદર રંગનો ખેલ કર્યો. લોકવંદ્ય મહાપ્રભુ લોકોને રાજી કરવા રંગ રમીને બહુ જ સુખ દીધાં. તે અમદાવાદપુરનાં નરનારીજનોનાં મન વશમાં હતાં એવા પ્રેમીભક્તજનો ઘનશ્યામ પ્રભુને પ્રેમથી સેવાભક્તિ કરતાં હતાં. જીવની માફક પ્રભુનું જતન કરતાં હતાં. આવી રીતે પ્રભુ પોતાના હૈયાં કરતાં પણ અધિક રાજી થઈને સંતોને સુખ દેતા હતા. ઉદયાચલ પર્વત જેમ બહુ જ ઉંચો આવેલો છે ને ઉદય અસ્તનું સ્થાન છે તેમ અમદાવાદ પણ તે પ્રમાણે છે. કેમકે તે શહેરમાં કમળવન સંતો ને ભક્તજનો સૌ ત્યાં નિવાસ કરીને ભજનભક્તિ કરે છે. એમાં ધર્મનંદન મહાપ્રભુ તે સૂર્યસમાન પ્રગટ પ્રમાણે વિચરે છે. ઘુવડ જેવાં કુસંગીજનો અજ્ઞાનનાં અંધકારમાં અનેક કુકર્મો કરે છે. પણ શ્રીહરિને સૂર્યસમાન જોઈને દર્શન કરીને તરત જ બધા કુકર્મી ઘુવડો સાવ આંધળાં થઈ જાય છે.

મહારાજે અમદાવાદમાં સુંદર ફૂલાદોળનો ઉત્સવ કર્યો. સુંદર રંગ ઉત્સવ કરીને લોકોનાં ભવફંદને હરિ લીધાં. સાબરમતી નદીમાં જઈને સ્નાન કરીને સુખકંદ પ્રભુએ ભક્તોના ઉરમાં બહુ જ સુખ દીધાં. પ્રગટ ભગવાનને નિરખીને ભક્તનજનોએ મહાપ્રભુની સ્તુતિ કરી એવી રીતે આ એકત્રીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો તે લીલાનું વર્ણન કર્યું એ નામે એકત્રીસમો તરંગ પૂરો થયો. ॥૩૧॥**

# તરંગ-૩૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ઘનશ્યામ પ્રભુનું શરીર કમળપત્ર સમાન કોમળ અને કરોડો કામદેવની શોભા કરતાં કરોડો ઘણું શોભાયમાન તથા તેજાયમાન છે. તે પ્રભુના નામ રટણ ભજનભક્તિ સર્વે શાંતિ અને સુખને આપનારાં છે. તે જ મહાપ્રભુ સહજાનંદ સ્વામી અમદાવાદ માં વિરાજમાન રહીને જે લીલા કરી છે તે બધી લીલા મને કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારી બુદ્ધિ બહુ જ પવિત્ર નિર્મળ છે. કેમકે તમે બહુ જ પ્રેમ કરીને પ્રગટ પ્રભુનાં સુંદર ચરિત્રોને પૂછો છે તે ચરિત્રો સુંદર રસવાળાં દુઃખોને હરી લેનાર અદ્‌ભુતે છે. હે રાજન ! શ્રી ઘનશ્યામ મહાપ્રભુ એક વખત ભક્તજનોનાં મનકામો પૂર્ણ કરવા માટે સંતોના સમાજની વચમાં વિરાજતા હતા. તે વાત કહું છું સાંભળો. અમદાવાદ મંદિરમાં મુખ્ય દરવાજાની સમીપમાં મોટું લીંબડાનું બહુ જ સુંદર વૃક્ષ શોભતું હતું. તેની મોટી ડાળોમાંથી ઘાટો છાંયો પડતો હતો. સર્વના મનને સુખ દેનાર સુંદર વૃક્ષ હતું. જાણે મુક્ત જ કોઈ શરીર ધારીને સેવામાં રહ્યા હોયને શું ? તે લીંબતરુની નીચે વેદી રહેલી હતી તેની ઉપર સુંદર રીતે પલંગ બિછાવયો હતો તેની ઉપર ગાદી સુંદર રીતે મનને ભાવે તેવી શોભતી હતી. તે ગાદી ઉપર સુંદર ઓછાડ બિછાવ્યો હતો. તેની ઉપર ધર્મકુળ સૂર્યશિરોમણિ કમળમુખ વિરાજ્યા હતા. પ્રભુની આગળ બધી જ સંતસભા બેઠી. મુનિજનો પ્રેમ અનુરાગથી ગાન કરતા હતા. તે સભામાં દેશોદેશથી આવેલા સૌ હરિભક્તો સુખપૂર્વક મનવાળાં થઈને બેઠાં હતા. એકાગ્ર દૃષ્ટિ કરીને પ્રભુને નિરખતાં હતાં. ત્યારે ઘનશ્યામ પ્રભુની મૂર્તિ સિવાય બીજું કાંઈ ઉરમાં ધારતા જ ન હતા. જેમ ચકોર પક્ષી

સતત એક ચિત્તે ચંદ્રને ચિંતવે છે તેમ ભક્તજનો આનંદકંદ પ્રભુને નિરખતાં હતાં. બ્રહ્મમગ્ન થઈને મહાસુખમાં નરનારીજનો બેઠાં હતાં. આવી રીતે સુખકારી મહાપ્રભુ સભા મધ્યે શોભતા હતા.

હે રાજન ! મનુષ્ય શરીર ધારીને સભામાં શોભતા હતા. મનમોહન મૂર્તિ સૌના મનને મોહ પમાડતી હતી. એટલામાં જ નટની મંડળી પોતાનો બધો જ સાજ સજીને રમત કરવા માટે ત્યાં પ્રભુ પાસે તે નટજનો ગરીબનવાજ મહારાજ પાસે હાથ જોડીને ઘનશ્યામ પ્રભુ ને ઉદ્દેશીને વિનંતી કરતા હતા. હે પ્રભુ ! આપ તો સૌને આનંદ દેનારા છો. હે નરનાયક પ્રભુ ! અમે આપની પાસે રમત કરીએ ? તે રંકજના નાયકનાં વચન સાંભળીને મહાપ્રભુ મુનિઓના સ્વામી શ્રીહરિ કહેતા હતા. તમે રમો બધી જ વિધિ કરીને બધાય સમાજનો સાજ સજીને રમવું હોય તો રમો. આવી રીતે ઘનશ્યામ પ્રભુનાં વચનો સાંભળીને પછી તે નાયક જન રમત કરતાં હતાં. તે રમત જોઈને સર્વજન સમુહની સાથે જગવંદ મહારાજ અને ભક્તજનોને બહુ જ વિસ્મય થયો. મહાપ્રભુ કહે, આ ખેલ જોવામાં કાંઈ દોષ નથી. માટે શાંતિથી જુવો. આમાં કાંઈ મંત્રજંત્ર નથી. આ કામમાં તો કેવળ મનને વશ કરીને એકાગ્રતાથી જ કામ કરવાનું હોય છે. મન ને એની વૃત્તિ એકદમ એકાગ્ર કરવાનાં છે. શ્રીહરિ કહેતા હતા કે આમાં તો કેવળ નજર કેળવવાનો જ ખેલ છે. આમાં બીજો કોઈ જ ઉપાય નથી જો રમત કરનાર નજર સહેજ ચુકી જાય તો મરી જ જાય. આના સિવાય બીજું નથી. આવી રીતે મહારાજે સુંદર રીતે વાત સમજાવીને કહી દીધી. હે રાજન ! આ લોકો એકાગ્ર વૃત્તિ કરીને કામ કરે છે તે જુવો બધું પેટને માટે જ કરે છે તે જ રીતે જે ભક્ત શ્રીહરિના રૂપમા એકાગ્ર વૃત્તિ કરીને સ્થિર થઈ જાય તો તેને જન્મમરણના બંધન મટી જાય છે. પરમ દિવ્યધામમાં પ્રભુચરણમાં પહોંચે છે. નિર્ભય થઈ જાય છે. એ નક્કી જ વાત છે. આવી રીતે બધી જ વાત મહાપ્રભુએ વિસ્તાર કરીને સમજાવી તેને શુદ્ધ મતિનાઓ સંતો તથા ભક્તજનો સાંભળતાં હતાં. પછી નાયકોને સારી રીતે ધન આદિક આપીને રાજી કર્યા.

આવી રીતે સુખકંદ મહાપ્રભુની વાત સાંભળીને સૌ સભાસદો હરખ પામ્યા ને પોતાના મનમાં રાજી થયા. આ રીતે સહજાનંદ સ્વામી સુખ કરતા હતા. પછી મહાપ્રભુ સંતોને સમીપમાં રહીને જ વાતો કરતા હતા. સૌ સંતો ને હરિભક્તો પ્રભુના નિષ્કામ વચનો સાંભળતા હતા. મનરૂપી માંકડે બગીચાનાં વૃક્ષનાં ફળને અને કોમળ કુંપળોને પકડેલ છે. માટીનો કાચો ઘડો પકવ્યા વગરનો પાણીથી ભરેલો છે પણ તે એક જ પળમાં વેરાઈ જાય છે. ઘડામાં ઘી ભરેલ છે. તે અગ્નિની પાસે રાખેલ છે. તે ગરમીથી ઓગળી જયા છે. એટલા શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે છે કે સ્ત્રીની સાથે સહવાસ સંગમાં રહે તે સાધુનું સાધુપણું બગડે છે. કુતરાંનાં પૂંછડાને ખૂબ જ જોરથી પકડી રાખે ને સાગરને તરવા જાય તો તે સાગર ન તર્યો ન તર્યો ન તર્યો ન તર્યો જ થાય છે. મીઠાંનું પૂતળું પાણીનો તાગ લેવા ગયેલી તે તો નજરે જ ન પડ્યો નજરે ન પડ્યો ન પડ્યો ન પડ્યો જોવા જ ન મળ્યો. નાશ પામ્યો છે. પાણી વગરની કોટડીમાં પૈસેથી તેને કાંઈ જ ન મળે ત્યારે ભુખ્યા તરસ્યાં મરે છે. એટલા માટે વૈષ્ણવાનંદના નાથ શ્રીહરિ કહે છે, સ્ત્રીના અંગથી સાધુની સાધુતા બગડે છે. બગડે છે. નરવાંદરાએ મદિરા (દારૂ)નું પાન કરીને ફેફ કર્યા તે મદિરાનો પાવર ફેફ ચડ્યો છે. કેફ ચડ્યો છે. ચડ્યો છે. ચડ્યા જ છે. ઘાસની કોડમાં અગ્નિ પડ્યો હોય તો તે લાગ્યો છે. લાગ્યો છે. લાગ્યો છે. લાગ્યો જ છે. જીરે ખડકેલા પથ્થર ઉપર સામાન રાખ્યો હોય તે સરખો ન હોય તો તેને હાથ જોડીને પત્થરને વિનંતી કરતો ઉભો રહેતા પથ્થર તો પડી જ જાય તે પડ્યો છે. પડ્યો છે. પડ્યો છે તે તો વૈષ્ણવાનંદના નાથની સામે માન કર્યું તો તે પડ્યો છે. પડ્યો છે. પડ્યો જ છે. પોતાની કર્મની કરણીને જોઈ (હાથણીને) આસક્ત થઈને

મદોન્મત્ત હાથી દોડતો જાય. પાછળ જાય તો તે પડ્યો કે પડ્યા છે. પડ્યો છે પડ્યો જ છે. મૃગરાજ કે પતંગિયું દીવાના રાગમાં સંગીતના રાગમાં પડ્યો હોય ને તે બળ્યો છે. બળ્યો છે. બળ્યો જ છે. ભમરો મધના સ્વાદમાં તથા માંછલું રસના લોભમાં મર્યો છે. મર્યો છે. મર્યો જ છે. મર્યો જ છે. વૈષ્ણવાનંદના સ્વામી ઘનશ્યામ કહે છે. વિષયોને વેશ જીવ નર્કમાં જ પડ્યો છે. પડ્યો છે. પડ્યો છે કે પડ્યો જ છે.

આવી રીતે મહારાજે સંતો આગળ નિયમની સાર રૂપે અનેક ઉપદેશ કર્યા. હવે સંતોનાં શાસ્ત્રમાં અતિ મહત્ત્વનાં જે ત્રીસ લક્ષણા કહેલા છે તેનું વર્ણન કરીને ઘનશ્યામ પ્રભુ સંતોની આગળ સુંદર રીતે કહેતા હતા. સત્ય, આર્જવ, દયા, દાન, અહિંસા, અનભિધતા, સત્ય, બલ, કૃપાળુતા, અદ્રોહ, તિતિક્ષા, નિર્મળ માનસ,શમ, અકામ, ઉપકાર, અકિંચન, દાંત, મૃદુ, ચેષ્ટારહિત, મિતભુક્ત, શાંત, સ્થિર, શણોમુનિ, શુભ, ગંભીર, ધીર, નિર્માંન સાવધાન, સમરથ, કરુણ, વિષ્ણુ ઘનશ્યામને મિત્રમાને, રાગદ્વેષ આદિક કોઈ દોષ ન હોય. આવી રીતે ત્રીસ પ્રકારનાં સંતનાં લક્ષણ બધાં જ કહ્યાં. માટે હે મુનિ ! તમે તમારા અંતકરણ સામું જોઈને વિચારો. તમે તો સૌ સંતનાં લક્ષણો યુક્ત જ છે. તમારા ઉરમાં ત્રીસ લક્ષણો રહેલાં જ છે. એટલા માટે જ અમે વિસ્તાર કરીને અમદાવાદમાં બધી જ સભા વચ્ચે વર્ણન કરીને કહ્યા છે. આવાં લક્ષણોવાળા સંતનાં તથા અસંતનાં લક્ષણો જુદો છે. અસંત-કામક્રોધ, મદ લોભયુક્ત થઈને નવરંગવાળા આડંબર કરનારા છે. પ્રગટ ભગવાનને ન જાણે પ્રગટ પુરુષોત્તમ પ્રભુને આશ્રયમાં ન આવે. સર્વના શરણાગત પ્રતિપાળ એવા કાળના કાળ નિષ્કામી સુખરૂપ સદાય સંતજનોના શરણદાતા પોતાના ભક્તજનોનાં સુખકામ કરનારા આ પૃથ્વી ઉપર વિચરણ કરે છે. ભક્તજનોને સાથે લઈને જ સતને સુખદેવવાળા ગુણના સાગર છે અને ગરીબોના નવાજ છે. આશ્રયદાતા ઉદ્ધારક છે. શ્રીહરિના મુખેથી બધી જ જ્ઞાનની વાતો સાંભળીને સૌ સંતો બહુ જ રાજી થયા અને શ્રીહરિને અકળ અજિત અનંત અજર પ્રગટ સ્વરૂપે જ માનતા હતા. સર્વોપરિ સર્વાધાર માનતા હતા. આવી રીતે પ્રભુ અમદાવાદમાં લીલાઓ કરતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ એક વખત અમદાવાદમાં જ મોટી સભાની વચમાં સંતોની સાથે વિરાજમાન હતા ત્યારે કવિજનો કવિતાઓ કહેતા હતા. અનેક વિચારોવાળા કવિઓ સૌ જુદીજુદી રીતનાં વર્ણન કરીને વખાણ કરતા હતા. ચંદ્રમા, ભ્રમર, પોપટ, કંજ જેવી શોભાવાળા વિશાળ ભાલ વાંકી ભ્રૂહવાળા મનોહર નયનોવાળા, અધર ઓષ્ટ તથા વક્ષસ્થળની શોભા સુંદર હતી. શર ચંદ્રસમાન ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. પિન પાક્કટ પીળો મુગટ શિર પર શોભતો હતો. રાત્રિના સમયે ખીલેલા શરદ ચંદ્રસમાન શોભાતા એવી ચંદ્ર હરણની શોભા વર્ણવતા હતા. આવી અલૌકિક શોભા વર્ણન કરીને સમાનતા વખાણતા હતા. તે કવિઓના મુખેથી ષડ્ વિધાન કવિત્વોનાં વક્તવ્ય સાંભળીને શ્રીહરિ મહાપ્રભુ રાજી થયા. સૌ સંતજનો અને ભક્તજનો પ્રેમથી બહુ જ પ્રશંસા કરતા હતા. પછી પાછા કવિજનો પ્રેમથી તે સભામાં જ બેસીને સુખસાગર મહાપ્રભુને અધરબંધ નામના છંદો વર્ણન કરીને કહેતા હતા. અધર હોઠની નીચે રહેલા દાંતો તે છંદનો ઉચ્ચાર કરતાં ક્યારેય ન અડે. અને પાંચ શુન્યયુક્ત સો માત્રા થાય ત્યારે તે અધર પ્રબંધ છંદ કહેવાય છે. હે નારાયણ પુરુષોત્તમ પ્રભુ ! આપ મનુષ્ય સ્વરૂપ ધરીને કૃષ્ણ સ્વરૂપે પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારીને લોકોના જીવનની કસરો મટાડી ભક્તજનોના પાપોને બાળીને લોકોને નિષ્પાપ કરો છો. ભક્તિમાતાના પુત્રરૂપે થઈને તે ભક્તિ પૃથ્વી ઉપર જીર્ણ થઈ હતી. તે જીર્ણતા ટાળીને ભક્તિને વિસ્તારીને યુવાન કરી દીધી. આપે પોતાના સર્વોપરિ સ્વરૂપનો

નિશ્ચય કરાવીને નરનારીજનોને દૃઢ આશ્રિત કર્યા. આપને પ્રિય ભૂમિખંડમાં નિવાસ કરીને નિત્ય નિત્ય પ્રત્યે પ્રભુ શ્રીહરિ આ સમયમાં અનંત જીવોનો ઉદ્ધાર કરવા હે સહજાનંદ સ્વામી આપે પધારીને સુખી કર્યાં તે ધન્ય ધન્ય છે. હે નારાયણ હરિપ્રભુ આપ નરનાટ્યરૂપ મનુષ્ય અવતાર ધરીને પૃથ્વી ઉપર દૃઢ ધર્મને સ્થાપો છો. તેથી દુઃખનું ઘર એવું મનુષ્ય શરીર તેના બધાં જ પાપો ઉપદેશ કરીને કાઢી નાંખો છો. આપના સંતજનો લોકોને ઉપદેશ કરીને રાજી કરે છે. એમને આપની સાથે જ રાખો છો. એ રીતે પ્રભુ આ સમયે આપે બહુ જ કૃપા કરી છે. આપને ભક્તજનો પોતાના ઘરે લઈ જય છે. આપના મુખકમળથી નીકળતા અમૃતરસનું પાન કરે છે. એવા સુખદાતા હે સહજાનંદ હરિ ! આપ તો ધન્ય ધન્ય જ છો. આવી રીતે ગાયેલા અધરબંધ છંદને સાંભળીને શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ બહુ રાજી થયા. પછી કવિજનો નાગબંધ છંદ તે સભામાં જ સંભળાવતા હતા.

સવારના સમયમાં મહાપ્રભુ અવતારોની કરેલી લીલાઓના વખાણ કરતા હતા. તેમાં નરનાથ શ્રીકૃષ્ણ પ્રભુએ જ્યારે કાળિય નાગને નાથ્યો એ કથાને કવિઓ છંદ કરીને કહેતા હતા. નવીન સ્વરૂપ શ્યામ મેઘ જેવું ધારેલું તે સ્વરૂપ ઉપર સુંદર પીળાં વસ્ત્રો ધારેલાં. તેથી શ્યામ શરીર ઉપર વીજળી ચમકે તેવાં મનમાં દૃઢભાવ કરીને નિશ્ચય કરીને આકુળતાથી ત્રણ સખાઓ ઉપડેલી શોભતી હતી. ક્રોધ કરીને કાલિય નાગને પકડ્યો ત્યારે હરિને મારવા માટે સામે દોડ્યો હરિએ એને માર્યો. તે ખળ ત્રિવિધિતાપથી બહુ જ દાઝયો. છળ કરીને હરિને હેરાન કર્યા તો હરિએ એને છેતરીને પકડ્યો. મદને હરી લેવા રોષ કરીને એના માથા ઉપર નટવરપ્રભુ એના મસ્તક ઉપર થૈ થૈ નાચતા હતા. અને મર્દન કરતા હતા. સુંદરવર હરિનાં ચરણકમળની રજને લક્ષ્મીજી ચાહે છે. તેજ કોમળ ચરણકમળમાં કાળિય નાગ નમન કરવા નમ્યો અને મહત મહિમાને બહુ જ માનતો હતો. આવી રીતે કવિઓએ પોતાની કાવ્યકૃતિને કરીને મહાપ્રભુની આગળ સુંદર રીતે સંભળાવી. હે રાજન ! આવી રીતે **અમદાવાદમાં** આનંદ આપતા કમળવન સમાન સંતોજનો સુવાસ ફેલાવતા હતા. ઘનશ્યામ પ્રભુદેવ પુરી સ્વર્ગસમાન અમદાવાદધામમાં સુખ કરતા હતા. સૌને બહુ જ રાજી કરતા હતા. રોજેરોજ નવીન નવીન આનંદની ધૂન અમદાવાદમાં બહુ જ થતી હતી. તેને કવિજનો કેવી રીતે પુરી વર્ણવી શકે. કેમકે શેષનારાયણ જેને ગાતાં પાર નથી પામતા તો સામાન્ય કવિ ક્યાંથી પાર પામે.

સુખકંદ મહાપ્રભુ **અમદાવાદમાં** નિવાસ કરીને મનોહર લીલાઓ કરતા હતા. હરિફાઈ કરાવતા હતા. ભક્તજનોના મનફંદને હરતા હતા. બહુ જ આનંદમોજ કરાવતા હતા. ઘનશ્યામ પ્રભુ અમદાવાદ શહેરમાં રહીને આશ્રિતજનોને નિત્ય નવીન મેઘસમાન અમૃતસુખ દેતા હતા. સર્વનું મંગળ કરતા હતા. આમ બત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદમાં લીલાઓ કરી તેનું વર્ણન કર્યું એ નામે બત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૩૨॥**

# તરંગ-33

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! કરોડો કામદવને શરમાવે તેવી મનોહર કાંતિવાળા ભક્તજનોની ભવની ભ્રાંતિને હરી લેનારા ભ્રમ ભાંગનારા ચંદ્ર સમાન શોભાવાળા ચરણના આશ્રયથી ભવબંધન તોડનારા મનોહર શોભાવાળા કમળ સમાન સુંદર મુખવાળા. શ્રી સહજાનંદ સ્વામી **અમદાવાદમાં** વિરાજતા હતા. નારાયણ નરમૂર્તિ નરનારીજનોના કામાદિ દોષોને હરનારી સુંદર લીલાને કરતા હતા. શ્રીહરિ કમલનયન પ્રભુ અમદાવાદથી કૃપાળુ મહરાજ કયા ગામે પધાર્યા. આ લીલાને કહેવા કૃપા કરો.

હે રાજન ! તમે મહારાજનાં સુંદર ચરિત્રો કહું છું તેને ધ્યાન દઈને સાંભળો. શ્રીહરિ પ્રગટ મહાપ્રભુની વાત કહું છું તે પ્રભુ **અમદાવાદથી** પધાર્યા તે કહું છું. **લાલદાસ ગોરા જુગલદાસ લલિતદાસ દામોદરદાસ** આ બધા પુણ્યવાળા હરિભક્તો તથા પ્રસિદ્ધ **ભક્ત વ્રજલાલ** કહેવાતા હતા તે તથા **હીરાભક્ત ચોકસી બેચરદાસ તથા લક્ષ્મીચંદ હરગોવન ત્રીકમ પ્રભુમાં** દૃઢ મનવાળા નિર્માનિ ભક્ત **મોહનલાલ** નામ તથા **રણછોડ ભક્ત ગોકળદાસ દોલાભાઈ ચોકસી** બે ભાઈઓ. **માનકાલાલ, રઘનાથ, નારાયણ, કેવળદાસ આ બધા પ્રભુપરાયણ** હતા. **રણછોડ અંબાબાઈ, લક્ષ્મીબાઈ, ઉજાગરબાઈ** આદિક બાઈઓ ભક્તો. **કકરાણિ રળિયાત રસીલી** ભક્તિભાવવાળાં **લસીલી** આદિ તથા **હિંમતરામ નામના** નાગર હરિભક્ત આ રીતે સૌ બાઈ ભાઈ **ઉજાગરબાઈ** આદિ ભક્તજનો. ઈત્યાદિક સૌ નરનારી હરિભક્તોને સૌને શ્રીહરિનાથે અમી દૃષ્ટિ કરીને બહુ જ સુખ દીધાં. પ્રભુનાં નિરખીને દર્શન કર્યાં. સાજ સજીને તૈયાર કરીને પછી પ્રભુને બોલાવ્યા. મહાપ્રભુ ભક્તોને આનંદ વધારતા થકા શહેર બહાર જતા હતા. સ્વારની સાથે ઘનશ્યામ પ્રભુ દર્શન દેતા થકા નગરની વચમાં વાજતે ગાજતે પધારતા હતા. પુરને પાવન કરીને સવારી પુરમાં ફરીને અનંતમૂર્તિ મહાપ્રભુ શહેરના દરવાજાની બહાર પધાર્યા ને સૌ નરનારીજનો દર્શન કરીને તરત જ ત્યાંથી પાછાં વળ્યાં. સર્વ સુખભોગદાતા શ્રીહરિની મૂર્તિને ઉરમાં ધારીને ધ્યાન ધારતાં થકાં સૌ પોતપોતાના ઘરે ગયાં. ઘનશ્યામ પ્રભુ સંતજનોની સાથે સુખસ્વરૂપ સ્વતંત્ર રીતે ચાલીને ગામ **અસલાલીએ** આનંદમૂર્તિ પધાર્યા. ધામના ધામી પુરણકામ પ્રભુ ભક્તજનોના મનને હરિને એમના મનોરથો પૂર્ણ કરતા હતા.

**અસલાલીના** ભક્તોને દર્શન દઈને પ્રભુ ચંચલમૂર્તિ કમલનયન ચાલીને સર્વજનને આનંદદાતા મહારાજ **જેતલપુર ધામે** પધાર્યા. મહારાજ મંદિરમાં પધાર્યા. ભક્તજનોના સુખનાં કામો કરતા હતા. હે રાજન ! કમલનયન મહાપ્રભુ રાતનાં રોકાણ જેતલપુરમાં કરીને પછી પ્રભુ સર્વ સંતભક્ત સમાજની સાથે **વડતાલપુર ધામે** પધાર્યા. ત્યાં રામનવમીના ઉત્સવ ઉપર સૌ નરનારીજનોને ઘનશયામ પ્રભુએ વિચાર કરીને તેડાવ્યાં. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **વડતાલધામમાં** સમૈયો કરવા માટે પધાર્યા. ત્યાં નરનારી તરુણિ સૌને ભક્તોને તેડાવ્યા. ત્યારે તે સૌ નરનારીજનો મહાપ્રભુ સહજાનંદ સ્વામીનાં દર્શન કરવાના ભાવથી આવ્યાં. ભાવપ્રેમથી ભેટ ધરતાં હતાં. દર્શન કરીને મનમાં બહુ જ આનંદ પામતાં હતાં. મહાપ્રભુ વડતાલધામમાં સમૈયો કરવા પાંચ દિવસ રહ્યા. પ્રેમથી હરિભક્તો હરિની પાસેથી સામૈયો કરીને ભક્તજનો દર્શનની આશા પુરી કરીને ભાવપ્રેમથી પોતપોતાના ઘેર જતા હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુ ભક્તજનોને સુખ દઈને પોતે શ્રીહરિ ભગવાન **ગઢપુર** ધામે પધાર્યા. પ્રેમીભક્તજનો પ્રભુની પ્રેમથી સેવા કરતાં હતાં. હરિભક્તો શ્રીહરિ મહાપ્રભુની સેવા કરવા સતત પ્રેમથી હાજરાહજુરમાં રહેતા હતા. નવિનનાથ મહારાજ ભક્તજનોને નિત્ય પ્રત્યે નવીનવી રીતે સુખો

આપતા હતા. આવી રીતે સુખના ધામ ઘનશ્યામ હરિ પોતાના સંતોની સાથે અતિ અલૌકિક ખેલો ખેલીને ખંતથી ધર્મનંદન પ્રભુ વિખ્યાત વાતો કરીને સુખ કરતા હતા. જન્માષ્ટમીના ઉત્સવ ઉપર ભક્તજનોના આનંદ દેવા સંતોને મહારાજે પોતાની પાસે તેડાવી લીધા હતા. સંતો ને હરિભક્ત અનંતની સંખ્યામાં આવતા હતા. મહાપ્રભુનાં ગુણભાવનાં મહાસુખને પ્રાપ્ત કરતાં હતાં. જન્માષ્ટમીના દિવસે શ્રીહરિનાથે ઉપવાસ કર્યો હતો ને સૌ સંતોને હરિભક્તોએ પણ પ્રેમથી ઉપવાસો કર્યા હતો. જન્માષ્ટમીનો ઉત્સવ બહુ જ મોટો ધામધૂમવાળો કર્યો હતો. મનવાંછિતજનોનાં કામો કરીને પૂર્ણકામ પ્રભુ સુખ દેતા હતા. ભક્તજનો પ્રીતથી પ્રભુને પારણે ઝુલાવતા હતા. મહાપ્રભુ આનંદ દેતા થકા બહુ જ ઝુલતા હતા. જનસમુદાય આવીને દર્શન કરતાં હતા. જનઈશ પ્રભુ દર્શન દઈને આનંદ દેતા હતા. ભક્તજનો આનંદને અતિશય પામતાં હતાં. હે રાજન ! અડધી રાત સુધી જન્માષ્ટમીનો ઉત્સવ મુનિઓના સ્વામીએ કર્યો અને ઘનશ્યામ પ્રભુએ બહુ જ અદ્‌ભુત ઉત્સવ કર્યો અને જ્યારે સવારનો ભોર સમય થયો ત્યારે સૌએ પારણાં કર્યાં. તેમાં પરબ્રહ્મ પ્રભુ સુખપૂર્વક પાક જમ્યા. શાક આરોગ્યાં.

આવી રીતે અલખનાથે જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો. તે જન્માષ્ટમીનો ઉત્સવ જનસમુદાય સાથે મળીને સુંદર ઉજવ્યો. પછી સૌ જનો પોતપોતાના ઘેર ગયાં. નરનારીજનો નવીન કમલનયન પ્રભુના સ્વરૂપને ઉરમાં સ્મરણ કરીને ગયાં. ઉરમાં નવા નિયમો ધારીને ગયાં. હે રાજન ! આવી રીતના મહોત્સવો રાજદરબારમાં ઉત્તમરાજા (દાદાખાચર)ના દરબારમાં સુંદર રીતે ઉજવાતા હતા. આમ કરતાં દશેરાનો દિવસ આવેલો. જાણીને દયાળુ મહાપ્રભુ સિમળાના વૃક્ષનું પૂજન કરતા હતા. (સમિપૂજન) કૃપાળુ કરતા હતા. પછી શ્રીહરિ ઉમંગ કરીને ઘોડા દોડાવવાનો હરખ લાવીને હરિભક્તોની સાથે પાદરમાં ઘોડાં દોડાવ્યાં. લોકોની સાથે મળીને લીલા કરી કરુણાના કરનારા સુખના સાગરે આનંદ કરાવ્યો. રોજેરોજ દયાળુ પ્રભુ સભાઓ કરતા હતા. ભક્તજનોને તે સભામાં જ્ઞાનઉપદેશનું સુખ દેતા હતા. કથા કરાવતા હતા ને પ્રભુજ્ઞાનની વાતો કરતા હતા. સૌ જનસમુહમાં સાંભળતાં હતાં. આનંદ પામતાં હતાં. એટલામાં જ દીવાળી આવી ને અન્નકુટનો ઉત્સવ સુંદર આવ્યો. તેમાં પાકો ને શાકોને લોકોએ બહુ જ પ્રકારે કર્યાં ને ઘનશ્યામ પ્રભુને જમાડતા હતા ને ઘનશ્યામ પ્રભુ પોતાના આશ્રિતજનોને સુંદર રીતે જમાડતા હતા. પ્રેમીજનો બહુ જ પ્રીત કરીને જમાડતાં હતાં. મહાપ્રભુ બધાં જ પકવાનો જોઈને જમતા હતા. આમ જમીને ભક્તજનોને બહુ જ વિશેષ રીતે સુખ આપતા હતા. સૌ સંતો હરિભક્તોને જમાડતા હતા. તેનાથી પ્રેમીજનો બહુ જ મનમાં આનંદ પામતાં હતાં. મહાપ્રભુએ દેવદીવાળી આવેલી જોઈને સુંદર સમૈયો કર્યો. કમલનયન કરુણાના સાગર મહાપ્રભુ હંસગતિએ ગમન કરતા હતા. સર્વ ભક્તજનોનાં મનમાં આવેલી ઈચ્છાને પૂર્ણ કરનારા પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ પરમાત્મા પ્રેમીજનોને જોઈને પ્રીતથી સુખ દેતા હતા. આનંદ કરાવતા હતા. મનોરથો પૂર્ણ કરતા હતા. એટલામાં જ ખબર આવી બધા જ ધર્મકુળને જાણતા હતા. જે પહેલાં આવી ગયા હતા તે જ અત્યારે નજીકમાં આવ્યા છે. ધર્મનંદનની પાસે અતિ ઉમંગ ઉત્સાહથી આવતા હતા. **આમ સાંભળીને તરત જ સર્વજન સમુહની સાથે ઘનશ્યામ પ્રભુ સામા ગયા ત્યારે પ્રભુ પોતાના પરિવારને ભેટ્યા ને ઘનશ્યામ પ્રભુએ સુખ આવકાર આપ્યો. સુવાસનિ ભાભી મહાપ્રભુના ચરણકમળમાં પ્રેમથી પગે લાગ્યા રામપ્રતાપજીના પત્ની સુવાસનિ હરખ પામતાં હતાં. નાનાભાઈ ઈચ્છારામજીના પરિવારમાં મોટા પુત્ર ગોપાળજી હતા. બીજા રઘુવીરજી તે દૃઢ નિષ્ઠાવાળા ધીરજવાળા હતા. સારા ગુણવાળા શીત સારા સ્વભાવના લાગતા હતા. તથા બદ્રીનાથ તે બળવાન હતા. સાત્ત્વિક દિલવાળા**

**સંતોની સેવાભાવનાવાળા હતા. આવી રીતે પોતાની પત્નીસહિત બધો પરિવાર હરિ પાસે આવ્યો હતો. નાનાભાઈનો પરિવારને બધાંનાં નામસાથે કહી સંભળાવ્યાં.**

**હે રાજન ! મોટાભાઈ બલરામ રામપ્રતાપજીના પરિવારનાં પવિત્ર નામ છે તે નંદરામ નજીક છે તે પુત્ર કહું છું. બીજા ઠાકુર રામ કહેવાય છે તે બધા પત્ની સાથે જ આવેલા હતા. હરિને બાહુથી બાથ ભરીને ભેટ્યા ત્યારે નાથે અભય હાથો માથા ઉપર રાખેલા. સૌને સાથે લઈને ઘનશ્યામ પ્રભુની સાથે પ્રીતથી પુરમાં પધાર્યા ત્યારે જગતમાં ચારેબાજુ જયજયકાર થયો. સો દેવો મનુષ્ય બહુ જ આનંદથી જયજયકારનો નાદ કરતા હતા. શ્રીહરિ તેઓને કહેતા હતા કે મારા ભાઈ તથા કુમારો તમે સાંભળો. હું જેમ કહું તેમ તમે સૌ કરજો તો તમારું સૌનું સારું હિત થશે એમ જાણો. ત્યારે સો પરિવારનાં જનો હાથ જોડીને કહેતાં હતાં. હે ગરીબોનિવાજ નાથ તમે જેમ કહેશો તેમ જ અમે સૌ કરીશું. તમે જેમ રાખશો તેમજ અમે સૌ રહીશું. હે નાથ ! આપના વચનને ક્યારેય નહીં ઉલંઘીએ. અમે કોઈ મનના વશમાં વરતનારા નથી એ વાતને અમે સાવ સાચી જ કહીએ છીએ. આવી રીતે કુટુંબના જનોનાં વચન સાંભળીને કમલનયન પ્રભુ બહુ જ રાજી થયા. મહાપ્રભુ પોતે પોતાની ગાદી આપવા માટે નક્કી કર્યું. એવા શરનાગત મહારાજ દયાળુ છે.** આ વાત તો પ્રસિદ્ધ જ છે. તે આગળ ઉપર કહીશું. બહુ જ વિધી પ્રમાણે વિસ્તાર કરીને કહીશું. તે સજ્જનને સુખદેનારી વાતો કલ્યાણ કરનારી છે. બધા પરિવારને જુદાજુદા મકાનમાં ઉતારા આપ્યા. સૌને વસ્ત્ર આભુષણો જુદાં જુદાં વિધિ પ્રમાણે પ્રિતમ પ્રાણ પ્રભુએ સૌના પ્રતિપાળે દીધાં.

માંછલાં જેમ સમુદ્રમાં સુખી રહે છે તેવી રીતે પ્રભુનું બધું જ કુટુંબ સુખી રહેતું હતું. મનના તનના બધા જ તાપ વિયોગ રોગ બધુ જ ઘનશ્યામ પ્રભુના દર્શન કરીને શાંત થઈ ગયાં. મોરને જેમ મેઘનો પ્રથમ મિલાપ થાય તથા ચકોરને ચંદ્રનો મેળાપ થાય ને રહે છે તથા ચાતકપક્ષીને સ્વાતિ નક્ષત્રનું જળ મળે અને શાંતિ થાય તેમ ઘનશ્યામ પ્રભુના કુટુંબને ઘનશ્યામ પ્રભુનો મેળાપ થાય તે બધું જ મળી ગયું. બધા ધર્મકુળ પરિવારને વિરહનાં બધાં જ દુઃખો દૂર થયાં. ઉરમાં અતિશય સુખ થયું. પ્રિયજ દેવવાણી કહેલી તે બધી સત્ય થઈ ભય હરનારી ભવિષ્યવાણી સાચી થઈ ગઈ. બધી જ વાતો અત્યારે સાચી જ થઈ ગઈ. આકાશવાણી દ્વારા જે ગુણવાન મહાપ્રભુએ કહેવાયેલું સાચું થયું ને બધાં જ સંબંધીજનો મહાપ્રભુની પ્રગટ પ્રભુની પાસે જ રહેતાં હતાં.

જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. અન્નકુટ ઉત્સવ કર્યો તથા પોતાનું ધર્મકુળ આવ્યું તેને મળ્યા. સત્કાર્યું. પ્રભુએ સામા જઈને બહુ જ સુખ દીધું. તે સૌ પરિવારજનો પ્રભુ પાસેથી બધું જ સુખ પામ્યાં. હરિની પાસે જ નિવાસ કરીને રહેતાં હતાં. આવી રીતે તેત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિહ રાજાના સંવાદમાં શ્રીહરિને પોતાનું ધર્મકુળ પરિવાર મળ્યો તેનું વર્ણન કર્યું એ નામે તેત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૩॥**

# તરંગ-૩૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રી મહાપ્રભુ ધર્મપુત્રની ઉપમા તો એમના ગુણ પ્રમાણે જ યોગ્ય થાય. એકને એક ચંદ્રને ઉપમા સમાનતાવાળી થાય છે. બીજો અતિશયોક્તિ અલંકારની ઉપમા કહેવાય. આકાશમાં ચંદ્ર ઉદય થાય છે. તમે અવધપ્રસાદજી પૃથ્વી ઉપર ચંદ્ર છો. ચંદ્રની કળાપ્રકાશ અંધકારને દૂર કરે. તમે અવધપ્રસાદજી તો જ્ઞાનઉપદેશ કરીને આજ્ઞાન અંધકારને હરે છે. ચાંદની વનસ્પતિનો વિકાસ કરે છે તો અવધપ્રસાદજી તો ધર્મનો વિસ્તાર કરીને ધર્મનું પોષણ કરે છે. ચંદ્ર વનસ્પતિને અમૃત પાય છે. અવધપ્રસાદજીના મુખેથી જ્ઞાન અમૃત વચનો પોષે છે. આકાશમાં ઉડગણ મધ્યે ચંદ્ર શોભે છે. અવધપ્રસાદજી સંતજનની સાથે શોભે છે. ગુણવાન ચંદ્રમાં તો અગ્નિના પ્રતાપે શોભે છે. અવધપ્રસાદજી જ્ઞાનયુક્ત અંગોથી શોભે છે. તે ચંદ્રમા કલંક યુક્ત રહેલો છે. અવધપ્રસાદજી તો કોઈ જાતના કલંક વગરના જ છે. એટલા માટે ઉપમા આપવી તે યોગ્ય જ નથી. ચંદ્રને તો આકાશમાર્ગમાં રાહુ પકડે છે. અવધપ્રસાદજી તો મહાભયંકર શત્રુદળનો પણ ગર્વ તોડી નાંખે છે. ચંદ્રમાં તો કાળુ ચંદ્ર લાંછનરૂપ છે. અવધપ્રસાદજીમાં કોઈ જ લાંછન છે જ નહિ. ચંદ્ર સમુદ્રનો પુત્ર છે. નિરંતર વધઘટ થયા જ કરે છે ત્યારે અવધપ્રસાદજી તમે તો સંતસમાજને પોષણ કરો છો ત્યારે વૈષ્ણવાનંદ કહે છે. આપની ચંદ્રની સાથે ઉપમા આપે છે તેને તો મંદકવિ જ કહેવામાં આવે છે તેઓ મંદમતિના જ છે. આવી રીતને ઉપમાઓ યુક્તના આપ યોગ્ય જ આર્ય છો. માટે આપ મને હવે પ્રગટપ્રભુનાં લીલાચરિત્રો કહો તે સાંભળવાથી મને બહુ જ સુખરૂપ થાય છે. શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરથી બીજે કયા સ્થળે પધાર્યા. સુખકંદ ઘનશ્યામ પ્રભુની બધી જ વાર્તાઓ વિસ્તાર કરીને કહો.

હે રાજન ! પ્રગટ જગના હંસ એવા મહાપ્રભુ સત્ય અસત્યનો વિભાગ કરીને કહેનારા શ્રીહરિના ગુણચરિત્રોને મુક્તો ગળે છે. વિષયના છળકપટનો ત્યાગ કરીને શ્રેષ્ઠ તીર્થ માનસરોવર સમાન શ્રીહરિના સ્વરૂપમાં નિત્ય ઉંડા ઉતરેલા જ રહે છે. પ્રગટ પ્રભુના રૂપસમાન જ તે માનસરોવરના જળની ભક્તિને સ્વતંત્ર રીતે જાણતા હતા. તેઓ ધર્મજ્ઞાન વૈરાગ્ય દૃઢ કરીને ચારેનો વિવેકપૂર્વક વિચાર કરીને આપના સ્વરૂપમાં ઉંડા ઉતરે છે. તેમાં આપ વાસ કરીને રહો છો એવા આપ ધર્મવંશના ભયને હરનારા છો. હે રાજન ! ચિત્તને ચોરનારા કમલનયન હરિ **ગઢપુરધામે** ગયા પછી **સુદરિયાણા** પધાર્યા. શેઠ **વનાશા પુંજાશાહના પરિવારજનો** સર્વના પ્રિય પ્રભુ પોતાના ગામમાં આવેલા જાણીને સૌ નરનારીજનો અનેક પ્રકારનાં વાજીંત્રોને બહુ જ પ્રેમથી વગાડતાં થકાં પોતાના મનમાં અતિશય આનંદ પામતાં ઉમંગથી આવ્યાં. ચંદ્રસમાન મનોહર મુખકમળ પ્રભુને સુંદર સ્વચ્છ ઘરમાં ઉતારા આપ્યો સર્વના હૃદયમાં રહેનારા રાજરાજ શ્રીહરિ સુંદર પરવાળાં જેવી સ્વચ્છ પ્રકાશક્રાંતિ છે એવા પ્રભુ રહેતા હતા. સુંદર સ્વચ્છ મુખકમળવાળા સુકોમળ ચરણકમળવાળા દયાના સાગર કમલનયન મનોહરમૂર્તિ શ્રીહરિ સહજાનંદ પ્રભુએ સમૈયો કર્યો. સર્વ શુભ ગુણવાળા સંતો વસંતપંચમીના ઉત્સવ ઉપર વસંતનાં પદો ગાતા હતા. શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ વસંતી વસ્ત્રોને ધારણ કર્યાં હતાં દર્શન કરતાં હતાં. તેથી પ્રભુની બહુ જ સુંદર છબી શોભતી હતી. બહુ જ પ્રિય લાગતા હતા. એટલે નરનારીજનો ધારીધારીને પોતાનાં કામો કરતાં હતાં. રંગરેલ મહાપ્રભુ રંગો તૈયાર કરીને રમણરાજ પ્રભુ રંગની રમત રમતા હતા. રસિકવર પ્રિતથી પ્રિતમ પ્યારા સાજ સાથે લાવ્યા હતા. ભક્તજનોને સ્થિર ઉભેલા જોઈને તેઓની ઉપર થાળી ભરીભરીને નાંખતાં હતાં. પ્રભુએ ભક્તજનો ઉપર રંગ નાંખીનાંખીને સૌને રંગચોળ કરી દીધા. ઝોળી

ભરીભરીને ગુલાલની ઝોળી હરિ નાંખતા હતાં ત્યારે હોરિ હોરિ કરીને ઉંચેથી બોલતા હતા. રંગ સૌની ઉપર ઢોળીઢોળીને રંગરેલ કીધો. તેથી જાણે કે વરસાદ ન આવ્યો હોય ? તેવું લાગતું હતું. આવી રીતે પુરમાં બહુ જ રંગ રમીને કીચડ મચાવી દીધો હતો ત્યારે મુનિજનો જયજય બોલતા હતા. આકાશમાં રહેલા દેવો રમતમાં મગ્ન થઈને બહુ જ ડોલતા હતા.

આવી રીતે છેલછબીલાએ બહુ જ ખેલ કરીને આનંદ કરી દીધો. જનો આનંદ વધારવા માટે જયજય બોલતાં હતાં. પછી મહાપ્રભુ સુખધામ શુદ્ધ જળમાં સ્નાન કરીને શોભતા હતા. ભક્તજનોના મનને મોહ પમાડીને ભવદુઃખને મટાડતા હતા. પ્રભુ જગમાં ખેલ કરીને જનસમુહની સાથે સ્નાન કરીને જયકારી મહાપ્રભુ ગામમાં પધાર્યા. મનભાવતો થાળ જમ્યા. જીવનપ્રાણ પ્રભુ જમીને સંતજનોને જમાડતા હતા. આવી રીતે મહાપ્રભુ ભક્તજનોને દર્શન દઈને સુખ કરતા હતા. વનાશા પુંજાશા આદિક પવિત્ર બુદ્ધિના પ્રેમીભક્તજનો હતા. સુખકંદ મહાપ્રભુને પોતાના ઘરમાં રાખીને પોતાનું મહાકામ કરી લીધું. પછી પ્રભુને ચંદન અરચીને પ્રેમથી પૂજન કરતા હતા. હારો પહેરાવતા હતા. ઉપર તોરા ધારણ કરાવતા હતા. નરનારીજનો શ્રીહરિ આગળ બહુ ભેટ ધરતાં હતાં. ભક્તજનોનાં દુઃખોને કાપીને બહુ જ સુખ આપીને સહજાનંદ સ્વામી પછી **ગઢપુરધામે** પધાર્યા. રસિકવર ઘનશ્યામ પ્રભુ સુખના ધામી ગઢપુરધામમાં વિરાજતા હતા. ભક્તજનોના કામના મદને હરનારા અભયદાન દેનારા મહાપ્રભુ નરનારીજનોને નવીન જાતની લીલા કરીને સુખ દેતા હતા. મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ધારીધારીને દર્શન કરીને બહુનામી મહાપ્રભુનાં વારંવાર વખાણ કરતાં હતાં. પ્રેમીજનો પ્રેમ કરીને મહાપ્રભુની મનોહર છબિને પ્યારથી નિતનિત દર્શન કરીને રહેતાં હતાં. પ્રભુ ગઢપુરમાં રહીને દર્શન દેતા હતા. મદનના શત્રુ પ્રભુને મદનમોહનનાં નામથી કહેતા હતાં.

હે રાજન ! શ્રીહરિ ગુણવંત પ્રભુ ગઢપુરમાં રહીને નિત્ય પ્રત્યે નવિન નવિન લીલાઓને કરતા થકા રસિકવર પ્રભુ ભયને હરનારા સુખ દેતા હતા. મહાપ્રભુ નિત્ય પ્રત્યે નવિન વાતો પ્રીતથી કરતા હતા. પ્રગટ પ્રભુ લોકોનાં ભવફંદને હરતા હતા. આવી રીતે સંતોની સભા વચ્ચે રહીને ભક્તજનોને આનંદ કરતા હતા. મહાપ્રભુના એક જ દિવસના ચરિત્રોને શેષજી પુરી રીતે નથી કહી શકતા તો અનેક દિવસનાં કરેલાં ચરિત્રોને પાર કરવા કોઈ સમર્થ ન થઈ જ શકે. ચરિત્રો તો અશેષ જ રહે છે. એક દિવસ સૌ સંતોને ગુણવંત મહાપ્રભુ રાતના સમયમાં રસિકપ્રભુ રાસ રમાડતા હતા. તેમાં ગરબીનાં પદો ગવરાવતાં હતાં. આનંદયુક્ત અનેક પ્રકારે સુખ કરતા હતા. ગાતાં ગાતાં આખી રાત વીતી ગઈ ને રાસમાં સુખદાયકનાથે બહુ જ સુખ દીધા. ત્યારે પ્રાતઃકાળે વિહાન વેળા થઈ જાણીને મહાપ્રભુ સંતોને સાથે ભેટીને સુખ દેતા હતા. આવી રીતે ભક્તજનોને સ્વામિનારાયણ પ્રભુ સુખ દેતા હતા એવા આનંદનાં ધામ પ્રભુ અકામિ નામના નામી જગદીશ ભક્તજનોની મનોવાંછિત ઈચ્છા પુરી કરતા હતા એવા જગદીશ પ્રભુ બ્રહ્મપુરધામના વાસી પરમેશ્વર પોતે જ છે. ઘનશ્યામ પ્રભુ સુખકારી સતત સભામાં જ્ઞાનની વાતો કહેતા હતા. દેહ ધરીને દેહ આદિકમાં બહુ જ અરસપરસ પ્રીતિ રહે છે. એ જ રીતે બ્રહ્માદિક દેવોમાંય રહે છે પણ મહાપ્રભુએ સાચા દઢજ્ઞાનની વાતો કરીને અજ્ઞાનને તોડતા હતા. આવી રીતે ઉપદેશ કરીને ભક્તજનોને સુખદાતા પ્રભુ સુખ દેતા હતા. જીવાત્મા પોતાને શુદ્ધરૂપ સમજીને પોતાને બ્રહ્મરૂપમાની વર્તતો રહે અને તે બ્રહ્મને વિશે નિશ્ચયવાળો થઈને રહે તો તે બ્રહ્મ થઈને તે હરિની ભક્તિ કરે. આ રીતે સૌ પોતાના ઉરમાં દઢતા કરે તે બ્રહ્મશક્તિને પ્રાપ્ત કરે છે. અમને પરબ્રહ્મ

પુરુષોત્તમ જાણે અને અમારાથી બીજો કોઈ સમર્થ છે જ નહિ એ રીતે દઢતાથી સમજો. આવી રીતે મહાપ્રભુની વાતોને સૌ નરનારીઓએ સાંભળીને મહાપ્રભુને આદિઅનાદિના અવતારી સમજતાં હતાં.

આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુ ગઢપુરધામમાં રહીને અનેક લીલાઓ કરીને ધર્મનંદન મહાપ્રભુ સર્વના સુખધામ ચરિત્રો કરીને ભક્તજનોના મનને હરતા હતા. એવામાં ફૂલડોળનો ઉત્સવ નજીકમાં જ આવ્યો એમ જાણીને જીવનપ્રાણ પ્રભુ **મોટાભાઈ બલરામ રામપ્રતાપને** સુખ દેતા થકા ભક્તજનોની દષ્ટિને અતિ સુખ કરતા હતા. ફૂલડોળનો ઉચ્છવ કરવા માટે દેશોદેશના ભક્તજનોને તથા સૌ સંતજનોને સાથે લઈને પ્રભુ અમદાવાદે પધાર્યા. શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરથી નીકળીને સંતજનોની સાથે સ્વઈચ્છાથી ચાલીને **રોજકા** નામના ગામે પધાર્યા. શ્રીહરિનાથ પધાર્યાના. ભક્તજનોને સમાચાર મળ્યા એટલે સૌ સામા પ્રભુ પાસે આવ્યા. ઘનશ્યામ પ્રભુને ગામમાં લાવ્યા. શ્રી ઘનશ્યામ પ્રભુએ જોઈને સુંદર મકાનમાં મુકામ કર્યો. ત્યાંના ભક્તો ત્યારે જ સુખી થાય કે જયારે સૌ જમે તો જ આનંદ થાય. ત્યારે મહારાજ મુનિજનોની સાથે ભક્તોના પાપ બાળીને મુક્ત કરવા જમ્યા. પછી કમલમુખ વિશાળ દિલવાળા આનંદિત નેત્રોવાળા જ્યારે મોડી રાત થઈ ત્યારે લોકોના ભયને હરનાર મહારાજ સુખકારી ગરબીનાં કીર્તનો ગવરાવતા હતા. તે ગરબીનાં પદો બે મુનિજનો ગાતા હતા. તેઓનાં નામો એક **બદ્રીનાથ સંત** અને **જ્ઞાનસ્વરૂપ સ્વામી** ગરબીનાં કીર્તન ખૂબ સમજપૂર્વક ગાતા હતા. તેને સાંભળીને સુખદાયી પ્રભુ નજીક ખસતા આવતા હતા. સુખદાતા આવતા હતા. મુરલિધર મોરલીની ધૂન સાંભળીને ડોલે તેમ ઘનશ્યામ પ્રભુ ડોલતા હતા. તે જ પ્રમાણે જાણે મહારાજને ગાંનતાંન ઉપર વધારે રૂચિ એટલે જુદી જુદી રૂચિ પ્રમાણે સુંદર મહોત્સવ જોઈને ગામનો સમાજ ચકિત થઈ ગયો. પછી મહારાજે ગવૈયાઓને પાસે બોલાવ્યા. તેમાં **ગોવિંદાનંદ સ્વામી તથા પ્રજ્ઞાનંદ સ્વામી** આ બંને પ્રીત કરીને જુદાંજુદાં પદોને સુંદર રીતે ગાતા હતા. હે રાજન ! તેને સંતો સહિત ભગવાન સાંભળતા હતા. તેથી ભક્તજનોને સુંદર રીતે દર્શનદાન દેતા હતા. આમ જ ગાતાં ગાતાં જ પ્રાતઃકાળ થઈ ગયો ત્યારે પ્રાણનાથ મહાપ્રભુ ત્યાંથી પ્રયાંણ કરતા હતા. ઘનશ્યામ પ્રભુ ગાંફગામ થઈને પછી સરસમાણિ ગામે સંતમંડળની સાથે ભક્તજનોના મનના કામને હરવાનું કામ કરવા પધાર્યા. મહાપ્રભુ ભક્તજનના મકાનમાં ભાવપ્રેમથી નિવાસ કર્યો ત્યારે અરધિ રાત્રિ સુધી ભજનકીર્તનનાં ગાન થતાં રહ્યા. સંતો સૌ રાસ રમતા હતા. હે રાજન ! ગાતાં ગાતાં રાત વીતી ગઈ એમ જાણીને રાજીવલોચન કમળનયન મહારાજ ચતુરવર ચપળનયન મહારાજ ચાલતા થયા. ભક્તજનોના ભવફંદને હરતા હતા.

હે રાજન ! કમળનયન મહારાજ **કૌકા** ગામે પધાર્યા. ભક્તજનોના મનના આનંદનો વધારો કર્યો. ભક્તજન પ્રભુ પધાર્યાના સમાચાર જાણીને સામા આવ્યા. સર્વના સુખદાતાને પુરમાં લાવીની પ્રીતમ પ્રાણને પધરાવ્યા. પોતાના ભક્તનો પ્રેમ જાણીને મહાપ્રભુ થાળ જમ્યા ને પછી સૌ સંતજનોને મહારાજ જમાડતા હતા. અવિનાશી પ્રભુ પોતાના ભક્તજનના જન્મમરણના ત્રાસને ટાળતા હતા. સૌના આનંદને વધારતા પ્રભુ પ્રેમથી ચાલતા હતા. મહારાજ અનંતમૂર્તિ **આંબારેલી** ગામે પધાર્યા. સંતો પ્રભુના ગુણને ગાતા જતા હતા ને જગના ત્રાસને મટાડતા જતા હતા. પ્રભુએ બપોર પછી ત્યાંથી નીકળવાનું કર્યું. સૌ ભક્તજનો તથા સંતજનોની સાથે મહારાજ આગળ ચાલતા હતા. શ્રીહરિ મહાપ્રભુ પુરવાસીજનોને બહુ જ સુખ દઈને પ્રીતથી આનંદધામ મહાપ્રભુ અનેક જનોના મદને હરનારા તે **આંબારેલી** ગામથી ચાલતા થયા. ધર્મનંદન સુખચંદ્ર પ્રભુ લોકોનાં ભવબંધનને તોડતા થકા આનંદકંદ હરિ ચાલતા હતા. હે રાજન ! મહારાજ મોટું વિશાળ વિરાટ નગરી

**ધોળકામાં** પધાર્યા. તે પુર બહુ જ વિશાળ હતું. ત્યાંના જનોના અજ્ઞાન અંધકારનો નાશ કરવા મહાપ્રભુ તત્કાળ ત્યાં પધાર્યા. સૌ સંતોની સાથે પ્રભુ મનને આનંદ દેનારા મંદિરની સમીપમાં જ પધાર્યા. તે મંદિરની બધી જ જગ્યા ઘનશ્યામ પ્રભુએ જોઈ લીધી. સુંદર કૂવાવાળી જગ્યા જોઈને મનહર પ્રભુ મનમાં રાજી થયા. બાજુમાં સુંદર ધર્મશાળા આવેલી હતી તે મહારાજે જોઈ તે સારા રંગોથી રંગીને ચિત્રવિચિત્ર બનાવી શોભાયમાન કરી હતી. હે રાજન ! તેને જોઈને શ્રીહરિ મનમાં બહુ જ રાજી થયા. ઉરમાં આનંદ જ માતો નહતો. એવું સ્વરૂપ જોયું. સારી ભૂમિ જોઈને જગતના સ્વામી મનમાં રાજી થયા. આવી રીતે ધર્મપુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુએ શુભ જગ્યા તો જોઈ પણ આમાં કાંઈક સુખકંદ પ્રભુને શંકા જેવું લાગ્યું. તેથી ત્યાં મુકામ ન કર્યો એવા કમલનયન સુખદાતા સહજાનંદ સ્વામી ત્યાંથી ગયા. ગામની બહાર શિવાલયનું મંદિર હતું. તે પુરાતન હતું ને બહુ જ સુંદર હતું. નાગેશ્વર મહાદેવનું મંદિર સુંદર હતું. ત્યાં પધાર્યા. તે મંદિરની ભુમિને જોઈ તો તે બહુ જ સ્વચ્છ હતી. સારી જોઈને ત્યાં મુકામ કર્યો.

**ગઢપુરથી** શ્રી ઘનશ્યામ પ્રભુ સુંદરિયાણે આવીને વસંત ઉત્સવ કર્યો. સુખધામ પ્રભુએ ભક્તજનોને સુખ દીધાં. પછી મહાપ્રભુ વિરાટપુર (ધોળકા) પધાર્યા. તે ધાળકાપુરની બધી જ શોભા જોઈને મહાદેવના મંદિરમાં રહ્યા. આમ ચોત્રીસમું અભિધાન રૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુરથી વિચરતા ધાળકા પધાર્યા એનું વર્ણન કરીને કહ્યું એ નામે ચોત્રીસમો તરંગ થયો.** ॥૩૪॥

# તરંગ-૩૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! જેમનું સ્મરણ કરનારને બહુ જ સુખ થાય છે એવા મુનિના નાયક મુનિના મનને હરનારા અલૌકિક છે. તે પ્રભુ પ્રસિદ્ધપુર વિરાટ (ધોળકા)ની સુંદરતાનો ઓપ જોઈને સ્થિર મનવાળા ભક્તજનના મનના ઉચાટને હરનારા તે પ્રભુ કઈ બાજુ પધાર્યા તે લીલા પ્રભુની કહો.

અવધપ્રસાદ કહે છે, હે આનંદસિંહ રાજન ! જે ચરણકમળને નેત્રકમળમાં સતત સંતો સૌ સેવ્યા કરે છે ને તેનાથી કળિકાલિન દુષ્કર્મો અને કુસંગને દૂર કરે છે એમને કોઈ દુષ્ટ સંસ્પર્શ જ નથી કરી શકતો એવું આશ્રયનું બળ છે. તે જ મહાપ્રભુના મુખકમળનાં દર્શન કરીને તેનાથી જાણે કામદેવના મદ અભિમાનને ન તોડતા હોય ? તેમ શોભે છે. આવી મનોહરતાનાં દર્શન સંતો હરિભક્તોને નિત્ય પ્રત્યે પ્રભુ કરાવતા જ હોય છે. તે ઘનશ્યામ સુખસાગર પ્રભુનું નામ ઉત્તમ રીતે દેવોમુનિજનો મનુષ્યો રાતદિવસ રટતાં જ રહે છે. એજ પ્રભુ વિરાટપુરી (ધોળકા)માં વિચરતા થકા સૌ જનોને સુખ દેતા હતા. મહાપ્રભુ તે પુરને પાવન કરીને સૌના મનને સુંદર રીતે ભાવતા હતા. જનોના ઉરની વિપત્તિને હરિને બહુ જ સુખ દેતા હતા. આમ ઘનશ્યામ પ્રભુ તે મહાદેવજીના મંદિરે પધાર્યા. તે મહાદેવને લોકો નાગેશ્વરના નામથી કહેતા હતા. દયાના સાગર પ્રભુ પોતાના ભક્તજનોને સાથે લઈને શિવાલયની સુંદરતા વિવિધતાને જોતા હતા તે જોઈને પ્રભુ મનમાં બહુ જ રાજી થયા. શિવજીના સ્થાનથી ઈશાન કોણમાં કૂવો હતો અને તેની સમીપમાં જ પીપળાનું સુંદર મોટું વૃક્ષ હતું. તેની નીચે સુંદર વેદિકા શોભતી હતી તેની ઉપર પ્રાણનાથ મહાપ્રભુને સુંદર રીતે બેસાડ્યા. પછી સૌ

જનો મહાપ્રભુની ચારેકોર યોગ્ય રીતે બેઠા અને મહાપ્રભુને નિરખીને દર્શન કરતા હતા. તે જાણે ચકોર પક્ષી ચંદ્રને જુવે તેમ જોતા હતા. બધી જ સભા સુખરૂપે બેઠી હતી. સુખકારી મહાપ્રભુનાં દર્શન કરવા શહેરમાં રહેનારાં ભક્તજનો આવ્યા. તે સૌ ભક્તજનોને સુખદાતા મહાપ્રભુ જ્ઞાનની વાતો કરીને સુખ દેતા હતા. પ્રભુ પરમસુખરૂપે ઉપદેશ દેતા હતા. તે વાતોને શુભમતિ નરનારીજનો સૌ સાંભળતાં હતાં. તેનાથી તેઓ સૌ મનમાં દઢતા ધારીને પ્રભુના આશ્રિત સત્સંગી થયાં. સર્વજનોને મહાપ્રભુ બહુવાર સુધી જોઈ રહ્યા પછી સૌની ઉપર પ્રભુ જળ છાંટતા હતા. પ્રભુએ સૌની ઉપર અમિદૃષ્ટિ કરી દીધી. જેને જેને પ્રભુના હાથનાં જળબિંદુ અડ્યાં તેમનું કલ્યાણ થવાનું આવી રીતે કમળનયન મહાપ્રભુ કહેતા હતા. કપટને હરનારા સુખ કરનારા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ આવી રીતે સૌને સુખ દેતા હતા. તે વિરાટપુર ધોળકાના નામથી પ્રસિદ્ધ છે. ત્યાંના જનોને પોતાના આશ્રિત ભક્તો કર્યા. અજિતપ્રભુ વિનતાપુર (ધોળકા)માં આ રીતે સુખ દીધાં.

મહાપ્રભુ સંતોસહિત સાથે થાળ જમ્યા તે ભક્તજનો જાણતાં હતાં. આવી રીતે ભક્તજનોને વાસુદેવ મહાપ્રભુ સુખ દેતા હતા. પછી જળપાન કરીને પ્રીતમ જીવન પ્રાણ સૌ જનોને જોતાં થકાં જ પ્રગટ ભગવાન કૂવામાં પ્રસાદીનું જળ નાંખતાં હતાં. પવિત્ર કરતા હતા.આવી રીતે મહાપ્રભુએ તે કૂવાને પ્રસાદીનું જળ નાંખીને ગંગાસમાન પવિત્ર કરી દીધો. આ રીતે વિરાટપુર ધોળકામાં સહજાનંદ સ્વામી સહજાનંદ લીલા કરતા હતા. આવી રીતે લીલા કરીને સુખના સાગર જ્યારે સવારમાં વહેલી પ્રભાતે ચાલતા થયા. વચમાં **સાબરમતી** નદીમાં સ્નાન કર્યા અને પછી **કમોડ ગામે** ભગવાન પધાર્યા. મોટા વડની નીચે મુકામ કર્યો. એની નીચે વિરાજમાન થયા. સૌ સંતો હરિભક્તો સહિત સૌ વડની નીચે જ બેઠા. ત્યાં ગામમાં થાળ કરાવીને ઘનશ્યામ પ્રભુ થાળ જમ્યા. આવા પ્રણતપાલ જનના પૂર્ણકામ સુખદાતા સુખ કરતા હતા. જ્યારે મધ્યાહ્ન સમય વીતી ગયો છે એમ ત્યારે સંતની સાથે મહાપ્રભુ ચાલ્યા. શુભ સાબરગંગા ધુમરી ખાઈને વહેતી હતી તે સુગંગાને જોઈને ઉત્તંગમૂર્તિ બહુ જ રાજી થઈ ગયા. ત્યાં આગળ સુખના દાતા સ્નાન કરતા હતા. સંતો પદાતિઓએ સ્નાન કર્યાં. પુરુષોત્તમ પ્રભુએ ઘાટને પાવન કરી દીધો. ઉત્તમ ભક્તજનોને ઉત્તમ સુખ દીધું. શ્રીહરિ સર્વના સ્વામી બધી સ્વારની સાથે **અમદાવાદ** પધાર્યા ત્યારે ગુણસાગર મહારાજ ગામની થોડે દૂર રોકાયા. એમની સાથે સંતો હરિભક્તો તથા પદાતિ બધાં રોકાયાં હતા. શહેરવાસીજનો સમાચાર જાણીને સામાં આવ્યાં ત્યારે તે જનો પરમ આનંદસુખને પામ્યાં. સૌ સુંદર રીતે સજ્જ થઈને બાળકો પુરુષો બહેનો વૃદ્ધો સૌ આવ્યાં હતાં. તે મહાભાગ્યવાળાં હતાં. શરીર ઉપર સોળે શણગાર સજીને આવેલાં હતાં. સુહાગી થઈને આવ્યાં હતાં. આગેવાનો થઈને અતિશય આનંદવાળાં થઈને આવ્યાં હતાં. સાથે અનેક પ્રકારનાં વાજાં વગાડીને આવ્યાં. એમાં હિંમતરામ નામના હરિભક્ત તથા **ભવાનીશંકર** નામના ભક્તો આવ્યા હતા. તથા **મહાદેવ વ્યાસ** આવ્યા હતા. **ગંગાશંકર** નામના કહેવાતા **સોમનાથ** તથા **કુબેરભાઈ** શોભતા હતા. **ગૌરીશંકર** આદિક ઘણા ભક્તો આવ્યા હતા. બીજા **નરભેરામ** નામના હરિભક્ત **ગીરધરલાલ ભક્ત** તથા **હરિનારાયણ** તથા ગણપતરામ ભક્ત પ્રભુના દૃઢ નિયમવાળા હતા. **નથુ ભટ્ટ બેચભાઈઓ** ભગવાનના સેવક **સ્વામિનારાયણ** નામનું સતત રટણ કરતા હતા. **કુબેરસિંહ છડીદાર** કહેવાતા હતા. તે પ્રભુના પરમ એકાંતિક ભક્ત હતા. **દામોદર** હરિભક્ત પવિત્ર દિલના હતા તથા **લાલદાસ** બે ભક્તો બહુ જ જાગ્રત ભક્તિવાળા હતા. **વ્રજલાલભાઈ** વિશ્વાસુ હરિભક્ત તથા **ત્રિકમભાઈ હરગોવનભાઈ** ભક્તો. **બેચર ભક્ત કેશવલાલ** વખાણવા જેવા **લક્ષ્મીચંદ** નામના બે ભક્તો તથા બહેનો **જમુના અને સૂરજ** નામના **જતનબાઈ ફૂલવચકોરબાઈ** આદિક બાઈઓ સૌ આવેલાં.

હે રાજન ! તથા **અંબાબા લક્ષ્મીબાઈ રતનબાઈ અનુપબાઈ કકરાણિ રળિયાતબાઈ હરકુબેરબાઈ** તે જગતના સુખને ત્યાગીને કેવળ મહાપ્રભુના અનુરાગવાળાં હતાં. બીજા હરિભક્તોમાં **હિરાભક્ત કેવળદાસ કુબેર ભક્ત નારાયણ રઘનાથ** તે સૌ ભક્તો અંતશત્રુ કામાદિકને જીતીને વિષયને ઝેર સમાન ગણીને પ્રભુને ભજતા હતા. સોનીમાં પ્રેમીભક્ત **પ્રભુદાસ હરજીવનદાસ** તે ભક્તો પત્નીની સાથે આનંદઉલ્લાસથી ભક્તિ કરતા હતા. હે રાજન ! પ્રસિદ્ધ ભક્ત **વજેરામ આત્મારામ** તે પણ એવા જ દઢભક્ત હતા. એ આદિક હરિભક્તો શ્રીહરિની સામે આવ્યાં હતાં. તે પુરવાસીજનો સૌ પોતાના ઉરમાં બહુ જ આનંદ ઉચ્છવ રંગ આવેલો હતો. સૌ નરયુવતીઓ શ્રદ્ધાવાળાં કોઈ જાતના દોષ વગરના નિર્મળ મનાહરી ભક્તો સામા આવ્યા હતા. સંતો હંમેશાં સત્સંગને પ્રાણસમાન સમજીને સેવતા રહે છે. પ્રગટ ભગવાનને કાયમ ભજ્યા કરે છે. ક્યારેય અંતરમાં અવગુણ નથી લેતા. માયિક ભાવનો સદાય માટે અભાવ જ રાખે છે ને ભક્તિ કરવામાં દઢતા રાખે છે. ભાવનામાં દઢતા રાખીને સૌ દઢ ભાવથી ભક્તિભાવવાળા વર્તે છે. એવા તે ભક્તો જાતજાતનાં બહુ જ વાજાં વગાડતાં થકાં વાહનોને સારી રીતે સજીસજીને પ્રભુની સામે હાથમાં ભેટ લઈને ભાવથી ગયાં. સૌ નરનારી ભક્તજનો ભાવથી ભેટો લઈને ઘનશ્યામ પ્રભુની પાસે જતાં હતાં. સુંદર રીતે કીર્તનનાં પદો સુંદર સ્વરે ગાતાં હતાં. પ્રભુ પાસે જઈને દર્શન કર્યાં. ભેટ ધરીને દંડવત્ પ્રણામ કર્યાં. નિરખીને દર્શન કર્યાં તે સૌ ભક્તો શુદ્ધ દિલના એમને ભયહારી ભગવાન ભેટ્યા.

સૌને સ્વામિનારાયણ પ્રભુ સ્વત ખુશી સમાચાર પૂછતા હતા. સુંદર રીતે ભક્તો હરખીને પૂજા કરી પછી પ્રવિણ પ્રભુએ સ્વારી કરીને ચાલવા માટે તૈયારી કરી. સ્વારીમાં ચાલીને પુરની વચમાં આવતાં બહુ જ શોભા આકર્ષણ કરવામાં આવેલ શોભતું હતું. સ્વારીની શોભા બહુ જ હતી. જાતજાતનાં વાજાં વાગતાં હતાં. ગુણીજનો પ્રેમથી ગુણકીર્તનો ગાતાં થકાં દર્શન કરતાં હતાં તેવામાં ઘનશ્યામ પ્રભુએ નગરના સુંદર પ્રવેશ દરવાજાને જોઈને તે જાણે અતિ શોભાયુક્ત બતાવતું હતું કે કહેતું હતું કે મોટા સારા રાજા રાજ્ય કરે છે. ઘનશ્યામ પ્રભુ આવ્યા છે એમ જાણીને અનેક લોકો સામાં આવતાં હતાં ને હાથમાં સુંદર ખીલેલાં ફૂલોનાં હારો લઈને હાથથી હરિને અર્પણ કરતા હતા. તે ભક્તજનો દર્શન કરતા હતા. નગરની નારીઓ મકાનની બારી અટારી ઉપરથી હરિને નિરખીને છબીને ઉરમાં ધારીને ધ્યાનમાં લેતી હતી. તે નારીઓ પોતાને પ્યારા પ્રભુનાં દર્શન કરીને પ્રેમથી જોઈને ગુણને ગાય ને ગામમાં બીજાને કહેતી હતી. પ્રભુની છબીને ધ્યાનમાં ધારીધારીને બીજું બધું ભાન ભૂલીને નાડિપ્રાણ પ્રભુ તાણતા હતા. પ્રભુને નિરખીને હરખ પામતી થકી ઘનશ્યામ પ્રભુની શોભા જોઈને બધી નારીઓ ભેગી થઈને મુખેથી કહેતી હતી. અલી આ આવ્યા છે તે તો આદિપુરુષ આવ્યા છે. એમની છબી કેટલી સુંદર છે. આમનાથી તો કાળાદિક કંપતા રહે છે. આમની ઇચ્છાથી ધાત્રિય માતા થકી દેહને ધારે એવા સર્વના નિયંતા છે. તે આજે અહીં આપણાં કામ કરવા સાજ સજીને આવ્યા છે. મુક્તિદાતા આનંદદાતા છે. આમને ધ્યાનમાં ધારો તો સદા સુખ મળે. આવી રીતે પ્રભુના બહુ જ મહિમા જાણીને પ્રભુને પોતાના જીવમાં ધારતી હતી. શ્રીહરિને નિરખીને હૈયામાં હર્ષ પામીને દર્શન કરતી હતી. આમ શ્રીહરિ રાજી થઈને સુખ દેતા હતા. અમદાવાદમાં અસવારી સાથે અજિતપ્રભુ મોહનમૂર્તિ ફરતા હતા ને આનંદ દેતા હતા.

જ્યારે જગતના જીવનપ્રાણ પોતાના સૌ સંતો અને પદાતિઓની સાથે પુનિતપ્રભુ અવતારી મહાપ્રભુપુરમાં પધાર્યા ત્યારે થાટ હાટમાં કામ કરતા પૂરના લોકો પ્રભુને જોઈને ચકિત થઈ ગયાં. નરનારીજનો હાટમાં સુંદર રીતે દર્શન કરતાં હતાં. સૌ સુંદર ફૂલના હારો પહેરાવતાં હતાં. હે રાજન ! વધાવતાં હતાં. સુંદર રાગથી ગાતા

હતાં. દર્શન કરીને નારીનર સૌ ધન્યભાગ્ય થયાં. અટારીયોની ઉંચાઈની શોભાને મેઘ આવીને અડતા હતા. એટલી ઉંચી હતી. આની છબી બહુ જ શોભતી હતી. મહારાજ રાજમાર્ગ ઉપર વિરાજતા હતા. માર્ગ ઉપર હાથી ઘોડાંઓ આવતાં જતાં હતાં. અને શહેરનાં હજારો નરનારીજનો મુખેથી સ્વામિનારાયણ નામને રટતાં હતાં. હે રાજન ! નગરનાં સૌ જનો દેવની સમાન જ રહેતાં હતાં. તેમનાં સ્વરૂપો સમાન જ લાગતાં હતાં. ભયભંજન પ્રભુ માણેકચોકમાં થઈને સર્વ નરનારીજનોને શોકમુક્ત કરીને સુખ કરતા હતા. સૌ અસવારો ચારે દિશાઓમાં સુંદર રીતે દીવાઓ યંત્રોમાં બળતા હતા. સાંજની આરતી થઈ ત્યારે અપાર પ્રકાશ શોભતો હતો. બધી જ દેવ સવારી સાથે પ્રભુ આનંદ સાથે પોતાના મંદિરમાં પધાર્યા. સુદર વેદી જોઈને તેની ઉપર વિરાજમાન થયા. સૌને પ્રભુ દર્શનદાન દેતા હતા.

હે રાજન ! જયારે ઘનશ્યામ પ્રભુ સુંદર રીતે પધાર્યા ત્યારે સૌ જયજયકાર બોલતા હતા. પછી મહારાજ દેવનાં દર્શન કરતા હતા. નરની સાથે નારાયણને જોઈને રાજી થયા. શ્રી નરનારાયણદેવનાં દયાળુ પ્રભુ દર્શન કરીને વિભુ મહારાજ વેદી ઉપર આવીને વિરાજમાન થયા. કળિકાળના ગર્વને હરિ લેતા હતા. મનને નિર્મળ કરતા હતા. સૌ નગરનાં ભક્તો સૌ મહારાજનાં દર્શન કરવા માટે પ્રેમીભક્તો પ્રભુની સુંદર રીતે ગાતાં ગાતાં આવતાં હતાં. દર્શન કરીને સુખ પામતાં હતાં. મહાપ્રભુ શયન કરતા હતા. જયારે સવારમાં વહેલો ભોર વેળા થઈ ત્યારે લોકોના ભયને હરનારા મહારાજ જાગ્યા. શૌચવિધિ કરીને સ્નાનાદિક કરીને સુખ કરનારા મહારાજ થાળ જમ્યા. સૌ સંતો ભક્તજનોને મહાપ્રભુએ જમાડીને તૃપ્ત કર્યા. મહારાજ સૌ સંતોની સાથે સ્નાન કરતા હતા. જ્યાં પાત શાહની વાડી હતી. ત્યાં નદીમાં પ્રાણપતિ સૌની સાથે સ્નાન કરતા હતા. સ્નાન કરીને પછી પ્રાણપતિ ત્યાંથી પ્રયાણ કર્યું. મહેલથી આથમણી દિશાએ સુંદર આંબલીનું વૃક્ષ હતું. ત્યાં નિરધાર કરીને પ્રભુએ સુંદર સભા કરી. સભામાં ધર્મકુમાર મહાપ્રભુ વિરાજમાન થઈને શોભતા હતા. સંતને અતિ

જળક્રીડા ન કરવી જોઈએ અમારા વચનને માનવું. મહાપ્રભુએ સભામાં અહીં સંતનાં લક્ષણની સુંદર વાતો કરીને સૌ સવારોની શ્રીહરિ સ્નેહસહિત ત્યાંથી ચાલીને. મહારાજ મંદિરમાં પધાર્યા. મહારાજ નરનારાયણદેવની સામે સર્વસમાજ સંતોની સાથે બેઠા. મહારાજ વેદિકા ઉપર (ઓટલા) ગાદિતકિયા નાંખેલા હતાં. તેની ઉપર વિરાજમાન થયા. સૌ સંતો મુક્તો સાથે અગણિત ભક્તજનો સામે બેઠાં. ભક્તજનો સૌ ચંપા ચમેલી ગુલાબના હારો ગુચ્છો તોરાઓ કરીને લાવ્યા હતા ને ભક્તજનો ભાવપ્રેમથી ધર્મકુમાર મહાપ્રભુને ધારણ કરાવતાં હતાં. દેશદેશમાં સૌ ભક્તજનો નરનારી નિરધાર કરીને હારતોરા ધરાવીને નિરધાર કરીને મૂર્તિને ધ્યાનમાં ધારતાં હતાં. આવી રીતે અમદાવાદમાં મોટો આનંદઉત્સવ થતો હતો. સુખકંદ પ્રભુ સુખ દેતા હતા. જ્યારે રાત ઘણી વીતી ગઈ એટલે સહજાનંદ હરિ શયન કરવા પધાર્યા.

ધોળકાપુરથી પ્રીતિપૂર્વક પ્રીતમપ્રાંણપતિ મહાપ્રભુ અમદાવાદમાં પધાર્યા. એવી રીતે આ પાંત્રીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુના બિંદુરૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મહારાજનું શ્રીપુર અમદાવાદમાં આગમન થયું એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ પાંત્રીસમું તરંગ થયું. ॥૩૫॥**

# તરંગ-૩૬

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મનોહર કમલમુખ મહાપ્રભુ ભક્તજનોની આશાઓને પુરી કરનારા. શરણમાં આવેલા ભક્તજનના સુખ કરનારા અવિનાશી પ્રભુ ચરઅચર સર્વત્ર વ્યાપીને રહેલા છે. તે જ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણ પ્રભુ ચરણકમળના પ્રતાપથી સર્વજનના તાપને હરે છે. એવા કૃષ્ણહરિ કૃપા કરીને સર્વનાં કષ્ટને હરતા હતા. શ્રીહરિ સુખધામ પ્રભુ ઘનશ્યામ નામથી ભક્તોના કામદોષો હરતા હતા. સ્ત્રીના રૂપમાં મોહેલા નરજનો વામમાર્ગીઓ ઠેકાણે ઠકોણે ભવમાં ભટકતા જ રહે છે. જન્મમરણમાં ભમે છે. મહાપ્રભુએ અમદાવાદપુરમાં કેવાં ચરિત્રો કર્યાં તે બધા કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! રાજઋષિ તમને ધન્ય છે. ઘનશ્યામ પ્રભુનાં પ્રગટનાં લીલા ચરિત્રોનું પ્રીતથી પૂછો છો. જે મહારાજ સુખધામે આ અમદાવાદપુરમાં ફૂલડોળનો મહોત્સવ કર્યો તે તમને કહું છું. હે રાજન ! ઘનશ્યામ પ્રભુના ચરિત્ર યશ બધાં જ કમથી તમને કહું છું તે તમે સાંભળો. પ્રીત પરોવીને ઘનશ્યામ પ્રભુ સખાઓ અને સંતજનો સાથે રંગલીલા કરી તે તમે સાંભળો. ફૂલડોળનો ખેલ શ્રી ઘનશ્યામ પ્રભુએ ચાલુ કર્યો. તે સખાઓની સાથે ખેલાડી પ્રભુએ ખેલ કરતા હતા ત્યારે ઉમંગથી રંગ કરાવ્યા. તેમાં કાઈક કેસરના ને કેસુડાના સુંદર પતંગિયા કલરો કર્યા. બહુ જ કર્યા તથા લાલ ગુલાલ મંગાવ્યો તથા અબીલનો તો બહુ જ ઢગ કરી દીધો. સૌનો આનંદ વધાર્યો. પ્રભુએ પછી વાસંતી વસ્ત્રોને ધારણ કર્યાં. ધર્મનંદન પ્રભુ ધારણ કરીને ધીરજ ધરીને શોભતા હતા. હે રાજન ! કમરને સુંદર રીતે વસ્ત્રથી કસીને બાંધીને પ્રભુ મુખેથી મંદ મંદ હાસ્ય કરતા શુદ્ધ દિલના દયાળુ પ્રભુ શિર ઉપર પાગ ધારેલી તે પાંપણ ઉપર સુંદર રીતે પેચને ખેંચેલા કૃપાળુ હરિ અંગો ઉપર અંગ રાખી ધારણ કરીને ખભે ખેસ ધારણ કરીને મોટી વેદિકા ઉપર ઉભા રહીને સૌ સંતોના મધ્યમાં મહાપ્રભુ ઉભા રહ્યા. દેશના ને વિદેશના સૌ ભક્તજનો સૌ તરત જ તૈયાર થયા. બહુજનો રંગના ખેલને ઉમંગથી આનંદને વધારતા ઘનશ્યામ પ્રભુની સાથે પ્રેમ વધારતા થકા મહારાજ હાથમાં સોનાની પિચકારી ધારણ કરીને રંગના ઉછાળા છોળો મારીને કરતા હતા. સૌની ઉપર પિચકારી મારતા હતા. સંતોના ખેશો ઉપરી રગ નાંખીને રંગ પતંગનો પ્રવાહ વહેવડાવતા હતા. ખૂબ જ રસબસ કરતા હતા. હે રાજન ! લાલ ગુલાલને ઉડાડતા હતા ને મુખેથી તાન ગાન કરીને બહુ જ સુંદર રીતે બહુ જ ખેલ કરીને ખળના કર્મને તોડતા હતા ને ભક્તજનોના મનને રાજી કરતા હતા. ભગવાન સુખ કરતા હતા. બહુ જ વાજાં વાગતાં હતાં. તેની શોભાની છબિનું વર્ણન તો રંગ સુરંગિત સુંદર જણાય તે જાણે ખીલેલાં વૃક્ષ ઉપર કેસુડાંનાં ફૂલો ફૂલેલાં તે અંગોઅંગ ખીલેલાં શોભતાં હોય તેમ શોભા થતી હતી. રંગનો ખેલ ખેલતા હતા તે જાણે છકેલ કોઈક જેમ કોઈક હાથી મદમસ્ત થઈને ફરે ખેલે તે તેમ પ્રભુ પણ સંતોને સખાઓની સાથે રંગ નાંખેલ ખેલતા હતા. ગરીબો નવાજ સુખ કરતા હતા. ભક્તજનો જગદીશ પ્રભુની ઉપર રંગ નાંખતાં હતાં. ઉમંગ વધારીને ઝકઝોળીને ઝારી ભરીને લાલગુલાલને બહુ જ હરિ ઉપર ભરીભરીને ઉડાડતા હતા. નાંખતા હતા.

મહારાજ એક ને અનેક સંતોની સાથે રંગખેલને રમતા હતા. ચારેબાજુ ભક્તજનોનાં બબ્બેનાં જુથમાં રહીને ભગવાન અસિછેલની સાથે ઉમંગમાં રંગને ઉડાડતા હતા. અંગોઅંગ રંગતા હતા. આખા જગતના નાયક પ્રભુ રંગપુરમાં ભરાયેલા હતા. તે સમયે ઢોલ ભેરી પૂગી બંસુરી આદિ વાજિંત્રો વાગતાં હતાં. તેનાથી થકી છકિત છેલ રંગની છળો છેક સુધી ઉડાડતા હતા. ગુલાલની લાલ ઝોળી ભરીને દોડીને સંતો ઉપર

નાંખતા હતા. ધિરવતંની ઉપર અબિરનાં બીડાં ભરીભરીને ધીર ધરીને ખૂબ જ નાંખતા હતા. ત્યારે આકાશમાં બુદ્ધિવાંન જાગ્રત એવા દેવો વિમાનોમાં બેસીને રંગલીલાને જોતા હતા. ભાવથી મહાપ્રભુનાં ગુણોનું ગાન ગાતા હતા. ઉચ્છવથી થતાં નવી ગાતા હતા. બ્રહ્મા વિષ્ણુ શિવજી વાયુ અગ્નિએ બેસીને દર્શન કરતા હતા. એક નજરે મહાપ્રભુને નિરખીને જોતા હતા. નયનોથી દર્શન કરતા હતા. મહારાજ સંતોની સાથે અનંતના સંગમાં બહુ જ ખેલ કરતા હતા ત્યારે બધાય દેવો વિમાનોમાંથી ખેલ ખેલવા ઉમંગથી આવતા હતા. મનુષ્યસ્વરૂપ ધારીને ધીરજથી મૂર્તિ ધારીને રંગ રમતા હતા. ઘનશ્યામ પ્રભુની અબિલ ગુલાલ લઈને રમતા હતા. સાથે સાથે હોરિ હોરિ બોલતા હતા ને ગુલાલની ઝોળિ ઝોળિ લઈને ઉડાડતા હતા. આવી રીતે ઘનશ્યામ પ્રભુની જુદી જુદી રીતના ખેલની શોભા બહુ જ થતી હતી. સુંદર રંગના ખેલની રંગરેલ છેલની કરેલી લીલા જ છે. આમ રમીને રંગનો કીચડ થયો. સુંદર ગગનમાં સૌ રહેતા હતા. પદાતિઓ સંતો શ્યામના સંગે ભક્તોની સંગે ભાવથી સુંદર ખેલ મચાવતા હતા. ખૂબ જ પ્રેમથી ઉરમાં આનંદ વધારતા હતા. બધાં જ દેવનો સમાજને રંગથી લાલચોળ કરી દીધા. મહાપ્રભુએ જાણીને બહુ અતિસુખ આપ્યું. તે સમયે ભૂમિ બધી અને આકાશમાં બધું જ લાલ લાલ થઈ ગયું હતું. દિશાઓ વિદિશાઓ બધું જ ભક્તોએ ખેલ કરીને લાલ લાલમય જ કરી દીધું હતું. એકબાજુ અનંતજનો સંતોએ એકબાજુ ઘનશ્યામ પ્રભુ એકલા જ હતા તોય અનંતસ્વરૂપ કરીને રંગના ખેલને સુંદર રીતે કરતા હતા. શામળા પ્રભુની થાટ શોભા જોઈને જનો સૌ ચકિત જ થઈ ગયાં હતાં. પાણીની અંદર જેમ હાથી મદોન્મત્ત બાવરો થઈ જાય ને ખેલ કરે તેમ મહારાજે રમીને રંગના ખેલમાં બધાંને હાર પમાડી દીધા. અજિતપ્રભુએ સુખ દીધાં. અનંત સંતોના સંગમાં રમીને અજિતપ્રભુએ જીત કરી લીધી. સુખકંદ મહાપ્રભુ શ્રીહરિ અલબેલ બહુ જ રંગનો ખેલ કરીને સુખના દાતા પ્રભુ વેદી ઉપરથી નીચે ઉતર્યા. મહાપ્રભુ જગવંધ્ય શોભતા હતા.

હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ મંડપમાં પધાર્યા. ભક્તજનોની પાસે પધાર્યા. ઉત્છવીયા ઉત્સવ કરતા હતા. તેઓ ઉત્સવ કરીને સૌના મનને ખેંચતાં હતાં. આનંદ કરાવતા હતા. તે ઉત્સવને સાંભળીને શ્રી ઘનશ્યામ પ્રભુ બહુ જ રાજી રાજી થયા ત્યારે મહારાજ તે ભક્તજનો ઉપર રંગ નાંખતાં હતાં. તેઓને રંગ રમાડતા હતા ને રાજી કરતા હતા. બહુ જ રંગનો વરસાદ કરી તેમાં લાલ ગુલાલ અને અબિર આદિ રંગોથી રંગની રેલ કરી દીધી. બહુ જ રંગે ધર્મનંદન મહાપ્રભુએ ભક્તોને રમાડ્યા. જેમ શ્રાવણ માસમાં વરસાદ બહુ જ સારો વરસે છે. બહુ જ વરસે છે તેમ શ્રી ઘનશ્યામ રભુ રંગ વરસાવતા હતા. જેમ વરસાદ મોટી ઝડીથી વરસેને રેલમછેલ કરે તે ધર્મનંદન પ્રભુએ રંગની ઝડી વરસાવીને રમાડીને ભક્તોના ત્રાસને હરિ લીધો. પછી મહાપ્રભુ પાછો વેદિકા ઉપર આવીને ઉભા રહ્યા. સારી રીતે ઉભા રહીને ઉમંગથી રંગ છાંટતા હતા. એક જ ધારથી રંગનો બહુ જ વરસાદ વરસાવતા હતા. સાથે સાથે સમજાવતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ પોતાના મુખેથી પ્રસિદ્ધ જ્ઞાનની વાતને અકામી મહાપ્રભુ પોતે રંગ લાવીને કહે, સંતો છે તે અમારા સુખના ધામી છે. ખેંચનારા છે એવા ગુણવાળા સંત એવા મહાનુભાવાનંદ સ્વામી અને ભૂમાનંદ સ્વામી ભયને હરનારા ને સુખ કરનારા અને અતિશય નિષ્કામી સંતો છે એમ કહીને તે બંને મુનિવર્યો ઉપર મહારાજ રાજી થઈને માટલું ભરીને રંગને ગુલાલની સાથે નાંખતા હતા ને હરિ સૌના મનને મહારાજ બહુ જ રાજી કરતા હતા. તે મુનિઓને લાલ લાલ ને લાલ કરી દીધા. કમલનયન મહાપ્રભુએ લીલા કરી બંને મુનિને રંગથી તરબોળ કર્યા એવા ભક્તજનોના

ભવ ભયને સંકટથી ઉગારનાર મહારાજ સૌની ઉપર રંગ નાંખતા હતા. ઉડાડતા હતા. સોનાની પિચકારી રંગ ભરીને સુંદર રીતે ઘનશ્યામ પ્રભુ રંગ છાંટતા હતા ને ધર્મનંદન પ્રભુ ધીરજ ધરીને આવી રીતે નિત્યસુખ દેતા હતા. તે કમલનયન મનોહર શ્રીહરિ પ્રભુ ફૂલડોલનો ઉત્સવ રમતા હતા. લોકોનાં ભવફંદને હરતા હતા. આ રીતે ભક્તિનંદન પ્રભુ ભાવે કરીને લીલા કરતા હતા. અલબેલા પ્રભુએ ખેલ કર્યો. તેમાં છેલછોગાળો ગંગ છાંટેલ લલનને કનનનન ઝાંઝર વાગે ને શનન શરણાઈ વગાડે ને ધુમ કટ દૂકટ વાગે ને બ્રહ્મદોષને ભણે તે સંભળાવતાં હતાં. પ્રભુ ખેલ કરતા તેમાં ખળનાં ખંડન કરવા ખલલલલ ખેલમાં ઢલલલ ઢોલની તરંગ વાગે. છરરરરરરર છેલવર રંગની શેડમારે પિચકારીથી લોકોનાં અંગ ઉપર રંગ છાંટે.

હે રાજન ! આવી રીતે બહુ જ સુંદર મોટો ખેલરાગ કરીને પ્રભુએ કર્યો. ભક્તજનોના ભવત્રાસને હરતા હતા. ભક્તજનોને બહુ જ મોટાં સુખ દીધાં. ખેલની સમાપ્તી કરી દીધી. પછી ઘનશ્યામ સુહાગી પ્રભુ સૌની સાથે સુખધામ પ્રભુ પ્રેમથી સ્નાન કરવા પધારતા હતા. સૌ ભક્તજનો સંતોની સાથે સૌના અંગોમાં ઉમંગ વધારીને અસવારીની સાથે મહાપ્રભુ સાબરમતી નદીએ ભક્તોના ભયને હરનારા મહારાજ પધારતા હતા. તે નદીનો તટનો ભાગ સુંદર હતો. તેના કાંઠે સુંદર વૃક્ષો વેલીઓ શોભતાં હતાં. સુંદર મહેલ શોભતો હતો. તે ચિત્રવિચિત્ર શોભતો હતો. નદીમાં પાણી બહુ જ વેગથી વહેતું હતું. જળમાં જીવજંતુઓ અનેક જાતનાં હતાં. જળકુકડાં જળહંસો જળના પક્ષીઓ મધુર બોલતાં હતાં. તે જાણે પ્રશંસા ન કરતાં હોય તેમ બોલતાં હતા. જળથી ભરપૂર સ્વચ્છ જળવાળી સાબરમતી નદીને મુનિઓના સ્વામીનું મન હરખાતું હતું. રસબસ બધાં જ વસ્ત્રો સાથે સુખદાતા સ્નાન કરતા હતા. સર્વજન સમુહની સાથે સંતમંડળને સાથે લઈને મહાપ્રભુએ કૃપાળુએ નદીમાં પ્રવેશ કર્યો એટલે તરત જ નદીના પાણી લાલ થઈ ગયાં ને સાબરમતીમાં જળ શોભતું હતું. સુખકંદ પ્રભુ સ્નાન કરતા હતા ત્યારે છંદો વેદો સાથે ગુણને ગાતા હતા. પ્રભુના જળના ખેલને જોઈને નજરોનજર જોનારા એવા આકાશમાર્ગે બ્રહ્મા વિષ્ણુ શિવજી તથા ઈંદ્રાદિ દેવો સૌ સાથે મળીને આવ્યા. ઘનશ્યામ પ્રભુનાં દર્શન કર્યાં. જોઈને સૌ ચકિત થઈ ગયા ને સ્થિર થઈને ઘનશ્યામ પ્રભુની જળલીલાને જોઈને જળમાં ગંગાનું જળ સ્થિર થઈ ગયું. ગંગાજી પોતે મૂર્તિરૂપે આવી ગયાં. નાથને જોઈને જળમાં સ્થિર થયાં. સામાં ઉભા રહીને ઉમંગથી પ્રભુને ધારી લીધા તેને દિનદયાળ પ્રભુ જોતા હતા. ગંગાજી ત્યારે ગદ્‌ગદ્ કંઠે હાથ જોડીને સ્તુતિ કરતાં હતાં. હાથ જોડેના ચરણ પૂજીને કમળનયન પ્રભુ કરુણાસાગર સુખદાતા શરણાગત વત્સલ પ્રભુ ભક્તજનના મનના દોષો બાળીને શુદ્ધ કરનારાને.

ગંગા કહે છે, હે બળવંત બલભ્રાતા પ્રભુ ઘણા સમયથી આપનો વિયોગ હતો. આપના ચરણનો વિયોગ હતો તે હે કૃપાનાથ સુખના પાથ સૌના માથે સુખ દેનારા મારી કેમ આપનાથી ચૂક પડી. શું ભૂલ થઈ એટલે મને આપના ચરણનો વિયોગ થયો. માટે દયા કરીને મને આમાં વાસ આપો. મારી આશાને પુરી કરો. ઘણા કાળની વિરહતાપને શાંત કરો. હે નાથ ! સર્વના પાપોના સમુહનો નાશ કરનારી એવી હું તે મને સનાથ કરો એ માગું છું. ગંગાએ આવી રીતે વચનો કહ્યાં તે સાંભળીને ગંગાના ઉમંગને વાર્યો ને પછી ગંગા પ્રભુનાં ચરણકમળનું પૂજન કરીને બહુ જ પ્રેમથી સ્તુતિ કરતાં હતાં. હે પ્રભુ આપ પોતે જ જગતના કારણ છો. સર્જક આપ જ છો. એવા જગતના કર્તા જગતના આધાર સૌના આપ એક જ પ્રેરનારા છો. આપનો જયજય થાય એવા હે ધર્મકુમાર પ્રભુ ! મારી ઉપર રાજી થાઓ. હે પ્રભુ ! આપને નમન કરું છું. આપ તો ઈશના ઈશ છો. સર્વના નિર્વાણ સર્જન કરનારા છો. હે વિભુ ! આપ સર્વત્ર વ્યાપક છો. બ્રહ્મરૂપ વેદરૂપે સર્વ સ્વરૂપે આપ

જ છો. અણિમા આદિક સૌ આપનું સેવન કર્યા કરે છે. એવા અનંત પૃથ્વી ઉપર દેહ ધરીને પધાર્યા છો. અજન્મા છો. અદ્વિતીય છો. અનાદિ છો. અનંત આપ જ છો. સૌ સંતજનો અને ભક્તો આપનો દર્શન કરીને આપના ગુણને ગાય છે. આપે પૃથ્વી ઉપર અલૌકિક રીત ચલાવી છે એવા હે ધર્મનંદન પ્રભુ ! આપ પૃથ્વી ઉપર દેહ ધારીને પધાર્યા. સંતજનો આપનાં ચરણકમળને સદાય સેવા કરે છે. બ્રહ્મા વિષ્ણુ શિવ ઈશ્વરો જ્ઞાનીઓ બુદ્ધિવાનો આપની મૂર્તને ઉરમાં ધરીને ધ્યાન કરે છે. હે ધર્મનંદન આપ પૃથ્વી ઉપર દેહ ધરીને પધાર્યા છો. પ્રચંડ સ્વરૂપી સર્વોત્તમ સ્વરૂપી પ્રગલ્ભ ઈશના ઈશ સર્વોપરી અશેષ એવા આપના ગુણને શેષ મહેશ ગાયા જ કરે છે તોય પારને તો નથી જ પામતા એવો આપનો મહિમા મહાન છે. એવા હે ધર્મનંદન ! આપ પૃથ્વી ઉપર અવતાર ધરીને પધાર્યા છો. સર્વ જગતના આધાર માત્ર આપ એક જ છો. અવતારો ધરીને કરોડો ભક્તોનાં કામો કર્યાં એને વ્યાસજી વાલ્મીકી મુનિ ને ચારે વેદો કહે છે. હે પ્રભુ ! આપે આ પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરીને ધર્મને સ્થાપન કરો છો. માનક્રોધ મદ કામ આદિ દોષોને મારી નાંખ્યા. નરનારીજનોને ભવસાગરથી ઉદ્ધારો છો. એવા હે ધર્મનંદન પ્રભુ આપ પૃથ્વી ઉપર દેહ ધારીને વિચરો છો. હે અનંતપ્રભુ આપે હવે મને શુદ્ધ કરી દીધી છે. ભવતારવા જીવો તો ઉદ્ધારવા આપે દેહને ધારેલો છે. આપનું ભજન કરે છે. તેઓને નિષ્પાપ કરો છો. તે આપને પ્રાણથી પ્યારા થાય છે એવા હે ધર્મનંદન પ્રભુ ! આ પૃથ્વી ઉપર દેહધારીને વિચરો છો.

હે પ્રભુ ! મને સદાય આપના ચરણમાં વાસદો ને જનોનું કામ કરવા દો. આપના ભક્તોના ભયના શત્રુ એવા હે ધર્મનંદન પ્રભુ આપ પૃથ્વી પર મનુષ્યદેહને ધારીને વિચરો છો. હે નાથ ! આપ તો સર્વની ઉપરથી પણ ઉપર પાર રહેનારા છો. આપ પૃથ્વી ઉપર પોતાની ઈચ્છાથી જ દેહધરીને પધાર્યા છો. વારંવાર આવીને ભક્તજનોનાં યુગોયુગમાં કામો કરીને મુક્ત કર્યા છે. એવા હે ધર્મનંદન પ્રભુ ! આપ પૃથ્વી ઉપર દેહ ધારીને વિચરો છો. જ્યારે ગંગાજીએ અતિ ઉમંગથી સ્તુતિ કરી ત્યારે મહારાજ રાજી થયા. કમલનયન પ્રભુ કહેતા હતા. ગંગા તમે મારાં વચનોને ઉમંગથી સાંભળો. તમારો મહિમા તો બહુ જ છે તે આજની વધારે ઉંચો મહિમા થયો છે માટે આ સ્થાનમાં નિવાસ કરીને રહો. આ નારાયણઘાટમાં જ રહેવાનું, સૌના પાપના સમુહોને તોડી નાખજો. સંતજનોના સાથમાં રહો. સેવા કરો. તમારો પ્રતિદિન સહવાસથી હેત વધશે. મારો સમાગમ સુખ દેનારો છે. માટે સંતોની સાથે હરિભક્તો નિત્ય પ્રત્યે આ સ્થાને સ્નાન કરશે તેનાથી તમારું નામ પાપનાશ કરનારી પડશે. આજથી જ તમારો ઉત્કર્ષ થશે જ. તમારો મહિમા જગતમાં બહુ જ પ્રસિદ્ધ થઈ જશે. માટે ગંગા તમો નિશ્ચય જ માનજો. આમ કહીને શ્રી ઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સાથે નદીના પાણીમાંથી બહાર નીકળ્યા. પ્રભુએ સફેદ વસ્ત્રોને શરીર ઉપર ધારણ કર્યાં ત્યારે સૌ નરનારીજનો મહારાજનો જયજયનો નાદ કરતાં હતાં.

હે રાજન ! રંગવાળાં જે વસ્ત્રો ભીનાં હતાં તે વસ્ત્રો દામોદર ભક્તને જોઈને ભક્ત જાણીને દિનદયાળ પ્રભુએ એમને આપ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી પ્રભુ પાસે આવીને પ્રીત કરીને પ્રભુને પૂછતા હતા. કે, હે અંતર્યામી પ્રભુ ! સાંભળો. જ્યારે આપ જળમાં સ્થિર થયા હતા ત્યારે તે જળમાં હે પ્રભુ બે સ્વરૂપો ધરીને આવેલ રંગવાળું કોણ હતું. ? હે રાજન ! મુક્તાનંદ સ્વામીનું નામ સાંભળીને સુંદર વરદા ઘનશ્યામ પ્રભુ કરુણા કરીને મધુર વચનો કહેતા હતા

ભક્તજનોની સાથે રંગે રમીને ઘનશ્યામ પ્રભુએ બહુ જ સુખ દીધાં. પછી મુનિજનોની સાથે ઉમંગ અને

આનંદથી સાબરમતી નદીમાં સ્નાન કરવા પધાર્યા. મહાપ્રભુએ જળમાં બહુ જ જળલીલા કરી ત્યારે ગંગાજી પ્રભુ પાસે આવ્યાં. ગંગાજીએ સ્તુતિ કરી. આમ છત્રીસમું તરંગ શ્રી હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ અમદાવાદમાં ફૂલડોલનો ઉત્સવ કર્યો. તેનું વર્ણન કર્યું એ નામે આ છત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૬॥**

# તરંગ-૩૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મનોહર કમળમુખ જેમનું છે એવા, જેમની કમળની પાંખડી સમાન નયનો છે. જેમના કરકમળ સુંદર છે. તથા જેમનાં ચરણકમળો સુંદર શોભે છે. જે પ્રભુની નાભિકમળ શોભે છે. પ્રભુમાં બધાં જ સુંદર સુખરૂપ હોય છે. તે સહજાનંદ સ્વામી કમળાંગો મુક્તાનંદ સ્વામીએ વાત પૂછેલી તે પૂર્ણકામ મહાપ્રભુએ વાત કહી તે હે અવધપ્રસાદજી મહારાજ આપ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો. શ્રીહરિ મુક્તાનંદ સ્વામીનાં વચનો સાંભળીને પોતાના મુખેથી બધી વાત કહેતા હતા. હે સ્વામી ! તમે સાંભળો. ગંગાજી આવ્યાં હતાં. તેમણે અમારી બહુ જ સ્તુતિ કરી. બહુ જ સમય વીતી ગયો. આપનો વિયોગ થયો હતો. મારી અંદર લોકો બહુ જ પાપનો પ્રવાહ વહેવડાવતાં હતાં. તેના લીધે બહુ જ અભાગ્યવાળી થઈ હતી. જ્યારથી પ્રભુ આપના ચરણથી દૂર થઈ ત્યારથી વિયોગ હતો. હે પ્રભુ ! આપના સંતોનોય પણ બહુ સમયથી વિયોગ થયો હતો તે તાપ પરિતાપનો અને પાપનો સંતાપ બધો જ મારી ઉપર કરુણા કરીને કરુણાનિધિ નાશ કરો. આમ કહીને મારા ચરણમાં અકળાઈને પડી ગદ્ગદ્ કંઠે સ્તુતિ કરતી હતી. નેત્રોમાં પ્રેમનાં આંસુએ લાવીને દુઃખપૂર્વકનાં તુટેલાં વચનો માંડ માંડ બોલતી હતી. જ્યારે ગંગાએ અતિશય વિનંતી કરી ત્યારે મેં એને પ્રેમથી નદીમાં વાસ દીધો. આજ નારાયણઘાટમાં રહેવાનું કહ્યું. અહીંયાં અમારા સંતોનો સતત સંગ રહેશે. ગંગા તમને પ્રતિદિન સત્સંગનું સુખ મળશે. બધાં જ પાપો પરિતાપો ક્લેશો બધું જ પ્રગટના પ્રતાપથી નાશ જ થઈ જશે. આમ કહીને પછી અમે જળમાંથી બહાર આવ્યા. આ રીતે અથથી ઇતિ સુધીની બધી જ વાતો કહી દીધી. વાતો સાંભળીને મુક્તાનંદ સ્વામી રાજી થયા. બીજા જગતના જીવો પણ નિષ્કામી થયા. પછી મુકતાનંદ સ્વામી પ્રભુને પ્રીતિ કરીને પૂછતા હતા. કહે પ્રભુ ગંગાના મહિમાની બધી જ વાતો સંભળાવો ને કેવી રીતે સ્નાન કરવું ને લોકો તે સ્નાનનું ફળ પ્રાપ્ત કરીને નિષ્પાપ થાય. હે રાજન ! મુનિજનોનું કહેવાનું સાંભળીને મુનિપતિ શ્રીહરિ પોતાના મનમાં રાજી થઈને સાબરમતીનો મહિમા કહેતા હતા. સાબરમતી નદી બહુ જ સુંદર પવિત્ર નદી છે. તેમાં આ નારાયણઘાટ તે મુખ્યસ્થાન છે. તે સ્થળે જે નરનારી સ્નાન કરશે તો તે મહાસુખને પામશે. નારાયણઘાટમાં સ્નાન કરવાથી કરોડો જન્મનાં બધાજ પાપો બળી જાય. મનવાંછિત ફળને પામશે અંતે તે નરનારીમુક્ત થાશે. નિયમ ધારીને મહિમા જોઈને જે નરનારી સાબરમતીમાં સ્નાન કરશે. તે સુખને પામશે. વિધિ પ્રમાણે સ્નાન કરીને બ્રાહ્મણોને દાન દે તથા સંતોને ને બ્રાહ્મણોને જમાડે તો સુખ પામશે. તે નરનારી જલદીથી મુક્ત થાય છે. પોતાના અનેક કુળનો ઉદ્ધાર કરે છે. નિર્વિકારી થઈને તે જન મારા ચરણને પામે છે. ધામને પામે છે તે હરિના દાસો દિલથી શુદ્ધ થાય છે. સુખ પામે છે. સૌ નરનારીજનો મુખેથી જેને

નારાયણઘાટ કહે છે તે નારાયણઘાટ પરિણામે પાપનો નાશ કરનારા છે. તે જન દઢવ્રત ધારણ કરીને સ્નાન કરે છે. તે મારા ધામને પામે છે. નારાયણઘાટે આવીને જો કોઈ નારાયણ બલિ કરાવે તો તેનાથી ભૂતપ્રેત સૌ ભય પામીને ભાગે છે. પિત્રીઓ વિધિથી પર સદ્‌ગતિને પામે છે. તેના માટે અહીં આવીને શ્રાદ્ધવિધિ કરાવે તો મુક્તિ પામે છે. કાયિકવાચિક કે માનસિક પાપો સર્વે સાબરમતીના પ્રતાપે નાશ પામે છે. સાબરમતી નદી ગંગા નદી કરતાં એકસોગણી મહાન છે. યમુના નદી કરતાં પણ સાબરમતી શ્રેષ્ઠ થાય છે. છિપ્રાદીનાં કરતાં પણ વધારે પાપનો નાશ કરનારી છે. નર્મદા કરતાં પણ મહિમા સાબરનો વધારે મોટો છે. ગંડકિ નદી કરતાં વધારે ગુણવાળી છે. ચંદ્રભાગા નદી કરતાં વધારે સારી છે. બધી નદીઓ મળીને કરોડો ગણી ઉપમા કહે તોય સાબરમતી નદી જેવી કોઈ ન થાય. કેમકે હું પુરુષોત્તમ પોતે આમાં સ્નાન કરીને પવિત્ર કરેલ છે. અમે સૌ સંતોની સાથે મહિમા જોઈને રસબસ રંગવાળા વસ્ત્રો ધારીને બહુવાર સુધી સુંદર રીતે સ્નાન કરેલાં છે. તેનાથી આ સાબરમતી ગંગાનો મહિમા અપરંપાર થયો છે. બીજાં તીર્થોમાં સોવાર વિધિ પ્રમાણે તીર્થ કરે તોય સાબરમતી નદીએ આવીને અજાણતાં જનો તે જન સ્નાન કરો તો તે બંનેના ફળમાં સાબરમતી જ શ્રેષ્ઠ થાય છે. બધાં તીર્થો મળીને આવે તોય સાબરમતીના બરોબર ન જ આવે. કેમકે પેલાં બધાંય તીર્થો પરોક્ષ તીર્થ છે અને આ સાબરમતી તો પ્રગટ તીર્થ છે. એટલે સાબરમતી તીર્થોનો મહિમા ઉંચો છે. સંસારનાં માણસો સાબરમતી નદીનું નામ દેતો તથા મનુષ્યો સાબરમતીનું જળનું બિંદુ પીયે તોય જગતની સંસૃતિ કષ્ટ મટી જાય છે. જે ગાયનાં પગલાંને ઉલંઘવું જેટલું કઠીન લાગે તેટલું જ જગતને પાર કરવું સહેલું થાય છે. સવારે વહેલા ઉઠીને સાબરમતીમાં સ્નાન કરે તો તે ભક્ત મને બહુ જ પ્રિય ભક્ત થાય છે. મારા ભક્તો સાબરમતી કાંઠે પૂજાવિધિ શ્રાદ્ધ કરે તો તેનાં અનંત કુળની સાથે તે મુક્તિ પામે છે. જે મનુષ્ય સાબરમતીનો મહિમા ગાય તે સાબરમતી સ્નાન કરે ને મનમાં આનંદ પામતાં થકાં છાપો લે તો તે અક્ષરધામને પ્રાપ્ત કરે છે. પ્રભુના ચરણમાં વાસ કરે છે. હરિકૃષ્ણ એવું મારા નામનું છાપું લે તે નરનારી મુક્ત થાય છે. અષ્ટ આવરણને તરીને પાર પામે છે. રિદ્ધિ સિદ્ધિઓ તો તેની દાસી થઈને સેવા કરે છે. તે જન મારા પરમધામને પ્રાપ્ત કરે છે. નિર્વિકારી ધામમાં જાય છે. બધાં જ નરનારી મુક્ત થાય છે. અષ્ટ આવરણોને પાર કરે છે. અવિનાશી થાય છે. તે સ્ત્રી ને પુરુષ ઇચ્છિત સુખને પામે છે. જે સાબરમતીમાં સ્નાન કરે છે, તે જીવનમુક્ત થઈને મહાભાગ્યવાન થાય છે. મુક્તિ પામે છે. મુનિજનો નરનારીજનો અનંત સુખોને પામે છે. તેને કોઈ આશ્ચર્ય તો ન જ કહેવાય કેમકે જળચરો આકાશે વિચનારાં પક્ષીઓ અપાર જીવો છે તે નદીનાં કાંઠા ઉપર જ વસે છે. ઉદારતાથી રહે છે. તે પ્રાણી મરીને સુરપુર દેવપુર સ્વર્ગમાં જાય છે. જે મારાં ચરણકમળનો મહાત્મ્યે સહિત સ્પર્શ કરે. તેને દેવની સ્ત્રીઓ સેવા કરે છે. તે સર્વ દેવો કરતાં તે ભક્ત શ્રેષ્ઠ થાય છે. તે જન પછી તો ઉર્ધ્વ ગતિવાળો જ થાય છે. પાછો ક્યારેય અધોગતિને નથી પામતો. ધામને પામે છે. જળનાં જંતુઓ પણ મુનિજનો જેવી ગતિને પામે છે તો પછી મનુષ્ય ઉર્ધ્વગતિને પામે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. સાબરમતી બધી જ નદીઓની શિરોમણિમાં સાબરગંગા જ શોભતી હતી. તેનો મહિમા તો અગણિત હતો. તેનો તો પાર જ ન આવે કોણ મંદ હોય તે એને ન ચાહે શેષજી ઇંદ્ર, સદાશિવ બ્રહ્માજી, શારદા નારદ આદિક સાબરમતીના ગુણને ગાયા જ કરે છે પણ અનંત મહિમાને પાર નથી પામી શકતા એવો મહિમા છે. સર્વના આદિ પુરુષ અમે પોતે જ છીએ. અવતારના અવતારી સર્વના બ્રહ્માંડના નિયામક અમેજ છઈએ પ્રગટનો જ પ્રતાપ છે તેથી કાર્ય થાય છે. આ નદીમાં અમે સંતોની સાથે સરિતામાં સ્નાન કરેલાં છે તેના કારણે જ

સાબરમતી સર્વોપરિ સ્થાને શોભ્યા કરે છે. જડજાતિનાં જંતુઓ છે તે સાબરમતીમાં સ્નાન કરે તેનાથી તરત તરી જાય છે. લગારે વાર નથી લાગતી એવો મહાન મહિમા છે. નિર્ગુણ નિષ્કામ થઈને આનંદથી ઉત્સાહથી મારા ધામને પામે છે. અનુરાગ કરીને ધામને પ્રાપ્ત કરે છે.

હે રાજન ! આવી રીતે મુક્તાનંદ સ્વામીને સાબરમતીનો મહિમા કહીને પછી પ્રભુ ઘોડા ઉપર વિરાજીને સર્વ સાજ સમાજની સાથે તરત જ ચાલતા થયા. અશ્વની ઉપર વિરાજીને ઘનશ્યામ પ્રભુ મોટેરા પધાર્યા. મોટેરા ગામના હરિભક્તો પ્રેમીજનોનાં સુખ કરવા બધી મહિમાની વાતો કહી દીધી. પછી પ્રભુ શ્રીહરિ બધા જ ભક્તજનોના ઘેર થાળ જમ્યા ને બધા જ ભક્તજનોને સુખ દેતા હતા પ્રગટ પ્રમાણ પ્રિતમના સુખને સેવતા હતા. હે રાજન ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુના મુખેથી સાબરમતી નદીનો મહિમા બહુ જ સાંભળ્યો. સૌ સંતોની સાથે મુક્તાનંદ સ્વામી ઉપર મહારાજનો બહુ જ પ્રેમભાવ હતો. તેથી પોતે બડભાગી માનતા હતા. સુખકારી પ્રભુનો બહુ જ મહિમા જાણતા હતા જ પછી મહાપ્રભુ સકળ ભક્તજનો સંતજનોની સાથે વિચારીને મંદિરે આવતા હતા. જ્યારે બધાં જ સંતો આવી ગયા ત્યારે હરિ પણ આવ્યા ત્યારે ભક્તજનોના મનમાં અતિશય આનંદ થયો.

શ્રીહરિ સર્વના નાથ પોતાના જ મંદિરમાં મોટી વેદી ઉપર વિરાજમાન થયા. એમની સન્મુખ સંતો બેઠા. સભા બહુ જ મોટી શોભાવાળી થઈ હતી. વેદી ઉપર ગાદીતકિયા સહિત શ્રી ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. સુખ આપતા હતા ત્યારે નરનારીજનો ચંપાના હારો ગુલાબના હારો લઈ આવીને શ્રીહરિનું પૂજન કરતાં હતાં. પ્રેમીજનો પ્રેમથી મહાપ્રભુનું પૂજન કરતાં હતાં. પ્રાણનાથ પ્રભુની છબિનાં દર્શન કરીને બધાં જ જનો રાજી થયાં. સુખસિંધુમાં ઉંડા ઉતર્યાં ને પોતાને ધન્યભાગ્યવાળા માનતા હતાં. પછી જ્યારે સંધ્યા આરતી થઈ ત્યાર પછી ધૂન્ય કરીને પછી ધર્મનંદન પ્રભુ વેદિ ઉપર વિરાજમાન થઈને ભક્તજનોનાં કર્મના મર્મનું નિવારણ કરતા હતા ત્યારે સંતો હરિભક્તો મહારાજને મસ્તક નમાવીને વંદન કરીને બેઠાં. મહાપ્રભુ ઘનશ્યામના ચરણમાં નમન કરીને સૌ સંતો બેઠા. સંતો સૌ તાન કરીને ગાતા હતા. પછી સૌ જનો ભગવાનના મુખની અમૃતવાણી સાંભળતાં હતાં. શ્રી ઘનશ્યામ પ્રભુ બધી સભાના મધ્યમાં રાજાધિરાજ શોભતા હતા ને સંતો ગુણિજનો સુંદર બધો જ સાજ લઈને ગાવણાં કરતા હતા. સુંદર તાલ વગાડતા હતા. સારંગી સતાર લઈને દુકડનો તાલ લઈને મંજીરા મોરચંગને ઈશરાજ રાગો મુનિ ગુણિજનો સુંદર રીતે ગાતા હતા. બધી સભાના સભાસદોની સાથે મહાપ્રભુ સાંભળતા હતા. ત્યાં તેવા સમયમાં ગુણીજનોની સભામાં વચમાં જ ગાયક એક આવ્યો. તે ગાયક પરદેશી સારો ગાયક કલાકાર હતો. ગાયનમાં ગુલતાંન હતો. તેને ગાયનના ભેદો પૂછતા હતા. કેવા કેટલા કયા કયા છે તે બધું પૂછતા હતા. પ્રભુ સાંભળતા હતા. સભા બધી સાંભળતી હતી. મહાન ગુણવાન મુક્તાનંદ મુનિ બ્રહ્મમુનિ સુખ કરનારા પ્રેમાનંદ સ્વામી પ્રવિણ કળાવાળા દેવાનંદ સ્વામી સાચા છંદના ભેદ કરનારા હતા. બધાં પ્રત્યે સુરોનું પૂછતા હતા. રાગ અનુરાગોના ભેદોનું પૂછતા હતા. તેના ઉત્તર સાંભળીને દેવાનંદ સ્વામી કહેતા હતા કે બધા જ ભેદો બહુ જ સારા છે. સમજાવે છે તે સારું સમજાવે છે.

સાબરમતીનો મહિમા સંતો ભક્તજનોના સુખ માટે મુક્તાનંદ સ્વામીને કહ્યા ને સૌને સંભળાવ્યો. મુનિઓએ મનમાં મહિમા ધારી લીધો. આવી રીતે સુખ લઈને આનંદને પામતા હતા. પછી જગતના પ્રાણપ્રભુ મોટેરા જઈને પછી અમદાવાદ શહેરમાં પાછા આવ્યા. આવી રીતે આ સાડત્રીસમું અભિધાનરૂપ હરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદમાં સાબરમતી નદીના મહિમાનું વર્ણન કર્યું એ નામે સાડત્રીસમો તરંગ થયો. ॥૩૭॥**

# તરંગ-૩૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાજી મહારાજ ! મનોહરમૂર્તિ મહાપ્રભુ અમદાવાદધામમાં નિવાસ કરીને રહેતા હતા. શ્રીહરિ સર્વ સંતજનોની સાથે સભાની મધ્યમાં વિરાજતા હતા. તે સમયે એ જ સભામાં ગાયક કલાકાર આવ્યો હતો. તે ક્યાંથી આવ્યો તે મને કહો.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! શ્રીજી મહારાજ સભાની મધ્યમાં વીરાજમાન હતા. તે ખીલેલા વનની વચમાં ખીલેલો ચંદ્ર શોભે તેમ શોભતા હતા. તે સભામાં દેશદેશના ભક્તજનો આશ્રિતો બેઠા હતા. તે બધા પ્રભુ પાસે સભા વચ્ચે શોભતા હતા. તે સભામાં ગુણવાન જ્ઞાનિ સંતો ગાવણું કરતા હતા. તેને આનંદમૂર્તિ સુખદાતા રાજી થઈને સાંભળતા હતા. એટલામાં પરદેશી ગાયક ગવૈયો ત્યાં આવ્યો અને પ્રભુનાં દર્શન કરીને હાથ જોડીને બેઠો. છબિને જોઈને પછી ગાયક સંતોને વચનો કહેતો હતો. કહે મુનિસંતો તમે ગાયન કરવાની રચના બધી જ સાંભળો. ગાયન કરવાનું હોય તેને ઉત્પત્તિ કહેવાય અને સાત સુરોનાં જે નામ હોય તે કહો. કોને કોને અનુમાન કહેવાય છે તથા બધી મૂર્છાઓનાં નામ ભેદો શોભે તેમ કહેવાય છે તે કહો. ગ્રામ સુરના કારતા તેને વખાણીને કહો. સુરની બધી વાર્તાઓ બધી સુંદર છે. કોણ કોનાથી પ્રગટ થયું છે તેના રાગો કહો તથા રાગણીઓના મોટા મોટા ભાગો હોય તે બધા કહો. કયા કયા રાગની કઈ કઈ નારી થાય છે તથા તેના પુત્રને પુત્રીની વાર્તા છે તે પ્રચલીત હોય તે કહો. હે સંતો ! તમે તેના રાગોના રૂપને રંગ બધા જ કહો. કેમકે તમે તો ગાયક છો. ગાયનને જાણો છો. તે બધાય મળીને તાલભેદ જેમ યોગ્ય હોય તેમ કહો. વિકિતી પ્રમાણે બધી જ વાતો વર્ણનપૂર્વક વિસ્તારથી કહો. મુનિ તમે તો બધું જાણનારા છો માટે યથાસ્થ જે છે તે કહો. તે પરદેશી ગવૈયાનો પ્રશ્ન સાંભળીને મુનિજનો સૌ રાજી થયા. તે સભામાં પ્રશ્નોના ઉત્તરો દેવાનંદ સ્વામી કવિરાજ દેતા હતા.

હે રાજન ! બધાં જ ગાવણાંનો પ્રાદુર્ભાવ વેદોમાંથી થયો છે. એમ જાણજો અને તેનો વિસ્તાર કરીને સ્વામી કહેતા હતા. ગાયક સંતો યોગ્ય જ ઉત્તરો કરતા હતા. સામવેદ થકી સ્વરોનો પ્રાદુર્ભાવ થયો છે. ભાશ્વર ને ગ્રાં તેના ભાગો થયા. ગ્રામમાંથી સ્વરોની જાતિ ઉત્પન્ન થઈ. જાતિમાંથી બધા રાગો ઉત્પન્ન થયા છે એ પ્રમાણે વર્ણન છે. હે રાજન ! સાત સુરોનાં સાત નામો કહેલાં છે. એનાં અંગો સુંદર જુદાંજુદાં છે. બધા જ સ્વરોનાં ત્રણ નામો છે. 'મૂર્છના'. આને મન જાણવું જોઈએ. એકવીશ માત્રા થાય છે એમ જાણવું. આ રીતે બધાં જ ગુણવાન કલાકારો કહે તે જાણવું. આ રીધમ પદ્ધતિમાં તે સાત છે તે સ્વરોનો સંસારમાં ઉપયોગ થાય છે. આ રીતે સ્વરો અને મૂર્છના થયાં. આ રીતે સંભવ રાગનો પસાર તે બધાંય ક્રમથી થયાં. ગ્રામ ધામ અને અભિધાનને હવે અત્યારે જ કહું છું. યોગ્ય રીતે તેનાં સ્થાનો નાભિ કંઠ અને કપાલિકા છે. સાત સ્વરોનાં શુભ રીતે અનુમાન કહ્યાં તેને અનેક કવિઓ આ રીતે કહે છે. તેને સુંદર બુદ્ધિવાળા ગાયક આપ સ્વર, અનુમાન અને વિવેક આ બધાં કહ્યાં. શ્રેષ્ઠ પ્રકાર સુરને ખરજ કહેવાય છે. રિખભ ચાતુકિને વાણી કહેવાય છે. આંગુચાર

તથા ગંધાર તે યોગ્ય જ છે. મધ્યમને રૂચિ વર્ણિનાં સુંદર રૂપકો કહ્યાં છે. કોયલાના શબ્દને પંચમનો સ્વર કહેવાય. બાજની ધ્વનિને ધૈવત કરીને સાંભળી લેવાં જોઈએ. વનમાં ગર્જના કરીને તેને નિષાદ વખાણને જાણવા. આ રીતે સાત સ્વરો અનુમાન અને પ્રમાણ કહ્યાં છે. ભવથી ભૈરવ રાગ થયો. વિષ્ણુથી આ કોષ થાય છે. બ્રહ્માથી હિંડોલ થયો. સૂર્યથી દિપક સુંદર રાગ થયો. શેષજીથી શ્રીરાગ થયો. મેઘથી આકાશ સુંદર રીતે શોભતું હતું. એકએકથી પ્રત્યેક રાગો આ રીતે થયા. રાગિણીઓ પાંચ કહેલી છે. પુત્ર છે તે પાંચ પ્રત્યેક રાગિનીએ કહી છે. પાંચ પાંચ પુત્રી એક છે. આવી રીતે આ વિસ્તાર વિશ્વમાં બહુ મોટો વિસ્તાર થયો. તે ત્રણે લોકમાં ફેલાયેલો રહેલો છે. સ્વરો ને રાગોનું વર્ણન કરીને કહ્યું ત્યારે તેનો વિસ્તાર તો બહુ જ થયો. પછી ગાયકે કહ્યું કે ષડ રાગોના રાગણિઓનાં નામો કહો. ભૈરવરાગ અને ભૈરવી પત્ની તે વૈરાગી માધ્વી નામથી શોભે છે. તે બંને સિંધુ અને બંગાલીમાં સુખ કરનારાં છે. પાંચ પ્રેમદાઓ ભૈરવને પ્રિય થાય છે. શંકર સમાન સુંદર રૂપ કહેવાય છે. ચંદ્રમાની આકૃતિ મસ્તક ઉપર બહુ જ શોભે છે. અંબા છે તેની જટા શિર ઉપર બહુ જ શોભે છે. શિર ઉપર દેવધુનિને ધારણ કરેલ શોભે છે. પોતાના શરીર ઉપર સફેદ વસ્ત્રોને ધારણ કરી રાખેલ છે. ભુજાઓ ઉપર સર્પોને વીંટાળી રાખેલ છે. ભૈરવી આસનને સિદ્ધ સ્વભાવે જ સાધેલું છે. શિરના પેચમાં મૃગશાલાનું ચિહ્ન કરેલ છે. સુંદર ગૌરવર્ણ શોભ્યા જ કરે છે. સુંદર રીતે સુપાટ રૂપે શોભતા હતા. સફેદ વસ્ત્રની ઓઢણીને ઓઢેલી ઉર પર શોભે છે. પહેરેલી કંચુકી લાલ રંગની તેમને મોહ પમાડે છે.

હે રાજન ! ચંપાના ફૂલની માળા ઉરમાં ધારણ કરેલી છે. પ્રિય સ્વામીના સુખ માટે સુંદર તાલ બજાવે છે. ભૈરવીને ભૈરવ બંને સાથે સુંદર શોભે છે. હર હર મહાદેવજીનું નામનું ઉચારતાં રહે છે. સોનાનાં કંકણો હાથ ઉપર ધારણ કરેલાં શોભે છે. સુંદર સફેદ કંચુકિને ધારણ કરેલ શોભે છે. મસ્તક ઉપરના કેશો કાળી નાગણી જેવા શોભે છે. પતિની સાથે પ્રેમથી પ્રફુલ્લિત અંગો શોભે છે. દેવપુષ્પ નાગ છે. હાથ ઉપર શોભે છે. કાન ઉપર તોરા સુખરૂપ ધારેલા શોભા વધારે છે. તેથી ચતુરી પ્રિયનો સંગ ચાહે છે. આવી રીતે વૈરાગિણી નારી બહુ જ શોભે છે. પોતાનાં નેત્રોમાં નારીએ કાળું કાજળ આંજેલ છે. પતિની સંગે પ્યારી પલપલ કરીને હસતી હતી. માધવીનું નામ ઉચ્ચારીને તેના મનને હરે છે. લાલ અરુણ વર્ણનાં વસ્ત્રો ધારીને વિશાળ સ્વરૂપે શોભતી હતી. હાથમાં ત્રિશુળ ને બાણ ધારણ કરીને શોભતી હતી. તે પરમ પુનિત બાળા શિવની પૂજા કરતી હતી. હાથમાં કમળનાં પુષ્પો ધારીને પ્રિત બધી તે વિરહ નળથી અતિ ક્રોધાયમાન દેખાતી તે માનતી મનમાં ને મનમાં બળતી હતી. તપતી હતી. તે પ્રેમા પતિ પંથ કરીને થાક્યો હોય તોય પ્રેમથી ખેંચતી હતી. તે સિંધુ નામની નારી દઢ નિર્મળવાળી તેના ભાલમાં મૃગસાર ચંદ્રમાની શોભા વધતી હતી તે સ્ત્રી અંગ ઉપર મોહને ધારતી હતી. બહુ જ શોભતી હતી. શિર ઉપર જટા બહુ જ શોભતી હતી. મૂર્તિ સારી લાગતી હતી. તેણીએ હાથમાં ત્રિશુળને ધારણ કરીને સુખ કરનારી તેણે કેસરી રંગની ઓઢણી ઓઢી હતી. મુખથી મંદમંદ હર્ષ પામતા મુખ શોભતું હતું. ભૈરવ અને તેની ભમતી બંગાલિ કહેવાય છે. તે સદાય વનમાં ને કુંજમાં વસીને રહે છે. અમે જેવી રીતનું જાણીએ છીએ તેમ જ બધું કહીએ છીએ. આ તો અતિશય છે તેથી તેનો પાર તો આવે જ નહીં. ભૈરવિની સાથે ભૈરવ કહે છે કે ભેદનાં રૂપો તો મને ભાવતાં છે. માલ કેશની સાથે માંનીનીને બધું જ કહીને સમજાવું છું. તે સાંભળો. ટોડી ગોડી ગુણની કળી ષંભાતી આ બધાં સુખરૂપ છે. કંકુભનિ અપરમિ છે તેને તમે રાજાના સજ્જનો આ ભૈરવના ભેદો છે.

હે રાજન ! રાગની સાથે રાગણીઓ કહી. હવે તેના જુદા જુદા ભેદો કરીને રાગરાગણીનાં રૂપો કહું છું. શરીર ઉપર શ્વેત વસ્ત્રો ધારણ કરીને શ્યામ સ્વરૂપે સુંદર રીતે શોભતી સાગર પુત્રની પુત્રી મસ્તક ઉપર હારોને ધારણ કરીને નારીઓના જુથમાં પોતાની રાહ જોતી હતી. મસ્તક ઉપર ચૂડસરિનાં પાનમાં સુંદર રીતે બધાં અંગોમાં તેની સુવાસને સુંદર રીતે ધારી હતી. તે ચાતુરી કરીને સુંદર લીલાઓ કરતી હતી. આવી રીતે માલકોશ અંગોનો પ્રકાશ કરીને કહ્યાં. કંજ નેત્રવાળી સુંદર રીતે કટાક્ષને કરતી હતી. તેનું શરીર કિશોરવયનું શોભતું હતું. કેમકે તેણે શરીર ઉપર સફેદ સાડી ધારી હતી. તે સુંદર શોભતી હતી ને તે કુઝમાં પ્રેમ ખુમારીથી ઉભી હતી. કાળી કંચુકીને ધારણ કરીને સુંદર રીતે તે જોતી થકી જુદાંજુદાં સુંદરજનોની ઉરની છબિને જોતી હતી ને મુખેથી સુંદર રીતનાં વચનો વિચારીને બોલતી હતી. સુંદર ભાલ ઉપર ખોરાક પૂરક કરીને વિણાનો નાદ સાંભળીને તે બાલા બહુ જ રીઝતી હતી. સ્ત્રીમાં અંગો કામરંગથી ભીની તે ટાડી નામથી પતિની સંગે રહેતી હતી. તે વાણી સુંદર કોયલ જેવા કંઠથી શોભતી શ્યામ અંગો ઉપર વસ્ત્ર ધારણ કરેલી આંબાના મોર સાથે પાનનો નાદ સાંભળતી પુણ્યવાળી શ્રોણનાતિરેક ઉભી શોભતી હતી. શ્વેત વસ્ત્રો ચંદ્રની સમાન ઉજળાં હતાં. મુખના સ્થાન સુખરૂપે સુંદર પ્રકાશતું હતું. તે બાલા બાગમાં જ વિરાજતી હતી તેનું શોભતું નામ ગોરીના નીર આલાથી શોભતી હતી. મેલાં વસ્ત્રોને શરીર ઉપર ધારણ કરેલી તે નારી લાંબા શ્વાસોચ્છ્‌વાસને લેનારી કઠિન અંગવાળી નયનોમાં નિરને લાવેલી અંગોમાં અતિસુખદાયક ઉદ્દેશ થયેલી તે કન્યા. દરવાજો ખોલીને બેઠી હતી. કદંબના વૃક્ષની ડાળી નીચે શોભતી હતી. આવી રીતે હે ગાયક તમે સાંભળો. ગુણવંતિ ગુણની કળિ નારીને સાંભળો. નયનોથી સુંદર રીતે જોઈને સુંદર સુખ દેતી હતી. કોયલની માફક સુંદર બોલતી હતી. ચાતુર્યતાથી ભરેલાં વચનો સુંદર બોલે ને સુંદર કોમળવાંન વાળી સુખના ધામરૂપ કસુંબી રંગનાં વસ્ત્રોને ધારણ કરીને વિશેષ શોભતી હંસની સમાન સુંદર ચાલે ચાલતી બહુ જ શોભતી ચંદ્રસમાન ઉજ્જવળ સ્વરૂપથી શોભતી છબિવાળી તે ભામિની (બાઈનું) નામ ખંભાતી જાણવાનું. વિલાસમાં કંત કરીને સુંદર વામા ઉજળા નયનોથી કમળનાળ વાળી વાસના તૂટતા હારોથી તૂટતાં ફૂટતાં વચનો બોલનારી નારી મુખેથી ખોખરું બોલતી હતી. સુંદર કંચુકી ખાઈરાય બળવાળી છેતરનારી બાઈ કાંઈક શોભતી હતી. કાંઈક આધારભૂત અંગોથી શોભતી મનને હરનારી કાંઈક એક ભારથી મન હરનારી કંકુભરા રાગિનીના નામે કહેવાય છે.

ગાયકે આવીને પ્રશ્નો કરેલા તે સભામાં સંતોને પૂછ્યા. તેના ગાયનના ભેદો સુંદર રીતે સ્વરની સાથે રાગના ભેદસહિત કહ્યા. રાગણિના ભેદો સુંદર રીતે જણાવ્યા. નામસહિત કહ્યા. પૂર્ણ કર્યું. આવી રીતે આડત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદ નગરમાં લીલા કરીને સંતો ગાયકને સંગીતના ગાયનનું નિરૂપણ કર્યું એ નામે આડત્રીસમો તરંગ થયો. ॥૩૮॥**

# તરંગ-૩૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! રાગણી રૂપનું બધું જ વર્ણન કરી દીધું. ગાયકને પ્રત્યેક બધું જણાવ્યું છે. આ વર્ણન દેવાનંદ સ્વામીએ કર્યું હવે જે બાકી કહેવાનું હોય તે કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમને ધન્ય છે. તમારી બુદ્ધિ બહુ જ ધીરજતાવાળી છે. તેથી તમે સંગીતના ભેદોના પ્રશ્નો પૂછ્યા તે બધાય કહું છું. જે મુનિએ ગાયકના પ્રત્યે શુરવીરતાથી કહ્યા તે

દેવાનંદ મુનિ ગાયકને કહે છે મસ્તક ઉપર મુગટને ધારેલો શોભતો હતો. પીળાં વસ્ત્રો ધારણ કરેલાં હતા તથા સોનાનાં આભુષણોને સોનાના અંગો શોભતા હતાં. કામદેવની ઉપમા કહેવાય ને મુખેથી મંદમંદ ઉમંગથી ગાતા હતા. હાટ ઉપર હિંડોળામાં ઝુલતા હતા. તેને બધી જ નારીઓ હેતથી ઝુલાવતી હતી. આનંદધામને આનંદ દેતી હતી. તેને હિંડોળા નામનો રાગ કહે છે. હવે રાગણિનાં રૂપનું વર્ણન કરીને કહું છું. તેનું શરીર સુંદર શોભાવાળું હતું. તેજાયમાન હતી. અંગો ઉપર વસ્ત્રો બહુ જ શોભતાં હતાં. લલાટમાં ચંદન ચર્ચ્યું હતું. તે બહુ જ શોભતું હતું. પીળા રંગ ઉપર બહુ જ પ્રેમ રાખેલ હતો. તેથી અંગો ઉપર આભુષણો ધારણ કર્યાં હતાં. મનથી શ્યામ સલુણાંને મોહ ઉપજાવવા માટે બહુ જ હાવભાવ કરીને ગાતી હતી. આવી રીતનાં રૂપ કરીને મનને પારખી લેનાર સુંદર તે રામકલી નામથી પ્રસિદ્ધ છે તેની મૂર્તિ બહુ જ શોભાવાળી છે. વિરહ રસવાળી બાળા વિર વાણી બોલતી હતી. શ્યામસ્વરૂપ વિરપતિની સાથે સ્નેહ ધારીને રહેલી શરીરની કાંતિ બહુ જ ચમકદમકતી હતી. હૈયા ઉપર હાર ને મણિમાળાઓ ધારણ કરેલી હતી. તે જોઈને મુખેથી મધુર વાણી બોલીને મનને હરતા ઉચ્ચાર સંભળાવો. તેથી જાણે પતિ પાસે આવવા દેશે ને વશમાં કરીને (વશિકરણ) પોતાની પાસે જ રાખશે એમ જાણીને તેનું શરીર અતિગૌર વર્ણનુ બહુ જ ગુણિયલ સ્વભાવ શરીર ઉપર સુંદર સોળે શણગારને ધારણ કરીને સજ્જ થયેલ શોભતી હતી. મધથી ભરપૂર પુષ્પની માળાઓ ધારણ કરીને પાતળાં શરીર ઉપર વસ્ત્રોને ધારણ કરીને ચીર ધારીને અમૃતસમાન સુંદર મુખની શોભાવાળો સુખનું ધામ સુંદર અણિયાળાં નેત્રોથી વામાંનારી રાજી થઈ જાય તેવું આકર્ષક હતું. ઘીને આંજીને મન રાજી કરવા અનુપમ પરવાળાં જેવાં મુખબિંબ ઉપર અધરઓષ્ઠ શોભતા વિલાસ હાવભાવયુક્ત મુખનો મંદહાસ્ય કાંઈક અનેક રાગરંગવાળી સોળ વર્ષની સુંદરી શોભતી હતી. સંકેત કરીને વનમાં જાય ને પ્રિયની રાહ જુવે ને મનમાં આનંદ પામે.

તે ધામિનીના દેહની બહુ જ કાંતિ હતી. મોહ પમાડે તેવા બધાં અંગો ઉપર સુંદર શ્રૃંગારો શોભતા હતા. હોંશિયારીથી પ્રિયવરના ધ્યાનમાં લાગેલી હતી ત્યારે મનમાં નવીન આનંદ વ્યાપી ગયો. અંગોઅંગમાં બહુ જ આકુળતાવ્યાકુળતા વ્યાપી ગઈ. તેનું નામ સારરૂપે ''વેલાવલી''ના નામથી કહેવાતી હતી. ઉરમાં માલતી પુષ્પના હારોને ધારતી હતી. મૃગસમાન મદવાળી અતિ પ્યારથી મનને હરતી હતી. અંગેઅંગમાં વિરહા અગ્નિ વ્યાપી ગયો હતો. પોતાના પતિના વિયોગમાં કામદેવ પીડા કરતો હતો. અતિશય દયા દિલવાળી થઈને બેહાલ વનમાં ફરતી હતી. પ્રવિણ પોતાના જનો તેની સંભાળ રાખતાં હતાં. વસ્ત્રો ખાનપાન આભૂષણો ઉપવિતો બધું જ સહચારીઓ સિવાય ચિત્તમાં સુખ નહોતું રહેતું. ઘણા ક્ષણમાં સતત ઉદાસ જ રહેતી હતી તે જાણતું હતું. તેનું નામ ''પટમંજરી'' રાગિણીનાં નામથી પ્રખ્યાત છે. દીપક સમાન તેજ આકૃતિ ભ્રમણ જેવી તેને રાગણિ સાથે બધાય આલાનામ રૂપ અને આભૂષણોનો તાલ હવે ગાયક હું કહું છું. દેશી તાલ અને

કામાંદનિ તાલ તથા નટકેદાર જે કહેવાય છે તથા પંચમીકા નરા નામનો દીપક શોભે છે તે દીપકની સાથે બધી જ રાગનીઓ તેના ભેદરૂપને શ્રૃંગારો તેનું વર્ણન કરું હું મારી બુદ્ધિ અનુસાર કહું છું. તેને હે ગાયકા તમે સાંભળો હાથીની પીઠ ઉપર ગુણવંતા વિરાજીને શોભતા હતા તેને ચારેબાજુથી નારીઓ વિંટાયેલો હતી તે લાલના અંગો ઉપર લાલ વસ્ત્રો ધારણ કરેલાં હતાં. મનોહર શરીર ઉપર મોતીઓની માળાઓ ધારેલી હતી. સુંદર મસ્તકના કેશ ખુલ્લા હતા. તે વેશ પ્રમાણે જ મુખેથી ગાતા હતા. રાગવાણી પક્ષી કુંજતાં હતાં ને ભમરાઓ ગુંજારવ કરતા હતા. તે ''પિકરાગ'' રૂપે શોભતાં હતાં. ગૌર શરીર ઉપર એણે નીલા રંગનાં વસ્ત્રો વખાણવા જેવાં શોભતાં હતાં. પતિ પાસે પ્રમાણસર સો વાકટતી હતી. અંગો ઉપર આભૂષણો હતાં. પત્રનો વિજીણો હાથમાં લઈને પતિની સાથે મનથી વિચરણ કરીને આનંદ ભોગવવાની ઇચ્છા કરતી હતી. પીળા વર્ણવાળી રૂપ પ્રમાણે જ રસિકપદો ગાતી હતી. પ્રિતમના મનને મોહ પમાડીને સુખદાયિની યુવતી મદથી ચિત્તને સુંદર રીતે રીજવીને મોજ કરતી હતી. આનું ''દેશી રાગનિ'' નામ કહેવાયેલું છે. કુંદન શરીર ઉપર લાલ સાડીને ધારણ કરેલી સફેદ રંગની મોટી કંચુકીયને ધારણ કરેલી શોભતી હતી. કોયલ બોલતી હતી. ભમરાઓ ગુંજારવ કરતા હતા. કુંજનવનમાં ઝુકેલી સુંદર રીતે આનંદ કરતી. કામના મદથી શરીરમાં દહન થતું હતું. શરીર મિત્રતા ચાહતું હતું. તેથી પોતાના ચિત્તમાં સતત વિચારતી જ રહેતી હતી. વ્યાકુળ મનવાળી મિત્રને બાને મારગમાં સ્ત્રીને બોલાવતી હતી. આવી રીતે ''કુમોદનિ''ના રૂપનું વર્ણન કરીને કહ્યું.

ચતુર ચિત્તવાળી પ્રિયનું મન હરીને કેસર વર્ણના અંગવાળી હંસની માનગતિ કરનારી અંગો ઉપર આભુષણો સજીને અરુણવર્ણના નિચોલ વસ્ત્રને ધારણ કરેલી એવી સુરંગવાળી. દુરદનિ પીઠ ઉપર પાંન ધરીને સખીઓના સમુહનાં શ્રૃંગમાં નાટકની રીતની ગતિ કરતી સાધેલા શરીરવાળી એવી તે ''નટરાગનિ''ના નામની નવરંગી શોભતી હતી. ગંગાની ધારા જેવી જટાવાળી લટકાથી સુંદર ભેખન જેવી લાગતી સુંદર પુષ્પોને ધારીને વૃક્ષોને જોતી એવી કમળપાંખડી જેવાં અણિયાળાં નયનોવાળી એ સુંદર કુમારિકા શરીર ઉપર પ્યારી ઉપવીને નાંખીને શોભતી એવી. ભૂમિ ઉપર ચડેલી જ્ઞાનના સંગ્રહવાળી જ્ઞાની મંત્રનો જાપ કરતી સુચિતથી મનને હરનારી વનના મધ્યમાં ચંદ્રમાના જેવું સુંદર મુખ જેમનું હોય એવી સુંદર રૂપવાળી શોભતી તે કેદારી નામથી પ્રસિદ્ધિવાળી છે. શ્યામ વર્ણવાળી રિષ્ટ કરનારી શરીર ઉપર સફેદ વસ્ત્રોને ધારણ કરીને જમણી બાજુથી ડાબા હાથે ધારણ કરેલ વસ્ત્રોવાળી મનથી સુંદર રીતે પતિનું પૂજન કરનારી એવી. લલાટમાં મલયાગર ચંદનની ચર્ચા કરેલી સુંદર શોભાવાળી સુંદર પુષ્પોની માળાઓને ઉરમાં ધારણ કરેલી શોભતી. અંગના મધ્ય ભાગમાંથી થોડી નમેલી એવી તે ભામા (નારી) તે નારી હસતી હતી. હાસ્યમુખવાળી ને ''કાંનરા'' નામથી સ્વરને કહે છે. પાંચ રાગિણીઓની સાથે જેમને ''શ્રીરાગ''થી કેટલા કહે છે તેના રૂપોના ભેદો આભુષણો વસ્ત્રો વગેરેની સુંદરતા તેને હે ગાયક હવે તમે સુભાગ સાંભળો.

''માલસરિ'' તથા ''મારુ'' સુંદર નામના તથા ''ધન્યાસરિ'' વસંત ''આસાવરિ'' આ બધા યોગ્ય જ છે તે બધા શ્રીત્રિપાથી શોભતા હતા. માનસિક નિજ સમાન રૂપવાળી હાથમાં વીણાને પ્રવિણતાથી કહેતી હતી. સ્ફટિકના હારોને શિર ઉપર ધારીને મુખેથી મધુરી વાણીને બોલતી હતી. હાથમાં સુંદર કમળના પુષ્પને લઈને મુખેથી સુંદર સંગીતના ભેદો ઉચ્ચારીને સુંદર કુંજની વચમાં ઉભા રહીને સુંદર શ્રી નામના રાગના સ્વરૂપે જ કહેવાય. તે રાગનાં રૂપોને સુંદર રીતે કહ્યાં. હવે બધાય રાગિનીઓનું રૂપ કહેવાશે. આંબાના સુંદર વૃક્ષની

નીચે તરુણી આસન કરીને કરુણા કરીને બેસી રહેલી હતી. યોગ્ય રીતના રૂપવાળી હાથમાં કરપાંણ લઈને સુંદર રાગના આલાપ ઉપર હાથ દીધેલો અને અરુણ કલરનાં વસ્ત્રોને ધારીને પીળાં રંગનાં રંગે અંગિને ધારણ કરીને રહેતી. કાંઈક કરીને પતિની સામે જોઈને હરતિ થકિ કાઈક માલસરિ નામની સ્ત્રી તે વિકાસ પામેલી બધાં જ રૂપને અનુપમ માલસારિ મુખેથી રાજી થતી મુખેથી રાગને છેડતી હતી. તેણીએ જરિયાંન વસ્ત્ર શરીર ઉપર ધારેલી હતી. શોભતી તે નારી તે શુભ શંકિત થયેલી નારી વેમ રાખતી હતી. શરીર ઉપર પુષ્પનાં આભુષણો ધારેલાં હતાં. તેથી અંગો અતિશય અનંગના નર રંગમાં રમતી હતી. સમાન વયના જોઈને રાજી થઈને મોહ પામતી હતી. હાથે ચુંબન કરવાની ચાહના કરતી હતી. ઉત્તેજન કરનારાં સુંદર વસ્ત્રોને ધારણ કરીને સાજતી થયેલી તે કેટલાક મારું સુંદર રાગોને રાગનિનાં નામ કહ્યાં છે. પોતાના મિત્રના વિયોગમાં ક્ષણક્ષણમાં લલનાના મનમાં મન માલિ નદી ન થઈ ને દુઃખ પામતી નેત્રોમાં આંસુ લાવીને ઉચ્છવાસોને છોડતી. મનમાં જ ધુનને ધારીને બહુ જ ધારણા કરતી હતી. તે સુંદરી મોટસિના વૃક્ષ (આંબાના) તળે ઉરના વીલાસોને કરીને હુલાસભેર થઈને એની સાથે કોઈ હતું જ નહી. એકલી જ રહી તેને ધન્યાસરિના નામે વિરાજે છે. ચારે બાજુ ભમરાઓ ગુંજારવ કરતાં હતાં. શરીર શ્યામ વર્ણનું અંગો બહુ જ હુલાસ ભરેલો હૈયામાં આનંદમોરનાં પિંછાને આંબાના મોરને લઈને હાથમાં પાનને ધારીને મિત્રને મોહ કરતી કાંઈક ઉરના હાવભાવ ભરીને વિલાસ કરતી ચિત્તથી વિલાસને ચાહતી હસતી હતી. સફેદ વસ્ત્રને ધારણ કરીને તે પુનિતા કાંઈક કાશ્મિરિ વસ્ત્રને શરીર ઉપર ધારીને શોભતી હતી. આ રૂપ યોગ્ય જ રીતે રસાળ કહેલું છે. તેને ''રાગિની''ના નામથી તથા ''વસંત''ના નામથી કહેલાં છે. સ્ત્રી બાગના વૃક્ષ નીચે વિરાજતી હતી. તેનો શીતળ છાંયો જોઈને સુખ લેતી હતી. શ્યામ શરીર લલામનું શોભતું હતું. શરીર ઉપર નાગણિને લપેટીને ગાવણું ગાતી હતી. એકદમ સફેદ વસ્ત્રને ધારણ કરેલી શરીર ઉપર બહુ જ હારોને ધારીને શોભતી હતી. તે રંભા નારીને ભાલમાં વસ્ત્રને ધારેલી રંજન કરનારી સુંદર કુંજમાં વાસ કરીને ચારેબાજુ સુંદર સુવાસ ફેલાયેલી રહે તેને ''આસાવરિ''ના નામથી બધે કહેવાય છે. મેઘરાગની સાથે રાગનિઓનું બધાંનું જુદુજુદું વર્ણન કરીને વખાણ કર્યાં. આવી રીતે નામ રૂપ શ્રૃંગાર રસોનું બધું જ વર્ણન ગાયક તમે સાંભળો.

રાગનીનાં નામો તથા રૂપ, શ્રૃંગારો બધું જ સારી રીતે કહ્યું છે તથા દીપકની સાથે પોતાની રાગિનીઓનું પણ ભેદો સાથે વર્ણન કરી દીધું છે. રાગનિયોની સાથે સ્થાતા શ્રીરાગનાં રાગિનીઓ સાથે સુંદર રીતે વર્ણન કર્યાં. આમ ઓગણચાલીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ શ્રી અમદાવાદમાં સભામાં સંતોએ ગાયકો સાથે ચર્ચા કરીને રાગરાગિણીના સ્વરૂપેનું વર્ણન કર્યું. તથા સ્વરનું વર્ણન કરીને શ્રૃંગારનું વર્ણન કર્યું. એ નામે ઓગણચાલીસમો તરંગ થયો. ॥૩૯॥**

# તરંગ-૪૦

વિદેશી ગાયક કહે છે — ભૈરવિ રાગની સાથે માલકોરો અને તેની રાગનીઓ તે બધાય બધી વિધિ સાથે કહ્યાં. રૂપ તથા તેના ભેદો તથા શ્રૃંગાર બધું જ વર્ણવીને કહ્યું. બીજું હિડેલ રાગનિ તથા તેના ભેદ રૂપને શ્રૃંગારબધુ જ વર્ણન કરીને કહ્યું. અડોલનું બુદ્ધિપૂર્વક વર્ણન કરીને ગાગશ્રીનું રાગનિની સાથે વર્ણન કરીને કહી સમજાવ્યું. આપે વિધિની સાથે હેત કરીને મુનિવર આપે મને કહી સંભળાવ્યા. બધાં જ રાગોને રાગનિઓ સાથે મેઘરાગનું વર્ણન કરીને મને કહો. રૂપ ભેદો શ્રૃંગારો તેનું જુદુંજુદું વર્ણન કરીને કહો મુનિ તમે વિધિને જાણનારા છે મહાન જ્ઞાનના ભંડાર છો મુનિ આપની સોહામનિ વાણી સાંભળીને ગાયકના મનને આનંદ થયો. ગાયકને મતિવાન જ્ઞાની સમજીને મુનિ દેવાનંદજી મેઘરાગ સંભળાવતા હતા. હે રાજન ! રાગની સાથે રાગને જુદા કરીને રૂપના ભેદ શ્રૃંગાર બધું જ જુદુંજુદું વર્ણન કર્યું તેને પ્રેમભાવથી વિકિત કરીને કહું છું તે સાંભળો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે. હે રાજન ! તમે સાવધાન થઈને પવિત્ર બુદ્ધિવાળા મેઘના રાગોની સાથે તે નિભામતી રાગિની ભેદરૂપને જેમ ગાયક પ્રત્યે નિષ્કામ મુનિએ કહ્યાં હતાં તે જ તમને કહું છું. ટંક ‘મલાર’ અને ગુજ્જરી તથા બીજું ‘ભુપાલી’ના મતે દેશકાળ આદિક બધું જ સાથે પાંચ મેઘની (ભમ) રાગિનીઓ સાથે. આદિ મેઘની સાથે તેની રાગનિ તે સ્વરૂપ ભેદ શ્રૃંગાર વિગેરેનું વર્ણન વિસ્તારની સાથે કહું છું તો ગાયક તમે ઉદારતાથી સાંભળો. શુરવીર રાજા છત્રને શિર ઉપર ધારે છે. પ્રીતથી સુંદર શરીર શ્યામ મુખયુક્ત મુખમંડળથી સમાજમાં સુંદર રીતે મસ્તક ઉપર મુગટને ધારેલો સુંદર રીતે શાંત પાનને ખોલીને મહા શુરવીર હાથો વડે બળવાન એવો મેઘ બળપૂર્વક ગાતો હતો. બાલાનાં અંગો પ્રીતમ પ્યારાના વિયોગમાં દેખાય છે તે સહેજમાં શ્વાસોશ્વાસ લે છે તે પણ પરાણે લે છે તેના શરીર ઉપરથી વસ્ત્ર શિથિલ થઈ ગયા છે. મલિન લીનને લઈને પોતાના મિત્રની માળા ફેરવતી એવી તે ‘‘મલાર’’ રાગણિના નામે કહેવાય છે. ઓળખાય છે. તેણીનાં ભુષણમાં બે દિશાઓ છે. તે જ સુંદર અંગો ઉપર શણગાર રૂપે છે. કળાયલિ કંચુકી તે તો લાલ પીળા રંગ રૂપે રહેલી છે. તેની સુંદર જે શયા છે તે તો વિલાપ કરતાં તેનાં કાળાં જમણાં પડખાં છે. પાતળી કેડવાળી તે સુંદર રીતે સંકુચાયેલા મુખેથી ગાયા કરે છે. સુંદર જુદાજુદા રસયુક્ત તાલથી લાલ સુંદરી ગાય છે. તે પ્રાણ ચતુરબાલા ઉપરી છે તેનું નામ તે ગુંજ્જારિ જાણો. ભુપાલીના ભેદ રૂપને ગાયક આપ સાંભળો. બધા જ શણગારો સાથે આનંદ દેનારી પ્યારીને જાણજો.

સફેદ વસ્ત્રો શરીર ઉપર શોભતાં હતાં. સફેદ શણગારથી બહુ જ શોભતું હતું. ચંદ્રમાની સમાન શ્વેતમુખ પ્રકાશમાન હતું. શરીરની કાંતિ ગૌર વર્ણની કહેવાય. ઉરમાં આનંદ ઉલ્લાસ હતો. માધ્વી સ્વર મનોહર હતો. હાથમાં મિત કરવાનું હતું. સુંદર ઘીનું પોષણ કરવાનું હતું. પીવાનું હતું. માર્ગમાં પોતાના નાથને નિરખીને રોતી હતી. મનોહર પુષ્પની માળા હાથમાં હતી. કહ્યું કે સુખદાયક કાંઈક ગાનને સાંભળો ત્યારે તે રાગણીનું ભુપાલિ કહેવાય છે. સુંદર રમણીય રંગવાળી શરીર ઉપર બહુ જ સુંદર રૂપ ઉંમર લાગતી હતી. રૂપ સારું હતું. રસાલ સારું રહેલું હતું. સુંદર મોતીના હારો મનને હરતા હતા. મુખ જાણે ચંદ્ર જેવું તેજાયમાન સુંદર શ્રૃંગારો શોભતા હતા ચંદનની સુંદર ચર્ચા કરેલી હતી. તેનાથી લલાટ બહુ જ શોભતું હતું. માનથી મુખેથી મંદહાસ્ય કરતી હતી. હૈયામાં બહુ જ હુલાશને ધારતી હતી. આને ‘‘દેશકારક’’ કહે છે. પતિના વિલાસમાં વિલાસની

વિલસતી રહે છે.

સુંદર રાગોની છ રાગીનીઓના નામો તેની સાથે કહી દીધાં. ગુણિજનો તેને સુંદરતાથી ગાય છે. તેનાથી બધાય બહુ જ આનંદ પામે છે. બહુ જ શોભે છે. ગાયક ગાયનો ગાય છે. તેમાં જે દોષ જણાય છે. તેને છોડીને ગાયક જો ગાય છે તો તેને બુદ્ધિવાળા જ્ઞાનીજનો દોષવાળું કહે છે. તેઓનાં નામ વખાણેલાં છે. તેને માગયણ આપ સાંભળો. જાણતા ન હોવા છતાં આપ જાણો તેના માટે કોઈક જ વિરલા હોય તે આ ભેદને જાણે છે. પ્રથમ ''કક'' સ્વરનું નામ પ્રાણ જ છે. તે તાલ વગરનો સુરને ભાંગનારો જાણવાનો છે. ઉંધુ મુખ કરીને ગાતાં ડોકને મુખને ડોલાવે અને બીજાં બધાં અંગોને ડોલાવતી હોય તેને કક સ્વર કહે છે. બીજી સ્વરનો ભંગને જાણે જ નહિ તેને ગ્રાહકપાલિકા નામનો સુર કહેવાય છે. તેમાં સમય જોયા વગર જ સંગીતને જન ગાય છે. તેને આ ષટ નિગમના દોષ કહેલા છે. આ રીતે સંગીતના મતે દશ દોષો બતાવેલા છે તેથી ગાયન ગાનારા ગાયક ગાતી વખતે ધ્યાન રાખવું. જ્યારે ગાનારા ગુણવાનજનો દોષનો ત્યાગ કરી પુરા ખ્યાલથી ગાન ગાય ત્યારે જ સમજુ જ્ઞાની શ્રોતાઓને સુખ થાય છે. જ્યારે બક્ષિસને પ્રાપ્ત કરે છે અને જ્યારે ગાયક દોષ સાથે જ ગાયન ગાય છે. ત્યારે તેને કોઈ શ્રોતાજન મોજ નથી આપતા એમ સાચું જ કહેવાય છે. શ્રોતાજનો ગાવણું સાંભળીને જ્યારે બહુ જ રાજી થાય છે ત્યારે ગાયકજનો બહુ જ વધારે પ્રમાણમાં મોજને પ્રાપ્ત કરે છે. આવી રીતે ગાયનનાં ગુણદોષને સાંભળીને આવેલ ગાયક મનમાં બહુ જ રાજી રાજી થઈ ગયો.

દેવાનંદ સ્વામીના મુખેથી સંગીતના ભેદને સુંદર રીતે સાંભળીને રાગરાગણિનાં રૂપો, ભેદો, શ્રૃંગારો બધું જ બહુ જ જુદુંજુદું કરીને પ્રેમથી સાંભળ્યું ને ગાયું તે ગુણયુક્ત સાંભળીને ગાયકના મનમાં બહુ જ આનંદ ઉપજતો હતો બધો જ સંભ્રમ ભ્રાંતિ જતી રહી. દુઃખદાયક બહાર જ ગયું. ષટરાગના બધા જ ભેદો તેની રાગિની એનાં નામો બધા જ રૂપો શ્રૃંગારો સાથે બધું જ વર્ણન મુનિએ નિષ્કામ ભાવથી કહી સંભળાવ્યું. મુનિ તમને ધન્ય ધન્ય છે. ધીરમુનિ તમે તો ગાયનના બધા જ ભેદો કહી દીધા. એવા ગાયન કળાના પ્રવિણ નિષ્ણાત હવે કાંઈ બાકી રહેતું જ નથી. કાંઈ બાકી રાખ્યું જ નથી. સુખદાતા તમે સ્પષ્ટ જ વાત કરી છે. પ્રેમથી તે સંગીતને સુંદર રીતે મોહ કરીને તેનો ભેદ પણ ગાયો સુંદર કાર્ય કર્યું. આમ કહીને સભાસદોને દેખતાં જ પ્રભુનાં બંને ચરણકમળને શિર ઉપર ધારીને તે ગાયક પોતાના ઘર પ્રત્યે મુનિના ગુણને ગાતો થકો ગયો. આવી રીતે દેવાનંદ સ્વામીએ ગાયનના ભેદો કરીને કહ્યા. તેને સાંભળીને સુખધામ પ્રભુ રાજી થયા. જેમના ગુણને વેદો ગાય છે અને બધી જ સભા તથા બધાય સંતો બહુ રાજી થયા. સંગીતને ધારનારા મુનિ આપને ધન્ય છે. આપે ઉદારતાથી ઉત્તરો દીધા. બધા જ પ્રશ્નોનો પ્રેમથી નિકાલ કર્યો. તમે ગાયનમાં પણ ધન્ય ધન્ય છો આવું તમારા જેવું બીજું કોઈ ન કહી શકે તે હું જાણું છું. પરદેશી કવિ ગાયનના ભેદને સાંભળીને નિર્માની થઈને બધું જ જાણનારો થયો.

બલભ્રાતાએ આવી રીતે ઘણીવાર સુધી વાતો કરીને ઘનશ્યામ સુખધામ પ્રભુ શોભતા થકા સભાની વચમાં બેસીને ચર્ચા કરાવીને સ્વરના સંભવ સાથે નામો તથા મૂર્ચ્છના રાગરાગણિ રાગોનો ઉદ્‌ભવ સાથે તેનાં નામો ભેદો કહીને રૂપસહિત બધાં ગાયનનો ઉદ્‌ભવ તે વેદમાંથી થયો છે તે બધું મુનિએ સભાની વચમાં જ કહ્યું. તેને સાંભળીને બધા જ સંતજનો બહુ જ રાજી થયા. ગુણીજનો કળા પ્રવીણો જાણતા હતા. આવી રીતે ચર્ચા કરતાં રાત બહુ વીતી ગઈ. આમ અંતર્યામી મહાપ્રભુ જય સચ્ચિદાનંદ કહીને ઉતારે ગમન કરતા

હતા ત્યારે પ્રભુ દેવનાં દર્શન કરીને સભાની સાથે જ સુખકંદ અંતરની દઢતા કરીને ઉતારે પધાર્યા. સર્વના કામને હરનારા સર્વનાં કામ કરવા સુખકંદ પ્રભુ સૌ ભક્તજનો સાથે મહાપ્રભુ જમ્યા. પછી સહજાનંદ સ્વામી પોઢી ગયા.

પ્રભાતમાં વહેલા પ્રભુ જાગ્યા કમલનયન મહાપ્રભુએ શૌચવિધિ કરીને નિત્યવિધિ મહારાજે કરી. પછી શ્રી ઘનશ્યામ પ્રભુ લોકોનાં કષ્ટને હરનારા દેવોને અર્ચનવિધિ કરતા હતા. ભક્તજનોના ભવત્રાસને હરતા હતા. દિલના દોષોને દૂર કરતા હતા. આ રીતે સૌ નરનારીજનોનાં કષ્ટને ચરિત્રો કરીને હરતા હતા. હે રાજન ! તે દિવસની વાતને કહું છું તે તમે ઉત્સાહથી સાંભળો. વડોદરાના નાથભક્તે આવીને રસોઈ દીધી. ઘેબરનું સુંદર પકવાન તૈયાર કર્યું. મહારાજ થાળ જમ્યા. પછી મહાપ્રભુ સંતોને જમાડતા હતા. સુખપૂર્વક પંગતમાં ફરીને પીરસતા હતા. ફરીફરીને સૌ સંતોને પ્રભુ ઘેબર દેતા હતા તે સંતો લેતા હતા. આમ ઘેબર બહુ જ ખંતથી સુખદાયક દેતા હતા. આવી રીતે બહુ વાર સુધી સંતોને જમાડીને પ્રાણનાથ પ્રભુ પીરસીને બહુ જ રાજી થયા. પછી હાથપગને ધોઈને કમળનયન પ્રભુ ભક્તજનોના ભયને હરનારા સુખ કરતા હતા. પછી ઘનશ્યામ પ્રભુ સભા કરીને તેમાં ઉંચા આસન ઉપર વિરાજમાન થયા. સંતો ભક્તજનોને પૂર્ણકામ પ્રભુનું પ્રેમથી પૂજન કરતા હતા. ભાવથી ચંદન ચર્ચીને પુષ્પના હારો પહેરાવીને સુખ પામતા હતા.

અંગોઅંગમાં વસ્ત્રો અને આભુષણ ધારણ કરાવ્યાં. પછી હાથ જોડીને તે મહાપ્રભુની સ્તુતિ કરતા હતા. મનથી આવેલા દોષોનો નાશ કરનારા આપનો જયજયકાર થાય. હે હરિ કૃષ્ણપ્રભુ જગવંદન આપનો જયજયકાર થાય. વામમાર્ગી કુડાપંથીઓના માર્ગનો તથા અજ્ઞાનો નાશ કરનારા સત્યધર્મનો માર્ગ બતાવનારા ધર્મકિશોર પ્રભુ આપનો જયજયકાર થાય. મોહમાં ને મદ આદિ ઘુવડ, ભીલો જેવા ખળજનોના મુળથી ખોદનારાં સુખ દેનારા મહારાજ આપનો જયજયકાર થાય. કામ કપટ કલિકાલીન કુટિલ કામાચારીઓનો દાહ કરનારા આપને એ દાવાનલ જેવા જાણવા સારા નાસ્તિકજન પાપીજનો નરનારીજનોના તરત જ નાશ કરનારા એમને ખારા સાગર જેવા આપનો જયજયકાર થાય. સંતો કમળવન જેવા છે ને આપ એક કમળવનના પોષણ કરનારા સૂર્ય છો. પોષણ કરવા માટે પ્રગટથી સત્સંગનો વિકાસ કરનારા પ્રભુ સર્વજનોના ભયતાપનો નાશ કરનારા આપનો જયજયકાર થાય. આદિપુરુષ અવિનાશી આપનો જયજયકાર થાય. મનોહરમૂતિ અકામ પ્રભુ ઘનશ્યામ પુરણ બ્રહ્મપુરુષોત્તમ પૂર્ણકામ આપનો જયજયકાર થાય. સર્વના સ્વામી ઈશના ઈશ મહાપ્રભુ અંતર્યામી જયજયકારને પામો. સકલ અવતારના અવતારી અનંતનાથ જયજય થાઓ. આપના ગુણગણને સૌ સંત ગાય છે. એવા જયજયકારને પામો. આપના ગુણને બ્રહ્મા વિષ્ણુ શિવજી ગાયા જ કરે છે. આપનો જયજય થાય. હરિ આપના સ્વરૂપનું ઉરમાં ધ્યાન કરે છે એવા આપનો જયજયકાર થાય. હે કૃપાળુ આપ અમારા ઉરમાં વાસ કરો. હે કમલનયન કાળના કાળ પ્રભુ આપ જયકાર પામો. અનંત અધમજનોને તારાનારા પ્રણતપાલ ભગવાન આપનો જયજયકાર થાય. જયજયકાર થાય. ઘનશ્યામ પ્રભુની આવી રીતે સ્તુતિ કરીને નાથભક્ત હાથ જોડીને સામે હતા. ત્યારે પ્રભુ પ્રસન્ન થઈને મધુરવાણીથી તે ભક્તને કહેતા હતા.

મારી પાસે તમે કાંઈક માંગો. જે ઈચ્છા હાય તે વર માંગો તમે જે માગશો તે દઈશું. હું સર્વોપરી સર્વ

સુખદાતા છું તો માંગો. ઘનશ્યામ પ્રભુનાં વચન સાંભળીને ભક્ત હાથ જોડીને કહે, મારા અંતશત્રુનો નાશ કરો. આપના ચરણાકમળની ભક્તિ આપો. શ્રીહરિ કહે તથાસ્તુ કષ્ટને હરનારા પ્રભુએ ભક્તનાં કષ્ટનો નાશ કરીને પછી સંતોની સાથે પ્રયાણ કરતા હતા.

ઘનશ્યામ સુખદાયક પ્રભુએ ગાયનના ભેદો સંભળાવ્યા. તેથી પ્રીતમ પ્રભુસુખ પામ્યા. સંતોને રાજી થઈને ઘેબર બહુ જ જમાડ્યા. જગનાં પ્રાણ પ્રભુ પૂજાયા. ભક્તે સ્તુતિ કરી તેનાં કષ્ટોને હર્યાં. આમ ચાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બ્રહ્મચારી બંનેએ રચેલા છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદ નગરમાં લીલા કરી તેમાં ભક્તજનોએ સ્તુતિ કરી તેનું વર્ણન કરીને જણાવ્યું એ નામે ચાલીસમું તરંગ થયું. ॥૪૦॥**

# તરંગ-૪૧

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રાસદજી મહારાજ ! નીલકમળની શોભાવાળા શ્રી ઘનશ્યામ પ્રભુએ સંતોની સાથે અમદાવાદપુરમાં લીલાઓ કરી તે સભામાં સંતોની સાથે મધ્યમાં વિરાજીને કરી. તે ગાયકને ગાયનના ભેદો તે સંતના મુખે કહેવરાવ્યા. પ્રતાપરૂપે કરીને અભેદ વસ્તુનો સંગીતની રીતે સુંદર ભેદ કર્યા. પછી મહાપ્રભુએ પ્રીતિસહિત સૌ સંતોને મહાપ્રભુએ ઘેબર સુંદર રીતે જમાડ્યાં. પંક્તિમાં પુનિત પ્રભુએ પીરસીને સંતોને જમાડીને તૃપ્ત કર્યાં. પછી મહાપ્રભુ કેવી રીતે પ્રયાણ કરીને ક્યાં પધાર્યાં તે કૃપા કરીને મને બધી જ લીલાઓ વર્ણન કરીને કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહરાજાને કહે છે હે રાજન ! તમારી બુદ્ધિને ધન્યવાદ છે. કેમકે તમે પ્રભુની સુંદર લીલાઓનું પૂછો છો તે તો અજબ છે. અમાપ જ છે. શ્રી ઘનશ્યામ સર્વના જાણનારા સર્વોપરિ છે. તે બધી જ લીલાઓ હવે કહું છું. **અમદાવાદપુરથી** રાજી થઈને સંતો ભક્તોની સાથે કમલનયન શ્રીહરિ મહારાજ ત્યાંથી ચાલ્યા. ત્યારે અનેક વાજાં વાગતાં હતાં. પુરનાં જનો પ્રીતથી પ્રભુને વળાવવા માટે પ્રેમથી સાથે ગયાં. આખા શહેરને ઘનશ્યામ પ્રભુ પાવન કરીને ગાતા થકા જતા હતા. દેવોના દેવ અકામ પ્રભુના દર્શન કરીને પોતાના ઉરમાં ઉતારી લેતા હતા. કહેતાં હતાં કે કૃપાનાથ કૃપા કરીને દર્શન દેવા આવજો. આપના વિના અમે બધાંય નિરાશ થઈ જઈએ છીએ. માટે હે નાથ ! ફરી આવીને અમારા મનની આશાઓ પુરી કરજો. આમ કહીને પ્રભુની મૂર્તિને અંતરમાં ઉતારી બોલ્યાં હતાં. મુખેથી સૌ ઘનશ્યામ પ્રભુનું નામ ગાતાં હતા. મહાપ્રભુ પુરના માર્ગોને પાવન કરીને શહેરની બહાર જતા હતા. સૌનાં મનને ખેંચતા હતા. બધા જ ભક્તજનોને મહાપ્રભુએ પાછા વાળ્યા. દિલગીર થઈને સાવ ઉદાસ થઈ જતા હતા. ધર્મનંદન પ્રભુની છબિને ઉરમાં ધારીને જતાં હતાં. સૌ આતુરતાથી પાછાં વળ્યાં.

સૌ જનો પ્રભુને વળાવીને પાછાં ફર્યાં. પછી શ્રી સહજાનંદ સ્વામી ત્યાંથી **અસલાલી** ગામે સૌ સંતો ભક્તજનોની સાથે પધાર્યા હતા. **અસલાલીના** ભક્તો **હરિભાઈ** આદિક સૌ હરિભક્તો હેત કરીને બે ગાઉ સુધી પ્રેમવશ થઈને સામા ગયા હતા. પ્રેમ કરીને પ્રભુને પુરમાં પધરાવ્યા ને પોતાના ઘેર પધરાવ્યા. સૌ ભક્તજનો ઘનશ્યામ પ્રભુની સેવા કરવા લાગ્યાં. હરિમાં વધારે હેત કરીને સેવતા હતા. આખા ગામને પાવન

કરી પ્રભુ બધું જોઈને પછી મહારાજ આંબાવાડીયામાં પધાર્યા ને ત્યાં મોટી વેદિ ઉપર શોભાનાં ધામ મહાપ્રભુ વિશેષ શોભતા હતા. આંબા ને સુંદર વૃક્ષોની મોટી વાડી હતી. તેની નીચે વેદી ઉપર ગાદીતકિયા વિગેરે હતાં તેની ઉપર નાથ પ્રભુ ઉમંગથી બેઠા. ઘનશ્યામ પ્રભુની સામે સભામાં આવીને ઢોલી પોતાનો ઢોલ સુંદર રીતે વગાડતો હતો તેને ચુતર જાણીને શ્રીહરિ બહુ જ રાજી થયા. નાથે પોતાનો દુશાલો ઓઢેલો તે રાજી થઈને આપ્યો શ્રીહરિની સાથે સૌ સંતો અને હરિભક્તો પણ રાજી થયા. પુરનાં પછી સુખદાતા કૃપાળુ મહાપ્રભુ જ્ઞાનની વાતો કરતા હતા. અને સૌ નરનારીજનો પ્રેમથી સાંભળતાં હતાં. વાતો સાંભળીને ધીરજથી નિયમને ધારતાં હતાં. ભક્તો શુરવીર થઈને જન્મમરણની સંસ્કૃતિથી મુક્ત થતાં હતાં. થાળ તૈયાર થયો એટલે હરિભાઈના ઘરે કમળનયન પ્રભુ સૌ સંતોની સાથે જમવા પધાર્યા. થાળ જમીને પ્રભુ ભક્તજનોના મનના તાપને દૂર કરતા હતા. પ્રભુનાં દર્શન કરવા નરનારીજનો આવ્યાં હતાં. દર્શન કરીને રાજી થયાં. પ્રભુ થાળ જમીને તૃપ્ત થયા. જગતના સુખદાતા પછી સંતોને સુખપૂર્વક જમાડતા હતા. ઘનશ્યામ પ્રભુ સુખદાતા સંતોને જમાડીને નરનારીજનોને બહુ જ રાજી કર્યાં. પછી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. સૌ સંતો પ્રભુની સાથે જ ઉતારે ગયા.

હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ સભા કરીને તે સભામાં શોભતા હતા. ભક્તજનોના કામદોષને બાળીને સુખ કરતા હતા. પ્રભુ ત્યાં જ રાત રહેતા હતા. સવારમાં વહેલા જાગીને પરવારીને ચાલ્યા. **જેતલપુરે** ધર્મકિશોર પ્રભુ પધાર્યા. ગામના ભક્તો સૌ સામા પ્રભુને લેવા આવ્યા. જાતજાતનાં વાજાં વગાડીને શોભા કરતા થકા લાવ્યા ને પ્રભુ ગામ બહાર મુકામ કરતા હતા. પહેલાં જ્યાં યજ્ઞ કર્યો હતો તે જગ્યાએ સુંદર રીતે ભૂમિને જોઈ. ત્યાં પાસે જ મોટા ને બહુ જ ઘાટી છાંયાવાળો વડો હતા. તેની નીચે બહુ જ જગ્યા હતી. તેની નીચે પ્રભુએ મુકામ કર્યો. જગતના ભક્તજનોના મનમાં બહુ જ આનંદ છવાઈ ગયો. શ્રીહરિ મહાપ્રભુ ગંગામાને ઘેર જમવા માટે સંતોભક્તજનોની સાથે જતા હતા. જાતજાતના પાકોને પ્રભુ જમતા હતા. સંતોને જમવા માટે આસજિભાઈ આદિક ભક્તજનોએ રસદાર રસોઈ બનાવડાવી હતી તેને મહારાજ જમીને સંતોને પીરસતા હતા. પ્રીતમપ્રભુ સંતોની પંગતમાં ફરીને પીરસતા હતા. હરિ બહુ જ આગ્રહ કરીકરીને સંતોને તથા હરિભક્તોને પ્રેમથી જમાડતા હતા.

પછી પ્રભુ પોતાના ઉતારે પધાર્યા. આવા પ્રભુના ગુણને સંતોજનો મુખેથી ગાયા જ કરે છે. ઘનશ્યામ પ્રભુ સૌને સુખ દઈને જેતલપુરનાં જનોનાં ચિત્તને ખેંચીને પાપને હરનારા પ્રભુ નરનારીજનોને ભવપાર કરીને પછી સૌ જનોની સાથે પ્રેમથી ચાલતા હતા. ચિત્તને હરનારા ચતુરવર ચાલતા ચાલતા **"ચોસર"** ગામે પધાર્યા. ચતુરવર પ્રભુ ગામની પાસેથી વહેતી નદી જેનું નામ "ખારી નદી"ના નામથી કહેવાય છે. આ નદી પાસે પ્રભુ પધાર્યા.

તે ખારી નદીનું પાણી સ્વચ્છ જાણીને ઘોડાંને સોંસરાં ચલાવ્યાં. પછી પ્રાણપતિ પૂર્ણદાતા તરત જ ત્યાંથી વેગપૂર્વક જય સચ્ચિદાનંદ નામનો ઉંચેથી ઉચ્ચાર કરીને ઘોડાંને ચપલમૂર્તિ ઘનશ્યામ પ્રભુએ વેગમાં દોડાવ્યાં. જલદીથી તત્કાળ પ્રભુ વડતાલ ધામે પહોંચી ગયા. આનંદના સાગર સુખના સિંધુ ઘનશ્યામ પ્રભુ લક્ષ્મીનારાયણદેવના મંદિરમાં જઈને દેવને નિરખીને દર્શન કરીને શ્રી હરિનાથ રાજી થયા. આ બાજુ સંતો સૌ બીજા દિવસે પવિત્ર જનો વડતાલે પહોંચ્યા. વડતાલમાં આવ્યા ત્યસારે બધાંનાં વખાણ થયાં. પ્રભુને દંડવત્ પ્રણામ કર્યાં. પ્રભુ જોઈને સ્વાગત સમાચાર પૂછતા હતા. ભક્તોના નાથ પ્રભુ સંતોને ભેટીને ભાવથી સૌ

સંતોને રાજી કર્યા. ભક્તોના ભવના ત્રાસનો નાશ કરનારા પ્રભુએ સૌને વાસ કરાવ્યો. કેમકે સમૈયો નજીકમાં જ આવતો હતો તેથી રાખ્યા.

હે રાજન ! રામનવમીનો સામૈયો આવતો હતો તેને તમે સાંભળો. સમાચાર જાણીને સૌ સત્સંગીઓના સમાજ આવ્યા. નરનારી બાળકો વૃદ્ધો યુવાનો સૌ સંઘો લઈને આવ્યાં હતાં. બધાં જ સમૃદ્ધ ભક્તજનોને દયાળુ મહાપ્રભુ દર્શન દેતા હતા. મરાલ પ્રભુનાં દર્શન કરીને સૌ જનોનાં જુથો રાજી થતાં હતાં. સૌ જનોને દયાળુ દર્શન દઈને પ્રભુ કુશળ સમાચાર પૂછતા હતા. સુંદર ચંદન ચર્ચીને સુંદર ફૂલોના હારો તોરાઓથી શ્રીહરિનું હરિભક્તો હજારો પૂજા કરતા હતા. બાજુબંધ તથા બેરખા ધરાવીને હરિભક્તો હરિનાં દર્શન કરીને કહેતા હતા. દેવના દેવે આવો મહામોટો સામૈયો કર્યો. અજેય પ્રભુ ભક્તજનોને બહુ જ આનંદ દેતા હતા. ધન વસ્ત્રો આભુષણો ભેટ ધરીને પૂજતા હતા. આવી રીતે આનંદધામ પ્રભુ સુખ દેતા હતા. એવા પુરુષોત્તમ પ્રભુ પૂર્ણકામ ભક્તોના મનોરથ પૂર્ણ કરનારા સૌ જનોને સુખ દેતા હતા.

પ્રભુ નિત્ય નિત્ય નવીન આનંદમંગળ કરતા હતા. એક દિવસ સર્વના નાથ સર્વે હરિભક્તોની સાથે પોતાના ભાઈઓ તથા પુત્રો (હું પણ) સાથે જ હતો. સૌને સુંદર રીતે રાજી થઈને સુંદર રીતે સમજાવતા હતા. હે રાજન ! શિક્ષાપત્રીમાં સૌના સાધારણ ધર્મ તથા વિશેષ ધર્મનો સાર પાપોને બાળનારા મહાપ્રભુ કહેતા હતા. તે બધા જ ધર્મ કહું છું. તેને તમે રાજન સાંભળો. શ્રીહરિએ સ્વમુખે શિક્ષાપત્રી કહી છે. પ્રમાણગ્રંથ રૂપે કહેલી છે. એ ઉપદેશિકાનું શિક્ષાપત્રી નામ કહેલ છે. તેનું પૂરેપૂરું ધ્યાનથી પાલન કરનાર પુરુષ અને નારીને બહુ જ સુખ કરે છે. જે પ્રેમથી સાંભળે છે ને પાલન કરે છે તે ભવને પાર પામે છે. સર્વ પ્રકારના જીવો માટે છે. કોઈ વિમુખ હોય દ્વેષી હોય ને પ્રેમથી શિક્ષાપત્રીનું પાલન કરે છે. તે ઇચ્છિત સુખને પામે છે. એવી આ શિક્ષાપતિ કહેવાયેલી છે.

સુખના ધામ શ્રીહરિ અમદાવાદથી અસલાલી પધાર્યા અને અસલાલીથી જેતલપુરે પધાર્યા. જેતલપુરમાં સંતોને જમાડ્યા. પ્રભુએ પૂર્ણકામ સર્વના સુખના ધામ સુખ દીધાં. જેતલપુરથી મહારાજ વડતાલધામે પધાર્યા. આવી રીતે એકતાલીસમું અભિધાન રૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અવધપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વૃત્તાલયપુરમાં પધારી. રામનવમીનો સામૈયો કર્યો તેનું વર્ણન કર્યું એ નામે એકતાલીસમો તરંગ થયો. ॥૪૧॥**

# તરંગ-૪૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રી સહજાનંદ સ્વામીએ સ્વમુખે જે શિક્ષા ઉપદેશ કર્યો તેની શિક્ષાપત્રી લખી છે. તે શિક્ષાપત્રીને વરતાલધામમાં રહીને કરેલી છે. તે શિક્ષાપત્રી મને કહેવા કૃપા કરો. તે પત્રિમાં જે શિક્ષાનાં વચનો ઘનશ્યામ પ્રભુએ કહેલાં છે તે મને શિષ્ય જાણીને અમારા સુખ માટે કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમે ધ્યાનથી સાંભળો. શ્રી ઘનશ્યામ પ્રભુએ શિક્ષાપત્રીને સ્વમુખે કહી છે જેમના ડાબા પડખે રાધાજી વિરાજે છે. જેમના હૃદયમાં લક્ષ્મીજી વિરાજે છે. વૃંદાવનમાં વિહાર કરનારા શ્રીકૃષ્ણનું મારા હૃદયમાં ધ્યાન કરું છું. અનેક દેશોમાં અનેક ભક્તજનો આશ્રિતોનો મોટો સમુદાય

રહે છે. તેમના માટે વડતાલધામમાં રહીને સુંદર શિક્ષાપત્રીને લખું છું. સર્વના સ્વામી એવા સહજાનંદ સ્વામી સર્વના સુખ માટે લખું છું. ધર્મદેવના પુત્રો એવા રામપ્રતાપ અને ઈચ્છારામજી બે ભાઈઓ અને એમના પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તે બંને ભાઈના પુત્રો. મહાન નૈષ્ઠિક વર્ણિઓમાં મુખ્ય એવા મુકુંદાનંદ બ્રહ્મચારી ગ્રહસ્થ ભક્તોમાં મુખ્ય મયારામ ભટ્ટ આદિક મુખ્ય જગવંધ્ય પ્રભુ કહે છે. સધવા અને વિધવા સર્વે સ્ત્રીઓ તે અમારાં આશ્રિતો કહેવાય છે. તથા બધા જ સાધુઓમાં મુખ્ય એવા મુક્તાનંદ સ્વામીને કહેલા છે. તે બધાય મારા આશ્રિતજનો સૌએ ધર્મને દઢપણે પાળવા મારા આશિષને તમે સૌ વાંચજો. શ્રીહરિનારાયણની સ્મૃતિ સાથે સંતો શાસ્ત્રો મુનિજનો. તેઓના હિત માટે શિક્ષાપત્રી લખવાનો એ જ હેતુ છે. તેને સૌ એકાગ્ર ચિત્ત થઈને ધ્યાનથી સાંભળો. નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને સૌ જનોએ અવશ્ય વાંચવી. તે તેમના જીવનું હિત કરનારી છે અને સુખ કરશે. સત્‌શાસ્ત્રનું જે પ્રતિપાદન કરેલું છે તેનાથી સદાચાર ને સ્વધર્મને જે પાલન કરે એ પ્રમાણે વર્તે છે તે જન આલોક અને પરલોકમાં પરમ મહાન સુખને પામે છે. બ્રહ્મપુરધામમાં દિવ્ય દેહ ધરીને માયાને તરી જાય છે. જેઓ અનાદર કરીને પાલન નથી કરતા તે કુબુદ્ધિવાળા કહેવાય છે. તેઓ આલોક ને પરલોકમાં મહાદુઃખ અને કષ્ટને પામે છે.

એટલા માટે તમે બધાય મારા આશ્રિતો સૌ ચિત્તને એકાગ્ર કરીને દઢમનથી શિક્ષાપત્રીનું પ્રમાણભુત પાલન કરવાનું કાયમ માટે શિક્ષાપત્રી પ્રમાણે જ દરેકે વર્તવાનું મારા આશ્રિતજનોએ કોઈ જીવ પ્રાણીમાત્રની નાની મોટી કોઈ પ્રકારની હિંસા ન કરવી જીણા એવા ઝૂ માંકડ ચાંચડ મચ્છર આદિક ક્યારેય મન કર્મ વચને કે શરીરથી હિંસા તો ન જ કરવી. મારા આશ્રિતજનો તમે ક્યારેય રાજ્યાદિક ધનસંપત્તિ મેળવવા માટે પણ મનુષ્ય આદિક કોઈ જીવાત્માની હિંસાનું કાર્ય ન કરવું. દેવ કે પિત્રી આદિકના કાર્યમાં યજ્ઞમાં તર્પણમાં મારા આશ્રિત જનોએ બકરાં ઘેટાં મૃગલાં સસલાં માંછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી. અને આત્મઘાત છે તે ક્યારેય તીર્થમાં કે ક્યાંય ન જ કરવો. ક્યારેય પણક્રોધ કરીને કે ક્યારેય અયોગ્ય આચરણ થઈ જાય તોય મુંઝાઈને પણ આત્મઘાત તો ન જ કરવો. ઝેર ખાઈને કે ગળેટુંપોખાઈને કે કૂવા આદિકમાં પડીને કે પર્વત ઉપરથી પડીને આવી રીતે કોઈ રીતે આત્મઘાત તો ન જ કરવો. યજ્ઞ આદિના કાર્યમાં માંસ છે તે યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન જ ખાવું. ત્રણ પ્રકારની સુરા (દારૂ) તથા અગિયાર પ્રકારના મદ્યને ક્યારેય ન પીવું. એવાનું હાથનું ખાવું પણ નહીં. જો પોતાનાથી કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય તોય ક્રોધથી વિવશ થઈને કોઈપણ જાતના હથિયારથી અંગનું છેદન (કાપવું) કરવું નહીં. મારા આશ્રિતોએ ધર્મકાર્ય કરવાના હેતુ માટે પણ કોઈ પ્રકારની ચોરી આદિ કાર્ય તથા કોઈપણ માલિક (ધણિ)ની આજ્ઞા લીધા વગર કોઈ વૃક્ષમાંથી ફળ ફૂલ કે ખેતરમાંથી કાંઈ પણ લેવું નહીં. મારા આશ્રિત ભક્તજનો તેમણે ક્યારેય પણ વ્યભિચાર આદિક અપ્રમાણિક કર્મ જુગાર આદિ કહી ન શકાય તેવાં કાર્યો ન કરવાં તથા વ્યસન તમાકુ ભાંગ મફર છીકણી ગાંજો માજમ મસાલા આદિક કેફી પદાર્થો તથા જુગટું આદી સર્વનો ત્યાગ કરવો. વર્ણાશ્રમના નિયમ પ્રમાણે જેના ઘરનાં અન્નજળ ન ખપતાં હોય તેમણે તેના ઘરનું ખાવું ન જોઈએ. તેના હાથનું ન ખાવું તથા પુરુષોત્તમપુરી જે જગન્નાથ ભગવાનના ધામમાં ભગવાનનો પ્રસાદ જ લેવાય. તેનો દોષ નથી. કોઈની ઉપર ખોટી આળ (આરોપ) ન કરવો. દોષ ન દેવો. પોતાના સ્વાર્થ માટે પણ કોઈની ઉપર આરોપ તો ન જ કરવો. અપવિત્ર દુષ્ટવચન કહીને કોઈને ગાળ આદિ ખરાબ ઉચ્ચાર ન કરવો. દેવમંદિર તીર્થસ્થળ બ્રાહ્મણ

પતિવ્રતા સ્ત્રી વેદો પુરાણો ધર્મશાસ્ત્રો ગુણવાનજનો એમની ક્યારેય નિંદા અનાદર ન કરવો અને ન સાંભળવું. જે દેવની આગળ પશુનો વધ થતો હોય અને માંસમદિરા આદિનું નૈવેધ થતું હોય તે દેવને ધરાવેલ અન્ન કે નૈવેદ્યને મારા આશ્રિતજનોએ ક્યારેય પ્રસાદરૂપે પણ ન જ ખાવું. શિવાલય આદિક જે દેવમંદિર આવે તો તેને આદર સાથે વંદન કરીને ચાલવું. આદરથી દર્શન પ્રણામ કરીને જ્યાં જવું હોય ત્યાં જવું અનાદર ન કરવો. સૌ જનોએ પોતપોતાના વર્ણઆશ્રમ પ્રમાણેના ધર્મનો ક્યારેય પણ ત્યાગ ન કરવો. નીતિ પ્રમાણે જ વર્તવું. બીજાનો ધર્મ ક્યારેય આચરવો નહિ. પાખંડી કલ્પિત નવા નવા ધર્મમાં જોડાવું નહિ.

જીવાત્મા પોતાના વર્ણાશ્રમના ધર્મને અનુસરીને પરબ્રહ્મ શ્રીકૃષ્ણ નારાયણની ભક્તિ અનન્ય ભાવથી કરે તથા ભગવાનની કથાવાર્તાને સાંભળી બીજાને સંભળાવે. એવા મારા આશ્રિત સંતોનો સમાગમ કરીને ભક્તિ કર્યા કરે. જ્યારે પોતાનો કે પારકો દ્રોહ થાય તેવું હોય ત્યારે કોઈને સાચું ન કહેવું. ત્યારે અસત્ય બોલવામાં દોષ નથી. કૃતઘ્નીજનનો સંગ ત્યાગી દેવો કોઈની પાસેથી લાંચ ન લેવી અને ન દેવી. સત્યપરાયણ રહેવું. પાખંડી પાપી ચોર વ્યસની કામી તથા કિમિયા આદિથી લોકોને છેતરનારો હોય એવા છ પ્રકારનાં મનુષ્યનો સંગ ક્યારેય ન કરવો. જે મનુષ્ય જ્ઞાન અને ભક્તિનું ઓથુ લઈને સ્ત્રીધન રસાસ્વાદ તેમાં રસ રાખનારા મનુષ્યનો સંગ રાખવો. તેનો સહવાસ ન કરવો. શ્રીકૃષ્ણ ભગવાન અને એમના અવતારો વરાહાદિક અવતારોનું યુક્તિ કરીને ખંડન થતું હોય તેવાં ગ્રંથોને ક્યારેય ન માંનવાં ન સાંભળવાં. જે જળની અંદર ઘણાંક જીવો હોય તેવા જળથી સ્નાન આદિક ક્રિયા ન કરવી તથા ગાળ્યા વગરનાં જળ તથા દૂધ તે ન પીવું. તેને ગાળીને નિત્ય સેવન કરવું. અને જે ઔષધ માંસ તથા દારૂયુક્ત હોય તે ક્યારેય ન ખાવું અને જે મારા આશ્રિતજનો તેમને અજાણ્યા વૈદ પાસેથી એટલે કે જેનું આચરણ જાણતા ન હોઈએ તેની દવા ઔષધ ક્યારેય ન લેવી જેવાં સ્થળોએ મળમૂત્ર કરવાનો લોકોએ શાસ્ત્રોએ નિષેધ કર્યો હોય તેવાં સ્થાને ન કરવો. દેવ મંદિરો નદી તળાવના આરા તથા વાવેલું ખેતર જાહેરમાર્ગ તથા વૃક્ષની સુંદર છાંયા હોય તથા ફૂલવાડી બગીચો હોય એ આદિક સ્થાનકે મળમૂત્રનો ત્યાગ ન કરવો તથા થૂંકવું પણ નહીં. કોઈ ધણિયાતિ જગ્યાએ તે જગ્યાના માલિકને પૂછ્યા વગર ઉતારો ન કરવો. અંદર પેસવું જ નહિ. ચોરના માર્ગે જવું નથી અને નિસરવું પણ નહિ. અમારા આશ્રિત સત્સંગી પુરુષે સ્ત્રીના મુખેથી જ્ઞાનવાર્તા ન સાંભળવી. સ્ત્રીની સાથે વાદવિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસોની સંગાથે વ્યવહાર ન કરવો તથા તે સંબંધી કોઈ જાતનો વાદવિવાદ ન કરવો. કોઈ જાતના વધારે વ્યવહારિક સંબંધ ન કરવા.

સંત ગુરુનું તથા સારા પ્રતિષ્ઠિત જન સત્પુરુષ સમાજલોકમાં પ્રતિષ્ઠિતજન તથા શસ્ત્રને જાણનારા વિદ્વાન પુરુષ તે સર્વનું કોઈ રીતે અપમાન ન કરવું. અનાદર ન કરવો. વિચાર કર્યા વગર કોઈ કાર્ય તત્કાળ ન કરવું અને જે ધર્મસંબંધવાળું કામ હોય તે તત્કાળ જ કરવું અને જે વિદ્યા પોતે ભણ્યા હોઈએ તે વિદ્યા બીજાંને ભણાવવી. નિત્ય પ્રત્યે સાધુનો સંગ કરવો. ગુરુ દેવ અને રાજા આ ત્રણના દર્શન કરવા જાય ત્યારે ખાલી હાથે ન જવું. પોતાનાં મુખેથી પોતાનાં વખાણ ન કરવાં. કોઈ પ્રકારે કોઈનો વિશ્વાસઘાત ન કરવો. જે વસ્ત્રો પહેરવાથી પોતાનાં અંગો સોંસરાં દેખાય તેવાં ખરાબ વસ્ત્રો ન પહેરવા. બહુ પાતળાં તુટેલાં ગંદાં વસ્ત્રો તે મારા આશ્રિતોએ ન પહેરવાં. શ્રીકૃષ્ણ ભગવાની જે ભક્તિ છે તે ધર્મભાવના વગરની ન કરવી. ધર્મભાવ સાથે જ મહિમાથી ભક્તિ કરવી. અજ્ઞાની જનો નિંદા કરશે એવો ભય રાખીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ન

કરવી. નિર્ભય થઈને જ ભક્તિ કરવી. અમારા ભક્તોએ નિત્ય પ્રત્યે મંદિરે દર્શન કરવા જવું તથા ઉત્સવોના દિવસે તો વિશેષ રીતે હાજર રહેવું. મંદિરમાં જઈને ભગવાનનાં દર્શનભક્તિ કરવાં. પુરુષોએ સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો. સ્ત્રીઓએ પુરુષોનો સ્પર્શ મંદિરમાં ન કરવો. મર્યાદા રાખવી. મંદિરમાંથી બહાર નીકળીને પોતાની રીતે વર્તવું. ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દિક્ષાને પ્રાપ્ત કરેલ એવા જે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના દ્વિ જાતિઓ તેમણે કંઠમાં તુલસીની બેવડી કંઠી (માળા) કાયમ માટે ધારી રાખવી. તિલક ચાંદલો કરવાં. લલાટમાં ઉર્ધ્વ પૂડ્રતિલક કરવું ને તેની વચમાં ગોળ કુંકુમનો ચાંદલો કરવો. બે હાથમાં છાતીમાં આમ ચાર જગ્યાએ તિલક ચાંદલાં કરવા તથા તે તિલક ગોપી ચંદનથી તિલક કરવું અને તિલકની વચમાં ગોળ ચંદ્રનું વર્તુળ કરવું. ચાંદલો તે રાધીકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદીનું જે કુંકુમ તેનાથી કરવું.

શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત સત્સંગી જે શતશુદ્ર હોય તેમણે ગળામાં કંઠી ધારવી ને લલાટમાં તિલક ચાંદલો દ્વિજાતિની માફક કરવો. આ રીતે શ્રીહરિ કૃપાળુ પોતાના શ્રીમુખે જ કહેતા હતા. આવી રીતે શતશૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને અશત શૂદ્ર છે તે તિલક ન કરે પણ કેવળ ચંદનનો ચાંદલો જ કરે. ગળામાં કષ્ટની બેવડી કંઠીને ધારણ કરીને રહેવું. અને મારા આશ્રિત જે બ્રાહ્મણો તેમણે પોતાના કુળના રિવાજ પ્રમાણે આડું તિલક કરવું તથા રૂદ્રાક્ષની માળા. ગળામાં પહેરવી. એનો ત્યાગ ક્યારેય ન કરવો. અને નારાયણ અને શિવજી એ બંનેને એકાત્માપણું જાણવું. કેમ જે વેદમાં બંને દેવોનું બ્રહ્મરૂપે કરીને એકાત્મપણું પ્રતિપાદન કરેલ છે. મારા આશ્રિત જે મનુષ્યો તેમણે શાસ્ત્રમાં કહ્યો જે આપદ ધર્મ તે અલ્પ એવા આપતકાળમાં મારા આશ્રિત મુનિજનો તેમણે મુખ્ય પણે ગ્રહણ ન કરવું. અમારા આશ્રિત જે સત્સંગ તેમણે સવારમાં વહેલા ઉઠવું. અરુણોદય થયા પહેલાં ઉઠીને શ્રી હરિકૃષ્ણ પ્રભુનું સ્મરણ કરવું. પછી શૌચ આદિક ક્રિયા કરવા જવું. શૌચ કરીને હાથ ધોઈને પછી એક સ્થળે બેસીને દાતણ કરીને મુખને શુદ્ધ કરવું. પછી શુદ્ધ જળથી સ્નાન કરવું. સ્નાન કર્યા પછી ધોયેલું વસ્ત્ર પહેરવું. અને ઓઢવું. પછી શુભ પવિત્ર જગ્યામાં પૃથ્વી ઉપર પાથરણું પાથરવું. શુદ્ધ અને બીજા આસન વસ્ત્રને ન અડે તે રીતે જેની ઉપર સારી રીતે બેસી શકાય. તેવા આસન ઉપર પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસીને જળથી આચમન કરવું. પછી મારા આશ્રિત સૌ પુરુષ ભક્તોએ પોતાના ભાલમાં તિલક ચાંદલો કરવો. ઉર્ધ્વ પુંડ્રતિલક કરીને ગોળ ચાંદલો કરવો અને સધવા જે નારી તેમણે ભાલમાં કુંકુમનો ચાંદલો જ કરવો. જે વિધવા નારી હોય તેમણે પોતાના ભાલમાં તિલક કે ચાંદલો ન કરવાં. તેમણે તો માનસિ પૂજા કરવી ને ગંધ પુષ્પ ચંદને કરીને ભગવાનની પૂજા કરવી. મનના સંકલ્પ કરીને કરવાં. આ રીતે શ્રી નારાયણ પ્રભુની માનથી પૂજન કરવું.

ત્યારપછી રાધાકૃષ્ણની ચિત્રપ્રતિમા તેનું આદરભાવથી પૂજન કરવું. તે મૂર્તિનાં દર્શન કરીને મંત્રનો જપ કરવો. આ રીતે નિત્ય કરીને પછી તેમણે પોતાના વ્યવહાર સંબંધી કાર્યો કરવાં. આવી રીતે વર્તન કરવું. આત્મનિવેદિ એવા નિષ્ઠાવાળા ભક્તોએ અમરીશ રાજાની જેમ આત્મનિવેદન રહેવું. પ્રથમ અંતઃકરણથી માનસિ પૂજા કરવી તે પહેલાં જેમ કહી છે તેમ જ કરવાનું. પછી પથરોની કે ધાતુની મૂર્તિ અથવા શાલિગ્રામની પૂજા કરવી. દેશકાળ અનુસાર પૂજાનાં પદાર્થોથી પૂજન કરવું. શ્રીકૃષ્ણના મંત્રનો ભાવપૂર્વક જપ કરવો. શ્રીકૃષ્ણના સ્તોત્ર ગ્રંથોનો પાઠ કરવો. પોતાની શક્તિ પ્રમાણે જપ કરવો. સંસ્કૃત ભણેલા હોય તેણે સંસ્કૃતના પાઠ કરવા. ન ભણેલા હોય તેમણે ભગવાનનાં કીર્તનો ગાવાં. નિત્ય પ્રત્યે અમારા સત્સંગીએ ભગવાનને નૈવૈદ ધરી જમાડીને પછી જ તે પ્રસાદી રૂપે જમવું. આત્મનિવેદી ભાવ કરીને નિત્ય પ્રત્યે નારાયણ ભગવાનની

સેવાભક્તિ કરવી. આવી રીતે નિર્ગુણ એવા જે શ્રીકૃષ્ણ ભક્તોએ પણ ભગવાનના સંબંધ વાળી બધી ક્રિયાઓ ભક્તિસંબંધી જ કર્યા કરે તેને નિર્ગુણ ભક્ત કહેવાય. એકાંતિક ભક્ત કહેવાય એમ શ્રીહરિ શ્રીમુખે કહેતા હતા. આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાનનો એકાંતિક ભક્ત તે આત્મનિવેદિ કહેવાય છે. તેઓ ફળ મુળપત્ર પુષ્પજળ આદિક બધું જ ભગવાનને અર્પણ કરીને પછી ખાય. ભગવાનને અર્પણ કર્યા વગર ન ખાય.

આવી રીતે બધા જ મારા ભક્તજનો વૃદ્ધ અવસ્થા સુધી અસમર્થતા થાય અથવા રોગાદિક આપત્તિ આવે. પરાધીન થાય ત્યાં સુધી સેવા કરવી ને ન થાય ત્યારે તે પ્રતિમા બિજા સેવકને આપવી ને પોતાના સામર્થ્ય પ્રમાણે પોતે વર્તવું. જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવા કરવા માટે ધર્મવંશના જે આચાર્ય તેમણે જે આપ્યું હોય અથવા આચાર્યે જે મૂર્તિના સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તેજ સ્વરૂપને સેવવું. ભક્તિ કરવી અને તે વીના જે બીજાં જે સ્વરૂપો શ્રી તે તો નમસ્કાર જ કરવા યોગ્ય છે તે સેવવા યોગ્ય નથી એમ કહેલું છે. અમારા આશ્રિત હરિભક્ત તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિરે જવું. તે મંદિરને વિષે શ્રીકૃષ્ણ ભગવાના તે નામનું ઉંચા સ્વરે નામ કિર્તન કરવું. તે જ શ્રીકૃષ્ણ ભગવાનની કથાવાર્તાને પરમ આદર થકી કરવી અને સાંભળવી અને ભગવાનના ઉત્સવના દિવસે વાજિંત્રોની સાથે શ્રીકૃષ્ણના કીર્તન કરવાં.

અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પૂર્વે જે પ્રકારે કરીને કહ્યા છે તે જ રીતે નિત્ય પ્રત્યે કરવું તથા સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથો તેનો અભ્યાસ કરવો એને પોતાની બુદ્ધિ અનુસાર વાંચવાં. જે મનુષ્ય જેવા ગુણોયુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યમાં વિચારીને જોડવા અને જે કાર્ય કરવા માટે યોગ્ય ન હોય તો તેને તે કાર્યમાં જોડવા નહીં. પોતાના જે સેવક સેવાચાકરી કરતા હોય તેને તે સેવકને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન વસ્ત્ર આદિ કરીને યથાયોગ્ય રીતે સંભાવના કરવી. નિરંતર ધ્યાન રાખવું. અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળ અનુસાર યથાયોગ્ય રીતે બોલાવવો અને તેને બીજી રીતે ન બોલાવવો. વિનય કરીને યુક્ત એવા અમારા આશ્રિત સત્સંગી તેમણે પોતાના ગુરુ રાજા અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા જ્યારે આવે ત્યારે ઉઠીને સામું જવું. આસન આપીને બેસાડવા. મધુર વચને કરીને સન્માન કરવું. ગુરુદેવ અને રાજા એમની સમીપમાં જ્યારે જવું ત્યારે ખાલા હાથે ન જવું તથા સભામાં પગ ઉપર પગ ચડાવીને ન બેસવું તથા વસ્ત્રોથી ઢીંચણને બાંધીને ન બેસવું. સભાની મર્યાદા રાખવી. અમારા આશ્રિત સત્સંગી તેમણે પોતાના ગુરુ આચાર્ય મહારાજની સાથે ક્યારેય વાદવિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન વસ્ત્રાદિકે કરીને સેવાપૂજા કરવી. આચાર્યના ચરણ પૂજવા સેવા કરવી.

અમારા આશ્રિતજન તેમણે પોતાના આચાર્યને આવતાં સાંભળીને આદર પ્રેમથી તરત જ સામા જાવું અને તે આચાર્ય જ્યારે ગામેથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. જેમાં વધારે પડતું ફળ હોય તે કાર્યે ધર્મસહિત હોય તો તેનું આચરણ કરવું. કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થ આપનારો છે. માટે કોઈક ફળના લોભે કરીને પોતાના ધર્મનો ક્યારેય ત્યાગ ન કરવો. પૂર્વે જે મોટા મહર્ષિઓ થયા. જે મોટા પુરુષ થયા તેમણે પણ જો અધર્મનું આચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને એમણે જે ધર્મનું આચરણ કર્યું હોય તેનું જ ગ્રહણ કરવું. અને કોઈની પણ ગુપ્ત વાર્તા તેને કોઈપણ ઠેકાણે પ્રકાશિત ન કરવી અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટે તે રીતે સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને મર્યાદાનું ઉલંઘન ન કરવું. અમારા આશ્રિત જે સત્સંગી તેમણે ચાતુર્માસમાં અષાઢ સુદ એકાદશીથી કારતક સુદ એકાદશી સુધી ચાતુર્માસ થાય છે તેમાં વિશેષ નિયમો ધારણ કરવા. જે અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસમાં વિશેષ નિયમ ધારવો.

અમારી આજ્ઞા છે. તે વિશેષ નિયમ કેવા લેવા તો કહે છે કે ભગવાનની કથાનું શ્રવણ કરવું. ૧. કથા કરવી, ૨. કથા વાંચવી, ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની ૪. મહાપૂજા કરવી, તથા ભગવાનના મંત્રનો જપ કરવો, ૫. જપ કરવા, ૬. ભગવાનના સ્તોત્રનો પાઠ કરવો. ૭. ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. તથા ભગવાનને ૮. સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારના નિયમ કહ્યા તે અમે અતિ ઉત્તમ માન્યા છે. માટે એ નિયમમાંથી કોઈપણ એક નિયમ તો દરેકે ચોમાસામાં વિશેષ પણે ભક્તિએ કરીને ધરવાં ને નિયમને પૂર્ણ કરવાં.

અને મારા આશ્રિત તેમણે સર્વ એકાદશીઓનાં જે વ્રતો તેને આદરભાવથી કરવાં તથા શ્રીકૃષ્ણ ભગવાનના જન્માષ્ટમી આદિક જન્મદિવસનું જે વ્રત તે આદરથી કરવું અને તે વ્રતના દિવસોને દિવસે મોટો ઉત્સવ કરવો. શિવરાત્રીનું વ્રત આદર થકી કરવું. મારા જન્મદિવસે તથા રામનવમી આદિક ઉપવાસના દિવસે ઉપવાસ કર્યા હોય તે દિવસે અતિ પ્રયત્ને કરીને દિસની નિદ્રાનો ત્યાગ કરવો. કેમકે મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો ભંગ થાય છે. તેમ ઉપવાસના દિવસે દિવસની નિંદ્રા કરે તો તે મનુષ્યનો ઉપવાસ ભંગ થાય છે. અને સર્વે વૈષ્ણવના રાજા એવા જે વલ્લભાચાર્ય તેમના પુત્ર જે વિઠ્ઠલનાથજીએ પોતે વ્રત અને ઉત્સવના નિર્ણય કર્યા હતા. તે વૈષ્ણવોમાં સર્વમાન્ય છે. તે નિર્ણયને વિઠ્ઠલનાથજીએ કરેલા તેને જ અનુસરીને સર્વે વ્રત અને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતી તેનું જ ગ્રહણ કરવું. અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થની યાત્રા કરવી. તે પોતપોતાના સામર્થ્ય પ્રમાણે કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે ગરીબ દિનજનો ઉપર દયાવાન થવું. અમારા આશ્રિત તેમણે હરિભક્તોએ વિષ્ણુ શિવજી ગણપતિ પાર્વતી અને સુર્ય એ પાંચ દેવ તેમને પૂજ્યપણે કરીને માનવા. અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જાપ કરવો પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર મંત્રનો જપ ન કરવો. આ અમારા આશ્રિતે જાણવું. અમારા આશ્રિતો તેમણે જ્યારે સૂર્યનું ને ચંદ્રનું ગ્રહણ થાય ત્યારે તે ગ્રહણના સમયે બધી જ ક્રિયાઓનો ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરો. ભજનકીર્તન કરવું. અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્રો સહિત સૌ બાઈ ભાઈઓએ સ્નાન કરવું. પછી સ્નાન કરીને અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન પુણ્ય કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી.

અમારા આશ્રિત સત્સંગીઓ જે ચારે વર્ણનાં મનુષ્યો તેમણે જન્મનું સુતક તથા મરણનું સુતક તે પોતપોતાના સંબંધ અનુસારે કરીને યથા શાસ્ત્ર રીતે પાળવું. અને બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ દમ ક્ષમા અને સંતોષ એ આદિ જે સદ્ગુણ તેણે યુક્ત થવું અને જે ક્ષત્રિય હોય તેમણે શુરવીરપણું રાખવું અને ધીરજ આદિક જે ગુણ તે યુક્ત થવું. અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વ્યાપારવાણી તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શૂદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણે વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેણે કરીને વર્તવું. અને જે દ્વિજ (વિપ્ર) હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આન્હિક તથા શ્રાદ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહસૂત્રને અનુસારે કરીને જેને જેવો અવસર હોય અને જેવી ધનસંપતિ હોય તે પ્રમાણે કરવાં. અને ક્યારેક જો જાણે કે અજાણે નાનું કે મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત કરવું. અને ચાર વેદ (૧) વ્યાસૂસ્ત્ર. (૨) તથા શ્રીમદ્ ભાગવત. (૩) પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ (૪) શ્રીમદ્ ભગવદ્ગીતા તથા (૫) વિદુરજીએ કરેલી જે નીતિ તથા (૬) સ્કંદ

પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે (૭) શ્રી વાસુદેવ મહાત્મ્ય. અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે (૮)યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ. એ જે આઠ સત્શાસ્ત્રતે સર્વે અમને બહુ જ પ્રિય છે તે ખાસ સૌએ માનવાં. અને પોતાના હિતને ઇચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સત્શાસ્ત્ર છે તેને સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ વર્ગ તેમણે એ સત્શાસ્ત્રને સારી રીતે ભણવાં તથા બીજાને ભણાવવાં. એ શાસ્ત્રની કથા કરવી. એવી રીતે તમારા આશ્રિતોએ જાણવા. અને તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણનો જે નિર્ણય કરવો. તેને વિષે તો મીતાક્ષરા ટીકા યુક્ત એવી તો યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ છે તેનું ગ્રહણ કરવું. અને વળી એ આઠ શાસ્ત્રને વિષે જે શ્રીમદ્ ભાગવત પુરાણ તેના દશમ અને પંચમ નામના જે બે સ્કંધ છે તે શ્રીકૃષ્ણ ભગવાનનું મહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. અને દશમ સ્કંધ તથા પંચમ સ્કંધ તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે કહેતાં દશમ સ્કંધ છે તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ છે તે યોગશાસ્ત્ર છે અને યજ્ઞવલ્ક્ય સ્મૃતિ છે તે ધર્મશાસ્ત્ર છે એમ સર્વેએ જાણવું. અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું ભાષ્ય તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મ શાસ્ત્ર છે એમ સૌએ જાણવું.

અને એ સર્વે જે સત્શાસ્ત્રને વિષે જે વચન છે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય અતિ બળ દેનારા જે વચનો છે તે બીજાં વચનો કરતાં વધારે પ્રમાણ માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ છે તે તેને ધર્મસહિત જ કરવી એવી રીતે તે સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય કહ્યું છે. અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે મહાત્મ્ય જ્ઞાનસહિત જે ઘણો જ સ્નેહ તેને જ ભક્તિ જાણવી. અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને બહુ જ સારી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુસરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે. ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય અભેદ્ય અજર અમર ઇત્યાદિ છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવું. અને માયા છે તે ત્રિગુણાત્મિક છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે અને આ જીવને દેહ તથા દેહના સંબંધી તેમને વિશે અહં મમત્વની કરાવનારી છે એમ માયાને જાણવી. ઈશ્વર છે તે જેમ હૃદયમાં જીવ રહ્યો છે તે જીવને વિષે અંતર્યામિપણે કરીને રહ્યો છે ને સ્વતંત્ર છે. ને સર્વ જીવને કર્મફળના આપનાર છે એમ ઈશ્વરને જાણવા. અને તે ઈશ્વર કહ્યા તે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ છે તે જ આપણા ઈષ્ટદેવ છે. ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વે અવતારના કારણ છે. અને પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પ્રભુ પોતે જ્યારે રાધિકાજીયે યુક્ત હોય ત્યારે "રાધાકૃષ્ણ" એવા નામે જાણવા અને રૂકમણિ રૂપ જે લક્ષ્મી તેણે યુક્ત હોય ત્યારે "લક્ષ્મીનારાયણ" એવા નામે જાણવા. અને શ્રીકૃષ્ણ જ્યારે અર્જુન યુક્ત હોય ત્યારે "નરનારાયણ" એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે આવી રીતે જાણવું. અને એ જે રાધિકા આદિક ભક્ત તે ક્યારેક તો શ્રીકૃષ્ણ ભગવાનની પડખે હોય અને ક્યારેક તો અતિસ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનનાં અંગને વિશે રહે છે ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય છે એમ સૌ જનો તમે જાણજો. એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્વરૂપો તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું. અષ્ટભુજપણું સહસ્ર ભુજપણું.

ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો સદાય દ્વિભુજ એવા જે શ્રીકૃષ્ણ તેમની ઇચ્છાએ કરીને છે એમ જાણવું. અને એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વે મનુષ્ય તેમણે નિત્ય કરવી ને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈપણ નથી એમ જાણવું.

અને વિદ્વાન એવા જે ગુણવાળા મનુષ્યો તેમના ગુણવાનપણાનું સર્વ શ્રેષ્ઠ ફળ હોય તો એ જ છે જે, શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો અને એમ ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે. નર્કમાં જાય છે. અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જ ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય જ નથી માટે એમનું ધ્યાન ન કરવું. અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ સર્વકાળમાં કર્યા કરવી. અને શ્રીમદ્ ભાગવત પુરાણનો જે દશમ સ્કંધ તેને નિત્ય પ્રત્યે આદર પ્રેમભાવથી સાંભળવો અથવા વરસોવરસ એકવાર સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વરસોવરસ એકવાર વાંચવો. અને જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ તે પૂણ્ય સ્થાનકમાં બેસીને પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુ સહસનામ આદિક જે સત્શાસ્ત્ર તેનું પુરશ્ચરણ તે કેવું છે તો તે પોતાના મનોવાંછિત ફળને આપે તેવું છે. અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપવા આવી પડે તેને વિષે જેમ પોતાની અને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. અને હવે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં છે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસાર કરીને જાણવું. અને અમારો જે મત છે તે વિશિષ્ટા દ્વૈત છે. એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે. એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.

અને આજે અમે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે ધર્મ અમારા આશ્રિત જે ત્યાગી ગૃહસ્થ બાઈ ભાઈ સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેને જુદાજુદા વર્ણન કરીને કહીએ છીએ. હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્યો અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ. અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેમના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહીં અને તેની સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. અને વ્યવહાર કાર્યને વિષે કોઈનું પણ જામિન ગરુ ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને આપત્કાળને ઉલંઘવો પણ કઈનું કરજ તો ક્યારેય ન કરવું. અને પોતાના જે શિષ્યો તેમણે ધર્મનિમિત્ત પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ અને તે અન્ન જુનું થાય તો જુનું કોઈકને દઈને નવું લેવું અને એ રીતે જે જુનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. અને ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે ‘‘અયોધ્યાપ્રસાદજી’’ અને ‘‘રઘુવીરજી’’ તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. પોતાના જે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિશે રાખવા

અને સાધુને આદર થકી માનવા તથા સત્‌શાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. અને મોટાં જે મંદિર તેને વિષે અમે સ્થાપન કર્યાં એવા જે લક્ષ્મીનારાયણ આદિક જે શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નનાં દાને કરીને આદર થકી સંભાવના કરવી.

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી. કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેયની જે પત્નીઓ તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. અને વળી તે બે જણની પત્નીઓ તેમણે પોતાના સમીપ-સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને તેમની સાથે બોલવું નહિ અને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું. એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના આ વિશેષ ધર્મ છે. હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારા આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિશે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈ પ્રકારે ન કરવું. અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે ન કરવો. અને ગૃહસ્થાશ્રમી તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે પોતાના સામર્થ્ય પ્રમાણે જેમ ઘટે તેમ કરવું. અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા, પિતા અને ગુરુ તથા રોગી એવા જે મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને કૃષિ વૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદીયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પુળાનો સંગ્રહ કરવો.

અને ગાય બળદ ભેંસ ઘોડાં આદિક જે પશુ તેમની તૃણ-જળાદિકે કરીને પોતા વડે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવનાન થાય તો ન રાખવાં. અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિ સાથે પણ પૃથ્વી અને ધનના લેણ દેણે કરીને વ્યવહાર તે ક્યારેય ન કરવો. અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લેખન કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. અને પોતાના વ્યવહાર કાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારી નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુબળાં હોય તેમણે વીસમો ભાગ અર્પણ કરવો. અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે તો તે

મનવાંછિત ફળનું આપનારું છે.

અને શ્રાવણ માસને વિષે શ્રી મહાદેવજીનું પૂજન તે બિલ્વીપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે જ કરવું અથવા બીજા પાસે કરાવવું. અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિરો તે થકી કરજ ન કાઢવું અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર ઘરેણાં અને વસ્ત્રાદિક તે માંગીને ન લાવવાં. અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયા ત્યારે માર્ગમાં જતા પારકું અન્ન ખાવું નહિ તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ. કેમકે તે પારકું અન્ન પોતાના પુણ્યને હરિ લે એવું છે. માટે પોતાની ગાંઠનું ખર્ચ કરીને ખાવું. અને પોતાના કામકાજ કરવા તેડ્યાં જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું અને પોતા પાસે કોઈ કરજ માંગતો હોય અને તે કરજ દઈ ચુક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ અને તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડોકાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય એવું જણાય અને તે આપણા મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ તેનો ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જવું ને સુખપૂર્વક ત્યાં નિવાસ કરવો. અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિ પર્વને વિશે બ્રાહ્મણ તથા સાધુને સુંદર રીતે જમાડવા. અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. અને રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ જે તે લક્ષણ કરીને યથાર્થપણે જાણવાં અને તીર્થ જે (ચાર) કલ્યાણનાં સ્થાનકો તથા વ્યવહારનાં જાણનારા જે સભાસદો તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવાયોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થ પણે જાણવા.

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, હૃદયરોગી હોય, દરિદ્ર હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરોની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુવચન ન બોલવું. અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવા જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢવાનું વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો. અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે તેણીએ આભૂષણો ન ધારવાંને સુશોભિત વસ્ત્રો ન પહેરવાં. પારકા ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો.

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ — અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પિતા-પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિશે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો અને પોતાની યુવાવસ્થાને વિશે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહીં. અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિશે કોઈક વૃદ્ધ પુરુષને અડીજવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિશે દોષ નથી થતો. અને વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કાંઈ પણ વિદ્યા ન ભણવી અને વ્રત ઉપવાસો કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય તેટલું જો ધન હોય તો તે ધન તે ધર્મકાર્યને વિશે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો જ આપવું. અને વિધવા સ્ત્રીઓ તેમણે એક જ વાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને જોવા નહિ. અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસિની તથા વૈરાગણી તેના જેવો વેષ ન ધારવો અને પોતાના દેશ, કુળ અને આચાર તેની વિરુદ્ધ એવો જે વેશ તે પણ ક્યારેય ન ધારવો. અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો અને પુરુષના શ્રૃંગાર રસસંબંધી જે વાર્તા તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. અને યુવા અવસ્થાને વિષે રહી એવી જ વિધવા સ્ત્રીઓ તેમણે યુવાન અવસ્થાવાળા જે પોતાના સંબંધીપુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. અને હોળીની રમત ન કરવી અને આભુષણાદિક ધારણ ન કરવાં અને સુવર્ણાદિક ધાતુના તારેયુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તે પણ ક્યારેય ન ધારવાં. અને સુવાસિની અને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા કેમકે એ ગૃહસ્થાશ્રમી છે.

હવે નૈષ્ટિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ. અમારે આશ્રિત એવા જે નૈષ્ટિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગ ફેરો હોય તે સ્થાનકને વિશે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ટાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો અને જાણીને તો તે પ્રતિમા જોવી પણ નહીં. અને તે નૈષ્ટિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ તેમજ મૈથુનાસક્ત એવાં પશુ-પક્ષી આદિક પ્રાણીમાત્ર તેમને જાણીને જોવાં નહીં. અને સ્ત્રીના વેશને ધારી રહેલો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામે જોવું પણ નહિ. એની સાથે બોલવું નહિ અને સ્ત્રીને ઉદ્દેશીને ભગવાનની કથાવાર્તાને કીર્તન પણ ન કરવાં. અને તે નૈષ્ટિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તેતો પોતાના ગુરુનું પણ ન માનવું અને સદાકાળ ધીરજવાન રહેવું

અને સંતોષયુક્ત રહેવું. માને રહિત રહેવું. અને બળાત્કાર કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરંત વારવી પણ સમીપે આવવા દેવી નહિ. અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય તેવું આપત્કાળનું વાતાવરણ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. અને નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તેલમર્દન ન કરવું અને આયુધ ન ધારવું અને ભયંકર એવો વેષ ન ધારવો અને રસના ઇન્દ્રિયને જીતવી. અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ અને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં ભિક્ષા લેવા જવું. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો અને ગુરુની સેવા કરવી અને સ્ત્રીઓની પેઠે સ્ત્રૈણ પુરુષનો સંગ ક્યારેય ન જ કરવો. અને જ્ઞાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારી ન પીવું અને ડુંગળી અને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવું. અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જાપ, શ્રીવિષ્ણુની પૂજા અને વિશ્વદેવ આટલાં વાનાં નિત્ય કર્યા પછી ઘરે ભોજન લેવું.

હવે સાધુના વિશેષ ધર્મ કહીએ છીએ — અમારા આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો અને અંતઃશત્રુ જે કામ ક્રોધ લોભ અને માન આદિક તેમને જીતવાં. અને સર્વે જે ઇન્દ્રિયો તે જીતવી અને રસના ઇન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ અને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. અને કોઈની પણ થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જગ્યા બંધીની હોય તો તેને વિશે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહીં. અને તે સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના માર્ગને વિશે સંગ સોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય એકલા ચાલવું નહિ. અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્રવિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલદુશાલા હોય અને તે જો બીજાની ઇચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું ઓઢવું નહીં. અને ભિક્ષા તથા સભા પ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ ન વિતાવવો નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમન કરવો. અને જે ગૃહસ્થના ઘરને વિશે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાને હાથે રસોઈ કરવી અને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે પૃથ્વીને વિશે જડભરત થકા જેમ વર્તતા હતા તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. અને નૈષ્ઠિક બ્રહ્મચારી અને એ સાધુ તેમણે તાંબુલ તથા અફીણ, તમાકુ ઇત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને ત્યાગીને વર્તવું. અને નૈષ્ઠિક બ્રહ્મચારી અને સાધુ તેમણે ગર્ભાધાન આદિ જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેત શ્રાદ્ધ તેમને વિશે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિશે જમવું નહીં. અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ અને જાણીને સાંભળવી પણ નહીં. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી અને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવું નહિ અને સાધુની આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું. અને તે સાધુ અને નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય અને તે પોતાને ગાળો દે

અથવા મારે તો તે સહન જ કરવું પણ તેને સામી ગાળ ન દેવી અને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતન કરવું પણ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ પણ ન કરવો. અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચાર ચક્ષુ ન થવું અને દેહને વિશે અહંબુદ્ધિ ન કરવી. સ્વજનાદિકને વિશે મમતા ન કરવી. (આવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા)

અમારે આશ્રિત એવા જે સત્સંગી ભાઈ-બહેન સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તેને સંક્ષેપ કરીને આવી રીતે અમે લખ્યા છે અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયનાં જે ગ્રંથ તે થકી જાણવો. અને સર્વે જે શાસ્ત્ર તેનો સાર તેને અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી અમે જે લખી છે તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. અને જે અમારા આશ્રિત પુરુષ અને સ્ત્રીઓ તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિ નિશ્ચય પામશે. અને જે ભાઈ બાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે એમ જાણવું. અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય, (ન ભણ્યા હોય) તેમણે આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. અને આ શિક્ષાપત્રી વાંચી સંભળાવે તેવો કોઈ ન હોય ત્યારે તેની પૂજા કરવી અને આજે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પર આદર થકી માનવી. અને આજે અમારી શિક્ષાપત્રી તે જે દૈવી સંપદા કરીને યુક્ત એવા જે જન હોય તેને આપવી. અને જે જન આસુરી સંપદા કરીને યુક્ત હોય તેને ક્યારેય ન આપવી. સંવત ૧૮૮૨ના અઢારસો બ્યાસીના મહાસુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે તે પરમ કલ્યાણકારી છે. અને પોતાના આશ્રિત જે ભક્તજનો તેમની સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો.

હે રાજન ! આવી રીતે સુખકંદ મહાપ્રભુ સંતો વર્ણિઓ સત્સંગી નરનારી સૌએ શિક્ષાપત્રીની બધી જ શિક્ષા ઉપદેશને સાંભળ્યો. બહુ જ રાજી થયાં. શ્રીહરિના સ્વમુખે કહેલી શિક્ષાપત્રી કહી તેવી રીતે પોતપોના ધર્મ પ્રમાણે વર્તતાં હતાં. શિક્ષાપત્રી સૌને પ્રમાણરૂપે સુખકારક થઈ. આવી રીતે વરતાલધામમાં મહાપ્રભુ નિવાસ કરીને દયાળુ સુખ દેતા હતા. સૌ સંતો અને સત્સંગીઓના કષ્ટને હરીને કાળના નિયંતા પ્રભુ સુખ કરતા હતા. શ્રીહરિ વરતાલમાં નિવાસ કરીને ભક્તજનોના ભયત્રાસનું નિવારણ કરીને સુખના નિવાસે રાજી થઈને આનંદ સાથે સુખનો ઓઘ કરી દીધો. શિક્ષાપત્રી સુંદર રીતે રચીને ભક્તજનોને શિક્ષાનું જ્ઞાન દીધું. આવી રીતે બેતાલીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વરતાલધામે નિવાસ કરીને શિક્ષાપત્રીની રચના કરીને ભક્તને શિક્ષા કરી. એ નામે આ બેતાલીસમો તરંગ થયો. ॥૪૨॥**

# તરંગ-૪૩

આનંદસિંહ રાજા કહે છે, હેઅવધપ્રસાદજી મહારાજ ! આપ તો ધન્ય ધન્ય છો. શ્રીહરિ મહારાજે પોતાના મુખેથી કહીને શિક્ષાપત્રી સમજાવી તે તો સૌ જનોને શિક્ષા કરવા સુંદર કહી છે. તેને તો આપે સુંદર રીતે સંભળાવી. જેને સાંભળવાથી ભવબંધનથી મુક્ત થાય છે. હવે તો અલૌકિક મૂર્તિ એવા મહાપ્રભુની અલૌકિક લીલાચરિત્રની વાર્તા કહો. મહારાજ વરતાલપુરમાં લીલા કરીને પછી શ્રી પુરુષોત્તમ પ્રભુ કયા ગામે પધાર્યા તે લીલા કહો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રાજન ! તમે સાંભળો. તમે જે પૂછ્યું તે સારરૂપે પ્રગટ પુરુષોત્તમ પ્રભુની લીલાચરિત્રની વાર્તા તે પૃથ્વી ઉપર વિચરણ કરતા ધર્મકુમાર હરિ વરતાલપુરથી જ્યાં પધાર્યા તે લીલા કહું છું તે સાંભળો. સ્વામિનારાયણ ભગવાન સર્વે ભક્તજનોને ઉપદેશ કરીને તથા સૌ ભક્તજનોની સેવાને અંગિકાર કરીને સૌ નરનારીજનોને ભયમુક્ત કરીને સુખદાતા પછી બહુ જ રાજી થઈને બ્રહ્માનંદ સ્વામીને ઉદ્દેશીને વચનો કહેતા હતા. સુખદાઈ કહે, બ્રહ્મમુનિ તમે સાંભળો. તમે મંદિરના બાંધકામમાં રોકાયેલા રહ્યા તેથી અમારી સાથે નહિ રહેવાથી કાવ્યો કીર્તનોની ખોટ આવી ગઈ છે. માટે તમે બધા જ કામો પડતાં મેલીને અમારી સાથે અત્યારે જ ચાલો. આ રીતનાં સુખકારી પ્રભુનાં વચનો સાંભળીને બ્રહ્માનંદ સ્વામી બહુ જ રાજી થયા ને મનમાં બહુ જ સુખ પામ્યા. ત્યારે આનંદમાં ચંદન ને પુષ્પહારો મંગાવીને ચતુરવર મહાપ્રભુનાં પ્રેમથી ચરણકમળનું પૂજન કરતા હતા. પછી ઉમંગથી અંગોઅંગમાં ચંદન ચર્ચીને ઉરમાં હારો ધારણ કરાવ્યા. શિર ઉપર તોરા ધારણ કરાવ્યા. પછી ભયહારી પ્રભુ બાથમાં લઈને પ્રેમથી મળ્યા. પૂર્ણકામ સુખકારી ઘનશ્યામ પ્રભુ સુખ દઈને પછી સૌ સંતોની સાથે ધર્મકુળ શિરોમણિ કમળમૂર્તિ શ્રી ઘનશ્યામ ચતુરવર સૌના ચિત્તને આનંદ દેતા ચાલતા થયા. પ્રભુ પદાતિ ભક્તજનો સંતોની સાથે મનોહરમૂર્તિ વરતાલથી ચાલીને વચ્ચે વચ્ચે રોકાતા થકા બહુનામી ધામના ધામી ભક્તજનોના મનના ભાવને પુરતા થકા ચાલ્યા. ગુણવંતા સુખકારી હરિ **ગઢપુરમાં** પધાર્યા. ભગવાન ભક્તજનોની મનની આશાઓ પુરી કરતા હતા. જગના પ્રાણપ્રભુ પ્રેમીભક્તોના પ્રેમને જાણીને ગઢપુરમાં સામટા નિવાસ કરીને રહેતા હતા.

મહાપ્રભુ નિત્ય પ્રત્યે પ્રેમોત્સવ કરતા હતા. હરિભક્તોના મનના ત્રિવિધ તાપને હરતા હતા. એવામાં ઉનાળાની ગરમીની ઋતુ આવી. આંબાની કેરીઓ પાકી હતી. મહાપ્રભુએ ગુજરાતમાંથી સુંદર પાકેલી કેરીઓનાં ગાડ મંગાવ્યાં. ગુજરાતની નવીન કેરીઓના સાત ગાડાં ભરીને કેરીઓ લાવ્યા હતા. તે કેરીઓ બહુ જ મીઠી અને સારી તાજી પાકેલી હતી. ગાડાંઓ લાવીને જ્યારે દરબારગઢના ચોકમાં છોડ્યાં ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સ્વમુખેથી કહેતા હતા કે જેમને જેટલી કેરીઓ ખાવી હોય તેટલી ખાઓ. સુંદર કેરીઓ આવી છે. ત્યારે સંતજનો પ્રભુના સ્વરૂપને ઉરમાં ધારીને આવ્યા. કેરીઓ લઈને ચૂસતા હતા. સૌ બહુ જ ખુશ થયા.

જ્યારે ચતુર એવા સંતો કેરીઓ ચુસીને થાક્યા ત્યારે જગના સ્વામી મહાપ્રભુએ જોયું તો કેરીઓ તો બહુ જ વધેલી છે એમ જાણ્યું ત્યારે પ્રભુએ તે જોઈને બીજા દિવસે રસરોટલીની રસોઈ દીધી ને તેને સંતો અને હરિભક્તોને વિશેષ પ્રમાણમાં જમતા હતા. આવી રીતે સ્વામિનારાયણ પ્રભુ ભક્તજનોને સુખ દેતા હતા. હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં વિરાજીને રહેલા હતા. સર્વે સંતો ને હરિભક્તો સાથે અવતારી મહાપ્રભુએ બહુ જ લીલાઓ કરતા હતા. તે લીલાના શેષજી હજારો મુખે ગાવા સમર્થ નહોતા થતા.

હે રાજન ! કોઈ કોઈ દિવસની શ્રી ઘનશ્યામ પ્રભુની લીલાઓ છે. તે તો બધી તમને રાજન કહી તે તમે સાંભળી. તે બધી જગતમાં પ્રસિદ્ધ શોભા કરે છે. સુખ દે છે. શ્રી ઘનશ્યામ પ્રભુની બધા જ દિવસની લીલા તો અનંત અપાર જ છે. તેનો કોઈ પાર ન પામે કેમકે બ્રહ્માજીના પુત્ર મહાદેવજી પાંચ મુખે ગાય છે તોય પાર નથી પામતા. શારદા ગાય છે તોય ક્યારેય પાર નથી પામ્યાં. એટલાં બધા પ્રભુનાં લીલાચરિત્રો અખૂટ જ છે. આ ચરિત્રોને કહેતાં કહેતાં તો હજાર મુખે શેષજી પણ થાકી જાય છે. એવાં ઘનશ્યામ પ્રભુનાં ચરિત્રો છે. તેને પાર પામવામાં મંદમતિ મારાં જેવો કવિતો કેમ પાર કરી શકે તે તો અપાર જ છે. સૌ કવિજનો પોતાની બુદ્ધિના બળ પ્રમાણે તેને મુખેથી ગાઈને વર્ણન કરીને વખાણ કરીને કહે છે. તે તો જેમ આકાશ મંડળમાં સૂર્યનારાયણ અને ચંદ્રમાં રહે છે તે પોતાના બળ પ્રમાણે આકાશમંડળમાં ફર્યા કરે છે. આપ બળે ફરે છે. પણ તેઓ તો આકાશના પારને નથી પામી શકતા. શા માટે જે આકાશ તો અપાર જ છે તે પાર ન પમાય. તેમ શ્રીહરિનાં ચરિત્રો પણ અપાર જ છે. તેનો કોઈ જીવ ઈશ્વર પાર ન જ પામે. આકાશના તારાની ગણતરી કરવાથી પાર મનુષ્યની બુદ્ધિ જળની લહરોને ગણનારી છે. તે અપાર હોવા છતાં ગણીને પાર થાય પણ પ્રગટ પ્રભુનાં ચરિત્રને પાર પામવામાં કોઈ પરાક્રમ કરી શકે જ નહીં. એવી રીતે આ તેરમો રત્ન પણ નવીન રીતે ભગવાનનાં જુદાંજંદાં અનેક લીલાચરિત્રોનો વિસ્તાર કરીને વર્ણન કર્યું ને પ્રભુ જ્યાં જ્યાં પધાર્યા ને સંતોને સાથે રાખીને જે જે ચરિત્રો કર્યાં તે બધાંય સુંદર રીતે વિસ્તાર કરીને કહ્યાં છે. આમ આ પૃથ્વી ઉપર આ તેરમું રત્ન સુંદર રીતે ચરિત્રોવાળું પૂર્ણ થયું. હવે ચોદમું રત્ન સુંદર રીતે વર્ણન કરીને કહું છું. તેને હે રાજન ! તમે હવે ચૌદમું રત્ન ભાવથી સાંભળો.

આનંદસિંહ રાજા કહે છે હે અવધપ્રાસદજી મહારાજ તેરમા રત્નો સુંદર રીતે આદિથી અંત સુધીના બધાં જ ચરિત્રો મેં સુંદર રીતે સાંભળ્યા. બહુ જ આનંદ થયો. હવે આપ આખા રત્નનો હુંડો (સારણિ) કહો. અવધપ્રસાજી કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય છે. કેમકે તમે બહુ જ પ્રિત કરીને પૂછો છો કે બધી જ વાતો સંક્ષેપ કરીને કહો તો હવે સુંદર રીતે ગોઠવીને કહું છું. તમે જેવી રીતે રત્નને સાંભળ્યાં તેને તેને વર્ણન કરીને કહું. તેને નરનારીજનો તે સાર સમજશે. તેનાથી જેમ ગાયનાં પગલાંને ઉલંઘવામાં પ્રયત્ન ન પડે તેમ ચરિત્ર શ્રવણથી ભવને તરી જાય છે. તે હવે સારાંશ કહું છું. તે બધો હુંડાના રૂપમાં કરીને હેતથી કહું છું. તેને જે કોઈ કહેશે કે સાંભળશે તે જન પોતાના કુળ સાથે જ ભવને તરી જશે.

પહેલા તરંગમાં મંગળાચરણની વાત કહી છે અને શ્રીહરિ કારિયાણિ ગામમાં પધારીને લીલા કરીતે વર્ણવેલી છે. બીજા તરંગમાં પણ તે જ ચરિત્રની વાત કહી છે. ત્રીજા તરંગમાં સુંદર રીતે સારંગપુરનાં ચરિત્રોનું વર્ણન કરેલું છે. પાંચમા તરંગ સુધી જુદીજુદી લીલાઓની વાત લોયાપુરની વર્ણન કરેલ છે. પંચાળાપુરમાં લીલાઓ કરીને બે તરંગોમાં વર્ણન કરીને સમજાવેલ છે. પછી એક ઉર્મિથી ધર્મકુળ પરિવાર દ્વારિકા ગયા. ગૌરવની વાત કહી છે તે તમે સાંભળી છે. પછી મોટાભાઈ પોતાના દેશમાં ગયા તે વાત એક તરંગથી વર્ણન કરીને કહી છે. અને ભુજપુરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પધાર્યા તેનું વર્ણન બે તરંગોમાં છે. પંદરમા તરંગમાં માળિયાપુરની વાત વર્ણન કરીને કહી છે. સુંદર ચરિત્રોનું વર્ણન કરેલ છે. હે રાજન ! બે ઉર્મિઓથી મુળિધામની લીલાની વાતો વર્ણન કરીને કહી છે પ્રભુએ મુળીમાં દેવોની સ્થાપના કરીતે શોભા જોઈને લોકો પ્રભુનાં દર્શન કરી. મહિમા સમજતા હતાં. હે રાજન ! અઢારમા તરંગની વાર્તા મહાપ્રભુએ ગઢપુરમાં લીલાઓ કરી તે વર્ણન કરી છે તે જાણી લેજો. મુક્તાનંદ સ્વામીનો હાથ ઉતર્યા (ભાંગી ગયો) તે લીલાની વાર્તા ઓગણીસમા તરંગમાં વર્ણન કરીને કહી છે. બીજા સાત તરંગમાં મહારાજે વરતાલધામમાં લીલાઓ કરી તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે. હે રાજન ! ત્યાં સંત અસંતના લક્ષણની વાર્તા કરી તે બધી વાર્તા વિસ્તારથી વર્ણન કરીને સુંદર ક્ષણો વીતી છે. પછી એક તરંગથી પ્રભુએ ગઢપુરમાં લીલા કરી તે વર્ણન કરીને પ્રભુએ મુખેથી વાત કરી તે કહી છે. બીજા બે તરંગથી પ્રભુએ સુરત શહેરમાં વિરાજીને લીલાઓ કરી તેનું વર્ણન કરેલ છે. તેને રાજન સુંદર રીતે જાણજો. પછી મહારાજ ગઢપુર પધાર્યા તે ત્રીસમા તરંગમાં વાત વર્ણવેલ છે. બે તરંગોથી અમદાવાદમાં ફૂલડોળ ઉત્સવની સુંદર લીલા વર્ણન કરેલી છે.

હે રાજન ! મહારાજની સાથે પોતાના ધર્મકુળ પરિવારનો મેળાપ થયો. તે તેત્રીસમા તરંગમાં વર્ણવેલ છે અને ચોત્રીસમા તરંગમાં પ્રભુ ગઢપુરથી પધારતા હતા તે વાત વર્ણન કરેલ છે. હે રાજન ! છ તરંગોથી અમદાવાદની બહુ જ વિસ્તારથી વાત કરેલ છે. બે તરંગોથી વરતાલપુરની બહુ જ સુંદર લીલાનું વર્ણન કરેલું છે એક તરંગ અંતમાં રત્નને પૂર્ણ કર્યું તેનું બધું જ હુડનથી વર્ણન કરીને કહ્યું છે. તે ફળશ્રુતિ કરીને સર્વોપરિ રચના કરીને કહેલ છે. હે રાજન ! સૌ જનોને જણાવવા માટે તેતાલીસમો તરંગ સુંદર રીતે પ્રારંભ કરીને રત્નને પૂરું કરવા પ્રયત્ન કરીને સર્વોપરિ મહાપ્રભુની સુંદર રીતે વર્ણવીને સમજાવી. સુંદર શોભાવી છે. આ તેંતાલીસ તરંગો તેમાં ભગવાનની જુદીજુદી સુંદર ચરિત્રની વાતો થઈ તેને નરનારીજનો અને મુનિજનો સૌએ સાંભળીને સૌ મનમાં નિષ્પાપ થઈને શુદ્ધ મનવાળાં થયાં.

મહારાજનું સ્વરૂપ પરબ્રહ્મરૂપે પ્રકાશિત થયું. તેથી લોકોના મનમાં બધાં જ દોષો નાશ થયા. નરનારીજનો ચરિત્રો સાંભળીને બહુ જ સુખી થયાં. કોઈ નરનારીજનનાં દિલમાં લગારે દુઃખ નહોતું રહ્યું. સૌ નરનારીજનો પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનું સર્વોપરિ મહાત્મ્ય જાણતાં હતાં. કેમકે આ રત્નને બહુ જ પ્રયત્ન કરીને સાંભળીને દઢ મહિમાવાળાં થયાં. તેથી સંસારસાગર તરવામાં ગોપદને ઉલંઘવો કહ્યાં તેવું થયું. પુરુષોત્તમ મહાપ્રભુને

પ્રાણપ્રિય સમજીને ભજન કરનારને જીવદેહથી મુક્ત થઈ જાય. પરમપદને પામે. આ રતન્ને સાંભળીને જે કોઈને દાનમાં દે તે નરનારીજનને તત્કાળ જ મોક્ષ પ્રાપ્ત થાય છે. શત્રુજીત મહાપ્રભુનાં ચરિત્રની વાતો બીજાને સમજાવે તો તેનાથી તે શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. મુક્ત થઈને પુરુષોત્તમ પ્રભુના પ્રતાપે અનંત પાપના ઓઘોને તરીને પરબ્રહ્મના ધામને પામે છે. મનને જીતનારા આનંદસિંહ નામના રાજા આ તેરમા રત્નને સુંદર રીતે સાંભળીને પૂર્વાપર મહારાજના અલૌકિક લીલાને સાંભળીને મનમાં રાજી થયા. આ ચરિત્રોને હરિભક્તો પૂર્વાપર સાંભળીને સૌ પ્રીતથી મનમાં ઉતારીને સુખ પામ્યા એવા આ ચરિત્રો અવધપ્રસાદ મહારાજ આપે મહામોટો પરમાર્થ કર્યો છે. સૌને પ્રગટ પ્રભુનાં સુખો દીધાં છે.

હે મુનિઓના રાજ ! આપ ધન્ય ધન્ય છો. કેમકે આ રત્નને બહુ જ પ્રયત્ન કરીને તેરમાં રત્નમાં નવીન રીતે પ્રભુનાં ચરિત્રો કહીને સૌના ભવનાં બંધનોને તોડી નાંખ્યાં છે. આવી રીતે પ્રગટ પ્રભુનાં ચરિત્રોને પૂર્વાપર તેરમા રત્નમાં વર્ણન કરીને કહ્યાં તે અમે બધાય સાંભળ્યાં. તે મનમાં બહુ જ સારાં લાગ્યાં. હે અવધપ્રસાજી મહારાજ ! હવે અજિતપ્રભુનાં સુંદર ચરિત્રો તે ચૌદમા રત્નમાં વર્ણન કરીને સારરૂપે પ્રભુની બધી જ લીલાઓ અંત સુધીની સર્વે કહો ને મારા મનના મેલને હરવા માટે કહો. આ તેરમા રત્નને યોગ્ય રીતે કરીને જે કોઈ સુંદર રીતે સાંભળે કે બીજાને સંભળાવે તો તે જગતનાં બધાજ દુઃખ હરી લે છે ને પરમ પ્રમાણ રૂપે મારા પ્રગટ પ્રભુના મહિમાને મનમાં જાણે છે. તે મુક્ત થઈને મુનિ સમાન શુદ્ધ થયો તે જ્ઞાનવાન થઈને તે નરયુવતીઓ સૌ નિર્ગુણ અથાર એવું પ્રભુનું અક્ષરધામ પામે છે. અતિશય સુખ સંપત્તિને પ્રાપ્ત કરે છે. મહારાજ અયોધ્યાપ્રસાજી મહારાજ ગુણનિધિના પુત્ર કેશવપ્રસાદજી નામના તથા પ્રસિદ્ધ એવા ગોપાળાનંદ વર્ણિ તે બંનેએ બહુ જ ધીરજ ધારીને આ તેરમા રત્નને પૂર્ણ રીતે પ્રમાણિત કરીને સુંદર રીતે સુખ કરનારા પ્રભુનાં આ રત્નને બહુ જ પ્રયત્ન કરીને આ તેરમું સુંદર નામનું રત્ન સુંદર રીતે અવિનાશાનંદ કવિએ આ પૃથ્વી ઉપર સંતો ભક્તજનોના સુખ કરનારું સુંદર કર્યું છે. શ્રીહરિ મહાપ્રભુના સ્વરૂપને ઉરમાં ધારીને આ રત્નને પૂર્ણ કર્યું તે ભક્તજનોના કળિના ભયંકર પાપમયનો નાશ કરવા માટે લોકોનાં હિત કરવા માટેનો મહાપ્રયત્ન કરીને અનેક પ્રકારના અર્થોથી ભરપૂર અનંતના સારરૂપે આ નમ્રતાના સારરૂપે ભગવાન હરિને રાજી કરવા માટે મારી બુદ્ધિને સુંદર સ્વરૂપે રહીને પ્રયત્ન કરીને આ તેરમું રત્ન તે રચ્યું છે. તેમાં કદાચ ક્યાંક ભુલાયું હોય તો મનમાં કાંઈ ન રાખશો. શુભજન તેને સુધારીને વાંચશો તો સુખ કરનારું થશે.

કમળસમાન નેત્રકમળ જેમનાં છે એવા મનોહર મુખકમળવાળા શ્રીહરિને ધારીને મધુર વાણીથી ભક્તોનાં વિઘ્નોનો નાશ કરવા બ્રહ્મા વિષ્ણુ શિવજી આદિ દેવો કરોડો વિશ્વના સ્વામી મહાપ્રભુનાં બંને સુંદર ચરણકમળની સુંદર રીતે સેવા કરતા રહેલા છે. આનંદ ઉત્સાહની સાથે આ ચરાચર જગતમાં જીવ સત્તારૂપે રહે છે. તે કવિ સમુહ તે વર્ણન કરીને ભવત્રાસને હરી લે છે. એવાં ચરિત્રોને અવિનાશાનંદ

જગતમાં વાત કરીને સર્વના ત્રાસને હરનાર પ્રભુ મારા ઉરમાં વાસ કરીને રહો ને ભક્તજનોના સુખના કાર્ય હું કરી શકું એવી કૃપા કરો. જગના સર્જન કરનારા બ્રહ્મા પાલક વિષ્ણુ અહંકાર શિવજીને જેમણે સર્જન કર્યા છે એવા પ્રભુના ગુણયશને શારદા નારદ શેષજી સુંદર રીતે ગુણને ગાતા જ રહે છે. એવા મહાપ્રભુ પ્રત્યેક યુગમાં વારંવાર અવતારો ધરીને જગતનાં હિત કાર્યને કરતા જ રહેલા છે એવા પ્રભુ વિશ્વનો નાશ કરનારા દાસના નામથી કહેવાતા ત્રાસ કરનારા પ્રભુ જગતના પ્રત્યેક અણુઅણુમાં વ્યાપીને રહેલા છે. તેના ઉરમાં વાસ કરીને સર્વના મનના પાપોને તાપોને હરતા રહો છો એવા આપ ઘનશ્યામ પ્રભુના મનના આનંદના સાગર ધામના ધામી પૂર્ણકામ પ્રભુ આપ ભક્તોનાં કામ પૂર્ણ કરવા કવિના ઉરમાં વાસ કરો ને કાર્યને સફળ કરાવરાવો.

હે પ્રભુ ! પૃથ્વી ઉપર અમારું મંગળ કરો. હેતથી અમંગળને હરી લેવા મારા અંતઃકરણમાં નિવાસ કરીને માનસને પવિત્ર કરો. પ્રભુ આપના પ્રતાપથી ભક્તોના અજ્ઞાનને હરી લો. તેરમું રત્ન કરીને જગતના ભવત્રાસને હરવા અવિનાશ કવિ આપના પ્રતાપે વગર પ્રયત્ન પૂર્ણ થાય છે એવા આપ દયાળુ છો. સંતરૂપી કમળને ખિલાવનારા સૂર્યસમાન ભક્તજનોનાં દુઃખોને હરી લેનારા જનોનાં પાપના પર્વતોને હરીને પવિત્ર કરનારા એવા હે પ્રગટ પ્રભુ ! આપ સર્વનાં પ્રમાણ છો. હે અવિનાશી પ્રભુ ! અમારા અંતરમાં રહેલાં કામાદિક અંતઃશત્રુઓનો નાશ કરો. હે પુરુષોત્તમ નારાયણ મહાપ્રભુ ! આપ કૃપા કરીને ત્રિવિધિ તાપને હરિને સુખ આપો. હે શ્રીહરિ મહાપ્રભુ ! આપના ભક્તજનોના કાયિક વાચિક માનસિક આ ત્રિવિધ તાપ તથા પાપોનો નાશ કરીને આનંદના ઓઘો આપો અને કળિના મહાપાપોનો નાશ કરીને સુખ કરો. હે અંતર્યામી મહાપ્રભુ ! આપના અમુક જ એકાંતિક ભક્તો અંતરમાં સદાય વાસ કરો છો એમ જાણે છે. આપ હે સહજાનંદ સ્વામી મહાપ્રભુ સુખરૂપ અમારા અંતઃકરણમાં નિવાસ કરીને સુખ આપો. હે પ્રાણપતિ મહાપ્રભુ ! આપનાં ગુણો અને ચરિત્રો તો અપાર જ છે. તેને કોઈ પાર પામતાં જ નથી. પણ મહિમા સાથે થોડાંક જ સંભારે તોય સુખ કરનારાં ચરિત્રો થાય છે. હે શ્રીહરિ મહાપ્રભુ ! અમારા મનના સર્વ દોષોનો પરિવાર આપના ચરિત્ર ગાવામાં સાંભળવામાં લેખનમાં વિઘ્ન કરનારાં છે તો મોક્ષના માર્ગમાં બાધા કરનારાં છે તો કૃપા કરી નાશ કરો.

હે કમલનયન મહાપ્રભુ ! સૌની કૃપા થઈ એટલે આ તેરમું રત્ન તેને વર્ણન કરીને તૈયાર કર્યું છે તેને નરનારીજનો સુંદર રીતે વાંચે સાંભળે અને પોતાના જીવનમાં ઉતારે તેને બહુ જ સુખ આપો. આ ચરિત્ર સંપુટને તેરમા રત્નને જે વાંચે વંચાવે સાંભળે ને સંભળાવે તે સૌનાં બધાં જ વિઘ્નોને દૂર કરો. એવા હે સહજાનંદ સ્વામી મહાપ્રભુ આપ સુખ કરનારા છો.

શ્રીહરિ મહાપ્રભુએ આનંદપૂર્વક ગઢપુરમાં નિવાસ કરીને ભક્તજનોના મન તનના ત્રાસને હરી લીધાં. બહુ જ સુખો દીધાં. સુખસાગર મહાપ્રભુએ પાપોનો નાશ કરીને સર્વની આશાઓ પૂરી કરી આમ વિચારી

અવિનાશાનંદ કહે છે. આંબાનાં શુદ્ધ ફળો લાવેલા તે બધાંને સુંદર રીતે તે ખવરાવીને પછી સુંદર રીતે સંતોને ખૂબ જ રસરોટલી જમાડ્યાં. આમ આ તેતાલીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના તેરમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગઢપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે તેંતાલીસમો તરંગ થયો. ॥૪૩॥**

**॥ ઈતિ શ્રીહરિલીલાસિંધુગ્રંથ ત્રયોદશ રત્ન સંપૂર્ણ ॥**



### ॥ અથ ચૌદમો રત્ન પ્રારભ્યતે ॥

# તરંગ-૧

શ્રીહરિ મહાપ્રભુ આ પૃથ્વી ઉપર પધારીને પોતાના આશ્રિત ભક્તોનું કલ્યાણ કરવા અધર્મ અત્યાચાર અનાચારને દૂર કરવા પૃથ્વી ઉપર અવતાર ધરીને અશરણના શરણદાતા મહાપ્રભુ દુઃખીજનોનાં સુખ કરનારા કમલમૂર્તિ શ્રી ઘનશ્યામ પ્રભુ ભક્તોને સુખ કરવા સર્વનાં પાપોનો નાશ કરવા માટે મધુર અમૃત વચનોથી કહીને પાપતાપનો નાશ કરતા હતા. દયા કરીને ભક્તજનોના દુઃખો દોષોને બાળીને ભૂમંડળમાં વિચરીને મુનિજનોના મનને હરનારા જીવોને ભવબંધનથી છોડાવવા કવિ અવિનાશાનદ ધર્મનંદન મહાપ્રભુનું સ્મરણ કરીને રાજી કરે છે. હે પ્રભુ ! આપ મારાં અંતઃકરણમાં વાસ કરો. દાસનો દાસ મને જોઈને મનના ત્રાસને હરીને ભવ પાર કરો. મંદહાસ્ય કરીને ઉત્સાહને વધારો. જે સુખ પાંમવા જેમના નામના જાપ જપે છે તેના બધા જ પાપ સંતાપ નાશ થાય છે. કળિના ક્લેશરૂપ પાપો બળી જાય છે. આપના સ્વરૂપનાં દર્શન કરે છે. તેના બધા જ ભ્રમો નાશ પામે છે. નિર્ભ્રમ થાય છે. આપને નમન કરે છે. તેની મતિ નિર્મળ થાય છે. ભાવથી ચરણકમળનું ચિહ્નો સહિત ચિંતવન કરીને ધર્મનંદન મહાપ્રભુની મૂર્તિને ઉરમાં ધારણ કરીને હું હવે ચૌદમા રત્નનો પ્રારંભ કરું છું.

હે જગવંદ્ય મહારાજ ! મારા મનના મેલનો નાશ કરો. જગતના બીજ બળરૂપ એવા સર્વજગતના જીવોના સર્જનારા એવા આપના મંત્રનો જુગોજુગથી જાપ જપ્યા જ કરે છે. એવા આદિનારાયણમુનિ સર્વ જગતોના સ્વામી સર્વ જગતની લીલાના કરનારા સર્જનારા પૃથ્વી ઉપર પ્રગટ થઈને અવતાર ધરીને અજિતપ્રભુ આપ અનેક કાર્યોને કરનારા છો. હે મારા ઘનશ્યામ પ્રભુ ! હવે હું ચૌદમા રત્નના સારને કહું છું. તેમાં આપની પરકૃપાને પ્રાપ્ત કરીને કહું છું તો હે પ્રભુ ! મારા કાર્યને બળ આપો. આગળ વધારવા કૃપા કરો. હે મહાપ્રભુ ! મારા મનમાં બહુ બળ તો નથી અને મારી બુદ્ધિ પણ મંદ જ છે. તેથી હે પ્રભુ ! મારી બુદ્ધિને નિર્મળ બળવાળી કરો. હે કમળનયન સહજાનંદ પ્રભુ ! કાર્ય કરવાનું બળ આપો.

હે મહાપ્રભુ ! આપનો પ્રતાપ તો અત્યારે અમાપ છે. તે પૃથ્વી ઉપર અઢારે કળાઓથી પોતાનો પ્રતાપ બતાવીને સત્સંગ દઢ કર્યો. જે પ્રતાપને દઢ કરીને લાખો જીવોનો ઉદ્ધાર કરવા અનેક પ્રકારનાં ચરિત્રોને કર્યાં એવા આપ સ્વયં પ્રભુ છો. આપે આપના મહાપ્રતાપે અપાર વિશ્વની સૃષ્ટિની રચનાઓ કરીને સર્જન કર્યા છે. પાલન કર્યું અને નાશ પણ આપના પ્રતાપે જ થાય છે. નાશ કર્યો છે તે પણ જોયાં. આપના પ્રતાપથી જ અપાર રીતે જીવોનું પાલન કર્યું એવા આપ અમાપ સામર્થ્યવાળા છો. જેમના પ્રતાપથી સૂર્યચંદ્ર પોતાના કાર્યમાં રાતદિવસ ફર્યા કરે ને પ્રકાશ આપે છે તથા શેષનારાયણ પૃથ્વીને મસ્તક ઉપર ધારે છે. તે આપના પ્રતાપે જ ધારે છે. તોય વજન નથી જણાતો. આપના પ્રતાપે જ આકાશમાં મેઘો ચડીને વર્ષાદ વર્ષાવે છે. દરેક વનસ્પતિને વિકસાવે છે. પોષે છે. એવા હે મહાપ્રભુ ! આપના પ્રતાપના બળે હું આ ચૌદમા રત્નનાં નામોચ્ચાર કરું છું. આપના પ્રતાપથી જ કરું છું. આ આખા જગતમાં છવાઈ રહ્યો છે. તે આપનું દર્શન આપના અમાપ પ્રતાપે જ થાય છે. આપના પ્રતાપે તો આ જગતમાં જળ વાયુ અગ્નિ બધાં જ એકબીજાથી સંકોચાઈને

સાથે જ રહે છે. તે આપનો મહાપ્રતાપ છે. આપના પ્રતાપથી ઇંદ્ર વર્ષાદ વર્સાવે છે. જળચર વાતાવરણ કરે છે. આપના પ્રતાપે જ થાય છે. એ જ આપના સ્વરૂપના પ્રતાપે હું ચૌદમા રત્નની રચના કરું.

જે આપના અમાપ પ્રતાપે કરીને જોગીજનો અને ભોગીજનો બધા જ આપના નામનો સતત જપ ભજન કરે છે. જે આપના અમાપ મહાપ્રતાપને જોઈને શારદાસનકાદિકો અને શેષજી અહીં સતત જ ગુણનું ગાન કર્યા જ કરે છે. તે આપનાં પ્રતાપે થાય છે. આપના અમાપ પ્રતાપને જોઈને કાળનું ચક્ર જગતમાં ફર્યા જ કરે છે. બળવંત પ્રભુ આપના પ્રતાપે કરે છે. એવા આપના મહાપ્રતાપે હું અવિનાશ કવિ આપનાં ચરિત્રોને ગાઉં છું. હે મહાપ્રભુ ! આપ મારી ઉપર કૃપા કરીને સુંદર રીતે પાપનો નાશ કરીને સુંદર કામ કરો. મને ચૌદમા રત્નનું કામ કરવા કૃપા કરો. હે ભક્તોના પતિ ! આપના ભક્તો ભાવપૂર્વક આનંદ વધારવા આપના ગુણનાં કિર્તનો ગાય છે. છંદો પ્રબંધોને સ્વતંત્ર રીતે ગાય છે. તે આપના પ્રતાપથી છંદો શોભે છે. બાવન બાવન વર્ણોનાં ગાવાના સ્વરોને ગાય છે. પારના પાર એવા આપના અમાપ ગુણો છે તે ગુણોને કોઈ પાર તો પામી શકતું જ નથી. એ આપની કૃપાથી જ થાય છે.

હે પ્રભુ ! આપ તો અનંતમૂર્તિ છો. અમાપ છો. સર્વત્ર વ્યાપક છો. આદિના આદિ અનાદિ ને ખેંચનારા અજિતપ્રભુ આપના પ્રૌઢ પ્રતાપે કરીને હે પ્રભુ ! આપનો પ્રતાપ આ પૃથ્વી ઉપર બહુ ફેલાયેલો છે તોય તેને કોઈ પુન્યવાન પાર તો ન જ પામે. એ આપનો પ્રતાપ છે. હે ઘનશ્યામ પ્રભુ ! આપ તો સર્વના અંતરમાં રહેનારા છો. સારરૂપ આપનું શેષસહિત સન્માન આદર કરતા જ રહે છે. એવા આપના ચરિત્રો અને ગુણને હું હે ગુણાતીત ઇંદ્રિયોના સ્વામી ! આપ તો ગુણના સાગર છો. ગુણદાતા છો. ધર્મનંદન મહાપ્રભુના ચણકમળનાં ચિહ્નોસહિત વારંવાર ચરણોનું ચિંતવન કરીને ભગવાનના સ્વરૂપનું ઉરમાં ધારણ કરીને નમન કરું છું. હે પ્રભુ ! મને આપનો દાસ જાણીને દયા કરજો. હે મહારાજ ! મારી ઉપર કૃપા કરીને કાર્ય કરવામાં મદદ કરજો. જેથી કરીને આપનાં ચરિત્રોને ગાવામાં ઉમંગ થાય. આપના પ્રતાપથી આ રત્નને રચીને પૂર્ણ પ્રસંગને કરી શકું એવી કૃપા કરો. મંદહાસ્ય મુખવાળા શ્રી ઘનશ્યામ પ્રભુ આપ અમારી સામે નજર રાખજો. કૃપાદૃષ્ટિ કરજો. જેનાથી કાર્યમાં આવતાં વિઘ્નો બધાં નાશ પામે તો આપના ચરિત્રોને વિસ્તાર કરીને પૂર્ણ કરી શકું એવી કૃપા કરો. કામ ક્રોધ માન મત્સર બધાં શત્રુઓ અપાર છે. અપાર છે તો તેનાથી વિશ્વમાં મહાન વિઘ્નો થયા કરે છે તો તે શત્રુઓનો નાશ કરીને મને કાર્ય કરવામાં બળ આપો. હે પ્રભુ ! આપનો પ્રગટ પ્રતાપ તો બહુ જ વ્યાપક છે. તેથી મારા હૃદયમાં આપને ધારીને ચોદમા રત્નની ચાહના કરું છું. મારી જ્ઞાન બુદ્ધિ પ્રમાણે લખવાનો પ્રારંભ કરું છું તો કૃપા કરજો. હે ધર્મનંદન ! જગતને વંદન કરવા યોગ્ય આપને વારંવાર વંદન કરીને આ ચૌદમું રત્ન લખવાનો આરંભ કરું છું. કવિ અવિનાશાનંદને કાર્ય રચના કરવાનું બળ આપો.

આનંદસિંહ રાજા અવધપ્રસાદજી મહારાજને કહે છે મહારાજ આપ તો અજિત છો એવા સુખના સ્થાનરૂપ રાજા મધુર વાણીથી શાંતિપૂર્વક કહેતા હતા. મનના મેલરૂપ કામાદિ દોષોને હરનારા મારા ગુરુમહારાજ મનના દોષોને હરી શાંતિ કરનારા જગત જેને જયરૂપ જ જાણે છે. સૂર્યસમાન જેમનું પ્રગટ સ્વરૂપ પ્રકાશે છે. એવા ભક્તજનોના પાપોનો નાશ કરનારા પ્રભુ પાસે જ રહે છે. તેને કોઈ ત્રાસ થતો જ નથી એવા ક્ષર અક્ષરના પ્રેરક અજિતપ્રભુ અનાદિ સગુણ સ્વરૂપે સર્વગુણોથી પર જગતના રૂપને ગુણરૂપને ધારનારા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પ્રગટરૂપે વિચરતા પ્રભુ સહજાનંદ સ્વામીના પુત્ર શ્રેષ્ઠ આપ. જેમણે બહુ જ અલૌકિક દિવ્ય લીલાઓ

કરેલી છે. એવી હરિની લીલાનો વિસ્તાર કરનારા પ્રગટ પ્રભુનો પ્રતાપ તો અમાપ જ છો. તેને અમે આપના મુખ થકી સાંભળ્યું છે. તે બધાં જ ચરિત્રો પહેલા બીજા ત્રીજા રત્નોમાં સુંદર રીતે સાંભળ્યા. ચોથા પાંચમા છઠ્ઠા રત્નમાં તથા સાત આઠ નવ ને દશમા રત્નમાં તથા અગિયારમા બારમા રત્નની બધાય સુંદર રીતે કહ્યાં તે સાંભળ્યાં છે. તે સર્વના અજ્ઞાનને હરનારા તે જગતને તરવામાં નૌકારૂપ છે. નામરૂપ તેરમું રત્ન તે પણ મનને હરનારું છે. તેને આપે અમારી ઉપર કૃપા કરીને સુંદર રીતે કહ્યું છે એવા આપ સહજાનંદ મહાપ્રભુના પુત્રરૂપે રહેલા છો. સૌને સુખ કરો છો.

આપના મુખેથી ચરિત્રો બધાય છેક શરૂવાતથી તેરમા રત્ન સુધી બધાંય સુંદર રીતે શ્રવણ કર્યાં છે. તેમાં બધીય વાતો જુદી જુદી સુંદર રીતે આપના મુખેથી જે રીતે કહ્યાં તે રીતે સુંદર સાંભળ્યાં. બધાં જ જીવમાં ઉતારી લીધાં છે. તેમાં પ્રગટ પ્રભુના લીલાચરિત્રો તે મહિમા સાથે સાંભળેલાં છે. ચરિત્રો પાપને હરનારાં બહુ જ પવિત્ર છે. માટે મહારાજ તમે ચોદમું રત્ન પણ કહો. મારે તે બધુંય પ્રારંભથી અંત સુધી હે ગુરુમહારાજ અવધપ્રસાદજી અવતારી પ્રભુનાં પાખંડી ખળના દળનો પરાજય કરીને ખંતથી કહો. પ્રગટ પ્રભુનાં જે ચરિત્રો સંસારના જીવો નથી સાંભળતાં તે તો પશુની માફક ઘાસ ખાનારા પશુસમાન જ છે. એમ શાસ્ત્રોની અંદર કહેલું જ છે. પણ પ્રભુના ચરિત્ર યશને પ્રેમભાવથી જે સાંભળે છે અને પ્રેમથી જે ચરિત્રને જીવનમાં ગ્રહણ કરે છે તે પરમ ધામને પામે છે. જનો તો તેથી ભગવાનનાં ચરિત્રો સાંભળવા માટે મારું ચિત ચાહના કરે છે. માટે હરિનાં ચરિત્રો સર્વ સંતાપને હરનારાં છે. તેથી મને આપનો દાસ જાણીને આપ કહેવા કૃપા કરો.

આનંદ રાજાના કહેલા પ્રશ્નો સાંભળીને સુખના ઘરરૂપ અવધપ્રસાદજી મહારાજ પ્રફુલ્લિત થયેલા મુખવાળા પોતાના મનમાં રાજી થયા અને ભયને હરનારા સર્વ ક્લેશોનો નાશ કરનારાં ચરિત્રોની તમે જે વાતો પૂછી છે. આનંદરાજન તે બધાં હવે કહીશ. તમે જે વાત પૂછી હતી તે જ વાત ગિરનારની તળેટીમાં જુનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ ગોપાળાનંદ હે મુનિરાય ! મનને હરનારા હરિનાં બધાં ચરિત્રો ચૌદમા રત્નનાં શાંતિ કરનારાં છે તે કહો. પહેલા રત્નથી પ્રારંભ કરીને તેરમા રત્ન સુધી તો કહ્યાં તે બહુ જ સુંદર મનોહર ચરિત્રો બુદ્ધિવાન આપે સુંદર રીતે કહ્યાં છે. તે બધા મેં કાને કરીને સાંભળ્યાં છે. તે બધાંય તરત પાપોને નાશ કરનારાં છે. હવે ચૌદમા રત્નમાં તે પ્રયત્ન કરીને આપ જાણી વિચારીને અવિનાશી પ્રભુની છેક અવસાન સમય સુધીની બધી જ લીલાઓ મને આપના પ્રિય સેવકદાસ સમજીને કહેવા કૃપા કરો. ગુણાતીતાનંદ સ્વામીના પ્રશ્ન સાંભળીને ગોપાળાનંદ સ્વામી રાજી થયા. પૃથ્વી ઉર નિવાસ કરીને ગિરનાર પર્વત પાસે તેમને ગોપાળાનંદ સ્વામી ગુણવાળાં નામવાળા આનંદના ધામ નિર્મળ અંતઃકરણવાળા યોગમૂર્તિ સ્વામી કહે, ધીરમુનિવર્ય કહેતા હતા, મુનિ તમે ભયને હરનારા ભયભીડનો નાશ કરનારા પ્રભુનો સુંદર પ્રશ્ન પૂછ્યો છે. તે ચૌદમું અવસાન રત્નના નામે સુંદર પૂછ્યું છે. તે બધું જ સુંદર સ્વરૂપનાં લીલા ચરિત્રો તમને સંભળાવું છું. શ્રીહરિ જગતના સ્વામી બહુનામી મહાપ્રભુએ જયાં જયાં વિચરણ કર્યું. અને બહુનામીએ જે જે લીલાઓ કરી છે તે વખાણવા અને મનુષ્ય મનુષ્યચરિત્રોને દિવ્યચરિત્રો બંને પ્રસિદ્ધ ચરિત્રો તમને રાજી થઈને પ્રમાણરૂપ બધાંય કહું છું. તે પવિત્ર છે. તે સાંભળો.

હે રાજન ! ગઢપુરધામમાં ગુણના નિધિ સર્વાંતરયામી મનોહરમૂર્તિ નિત્ય પ્રત્યે નવા નવા ચરિત્રો કરતા હતા. અલબેલા છેલછોગાળા મસ્તક ઉપર છોગાં ઉપર તોરા મુક્તા હતા. આવા મનોહર સ્વરૂપે સભાની

મધ્યમાં ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. સુખના ધામની કોઈને ઉપમા જ ન દેવાય તેવા સુંદર શ્યામને સૌ નરનારીજનો નાથને નિરખતાં જોતાં હતાં. મહાપ્રભુ તે સૌને સુંદર જ્ઞાનની વાર્તા સમજાવતા હતા. મહાપ્રભુ મુખથી મંદ મંદ હાસ્ય કરતા થકાં મુખેથી દુઃખને હરનારી દ્વિધાવાળી વાતો જગતના ચંદ્રસમાન જ્ઞાન દેનારા ભક્તજનોને જ્ઞાનનાં બંધનમાં પકડીને રાખતા હતા. સ્વરૂપ મોહિત ભક્તો ભક્તિ કરીને ભયથી મુક્ત થઈને નિર્ભય થતાં હતાં. શ્રીહરિ કહે ભક્તો તમે કામવાસનાના મૂળનો ત્યાગ કરીને સાવધાન થઈને ગૃહસ્થાશ્રમી પુરુષોએ ગર્વરહિત થઈને સાત્ત્વિક ગુણવાળા આસક્તિ રહિત થઈને સર્વ પ્રકારની વિષય વાસનાનો ત્યાગ કરીને દૃઢ હૃદયથી મારા સ્વરૂપની દૃઢ ભક્તિ કરો. કુસંગીના સંગનો ત્યાગ કરીને કુવાસનાઓ ત્યાગીને દિલમાં દયાળુતા તથા સદાય દૃઢતાથી ધર્મને ધારી રાખવો. બાહ્ય સ્વચ્છતા તેમજ અંતઃકરણને શુદ્ધ રાખવાં. પવિત્રતાથી કળિકાળનાં ક્લેશનો ત્યાગ કરવો કામદોષને દૂર કરવા માટે. કાયમ માટે સતત મારા સ્વરૂપનું ધ્યાન ધરી રાખવું ને વિકારો વાસનાઓનો નાશ કરીને નિર્વાસનિક થઈને લૌકિક વાતાવરણની પ્રિતનો મનથી ત્યાગ કરીને અમારા સ્વરૂપનો અંતઃકરણથી મહિમા દૃઢ કરીને ધારી રાખવો. આવી રીતે દૃઢતાથી વર્તનારા હરિભક્તો તે મને બહુ જ પ્રિય થાય છે. તે ભક્ત ભવસાગરને તરીને તત્કાળ પાર પામે છે. દેહથી ભૌતિક બધાં જ ભાનને ભુલી જાય છે. નિર્ગુણ થઈને મારા નિર્ગુણ બ્રહ્મપુરધામને પામે છે. અખંડ સુખને પામે છે.

શ્રીહરિ મહાપ્રભુએ આવી રીતે જ્ઞાન વાતો કરીને સૌને આનંદ દીધો. આવા પ્રગટ પુરુષોત્તમ પરબ્રહ્મ મહાપ્રભુ સર્વભક્તજનોને પ્રિત કરીને પ્રભુના મુખની વાત સાંભળીને સૌ ભક્તજનો સંતો સભાસદો મહાપ્રભુને જગતના પતિને સર્વોપરિ સત્ય માનતાં હતાં. જગતને જુઠું નાશવંત જાણતાં હતાં. સૌ ભક્તજનો ભગવાન જાણતાં હતાં. હે રાજન ! ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં ગઢપુરના સ્વામી બહુ જ લીલાઓને કરતા હતા. આવા ઘનશ્યામ સુંદરવર સર્વોપરિ ધામના ધામી પ્રભુ સુખધામ દયાળુ નિવાસ કરે છે. તે દુર્ગપુર ન તરી શકાય તેવો દરિયો છે. તેમાં ભક્તજનો સમુહનો અવાજ ભંગ થતો હતો. મહાપ્રભુના મુખકમળનાં દર્શન કરીને એમના ઉરમાં મહાઉમંગના ઓઘો ઉછળતા હતા. પંચવર્તમાનના નિયમરૂપી તટનો નવીન રીતે સ્પર્શ કરીને પાછા ફરતા હતાં. પ્રભુનાં દર્શન કરીને પાછા જતાં હતાં. આવી રીતે ગઢપુર સાગરમાં રાતદિવસ ભક્તજનોનાં પુરો આવતાં હતાં. તેના મુનિજનો ગુણને ગાતા રહેતા હતા.

કવિ અવિનાશાનંદે પવિત્ર ચૌદમા રત્નનો પ્રારંભ કર્યો. તે જગવંદ્ય ધર્મનંદન પ્રભુએ સુંદર રીતે વર્ણન કર્યું છે. આવી રીતે બંનેના સંવાદો સુંદર રીતે જાણનારા સુખસાગર પ્રભુના ચરણનો સ્પર્શ કરીને પવિત્ર પ્રથમ અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં ચૌદમા રત્નનું મંગળાચરણ કર્યું તેનો મંગળ પ્રારંભ કર્યો તે નામે પહેલું તરંગ પૂર્ણ થયું. ॥૧॥**

# તરંગ-૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સદાય ગઢપુરમાં વિરાજમાન રહીને કમલમુખ પ્રભુ શોભતા હતા. ભક્તજનોની માટે લીલાઓ કરતા હતા. બહુ જ આનંદ ઉત્સાહમાં પ્રભુ બહુ શોભતા હતા. દર્શન દેતા હતા. પ્રવિણ મહાપ્રભુ અદ્‌ભુત ચરિત્રોને નિત્ય પ્રત્યે નવિન નવિન કરતા હતા. ભક્તજનોના ભવત્રાસને હરીને ધર્મનંદન મહાપ્રભુ સુખ દેતા થકા શોભતા હતા. હે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ ગઢપુરમાં ચરિત્રો કરીને મનને ખેંચતા હતા. આનંદ દેતા હતા. તે કેવાં કેવાં ચરિત્રોને કરતા હતા. તેમને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! જગતના જીવોનો જ્ઞાન કરાવનારા સર્વના મુગટમણિ જેવા જગતના જનોના અજ્ઞાન અંધકારને જ્ઞાનનો ઉપદેશ કરીને અજ્ઞાનને તરત જ હરિ લેનારા ત્રણે ભુવનના પતિ મહાપ્રભુ લીલા કરીને સુખ કરતા હતા. તે બધીય લીલા તમને કહું છું તમે ધ્યાન દઈ એકાગ્ર થઈને સાંભળો. મનોહરમૂર્તિ શ્રી ઘનશ્યામ પ્રભુનું સુખના ધામ મનોહરમૂર્તિનું સતત નામ રટન કરતા હતાં. જગતવંદ્ય ધર્મનંદન મહાપ્રભુ ભક્તજનોના ભવફંદને હરતા હતા ને સુખ દેતા હતા. જગના સૂર્યરૂપ જ્ઞાન પ્રકાશનારા મનોહર સુખદાતા ગઢપુરમાં વિરાજતા હતા. શોભતા હતા. મદરૂપ માનનો અને અભિમાનનો ત્યાગ કરીને મહા ગુલતાન થઈને પ્રભુનું ભજન કરતાં હતાં. મેઘસમાન ઘનશ્યામ પ્રભુ શ્રીહરિ ભગવાનનું ભજન કરનારા ભક્તજનો માન તજીને ભજન કરતાં હતાં. શ્રીહરિ ભગવાનની સાથે બુદ્ધિવાળા વિદ્વાન સૌ શોભતા થકા રહેતા હતા. બીજાં ત્યાંના બાઈઓમાં લલિતાબાઈ આદિબાઈઓ મહાપ્રભુના ગુણને ગાઈને ભજતાં હતાં. મહાપ્રભુનાં ચરણકમળની સેવા કરતાં હતાં. અહંમતાનો ત્યાગ કરીને મૂર્તિનું સુખ લેતાં હતાં. બ્રહ્માદિ દેવો રાતદિવસ સતત પ્રભુનાં ચરણોમાં મસ્તકનમાવીને વંદન કરતા રહેતા હતા. આવી રીતે ગ્રીષ્મ ઋતુ (ગરમીની ઋતુ) વીતી ગઈ. એ પ્રમાણે જગતના જીવો માનતાં હતાં. પછી સુખ દેનારી વરસાદની ઋતુ આવી. સૌનાં ગરમીનાં દુઃખો જતાં રહ્યાં. ત્યારે બલરામના ભાઈ શ્રી ઘનશ્યામ પ્રભુ રાજી થતા હતા. સુખદાતા આનંદ પામતા હતા. શ્રીહરિએ પોતાની પાસે સૌ સંતોને બોલાવરાવ્યા. કમલનયન પ્રભુ શ્રીહરિ અમૃતસમાન ચંચલ દષ્ટિવાળા પ્રભુ વાતો કરતા હતા. હે સંતો વ્રતો કરવા માટે તૈયાર થઈ જાઓ તમે બધાય પ્રેમથી નિયમ કરીને સુખપૂર્વક વ્રત કરનારા છો.

હે રાજન ! આવી રીતની ઉપદેશ વાણી શ્રી ઘનશ્યામ પ્રભુની સાંભળીને સૌ સંતો ઘનશ્યામ પ્રભુ પાસે આવીને વિનય સાથે બંને હાથ જોડીને નારાયણમુનિ ભગવાનને કહેતા હતા કે. હે મહાપ્રભુ ! આપ કહો છો. તે વ્રત ક્યારે કરવાં તે કહો. અમે બધાય હેતથી વ્રતો કરીશું. માટે સુખના પ્રાણપ્રભુ તે બધાં નાં નામો કહો ત્યારે ભયહારી ભગવાન કહેતા હતા. સંતકમળને વિકસાવવા માટે ભયહારી ભગવાન વર્ણન કરી કહેતા હતા. ધીરજ ધરીને ધારણાં ને પારણાં નામના વૃત્તો તથા નિષ્કામ વ્રત તે બધાં જ વૃત્તો સંસારમાં સૌને કરવાનાં છે. આવી રીતની આજ્ઞા કરીને સુંદર રીતે કરો. મુનિજનો આ વ્રત તે કષ્ટને હરનારું છે. તે વ્રતનાં નામ વિસ્તારથી કહું છું. ધારણાં-પારણાં વ્રતને ધીરજ ધરીને જગતના સૌ જનો જાણતાં જ હોય છે. સંસારમાં તો પ્રસિદ્ધ જ છે. આવી રીતે મહારાજની વાતો સાંભળીને સૌ હરિભક્તો કહેતા હતા. હે મહારાજ ! અમે આવ્યા છીએ તો

અમને આજ્ઞા આપો. આ વ્રત તે કેવી રીતે કરવું હે કમલનયન પ્રભુ અમને સમજાવો ત્યારે પ્રભુ કહેતા હતા. ઘનશ્યામ પ્રભુ કહેતા હતા કે હે ભક્તજનો તમે સૌ સાંભળો. મારી આજ્ઞાને બુદ્ધિવાળા તમે બધાં પારણાંના દિવસે પ્રેમથી વ્રતવાળા સંતોભક્તો સુંદર રીતે જમાડજો. ત્યારે શ્રીહરિ ઉત્તમરાજાનાં માતૃશ્રી સૂરજબાઈ જમાડવા માટે કહેતા હતા. કે તમે સુંદર રસદાર લાડુ બનાવરાવો. સુંદર રસોઈ કરીને સૌ સંતોને સુંદર રીતે પારણાંના દિવસે સવારના પહોરમાં જમાડીને પારણાં કરાવવાંનાં છે.

ત્યારે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં કહેલાં વચનોને ભક્તોએ મસ્તકે ચડાવીને ચતુર ભક્તોએ સદાય પારણાંના દિવસે સુંદર રીતે આ પ્રમાણમાં બધા ભક્તો સાથે મળીને સંતોને ભગવાન જેવા મહાન મહિમા રાખીને નિત્ય પ્રત્યે પ્રેમ સાથે ભક્તજનો ભાવપ્રેમથી હેત કરીને સરભરા કરતા હતા. આવી રીતે ગઢપુરમાં નિવાસ કરીને ઘનશ્યામ પ્રભુ બહુ જ અદ્‌ભૂત અલૌકિક લીલાઓ કરતા હતા. સંતો અને ભક્તજનો હૃદયમાં બહુ સુખ પામતાં હતાં. તે કીર્તિને કવિજનો પ્રિત કરીને સુંદર રીતે ગાતા હતા. મહાપ્રભુ રાજી થઈને ઉપદેશ વાતો કરતા હતા અને સંતો ભગવાનનું હેતથી ભજન કરતા હતા. વ્રતો કરીને દેહને કસીને કૃષ કરતા હતા. કામવાસનાના મૂળનો નાશ કરતા હતા ત્યારે પારણાંનાં દિવસે પ્રભુની આજ્ઞા પ્રમાણે સારાં હોંશિયાર ભક્ત સુરબા સુંદર રીતે સંતો માટે સુંદર રૂચિકારક લાડુ બનાવીને મનભાવતા બનાવતા હતાં. તપસ્વી મુનિજનો તપસ્યા કરતા થકા ઉરમાં શ્રીહરિ મહાપ્રભુનું ધ્યાન કરતા હતા. ધીરજ ધારીને ધર્મનંદન મહાપ્રભુના ગુણને ગુલતાંન મનવાળા થઈને ગાતા હતા. ભજન કરતા હતા. શ્રીહરિ મહારાજ ખળો પાંખડીઓને ખંડન કરવા પૃથ્વી ઉપર વિચરણ કરીને શુદ્ધતા કરતા હતા. સર્વના સર્વોપરિ શિરના મુગટમણિ મહાપ્રભુ રાજના રાજ શ્રી રાજાધિરાજ મહારાજ ગુણના સાગર સંતો ભક્તજનોની સાથે ગઢપુરમાં નિવાસ કરીને જ્ઞાનની વાતો કરીને કળિકાળના દોષોને હરતા હતા. પ્રભુના આવા પ્રતાપને જોઈને કામદેવ પણ ભય પામતો હતો. આવી રીતે આનંદકંદ મહાપ્રભુ સૌને સુખ દેતા હતા. આવા ધર્મદેવના પુત્ર પૃથ્વી ઉપર અવતાર ધરીને ધર્મને દ્દઢ કરતા હતા. અધર્મ સર્ગને દૂર કરતા હતા. એવા પરના પાર રહેનારા સર્વોપરિ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ સુખ દેતા હતા.

આવી રીતે મહારાજ ગઢપુરમાં રહીને સંતોની સાથે ભક્તજનોને સુખ દેતા હતા. પ્રિતમ પ્રાણપ્રભુ પોતાના ભક્તોની પાસે રહીને ત્રાસને હરી લેતા હતા. સુખ કરતા હતા. આમ એક દિવસ પૃથ્વી ઉપર ભાવ વધ્યો હતો. કેમકે અસુરોનો મોટો સંઘ થયો હતો તે ભક્ત મહાયોદ્ધા ભગુજિની સાથે ભીડાયો હતો. તેને ઘનશ્યામ પ્રભુએ અભિમાનને હરાવ્યું. હે રાજન ! જમીનના કારણે મહાસંગ્રામ થયું હતું. તેને તમે સાંભળો. આ બાજુ ભગવાન મહાપ્રભુના અઠ્ઠાવીસ જેવા પાર્ષદો યોદ્ધાઓ હતા. જમીનની રક્ષા માટે તે ભક્તો બહુ જ બળવાળા પરાક્રમી પાર્ષદો હતા. એમની સામે રણમેદાનમાં હજારો સૈનિકો હાથમાં હથિયારો લઈને લડવા ઉભા હતા. તે રણભૂમિં સૌમાં ભિડાયા તેઓ મજબૂત બાંધામાં પુષ્ટ શરીરવાળા સામા તૈયાર થઈને લડવા માટે ચડીને આવ્યા હતા. તે બધાને લડાઈ કરીને ભગાડ્યા. તે ભક્ત ભગુજી બળવાને પરાસ્ત કર્યા. જેમ સિંહની સામે શિયાળ લડાઈ કરવા આવે ને શિયાળની સ્થિતિ થાયા તેવી સ્થિતિ આવેલ લશકરની થઈ ને તે સીમામાંથી ભાગી ગયા. બધાય અસુરોનો સામનો કરીને અંત કર્યો ને પૃથ્વી તળખેતર પોતાના કબજા હાથમાં જ રાખ્યું. આ વાતને જગતના બધાય ભક્તજનો જાણે જ છે તેવો સહાય કરનારા આ સાક્ષાત ભગવાન હતાં.

હે અવધપ્રસાદજી મહારાજ ! તે લડાઈ કેવી થઈ. તે મહાભયંકર લડાઈમાં મોટા યોદ્ધાઓની સામે કેવી રીતે જીત થઈ તે કહો.

સુખના ધામી મહાપ્રભુ ઘનશ્યામ હરિ સંતસમુદાયની સાથે ગઢપુરમાં વિરાજતા હતા. ત્યાં બહુ જ સુંદર અલૌકિક લીલા કરતા હતા. એવા પૂર્ણકામ નવરંગમૂર્તિ બહુનામી શોભતા હતા. પૃથ્વી ઉપર પાપના બહુ જ ભારવાળો પાપ બીજો હતાં. તેથી તેની સાથે અતિ ભયંકર ઘોર યુદ્ધ લડાઈ થઈને બહુ જ ભયંકર થઈ. આવી રીતે આ બીજુ સુંદર અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિની ગઢપુર ધામે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ બીજો તરંગ થયો. ॥૨॥**

# તરંગ-૩

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમે સાંભળો. બધી જ વાત હવે સરસ રીતે કહું છું. બહુ જ પ્રસિદ્ધ છે. ભૂમિના કારણે જ મહાભયંકર મહાભારત જેવું મહાયુદ્ધ થયું. સારા લડવૈયા લડ્યા. હે રાજન ! તે સમરાંગણ જોવા માટે દેવો આવ્યા હતા. તેના કારણ સાથે બધું જ વર્ણન કરીને કહું છું તે સાંભળનારને બહુ જ સુખરૂપ થાય છે.

દાદાખચરના રાજ્યનું બધું જ રાજકારભાર બધાં જ કામો સુખધામ ઘનશ્યામ મહાપ્રભુ રાજાધિરાજ જ કરતા હતા. કેમકે દાદાખાચરે પોતાનું સર્વ સર્વસ્વ સોંપીને ભગવાનનું ભજન જ કરતા હતા. તે રાજકાજનું કાંઈ કામકાજને કરતા જ ન હતા. નિર્લેપ જ રહેતા હતા. આવી રીતે દૃઢ હતા. મહાપ્રભુ દાદાખાચરને એકાંતિક ભક્ત જાણીને તેનો બધો જ વ્યવહાર ચતુરવર હરિ ચલાવતા હતા. તેથી પોતાના સેવકભક્ત **ભગુજી** સારા લડવૈયા મહાયોદ્ધા શુરવીર અને ધીરજવાળા હતા તેને ભગવાનનું જ બળ ભગુજીમાં હતું. તે ભક્તના બધા જ ત્રાસોને હરતા થકા કરુણાસાગર મહાપ્રભુ બધાં જ કાર્યો પોતે જ કરાવતા હતા. દાદાખાચરના જે કોઈ વ્યવહારનાં કામો હોય તે બધાંય કામો ભીમ જેવા ભગુજી ભક્ત પાસે કરાવતા હતા.

અતિશય કઠિન પ્રહરો કરીને બળપૂર્વક ભૂમિને પડાવીને લઈ લેતા હતા. પોતાના ખેતરના પાકમાંથી પહેલા પડાવી લીધી હતી. તે જમીન બળવાળી શત્રુની મોટી સેનાને પાછા પાડીને લઈ લીધી. તે બધીભૂમિને મહાન યોદ્ધા **ભગુજીએ** પરાક્રમ કરીને શત્રુના બધા જ દળને પોતે સ્થિર રહીને બધા જ દળના સ્થાનો સાફ કરતા હતા. આમ બધુ જ રાજકાજને ભગુજી મહાયોદ્ધા હતા. **ભાણખાચર** ભયાનક બળવાળો રાજા હતો. એક વખત **દાદાખાચરની જમીન સારી ઉપજા વાળી જમની તેને બળ કરીને ઓચિંતાની પડાવેલી હતી.** તે અભિમાની ઘમંડી બળવાળો તેણે પોતાના માણસોની પણ ગણતરી કરતો ન હતો. પોતાના બળ ઉદ્ધતતાના પ્રતાપથી પોતે ખેડૂતો રાખીને ખેતી કરાવતો હતો. જબરજસ્તીથી બળ કરીને કામ કરાવતો હતો. કોઈ જાતનો ભય નહોતો રાખતો. આવી રીતની વાત જાણીને મહાયોદ્ધા શુરવીર હોંશિયાર મહાબળવાળા **ભગુજી** એમણે **ભાણખાચરના** સૈનિકોને મારી ભગાડીને જમીનને છકેલના પાસમાંથી છિનવી લીધી. (મુક્ત કરી દીધી.) **ભગુજી** યોદ્ધાના પરાક્રમની વાત જાણીને **ભાણખાચરને** બહુ જ ક્રોધ થયો. એને **દાદાખાચરના કાકા જીવા**

**ખાચરની** સહાયતા હતી. તેનો સાથ લઈને **ભગુજી શુરવીરને** મારવા માટે પ્રયત્ન કરતો હતો. ઉરમાં બહુ જ ક્રોધ કરીને ક્રૂર કર્મ કરાવતો હતો. તે પોતાના ઘરે બીજા ક્રૂર ભયંકર યોદ્ધા રાખતો હતો. ભગુજીને મારવા માટે કામ કરાવતો હતો. મહાપાપી મહાક્રૂર કપૂત હતો. તે યોદ્ધો પર્વત જેવો ઉંચો મહાપ્રચંડ લાગતો હતો. દાંતવાળા દૈત્યની માફક તે દુષ્ટ દિલનો, મહાન શરીરવાળો રૃષ્ટપુષ્ટ શત્રુને જીતી જનારો હતો. આવા પાપીને જોઈને દેવો પણ અજાણતાં ડર પામતા હતા. આવો ભયંકર માયાવી અસુર તે હરિભક્તોનો દ્વેષ કરનારો કેશી જેવો સુરાતનવાળાને પણ ગણતો ન હતો. તે પૃથ્વી ઉપર અટૂટત રહેનારો મહાભયંકર હતો. તે બળવાળો હતો અને તેને સહાય કરનારા બહુ જ હતા. તે **મહાખળ ખબડના** નામથી પ્રસિદ્ધ થયેલો હતો. મલિન મતિવાળો તે દુષ્ટનો ભાઈ પણ તેના જેવો જ હતો. બળ અને અભિમાન સમાન જ હતાં. તેથી રાક્ષસ જે ખરને દૂષણ જેવા જ સમાનતાવાળા કહેવાતા હતા.

ભાણખાચર એને મહાબળવાળો પરાક્રમી યોદ્ધો જાણીને પોતાની પાસે જ રાખતો હતો. કેમકે તે ભગુજીને મારી નાંખવા માટે જ હેત કરીને તે દુષ્ટને ઘેર શત્રુના દિવાસમાન હતો.

તે **'ખબડ'** અને **'મતારો'** બંને મહા ખખડધજ કઠોર ક્રોધ કરનારાને ભાણખાચર મહાઘોર રાત્રિમાં બોલાવીને ગુપ્ત રીતે તે ખબડ મતારાને કહેતો હતો. સવારે મહાબળવાળો પરાક્રમી ભગુજીનું માથું કાપીને તારે ખાસ બાળવાનું છે. જો તું માથું કાપીને આપે તો તને મોજમાં બહુ જ સારા ગુણ ગરાસવાળાં ગામો આપીશ. **તે ભગુજી સદાય પૃથ્વીમાં અજિત કહેવાય છે. તે ભગુજી મહાન પરાક્રમી યોદ્ધો છે. ભયાનક છે.** આ રીતે તેણે ઉત્તમ રાજાની બહુ જ સેવા કરી છે અને ઘણા દિવસ સુધી દાદાખાચરનાં વખાણ કર્યાં છે. એટલે એનું મસ્તક લાવ તો બધા ઠેકાણે પડે. આ ભગુજીના બળથી બધાંય બળવાળાં થયાં છે. દાદાખાચરનું રાજ્ય પણ તેના આધારે જ રહેલું છે માટે ભગુજીને મારીને લાવશો તો તેનાથી દાદાખાચરનું બધું જ કામ પૂરું થઈ જાય. આ ભગુજીને મારવાથી બધા જ મરી જવાના. આના જીવાડવાથી બધાંય જીવવાનાં. તેથી હું તમને કહું છું કે ખબડયોદ્ધા તમે પ્રિત કરીને આ મારું કામ કરી આપો. ભગુજી જેમ **રામાયણમાં રામને હનુમાન** છે તથા **મહાભારતમાં ભીમ મહાબળવાળો** છે તેમ અત્યારના સમયમાં **ભગુજી મહાન બળવાળા પરાક્રમી અજિત છે એમ માનવાનું છે.**

ખબડ કહે છે કે તમે શું ભગુજીની વાત કરો છો. ભગુજી જેવાતો પૃથ્વી ઉપર અનેક યોદ્ધાઓ રહેલા છે. ભાણ તમે નિશ્ચિયંત રહો રણસંગ્રામમાં જોયું જાશે. રાજન ! જોત જોતામાં ભગુજીનું માથું કાપીને તમારી પાસે લાવું તો જ હું ખબડ કહેવાઉં. ન લાવું તો મને ધિકકાર છે. આ પૃથ્વી ઉપર કોઈ પુરુષ મૂંછ વગરનો ન હોય એવું હે મહારાજ ! તમે મનમાં માનો. ભગુજીને જીતવો તો કાલ સવારે ખબર પડશે. એને તો હું તણખલાં જેવો જ માનું છું એવું એનું શરીર છે. જેના મુખ ઉપર મૂંછો ન હોય તેના જેવા ભગુજી શુરવીર કહેવાય. નમુછિયાને સંસારમાં કેવો કહેવાય એવા જ ભગુજી મહાયોદ્ધા કહેવાય છે. એનાં માથાંને કાપીને લાવીને ન આપું ત્યાં સુધી મુખ બંધ રાખીને ધીરજ કરીને જુઓ.

શત્રુઓનાં પોતાના મુખે વખાણ કરીને તે ભાણરામ ભગુજીને સામાન્ય જ યોદ્ધા તરીકે જાણતો હતો. તેથી મનમાં અભિમાન કરીને મહાકઠોર આયુધોને સજ્જ કરીને બધા યોદ્ધાઓ જોરપૂર્વક તૈયાર થઈને. એકસો તોપ ધરોની સાથે શોભતી હતી. સાથે પદાતિઓ લાખેક જેવા હથિયાર સજેલા એક હજાર રથો એકસો

હાથીઓ અને સાજ સજીને અનેક શત્રુઓ સાથે આવતા હતા. હે રાજન ! હાથમાં અસ્ત્ર શસ્ત્રને સજીને સુંદર ધીરજતાથી યોદ્ધાઓ પૃથ્વી ઉપર આવતા હતા. હાથમાં તલવારને લઈને સુંદર રીતે ઘસીને ધારણ તૈયાર કરીને રણમાં ઘસીને ઉદ્ધત યોદ્ધાઓ આવતા હતા. હરિભક્ત યોદ્ધાને જોઈને એને મારી જ નાખો. આવી રીતે તે દુષ્ટ યોદ્ધાઓ અરસપરસ વાતો કરતા હતા. આમ કહીને અપાર ફોજને લઈને આગળ આવતો હતો. ખબડ ભટ્ટ હાથમાં તલવાર લઈને ભૃગુજીનો અંત લેવા માટે અડીને આવતો હતો. મહામંદબુદ્ધિ મ્લેચ્છનો રાજા તે જેમ પતંગિયું દીવાનો પ્રકાશ જોઈને આવીને તેમાં પડે તેમ ને આવતો હતો. પતંગિયું દીવામાં જાણે અજાણે પડીને બળે તેમ અસુરો પ્રભુના પ્રતાપને ચારેબાજુ પ્રતાપરૂપી પ્રકાશને જોઈને આવતા હતા. જાણે નગરને લાલ થયેલું જોઈને શિકારી પક્ષી ઉપર આવી પડે તેમ. તેની ચાંચ ટુટીને તેનું મોત થાય તેમ ખોરાક કાંઈ ન મળે તે જ રીતે આ અસુરો ચડીને આવતા હતા. આવીને મોટો મોરચો માંડ્યો હતો. શત્રુના લશ્કરે લલકાર કર્યો ત્યારે સૌ સામનો કરવા તૈયાર થયા.

હે રાજન ! હવે શુરવીર ભગવાનના સૈનિક ભક્તોનું વર્ણન કરીને કહું છું. તે ભક્તો પરાક્રમી બહુ જ ગંભીરતાવાળા મહાન પરાક્રમ શુરાતનવાળા છકેલા વીરસવાળાને દબાવનારા ઝનૂનવાળા ઉદ્ધતાઈને જીતેલા કાળને પારખનારા એવા, હતા. સહેજ આશંકાવાળા મહાન શુરવીરતાવાળા આસુરી અમીરીવાળા યોદ્ધા ને નહીં ગણનારા એવા જેમ મૃગોનો રાજા સિંહ તે હાથીના જુથને જોઈને ડરે જ નહીં ને લગારે ચલાયમાન ન થાય ને વિશેષ સ્વચ્છંદ રહેનારા હતા. તેમાં બધા જ યોદ્ધા સુભટ્ટોના ઉપરી ભગુજીમહા ભટ્ટ હતા. તે બધા યોદ્ધાઓ એમની સાથે રહેનારા નિર્ભય રહેતા હતા. તેના નામ કહું છું. **જાલમસિંહ જોધાજુરાજી, રતનજી બેચરજી** બીજા **ભીમાજી** તે તો મહાભીમ જેવા બળવાળા **વિરોવરવાજી** તથા **દેવ કલાજી અજોજી લખોજી નાથુજી** તે બધા જ સરખા બળવાળા શુરવીર અઢારની સંખ્યામાં વીરો સુધીર સારા અડગ રહેનારા મહાન પરાક્રમી શરીરને શસ્ત્રઅસ્ત્રથી સજ્જ કરીને સુંદર શોભતા હતા. એમની પાસે તલવાર ધનુષ્યબાણ કવચો હતાં. હાથમાં બંદુકને ધરીને સુંદર ધીરજતાથી જોતા હતા. ખેતીનું ચારેબાજુથી રક્ષણ કરતા હતા. રખેવાળી કરતા હતા. ત્યારે તેઓના શરીરોની સંભાળ તો ઘનશ્યામ હરિ કરતા હતા. તેઓ હથિયારો ધારીને ખેતરની ચારેબાજુ ફરતા હતા.

હે રાજન ! તે બધા ભક્ત યોદ્ધાઓ ખેતરની રક્ષા કરવા જાય છે એમ તે જાણતો હતો. એટલે સૂર્ય ઉગવાના જ સમયે જ્યારે પ્રકાશ પૃથ્વી ઉપર થયો ત્યારે સેવકો ખેતરની સંભાળ લેતા હતા. એ લોકો ખબર કરવા જતા હતા ત્યાં તો અચાનક જ અસુરોની સેના લશ્કર આવતું ગયું ત્યારે સૌએ નજર કરીને જોયું. તેઓ બધાય કાળ જેવા અતિ ભયંકર હાથમાં હથિયારને ધારણ કરેલાં હતાં. કઠોર હથિયારવાળા તે બધાય પાર્ષદ યોદ્ધાઓ સામે ફરતા ઉભા રહ્યા. ભયંકર બંદુકો ધારણ કરેલી જ હતી. ત્યારે તે સૈનિકોએ ભક્તોને પડકાર કર્યો ને હાહાકાર મુખેથી કરતા હતા. ત્યારે જેમ ધાંણિ ફૂટે તેમ અવાજ થયો જ્યારે બરિયાંનો છુટ્યાં પૃથ્વી ઉપર ત્યારે ઘનશ્યામને સાથે રાખીને બધા જ ભક્ત સૈનિકો પૃથ્વી ઉપર આડા પડીને સુઈ ગયા. પછી ભગુજી મહાભયંકર બધા ભક્તસૈનિકો ભેગા થઈને જોરથી સિંહનાદ (ગર્જના) કરીને શત્રુઓ સામે હલ્લાં કરીને શસ્ત્રો આદિક ધારણ કરીને હુમલો કર્યો. આકાશમાંથી જેમ પક્ષીઓનું આ જુથ નીચે આવે અને પૃથ્વી ઉપર હુમલો કરે તેમ શત્રુના દળ ઉપર બધા જ હુમલો કરીને દુશ્મનો પાસે પહોંચી ગયા.

મહાભયંકર ભાંણખાચરે જાણ્યું એટલે મહાભયંકર **ખબડને** સારી રીતના યોદ્ધાને રાખતો હતો. તે

મહાભારત લડાઈમાં જ તે બધા સૈનિકોના દળને તૈયાર કરીને રવાના કર્યું. આ બાજુ જગતમાં મહાભયંકર મહાયોદ્ધા **ભગુજીનું** નામ હતું તેની સામે લડવા માટે બધાંને તૈયાર કરીને મોકલ્યાં ત્યારે તે બધાની સામે ભગુજી આવ્યા એમ ગહરી લીલા કહી છે. આવી રીતે સુંદર ત્રીજું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે આ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં ભાણખાચરે અસુરના દળને મોકલ્યું તેનું વર્ણન કર્યું એ નામે ત્રીજું તરંગ પૂર્ણ થયું. ॥૩॥**

# તરંગ-૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! હવે અવતારી પ્રભુના ચરિત્રોમાં ભગુજીની સાથે મહાભયંકર સમરાંગણ મહાભારત જેવું થયું તેમાં મહાયોદ્ધાઓ સામસામા ભીડાંણા તે બધી રીતે સુજાંણ અવધપ્રસાદજી મહારાજ મને કહેવા કૃપા કરો. મહા શુરવીરના સમરાંગણમાં કોનો વિજય થયો અને કોનો પરાજય થયો તે બધી વાત વિસ્તાર કરીને મને કહેવા માટે કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! પૃથ્વીના પ્રજાનું પાલન કરનારા તમને ધન્ય ધન્ય છે. તમે મનમાં ધીરજ રાખીને સાંભળો. હું તમને લડાઈની બધી જ લીલા કહું છું તે બધાં સંકટોને હરનારી છે. તે સાંભળો. મહાભયંકર શત્રુઓએ દારૂગોળો ભરેલી બંદુકોમાંથી ભડાકાતો કર્યા પણ હરિભક્તો બહુ જ હોંશિયર હતા તે કળા કરીને બધા પૃથ્વી ઉપર લાંબા થઈને સુઈ જ ગયા. તે ક્રૂર ભયંકર આસુરીદળ કાળની માફક એકદમ દોડ્યા ત્યારે સામેના પક્ષમાંથી ધરુ મારો મારો પછાડો. આ રીતનો બહુ જ મોટો દેકારો થતો હતો. દળની વચ્ચે દેખાતું હતું. જાણે જગાડવા માટે સાવધાન કરવા માટે અજિતને જીતવા માટે પોતાનું વધારે પડતું પરાક્રમ બતાવીને ભક્તજનોનું પરાક્રમ જોવું હતું. આ બાજુ ભગુજી આદિ યોદ્ધાઓ ભયંકર રીતનો જોરપૂર્વક સિંહનાદ ગર્જના કરતા હતા. તેથી રણમાં ન જીતાનારને અનેક ભેગા થઈને આપણને મારી નાંખશે તે ભયથી ભાગતા હતા. રણ બહાર ભાગતા હતા. તેને ફડકાર કરીને ભાગતાં બધાં જ દળને ફરવા માટે ખબડ પડકાર કરીને કહેતો હતો કે સુભટ્ટો પાછા વળો. તમે બધા મળીને સામા ભિડાઈ જાવ. અંગમાં ધીરજ ધરીને લડાઈનું કામ કરો.

જેના માતાપિતામાં ફેરફાર હોય તે (નપુંસક) તેઓ ભાગી જાય. રણ છોડીને જતાં રહે તેને તો ધિક્કાર છે. એનો જન્મ વ્યર્થ થાય. જો કોઈ રણ મેદાન છોડીને જતા રહે તો અપકીર્તિ થાય. આવી રીતે વાણિ કહેતો હતો. સાંભળીને બધા જ શત્રુદળના સેનિકો સાવધાન થયા. હાથમાં તલવાર ઢાળીને સામા સંગ્રામમાં ગયા ખબડનું મોટું જુથ છે. આ બાજુ મહાયોદ્ધા ભગુજીની સાથે અઢાર સમ્રાટ યોધ્ધાઓ હતા. ભગુજી મહાશુરવીર ભટ્ટ મહાભયંકર હતા. શત્રુદળનાં સૈનિકોનાં અંગો અને શરીરો કપાઈને પૃથ્વી ઉપર પડતાં હતાં ને ચિત્કારો કરતાં હતાં. મહાદુઃખ પામતાં હતાં. કેટલાકનાં અંગો કપાતાં હતાં. કેટલાકનાં માથાં કપાતાં હતાં. હાથપગ ધડ કપાતાં હતાં ને પડતાં હતાં. કેટલાકનાં પેટ ગળા કપાતાં હતાં ને પડતાં હતાં. કહેવાય કે વિરલ લડાઈ કરીને લડતાં લડતાં ઉત્કંઠા કરીને પડતાં હતાં. આ બાજુ પ્રભુનાં ભક્તયોદ્ધાઓ **જાલસિંહ જગતસિંહ બેચરજી**

**રતનજી** મહાવીર સારા ધિરજવાળા હતા. બીજા **દેવોજી વિરોજી** એ જગતમાં મહા શુરવીર યોદ્ધા કહેવાતા હતા. ભીમ જેવા પરાક્રમવાળા હતા. ચારેબાજુ દાવમાં ખેલતા હતા. તેઓ સામા ધસીને શત્રુઓને મારતા પાડતા હતા. હાથમાં મહાઘોર તલવારને લઈને શત્રુના દળનો બળપૂર્વક અંત લાવતા હતા. આ સમરાંગણમાં બધા જ વીરસૈનિકો શોભતા હતા. એમનાં શરીરો કેસુડા જેવાં કેસરી શોભતાં હતાં. **ભગુજીની** હાક સાંભળીને બધા શત્રુદળના સૈનિકો ભય પામતા હતા ને દળમાંથી ભાગતા હતા ત્યારે ખબડ દુષ્ટ પોતાના દળનું ચલાયમાનતા જોઈને તે ખબડ ઘોર ભારે તલવાર હાથમાં લઈને આવતો હતો. વીરની સામાન ઘોડા ઉપર ચડીને સારી રીતે ધીરજથી કાળની સમાન થઈને જાણે મૂર્તિમાન કાળ ન હોય ? તેમ આવ્યો. સામસામે સમાન યોદ્ધાની લડાઈ કોપવાન થઈ ને કઠોરતાવાળો માંસને ખાનારો જાણે મહામોટા શરીરવાળો જાણે પર્વતની સાથે ઘોર લડાઈ કરતો હોય તે શું ભયાનક મોટા હાથ કરીને લાલઅંગારા સમાન નેત્રોવાળો મુખેથી મહા કરાલ ભયંકર વાણિ બોલતો બહુ જ ક્રોધાયમાન થઈને આવ્યો. તે ઘસીને આવ્યો ત્યારે પૃથ્વી ધ્રુજતી હતી. ધીરનો ત્યાગ કરીને વીર અતિશય વિકરાળ થઈને આવતો હતો. તેને જોવા દેવો ભયવાળા થઈને તે સમયે આકાશમાં સૌ દેવો બ્રહ્માદિ ચંદ્ર ઇંદ્ર આદિ જોતા હતા. સંગ્રામને જોઈને જોનાર મહાયોદ્ધાને પણ એક ક્ષણ માટે તો મનમાં શોક જ થઈ જાય એવા યોદ્ધાઓ ભીડાયા. કાળ સમાન ભયંકર લડતા તેને દેવવૃંદ બધું જ જોતા હતા.

તે યુદ્ધમાં ખબડ ઘોડા ઉપર બેઠેલો ખેલ કરતો **ભગુજી** પાસે આવ્યો. **ભગુજી** ક્યાં છે તે કહો. તે **ભગુજીને એકલાને જ અમારે મારવાનો** છે. અમને બતાવ. આમ કહેતો થકો દોડતો દોડતો આવતો હતો. તે ભયંકર અસુર સૈનિક હાથમાં ઘસેલી બહુ જ ભારે તલવાર લઈને બળપૂર્વક ઘસીને સામો બળ કરતો આવતો હતો. તે યુદ્ધમેદાનમાં ભયંકર યોદ્ધોમારી નાંખો. મારી નાંખો બોલોતો દેખાડો દેખાડો ખળદળના દમન કરનારો બળવાન યોદ્ધો **ભગુજી બહુ બળવાળો છે** તે ક્યાં છે. આવાં તે અસુરોના અધિપતિ નાયકનાં વચનો સાંભળીને સૈનિકે સિંહ નાદ કરીને કહેતો હતો કે **ભગુજીને** પકડવાનો છે તેનો રક્ષા કરનારો પ્રભુ છે તે જાણે છે મારે પકડવો છે. ત્યારે સામેથી કહે, મારું નામ જ ભગુજી છે. જોઈ લે મને સૌ નરનારીજનો **ભૃગુજીના** નામથી કહે છે. તે તારા જેવા રણમેદાનના અસુરને તો એક જ ક્ષણમાં ઠેકાણે પાડીને જગ્યા એ જ નાંખી દઉં. શા કારણે આમ બકવાદ કરી બોલતો થકો અહીં સુધી શા માટે આવ્યો. દુષ્ટોનો અંત લાનારો હું જ છું. આવી રીતનાં ઉગ્ર ક્રોધ વધારવનારા ભગુજીનાં કઠોર વચનો સાંભળીને હાથમાં તલવાર લઈને **ખબડ ભગુજીને વીજળી વેગવાળાં વચનો કહેતો હતો.**

તમારી ભેટ તો આજ જ થઈ છે. અસુર દળના સારા યોદ્ધા તરીકે આગેવાન ભગુજી નામના બળવાન યોદ્ધા છો. તને મારીને મારી છાતીને શાંત ઠંડી કરું. મારી પાસેથી જીવતા તો જવાતો ન જ પામે. આમ જાણજો અહીં આવીને ખબડ ફસાયો છે. મા એ નામ જાણીને જેમ કાળના મુખકમાં શિકાર સામેથી આવેને સારી રીતે કાળના મુખમાં ફસાયો છે. અસુરના શત્રુ તને તો હમણાં જ પતાવી દેવાનો છે. ઘડીકમાં જ ધડથી માથું નોખું કરી નાખવાનો જ છું. મસ્તકને પૃથ્વી ઉપર પડવાનું છે. **અમારો રાજા ભાણરાજાએ કહેલું છે તે પ્રમાણે જ થશે. અરે મંદમતિ તારા માથાંને કાપીને પછી 'ભાણ ખાચર'ના ઘેર જઈને વંદન કરીશ.** તું તો વીર કહેવાય છે. બહુ મોટો છે. અપાર બળવાળો છે. સ્વછંદી છે. મૂંછ વગરનો તું મર્દ થઈને મોટું અભિમાન ઘમંડ કરે છે. તને પૃથ્વી ઉપર કોઈ સારો શુરવીર ભેટ્યો નથી માટે તું ગમે તેટલું વધારે બકવાદ કરીને બળ બતાવે તે યોગ્ય

જ નથી. આજે તારી ભાવિની છેલીભેટ આવી છે તે તારા ભાવીને વશ છે. આજે તને મારીને જઈશ. તારે જે કરવું હોય તે કર. હું તને ભગુ જમપુરીને મારગે જ મોકલવાનો છું. એ જાણી લેજે. તારે ઇષ્ટદેવ ભગવાનને સંભારવા હોય તો ભગુજી કહે સંભારી લે. પહેલાં ઘા કર આમ ખબરે કહ્યું ત્યારે ભગુજી કહે પહેલાં તારે ઘા કરવો જોઈએ કેમકે તું શુરવીર કહેવાય છે એટલે તારે કરવો જોઈએ. પછી અમારો ઘા જોજે. તું તો બહુ જ બળ બતાવીને અમને ડરાવે છે. તેથી તારી સામે જ હું આવેલો છું. **મારે જીવવાનું કાંઈ હરખશોક જ નથી. એટલા માટે ખબડની પાસે આવીને ઉભો છે.** મોટી બહાદુરીની વાતો કરે છે. હમણાં તારી ખબર લઉં છું. ખબડે ભારે તલવાર હાથમાં લીધેલ હતી અને મદમત્ત થઈને શરીર ઉપર કવચ પહેરેલા હતાં. છકેલે માથાં ઉપર ટોપો પહેરેલો હતો. તે ખબર જોરથી હાક મારતો હતો. તેથી રણ ગાજતું હતું. તેનાથી શુરવીરો પણ ભય પામતા હતા. એવો ભયંકર શબ્દ કર્યો ત્યારે આકાશમાર્ગે દેવો હતા તે પણ ડરતા હતા. કોઈ એ સમયે ધીર ધરી શકતા ન હતા. પૃથ્વી શેષના મસ્તકે પડેલી હતી. અસુર બહુ જ ક્રોધ કરતો હતો. બહુ જ બળ બતાવતો હતો.

ભગુજી કહે, અરે મૂઢ વૃથા શું બકવાદ કરે છે. બકરાંની માફક બબડ્યા જ કરે છે. ભયંકર બોલે છે. તારામાં તાકાત હોય તો પરાક્રમથીકામ કર. પોતાના મુખે પોતાનાં વખાંણ કરે છે. એ કાઈ શુરવીર ન કહેવાય. પોતાનું બળ શુરાતન બતાવે નહિ તેને જ સાચો શુરવીર કહેવાય. પોતાનું બળ તો રણમેદાનમાં બતાવે તે જ સાચું મુખ ઉપર મુછો રાખનારને માણસ માનવો. જે અજિતની સાથે જીત કરે તે જ સાચો શુરવીર લડવૈયો કહેવાય. રણનો ત્યાગ કરીને ભાગે તેને શુરવીર ન કહેવાય. તેના મુખે મૂંછ તો તે પૂંછડા જેવી જ છે. એમ જાણો. સાચા યોદ્ધાને તો શુરાતનની જ મહામોટી મૂંછો છે. તે ઉપરથી ન દેખાય. પણ ઉમંગ ઉત્સાહથી જ ખબર પડે છે. માટે ખબડ બળ બતાવીને બહું ઉંચા કુદકા મારે છે પણ વાતને જોઈ વિચારીને કામ નથી કરતા તે શાખામૃગ વાંદરાં જ કહેવાય છે. તે હજારોની સંખ્યામાં વૃક્ષો ઉપર કુદકા મારે છે. શુરાતન કરીને મોટી હાકો પડકારો કરે છે તથા સંસારમાં શુરવર ગધેડા બહુ જ ઉંચા સ્વરે ભેકાર શબ્દ કરે છે. બકરાંનાં લવારાં બોલબોલ કરતાં જ હોય છે. શુરવીર શુરાતન બતાવે તે દેખાય જ છે. રણમેદાનમાં રણશિંઘુ વાગે ને સિંહસમાન શુરવીર સાવધાન થઈ જાય.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તે સમયે ભગુજીએ સિંહ જોવા તે અસુરને ગધેડા જેવો વર્ણવ્યો ત્યારે તે દોડતો થકો ભગુજી પાસેઆવતો હતો. તે વીરવર જાણે જગતનો નાશ ન કરતો હોય તેમ દોડીને આવ્યો. ભૃગુજીની કહેલી વાણી સાંભળીને ખબડ સૈનિક ભારે ક્રોધ કરીને કાળની માફક તલવાર ખેંચીને હાથ લાંબો કરીને તરત જ જોર કરીને દોડતો તરત જ ઘા કર્યો. ગભરાઈને જ્યાં ઘા કર્યો પણ ત્યારે ભગુજી તેના હાથને જોઈને હાક દઈને બળવાન કહેતા હતા. મૂંછને ધારનારા મંદમુખવાળા આવી રીતે ઘા ન કરાય પણ મૂંછ વગરના મારા ઘાને જુવે તો ખબર પડે. લડાઈ મેદાનમાં જ્યારે શુરવીર ઘા કરે છે ત્યારે કોઈ જ જીવતો જ ન રહે. જો જીવતો રહે તો તે શુરવીરના ન જ કહેવાય પણતે તો પૂંછડાં વગરનો પશુ જ જાણવો જોઈએ.

આવી રીતે વાણિ કહિને હાથમાં તલવારને લઈને સુંદર રીતે ઘસીને ચમકદાર બનાવેલી. તેને જોઈને આકાશમાં ચંદ્રની સૌને હાસ્ય કરે તેવી અસુરવરોની આંખનાં તેજને હણનારી એવી. વર્ષાઋતુમાં આકાશમાં જેમ વીજળી ચમકે, ચારેબાજુ પ્રકાશે તેમ દેવો કરતા વધારે ચમકાટ કરતી, ઝબકતી. આવી ઘોર તલવારને

ધારીને હાથમાં લઈને મહાયોદ્ધાએ કેવળ જોરથી ઘા કર્યો. જોરથી જલદીથી ઝાટકો દીધો. તેથી ખબરનાં માથાંના ટોપાને (ટોપને શિરને) ધડથી માથાંને નોખું કરી દીધું. અસરુને પાડી દીધો. આખા શરીરના બે ભાગ કરી નાંખ્યાં. તે એક જ ઘા માર્યો ને બધું જ શરીનું ઘમસાણ કરી નાખ્યું. ભૃગુજીએ જ્યારે તે વિમુખનાં ઉપર ઘા કર્યો ત્યારે ત્રિલોકમાં ભૃગુજીનો જયકાર થયો. દેવોએ રાજ્યસુરમાં જયજયકાર ફેલાવ્યો અને સૌ પુષ્પનો વર્ષાદ કરતાં હતાં. મુખેથી ભગુજી ભગુજીનાંમો કહેતાં હતાં ત્યારે ખલ તો ભાગ્યો જ જતો હતો. સ્થિત તો રહ્યો જ નહિ. રાજા ભાંણખાચરને એના માણસોએ જાણ કરી ત્યારે તેઓ ઘેર જ હતો. ખબડ પૃથ્વી ઉપર પડ્યો ને એના પ્રાણ નીકળી ગયાં. જમ રાજાની યમપુરીમાં જોંઘો ગયો. રણથી વિમુખ થાય તેને સ્વર્ગ તો હોય જ નહીં. જ્યારે તે સુભટ ખબડનો નાશ થયો ત્યારે રે તે અસુરોનાં માણસો ભયથી ભાગતાં જતાં હતાં. તે ખબડના ચાર ભાઈ તે અતિ બળવાન હતાં. તે ઉભાં રહો. ઉભાં રહો. આમ કહેતા હતા. પાછાં વળો કહેતા હતા આ રીતે રોકતાં હતાં. તોય રોકાતાં ન હતાં તે મૂઢમતિ શુરવીર મતારો રોકાતો હતો. બહુ જ ક્રોધાયમાન થઈને ટંકાર કરીને કહેતો હતો કે ધીરજ ધરીને પાછાં વળો કેમકે દશબાર જણા આટલાં બધાંને દળને ભગાડે તે કેવું કહેવાય. તમે બધા સબળ છો તોય બળ વગરના થઈ ગયા કે શું. તમને જગતની લાજશરમ નથી આવતી તે ભાગો છો. બધાની નજરે આવવું એનાં કરતાં તો જળમાં ડુબીને મરવું સારું કહેવાય. તમે બધાય સાંભળો. જગતમાં મરવાનું તો એક જ વાર છે. માટે હવે રણભૂમિનો ત્યાગ ન કરશો.

આવી રીતે તે ભાગતાં સૈનિકોને ખબડના ભાઈએ સમજાવીને પાછા વાળ્યા ત્યારે બધા સૈનિક ધિરજ ધરીને રહ્યાને બહુ જ ભયંકર યુદ્ધ થયું. સૌ ક્રોધાયમાન થઈને એવા લડતા હતા કે એની વાતને કેવી કેવી રીતે વર્ણવે. જાણે દેવો ને દૈત્યોનું યુદ્ધ થયું હતું તેવું જ યુદ્ધ થયું. જાણે રામ રાવણનું યુદ્ધ ન હોય તેવું ભયંકર યુદ્ધ હતું. જાણે કે મહાભારતનું યુદ્ધ કૌરવ અને પાંડવોની સાથે ભીમ ભીડાયો હોય તે આવી રીતે તે ભાવરો ને ભક્તજનોની લડાઈ હતી. જ્યારે રણમેદાનમાં બંને યોદ્ધાઓ લડવામાં લાગેલા હતા. જાતજાતના દાવ કરીને ઘા કરતા હતા. તે જોઈને હાથની મુઠ્ઠીથી મારતા હતા તથા પગના પાટા મારતા હતા. જાણે બાળકો પોતાના માતાપિતાની સાથે ઝઘડતાં હોય તેમ લડતા હતા. આવી રીતે મદથી ઉન્મત્ત થયેલો મતારે ક્રોધ કરીને હાથમાં તલવાર લઈને આવ્યો. એકદમ સામે આવીને મહાયોદ્ધા ભગુજીને મારવા માટે હરખ પાંમતો થકો આવ્યો. તેની લાજ વગરનો થઈને નિરખીને ઘા કર્યો. તેને જોઈને મહાયોદ્ધા જાલમસિંહ એમણે મહાકોપ કરીને તાકેલો શત્રુને જોઈને તીરની માફક એની ઉપર ઘા કર્યો. ઘા વાગતાં જ તે ઘાયલ થઈને પૃથ્વી ઉપર પડ્યો ને પ્રાણ વિનાનો થયો. બીજા બળવાન યોદ્ધા બેચરજીએ સ્થિર થઈને લડતા યોદ્ધાઓને પ્રહાર કરીને બળનો ઉપયોગ કરીને બધા વીરવરોને રોક્યા. તેથી તેના બધાં સુંદર રીતે વખાંણ કરતાં હતાં. બધી જ ભીડને ભગુજીએ પરાક્રમથી કર્યું.

શ્રીહરિના પ્રતાપે અમાપમાં આવેલા અસુર દળનો તેમાંય બધાય મહાબળવાળા શુરવીરો જ હતા. ધારીને મારો મારો આ રીતનો શોરબકોર કરીને બધાએ મહાકોપ કરીને લડાઈ કરી હતી. તે યુદ્ધમેદાનમાં તો લોહીની નદી વહેતી હતી. આ જોઈને દેવોના મનમાં તો બહુ જ ત્રાસ થયો. બધાય શુરવીરોને જ્યારે ભગુજીએ હાથમાં તલવારને લીધી ત્યારે આનંદ થયો. તેથી પૃથ્વી ઉપર માથાંઓ ને ધડોનો કોઈ પાર ન હતો. બધાં રડતાં હતાં. ભૂતપ્રેત પિશાચ જોઈને આહારાં ભિડાણાં મુડનિમાળા શરીર ઉપર કરીને ધારણ કરી. મુડને જોઈને હરખ

પામતાં હતાં. પ્રેતો પિશાચો કેટલાય આહાર કરતાં હતાં. તે રણમેદાનમાં લોહીની નદી વહેતી હતી. આવી રીતે મહાપ્રભુએ પોતાના પાર્ષદો દ્વારા ભૂમિના પાપનો ભાર હળવો કર્યો. કેટલાક તો મેદાનમાં કપાઈને મર્યા. ખપી ગયા ને કેટલાક તો મનમાં ભય પાંમતા થકા જ ભાગી ગયા ત્યારે ચારેબાજુ મારો કાપો ધારો ને મારોનો શબ્દ થતો હતો. આવી રીતે અપાર દળને જોઈને આ દાવ નાશ થયો. પ્રભુના પ્રતાપે પાર્ષદોએ લડાઈ મેદાનમાં અનંત શત્રુઓની સામે વિજય મેળવ્યો. તેમાં બાર જ સેવકોએ મળીને અનંતને હરાવ્યા. તેમાં મહાપ્રભુએ જ સહાય કરી. પરાક્રમી બહુ જ હતા. બળપણ બહુ જ હતાં. એ દળોનું માપકોણ કાઢી શકે તેમાં પ્રભુના સૈન્યમાં તો થોડાક જ સૈનિકો હતાં. જેમ લોટમાં મીઠું ભળે તેમ પાર્ષદો સમૂહમાં હતાં.

શ્રીહરિના પ્રતાપે હરિના પાર્ષદો મહાયોદ્ધાઓ તે શત્રુના સૈન્યને તો અનેકની સંખ્યામાં લાગતાં હતાં. તેથી ભય પામીને જાણે ભાગતાં હતાં. જેમ સિંહની પાસે શિયાળ જેવું થતું હતું. એકદમ શરીર ઉપર અસ્ત્ર શસ્ત્રો પડતાં હતાં. તેથી ભય પામીને સૈનિકો ભાગતા હતા. તે રણમેદાનમાંથી પાછા ફરતા હતા. તેનો બધો જ શ્રેય ભગુજીનો જ હતો. તેના ભયથી ભાગતાં હતાં. આવી રીતે શુરવીર ભક્તોની લડાઈ જોઈને દેવો વખાણ કરીને પુષ્પો વર્ષાવતા હતા. અને દુંદુભિ બજાવતા હતા. ભક્તજનો ભગવાનનાં દર્શન કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુએ પાર્ષદોને લેવા માટે સેવકોને મોકલીને ગઢપુરમાં દરબારગઢમાં ઉતારે લાવ્યા. પૂર્ણકાંમ પ્રભુએ સૌને નિરખ્યા.

મહાસૈનિક યોદ્ધાઓનું મહાયુદ્ધસંગ્રામ બહુ જ ભારે હતું. તેને દેવ અસુર જેવું દુઃખ હરનારું હતું. મહાભયંકર યોદ્ધો ખબડને ભૃગુજીએ મારીને યમપુરીના માર્ગે મોકલ્યો. પછી બીજા આગેવાનોએ આવીને સામનો કર્યો. તે તે બધાનો સામનો કરીને માર્યા. બધાનો નાશ કર્યો. બહુ જ ભયંકર યુદ્ધ થયું. આ રીતે ચોથા અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બન્ને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં ભગુજી અને ખબડની લડાઈ સંગ્રામ થયું તેના શત્રુના પરાજય કર્યો એ વર્ણન નામે ચોથો તરંગ પૂર્ણ થયો. ॥૪॥**

# તરંગ-૫

આનંદસિંહરાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આ ઉધ્ધવ સંપ્રદાયના ઉત્થાન કરનારા આશ્રિત ભક્તજનોનાં ભવબંધનનાં દુઃખોને હરનારા સધર્મનો વિસ્તાર કરવા માટે ભક્તજનોની જ આશાઓને પૂરી કરનારા એવા શ્રીહરિ પ્રતાપ અપાર છે. તેનાથી અમાપ એવું અસુરોનું બળ પરાક્રમ તેનો નાશ કરનારા નિષ્પાપ એવા મહાન પરાક્રમી મહાયોદ્ધા ભગુજીને તે લડાઈમાં બહુ જ સામર્થ્ય આપ્યું. અજિત એવા ભૃગુજી જીત કરીને પછી પુરમાં શ્રીહરિ મહાપ્રભુ પાસે આવ્યા. ત્યાર પછી મહારાજે શું લીલા કરી તે વાર્તા વિસ્તાર કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! સંતરૂપી કમળવનને પોષનારા પૃથ્વી ઉપર અસંખ્ય અસુરોનો નાશ કર્યો. મરાવ્યા. એવા પરબ્રહ્મ મહાપ્રભુના એક એક રોમ ઉપર અનંત કોટિ બ્રહ્માંડો અણુની માફક ઉડતાં જ રહે છે એવા શ્રીહરિ કમળનયન મહારાજનાં ચરિત્રો કહું છું તે સાંભળો. જ્યારે મહાશુરવીર ભક્તજન જીત

કરીને આવ્યા. એમ જાણીને ભક્તના ભવને ભાંગનારા કહેતા હતા કે તમારા હાથમાં તલવાર કેવી રીતે રહી. કેવી રીતે તમે યુદ્ધ કર્યું તે વાત બધી આનંદ કરનારી છે તે કહો. આ રીતે કહ્યું. ત્યારે દેવોજી તે લડાઈની વાત ઘનશ્યામ પ્રભુને કહેતા હતા. હે હરિ ! આપના હાથમાં જ બધું રહેલું હોય છે. આપના સિવાય કોઈ કાંઈ ન કરી શકે ત્યારે મહાપ્રભુ રાજી થયા. ભક્તજનોને રાજી કરવા પ્રભુ આ રીતે આનંદ કરાવતા હતા. પોતાના સેવક મહાવીર ભક્ત ભગુજી આદિકના મહા કઠોર ઘાને જોઈને દયાસિંઘુ દયા કરીને અધિક રીતે જોતા હતા. જોઈને તે જ સમયે કાળને આજ્ઞા દેતા હતા કે તારે કાંઈ મારી આજ્ઞા વિરુદ્ધ નથી કરવાનું. માટે ખાસ ધ્યાનમા રાખજે. કોઈને કાંઈ કરવા ન દેતો. આ વાતને જોઈને મારા વચનને તમારે બધાને માનવાનું જ છે. કાંઈ જ નથી કરવાનું. મારા આ ભક્તોને કાળ કાંઈ કરી શકે તેમ નથી ને કદાચ જો કાંઈપણ આંચકો આવશે તો કાળનો પણ કઠોરતાથી નાશ થઈ જાય એટલે મહાપ્રભુ ભક્તજન માટે રક્ષા કરવા કાળને કઠોર વચનથી કહેતા હતા. ત્યારે વિકરાળ કાળ પણ સ્થિર થઈને વિકૃતિથી થર થર કંપતો હતો. અને બંને હાથ જોડીને જગદીશ મહાપ્રભુ પાસે કહે, પ્રભુ આપ જેમ કહેશો તેમ જ આપની મરજી પ્રમાણે સહાય કરીશ.

હે મહાપ્રભુ ! હું તો આપનો દાસનો દાસ છું. હું તો આપની સેવા કરનારો છું. આપની આજ્ઞાનો લોપ તો ન જ કરું. હે નાથ ! એમ માનો ત્યારે શ્રીહરિ કહે, આ મારા ભક્તો મહાયોદ્ધા છે. સારા ભક્ત છે. તેને રાખવાના છે. રમખાણમાં સવારમાં લડાઈ કરીને આવ્યા છે તેને બચાવવાના છે. આ મારા અજિત યોદ્ધાને શત્રુએ અતિ જોરથી ઘા કર્યો છે. દાજથી કરેલ છે. આ ભગુજીને દરદ તો બહુ જ છે. જો એમના દેહને કાંઈપણ આંચ ન આવવી જોઈએ. આમના જેવા તો કોઈ મોટા સૈનિક સેવક છે. જ નહિ માટે અત્યારે લડાઈ જેવું વાતાવરણ સાંભળે તોય ધીરજ ન રહે અને લડાઈ કરવા તે તરત જ ઉભા થવા માંડે. તેવા શુરવીરતાવાળા છે. પ્રભુની આવી મરજી જોઈને કાળ કહેતો હતો કે હે પ્રભુ ! આપ પોતાના ભક્તનું પાલન કરનારા સાંભળો. જેવી આપની મરજી હશે તે જ પ્રમાણે થશે. તે જ પ્રમાણે અમે બધાં જ કહીએ છીએ. માટે હે નાથ ! આપના વચનનો કોઈ લોપ નહિ કરીએ.

હે પ્રભુ ! અનંતકોટિ બ્રહ્માંડોના આપ એક જ કરતા હરતા અને પાલક છો. આપના વચનનો સહેજ પણ લોપ કોઈ ન જ કરી શકે. હે જગદીશ પ્રભુ ! આપનાં વચનને કોઈ ન ઉથામી શકે. અનંતકોટિ બ્રહ્માંડોના જીવના ઈશ્વર સ્વામી સર્જાનારા તમે જ ઈશ્વરેશ્વર છો. જીવનાં કરેલાં કર્મનાં જે ફળ કહેવાય છે તેના આપનારા પ્રભુ આપ એક જ છો. તેને સુખો આપો છો તે સર્વે ભોગવે છે. જો કોઈ આપની મરજીનો લોપ કરે તો કાળનામનો અગ્નિ રૂદ્ર છે તે તેની ઉપર કોપાયમાન થાય છે તે તો આજ્ઞાલોપ કરનારનો તરત જ નાશ કરે છે. તે જ સર્વ બ્રહ્માંડના પતિ જગમાં માનવામાં આવે છે. એવો હું કોણ મહાન છું. તે તો જાણનારા આપ એક જ છો. હે પ્રભુ! અજાણતાં જ હું આપની આજ્ઞાનો ભંગ કરવા માટે આવ્યો હતો પણ હે પ્રભુ ! આપની જેવી મરજી હશે તેમ જ હું કરીશ એમ જાણો. આપનો મહિમા અપાર છે. આપના બળપરાક્રમનો કોઈ પાર જ નથી. હે મહાપ્રભુ ! હું જાણું છું કે આપનો સદાય માટે દાસ છું. હે પ્રભુ ! હાથ જોડીને આપની આગળ કહું છું તે સત્ય જ કહું છું. આમ કહીને પ્રભુના ચરણકમળમાં માંથું નમાવીને પછી કાળ પોતાના સ્થાને પ્રભુના ગુણને ગાતાં થકાં ગયાં. ત્યાર પછી પોતાના સેવક મહાવીર યોદ્ધાને જોવા ગયા. તરત જ સુંદર રીતે સુખ થાય તે રીતે સારવાર કરાવરાવી.બધું જોઈને આવી રીતે મહાપ્રભુએ સર્વજનના ઈશે પોતાનું સામર્થ્ય બતાવ્યું.

પોતાના આશ્રિત ભક્તને સુંદર રીતે ઉગારી લીધા. ભગુજીના શત્રુઓ બહુ જ પરાક્રમ બળવાળા હતા. અનંતની સંખ્યામાં આવ્યા હતા તો એને ભક્તોએ સાથે મળીને બધાને ભગાડી દીધા. પ્રભુએ પોતાના પાર્ષદો દ્વારા નાશ કરાવરાવ્યો. આવી રીતે પોતાનો પ્રતાપ આ રીતે પ્રકાશિત કરી બતાવ્યો.

આવી જગતમાં મહાભયંકર યુદ્ધલીલા થઈ તેની વાર્તા હે રાજન તમારી આગળ કહી સંભળાવી. તેને જેવી છે તેવી તો પાર પમાય જ નહિ. તેથી થોડી ઘણી પ્રમાણમાં કહી સંભળાવી તે બહુ જ જાણવી. આ ચરિત્રવાર્તાને જે કોઈ સાંભળે ને બીજાને સંભળાવે તે વીરપુરુષો બળવાન શુરવીર જગતમાં વખાંણવા જેવો થાય છે. તેજ શત્રુના સમૂહમાં વિજયને પામે છે. આ વાતને જે વિચારીને ગાય છે તે સુખ પામે છે. તે જન બહુ જ આયુષ્યને ભોગવે છે. શ્રીસંપત્તિને પામે છે. જે આ ચરિત્રને વાંચે છે, ગાય છે, સાંભળે છે તે જન ઉપર શ્રીહરિ રાજી થાય છે. તેની ઉપર કૃપા કરે છે તેને ફરી લખચોરાશીમાં ફરવાનું રહેતું નથી તે મુક્તિ પામે છે. હે રાજન ! આ લડાઈની સુંદર લીલાને વિરરસ સાથે સુંદર વાર્તા તમને વર્ણન કરીને કહી સંભળાવી. અમે જે રીતે અમારે કાને સાંભળી હતી તે કહી. આ બધું પરાક્રમ પ્રગટ પ્રભુનો પ્રતાપ જ છે તે બધો લડાઈના સમરાંગણમાં થોડા જ શુરવીર યોદ્ધા ભક્તો હતા તેઓ રણમાં ઉભા રહીને સર્વે અસુરોને ત્રાસ કરીને હરાવ્યા. પાર્ષદ શુરવીરો તો બાર જ હતા. તેઓ બધા મેદાનમાં જીતી ગયા. તેમાં ભગવાન પોતે જ સહાય કરનારા હતા. સંસારમાં મહાપ્રભુનો બહુ જ મહિમા પ્રતાપ રહેલો છે. તે યુદ્ધમાં ખબડ ખળ યોદ્ધો હતો તેનો નાશ કર્યો તે બહુ જ બળવાળો હતો. બળવતં પ્રભુના પ્રતાપે નાશ પામ્યો. તેમાં સારા બળવાળા ખેલાડી ભગુજી મહાયોદ્ધા હતા. તેમની ભગવાને સહાય કરીને જીતાડ્યા. મહારાજનો પોતાના ઉરમાં બહુ જ મહિમા રાખીને ભક્તને પોતાના માનીને મહાઘોર શત્રુનો નાશ કર્યો. એમાં બધુ જ બળ તે મહારાજનો મહિમા આ પરાક્રમને થોડી મતિવાળા કવિજનો શું કહી શકે ? પોતાના આશ્રિતજનોની જય કરાવીને મહાપ્રભુ ગઢપુરધામમાં વિરાજતા શોભતા હતા. ભક્તજનોનાં કામો કરીને તેમનાં કષ્ટને હરતા હતા. શરણાગતને સુખ આપનારા પ્રભુ જહાજરૂપ છે.

આવી રીતે મહારાજ રાતદિવસ આનંદ આપતા હતા. આનંદના સાગર સુખ કરનારા મહાપ્રભુના જગતમાં ભક્તજનો ગુણચરિત્રોને છંદ કાવ્યો કરીને ગાય છે. દુર્ગપુર (ગઢપુર) ધામ દેવલોક જેવું છે. તેમાં વસતા સંતો તે દેવસમુદાય જેવા છે. ઉત્તમ રાજા તે સુંદર રીતે દેવરાજ ઇંદ્ર જેવા છે. વામન પ્રભુ પોતે શ્રીહરિ મહાપ્રભુ જ છે. અંતર શત્રુઓ રૂપી શત્રુઓનો નાશ કરીને ઉત્તમ અંતઃકરણના ઝેરને તોડીને પ્રેમના પાશથી મહાપ્રભુને બાંધેલા છે. **તે જીવાખાચર રાજાએ પ્રભુને** બાંધી દીધા છે. ગરીબ દિલના **સુરપતિ દાદાખાચરને જોઈને ઉત્તમના ઉરમાં** વસીને રહ્યા ને **જીવાખાચર રાજાને પ્રેમ પાશથી બાંધ્યા.** વશમાં કર્યા. તે જગદીશ પ્રભુએ પોતાના પ્રતાપે કર્યું. શ્રીહરિ મહાપ્રભુ ઘનશ્યામ સુંદરવર લીલા કરતા હતા. મહારાજ ગઢપુરમાં રહીને સૌની સાથે પ્રેમ વધારીને સુખ દેતા હતા. ભક્તજનોના ભવના ફંદને તોડતા હતા. ધર્મજ્ઞાન વૈરાગ્યની જ્ઞાનવાર્તા કરીને સ્વમુખે અમૃતપાન કરાવતા હતા. જનો તેનાથી મુક્ત થતાં હતાં. તે વાતો સાંભળીને પ્રભુમાં પ્રીતિ કરતાં હતાં. આવી રીતે અજિત પ્રભુની પ્રત્યે ગઢપુરમાં નિવાસ કરીને સુખ કરતા હતા.

આમ કરતા થકાં જ્યારે ભાદરવા માસમાં કૃષ્ણ પક્ષમાં શ્રાદ્ધ પક્ષ આવ્યો તે જાણીને જીવનપ્રાણ મહાપ્રભુ સર્વ સંતસમાજની સાથે પ્રભુએ પ્રાતઃકાળમાં **ગઢપુરથી** પ્રયાણ કરીને પ્રેમી પદાતિ પાસે તથા કાઠી ભક્તો

**સુરાખાચર દાદાખાચર માતરો, નાજો જોગીયો, અલૈયો ખાચર** વિગેરે નામના બીજા **નાગમાલ કરીમ માલ** તથા **ડુંગરજી, દયાળજી** આદિક બધા પદાતિઓ પાર્ષદો સાથે પ્રીતમ મહાપ્રભુ પધારતા હતા તેને જનો જોતાં હતાં. હે રાજન ! **વસ્તા ભક્ત** વિશેષ રીતે ભક્તિભાવથી ઉરમાં ધારીને તથા સોમલો ભક્ત મહાપ્રભુની બહુ જ સેવા કરતા થકા જતા હતા. મહારાજના ગુણને સુંદર સુર સ્વરથી ભક્તજનો ગાતા હતા. સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ માર્ગમાં વિરામ કરતા થકા વડતાલ ધામે પધારતા હતા ત્યારે ગામના ભક્તજનો પ્રભુના સમાચાર જાણીને સૌ સામા આવ્યાં ને પ્રભુને ગામમાં પધરાવતા હતા. મહારાજ ભક્તજનોના પ્રેમને જાણીને એમના ઘેર જમતા હતા ને પ્રાણપતિને સુંદર રીતે જમાડતાં હતાં. તથા સૌ સંતોને જમાડતાં હતાં. આવી રીતે સંતોની સાથે પ્રભુ સુખપૂર્વક પોતાના આશ્રિત ભક્તજનોને સુખ દેતા હતા. જગદીશ મહાપ્રભુ વડતાલધામમાં નિવાસ કરીને ભક્તજનોના ભવના ત્રાસને હરતા હતા. આમ આનંદ કરાવતા થકા દશેરાનો ઉત્સવ આવ્યો ત્યારે શ્રીહરિ ઘોડા ઉપર સવારી કરીને વડતાલની પાસે દોડ કરાવતા હતા. સુંદર રીતે ઘોડાંને ગોળ ફેરવીને રમાડતા હતા.

હે રાજન ! ઘનશ્યામ પ્રભુ સવારી કરીને તથા સંતો પેદલ ચાલીને સમીનું પૂજન કરવા પધારતા હતા. ઘનશ્યામ પ્રભુ ઉમંગથી ઘોડાંને ફેરવીને સૌનાં મનને ખેંચતા હતા. ભાવ ભરીને ભક્તજનોના ભવભયને હરનારા સૌને ઘોડેસવારીમાં હાર પમાડીને મનને ખેંચતા હતા. શ્રીહરિ ઘોડા ઉપર વિરાજીને સમીની પાસે પધાર્યા. જગવંદ્ય વાસુદેવ મહાપ્રભુ વર્ણિવશને ધારનારા નૈષ્ટિ બ્રહ્મચર્ય વર્તને ધારનારા શુદ્ધ ધર્મ સુખદાતા ભવના ફંદને હરતા નિર્વિકારી મહાપ્રભુ વિધિ સહિત પ્રિતથી પૂજન કરાવતા હતા. પ્રાણપતિ પ્રિતથી પૂજન કરતા હતા. પ્રભુ સંતોની સાથે આવી રીતે કરુણા કરીને સમીપૂજન કરીને મંદિરમાં પધાર્યા. સંતજનોથી વિરાજ્યા થકા ભક્તજનોનાં સુખનાં કાર્યો કરતા હતા. સુંદર સભા કરી તેમાં સંતોની વચમાં ઉંચા આસન ઉપર વિરાજીને શોભતા હતા. ત્યારે ધનવાન ભક્તજનો પ્રભુનું પૂજા દ્રવ્યોથી ષોડષોપચાર પૂજન કરીને સહજાનંદ મહાપ્રભુની સેવા કરતાં હતાં. જાતજાતની ભેટ ધરતાં હતાં. સુખ પામતાં હતાં. આ રીતે જગવંદ્ય પ્રભુને સર્વોપરિ જાણતાં હતાં. તે સભામાં ગુણીજનો સંતો ગવૈયાઓ તાનભાનથી ગાન કરતાં હતાં ત્યારે કળાવાળાં જનો આ ગાન સાંભળીને સૌ પોતાના મનમાં સંકોચ પામતા હતા. હરિભક્ત આનંદ પામતાં થકાં હરિને હાર પહેરાવતાં હતાં. બહુ જ આનંદને પામતાં હતાં. આવી રીતે આનંદ કરાવીને સુખ આપીને આનંદઉત્સવ કરતા હતા. પ્રબોધનિ એકાદશીના મોટા ઉત્સવનાં દર્શન કરીને ભક્તજનો પ્રભુનાં દર્શન ચરણસ્પર્શ કરીને પોતાનાં ભાગ્યને મહાન માનતાં હતાં.

આવી રીતે ઉત્સવ કરીને પ્રભુ જેવી રીતે આવ્યા તે જ રીતે ભક્તજનો સુંદર રીતે ગુણકીર્તન ગાતા તથા જ્ઞાનીઓ જ્ઞાનની ચર્ચા કરતા હતા. પોતાના ગામે જતાં હતા. પ્રભુ પણ પ્રયાંણ કરતા હતા. આમ મહામહોત્સવ સુંદર રીતે થયો. નરનારિજનો શ્રીહરિનાથને નિરખીને પોતાના ઉરમાં મહાસુખ આનંદ પામીને ગયાં. સામૈયો બહુ જ ભારી કર્યો. આ રીતે બહુનામી પ્રભુ બલભ્રાતા એ વડતાલધાંમમાં સુખ દીધાં. શ્રીહરિ મહાપ્રભુ વડતાલપુરમાં નિવાસ કરીને આશ્રિત ભક્તોની આશાઓ પુરતા હતા. સૌને જમના પાસનાં બંધનથી છોડાવીને મુક્તિ આપતા હતા. આવી રીતે બહુનામિ પ્રભુ સંતોને બહુ જ સુખ દેતા હતા. મનના ભયને જોઈને એમના કામદોષોને હરતા હતા. મહાભયંકર વિકરાળ કાળનાં કામનો નાશ કરતા હતા. સુખ કરતા હતા. શ્રીહરિ

મહાપ્રભુ વડતાલપુરમાં નિવાસ કરીને બહુ સમય રહેતા હતા. ધર્મનંદન મહાપ્રભુ વાસ કરીને સુખ કરતા હતા. અષ્ટસિદ્ધિ ને નવનિધિ પ્રભુનિ સેવામાં કાયમ હાજર જ રહેતી હતી. સુખકંદ પ્રભુની સેવા કરતી હતી. શ્રીહરિ ધર્મનંદન પ્રભુ દર વર્ષે વાસ કરીને મોટા મોટા ઉત્સવો પોતાની હાજરીમાં જ કરતા હતા. તે ઉત્સવનાં દર્શન કરવા દેશપરદેશનાં ભક્તજનો આવતાં હતાં. પ્રેમઉમંગથી દર્શન કરીને ઉરમાં ધારતાં હતાં.

મહાભયંકર કાળને ડરાવ્યો ત્યારે તે મહાપ્રભુ પાસે હાથ જોડીને કગરતો થકો આવ્યો. મહાપ્રભુને જોઈને બહુ જ ભય પામ્યો. મહાપ્રભુનો પુરો મહિમા સમજી સમજીને બહુ જ પ્રેમથી ગાયો. પ્રભુને રાજી કર્યા. પછી મહાપ્રભુ સંતોની સાથે ગઢપુરથી પ્રયાંણકરીને વડતાલધાંમે પધાર્યા. આ રીતે પાંચમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી ગુરુ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિ વડતાલધામે પ્રબોધનિનો ઉત્સવ કર્યો એનું વર્ણન કર્યું એ નામે પાંચમો તરંગ પૂર્ણ થયો. ॥૫॥**

# તરંગ-૬

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ કમલમુખ મહાપ્રભુની શોભા મનોહરતા અદ્‌ભૂત શોભતી હતી. તેથી સર્વના કોપનો નાશ કરીને સુખ કરતા હતા. બ્રહ્મા વિષ્ણુ શિવજી સૂર્યનારાયણ બુધ આદિ દેવો આવ્યા હતા દેવો આજ્ઞા પાળતા હતા. એવા મહાપ્રભુ સુખના ધામ શ્રી ઘનશ્યામ પ્રભુનાં આત્માને પવિત્ર કરનારાં મહાપ્રભુનાં દિવ્ય ચરિત્રો ઘનશ્યામ પ્રભુના પુત્ર આપ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. તમારી બુદ્ધિ બહુ જ ધીર ગંભીરતાવાળી છે. ભય ભીડને હરનાર ભગવાનનાં લીલા ચરિત્રોનું પૂછો છો તે સુંદર રસયુક્ત કરોડો કામદેવની શોભાને શરમાવનારા મહારાજ મનોહરમૂર્તિ દિવ્ય કાંતિવાળા વડતાલધામમાં નિવાસ કરીને પ્રબોધનિ એકાદશિનો મોટો સામૈયો કરીને નવીન સુખો આપ્યાં. જ્યારે વડતાલનો સામૈયો પુરો થયો એમ પ્રભુએ જાણીને પૂર્ણકામ પ્રભુએ પવિત્ર જ્ઞાનગંભીર પવિત્ર સંતોને પાસે બોલાવ્યા. પવિત્રમૂર્તિ મહાગુણ પ્રભુએ જ્ઞાનસાગરો માટે મહાન મોટા સંત **મુક્તાનંદ સ્વામી** અને કામને જિતનારા નિષ્કામી **બ્રહ્માનંદ સ્વામીને** બોલાવીને કહેતા હતા. તમે બંને મંડળ ધારી સંતો પ્રિત કરીને **વડોદરાપુરે** જાઓ. તમે બંને જગતના જીવોને સાચું જ્ઞાન આપનારા છો તેથી જાઓ. આવી રીતે મહાપ્રભુની આજ્ઞાને મુનિએ શિર પર ધારીને મુનિજનો મંડળની સાથે મહાન મનવાળા વડોદરા ગયા. ધર્મનંદન મહાપ્રભુની આજ્ઞામર્યાદાને અનુસરીને મુનિ વડોદરા પ્રિત કરીને ગયા. સંત મહાપ્રભુની પ્રિતને પોતાના જીવનમાં જાણતાં હતાં. તે સંભારતા થકાં વડોદરાપુર પધાર્યા ત્યારે પુરના આગેવાનો સામા આવ્યા. તે સિયાજીરાવ નામના નવિન મનવાળા રાજા ધર્મને ધારણ કરીને જીણી બુદ્ધિવાળા હતા. તેથી સંતઅસંતના લક્ષણને જાણનારા જ્ઞાની હતા. તેથી જગના સુખદાતા પ્રભુને સૌ લોકો ઓળખતાં હતાં. તેથી સંતોને પોતાના મહેલમાં પધરાવ્યા. પ્રિતથી અર્ઘ્ય આપ્યું. ચરણ ધોયા. સુંદર રીતે સ્વાગત કર્યું. વંદન કરીને બહુ જ વિનંતીથી કહેતા હતા. નમ્રતાથી મધુર વાણિથી તે રાજા કહેતા હતા.

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સર્વનું સુખ કરનારા છે. સર્વને પ્રણામ કરવા યોગ્ય જ છે. આશ્રિતની

પીડાઓને હરનારા છે. દર્શન કરનારના ઉરમાં સારી રૂચિ થાય છે હે મુનિદેવો ! મને આપનો સેવક જાણજો. મને જે કોઈ રીતે શ્રીહરિ જગદીશ મહાપ્રભુનાં દર્શન મેળાપ થાય તેવો કોઈ ઉપાય હોય તે તમે કરો. હે સ્વામી ! તમે મારું કામ કરી આપો. બધા સંત સત્સંગ સમાજની સાથે પધારે તેવું કરો. પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનાં જ્યારે મને દર્શન થાય ત્યારે બંને લોકમાં હું ધન્ય ભાગ્યવાળો થાઉં. આવું જાણીને હે સંતો! તમે મારી પ્રાર્થના તે સાંભળો અને મને ભગવાન સ્વામિનારાયણનો ભેટો કરાવો. સયાજીરાવ મહારાજા બંને હાથ જોડીને બહુ જ ભાવ સાથે બહુ જ વિનંતી કરતા હતા ત્યારે મુનિવરો બંને મનમાં બહુ જ રાજી થયા. પછી બહુ જ પ્રેમથી મધુર વાણીથી સંતો કહેતા હતા. હે રાજન ! તમારો ભક્તિભાવ બહુ જ છે. તમારા મનમાં પણ બહુ જ પ્રેમભાવ છે. તેથી સંસારમાં બધાં જ કામ સિદ્ધ થશે જ. પુરુષોત્તમ પ્રભુને પ્રેમ કરીને જરૂર ભેટાવીશું જ. અંતર્યામિ મહાપ્રભુ સર્વજનના અંતરના ભાવને જાણનારા છે. સર્વજ્ઞાતા છે. તે તમારા વશમાં જ છે. તમને મળશે જ. પાપને હરિ લઈને તમને સાવ નિષ્પાપ કરી દેશે. તમારા પૂર્વજન્મનાં પુણ્ય ઉદય થયાં છે. તેથી પ્રગટ પ્રભુની ઓળખાણ થઈને ભેટશે પણ બહુ જ ઓછા ભાગ્યવાળાં પૃથ્વી ઉપર બહુ જ છે તે કોઈ રીતે ભગવાનને ઓળખતા કે ભેટતા નથી. ભવફેરાની ભિડ તે ક્યારેય ન મટે.

હે ધરાપતિ ! તમે તો ધન્ય ભાગ્યવાળા છો. તમારી બુધ્ધિ ધન્ય છે. તે બહુ જ ધિરજવાળી છે. નિર્મળ છે. તમે પ્રભુને ભેટવા માટે ભાવથી સંકલ્પ કર્યો છે તેથી ભગવાન જરૂર ભેટશે જ તમારી ભવની ભીડને હરિ લેશે. તમે સંસારમાં બહુ જ પવિત્ર બુદ્ધિના છો. એટલા માટે શિયાજીરાવ મહારાજ અમે મહારાજને બહુ હેત સાથે લાવીશું અને તમને ભગવાનનો સુંદર રીતે ભેટો કરાવીશું. આમ કહીને સંતો તે બંને શ્રીહરી મહાપ્રભુની પાસે આવ્યા. મહાપ્રભુ શ્રીહરિ વડતાલધામમાં નિવાસ કરીને હરિભક્તોને ઉપદેશ તથા દર્શનનું સુખ દઈને ભયત્રાસને હરતા હતા. વડતાલ જઈને મહાપ્રભુનાં દર્શન કરીને પ્રભુ બાથમાં લઈને ભેટ્યા ને સંતોએ પ્રભુને દંડવત્ પ્રણામ કર્યાં. બંને હાથ જોડીને વિનંતીથી કહેતા હતા. સર્વ અંતશત્રુઓના શત્રુ મહાપ્રભુને અજિત અકામમૂર્તિને વિનયથી કહેતા હતા. હે પ્રભુ ! અમે વડોદરા ગયા તે વાત બધી સાંભળો. અમે જ્યારે ત્યાં ગયા ત્યારે સમાજના માલિક રાજા પાસે જ ગયા ત્યારે તરત જ તે રાજા ઉભા થઈ ગયા. અમને સુંદર ઉંચાં આસન ઉપર બેસાર્યા. પછી ભાવપૂર્વક અમારી પૂજા કરી. ત્યારપછી હે સુખના ધામ પ્રભુ ! એમણે વાત કહી તે હવે સાંભળો. ત્યાંના રાજાના અંતરમાં આપને પધરાવવાની બહુ જ આશા છે. સતત સંભાર્યા જ કરે છે. આપનાં દર્શન કરવાની એમની બહુ જ ચાહના છે એને પુરુષોત્તમ પ્રભુ તમે સાંભળો. હે પ્રાણપતિ! એમણે કહું કે આપના દાસની વાતને જગતના ઈશને જઈને દયાળુને જઈને કહેજો હું આપનો જ છું. આમ રાજાએ વાત કરી છે.

આ વાત સાંભળીને ઘનશ્યામ પ્રભુ રાજી થયા. મનમાં નક્કી કરીને જગદીશ પ્રભુ મુનિજનોને કહેતા હતા. હવે તો તરત જ તૈયાર થઈને ચાલવું જોઈએ. હવે વધારે વાર કરવી ન જોઈએ. જલદીથી ચાલો. આવી રીતે અવિનાશી પ્રભુ વાત કહીને કહે, અશ્વારીને સજ્જ કરો. સંતો સહિત તૈયાર કરતા હતા. હજારો ઘોડાંના સમૂહને તૈયાર કર્યા. બધા જ સાજ સજીને જડાઉ સાજ સમાજ કર્યો. ઘોડાનાં માથાં ઉપર સુંદર જાલર બાંધ્યાં. પગમાં ઝાંઝર ઝમકતાં હતાં. પીઠ ઉપર ડમચી પડી હતી. મુખ ઉપર મોવડ બાંધેલા હતા. ચાંદની કલંગીઓ શોભતી હતી. કંઠમાં સુંદર માળાઓ શોભતી હતી. બહુ જ બળવાળા અતિવેગથી અગવધના ચંદનાં જાડો કુંદ

કુરંગ (હરણાં) તરંગની જ જલોટો ઝરણાં જેવાં વેગવાળાં એવી શોભાવાળી ઉંચી જાણે માર્ગમાં છાયા છલકતી ન હોય ? તેમ શોભતી. અતિ શોભા કાંતિ દર્પણ જેવી શોભા નીચે પડવાનો કોઈ ડર જ ન રહે તેવી બધાં જ અંગો પવન વેગવાળા સ્થિર ચાલે એવા નિર્દોષ વેગથી રોષરહિત કવિ વર્ણન કરે છે. સર્વમાં શ્રેષ્ઠ એવાં સુંદર ઘોડાં ઉપર મહાપ્રભુ સવારી કરતા હતા. તેમની પાછળ ભક્તો ચમર ઢોળતા હતા. તે ચામરને સુંદર રીતે ફેરવતા હતા. તે **ઉત્તમ રાજા** અને **સોમલા ખાચર** બંને નામી ભક્તો હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ અશ્વોના જુથની સાથે છલકપૂર્વક કરુણાનિધિ મહારાજ સંતોને લાડ કરીને બોલાવીને ચાલવાની તૈયારી કરી ત્યારે ઘોડાં બધાંય હણહણતાં હતાં. માર્ગ ઉપર જતાં દુષ્ટજનોનાં જાન ભય પાંમતાં હતાં. હજારો હજાર હરિભક્તજનો હરિના ગુણને ગાતાં થકાં સાથે આનંદ ભરેલા આવતા હતા ને હરિનાં સ્વરૂપનાં દર્શન કરીને વિશેષ રૂપે ચાલતા હતા. મનમોહન પ્રભુ સાથે ઉમંગભાવે ચાલતાં હતાં. બધાં ઘોડાં પૃથ્વી ઉપર ચાલતાં હણહણાટ કરતાં હતાં. ધરણિધર શોભતાં હતાં. સાથે સાજસમાજની રીતે શ્વારી પ્રયાણ કરીને મહારાજ બહુ જ સમાજની સાથે શોભા વધારતા હતા. જ્યારે ગુણવંત હરિએ ચાલવાની શરૂઆત કરી ત્યારે ચાલીને **સાકરદા** ગામે આવીને મહાપ્રભુએ મુકામ કર્યો. ત્યાં મહાપ્રભુ રાત રહીને ત્યાંના ભક્તજનોને આનંદ કરાવ્યો. શ્રીહરિ જનના ઈશે જઈને જનને બહુ જ સુખ દીધું. સવારમાં વહેલા ત્યાંથી પ્રયાંણ કરતા હતા. ચાલીને ત્યાંના બધી જનોના છળકપટને છેદવા કાપવા માટે **છાંણિ** ગામે પધાર્યા ત્યારે ત્યાં **વડોદરાના** મહારાજા સવારી લઈને **છાંણિ** ગામે પ્રભુને તેડવા આવ્યા.

રાજા પોતાની ચતુરગિની સેનાની સવારી સાથે લઈને તેડવા માટે સામૈયું કરવા લાવ્યા હતા. રાજાએ દિવાનને મોકલ્યો હતો. તે જલદીથી આવ્યો હતો. સાથે હાથીઓને લાવેલ હતા. ઘોડાઓનો મોટો સાથ લાવ્યા હતા. સેનાપતિ બધું લઈને આવ્યા હતા. હવે ચતુરંગિણિ સેનાનું વર્ણન કરીને કહું છું. ક્યાંક ક્યાંક તેમાં કુતૂહલ થાય તેવું હતું. તેને જોઈને મનુષ્યના સ્વામીનું મન લોભાય તેવી શોભા હતી. સેનાની શોભા તો બહુ જ થતી હતી. એને જોઈને ભય કોઈ નહોતું પામતું. આકાશની ઉપર શંકા રહે તેવી ગતિ તે સોનાની હતી. તેના જેવી પવનવેગી ગતિ કરનારાં પવનને આશ્રિને ગતિ કરનારી હતી. મેઘસમાન આકૃતિવાળા મહામોટા કદાવર હાથીઓ મોટા મોટા તેની ઉપર જાંજરિયાં નિઝુલ કરીને બાંધેલી હતી. ગળાંમાં મોટી મોટી ઘુંઘર માળા મોટી મોટી શોભતી હતી. ગાજતી હતી. તે હાથી ઉપર અંબાડી સોનાની શોભતી હતી. સુંદર નંગો જડેલાં તે અંબાડી ઉપર જગારા કરતાં હતાં. તે સૂર્યચંદ્રની આકૃતિ સમાન જ લાગતું હતું. સુંદર તેજાયમાન લાગતું હતું. પગનું ઠેબું મારીને મહામોટા પર્વતને પાડી દેનારા પાસે રહેનારને પગ તળે દબાવે તેવા સામર્થ્યવાળા મેઘસમાન ઘણા શ્યામ મતવાળા અનેક હતા ઉપમા આપે એટલી ઓછી કહેવાય. એવા શ્યામ શરીરવાળા હાથી. તેના મસ્તકના ગંડસ્થળમાથી મદ ઝરતું હતું. તેનીઉપર ભરાઓ બેસીને મધુરરસને ચુંસતા હતા. ગજરાજો પાછા હરતા હતા. પર્વત જેવા હાથીઓ શોભતા હતા. વાન પણ એવું જ હતું. બંને બાજુ ગાંઠના નિશાન વાગતાં હતાં. હાથિઓ બધા આસમાનને અડે તેવા ઉંચા હતા. એમનામાં કોઈ દૂષણ દેખાતા નહતાં. આવી રીતના હાથીઓની બહુ જ મોટી લાઈન હતી. તેને સામા જોઈને કવિઓ શું વર્ણન કરી શકે. અકલ્પ્ય જ છે. સુંદર સોનાનાં છત્રીઓનાં ડંડા શોભતા હતા. તેની ઉપર વાંકા વળાંક વાળી નમેલી મનને આનંદ આપનારી તથા ચિત્તને ખેચંનારી છત્રી શોભતી હતી. હાથીની ઘુંઘર માળનો સુંદર ઝણકાર ગાજતો હતો.

વાજિંત્રો વાગતાં હતાં. તેથી જાણે મેઘની ગર્જના ન થતી હોય તેમ લાગતું હતું. જાતજાતનાં વાજાં વાગતાં હતાં. મનોહરતાનું શું વર્ણન કરું. તે શોભામાં છેલછબીલા પ્રભુ વિરાજતા હતા તેમનાં દર્શન હરિભક્તો કરતા હતા. શુદ્ધ મનથી દર્શન કરીને લાવેલ ભેટ અર્પણ કરતા હતા. તેની સામે અસવારી કરીને આવ્યાં. પેદલ ચાલનારાં જનોનું જોર વધારે હતું. હાથમાં અસ્ત્ર શસ્ત્રને ધારણ કરીને સુંદર ધીરજથી અધિરાઈ વગર સન્મુખ ચાલતાં હતાં. વિમુખ ક્યારેય થતાં ન હતાં તેમ ચાલતાં હતાં. તે ગાયકવાડ સયાજીરાવ રાજાના માણસો અનેક જાતનાં વાજિંત્રોને અનેક રીતે વગાડતાં હતાં. વાતાવરણ ગજાવતાં હતાં. તેમાં ઘોડા ઉપર અનેક નગારાંનો ઘોર વાગતો હતો. તેને મેઘગર્જનાની ઉપમા કહેવામાં લાજ લાગે તેવું હતું. તે સવારીમાં જરિયાંનિ પતાકાઓ બહુ જ ફરકતાં હતાં. સાંભળીને પંચરંગી શોભા ચારેબાજુ ફરતી હતી. આવી રીતની અશ્વારી લઈને સુંદર રીતે પ્રકાશતું હતું. તેને નારુપંતનાના લઈને આવેલા હતા.

પ્રભુ પાસે આવીને દંડવત્ પ્રણામ કરીને ભયહારી મહાપ્રભુને નિરખીને દર્શન કરીને ભેટ્યા ને પોતાના મનનું મનોરથ અકામ પ્રભુએ પૂર્ણ કરી દીધું. પછી પ્રભુ સ્વાગત સમાચાર પૂછતા હતા. વિભુ સુખ કરતા હતા. નારૂપંતે પ્રભુને સારી રીતે નિરખીને નમન કર્યાં. તથા ગુણવંત સંતોને નમન કર્યાં. પછી ભાવ ભરીને પ્રભુની સ્તુતિ કરી વિનંતી કરી કે પ્રભુ હાથીઉપર વિરાજમન થઈને શ્વારી શોભાડો. પૂરમાં વિચરીને પુરને પાવન કરો. હરખ ભાવવાળાં જનોના મનના ભાવ પુરા કરો. આ રીતે જનની રૂચિ જાણીને જનોના ઈશ મહાપ્રભુ મહારાજ મોટી અંબાડી ઉપર વિરાજમાન થયા. તે સૌથી ઉંચા સારા હાથી ઉપર પ્રભુ વિરાજીને શ્વારી કરી તેમાં પ્રભુએ જરિયાંન વસ્ત્રોને ધારણ કર્યાં હતાં. તે શોભાયમાન મૂર્તિની શોભાને જોઈને કરોડો કામના માનને હરતા હતા. સર્વના સ્વામી મહારાજ મોટા ગજરાજ ઉપર વિરાજીને કરોડો જનોનાં કલ્યાણ કરતા હતા. સૌ સંતો વાહનો રથોમાં બેઠા કેટાલક નાના સંતો ચાલીને આવતા હતા. અમે બંને ભાઈઓ બીજા હાથી ઉપર બેઠા. અને ત્રીજા હાથી ઉપર શુકાનંદ મુનિ અને મુક્તાનંદ સ્વામી બેઠા. શ્રીહરિએ હાલવાની આજ્ઞા કરી એટલે સૌ ચાલ્યાં ફરતાં ફરતાં શહેર વચ્ચે પધાર્યા. અશ્વારી આવી એટલે લોકો મકાનોની જાળીઓ ખોલીને પ્રેમભાવથી પ્રભુનાં દર્શન કરતાં હતાં. બહુ પ્રકારનાં વાજાં વાગતાં હતાં. તેનો ગગનમાં પડઘો ગાજતો હતો. આવી રીતની પ્રભુ શ્રી સહજાનંદ સ્વામીની લીલાથી અનેકનાં પાપો બળીને નાશ થાય છે.

સર્વના ભયને હરનાર શ્રીહરિએ મુનિજનોને વડોદરા શહેરમાં સયાજીરાવ મહારાજા પાસે મોકલ્યા. એમની સાથે જ્ઞાનની વિસ્તારથી વાતો કરી ત્યારે મહાપ્રભુને મળવાની દર્શન કરવાની મનમાં બહુ જ ઈચ્છા થઈ. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને પધરાવવા માટે સંતો જાણ કરવા વડતાલ ગયા. પ્રભુ સંતો ભક્તોની સાથે વડોદરા પધાર્યા. આ રીતે આ છઠ્ઠું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વડોદરા ગામે આગમન સવારીની શોભાનું વર્ણન કર્યાં એ નામે છઠ્ઠો તરંગ થયો. ॥૬॥**

# તરંગ-૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! સુંદર ખીલેલાં કમળની પાખંડી સમાન લાલ અરૂણની સમાન મનોહર નયનોવાળા બહુનામિ પ્રભુ જગના બીજ રૂપે સર્વના આધાર એવા પોતાના આશ્રિત ભક્તજનોના ભાવને પૂર્ણ કરનારા એવા, શ્રી સહજાનંદ સ્વામી વડોદરાપુરે પધાર્યા. ચરણાંકિત કર્યું એ સમયની બધી જ લીલા મને કહો ત્યાં પધાર્યા ત્યારે જે અશ્વારી કરી તે લીલા વર્ણવો. મહાપ્રભુ તે રાજાને કેવી રીતે ભેટ્યા. સર્વભુવનોના સ્વામી ભક્તજનોના ભવદુઃખોને હરનારા વડોદરામાં ક્યાં ઉતારા કર્યાં ત્યાં કેવી રીતે નિવાસ કરીને સુખ દીધાં તે લીલાનું વર્ણન કરીને મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ આપ કહો.

અવધપ્રસાદજી મહારાજનું મન રાજી થયું. રાજાના સુંદર પ્રેમના પ્રશ્નો સાંભળીને કહેતા હતા હે રાજન ! તમને ધન્યવાદ છે. તમે પૃથ્વીનું પાલન કરો છો અવધપ્રસાદજી મહારાજ નિર્મળ મનવાળા રાજાને કહે છે કે જ્યારે ભગવાન હાથી ઉપર બેઠા ત્યારે ભક્તજનો સાથે પેદલ હાથીની પાસે જ હાથીને ચારેબાજુ વિંટાઈને ચાલતા હતા. અનેક વાજાંને વગાડતા હતા. તેનાથી જાણે ગગનમાં મેઘ ન ગાજતો હોય? તેવું લાગતું હતું. હાથી સુંદર મંદગતિ થી ચાલતો હતો. રાજી થઈને પ્રભુ અવાજ કરતા હતા. તે વડોદરાપુરની ચારેબાજુથી સુંદર શોભતું હતું. બાગો તેમાં બેઠકો શોભતી હતી. તે ભૂમિનો ઓપનો ભાર વધારે હતો. મોટાં વૃક્ષો ફળના વજનથી ડાળીઓ નમેલી શોભતી હતી. સુંદર આંબા, કદંબ, કરેણી, કેળ, કટહર કેતકી કર્ણિકાર આદિ વૃક્ષો તે ફળોના વજનથી બહુ જ શોભતાં હતાં. ક્યાંક રાયણનાં ઝાડો ક્યાંક વડનાં પીપળાનાં લીમડો બહુ ભારથી શોભતો હતો. આંબલીનાં વૃક્ષો હતાં તેથી સુંદર છાંયો પણ ઘાટો રહેતો હતો. તે વૃક્ષોને વિંટાઈને વેલીઓ વૃક્ષોની સાથે શોભતી હતી. તે વૃક્ષો ઉપર પક્ષીઓ કલ્લોલ કરતાં હતાં. કિર કોકિ કલ હંસ ચાતક ચક્રવાક ચિત્તને આનંદ આપનારાં શોભતાં હતાં. પક્ષીઓ બોલ બોલતાં હતાં તે તેથી સાંભળવાથી સંતાપ નાશ પામતાં હતાં. આનંદ થતો હતો. મોટાં મોટાં વૃક્ષોની છાયાં લોકોના તાપને શાંત કરતાં હતાં તે તળાવની સાથે વૃક્ષો ઉપર પક્ષીઓથી વડોદરા શહેર સુંદર શોભતું હતું. તે શહેરની છબિને અસવારીમાં બેઠા થકા ભગવાન શ્રીહરિ ભાવ સાથે જોતા હતા. તે તળાવ જળથી ભરપૂર હતું. તે સરોવર સુંદર રીતે શોભતું હતું. તેના કાંઠા પાસે કૂવાઓ વાવો શોભતાં હતાં. બાજુમાં જ સુંદર નદી પણ જળથી ભરાયેલી શોભતી હતી. આવી રીતે પુરના બહારના ભાગની શોભા વર્ણવી, હવે પુરની છબિનું વર્ણન કરું છું તે પુરનો કિલ્લો બહુ જ મોટો ઉંચો કઠિન હતો તેના દરવાજા ઉપર દ્વારપાળો (દૂતો) શોભતા હતા. દ્વાર ઉપર મૃગરાજ સિંહોના શિરો કમાડ ઉપર દોરેલાં હતાં. તે દ્વારેથી અનેકજનો આવતાં જતાં હતાં. માર્ગો ઉપર પાણીના છંટકાવ માણસો કરતાં હતાં.

આવી રીતે રાજ્યના માર્ગો શોભતા હતા. માર્ગો ઉપર ભટ શુભટ સૈનિકોની ભીડ રહેતી હતી. અનેક પ્રકારના શસ્ત્રોને ધારીને જતાં હતાં. ત્યાં વાતાવરણ શુદ્ધ સારું લાગતું હતું. શિખરો ઉંચાં હતાં. તે ગગનને અડતાં હતાં. મકાનોની બારીઓ અને જાળીઓ શોભતી હતી. ક્યાંક અખાડાઓમાં મલ્લો શોભતા હતા. ક્યાંક બ્રહ્મબટુકો વેદના પાઠ ભણતા હતા. આવી રીતે ભુદેવો સુંદર ભાવથી શોભતા હતા. ક્યાંક પક્ષીઓનાં સુંદર ચિત્રો કરેલાં શોભતાં હતાં. તે કિલ્લાને ચારે દિશામાં દરવાજાઓની સુંદર રીતે રચનાઓ કરેલી હતી. તેને જોઈને લોકોનાં મનને લોભાવતાં હતાં. આવી રીતના હારોના ઘાટો સુંદર કરેલા હતા. એની ઠાઠમાઠ

વર્ણવી જ ન શકાય તેવા હતા. ત્યાં અમૂલ્ય ચીજો અગણિત હતી તે મળવાથી મનમાં આનંદ થાય તેવું હતું આવી રીતે ત્યાના ભક્તો ભાવથી પ્રેમ સાથે ભગવાનની દૃઢભક્તિ કરતાં હતાં. રતિનાં પતિ સમાન મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુના ચરણકમળની પ્રેમથી ઉપાસના ભક્તિ કરતાં હતાં. સૌ નરનારીજનો આસ્તિક ભાવવાળાં હતાં. કોઈ નાસ્તીક જ નહતાં તેઓ ઉત્સાહથી સ્વામિનારાયણ ભગવાનને જોઈને નમન કરતાં હતા. ને પુષ્પોથી પ્રભુને વધાવતાં હતાં. મનોકામના પૂર્ણ કરનારા સુખદાતા શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુને નરનારીજન ઉમંગથી ઉરમાં ઉતારતા હતા. શ્રીહરિ દર્શન દેતા થકા પુરમાં ફરતા હતા. આવી રીતે અસવારી સાથે શ્રી ઘનશ્યામ પ્રભુ સૌને મોહ આપતા હતા. ત્યારે મેદનિ ધમકતી ધડકતી હતી ત્યારે અસુરોનાં દિલ ફડકતાં હતાં. સજ્જન નારિનર સુખ પાંમતાં હતા. અસવારીને જોવા દોડીને આવતાં હતાં. જોતાં હતાં ત્યારે ચિત્ર દોરેલું હોય તેવાં સ્થિર થઈને સ્તબ્ધ થઈ જતા હતા. હાથમાં પુષ્પના હારો લઈને ઘનશ્યામ પ્રભુની શોભા જોઈને તે નારીઓ અંદરોઅંદર વાતો કરત હતી, કે સખી આપણા મોટાં ધન્યભાગ્ય છે.

આ જો આપના જગમાં આ લોકમાં પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુના ગુણને વેદો ગાયા જ કરે છે. ધ્યાનીજનો જેમનું ધ્યાન ધર્યા કરે છે. શિવસનકાદિક શારદા નારદ દેવોનો સમુદાય છંદો ઋષિગણો મહાજ્ઞાનિઓ કાયમ ગાયા જ કરે છે. તે જ શ્રી સહજાનંદ સ્વામી સર્વના ભવફંદને હરનારા પ્રગટ સ્વરૂપે મૂર્તિમાન આ પૃથ્વી ઉપર ફરતા થકા આપણને બધાંને નયનોથી દેખાય છે તે જ હરિ બધાનાં કષ્ટને હરનારા છે. જેમ રામ પ્રભુએ અવતાર ધરીને ભારતભૂમિમાં નવિન ચરિત્રો કર્યા હતાં તે ધનુષ્ય ભાંગ્યું જાનકીને પરણ્યા એવા નિરંજન પ્રભુએ પરશુરામ ભગવાનનાં તેજને ખેંચીને પાછા પાડ્યા. દશ માથાવાળા મદઅભિમાનવાળા રાવણને માર્યો. ગર્વ ટાળ્યો. દંડકારણ્ય વનમાં વાસ કર્યો. ખરદુષણને માર્યા. જળના સમુદ્રમાં પાળ બાંધીને પોતાનું પ્રગટપણું સમજાવ્યું. ત્યાં કુંભકણ રાવણને માર્યા તે જ સહજાનંદ સ્વામી ઘનશ્યામ પ્રભુ અત્યારે આ પૃથ્વી ઉપર નવિન સ્વરૂપ પધારીને પ્રગટ પધાર્યા છે. શ્રીકૃષ્ણરૂપ ધારણ કરીને કમલનયન મનોહરમૂર્તિ એવા બાલપ્રભુએ કંસને ખેંચીને પાડીને માર્યો. વંશનો નાશ કર્યો એવા અસુરોનું દમન કરનારા રમણિય મૂર્તિ વૃંદાવનમાં રાસ રમણ કર્યું. મધુવનમાં રાત્રે રાસ રમણ કરીને કામના મદને જીતી લીધો. આવા અજિતપ્રભુ અનંત મદનમોહન શત્રુના મદને મારનારા જગતમાં બળવાળા મહાયોદ્ધા જરાસંઘને લડાઈમાં સત્તર વખત હરાવ્યો. લશ્કરને માર્યું. પછી મરાવ્યો. મહા કરાળ કાળયવનને પોતાના ભાઈ જુદા જુદા થઈને પોતાની રીતે ખેંચીને માર્યો. રાતોરાત યોગશક્તિ કરીને સમુદ્રની વચમાં દ્વારિકાપુરી રચીને ત્યાં બધાનો વાસ કરાવ્યો. શાલ્વ શિશુપાલનો નાશ કર્યો. મનથી કાર્ય કર્યું. ભારને હળવો કર્યો. ભૂમિના ભારને હળવો કરીને કૌરવોનો નાશ કર્યો. પૃથ્વી પર પાંચને તાર્યા. પ્રગટ થઈને અનેક કાર્યો કર્યાં. એવા કરુણા કરનારા પ્રભુએ કરુણા કરીને અત્યારે તે જ પ્રભુ પ્રગટ શ્રી સહજાનંદ સ્વામી સર્વોપરિ પધાર્યા છે ને આપણને સૌને સુખ કરે છે.

કળિકાળના પાપમય વાતાવરણનો નાશ કરવા પોતાના આશ્રિતજનોના ભવત્રાસને હરવા દયાળુ મહારાજ સત્યયુગના ધર્મસ્થાપન કરવા માટે જ આ પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરવા અને પાપી કુડાપંથી વામમાર્ગી મિથ્યા જ્ઞાનીઓનો પાખંડીઓ પ્રપંચીઓનો ફેલીઓનો મારીને નાશ કરીને મહારાજ સુખ કરવા મોક્ષ કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. મનુષ્યસ્વરૂપ ધારીને પૃથ્વી ઉપર વિચરણ કરીને સૌની વચમાં પધારતાં પ્રભુને આપણે સૌ સ્ત્રીઓ નયનોથી નિરખીને ઉરમાં ઉતારો એટલા માટે જ મહાપ્રભુ પ્રગટ થઈને આ વડોદરા

શહેરમાં વિચરણ કરે છે. મનોહર સ્વરૂપે દર્શન છે. પ્રભુએ મહામોટાં કામો કર્યાં છે. તે પોતે મહાપ્રભુ ધામના ધામિ પોતે જ સ્વયં મનુષ્ય અવતાર ધરીને પધાર્યા છે. એમણે જન્મના છઠ્ઠા દિવસે કોટરાં રાક્ષસીઓનો નાશ કર્યો અને માતાપિતાને પોતાનું મહાઐશ્વર્ય બતાવ્યું. પ્રૌઢ પ્રતાપ બતાવ્યો.પોતાના ભક્ત જાણીને જ બતાવ્યું. તે પોતાના મુખમાં બધા જ બ્રહ્માંડનો વ્યૂહ બતાવ્યો. તેને જોઈને માતાપિતા આશ્ચર્યમાં પડી ગયાં. મનમાં બહુ જ આનંદ ઉભરાવા લાગ્યો. મહાઉદ્ધત ભયંકર ક્રૂર એવો કાળિદત્ત હતો તેનો નાશ કર્યો તથા ભૂતો ભૈરવોને કૂવામાંથી ભગાડ્યાં. મલ્લનો હાથ ભાંગ્યો. દિવ્ય ને માનુષી ચરિત્રો બતાવ્યાં. મહાપ્રભુ નવિન ચરિત્રો કરતા હતા ત્યારે ઉપવિત ધારણ કરીને પ્રગટ પ્રભુએ પરમપવિત્ર પોતાના માતા-પિતાને પોતાના સ્વરૂપની દિવ્ય ઓળખાણ કરાવીને દિવ્યગતિ આપીને પછી તીર્થાટન કરીને જનોને દર્શન દઈને ધર્મનંદન પ્રભુ સધર્મને સ્થાપન કરતા હતા. પ્રભુએ પોતાનો પ્રતાપ બતાવીને ચમત્કારો કરીને સર્વનાં ચિત્તને રંગી નાખ્યાં. ભક્તજનોનો પોતાનો પ્રતાપ બતાવ્યો. ભક્તજનોનાં ભવનાં બંધનો તોડાવ્યાં. સુખ કરીને પ્રભુ લોજપુરમાં પધાર્યા. ધર્મનંદન પ્રભુ પિપલાણામાં રામાનંદ સ્વામીને ભેટ્યા. દયાળુએ રામાનંદ સ્વામી પાસે દિક્ષા ગ્રહણ કરીને ગુરુ કર્યા. ગુરુએ અકામી પ્રભુને ધર્મનાધુરા તે પોતાના યોગ્ય શિષ્ય જાણીને જવાબદારી સોંપી દીધી. ગુરુ દેહનો ત્યાગ કરીને દિવ્યધામમાં પધાર્યા. પછી ઘનશ્યામ પ્રભુ પોતાનો પ્રતાપ સૌને બતાવતા થકા ધ્યાન ધારણા કરાવતા હતા. સમાધિ કરાવીને પ્રભુએ પાવન રીત પ્રગટાવી સમાધિમાં અક્ષરધામનાં દર્શન કરાવ્યાં તેને નરનારીજનોએ નયનોથી નિહારીને પોતાના માનનો ત્યાગ કરીને પ્રભુનો પરમ આશ્રય કરતાં હતાં. આવી રીતે પૃથ્વી ઉપર ભગવાનના અનેક ભક્તો થયા તેઓને સર્વને ધાર્મિક નિયમ ધરાવતા હતા.

સંતો વર્ણિઓની સાથે પ્રેમી ભક્તોની સાથે મહાપ્રભુ જગતમાં વિચરણ કરીને અધર્મનો નાશ કરીને એકાંતિક ધર્મને ધારણ કરાવવા ધર્મનંદન પ્રભુ દૃઢ નિર્ધાર કરીને અનંતજનોને આશ્રિત કર્યા છે. અનેક મોટાં ધામો કર્યાં છે એવા બહુનાંમિ મહાપ્રભુએ તે ધામોમાં દેવોની સુંદર મૂર્તિઓ સ્થાપી છે. પોતાના ધર્મકુળને તેડાવ્યું. શ્રીહરિનાથ પોતાની પાસે રાખેલાં છે. શ્રીહરિએ ભુજનગર ગઢપુર ધર્મપુરમાં અમદાવાદમાં તથા કાઠીયાવાડ કહેવાય છે. તથા ડંઢાવ્યદેશમાં ભાલપ્રદેશમાં નલકંઠા પ્રદેશમાં ઝાલાવાડ દેશમાં કચ્છ પ્રદેશમાં હલાર દેશમાં ચરોતરમાં સુરતમાં ને વડતાલમાં જેતલપુરમાં સ્થાનો બનાવ્યાં. તે સૌ જાણે છે. જુનાગઢમાં ધોળકાપુરમાં ધોલેરાપુરમાં આદિ અનેક સ્થાનો પ્રમાણભૂત કર્યાં છે. એ સર્વે સ્થળોને પાવન કરીને પ્રભુ દેશોમાં પુરોમાં ગામોમાં દયાળુ ભગવાન વિચરણ કરે છે. પ્રભુએ પોતાના આશ્રિત ભક્તો ઉપર દયા કરીને આશાઓ પુરવા માટે અવિનાશી પ્રભુ સંતોની સાથે વડોદરાપુરમાં પધાર્યા છે. આપણાં કામ કરવા અત્યારે અનંત સવારી કરીને મનને આનંદ દેનારા પધાર્યા છે. સૌ પ્રેમ કરીને એમનાં દર્શન કરો. આવો અવસર બીજીવાર નહિ આવે એમ જાણીને નરનારી શું જાણો. તમે તમારાં નેત્રોને ભરીભરીને દર્શન કરીને પ્રગટ પ્રમાંણ પ્રભુને ઓળખીને એમની ભક્તિ કરો. આ રીતની બધી જ બાઈઓ વાત કરીને દર્શન કરીએ. મનમાં બહુ જ રાજીથયાં. કહે બાઈ તમે તો ધન્ય ધન્ય છો. તમે પ્રભુનો મહિમા કહ્યો સારું કર્યું. આવી રીતે મહિમા સહિત નરનારીજનો સૌએ મહાપ્રભુનાં દર્શન કર્યાં ને પ્રભુ ધર્મનંદનની મૂર્તિને અંતરમાં ધારીને દૃઢ કરીને શ્રીહરિનો જયજયકાર કહેતાં હતાં. સૌ લોકો વિચારીને પ્રભુને પુષ્પોથી વધાવતી હતી. સુંદર રીતે દૃષ્ટિથી જોઈને સૌ જનોનો ભાવ

જાણતા હતા. જગદીશ પ્રભુ ચાલતા હતા ને સૌના ચિત્તને ચોરતા હતા. આવી રીતે શ્રી અવતારી પ્રભુની સાથે અસવારી ચારેબાજુ ગાતા વગાડતા જતા હતા. આનંદ કરાવી સુખ વર્ષાવતા હતા.

સર્વધામના ધામી સુખધાંમ પ્રભુની બધી જ મનોહર તે શોભાને જોઈને હરિએ આખા ગામને પાવન કર્યું ફર્યા ને સુખ દીધું. જનો હરિને નિરખીને સુખ પામ્યા. અસવારીમાં હાથી મંદમંદ ચાલતો હતો. કેમકે ચારેબાજુ લોકોનો મોટો સમુદાય દર્શન કરવા ઉભો હતો. જનસમાજ જયજયના નાદ કરતાં હતાં ને દર્શન કરતાં હતાં. ભગવાન ભક્તોની ભક્તિ જોતા હતા. સવારીમાં હાથીની અંબાડીઓના નિહતિની અંદર નંગો અને મણિઓ જડેલાં હતાં. સુંદર જુદીજુદી જાતનાં મુક્તામણિઓ ચળકતાં હતાં. તેમાં શ્રીહરિ ભગવાન વિરાજ્યા હતા. હે રાજન ! રાજાધિરાજ શ્રી સ્વામી અંબાડીની મધ્યમાં કમલનયન પ્રભુ વિરાજ્યા હતા. એમને નિરખીને નરનારીજનો પ્રેમથી સુખશાંતિ ને આનંદને પ્રાપ્ત કરતાં હતાં. પ્રભુની પાસે જ પેદલ ભક્તો ચાલતા હતા. ઉત્સવિયા ઉમંગથી ઉચ્છવ કરતા હતા ને પ્રેમીજનો પ્રેમ પ્રસંગ ઉજવતા હતા. આનંદ પામતા હતા. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં ને વાજાં અનેક જાતનાં પ્રકારનાં હતાં. સંતો ગુણિજનો પ્રભુના ગુણને ગાતા થકા સુંદર રીતે સુખને કરતા થકા જતા હતા. સૌ નારિગણ સાગરનાથને નિરખીને હરિની પાછળ ગાતી થકી આવતી હતી. કોયલના જેવા કંઠવાળી કમલનયન પ્રભુની મનોહર કાંતિને સુંદર રીતે દર્શન કરતી ગાતી હતી.

આવી રીતે અજિતપ્રભુ સુંદર રીતે પ્રિતથી માર્ગ ઉપર જતા હતા ને લોકો પ્રભુના ગુણને શુદ્ધ મનથી ગાતાં હતાં. પ્રભુ ઘનશ્યામ હરિ હાથીની અંબાડીમાં શોભતા હતા ને મુખેથી મંદમંદ હાસ્યને કરતા હતા. મુખકમળ શરદઋતુના ચંદ્રમા જેવું મનોહર કામને મોહ પમાડનારું તેને નિરખીને કામદેવ પણ શરમાય છે એવા મનોહર પ્રભુના નેત્રો તે કમળની પાંખડી જેવા અણિયાળાં ભ્રૂકુટિ જાણે કામને ભય પમાડનારી બહુ જ વાંકી બાણ જેવી લાગે છે. જળકતા પ્રભુના ભાલને જોઈને તેની ઉપર સુંદર તિલક શોભતું હતું આવી રીતના મહાપ્રભુના સ્વરૂપના મુખની શોભા જુવે તે તો ધન્યભાગ્યવાળો થઈ જાય તે દર્શન દુર્લભ જ છે. સુંદર રીતે નંગો મણિઓથી જડેલાં કુંડળો કાન ઉપર ઝળકતાં હતાં. તેનાથી સૂર્યચંદ્રની શોભા પણ ઝાંખી થતી હતી. તે ફીકાં લાગતાં હતાં. પ્રભુના ગોળ કપોળની શોભા જોઈને તે જોનાર રાજી થઈને મોહ પામતા હતા. મહાપ્રભુની નાસિકાની રેખા જાણે દીવાની જ્યોત ન હોય તેવી સુંદર અણિયાળી લાગતી હતી. મુખની અંદર દાંતો છે તે જાણે કુંદનની કળી જેવા દાડમના બીજના જેવા સુંદર શોભતા હતા. પ્રભુની મુખમાં જિહ્‌વા (જીભ) છે. તે અમૃતરસને વર્ષાવતી હતી. સુંદર પુષ્પની માળાઓ કંઠમાં ઝુલાવતા પુષ્પની મોટી મોટી માળાઓ કંઠમાં ધારણ કરીને શોભતા હતા. હે રાજન ! શ્રીહરિના ઉરમાં છાતી ઉપર શ્રીવત્સનું ચિહ્‌ન શોભતું હતું. બન્ને સ્તનો શોભતાં હતાં. બંને ભુજાઓ જાણે હાથીની સૂંઢ જેવા શોભતાં હતાં. સુખનારાં ઉદરમાં ત્રિવળિ સુંદર શોભતી હતી. નિર્મળ લાગતી હતી. હાથમાં કડાં ધારેલાં હતાં. તે શોભતાં હતાં. બંને બાવડાંમાં બાજુબંધ ધારણ કરેલાં હતાં. શરીર ઉપર વસ્ત્રો ને આભુષણો બહુ જ સુંદર રીતે શોભતાં હતાં ને તે પુરનાં જનોનાં મનને મોહ પમાડતાં હતાં. ઉદર ઉપર ત્રિવળિ લાંબી પડતી હતી. તેના વચમાં ઉંડી નાભિ ગોળ ઉંડી શોભતી હતી. કેડ ઉપર સુંદર સોનાની કટિ મેખલા શોભતી હતી. બંને જાનુઓ જાણે કેળનાં થાંભલાં જેવાં લાગતાં હતાં. ગુલફનિ વળાંક તથા સુંદર આંગળીઓ શોભતાં હતાં. આવી રીતે નખથી શિખાપર્યંતની નરનાથ મહાપ્રભુની મનોહર શોભામય મૂર્તિને નિરખીને લીલાચરિત્રની ગાથાઓ ગાતા હતા. આમ અસવારીમાં શ્રીહરિ મહાપ્રભુ

અવતારી હરિ ભાવથી પુરમાં પધારતા હતા.

પ્રભુ પધાર્યા ત્યારે છડીદાર ઉંચે સ્વરે છડી પોકારતો હતો (બોલતો હતો). તેના સુરને સાંભળીને દેવો બધા ડોલતા હતા. નારૂપંથ નાના હરિ ઉપર ચમર નાંખતા હતા. આ જોવા માટે બધા દેવો આવ્યા હતા. તે દેવો બધા પુષ્પો લાવીને વર્ષાવતા હતા. મનમાં રાજી થઈને દુંદુભી બજાવતા હતા. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ વડોદરાપુરમાં અતિ આનંદપૂર્વક આનંદ દેતા થકા ફરીને પધાર્યા. એક જ મૂર્તિરૂપે પ્રભુને અનેક રૂપે જોતાં હતાં. દયાપૂર્વક એ નિરખતાં હતાં. સૌ જાણતાં હતાં કે અમને ઘનશ્યામ પ્રભુ મળ્યા. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુનો અમાપ પ્રતાપ જોતાં હતાં. શ્રીહરિ કૃપા કરીને પુરને પાવન કરીને સૌના પાપના પૂંજને હરિને દૂર કરતા હતા. નરનારિજનો નયનોથી નિરખીને મહાપ્રભુ રાજદરબારને દરવાજે પધાર્યા. તે રાજના નિવાસસ્થાન મહેલની શોભા બહુ જ હતી. તે જોનારને તેની મતિને અચંબો થાય તેવી વાત હતી. બિલોરી કાચની જ કળા કરેલી હતી. તે જાતજાતના રંગબેરંગી બનેલ હતું. હે રાજન ! તેની ચારેકોર શસ્ત્રોને ધારીને રસકોર રહેતા હતા. ખૂબ જ ગાંભીર પ્રતાપી સૈનિકો રક્ષા કરતા હતા. નીતિવાળા ધીરતાથી બોતલા હતા કે પ્રભુ પ્રાણપતિ પધારે છે. તે સૈનિકનો અવાજ સાંભળીને ધીરજને ત્યાગીને અકળાઈને આવ્યા. જ્યારે ઘનશ્યામ પ્રભુ હાથીની અંબાડીથી નીચે ઉતર્યા ત્યારે તે રામએ દડવત પ્રણામ કર્યા. પછી પ્રભુ તે પૃથ્વીપાલ રાજનને ભાવ ભરીને ભેટ્યા. સર્વાંતર્યામિ સર્વોપરિ મહાપ્રભુના હાથને પકડીને પોતાના રાજમંદિરમાં લઈ ગયા. પ્રભુને અવતારના અવતારી જાણીને અંદર પધરાવ્યા. તે રાજાએ મહાપ્રભુને સુંદર આસન ઉપર બેસાડ્યા (પધરાવ્યા) ને પછી પોતે પ્રભુની સામે જ બેઠા ને હાથ જોડીને મુખેથી મનોહર રીતે કહેતા હતા.

રાજાના લશ્કરની બધી શોભાનું વર્ણન કર્યું તથા અસવારી ફરીને સામે આવી તે બધું વર્ણન કર્યું તથા કમલનયન પ્રભુએ સુખ કરવા માટે તે રાજાના હાથી ઉપર ભક્તનો ભાવ જોઈને બેઠા. નગરની શોભા પ્રમાણસર જોઈને તે રાજાને બાથમાં લઈને સુંદર રીતે ગહરતાથી મળ્યા. આમ સુંદર સાતમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વડોદરા શહેરમાં વિચરણ કરીને ત્યાં રાજાનો મેળાપ થયો તેનું વર્ણન કર્યું એનામે આ સાતમું તરંગ થયું. ॥૭॥**

## તરંગ-૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શરદઋતુના સુંદર ખીલેલા કમળપાંખડી સમાન મનોહર નયનોવાળા સુંદર ચંચળમૂર્તિ ઘનશ્યામ પ્રભુની સુંદર મૂર્તિને જોઈને વાસનાવાળા લાજતા હતા. એવા મનોહરમૂર્તિ મહાપ્રભુ પાસે રાજા આવ્યા. તેને ભાવસહિત પ્રભુ ભેટ્યા. એ વાતો કહી. પછી સુખધામ મહાપ્રભુએ કઈ લીલા કરી તે લીલાવર્ણન કરીને મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! શ્રીહરિ ભગવાનની ચિત્તને આનંદ દેનારી પ્રભુ એ જે લીલા કરી તે બધી જ સુખ કરનારી છે તથા જે પ્રેમભાવથી સાંભળે છે તેને તારનારી છે. તેનાથી અનેક નરનારિજનો તરી ગયાં છે. એવી પવિત્ર કથા કહું છું. હે રાજન ! વડોદરાના રાજાને મહાપ્રભુ ભાવસહિત ભેટ્યા. ભયહારી

મહાપ્રભુનાં સ્વરૂપનાં દર્શન કરીને ચિત્તમાં સુખ થયું. હેત કરીને હરિનો હાથ પકડીને રાજમહેલમાં ગયા. તે રાજા હરખ પામીને મહાપ્રભુને સુંદર નવીન સિંહાસનમાં નિરખીને બેસાડ્યા. તે સિંહાસન મણિઓ જડેલા સોનાના સિંહાસનમાં વિરાજ્યા ત્યારે જાણે પ્રભુની કાંતિ સૂર્યસમાન તેજાયમાન શોભતી હતી. તે સુદર સિંહાસન ઉપર જગતના અંધકારનો નાશ કરનારા આદિપુરુષ અવિનાશી મહાપ્રભુ વિરાજ્યા ત્યારે તે રાજા પૂજાનાં ઉપચાર પદાર્થોથી પ્રાણપતિ મહાપ્રભુ ધર્મકુમાર દયાળુની પૂજા કરી. પછી હાથ જોડીને પ્રભુની પ્રાર્થના કરીને પ્રાણપ્રિયા જીવન દોરીને દેખીને કહે, અરે આજ તો હું ધન્ય ધન્ય થઈ ગયો. મને આજે અનંતમૂર્તિ મહાપ્રભુ સર્વભુવનોનો સ્વામી પુરુષોત્તમ ભગવાન પ્રેમથી ભેટ્યા. મારા કેટલા જન્મનાં શુભકર્મ ભેગાં થયાં ને આજે જાગ્રત થયા તેના પ્રતાપે આજે પ્રગટપ્રભુ પ્રાપ્ત થયા. તે બહુ જ સુખ દેનારા જેમનું ધ્યાનીજના હંમેશા ધ્યાન ધર્યા કરે છે યોગીઓ યોગ સાધ્યા કરે છે તોય દેખાતા નથી. સ્વપ્નમાંય દર્શન નથી થતાં તે જ પ્રભુ મને પ્રત્યક્ષ દર્શન આપે છે. પ્રગટ પ્રભુ સર્વ મુનિજનોની સાથે બાથમાં ઘાલીને અતિ આનંદ પ્રેમથી મળ્યા. આવી રીતે વિનય સાથે સ્તૃતિ કરીને પછી શાંત રહ્યા ત્યારે ઘનશ્યામ મહાપ્રભુ મધુર વાણીથી બોલ્યા, ઘનશ્યામ પ્રભુ કહે છે, તમે ભૂમિના પતિ હે રાજન ! ધન્યભાગ્યવાળા છો. કેમકે અમારી પ્રત્યક્ષ પ્રાપ્તિ થઈ એ જ મહામોટું કામ થયું છે. સામાન્ય અને થોડા ભાગ્યવાળાંને અમારાં દર્શન નથી થતા તમે પ્રાપ્ત કરેલ છે તેથી અતિ ભાગ્યવાળા તમે છો. કેમકે મુનિજનોની સાથે તત્કાળ તમને ભેટ થઈ છે. એ જ મોટી સિદ્ધિ છે. મહાપ્રભુ આમ કહીને પ્રયાણ કરતા હતા. બધી જ સવારીની સાથે સંતોની સાથે બંગલામાંથી ઉતર્યા ને જનના સુખ કરનારા પ્રભુ શ્રીહરિ હાથીની અંબાડી ઉપર જઈને બેઠા.

જેવી રીતે ગાજતે વાજતે આવ્યા તે જ રીતે શહેરની વચમાં થઈને ઘનશ્યામ પ્રભુ જતા હતા. ત્યારે બધાં જ નરનારીજનો ઘનશ્યામ પ્રભુનાં દર્શન ઉદારતાથી કરતાં હતાં. નયનોને સુફળ કરાવતાં હતાં. આ રીતે સંતોની સામે ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરતાં હતાં. બહુ જ મોહ પામતાં હતાં. પ્રભુ શેરીમાં થઈને સોસરા મસ્તુ બાગમાં જઈને મુકામ કરતા હતા. કષ્ટને હરતા હતા. સર્વ સંતજન સમાજની સાથે મહાપ્રભુ મુકાંમ કરતા હતા. ત્યાં સફેદ વસ્ત્રોના તંબુ બનાવીને પ્રિતથી તૈયાર કરાવીને રાજરાજનના કામ કરનારા મહાપ્રભુ અતિ હેત કરીને ઉતારો કરીને સુખ દેતા હતા. તંબુના મુખ્ય દેશમાં મહાપ્રભુ અકામ મૂર્તિએ મુકામ કર્યો. સૌ સંતજનો પછીનાં ઉતારામાં સુખપૂર્વક ઉતર્યા. સુખના ધામ સૌ સંતોની સાથે રહેલા છે તેમ જાણીને સમજુ રાજાઓ રસોઈ કરાવીને રસોઈની બધી સામગ્રીઓ ગાડાઓ ભરીને મોકલાવ્યાં. પકવાનો પાકોની સાથે શાક વિગેરે જમવા માટે મોકલ્યું. તે બ્રાહ્મણો સાથે મોકલેલું ઘનશ્યામ પ્રભુને જમાડવા માટે સર્વને માટે મોટા મોટા થાળોમાં પાત્રોમાં સુંદર રીતે મોકલ્યાં હતાં. તે ભક્તપતિ પ્રભુએ જોયાં. મહાપ્રભુ થાળ જમીને સંતોને પ્રિતથી જમાડતા હતા. અંતરને જીતીને આનંદ દેતા હતા. પછી મહાપ્રભુ સર્વજનોના પાપનો નાશ કરનારા પ્રભુ સુંદર શૈય્યા પર સુખથી શયન કરતા હતા. પછી પ્રભુ પ્રિતપૂર્વક જનોને રાજી કરનારા મહારાજ જ્યારે દિવસ નમતો થયો ત્યારે જાગ્રત થયા. શરદઋતુના નિર્મળ ચંદ્રસમાન મુખકમળવાળા મહાપ્રભુએ સુંદર નિર્મળ જળથી મુખ ધોઈને સ્નાન કર્યું. પછી જળનું પાન કર્યું. પ્રેમના ધામ પ્રભુ સુંદર સ્વામિનારાયણ પ્રભુએ નારાયણના નામવાળો લાકડાંનો બનાવેલો સુંદર બંગલો હતો. તે જોયો. તેથી પ્રથમ તો સંકોચ થયો. સારો શણગારેલો હતો. તેની અંદર તકિયા સાથે ગાદીઓ બિછાવેલી હતી. તેની ઉપર મહાપ્રભુ રાજી થઈને બેઠા પછી મોટા મોટા સંતોને પોતાની પાસે બેસાડ્યા. સૌ સંતો

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની સામે બેઠા. ગુણવંત ગવૈયા ગાવણાં કરતા હતા. અકામ પ્રભુનાં કિર્તનો ગાતા હતા. સૌ નરનારીજનો હરિભક્તો જોતાં હતા. શ્રીહરિની સામે ચારેબાજુ ઉભા હતા. આ રીતે જોતા હતા.

હે રાજન ! ગાંનતાંન બહુ જ સુંદર થતું હતું. તેને પૃથ્વી ઉપરનાં સૌ ભક્તજનો સાથે રહીને સાંભળતા હતા. મહાપ્રભુ પોતે સાંભળીને સૌ જનોના ત્રિવિધતાપને પોતાના મહાપ્રતાપે નાશ કરતા હતા. આખી સભા એક ચિત્ત થઈને શ્રીહરિના મધુર અમૃતમય વાણીથી ઉપદેશ કરતા હતા. તેને રાજી થઈને જ્ઞાનસુખ આપતા હતા. તે જ સમયે ગાયકવાડ સરકાર આવતા હતા. તે મસ્તક નમાવીને વંદન કરતા હતા. તે રાજા ઉમરાવોની અને દિવાનને પોતાની સાથે લાવ્યા હતા તથા પોતાના પુત્ર ચતુરગિણિ સેનાનું બળ હતું. તે સાથે જ હતા ત્યારે છડીદાર છડીને ધારીને હાથમાં રાખીને ઉંચે સ્વરે છડી બોલતો હતો. રાજામહારાજાના જયજયના ગુણને ગાતો હતો. પ્રભુના ગુણની ગાથા કરતો હતો. હે રાજન ! ચમ્મર ને છત્રને ધારીને તે રાજા પ્રભુ પાસે ઉતાવળા આવ્યા. ઘનશ્યામ પ્રભુની મૂર્તિને જોઈને તરત જ હાથીથી નીચે ઉતરીને પ્રભુ સન્મુખ આવ્યો. મહાપ્રભુને દંડવત્ પ્રણામ કર્યાં. નિરખીને દર્શન કર્યાં. તેથી રાજા પોતાને ધન્યભાગ્ય માનતો હતા. પછી પ્રભુની પાસે આસન ઉપર બેઠા. તે સમયે પ્રભુ સ્વરૂપના મહિમાની જ્ઞાનવાર્તા કરતા હતા. ઉપદેશ દેતા હતા. ઉત્પતિ પ્રલય આદિની ઉમંગથી કહેતા હતા. તે સર્વના કર્તા અમે પોતે જ છીએ. એ ખાસ જાણજો. અમારા સિવાય હે રાજન ! બીજું કોઈ કરનાર છે જ નહિ. કાળના કાળ તો અમે પોતે જ છીએ. સર્વને અમારી આજ્ઞામાં જ રાખેલા છે. હું જ સર્વોપરિ છું. ભૂમિના ભારને હળવો કરવા અધર્મનો નાશ કરી ધર્મ સ્થાપવા ભક્તજનોની રક્ષા કરવા પૃથ્વી ઉપર વિચરણ કરીને ભક્તજનોને સુખ કરવા માટે જ પધાર્યા છીએ અને અમારા વિના બીજો કોઈ કામ કરનાર મોટો છે જ નહિ. સર્વ જગતના કર્તા મને જ જાણજો. હું જ સર્વનો કર્તા હર્તા છું. હું જ શુદ્ધ સત્ત્વમય સનાતન દેહને ધારણ કરીને સર્વના ભવને પાર કરવા અને ભૂમિના ભારને હરી લેવા આવ્યો છું. આવી રીતે મહાપ્રભુએ બહુ જ વિસ્તાર કરીને પોતે જ પુરુષોત્તમ નારાયણે પોતાના સર્વોપરિપણાંનો પ્રતાપ જણાવ્યો. આવી રીતે ધર્મનંદન મહાપ્રભુનાં વચનો સાંભળીને રાજા મનમાં બહુ જ રાજી થયા ને હાથ જોડીને મુખેથી વચનો કહેતા હતા. હે નાથ ! આપ તો ધન્ય ધન્ય છો. આપનો પ્રતાપ તો અલૌકિક છે. આપ જનોને પાવન કરવા ને પાપોને હરવા માટે પધાર્યા છો.

હે પ્રભુ ! આપ જેવી રીતે કહો છો તેને જ્ઞાની સંતજનો બધા જ જાણે છે. સર્વ જગતના ભક્તોના ભવદુઃખને હરવા જગતના જીવોને સમજાવવા જગતને માટે જગતમાં આપ પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પ્રગટ થયા છો. આ રીતે હવે અમે આપના મહિમાને હંમેશાં યાદ કરીશું. આપના મહિમાને તો શેષજી મહેશ શારદા આદિ ગાયા જ કરે છે. હે નાથ ! તમારા ભક્તના પ્રતાપથી અમે આપને પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ માનીએ છીએ. આપને સર્વોપરિ સમજીએ છીએ. આવી રીતે બધાના સંતાપની વાતો સાંભળીને તેને હરવા માટે ઘનશ્યામ પ્રભુ હેત કરીને કમલનયન મહાપ્રભુ કહેતા હતા. હે રાજન ! તમે સાવધાન થઈને સાંભળજો. ત્યારે તે રાજાની નજીકમાં જ અમાત્ય રાજાની પાસે જ બેઠા હતા. તેમને કરુણાસાગર પ્રભુ કહેતા હતા. કૃપા કરીને ભક્તના દોષને બાળવા માટે કહેતા હતા. હે અમાત્ય ! અમારાં સુખનાં વચનો સાંભળો. તે સુખ કરનારાં છે. તેથી તમે ભગવાનનું ભજન કરજો તો ભવપાર થશો. ભયને હરનારા ભગવાન જ છે. એમનું વચન પાળજો. નિશ્ચલથી ભજન કરશો તો પ્રગટ પ્રભુના ધામને પામશો ને જન્મમરણના ફેરા ભમવાના મટી

જાય. જગતમાંથી જન્મમરણ મટીજશે.

જે જીવ ભગવાનને નથી ભજતો તે તે ભરતખંડમાં જન્મમરણના ફેરામાં પડે છે. તને ખબર જ છે. જગતમાં નિંદા કરનારો છે. ખળ છે. મંદમતિનો છે. તે આત્મઘાતી જ કહેવાય છે. પ્રભુને જોઈને એમનો દ્રોહ કરે છે. ભક્તને પીડે છે. તે અસુરનો જ અંશ કહેવાય ને ભૂમિ ઉપર ભાર કરનારો થાય છે. તે તો શરીરથી બહુ જ કષ્ટને પામે છે. તેમંદમતિ જન્મમરણને ખામે છે. યમપુરીમાં પીડાય છે. સાચા સમજુ સંતોને જાણવા છતાં ન પૂજે, સમાગમ ન કરે તો તે પાપી જીવ ભવ સાગરમાં ભમ્યા કરે છે. એ રાજાના અધિકારી જાણજો. જપ તપ તીરથ યાત્રા કરે તોય સ્વપ્નામાંય સુખ ન થાય શાંતિ ન થાય સાઈઠ લાખ નરકનાં કુંડો છે. તેમાં પડે ને ભોગવતો રહે જે ભ્રષ્ટ મતિવાળો બીજાની બુદ્ધિને ભમાવે છે. એના માટે જ હું બધાને કહું છું. તમે બધા સાંભળો. રાજાના અમાત્ય દિવાનજી પણ સંસારમાં રહીને સત્સંગનો દ્રોહ કરે એના માટે જ સમજાવીને કહું છું. દુષ્ટ કર્મ ન કરવું એટલા માટે કાન ખોલીને સાંભળી લેજો. રાજા રાજ્ય ગાદીથી ભ્રષ્ટ થાય તો તેના માટે કાંઈક પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધ થાય અને સંસાર પ્રમાણ કરે પણ. સારા સદ્‌ગ્રંથોમાં લખેલું છે કે જો કોઈને બ્રાહ્મણનું બીજ ન હોય તો તે બ્રાહ્મણના વેશ કરીને જાય તો તે કોઈ બ્રાહ્મણ તરીકે માને જ નહિ તે કોઈ દિવસ અન્ય વર્ણ બ્રાહ્મણ ન જ થાય. આ સત્ય સિદ્ધાંત ભાગવતમાં કહેલ છે. જેમ ગધેડું હોય તે કામધેનુ ગાય ન જ બને. એના માટે કરોડો ઉપચારો કરે તોય ગાય તો ન જ થાય. તે ગધેડું જ રહે. બગલો ક્યારેય હંસ તો થાય જ નહિ. તે શાસ્ત્રોનો સિદ્ધાંત સાર કહેવાય છે. આવી રીતે જાણીને મનમાં હંમેશાં સાચો સત્સંગ કરવો. પ્રભુના ભક્તનો દ્રોહ તો ન જ કરવો. આ વાત સૌને સાચી જ કહું છું. માટે સૌએ જગવંદ્ય મહાપ્રભુને આવી રીતે અવતારના અવતારી મહાપ્રભુએ વાતો કરી રહ્યા હતા ત્યારે રાજાએ પ્રભુનો પગ દાબ્યો. કેમકે કદાચ પ્રભુ ખળ ને અસુરની વાર્તા વધારે કરશે તો ઉપાધિ થાય તે જાણીને ઈશારો કર્યો. આ રીતે સુખદતાને સુચવતા હતા. બહુ જ વાર સુધી રાજા બેઠા અને મહારાજે સ્વમુખે જ્ઞાનની વાતો કરી ત્યારે તે સાંભળીને રાજા મનમાં બહુ જ રાજી થયા. રાજા મનમાં આનંદ પામતા થકા મહાપ્રભુના ચરણકમળમાં વંદન કરીને ચરણસ્પર્શ કરીને જગપાળ મહારાજ સુંદર રીતે જતા હતા ત્યારે મહાપ્રભુએ પ્રસાદીનો હાર રાજી થઈને આપતા હતા જ્યારે દિવાને નજીકમાં આવીને મહારાજને મસ્તક નમાવીને વંદન કર્યાં ત્યારે તે આપેલો મોટો પુષ્પનો હાર મહારાજે રાજી થઈને ગળાંમાં નાંખ્યો. ત્યારે તે દિવાન રાજાની સાથે જ કાંઈ બોલ્યા વગર જ રાજાની સાથે જ ગયો. ત્યારે તે દિવાનના મનમાં અસુર પેઠો હતો. મુખેથી કોઈ જ જાતનું વચન બોલતો ન હતો. જેમ સર્પરાજ કાળ નાગને છંછેડ્યો હોય ને તે ક્રોધ કરીને જોરથી ફુંફાડા મારે. આકુળવ્યાકુળ થાય તેમ દિવાન પણ થયો હતો. મનમાં મસ્ત થઈને ગમારને ગેબી અસુરે પડકારીને પ્રગટ બતાવ્યું. પોતાની કુટિલ વાતો જે કરી હતી તે દીવાને કુટિલતા કરીને તે ખળ અતિ ઉત્પાત્ત કરતો હતો. પૃથ્વી ઉપર છળકપટ કરીને કાછડી છુટેલાં જેવું જ કરતો હતો. તે ગેબી મહાકૌભાંડી મૂર્તિમાન નખથી યુગરૂપે ભેગા થયા. તે ભૂમિના ભાર કરનારા હા હા કરતો મોટો પડકાર કરીને શહેરની વચમાં તુંબડિયો તેનું નામ હતું. સ્થાનનું બીજું નામ અસુરનું ગોબિના નામથી બહુ જ મોટી ઉપાધિ કરી દીધી. બધી જગ્યાએ ઠેર ઠેર રહેલો હતો. તે પાળીના બધાંય પાપનો નાશ થયો. પ્રભુના પ્રતાપે તે ખળ ભવ પામીને ભાગ્યો ને સાથે બધાંને દેખતાં જ દ્રવ્ય લઈને સાથે નરનારિજનોને લલચાવતો ગયો.

આવી રીતે ધર્મનંદન મહાપ્રભુ વડોદરાપુરમાં ત્રણ દિવસ સુધી રોકાયા. પછી ભયહારિ મહાપ્રભુ જવા માટે તૈયાર થયા. બહુ જ સુખશાંતિ કરવા પધાર્યા. એવામાં રાજાએ સેવકને મોકલ્યા નાથને બોલાવવા માટે નાથ પાસે મોકલ્યાં. ભગવાનને કહે પ્રભુ રાજાના મહેલે થઈને પુરની વચમાં થઈને ચાલો રાજા બોલાવે છે ત્યારે આમ સાંભળીને મહાપ્રભુ સંતોની સાથે તૈયાર થયા. અગણિત વાજાં વાગતાં હતાં. એમની સાથે સર્વના નાથ તે રાજાના મહેલે પધાર્યા. પ્રભુ સ્વરૂપની શોભાથી બહુ જ શોભતા થકા પ્રભાવ જણાવતા હતા. મહારાજ રાજમહેલે હાથી ઉપરથી નીચે ઉતર્યા. ગુણનિધિ સંતસમાજની સાથે પધાર્યા ત્યારે મહારાજા સયાજીરાવ સામા આવ્યા ને પ્રભુને ચરણે મસ્તક નમાવીને પગે લાગ્યા. પ્રણામ કર્યા. પછી પ્રભુને મહેલમાં લઈ જઈને સુંદર સારા આસન ઉપર બેસાડ્યા. બલભ્રાતા પ્રભુની પ્રિતથી સુંદર રીતે પૂજા કરી તેનાથી ઉરમાં પ્રેમ માતો જ ન હતો. આવા આનંદ મગ્ન થયા.

મહાપ્રભુ સયાજીરાવ રાજાને ભાવથી ભેટ્યા. રાજા પોતાના ભુવનમાં પધરાવીને બહુ ભેટીને સુખ પામ્યા. પ્રભુની પૂજા કરીને બહુ જ આનંદ પામ્યા. સુખદાઈ પ્રભુએ સુંદર રીતે સુખદાઈ ગુણચરિત્રોને કહ્યાં. દિવાન દુષ્ટને બહુ જ દબાવ્યો. શ્રીહરિએ સ્વમુખે ભક્તિનો મહિમા પ્રભુએ ગહરતાથી કહ્યો. આવી રીતે આઠમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદગુરુ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વડોદરા પધાર્યા ત્યાં લીલાઓ કરી તથા પ્રભુએ પોતાનો મહિમા કહ્યો તેનું વર્ણન કર્યું એ નામે આઠમો તરંગ થયો. ॥૮॥**

# તરંગ-૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શરદઋતુના ચંદ્રમાના જેવું સુંદર મુખકમળવાળા મનોહરમૂર્તિ શાંતિ કરનારા પ્રભુ સર્વની ભ્રાંતિને હરનારા સુખદાતા ભયને હરનાર હરિ રાજાના મહેલમાં પધાર્યા. ત્યારે રાજાએ પ્રિત કરીને શ્રીહરિ મહાપ્રભુનું પૂજન કર્યું. તે કેવી રીતે કર્યું તથા પૂજા કરીને બહુ જ વિધિ કરીને આનંદ પામતા પ્રભુની સ્તુતિ કરી તે વાર્તા ગુરુમહારાજ મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! ધર્મની ધુરાને ધારનારા પ્રભુનાં ચરિત્રોનું પૂછ્યું તે તમને ધન્ય છે. ભગવાનનાં સુંદર અદ્‌ભુત ચરિત્રોનું પૂછ્યું તે રસદાયક કથા તમને કહું છું તે સંતાપને હરનારાં ચરિત્રો સાંભળો. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ સુંદર આસન ઉપર સુંદર રીતે પધરાવ્યા. પ્રિત કરીન મહાપ્રભુનાં ચરણકમળનું પૂજન ધર્મની મર્યાદા પ્રમાણે સુંદર રીતે કર્યું. હે રાજન ! બંને ચરણોમાં સુંદર રીતે ચંદન ચર્ચીને સુંદર રીતે ચરણોને જળથી ધોયાં ને ધરાપતિએ ધર્મનંદન પ્રભુની મૂર્તિને પ્રેમથી ઉરમાં ધારીને મહાસુખ પામ્યા. સુંદર પુષ્પોના હારો પહેરાવ્યા. કંઠમાં સુંદર રીતે શોભાવ્યા કેસરચંદન વડે અબીલ ગુલાલ વિગેરે પૂજા દ્રવ્યોથી ચંદનની લલાટમાં સુંદર આડ કરીને શોભાયુક્ત કર્યું. બાજુબંધ બાંધ્યાં. સુંદર વસ્ત્રો તે રાજાએ પ્રભુને ધારણ કરાવ્યાં. એનાં આભુષણો વીંટીઓ કંદોરા ધારણ કરાવ્યાં. મસ્તક ઉપર સુંદર કલંગી ધારણ કરાવી ધરાવીને સૂર્યસમાન તેજસ્વિતા પ્રકાશિત કરાવી પૃથ્વી ઉપર સૂર્યની ભ્રાંતિ થતી હતી. કેમકે તે બધાં આભુષણો બહુ જ

ભારે ચળકતાં હતાં. અગણિત ઉપમાઓ હરિને દેવાય તેવું શોભાવાળું કર્યું હતું. આવી રીતે તે ભૂમિના પાલન કરનારાએ બહુ જ ભેટ કરીને સોનાની અનેક મુદ્રાઓ અર્પણ કરીને હાથ જોડીને વિનયથી સ્તવન કર્યું. સુંદર શોભા મૂર્તિની પ્રાર્થના કરી. હે ભક્તજનોનાં જન્મમરણના ભયને હરનારા જયજયકારને પામો. હે નારાયણમુનિ પ્રભુ આપ આદિનારાયણ પોતે જ સર્વની ઉપર પ્રગટ થઈને સહજાનંદ સ્વામિ પોતે જ સુખ આપો છો.

હે જગતના જીવનરૂપ જગતના આધાર મહામુનિજનો આપનું ધ્યાન ધરે છે. સનકાદિક મુનિજનો આપનું ભજન કરે છે. શેષ શારદા આપનાં ચરિત્રોને ગાયા જ કરે છે. સર્વ જણાતાં ચરિત્રોનો ગણેશજી ગાય છે. વિશેષ ગાય છે. એ પ્રભુ આપ જગમાં જયકારને પામો. જગતના બધા જ કારણરૂપ જાંણનારા મુનિજનો ધ્યાનીઓ નિત્ય આપનું ધ્યાન ધર્યા કરે છે. સર્વના દોષોને હરનારા આપ જ છો. ભક્તજનોના મનોરથ પૂરા કરનારા આપ પૂર્ણકાંમ છો એ જ જયજયકારને પામો. જન્મમરણના ભયને ભાંગનારા ભક્તજનોના મનને આનંદ દેનારા મહાન મહિમા પ્રતાપથી મુનિજનોના મનને આનંદ દેનારા સજ્જનોના કર્મ પાપને બાળીને જય કરનારા આપ પૃથ્વી ઉપર ધર્મને સ્થાપવા ધર્મદેવના ઘેર પ્રગટ થયા છો એવા જયજયકારને પામો. આપ અનંત અવતારોને ધારીને ભૂમિ ઉપરના અનંત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા મોક્ષદાતા નિત્યસ્વરૂપ અનાદિમૂર્તિ આખા જગતના આધારભૂત એવા યુગોયુગમાં જનોનાં પાપોને બાળનારા આપ જયજયકાર પામો. અનંત અપાર અવતારોને ધારનારા એવા આપનાં ગુણોને ગણતાં પારને પાંમતા જ નથી. જયને પામનારા જગતના સરજનારા જગદીશ આપના નામનો અમાપ જાપ જપ્યા જ કરે છે યુગોના સ્વામિ. આપ અજ્ઞાનના અંધકારનો નાશ કરનાર અજ્ઞાનના શત્રુ એવા તમને મારનારા સદાય પોતાના ધામમાં વિરાજમાન કિશોર અવસ્થાવાળા મનોહરમૂર્તિ અનંત મુક્તોની સાથે સેવાભક્તિ કરાતા વિરાજમાન રહો છો.

હે જગદીશ પ્રભુ ! ભક્તજનોથી ઘેરાયેલા છ ગુણોયુક્ત એવા સદાય નિર્ગુણ નિર્લેપ રહેનારા ભગવાન પ્રભુ મને આપનો દાસ જાણીને પૂર્ણકાંમ કરનારા મહાપ્રભુ કળિના અધર્મરૂપ મહાપાપોને નાશ કરનારા કામાદિ દોષોને કાપનારા સર્વને સુખ દેનારા છો. કેટલાક તો કામીવર્ગના અને કેટલાક માર્ગી કઠોર મનવાળા કુહાડા જેવા કુડાપંથીઓને બધાંનો નાશ કર્યો. દૃષ્ટિમાત્રથી પરાજય કર્યો એવા પરાત્પર પુરુષોત્તમ પ્રભુ પરબ્રહ્મ પુણ્યદાતા પતિતજનોનો ઉદ્ધાર કરીને આત્યંતિક મોક્ષ કર્યો આપનાં પરમ પાવન ચરણોમાંથી ગંગા પવિત્ર પ્રગટ થઈ છે. એ આપનો પ્રતાપ જ છે. ગંગાએ અનેક જીવોનાં પાપોને હરિને નિષ્પાપ કર્યા. સદાય સત્સંગરૂપી સરોવરો વડે લોકોનો ઉદ્ધાર કર્યો. અનેક પાપી પતંગ જેવા મહાપામર જીવોનો ઉદ્ધાર કર્યો છે. અનંત સૂર્યો જેવા ઐશ્વર્ય પ્રતાપ છે તેનો પ્રતાપ છે. પૃથ્વીના તળમાં તપાસીએ જોઈએ તો તેનો ભાવ જણાય. મહાન પાપી અધમ માણસ પંતંગિયાં જેવો પાપના બળથી મલિન બુદ્ધિથી હરિને મારવા માટેનો ભાવ કરીને હરિની સામે જોતા જ રહે છે. પણ તે સર્વે દોષવાળા મતપંથો તો દુષ્ટનો રોષથીજ મારો છો. તે માટે તો આપે ત્રિપુરારિ કહેવાઓ છો. મહાસાગર છે તે તો અભિમાન જેવો છે. મધ જેવું છે. પણ હે પ્રભુ આપનું ભજન કરે છે. તો તેનાં માટે તો સામાન્ય ખાબોચિયા જેવું સૂક્ષ્મ થાય છે. નિર્મોહ કરી નાંખો છો. જેમ દુષ્ટ બુદ્ધિનો મદમત્ત થયેલો દશાનન રાવણ તેના માટે રઘુકુલના આનંદદાતા પ્રભુરામ કળાથી મારી નાખ્યો. હે પ્રભુ ! આપનો મહિમા તો અમાપ જ છે. સીમા જ નથી એની કોઈ તેનો કોઈનાથી પાર પમાય જ નહિ એવા હે પ્રભુ ! આપ મારા અંતઃકરણમાં નિવાસ કરીને કાયમ રહો. હે પ્રભુ મારી ઉપર આટલી કૃપા કરો. હે પ્રભુ

સર્વને જાંણનારા પ્રભુ આપના સંતોની સાથે જ સુખ આપો. મને આપનો સેવક દાસ જાણીને સંતનો સહવાસ કાયમ આપો. આપના ધામમાં સદા કૃપા કરીને આપનાં ચરણકમળની સેવામાં કાયમ રાખો.

રાજા સિયાજીરાવે હાથ જોડીને મહારાજની સ્તુતિ કરી તેને બધી સાંભળીને મહારાજ બહુ જ રાજી થયા. મનથી કૃપા કરીને ભાવથી સુંદર રીતે જોયું. પ્રભુ કહે તમારા મનમાં જે રીતની રૂચિ હોય તે અમે પુરી કરીશું. તો તમો પ્રિત કરીને માગો ત્યારે તે કહે પ્રભુ મને આપના સંતોનો સદાય સમાગમ થાય. તમારી પાસે અખંડ મારું મન જોડાયેલું રહે એ માંગું છું ત્યારે પ્રભુ કહે, તમારી પાસે સદાય સંતો રહેશે. આમ કહીને પ્રભુએ પછી વિદાય માગીને પ્રભુ સંતગણોની સાથે સુંદર રીતે ચાલતા થયા ત્યારે રાજાએ બધાંની પૂજા કરી સૌ સંતોને પ્રભુની સમાન જ તે રાજા સમજતા હતા માનતા હતા. પછી સંતો અને મહાપ્રભુ જેવી રીતે આવ્યા હતા. તેવી જ રીતે પાછા જતા હતા. ભક્તજનોની સાથે રાજદરબારનાં વાજાં વાગતાં હતાં. મહારાજની શોભા બહુ જ પ્રકાશતી હતી. શ્રીહરિ મહારાજ **વડોદરા** શહેરને પાવન કરીને મનને ભાવતા મહારાજે રાજા ઉપર કરુણા કરીને એમનાં મનભાવતાં કાર્યો કરીને ગરીબોના નવાજ મહાપ્રભુ પ્રયાંણ કરતા હતા. **વડોદરાથી** મહાપ્રભુ પ્રસિદ્ધ ધામ **વડતાલ** પધાર્યા. સંતસમાજની સાથે પધારીને વડતાલમાં ત્રણ દિવસ રોકાઈને પછી મહાપ્રભુએ ત્યાંથી પ્રયાણ કર્યું. ગુણના સાગર મહારાજ કામના મદને તોડનારા મહાપ્રભુ માની જનોનાં માનને ભાંગતા હતાં.

દેવાધિદેવ મહારાજ દરબારગઢમાં સર્વ સંતજનોની સાથે રહેતા હતા. તેમની સેવા દાદાખાચર તથા તેમનાં બહેનો જયાલલિતા આદિ પ્રેમથી કરતાં હતાં. તેઓ ભક્તિભાવથી મહાપ્રભુની જપ તપ ભક્તિ કરતાં હતાં. પ્રભુ સૌના ત્રિવિધિ તાપને હરતા હતા. આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગઢપુરધામમાં નિવાસ કરીને રહેતા હતા. એવામાં નાનાભાઈ ઇચ્છારામજી માંદા થયા. તેને પ્રભુ બધુ જાણતા હતા કે વધારે પડતા બીમાર છે. તેથી ભાઈને માટે સંતોને તથા મોટા હરિભક્તોને તેડાવ્યા ત્યારે સંતો તરત જલદીથી આવ્યા. દર્શન કરીને સંતો પાસે જ બેઠા અને હરિના કીર્તનો ગાવા લાગ્યા. મનમાં બહુ જ રાજી થઈને ગાતા હતા અને બ્રહ્માનંદ સ્વામીએ બહુ જ સુંદર રીતે ગાવણું કર્યું. તેથી મહાપ્રભુ બહુ જ રાજી થયા. જગતના ભાનદયાળુ એવા. એમની ઉપર રાજી થઈને મોજમાં વસ્ત્રો આપ્યાં. દયાળુ એવા બ્રહ્માનંદ સ્વામીને રાજી થઈને દીધાં. ત્યારપછી ભાઈ ઇચ્છારામનું શરીરમાંથી આત્મા મુક્ત થયો. દેહ છુટી ગયો. અક્ષરધામમાં ગયા. પવિત્ર વાસ થયો ત્યારે એમને લેવા માટે અગણિત વિમાનો આવ્યાં હતાં. તે વિમાનોમાં ધામમાંથી મુક્તો તેડવા ગયા આવ્યા હતા. ત્યારે દેવોનાં વાજાં દુંદુંભી આદિક વાગતાં હતાં. ચંદન ને પુષ્પો બહુ નાંખતા હતા. જગવંદન કરવા યોગ્ય ઇચ્છારામજી મુક્તોની સાથે પ્રભુ પાસે દિવ્ય દેહને ધારીને મહાપ્રભુ પાસે ધામમાં જ ગયા. સંતના જેવી જ કાંતિને ધારીને સુંદર રીતે પ્રદ્યુમનનો અવતાર હતા. તે પ્રિતથી હરિની માટે જ મનુષ્ય દેહ ધરીને આવ્યા હતા. તે મુક્ત થયા

હે રાજન ! પછી એમણે દેહનો ત્યાગ કર્યો. પ્રભુની ઇચ્છાની તે બધી વાત મેં જાણીને બધી જ વર્ણવીને તમને કહી છે બાકીની વાત કહું છું તેને તમે સાંભળો. પછી નશ્વર દેહની દાહા આદિક ક્રિયાઓ કરીને સુંદરવર સુખધામ પ્રભુએ સુખરૂપ બધા વર્ણિઓ સંતોને સાથે લઈને ઉત્તરક્રિયા કરવા લૈગાયાઉમંગ અગ્નિસંસ્કાર આદિક ક્રિયાઓ કરી દીધી. પછી ખળમળના વાદને છેદવા ખરચ વીધિ બધી સારી રીતે કરી દીધી. સંતો વર્ણિઓને

બહુ જ જમાડ્યા. સૌ જનોએ જગતમાં જયજયકારનો ઘોષ કરી દીધો. પછી પ્રભુ ભક્તજનોના ત્રાસને હરતા થકા વાસ કરીને વસંતના સમય સુધી વિશ્રાંતિ કરીને રહેતા હતા. પછી શિવરાત્રિનો મોટો ઉત્સવ કરીને મહાપ્રભુ ત્યાર પછી તત્કાળ પ્રભુ પ્રયાણ કરતા હતા.

વિશાલ દિલવાળા મહાપ્રભુ સૌ સંતોની સાથે તરત જ **વડતાલધામે** પધાર્યા ત્યારે રામનવમીનો સામૈયો કરવા માટે દેશપરદેશના ગામો શહેરોમાંથી ભક્તજનો આવ્યા. ત્યારે કરુણાનિધાન પ્રભુ કમલનયન સુખના દાતા મહાપ્રભુ ભક્તજનોને મહાસુખ દેતા હતા. ગુણના સાગર ગોમતીના કાંઠા ઉપર ગાન સંગીતનું ગાન કરાવતા હતા. પોતાનાં દર્શનનું દાન દેતા હતા. જગતના ઈશ શ્રીહરિ સંતોને પંગતિમાં બેસાડીને સુંદર રીતે પરમ ઈશ પ્રભુ પીરસતા હતા. તેનાં સૌ ભક્તજનો સુંદર રીતે પ્રભુનાં દર્શન કરતાં હતાં. ગુલતાન મૂર્તિ સૌના મનના ગુમાનને હરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સંતો મહંતોની સાથે ઉત્સવમાં અતિ ઉમંગ જોવા મળ્યો ત્યારે મહાપ્રભુ પંદરેક દિવસ રહીને મહાપ્રભુ **વડતાલધામેથી** તરત જ પાછા ચાલતા થયા. મેઘસમાન મનોહરમૂર્તિ ગઢપુર પોતાના નિવાસ સ્થાને ઉતારે અક્ષર ઓરડિયે પધાર્યા ત્યાં સેવકજનો સંતો સુંદર રીતે મહાપ્રભુની સેવા કરતાં હતાં. ભગવાન મહાપ્રભુ એમના ભાવિક પણાંને સુંદરવર જાણતા હતા. શ્રીહરિ મહાપ્રભુ ગઢપુરમાં મુનિજનો સહિત નિવાસ કરીને રાજામહારાજ સર્વ પ્રકારના સત્સંગના સાજ સાથે સર્વના સંતાપોને હરતા થકા ભક્તજનોના કલ્યાણ કાજો કરતા હતા. સર્વના નાથ સંતોની સાથે મળીને રોજેરોજ નવા નવા ઉત્સવો કરતા હતા. જીવોને ભવસાગરમાં વર્ણોની માફક તારતા હતા. આ બધી પરબ્રહ્મ પુરુષોત્તમ સમર્થ પ્રભુની લીલા છે. આવી રીતે કોઈ કોઈ વર્ષોની કે દિવસોની અલૌકિક મનોહર સુખદાયક લીલા કરી તે તમારા સૌના કષ્ટોને હરવા માટે જ કરી છે. તે આનંદસિંહ રાજન તમો નિષ્કામ ભાવથી સંભારજો.

**વડોદરામાં** મહારાજાએ સ્તુતિ કરી તેને પુરુષોત્તમ મહાપ્રભુએ પોતાના ઉરમાં ઉતારીને વરદાન દીધાં. સુખ આપી નિર્મળ મતિ પ્રભુ વરતાલધામે સૌ સંતોની સાથે સુખદાતા મહારાજ પધાર્યા. પછી મહારાજ ગઢપુરમાં નાનાભાઈ ઈચ્છારામે દેહનો ત્યાગ કર્યો. સુંદર લીલા પ્રભુની વર્ણવી એ રીતે નવમું તરંગ અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં શ્રી અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ એ નાનાભાઈનો દેહોત્સર્ગ લીલા વર્ણન કરી એ નામે નવમો તરંગ થયો. ॥૯॥**

# તરંગ-૧૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! અનંતમૂર્તિ મહાપ્રભુનાં ચરિત્રો તો બહુ જ અકળ છે. ભવભયને હરનારા મહાપ્રભુ શ્રીહરિ ભગવાન વડોદરામાં જે લીલાઓ કરી તે તો જાણી લીધી. બીજું ગુણસાગર મહાપ્રભુએ ગઢપુર આવીને આનંદના મહાઘરરૂપ મહારાજે જે ચરિત્રો બહુ જ અદ્‌ભૂત લીલાઓ કરી તે બધી ભાઈએ દેહનો ત્યાગ કર્યો તે બધી જાણી લીધી છે. ભાઈની આદિક બધી ક્રિયા ધર્મનંદન સુખદાતા એવા સુંદર કરી દીધી. પછી મહાપ્રભુ પવિત્ર મૂર્તિ ઉદાર ચરિત્રો મનોહર કેવાં કર્યાં. ઉદાર ચિત્તથી જગતના મિત્ર સર્વના હિત કરવા ગુણના સાગર મહાપ્રભુ ગઢપુરમાં કયા ચરિત્રો કર્યાં તે કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે પ્રશ્નો પૂછ્યા તે ભલે પૂછ્યા તે બધા પ્રશ્નો મહાસુખ કરનારા જ છે. સુંદર સારી રીતની મનોહર લીલા બધી જ તમને હવે કહું છું. લાલની લીલા ધ્યાનથી સાંભળો. મોટાભાઈ શ્રીહરિ નાનાભાઈ ઇચ્છારામની ઉત્તરક્રિયા બધી કરીને પૂર્ણ પુરુષોત્તમ સુખદાતા સંતસમાજની સાથે સર્વજગતના સ્વામી ગઢપુરધામમા વિરાજતા હતા. મહારાજ નિત્ય પ્રત્યે ઘેલા નદીમાં સ્નાન કરવા સર્વ સંતોથી વિંટાયા થકા સંતોની સાથે શોભતા વિચરતા જતા હતા. નદીએ જઈને વસ્ત્રો ઉતારીને બલભ્રાતા ઉન્મત્ત નદીમાં સુંદર રીતે સુખદાતા સ્નાન કરતા હતા. બધા જ સંતોની વચમાં ઘનશ્યામ પ્રભુ શોભતા થકા સુંદર રીતે લીલા કરતા હતા. સૌ જનોના મનને આનંદ વધારતા હતા. છેલ છકિત થઈને સૌની ઉપર પાણી છાંટતા હતા ત્યારે મુનિજનો સૌ જય જય નાદ કરતા હતા. જોઈને આનંદ પામતા હતા. મહાપ્રભુ અંતરમાં મોદ ભરીને બહુ જ વિનોદ કરાવતા હતા.નવિનનાથ મુનિજનોની સાથે કાયમ આવી રીતે ઘણા સમય સુધી જળલીલાને જળની રમતો રમતા હતા. કમલનયન પ્રભુ સુખ દેતા હતા.

હે રાજન ! પછી મહાપ્રભુ જળથી બહાર નિસરીને નવીન વસ્ત્રોને ધારણ કરીને પ્રિતમપ્રાણ પ્રિયવર પ્રભુ માંણકી ઘોડી ઉપર સ્વાર થઈને મનમાં આનંદ કરતા થકા અશ્વારી કરીને ભક્તજનોની વચમાં શોભતા હતા. સંતજનોથી વિટાયા થકા મહાપ્રભુ સુખના ઘરરૂપ ચાલતા હતા. મનમોહન પ્રભુ સૌના મનને રાજી કરીને કામનો મદ હરતા થકા મારગમાં મંદમંદ ગતિથી ચાલતા હતા. સંતો સુંદર રીતે કીર્તનો ગાતા શોભતા થકા જતા હતા. ત્યારે નગરવાસી નરનારિજનો પ્રભુનાં દર્શન કરતાં હતાં. પ્રાણપતિ બ્રહ્મ પ્યારાનાં દર્શન કરીને પોતાનાં નેત્ર પ્રાપ્ત કરેલાં તે સુફળ કરતાં હતાં. સુખકંદની અસવારીની સાથે સૌ આનંદથી ચાલતાં હતાં. હે રાજન ! મહારાજ રાજદરબારગઢમાં આવતા હતા. આવીને સંતોની વચમાં મહાપ્રભુ ઉંચા આસન ઉપર બેસીને જનનો ઉપકાર કરનારા મહાપ્રભુ સૂર્યનારાયણ સમાન સભામાં બહુ જ શોભતા હતા. સર્વના ભયને હરનારા પ્રભુ આનંદરૂપે શોભા વધારતા હતા. હે રાજન ! મહાપ્રભુ થાળ તૈયાર થયો એટલે જમતા હતા. સૌ જનો તે આનંદ દેતા હતા. પ્રિતમ પ્રભુ પ્રેમીભક્તોને જોઈને આવી રીતે સુખ પ્રિત કરીને નિત્ય પ્રત્યે દેતા હતા. આમ કરતાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ નજીકમાં આવ્યો. ગોકુલ અષ્ટમીનો ઉત્સવ તેમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મનો મોટો ઉત્સવ કરવાનો હોય છે. તેના ઉપર દેશોદેશથી અનેક હરિભક્તો મનમાં હરખ પાંમતા થકા આવ્યા.

સૌ ભક્તજનો દેશોદેશના મહાપ્રભુ ભગવાન પાસે આવ્યા. દર્શન કરીને લાવેલી ભેટો ભાવથી ભગવાનને અર્પણ કરીને દયાળુનાં દર્શન કરીને પછી સુંદર રીતે યોગ્યતા પ્રમાણે બેઠાં. પછી મહાપ્રભુ ભક્તજનોનાં કષ્ટપીડાને હરનારી ધર્મજ્ઞાનની ધીરજથી વાતો કરતા હતા. એને સર્વે સત્સંગીઓ સાંભળતા હતા. ભક્તો સૌ સુખપૂર્વક રહેતા હતા. તે સભામાં સંતો સુંદર રીતે શ્રીહરિનાં કીર્તનોના પદો ગાતા હતા. શ્રીહરિના ચરણમાં મનને આનંદથી જોડતા હતા. આવી રીતે મોટો આનંદ ઉત્સવ થતો હતો. ગઢપુરમાં મહારાજ સુખ કરતા હતા. શ્રીહરિ અવિનાશી મહાપ્રભુએ આવી રીતે ઉમંગથી ભરપૂર જન્માષ્ટમીનો મોટો ઉત્સવ કર્યો. જ્યારે ઉત્સવ પુરો થયો સર્વના ભયનો નાશ થયો ત્યારે સૌને નિર્ભય કરીને બે મુનિઓને બોલાવીને મહાપ્રભુએ આજ્ઞા કરી બ્રહ્માનંદ સ્વામિ અને ગોપાળાનંદ સ્વામિને પોતાની પાસે બોલાવ્યાં. ધર્મનંદન મહાપ્રભુ પાસે આવ્યા. ત્યારે એમને જુનાગઢ શહેરમાં મંદિરનું કામ કરવા માટે આજ્ઞા કરી ને સાથે પચાસની સંખ્યામાં સંતોને

મોકલ્યા. બીજા પાર્ષદોને પણ સાથે મોકલ્યા. સંતો મહાપ્રભુના ચરણમાં નમન કરીને હાથ જોડીને રજ લઈને જુનાગઢ બધા જ સંતો સાથે ગયા. ત્યાં જઈને સારા શિલ્પિઓ પાસે સુંદર મંદિરનું કામ કરાવવા તૈયાર કર્યા. હવે પછી ઘનશ્યામ પ્રભુની કહેલી વાત કહું છું તેને કાન દઈને સાંભળો. **પુંજાભાઈ** તેમનાં બહેન **ફૂલબા** અતિશય વૈરાગ્યવાળાં હતાં. તેથી **પુંજાભાઈ** મહાપ્રભુ પાસે આવ્યા. પ્રિતથી વિનંતી કરીને કહે, હે પ્રભુ ! સાંભળો. મનને આનંદ કરનારા ઘનશ્યામ પ્રભુ આપ મારે ધામે આવીને અન્નકુટનો મોટો ઉત્સવ કરો. મારી વિનંતી સાંભળો. સર્વ સંતજનો અને બધાય સત્સંગીઓને સાથે લાવીને મોટો અન્નકુટનો ઉત્સવ આનંદ ઉમંગથી કરો. હે મહારાજ અમારું આટલું કામ આવીને કરવા કૃપા કરો. ગરીબ મનવાળા આ ભક્તના સુખ કરવા પધારો. આવી રીતે પુંજાભાઈની વાત સાંભળીને પ્રભુ તે સુજાંણ ભક્તને કહેતા હતા. ભગવાનને સાક્ષાત્કાર પ્રગટ જાણતા હતા તે કહેતા હતા. સુજાંણ તમે અન્નકુટ માટેનો બધો સામાન ભેગો કરજો. અમે ઓચિંતાના સમય ઉપર જ આવીશું. પછી મહાપ્રભુ સંતોની સાથે તૈયાર થયા. ચાલીને સુંદર બોટાદ ગામે ગયા. હેતથી માણકી ઘોડી ઉપર ભવભયને ભાંગનારા મહારાજ અશ્વાર થઈને હરિભક્તોને સંતોની સાથે સર્વ જગતના કારણ પ્રભુ ભક્તોને રાજી કરવા પધાર્યા. બોટાદમાં પ્રભુ ભક્તજનના ઘેર જગતના નાથ થાળ જમ્યા. સૌ સંત ભક્તજનોને જમાડીને સનાથ કરી. ભક્તજનોના કલ્યાણકામ કરવા રાત રોકાયા. સુખ આપ્યાં. જ્યારે પ્રભાતવેળાએ ચપલનયન નાથ ચાલતા થયા. ધર્મના મહાપ્રભુ લોયાપુરે પધાર્યા. કાળના કાળ મહાપ્રભુ એ સુરાભકતના દરબારગઢમાં ઉતારો કર્યો. સર્વને જાણનારા મહાપ્રભુ ભક્તજનોના કામ માટે જગદીશ પ્રભુ રાત રહ્યા. સંતો પ્રભુનાં ગુણકીર્તન ગાતા થકાં ત્યાં સાથે જ રહ્યા. સર્વના ભવના કારણ મહાપ્રભુ **ભેંસજાલ** ગામે પધાર્યા. જેમના મહિમાને મુનિજનો ગાયા જ કરે છે એવા મહાપ્રભુ શ્રી ઘનશ્યામ રાત સુંદર રીતે રોકાયા. ભગવાન સંતોની સાથે ભક્તના ઘેર ભોજન કર્યા.

હે રાજન ! મનને આનંદ દેનારા મહાપ્રભુ મિણાપર ગામે પધાર્યા. ભાવિક ભક્તજનના ઘેર મહારાજ થાળ જમ્યા. પછી સંતોને જમાડ્યા. પ્રિત કરીને જમાડીને પછી **કરમડપુરે** કરુણાનિધાન સુખ દેવા પધાર્યા. નાથ પધાર્યા છે એમ જાણીને ભક્તજનો સામા આવ્યા. સાથે અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડીને ગુણ ગાતા થકા પ્રભુ પાસે આવ્યા. દંડવત્ કરીને વંદન કર્યા પછી પ્રભુને વાજતે ગાજતે ગાતા થકા પુરમાં પધરાવ્યા. સર્વના ભવભયને હરનારા **ફુલબાઈના** ઘેર કમલનયન નિર્મળ મૂર્તિ આનંદકંદ પધાર્યા. થાળ તૈયાર કરીને ભક્તજનના હાથે પ્રભુ થાળ જમતા હતા. જમી રહ્યા પછી સંતોને પીરસીને જમાડ્યા. પ્રભુ ભક્તજનોને દર્શનસુખ દઈને **ફૂલબાઈનું** પૂર્ણકામપણું કરી દીધું. પછી પ્રભુ ગામમાંથી નીકળીને ભયને હરનારા મહારાજ ગામની ભાગોળ પાસે જ વૃક્ષનો સમુહ જોયો ને ત્યાં પ્રકાશવાળું વાતાવરણ જોયું. તેથી અતિઘાટી છાયાં બહુ જ અનુપમ રીતે સારી અનુકુળ હતી. ત્યાં મહાપ્રભુ ગાડાં ઉપર સારી રીતે બેઠા. તરત જ ત્યાં મહાપ્રભુએ મુકાંમ કરીને સર્વના કામને હરતા હતા. બલભ્રાતા મહારાજ મનને હરનારી વાતો કરતા હતા. અન્નકુટનો ઉત્સવ કરવાનો જાણીને અપાર સંખ્યામાં નરનારિજનો મહાપ્રભુની પાસે આવ્યાં. આવીને સૌ જનો દર્શન કરતાં હતાં. શુદ્ધ દિલનાં પોતાના ભક્તજનોની મનની આશા પુરતા હતા. દયાળુએ બહુવાર સુધી દર્શન દીધાં. પાણીની તકલીફ હતી એટલે ભક્તોની આશા પુરી કરવા ઇંદ્રને પ્રેરણા કરી મહાપ્રભુ ઉપર અમૃતનો વર્ષાદ કરીને પછી આકાશમાં ઘનઘોર વાદળનું વાતાવરણ કરીને મુશળધાર વર્ષાદ કર્યો. તેનાથી તત્કાળ જ મોટું તળાવ ભરાઈ ગયું. તેમાં ભક્તજનો સ્નાન કરવા રસોઈ બનાવવા લાગ્યા. સુંદર રીતે વૃષ્ટિ થતી હતી તે

દેખાતી હતી. આકાશેથી વર્ષાદમાં કરા પડ્યા. તે લોકોએ જોયા અને હરિભક્તો કરા પ્રભુ પાસે લાવીને બતાવ્યા. સુખ કરનારા મહાપ્રભુ સુખના નિકેતન બરફ જમતા હતા. જ્યારે સવાર પડ્યું ત્યારે પોતાના ભક્તનું ઘર જાણીને મહાપ્રભુ જમવા પધાર્યા. જગતના પ્રાણપ્રભુ પછી અપાર પાકો બનાવેલા તેનો અન્નકોટ પુરવતા હતા. તેના સુંદર પાકોને શાકો બનાવેલાં હતાં તે ધરાવ્યાં. તેને ચારેબાજુથી ભક્તો જોતાં હતાં ને અનેક સ્વરૂપે અનેક શાક પાકમાંથી જગતવંદ્ય પ્રભુ જમતા હતા. પ્રભુ ભક્તજનોના હિત કરવા ભક્તજનોનાં કામો કરવા ગરીબ નિવાજ મહાપ્રભુ રાજાધિરાજે **ફૂલભાઈનાં** પાપોને બાળવા અંતરથી બહુ જ મોજ આપતા હતા. અનંત પ્રભુએ શ્રીહરિએ અન્નકુટનો ઉત્સવ સુંદર કર્યો. સુખના ધામ સર્વનામના નામ મહાપ્રભુની સાથે બધાય સંતોએ કર્યો અને મહાપ્રભુ પ્રેમીભક્તોનો ભાવપ્રેમ જોયો તે સૌભિર દેશનાં ભક્તજનો બહુ જ હોંશિયાર ને સમજનારાં છે. વિનય કરીને હાથ જોડીને કહેતાં હતા હે પ્રભુ ! આપ અમારે ગામે ચરણો સ્થાપવા પધારો છો. હે પ્રભુ ! અમને આપના દાસ જાણીને હે ઘનશ્યામ પ્રભુ સુખ આપી પાવન કરો. આવી રીતે ભક્તજનોનો ભાવ જોઈને પોતાના આશ્રિતજનોના જન્માંતરના પાપોનો નાશ કરવો છે એમ કરીને ધર્મનંદન પ્રભુ ભક્તજનોના ભવફંદને હરવા માટે ભક્તજનોએ બહુ જ વિનયથી આગ્રહ કરેલ છે તે જોઈને મહાપ્રભુ ભગવાન મુખેથી વચનો કહેતા હતા.

ઉદારમૂર્તિ દેવ એવા લક્ષ્મીનારાયણદેવનો સભામંડપ અમારે કરાવવાનો છે. તેથી અમારી કહેલી વાણીને તમે સાંભળો. તમે બધા પ્રેમીભક્તો છો. ભાવવાળા છો. તેથી જેમના જેમના ઉરમાં બળ હોય ને શ્રદ્ધા હોય તે બધા કહો. તમારે બધાને ગાડામાં સારા પથરા ભરીને લાવવાના છે. તો ભક્તજનો તમે લિખિત કરો. કરાર કરવાનો છે. લક્ષ્મીનારાયણદેવનું મંદિરનું કામ કરવાનું છે. ભગવાનનાં વચનો સાંભળીને ભક્તજનો સુંદર રીતે ગાડાંની સેવા લખાવતા હતા. જેમને જેટલી શ્રદ્ધા હતી તેમણે તેટલી વાતો કહી સંભળાવી. તેથી હે પ્રભુ ગાડાં તો બહુ જ થયાં છે ત્યારે સાંભળીને ફરીથી મહાપ્રભુ કહેતા હતા. તમારે બધાને ગાડાં ભરીભરીને તમારી સાથે પ્રમાણિત ભક્તને મોકલીશું. તેમાં ધાંગધ્રાથી શાંતિથી પત્થરનાં ગાડાં ભરીભરીને વજન યોગ્ય રીતે ભરવાનો બધાં ગાડાં વરતાલધામે પહોંચાડવાનાં આ રીતની મારી આજ્ઞાને જાણજો. આ રીતે તૈયાર છો, તો અમે તમારે ગામે ભક્તજનો આવીશું. સૌ સંતોને પણ સુખરૂપ સાથે લાવીશું. પ્રભુની વાતોને ભક્તજનોએ સાંભળીને મનમાં હરખાતા થકા ભક્તજનોએ જેમ કહ્યું તેમ જ કર્યું. પ્રેમીભક્તો પ્રેમથી બધા ભક્તો પથ્થરનાં ગાડાં ભરીભરીને વરતાલ પહોંચાડાવ્યાં ને બધા ભક્તો ઉપર ભયને હરનાર મહારાજ રાજી થયા. ધર્મનંદન પ્રભુનું વચનને સૌ પાળતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **શીયાંણી** ગામે પોતે જ સૌ સંતોની સાથે પધાર્યા. સુખના ઘરરૂપ ભક્તજનોના દુઃખને હરવા ને સુખ દેવા માટે પધાર્યા ત્યારે ભક્તજનો સામા લેવા ગયા. તે પ્રભુનાં ગુણનાં કીર્તનો ગાતા થકા ભક્તજનો ભાવની સાથે ભગવાન માટે ભેટ લઈને અનેક પ્રકારનાં વાજાં વગાડતાં થકા જતા હતા. તે બધા ભક્તજનોના નામ હે રાજન પ્રમાણસર કહું છું. **મેઘાભાઈ** નામના **પટેલ મોરારજી** નામના વિપ્રભક્ત **વિઠ્ઠલભાઈ પંડ્યાને ભીમાભાઈ શેઠ** બીજા **મેઘજીશા** નામના તથા **કલ્યાણજી પાઠક** નામના તથા **હમીજી પથોજી** નામના ખત્રી વિગેરે ભક્તો સૌ ભાવથી ભરપૂર મનવાળા ભાવ ભરીને ભગવાનને પ્રિતીપૂર્વક પધરાવતા હતા. તેને જાણનારાં સૌ જાણતાં હતાં. સુખ પામતાં હતાં. બલભ્રાતા માટે જાતજાતનાં વાજાં વાગતાં હતાં. તેની સાથે ગાતાં થકાં પ્રભુને ગામમાં લાવ્યાં. હાથ જોડીને પ્રભુનાં દર્શન

કરતાં હતાં. સૌ નરનારિજનો રાજી થતાં હતાં. પ્રિતથી પલંગ પથારીને મહાપ્રભુને પધરાવ્યા ને દર્શન કરતાં હતાં. મહારાજને **મેઘાભગતના** આંગણામાં પધરાવીને ભક્ત પોતાના જન્મને સફળ થયો માનતા હતા.

હે રાજન ! જુનાગઢમાં મંદિર કરવા સંતોને મહારાજે મોકલ્યા. પછી ઘનશ્યામ પ્રભુ સહજે સહજે કર્મડ ગામે અન્નકુટનો મોટો ઉચ્છવ કરવા પધાર્યા. શિયાંણિ ગામના ભક્તજનોને મહારાજે આજ્ઞા કરી કે ને પથ્થર વડતાલ પહોંચાડવાનું કર્યું. શિયાણિ પધાર્યા. આમ સુંદર દસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહરાજાના સંવાદમાં શ્રીહરિ કર્મડગામે અન્નકુટ ઉત્સવ કરવા પધાર્યા તેનું વર્ણન કર્યું એ નામે દસમો તરંગ પૂર્ણ થયું. ॥૧૦॥**

# તરંગ-૧૧

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ શ્યામ સુંદરવર મનોહર મૂર્તિએ કેવી રીતે વાતો કરી. મહારાજ સિયાંણિપુરમાં ભક્તના ઘેર રહીને ભયને હરનારા પ્રભુએ શું કર્યું. પછી ધર્મને ધારનારા મહાપ્રભુ પૃથ્વી ઉપર વિચરતા થકા ક્યાં પધાર્યા. ધર્મના દ્ઢવ્રતને ધારનારા ધર્મકુમાર પ્રભુ ભક્તજનોના માનને તોડનારા મારને (કામને)હરનારા ક્યાં પધાર્યા તે કહો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે તો રાજાઓના ધનરૂપ છો. કેમકે તમે તો પાપને હરી લેનાર મહારાજનાં ચરિત્રોનું પૂછો છો જેમના નામના મંત્રનો જાપ મુનિજનો જાપે છે. તેનાથી સૌના મનના અને તનના તાપ સંતાપને હરિ લે છે એવા. જગતના અંધકારનો નાશ કરનારા ભગવાન ભક્તોના પાપોને હરનારા ભક્તોનું પાલન પોષણ કરનારા ભૂમિ ઉપર વિચરનારા પ્રભુના તમને બધાં જ ચરિત્રો કહું છું તે સાંભળો. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ શિયાણિ ગામે સંતોની સાથે પધાર્યા ત્યારે સૌ ભક્તજનો મળીને સેવા કરતા હતા. મહાપ્રભુને પોતાના પુરમાં લાવવા માટે શ્યામપ્રભુની સામા ગયા. અનેક પ્રકારના વાજાં વગાડીને ભગવાનને આનંદથી ભક્તજનના ઘેર પધરાવ્યા. પછી શ્રી ઘનશ્યસામ હરિ ચોકમાં ગાડું હતું તેની ઉપર પાટ પાથરીને સારી રીતે ગાદિતકિયા શણગારીને મહાપ્રભુને વિરાજમાન કરાવીને આનંદથી સેવા સુશ્રુષા કરતા હતા. આનંદ અને સુખને પ્રાપ્ત કરતા હતા.

મહારાજ પધાર્યા ત્યારે સર્વજનના ઈશ મહાપ્રભુનાં દર્શન કરવા આવ્યાં ત્યારે સુંદર રીતે વિરાજમાન સુંદર વેશયુક્ત શોભતા, મહાપ્રભુની શોભાને સુંદર રીતે નિરખીને મુખની મનોહરતા જોઈને સુંદરવર સુખધાંમ મહાપ્રભુ સુંદર શોભતા હતા. મેઘસમાન વર્ણવાળા શ્યામસ્વરૂપ ઘનશ્યામ નામના કમલનયન પ્રભુ ભક્તજનોનાં કામો કરનારા નારાયણમુનિ સર્વના નાથ પ્રભુ સુખદાયક ઘરમાં પધારીને કામના દોષને હરીને સનાથ કરતા હતા. કમળનયન કોમળ કમળની માળાને ધારણ કરેલા બાલસ્વરૂપનું સતત ગુણને ગાતા હતા એવા પ્રભુના બંને ચરણકમળનું ધ્યાન કરીને સુખ દેતા કમળની માળાને ધારનારા ધર્મકિશોર મૂર્તિ શોભતા હતા. જેમના ગુણને બ્રહ્માદિ દેવો ગાયા જ કરે છે. ભક્તજનોના કામો કરવા સુંદર સ્વરૂપને ધારીને રાજીવનંદન નંદન સુનંદ પ્રભુનું રાજી થઈને ભજન કરે છે. મનોહરમૂર્તિ કમલનયન પ્રભુને નિરખીને મુનિજનોનાં મન બહુ જ રાજી

થયાં. ઉરમાં બહુ જ ઉત્સાહ થયો. ઉદારમૂર્તિ કમળના નિવાસ સ્વરૂપ મનોહર પ્રભુનાં મુખકમળનાં નેત્રોથી નિરખીને દર્શન કર્યાં. હે રાજન ! આવી રીતની મનોહર છબિનાં સૌ નરનારીજનોએ દર્શન કર્યાં. તેનાથી મનમાં અતિ આનંદ ઉત્સાહ બહુ જ થયો. વિશાલ મૂર્તિના ઘણીવાર સુધી દર્શન કરીને સુખ પામ્યાં. એટલા સમયમાં મહાપ્રભુ માટે સુંદર રસદાર થાળ તૈયાર થયો ત્યારે લોકોનાં પાપોને બાળવા માટે **મેઘા ભક્તના** ઘેર મહાપ્રભુ જમવા પધાર્યા. મહાપ્રભુ થાળ જમીને પછી સંતોની પંક્તિ કરીને સંતોને પિરસીને જમાડતા હતા અને વારંવાર પંગતમાં ફરીને પીરસતા હતા. ભયને હરનારા જગતના સ્વામી સંતોને જમાડીને તૃપ્ત કર્યા. સૌ ભક્તજનોનાં મન પણ બહુ જ રાજી થયાં. શ્રીહરિ કૃપાળુ ભક્તજનના ઘેર નિવાસ કરીને જગતના આધાર રાત્રી રહ્યા. સવારમાં વહેલા ત્યાંથી પ્રયાંણ કર્યું. ત્યાંથી **તાવિનામના ગામે** પ્રભુ પધાર્યા.

ત્રણે ભુવનોના સ્વામી મહાપ્રભુ **તાવિપુરે** પધારી ભક્તજનોના અજ્ઞાનરૂપી તમનો નાશ કરવા હરિને લેવા તરત જ પહોંચી ગયા ત્યારે સૌ ભક્તજનો મહાપ્રભુને સામા આવ્યા. સુંદર ભક્ત તન્મય થઈને આવ્યા. હે રાજન ! તે ભક્તજનો સાથે વાજિંત્રો લાવ્યાં. ત્રાંસાંનો તાલ ત્રંબાળું તથા ડફ ભેરિ ભુંગળ આદિક વાજાં રાજઠાઠથી વગાડતા ઘનશ્યામ પ્રભુની સામા આવ્યાં હતાં. અનેક નરનારિજનો બહુ જ પ્રીત કરીને મહા ગુણવંત પ્રભુના ગુણને ગાતાં થકાં આવ્યાં હતાં. સૌના મનમાં આનંદનો કોઈપાર જ ન હતો ગામમાં લાવીને સુંદર પલંગ બિછાવીને તેની ઉપર બલભ્રાતા બળયુક્ત બેઠા. તે મહાપ્રભુની કોઈ ઉપમા કહી જ ન શકાય એવા મહાન દેવના દેવ શ્રીહરિ બિરાજ્યા. ત્યારે પુરનાં રહેનારાં ભક્તજનો બહુ જ પ્રેમવાળાં બધાં જ ઘનશ્યામ મહાપ્રભુની પાસે જ આવીને બેઠાં. ઘનશ્યામ પ્રભુ સુંદર રીતે જ્ઞાનઉપદેશની વાતો કરતા હતા. તેને સાંભળવા સાવધાન થઈને બેઠાં થકા જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. ખુશ થતાં હતાં. તે ભક્તોમાં **જેઠીજી રાજા** તથા **અખમાલ** અને **અજુભાઈ અદોભાઈ રઘોભાઈ** આદિ ભક્તો મહાપ્રભુને હાથ જોડીને પાસે બેસીને નિષ્પાપ થઈને સાંભળતાં હતાં.

શ્રીહરિ મહાપ્રભુનાં ચરણકમળમાં બહુ જ પ્રેમપૂર્વક વંદન કરીને શુભ મતિના સંસારી ભક્તો દર્શન કરીને પ્રભુનાં ચરણકમળનું ચિંતવન કરીને મનમોહન પ્રભુની મનોહર છબિનું કોઈ રીતે વર્ણન કરીને પાર ન જ પામે. એવા મનોહર હરિને નખશિખા પર્યંત પૂર્ણ નિરખીને સન્મુખ બેઠાં ત્યારે મહાપ્રભુ અમૃતવચનોથી કહેતા હતા. નિર્મળ મન જિવાત્મા સુંદર મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને સ્વરૂપને નિરખી નિશ્ચય કરીને મારી ભક્તિ કરે છે. નિત્ય પ્રત્યે નવીનવી ભક્તિ જ કર્યા કરે. આ મનુષ્ય સ્વરૂપે વિરાજમાન છે તે તે નરસ્વરૂપ બધાં કરતાં સર્વોપરિ છે. આને તો સદાય વેદો પુરાણો સ્મૃતિઓ ગાયા જ કરે છે. તોય જડમતિ જીવો છે તે આ સ્વરૂપને નથી ઓળખતાં. ભજન જ નથી કરતાં તે જડમતિ પોતાના જન્મને વગોવી નાંખે છે. એટલા માટે મારા આશ્રિતોએ મારે વિષે મતવાલા થઈને વિષયોનો ત્યાગ કરીને અમારા નામનું રટણ ભજન કરે તો તેનાં બધાં જ જન્મમરણની પીડા નાશ પામે છે. સરલ સ્વભાવથી જ બધું છુટી જાય છે ને મુક્ત બને છે. બધો જ ભ્રમ નાશ પામે છે. મારા દૃઢ આશ્રિત સત્સંગીઓ મારા ધામને પામે છે સંસારનાં બધાય સુખોનો ત્યાગ કરીને મન કર્મ વચને સતત અમારું ભજન કર્યાં કરે તે સુખ પામે છે. હું તો સર્વોપરિ સર્વનો નાથ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છું. મારાં સિવાય બીજો કોઈ મોટો જ ન જાણે. મારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને મારું નામ સ્મરણ કર્યા કરે છે તે સુખ પામે છે. હું જ પોતે સર્વોપરિ પરબ્રહ્મ પુરુષોત્તમ છું. અમારાથી મોટો ઉપરી

કોઈ નથી. એમ સૌએ જાણવાનું છે. જે કોઈ અમારાથી બીજાને મોટો સમજતો હોય તે તો નિશ્ચયવાળા નથી રહેતા. તેનું કલ્યાણ નથી થતું. માટે તમે સૌ નરનારિજનો મને જ સર્વનો આત્મા સર્વનું કારણ નિશ્ચય જાણજો. સર્વના કર્યા કર્મનું ફળનો આપનારો હું જ છું. સર્વ લોકજનનું પાલનપોષણ કરનારો હું જ છું એમ જરૂર જાણજો.

બલભ્રાતા શ્રીહરિ મહાપ્રભુ આવી રીતે નિશ્ચયની વાતો કરતા હતા ને સંતો સુંદર રીતે ભગવાનના ગુણ ગાતા હતા. આવા મહાપ્રભુ સૌના ભયને ભાંગનારા ભગવાન પોતે સભાની વચમાં બેસીને ઉપદેશ કરતા હતા. ત્યારે ત્યાં સુંદર રસદાર રસોઈનો થાળ તૈયાર થયો ત્યારે મહાપ્રભુ સૌ સંતોની સાથે ભક્તજનોનો ઉદ્ધાર કરવા સુંદર રીતે જમવા પધારતા હતા. ભક્તોનું હિત કરતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુએ સુંદર રીતે જળથી સ્નાન કરીને સુંદર વસ્ત્રો ધારણ કર્યાં પછી સુંદર આસન ઉપર વિરાજમાન થયા. એવા મહાપ્રભુ સર્વના કામના દોષને હરનારા હરિના ગુણને ભક્તજનો ગાતા હતા. સર્વ જગતના સ્વામી સુંદર પાકોની સાથે શાક લાડુ વિગેરે પ્રેમથી જમતા હતા ને સૌના મનને આનંદ કરતા હતા

શ્રીહરિ મહાપ્રભુ જમીને પછી સંતોને જમાડ્યા પછી ભક્તજનોના ભયને હરનારા જગતના ભાન મહાપ્રભુ ભક્તપતિ સર્વનાં ચિત્તને ચોરનારા ત્યાંથી તરત જ ચાલતા થયા. મારગમાં જતાં ભક્તજનો ગુણને ગાતાં હતાં. મારગના ગામોના જનો મહાભાગ્યવાળાં દર્શન કરતાં હતાં. જગના નાથને ખૂબજ પ્રેમથી નિરખતાં હતાં. જે જન જગના ત્રાતાને નથી તજતાં તેમને પ્રભુ મળતા જ નથી. દર્શન થતાં જ નથી એ પ્રમાણ જ છે. પ્રગટ પ્રમાણ મહાપ્રભુ પોતે જ મારગમાં ચાલતા જતા હતા. એમનાં દર્શન કરીને મનમાં ખૂબ જ રાજી થતાં હતાં. આવી રીતે સુખના નિવાસ પ્રભુ સૌને સુખ દેતા હતા. ઘનશ્યામ પ્રભુ કમળનયન સૌના ત્રાસને હરતા હતા. મનને આનંદ દેનારા મહારાજ **મછિયાવ** પધાર્યા. પ્રભુ ભક્તજનો ઉપર બહુ જ પ્રેમ વધારીને સુખ દેતા હતા ત્યારે સમાચાર જાણીને પુરના રાજા પ્રેમથી સામા આવ્યા. સવારી તૈયાર કરીને પ્રભુની માટે લાવ્યા. સાથે વાજિંત્રો પડઘમ ભેરિ ભુગળો બહુ જ લાવ્યા હતા. સુંદર રીતે દુંદુભિને વગાડતાં થકાં હાથમાં ભેટસામગ્રી લઈને પ્રભુના દર્શન કરીને પગે લાગ્યાં. હે રાજન ! મહાપ્રભુ રાજાને તથા સૌ જનોને કુશળ સમાચાર પૂછતા હતા. સુખના સાગર ઘનશ્યામ પ્રભુ સુંદરવર દિવ્યરૂપ ભયને હરનારા શ્રીહરિ રાજાને બાથમાં લઈને ભેટતા હતા. મહારાજ **બાપુભાઈ** રાજાના દરબારમાં ઉતારો કરતા હતા. ગામનાં જનો પ્રભુ આવ્યાના સમાચાર જાણીને જગદીશ પ્રભુની પાસે દર્શન કરવા આવતાં હતાં. નિરખીને દર્શન કરીને ભક્તજનો પોતાના દિલને શુદ્ધ સાત્ત્વિક કરતાં હતાં. રાજાના પુત્ર અને પુત્રી બંનેએ પ્રભુને નિરખ્યા. રાજા વારંવાર નિરખીને બહુ જ રાજી થયા. મહાપ્રભુનો મહિમા જાણીને બહુ જ ચરણકમળમાં નેત્રો પરોવીને અંતરમાં ઉતારતા હતા. મહાપ્રભુને થાળ કરીને હાથ જોડીને જમાડતા હતા. સંતોની સાથે મહાપ્રભુ થાળ જમીને સનાથ કરતા હતા. પછી સૌ સંતો સુંદર રીતે ગાંનતાંન કરતા હતા. મહાપ્રભુ સુંદર રીતે રાતનો વાસ કરતા હતા.

શ્રીહરિ મહાપ્રભુએ ચરિત્રો કરીને ભક્તજનોને બહુ જ સુખ દીધાં. ભક્તોના દોષોને તોડ્યા. નિત્ય પ્રત્યે જેમના ગુણ ગાયા જ કરે છે એવા શ્રી સહજાનંદ પ્રીતમ જીવન પ્રાણ મહાપ્રભુ પ્રેમથી રહીને પુરને પાવન કરીને સવારમાં વહેલાં ત્યાંથી પ્રયાણ કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ **પ્રત્યે** પધારતા હતા. પાખંડિ પાપીઓના છળકપટનો ખ્યાલ કરીને એનો નાશ કરતા થકાં રાજમાર્ગમાં રસિક પ્રભુ સુંદર રીતે ચાલતા હતા. ભક્તજનો પ્રભુના ગુણોને

આનંદથી ગાતાં જતાં હતાં. આવી રીતે મહાપ્રભુ ભૂમિ ઉપરના પાપ અને દોષોને દૂર કરતા હતાં.

સુખદાયક મહાપ્રભુ સીયાણી ગામે પધાર્યા ત્યારે ભક્તજનો બહુ જ રાજી થઈને સામાં આવ્યાં. સુખદાયક મહાપ્રભુએ સુખ દીધાં. એવા પ્રિતમ પ્રાણ મહાપ્રભુ પરમ કલ્યાણ કરનારા સુખ કરે છે. સીયાણી સુખ દઈને મહાપ્રભુ તાવિપુરી થઈને મછિયાવપુરમાં સુખના સાગર પધાર્યા. આવી રીતે અગિયારમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપમાં તરંગ પૂર્ણ થયું છે.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ સિયાંણી થઈને મછિયાવ પધારીને લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે આ અગિયારમું તરંગ પૂર્ણ થયું. ॥૧૧॥**

# તરંગ-૧૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુ અમદાવાદમાં પધાર્યા તે કેવી રીતે આવ્યા તે બધાય ચરિત્રો સુંદર રીતે વર્ણન કરીને કહેવા કૃપા કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે પૃથ્વીને પાલનારા આનંદિત મનવાળા આનંદ રાજન ! તમને ધન્ય ધન્ય છે. કેમકે કમલનયન શ્રીહરિના વિસ્તારવાળાં પવિત્ર લીલા ચરિત્રો પૂછો છો. ભક્તિના રંગે આનંદ કરાવનારા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ અમદાવાદમાં સંતોની સાથે વિચરણ કરીને જે ચરિત્રો કર્યાં છે તે ચરિત્રો બધાંય વિસ્તાર કરીને તમને કહું છું તે ધ્યાનથી સાંભળો. શ્રીહરિ મહાપ્રભુ મછિયાવ ગામેથી ચાલીને સૌના મનને આનંદ કરનારા પ્રભુ મનમાં બહુ જ ઉત્સાહ કરીને સંતોની સાથે અમદાવાદ પધાર્યા. હે રાજન ! ત્યારે પુરનાં નિવાસીજનો પ્રભુના આવવાના સમાચાર સામાં આવતાં હતાં. જાણીને શરીરનું ભાન ભૂલ્યાં. અવળાં સવળા વસ્ત્રો આભૂષણો પહેરીને દોડ્યાં. કેટલાંક કપડાં પહેરતાં હતાં તે વાત સાંભળીને દોડવા લાગ્યા કેટલાક માથાંના વાળ ગુંથતાં હતાં તો એમને એમ ગયાં. બધું કામ અધવચ્ચેથી જ અધુરું મૂકીને ભાગતાં જ ગયાં. કેટલીક બાઈઓ પોતાનાં બાળકોને સ્તનપાન કરાવતાં હતાં તે બાળકોનો ત્યાગ કરીને દોડ્યાં. કેટલાંક રસોડામાં રસોઈ કરતાં હતાં તે અધૂરું મૂકીને દોડ્યાં. કેટલાંક પીરસતાં હતાં તે એકદમ દોડ્યાં. બધાંય કામનો ત્યાગ કરીને દોડતાં જ ગયાં ને સુખના ધામ મહાપ્રભુનાં દર્શન કરીને પોતાના જન્મનું સુફળપણું કરવા કલ્યાણ કરવા માટે ગયાં. અતિ શ્રદ્ધા સાથે વેગપૂર્વક ગયાં અતિ પુણ્યવાળા પ્રેમીજનો હાથમાં સુંદર ભેટ સામગ્રીને લઈને આવતા હતા. ઉત્સવિયાઓ પ્રભુના ગુણનું ગાન કરતા થકા અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડીને પુરની બહાર પ્રભુ સામે આવતાં હતાં. સિંધુર ગામી રાગમાં સુંદર ગાતાં ગાતાં આવતાં હતાં. સુંદર નારીઓને પુરુષો પ્રેમભાવથી પ્રભુને પુરની બહાર જોઈને દર્શન કરતાં હતાં. પ્રણામ કરતાં હતાં. દંડવત્ પ્રણામ કરીને હાથ જોડીને અતિ મહિમા સાથે બહુ જ પ્રેમથી સૌ મહાપ્રભુને નિરખીને પ્રભુમાં પ્રીત કરીને દર્શન કરતાં હતાં. તે સૌ જનોને મહાપ્રભુ સ્વાગત સમાચાર પૂછતા હતા. સાથે લાવેલા ભેટ અર્પણ કરતા હતા. ભગવાન ભક્તજનોને સુંદર રીતે ભેટતા હતા. એમના જગતના ભયને હરતા હતા. પછી પ્રભુ તે સર્વની સાથે અશ્વારીમાં સુંદર રીતે ચાલતા હતા. હરિ હરખીને ચપલનયન પ્રભુ ચપળતાથી ચાલતા હતા.

પુરની પ્રસિદ્ધ શોભાને જોઈને કિલ્લોઓ અટારિકાઓ દરવાજાઓ જોઈને અનેક શોભાવાળું તથા પડખે

ઉંડી મોટી ખાઈ શોભતી હતી તે પાણી સાથે જીણી નજરે નિરખીને જોતા હતા. તેના કાંઠા ઉપર મોટાં ફળવાળાં વૃક્ષો શોભતાં હતાં. તેની ડાળીઓ ખૂબ ઝુલ કરીને લટકતી હતી. તેને જોઈને શ્રીહરિ મનમાં રાજી થયા. તેની ઉપર મોર પોપટ કોયલ આદિક પક્ષીઓ ચાતક ચકોર તો ટહુકાર કરતાં હતાં. આનંદના ધામ મહાપ્રભુ પુરની ચારેબાજુ નજર કરીને બહુ જ રાજી થયા. સૌ જનોને સુખના શ્યામ પ્રભુ સુખ દેતા જતા હતા. આવી રીતના પુરાતની નામના પુરને જોતા થકા પુરમાં પધારતા હતા. શ્રીહરિનાથને પુરનાં નરનારિજનો નિરખીને પ્રેમ કરીને પ્રભુને પુષ્પોથી વધાવતાં હતાં. શ્રીહરિ હરિભક્તોને હેત કરીને વારંવાર જોતા હતા. દર્શનસુખ દેતા હતા. ઉંચા ઉંચા દરવાજાઓ સુંદર રીતે શોભતા હતા. ત્યાં રમણીય શોભા હતી. ભક્તોના હાથમાં પુષ્પોની માળાઓ લઈને પ્રભુને પહેરાવતા હતા. લલના આ પ્રભુના સ્વરૂપનું બહુ જ સુખ લેતી હતી. ઉત્સવિયાઓ ઉત્સાહથી ઉત્સવ કરતા હતા તેનાથી ધરણિ બહુ જ ધમકતી હતી. જગજીવન પ્રભુને જોઈને જીજ્ઞાસુ જીવો પોતાના મત્પંથનો ત્યાગ કરીને મહાપ્રભુના આશ્રિત થયા. મહાપ્રભુ શ્રી ઘનશ્યામ હરિ સૌને પોતાનામાં ખેંચતા હતા. માર્ગમાં બહુ જ રાજી થઈને સુંદર રીતે જતા હતા.

આવી રીતે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પુરને પાવન કરીને પોતે પોતાના સુંદર મંદિરમાં પધાર્યા. આવી રીતે શહેરને પોતાના ચરણોથી ચરણાંકિત કરીને ભક્તજનોના મનને બહુ જ માન સાથે આનંદિત કરતા હતા. મનમોહન માવ મનોહરમૂર્તિ બહુ જ રાજી થઈને મુનિજનોની સાથે જ ઉતારો કરીને નિવાસ કરતા હતા. શ્રીહરિએ શ્રી નરનારાયણદેવનાં દર્શન કર્યાં. સૌ સંતસમાજે આદિઅનાદિના શિરતાજનાં સૌએ દર્શન કર્યાં. સર્વજનોના સુખ દેનારા શ્રીહરિ સુંદર આચરણો કરતા હતા. તે સૌ સંતજનોને સહાય કરનારા સર્વ જગતના સર્જનારા પોતાના આચરણથી સંતો ભક્તોને જ્ઞાન કરતા હતા. શ્રીહરિ પોતાના નિવાસ સ્થાનમાં સુખપૂર્વક નિવાસ કરીને સુંદર ચરિત્રો કરીને સુખ દેતા હતા. શ્રીહરિ કરુણાના સાગર પ્રભુ અમદાવાદમાં મંદિરમાં રહીને ભક્તજનોને બહુ જ રાજી કરવા સુંદર દિવે ઉપર વિરાજમાન થઈને મધુર અમૃતવાણીથી ઉપદેશ કરતા હતા. ત્યારે શ્રીહરિની સન્મુખ સૌ સંતો બેઠા અને પાછળ હજારો હરિભક્તો સામે બેઠા હતા. તેમને બલભ્રાતા મહારાજ સુંદર જ્ઞાન તથા વૈરાગ્ય નિયમ નિશ્ચયની વાતો કરતા હતા. તેને સંતો અને નરનારિજનો ધ્યાનથી સુંદર રીતે સાંભળતા હતા.

હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ બહુવાર સુધી વિરાજમાન રહ્યા ત્યારે વિશાળ સમુદાય સામા બેસીને કમળનયન મહાપ્રભુની અમૃતવાર્તાને સુંદર રીતે સાંભળતાં હતાં તોય તૃપ્ત થતાં જ ન હતાં. એટલામાં ભગવાનનો થાળ તૈયાર થયો ત્યારે થાળ જમવા માટે મહાપ્રભુ પધારતા હતા. સર્વજનના આનંદ દાતા સૌને જમાડતા હતા. અનેક ભક્તજનોને ઘેર પધારીને સુખો દેતા હતા. પ્રેમીભક્તો પ્રભુને નિરખીને દર્શન કરતાં હતાં. આવી રીતે સુખના ઘરરૂપ શ્રીહરિ **શ્રીપુર અમદાવાદમાં** કમલનયન પ્રભુ સુખ દેતા હતા.

હે રાજન ! આવી રીતે અનંતમૂર્તિ મહાપ્રભુ બહુ જ લીલા કરતા હતા ને ભક્તોના ભવનિ ભ્રાંતિને હરતા હતા. એવા મહાપ્રભુનાં દર્શન કરવા દેશદેશનાં હરિભક્તો મહાપ્રભુનાં ગુણોને ગાતાં ગાતાં દેવદીવાળીનો સામૈયો જાણીને સૌ આવતાં હતાં. આવીને પ્રભુને ભેટ ધરતાં હતાં. ધીરે રહીને પગે લાગીને ભવની પીડાને હરવા માટે પ્રભુની પૂજા કરતાં હતાં. સુંદર ચંદન ને પુષ્પના હારો તોરાઓ બાજુબંધો અર્પણ કરતા તથા હારો હરિના ઉરમાં ધારણ કરાવતાં હતાં. ઉપકારી પ્રભુ હારોને છડિ ઉપર લેતા હતા ને ભક્તોને રાજી કરતા હતા.

આવી રીતે ઘનશ્યામ મહાપ્રભુ જેમ બાગમાં ફૂલો ખીલેલાં શોભે તેમ શોભતા હતા. મહાપ્રભુ ફૂલોમાં ગરકાવ થઈ ગયા. તેથી સૌજનો પ્રભુનો જય થાઓ જય થાઓનો નારો કરતાં હતાં. પછી મહાપ્રભુ સૌ સંતોને હજારીનાં હારો આપતા હતા. સૌ જનની ભાવનાને પૂરી કરતા હતા. દિનદયાળુ મહાપ્રભુ સૌને એક એક હાર સુંદરવર આપતા હતા. આમ પ્રણત પ્રતિપાળ સુખ કરતા હતા. હે રાજન ! આવી રીતે મહાપ્રભુ પાસે મહામોટી સભા ભરાઈને બેઠી હતી. સંતો વર્ણિઓ હરિભક્તો સૌ હરિની પાસે જ બહુ જનસમુદાય બેઠાં હતાં તે જાણીને બહુનામિ પ્રભુ મુખેથી અમૃતવાણીથી કહેતા હતા.

શ્રીહરિ કહે છે, મારા આશ્રિત સૌ નરનારિજનો સંતો તમે સૌ સાંભળો. તમે નરનારિજનો સૌ દઢ નિશ્ચય કરીને દઢ નિર્ધાર કરીને મારા સ્વરૂપને મનમાં નિર્ણય કરીને નિશ્ચય દઢ રાખવો. જ્યારે જીવ દઢ નિશ્ચય કરીને મારો આશ્રય કરે છે અને ભક્તિ કરે છે. તે સાચો ભક્તજન જ સર્વોપરિ એવા મારા ધામને પામે છે તે જાણતાં અજાણતાય મારા ધામને જ પામે છે. ચારે દિશામાં વિચરણ કરીને દર્શન દઉં છું. તે ભક્તોના હિત માટે જ સુખ માટે જ કરું છું. આ પહેલાં અનેક અવતારો થયા છે તે બધાય પૃથ્વી ઉપરના અવતારોનો હું અવતારી સર્વોપરિ જ છું. હું જ સર્વનો પ્રેરણા કરનારો સામર્થ્ય દેનારો છું. સર્વ કારણના કારણ તે હું જ છું. સર્વ સંસારનો કરનારો હું જ છું. અનંતકોટિ બ્રહ્માંડોમાં હું જ એક જ છું મારાથી ઉપરી કોઈ છે જ નહિ એમ જાણજો. અનંત કળા સ્વરૂપોને હું જ ધરનારો જ છું. હું મારા ઐશ્વર્યને ગુપ્ત રાખીને બધાં જ લીલાચરિત્રોને કરું છું. આ સત્સંગમાં વિચરણ કરું છું તે સર્વનું કલ્યાણ કરવા જ કરું છું. આવી રીતે જેમને મારો નિશ્ચય છે એને દઢ કરીને રાખજો. મારા સ્વરૂપમા મનને સતત જોડી રાખે તે જ જન સાચો જીવનમુક્ત કહેવાય એ પ્રમાણે તમારે નિશ્ચયથી સમજવું આ રીતે વર્તનારની આગળ જમદુતો આવી ન શકે. કાળકર્મ પણ એની ઉપર પોતાનું કાર્ય ન કરી શકે. તેને કોઈ રીતે બંધનમાં ન કરે તે ભક્ત તો સતત મારી પાસે જોડાયેલો મિત્ર વત રહે છે. એવા એકાંતિક તે ભક્તજનો તે મને અતિશય પ્રિય જ છે. એમ મને તમે માનજો અને મારા સિવાય બીજાની ઉપાસના કરનારો જીવાત્મા અજ્ઞાની જડમતિ સમજવો. એટલા માટે જ સૌ નરનારિજનોએ પરોક્ષની બધી જ ઉપાસનાનો ત્યાગ કરીને મારા સ્વરૂપમાં મન જોડીને મારું અખંડ ભજન કર્યા કરવું. અમે નાના નાના અપરાધો સામે જોતા જ નથી. અમે કોમળ દૃષ્ટિથી સૌને નિરખીએ છીએ. દેહભાવ ને સારો પ્રેમ બતાવીએ છીએ એ પ્રમાણે તમારે બધાને મુક્ત મને રહેવાનું એ જ અમારી સિદ્ધાંત વાર્તા છે.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ (શ્રીપુર) અમદાવાદમાં પધાર્યા ત્યારે સૌ નરનારિજનો સામાં આવ્યાં. શ્રીહરિએ શહેરની શોભા નિરખીને પુરમાં ફરતા થકા નિજમંદિરમાં પધાર્યા. દર્શન કરી થાળ જમ્યા. સૌ સંતજનોને સુંદર રીતે જમાડ્યા. જ્ઞાનવાર્તાઓ કરી તેને શહેરનાં ભક્તજનો એ લાભ લીધો આવી રીતે શ્રી હરિલીલાસિંધુની લહરીનારૂપે બારમુ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિહ રાજાના સંવાદમાં શ્રીહરિએ અમદાવાદનગરમાં પ્રબોધનિનો સામૈયો કર્યો તે લીલાનું વર્ણન કર્યું એ નામે આ બારમું તરંગ પૂર્ણ થયું. ॥૧૨॥**

# તરંગ-૧૩

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મને આગળનાં ચરિત્રો કહો. અવધપ્રસાદજી મહારાજ કહે છે — અમદાવાદમાં શ્રીહરિ ધર્મનંદન મહાપ્રભુએ સભામાં વિરાજીને સુંદર અમૃતમય વચનોનો વર્ષાદ કરીને સુખ દીધું તેથી સૌ સંતો અને ભક્તજનો બહુ જ રાજી થયા ને શ્રીહરિ નાથને વિષે બહુ જ નજીક રહ્યા. આનંદ દેનારા મેઘસમાન ઘનશ્યામ પ્રભુએ અમૃતમય વચનો કહીને વૃષ્ટિ કરીને સૌને તૃપ્ત કર્યા. સુકા પ્રદેશમાં વર્ષાદ થાય ને સુખશાંતિ થાય તેમ તેમ સત્સંગમાં પણ ખૂબ જ સત્સંગીરૂપી પાણી મળવાથી વૃક્ષ ખીલે તે ડાળો વધે તેમ સત્સંગ વધ્યો. જેમ વનવેલીઓ વર્ષામાં ખીલે. તેમ સૌ સત્સંગીજનો બહુ જ આનંદિત થયા. અને જડબુદ્ધિના નાસ્તિક પાખંડીઓ ચોમાસામાં પાણી મળવાથી જવાસો સુકાય તેમ બળ્યા. જ્ઞાન વર્ષાદ થવાથી નાસી ગયા. હે દિનાનાથ પ્રભુ ! આપ દિલમાં દયા ધારીને ભક્તજનો ઉપર કરુણા કરીને બહુ જ આનંદસુખ આપો છો. નિત્ય પ્રત્યે નવિન નવિન ચરિત્રો કરીને બહુ જ સુખ આપો હરિ લ્યો છો. દુ:ખોને છો જ્યારે સર્વના નાથ જવા માટે તૈયાર થયા ત્યારે ભક્તને અમૃતવર્ષા કરીને સુખ આપવા સુંરદ લીંબડાના વૃક્ષની વેદિ ઉપર શીતળ છાંયામાં વિરાજ્યા હતા. તે લીબવૃક્ષ મંદિરના દરવાજા પાસે સુંદર રીતે શોભતું હતું. તે વૃક્ષની નીચે વેદિ બનાવેલી. તેના ઉપર ગાદિતકિયા પાથરેલાં હતાં. તેની ઉપર શ્રીહરિ મહાપ્રભુ સુંદર રીતે વિરાજમાન થયા હતા. તે બહુ જ શોભતાં હતાં. સુંદર ગાદિતકિયા બિછાવેલા હતા. તેની ઉપર સંતો વિરાજ્યા હતા. હરિભક્તો સૌ યોગ્ય રીતે બેઠા હતા ત્યારે જેમ આકાશમંડળમાં ગ્રહોના વચમાં ચંદ્ર શોભે છે તેમ પ્રાણપતિ સભામાં શોભતા હતા.

તે સભામાં સૌ ગુણીજનો પ્રભુનાં ગુણનાં કીર્તનો ગાતાં હતાં. તેને સાંભળીને બહુ જ સુખ પામતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુ કિર્તનપદ સાંભળીને બેઠક ઉપર ખસતા ખસતા આવતા હતા. આવી રીતે પ્રાણપતિ બહુ જ સુખ કરતા હતા. આવી રીતે સભા સુંદર રીતે શોભતી હતી. તેની કોઈ ઉપમા ન જ અપાવી શકાય તેવી શોભતી હતી. ઉમંગથી ગાતા હતા. તે મુનિમંડળ આનંદવિભોર થઈને ગાતા હતા. જનસમુદાય પ્રેમમગ્ન થઈને સાંભળતાં હતાં. એટલામાં જ આનંદાનંદ સ્વામી શ્રીહરિ મહાપ્રભુની પૂજા કરવા માટે આનંદ પાંમતા થકા આવ્યા. તેઓ કિનખાબનો સુરવાળ તથા કિનખાબની ડગલી સુંદર લઈને આવ્યા હતા. મનને આનંદ આપે તેવી સુંદર પાઘ ધારણ કરાવી તથા ગજરા બાજુબંધ ગુચ્છો ઉમંગ ભરીને લાવ્યા ને ઉત્સાહથી ચંદનની સુંદર રીતે ચર્ચા કરીને પૂજા કરીને બંને હાથ જોડીને સ્તુતિ કરતા હતા.

હે અંતર્યામી પ્રભુ ! આપ સદાય જયજયકારને પામો. આપના જીવનમાં ક્યારેય કળીકાળનો દોષ થાય તેવા મહાન મનોહર કમળસમાન સુંદર મુખ કમળવાળા કમળની પાંખડીસમાન નયનોવાળા કમળસમાન કોમળ ચરણકમળ ઉપર નખની પંક્તિ લાલ શોભતી હતી. સર્વ જગતમાં વાસ કરનારા સર્વના પ્રાણપતિ સુખ કરનારા આપ જગમાં જયજયકારને પામો. આપનો આશ્રય કરીને જે ભક્તિ કરે છે તેનાં ભવદુ:ખો નાશ પામે છે. કરુણાના કરનારા મહાપ્રભુ શાંતિ કરનારા સર્વ સંતોના અને ભક્તોના પાપોને હરનારા જયજયકારને પામો. શારદાશેષ મહેશ આદિ હંમેશાં આપના ગુણને ગાયા જ કરે છે. મુનિજનોના મનમાંથી કામના દોષોનો

નાશ કરનારા ધર્મદેવના ઘેર અવતાર ધારીને પૃથ્વી ઉપર ધર્મસ્થાપન કરવા વિચરતા પોતાના ભક્તજનોના પાપોનો નાશ કરનારા. બ્રહ્મા, શિવ આદિ વેદો આગમો નિગમો આપનાં ગુણચરિત્રોને ગાય છે. મુનિજનોના નાથ નિષ્કામ કરનારા શાંત પ્રકૃતિને ધારીને પૃથ્વી ઉપર વિચરનારા એવા હે હરિ ! આપ જીવોનાં અમાપ પાપને હરો છો એવા. આપ અદ્‌ભૂત રીતે અવતાર ધરીને પ્રાણપતિ પૃથ્વી ઉપર આપે પૂર્વમાં અનેક અવતારો ધરેલા છે. તેનાથી જનોનાં જે કાર્યો કરેલાં છે એ સર્વેના મૂળ કારણ તો આપ જ છો. આવી રીતે આનંદાનંદ સ્વામીએ શ્રીહરિ સુખકંદ પ્રભુની સ્તુતિ કરી. તેથી મહારાજ મનમાં બહુ જ રાજી થયા. તે સંતરૂપી કમળવનનાં ચંદ્રસમાન સુખ દેનારા હતા. શ્રીહરિ કહેતા હતા કે હે મુનિ ! મારી પાસે તમે માંગો. તમારા મનમાં જે કાંઈ શુભ રૂચિ હોય તે માંગો. તે તમને દેવને દુર્લભ વર આપીશું. માટે જે કાંઈ મનમાં હોય તે માગો.

ત્યારે આનંદ સ્વામી મનમાં રાજી થઈને બંને હાથ જોડીને કહે, હે પ્રભુ ! જે મેળવવી બહુ જ દુર્લભ છે તે અપ્રાપ્ય આપની એકાંતિક ભક્તિ તે મને આપો. આપના સ્વરૂપની દઢભક્તિ મને આપો. હે પ્રભુ ! મારે યોગ્ય જે કાંઈ કામકાજ હોય તે કહેજો. સામર્થ્ય સ્વરૂપ પ્રભુ આપ જે કાંઈ પણ કહેશો તે હું જરૂર કરીશ. પૃથ્વી ઉપર દઢધર્મને રાખનારા એવા સુંદર ધીરજવાળા મુનિજનોના નાથ ભક્તોની પીડાને હરનારા ભક્તોની ભીડને ભાંગનારા મહાપ્રભુ હેત કરીને વાત કરતા હતા કે બધા જ સંતોને ઓઢાડવા માટે ઓઢાવા માટે તૈયાર ખેસ લાવો. આવી આજ્ઞાને મુનિઓ મનમાં ધારીને મરાલમૂર્તિ મહારાજના કહેવા પ્રમાણે ખેશ મંગાવ્યા. ત્યારે વાણિયા વેપારી તરત જ સારા ખેશ લઈને આવ્યા આવીને પ્રભુની પાસે બધાય રાખ્યા અનેક ખેશ જોઈને રાજી થયા. ભયને હરનારા મહાપ્રભુ સર્વાંતર્યામિ સર્વના સુખદાતા ઘનશ્યામ પ્રભુ રાજી થયા. તે ખેસોમાંથી એક એક ખેશ લઈને કૃપાળુ દિનબંધુ દયાળુ મુનિઓને આપતા હતા. આવી રીતે સૌ સંતોને ઘનશ્યામ પ્રભુએ રાજી થઈને સંતોને ખેશ ઓઢાડ્યા.

આવી રીતની મહાપ્રભુની લીલાનાં દર્શન કરવા દેવોનું વૃંદ બ્રહ્મા શંકર ઇંદ્ર આદિક દેવો સ્વછંદ રીતે આવ્યા હતા. આકાશમાં આવીને પ્રભુના મુખકમળનાં દર્શન કરતા હતા. પ્રભુની લીલાને નિરખીને જોતા હતા. દર્શન કરીને બહુ જ રાજી થતા હતા. શ્રીહરિ મહાપ્રભુ માર્ગ ઉપર પધારતા હતા ત્યારે માર્ગ ઉપર ઉભેલાં લોકો મહાપ્રભુની લીલાને નજરે નિર્ખીને જોતાં હતાં. પુરુષોત્તમ પ્રભુનો જયજયનાદ કરતાં હતાં. દેવો નિર્ખીને જયજયકાર કહેતાં હતાં ને પુષ્પનો વર્ષાદ વારંવાર વર્ષાવતા હતા. દુંદુભિનો નાદ કરતા હતા. હરખ પામીને ગાતા હતા. પ્રભુ જેવી રીતે આવ્યા તેવી જ રીતે શહેરમાંથી જતા હતા. મહાપ્રભુ અસવારિ કરીને તૈયાર થયા. સૌ સંત સમુહની સાથે લઈને પધારતા હતા. મહારાજ શહેરની વચમાં થઈને દેવોના અધિદેવ પધારતા હતા. જેમનાં ચરણકમળની સેવાને દેવો ચાહના કર્યા કરે છે એવા પરબ્રહ્મ પ્રભુની આગળ સંતો ચાલતા હતા તે પણ શરીર ઉપર પ્રભુએ ઓઢાડેલ ખેશને ઓઢીને જતા હતા. વાજાં વગાડતા થકા મહાપ્રભુના ગુણકીર્તન ગાતા જતા હતા. ઉછિવિયા ઉચ્છવ કરતા. સુંદર રીતે શોભતા જતા હતા. જગતવંદ્ય મહાપ્રભુ ઘોડા ઉપર વિરાજીને જનસમુહની વચ્ચે વિચરતા શોભતા ચંદ્રસમાન મનોહર મુખ મહાપ્રભુ પધારતા હતા. જાણે શ્વેતદિપ ધામના મુક્તો ન આવ્યા હોય તેમ આવી રીતની શોભાને ધારીને અવતારના અવતારી ઘનશ્યામ પ્રભુ **અમદાવાદપુરની** વચમાં થઈને પધારતા હતા. સૌ નરનારિજનો શ્રીહરિનાથને નયનોથી નિરખીને વિરહથી આતુર થઈને વ્યાકુળ મુખવાળાં થતાં હતાં. મુખેથી કહેતાં હતાં. હે નાથ ! આપ ફરી ક્યારે આવશો. અમારા

શહેરમાં પધારીને લોકોના મનનાં પાપોને બાળવા પધારજો. હે કરુણાનિધાન ! ભગવાન આપ સંતોની સાથે જરૂર આવજો. આવી રીતે વચનો કહે છે. નેત્રોમાંથી વિરહનાં અશ્રુ વહે છે. વિરહ આતુર મુખેથી બધા વાતો કરતા હતા. આવી રીતે વિરહાતુર થઈને વૃદ્ધો તરુણો બાળકો સૌ તત્કાળ જ માર્ગ ઉપર જતા હતા. સુંદર અશ્વારી કરીને અશ્વ ઉપર અનંત મૂર્તિ સૌનાં ચિત્તને ચોરતા થકા માર્ગ ઉપર સંતોની સાથે પધારતા હતા.

જેવી રીતે આવ્યા હતા તેવી જ રીતે પાછા પધારતા હતા. આનંદના સાગર આનંદ દેનારા મહાપ્રભુ માર્ગ ઉપર ઘોડાંને ચલાવતા હતા. તે રમણીય રીતે ખેલ કરીને ચલાવતા હતા. મહારાજ નટની માફક ઘોડાંને નાચ નચાવતા થકા જતા હતા. તે ગરૂડની માફક તીવ્ર વેગથી જતા હતા ત્યારે ચાલવાથી ધર્ણી ધમધમધમકતી હતી ને પગનાં ઝાંઝર પગમાં ઝમકતાં હતાં. આ લીલાને જનસમુદાય જોઈને શહેરનાં સમજુ જનો રાજી થતાં હતાં. ગુણવંત સંતો ગુણનું ગાન કરતા હતા. ધર્મના લાલ મહાપ્રભુ સૌનાં નયનોને પાવન કરીને જગની જાળને હરનારા જળમાંથી જતા હતા. ત્યારે સૌ જનો દર્શન કરી ચરણસ્પર્શ કરીને હાથ જોડીને ભક્તજનો હરિની મૂર્તિને નિરખીને હૃદયમાં ઉતારીને સુખ પામતાં હતાં. આવી રીતે સુખ દઈને મહાપ્રભુ અનંતમૂર્તિ પધારતા હતા. સૌની વચ્ચેથી સંતોની સાથે પધારતા હતા.

હે રાજન ! ગુણવંત મહાપ્રભુ તે દરવાજાનું નામ સૌ જનો આસ્ટોડીયાના નામથી કહે છે તે દરવાજેથી અશ્વારી સહિત મહાપ્રભુ સુંદર રીતે માર્ગ ઉપર ચંચળ મનથી આનંદ દેતા થકા જતા હતા. મહારાજ વિશાળ ચંડોળા સરોવર નામના સુંદર સ્વચ્છ જળવાળાં તેમાં સુંદર કમળો ખીલેલાં હતાં. તેની પાળ સુંદર આંબાનાં વૃક્ષો શોભતાં હતાં. તે સરોવરની મોટી પાળ ઉપર શ્રી ઘનશ્યામ હરિ ઉભા રહ્યા. સૌ પુરનાં નરનારિજનોને ઉભાં રાખીને પાછાં વળવાની આજ્ઞા કરી પાછાં વાળ્યાં. સૌ પાછાં જતાં હતાં. તમે અમારું નિત્ય પ્રત્યે ભજનકીર્તન કર્યા કરજો આમ પ્રભુએ આજ્ઞા કરીને કહ્યું. અમદાવાદના સૌ ભક્તજનો શ્રીહરિની આજ્ઞાને સાંભળીને પોતાના ઘેર પાછા જવા લાગ્યા ત્યારે સૌ નરનારિજનો નાથને નિરખીને હૃદયમાં ઉતારીને ધ્યાન કરીને હરિનાં ચરિત્રોનું શ્રવણ કરીને મનન કરતા હતા ને નિત્ય ધ્યાન કરતા હતા. અંતકરણથી સાક્ષાત્કાર કરતાં હતાં. સૌ નરનારી પોતપોતાનાં ઘેર રહેતાં હતાં. રોજેરોજ પ્રભુનું ગુણકિર્તનનું ગાન કરતાં હતાં. મહાપ્રભુ માર્ગમાં સુંદર રીતે લીલા કરતા ચાલતા હતા. સુંદર કમલનયનવાળા મધુર વાણિ બોલતા થકા જતા હતા.

કૃપાળુ મહાપ્રભુ માર્ગમાં કૌતુકને કરતા થકા જતા હતા. ખળ લોકોના ખ્યાલનું ખંડન કરતા હતા. આમ ચાલીને પ્રભુ **અસલાલી** ગામે પધાર્યા. અસલાલીનો જનસમુદાય સૌ સામા આવતાં હતાં. પ્રભુપાસે આવીને ચરણકમળમાં ચિત્તને પરોવીને ગામમાં લાવ્યા. ત્યારે જાતજાતનાં વાજાં વગાડાવીને ધામધૂમથી પુરમાં પધરાવ્યા. મહાપ્રભુએ પુરની બહાર ઉપવનમાં સુંદર આંબાનો બગીચો જોયો તે શોભા જોઈને ત્યાં વૃક્ષ નીચે સુંદર વેદી હતી તે સુંદર જોઈને ત્યાં જ કમળનિવાસ મહાપ્રભુએ ઉતારો કર્યો. બલરામના ભાઈ મહાપ્રભુ આંબા નીચે બેઠા. ત્યારે નરનાથની આગળ સૌ સંતો શાંતિથી બેઠા ને સુખધામ ઘનશ્યામ પ્રભુ બધુ જ જોતા હતા ત્યારે ત્યાં સુંદર પલંગ પથારીને સુંદર ગાદિ આસન તૈયાર કરાવીને ભક્તજનો પ્રભુને બેસાડતા હતા. ગામનાં લોકો પ્રભુનાં દર્શન કરવા આવતાં હતાં. પ્રગટ પ્રભુને નિર્ખીને દર્શન કરતાં હતાં. જે મૂર્તિના ગુણને અઢાર પુરાણો

ચાર વેદો બધા ગાયા જ કરે છે. મહાપ્રભુ તે ભક્તજનોની આગળ એમનો ભાવ જોઈને વાતો કરતા હતા. તેને સાંભળીને સૌ નરનારિજનો આનંદ પામતાં હતાં. એટલામાં જ સુંદર રસદાર રસોઈનો થાળ તૈયાર થયો એમ જાણીને મહાપ્રભુ તે થાળ જમવા ભક્તોનો ઉદ્ધાર કરવા પધાર્યા. મહાપ્રભુએ સ્વચ્છ જળથી સ્નાન કરીને કમળનયન પ્રભુ પવિત્ર થઈને પછી પીળાં વસ્ત્રોને ધારીને સુખદાતા જમવા માટે પધારતા હતા. જનસમુદાય હાથ જોડી દર્શન કરતા હતા. પ્રભુ સુંદર સ્વચ્છ આસન ઉપર વિરાજમાન થયા. નાના કોળિયા લઈને સુખદાતા પ્રભુ જમતા હતા. ભક્તજનોને રાજી કરનારા મહાપ્રભુ જમીને તૃપ્ત થયા ત્યારે મુખ ધોઈને જળપાન કરીને સંતો હરિભક્તોને સુંદરવર જમાડતા હતા. પછી નાથ સંતોની સાથે આંબાના વૃક્ષ નીચે આનંદ પામતા થકા ભક્તજનોને બહુ જ આનંદ કરાવતા હતા. ભક્તોને આનંદ આપી પ્રભુ જેતલપુર ધામે જગત વ્યાપી પધાર્યા.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ સુખપૂર્વક અમદાવાદમાં અનેક લીલાઓ કરીને નવરંગી પ્રભુએ પોતાનો મહિમાનો ઉપદેશ કર્યો. ને સત્સંગીઓએ સુંદર રીતે સાંભળ્યો. પછી ભયને હરનારા ભગવાન ત્યાંથી ચાલીને અસલાલી ગામે પધાર્યા. આમ તેરમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ અમદાવાદમાં પ્રબોધનિનો સામૈયો કર્યો ને જેતલપુરે પધાર્યા તે લીલાનું વર્ણન કરીને કહ્યું એ નામે આ તેરમો તરંગ થયો. ॥૧૩॥**

# તરંગ-૧૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રાસદજી મહારાજ ! સર્વ જગતના પતિ મહાપ્રભુ જેતલપુર ધામે પધાર્યા. ત્યાં જે જે લીલાઓ કરી હોય તે બધી જ લીલાઓ મને કહેવા કૃપા કરો. જેમના ગુણને દેવો ગાયા જ કરે છે એવા મહાપ્રભુ પછી કયા ગામે પધાર્યા તે બધી જ લીલાઓ સાંભળવાનું ચાહું છું ને તે લીલા મનના બધા જ ઉચાટોને હરી લે છે ને સુખ કરે છે તો કહેવા કૃપા કરો. અવધપ્રસાદજી મહારાજ કહે છે તમે પૃથ્વીનું પાલન કરનારા છો. મનને જિતનારા છો. તેથી તમે જે પ્રશ્નો પૂછ્યા છે તે ભલે પૂછ્યા. બહુ સારું કર્યું છે તેથી પ્રગટ પ્રભુના પ્રગટ લીલાઓ સુંદર રીતે કહું છું તે સાંભળો. શ્રીહરિ જેતલપુર પધાર્યા ત્યારે ગામના ભક્તજનો ભાવપૂર્વક સાથે મળીને ઉરમાં આનંદ લાવીને જલદીથી દોડીને સામાં આવ્યાં. સાથે હાથમાં ભેટસામગ્રી લાવ્યાં હતાં. તે પ્રભુના ચરણમાં અર્પણ કરીને નયનોથી નિરખતાં હતાં અને અનેક પ્રકારનાં વાજાંઓ વગાડીને સૌ નરનારિજનો આનંદપૂર્વક મહાપ્રભુને પુરમાં લાવ્યાં. શ્રીહરિ મહાપ્રભુને મંદિરમાં મુકામ કરાવ્યો. સ્વચ્છ આસન તૈયાર કરેલું હતું. તેની ઉપર વિરાજમન થયા. પ્રભુની સામે સૌ સંતો બેઠા જેમ સૂર્યના ઉદય થવાથી કમળો ખીલે છે તેમ પ્રભુની મૂર્તિને જોઈને સંતો આનંદને પામતા હતા. જેતલપુરધામના વાસી **આસજીભાઈ** આદિક અનેક ભક્તજનો ભાવસહિત ભગવાનનું ભજન કરતાં હતાં તથા **આશાભાઈ** વિપ્ર આદિક સૌ બ્રહ્મદેવો સુખના ધામ ઘનશ્યામ પ્રભુની સેવાભક્તિ કરતાં હતાં. સર્વને સુખ દેનાર શ્રીહરિ પ્રભુ બહુવાર સુધી જ્ઞાનની વાર્તા કરતા હતા. તેને શુભમતિ સૌ ભક્તજનો સુખકારી વાતો સાંભળતાં હતાં. પૂર્વાશ્રયનો ત્યાગ કરીને મહાપ્રભુનો દઢ આશ્રય કરતાં હતાં. રૂચિપર્વક ઉમંગથી સત્સંગનો આશ્રય કરતાં હતાં. શ્રીહરિ મહાપ્રભુ

સભામાં વિરાજમાન થઈને શોભતા હતા અને ભક્તજનોનાં મનને આનંદ દેતા હતા. ત્યારે શ્રીહરિને વર્ણિરાજ મધુરવાણીથી હાથ જોડીને પૂછતા હતા.

તે વાસુદેવાનંદવર્ણિ નામના બંને હાથ જોડીને મહારાજને પ્રણામ કરીને પ્રેમ સાથે શ્રીહરિકૃષ્ણ પ્રભુને કાંઈક પૂછતા હતા. આ ભવસાગર આશ્ચર્યકારક છે કેમકે તે અપાર અગાધ કહેવાય છે. એમને એમ તરી જવાય તેવો નથી. અતિ દુઃખ દેનાર છે. તેની અંદર જગતના જીવ ડુબકાં ખાય છે. તેને તરવા માટેનો શું ઉપાય કરવાનો તે કહો. આવો પ્રશ્ન સાંભળીને ઘનશ્યામ પ્રભુ સુંદર રીતે વર્ણન કરીને કહે છે કે, તે તરવા માટેનો ઉપાય તો પૂર્ણકામ મહાપ્રભુનો આશ્રય જ છે. તે વિશ્વેશ્વર પ્રભુના ચરણકમળનો આશ્રય તે જ મોટી નૌકારૂપ છે. તેનાથી તે તરત જ તરીને પાર પામે છે. આશ્રિત નરનારી ભવસાગરને સુખેથી તરી જાય છે. આશ્રય સિવાય બીજો કોઈ પ્રકારનો ઉપાય કામ નથી આવતો ત્યારે ફરીથી પૂછ્યું કે બધ્ધજીવ કોને કહેવાય ? ત્યારે પ્રભુ કહેતા હતા કે વિષયોના અનુરાગવાળો જીવ બધ્ધ જાણવો. તે જગના વમળોમાં ભમતો જ રહે છે. વળી પુછ્યું કે હે પ્રભુ ! મુક્ત જીવો કોને કહેવાય ? તે વાત જાણવા મારા મનમાં બહુ જ આશા છે. ત્યારે શ્રીહરિ કહે છે. કોઈ વિષય પદાર્થમાં ન હોય અને સદાય બધાથી વિરક્ત રહેતો હોય ને મુક્ત કહેવાય. ત્યારે કહે, ઘોરતમ નર્ક તે કેવી રીતે જાણવું. ત્યારે કહે પોતાના દેહને તેનું પ્રમાણ જાણો. સ્વર્ગનું પદ તે કેવું છે તે કહો ? શ્રીહરિ કહે તૃષ્ણાનો જ્યાં નાશ થાય તેને જ સ્વર્ગસુખ કહે છે. સંસારી જન જગતને કેવી રીતે જીતે છે ? તે તો પોતાના આત્માના સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થાય ત્યારે તે આત્મજ્ઞાની તરી જાય છે. હે પ્રભુ ! મોક્ષનો હેતુ તે કોને કહેવાય. પરમાત્માના ને આત્માના જ્ઞાનને દઢ જાણતો હોય તે મોક્ષનો હેતુ છે. હે પ્રભુ ! નર્કનું દ્વાર તે એક જ છે તે કેમ કહેવાય છે ? રમણિય પદાર્થમાં વધુ રૂચિ તે નર્કનું દ્વાર પ્રમાણભૂત જાણો.

હે પ્રભુ ! જાગૃતિ કોને કહેવાય તે કહો. વિવેકવાળો શારિરી ને સુખથી રહેતો હોય હોય પોતાને કોઈ શત્રુ ન હોય. દશ ઇંદ્રિયને વશમાં કરીને રહેતો હોય તેને કહેવાય. પોતાનો મિત્ર તે કોને જાણવો. પોતાની ઇંદ્રિય જીતનારો હોય. ત્યારે કહો કે કઈ દશ ઇંદ્રિય જગમાં કહેવાય છે. ત્યારે તે તૃષ્ણા આશા આદિક બધી ઇંદ્રિયોને ક્રમ જાણવાનો છે. એ પ્રમાણે જાણો. હે પ્રભુ ! શ્રીમંત તે કોને કહેવાય તે વાત મને કહો. તે તો બધી જ વસ્તુમાં સંતોષ રાખે તથા પ્રભુમાં પ્રેમ રાખે તથા જીવનમૃત્યમાં કાંઈ વિચારે જ નહીં. કોઈમાં પ્રીતિ જ ન હોય તથા જગતના કોઈ ઉદયમાં કોઈ રસ જ ન હોય. હે મહાપ્રભુ ! પ્રેમનું શું પ્રમાણ કહેવાય ? જગતમાં જે નિરાશાવાળા છે તે જ તેનું પ્રમાણ છે. હે પ્રભુ ! કોની પાસે મમતા અભિમાન રહેલું છે. જગતમાં મોજ આનંદ કરવાના હેતુમાં યુવતીનું જ બંધન સમજે તે તેનું પ્રમાણ છે. નારીના મદમાં મોહાંન્ધ ભાગ્ય કોને જાણવું. કામવાસનાથી ઘેરાયેલો જન તેનું પ્રમાણ કહેવાય. જગતમાં મૃત્યુ તે કોને કહેવાય. જેને જગતમાં અપકિર્તિ થતી હોય. દુષ્કર્મમાં બંધાયેલો હોય તે મૃત પાય છે. જગતમાં સાચા પ્રમાણવાળા ગુરુ કોને કહેવાય. સદાય સાચા જ્ઞાનનો ઉપદેશ કરનારો હોય તે સાચા છે. શિષ્યને કેવાં લક્ષણવાળો સાચો ગણી શકાય તે કહો. જે જન ગુરુને વિશે સદાય વિશ્વાસ શ્રદ્ધાભાવવાળો હોય તે સાચો છે. જગતમાં ભયંકર અસાધ્ય રોગ કોને કહેવાય. જેને સંસારમાં બહુ જ વાસના બંધનોમાં બંધાયો હોય તે. તેનું ઔષધ કોને કહેવાય. સુંદર રીતે વિચારીને સારા આચરણથી રહે. સાચું મુખેથી બોલતો રહે.

હે કમલનયન મહાપ્રભુ ! જીવનું ભુષણ કોને કહેવાય. શિલવાન સારો સ્વભાવ શુભ રીતે વર્તતો હોય તે

ભુષણ છે. હે પ્રભુ ! કેવું તીર્થ જગતમાં મહાન કહેવાય. જેના માનસમાં સારાં સુખ કરનારાં સારા ગુણો હોય. શુદ્ધ માનસવાળો હોય એવા તિર્થ મહાન છે. હે પ્રભુ ! કહો જોઈએ. જગતમાં કેવી વાત ત્યાગ કરવી. નારી છે તેની વાત જગમાં કલંક કરનારી છે. હે પ્રભુ ! પ્રેમથી સાંભળવા યોગ્ય શું છે. બટુકના મુખે વેદ વાકયો એ જ ગુરુસમાન વચનો છે. બ્રહ્મની ગતિનું પ્રમાણ આપનાર શું છે. સત્સંગ છે તે જ સદાય સારરૂપે પ્રમાણ છે. સંતોનાં શુભલક્ષણમાં શું પ્રમાણ છે. દઢવૈરાગ્ય એ જ મોટું કલ્યાણનું પ્રમાણ છે. જગતમાં કયો તાવ જીવને બાળે છે. ચિત્તમાં ચિંતારૂપ પીડા સતત બાળ્યા કરે છે. કેવા જીવને જગતમાં મુરખ કહેવાય. વિવેક વગરનો હોય તે જ જગતમાં મુરખ જાણવો. પ્રભુ જગતમાં કરવા યોગ્ય કયા કાર્ય છે. પ્રગટ પ્રભુની ભક્તિ કરવી તે જ જગતમાં ખાસ કરવા યોગ્ય કામ કહેવાય. તે સદાય કર્યા કરવી. નિર્વાહ માટેનાં કાર્યો કેવી રીતનાં કરવાં. નિવાસમાં રહીને અહિંસા યુક્ત કાર્યો કરે હે કૃપાળુ ! કેવી વિદ્યાનો અભ્યાસ કરવો જે તત્કાળ પરમાત્માના સ્થાને લઈ જાય. બ્રહ્મવિદ્યા મુખ્ય છે. તે મોક્ષ કરનાર છે. સાચો પ્રમાણિત ઉપદેશ કોને કહેવાય. મુક્તિ કરનાર જે પ્રગટ જ્ઞાન ઉપદેશ તે જ મુનિઓ વખાણે છે. આ જગતમાં વધારેમાં વધારે લાભ શેનાથી થાય છે. તેનો પોતાના આત્માથી પરમકૃપાળુ પરમાત્માને જાણે તે જ છે. મનને જીતીને જગતને જીતનારો કોને જાણવો. જન્મમરણનાં ભવબંધનને તોડનાર પ્રગટ ભગવાનનું ભજન કરે છે. દઢતાથી વર્તે છે તે જ મનને જીતે છે.

દેવોમાં કોને સાચો નિષ્ઠાવાળો શુરવીર કહેવાય. જે કામરૂપ શત્રુને જીતીને જગતમાં ધર્મમાં દઢ રહે છે તે કહો કે કેવી બુદ્ધિ હોય તો ધીરતા ઉદારતાવાળો રહે. નિર્મોહિ રહીને નારીના કટાક્ષના પાસમાંથી નિર્મોહિ રહે તે ધિર છે. વિષયમાં બંધાયેલો તેના વિષયની સાથે દ્વેષ કરે તો શું થાય. કહેવાય છે કે બધા જ દુઃખનું મોટું કારણ જ તે થાય છે. જે વિષયના રાગોમાં ગુંચવાયો હોય તેને બીજો કોણ દુઃખ દે છે. હે બ્રહ્મચારી તમે સાંભળો. ભૂમિમાં વિશેષ પ્રમાણમાં આવું જ ચાલ્યા કરે છે. પ્રભુ કહો જે કેવો ધનનો ઉપયોગ કરવાથી ઉદારતા કહેવાય. પ્રવિણ બુદ્ધિવાળા બીજાના ઉપકાર કરવામાં સુખ માટે વાપરે તે જ ઉદાર છે. યોગ્ય રીતનું પૂજન પ્રમાણિત કોને કહેવાય ? જે આત્મતત્ત્વને જાણીને પરમાત્માનું પૂજન કરે તે જ પ્રમાણ છે. હે પ્રભુ ! કોણ સતત યોગ્ય સારું કાર્ય નથી કરતો અથવા પંડિતને કામ કરવામાં શું તસ્તિ રહે છે તે કહો. સ્નેહ સમજીને બંધાઈને પાપનું કાર્ય નથી કરતો. પંડિતો વિદ્યાઅભ્યાસ કરવો તેને જ ધર્મ માને છે. કહો કે કેવું મૂળ જગતનું એક જ પ્રકારનું કહે છે. ચિત્તમાં વધારે પડતી ચિંતા રાખે છે તે જ એકસમાન મૂળવાળો છે. વિશેષ જ્ઞાનવાળા શાસ્ત્રોમાં તો વાતો કરેલી છે કે નારી છે તે પીષાચિણીથી વધારે ઘાતક છે. જગમાં કેવી રીતે રહેતો હોય તેને જગતમાં મોટો જાણે છે. તે તો નારીને ઉદ્દેશીને તેનું વખાંણ કરે છે. ગુણને ગાય છે એટલે. તેથી અમે દિવ્યવૃત્તાંત કહીને સમજાવીએ છીએ. જે બિનકપટ રહીને રહે છે. તે જગતમાં ગરીબ રહે છે. કહો, પ્રભુ કોની વાતોને જાણી નથી શકાતી ? જ્ઞાની પુરુષોએ કહેલી વાતો તત્કાળ સમજી નથી શકાતી. તે કઠિન હોય છે. સ્ત્રીઓના મનમાં ચરિત્રો બહુ જ હોય છે તે શું તો તેની વિચારવસ્તુને વધારે વર્ણવી ન શકાય તે સ્થિર ન હોય તેથી. દુસ્તર શું છે. સૌને માટે તે દુર્લભ શું છે. એમાં શું કહેવાનું છે. મુખે જે હોય તેને વિદ્યાઅભ્યાસ જ દુર્લભ થાય છે. લોકો જગતમાં જ્ઞાન માટેનું મોટું સ્થાન માને છે અને કોઈનો સંગ કરીને બીજાં કાર્યો નથી કરતા તે જ સિદ્ધ કરે છે. કુસંગનું સ્થાન કોનામાં નથી રહી શકતું તે કહો. ખળ હોય કે પાપી હોય. નીચ કર્મ કરનાર હોય કે મૂર્ખના સંગમાં રહે તે સ્થિર નથી રહેતો. જ્ઞાનની ઇચ્છા રાખનાર જનો કેવી ચાલોને ચાલે છે. જે જન

સત્સંગનો આશ્રય કરીને તેની અંદર રહીને ભગવાનની ભક્તિ કરનાર છે તે જન સાચી ચાલ ચાલનારા છે.

હે ઘનશ્યામ પ્રભુ ! શેને લઘુપણાનું મૂળ કહેવાય. સકાંમતાથી કોઈની પાસે માગણી કરવી તે લઘુતા છે. મોટાઈ કેવી રીતે પ્રાપ્ત થાય તે કહો. પ્રગટ પ્રભુના સ્વરૂપની પ્રાપ્તિ થાય. પ્રભુનો આશ્રય કરે તો મોટાઈ મળે. કોણ એવો હોય જે મૃત્યુ પામ્યો જ ન હોય. જેને ફરી મરવાનું ન હોય તે જાણો. હે પ્રભુ ! કોણ વિશ્વાસ કરવા યોગ્ય ન હોય તે કહો. મુનિજનોએ નારિનો વિશ્વાસ ક્યારેય ન કરવો એમ કહેવાય છે. તત્ત્વોમાં પરમાત્માનું ચિંતવન તે શું છે. પ્રભુનું સારું જે ચરિત્ર હોય તેનું ચિંતવન કરવું. કેવું કાર્ય કરવાથી કોઈને દુઃખ કે પીડા ન થાય. ભગવાનના ચરિત્રની વાતો કહે તે સૌને સુખ કરનાર છે. પ્રગટ પ્રભુની સેવા સૌ સંતો કરે છે. જનો કરે છે. તે શા માટે કરે છે. પ્રભુના ચરણની સેવા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

હે ઘનશ્યામ પ્રભુ ! જગતમાં શત્રુ કોને કહેવાય ? હે વર્ણિરાજ જગતમાં કામ, ક્રોધ, લોભ, મોહ આદિક બધા શત્રુઓ છે. કેવો ઉપાય કરવાથી પૂર્ણ ન થવાય ? અમારાથી જે તત્ત્વ ન કહેવાયું હોય તે વાત પુરી ન થાય. પ્રભુ દુનિયામાં દુઃખનું મૂળ શું છે તે કહો ? જેનામાં ક્ષમતા સંતોષ ન હોય ને બહુ જ મમત્ત્વ રહેલું હોય તે દુખનું મૂળ છે. મુખની શોભા મનોહરતા શું કહેવાય ? હંમેશાં શ્વાસોશ્વાસમાં પ્રભુનું નામ ગાયા કરવું તે શોભા છે. હે પ્રભુ ! કયું સત્ય છે તે જગતમાં શોભારૂપ છે ? બધાય જીવ પ્રાણી ઉપર સારી રીતે સમભાવ રાખવો તે સારું છે. શું ત્યાગ કરવાથી સુખ પામે છે ? હે બટુકરાય ! બધી જ રીતે સ્ત્રીજનનો ત્યાગ કરે તે સુખ કરનારું છે. જગતમાં કયું દાન સારૂવખાણવા યોગ્ય છે. સારામાં સારું વખાણવા લાયક તો અભયદાન જ કહેલું છે. મોક્ષના માર્ગમાંથી કોનો નાશ થયો. મુનિજનો કામદેવને જ મોક્ષના માર્ગમાંથી પાડનારો છે તેમ કહે છે.

શું કરવાથી ક્યારેય ભય નથી રહેતો ? જ્યારે મુક્તિ કરનારા સિદ્ધાંતનો આશ્રય કરે ત્યારે ભય નથી રહતો શરીરમાં નાનું એવું શું છે જે મૂર્ખ બનાવે ? જે કાર્ય કરવાથી ગુરુજનો નિંદા કરે તે મૂર્ખતાનું નિશાન છે. જ્યારે અંતકાળનો સમય ઓચિંતો જ આવે મન વાણિ અને શરીરથી શું કાર્ય કરવું ? પરિબ્રહ્મ પરમાત્માનું ભજન કરવાથી લોકો આનંદ પામે છે. કયો જીવાત્મા સંતથી ચોરીછુપીથી ફર્યા કરે તે કહો ? સૌ સજ્જનો કહે છે કે મલિન વાસના વાળો જીવ ભાગતો ફરે. સભાની વચમાં સારી રીતે કોણ જન શોભે ? સારા પવિત્ર જ્ઞાનયુક્ત પરબ્રહ્મનું જ્ઞાન જે જાણતો હોય તે શોભે. હે ઘનશ્યામ પ્રભુ ! શાંતિ અને સુખ શેમાંથી પ્રાપ્ત થાય તે કહો ? સદા વિશ્વાસ સારો સ્વભાવ સારું ચરિત્ર તે સુખ દેનારો છે. વધારે પડતું મહાત્મ્ય કેવી રીતે પ્રાપ્ત થાય. હે વર્ણિ ! તમે સાંભળો. બ્રહ્મજ્ઞાનની વિદ્યા તે વધારે મહાત્મ્ય અપાવે. સંતપુરુષોના મનમાં શેની વધારે બીક રહે છે. જગતમાં નિંદા અને અપકીર્તનો ભય રહે છે. જગતમાં સુંદર સારો બગીચો હોય તે કેવો. એવા સુંદર બગીચાનો મોહ ન રાખવો જોઈએ. તેમનું માન ત્યાગવું જોઈએ. પ્રભુ માતા પિતા ભાઈ સાચા સગા કોને જાણવા ? જ્યારે બહુ જ કષ્ટ પડે ત્યારે જે રક્ષા કરે પક્ષમાં હોય તેઓને માતા પિતા ભાઈ જાણવા એવા જનો સૌ અભયદાન દેનારા છે.

જે કાંઈ વસ્તુ બુદ્ધિથી જાણી ન શકાય. સમજણમાં ન આવે તેનાં પ્રભુ આપ નામો કહો ? તેનાં નામો તો સચ્ચિદાનંદ આનંદઘન અદ્વૈત એવું નામ છે. માટે હે વર્ણિ તમે મારા મુખેથી એવી વાતો સાંભળો. શું જાણવાથી બધું જ જગતને જાણી શકાય તે કહો ? પરબ્રહ્મરૂપ એવા સર્વના આત્મા તે જ સર્વને જણાવનારા છે. ત્રણે લોકમાં પરમાત્માની ભક્તિ જ દુર્લભ રહેલી છે. એ બધી વાતોને હું સુંદર રીતે પ્રીતેથી કહું જ છું.

સદ્‌ગુરુઓનો સમાગમ કરીને સત્સંગ કરવો. બ્રહ્મના સ્વરૂપનો વિચાર કરીને સૌ ગાય છે. ત્રણે લોકમાં અતિ દુર્લભ જેને કહેલ છે તે બધી વાત હું તમને સુંદર રીતે વર્ણન કરીને કહી છે. હે મહાપ્રભુ ! અજિત હરિ ! તે બધાં કેવી રીતે જાણવાં ? કાંઈક વિષય તે તો કામવાસના બહુ જ ત્યાગવી કઠિન છે. તોય પ્રભુ આપ કૃપા કરીને કાંઈક પ્રીત કરીને કહો તે પશુઓ શું ધર્મ પાળે તે તો નિત્યધર્મનું આચરણ કરતો જ નથી. બધાય શાસ્ત્રો ભણે વાંચે નહિ તો આત્મબોધ ક્યાંથી થાય તો સંસારનો પણ બોધ પૂરો ન જ થાય. સારતો ન જ જણાય. અમૃત જેવું સુંદર હોય અને મહા હળાહળ ઝેર જેવું બહુ જ દુઃખ દેનાર છે.

હે મહાપ્રભુ ! એવા પ્રશ્નનું મને સમાધાન કરી આપો. પ્રભુ કહે દેવવર્ણિ ! બહુ રૂપાળી રમણીય નારી છે. તે શત્રુસમાન છે તોય રાગી જીવને તો બહુ જ વહાલી લાગે છે. હે પ્રભુ ! કહો જોઈએ કેવું અને કયું દાન સારું શ્રેષ્ઠ છે ? સુપાત્રને જોઈને જે દેવું તે સારું કહેલ છે. માણસને કંઠે પ્રાણ આવી ગયા હોય. આપણે હોય ત્યારે તેનાથી કોઈ કામ ન થાય તેને સહાય કરવી તે શ્રેષ્ઠ છે. અઘટિત કોઈ કામ ન કરવાં. કોઈ પ્રકારનાં જેનાથી લોકમાં તથા પરલોકમાં જવાનો માર્ગ બગડ તેવું હોય ત્યારે પ્રાણકંઠે આવી ગયાં હોય ને તે સમયે શું કરવું ને શું ન કરવું તે વિચાર કરીને સારું કરવું તે જ કહેલ છે ? પ્રગટ પ્રભુનું ભજન અને સેવા કરવી એ પ્રમાણ છે. તે સતત કર્યા કરવાનું ક્યારેય તેનો ત્યાગ ન કરવો તેમ કરતાં રહેવું તે જ તેને પ્રભુ સાથે પ્રીત કરી કહેવાય છે. પણ આ સ્નાન કરે. ખાલી ચિંતવન કરે તે તે ફોગટ થાય છે. રાતદિવસ અખંડ ચિંતવન કર્યા કરવું. હે પ્રભુ ! કહો તે કેવી રીતે પ્રબલ કર્યો કહેવાય ? સંસાર નાશવંત છે અને પરમાત્મા સત્ય છે. પરમાત્મા વગર બધુંય અસત્ય જ જાણો. આવી રીતે બ્રહ્મચારી બટુક વાસુદેવાનંદજીએ શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા અને મહાપ્રભુએ તે સભાની વચમાં જ સુંદર રીતે તે પ્રશ્નોના ઉત્તરો દિધા સૌ જનો સાવધાન થઈને સાંભળતા હતા. સૌ જનો સાંભળીને બહુ જ મનમાં આનંદિત થયા. વર્ણિવર અને પુરુષોત્તમ પ્રભુને બહુ જ આનંદવિનોદ થયો. આ કથાને જે ભણે વાંચે બીજાને વંચાવે તથા સાંભળે સંભળાવે તો પણ મહાપ્રભુના ચરણકમળને પ્રાપ્ત કરે. પરમધામમાં નિવાસ કરવાના અદ્‌ભૂત લ્હાવો મળે. શ્રીહરિ મહારાજ જેતલપુરધામમાં આવી રીતે જાણીને સુખ દેતા હતા. નિત્ય પ્રત્યે પ્રીતમપ્રાણ પ્રભુ જગતના ભક્તજનોના ભગવાન સુખ દેતા હતા. મહારાજ થાળ જમતા હતા અને સંતોને જમાડતા હતા અને હરિભક્તોને હેતથી જમાડતા હતા. આવી રીતે સતત સુખદાતા સુખ દેતા હતા. સૌના ચિત્તમાં સચેત જાગ્રત કરતા હતા. જ્ઞાન ઉપદેશ દેતા હતા.

શ્રીહરિ જગતના જીવનપ્રાણ મહાપ્રભુ અસલાલી ગામેથી સૌ ભક્તજનો પ્રભુનાં દર્શન કરીને મનમાં બહુ જ સુખ આપીને જેતલપુરધામે પધાર્યા. દૃઢ વ્રતવાળા વૈરાગ્યવાળા વાસુદેવાનંદવર્ણિ મહારાજને પ્રશ્નો પૂછતા હતા. તેના પ્રભુ ઉત્તરો દેતા હતા. આમ ચૌદમું અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં શ્રી અવધગુરુ આનંદસિંહ રાજાના સંવાદમાં જેતલપુરમાં લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે ચૌદમો તરંગ પૂર્ણ થયો. ॥૧૪॥**

# તરંગ-૧૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! પવિત્ર મૂર્તિ વાસુદેવાનંદ વર્ણિએ પ્રભુને પ્રીતથી પૂછ્યા તેનો પ્રભુએ અતિ ઉમંગથી સ્નેહપૂર્વક ઉત્તરો કરી દીધા. તે સાંભળ્યા. આનંદ થયો. હવે અવધપ્રસાદજી મહારાજ અજિત મહાપ્રભુની લીલા જે હોય તે સાંભળવાની ચાહના રાખું છું તે કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! વાસુદેવાનંદવર્ણિના પ્રશ્નોત્તરનું કાર્ય પૂર્ણ જ્યારે થયું એવામાં થાળ તૈયાર થયો એટલે શ્રીહરિ પ્રેમથી થાળ જમ્યા અને સૌ સંતોને જમાડ્યા. પછી મધ્યાહ્ને બિછાના ઉપર સંતોની સાથે મહાપ્રભુએ શયન કર્યું. પછી જ્યારે મધ્યોત્તર થયું ત્યારે હરિ જાગ્યા. પછી મહાપ્રભુએ પવિત્ર જળથી કોગળા કરીને મુખને ધોયું. પછી સ્વચ્છ શીતળ જળનું પાન કર્યું. પછી પ્રભુએ સંતોની સુખકારક સભા ભરી. તેમાં બલવીર મહાપ્રભુ વિરાજમાન થયા. મુનિજનો ગાંનતાંન કરતા હતા. સૌ મુનિના ગાનને મુનિપતિ મહારાજ સાંભળતા હતા. ગુણી મુનિજનો ગાંનતાંન કરી રહ્યા ત્યારે પોતાના બને હાથ જોડીને મુકુંદાનંદ મુનિ પ્રભુ સામે જોઈને પ્રીતથી ઘણા પ્રશ્નો પૂછતા હતા.

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! તે મુકુંદ બ્રહ્મચારી બટુકે કેવા પ્રશ્નો પૂછ્યા તે પ્રશ્નોની વાત ગુરુમહારાજ મને કહો. આપ તો ભક્તજનોનાં કલ્યાણ કરનારા ગરીબોનાં પાલક છો તો કહેવા કૃપા કરો. અવધપ્રસાદ કહે છે – હે રાજન ! તમે સાંભળો. મુકુંદમુનિએ જે પ્રશ્નો પૂછ્યા તે પ્રશ્નો વેદની શ્રુતિ અનુસાર પૂછ્યા છે તે તમને વિસ્તારથી કહું છું. મર્યાદા વગરના અમાપ એવા અક્ષર બ્રહ્મપુરધામમાં છે તે માયા કાળની ગતિ નથી મોટા મોટા ઈશ્વરો પણ ત્યાં નથી જઈ શકતા. એવા ધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ સર્વ આત્માઓના અધિપતિ પોતે જ છે. અનંત કોટિ બ્રહ્માંડોના કર્તા હર્તા પોતે જ છે. સર્વનાં કામ કરનારા મોક્ષ કરનારા મહામોટું પદ પોતાના ધામમાં પોતે રાજાધિરાજ વિરાજે છે. તે જ પોતે મહાપ્રભુ પોતાની ઈચ્છાથી જનોને સુખ દેવા માટે મનુષ્યસ્વરૂપ ધારીને ત્યાગથી ધર્મ પ્રમાણે રહે છે. તે પોતે નારાયણ નરરૂપે ભરતખંડના અધિષ્ઠાતા તરીકે નિવાસ કરે છે. બદ્રિકાશ્રમમાં રહે છે. ધર્મભક્તિના પુત્રરૂપે પ્રગટ થઈને આજે અધર્મ ટાળવા માટે અને એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પૃથ્વી ઉપર મહારાજ વિરાજે છે. શ્રીજી મહારાજ પોતે લોકોના કલ્યાણ કરે છે. એવા પોતે શ્રી સહજાનંદ સ્વામી પાસે મુકુંદવર્ણિએ પ્રશ્નો પૂછ્યા તે પ્રસંગનું તમને વર્ણન કરીને કહું છું. તે બધી કથા સત્સંગી જીવનગ્રંથમાં બહુ જ વિસ્તાર કરીને વર્ણન કરેલ છે. આમ આનંદસિંહ રાજાને અયોધ્યાપ્રસાદ મહારાજ કહેતા હતા તમે બધું સાંભળો. હું કહું છું. ધર્મનંદન મહાપ્રભુ જેતલપુરમાં નિવાસ કરીને મંદિરનું કામ કરાવતા હતા. જ્ઞાનની વાતો કરતા હતા. પોતાના ભક્તજનોના મનને રાજી કરવા માટે મહારાજ જેતલપુરમાં જ રહેતા હતા. ત્યારે એક દિવસ મુકુદાનંદ વર્ણિ બંને હાથ જોડીને વિનય સાથે નમસ્કાર કરીને અનેક પ્રશ્નો પૂછતા હતા. શ્રીહરિ મહાપ્રભુ સાંભળતા હતા.

મુકુંદાનંદ વર્ણિ કહે છે – હે મહારાજ ! અમે બધાય વર્ણિઓ આપના આશ્રિતો છીએ. આપના કહેલા ધર્મનું યોગ્ય રીતે પાલન કરીએ છીએ. તેથી હે નાથ ! નૈષ્ઠિક ધર્મનો ઉપદેશ કરીને અમને સમજાવો શ્રીહરિ કહે છે – હે વર્ણિરાજ ! તમે બહુ જ સારું પૂછ્યું છે. તેથી તમને ધર્મશાસ્ત્રની રીતે બધું વર્ણવીને વર્ણિના ધર્મ કહું છું. તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આદિ જાતી છે તે બ્રહ્મચારી આશ્રમના અધિકારવાળા છે તે જાણો.

તેઓને ગર્ભાધાન આદિક સોળ સંસ્કારો કરવામાં આવે છે. આઠ વર્ષની ઉંમર થાય ત્યારે વિધિથી યોગ્ય સમયે જનોઈ સંસ્કાર પ્રાપ્ત કરે ત્યારે તે બ્રાહ્મણ છે તે બ્રહ્મચર્યનો યોગ્યતાવાળો થાય છે. બુદ્ધિ વિનાના અજ્ઞાની તે ત્રણ રાત સુધી રહે ત્યારે તે આવીત નામથી સુવર્ણિ કહેવાય છે તે એક વર્ષ સુધી દુર્બળતાવાળો રાખવામાં આવે છે ત્યારે તેનું નામ પ્રજાપતિ બતાવે છે. બુદ્ધિમાનજનો વિદ્વાનો તેને પોતાને ઘેર રાખે ને બાર વર્ષ સુધી બ્રહ્માખ્યાનો ઉચ્ચાર કરીને બુદ્ધિબળ વધારે અને જીવનપર્યંત નૈષ્ટિક વ્રત રાખીને રહે તે મારા આશ્રીત મારી માફક રહે. તે અંતકાળ સુધી પોતાના કલ્યાણ કરવા માટે સારા સદ્‌ગુરુનો આશ્રય કરીને પોતાના ભવને તારવા માટે શ્રીહરિના મહિમા ચરિત્રોને જાણીને તેનો ભેદ સારી રીતે સમજવો. તેના માટે ગુરુ પાસેથી જ્ઞાનશાસ્ત્રો ભણવાને જ્ઞાની થવું. પોતાના ગુરુ થકી પોતાની જ્ઞાનશક્તિ પ્રમાણે અંગો સહિત વેદોનો અભ્યાસ કરવો. પછી તે વર્ણિ પોતાની પહોંચ પ્રમાણે ગુરુને ગુરુદક્ષિણામાં સોનું આદિક યોગ્ય હોય તે રીતે દક્ષિણા કરવી. તીવ્ર વૈરાગ્યયુક્ત તે નૈષ્ટિક વૃત્તિ તે બ્રહ્મચારી ઉદ્ધવ સંપ્રદાયની દઢ ભાગવતી દિક્ષા ગ્રહણ કરે તે નૈષ્ટેકિ વર્ણિ (બ્રહ્મચારી)ના જે ધર્મો છે તે હું તમને (વર્ણિ મુકુદાનંદને)કહું છું જે જગતને તારનારી નૌકારૂપ થાય છે.

જીવનપર્યંત નૈષ્ટિક વ્રતને લેવું. ભક્તિમાન થઈને શ્રીહરિના ગુણનું ચરિત્રનું સેવન કરવું. મસ્તક ઉપર શિખાસહિત ઉપવિત સાથે વર્ણિએ પોતાના ગળામાં તુલસીની બેવડી કંઠી ધારવી. આ રીતે રહેવું. સુંદર પલાસનો ડંડ મુજની મેખલા પાણિ કમંડળ ધારવું. દર્ભની સાદડી લઈને તપનું સાધન લેવું. ધાતુનું પાત્ર ઉપપાત્ર (તરભાણું પંચપાત્ર) ધારણ કરીને પવિત્ર સફેદ વસ્ત્રનું પાણી ગરણું ધારણ કરવું. પંચકેશને ધારણ કરવા ઝટા ધારણ કરવી. અગ્નિહોત્ર વ્રત ધરે તેમાંથી ભષ્મને ધારણ કરવી. તેમાં જો તેના જન્મ દેનાર માતાપિતા તેમને જો મહારોગ જેવી આપત્તિ આવી પડે ત્યારે મોટી આપત્તિમાં. તે માતાપિતાના ઘેર જપ સાથે જાય. પછી તીરથમાં જઈને ક્ષોરકર્મ (હજામત કરાવે). બંને સફેદ કોપિન અને બંને સફેદ વસ્ત્રો ધોતિ સહિત સ્નાન કરીને તૈયાર થવું. માથાંની પાઘડી ધોતિ ખેસ કાંમળિ પિછવાઈ એ બધાંય રંગીન કલરનાં રાખવાં તથા સિંહાસનમાં શાલગ્રામને પધરાવીને અર્ચ્ચા પૂજા કરવાની તેના માટે ઉપયોગી ધાતુનાં પાત્રો રાખવાં. સારા સદગ્રંથો પુષ્ટિ કરનારાં તેનો પાઠ કરવો. જ્ઞાન પ્રમાણે વાંચવું. માળા ફેરવવી જપ કરવો. તેના માટે ગૌમુખી રાખવી. ગોપિચંદથી પાદુકા પૂજવી. ધારણ કરાવવી. એનાથી વધારે જેટલો દિવસ હોય તેટલો સમય ઉપાસના કરવી. મનને શુદ્ધ રાખવું. મન ઈચ્છા કરે તોય સ્ત્રીઓના હાવભાવ ખેલને ન જુવે. સ્રીઓની કથાવાર્તા ન સાંભળે. તેનાં હલન ચલનને ન જુવે. રમતગમત હાસ્યવિનોદ ગુપ્ત રીતનો વાર્તલાપ તે વર્ણિઓએ સાથે ન કરવો. કામવાસનાવાળા પુરુષનો તથા સ્ત્રીરૂપધારીનો સંગ ન કરવો. આવાં કામીનો વર્ણિ બ્રહ્મચારીઓએ કોઈ રીતે પ્રસંગ ન કરવો. વર્ણિ બ્રહ્મચારીઓએ ગુપ્ત રીતે સ્ત્રીઓના અંગોને ન જોવાં તથા જ્યાં સ્ત્રીઓ વસ્ત્રો ધોતી હોય તેનાં વસ્ત્રોને ન છૂવું. સુકા વસ્રોને છુવું નહિ. ભીનાં વસ્ત્રને અડવામાં દોષ નથી. તેની પ્રતિમા ધાતુની પથ્થરની કે ચિત્રની હોય તો તે દેવ સિવાયની પ્રતિમાને ન અડવું. તથા દૂરથી તેનાં ગુહ્ય અંગો ન જોવાં. નાની બાળાઓને નૈષ્ટિક બ્રહ્મચારીઓએ ન જોવી. તે સ્ત્રીનાં ચિત્રો ન દોરે તથા સ્ત્રીની સાથે ક્યારેય બોલે નહીં તથા મૈથુનિત અવાસ્થાનાં ચિત્રોને ન જુવે તથા તેનો સ્પર્શ પણ ન કરવો. મૈથુન કરતી સ્ત્રીનું ચિત્ર કરેલું હોય ન જોવું. વર્ણિ બ્રહ્મચારી તે સ્ત્રીને મુખ કરીને ક્યારેય બેસવું નહિ તથા તેની સામે ઉભા પણ ન

રહેવું. નારીને બ્રહ્મચારી ગુપ્ત રીતે ન આપવું તથા પોતાના હાથે ક્યારેય આપવું નહીં ને લેવું પણ નહીં. પુરુષને ઉદ્દેશીને નારીની સાથે વાતો ન કરવી. સ્ત્રીયો સાંભળે કેવળ નારીને કથા વાર્તા ઉદ્દેશીને ન કરવી.

પોતાના કુટુંબના ઘેર પતિ પુત્ર નારી રહેતાં હોય ત્યાં બ્રહ્મચારીઓએ રાત્રે સૂવું નહિ. બહુ જ મનુષ્યો રહેતાં હોય તેને સ્ત્રીનું ઘર ન જોવું. જ્યાં સ્ત્રીઓ મળમૂત્ર કરતી હોય ત્યાં બ્રહ્મચારીઓએ ન જવું. નારીઓને સ્નાન કરવાનું કે પાણી ભરવાનું જે સ્થળ તે સ્થળે યુવતીઓ પાણી ભરતી હોય તે સ્થળે બ્રહ્મચારિ વર્ણિઓએ કોઈ ક્રિયા કરવા ક્યારેય ન જવું. જોવું પણ નહિ. આપત્કાળ પડ્યા સિવાય સ્ત્રીઓથી એક ધનુષ્ય પ્રમાણ છેટું ચાલવું. દૂર રહેવું તથા ક્યારેક ઉત્સવ સામૈયો હોય ત્યારે તથા બહુ જ સાંકડા માર્ગ ઉપર એકબીજાના શરીરનો સ્પર્શ ન થાય તેમ રહેવું. સ્ત્રીઓનું એકાંત સ્થળ હોય ત્યાં ક્યારેય વર્ણિ ઉભા રહે નહિ. જુવે નહિ. કોઈ પ્રકારની સ્ત્રીની સાથે માર્ગમાં ચાલવું નહિ. જેના ઘેર પુરુષ પીરસનારો ન હોય ને સ્ત્રી પીરસનાર હોય ત્યાં તેના ઘેર ત્યાગીએ જમવા ન જવું. સ્ત્રીના વેષને ધારનારા પુરુષનાં શરીરને વૈરાગી ત્યાગીએ સ્પર્શ ન કરવો. ગુણવાળી સ્ત્રીના ગુણનું બ્રહ્મચારીએ ક્યારેય વર્ણન ન કરવું. પોતાના આશ્રમમાં વાળવાનું કે બીજા પણ કામ કરવાના હોય તો તેમાં સ્ત્રીઓને ક્યારેય ન આવવા દેવી. આવી રીતે જે નિયમો કર્યા તેમાં જો પ્રમાદ આળસથી ભંગ થઈ જાય તો પ્રાયશ્ચિત કરવું. ઉપવાસ કરીને તે વર્ણિ શુદ્ધ અંગોવાળો થાય છે. સ્ત્રીઓ સાથેનો સંબંધ રાખવાનો નિષેધ કર્યો છે તથા એકાંતમાં રહેવાનું પણ ના કહેલ છે તથા પોતાના સંબંધી વગરનાં કોઈ બીજા સ્થળે મુનિજનોએ શાંતિથી એ જ રીતે રહેવાનું કહેલ છે. પોતાની માતાની સાથે પણ એકાંતમાં ક્યારેય ઉભા પણ ન રહેવું. આ રીતે દઢવ્રત ધારનારા વર્ણિઓએ વર્તવું. પોતાના નજીકના સંબંધીની કાંઈક આવશ્યકતા પડવાથી પણ પોતાની સંબંધી યુવતીનો સ્પર્શ ન કરવો. અંગનો સ્પર્શ નહિ કરીને દૂરથી વચનોથી સમાધાન કરે. બીજો કોઈ જાતનો કુસંગ ન કરવો. ક્યારેક આપત્ત સમયે પીડા કષ્ટ પડે તો યુવતીની સાથે બોલવાનો કે સ્પર્શ કરવાનો યોગ્ય હોય તેનું સંક્ષેપમાં વર્ણન કરીને કહું છું. લાકડાનું પાત્ર કે પાણી તેની માંગણી કરવા લેવા વર્ણિ જાય તો પોતાના ઘેર એકલી યુવતી જ રહેતી હોય તો ત્યાં પુરુષને ઉદ્દેશીને યાચના કરવા ન કહેવું.

ખાસ આવશ્યક કામ માટે માર્ગમાં ચાલતા હોય ત્યારે આવી રીતે ભાષણ કરતા હોય તો તેના માટે હવે પ્રત્યક્ષ ભાષણ માટેના નિયમ કાળની અનુસારના નિયમો કહું છું. જ્યારે કોઈ યુવતી આપત્કાળમાં પોતાના ઉતારાની પાસે જ આવી ગઈ હોય તો તેને બોલીને રોકવામાં દોષ નથી થતો. આમ શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે છે. શિંગડાંવાળા દાંતવાળા કે અગ્નિ, પાણી આદિનો મહાભય હોય તથા શસ્ત્રઅસ્ત્રનો ભય હોય ત્યારે સ્ત્રીની ઉપર આપત્તિ હોય ત્યારે તેને પકડીને બચાવ કરવો. તેમાં પોતાના કુળની સ્ત્રી હોય તોય દોષ નથી થતો. પ્રાણનો અંત નજીકમાં આવ્યો હોય ત્યારે સ્ત્રી સાથે સ્પર્શ થાય. બોલાય તે યુવતીનો સ્પર્શ થાય તો દોષ નથી થતો પણ બીજી જગ્યાએ ન કરવું. આવી રીતે વર્ણિઓને સ્ત્રીઓની સાથેનો પ્રસંગનો સર્વદા માટે નિષેધ કહ્યો છે. તેવી રીતે બ્રહ્મચારીઓએ સ્ત્રીઓનો પ્રસંગ બંધન કરનારો છે તે ન કરવો. ક્યારેક મન દુર્વશ થવાથી વર્ણિને વીર્યનો પાત થઈ જાય તો તેણે તેના પ્રાયશ્ચિત્ત માટે ઉપવાસ કરવો ને દોષ ધોવો. આળસ પ્રમાદથી જો વીર્યપાત કરે તો તેને ચાદ્રાયણ વ્રત કરવું તથા સ્ત્રીજાતિનો સંગ કરે તો તે બ્રહ્મચારી પોતાના બ્રહ્મચર્ય વ્રતથી પડે છે. તે સો સો વાર પ્રાયશ્ચિત્ત કરે તોય શુદ્ધ ન થાય ને તે ગૃહસ્થાશ્રમી થઈ જાય છે. તે લોકો નારાયણનું ભજન કરતો રહે તે સંતોનો સમાગમ કરતો રહે. કુળમર્યાદા કે ધનના અભાવમાં કોઈપણ રીતે કન્યાનો કોઈ

સંબંધનો મેળ ન પડે ત્યારે તે વ્યક્તિ આ આશ્રમમાં સંખ્યાશ્રમમાં પ્રવેશ કરે તેમ ભક્તિના મારગમાં જાય. ભક્તિ તપ કરે. કમલનયન નારાયણની ભક્તિ કરીને પોતાનાં પાપોને બાળતો રહે. દેહનો ભાવ ત્યાગીને મુનિધર્મનું પાલન કરતો હોય તે ભક્તિના પ્રતાપે મારા પરમધામને પ્રાપ્ત કરીને પરમસુખને પામે છે. આ નૈષ્ટિક ધર્મનું વર્ણન વર્ણિન્દ્રવર શ્રીહરિ કહેતા હતા ને તેને સૌ સાક્ષાત્ વર્ણિઓ બ્રહ્મચારીઓ સાંભળતા હતા તે વૈષ્ણવાનંદનો નાથ સાક્ષાત્ શ્રીજી મહારાજ જ્યારે સભામાં વિરાજતા હતા. ત્યારે જેતલપુરમાં કહેતા હતા.

સુંદર પવિત્ર વર્ણિઓના ધર્મને શ્રીહરિ સ્વમુખે વર્ણન કરીને સહજાનંદ સ્વામી પોતે કહેતા હતા ને વર્ણિ મુકુંદાનંદ સાંભળીને મનમાં બહુ જ રાજી થયા. બહુ જ સુખને પામ્યા. વારંવાર વખાણીને પ્રભુ કહેતા હતા. જીવનપ્રાણ સૌ જનોને આનંદ કરાવતા હતા. આવી રીતે આ પંદરમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મુકુંદ બ્રહ્મચારીને વર્ણિના ધર્મ સમજાવ્યા તેનું વર્ણન કર્યું એ નામે આ પંદરમું તરંગ પૂર્ણ થયું. ॥૧૫॥**

# તરંગ-૧૬

અયોધ્યાપ્રસાદ મહારાજ કહે છે – હે આનંદસિંહ રાજન ! તમે વર્ણિઓના શિરતાજ શ્રીહરિના મુખે કહેલા વર્ણિઓના ધર્મો તે વર્ણિરાજે વર્ણન કરીને કહ્યા તે સાંભળ્યા. હવે તમે સર્વના શિરતાજ શ્રીહરિને સાંભળો. નારાયણમુનિ ભગવાન કહે છે – ક્યારેય વર્ણિએ ક્રોધ ન કરવો. જો કોઈની ઉપર ક્રોધ થઈ જાય તો તરત જ તેની પાસે જઈને નમ્રતા પૂર્વક તેને પ્રણામ કરવા ને વિનંતીથી રોષ કાઢી નાંખવો. પાપનું મૂળ છે તે લોભ છે. તેનો કાયમ માટે ત્યાગ કરવો જોઈએ. પોતાની જરૂરિયાતથી વધારે પદાર્થનો પોતાની પાસે સંગ્રહ ન રાખવો. તેનાથી શાંતિ થાય છે. ત્યાગી તેમણે તીર્થયાત્રા જવા સિવાય પોતાના સેવક પાસે દ્રવ્ય રાખવે કે રાખે નહિ તથા જુગાર આદિક રમતોનો ત્યાગ કરવો. વ્યસનોનો ત્યાગ રાખવો. એ વૈરાગીજનનું કર્તવ્ય છે. પોતાના સંબંધીને જોઈને તેના દુઃખને છોડાવવા માટે કોઈને સંકટ આપવું નહિ તથા કોઈ લેવડદેવડ ન કરવી. તેને છોડાવવા માટે લખાણ વિગેરેમાં જામીનગીરી ન કરવી. ધન પદાર્થ દેવું લેવું નહિ. તેનાં માટે કોઈ પ્રયત્ન ન કરવો. માન, મોહ, મત્સર, મમત્વ, આળસ, અભિમાન અને દંભ વિગેરે કૃપણતા (કંજુસાઈ) ક્લેશ, નિંદા, દમ દાટી આ સર્વનો ત્યાગ કરવો. તે જ ત્યાગીને માટે આ સાચો સારો સુખશાંતિનું કામ છે. જેને ભૂખ ન હોય તેને ખાવું નકામું છે. તરસ વગરનાને પાણી પાવું તે યોગ્ય નથી થતું. જેને કહેવું યોગ્ય ન હોય તેને મુખેથી ઉપદેશ કરવો યોગ્ય નથી. જેનો સ્પર્શ કરવો યોગ્ય ન હોય તેનો સ્પર્શ કરવો ન જોઈએ. જુઠું બોલવું, ખોટું કરવું આ તે ધનનો નાશ કરનાર છે. બીજાને દુઃખ દેનારું સાચું બોલવું તે યોગ્ય ન કહેવાય તથા કોઈના મર્મસ્થળમાં ઘા વાગે તેવું કડવું ક્યારેય ન બોલવું. કોઈનો અપકાર ન કરવો. ભિક્ષા લેવા જાય ત્યારે પણ એકને એક ઘેર રોજ ન લેવા જવું તથા રસાસ્વાદમાં ક્યારેય લોભાવું નહીં. જે અનાજ ધાતુની (વિર્યની)પુષ્ટિ કરનારું હોય તે ન લેવું. વધારે પડતું ન ખાવું. હાથણિ, ગધેડી, ઘોડી વગેરેનું દૂધ ન લેવું. તેનું

દૂધ ન પીવું. આપત્કાળમાં પણ પીડાના અતિરેકમાં જેનું ઔષધ નિષેધ કર્યો હોય તેવા અજાણ્યા વેદનું ઔષધ ન લેવું. ન ખાવું. દેવોને ચડેલ મદ્યમાંસ આદિક પ્રસાદ તે આપત્કાળ જેવું આવ્યું હોય તોય ન ખાવું એવા દુષિત અન્નને અડવું પણ નહિ. અન્નના અભાવમાં કેફી પદાર્થો લસણ ડુંગળી આદિક ક્યારેય ન ખાવાં. માદક પદાર્થ મેળવેલાં ઔષધો હોય તે વૈદ્ય આપે તોય ન ખાવાં તથા અગ્નિમાં ભસ્મ બનાવેલ હોય તોય ન ખાવાં. ભગવાન વિષ્ણુ નારાયણને અર્પણ કર્યા સિવાય અન્નફળ આદિક જે કોઈ પદાર્થો હોય તે તથા જળ આદિક તે ખાવાં પીવાં નહિ.

વર્ણિઓએ નિત્ય એક જ વખત જમવું. ક્યારેક આપત્તિનો સમય હોય ત્યારે જ બીજીવાર જમવું. પિતૃતર્પણ આદિક કાર્ય શુભ દિવસે કરવાં. તે નિત્યનાં કાર્ય કર્યા સિવાય સાચા ધર્મવાળાએ ખાવું નહિ. આગ્રહપૂર્વક કોઈની પાસેથી ભિક્ષા ન માંગવી. કોઈ ધંધો ન કરતા હોય તેના ઘેર ક્યારેય ન જવું તથા પોતાના સંબંધવાળા ભક્તો હોય તેના પરિવારમાં તથા અશૌચ દેવ શ્રાપિત પાપી હોય તેની પાસે ક્યારેય ન માંગવું. અગ્નિ ઉપર ઉકાળેલાં જળથી મદ્ય બનાવ્યું હોય તે મહાપાત્ર તથા વસ્ત્રને અડવું જ નહિ તથા પાડો ભેંસ બળદ ઉંટ અને ગધેડું તેની ઉપર આપત્કાળે પણ ન બેસવું. આમ વર્ણિએ વર્તવું. દિવસે ક્યારેય ન સૂવું અને રાત્રિ બેઘડી બાકી હોય ત્યારે ઉઠવું. આપત્કાળ પડ્યા સિવાય દિવસે ક્યારેય ન સૂવું. પોતાના અંગો ઉપર સુગંધી પ્રસાદીરૂપ ચંદન અત્તર આદિ ન ચર્ચવાં તથા સુગંધી તેલને ક્યારેય શરીરે ન ચોળવું. કસ્તુરી કુંકુમ સુગંધી આદિ પદાર્થોથી શરીરને શોભાવાળું ન કરવું. ગુપ્ત રીતે નૃત્ય છંદ આદિ ન જોવાં. જાતજાતના લાલ વસ્ત્રો ધારીને અતિ લાલતા ન કરવી. આડંબર ન કરવું. આપત્કાળમાં પણ બજર ન ચોળવી તથા ખાલી સૂઘવું પણ નહિ. દાંતને ઘસવા નહિ તથા દર્પણમાં બહુ મુખ ન જોવું. બહુ બહુ મુખને ન ધોવું. કોગળા કરવા. નેત્રોમાં ક્યારેય કાજળ ન આંજવું. તમાકુ ન ખાવું.

જગતની ગ્રામવાર્તા તથા લોકગીતો ગાવાં નહિ. વાર્તા કરવી નહિ. દૂતકામો ન કરવાં. ધર્મસ્થાનો તીર્થો ગૌશાળા ભગવાનની પ્રતિમાઓ સદ્‌ગુરુઓથી વેદવેદાંતની કથાવાર્તાઓ સંભળાવી. તેમની સેવા સુશ્રુષા કરવી. મન વચન શરીરથી ક્યારેય હિંસા ન કરવી તથા પોતાના હાથે દાતણ આદિક લીલાં વૃક્ષાંથી ન તોડવાં પણ ભગવાનની પૂજા કર્મ માટે તુલસી પુષ્પ (ફૂલ) વિગેરે ધરો દાભડો આદિક વનની સામગ્રી લેવામાં દોષ નથી. આપત્કાળ આવ્યા સિવાય ક્યારેય રાતના સમયે બહાર ચાલવું નહિ અને દિવસના સમયે જ્યારે બહાર જવું ત્યારે જોઈ વિચારીને ફરવું. જ્યાં બહુ જ જીવજંતુ હોય તેવા જળમાં સ્નાન ન કરવું. જો કરવું હોય તો જળને ગરણીથી ગાળીને વાસણને શુદ્ધ કરીને સ્નાન કરવું. જળનું પાત્ર લઈને મળત્યાગ કરવા જવું. વસ્ત્રો પહેરીને ક્યારેય મળમૂત્રનો ત્યાગ ન કરવો. સ્નાન કરવું. જાતિ ભ્રષ્ટ થઈને આત્મઘાતી ન બનવું. ક્યારેક પગ તળે પાણી આવે તોય આત્મઘાત તો ન જ કરવો. રાજા, રાજાના માણસો ગુરુજનો સ્ત્રીઓની સાથે ક્યારેય વિવાદ પ્રતિવાદ ન કરવો. પોતાનો બળથી વિજય ન કરવો. ભિક્ષા લેવા. અનાજ ઉઘરાવવા બે જણાએ જવું. બીજાને અવિશ્વાસ આવે તે રીતે ન માંગવું. હરિજનો વિપ્રો માટે નિહિત વચનો બોલે તોય વર્ણિઓએ ધીરજ ધરવી. શાંતિથી વિચારવું. ચોર માર્ગે કરીને કોઈ ગૃહસ્થના ઘેર ન જવું. ગૃહસ્થના ઘેર બાળકોને ચિત્ત દઈને લાડ ન લડાવવા. બહુ પ્રેમ ન કરવો. શરીરની આપત્તિ સિવાય ખાટલામાં સૂવું નહિ. વસ્ત્ર વગર નાગું ન સૂવું. માથાંના વાળ ક્યારેય ન ઓળવા. કોઈની પાસેથી ધન ઉછીનું ન લેવું. ધણિયાતા ખેતરમાંથી ઘાસ લાકડાં

કે માટી વિગેરે ધણીને પૂછ્યા વગર ન લેવું. આવી રીતે બ્રાહ્મવાદી ન થવું. સૂર્યનારાયણ અર્ધ્ય ગુરુવંદના સંધ્યાવંદન આદિ ભગવાનની સેવાપૂજા દેશ કાળઅનુસાર ક્રમ પ્રમાણે કરતા રહેવા તથા પોતાના જીવનનિર્વાહ માટે ખેતીવાડી બાગબગીચા વિગેરે કરીને વ્યવહાર કાર્ય કરવું પણ વધારો અન્ન ધનનો વધારો ન કરવો. રસનાને જીતવી. ગુરુજનોનું અન્નક્રમણ ન કરવું. મર્યાદામાં રહેવું. ખરાબ અંગો દેખાય તેવો તથા જાતજાતના રંગોવાળાં કપડાં ન પહેરવાં. વિકૃત પાદુકાઓ ન પહેરવાં. આપત્કાળ આવ્યા સિવાય પોચો રૂના ભરેલા બિછાના ન પાથરવી. સ્ત્રીની પથારી હોય તેને અડે તેમ એના સ્પર્શ વાળી પથારી ન કરવી. સ્ત્રીનાં કપડાંની બનાવેલ પથારી ઉપર ન સૂવું. માથાંની જટાના કેશમાં તેલ ન ચોળવું. મનુષ્ય અને પશુઓને તણખલાંથી તથા લાકડીથી ન મારવાં. માગણ તથા સુતવર્ગ આદિકને બ્રાહ્મણની આજીવિક વૃત્તિ તે શ્રીહરિના આશ્રિતોને જાણે આવી રીતની વાતો ન કરવી. પોતાના ગોર ગુરુદેવ માતાપિતા આમના સિવાય બીજા કોઈની ઉર્ધ્વદેહની ક્રિયા બીજા કોઈ સંબંધીજનોની પણ ન જ કરવી. આ રીતે જે જે આજ્ઞાઓ કરીને નિષેધ કરેલ છે. અનુક્રમ પ્રમાણે તેને જુદાજુદા દોષોનું ઉપવાસ કરીને નિવારણ કરવું. જે કોઈ મૂઢ થઈને વર્ણિબ્રહ્મચારી દોષની શુદ્ધિ ન કરે તો તે વર્ણિ લોકોમાં બહુ જ અપકીર્તિને પામે છે. પૃથ્વી ઉપર દુઃખને પામે અને આવી રીત ઉદ્ધવમત સત્સંગના આશ્રિતો તેમણે મર્યાદા ચુકે તો પડ્યો જાણો. આ રીતે શ્રીહરિના મુખે કહેલાં વેદપ્રમાંણ વચનો છે એ ધ્યાનમાં લેવું.

આવી રીતે વર્ણિઓના ધર્મો સુંદર રીતે પ્રીતિપૂર્વક શ્રીહરિ પુરુષોત્તમ મહાપ્રભુએ વર્ણન કરીને વર્ણિઓને વર્તવા માટે સુંદર રીતે કહ્યા તે બધી જ રીતે ધ્યાનમાં લઈને આચરવાના છે. ધીરધરમૂર્તિ ધર્મને દૃઢ કરવા વર્ણિઓના ધર્મ વર્ણન કરીને સુંદર કહ્યા. આમ આ સોળમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વર્ણિઓના ધર્મનું સુંદર રીતે નિરૂપણ કર્યું એ નામે સોળમો તરંગ થયો. ॥૧૬॥**

# તરંગ-૧૭

શ્રી નારાયણમુનિ ભગવાન કે છે — વર્ણિઓઓ પ્રાતઃ સમયે મધ્યાન સમયે અને સંધ્યા સમયે શક્તિ અનુસાર કર્મકાંડવિધિ પોતાના પિતૃદેવોની જે વિધિ હોય તે રીતે આળસનો ત્યાગ કરીને નિત્ય પ્રત્યે સાચા વર્ણિઓએ વિષ્ણુ ભગવાનની ભક્તિ પૂજા કરવી. સાક્ષાત્ નરનારાયણ ભગવાન વર્ણિઓએ આચાર્યોએ પોતે જ બીજાનો ઉપકાર કરવા માટે આ કાર્ય કરવું. તે વેદનાં કાર્ય કરતાં આ કાર્ય સુખકારક થાય છે તે કરવાં. નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરે ને દેવ પિત્રિ આદિનાં નિત્ય કર્મ કર્યા કરે. આ તો આદિઅનાદિનાં જ ધર્મો કાયમના ચાલ્યા જ આવે છે. વર્ણિએ ત્રણે કાળમાં સંધ્યા વંદનવિધિ તથા ઉપસ્થાનવિધિ સર્વ રીતે કરવાનો તથા વેદમાત્રનો જપ કરવાનો. એના માટે વર્ણિઓના સ્વામિ શ્રીહરિ કહે છે કે સવારે, સાંજે મધ્યાન્હ સમયે હોમ હવન અગ્નિમાં કરવાનો આ રીતે કર્યું હોય તે રીતે સમય પ્રમાણે પિતૃ અને સૂર્યને જલ અંજલિઓ આપીને હાથે વિધિ કરીને અંજલિઓ અર્પણ કરવી. બ્રાહ્મણોએ આપત્કાળ પડ્યા વગર આ વિધિ નિત્ય પ્રત્યે

કરવો અને ભિક્ષાવૃત્તિથી એને માંગીને કાચું પકાવ્યા વગરનું જ જમવું. પાક કરીને ભગવાનને નૈવેદ્ય ધરીને શ્રીહરિ વિષ્ણુનારાયણને હેતથી જમાડવા. ત્રણ વખત સ્નાન કરીને વર્ણિએ વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. દરરોજ નિત્ય પ્રત્યે પૂજતા રહેવું. પોતાની શક્તિ પ્રમાણે પાંચ વખત યજ્ઞવિધિ કરે. વર્ણિ તે નિત્ય શિખાને બાંધેલી રાખે. ઉપવિતને ધારી રાખે. સમય પ્રમાણે પિતૃશ્રાદ્ધ કરે. આ રીતે અયોધ્યાપ્રસાદજી મહારાજ પવિત્ર બુદ્ધિવાળા રાજા આનંદસિંહને કહે, કે વર્ણિઓના ઇંદ્ર દયાળુ શ્રીહરિ કહેતા હતા. ઉપવિત કટિમેખલા પલાસ દંડ અને તુલિપાત્ર (કમંડળ) વિગેરે તે તો જળમાં પધરાવવું. મંત્રિત કરીને નવિન ધારણ કરવાં સાથે રાખવાં. પાખંડીનો સ્પર્શ કરે તથા યવન અંત્યજ પાપીનો તથા સ્મસાને જાય તોય તો વસ્ત્રસહિત સ્નાન કરવું. શુદ્ધ થવું. અપવિત્ર સ્પર્શ કરે તથા ઉલટી થાય તો સત્યનો ભોગ કરે તોય તે દુષ્ટ એવા સ્વપ્નનો ત્યાગ કરીને તેનાથી શુદ્ધ થવા સ્નાન કરવું. તેનાથી શુદ્ધ થાય. અજાંણતાંમાં તે અછુતનાં કે સ્ત્રીનાં વસ્ત્રોને કે સ્ત્રીના અંગનો સ્પર્શ થઈ જાય તો બ્રહ્મચારી સ્નાન કરીને ઉપવાસ કરે ત્યારે તે શુદ્ધ થાય. આ રીતે શ્રીહરિ સ્વમુખે પ્રત્યક્ષ ઉપદેશ કર્યો. શ્રીહરિના જન્મનો ઉત્સવ હોય તે દિવસે તથા બધી જ એકાદશીઓના દિવસે તે વ્રતોનો સંપ્રદાયની રીતે તે અનુસારીને ઉપવાસો કરતા રહેવા. તે ખાસ ધ્યાનમાં લેવું.

શ્રીહરિની પ્રસાદીનું વૈષ્વદેવો કરીને પ્રસાદ વહેંચીને વધેલી પ્રસાદી અનાજ આદિક તે સુંદર રીતે પવિત્રતાવાળું નિયમ પ્રમાણે મર્યાદામાં બ્રહ્મચારીએ જમવું. કૃચ્છ્ર ચાંદ્રાયણ આદિક વૃતોને અવારનવાર સતત કરતાં રહેવાનાં. સુવરનું તથા મૃગનું સર્વનું માંસ પોતાના જેવું જ હોય. ચાંમડી હાડકાં તેમજ શરીર પણ પોતાના જેવું જ હોય છે. આવી રીતની જ્ઞાન અને વૈરાગ્યયુક્ત મનોવૃત્તિને રાખીને ઇંદ્રિયોને જીતીને ધીરજવાંન થઈને એકાંતિક ભાવથી દૃઢપણે શ્રીહરિની ભક્તિ કર્યા કરવી. મનને સ્થિર કરીને અચલ રહેવું. ગુરુની આગળ સદાય દાસપણે રહીને એકાંતિક પણે હજુરીયા થઈને આવવા જવામાં સ્થાનમાં આસન કરવામાં જવામાં ક્યારેય વધારે દૂર ન જવું. શાંતભાવે ઉદાર દિલે ધીરજથી રહેવું. મનને મનાવીને સોનાને સામાન્ય લોઢા જેવું સમજવું. મિત્રથી ઉદાસી રહેવું. શત્રુની સાથે સમદૃષ્ટિ રાખીને રહેવું. એમાં ભૂલ ન કરવી. પોતાના સંબંધીને જોઈને તેને સર્પમાં જેવું હેત રાખે કે ભય રાખે તે જ સંબંધીમાં માંનવું યુવતીઓને વિષે મડદાં જેવી વૃત્તિથી જોવું અને મિષ્ટાન્ન મધુરાં પદાર્થના વિશે જેરમાં જેવો ભાવ હોય તેવું માનવું ને તૃપ્તિ માનવી. આશા પ્રતીક્ષા ન રાખવી. બ્રાહ્મણને વિશે પ્રેમભાવ રાખવો. તેનું સારું ઇચ્છવું. તેમનું માન કરવું. પ્રશંસા કરવી. પ્રેમથી ઈર્ષા સિવાય સેવા કરવી. તેમાં જે બ્રાહ્મણ હરિભક્તો હોય તેમની પ્રેમથી સેવા પરિચર્યા કરવી.

જીવનના ધર્મને બ્રહ્મચારી સમજે તો તેના ફળને પ્રાપ્ત કરે છે. દેવને પ્રસન્ન કરવા માટે સમૃદ્ધિ સુખને પૃથ્વી ઉપર ન ચાહે એ રીતે બધાં જ જીવોને અભય કરી દે. સર્વે ભુદેવોને માનસન્માન દેતા રહે. બહુ જ દાનો દે અને પ્રગટ પ્રભુની વાતો કરીને બધાં જ અતુલનીય કાર્યો કરવાનાં. અમૂલ્ય કાર્યો કરીને સ્નાન હોમ જપ યજ્ઞ અન્ન જમાડવાં તથા પ્રાતઃકાળે સંધ્યાકાળે બધાં જ કાર્ય કરવાં. જ્યારે મળમૂત્ર કરવા જાય ત્યારે મુખેથી કાંઈ જ બોલે નહિ. આ રીતે વર્ણિએ વર્તવાનું. આવી રીતે વર્તવા માટે ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. પ્રમાદ કરીને જે પોતાના ધર્મનો ભંગ કરે છે તેના દોષની શુદ્ધિ કરવા માટે ઉપવાસ કરવો. જુદાજુદા અભંગના જુદાજુદા ઉપવાસો કરવા. જ્ઞાન સત્ય છે. તેમાં ધીરજતા ક્ષમા અમત્સરતાથી બોલીને લોકોનાં પાપોને ધોવાં. સમાન વૃત્તિ રાખીને અસૂયાથી યજ્ઞ કાર્ય આદિનાં સારા ગુણોને રાખવા ને બીજા શોક મોહ ક્રોધાદિક બધાને

બહાર ભગાવી દેવા. તૃષ્ણા ઈર્ષા અધ્યાસ સ્પૃહા માન લોભની ધામઅસૂયા આદિ દશ અને બે બાર દોષોનો સાવધાનીથી ત્યાગ કરવો. બ્રહ્મચારીઓએ જગતમાં જે બાર દોષો છે તેના અંગનો ત્યાગ કરવો અને બાર શુભ ગુણો કહેલાં છે તેનો પોતાના જીવનમાં સંગ કરીને રાખવાં અને ગુણવાળાં થવું. અને પ્રેમથી ભગવાનની ભક્તિ કરતા રહેવું ને હરિકૃષ્ણ ભગવાનના ભજન કરવાં ને ગુરુની સુંદર રીતે સેવા કરવી.

નૈષ્ઠિક ધર્મનું સુંદર રીતે વર્ણન કર્યું. અનેક પ્રકારનાં નૈષ્ટિક વૃત્તો શ્રીહરિએ કહીને સમજાવ્યાં. તેનો પૂર્વાપર વર્ણવીને આનંદ કરાવ્યો. તેને સાંભળીને મુકુંદવર્ણિના મનમાં બહુ જ આનંદ થયો. આ રીતે સુખ કર્યું. વારંવાર ઘનશ્યામ પ્રભુએ વર્ણિઓના ધર્મનું વર્ણન કરીને જુદી જુદી રીતે વર્ણન કરીને વિસ્તારીને કહેલા ધર્મને ગહરતાથી સમજાવ્યા. આમ આ ગહરરૂપે આ સત્તરમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે આ તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી રચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વર્ણિધર્મનું નિરૂપણ કરીને કહ્યું તે નામે સત્તરમું તરંગ પૂર્ણ થયું. ॥૧૭॥**

# તરંગ-૧૮

શ્રી નારાયણમુનિ ભગવાન કહે છે, હે વર્ણિ ! સૌ કોઈ વેદોને તો સનાતન કહે છે. વેદો તો શ્રી નારાયણ ભગવાનનું શરીર જ છે. નારાયણ જ વેદરૂપે છે. એટલા માટે બ્રહ્મચારીઓએ નિત્ય પ્રત્યે દરરોજ વેદોનો અભ્યાસ કરો. કોઈ ભેદ ન રાખશો. તે વેદને સાર્થે સહિત ભણો. તેમાં હરિના મહાત્મ્યનું જ્ઞાન ભરપૂર ભરેલું છે. અર્થ સમજ્યા વગર વેદને ન ભણવા. બ્રહ્મચારીઓએ આદર સાથે વેદનો અભ્યાસ ચિંતવન કર્યા કરવું. વેદનાં બધાં જ પ્રમાણોમાં વેદોને અતિ પ્રાચીન પુરાતન પ્રસિદ્ધ કરનારા છે. તે વેદોના જ પ્રમાણ વચનોથી બધાનો ઉત્કર્ષ થાય છે. તેનાં દ્વારા જ બધાં જ તત્ત્વનાં પ્રમાણ જાણવા મળે છે. વેદોની ઉત્પત્તિ તો નારાયણ થકી જ થઈ છે. પ્રણવના મુળમાં તો વેદો જ રહેલા છે. તે જ વેદના પ્રસંગને અત્યારે ભેદભાવનો બાધ કર્યા સિવાય બધા જ સંક્ષેપથી કહું છું. પુરુષોત્તમ આદિ અનાદિના મહાપ્રભુ તો પ્રકૃતિ અને પુરુષની ઉપર સર્વોપરિ છે. તે પોતે મહાપ્રભુ અક્ષરબ્રહ્મપુરધામમાં વિરાજે છે. વાસુદેવ નારાયણ તે પોતે જ છે. પ્રભુએ બ્રહ્માંડો રચવાની ઈચ્છા કરી.પોતે સ્વતંત્રતાથી અંતદૃષ્ટિ કરી. તેનાથી પ્રકૃતી અને પુરુષ પોતાના ધામમાં માયામાં સુતા હતા. તેને ઈચ્છાથી જગાડ્યા. તે મહાપુરૂષની સામે જોયું ત્યારે તે મહાપુરુષે માયામાં વિર્યને ધારણ કર્યું. પ્રભુની પ્રેરણાથી માયાએ તે વિર્યને ધારણ કર્યું. તે પુરુષને પ્રકૃતિ તેને સૃષ્ટિ રચી. તે માયાને પુરુષથી અનેક પ્રધાન પુરુષોની ઉત્પત્તિ થઈ. પુરુષપ્રધાનોમાં વિર્ય ધરીને અનેકથી પુરુષરૂપ ભગવાનના પ્રતાપે વિકાસ કરતા હતા. ચિદરૂપ ભગવાનના વિર્યને વિષે પ્રભુના ગુણમિશ્ર તત્ત્વને માયા ઈશ્વરો તે બ્રહ્માદિ બધાય મહામોટા ગુણો આત્મભાવવાળા થયાં. રૂપ ગુણવાળા કાર્ય કરનારાં થયા. હિરણ્યરૂપ અંડકોશમાં સુખમય માયાનું સર્જન કરીને અહંકારરૂપ આકાશની રચના કરીને આકાશ મુખ્ય રહ્યું. તે ષડ આ વ્રણોથી ઘેરાયેલું સ્થિરરૂપે રહ્યું છે.

અનંતકોટિ બ્રહ્માંડો જેમના આશ્રયે રહેલાં છે એવા તે મહાપુરુષે પોતે જ માયાનું સર્જન કરેલ છે. સર્વના

કારણ એવા સુખના સાગર જેમને નામથી પોકારે છે એવા તે નારાયણ પ્રભુ જળના મધ્યમાં વિરાટનારાયણરૂપે વ્યાપીને રહેલા છે. ક્ષીરસાગરમાં વિરાજે છે. તે વૈરાટ નારાયણના શરીરમાંથી કમળની ઉત્પત્તિ થઈ તે જળના ગર્ભમાંથી પ્રગટ થઈ તે દષ્ટિગોચર થાય છે. બ્રહ્માદિ ઈશ્વરો જીવો તે બધાય સ્થળના ભોગવાળાં છે. તે કાળના બંધનમાં છે. એમને મહાસમર્થ યોગ્યવાળા પણ નવા ઉત્પન્ન નથી કરી શકતા તે સ્વયં ઉદ્ભુત છે. કાળશક્તિ દ્વારા મુખ પગ અને હાથ સર્વની ઉત્પત્તિ કરેલ છે. પુષ્ટ ભાગ અને ઉરના ભાગની સ્થાપના કરી. પછી તે સર્વે જળના ઓઘમાંથી બહાર આવ્યાં. બહાર અને અંદર સ્થિર થયાં. સર્વે પ્રકાશિત થયાં. વિરાટ, સુત્રાત્મા અવ્યાકૃત આ ત્રણે શરીરો તે પુષ્ટ થઈને જીવ આદિની જેમ રચનામાં સ્થિર થયાં. ઇંદ્રિયો ગોલુકનું માળખું પોતપોતાની સ્થિતિ પ્રમાણે સ્થિર થયાં. નાળિયેરની માફક તેનું શરીર જાણવાનું વિરાટ એક જ છે તેમ વિરાટ, સુત્રાત્મા, અવ્યાકૃત તેનું તે જ રીતે પ્રમાંણ જાણવું. હવે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જે થયા તેનો યોગ કહું છું. ઇંદ્રિય ગોલકમાં તદાત્મપણે દેવ સ્થિર થયા તે ભેગા મળીને બાહુ અંતઃકરણ બધાં થયાં. ઉઠાડવા મથ્યા પણ ન ઉઠ્યા ત્યારે પુરુષરૂપે નારાયણ સ્વયં પધાર્યા અને તેમની પ્રેરણાથી જગાડ્યા. તે પુરુષોત્તમ નારાયણ તેના અંતઃકરણમાં પ્રવેશીને વ્યાપ્યા ત્યારે જીવરૂપે પ્રકાશ્યા ત્યારે તે શહસ્ત્ર શિરસા નામથી પ્રસિદ્ધ થયા. તે વિરાટ સહસ્ત્ર શિરસા કહેવાય છે. તેમાં પ્રવેશ કરીને બ્રહ્મનાદને કરે છે. સુષુમણા નાડિના માર્ગે નાભિમાં આવ્યો. ત્યાં વ્યાપીને ઉર્ધ્વ (ઉપર) મુખવાળું કમળ થયું. તે પ્રાણના નામથી થયું. કેળના ફૂલના પડની માફક અધોમુખ (નીચે નમેલું) વાળું નાભિમુખ થયું. ત્યારપછી તે ઉર્ધ્વમુખ થઈને તે નાભિ વૃદ્ધિને પામી.

તે નાભિમાં નાદ થયો. તેનાથી પરાવાંણિ થઈ તે જેમ વીજળીનો પ્રકાશ ઉદ્ભવ થાય તેમ નિગમોનો ઉદ્ભવ થયો. તેજનો પ્રકાશપ્રવાહ તે અર્ધમાત્રાની હૃદયમાં પ્રવેશીને પશ્યંતિરૂપે થઈ એમ કહેવાય છે. તે વાણિ કંઠમાં પ્રવેશીને મધ્યમા નામે થઈ. મુખને પામી તે વૈખરિ વાણિ કહેવાઈ. આમ ઉર્ધ્વગતિ કરીને ફરી પછી નીચે આવીને જેમ ગડીપાળનું યંત્ર પહેલાં ભરેલું ખાલી થાય ને પાછું ફેરવે તે ભરાય તેમ થઈ. તે નાભિથી ફરી પાછું મુખ તરફ આવીને પછી પહેલાં કહ્યું તે રીતે નાદને કરે છે. તે રીતે સર્વના દેહોમાં વૈખરિ આદિક પળમાં મુખગળામાં રહે છે તેમ હે વર્ણિ ! તમે તે જ રીતે સર્વલોકોનાં દેહોમાં રહેલું છે. વ્યાપેલું રહે છે. તેમ જાણો. અકાર ઓકાર અને મકાર તે ત્રણે મળીને વર્ણ જુદા છે. તે છતાં એકાત્મજ કહેવાય છે. ત્રણે એકરૂપ છે. મહાદેવજી, વિષ્ણુ ભગવાન અને બ્રહ્માજી આ ત્રણે સ્થાનની અનુક્રમ પ્રમાણે તેઓને અધિષ્ઠાતા ઈશ્વરો કહેવાયા છે. વર્ણનિ રીતે સૌ પોતપોતાના સ્થાને રહે છે. હરિની ઇચ્છા મુજબ તે શબ્દધ્વનિના આકારે ત્રણ દેવો એક થયા છે. નાસિકા ધ્વનિના આકારે છે. મહાપ્રાંણ સ્થાનમાં હૃદયમાં ઘોષરૂપે થયા. ગોલક ઇંદ્રિય કંઠમાં થઈને મુખે આવીને રહ્યા. અંતસ્થ સ્થિર થઈને ઉષ્માંણ રીતે સ્વરોની પરંપરા થઈને બધા પ્રમુખ સ્વરૂપે થયા. અ, આ, ઈ થી ક, ખ થી ક્ષ, જ્ઞ સુધીના સ્વરો અને વર્ણો થયાં. તે બધાય મુખ્ય વર્ણ થયાં. ત્યારપછી તેનાથી જુદા જુદા સ્વર્ગાદિ સ્થાનો તથા વેદો તેનાં સ્થળોના ભેદો જુદાજુદા નાદરૂપે પ્રગટ થયા. એક જ શરીરમાંથી ચાર સ્વરૂપે કહેવાયા. તે નાભિકમળમાં વાસ કરે તે વાસુદેવ, અધિષ્ઠાતા થયા. પશ્યંતિરૂપે હૃદયમાં સંકર્ષણરૂપે થયા. અનિરુદ્ધ ભગવાન કંઠમાં મધ્યમાં વાસ કરે છે. મુખમાં વૈખરિ રૂપે પ્રદ્યુમન વાસ કરે છે. વિષ્ણુ આદિક ત્રણે દેવો પોતપોતાના નિર્ણિત સ્થાને ઉપર નિવાસ કરીને રહે છે. પ્રદ્યુમન આદિક અધિષ્ઠાતા દેવો પણ પોતપોતાના સ્થાનો ઉપર વાસ કરીને રહે છે. સંકર્ષણ આદિ ત્રણ દેવો સગુણ મૂર્તિ શોભે છે. એવી

રીતે કવિ વૈષ્ણવાનંદ ગાય છે. વાસુદેવ ભગવાનની નાભકળની અમૃતવાર્તા વર્ણન કરીને કહી છે. તે જ મૂર્તિ બધી જ નિર્ગુણરૂપે પણ રહેલી જ છે અને સગુણરૂપે પણ પોતપોતાના કાર્યબળની રીતે અનિરુદ્ધ રૂપે રહે છે.

આવી રીતે શ્રી પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નારાયણ નરદેવો. સર્વના અર્થનો બોધ કરીને બધું જ સમજાવતા હતા. સર્વ દેવોમાં વસતા સર્વના મુખ્ય લોકોને દેહનું જ્ઞાન કરાવનારા તો તે જ નારાયણ ભગવાન છે એમ વર્ણન કરીને કહ્યું સર્વની ઉત્પત્તિ આદિકનું વર્ણન કર્યું તેને સૌ વર્ણિ બ્રહ્મચારીઓએ વાંચવું ભણવું વંચાવવું. આવી રીતે પરબ્રહ્મ ચૈતન્ય અખંડ આછેદ્ય એવા પોતાના જુદાજુવા સ્વરૂપો થયાં છે. નારાયણ પોતે તદ્રૂપ થયા છે. તે બધાય શ્રીહરિનું ભજન કરે છે. બધાનો ઉપભોગ કરે છે. સર્વરીતે એક જ ચૈતન્ય અખંડ અભેદ છે. એમનું ભજન હવન કરીને કાર્યની ગતિ કરો. હવન સામગ્રીથી હવન કરો. ઘી આદિ હવિષ્યાન્નથી અગ્નિમાં હોમ કરીને નિત્યકાર્ય સિદ્ધ કરો. બધી જ પૃથ્વીમાંથી અન્ન કણો અનેક પ્રકારના તેઓ કર્મોથી જ આવે છે. તેનાથી તે ત્રણે લોકની તૃપ્તિ થાય છે. તેમાંથી પછી ઉત્પત્તિ થાય છે. આવી રીતે જુવો છો. તોય મુંજાવાનું કોઈ કારણ નથી. જેને મુખ આપે છે. તેને દાંત આપે છે તથા શરીરમાં જીવ આપે છે. જીવ તો તેવડો ને તેવડો જ રહે છે. પણ શરીર જીર્ણ થાય છે. જેમ બાળક વધે છે તેમ જીવમાં આશા તૃષ્ણા વધતી રહે છે. આ દેહ છે તે તો આખો નાશ પામે છે. એમ જાણીને તૃષ્ણાનો તાત્કાલિક ત્યાગ કરીને નિષ્કામી થઈને ધર્મતનયન શ્રીહરિનો દઢ આશ્રય કરીને નિત્ય પ્રત્યે ભજનસ્મરણ કરશો એજ કાર્ય કરવાનું છે. મહાપ્રભુએ આવી રીતે દેશકાળ આદિનો ઉપદેશ કર્યો. ક્રિયાશાસ્ત્ર અને મંત્ર તેમજ સારો સંગ તે રીતે સાચા દેવ તેમની સાચા ભાવે સેવાભક્તિ કરો. સંતપુરુષોની સેવા સમાગમ કરો. આ રીતે સત્સંગ કરનાર છે. કદાચ ભુંડો દેશકાળ આવી જાય તોય તથા અશુભ સંગ થાય તો તેનો ત્યાગ કરીને સાચા સંતપુરુષનો આશ્રય કરીને પોતાના આત્માના હિત કરવા દૂર રહેતા હોય તોય દેશ સંગનો ત્યાગ કરીને ત્યાગી સંતની સેવાસમાગમ કરવા જવું ને સેવવા.

આવી રીતે ધર્મનંદન મહાપ્રભુએ વર્ણિઓના ધર્મ સુંદર રીતે વર્ણન કરીને સમજાવ્યા. તેને સાંભળવાથી જન્મમરણના ભવના ફેરા મટે છે. આવી સર્વોપરિ ધર્મનંદન મહાપ્રભુની અમૃતવાણીથી ભેદ સમજણા. વેદોની ઉત્પત્તિ આદિક સમજાવીને શ્રીહરિ સ્વમુખે કહી તેને આખા પુરનાં ભક્તજનોએ સભામાં સાંભળ્યા. આમ આ અઢારમું અભિધાનરૂપે હરિલીલાસિંધુનું લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારીએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મનું વર્ણન કરીને તેનું નિરૂપણ કર્યું એ નામે અઢારમો તરંગ થયો. ॥૧૮॥**

# તરંગ-૧૯

શ્રી નારાયણમુનિ ભગવાન કહે છે વર્ણિએ સવારમાં વહેલાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવું અને નરનારાયણ ભગવાનનું ધ્યાન કરવું તથા તેમના એકાંતિક ભક્તને સંભારવા એમની સાથે ભગવાનનાં કીર્તન ભક્તિ કરવા. ત્યાર પછી જળનું પાત્ર ભરીને હાથમાં લઈને શૌચ કરવા બહાર જવું. ગામથી નૈઋત્ય દિશામાં દક્ષિણ તરફ જવું. એકલા જ જવું. મસ્તક ઉપર બાંધેલું વસ્ત્ર તે ઘાસનાં તણખલાં ઉપર મૂકવું. ત્યારપછી મળમૂત્રનો ત્યાગ કરવો. જ્યાં આગળ કોઈ ન હોય ત્યાં કરવો. તથા દિવસના સંધ્યાકાળે ઉપવિતને કાન ઉપર ધારીને ઉત્તર મુખે મળમૂત્રનો ત્યાગ કરવો અને રાત્રીના સમયે દક્ષિણ મુખે બેસીને મળમૂત્ર ત્યાગ કરવો. છાયા ન દેખાય ત્યારે રાત્રિના અંધકારમાં દિવસે કે રાત્રિના સમયે જાજરૂ જવામાં જ્યાં જેમ સુખ હોય તેમ બેસીને પ્રાણની નિર્બાધમાં કોઈ જાતનો ભય ન હોય તેમ ત્યાગ કરવાં. વર્ણિએ રાત્રીના સમયે ગામની મળત્યાગ કરવા ન જવું. પોતાના નિવાસ મઠની સમીપમાં જ શૌચક્રિયાનું સ્થળ કરવું. ત્યાં આપત્તના સમયે ક્રિયા કરવી તેમ કરવું. તે જગ્યાએ જળનું સ્થાન અગ્નિનું સ્થાન કે સૂર્યનું સ્થાન દેવળોની સામે નજીકમાં શૌચ ન કરવાં. કોઈ મંડળ ચંદ્રમાં કે ધાન્યનું ખેતર તેની અંદર તથા જાહેર માર્ગ જવા આવવાનો રસ્તો તેના કાંઠે મળમૂત્ર કરવા ન જવું. ગૌશાળા કે જુનું ખંડેર મંદિર દેવાલય કે કોઈ સ્થાનમાં મળમૂત્ર ન કરવું તથા થુકવું નહિ. જ્યાં સ્ત્રીયોનો સંઘ રહેતો હોય તેની સામે મળત્યાગ કરવા ન બેસવું આ સ્થાનોથી સાત હાથ દૂર કરવું. તેનાથી બેગણું જળસ્થાનથી દૂર કરવું તથા તીર્થસ્થળમાં તેનાથી ચારગણું દૂર સ્થળમાં મળમૂત્રનો ત્યાગ કરવા બેસવું. આ રીતે કરવું.

શૌચ કરવા જાય ત્યારે જળનું પાત્ર ભરીને લઈ જવું. હાથ પગ ધોઈને જળના સ્થાને જવું તે સ્થાન જંતુ વિનાનું હોય તે લેવું. જંતુવાળું ન લેવું તથા શૌચ આદિકથી અપવિત્ર એવા સ્થાનનો ત્યાગ કરવો. એક વખત લિંગને ધોવું. ત્રણ વખત ગુદાને ધોવી. ત્યારપછી બંને હાથને દશ અને સાત કુલ સત્તર વખત ધોવા. જળથી બંને હાથપગને ધોવા ને પછી બાર કોગળા કરવા ત્યારે શૌચ કહેવાય અને મૂત્રનો ત્યાગ કરવામાં છ કોગળાને ચતુર જ્ઞાનીજનો કહે છે તે રીતે પીધેલા પાણીના પાત્રથી બચેલા પાણીથી આચમન ન થાય તેના માટે બીજું પાત્ર લેવું. પાત્રના અભવમાં સત્કાર્ય કરીને તૈયાર કરવું. આ કહ્યો તે શૌચ ગૃહસ્થ બ્રાહ્મણોનો કહ્યો છે એમ જાણજો. તેનાથી બેગણો વર્ણિઓએ પાળવાનો છે. રાત્રિના સમયમાં અશક્ત વૃદ્ધ અથવા રોગથી પીડાતો જન દેશકાળ અને પોતાની શક્તિ અનુસાર દરદથી પીડાતા હોય ને. મળત્યાગ કર્યા પછી જ્યારે પાણી મળે ત્યારે બધાં જ વસ્ત્રો સાથે સ્નાન કરવું. આ રીતે શુદ્ધ થવું.

ધાતુનાં પાત્રને ચોખ્ખી માટીથી ઘસીને શુદ્ધ જળથી ધોઈને તેને ત્રણવાર વીછળીને સાફ કરવી અને આ રીતે શૌચવિધિ કરીને મુખને ધોવાં. કાષ્ટનાં દાતણ માટે બોધ કરેલો જ છે. વૃક્ષની ડાળી તોડવાનો દોષ કહેલો છે માટે જેવું તેવું દાતણ લઈને તેનાથી જીભને ચોખ્ખી કરવી ઉભા રહીને કે મારગમાં ચાલીને કે કોઈની સાથે વાતો કરીને દાતણ ન કરવું. એક સ્થાને બેસીને કરવું. વ્રતનો પર્વ હોય ત્યારે એ ક્રાંતિકાળમાં ઉપવાસમાં કે વ્રતસિદ્ધ કરવામાં કેવળ બાર કોગળા કરીને મુખ શુદ્ધ કરવું. ત્યારપછી નદીમાં કે તળાવમાં કે કૂવેથી સ્નાન કરવું. ભીના વસ્ત્રે મનથી એકાગ્ર ચિત્તથી સ્નાન કરવું. પછી હૃદયમાં શ્રીહરિનું

ધ્યાંન ધરિને નામનો જપ કરવો. મનથી કલ્પીને કલ્પિત જળથી સ્નાન કરવું. તે તપથી સિદ્ધ થયેલા ભગિરથથી લવાયેલી ગંગા નદી સર્વના પાપનો નાશ કરનારીનો સ્નાન કરવાના સમયે નહાતા નહાતાં સ્મરણ કરવું ને જળમાં સ્નાન કરવું. પૂર્વ અથવા ઉત્તર મુખે રહીને તર્પણ કરવું. પલળેલાં વસ્ત્રે જ જળના પાત્રને ભરીને પોતાના નિવાસે મઠમાં લઈ જવું. ભીનાં વસ્ત્રો જ જળથી તિલક કરવું અને નદીના કે તળાવના કે કૂવાના કાંઠે જ સંધ્યાવંદન કાર્ય કરવું. બ્રાહ્મણોએ તર્પણકાર્ય ભીનાં વસ્ત્રે જ કરવું. ગાયત્રી મંત્રનો પાઠ જળની બહાર કરવો. સ્નાન કરીને શરીરને લુછવું નહિ. શરીરને હલબલાવીને ઉંચુનીચું કરીને ખંખેરવું નહિ. એમને એમ સુકવવું. હોઠ, પીઠ, શરીર, રૂંવાડાં બધાયનું પાણીને બધું તીર્થસમાન જાણીને તે જળના દેવો શિરથી પિતરીઓ મુખથી પીવે છે. અડધા શરીરનું નીચેનું જળ સૌ ગાંધર્વો લે છે. હાથપગને પોતાના ઉતારે જઈને જળ લાવેલા તેનાથી ધોવા શુદ્ધ વસ્ત્રો ધારણ કરવાં. કોઈને અડકેલાં પહેરેલાં ન પહેરવાં. પવિત્ર એકવાર ધોયેલું એવું હોંશિયારીથી સુંદર રીતે ધારણ કરવું. રેશમી વસ્ત્ર બ્રાહ્મણને પહેરવામાં દોષ નથી. શરીર ન દેખાય તેવું સારું વસ્ત્ર પહેરવું. એક જ વસ્ત્ર ધારીને સંધ્યાહોમ જપ આદિક કરવાં. તેનાથી પિત્રુનું કાર્ય કરવા બ્રાહ્મણને વિવેકથી કરવાનું છે. એક જ વસ્ત્ર પહેરીને ઉતરીથી વસ્ત્ર નહિ લેવાનું તથા છોકરાનું બ્રહ્મસૂત્ર ઉપવિત ધારણ કરવી. મેલું કપડું કે કૌપીન એકલી ધારવાથી નગ્ન કહેવાય. પાછળ કાછડિ ઘાલીને પહેરેલું વસ્ત્ર પૂર્ણ કહેવાય. કાછડિ ઘાલ્યા વગર તે પણ નગ્ન જ કહેવાય. ગૃહિણીના વસ્ત્રો બે હોય છે. તે એક જ કચ્છ કહેવાય અને કછરહિત જે બંને વસ્ત્રો કોડે જેવી તે કછરહિત કહેવાય તે તો આસુરી મનમાં કહેલા છે. કાછડિ વગરનાને ધર્મકાર્યમાં પ્રતિનિષેધ કરેલ છે. ધોતીની કાછડિ પહેરીને પૂજાકાર્ય કરવું.

દેવો પિત્રુઓ તથા સંધ્યા આદિકાર્ય નિત્ય પ્રત્યે કરવાં. શુદ્ધ જળ લાવીને વર્ણિઓએ દર્ભ, ઘરો, પૂજન સામગ્રી સમિધાઓ પુષ્પ આદિક બ્રાહ્મણે લાવેલાં હોય. તે શુદ્ધ દ્રવ્યથી શ્રીહરિની પૂજા કરવા માટે પુજાપો લેવો ને તેનાથી પૂજા કરવી. પૂજાસામગ્રી બધી લઈને તરત જ પવિત્ર સ્થળમાં સુંદર આસન પાથરીને પૂર્વ દિશામાં કે ઉત્તર દિશામાં મુખ રહે તેમ આસન પાથરવું. તેની ઉપર સ્વસ્તિક આસને બેસવું. તિલક ચાંદલો કરીને પ્રાણાયામ કરવું. સ્વસ્તિક કરવું. સ્નાન કર્યા પછી મૃતિકાનું તિલક કરે તથા હોમ કરવાના સમયે તે હોમની ભષ્મનો તિલક ચાંદલો કરવો તથા દેવની અર્ચના પૂજન કરીને તે દ્રવ્યથી તિલક ચાંદલો કરવાં તથા જળની મધ્યમાં જળવર્ણ તિલક ચાંદલો કરવાં. આ રીતે સમયાનુસાર કરવાં. ગોપીચંદનથી પાંચ ઉર્ધ્વતિલક કરવાં. પછી ગાયત્રી તથા વૈષ્ણવીમંત્રોના પાઠ કરવાં. અંગુરિથી ભાલ હૃદય બાહુમાં ચંદનના અભાવમાં માટીથી અથવા અગ્નિના હોમની ભષ્મથી તિલક ચાંદલા કરવાં.

પ્રાતઃકાળ ને સાયંકાળે પોતાની પહોંચ પ્રમાણે ગાયત્રીમંત્રનો પાઠ કરવો અને અષ્ટોત્તર શત સ્તોત્રનો પાઠ કરવો. સહસ્ત્ર મંત્રનો પાઠ કરવો અથવા તો આપત્તના સમયે તો દશ પાઠ તો કરવા જ જોઈએ. ભૂતશુદ્ધિ માટે ત્રણ ટાઈમ હોમ કરવો. પ્રાણપ્રતિષ્ઠા કરવી. બ્રહ્મરૂપ થઈને શ્રીહરિને ઉરમાં ધારીને અંતર અને બાહ્ય અધ્યાસ કરવો. વિષ્ણુ નારાયણની પાષણ તથા કાષ્ઠની સ્થિર પ્રતિમામાં આવાહન ન કર્યું હોય તો તેમાં આવાહન કરવું પણ તેના માટે ખાસ પ્રવિણતા હોવી જોઈએ. પૂજાવિધિ ભાવપૂર્વક સુંદર રીતે કરવી.પ્રભુનો મૂળ મંત્ર કરીને અર્ચન કરવું. તે પુરુષુક્તના મંત્રોથી કરવું તથા યોગ્ય ઉપચાર પ્રાપ્ત કરીને સુંદર રીતે

હોંશિયારીથી પૂજા કરવી. પંચસૂક્ત વ્રતતંત્રનો સદ્‌ગુરુ સંતોની પાસેથી રીત જાણવી તે અર્ચના બધી જ તે પંચસુક્ત વ્રતમાં કહેલી છે. તેને વર્ણિદાસોએ કરવી. ફૂલ ધૂપ દીપસામગ્રીથી તથા માનસિક મંત્રોથી કરવો. પરમપવિત્ર થઈને પ્રીતથી મન કર્મ વચને કરીને કરવી. ખૂબ જ સાવધાની પૂર્વક કરવી. સંકલ્પવિધિ કરીને દેહન્યાસ અને દેવન્યાસ વિધિ કરવી. ન્યાસવિધિ કરાવીને કળશ શંખ ઘટાદિકનું અર્ચન કરવું. તે પૂજન મંત્રો વડે કરીને પ્રેમથી કરવું. પૂજાદ્રવ્ય તથા જળને શુદ્ધ કરીને ધ્યાન આવાહન કરીને આસન પાદ્ય અર્ધ્ય આચમન કરીને પંચામૃતે કરીને સ્નાન કરાવવું. લઘુપૂજન કરીને પછી વસ્ત્રો ઉપવિત આભુષણો ધરાવીને ચંદન તુલસીપત્ર પુષ્પો વડે બહુ જ સુંદર પૂજન કરવું. દ્રવ્ય અર્પણ કરીને ધૂપ દીપ સૌભાગ્ય દ્રવ્યો વડે ફળનિવેદન કરી જળપાન કરાવવું. હસ્ત ધોવડાવીને મુખ ધોવરાવવું. પછી એલાયચી પાન મુખવાસ ધરાવવો. ફળો અર્પણ કરીને દક્ષિણા અર્પણ કરીને આરતી કરવી. પુષ્પાંજલિ કરીને પરિક્રમા કરવી. હાથ જોડીને સ્તુતિ કરવી. સાષ્ટાંગ પ્રણામ કરવા. અષ્ટાક્ષર મંત્રનો પાઠ કરવો તથા વિષ્ણુગાયત્રી મંત્ર તથા બ્રહ્મમંત્રનો જપ તે પોતાની શક્તિ પ્રમાણે કરવાં ત્યારે તુલસીની માળા હાથમાં રાખીને જપ કરવો અથવા આંબલીના લાકડાની માળા અથવા કમળબીજની માળા કરીને જપ કરવો તે જપમાળા બધાં પાપોને હરિ લે છે. સરલતાથી એકાગ્ર દૃષ્ટિ રાખીને સ્વસ્તિક આસને બેસીને સ્થિર થઈને જપમાળાને વસ્ત્રમાં ઢાંકીને (ગૌમુખીમાં) જપ કરતા થકા મૌનવ્રત ધારીને જપ કરવો. વેદના મંત્રોથી પુરાણોના મંત્રોથી ભારતના સ્તવન મુજબ પોતાની શક્તિ પ્રમાણે મંત્રનો જપ કરવો. પછી હરિને તથા ગુરુને પગે લાગવું. ગુરુ પાસે તે વ્રત ધારી આજ્ઞા માંગે.

શુદ્ધ પવિત્ર બ્રાહ્મણના ઘેરથી શુદ્ધ અન્ન માંગીને લાવવું. તેમાંથી શુદ્ધતાથી પાક કરવો. પછી બપોરની મધ્યાનિહક સંધ્યા તર્પણ કરવાં. તે સદાય શુભ કરનારાં છે. તે જરૂર કરવાં. પછી હરિને આદર કરીને મહાનિવેદ્ય કરવું. હરિને જાતે જ અર્પણ કરવું. જમાડવું. આવાહન કરીને શ્રીહરિની મૂર્તિનેઉરમાં ધારીને તેમને બહુ જ પ્રેમ આગ્રહથી જમાડવા. ભગવાનને નિવેદનમાં પાણી, ઘી, દૂધ, તેલ વિગેરે પદાર્થો ગાળ્યા વગર ન વાપરવાં. શુદ્ધ કરીને અર્પણ કરવાં. દૂધઆદિ પાપી દુષ્ટનો દેહથી મલિન કે ગંદુ અનાજ ન લાવવું. તે અપવિત્ર ન લેવું. શુદ્ધ લેવું. દેવને વૈશ્વોદેવ કરીને વર્ણિ તૈયાર થયા હોય ને કોઈ માંગનારો અન્નાર્થી આવે તો તેને યોગ્ય રીતે અન્ન આપવું. એ રીતે યાચકને તૃપ્ત કરો. તે જ મારી સાચી વૃત્તિ કહેવાય છે. ચાર ખંડનું મંડળ કરીને તે વર્ણિ પાત્રને ઘરે અર્પણ કરે તે પછી હોમદાન કરે. બાકી રહેલા અન્નને જળનો પ્રોક્ષન કરે. અપોક્ષનવિધિ કરીને પ્રાનાહુતિ કરે. તે વિના વર્ણિ તે ક્યારેય જમે નહિ. શ્રીકૃષ્ણની પ્રસાદી કરીને તે પ્રસાદ જ મૌનધારણ કરીને તે પ્રસાદી અન્નને જમો. પવિત્ર વિપ્ર પોતાના ઘેરથી ભિક્ષા કરાવવાની ઇચ્છા કરે તો તેના ઘેરથી ભીક્ષા લેવા પતિ જાય પણ પોતાના મનની ઇચ્છા પ્રમાણે ક્યારેય ભીક્ષા લેવા ન જાય. ભીક્ષા લાવીને પોતાના ઇષ્ટદેવ વિષ્ણુનારાયણને નિવેદ કરીને ધરિને પછી પહેલાં કહ્યું તે રીતે જમે. તે બ્રહ્મચારી જ્યારે શ્રાદ્ધ જમવા જાય ત્યારે પોતાના વ્રતનો ભંગ ન થાય તે રીતે જમવા જવું. જમ્યા પછી આચમન કરીને મુખને ધોઈને જમેલાં પાત્રોની શુદ્ધિ કરવાની. પછી વેદશાસ્ત્રોનો પાઠ આદિક કરવાં. એમ બાકી રહેલો દિવસ પ્રભુ સ્મરણમાં વિતાવી દેવો.

સાંજે સંધ્યાકાળે સ્નાન કરીને સંધ્યા હોમ હવન ઉપાસના વિધિ કરવા શક્તિ પ્રમાણે શ્રીકૃષ્ણના મંત્રનો જાપ કરવો. પછી શ્રીહરિની કથાવાર્તા કરવી અને સાંભળવી. પ્રથમ પ્રહર શ્રીહરિનું ભજન કરવું. પછી

ઉરમાં શ્રીહરિ મહાપ્રભુનું ધ્યાન કરવું. પછી વર્ણિ મંડળની સાથે પૃથ્વી ઉપર જ શયન કરવું. આવી રીતે સંક્ષેપ કરીને વર્ણિ બ્રહ્મચારીઓના ધર્મના નિત્યવિધિ કહ્યો તેને બધોય વિસ્તારથી જોવો હોય તો તેને ધર્મશાસ્ત્રોમાંથી જાણીને જોવું. વૈશ્વોદેવ સંધ્યાવંદનાદિક પૂજા હોમ આદિકના વિધિ જે કહ્યા તે બધાની પદ્ધતિને ધર્મશાસ્ત્રમાંથી જોડવાં. તે રીતે નૈષ્ટિક વર્ણિઓએ પોતાના જીવનને ઘડવું. આ જ ભૂમિ ઉપર કોઈ વર્ણિઓ આવી રીતે કહ્યા તે પ્રમાણે પોતાના ધર્મને આચરે સેવા કર્યા કરે તો પોતાને ઇચ્છિત કલ્યાણ મોક્ષપદ એકાંતિક કરી મુક્તિ પ્રાપ્ત થાય છે. આવી રીતે મેં પ્રીત કરીને વર્ણિના ધર્મો કહ્યા. તેને જે ધ્યાન દઈને સાંભળશે તે પ્રમાણે રહેશે. તેનાં બધાં જ પાપો બળી જશે. તેનું શ્રેય થશે એ સર્વના સ્વામી શ્રીહરિ કહે છે. પોતાની ઇચ્છિત રીતે જ નૈષ્ટિક વ્રત ધારીને ઘરબાર આશક્તિ ત્યાગ કરીને તીવ્ર વૈરાગ્યને ધારીને બહુ જ તપ કરીને શ્રીહરિને મેળવવાની ચાહના કરે આ વ્રત પ્રમાણે રહેનારને હરિ જરૂર પ્રાપ્ત થાય છે. આ નૈષ્ટિક બ્રહ્મચારીના ધર્મનું જે સતત પાલન કરે છે તેને શ્રીજી મહારાજ કૃપા કરીને પોતાનું મંગળમય કૃપા કરીને મતિને નિર્મળ કરે છે. પ્રાર્થિત વર્ણિસુખ પામે છે. આવી રીતના ધર્મો સાંભળીને પોતાની ઉપર શ્રીહરિએ દયા કરી છે એમ જાણીને વર્ણિ બહુ જ આનંદ પામ્યા. નિરમાનિ વર્ણિ હરિને નમન કર્યા.

આપ જીવોના કલ્યાણ કરવા માટે મનુષ્યદેહને ધારણ કર્યો છે. એના મનોહર સ્વરૂપે શોભતા કરુણાકમળનયન ભાઈઓ ભાભીને બહુ જ સુખ દીધાં. અનેક પ્રકારના નાના મોટાં પાપોના ઓઘને બાળ્યાં. અનેકનો ઉદ્ધાર કર્યો. પોતાના ચરણકમળના આશ્રિત ભક્તજનોને ઇચ્છિત સુખફળોને આપનારા કલ્પવૃક્ષસમાન પ્રભુ સત્ય ધર્મના માર્ગ ઉપર ચલાવનારા એવા હે પ્રભુ ! આપને નિત્ય નમન કરું છું. યોગની ક્રિયાના કરનારા બતાવનારા એવા યોગિના બ્રહ્મરંધ્રમાં આપ રહો છો. હજારો ભક્તોને દર્શન દેનારા ધ્યાન કરનારાના અંતરમાં આપ વિરાજો છો. હે પ્રભુ ! આપ જ હરિહર બ્રહ્મારૂપે થયા છો. પ્રભુ આપને નમન કરીએ છીએ. મદ્યપાન કરનાર વિષયાસક્તને દંડ દેનારા આપ એક જ છો. સર્વના સ્વામી પ્રભુ આપ સનાતન ધર્મને સ્થાપવા મનુષ્ય શરીર ધારીને અહિંસામય યજ્ઞો કર્યા છે. અહિંસા ધર્મ સ્થાપ્યો છે. એમના આપ ઉપાસ્ય દેવ છો. કામાદિક સમાન આદિ દૈત્યનો આપ પોતાના પ્રતાપે નાશ કરનારા હે મહાપ્રભુ !. પૃથ્વી ઉપર સદ્‌ગુરુના પદને અર્થસહિત આપે પ્રતિપાદિત કર્યાં છે. પોતાના શિષ્યોને ધર્મના માર્ગ ઉપર રાખવા માટે દૃઢ ધર્મનો પાપો સ્થાપિત કર્યો છે એવા આપે યોગ્ય પ્રતાપ બતાવનારા આપ સર્વના ગુરુ થયા છો. એવા વર્ણિઓના સ્વામી આપ સ્ત્રીલોલુપ માયાના મંદમતિ લોકોને ધુતનારાનો નાશ કરનારા છો. પૃથ્વી ઉપર મુક્તિનો માર્ગ સ્થાપન કરીને કમલનયન આપ પ્રકાશ બતાવ્યો અને મુનિજનો મુમુક્ષુઓને આશ્રિત કરીને પોતાના પરમ ધામમાં પહોંચાડવા એવાં પરમગુરૂ આપને નમન કરું છું. પ્રગટ ગુરુરાજ મને આપની અખંડ નિર્મળ ભક્તિ આપજો એ જ વિનંતી કરું છું. આવી રીતે મહાપ્રભુની સ્તુતિ કરીને મહાત્મ્ય ભરીને વર્ણિન્દ્રે બહુ જ રીતે સ્તુતિ કરી. હે પ્રભુ ! ધર્મની સીડીને સ્થાપન કરીને તે સેવાભક્તિ કરનારા સુખદાતા સર્વના જીવોના ઇંદ્ર એવા અખંડ સુખ આપો. ધર્મના સાત પગથિયાં રૂપ ધર્મનાં દોહા થયાં. સાત સુંદર છપૈયા થયાં. આમાં સાત સુંદર ચોપાઈઓ થઈ અને બે દોહા સારા સવૈયા થયા. આ રીતે સુંદર સીડી થઈ.

મુકુદાનંદ વર્ણિએ પ્રસિદ્ધ વર્ણિઓના ધર્મ પૂછ્યા. તે વિસ્તાર કરીને શ્રીહરિએ સ્નેહસહિત બધા જ ધર્મ સુખ કરીને કહીને સમજાવ્યા. વર્ણિઓના ધર્મ વિશ્વમાં પ્રસિદ્ધ એવા તે બધા સાંભળ્યા. તે ગહર રીતે

હરિલીલાસિંધુની લહરી રૂપે ઓગણીસમું તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલલાસિંધુના ચૌદમાં રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ બ્રહ્મચારી વિરચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વર્ણિઓના ધર્મનિરૂપણ કરીને વર્ણવ્યા એ નામે ઓગણીસમો તરંગ પૂર્ણ થયો. ॥૧૯॥**

# તરંગ-૨૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ધર્મનંદન મહાપ્રભુએ વર્ણિઓના ધર્મો સુંદર રીતે વર્ણન કરીને કહ્યા. વિશ્વના પ્રભુ સર્વને શાંતિ કરવા ક્લેશને તથા કલિના દુઃખોને હરવા પ્રગટ પ્રભુ પ્રેમયુક્ત સમજાવતા હતા. તે બધી વાતોને સુંદર રીતે ભાવપૂર્વક સાંભળ્યાં. સાંભળનારને મનમાં બહુ જ સુખ થાય છે એવા પ્રગટ મહાપ્રભુ અનેક ચરિત્રો કરે છે તે પ્રીતથી ભક્તજનોના મનના ત્રાસને હરવા માટે તથા જન્મમરણનાં દુઃખોને મટાડે છે. હવે પછી મહાપ્રભુએ કેવાં કેવાં ચરિત્રો કર્યાં તે મને કૃપા કરીને કહો.

અવધપ્રસાદજી કહે છે, હે રાજન ! ધરણિપતિ તમને ધન્ય છે. હવે હું સુંદર જાતજાતનાં ચરિત્રો તમને કહું. જગતના સ્વામી મહાપ્રભુ જેતલપુરમાં નિવાસ કરીને આવી રીતે જ્ઞાન આપીને બહુ જ સુખ દેતા હતા. એવા સનાતન ધર્મના સ્થાપક ધર્મપુત્ર મહારાજ સૌને કહેતા હતા અને સૌ સંતો પ્રેમથી સાંભળતા હતા. મહારાજ દરરોજ દેવસરોવરમાં સ્નાન કરતા હતા. સાથે સૌ સંતો ભક્તજનો આનંદથી સ્નાન કરતા હતા. જળક્રીડા કરતા હતા ત્યારે કમળવન જેવા સંતો તે શ્રીહરિ મહાપ્રભુ સૂર્યસમાન સાથે મળીને બહુ જ લીલાઓ કરતા હતા. સૌનો ઉમંગ વધારતા હતા. મહાપ્રભુ માટે ભક્તજનો પોતાના ઘેર થાળ કરતા હતા ત્યારે ભાવસહિત જમવા પધારતા હતા. ભયને હરનારા પ્રભુ જમતા હતા. સૌ સંતો સાથે ભક્તજનોને જમાડતા હતા. સૌને સુખ કરતા હતા. એક દિવસ સવારમાં વહેલા પ્રભાતમાં મહાપ્રભુ ભક્તજનોના ભવનાં દુઃખોને તજાવનારા મહારાજ જેતલપુરથી પ્રયાંણ કરીને **ગામડી** ગામે પધાર્યા.

મહારાજ પધાર્યાનું જાણીને ગામના જનો હરખ પામતાં થકાં અનેક પ્રકારનાં વાજાં વગાડતાં થકાં ગુણવંત મહાપ્રભુનાં ગુણને ગાતાં થકાં સામા આવતાં હતાં. ભક્તજનોમાં **સારાભક્ત બાપુભક્ત તથા રણછોડ ભક્ત** એ આદિક સૌ ભક્તજનો આવતા હતા. ભક્તજનો સાથે ભેટ હાથમાં લઈને સુંદર રીતે સામા આવતા હતા. પ્રભુ પાસે આવીને ભેટ પ્રભુને અર્પણ કરીને શુદ્ધ મનવાળા બુદ્ધિવાળા સારા ભક્ત પાસે આવ્યા. દર્શન કરીને મહાપ્રભુને ગાજતે વાજતે ગુણનું ગાન કરતા થકા પ્રીતમપ્રાણ પ્રભુને પુરમાં લાવતાં હતાં. મહાપ્રભુ અતિ આનંદ દેતા હતા. સૌ સંતોની સાથે મહારાજ સુખ કરતા હતા. આનંદના ધામ યોગ્ય આનંદ આપતા હતા. ભક્તોના કાંમને હરનારા અકામ પ્રભુ પધારીને પુરમાં ચોરા ઉપર મહાપ્રભુએ ઉતારો કરીને ત્યાંજ મુકામ કર્યો. સૌના ચિત્તને આનંદ કરતા હતા. મનોહરમૂર્તિએ ચોરા ઉપર વિવેક કરીને નિવાસ કર્યો ને શોભતા હતા. મહારાજ સ્નાન કરવા માટે મહાદેવના મંદિરે પધાર્યા. સાથે સૌ સંતસમાજને લઈને આવ્યા. મહારાજે સ્નાન કરીને પીળાં વસ્ત્રોને ધારણ કર્યાં ને પાદુકાઓને ધારણ કરીને પ્યારથી પ્રભુ પધારતા હતા. મહાપ્રભુ સુંદર સ્વચ્છ આસન ઉપર વિરાજમાન થયા. પ્રીતથી રાજી થઈને વિરાજમાન થયા. વિશાળ માત્રામાં પાક શાક બનાવેલાં હતાં. ભક્તજનોના કલ્યાણ કરવા માટે મહાપ્રભુ જમવા લાગ્યા. રૂચિ પ્રમાણે બહુવાર

સુધી શાંતિથી જમતા હતા. કરુણાનિધિ કૃપામૂર્તિ કૃપા કરતા હતા. મહાપ્રભુએ થાળ જમીને મુખ ધોઈને જળપાન કર્યું. સૌ સંતોને પંક્તિમાં સારી રીતે પીરસીને રાજી થઈને બહુ જ જમાડતા હતા. કૃપાળ પ્રભુ સંતોને જમાડીને તૃપ્ત કર્યા પછી સૌને દર્શન દેતા હતા. દયાળુ પ્રભુ બહુ જ પ્રીત કરીને સુંદર તૈયાર કરેલા પલંગ ઉપર વિરાજમાન થયા. સભામાં વિરાજીને પ્રભુ ઉપદેશની વાતો કરતા હતા. તે વાર્તાને નરનારિજનો સુંદર રીતે સાંભળતાં હતાં. મહાપ્રભુ ગામડી ગામમાં એક દિવસ રોકાઈને પછી ત્યાંથી પ્રયાંણ કર્યું.

જનોના મનને આનંદ દેનારા મહારાજ માર્ગ ઉપર ચાલતા હતા ત્યારે કમળનયન પ્રભુ આનંદ આપવા **કનિજ** ગામે પધાર્યા. ભાવિક ભક્તજનોની ભક્તિથી પલળેલા રાજી થયેલ પ્રભુ. તે ગામની સીમમાં સુંદર મોટું તળાવ જોઈને તે સીમમાં જ રાયણના મોટાં વૃક્ષ નીચે પ્રભુ રોકાયા. ઘનશ્યામ પ્રભુ સ્નેહસહિત ત્યાં કંઈકવાર સુધી રોકાઈને સુંદર રીતે રસથી ભરપૂર રસિકવર મનોહરમૂર્તિ સૌને સુખ દેતા હતા. પછી મનોહરમૂર્તિ ઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સાથે ત્યાંથી ચાલીને સુંદર **મેમદાવાદ** ગામે સુખધામ પ્રભુ આનંદના સાગર પધારતા હતા. ત્યારે તે ગામના ભક્તજનોને ખબર પડી એટલે સૌ ભક્તજનો સામાં આવતા હતા. હાથમાં ભેટસામગ્રી લઈને આનંદધામને અર્પવા ફળફૂલના હારતોરા શેખર લઈને આવ્યાં. આવીને પ્રભુને દંડવત્ પ્રણામ કરીને નમન કરતાં હતાં. અતિ આનંદ સુખને પામતાં હતાં. સૌ જનસમુદાયથી વિંટાયા થકા ભક્તજનો સૌ પ્રભુનાં ગુણને ગાતાં થકાં સામાં આવ્યાં. અનેક પ્રકારનાં વાજા વગાડતાં આવતાં હતાં. તે સમયે જાણે આકાશમાં મેઘ ન છવાયો હોય ? તેવું શોભતું વાતાવરણ લાગતું હતું. મહારાજ સૌ ભક્તજનોને સુખના સ્વાગત સમાચાર પૂછતા હતા. ભક્તજનો બહુ જ આનંદ પામતાં હતાં. અનંતમૂર્તિ મહારાજ અશ્વારીની સાથે પધારતા હતા. પુરવાસીજનો આનંદ પામતાં હતાં. મહારાજ આનંદ આપતા થકા ગામમાં પુરાતની સુંદર મંદિર જોઈને રાજી થતા હતા. સુખધામ કમલનયન પ્રભુએ **દુર્લભરામ** ભક્તના ઘેર ઉતારો કરીને રહેતા હતા.

શ્રીહરિ સવારમાં વહેલા પ્રભાત સમયે સંતોની સાથે મંદિરાં પધાર્યા. તે મંદિર પુરાતની જોઈને સુખધામ પ્રભુ વિશેષ રીતે રાજી થયા. ત્યાં સભા કરીને પ્રભુ સ્વમુખે વાતો કરતા હતા. કહેતા હતા કે સૌ જનો પરખીને સુખપૂર્વક રહેજો. એકબીજાને જોઈને કોઈનો દ્રોહ ન કરશો. આનંદથી રહેજો. આમ પ્રભુ સૌની સામે જોઈને કહેતા હતા. પંચકર્મનાં કઠોર પાપ કરીને ગુરુ સ્ત્રીની સાથે કુદષ્ટિથી જોવું તથા અન્યના દોષ જોવા તેનાથી બીજું મોટું કોઈ પાપ નથી. તેનાથી જન બહુ જ પાપને પામે છે. બહુ જ મોટો દ્રોહ કહેવાય છે. એના નિવારણ કરવા અમારાં આશ્રિત નરનારિજનો કોઈ દ્રોહ ન કરશો. લગારે દોષ ન જોશો. અજાંણતાં જો કોઈનાથી પાપ થશે તો તેના માટે. ઉપાય સત્શાસ્ત્રોમાં કહેલા છે પણ જે મૂઢમતિ દુષ્ટજન ભગવાનના ભક્તનો દ્રોહ કરે તેનો તો કોઈ ઉપાય શાસ્ત્રમાં નથી કહ્યો. તેનો કોઈ દ્રોહ જોનારનો નિવારણનો ઉપાય જ નથી. તેના માટે સુખ પામવા તે ભક્તને રાજી કરે તો સુખ પામે. ન કરે તો તે પાપીના જીવનો નાશ થાય છે. જે ભગવાનના ભક્તનું દિલ દુભાવે તે જીવ નાશ પામે છે. આમ જાણીને મોક્ષમાર્ગમાં એવા પાપીજનો નથી ચાલી શકતાં. એમ જાણજો. આ રીતે સમજી જાણીને મારા આશ્રિતજનો સૌ સમુદાય પોતપોતાના મનનો દ્રોહ સ્વતંત્ર રીતે ત્યાગ કરજો. કરાવજો.

શ્રીહરિ મહાપ્રભુએ આવી રીતે ભક્તજનોને સંપ રાખવાની ઉપદેશની વાતો કરીને પછી થાળ જમીને સૌ સંતોને જમાડીને પછી સવારમાં મહારાજે ત્યાંથી પ્રયાંણ કર્યું. શ્રીહરિ મહાપ્રભુ રાજી થઈને ઘોડા ઉપર

અશ્વાર થઈને ઘોડાની સુંદર ચાલ ચલાવીને સારા સૈનિકોની સાથે સંતો પદાતિઓ સૌ ગુણકીર્તનો ગાતા વાતા ઉત્સાહથી જતા હતા. મહારાજ **ડભાણપુરે** પધાર્યા. ત્યાં ખળના દળને દબાવતા થકા આવતા હતા. ચાલતા થકા ચિત્તને ચોરતા હતા. ચોર પાપીઓ નેત્રોથી જોઈને ચિંતા કરતા હતા. તે દુષ્ટો તરત જ ભાગતા હતા. ચારેબાજુ જતા રહેતા હતા. પ્રીતમપ્રાંણ મહાપ્રભુને નિરખીને ભક્તજનોના મનમાં બહુ જ આનંદ ઉલ્લાસ થતો હતો ત્યારે સૌ ભક્તજનો સામા આવતા હતા. તે પ્રભુના ગુણનું ગાન કરતા વાજિંત્રો વગાડતા થકા આવતા હતા. મહાપ્રભુનાં દર્શન કરીને પુરમાં ગાતે વાતે લાવ્યા ત્યારે મહારાજ ગામની સમીપમાં ભાગોળમાં જ મોટું વડનું વૃક્ષ શોભતું હતું. તેની નીચે રોકાણ કરતા હતા. ત્યાં પલંગ પાથરીને મહારાજને પલંગ ઉપર બેસાડ્યા. ગાદિતકિયા ઓછાડ સુંદર બિછાવ્યા હતા. તેની ઉપર પ્રભુ બિરાજ્યા. પછી સામે સંતો બેઠા. તેની વચમાં જેમ આકાશમાં નક્ષત્રમંડળમાં ચંદ્ર શોભે તેમ પ્રભુ શોભતા હતા.

મહાપ્રભુએ વિસ્તાર કરીને નિયમ નિશ્ચય દઢતાવાળી વાતો સમજાવી. તે ગાથાઓને ગુણકારી વાતોને સૌ સંતજનો સાંભળીને તથા ધર્મનિયમને ઉરમાં ધારીને પ્રેમથી રાજી થયા. આવી રીતે કમલનયન પ્રભુ વાત કરી રહ્યા. ત્યાં થાળ તૈયાર થયો. તેને સુંદર રીતે લાવ્યા ત્યારે જગતના નાથ મહારાજ તે થાળને જમ્યા. સૌને સાથે જમાડ્યા. આવી રીતે સુખદાતા રાત રોકાયા. અમૃતવચનોથી ભક્તજનોને રસપાન કરાવીને અમૃત વર્ષાવીને કમલનયન મનોહર મુખવાળા ચપલનયન હંસની માફક લોકોના મદને હરનારા મનના માનને હરનારા સુખને કરનારા સર્વને સુખદાતા શોભતા થકા જગને જય ભાવવાળું જોઈને સૂર્યસમાન મહંતો જેવા પ્રકાશને ફેલાવતા પગથી પ્રયાંણ કરનારા ચરણઅંકિત કરીને ખળજનોના સમુહોનો નાશ કરતા થકા ઘોડા ઉપર અશ્વાર થઈને શ્રી સહજાનંદ પ્રભુ સુખદાતા શોભતા હતા. પ્રભુ ડભાણથી **વડતાલ** પધાર્યા. જગવંદ્ય સુંદર રીતે આવ્યા ત્યારે તે ભાવિકજનો પ્રભુને આવ્યા જાણીને સામા દોડ્યા. સુખપૂર્વક ભેટસામગ્રી સાથે લઈને ભાવથી ભેરી ડફ આદિ વાજાં વગાડતા થકા આવ્યા. પ્રભુનાં દર્શન કરીને દંડવત્ પ્રણામ કર્યાં. પ્રભુને ગાતા વગાડતા શોભા કરીને પુરમાં લાવ્યા. મનોહરમૂર્તિ મહાપ્રભુ મંદિરમાં પધાર્યા. પ્રીત કરીને ભક્તોએ મંદિરમાં પધરાવ્યા. ભાવથી ભેટો અર્પણ કરતા હતા. ભયને હરનારા પ્રભુ સૌને ભેટતા હતા. આનંદ દેતા હતા. ભયને હરતા હતા.

બલભ્રાતા અમીવર્ષા કરીને ભગવાન કરુણા કરીને પુરણનયન પ્રભુ સંતોની સાથે ભુદેવોને જગતના સુખદાતાએ પ્રેમથી જમાડ્યા. પછી સંતોને સુખના સાગર પ્રભુ બહાર ફરવા જવાની આજ્ઞા કરી ધર્માદો લાવવા માટે પ્રભુએ આજ્ઞા કરી દીધી. જુનાગઢમાં મંદિરનાં કામ કરવા માટે મુનિ મહાનુભાવાનંદ મોટા મહંતને મોકલતા હતા. સાથે પચાસ સાંઠની સંખ્યામાં બે માસ ત્યાં કામ કરવા માટે રહેવા મોકલતા હતા. મહારાજ બે માસ સુધી વડતાલમાં રહીને લોકોના મનના અંતર્યામિ પ્રભુ નિવાસ કરીને મનના ત્રાસને હરતા હતા. ભક્તજનોને સુખ દઈને અકામી પ્રભુ **ધોલેરા** પધારતા હતા. લોકોના આનંદ દાતા મહારાજ **પુજાજી** ભક્તના ઘેર નિવાસ કરતા હતા. ત્યાં મંદિર કરવા માટે કમલનયન મહારાજ જમીન માટે પાકો લેખ કરાવતા હતા. પછી મહાપ્રભુ ત્યાંથી ચાલીને **ગઢપુર** પધારતા હતા. કમળવન વર્ણિઓના પોષક સૂર્યસમાન પ્રકાશતા હતા. પૂર્ણપુરુષોત્તમ પ્રભુને જોઈને સૌ ભક્તજનો મનમાં બહુ જ રાજી થયાં. જેમ ચંદ્રને જોઈને ચકોર રાજી થાય

તેમ પ્રીતથી રાજી થયાં. સૂર્ય ઉદય થાય ને જેમ કમળવન ખીલે. આનંદ પામે તેમ આનંદ પાંમ્યાં. વર્ષાઋતુમાં મેઘ ગાજવાથી જેમ મોર નાચે. આનંદ પામે તેમ નારિ પતિનો સંગ ચાહે તેમ સૌ જનો ચિત્તમાં પ્રભુને ચાહતાં હતાં પ્રભુ પધાર્યા એટલે સૌના અંગોમાં આનંદ થઈ ગયો. સૌને સુખ દેવા માટે ઉત્તમ રાજાના દરબારગઢમાં પૂર્ણપુરુષોત્તમ મહાપ્રભુ પધાર્યા. તેને ભાવથી નિરખતાં હતાં. આવી રીતે તે અનંતમૂર્તિ મહારાજ બહુ જ સુખ દેતા હતા. નિત્ય પ્રત્યે ગઢપુરમાં વાસ કરીને પોતાના ભક્તજનોને પાસે રાખતા હતા. જગતના વાસ પ્રભુ સારી રીતે જમાડતા હતા. જીવન પ્રાણપ્રભુ ત્યારે નવા નવા ભક્તજનોને રોજ રોજ જમાડતા હતા. નવી નવી રસોઈઓ કરાવીને તૃપ્ત કરતા હતા. મહાપ્રભુ કહેતા હતા કે ધર્મ જ્ઞાન વૈરાગ્ય સાથે દઢ ધર્મ નિયમ રહે છે. સદાય ભજન કરજો. આવી રીતે વિશ્વના સુખ કરનારા મહાપ્રભુ વાતો કરતા હતા. ભક્તજનોના ભાગ્યને વધારતા હતા.

મહાપ્રભુ **ગામડી** ગામે થઈને **મહેમદાવાદ** પધાર્યા. ત્યાંથી **ડભાણ** પધાર્યા. **ડભાણથી વડતાલધામે** પધાર્યા. **વડતાલમાં** ભાઈની વર્ષી કરીને સૌને જમાડ્યા. ત્યાંથી **ધોલેરાપુરે** પધાર્યા. સૌના મનમાં ભાવ્યા. ગુણની ખાંણ મહાપ્રભુ **ગઢપુર** પધાર્યા. **ગઢપુરમાં** નિવાસ કરીને સૌને સુખ કરતા હતા. આમ આ વીસમું અભિધાનરૂપે આ હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા તે લીલા વર્ણવીને કહી એ નામે આ વીસમો તરંગ થયો. ॥૨૦॥**

# તરંગ-૨૧

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! સુંદર કમળનયન મનોહરમૂર્તિ સુંદર સુખ દેનારા વચનો બોલનારા તથા અંતઃકરણમાં અતિ સુખ કરનારા મહાપ્રભુ પોતાના આશ્રિતજનોને સુખ આપતા હતા. એવા મહાપ્રભુ ગઢપુરમાં રહીને જાતજાતનાં ચરિત્રો કર્યાં છે તે બધાંય મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે – હે આનંદસિંહ રાજન ! તમે બહુ જ સુંદર અલૌકિક પ્રશ્નમાં લાલ મહાપ્રભુની અલૌકિક લીલા પૂછી છે તે બધાજ ચરિત્રો કહું છું. ભક્તજનો રોજે નવિન નવિન રસોઈઓ દેતા હતા. સંતજનોને મહાપ્રભુ દરરોજ પ્રેમીભક્તજનોના ચિત્તને આનંદ કરવા પ્રીતમપ્રાણ પ્રભુ પ્રેમથી ચિત્ત દઈને પીરસતા હતા. જમાડતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ **કારિયાણિ** પધાર્યા હતા ત્યારે કારિયાણીમાં સંતોને તેડાવ્યા હતા. તેમાં **મહાનુભાવાનંદ** નામના મુનિને ધોલેરા મોકલવા માટે કહેતા હતા. **ધોલેરામાં** મંદિરનું કામ કરાવવા માટે મહાનુભાવ મુનિ તમે જાઓ. ધોલેરા ગામે જઈને ત્યાં દેવોનું કામ કરાવવાનું છે. આમ કહ્યું ત્યારે મુનિવર હરખાઈને બંને હાથ જોડીને યુક્તિ કરીને શ્રીહરિને કહેતા હતા. હે પ્રભુ ! અમારી પાસે રહીને વિદ્યાર્થી સંતો ભણે છે. તેથી આપ જેમ કહો તેમ નક્કી ધારી લઈશું. કરુણાનિધિ કયું કામ કરવું તે આપની ઉપર નિર્ધાર કરવાનું છે. મુનિરાજ વિદ્યાર્થીઓનો પાઠ પડે તેને હે પ્રભુ!અમારે કેમ કરવું. તેના માટે તો આપની જે મરજી હોય તે પ્રમાણે જ થાય. પ્રતિદિન આપના કહ્યા પ્રમાણે જ થવાનું છે.

આમ કહીને મહાપ્રભુના ચરણકમળમાં માથાને નમાવી વંદન કરીને ઘણાખરા સંતોને કામદેવના ગર્વના હરનારા મહારાજ મધુર વાણીથી અમૃતમય વચનો કહેતા હતા. હવે બીજા મુનિને ધોલેરા ગામે ધામ મોટું

કરવા માટે મોકલીશું અને અમે ભણનારા મુનિજનો ઉપર બહુ રાજી છીએ. તેની ઉપર કાયમ દયા ભાવ રહે છે. તમારી મરજી છે તેથી તમે રહેવા દો. બીજા સંતોને મોકલીશું. આમ કહીને બીજા સંતને આજ્ઞા કરી કે નવું ધામ બનાવવા માટે જાઓ. આત્માનંદ મુનિ જેમને **ભાયાત્માનંદ** કહેવાય છે તે અને **અદ્‌ભૂતાનંદ** આદિક સંતોને **ધોલેરામાં** મંદિરનું કામ કરાવવા માટે મોકલતા હતા. ધોલેરાપુરમાં મોટું મંદિર ધામ બનાવવા માટે કામ કરાવવા ધર્મને ધારનારા ધર્મનંદન ભગવાને મુનિજનોને ધ્યાન રાખીને કામ કરાવવા માટે સંતોને મોકલ્યા. શ્રીહરિ મહારાજે કરુણા કરીને સંતોનાં ભણવાનાં કામ કર્યાં. તેથી ભાવ ભરીને ભયનું ભંજન કરનારા ભગવાન ધોલેરામાં સુંદર મદિર ધામ કરવા માટે પૃથ્વી ઉપર સ્વરાજ્ય સમાન મંદિર કરીને પ્રાણપતિ પુરાતન પ્રભુ સુખ કરતા હતા. વસંતપંચમીનો ઉત્સવ આવ્યો ત્યારે સંતો સાથે શ્રીહરિ મહાપ્રભુ લોકોનાં અજ્ઞાન અંધકારનો નાશ કરવા તેઓનાં તાન વધારવા વસંત સામૈયામાં તેડાવતા હતા. પ્રભુએ ઉમંગ ભરીને જનસમુહની સાથે મોટો ઉત્સવ કર્યો. તેમાં વાલો વસંતને બહુ જ વધાવતા હતા. તે ઉત્સવ કરવા દેશોદેશથી અને ગામોગામથી ભક્તજનો પ્રેમથી આવતા હતા. મહારાજનાં દર્શન કરવા ગુણકીર્તન કરતા આવતા હતા. મહારાજ સંતોને પંગતિમાં પીરસીને સુંદર રીતે જમાડતા હતા. હરિભક્તો શ્રીહરિનાથને નિરખીને નયનો ભરીને હરખ પામતાં હતાં.

શ્રીહરિકૃષ્ણ પ્રભુ મહામહોત્સવ કરીને ભક્તજનોને મહાસુખ આપતા હતા. સંતજનો વસંતનાં પદો બનાવીને ઉમંગ ઉત્સાહથી આનંદ કરતા થકા પ્રેમથી ગાતા વગાડતા હતા. મહાપ્રભુ અતિ આનંદ પ્રમોદને પામતા હતા. સુંદર રીતે રંગ રમીને સૌ ભક્તજનો સંતોને રંગે રમાડીને આનંદ કરાવતા હતા. તે મહા રંગોત્સવને નિરખીને દર્શન કરીને ભક્તજનો સૌ મહાપ્રભુની મૂર્તિને પોતાના અંતકરણમાં ધારીને મનમાં બહુ જ રાજી રાજી થતાં હતાં ત્યારે તેઓનાં અંતઃકરણમાં મહાપ્રભુ સુંદર રીતે સુખરૂપ અલૌકિક રીતે શોભતા દર્શન દેતા હતા. આવી રીતે ભક્તજનોને સુખપૂર્વક વાસ કરીને સુખ દેતા હતા. મહાપ્રભુ **ગઢપુરમાં** પાછા પધારતા હતા. પુરુષોત્તમ મહાપ્રભુની ભક્તજનો બહુ જ સેવા કરીને સંતોસહિત સુખ કરાવતા હતા. સંતોની સાથે શિવરાત્રીનો ઉત્સવ કરવા ઉમંગથી જતા હતા.

શ્રીહરિ શિવરાત્રીનો ઉત્સવ કરવા **જુનાગઢ** પધાર્યા. માર્ગમાં સૌ ભક્તો પ્રભુને દર્શને આવતા હતા. મહાપ્રભુએ પુરાતનપુરને પાવન કરીને પ્રાણપતિ મંદિરમાં પધાર્યા. ત્યાં જ મુંકામ કરીને રહેતા હતા. પવિત્ર મૂર્તિ વિશ્રાંતિ કરતા હતા. જુનાગઢના ભક્તો પ્રેમ ભરેલા ભાવથી ભગવાનની પાસે આવતા હતા. પ્રેમ કરીને મહારાજને પુષ્પોથી સુંદર રીતે પૂજતા હતા. સર્વ ભક્તજનોની સેવાને અંગિકાર કરીને પછી મહાપ્રભુ ભક્તજનોને બહુ જ સુખ કરતા હતા. મહાપ્રભુએ **જુનાગઢમાં** શિવરાત્રીનો બહુ મોટો ઉત્સવ કર્યો તે ઉત્સવમાં બહુ જ યાત્રિકોનો જનસમુદાય આવતો હતો. પછી પ્રાણપતિ મહારાજ પોતે પુરમાં પધારતા હતા. તેનો પુરાતન કિલ્લો પુરનું નામ તે પુરાતની દુર્ગ એવી રીતે અતિ બળવાળું લાગતું હતું. પછી મહાપ્રભુ પાછા **ગઢપુરે** પધારતા હતા. અતિ વેગથી પધારતા હતા.

ગઢપુરમાં ઘનશ્યામ પ્રભુને પ્રિય ઉસવ ફૂલડોળનો ઉત્સવ કર્યો. તેમાં મહાપ્રભુએ ભક્તજનોને પત્રિકા મોકલી હતી. તેથી સૌ ભક્તજનો આવ્યા. તેની ઉપર મહારાજ ઉમંગ ભરીને રંગ ઉડાડતા હતા. રસરાજ રીતે રમતા હતા. ચંચળમૂર્તિ સૌને રમાડીને બહુ જ આનંદ કરાવતા હતા. સૌના ચિત્તને ખેંચતા હતા.

મહારાજે બહુ જ મહાખેલ કર્યો. અલબેલો છેલછબિલા સૌની ઉપર બહુ જ રંગને ઢોળતા હતા. સૌ સંતો કીર્તનો બોલતા હતા. આવી રીતે આનંદકંદ મહારાજે સૌના અંતરને જાણીને રમાડીને બહુ આનંદ કરાવ્યો ને મનમોહન મહારાજ પ્રાણપતિ સૌને મગ્ન કરતા હતા. ધીરમતિ મહારાજ થાળ જમીને પછી સંતો ભક્તોને પીરસીને જમાડતા હતા એવા મહાપ્રભુનો જોગીઓ જતિઓ જયજયકારનો નાદ કરતાં હતાં. એવા ચતુરવર શ્રીહરિએ હજારોહજાર મનોહર ચરિત્રો કર્યાં. ભક્તજનોનાં ભવફંદને હરિને ભક્તજનોને ફેલફતુરથી મુક્ત કરતા હતા. પછી શરદઋતુના ચંદ્રસમાન મનોહર મુખકમળવાળા પ્રભુએ પ્રયાણ કર્યું. મંદ મંદ હાસ્ય કરીને ભક્તજનોના આનંદ ઉત્સાહને વધારતા હતા. ગામમાં વિચરતા થકા ધર્મનંદન મહાપ્રભુ **વડતાલ** પ્રત્યે પધારતા હતા. વડલાતમાં રામનવમીનો સામૈયો કરવા વડતાલ વિરાજતા હતા.

સામૈયો કરવા દેશોદેશથી ભક્તજનો આનંદઉલ્લાસથી આવતા હતા. સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને મનનાં દુઃખદર્દને દૂર કરતાં હતાં. ભાવ ભરીને નરનારિજનો પ્રભુને ભેટ અર્પણ કરતાં હતાં. વસ્ત્રો આભુષણોમાં પાઘસહિત શાલ દુશાલા તથા વિશાળ દુપટ્ટો અર્પણ કરતાં હતાં. ભક્તજનો મહાપ્રભુને તથા સંતોને જમાડવા માટે રસોઈઓ દેતાં હતાં. પ્રિતમ પ્રાણ પ્રેમથી પંગતમાં પીરસતા હતા. તેને ભક્તજન જોઈને દર્શન કરતાં હતાં. ધર્મનંદન મહાપ્રભુ સભા કરીને ધર્મજ્ઞાન ભક્તિ વૈરાગ્ય આદિક જ્ઞાનની વાતો કરતા હતા. તેને સંતો ભક્તો પ્રેમથી સાંભળતાં હતાં. બહુ ઉમંગને પામતાં હતાં. ઉમંગથી હજારી પુષ્પોના હારો બનાવીને પ્રભુને ધારણ કરાવતાં હતાં. મનમોહન પ્રભુની મૂર્તિ સૌના પ્રાણને ખેંચતા હતા. અને ધર્મનંદન મહાપ્રભુ ધ્યાન કરવાની રીતની વાતો કરતા હતા. તેને મુનિજનો ભાવસહિત સુખપૂર્વક આનંદથી સાંભળતા હતા. શ્રી ઘનશ્યામ પ્રભુ સ્નેહસહિત ભક્તજનોને મનમાં બહુ જ સુખ કરતા હતા. રામનવમી ઉપર રાતદિવસ પ્રેમીભક્તોને પાસે રાખીને દર્શન દઈને સુખ કરતા હતા. રામચંદ્રજી ભગવાનની જન્મતિથિ ભેળી જ મહાપ્રભુનો પ્રદુર્ભાવ દિવસ આવતો હતો. તેથી ભક્તજનોને બહુ જ સુખ કરવા અને નિર્ભેય કરવા કમલનયન શ્યાંમ સ્વરૂપ પ્રભુ દર્શન દેતા હતા. ત્યારે તે રામનવમી ઉત્સવ ઉપર **મછિયાવપુરના** રાજા ભાવસહિત આવ્યા હતા. તે પુણ્યવાળા પ્રેમીભક્ત સિંહ સમાન એકાંતિક ભક્ત હતા. મછિયાવના રાજાના પીતા દેહ છોડીને ભગવાનના ધામમાં ગયા તે નિમિત્તે સંતોને જમાડી પકવાંનનાં બે ગાડાં ભરીને લાવ્યા હતા. તે ભરેલાં ગાડાં સુખકંદ મહાપ્રભુને સોંપ્યાં. સંતોની પંકિત કરીને શ્રી સહજાનંદ સ્વામી પીરસતા હતા. મહાપ્રભુ પ્રેમથી વારેવારે ફરીને પીરસતા હતા. નિયમ ધારીને નરનાથ પ્રભુ સૌ સંતજનોને સારી રીતે જમાડતા હતા. સંતો જમતા હતા ને પ્રભુના ગુણને ગાતા હતા. આવી રીતે અજિત મહાપ્રભુ સુખ દેતા હતા. મછિયાવના રાજાના પુત્રને રાજી કરતા હતા ત્યારે તે ભક્તરાજ મહાપ્રભુનાં ચરણકમળની પૂજા કરતા હતા. પોતાના જન્મને કૃતાર્થ માનતા હતા. ફૂલોનાં બાજુબંધ ગજરા ખૂબ જ પહેરાવતા હતા. ફુલના હારો પ્રેમથી પહેરાવતા હતા.અનેક પ્રકારના વસ્ત્રો તથા આભુષણો અનેક પ્રકારનાં ધર્મનંદન મહારાજને ધરાવતા હતા. પ્રભુનાં બંને ચરણોમાં ચંદન અર્ચ્યું હતું. તે રાજા પોતાના મુખ ઉપર લેતા હતા. પછી ધૂપ દીપ નૈવેદ્ય કરીને અર્પતા હતા. ધર્મકિશોર ધારણ કરતા હતા.

પછી રાજા શ્રીહરિની આરતી કરતા હતા. હાથ જોડીને સ્તુતિ કરતા હતા. હે ભક્તિપુત્ર ! ભયને ભાગનારા પ્રભુ આપ મારું સુખ કરવા માટે મારી સામે નજર રાખજો. નિરંજન એવા હે પ્રભુ ! આપને નમન

કરું છું. રમા આદિ ઈશ્વરોને આનંદ કરનારા જ્ઞાનિ સંતજનોને સુખ કરનારા ભક્તિનંદન આપને વંદન કરું છું. નિસ્પ્રેહિ વૃત્તિવાળા નિર્મળ નવીન જ્ઞાનને દેનારા મંદગજગતિએ ચાલનારા એવા હે ભક્તિનંદન પ્રભુ ! આપને ભજીએ છીએ. સદાય સંતોની સાથે વિચરીને અતિ મહાસુખને આપનારા અંતશત્રુઓનો નાશ કરનારા ભક્તિનંદન મહાપ્રભુ આપનું ભજન કરીએ છીએ. બ્રહ્માદિ દેવો આવીને આપના ગુણને સાંભળે છે. અને ઉત્સાહથી રાત્રી દિવસ ગાય છે. તોય તેને પાર નથી પાંમતાં એવા ભક્તિનંદન પ્રભુ આપને ભજીએ છીએ. શુદ્ધ સાત્ત્વિક જ્ઞાનઉપદેશને કરનારા સુંદર સ્વરૂપ ધારનારા આપ બધાં જ દુષણો આપત્તિઓને પૃથ્વી ઉપર ફરીને નાશ કરો છો એવા ભક્તિનંદન પ્રભુ આપને વંદન કરીએ છીએ. પાખંડી બુદ્ધિવાળા યોગીઓને દુર્લભ એવા સારા ભાવવાળા સુયોગી પોતે સુખ ભોગવનારા પવિત્ર સુખ દેનારા ભક્તિનંદન પ્રભુ આપને નમન કરીએ છીએ. અનેક સ્વરૂપોને ધારનારા અધર્મોનો નાશ કરનારા સદાય સુખને કરનારા એવા ભક્તિનંદન પ્રભુ આપને વંદન કરીએ છીએ. મનોહર કમળનયનોવાળા મહાઅભિમાન આદિનો નાશ કરનારા સર્વેને જીતીને વિજય કરનારા એવા ભક્તિનંદન પ્રભુ આપને ભજીએ છીએ. કામદેવના વૈરી એવા પ્રસિદ્ધ મુક્તજનોના સમુહથી સેવાતા નવાં નવાં ચરિત્રોને કરનારા એવા સુખદા મહાભક્તિનંદન પ્રભુ આપને ભજીએ છીએ. વિરાટ આદિક સર્વે ઈશ્વરોના સ્વામી સર્વગુણના યોગ્ય એવા મંદહાસ્ય કરતા સુખદાતા સર્વના સર્જનારા હે ભક્તિનંદન પ્રભુ ! આપને અમે ભજીએ છીએ. અનેક પ્રકારની કળાઓ કલાપોને કરનારા મનોજના પિતાનો નાશ કરનારા નિષ્કામ મૂર્તિ પૃથ્વી ઉપર ધર્મવંશ વૃદ્ધિ કરનારા તથા દૃઢ સ્થાપનારા આપ હે ભક્તિનંદન પ્રભુ આપને નમન કરીએ છીએ.

અકલ્પિત અવતારને ધારણ કરનારા અવતારી પ્રભુ આપ નરનારિજનોના અંતરમાં રહેનારા સર્વના સ્વામી ઘનશ્યામ પ્રભુ નામના નામી નવખંડમાં આપને નમન કરીએ છીએ. સર્વ ઈશના ઈશ આપ જ છો. ભવનાં અનેક પાપોને પીસીને નાશ કરનારા આપના સદ્‌ગુણોને સંતો સતત ગાય છે. એવા અશરણના શરણદાતા અસુરોના નાશ કરનારા સર્વ પામર જનોના પાપ સંતાપને બાળનારા સર્વ ભક્તોનાં દુઃખોને હરીને સુખ કરનારા અશરણના શરણદાતા સહજાનંદ પ્રભુ આપની ભક્તિ કરું છું. હે રાજન ! આવી રીતે તે મછિયાવના રાજાની સ્તુતિ સાંભળીને મહારાજ રાજી થયા અને અપ્રાપ્ય એવી મનને ભાવતી ભક્તિ આપીને તે ભક્તિનું વરદાન મહાપ્રભુએ દીધું. આવી રીતે બલભ્રાતા મહાપ્રભુ વડતાલધામમાં બહુ દિવસો સુધી રહીને ત્યાંથી કમળનયન પ્રભુએ પ્રયાણ કરીને **ગઢપુરધામે** પ્રકાશ કરનારા વિરાજતા હતા.

મહારાજ ગઢપુરમાં અને જુનાગઢમાં વસંતનો ઉત્સવ અને શિવરાત્રિનો ઉત્સવ કર્યો. મનોહરમૂર્તિ વડતાલ પધારીને ભક્તજનોને સુખ દેતા હતા. અનેક યાત્રિકો આવતા તેને દર્શન દાન દેતા હતા. પછી પ્રભુ ગઢપુર પધાર્યા. પછી વરતાલધામે પધારી ત્યાં રામનવમીનો મનોહર ઉત્સવ કર્યો. એવી રીતે અભિધાનરૂપે એકવીસમું તરંગ તે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વમીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ આ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગઢપુરમાં વડતાલમાં જુનાગઢમાં લીલાઓ કરી તેનું વર્ણન કર્યું એ નામે એકવીસમું તરંગ થયું. ॥૨૧॥**

# તરંગ-૨૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ભવદ્દુઃખને ભાંગનારા શ્રીહરિ ભગવાન પોતાના ભક્તનાં મનને આનંદ કરાવનારા સૂર્યસમાન પ્રકાશ કરીને અજ્ઞાનને નસાવનારા જગતના અજ્ઞાનરૂપી તોફાનને નસાવીને સુખ કરતા ગઢપુરધામમાં ગુણના સાગર પ્રભુ સુંદર ચરિત્રો કરતા હતા. તે ચરિત્રો મને કહેવા માટે કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે – હે નરેન્દ્ર ! ભગવાનનાં બધાં જ નવિન ચરિત્રો જે સંતાપને હરનારાં છે તે તમોને કહું છું તે સાંભળો. વર્ણિઓનાં ઇંદ્ર મહારાજ સંતોની સાથે રહીને કપટયુક્ત કામના દોષોને દૂર કરતા હતા. સુખ કરતા હતા તે ચરિત્ર સાંભળો. ધર્મનંદન મહાપ્રભુ **વડતાલથી** નીકળીને માર્ગમાં વચ્ચે વચ્ચે રોકાણ કરીને સંતોની સાથે હેતસહિત મહાપ્રભુ પોતે આનંદથી **ગઢપુરધામે** પધાર્યા. કમળમુખ શ્રીહરિ ગઢપુરમાં કેટલાક દિવસ રહીને સૌના દુઃખ હરીને સુખને કરતા હતા તેવામાં **જુનાગઢમાં** પ્રતિમાઓનું મંગળ સ્થાપન કામ કરવા માટે. સંતસમાજની સાથે બધો જ સાજ સજીને ભક્તજનોનાં કલ્યાણ કરવા પધારતા હતા.

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! જુનાગઢમાં જેવી રીતે મૂર્તિ સ્થાપન કરી તે બધી વાત વિસ્તાર કરીને કહો. જગતના સ્વામી જુનાગઢમાં ભક્તજનોને સુખ દેવા પધાર્યા. જુનાગઢથી સંતોને લખેલો પત્ર લઈને સેવક જલદીથી દોડીને આવ્યો પ્રભુને આપ્યો. પત્રમાં શ્રીહરિને આવવાનું આમંત્રણ લખેલું હતું અને કામ થવા આવેલ છે. આ વિગત લખેલી. આવી રીતે આવેલ સુંદર પત્ર તેને વાંચીને ધર્મનંદન મહાપ્રભુ સૌ જન સમુદાયની સાથે બધો જ સાજ સજીને તૈયારી કરીને શ્રીહરિ સ્વતંત્ર રીતે ઘોડા ઉપર અશ્વાર થયા. માર્ગ ઉપર સંતો જતા હતા ત્યારે શ્રીહરિનાં ગુણોનું ગાન કરતા જતા હતા. ગુણવંત મહાપ્રભુ પર છત્ર ધારીને દર્શન કરતા જતા હતા અને શ્રીહરિ ઘોડાંઓના સમુહમાં હસતા થકા જતા હતા. છેલછબીલો વર સ્વતંત્ર રીતે ખેલ કરાવતા થકા આનંદથી પધારતા હતા. ચાલતાં માર્ગમાં **રાજકોટ** નામનું નગર આવ્યું તે પવિત્ર સારું હતું. ત્યાં ઘનશ્યામ પ્રભુએ આવીને મુકામ કર્યો. સૌ સંતોની સાથે રોકાયા ત્યારે હરિભક્તો પ્રભુની સામે દર્શન કરવા ભેટ લઈને આવ્યા હતા તે અપાર ભેટ શ્રીહરિ સન્મુખ અર્પણ કરી.

વાજાં વગાડીને મહારાજને પ્રેમભાવથી પુરમાં લાવ્યા. ધર્મનંદન આનંદકંદ પ્રભુનું નામ ગાતા થકાં ઉતારે લઈ ગયા. સુંદરવરે અસવારી સાથે સારી જગ્યાએ ઉતારો કર્યો. ત્યાં નગરનાં જનો ઉતાવળે આવીને દર્શન કરવા આવતાં હતાં. શ્રીહરિ કમળનયન મહારાજ ધર્મજ્ઞાનની વાતો કરતા હતા. રસોઈ થઈ. તેમાંથી પ્રભુ થાળ જમ્યા ને પછી સૌ સંતો ભક્તજનોને પ્રેમથી જમાડ્યા. શયન કરીને શોભાધામ ઘનશ્યામ પ્રભુ પ્રાતઃકાળમાં વહેલા પ્રયાંણ કરતા હતા. ત્યાંથી પ્રભુ ચાલીને **'ગોંડલ'** નામના ગામે પધાર્યા. ઘનશ્યામ પ્રભુ પધાર્યાનું જાણીને ગોંડલપુરનાં ભક્તજનો પ્રભુને તેડવા માટે સામાં આવતાં હતાં. મહાપ્રભુને રાજાએ રાજમહેલમાં ઉતારો ઉદારતાથી કરાવરાવ્યો. રસોઈ કરીને સૌ સંતોની સાથે મહારાજને સૌને જમાડતા હતા. પ્રભુ ત્યાંથી જનસમુદાય તથા સંતો સાથે ત્યાંથી પ્રાતઃકાળે પધારતા હતા. પરિબ્રહ્મ મહાપ્રભુ પ્રયાંણ કરીને પ્રાતઃકાળમાં ચાલ્યા. ગુણનિધિ મહાપ્રભુ **ગુલતાન** થઈને **જુનાગઢ** પધાર્યા. જુનાગઢની શોભા જોઈને રૈવતગિરિ (ગિરનાર)

ગિરિરાજને જોઈને તેની ઉપર અનેક પ્રકારનાં વૃક્ષોની શોભા જોઈને તે વૃક્ષોમાં આંબા કદંબ ગરમાળો તાલ તમાલ તેની ઉપર વાનરો કુદતાં હતાં.

હે રાજન ! મહુડાના બહુ જ વૃક્ષો શોભતાં હતાં. રાયણનાં સાલનાં પનસનાં પલાસનાં પિલુકીનાં મોટાં મોટાં વૃક્ષો શોભતાં હતાં. સરોવરો કૂવાઓ વાવો સુંદર રીતે શોભતાં હતાં. દેવની નારીઓ સરોવરની શોભા જોઈને તેમાં સ્નાન કરતી હતી. તે પર્વતરાજ ઉપર સિદ્ધિનાં સ્થાનો બહુ જ સુંદર રીતે શોભતાં હતાં. મૃગોનાં સમુહો અમોલ બોલતાં હતાં. સુંદર રીતે સતત દોડતાં કુદતાં હતાં. પહાડ ઉપરથી પાણીનાં ઝરણાંઓ ઝરતાં હતાં. સદાય પાણીના પ્રવાહ વહેતા હતા તે પર્વતની સુંદર ધુનિ ને સાંભળીને સૌને મોહ ઉપજાવતી હતી. જોનારને આનંદ થતો હતો. તે પર્વત ઉપર દેવોનાં ધામો સુંદર રીતે શોભતાં હતાં. તે પર્વત આ પૃથ્વી ઉપર અનેક પ્રકારના ભોગોથી બહુ જ શોભતો હતો. તે પર્વતનાં સરોવરોમાં દેવોની નારીઓ સદાકાળ સ્નાન કરતી રહે છે. ત્યાં નૃત્ય ગાંન તાંનની સાથે આનંદઉલ્લાસથી કરતાં હતાં. આવી રીતે તે શોભાના ધામરૂપ પર્વતનો રાજા ગિરિરાજ રેવતાચળ તેની સાથે જુનાગઢપુર પણ સુંદર રીતે પર્વતની સાથે શોભતું હતું. તેની ચારેબાજુ કિલ્લાઓ સુંદર રસ્તાઓ સુંદર ઘાટો હાટો બહુ જ શોભતાં હતાં. વૃક્ષોનાં સમુહોનાં જુથોથી તે પુરનો ગઢ બહુ જ સુંદર રીતે શોભતો હતો. ઉંચે તેની ઉપર તોપોનો સમુહને જોઈને તે રાજાના સૈનિકો કંપતા હતા. તેને વિષે મોટાં મોટાં વડનાં વૃક્ષો વાદળોને જાણે અડતાં હતાં. ચંદ્રલોકને વટાવીને ઉપર જઈ રહ્યા હોય તેવું લાગતું હતું. ત્યાંની નરનારિજનો પણ જાતજાતના રાગરંગને ઉમંગથી કામદેવને મોહ ઉપજાવે તેવા સુંદર રૂપરંગથી શોભતાં હતાં. તે સુંદર રીતના હાવભાવ કરીને સારા સ્વભાવથી શોભતાં હતાં. તે મંદિરોની પણ શોભા બહુ જ મનોહર રૂપવાળી ઘરમાં શોભતી હતી.

આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ મહાપ્રભુ પુરમાં સવારી સાથે બેસતા હતા ત્યારે જોતા હતા. કમલનયન પ્રભુ માર્ગ ઉપર પધારતા હતા ત્યારે સુખકારીના ગુણને ગાતાં હતાં. નરનારિજનો બહુ જ અપાર પ્રેમથી દર્શન કરવા માટે આવતાં હતાં. તે બાઈઓ પોતાના ઘરનાં બધાં જ કામકાજોને છોડી દઈને પ્રભુના નામનું રટણ કરીને આવતી હતી. બહેનો બહુ જ આનંદભાવથી અમૂલ્ય સુવર્ણનાં પુષ્પોથી વધાવતી હતી. ઘનશ્યામ પ્રભુ શહેરમાં સૌ જનોને દર્શન દઈને માર્ગમાં પધારતા હતા ત્યારે બહુ જ શોભતા હતા એવા મહાપ્રભુને દેવો સેવતા હતા. અગણિત જાતનાં વાજિંત્રો વાગતાં હતાં ત્યારે જાણે મેઘ ઘનઘોરતામાં આકાશમાં ગાજતો હતો. આવી રીતે શોભતા શ્યામ ઘનશ્યામ પ્રભુ માર્ગમાં જતા હતા. તેથી પુરવાસીજનો દર્શન કરીને આનંદ પમાડતા થકા મંદિરમાં પધારતા હતા. મહાપ્રભુએ મુનિજનો ભક્તજનોના સમુહની સાથે મંદિરમાં ઉતારા કરતા હતા. તે અતિ સ્વચ્છતાવાળા વિશાળતાવાળા સ્થાનમાં પૂર્ણકાંમ મહાપ્રભુ અધુરાં કામો ઉપર રહીને નિત્ય પ્રત્યે પૂરું કરાવતા હતા. આવી રીતે શ્યામ સુજાણ પ્રભુ ભક્તજનોના અતિ પ્રેમભાવનાં વચનો સાંભળતા હતા.

મહાપ્રભુ થાળ જમતા હતા ને પછી સંતો ભક્તજનોને જમાડતા હતા. પછી સુંદર રીતે મૂર્તિઓની સ્થાપના કરવા માટેની વાતો કરતા હતા. સુંદર યજ્ઞવિધિમાં હોમ હવન કરાવતા હતા. તેમાં વિપ્રો પાસે વરુણકાર્ય માટે નિયુક્ત કરીને હવનસામગ્રી એકત્રિત કરાવીને કરુણાનિધિ મહાપ્રભુ જુદાજુદા હોમવિધિ કરાવતા હતા. ઘનશ્યામ પ્રભુ હોમ કરાવતા હતા. તેમાં ઘી પરનાળોથી હોમતા હતા. આવી રીતે ધર્મનંદન પ્રભુ ધરા ઉપર ધર્મને ધારીને પૃથ્વીના ભુદેવો પાસે હોમ કરાવતા હતા. તે વિધિ બધા જ શાસ્ત્ર અને વેદો

પ્રમાણે જ કરાવતા હતા. મહાપ્રભુ સારો દિવસ અને સારો વાર જોઈને સારા મુહૂર્તમાં સારું કર્ણ જોઈને પ્રીતમ પ્રાણ પ્રભુ દેવની મૂર્તિઓને પધરાવતા હતા. આવી રીતે ધામ ધુમ કરીને બહુ જ મોટો મહામહોત્સવ કરીને અપારમાં અપાર એવો મહાઉત્સવ કરીને મહાદાનો દેતા હતા. આનંદ કરતા હતા. હે રાજન ! પૃથ્વી ઉપરના ભક્તજનો વિપ્રોને ભગવાન બહુ જ ભાવથી જમાડતા હતા. તેને યજમાનો સારી રીતે જાણતા હતા.આવી રીતે પૃથ્વી ઉપર ભક્તજનોના કલ્યાણ કરવા માટે જુનાગઢમાં સુંદર ધામ બનાવીને મોટો ઉત્સવ કર્યો. આનંદ કર્યો.

પછી મહાપ્રભુ સૌ સંતોની સાથે સુંદર સવારી કરીને ઘનશ્યામ પ્રભુ પાછા ગઢપુર પધાર્યા. પોતાના નિવાસ ધામમાં પધાર્યા. મહારાજ જુનાગઢમાં જે લીલા કરી તે લીલાની વાર્તા બધી જ વિસ્તાર કરીને સૌને કહીને જણાવી દીધી. આવી રીતે આનંદધામના મુકુંદ પ્રભુ અનેક લીલાઓને કરતા હતા. સર્વ જગતના સ્વામીએ જુનાગઢમાં દેવોની પ્રતિષ્ઠાવિધિ કરીને સુંદર તીર્થ સ્થાન કરી દીધું. ગઢપુરમાં મંદિરનિર્માણનું કામ કરાવતા હતા. મંદિરના પાયા ખોદાવીને તેનું પુરાંણ કરાવતા હતા. તે બધું શ્રીહરિ જાતે નજર રાખીને બહુ જ જલદીથી કરાવતા હતા. અવિનાશી પ્રભુ બધું કામ મુનિજનો અને ભક્તજનો પાસે જ કરાવતા હતા. જક્ત પતિ ભગવા ન નિરીક્ષણ કરતા હતા. કામ કરાવનારા મહારાજ મુનિજનોને કામ કરાવે તથા પાર્ષદ ભક્તજનો પાસે કામ કરાવરાવે. તેઓને મહારાજ થાળ જમીને પ્રસાદી આપતા જળનું પાન કરીને તે પ્રસાદિક જળ દેતા હતા. દરરોજ નવા નવા ભક્તોને આપતા. સારા કામ કરનારને બાથમાં લઈને મળતા. મુનિજનો બળથી કામ કરતા હતા. એમને અચળ પ્રભુ બહુ જ સ્પર્શનું સુખ દેતા હરિ સ્નેહથી હિત કરતા હતા. ચતુરવર મહાપ્રભુ ચરણ ચાંપતા હતા ને બધાં જ ભવફતુરને તોડતા હતા. ભવભયને હરવા માટે ભક્તના હૃદયમાં શરણનું સુખ જગવંદ્ય દેતા હતા.

શ્રીહરિનાથ નિત્ય પોતાના સંબંધી ધર્મકુળને પોતાના એકાંતિક આશ્રિત સમજીને સુખ દેતા હતા. નરનારિજનોને કામ કરવાનો સંતોસહિત સૌને બહુ જ ઉત્સાહ વધારતા હતા. ઘનશ્યામ પ્રભુ જનોના મનની સ્થિતિ દઢ કરીને થોડા જ દિવસમાં કામ સ્થિર કરી દેતા હતા. મહાપ્રભુ પોતે સૌની સાથે મદદ કરતા હતા. શ્રીહરિ ભગવાનનું સુંદર મંદિર કરાવતા હતા. મહારાજે બીજાં બધાં ઘણાં મંદિર બનાવરાવ્યાં. તે તો મુનિજનો પદાતિઓ દ્વારા કરાવરાવ્યાં પણ પોતાના હાથે તો ગઢપુરધામમાં જ મંદિરનું કામ કરાવતાં હતાં. પોતે જ ગુણસાગર પ્રભુ તે ધામ બધાં જ ધામો કરતાં સુંદર નવિન ઘાટનું જ કરાવતા હતા. મંદિર તૈયાર થયું ત્યારે ભગવાન શ્રીહરિએ રાધેશ્યામની મૂર્તિઓને સુંદર રીતે સાજ સજાવીને સુંદર સિંહાસન તૈયાર કરાવીને સજ્જ કરાવતા હતા. સુંદર કામ કરાવતા હતા.

યજ્ઞકાર્ય માટે શ્રેષ્ઠ દ્વિજવરોને વરણ કર્યા. બ્રહ્મદેવોનું પોષણ કરનારા ધર્મનંદન મહાપ્રભુ સોનાનાં કડાં ને કુંડળો કમળનયન પ્રભુએ વરણ કરેલા વિપ્રોને અર્પણ કર્યાં. સુખ દીધાં. હવનવિધિ કરવા માટેની બધી જ વસ્તુઓ ભેગી કરાવીને પુરી કરાવી દીધી. શુભ સારા મુહૂર્ત જોઈને ઘનશ્યામ પ્રભુ મૂર્તિઓની સ્થાપના કરી. મૂર્તિ પધરાવવામાં બહુ જ ધામધોમ પૃથ્વી ઉપર થઈ. ભક્તજનો બહુ જ વાજાં વગાડતાં હતાં. આકાશમાં દેવોનું મંડળ બજાવતાં હતાં. સૌ નરનારિજનો આનંદથી ગાતાં વગાડતાં હતાં. એ નિરખીને રાજી થતાં હતાં. આનંદ સુખધામનાં દર્શન કરીને આનંદ પામતાં હતાં. સોનાના પુષ્પોથી વધાવતાં હતાં. પ્રભુનાં ગુણને ગાતાં હતાં. ઉત્સવમાં સંતો વિપ્રો ભક્તો સુંદર રીતે જમતાં હતાં. બહુ જ સુખને પામતાં હતાં. આવી રીતે પૃથ્વી ઉપર મહોત્સવ

**ગઢપુરમાં** થયો. મંદિરમાં સુંદર ધામધૂમ થઈ. તેની ઉપમા કોઈ જ ન કહેવાય તેવી થઈ. પુરણ બ્રહ્મપુર પ્રાંણપતિ મહારાજ જીવ ઈશ્વરોના અંતર્યામિ ફળદાયક કાર્ય કર્યું. એવા અકામ છબિ ધામધામીએ સુંદર કામ કર્યું. ગઢપુરધામમાં પ્રભુએ ઉત્સવ કર્યો. ધામના ધામી ધર્મપુત્રે ગઢપુરધામમાં ગોપીઓના પતિ ગોપિનાથને પધરાવીને નરનારિજનોને કલ્યાંણનાં કામો કર્યાં. શ્રીહરિએ પોતાના હાથે જ યોગ્ય સ્વરૂપો પધરાવ્યાં. દેવની ઉપર દયા કરીને જોયું. સર્વ પ્રાણીના સુખને કર્યાં. જે દર્શન કરે છે તેના દુઃખો નાશે પામે છે. ઉરમાં બહુ જ ઉંચું સુખ દેતા હતા. પાપના ઓઘ નાશ પામતા હતા. ઉમંગથી પોતાની પાસે જ વાસ દેતા હતા. આ રીતે ગઢપુરધામનો મહિમા વધાર્યો. બહુ જ સુંદર મંદિર બનાવરાવ્યું. બલભ્રાતાએ કળિના ક્લેશનો નાશ કરવા સુંદર કાર્ય કર્યું એમ જ કહેવાય.ભગવાન સ્વામિનારાયણે ભુદેવોને સુંદર રીતે દાન દીધાં. સન્માન કર્યાં. દિલમાં આનંદ કરાવરાવ્યો. આવી રીતે સુખ દીધાં ને આશ્રિત ભક્તજનોનાં હિતમાં કામો કરીને પૂરણધામના ધામી પ્રભુ પ્રમાણ કરતા હતા.

જુનાગઢમાં મંદિર બનાવરાવીને પ્રાણપતિઓ પ્રીતથી દેવોની પ્રતિષ્ઠા કરી. તેમાં રાધારણદેવને શાસ્ત્રીયવિધિ કરીને વેદોક્ત મંત્રોચ્ચાર કરીને પ્રતિષ્ઠા કરી દીધી એ લીલા કહી દીધી. ગઢપુરધામમાં ગુણસાગર ભગવાને સુંદર મંદિર કર્યું અને તેમાં મૂર્તિઓની સ્થાપના કરી. એ રીતે બાવીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગઢપુરમાં અને જુનાગઢમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરી તે લીલાનું વર્ણન કરીને કહ્યું એ નામે આ બાવીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૨॥**

# તરંગ-૨૩

આનંદસિંહ રાજા કહે છે, હે મહારાજ ! અવધપ્રસાદજી આપે જુનાગઢમાં અને ગઢપુરમાં મૂર્તિ સ્થાપનાની અતિ મનોહર અદ્‌ભૂત લીલા સંતોની સાથે કરી તે તો મારા ગુરુ અવધપ્રસાદ મહારાજ કહી હવે બીજી ભગવાનની લીલા કહેવા મારી ઉપર કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! ભવને તારનારા મહાપ્રભુનાં પૂછેલા ચરિત્રો પૂછ્યાં તે બધી જ સારરૂપ વાતો તમને કહું છું તે સાંભળો. પ્રગટ ભગવાનનાં ચરિત્રો તો અપાર છે. તેને ભવબ્રહ્માદિગાતા પાર પામતા જ નથી. એવા ભગવાનનાં ચરિત્રો ભાવથી સાંભળો. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ મૂર્તિઓની સ્થાપના કરીને ગઢપુરથી કમળમુખ મહાપ્રભુએ પ્રયાણ કર્યું. સુખના ધામ ધર્મનંદન પ્રભુ **અમદાવાદનગર** પ્રત્યે જવાનું કર્યું. શ્રી ઘનશ્યામ પ્રભુ મેઘસમાન મનોહરમૂર્તિ **સારંગપુર** પધાર્યા ત્યારે ભક્તજનોએ જાણ્યું કે શ્રીહરિ ઘનશ્યામ પધાર્યા છે. તેથી સૌ ભક્તજનો સામા લેવા માટે આવ્યા. ભક્તજનો પ્રેમભાવથી કિર્તનો ગાતા વગાડતા ઘનશ્યામ પ્રભુ માટે ભેટ લઈને ઉત્સાહ સાથે આવતા હતા. અનેક પ્રકારનાં વાજાંને વગાડતા ગાતા પ્રેમથી ભેટ હાથમાં દઈને સુંદર રીતે શોભાયમાન સુંદર પુરમાં લાવતાં હતાં. પ્રેમ નિયમવાળા સંતોનો સમુહ ઘનશ્યામ પ્રભુની પાસે જ બેસીને નિરખતા હતા. શ્રીહરિની ચારેબાજુ સૌ ભક્તજનો બેઠા. મહાપ્રભુ કૃપાળ ભક્તજનોને દર્શન કરવાનો અને ચરણ સ્પર્શ કરવાનો લ્હાવો દેતા હતા. ભક્તો પાપનો સમૂહ તથા

મનના તાપનો નાશ કરતા હતા. તાપને શાંત કરતા હતા. ધર્મનંદન શ્રીહરિ મહાપ્રભુ ધર્મજ્ઞાનની વાર્તાઓ કરતા હતા. ધર્મવંશના હંસ એવા મહાપ્રભુ પાપના ઓઘોનો નાશ કરીને સૌના ભવનાં ફંદને હરતાં હતાં. આવી રીતે જીવોને જ્ઞાનની વાતો કરતા હતા. એટલામાં થાળ તૈયાર થયો એટલે શ્રી ઘનશ્યામ પ્રભુ પાસે આવીને પ્રેમીભક્તે શ્રીહરિને રસોઈ તૈયાર થઈ છે એમ કહ્યું.

હે મહારાજ ! આપ જમવા પધારો આવી રીતે ભક્તની વાણી સાંભળીને ઘનશ્યામ પ્રભુ જમવા પધાર્યા. ઉતાવળા જઈને ભગવાને સ્નાન કર્યું. જાતજાતનાં ભાતભાતનાં ભોજનો ભાવ લાવીને પ્રેમથી જમતા હતા. નાથના ગુણને સંતો ગાતા હતા. પ્રભુ થાળ જમીને પછી સંતોને જમાડતા હતા. પીરસતાં પ્રભુ બહુ જ શોભતા હતા. સૌને પકવાનો શાકો દાળ આપતા હતા ને મનને મોહ પમાડતા હતા. જગતના નાથ ત્યાં રાતના નિવાસ કરતા હતા. ભક્તના પાપોને તથા તાપોને બાળતા હતા. ઉપદેશ કરતા હતા. સવારમાં વહેલા પ્રાતઃકાળની વેળા થયેલી જાણીને પ્રયાણ કરતા હતા. સૌના ચિત્તને ચોરતા થકા ઘોડાને ઉતાવળા સુંદર રીતે ચલાવીને ખેંચતા હતા. કમળનયનોવાળા શ્રી ઘનશ્યામ પ્રભુ **કંથારિયા** નામના ગામે સંતોની સાથે પધાર્યા ત્યારે ગામના સૌ ભક્તજનો પ્રભુને વધાવવા અને તેડવા માટે અનેક પ્રકારનાં વાજાં વગાડતા થકા ભેટો લઈને સુંદર રીતે આવ્યા. મહાપ્રભુને પુરનાં ભક્તજનો નિરખીને દર્શન કરીને પુરમાં લાવીને પધરાવતા હતા ને પોતાના જન્મની સફળતા માનતા હતા. મનથી પૂર્ણકામવાળા થયા. આનંદ પામ્યા. શ્રીહરિ મહારાજે સરોવરની પાળ ઉપર નિવાસ કર્યો અને **કાનજીશેઠના** ઘેર સુંદર રસોઈ કરી તેનો થાળ જમ્યા. સંતોને જમાડ્યા ને ભક્તના મનમાં આનંદનો પાર નહોતો રહેતો. મહાપ્રભુ કંથારિયામાં રાત રોકાઈને બહુ જ રાજી થઈને દૃઢધર્મની સ્થાપના કરીને ખળ અને પાખંડીનો નાશ કરીને ભક્તજનોને બહુ જ આનંદ સુખ કરનારા મહાપ્રભુ ત્યાંથી ચાલ્યા.

ઘનશ્યામ પ્રભુ ચાલ્યા. લોકોના ચિત્તોને ચોરતા થકા ઘોડાંઓના ટોળાં સાથે ઘોડાંના ખેલને કરતા કરતા **દેદારણ** ગામે આનંદધામી ભક્તોને સદાય આનંદ આપનારા સર્વ જગતના સ્વામી શ્રીહરિ પધાર્યા. મહાપ્રભુએ ત્યાં નિવાસ કર્યો અને ભક્તજનોને પ્રભુએ સુખ દીધાં. પુરમાં જનોને પ્રેમથી નિયમો આપ્યાં. ભવનાં બંધન તોડ્યાં. ત્યાંથી મહાપ્રભુ સવારમાં વહેલાં પ્રયાણ કરીને ચાલ્યા. કૃપાવંત પ્રભુ સર્વ જગતના નાથ ઘનશ્યામ પ્રભુ સૌ સંતોની સાથે **"વારણા"** ગામે પધાર્યા. નેત્રને રમાડતા પ્રભુ વિહાર કરતા પધાર્યા. ત્યાં શ્રીહરિ આનંદપૂર્વક વાસ કરીને કૃપાધિશ મહાપ્રભુ ચાલીને **લીંબડી** શહેરે પધાર્યા. સર્વના સ્વામી મહાપ્રભુ પુરમાં નિવાસ કરીને રહ્યા. વિશાળ દિલવાળા અસુરોના શત્રુ મહાપ્રભુને જોઈને અવિદ્યા વાળા અસુરોએ બાધ કર્યો. ત્યાં લીંબડીમાં ભક્તો થોડાક જ હતા. તે પ્રીતથી પુરમાં રહેતા હતા. તેને દર્શન દીધા પ્રભુને નમન કરીને ભક્તો સુખ પામ્યા. મહારાજ દુષ્ટોથી લગારે નહિ નમીને ત્યાંથી ચાલતા થયા. ચાલીને ઘનશ્યામ પ્રભુ **ભલ્લગામડે** પધાર્યા. ભલ્લ ગામડે મહારાજ તળાવની પાળ ઉપર સુંદર વડનાં વૃક્ષ હતાં તે ઘાટાં વડનાં વૃક્ષતળે પલંગ બિછાવીને તૈયાર કર્યા. તેની ઉપર મહારાજને બેસાર્યા. ત્યાં જ સુંદર રીતે રસભરપૂર થાળ અવધપુરનાં ધર્મકુળવાસીએ બનાવ્યો. સુંદર રીતે તૈયાર કરેલો થાળ મહાપ્રભુ ભાવથી ભક્તિને વશ થઈને ભક્તના હિત કરવા ભવને ભાંગનારા મહાપ્રભુ સ્વાદનાં વખાણ કરીને જમતા હતા. લોકોનાં હિત કરનારા ઘનશ્યામ સર્વજ્ઞ પ્રભુ જમતા હતા. પંકજનયન મહાપ્રભુ જમીને હસ્તકમળ મુખકમળ ધોતા હતા. જળપાન કર્યાં પછી મહાપ્રભુ

શયન કરીને નિંદર લેતા હતા. સવારમાં પ્રયાણ કરીને **સિયાણિ** ગામે પધાર્યા. ભક્તજનો મનુષ્ય સ્વરૂપ ધારણ કરેલા વિશ્વમાં વ્યાપક મહાપ્રભુનો જયજયકાર કરતા હતા. સર્વજનોના મનના તનના તાપ સંતાપને કાપીને અનંત સુખો દેતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ અવિનાશી પધાર્યા છે એમ જાણીને ભક્તજનો વિચારીને તરત જ સામા દોડતા હતા. પ્રભુના ગુણોને ગાતા ગાતા આવતા હતા. **શિવરામ વિપ્રસહિત** સૌ ભક્તો આવતા હતા. મનમાં બહુ જ રાજી થતા હતા.

અનેક જાતનાં વાજિંત્રોને વગાડતા થકા રાજી થતા થકા મુનિજનોથી શોભતા રાજાધિરાજ પ્રભુ પધારતા હતા એમ મહારાજને જોઈને સૌ ભક્તજનોએ નાથને મસ્તક નમાવીને વંદન કર્યા. દર્શન કર્યા ને મહાપ્રભુએ સૌની ભીડને ભાંગી નાંખી. શ્રીહરિ નાથને મળીને સૌ જનોએ નિરખીને દર્શન કર્યાં. બધાનાં વિશેષ રીતે પ્રભુએ દુઃખો દૂર કરી દીધાં. મહાપ્રભુનો પ્રભાવ જોઈને વિશેષ રીતે પ્રભુની મનોહરતા જોઈને ધર્મનંદન મહાપ્રભુ અશ્વ ઉપર વિરાજતા હાસ્ય કરતા હતા. સૌ ભક્તજનો મહાપ્રભુની પાસે આવીને દર્શન કરીને પ્રભુના સુંદર ગુણોને ગાતા થકા પ્રભુનાં દર્શન કર્યાં. મસ્તક નમાવીને પ્રભુનાં ચરણકમળનાં દર્શન કર્યાં. આવી રીતના વિશાળ મનવાળા જગદીશ પ્રભુ તે શોભતા હતા. સૌના શોકને મટાડતા હતા. આજુબાજુના બધાં ગામનાં ભક્તજનો મહાપ્રભુ પાસે આવ્યા. બધા ગામના ભક્તો આશા કરીને આવ્યા. તેમની આશા પુરી હૈયામાં બહુ જ આનંદ ઉપજાવ્યો. સૌ મહારાજનાં ચરણકમળમાં નેત્રો જોડીને ઘનશ્યામ પ્રભુની પાસે જ બેઠા. પવિત્ર મનવાળા તે ભક્તો ધર્મકુળના તેજને વધારનારા મહાપ્રભુનાં દર્શન કરતાં હતાં. **સડલ્લા** ગામનાં ભક્તજનો અને **મેમકા** ગામના ભક્તજનો સાથે શ્રીહરિ મહાપ્રભુ પધાર્યા છે એમ જાણીને ભક્તજનો વિનંતી કરતા હતા.

ત્યારે મહારાજ કહે અમારે તો **અમદાવાદ શહેરે** જરૂર જવાનું છે. તો તમે સૌ સાંભળો. પાંચ સરસ ગાડાં અમારી પાસે લાવો. અમારે સાથે લઈ જવાં છે. આવી રીતે કહેલાં મહાપ્રભુનાં વચનો શિર ઉપર ધારણ કરીને તે બંને ગોમના ભક્તજનો સરસ ગાડાં તૈયાર કરીને ઘનશ્યામ પ્રભુ પાસે આનંદ પામતાં થકા લાવ્યા. ગાડાં જોઈને મહાપ્રભુ રાજી થયા. ભક્તજનોનો ભાવપ્રેમ જોઈને મહારાજ માટે થાળ તૈયાર થયો ત્યારે પ્રભુ તે જોવા માટે જતા હતા. મેઘા ભક્તના ઘરમાં થાળ જમવા સંતોની સાથે સુખકંદ મહારાજ શ્રી સહજાનંદ સ્વામી જમવા પધાર્યા. શામળીયા ભગવાને સ્નાન કર્યું અને સુંદર આસન ઉપર બેઠા. પ્રેમી ભક્તજનો દૃઢ નિયમ ધારીને પ્રભુની પાસે જ બેઠાં ત્યારે તે ભક્તજનો સુંદર રસદાર થાળ ભરીને તૈયાર કરીને લાવ્યા. ભક્તજનોના મનના પ્રેમભાવને જોઈને પ્રભુ જમતા હતા. ગામના ભક્તજનો ગુણનું ગાન કરતા હતા. પ્રીતમ પ્રભુ વચ્ચે વચ્ચે જળપાન કરતા હતા. પ્રીતથી સુખ ઉપજાવતા હતા. પ્રેમીભક્તો સુંદર રીતથી પાક શાક લઈને પીરસતા હતા. ઘનશ્યામ પ્રભુ સુખધામ સુંદર રીતે શુદ્ધતાથી જમતા હતા. ભક્તજનોના મનનો ભાવ જોઈને પ્રાણનાથ પ્રભુ જમતા હતા. ભક્તજનો માધુરી મૂર્તિને ભાવથી આનંદ પામતા થકા ઉરમાં ધારતા હતા. પ્રભુ જમતાં જમતાં પેટ ઉપર હાથ ફેરવતા હતા. પ્રીતથી જમતા હતા ને સુંદર રીતે ઓડકાર ખાતા હતા.

ચિત્ત ચોરનારા પ્રભુ જમીને તૃપ્ત થઈને જળથી ચળુ કરતા હતા. ભક્તજનોને પ્રભુ બહુ જ આનંદ દેતા હતા. મહારાજ જમીને કોગળા કરતા હતા. મુખને ધોઈને હાથ ધોતા હતા. પછી સંતોને બોલાવીને જીવન પ્રાણપ્રભુ જમાડતા હતા. પંગત કરીને પંગમાં વારેવારે પીરસતા હતા. લોકોનાં ફંદને હરતા હતા. મનોહર કમળમુખ પ્રભુ સુંદર રીતે ભક્તજનોનાં ચિત્તને ખેંચતા હતા. પ્રભુએ સંતોને જમાડીને તૃપ્ત કર્યા. અને

સાંજના સમયે **ભીમજીભાઈ શેઠને** ઘેર મનોહરમૂર્તિ શ્રી ઘનશ્યામ જમવા પધાર્યા. બહુ જ ખંતથી ખૂબ જમતા હતા. ને ખળનાં સમૂહનો નાશ કરતા હતા. ભક્તજનોને સુખ કરીને સુંદર રીતે સુખકંદ પ્રભુ સુખ કરતા હતા. ઘનશ્યામ પ્રભુ સારી રીતે જમીને તૃપ્ત થઈને પછી સુંદર રીતે મુખમાં મુખવાસ લેતા હતા. ભક્તજનોના હિત કરવા પાન સોપારી મુખમાં લેતા હતા ત્યારે પ્રેમથી ત્યાં આવીને પ્રીતમ પ્રાણ **મેઘજીભાઈ** નામના પટેલ ભક્તના ઘેર સુંદર રીતે ઢોલિયો ઢળાવીને તેની ઉપર ગાદિતકિયા પાથરીને તૈયાર કરી દીધો. તેની ઉપર મહાપ્રભુને ભાવ કરીને બેસાર્યા. મહારાજ સુંદર રીતે વિરાજીને શોભતા હતા. બહુ જ રાજી થતા હતા. ઘનશ્યામ પ્રભુની સમીપમાં જ સૌ ભક્તજનો બેઠેલા શોભતા હતા. તે ભક્તજનો સારી રીતે મહારાજની સેવા પૂજા કરતા હતા. તેઓ વસ્ત્રો અને આભુષણો લાવીને ભેટ લઈને આવ્યા હતા. તે લઈને ધર્મનંદન પ્રભુ ધારણ કરતા હતા. ભકંતનંદ પ્રભુને સેવતા હતા.

હે રાજન ! મહારાજે ભક્તજનોની સેવાને અંગિકાર કરીને સુંદર રીતે ભક્તજનોને જાણીને તેમને યોગ્ય રીતે સુખ દીધાં. મહારાજ રાત પડેલી જાણીને મહાપ્રભુ ભક્તજનોનાં હિત કરવા પોતે સંતોની સાથે ત્યાં રોકાયા. સવારમાં વહેલા ત્યાંથી શ્રીહરિએ ભાવથી પ્રયાણ કર્યું. ઉદાર મૂર્તિ આનંદથી **તાવિ ગામે પધાર્યા.** અકામ પ્રભુ તાનથી પોતાના ભક્તજનોને માનીને સંતોની સાથે તથા ભક્તજનોની સાથે પોતાના જાણીને ત્યાં આવ્યા. ત્યાંના ભક્તો **જયંતિભાઈને** તથા **અખાભાઈ સદાભાઈ** સારા સજ્જનો ઘનશ્યામ પ્રભુની સામા લેવા આવ્યા. ગુણવાળા પ્રભુના ગુણ ગાતા વાજાં વગાડતા થકા વાજતે ગાજતે શોભતા અતિ પ્રભાવાળા શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ભક્તજનોથી વિટાયા થકા પોતાના સર્વોપરી પદથી અલૌકિક શોભતા હતા. પ્રભુને પોતાને ત્યાં ઉતારો કરાવતા હતા. પ્રભુ પધાર્યા જાણીને ભક્તજનો દર્શન કરવા આવતાં હતાં. પ્રેમપૂર્વક નિયમ ધારીને આશ્રય કરીને શોભતાં હતાં. બલભ્રાતા મહાપ્રભુ ભક્તજનોનો ભાવપ્રેમ જોઈને મેઘસમાન મનોહરમૂર્તિ ભક્તજનોને સુખપૂર્વક વાતો કરતા હતા. સુંદર ગાઈને સુખ દેતા હતા. આનંદ કરાવતા હતા. મહારાજ સવારમાં પ્રભાતના સમયે બંને ભક્તના ઘેર જતા હતા. ત્યારે મન સંકોચાતું હતું પણ ભક્તજનના મનમાં કોઈ આઘાત નહોતો. ભક્તજનના ઘેર સુંદર રસદાર રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે જગતપતિ પ્રભુ જમવા પધારતા હતા ત્યારે સર્વના સ્વામીને સંસારીજન દર્શન કરતાં હતાં. મહાપ્રભુ જમીને ચળુ કર્યું તૃપ્ત થયા પછી મુખવાસ લીધો. શુદ્ધ દિલથી સંતો ભક્તોને જમાડ્યા. સારી રીતે જાણતા હતા. બબ્બે લાડવા મનદમૂર્તિ પ્રભુએ સંતોને આપ્યા. તે સુંદર સુખડીના લાડુ કરેલા આપીને લોકોનાં કામાદિ દોષોને હરતા હતા.

ગઢપુરથી ઘનશ્યામ પ્રભુ સારંગપુર આવ્યા. ત્યાંથી કંથારિયા પધાર્યા. ત્યાંથી લીંબડી થઈને મનોહર પ્રભુ ભલગાંમડે હરખાતા થકા પધાર્યા. મનોહરમૂતિ વહેલા સિયાણિ પધાર્યા. તાવિપુરે પધારીને બહુ જ ગહેરુ સુખ ભક્તોને દીધું. આવી રીતે ત્રેવીશમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ શિયાણિ તાવિ ગામે જે લીલા કરી તેનું વર્ણન કર્યું એ નામે ત્રેવીશમો તરંગ થયો. ॥૨૩॥**

# તરંગ-૨૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! સર્વના મનને આનંદ દેનારા મહારાજે સૌ સંતોને બબ્બે લાડુ આપ્યા. પછી કષ્ટને હરનારા મહારાજ સર્વના ભવનાં અજ્ઞાન બંધનને તોડનારા સૂર્યસમાન તેજાયમાન જ્ઞાન આપનારા ભક્તિપુત્ર પ્રભુ ક્યાં પધાર્યા.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમે સાંભળો. ધર્મનંદન પ્રભુની કરેલી બધી જ લીલા કહું છું તે સૌના મનને આનંદ વધારનારી છે તે મનોહરમૂર્તિનાં ચરિત્રો કહું છું. મુનિઓના સ્વામી શ્રીજી મહારાજ મુનિજનોને બબ્બે લાડુ આપીને મોટી તળાવની પાળ ઉપર લીંબડાના વૃક્ષની નીચે વિરાજમાન થઈને શોભતા હતા. વેદિકા ઉપર ગાદિતકિયા પાથરીને તેની ઉપર ઘનશ્યામ પ્રભુ વિરાજમાન થયા હતા. પ્રભુની સન્મુખ સંત સમાજ તથા બધા લોકો ગુણસાગર મહાપ્રભુના ગુણને ગાતાં હતાં. ભગવાન ભક્તજનોના ભાવપ્રેમ ભરેલાં વચનો સાંભળીને કમલનયન મહાપ્રભુ વારંવાર પ્રશંસા કરતા હતા. સંતોને સુખસાગર પ્રભુએ આજ્ઞા કરીને રસોઈ કરવા માટે **દેવળિયા** ગામે મોકલ્યા. પ્રભુની આજ્ઞાથી સંતો રસોઈ કરવા માટે ગયા. જગવંદ્ય મહાપ્રભુએ પહેલાં સંતોને પ્રીતથી મોકલ્યા અને ભક્તજનોનાં પાપોનો નાશ કરવા પછીથી આવીશું. તમે શાંતિથી સુંદર રીતે રસોઈ કરો. ત્યારે સંતો માર્ગમાં મહારાજના ગુણને ગાતા ગાતા જતા હતા. **દેવળિયામાં** સંતોની સાથે સુખ પામતા હતા. ચાલતાં માર્ગની વચ્ચે તળાવ આવ્યું. તેને ઘનશ્યામ પ્રભુએ જોયું ત્યારે સંતો પાક બનાવવાની રીત પ્રમાણે સુંદર રીતે રસોઈ કરતા હતા.

હે રાજન ! તમે સાંભળો. સુખદાતા જનોનાં કલ્યાણ કરવા માટે હજામત કરાવતા હતા ત્યારે **દરબાર રાજા વાળંદનો** હાથ પકડીને લાવ્યા. ઘનશ્યામ પ્રભુની હજામત વાળંદ કરતો હતો. પછી શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે સરોવરમાં સ્નાન કરતા હતા. ત્યારે અલબેલો બુદ્ધિવાન સંતોની સાથે જળક્રીડા કરતા હતા. ત્યાર પછી સ્નાન કરીને બહાર નીકળી સફેદ વસ્ત્રોને ધારણ કર્યાં. પછી નાથ આનંદઉત્સાહથી પુરમાં ભાવપૂર્વક પધારતા હતા. ત્યારે શ્રીહરિ તળાવની પાળે ઉતરેલા હતા ત્યાં તળાવનું જળ લઈને તેનું પાન કર્યું. ભગવાને સૌને સુખ કરી દીધું. શ્રીહરિને તેડવા માટે ત્યારે પુરવાસી નરનારિજનો પ્રભુનાં ગુણોને ગાતાં થકાં આવ્યાં. ઘનશ્યામને પુરમાં લઈ જતાં હતાં. ત્યારે ઘનશ્યામનાં દર્શન કરતાં હતાં. જાતજાતનાં વાજાં વગાડતા થકાં આવતા હતા. પ્રભુ સામે આવીને મહારાજનું મુખકમળ સૌને ખેંચતું હતું. ભક્તો પ્રભુને પુરમાં લઈ જઈને ભાવપ્રેમથી ભગવાનના ગુણને ગાતાં થકાં મૂર્તિને હૃદયમાં ધારીને પુરમાં લાવતાં હતાં. મહારાજને રાજદરબારમાં પધરાવતા હતા. મહારાજે દરબારગઢમાં મુકામ કર્યો. ગુણના ધામ મહાપ્રભુ ભક્તજનોનાં કામ કરતા હતા. બલભ્રાતા મહારાજ લોકો આગળ જ્ઞાનની વાતો કરતા હતા. જનસમુદાયનાં મનને ખેંચતા હતા. ભક્તજનો દર્શન કરતાં હતાં. ગુણવાળાં નરનારિજનો બહુ જ પ્રેમભાવથી પ્રભુ પાસે આવ્યા. મહાપ્રભુનાં દર્શન કરીને હરખ પામતાં સુખ પામ્યા. અનંત પાપો નાશ પામ્યા. નિષ્પાપ થયાં. જગવંદ્ય મહાપ્રભુની વાતો સાંભળીને દૃઢનિયમ ધારીને સૌ જનો પ્રેમથી નિયમ ધારતાં હતાં. પ્રભુ વાતો કરતાં હતાં. ત્યાં બધા જ ફેલોનો ત્યાગ કરીને ભયભંજન મહાપ્રભુની ભક્તિ કરનારા ભક્ત થયાં. પ્રભુ વાતો કરતા હતા તેમાં થાળ તૈયાર થયો એમ જાણીને **જાલમસિંહ** રાજા હરિને તેડવા માટે આવ્યા. પ્રગટ હરિ વસ્ત્રોને ઉતારીને પછી સ્નાન કરતા હતા.

પીળાં સુંદર શોભાવાળાં વસ્ત્રો પહેરીને પ્રીતમ પ્રભુ પ્રીત વધારીને સુંદર બાજોઠ ઉપર બેઠા. પ્રયત્ન કરીને જનોના પાપોને બાળતા હતા. ઘનશ્યામ ચતુરવર ચપલમૂર્તિ જનોનાં ચિત્તને ચોરતા હતા. જમવા માટે દરબારમાં રાજાના પાપોને બાળવા પધાર્યા. રાજાના ભાવને જોઈને ભાવથી પ્રભુ જમવા બેઠા ત્યારે તરત જ પાકશાકનાં પાત્રો ભરીભરીને લાવતાં હતાં. બિરંજ મોતૈયા સરસ સુંવાળિ સેવો સુખડી દૂધપાક પુરી સુંદર વડાં ઘારિ ખડી સાકર શિરો શાકો પાકો જાતજાતનાં સુખ કરનારાં કપુડલાં જલેબી ખાજાં દહીં દૂધ બહુ જ સુંદર પીરસતા હતા. દૂધી વંતાક પરવર પાપડી પુરી કોળું કંકોડું કારેલાં કરંડા આદિ અનેક પ્રકારનાં શાકો અને સુંદર દાળ ભાત સુંદર રૂચિકારક કારેલા તે ભાવયુક્ત તૈયાર કરેલાં સુખનિધિ જાણી જાણીને ભક્તજનના પ્રેમભાવને જોઈને બહુ જ જમતા હતા. મહાપ્રભુ ભક્તજનોનો પ્રેમ જાણીને જમતા હતા. ઘનશ્યામ પ્રભુ ભક્તજનોનાં મનને આનંદ કરતા હતા. જમીને તૃપ્ત થયા. ત્રિભુવનોના પતિ ભક્તજનોનાં કામાદિ દોષોને હરીને કામ કરતા હતા. મહારાજે જમીને પછી મુખવાસ મુખમાં લીધો. પોતાના આશ્રિત ભક્તને સુખ દીધું. પછી શ્રી ઘનશ્યામે સંતોને જમાડ્યા. પંગતમાં પ્રેમથી વારંવાર જઈને બહુ પ્રીત કરીને જાણીને બહુ જ તૃપ્ત કર્યા. મુરારી પ્રભુ ભક્તજનોને આનંદ દેતા હતા.

ત્યારપછી મહારાજ હાથ ચરણમુખ ધોઈને પછી પરબ્રહ્મ પ્રભુ પલંગ પર વિરાજમાન થયા. જેમના ગુણોને વેદો ગાયા જ કરે છે. તે રાજાના દરબારમાં જગદીશ પ્રભુ પધાર્યા. ઉતારો કર્યો. આનંદઉત્સાહથી અવિનાશી પ્રભુ આનંદ કરતા થકા યોગને કરનારા પ્રભુએ યોગનિંદ્રા લીધી. શયન કર્યાં. નિંદ્રા લીધા પછી સવારમાં વહેલા પ્રભાત થયું. જાણીને મહાપ્રભુ પ્રિય ભક્તોને દર્શન દેતા હતા. હે રાજન ! મહારાજે વહેલાં ત્યાંથી પ્રયાણ કર્યું. પ્રીતમ પ્રભુ ગાડામાં વિરાજમાન થયા. મનોહર બન્ને કમળનયનોથી દોષોને ધોનારા પ્રભુનું મુખ શરદઋતુના ચંદ્રસમાન શોભતું હતું મનોહર મૂર્તિ **અણિયાળી** ગામે પધારીને **ડેરવાલ** ગામે પ્રભુ પધાર્યા તે સમાચાર જાણીને ભક્તજનો અતિ હેતથી સામા આવતા હતા. વાજાં વગાડતાં હતાં. પ્રભુનાં ગુણકિર્તન ગાતાં હતાં. ખૂબ જ હરખાતાં હતાં. પ્રેમીભક્તો પ્રેમથી પુરમાં પ્રભુને લાવતાં હતાં. પ્રેમ વધારતાં હતાં. તે ભક્તજનના સમુહે પ્રભુની સેવા કરી તેનો કૃપાળુ મહાપ્રભુએ અંગિકાર કરી ગામની બહાર તળાવ પાળ પાસે વડનું મોટું વૃક્ષ હતું. ત્યાં ભકતજનોનાં કલ્યાણ કરવા પધાર્યા. જીવનપ્રાણ પ્રભુ ભક્તજનો સંતોની સાથે તળાવમાં જઈને સ્નાન કરતા હતા ત્યારે અવધપુરવાસી પોતાના આશ્રિતજનોએ આનંદઉલ્લાસથી રસાળ રસોઈ કરી તેને જાણીને સુજાણ મહારાજ ભક્તજનોના સુખ ખાતર પ્રેમથી જમતા હતા. તેનાં ભક્તજનો ભાવથી દર્શન કરતાં હતાં. ભૂધર હરિ રસોઈનાં વખાણ કરતા જમતા હતા. પછી સુંદર વર શામળો સૌ સંતોને આનંદ ઉછરંગથી જમાડતા હતા. પછી મહાપ્રભુ પ્રવિણ મૂર્તિએ સરોવરમાં સંતોની સાથે સ્નાન કર્યું. જળમાં જળક્રીડા કરતા હતા. સૌ જનોની સાથે સુંદરવર શ્યામ રમતા હતા. તેને દેવોનું મંડળ આકાશમાં રહીને પૂરણકામ પ્રભુનાં દર્શન કરતાં હતા. મહાપ્રભુએ તે તળાવમાં ઘડીવાર સુધી સંતોની સાથે સ્નાન કર્યું. પછી બહાર નીકળીને સફેદ વસ્ત્રો શરીર ઉપર ધારતા હતા. ત્યારપછી મહાપ્રભુ સંતસમુહની મધ્યમાં વિરાજમાન થઈને સ્વમુખે જ્ઞાનની વાતો કરતા હતા ત્યારે જેમ સૂર્યનારાયણ ઉદય થાય અને કમળો એકદમ ખીલે તેમ સૌ સંતો પ્રફુલ્લિત મનવાળા થયા. મહાપ્રભુએ સભામાં ધર્મજ્ઞાનની દઢતાની બહુ જ ઉમદા વાતો કરી તેને સાંભળીને સૌ સંતજનો બહુ જ આનંદ પામ્યા. ચિત્તને ચોરનારા ચંચળતાથી ઘોડા ઉપર સવાર થઈને તળાવને

ફરતા પાળ ઉપર ફરીને જોયું તો આ જગ્યા સુંદર સારી જગ્યા હતી. સુંદર મુકામ કરવાની સુંદર જગ્યા જોઈ ત્યાં મુકામ કર્યો. વિશાળ તળાવની પાળ ઉપર સુંદર પવિત્ર જગ્યા જોઈને ત્યાં મુકામ કર્યો. સાંજના સમયે સર્વ જાણનારા મહાપ્રભુએ સંતોના મનને આનંદ કરનાર સુંદર વાતો કરીને બહુ જ આનંદ કરાવતા હતા. મુનિજનોમાં સુંદર સમજનારા **મહાનુભાવાનંદ** મુનિનો નિર્ધાર કરીને જોતા હતા.

તે નરનાથ મહાપ્રભુ મહાનુભાવ મુનિને નિરખીને જોતા હતા.ત્યારે મનમાં જ ગુણવંત સમર્થ મહાપ્રભુ આનંદયુક્ત થતા હતા. આવી રીતે આનંદ કરતા થકા રાતનો સમય ત્યાં તળાવની જ સુંદર રીતે વિતાવતા હતા. જ્યારે વહેલાં પ્રભાતના સમયે મહારાજ ત્યાંથી પ્રયાણ કરીને પ્રેમીભક્તજનો સાથે પધાર્યા.

ચંચળમૂર્તિ મનોહરતાથી ભક્તજનોનાં ચિત્તને ચોરતા થકા ભક્તજનોના હિત કરવા માટે મહારાજ **દદુકા** નામના ગામે પધારીને દયાના સાગર સુખદાતા સુખ કરતા હતા. પ્રભુ પધાર્યા એ જાણીને પુરનાં ભક્તજનો પ્રેમથી ઘનશ્યામ પ્રભુની સામે તેડવા આવ્યા. મહાપ્રભુને **દદુકાપુરમાં** પધરાવ્યા. સુંદર પલંગ ઉપર આનંદકંદને રીતે પધરાવ્યા. ભક્તજનોએ સુંદર રસદાર રસોઈ તૈયાર કરાવરાવીને રાજીવનયણ મહારાજને થાળ તૈયાર કરીને જમાડતા હતા. જગપતિ જમતા જમતા અમૃતવેણ કહીને રાજી કરતા હતા. મહારાજ થાળ જમીને પછી સંતજનોને દહીં દૂધ લાડુ વિગેરે સંતની પંક્તિમાં પ્રભુ ભક્તનો ભાવ જોઈને સુંદર રીતે ફરીને વારંવાર પીરસતા હતા. ભક્તજનોનો ભાવ પૂરો કરી ભવબંધનો તોડતા હતા. ચપલનયન ચપળ પ્રીતે માર્ગમાં ચપળતાથી ચાલતા થકા ભક્તનાં ચિત્તને ચોરીને પોતે જ શ્રીહરિ સર્વ જનોના સ્વામી સૌ જનોની સાથે જતા હતા. ગાતા વગાડતા જનોના મનને હરનારા મહારાજ **મછિયાવપુર** પ્રત્યે પધારતા હતા. પ્રભુ પધાર્યા જાણીને પુરનાં બધા જ ભક્તજનો ગુણને ગાતા થકા સામાં લેવા માટે ગયાં. ભક્તજનો ગાતાં વગાડતાં વિનયથી પુરમાં લાવ્યાં. **બાપુભાઈ** રાજાના દરબારમાં પધરાવ્યા. ગાદિ નાંખીને પ્રભુને બેસાર્યા ને ગુણિજનો દર્શન કરીને ગુણિજનો મુખેથી જય બોલીને પ્રભુની પાસે જ બેઠાં. નરનારીજનો બહુ જ નિરખીને પ્રીતથી શ્રીહરિના મુખથી નીકળતી અમૃતવાણીને સારરૂપે સુંદર રૂચિ પ્રમાણે ગ્રહણ કરીને સુખ પામતાં હતાં. હે રાજન ! મછિયાવમાં શ્રી ઘનશ્યામ પ્રભુએ સુંદર સુખની વાર્તા કરી તેમાં સંપ એ જ સુખનું સાધન છે. મનને બહુ જ વશમાં રાખવું જોઈએ. કોઈ પ્રકારનું માન ન રાખવું જોઈએ. કોઈની ઉપર રીસ ન કરવી જોઈએ. આ રીતે કહીને પ્રભુનું વચન ન માંન્યું. તેથી પ્રભુએ રસોઈ તૈયાર કરેલી. જમવાનો ત્યાગ કરીને ત્યાંથી ચાલતા થયા. બધા જ સાજ સજાવની સાથે મહાપ્રભુ જગતના પતિ સર્વને ના પાડીને સૌ સંતજનો ભક્તજનોને સાથે લઈને ચાલતા થયા. મહારાજ "કુંવારજ" નામના ગામે આવ્યા. તે ગામની તળાવની પાળ ઉપર સંતોની સાથે મહારાજ વિરાજિત શોભતા હતા.

ધર્મનંદન મહાપ્રભુ સંતોની સાથે તે તળાવમાં સુંદર રીતે સ્નાન કરતા હતા. પછી મહાપ્રભુ સફેદ વસ્ત્રોને શરીર ઉપર ધારતા હતા. નરનાથ પ્રભુ મનોહર શોભતા હતા. સુંદર બનાવેલા આસન ઉપર સ્વચ્છતાથી પાથરેલું તેની ઉપર પ્રભુ વિરાજમાન થયા. પ્રભુની પાસે ચંદ્રસમાન મનોહર મુખમૂર્તિ પાસે વર્ણિ શોભતા હતા. તે સમયે પ્રભુએ તરત જ એક મુનિને બોલાવ્યા. તે મુનિ મુકુંદવર્ણિ તે મુનિને મહાપ્રભુએ આજ્ઞા કરીને જોયું કે બટુકરાજ સુંદર વચનો સાંભળો એમ કહેતા હતા. આ પૃથ્વી ઉપર સૌથી ભલાભક્ત **લીંબડી** શહેરના ગણાય. એમણે ભાતું ભાવપ્રેમથી ભાતું આપેલું છે. તે બધા સંતોને જોઈને વહેંચી દેવાનું છે. મહારાજની વાત

સાંભળીને આજ્ઞા પ્રમાણે સૌ સંતોને લાડુ વહેંચી દીધા. સંતોની સાથે મહાપ્રભુ લાડુ જમ્યા. શ્રીહરિ મહારાજ રાત અહીં જ તળાવે રોકાયા.ઘનશ્યામ પ્રભુ સરોવરે રાત રહીને સવારમાં વહેલા ચાલીને **'સાણંદ'** પુર થઈને ઘનશ્યામ પ્રભુ **''મુનિપુર''** ગામે પધારતા હતા. મહારાજ પધાર્યા જાણીને આખું ગામ સામું આવ્યું. પ્રભુ તળાવની પાળે બહુ જ પહોળી જોઈને જળ પણ સ્વચ્છ જોઈને આંબાના વૃક્ષ નીચે સંતોની સાથે સુંદર રીતે અજિત મહાપ્રભુએ ત્યાં જ મુકામ કર્યો અને ગામના ભક્તજનો ભાવથી ભરપુર પ્રેમથી સિંધુ ભરીને આવ્યા. આનંદપ્રેમથી સુપરત કર્યું. ત્યારે પ્રભુના મોટાભાઈનાં પત્નીએ પ્રેમભાવ કરીને ભયને ભાંગનારા મહારાજ માટે પાક કરીને તૈયાર કર્યો તે હરિને જમાડતાં હતાં. પ્રભુ જમતા હતા. શ્રીહરિનાથ જમીને સૌ મુનિજનોને પ્રભુ પોતાના હાથે જ મંદહાસ્ય કરતા જમાડતા હતા. સંતોની પંગત કરીને પુરુષોત્તમ પ્રભુ પંગતમાં ફરીને હરતા થકા જોતા થકા જઈને આપતા હતા. કામોના કરનારા કાળના પણ કાળ મહારાજ કલંકને જોઈને સૌ લોકોનાં ઉરમાં વાસ કરનારા સુખ કરતા હતા. આ રીતે સૌ સંતોને પીરસીને સુંદર રીતે જમાડીને વિરામ પામ્યા. આવી લીલાને તપસ્વીઓ ગાતા જ રહે છે. મહાપ્રભુને ભક્તજનો ગાજતે વાજતે ગામમાં લઈ જઈને પધરાવતા હતા. પ્રેમથી પ્રભુની પૂજા કરતા હતા. હરિભક્તો હિતસહિત પ્રેમથી સેવા કરતા હતા. મહાપ્રભુની પૂજા કરીને સુંદર ચંદન હાર પહેરાવ્યો અને પછી હાથ જોડીને સ્તુતિ કરતા હતા. પ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને ધ્યાન કરતાં હતાં. વારંવાર નેત્રોથી નિરખીને ઉરમાં ઉતારતાં હતાં.

સર્વ જગતના સ્વામી મહાપ્રભુ સૌ સંતોની સાથે દિનબંધુ હરિ દેવળિયા પધાર્યા. શ્યામસુંદર સુખના સાગર મહાપ્રભુએ ભક્તજનોને બહુ જ સુખ દીધાં. પછી મછિયાવ ગામે પધાર્યા. માન તોડવાનું કહ્યું પણ ન માન્યા ને પ્રભુજી ત્યાંથી મનિપુર ગામે પધાર્યા. જગસ્વામીએ સુખ દીધાં. આ રીતે ચોવીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મહાપ્રભુ દેવળીયા થઈને મછિયાવપુરે થઈને મનિપર આદિક ગામમાં હરિ વિચરણ લીલા કરેલી તેનું વર્ણન કર્યું એ નામે આ ચોવીશમું તરંગ પૂર્ણ થયું. ॥૨૪॥**

# તરંગ-૨૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહારાજે મનિપુરમાં જે અતિ સુંદર લીલાઓ કરી તે કહો તથા પછી ગરીબ નવાજ મહારાજ પ્રીત કરીને ક્યાં પધાર્યા તે બધી જ લીલા મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સાંભળો. લાલપ્રભુના નવાં નવાં ચરિત્રો વેદની શ્રુતિ પ્રમાણેનાં પવિત્ર ચરિત્રો મનને આનંદ કરનારી મહારાજની લીલા તમને પ્રેમ કરીને કહું છું તે સાંભળો. તે ઘનશ્યામ પ્રભુ ભક્તજનોને સુખ દેતા હતા. સુખના ધામ મહાપ્રભુ ગામ **મનિપુરમાં** ભક્તજનોએ પ્રભુની ઉત્સાહથી સમજીને સેવા કરી પોતાના ગામમાં સુંદર પાકો બનાવીને સુંદર રસદાર રસોઈ તૈયાર કરી તેને સંતોની સાથે જમ્યા. ભક્તજનોએ બહુ મુખવાસો દીધા. તેને મુખમાં લઈને દુઃખોને હરિ લેતા હતા.

કમલનયન પ્રભુ ભક્તજનોના મનના ગર્વનો નાશ કરવા તેમની સામું જોયું તો મન શાંત થયું. મહારાજ સંતોની સાથે ગામની બહાર પધાર્યા. સૌ જનો દર્શન કરતાં હતાં. ગામની બહાર સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ કમલનયન પ્રભુએ સભા કરી. તેમાં સંતોની સાથે મહાપ્રભુ વિરાજીને શોભતા હતા. કમળમુખ મહાપ્રભુએ સંતો પાસે હૃદયને સુખ કરે તેવાં સુંદર કિર્તનોનાં પદો ગુણકિર્તન ગવરાવતા હતા. મનોહરમૂર્તિ કામને હરતા હતા. પછી મહાપ્રભુ પોતે સ્વમુખે વાતો કરતા હતા. ભક્તજનોના ભયને દૂર કરતા હતા. નવીન વાત ધર્મ જ્ઞાન વૈરાગ્યની કરતા હતા. પોતાના પ્રતાપને બહુ જ વિસ્તારતા હતા. મહારાજ ત્યાં સુંદર રીતે રાત રોકાતા હતા. પછી પ્રભાતની વેળા થઈ એટલે ત્યાંથી ચાલતા થયા. **"શ્રીપુર" અમદાવાદધામે** ઘનશ્યામ પ્રભુ પધાર્યા. ત્યાં ગુણિ મુનિજનો પ્રભુના ગુણ યશને ગાતા હતા. શ્રીહરિ સંતોની સાથે માર્ગ ઉપર ચાલતા હતા. માર્ગમાં જતાં વચમાં સુંદર મોટું તળાવ જોયું. ત્યારે સંતોની સાથે ત્યાં મુકામ કરતા હતા. સુંદર સારી જગ્યાએ મોટું આંબાનું વૃક્ષ જોયું. તે જગ્યા બહુ જ સુંદર સાફ હતી ત્યાં મુકામ કર્યો. આંબાના ઝાડ નીચે રહેવાનું કરીને મુનિજનોની સાથે નાથ ત્યાં વિશ્રામ કરતા હતા. વૃક્ષની નીચે સુંદર પથ્થરની બનાવેલી વેદીને જોઈને મહાપ્રભુ ત્યાં બે ઘડી સુધી સંતોની મંડળી સાથે વૃક્ષ નીચે બેઠા.

કરુણાના સાગર મહાપ્રભુ થોડો વિરામ કરીને પછી ત્યાંથી પ્રયાણ કરતા હતા. **અમદાવાદમાં પધાર્યા.** મુનિજનોની સાથે મુનિઓના સ્વામી પધાર્યા. શહેરનાં જનોને ખબર પડી એટલે સૌ જનો પ્રભુને વધાવવા અનેક પ્રકારનાં વાજિંત્રોને વગાડતાં થકાં સાજની સાથે બધો સમાજ સામે આવ્યો. પ્રભુનાં દર્શન કર્યાં ત્યારે પ્રભુએ અંગોઅંગમાં સુંદર સાજ સજેલો શોભતો હતો. શૃંગાર સજેલા હતા. ભક્તજનો સાજ સજીને આવ્યા. તેઓ ભેટો લાવ્યા હતા. તે નાથનાં દર્શન કરીને અર્પણ કર્યાં. અનેક પ્રકારનાં વાજાં વાગતાં હતાં. સૌ મળીને સાથે જ આવ્યાં હતાં ને વગાડતાં હતાં. બાઈઓ સુંદર રીતે શણગાર સજેલી શોભતી હતી. તે ભાવ ભરીને સોળે શણગાર સજીને આવી હતી. આવી ત્યારે ગોવિંદ પ્રભુનાં ગુણને ગાતી આવી. જેમ ગજેન્દ્ર મુખેથી પ્રભુનું ગુણસ્મરણ કરતો તેમ ગાતી આવી. તે બધી નદીના વેગે આવીને સાથે ભેટ લઈને આવી હતી. પ્રભુની સમીપમાં ધરી દીધી. અલૌકિક નાથનાં દર્શન કરીને ભાવ વધારીને જોતી હતી.

શ્રીહરિનાથનાં દર્શન કર્યાં. સાથે સૌ સંતમંડળનાં દર્શન કર્યાં. વિચારીને દંડવત્ પ્રણામ કર્યાં. સૌ બે હાથ જોડીને દર્શન કર્યા. પૃથ્વી ઉપર દેહ ધર્યાનું સફળ કર્યું. પ્રભુ સૌ ભક્તજનોને ભેટીને મળ્યા. અને કુશળ સમાચાર પૂછતા હતા. મુખેથી મંદહાસ્ય કરીને બહુ જ સુખદાતા સુખ દેતા હતા. મહારાજે હાલોનું ઉચ્ચારણ કર્યું એટલે સૌ સંતોનો સમુદાય ચાલતો થયો. વાજાઓ વાગવા માંડ્યાં. ત્રાંસાંઓ ગાજવા માંડ્યાં. તેનો પડઘો ગગનમાં ગાજતો હતો. નારીઓનું જુથ પ્રભુનાં ગુણને પ્રેમથી ગાતાં હતાં. આવી રીતે શ્વારી ચાલતી થઈ ને ઘનશ્યામ પ્રભુ બહુ જ સુંદર રીતે શોભતા હતા. અશ્વોનું જુથ નૃત્ય કરતું હતું. તે જાણે નટ લોકો પગ નચાવે તેમ નચાવતાં હતાં. ચાતુરીથી ચાલતાં હતાં. નગારાં નિશાનો વાગે તેમ ફરતાં હતાં. ચામરો સુંદર રીતે ઢોળાતાં હતાં. મેનાઓ પાલખીઓ જોઈને માર્ગ બહુ જ મનને મોહ પમાડતો હતો. પવિત્રરૂપ ખંતથી પ્રીત વધારીને દર્શન કરનારનાં પાપનો નાશ કરતી હતી. મૃદંગો વાગે ત્યારે જાણે મેઘ ગાજતો હોય અને સાજ સજીને આવતો ન હોય ? તેવું લાગે. આવી રીતે શ્વારીમાં શ્રી ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. અનંત ભક્તો સંતોને ભુદેવોને ભાળીને સુંદર ભાવથી દર્શન કરીને ભગવાનના ચરિત્રને ભાવથી જે ગાય તે મોક્ષ ભાગી

થાય. શ્વારી ચાલતી હતી તેમાં છડીદાર છડી પોકારે તે શબ્દ બહુ જ ઉંચે સ્વરે બોલે. કહેવાથી ન બને તેવી અદ્‌ભૂત શ્વારીની શોભાને શેષજી હજાર મુખે ગાય તોય પાર ન જ પામે તેવી સુંદર હતી. છડીદારનો શબ્દ તે વાજાંના સુરની સાથે દશે દિશામાં છવાઈ ગયો હતો.

આવી રીતે શબ્દનો પડઘો સાંભળીને જનસમુદાયો દોડીને જોવા માટે આવતાં હતાં. ધરા ઉપર મહાપ્રભુનાથ. દર્શન કરતાં હતાં. આકાશમાં દેવોનું મંડળ ઝુકીને હજારો દર્શન કરતાં હતાં. તથા નગરની અટારીઓમાં નારી ઉભી રહીને શ્રીહરિને નિરખતી હતી. અને ફૂલોથી વધાવતી હતી. ગજગામિની ગોવિંદના ગુણને ગુણવંતી ગાતી હતી. ધનધામવાળા જનો હરિના આભુષણો મોતિમાળાઓને તથા વસ્ત્રો વિગેરે ઉરમાં પ્રીત લાવીને અર્પણ કરીને તેને રસાલો ગાયા કરતો હતો. ચંપા ચમેલી જાઈ જુઈ મોગરા માલતી તથા ગુલાબનાં ફૂલોની સુવાસ તે સૌના ઉત્સાહ આનંદનો વધારો કરતાં હતાં. તે ગુલાબના ગુચ્છો બહુ જ શોભતા હતા. ફૂલોના સમૂહની વચમાં ફૂલેલા પ્રભુનાં લોકો દર્શન કરતાં હતાં. તેના ભવફંદને હરતા હતા. દેવો દર્શન કરતા હતા ને જયજયનો શબ્દ કરતા હતા. તે આકાશમાં ઉભા રહીને અતિ આતુરતાથી પુષ્પની વૃષ્ટિ પ્રભુ ઉપર કરતા હતા. વારેવારે જોઈજોઈને પ્રભુ ઉપર પુષ્પનો વર્ષાદ કરતા હતા. તે નારીઓ અટારીમાં ઉભા રહીને પ્રભુના ગુણને ગાતી હતી. શહેરની નારીઓ મહાપ્રભુનાં દર્શન કરીને સોનાનાં ને રૂપાનાં પુષ્પોથી વધાવતી હતી તથા મોગરા માલતી જાઈ જુઈનાં ફૂલો લઈને માથે વેરતી હતી. આવી રીતે દિનાનાથ પ્રભુ ભક્તજનોનાં દિલમાં દર્શન દઈને સુખ દીધાં. આવી રીતે મહાપ્રભુની સવારીમાં ઘનશ્યામ પ્રભુ ધીરે ધીરે દર્શન દેતા જતા હતા. સૌ જનોના મનમાં બહુ જ આનંદ છવાયો હતો. કેમકે મહાપ્રભુનાં દર્શન જેમ ચકોરી ને ચકોર જેમ ચંદ્રને જોવેને જોઈને સુખ પામે તેમ નરનારિ ભાવપ્રેમ લાવીને પ્રભુનાં દર્શન બહુ જ પ્રેમ લાવીને કરતાં હતાં. તેનાથી સૌનાં પાપોનો નાશ થતો હતો. તે જ રીતે દેવો પણ પ્રભુના ગુણને ગાતા હતા. મહારાજ આખા શહેરમાં શ્વારીમાં ફરીને પાવન કરીને મહાપ્રભુ પોતાના પવિત્ર મંદિરમાંય અતિ રાજી થતા. બહુ જ અલૌકિક ભક્તજનોને દર્શન દઈને સુખ દેતા હતા. સુખદાતા નરનારાયણ દેવનાં દર્શન કરતા હતા. દયાળુ પ્રભુ દિલમાં દયા ધારીને દયાળુ દેવને પરિક્રમા કરીને પ્રભુએ પ્રીત લાવીને કૃપાળુએ કષ્ટ કાપ્યાં.

શ્રી નરનારાયણ દેવનાં દર્શન કરીને પછી દરવાજા પાસે લીંબતરુની નીચે વેદિ ઉપર વિરાજી શોભતા હતા. હે રાજન ! તે લિબતુર મંદિરના દરવાજા પાસે મોટી વેદી હતી તેની ઉપર આનંદથી ગાદિતકિયા પાથરેલા હતા. તેની ઉપર ધર્મનંદન મહાપ્રભુ વિરાજતા હતા. પ્રભુની સામે સૌ સંતો બેઠા. પછી હજારો હરિભક્તો બેઠા. હરિને ગુલાબના હાર પહેરાવીને બહુ પ્રેમથી પૂજન કરી. દર્શન કરતા હતા. ચતુર ભક્તજનો ચમેલીના હાર કરીને હરિના કંઠમાં પહેરાવતા હતા. અનેક હાર લાવીને હેત કરીને હરિભક્તો હાર પહેરાવીને મનમાં બહુ જ હરખ પામતા હતા. હે રાજન ! ઘનશ્યામ પ્રભુ બહુ જ કૃપા કરીને ઘણીવાર સુધી વાર્તા કરીને ભક્તજનોના મનની કલિકાલિન કામવાસના અને વિષય દોષ રીતે હરીને પુરનાં ભક્તોનાં ભાવને પુરા કરતા હતા. સુંદર રસદાર થાળ તૈયાર થયો. ત્યારે શામળો જમવા માટે પધારતા હતા. તે જગતના જીવન પ્રાણ મહાપ્રભુ સ્નાન કરીને ચતુરવર પીળાં વસ્ત્રોને ધારીને સુંદર રીતે સુંદર આસન ઉપર બેઠા. ભક્તજનો પાક શાક લાવીને બહુ જ પ્રેમથી પ્રેમીજનો પીરસતા હતા. જગદીશ મહાપ્રભુ ભક્તજનોના પ્રેમને જાણીને ભાવથી જમતા હતા. કોળિયે કોળિયે સુંદર રીતે જમતા હતા. વચ્ચે વચ્ચે જળપાન કરતા હતા. પ્રભુ જમતાં જમતાં

પેટ ઉપર હાથ ફેરવતા હતા. ભક્તજનોના ભવફંદને હરતા હતા. ભયને ટાળતા હતા.

શ્રીહરિ મહાપ્રભુ જમીને પછી સંતોને પીરસીને જમાડ્યા. મનમાં આનંદ કરતા થકા ઘનશ્યામ ઉતાવળા પંગતમાં ફરતા હતા. આવી રીતે ભક્તજનોનો ભાવ જાણીને સુખ દેતા હતા. સુંદર રીતે જમાડીને પછી સફેદ વસ્ત્રોને ધારણ કરીને ધર્મનંદન મહાપ્રભુ રાજી થતા હતા. આવી રીતે પવિત્ર મૂર્તિ સૌના પ્રત્યે દયા લાવીને નિત્ય પ્રત્યે પોતાના આશ્રિત ભક્તજનોના ઘેર ભક્તના ભાવથી જમતા હતા. સર્વ જનના ઈશ મહાપ્રભુને જમાડીને ભક્તજનો વસ્ત્રો અને આભુષણો અર્પણ કરતા હતા. હે રાજન ! પ્રભુ પોતાના નિવાસે આવીને મંદિરમાં પધારીને ધર્મને ધારીને મંદિરમાં શોભતા હતા. સંતો અને ભક્તજનો સાથે બેસીને પ્રભુનું માન રાખીને બેઠા હતા. સંતો ભગવાનનાં કિર્તનનાં પદો ગાતા હતા. સુખના ધામ મહાપ્રભુ શ્રીહરિ સાંભળતા હતા. દેવોનો સમુદાય આ લીલાનાં દર્શન કરતા હતા. શાંમળાને સર્વોપરી માનતા હતા. મનોહર નયનોવાળા ઘનશ્યામ પ્રભુ સંતોની સભાની વચમાં સુંદર રીતે વિરાજતા હતા. સુખના ધામ કરુણાસાગર મુખેથી સુંદર રીતે બોલતા હતા. ગુણવાળા મુનિજનો ગાતા હતા. તાલના ભેદ સાથે તાલ વગાડતા હતા અને સપ્ત સ્વરોની સાથે સુંદર રીતે તાલની સાથે મરાલ પ્રભુના ગુણ ગાતા હતા. ઘનશ્યામ પ્રભુ તે પદોનું ગાન સાંભળીને રાજી થતા હતા. અને તાંનને તોડતા હતા. ચપટી વગાડીને ચપળતાથી તાલ કરતા હતા. આ રીતે ઘનશ્યામ પ્રભુ સંતોની સમીપે કરતા હતા.

હે રાજન ! શ્રી ઘનશ્યામ અમદાવાદ શહેરમાં પધાર્યા ત્યારે પુરનાં ભક્તજનો સુખ પામ્યાં. પ્રભુની બધી જ શોભા શોભતી હતી. તે બધી લીલા સંભળાવી તમારા મનને ભાવતું થયું. આવી રીતે મહારાજે પુરમાં ફરીને પાવન કર્યું. શહેરમાં પ્રભુએ બહુ જ સુખ દીધું. આમ પચીસમું અભિધાનરૂપ હરિલીલાસિંધુના લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદઆનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા તે લીલાનું વર્ણન કર્યું એ નામે આ પચીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૫॥**

## તરંગ-૨૬

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! સુખના ધામ શ્રીહરિએ **અમદાવાદમાં** જે લીલાઓ કરી તે બધી લીલાઓ કહો. જે ચરિત્રોને ભવબ્રહ્માદિ સતત ચિંતવ્યા કરે છે તે કહેવા કૃપા કરો. જગતને પાવન કરનારા શ્રીહરિ મહાપ્રભુ પ્રગટ થઈને વિચરણ કરીને જે ચરિત્રો કર્યા છે તે બધાં જ ચરિત્રો શ્રીપુરમાં રહીને મહારાજે કર્યા છે તે ચરિત્રે સાંભળવા માટે મારું મન ચાહે છે તો કહો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! સરલ મતિના સજ્જન ભક્ત સારું જાંણનારા આનંદસિહ રાજન યશને જીતનારા પ્રગટ પ્રભુનાં બહુ જ લીલા ચરિત્રો છે તે વિચારી જોઈને પ્રમાણરૂપ કહું છું તે સાંભળો. સંતોની સાથે સહજાનંદ સ્વામી દરરોજ ભક્તોના ઘેર ઘેર જમવા પધારતા હતા. અતિશય આનંદ મોજ કરતા થકા ભક્તજનો પ્રભુનું પ્રેમથી પૂજન અર્ચન કરતા હતા. જાતજાતનાં વસ્ત્રો આભુષણો અર્પણ કરતા હતા તે મહારાજ ધર્મકુમાર પ્રભુ ધારણ કરતા હતા. ઘનશ્યામ પ્રભુ સંતસમાજની સભા કરીને તેમાં બેસતા હતા. તે સભામાં અનેક પ્રકારની જ્ઞાન વાતો કરતા હતા ને નરનારિજનો સૌ સાંભળતાં હતાં.

એક દિવસ મહારાજને બહુ જ પ્રેમભાવથી ગુણવાળાં ગંગામાં પવિત્ર માજી મહાપ્રભુને દેવાધિદેવને પૂછતાં હતાં કે ભવ બ્રહ્માદિ દેવોના સ્વામીની સેવાપરિચર્યા કરે છે. સંસારનાં જીવો સંબંધને સાચો જાણે છે તે તો અજ્ઞાનીજીવો આંધળા થઈન પડે છે. ગામ ગરાસપુત્ર પરિવાર ધર્મ પદાર્થ બધાને સાચું માનીને જોડાય છે. એમ બધું જ સત્ય માને છે એમ પ્રભુ સાંભળવામાં આવે છે. તે પદાર્થો સંબંધ બધું તો નાશવંત છે. કાંઈ રહેતું જ નથી ત્યારે તેનું દિલ ઉદાસ થાય છે. મનમાં દુઃખ પામે છે. કોઈ ઉપાયે તે કષ્ટ દુઃખ મટતું જ નથી. તેનું કારણ હે બહુનામિ મહાપ્રભુ ! સાચું હોય તે કહો.

આવો ગંગામાંનો પ્રશ્ન સાંભળીને ઘનશ્યામ મહાપ્રભુ કહેતા હતા. હે માતાજી ગંગામા ! આ અમારી વાતને તમે સાંભળો. આવી રીતે જગતના પદાર્થને તથા પુત્રપરિવારના સંબંધને સાચા માને છે તે એમનું અજ્ઞાન છે. ઉત્સવ સમૈયાઓમાં અનેક મનુષ્યો આવે છે તેઓ પાંચ દિવસ રહે છે. ત્યાં સુધી આનંદ પામે છે. કેમકે મનુષ્યો સૌ જમે છે. રમે છે. જ્ઞાન સાંભળે છે. કલ્લોલ કરતા થકા સુખ આનંદ કરે છે. બધાં સાથે મળીને એકબીજા આનંદપ્રમોદ કરે છે. ગુલતાંન થઈને ગાંનતાંન કર્યા કરે છે. મનથી બધુંય કરે છે. પછી બધાંય જાય છે ત્યારે સૌ જુદાજુદા થઈ જાય છે. એમને ત્યારપછી તેઓનો કોઈ સંબંધ નથી જ રહેતો. બધું વિસરાય છે. આવી રીતે સંસારને નાશવંત જાણવું જોઈએ. રણસંગ્રામ જેવો સંબંધ તો બધા ભેગા મળે છે ત્યારે થાય છે. જેમ વૃક્ષની ઉપર પક્ષી રહે છે તે સાંજે બધાંય જ્યાં ત્યાંથી આવીને રહે છે. બધાં સાથે રહેવા લાગે છે. જ્યારે સવાર પડે છે એટલે બધાંય ઉડી જાય છે. એવી જ રીતે બધાયનો સંબંધ તો આ રીતે ટૂંકો જ કહેવાય છે. બીજું લોકો નાવમાં બેસીને જાય છે. ત્યારે બેઠેલાં જનો ગુલતાંન થઈને ગાંનતાંન કરે છે. જ્યાં સુધી નાવમાં બેઠા રહે ત્યાં સુધી સુખમય રહે છે. માનપાન પામે છે. બહુ સુખ પામે છે પણ જ્યારે નૌકા પોતાની પહોંચવાની જગ્યાએ પહોંચે ત્યારે મનુષ્યો સૌ પોતપોતાની રીતે સ્થાને ચાલ્યા જાય. કોઈને સંબંધ રહેતો જ નથી. તેઓનો ફરી ક્યારેય મેળાપ થતો જ નથી. એવી રીતે બધાય સંબંધીઓને માટે સમજવાનું છે. સહુએ આ જગતમાં કોઈ કોઈનો કાયમ સંબંધ રહેતો જ નથી. એવી રીતે સૌએ સમજવાનું છે. જેમની જીવનની અવધિ પૂરી થાય છે. આયુષ્ય પૂરું થાય તે એક પણ ક્ષણ માટે સ્થિર નથી રહેતો. તેની સાથે બીજો કોઈ જીવ જતો જ નથી. એકલો જ જાય છે. આવી રીત તો આદિ અનાદિથી ચાલી જ આવે છે. એમાં કોઈ ફેર જ નથી.

આવી રીતે જ્ઞાનની વાત કરીને કહ્યું કે આ દેહને જુઠ્ઠો જાણવો. પછી બધાય ભોગો છે તે પણ જુઠ્ઠાં જ જાણવાં. બધાં સુખદુખો છે તે કોઈ જુઠ્ઠાં નથી એમ જાંણવું તે તો કાયમનાં છે. આ સંસાર છે તે તો સ્વપ્ના જેવું જ છે. આત્મા છે. તે તો સૌથી વિરક્ત છે. સૌથી જુદો જ છે. વ્યતિરેક કહેલ છે. આત્મા છે તે તો અનાદિનો છે. તેમાં જ્યારે ભાગ્ય ઉઘડે ત્યારે સત્યરૂપ આત્મા છે. તેને પ્રગટપ્રભુનો મેળાપ થાય છે. પ્રભુ તેમાં ભળે છે ત્યારે તે ચૈતન્ય રૂપ થઈને મુક્ત થાય છે. આવી રીતે પ્રસિદ્ધ વાતો સાંભળીને ગંગામાને મનમાં આનંદ સામતો જન હતો. પછી ગંગામાં પ્રભુને સુખથી પાર પામવાનો પ્રશ્ન પૂછતાં હતાં. મહારાજને કહેતાં હતાં. ગંગામા કહે હે પ્રભુ ! સુખધામ આપ સાંભળો. સદાય સત્ચિત્ આનંદઘન એવું સ્વરૂપનો હું પ્રશ્ન પૂછું છું તેનો આપ સ્વતંત્ર રીતે ઉત્તર દો. હે પ્રભુ ! આ દેહ અને આત્મા એક છે કે જુદાં જુદાં રહેલાં છે. આ વાતનો જાણીને પ્રભુ સુંદર રીતે વિસ્તાર કરીને કહો. શરીરને સુખદુઃખ થાય છે. તે જીવને થાય છે. જ્યારે આ દેહ

મરણ પામે છે ત્યારે તે દેહમાંથી જીવાત્મા ક્યાં રહે છે ? જો આત્માનો શરીરને સંબંધ ન રહેતો હોય તો સુખદુઃખને કોણ સહન કરે છે અને હરખ કે દુઃખને કોણ પામે છે ? મન છે આત્મા નહિ. ઠંડું ગરમ તો ક્ષણમાં વધે છે. ઘટે છે. તે તો પોતે જ માને છે. પાપપુણ્યનું પોતામાં જ માંને છે. પીડા પોતાને થાય છે એમ માને છે પણ અતિકષ્ટ પીડા જે કાંઈપામે છે તે તો દેહના સંબંધથી પામે છે. કેમકે જીવ છે તે અંગોઅંગમાં મિશ્રિત રહે છે. તેથી માને છે.

એટલા માટે મનના તાપને હરનારા પ્રભુ આત્મા અને દેહના ભેદને કહો, હે કમળનયન પ્રભુ ! યથાયોગ્ય જે હોય તે કહો. દૃઢવ્રત કરનારા મનની ટેક સમજાવો. જે સમજવાથી બધું જ સમજાઈ જાય. સુંદર રીતે શાંતિ થઈ જાય. હે બહુનામિ બલવીર પ્રભુ બધું કહો. જેનાથી ઉરમાં કોઈ દ્વિધા ન રહે. શ્રીહરિ મહાપ્રભુ પ્રીતથી પ્રશ્નો સાંભળીને કમલનયન પ્રભુ ઉત્તર કહેતા હતા. હે ગંગા મા ! તમે સુંદર રીતે સાંભળો. સુખ દેનારા ઉત્તરો કહું છું તેને સાંભળો. આદિ અનાદિના પુરુષ એવા અવતારી મહારાજ એક જ છે. તે જ પોતે પુરુષોત્તમ, વિષ્ણુ નિર્મળ સ્વરૂપે થયા છે. સર્વના આત્મા સર્વના શક્તિમાન એવા સર્વના કારણના કારણ પોતે કરુણાનિધાન પોતે જ છે. અવ્યક્ત કે વ્યક્તની વિક્તિ કોઈ કાંઈ કરી શકતા જ નથી. સર્વના સ્વામી પોતે જ સર્વમાં વ્યાપીને સર્વથી જુદા થઈને સર્વમાં રહે છે. સર્વના કારણ સર્વના આધાર છે. એમનાથી અનેક પ્રકારના જીવો પ્રગટ થયા છે. એવા સર્વોપરિ છે. મહાવિસ્તારમાં અતિ વિશાળ જીવો થયા તેની મર્યાદા જ નથી. કોઈ જ ગણતરી પણ થાય જ નહીં. પાણીમાં જેમ સૂર્યનું પ્રતિબિંબ જણાય છે. સૂર્યનું તેમ જીવનું જાણો તેનાં સ્થૂળ અને સૂક્ષ્મ એવાં પ્રમાણો છે. આવી રીતે આદિપુરુષ પરમાત્મા પુરુષરૂપે નજરે દેખાય નહિ તે તો પ્રકૃતિના યોગથી વિકારને પામે છે તે જ રીતે મહતત્ત્વ થયાં તેના પણ વિભાગના ભેદને જાણો તે પ્રકાશમાન છે. અતિ વિશાળ પ્રમાણમાં વ્યાપીને રહેલ છે. ત્રણ ગુણ તે થયાં ને તેનાથી અહંકાર થયો. તે સાત્ત્વિક અને રાજસિક તામસિક ભેદવાળા ત્રણ ગુણથી ઉત્પન્ન થયા એમ જગતમાં જાણવાનું છે. તેની વિક્તિ કરીને વાત વર્ણન કરીને કહું છું.

પંચભૂત તત્ત્વ છે. તે તમોગુણમાંથી ઉત્પન્ન થયાં છે. તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વ અગ્નિ આદિક તે બધા એકબીજાથી મહાન બને છે. અને નાના થાય છે. એકબીજાના યોગથી થાય છે ને ઘટે છે. દશ ઇંદ્રિયોના ગુણ તે રજોગુણનો વિકાર છે અને મન બુદ્ધિ અને ચિત્ત તે સાત્ત્વિક ગુણવાળાં છે અને શબ્દ સ્પર્શ રૂપ અને ગંધનાં સારરૂપ છે. તે પંચતન્માત્રાના પ્રણેતા ઉત્પન્ન કરનારાં છે. આવી રીતે ચોવીસ તત્ત્વ મળીને તેનો એક પિંડ થયો તે તેનું નામ અવિનાશી અખંડ વિરાટનું નામ જાણવું તે સૌથી વધારે એ જ જડ છે એમ જાણવું. તેના શરીરમાં ચૈતન્ય શક્તિનો કાંઈ અંશ જ નથી. પરતંત્ર છે. બધા જ સ્થાનમાં શરીર ઇંદ્રિયોમાં આત્મા આવ્યો તોય તેની અંદર જાગ્રતતા ન આવી ત્યારે ઓગણપચાસવાયુએ પ્રવેશ કર્યો તોય વૈરાજ્યનારાયણ ઉભો ન થયો. જડની માફક અચેતન જ રહ્યો ત્યારે ભગવાને તેમાં પ્રવેશ કર્યો ત્યારે તેની અંદર જાગ્રતતા આવી અતિશય ચેતનસ્વરૂપ થયો અને સુખદુઃખના ભોગોને ભોગવનારો થયો. જ્યારે પ્રતિબંબ રૂપે બ્રહ્મમય થયો ત્યારે કેટલાંક શુભ અશુભનો જોનારો થયો. જેમ જડ ઈશ્વરો ને જીવો કર્મ કરે છે તે રીતે તેના ફળને પરબ્રહ્મ પ્રભુ આપે છે. મહાપ્રભુ વગર સહેજ પણ સ્વતંત્ર શક્તિ નથી લેતી તે તો આ

જીવની અંદર જડની માફક રહે છે અને આ તનની મહાન રાશિ શક્તિ તો શ્રીહરિ ઘનશ્યામની જ રહે છે. પ્રભુ અનંતકોટિ બ્રહ્માંડોમાં વ્યાપીને રહેલા છે. નિર્લેપ રહેલા છે. સ્વતંત્ર છે. જેવી રીતે કરોડો પાણીના ઘડા ભરેલા હોય તેની અંદર પાણી પ્રત્યક્ષ રૂપે જણાય છે. તેમ સર્વે જીવોમાં શ્રી ઘનશ્યામ પ્રભુ તે અંતર્યામિ થઈને રહે છે ને જુવે છે. જીવની સાથે જ રહે છે તોય તે જાણતો જ નથી. તેથી તે તો જડની માફક બધ્ધ જ રહે છે. જ્યારે મહાપ્રભુ સાક્ષાત્ પોતે પ્રવેશે છે ત્યારે જીવ તરત જ એકદમ જાગ્રત થાય છે.

હે રાજન ! આ રીતે પરબ્રહ્મ હરિ અજર અમર છે. અવિકારી રૂપે રહેલા છે. શરીરમાં સાક્ષી રૂપે અખંડ નિવાસ કરે છે. તે જીવોનો નાશ નથી થતો તે અવિનાશી રહે છે. શરીરમાં નખથી શિખા સુધી વ્યાપે છે. તે દેખાતા નથી. વ્યક્તિમાન નથી. આ રૂપે રહેલા છે અને ચૈતન્ય ગ્રંથિમાં બહુ જ શાશ્વત રહે છે. આવી રીતે તે જીવના સ્વરૂપના વાતાવરણ છે તે સદાય સદ્ગ્રંથોમાં શાસ્ત્રોમાં સંતો ગાય છે અને સૌને કહેતા રહે છે. અનાદિ કાળથી દેહની અંદર નિવાસ કરે છે તોય પણ રૂપ અરૂપ તેમાં નિત્ય છે તેને જે છતાં તે અનિત્ય જ જાણે છે તે અજ્ઞાની છે. પોતે પોતાના સ્વરૂપના ભાનને ભુલી જાય છે. જડ અને ચૈતન્યની આંટી બાંધીને અને પોતે અહંકારી અભિમાની થયો. સૌ જીવ અને દેહના વ્યવહારને અહંકારનો કરનારો જ માંને છે. અહંકૃતિ રૂપે તો મન જ છે. તે જ સદાય સંસારમાં બધાય પ્રકારના ભોગો ભોગવતો રહે છે. પૃથ્વી ઉપર ઇંદ્રિયનો ભોગનો વિસ્તાર કહે છે. મન પોતે જીવને પરવશ કરીને ગરીબ બનાવે છે અને તેને વિષયમાં પરવશ કરે છે. તેનાથી તે જીવ અનેક પ્રકારનાં કર્મોને કર્યા કરે છે. તે મનના મલિન માનથી કરે છે. તે જીવ મનને બંધ કરીને આત્મા બંધનમાં બંધાય છે. તેથી પોતાની પાસેય પરબ્રહ્મ ઘનશ્યામના સ્વરૂપને નથી જાણતો તે સાવ અંધ થઈ જાય છે. જ્યારે ચિત્ત તે વિષયોથી મિશ્ર થઈ જાય છે. વિષયો પણ ચિત્તથી મિશ્ર થાય છે તે જેમ લોઢામાં અગ્નિથી તાપે છે ત્યારે પોતે લાલ અગ્નિ રૂપે જ થાય છે. તેને તો અજિત મહાપ્રભુ પોતે બધું જાણે છે. ઠંડો ગરમ તથા ઘટવો વધવો તે તો દેહનો ધર્મ છે. એમ માનીને એના ભ્રમને પામે છે. તેનાથી તે મહાપીડાને પામતો રહે છે. દુઃખ અને પીડાને ભોગવતો રહે છે. જીવ મન વડે દેહને ભૂખ તરસના ધર્મવાળો માને છે. હર્ષ પામવો કે શોક પામવો તે તો મનનો ધર્મ છે. માન્યતા છે. તે તેને બંધમોક્ષનો વિચાર જ જણાવે છે.

આવી રીતે જગતમાં માયાનો સંબંધ છે તેથી જીવાત્મા અજ્ઞાનથી આંધળો થઈને દેહના ધર્મને જીવ પોતાના માને છે પણ અભ્યાસ કરે તો તેનું પૂરું જ્ઞાન થાય. જ્યારે તે જીવ દેહનાં ભોગોનું પૂરું જ્ઞાન સમજે છે. પોતાનો વિચાર કરે છે ત્યારે તરત જ સર્વનો ત્યાગ કરીને તેનો ત્યાગ કરીને નીકળી જાય છે અને નવ તત્ત્વનું વાસના લિંગ નામના સ્વરૂપને જોઈને તેની સાથે સુંદર રીતે જાય છે. જીવ સ્થૂળ શરીરનો પૃથ્વી ઉપરથી ત્યાગ કરીને જાય છે ત્યારે પ્રારબ્ધ વશ થઈને જાય છે. તે પોતાનાં સંચિત્ કરેલાં કર્મો પ્રમાણે કર્મોના આધારે તે જીવ અનેક દેહોમાં ભમતો જ રહે છે. કરેલાં કર્મોના બધાં જ સારાં નરસાં કર્મોના બધા ભોગોને ભોગવે છે. તે જમપુરીમાં યમદુતોના સંગમાં યોગ્ય વાસના લિંગદેહમાં કર્મદુઃખો ભોગવે છે. એરણ ને ઘણની વચમાં લોઢું ટીપાય તેમ તે પીસાય છે. તે જીવાત્મા નવાં નવાં શરીરો પામીને તેનો ત્યાગ કરે છે. ગંગા જેવા સંચિત્ કર્મના ભોગોને વશ થઈને જે જે વરણમાં જાય છે તે ત્યારે જીવધર્મને સમજીને આચરણ કરીને રહે છે. આવી રીતે જીવ જન્મમરણના પ્રવાહમાં ભટકતો થકો ભ્રમણામાં બધું ભૂલીને પૃથ્વી ઉપર અનેક દેહોમાં જન્મ લે છે ને મરે છે. આમ ભટકે છે. અપાર જન્મો લે છે. તે પોતાના સ્વરૂપનો આત્મવિચાર ભૂલ્યો છે. જેમ રાજાનો

કુંવર ભુલો પડ્યો હોય. ભ્રમણાથી કોઈ ભીખારીનો સંગ થાય તેનાથી એ અજ્ઞાને કરીને ભીખ માંગીને ખાય ત્યારે તે રાજાનો ભોગ ધર્મ ભુલીને પોતાના કુળનો ધર્મ કર્મ બધુંય ભુલી જાય છે. આવી રીતે જીવ માયાને વશ થઈને ભોગોને ઇચ્છે છે. વિષમાં વિવશ થઈને શરીરોમાં રોગો પીડાઓને ભોગવે છે. જીવ બેહાલ થઈને ફરે છે. દુઃખોને પામે છે. અપાર દુઃખો પામે છે અને જીવ ઠરીને ક્યાંય નથી રહેતો. ચોર્યાશી લાખ છ હજાર વર્ષો સુધી નરકકુંડમાં પડીને દુઃખોને ભોગવે છે.

આવી રીતે જીવના જીવનને સુંદર રીતે પરમાત્માના સાક્ષીપણાની પરમ સુખ રીતે કર્મફળને અવિનાશી પ્રભુ સદાય સુખના રાશિ સુખદાતા અંતર્યામિ સર્વના સાક્ષી એવા સર્વને જ્ઞાન કરનારા ફળ પ્રદાતા છે. તે પોતે સતત જીવની સાથે રહે છે. તોય તેના સ્વરૂપને મૂઢ જીવ નથી જાણી શકતો સંતોના સંગે રહે તેથી જે જાણી લે છે તે તો વિષય વાસનાનો ત્યાગ કરીને ભજન ભક્તિ કરે છે. તેને જીવન મુક્ત આત્મા કહેવાય છે એમ લોક માને છે. તે બ્રહ્મ આત્મા કહેવાય છે તે ઈશ્વરનો અંશભૂત રહે છે. સુખરૂપે જગતમાં સદાય પ્રશંસા કરવા રૂપ છે. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુનાં વચન સાંભળીને ગંગામા બહુ રાજી થયાં. પછી ફરી પ્રશ્ન પૂછતાં હતાં. હે રાજન ! ગંગામાએ પ્રશ્નો પૂછ્યા તે પ્રસંગને કહું છું. તેને ભાવથી સાંભળો. સત્સંગના ધામ મહાપ્રભુ ઘનશ્યામ પ્રભુએ ઉત્તરો કરીને સમજાવ્યા તે સાંભળો.

બહુ જ જ્ઞાનની વાતોનો વિસ્તાર કરીને સમજાવ્યું અને અમદાવાદ શહેરમાં ભક્તજનોના ઘેર થાળ જમીને મહારાજે મોટી સભા કરી. બહુ જ સુંદર રીતે જગતને જણાવવા માટે જીવના અને શિવના ભેદ બહુ જ વિસ્તારથી સમજાવ્યા. ગુણવાળાં ગંગામાએ પ્રશ્નો પૂછ્યા તેને પ્રીત કરીને ગહરતાથી પૂર્ણ થયું છવીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અને ગંગામાં પ્રશ્નોત્તરનું વર્ણન કર્યું એ નામે છવીસમું તરંગ પૂર્ણ થયું. ॥૨૬॥**

# તરંગ-૨૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ધીરજયુક્ત મતિવાળાં ગંગામાંએ કેવી રીતના પ્રશ્નો પૂછ્યા તેની વાત સુંદર રીતે વિસ્તાર કરીને મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે હે રાજન ! તમે સાંભળો. ગંગામા શ્રીહરિના મુખેથી જ્ઞાનની વાત સાંભળીને ફરીથી પ્રેમથી પૂછતા હતાં. હે સર્વજ્ઞ ઘનશ્યામ પ્રભુ હું આપની આપની પાસેથી જાણવા માંગું છું. હે પ્રભુ ! જ્યારે જીવ હંમેશાં માયાના સંબંધવાળો થયો તેથી વાસના તેને અધિક રહે છે. તેનાથી આંધળો થઈને વિષયમાં લપેટાયો રહેલો છે. માયાના સંબંધથી તે જીવ આપના સ્વરૂપના જ્ઞાનથી અજાણ રહે છે. અહમતાવાળો રહે છે. તે ક્યારે મુક્ત થાય અને કેવી રીતે મુક્ત થઈ શકે તેનો ઉત્તમ રીતનો શું ઉપાય છે ! તે મને હે પ્રભુ ! આપ હેતથી કહેવા કૃપા કરો. તે સાંભળીને મારા મનમાં આનંદ આવે. જ્ઞાનથી જીવ જન્મમરણના બંધનથી તથા આજ્ઞાન આવણથી મુક્ત થાય. આ રીતનો પ્રશ્ન સાંભળીને ઘનશ્યામ પ્રભુ ઉત્તમ પ્રમાણ સાથે પ્રગટ

પ્રમાણ કહેતા હતા.

હે ગંગામા ! તમે આનંદપૂર્વક સાંભળો. જેવી રીતે જીવ માયાના બંધનથી મુક્ત થઈ શકે તે રીત કહું છું. તે જીવ દઢભાવથી નિશ્ચય કરીને સત્સંગ કરે. બધી રીતે સત્સંગના વિચાર કરીને સાવધાન થઈને ભાન ભક્તિ કરે અને સુંદર રીતે વિચારે એટલા માટે સર્વનું મુળ (મુક્તિનું) સત્સંગ છે એમ માનવું. જ્ઞાન વૈરાગ્ય ભક્તિ તેનું ફુળ છે. તેનાં પુરાં લક્ષણો સંતોના સમાગમથી મળી શકે તે બધી વાતો વિસ્તાર કરીને સુંદર રીતે વખાણીને કહું છું. જીવાત્મા શરીરને સ્થૂળ સૂક્ષ્મ કારણ માનીને મનથી ગુણ સાગરને ભગવાનની સાથે ગર્વ ન કરે. મનમાં રાગદ્વેષ અભિમાન અહં મમત્વ તથા સર્વની સાથે શત્રુતા કે મિત્રતાનો કોઈ ભેદ ન રાખે. બધુંજ સમાન જાણે. નિસ્પૃહિ રહે અને સદાય તૃષ્ણા ન રાખે. કોઈ જાતનો ક્રોધ કે રોષ ન કરે. કોઈ પ્રકારે નિંદા સ્તુતિ કાંઈ ન સમજે. નિર્દોષ ભાવવાળો રહે. સત્વમય જીવનમાં અખંડ જ્ઞાનનો ઉરમાં પ્રકાશ વર્તાયા કરે. આખા જગતમાંથી કોઈ જાતનું મમત્વ જ નથી રહે. કીડી અને હાથી મદ ઝરતો હોય તે તથા બ્રહ્માદિ સર્વભૂત માત્ર બધાંયમાં અમારા સ્વરૂપનું જ દર્શન થાય તેવો ભાવવાળો સર્વ જગતનો બધો જ ભાવ નાશ પામે. જગતનો અભાવ વર્તતો રહે. મારા પોતાના ઉપર (નિજ સ્વરૂપમાં) જેને વિનાશ જ લેખાય તેવો થાય. સતત દયાની દૃષ્ટિથી ઇંદ્રિયો દ્વારા કાક વિષ્ટા સમાન બધા જ ભોગોને જાણે તેને વિષયમાં કોઈ રીતે મોહ ન થાય. સદા ઉદાસીનતા રહે એવો જીવ થાય. ત્યારે તે જીવનમાયાનાં કરેલાં બધાય કાર્યમાં કેળ પ્રપંચ જ દેખાય ત્યારે તે માયા કાર્યમાં રૂચિ જ ન રહે ત્યારે તે સંત રંચે રૂચિ ન રાખે ને સમલોષ્ટા સમકાંચન એમ સંત જાણે તેમ મહાજ્ઞાનના આવિર્ભાવથી ઉરમાં ઉદાર જ્ઞાનવાન થાય છે. ત્યારે તે મારી એકાંતિકી દઢભક્તિ કરે છે તે મહાન થાય છે. સદાય અવિકારી થઈને સાવધાન રહે છે. સદાય ચેતન રહે. સુખદુઃખ હરખશોક બધું સમાન જ રહે. વિવેકવાન થઈને સૌનાથી સરસ થઈ જાય. લોકમાં સારો સજ્જન જણાય છે. સમાનતા દમાનતા સાધન જ્ઞાનવાન સારા સંત થાય. સૌ શબ્દ બ્રહ્મનો સદાય અંત લહે છે ને પરબ્રહ્મ પરાયણ રહે છે ને સંતસમાન મનમાં સતત આનંદમય રહે છે. બ્રહ્માનંદ વર્તે છે તે મહાન કહેવાય છે. તેના નેત્રો કરુણારસથી ભરપૂર રહે છે. બીજાની ઉપર જલદીથી ઉદાસ મુનિ વર્ગની જેમ દયાવાન વર્તે ત્યારે તે દોષથી તારનાર થાય ને શરણાગત વત્સલપ્રભુને શુદ્ધ સ્વરૂપે સમજે જાણે છે.

જીવાત્મા આત્માલાભે કરીને સંતુષ્ટ હોય તે પરમહંસ બ્રહ્મના આનંદથી અતિમગ્ન જ રહે છે એવાં જેમનાં લક્ષણ હોય તે પવિત્ર ગંગા જેવાં હોય તે ભક્ત મારો એકાંતિક શ્રેષ્ઠ કહેવાય. વિષયનો સંગ તોડવાની રીતને જાણે એને જીવનમુક્ત મહાપ્રભુ કહે છે અને આવા ત્યાગી સંતનો જેમને સંગ થાય છે. રંગ લાગે છે તેનું જ નામ સાચું સત્સંગ કહેવાય છે. એવા સંતના શરણમાં જે જનો જાય છે. પવિત્ર મન કરીને એમની સેવા કરે છે ત્યારે તે જીવ વિષયની આસક્તિવાળો હોય તેને સંત દયા કરીને વૈરાગ્યની વાત સમજાવે છે. મારાં જન્મ આદિક લીલા ચરિત્રો પહેલાં સંભળાવે તે પવિત્ર ચરિત્રો તથા પ્રભુના ગુણને દઢ મનવાળો થઈને પ્રેમપૂર્વક ગાતો રહે તથા મારા નામનું અખંડ ભજન સ્મરણ કર્યા કરે. મારી મૂર્તિ પ્રતિમાની સુંદર રીતે ભાવપ્રેમથી સેવા કરતો રહે તથા અર્ચન મર્દન કરીને વંદન પ્રણામ કરે તથા મારા ચરણમાં અનન્ય મનવાળો થઈને દાસભાવે સેવા કરે અને બીજે ક્યાંય ચિત્તને ન રાખે. મારા ભજનમાં જ પરોવી રાખે. અમને અંતર્યામી સમજે તથા સર્વના સાક્ષી કર્મફળના દાતા મને જ સમજે. દેહ ઇંદ્રિયો આદિને શત્રુસમાન સમજીને નિયમમાં

રાખે. જમીન ઘરબાર પુત્ર પત્ની ધન સર્વે તે દાસભક્ત બધું જ મને અર્પણ કરી દે. કેવળ મારું જ ભજન સેવા કર્યા કરે. બધું જ અભિમાન ગર્વનો ત્યાગ કરે. આવી રીતે નવધા ભક્તિ કર્યા કરે. એવી મારી ભક્તિ જ ભવસાગરમાં તારે છે એવી સુખ દેનારી છે.

નવધાભક્તિ તે ક્રમ પ્રમાણે કરતો રહે. મનને આચરણમાં રાખે એવો તે શુદ્ધ મતિવાળો છે તેના જ શુભમતિવાળા મારા બધા જ આશ્રિત સંતો છે. શાસ્ત્રોનો વિશ્વાસ રાખીને સ્વરૂપનો નિશ્ચય કરીને શાસ્ત્રોનો અભ્યાસ કરવો એ પ્રમાણે જોવું. મારી મૂર્તિનું ધ્યાન કરવું તથા મને સદાય અંતર્યામિ સમજે તે જીવાત્મા આખા જગતમાંથી વૈરાગ્યને પામે છે ત્યારે તે તત્કાળ જ સર્વના સંગનો ત્યાગ કરે છે. વિરક્ત થાય છે. તે ભક્ત ઘાટ સંકલ્પને જીતનારો મનને જીતનારો જગતને જીતનારો બધાને શુભ અશુભ જે કાંઈ જુવે તેમાં એને કોઈ જાતનો વિષયવિકાર થાય જ નહિ એ ઈંદ્રિયજીત તેને સર્વ સાધન સંપત્તિમાં કોઈ આસક્તિ નથી રહેતી તેને બધું સમ વર્તે છે. તે વિરક્ત ભક્ત દુઃખ સુખને સમાન જ જાણે. બધા જ સંબંધો તે આસ્તિક બુદ્ધિ અને શ્રદ્ધાના બંધનથી સાર અસારના વિવેકને મુનિવર જ્ઞાની સુંદર રીતે જાણે. તે બુદ્ધિવાન ષડસાધન સંપન્ન હોવા છતાં વૈરાગ્યથી તે મુમુક્ષુ થયો. તેનાથી અધિકારી થયો. જ્ઞાનને પામીને પ્રમાણરૂપે તે જીવ અવિકારી થઈ ગયો. ત્યારે તે જીવ બ્રહ્મરૂપ ચૈતન્ય ચિદ્‌ઘન જ્ઞાનને જાણવાને યોગ્ય થયો એમ જાણવું તે જ મુમુક્ષ્ જીવ સદ્‌ગુરુના શરણમાં જાય છે. સુંદર રીતે શુભ કાર્યના આચરનારા થાય છે. ત્યારે પ્રગટ ગુરુવર તેને શુદ્ધ શિષ્ય જાણીને તેને શુદ્ધ એવું બ્રહ્મનું જ્ઞાન આપીને આત્મા પરમાત્માના સ્વરૂપનું સાક્ષાત્કાર દર્શન કરાવે છે. તેને પ્રત્યક્ષ બતાવે છે. ધન એકત્રિત કરીને સુંદર વિધિરૂપ એનું આદિ તેને કોઈ જાતના આડ અવરોધ વિના જુવો તે ધરણિ કે ધન તેને તો બહુ જ વિશ્વસમાન જ લાગે છે અને ગુરુનું જ્ઞાન તે યથાર્થ યોગ્ય જ લાગે છે. તે મુમુક્ષુને પોતાના ઘરની બહાર પડેલી બધી જ વસ્તુ પડી છે તે તેને સાચા જ્ઞાનના પ્રતાપે બધું જ પદાર્થ દૃષ્ટિમાં ન આવે ત્યારે તેને જ્ઞાનના પ્રકાશનો દીવો થાય છે ત્યારે તે પોતાના હાથમાં જ બધી વસ્તુ જુવે છે.

આવી રીતે આપ અવિનાશી પ્રભુ સૌના અંતઃકરણમાં સાક્ષીરૂપે વ્યાપીને રહ્યા છો. સર્વને જાગ્રત કરો છો. જેને આપનું સાક્ષી તરીકેનું જ્ઞાન થાય છે તેનાં મહાન ભાગ્ય છે. પ્રગટ પ્રમાણ હાજર રહીને મહાજ્ઞાન કરાવો છો એ જ આપનું પ્રમાણ મહાન છે. અમારા સ્વરૂપને જેવું છે તેવું જુવે છે. દર્શન થાય છે તેવી રીતે બીજી વસ્તુ પદાર્થને જોવાખાતર જ જુવે છે અને જેમ જગતમાં આકાશ વ્યાપીને રહેલું છે. બધી જગ્યાએ દેહ ઈંદ્રિયોમાં જણાય છે. તે જ જનને તમો જીવનમુક્ત પ્રમાણે જાણજો તે મહાન છે. એમનું ક્યારેય પતન નથી થતું. માટે હે ગંગામાતા ! સર્વના આત્માને હું એક જ સાથે જોયા કરું છું મારા રૂપના મહિમાથી માયિક ભાવનો નાશ થાય છે. તેથી તમે ઉત્સાહ કરીને મારા માપિક ભાવનો ત્યાગ કરીને જ્ઞાનદૃષ્ટિ કરીને ઉરમાં જુવો તો મારાં યોગ્ય સ્વરૂપનાં દર્શન થશે. હું સર્વના હૃદયમાં રહીને સાક્ષી તરીકે સર્વના ગુણાતીત સ્વરૂપે નિયંતારૂપે સૃષ્ટિની ઉત્પત્તિ પાલન અને વિનાશને હું જ કરનારો છું એમ મને કરુણાના નિવાસરૂપ જાણજો. જગતના સર્જનારા અને નાશ કરનારા અમને જાણો. સર્વનો પ્રેરણા કરનારો સર્વના કારણના પ્રમાણરૂપ આદિઅનાદિથી હું એકલો જ પોતે જ પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણ રીતે સર્વનાં પાપોનો નાશ કરીએ છીએ. એ રીતે હું પૃથ્વી ઉપર ધર્મદેવના ઘેર અવતાર ધરીને પ્રગટ થઈને જીવનાં સારાં નરસાં કરેલાં કર્મનાં ફળને દેનારો આ રીત જ્ઞાન અને વિજ્ઞાનરૂપે મને જાણો. આવા મારા અવિચળ દિવ્યરૂપનું સ્મરણ કરીને ધ્યાન ધરો. મારા

સિવાય બીજી બધી જ વાસનાઓનો ત્યાગ કરી સર્વ જગતના ભોગો પદાર્થોનો ત્યાગ કરી જાગ્રત થઈને મને માને છે તે ભક્ત મારા અવિચળ એવા બ્રહ્મપુરધામને પામે છે. આવી રીતે સંતો સતત મારા સ્વરૂપનમાં જોડાયેલા જ રહે છે.

હે ગંગામાં ! તમે ઉમંગથી જે વાર્તા પૂછી તે બધી જ વિસ્તાર કરીને જીવ ઈશ્વર અને સત્સંગની વાતો તથા બધાં જ તત્ત્વના તત્ત્વ પરમાત્માના સર્વજ્ઞનું જ્ઞાન તથા સર્વના ધર્મોમાં હું જ સર્વનો જાણનારો હું જ છું. બધા જ પ્રકારની વાસનાનો ત્યાગ કરીને મારા સ્વરૂપનો અનન્ય ભાવથી આશ્રય કરીને હેતથી મારો એકાંતિક ભક્ત થાય છે તે મારી મૂર્તિનું નખશિખાપર્યંત નિર્ણય કરીને ધ્યાનમાં નક્કી કરીને ધારણ કરીને સર્વ સાધન ફળને સરસ રીતે ઉરમાં ધારીને ધ્યાન કરવું. આવી રીતે ગંગામા આદિક સૌ ભક્તજનો શ્રીહરિના મુખની બધી વાર્તા સાંભળીને મનમાં બહુ જ રાજી થયાં. સૌ ધ્યાનમાં તત્પર રહેતાં હતાં. સર્વ શાસ્ત્રોના સાર રૂપ એવા શ્રી ઘનશ્યામ પ્રભુને સર્વ જીવ પાણીમાત્રના આશ્રયદાતાનું નવીન સ્વરૂપનું મુખેથી રટણ કરતાં હતાં. જ્ઞાનની અવધિરૂપ મહાજ્ઞાનના પ્રદાતા આનંદઘન અવિનાશી શ્રીહરિ સર્વના જીવમાં રહે છે એમ સૌ હરિજનો આનંદથી માનતા હતા.

શ્રીહરિએ સ્વમુખે સુંદર રીતે જ્ઞાનની વાતો વિસ્તારથી કરી તેને ગંગામાની સાથે બધી જ સભાએ સાંભળીને સૌ મનમાં રાજી થયાં. શ્યામ સુજાણ મહાપ્રભુ શ્રીમુખે પોતાના સ્વરૂપના મહિમાની બહુ જ ગહરી ઉંડી વાર્તા કરી. આ રીતે સત્યાવીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગંગામાને જ્ઞાનનું વર્ણન કરીને સમજાવ્યું એ નામે આ સત્યાવીસમું તરંગ પૂર્ણ થયું. ।।૨૭।।**

# તરંગ-૨૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિના મુખેથી પ્રત્યક્ષરૂપે તે જીવ ઈશ્વરની વાતો સાંભળીને મનમાં બહુ જ આનંદ પામ્યાં. ફરી કયા કયા પ્રશ્નો પૂછ્યા કેવી રીતે પૂછ્યા. તે બધા જ શ્રીહરિના પ્રત્યક્ષ સ્વરૂપના પ્રશ્નો અયોધ્યાપ્રસાદ મહારાજ પ્રફુલ્લિત મુખે આપ મને કહો. મારે તે સાંભળવાની બહુ જ ચાહના રહે છે તો કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે સુંદર રીતે પૃથ્વી ઉપર પ્રજાનું પાલન કરનારા છો. પ્રભુનાં ચરિત્રો પૂછ્યાં. તેથી તમને ધન્ય ધન્ય છે. તે ધર્મનંદન મહાપ્રભુની અલૌકિક લીલા તે તમને હેતથી કહું છું તે સાંભળો. સુંદરવરના મુખની વાણી સાંભળેલીને ગંગામા રાજી થતાં થકાં શ્રીહરિને કહેતા હતાં હે ભગવાન ! સર્વ ભુવનોને સુખ કરનારા કરુણામૂર્તિ સંતજનોના સુખ કરનારા. આપે સ્વમુખે જે સુંદર વાર્તા કરી તે તો બહુ જ સુંદર સુખ કરનારી કરી. ગાવા કહેવા યોગ્ય કરી તે સાંભળીને આનંદ થાય છે. બહુ જ સુખ મળે છે. હવે હું પૂછું છું જે ઈચ્છું છું તે હે અનંતપ્રભુ ! ભયને ભાંગનારા જનોને આનંદ દેનારા હે પુરુષોત્તમ પ્રભુ ! પ્રીત કરીને હું પૂછું છું તે બધું જ સુંદર રીતે સમજાવીને મને કહેવા કૃપા કરો. હે નરનાથ પ્રભુ ! આત્માનું સ્વરૂપ સુંદર રીતે આપે મને સમજાવ્યું. હે પ્રભુ ! તેની જે કળાઓ છે તે જાણવાનું ચાહું છું.

તે તત્ત્વો સહિત પૂછું છું તો તે તત્ત્વોસહિત કહો. જે વાત સાંભળીને તેનું અંતરમાં લક્ષ્ય થઈ જાય ચિત્ત તો ચંચળ છે. સ્થિર નથી રહેતું. સારા નરસા અનેક સંકલ્પો કરાવે છે. ત્યારે તેને કોઈ જાતનું કાંઈ અવલંબન આધાર નથી હોતો તોય એક ક્ષણમાત્રમાં તો ક્યાંને ક્યાં ભમે છે. સ્થિર નથી રહેતું. તેનું કારણ શું છે ? તે કરુણાનયન મહારાજ આ સામાન્ય વાત તે કહેવા કૃપા કરો.

ગંગામાનાં વચનો સાંભળીને સર્વજન સમુહના સુખદાતા મહાપ્રભુ વાત કહેતા હતા. હે ગંગામા ! તે વાત સાંભળો. તમે એકાગ્ર મન કરીને અંતરમાં ધીરજ ધારણ કરીને દૃઢમતિ કરીને જે હું જ્ઞાનની વાતો કરું છું તેને તમે યથાર્થ જાણજો. મારા સ્વરૂપનું એકાગ્ર ચિત્ત થઈને ભક્તજનો ધ્યાન ધરે છે તે જ્ઞાનીભક્તો બુદ્ધિની અંદર ચિત્ત જ્યારે સ્થિર હોય. ત્યારે કેવી રીતે ધ્યાન કરવું, કેવી રીતે બેસવું તે તમને શુદ્ધ રીતે કરીને કહું છું. ધ્યાન માટે પહેલાં જમીન સારી સમતલ પવિત્ર ચોખ્ખી હોય તે એકાંતની જગ્યા હોય એવા સ્થળે પ્રથમ પદ્માસન વાળવું. ત્યારપછી મનનો દૃઢ નિશ્ચય કરીને બહારની ઇંદ્રિયો શબ્દ આદિક બધુંય નિયમન કરીને ચિત્ત એકાગ્ર કરવું. બુદ્ધિથી ધારવું. શબ્દ આદિકની જે ઇંદ્રિયો છે તેને અંતરમાં સમેટીને પછી દૃઢ મનોબળથી પ્રાણાયામ કરવો ત્યારે બધાં જ અવયવોને સંકલ્પ વગરનાં કરવાં. પ્રણવનો મંત્ર જપીને મનને રોકવું (બાંધવું). અંતરને અતિ સાવધાન રાખીને અપાન વાયુને ઉંચો રાખીને પ્રાણને રોકીને ઘનશ્યામ પ્રભુને અંતર સન્મુખ ખેંચવા. તે બંનેને ભેગાં કરીને પ્રાણને સ્થિર કરવો. જ્યારે પ્રાણ સુંદર રીતે સ્થિર થાય ત્યારે શરીરથી મન સાવ નિશ્ચલ થઈ જાય છે. દેહ સાવ સ્થિર શુષ્ક થાય છે. ત્યારે પોતાની વૃત્તિ ક્યાંય બહાર નથી જતી એમ થાય ત્યારે તેને અંતર સમાધિ થઈ કહેવાય. મન અને વાયુ બધું જ બંધ થાય છે ત્યારે હૃદયમાં કલ્પાંત વૃત્તિ થઈ કહેવાય.

સુંદર સોનાના સિંહાસન સુંદર રીતે મણિઓ જડેલા અતિશય મનોહર રીતે શોભતું હોય તેની ઉપર સુંદર કોમળ આસન ગોઠવીને તેને આઠ દળનું કમળ હોય તેમ જાણો મારી મૂર્તિને સુંદર ઘનશ્યામ સ્વરૂપને ધારણ કરવું. મનને જીતીને સુંદર સિંહાસન ઉપર સ્થાપવું. ત્યારે તે સ્વરૂપ અતિ અપાર તેજાયમાન શોભાવાળા સદાય કિશોર અવસ્થાવાળા બે બાહુઓવાળા, શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરીને રહેલા નિત્ય પ્રત્યે પ્રભુના હસ્તકમળમાં શોભતાં તથાં ઉત્તમ અંગો ઉપર મુકુટને ધારેલા કાને કુંડળો ધારેલા. કપોળ લલાટમાં મુખમંડળ ચંદ્રસમાન બહુ જ શોભા વધારતા. કટિભાગ ઉપર સોનાનો કંદોરો ધારેલા, કંઠમાં હૈયામાં સુંદર હારો શોભતા હતા. આંગળીઓમાં સુંદર વીંટી વેઢ શોભતાં હતાં. રસની શોભાથી જાણે સૂર્યની કિરણોની સમાન કટિભાગ શોભતો હોય. તથા ચરણમાં ઝાંઝરો ઝણકતાં હતાં. સૌને પ્રેમ ઉપજાવતાં હતાં. શ્રી વત્સકૌસ્તુભ મણિની હારમાળાઓ તથા સુંદર પુષ્પોના હારોની બહુ જ સુંદર શોભા થાય. કસ્તુરી મૃગના મદસમાન સુગંધિત અત્તરો લગાવેલાં તથા અગર ચંદન શરીર ઉપર ધારણ કરેલું. અંગોઅંગ અર્ચેલાં અતિશય સૂર્યસમાન બહુ તેજથી શોભતાં ઘનશ્યામ પ્રભુના વિશાળ ભાલમાં સુંદર કેસર ચંદનના તિલક ચાંદલો લાલ સુંદર શોભતાં હતાં. મંદહાસ્ય યુક્ત મુખકમળમાંથી અમૃતરસ વરસાવતા થકા દીપકની જ્યોત સમાન અણિયાળી નાસિકાવાળા ચિબુક મનોહર ચિત્તને ચોરનારી ચિબુક કંઠવાળા લલાટમાં ત્રિવાળી જાણે ત્રિવેણી ન હોય તેમ શોભતી હતી. અધરોષ્ઠ અતિ અરુણ સમાન લાલ પરવાળાં જેવાં શોભતા હતા. અમૃતસમાન મધુર વેણમુખેથી બોલતા હતા. અનંત પ્રકારની શોભાથી અંગોઅંગ શોભતાં હતાં. વસ્ત્રો અને આભુષણોથી બધાં જ દૂષણો નાશ પામતાં

હતાં. સુંદર પીળા રંગનાં વસ્ત્રને ધારણ કરનારા કાન સુધી લાંબા નયનોવાળા ભ્રૂકુટિ જાણે ધનુષબાણ જેવીવાંકી જાનું પર્યંત લાંબા બંને ભુજાઓ વાળા શોભતા હતા. આવા મનોહર મૂર્તિ રાજાધિરાજ અતિ શોભતા હતા.

ઉદાર ઉદર ઉપર ત્રિવળિ રેખાઓ શોભતી હતી. છાતી ઉપડતી બહુ જ ઓપતિ હતી. ઉંડી ગોળ ગંભીર નાભિ કમળ શોભતી હતી. પાતળી કટિ લાંબી શોભતી હતી. કોમળ બને જાંનુઓ તથા જંઘાઓ અપાર ઉપમાઓનો કોઈ પાર ન આવે. એવા શોભતા ચરણકમળની શોભા તો જાણે કરોડો ચંદ્રમાની શોભા લાગતી હતી. આવા પ્રભુનો મહિમા ચરિત્રો શોભા અને તેનાં ભવની ખોટને હરતાં હતાં. ચરણતળમાં વજ્ર અંકુશ ધ્વજ આદિક અનેક ચિહ્નો શોભતાં હતાં. અલૌકિક ચરિત્રોથી દુઃખો હરાતાં હતાં એવા કરોડો કામદેવને મોહ પમાડનારા અનંત સૂર્યના તેજ કરતાં અધિક તેજાયમાન મૂર્તિના ગુણચરિત્રોને ગાઈને પાર નથી ઉતરતાં. કરોડો વીજળીના ચમકારા જેવા ચંચળ નયનોવાળા કરોડો ચંદ્રમાની સમાન શીતળ તેજવાળા આવા પ્રભુની નખથી શિખાપર્યંત મૂર્તિને મનથી નિરખીને તે સ્વરૂપાકાર વૃત્તિ થઈ જાય ને તનના ભાનને ભુલીને તદાકાર થઈ જાય.

આવી રીતે મનથી જાણીને ભક્તજન અભ્યાસ કરતો રહે તો તે જન મનને જીતીને વિજયને પામે છે. પછી બ્રહ્મરૂપ નિર્ગુણ ભક્ત કહેવાય છે. આવી રીતે ભક્ત દૃઢ સ્થિતિ પામીને નિત્ય ધ્યાન ધરતા રહે. તે જાગ્રત સ્વપ્ન સષુસુપ્તિ આ ત્રણ પ્રકારની જીવની વૃત્તિઓ કહેવાય છે. તે ત્રણે અવસ્થામાં જીવ રહેલો હોય છે. તેના સાક્ષીની માફક અન્વય વ્યતિરેક રૂપે છે. આવી રીતે તે જીવની ત્રણ અવસ્થાઓ કહેલી છે. પ્રભુ સ્વતંત્ર રહે છે. જીવ દેહ ને ઇંદ્રિયનો પ્રવર્તાવનારો કહેલો છે. મનસહિત પ્રકાશરૂપ તે કોઈ જાતના બંધનમાં બંધાતો નથી. મન અને ઇંદ્રિયની વૃત્તિ જ્યાં લીન થાય છે ત્યાં ત્યાં જીવનો ત્યાં પ્રવેશ બંધ થાય છે તેને તમે જીવની નીજી અવસ્થા થઈ જાણો. તેજોયમય રીતને જ્ઞાનરૂપતા જીવરૂપે ગાય છે. અતિશય સુખ આનંદરૂપ અતિ સુંદર તે આત્માના રૂપને જાણો. તે શુદ્ધ રૂપે કહેવાય છે. બ્રહ્મરૂપ ચૈતન્યરૂપ અખંડ અવસ્થાવાળા સર્વ પ્રકારના પ્રપંચથી રહિત મહાન જાણો.

સત્ય છે તેનો જે નિત્ય પ્રત્યે તેનો અભ્યાસ કરીને દૃઢતાથી વર્તે છે તેના જીવનમાં સત્ય શેષ રહે છે અને તે વિધિ સદાય સૌનો વિધિ કરીને અસત્યવિધિનો સદાય નિષેધ પ્રતિકાર કરે છે. આવી રીતે સત્યની સમજણ જ્ઞાનપૂર્વક સુંદર રીતે ગ્રહણ કરીને વર્તવું. આના સિવાય બધું જ અસત્ય અસ્થિર છે  હે ગંગામા ! આવી રીતે સાચું માનીને પોતાના આત્મામાં યોગ્ય રીતે દૃઢ સ્થિર બુદ્ધિ કરીને વૃત્તિને સ્થિર કરીને ધ્યાન કરે તે જ સાચું સુખનું સ્વરૂપ છે એમ જાણવું. પૂર્ણજ્ઞાનને પ્રાપ્ત કરીને સુખરૂપ પરમ આનંદને પ્રાપ્ત કરે છે. સાગરમાં જેવી રીતે માંછલાં સુખરૂપે રહે છે. અને આનંદથી વિચરણ કરે છે. જ્યારે દેહનો અસત્ય એવો અધ્યાસ સંબંધ સાવ નાશ પામે છે ત્યારે નક્કી જ બધાં જ દુઃખો ક્લેશો બધું જ નાશ પામે છે એમ હે ગંગામા ! દૃઢતાથી માનજો. જ્યારે બધી જ વાસનાનો નાશ થાય છે. મૂળમાંથી મુક્ત થાય છે ત્યારે પરમપદને પામે છે. મુક્ત થાય છે. અચળ સુખનું સ્થાન મારું ધામ તેને પામે છે. મારી પાસે જ સદાય રહે છે. તે આત્માને ફરી જન્મ ધરવો નથી પડતો. અનેક દિવ્યભોગ સુખોને પામે છે. મારા ધામ સિવાય બીજું કોઈ મોટું સુખ જ નથી. મારી ઉપર કોઈ જ નથી. દિવ્યશરીરને કોઈ રોગ ભોગવતા જ નથી.

હે ગંગામા ! આ રીતે મેં તમને મારું પરમ સર્વોપરિ રહસ્ય છે તે કહ્યું છે. તેને બીજા કોઈ જાણી જ શકતા નથી. મારા દ્વેષી આસુરીજનો કોઈ રીત નથી જાણતા. સર્વોપરિ સર્વનું કારણ સદાય ક્ષર ને અક્ષર તેનાથી પાર એવું પુરુષોત્તમ પ્રાણાધાર પરમાત્મા સર્વનો પ્રેરક હું જ છું. આવી રીતે મને જ મનમાં સર્વોપરિ સાચા મનની દૃઢતા કરીને સમજો અને સદાય કુસંગનો સંગ ત્યાગ કરીને સદાય સત્સંગ ભક્તિ કર્યા કરે તો પરમસુખને પામશો. આવી રીતે ગંગામા આનંદ ઉમંગથી ઘનશ્યામ પ્રભુના મુખેથી કહેલી વાતો સાંભળીને દૃઢતાથી સર્વોપરિ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પામીને પ્રભુને સર્વોપરિ સર્વાધાર જાણ્યા. હે રાજન ! મહાપ્રભુને મુખેથી જીવના સ્વરૂપને જાણીને નિશ્ચય કરીને મહાન ભક્ત થયા. પ્રગટ પ્રભુનું દૃઢતાથી ભજન કરતા હતા. પરબ્રહ્મ સ્વરૂપને જાણીને નિશ્ચય કરીને વાસનાના મૂળનો ત્યાગ કરીને પ્રગટ પુરુષોત્તમની પ્રીતથી સુંદર રીતે સ્તુતિને કરતાં હતાં.

ગંગામાએ રાજી થઈને પૂછેલું. જ્ઞાનનું નિરૂપણ કરીને શ્રીહરિએ કહ્યું. તે સાંભળીને રાજી થયાં. મહાપ્રભુ દ્વારા પોતાના આત્માના રૂપને ઓળખી લીધું. પૃથ્વી ઉપર પોતે આત્મરૂપ થયાં. પ્રાણપતિ મહારાજની સુંદર રીતે સ્તુતિ કરતાં હતાં. આવી રીતે આ અઠ્યાવીસમું અભિધાન શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદમાં ગંગામાને પ્રત્યે જ્ઞાનનું વર્ણન વિસ્તાર કરીને કહ્યું એ નામે આ અઠ્યાવીસમું તરંગ પૂર્ણ થયું. ॥૨૮॥**

# તરંગ-૨૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ઘનશ્યામ પ્રભુએ વિસ્તાર કરીને સભાની વચમાં જીવ ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન **ગંગામાને** કહ્યું તે બધુંય સાંભળ્યું. પણ હવે ગંગામાએ જે શ્રીહરિની સ્તુતિ કરી તે વાર્તાને સર્વજ્ઞ આપ કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમને ધન્ય છે. ગંગામાં ઉમંગથી ભાવપૂર્વક બંને હાથ જોડીને વિનંતીપૂર્વક ઉત્સાહથી સ્તુતિ કરતાં હતાં તે કહું છું. તે સાંભળો. હે ઘનશ્યામ પ્રભુ ! કરુણાના નિધાન સર્વ જગતમાં વ્યાપક સર્વને જાણનારા જગતનું પોષણ કરનારા અનંતમૂર્તિ જ્ઞાનના ભંડાર હે પ્રભુ ! શરણે આવનારનાં દુઃખો, પીડાઓ, કષ્ટોને ભાંગનારા નામના નામી આપનો જયજય થાય. દુઃખ દેનારનો નાશ કરનારા દયાળુ દિલના ભવસાગરની નૌકારૂપ થઈને તારનારા ભયને ભાંગનારા દેવોના દેવ મહાપ્રભુ સર્વના સ્વામી સર્વના અધિપતિ આપના ચરણકમળને સદાય સેવ્યા કરે છે. અતિ પ્રેમથી ભજે છે. સત્ ચિદ્‌ઘન તેજનો વિસ્તાર કરનારા જ્ઞાનના સાગર અમર્યાદાયુક્ત શુદ્ધ સ્વરૂપવાળા મહાતેજોમય મૂર્તિવાળા આ પૃથ્વી ઉપર અસુરોના ત્રાસથી પીડાતી પ્રજાનું અસુરોનો નાશ કરીને રક્ષા કરનારા એવા પરમાત્મા, આત્માના શુદ્ધ જ્ઞાન કરનારા દાતા. જગતના ઉત્પત્તિ પાલન નાશ કરનારા અતિશય કૃપા કરીને નરનારિજનોનાં બધાં જ પાપોનો નાશ કરનારા જગતમાં સર્વત્ર વ્યાપનારા અનેક સ્વરૂપોને ધારનારા શરણાગતને સદાય આશ્રય સુખ દેનારા.

જગતના વ્યવહાર સર્ગનો સુધારો કરનારા જીવોને સારે માર્ગે ચલાવનારા ભક્તજનોનાં દિલનાં દુઃખોનો

નાશ કરી સુખ કરનારા લોકોના શાસન કરનારા પાલન કરનારા સર્વલોકના તમે પતિ છો. ભક્તજનો ઉપર મેઘની સમાન સુખજ્ઞાનનો વર્ષાદ કરનારા. અજ્ઞાનરૂપ અંધકારનો જ્ઞાનરૂપી સૂર્ય થઈને નાશ કરનારા જ્ઞાનથી પોષણ કરીને ચંદ્રસમાન શીતળતા આપનારા સરખું પોષણ કરનારા શીતળ શાંત વાયુની સમાન મંદમંદ વહેનારા સદાય અનુકૂળ તેમ કરનારા. ઋતુ પ્રમાણે સુંદર ફળો ફૂલોની પવિત્રતાને જણાવનારા સર્વની સુંદરતા સુખને જાણનારા રૂચિ પ્રમાણે સુખ દેનારા અગ્નિસમાન મહાશક્તિને બાળનારા મહાન શક્તિવાળા હે પ્રાણપતિ ! આપના મહિમાને જાણનારા ભક્તો આપને સતત ભજે છે.

સૂર્યના પુત્ર યમરાજા પાપપુણ્યને જાણનારા છે. તે આપની મર્યાદામાં રહે છે. નિગમો આગમો વેદો ને મુનિજનો શુદ્ધ રીતે ધારે છે. તેની અનુસાર જ યજ્ઞયાગાદિક બધાં જ કાર્ય કરાવનારા શુદ્ધ રીતે વર્તાવનારા મુનિજનો શુદ્ધમતિથી ધર્મને ધારણ કરે છે. દિગપાલો દિશાઓના ધર્મને ધારે છે તેવા તેવા શરીરોને ધારીને રહે છે. મોટા મનવાળા આપના મહિમાને ધારીને આપની મહાપ્રભુતાને તેઓ સૌ જાણે છે. એવા પ્રતાપને બતાવતા પ્રભુ આપ જગમાં વિચરણ કરો છો.

હે હરિ ! આપના પ્રતાપને નથી જાણતા. નથી માંનતા તેઓને આપ વિચરણ કરીને મહાદંડને કરનારા છો. જ્યારે જ્યારે જગમાં ધર્મની ગ્લાની થઈ ત્યારે પૃથ્વી ઉપર અવતારને ધારણ કરો છો. દેવો સાધુઓના રક્ષણ કરવા તથા પૃથ્વીનો ભાર ઉતારવા ઘનશ્યામ પ્રભુ આપ ભાર ઉતારીને સુખ કરો છો. નિર્દયી અસુરોનો સદાય નાશ કરો છો. હે નરનાથ નારાયણ પ્રભુ ! આપ દર્શન દઈને સનાથ કરો છો. હે પ્રભુ આપ હરહંમેશ વિચરણ કરતા રહો. ભક્તના ઉરમાં સુખશાંતિ કરો. દુષ્ટજનોના વનને બાળનાર અગ્નિપ્રજ્વલિત કરતા રહે. એવા નિર્મળ મૂર્તિ આપના નામનો પવિત્ર મુનિજનો કાયમ જપ કર્યા કરે છે. દેવો, ગાયો મુનિજનો દુઃખોનો નાશ કરવાવાળા છો તેથી આપે ગજરાજ ઉપર વિરાજી હરિજનોના સમુહને સુખ દીધાં એવાં અદ્‌ભૂત ચરિત્રો કર્યા. તેને સાંભળીને મુનિજનો સંતો ગાયા જ કરે છે. આપના ચરિત્રના પ્રતાપે જીવનાં જન્મમરણનાં દુઃખો મટી જાય છે. એવા આપ ભવને તારનારા ચરિત્ર સાગરથી ઉધારનારા આપ પોતાના વચન પ્રાણમાં દૃઢ રહીને મુક્તિ કરો છો. એવા કરુણા નયનોવાળા હે પ્રભુ ! અમારા ઉરમાં નિવાસ કરીને અખંડ સુખ કરો અને આપની ન પ્રાપ્ત થનારી અનન્ય ભક્તિ આપો. આવી રીતે આપ આપના પણ(ટેક) પ્રમાણે અમને તારનારા થાઓ.

**ગંગામા** જ્યારે સ્તુતિ કરી રહ્યાં ત્યારે પ્રાણપતિ શ્રી ઘનશ્યામ પ્રભુ બહુ રાજી થયા. ભક્તનો ભાવ જોઈને વરદાન દીધાં અને જગતના ભાન કરાવનારા ઘનશ્યામ પ્રભુ સુખ કરતા શોભતા હતા. દિનદયાળુ મહારાજ નિત્ય પ્રત્યે ગંગામાને રોજ સુખ દેતા હતા. સુખના ધામ ભગવાન **અમદાવાદ શહેરમાં** સંતોની સાથે રહીને સૌ ભક્તજનોના સમુદાયને મનમાં આનંદ કરાવીને ધર્મનંદન મહાપ્રભુ ત્યાંથી પધારતા હતા. પ્રભુ પધારતા હતા તે સમયે ભક્તજનો ગુણ ગાતાં થકાં જતાં હતાં. મહારાજની મૂર્તિને પોતાના ઉરમાં ધારતાં હતાં. ધ્યાન કરતાં હતાં. હે રાજન ! મહાપ્રભુ જેવી રીતે શહેરમાં પધાર્યા હતા તેવી જ રીતે પાછા પધારતા હતા. શોભતા થકા ગુણવંત મહાપ્રભુ ગમન કરતા હતા. સંતોની સાથે સૌના મનને પાવન કરીને અનેક પ્રકારનાં વાજિંત્રોના ઉદ્‌ઘોષ સાથે રાજાધિરાજ મહારાજા લોકોના મનને આનંદ કરતા થકા જનોના પાપોને હરતા થકા જનસમાજોને પોતાની દૃષ્ટિથી સુખી કરીને અસુરોનો પરાભવ કરતા હતા. અસુરજનોને હૃદયમાં ભય પમાડતા હતા. ઘનશ્યામ પ્રભુ આ રીતે શહેરમાંથી જ્યારે પધારતા હતા ત્યારે ચરિત્ર કરતા હતા. હે રાજન ! આવી રીતે

ઘનશ્યામ પ્રભુની સવારી સંતભક્તોની સાથે શહેરની વચ્ચે થઈને શહેરની બહાર આનંદ કરાવતા થકા પધારતા હતા. સૌ ભક્તજનો મહાપ્રભુને વિદાય કરીને પાછા ફરતા હતા. શ્રીહરિ પોતે અનેક સંતોને સાથે લઈને સંઘની સાથે **અસલાલી** ગામે પધાર્યા. ગામના ભક્તજનો સૌ સામા આવ્યાં. પ્રીતસહિત પ્રભુને પુરમાં પધરાવ્યા. જ્યારે મહાપ્રભુ પધાર્યા ત્યારે સૌ જનો મહાપ્રભુનો જયજયકાર કરતાં હતાં. હે રાજન ! મહાપ્રભુ પ્રીત કરીને પુરની બહાર દક્ષિણ દિશામાં જોયું તો ત્યાં સુંદર વાવની સાથે સુંદર કૂવો હતો. તે કૂવાની પાસે સુંદર પીંપરનું વૃક્ષ હતું. તેની નીચે સુંદર પલંગ બિછાવીને સુંદર બેઠક કરીને તેની ઉપર બલભ્રાતા મહારાજને બેસાર્યા અને આનંદની વધાઈઓ ગાતા હતા. પ્રભુને સુંદર પલંગ ઉપર ગાદિતકિયા નાંખીને બીરાજમાન કર્યા હતા. સૌ સંતજનો મહાપ્રભુની સન્મુખમાં જ બેઠા. પ્રભુને પ્રીત કરીને દર્શન કરતા હતા. શ્રી ઘનશ્યામે સભામાં બહુવાર સુધી વાતો કરી. તે સાંભળીને સંતોની સાથે નરનારીજનો સૌ બહુ જ સુખને પામતાં હતાં. એટલા સમયમાં ત્યાં દોડતો દોડતો દૂત આવ્યો. તેને **શંકરાચાર્ય સ્વામીએ અમદાવાદથી** મોકલ્યો હતો તે આવ્યો. તે દૂતે આવીને શંકર સ્વામીનો પત્ર મહારાજને આપ્યો અને મુખેથી વાત કરી કે તમને ત્યાં તેડાવે છે. **અમદાવાદ શહેરમાં પધારો.** હે **ઘનશ્યામ** પ્રભુ ! આપને સભા કરવા માટે બોલાવે છે. એટલા માટે જલદીથી ચાલશો. સૌ સંતોને સાથે લઈને પ્રભુ પધારો. મહાપ્રભુ બધી વાત સાંભળીને બહુ જ ઉતાવળા થયા. મોટા મોટા સંતોને બોલાવીને ખંત કરીને કહેતા હતા. તમે સૌ ધ્યાનથી સાંભળો. જે પાછળથી દૂતને મોકલેલો છે. તે અમદાવાદ શહેરથી આવ્યો છે. તે દૂત બધાયને લેવા માટે આવ્યો છે. તેના માટે આપણે કેવી રીતે કરવું આવી રીતે સાંભળીને સંતો કહેતા હતા. હે પ્રભુ ! આપની રૂચિ હોય એ પ્રમાણે કરો. અમારી સહમતિ છે. સૌ સંતોની સિદ્ધાંત વાત સાંભળીને શ્રીહરિ કહેતા હતા. તમે સૌ વર્ણિઓ અને સંતો શુભકાર્યને કરો. બધો જ સંતસમાજ તમે એ જ કાર્ય કરો સવારમાં વહેલા અહીંથી ચાલો.બધા જ મુનિ વર્ણિઓ અમદાવાદ પધારો જલદીથી. શંકર સ્વામીની પાસે જઈને સભા કરવાની વાત કરવાની કયે દિવસે કરવી તે વાત માટે તમે સૌ જાવ. આવી રીતે સંતોને વાત કરીને ખળને ખસેડવા માટે ખંતથી જવાબ કરીને કહ્યું. દયાળુએ આવું ચરિત્ર કરીને આનંદ દીધો.

પછી મહાપ્રભુ સહજાનંદ સ્વામીએ **અમદાવાદમાં** જવાનો ઠરાવ નક્કી કરીને સંતોને મહાપ્રભુએ વિદાય દઈને ભવને હરનારા શ્રી ઘનશ્યામ મહાપ્રભુ. થાળ તૈયાર થયો એટલે **વેણીભાઈ પટેલના** ઘેર કમલનયન મહાપ્રભુ સંતજનોની સાથે જમવા માટે પ્રિતમ પ્રભુ પધારતા હતા. મહાપ્રભુ થાળ જમીને પછી સૌ સંતજનોને તથા પદાતિઓને ઘનશ્યામ પ્રભુએ જમાડ્યા. આ રીતે ભક્તજનના મનોભાવને પુરા કરીને કામદુઃખોને હરતા હતા. પછી મહાપ્રભુ પાછા ઉતારે પધાર્યા. સભા કરીને ઘનશ્યામ પ્રભુ ધર્મજ્ઞાનની સુંદર વેદવેદાંતની વાર્તા કરીને ભક્તજનોનાં સુખનાં કામ કરતા હતા. બલભ્રાતા પ્રભુએ સુંદર સભામાં વાર્તાનો સાર કહીને સુંદર ઉપદેશ કર્યો તેને સંતજનો સાંભળીને સુખ મનવાળા થયા તથા સૌ નરનારિજનોનાં મન નિર્મળ થયાં. કમલનયન હરિ તળાવની પાળ ઉપર પધાર્યા. બધી વિગત જાણીને મહાપ્રભુએ સુંદર તૈયાર કરેલ પથારી બિછાના પર સુખકંદ પ્રભુ શયન કરતા હતા. શયન કર્યા પછી સવારમાં વહેલા પાછા બિરાજી એક પહોર બાકી રહી ત્યારે જગતનાં ચંદ્રસમાન સુખદાતા સહજાનંદ સ્વામીએ કરાવીને મશાલો કરીને  ચાલતા થયા.

શ્રી ઘનશ્યામ પ્રભુ તાત્કાલિક શહેરમાં મુનિજનોની સાથે પધાર્યા. તેની ઉપમા જ ન કહેવાય  દિવસ

ઉગતાં પહેલા દયાળુ મહાપ્રભુ આવ્યા હતા. કૃપાળુ સ્નાન પૂજાકાર્ય કરીને પધાર્યા હતા. સૌ પદાતિ સંતો મહંતો ભક્તજનો સાથે તૈયાર થઈને શહેરના દરવાજે સૌ વિરક્તો આવ્યા ત્યારે પુરના દરવાજા ઉઘડ્યા છે એમ જાણીને ઘનશ્યામ પ્રભુ સુખકંદ પુરમાં પ્રવેશ્યા. નગરમાં પ્રવેશ્યા. મહાપ્રભુ ધર્મનંદન હરિનો અવાજ બહુ જ ધમકતો હતો. આનંદકંદ પ્રભુ અશ્વારી સાથે જ્યાં શંકર સ્વામિનો મુકાંમ હતો. ત્યાં પધાર્યા. રાજમાર્ગ ઉપર જ ઘનશ્યામ પ્રભુ ઉભા રહ્યા હતા. મહાપ્રભુએ દામોદર ભક્તને શંકર સ્વામીની પાસે તાત્કાલીક જ મોકલ્યા. ત્યાં જઈને સમર્થ પ્રભુનાં કહેલાં વચનો કહ્યાં. તે બધાં જ વચનો કહું છું. તેને રાજન ધ્યાનથી સાંભળો. ભક્તે કહ્યું કે તમે સ્વામિનારાયણ પ્રભુને તેડાવ્યા એટલે તૈયાર થઈને આવ્યા છે. સ્વામિનારાયણ ભગવાન સૌ સંતો અને પેદલ ભક્તજનો સાથે પાંચ હજારની સંખ્યામાં આવ્યા છે બીજા પાંચ હજાર મનુષ્યો ભક્તજનો પાછળ આવે છે. બધા મળીને દશ હજારની સંખ્યામાં મનુષ્યો ભેગાં થવાનાં છે. તેઓના ઉતારા પાણીની વ્યવસ્થા કરો. તમે બોલાવ્યા છે એટલે ઉતારા મુકામ આપો તથા સીધું સામાન બધું આપો. જમવા માટે જોઈએ તે કરો. બધું થયા પછી પ્રશ્નોત્તર થશે આમ શંકર સ્વામીને આ રીતે સત્સંગના દિવારૂપ દામોદર ભક્તે શુદ્ધ કહ્યું. ત્યારે તે શંકરે કોઈ જ ઉત્તર ન દીધો. અજાણ્યો થઈને ફરીફરીને વાત કહેવરાવતો હતો. જક્ત પ્રાણને કહેતા હતા કે હું તો કાંઈ જાણતો જ નથી. ત્યારે પ્રભુ મેઘસમાન ગંભીર સિંહનાદ જેવી વાણી બોલતા હતા. શ્રીહરિ ભગવાન વારેવારે પ્રીત કરીને માણસને શંકરની પાસે મોકલતા હતા તોય નજીક ન આવ્યો અને કોઈ ઉત્તર ન આપ્યો. ત્યારે ઘનશ્યામ પ્રભુએ ક્રોધ પ્રકાશિત કર્યો. જેનું નામ સાંભળીને જેનો ક્રોધ નાસી જાય તેમાં ક્રોધ જોઈને બહુ જ આશ્ચર્ય થતું હતું. પ્રભુ મનુષ્યચરિત્રને કરતા હતા એ વાત હતી.

પ્રભુ કહે, શંકર કઈ જગ્યાએ ગયો છે. કેમ જવાબ નથી દેતો. અમે તારા તેડાવવાથી આવ્યા છીએ. તે અમને અત્યારે સામે આવીને કેમ નથી મળવા આવતો. અમે અમારો પ્રતાપ બતાવીશું તો ખબર પડશે. શંકર ઘરમાં છે કે નથી. અમારે રહેવા માટે જગ્યા આપવાની તથા ખાવાપીવાની વ્યવસ્થા કરવાની છે તેનો કોઈ જવાબ જ નથી દેતો. જવાબ તો આપવો જોઈએ. શંકર જેનું નામ છે તેના તો ભંડારો ભરપૂર હોય છે. ભુવનનો તે સ્વામી છે. રિધ્ધિ સિધ્ધિ બધાંય વશમાં હોય છે. પણ તું તે પૃથ્વીના ભારરૂપ થઈને શંકર નામને ભ્રષ્ટ કરનારો થયો છે. શંકર થઈને વર્ણશંકર થઈ ગયો છે. ખળનો સેવક થયો છે. વામમાર્ગનો આશ્રિત થયો છે. પાખંડી છે. પાખંડના માર્ગને પોષનારો છે. ઘનશ્યામ પ્રભુના મુખનાં વચનો સાંભળીને પ્રભુને ક્રોધાતુર થયેલા જાણીને પૃથ્વી કંપતી હતી ત્યારે દેવો દિગ્ગજો સૌ ડોલતા હતા. ગભરાતા હતા. આવો ખળભળ કેવી રીતે થયો. સાગરો છલકરતા હતા. શેષ ડોલતા હતા. સૌ ક્લેશ પામતા હતા. આતુરતાથી બોલતા હતા. બ્રહ્માંડનું વાતાવરણ ચકિત થઈ ગયું. ભવબ્રહ્માદિ ધ્યાનને ભુલતા હતા. ધડકતા હતા. બધા જ દેવો ભયવાળા થઈને કૃપાનિધાનની જય જય પ્રાર્થના કરતા હતા. મોટા મોટા દેવો વાણી કહેતા હતા. ધર્મનંદન મહાપ્રભુનાં પરાક્રમને જોઈને આપનો પ્રતાપ છે એ પ્રભુ પ્રગટ પ્રમાણ પૃથ્વી ઉપર વિચરણ કરે છે. લોકોનાં ભવફંદને હરે છે. એવા પ્રગટ પ્રભુના સામે દ્વેશી દરિદ્રા વાદવિવાદ કરે છે. તેના માટે પોતાની પાસે બોલાવ્યા છે. જવાબ નથી આપતો એટલે આમ થયું છે. હવે તે પાપના ઘર એવા શંકર પ્રભુ પાસે આવતો નથી. મુખેથી જવાબ નથી દેતો તે કારણેજ પ્રભુએ ક્રોધ કરેલ છે. પ્રતાપ બતાવેલ છે. બધા દેવોએ આવી રીતે પ્રભુનો મહાપ્રતાપ જોઈને ઘનશ્યામ પ્રભુનું નામનો જાપ કરતા થકા ગુણ ગાતા થકા ધર્મનંદન

**પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ છે. એમણે પ્રગટ પ્રતાપ બતાવ્યો છે. તેનાથી અસુરોના ઉરમાં થર થર કંપાવાત થયો છે. શંકરને પણ બહુ જ નાશ થયો. જીવમાં સંપ નહતો થતો. આનાથી આખી ભૂમિ ઉપર આકુળવ્યાકુળ સૌ થઈ ગયાં. દેવોના દ્વેષીપાપીજનો સૌ ત્રાસ પામ્યાં. હવે કેવી રીતે કરીએ જેથી સ્વામિનારાયણ ભગવાન જલદીથી આવે એવી હાંસી કરવા ગયાં.**

**સ્વામિનારાયણને સંસારમાં કોઈ જીતી શકે તેમ નથી. એમને જીતવા માટે દેવો કે અસુરો કોઈ જીતી ન જ શકે તેવા અજિત છે. મહાસમર્થ પ્રતાપવાળા મહાન છે. અમે હેતથી હાંસી કરવા ગયા પણ સામાન્ય રીતે જ વાત સત્ય થઈ ગઈ અને જાણતા ન હતા કે સ્વામિનારાયણ ગયા છે તે પાછા આવે પણ આપ પાછા આવ્યા તો શું વાત જ કરવી. અમે તો સભા કરવા તો સમર્થ નથી જ. આપ તો સૌથી સમર્થ છો તેથી બધું જાણો અને અમે પણ આપને સમર્થ જાણીએ છીએ. આમ ગરીબ વર્ણિ બોલતાં હતાં. કરગરતાં હતાં. આવી રીતે કરીને નોકરને મોકલીને પ્રભુના ચરણકમળમાં માથું નમાવીને નમન કર્યાં. શંકરના શબ્દો નમ્રતાથી બંને હાથ જોડીને કહેતો હતો. હે સહજાનંદ સ્વામિ પ્રભુ તમે સાંભળો. આપ આપના સ્વામિનારાયણ મંદિરમાં અકામી પ્રભુ ભુકાંમ કરો. ત્યાં રહો. આપ તો સદાય સમર્થ છો એટલે કોઈ જાતની કમી હોય જ નહિ. આપ અજિતના નામથી કહેવાઓ છો. મહાન છો. આવી રીતે સાંભળીને ઘનશ્યામ પ્રભુ તરત જ ત્યાંથી મંદિરમાં પધાર્યા.**

સુખના સાગર મહાપ્રભુ અમદાવાદ શહેરથી શ્વારીસહિત ચાલીને અસલાલી ગામે પધાર્યા ત્યારે ત્યાં ખબરપત્રી દોડીને હરિ પાસે સમાચાર લઈને આવ્યો ત્યારે ભયને હરનારા ભુદરના મનમાં ભાવતું થયું. પછી મહાપ્રભુ પાછા અમદાવાદ શહેરમાં શુભ રીતે પધાર્યા. ચમત્કાર કર્યો. શંકર સ્વામીને હરાવ્યો. આમ ઓગણત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ફરીથી અમદાવાદપુરમાં પધાર્યા એનું નિરૂપણ કર્યું એ નામે ઓગણત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૨૯॥**

# તરંગ-૩૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુ જે કારણે આવ્યા હતા તે બધીવાતો વિસ્તાર કરીને મને કહો. હે ગુરુમહારાજ ગુણના સાગર મહાસાગર જેવા પોતાના આશ્રિતજનો ઉપર સુખ કરનારા ચરિત્રો મને કહો. કોમળમૂર્તિ કરુણાના કરનારા કેવી રીતે આવીને કામ કર્યું તે બધી લીલા મને કહેવા કૃપા કરો ને પરમઆનંદ કરો.

અવધપ્રસાદજી કહે છે, હે આનંદસિંહ રાજન ! પવિત્ર મતિવાળા તમે સાંભળો. તમે જે ભગવાનનાં સુંદર ચરિત્રો પૂછ્યાં છે તે પ્રગટ પ્રભુની બધી વાતોને પ્રીતથી કહું છું તે સાંભળો. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ જ્યારે સુખરૂપ પોતાને નિવાસે પધાર્યા ત્યારે **અમદાવાદમાં** ભવ ભય હરનારા મહાપ્રભુએ શંકરના મદને ત્યાગીને પ્રભુ પોતાના મંદિરમાં પધાર્યા. હે રાજન ! જ્યાં સુંદર મકાનમાં સુંદર ચિત્રો દોરેલાં રંગકામ કરેલો હતા. એવા સ્થાને કમલનયન પ્રભુએ મુકામ કર્યો. સંતોસહિત સુખપૂર્વક શાંતિથી રહેતા હતા. **હે રાજન ! જ્યારે ચર્ચા**

થઈને શંકર મૌન કરીને બેઠો ત્યારે પ્રગટ પ્રભુનો પ્રતાપ જોઈને કાળોમેશ મુખવાળો થયો. કોઈ રીતે કોઈને મુખેથી કાંઈ વાત કરતો જ ન હતો. કોઈ પ્રકારનું સીધુસામાન પણ ન આપ્યું. ઉતારો ન દીધો. આ રીતે શંકર મનમાં મલિન થયો. તેની બધી જ લાજ જતી રહી ને મરેલા જેવો થયો. જ્યારે સામે સ્વામિનારાયણ ભગવાન અને આખો સમાજ જોયો તેથી મલિન થયો. ત્યારે આ બધીવાત અંગ્રેજસાહેબે જાણી ત્યારે તે પુરપતિ પ્રતાપી પ્રભુમાં ચિત્ત પરોવીને વિચાર્યું કે આ મારી આજ્ઞા લઈને મળીને સ્વામિનારાયણ ભગવાન અહીંથી વિદાય થયા હતા. પછી એમને પાછા કોણે તેડાવ્યા હતા. આજે જ કેમ બોલાવ્યા. આ બધી વાત રાજા પૂછતા હતા ત્યારે રાજાને બધી વાત ભક્તો કહેતા હતા. આ જગતમાં શંકર સ્વામિ છે. તેઓ શંકરાચાર્ય બ્રાહ્મણોના ગુરુવર તરીકે કહેવાય છે. એ શંકરે સ્વામિનારાયણ ભગવાનને પોતાની સાથે સભા કરીને શાસ્ત્રાર્થ કરીને હરાવવા હતા એટલે બોલાવ્યા હતા.

તે રાજા આવી વાત સાંભળીને બહુ જ ક્રોધાયમાન થયા. આવો શક કોક શંકર છે. આ જાણ કોણ છે. અમે જેમને વિદાય આપેલી વળાવેલા એમને પાછા માટે કેમ બોલાવ્યા ? આમના જેવા સમર્થ મહાન જગતમાં આજ કોણ છે. જેમ પક્ષીરાજ આગળ જેવી માંખી હોય તેમ જ ગજરાજ પાસે પાડા જેવું પ્રમાંણ છે. ધનવાનની પાસે ભીખારી જેવો શોભે અમૃતની આગળ જેવી છાસ લાગે, શેષનારાયણ આગળ સામાન્ય સર્પની શી ઉપમા. દેવ નદી ગંગા પાસે નાનું ખાબોચિયું શું ગણતરીમાં શોભે. ચક્રવર્તી રાજામહારાજા આગળ નીચ નફ્ફટ કેવો લાગે. સુગંધીદાર ચંદન પાસે કાદવકીચડ જેવું, ચંપાચમેલીના સુંદર હાર પાસે આવળ બાવળના ફલના હાર સુશોભે આવતબાળન લાગે ને શોભે. સારા વિદ્વાન ભુદેવ પાસે સામાન્ય ભણેલો ખરાબ લાગે. આવાં અનેક દૃષ્ટાંતો દીધાં.તેમાં જેવો ભેદ છે તેવો તે બધામાં મહાભેદ છે. આવી રીતે સ્વામિનારાયણ ભગવાન અને શંકરમાં બહુ જ અંતર છે. ભેદ છે. સ્વામિનારાયણ ભગવાન સર્વજ્ઞ છે. શંકરાચાર્ય અલ્પજ્ઞ છે. તે સ્વામિનારાયણને ક્યાંથી મળતો શોભે. સિંહ અને શિયાળની જોડી ન શોભે તથા ગધેડી ને ગાયની ઉપમા  યોગ્ય ન ગણાય. આવી રીતે શંકર અને સ્વામિનારાયણમાં બહુ ભેદ છે. તેને સારા સમજુ માણસો મનમાં વિચારો.

આવી રીતના ભેદો સમજાવીને રાજાએ અસવારોને શંકરની ઉપર રોષ કરીને આદેશ કરીને પછી અસવારોને મોકલ્યા. આક્રોશવાળા તે રાજાએ ભાર કહીને મોકલ્યા. તે શંકર મોરુબા ઉપર દૂતોને મોકલ્યા. તર્કપૂત બધા પ્રકારનાં પ્રપંચ કરતો હતો. તેથી પોતાના દરવાજે જ બધું મુશળ આવ્યું ત્યારે તે મોરુબા બહુ જ ભય પામ્યો. ગભરાતો હતો. હે રાજન ! તે રાજાનો રોષ થયો તે જોઈ વિચારીને  શંકર બહુ જ ભય પામ્યો ત્યારે બીજા સહાયકોને સાથે લઈને શ્રી હરિની પાસે મંદિરમાં આવ્યા. નગસેઠની સાથે સૌ શ્રીહરિનાથની પાસે સૌ આવ્યા. નિર્ધાર કરીને આવ્યા. પ્રભુના પ્રતાપને મનમાં ધારીને ચરણકમળમાં માથાં નમાવીને નમન કર્યાં. બંને હાથ જોડીને નયનોમાં આંસુ લાવીને બહુ જ વિનય કરીને નમતા થકા જગના પતિનો અમારાથી મહા અપરાધ થયો છે. દોષનું નિવારણ કરવા કૃપા કરો. હે પ્રભુ આપને જે બોલાવ્યા તે તો સમજ્યા વિચાર્યા વગર જ બોલાવ્યા. માટે હે પ્રભુ ! અમે બધાય ભૂલા પડ્યા છીએ. આપને શરણે આવ્યા છીએ. એ તો આપ અમારી પીડાને દૂર કરો. સુખ કરવા કૃપા કરો. હે મહાપ્રભુ ! આપ બહુ જ મોટા છો. આપનું પેટ બહુ જ મોટું ઉદાર છે. આપનો રોષ છે તો સૌના દોષોને હરનાર છે. નિર્દોષ છે. આપ તો સાચો રાહ બતાવનાર

**છો. માટે કાંઈક કૃપા કરો. બધાં જ બ્રહ્માંડોના જ્ઞાનવાળા સૌ બ્રહ્મા શિવ દેવરાજ દેવગુરુ આદિક સૌ કોઈ આપની આજ્ઞા અને મર્યાદા પ્રમાણે જ કાર્ય કરે છે. આપને તો કાંઈ કાર્ય કરવાનું જ ન હોય. હે પ્રભુ ! આપ તો સૌના પરમધર્મ સમજાવનારા અને તે પ્રમાણે રાખનારા છો. આપની પાસે સામાન્યની તો શું ગણતરી જ થાય. આપ તો સૌની શંકાઓને દૂર કરનારા છો. હે મહાપ્રભુ ! આપની આગળ હે જગતના સ્વામી ! શંકર પ્રશ્નોત્તર ન જ કરી શકે. પણ ધૂતારાઓના હાથે દિક્ષા લઈને જગતમાં લોભ કામ મદયુક્ત વાતાવરણ રહેલું છે. ખોટો બકવાદ જ થાય છે. પારકી સ્ત્રીઓનો ભોગ વ્યવહાર વ્યભિચાર કરનારા વામપંથીઓનો પોષકવર્ગ મિથ્યા ભાષી છે અને તમે તો પ્રભુ નિર્વિકારી અને નિર્દોષ છો. જગતને તારવા માટે જગતના ત્રાતા જગતને ધારનાર પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. શારદા સનકાદિકનાં કામ કરનારા તથા શંભુ ભવાનિ તથા નારદમુનિના કામ કરનારા આવી રીતે અનેક આપનાં પ્રતાપને જાણનારાં છે. આપનો મહિમા તો અપાર છે તે જાણવો કઠણ છે.**

**હે નાથ ! અમે આપના અપરાધી છીએ તે હે દયાળુ ! અમારા અપરાધને ક્ષમા કરો. આપનો અપરાધ જાણ્યા વગર જ થયો છે. હે બહુનામિ પ્રભુ ! આપ સૌ જનોને નિષ્કામિ કરનારા છો. હે પ્રભુ ! આપને વારંવાર ચરણમાં મસ્તક નમાવીએ છીએ. અમારા અપરાધો માફ કરો. પાપોને હરીને સનાથ કરો. હે પ્રભુ ! પામરનાં કરેલાં કૃત્યને લગારેય ન ગણજો. આપનો મહિમા તો અતિ અમાપ છે તે ગણાય જ નહિ તેવો છે.** બાળકના દોષોને માતાપિતા નથી જાણતા. આ રીતે આદિ અનાદિની રીત એને સંતોમહંતો અને પુરાણો કહેતા રહે છે. જો કદાપિ છોરું કછોરું થાય પણ માતાપિતા ક્યારેય દુષ્ટ સ્વભાવના નથી થતાં. આમ જાણીને પ્રભુ અપરાધને ક્ષમા કરજો. આપ શરણાગતન પાળનારા છો આપને કોઈ જાતનો બાધ નથી આવી રીતે નગર શેઠ બહુ જ વિનયથી બહુ જ વિનવ્યું તે મોરુબા દિવાન પણ મહાપ્રભુને પ્રગટ ભગવાન જાણતા હતા. આવી રીતે તેઓનાં વિનય ભરેલાં વચનો સાંભળીને પ્રભુ રાજી થયા ત્યારે તે બંને પ્રત્યે અમૃતસમાન મધુર વચનોથી સમજાવતા હતા.

અમારા ઉરમાં લગારેય રોષ જ નથી આવ્યો. અમે તો જીવોના ગુણને ગ્રહણ કરનારા છીએ. આ અમારું પ્રમાણિત વચન છે. તે સત્ય માંનજો. હવે તમને અમે કહીએ છીએ કે તમોને કોઈ જાતની હરકત રાજા નહિ કરે. નગરના રાજાને પ્રેમથી અમે કહીશું. તમે સૌ તમારા ઘરે જાઓ. બહુનાંમિ મહાપ્રભુએ તે જનોને વાત કહી. તે સ્વામિનારાયણ ભગવાનનું સુંદર નામ શોભા આપતું હતું. તે સૌના મનમાં બહુ જ આનંદહર્ષ થયો. પ્રભુના ગુણોને ગાતા થકા કહેવાથી પાછા જતા હતા. જાણીએ છીએ કે પ્રભુનો સ્વભાવ શાંત છે. સદાય લોકોના મનને આનંદ દેનારા છે. અજ્ઞાન અંધારાનો નાશ કરનારા છે. તે સહજાનંદ સ્વામી સ્વતંત્ર છે. ઈશના ઈશ છે. સદાય સર્વોપરિ રહેનારા છે. પ્રભુ દયાળુ દિલના છે તેથી કોઈનો દોષ રાખતા જ નથી. કોઈની ઉપર રોષ પણ ખોટો કરતા જ નથી. શુદ્ધ દિલના સદાય મહાબુદ્ધિવાળા સૌ જ્ઞાનિજનો ગુણને ગાયા જ કરે છે તોય તેના ગુણને પાર તો કોઈ પાંમતા જ નથી. એવા પરબ્રહ્મ પરમેશ્વર પરાત્પર પૂરણ બ્રહ્મ કહેવાય. એવા મહાપ્રભુએ આપણી ઉપર દયા કરીને પોતાના ભક્ત જેવો ભાવપ્રેમ આપણા ઉપર કર્યો એવા દિનના બંધુ સદાય સુખના સાગર પ્રભુએ અમારા બધાંય અપરાધોનો નાશ કરી નાંખ્યો. આવી રીતે કહેતા પોતાને ઘેર ગયા એવા **નગરશેઠ સુબા મોરુ સુબા** તથા **હિમાભાઈ** પ્રભુના ગુણને ગાતા થકાં સતત સ્વામિનારાયણ

ભગવાનને સર્વના સ્વામી જાણી. સંભારતા થકા ગયા આ બાજુ સુંદર થાળ તૈયાર થયો. એટલે મહાપ્રભુ થાળ જમતા હતા. સૌ જનોના મનને આનંદ કરતા હતા. લોકોના મનનાં પાપોને તોડતા હતા. સુખ કરતા હતા.

**ભાણાશા ભક્તે** બહુ જ ભાવથી સુંદર રીતે રસદાર રસોઈ દીધી હતી તેને મહારાજ સુંદર રીતે રૂચિયુક્ત રસોઈ બહુ જમતા હતા. પછી વારેવારે પાણી પીતા હતા. થાળ જમીને પછી મહાપ્રભુ સૌ સંતોને જમાડતા હતા. મનમોહન પ્રભુ બહુ જ સુખ આપતા હતા. મહાપ્રભુ પંગતમાં વારેવારે ફરતા હતા. આગ્રહ કરી કરીને લાડુ જમાડતા હતા. રાજી થઈને બહુવાર સુધી નિરખી નિરખીને જમાડતા હતા. પછી પ્રભુ ચરણકમળ હસ્તકમળને ધોતા હતા. પછી ધીરે રહીને શરીર ઉપર સફેદ વસ્ત્રોને ધારણ કરતા હતા. પછી બલવીર મહાપ્રભુ દરવાજા લિંબતરુ નીચે વેદિકા હતી. તેના ઉપર ગાદિતકિયા પ્રભુ વિરાજમાન થયા. સુંદર રીતે ત્યાં મોટી સભા ભરી. હે રાજન ! તે સભામાં સંતો બેઠા. તેમની વચમાં મહારાજ વિરાજતા હતા. સંતો વર્ણિઓ પાર્ષદો સત્સંગીઓ સૌ આનંદ ઉત્સાહથી ઘનશ્યામ પ્રભુની સન્મુખ બેઠા હતા. સભા સારી જામેલી હતી. તે જ સમયે બ્રહ્માનંદ સ્વામી જુનાગઢથી સંતમંડળની સાથે આવ્યા હતા. પ્રભુને દંડવત્ પ્રણામ કરતા હતા. શ્રીહરિ ઘનશ્યામ નિરખીને તરત જ ઉભા થઈને સ્વામીને બાથમાં લઈને ભેટ્યા. સ્વામી શ્રીહરિના બંને હાથના બાહુમાં શોભતા હતા. પ્રેમના આંસુ નેત્રોમાંથી વહેતાં હતાં. આવી રીતે અરસપરસ બહુ જ પ્રેમાશ્રુથી પલાળતા હતા. સુખ કરતા હતા. મહારાજ સ્વામિને સ્વાગત સમાચાર પૂછતા હતા. અરસપરસ સુખ દેતા હતા. પ્રભુ પ્રસાદીનો હાર હરખાઈને દેતા હતા. તે સુખનું વર્ણન મુખેથી કહી જ ન શકાય તેવું અદ્‌ભૂત હતું. આવી રીતે અનંત પ્રભુ બહુ જ સુખ દેતા હતા. સૌ સંતજનોને ઘનશ્યામ મહાપ્રભુ ફરીથી સુંદર સુખની વાતો કરતા હતા. સૌ સંતોનાં પંચવર્તમાનથી પ્રસિદ્ધ પ્રમાણેની વાર્તા જુદી જુદી દિગંતમાં વિસ્તાર કરીને ભય ભાંગનારા મહાપ્રભુ સમજાવતા હતા. આવી રીતે શ્રીહરિ અમદાવાદપુરમાં અતિ સુખ કરનારી બહુ જ સુંદર વાતો કરતા હતા તે બધી વાતો સુંદર રીતે તમે પૂછશો તો તે વિસ્તાર કરીને સારી રીતે કહીશ.

સર્વજનોના મનને આનંદ દેનારા જગતના સ્વામી શ્રીહરિએ શંકરસ્વામીનો ગર્વ તોડ્યો એવા આદિપુરુષ અવિનાશી સંતજનોને તારનારા સુખના ધામી મહાપ્રભુ સુખ કરતા હતા. ભક્તજનોના ભયને ભાંગનારા ભગવાને ભયનો નાશ કર્યો. બહુ જ સુખ દીધાં. આવી રીતે આ ત્રીસમું સુંદર અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આ રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ અમદાવાદમાં શંકરાચાર્યનો પરાજય કરાવ્યો એ લીલાનું વર્ણન કર્યું એ નામે આ ત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૦॥**

# તરંગ-૩૧

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! કમલનયન હરિએ કેવી રીતે સંતો અને ભક્તજનોનાં વ્રતમાંનની જે સુખ દેનારી વાતો કહી તે બધી કહો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! વર્તમાનની બધી જ વાતો કહું છું. તેને તમે સાંભળો. એક વખત પરબ્રહ્મ સહજાનંદ સ્વામી પોતાનો નિત્યવિધિ કરીને સુંદર સિંહાસન ઉપર વિરાજમાન હતા. ત્યારે ગુણના ઘરરૂપ એવા **ગોપાળાનંદ મુનિ** કહેતા હતા હે પ્રભુ ! આપના આશ્રિત એવા અમે સૌ સાધુઓના જે ધર્મો હોય તે અમોને કહેવા કૃપા કરો. સંતનાં વચન સાંભળીને કમલનયન મહારાજ મુનિજનો પ્રત્યે સંતોના ધર્મ કહેતા હતા. મારા આશ્રિત સૌ મુનિમંડળજનો તમે સાંભળો. બધા જ ધર્મો કહું છું. તે બધાય ધર્મો સંપ્રદાય અનુસાર શાસ્ત્રોમાં વર્ણન કરેલા છે તે પ્રમાણે સારા પ્રમાણમાં મુનિઓના ધર્મો વખાણ કરું છું તે યથાયોગ્ય પાળવાના છે તે હું જાણું છું તે સાંભળો.

પ્રગટ પ્રભુની પરમ એકાંતિક ભક્તિ કહેવાય છે તે એકાંતિકી ભક્તિને મહાત્મ્યયુક્ત થઈને જે ભક્તિ કરે તે મુનિના મુખ્ય ધર્મ કહ્યા છે. એકાંતિકી ભક્તિ કરીને જનો ભવસાગરને તરે છે. પરમ પ્રસિદ્ધ જે ધર્મ તેને પામે છે. જે જન ઘનશ્યામ પ્રભુમાં સ્નેહ કરીને ભક્તિ કરે છે તે જીવ અનેક ભોગોને સુખેથી ભોગવે છે. આવી ભક્તિમાં લોભ કામ રસાસ્વાદ સ્નેહસહિત પાપરૂપ અધર્મ પરિવાર તે વિઘ્ન કરે છે. એ બધાને જે જીતે છે તે ધર્મ સર્ગમાં નક્કી જ નિષ્કામાદિક ધર્મને ગ્રહણ કરે છે. અધર્મ વંશનો પરિવાર બહુ જ મોટો અપાર છે. તે બધો પરિવાર પાપના પ્રમાણરૂપ બળવાળો છે. તેમાં તો પંચદોષો છે. તે જ મહાબળવાળા મોટા જ છે. તેને તો અવશ્યપણે જીતવા જ પડે એ જ મોટું ભક્તને માટે પ્રમાણ છે. જ્યારે સંતો પંચદોષોને જીતે તો તેનાથી બધા જ દોષો જીતાય છે. તેમાં કોઈ જાતનો સંશય જ નથી એમ જાણો. તે પંચદોષો છે તે મહાભયંકર પાપ રૂપ કહેલા છે તેનાં નક્કી કરેલાં બધાંનાં નામો કહું છું. તેમાં લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચે પ્રમાણવાળા દોષ છે. આ પંચદોષો છે તે જનોના અંતઃકરણના મહાશત્રુઓ છે. તેઓ મહાદુર્જય છે. તે કોઈના મનને જય કરવા દેતા જ નથી. આ રીતે બુદ્ધિવાન વિદ્વાનોનો મત કહેલો છે. બધા જ શુરવીરો બળવાળા પણ હારિ ગયા જ છે. તે અતિ કઠિન છે અને તેને જે જનજગતમાં જીતે છે તેને તો હે મુનિ ! તમે જાણો જ છો તે અમે જે સત્ય વાત જ કહીએ છીએ. આ પંચદોષો જ બધાં દોષો અને પાપોનું કરણ છે. તેને જગને તારનારા સંતો સારા સુશીલ સ્વભાવના જ જીતે છે.

અંતઃકરણથી સારા ગુણવાળા સમજુ જે મુમુક્ષુજન મોક્ષની ઇચ્છા રાખે એવા જનો સાવધાન થઈને પ્રયત્ન કરીને દઢતાથી પોતે પંચવિષયોને જીતવા જોઈએ. તે પંચદોષ જેના આશ્રયે રહેલા છે એવા બધા જ જુદાજુદા દોષો છે. તે બધાય વિગત કરીને વિસ્તારથી નિર્દોષ સ્વભાવના મુનિવર ધ્યાન દઈને પ્રેમથી સાંભળો. અધર્મ વંશ છે તે બહુ જ મોટો છે. તે લોભને આશ્રિત જે દોષો રહેલા છે તેનો સૌ સંતોએ ત્યાગ કરવાનો છે તે પહેલાં રોષયુક્ત છે તે વર્ણન કરીને કહું છું. બધા જ મોટાભાગના દોષો લોભને આશરીને રહે છે તે કેવા છે તે મુનિ હું કહું છું તે દોષના લીધે નરનારિજનોને નરકમાં નાંખે છે. જો નરનારિ તેનો ત્યાગ કરે તો સુખ થાય. બધાં જ પાપો થાય છે તે લોભના પ્રતાપે જ થાય છે. માટે પાપના ફેલવનારો લોભદોષ જ કારણભૂત છે એમ જાણો.

લોભના લીધે ક્રોધ ઉત્પન્ન થાય છે. લોભથી કામ ઉત્પન્ન થાય છે. મુનિવર લોભથી મોહ ઉત્પન્ન થાય છે. કપટ પણ લોભથી થાય છે. તેનાથી દ્રોહ થાય છે. લોભના લીધે નરનારિજનો પાછા પડે છે. હેરાન થાય છે. લોભથી અપાર પાપો થાય છે. લોભના લીધે લોકો નીચના ઘેર કન્યા વેચે છે. લોભને લીધે અન્યને વેંચી દે છે. ક્ષમા અને લજ્જા લોભથી નાસે છે. લોભના લીધે ચોરોને સજા નથી કરતા. લોભના પ્રતાપે શરીરની બધી જ શોભા નાસે છે. લોભથી ધર્મનો પણ નાશ થાય છે. અનેક પ્રકારની શરીરમાં ચિંતાઓ લોભના લીધે થાય છે. આ રીતે મુનિવર જોવું જોઈએ. લોભને લીધે જગતમાં અપકીર્તિ બહુ જ થાય છે. લોભથી મુનિજનો બધાં સત્‌શાસ્ત્રમાં કહેલું છે. લોભને લીધે મુનિજનો દંભને આચરે છે. ધ્યાન કરે છે. અજ્ઞાની જનો લોભના લીધે બીજાંને મારી નાંખે છે.

જગતમાં જીવનો દ્રોહ થાય છે ત્યારે તેની નિંદા થાય છે. મત્સર, માન, ગુમાન વિગેરેનું મનમાં લોભની અનુરૂપ જ રહેનારા છે. તે લોભના કાર્યો જ છે. હે સંતો ! તમે જાણજો. જે લોભના લીધે પદાર્થનો ત્યાગ થતો નથી અને ઉલટી તૃષ્ણાનો વધારો થાય છે. શરીરમાં ખેંચાણ થાય છે.આ બધું કવિજનો મુનિજનો શાસ્ત્રોમાં કહેલું છે. લોભ જ સૌને વખાણ કરાવે છે. ન કરવાનું કારણ લોભથી જ થાય છે. તે લોભીનો કોઈ વિશ્વાસ જ નથી કરતું. આ બધું થાય છે તે જગમાં લોભને લીધે જ થાય છે. લોભના પ્રતાપે નરનારિજનો ધનની ચોરી કરે છે. લોભના લીધે લોકો વ્યભિચાર કરે છે. લોભને લીધે અતિ ગરીબ થાય છે. લોભથી તત્કાળ પાપકર્મ કરે છે. બહુ જ પાપ થાય છે તે લોભના પ્રતાપ સમજ્યા વિચાર્યા વગરની જે ક્રિયાઓ થાય છે તે લોભના લીધે જ થાય છે. લોભના લીધે બહુ જ કઠોર પ્રકૃતિ થાય છે. સંસારમાં મૃત્યુ પણ લોભના પ્રતાપે બહુ જ થાય છે. ઈર્ષ્યાનો બળવાન વેગ છે તે લોભના પ્રતાપે થાય છે. એમ સંતો તમે જાણજો. ન જીતાય તેવા ખોટા બહુ જ વેગો આવે છે. તે જગતમાં લોભના લીધે જ થતા રહે છે. રસાસ્વાદના વેગને નિવારણ નથી કરતા તે બધા લોભથી જ જગતમાં પ્રવર્તતા રહે છે. અભક્ષ્ય ભક્ષણ કરે છે. ન ખાવાનું ખાય છે તે લોભનું જ કારણ છે એ મુનિજનો નિશ્ચય જાણજો. જગતમાં જેટલી ખરાબ ક્રિયાઓ કહેવાય છે તે બધાંનો પ્રવર્તાવનારો તો લોભ જ છે. બધાં જ પાપોનું મૂળ તે કારણ લોભ જ છે. એ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને દઢતાથી જાણવું. મનનો ક્ષોભ કરનાર તો લોભ જ છે.

તે બધાય દોષો લોભના આશ્રયને લીધે લોકોના કલ્યાણનો નાશ કરે છે. આવી રીતે મનમાં દઢપણે જાણીને તે લોભનો નાશ કરવો. ત્યાગવો. સંતોનો સમાગમ કરીને સૌ નરનારિજનોએ જ્ઞાનથી તાન કરીને લોભનો ત્યાગ કરવો. આ વાતોને બુદ્ધિવાળાજનોએ ખાસ જાણવું. હે રાજન ! મુનિ પૂર્વે ઘણાં રાજાઓ થયા છે. તેમણે જગતમાં પોતાના કલ્યાણ માટે લોભાદિકનો ત્યાગ કરીને બહુ જ મહાસુખ પ્રાપ્ત કર્યા છે.તેમના નામ શાસ્રોમાં કહ્યા છે. પરમ એકાંતિક રાજા જનકવિદેહી થયા તથા ધર્મરાજ યુધિષ્ઠિર થયા અને યુવનાશ્વરાજા આદિક ઘણા થયા છે. આવા પરમ ચતુર રાજાઓએ જગતમાં લોભનો નાશ કરીને સારરૂપ પરમકલ્યાણને પ્રાપ્ત કર્યું એવા પ્રવિણ રાજાઓ જેમનો યશ જગતમાં બધી જગ્યાએ ફેલાયેલો જ છે. વેદવેદાંતમાં શાસ્ત્રોમાં જેમની બહુ જ બુદ્ધિ જોડાયેલી છે એવા બધાં જ શાસ્ત્રોના સારરૂપ વિચાર જણાવેલ છે. અનેક ચાતુર્યોથી ચતુરતાવાળા અનેક શુભ ગુણોથી ભરપૂર શુભ ગુણો શોભે છે. બધા જ દોષોના મૂળમાં લોભ રહેલો છે. તેનો નાશ કરવા તથા ન રાખવા મુનિજનો તેના દુઃખોને જુવે એવા લોભનો દોષયુક્ત તેનો નાશ કરવો. નાશ

કરવાનો જે ઉપાય હોય તેનાથી તે દોષ નાશ કરવો. લોભનો નાશ કરવા માટે શુરવીર થઈને તેના જે ઉપાયો છે તેની વાર્તા કહું છું. કેવા ઉપાય કરવા તેના માટે મહાપુરુષની પાસેથી પ્રત્યક્ષ વાર્તા સાંભળો.

હે મુનિ ! મનુષ્ય જે વસ્તુનો લોભ કરે છે તે વસ્તુનો નાશ થાય છે. માટે તે વસ્તુનો ભોગ તો પૂરો થઈ શકતો નથી. કેવળ ક્ષણ માત્ર દર્શન જ છે. આવી રીતે પૃથ્વી ઉપરના ભોગો તો બધાય ખોટા જ છે. તે તો નાશ પામે છે. ક્ષણ જ રહે છે. આવી રીતે મનમાં સંતોષ કરીને તેનો વિચાર લોભનો ત્યાગ કરવો. દઢ મન કરીને ત્યાગવું. દેહ અને દ્રવ્ય આદિક બધુંય અસત્ય પદાર્થ છે તે એમ જાણીને જે લોભથી પાપ કર્મ કરે છે તે સત્ય થાય છે. તે બધાંય કર્મો છે તે સત્યરૂપે થઈને બહુ જ બળવાળાં થઈને જીવને વળગે છે. તેનાથી નરનારિજનો સૌ પાપ કરીને તરત જ તે જીવ નરકમાં પડે છે. પીડાય છે. છ લાખ ચોર્યાશી હજાર તે નરકનાં કુંડો છે. તેમાં પડે છે ને તેમાં પાપી ભોગોને ભોગવે છે. લોભે કરીને અપાર કાર્યો કર્યાં તેનું ફળને ભોગવે છે. અપાર પીડા પામે છે. ચોર્યાશી લાખ યોનિઓમાં લખચોરાશીમાં ભમે છે. કૂતરાંનાં દેહો ભૂંડના દેહોમાં ફર્યા કરે છે. વારેવારે જન્મને ધરે છે. પ્રીત કરીને શરીરમાં ભૂંડી રીતે દેહનાં દુઃખોને ભોગવે છે. આમ લોભ છે તે જ પાપનું મૂળ છે. તેને સૂળ સમજીને સંતોએ તત્કાળ ત્યાગ કરી દેવો તથા આવી રીતે જાણીને જગતની ગ્રામ્ય વાર્તાઓ ન સાંભળવી. તે પાપનું રૂપ છે. સમજીને ત્યાગ કરવો. બીજું દાઢીમૂંછ વગરનાં સ્ત્રીપુરુષ અને રૂપાળું બાળક પાતળાં વસ્ત્રો પહેરેલાં હોય તેની ચાંબડીનો સ્પર્શ કરવા લોભાવું નહિ. આ બધાં લોભના જ અંગો છે તેમ સમજી ત્યાગ કરવો. બહુ જ સુંદર સુનેરી વસ્ત્ર કે આભુષણ હોય તેમાં સારાં કિંમતી નંગો જડેલાં હોય તેને તથા અતિશય સુગંધવાળા ફૂલોની વાડી બગીચો હોય. બહુ જ સુંદર મધુર સુગંધીવાળી બગીચાની જગ્યા હોય તથા ઘોડો ઘોડી ગાય, વાછરડી તથા નેત્રને પ્રિય પદાર્થમાં મુનિવરે લોભાવું નહિ. તે તો અનેક પ્રકારનાં દુઃખોનું મૂળ છે તને જાણીને નાશવંત જાણીને ત્યાગવું. કડવું તીખું ખાટુંખારું મીઠાશવાળું અતિ ચીકણાં ગળ્યાં પદાર્થોખાવાનાં કે ચુસવાનાં કે ગળવાનાં હોય તેમાં લોભાવું નહી. તેનાથી નિર્દોષ રહેવું. તેમાં દોષદષ્ટિ જાણીને ન લોભાવું. મુનિવર તેજ મનુષ્યની મહાનતા છે. રસનાનો ત્યાગ કરીને ભગવાનનું ભયહરિનો મહિમા સમજીને ભજન કરવું. સુગંધયુક્ત તેલ ફુલેલ અત્તરની સુગંધ ચંદનની સુગંધ પુષ્પની સુગંધ એ આદિક નાસિકાનો પ્રિય પદાર્થો સુગંધી દ્રવ્ય આદિક તેને સમજીને બુદ્ધિવાન મુનિજનો લોભાય નહિ. અતિ રમણીય વિષયો કહેવાય છે તે તો પાંચ ઇંદ્રિયોની પંચઘાતો છે તેમ જાણવું. તે પંચવિષય બધાંય ઇંદ્રિયોને ખેંચે છે. દુઃખકારણ જાણીને આવી રીતે મુનિજનો મનને લોભાવે તેને પ્રયત્ન કરીને દઢતાથી જીતે.

પંચવિષયમાં પ્રેમ રાખીને ઇંદ્રિયોને પાછળ પાછળ ફેરવે. તેનાથી વિષયોમાં જ્યારે આસક્તિવાળો ન થાય ત્યારે તે જીતેન્દ્રિય કહેવાય છે. તે દઢ મનવાળો કહેવાય. પાંચ વિષયમાં તે પાંચે ઇંદ્રિયો જ્યારે જાય ત્યારે તેની પાછળ મન જાય. વિષયની અંદર પ્રવેશ કરે ત્યારે તે ઇંદ્રિયોની સાથે મન પ્રવેશ કરે ત્યારે તે સ્પષ્ટ થાય કે તેના પાંચ શત્રુઓ સદાય પ્રવૃત્તિવાળા રહે છે. જીવને બહુ જ પીડે છે. દુઃખમાં નાંખેછે. એટલા માટે મુનિજનો વિષયોનો ત્યાગ કરીને મનની સાથે ઇંદ્રિયો પાંચને શત્રુ માનીને હંમેશાં મનની સાથે તેને ત્યાગવું કઠણ લાગે. એટલા માટે હે મુનિવર ! મોક્ષની વાત પ્રયત્ન કરીને મન અને ઇંદ્રિયોને જીતીને વશમાં કરે તો બહુ જ સુખને પામે તે જ પ્રમાણે જ્ઞાનિજનો સંતો મુનિજનો સત્‌શાસ્ત્રો સારી રીતે કહે છે. સમજાવે છે. તે મન ઇંદ્રિયોને જીતવાની રીતને કહું છું તો તમે ગોપાલાનંદ મુનિ ધ્યાનથી સાંભળો. મનની સાથે ઇંદ્રિયોને

જીતવી જોઈએ. એવા જીતેલા વશ કરેલા જ્યારે જિતેન્દ્રિય સંત મળે તો સફળ થવાય. મહામ્ય જ્ઞાનયુક્ત ભગવાનની ભક્તિ કરતા હોય. શુદ્ધ મનથી ભગવાનની ઉપાસના કરતા હોય અને નિત્ય પ્રત્યે સારા પવિત્ર વિચારો કરતા હોય એવા મુનિજનો મનઇંદ્રિયને જીતવાનો ઉપાય સમજાવે આવા મુનિજનો દ્વારા મનઇંદ્રને જીતનારા હોય છે. તે સંતો શુદ્ધ મનવાળા સાચા મુમુક્ષુ બહુ જ સમજવાળા કર્મ અનુસાર પોતે બધું જ જાણતા હોય. એમનો સુખપદાર્થ મળે તોય કોઈ અંતર ન જ પડે. એવા નિર્માનીને પ્રભુ ઈશ્વર જેવું સુખ આપે ભોગ અને તેની તૃષ્ણા પૂરી થાય જ નહિ અધુરી જ રહ્યા કરે. જેટલાં અન્ન વસ્ત્ર પદાર્થો મળે તે બધાંથી નિર્વાહ કરે ને પોતાના શરીરનું તેનાથી આનંદઉત્સાહ રહે છે.

શરીર માટે જ જીવ પ્રયત્ન કરે છે અને વસ્ત્રથી પોષણ સારી રીતે થાય. આ તો દેહનું પાલન કરવાનો મહાધર્મ છે. તે તાત્કાલિક સુંદર સાધન કહેલ છે. પોતાના દેહના નિર્વાહ કરવા પૂરતું માનીને અન્નવસ્ત્રનું આદિકનું શરીર જાણીને પોષણનું સાધન જાણીને જતન કરે છે. તેની રીતને હું હવે તમને કહું છું તે જ રીત પ્રમાણે જે નિર્વાહ કરે છે તે સાચા સંત છે. આના સિવાય પોતાની રીતે શરીરનો નિર્વાહ કરે છે અમારા વચનનો લોપ કરીને વર્તે તેને મૂઢ જાણવા તે યમપુરીમાં જાય છે. એ સત્ય જ વાત છે. એમાં કોઈ જાતનો સંશય જ નથી એ તમે જાણજો. ત્યાગીને જેટલાં વસ્ત્રો રાખવાના છે. તેની વિસ્તાર કરીને કહું છું તેને સમજી જ્ઞાની મુનિવર સાંભળો. છ મહિના સુધી પહેરેલું તેવા જુનાં સફેદ વસ્ત્ર તેના ભાગમાંથી એક કંથા કરવી તે વસ્ત્ર ઠંડીને દૂર કરવા ઓઢવી. આ રીતે વર્તન કરવું. હે મુનિ ! બે કૌપીનું રાખવાની. બે ધોતિયાં રાખવાનાં. તેની ઉપર વસ્ત્ર ઓઢવાનું રાખવાનું તથા એક પછેડીનું વસ્ત્ર રાખવું. લુગડાંનો કટકો પાણી ગાળવા માટેનો રાખવો. એક ટોપી રાખવી તથા એક માથા ઉપરનો રૂમાલ રાખવો. કોઈ ધાતુના તાર વગરનો રાખવો. રૂમાલ ચોરસ રાખવો. તેની ઉપર કોઈ જાતનાં ચિત્રો કરેલાં ન હોય તેવો તે ગૃહસ્થ પાસેથી માંગ્યા વગર જ આપે તો લેવા માંગવો નહિ. નવાં વસ્ત્રો આપેલાં હોય તેમાંથી કરવો આ અમારી આજ્ઞાને અંતરમાં ધારીને રહેવું. એક કામળને હાથ ઉપર રાખવી. તે પણ એક ફાળની સારી હલકા વજનથી તથા બીજું એક નવું કપડું વધારાનું રાખવું. શરીર ઉપરની ઠંડીને ટાળવા રાખે. જેટલાં વસ્ત્રો સંતોને રાખવાનાં કહ્યાં તેટલાં વસ્ત્ર મુનિ ખંતથી રાખે. અમે જે પ્રમાણે કહ્યા તે બધાં રાખવાં. ખંતથી રાખી એક તો રાખવાં ધ્યાનથી.

કામળી સિવાયના બધાંય વસ્રો કપાસના તારનાં બનાવેલાં જ લેવાનાં. કોઈ જાતના રાગ શોભાવાળું વસ્ત્ર તે ન રાખવું. વસ્ત્રો ફાટે ત્યાં સુધી ખટકો કરીને રાખવાં. ઓછી કિંમતનાં અને સફેદ કલરનાં મળે ત્યાંથી લેવાં. તેમાં ધાતુનાં તાર વગરનાં લેવાનાં. પહેલું લીધેલ વસ્ત્ર જ્યારે સાવ જીર્ણ થાય, તૂટી જાય ત્યારે જ બીજું વસ્ત્ર લેવું અથવા તો ચોરાઈ જાય કે ક્યાંક પડી જાય ત્યારે જ બીજું વસ્ત્ર રાખવાનું. હવે વસ્ત્ર રાખવા માટેની વિક્તિ છે તે કહું છું. તે વસ્ત્રોમાં સફેદ ધોતી તે દોઢ રૂપીયાની કિંમતનું હોય તે જ લેવાનું. સવા રૂપીયાની જ લેવી. તે પણ કાબરચિતરી કે કોઈ રંગીન મૂલ્યવાળી હોય તેવી ન રાખવી. રૂમાલ રાખવાનો તે અડધા રૂપિયાની કિંમતનો. આનાથી ઓછી કિંમતનો રાખવો પણ વધારે કિંમતવાળો નહિ રાખવાનો. બહુ જ પાતળું અને તેમાં ધાતુના તાર હોય તેવું ન લેવું તથા જાતજાતના ચિત્રો કરેલાં રંગવાળું ન લેવું. તારથી ગુંથેલું હોય તો તથા લાલ પીળા લીલા રંગના તારો ગુંથેલો હોય કે રંગવાળાં હોય તે વસ્ત્રો ન લેવાં. માગ્યા વગર જ ગૃહસ્થ લોકો જો વસ્ત્ર આપે તો તેને મારા આશ્રિત સંતોએ

ન લેવાં. રાખવા માટેનાં જે કપડાં કહ્યાં તે વસ્ત્રો જો પોથાની પાસે ન હોય તો માગી લેવા તે ગૃહસ્થ પાસેથી માગી લેવા જુનું વસ્ત્ર હોય તેને બહુ જ પ્રેમથી પહેરવું. જુનું વસ્ત્ર પહેરવામાં મુનિજનને કોઈ દોષ નથી થતો પણ નવું માંગવાથી બહુ જ દોષ થાય છે. તે કારણ માટે મારા આશ્રિત સંતજનો તમે સાંભળો. નવું વસ્ત્ર ન માંગવું.

હે મારા શ્રેષ્ઠ મુનિજનો ! તમારે રાખવાનાં જે વસ્ત્રો કહ્યાં તેને લાલ કલરની રંગીન માટી તેનાથી રંગીને ધારણ કરવાં અને રંગ કર્યા વગરનાં વસ્ત્રો ન ધારવાં. મુનિજનોએ ક્યારેય સફેદ વસ્ત્રને ધારણ ન કરવું. પ્રભુ સેવાના ઉપયોગમાં ભોજન જમાડવાની જરૂર પડે તો તેના માટેનાં વાસણ ધાતુનાં ન રાખે. તેના માટે તો બધાં લાકડાંનાં બનાવેલાં પાત્રો રાખવાં. પોતાના ઉપયોગમાં આવનારા સારાં શાસ્ત્રોને સૌ સંતો બહુ જ પ્રેમથી પોતાની પાસે રાખે. તે પુસ્તકો લખવા માટેનાં સાધનો કલમ શાહી તથા ચક્કુકાતર સોય દોરો આદિક બધું જરૂર પ્રમાણે રાખવું. ભિક્ષા કરવા માટેનું પાત્ર તથા જળ પીવા માટેનું પત્ર તેને કાષ્ટનાં જ રાખવાં તે પાત્રોને સફેદ કે પીળાં કે લાલ કોઈ રંગથી રંગવા નહિ. રંગ્યા વગર જ સુંદર રીતે રાખવાનાં પોતાની પાસે અથવા કોઈ બીજાની પાસે ધનનો સંગ્રહ ન કરવો કરાવવો. એવા અમારા સાધુજનો તેમણે આ સંસારને નૌકા જેવા જાણવો. સંસાર સાગરમાં નૌકા ભમે છે. ગાય ભેંસ બળદ તથા સુંદર પાત્ર કે વસ્ત્ર. બહુ સારાં હોય તથા જેનાંથી ધન મળે તેવું હોય તેનો સંગ્રહ ન કરવો. મુનિ બીજાની પાસે પણ ન રખાવે એવા જે સંત તે એકાંતિક સંત કહેવાય. મારા આશ્રિત સંતો તે ક્યારેય કોઈ દિવસ ચોરીનું કામ ન કરે કે તથા કોઈની પાસે ન કરાવે. સંતજનોએ ક્યારેય ચોરોનો સમાગમ ન કરવો. પોતાના ઉતારે ચોરને ન રાખવો. ફળ પુષ્પ લાકડું ઘાસ અનાજ પાણી દાતણ માટી આદિક ધણિયાતુ હોય તો ન લેવું. કોઈ પ્રકારની ધીર ધાર ન કરવી. ધનવાનના વિચારો ન કરવા. ધન પદાર્થ લેતાં ડરવું. સારા જનોએ સંગ કરવો.

અમે જે બધાય નિયમો સારરૂપે કહ્યાં તે બધાય મુનિજનોનાં કલ્યાણ કરનારાં છે. આવી રીતે અમે બધા જ નિયમોનો સાર કહ્યો. તે મુનિઓને સુખ કરનાર અને કલ્યાણ કરનાર છે. તેનો જો કોઈ આળસ પ્રમાદ કરીને જો ભંગ કરશે તો તેનું પ્રાયશ્ચિત્ત બહુ જ પ્રેમથી કરવું. તે પ્રાયશ્ચિત્ત કરવામાં લગારે વાર ન કરવી. એવા સંત તેમણે મારા પ્રેમવશ થઈને તત્કાળ જ પોતાથી નાના મોટા પાપ થયા હોય તે ગુપ્ત ન રાખવું. જાણે કે અજાણે જો કાંઈ થયું તેનો ભગવાનનો ભય રાખીને પ્રાયશ્ચિત્ત કરવું. મોટા સંત પાસે ગરીબ વચન બોલીને કહેવાથી શુદ્ધ મનવાળો ભક્ત થાય છે. મોટા ચાર સંતો પાસે પાપ રજૂ કરીને મુનિજનો કહે તે પ્રાયશ્ચિત્તને આનંદથી કરવું. પાપનું નિવારણ સંતોએ જીણી મતિથી દેશકાળ અનુસાર કરાવવું. તે સંત સાવધાન થઈને પ્રેમથી કરવું. પાપને ટાળવાનું મહાન સાધન તે પ્રાયશ્ચિત્ત છે.

હે મુનિવર ! તે પાપના નિવારણ માટેની વાત વિચારીને તમને કહું છું તે પોતાના આશ્રિત સંતના કલ્યાણ કરવા માટે પ્રેમથી તે વિધિ કહું છું. કહેલાં વસ્ત્રો કરતાં વધારે વસ્ત્ર સમજુ સંત પોતાની પાસે રાખે તો તેના દોષના નિવારણ માટે **પાદકૃછ્રવ્રત** કરવું. તેનાથી પાપ નિવારણ થાય છે. નવાં સફેદ વસ્ત્રને ધારણ કરે તો તેમણે તેના પાપના નિવારણ માટે **પાદકૃછ્રવ્રત** કરવાથી ભૂલ નિવારણ થાય છે. સાચા સમજુ સંતો જો સોનાના તારવાળું વસ્ત્ર પોતાની પાસે રાખે તો તે પાપ ભૂલના નિવારણ માટે **પાદકૃછ્રવ્રત** કરવાથી પાપ

નિવારણ થઈ જાય છે. લાલ પીળું લીલું વાદળી વસ્ત્ર તે બહુ જ પાતળું મુલાયમ બહુ જ ચિત્રવિચિત્ર રૂપનું બહુ કિંમતનું પોતાની પાસે રાખે તો. તેના પાપના નિવારણ માટે મુનિજન એક એક પ્રત્યેક વર્તનથી એક એક પાદક્ચ્છ્ર નિયમ પ્રમાણે કરે તો પાપ મુક્ત થાય.

જે વસ્ત્રો રાખવાનાં કહ્યાં તે મુજબ સુંદર રીતે લાલ માટીથી રંગ કરીને રાખે. અને જો રંગ્યા વગર સફેદ ધારે તો તેને **પાદક્ચ્છ્રવ્રત** કરવું. જેટલાં પદાર્થો રાખવાનાં કહ્યાં છે તેનાથી જો મુનિ વધારે રાખે તો તેના પાપના નિવારણ માટે **પાદક્ચ્છ્રવ્રત** કરવું. તેનાથી દોષ નિવારણ થાય છે. આવી રીતે નિયમ ભંગ થવાથી જે દોષ થાય છે તેના દોષ નિવારણ માટે **પાદક્ચ્છ્રવ્રત** કરવાથી નિવારણ થાય. તે માટે મારા આશ્રિત સંતોએ જે પ્રમાણે કહ્યાં તે પ્રમાણે જ રાખવાં તો દોષ ન થાય ને સુખ થાય. જેટલાં વસ્ત્ર મૂળમાં કહ્યાં તેટલાં જ તેનો યોગ્ય રીતે સંગ્રહ કરવો તે જ ઉચિત છે. તેમાં ફેર ન પાડે અને સાવધાન થઈને નિયમ પ્રમાણે વર્તવું. હવે તે પાદકૃચ્છ્રવ્રત કરવાની રીતિ કહું છું. તેને તમે ધ્યાનથી સાંભળો. તે વ્રતમાં એક દિવસ એક વેળા ખાવું. બીજે દિવસે સાંજે દિવસ આથમ્યા પછી ખાવું. અને ત્રીજા દિવસે માંગ્યા વગર જ જો મળે તો ખાવું. અને ચોથા દિવસે નકોરડો ઉપવાસ કરે. આ રીતે પરમ ઉદારતાથી મનને વશ કરીને વ્રતને કરે. આવી રીતે મુનિજનો ઉદાર મતિના આ વ્રતને **પાદકૃછ્રવ્રતના** નામથી કહે છે. આ વ્રતને મુનિવરો પોતાનું હિત માનીને કરવું અને ધર્મતનય મહાપ્રભુના ચરણકમળનું ધ્યાન કરવું.

સંતજન પારકું ધન પોતાની પાસે ધનનો સંગ્રહ કરીને રાખે અથવા સોનું ચાંદી આદિક બધાં જ પ્રકારનાં ધાતુ બધાંમાંથી તે જેટલા દિવસ રાખે તેટલા દિવસ ઉપવાસ કરવા. સંત પોતાની પાસે વાહન રાખે. ઘોડા રથ વેલ ગાય ભેંસ આદીક રાખે તેટલા દિવસ ઉપવાસ કરવા ધણિયાતું કોઈનું ફળ પુષ્પ વસ્ત્રો આદિક પદાર્થની ચોરી કરી હોય તો ભગવાનને દંડવત્ પ્રણામ કરીને પછી તેના નિમિત્તે ઉપવાસ કરે. દૃઢતાથી વ્રત કરીને તે પાપનું નિવારણ મુનિ કરે. જ્યારે ત્યાગી પોતાનાં ધર્મનિયમથી ભ્રષ્ટ (પતનવાળા) થાય ત્યારે તે પોતે શુદ્ધ થવા માગે પ્રાયશ્ચિત્ત કરવા તૈયાન ન થયો હોય ત્યારે તે (ભ્રષ્ટ)ને પંગતમાંથી બહિષ્કૃત કરવો. જ્યારે તે સાધુ પ્રીતથી પ્રાયશ્ચિત્ત કરવા માગે અને પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય ત્યારે તેને સંતની પંગતમાં લેવો. એમ બુદ્ધિવાન સંતો ધર્મ નિયમમાં રહે. ત્યાગીને પોતાની પંગતમાં લેવો ને તેને ત્યાર પછી સારી રીતે સાચવીને રાખવો. આમ અમે જે વાતો વખાણ કરીને કહી છે તે બધી વાતો ત્યાગી પંચના પ્રમાણમાં રાખવા માટેના છે. સાત્ત્વિક મનવાળા સદ્‌ગુરુનો સમાગમ કરે અને ભગવાનનો દૃઢ રીતે આશ્રય કરીને કહ્યાં તે નિયમોનું પાલન કરતાં રહે. હવે હે ગોપાલાનંદ મુનિવર ! લોભને આશ્રિત અનેક દોષો રહેલા છે. તેથી તેને પહેલાં જ બહુ જ હેત કરીને કહી દીધા તે તમે સાંભળ્યા. આવી રીતે મુનિજનોએ વર્તવાનું છે. એ રીતે વર્તે તે સંતો નીર્લોભી સંત કહેવાય એમ જાણવાનું છે. કામને આશ્રિને રહેલા જે દોષો છે તેને ઉપાય કરીને ખાસ જીતવા. તેના માટેના ઉપાય કહું છું તેને શુભમતિ તમે દૃઢ રીતે સાંભળો.

લોભદોષને સરખો સમજાવીને તેને જીતવા માટે વિસ્તાર કરીને વાત સમજાવી. મુનિજનોએ વ્રતને દૃઢતાથી સાંભળી લીધાં તે બધું શ્રીહરિએ સ્વમુખે વર્ણવીને કહ્યાં. આ રીતે વાત સાંભળીને મુનિ બહુ જ વાતમાં ગુલતાન થયા. લોભનો નાશ કરવાનો ઉપાય બહુ જ ગહરો હતો તે જાણ્યું. આવી રીતે એકત્રીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીરૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ ગોપાળાનંદ મુનિને પ્રત્યે ત્યાગી સાધુના ધર્મોને વિષે લોભ દોષનો ઉપાય વર્ણન કરીને કહ્યો એ નામે એકત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૩૧॥**

# તરંગ-૩૨

શ્રી સહજાનંદ સ્વામી કહે છે, હે મુનિવર ! લોભ આદિકનો આશ્રય કરીને જે દોષો રહેલા હતા તેને જીતવાના ઉપાય બધા જ વિસ્તાર કરીને શાસ્ત્રની રીતે જ ઉપાયો વર્ણન કરીને કહ્યા.

ગોપાલાનંદ મુનિ કહે છે, હે મહાપ્રભુ ! કામને આશરીને જે દોષો રહેલા છે તે બધાય દોષો મને સમજાવીને કહો તથા તેનાથી મુક્તિ માટેના જે ઉપાયો હોય તે બધા હે મુનિજનોના સ્વામી ! મને કહેવા કૃપા કરો.

શ્રી ઘનશ્યામ પ્રભુ કહે છે, હે મુનિ ! જેવી રીતે જેમાં પાણી આશ્રય કરીને રહેલું હોય તેને તળાવ સમુદ્ર વિગેરે કહેવાય તેમ કામને આશ્રિત જે થાય તે બધાય દોષો જ કહેવાય છે. હે મુનિ ! કામને વશ થયા હોય તે સ્ત્રીના સુખને આનંદકંદ પરબ્રહ્મના સુખ કરતાં વધારે માને અને રમણીય રૂપવાનને જોઈને તેમાં આસક્ત રહે કેટલાંક લોકો પંડિત જ્ઞાની કહેવાય પણ તે સ્ત્રીના સુખ માટે અનેક દંભને કર્યા કરે. રમણીઓની (સ્ત્રીઓની) સભામાં જ્ઞાનની વાતો કરે અને મહા આડંબર (દેખાવ) કરીને અનેક કહેવતોને કહેતો રહે. કેટલીક સ્ત્રીઓના સુખનાં કામકાજ માટે દંભીઓ શ્રીકૃષ્ણ સર્વ સમાજના ભક્તો જાણીને ભેગા મળીને કાર્ય કરે તેને હે મુનિ દંભિજનો દોષ નથી ગણતા. આવી રીતની સમજણવાળા દુષ્ટોને સારાં કાર્ય કરનારા કહેવાતા ને તે મુનિજનો માટે નિરખીને કામશત્રુ જાણવા. કેમકે ક્યાં ભગવાન અને ક્યાં હરિભક્તો. આ બેયમાં બહુ જ જગતનો ભેદ સમજવો જોઈએ. સર્વથી સમર્થ મેઘસમાન શ્યાંમ વર્ણના ઘનશ્યામ પ્રભુ તો સર્વજ્ઞ સ્વતંત્ર પૂર્ણકાંમ છે અને હરિજનો ભગવાનના ભક્તો તો શ્રીહરિના કહેલા દઢધર્મનું પાલન કરતા થકા ધર્મપાલનમાં જ સુખ માનનારો છે. ગુરુજનો પોતાની કામ વાસના ખાતર શિષ્યોને ઠગે છે. એવી જ રીતે ઠગશિષ્યો ગુરુને ઠગે છે અને રાતદિવસ કામ પરાધિન થઈને તે મૂઢ ગુરુ પોતાના ગોત્રની જે પુત્રી ભાણેજ બહેન તેઓનો ભોગવે પછી તે ગુરુ શિષ્યની પત્નીનો સંગ કરે છે. કામ કુબુદ્ધિના સંબંધ સહવાસથી થાય છે ને પોતાની બહેન પુત્રી ભાણેજ તેનો પણ તે ગુરુ સંગ કરે છે. આવી રીતનાં કપટી ગુરુજનો દુષ્ટ કામ કરાવે છે. જેનો પતિ મરી ગયો છે એવી નારીનો સંગ કામવનાથી ગુરુ કરે ત્યારે તેનું ગોત્ર કે અગોત્ર તે કોઈ જોતો નથી. જાણતો નથી કે છૂતઅછૂત કાંઈ જોતો જ નથી. આવાં શરીરોનો સ્પર્શ કરે ને મહાન પાપો કરે છે.

મહા મોટા કુળવાળા જેનાં જગમાં વખાણ થાય તેવા બહુ જ પ્રસિદ્ધિવાળા પંડિતજન પણ કામવશ થઈને યવની કે સ્વપચી આદિ નારીની સાથે સંગ કરે છે. પુરુષ પુરુષનો કામવાસનાથી તત્કાળ જ સંગ કરે છે તથા ગધેડી આદિક પશુઓની સાથે વ્યભિચાર કરે છે. તે ક્રૂર છે. જગતમાં મહાન મોટા ત્યાગી થઈને કામવાસનાથી પ્રેમ કરીને મન વશ થઈને વાંદરાની માફક હસ્તમૈથુન કરે ને તેનાથી વિર્યપાત કરવાનો વિચાર કરે તે બહુ જ દુષ્ટો પાપી છે. જગતમાં નરનારિજનો કામવાસનાના બળથી વ્યભિચાર કરીને વર્ણશંકર જાતિ થાય છે. તેમાં

ચાર વર્ણ તથા આશ્રમો ચાર તેને લોપી પોતપોતાના ધર્મને ખોટી લવારી લબાડી કરીને લોપે છે. કામવાસનાના લોભે સ્ત્રી પોતાના પતિને મારે છે. પિતા ભાઈ પુત્ર આદિને મારી નાંખે છે અથવા બીજાની પાસે મરાવે છે. પોતાને વાસનામાં વિઘ્ન રૂપ માનીને જાણીને મરાવે છે. પુરુષને નારી પ્રીતથી પાપ કરે છે તે અનીતિના અનેક કામ કરાવે છે. તે મારી નાંખવા સુધીનાં અપરાધો કરે કરાવે.નારી પોતાના સંબંધીનું કોઈ જાતના બાધ વગર દુષ્ટ કર્મ કરાવે છે. કુકર્મમાં કાંઈક અંતરાય કરે છે ત્યારે તે કામી પુરુષ ઓચિંતો જ મારી નાંખે છે અથવા કોઈ બીજાની પાસે મરાવે છે. આવાં કામો તો કામી કુબુદ્ધિ કુવાસનાથી જ કરાવે છે. માંછલી માંસ મદિરાપાન આદિ ચીજો તથા અતિ અસત્ય ભાષણ કરીને મર્યાદા લોપીને કામવાસનાના લીધે ઉત્તમ જાતિનાં પણ જનો ન ખાવાનાં પદાર્થો ખાઈને જીવન નરક કરે. ક્રોધ, મદ, મત્સર, માન, ઈર્ષા, દંભ નિર્લજપણું આદિ અનેક દોષોના લીધે કામને વશ થઈને સૌ અતિ રોષવાળા રહે છે. દુષ્ટ પ્રકૃતિથી અપકીર્તિ થાય તેનાથી સંમોહ થાય પછી અવળી સમજણ થાય. તેનાથી પુર્વાપરની વિસ્મૃતિ થાય તેનાથી સારી સ્મૃતિ નાશ પામે એમ જાણવું. આવા દોષોને લીધે જગતમાં બહુ જ અપમૃત્યુ (આત્મઘાત) થાય. મોટું દુઃખ ઉપાધિ માનભંગ થાય. દોષોના લીધે કામમાં સપડાયેલો રહે છે. આ કામને લીધે સ્વાન (કુતરાં) શુકર (ભુંડ) ગધેડાં આદિકના અનેક નીચ દેહોને પામે. નરકમાં જાય. અનેક પ્રકારનાં કષ્ટોને પામે. જગતની લખચોર્યાશીમાં જન્મમરણમાં ભમે નીચ ઉચ શરીરોને પામીને તે દુષ્ટ બહુ જ કષ્ટ પામે. કામથી કષ્ટવાળાં થાય છે.

આવી રીતે તે કામાદિક દોષ બધાય કહ્યા અને કામના પ્રકાર પણ શુદ્ધ મતિથી કહ્યા. સાથે કામદોષ કહ્યો તેની નિવૃત્તિ માટેના જેટલા ઉપાય કહ્યા તે તમે સાંભળ્યા. તેના ઉપાય કેવો છે તે તે ગુણમય એવા જે ધર્માદિક સર્ગ તેને હૈયામાં ધારણ કરીને તેના નાશ કરવાનું ધારીને તે અધર્મ સર્ગના બધા દોષો નાશનો વિધિ કહું છું. તેના માટે બળવાળો ઉપાય કહું છું તેને તમે મુનિ ધ્યાનમાં ધારજો. સુખ કરનાર નિયમ તે મુનિના સંતના મુખેથી સાંભળીને જેના કારણને તે મુનિ જાણતા હતા તેનું વર્તવાનું બહુ જ બળવાળું કામનું નાશવતમાં ન કહ્યું છે. સૌ નરનારિના મનમાં કામની પીડા રહે છે. મુનિના તનમાં યુવાઅવસ્થામાં વધારે પીડા રહે તે કારણે જ તેનાથી સાવધાન રહેનાર જ તરી જાય છે. તેના માટે તરવા માટેનું વ્રત કહું છું તે બહુ સારું છે તે વ્રત કરવાનું. તે વ્રતને શુભ વિચારો કરીને કરવું. તેનાથી કામની પીડાનો નાશ કરીને બળથી જીતાય છે. તેથી હમણાં જ તે વ્રતની વિગત કહું છું. તેને મુનિ ઉરમાં ધારીને ગ્રહણ કરી લ્યો. વર્ષાઋતુમાં ધારણા પારણા નામનું વ્રત કરવું ચાતુર્માસમાં તે વ્રતો કરવાનું રાખવું. તેનો વિધિશાસ્ત્રમાં કહેલ છે તે પ્રમાણે કરવો સારો છે. તેની હવે રીત કહું છું તે રીતને સાંભળો. બુદ્ધિશાળી બુદ્ધિપૂર્વક તે વ્રત કરવાનું છે તે કામના મૂળનો જલદીથી નાશ કરનાર છે તે વ્રતને **ચાંદ્રાયણ નામથી** કહે છે તે વ્રત કરવું. અને બીજું **પારાક નામનું વ્રત કરવાનું** તેનો વિધિ શાસ્ત્રમાં કહેલો તે પ્રમાણે કરવું. દેશકાળ પ્રમાણે ધ્યાન લઈને કરવું. વર્ષાઋતુમાં શરીરમાં કામવાસના રહે તેને ટાળવા માટે કરવું. યુવાની વયવાળા શરીરમાં બળ વધારે હોય તેમણે ખાસ કરવું. અંતરના અનુશાસન પ્રમાણે વ્રત ધારણ કરવું. **કૃછ્ર** અતિ **કૃછ્ર** વ્રતને કરવું અને બીજું **શાંતપન નામનના વ્રતને** કરવું. તથા **ઉદાલક, વ્રતના યાવક, સૌમ્ય આદિક વ્રતને લેવાં.** આ આદિક જે **કૃછ્રવ્રતો છે** તે લેવાં. વ્રત કરીને કામને તરી જાય છે. **ફળ કૃછ્રવ્રત** તથા પર્ણ**નકૃછ્રવ્રત કરવાથી** સંતને જલદીથી અસર કરનાર થાય. **જળકૃછ્રવ્રત** કરે કે **સુરભિ કૃછ્રવ્રત** કરે તથા કરે તે સ્વચ્છ થાય છે.

આ કહ્યાં તે આદિક **કૃછ્રવ્રત કરવાં.** સમયમર્યાદા પ્રમાણે શાસ્ત્રની મર્યાદા પ્રમાણે જાણીને કરવાં.

મુનિજનો આ વ્રતની રીત પોતાના ગુરુજનો પાસેથી જાણે અથવા મોટા સંતોની પાસેથી સાંભળીને જાણે. જ્યારે કામનું મુળ મનમાંથી નાશ થાય ત્યાં સુધી આ વ્રતને મુનિજનો કરે. અમે બધાંય વ્રતો કહ્યાં. તે પ્રમાણે જો સંતો કરે તો તેમના માનસમાં કામનો વાસ નથી થતો. અવ્યક્ત કામની વાસના નાશ કરીને હરખને પામે છે. જ્યાં સુધી મનમાંથી કામ નાશ ન થાય ત્યાં સુધી સંતજન વ્રત કર્યા કરે. પ્રત્યેક વર્ષમાં વૈરાગી તે પોતાના સામર્થ્ય પ્રમાણે વ્રત કર્યા કરવાં. વ્રતને કર્યા કરવાથી તે કામવાસનાને સમજી સંતો શાંતિથી જીતે છે. તે જ રીતે વિચાર કરીને સંતજનોનો સમાગમ કરવો. આવી રીતે તે સંતજન બંને રીતે પ્રયત્ન કરીને અતિશય બળવાળો દુષ્ટકામને મુનિ આ જગતમાં જીતે જ છે તે વાત સાવ સાચી જ છે.

હવે હું વસ્તુના વિચારની વખાણ કરીને વાત કહું છું તેને સૌ મુનિજનો તમે સાવધાન થઈને સાંભળો. જે પુરુષ કામ સુખ માટેનું સાધન જાણે અને સ્ત્રીને સુખ કરવાનું સાધન જાણે તેને જ જુવે. તો તે સ્ત્રી કેવી છે તેનું પ્રમાણ વાત કહું છું તે સાંભળો.સ્રીનો દેહ તે મળ મૂત્રથી મેદ મજ્જા મલિન કફ હાડ માંસ સ્નાયુ આદિથી લથપથ છે. અને લાળ લીટ અને લોહી આદિ દુર્ગંધમય વસ્તુઓ બધી શરીરમાં ભેરેલી છે. નખશિખ સુધી મળમૂત્રથી ભરેલી નારી તેમાં પાપીજનો બહુ જ પ્રેમ કરીને તેને વશ થઈને ભજે છે. એમાં કોઈ એકે વસ્તુ સારી શુદ્ધ પ્રમાણ છે જ નહીં. બધી જ નારીના શરીરમાં દુર્ગંધમય વસ્તુઓ ભરેલી. તેમાં મૂર્ખજનો મહાસુખ માનીને અતિકામાંધ મનવાળા તે બહુ જ મલિન જીવો છે. સંતજનો આવી વસ્તુના વિચારને સારી રીતે જાણે અને ત્રિયાનો સંગ સુખનો વિચાર કરીને જુવે તેથી ત્યાગી સંતજનો અતિ ત્યાગ કરીને તેનો વસ્તુ વિસ્તાર કરે. આવા શુદ્ધ વિચારને વસ્તુવિસ્તાર કહેવાય છે. આવી રીતે નારી અતિ અપવિત્ર છે. તેને મુનિ નાશવંત જાણીને વિચારીને તેને ત્યાગે સાચા જ્ઞાનથી મૂઢના મનના વિચારને ગ્રહણ ન કરવો. કામવશ થઈને અતિશય પરવશ થઈને બહુ જ બંધનમાં આવીને નારિ નરના માટે પાપને કરવામાં તત્પર થાય છે. તે કર્મ બધાંય સત્ય જ થાય છે.જીવને કરેલાં કર્મનાં ફળ ભોગવવાં પડે છે. તેનો પાર તો આવતો જ નથી. મહાકઠિન નરકમાં પડીને અનેક પ્રકારનાં અપાર પ્રમાણમાં પાપો ભોગવવાં પડે છે. ફરી પાછા કૂતરાં ભૂંડ ગધેડાં વાનર આદિક દેહોમાં બહુ જ પરવશ થઈને મલિન દેહોને પામે છે. આમ અતિશય કષ્ટોને ભોગવે છે. અનેક પ્રકારના દુઃખોને તે કામિ પામે છે.

આવી રીતના ઉંડા વિચારો કરીને કામાસક્ત પુરુષ બહુ વિચાર કરીને સત્યાસત્યનો વિચાર કરે. દુઃખપીડાનો વિચાર કરીને મનથી કામનાનો ત્યાગ કરીને મોક્ષને ચાહનારા ત્યાગીજનને અમે કહ્યા તે બધા જ નિયમો દઢ રાખીને વર્તવું તે યોગ્ય થાય. તે જ રીતે દઢતાથી સદા માટે વર્તતા રહે તે સંત જગતને તારનારા અનેક પાપીજનોને તારનારા થાય. હવે તેના નિયમની રીતને કહું છું. તે વાતોને ધ્યાનમાં લેવી. શ્રૃંગારરસના ગ્રંથો કહેવાય છે. તે ગ્રંથોમાં નારીની અનેક કથાઓ વર્ણન કરેલી છે તે રસગ્રંથમા કવિજનોએ નારીકથા કહી છે. અસંબંધીઓ સ્ત્રીઓની વાતો કહી છે તેમાં પ્રિય એવા અસત પુરુષનું અતિ ક્રૂર વર્ણન કરેલ છે. બહુ જ ગાયું છે. ત્યાગી સંતો તેને ક્યારેય ન સાંભળે તથા સ્ત્રીઓના મુખે અને સ્ત્રીસંબંધી કથાવર્ણન ન સાંભળો. પોતાના કલ્યાણને ઈચ્છનારે આ ક્યારેય ન સાંભળવાં. ન ગાવાં. મારા આશ્રિત સંતજનો સ્ત્રીઓ સાથે ક્યારેય હાસ્યવિનોદ ન જ કરે યા દૃષ્ટિ કરીને સ્ત્રીને ન જુવે. આ રીતે બુદ્ધિવાન ક્યારેય ન વિચારે. ક્યારેય ગુપ્ત રીતે વાતો ચીતો ન કરે. સ્ત્રીની સાથે ક્યારેય ભાવનાથી વાતો ન કરે. હેતથી ક્યારેય ન મળે (ભેટે) મનચિત્તમાં

ક્યારેય સ્ત્રીનું ચિંતવાન ન કરે. લાકડાનું પૂતળું ચિત્ર દોરેલું પથ્થરની બનાવેલ પ્રતિમા સ્ત્રીની તેને ક્યારેય સ્પર્શ ન કરવો. સ્ત્રીનો ક્યારેય સંકલ્પ ન કરવો. સારું જાણીને આશરો સહવાસ ન આપવો. આ રીતે સ્ત્રીને તેના આકારચિત્ર પુતળાંનો સ્પર્શ કરવો નહિ. નિરખીને ન જોવું. ચિત્રની પ્રતિમા હોય તેને અડકવું નહિ તથા તે મૂર્તિમાન નારીને કોઈ રીતે ન જ અડવું. આવી રીતનો દઢ વિચાર કરીને જ ઇંદ્રિયોને જીતીને કાયમ માટે નિયમમાં રહેવું. અગ્નિમાં બળી મરવું અથવા કૂવે પડીને મરવું શ્રેષ્ઠ છે પણ સ્ત્રીનો સ્પર્શ કરવો યોગ્ય નથી. ઝેર ખાવું તે સારું છે પણ સંસારમાં સ્ત્રીનો સંગ કરવો સારો નથી.

સ્ત્રીનો સંગ કરવો વધારે દુઃખકારક છે. કેમકે વારેવારે જન્મમરણનું દુઃખ થયા કરે છે. મોક્ષ બગડે છે. મુનિજનોએ ગુપ્ત રીતે સ્ત્રીનાં સંગોને ન જોવાં. તે જોવાથી જીવને તેનાથી નુકસાન થાય છે. સંતોએ સ્ત્રીએ પહેરેલાં વસ્ત્રને અડકવું નહિ. સ્ત્રીનું ધોયેલાં વસ્ત્ર હોય કે બીજાં હોય અથવા પહેર્યા વગરનાં હોય ધોયેલાં સુકાં હોય તો તેને અડવામાં દોષ નથી તોય ત્યાગીએ પોતાના ધર્મ પ્રમાણે મર્યાદામાં રહેવું. સંતે સ્ત્રીની સામે બેસવું નહિ અને પોતાનો ધર્મ ક્યારેય ન છોડવો. ત્યાગી ક્યારેય નારીનું ચિત્ર ન કરે તથા ચિત્રની નારીને નિરખીને ન જુવે. માર્ગમાં સ્ત્રી ચાલતી હોય તો તેનાથી દૂર ચાલવું તે પુરા પાંચ હાથ દૂર ચાલવું તો વ્રત પૂરું રહે. જ્યારે મંદિરમાં ભગવાનના જન્મનો મોટો ઉત્સવ સામૈયો હોય ત્યારે બહુ જ માનવ સમુદાયની ભીડ થઈ હોય ત્યારે પાંચ હાથ છેટા ચાલવાનો નિયમ ન રહે ત્યારે પોતાનાં અંગોનો સ્પર્શ બચાવીને દૂર ચાલવું. દેવાલય જતા હોય તે માર્ગમાં બાળકી હોય, તથા ભિક્ષા કરવા જાય ત્યારે અંગનો સ્પર્શ ન થાય તે જોવું. આ રીતે તે ચાર જગ્યાએ મુનિજનો પાંચ હાથના પ્રમાણે ન બને તો અંગને સ્પર્શ ન થાય તેટલું દૂર ચાલવું. તે રીતે રક્ષા કરીને ચાલવું. સ્નાનાદિક ક્રિયા કરવા જાય ત્યારે ત્યાગીઓ જ્યાં સ્ત્રીઓ રમતી હોય અથવા નહાતી ધોતી હોય. સ્નાનાદિક કરતી હોય ત્યાં સંતોએ ન જવું. તેનો ત્યાગ કરવો. સ્ત્રીને ન જોવું, ન સ્પર્શવું, જાણીને ન બોલવું. ત્યાગીએ આ રીતે રહેવું. સ્ત્રીના વેશને ધારનારો પુરુષ હોય તો તેનો પણ સંગ ન કરવો. તેનાથી દૂર રહેવું.

સંતે સ્ત્રીની સાથે ક્યારેય વાર્તાલાપ ન કરવો. સ્ત્રીનાં ગુણ અવગુણ મુખેથી ક્યારેય ન કહેવાં. સ્ત્રીનાં ગુણગાનને ક્યારેય ન સાંભળવાં. સ્ત્રીના ગુણ વિગેરે તપાસ ન કરાવવા. ત્યાગીએ સ્ત્રીના મુખેથી ભગવાનનાં કથાચરિત્રો ન સાંભળવાં. સારા સાચા સંત વિચાર કરનારા સંતો શાલગ્રામની સેવા સ્ત્રી કરતી હોય ત્યાં ત્યાગીએ દર્શન કરવા ન જાય. તે દર્શન નહિ કરવાનું કારણ કહું છું. નારદી પુરાણમાં કહેલ છે કે જ્યાં શાલગ્રામની પૂજાસેવા સ્ત્રીથી કરાતી હોય તેનું દર્શન કરવાથી ત્યાગીને પાપ લાગે છે. ત્યાગી ક્યારેય ગૃહસ્થના ઘેર ન જવું. જ્યારે ભીક્ષા કરવા કે સભા કરવા જવાનું હોય ત્યારે જ જવું. ભિક્ષા લેવા જવું હોય તો જવાનું અથવા સત્સંગની સભા કરવાની હોય તો જ જવું. બીજું કોઈ કાર્ય કરવા ન જવું. એકલા તો ક્યારેય ન જાવું. કદાચ પ્રાણ જાય તેવું સંકટ હોય તોય ન જાવું. આવા નિયમવાળા બ્રહ્મચારી ત્યાગી મહાન ભાગ્યવાળા કહેવાય. પોતાના ગુરુ બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય એવું વચન કહેતા હોય તોય તે ગુરુનું વચન ન માનવું. આ રીતે ત્યાગીએ વર્તવું. પોતે રહેતા હોય તેની પાસે જ તે ઘરમાં સ્ત્રીઓનો વાસ હોય તો ન જવું અથવા પોતાના ઉતારે સ્ત્રીને આવવા ન દેવી. અન્નજળ કાંઈ લાવવું હોય તો પુરુષ પાસે મંગાવે. ત્યાગી સ્ત્રીઓ પાસે ક્યારેય ન મંગાવે. જ્યાં મુનિવર્ણિ રહેતા હોય ત્યાં વાળવા કે લિંપણ કરવા. નારીને ન આવવા

દે. સ્ત્રી પાસે વાળવાનું કે લિંપણનું કામ ન કરાવે. ત્યાગી પોતાના હાથે કરે અથવા કોઈ પુરુષ પાસે વાળવાનું લીંપવાનું કરાવે. પોતે જ ત્યાગી હાથે જ કાર્ય કરી લેવાનું અથવા કોઈ પુરુષ પાસે કરાવે પણ સ્ત્રીને તો ક્યારેય પોતાના નિવાસે ન આવવા દે. જે સ્થાનકમાં ત્યાગી ઉતારો કરવાનું ચાહતા હોય ત્યાં મુકામ કરવા માટે જો લિંપવાનું કે જળ છાંટવાનું હોય તો ત્યાં સ્ત્રીના હાથે ન કરાવવું. શિષ્ણોદ જેવો જે (પુરુષ સ્નેણા) સ્ત્રીજેવા સ્વભાવનો પુરુષ હોય તેનો સંગ ક્યારેય ત્યાગીએ ન કરવો. તેનાથી દૂર જ રહેવું.

જેમ સ્ત્રીનો ત્યાગ કરવાનો કહ્યો. તેવી રીતે સ્ત્રૈણ પ્રકૃતિના પુરુષનો પણ ત્યાગ રાખવો. તેનો સંગ કરવાથી ક્યારેક દુઃખનું રૂપ થાય. સંતો મુમુક્ષુઓ સમજુ હોય તેમણે દૂરથી જોઈને જ ત્યાગ કરવો. તે જ રીતે સ્ત્રીને આધિન જે જનો હોય તે બધાયનો ત્યાગ કરવો. સંગ રાખવાથી પાપ થાય છે તે માટે ત્યાગવું. સ્ત્રીના પ્રસંગથી સંતોને અતિશય બંધન થઈ જાય તો ઉપાધિ થાય તે જ રીતે સ્ત્રૈણજનના પ્રસંગથી મુનિવરને બંધન થતા જોયેલાં છે. તેથી સાવધાન રહેવું. આવી રીતે સંતો સમજીને સ્ત્રીનો તથા સ્ત્રૈણના સંગનો ત્યાગ કરીને રહે કારણ કે મુમુક્ષુ સંતને તેના તેના જેવું બીજું કોઈ બંધન નથી માટે હે મુનિવર ! ચિત્તને પરોવીને મનમાં દૃઢ જાણવું. મુક્તાનંદ મુનિમાં સંતના બધા જ ગુણો રહેલા છે. તે અતિશય ઐશ્વર્યવાળા અને સામર્થ્યવાળા છે. અને મુમુક્ષુજનોમાં તે બહુ જ સારા સમજવાળા છે. સ્ત્રીમાં આસક્ત પુરુષનો જે જન સંગ કરે તો તેના બધાય ગુણ શુભનો નાશ થાય છે. ભંગ થઈને પીડાય છે. માટે સ્ત્રૈણનો સંગ છે તે દુઃખરૂપ ને દુષ્ટતા ભરેલો છે. માટે પ્રવિણ બુદ્ધિવાળા તેનો પ્રસંગ સદાય માટે ત્યાગે.

તે ગુણને ટકાવવા માટે કેવા પ્રયત્ન કરવા તે કહું છું. કોઈની ઉપર કોઈ રીતે ઈર્ષા થતી જ નથી. સદાય બહારને અંદર પવિત્ર જ રહે છે. સાત્ત્વિક રહે છે. બીજું ક્ષમા દયા અને સત્યતા મૌન શુભ કીર્તિ બુદ્ધિ લજ્જા આદિ મૌન ક્યારેય ચોરી તો મન આદિથી ન જ કરે. દૃઢનિયમમાં રહે. નેત્ર આદિકથી સર્વે ભગવાનનાં દર્શન આદિક ગુણકાર્ય જ કરે. એ આદિક જ શુભગુણ સારરૂપે કહેવાય છે તે બધાય ગુણ કામિજનનો એક જ વાર સંગ કરે તો તરત જ તેના બધાય ગુણ નાશ થઈ જાય છે. એટલા માટે સંતજને સદાય મનમાં વિચારતા રહેવું. બધી જ રીતે સ્ત્રીનો પ્રસંગ ત્યાગ કરવો. મુનિજને દૂરથી તેનો ત્યાગ કરવો તેમજ સ્ત્રીના સંગવાળા જનનો પણ ત્યાગ કરવો. તે પણ નૈષ્ઠિક ધર્મને તત્કાળ તોડાવે છે. માટે તેનો પણ સંગ ન કરવો. ભગવાનના ત્યાગી ભક્તે ભગવાનની ભક્તિ ભાવપૂર્વક કરવી. નિષ્કામ ગુણને બહુ જ ઉત્સાહથી જીવનમાં ધારવા. આવા મુનિનો નિત્ય પ્રત્યે સંગ કરવો. તેનાથી કહેલા નિયમ પાળનારના મુનિનો કામદોષ નાશ પામે છે ને તે દૃઢ થાય છે. તે કામ છે તે બહુ જ ત્યાગવો કઠિન છે. બહુ જ જીતવો કઠણ છે. તોય અમે કહેલા નિયમથી મુનિ સરલતાથી જીતી જાય છે અને તે મુનિ મહાસુખને પ્રાપ્ત કરે છે. તેના ગુણસારને એક મુખે કહી શકાતો જ નથી. આવી રીતે પૂર્વના સમયમાં રાજાઓ ભગવાનના દૃઢભક્ત થઈ ગયા છે. મનમાંથી કામનો ત્યાગ કરીને બ્રહ્મચર્યમય જીવન કહ્યું તે રાજા યયાતિ થયા તે જાણો. બીજા ચૈલરાજા પુરુરવા રાજા કહેવાય છે. તે રાજાઓ કામનો ત્યાગ કરીને મનોવાંછિત મહાસુખોને પ્રાપ્ત કર્યાં. આ જે નિયમ કહ્યાં તે બધાંય અમે અમારી જાણેલી નિયમની વાત કરી છે. તેને સૌ મુનિજનો પરમ આદર આપે, મન દૃઢ કરીને કામનો ત્યાગ કરીને નિયમો પાળવા. તે વ્રતભંગના પ્રાયશ્ચિત્ત કરવા. તે મુનિવર પોતાની ઈચ્છાથી સમજદારી સાથે કરવાનું. તે વ્રતમાં જાણીને એક એક ઉપવાસ કરવો. તે જે નિયમને ! ભંગ થયો હોય તે પ્રમાણે કરવાનો છે. તેથી જગતમાં બહુ

જ વખાણ થાય છે. બહુ જ સુખ પામે છે.

સ્ત્રીના મુખની કથાવાર્તા જાણે અજાણે જો સંભળાય તો ત્યાગીએ એક ઉપવાસ કરવો. સ્ત્રીઓની સભામાં ત્યાગી જો કથાવાર્તા કરે તો ત્યાગી સંતે એક ઉપવાસ કરીને વ્રત કરવું. જ્યાં નારી રમતી, નાહાતી, ધોતી હોય ત્યાં એક ક્ષણ માટે ગયા હોય તોય ત્યાગી મુનિ મનને વશ કરીને એક ઉપવાસ કરવો. ત્યાગી અજાણતાં નજરો નજર જુવે. નેત્રો સામસામા મેળવીને જુવે તો તેમણે એક ઉપવાસ કરવો. પુરુષના બહાને સ્ત્રીઓને ઉપદેશ કરે તો તે ત્યાગી સંત સારી રીતે સમજનારા વગર જાંણે થયું હોય તોય મન દૃઢ કરીને એક ઉપવાસ કરવો. કોઈને જાણ્યા વગર સ્ત્રીની સાથે ગુપ્ત વાતો પુરુષને સાથે રાખીને ત્યાગી પ્રત્યક્ષ વાત કરે આવી રીતે નારી સાથે મનથી પ્રસંગ કરે તો તેણે ત્યાગી મુનિજન ઉમંગ ધારીને વ્રત કરવું. જુદા જુદા ઉપવાસો કરવા. તેનાથી પાપનું નિવારણ થાય. પાપ નાશ થાય. સ્ત્રીનો સંકલ્પ થઈ જાય તો. તેનો એક ઉપવાસ કરીને વ્રત કરવું. અબળાના અંગ ઉપરનું વસ્ત્ર હોય તેને મુનિ જાણ્યા વગર અડી જાય તો તેના દોષનિવારણ માટે એક ઉપવાસ કરવો. સ્ત્રીની નજીકમાં ત્યાગી ચાલે પાંચ હાથની અંદર જ ચાલે. દૂર ન ચાલે તો અમારી આજ્ઞાને ઉરમાં ધારીને એક ઉપવાસ કરવો. મુનિ અજાણતાં જ સ્ત્રીની સાથે બોલી જાય તો તથા સ્ત્રીના ગુપ્ત અંગને જોઈ જાય તો તેણે તેના જુદાજુદા ઉપવાસ કરીને શુધ્ધ થાય તેનાથી દોષ નાશ થાય છે.

આવી રીતે એક એક ઉપવાસ કરવાની રીત સમજાવી તે પ્રમાણે પ્રસંગ અનુસાર વ્રત કરવાનાં. હવે આગળ બીજી રીતે કહીશું. મુનિજનો ભાવનાથી ભરપૂર થઈને ભજનભક્તિ કરતા થકા બધાય દોષ નિવારણ માટે ઉપવાસો કરે જો પશુને મૈથુન કરતું દેખે તો એક ઉપવાસ કરવાનો. કોઈ મુમુક્ષુ દિક્ષા લેવાને માટે આવે અને તેના સંબંધીઓ કાંઈક પૂછવા માંગતા હોય ત્યારે તથા બીજા કોઈ જનો રસોઈ દેવાના કામ માટે આવ્યા હોય ત્યારે તેઓ મુનિ તેની આજીવિકા વિશે કાંઈક જાણવા માંગતાં હોય તે પૂછે છે તે જવાબદાર જનો પૂછતા હોય અથવા લખીને કાંઈ પૂછાવે તો તે પુછવા બાબતમાં અથવા તો કોઈ બાઈ માણસો દર્શન કરવા આવે અને ઉતારા માટેની વાત કહેવા સંભળાવે. આવાં બધાંય કામકાજમાં જો સ્ત્રીઓના સંબંધની વ્યવસ્થા કરવાની વાતો કરતાં હોય તો. આગેવાનને વાતો સાંભળવી પડે ત્યારે તે બાબતની રીત કહું છું. જો કોઈ પુરુષ સ્ત્રીની વાત સંતની પાસે આવીને પ્રત્યક્ષ કહે તો. તેને મંડળના આગેવાન મુખિયા પાર્ષદ વગર મુનિજન તેના ઉત્તરો દેતા હોય જો કોઈ સંત તે મુનિ તત્કાળ જ જઈને સ્નાન કરી લે અને અષ્ટાક્ષર મંત્રનો ત્રણવાર પાઠ કરવો અને જે ઉત્તર દિશામાં શ્રીનર નારાયણ પ્રભુ વિરાજે છે. તે દિશામાં અષ્ટાંગ નમસ્કાર કરીને હૃદયપૂર્વક પ્રણામ કરવા. આ રીતે તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે. તેનાથી ધિરમતિ ત્યાગી શુદ્ધ પવિત્ર થાય છે. આવેલું પાપ નાશ થઈ જાય છે.

આવી રીતે આવેલ બાઈનાં વચન મુખિયા દ્વારા સાંભળ્યાં હોય તો પુરુષ દ્વારા કાને સાંભળ્યાં હોય. બાઈની રૂબરૂ આ તે મુખિયા સંત બીજા સંતની રાશિમાં સાથે રહીને સમજુ સંત ઉત્તર દે. અથવા વગર સાક્ષીએ સ્ત્રીના વચનને મુખ્ય સંત કાને સાંભળે તો તેનું પ્રાયશ્ચિત્ત કરે. જીવને જતન કરીને શુદ્ધ કરે. તે સ્ત્રીસંબંધી વચનોને સાંભળીને ઉત્તર જો જાતે જ દ અથવા તેમાં જરૂર કરતાં વધારે કહે તો સમજાવે તો તે મુખ્ય સંત હરિના નામનું રટણ કરતાં કરતાં સ્નાન કરે અને એક ઉપવાસ કરે તો તે તેનાથી શુદ્ધ થાય છે. આ રીતે અમારા વચનને બહુ જ ઉત્સાહથી માનવાં. ત્યાગીજનો પોતાના હાથે કરીને મનની ચંચળતાથી વિર્યપાત કરે લાગટ

ચાર ઉપવાસ પ્રાયશ્ચિત્તમાં કરે. જ્ઞાન કરે. જ્યારે રાત્રે શયનમાં સુવે ત્યારે તેને સ્વપ્નામાં સ્ત્રીનાં દર્શન થાય ને તેનાથી મનમાં જ તેને પરવશ થઈને સ્વપ્નદોષ થઈ જાય તો સવારમાં ઉઠીને સ્નાન કરી સ્વપ્નદોષનો એક ઉપવાસ કરવો. તેનાથી તે સંત સારી રીતે શુદ્ધ થાય છે. માર્ગમાં ચાલતાં કે ભિક્ષા લેવા જવામાં સ્નાન કરવા જાય કે પાણી ભરવા જાય ત્યારે માર્ગમાં બે મુનિઓ સાથે જાય. શૌચ કરવા બેસે તો એકબીજાના અંગોને જોઈ જાય તો તે બંને મુનિ ઉપવાસ કરે અને અલગ અલગ ઉપવાસ કરીને શુધ્ધ થાય. મળત્યાગમાં કે લઘુ કરવા જાય ત્યારે એકબીજાને તેવી રીતે કરવું.

જ્યારે એકાંત સ્થળમાં તે સંતજન થોડીક જ વાર સ્ત્રીના સહવાસમાં મનવશ થઈને ઉભા રહે તો તે મુનિને ત્રણ ઉપવાસ કરાવવા ને તેનાથી તે શુદ્ધ થાય છે. બીજું સંત એકલા જ માર્ગમાં સ્ત્રીની સાથે સાથે ચાલતા હોય તો તે સંત ત્રણ દિવસ સુધી લાગટ ઉપવાસો મન દઈને દઢતાથી કરે તો તે શુદ્ધ થાય છે. જો ત્યાગી પ્રત્યક્ષ સ્ત્રીનો સંગ તો તેના દોષના નિવારણ માટે કહું છું તેને તમે સાવધાન થઈને સુખેથી સાંભળો. સંતને જ્યારે આઠમાં બ્રહ્મચર્યવ્રતનું ભંગ થાય તેના માટે ધર્મશાસ્ત્રમાં પ્રાયશ્ચિત્તની રીત બહુ કહી છે. પણ આવા કળિકાળમાં પ્રાયશ્ચિત્ત કરવાં શક્ય નથી થઈ શકવાનાં. તેથી પ્રાયશ્ચિત્તનાં અનુકળતાવાળાં વચનો કહું છું. સમજુ સંત આખા સંવત્સર (વર્ષનું)નું મન ઈંદ્રિયોને વશ કરીને સાવધાન થઈને વ્રત કરે. એક દિવસ ઉપવાસ કરવાનો અને પછી બીજા દિવસે પારણાં કરવાનાં તે પ્રમાણસર જ કરવાનાં. નમક (મીઠા) વગરનો સતુવો (સાથવો) તેમાં પાણી નાખીને દિવસમાં એકવાર તેનો આહાર કરવાનો. આ વ્રત કરવા માટે ત્યાગી સંતસમર્થન હોય ત્યારે તે સંત મીઠા યુક્ત એક જ પ્રકારનું અનાજ જમે એક જ અનાજ ખાવાની જ્યારે શક્તિ ન હોય તો તે મીઠાં સાથે બે અનાજ ભેગાં કરીને ખાવાના રાખવાનાં. તેમાં પહેલા દિવીસે પ્રીતથી ઉપવાસ કરવાનો અને બીજા દિવસે બંને અન્ન ભેગાં કરીને ખાય. આ રીતે ખાતાં જો કાંઈક રોગ કે ઉપદ્રવ થાય તો ત્યારે મુનિ ઉપવાસ ન કરે. ઉપવાસ બંધ રાખવા. જ્યારે રોગ મટી જાય અને આપદા શાંત થાય ત્યારે અષ્ટાક્ષર મંત્ર નામનો દશ હજારવાર જાપ જપવાનો. મંત્રજાપ પૂરો કરીને ફરી પાછો તે જ વ્રતના સાવધાન થઈને બાકીના દિવસો પૂરા કરે.

જ્યારે વ્રતનું વર્ષ આખું એક પૂરું થાય ત્યારે હરિના ભજન કરવાથી બધું જ પાપ બળીને નાશ થાય છે. જ્યારે આખું વર્ષ વ્રત કરવાની શક્તિ ન હોય તો નવ માસ સુધી રાજી થઈને વ્રત કરવું. જો નવ માસ સુધી વ્રત કરવા સમર્થતા ન હોય તો છ માસ સુધી પ્રવિણતાથી વ્રતને કરવાનું. જો છ મહિના સુધી વ્રત કરવાની શક્તિ ન હોય તો તે ત્રણ મહિના સુધી વ્રત કરીને પાપને ધોવું. એ વ્રતમાં એક દિવસ ખાવાનું. એક દિવસ ઉપવાસ કરવો વ્રતમાં ઉપવાસ કરવાના નિયમનો કોઈ રીતે ત્યાગ નહિ કરવાનો. વર્તમાન બહુ જ પવિત્ર છે તેથી તેને આદર કરવો. મનથી દેહની અતિશય શુદ્ધિ કરવી. આવી રીતે વ્રત કરવામાં સમર્થ ન હોય તો બદ્રીનારાયણની યાત્રા કરવા ચાલીને જવું. બધાં જ પાપ માત્રનો નાશ કરનાર નરનારાયણ પ્રભુ છે. તે અતિ આનંદને દેનારા છે. યાત્રા કરવા જવું. સંતે જો નારીનો સંગ કર્યો હોય ને તે જગમાં કોઈ જ ન જાણતાં હોય તોય પણ સમર્થ સંતને પોતની સંતને પોતાની ભૂલની વાત કરીને પછી પોતાની શક્તિ અને બળના પ્રમાણમાં નિત્ય પ્રત્યે પ્રાતઃકાળ મધ્યાહ્નકાળ સાંજના સમયે નારાયણ નામનો જાપ જપતા રહે. પોતાના આસનને દઢ કરીને એકાગ્ર થઈને હરિની ભક્તિયુક્ત થઈને એક વર્ષ સુધી જાપ જપે ત્યારે પાપથી મુક્ત થાય. એવી

જુદાજુદા ભેદની રીતે વર્તતા હોય તેનાથી ત્યાગી શુદ્ધ થાય. જ્યારે વ્રત પૂર્ણ થાય. ત્યારે તે વ્રતીને ત્યાગી પોતાની પંક્તિમાં લે અને તેને ફરીથી પાપયુક્ત ન કહેવાય. આવી રીતે સાવધાન થઈને વ્રત કરે ત્યારે મુનિ પાપથી શુદ્ધતાવાળા થાય તે જ પ્રમાણ કહેવાય.

ક્યારેક પુરુષનો સંગ કરીને તથા અને ગધેડી આદિક પશુઓનો સંગ કર્યો હોય તો તેની શુદ્ધિ કરવા માટે વ્રતને કહીએ છીએ. હે મુનિતાત ! કૃચ્છ્રવ્રત બહુ જ ભારે વખાણવા જોવું વ્રત છે. તે વ્રતનાં લક્ષણને કહું છું તે સુંદર છે. સત્શાસ્ત્રનાં પ્રમાણ સાથે મુનિ પ્રમાણપૂર્વક વ્રત કરે ત્યારે ત્રણ દિવસ ત્રણ ત્રણ પાળી ગરમ પાણી પીવાનું. અને ત્રણ દિવસ દૂધ પીવાનું તે પણ બે પાળી ગરમ કરેલું શુદ્ધ પીવાનું. તે પણ ત્રણ દિવસ સુધી પાન કરવાનું. અને ત્રણ દિવસ સુધી એક એક પળી ગરમ ઘી પીવાનું અને ત્રણ દિવસ સુધી ગરમ વાયુનું પાન કરવાનું આવી રીતે વ્રત કરીને બાર દિવસ સુધી કરે તેને તૃપ્ત કૃચ્છ્રવ્રત કહેવાય છે. આ શ્રેષ્ઠ વ્રત છે. ત્યાગી મુનિ પાપકર્મને કરીને પ્રમાણ હોવા છતાં તે પાપનું પ્રાયશ્ચિત્ત નથી કરતો. માનતો જ ન હોય તો તેને મુનિજનો ચંડાળ જાણીને તત્કાળ જ મુનિમંડળમાંથી બહિષ્કૃત કરે તેના માટે કોઈ મોહ ન રાખવો. કોઈ જાતના લોભ ન રાખવોનું. અમારી આજ્ઞાનું સારી રીતે પાલન કરવાનું. અમે યથાવિધિ કમના દોષનું નિવારણ કહ્યું. બધા જ કામના દોષોને જીતવાની રીત કહી ગુણરૂપ બધાંય સાધનો તથા બધી જ વિધિ સુંદર સમજાવી દીધી. હવે રસને આશ્રિત દોષોને સમજાવું છું

હે રાજન ! કામના દોષો બધા સમજાવ્યા તે શ્રીહરિએ સંતો ને ઉદ્દેશીને કહ્યા અને તેના સુંદર રીતે જીતવાના ઉપાય કહી સમજાવ્યા. શ્રીહરિએ સંતોને કામાદિક દોષો સમજાવ્યા. આમ ગહનતા શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપમાં અભિધાન પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ગોપાળાનંદમુનિના પ્રત્યે ત્યાગીના ધર્મમાં કામદોષ નામે કામ જીતવાનો ઉપાય સમજાવ્યો એ નામે આ બત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૨॥**

## તરંગ-33

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મહારાજે લોભ કામ આદિ બધા દોષો અને તેના ઉપાયો મારી ઉપર બહુ જ કૃપા કરીને કહ્યા. હવે રસદોષનું વર્ણન કરીને કહો અને તેને જીતવાના જેટલા ઉપાય હોય તે કહો. જે મહાપ્રભુએ ગોપાળાનંદમુનિને કહ્યા તે બધામને સાંભળવાં છે તો કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમને ધન્ય છે. તમે ધર્મને ધારીને સુંદર પ્રશ્નો પૂછ્યા છે તે જ પ્રશ્નો ગોપાલાનંદમુનિએ મહાપ્રભુ સહજાનંદ સ્વામીને પૂછ્યા છે. તે ત્યાગીના ધર્મ મહાપ્રભુએ તે મુનિ પ્રત્યે કહેલા છે તે જ હું તમને કહું છું તે સાંભળો.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે — બધી જ ઇંદ્રિયોને પોતાના બંધનમાં લઈને વશ કરનાર તો રસાસ્વાદ જ કહેવાય છે. તે જ પાપનું મૂળ રૂપ રહેલ છે. બધા જ દોષો રસથી જ ઉત્પન્ન થાય છે. અંગમાં કામની વાસના પ્રગટે છે તે બધાં જ રસથી જ થાય છે. તાત્કાલિક વધે છે તે મુનિવર રસને જ મુખ્ય જાણે.

આ ચાર વચનને દૃઢતાથી પ્રમાણ માનો. આ સમયે પૃથ્વી ઉપર રસાસ્વાદની રીત પ્રસિદ્ધ જ છે આ પૃથ્વી ઉપર ધર્મના નામે આડંબર કરનારા તેઓ પોતે રસાસ્વાદ કરવા માટે માંસને ખાનારા જોવામાં આવે છે. મિથ્યાચાર કરીને પૃથ્વી ઉપર બહુ જ અનિતિ થઈ રહેલી છે. પૃથ્વી ઉપર ધર્મના મોભિ વિપ્રો દૃઢ ધીરજવાળા હોવા છતા તેઓ પોતે મદ્યમાંસનો આહાર કરે છે. અધિરાઈ કરે છે. તેનું મૂળ કારણ તો રસાસ્વાદ જ છે. માટે હે મુનિવર ! આ બધુંય ઇંદ્રિયોનું પોષણ કરવાનું જ કારણ છે એમ જ માનો. વેદોમાં તો હિંસામય યજ્ઞો કરવાનું પ્રતિપાદ છે એમ કહીને જગત બધાંને ભરમાવે છે. બ્રાહ્મણો દેવના પ્રતિનિધિ કહેવાય. બ્રહ્મચર્ય ધર્મવાળા કહેવાય. તો પણ રસાસ્વાદ માટે મિથ્યા ભાષણ કરીને નરનારિજનોને ભર્માવે.

એટલા માટે તે બધા રસાસ્વાદના લીધે જ આવું થાય છે. પાપી બુદ્ધિને લીધે પાપી મનુષ્યો હિંસામય વેદો નથી તે છતાં તેઓ હિંસામય કહીને પોતાનો રસસિદ્ધ કરે. યજ્ઞ કરીને તેના અવશિષ્ટ જે માંસ રહે તેનું ભક્ષણ કરવા પ્રસાદના રૂપે ખાય યજ્ઞોના અનુરૂપ તપ પવિત્રતા અને બ્રહ્મમયતા સારાં છે. આવી રીતનાં જે સનાતન ધર્મો છે તે સનાતન આદિઅનાદિના છે તેમાંથી ભ્રષ્ટ થઈને મલિન મનવાળા થઈને તેઓ આવા કારણને લીધે હે સંતો આ લોકો (શિલોછનાહિ) ભ્રષ્ટ ધર્મનું પાલન કરવાની નીચ વૃત્તિ કહેવાય તે જ કારણ છે. તે ભુદેવો પોતાની વૃત્તિથી સાવ ભ્રષ્ટ થયા છે એમ જાણીને તેઓ પોતાના મન પ્રમાણે જ કાર્ય કરવાનું કહે છે એ પ્રમાણે જાણો. તમે સૌ સમજુ છો. અત્યારે આ પૃથ્વી ઉપર બ્રાહ્મણ આદિક જે ઉચ્ચ વર્ણ છે તથા આશ્રમના વર્ણિઓ સૌ દેવીનું બહાનું કરીને ઓઠાં પ્રમાણે સ્વાર્થ કરે છે. તેઓ પોતાને માંસ મદિરા ખાવાપીવાનો રસ લાગેલ છે તેથી જ એવી પ્રવૃત્તિને કરે છે. માટે મુનિ તમે બધાય રસના કારણે જ કુળસહિત દુઃખના સાગરમાં ડુબે છે. ચારે વર્ણ અને ચારે આશ્રમવાળાં પોતપોતાના સાચા ધર્મનો ત્યાગ કરીને રસોનો લાલચી થઈને ધર્મનો લોપ કરી વટાળ કર્મ કરે છે. અનેકને ધર્મ ભ્રષ્ટ કરે છે.

હે મુનિ ! જગતમાં સારા સજ્જનો પણ પશુપક્ષીની જેમ અમર્યાદામાં રહે અને તે ધર્મભ્રષ્ટ જનો રાક્ષસના કૃત્યને કરનારા કુકર્મી થયા છે. અતિ જગમાં ઉત્તમ જન થઈને મુનિ આવા ક્રૂર કૃત્યવાળા થયાં છે. રસથી જ રાતદિવસ ચોરી કર્મ કરે અને કુળ ઉત્તમ કુળ હોય તોય નીચ જાતિના જેવા જ કર્મ કરે. જે વિદ્વાન જન છે તે બધું જ જાણે છે છતાં તેઓ જ પંક્તિભેદનો દોષ કરીને મોટા ક્લેશ કરે છે રસમય પદાર્થ પ્રીતિ કરીને અતિ ઉતાવળા થઈને સ્વાર્થ કરીને બીજાને આપ્યા સિવાય એકલા જ ખાય છે. ઉત્તમ હોવા છતાં ન પીવાનું પીએ છે. મદિરા માઝમ ભાંગ્ય આદિ બહુ જ ખાય છે તે પાપના મૂળમાં તો પોતાનો રસ જ જાણજો. જુવો નિશ્ચય જ આ વાતને વિશેષ રીતે જાણજો. અભક્ષ્ય ન ખાવાનું ખાય છે ન પીવાનું પીવે છે. જે માદક આદિક અયોગ્ય વસ્તુઓ છે તે બધાય પાન કરે છે તે રસદોષને જાણો. જન્મ મરણને છેદનારી હરિકથા તથા હરિકીર્તન કરવું જોઈએ. પ્રભુની પૂજા આદિક કરીને પ્રભુથી પ્રેમ કરવો જોઈએ. જેનાથી પોતાની સાત્ત્વિક આજીવિકાનું નિયમ કાર્ય કહેવાય છે તે કરવું જોઈએ. પણ અત્યારે તો બધાયથી અવળું કાર્ય જ થાય છે. અશુભ વાત જ થાય છે. હરિકથા અને હરિકીર્તન કરવાનાં હતાં પણ પરવશ થઈને પોતાના કર્મશત્રુની સાથે પ્રીત કરીને કર્મ કરે છે તે તો કેવળ રસના પ્રતાપે જગતની મિશ્ર થઈ છે. વિશ્વાસના હિંસાબે જ મૃત્યુ થાય છે. બધી જ વાત રસથી જ થાય છે. જનો મરે છે તે પણ અકાળે કેમકે ક્રોધાદિકના આમરસના પ્રતાપે સૌ તંગ રહે છે. બધાં જ પાપોનાં પ્રવર્તન પ્રવાહમાં મૂળમાં તે રસ જ છે. રસ તે પણ અતિશય ભારે છે તે દુર્જય છે. લોકો તેનાં

વખાણ કરે છે. તેથી તે બધાય દોષો તેના સાથી આશ્રિત દોષો જ છે. હે મુનિ ! અમે તમને જે મુખ્ય દોષો છે તે કહ્યા એમ જાણો. તેને જીતવા માટેના ઉપાય રીત કહું છું તેને તમે એકાગ્ર ચિત્ત થઈને ધ્યાનથી સાંભળો. સાત્ત્વિક મનના અમારા મુનિઓ તો તમે સૌ સંતો મુક્તો કહેવાઓ છો.

હે મુનિ ! આસક્તિ કરીને સૌ સંતો સ્વાદિષ્ટ ખાવા માટે સિદ્ધ યોગવાળા મુનિજનો પણ સતત સ્થાનથી નીચા ઉતરીને બિલાડાની રીતે કહેતા હોય છે. કામ કરનારની બધી શક્તિ સંસારીજનોની સ્વાદમાં જ રત થઈ છે. સંસાર આખું રસ આસક્ત થયું છે. તે તો નિંદિત કર્મ કહેવાય છે. પોતાના નામના મર્મને તો પ્રભુ પોતે જ જાણે છે. બીજા જાણી શકતા નથી. હે મુનિ ! પોતાના જીવનું હિત કરવા કલ્યાણ કરવાની ઇચ્છા કરીને દેહથી સ્વતંત્ર થઈને આત્મરૂપ થઈને પ્રગટ ભગવાનની ભક્તિ કરવામાં તત્પર થાય તો તે જીવ પોતાના શરીરથી શ્રેય કરી શકે. પોતાના શરીરને આસક્તિવાળું નહિ કરીને પોતાના કલ્યાણ કરવા માટે જીવાત્માઓ રસવાળાં અતિશય સુંદર પદાર્થોનો ત્યાગ કરીને રસયુક્ત સારાં ભોજનો ત્યાગીને જેવું મળે તેવું સારું માનીને શરીરનું પોષણ કરવું તે જ શ્રેયનું સાધન છે. ત્યાગીજનો સંતો નિત્ય ભિક્ષા માગીને પોતાનું પોષણ કરે તે સારાભાગ્યવાળા સંતો છે. તેથી હવે હું માંગવા માટેની સુંદર રીત સમજાવું છું. તો તે સૌ સુખરૂપ સાવધાન થઈને સાંભળો.

હે મુનિ ! નિત્ય પ્રત્યે પવિત્ર ગૃહસ્થના ઘેર જઈને ભિક્ષા માંગે તે અતિશય પવિત્ર નથી. સાધનો ધર્મ શોભે છે. બધેથી થોડું થોડું અનાજ માંગવાનું ભ્રમર વૃત્તિ કરવી ભમરો જેમ જુદાંજુદાં કમળોમાં જઈને દરેકમાંથી થોડો થોડો મધ રસ લે છે તે મધુકર ક્યારેય કમળના મૂળને તોડતો જ નથી તેમ મુનિજનો તમે ગ્રહસ્થના ઘેર જઈને થોડું થોડું માંગવું. જો ગ્રહસ્થને આર્થિક પીડા હોય તો તેના ઘેરથી થોડું અન્ન પણ ન લેવું. આવી રીતે મારા આશ્રિત ત્યાગીજનો વર્તજો અને બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણે વર્ણ પવિત્ર શુદ્ધ વર્ણ કહેવાય છે તે શ્રેષ્ઠ છે. ચોથો વર્ણ તે શુદ્ર છે. એમાં બે પ્રકાર છે. તેથી સત્ શુદ્રના ઘરેથી તે કાચું અન્ન માગીને જરૂરિયાત પ્રમાણે લેવાનું અને આપત્કાળના સમયમાં તેનાથી ઉતરતા શુદ્રોના ઘેરથી અન્ન લેવામાં દોષ નથી થતો. આ અમારી વાતને મુનિ તમે કોઈ દોષ વગરની માનજો. જે ગૃહસ્થના ઘરનું અન્ન સારું સ્વચ્છ વધારે મળતું હોય તોય લોભ ત્યાગીને પ્રમાણસર લેવું. જેના ત્યાં સારું અન્ન મળતું હોય તેના જ ઘેર રોજ મુનિજન જવું. હે મુનિ ! રસને આશ્રિત નહિ થઈને નહિ રસનો ત્યાગ કરીને ભિક્ષા કરવા જવું અને ગૃહસ્થના ઘેરના દરવાજે જઈને ઉભા રહેવું. ઉંચે સ્વરે મુખેથી **નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ** આ રીતે બોલવું. આમ કહીને માંગવું. ભિક્ષાવૃત્તિ કરતા થકા જે આપે તે લઈને જવું.

ગૃહસ્થના ઘેરથી લોટ દાળ ચોખા જોળીમાં માંગી લાવીને પોતાને ઉતારે જઈને પવિત્ર થઈને અનુકૂળતા પ્રમાણે પાક કરવાનો. પાક તૈયાર થયા પછી પ્રગટ પ્રભુનો થાળ તૈયાર કરીને તેમાં તુલસીપત્ર જળપાત્ર સાથે અર્પણ કરીને જમાડવા. પછી તે પ્રસાદી અન્નને પાણી મેળવીને ભગવાનનું ભજન કરતાં થકાં જમવું. જ્યારે ભોજન કરવાના સમયે કોઈ ભોજન માંગનાર ભિક્ષુક આવે તો તેને આત્મબુદ્ધિ કરીને અનાજ આપવું. અંતરમાં આનંદ ધારીને પ્રેમથી અન્ન આપવું. તે યાચક અતિથિને જોઈને અકળાઈ ન જવું. મનમાં વધારે પડતું અકળાવું જ નહિ તે ભિક્ષુકને જોઈને ભગવાનના ભક્તે સાક્ષાત્ સંત જ છે એમ માનીને રાજી થઈને દેવું.

સંતોએ ગૃહસ્થ હરિભક્તના ઘેર જમવા જવાનું હોય તો તે જવાની રીત કહું છું. જગતમાં કોઈ નિંદા

પાત્ર ન હોય તથા પાપ કર્મથી અને સુતક આદિકથ રહીત હોય. સુતક ન હોય એવા હરિભક્તના ઘેર જમવા જવું. ભગવાનનો ભક્ત કોઈ બ્રાહ્મણ હોય તો તે જમવા તેડાવતો હોય તો તેની આર્થિક પરિસ્થિતિ જોઈને તેના ઘેર મુનિજન ચાલીને જાય અને ભગવાનને થાળ જમાડીને ભગવાનનું પ્રસાદીનું અન્ન જળ મેળાવીને જમે. મહંતજનો અન્નની સાથે જળ મેળવીને જમે તો તે સંતને જગમાં સારા સંત કહેવાય છે. જે ગૃહસ્થના ઘેર ભગવાનની સેવામૂર્તિ ન હોય તો તેના ઘેર સંત પોતાની મૂર્તિ સાથે લઈ જઈને તે મૂર્તિને થાળ જમાડીને પછી જ જમવું જો ગૃસ્થના ઘેર હરિની મૂર્તિ ન હોય તો તે ગૃહસ્થના ઘેરથી કાચું અન્ન લાવવું. એક જણ જમે એટલું બે બે શેર અનાજ મંગાવીને રસોઈ કરીને ભગવાનને થાળ જમાડે. પછી ગૃહસ્થના ઘેર જમવા માટે જાય ત્યારે પહેલાં કર્યા પ્રમાણે દોષ ન થાય તે રીતે જમવા જવું. રસોઈ કરવાનું અનુકૂળ હોય તો ત્યાં અથવા પાસેના ઘરમાં અનુકૂળ હોય તો ત્યાં જવું. પોતાની પૂજાની મૂર્તિને સાથે લઈને વિપ્રના ઘેર મૂર્તિ સાથે જવું. ભગવાનની મૂર્તિને થાળ જમાડીને પછી મુનિ સંતો પ્રભુના ભજનકિર્તન સાથે જમે. ભગવાનની મૂર્તિને ઉરમાં ધારીને જમે.

કદાચ જો બ્રાહ્મણ ભક્ત જમાડવા સમર્થ ન હોય અને રસોઈ ન કરી શકે તેવું હોય અને જમાડવા માટે નોતરુ આપી ગયો હોય. પોતે જમાડવા જ માંગતો હોય તો. એનું બનાવેલું પાક અન્ન ખપે તેમના હોય તો તે ભક્ત સુજાંણ એમ માંનવું જોઈએ. જે વૈશ્ય ક્ષત્રિય સત શુદ્ર નોતરુ આપ્યું છે એમ માંનીને. સંતોએ પોતે કાચું અનાજનું સીધું પોતાના ઉતારે જેટલું જોઈતું હોય તેટલું જમવામાં ઉપયોગ આવે તેટલું મંગાવી લેવું જોઈએ. તે સીધાંમાંથી હાથે રસોઈ બનાવીને પોતાના નિવાસે એકાંતમાં પ્રીતથી પાક બનાવીને સુંદર રીતે સંતો થાળ કરીને જમે જો યોગ્ય હોય તો હરિભક્ત વિપ્રવર્ય પાસે પ્રેમથી પાક કરાવરાવીને સૌ સંતો ત્યાં સુંદર રીતે ભગવાનને જમાડીને ભોજન કરે.

સંતો ગૃહસ્થના ઘેર રસોઈ બનાવવા જાય તેની બધીય રીત અમે તમને કહીએ છીએ. તેમાં પાંચ મુનિઓથી ઓછા નહિ જવાનું. આ અમારી આજ્ઞા છે. તેને ઉરમાં ધારીને વર્તજો. અને જો વૈરાગ્યવાન મુનિઓ જમવા માટે જાય તો પણ પાંચ સંતો તો જમવા જાય જ. ઓછા ન જાય. પણ વધારે જાય. આ અમારી બાંધેલી મર્યાદાને સૌ પાળવાની છે. અમારી બાંધેલી નીતિ છે. પહેલાં ગૃહસ્થની ધનસંપત્તિની સ્થિતિ જાણીને તેમના જમવાનાં નોતરાંને સંતો માન્ય રાખે. જે સત્સંગી ધનવાન ન હોય અને વધારે ગરીબ હોય તો તેના ઘેર જમવા જવાનું નહિ. તેને સમજાવી ના કહેવી. તે ભક્તને જીવનમાં ક્લેશ થાય તેવું કાર્ય ન કરવું. અમારી મર્યાદાનું સારી રીતે પાલન કરવું ગૃહસ્થ નિત્ય જે અન્ન જમતા હોય તે જ અન્ન તેને ત્યાં જમવું. તેની બધી જ રીતો અમે કહીએ છીએ. જો તેઓ ચોખા ઘઉં આદિક જમતા હોય તો તે અન્ન મુનિ નીતિ પ્રમાણેનું યોગ્ય કહેલ છે. પણ જો તેઓ કોદરાને બાવટો જમતાં હોય તો તે જ અન્ન સંતોએ પણ લેવું અને રાંધીને પ્રસાદ જમવો. જ્યારે મારા સંતો ગૃહસ્થના ઘેર જાય અને તેની પાસે જે અન્ન મંગાવે તે ગૃહસ્થ પરિવાર જે અન્ન જમતો હોય તેથી તે જ અન્ન મંગાવવું. બીજું અન્ન ન લેવું. તે મારા સંતોએ ગૃહસ્થ પાસેથી ન લેવું તે ખાસ જાણી લેવું. જો મુનિ બહુ જ વૃધ્ધ હોય કે કોઈક રોગવાળા હોય તો તેમના અનુકૂળ જે અન્ન થતું હોય તે માગવું ને આપવું. તેઓને તેમાં કોઈ દોષ નથી લાગતો. આમ અમારી આજ્ઞા છે. તેથી તે પ્રમાણ જાણો. જો પૂનમ કે બારસ કે અમાવસ્યા હોય અથવા અન્નકૂટ આદિક ઉત્સવ હોય તો આનંદઉલ્લાસથી તે ઉત્સવ

આદિ પર્વના દિવસોએ ગૃહસ્થ ભક્તજનો તે દિવસે સુંદર રીતે સારું અન્ન જમે. તે દિવસોમાં સારું અન્ન લેવું. સારા પ્રમાણમાં લેવું અને ઉત્સવ ન હોય ત્યારે વધારે સારું અન્ન ન લેવું. આ અમારું વચન છે. તેને મુનિવરો ખાસ પ્રમાણ માંનવું.

ગૃહસ્થના ઘેર પુરુષ પીરસનારા હોય તો જમવા જવું. સ્ત્રીઓ પીરસે તો સંતો જમવા ન જવું. એ દૃઢ કહું છું. કેમકે સંતો તે બ્રહ્મચર્ય વ્રતને આશરીને રહ્યા છે. ભગવાનને ધરાવ્યા સિવાય ચંદન પુષ્પાદિક પદાર્થો પ્રીત કરીને સંતોએ પોતાના શરીર ઉપર ન ધારવાં પણ પ્રસાદિ કરાવેલાં હોય તે ધારવામાં બાધ ન થાય. આ અમારી આજ્ઞાને અવશ્ય પાળવી. સુગંધિત અત્તર તેલ ફુલેલ તથા નાગરવેલાનાં પાન બીડાં તથા તેલ એલાયચી જાયફળ સોપારી લવિંગ આદિક પ્રસાદિનાં હોય તોય ગ્રહણ ન જ કરવાં. જો રોગ આદિક શરીરમાં આપત્તિ હોય તો ત્યારે ભગવાનના ધરાવેલાં પદાર્થ ભાવથી લેવાં. તેમાં દોષ ન થાય. એકાદશી આદિક વ્રતના દિવસે અનાજ ફળ આદિક વસ્તુઓ પોતાને મળેલ હોય તો પણ તેનો થાળ ધરીને ભગવાન વિષ્ણુને ભાવ પ્રીતથી ધરાવવું. વિશાળ ભક્તિભાવથી અર્પણ કરે પણ પોતે તો ઉપવાસ કરે. અનાજ ફળ આદિક મુનિજનો ન ખાય. સંતોએ ક્યારેય જળ મેળવ્યા સિવાય અનાજ ન જમવું અથવા ફળાહાર કરે તોય જળ મેળવીને જ લેવું. પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કર્યો હોય તોય વિષ્ણુ નારાયણને થાળ કરીને જમાડવા. જો અતિ મહાન મોટો ઉત્સવ હોય તો અથવા તો સારા ગૃહસ્થજન બધા જ જનોને જમાડતા હોય તો.

જો સંતોનાં બહુ જ મંડળો ભેગાં થયાં હોય ત્યારે પ્રભુને નૈવેદ્ય કરવાની રીત કહું છું. તે દેશકાળ અનુસાર જાણીને થાળ તૈયાર કરાવે તેની રીત કહું છું તે વિચારો. ક્યારેક તો એક પાક કરીને જમાડો. ક્યારેક બે પાકો બનાવીને અનેક પકવાનો બનાવવાં. બહુ જ પાકો તૈયાર કરવા અને બધાં મંડળોમાં જુદાંજુદાં પકવાનો જમાડવાં કે સાથે બેસાડીને જમાડવા. પ્રેમથી પ્રભુને નિવેદ્ય અર્પણ કરવાં. આવી રીતે પોતાનો એકાંતિક ધર્મ દૃઢતાથી ધારણ કરીને તે ધર્મની રક્ષા કરવા નિત્ય પ્રત્યે આ રીતના નિયમમાં વર્તવું. વધારે પડતો અવકાશ મળે ત્યારે તો તે સમયે અન્નકુટની માફક ભગવાનને જમાડવા. ભગવાન માટે અનેક પાકો બનાવવા અને તેના થાળો જમાડવા. આ રીતે કાયમ માટે પ્રેમથી વર્તતા રહેવું. જ્યારે ક્યાંક સ્થાન નાનું હોય તો થોડાં અનાજોનાં પકવાનો કરવાં. તેના થાળ ભગવાનને ધરાવવાં. વિષ્ણુનારાયણ ભગવાનને નૈવેદ્યમાં થાળ ધરીને તે પ્રસાદી અન્ન બધાંયમાં મેળવીને પછી સૌ સંતો તે અન્નને ભગવાનનાં ગુણને ગાતાં થકાં જમે જેમને તે પકાવેલું અન્ન ન ખપતું હોય તોય તે પ્રસાદી અન્ન કહેવાય એમ કહીને તે પકાવેલું જ અન્ન લઈને જમે તો તે રસનાને વશ થઈને મુનિજનો જમે છે. પ્રસાદીનો મહિમા જાણીને તેનાં વખાણ કરતાં કરતાં વર્ણન કરીને તે વરિષ્ઠો પોતાની ખપ તેથી વધારે જમતા જ નથી. તે તો પોતાના ઇચ્છિત સુખને જરૂર પ્રાપ્ત કરે છે. ભગવાનની પ્રસાદીનું અન્ન અને ભગવાનનું અભિષેકનું ચરણામૃત જળ તે જેમને ન ખપતું હોય તેમને ન આપવું. આ અમારી આજ્ઞા છે. તેને ખાસ ધ્યાનમાં લેવાની છે.

જ્યારે સંતો શુદ્ધ આહાર જમે છે ત્યારે એમનો શુદ્ધ આશ્રય થયો છે એમ કહેવાતું હતું. તે જ કારણે અન્ન દેનારા ગૃહસ્થો પવિત્ર થતા હતા. શુદ્ધતાથી રહેતા હતા. તેમનું જ અન્ન મિત્ર થઈને જમતા હતા. જ્યારે મલિન મનના મલિન આહાર લાગે ત્યારે તેને મુનિ જમતા ન હતા. ત્યાગ કરતા હતા. મુનિજનો એક જ વાર જમતા હતા. બીજી વાર જમતા ન હતા. તેથી રોગ આદિક આપત્તિઓ નહોતી આવતી. નિરોગી રહેતા

હતા. જે એક વાર જમે તે સંતો કહેતા હતા. જમતી વેળા ભજન કરીને સમય વિતાવતા હતા. જેમનું પાકું અન્ન ખાતા હતા. તે અન્ન ભક્તો માંગ્યા સિવાય જ સવારના પહોરમાં આપતા હતા. જો મુનિજનો પ્રભુના પ્રસાદભૂત જ અન્ન ખાતા હતા. ત્યાગી સંતજનો જ્યારે ઉપવાસ કરતા હતા ત્યારે જો ફળ કે અન્ન પ્રસાદીનું સુંદર રીતે મળતું હતું તોય તેને પ્રણામ કરીને બીજાને આપતા હતા. આ રીતે સંતો સદાય શાંત મનવાળા થઈને ભગવાનના ચરણની સેવાભક્તિ કરતા હતા. મુનિજનોને જમવાના સમયે જે અનાજ પ્રાપ્ત થયું હોય તે પ્રસાદીનું હોય તોય મુનિજનો તે પ્રસાદીનું અન્નફળ હોય તો પોતાને ખપતનું ન હોય તો તેનું મહાત્મ્ય જાણીને તેને જમતા ન હતા. તે અન્નું નિયમન કરેલું હોવાથી ન જમે. તેથી તેમને કોઈ રોગાદિકનો ઉપદ્રવ નથી થતો અને અનિયમિત ખાયપિયે તો તેને રોગાદિક થતાં રહે છે. જો પ્રભુના પ્રસાદીની વસ્તુ હોય તો તે વસ્તુને આત્મવાદીઓ જે છે તે જમતા હોય છે.

સમજુ બુદ્ધિવાળા જે સંતો છે તે પોતાની ભિક્ષા કરવા જવાનું પાત્ર હોય તેમાં ભગવાનને થાળ ન ધરાવે ભગવાનની સેવા પૂજા માટેનું જે વાસણ હોય તેને જુદું જ રાખવું. મળમૂત્ર કરવા જવાનું પાત્ર જુદું જ રાખવું. મળ-મુત્રાદી ક્રિયા કરવાનું પોતાનું પાત્ર તેનાથી સંતજનો ભગવાનની સેવા કરવા ન લેવું. પવિત્ર જ રાખવું. મુનિજનો આવી રીતે વિવેક રાખીને સ્વામી સેવકનો દૃઢભાવ રાખવો. દેવપૂજાનાં અને પોતાને વાપરવાના પાત્રો જુદાંજુદાં રાખવાં. બહુ જ પવિત્રતા જાળવવી. પવિત્ર ત્યાગીજનો અપવિત્ર એવાં મદ્ય માંસ આદિકનો સ્પર્શ ન કરે. તેને ખાવાં પીવાં નહીં તથા છીંકણી ન સૂંઘવી. તમાકુનાં પદાર્થો ન ખાવાં. ગાંજો ભાંગ્ય અફીણ આદિ કેફી પદાર્થોનો ત્યાગ કરવો. તેની સામે જોવું પણ નહીં. જગતમાં જેટલી કેફ કરનારી જે વસ્તુ તે ત્યાગીએ ક્યારેય ખાવી કે પીવી નહીં ને પીવરાવે પણ નહીં. અને ખવરાવે નહીં. સુંઘે પણ નહીં તેનો ત્યાગી ત્યાગ રાખે. ત્યાગીજનો મદ્યમાંસથી રહિત જે પદાર્થો તેજ સારાં શુદ્ધ સાત્ત્વિક પદાર્થો ત્યાગીએ ખાવાં તથા ખાટલા ઉપર સામાન્ય રીતે ન સૂવું. ઘાસની ચટી પાથરીને સુવે અને જ્યારે મુનિવર માંદા પડે તે સિવાય ખાટલા ઉપર કાયમ ન સુવું. બીમારીમાં સુવાનો દોષ નથી. વૃદ્ધ હોય, રોગથી પીડાતો વૈરાગી હોય તેને જમવામાં કાંઈ મન લાગતું હોય તે વધારે ખવાતું ન હોય તો એકવાર કે બે વાર કે ત્રણવાર રૂચિ પ્રમાણે થોડું થોડું જેમ યોગ્ય લાગે તેમ જમે. શ્રીહરિ ઘનશ્યામ સુખદાયક પ્રભુનું સ્મરણ કરતા થકા સતત સંભારતા થકા ત્યાગી દિવસે ચાલતા રહે. સ્વતંત્ર રીતે ફરતા રહે. નિસ્વાદીજનનો કાયમ સંગ સહવાસ રાખવો. આ રીતે ત્યાગી ઉમંગથી ભગવાનની ભક્તિ કરતા જ રહે.

ત્યાગી તે સંતસમાગમ અને ભગવાનની ભક્તિ સાથે જે નિયમો કહ્યાં તે નિયમ પ્રમાણે દૃઢતાથી મનને જીતીને પાળવાનાં. બધાં જ રસ કસોનો ત્યાગ કરીને સત્સંગ ભક્તિ કરવાની. પૂર્વ જે ભક્તો રાજાઓ અને મુદ્‌ગલ અને રંતિદેવ આદિ ઋષિજનો થઈ ગયા છે તેઓએ પણ રસાસ્વાદનો ત્યાગ કરીને તત્કાળ જ પરમસુખને પામતા હતા તે રીતે વર્તવું. ત્યાગીના જે નિયમ કહ્યા તેનો જે ભંગ કરે તો તે મુનિ પ્રાયશ્ચિત્ત કરીને તત્કાળ જ શુદ્ધ થાય છે. અગ્નિ ઉપર પકાવેલાં અન્નોના થાળ ભગવાનને ન ધરાવે અને જમી લે તો તે મુનિ એક ઉપવાસ કરે ત્યારે જ તે મુનિ દોષથી મુક્ત થઈને પવિત્ર થાય છે. ભગવાનને ધરાવ્યા વગર ત્યાગી જો પુષ્પની માળા ચંદનને ધારણા કરે તો તે ઉપવાસ કરવો. તો તે દોષથી મુક્ત થાય. મુનિ પોતાના અંગોમાં જો અત્તર તેલ ફુલેલ લગાવે ને મોજ કરે તથા પાન સોપારી જો ખાય તો એક ઉપવાસ કરે તો તે શુદ્ધ થાય.

ભગવાનની પ્રસાદીનું અનાજ ખપતું ન હોય તેને આપે તો તેના તન મનને શુદ્ધ કરવા એક ચાંદ્રાયણ વ્રત કરે. ભગવાનનું ચરણામૃત બરોબર ભાવયોગ્યતાથી ન આપે. મુનિ ચાંદ્રાયણ કરે અને ન ખપતું હોય તેનું ચરણામૃત લે તો એક ચાંદ્રાયણ વ્રત કરે તો જ શુદ્ધ થાય.

ક્યારેક ત્યાગી ગૃહસ્થના ઘેર પાંચથી ઓછા જાય તો પ્રત્યેક મુનિઓએ એક એક ઉપવાસ કરવો. જો મુનિવર અજાંણતામાં મદ્યપાન કરી જાય અને માંસનું ભક્ષણ કરી જાય તો તેના પ્રાયશ્ચિત્તમાં તે મુનિ એક મહિના સુધી મીઠુ નાંખ્યા વગર સાથવો. પાણીમાં પી જાય તો શુદ્ધ થાય. ત્યારે તે મુનિના બધાં પાપોનો નાશ થાય. એકાંતિક શુદ્ધ ત્યાગી થાય અને જો ગાંજો ભાંગ આદિક અજાંણતાંમાં પી જાય તો તેના પ્રમાણમાં. પ્રીતથી એક ઉપવાસ કરે તો તે મુનિ સુંદર રીતે શુદ્ધ થાય છે. આ રીતે બધાય પ્રકારના શુદ્ધિના ઉપાયો કહ્યા તેની શુધ્ધિ માટે તે પ્રમાણે વર્તે ત્યારે તે ભક્ત કે સંત એકાંતિક કહેવાય. તે રીતે વ્રતના નિયમો કરીને રસનાને ત્યાગી જીતે તો તે પરમ પવિત્ર ત્યાગી સંત કહેવાય. જયાં સુધી મુનિ રસનાને જીતે નહિ ત્યાં સુધી જિતેન્દ્રિય મુનિ ન કહેવાય.

મુનિએ જયારે ઇંદ્રિયોને નથી જીતી અને જયાં સુધી રસનાને નથી જીતી ત્યાં સુધી જીતેન્દ્રિય નામ જ ન જાણવું. પરંતુ તે તો ભવમાં ફસાવેલાની જલત થાય છે. જયારે રસના ઇંદ્રિયને પ્રમાણસર જીતે વશમાં કરે ત્યારે જ તે પરમ એકાંતિક સંત કહેવાય. જગતમાં તેને જ સાચા કહે છે. માટે આવી રીતે જાણીને મુનિરસનાને તો અવશ્ય જીતવાની જ છે. રસના જીતે તો તે જીતઇંદ્રિય આખું જગત કહે છે. તેને પરમ ત્યાગી શ્રેષ્ઠ માને છે. પૂર્વના સમયમાં મોટા મોટા સંતો થઈ ગયા. તેમણે પોતાના આહારોને નિયમમાં કરીને રસનાને જીતી લીધી હતી. આ વાત તો પ્રસિદ્ધ જ છે. સૌ જાણે છે. સમજે છે. આમ જાણીને સંત મનમાં આહારને નિયમમાં કરીન રસનાને જીતો. આગન્યાને ઉરમાં ધરીને હવેથી આહારને નિયમમાં કરીને રસના જીતવાની રીત કહું છું. આવી રીતે સૌએ કરવાનું છે.રસથી ભરપૂર થોડુંક જ અનાજ ખાય તો તે રસનાને ન જીતી શકે. વારેવારે થોડું થોડું ખાય. તેનાથી ઇંદ્રિય જીતાતી જ નથી પણ રસ વગરનું જે અન્ન તેને અતિ ખાંત કરીને ખાય તો રસના નહિ જીતાય પણ ધીર ધરીને હવે વાત કહું છું તેને ધીર ધરીને એમ જાણો જે દેહનું રક્ષણ કરવા માટે યુક્ત આહાર કરે તો જ તે જુક્ત આહાર નહિ થોડો અને નહિ વધારે તે રીતે યુક્તાહારનો આહાર કહેવાય. સંતો યુક્ત આહાર કરે છે તે વાત કહે છે તે વાત ગીતામાં કહેલી જ છે. શ્રીકૃષ્ણ નારાયણ શ્રીમુખે જ કહે છે. યુક્તાહાર વિહાર તેનથી જ મુનિને રસનાને જીતી શકે તે વાત તો બહુ જ પ્રસિદ્ધ થયેલી જ છે. રસનાને આશ્રિત બધાય દોષોનું મેં વિસ્તાર કરીને કહ્યું તે રસનાને જીતવાના ઉપાયો નિર્દોષ કરનારા બધા જ કહ્યા તે બધાય સંતોને સુખ કરનારા છે. સ્નેહને આશ્રિત જે દોષો તેનું વિસ્તર કરીને વર્ણન કરું છું તેને જીતવા નિર્દોષ ગુણને બધોય સમજાવીને કહું છું. જ્ઞાનવાન રાજન તમને રસના રસાસ્વાદનો જે દોષ તે બહુ જ કઠણ છે. તે ગહરતાથી કહ્યો. આવી રીતે આ તેત્રીસમું અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરી પૂર્ણ થઈ.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અને ગોપાળાનંદ મુનિના સંવાદમાં ત્યાગીના ધર્મોમાં રસાસ્વાદ દોષ તેનો વિજય કરનારા ઉપાયનું નિરૂપણ કર્યું એ નામે આ તેત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૩॥**

# તરંગ-૩૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપે રસનો આશ્રિત બધા જ દોષો તો મને બહુ જ વર્ણન કરીને કહ્યા તથા તેને જીતવાના ઉપાયો બધાય કહ્યા તે સાંભળીને અમને સુખ થયું એમ ધારી લીધું. જે શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને જેવી રીતે સમજાવીને કહ્યું તે જ રીતે બધા જ આપે મને કહ્યા તે બધા મેં સાંભળ્યા. આપ હવે મને શ્રીહરિએ જે ગોપાળાનંદમુનિને સ્નેહને આશ્રિત રહેલા જે દોષો તે બધાય મને વિસ્તારથી કહો. આને તેના ઉપાયો સમજાવો. તે મારે જાણવા છે.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તમને ધન્ય ધન્ય છે. કેમકે તમે બહુ સુંદર પ્રશ્નો પૂછ્યા છે. આ જ પ્રશ્નો ગોપાળાનંદ મુનિને શ્રીહરિએ સુંદર રીતે કહ્યા છે. તે પ્રશ્નોની વાતને સુંદર રીતે સમજાવીને કહ્યાં છે. તે જ હવે હું તમને કહું છું. જે મુનિ ગોપાળાનંદને રાજી થઈને સમજાવીને કહ્યા તે શ્રીહરિનાં કહેલાં તમને કહું છું.

શ્રી સહજાનંદ પ્રભુ કહે છે — હે ગોપાળાનંદમુનિ ! તમે સુંદર રીતે સાંભળો તેમાં લોભ, કામ, રસ આ દોષોનું તો બધું કહ્યું. રૂપો કહ્યાં તેના જીતવાના ઉપાયો બતાવ્યા. તેને જીતવા માટે વિધિ સાથે સુંદર રીતે વિસ્તાર કરીને સમજાવ્યા. હવે તો સ્નેહને આશ્રિત રહેલા દોષો વર્ણન કરીને જેવી રીતે છે તે રીતે જ બધાય છે તે જાણો. વાસુદેવ પુરુષોત્તમ નારાયણ ભગવાન અને સંતો તેના વગર બીજું બધું પદાર્થ બધું ચિંતાનું કરનારું છે. પદાર્થની સાથે જે સ્નેહ કરે છે તે અંતઃકરણના વૈરી જાણવા. આ રીતે ત્યાગીજનોને પડતું બંધન કહેવાય. માટે તેમાંથી ત્યાગીને થોડો જ દોષનો લગાવ રહે તો તે બધા જ પાપોનું મૂળ જ થાય છે એમ કહેવાય. તે દોષો કેવા છે તેનાં નામો સાથે કહું છું. તે સંતોને બહુ જ દુઃખ દેનારા છે. દુઃખના ધામ જ છે. ત્યાગીઓ જ્યારે ઘરબારનો સંબંધીનો ત્યાગ કર્યો ત્યારે તેને સ્નેહના લીધે બધુય મનમાં સાંભર્યા કરે છે. સ્નેહથી જ બધાં પુત્ર પત્ની ધનપદાર્થ મનમાં સ્ફુરે છે. તેનાથી તેને જગતની સંસૃતિ જન્મમરણ થાય છે. લોકોને સ્નેહના લીધે સ્ત્રી પુત્રધન પદારથ જમીન પોતાનો દેહ તેમાં બંધન થાય છે. પશુ પક્ષી વૃક્ષવેલી આદિના સ્નેહથી તે બધુંય મનમાં સાંભર્યા કરે છે. તેનાથી તે જીવાત્મા પ્રેત થાય છે. ભવસંસારમાં ભટકે છે તે અતિશય દુઃખ પામે છે. જેની શિશ્નુ ઇંદ્રિય શિથિલ થઈ ગઈ હોય તો પણ સ્નેહથી તે સ્ત્રીનું સુખ ઇચ્છે છે તે સ્ત્રીના શરીર ઉપરનો ઉપરથી સ્પર્શ કરે છે. પ્રીતિને વશ થઈને કરે છે. આવું સ્નેહ કરાવે છે તે અનીતિ કરે છે. તે મંદ ઇંદ્રિય જીવનપર્યંત મરે ત્યાં સુધી દેહથી દુઃખ સહે છે. વિમુખ જેવો થઈને આખા કુટુંબનું ભરણપોષણ કર્યા કરે છે. તે બધી પ્રવૃતિ સ્નેહને વશ થઈને કર્યા કરે છે. તેનાથી બહુ જ દુઃખ પામે છે. તેનાથી નિવૃત્તિ નથી થતી. જુદી જુદી જાતીના પુરુષસ્ત્રીને જગતમાં એકબીજાના સ્નેહને લીધે પોતાની જાતિની કુળની મર્યાદા તોડીને માતાપિતા પુત્ર આદિને તત્કાળ ત્યાગ કરીને બેહાલ થઈને વિદેશમાં જાય છે. હેરાન થાય છે. પોતાની પત્નીને લઈને પુરુષ વિદેશમાં જાય છે. સ્ત્રીને લઈને હંમેશાં માટે જાય છે. આવું બધું કામ તે કરાવે છે. તે સ્નેહને લીધે કરે છે અને સ્નેહથી જીવ બહુ જ દુરગતિને પામે છે.

વારેવારે ઘરમાં તિરસ્કાર કરે છે. સ્ત્રીની સાથે પુરુષનું કાંઈ ઉપજતું જ નથી. સ્ત્રી સત્તા જમાવીને વશ રાખે છે. સ્નેહથી જાણે કે ત્યાગ કરે તોય તે મરણપર્યંત દુઃખો જ ભોગવ્યા કરે છે. હેરાન થાય છે. પતિપુત્ર

આદિક સંબંધીના સ્નેહના લીધે નારી તે પોતે પરિવારનું પોષણ કરવા પતિની પાછળ પાપકર્મ કરીને કુટુંબનું પોષણ કરે છે. સ્નેહથી પોષણ કરે છે તે બધા પોતાનું કુટુંબ માનીને પોતાના શરીરને ભૂખ તરસ સહન કરીને પશુપક્ષી પુરુષનું માનીને પોતાનું જ માંને. કુટુંબનું ભરણપોષણ કરવા માટે મૃત્યુનું કારણ જાણીને તે કર્મચોરને જગતના લોકો જાતે બેઠી રહે. લોકોના આધારે જીવન ચાલ્યા કરે. હેતથી પ્રવૃત્તિ થતી રહે. શરીરથી પોતાને દુઃખ થયા કરે. હે મુનિ ! તે મરવા સુધી ઉત્પાત્ત કર્યા કરે. હે સંતો ! આ બધું સ્નેહના કારણે જ જગતમાં ચાલ્યા કરે છે. તે મંદમતિ મુખેથી બહુ જ ખોટું બોલીને કર્મ કરે તેનું અતિશય કષ્ટ થાય તેને સહન કરીને આનંદમાં કરેલાં કર્મને બદલી નાશવંત સેવા કહેવાય તેને આધિન થઈને રહેનારા પરદેશ જાય ત્યાં કર્મ કરે. જનો કષ્ટજોયા છતાં કર્મો કરે છે. આ બધું સ્નેહના બંધનથી જ થાય છે અને પશુ પક્ષી આદિકમાં જે પ્રીતિ થાય છે તેને વિષે પોતાના પુત્ર જેવો જ સ્નેહના વશ થઈને થાય છે. તે બધાં જીવને બહુ જ કષ્ટ આપે છે તોય તેના હૃદયમાં સ્નેહ બહુ જ છે. તેથી મુનિ આમ કરે છે. શરીરમાં જુના અનેક રોગો રહેલા છે તોય જીવને આશાના પ્રમાણથી બંધાયેલો જ રહે છે.

હે સંતો ! આ બધીય વાતો સ્નેહના લીધે જ થાય છે તેમ જાણો. પક્ષપાત કરીને તે ધાર્મિક કામ કહે છે. પોતાના સ્નેહસંબંધને લીધે ખોટું બોલે છે. તેને કોઈ જાતનો દોષ નથી ગણતા. આવા બુદ્ધિવાળા સમજનારા છે. તેઓ સ્નેહના લીધે અન્યાયની વાતને ન્યાયમાં માને છે. પછી પાછા પાપમય મતિ કરીને કરેલ બધું પુન્ય કહે છે. તેને અનાત્મ કર્મ કરીને આત્મબુદ્ધિમાં રહે છે. તેનું કારણ મુનિરાય સ્નેહને લીધે જ કરે છે. બધુય પોતાના દેહરૂપ જ માને છે અને અસત્ય વાત સત્ય રૂપ માને છે. તે બધામાં કામ કરવાનું મુખ્ય કારણ સ્નેહ જ છે. તે સ્નેહના બળથી થાય છે એમ મુનિ માનો. મોટા ગુણનીતિવાળો પુરુષ પોતાનીપાસે હોય તો નજરે દેખાતો હોય તોય તેને વિષે બધુંય અવગુણમય જુવે. કાંઈ સારું ન હોય તોય જીવને સ્નેહના લીધે કરાવે છે અને અવગુણમાં તેની મતિથી ગુણ જ લાગે છે સ્નેહના પ્રતાપે. અને કામ ક્રોધ પછી લોભમાન ઈર્ષા આદિક અવગુણોનાં વખાણ કરે છે. તેના મૂળમાં બધાનું કારણ તો સ્નેહ જ છે. તે સંતો જીવનો મહામોટો અંતર શત્રુ રહેલો છે. એમ કહેવાય છે. હિત કરીને સ્નેહને જીતવા માટેનો સુંદર સુખ કરનારો ઉપાય કહું છું તેને મુનિવર સાંભળો. દેહ અને દેહના સંબંધી બધાને કેવળ નામમાત્ર છે એમ માનીને કાયમ સ્નેહ વિનાના થઈને પરમાત્મામય રહે છે. તેને નિસ્નેહી નર નામથી કહેવાય છે. આવી રીતે બધા ત્યાગી સ્નેહરહિત થઈને પરમસુખના સાગર પરમાત્મા મહાપ્રભુને પામીને પરમસુખને પામે છે. હરિમાં પ્રીતિ કરીને સંતો સદાય સુખને પામે છે.

હે મુનિ ! પૂર્વના સમયમાં ઋષિઓ, રાજાઓ બધા ભગવાનના ભક્તો થયા. તેઓ બધાએ સ્નેહ અને અનુરાગ બધાની સાથે ત્યાગ કરી દીધો. એવા **પ્રિયવર્ત** રાજા તથા **દધિચિ** મુનિઓએ ત્યાગ કરીને પરમસુખને પ્રાપ્ત કર્યું. પરમપદ પામ્યા. સૌને પોતાની કર્મભૂમિ તો જરૂર હોય. શુરવીરતાવાળા સંતો તે ગામમાં ન જાય. જો આવશ્યક કાંઈ કામ હોય તો પોતાના ગામે જઈને નિષ્કામિ સંત પોતાના સંબંધીને ઘેર ન જાય. ત્યાગી સંતોથી તે મારા પરમ સુજાંણ સમજણવાળા પુસ્તકો પુરાણો ભણીને દ્રઢમન આસનવાળા બેસવા માટેનાં વાંચવાનાં લખવાનાં સાધન પદાર્થ લાવે તે પોતાના સંબંધીઓ પાસેથી ત્યાગી ન લાવે ન મેળવે. મુનિરાય જો ભિક્ષા કરવા જાય તો સંબંધીનું અન્ન તે સુખેથી લેવું. તેના વગરનું જ પોતાના આસન ઉપર લાવે નો ગ્રહણ ન કરે અને સંબંધીઓને ક્યારેક આપત્તિ જેવું આવે ત્યારે ત્યાગી સંત તે સંબંધીને અન્ન ધન ને વસ્ત્ર તે ન

અપાવે અને પોતાના સંબંધીને જો અન્ન ધન વસ્ત્ર આદિક વસ્તુઓ વધારે હોય બહુ ધનવાન મિલકતવાળા હોય તોય ત્યાગી મનમાં લગારે રાજી ન થાય. જ્યારે બધું નાશ પામે ત્યારે તે ત્યાગી કુરાજી પણ ન થાય. આવી રીતે નિજ સંબંધ વગરના સંબંધીઓ બહુ જ હોય છે. તેમને પણ લાભ અલાભો બહુ જ થતા હોય છે. ત્યારે પણ સંતો રાજીકુરાજી થતા નથી તે જ રીતે નિકટના સંબંધીઓમાં એ જ રીતે વર્તતા રહેવું. બધાંને વિષે સમાન જ ભાવ રાખવાનો. સંબંધીજનો અને બીજા જનો સૌ સમાન જ જાણવા.

ત્યાગીને પોતાના દેહની ઉત્પત્તિ રૂપ દેહના સંબંધિમાં હેત થતું હોય તો જીવે પહેલાં અનેક દેહો ધારેલા છે. તે જ રીતે આ દેહની સ્મૃતિ રાખવી જોઈએ. આ ચોર્યાશી ખાંણમાં અનેક જન્મો અનેક જાતના ધરેલા. અનેક જાતના ધરેલાં. તેમાં જેવી પૂર્વદેહના સંબંધમાં કાંઈ પ્રીતિ કે અભિમાન નથી રહેતું. તે જ રીતે અત્યારના દેહના સંબંધીમાં સમાનભાવ જ રાખવો. આ રીતે સંતોએ કોઈ જાતનો સંબંધ ન રાખવો. પૂર્વના સંબંધીઓમાં જેવો પ્રેમ આનંદ રહે છે તેવું જ અત્યારના સંબંધીમાં અભિમાન પ્રેમ દયા ને રાખવું. સંત પ્રથમ પોતાના સંબંધીનો ત્યાગ કરીને પછી ફરીથી પોતાના સબંધીમાં આસક્તિવાળા થાય તો તે ત્યાગી મંદબુદ્ધિનો જેવો મસ્તાના થઈ જાય. આવી રીતે ત્યાગીને ફરી પ્રીતિ કરવાનો સંબંધી માટે નિષેધ કરેલો છે. તે જો ફરીથી સંબંધ કરે તો તે અધર્મ કહેવાય. જેમ ચોરી મદ્યમાંસ આદિક ખાય તેમાં જેવો પાપદોષ લાગે તેવો દોષ ત્યાગીને લાગે. માટે ત્યાગી અજાણતાંય તેના સંબંધીનો પ્રસંગ નથી કરતા. કેમકે ભક્ત ભગવાનનો ત્યાગી ભક્ત થઈને જ્યાં ત્યાં જઈને સંબંધીમાં આસક્તિ કરે તે મહા અભાગિ જ કહેવાય ને જગતમાં જે પાંચ મહાપાપ કહેવાય છે તેના જેવા જ મહાપાપી સંતને જાણવા જોઈએ. પંચ પાપો કોને કહેવાય છે તે બ્રહ્મહત્યા મદ્ય (દારૂ મદિરા)નું પાન કરે. સોનાની ચોરી તથા ગુરુની પત્ની સાથે ગમન રાજી કરીને તેનો વ્યભિચાર સંગ કરે આ ચાર. આ ચાર પાપીઓ તેનો જે સંગ કરે તે પાંચ પાપીઓ તેની બહુ જ પ્રશંસા કરે. સંગ સહવાસ કરે. તેના લીધે તે પાપીનાં પાપો તેના શીરે લાગે છે. પોતાના કુટુંબનો ત્યાગ કરીને તેઓનો સંગ કરે છે. મુનિ જે ત્યાગી અભિમાનથી સ્નેહ કરે. ત્યાગી થઈને પોતાના સંબંધીમાં એની સાથે હેત રાખે તો તે ત્યાગી પહેલાં જે પંચમહાપાપ તે સંબંધીમાં સંબંધ રાખનાર ત્યાગીને પાપદોષ લાગે છે એમ જાણવાનું કારણ કહ્યું.

આ બધાં મોટાં કારણો કહ્યાં. હવે બીજું નાનાં નાના કારણો તે કહું છું. જે ત્યાગી છે તેણે પોતાને સૌનાથી જુદો જાણીને પોતાના સ્વરૂપનો (સ્વસ્વરૂપનો) મનમાં દૃઢ નિશ્ચય કરીને મુનિજનો પોતાને બ્રહ્મરૂપ માને. બધાંય માયિક સામાન્ય પદાર્થો તેમાં પ્રીત કરવાથી સુખ છે જ નહિ. સુખ પામતો જ નથી ત્યારે પોતાના સ્વરૂપને ભગવાનના સ્વરૂપના સુખથી સુખ પામે છે. આમ મહાપ્રભુ સ્વમુખે સમજાવે છે. હે મુનિ ! માયિક જે બધાં પદાર્થો તે બધાંયમાંથી તેને બહુ જ દુઃખ કરનારાં નાશ પામનારાં જાણીને તેનો ત્યાગ કરીને તે મહાન ભાગ્યવાળો થઈને તેને તુચ્છ જાણીને મનમાંથી માયિક પદાર્થનો સ્નેહ કાઢી નાખીને. સંબંધીમાં સ્નેહ આસક્તિ ન કરે એવા કહેવાય ત્યારે તે ત્યાગી મોટા ભાગ્યવાળા શોભે છે. સુખ પામે તે સંત પૃથ્વી ઉપર પથારી વગર શયન કરે અને ખાટલાં ઉપર ક્યારેય ન સુવે એવું સારું કરે ત્યારે તે સાચા કહેવાય. ક્યારેક શરીરમાં મંદવાડ આવ્યો હોય ત્યારે રાજી થઈને પલંગ ઉપર સુવે તો દોષ ન થાય. બીજું ઘાસની ચટાઈ પાથરે અથવા તો ઓઢી લે તો એ પોતાના મનને માનવાનું છે. ત્યાગીજનોએ ઓઢવાનું કે પાથરવાના નહિ. આવી અમારી આજ્ઞાને અંતરમાં ધારીને વર્તવું અને જ્યારે એક માસ પૂરું થાય ત્યારે જ હજામત કરાવવી. શાસ્ત્રની મર્યાદા છે.

વ્રતના દિવસે કે પ્રાયશ્ચિત્તના દિવસે યાગી ક્યારેય હજામત ન કરાવે અને જમવાના પહેલાં જ હજામત કરાવવી. પાપીજન કે નાસ્તિકનો ક્યારેય સ્પર્શ થાય ત્યારે અને ક્યારેક દુષ્ટ સ્વપ્ન દેખાય. ત્યારે તથા ત્યાગી પોતે મુંડન કરવી લે ત્યારે બધાં જ વસ્ત્રો સાથે સ્નાન કરવું.અને પવિત્ર થવું. મુસલમાન કે તેના જવાનો સ્પર્શ થાય તો સ્નાન કરવું. ચાબડાંનું કામ કરનારનો જો સ્પર્શ કરે તો મુનિજનોએ બધાં વસ્ત્રો સાથે ચૌલસ્નાન કરીને પવિત્ર થવું. માતાપિતા તથા ગુરુજનના મરણની વાત જાણીને વસ્ત્રો સહિત સ્નાન કરવું. બીજા કોઈ મરે તો તેમનાં સમાચાર જાણીને સ્નાન ન કરે. આ અમારી આજ્ઞા છે ત્યાગી મુનિજનોએ પોતાનો સમય ભગવાનની નવધાભક્તિ વગર બગાડવો નહિ. જો વ્યર્થ જાય તો તે નકામું છે. મુનિજનોએ ક્યારેય ગ્રામ્યવાતો (જગતની વાતો) ન કરવી તેમ જ ન સાંભળવી. તે વાતો ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનાર થાય છે એમ જાણવું. કોઈની આજીવિકા વાડી ખેતર પોતાના બધાંય સાધનો તે ખેતીકાર્ય માટે ક્યારેય વિચાર ન કરવો અને બીજાની પાસેથી સાંભળવો પણ નહીં. ત્યાગીએ પોતાના મનને વશ કરીને રહેવું. ગૃહસ્થાશ્રમીઓ કોઈ ધન લેતા દેતા હોય તે જાણી તેના સાક્ષી કરવા માટે આવે તો તેની સાક્ષી તે મારા સમજુઓ ન કરે. મુનિઓએ ક્યારેય કોઈના મધ્યસ્થ ન થવું. ન રહેવું. આ અમારી આજ્ઞાને મનમાં દૃઢ કરીને ધારજો તો સુખ કરનારી થશે.

ગ્રામ્યવાત કરવાનું રૂપ કહું છું. તે મુનિ સાંભળો. રાજકાજની વાતો કરે તે વાતોમાં કોઈને વિજય કે પરાજય થાય તેની જ ચરચા થાય છે. તે ગ્રામ્યવાત કહેવાય. સુંદર વસ્ત્ર કે બહુ શોભાવાળાં આભુષણો એ આદિક વસ્તુની તે મુનિએ ને સાંભળી તેને ગુણવાનજનો ગ્રામ્યવાતો જ કહે છે. તેથી ત્યાગી વાતોને ક્યારેય ન સાંભળે. ખાવાપીવાનાં આદિક સારાં સ્વાદિષ્ટ પદાર્થોને રસાસ્વાદનાં સુખ કરનારાં જાણો અથવા તેના સંબંધી જે વાતો છે. તે ગ્રામ્યકથાઓ જ કહેવાય છે એમ જાણો. ખેડ અને વનવગડાની વેપારની વાતો અપાર છે તથા અનંત પ્રકારની કારીગરાઈ છે. હાથી ઘોડા રથ પાલખી આદિક સારાં વાહનો તેનાં વર્ણન કરે. બધાં સાધનો જોવાં વિચારવાં તે વૈરાગ્યવાન માટે ગ્રામ્યવાતો જાણવી તે ત્યાગીએ માટે વાતો ન કરવી. સાંભળવી નહિ તે જ મોટું ભાગ્ય કહેવાય. કદાપિ જો કોઈ સંત સાંભળે કે વાત કરે તો તે કોઈનું પાપ નિવારણ સ્વામિનારાયણ ભગવાનનું **ષડક્ષરવાળું** નામ કહેવાય છે. તે મોટું પ્રમાણ છે એમ માનો. આ નામનો મંત્ર મુનિવર જો પાંચ હજાર જપ કરે પચાસ માળા દૃઢ મનથી ફેરવે ત્યારે તેનાં બધાય પાપ નાશ પામે.

તે પોતે પોતાના ઘેર જાય અને તે ત્યાં જેટલો દિવસ રહે તેટલા દિવસ માતાપિતા અને ભાઈ સૌ તથા બહેન સૌ ભક્તોના ઘેર જમ્યા હોય તેથી નિત નિત તે પ્રમાણે ઉપવાસ કરવા એ પોતાને જે અન્ન આદિક આપ્યાં હોય તે તે લાવ્યા હોય તેનું તે અન્ન વસ્ત્રાદિક ચીજો ગ્રહણ કરી હોય તથા તેનો ઉપવાસ કરવો કહ્યા પ્રમાણે. મંદવાડ સીવાય પલંગ ઉપર સુવે સ્ત્રીની પાથરેલી અડેલી ગોદડી જેટલા દિવસ ઓઢે પાથરે તે પ્રમાણે ઉપવાસો કરવા. વ્રત કરીને ભગવાનના પરમધામનો અધિકારી થાય એના માટે પ્રાયશ્ચિત્ત કરવાનાં છે તે પ્રમાણે કરવાં. તે સમજુએ તે જેટલા ઉપવાસ કહ્યા હોય તેટલા ઉપવાસ કરવા અને ત્યાગી મુમુક્ષુ સંતોએ ભગવાનના સ્વરૂપનું ધ્યાન ભજન કરવું. હૃદયમાં પ્રભુને ધારવા. સંબંધીના સ્નેહ વગરના સૌ સંતોએ સંતનો

સમાગમ કરવો. નિત્ય ભગવાનની ભક્તિ કરવી. સાત્શાસ્ત્રનો અભ્યાસ પ્રયત્ન કરીને કરવો. પ્રેમથી કહેલા નિયમનું પાલન કરે તો તેનું ફળ તો ફંદને હરનારા મહાપ્રભુ દેનારા છે તે આપશે પણ સ્નેહને જીતીને નિસ્નેહથી નિત્યસંગ કરવો તે કલ્યાણનું સાધન થાય. હે સુંદર બુદ્ધિના મુનિ ગોપાળાનંદરાય ! અમે તમને સ્નેહને આશ્રિત રહેલા દોષો બધા વિસ્તાર કરીને કહ્યા તથા તેને જીતવાના ઉપાય કહ્યા તે બધાય ઉપાય સુખ દેનારા છે.

માનને આશ્રિત રહેલા મહાન દોષો બધાય હવે કહું. તેને સાંભળો. તેને જીતવા બુદ્ધિવાન સંત તમને જીતવાના ઉપાય કહું અને બધાય ગુણ કહું. આમ આ ચોત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અને ગોપાળાનંદમુનિના સંવાદમાં ત્યાગીના ધર્મોમાં સ્નેહ દોષ અને તેને જીતવાના ઉપાયો તેનું વર્ણન કરીને કહ્યા એ નામે આ ચોત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૩૪॥**

# તરંગ-૩૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! લોભ કામ રસ અને સ્નેહ આ બધાં દોષો તથા તેને જીતવાની રીત તે ગોપાળાનંદમુનિ પાસે આનંદના દાતા મુકુંદ મહાપ્રભુએ વિસ્તાર કરીને બધી વિગતવાર જુદી જુદી કહીને સમજાવી છે. હે મહારાજ ! હવે આપ મને માનને આશરીને રહેલા બધાય દોષો અને તેને જીતવાની રીત સમજાવીને વિસ્તાર કરીને કહો. મને આપનો શિષ્ય જાણીને બધું કહેવા કૃપા કરો એ જ આશા છે.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! હે ધરાપતિ તમને ધન્ય છે. તમે સારરૂપ એવાં પ્રીતથી પ્રશ્નો પૂછ્યા છે તેનો ઉત્તરો સુંદર રીતે નિર્મળ ચિત્તથી કહું છું તે ધ્યાન દઈને સાંભળો. શ્રી સહજાનંદ મહાપ્રભુએ પોતાના સ્વમુખે સ્નેહને આશ્રિત બધાય દોષો વર્ણન કરીને કહ્યા. પૂર્ણકામ મહાપ્રભુએ તે બધા દોષોને જીતવાના બધાય ઉપાયો કહ્યા. હવે કમલનયન મહાપ્રભુ દુઃખનું મૂળ એવો માનદોષ છે. માન છે તે જ બધો દોષોનું મૂળ કારણ છે તે બહુ જ મહાન છે તે ક્રોધ પણ તેમાંથી જ થાય છે તે બહુ જ કઠોર છે તે દોષ જ્યારે જેનામાં વ્યાપેલો હોય ત્યારે તે પોતાનાં જપ, તપ આદિક બધાં ગુણોને હરી લે છે એવો બળવાળો છે. દાન વ્રત યમ નિયમ બધું જ તેનાથી નાશ પામે છે. તે માનના લીધે જે ક્રોધ આવે છે તે મહાભયંકર છે ને તે કપટ સાથે બધેય ફેલાય છે. બધી બાજુ વિનાશ કરે છે. માનમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે તે ક્રોધ કેવો છે તે કહું છું તેને તમે સાવધાન થઈને સાંભળો તે ક્રોધાવિષ્ટ વચનો બોલે તે સારું બોલે છે કે ખરાબ બોલે છે. તે તેને ભાન નથી હોતું. તેથી તે લગારે વિવેક તો રહેતો જ નથી. આ બધુંય થાય છે તે ક્રોધના લીધે જ થાય છે એમ માનજો.

ધર્મશાસ્ત્રોએ સતશાસ્ત્રોએ જે મર્યાદા બાંધેલી છે તેને આળસ પ્રમાદવાળા જે ભક્તો છે તેક્રોધના લીધે તોડે છે. કેમકે બિનઅપરાધી જે જીવો છે તેમનો ક્રોધના લીધે નાશ કરાવે છે. મારી નાંખે છે. પોતાના આત્માનો

નાશ કરાવી નાંખે તેવો ભયંકર ક્રોધ ખળકારક છે. પોતાના ગુરુ માતાપિતા અને ભાઈબહેન ભાભી ભાણેજ ગોત્રનાં સંબંધીજનો એ આદિક અનેકનો ક્રોધના લીધે નાશ થાય છે. આ કામ કરવા યોગ્ય છે અને આ ન કરવા યોગ્ય છે. તેનો વિવેક રહેતો નથી અને ક્રોધ છે તે ન કરવાનું જ કામ કરાવતો રહે છે. દુષ્ટજનો પરસ્પર ક્રોધના લીધે બહુ જ મર્મભેદી દુષ્ટવચનો બોલે છે તે બધો ક્રોધનો જ પ્રતાપ છે. તે ક્રોધનાં ભેળી એક નારી રહે છે. તે નારી માનથી ઈર્ષા થાય છે. તે નારી બહુ જ ખરાબ છે. હે મુનિ ! તે ઈર્ષા કેવી છે તો સાવ મંદબુદ્ધિ મૂર્ખના જેવા માણસને પણ મહામોટા મહાન ગુણ જ્ઞાન તપવાળા પણ એમની સાથે ઈર્ષા કરાવે છે. હાનિ કરાવે છે. એકબીજાને પછાડે છે. થોડાક જ ગુણવાળો પુરુષની સાથે બરોબરિયાપણું કરાવીને મહત્તા ઈર્ષા કરાવે છે. માનને લીધે બુદ્ધિ શરીરમાં જ મંદ પડે છે. પોતે પોતાના સ્વરૂપને નથી જાણતો. મનમાં ને મનમાં મહાન થાય છે. માન ઈર્ષાને લીધે અતિ નિષ્ઠોર થઈને જગતમાં ઉદ્ધત્ત થઈને નઠોરતા કરે છે. બધી નિર્દયતા જેવું થાય છે. તે માનના પ્રતાપે જ થાય છે. તેનાથી કપટ, દંભ, મત્સર આવા અનેક દોષો ઉત્પન્ન થાય છે.

અન્યાય અને ન્યાયનું બુદ્ધિથી અનુમાન કરે છે. પછી ન્યાયમાં અન્યાય કરે છે. સાધુને અસાધુ જાણે છે. અસાધુને સાધુ જાણતા હોય છે. આ રીતે અવળું જ કરે છે. તપવિદ્યા અને ઉંમરથી વૃદ્ધ તેને ગુણવાન બ્રહ્મવેત્તા વખાણવા યોગ્ય મહાન સંતનું જાણીજોઈને અપમાન કરે જે પુરુષ પૂજવા યોગ્ય ન હોય તેને જોઈને તેનાં વખાણ કરે. શરીરથી લગારે સામર્થ્યવાળા ન હોય તોય તેને પૂજા કરવા યોગ્ય મોટા સમર્થ છે એમ પોતે જ માનનાર રહે છે. માનના મદથી અતિ ખોટું ને મહાપાપના કર્મનું જ બોલે. મુનિજનો સંતોની સાથે ખોટો બકવાદ કરીને વાદવિવાદ કરે તે માન સાથે દુષ્ટતા ભરેલાં વચનો બોલે. અતિ કઠોર થઈને એ નમ્રતાથી બોલે. સામાન્ય પુરુષો પોતે મુનિના નામથી જાણે જાપ જપતા હોય તેમ ચાળા કરે. નકલી મુનિ માંનથી સભામાં લોકસમુદાયમાં મહાન મોટા સંતો નિર્માનિ થઈને બેઠા હોય તેને દબાવીને પોતે બેસે માનના મદમાં દેવને પણ નમે જ નહિ. સાચા સંતનો પક્ષ પણ ન લે. આવા માનના મદવાળા. આ લોકોનો ડોળ જોઈને મુનિવરો કાંઈ વિરોધ નહોતા કરતા કે ઉપાધિ નહોતા રાખતા. માનતા હતા કે પ્રભુની આપણી ઉપર કૃપા છે. આપ બળ ઉપર રહેતા હતા. આવી રીતનાં મોટા મોટા દોષો જાણીને આશ્રિતો અપમાનને સહન કરતા હતા. તે બધામાં માનીને જોઈને તે બધા દોષવાળા તેમનો ત્યાગ કરીને ત્યાગીઓ શત્રુ માનીને દૂર જાય ને પ્રભુને રાજી કરવા પ્રભુનો આશ્રય લઈને ત્યાગીઓ માનનો ત્યાગ કરતા રહે છે. જ્યારે માન જાણીને મુનિજનો ત્યાગ કરે છે એવા મુક્ત મુનિઓ બહુ જ સમજનારા જ્ઞાનિ મુમુક્ષુઓ બહુ જ સુખને પામે છે. પ્રભુના પ્રતાપે તે માનીને શત્રુ માનીને તેનો ત્યાગ કરે છે. પ્રભુનો આશ્રય જ શેષ રહે છે.

રાજા હરિશ્ચંદ્ર અને કૌશિક નરેશ અને બીજા રાજા યુધિષ્ઠિર આદિક રાજાઓ માનને દુઃખરૂપ માનીને શત્રુની માફક ત્યાગ કર્યો ત્યારે તેઓ રાજાઓને દુર્લ્લભ એવી સુખની મહાસિદ્ધિ પ્રાપ્ત કરી. તે માનને ત્રણે કાળમાં જીતવું જોઈએ. જીવનો નાશ કરનારો તે શત્રુ મહાન છે. ન જીતાય તેવો છે તોય તેને જીતવાનો ઉપાય તેની રીત કહું છું. હે મુનિ પ્રથમ આત્મવિચાર કરીને શુદ્ધ રૂપ એવો સદાય ચલાયમાન નહિ થનારો વિકાર વગરનો જીવાત્મા છે. આત્મ અનાત્મનો જે વિવેક છે તે જ જ્ઞાન છે. સંતોએ તે વિવેકનું જ્ઞાન રાખવું. તે જ્ઞાનની રીત કહું છું. હોંશિયારીથી તેને પોતાને જીવનક્ષેત્રરૂપ પ્રમાણ રૂપે જાણો. પંચભૂત અને પંચવિષયોને

જોઈને દશ ઇંદ્રિયો અને અંતઃકરણને જોવું તેની ત્રણ અવસ્થા ત્રણ દેહો તે બધાંય ક્ષેત્ર છે એમ જાણવું. મુનિ આ રીતે ત્રણેને સમજો. આ બધાંયમાં બધાંને જાણનારો એક જ છે. જીવાત્મા તે ક્ષેત્રજ્ઞ છે. એમ વિચાર કરો. બધાય માયિક ભાવોથી રહિત એવો જીવાત્મા એ સદાય શુદ્ધ સ્વરૂપનો સનાતન જ્ઞાન કરનારો છે. જાણનારો છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ સ્વરૂપને નક્કી કરીને બેયને સુંદર રીતે ભેદને જાણવો. નિશ્ચય કરીને મનનો દૃઢભાવ કરીને બંનેને જાણવા પોતે જીવને ક્ષેત્રજ્ઞ રૂપ રહેલો છે એમ કહેવાય.

હે મુનિન્દ્ર જીવાત્મા પોતાને આત્મરૂપ જાણીને વિવેકી ત્યાગી તે સ્વછંદી એવું માન તેને દુઃખદાયક છે એમ માનીને તે માનનો ત્યાગ કરવો. ત્યાગી અને ગૃહસ્થજનો જે જાણી સમજીને માનનો તિરસ્કાર કરે છે તે અતિ કઠોર વચનો કહીને એના ઉરને ભેદવું. તેનાથી તે શુરવીર ત્યાગી કષ્ટ નથી પામતા. જ્ઞાની સમજુ તે બધુંય માનઅપમાનને સહન કરે છે. તે આત્મરૂપ થઈને સુંદર દૃઢ જ્ઞાનવાળા થઈને માનનો ત્યાગ કરવાથી મુનિજનો કોઈ ક્ષોભને નથી અનુભવતા. કડવાં વચનો સાંભળીને મનમાં ને મનમાં બધુ જાણે સમજે છે. વૃદ્ધ મુનિવરો જ્ઞાન તપ યોગને માનીને પોતાને યોગ્ય રીતે સમાન અવસ્થા સ્થિતિમાં સમાન સ્થિતિ સંતો જાણે છે. વર્તે છે. તેમનું જનસમુહ તેમનું જનસમુદાય મોટા જાણીને સન્માન કરે છે. પોતાને કોઈ મોટા નથી માનતા ને નાના જ થતા રહે છે. નિર્માનિ રહે છે. ત્યારે તેઓ કોઈના ઉપર ઈર્ષા નથી કરતા. મુનિજનો મનમાં કોઈ ક્ષોભને પણ નથી પામતા. અંતરમાં બહુ જ રાજી રાજી થતા રહે છે.

પછી સૌ સંતોની જમવા માટેની પંક્તિ તૈયાર થઈને બેઠી. બાનવેલી નક્કી કરેલી વસ્તુ પ્રભુ સંતોને જોઈજોઈને આપતા હતા. નાના સંતોને આપતા હતા. સૌ પોતપોતાને સમિપવાળાને આપતા હતા. જેમતેમ આપતા હતા તોય મુનિવરો માનથી મોટા હતા. નાના આપતા હતા તો કોઈ રીતે ક્રોધ નહોતા કરતા. મોટા અધિકારીની પદવી યોગ્ય રીતે સાવ નાના હતા તેને આપતા હતા. મોટા મહાનને સાવ હલકાં સામાન્ય પદ દીધાં તોય ગુરુ પોતાને વિવેક જાણીને કાંઈ બોલતા ન હતા. સૌ મનમાં બહુ રાજી થતા હતા. એવા સમજુ ગંભીર નિર્માનિ સંતો રાજી થયા. સંતજનો ઈર્ષા મદ માનનો ત્યાગ કરીને તે સંતો સાચા જ્ઞાનિસંતનું સેવન પરિચર્યા કરે તે સાચા ત્યાગી મુનિજનો સૌ મહાન પર ભાગવતી સંતો એમને જાણવા. માન અને ઈર્ષાવાળા જે હોય તેને સાચા ત્યાગી સંત ન માનવા. તે માનવીનાં મનમાં વર્તે તે જ સારા સંતો જગતમાં શોભાને કરનારા સુખ કરનારા છે. પૂર્વના સમયમાં પવિત્ર પુણ્યવાળા સંતો થયા. તેઓ પ્રીત કરીને નિર્માનિ થયા તો બહુ જ સંપત્તિ સુખને પાંમ્યા તે સંતો માનનો ત્યાગ કરીને રહેલા સંત જાણવા વિનયવાન સંતોને કહેતા. તમે સૌ નમ્ર મનના અતિ સરલ સ્વભાવવાળા માનનો ત્યાગ કરીને મનમાં અતિઉત્સાહ આનંદથી રહો છો. સુખ પામો છો અને માનના રોગવાળા અત્યારે કોઈ સુખ નથી પામતા તે તમે માનજો. હે મુનિ ! માન છે તે તો બહુ જ પાપનું પ્રમાણ છે. તેથી ગૃહસ્થો પણ તેનો દુઃખદ છે. તેનો વિચાર નથી કરતા તો મુનિરાયો કરે તો તેનો શું હેતુ કહેવાય. માનના કારણે દુર્યોધન તે પોતે રાજાના દર્શન પ્રાપ્ત કરી શક્યો. અને શિશુપાલ આદિક મોટા મોટા રાજાઓ પણ પોતાના કુળપરિવાર સહિત નાશ પામ્યા. આ બધું થયું તેનું પરિણામ તો તમે તમારા મનમાં માનને જ માનજો. તેથી ત્યાગી માન દુઃખ દેનાર છે. તે શા માટે રાખે.

હે મુનિ ! આવી રીતે વિચાર કરીને મુનિ માનનો ત્યાગ કરવો તે જગતમાં જન્મમરણના ફેરા કરાવનાર છે. તેથી અભિમાનનો ત્યાગ કરીને નિર્માનિ થઈને માનનો ત્યાગ કરી પ્રભુભજન કરવું. મુનિવૃંદ દૃઢપણે

ધર્મમાનને પરોવીને વર્તતા હોય એવાનું માન રાખવું. સાચવવા એને બીજામાં ન રાખતા હોય તે તે દુઃખનું સાધન છે તે જોવું. અજ્ઞાનીજનો છે તે તો ત્યાગીજનોને તાનથી મૂર્ખ સમુદાય અપમાન કરે, હેરાન પરેશાન કરે. મંદમતિ ધૂળ પથ્થર નાંખીને કષ્ટ કરે છે. પાપીને તે સૌ કોઈ અનેક પ્રકારે બહુ રીતે અનાદ અપમાન કર્યા કરે છે. તોય સંતજનો લગારેય ક્ષોભ નથી પામતા. નિર્વિકારી મનવાળા થઈને પ્રભુમાં પ્રીતિ કરે છે. સંતોનું બીજા માણસો દુર્જનો આવીને અપમાન કરે કે પાસે આવીને માર મારે કે ધુડ નાંખે તથા ગાળો આદિક બોલે. આવી રીતે પાપીજનો સાથે મળીને હેરાન કરે. ત્યારે તેઓના અપમાનને સંતો બહુ જ સહન કરે. નિર્માનિ સંતો સામો કોઈ પ્રતિકાર ન કરે. કાંઈ બોલે જ નહિ. કોઈને અજાણતાં પણ ગાળ ન બોલે તથા ત્યાગી સામો જાણીને માર પણ ન મારે. આમ નિર્માનિ રહે. મુનિજનો કોઈ જાતનો ખોટો વાદવિવાદ ન કરે. તે દુષ્ટોને કળિયુગના રૂપવાળા જાણીને તેની સામે કોઈ કચવાટ ન કરે અને સંતો મુખેથી ક્યારેય ખોટી ખરાબ વાણી ન બોલે. લોકોને દુઃખ થાય એવું ક્યારેય ન બોલે. સદાય સાચું જ બોલે. દુર્જનો સંતોની મન વાણી શરીરથી દ્રોહ કરે તોય ક્યારેય સામે કડક વચને માનથી ન બોલે અને પોતાને માટે ક્યારેય લીલાં ઘાસને ન તોડે એવા ત્યાગી સંતો અને ગૃહસ્થો ભક્તોને મુનિજન જ કહેવાય. તેઓ ક્યારેય ઘાસનું તણખલું લઈને કોઈને ન ડરાવે અને અમારી આજ્ઞાને બહુ જ રાજી થતા થકા પાળે તથા નરનારિજનો ઉપર ક્યારેય જાણતાં કે અજાણતાં મિથ્યા અપવાદ ન નાંખે એવા સત્યનિષ્ઠ નિર્માનિ રહે છે. લંગડો આંધળો કે કાંણો બહેરો આદિ આવાં વચનો પણ ધીરજવાન એવા સંતો ન બોલે. પરંતુ તેઓને નામ કહીને જ બોલાવે. એવી અમારી કહેલી આજ્ઞાઓને શિર ઉપર ધારી વર્તનારા સંતો દૃઢ નિયમવાળા છે.

પૂર્વના સમયે જડભરત થઈ ગયા. તે જડભરત પરમહંસની પદવીને પામ્યા હતા. તેની માફક આ ત્યાગી સંતો જડભરતની માફક જ વર્તે છે. સ્વતંત્ર રીતે નિર્માનિ વ્રતમાન પાળે છે. સંતો બુદ્ધિમાં બહુ જ ધીરજ રાખે છે. પોતે વૈરાગ્ય પ્રમાણે વર્તે છે. તે જ રીતે વૈરાગ્યની જ વાતો કરે. ગુરુ દેવ સત્‌શાસ્ત્રની ક્યારેય નિંદા ન કરે. સદાય આસ્તિકતાથી જ સુંદર રીતે વર્તનારા છે. કેટલાક આત્મનિષ્ઠાના અભિમાન લાવીને તે સ્નાન સંધ્યાદિક નિયમો ભગવાનની પૂજાસેવા આદિક ધર્મના નિયમો તે. મંદભાગ્યવાળા આત્મવાદી ત્યાગી દે છે નથી કરતા. તે મંદભાગી છે અને મારા આશ્રિત સંતો છે તે તો બધાય દૃઢ ત્યાગ રાખીને સાવધાન થઈને મુનિ સવારમાં વહેલા બ્રહ્મકાળે ઉઠે છે. બ્રાહ્મમુહૂર્તમાં સાવધાન થઈ જાગ્રત થાય છે. રાત્રી જ્યારે ચાર ઘડી બાકી હોય ત્યારે ચાર વાગે ઉઠીને નિત્ય નિયમવિધિ કરવા લાગે છે. શ્રીહરિનું નામ સ્મરણ કરે છે. હેત સહિત નામ સ્મરણ કરે. કિર્તન ધ્યાન કરીને સ્નાનાદિક કરે છે. પછી પૂજાવિધિ કરે છે. પ્રેમથી નિત્ય પોતાનાં ક્રિયા કર્મોને કરે છે. બહુ જ નિયમો કરીને પ્રગટનાં વારંવાર ગુણો ગાય છે. આ બધો વિધિ મુનિ તમોને બહુ જ કહ્યો છે. આ મુનિજનો ક્યારેય દિવસે શયન નથી કરતા. શરીરમાં કાંઈક આપત્ત જેવું આવે ત્યારે રોગાદિક ઉપદ્રવ હોય તો આરામ કરે અને સૂર્યને અસ્ત થયા પછી મોડી રાત્રે સુવે એ વહેલા ક્યારેય ન સુવે. સૂર્યને ઉદય થયા પછી ક્યારેય ન સુવે. સંતો હંમેશાં પ્રગટ પ્રભુનાં લીલાચરિત્રોને ગુણની અંદર ગુલતાન થઈને પૂજનવિધિ કરીને વંદન નમસ્કાર કરીને સદાય ઉરમાં મૂર્તિનું ધ્યાન ધરતા જ રહે છે.

આવી રીતની ભક્તિ કર્યા વગર સંતો ખોટો સમય લગારે ન વિતાવે. સદાય ભક્તિ કરીને સંતોની પાસે રહીને ભજનમય સમય વિતવવો ભક્તિ કર્યા કરવી. સંતો ત્યાગી ભક્તજનો સૌ સુખરૂપ એવા શ્રીકૃષ્ણ

પ્રભુના જન્મોત્સવ આદિક વ્રતના દિવસોએ નિયમ પ્રમાણે વ્રત કરીને મુનિજનો સુંદર રીતે જ્ઞાનઉપદેશની વાતો કરવી. સતશાસ્ત્રના નિયમ પ્રમાણે અને શક્તિ પ્રમાણે શ્રદ્ધા આદરથી ખૂબ જ ઉત્સાહ સાથે મનના આનંદ સાથે વ્રત કરવું. આવા નિયમને જો મુનિભંગ કરે. વ્રત ન કરે. સમજાવે તો તે પ્રમાદના દોષને લીધે વ્રતભંગનું પ્રાયશ્ચિત્ત કરવું. સૌ સંતોએ હોંશિયારીથી પ્રાયશ્ચિત્ત કરવું. મુનિ બધી જ આળસનો ત્યાગ કરીને પાપનો નાશ કરવાનો ઉપાય કરે તે પ્રાયશ્ચિત્તની રીત કહું છું. તમે સંતો સાંભળો તે જ રીતે વ્રતનું પ્રાયશ્ચિત્ત કરવું. બીજાને કરાવવું. હાથ કે પગ કે અંગ તેને ક્યારેક મારઝુડ તે કરે લાકડી સોટી કે હાથના બળે કોઈને સંત મારે તો તે મારઝુડના પ્રાયશ્ચિત્તમાં એક ઉપવાસ કરવો. મુનિ જો કોઈને માર મારે ને તેના શરીરમાં મારનો સોજો આવે કે લોહી નીકળે તો તેનો દોષચિત્તમાં ધારીને તેનું પ્રાયશ્ચિત્ત ચાર ઉપવાસ લાગટ કરવા તથા મારતાં મારતાં કોઈ અંગ ભાંગે તો બાર દિવસ ઉપવાસ કરવા. મુનિ જો બીજાને ગાળો દે તો તેને ગાળો જેટલા જ ઉપવાસ કરવા. ત્યાગી થઈને ક્રોધના આવેશમાં આવી જઈને કોઈને કડવાં વચનો જો ક્યારેક કહી જાય તો તે વચનોથી કોઈ ને કાંઈ પીડા થાય તો તેનો એક ઉપવાસ કરવો. ધર્મનો વિચાર કરીને વ્રત કરીને શુદ્ધ બુધ થઈ જાય છે. હવે હિંસાના ભેદ ઘણાં કહેલાં છે તેને શાસ્ત્રમાંથી શોધીને જો જાણવા જેવાં ખાસ છે તે અમે કાંઈક વિચારીને કહ્યાં છે તે અવશ્ય કરવાં. હવે હિંસાનાં પ્રાયશ્ચિત્તની વાત બધી સંક્ષેપમાં કહું છું. જે જીણાં માંકડ ચાંચડ માંખ મચ્છર અપર જંતુઓ છે ક્યારેક જાણીને હિંસા થાય તો અષ્ટાક્ષર મંત્રનો શુદ્ધ ઉચ્ચાર કરીને એકસો આઠવાર જાપ કરવો. તે જપથી પાપનું નિવારણ થાય. ઉંદર ભમરા આદિ ક્યારેક અજાણતા જ મરી જાય તો એક ઉપવાસ કરવો. સંતોએ વિધિ નિષેધનો વિચાર કરીને નાના મોટા જીવનો વિચાર કરીને મારે તો તે પાપના નિવારણ કરવા માટે નાના જીવને ભુલેચુકે મરાયો હો તો તેનો મનને સ્થિર કરીને ઉપવાસ કરવો તથા મોટું પાપ કરે તો મોટા જીવને માર્યો હોય તો તેના પ્રાયશ્ચિત્તમાં વધારે ઉપવાસો કરવા. મોટા જીવને મારેલ હોય તો તેના બહુ જ ઉપવાસો કરીને પ્રાયશ્ચિત્ત કરવું. આયુષ્યને અંતરમાં ધારીને પવિત્ર બુદ્ધિના સંતો સુંદર રીતે ધારણા કરવી. જો સંત સૂર્ય ઉદય થાય ત્યાં સુધી સુઈ રહે અથવા સૂર્ય અસ્ત થયો હોય ત્યારે સુઈ ગયા હોય કે સંતો દિવસે સુઈ જાય તો તેનો ઉપવાસ કરવો પણ જો ક્યારેય કોઈક રોગ દર્દના દુખથી દિવસે સુવે તો દોષ નથી પણ જો નિરોગી હોય ને પ્રમાદ કરીને સુવે તો દોષ થાય છે. અમે જે કહ્યા નિયમો તેનું પાલન કરનારા એવા જે સાધુ તે આ લોકને વિષે શ્રેષ્ઠ છે. આત્મનિવેદિ સંતો તેમને માનવા માટે તે પ્રમાણિત કરે.

હે મુનિવર ! તમને હવે તે સંતોના વિશેષ ધર્મ છે તે વિચારીને કહું છું તે ધર્મોને મુનિજનોએ દઢતાથી ધારવા. મુનિ જો માનુની (બાઈનું) રૂપાળું મુખ જોઈ જાય તો તેમણે એક ઉપવાસ કરીને શુધ્ધ થવું. આવી રીતે આત્મનિવેદિના વિશેષ ધર્મ તે કહ્યા. માર્ગમાં ચાલીને મુનિન્દ્ર જતા હોય બહારગામે ગયા ત્યારે મુનિએ મલમૂત્ર કરવાનું થાય તે કહું છું તથા ભિક્ષા માંગવા જાય ત્યારે સ્નાન કરીને જાય છે. તે ચતુર મુનિ ચાર જગ્યાએ જાય. ત્યારે વ્યક્તિ તે રૂપવાન હોય. વચમાં વિશેષ વયવાળી હોય તો તેનું મુખ દેખવામાં આવ્યું હોય તો તે અજ્ઞાત છે એમ જણાયું હોય એમ જાણવું ને સંતને તેનો ઉપવાસ કરવાનો નથી કહેતા તે જાણો. અનાજ, ફળ, જળ બીજું પદાર્થ જો કાંઈ હોય તે શ્રીહરિને જમાડીને સુંદર રીતે તૈયાર કરીને ધરાવવાં. પ્રભુને જમાડ્યા વગર કોઈ પણ અન્નજળ ફળ બધું જ જમાડ્યા વગર ન જ લેવું. ત્યાગીઓએ ક્યારેય પ્રસાદ કર્યા

સિવાય ન લેવું.

આવી રીતે અમે જોઈ જાણીને ધારણા કરીને પૃથ્વી ઉપરના ધર્મો કહ્યા છે તે આત્મનિવેદીના ધર્મો બહુ જ છે. તેમાંથી આ કહ્યા તેને તમે અંતરમાં હેત કરીને રાખજો. બધા વિસ્તાર કરીને સાવધાન થઈને કહ્યા છે. બાળક વૃદ્ધ અને રોગી અને દુઃખી આ બધા માર્ગમાં ચાલતા હોય તથા દેવાલયનું કામ કરતા હોય. આવી રીતના તે સંત તેઓ બે વાર જમે તથા દિવસે શયન કરે તેનો કોઈ નિયમ નથી બે વાર કે ત્રણ વાર ત્યાગી સંત જમે તથા દિવસના સમયે શયન કરે તેને કાર્ય કરનારા સંતોને દોષ નથી થતો એમ કહું છું તે તમે જાણજો. આવી રીતે તમને બધા જ વ્રતના ઉપાયો કહ્યા. તે માનરહિત થઈને સંતોની સાથે અને ભગવાનની ભક્તિ પણ સાથે કરવી અને વ્રત કરવાં. નિયમપૂર્વક ધર્મસહિત ભક્તિનું પાલન કરે છે તે પ્રેમથી ભગવાનની દૃઢભક્તિ કરે છે. તે દૃઢ નિયમથી માનને જીતે છે. અને તત્કાળ જ તેના ફળ સુખને પામે છે.

આવી રીતે માનની માફક જ લોભ, કામ, રસાસ્વાદ અને સ્નેહ આદિક પાંચ જ દોષો છે તે બધાય દોષો અંતરશત્રુઓ કહેવાય છે તેને નિયમબદ્ધથી જ જીતાય છે. તે બધાયના બધાય જુદાજુદા દોષો સમજાવ્યા છે તથા તેને જીતવાના ઉપાયો પણકહ્યા છે. તે ઉપાયો કેવા છે તે તેને તમે જાણો તેને મોટા સંતો છે તે કહેતા હતા તે કહ્યા છે. બધાં જ પ્રાયશ્ચિત્તોનાં નિયમો કહ્યાં તે પ્રાયશ્ચિત્ત બહુ જ પ્રકારો કહેલા છે. તે મુનિ તમે જાણજો. નિયમ ભંગ થાય તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય તે સંતોને પૂછીને તે પ્રાયશ્ચિત્ત દૃઢતાથી કરવું. પ્રાયશ્ચિત્ત જે રીતે ઘટતું હોય તે રીતે જ કરવું. આ અમારી આજ્ઞાને ઉરમાં ધારીને વ્રતી જ્યારે પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરતા હોય ત્યારે આનંદથી બહુ જ પાણી પીવું તેનો બાધ નથી. પણ બીજાં અનાજ કે ફળ વિગેરે કાંઈપણ ભક્તજનોએ ઉપવાસમાં ખાવા નહીં પણ પાણી વારેવારે પીવું નહિ તથા એકાદશી આદિક વ્રતો આવતાં હોય તેના જેવો જ પ્રાયશ્ચિત્તનો ઉપવાસ જાણવો તે જ રીતે કરવો. એકાદશીનો અને પ્રાયશ્ચિત્તનો ઉપવાસ ભેગો ન ગણવો. તે અલગ અલગ જ કરવા. વારાફરતી કરવા. તે ઉપવાસ પારણાંના દિવસ પછી કરવા. તે પ્રાયશ્ચિત્તના ત્રણ ઉપવાસ કરવાના હોય તો મૂળ ઉપવાસથી પછીથી કરવા. વ્રતનો ઉપવાસ કરીને પછી પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો. જો ત્રણ ચાર ઉપવાસ કરવાના હોય તો એક પછી એક એમ વારાફરતી કરવા. પ્રાયશ્ચિત્તના ઉપવાસ વ્રતની ભેગો ન કરવો. પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો તેમાં વચમાં બીજો ઉપવાસ આવી પડે તો તેને જુદો કરવો. પ્રાયશ્ચિત્ત પ્રાયશ્ચિત્તના ઉપવાસો હોય તેના ભેગા વ્રતના ઉપવાસો ન કરવા.પ્રાયશ્ચિતનો ઉપવાસ ચાલું હોય અને પછી જો ઉપવાસ પડે તો તે ઉપવાસ જુદો ન કરવો પણ ભગવાનના નામનો મંત્રજાપ કરવો. જમ્યા પછી જો કોઈ બાઈ પાછળથી અડી જાય તો સ્નાન કરવું. ઉપવાસ ન કરવો અને પ્રાયશ્ચિત્ત કરીને ત્યાગી શુદ્ધ થયા હોય અને તેને પાછો કોઈક અભાગી પાપવાળા છે એમ કહે તો તે કહેનારને પણ એક ઉપવાસ કરવાનો આપવો. આ રીતે અમારું આજ્ઞા બંધારણનું પાલન કરવું. અંતરમાં ધારીને ભગવાનના ભક્તો ત્યાગીજનો જગતમાં બધાય નિયમોનું પાલન કરે તો તે સુખ પામે છે.

હે મુનિ ! જનના જીવનની સ્મૃતિમાં જ્યાં સુધી જાગ્રતિ રહે ત્યાં સુધી નિયમનું પાલન કરવું. આળસનો ત્યાગ કરીને ગુણવાન સુશીલ સંતોએ આ રીતે વર્તન કરવું. હે મુનિ ! લોભાદિ પાંચ દોષના બધાં જ નિયમો કહ્યાં. તે કષ્ટને હરનારાં છે. તેથી જે સંતોજન અંતશત્રુને વશ ન કરે તો તે જીવ જગતમાં મહાપ્રપંચના દુઃખમાં પડે છે અને પીડા પામે છે. તે જીવ નરકમાં પડે છે અને મહા કષ્ટને પામે છે. યમપુરીમાં પડીને તે યમની

યાતનાઓ ભોગવે છે. રાતદિવસ અનંતકાળ સુધી નરક દુઃખ ભોગવે છે. પછી પાછા લખચોરાશીમાં તેમાં કુતરાંના કે ગધેડાંના શરીરને પામીને પૃથ્વી ઉપર ઠેરઠેર રખડે છે તે આ રીતે દુષ્ટજનો કર્મફળ પામે છે. આ રીતે મુનિરાજ જાણજો. ત્યાગી સંતોને જ્ઞાનવૈરાગ્ય ધર્મયુક્ત ભગવાનની ભક્તિ કરતા થકા આજ્ઞાનિયમોને દઢતાથી પાળતા હતા. ભજતા હતા. સર્વ જીવોમાં તે મુનિ વચ્ચે જ સર્વમાં શ્રેષ્ઠ એકાંતિક ભક્ત થાય છે. તેમની ઉપર અજ્ઞાનને હરનારા શ્રીહરિ બહુ જ રાજી રહે છે. સૌ સંસારમાં જનો એમને પરમહંસોમાં પ્રસિદ્ધ મહાસિદ્ધોના સ્વામી સર્વના જીવનમુક્ત પ્રભુ તે સાત્વત ભાગવતી સુખદાતા છે. એજ પરમ સુખ દેનારા પોતે જ છે. એવા જ્ઞાનિ નિષ્ઠાવાનને જ સાધુ કહેવાય છે. તેમને જ લોકો જ્ઞાની બ્રહ્મવેત્તા કહે છે. તે સંતો જગતના જીવોને ભગવાનનું જ્ઞાન કહીને તારે છે. આવી રીતે તે સંતો ભવસાગરને જ્ઞાનનૌકાથી તારે છે. મુક્તિ કરાવે છે.

આવા જ્ઞાની સમજુ સમર્થ સંતો છે. તે જ્યારે મરણ પામે છે ત્યારે એમને હરિભક્તો બહુ જ હેત કરીને પ્રમાણરૂપ પૂજે છે. ચંદન પુષ્પોથી સુંદર રીતે ચંદન ચર્ચીને સંતોને રાજી કરે છે. તેમનું શરીર શ્રીહરિના સ્વરૂપમાં જ સ્થિર થયેલું જુવે છે. પૃથ્વી ઉપર પડેલા દેહને જંગલમાં મૂકે છે અથવા તો જળના પ્રવાહમાં વહેવરાવે છે અથવા અગ્નિમાં બાળે છે. આ રીતે દેશકાળના પ્રમાણે વ્યવસ્થા કરે છે. આવી રીતે દેહ પડ્યા પછી મુનિજનો આવી રીતને જુવે છે. તોય ક્યારેય રુદન તો કરતા જ નથી પણ ભગવાનની બહુ જ ભક્તિ કરે છે. શુરવીરતા અંતરમાં ધીરજ ધારીને ધર્મજ્ઞાન વૈરાગ્ય યુક્ત થઈને ભગવાનની ભક્તિ અનન્ય ભાવથી કરે એવા મારા મહાન સંતો છે. જગતમાં સૌ તેમનો આદર કરે. જગતમાં સૌને આવો સિદ્ધાંત હૃદયનો છે તે સંભળાવ્યો. તેને સૌ સંત સુજાંણ જાણો. તેઓ મારી પાસે જ રહે છે. મારા ધામમાં વાસ કરે છે. આવા પરમહંસ સંતો મહાન સમર્થ છે. એવા સૌ સંતોના સમુદાયમાં સર્વશ્રેષ્ઠ **ગોપાળાનંદમુનિ** સાંભળો. મેં તમને ત્યાગીના ધર્મોની સાથે જ્ઞાન બધું જ કહી દીધું. તેનાં અંગો અને ઉપાંગો બધું કહ્યું. એ રીતે મારી ભક્તિ કરે તે ભાવનારી છે. આવી રીતિ બધું જ કહીને સંભળાવ્યું છે. વર્ણિના બધા ધર્મો સંભળાવ્યા. તે ધર્મો સંતોને હિત કરનારા છે. હવે જ્ઞાનવૈરાગ્ય ભક્તિ તેના રૂપ વિસ્તાર કરીને કહું છું.

હે મુનિ ! પ્રીતથી ભક્તિજ્ઞાન અને વૈરાગ્યના જુદાજુદા રૂપો કહું છું. તેને ધ્યાન દઈને સાંભળો. માન તે બધાં પાપોનું મૂળ છે. તેના બધા જ દોષોનો વિસ્તાર કરીને કહ્યા તેને તમે સુંદર રીતે હોંશિયારીથી સાંભળ્યા. તેને જીતવા ઉપાયો પણ કહ્યા તે પણ તમે સાંભળ્યા. તથા લોભ આદિક પાંચ માનનાં બધાં જ રૂપોનો વિસ્તાર કરીને ગહરતાથી સમજાવ્યાં. આવી રીતે આ પાત્રીસમું અભિધાન તે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અને ગોપાળાનંદમુનિ વચ્ચે ત્યાગીના ધર્મોમાં માન આદિક દોષો તેને જીતવાના ઉપાયનું વિસ્તાર કરીને વર્ણન કર્યું એ નામે આ પાંત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૩૫॥**

# તરંગ-૩૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપે મને લોભ કામ રસ સ્નેહ માન આદિ બધાય ગુણો તથા દોષો મહાન હતા તે કહી સમજાવ્યા. તેનું સુંદર રીતે વર્ણન કરીને કહ્યા તે બધાય મેં સાંભળ્યા ને સુખ થયું. હવે મને આપ ભક્તિ અને જ્ઞાન વૈરાગ્ય તેના જુદાજુદા પ્રકારોને વિસ્તાર કરીને અવતારી પ્રભુના ચરિત્રો કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન ! ધીરજવાળી બુદ્ધિવાળા તમને ધન્ય છે. મહાન ધર્મવાન આનંદસિંહજી તમે સાંભળો. જ્ઞાન ભક્તિ વૈરાગ્ય બધી જ વાતો તમને કહું છું.

ગોપાળાનંદ મુનિ કહે છે, હે મહારાજ ! હે પ્રભુ ! આપ મને લોભાદિક બધાય દોષો અનેક રીતે સમજાવીને સુંદર રીતે કહ્યા તથા તેને જીતવા માટેના ઉપાયો તેના ગુણો જુદાજુદા કરીને સુંદર રીતે સમજાવીને મને કહ્યા છે. હવે હે શ્રીહરિ મહાપ્રભુ ! આપના શ્રીમુખેથી સુંદર રીતે જ્ઞાનભક્તિ અને વૈરાગ્યનાં લક્ષણો છે તે જુદાંજુદાં વિસ્તાર કરીને સુંદર રીતે સમજાવીને કહેવા કૃપા કરો.

શ્રી સહજાનંદ મહાપ્રભુ કહે છે – હે મુનિ ! ધર્મને ધારનારા તમે ધન્ય છો. કેમકે તમે બહુ જ સુંદર પ્રશ્નો પૂછ્યા છે. જે ભક્તિ જ્ઞાનવૈરાગ્યનાં લક્ષણો તે જુદાંજુદાં કરીને સુંદર રીતે વર્ણન કરીને સમજાવીને તમને કહું છું તે તમે ધ્યાન દઈને પ્રેમથી સાંભળો. હે મુનિવર ! હવે જ્ઞાનનાં લક્ષણો કહું છું તેને સાંભળો. દેહી અને દેહનો વિચાર જુદોજુદો કરીને જુવો તે કહું છું તે વિકારોથી ભરપૂર છે અને પાછા તે બહુ જ દુઃખમય છે. આત્મા છે તે દેહથી જુદો છે અને વિકારથી રહિત છે. વિકાર નથી પામતો એવો નિર્લેપ છે. બહુ જ સુંદર રૂપમય સુખનો ધામ પવિત્ર છે તે અછેદ્ય અભેદ્ય છે તે કપાતોય નથી. વિંધાતોય નથી એવો અનુપમ છે. તે નિત્ય છે. એના કોઈ અંશ છે જ નહિ. તે ક્યારેય જન્મતો જ નથી એ અનાદિનો છે. તે જ સર્વ દેહ આદિકનો કારણ છે. દેહ ઈંદ્રિયો અને અંતઃકરણ આદિકમાં બધે પ્રવેશ કરીને સાક્ષી તરીકે રહે છે. તે જ સર્વનો પ્રકાશ કરનારો પ્રેરણા કરનારો આત્મા જ છે. તે ક્યારેય પાણીથી સડતો નથી. એવો પ્રમાણરૂપ છે. અગ્નિથી બળતો નથી. અસ્ત્રશસ્ત્રથી ક્યારેય કપાતો નથી. ભેદાતો નથી. આત્માને કોઈ વિકાર જ નથી. તેને વાયુ શોષી નથી શકતો. ચલાયમાન નથી થતો. કોઈ પ્રકારના ભેદ વગર એક જ પોતે રહે છે. તે આત્માગુણ છે. તે દેહમાં જ રહે છે. તે દેહના ગુણ છે. તે દેહિમાન હોય તેમ માનો. આત્મા સ્વતંત્ર છે. તે કોઈના વિકારમાં રહેતો નથી. જે બધાય શુભ લક્ષણો જે કહ્યાં તેની સાથે જોડાયેલો જીવને જાણવો તે સત્યસ્વરૂપ, ચિદ્‌ઘન, તેજોમય, આનંદસ્વરૂપમય, બ્રહ્મસ્વરૂપે એને ઓળખવાનો છે.

પોતાનો આત્મા તે બ્રહ્મરૂપે રહેલો છે. તેને એકત્વપણે જાણવાનો છે. તે જીવમાં પણ બહુ સરખા જ સુંદર ગુણ આવે છે. એમ જાણવાનું છે. સમજવાનું છે. દેહ આદિકનો સંબંધ સહવાસથી દેહને નિજરૂપે પોતાના રૂપે જ માને છે. પરબ્રહ્મના રૂપને પોતાના અંતઃકરણમાં ધારણ કરીને બ્રહ્મના રૂપનો સાક્ષાત્ કરનાર થાય છે ત્યારે તે આત્મા પોતે અક્ષરબ્રહ્મસ્વરૂપ પોતે જ થઈને પ્રતાપે યુક્ત પરબ્રહ્મ પુરુષોત્તમની સેવા કરે છે.

પહેલા પોતાના રૂપને અને બીજાના રૂપને જાણવું જોઈએ. આ શરીર તો ચાંબડાંની કોથળી જ છે એમ જાણવું. શરીરમાં અપવિત્ર વસ્તુ તે તો અપાર અનંત ભરી છે. ચાંબડી, માંસ, મેદ, રૂધિર, નાડી મેદ બધું

ભરેલું છે અને મજ્જા અસ્થિનો કટકા આદિ છે. શરીરમાં મળમૂત્ર તે જાડા આદિ રોગો માનવા તે અપવિત્રતા એ આદિ રૂપો જાણવાં. તેમાં શુદ્ધ પવિત્ર એકેય વસ્તુ નથી એમ કહેવાય. બધી વસ્તુ દુર્ગંધ ભરેલી જ રહેલી છે. રાજાનું નામ તો દેહની સંજ્ઞાનું પ્રતિક છે અને કરમિયા વીષ્ટાભસ્મ આદિ બધું પંડમાંથી પૃથ્વી ઉપર પડીને ફેલાય છે. તેની અંદર નાના અનેક પ્રકારના કૃમિઓ રહેલા છે તે દુર્ગંધ ભરેલા. આ શરીરને સિંહ - વાઘ આદિક પશુઓ ખાય તો તેની વિષ્ટા સંજ્ઞા થાય છે. અને આ શરીર એમનું એમ જંગલ આદિકમાં પડ્યું રહે તો તેમા કૃમીઓ (જીવડાઓ) પડે છે તેની અંતે કૃમી સંજ્ઞા થાય છે. અને જો આ શરીરને અગ્નિમાં બળે છે ત્યારે તે શરીરની ભસ્મિભૂત સંજ્ઞા થાય છે. આવી રીતે જે દેહની અંદર આસક્ત થાય છે તે પોતાના સ્વરૂપની સિદ્ધતાને નથી જોતો તેનાથી તે જીવાત્મા હે સંતો ! તે લખચોર્યાશીમાં ભમ્યા કરે છે તે બહુ જ પીડાને પામે છે. દુઃખનો અંત તો આવતો જ નથી. તે જીવાત્મા દેહમાં રહીને શુભ અશુભ કર્મ કરે છે તે દેહની સાથે જ પાતાળ કે સ્વર્ગ કે ભૂમંડળમાં વારંવાર દેહને ધરે છે. બહુવાર ભ્રમણ કરે છે. જગતની સંસૃતિમાં બહુ જ અમર્યાદા દુઃખોને પામે છે. કરેલાં પાપકર્મ તે વધારે પણ તે પ્રેમથી કરે છે. તેનાથી શરીર બહુ જ પીડાકષ્ટને પામે છે તથા યમપુરીની યમયાતનાની પીડા તો અમાપ સહન કરે છે. ફરી પાછા પશુ પક્ષી અતિ ઝીણા કીટકોના દેહને પામે છે. યાતના ભોગવે છે.

આવી બધી બહુ જ ભુંડી યોનીઓ ભયાનક મળે તે વારંવાર પરાધીનતાથી જ મળે. પણ જો કાંઈક પુણ્ય કર્મ કર્યું હોય તો તે પુણ્યના પ્રતાપે સ્વર્ગાદિકનાં સુખને પાતાળમાં પ્રાપ્ત કરે. પછી તે પુણ્યના પ્રતાપે રાજ્યાદિક સુખ પામે. તેમાં નરનારિજનો શુભ કર્મ કરી કરીને બધાય સુખ પ્રાપ્ત કરે પણ તે તો નાશવંત હોય છે. માટે તે બધાંના પરિણામે તે ઈર્ષ્યા સ્પર્ધા ભયયુક્ત થાય છે તે કહેવાય છે. અને પાછાં કામ ક્રોધ લોભ માન આદિક બધાય દોષો સાથે મળીને સુખ માને છે પણ તે બધુંય નાશવંત કહેવાય છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઈંદ્રોનો નાશ થાય છે. ત્યારે પ્રાકૃત પ્રલય થાય છે. તેમાં વિરાટપુરુષનો નાશ થાય છે એમ જાણવાનું છે. બધું જ નાશ પામે છે. બધું જ કાળનો કોળિયો થાય છે. તે માયાના કાર્ય છે એ માનવાનું છે. પ્રલયમાં સ્થાવર અને જંગમ બધું જ નાશ પામે છે. તેને કાળ પોતે કોળીપો કરી નાંખે છે. એવો ભયાનક કાળ છે. એવી રીતે બધાં જ માયિક પદાર્થનો સાવ વિનાશ જ થઈ જાય છે. તે બધુંય દુઃખરૂપ સાવ તુચ્છ વસ્તુ જ છે તે જીવનું સારથિપણું જ છે. એમ જાણીને દેહ અને દેહના બધા જ પદાર્થો ભોગો સહિત બધું જ તેના વિષે આસક્તિ જો ન હોય તેને જ નિર્વેદયોગ જાણવો તે વૈરાગ્યનું રૂપ યોગ્ય જ રીતે અમે કહ્યું છે. હવે હું હે મુનિ તમને ભક્તિનાં જે લક્ષણો છે તે કહું છું તો તમો સાવધાન થઈને સાંભળો. વાસુદેવ ભગવાન અવતારીમાં જાણીને તેમને વિષે અતિ સ્નેહ કરીને સેવાવૃત્તિની સાથે મહાત્મ્ય જ્ઞાનસહિત ભક્તિ કરવી. તે સેવાનું નામ ભક્તિ કહેવાય છે તે ભક્તિ જ ભક્તના ભવના ભયને હરી લે છે. શ્વેતદ્વિપ અને બહ્મપુર, ગોલોક, વૈકુંઠ વિગેરે ધામો જાણવાનાં. તેમનાં ઐશ્વર્યતો અપાર જ છે. તેમાં દિવ્યપાર્ષદો અગણિત રહે છે. તે ધામમાં પ્રભુની દિવ્યમૂતિ ભક્તોને સુખ દે છે.

તે અનંત પાર્ષદોનાં પણ દિવ્ય ઐશ્વર્યો સાથે દિવ્યરૂપે બધા જ રહે છે. તે પ્રત્યક્ષ પ્રભુના સ્વરૂપમાં મહાત્મ્ય જ્ઞાન જે કહેવાય છે તે પાર્ષદો મહિમાથી જાણે છે. એવી રીતે મહાત્મ્ય જ્ઞાનસહિત પ્રભુને શ્રવણ આદિક નવ પ્રકાર તે સંસારમાં તે ભક્તિનાં લક્ષણ સારરૂપે કહેલાં છે. તેમાં શ્રવણકિર્તન સ્મરણ પાદસેવન

ચરણ અર્ચન વંદન બીજું હાસ્ય સખ્ય આત્મનિવેદન આ ભક્તિના સ્વતંત્ર ભેદ રહેલા છે. તે ધર્મ જ્ઞાન વૈરાગ્યયુક્ત થઈને સતત ભક્તિ કર્યા કરે તે શોભાયુક્ત સંતો છે. તે ભવના ભારને હરનારા પ્રગટ ભગવાનની મનને ભાવનારી અનન્ય ભક્તિને કર્યા કરે છે. ભગવાનના શ્રેષ્ઠ ઉત્તમ પ્રકારના જે ભક્તો છે તો ભક્તો ભગવાનની નવધા ભક્તિને કરે છે તે પ્રગટ પ્રભુની પ્રીતથી સુંદર ભક્તિ કરે છે. તે ધર્મ જ્ઞાન વૈરાગ્યથી યુક્ત સંતો એકાંતિકી ભક્તિ સંતો કરે છે એવા ભક્તિનિષ્ઠ સંતો તે લોકોને તારનારા સદ્ગુરુ અનંત જીવોને તારે છે. આવા સાધુ જગતમાં મળવા બહુ જ દુર્લભ હોય છે એમ જાણીને સંતનો મહિમા સમજી દર્શન કરવાં. તેનાથી પ્રાણીનાં પાપો નાશ પામે છે. જીવ પોતાનાં કર્મો કરીને ભવમાં બહુ જ ભમે છે પણ જો તે સંતનો સમાગમ કરી ભગવાનનો આશ્રય કરી શરણમાં આવે તો તરત જ સંસારને તરી જાય અને મોક્ષને પ્રાપ્ત કરે. આવા સ્વધર્મનિષ્ઠ સંતો સંસારમાં સાચા સંતો કહેવાય છે. તે સંતો જરૂર જીવને તારનારા છે. એમનો આશ્રય કરીને ભક્તિ કરે તો મુક્તિ તરત જ મળે.

જગતમાં જે જનો કલ્યાણ ઇચ્છે છે તેઓ આનંદ પામતા થકા સંતપુરુષોનું સેવન કરે છે. મહાન મોટા જ્ઞાનિસંતોને સેવે છે. એવા સદ્ગુરુ જગતમાં સુખ કરનારા અને ધર્મને પ્રવર્તાવનારા સતશાસ્ત્રોના જ્ઞાનને કહેનારા છે. ધર્મશાસ્ત્રમાં બે પ્રકારના ધર્મો કહેલા છે તે ધર્મો કહું છું. તેમાં પ્રવૃત્તિ ધર્મ આવે છે અને બીજો નિવૃત્તિ ધર્મ કહેવાય છે. તે ભગવાનના સંબંધથી એકાંતિક ધર્મ કહેવાય છે. તે એકાંતિક ધર્મ પ્રગટ પ્રભુના સંબંધરૂપ ધર્મ કહેવાય છે. નિવૃત્તિધર્મને આચરનારા સનકાદિકો આદિ સંતો છે. એકાંતિક ભક્ત થઈને પ્રગટ પ્રભુના આશ્રયથી ભગવાનને બહુ જ પ્રિય છે તથા પ્રજાપતિ મરિચ્યાદિક તે ગૃહસ્થ ધર્મમાં રહીને પ્રભુની કહેલી ધર્મપ્રવૃત્તિને ધારણ કરીને એકાંતિક ભક્ત થયા તે સુંદર રીતે પ્રગટ પ્રભુના સંબંધે કરીને પૃથ્વી ઉપર તે બંને પ્રકારના પ્રવૃત્તિ અને નિવૃત્તિ ધર્મોને જગતમાં કલ્યાંણને કરનારા છે. તેથી મુનિ તેના મર્મને માની લેજો. હે મુનિ ! આત્યંતિક મુક્તિ છે તે અક્ષરધામમાં જીવાત્મા વાસ કરે તેને કહેવાય છે. તે એકાંતિક ધર્મનો આશ્રય કરીને તેમાં દૃઢ થઈને ભક્ત ભક્તિનો અભ્યાસ કરતાં થકાં મુક્તિ પામે છે. એકાંતિક ધર્મ વગર મુક્તિ ન થાય. પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ તે બંને આત્યાંતિક મોક્ષના સાધનનાં ધર્મો છે. જ્યારે જીવનો એકાંતિક ધર્મને ધારણ કરીને પ્રગટ પ્રભુનો આશ્રય કરે ત્યારે એકાંતિક યુક્તિને પામે છે.

હવે એકાંતિક ધર્મ છે તેના સ્વરૂપનો ભેદ કરીને કહું છું તે સ્વસ્થપણે સમજાય તેવા ધર્મનું સ્વરૂપ કહું છું. પ્રગટ પ્રભુના આશ્રય વગર બહુ જ વિદ્વાન કહેવાતો હોય એકાંતિક ધર્મ કઠિન છે. આવા એકાંતિક ધર્મની વિક્તિ કરીને કહું છું. તો મુનિવર તમે હવે સાંભળો. નેત્ર અને શ્રોત્ર આદિક જે બહારની ઇંદ્રિયો કહેવાય છે અને અંતઃકરણ આદિકની સહજ સ્વભાવે બધી જ વૃત્તિઓ પ્રગટ હરિના સ્વરૂપમાં જોડાયેલી રહે. અને કોઈ જાતની હિંસા કે ફળની કોઈ આસાન રાખે. જ્ઞાનયુક્ત વૈરાગ્ય યુક્ત થઈને નિવૃત્તિ અથવા પ્રવૃત્તિ ધર્મ તેને વેદો બહુ જ ભાગ્યવાળા કહે છે. પ્રીતિયુક્ત પરિબ્રહ્મનો આશ્રય કરીને નિગમોએ કહેલા ધર્મ કર્મ કરે તેને એકાંતિક ધર્મ કહેવાય છે તે બધાં જ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તે ધર્મ કર્યો છે. એકાંતિક ધર્મ આત્યાંતિક મોક્ષ આપનારો છે તે અક્ષરધામમાં પહોંચાડીને સાક્ષાત્ પ્રભુનું સુખ આપે છે. આવા એકાંતિક ધર્મોયુક્ત જે પુરુષ તે જગતમાં એકાંતિક ભક્ત જાણો તેને મોટા સંતપુરુષો કહે છે અને સતશાસ્ત્રોમાં પણ આ એકાંતિક ધર્મનું બહુ જ રહસ્ય વર્ણન કરેલાં છે. બહુ જ મહિમા ગાયા કરે છે. એવો એકાંતિક ધર્મ છે. સ્વધર્મ જ્ઞાનને

વૈરાગ્યયુક્ત ભગવાનની અનન્ય ભક્તિ હોય તે ભક્તિનાં લક્ષણો જાણીને ભક્તિ કરે તેને એકાંતિક ધર્મ જ માનવો. જેનું બળ તો થોડુંક જ લાગે પણ તે આત્યાંતિક મુક્તિ કરવા માટે એકાંતિક ધર્મને ધારી રાખવો તે મુનિ બહુ જ કઠણ કામ છે. તે જ મુક્તિ કરનાર છે.

જગતમાં એકાંતિક ધર્મધારણ સંતો હશે. ત્યાં સુધી એકાંતિકધર્મ આ પૃથ્વી ઉપર સ્થિર થઈને રહેશે એમ મુનિ જાણજો. નિશ્ચે જ વાત છે. જ્યારે મહાપુરુષોત્તમ અંતરધ્યાન થાય છે. ત્યારે એકાંતિક ધર્મ તે ગુપ્ત થઈને રહે છે. પૃથ્વી ઉપર જ્યાં સુધી ધર્મને ધારણ કરનારા રહે છે. એકાંતિક ધર્મ પણ યાં સુધી જ કહેવાય છે. એવો એકાંતિક ધર્મ છે તેને પ્રાપ્ત કરવાના બે ઉપાયો છે એમ જાણો. જો સાક્ષાત્ પ્રગટ પ્રભુ પ્રાપ્ત થાય. મળે તો એમના યોગથી ધર્મપ્રાપ્ત થાય. ધર્મના ધામ પ્રભુથી મળે અથવા એકાંતિક સંતો મળે તો એમને એકાંતિક ધર્મ પ્રાપ્ત થાય તે ધર્મનો માર્ગ સમજાવે. સંત એકાંતિકના યોગ્ય સિવાય એકાંતિક ધર્મ પ્રાપ્ત નથી થઈ શકાતો નિશ્ચિત વાત જ છે કે મુનિને મળ્યા પછી ધીરજ ધારીને સમજાવે તો જ ધર્મ એકાંતિકનું માર્ગદર્શન જ્યાં સુધી દેશકાળ વર્તે તે પ્રમાણે પુરુષમાં ધર્મ રહે છે. એકાંતિક ધર્મ તો સદાય રહે છે અથવા સતયુગની પ્રવૃત્તિ હોય તો તે સમયે જરૂર એકાંતિક ધર્મ સ્થિર રહે છે. અને ત્રેતાયુગ દ્વાપરયુગ કે કળિયુગના વાતાવરણમાં એકાંતિક ધર્મને ધારણ કરનારા નથી રહેતા. જે એકાંતિક ધર્મને ધારીને રહે એવા જ્ઞાનવાળા દુર્લભ રહે છે. જો હિંસારહિત વિષ્ણુ યાગ કરે તો તથા મહાયજ્ઞ દાનવ્રત પુન્યનો ભાગ રહે કલિકાળમાં પ્રભુનું ભજન આદિક પુન્યનું કાર્ય થાય તો મુનિસહિત સૌ એકાંતિક ધર્મને ધારીને રહો. જે જન માયા ત્યાગીને એકાંતિક ધર્મનો આશ્રય કરીને પ્રભુના સ્વરૂપને ધારીને ભક્તિ કરે. ભજનો ગાય તથા શુભકર્મો મહાબ્રહ્મયજ્ઞ તે નિત્ય કર્યા કરે એવા એકાંતિક ભક્તની રીત બધીય સમજાવીને કહું છું.

પ્રગટ પ્રભુ સંબંધી જ બધું કર્યા કરે. જે કોઈ ક્રિયા કર્મ જે કાંઈ કરે તે બધુંય શાસ્ત્રની રીતે પ્રગટ પ્રભુનું જ કાર્ય કર્યા કરે. શાસ્ત્રને ભણે. બીજાને ભણાવે તે બધું પ્રીત કરીને કર્યા કરે. શ્રીહરિને નિરખીને હરિના રૂપનું નિરૂપણ કરે અને સત્શાસ્ત્રોનો નિત્ય વિચાર વિમર્શ કર્યા કરે. આ બ્રહ્મયજ્ઞની વાત નિરૂપણ કરી તે બધુંય તપોયજ્ઞનું સુંદર રીતે વર્ણન કરીને એનો સુંદર રીતે નિર્ણય કરવો. પોતાના દેહ ઇંદ્રિયો મન આદિક ચારે તેને દૃઢ કરીને ઇંદ્રિયો મનને શિક્ષા દંડ કરીને બળ કરીને બાંધવાં વિચારથી રોકીને મન સ્થિર કરીને બહુ જ દૃઢ કરવું. તે દંડ કર્યો તે મુનિ મનને કહેવો. કૃછ્ર આદિક વ્રત કરીને તપ વર્તમાન નિત્ય કરીને ઇંદ્રિયના દંડને મુનિવરો બહુ જ વખાણે છે. એ રીતે કરવું. સંતો હવે યોગ યજ્ઞનું કહું છું તેને સાંભળીને તેનું પાલન કરવું તો તે બહુ જ સુખ દેનારું થશે. શાંતિ થશે.

અષ્ટાંગયોગનાં સાધન નિરવ શાંતિ જ છે તેમાં યમ, નિયમ અને આસન ત્રીજું જાણવું. પછી પ્રાણાયામ પછી પ્રત્યાહાર અને સમાધિ ધ્યાન ધરવા માટેનું ધારણા કહેલી છે તે પ્રમાણે ધ્યાન કરવું. સંતજનો સમજુઓ આ રીતે યજ્ઞ કરીને પુરુષોત્તમ મહાપ્રભુનું સુંદર રીતે પૂજન કરવું અને અન્ય દેવોનું પૂજન કરવું. આ રીતે યજ્ઞમાં સુંદર રીતે પ્રભુનું ભજન કરવું. ભગવાનના એકાંતિક જનોને જાણીને તેમનું અતિ હેતથી પૂજન કરવું. સુંદર રીતે સાથે જ કરવું. જુદી મતિ કરીને દેવોને ન પૂજવાં. એકાત્મભાવે સુંદર રીતે હરિભક્ત જાણીને હેતથી પૂજવા. પ્રભુ પોતાના એકાંતિક ભક્તનું સેવન પૂજન પ્રિયમાને છે. બીજા સામાન્ય દેવોને પ્રિય નથી જાણતા. એકાંતિક ભક્ત આ પંચભૌક્તિ દેહનો ત્યાગ કરે છે એકાંતિક ભક્ત પંચભૌતિક દેહને

તજીને બ્રહ્મરૂપ થઈને દિવ્યદેહ ધરીને ધામને પામે છે. દિવ્યદેહને ધરીને દિવ્ય અવયવોને ધરીને દિવ્યગુણને ગાય છે. સાકાર ઘનશ્યામ સ્વરૂપનું સુંદર રીતે ધામમાં સેવા કરે છે. આવી રીતે એકાંતિક ધર્મ જાણવો તેની પ્રાપ્તિ માટે ઋષિવરો ઉગ્ર તપસ્યા કરે છે. વનમાં રહે છે. મન પ્રાણ ઇંદ્રિયોને વશ કરીને સતત ધ્યાન કર્યા કરે છે તોય પ્રાપ્ત નથી થતું.

એટલા માટે હે મુનિરાજ ! મુમુક્ષુજનોને આત્યંતિક મોક્ષ આપવા માટે એમને મોક્ષનું સુખ તે એકાંતિક દૃઢધર્મથી જ પ્રાપ્ત થાય છે તે મોક્ષ પામનારા જનો સંસારનાં જન્મમરણનાં બંધનોથી મુક્ત થઈને પરમ સુખ પામે છે. હે મુનિજનો ! પોતાના મનને શુદ્ધ કરીને એકાંતિક ધર્મને ધારણ કરવો. પ્રગટ પ્રભુના એકાંતિક ધર્મથી અક્ષરધામના સુખને પામે છે. મુમુક્ષુઓ સંતનો સમાગમ કરીને સુખ પામે છે. પ્રભુના એકાંતિક ધર્મનો આશ્રય કરીને પહેલાં ધામો પામ્યા છે તે પ્રભુનાં ધામોને બીજાં કોઈપણ સાધને કરીને નથી પામતાં. આના વગર કોઈ રીતે અન્યથી મુક્તિ છે જ નહીં. હે મુનિ ! મારી વાતને સાંભળો. સૌ સંતોમાં જ્ઞાનની વાતો કરીને પરમ એકાંતિક ધર્મને સમજાવીને દૃઢ કરાવો. કેમકે તમે પૃથ્વી ઉપર મહાસમર્થ મુનિવર છો ને ધર્મને પ્રવર્તાવનારા છો. તે માટે જ આ ધર્મની વાતો કરીને તમોને સમજાવી છે. તે તમે સૌને રીત પ્રમાણે વર્તાવવા માટે તમેજ સમર્થ છો. બધામાં મોટા છો તેથી અમે તમને બધી જ વાત વિસ્તાર કરીને પ્રસિદ્ધ કરી છે. વિધિ પ્રમાણે ધર્મની બધી વાત કહી દીધી.

આનું નામ ધર્મામૃત છે તેને ત્યાગીજનો ભણે ને બીજાને ભણાવે. આના પ્રતાપે ત્યાગીજનો આત્યંતિક કલ્યાણને જલદી પામે છે. અતિઘોર કાળરૂપ સર્પનો ભય નથી રહેતો. બધો ભય નાશ પામે છે. સંત આના પ્રતાપે વારંવાર જન્મમરણમાં ક્યારેય નથી ફરવું પડતું. આવા એકાંતિક સંતો ભક્તજનો જગતમાં અમૃત સમાન છે આ રીતે પૃથ્વી ઉપર પરમ રહસ્યની વાત આજે પ્રસિદ્ધ કરી છે એમ જાણો. એકાંતિક સંતો તેમને આ અમૃત સમાન છે. બહુ જ પવિત્ર છે. સુંદર છે. બુદ્ધિશાળી મહંતો વિવેક કરીને જુવે તો તેના સેવનથી જીવનમાં ભવના બધા જ બંધનો છુટી જાય છે. કળિના ક્લેશથી (ભવપાશથી) છોડાવે છે. આવા આ ધર્મામૃતનું સંતો જો પાન કરે છે તે પરમ આનંદને પામે છે. મુનિ વાંચે છે. વંચાવે છે તે પ્રમાણે વર્તે છે. તે બહુ જ સુખ પામે છે. પ્રભુના ધામને પામે છે. તત્કાળ જ બ્રહ્મરૂપ થઈને સતત હરિના સાનિધ્યમાં જાય છે. આમ રસથી ભરપૂર સદ્ગ્રંથો કહે છે. ભવનું ભ્રમણ મટી જાય છે ને ફરી પાછું નથી આવવું પડતું. તેને એકાંતિક સંતોને જગતમાં સુખ દેનારા જાણો. સાચા સુખ કરનારા છે. આનંદ નૃપને ગુરુ અવધપ્રસાદજી કહે છે. પાપથી રહીત નિષ્પાપ એવા પુરુષોત્તમ પ્રભુ પુરણ પ્રગટ પરબ્રહ્મ એમણે દયા કરીને ધર્મની વાત કહી દીધી.

મુનિવર ગોપાલાનંદ વાતો સાંભળીને મનમાં બહુ જ આનંદને પામ્યા. તેઓ ધર્મના નિયમ પ્રમાણે જ વર્તનારા છે. જે પ્રભુએ ધર્મનિયમ કહ્યા તે જ પ્રમાણે પોતે વર્તીને સૌને વર્તાવે. એવા સમર્થ છે. એના માટે ઘનશ્યામ પ્રભુની આજ્ઞા પામીને એકાંતિક ધર્મ સાંભળીને મુનિવર સુખને પામ્યા. આ વાર્તા પ્રભુએ અમદાવાદમાં રહીને કહી તે વાત બધી જ આનંદસિંહ રાજન તમને કહી સમજાવી. સર્વ જગતના સ્વામીએ ધર્મજ્ઞાનની તથા ભક્તિની વાતો કરીને સમજાવી. તે જ વાર્તા આનંદસિંહ રાજન તમને મેં સમજાવી. મુનિ વાર્તા સાંભળીને બહુ સુખશાંતિને પામ્યા. પ્રભુને વંદન કર્યા. પંચ વર્તમાનયુક્ત આ ધર્મામૃત ગ્રંથ બહુ જ ગહરતાથી કહ્યો. સમજાવ્યો. આ રીતે છત્રીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ ત્યાગીના ધર્મ ઉપદેશ કરીને સમજાવ્યું એ રીતે આ છત્રીસમું તરંગ પૂર્ણ થયું. ॥૩૬॥**

# તરંગ-૩૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ધર્મપુત્ર સુખના ધામ મહાપ્રભુએ ધર્મને ધારણ કરનારા હરિએ ધાર્મામૃતની વાર્તા કરીને સંતોને કેવી રીતે વર્તવું તેને સુંદર રીતે સમજાવીને કહ્યું. આ ધર્મની વાતો સાંભળીને સંતોનાં મન બહુ જ રાજી થયાં અને ભગવાન પણ પ્રસન્ન થયા. સંતો પ્રભુના સ્વરૂપમાં ચિત્તને પરોવીને મન પ્રાણ સાથે નિયમોનું દૃઢતાથી પાલન કરતા હતા. ભક્તિ કરતા હતા. પછી મહાપ્રભુએ અમદાવાદમાં સુખ કરનારી કઈ કઈ લીલાઓ કરી તે બધી લીલા વિસ્તાર કરીને કહો. જે લીલા ભવના કષ્ટોને હરી લે છે તે કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી ગુરુ કહે છે, હે આનંદસિંહ હે રાજન ! તમે જે ભવફંદને હરનારી તથા સુખશાંતિ કરનારી લીલા પુછી તે તમને કહું છું તેને તમે આનંદરાજન સુંદર રીતે સાંભળો. બલભ્રાતા શ્રીહરિએ પંચવર્તમાનની વાર્તા કરીને સૌ સભાસદોને વિદાય દીધી અને શ્રીહરિ પોતે અવિનાશી પ્રીતથી નરનારાયણ દેવની પાસે દર્શન કરવા ગયા દયાળુ દેવનાં ભાવથી સુંદર રીતે દર્શન કરીને પછી મહાપ્રભુ પોઢવા માટે શયનખંડમાં પધાર્યા. ત્યાં સુંદર પલંગ ઉપર શૈયા બીછાવેલી હતી તે પુષ્પની સેજ પર પ્રભુ પોઢી ગયા. શયન કર્યું. પાછલી રાત્રે બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મધામપતિ ધર્મને ધારનાર જગપતિ જાગ્રત થયા. શૌચવિધિ તથા નિત્યવિધિ કરીને પરવાર્યા ત્યારે સૌ ભક્તજનો દર્શન કરતા હતા.

હે રાજન ! મહારાજ જમવા માટે પધાર્યા. સુંદર રસભરપૂર રસોઈના થાળ લાવ્યા તેને કમલનયન પ્રભુ ગ્રહણ કરીને પ્રીત કરીને ભક્તપતિ મનભાવન પ્રભુ સ્વાદુ લાગે તે ભક્તજનોના મનને રાજી કરવા જમતા હતા. ભક્તોના ભયને ભાંગનારા ભાવ ભરીને જમતા હતા. ઘીથી ભરપુર ઘેબર ઘનશ્યામ પ્રભુ જમતા હતા. સેવદળ સાટા સુંદર પુરી શાક પ્રભુ પ્રીતથી જમતા હતા.ભક્તોને રાજી કરવા જલેબી જમતા હતા. મોતીચુરના લાડુ મગજના લાડુ ગાંઠિયા જલેબી સુંદર પ્રકારની ભાજી ભજિયાં જમતા હતા. દહી દાળ ભાત રસદાર અથાણાં જાતજાતનાં જમતા હતા. ભાતદાળ સુંદર ભાવથી જમતા હતા. મહાપ્રભુ જમીને તૃપ્ત થયા. ભક્તોના ભાન ભક્તોને આનંદ દેનારા મહાપ્રભુ આચમન કરીને સંતોના પતિ ઘનશ્યામ હરિ મુખવાસ લઈને બહુ જ આનંદ પામ્યાં. પછી મહાપ્રભુ સર્વ સંતસમુદાયને જમાડતા હતા ત્યારે મહાપ્રભુ સંતોની પંગતમાં ફરીફરીને પ્રીતથી પીરસતા હતા ત્યારે મહાપ્રભુ કટિમાં ખેસ આડસોડ બાંધીને કમલનયન મહાપ્રભુ હાસ્યને કરતા થકા સુંદર રીતે સંતોને જુદીજુદી પકવાનની વસ્તુઓ લઈને પીરસતા હતા. આનંદ કરાવતા હતા. સંતો સૌ સુંદર રીતે લાડુ અને પાકો બહુ જ જમ્યા. મહાપ્રભુની મૂર્તિની શોભાને સંતો જોતા થકા જમતા હતા. શ્રીહરિ પીરસતાં બહુ જ પ્રતાપ બતાવતા હતા ને જમાડતા હતા. પ્રેમીજનોને જોતાં પ્રભુ પ્રેમભર વારેવારે પીરસતા હતા. મનને આનંદ દેનારા લાડુ જમતા હતા. ભક્તજનો શુદ્ધ દિલથી દર્શન કરતા હતા.

પરમહંસોને મહાપ્રભુ પ્રીતથી પીરસીને જમાડીને આવી રીતની સુંદર લીલા અમદાવાદમાં કરીને શ્રીહરિ

બહુ જ હેત કરતા હતા અને સુખ દેતા હતા. આનંદઘન મહાપ્રભુ અતિશય સુખ આપીને અમદાવાદપુરમાં અવિનાશી મહાપ્રભુએ હે આનંદ રાજન ! અનેક જનોને આશ્રિતો કર્યા જગતના નિવાસ પ્રભુ શ્રીહરિ અમદાવાદમાં ત્રણ દિવસ રહીને પછી તૈયાર થયા. ઘોડા ઉપર અસવાર થઈને શ્રીહરિ સંતોની સાથે જવા તૈયારી કરી. મહારાજ તૈયાર થયા એ ભક્તજનોએ જાણ્યું ત્યારે નરનારિજનો શુદ્ધ મનનાં સજ્જ થઈને અનેક વાજાંઓને વગાડતા થકા ઘનશ્યામ પ્રભુ પાસે બહુ જ ધામધૂમ કરતા હતા. જગતમાં વાજિંત્રોનાં જેટલાં નામ છે. તેટલાં બધાંય લાવ્યા હતા. બધાં વાજિંત્રો ભક્તજનો તાંનથી વગડાવતા હતા. બહુ જ મોટી ધામધૂમ કરતાં હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ઘોડા ઉપર અવસાર થઈ ગયા ત્યારે નરનારિજનો બહુ જ શુદ્ધતાથી કિર્તનો ગાતાં હતાં. બધી જ શ્વારી સાથે સૌ જનો ઘનશ્યામ પ્રભુની સાથે ચાલતાં હતાં. આનંદનાં ધામ ઘનશ્યામ પ્રભુ શોભતા હતા. શ્વારી માર્ગ ઉપર ધીરે ધીરે ચાલતી હતી ત્યારે બેય બાજુ માર્ગમાં નરનારીઓ ઉભાં હતાં. જગતનાં કામો તજીને બંને હાથ જોડીને નરનારિજનો સુંદર રીતે ગુણકિર્તનો ગાતાં હતાં.

હે કમલનયન કરુણાના સગાર ! આપનો જય જય થાય. હે જગતનાં પ્રાણ મહાપ્રભુ આપ ફરીવાર જલદી પધારજો. અમને બધાંને આપનાં દાસ જાણીને અમારા ઉરમાં નિવાસ કરજો. જગતનાં દોષો તોફાનને હરી લેજો. ભવનાં ફંદોને હરજો. હે આનંદકંદ મહાપ્રભુ હે ઘનશ્યામ પ્રભુ ! કૃપા કરીને સુખ કરજો. સ્વતંત્ર મૂર્તિ દર્શન સુખ દેજો. આમ નરનારિજનો બહુ જ પ્રેમથી કહેતાં હતાં. સુંદર પુષ્પોથી પ્રભુને વારંવાર વધાવતાં હતાં. ધ્યાન ધારીને ભગવાનની મૂર્તિને ઉરમાં ધારી લેતાં હતાં. કમલનયન મનોહરમૂર્તિ ધર્મકુમાર પ્રભુ સૌ જનોને સુખ દેતા થકા ઘનશ્યામ હરિ સૌ જન સમાજને રાજી કરતા હસતા જતા હતા. નરનારિજનો દર્શન કરીને પોતાના નયનોને સુફળ કરતાં હતાં. મહાપ્રભુ સંતજનોની સાથે ભક્તજનોની સાથે જતા હતા. રાજાધિરાજ મહારાજ મારગમાં ચાલતા થકા બધી જ સવારીના સાજ સજીને જતા હતા. હરિ સંતજનોની સાથે આનંદ કરતા કરતા રઘુનાથદાસનાં મંદિરની પાસે છેક આવ્યા. ત્યાં ઘનશ્યામ પ્રભુ ઘડીવાર સુધી ઉભા રહ્યા. બહુ જ વાજાં બહુબહુ વગડાવરાવ્યાં. પછી પ્રભુ ત્યાંથી ચાલતા થયા. સૌ પ્રેમીજનની સાથે સૌને જોતા થકા આખા શહેરમાં ફરીને પાવન કરી પ્રભુ આષ્ટોડીયા દરવાજા લોકો કહેતાં હતાં તે તે દરવાજે ગુણવંત મહાપ્રભુ પધાર્યા. હરિ ચાલતા થકા દરવાજની બહાર ગયા. આનંદકંદ હરિ ગતિ કરીને ચાલતા ઉતાવળા ચાલીને દૂર સુધી સૌને લઈ ગયા. પછી બધાય સત્સંગીઓને પાછા વળવાની આજ્ઞા કરી. હરિજનો બંને હાથ જોડીને વિનયથી મધુર વચનો કહેતાં હતાં. હે હરિ ! હે નાથ ! અમારી દિશા સામે અમી નજર કરજો. અમારી ઉરમાં દિલમાં વાસ કરજો. આપના દાસનાં ભવદુઃખોને દૂર કરજો. સુખના સાગર ભવસાગરના ત્રાસને દૂર કરજો. હે પ્રભુ ! આપના દાસ જાણીને હે નરનાથ પ્રભુ ! પછી અમને દર્શન દેજો. આપના દાસનાં દુઃખો કાપજો. રાજાધિરાજ કમળનયન અમૃત વચનોથી અમારાં અપરાધોને માફ કરજો ક્ષમા કરજો. હે નાથ ! અમને ક્યારેય ભુલશો નહિ. દિલમાં દયા કરીને દર્શન દેવા પધારજો. આવી રીતે કહીને સૌ નરનારીજનો નયમોમાં આંસુ આવી ગયાં. ઉદાસ થઈને શિથિલ શ્વાસવાળાં થયાં. ઘનશ્યામ પ્રભુની મૂર્તિને પોતાના હૃદયમાં ધારીને સૌ જનો પોતાના ઘેર ગયાં. પુરુષો નારિજનો નાથ વગર દિવસો વિતાવતાં હતાં. આવાં પુરુષ નારિજનો પ્રભુનાં પ્રેમી સમજુ હતાં. ભજન કરતાં હતા.

મહાપ્રભુ ઘોડાને ચપળતાથી ચલાવતા હતા. પ્રીતથી **અસલાલી** ગામે જતા હતા ત્યારે વચમાં વાવ

આવી. તેની પાસે સુંદર વૃક્ષ હતું તે સારાં આંબાનાં વૃક્ષો બહુ જ સારાં ઘાટિ છાયાવાળા સારી જગ્યાએ સ્વચ્છતાવાળાં હતા. તે સુદર સ્વચ્છ જગ્યાવાળા આંબાનાં વૃક્ષો નીચે શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ પોતાના ઇચ્છિત કામ માટે મુકામ કર્યો અને ભગવાને ત્યાં મુંડન (હજામત) દુષ્ટતાનો નાશ કરવા માટે ખળજનોના દળનો નાશ કરનારા હેતુ માટે પ્રભુએ ક્ષૌર કરાવરાવ્યું. ત્યારે એટલા સમયમાં જ હરિભક્તોનો મોટો સંઘ આવ્યો. તે સંઘ **માણાસા ગામેથી** મનને હરનારા શ્રી ઘનશ્યામ પ્રભુનાં દર્શન સંસારને તરવા માટે આવ્યા. સૌ ભક્તજનો અંતઃકરણથી મહાપ્રભુનાં દર્શન કરીને પ્રીતથી બહુ જ સુખને પામ્યા. મહાપ્રભુ પ્રીતથી સૌને બાથમાં ઘાલીને ભેટ્યા. ભક્તપતિ ભગવાનના સંતો ગુણ ગાયા જ કરે છે. તે ચરિત્રો કરતા હતા. ભક્તપતિએ પોતાના આશ્રિત ભક્તને બહુ જ સુંદર રીતે સુખ દીધું. બહુ જ સુખ દઈ પછી મહાપ્રભુ વાવનું સુંદર જળ જોઈને. સ્વચ્છ નિર્મળ જળમાં સ્નાન કર્યું. સુંદર વાવમાં જળક્રીડા કરી પવિત્ર કર્યું. અને ભક્તજનોના ભવબંધનને હરતા હતા. આકાશમાર્ગમાં અગણિત દેવોનો સમુદાય ઉભો રહીને આનંદિત મનવાળા થઈને હાથ જોડીને મહારાજનો જયજયકાર કરતા હતા. બધા દેવો સાથે મળીને મહાપ્રભુના ગુણોનું ગાન કરતા હતા. ભયથી થાકેલા ભક્તોને જોઈને ભવભયને હરતા હતા. મહાપ્રભુ સંતોની સાથે જળક્રીડા કરતા હતા. ત્યારે દેવો સુંદર પુષ્પોનો વર્ષાદ વરસાવતા હતા. પ્રગટ પ્રભુને પ્રેમથી પુષ્પો વધાવતા હતા.

આવી રીતે દેવસમુદાયને સુખકારી પ્રભુ સુખ દઈને પછી નિશંક થઈને જળમાંથી બહાર નીકળ્યા. સંસારીજનો શંકા પામતાં હતાં. મહાપ્રભુ બલભ્રાતા ધોળાં વસ્ત્રોને ધારણ કરતા હતા. સુંદરવર સુખધામી પાગરણ સાથે પેચવાળાં અંગો ઉપર અંગોને ધારી શોભતા હતા. તેની ઉપર સુંદર ખેશને ધારીને શોભતા હતા. તે ધર્મકુમાર પ્રભુ કમર કસીને કરુણા કરીને હસતા હતા. સૌના મનને રાજી કરી ભવભારને હરતા હતા. સૌ સંતો સાજ સાથે ગાતા થકા મારગમાં જનોના મનને રાજી કરતા થકા ખળોનો નાશ કરતા ભક્તજનોના મનનાત્રાસને હતા અને હરતા મન રાજી કરતા ઘોડાને ચપળ રીતે ચલાવીને રમાડતા થકા રાજીવ નયનપ્રભુ સૌને રાજી કરતા પધાર્યા. ભક્તજનો સમાચાર જાણીને ભયમુક્ત થઈને પહેલાં જ્યાં આંબાવાડીમાં ઉતારો કર્યો હતો ત્યાં જ મુકામ કરતા હતા. મનોહરમૂર્તિ શ્રી ઘનશ્યામ પ્રભુ સંતોની સાથે મુકામ કરતા હતા. પછી ત્યાં જ્ઞાની મુનિજનો ગાંન તાંન સાથે કરતા હતા. તેને સાંભળી સાંભળીને સુખદાનિ પ્રભુ રાજી થતા હતા. ત્યારે સૌ ગામના નિવાસીજનો નરનારિજનો મનોહરમૂર્તિ મહાપ્રભુનાં દર્શન કરવા સૌ ભક્તજનો ભાવ ભરીને આવ્યાં. મહાપ્રભુ મુખની અમૃતવર્ષા પ્રેમ કરીને સુખથી સાંભળતા હતાં.

બલભ્રાતા બહુવાર સુધી સભામાં સુંદર રીતે શોભતા થકા વિરાજતા હતા એવા મનોહર પ્રભુ થાળ રસદાર થાળ તૈયાર થયો ત્યારે ભક્તો બોલાવવા આવ્યા ત્યારે સંતોની સાથે ઘનશ્યામ મહાપ્રભુ બહુ પ્રેમવાળા **વેણિભાઈ પટેલના** ઘેર સુંદર રસોઈ બનાવીને તૈયાર કરી હતી. ત્યાં ઘનશ્યામ પ્રભુ જમવા પધાર્યા. પ્રભુએ સ્નાન કરીને પવિત્ર પીળા વસ્ત્રોને ધાર્યાં. તેનાથી પ્રભુ બહુ જ શોભતા હતા. સુંદર ચાંખડિયોને ધારીને ચટ ચટ અવાજ કરતા ચાલતા હતા. જમવા માટે ભક્તજનના ઘરમાં પધાર્યા. ચારેબાજુ ગોખોમાંથી ચલપનયન પ્રભુને નિરખતી હતી નારીઓ સુંદર તૈયાર કરેલ આસન ઉપર જોઈને વિરાજમાન થયા. સૌએ રસોઈનો થાળ ભરીને પ્રભુ પાસે લાવીને આપ્યો. તેમાંથી જગતના પતિ રૂચિ પ્રમાણે જમતા હતા. તેનું સુખ કહ્યું ન જાય તેવું સુંદર હતું. મહારાજ નાના મોટા કોળિયા લઈને સ્વાદુ ભોજન જમતા હતા. જમતાં થકાં સુખનંદન પ્રભુ ઉદર ઉપર હાથ ફેરવીને ઓડકાર ખાતા હતા. આખા જગતના સુખદાતા જમીને આચમન કરતા હતા.

જળપાન કરતા હતા. થાળ જમીને પ્રભુ મુખવાસ લેતા હતા. સૌના મનને રાજીવનયન રાજી કરતા હતા. બલભ્રાતા આસન ઉપર બેઠા ભક્તજનોના ચિત્તને સચેત કરતા હતા. ઘનશ્યામ પ્રભુ ચાલવાની તૈયારી કરતા જોઈને ભક્તજનોએ સંતોને માટે રસોઈ તૈયાર કરાવરાવી. ત્યારે મહાપ્રભુએ સંતોને પીરસીને બહુ જ જમાડ્યા.

શ્રીહરિ મહાપ્રભુએ સંતોનાં વર્તમાનની વાતો કરીને ત્યાંથી ચાલતા થયા ત્યારે જાતજાતનાં વાજાં વગાડીને ભક્તજનોએ ભાવથી ભગવાનને વિદાય કર્યા. અમદાવાદ શહેરનો ત્યાગ કરીને પ્રીતમ જીવનપ્રાણ અસલાલી ગામે પધાર્યા. આ રીતે સાડત્રીસમો તરંગ અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ અમદાવાદ નગરેથી ફરી અસલાલીપુરે આગમન થયું તે લીલાનું વર્ણન કર્યું એ નામે સાડત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૭॥**

# તરંગ-૩૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ અસલાલીમાં નિવાસ કરીને ભક્તજનોના ભવ ત્રાસને હરતા હતા. પ્રીતમપ્રાણ લોકોની પાસે રોકાઈને ભક્તોના સાંસારિક કાસને હરીને બહુ જ શાંતિ કરતા હતા. એવા કમલનયન મહારાજે કેવા ચરિત્રો કર્યાં તે મને કહેવા માટે કૃપા કરો

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે આનંદ રાજન ! તમારી બુદ્ધિ રાજ્યનું કાર્ય કરવા તથા પ્રજાની પીડાઓ ઓછી કરવાનું છે તે છતાં તમે સમાજની સાથે સદાય નૌતમ લીલા કરનારા શ્રીહરિનાં ચરિત્રોની વાતો પુછી તે બહુ સારું કર્યું તે લીલાની વાતો કહું છું. તમે ધ્યાનથી સાંભળો. સંતજનોને જમાડીને ભક્તજનોના મનને આનંદ કરનારા કામના મદને જીતનારા પ્રભુ કૂવાના અવાડાની પાસે સુંદર ગાડા ઉપર ગાદિતકિયા પાથરેલા તેની ઉપર વિરાજમાન થયા. કમલનયન પ્રભુ સુંદર રીતે શોભતા હતા. સૌના પાપના તાપ સંતાપનો નાશ કરતા હતા. સભાની વચમાં લાંબા સમય સુધી બેસીને જ્ઞાનની વાતો કરીને ભક્તજનોના મનને હરતા હતા. પછી મહાપ્રભુએ તે ગાડાંના આસન ઉપર જ ઘનશ્યામ પ્રભુ સુંદર રીતે શયન કર્યું. યોગિઓના પતિ યોગનિંદ્રામાં શયન કરી ગયા અને સવારમાં પ્રાતઃકાળે વહેલા પ્રાણના પતિ પ્રભુ જાગ્રત થયા. ઘનશ્યામ મનોહરમૂર્તિએ શૌચક્રિયા કરીને નિત્યવિધિ બધી જ પુરી કરીને પછી સભા થઈ હતી તે સભાની વચમાં મુખ્ય આસને બેસીને સુખ દીધાં. ત્યાં સૌ સંતોનો સમાજ બધોય મહારાજ પાસે આવીને બેઠો. તે જોઈને મહારાજ રાજી થયા. શિરતાજ મધુર વાણિ કહેતા હતા. સંતો તમે સરળ ચિત્તવાળા સાંભળો. સુંદર રીતે ત્યાગ ભાવ રાખનારા તમે સુંદર રીતે અમારાં વચનને મનથી માનો. નરનારાયણદેવના દેશના જે દયાળુ સંતો જેટલા હોય તે બધાય સંતો ઉત્તર દિશામાં ઉઠીને આવીને બેસો. અને લક્ષ્મીનારાયણ દેશના બધા સંતો દક્ષિણ દિશામાં બેસો. ઘનશ્યામ પ્રભુની આજ્ઞાને ધારણ કરીને મહાન વ્રતને ધરનારા શુરવીર સંતોએ મહારાજે જેમ કહ્યું તેમ કામ કર્યું ને સંતો બંને દિશામાં વ્યવસ્થિત કહ્યા મુજબ બેઠા.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, ત્યાંની થયેલી બધી જ વાત વિગત પ્રમાણે કહું છું. તેને આનંદરાજન તમે ધ્યાનથી સાંભળો. બ્રહ્માનંદ મુનિ અને ગોપાળાનંદ આદિક અઢીસો સંતો તે નરનારાયણ દેવ દેશની બાજુ

આવી ઉત્તર દિશામાં બેઠા અને બીજા મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી આદિક સંતો દક્ષિણ દિશામાં લક્ષ્મીનારાયણદેવ દેશ તરફે બેઠેલા જોઈને દિનબંધુ મહારાજ મનમાં રાજી થયા. આવી રીતે ચરિત્ર કરીને ફરી કરુણાનિધાન મુનિજનોને કહેતા હતા. તમે બ્રહ્માનંદ મુનિને મહાન મોટા મહંત માનજો. નરનારાયણદેવ દેશમંદિરોના મહાન વડીલ સંત માનજો. આમ કહીને પછી ભક્તજનોના ચિત્તમાં સુખ કરીને ચાલતા થયા. સર્વ જગતના જાણનારા મહારાજ જેતલપુર ધામે પધાર્યા. પુર્ણ પુરુષોત્તમ મહાપ્રભુ પધાર્યા જાણીને સૌ ભક્તજનો સામા આવ્યા. સુખશ્યામ પ્રભુને લેવા જાતજાતનાં વાજિંત્રોને વગાડી તે નરનારિજનો આવ્યાં. આવીને ધર્મપુત્ર શ્રી ઘનશ્યામ આગળ ભેટ ધરીને ઘણા સમયની વીરહ આગને ઠારતાં હતાં. બધી મનની પીડાને ટાળી મહારાજે સૌ સંતોના પતિ હરિએ ખુશી સમાચાર પૂછીને સ્વાગત કર્યું. હરિનાં દર્શન કરીને ભક્તજનોનાં મન અતિ રાજી થયાં. શ્રીહરિ સૌ ભક્તજનોને દર્શન દઈને સર્વના જીવનને પાવન કરીને પ્રભુ ગામથી બહાર પધાર્યા. બહાર જઈને વડનાં વૃક્ષોની લાઈનસર શોભા જોઈને તેની ઉત્તર દિશામાં વચ્ચેના ભાગમાં સુંદર સારી શોભાવાળું આંબલીનું મોટું ઘાટિ છાયાવાળું વૃક્ષ હતું તેની નીચે મહાપ્રભુ આવીને બેઠા. સુંદર પલંગ ઉપર પરમેશ્વર સર્વના ઇશ પ્રભુ જેમના ગુણને જોગીઓ જતિઓ ગાયા જ કરે છે એવા મહાપ્રભુની સન્મુખ સંતજનો આવીને બેઠા. સુંદર રીતે ભગવાનના ગુણને ગાતા હતા.

પછી સુંદર રીતે શોભે તેમ સત્સંગીઓ બેઠા ત્યારે મનને આનંદ કરનારા મહારાજ સુંદર વાણીથી કહેતા હતા. નરનારાયણના સ્વરૂપને ધારીને ઉમંગથી ઉંચા સ્થાને ઉત્તરમાં બેસો. મારા દત્તકપુત્ર એવા અયોધ્યાપ્રસાદજી ગંભીર ધીર ઉદાર સ્વભાવના છે. એમનામાં અને અમારામાં સમાનતા જ છે. એમાં લગારે અણુમાત્ર ફેર નથી. તેથી સૌ સંતજનો એમની પૂજા કરો. અને લક્ષ્મીનારાયણદેવ દેશના જે સંતો છે તે દક્ષિણ દિશામાં મહંતો બેસો. મારા પુત્ર ધર્મને ધારનારા ધીરજવાળા લોકોના મનને રાજી કરનારા ધીરજથી સમજાવનારા છે. એ રઘુવીરજીને સૌ સંતો તમે પૂજા કરો. મારી સમાન એમની બહુ જ મહિમા જાણીને બહુ જ મહિમા સમજો. સર્વ ધર્મવંશના ધર્મને રાખનારા હંસસમાન કુળના કમળસમાન સર્વની પ્રશંસા કરવા યોગ્ય છે. આ બંનેને અમે અમારા પુત્ર તરીકે નક્કી કર્યા છે. તે દુનિયામાં દત્તપુત્ર તરીકે ઉદાર જાણો. મોટાભાઈ રામપ્રતાપના પુત્ર સારા અયોધ્યાપ્રસાદ છે તે ઉદાર દિલના છે. મારા નાનાભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરપ્રસાદ એમના પુત્ર છે તે અમારા બંને રૂપને ધારેલા હેતથી અગણિત જીવોને તારવાના હેતુથી આ સ્થાપના કરી છે. આમાં કોઈ સંશય કરવાનો નથી. અમારી આજ્ઞાને સંતો ભક્તો સૌ માનજો. આવી રીતે કહીને ગાદી આપી અનંતમૂર્તિ મહારાજે બંને પુત્રને રાજી થઈને બેસાર્યા. બંને આચાર્યોની સંતો પાસે પૂજા કરાવરાવી. સૌ સંતોએ ધીરજ ધરીને પ્રભુની આજ્ઞાને ધરીને ધીરજથી જેમ કહ્યું તે રીતે ભક્તોની પીડાને હરવા માટે કાર્ય કર્યું. પછી પ્રગટ પ્રભુ સૌને મહાપ્રભુ વાત કહેતા હતા. તેને હે રાજન ! તમે સુખેથી સાંભળો. જે રીતે હરિએ કહ્યું તે રીતે સંતો હરિભક્તો સાંભળો.

સૌ સંતો જેવી રીતે અમારું પૂજન ચંદન અર્ચાને તથા પુષ્પથી પૂજન કરે છો તે જ રીતે હવેથી આચાર્યોનું પૂજન કરવાનું છે. બંને આચાર્યોને મારી સમાન જ ગણવાના છે. ને મારામાં ને આચાર્યોમાં લગારે ભેદ નહિ સમજવાનો. આ રીતે સિદ્ધાંતને જાણવાનો છે. સૌ સંતો અને સૌ હરિભક્તો બધાય તથા વર્ણિ (બ્રહ્મચારી) વર્ગ તથા પદાતિજનો બાઈઓ સૌ આ અમારાં કહેલાં વચનોને અંતરમાં ધારજો. અમે આમને અમારી ગાદી

ઉપર બંને ભાઈઓને બેસાર્યા છે. અમે આમને દત્તક પુત્ર તરીકે લીધેલા છે. એમને તમે સૌ સેવાપૂજા કરજો. તમે સૌ આ બંને આચાર્યોની આજ્ઞાને પ્રેમથી પાળજો. આમનાં વચનો ક્યારેય લોપતા નહિ. તેઓ જેમ કહે તેમ વચન પ્રમાણે વર્તજો. ધર્મમર્યાદા પ્રમાણે નરનારિજનો આચાર્યોને ગુરુ માનીને ભક્તિ કરજો. ગુરુની સન્મુખ ક્યારેય હું તું કરીને વાદવિવાદ શિષ્યોએ ન કરવો. બબાલ ન કરવી. લબાડવેડા ન કરવા. વિરુદ્ધ થઈને પૃથ્વીના ભાર રૂપ ન થવું. એટલા માટે હેતથી કહું છું તે તમે સંતો સમજનારા સાંભળજો. આ રીતે જાણીને આ મારા બંને પુત્રોનાં વચનને પ્રમાણભૂત માનજો. આમની સેવા કરવાથી અમારી સેવા થશે. આ રાજી રહેશે તો અમે રાજી રહીશું. આ દુઃખી થશે તો અમે પણ દુઃખી થઈશું. મનમાં બહુ જ કુરાજી થઈશું. પૃથ્વી ઉપર ધર્મ પ્રમાણે આજ્ઞાનું પાલન કરજો. સૌ સંતો પ્રીતસહિત માનજો. આ રીતે કરુણા કરીને ગુરુરૂપે કહીએ છીએ. તમારા ચિત્તમાં ક્યારેય અધર્મ ધારીને વર્તન ન કરતા.

કદાચ ગુરુ ઉન્મત્ત થઈને ધર્મભંગનું વચન કહે તો તે વચનને સંતોએ ન માનવું. મારા વચનોને અંતરમાં ધારીને સંપ્રદાયના નિયમ પ્રમાણે જ ગુરુ પોતે સદાય વર્તતા રહે. આવાં વચનો કહેવાં અને તે સુખરૂપ માને. સંતોએ વચન પ્રમાણ વર્તવું. આવી રીતની મારી આજ્ઞા છે તે દૃઢ છે. એ પ્રમાણે જ સૌ સંતોએ તથા નરનારિજનોએ દૃઢનિયમનું મનન કરીને દૃઢધર્મને ધારીને વર્તતા રહેવું. અમારા વચનને બંને વર્ગે દૃઢતાથી ધારવાં. પૃથ્વી ઉપર ધર્મવંશીઓએ ધર્મને દૃઢતાથી ધારવો. અમારાં વચનો કહ્યા છે તે સદાયને માટે સેવવાનાં કહ્યાં છે. તેનો વિચાર કરીને નરનારિજનો પૃથ્વી ઉપર ધર્મનો ત્યાગ કરે તો તે ધર્મવંશી નરનારિ ન કહેવાય પણ તેને તો અધર્મમય જ જાણવાં. જે કલ્યાણ કરવા ઇચ્છા કરતા હોય તે કલ્યાણને માટે આ કઠોર કળિકાળમાં ધર્મવંશી ગુરુઓનું સેવન પૂજન કરીને સદાય એમને માનવા. આ બધું અમે જોઈ જાણીને નક્કી જ કહીએ છીએ એ પ્રમાણે વર્તજો. આ બધી વિક્તિ કરીને કહી છે તે જગતનાં લોકોને જાણવા માટે જ કહી છે તે રીતે સૌ સંતસમાજોએ પરંપરાની રીતને પ્રીતથી માનવી. કેમકે જગતમાં ગુરુઓ ઠગાઈ કરીને શિષ્યોનાં ધનને લઈ લે છે. પરંતુ શાસ્ત્રોમાં ગુરુની ક્રિયા બધી જણાવેલી છે. એવા ગુરુ જગમાં દુર્લભ છે તે જોવાનું છે. દૃઢનિયમમાં રહીને વર્તે તે જ ગુરુ, જનોનાં પાપસંતાપને હરી લે છે. નરનારિજનોને આશ્રિત કરીને પ્રગટ પ્રતાપ બહુ જ બતાવ્યો છે. જ્ઞાનની સાથે વિશેષ જ્ઞાન તો નરનારિજનોને ધ્યાનમાં લઈને નક્કી કર્યા તે ગુરુનું સદાય સૌએ સેવન કરવાનું છે. તેના માટે અમે વિચારીને બંને ગાદિ નક્કી કરીને સ્થાપન કરેલ છે. તે અગણિતજનોના કલ્યાણ કરવા માટે જ ગુરુની પદવી અમે સ્થાપન કરીને આપી છે. તે અવધપ્રસાદને રઘુવીર આ બંને પુત્રોને બહુ જ પ્રતાપી મારા સમાન જ પ્રતાપવાળા સ્થાપ્યા છે. અમારામાંને આ બંનેમાં લગાર ભેદ ન જાણશો. મે જ બંને મૂર્તિઓ ધારીને સ્થાપન કર્યા છે. તેને ભવસાગરને તારવા માટે કરેલા છે. કમળનયન પ્રભુ ઉપદેશ કરીને સૌ સંતોને સમજાવીને પછી ઘનશ્યામ પ્રભુ ફરી પોતાના પુત્રોને કરવા યોગ્ય શિક્ષા ઉપદેશ કરતા હતા.

મારા બંને પુત્રો તમે સુંદર રીતે સાંભળો. તમારે શિક્ષાપત્રીને પ્રમાણ માનીને સદાય એ રીતે જ વર્તન કરજો. સંસારમાં જનોના ભવબંધન તારવા માટે આ શિક્ષાપત્રીનું પાલન કરવું. કરાવવું તે જ મુખ્ય પ્રમાણ છે. પૃથ્વી ઉપર સદાય ધર્મને ધારણ કરીને ધીરજથી ધર્મને પ્રવર્તાવો. સૌ જનોને ધર્મ પ્રમાણે વર્તાવો. સંતોને સારી રીતે માર્ગદર્શન આપતા રહો. પૃથ્વી ઉપર ધર્મ કરીને તેનું પાલન કરનાર બધા જ પુરુષો થઈને સંસારમાં સુખને પામે છે. તમે સદાયકાળે નિત્ય પ્રત્યે દૃઢતાથી ધર્મને ધારીને રહો. ધર્મ વિનાનો મનુષ્ય પૃથ્વી ઉપર જીવતાં છતાં પણ મરેલો જ મનાય છે. માટે ધર્મને ધારનારો ભગવાનનો આશ્રય કરે છે. તેમને બહુ જ પ્રિય

થાય છે. મારા પ્રત્યે મનમાં દઢભાવ થાય છે. તે ધર્મવાળો સંસારમાં બહુ જ કીર્તિ પામે છે. ધર્મને દઢ કરીને રહે છે. તે નિત્ય પ્રત્યે આગળ જ વધતો જાય છે. આ અમારા વચનને માનજો.

ધર્મના પ્રતાપે બધી જ પૃથ્વી સ્થિર થાય છે. અને સાગરો મર્યાદામાં રહે છે. ધર્મના પ્રતાપે બધાં જ લોકમાં શોક દુ:ખને મહાન સંતો હરે છે. ધર્મના પ્રતાપે બ્રહ્મા સર્જન કરે છે. વિષ્ણુ પાલન કરે છે. શિવજી સંહાર કરે છે તે ધર્મના બળે કરીને જ કરે છે. ધર્મના પ્રતાપે જ શેષનારાયણ પૃથ્વીને ધારી રહ્યા છે. સૂર્ય ચંદ્ર પ્રકાશે છે તે ધર્મના પ્રતાપે જ છે. સૌ કોઈ સુખશાંતિ અને બળ જો કાંઈ પામે છે તે ધર્મ પ્રતામે જ પામે છે. ધર્મ વિનાના દેવો તથા નરનારિજનો સૌ મહાદુ:ખને પામે. શરીરમાં દુ:ખ થાય. બધાં જ શાસ્ત્રોમાં મુનિજનો ધર્મને જ મુખ્ય કહે છે. ધર્મને પૃથ્વી ઉપર દઢ કરવા માટે હું જુગોજુગમાં અવતારને ધરું છું. ધર્મને સ્થાપન કરીને અધર્મને ઉખાડીને સુખસ્થાપન કરું છું. ધર્મના દ્વેશીજનોનો પૃથ્વી ઉપરથી પાપી પરિવાર અપારનો નાશ કરીને ભક્તજનોના ત્રાસને દૂર કરીને સુખ આપું છું. સુખેથી નિવાસ કરાવું છું. આ પૃથ્વી છે તે ધાર્મિક ભક્તોના માટે જ સુખ કરનારી છે. જ્યાં ધર્મવાળા જીવો છે. ત્યાં જ હું વાસ કરું છું. જ્યાં પાપ કરનારા પાપરૂપ જીવો વસે છે. તે જોઈને તેઓનો તત્કાળ નાશ કરું છું. અમારા બંને પુત્રો પવિત્ર છે. તેઓ સદાય ધર્મને ધારણ કરીને ધીરજતાથી પ્રેમ સહિત ક્ષમા દયા અને સત્યતા આદિ સાત્વિકતાને સદાય ઉરમાં રાખીને ધર્મસર્ગનો સાથ ઉરમાં ધારવો. અને ધર્મના બળને પ્રગટ કરવું. તેનાથી ક્યારેય પરાભવ નહિ થાય. રોજેરોજ ધર્મનો પ્રતાપ વધતો જ જશે. માટે મારા કહેલા વચનનું પાલન કરવું. પ્રેમથી ધર્મ પ્રમાણે વર્તવું. તેનાથી બહુ જ અતિશય સુખ શાંતિ થશે.

સૌ સંતો હરિભક્તો અમારા પુત્રોનું પ્રમાણસર પાલન પોષણ કરવાનું અને દયા કરીને કાયમ હિત કરવાનું ક્યારેય ક્રૂર નહિ થવાનું. અન્ન ધન વસ્ત્ર આદિથી એમનું પૂજન પ્રેમભાવથી કરવું. જેવી રીતે અમારી ઉપર પ્રેમ અને માન હોય તે જ રીતે આમને માનવા. અમારા વચનને અનુસરીને તમે આમનામાં પૂજ્ય બુદ્ધિ બહુ જ રાખવી. આમની આજ્ઞા પ્રમાણે તમે સદાય વર્તજો. તમે બંને હિત લાવીને સૌને નિયમમાં વર્તાવજો. ભક્તજનોને ભવસાગરમાંથી તારવા માટે અમે જગતમાં દેહ ધારીને કરોડો જીવોનાં કલ્યાણ કરવા માટે આજે પૃથ્વી ઉપર સર્વોપરિ અવતાર ધારીને રહેલા છીએ અને તમે જેવો મહિમા રાખો છો, પાળો છો તેવો જ મહિમા અમારા પુત્રમાં પ્રીતિ કરીને પ્રેરણા કરનારાને જોઈને સેવા કરીને મારા મનને રાજી કરવાનું છે. આ બધું કારણ તો સૌ જનોને સુખી કરવા માટેનું જ કારણ છે. સૌના પાપસંતાપને હરી લેવા માટે હું પુરુષોત્તમ પૃથ્વી ઉપર પ્રગટ થઈને ન ભરી શકાય એવું બધું ભરેલું છે ને અશરણને શરણમાં લઈને કલ્યાણનો માર્ગ ખુલ્લો કર્યો છે. મારા પ્રતાપે જ જગતમાં બહુ જ સુંદર રીતે વાય છે તે સુખ કરનારો છે. મારા પ્રતાપે તો જગતમાં જગત તરી જનાર થાય છે. માયાને તરીને પાર પામે છે. મારા પ્રતાપથી જગતમાં અગ્નિ બધાનાં અન્નકોષને પકાવે છે. બાળે છે. જગતમાં સદાય પ્રેરક રહીને સદાયને તારવા માટે નરનારિ સૌએ મારી ઈચ્છાને માનીને આજ્ઞાને પાળીને સૌ આનંદ પામશો. મહારાજ ભક્તજનો સંતોને બહુ જ ઉપદેશ શિક્ષા કરીને સમજાવીને બહુ જ મહિમા સમજાવ્યો અને બને પુત્રોને ઉમંગથી ગાદી ઉપર સ્થાપીને પુરુષોત્તમે પ્રતાપ સમજાવીને ઉપદેશ કહ્યો. સૌ જનોએ મહારાજની શિક્ષા ઉપદેશને માનીને સંતો મહંતોએ મહિમા સહિત સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરીને બને આચાર્યોને માનવાની શ્રીહરિ આજ્ઞા કરી. ભક્તો અને સંતો બંને આચાર્યને ભગવાનનાં સ્વરૂપો માનવા લાગ્યા.

અવતારના અવતારી શ્રીહરિ જગતના ઇશ જેતલપુર પધાર્યા. આંબલી નીચે સભા ભરીને સૌના ઈશ્વર

ગુરુ સ્થાને બે ભાગ કર્યા. બન્ને ભગવાના અંશને ગાદી ઉપર બેસાર્યા. બહુ જ મહિમા કહીને બહુ જ ગહનતા સમજાવી. પોતાની સમાન જ મહીમાની દૃઢતા કરાવી. આમ આડત્રીસમો અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ** અને **અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ જેતલપુરમાં નિવાસ કરીને ત્યાં પોતાના બંને દત્તપુત્રોને પોતાની ગાદી ઉપર આચાર્ય અભિષેક કરીને** સ્થાપના કરી **તેનું નિરૂપણ વર્ણન કરીને સમજાવ્યું એ નામે આ આડત્રીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૮॥**

# તરંગ-૩૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ મહાપ્રભુએ બધું જોઈને બે પુત્રોને દત્તક દીધા અને એમને પોતાની ગાદી ભક્તજનોના કલ્યાણ માટે દીધી તે શોભાના ધામ મહારાજે પોતાના સ્વરૂપનો મહિમા બહુ જ વિશેષ રીતે વધારી દીધો. ભક્તજનોના સમુહોને ભવસાગરમાંથી તારવા માટે પોતાના પરિવારને ગાદી ઉપર બેસાર્યા. પછી મહાપ્રભુએ કયાં ચરિત્રો કર્યાં તે પ્રગટ પ્રભુનાં પ્રગટ ચરિત્રો પ્રીત કરીને કહેવા માટે  કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! હે ધારાના અધિપતિ ધીરજ ધારનારા પૃથ્વીનું પાલન કરનારા આનંદરાજન તમે બહુ જ સુંદર પ્રશ્નો પૂછ્યા છે તે પ્રશ્નો પ્રગટ પ્રભુ શ્રી ઘનશ્યામના પ્રીત કરીને પૂછેલા છે તે કહું છું. શ્રીહરિ કહે છે, જ્યાં સુધી અમે આ પૃથ્વી ઉપર ગાદીની સાથે ભયને હરનારા છીએ અને અમારા સ્વસુખ આપીને તમને ગાદીઓ આપી ત્યારે જ અતિ આનંદનો પ્રવાહ વેગથી વધતો આવ્યો. અમારી સાથે અમે કરેલાં કાર્ય પ્રમાણે જોઈને અમારી પાસે આવીને હેત કરીને ધર્મપુત્રને ધર્મની વિશિષ્ટતા જોઈને સર્વોપરિ સમજીને અમારા સ્વરૂપને સમજીને આશ્રિત થયા. અમારી સાથે હેત કરીને મનને હરિ લીધું છે. પછી મહાપ્રભુ સંતો ઉપર રાજી થઈને ઉપદેશ કર્યો. પોતાનો મહિમા બહુ જ સમજાવ્યો. ખૂબ જ સ્વજ્ઞાન કહ્યું તે સાંભળીને સૌ સંતો બહુ જ રાજી રાજી થયા. આવો ગાદી અભિષેક ઉત્સવ જોયો જ ન હતો તેથી. આ જગતમાં બધેય જયજયકાર થયો તેના ગુણને બાઈઓ કહેતી હતી કે અમારા ઉરમાં બહુ જ ઉપદેશ કરેલો છે. તેનાથી હે પ્રભુ ! આપે અમારા ગામ ઉપર બહુ જ કૃપા કરી છે. પછી બંને ભાઈઓએ પ્રભુની સ્તુતિ કરી જે – હે મંગળને કરનારા મુક્તિને આપનારા સર્વના અંતરમાં નિવાસ કરનારા હે ઘનશ્યામ પ્રભુ આપ જય પામો. જય પામો.

પ્રભુ આપ એક જ છો અને અનેક રૂપોને ધરનારા છો. કૃપા કરીને આશ્રિતજનોના કલ્યાણ કરનારા છો. બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે બધા યોગ્ય જ કાર્ય કરે છે. આપની સેવા કરે છે. ભક્તજનોની સાથે આ પૃથ્વી ઉપર આપ મનુષ્ય અવતાર ધરીને પુરુષોત્તમ ઘનશ્યામ પ્રભુ સર્વોપરિ સર્વ અવતારો તે પૃથ્વી ઉપર આપના જ થયા છે.પૃથ્વી ઉપરના ભયને નાશ કરનારા છે. હે પ્રભુ ! આપ યુગોયુગમાં વારંવાર પધારીને જનોને તારો છો. હે ઘનશ્યામ ! આપ અવતાર ધરીને જીવોને જ્ઞાનધર્મ સમજાવો છો એવા આપના અવતારો મત્સ્ય કચ્છ વરાહ નૃસિંહ વામન પરશુરામ એ આદિ અનેક અવતાર ધરીને ભક્તોનાં કાર્યો કર્યાં છે. સદાય શાંતિના દાતા રઘુનાયક પ્રભુ પ્રેમીભક્તોની પીડાને તોડનારા મુક્તિ દેનારા થયા તથા આપે કૃષ્ણ અવતાર ધરીને કૃપાળ બહુ

જ ચરિત્રો કરીને અસુરોનો નાશ કર્યો. અનેક ચરિત્રો કરીને ભક્તોને સુખ દીધાં. પૃથ્વી ઉપર બુદ્ધ અવતારના સ્વરૂપને લઈને આસુરીજનોને મોહ પમાડીને અધર્મ પાખંડનો નાશ કર્યો. જનોના બહુ કામો કર્યાં. અત્યારે મહાપ્રભુ આપ સ્વયં પધાર્યા છો. અવતારના અવતારી આપને બ્રહ્મા સનકાદિક શારદા શેષ સૌ પ્રેમથી ભજન કરે છે. જગતમાં જીવો આપને જેવા સમજે છે, ઓળખે છે તે નિશ્ચય કરીને આશ્રિત ભક્ત થાય છે. આપના મહિમાના પારને કોઈ નથી પામતા એવો અપાર મહિમા છે તેને પવિત્ર મન બુદ્ધિવાળા સંતો ગાયા કરે છે.

હે હરિ મહાપ્રભુ ! આપની પાસે વરદાન માંગીએ છીએ હે નાથ આપ અમારી સાથે નિત્ય રહો. અને અમારી ઉપર સદાય નજર કરતા રહો. આવી રીતે પોતાના બંને પુત્રોની સ્તુતિ સાંભળીને ઘનશ્યામ પ્રભુ જ રાજી થઈને કહે હે મારા બન્ને પૂત્રો મારી પાસે જે માંગવું હોય તે માંગો. ત્યારે તે બન્નેએ કહ્યું કે હે પ્રભુ ! દયા કરીને ભક્તજનોના કલ્યાણ કરવા કરુણાના સાગર પ્રભુ આપની દૃઢ ભક્તિ આપે. સદા અમારા મનને એમ દૃઢ રહે તેવી કૃપા કરો. હે ઘનશ્યામ મહાપ્રભુ સદાય અમારી વૃત્તિમાં આપ જ રહો. સદાય અમારી સાથે જ રહો. એક ક્ષણ પુરતા પણ અલગ ન રહેશો. એવું વરદાન પ્રભુ અમને આપો. હે પ્રભુ ! આપની કૃપાથી ક્યારેય કષ્ટથી પરાભવ ન પામીએ તથા તમારી વિષે પ્રીત ઓછી ન થાય એવું અમને બંનેને અભય વરદાન આપો.આ અમારી વાંછના (આશા) છે તે આપો. સ્તુતિ સાંભળીને મહારાજ રાજી થયા. ભકતજનોનાં કામ કરવા માટે કૃપાળુ બંને પુત્રોની સ્તુતિ સાંભળીને ઘનશ્યામ પ્રભુએ દયા કરીને વરદાન દીધાં. કહે છે કે તમે ધીરજવાળા બુદ્ધિમાં ધર્મને ધારણ કરી રાખો. તમે જ્યાં સુધી ધર્મને દૃઢતાથી ધારી રાખશો ત્યાં સુધી આ મારા વચનને આનંદ ઉલ્લાસથી ધારી રાખજો. જ્યારે ધર્મનો ત્યાગ કરશો અને વિષયને વશ થઈને રાગદ્વેષ કરશો તો હું તમારી સાથે નહિ રહું. આ હેતથી કહું છું. હું પૃથ્વી ઉપર બધાં જ જનસમુદાયને સાચી વાત કહું છું. ધર્મની પાસે જ મારું ધામ છે. ભક્તિ પણ ત્યાં જ બહુ પ્રતાપવાળી થાય છે. ત્યાં જ જ્ઞાનની સાથે નિર્મળ વૈરાગ્ય પણ રહે છે. આ બધુંય તમારી સાથે જ સદાય રહે અને ધર્મથી ક્યારેય વેગળા થાવ નહીં અને ઉમંગથી ઉરમાં મને ધારજો.

ઘનશ્યામ પ્રભુના મુખની વાતો સાંભળીને સંતો મનમાં બહુ જ હરખાતા હતા. આવી રીતે કમલનયન મહાપ્રભુએ સુખદાતાએ શિક્ષાની બહુ જ પવિત્ર વાતો કરી તેને સૌ હરિભક્તો સાંભળીને મનમાં આનંદ પામતા હતા. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામીએ બહુ વિસ્તાર કરીને લીલા કરી. **જેતલપુરમાં** ઘનશ્યામ પ્રભુ મનોહર લીલા કરીને પુરુષોત્તમ પ્રભુ આનંદના સાગર સર્વના સ્વામી સુખ કરતા હતા. ચિત્તને ચોરનારા મહારાજે ચરિત્રો કરીને ચપળતાથી જનના ચિત્તને ચોરતા હતા. **જેતલપુરમાં** નિવાસ કરતા હતા. જગતના ભાન એવા ધર્મકિશોર પ્રભુ ફરીથી પ્રીત કરીને કહેતા હતા. ભક્તજનોના ભયહારી પ્રભુ સુંદર રીતે ઉત્સવ કરવા માટેનો સામાન ભેગો કરાવતા હતા. સુંદર સુખ કરનારો ઉત્સવ કરતા હતા. દીવાળીનો મહામોટો ઉત્સવ કરવા દીપમાળા કરાવતા હતા. દીપોત્સવનો ઉત્સવ અમારે અહીં જોવો છે. આવી રીતે કહીને નિર્મળ મુખવાળા કમલનયન પ્રભુ સૌ જનોને જોતાં પ્રભુ પોઢતા હતા. પ્રભુ પોઢ્યા પછી એક પહોર રાત્રિ બાકી રહી ત્યારે પ્રભાતનો સમય થયો ત્યારે ચંચળમૂર્તિ મહાપ્રભુ હરખાતા થકા ઘોડા ઉપર રહીને અસવારોની સાથે ભક્તજનોના મનને આનંદ દેતા પ્રભુ ભક્તોના પતિ ચાલ્યા. ધર્મનંદન મહાપ્રભુ વરતાલધામે પહોંચ્યા. પછી સૌ સંતો પાઠ કરીને જમીને પાછળથી તે જ દિવસે ચાલીને વરતાલ ગયા. સંતો સૌ પ્રીત સાથે પવિત્ર મૂર્તિ

પહોંચ્યા ત્યારે સુખના ધામ મહાપ્રભુ ઘનશ્યામ સૌને ભેટ્યા. સૌની મોટી સભા કરીને તે સભામાં પ્રભુ વિરાજીને શોભતા હતા. સુખના દાતા સંતરૂપી કમળવનમાં દર્શન કરીને પ્રફુલ્લિત થયા સભામાં શોભતા હતા. મહાપ્રભુ તારાના મધ્યમાં ચંદ્ર શોભે તેમ શોભતા થકા જ્ઞાનની વાર્તા કરતા હતા. ત્યારે સંતો ભક્તો હંસોની માફક શોભતા હતા ત્યારે સુરત શહેરથી સત્સંગીનો સંઘ આવ્યો તે ભક્ત સુંદર પોશાક ઉમંગથી લાવ્યા હતા. તે કૃપાળુ મહારાજને અર્પણ કર્યા તે કૃપાળુએ પ્રીતસહિત તેને ધારણ કર્યાં. ભક્તજનોને પહેરીને દર્શનસુખ દેતા હતા. દયાળુનાં દર્શન કરીને નરનારિ તથા મુનિજનો નરનાથને નિરખીને મનમાં બહુ જ હરખ પામીને સનાથ થયાં.

દયાળુ મહાપ્રભુ દેશવિભાગના નિમિત્તે મહાનુભાવાનંદ મુનિને કહેતા હતા. પછી મહાપ્રભુ રાજી થઈને પ્રેમસહિત પાઘ પરબ્રહ્મ પ્રભુએ બ્રહ્માનંદમુનિને આપી. તેથી સંત બહુ જ ભાગ્યશાળી સુખવાળા થયા. મહાન મોટા મહામુનિ મહાનુભાવાનંદજીને દયાળુએ ત્રોફાળ (ચોફાળ) દીધો. આ રીતે બંને મુનિઓને રાજી કર્યા. આ રીતે કોમળ હૃદયના કૃપાળુએ બહુ જ કૃપા કરી. દીપમાળા જોઈને મહારાજે દીપોત્સવી કરી દીધી. પ્રભુએ મુનિજનો અને હરિજનોને મહાસુખ કરીને આપ્યું. બીજા દિવસે મહારાજે અન્નકુટનો ઉત્સવ ઉમંગથી કર્યો. પાકો ને શાકો તેનો ઢગ બહુ જ ઉત્સાહથી કરીને તૈયાર કર્યાં. પછી પ્રીતસહિત થાળ કરીને લક્ષ્મીનારાયણદેવની આગળ અન્નકુટ અર્પણ કર્યો. મહાપ્રભુએ અન્નકુટ પુરીને તેને જગતના નાથ મહાપ્રભુ જમતા હતા. દેશોદેશના ભક્તજનોને દર્શનનું દાન દીધું. આવી રીતે ભગવાને અન્નકુટનો સામૈયો કરીને કષ્ટને હરતા હતા. ભગવાન કૃપા કરતા હતા. સુખી કરતા હતા. અવિનાશી મહાપ્રભુએ સુંદર રીતે બહુ જ સુખ દીધું. સંતજનો અને ભક્તજનોને શ્રી ઘનશ્યામ પ્રભુએ સ્નેહથી પીરસીને પંગતમાં ફરીને ખૂબ જ જમાડ્યા. પછી મહાપ્રભુએ હાથ ચરણ ધોઈને કરુણામૂર્તિ મહાપ્રભુ સભાની વચમાં રાજી થતા થકા બેઠા અને બધા સંતો અને હરિભક્તો પણ સૌ રાજી થઈને સભામાં બેઠા હતા.

બહુનામી મહાપ્રભુ તે સૌના પ્રત્યે વચનો કહેતા હતા. સ્નેહ સાથે સહજાનંદ સ્વામી કહેતા હતા. જે નરનારાયણદેવ દેશના જે સાંતો હરિભકતો વર્ણિઓ સૌના તમે. અયોધ્યાપ્રસાદ આચાર્ય છે. એમની પાસે તમે સૌ ગુરુમંત્ર લો અને લક્ષ્મીનારાયણ દેવના દેશના સંતો વર્ણિઓ અને બધાય. હરિભક્તો હેતસહિત નિરખીને શ્રી રઘુવીરજીને ગુરુ ધારીને એમની પાસેથી ગુરુમંત્ર લેવો આવી રીતે કહીને મહાપ્રભુ બે પાટો ઢાળીને ગાદિતકિયા પાસે નાખીને તૈયાર કરાવી. તેની ઉપર બળવંત આચાર્યોને બેસાર્યા. પોતાના બંને બુદ્ધિવાન પુત્રોને બેસાર્યા. વસ્ત્રો આભુષણોને બધું સરખું કરીને પાટ ઉપર સામાં અર્થાત્ પોતે મહારાજ અલગ આસન ઉપર બેઠા. બંને આચાર્યો પાસે બધી સભા બેસાડી. અમે જોઈએ છીએ તમો સર્વે મનમાં રાજી થઈને ગુરુમંત્ર લ્યો. અમારી આજ્ઞા અનુસાનને ઉરમાં ધારો. ગુરુ પાસે જઈને વિચારીને ગુરુમંત્ર લઈ લો. પોતપોતાના ગુરુ પાસે જઈને સુંદર રીતે પૂજા કરતા હતા. ભેટો ધરતા હતા. ભાવથી કરતા હતા. સૌ પોતપોતાના ગુરુનો મહિમા સાથે પ્રેમ વધારતા હતા.

હે રાજન ! પછી શ્રીહરિ મહાપ્રભુ સ્વમુખે સૌ જનો પ્રત્યે સુખનાં વચનો કહેતા હતા. કહેલાં વચનોને બધા સંતો હરિજનો વર્ણિઓ સૌ પાળજો તો અમે સદાય તમારી ઉપર રાજી રહીશું. અને ગુરુનું વચન જે જન લોપશો તે સંસારમાં મહાપાપી થઈ જશે. ત્યારે સર્વે સભા સદોએ કહ્યું કે હે મહારાજા અમો સર્વે

આપના કહેલાં વચનો પ્રમાણે વર્તીશું. આવી મહાપ્રભુની નવીન લીલા નિર્ખીને દેવગણો મહાપ્રભુ અને આચાર્યો ઉપર પુષ્પનો પરસાદ કરતા હતા. ચંદન વર્ષતું હતું. મંગળનો નાદ કરતા હતા. જયજય પોકારતા હતા. દેવો દુંદુભિ વગાડતા હતા. દેવની સ્ત્રીઓ નૃત્ય કરતી હતી. મહોત્સવને પ્રીતથી જોઈને સૌ જયજયનો પોકાર કરતા હતા. આવી રીતે શ્રીહરિ મહાપ્રભુ લીલા કરીને વરતાલપુરમાં વિરાજીને ચપલનયન ચાલવા માટે લોકોનાં ચિત્તને ચોરીને તૈયાર થયા. શ્રીહરિ મહાપ્રભુ બ્રહ્માનંદમુનિને બાહુમાં લઈને બાથ ભરીને મળ્યા. ભયહારિ પ્રભુએ **અમદાવાદપુરમાં** સંતોની સાથે મોકલીને પ્રભુએ તરત જ ચાલવાની તૈયારીઓ કરી. માર્ગમાં પ્રભુ વચ્ચે વચ્ચે ઉતારો કરીને પ્રભુ ગઢપુરધામે પધારતા હતા. પ્રભુ ઉત્તમ રાજાના દરબારમાં સંતોની સાથે સદાય નિવાસ કરીને રહેતા હતા.

શ્રીહરિ સર્વના નાથ સંતોની સાથે વરતાલપુરે પધાર્યા. વરતાલમાં દીવાળીનો ઉત્સવ કર્યો. અન્નકુટ કર્યો. તે ભક્તજનના મનને બહુ જ ભાવ્યો. ભયહારિ ભગવાને ગુરુમંત્ર પુત્રો પાસે સૌને દેવરાવ્યો. આવી રીતે આ ઓગળચાલીસમું અભિધાન શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અવધપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રી વરતાલધામમાં દીવાળીનો મહોત્સવ કર્યો તેની લીલા વર્ણન કરી તે નામે આ ઓગણ ચાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૩૯॥**

# તરંગ-૪૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપે પ્રગટ પ્રભુની અનેક લીલાઓ મને સારી રીતે સમજાવી છે. દીવાળીનો ઉત્સવ કરીને મહારાજ ગઢપુરધામે પધાર્યા. ત્યાં અજ્ઞાનના અંધકારને હરતા હતા. સંતો ભક્તજનો પ્રભુની પ્રેમથી સેવા કરી રાજી કરતાં હતાં. હવે આનંદકંદ મહાપ્રભુનાં ચિત્ત ચોરનારા સુંદર લૌકિક તથા અલૌકિક રીતના કર્યા હોય તે મને કહો.

અવધપ્રસાદ કહે છે, હે રાજન ! હે ધરાપતિ ! તમને ધન્ય છે. તમારો પૃથ્વી ઉપર જન્મ સફળ થયો છે. કેમકે લોકોનાં હિત કરવા પ્રગટ પ્રભુનાં પરચા ચમત્કરો પૂછ્યા છે. આ જોઈને બહુ સારું કર્યું છે. હે રાજન ! કેટલાક પરાચા મહિમા સહિત કહું છું તેને તમે કુળના દીવા એવા રાજન તમે ચિત્ત દઈને સાંભળો. પૃથ્વી ઉપર એક દેશ સારો ધનધારા સંપત્તિવાળો હતો. તેમાં સારાં વૃક્ષો વન શોભા સારી હતી. સરોવર સારું તૈયાર હતું. ધનસંપત્તિવાળું બધું જ ગામ તથા મકાનો સારાં હતાં. નરનારિજનો બહુ જ ભાવિક ભાવવાળાં હતાં. તે દેશ મધ્યમ વર્ણનો હતો. ગામનું નામ **ગઢમુંડાણું** આવા સારા નામવાળું હતું. તે ગામમાં ચારે વર્ણનાં લોકો રહેતાં હતાં. તેમાં પ્રગટ પ્રભુની ઉપાસનાવાળાં ન હતાં. પરોક્ષની ઉપાસનાવાળાં હતાં. તે બધું જ ગામ આસુરીજનોથી સેવાતું હતું. કોઈ પોતાના મુખે રામનું નામ પણ ગાતા ન હતાં. પ્રગટ પ્રભુના ઉપાસી કોઈ ન હતાં. જો કોઈ હોય તો તેના દ્વેશ કરનારા રાજા હતાં. તે ગામમાં એક જ જણ ભગવાનનો આશ્રિત નિશ્ચયવાળો ભક્ત હતો. તે **ગોવિંદ પટેલ** નામના ભગવાનના સાચા સમજણવાળા ભક્ત હતા. પ્રગટ

ભગવાનના ઉપાસનાવાળા પ્રેમીભક્ત હતા. સાચી સમજણથી સદાય ભગવાનની સેવા ભક્તિ કર્યા કરતા હતા. સર્વોપરિ સ્વામિનારાયણ નામનો સાર સમજીને રાતદિવસ દઢ મનથી નામનો ઉચ્ચાર કર્યા કરતા હતા. ભક્ત કોઈને ગણકાર્યા વગર અખંડ ભજન કર્યા કરતા હતા. સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર્યા કરતા હતા. અડગ નિશ્ચયથી હરિ નામનો જપ કરતા હતા પણ જગતના માયાના દાસ નાસ્તિકો બધું ખોટું માનતા હતા. તે ભક્ત જગતને ખોટું માનીને ભગવાનને ભજતા હતા. જગતમાં ભગવાન સ્વામિનારાયણ જ સત્ય સ્વરૂપ છે. સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીને ભવસિંધુ પાર પામશું. ભજન નહિ કરીએ તો જમપુરીમાં જઈને જમનો માર ખાવો પડશે. તેમાં રામકૃષ્ણ આદિ કોઈ દેવ સહાય કરવા નહિ આવે. માટે પ્રગટ પ્રભુના દ્વેષી તમે સાંભળીને હાંસી કરો છો તે બરાબર નથી. ત્યારે તે ભક્તની વાત સાંભળીને મતિમંદ જનો સૌ તે ભક્તની હાંસી કરતા હતા. ખોટો ઉપહાસ્ય કર્યા કરે ને કોઈ માનતા ન હતા. કહેતા હતા કે તમે જો વિમાનમાં બેસીને ધામમાં જવાની વાતો કરો છો. તમે વિમાનમાં બેસીને જશો તો અમે વિમાનનો દાંડિયો પકડીને સાથે આવીશું. **ગોવિંદભક્ત તમારી** સાથે અમે આવીશું. આવી રીતે લોકો તે ભક્તનો ઉપહાસ કરતા હતા. નાસ્તિક નરનારી બધાં કૌભાંડ જ માનતા હતા. ભક્ત તો સાચું જ કહેતા હતા કે હું તો વિમાનમાં બેસીને ધામમાં જવાનો આ વાત સાચી જ કહું છું. તમને તો વિમાનનો દાંડિયા હાથમાં પકડવાનો મળશે જ નહિ તો તમે ક્યાંથી પકડવાના છો. તમારા હાથમાં ન જ આવે.

આમ કહેતા હતા. નિત્ય પ્રત્યે આમ વાતો કરતા રહેતા હતા. પ્રીતથી ભગવાનનું ભજન કરતા હતા. પ્રગટ પ્રભુનું ગોવિંદ ભક્ત ભજન કરતા હતા. પ્રગટ પ્રભુને ધારીને ભક્ત દઢ મનથી પ્રભુની મૂર્તિને ધારીને શ્વાસોચ્છવાસમાં પ્રભુનું નામ હરિકૃષ્ણ સાર નામનું ભજન કરતા હતા. સહજાનંદ સ્વામી આ નામ સદાય સત્ય છે. બીજા જગતને અસત્ય જ માનવાનું છે. આમ કરતાં કરતાં જ્યારે ઘણો સમય થયો ત્યારે ભયને ભાંગનારા ભક્તજનને તારાનારા મહાપ્રભુ પોતે દિવ્યરથ લઈને અનંતમૂર્તિ ગુણસાગર સંતોને તથા અનેક પ્રેમી પદાતિઓને લઈને હજારો ઘોડેસવારોની સાથે લઈને ભક્તને તેડવા માટે તૈયાર થઈને આવ્યા. તે સમયની શ્રી ઘનશ્યામ છેલછબીલાની મૂર્તિને ગોવિંદભક્ત એકલા જ દેખાતા હતા. ધર્મનંદન મહાપ્રભુનું ધ્યાન ધરીને ભૌતિક દેહનું ભાન ભુલી ગયા. દેહથી મુક્ત થયા. પ્રભુની સંગાથે દિવ્યદેહને ધારીને રથમાં બેસીને જતા હતા. મુનિજનો ગુણને ગાતા હતા. પ્રભુની સાથે **ગોવિંદભક્તને** સાથે લઈને જતા હતા. ત્યારે માર્ગમાં જ પોતાના ગામના નરનારિજનોને પ્રગટ પ્રભુની સાથે બધાને ભેટો થયો તે પ્રભુને જોતાં હતાં ને સાથે **ગોવિંદ ભક્તને** પુરુષ નારિજનો જોતાં હતાં. તે ગોવિંદભક્ત દિવ્ય દેહ ધરીને દિવ્ય વસ્ત્રો આભુષણોને ધારેલા સુંદર રૂપે પ્રભુની સાથે જતા હતા. પ્રેમથી ગુણ ગાતા જતા હતા. તે જોયા તે અગણિત શોભા તેજ પ્રકાશાવાળા શોભાના ધામ કરોડો કરોડ તેજના અંબાર સમાન બહુ જ શોભાવાળા જોતા હતા. સુંદર નવીન મેઘસમાન શોભાવાળા મુખવાળા અનંત શોભાવાળા આજાન બાહુ (જાનુ પર્યંત લાંબા) હાથવાળા કૌસ્તુભ મણિની શોભાવાળાં ઉંચાં ઉપડેલાં ઉપડતાં શોભાવાળાં સાગરપુત્રી લક્ષ્મીની શોભાના ઘરરૂપ મનોહર લાગતા હતા. સુંદર કોયલ જેવા કંઠવાળા શંખ સમાન કંઠવાળા કૌસ્તુભ મણિની શોભાવાળા કંઠમાં શોભતા કમળસમાન સુંદર મુખવાળા છબિના ધામ કમળસમાન શોભાવાળા કવિજનો કહેતા હતા એવા સુંદર ત્રિવળિયુક્ત વિશાળ ઉદરવાળા ભયને હરનારા એવા અભયકર મુદ્રાવાળા વિશાળ ભુજાઓવાળા મણિયુક્ત કેડે કંદોરાવાળા બાહુમાં

જડિયેલ પોંચિવાળા અંગો અંગોઅંગમાં મણિ જડેલાં આભુષણોને ધારણ કરેલા શોભાવાળા. મનને હરનારું સુંદર મોળિયું ધારણ કરેલા હર્ષ કરતા હાથમાં નેતરની સોટીને ધારેલા મનોહર રસમૂર્તિ પ્રભુ હસ્તકમળમાં રૂમાલ ધારેલા રથમાં બેસીને મહાપ્રભુની શોભા બહુ જ થતી હતી વિશાળ છબિવાળા. જગતને વંદ્ય સુખના સાગર ધર્મનંદન મહાપ્રભુ જેમના ગુણને બાવનવર્ણો સાથે સ્વછંદ રીતે છંદો ગાયા જ કરે છે. આવા મનોહર પ્રભુ પાસે ગોવિંદભક્તને બેઠેલા જોતા હતા ને પ્રભુના ગુણ ગાતા થકા મુનિજનોનાં બહુ જ સમુહને જોયો અને હજારો ઘોડેસવારોને જોયા અને અનેક પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. આવા સમાજની શોભા વચ્ચે તે ભક્ત ગોવિંદ સાથે જતા જોઈને ગોવિંદભક્તને રામ રામ કહ્યા. અને પૂછ્યું કે મુનિજનોની સાથે શોભતા થકા ક્યાં જાવ છો. ગોવિંદભક્ત કહે, ભગવાન આ મારા ગુરુ કહેવાય. સ્વામિનારાયણ નામનું ગુણગાન કરતો હતો તે પોતે જ છે. એમની સાથે જઉં છું. એ ભગવાનની સાથે ધામમાં જાઉં છું. હું જે કહેતો હતો તે સાચું કહેતો હતો. તે વાતને સાચી કરવાનો આજે સમય આવ્યો છે તે તમે સૌ જાણી લ્યો. પ્રગટ પ્રભુ સાચા છે.

આવી રીતે કહ્યું તોય જગતના જીવો માનતા ન હતા. આ ભક્ત કહે છે તે ખોટી વાત છે. આવા દેહે ક્યારેય ધામમાં ન જ જવાય. કોઈ નથી જ જતું પણ **સિધ્ધપુર ગુરુની** પાસે તે જતા હશે એમ માનતાં હતાં. આમ કહીને રામ રામ કહીને ગામમાં આવ્યાં ત્યારે ગામમાં લોકો જગતના વ્યવહાર પ્રમાણે વ્યવહર થતો જોયો લોકો કુટતા હતાં. નરનારિજનો રોતાં હતા. લોકોને પૂછતા હતા. સૌ વિશેષતાથી વાત કરતાં હતાં. કહો તો ખરા કે કોણ મર્યું છે. તે વાત તો કરો ત્યારે તે બધાંય કહેતાં હતાં. **ગોવિંદભક્તનો દેહ પડી ગયો છે.** આમ સાંભળીને નરનારિજનો તે માર્ગમાં મળ્યાં. તે બધાંય માનતાં હતા કે તમે જુઠ્ઠું બોલે છે તે રીતે પ્રત્યક્ષ જોયું તોય માનતા ન હતા. હમણાં જ માર્ગમાં અમને સામે મળ્યા છે. એના સૌ ભક્ત જાણે છે તે તમે ખોટું કહે છે તે તો સ્વામિનારાયણની સાથે રથમાં બેસીને શોભતા થકા તથા પેદલ તથા ઘોડેસવારોનો તો પાર જ ન હતો. સંતોની સાથે બધો સાજ હતો. તે જલદીથી જતાં હતાં તે જાણું છું. **સિદ્ધપુરના મારગમાં** જતાં હતા. હમણાં જ જોઈને આવ્યા છીએ. તમે મુખેથી હાંસી કરો છો. એક કહે તેના પછી બીજો કહે, ત્રણ કહે કે ચાર કહે. જાણીને જુઠ્ઠું બોલે તે સાચું બોલે તોય જુઠ્ઠું જ મનાય પણ સાવચેત ગુરુની સાથે બેસીને જતાં અમે જોયો છે. તે કાંઈ સ્વપ્નાંની વાત નથી કરતા પણ સારી રીતે જાગતાં જ અમે જોયો છે. અમને બધાંને પ્રીતથી તો પૂછતો હતો. બધાને કુશળ સમાચાર કરુણા કરીને કહ્યા એ અમે સાંભળ્યા. તેને તમે બધાય જુઠું જ કહો છો. જુઠ્ઠું કહેતા લગારે શરમાતા જ નથી. વાત સાંભળીને સૌ ગામના મનુષ્યો કહેતા હતા. તમે બધા સાક્ષાત્ દેખો તોય જીવતાને મરેલો કરીને કહેવાય. ગોવિંદ પટેલને જોયો કે બીજાને જોયો તે તો બીજો કોઈ ન હતો ને શું બધાય ગામના સાવ જુઠ્ઠાંઓ છે. આવી શું વાત થઈ તે કહો છો. જોઈને બધાના મનમાં તો અતિ આશ્ચર્યની વાત થઈ. બહુ જ મોટી વાત થઈ. પ્રગટ ભગવાનને ન જાણી શક્યા તે જ આશ્ચર્ય છે. પ્રગટનો મહિમા નરનારિજનોને જાણીએ કહ્યો તમે બધા સાંભળો. અમે હમણાં જ મળીને આવીએ છીએ. બાથમાં ભરીને ભેટ્યા છીએ તે કાંઈ સ્વપ્નું તો ન હતું. જાગ્રતમાં જ મળ્યા. બધાય તેને પ્રત્યક્ષ જ મળ્યા છીએ. આ વાતને જુઠ્ઠી ન માનશો. બધી વાત સાચી જ કહેવાય તો કેમ સમજવું. બધાય મનમાં મુંજાવા લાગ્યા. બધાના મનમાં ભ્રમ થવા લાગ્યો પણ મંદમતિના પરચો તો

માનતા જ ન હતા ત્યારે એક કહે, તમે બધા વાત સાંભળો. હું તમોને સુખકંદની વાત કહું છું.

ભક્ત પ્રીત કરીને કહે છે, સત્સંગમાં રીત છે તે કહેવાય છે. ભક્તને તેડવા માટે સ્વામિનારાણ ભગવાન પોતે જ આવે છે. હંમેશાં આવે છે તે ભગવાન પોતે સાક્ષાત્ તેડી જ ગયા છે. તમે તો તે સત્ય જ જોયો છે. અમે હરખાતાં જતા જોયા છે. પ્રભુ આમને તેડવા માટે આવ્યા હતા પણ આપણે અધમ મનના જ નથી માંનતા પણ ગોવિંદભક્ત તો સાચો જ છે. તે ભવને તરીને જગતને જીતીને ગયો છે. પ્રભુના ધામમાં ગયો છે. હવે પ્રગટ પરચાને તમે જુવો. સ્વામિનારાયણ ભગવાન સત્ય જ છે માટે આજે પણ પૃથ્વી ઉપર ભક્તજનોને તેડવા માટે આવે છે. એમના બધાય ભક્ત કહેવાય છે. તેને પ્રભુને ભક્તો નજરે જુવે છે. મનમાં રાજી થઈને એકાગ્ર થઈને જુવે છે. તેને મંદમતિ જનો નથી માંનતાં. કેમકે તેઓ આ બધાય આસુરી અવતાર કહેવાય છે. જ્યારે જ્યારે ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે દૈવીજનો હતા તે પ્રભુને જાણતા હતા. ઓળખતા હતા અને અધમ એવા આસુરી જીવો પૃથ્વી ઉપર માંનતાં જ ન હતા. મંદમતિના વિરોધ કરતાં હતાં. **મીરાને રાણાએ જેર પાયું** ત્યારે તે જેરનું અમૃત થઈ ગયું. ભગવાને તેની સહાય કરી તોય મન ન માન્યું. અસુર રાણે મીરાંને બહુ જ દુઃખ દીધાં કર્યું. રાતદિવસ પરેશાન કરે એ તો પૂર્વની જ રીતે કહેવાયેલી છે. બીજું **પ્રહ્લાદને પીડા** કરી તે તો મહાઅસુર મંદમતિ દૈત્યનો રાજા તેના કરેલા કષ્ટમાં પ્રભુ રક્ષા કરતા હતા. પર્વત ઉપરથી નીચે પછાડ્યો. પાણીમાં ડુબાડ્યો. હાથીના પગ નીચે દબાવરાવ્યો. ઝેરપાન કરાવ્યું. અગ્નિમાં બાળ્યો. સર્પો વિંછી કરડાવ્યા. તોય ભગવાનના પ્રતાપે કાંઈ જ ન થયું. શ્યામ પ્રભુ તેની સહાય કરતા હતા. જેટલા મારવા માટે ઉપાય કર્યા તોય ન મર્યો. અસુરે બધાય મળીને પ્રયત્ન કર્યો પણ ત્યાં ભગવાને સહાય કરી. આવી રીતે ભગવાનનો પ્રતાપ અલૌકિક જ છે. મંદમતિના જીવો નથી માનતા. આ તો અનાદિની રીત ચાલી જ આવે છે. પ્રગટ પ્રભુનો પરચો જુવે છે તોય પાપીજનો પ્રીતિ નથી જ કરતા. **નરસિ ભક્તની વાત** જુવો. એને ભગવાને બાવન પરચાઓ દીધા. તોય પાપીજનો જોવા છતાં નહોતા માનતા. માટે સાચી જ વાત કહું છું. હવે પ્રગટ ભગવાનની જોયેલી બધી વાતો કહી તોય તે ગોવિંદભક્તની તો જાણજો જ ભગવાન એને ઉમંગથી ધામમાં લઈ ગયા. ઉમંગથી તોય પાપીજનો નજરે જુવે તોય ન માને.

આવી રીતે ભગવાન અગણિત પરચાઓ દે છે. પ્રીત કરીને સહજાનંદ સ્વામી પૃથ્વી ઉપર તેડવા માટે આવે છે. અંતર્યામિ અવિનાશી પ્રભુ પોતાના ભક્તના ભવને તારે છે અને અસુરો ઉદાસ થઈને ફર્યા કરે છે. આવી રીતે બધી વાતો કરી તેને સાંભળી તોય કાંઈ થાય જ નહિ અને દૈવીજન છે તે સૌ જુવે છે. સાંભળે છે ત્યારે સૌ કહે, પ્રભુ સત્ય છે. આ પ્રગટ પ્રભુનો પરચો જોઈને માનતા હતા. અસુરોને જ્ઞાન રહે જ નહિ. સંતો કરોડો ઉપાય કરે તોય પાપીજનો પાપનો ત્યાગ ન જ કરે. ભગવાનનું ભજન ક્યારેય ન જ કરે. તે પાપી જ રહે. અસુરો અધર્મની રીતને તો જાણે કે ઓળખે જ નહિ. આ તો આદિ અનાદિની રીત ચાલી જ આવે છે. બાકી બીજું કાંઈ નથી જ જાંણતા. તે ગામના નરનારિજનોએ પ્રગટ પ્રભુનો દીધેલો પરચો જોયો. તેથી સહજાનંદ સ્વામીને સંસારમાં લોકો સત્ય જ કહે છે. અવતારના અવતારી જ છે. તેઓ સત્સંગી થયાં. સુખકંદ પ્રભુને સાચા કહેતાં હતાં નાથના કરેલા નિયમો પાળવા તૈયાર થયા. સહજાનંદ સ્વામી સત્ય જ છે. આવી રીતે ભગવાન ગામોગામ અગણિત પરચા પોતાના ભક્તજનોને દે છે. પ્રભુને પ્રગટ પ્રમાણ દર્શન કરે છે. દૈવીજનો દિલમાં માને છે પણ અસુરો પોતે તો માનતા જ નથી પણ ખાલી ખાલી ઉપહાસ્ય કર્યા કરે છે.

પાપીઓ અમાપ પાપને કર્યા કરે છે.

હે રાજન ! સહજાનંદ સ્વામી સુખકારીએ પ્રીતથી પરચો દીધો. ગોવિંદભક્ત જીત કરીને ભવસાગરનાં સંકટ તોડીને ભગવાનનાં ધામમાં ગયા. પરચો જોઈને ગામ બધું ગુલતાંન થઈ ગયું. મહાપ્રભુએ બતાવેલા પરચામાં બહુ જ કઠિન મહિમા જોયો. આમ ચાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં પ્રગટ પ્રભુના પરચા કહ્યા એ નામે ચાલીસમો તરંગ થયો. ॥૪૦॥**

# તરંગ-૪૧

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! હવે બીજો એક પરચો કહું છું. તે સુંદર છે. ભક્તજનોના ભવદુઃખને હરનારો તેને તમે સાંભળો. દંઢાવ્ય દેશમાં સુંદર ગામ છે. તે ગામ બહુ જ મોટું સારું વિશાળતાવાળું **વિહાર ગામ (વ્યાર) છે.** તે ગામની શોભા બહુ જ છે. સરોવર સુંદર શોભે છે. તરુઓ વૃક્ષો વેલીઓ તે બહુ જ શોભે છે. સરની ચારેબાજુ સુંદર વાતાવરણ ફળફૂલની બહુ જ શોભા થતી હતી. હે રાજન ! ત્યાં લગારે તાપ તો લાગતો જ ન હતો. શીતળતા જ સુંદર હતી. તે ભૂમિ ઉપર વૃક્ષની છાયાન અતિ ઘાટી હતી. તેનાથી શીતળતા હતી. વૃક્ષો ઉપર ચકલાં ચકોરો બહુ જ ટહુકાર કરતાં હતાં. કલવરના શોરથી મનને આનંદ કરનારા શબ્દોને મોર મુખથી બોલતા હતા. તે પુરમાં ચારે વર્ણનાં નરનારિજનો સુંદર રીતે પોતપોતાની ધર્મમર્યાદા પ્રમાણે કોઈ વિકાર વિના જ રહેતાં હતાં. પ્રગટ પ્રભુનાં પ્રેમીજનો ઉપાસક હતાં. પ્રેમથી સુખદાયક પ્રભુની સેવાભક્તિ કરતાં હતાં.

તે વિહારગામમાં એક સારા ભક્ત થયા. તે હરિને પરોક્ષ રીતે નિરખતા હતા. તે અતિયોગ ભ્રષ્ટ જીવાત્મા હતા. મનમાં માયિક મનોવાસના કોઈ જ ન હતી. વિષય વિકારથી રહિત વૈરાગ્ય ભાવવાળા નિર્વ્યસની પૃથ્વી ઉપર તે ભવાનિના ભક્ત કહેવાતા હતા. ગુણવાળા શીલ સ્વભાવવાળા દિલમાં કોઈ પ્રકારનો દગા દાવપેચ નહોતા રાખતા. પોતાના આત્માના કલ્યાણ કરવાના કારણ રૂપે ઉરમાં દઢતાથી દેવીનું ધ્યાન ધરતા હતા. એકાગ્ર ચિત્ત થઈને જપ કરતા હતા. ભક્તજન શુદ્ધ મનથી માતાની ઉપાસના ભક્તિને કરતા હતા. માતાના જાપ જપતાં હતાં. પોતાના પૂર્વનાં પુણ્યના પ્રતાપે તે સુંદર સ્વભાવનો ભક્ત થયો. ભક્તિના પ્રતાપે દેવી સાક્ષાત્ તેની પાસે આવે તે દિવ્યરૂપે ચતુર્ભુજા વાળી દેવી ચારે હાથમાં ચાર દીવા લઈને આવે. ચિત્તને આનંદ આપે તેવાં સુંદર વસ્ત્રો ધારીને મણિરત્નો જડેલાં આભુષણો ધારીને ખૂબ જ આભુષણો શોભતાં બે સેરવાળી મોતી બોર હાર ધરીને સુંદર નવી જ વેણીને શિર ઉપર ધારેલી કેશમાં ફૂલની માળા બાંધેલી. ચારે ભુજાઓમાં ચુડીયું પહેરેલ તે જાણે કરોડો સૂર્ય ન હોય ? તેવી શોભે. ચંદ્રસમાન સુંદર મુખ શોભતું. વિશાળ નયનોવાળી હાથમાં ત્રિશુળન ધારણ કરેલું દંતાવળી જાણે દાડમની બીજની હારની જેમ શોભતાં હતાં. અર્ધ ગોળ આકારમાં અધરોષ્ટ શોભતા હતા. અમૃતસમાન અદ્‌ભૂત વાણી બોલતાં હતાં. શરીરની કાંતિ (શોભા) તે ઝગમગ ઝગમગ જળકતિ હતી. તેને જોઈને સોનાના ગોત્રવાળી વીજળી શરમાતી હતી. શરીર ઉપર કંઠમાં બહુ જ આભુષણો શોભતા હતાં. ચંચળ ગોળ બંને સ્તનો શોભતાં હતાં. તેમાં કોઈક નવીન નારંગી સમાન

કહેતા હતા. કામપત્ની રતિ કરતાં પણ વધારે શોભાવાળાં સિંહ ઉપર સવારી કરીને હાથમાં ખડગ ધારણ કરીને વારંવાર પ્રેમવશ થઈને ભક્ત પાસે દર્શન દેવા આવતાં હતાં અને આનંદ ઉલ્લાસની સાથે મધુર વાણીથી કહેતાં હતાં.

માતા કહે, તમે શા કારણે મારું નામ રટણ કરો છો ? નિત્ય પ્રત્યે દઢભક્તિ કર્યા કરો છો. નિષ્કામ ભાવે કરો છો. તેથી તારી ઉપર પ્રસન્ન થઈ છું તો ઈચ્છિત વર માંગો. જે માંગો તે દઉં. ધન, પુત્ર, પશુ પરિવાર જે જોઈએ તે માંગો. **માતાનું વચન સાંભળીને હીરોભક્ત સાવધાન થઈને કહે, માતા મારે કોઈ માયિક વસ્તુ નથી જોતી. મારે એની કોઈ તૃષ્ણા છે જ નહિ. મારે તો તમે મારો મોક્ષ કરો એટલું જ જોઈએ છે. બીજું કોઈ ન જોઈએ. હું આટલું જ વરદાન માંગું છું તે માતા આ વરદાન તમે ત્યારે ભક્તનું આવું વચન સાંભળીને માતા સાક્ષાત્ કહેવા લાગી કે અમારી પાસે મોક્ષ તો નથી. એસામર્થી અમારામાં નથી માટે ધનપુત્ર પરિવાર પશુ કોઈ પદાર્થ માગે તે દઈએ. આ બધું તો તત્કાળ જ આપું. આ રીતે માતાનાં વચન કહેલાં સાંભળીને તે ભક્ત કહેતા હતા. ધનધાન્ય આદિક માયિક વસ્તુઓ મારે કાંઈ જરૂર નથી. એમાં કોઈ લગાવ નથી પણ માતા હેત હોય તો તમે મને કહો કે મારો મોક્ષ તે કેવી રીતે થાય. કયા દેવ મોક્ષ કરે તે સાક્ષાત્ દેવી તમે મને કહો તેની સેવા કરું.**

**આવી રીતે તે હીરાભક્તની વાત સાંભળીને જગતમાતા તે વાત કહેતાં હતાં. તું શકર ભગવાનની સેવાભક્તિ રાતદિવસ કર. આમ કહીને તે માતા ત્યાંથી જતાં રહ્યાં ત્યારે હીરો તરત જ ઉરમાં મહાદેવજીનું ધ્યાન કરવા લાગ્યા. એકાગ્ર મનથી ધ્યાન કરતા હતા. દઢ પદ્માસન વાળીને દઢ પ્રીતથી આકર્ષણ મંત્રનો જાપ કરતા હતા. નિત્ય જપતો હતો. ગદ્‌ગદ્ કંઠથી શંકરની સ્તુતિ કરતા હતા. ધ્યાન ધરીને દેહનું ભાન ભુલતા હતા. આવી રીતે ભક્તજને કેટલોક સમય જાપ કર્યા કર્યો ત્યારે સાક્ષાત્ શિવ એમની પાસે આવ્યા. અંગોઅંગમાં ભષ્મનાં આભુષણ ધારેલાં. સર્પના ભયાનક આભુષણ ભયાનક ધારેલાં. પુષ્ટ અંગેઅંગથી શોભતા કંઠમાં મુંડની માળાને ધારણ કરેલા. લલાટમાં ચંદ્રને ધારેલા બાહુમાં અને કંઠમાં સર્પોને ધારણ કરેલા પ્રખર પુષ્ટ દઢ દેહને જોયો. મસ્તક ઉપર જટામાંથી ગંગા અખંડ વહ્યા કરે છે. હાથમાં ત્રિશુળને ધારણ કરેલા બંને હાથના કાંડામાં સર્પોને વીંટેલા ભુજ બંધ ધારેલા કટિમાં નાગનું વીંટીને બાંધેલો નિતધર્મને ધારનાર ઝેરનું પાન કરનારા મસ્તક ઉપર સુંદર ઝટાઝુટવાળા શોભાવાળા હાથમાં ડમરુને વજાડતા** હતા. **મહાદેવજીના ડાબા પડખામાં ઉમિયા વિરાજેલાં હતા. માતા શ્વેત વસ્ત્રોને ધારેલ જક્તનાં કાજ કરનારાં. સુંદર શોભાવાળાં સ્વરૂપની મનોહરતાવાળાં રતિ પણ શોભાને જોઈને લાજ પામતી હતી. આભુષણોને ધારીને શોભાવાળાં સુખનાં ધાંમ એવા ભવાની શિવની સાથે શોભતાં હતાં.**

**તે પિનાકિન પ્રભુ પરની પીડાને હરનારા નિલકંઠ સ્વરૂપ વૃષભધ્વજ નામવાળા ગૌરીય ગાયની માફક ગંગાનો પ્રવાહ વહે છે. પ્રશઓ આપતી એવા મહાદેવજીના ચરણમાં જળ પડે છે. એવા આસુતોષ કરુણાનાં નિધાન કાંઈક જનોને વરદાન દેનારા જલદી જાણનારા એવા મહાદેવજી અંગોઅંગની અતિશય શોભાવાળા નંદી પર બેઠેલા. તેમની બાજુમાં નારી સતિ પાર્વતીજી શોભતાં હતાં. મહાદેવજીએ અંગો ઉપર વાઘનાં ચર્મનાં વસ્ત્રો ધારેલાં હતા. ભષ્મને લગાવેલા ભાલ ઉપર બાલચંદ્રને ધારનારા ભક્તના હિત કરવા ત્રિપુરનો નાશ કરનારા. જગતનાં કાર્ય કરનારા કાળમૂર્તિ એવા. પ્રતાપી સ્થાનવાળા બહુ જ મહાબળવાળા સંતો દેવોને સહાય**

કરનારા કુંદ કપુરના સમાન ગૌરવર્ણ શરીરવાળા કામદેવનો નાશ કરનારા ગજના મુખવાળા ગણપતિના પિતા કહેવાતા એવા ઇચ્છિતવર દેનારા જેમનું આખુ જગત નામ રટે છે એવા વિખ્યાત મહાદેવજી.તે ભક્તને દર્શન દેવા આવ્યા.

તે ધર્મદેવના પુત્ર શ્રી ઘનશ્યામ પ્રભુનું ધ્યાન ધરતા ધર્મના કવચરૂપ ધર્મને ધારનારા ધીર ધરીને વિષને ધારણ કરનારા પૃથ્વીલોકના ઈશ્વર નક્કી કરેલા એવા મહાદેવજી. આવી શોભાને ધારણ કરેલા બહુ જ શોભતા. શંકર સદાય સુખને દેનારા થઈને ભૂમિ ઉપર રહેતા ભક્તની પાસે તત્કાળ જ ભક્તની આરાધનથી શંકર સામે આવ્યા. હીરાભક્ત પાસે આવીને પ્રેમથી કહે, શા કારણે મને બોલાવેલ છે. જે કામ હોય તે મને કહો. મારી પાસે જલદીથી માંગો. તમારે જે મનમાં ઇચ્છા હોય તે કહો. ઇચ્છિતવર દઈશું. શંકરની મોક્ષ વગરની વાતો સાંભળીને મોક્ષ ઇચ્છનારો હીરોભક્ત કહે, મારે મોક્ષ સિવાય બીજી કોઈ આશા જ મને મોક્ષ આપો. મારે બીજું કાંઈ નથી જોઈતું પૃથ્વી, ધન, માલ, પશુ, પરિવાર આ બધાંને તો કાળ ખાઈ જાય છે. આવું તો સૌ સંતજનો કહે છે, મારે તે શું કરવું છે. હે શંકર ! મારી મનની રૂચિ એક જ છે. મોક્ષ કરવા માટેની જ આશા છે. તમે તો જગતનાં કામ કરવાની વાત કરી તેના માટે હું તમારા શરણે નથી આવ્યો. મેં તો કેવળ શ્રેય કરવા માટે જ તમારી આરાધના કરી હતી. જો તમે મોક્ષ કરવા મારો સમર્થ ન હોય તો મોક્ષ કરવાનો ઉપાય આપ મારી ઉપર દયા લાવીને બતાવો. તમે તો સાક્ષાત્ ઈશ્વર છો. બધી જ પ્રકારના જ્ઞાનવાળા તમે છો સતત ધ્યાન ધરીને યોગમાં રહો છો તો તમારા વગર કોને કહું. તમો સમર્થ છો. હે શંકર ! મારી વાતને સત્ય જાણીને કૃપા કરીને મારો મોક્ષ થાય તેવો ઉપાય બતાબો

મને શુદ્ધ મુમુક્ષુ જાણો. મારે મનમાં બીજી કોઈ રૂચિ છે જ નહિ ત્યારે શંકર તે ભક્ત ઉપર પ્રસન્ન થઈને કહ જો તારે માયિક કોઈ રૂચિ ન હોય તો આ સમયે પ્રગટ પ્રભુ સહજાનંદ સ્વામી તે અવતારના અવતારી અવિનાશી સર્વના કારણ બહુનામી તે જનોનો ઉદ્ધાર કરવા માટે જ જગતમાં પ્રગટ થયા છે. તે અત્યારે પૃથ્વી ઉપર સાક્ષાત્ વિરાજે છે. એ સહજાનંદ સ્વામીને જલદીથી સ્મરણ કરો. તેમની ઉપાસના ભક્તિ કરો તો તે પ્રભુ તમારું મોક્ષનું કામ કરશે. હું પણ એમનું જ ધ્યાન ધરું છું. એમને નિત્ય જાણું છું. એમને જ ઈષ્ટદેવ માનુ છું માન. બધાં જ કાર્યના કારણ એ ભગવાન પોતે જ છે. સર્વેશ્વર છે. અનંત અવતારોને ધરનારા સર્વેશ્વર છે. અવતારી મહાપ્રભુ પૃથ્વી ઉપર અનેક જીવોના મોક્ષ કરવા પ્રગટ થયા છે. અત્યારે તે પ્રભુ ગઢપુરધામમાં વિરાજે છે. સંતજનોની સાથે સુખકંદ પ્રભુનો તમે જાપ જપો. નિષ્પાપ ભાવે આરાધના ભક્તિ કરો. જરૂર તમને સહજાનંદ સ્વામી પ્રભુ મળશે. દર્શન દેશે જ. તે મહારાજ તરત જ તમારો મોક્ષ કરશે. તે પરોક્ષ નથી. પ્રગટ પ્રમાણ જ છે એમ જાણીને હીરાભક્ત અમારાં કહેલાં વચનને સાચું માનીને આ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કરીને ભક્તિ કરજો એમનો આશ્રય કરે છે તેને તરત જ ભવસાગર તારી દે છે. જરૂર ભક્તોને સર્વોપરિધામમાં પ્રેમથી લઈ જાય છે. પાપી મહાપાપી શુદ્રો તથા પશુઓનો પણ એ મોક્ષ કરે છે. જે સ્વામિનારાયણનું ભજન કરે છે. તેઓ જગતને અસત્ય જાણીને ભવને પાર પામે છે. મોક્ષપરાયણ થાય છે. આવી રીતે કહીને શંકરપ્રભુ અંતર્ધ્યાન થયા. પ્રગટનો ઉપદેશ શંકર દ્વારા જાણીને હીરાભગત શુદ્ધ મનથી ઉરમાં ધ્યાન ધરીને પ્રગટ પ્રભુને અંતરમાં ધારીને જગવંદ પ્રભુનો મંત્ર (નામ) જપતા હતા. સ્વામિનારાયણ

પ્રભુનો દૃઢભાવ ધરીને મનઈંદ્રિયનો નિગ્રહ કરીને અંતરને ખેંચીને અંતરમાં સુખના સાગર ઘનશ્યામ નામનું નિયમ પ્રમાણે નિરંતર નામરટન કરતા હતા. આરાધના ભક્તિ કરતા હતા.

હે રાજન ! પૂર્વજન્મના બીજબળને જોઈને નામના નામી સહજાનંદ સ્વામી શિવનાં વચને કરીને હીરા ભક્તને ઘનશ્યામ પ્રભુ મળ્યા. નયનોની આગળ ધારણા કરીને તે સહજાનંદ સ્વામીનું દિનપ્રતિદિન તે ભક્ત ધ્યાન ધરે છે. ભયહારિ મહાપ્રભુને ભાવ ભરીને હીરાભક્ત હરિને આરાધતા હતા. એક દિવસ વિહારમાં ગામના હરિભક્તો સૌ દિનબંધુ દયાળુ પાસે દર્શન કરવા જતા હતા. પ્રભુ પાસે સમૈયામાં જવાનું જાણીને હિરોભક્ત પૂછતા હતા. તમે બધાંય ક્યાં જાવ છો તે વાત કહો ત્યારે ભક્તો કહે, અમે તો પ્રભુનાં દર્શન કરવા જઈએ છીએ. સહજાનંદ સુંદર શ્યામ નામનાં મહારાજ ગઢપુરધામમાં વિરાજે છે. સુખપૂર્વક દર્શન દે છે. ત્યાં જઈએ છીએ. ત્યારે હિરોભક્ત કહે, પ્રભુ ઘરમાં આવીને દર્શન દે. અવી ભક્તિ કરો છો તે કેમ કહેવાય. હું તો તમારા ભગવાનને રાતદિવસ દેખ્યા જ કરું છું.

ત્યારે તે ભક્તજનો કહે, કેવી રીતે દર્શન કરો છો ત્યારે હિરા ભક્ત કહે, બધી વાત કહું છું ત્યારે તે હિરાભક્તે તરત જ ધ્યાન કર્યું ત્યારે પ્રગટ પ્રભુનું જનની પીડા હરનારનું દર્શન કરતા હતા. તેમાં શિર પર સફેદ પાઘ ધારેલા સફેદ વસ્ત્રોને ધારીને ઘનશ્યામ પ્રભુ ફૂલોમાં ગરકાવ થઈને ભક્તજનોના ભવફંદને હરતા હતા. મનોહર કમળનયન મહાપ્રભુ જાનું પર્યંત હાથવાળા ભક્તજનોને અભયવર દેતા જગતના જીવો વખાણ કરે છે. વળયુક્ત નિર્મળ વિશાળ ઉદરવાળા કાળના કાળ મહાપ્રભુ. સુખને દેનારા શાંતિસ્વરૂપ સૌમ્ય સ્વભાવવાળા કામના ગર્વના હરણ કરનારા, તે પ્રભુ મુનિજનોના સમુહની વચમાં વિરાજતા મુનિનાથ જગવંદ્ય પ્રભુ સ્વંછતાથી વાતો કરતા હતા. કરુણાનયન મનોહર કંજ લોચન એવા સર્વના નાથને મેં જોયા. રાજી થતા થકા હાથમાં નેતરની છડીને ધારણ કરેલા મનોહરનાથને જોયા. રસનાથી અમૃતવાણી બોલતા રસ વર્ષાવતા મુનિઓના નાથ હાથમા રૂમાલને ધારણ કરેલા આમ કીધું ત્યારે સૌ ભક્તજનો કહે, તમે સાચું જ કહો છો તે બધું સાચું જ જ છે. હિરો ભક્ત કહે, તે કૃપાળુ મહાપ્રભુનું જ્યારે હું ધ્યાન કરું છું ત્યારે તત્કાળ જ ભગવાનને દેખું છું તે સાંભળીને કોઈ સત્સંગી કહેતા હતા. હીરા તારી ભક્તિ બહુ જ શ્રેષ્ઠ છે. બહુ સારી ભક્તિ છે.

તે પ્રભુનું મુનિજનો પ્રયત્ન કરીને દર્શન કરવા મથે છે તોય પ્રભુ દર્શન નથી દેતા એવા મહાપ્રભુ તમને સદાય દર્શન દે છે તો હવે તું પ્રગટ ભગવાનનાં વર્તમાન ધારીને સાચો આશ્રિત થા. બધાય ભક્તજનોની વાત સાંભળીને જગતની લાજશરમ ત્યાગ કરીને સંત પાસે જઈને વર્તમાન ધરાવીને સત્સંગી થયો. તે હીરો પ્રગટ પ્રભુમાં પ્રીતિવાળો જ્યારે ભક્ત થયો ત્યારે તે ભક્ત સદાય ઘનશ્યામ પ્રભુની મૂર્તિને પોતાના નયનોની આગળ નિત્ય જોયા જ કરતા તે ભક્તજન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તે ભક્તની પાસે જ ઘનશ્યામ પ્રભુનું સ્વરૂપ સાથે જ રહે. આ રીતે તે ભક્ત નિરાવરણ વૃત્તિવાળો થયો. ઘરનાં બધાંય કામો કર્યા કરતો હતો. ખેતરમાં જ્યારે ખેડ કરે ત્યારે ખોટા ખળનો નાશ થતો હતો. તેને હીરો ભક્ત દેખતો હતો. દિલમાં દુઃખ પાંમતો હતો. પ્રભુ જોતો હતો. જ્યારે હિરો બેસે ત્યારે પ્રભુ બેસતા ભક્ત જ્યારે ચાલે ત્યારે પ્રભુ ચાલતા. જ્યારે ભક્ત સુવે ત્યારે સુખદાતા પ્રભુ સુતા હતા. આમ પ્રભુ દિનબંધુ પ્રતિપાળ સર્વનું પાલન કરનારા સાથે જ રહે છે. તે પ્રેમલક્ષણા ભક્તિ તે જેવી મિત્રને મનની આશા હોય તેવી પ્રભુ તેવી જ આશા ભક્તની પુરી કરે છે. હીરાભક્તનું હૃદય અતિ કોમળતાવાળું છે.

**હિરો ભગત કાયમ વેદવેદાંત અગમ નિગમની વાતો કરતો હતો. તેને સૌ જનો સાંભળીને રાજી થતાં હતાં. કોઈક પાપી નરનારીના જીવને તેડવા માટે ભયંકર યમનાદ દૂતા આવે ત્યારે યમદુતોને તે હિરો દેખે તે હરખ પાંમે. આવી રીતે નિરાવરણ દૃષ્ટિ પ્રગટ ભગવાનના આશ્રય બળથી થતી હતી એક દિવસ હિરો ખેતીનું કામ કરતો હતો ત્યારે બપોરનો સમય થયો. બહુ મોડું થયું ત્યારે પોતાની માતા ભાત લઈને આવી. પોતાના પુત્રને જમાડવા માટે ભાત લાવી હતી ત્યારે ભક્ત પ્રીતથી પૂછતો હતો. માતા સુંદર રીતને તમે સાંભળો. તમે ઠાકોરજીને થાળ જમાડ્યો છે કે જમાડયો ત્યારે માતા કહે, ભગવાને થાળ જમાડીને તારા માટે ખાવાનું લઈને આવી છું. મારા પુત્ર ખાઈ લે. જાણે હમણાં અવેળા સમય થઈ ગયો છે. માટે જમી લે. ત્યારે ભક્ત ધ્યાન ધરીને હિરો કહે કે મારી માતા તમે જુઠું કહો છો. ધર્મનંદન મહાપ્રભુને જમાડ્યા વગર જ લાવ્યાં છો. ત્યારે માતા અચંબામાં પડી ગઈ. મારા અંતરની બધી વાત હિરે સાચી જ કહી છે ત્યારે તે પોતાના મનમાં આશ્ચર્યવાળી થઈ. આવી રીતે તે બહુ જ અતિશય આશ્ચર્ય આ પ્રમાણે બતાવતો હતો. રોજેરોજ આશ્ચર્ય જણાવતો હતો. પ્રગટ પ્રભુ મારી પાસે જ ફર્યા કરે છે. આ રીતે જાણે બીજા શુકમુનિ ન હોય તે લાગે છે. તેમ હિરો ભગત ઘરનું કોઈ કામ કરતો ન હતો. અખંડમૂર્તિ એની પાસે જ રહેતી હતી. એટલે દૂરદૂરની વાતો જોઈને તરત જ કહેતો હતો. આ રીતે તે કુળનો દીપક વાતો કરીને જણાવતો હતો. હિરો ભગત જગતની જંજાળને જુઠ્ઠી જાણીને ભગવાનના પ્રતાપે પરમહંસની પદવીને પામ્યો. ચિત્તમાં ચેતનતાને પામીને સામર્થ્ય પામ્યો.** આ રીતે તે ભક્ત ભગવાનની અને પરમહંસોની સાથે નિરાવરણ દૃષ્ટિથી રહેતો હતો.

ભયને હરનારા શ્રીહરિનો આશ્રિત હિરો ભક્ત વિહાર ગામમાં રહેનારો તે માતાની પાસે હાજર રહેતો. તેનાથી શંકરનો મેળાપ થયો. શિવના માર્ગદર્શનથી શ્રી પુરુષોત્તમ પ્રભુનો મેળાપ થયો. આવી રીતે એકતાલીસમો અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારી વિરચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં વિહાર ગામમાં પરચાનું વર્ણન કર્યું એ નામે એકતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૧॥**

# તરંગ-૪૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપને ધન્ય ધન્ય છે. આપે મને ભક્તની ભવસાગરની ભીડને હરનારાં કમલનયન મહાપ્રભુનાં ચરિત્રોના પરચા કહ્યા હવે બીજા પ્રગટ પુરુષોત્તમ મહિમાના જે પરચા હોય તે કહો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! તમે બહુ સુંદર પ્રશ્નો પૂછ્યા છે તે ભક્તની ભ્રાંતિને દૂર કરીને શાંતિ કરનારાં છે એવા પ્રગટ પ્રભુના પરચા છે તે કહું છું હે આનંદ રાજન ! તમે સાંભળો. પૂર્વે એકવાર વિહાર (વ્યાર) સૌ ઘોડે સ્વરો અને સંતોની સાથે સુંદરવર પ્રભુ પધાર્યા હતા. ત્યારે પ્રભુના શરીરની શોભા બહુ જ થઈ હતી. અંગોઅંગ શોભતાં હતાં. મહારાજ માંણકી ઘોડીની પીઠ ઉપર વિરાજતા હતા. સૌ ભક્તો સ્વાર થઈને તૈયાર થયા તેમની સાથે મહાપ્રભુ વિહાર ગામે પધાર્યા હતા. મનોહર મૂર્તિ ઘનશ્યામ પ્રભુ સંતો અશ્વોની સાથે કળિકાળના કપટ પાપનો નાશ કરવા ભક્તોનાં કલ્યાણ કરવા પરમ સુખ દેવા આનંદસાગર

એવા મહાપ્રભુ ગામમાં પધારીને નિવાસ કરીને ભક્તોના ત્રાસને હરતા હતા. પછી મહાપ્રભુ ચાલવા માટે તૈયારી કરી ત્યારે સૌ સંતો સાથે પેદલ ને હૈદળ (ઘોડેસવારો) સહિત ગામની બહાર ગયા. ગુણસાગર પધાર્યા ત્યારે એક ડોસી ત્યાં આવ્યાં. **ચરખબાઈ નામનાં** બાઈ મહાપ્રભુનું ભજન કરનારાં સ્વામિનારાયણ નામનો જપ કરતાં હતાં. તે બાઈ ઘડો ભરીને બહુ જ પ્રેમ કરીને લાવ્યાં હતાં. ઠંડુ જળ પ્રભુને પાવા માટે લાવ્યાં. પ્રભુ પાસે આવીને પ્રભુને પ્રેમથી પાણી આપ્યું ત્યારે પ્રભુ જળનું પાન કરતા હતા. જગતના વહેમને હરતા હતા. પછી બાઈ ઉભી હતી તેણે ઘોડીની લગામ પકડી હતી. પ્રભુને જવામાં રોકીને ઉભી રહેલી હતી.

ત્યારે શ્રીહરિ કહે, બાઈ અમને આગળ જવા દે. અમને અત્યારે મોડું થાય છે. ત્યારે બાઈ કહેતી હતી, હે કૃપાળુ ! કરુણાનિધાન કાળના કાળ સાંભળો. હે પ્રભુ ! અમને તેડવા માટે અંતકાળે આવજો. આવું વરદાન વરદાયક પ્રભુ આપ આપો. આપ સ્વતંત્ર છો. ત્યારે પ્રભુ કહે, અમે તમને અંતસમયે તેડવા માટે જરૂર આવીશું. એવું જક્તના નાથ મહારાજે વચન આપેલું. તેથી બાઈ ખૂબ જ સનાથ થઈ મનમાં રાજી થઈ. આવી રીતે કરતાં કેટલાંક દિવસો વીતિ ગયા બાઈ પ્રેમથી પ્રભુનું ભજન કરતી હતી. જ્યારે ડોસીમાનો અંત સમય થયો ત્યારે શ્રીહરિ ભગવાન પધાર્યા. ડોસીને તેડવા માટે પ્રભુએ પોતાનું કહેલું વચન સાચું કરવા પધાર્યા. ડોસીનું કામ કરવા વિમાન લઈને મુનિજનોના સમુહની સાથે ડોસીને તેડવા માટે ઉમંગથી પધાર્યા. મેઘની સમાન શ્યામ વર્ણયુક્ત શરીરની શોભાને જોઈને જાનુ પર્યંત લાંબા ભુજાઓવાળા શોભાના સાગર મનોહર શ્યામ. કમલનયન મધુર મુખે મધુર વાણી બોલતા. સુંદર દાડમના બીજ જેવા દંતપંક્તિવાળા ધોળા અધર ઓષ્ટવાળા લાલ કમળની પાંખડી જેવા અણિયાળાં નેત્રવાળા તેજાયમાન મનોહર કાંતિવાળા. સુંદર ચીબુકને ચિત્તને ચોરનારા આનંદના સાગર મંદહાસ્ય યુક્ત મુખકમળવાળા લાલ નયનોવાળા લાંબા બાહુઓવાળા મણિ જડેલાં સુંદર કાને કુંડળને ધારણ કરેલા શંકર શેષજી આદિ દેવો જેમનું ભજન કરે છે. વિષ્ણુ બ્રહ્મા આદિક મોટા મોટા જેમનું ધ્યાન ધર્યા કરે છે. એવા ધર્મને ધરા ઉપર દૃઢ કરવા અવતારના અવતારી પોતે પધાર્યા. **પ્રભુની સાથે મુક્તાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો પાર્ષદો ઉમંગથી આવ્યા હતા. હરિને આવેલા જોઈને મનમાં બહુ જ રાજી થઈને તે ડોસીને પ્રભુ કહેતા હતા. બાઈ ચાલો અમારી સાથે. અમે તને લેવા આવ્યા છીએ.**

**ત્યારે બાઈ કહેતી હતી. બહુનામી પ્રભુ વાત સાંભળો. હે પ્રભુ ! મારો પુત્ર જીવણ અત્યારે હાજર નથી. તે બહારગામ ગયો છે. તે જ્યારે આવશે ત્યારે તમારી સાથે આવીશ. ત્યારે પ્રભુ કહે, જલદીથી પ્રીતસહિત અમારી સાથે ચાલો. મારાં વચનને એક ચિત્તે ઉરમાં ધારો. કોઈ પ્રકારના પૃથવી ધન ઘરબાર માલ પુત્ર પરિવાર કાંઈ કામ નહિ આવે. બધુંય ખોટું છે. આવી રીતે કરુણાનિધાને બહુવાર સુધી કહ્યા કર્યું તોય ડોસી તો ન જ નીકળી. વારેવારે પ્રગટ પ્રભુ પ્રીતથી કહેતા હતા. તોય પ્રગટ પ્રભુની મનોહર વાતને ન જ માની ત્યારે સંતો પ્રભુને કહે, હે ઘનશ્યામ પ્રભુ ! આ પુત્રની વાસનામાં આસક્ત છે. ત્યારે પ્રભુ કહે, આને રહેવા તો દેવી જ નથી. અમે એને તેડવા માટે આવ્યા છીએ. વ્યર્થ તો નથી જવા દેવું. આવી રીતે કહીને તરત જ યમદુતોને બોલાવ્યા. તે ડોસીને દંડ કરવાનું કહ્યું. તે શરીરે કાજળ જેવા કાળા જોયા. કઠોર મહાઘોર કાળા વાનવાળા ક્રૂર સ્વભાવના. બહુ જ મોટું મજબૂત ભારે પંડવાળા મુખની બહાર લાંબા દાંતવાળા અતિ તપાવેલા**

લોઢાં જેવા લાલ નયનોવાળા તીક્ષ્ણ શરીરના રૂવાંડાવાળા શરીરે ઉંચા તાડ જેવા ઉંચા વાનવાળા યમદુતો. હાથમાં ગાદા અને પાસને કઠોરતાથી ધારેલા મેઘસમાન ગર્જના કરતી વાણી બોલતા તેને જોઈને નાડીયો તરત જ તૂટતી હતી. ચાલે ત્યારે પૃથ્વી ધમકતી હતી. આવા મહાઘોર જમદૂતો ડોસીને મારતા હતા. તે જાણીને તે ડોસી તરત જ મુખેથી હાય હાય કરતી હતી. કહેતી હતી. હે કમળનયન પ્રભુ ! મારી સહાય કરો. મારી રક્ષા કરો.

આ યમદૂતો મારશે હે પ્રભુ ! હું આપની સાથે જ આવું છું. આ જમદૂતો મને મારે નહિ. મને આ દુષ્ટથી બીક લાગે છે ત્યારે પ્રભુ કહે, ચાલો તમે નહિ તો આવી રીતે કહીને યમદુતોને રોક્યા. ભય બતાવ્યો તેનાથી ભયભીત થયેલી તે ડોસીને જમદૂતના ભયથી મુકાવીને તેને ઘનશ્યામ પ્રભુ ભૌતિક દેહ છોડાવીને પ્રભુ સાથે જતી હતી. તે ડોસી માર્ગમાં જતી જતી હરિ પાછળ જતી જતી જોતી હતી કે પાછી વળવાનો અવકાશ લાગને જોતી જતી હતી. આવી ડોસી મસ્તાન જતી હતી. પ્રભુની પાછળ માયાના આવરણથી પાર જઈને ગોલોકમાં ગયા. તે ગુણવંત પાછળ ગઈ ત્યારે લગાર જ અવકાશ મળ્યો કે તરત જ ત્યાંથી પાછી જ ફરી ગઈ. ઘનશ્યામ પ્રભુ તો તરત જ આગળ ગયા. ત્યારે તે ડોશી પાછી આવી ડોસીના શરીરમાં જાન થયો. હે રાજન ! હવે પછીની વાત કહું છું. તે પ્રીતથી સાંભળો. ડોસી ભીતિથી દેહ છોડીને ગયા પછી. પ્રભુની સાથે ગઈ એ પ્રમાણે જાણીને બધાંય સંબંધીજનોએ જાણ્યું કે અત્યારે રાત છે. એટલે દેહને જુનાં કડામાં બાંધીને ઉંચે ગાંઠીયો લટકાવી દીધો. જગતનાં બધાં મનુષ્યો પાસે જ બેઠાં હતાં. ત્યારે તરત જ ડોસી શરીરમાં આવી ત્યારે રાખેલો દેહને હાલતો દેખાયો. તે જોઈને બધાં સ્વજનો સમજુ હતા તે કહે. ઝોળિમાં દેહ બાંધેલ છે તે હલતો જણાય છે. ત્યારે સૌ જનો તેની પાસે જઈને જોયું તો ડોસીના શરીરમાં હમણાં જ જીવ પાછો આવ્યો છે. એટલે તરત જ શબને છોડીને નીચે ભૂમિ ઉપર મુકીને સૌ તેની પાસે જોતા રહ્યા. જીવ પાછો આવ્યો ને જણાવવામાં લાગ્યું ત્યારે પંડમાં હલનચલન થવા લાગી. શ્વાસોચ્છ્વાસ ચાલવા લાગ્યા ત્યારે બધાં જ મનુષ્યો ઘરમાં તેને ઘેરીને બેઠાં. ઘરના બહેનો સૌ ભાવિક મનથી રાજી થઈને બેઠી હતી.

આ બાજુ મહારાજે પાછા ફરીને જોયું તો તે ડોસી સાથે ન દેખાંણિ એટલે પ્રભુએ જાણી જ લીધું કે તે ડોસી પાછી વળી ગઈ છે. ત્યારે મહારાજ તરત જ પાછા આવયા. ઉમંગરથી પાછા તે બાઈને તેડી જવા માટે તાંણ કરીને લઈ જવા આવ્યા. ડોસી પાસે તેનાં દુઃખને હરવા દિનબંધુ ભગવાન તરત જ આવ્યા. મહારાજે આવીને કહ્યું તોય નીકળી નહિ. એટલે તરત જ યમદુતોને તેડાવ્યા આવીને માર મારવા લાગ્યા ત્યારે તે ડોસી મુખેથી રાડો પાડવા લાગી. હે દિનબંધુ ! આપના દાસને મારે છે. તે માર ન મારો એવી કૃપા કરો. ત્યારે ઘનશ્યામ પ્રભુ કરુણા કરીને કહે, તને બહુ વાસના છે. તે વાસના તોડવા માટે જ માર મારે છે. માર માર્યા વગર તને માયાની જંજાળ છુટે તેમ નથી. માટે જગ જંજાળ છોડવાનું કર. આમ કહીને જમની પાસે બહુ જ માર મરાવ્યો ત્યારે તે ડોસી થાકીને વાસના ત્યાગીને વિચાર કરીને વચનો કહેવા લાગી. હે ઘનશ્યામ પ્રભુ ! આપને શરણે છું. આપ મારી રક્ષા કરો. બહુ જ ત્રાસ થયો છે. હે કામનિકંદન પ્રભુ ! કમળનયન મહારાજ હે ધર્મનંદન મહાપ્રભુ ! રક્ષા કરો. હે પ્રભુ ! હવે ઉરમાં વાસના નથી રહી. પુત્રની વાસનાય જતી રહી. હે સુંદર શ્યામ પ્રભુ ! આપની સાથે જ તરત જ આવું છું. આવી રીતે કહીને તરત જ દેહનો ત્યાગ કરીને પ્રભુની સાથે જ ચાલતી થઈ. તે બાઈ ધામમાં ગઈ. ઉરમાં બહુ જ ઉમંગ ધારીને ગઈ. બહુ જ પરિશ્રમ કરાવીને

**તે ડોસીએ** પ્રભુને **અતિશય પરિશ્રમ કરાવ્યો. પછી ઘનશ્યામ પ્રભુ** એ તે બાઈ **ધામમાં** લઈ જઈને **બાઈનું કલ્યાણ કર્યું.**

હવે બીજી વાતોને સારી રીતે સાંભળો. તે કહું છું. એ જ વિહાર ગામના ભલા ભારી ભક્ત એવા હરિભક્ત શિરોમણિ એવા તે તિવારી ભક્ત. તે ભક્તનું નામ **પિતાંબર** ભક્ત લોકો કહે છે. તે સંસારમાં કોઈ સાર નથી જ નથી એમ સમજતા. તે ભક્ત સમૈયો કરવાના નિમિત્તે ગઢપુર ગયા. ગઢપુરમાં કમળસમાન કોમળ અંગોવાળા પ્રભુને જોયા. પ્રભુનાં દર્શન કરીને ચરણસ્પર્શ કરીને હરખ પામતા હતા. મનમાં આનંદનો ઓસમાતો ન હતો એટલા રાજી થયા. બધાય સંતોનાં દર્શન કરીને તે ભક્ત સભામાં બેઠા. જગતને જુઠ્ઠું જાણીને બેઠા. તેઓને મહાપ્રભુ વાર્તા પોતાના સ્વમુખે કરીને સમજાવતા હતા. તેને સૌ સંતો અને સભાસદો ચિત્ત ધારીને સાંભળતાં હતાં. આજે અમે એક ડોસીને તેડવા માટે ગયા હતા. તેમાં બહુ જ પરિશ્રમ બાઈએ કરાવ્યો હતો. તોય બાઈ દેહમાંથી નીકળતી ન હતી. ત્યારે તેને જમને બોલાવીને જોરથી મરાવરાવી ત્યારે અમારી પાસે નહિ જ આવી. ચાલતાં ચાલતાં ગોલોક ધામમાં પહોંચાડી દીધી. પછી અવકાશ જોઈને દેહમાં નાસીને જતી રહી. પછી અમે એની પાસે જમને લઈને ગયા અને બહુ જ માર મરાવ્યો ત્યારે તે બાઈ બહુ જ ભાન વિનાની થઈ ગઈ. ત્યારે દુઃખનું મૂળ ત્યાગીને બધી જ વાસનાનો ત્યાગ કરીને અમારા દિવ્ય ધામમાં આવી આવો બહુ જ પરિશ્રમ અમને કોઈ દિવસ નથી પડતો. ભક્તને માટે જ પરિશ્રમ કર્યો. આવી રીતે વાતો કરતા હતા. સભાના બધા હરિભક્તો પ્રીતથી સાંભળતા હતા.

પિતાંબર ભક્તે આ વાતને સાંભળીને પોતાના ગામે વિહાર ગામે આવ્યા. બધી જ વાત ભગવાને જે રીતે કહી હતી તે કહી. તેને ગામના હરિભક્તોએ આવી વાત સાંભળીને રાજી થયા. ભગવાન જગતની સાચી ખોટી વાતો બધી જાણે છે. એવા પ્રભુ સમર્થ જ છે. આવી પરચાની વાતો અપાર છે પણ આ તો પોતાના ગામ વિહારનો પરચો થયો તેની વાત જણાવી છે. હે રાજન ! પરબ્રહ્મ પુરુષોત્તમ મહારાજના અનેક પરચાઓ છે. તેમાંથી એક વાત કહું તે તમે સાંભળો.

ધર્મનંદન મહાપ્રભુના પરચા વિહાર ગામના કરેલા તે પ્રીત કરીને પરચાઓ આનંદસિંહ રાજાને સહજાનંદ સ્વામીના પરચા કહ્યા. પ્રભુએ એવા પરાક્રમ લીલા ચરિત્રો બહુ જ કરેલાં છે. તે બધાં ચરિત્ર ભક્તજનોને રાતદિવસ કરીને સુખ દીધાં છે. એવા આ ચરિત્રનો બેતાલીસમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વિહાર ગામમાં પરચા કર્યા. એનું વર્ણન કર્યું એ નામે બેતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૨॥**

# તરંગ-૪૩

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! અપેક્ષિતને આનંદ કરે તેવા ચમત્કારો તે પરચાનારૂપે વર્ણવીને કહ્યા તે મદગર્વને તોડનારા છે અને નરનારિજનોનો મનને આનંદિત કરનારા છે. તે સાંભળવાથી આશ્ચર્ય જણાય છે અને જનોના જન્મોપર્યંતનાં બધાં કષ્ટોનો નાશ કરનારાં છે. સાચા જનોના સમુદાયનાં પાપોનો નાશ કરે છે. મનને આનંદ કરે છે. રમુજ પણ કરાવે તેવા પરચા છે. મહારાજ ગઢપુરમાં વિરાજિત થઈને ખળનાં મદને હરનારા મહાગર્વનો નાશ કરતા હતા. એવા પુરુષોત્તમ પ્રભુના બધાં જ લીલાચરિત્રો પ્રેમથી કહેવા કૃપા કરો તે સાંભળવાથી બધાં સંસારનાં સુખોથી પર થઈને પ્રભુમાં પ્રીત કરીને ભવ પાર થઈ જાય.

અવધપ્રસાદજી મહારાજ કહે છે – હે રાજન ! તમે સરલ બુદ્ધિવાળા બહુ જ સુંદર પ્રશ્નો પૂછ્યા છે તેના ઉત્તર હે રાજન ! પ્રેમસહિત કહું છું તે ધ્યાનથી સાંભળો. તે બધીય સુંદર લીલાને સાંભળે તો તેના જીવનમાં બહુ જ સુખો પ્રાપ્ત થાય છે જે તેની નકલ કરે છે. તથા જગતનાં સુખોની આશા રાખે છે તેને તો ભયંકર ઝેરરૂપ થાય છે. ગઢપુરધામમાં સંતોની સાથે પ્રભુ લીલાઓ કરતા હતા. ભક્તજનો દર્શન કરવા માટે આવતાં હતાં. ગુણનું ગાન કરતાં હતાં અને ગુમાંનનો ત્યાગ કરીને જતાં હતાં. મહારાજ મંદિરના સુંદર કામો કરાવતા હતા અને આનંદના ધામ શ્રી ઘનશ્યામ પ્રભુની આજ્ઞાથી મુનિજનોનાં મંડળો મંદિરનાં કામો કરતાં હતાં. તેને મહારાજ નિરખીને જોતા હતા. રાજી થતા હતા. જે સંતજનો આવીને મંદિરનું પ્રેમથી કામ કરતા હતા તે જનને પ્રભુ પ્રેમથી રાજી થઈને છાતિમાં ચરણો દેતા હતા. પ્રભુ પ્રસાદી દેતા હતા તથા શીતળ જળ પાતા તેનાથી સેવકો સુખ પામતા હતા. હરિભક્તને બાથમાં ઘાલીને ભેટતા હતા જ્યારે મંદિરનું કામ પૂર્ણ થયું જણાયું ત્યારે મહારાજનું મન બહુ જ રાજી થયું. બધું કામ પૂરું કરીને રાજાધિરાજ મહારાજ મૂર્તિઓનું સ્થાપન કામ કરવા માટે વેદોક્તવિધિ પ્રમાણે બ્રાહ્મણો પાસે વિધિ કરાવીને મૂર્તિ સ્થાપન કરીને ભક્તોનાં ભવદુઃખ હરતા હતા. બધુંય તૈયાર કરાવીને દેવની સ્થાપના કરી દીધી ત્યારે સૌ જનસમુદાય જોઈને જય જયકારનો નાદ કરતાં હતાં. મહાપ્રભુ પુરુષોત્તમ નારાયણ પોતાની મૂર્તિઓ પોતાની સમાન જ ઉંચાઈની પુષ્ટ પ્રમાણમાં સ્થાપન કરી. ભયને હરનારા હરિ મૂર્તિઓને બાથમાં ઘાલીને ભેટ્યા. હરિએ પાસે રહીને પ્રેમ કરીને કરાવ્યું. પછી બ્રાહ્મણોને, સંતજનોને અને ભક્તજનોને બહુ જ સુંદર રીતે સુંદર લાડુ બનાવરાવીને સુંદર રીતે જમાડ્યા. ત્યારે બ્રહ્મસમાજ સૌ જય જય કરતા બોલાવતાં હતા. મહારાજ સુંદર લાડુનાં ભોજનો કરાવતા હતા. આવી રીતે અનેક ઉત્સવો કર્યા. તે જોઈને સૌ નરનારિજનો અદ્‌ભૂત શોભાને નિરખીને સુખ પામ્યાં.

પછી ભક્તો ભેટો ધરતાં હતાં. તે ધનધાન્ય માલમિલકત પૃથ્વી આદિક બહુ જ અર્પણ કરતાં હતાં. આવી રીતે બ્રહ્માનંદ મુનિ પાસે **જુનાગઢમાં** બહુ જ સુંદર શ્રેષ્ઠ મંદિર કરાવ્યું. મહાપ્રભુ પોતે પધારીને ત્યાં મૂર્તિઓ પ્રેમથી સ્થાપન કરી તે વેદવિધિ શાસ્ત્રમર્યાદા પ્રમાણે સુંદર રીતે સ્થાપના કરી. પછી બ્રહ્મભોજન કરાવરાર્યું. તે પ્રગટ પ્રભુના ગુણને ગુણવંતજનો સંતો ગાયા જ કરે છે. સુખ પામે છે. આ રીતે કાર્ય કર્યાં તેનો જગતમાં બહુ જ જયજયકાર થયો. આવી રીતે અજિત મહાપ્રભુ મહોત્સવો કરાવતા હતા. પ્રગટ પ્રભુ પ્રીતથી મૂર્તિ સ્થાપન કરતા હતા. આ રીતે જ પ્રભુએ ધોળકાપુરમાં પણ બહુ જ સારું મંદિર કરાવરાવ્યું. કૃપાળુએ કૃપા કરીને

પોતાના સ્વરૂપનો મહિમા જણાવ્યો. તેમાં વિધિ બધો શાસ્ત્રો પ્રમાણે જ કર્યો. લોકોના મનને આનંદ કરાવવા માટે બધાં કાર્યો કરાવરાવ્યાં. પછી ભૃગુક્ષેત્ર **ભરૂચ** શહેરમાં મોટું ધામ કરાવરાવ્યું. શાસ્ત્રની રીતે વિધિ કરાવરાવીને પૂર્ણકામ પ્રભુએ સુંદર મૂર્તિઓ કરીને ઘનશ્યામ પ્રભુએ બધાં કામ પૂર્ણ રીતે કરાવરાવ્યાં. **સુરતમાં** તથા **વડોદરામાં** સુંદર મોટાં મંદિરો બનાવરાવીને મૂર્તિઓ પધરાવી તે વેદશાસ્ત્રની વિધિ પ્રમાણે બહુ જ ઉત્સવ ધામધૂમ કરીને બહુ જ આનંદ કરાવતા હતા. માંનને હરનારા ગુણના સાગર મહારાજે **ગોંડળમાં** સુંદર મંદિર કરાવ્યું. વેદશાસ્ત્રની વિધિથી દેવાલય કરાવીને સારી રીતે કામ કરાવરાવીને દેવોની સ્થાપના કરાવરાવીને પૂર્ણ કરતા હતા. આવી રીતે બહુ જ આનંદયુક્ત થઈને આનંદ આપનારા મહાપ્રભુએ ભક્તજનોને પ્રભુએ આનંદ વધારવા રાજી થતા થકા સુંદર કાર્યો કરાવીને સુખ કર્યાં તે જોઈને ખળદળનાં મનને તોડતા હતા. આવી રીતે પુરુષોત્તમ પ્રભુનો મહિમા બહુ જ અતિશય વ્યાપતો હતો.

હે રાજન ! અમારી પાસે હેતસહિત ધામના ધામીએ ધીરજ ધરીને મોટું ધામ કરાવરાવ્યું. સૌનાં સુખ કરવા ભવભયને હરવા સંકટો હરનારા પ્રભુએ બધાં જ ધામોનું મૂળ સૌથી સારું સરલતાવાળું બંધન જન્મભવનું દુઃખનાશ પામે. જોવાથી દિલમાં શાંતિ થાય તેવું નેત્રોથી દર્શન કરવાથી ભવદુઃખનો ત્રાસ મટે છે. આવાં ધામનું નામ તે **છપૈયાધામ** ગામ છે. તેમાં વિધિયુક્ત દેવોની મૂર્તિઓ શ્રીહરિની લોકોના હરનારી છે. સૌ સંતોની સાથે ઘનશ્યામ પ્રભુ તથા ભાવિક ભક્તો નરનારિજનો તે સૌના દેશોદેશથી સંઘો તેડાવ્યા. પ્રભુ પૃથ્વી ઉપર બહુ જ ધામધૂમ કરતા હતા. તેનાથી લોકોને મનમાં આનંદ થતો હતો. તે બધા આનંદ છપૈયાધામમાં મહાપ્રભુની મૂર્તિઓ નિસ્થાપનનો મહોત્સવ થયો. તેમાં અસંખ્ય દેવો અને ભક્તો છપૈયાપુરમાં ભેગા થયાં. સર્વોપરિ દેવોને ધામધુમથી પધરાવ્યા. સૌથી શ્રેષ્ઠ છપૈયામાં ઉત્સવ થયો. આનંદ થયો. તે મહોત્સવ બહુ જ ભારે થયો. તેને સૌ દેવો તથા નરનારિજનો ગાયા જ કરે છે. દેવો બહુ જ દુંદુભિ બજાવે છે. પુષ્પ ને ચંદનનો વર્ષાદ વર્ષાવતાં હતાં. ઉંચે સ્વરે જયજયનો નાદ કરતા હતા. છપૈયાધામની ઘનશ્યામ પ્રભુની છબિ જોઈને તે મૂર્તિ સૌના ઉરમાં વાસ કરીને રહે છે. સુખ કરે છે. શ્રીહરિની આજ્ઞાને ઉરમાં ધારીને સૌ જનો છપૈયા જાય તેને બધાં તીર્થો કરતાં શ્રેષ્ઠ તીર્થ નું ફળ મળે છે. અને આ તીર્થ કરવાથી બધાં પાપો બળી જાય છે. ઉત્સવ કરીને સંતોને પીરસીને જમાડ્યા. બ્રહ્મભોજનો કરીને જમાડ્યા. દાન દક્ષિણાઓ આપીને પ્રભુમાં પ્રેમ કરીને મનમાં બહુ જ આનંદ આવ્યો. પ્રતિષ્ઠામાં બહુ જ ધામધૂમ કરી. સૌને સુખકારીએ બધા દિવસ સુખ દીધું. તેથી જનનાં મન રાજી થયાં. સૌ ભક્તોએ ઉત્સવનાં સુખેથી દર્શન કર્યાં ને સુખ પામ્યાં. આવી રીતે બીજાં તીર્થમાં સોવાર જાય અને જેટલું ફળ પ્રાપ્ત કરે તેનાથી અધિક ફળ છપૈયામાં એક જ વાર જાય તો તે જન અતિશય સુખને પામે છે. અંતે પરમસુખને પામે છે.

પ્રગટ પ્રભુનું પ્રગટ તીર્થ એવું જન્મસ્થળ તે **છપૈયાધામ** છે. તેનાથી જગતના અગણિત જનો જ મહાફળને પામે છે. અજાણતા જ છપૈયા જઈને દર્શન કરે તે મહાફળને પામે છે. મહારાજે **વિરાટપુર (ધોળકા)** માં મોટું મંદિર કરાવ્યું. પ્રીતથી મહારાજે ઠાકોરજી પધરાવ્યા. અતિ હેતે દાનો દીધાં. પ્રીત કરીને બ્રાહ્મણોને દાનો દીધાં. મનોહર મૂર્તિ સ્થાપના કરી. શ્રી ઘનશ્યામે શાસ્ત્રની વિધિ પ્રમાણે દેવો પધરાવીને બ્રાહ્મણોનાં સમુહને દાનો દક્ષિણાઓ આપીને બહુ જ ધામધૂમ કરીને મહા જયજયકારનો નાદ કરાવ્યો. શ્રીહરિએ જેતલપુરમાં ભક્તજનોને આનંદ દેનારાં ચરિત્રો બહુ જ કર્યાં. ત્યાં અનેક વૃક્ષોવેલીઓ ગુચ્છો તે તળાવના કાંઠે શોભે છે. તેમાં ફળફૂલ

બહુ જ માત્રામાં છે. તે તળાવના કાંઠે બહુ જ સુંદર કૂવા શોભે છે. પૃથ્વી ઉપર વૃક્ષોની છાંયા ફેલાયેલી છે. તેનાથી તડકો નાસે છે. કાંઠે પીપર વડ તથા પનસનાં વૃક્ષો તથા અરણિ કરેણ આસોપાલવનાં વૃક્ષો. તે વૃક્ષો ઉપર વેલો શોભે છે તથા દ્રાક્ષની વેલો શોભે છે. તેની ઉપર પશુપક્ષી તળાવની પાળે ફરે. તળાવની ચારે બાજુ વૃક્ષોના સમુહો શોભે છે. તેની ઘાટી છાંયા બહુ જ ફેલાયેલી શોભે છે.

દેવ સરોવરના કાંઠે સુંદર મહેલ શોભે છે. તેમાં સુંદર કલર ચિત્રો શોભતાં હતાં. સુંદર ગોખો ઝરુખાઓ રહેલા હતા. મહેલની છત ઉપર સુંદર છત્રી બનાવેલી શોભતી હતી. સરોવરના તટ પાસે સુંદર કોટ હતો. તેના ગુંબજો શોભતાં હતાં. આવી ભૂમિમાં ભુદરજી શોભતા હતા. ઘરો સુંદર ઉંચા સ્વચ્છ શોભતાં હતાં. જાણે તે આકાશે ચડેલાં વાદળોને સ્પર્શતાન હોય ? તેમ શોભતું હતું. તે માર્ગ ઉપર સુંદર રીતે શોભતું હતું. બે ઝરુખાં પાસે યુવતિઓ, નારિઓ, નરો આવતાં જતાં શોભતાં હતાં. હરિભક્તો સુજનોથી સેવાતું હતું. પુણ્યવાળા પુરુષોનો પ્રભાવ ફેલાયેલો હતો. ઉરમાં ભાવ ભરેલા ભક્તો હરિના ગુણને પ્રેમથી ગાયા જ કરે છે. પરમાત્મા હરિની છબિને ઉરમાં ધારીને ભજ્યા જ કરે છે. કોઈના મનમાં પાપ જ નથી. તે ભક્તો બહુ જ નિષ્પાપ થઈને ઉમંગ મનવાળા થઈને પ્રભુનાં ગુણને ગાયા કરે છે. આવા સાત્ત્વિક ભાવવાળા લોકો પુરમાં વસે છે. પ્રભુના ગુણને બહુ જ પ્રેમથી ગાય છે એમ જણાય છે. આવી રીતની સુંદરતા અને પવિત્રતા જોઈને સુખના ધામ મહારાજ સંતોની સાથે વાસ કરે છે. સભા કરીને અનેક ચરિત્રોને કર્યા કરે છે. તેનાથી પુર પવિત્ર છે. સરોવરના બાગમાં સુખધામ પ્રભુ વિરાજે છે.

તે વાડીમાં સુંદર બોરસડીનું વૃક્ષ શોભે છે. તેની નીચે સુંદર જગ્યા જોઈને પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ ધામના ધામી ત્યાં વિરાજીને સભા કરી હતી. ગામમાં સુંદર ત્રણ શિખરવાળું ભગવાનનું ત્રણ માળનું દેવળ તૈયાર કરાવેલું છે. મંદિર તૈયાર કરીને વેદોક્તવિધિ કરીને સુંદર હરિની મૂર્તિઓને મહાપ્રભુએ સિંહાસન ઉપર સ્થાપન કરીને પ્રતિષ્ઠા કરી દીધી. ત્યારે નરનારિજનોનો સમુહ જયજયકાર કરતાં હતાં. ભાવપૂર્વક પ્રેમથી તે પ્રભુની સેવા કરતાં હતાં. દેવો બહુ જ દુંદુંભિ વગાડતા હતા. ફૂલની વૃષ્ટિ કરતાં હતાં. અપ્સરાઓ નૃત્ય કરતાં હતાં. ભૂમિ ઉપર નારિ મોહ ભરીને સુંદર કંઠેથી કિર્તન ગાતી હતી. પ્રેમથી પ્રભુને રાજી કરતી હતી. શ્રી ઘનશ્યામ પ્રભુ મુનિજનોને અને બ્રાહ્મણોને રસોઈ કરીને જમાડતા હતા. સદાય શાંતિ દેતા હતા. આવી રીતે મહોત્સવ કર્યો તેમાં અનેક ભક્તો આવ્યા હતા. આવું સુંદર **જેતલપુરમાં** મંદિર કરાવ્યું તેમાં પ્રત્યક્ષ દેવો પધરાવ્યા. મહારાજ નિવાસ કરીને રાતદિવસ આનંદલીલા કરે છે.

મહારાજે જેતલપુરની ભૂમિને પવિત્ર શુભ જોઈને મહામોટો રૂદ્રયાગ કર્યો હતો. આ ક્ષેત્રને હરિક્ષેત્ર તરીકે કહેવાય છે. આવા પવિત્ર સ્થળમાં નરનારિજનો નિવાસ કરીને પ્રભુ ભજે છે.

ભાવિકજનો તેના મહિમાને જાણીને ત્યાં દર્શન કરવા જાય છે. મુનિજનો આ ધામનો બહુ જ મહિમા જાણે છે. અને ગાય છે. તેનાથી બહુ જ પવિત્ર થાય છે. થનારો શોક પણ ત્યાં નાશ પામે છે. આવું પવિત્ર સ્થાન છે.

ત્યાં આવીને ભાવથી દેવનાં દર્શન કરે છે. ભૂમિનો સ્પર્શ કરે છે.તેનાં બધાંય પાપો બળી જાય છે. સુખની ઈચ્છાવાળા શાંતિને પામે છે. ત્યાં તનના બધા જ તાપો શાંત થાય છે. ભાવથી દર્શન ભક્તિ કરે છે. તે સુખ પામે છે. આવી રીતે વાતાવરણને જોઈને પવિત્ર એવું ધામ સુંદર કરેલું છે. તેનાથી તે ભક્તજનોએ જયજયકારને

મહાશબ્દ કર્યો. ઈડર ગઢ ગામમાં ત્યાંના રાજા ગંભીરસિંહ છે. તેમણે ભાવથી ગુણનિધિ ઘનશ્યામ પ્રભુને વચન દીધું હતું. ત્યાં પણ સુંદરધામ કરવાનું નક્કી કર્યું હતું ગુણના ધામ પ્રભુએ તે વાર્તાને સાચી કરીને મોટું મંદિર કરાવરાવ્યું. મંદિરમાં પરિબ્રહ્મ પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી દીધી.

શ્રીહરિએ છ પદવાળું મંદિર ગઢપુરમાં બનાવ્યું. ઘનશ્યામે કરાવ્યું તથા સુરત વડોદરા ધોળકા ભરૂચ ગોંડલ વિગેરે મંદિરો બનાવ્યાં. જેતલપુરમાં મંદિર બનાવ્યું તેનો મહિમા તો જગત જાણે જ છે. મહિમા જોઈને સુંદર ગહરતાથી કર્યું. આ રીતે તેતાલીસમુ અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુ ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ મંદિરમાં મૂર્તિઓ સ્થાપન કરીને ધામો કર્યા તેનો મહિમા કહ્યો એ નામે તેતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૩॥**

# તરંગ-૪૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ધીર મતિવાળા મહારાજ આપને ધન્ય ધન્ય છે. આપે મને ધામોની કથા બહુ જ ધીરજથી કહી. સુંદરવર ઘનશ્યામની સુંદર કથા આપે આનંદ કરીને કહી છે. હે મહારાજ ! હવે આપ મને ઈડરગઢમાં ત્યાંના રાજાએ જે મંદિર કરાવ્યું તે બધી વાત વિસ્તાર કરીને કહો. સંસારના જનોને સુખ દેનારું મનને આનંદ કરનારું લોકોના મદને તોડનારું મહાન મંદિર કર્યું તેની વાત કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમારી બુદ્ધિ તો બહુ જ પવિત્ર છે. હવે બધી વાત કહું છું. તે સાંભળો. હે રાજન ! આ પૃથ્વી ઉપર ઈડરગઢના ગઢપતિ છે ગંભીરસિંહે મહાપ્રભુ પાસે ઈચ્છિત વરને માંગેલાં છે. તે વિશિષ્ટવર મંદિર કરવાનું છે. તે પોતાના મહેલની પાસે જ બનાવ્યું છે. સૌથી સારું બનાવ્યું છે. હે રાજન ! તે ગંભીરસિંહ રાજાના વંશની વંશાવલી કહું છું તેને તમે સાંભળો. તેમાં **સુરસિંહ રાજા** તે બહુ સારા રાજા હતા. તેમના પુત્ર **રાજસિંહ** થયા હતા. તેમના પછી જ **અવંતસિંહ** પુત્ર થયા. એમ જાણો. એમના પુત્ર **અગ્રજિતસિંહ** થયા. એમના પુત્ર **આનંદસિંહ રાજા** થયા હતા. આનંદસિંહના **શિવસિંહ રાજા** થયા હતા. તેના પુત્ર **ભવાનસિંહ** થયા. એમના પુત્ર **ગંભીરસિંહ** થયા. ગંભીરસિંહના **જવાનસિંહ** થયા. તે રાજા સારા પ્રતાપી થયા. જવાનસિંહના પુત્ર **કેસરીસિંહ** થયા. તે સારા પ્રમાણિત રાજા થયા.

**ગંભીરસિંહ** રાજાએ પોતાના રાજધાની ઈડરગઢમાં પ્રભુને પધરાવ્યા હતા. ગંભીરસિંહ પ્રભુની સેવા કરીને વધારે પ્રતાપવાળા થયા. પોતાની પટરાણી **ફુલબા** તે મહાપ્રભુનાં અનન્ય ભક્ત હતાં. તે રાણીના પ્રતાપે રાજાને પ્રભુનો મહિમા થયો હતો. અનીતિનો ત્યાગ કરીને દઢનિયમને ધારણ કર્યાં. ત્યાર પછી કેટલોક દિવસ પછી ગંભીરસિંહ પાર્થિવ દેહનો ત્યાગ કરીને પ્રભુના ધામમાં ગયા. ત્યાર પછી તેમના પુત્ર **જુવાનસિંહ** રાજગાદી ઉપર બેઠા. તેમણે સારું રાજશાસન ચલાવ્યું. કીર્તિને સારી ફેલાવી. ભગવાનનું મંદિર રાજ્ય તરફથી બનાવરાવીને મનમાં સારું સુખ પાંમ્યા. ધર્મને ધારણ કરીને પાપોનો નાશ કર્યો. અનીતિ ત્યાગી દીધી. પૃથ્વી ઉપર સારાં ધર્મનાં કામ કર્યાં. મંદિરના વર્ષાસનમાં ગામો દીધાં. પુત્રની સાથે માતાએ આ સુંદર કામ કરાવરાવ્યું. રાજદ્વારમાંથી જ રાણીએ જાણીને બધું રાજ ચલાવરાવ્યું. મનમાં સત્સંગનું બળ બહુ જ રાખતાં હતાં. સત્સંગના પ્રતાપે દારૂ માટી ચોરી અવેરી વટાળ આદિક દૂષણો ત્યાગ કરાવ્યાં હતાં. બધા જ ફેલો

રાજહુકમથી બંધ કરાવ્યાં હતાં. સૌની પાસે સ્વામિનારાયણ નામ રાજદ્વારમાં ભગવાનનું ભજન થતું હતું. તેનાથી પ્રજા સુખી હતી. દેહનો અવધિ આવી ગયો ત્યારે શરીર છૂટવાના સમયે હરિ તેને (રાણીને)તેડવા માટે અતિ ઉત્સાહથી આવ્યા હતા.

દિવ્ય દેહ ધરીને સુખપૂર્વક પ્રભુના ગુણને ગાતી થકી વિમાનમાં બેઠી. સુખકંદ પ્રભુની સાથે સંતમુનિજનો આવ્યા હતા. તેમની સાથે કાળના માથા ઉપર પગ દઈને માયા તરીને ગઈ. સ્વતંત્ર થઈને મહાપ્રભુની સમીપમાં સેવામાં રહેતી હતી. જગતમાં જીત કરીને પ્રભુના ધામમાં ગઈ એમ જાણતાં હતાં ને લોકો આ પરચાને નજરે જોતાં હતાં. એમનાં પછી પુત્ર **જવાનસિંહ** આનંદથી પ્રભુ ભજતા હતા. હે રાજન ! ત્યાર પછી પ્રભુની સેવાભક્તિ કરતાં થકાં બધા જનસમાજની સાથે અમને તે જવાનસિંહ રાજાએ પોતાના પુરમાં પધરાવ્યા. પ્રીત કરીને સ્વાગતા કરી. પછી પેરામણી કરી. ભેટો આપી ભાવથી વસ્ત્રો સોનાના આભુષણો સુંદર હીરા મોતી જડેલાં હારો વેઢ વીંટીઓ પ્રીત કરીને પહેરાવ્યાં. તે રાજાએ સુખપૂર્વક સેવા કરીને રાખ્યા. પછી કેટલાક દિવસ ગયા હશે. પછી તે રાજાયોગ ભ્રષ્ટ થયો. સંગદોષ થયો. પણ તે અમારી મર્યાદા સારી રીતે પાળતો હતો. ઈલકાળ લીધાં. ચક્રવર્તી રાજાને બોલાવ્યા. એમના સંઘના પ્રસંગથી મોટ્યને પામ્યા. બધામાં મોટા થયા. જગમાં તેનો મહિમા વખણાય છે. ત્યાર પછી શરીર જીર્ણ થવાથી દેહ ત્યાગવાનો સમય થયો ત્યારે તેડવા માટે મહારાજ આવ્યા. પ્રભુના પ્રતાપે રાજાનો વધારે પ્રતાપ મહિમા જગમગતો હતો. પ્રભુનાં સ્વરૂપને ધારીને ભજન કરીને દિવ્ય દેહને ધારીને પ્રભુના ધામને પામીને પરમસુખને પામ્યા. **જુવાનસિંહ** જ્યારે ગયા ત્યારે તેમના કુંવર **કેસરીસિંહે** રાજગાદીને પ્રાપ્ત કરી ત્યારે એમણે રાજ્યમાં વ્યાપેલી અનીતિને મિટાવીને રાજ્ય સારી રીતે ચલાવી. સારા બુદ્ધિવાન વિદ્વાન દિવાન સેવકોને પાસે રાખ્યા. જુના સારા નાગરની જાતિના અમાત્યો સારા હતા. તે સારા ભક્તો નિર્વિકારવાળા કહેવાતા **પ્રભુરામભાઈ** સારા નિયમવાળા પ્રેમવાળા હતા. ભગવાનના ભક્ત હતા તથા **બલાખિભાઈ** નારાયણના ગુણ ગાતા હતા. મહા શુરવીર ધીરજવાળા ધર્મને દૃઢતાથી ધારનારા ઉદાર દિલવાળા ખળવૃંદને નસાવતા હતા. ભાવવાળા હતા.

કેસરીસિંહના પ્રચંડ પરાક્રમથી મોટા મોટા રાજાઓ પ્રભાવ મંદ બધાય જેમ સિંહને જોઈને શિયાળ નાસે તેમ બધા દબાતા હતા. પોતે નિત્ય પ્રત્યે પ્રભુમાં પ્રીતિવાળા પ્રભુના ચરણમાં મનને પરોવનારા સાત્ત્વિક બુદ્ધિવાળા સારી રસરીતના સારી રહેણીકરણીના રસવાળા માટે દિગ્ગજ જેવી આકૃતિવાળા જાણે ન ડરનારાય ડરી જાય તે તેવા વિશાળતાવાળા જગમાં તે **જમેતરામ** નામથી કહેવાતા હતા. આવો જેનો પ્રભાવ હતો નીતિ પ્રમાણે નક્કી કરીને બધું ચલાવે. ચારેમાં વધારે ચમત્કારવાળા તો **જમિયતરામ** હતા તે આનંદના ધામવાળા ઉદાર દિલના કામકાજ કરવા રાજાની પાસે જ રહેતા હતા. રાતદિવસ કમળનયન શ્રી ધર્મકુમારની સેવાભક્તિ કરતા. દૃઢનિયમ ધારનારા ધીરજતા સારને ધારનારા એમની ધર્મમય રહેણી કરણી તે ખાંડાની ધાર જેવી દૃઢ હતી. રાજાને સાથે રાખીને મોટું વિશાળ ભગવાનનું ધામ મંદિર બનાવ્યું. જાણે આકાશમાં વિમાન ન હોય ? તેવું જાણે આકાશને અડતું ન હોય ? તેમ અતિ ઉંચું વિશાળ અતિ સુંદર કળાકારીગરીવાળું દેવો, મનુષ્યો, રાજાએ જોઈને ચકિત થઈ જાય તેમાં બેસવા માટે સુંદર બેઠેકો બનાવેલી. તથા વિશાળ ઘુમ્મટ ગોળ બનાવેલો છે. ચારેબાજુ સુંદર કળાચિત્રોને ચિતારે સુંદર રીતે ચિતરેલો છે. તે જોઈને મન તે રૂપ જ થઈ જાય. તે મંદિરમાં ચાંદીનાં સુંદર સિંહાસનો બનાવેલાં છે. બહુ જ ભારી શોભાવાળાં છે તથા સુંદર શયન કરવા માટેની સુખશૈયા

તૈયાર કરેલી છે.

આ રીતે આ દેવાલય તો બહુ જ અતિ અદ્‌ભૂત થયું છે. ત્યારે અમે સંતોની સાથે જઈને વેદની વિધિ પ્રમાણે દેવો પધરાવ્યા અનેક પ્રકારનાં વાજાં વાગ્યા ભુદેવોએ વેદમંત્રો ઉચ્ચાર કર્યા અને દેવોને પધરાવ્યા ત્યારે જગમાં જયજયકાર થયો. આનંદનાં સાગર ઉછળતો હતો. આવી રીતે વિધિ કરીને સુંદર મૂર્તિઓ પધરાવી. પછી જગતમાં બ્રાહ્મણો સંતજનો હરિજનોની સાથે ગામના સૌ નરનારિજનોને બહુ જ રસોઈઓ જમાડી. **ઈડરગઢ** ચારેબાજુના પર્વતની શિખરી શોભા શોભતી હતી. તેની ઉપર મોટાં વૃક્ષો શોભતાં હતા. જાતજાતનાં ત્યાં લતાઓથી વિંટાયેલાં હતા. બહુ જ પ્રકારના પક્ષીઓ બેઠાં હતાં. પશુઓનો સમુહ રહેતો હતો. તે હુંકાર કરતો હતો. તેનો સામસામા અવાજ થતો હતો. પડઘો થતો હતો. આવી શોભા હતી. તેનાથી પૃથ્વી શોભતી હતી. મેના પોપટ તેના અવાજ તે મનને હરનારો થાય તથા ફળ ફૂલ સારી રીતે ખીલેલાં તે પણ અનેક ભાતનાં અનેક પ્રકારનાં વેલીઓ ફેલાયેલાં. પનવાળી બહુ જ વિસ્તારવાળી શોભતી હતી. ભેંસો પાડાઓ હરણાંઓ રીંછ સિંહ બહુ જ હુંકાર કરીને બોલતાં. હે રાજન ! તળાવો ઝરણાંઓ વાવો કૂવાઓ બહુ જ સારાં શોભાવાળાં તેમાં નદી વહે તે બહુ જ સરસ શોભતી હતી. તેની ઉપર સુંદર રીતે કુંડ શોભે તે બુદ્ધિવાન કારીગરે કારીગરી કરીને બનાવેલો. પુરની ચારેબાજુ પુરની શોભા જ કહેવાય તે બહુ જ ઘાટી ઝાડીથી ઘેરાયેલી શોભતી હતી. તે ગઢનો દરવાજો સુંદર પથ્થરમાંથી બનાવેલો. બહુ જ શોભા કરતો હતો. તેનાં કાંગરાં સારાં શોભતાં હતાં.

તે નગરના રાજમાર્ગો ઉપર પાણી છાંટેલા તથા તેની બંને બાજુએ સુંદર શોભાવાળા વડનાં વૃક્ષોની હારો શોભતી હતી. એવી રીતની બધી શોભાને જોઈને અમે પ્રીત કરીને રમણીયપુરમાં જોયું તો બહુ જ સુંદર રીતે શોભતું હતું. આવી શોભાવાળા તે ઈડરગઢમાં જઈને શ્રીહરિએ મહામોટું ધાંમ કરવાની આજ્ઞા કરી. તેમાં વાસ કરીને પ્રભુ રહે. સુખના ધામ સ્વામી સહજાનંદ પ્રભુ વાસ કરીને સુખ આપતા હતા. આવાં અનેક ધામો બનાવ્યાં. શ્રી ઘનશ્યામ પ્રભુનાં નામે હરિમંદિરો બનાવ્યાં. તે વખાણવા જેવાં બનાવ્યાં. **માંડવી બંદરમાં બનાવ્યાં. મુંબઈ બંદરમાં બનાવ્યાં. માણસામાં ખંભાતમાં આદિ મંદિરોમાં દેવ પધરાવ્યા.** હરિભક્તોનાં હેત માટે **સિધ્ધપુરમાં** મંદિર કર્યું. **કરાંચીમાં બુરાનપુરમાં** ધામ બનાવ્યાં. મોટાં દેવાલયો દેવનાં શિખરોવાળાં તૈયાર કરીને બનાવ્યાં. આ રીતે અનેક ગાઉ ઉપર હરિમંદિરો લાખો બને છે. તેની ગણતરી ન થાય. બધીય જગ્યાએ બાંધેલ છે. તે લોકોનાં કલ્યાણ માટે જ બાંધ્યાં છે. નાનાં મોટાં મંદિરો નરનારિજનોને તારનારાં છે. અવતારના અવતારી પોતે પૃથ્વી ઉપર કળિકાળમાં કરોડો જીવોનાં કલ્યાણ કરવા માટે જ પધાર્યા. અનેક પ્રકારની નવધાભક્તિ કરવામાં જીવોને પ્રેરિને નરનારિજનોને ઉધાર્યાં. તે સહજ સુદાઈએ તાર્યાં. મોટા તવંગર અને ગરીબો તર્યાં. મુનિઓ નારિ યુવાનો તાર્યા. આ રીતે પ્રતાપ જણાવ્યો છે જનોને ઘનશ્યામ અલબેલે ધામમાં પહોંચાડ્યાં હતાં. જીવો મહાસુખને પાંમ્યાં. પ્રભુએ પોતાનો અનંત પ્રતાપ જણાવ્યો. જગતમાં મહાનતા બનાવીને મોટાં મોટાં ધામો બનાવીને ઘનશ્યામ પ્રભુ અનંત નરનારિજનોને તારવા અવિનાશીએ આજ અનંત પ્રતાપ બતાવ્યા. અનંત અવતારો ધરીને અવનિમાં પ્રભુ પધારીને આવા કામો ક્યારેય નથી કર્યાં. આવું કામ અત્યારે અલૌકિક કર્યું છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં છે વર્તમાન ધરીને ભજન કરે ને જપ તપ વિના જ ધામમાં જાય. પ્રભુના ગુણને ધીરજથી ગાય. અજિતપ્રભુએ નવી જ ચલાવી છે. આવી રીતે તે ક્યારેય ન જોઈ હોય, ન સાંભળી હોય, ન વિચારી હોય તેવી અદ્‌ભૂત રીત ચલાવી છે.

શ્રીહરિ પોતે જ પોતાના ભક્તજનોને તેડવા માટે આવે છે. પોતાનો પ્રતાપ ત્યાં બધાને જણાવે છે. આવો દિવ્યપ્રતાપ કુસંગીજનોને બતાવેલ છે ભક્તજનોને દયા કરીને દર્શન આપે છે. પોતાના આશ્રિતજનોના શારીરિક માનસિક ત્રાસને મટાડીને સુખ કરે છે. એ ક્રિયામાં કોઈ પ્રકારનું બળ નથી આવતું. આ બાબતમાં કૃપાસિંધુએ કૃપાની રીત ચલાવી છે. શાસ્ત્રમર્યાદા બહાર પ્રભુ કોઈ ચરિત્રો કરતા જ નથી પણ જોનારો તે જાણતો નથી. પ્રભુ તેડવા આવે છે તે સત્ય વાત છે. સ્વામિનારાયણ નામને જે જન જપે છે તે શુભમતિ માને છે ને કુમતિ નથી માનતા. તે તો સંસારમાં જ રહે છે. ચક્કરમાં ફર્યા કરે છે. ઘુવડ જેમ દિવસના પ્રકાશ કરનાર સૂર્યને નથી જોઈ શકતો. તેમ અજ્ઞાની પ્રભુના પ્રતાપને જોઈને દુઃખી થાય છે. મુઢજનો પ્રભુને નથી માનતા તે તો કળિમળના દુઃખને પાર કરવાની કોઈ આશાઓ જ નથી ઓળખતા તેને દૈવીજનો જ જાણે છે ને ભયહારિને ભજીને ભવપાર પામે છે. મહાપ્રભુ આજે પણ પોતાના ભક્તોને પંચવ્રતમાન દઢ પળાવે છે. તે પ્રમાણે તેમનાં કલ્યાણ પ્રભુ કરે છે એવા સુખકંદ છે. ભોગી રહીને ભજે અને ત્યાગી થઈને ભજે તેને પ્રભુ તરત જ વગર પ્રયાસે ભવજળ પાર કરે છે. સ્વામિનારાયણના નામને જાણે અજાણે જપે છે. તે પાપના ડુંગરને બાળી નાંખે છે. તત્કાળ આનંદસુખને પામે છે. પૃથ્વી ઉપર જનને તરવાનું સાધન એવા ધર્મનું સ્થાપન કરવા અવતાર ધારે છે. તે જનને તારવા માટે જ ધરે છે. જનનાં કામ કરવા જ ધરે છે. શ્રી સહજાનંદ સ્વામી ગામોગામ ફરીને જનોના ભવફંદ હરવા તેઓનાં જળ, ફળ, દળ, અન્ન ગ્રહણ કરીને જમી પીને તે જનોનો ઉદ્ધાર કરતા હતા. ધર્મજ્ઞાનની વાતો કરીને ધર્મકુમાર પ્રભુ ધીરજ ધારીને વ્રતોને ધારીને ધર્મને ધારણ કરાવતા કામી વામી કુંડપંથી એવા કળિના પાપરૂપને જોઈને તેનો નાશ કર્યો. કમલનયન જગતારણહાર પ્રભુએ ધામમાં જવા માટે સુખેથી ચાલ્ય જાય તે માટે ધર્મનો સુંદર માર્ગ બનાવ્યો છે તેનાથી તો નરનારિજનો ભવ તરે છે.

સત્સંગની સડકમાં ચાલે છે. તે સંઘજનો પડતા આખડતા સુખે ચાલ્યા જાય છે ને કાંકરા પથ્થર ખાડા ટેકરા તે કાંઈ આવે જ નહિ. કોઈ લુટે નહિ. ચોર કે વાઘ કોઈ મારે નહિ. ધર્મના મારગથી હેઠાં ન પડે તો એને કાંઈ ન થાય. માર્ગથી પડે તો બહુ દુઃખ પામે. કામ ક્રોધ લોભ ચોર કપટી કુટિલ એ બધા ભારી છે તેથી ચેતીને આગળ ચાલે તો નરનારિ જરૂર સાવધાન થઈને સત્સંગ કરે તો પ્રભુનો વિશ્વાસ રાખે તો વિશેષ વિચારવાનું છે જ નહિ. સદાસંતનો સમાગમ કરે એવા અવિકારીને પ્રભુ જોઈ રહે છે. તેનાં બધાં પાપોને બાળીને નિર્ગુણ કરે છે. દઢ રહે તેને થોડા દિવસમાં પ્રભુ એનું ધ્યાન રાખે ને સત્સંગમાં સ્થિર થાય તેને વીર વ્રત ધારીને અધમઓ ધારણ ઉધારીને તેના કામ ક્રોધ મારી મરીને બાળી ઝેર કરીને અપાર ભક્તોને ભવસાગરથી તાર્ય તે અપાર અપાર પ્રતાપ જણાવીને પોતાના પ્રતાપે પાપસંતાપ અમાપ જોઈને ટાળ્યા વિકારો નાશ કરીને સ્વરૂપનું બહુ જ જ્ઞાનવિસ્તાર કરીને દઢજ્ઞાનથી મોહાદિકને મારીને તારી દીધા. પ્રભુના અગમરૂપ અગાધ ધર્મજ્ઞાનમાં બહુ જ જીવોને દઢ કરીને જતિસતિને સાચું જ્ઞાન કરીને સમાધિ કરાવી. પ્રભુ નરનારિજનોને તારવા માટે પધાર્યા છે. બ્રહ્માથી લઈને કીટપર્યંત જીવોને નરનારિજનોને ઉધ્ધારીને મુક્ત કર્યા. પ્રભુને જાણીને મનને જીતિને જગપતિનો આશ્રય કરીને અજિત પ્રભુને ભક્તિથી હરાવે છે. એવા ભક્તો ત્રિલોકીમાં મહા શુરવીર થઈને ધીર નરસુર નાગોને જીતનારો દશમસ્તકવાળાને હરાવ્યો છે. અજિતને ન જીતી શક્યો. કેમકે કામમય જગમાં જાણે બડોવીર થાય પણ પ્રભુ ભવસાગર કોઈ

નહિ તેથી રાવણ બળવાળો હતો. પણ તેનાથી અધિક બળબળીમાં હતું. તે જગમાં રહ્યો હતો. તેને રામે નાશ કર્યો તે જસને જગે ગાયો. અનંત પ્રતાપે અવતારી આવ્યા.

કંસ શિશુપાલ કેસી શાલ્વ અઘાસુર બકાસુર આદિક અપારને ગોપિસંગે રસિક રાસ રમીને કામદેવને જીત્યો. આ પ્રતાપ બતાવ્યો તે કૃષ્ણ કૃપાળુ કૃપાનિધાન જગતમાં વ્યાસ આદિક કવિજનો મતવાલા થઈને ગાયા છે એવા ભક્તજનોની ભક્તિ આગળ નથી જીતાયા. જગતમાં પોતાના પ્રતાપનો વિસ્તાર કરે છે. હવે સર્વ અવતારના અવતારી પોતે આવ્યા. બધા જ ગુણયુક્ત ભયને હરનારા શ્રીહરિ સુખકારીની ભક્તિથી જીતી લે છે. જુવાન જુવાન યુવતી પોતાના પતિને તજીને તથા જુવાન પુરુષ પત્નીને તજીને પ્રભુના જ્ઞાનઉપદેશથી કામમૂળને જોરથી જીતીને દઢભક્તિ કરે તે પ્રભુ વસ્યા. હે પ્રભુ ! ન ભુતો ન ભવિષ્યતિ એવા અમાપ પ્રતાપ જણાવીને કળિમાં પ્રતાપ જણાવ્યો. તે અવતારી પ્રભુ સુખકંદ છો તે જ્ઞાનિ મહાન સંતો મહંતો માને છે. તેઓ મનને હરીને લોકોના મનને વશ કરે છે. આપના પ્રતાપને જણાવે છે પણ આ લોકમાં આસુરી મતિ મંદ છે તે તો નથી માનતા. ને અવગણા કરે છે. તે માયાના અતિબંધનમાં બંધાયા છે તેની જળમાં ગુંથાયા છે. કાળ કર્મ વશ ફરે છે. ભવફંદમાં ફસાયા છે તેઓ અતિ પાતકિ અસુર ચંડાળ જેવા છે. તે સહજાનંદ સ્વામીને નિરખીને જુવે તોય એમને સ્વરૂપને ન જ જાણે તે દોષનો પ્રતાપ છે. આવી રીતે શ્રી ઘનશ્યામ મહાપ્રભુ ભક્તજનોને આનંદ આપવા જગવંદ્ય **ગઢપુરમાં** નિવાસ કરીને રહેતા હતા. કમલનયન મહાપ્રભુ સંતોની સાથે લીલા કરતા હતા. સૌને આનંદ દેતા હતા. હાસ્યવિનોદ કરીને જગતના જીવોના ભવને તારતા થકા રહેલા હતા. ત્યારે ગઢપુરના ઉત્તમ રાજાને ઘરે પુત્રનો જન્મ થયો. તેના આનંદમાં સૌને સાકર વહેંચી. બધો સત્સંગ બહુ જ રાજી થયો. મહાપ્રભુ પોતાના મનમાં રાજી થયા ને મહોત્સવ જેવું કરતા હતા. એવા પ્રીતમ પ્રીતથી આનંદ ઉત્સવ મનાવતા હતા.

ઈડરગઢમાં સુંદર મંદિર કર્યું તેની બધીય શોભા વર્ણન કરીને મનોહર લીલા કહી. પર્વતની તળેટીમાં ખીણની નજીકમાં શોભાનું ધામકામને હરનારી શોભાના વખાણ કર્યાં એવી રીતે આ ચુમ્માલીસમું અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિનો મહિમા કહ્યો તેનું વર્ણન કર્યું એ નામે ચુમ્માલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૪॥**

# તરંગ-૪૫

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિએ ઘણાં નાનાં મોટાં મંદિરો બનાવ્યાં. બધીય વાતો સુંદર રીતે સંભળાવી છે તે સુંદર ચરિત્રોને ચિત્ત ચાહ્યા જ કરે છે. તે સાંભળીને સંતાપને હરે છે આનંદ કરનારી દોષોને હરનારી ભવફંદને તોડનારી પ્રભુનાં ચરિત્રોની સુંદર કથા કહો.

અવધપ્રસાદ કહે છે, હે રાજન ! તમે ધર્મને દઢતાથી ધારો છો. તેથી તમને ધન્ય ધન્ય છે. પૃથ્વી ઉપર ધર્મને પ્રવર્તાવનારા પ્રભુ ધર્મકુંવર પ્રભુનાં કરેલાં મર્મ ભરેલાં ભવભ્રમને હરનારાં જે ચરિત્રો તે બહુ જ સારાં

છે. તે કલ્યાણ કરનારાં ચરિત્રો બધાય તમને કહું છું. તે આનંદસિંહ રાજન તે ધ્યાનથી સાંભળો. જ્યારે ઉત્તમ ભૂપને ઘેર પુત્ર થયો ત્યારે પ્રભુએ સંતોને તેડાવ્યા અને બ્રાહ્મણો અને મુનિજનોને સુંદર લાડુ બનાવીને બહુ જ પ્રીત કરીને જમાડ્યા. આવી રીતે કમલનયન મહાપ્રભુએ સામૈયો કર્યો. હે રાજન ! શ્રીહરિ મહાપ્રભુ પછી ભક્તજનો પાસે મંદિરનું બાંધકામનું કામ કરાવતા હતા. મહારાજ પથ્થરો ઉપડાવતા હતા. આનંદ ઉપજાવતા હતા. બળવાળા દેવો મુનિજનો કાર્ય કરતા હતા.

મહાપ્રભુ કાર્ય જોતા હતા. પ્રભુ સૌને જોઈને મનમાં રાજી થતા હતા. કમલનયન પ્રભુ તેઓના શરીર ઉપર ચરણ આપતા હતા. એટલામાં જ મુનિવર **મહાનુભાવાનંદ** વડનગરથી ઉત્સાહથી આવ્યા હતા. મહારાજને દંડવત પ્રણામ કરીને શુદ્ધ દિલવાળા **મહાનુભાવાનંદ** સ્વામીએ પ્રભુને આનંદ કરાવ્યો. ભક્તજનોના ભવફંદને હરનારા મહાપ્રભુ સ્વામીને બાથમાં ભેટીને રાજી કર્યા. એવા સર્વના જન્મ દેનારા સર્વના સ્વામી સ્વયં વિરાજમાન થયા. ભવભવાનિ ભક્તિભાવથી ભજન કરે છે. જેમના પ્રભાવને જાણે છે એવા મહાપ્રભુ સ્વામીને મળીને મુખેથી વચનો બોલતા હતા. અતિશય ત્યાગી તપસ્વી એવા સૌ સંતો સાંભળો. આમ કહીને મહારાજ પોતે પથ્થર ઉપાડીને પોતે પોતાના મંદિરમાં પથ્થર લઈને પધાર્યા. પછી રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ થાળ જમ્યા ને પછી સંતોને પીરસીને જમાડ્યા. પછી મહારાજ પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને બધાં જ મુનિજનોનાં મંડળોને બોલાવ્યા ત્યારે બહુ જ સંતો ત્યાં આવીને બેઠા. ત્યારે સૌના પ્રતિ ઘનશ્યામ પ્રભુ કહેતા હતા કે **જુનાગઢમાં** મંદિરનું કોળિનું કામ કરવાનું છે તે ત્યાં કોણ કામ કરવા જવા તૈયાર છે તે કહો. આવી રીતે મનને આનંદ દેનારી વાણી કહેતા હતા. તે વચન સાંભળીને **આનંદાનંદ** સ્વામી કહેતા હતા. કે અમે **મહાનુભાવાનંદ** મુનિની સાથે બંને મંડળો સાથે જઈએ. આવી રીતે હાથ જોડીને પ્રભુને કહેતા હતા. ત્યાં જઈને કોળિનું કામ કરાવીને પછી પાછા આપની પાસે આવીશું. આ રીતે ઘનશ્યામ પ્રભુએ સંતોનાં વચનો સાંભળીને શ્રીહરિ મનમાં બહુ જ રાજી રાજી થયા. તમે બંને મંડળો ભણો છો તે ભલે જાઓ. આમ કહીને મહારાજે આજ્ઞા કરી. અનંતમૂર્તિ તેઓને ભેટીને મળ્યા. છાતિમાં પ્રભુ ચરણોની છાપો દેતા હતા. મસ્તકો ઉપર ચરણ મેલીને છાંપો દીધી. પછી સુખદાયક પ્રભુ સુખ કરનારી વાણી કહેતા હતા. તમે સૌ સંતો સાંભળો.અમે કહીએ છીએ કે મંદિરનું કામ કરવા માટે અમે જ્ઞાન આપીએ છીએ. મંદિરનું કામ બહુ મોટું કામ છે. વિદ્યા ભણાવવાની વાત તો સામાન્ય છે. તે બહુ ભારે નથી. આમ જાણીને તમે બધાંય પુસ્તકો સાથે લઈ જાવ ને કામની સાથે સમય મળે ત્યારે ભણતા રહેવાનું. આવી પ્રભુની આગન્યા શિર ધરીને સંતો જતા હતા. ભક્તજનોના ભવપીડાને હરીને સુખ કરનારા બંને મંડળના સૌ સંતો જુનાગઢ ગયા.

હે રાજન ! કામ બધુ જલદી પૂરું કરીને પાછા ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યા ત્યારે મહારાજ રાજી થઈને તેઓને મળ્યા. દયાળુએ દયા કરીને બહુ જ સુખ દીધા. કરુણ રસથી ભરપૂર કરુણ નયને જોયું. પોતાનાં ચરણકમળો છાતીમાં આપ્યાં. હસીને શ્રીહરિએ સંતોના મસ્તક ઉપર અભય હાથ મૂક્યા. દયાળુએ બહુ જ સુખ દીધાં. સંતોને થાળ કરીને જમાડ્યા. પ્રીતમ પ્રભુ પોતે પાસે રહીને જેવી રીતે જનને સુખ થાય તેવી રીતે સુખ કરે છે અને દુઃખોને હરિ લે છે. સુંદરવર ઘનશ્યામ આવી લીલાને કરે છે. તે તો ભક્તજનોને સંભારવા માટે કરે છે. આ રીતે નિર્મોહ પ્રભુ **ગઢપુરમાં** નિવાસ કરીને લીલાઓ કરે છે. ભક્તજનોના કારણે અજિતપ્રભુ જાય છે. સૌ સંતજનોની સાથે મંડળોની સાથે ઘનશ્યામ પ્રભુ ઘોડેસવારોની સાથે પેદલ જનો ચાલતાં હતાં.

ચાલીને **કારિયાણિ** ગામે પધાર્યા. કારિયાણિમાં **વસ્તાખાચરે** ભાવથી ભક્તજનોને મળીને. ઘનશ્યામ પ્રભુનાં દર્શન કરીને પ્રીત કરીને ગઢમાં પધરાવ્યા. સુંદર ખીરનાં ભોજન કરીને સુંદર રીતે જમાડ્યા. મહારાજ રાત રોકાયા. પ્રભાતના સમયે ચાલતા થયા. **બરવાળા** ગામે થઈને બલવીર પ્રભુ પધારતા હતા. નવીન જગ્યા એવું **નાવડા** ગામે પધાર્યા. ત્યાં ઘનશ્યામ પ્રભુ રહ્યા. થાળ કર્યા. તે પ્રભુ જમ્યા. સંતોને જમાડ્યા પછી બલભ્રાતા પ્રભુ પોતે મધુરવાણીથી ઉપદેશ કરતા હતા. કહેતા હતા કે તમે સૌ જળનાં તુબડાં ભરીને લઈ લેજો. આગળ રણ આવે છે તે પાણી નહિ મળે. આવાં વચન કહીને આનંદકંદ મહાપ્રભુ ચાલીને **ધોલેરાપુરે** પધાર્યા. જક્તવંદ્ય પ્રભુ પધારીને. મંદિરમાં જ મુકાંમ કરતા હતા અને **પુંજાજી** આદિક ભક્તોએ પ્રભુને પ્રણામ કર્યા. નાથને પોતાના ઘેર થાળ કરીને જમાડ્યા. સૌ સંતોને સાથે જમાડીને સૌને સનાથ કર્યા. પ્રભુએ પોતાના આશ્રિત ભક્તોને બહુ જ સુખ દીધાં. કરુણાનિવાસ ભક્તોના ભવત્રાસને હરતા હતા. **પુંજાજીને** મહાપ્રભુએ સુખ આપ્યાં એવા ભલાભક્તનો જન્મારો સફળ કર્યો.

પછી મહારાજે માંણકિને ચંચળ ચાલ ચલાવીને ઉતાળે પ્રભુ **વડતાલધામે** પધાર્યા. ત્યાં સુંદર વૃક્ષો ઉપર મોર કોયલો પક્ષીઓ સુંદર વાણી બોલતાં હતાં. સુંદર રવે ઠેરઠેર બોલતાં હતાં. સરોવર વાવો કૂવાઓ પાણીથી ભરપૂર શોભતાં હતાં. પથરથી પાળો પગથિયાં બાંધેલાં શોભતાં હતાં. સ્વચ્છ જળમાં માંછલાં જળ બતકાં જળની રમતો કરીને આનંદ કરતાં હતાં. મુક્ત થઈને સ્નાન કરતાં હતાં. સુંદર સ્વચ્છ જળ જોઈને મહાપ્રભુ પોતે સ્નાન કરતા હતા. બધાંય તીર્થો કરતાં તથા ગંગા કરતાં વધારે મહત્ત્વ દેતા હતા. તીર્થ કરતા હતા તે નરનારિજનો તેમાં નિષ્પાપ થઈને શુદ્ધ થતાં હતાં. પ્રભુની પ્રેમસહિત દર્શન કરતાં હતાં. લોકો માર્ગ ઉપર જતાં આવતાં માનથી ગુણને ગાતાં થકાં નેત્રોથી દર્શન કરતા હતા. પ્રભુ દર્શનદાન દેતા હતા. આવાં **વડતાલધામને** ધન્ય ધન્ય છે. આવા ધામમાં ઘનશ્યામ પ્રભુએ ઘણા સામૈયા કરેલા છે. પ્રભુ રામના જન્મદિન રામનવમી આવી ત્યારે રામ પ્રગટ થઈને જગતનાં સુખકામ કરવા સ્વરૂપને ધારે છે. તેના ઉત્સવો કરે તથા પ્રબોધનિ પવિત્ર સામૈયો કરે છે તથા વરસમાં બે વાર સામૈયામાં પધારીને પાવન કરે છે. શ્રીહરિ પાસે દર્શન કરવા અગણિતજનો આવે છે. દર્શન કરીને મન દિલ શુદ્ધ થઈને ભક્તજનો સુંદર સુગંધી પુષ્પોથી સુંદર ચંદન ચર્ચીને અર્ચન કરી પૂજાવિધિ કરે. વસ્ત્રો આભૂષણો ભેટ ધરે.

ભક્તજન આવતા જોઈને પ્રેમથી દર્શન કરે છે. તેને શ્રી ઘનશ્યામ પ્રભુ બહુ જ દર્શનસુખ આપે. ભવદુઃખ તોડી નાંખો. આકાશમાર્ગ ઉપર દેવો ઉભા રહીને પ્રભુનાં સુખેથી દર્શન કરે. ગુણસાગર ઘનશ્યામનાં ગુણને ગાયા જ કરે છે. વાજિંત્રો વગાડીને દુંદુભિનો નાદ કરીને આનંદ કરતા થકાં નંદનવનનાં સુંદર દિવ્ય પુષ્પોને ચંદનનો વર્ષાદ કરતા ચિત્તચોર મહાપ્રભુને બહુ વધાવતા હતા. આ રીતે મહાપ્રભુ સૌ જનોને દર્શન દેતા હોય. મોટાં વૃક્ષો આંબલો બહુ મોટો તેની છાંયાં બહુ જ વિશાળ જગ્યામાં ફેલાતી રહે છે. હજારોહજારો માણસો ઘનશ્યામ પ્રભુ પાસે બેસે. એને છાંયો કરીને ઢાંકી આનંદ કરી દે. તેની નીચે હજારો નહિ લાખો જન બેસે. તોય બધાંને પોતાની છાંયા કરીને સૌનું માન કરે. જેમ જેમ જગ્યા ભરાય તેમ તેમ તે પોતાની સુંદર છાયા વધારતું જ જાય. બધાંને છાંયો કરે. આવો સુંદર મોટો આંબલો તે ઘનશ્યામ પ્રભુને જાણે છે ને ઘનશ્યામ પ્રભુ તેઓ બોલીને છાંયામાં નિત્ય સભા રચતા ભક્તોના કામ કરતા પ્રભુ **મુક્તાનંદ સ્વામી** પાસે ગાવણું

કરાવતા. મુક્તાનંદ સ્વામી ગાતા. બધા જ ભજનો સુખેથી સાંભળી બહુ જ સુખ પામતા હતા. પછી મહારાજ શ્રીમુખે જ્ઞાનધર્મની વાતો કરતા. પ્રભુની વાતોને નરનારિજનો એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. ભક્તજનો પ્રભુની પાસે પાંચ દિવસ વસવાટ કરે અને એકાંતિક ભક્તો મહિનાઓ સુધી વાસ કરે ને દર્શન જ્ઞાન સુખ પાંમે.

આવી રીતે પ્રભુ પ્રીતથી નવીનવી લીલા કરતા રહેતા. વરતાલધામમાં વાલમ સુંદર રીતે સુંદર સામૈયો કરીને બહુ જ આનંદ દઈને આનંદધામ ભક્તોને સુખ દેતા રહે છે. પછી ઘનશ્યામ પ્રભુ **ગઢપુર** પધારે. દાદાખાચરના દરબધારમાં સંતોની સાથે નિવાસ કરીને ભક્તજનોને દર્શનનું સુખ દેતા. કારણમૂર્તિ પ્રભુ અનેક જનોના કલ્યાણ કરતા નિવાસ કરે છે. નિત્ય પ્રત્યે મંદિરનું કામ કરાવવા પ્રભુ સામા બેસીને મુનિજનો કામ કરતા થકા દર્શન કરીને કામ કરતા રહે અને દર્શન કરવા આવે તે મંદિરના કામમાં લાગી જતા. આમ શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં લીલા કરતા હતા. મહાપ્રભુ આખો દિવસ કામ કરાવતા હતા. મુનિજનોના મનને શુદ્ધ કરવા મહાપ્રભુ કામ કરાવીને સૂર્યનારાયણ આથમે ત્યારે સંધ્યાઆરતી કરાવતાં હતા. પછી ધર્મનંદન મહાપ્રભુ ધૂન્ય કરીને પૃથ્વી ઉપર ધર્મ સ્થાપવા માટે સૌને નમીને આસન ઉપર બેઠા. બહુ જ રાજી થતા સૌને જોતા હતા. પછી સૌ મુનિજનો પ્રભુને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પોતાની અનુકૂળ જગ્યાએ શ્રી ઘનશ્યામ પ્રભુની સન્મુખમાં જ બેસતા હતા. આનંદકંદ મહાપ્રભુ ઉમંગભેર બેઠા હતા ત્યારે ઘનશ્યામ પ્રભુની મૂર્તિની શોભાને જેમ ચકોર પક્ષી ચંદ્રને નિરખીને જુવે તેમ સૌ જોતા હતા. મહાપ્રભુ અતિ જ્ઞાનની વાતો કરતા હતા. તેને મુનિવર્યો ધ્યાનથી સાંભળતા હતા. જીવને કસીને ભગવાનમાં દૃઢ કરીને સૌ મુનિજનો દૃઢ પક્વ દશાને પ્રાપ્ત કરતા હતા. ભગવાનની આગળ એકાગ્ર ચિત્ત થઈને ભૌતિક ભાન ભૂલીને તે સંતો અનંત આશ્ચર્યના રૂપને જોઈને આશ્ચર્યમય થતા હતા. દિવ્ય વર્તાવ થતું હતું. મહાપ્રભુ મુખથી બોલતા હતા ત્યારે સૌનાં નાડિ પ્રાણને ખેંચતાં હતાં. આવી રીતે સંતોને મહાપ્રભુ યોગ અધ્યાસની યુક્તિને શીખવતા હતા. સ્વતંત્ર યોગ કરવાનું માર્ગદર્શન આપતા હતા. હે રાજન ! આવી રીતે શ્રીહરિનાં માયિક ને દિવ્ય પ્રતાપનાં ચરિત્રોનું વર્ણન કરીને કેટલાંક ચરિત્રો મારી બુદ્ધિશક્તિમાં જેટલાં આવ્યાં તે બધાં તમને કહ્યાં. તેને તમે ધ્યાનથી સાંભળો.

શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ ગઢપુરમાં લીલા કરતા થકા જુનાગઢમાં સંતોને કામ કરવા મોકલ્યા. પ્રભુ પોતે સુખદાયી ગઢપુરથી વરતાલધામે પધાર્યા તે દૃઢ નિયમ પૂર્ણ કર્યું. અલૌકિક લીલા કરી. વડતાલમાં મહાપ્રભુએ સામૈયો કર્યો. રામનવમીનો સામૈયો કરીને પછી ગઢપુર પધાર્યા. આમ પિસ્તાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્યો વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ વડતાલધામમાં રામનવમીનો સામૈયો કર્યો તેનું વર્ણન કરીને કહ્યું એ નામે પિસ્તાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૫॥**

# તરંગ-૪૬

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! ગુણનાનિધિ મહાપ્રભુ ગઢપુરમાં વિરાજીને સંતોના તાપસંતાપને સમાવવા માટે એમની આગળ સુંદર ચરિત્રો કરતા હતા. જીવોને તારવા માટે મુનિજનોનાં મનને દમન કરતા હતા. તે બધાંય ચરિત્રો તે પ્રભુનાં બધાંય ચરિત્રો કહ્યાં. હવે જેને સાંભળવાથી મનમાં આનંદ થાય અને સુખ થાય તેવાં ચરિત્રો કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે ભગવાનના સુખ કરનારાં ચરિત્રોને પૂછ્યાં. તે બહુ સારું કર્યું. કેમકે ભગવાનની સુંદર મનોહર લીલા છે તે આનંદ ઉપજાવનારી છે. આખા જગતને તારીને મોક્ષ કરનારી છે. તે હવે કહું છું. સાંભળો. હે રાજન ! જગતના પતિ મનમાં રાજી થઈને પ્રીતિ સાથે ગઢપુરમાં નિવાસ કરીને રહેતા હતા. સંતોને સુખ કરનારા પ્રભુ ઉરમાં ઉમંગ રંગ ભરીને સુખ દેતા હતા. દયાળુ મહાપ્રભુ રોજેરોજ સારાં સારાં ચરિત્રોને કરીને ચિત્તને ચોરતા હતા. સૌના મનને આનંદ કરનારા મુનિજનોના મનને હરતા હતા ને પાપોને હરિ લેતા હતા. પ્રભુ મુનિજનોની સાથે રાસ રમતા હતા ને ઉમંગ ભરીને ઉત્સવોને કરતા હતા. કમલનયન મહારાજ રાતદિવસ છેલ ચતુરવર આનંદની છોળો ઉછાળતા હતા.

હે રાજન ! તમે ધ્યાન દઈને સાંભળો. પ્રભુએ બધા જ સંતોને પોતાની પાસે બોલાવ્યા ત્યારે સૌ સંતો મનમાં બહુ જ આનંદ પામતા ચાલ્યા જ આવ્યા. અમને પણ રાજી થઈને પાસે બોલાવ્યા ત્યારે અમે પ્રભુની નજીકમાં જ બેઠા. ત્યારે બહુ મોટા મોટા ભક્તજનો બહુનાંમિ પાસે બેઠા. **ઉત્તમ રાજા** આદિક દઢ નિષ્કામિ ભક્તો આવ્યા. **જયા લલિતા રતિબાઈ ગંગાબા** આદિકને પ્રભુએ પાસે બોલાવ્યા. તે ઉત્સાહથી આવ્યાં. સુંદર સભા ભરાઈને શોભતી હતી ત્યારે મહાપ્રભુએ સુંદર પુસ્તકો લાવી મંગાવ્યાં. વેદોચાર અને ષડ્શાસ્ત્ર પુરાણો અઢાર તે બધા અવનિ પ્રતિ મહારાજે મંગાવ્યાં. વ્યાકરણ તથા વ્યાસરૂપ વિસ્તારયુક્ત સ્મૃતિશાસ્ત્રો સહિત અઢાર શાસ્ત્રોનો સાર બધું મંગાવ્યું. બાવન ગ્રંથોનાં યોગ્ય નામવાળાં ઉપનિષદો સુખરૂપ લાવ્યા તથા રામાયણ મહાભારત નારદ પંચરાત્ર તંત્ર પાશુપતશાસ્ત્ર આદિક જેટલા જગતમાં સારા ગ્રંથો હતા તે બધાય આદિક બધાં સારાં શાસ્ત્રો આ રીતે પ્રભુએ પોતાની પાસે મંગાવ્યાં ને સંતો સભામાં જોતા હતા. પ્રગટનાં ગ્રંથોનાં નામ કહું તે પવિત્ર શાસ્ત્રો વચનામૃત સુંદર શોભતું. સત્સંગી જીવન, સદગ્રંથ તે પ્રગટનાં શાસ્ત્રો છે તે મોક્ષ કરનારાંઓ મહારાજે વખાણેલાં છે. તે બધાંય લાવીને સભામાં મૂક્યાં. બીજા પ્રાકૃતન ગ્રંથો સારા તથા સંસ્કૃત ગ્રંથો તેને સુખધામી પ્રભુએ મંગાવ્યા. તેના બધાંના બે બે ભાગ કર્યા. બધા ગ્રંથો બે ભાગ કરીને બંને ભાઈઓને સુંદર રીતે આપી દીધાં.

અમે બેય ભાઈઓ બધાય ગ્રંથો જોઈને મનમાં બહુ જ રાજી થયા. આ રીત નાથની નૌતમ લીલા નાથની જોઈને આનંદ થયો. મુનિજનો હરિભક્તો સૌ મનમાં બહુ જ પ્રેમ જોઈને રાજી થયાં. આકાશમાં ઉભા રહીને પ્રભુની આ લીલા જોઈને દેવો જય જય કરતા હતા. હે રાજન ! શ્રી સહજાનંદ સ્વામીએ બધી વસ્તુના બે ભાગો પાડીને અમને શ્રીહરિએ બંને ભાઈઓને રાજી થઈને આપ્યાં. દયાળુએ બધાય દેશના વિભાગો કરીને કરુણસાગરે દેશવિભાગ કર્યા. તે પૂર્વથી પશ્ચિમ સુધી જગતના જ્ઞાનદાતા પ્રભુએ ભાવથી વહેંચ્યા. પછી ધર્મનંદન મહાપ્રભુએ પ્રીતથી પત્ર લખાવીને લેખ કર્યો. તે લેખો ઉત્તર અને દક્ષિણ દેશોનો લેખ કરીને આનંદના કંદ મહાપ્રભુએ

આપ્યા. કલકત્તાથી પ્રારંભ કરીને ગામો લાઈન પ્રમાણે લખ્યાં. તેમા દ્વારકા સુધીનાં ગામોના નામો લખાવ્યાં. લેખો તૈયાર કરાવ્યા. આવું કાર્ય સુખના ધામ મહાપ્રભુએ કર્યું. બેય ચીઠ્ઠીઓ ઉભંગ ભરીને પ્રભુએ કરી. બે લેખો લખાવતા હતા. તે મહાપ્રભુએ પોતાના બંને પુત્રોને દીધી અને હરિકૃષ્ણ કૃપાળુ હરિ રાજી થયા. પહેલો ઉત્તર દેશ વિશાળ તે નરનારાયણદેવનો દેશ છે. તેમાં મુનિ બ્રહ્માનંદજી અને મહાન સ્વભાવવાળા મહાનુભાવાનંદજી તથા વર્ણિવર વાસુદેવાનંદજીને ઉત્તર દેશમાં નરનારાયણદેવની સેવામાં. દઢ નૈષ્ઠિક ધર્મને સારી રીતે રાખનારા આ આદિક સોળ મુનિવરો દેશમાં નરનારાયદેવની સેવામાં રાખ્યા. મોટા મંડળ ધારી સંતોને મહારાજે અમારા પક્ષમાં નક્કી કરી દીધા.

હવે સાંભળો બીજી વાત થઈ તે કહું છું. લક્ષ્મીનારાયણદેવનો દેશ છે તે સારો છે. તેમાં મુનિ નિયાનંદ મહાજ્ઞાની સંત બધી વિદ્યાને જાણનારા વિદ્વવર્ય મુનિ સંત પ્રકાશાનંદ સ્વયં પ્રકાશાનંદ તે સારા બુદ્ધિવાળા આનંદ દેનારા. વર્ણિવર અખંડાનંદ નામના તેઓ સોળ મુનિજનોને તે બધાય રઘુવીરપ્રસાદજીના ભાગમાં આવ્યા. દક્ષિણ દેશમાં રઘુવીરજી બધી લીલાને જોતા હતા. જે નિયમ કર્યા તે. પછી મહારાજે મર્યાદા સીમાની બાંધી તે માંકડક બંધો ગરી કરી. સુંદર રીતે લખીને કોઈ જાતનો ભેદ ન થાય તે રીતે સૌને અનુકૂળતા રહે તે રીતે દેશનો સુંદર રીતે સિમાડાનું લખાણ કર્યું. તેનાથી કોઈ જાતનો ક્લેશ ન થાય તેવું કર્યું. લેખ લખ્યા. તેમાં બધી જગ્યાઓનાં ગામો લખ્યાં. સુંદર રીતે ઉત્તરમાં કરી દીધાં. પછી ખુલ્લો ભાગ જે રહ્યો તેને જોઈને બધા લોકો જાણે છે. તે રીતે સુંદર રીતે વર્તન કરીને નોંધ કરી સમજાવેલ છે. હે રાજન ! જે ગામો સારાં રહેલાં હતાં તે તેના જેટલા ગાઉ લખવાના રહ્યા હતા તેનાથી ઉત્તરમાં ગણના કરીને જેટલાં સારાં ગામો ઉત્તરમાં કહેવાય તે બધાંનો અમારી માલિકીમાં ભાગમાં આવ્યાં. અમારી હકુમતમાં છે. તે લેખમાં બધાં ગામોની સાથે દક્ષિણના લેખમાં તે દક્ષિણનાં ગામોનો ઉલ્લેખ કરીને તે દક્ષિણ દેશ કહેવાય. તેના માલિક અમારા ભાઈ પોતે માલિક થયા. આ રીતે સંક્ષેપ કરીને બધી વાત જણાવી દીધી.

આ રીતે તે દેશોના ભેદ કર્યા છે. તેને જાણીને કોઈ ઉલંઘન કરે તે મારો વચનદ્રોહી ભક્ત કહેવાય. મારી બનાવેલી આજ્ઞામર્યાદાને લોપે તેને ગુરુનો દ્રોહી જાણવાનો આ રીતે મેં સૌ સત્સંગીની જાણ માટે વાત સાચી જ કહી છે. કોઈ ક્લેશ થાય તેમ નથી પણ તેના માટે દઢબંધ બાંધ્યો છે. બધાને જણાવી દીધું છે. આવી રીતે મહાપ્રભુએ અનેક ચરિત્રો કરીને **ગઢપુરમાં** નિવાસ કરીને સૌને જણાવી દીધું. સત્સંગ માર્ગદર્શન કરાવ્યું. ગોપાળાનંદમુનિને બંને દેશના મધ્યસ્થી કરીને ઉત્તર અને દક્ષિણના મધ્ય પક્ષકાર રહીને દોષિતને શિક્ષાકાર્ય કરવા માટે આજ્ઞા કરી દીધી. પછી શ્રી ઘનશ્યામ પ્રભુ મધુર વાણીથી વચનો કહેતા હતા. મારા સંતો ઉમંગ ભરીને સૌ સાંભળો. સૌ નરનારિ હરિભક્તો તમે સાંભળો. સાવધાન થઈને શુભવાર્તા કહું છું તેને સૌ સાંભળો. આજે અમે બે આચાર્યોની ગાદિ નીયુક્તિ કરી છે તે અમારી શુદ્ધ બુદ્ધિથી કરી છે એમ જાણજો. આમને તમારા ધર્મગુરુ માનીને સેવાપરિચર્યા કરજ્યો ક્યારેય અમારી આજ્ઞાનો અનાદર ન કરતા. આ રીતે સૌ તમે વર્તન કરતા રહેજો. આચાર્યની સામે ક્યારેય વાદવિવાદ કરીને દબાવવા નહિ. શાંતિથી વાત કરવી. સદાય હાથ જોડીને કાયમ નમતા રહેવું. એમને જોઈને સતત સેવા કર્યા કરવી. ક્યારેય પણ હલકી વાણીને તુકારો કરીને કે હુંકારો કરીને ન બોલવું. જે કોઈ શિક્ષાની વાતો કરે તે વચનનું પાલન કરવું.

આ બંને આચાર્યો સર્વે સત્સંગનું સારું કરનારા છે. તેમને પ્રાણસમાન બહુ જ પ્રિય છે. જગતમાં કોઈ

ભક્ત આવીને ભ્રમમાં પડીને કહેલી આજ્ઞાનો લોપ કરે અને આચાર્યરૂપ પોતાના ગુરુને સામે તું કરીને બોલ તો તે પાપી મરી જાય ત્યારે મહાકષ્ટ પીડાને પામે છે. ફરી જન્મ ધરીને બીજી પીડાને સહન કરવી પડે. તેનાથી બહુ જ પીડા દુઃખ ક્લેશને પામે. ક્યારેય શાંતિ ન જ પામે. દુઃખી દુઃખી થયા જ કરે. આવી રીતે શ્રીહરિએ સુંદર રીતે વાતો કરીને પછી ઘનશ્યામ પ્રભુ ગઢપુરથી સૌ સંતજનો સાથે પ્રયાણ કરતા હતા. હે રાજન ! મહાપ્રભુ અન્નકુટનો સામૈયો કરવા માટે ચાલ્યા ત્યારે વચમાં ગામોમાં રોકાઈને નિવાસ કરીને અવિનાશી પ્રભુ જનોનાં કષ્ટ ટાળતા થકા **વડતાલધામે** પધાર્યા. પુરુષોત્તમ પૂર્ણકામ મહાપ્રભુ સુંદર પ્રકારનાં પકવાનો કરાવતા હતા. તેમાં મરકી, બરફી, સુંદર સુખડી વિગેરે પકવાનો કર્યાં. લાડુ મોતિયા ચુરમાં જલેબી સેવ ઘેબર. પુરી ખૂબ જ સુંદર બનાવ્યાં. સુતરફેણી સાટા મોહનથાળ સુંદર ઘાટના થાળોમાં કર્યા. ગુણવંત ગુલાબપાક કર્યો. સુંદર ટોપરાપાક કર્યો. રસ રોટલી કર્યાં. શિરોપુરી બનાવ્યાં. દૂધપાક કર્યો સેવો ખૂબ ઘીમાં બનાવી. બહુ પ્રકારની લાવસી ચોળાવી. પુરણપોળી બનાવી. સાંકર અને ઘી નાંખીને સુંદર ધૃતસાકરમાં સેવ બનાવી. માલપુવા અને બિરંજ બનાવ્યા. મનોહારી મહેસુબ બનાવ્યો. સુંદર પુરણપોળી ઘી સાકરમાં ઝબોળીને તૈયાર કરી. ચૂરમાં ખુરમાં ઘી યુક્ત ચુવા બનાવ્યા. મનોહર માલપુવા બનાવ્યા. આવી રીતે અથાક પાકો બનાવ્યા. અનેક શાકો બનાવ્યાં. કાંઈક છુટી દાળો બનાવી. ભાત બનાવ્યા. વાલ અને વાલોર બહુ જ વઘાર્યાં. તાજી તાજી ભાજી બનાવીને તૈયાર કરી. સુંદર પર્વર પાપડી ભાઠાઓ બીજો ખીર ખાટિયાં બનાવ્યાં. કંકોડાં કારેલાંનાં ઘી મુકીને બહુ જ હવેજ નાંખીને વઘાર કર્યાં ને બનાવ્યાં.

જગતમાં જેટલાં શાકભાજી વ્યંજનો હતાં તે બધાં બનાવ્યાં. ઘીમાં વઘારીને મનને આનંદ આપે તેવા સુંદર મસાલા નાંખીને અતિ તમતમાં બનાવ્યાં. તેની વાત જ ન થાય એવાં બનાવ્યાં. દહીં દૂધ માંખણ રોટલો આદિક બહુ જ રસોઈ કરી હતી. અબોટણની કઢી મરચાં કેરીનાં આદુ કેરાંનાં ગુંદાનાં કેરી દ્રાક્ષ ખારેકનાં અથાણા જાતજાતનાં કર્યાં હતા. રૂચિ પ્રમાણેની બધી રસોઈ સુંદર તૈયાર કરીને થાળો ભરીને બહુ જ થાળો તૈયાર કર્યા. સુંદર અગણિત પકવાનોનાં પ્રકારનાં અતિશય માત્રામાં અમાપ અગણિત પ્રકારનાં શાકો બનાવ્યાં. જ્યારે અન્નકુટ પુર્યા ત્યારે પ્રભુ તરત જ તૈયાર સ્નાન કરીને મુનિઓના પતિ શ્રીહરિ પીળાં પીતાંબર વસ્ત્રને ધારણ કર્યું. ઉપરણિને ઓઢીને અંગ ઢાંકીને મહાપ્રભુ આસન ઉપર વિરાજમાન થયા. ચારેબાજુ પાકો ભરેલા હતા. તેની વચમાં બેઠા જમતા હતા. તેને લોકો જોઈને ઉરમાં ઉતારતાં હતાં. જાણે અનંત હાથ ધારણ કરીને જમતા હતા. બધાં પાત્રોમાંથી શોધીને પ્રભુ જાણે વિશ્વરૂપ ધરીને ભાવ ભરીને પ્રેમથી જમતા હતા. શ્રીહરિ ઘણીવાર સુધી શાંતિથી જમ્યા. ભક્તજનો પ્રેમથી પ્રભુનાં જમતાં દર્શન કરતાં હતાં. મુખેથી શ્રીહરિનો જયજય થાય. જય થાય કહેતા હતા. આ રીતે પ્રભુ પાકોને જમતા હતા. પ્રેમથી આરોગતા હતા.

દેવોનાં વિમાનો આકાશે છાયેલાં હતાં ને દેવો દર્શન કરતા હતા. પ્રભુના પવિત્ર મનોહર ચરિત્રોનાં દર્શન કરીને આકાશમાર્ગે આવીને ઉભા થકા જોતા હતા. પ્રભુનાં પ્રેમથી દર્શન કરતા હતા. આવી રીતે સુંદર પ્રકારે શ્રીહરિ બહુવાર સુધી મનમાં રાજી થઈ ભોજન કરીને જળપાન કરીને મુખવાસ લેતા હતા. સુખેથી પેટ ઉપર હાથ ફેરવતા હતા. પ્રભુ જમી રહ્યા ત્યારે સંતોની પંગત બેઠી ત્યારે તરત જ હરિ પીરસવા પધાર્યા. મુનિજનોને પ્રભુ પંગતમાં ફરીને પીરસતા હતા. સુખનાધામ મહાપ્રભુ હરિભક્તોને સાથે જ પીરસતા હતા. જયારે પ્રભુ પકવાન પીરસતા હતા ત્યારે જલેબી પ્રેમથી વારેવારે પીરસીને પંગતમાંથી જનસમૂહમાં જઈને જમતા હતા

આવી રીતની યુક્તિને ભક્તજનોને સમજણ નહોતી પડતી. આમ માર્મિક વાણી પ્રભુ બોલતા હતા. આવો આનંદ દેતા હતા.

હે રાજન ! સર્વ વિશ્વના નિવાસ મહાપ્રભુ કહેતા હતા કે સંતો તમે સૌ ગુરુની પ્રસાદી લઈ લો. આ છેલ્લો જ ફેરી વડતાલમાં પ્રસાદ મળે છે. આમ કહેતા પતંગમાં ફરીને પછી મહારાજ પાછા એક જગ્યાએ બેઠા. પછી ઘનશ્યામ પ્રભુ ભક્તજનોને સંતો પાસે પીરસાવતા હતા અને સર્વ સંતોને જમાડતા હતા. જ્યારે મુનિજનો જમી રહ્યા ત્યારે મહાપ્રભુએ અતિ ઉત્તમ કાર્ય કર્યું. સૌ સંતોની બધીય સભા કરીને તે સભામાં સુંદર સ્થાન ઉપર ભગવાન બેઠા. દુઃખનોનાશ કરનારા ભક્તને સુખ કરનારા પ્રભુએ સૌ સંતોને દેશોદેશમાં વિચરણ કરવા ઉપદેશ કરવા મોકલતા હતા. મહાન બુદ્ધિવાળા કવિરાજ **બ્રહ્માનંદમુનિને અમદાવાદમાં** ધર્મશાળા કરવા માટે જવાનું કહેતા હતા. સ્વામી અમદાવાદ જઈને ધર્મશાળાનું બાંધકામ પૂરું કરાવતા હતા ને કામ પૂર્ણ કરાવરાવીને પછી બ્રહ્મમુનિ પાછા મહારાજની પાસે આવ્યા ત્યારે પ્રભુનાં દર્શન કર્યાં. મુનિરાય **વડતાલમાં** આવ્યા ત્યારે ઘનશ્યામ પ્રભુ બાથમાં લઈને બહુ જ ભેટતા હતા. અમદાવાદના બધાય સમાચાર પૂછતા હતા. સુખધામ સુંદર રીતે સાંભળતા હતા. પછી શ્રીહરિ મહાપ્રભુ સૌ સંતજનોની સાથે પ્રયાણ કરી માર્ગમાં ગામોમાં વચ્ચે રોકાતા ઉપદેશ અને દર્શનનું સુખ આપતા થકા સુંદરવર ભગવાન ગઢપુર પધારતા હતા.

વડતાલધામે જઈને ધર્મનંદન મહાપ્રભુએ સુંદર અન્નકુટનો ઉત્સવ કર્યો. સુંદરવર બહુનામીએ સંતોને સુંદર રીતે જમાડ્યા. પછી પ્રભુએ ગઢપુર જવા માટે પ્રયાંણ કર્યું. આવી રીતે આ છેંતાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિએ વડતાલપુરમાં અન્નકુટ સમૈયો કર્યો એ નામે છેંતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૬॥**

# તરંગ-૪૭

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ગુણના સાગર પ્રભુએ ગઢપુરમાં કેવાં કેવાં ચરિત્રો કર્યાં એ પરમ પવિત્ર પ્રીતમ શ્રીહરિનાં બધાં જ ચરિત્રો મને કહેવા કૃપા કરો તે સુખ કરનારાં છે. આનંદના ધાંમ મહારાજ અકાંમ શ્રી ઘનશ્યામ સર્વનામનો ભાવ પુરો કરનારા પ્રભુના નામને નરનારિજનો તથા બ્રહ્મા વિષ્ણુ અને શિવ કાયમ જપતા જ રહે છે. અનંત કોટિ જીવો દેવો અનંત તથા વિષ્ણુ વિગેરે દેવો મહાપ્રભુ શ્રી ઘનશ્યામને ચરણમાં મસ્તક નમાવીને વંદન કરે છે ત્યારે તેના પાપને પ્રભુ બાળી નાખે છે. વેદો ઉપનિષદો પુરાણો સૌ ગાયા જ કરે છે. એવા પવિત્રમૂર્તિ મહાપ્રભુનાં પવિત્ર ચરિત્રો મને કહેવા કૃપા કરો. જ્યાં જ્યાં મહાપ્રભુ પધાર્યા ત્યાં ત્યાં બધેય શાંતિ થાય છે તે ચરિત્રો મને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી કહે છે, પવિત્ર મતિના હે રાજન ! તમે સાંભળો. જે તમે પૂછ્યાં છે તે બધાં ચરિત્રો દુઃખને હરનાર છે અને સુખને કરનાર છે. તે બધાંય ચરિત્રો તમને કહું છું તે સાંભળો. હે રાજન ! સહજાનંદ સ્વામી **વડતાલથી** આવ્યા પછી ગઢપુરમાં સંત સમાજની સાથે દાદાખાચરના દરબારગઢમાં નિવાસ કરતા હતા. ઉમંગથી રહીને ઘનશ્યામ પ્રભુ સૂર્યસમાન પાપાદિ કીચડનો નાશ કરતા હતા. મહારાજ દરરોજ ખળખળિયામાં

(ઘેલા નદીમાં) સ્નાન કરવા પધારતા હતા. મહારાજ નારાયણધરા સહસ્ત્ર ધારામાં સ્નાન કરતા હતા તથા રાધા વાવે તથા લક્ષ્મીવાડીમાં સુંદર રીતે પુરુષોત્તમ પ્રભુ પ્રીત કરીને પધારતા હતા. સંતોની સાથે પધારીને ત્યાં પ્રભુ બેસતા હતા. સુંદર રીતે સુખાકારી પ્રભુ સભા કરતા હતા. તે સભામાં મહાપ્રભુ કરુણા કરીને ગાવણું કરાવતા હતા ને જ્ઞાનની વાતો કરતા હતા. ભક્તોના પાપ તાપોને કરુણાદષ્ટિ કરીને શાંતિ કરતા હતા. બાગમાં બહુવાર સુધી વિરાજીને આનંદકંદ પ્રભુ દયા કરીને પાછા પુરમાં પધારતા ત્યારે જનોના શરીરનાં અને મનનાં બધાં જ પરિતાપોને દૂર કરતા હતા. સુંદર ચોકમાં સુંદર વેદિ બનાવેલી તેની ઉપર ગાદિતકિયા તેની ઉપર જગતના નાથ બેસતા. મહાપ્રભુની સામે સંતો બેસતા હતા. પુર્ણકામ પ્રભુ સુંદર રીતે વાતો કરતા હતા.

પછી પ્રભુ બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહે, હું તમને વાત કહું છું. સૌભિર દેશ બહુ પવિત્ર અને બહુ જ સારો છે. ત્યાંનાં મનુષ્યો નિર્મળ મનના રહે છે. ત્યાં ભોગાવો નદી વહે છે. તે બહુ સારી છે. તે ધરા ઉપર ધનસંપત્તિ બહુ જ સારી છે. તેથી ત્યાં દુઃખ કે દારિદ્રય આવતાં ગભરાય છે. ત્યાં (મૂળિમાં)બહુ જ મોટું મંદિર કરેલું છે. તે બહુ જ મનોહર કળાકારીગરીવાળું કરેલ છે. તે મંદિર દિવ્યવિમાન આકારમાં બનાવ્યું છે. તે મંદિરને જોવાથી તેનાં બધાં પાપો સંતાપો નાશ પામે. તેમાં દેવની મૂર્તિઓ અમે વિધિ કરીને પધરાવી છે. પ્રતાપ પ્રગટ કરીને બહુ જ બળ આપેલ છે. દિવ્યતા છે. તમે ત્યાં જઈને મુકામ કરો. પછી શ્રીહરિ સૌ સંતોને પૂછતા કતાકે રાજકોટથી અંગ્રેજ રાજાનો પ્રેમ ભરેલો પત્ર આવ્યો હતો. તેમાં પ્રભુને રાજકોટ આવવા માટેનું આમંત્રણ મોકલેલું હતું. તમે અમારી ઉપર અતિ હેત કરીને જરૂર આવજો. જો આપને અવાય તેમ ન હોય તો અમે આપની પાસે દર્શન કરવા જનસમાજની સાથે આવીશું. માટે આપની જેવી મરજી હોય તેમ જાણીને હે મહારાજ ! આનો પ્રત્યુત્તર આપવા કૃપા કરજો. હે ભક્તવત્સલ મહારાજ ! અમને આપનો દાસ જાણીને દર્શન દેવા કૃપા કરજો. આવી રીતનો હમણાં જ પત્ર આવ્યો હતો. તેમાં ઉત્તર કેવી રીતે લખવો તે તમે સૌ સંતો કહો. આવી રીતે મહારાજે વાત કરી તેથી મુનિમંડળ બહુ જ રાજી થયું.

હે રાજન ! પછી સંતો બધાંય જાણે તે રીતે ઉમંગથી ઉંચા સ્વરે કહેતા હતા. હે પ્રભુ ! ભરતખંડની ભૂમિ ઉપર તે રાજા અંગ્રેજ બહુ જ પ્રસિદ્ધ અને પ્રતાપવાળા છે એમણે આપને તેડાવ્યા છે. પોતાના મહેલમાં બોલાવ્યા છે. હરિભક્તો પણ અતિ ઉત્સાહવાળા છે. એટલા માટે જવું ખાસ જરૂરી છે. અને એમને રાજી કરવા તે યોગ્ય છે. આવી રીતનાં સંતોનાં વચનો સાંભળીને કમળનયન મહારાજ જવા માટે નક્કી કરતા હતા. રાજસમાજને સજીને મુનિજનોના સ્વામી શ્રીજી મહારાજે સવારીને સજ્જ કરીને તૈયાર કરી ત્યારે ચાલવાથી ધરણી બધી ભારી ધમકતી હતી. હજારો ઘોડાં ચાલતાં હતાં ત્યારે તેની સાથે ચાલનાર પેદલો વેગથી ચાલતા હતા. પ્રભુની ઘોડી ઉડતી હતી. પવનવેગે ચાલનારી હતી. તે ઘોડી પવનવેગે ચાલતી હતી. એવા હરિનો વેગ જોઈને સૌને ખેંચતા હતા. જેમ કમાનમાંથી તીર છુટે તેવા વેગે ગરૂડના વેગ કરતાં વધારે વેગે જતી હતી. નાવ પાણીમાં નદીના વેગે જાય તેમ જતી હતી. બહુ જ શોભતી હતી. તેની કેશવાળી બહુ જ સુંદર શોભતી હતી. એવી મહાગતિ કરતી હતી. એના પગ હતા તે મહેલનાં થાંભલા જેવા હતા લલિત કેશવાળી તે એની ચાલથી છાંયા પણ નહોતી દેખાતી એવી સુંદર ચાલ હતી. એની સુંદરતાને જોવા સૌ તત્પર થતાં હતાં. તેના કાન બંને સીધા હોય ત્યારે નાકને મુખ પણ જુવે ત્યારે જાણે બધો જ સાજ શોભા એમાં જ ભરેલી છે. હજારો ઘોડાની વચ્ચે આ માંણકિ તો અલગ જ પડે એવી સુંદર માણિકે ઉપર પ્રભુ વેગથી ચાલ્યા જતા હતા.

આ રીતે મહાપ્રભુ તે રાજકોટ શહેર નજીક પહોંચ્યા ત્યારે નારાયણ મુનિનાથ પ્રભુ સર્વ સ્વારો સાથે પહેલા આવ્યા ત્યારે ગામના રાજા શ્વારી તૈયાર કરીને સામા આવ્યા. મહારાજને ભેટ અર્પણ કરીને હરિને નિરખીને દર્શન કર્યાં. રાજકોટના તે રાજા મહારાજને દંડવત પ્રણામ કરતા હતા. પ્રીતથી પ્રભુને પ્રણામ કરતા હતા. રાજરિત પ્રમાણે મહાપ્રભુને ભાવ અને ઉત્સાહથી ભેટ કરતા હતા. અનેક વાજાંને વગાડીને બહુ જ ઉત્સાહથી છટા પ્રમાણે શોભા કરીને તોપો ફોડીને ભડાકા કરતા હતા. તોપોના ભડાકાથી ભૂમિ ગાજતી હતી. આકાશમાં પડઘા પડતા હતા. રાજા પ્રભુના ગુણને ગાતા હતા. પ્રભુને રાજી કરતા હતા. શ્રીહરિના દૃઢતાથી નિરખીને દર્શન કર્યાં. બધા પુરુષો અને નારીઓ સૌ પ્રભુને પ્રણામ કરતાં હતાં. પછી ઘનશ્યામ પ્રભુને રાજકોટપુરમાં ફેરવ્યા. ઉરમાં બહુ જ ઉમંગ કરીને પ્રભુને રાજી કર્યા. શ્વારીની સાથે મહાપ્રભુને રાજાના મહેલમાં લાવ્યા. રાજાએ બહુ જ બંગલા બનાવ્યા હતા. તે બધા બહુ સારા શોભાવાળા સુવાસ કરતા હતા. આગળ ઉલેચો બાંધેલા હતા. અને તેમાં સુંદર ચિત્રો ચિતરેલાં હતા. સારા રંગોથી રંગેલાં હતા. તે રાજાએ બહુ જ સુંદર રીતે તૈયાર કરેલાં સુંદર આસન ઉપર મહાપ્રભુ વિરાજમાન થયાં.

હે રાજન ! જ્યારે મહારાજ આસન ઉપર બેઠા ત્યારે તે રાજકોટના ગર્વનર અંગ્રેજ રાજા પ્રભુની સામે જ ઉભા રહ્યા હતા. ત્યારે પછી તે ગવર્નર બધાંય સંતોને નમન કરતા હતા. પગે લાગતા હતા. ત્યારપછી તે ગવર્નર હાથ જોડીને સામે ઉભા રહી. કાંઈક કહેતા હતા તે કહું છું તે તમે સાંભળો. પ્રીતથી પ્રશ્નો પૂછતા હતા. ત્યારે શ્રીહરિ પ્રભુ તેને ઉત્તરો દેતા હતા. કૃપાસાગર કૃપા કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુ પોતાના દેશની અગમનિગમ વાતો કહેતા હતા. તેને સાંભળીને રાજાને થોડોક ભ્રમ થયો તેને સમર્થ પ્રભુ જાણતા હતા. સ્વામિનારાયણ ભગવાન કહે, અમે બધાય જગતની વાતોને જાણીએ છીએ. તોય દુર્મતિ દુષ્ટ પ્રકૃતિ તો નથી જ માનતા. તે સાંભળ્યા પછી તે અંગ્રેજ રાજા મહાપ્રભુનાં ચરણકમળનું પૂજન કરતા હતા. સુંદર ચંદન ચર્ચીને પુષ્પોથી પૂજીને હાર પહેરાવીને ગદગદ કંઠથી સ્તુતિ કરતા હતા. આવી રીતે વસ્ત્ર આભૂષણોથી બહુ પ્રકારે ભેટ કર્યાં. તે રાજા સંતો સહિત સૌનું બહુ જ નમ્ર થઈને પૂજન કર્તા હતા.

હે રાજન ! પ્રેમસહિત પહેરામણી કરીને બંને હાથ જોડીને મહિમા સહિત પ્રભુને નિરખીને બધાંય સાંભળે તે રીતે ભાવથી સ્તુતિ કરતા હતા. શ્રીહરિ મહાપ્રભુએ વિસ્તાર કરીને વાતો કરી તે સભામાં સૌભિર દેશની વાતોને વિસ્તાર કરીને કહેતા હતા. તે સાંભળીને સૌ સુખ પામ્યાં. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ શોભાની સાથે શ્વારી કરીને રાજકોટ શહેરમાં પધાર્યા દર્શન દીધાં. રાજાએ સ્તુતિ પૂજા કરી. આ રીતે સુડતાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ મહાપ્રભુ રાજકોટમાં અંગ્રેજ ગવર્નરને મળ્યા તે વર્ણન કર્યું એ નામે સુડતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૭॥**

# તરંગ-૪૮

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! આપ મને જે રાજકોટમાં રાજાએ ભગવાનની સ્તુતિ કરી છે તે પ્રગટ પ્રભુની લીલાની શાસ્ત્રના પ્રમાણવાળી વાતો મને વિસ્તાર કરીને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! મહાવિશાળ બુદ્ધિવાળા અંગ્રેજ ભૂપતિ પ્રભુને પ્રીતસહિત પ્રશ્ન પૂછતા હતા. વારેવારે શ્રીહરિ પુરુષોત્તમ પ્રભુ રાજી થતા થકા સાંભળતા હતા. આ વાર્તાની ચરિતકથાને જે સાંભળે છે તેના બધા જ સંતાપોને હરિને શાંતિ કરે છે. એવા મહાપ્રભુની મૂર્તિનું ધીરજ ધરીને જે ધ્યાન કરે છે તેના બધા જ ભવનાં ફંદો નાશ પામે છે. તે નિસ્તેજ જન્મમરણના ફંદ નાશ પામે. ભક્તજનોનાં જન્મમરણનાં દુઃખો બધાં જ બળી જાય છે. પાપોને હરિ લે છે અને સુખને વધારે છે. બધી રીતની મર્યાદાનું દઢતાથી પાલન કરે છે તેને કાળકર્મ જોઈને ભય પામે છે. તે ભક્ત દઢતાવાળો સિદ્ધ થઈને સંશય પર થાય છે. એવા ભક્ત બીજાના ભવદુઃખોને હરે છે. પ્રગટ પ્રભુનાં લીલા ચરિત્રોની કથા સાંભળે છે. તે આનંદસુખને પામે છે. પ્રભુનો મહિમા તો અપરંપાર જ છે. તે સુંદર મહિમાથી કોઈ પાર નથી થતું. ચરિતોને ગાવામાં કે સાંભળવામાં કોઈ ગતિ પાર નથી જ પામતી. એટલાં બધાં મહાપ્રભુના અથાક મહાચરિત્રો છે તે સુંદર છે. તે બધા ભક્તિનાં સુંદર ચરિત્રો છે તે તે થોડાંક કહું છું તે આનંદ દેનારાં ચરિત્રોને આનંદથી સાભળો. પછી તે ભરતખંડના સ્વામીની તે રાજા સ્તુતિ કરતા હતા.

ગવર્નર રાજા સ્તુતિ કરે છે – હે પ્રભુ ! આપ આ પૃથ્વી ઉપર ધર્મદેવના ઘેર અવતાર ધરીને માતાપિતાને પ્રેમથી બહુ જ સુખ દીધાં. આપે આપનાં દિવ્યસ્વરૂપનાં દર્શન કરાવીને સર્વોપરિ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો એવા હે મહારાજ ! આપ જગતના તારનારા આપ જયજયકારને પામો. પ્રથમ આપે કોટરા ગ્રહ રાક્ષસીઓ બાલઘાતિનીનો નાશ કરીને પોતાના ધામને પમાડી પોતાના પ્રતાપથી સ્વયં આપ ચતુર્ભુજ સ્વરૂપ ધરીને માતાપિતાને અને સ્વજનોને સુખી કર્યાં એવા પ્રભુ આપ જય પામો જય પામો. મહાભયંકર માયાવી કલિદત્તનો લીલામાત્રમાં નાશ કરીને પૃથ્વી ઉપર જય મેળવી સૌને આનંદસુખ દેતા હતા. આનંદસુખ કરનારા સુખધામ અમાપ પ્રતાપવાળા મહાપ્રભુ આપ જયજયકારને પામો. આપ લીલાઓ કરીને બાલચરિત્રો કરીને સૌને બહુ જ આનંદસુખો આપીને લીલા માત્રમાં ભૂમિનો ભાર ઉતારીને અનેક ચરિત્રો કરીને અનેક અસુર ગ્રહોનો નાશ કર્યાં. એવા આપ જય જય પામો. હે પ્રભુ ! આપ ઉપવિત સંસ્કારને પિતા થકી પામીને પછી પોતાના માતાપિતાને સ્વધામનું સુખ આપીને અક્ષરવાસી કરીને દિવ્યદેહ ધારીને પોતાની પાસે સેવામાં રાખનારા પ્રભુ આપે ઘરનો ત્યાગ કરીને વનવાસ કર્યો એવા આપનો જયજય થાય. હે પ્રભુ ! આપ વનમાં ફરી પૃથ્વી ઉપરનાં તીર્થોને પાવન કરીને ભક્તજનો ઉપર કૃપા કરીને ભક્તોને સુખ દેવા નરનાટક રૂપ ધરીને અનેક પવિત્ર ચરિત્રો કરી ધર્મજ્ઞાન વૈરાગ્ય સુખો દીધાં એવાં આપનો જયજય થાય. જનોને ભવસાગરનો પાર પમાડનારા આપ ખારા સમુદ્રને પાર કરીને દૂર વસતા ભક્તોને અનેક પ્રતાપ ઐશ્વર્યોને જણાવનારા સર્વ આશ્રિતજનોને સુખ કરનારા ઘનશ્યામ પ્રભુ આપ જયજયકારને પામો. પૃથ્વી ઉપર જનસમાજને સમાધિ કરાવીને દિવ્યજ્ઞાન આપીને ધર્મનિયમ પળાવીને પોતાના દિવ્યધામને પમાડો છો. જગતના જીવોના ઈષ્ટદેવ એવા સમાધિમાં સૌ સૌના ઈષ્ટદેવનાં દર્શન કરાવીને સર્વોપરી જ્ઞાન કરનારા આપ શોભનારા. રામરૂપે અને કૃષ્ણરૂપે આપ

અવતારોને ધારીને જનોનું પાલન કરનારા આપે બધાં જ સ્વરૂપોને પોતાના માંલિન કરીને પોતાના સ્વરૂપના અમાપ પ્રતાપ બતાવનારા આપના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન દેરના આપ સર્વોપરી છો. તે આપના મહિમાને કોણ વર્ણવી શકે છે જે ભવબ્રહ્માદિક શેષ હજાર મુખે ગાય છે તોય પાર નથી પામતા. આપનો મહિમા તે અમાપ છે. તેને કોઈ પાર નથી પામી શકતાં એવા આપનો જય જય થાય. જગદીશ પ્રભુ મુનિઓના સ્વામી સર્વના જાણનારા સર્વ જગતના ઇશ આપ જ છો. વિરાટ સર્વત્ર વ્યાપક સ્વરાજ પોતાની ઇચ્છા પ્રમાણે જણાવનારા એવા વિશેષ સ્વરૂપે સર્વ જગતના મૂળ એવા સર્વ સ્વામી છો. અશેષ એવા આપનું હે ઘનશ્યામ ચરણકમળનું સેવન કર્યા કરે છે.

આપના ચતુરવ્યુહ આદિક જુદાંજુદાં સ્વરૂપોનો વિચાર કરી તે તે સ્વરૂપોને સેવે છે. આપનાં ચરણકમળમાં પ્રીત કરીને પૃથ્વી ઉપર જીવોનાં સુખ કરવા અવતારોને ધરનારા પૃથ્વીના ભારને હળવો કરવા અત્યારે આપ અવતારના અવતારી પ્રભુ પધાર્યા છો તે આપના સ્વરૂપનો મહિમા સમજીને ભજન કરનારનાં ભયને હરનારા પ્રભુ કરુણાદષ્ટિ કરીને કૃપા કરીને કરુણાથી જ્ઞાનનો વર્ષાદ કરીને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરાવીને સર્વ ભક્તજનો ઉપર દયા કરનારા આપ જ છો. પતિત જનનો ઉદ્ધાર કરનારા પ્રીત કરીને અહીં અનેક યજ્ઞો કરનારા તેનાથી અગણિત જનોને જીતનારા ભક્તજનોના ઘેર જઈને તેમને પાવન કરનારા પાપીજનોનો ઉદ્ધાર કરનારા એવા આપ. અમાપ સામર્થ્યવાળા હે ઘનશ્યામ પ્રભુ ! આપનું સામર્થ્ય અમાપ છે. તેને સામાન્ય બુદ્ધિવાળો જીવ ક્યાંથી ઓળખી શકે ? પાપીજન આપનો આશ્રય કરીને નિષ્પાપ થાય છે એવા હે પ્રભુ ! આપનો પ્રૌઢ પ્રતાપ બતાવીને અનેક મુક્ત મુનિજનોને સાથે લઈને આવ્યા છો. જગતની બધી જ આશા તૃષ્ણાનો નાશ કરીને આના સ્વરૂપનો જ આશ્રય કરીને આપને શરણમાં આવ્યો છું. આપને આશ્રિત રહ્યો છું. સદાય સુખ કરનારા હે ઘનશ્યામ ! મને આપનો દાસ જાણીને મારા મનની કામનાઓને પુરી કરો. હે મહાપ્રભુ ! હું આપની પાસે વારંવાર પ્રીતસહિત વર માંગું છું તેને તો આપ જાણો જ છો. તેમને દેવા કૃપા કરો. હે પ્રભુ ! આપ મને સદાય આપના શરણમાં રાખો. હે સુખકંદ પ્રભુ ! મારાં બધાં જ ભવફંદનો નાશ કરીને સદા સુખ કરો. હે મહાપ્રભુ ! હું તો અભક્ષ્ય માંસાદિક ખાનારો છું. દારૂ પાન કરનારો દોષવાળો છું પણ હે પ્રભુ આપ જેમ કહો તેમ કરવા હું તૈયાર જ છું તો આજ્ઞા કરો. હે પ્રભુ ! અધમ ઉદ્ધારણ પતિતપાવન આપનું નામ બહુ મોટું છે. બધાં જ સત્શાસ્ત્રો અને સંતો આ રીતે ગાન કર્યા જ કરે છે. હે પ્રભુ ! હવે આપ આપના બિરૂદને સિદ્ધ કરો. ઉદારમૂર્તિ કૃપાસાગર આ માટે જ આપને અમે અમારે ત્યાં તેડાવ્યા છે. માટે દયા કરો હે નાથ ! વર દેવા કૃપા કરો. પુનિત મૂર્તિ મારા અંતશત્રુઓથી અને મારા શત્રુઓના તથા દુશ્મનોનો ભેદ કરીને હે પ્રભુ ! તમે જ મારા કાર્યને કરવા કૃપા કરો. ઉદ્ધાર કરવા કૃપા કરો.

આવી રીતે તે રાજકોટના અંગ્રેજ ગવર્નર રાજે મહારાજની સ્તુતિ કરી તેને સાંભળીને શ્રીહરિ મહારાજ રાજી થયા. પુરુષોત્તમ પ્રભુની સાથે બહુ પ્રીત કરીને માંગણી કરી. ત્યારે પ્રભુ કહે. હે ધરાના પતિ ! તમે બીજું કાઈ ન માગ્યું ને આખા જગતમાં જીવો પોતાની માટે જ માગે છે. તમે તો તમારા શાત્રુને માટે માગ્યું છે તે જાણ્યું. માટે તમે તો પરોપકારી રાજા છો અને તમારી બુદ્ધિ પણ બહુ જ યોગ્ય રીતની છે. આવી રીતે કષ્ટને હરનારા મહારાજ તે રાજાની પ્રશંસા કરીને તેને જે રીતે માંગ્યું તે દીધું. પ્રભુ કહે, તમારે ગાયોની હિંસા નહિ કરવાની અને બ્રાહ્મણોને સુળિ ઉપર નહિ ચડાવવાના આટલાં અમારાં વચનને માનશો તો જરૂર

જ કલ્યાણ થશે ત્યારે તે રાજા કહે, હે મહારાજ ! સાંભળો. બ્રાહ્મણ કોઈના જીવનો ઘાત કરે ત્યારે જ અમે તેને સુખી આપીશું.

રાજના રાજ સર્વના શિરતાજ હે પ્રભુ ! પરમધર્મના પાલન કરનારા પાપને હરનારા ગરીબોના પાલનપોષણ કરનારા અવતારના અવતારી આપ મળ્યા. સર્વજનના અંતરને જાણનારા અમને તારવા માટે અહીં પધાર્યા. મનુષ્યસ્વરૂપને ધરીને વિચરનારા હે નાથ ! આપને નમન કરું છું. અખિલ જગતના સ્વામી આનંદ દેનારા હે મહારાજ આપની આજ્ઞા પ્રમાણે રહીને વિપ્રોને મોજ દેશું. આપ તો કરોડો કલિકર્મનો નાશ કરનારા દેવના દેવ દિલમાં દયા ધારીને વિચરનારા પરના પર તેને પાર કરનારા હે પ્રભુ આપ તો સર્વના ઉપરી છો. પછી મહારાજ તે અંગ્રેજ રાજા ઉપર રાજી થઈને તેને સુંદર **શિક્ષાપત્રી ભેટમાં આપી મનને હરનારા પ્રભુએ બહુ જ મોજ આપી. સુખ કરનારી એ શિક્ષાપત્રીમાં વર્ણાશ્રમના બધા જ ધર્મો જુદાજુદા વિસ્તાર કરીને લખ્યા છે. તે વાંચીને રાજા બહુ જ રાજી થયો. શ્રીહરિનાથની રસિલિ શિક્ષાપત્રીને પોતાના માથાં ઉપર ચડાવીને બહુ જ સુખ પાંમ્યા. બધી જ સુંદર વાતોને પ્રાપ્ત કરીને સુખ પામ્યા. સ્નેહસહિત પોતાની પાસે રાખી.** હે રાજન ! પછી ધર્મનંદન મહાપ્રભુએ ત્યાંથી વિદાય લીધી. સર્વ જગને સુખ કરતા પ્રભુ જેવી રીતે આવ્યા હતા તે જ રીતે ત્યાંથી જતા હતા. પાપોને બાળતા મહાપ્રભુ **ગઢપુર** ધામે પધાર્યા. ઘનશ્યામ પ્રભુ કમળનયન સભા ભરીને વચમાં બેઠા. પ્રીતથી પુરુષોત્તમ પ્રભુ સર્વ પાર વિરાજ્યા ત્યારે સૌ જનો મહારાજ પાસે આવીને બેઠા. ત્યારે પ્રભુ સાક્ષાત્ પોતે વાતો કરતા હતા. બહુ જ ભાવપ્રેમથી કહેતા હતા.

રાજા દાદાખાચરની મતિ બહુ જ નમ્ર છે. મારા ચરણકમળમાં બહુ જ ભાવપ્રેમ રાખે છે. આખું જગત જેને ચાહે છે. ભગતના જેવા જ સાત્ત્વિક સ્વભાવવાળા સુંદર ચરિત્રવાળા સ્વચ્છ બહુ જ નમતા શુદ્ધ બુદ્ધિ મહાન બુદ્ધિવાળા એમના જેવા બીજો કોઈ ન થાય. એમને જોઈને બહુ જ આનંદને પામ્યા એવો સ્વભાવ બધા સંતોનો છે. કોઈ જનની પદાર્થની મનમાં સાપેક્ષ નથી રાખતા. તે જ જગતમાં સાચા સંત તે તમો છો. તે જ તમે મોક્ષના સુખને પામો તે પ્રવિણ મોક્ષને પામ્યા. હે રાજન ! શ્રીહરિના મુખની વાતો સાંભળીને સૌ બહુ જ આનંદ પામ્યાં. તે રાજાને ધન્ય ધન્ય ધન્ય છે. આવી રીતે રાજાની પ્રશંસાને કરતા હતા. આવી રીતે રાતદિવસ અધિકાધિક આનંદસુખને યોગ્ય રીતે કહેતા હતા. પુરુષોત્તમ પ્રભુ પ્રીત કરીને ભક્તજનોને રોજેરોજ સુખ દેતા હતા. પછી મહારાજ સહજાનંદ સ્વામી પોતે બ્રહ્માનંદ સ્વામીને **જુનાગઢ** મંદિરનું કામ કરવા મોકલતા હતા. ઘનશ્યામ પ્રભુને મળીને સૌ સંતો **બ્રહ્માનંદ** સ્વામી મંડળ સાથે **જુનાગઢના** મંદિરનું કામ કરવા માટે ગયા. ઘનશ્યામ પ્રભુને મનમાં આજ્ઞાને પામીને પછી મહારાજેવાત કરી. હું કહું છું તેને તમે સાંભળો. મહારાજ સૌને માંદા પડવાના છે તે જણાવતા હતા. અતિ આનંદ જણાવીને નરનાટક દેહ ધરેલ છે તે નવું કામ કરવાનું છે. તે મનુષ્ય સ્વરૂપને ધરેલા મહારાજ મનથી સૌને જ્ઞાન કરવા વિશેષ જ્ઞાન બતાવવા મન કરીને મૂઢમતિને સમજાવતા હતા. હે રાજન ! શ્રીહરિ મહારાજે સૌ સંતો વર્ણિઓ હરિભક્તો સૌને તેડાવીને પોતાની પાસે બેસાર્યા. વિજ્ઞાનમૂર્તિ જ્ઞાનની વાતો કરતા હતા એવા આદિ ઈશ્વરોના સ્વામી અવિનાશી મહારાજના મંદવાડના સમાચાર જાણીને દેશોદેશના હરિજનો તો દર્શન કરવા આવ્યાં. મહારાજને માંદા જોઈને વિરહાતુર થઈને બહુ જ દુખ પામતાં હતાં.

શ્રીહરિ **ગઢપુરથી રાજકોટ** શહેરમાં ગયા. ત્યાં ગવર્નર અંગ્રેજ સાહેબને સ્વામિનારાયણ ભગવાન

મળ્યા. ગવર્નરે હાથ જોડીને સ્તુતિ કરી. તેને સુખ કરવા માટે પૂજા કરીને ભેટ કરીને બહુ જ આનંદને પામ્યા. તે ગવર્નરને માંગેલાં વરદાન દઈને મહારાજ ત્યાંથી ચાલીને પાછા ગઢપુર પધાર્યા આ રીતે અડતાલીસમું અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય શ્રી વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીએ રચેલા છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિની ગવર્નરે સ્તુતિ કરી પછી મહારાજ ગઢપુર પાછા પધાર્યા તે આગમન લીલા વર્ણનનામે અડતાલીસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૮॥**

# તરંગ-૪૯

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુએ સંતો હરિભક્તોને સુંદર રીતે ઉપદેશ કર્યો સુખના દાતા ધર્મનંદન પ્રભુનું જે દેવો બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર આદિ સતત નામ જપે છે. ધ્યાનભક્તિ કર્યા જ કરે છે. એવા તે પ્રભુનાં મનોહર લીલાચરિત્રો જનનાં જન્મમરણનાં દુઃખો સંતાપોનો નાશ કરે છે. એવા મહાપ્રભુના સ્વરૂપનું જીવાત્મા મન ઇંદ્રિયોને વશમાં કરીને ગોવિંદ પ્રભુના ગુણોનું ગાન ભજન કર્યા કરે છે. એવા મહાપ્રભુનાં અમૃત કરતાં અધિક અમૃતવચનો તે આપને જાણમાં હોય એવાં કમલનયન પ્રભુનાં નવીન જે ચરિત્રો હોય તે ગુણચરિત્રો મને કહેવા કૃપા કરો. જેવી રીતે શ્રી ઘનશ્યામ મહાપ્રભુએ સુંદર રીતે સંતો પ્રત્યે જ્ઞાનઉપદેશ કર્યો તે સુંદર વાર્તા ચરિત્ર તે બહુ જ સારું લાગે છે અને આળસને તોડીને મનને દૃઢતા કરનારાં છે તે કહો.

અવધપ્રસાદપ્રસાદજી કહે છે, હે રાજન ! શ્રીહરિનાં મંદવાડ સ્થિતિના સમાચાર જાણીને ભક્તજનો દેશોદેશથી જેમ જેમ જાણ્યા તેમ તેમ ભક્તો આવતા હતા. દેશોદેશના પ્રેમીભક્તો આવતા હતા. પ્રિતમપ્રાણ પ્રભુનાં દર્શન કરવા આવતા હતા. બાળકો યુવાનો યુવતીઓ વૃદ્ધજનો સૌ દર્શન કરવા માટે દર્શનની આશાએ અનેક જનો આવતાં હતાં અને દર્શન કરીને સુખ પામતાં હતાં. સૌ જનો આવ્યાં તથા સંતજનો મુનિજનો સૌ આવ્યા અને મનમોહન પ્રભુનાં દર્શન કરીને મનમાં સુખ પામતાં હતાં. દર્શન કરીને ચરણસ્પર્શ કરીને ભક્તજનો રાજી થયા. મહાપ્રભુ વિના બધુંય જગત જુઠ્ઠું જ લાગતું હતું. મહાપ્રભુએ દર્શન દઈને ભક્તજનોને રાજી કર્યા. તેઓના તનમનના ભવત્રાસને હરિ લેતા હતા. તે ભક્તો માટે સુંદર રીતે મોટી સભા કરીને તેમાં મહારાજ વિરાજમાન થયા પણ કોઈ વાત મુખેથી ન કહી મૌન જ રહ્યા. સર્વે સંતો હરિભક્તો પ્રેમીપદાતિઓની સાથે બ્રહ્મચારીઓ સૌ સભાજનોની વચમાં જગતના સ્વામી શ્રીહરિ વિરાજમાન થયા. સૌને દર્શન દેતા હતા. મહારાજ બહુનામી હરિ ઉંચા આસન ઉપર બેઠા. ત્યારે ભક્તજનો સૌ જેમ ચંદ્રને ચકોર નિરખે તેમ એક દૃષ્ટિથી મહારાજને નિરખતાં હતાં. સૌ હરિભક્તોનાં અને સંતજનોનાં મન અતિહરખને પામતાં હતાં. ત્યારે મહારાજ સૌ જનો પ્રત્યે અમૃતમય કહેતા હતા. સુખદાતા જગવંદ્ય પ્રભુજનોને રાજી કરતા હતા. શ્રીહરિ કહે છે, હે મારા ભક્તજનો ! સુંદર રીતે તમે સાંભળો. પરમસિદ્ધાંતના પ્રમાણરૂપ સત્યવચનો કહું છું. અત્યારે જ કૃપા કરીને જ્ઞાનવિજ્ઞાનની સુંદર વાતો કહું છું તેને તમો ધ્યાનથી સાંભળો.

શ્રીહરિ કહે છે આ કળિકાળમાં જનનાં કલ્યાણ કરવા માટે ભક્તજનોના મનોરથ પૂરા કરવા માટે

નરનારાયણદેવ ઋષિરૂપ પોતે અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પોતે પધાર્યા. સૌ દેવો મુક્તો અમારાં ચરણકમળની સેવા કર્યા જ કરે છે. અનંત મુક્તોની સાથે અક્ષરસ્વરૂપે સુંદર રીતે મારા ચરણકમળની સેવાને કર્યા કરે છે. સુંદર રૂપે રહે છે. મહાકાળ પુરુષ તથા મહાશક્તિ મહામાયા તે મારા સ્વરૂપનું ધ્યાન ધર્યા કરે છે. મનને રાજી કરે છે. અનંત અણિમાદિક કોટિ સિદ્ધિઓ તથા રાધા રમા આદિક જોડીઓ તે અગણિત કોટિ મારા ચરણકમળમાં આળોટે છે. સતત ચરણને સેવા કર્યા જ કરે છે. અતિસુખ આપે છે. અમે ધામના ધામિ રાજાધિરાજ પોતે જ છીએ. જેમનું અક્ષરધામના નામથી શોભે છે. તે ધામમાં અમે સતત કિશોર અવસ્થાએ નિવાસ કરીને સર્વના ક્લેશને રમણિય રૂપથી હરિએ છીએ. ભગવાનને સર્વ ગુણો યુક્ત જાણવા તે રીતથી નિગમો આગમો બાવન શાસ્ત્રો પુરાણો ગાય છે. ગાનને ફેલાવે છે. ચતુવૃંદ સ્વરૂપો તે અમારાં જ છે. અમારા સંચરણનો મહિમા ગાય છે ને સેવે છે. શંખચક્ર ગદા પદ્મ આયુધો તે અમારા ચરણનું ચિંતવન કરીને ચાર મૂર્તિ ધરીને ચારે ચરણનું સેવન કરે છે. અમારું અનંત કોટિ ઐશ્વર્ય અમાપ છે. અમે પણ અમરા ઐશ્વર્યના માપ પ્રમાણને નથી જાણતા તો બીજા ક્યાંથી જાણે.

અમારા અનંત અવતારો છે. તેનો ક્યારેય અંત ન આવે તે બધાય મારું ધ્યાન ધર્યા કરે છે. ગુણને ગાયા કરે છે. આવું મારી ઈચ્છાથી જ તે બધું થાય છે. તે જ રીતે અમે બદ્રીવનમાં દુર્વાસાના શ્રાપને સ્વીકાર્યો. રાજી થઈને ગુણકાર્યો અને વચન દીધાં. કળિયુગમાં એકાંતિક ધર્મ સ્થાપવા ધર્મને ધારણ કરવા અગણિત જીવોને તારવા અધમનો ઉદ્ધાર કરવા ભક્તજનોના ત્રાસને દૂર કરવા છપૈયાપુરમાં અમે પ્રગટ થયા અને અતિ આનંદ ઉલ્લાસનું કામ થયું. અમારો ધર્મભક્તિના ઘેર જન્મ થયો. અતિ આનંદઉત્સવ થયો. પવિત્ર માતાપિતા ધર્મદેવ ભક્તિમાતા છે. અમારો મહિમા અપાર છે. જે પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે માતાપિતાને દિવ્યસ્વરૂપે દર્શન દીધાં. કોટરા આદિક બાલઘાતિની અનેકનો અમે નાશ કર્યો. આવી રીતે અમે અનંત લીલાઓ કરી. બાલચરિત્રો કરીને અનંત નરનારિજનોનો ઉદ્ધાર કરી દીધો. મહાભયંકર અસુર કાળિદત્ત મહાશત્રુ હતો અમે તેને તત્કાળ જ દૃષ્ટિ કરીને માર્યો હતો તથા ભુતિયા કૂવામાં અનંત ભૂતો રહેતાં હતાં. તે કરોડો ભૂતોનો ઉદ્ધાર કર્યો. ગૌઘાટ તથા ધર્મસર આદિ તથા દેવસરોવર આદિ સ્થળોએ અનેક લીલાઓ કરી તે અમે અનંત ચરિત્રો કરીને સુખ કર્યાં. ત્યાં જોવા માટે અનેક દેવો અને મુનિજનો આવતા હતા. પછી અમે અવધપુરમાં ગયાં ત્યાં પણ અનંત લીલાઓ કરી. તેને તમે ભક્તજનો સંતો સાંભળો. અમે ઉપવિત સંસ્કારને પ્રાપ્ત કર્યાં તથા પિતા પાસેથી વેદવેદાન્ત શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. ભૌતિક રીતે માતાપિતાને માયિક દેહથી મુક્ત કર્યો. માતાપિતાને મુક્તિ આપીને દિવ્યધામમાં મોકલ્યાં અને અમે આવી રીતે કરોડો કામો કર્યાં. માતાપિતાને મુક્તિ કરીને અમે ઘરનો ત્યાગ કર્યો. ઘોરવનમાં વિચરણ કર્યું. પુલહાશ્રમમાં જઈને તપ કર્યું.

આવી રીતે ભરતખંડમાં અનેક તીર્થોમાં અમે ફર્યા અને તેને પવિત્ર કર્યાં. અમે દૃષ્ટિથી ચલઅચલ અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. નજર કરીને ઉદ્ધાર કર્યાં. તીર્થોને પાવન કર્યાં. અમે ફરીને ચરણ અંકિત કરીને તીર્થોને તીર્થરૂપ કર્યો. અનંતનાં પાપોના સમુહનો નાશ કર્યો. યોગ્ય રીતે ફરીને બધાંય તીર્થોને તે પવિત્ર કર્યાં. ભરતખંડની ભૂમિ ઉપર શોભાયમાન કાર્ય કર્યાં. અમને અપરંપાર ત્યાગીઓ મળ્યા. તે બધાંને શાસ્ત્રવિધિથી જીતી લીધાં. પૃથ્વી ઉપર ધર્મને ધારી ફરતાં ફરતાં અમે **લોજપુર** આવ્યા. લોજપુરમાં ચિત્તને આનંદ થાય તેવું વાતાવરણ જોયું. નિર્માનિ મુનિનો મેળાપ થયો. **ઉદ્ધવના** રૂપ એવા **રામાનંદ સ્વામી** મળ્યા એમણે અમને

શિષ્ય કરીને ગાદી આપીને મુખ્યા કરીને પોતે સ્વામી **બદ્રિકાશ્રમમાં** ગયા. અમને સત્સંગની જવાબદારી સોંપીને ચાલ્યા ગયા. પછી અમે અમારો પુરુષોત્તમનો પ્રતાપ બતાવ્યો. ધ્યાન ધારણાની રીતે ચલાવીને સમાધિ પ્રકરણ ચલાવ્યું. અમારી સામે જુવે ને સમાધિ થાય એમ પ્રતાપ જણાવ્યો. અમને જુવે ને સમાધિ થાય અને એમને નિશ્ચય થઈ જાય. અમારી સામે આવે ને તરત જ સમાધિ થઈ જાય. પછી બધાંનાં શરીરોને ઉપરાઉપરી ખડકે. સાધના કર્યા. સિવાય જાતકુજાતને જોયા વગર જ બધાંને સમાધિ થાય અને ધામનાં દર્શન થાય. ગોલોક ધામ બદ્રિવનધામ આદિ સાર રૂપે જુવે. કોઈને શ્વેતદ્વિપનાં દર્શન થાય. કોઈને વૈકુંઠધામનાં દશન થાય. ભાવિક ભક્તો ધામને જુવે. અનંત અક્ષરધામની શોભા તે અપરંપાર જુવે. પ્રતાપ યુક્ત જોઈને અમારા સ્વરૂપના પ્રતાપને જુવે. ભુમાપુરુષના ધામને જુવે તથા સ્વર્ગઆદિક કાળધામને પણ જુવે તથા શિવના પરમધામ કૈલાસને જુવે. શક્તિધામ અનેક ધામને જુવે. નાદને સાંભળે. આ રીતે પ્રતાપને જુવે. જેમને જેવી ઈચ્છા હોય તેવાં ધામને તત્કાળ જ બતાવતા. આ રીતે બહુ જ પ્રતાપ જનોને બતાવ્યો. અને અગણિત અધમજનોનો ઉદ્ધાર કર્યો. જાણે કે પુરુષોત્તમપણું અમે પ્રગટ કરીને કળિયુગમાંય ભક્તજનોના ઉદ્ધાર કરવા સુખ આપ્યું છે.

બહુ જ મોટા મોટા ઉત્સવ સામૈયાઓ કર્યા. યજ્ઞો કરીને દેવોને ભુદેવો દ્વારા તૃપ્ત કરાવ્યા. બ્રાહ્મણોને બહુ જ દાનો ઉદારતાથી દીધાં. ભૂમિ ઉપર બહુ જ ચમત્કારો બતાવ્યા. યજ્ઞો કરીને કરોડો જીવોનાં સમુહો તાર્યા. મહિમા સહિત અમારો આશ્રય કર્યો. તેમનો ઉદ્ધાર કર્યો. દુષ્ટોનો નાશ કર્યો. જનોના ઉદ્ધાર માટે મોટાં મોટાં મંદિરો કરાવ્યાં. નરનારિજનોના ભવને તારવા માટે. પ્રગટ સ્વરૂપ મૂર્તિ દ્વારા અમે આજે પ્રતાપને જણાવીને કામ કરીએ છીએ. અનેક મતપંથીઓને જીતી લીધા અને એમના બંધનમાંથી મુમુક્ષુજીવોને છોડાવ્યા. અનંતનો ઉદ્ધાર કર્યો. ચારે વર્ણ અને ચારે આશ્રમના જીવોને તારવા માટેનો આજ અવસર છે. તે બહુ જ પ્રતાપવાળો છે. જાણે અજાણે જો જન અમારા નામનો જપ કરે તો તે પ્રાણીને અમે પ્રગટ ધામને પમાડીએ છીએ. અનંત પરચાઓ દીધા એને પાર જ ન પામે. અમે અક્ષરધામનો સળંગ તાર બાંધ્યો છે તે બહુ જ ધર્મની સરળ સડક બાંધી છે. તે મર્યાદા પ્રમાણે નિયમ નિશ્ચયથી ધામને પામે છે. પ્રગટ રૂપ પહોંચે છે. નરનારિ બાળક વદ્ધ તરુણ સૌ તત્કાળ જ ચાલે છે. પડતા જ નથી. જડચેતન જગના જીવો જે અમારા સત્સંગના ઉપયોગમાં સેવામાં આવ્યાં તે બધાનાં કલ્યાણ કર્યાં છે. તે સૌના બધાં જ કર્મોનો નાશ કરીને ભ્રમને ભેદી નાંખી અમારા ધામમાં ગતિ કરાવી આવી મોક્ષની રીત તો કોઈ વાર ચલાવેલી જ નથી એવી કળિકાળમાં ચલાવી છે. અમે પ્રગટ રીત પ્રવર્તાવી છે. જ્યારે નરનારિજનો શરીરનો ત્યાગ કરી દેહ છોડે સૌને અમે જાતે જ તેડવા જતા. આવો પ્રતાપ જણાવ્યો.

મેં મારા ભાઈના પુત્રોને મોટા સ્થાન ઉપર ગાદી ઉપર સત્સગનાં મૂર્ધન્ય સ્થાને સત્સંગની જવાબદારીઓ સોંપી છે. આ રીતે અવતારીપણે અમે બધાં જ મહાન કાર્યો કર્યા છે. અને અનેક મોટાં મોટાં ઉતસવો કરીને અનંત નરનારિજનોના ભવને તારવા માટેનાં કામો અગણિત કર્યાં છે. સંતોના બે વિભાગો કરીને દેશના આચાર્યને સત્સંગ માટે સંતો સોપ્યા છે. અને મતપંથ ઉપર મેખ મારીને નાશ કરી નાંખ્યો છે અને જીવોના ભવ તારવા માટે અનેક સંતો ભેખો તૈયાર કર્યા છે. તે નિર્માનિ નીસ્વાદિ (સ્વાદ વગરના) નિસ્નેહ, નિષ્કામિ, નિર્લોભી નિસ્પ્રેહી અષ્ટાંગ યોગવાળા અનેક સંતો સત્સંગમાં વિચરણ કરે છે. સત્શાસ્ત્રનો સાર શોધીને અનેક

ગ્રંથો જગને તારવા માટેનાં તૈયાર કરાવ્યાં છે. આવાં અનેક કામો અમે બહુ જ કરાવ્યાં છે. તેને શેષ આદિક દેવો ગાયા જ કરે છે તોય તેના અંતને નથી પહોંચતા એવા અપાર છે.

હે રાજન ! હવે અમે અમારા પોતાના ધામમાં જવાનો નિર્ણય કર્યો છે એમ જાણો. અમારી પાછળ કોઈ શોક ન કરશો. આ અમારી આજ્ઞા છે. તેને દૃઢ માનજો. અમારા આગળ જે અવતારો થયા છે તે કરવાનાં કામો કરીને પોતાના યોગ્ય ધામમાં ગયા છે. એમણે કોઈએ પોતાનાં ભૌતિક શરીરને નથી જ રાખ્યાં. સર્વત્ર છે જે કાંટો વાગ્યો હોય તો તે કાંટાને કાઢવા કાંટે કરીને કાઢે ને બંને કાંટા ફેંકી દે તેમ લોકો કાંટાનો ત્યાગ કરે તેમ અમે પણ કાંટારૂપ શરીરનો ત્યાગ કરીશું. પૃથ્વીના પાપરૂપ ભારને દૂર કરવા અમે અવતાર ધરીને આવીએ છીએ. ભવ દુઃખને હરનારા પ્રભુ શરીરરૂપી દુષ્ટોનો નાશ કરે છે. આ ચરિત્રને ભક્તજનો ભજે છે તે ભવત્રાસથી ઉગરે છે. અમે આ પૃથ્વી ઉપર અનેક સુધારાનાં કાર્યો કર્યાં પૃથ્વી ઉપર ફરીને વારંવાર ફરીને લોકોને ઉપદેશજ્ઞાન આપ્યું. ગામો ગામમાં ફર્યા. ઉત્સવો કર્યા. મોટા મોટા સામૈયા કર્યા. તેને ભક્તો ગાન કર્યા કરે છે. હવે તો અમે અમારા ધામમાં જઈશું. આ વાત કહું છું તે બધીય સાચી જ કહું છું. આમાં લગારે જુઠ નથી. આ રીતે મારા ભક્તો માનજો. અત્યારે આ પૃથ્વી ઉપર કલ્યાણનો માર્ગ જોર શોરથી ચાલે છે તે અમારો ચલાવેલ છે. અમારે ગયા પછી અમારી પાછળ કોઈ નરનારિજન દેહત્યાગ કરવાનો મનમાં વિચાર ન કરતા સંકલ્પ ન જ કરતાં અમારી આજ્ઞા ભંગ કરનાર અમારા દ્વેષી થશે. એમ જરૂર જાણજો. તે સુખ નહીં જ પામો. અમારા વચનનો ભંગ કરીને દેહનો ત્યાગ કરશે તો તે સ્વપ્નાંમાંય અમારા ધામમાં તો કે અમારા દર્શનને નહિ જ પામે. મંદ જડ જમપુરીમાં જશે. તેમા યમનો મહામાર ખાતો જ રહેશે. ધર્મમાં અતિ પરિપક્વ ભક્તજનો આ વાતને પ્રીતથી જાણજો. અમે તમારી જેવી મરજી હશે તેમજ તમારી પાસે જ રહીશું. માટે અમારાં વચનનો કોઈ લોપ કરો નહીં. આજ્ઞા માનીને આ રીતે દૃઢતાથી રહેજો તો સુખી થશો.

આમ કહીને મહાપ્રભુ વિરામ પામ્યા. ધર્માત્મા સર્વના પ્રાણ મહાપ્રભુ સુંદરવર ધર્મના ધામ બહુનામી પ્રભુએ મુખેથી કહેલાં વચનો તે સાંભળીને સૌ સજ્જનો બહુ જ શોકમાં ઉતરી ગયાં. જેમ કમળના વનમાં જેમ હિમ પડે અને કમળવન સુકાય તેમ સૌ સુકાતાં હતાં. ગળાં રૂંધાતાં હતાં ને મુખે શબ્દ પણ આવતો ન હતો. અતિ શોકમય બની ગયાં. રોમાંચ ગાત્ર થઈ ગયાં. શ્વાસથી મૂંગા થયાં. ઘણાંય પ્રમાણમા મૂર્ચ્છા પામ્યા. બેહોશ થઈને પૃથ્વી ઉપર પડી ગયાં. તેથી જાણે શરીરનો ત્યાગ કરીને પ્રાણનાથ જાય છે સંતોએ શ્રીહરિના મુખેથી આવી રીતની વાતો કોઈ દિવસ સાંભળી જ ન હતી. તે વાતો અચાનક જ સાંભળવા મળી. તે સાંભળીને સૌના અંતરમાં બહુ જ કષ્ટ પામતાં હતાં.

શ્રીહરિ પોતે કરેલી લીલાનું મુખેથી વર્ણન કરીને કહ્યું તેને સૌ સંતજનોએ સાંભળ્યું ત્યારે ચતુર ભક્તોનાં ચિત્ત ચલાયમાન થયાં. સંતો પણ પ્રભુની વાત સાંભળીને બહુ જ કષ્ટ પામીને મૂર્ચ્છા પામી ગયાં. આમ ઓગણપચાસમો અભિધાનરૂપે હરિલીલાસિંધુની લહરીરૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અવધગુરુ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિ પોતાની કરેલી લીલાનું સંક્ષેપ વર્ણન ધામમાં જવાની ઈચ્છા મનનો ભાવ જણાવ્યો ને ભક્તજનોનો પરિતાપ વર્ણનું નામે ઓગણપચાસમો તરંગ પૂર્ણ થયો. ॥૪૯॥**

# તરંગ-૫૦

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રી ઘનશ્યામ પ્રભુના કહેલા વચનો સાંભળીને સૌ સંતોને મૂર્ચ્છા આવી ગઈ હતી. તે કેવી રીતના ઉપાયે કરીને તે સૌ સંતો હરિભક્તોને મૂર્ચ્છામાંથી અનુકૂળતા થઈ. ત્યારે મહાપ્રભુ પોતાના આશ્રિત ભક્તજનોના ભવત્રાસને હરનારાએ કેવી રીતે સૌના કષ્ટનું નિવારણ કર્યું તે બધુંય વિગત કરીને સુંદર રીતે વાત કહેવા કૃપા કરો.

અવધપ્રસાદ મહારાજ કહે છે, હે રાજન ! તમે સાંભળો. જે ઘનશ્યામ પ્રભુએ કરુણરસને ઉત્પન્ન કરનારાં એવાં અશરણ એવા જનોના શરણદાતા અકાંમ પ્રભુએ પોતે ધામમાં જવાની વાત કરી ત્યારે તે વાતને સાંભળીને સૌ જનો હૃદયમાં ધિરજ ન ધરી શક્યાં. મહારાજ આવું દુઃખદાયક ચરિત્ર કરે છે તે આનંદના સાગર સુખદાતા શ્રી ઘનશ્યામ પ્રભુ શું નથી રહેવાના ? આવી રીતની બધી જ વાતનું વર્ણન કરીને તમને સંભળાવું છું. આવી રીતનાં અવિનાશી પ્રભુનાં દુઃખ કરનારાં જે ચરિત્રો તે સાંભળો. જ્યારે મુનિવૃંદ સર્વે મૂર્છામાંથી જાગ્રત થયાં તથા ભક્તજનો સૌ સાવધાન થયાં ત્યારે વિલાપ કરતાં હતાં. અરે અરે આપે આવાં કઠણ વચનો કેમ કહ્યાં ? હે શરણાગત પ્રતિ થાળ મહાપ્રભુ આપે આવું કેમ કહ્યું. ખૂબ જ મહેનત કરીને સુંદર બાગ તૈયાર કરાવ્યો હોય ને તેના સારરૂપે ફળ ફૂલો સુંદર આવ્યાં હોય ને તેનો જેમ નાશ કરે તેમ આ આપનું કહેવું છે. આવી રીતે તો આપ શું ચાહો છો. હે અવિનાશી પ્રભુ સુંદર શ્યામ ધામના સુખકારી પ્રભુ સુંદર વેલિ લતાઓનું અતિ સુંદર વન બનાવ્યું. સારી રીતે પાલનપોષણ કરતા હોય તો તેમાં આગ લગાડે તેમ આપ કરો છો ધામના ધામી અને સર્વેના સ્વામી પ્રભુ ધામમાં ગતિ કરો છો. સુખના સ્વામી અમૃતપાન કરાવીને જીવોને અનંતને જીવાડ્યા તેને ભયહારિ ભગવાન તેમારો છો તે કેમ કરો છો. આવાં વચનો સાંભળવાથી અમારી છાતિય ફાટતી નથી. અમારા વિધિના લેખો વિધિએ કેવી રીતના લખ્યાના છે. હે મહાપ્રભુ ! તમારાં વિનાનાં અમારે બધા ભોગો તે રોગ જેવા થઈ જશે. અમને કાંઈ રૂચતું જ નથી. આવી સ્થિતિ થઈ છે.

હે પ્રભુ ! હાસ્યવિનોદ કરાવનારું તમારુ મુખ તેને જોયા વગર અમે કેવી રીતે રહીશું. જેમ જળ વગર માંછલું તેમ આપનો વિના અમો કેમ જીવી શકીએ ? દીવા વિનાનું જેવું ઘર કહેવાય તેમ અમે આપના વગરના આંધળા છઈએ તેને બહુ જ કષ્ટ હોય તેવું અમારું થયું છે. ઘણા જનોને દુઃખ કરીને ધામમાં જવા માટે તૈયાર થયા છે તે ભીડને હરનારા તૈયાર થયા છે ત્યારે તમે શું કરવાનું ચાહો છો. સુખકંદ પ્રભુ અઘટિત વાતો કહો છો. તેથી અમારી મતિ મંદ થઈ ગઈ છે. તેથી હે પ્રભુ ! અમે કેવી રીતે તે દિવસને વિતાવીએ. અમારો દિવસ પૂરો તો થાય તેમ જ નથી. એવું કઠિન થયું છે. હે પ્રાણના આધાર પ્રભુ અમારું બધુંય સાંભળો. આપ તો સર્વોપરિ છો તે સાંભળો. ચંદ્ર વગરની રાત્રી ન શોભે તેમ જ સૂર્ય વગર દિવસ પણ સારો ન જ લાગે. તેમ હે શ્રીહરિ મહારાજ તમારા વગર તો નિરર્થક જ રહેવાનું છે. હે મહારાજ સત્ય જ જાણો. તેમજ પાણી વગરની નદી ન જ શોભે તેમ આપના વગર અમે પણ નિરર્થક જ છીએ. હે પ્રભુ ! આપે અહીં રહીને રાતદિવસ ભક્તજનોની મનોકામનાઓ પૂર્ણ કરીને સુખ કર્યાં. હવે પ્રભુ આ શોકથી પીડાતા હરિભક્તો ને સંતોને તે એક ક્ષણમાત્રનો સમય તે તો એક કલ્પ જેવો લાગે તેવું થયું છે. હે સર્વના સ્વામી ભક્તજનોને આનંદ દેનારા જગના અંતરયામિ પ્રભુ સર્વના જીવનનું તમે જાણનારા છો. માટે હે પ્રભુ ! અમારા વિરહાનળ

આગમાં શરીરો બળે છે. તે હે કૃપાસિંધુ આપ તેમાં શાંતિ કરો. કૃપા કરો પ્રભુ.

આમ કહીને સૌ સંતો તરત જ પૃથ્વી ઉપર પડી ગયા. બહુ જ પીડા પામતા હતા. તેનું વર્ણન ન કરી શકાય. પોકારો કરતા રહે છે. નયનોમાંથી આંસુ વહે છે. મેઘ વરસે તેમ પાણી નયનોમાંથી વહે છે. હે નાથ ! અમને બહુ જ દુઃખ થાય છે. અમે તમને કેવી રીતે વર્ણન કરીને કહીએ. હે પ્રભુ ! તમે તો સૌના જીવનપ્રાણ છો. મહાજળ સાગરમાં નાવ સમાન છો. તો અમને ઉદ્ધારો. હે અનંત પ્રભુ ! આપ સૌના આધારરૂપ છો. હે પ્રભુ ! અમે તમારા વિના સંતો કેવી રીતે રહી શકે. જેમ ચંદ્રને ચકોર પક્ષી પોતાનું પંડ અગ્નિમાં બાળીને ચંદ્રને અર્પિત થાય છે તેમ આપ અમારી ઉપર કૃપા કરો. તેજ રીતે અમે બધા આપનાં મુખકમળને નિરખીને જગતમાં સુખી રહીએ છીએ. સુખકારી અમારા શોકને હરનારા સૂરજ જેવા કહેવાય તે જો આપ સત્સંગમાં સુખ કરનારા છો. હે ઘનશ્યામ પ્રભુ ! આપ મેઘસમાન સુખ કરો. પરમ સ્નેહી પ્રભુ પ્રિતમપ્રાણ મહાપ્રભુ તમે સંતરૂપી કમળવનના તમે સૂર્યસમાન પોષણ કરનારા છો. એવા તમે મહાપ્રભુ અહીંથી જવાનું કહો છો. તે વજ્રસમાન કઠોર વચનો અમને લાગે છે. હે પરમપ્રિય ! જગના પ્યારા પ્રાણપ્રભુ આપ અહીં જ રહો ને સૌ જનો ઉપર કૃપા કરો. સૌ શોકાતુર થઈ ગયાં ને તરત જ મૂર્છાવશ થઈ ગયાં. બેભાન થયાં. હે રાજન ! જ્યારે જાણ્યું કે બધાં મરી જ જશે. ત્યારે જીવના આધાર પ્રભુ જગના નાથ અમૃતસમાન મધુર વચનો કહેતા હતા.

હે જનો ! તમે સૌ જાણજો કે અમે સૌ સર્વને સાથે લઈને જ જઈશું. અમે તો હેતથી હાસ્ય જ કરતા હતા. આ અમારા વચનને સાચું જ માનજો. સંતો ત્યારે પ્રભુનાં અમૃતસમાન મધુર વચનો સાંભળીને તરત જ આનંદિત મનવાળા થઈ ગયા. આ રીતે આર્તજનોના દુઃખોને હરનારા મહારાજ કમલનયન કૃપાસાગર અનંતના દુઃખોને હરતા હતા. હે રાજન ! અનંતમૂર્તિ મહારાજ કરુણા કરીને કૃપા કરીને સર્વ પ્રત્યે મહાપ્રભુ તરત જ કહેતા હતા. ભગવાન આ પૃથ્વી ઉપર દેહને ધારે છે ત્યારે જાહેર થાય જ છે. બહુ જ મોટાં મોટાં મહાન કામકાજો કરીને જુદાંજુદાં સુખોને કરે છે. પછી પોતે પ્રભુ પોતાના ધામમાં જાય છે. ભગવાનના જે ભક્તો સારા સમજનારા જ્ઞાનિ તે પણ કહે તે જ રીતે રહે છે ને સહન કરે છે. પ્રભુ ભક્તોને પોતાની નજીક જ રાખે છે. ભક્તજનો પાસે જ રહે છે. દૂર રાખે તોય શુદ્ધ મનથી પાસે જ રહે છે. તેઓ કોઈ જાતનો ક્લેશને ન જ કરે. અંતરમાં લગારેય ઉદ્વેગ નથી કરતા. તે જ પરમપ્રેમી એકાંતિક ભક્ત કહેવાય. અમારા પ્રિય છે. ભગવાનની જેવી મરજી હોય તેમ જ રહે. સાચા ભાવથી રહે. મનમાં લગારે મુંઝાય તે જ જન સાચા સજ્જનતાવાળા ન કહેવાય. મહાન ભક્ત છે. તે બધાયનું અમે સારી રીતે જાણીએ છીએ. આજ્ઞાનું પાલન કરીને પ્રમાણમાં રહે છે. ક્રોધ કરીને પ્રેમ જણાવે તે યોગ્ય ન જ કહેવાય. તે પ્રેમીભક્ત જગતમાં ન જ કહેવાય. પતિવ્રતા ભક્તો જે છે તેમની તો એક જ રીતની પ્રીત રહેલી છે. પતિની મરજી પ્રમાણે રહેવું. પતિ જેમ રાખે તેમ જ રહે તે જ સારી રીત છે. જેટલું સુખ આપે તેટલું જ લે. તે જ સુખને પામે છે. દુઃખ આપે તો દુઃખને સહન કરીને રાજી જ રહે. મનમાં લગારે ન જ મુંઝાય. કાયમ મનમાં આનંદિત જ રહે તે જ સાચો પતિવ્રતા ધર્મ કહેવાય. સાચો ભક્તજન કહેવાય.

પોતાના સુખને માટે મનમાં મુંઝાય તે જન પ્રભુ પાસે બળ કરીને સુખ માંગે. તે તો ખોટો આડંબરી ભક્ત કહેવાય. દેખાવનો પતિવ્રતા ધર્મ છે. પ્રેમ કરીને હઠાગ્રહથી ઘનશ્યામ પ્રભુ રોકે તો તેનાથી પ્રભુ રાજી નથી

થતા. પુર્ણકામ પ્રભુ કુરાજી થાય છે. આવી રીતની વાતને જાણીને મારા ભક્તજનો સંતો સૌ તમે મનમાં રાજી થતા રહો. આવી રીતે બુદ્ધિમાં વિચાર કરતા રહો. અમે કાંઈ સત્સંગનો ત્યાગ કરીને તો નથી જ જતા પણ અદશ્યરૂપે (પરોક્ષ) અમે તમારી સાથે જ છીએ. બધી મર્યાદાઓ લોપિને અમે નથી જ જવાના. અમે સત્સંગમાં જ સતત રહેનારા છીએ. અમારી મૂર્તિઓમાં સતત રહ્યા જ છીએ. નિત્ય પ્રત્યે રહેવાના છીએ. મારા બંને પુત્રોમાં પ્રીતથી રહેલા છીએ. સંતોમાં રહીએ છીએ. શાસ્ત્રોમાં શાસ્ત્રની રીતે રહીશું જ. અમે તમારાથી લગારે દૂર નથી જ રહેનારા. સંતોમાં સતત રહીશું. એ રીતે વિચાર કરવાનો છે.

અમે સત્સંગના સાક્ષીરૂપે સદાય રહેવાના છીએ. કરેલાં કર્મનાં સારાં નરસાં ફળ દેનારા અમે જ છીએ. તમને તેડવા માટે અમે સ્વતંત્ર રીતે જ આવીશું. અમારા ભક્તજનનો સુંદર રીતે ભવને તારવા માટે અમારા વચનનું અમે જરૂર પાલન કરનારા જ છીએ. ભક્તજનો તમે જે સમયે સંભારશો તે જ સમયે પ્રસન્ન થઈને તમારી પાસે આવીશું. અમારું નામ જ ભક્તાધિન છે. માટે ભક્તો તે મારો છે ને આખું જગત ભક્તાધિન કહે છે. જ્યારે તમને કષ્ટ પડશે ત્યારે તમારી સહાય જરૂર કરીશું. અમારી આજ્ઞા અનુસાર જે રહે છે તેને અમે જરૂર માનીએ છીએ. અમે અદશ્યરૂપે રહીને કાર્ય કરવાનું ચાહીએ છીએ.

અમારી વાતમાં મુંઝાઈને કોઈ શંકા કરશો જ નહિ. સદાય અમારી આજ્ઞા પ્રમાણે વર્તશો તો હું તમારી પાસે જ નિવાસ કરીને રહીશ. નિત્ય તમારા હૃદયમાં દર્શન દેતો રહીશ. નિયમને દઢતાથી ધારણ કરીને નિયમમાં રહે તો બાળકને બોલાવે તે રીતે બોલાવીને રાખીશ. કોઈ ભક્ત જો મારા કહેલાં વચનનો ભંગ કરીને જો પોતાના દેહનો ત્યાગ કરીને ઉન્મત્ત થઈને વર્તે તો તે સુખી ન થાય. આજ્ઞા લોપનારો મહાકષ્ટને પામશે. મૂઢ મનવાળો તે આજ્ઞા ભંગ કરનારો દુષ્ટ મનુષ્ય જાણવો. તે જડયોનિમાં પડે છે. તે જરૂર જાણજો. તેને જડ એવા પર્વત આદિનો દેહ મળે તે મૂઢ મનવાળો ભમે છે. આવી રીતે જાણીને મારા આશ્રિત સંતો તથા હરિભક્તો મનમાં રાજી થઈને અમને રજા આપો જેથી અમે અમારા ધામમાં જઈએ અને પછી તમોને સૌને તેડવા માટે જરૂર આવીશું. તમારાં કામો કરવા આવીશું. અમારું સદાયનું સ્વરૂપ તે કિશોરવયનું અદ્ભૂત કહેવાય છે. તે મનવાંછિત સ્વરૂપને તમો પામીને સુખને ભોગવજો. તેમાં કોઈને કાળકર્મ માયાનો કોઈ બાધ નથી થતો. સદાય અમારી સાથે જ ધામમાં વાસ થાય છે. દિવ્યદેહને પામે છે તેને શરીરમાં કોઈ રોગ નથી રહેતો. સદાય નિરોગી રહે છે. અનંત ઈંડ બ્રહ્માંડમાં ગતિ પામે છે. એવા સમર્થ થાય છે. એટલા માટે જ અમે પણ જવાનું ધારીએ છીએ. સંતો હરિભક્તો સ્નેહથી રજા આપો અમે જઈએ.

આવી રીતે શ્રી ઘનશ્યામ પ્રભુનાં વચનો સાંભળીને મનમાં બહુ જ અનુમાનો કરીને ભયને હરનારા ભક્તપતિ ઉદાસ મનવાળા થયા. ધર્મપુત્ર જવાનું જ કરે છે તે નિર્ધાર છે. સૌ સંતજનો મળીને મનનાં અનુમાન પ્રમાણ કરીને કહેતા હતા કે જેવી ભગવાનની મરજી હોય તે પ્રમાણે રહે તો જ પ્રભુનાં રૂપમાં ગુલતાન રહીને સુખ થાય. આવી રીતે પ્રગટ પ્રભુમાં પ્રેમ કરીને ભક્તો અને સંતો પ્રભુને મુંઝવતાં હતાં. ભક્તનાં મનને મુંઝવતાં હતાં. એવા ભક્તે તે મારા ભક્ત નથી. ભગવાનના ભક્તો નથી એમ શુભમતિજનો તમે સૌ માનજો. આવી રીતે હરિભક્તો અને મુનિજનો મનમાં ઠેરાવ કરીને હાથ જોડીને નેત્રમાં જળ લાવીને પ્રભુને કહેતાં હતાં. હે સુખકંદ ! તમે સાંભળો. હે મહારાજ ! જગતના ઈશ આપની જેવી મરજી હોય તેવી રીતે તે પ્રમાણે આપ કરો. અમે બધાય રાજી થઈને કહીએ છીએ. ઘનશ્યામ પ્રભુ સુખેથી પધારો. આપની ઈચ્છા

મુજબ કારણના કરનારા આપ છો. સર્વજનોના ભવફંદને હરનારા છો. સર્વના અતર્યામિ છો. સર્વે રાજા મહારાજા દેવો સૌ સ્વતંત્ર રીતે જ વંદન કરે એવા સૌ દાસને જાણીને જગપતિ બધું ભુલીને કામદેવના મદને હરનારા સુનયનવાળા અગમ તરફ ગતિ કરવા પધારો તોય આપને કોઈ બંધન જ નથી એવા આપ જનોના રક્ષક છો. પાપને હરીને જગને મુક્ત કરનારા છો. હે બહુનામિ પ્રભુ ! આપને અમે બહુ જ કહી દીધું. હવે જગ કર્તા આપને કહીએ છીએ કે ભવસુખને કરનારા સર્વનું પાલન કરનારા કાળના મહા કાળ છો. આપ જ સૌનું પાલનપોષણ કરનારા છો. યુગોયુગ સૌનું પ્રતિપાલન કરનારા છો. તેથી હવે પ્રભુ તમારા વગર જગતમાં અમારી સહાય હવે કોણ કરશે. આમ કહીને સૌ મુનિજનો મૌન રહ્યા. બંને નયનોમાં અશ્રુજળ ભરીને પ્રભુની સામે જોઈ જ રહ્યા.

આવી રીતે ભયને હરનારા મહારાજ આ ભરતખંડની પૃથ્વી ઉપરથી દેહનો ત્યાગ કરીને પોતાના દિવ્યધામમાં જતા રહે છે. એમ જાણીને ભવ બ્રહ્માદિ દેવો સૌ આવ્યા. અનંત કોટિ દેવો ત્યાં આવ્યા તે સૌ પ્રભુને માટે બહુ જ ભેટો લઈને આવ્યા. તે સૌ પ્રભુને પોતપોતાના લોકમાં પધરામણી કરાવવા પ્રભુના દિવ્ય શરીરને લઈ જવા. ગદ્‌ગદ્‌ કંઠે પ્રભુની સ્તુતિ કરતા હતા. બહુ જ વિમાનો છવાઈ ગયાં હતાં. અનેક પ્રકારનાં વાજાં વાગતાં હતાં. સૌ દેવો મહાન ઉત્સવ કરતા હતા. કરોડો મુક્તો આનંદ પામતા થકા મહારાજને પોતાનું દિવ્યસ્થાન અક્ષરધામમાં પધરાવતા હતા. આ બાજુ ભરતખંડમાં કરુણરસનો પ્રવાહ વહેતો હતો. કેમકે મહાપ્રભુ અહીંથી પોતાના દિવ્યધામમાં પધારતા હતા.

સુખના ધામ શ્રીહરિએ બધા જ મુનિજનો પ્રત્યે આજ્ઞાનું પાલન કરવાની બહુ વાત કરીને સુંદર રીતે સ્વધામમાં જવા માટે લલિત પ્રકારની લીલા કરીને પ્રભુએ સ્વેચ્છા ગમને આજ્ઞા લીધી. અતિ કરુણા રસરૂપ તમારી આગળ ગહરતાથી કહી. આ રીતે પચાસમું અભિધાન હરિલીલાસિંધુની લહરી રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચિત છંદભાષામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિની આજ્ઞાનું પાલન કરવા માટેનું વર્ણન અને મુનિજનોએ બહુ વિલાપ કર્યો તે વર્ણન કર્યું એ નામે આ પચાસમો તરંગ પૂર્ણ થયો. ।।૫૦।।**

# તરંગ-૫૧

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! શ્રીહરિ ઘનશ્યામ પ્રભુની કયા કયા દેવોએ આવીને સ્તુતિ કરી તથા જગપતિ સ્વધામમાં પધાર્યા તે ધર્મકુમાર શ્રીહરિની લીલાવિસ્તાર કરીને કહેવા કૃપા કરો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! ઘનશ્યામ પ્રભુની દેવરાજે સ્તુતિ કરી તે વાતને સાંભળો. મહાપ્રભુ જ્યારે પૃથ્વી ઉપરથી ઉદાસ મનવાળા થયા ત્યારે તે વાતને જાણીને દેવરાજ દેવોના સમુદાયની સાથે અનેક ભયને હરનારા શ્રીહરિની પાસે આવ્યા. આવીને પ્રભુની સ્તુતિ કરતા હતા. હે ભક્તજનોના મનને રાજી કરનારા સુખ કરનાર ઘનશ્યામ પ્રભુ આપે કરુણા કરીને બહુ જ જીવોનાં કલ્યાણ કર્યા એવા આપ સર્વત્ર જય જયકારને પામો. જયજયકારને પામો. હે પ્રભુ ! આજનુ પર્યંત લાંબા હાથવાળા

સર્વના ભયને હરનારા ભક્તવત્સલ હે શ્રીહરિ મહાપ્રભુ આપ ભરતખંડને પવિત્ર કરીને તેના પાપોતાપોને જ્ઞાનરૂપી દંડથી તોડીને પાપી અસુરોનો નાશ કરીને દૃઢ સત્યધર્મને સ્થાપીને સનાતન સત્યજ્ઞાનનો ઉપદેશ કરીને ધર્મને સ્થાપન કરીને અગણિત ચરિત્રો કરીને ભક્તજનોના ચિત્તને આનંદ કરીને અનેક લીલાઓ કરીને દિવ્યદેહને હરનારા પ્રભુ જયજયકારને પામો. પૃથ્વી ઉપર યજ્ઞો કર્યાં. માન અને મદને હરિને જનોને બહુ જ સુખ કર્યાં. અનેક નરનારીનો ઉદ્ધાર કર્યો. અજ્ઞાન અંધકારનો નાશ કરીને ધર્મજ્ઞાનનું બહુ જ્ઞાન કર્યું. અંતશત્રુનો પરાભવ કરીને માન આદિક શત્રુનો નાશ કર્યો. પાખંડનો નાશ કર્યો. શક્તિમાર્ગનો પરાભવ કર્યો. વ્યર્થ કરી દીધાં. માયાવાદનો પરાજય કર્યો. કઠિન કળિમાં પંચ વર્તમાનનો નિયમ દૃઢ કરીને કઠિન વ્રતો કર્યાં. ધર્મનાં મોટાં કાર્યો કર્યાં. અંત્તરનાં બળવાળાં અંતશત્રુને શોધીને તેનો નાશ કર્યો. તે સર્વનો પ્રભુએ વગર શસ્ત્રે નાશ કર્યો. પ્રભુએ શાસ્ત્રના ધર્મ જ્ઞાન વૈરાગ્ય આદિના પ્રભાવથી નિર્વિકાર કરીને અપાર નરનારિજનોને સામે જોઈને નિષ્કામ કરી દીધાં. એવા સુખધાંમ ઘનશ્યામ પ્રભુએ સુખ દઈને ભક્તોના શોકને હરિ લીધાં. ભવશોકથી મુક્ત કર્યાં. આપ સ્વધામ પધારવાના છો એમ જાણીને આપે મનમાં નિર્ણય કર્યો એ જાણીને કરુણાના નિધાન મહાપ્રભુ સર્વ જાણનારા પોતાના જનને સુંદર રીતે સુખ દીધાં. બહુ કૃપા કરી છે. શ્રીહરિ મહાપ્રભુને આવી રીતે વિનય વિવેક કરીને દેવોની સાથે દેવરાજ ઇંદ્ર પ્રાર્થના કરીને મૌન રહ્યા. એટલામાં ભવભવાનિ શંકર પધાર્યા. તેમણે પણ શ્રીહરિની સ્તુતિ કરી.

હે સર્વના ઇશ ! હે નાથ ! કમળસમાન કોમળ મુખકમળવાળા મનોહર શોભાવાળા સદાય સંતોની સાથે વિચરણ કરનારા સુંદર મનોહર ખેલોને ખેલાવતા ચરિત્રો કરતા મનોહર શોભાવાળાં મંદિરો કર્યાં. જનને ઉદ્ધારવા માટે મોટાં શાંતિનાં ધામો મંદિરો કર્યાં. સર્વ ભક્તોના મનને હરનારાં આપે કલ્યાણનાં સ્થાનો કરીને લોકોને સુખ દીધા. એવા પ્રભુ આપને નમીએ છીએ. કોઈનાંથી ન જીતાતા ઉપમા ન અપાય એવા પાર ન પામાય તેવા પૃથ્વી ઉપર ધર્મોને ધારણ કરાવતા અનંતમૂર્તિ અતિ તેજાયમાન આપને નમન કરીએ છઈએ બ્રહ્મા વિષ્ણુ શિવ આદિ દેવો રાતદિવસ આપના ચરણકમળને સેવ્યા કરે છે વિરાટ આદિક મધુર વાણી વડે સ્વમુખે મધુર વાણીથી સ્તુતિ કર્યા કરે છે એવા. પૃથ્વી ઉપર અવતાર ધરીને ધામમાંથી પધાર્યા એવા સર્વસુખના દાતા સૌને સુખ દેનારા આપે મહાઘોર કૃત્યાનો પરાભવ કર્યો. મહાઘોર કાળિદત્તને માર્યો. સૌનાથી અજિત હે ઘનશ્યામ સર્વ તીર્થોને પાવન કરીને સર્વનાં પાપોને હરનારા અતિ ભયંકર કળિકાળમાં પ્રગટ થઈને પૃથ્વી ઉપર સત્યધર્મને ધારણ કરીને વિચરણ કરનારા પ્રભુ. આપે વામમાર્ગીઓ કર્મિક કર્મ કરનારા મહામદવાળા દંભી મતવાદીઓનો પરાભવ કરીને પૃથ્વીને પાપથી હળવી કરી સનાતન સત્યધર્મનો પ્રચાર પ્રસાર કર્યો. પ્રગટ થઈને પામર ભક્તોની પીડાને હરનારા દૃઢ જ્ઞાન કરનારા જનોને સમાધિ કરાવનારા ઘનશ્યામ પ્રભુ આપે ભક્તજનોને યોગ્ય સુખ આપ્યાં. કળિકાળમાં કામાદિક દોષોનો નાશ કરનારા એવા આપ સર્વોપરિ પ્રભુ જ્યારે પોતાના બ્રહ્મધામમાં પધારો છો. આપના દાસને નિર્ખીને મહાપ્રભુ પ્રીતથી પધારો. આપ અમારા સ્થાનોમાં પધરામણી કરીને અમને આપના ચરણની સેવા યથાશક્તિ કરવા દો. એવી અમારી ઉપર કૃપા કરીને સુખ આપો. અહીંથી ગમન કરીને શત્રુનાં દુ:ખોને હરો. નિર્મળ કમળસમાન સુંદર નયનોવાળા સુંદર મુખકમળ પ્રભુ આપનાં થતાં વચનો સુખ કરનારાં છે. એવાં મધુર વચનો મુનિજનોને વચનો દેનારા ધર્મનંદન મહાપ્રભુ સુખને કરો. આનંદના ધામ મહાપ્રભુ આપ અમારા લોકમાં પધારો. આનંદના દાતા જ્યારે આપ

પૃથ્વી લોકથી પધારો ત્યારે અમારા લોકમાં પધારીને ધામમાં પધારજો. આવી રીતે વિનંતિ કરીને ભવબ્રહ્માદિક દેવો શાંત થયા. ત્યારે ભગવાન વિષ્ણુ પણ આવ્યા. ઘનશ્યામ પ્રભુની સ્તુતિ કરવા પધાર્યા.

હે પ્રભુ ! જગતના પાળનારા ભક્તોનાં પાલન કરનારા પુરુષોત્તમ પ્રભુ મેઘસમાન શ્યામ સ્વરૂપ મેઘસમાન શોભા કરનારા કામને પણ મોહ ઉપજાવે એવા સુંદર શ્યામ સુંદર મુખકમળવાળા પ્રભુ આનંદ સ્વરૂપ આનંદ દેનાર મેઘસમાન આનંદના સુંદર સાગર એવા આપનું મુખકમળ તે અમૃતસમાન બહુ જનને સુખ કરનારું છે. એવા આપને સૌ દેવો ભક્તજનો તથા રાજા મહારાજા સૌ સેવાભક્તિ કરે છે.

હે મારા નાથ ! અજિત અકાંમિ પ્રભુ સર્વના અંતર્યામી પૂર્ણ પદ પમાડનાર આપનો જય જય થાય. નિષ્કામી જનો આપનું ભજન કરે છે. તેના ભયને હરનારા છો એવા આપને મસ્તક નમાવી વંદન કરું છું. દૃઢવ્રતને ધારનારા નિષ્કામી જનો જેમને પ્રિય છે એવા હે નાથ આપને મારું મસ્તક નમાવી વંદન કરું છું. એ સર્વ જગતને સુખ દેનારા **ગઢપુરમાં** વાસ કરીને આનંદ કરાવનારા મહારાજ આપનો જયજય થાય. કળિકાળમાં ભક્તજનોને સુખ દેનારા ઘનશ્યામ પ્રભુ અમને પૂર્ણ સુખ કરનારા કામનો નાશ કરનારા દુઃખોને જલદી હરી લેનારા અતિ હરખાતા આપ જયજયને પામો. દેવોને બ્રાહ્મણોને સુખ દેનારા બહુ જ જસને પામનારા મસ્તકને નમાવીને મનને ભાવનારા મુખને મુસ્કાવનારા સંતોને સુખ દેનારા કોમળ મનવાળા આપના ગુણોને કવિ ગાય છે. કળિના કાળનો નાશ કરનારા ભક્તોના ભવના ત્રાસને હરનારા શુદ્ધ દિલવાળા દાસોના ત્રાસને હરનારા આશાઓને પૂરી કરનારા પાપોનો નાશ કરનારા વિશ્વના નિવાસ એવા અવિનાશી પ્રભુ વિજય કરીને પ્રકાશ કરનારા સર્વના હૃદયમાં પ્રકાશ કરનારા લીલાચરિત્રો કરીને ખળોનો નાશ કરનારા ધ્યાનથી તપ અધ્યાસ કરીને સંતોને આનંદ દેનારા હાસ્ય કરીને જનોના ભવદુઃખને હરનારા જયજયકારને પામો. મંગળને કરનારા અમંગળરૂપ પાપનું નિવારણ કરનારા ભક્તજનોને ભવથી તારનારા સુખના સ્થાન, દોષોનો નાશ કરીને જય કરનારા ભક્તજનોનો ઉદ્ધાર કરનારા જગતમાં વાસ કરનારા ભજન કરનારના ભવપાર કરનારા અનેક નરનારિને તારનારા પાપને બાળનારા અવિનાશી પ્રભુ પૃથવી ઉપર મનુષ્યદેહને ધારનારા શુદ્ધ વિચાર કરનારા સાચો જ્ઞાન બોધ દેનારા કર્મની ફાંસી મટાડનારા જયકારને પામો. સંતસ્વરૂપવાળા દેવો મનુષ્યો રાજાઓને જય કરાવનારા હાથથી અભય કરનારા જયકાર કરીને જગના તાપને શમાવનારા સુંદર રૂપવાળા મેઘસમાન શ્યામ સ્વરૂપ સુખના ધામી બ્રહ્માદિના અભિમાનને તોડનારા ગર્વનો નાશ કરનારા ભારને તોડનારા સંતોને આનંદ કરાવનારા જગતના સ્વામી જયકારને પામો. લોકોના મનને ભીંજાવનારા કમળનયન મનોહર નયનોવાળા બહુનાંમિ જય જય થાય.

હે જગતના પતિ મહારાજ ઘનશ્યામ ! પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ સુખકારી પ્રભુ જયજયકારને પામો. આપે અનેક નરનારિજનોનો ઉદ્ધાર કર્યો છે. પ્રેમથી ભક્તોમાં પ્રીત વધારીને અનંત જનોનાં કલ્યાણ કર્યાં. જનો ઉપર બહુ પ્રેમ કરનાર ગરીબોના નવાજ પ્રભુ કમળનયન રસિકવર ભક્તજનોના મુક્તિદાતા ભવ ભય હરતા અગણિત સત્સંગના કામો કરીને ઘનશ્યામ પ્રભુ સ્વતંત્ર રીતે શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ પ્રભુ અવતારના અવતારી અવિનાશી સર્વોપરી આપ જ છો એવા આપનો જય જય થાય. હે અવિનાશી પ્રભુ આપે અનેક અસુરોનો નાશ કરીને અને કામાદિક કળિથી પીડાતા ભક્તોનો ઉદ્ધાર કર્યો. અગમ નિગમની અવધિમાં વાસ કરીને જ્ઞાન કર્યું. આપના શરણમાં ભવસંસાર વત્સપદ જેવું થયું છે. એવા આપે મતપંથનો શાસ્ત્રે કરીને

પરાભવ કરીને મેખ મારીને સુખ કરીને મન હર્યાં એવા સુખધામ પ્રભુ સર્વોપરી સહજાનંદ સ્વામી જગના સુખ કરનારા આપ જ છો. હે પ્રભુ ! આપ જ્યારે પોતાના દિવ્યધામમાં પધારો છો ત્યારે કરુણા કરનારા પ્રભુ કરુણા કરીને અમારા ધામને પાવન કરો અને આપનાં દુર્લભ દર્શન દેવા કૃપા કરો. અમે અમારી શક્તિ મર્યાદા મુજબ આપની સેવાપરિચર્યા કરીશું. હે સર્વેશ્વર પ્રભુ ! આપે આ લોકમાં અગણિત લીલાઓ કરી છે. એ સર્વના શરણદાતા સંતજનોના સુખ કરનારા સુખના સાગર પ્રભુ મનોહર ચંદ્રસમાન મુખકમળવાળા શ્રી ઘનશ્યામ પ્રભુ કળિના મનને તોડનારા કમળની સુંદર કાંતિથી કામદેવના મદને હરનારા મનોહર મૂર્તિ કૃપા કરો.

આવી રીતે વિષ્ણુએ વિનંતિ કરીને મહાપ્રભુને મસ્તક નમાવી ચરણમાં વંદન કરી મૌન રહ્યા. એવામાં જ મહાલોક મુનિભવ ભોળાનાથ આવ્યા. હાથ જોડીને પ્રભુ પાસ નજીકમાં આવીને સુખકંદ પ્રભુની સ્તુતિ કરતા હતા. હે પ્રભુ ! જગતને વંદન કરવા યોગ્ય આપ જયજયકારને પામો. હે પ્રભુ ! જગતને પાવન કરનારા જગતના સ્વામી પુરુષોત્તમ પૂર્ણબ્રહ્મને સેવનારા ભક્તોથી સેવાતા ધર્મને ધારણ કરીને વિચરનારા ધર્મકુમાર પ્રભુ પાપોના સમુહનો નાશ કરનારા સૌને આનંદિત કરનારા જયજયકારને પામો. પ્રભુ આપનો પ્રતાપ અમાપ અમર્યાદિત છે. જગતને તારીને તે પ્રતાપ આપે જણાવ્યો છે. જતિસતિને જણાવ્યો છે. કળીનાં પાપના સમુહોનો નાશ કરીને આશ્રિતજનોને જ્ઞાનબોધ આપ્યો. શુદ્ધ દિલવાળા કર્યા. દુષ્ટ મતોનો ભેદ તોડીને નાશ કર્યો. તે જનોનાં માનને હરી લીધાં. પોતાનો શુદ્ધ મતનો વિસ્તાર માટે મહાયાગો કરાવ્યા. દેવોને તૃપ્ત કર્યા. ઘનશ્યામ પ્રભુ આપે કળિકાળમાં સત્યુગના ધર્મો સ્થાપન કર્યા. કળિના મુળને સમુળગું નાશ કરી દીધું. પ્રાણપતીએ જનોને અતિ જતી તપસ્વી ભક્તિવાન કર્યાં અને હે પ્રાણપતિ ! ભય ભાંગીને મોટા રાજા મહારાજાને દઢભક્ત કર્યાં. જગમાં અપવિત્ર અબળાઓ બહુ જ હતી. તેઓને દેવસમાન પવિત્ર તીર્થરૂપ શુદ્ધ પવિત્ર કર્યાં. જપયોગનો જગમાં બહુ જ પ્રકાશ ફેલાવ્યો. ભવભય ભાંગી નાંખ્યો. આપ પ્રભુ પૃથ્વી ઉપર અવતારી રૂપ આવીને અતિશય પ્રતાપ જણાવીને આ સમયે અદ્‌ભૂત કાર્યો કર્યા એવા આપને બ્રહ્મા શેષજી મહેશ્વર હમેંશા સાંભર્યા જ કરે છે. સનકાદિક નારદ આદિક અનેક દેવો આપના અમાપ પ્રતાપને જોઈને ભજે છે. હે મહારાજ ! આ પૃથ્વી ઉપર મોક્ષના માર્ગની અલૌકિક પ્રણાલી તે તો આપે જ ચાલું કરી છે. હવે પ્રભુ આપ અહીંથી પધારવાના મનમાં નિર્ણય કર્યો છે તે યોગ્ય જ છે. પરંતુ હે પ્રભુ ! તો અમારા લોકમાં પગલાં કરવા પધારીને પગલાં કરીને શાંતિ કરો. અમે આપના ચરણકમળની સેવા કરીશું. અમારી શક્તિ પ્રમાણે જે બનશે તે કરીશું. આવી રીતે જગતના પિતાએ વિનંતી કરીને મૌન રહ્યા તે જ સમયે લોકપાલ આવ્યા. તેમણે જોયું તો પ્રભુને જગતના આધારનો જયજય કરીને સ્તુતિ કરતા હતા.

હે જક્તનાથ આપનો જયજય થાય. મહાન અમાપ અનાથના નાથ આપ આપના ગુણને ગાથા કરીને ગાય છે. પૃથ્વી ઉપર ધર્મને સ્થાપન કરીને અધર્મનો નાશ કરીને કાલિદત્ત શત્રુને માર્યો. આશ્રિત થયા તેને તાર્યા. મહા ઉગ્ર તપસ્યા કરીને ભક્તજનોનાં કામો કર્યાં. પ્રભુએ પોતે જ ભક્તજનોને સુખ દીધાં. તીર્થોમાં ફરીને ત્યાંનાં ફંદોને દૂર કર્યાં. સદાય સુખને કરતા હતા. ભવ બ્રહ્માદિક ઈશ્વરો સદાય પ્રભુનાં ચરણકમળનું ધ્યાન ધાર્યા કરે છે. ભજે છે. જગતના ઈશ પ્રભુને નમે છે. અનંત મૂર્તિને સતત ભજે છે. સુખ પામે છે. સર્વ જગતના જીવો મુક્ત કંઠે નામનો જપ કરે છે. નિષ્કામ મનવાળા થઈને જ પડ્યા હતા. એવા કરોડો જીવોનાં કલ્યાણ થયાં છે. સદાય નિર્માનિ થઈને ભજન ભક્તિ કર્યા તે ભક્તોના બહુ વખાણ થાય છે. અતિ શું વાર્તા

કરવી એવી રીતે પ્રસિદ્ધ થયા છે. જગતના જંજાળમાંથી વિજય કરીને હરિનાં ચરણકમળમાં ચિત્તવૃત્તિ ચોંટી તેનું કલ્યાણ થયું છે. ત્રિપુરારિ પ્રભુ ભવનિ ભ્રાંતિ છોડીને અહીં આવીને અખંડ આપના નામની મુક્ત કંઠે આરાધના કરે છે. દિનદયાળુ આપે દિલમાં દયા ધારીને અનેક નરનારિજનોનો ઉદ્ધાર કરીને બહુ જ મહાન અદ્‌ભૂત કામો કર્યાં છે. પૃથ્વી ઉપર વિજય કરીને પ્રભુ આપે પોતાના વિશિષ્ટાદ્વૈત મતની સ્થાપના કરીને અભેદ સુખ આપ્યાં. જગતમાં બહુ જ યશને જમાવ્યો છે. અનેક હરિભક્તોને જ્ઞાનની યુક્તિ જણાવીને નિશ્ચય કરીને જક્તની જાળમાંથી મુક્ત કરીને દિવ્યમૂર્તિથી દર્શન દઈને મુક્ત કર્યાં. એવા આપ ધન્ય છો. આપે અપાર નરનારિજનોને મુક્ત કર્યાં છે. અપારને મુક્ત કરીને પ્રાણપ્યારા પ્રભુ મંદહાસ્ય કરી સુખી કર્યાં છે. પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરીને શુભ ચરિત્રો કરીને જનોનાં પાપોને નાશ કરીને અજ્ઞાન અંધકાર ટાળીને સૌ જનો પાર પામ્યાં. તેને ભવ બ્રહ્માદિ શેષ શારદા આદિ ગાયા જ કરે છે. તોય ગુણનો પાર નથી પામતાં. એવા આપના અનંત ગુણો છે. તે ગાતાં ગાતાં પાર ન પામ્યા ને મુંઝાયા. હે પ્રભુ ! આપ જ્યારે સ્વધામમાં પધારો છો એટલા માટે હરિ અમારા ધામે પધારીને સુખ કરો. લોકપાલોએ આવી રીતે શ્રીહરિ ઘનશ્યામ પ્રભુને વિનંતી કરીને પ્રભુની મૂર્તિને ઉરમાં ધારીને પ્રીતિપૂર્વક વિરામ થયા. ચિત્તને આનંદ દેનારા પ્રભુને ચિત્તમાં ધારતા હતા.

નિગમો વેદો ચાર સ્વરૂપે પ્રભુ પાસે આવિને અતિ આનંદને ઉરમાં ધારીને આવ્યા. બહુ જ વિસ્તાર કરીને વિનયથી કહેતા હતા. પ્રાર્થના કરતા હતા. હે દિનદયાળ પ્રભુ ! ભક્તજનોના રક્ષણ કરનારા આપ જગમાં જયજયકારને પામો. કાળકર્મ ગુણોનું ધ્યાન રાખીને કૃપાળુ કૃપા કરો. અજ આદિના વિભુ જક્તના પ્રાણ એવા નિષ્કલંક હરિ આપ પોતે જ કૃપાના સાગર છો. સર્વના ભગવાન પોતે જ છો. કૃપાળુ છો. હે નાથ ! પરાપાર સર્વના સ્વામીને નિરખીને મુખેથી કેવી રીતે ગાઈએ. આપની અલૌકિકતાની પ્રશંસા કેવી રીતે કરવી ? તે તો કરોડો મુક્તો સદાય આપના ચરણકમળની સેવા કર્યા કરે છે. શિર ઉર ધારે છે. જગતના નાથને શિર નમાવીને સંતો જગતનાથની જય જય બોલે છે. બ્રહ્મા શિવ વિષ્ણુ આદિક બહુ જ ચરિત્રો જોઈને વિચારીને નાથની મૂર્તિને ધ્યાનમાં ધારે છે. ઘનશ્યામ પ્રભુની આજ્ઞાનું સદાય પાલન કર્યા કરે છે. સુખપૂર્વક જગતનું પાલન કરતા થકા રાજી થઈને આનંદને કર્યા કરે. અમે શારદા નારદ શેષ આદિક સૌ શ્રીહરિના ગુણને હંમેશાં સુખપૂર્વક ગાયા જ કરીએ છીએ તોય તે ગુણોના પારને તો પાંમતાં જ નથી. તેને તો આપ જાણો જ છો અને આપનો મહિમા તો અપરંપાર જ છે. ભગવાનનાં સ્વરૂપને ધ્યાનમાં ધારીને અમે તે સૌ અનાથ થયા. ભગવાને બહુ જ ભારે ભક્તનાં કામો કર્યા તે સારી વાતોને કહું છું. જે અણિમા મહિમા લઘીમા આદિ અનંત તે રૂપ ધરીને પ્રકર્ષણરૂપે વશિકરણવાન પ્રાપ્તિ થઈ છે પ્રભુના પ્રતાપે કાંઈક ઈચ્છિત ગરિમાદિક એ બધીય અષ્ટસિદ્ધિઓ તે ભગવાનનાં કમળની પાંખડી જેવાં નેત્ર તેની શોભા મનોહરતા આદિક યુગલ ચરણને અણિમાદિક આઠ ચરણ સેવે છે. મૂર્તિમાંન રૂપ લઈને ચિત્ત ધારીને ચરણકમળ સેવે છે એવા. રમા રાધિકા આદિક રાજાધિરાજ એમની દાસી થઈને સેવા કરે તેમ સેવે છે. શોભે છે. ચતુર સ્વરૂપે થઈને પ્રભુનાં સ્વરૂપોને ચિત્તમાં સેવ્યા કરે છે. પ્રભુના ચરણમાં રહીને ચિત્ત ધારીને સેવે છે. અનંતના પતિ અનંત ઈંડ બ્રાહ્મણોને પૂજતા રહે છે.

પ્રભુ કરોડોનાં કલ્યાણ કરવાનું ધારીને અનેક કળારૂપ અવતરો ધારીને કૃપાધિશ ઈશને મુરારી તે દેહ ધારીને ઉદ્ધાર કર્યો. સુંદર ધર્મની સ્થાપના કરીને સ્વામિનારાયણે અધર્મ ઉખાડીને શાસ્ત્રાર્થો કરીને સત્ય ધર્મ

સ્થાપ્યો છે. કોટરા આદિ પીશાચિઓને કાલિદત્ત આદિ દુષ્ટોને હરિએ તેઓને માર્યા. હિંમત ધારીને મહાઘોર ભૈરવને ભગાવ્યો. મલ્લનો હાથ તોડ્યો. ભૂતોને ઉદ્ધાર્યા. આવાં ચરિત્રો કર્યાં. ઉપવિત ધારણ કરીને પવિત્ર ધીરજથી ધારી લીધી. પછી અનેક પ્રકારનાં દોષોવાળાં તીર્થોમાં સુંદર રીતે ફરીને તેના દોષો નાશ કર્યા ને તે તીર્થો પાવન કર્યાં. પરાક્રમી શત્રુઓને જીતી લીધા. મહાપ્રભુએ ભરતખંડમાં પવિત્ર તીર્થોમાં ફરીને પવિત્ર કરતા થકા ગુજરાતના તીર્થોમાં ફરીને લોજપુર આવ્યા ને રામાનંદ સ્વામીને મળ્યા. મુનિને ગુરુ કર્યા. તેની પાસેથી દિક્ષા ગ્રહણ કરીને ભાગવતિ સંત થયા.

રામાનંદ સ્વામિએ પોતાની ઉધ્વ સંપ્રદાયની ગાદી આપીને મોટા બનાવ્યા ને પછી રામાનંદ સ્વામિ બદ્રિકાશ્રમ ધામમાં ગયા. જે પરાપાર સર્વોપરી મૂર્તિનો પ્રતાપ સિદ્ધ કર્યો તે સમાધિમાં શ્યામ પ્રભુએ કહ્યો હતો તે બતાવ્યો. સંપ્રદાયમાં પૃથ્વી ઉપર મહામોટા યજ્ઞો કર્યા. રુદ્રયાગો કર્યા. પૃથ્વી ઉપર ધર્મ મતની સ્થાપના કરીને ખોટા મતવાદિઓનો પાખંડો ખૂલ્લા કર્યા. સૌ ભક્તજનોને પોતાના સ્વરૂપમાં અવતારોનાં દર્શન કરાવ્યાં. બધાય મતપંથનો ત્યાગ કરીને સૌ જનો આપના સ્વરૂપને ચિત્તમાં ધારીને આપના ભક્તો થયા. જેમ સૂર્યની આગળ દીવો સાવ ઝાંખો લાગે તેવા મતપંથો આપની આગળ લાગતા હતા. એવી રીતે સૌ આપને જ પોતાના ઈષ્ટ માનતાં હતા. પૃથ્વી ઉપર આપે મહામોક્ષનો માર્ગ બતાવ્યો. યુવાન વૃદ્ધો બાળકો સૌ ધર્મના માર્ગ ઉપર ચાલ્યા જાય તોય પડે આખડે જ નહિ. નરનારિજનો સૌ નિરધાર સ્થાને જ જાય. આપના આગળ જે અવતારો આવ્યા હતા તેમણે આવી રીત નહોતી કરી. સર્વ દેવોના દેવ ઘનશ્યામ આવ્યા છે. તે બહુ જ શોભે છે. સર્વ નામના નામી સર્વના નાથ કહેવાઓ છો. આપે આ પૃથ્વી ઉપર આવીને અપરંપાર જનોને તાર્યા છે. વિરાટ આદિક દેવો સૌ મૂળભૂત આપનું જ સેવન કરે છે. અદોષ અનાદિ અખંડ સ્વયંભૂ અજિત સર્વકાર્યને કર્તા હર્તા ધર્તા ભર્તા આપને જ ધારીને ભજે છે. આપે દયા કરીને પોતાના ભાઈના બે પુત્રોને પોતાની ધર્મ ગાદી દીધી. એવા કૃપાના અધિપતિ સર્વના ઈશ આપે મહાકૃપા કરીને કાર્યો કર્યા છે. આ અલૌકિક સુખો દીધાં. હે પ્રભુ ! આપની અનેક લીલાઓ છે. આપના પરાક્રમો પણ અદ્‌ભૂત છે. આપનો મહિમા પણ અમાપ જ છે. આપના ચરણકમળની સેવા પણ અનંત ઈશ્વરો મુક્તો કર્યા જ કરે છે. તેઓ આપના અનંત પ્રતાપને ગાય છે. અમે તો આપની લીલાને ગાઈ ગાઈને ન ઇતિ ન ઇતિ કહ્યા જ કરીએ છીએ. પાર જ નથી પામી શકતા. પ્રભુ આપનો મહિમા અમાપ છે. તેને આપ જ જાણો. આપનું કામ અદ્‌ભૂત છે. તે કોઈ ન જ કહી શકે. આપની મહિમાની વાણીને ગાતાં ગાતાં બુદ્ધિ પણ કુંઠિત થાય પણ પાર તો ન જ પામે. કૃપાળુ બધાં જ શાસ્ત્રો તો ભરપૂર ભરેલાં જ છે. એવા આપનો મહિમા પરમ શ્રેષ્ઠ પરમ વિસ્તાર યુક્ત છે.

હે રાજન ! વેદો આવી રીતે મહારાજને વિનંતી કરીને રાજી થઈને મૌન થયા. ત્યાં તો ઋષિગણો આવ્યા. શ્રીહરિની સન્મુખ આવીને ઉભા. તે ઋષિઓ ગદ્‌ગદ્‌ કંઠથી નેત્રોમાં જળ લાવીને સર્વોપરી મહિમાનો જયજયકાર કરી સ્તૃતિ કરવા લાગ્યા. હે જગદીશ ! અનંત આપનો જય જય થાય. હે નાથ ! હે ઈશના ઈશ પ્રભુ અમે સૌ સંતો આપને મસ્તક નમાવીએ છીએ. હે શ્રીહરિ અનંત રૂપોને ધારીને સારભૂત રાજાઓને ભાન કરાવનારા અનંતજનોના ઉદ્ધાર કરનારા એવા જગતના નાથ ભક્તજનોના ઉપરી આપ છો એ જાણીએ છીએ. આપે તો અપાર દુષ્ટ અસુરોને માર્યા છે. અનંત નરનારિજનોને તાર્યાં છે ભક્તજનોના ત્રાસરૂપ ભવના ફેરા દૂર કર્યા. આવા ભક્તોના ત્રાસને તોડનારા ખળોની સાથે ખેલને ખેલનારા ઘેટાંની માફક લડાવ્યા. આપે ખેલ કર્યા તેને વિધિ બ્રહ્મા વિરાટનારાયણ વિષ્ણુ શિવ વાયુ અગ્નિ મનુષ્યો સૌ આનંદથી

ગાય છે. પ્રેમથી સેવે છે. ભજે છે. નમન કરે છે. અપાર ભક્તજનોને સંસારથી તારનારા જગતને વિષે મનુષ્ય દેહ ધારીને પધાર્યા છો તે આપે બહુ જ કૃપા કરી છે. આપ ધર્મકુમાર કહેવાઓ છો. સૌ જનો આપને મસ્તક નમાવીને ચરણમાં વંદે છે. આપે પોતાના સર્વોપરી પંથની સ્થાપના કરીને ભક્તોના ઉધ્ધારનું કાર્ય કર્યું. પ્રગટ પ્રતાપ બતાવ્યો છે. પૃથ્વી ઉપર સારરૂપ દૃઢધર્મને સ્થાપન કરીને દ્વેષી ધર્મીઓનો અનંતનો અંત કરીને આપે આપનાં અનંત પરાક્રમો બતાવ્યા. પૃથ્વી ઉપર અનંત યજ્ઞો કર્યા. ભક્તોનાં માન કર્યાં ને દુષ્ટોના ભવો મંદ કરી દીધા એવો આપનો અમાપ પ્રતાપ જણાવ્યો. જગતમાં આપનો પ્રતાપ વ્યાપી ગયો છે. આપે અનંત સંતો બનાવ્યા છે અને કામ ક્રોધ લોભાદિકનો અંત કરી દીધો છે. આપે પૃથ્વી ઉપર મોટાં મોટાં ધામો બનાવ્યાં છે. તે મંદિરોમાં આપનાં સ્વરૂપોની સ્થાપના કરી છે. હે ઘનશ્યામ પ્રભુ ! આપે કૃપા કરીને જગતની જાળને તોડીને કામનો નાશ કર્યો. બધાં જ શાસ્ત્રોનો સાર શોધીને તે સંતોના ધર્મસાર રૂપ કર્યાં છે. કળિનો નાશ કરીને ભક્તજનોનાં કષ્ટનો નાશ કર્યો પ્રેમથી નિયમ પળાવીને ઉજ્જવળ પ્રકાશમય ધર્મ કર્યો છે. પ્રાણનાથ આપે પાપોનો નાશ કરીને સુંદર ધર્મની રીત ચલાવી છે. અનંત જીવોનાં મોક્ષનાં કામો કર્યાં છે. દયા કરીને ભક્તોના ત્રાસને હરીને ભક્તોને સુખ દીધાં છે. અનંત અધમ પાપીઓને અધમતાનો અંત કરીને તેઓનો પરમ ઉદ્ધાર કર્યો છે. તેઓને આપે આપનું પરમ દિવ્યધામ દીધું છે. હે પ્રભુ ! આપ અનંત ભક્તોને અંત સમયે તેડવા પધારો છો. આ રીતે ભક્તની સાથે બહુ પ્રીત કરો છો. આવો આપનો મહાન પ્રતાપ તેને શેષ શારદા ગાય છે તોય પારને તો પામતાં જ નથી. બ્રહ્મા શિવ સનકાદિકો ગાય છે. એના ચરણકમળ છે. એવા અમાપ ગુણ છે. તેથી આપ જ્યારે સ્વધામમાં પધારવાના છો. તો આપ અમારા લોકમાં પણ પધારીને અમારાં કલ્યાણનાં કામો કરી આપો. આવી રીતે સ્તુતિ પ્રાર્થના કરીને પ્રભુના દર્શન કરીને મૌન થયા. હે રાજન ! આવી રીતે દેવો બ્રહ્મા વિરાટ પુરુષ શિવજી સૌ પ્રભુની સામે જ ઉભા હતા. અને જયજયનો નાદ કરતા હતા. સૌ દેવોએ દેવના દેવનું સ્તવન કર્યું પછી ધ્યાનસાગર પ્રભુ પોતાના દિવ્યધામમાં જવા માટે તૈયાર થયા હતા. જ્યારે પ્રભુ તૈયાર થયા હતા તે પ્રભુની મરજી જાણીને અનંત અક્ષર મુક્તો ધામમાંથી અનંત દિવ્ય વિમાનો લઈને તત્કાળ આવ્યા.

બ્રહ્મા વિષ્ણુ શિવાદિ દેવો શ્રીહરિ પાસે આવીને દર્શન કરીને સ્તુતિ પ્રાર્થના કરતા હતા અને સર્વોપરી મહા સુખદાતાનો સ્વરૂપ મહિમા ઉરમાં ધારીને ગાતા હતા. ભગવાન ભક્તપતિ શ્રીહરિએ સ્વધામમાં જવાની મરજી જણાવી. એ રીતે ગહરતાથી એકાવનમું અભિધાનરૂપે શ્રી હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અવધપ્રસાદજી મહારાજ અને આનંદસિંહ રાજાના સંવાદમાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર આદિ દેવોએ આવીને શ્રીહરિની સ્તુતિ પ્રાર્થના કરી તેનું વર્ણન કરીને કહ્યું એ નામે એકાવનમો તરંગ પૂર્ણ થયો. ।।૫૧।।**

# તરંગ-૫૨

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મુક્ત કોટિના મુનિઓનો સમુદાય તથા દેવોના મોટા સમુદાય આવીને શ્રી સહજાનંદ મહાપ્રભુને પોતાના પ્રિય અવતારી પ્રભુ જાણીને પાસે આવ્યા. સ્તુતિ કરી. અજ્ઞાન અંધકારને હરનારા મહાપ્રભુએ શરીર કેવી રીતે ત્યાગ કર્યું જે સર્વના શરણ સુખદાતા શ્રી ધર્મનંદન મહાપ્રભુ પોતાના ધામમાં ધર્મને ધારણ કરીને કેવી રીતે ગયા તે કહો. હે મારા ગુરુ અવધપ્રસાદજી મહારાજ ! મહારાજની આ બધી વાતો મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે આનંદસિંહ રાજન ! તમે વાત પૂછી છે તે તો બહુ જ પ્રસિદ્ધ છે. બહુ જ કરુણારસથી ભરપૂર વાર્તા છે. તે વાત કહેવામાં બહુ જ કષ્ટ થાય તેમ છે. હૃદય ભરાઈ જાય તેમ છે એ રીતે કઠણ છે. વાત કહેતાં હૃદય ધીરજ નહિ ધારી શકે તેમજ હૃદય પણ ધરક ધરક થયા કરે થડકે છે. તે છતાં પણ વાતને વિસ્તાર કરીને જે કમલનયન પ્રભુએ દેહનો ત્યાગ કર્યો તે વર્ણન કહીશ. કરોડો ઈશ્વરોનું જુથ તેમાં મોટો મહોત્સવ થયો. પૃથ્વી ઉપર દુઃખનો સાગર ચારે બાજુ રેલાયો હતો. સર્વત્ર દુઃખમય વાતાવરણ થયું હતું. પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પોતાના દેહનો ત્યાગ કરવા માટે મનથી ઉદાસ થયા ત્યારે અસંખ્ય દેવો લોકપાળો ત્યાં આવ્યા. તે દિવ્યવિમાનો પોતાની સાથે લાવ્યા હતા. તે દેવો મણિઓયુક્ત બહુ જ શોભાવાળા થતા હતા. અગણિત સૂર્યની જેવા જ શોભતા હતા. તે સૂર્ય કરતાં વધારે તેજવાળા હતા. કોઈક ચાર મુખોવાળા કોઈક આઠ મુખોવાળા કોઈક બાર મુખોવાળા આવા હજારો દેવો આવ્યા હતા. સુંદર મનોહર વેશવાળા બહુ જ શોભાવાળા શંકર બ્રહ્મા શેષ અગણિત બ્રહ્માંડના પતિઓ ત્યાં દોડીને આવ્યા. સાથે સુંદર અગણિત ભેટો લાવ્યા હતા. અનેક પ્રકારનાં બહુ જ વાજાંઓ વગડાવતા આવ્યા હતા. આકાશના માર્ગે પૃથ્વી ઉપર અસંખ્ય વિમાનો છવાયેલાં હતાં. અગણિત કોટિ મુક્તો અસંખ્ય ત્યાં આવ્યા હતા. તે સૌ મુક્તો પ્રભુની સ્તુતિ કરતા હતા. બહુ જ શોભતા હતા. પ્રભુના અંશ અને કળાવાળા કરોડો અવતારો તે પ્રભુ સન્મુખ આવીને શોભતા હતા.

તે સૌ નમ્ર વિનય યુક્ત વચનોથી કહેતા હતા. હે જગતના પ્રાણ ! આપ આપના ધામમાં ચાલો. અમે આપના સેવકો દાસો અનંત આપને લેવા માટે આવ્યા છીએ તો પધારો. આકાશ માર્ગ ઉપર પ્રભુનો બહુજ જયજયકારનો નાદ થતો હતો. ચંદન અને સુંદર પુષ્પોની વૃષ્ટિ થતી હતી. આકાશમાં વિમાનો માતાં જ ન હતાં. તેથી જાણે કે પૃથ્વી ઉપર અનેક સૂર્યઉદય થયા હોય તેવું દૃશ્ય લાગતું હતું. વૃક્ષોના સમૂહમાં એકલું તેજ તેજ જ છવાયેલું લાગતું હતું. તેની અદ્‌ભૂતતા કાંઈ રોજ તો ન જ થાય તેવું લાગતું હતું. સૌ દેવો પ્રભુ સન્મુખ ઉભા રહ્યા હતા. મુક્ત મંડળ અને દેવો ઈશ્વરો સૌ અનંત વિમાનોની સાથે આવ્યા હતા. તે મધુરવાણીથી શ્રીહરિ જગદીશ પ્રભુની સ્તુતિ કરતા હતા. તેને સાંભળીને પ્રભુ કહેતા હતા. આ વેળાએ તો આવવાનું જ છે. તમે બધા સ્થિર થઈને ઉભા રહો. હું સંતોની પાસેથી રજા લઈને આવું. આવી રીતે બલવીર મહાપ્રભુ મધુર વાણીથી કહેતા હતા.

આવી રીતે સૌ દેવો ઈશ્વરો અને મુક્તોને કહીને સ્વામિનારાયણ પ્રભુ મુનિજનોને કહેતા હતા. હે સંતો અને હરિભક્તો સૌ તમે મારી વાતને સાંભળો. અત્યારે દેવો મુક્તો અને અવતારો મને લેવા માટે આવ્યા

છે. તો હું હવે મારા ધામમાં જાઉં છું. હવે બધાં કામો પૂરાં થઈ ગયાં છે અને હવે મારું મન આ ભુલોકમાંથી ઉદાસ થયું છે. જગતમાં વધારે રહેવાથી કાંઈ ભલું થાય તેમ નથી. તેથી જવાનું જ સારું છે. બહુ જ રહ્યા છીએ. આ કારણે જ સૌ સંતજનો સુખેથી જવા માટેની આજ્ઞા દો. જાઓ એમ કહો. આવી રીતે પ્રભુએ પોતાની મરજી જણાવી. સર્વ ઈશ્વરોના ઈશ્વરકારણના કારણ ભગવાન મનુષ્ય ચરિત્ર કરતા હતા. નિત્યનિરંજન મહાપ્રભુની નિર્ગુણ વિકારરહિત અજન્મા અદ્વૈત સર્વકાળે નિર્દોષ અપાર ગુણોવાળા અનેક ચરિત્રોને કરનારા નટનાગર પ્રભુ સદાય સ્વતંત્ર સુખના સાગર મહાપ્રભુ પરતંત્ર તો નથી જ પરિપૂર્ણ છે. છતાય મનુષ્યચરિત્ર કરે છે તે તો પાપોનો નાશ કરવા કરે છે. પ્રભુના શરીરમાં બહુ જ તાપસંતાપ હતો. અનંતમૂર્તિ ભગવાન મહાપ્રભુ ભયને ભાંગનારા ભય જણાવતા હતા. આલોકમાંથી જવા માટે લીલા કરતા હતા. શ્રીહરિ ઘનશ્યામ પ્રભુ મનુષ્ય શરીરમાં બહુ જ કષ્ટ જણાવતા હતા. તેને સંતો અને હરિભક્તો સૌ જોઈ તપાસ કર્યો ત્યારે નિરાશ થઈ ગયા. મહારાજના મનુષ્યચરિત્રની લીલાને પ્રાકૃત લીલા જોતા હતા તે જોઈને બ્રહ્માદિક દેવો મનમાં મોહ પામ્યા. પ્રભુચરિત્ર કરતા હતા. શ્રીહરિનાથ અંગોમાં અતિશય વ્યાધિ બતાવતા હતા. તેથી સંતભક્તોને મનમાં બહુ જ દુઃખ થતું હતું. મનભાવન પ્રભુ અહીંથી જવાનું જ કહેતા હતા. તેનાથી મહાન મુનિજનો ભક્તજનો નામના બહુ જ મુરજાતાં હતાં (દિલગિર). વારેવારે ઘનશ્યામ પ્રભુ આગન્યા માગતા હતા. અમને રજા આપો. ભક્તજનોને પ્રૌઢ ભાવ દર્શાવતા હતા. શરીરની પીડા તે ધીરજવાળા ઉદાસ થયા વગર બતાવતા હતા. ઉદાસ મનવાળા થઈને ઉપવાસ જ કરતા હતા. પૃથ્વી ઉપર સુતા હતા. ઘનશ્યામ પ્રભુનું શરીર જોઈને ભક્તસંતોના મન ઉદાસ થયા. શેષના મસ્તક ઉપર પૃથ્વી બહુ જ ધ્રુજતી હતી. સૂર્ય ચંદ્ર પણ ઝાંખા થવા લાગતા હતા. પૃથ્વી ઉપર દેવાલયો પડતાં હતાં. પ્રતિમાઓ હસતી હતી તે મુનિજનોના મન કહેતાં હતાં. તેનાથી તે બહુ જ ઉદાસ થતા હતા. પૃથ્વી ઉપર બહુ જ ભયંકર શબ્દો થતા હતા. આકશેથી ઉલકાઓનો વર્ષાદ થતો હતો. દુષ્કર ઉત્પાતો થતા હતા. તેથી સૌ જનોનાં મનનો ભંગ થતો હતો. આ બધાંય હાસ્ય વગરના થયા. કૂવાઓ અને દિશાઓ બહુ જ ગાજતી હતી. તેનાથી નરનારિજનોને બહુ જ કષ્ટ થતું હતું.

હે રાજન ! જગમાં અશુભ થતું હતું. લોકોને બહુ જ વિપરીત જણાતું હતું. જ્યારે મહારાજ આલોકમાંથી સ્વધામ જવાના હતા. ત્યારે સૌ જનો સંતોને ધીરજ દઈને જવાના હતા ધર્મલાલા પ્રભુને કોઈ મોહ છે જ નહિ. સાવ નિર્મોહિ છે. મનમુક્ત છે. સંતોભક્તો સ્તુતિ કરે છે તોય કાંઈ દિલમાં થતું જ નથી. સૌની પાસે તો વિદાય જ માગે છે અને પોતાના મનમાં સાવ ઉદાસીનતા જ થઈ ગઈ છે. સૌ સંતો ભક્તોએ ભગવાનની તે મરજી જાણીને વિચાર્યું કે પ્રભુએ પોતાના ધામમાં જવાનું નિર્ધારિત કરેલું જ છે એ નિશ્ચિત જ છે. કોટિ ઉપાય કરવા છતાં હવે હરિ નહીં જ રહે. આમ સૌ સંતજનો સાથે મળીને નિશ્ચય કર્યો. આ કારણે રાજાધિરાજ શરણાગત વત્સલ મહાપ્રભુ બિરૂદનો ત્યાગ કરીને કઠોર થયા છે. મનનો ઉમંગ ત્યાગ કરીને ઉદાસ થઈ ગયા છે. સત્સંગમાંથી જ એમનો રહેવાનો આનંદ તૂટી ગયો છે. એટલે પ્રભુ કહે છે, હવે રહેવાની પ્રીતિ રહી જ નથી અને અમે બધાં જ કામો પ્રીતથી કરી જ દીધાં છે. પૂર્ણ કર્યાં છે. અગણિત દેવો ઈશ્વરો દિગ્પાળોનાં સમુહો આવ્યાં છે તો મનમાં બહુ જ રાજી થઈને મારું સ્તવન કરે છે. કહે છે, પ્રભુ ! ચાલો કરુણાનિધાન અમારા લોકને પધારીને પાવન કરે. આમ કહે છે. તમે જો મારા સાચા સંતો અને ભક્તજનો હોય તો તે કોઈ જાતનો ક્લેશ મનમાં ન કરે અને વિચાર કરીને જુવે તો અમારી કહેલી આજ્ઞા પ્રમાણે રહે તો બહુ સુખ મળે. અમે

સદાય સત્સંગમાં નિવાસ કરીને રહીશું. ધર્મ પાળશે તો તેમને કોઈ જાતનો ક્લેશ જ નહિ થાય. અમારી પાછળ કોઈ જાતનો ક્લેશ ન કરે તો તે અમારો એકાંતિક ભક્ત સાચો છે જો અમારો કાચો ભક્ત હશે તો તે અમારી પાછળ બહુ જ ક્લેશને કરશે અને અમને જો જવાની આજ્ઞા નહિ દે તો તે ભક્તની એકાંતિકી ભક્તિ તે મને બહુ પ્રિય નથી જ થતી. મારી મરજી પ્રમાણે મારી આજ્ઞાનું પાલન કરીને તે પ્રમાણે રહે તે ભક્ત એકાંતિક ભક્ત મને બહુ પ્રિય છે. તે જ મારો ભક્ત છે. હું કરોડો ઉપાય કરવા છતાં અહીં નથી જ રહેવાનો. આ કહું છું. તે વાતને સૌ સંતો તમે સાચી જ માનો. અમને શા માટે કષ્ટ કરો છો. તમો રાજી હો તો ધામમાં જવા માટે સુખ થાય. આમ કહીને અનંતમૂર્તિ મહારાજ મૌન રહ્યા. મુનિજનો ભક્તજનો બોલાવતા હતા તોય ન બોલ્યા.

મોટા મોટા સૌ સંતો બધા ભેગા મળીને વિચાર કરતા હતા. કહેતા હતા કે આપણા કારણે પ્રભુજીના અંગમાં કષ્ટ થાય છે. તેને સહન કરે છે. અહીં તો મૂર્તિમાંન પોતે રહેવાના જ નથી. કોટિ ઉપાય કરતા હશું તોય નહિ જ રહે. માટે જો આપણે રજા દઈશું તો જ આનંદ જોઈને પ્રભુ ધામમાં જાય તે સારું છે. આવી રીતે વિચાર કરીને સૌ સંતજનો પોતાના બંને હાથો જોડીને હરિને કહેતા હતા હે સંતકમળવન તેન પોષાક પ્રભુ, આપની જેવી મરજી હોય તે રીતે કરો. અમે સૌ સંતો ભક્તો રાજી થઈને કહીએ છીએ. અમે સૌ આપના પ્રેમને આધીન છીએ. તેનું આપ પાલનપોષણ કરજો. બીજી બધી આશાઓ અને વિશ્વાસોનો ત્યાગ કરીને તમારા દાસ થયા છીએ તો તેને આપ મારો કે જીવાડો તે હે વાસુદેવ ! દિલમાં વાસ કરો એ જ છે. આપ અંતર્યામી છો. આપ બધાય જગતને જાણો જ છો. કહેવાનું હતું તે બધું જ અમે કહ્યું. આપનો ભક્ત જાણીને ભયને હરો ઘનશ્યામ પ્રભુ ભક્તજન સંતનાં વચનો પોતાના અંતરમાં ધારીને મહાપ્રભુ મનમાં રાજી થયા. ભક્તવત્સલ ભયને હરનારા ઘનશ્યામ પ્રભુ તાત્કાલિક જ તૈયાર થયા. પોતાના ધામમાં જવા માટે દેહનું ભાન ભગવાન ભુલી ગયા. ભૌતિક શરીરનો ત્યાગ કરવા અગણિત મુક્તોથી વિંટાયા થકા પોતાના અક્ષરધામમાં જવા તૈયાર થતા ત્યારે બ્રહ્મા વિષ્ણુ વિગેરે તથા મુક્તજનો ગુલતાંન થઈને ગુણને ગાતાં હતાં. સુંદર મહાન દિવ્ય વિમાનમાં બેસીને મુક્તજનોથી ગવાતા થકા મહારાજ જતા હતા. દેવો મુનિજનો આવેશમાં દુંદુભિ વગાડતા હતા. દેવો ગાંધર્વો ગુણને ગાતાં હતાં. અપ્સરાઓ નાચતી હતી. પુષ્પ ચંદનનો વર્ષાદ કરતાં હતાં ત્યારે તો બહુ જ મોટો ઉત્સવ થયો. દેવલોકમાં જનોના સ્વામીનો જયજયકાર કરતાં હતાં. આવી રીતે આનંદઘન મહાપ્રભુ મુક્તજનોથી વિંટાયા થકા પધારતા હતા.

પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુ પ્રથમ પ્રીત કરીને વિશાલા (બદ્રિવનમા) ધામમાં પધાર્યા. કામને હરનારા દેવોને સુખ કરનારા શ્રીહરિ નરનારાયણ પ્રભુને તથા મુક્તજનોને દર્શન દેતા હતા. ત્યાંના મુક્તજનો ભેટ ધરીને પૂજન કરતા હતા. ને સેવા અંગિકાર કરીને પોતે મુક્તજનોની સાથે પછી શ્વેતદ્વિપધામમાં પધાર્યા. કરોડો મુક્તકોટિનો સમુહની સાથે પુરુષોત્તમ પ્રભુનું પ્રીતથી પૂજન કરતા હતા. સુખકંદની સ્તુતિ કરતા હતા. પછી ગુણવંત પ્રભુએ ત્યાંથી ગમન કર્યું. પુરુષોત્તમ ભગવાન પ્રસિદ્ધ વૈકુંઠધામમાં પધાર્યા. તે વૈકુંઠલોક ભૂમા પુરુષનો કહેવાય છે. તેનો કૃપાળુ ભગવાન પાવન કરીને તેમણે ભેટપૂજાને ગ્રહણ કરીને ત્યાંથી કમલનયન પ્રભુ ઘવાતા થકા દેવોનાં ઇંદ્રાદિકના લોકોને પ્રભુએ ધામને પાવન કર્યા. મહાપ્રભુ માર્ગમાં જતા હતા ત્યારે મુક્ત જનોથી શોભતા થકા જતા હતા. દેવોનાં અગણિત લોકમાં પાવન કરીને કરુણાસાગર અપાર પૂજાભેટને આંગિકાર

કરીને મનોહર પ્રભુ અનંત ઇંડ બ્રહ્માંડના સ્વામી મીની પાસે સર્વે દેવો આગળ આવ્યા. હાથ જોડીને સ્તુતિ પ્રાર્થના કરતા હતા. પ્રભુ પાસે વરદાન માગતા હતા. પુરુષોત્તમ પ્રભુ સર્વનું સારું કરવા કહે. અમે તમારા ઇંડ બ્રહ્માંડમાં આવીશું. આવી રીતે શિવ બ્રહ્મા વિષ્ણુ હાથ જોડીને કહેતા હતા કે અમે તમારા આશ્રિત ભક્ત કહેવાઈએ છીએ. પ્રભુ પ્રીતથી અમારી ભેટપૂજાને ગ્રહણ કરીને  અમારા મનને શુદ્ધ કરજો. સુખભવન પ્રભુ સ્તુતિને સાંભળીને અપાર સંતાપને સમાવીને સૌના ધામમાં જતા હતા. બ્રહ્માંડ ઇંડમાં જક્તના ધરનારા સૌને સુખ દઈને ઘનશ્યામ પ્રભુ સર્વનાં કામ પૂર્ણ કરીને ગોલોકમાં ગયા ત્યારે તેમાં પોતાના એકાંતિક મુક્ત ભક્તો સૌને મોટા ભાગે સુખકંદ પ્રભુ સુખ દઈને અંતમાં પોતાના અક્ષરધામમાં અનંતમાં શ્રી સહજાનંદ સ્વામી પ્રભુ પધારતા હતા. ત્યારે ત્યાં અપાર મુક્તો જયજયકાર પોકારતા હતા. રાજમાન રાજાધિરાજ મહારાજા સર્વકારણના કારણ સર્વ ક્રિયાઓ કરીને પધાર્યા ત્યારે મુક્તો પ્રભુના ચરણકમળને સેવન કરતા હતા. અનંત ઇંડ બ્રહ્માંડોના પતિ અપાર દિવ્ય વિભૂતિ જગતના શોભાવાળા સુખદાઈ પ્રભુ મહાદિવ્ય મણિઓ જડેલા મણિમય મોટા સિંહાસનમાં દિવ્યસ્વરૂપે વિરાજમાન થયા. અક્ષરધામમાં ધામના ધામિ પ્રભુ સર્વનામના નામી સર્વના નાથ અતિ સમર્થ મહાપ્રભુ અકાંમી કિશોર વયવાળા ધર્મનંદન પ્રભુ ગુણસાગરના છંદો ગુણ ગાતા હતા. દિવ્ય અવતારો મુક્તો સદાય પ્રભુની સેવા કરતા હતા. પ્રભુ શોભતા હતા. અનંત બ્રહ્માંડોના વાસિ આવતા જતા હતા તેનો પાર જ ન હતો. અગણિત મુક્તો સ્તુતિ કરતા હતા. આવા ધર્મકુમાર પ્રભુ વિરાજતા હતા. પ્રભુ કહે તેમજ સૌ કરે છે. મહાપુરુષ પુરુષપ્રધાનો અંતને ચતુરવ્યૂહ સ્વરૂપે ચિત્તને આનંદ દેનારા વૈરાજ પુરુષના અંત સુધી વૈરાજેલા મહાકાળ અતિ મહાશક્તિને ધરીને રહે છે. તે કરોડો મુક્ત કોટિઓને માને છે. સર્વના નિયમકર્તા એક જ સ્વામિ તે જ પોતે સહજાનંદ સુખધામને જાણવા. અક્ષરમુક્તના રોમોમાં કરોડો સૂર્યના પ્રકાશવાળા આવા તો અનંત મુક્તો સંતો હરિના દાસ કહેવાય છે તે સર્વનાં તે જ સમૂહ તેનો માપતો ન જ થાય. તેવો અમાપ છે. તે અક્ષરનો એક દેશને મંદિર રહ છે. તાપને હરે છે. આવી રીતનો  અક્ષરનો અને મુક્તનો બધો જ તેજનો પ્રકાશ તે બધોય પુરુષોત્તમ પ્રભુના ચરણના નખની સમાન નથી પહોંચતા તે તો વ્યાસ ભગવાન કહે છે. સદાય મહાપ્રભુ પોતાના ધામમાં રહે છે. જેને અક્ષરનામથી કહેવાય છે તે અક્ષરધામમાં રહે છે. ક્યાંય જતા આવતા જ નથી. ધામને ત્યાગીને સુખધામી પોતાને ઇચ્છિત નરનાથ પૃથ્વી ઉપર દેખાય છે. તે પોતાની માયાએ કરીને બતાવે છે. તેને સાશાસ્ત્રો ગાય છે. પ્રભુ નટની માફક માયાને બતાવે છે. જગતમાં ભક્તજનોનાં સુખ કરવા તેમના ભયને હરવા ક્યારેય જન્મ નથી ધરતા વગર જન્મે તે સહજાનંદ સુખધાંમ આ શરણના શરણદાતા છે. પ્રભુ સદાય સ્વતંત્ર રહે છે. ક્યારેય પરતંત્ર નથી રહેતા. કાળકર્મના ગુણને ખાઈ જાય છે. એમનાં જન્મકર્મ બધુય દિવ્ય જ હોય છે. તેને સારા ભક્તજનો સમજી જાણે. તેને પ્રાકૃત મનુષ્ય જેવા જ ન લાગે. પ્રભુ તો જે કોઈ કર્મ કરે છે તેમાં ક્યારેય બંધાતા નથી. કરવા જ અનંતકામો કરે છે. તે પોતાની માયાએ કરીને કરે છે. ભક્તના ભયને હરવા ભગવાન નિસ્પૃહ થઈને જગતથી મુક્ત જ રહે છે. ક્યાંય બંધાતા જ નથી. પ્રભુ યુગોયુગ મનુષ્ય સ્વરૂપને ધારે છે. ભક્તજનોનાં કામો કરે છે. અનંતનાં કામો કરીને પોતાની માયાએ કરીને ભક્તજનોના ભયને હરવા ભગવાન અંશકળાઓ કરીને પોતે પૃથ્વી ઉપર પધારે છે. અવતારો ધરીને આવે છે. અવતારી આવીને મહાભયંકર અસુરોને મારે છે. ઘનશ્યામ સુખકારી પોતે અવતારી સર્વોપરિ આવ્યા હતા. આજે તે અક્ષરધામમાં વિરાજે છે એવી અગણિત કળાઓને અંગોમાં ધારીને

સહજાનંદ સ્વામી પોતે શોભે છે.

અનંત પ્રભુ સ્વયં પધારીને પૃથ્વી ઉપર અનંત જનોનાં કામો કરી દીધાં. ભક્તજનોને તારીને ભગવાન પોતે ધર્મનંદન પ્રભુ પોતાના ધામમાં વિરાજે છે. અનંત મુક્તો મુનિઓ આવ્યા અને અગણિત ઈશ્વરો દેવો ઉરમાં આનંદ ધારીને આવ્યા ને પ્રગટ પ્રભુનો મહિમા કહેવાયો તે પુરુષોત્તમ પ્રભુએ સ્વમુખે જ ગાઈને સમજાવ્યું.

શ્રીહરિ ભગવાન પોતાનો દેહોત્સર્ગ કરીને અક્ષરધામમાં પધાર્યા એવી રીતે બાવનમાં અભિધાનરૂપે શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે તરંગ પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અવધપ્રસાદજી મહારાજ આનંદરાજાના સંવાદમાં શ્રી પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામિનો દેહોત્સવ વર્ણન નામે બાવનમો તરંગ પૂર્ણ થયો. ॥૫૨॥**

# તરંગ-૫૩

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! પરિબ્રહ્મ પુરુષોત્તમ પ્રભુના ગુણોનું નિત્ય પ્રત્યે આગમ અને નિગમો ગાયા જ કરે છે. પણ જ્ઞાનીઓને તેની ખબર જ પડતી નથી. શ્રીહરિને અંતર્ધ્યાન થયા પછી સૌ નરનારિજનો સંતો ભક્તો સૌ વિચારતા હતા. હવે કલ્યાણદાતા ક્યાં ગયા. વ્યાકુળ થઈને વિલાપ કરતા હતા. રૂદન કરતા હતા. ધામના ધામી સુખધામ નામોના નામી ધર્મનંદન મહાપ્રભુ આપણને મૂકીને ગયા હવે આપણી ભુલોને કોને કહીએ. આપ તો અમને છોડીને જતા જ રહ્યા. શાંતિ કરવા અમારી સાર ન લીધી. હે પ્રભુ ! તમારા વગર બધું જ મુનિમંડળ તે જેમ પ્રાણ વગરનું દેહ હોય તેવું થયું છે. હે નાથ ! આપે બહુ જ ભારે દુઃખ દીધું છે. સકળ જગવંદ્ય પ્રભુ અમારા ફંદોને હરીને સુખ કરો. આવી રીતે વિલાપ કરતા કહેતા પ્રાણ વિનાના થઈને પૃથ્વી ઉપર સૌ પડી ગયાં. પ્રાણ વગરના થઈને જાણે દેહો જ કહેતા હોય તેમ હે નાથ ! બહુ જ દુઃખ થાય છે. વગર મોતનાં નરનારિજનોને આપે માર્યાં છે. હે પ્રભુ ! તમે જ સૌ જનોનાં પ્રાણ આધાર છો. તો પણ અમે કેમ જીવતા રહ્યાં છીએ. હે કમલનયન પ્રભુ ! આપનાં વગર સૌ જનસમુહ મહાદુઃખને પામે છે. આપ દાસને સુખ આપીને રાજી કર્તા હતા. સેવા કરાવતા હતા. સૌ જનો ચકોરની માફક આપનું ચિંતવન કર્યા કરે છે. પણ હવે તો બધું જ સુખુ વિપરીત જ થઈ ગયુ છે. હરિ આપના હાસ્યવિનોદથી હરખાવતા હતા. મનની પીડાને હરી લેતા હતા. સદાય સુખ કરતા હતા. આપની ગેરહાજરી અંતરમાં બહુ જ ખટકે છે. હે નાથ ! એકપળ પણ કલ્પ સમાન વિતે છે. પ્રભુ આપે અમૃત પાઈને જીવાડ્યા છે. હવે અદશ્ય થઈને વિખ (ઝેર) કેમ પાઓ છો. હે ભગવાન ! નિર્દયનાથ આપને દયા ન આવી. હે દયાસિંધુ આપનું દયાળુપણાંનું બિરૂદ શા માટે બદલો છો. આપનું હૃદય તો કોમળ કમળના ફૂલના જેવું છે. કવિજનો તેને માંખણ જેવું કોમળ ઉપમા આપે છે. તોય આપ તો વજ્ર જેવા આકરા થઈને ભક્તજનોને વિસારીને ધામમાં પધાર્યાં. અહીં સૌને જીવતા માર્યા. સૌ જનો આવી રીતે બહુ જ આર્તવચનથી મૂર્છિત થઈને પ્રભુની પ્રાર્થના કરતા અને ભગવાન વિનાં વિલખતાં હતા. ઘડી ઘડી ઉઠે ને પડે અંતરમાં ધીર ધરે પડે ને ઉઠે. જેમ જગતમાં સંપાત ગીધ પાંખો વગરનો શરીરમાં પીડાતો હતો તેમ લોકો પીડાતાં હતાં. રાજાએ અનંત

પ્રયાસો કરીને જેવી રીતે રાજ્યસ્થાપન કર્યું હોય અને તેનો નાશ થઈ જાય. ત્યારે જેટલું દુઃખ થાય તેમ નરનારિજનો અને મુનિજનો શોકાતુર થઈને વિલાપ કરતાં હતાં. જાણે મહાસાગરમાં જહાજો બૂડે તેમ મુનિજનો ભક્તજનો સૌ વિરહના સાગરમાં વિલાપ કરતાં હતાં. અંતરમાં બહુ જ પીડા પામતાં હતાં. તેનાથી તેમનું જ્ઞાન રૂંધાઈ ગયું હતું.

બાઈઓ પ્રભુની વાતો વિચારીને મનમાં બહુ જ વિલાપ કરે. પ્રાણનાથ ગયા. તેથી શરીરમાં બહુ જ કષ્ટ થાય છે. સ્નેહી પ્રભુ ઘનશ્યામધામમાં પધાર્યા. અબળાઓ ભક્તિને આધિન હતી તે કામ કરે તેમાં થોડું મન લાગે ત્યાં કમલનયન પ્રભુ તો ગાયા પણ એમના વિરહમાં વગર મોતે મારીને જ ગયા છે. જગતમા પ્રભુ એક જ આધારરૂપ હતા. હવે સૌ નિરાધાર થઈ ગયાં છે. શરદપૂનમનો ચંદ્ર જાણે પીડા કરતો હોય અને અગ્નિ પ્રગટાવ્યો હોય તેવું ગરમ પ્રકાશ લાગે. ઠંડુ હોય તોય જાણે ગરમ જ લાગે. પ્રભુના વિયોગમાં ઠંડો પવન વાતો હોય તોય તે વિરહાગ્નિના શ્વાસોશ્વાસને લીધે ગરમ જ લાગે. ચંદ્રની શીતળતા સુંદર હોય તોય જાણે અગ્નિનાં જેવું શરીરમાં ગરમ જ લાગે. ઘનશ્યામ પ્રભુ ધામમાં પધાર્યા. ત્યારથી ગઢપુરવાસીઓને વગર મોતે મારેલા જ છે. સુખના ધામ ઘનશ્યામ નામનું અખંડ ગાન કર્યા કરે છે. કેળનો થાંભલો જેમ પવનના વેગે પડી જાય તેમ નારિજનોના નયનોમાંથી આંસુનું પાણી સતત વહ્યા જ કરે છે. અતિ પ્રેમથી રૂદન કર્યા કરે છે. ઉંચેથી પુકારો કરીને બોલાવે છે. ઉઠે છે. પડે છે. જમીન ઉપર હાથ પછાડીને ઉર ઉપર પછાડે છે. મનમાં બહુ જ પીડા થયા કરે છે. બહુ જ વ્યાકુળતા થાય છે. જાણે સરોવરના કાંઠા ઉપર કુમારી હંસ બેઠું હોય અને કમળનાં વનમાં ફરતું હોય ને તેમ કહેવાય તોય તેને પતિ વિયોગમાં કમળનું સુખ સિંધુના(સમુદ્ર) તટની માફક ખારું જ લાગે. જેમ ચકોરી ચંદ્રની છબિને જોઈને શિત દર્શનના ચંદ્રને જોઈને મનથી અમૃતનું પાન કરે છે.અને સુખમાં રહે છે. પણ તેને બહુ જ ભારે વિયોગ થાય ત્યારે વિરહમાં સૂર્યને જુવો તો તેનાં બધાં જ અંગો દાજે છે અને અંગોમાં બહુ જ પીડા થાય છે.

ગઢપુરની નારિ સર્વે પ્રભુના વિયોગમાં હાય હાય કરીને નાથ વિના બે પાંપણો ભેગાં કર્યા વગર જ સ્વામીને જોયા વગર ખરી પડી. જેમ યુવાન તરુણીને છોડીને પતિ ચાલ્યો જાય તેને જેવું દુઃખ થાય તેમ તમારા જવાથી અમારે થયું છે. ઘનશ્યામ વિના અમારા મનને કોણ શીતળ કરે. તમારા વિના સૌ રોઈને અધિરા થયા છઈએ ધીરજ રહેતી નથી. યુવતી ઝુરીઝુરીને મનથી નિત્ય બળતી જ રહે તેમ મૂર્ચ્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગઈ. મન સંકુચાય છે. શોશાયા કરે છે. આ રીતે પ્રભુ વિના નિરાધાર જનો વ્યાકુળ થઈને અધિર થઈને રહે છે. બહુ જ શોક કરે છે. બહુ જ ઝુર્યા કરે છે. હૃદયમાં અતિશય દુઃખ થાય છે. સુખ તો થતું જ નથી. ઘનશ્યામ વગર હૈયું ધિરજ ધરતું જ નથી. અધિરા જ રહ્યા કરે છે. સૌ જનો વિચાર્યા કરે છે. પ્રભુને જોયા વિના પ્રભુ વિના નેત્રોમાંથી જળ વહ્યા કરે છે. આંસુની ધારા વહે છે. મુખ શ્વાસ લે છે તો પણ મન ઉદાસ જ રહ્યા કરે છે. પ્રભુ વિના બહુ જ પીડા થાય છે. તેમાં બુદ્ધિ કાંઈ કરતી જ નથી. સુનમુન થઈ ગઈ છે. મુનિજનો મનમાં શોકથી ધીરજ ધરી નથી શકતા. શોકાતુર થઈને જમીન ઉપર ઢળી પડ્યા ને નયનોમાંથી આંસુની ધારા વહેતી જાય. ઘનશ્યામ તમારા વગર સૌ જનો અતિવ્યાકુળ થયાં છે. જ્યારથી નાથ ગયા છે. ત્યારથી મનમાં પીડા થતી જ રહે છે. લગારે અનુકૂળતા નથી લાગતી. ઉરમાં દુઃખ થાય છે. તેથી ભયંકર રીતે હૃદય ભાંગતું જ રહે છે. અધિરતા જ રહે છે. કલ્યાણના કરનારા નરવિર પ્રભુ સ્વધામે ગયા ત્યારથી ઉદ્વેગ બળે છે. શરણાગત

શ્યામ ત્યાગ કરીને ગયા. સૌને અત્યંત સુખ સાગરમાં ગરકાવ કરીને પછી શ્યામે અઘટિત કામ કર્યું. આનંદના ધામ ઘનશ્યામ અમને નરનારિજનો સૌને મતિ વિનાના કરીને ઉદાસ દિલદાસ કરીને દુઃખ દઈને પોતાના ધામે પધારી ગયા.

મહાપ્રભુ સંતોને પાસે રાખીને પ્રીતથી વારેવારે આનંદ પ્રમોદ દેતા હતા તે જ્યારે જમતા ત્યારે અમોને જમીને જમાડતા. જગપતિ નવાનવા આનંદ વિનોદ કરતા. સભામાં સુંદર રીતે સુખદાયક પ્રશ્ન-ઉત્તર કરાવતા. પ્રીત કરીને સૌ સંતોને સુખ દેતા હતા. સંતોના હૃદયમાં નવિન મેઘસમાન સુંદર છબિ સુખ કરતા હતા. મુનિજનો પાસે મંદિરોનાં કામો કરાવતા હતા. દેશપ્રદેશોમાં મોકલતા હતા ત્યારે હૃદયમાં ચરણ ચાંપીને ચતુરવર સૌનાં ફતુરને હરિને ક્લેશને હરતા હતા. દાસ ઉપર દયા કરીને હરિ પ્રસાદીના હાર દેતા હતા. બાહુમાં લઈને બાથ ભરીને ભેટતા હતા. શરણસુખ દેનારા અવિનાશી પ્રભુ સુખ દેતા હતા. આપેલાં સુખો બધાંય દિલને દુઃખ કરનારાં થયાં. ત્રિભુવનરાય પ્રભુ આપના વિના હવે કોણ વાત કરે ને મુનિજનોનાં દુઃખને કોણ હરે. આ બધું સાંભળી સંભાળીને અમારાં હૃદયમાં દાહ થાય છે. માટે દર્શન દો હે પ્રભુ ! તમારા વગર આ નદીઓ પણ દિલમાં દાહ કરાવનારી થઈ છે. આ જ બાગો દરબારગઢ છે. તે જ છે પણ આપ વિરાજતા હતા ત્યારે સુખ કરનારાં હતાં. અત્યારે તમારા વગર દિલમાં કેવું સુખ હોય. તેજ ઘાટો વાટો હાટો સુખ કરનારાં શોભતાં હતાં પણ તમારાં વગર બધુંય દુઃખ કરનારું થાય છે. તે રોજે રોજ દિલમાં દાહ કરનારાં છે. વિરહાતુર અમે તે શું કરનારા છીએ. કાંઈ ન જ કરી શકીએ. શરદપૂનમનો ચંદ્ર શીતળતા કરનારો શોભે છે પણ અત્યારે આપના વગર તે પણ સુખ ન કરે. પણ દુઃખદાહ કરનારો થાય. જેમ શીતળ વાયુ છે તે શ્વાસને જેમ શાપરૂપ થાય છે. તેમ આપના વિરહમાં અંગ બહુ જ પરિતાપને કરે છે. બધાં જ સ્નેહીજનો અત્યારે શત્રુ જેવાં લાગે છે. શીતળચંદન છે તે શરીરને બાળે છે. તમારા વગર પ્રભુ જગત બધું ઉજ્જડ જેવું લાગે છે. પ્રીતમપ્રાણ પ્રભુ પ્રાણથીય અમને પ્યારા છો. હે સુખસાગર ! અમે સદાય રહેવાના છીએ. આપના ચરિત્રોને ઝીલતા થકા સદાય મનમાં રાજી થતા રહીશું. વિધિ પ્રમાણે સુખસાગર દુઃખ પડે તેને તો આપ સર્વજનની મનની અંતરની વિગતો જાણો જ છો. હે પ્રભુ ! અમે જો દેહને પાડી દઈએ તો એનાં કરતાં આપની મૂર્તિને ઉરમાં અખંડ ધારીશું. આપની આજ્ઞા ભંગ કરનારો આપનો દ્વેષી તમે કહેલો છે. તેથી વારેવારે મનભર માયા કરે છે. મતિ ભ્રષ્ટ ભરમાયા કરે છે. આવી રીતે આપની આજ્ઞાને ઉરમાં ધારીને દેહને રાખીશું. તમારા વગર જગતના દાહને (દુઃખને) સહિશું. પ્રભુ વિરહાનલથી બેહાલ કરનારો થાય છે. જીવમાં જંપ નથી થતો. જ્વાલાઓ બળ્યા જ કરે છે. વિરહના તાપમાં અગ્નિનાં રૂના જેવું શરીર છે. તેનો શ્વાસ છે. તે ભયંકર વાયુ જેવો વહે છે. આવી રીતે ઘનશ્યામ પ્રભુની આજ્ઞાને દર્પણની જેમ ધ્યાનના દર્પણમાં દેખાય છે. જીભની પ્રભુનું નામ જપ્યા કરે. જાણે પ્રાણ તો જતા જ નથી. આવી રીતે સૌ સંતો પ્રભુના વચનના નિયમને ધારીને રહેતા હતા. ઉરમાં વિચારતા કે આપણને તજીને કેમ ગયા. પ્રાણપતિ પરિબ્રહ્મ પ્રભુ મહારાજ પુરુષોત્તમ હરિ ફરીથી દર્શન દેશે. અમે વિરહના જળસાગરમાં આકુળ થકા અકળાઈએ છીએ. તે તો પ્રભુ અજોડ બાહુ પકડીને ઉગારી લેજો. આવી રીતે કહીને સંતોનાં શરીરો પૃથ્વી ઉપર પડ્યાં. મુખેથી ઘનશ્યામ પ્રભુનું નામ રટતાં હતાં. ગઢપુરમાં પ્રિતમ પ્રાણ વગર જયા લલિતા ગંગા આદિક સૌ શોકાતુર થઈને વિલાપ કરતી હતી. મનનો દાહ જાણીને જેમ વેલી બળે છે એમ જાણીને આજ રીતે અબળા

પ્રમાણ રૂપે થયાં. વિરહની પીડાને લીધે જેમ જળ વગર માંછલું મરે છે તેમ આવી રીતે બંને પુત્રો બહુ જ રોતા હતા. હે નાથ ! આપે બહુ જ દુઃખ આપ્યું છે. તનમાં અને મનમાં બહુ જ પીડા થાય છે. અપાર દુઃખ થાય છે. પ્રભુ તમારાં વગર તો એક પળ પણ યુગોનાં જેવી વીતે છે. પ્રભુ દિલમાં દયા ધારીને અમોને સુખી કરો હે કરુણાનિધાન ! આ આપની દાસીને છોડીને જતા રહ્યા. દુઃખના સાગરમાં નાંખીને બહુ જ રીબાવ્યા છે. હે પ્રભુ ! તમારી સુંદર સાથ ન કરવાનો આજ જાય તે નયનોથી જાયો. એટલે દિલમાં દુઃખ બહુ દુઃખ થયું. પ્રભુ આપ ભોજન કરતા હતા તે સુંદર પાત્રો જોઈને તે તમારા વગર સારાં નથી લાગતાં. આપ પાદુકાઓ પહેરીને પ્રીતથી આવતા હતા. તે પાદુકા જોઈને મનમાં બહુ જ દુઃખ થાય છે. આપની સેવાનાં સાધનો જોઈને તે તમારાં વગર બહુ જ પીડા કરે છે. તમારાં વગર  સુખ કરનાર આપની કથા અને સુંદર પુષ્પની સેજ છે તે કાળનો ગ્રહ લાગે છે. આપનું અંતર છે તે જ બહુ દુઃખદાયક લાગે છે. શરણાગતને તજીને શ્યામ તમે ગયા છો. તે અમોને બહુજ દુઃખદાયક લાગે છે. હે નાથ ! નિર્દય કામ કરીને નિપટ કામ કર્યું છે. આપનાં ચંદ્રસમાન મુખકમળને જોતા હતા ત્યારે તે સતત જોઈને શોકથી મુક્ત રહેતા હતા. હવે ક્યારે દર્શન દઈને દુઃખ દરદને દૂર કરો. સૂર્યનારાયણનું શરીર તો વિશ્વમાં ફેલાયેલું છે. સૌને સુખ કરે છે. પ્રભુ તમારા વગર રાતદિવસ શરીરમાં પીડા પામ્યા કરે છે તો આપનો દાસ જાણીને જગતના નાથ દુઃખને વિસરાવો. આવી રીતે કહીને ભક્તો અનાથ થઈને ભોંય ઉપર પડી ગયા વિરહની પીડાથી નયનોમાં આંસુ વહેતાં હતાં. અતિ અધિરા થઈને તરફડતાં હતાં. તમે આવી શું કઠોરતા કરી ? આવું તો કોઈ ન જ કરે. પ્રભુ ત્રિલોકીમાં સુખ કરો. શરીરથી ઉદાસ થઈને બહુ જ વ્યાકુળ થયાં. ઉરમાં નિસાસાના શ્વાસ લેતા હતા. જાણે પ્રાણ વગરના ન થતા હોય તેમ આવી રીતે બહુ જ દુઃખ શોક કરતા હતા. શોક કરીને ઉચ્છ્વાસ કરતાં હતાં. શોકથી આતુર થયેલાં સૌ લોકો વ્યાકુળ થઈને રહેતાં હતાં. તે રાજા તમે સાંભળ્યું. સર્વત્ર કરુણ રસ છવાયેલો હતો. ગઢપુરમાં મહાદુઃખ થતું હતું. હે રાજન ! બીજી વાતો હવે સાંભળો. જે પ્રભુ દેહનો ત્યાગ કરીને ગયા પછી સચ્ચિદાનંદ નામના સંત તે સંતોમાં શિરોમણિ સારા સંત સમાધિ નિષ્ઠ હતા. પ્રભુના સ્વરૂપમાં બહુ જ પ્રેમવાળા હતા. પ્રભુ વિરહથી તેમના અવયવમાંથી લોહી વહેતું હતું. નેત્રો નાક કાન અને રૂવાડામાંથી લોહી વહેવા માંડે. કોઈ જગ્યાએ સ્થિર ન જ રહે. વ્યાકુળ જ રહે. તે સ્વામીએ તત્તકાળ જ સમાધિ કરીને પોતાના શરીરનો ત્યાગ કર્યો. શરીરની નાડીઓ તોડીને સ્વતંત્ર રીતે સમાધિથી ધામમાં ગયા.

વિરહ વેદનાનું વર્ણન કર્યું. ભક્તજનોને બહુ ભારે શોક થયો. સર્વના દુઃખને હરનારા શ્રીહરિએ દયાનો ત્યાગ કરીને દુઃખ દીધું. પ્રેમીભક્તબાઈ સંતો સૌ વ્યાકુળ થયાં ને મૂર્છિત થઈને બહુ જ ગહેરાં દુઃખમાં પડ્યા. આ રીતે તેપનમું અભિધાન શ્રીહરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં શ્રીહરિના શોકમાં આતુરતાવાળા ભક્તની વિલાપની વાર્તા વર્ણન કરીને કહી એ નામે તેપનમું તરંગ પૂર્ણ થયું. ।।૫૩।।**

# તરંગ-૫૪

આનંદસિંહ રાજા કહે છે, હે અવધપ્રસાદજી મહારાજ ! મહાપ્રભુનું વચન ઉલંઘન કરીને સચ્ચિદાનંદ સ્વામી જે શરીરનો ત્યાગ કરીને ગયા ત્યારે તેને ઘનશ્યામ પ્રભુએ શું કર્યું ? આ વાર્તાને વિસ્તાર કરીને બધી વાતો મને કહો.

અવધપ્રસાદજી મહારાજ કહે છે, હે રાજન ! તે વાત તમને કહું છું. જગતના પતિ મહારાજે જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે મુનિજનો શ્રીહરિ મહાપ્રભુ અંતર્ધ્યાન થયા પછી (સ્વધામ ગયા પછી) શ્રીહરિના દર્શન વગર સંતો આકુળ વ્યાકુળ થયા. બહુ જ બેહાલ થયા. તરત પૃથ્વી ઉપર ઢળી પડ્યા. હે રાજન ! શરીરમાં કાંઈ ભાન ન હતું. મુખેથી સ્વામિનારાયણ નામનું રટન કર્યા કરતા હતા. સતત જપતા હતા અને શરીરના છિદ્રોમાંથી લોહી વહેતું હતું. શરીરમાંથી લોહીની ધાર વહેતી હતી. નેત્ર નાસિકા કાન મુખ આદિક બધાં અંગોમાંથી લોહી વહેતું હતું. હાથ પગને લાંબા કરીને પૃથ્વી ઉપર ઢળી પડ્યાં. ભાન વગરના થઈને આળોટતા હતા. જેમ માછલીના પ્રાણ જળમાં હોય ત્યાં સુધી જ રહે પાણી વગર માંછલું તરત જ બેહાલ થઈ જાય તે જ રીતે મુનિ પ્રભુ વિના તત્કાળ જ પૃથ્વી ઉપર પડી ગયા. મુનિએ મનમાં વિચારીને નક્કી કરી જ લીધું કે હવે અમારા પ્રાણ પ્રભુ વિના નહિ જ રહે. હવે જલદી પડી જશે. આવી રીતે સમજીને સ્વતંત્ર પોતે સિદ્ધ એવા સચ્ચિદાનંદ મુનિ બહુ જ પ્રભુના પ્રતાપવાળા હતા. પ્રાણને ઉંચે ચડાવતા હતા. ષડચક્રને ભેદીને બ્રહ્મરંધ્રમાં જીવનો પ્રવેશ કરાવીને શરીરની બધીય નાડીઓને તોડતા હતા. તે મહાસિદ્ધયોગી પ્રભુની આજ્ઞા વગર જ દેહમાંથી જીવને છોડીને દેહત્યાગ્યો. નાથની ઈચ્છા વગર તથા નાથની હાજરી વગર શરીરમાં પ્રાણ ન રહે આ સ્થિતિ હતી. હે રાજન ! તે મુનિ ભૌતિક ભાવને ભૂલીને પ્રભુના અક્ષરધામમાં ગયા. જ્યાં અગણિત મુક્તો વિરાજતા હતા તે વચ્ચે જઈને રહ્યા. જ્યાં અગણિત મુક્તો પ્રભુના સ્વરૂપને ધારીને સેવા કર્યા કરે છે. અગણિત બ્રહ્મા વિષ્ણુ મહેશ શેષાદિક પ્રભુના અગણિત ગુણને ગાયા જ કરે છે એવા નિર્ગુણધામમાં અગણિત સિદ્ધો પોતે જ અવતારોને ધરે છે. પ્રભુને પ્રણામ કરીને અમાપ મહિમાને ગાય છે. જ્યાં અગણિત દિવ્ય પાર્ષદો રહે છે. એવા ધામમાં અગમનિગમ ચાર વેદો અગણિત ગુણોનું ગાન કરે છે. તે દિવ્યમૂર્તિને ધરીને પ્રભુમાં પ્રેમ વધારીને અગણિતવાસી બ્રહ્માંડો આવ્યા છે ત્યાં તે સૌ પુરુષોત્તમ પ્રભુના ચરણમાં નિત્યવંદન સેવા કર્યા કરે છે. મૂળ અજાપુરુષ મહાકાળ પુરુષ અનંત કોટિ પ્રધાનપુરુષો તે રાજન ! નોકરની માફક સેવક થઈને કરોડો વિનય કરીને વિનંતી કરે છે. પુરુષોત્તમ પ્રભુ પાસે સ્તુતિ કરે છે. આવું અતિ દિવ્ય અનંત ઐશ્વર્ય પ્રતાપવાળુ અમાપ સામર્થ્ય શક્તિવાળું અક્ષરધામ તેના દિવ્યસિંહાસન ઉપર કિશોરવયના શ્રીહરિ શોભે છે તે પ્રભુને અગણિત મુક્તો હાથ જોડીને પ્રાર્થના કર્યા કરે છે. મેઘસમાન શ્યામસ્વરૂપે અપાર શોભાવાળા દિવ્યદેહવાળા સદાય કિશોરવયવાળા બંને હસ્તકમળો સુંદર રીતે અભય આપતાં શોભે છે. ક્યાંય આવતા જતા જ નથી. એક જ સ્થાને સ્થિર વિરાજે છે. તે જ સહજાનંદ સ્વામી સ્વરૂપવાળા સર્વકારણના કારણ અકળ સ્વરૂપ સર્વના નિયામક એક જ છે. એનાથી ઉપર મોટું કોઈ જ નથી. એ પોતે જ સર્વોપરી છે. અક્ષરાતીત અજન્મા સર્વત્ર વ્યાપક છે. જેમનો મહિમા અમાપ છે. અતિશય પ્રતાપવાળા મહાપ્રભુ હતા. ત્યાં સચ્ચિદાનંદ મુનિ આવ્યા તેને પ્રભુ જાણતા જ હતા કે તે મારી આજ્ઞાનો ભંગ કરીને મહાન અપરાધ કરેલ છે. આવી રીતે જાણીને

પ્રભુ કહેતા હતા કે તમે બધા મુક્તજનો સાંભળો. આ ધામમાં અમારા કહેલાં વચનોનો લોપ કરીને એક મુકત આવ્યો છે. આમ કહ્યું ત્યારે સૌના મનમાં શંકા ઉત્પન્ન થઈ. કરોડો મહામુક્તો આ વાતથી આશ્ચર્ય થયું. મુક્તો કહે, પ્રભુ આ ધામમાં તો ચોર ન જ આવે. કેમકે કાળ કર્મ માયાને આ ધામમાં સ્થાન જ નથી તો ત્યાં ચોર કેવી રીતે આવે કૃપાળુ વાત તો કહો. આવી રીતે મુક્તો કહેતા હતા ત્યારે પ્રભુ કહેતા હતા કે દેખો તો ખરા આ પાછળ ઉભો છે. તે ચોર છે તે અમારી આજ્ઞા લોપીને સ્વછંદ રીતે આવ્યો છે. આવી રીત પ્રભુનાં વચન સાંભળીને મુનિ તત્કાળ જ થર થર કંપતા હતા અને તત્કાળ જ તે સંતનું શરીર તે ધામમાં ઉપર નીચે બહુ જ ઉછળતું હતું ને તે બહુ જ રાડો પોકારો કરતું હતું. તેને અનેક મુક્તજનો જોતાં હતાં. પ્રભુ કહે, શા કારણે અહીં આવ્યો છે ? અમારાં કહેલાં વચનોનો લોપ કરીને તમે આવ્યા તે શું તમે એકલા જ મોટા પ્રેમી છો. બીજું કોઈ જ નથી ! એ જોયું છે. ત્યારે તે શ્રીહરિનું કહેવું સાંભળીને સંત કહેતા હતા. પ્રભુ આપના વગર નહોતું રહેવાતું. આખા શરીરમાંથી લોહી વહે છે. એક પળ માત્ર યુગ જેટલી લાંબી થાય છે. મારું જીવન જ પ્રભુ તમારા દર્શનને જ વશ છે. એને તો જગત ઈશ પ્રભુ જાણો જ છો. એટલા માટે દેહને તજીને અહીં આવ્યો છું. તે આટલા ગુનાને બક્ષીફ આપો. પ્રભુ કહે, તમે વચન લોપીને આવ્યા છો. હવે તમે પાછા જલદી તમારા શરીરમાં જાઓ. નહિ તો તે દેહને બાળી દેશે તો મહાન કષ્ટને પામશો અને અનંત પીડાને ભોગવશો. મારાં વચનોનો લોપ કરીને અમારી પાસે આવ્યા છો. તે તો મારો ભક્ત ન જ કહેવાય. તે તો અમારાં દ્વેષી સદા માટે તો છે. તોય રાજી થઈને અમારો કહેવડાવે છે તે યોગ્ય જ નથી. મુનિ કહું છું કે તમે જલદીથી જાઓ નહિ તો તમારે પર્વતનું શરીર પ્રાપ્ત થશે. અનંતકાળ સુધી પોતાના અંગોમાં કષ્ટોને સહન કરવાં પડશે ને તમે જુરતા જ રહેશો. હે રાજન ! તે સંત ઘનશ્યામ પ્રભુનાં વચનો સાંભળીને પોતાના મનમાં બહુ જ ડરતા થકા પ્રભુને કહે અમારા અનંત અપરાધોને માફ કરજો. જાણતાં અજાંણતાં જગતમાં વ્યાપક થયો છું. તે ક્ષમા કરજો. હવે હું કેવી રીતે જાઉં. મારૂ શરીર તો અતિશય નકામું થઈ ગયું છે. શરીરની બધી જ નાડીઓ તોડીને આવ્યો છું તો પ્રભુ કેવી રીતે શરીરમાં જઈને રહું. શરીર કાંડા બધા જ તોડી નાંખ્યા છે. બધાં કુંઠિત કર્યાં છે. શરીર તો અતિશય નકામું થઈ ગયું છે. તો શું કરું ત્યારે પ્રભુ ઘનશ્યામ કહે તોય તે જ શરીરમાં જ જવાનું છે. પ્રારબ્ધ પ્રમાણેનાં શરીરમાં રહેવાનું. જ્યારે અમે તેડવા માટે આવીએ ત્યારે તમારે આવવાનું તમે પાછા જશો તે સૌ જોશે એટલે કોઈ વચન લોપ ન કરે એમ કહેવાનું તમારા જેવાની આવી ગતિ થઈ છે. તે જોઈને બીજા વચન લોપતા ન અચકાય તમે જલદીથી મારું માનીને જાઓ. કદાચ તમારા દેહને સળગાવી દેશે. જો તમે તમારા શરીરમાં પાછા નહિ જાઓ તો મુનિ જાણજો કે તમારે બહુ જ કષ્ટ સહન કરવા પડશે. આ મારી આજ્ઞા પાળીને સંત સુખ લેશો અને વચન લોપશો તો બહુ જ પીડાને પામશો. દેખા દેખી સૌ દેહ છોડીને વચન લોપીને પોતાના મનથી આવે તો અમારી પાછળ મહાકેર થઈ જાય. મુનિ અંતરમાં આવું જાણે તો સારું થાય. કલ્યાણનો માર્ગ બહુ લાંબા સમય સુધી ચલાવવો છે. આમ કરે તો લાંબો કાળ ન ચાલે. એટલા માટે અમે સૌ ભક્તો અને સંતોને મરવાની મનાઈ કરી છે. કલ્યાણનો માર્ગ તો લાંબો કાળ ચલાવવો છે. તેના માટે અમારાં કહેલાં વચનો પ્રમાણ છે. કોઈને મરવાનું ના કહેલ છે. સંતો હરિજનો નરનારિજનોને કહેલ છે તે સાચું જ કહેલ છે. અમારા કહેલ વચન પ્રમાણે રાતદિવસ રહો અને સૌ સાથે મળીને ભક્તિ કરો. હું સદાય સત્સંગમાં રહું છું. જ્ઞાનદૃષ્ટિ કરીને જો જુવે તો તેને જણાય સાચું શું છે. આવી રીતે જઈને સર્વજનોને તથા

સૌ સંતોને અતિ ઉત્સાહથી કહેજો. મુનિવર તમે મારા નયનોને નિરખીને જોતા રહેજો. અમારા વચન પ્રમાણે રહે તે અમારા ભક્ત છે. અમારી સૌને સદા દૃષ્ટિ રાખવી. અમે સદા તેની સામે જોઈશું. જેમ આકાશ બધેય વ્યાપીને રહે છે. તેમ જ હું સત્સંગમાં બધે પ્રગટરૂપે રહીશ. મુનિ તમે પાછા જઈને તમારી વીતેલી વિગત બધી કહો. અમારો બધોય પ્રતાપ જોયો તે જોઈને બધું સમજાવીને સૌને જણાવો. આજ્ઞાનો જે ભંગ કરે તે અમારો દ્વેષ કરનારો દશ્યમાન જાણજો. જે અમારી આજ્ઞાનું પાલન કરે છે. તે અમને બહુ જ પ્રિય છે. આવી રીતે શ્રીમુખે સુખના સાગર પ્રભુએ કહ્યું. પછી મહારાજ મૌન થયા. મનથી મહારાજને મુનિ હાથ જોડીને કહેતા હતા. હે પ્રભુ ! હું પૃથ્વી ઉપર પાછો જાઉં છું પણ મને થોડું પાણી પીવરાવો તો સારું મને બહુ જ તરસ લાગેલી છે. તરસ બહુ જ પીડા કરે છે. ત્યારે મહારાજે પ્રીત કરીને જે અમૃત કરતાં પણ મીઠું પાણી પીવડાવરાવ્યું ત્યારે તરસની બધી પીડા શાંત થઈ ગઈ. તરત જ મુનિ દેહમાં આવ્યા. તરત જ પોતે વિતેલી બધી વાતો કહી ત્યારે સૌ ભક્તજનો તથા સંતો મનમાં શંકાવાળ થયા.

હે રાજ ! સચ્ચિદાનંદ મુનિએ દેહનો ત્યાગ કરીને શ્રીહરિ પાસે ધામમાં ગયા. અકામ કરીને ધામમાં આવ્યા ત્યારે તેને જોઈને પ્રભુ બહુ જ કોપાયમાન થયા. મુનિને બહુ જ કડક શબ્દોમાં બહુ જ કહ્યું. ધામમાંથી મુનિને પાછા મોકલ્યા. બહુ જ ઠપકો અપમાન કર્યું. અને પાછા મોકલ્યા. આ રીતે ચોપનમું તરંગ તે હરિલીલાસિંધુની લહરીના રૂપે પૂર્ણ થયું.

**આવી રીતે શ્રીહરિલીલાસિંધુના ચૌદમા રત્નમાં શ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણવાનંદ અને અવિનાશાનંદ બંને બ્રહ્મચારીઓએ રચેલ છંદભાષામાં અયોધ્યાપ્રસાદ આનંદસિંહ રાજાના સંવાદમાં સચ્ચિદાનંદ સ્વામી ધામમાં ગયા અને પ્રભુએ ત્યાંથી પૃથ્વી ઉપર પાછા મોકલ્યા એનું વર્ણન કરીને સમજાવી તે નામે ચોપનમું તરંગ પૂર્ણ થયું. ॥૫૪॥**

**॥ ઈતિ શ્રી હરિલીલાસિંધુ ગ્રંથ સમાપ્તમ્ ॥**
**શ્રીહરિ સર્વ જીવોનું કલ્યાણ કરજો.**

